
શારદા સરિતા



પ્રકાશક:-
બા.બ્ર. વિદુષી શારદાબાઈ મહાસતીજી

શારદા સરિતા

—: પ્રવચનકાર :—

અંબાલા સંપ્રદાયના સ્વ. ગચ્છાધિપતિ બા. બ્ર. પૂ.
રત્નચંદ્રજી મહારાજ સાહેબના સુશિષ્યા, શાસનદીપિકા
પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. વિદુષી
પૂ. શારદાબાઈ મહાસતીજી

—: સંપાદક :—

પૂ. બા. બ્ર. શારદાબાઈ મહાસતીજીના સુશિષ્યા
તત્ત્વચિંતક પૂ. કમળાબાઈ મહાસતીજી તથા
બા. બ્ર. સંગીતાબાઈ મહાસતીજી

—: પ્રકાશક :—

રમણિકલાલ કસ્તુરચંદ કોઠારી
શ્રી સુધર્મા જ્ઞાનમંદિર
શ્રી ભેવજી ધોબણ ધર્મસ્થાનક,
૧૭૦, કાંદાવાડી મુંબઈ–૪

* પુસ્તક

શારદા સરિતા

* **પ્રવચનકાર :**

પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. વિદુષી
પૂ. શારદાબાઇ મહાસતીજી

* **સંપાદક :**

પૂ. કમળાબાઇ મહાસતીજી તથા
બા. બ્ર. સંગીતાબાઇ મહાસતીજી

* **પ્રકાશક :**

રમણિકલાલ કસ્તુરચંદ કોઠારી
શ્રી સુધર્મા જ્ઞાનમંદિર
શ્રી મેઘજી થોભણ ધર્મસ્થાનક
૧૭૦, કાંદાવાડી, મુંબઇ-૪.

* પ્રથમ આવૃત્તિ : નકલ ૩૦૦૦
* પાકતર કિંમત : રૂા. ૨૧-૦૦
વેચાણ કિંમત : રૂા. ૫-૦૦

* **મુદ્રક :**

રમેશ જી. દોશી
દોશી એન્ડ કું.
જન્મભૂમિ ચેમ્બર્સ,
૨૯, વાલચંદ હીરાચંદ માર્ગ,
મુંબઇ ૪૦૦-૦૦૧ ટે. ન. ૨૬૫૬૫૩

આ પુસ્તકમાં આર્થિક સહકાર આપનાર દાતાઓ

રૂા.	
૭૫૦૦	શ્રીમતી સુશીલાબેન રમણિકલાલ રાજમલ મહેતા
૭૫૦૦	શ્રી મણિલાલ શામજીભાઇ વીરાણી
૧૦૦૧	શ્રી છગનલાલ શામજીભાઇ વીરાણી
૧૦૦૧	શ્રી કમળાબેન રતનચંદ પરીખ
૧૦૦૧	શ્રી સુશીલાબેન ચંદ્રકાંત મહેતા
૧૦૦૧	શ્રી મણિબેન વીરાણી કલકત્તાવાલા
૧૦૦૧	શ્રી ગિરજાશંકર ખીમચંદ શેઠ
૧૦૦૧	શ્રી લીલાવંતી ચીમનલાલ લક્ષ્મીચંદ પરીખ
૧૦૦૧	સ્વ. સુધીરકુમાર જયંતીલાલ ઝવેરી, હ. ચંદ્રાબેન
૧૦૦૧	શ્રી રસિકલાલ હરિલાલ ઝવેરી
૧૦૦૧	શ્રી સુભદ્રાબેન રસિકલાલ ઝવેરી
૧૦૦૧	શ્રી વિમળાબેન પોપટલાલ ઝવેરી
૧૦૦૧	શ્રી કીર્તિલાલ કચરાભાઇ ઝવેરી
૧૦૦૧	શ્રી રમણિકલાલ કસ્તુરચંદ કોઠારી
૧૦૦૧	શ્રી તુલસીદાસ કલ્યાણજી શાહ
૧૦૦૧	શ્રી સમરતબેન ચત્રભુજ શેઠ, હા : કાંતિલાલ
૧૦૦૧	શ્રી ચંપકલાલ મૂલચંદ લાખાણી
૧૦૦૧	શ્રી જેસંગલાલ જીવરાજ કોઠારી
૧૦૦૧	શ્રીમતી લીલાબેન રતિલાલ પરીખ
૧૦૦૧	શ્રીમતી તારાબેન ડાયાલાલ ચોકસી
૧૦૦૧	શ્રી કેશવલાલ લક્ષ્મીચંદ મોદી
૧૦૦૧	શ્રી ચંદુલાલ લક્ષ્મીચંદ શાહ
૧૦૦૧	શ્રી રવીચંદ સુખલાલ શાહ
૧૦૦૧	શ્રી ગિરજાશંકર ઉમિયાશંકર મહેતા
૧૦૦૧	શ્રી જયંતીલાલ અમૃતલાલ શાહ બોટાદવાલા

પૂ. બા. બ્ર. વિદુષી શારદાબાઇ મહાસતીજીની ૩૪મી દીક્ષા જયંતી પ્રસંગે ગવાયેલ ગીત

(રાગ : તને આચવે પાર્વતી)

જૈનશાસનના અણમોલા રત્ન, શરદ ગુરૂણી અમર તપો,
સુવર્ણ સંયમ દિન છે આજ, શરદ ગુરૂણી અમર તપો,
પાર્વતીબાઇ સ્વામીના ગુણીયલ શિષ્યા, શરદ ગુરૂણી અમર તપો,

ગુજરાત પ્રાંતમાં સાણંદ શહેર ભલું, પિતા વાડીભાઇશાહ કેરું કુળ નિર્મળું
માતા સકરીબેનના ચક્ષુ તારા....શરદ ગુરૂણી અમર તપો — ૧

વાડીભાઇ વાડીમાં ગુલાબ ખીલ્યું, સકરીબેનના સંસ્કારનુ સિંચન મળ્યું,
સાણંદ ક્ષેત્રમાં સૌરભ ફેલાય....શરદ ગુરૂણી અમર તપો — ૨

પારસમણી સમ રત્નચંદ્ર ગુરૂજી મળ્યા, જીવન અર્પણ કરી સાચા તારક બન્યા,
સોળ વર્ષે બન્યા અણગારા....શરદ ગુરૂણી અમર તપો — ૩

વૈશાખ સુદ છઠના મંગલ દિને, મહાભિનિષ્ક્રમણ કર્યું ગુરૂજી કને,
સાણંદ ભૂમિએ વર્તે જયકાર....શરદ ગુરૂણી અમર તપો — ૪

બ્રહ્મચર્ય રોશનીએ અંતર ઝગમગતું કર્યું, ચારિત્ર સુવાસે સમાજનું દિલડું ઠર્યું,
દેશવિદેશે સુવાસ મ્હેકાવનારા....શરદ ગુરૂણી અમર તપો — ૫

શારદાબાઇ સ્વામી શુભ નામ ધર્યું, સરસ્વતી જેવા બની જીવન ઉજ્જવલ કર્યું,
અમ જીવોના તારણહારા....શરદ ગુરૂણી અમર તપો — ૬

તત્ત્વજ્ઞાન રૂપી સર્ચલાઇટે કરી, ભાવિક જનોની ભ્રમણા દૂર કરી,
જૈન શાસનના કોહીનુર હીરા....શરદ ગુરૂણી અમર તપો — ૭

અનંત સિદ્ધોની કૃપાના પાત્ર બન્યા, સત્ સાધનાએ શાસન દીપક થયા,
સાક્ષાત્ સૌમ્યમૂર્તિ એ ગણાય....શરદ ગુરૂણી અમર તપો — ૮

તારક ગુરૂણીનું શરણું સદ્ભાગ્યે મળ્યું, પુણ્યયોગે મનવાંછિત કાર્ય સર્યું,
ચિરંજીવો શાસન સિતારા....શરદ ગુરૂણી અમર તપો,
જુગ જુગ જીવો ગુરૂણી અમારા....શરદ ગુરૂણી અમર તપો — ૯

ગાનાર : **સતી શરદ મંડળ**

દાનેશ્વરી શેઠશ્રી શામજી વેલજી વીરાણી



"વહેતા જળ નીર્મળ ભલા અને ધન દોલત દેતા ભલા" એ સંસ્કાર આપે અમોને ગળથુથીમાં પાયા, સંપત્તી અને સમૃદ્ધિ સંપ અને સદાચાર એ તો પુન્યની પ્રસાદી છે. એટલે મળેલી લક્ષ્મી સમાજકલ્યાણના, જનતા જનાર્દનના, સ્વધર્મી વાતસલ્યતાના કાર્યોમાં વાપરી. પુન્યાનુંબંધી પુન્ય ઉપાર્જન કરવા માટે આપે અમારૂં જે ચારિત્ર ઘડતર કર્યું તે માટે અમો સમસ્ત વીરાણી પરિવાર આપના જન્મોજન્મના ઋણી છીએ.

લી.

મણિલાલ શામજી વીરાણી


અને પરિવાર

સ્વ. પૂ. માતુશ્રી કડવીબાઈ શામજીભાઈ વીરાણી



જેમણે પોતાના સંતાનોમાં, લક્ષ્મી એ તો સંધ્યાના રંગ જેવી, સવારના ઝાકળના બુંદ જેવી તથા વીજળીના ચમકારા જેવી ચંચળ છે. એવા સંસ્કારોનું નાનપણથી સિંચન કર્યું. તેમના સુપુત્રોએ આંબો જેમ ફળ આવે અને નમે તેવી રીતે લખલૂટ લક્ષ્મી મળવા છતાં નિષ્કામ અને નિઃસ્વાર્થ ભાવે વિનય અને વિવેકથી સંપત્તિનો સદ્ઉપયોગ સ્વધર્મીઓ અનેક જનકલ્યાણના કાર્યો માટે કર્યો.

સ્વ. વછરાજભાઇ મગનભાઇ મહેતા (પાલણપુરવાળા)



જન્મ : સંવત ૧૯૪૩ સ્વર્ગવાસ : ૧૯૯૨

આપે મારા પિતાશ્રી બાલપણમાં ગુજરી ગએલ હોવા છતાં, તેઓશ્રીની ખોટ મને મારા જીવનમાં જણાવા દીધી નથી અને તમોએ સિંચેલા સદ્‌ગુણોથી હું મારા જીવનમાં આગળ વધ્યો છું. તે ઋણ અદ્ધા કરવા નિમીત્તે આ પુસ્તકમાં સહયોગ આપી કૃતાર્થ થાઉં છું. લિ.

રમણિકલાલ રાજમલભાઇ મહેતા

સ્વ. શારદાબેન રતિલાલ મહેતા (પાલણપુરવાળા)




સ્વર્ગવાસ : સંવત ૨૦૨૮

નાનપણથી માતાનો વિયોગ જેમને
જીવનમાં અનુભવવા નથી દીધો તેની
પુનિત યાદમાં

લિ.

રમણિકલાલ રાજમલભાઇ મહેતા

સ્વ. છગનલાલ શામજીભાઇ વીરાણી



જેમના દાનથી જૈન તથા જૈનેત્તર સમાજની
જનકલ્યાણની તથા માનવતાની અનેકવિધ
પ્રવૃત્તિઓને નવજીવન મળ્યું.



સ્વ. બબુબેન હીરાલાલ પરીખ

હા. રતનચંદ લક્ષ્મીચંદ પરીખ

હા. કમલાબેન રતનચંદ પરીખ

સ્વ. માતુશ્રી લીલાબેન મણિલાલ મહેતા (પાલણપુરવાળા)




અમારામાં ધાર્મિક સંસ્કારોનું આપે જે સિંચન કર્યું, એનાથી અમારા જીવનને સન્માર્ગે લઇ જવામાં અને સદાચારી સંસ્કારીતાના સુપંથે વિચરવામાં અમે સફળ બન્યા એ માટે અમો આપના ભવોભવના ઋણી છીએ.

લિ. આપના સુપુત્રો

ચંદ્રકાંત મણિલાલ મહેતા
રજનિકાંત મણિલાલ મહેતા
દીપક મણિલાલ મહેતા

સ્વ. કુશળચંદ ઝવેરચંદ હીરાણી



જન્મ સાલ ૧૯૦૦ મેંદરડા

સ્વર્ગવાસ સાલ ૧૯૩૭ કલકત્તા

જે નાની ઉંમરમાં ધંધા અર્થે કલકતા વસ્યા. આપબળે આગળ વધી S. Kushalchand Co. ની સ્થાપના કરી અને પુન્યના યોગે જે લક્ષ્મી મળી તેનો સદ્ઉપયોગ કરે તે પહેલા પ્રભુએ તેમને બોલાવી લીધા. જે ચુસ્ત ખાદીધારી હતા. કુટુંબભાવના, દેશદાઝ પ્રમાણિકતા તથા ગરીબો માટે દિલમાં દયા તે તેમના ખાસ ગુણો હતા.

લિ.

લલિત કુશળચંદ હીરાણી
અનિલ કુશળચંદ હીરાણી
નરેન્દ્ર કુશળચંદ હીરાણી


શ્રી ખીમચંદ ત્રિભોવન શેઠ



વય વર્ષ ૮૬ ઉપલેટા (સૌરાષ્ટ્ર)

જેમણે પોતાના વતનમાં પૂ. સંત–સતીઓની ધાર્મીક સેવા કરી છે. ઉપલેટાની પાંજરાપોળ, સાર્વજનિક અંગ્રેજી સ્કૂલ, જૈન ધાર્મિક શાળા, જીવદયા ખાતુ વગેરે સંસ્થાઓમાં તન, મન ધનથી સેવા આપી છે. શેઠ કુટુંબનું સદ્વ્રત વર્ષોથી ચલાવ્યું છે અને પોતાનું જીવન અત્યંત: સાદ્વાઈથી ધર્મભાવનામાં વીતાવે છે.

સ્વ. સુધીરભાઈ જયંતીલાલ ઝવેરી



[જન્મ : ૧૫-૧૨-૫૦ * મૃત્યુ : ૨૭-૫-૬૯]

તેઓશ્રી પાલનપુરના હરિલાલ જશકરણભાઈ ઝવેરીના પુત્ર શ્રી જયંતીભાઇના પુત્ર હતા. ઊભરાટની સહેલગાહે મિત્ર મંડળ સાથે જતાં મોટર અકસ્માતમાં તેમનું અકાળે અવસાન થયું. સ્વભાવે તેઓ ઉત્સાહી, મિલનસાર અને માયાળુ હતા.

ગં. સ્વરૂપ સમુબેન હરિલાલ ઝવેરી



જેમણે અમારા જીવનમાં બાલપણથી ધર્મના સંસ્કારો અને સદાચારનું સિંચન કર્યું. સત્ય, નીતિ અને સદાચારના સુમનો ખીલાવીને સમજાવ્યું કે લક્ષ્મી વીજળીના ચમકારા જેવી અને સંધ્યાના રંગ જેવી છે. જેના પ્રભાવે આજે નિષ્કામ અને નિઃસ્વાર્થ ભાવે યથાશક્તિ ધર્મ કાર્યમાં વાપરવાની પ્રેરણા મળી રહી છે એવા પૂજ્ય માતુશ્રીનો અમારા ઉપર મહાન ઉપકાર છે. એમના અમો ભવોભવ ઋણી છીએ.

લિ.

આપનો ગુણાનુરાગી પુત્ર

રસિકલાલ હરિલાલ ઝવેરી

સ્વ. જીવરાજભાઇ ન્યાલચંદ મહેતા



જેમણે મારા જીવનમાં ધર્મનું બીજ વાવી સંસ્કારરૂપી જળનું સિંચન કર્યું છે તેમને મારા જીવનમાં માનવતાના ગુણોરૂપી સુરભિથી મ્હેંકતી લીલી ફૂલવાડીનું સર્જન કર્યું, જેથી આજે ફૂલ નહિ ને ફૂલની પાંખડી રૂપ ધર્મક્ષેત્રે વાપરી રહી છું. આવા મહાન ઉપકારી પૂજ્ય પિતાજીને મારા કોટી કોટી વંદન હો.

લિ.

આપની આજ્ઞાંકિત પુત્રી

અ. સૌ. સુભદ્રા રસિકલાલ ઝવેરી

સ્વ. પોપટલાલ લક્ષ્મીચંદભાઈ મોદી



શ્રી. પોપટલાલભાઈનો જન્મ પાલનપુરમાં સંવત ૧૯૬૫ના ફાગણ સુદ ૪ ને દિવસે થયેલો.

આર્થિક રીતે સામાન્ય ગણાય તેવા મધ્યમ વર્ગના કુટુંબમાં તે જન્મ્યા હતા. તેઓ હીરાના કુશળ વેપારી હતા.

આપબળે તેમણે આર્થિક ક્ષેત્રે ઘણો વિકાસ કર્યો. વેપારમાં પણ તેઓ ઘણા જ પ્રવીણ હતા અને સારા કામમાં પૈસા ખર્ચતાં તે અચકાતા ન હતા. તેમનું હૃદય કુટુંબપ્રેમથી છલકાતું હતું. તેઓ સ્વભાવે સરળ, નિખાલસ અને પ્રેમાળ હતા, તેથી તો સંસારમાં તેમણે બધાનો પ્રેમ પ્રાપ્ત કર્યો હતો.

છેલ્લા પાંચ વરસથી તેમને હૃદય તથા બ્લડ પ્રેશરની બીમારી હતી. તેમને લાંબી પથારીવશ ન કરે, તેવી કોઇ બીમારી કુદરતે ન આપી અને સંવત ૨૦૨૨ના શ્રાવણ સુદ ૧૧ ને તા. ૨૬-૮-૬૬ શુક્રવારે એકાએક હૃદયરોગના હુમલાથી તેમનું દુઃખદ અવસાન થયું.

એકવાર તેમના સંસર્ગમાં આવેલ વ્યકિત પણ તેમને ભૂલી ન શકે એવો તેમનો મળતાવડો સ્વભાવ હતો.

સ્નેહી મિત્રો અને કુટુંબપરિવાર આવા પ્રેમાળ આત્માને કેમ ભૂલી શકે!
પ્રભુ તેમના આત્માને શાન્તિ આપે એજ પ્રાર્થના.

મહેન્દ્રભાઇ પોપટલાલભાઈ મોદી


સ્વ. રતનબાઇ કચરાભાઇ ભણુસાળી



સ્વ. પૂજ્ય માતુશ્રીના ચરણ કમળોમાં....
બાલ્યા-શિશુવયમાંથી જ મારામાં ધાર્મિક સંસ્કારોનું આપે જે સિંચન કર્યું અને મારા જીવનને સદાચારી સંસ્કારિતાનાં સન્માર્ગે લઈ જવામાં પ્રેરણાના પિયુષ પાયા, તે માટે હું આપનો ભવોભવનો ઋણી છું અને મારા આત્માને કૃતાર્થ કરું છું.

લિ. આપનો પુત્ર
કીર્તિભાઇ કચરાભાઈ ભણુસાળી

સ્વ. માતુશ્રી મણિબહેન કોઠારી



આજે જે કાંઇ મારામાં છે, સેવાના ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, આધ્યાત્મિક ક્ષેત્રે, ઔદ્યોગિક ક્ષેત્રે અને માનવતાના ક્ષેત્રે તે સર્વ આપે આપની હૈયાતી દરમ્યાન આપેલા સંસ્કારોનું જ પરિણામ છે. આપે વાવેલા બીજનું જ ફળ છે.

ચાંદ કબી છીપ નહિ જાતા હુન્નર બાદલ આને કે બાદ

જીવનમાં ગમે તેવા તોફાન, ઝંઝાવાત કે આપત્તિમાં ધીરજ અને હિંમતથી હું શાંત, સ્થિર અને સમભાવે રહી શકું છું અને તેમાંથી નવી શક્તિ અને નવી તાકાત મેળવીને જીવનસંગ્રામમાં આગળ ને આગળ વધતો રહું છું તે આપે આપેલા અમૂલ્ય વારસાને જ અને આપે ખૂબ જ અંતથી અને હોંશથી કરેલ ચણતર, ગણતર અને ઘડતરને જ આભારી છે. માતૃદેવો ભવ:

લિ.

આપનો આજીવન ઋણી

રમણિકલાલ કસ્તુરચંદ કોઠારી

માતુશ્રી સમરતબેન ચત્રભૂજ વેકરીવાળા



રાષ્ટ્રની, સમાજની અને કુટુંબની આબાદીનો આધાર સ્ત્રી છે. સંસ્કારી. સદ્ધાચારી અને ચારિત્રશીલ માતા ૧૦૦ શિક્ષકનું કામ કરે છે. આપે પણ બાલ્યાવસ્થામાં અમારામાં ધર્મભાવના, સચ્ચાઈ, શુભનિષ્ઠા, દયા અને દાનના જે સંસ્કારોનું સિંચન કર્યું તેને અમે સમજણપૂર્વક આચરણમાં મૂકી આપનું ઋણ યત્કિંચીત્ અદ્ધા કરી શકયા છીએ તેનો અમને સંતોષ છે.

લિ.

આપના આજ્ઞાંકિત

કાન્તિલાલ ચત્રભૂજ

વેકરીવાળા

ચંપકલાલ ચત્રભૂજ

વેકરીવાળા



ગં. સ્વરૂપ રાધાબહેન મૂળચંદ લાખાણી

હા. ચંપકલાલ મૂળચંદ લાખાણી

સ્વ. સમુબાઇ જીવરાજ કોઠારી



સ્વ. સમુબાઇ જીવરાજ બેચરદાસ કોઠારી

અને સ્વ. જીવરાજ બેચરદાસ કોઠારીના

સ્મરણાર્થે

હા. જેસંગલાલ જીવરાજ કોઠારી

તથા


ચંદ્રાબેન જેસંગલાલ કોઠારી



સ્વ. રતિલાલ કેશવલાલ પરિખ

હા. લીલાવંતી રતિલાલ પરિખ

સ્વ. ડાહ્યાભાઇ ડોસજીભાઇ ચોકસી



જન્મ : સન ૧૯૦૮ના શ્રાવણ સુદ ૧ બુધવાર
સ્વર્ગવાસ : તા. ૧૦-૫-૧૯૫૮

સ્વ. લક્ષ્મીચંદ કીકાભાઈ મોદી



સ્વ. પૂ. પિતાશ્રીના ચરણકમળોમાં....

બાલ્ય–શિશુવયમાંથીજ મારામાં ધાર્મિક સંસ્કારોનુ આપે જે સિંચન કર્યું અને મારા જીવનને સદ્વાચારી સંસ્કારિતાના સન્માર્ગે લઇ જવામાં પ્રેરણાના પિયુષ પાયા તે માટે હું આપનો ભવોભવનો ઋણી છું, અને મારા આત્માને કૃતાર્થ કરૂં છું.

લિ. આપનો પુત્ર

કેશવલાલ લક્ષ્મીચંદ મોદી

સ્વ. લક્ષ્મીચંદ ઓઘડભાઇ



બાલ્યાવસ્થામાં જ મારા માતુશ્રીનું અવસાન થતાં, મારા સંસ્કાર, સદ્વાચાર અને ચારિત્રના ઘડતરની જવાબદારી મારા પિતાશ્રી ઉપર આવી. મારા પ્રત્યેના અથાગ પ્રેમના કારણે ફરીથી લગ્ન કરવા બધી અનુકૂળતા હોવા છતાં, સગાસંબંધીઓના અતિ આગ્રહ હોવા છતાં તેમણે સ્પષ્ટ શબ્દોમાં ના પાડી.

મારા પિતાશ્રીની આવી ભવ્ય ત્યાગની ભાવનાએ "જેમ કુમળા ઝાડ વાળીએ તેમ વળે" મારા ઉપર તપ, ત્યાગ, વૈરાગ્ય અને સદ્વાચારની ખૂબ જ ઉંડી છાપ પાડી જે આજીવન પર્યંત ટકી રહેશે. મારા માતુશ્રીના અવસાન સમયે મારી ઉંમર માત્ર દશ મહિનાની હતી. મારા ભઇજી જાદવજી ઓઘડદાસ તથા ભાભૂ મણિબહેને મને તેમના પોતાના સંતાનની માફક જ મારૂં લાલનપાલન કર્યું, જે રીતે તેમણે શાન્તિભાઇ, ચીમનભાઇ, છબીલભાઈ તથા અમૃતલાલભાઇનું કર્યું.

મારા જીવનના દરેક ક્ષેત્રમાં, દરેક કાર્યોમાં અને મારી ધર્મભાવનાઓમાં મારા ધર્મપત્નીનો હંમેશા અંતરનો સહયોગ અને સહકાર મળ્યો જેને પરિણામે મારા સમગ્ર પરિવારમાં પ્રસન્નતા અને પ્રફુલ્લતાની સુગંધ અને સંસ્કારોની સુવાસ ફેલાણી અને મારૂં આખુંએ કુટુંબ નંદનવન સમું બની ગયું.

લિ.
આપનો જન્મોજન્મનો ઋણી
ચંદુલાલ

સ્વ. વસંતબેન રવીચંદ સુખલાલ શાહ



જન્મ : તા. ૯-૨-૧૯૧૧

સ્વર્ગવાસ તા. ૧૨-૧-૭૧

વસંતઋતુ આવે ત્યારે શિયાળામાં સુકેલા ઝાડપાન પ્રપુલ્લ અને નવપલ્લવિત બને, કોયલ ટહુકાર કરી વાતાવરણને ખુશનુમા બનાવી દે, માનવજાતન. રોમેરોમમાં આનંદની લહરીઓ ઉભરાઇ ઉઠે, તેવી રીતે વસંતબેનનું આગમન થતાં રવીચંદભાઇને ત્યાં સરળતા અને સદ્ગાચ રના સંસ્કારોની ખુશ્બો મહેકવા માંડી.

તેમનો દેહવિલય તા. ૧૨-૧-૭૧ ના રોજ પૂજય મહાસતીજી શ્રી વિનોદીનીબાઇ તથા મહાસતીજી પ્રેમકુંવરજી આદિ. ઠા. ૧૨ની સાનિધ્યમાં આહાર વહોરાવીને, સાગારી સંથારાના સવારે ૧૦ વાગે પચ્ચખાણ લીધા, આલોચના સાંભળી અને સાંજે પાંચ વાગ્યે દેહવિલય થયો. ચક્ષુદાન આપવામાં આવ્યું હતું.

શ્રીમતી નલિનીબેન ગિજુભાઇ મહેતા



"પુરુષાર્થ પુરુષનો અને લક્ષ્મી સ્ત્રીની" એ કહેવત પ્રમાણે ગિજુભાઇએ શૂન્યમાંથી સર્જન કર્યું અને પૂન્યના ઉદયે સંપત્તિ અને સમૃદ્ધિ મેળવી જેનો સદ્‌ઉપયોગ જનકલ્યાણના અને માનવતાના કામમાં કોઇ પણ જ્ઞાતિ, જાતી કે સંપ્રદાયના ભેદભાવ વગર કરવાની જેમણે ગિજુભાઈને પ્રેરણા આપી.

અ. સૌ. લીલાબેન જયંતીલાલ અમૃતલાલ શાહ




સંસાર રથને સારી રીતે ચલાવવા માટે બે પૈડા બરાબર સરખા જોઈએ. સંસારસાગરને સફળતાથી તરવા માટે હોડીના હલેસા પણ બન્ને સરખા જોઇએ તેવી રીતે આજે જે કાંઇ સમૃદ્ધિ આધ્યાત્મિક અને આર્થિક હું મેળવી શકયો છું તે જીવનના દરેક ક્ષેત્રમાં તમારા સંપૂર્ણ સહયોગને આભારી છે.

લિ.

જયંતીલાલ અમૃતલાલ

(જયંતીલાલ ચંદુલાલની કંપની)

તપસ્વી પરશોતમભાઇ શીવલાલ દલવાડી



બા. બ્ર. પ્રખર વ્યાખ્યાતા, વિદુષી શાસનશણગાર પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજીના કાંદાવાડીના ૨૦૨૯ ના ચાતુર્માસ દરમ્યાન દાન અને તપનો વિક્રમ નોંધાયા. આપે પણ ૪૫ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરીને આ વિક્રમ તોડવામાં શાસનનો જયજયકાર કરાવવામાં અમને સહયોગ આપ્યો તે માટે અમારા આપને હાર્દિક અભિનંદન.

આવી ઉગ્ર તપશ્ચર્યા આત્માની આબાદીના લક્ષે વધુ ને વધુ કરો તેવી શુભ ભાવના.

લિ.

રમણિકલાલ કસ્તુરચંદ કોઠારી

મંત્રી

શ્રી. વ. સ્થા. જૈન ધાર્મિક સંઘ,

કાંદાવાડી, મુંબઈ ૪.

બાલ બ્રહ્મચારી, વિદુષી પ્રખર વ્યાખ્યાતા પૂજ્ય

શારદાબાઈ મહાસતીજીની જીવનરેખા

પરિચયકાર :– બચુભાઈ પી. દોશી, મુંબઈ.

"પ્રેરણાદાયી વૈરાગ્યમય જીવન"

આ કન્યા કેમ વિરકતભાવમાં રહે છે? તેની બાલ–સખીઓ શાળામાં રમતી હોય, ગરબા ગાતી હોય છતાં આ કન્યા કેમ કયાંય રસ લેતી નથી?

જૈન શાળામાં પણ આ બાળા ધાર્મિક અભ્યાસ માટે જાય છે. જૈનકથાઓ સાંભળી તેનું મન કોઈ અગમ્ય પ્રદેશમાં વિચરવા લાગે છે. ચંદનબાળા, નેમ–રાજુલ, મલ્લીકુંવરી, મૃગાવતી, પદ્મમાવતી વિગેરે કથાઓ સાંભળી જૈન શાળામાં ભણતી બાળાઓને કહે છે સખી! ચાલો, આપણે દીક્ષા લઈએ! આ સંસારમાં કંઈ નથી. આવા મનોભાવ બાલ્યાવસ્થામાં કુમારી બેન શારદાને આવે છે. પોતાની બહેન વિમળાના પ્રસૂતિના પ્રસંગે અને મૃત્યુએ ચૌદ વર્ષની બહેન શારદા ઉપર સંસારની અસારતાની સચોટ અસર કરી. ખરેખર માનવીની જીંદગીનો શો ભરોસો? મૃત્યુ કઇ ક્ષણે આવશે તેની કોને ખબર છે? આજની ક્ષણ સુધારવી એમાં માનવજીવનની મહત્તા છે. આવા વિચારોથી આ કન્યાનું મન દીક્ષા પ્રત્યે દૃઢ થતું હતું.

તેમના પિતાશ્રી વાડીલાલ છગનલાલ અને માતા શ્રી સકરીબહેન તેમજ સગાસ્નેહી ખંભાતવાળા કેશવલાલે તથા ધ્રાંગધ્રાવાળા શ્રી નરસિંહદાસ વખતચંદ સંઘવીએ (આપણા જૈન સમાજના આદર્શ શ્રાવક) બહેન શારદાને સમજાવવા ઘણી મહેનત કરી. પરંતુ જેના હૃદયમાં વૈરાગ્યની જ્યોત પ્રગટી છે, જેનો આત્મા વૈરાગ્યના રંગે રંગાઈ ગયો છે તેને કાંઇ અસર થાય ખરી? તેમના પૂ. ભાઇજી હીરાચંદ છગનલાલ તેમજ બીજાઓએ પણ ઘણાં પ્રયત્નો કર્યા કે આ કન્યા સંસારમાં રહે તો સારું, પરંતુ ભાવિ પ્રબળ છે. વૈરાગ્યપંથે જનારને ઘણી કસોટીમાંથી પાર ઉતરવું પડે છે. સાથે પ્રસંગો અને તકો પણ એવી મળે છે કે તેમનું મન વધુ ને વધુ દૃઢ વૈરાગ્યમય બનતું જાય છે.

શારદાબહેનનો જન્મ સાણંદ મુકામે સંવત ૧૯૮૧ ના માગસર સુદી ૧૧ ના રોજ થયો. સાણંદની ગુજરાતી શાળામાં છ ગુજરાતી સુધીનું વ્યવહારિક શિક્ષણ લેતા લેતા પૂર્વભવના સંસ્કારે અને પુણ્યોદયે બાલપણમાં સ્વયં વૈરાગ્ય ભાવ અંતરમાં પ્રગટયો. સંવત ૧૯૯૫ માં ખંભાત સંપ્રદાયના પૂજ્ય ગચ્છાધિપતિ ૧૦૦૮ બાલ બ્રહ્મચારી, મહાન વ્યાખ્યાતા આચાર્યશ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબનું ચાતુર્માસ સાણંદ થયું. સોનામાં સુગંધ ભળી. વૈરાગી શારદાબહેનના જીવનમાં વધુ આનંદ પ્રાપ્ત થયો.

પૂ. મહારાજ સાહેબને ખબર પડી કે વાડીલાલભાઇ શ્રાવકનું કન્યારત્ન દીક્ષા લેવાના ભાવ રાખે છે તેથી તેમણે શારદાબહેનને બોલાવીને કસોટી કરી.

બહેન! સંયમમાર્ગે વિચરવું કઠિન છે. સંયમ ખાંડાની ધાર છે. સંસારના સુખો છોડવા સહેલાં નથી. બાવીસ પરિષહો સહન કરવા મુશ્કેલ છે. બહેન તારી ઉંમર સાવ છોટી છે. આત્મોન્નતિનો માર્ગ ઘણી સાધના માગી લે છે. તમે આ બધું કરી શકશો? માતા-પિતાની શીતળ છાંય છોડી શકશો? માતા પિતા રજા આપશે? જુઓ, વૈરાગી શારદા બહેનનો જવાબ પણ કેવો વૈરાગ્ય ભર્યો છે? તેમણે કહ્યું ગુરૂદેવ! "મારી સંપૂર્ણ તૈયારી છે. અંતરના ઉંડાણનો અંતરંગ વૈરાગ્યનો આ રણકાર હતો." જેને મન સંસાર એક અનર્થની ખાણ છે અને જેને છોડવું છે તેને કોણ રોકનાર છે? ક્ષણિક જીવનમાંથી આત્મપ્રકાશ લેવાની મારી અહોનિશ ભાવના છે.

પૂ. ગુરૂદેવને ખાત્રી થઇ કે ખરેખર આ કન્યારત્ન દીક્ષા લઇ જૈન સમાજને અજવાળશે, સંપ્રદાયની શાન વધારશે ને શાસનની સેવા કરશે. આ ચાતુર્માસની અંદર વૈરાગી શારદાબહેને વધુ દૃઢતાથી અને વધુ સમય મેળવીને ધાર્મિક અભ્યાસ શરૂ કરી દીધો. ટૂંક સમયમાં દશવૈકાલિક, ઉત્તરાધ્યયન સૂત્ર, અને ઘણા થોકડા કંઠસ્થ કર્યા.

દૃઢ વૈરાગી શારદાબહેનની કસોટી

એક બાજુ શારદાબહેન વૈરાગ્યના પંથે જવામાં આગેકૂચ કરી રહ્યા હતા ત્યારે બીજી બાજુ માતા-પિતા તેમના સગપણ માટે વાતો કરતા હતા. વૈરાગ્ય અને સંસારનું તુમુલ યુદ્ધ ચાલી રહ્યુ હતું. શારદાબેને દૃઢતાપૂર્વક જણાવી દીધું કે મારી સગપણની વાતો કરશો નહિ. આ સાંભળી માતા-પિતાને ઘણું દુઃખ થયું. માતા-પિતાએ અન્નજળનો ત્યાગ કરવાની ધમકી પણ આપી, પણ જેનું મન વૈરાગ્યમાં રમી રહ્યું છે, જેની રગેરગે વૈરાગ્યનો સોત વહી રહ્યો છે, જેના ચિત્તડામાં ચારિત્રમાર્ગની ચટપટી લાગેલી છે એવા દૃઢ વૈરાગીને શી અસર થાય? આખરે માતા-પિતાએ કહ્યું કે અત્યારે સોળ વર્ષની ઉંમરે નહિ પણ એકવીસ વર્ષની ઉંમરે દીક્ષા માટે રજા આપીશું, પરંતુ શારદાબહેન સોળ વર્ષની ઉંમરે દીક્ષા લેવામાં જ મક્કમ હતા. તેમણે કહ્યું કે "સત્તર વર્ષના વિમળાબહેનના મૃત્યુને કોઇ રોકી શકયું નહિ તો આ જિંદગીનો શો ભરોસો છે? મારૂં મન વૈરાગ્યના રંગે રંગાયેલું છે તેમાંથી પીછેહઠ થનાર નથી." અંતે માતા-પિતા, સગાવહાલા-કુટુંબીજનોને જણાયું કે "શારદાના દીક્ષાના વિચારો દૃઢ છે." આથી રાજીખુશીથી દીક્ષાની આજ્ઞા આપી.

શારદા બહેનનો ભાગવતી દીક્ષા મહોત્સવ

સંવત ૧૯૯૬ ના વૈશાખ સુદ છઠ્ઠ ને સોમવારે સાણંદમાં જ તેમના (માતા પિતાના) ઘેરથી ભવ્ય રીતે ખૂબ ધામધૂમથી **શારદાબહેનનો** દીક્ષા મહોત્સવ ઉજવાયો.

દીક્ષાવિધિ પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબે કરાવી. ગુરૂદેવ પૂ. રત્નચંદ્રજી મ. અને ગુરૂણી પૂજ્ય પાર્વતીબાઇ મહાસતીજીના શિષ્યા તરીકે તેમને જાહેર કર્યા. શારદાબહેન તથા સાણંદના બીજા બહેન જીવીબહેનની દીક્ષા સાથે થઇ. તે બંનેને મહાસતી પાર્વતીબાઇ મ.ના શિષ્યાઓ તરીકે જાહેર કરવામાં આવ્યા. જીવીબહેનનું નામ જશુબાઇ મહાસતીજી રાખવામાં આવ્યું. શારદાબહેનનું નામ શારદાબાઇ મહાસતીજી રાખવામાં આવ્યું. વૈરાગ્ય અને વેવિશાળ વચ્ચેની પાતળી રેખા વિલીન થઇ ગઇ અને વૈરાગ્ય વિજયી બન્યો.

તેમના પૂજ્ય પિતાશ્રી વાડીભાઇ અને માતુશ્રી સકરીબહેન, ભાઈશ્રી નટવરભાઇ, પ્રાણલાલભાઈ, :ભાભી અ. સૌ. નારંગીબહેન તથા અ. સૌ. ઇન્દિરાબહેન તથા બહેનો ગંગાબહેન, શાન્તાબહેન, હસુમતીબહેન બધા ધર્મપ્રેમી છે અને સંસ્કારી કુટુંબ છે. સાણંદમાં તેમને કાપડનો સારો વહેપાર છે. શારદાબાઈ મહાસતીજીના સંસારી પિતા શ્રીયુત વાડીલાલ છગનલાલ સંવત ૨૦૨૧ ના વૈશાખ સુદ ચોથ ને મંગળવાર તા. ૪–૫–૬૫ના રોજ સાણંદ મુકામે પહેલી વખતના હાર્ટફેલના હુમલાથી અવસાન પામ્યા છે. મૃત્યુની અંતિમ ઘડી સુધી વિશુદ્ધ ભાવો અને મન ધર્મધ્યાનમાં રહેતું હતું. તેઓશ્રી અને તેમના ધર્મપત્ની તથા પુત્રો, પુત્રવધૂઓ અને પુત્રીઓ બધા પૂ. મહાસતીજીની સાનિધ્યમાં જેટલા દિવસ રહે તેટલા દિવસ ધર્મધ્યાનમાં વ્યતીત કરતા અને જ્યારે મહાસતીજીના દર્શન કરવા આવે ત્યારે શુભ ખાતામાં સારી રકમ ભેટ આપતા.

પૂજ્ય શારદાબાઇ મહાસતીજી મુંબઇથી વિહાર કરી સંવત ૨૦૨૩માં દેશમાં પધાર્યા ત્યારે વિહાર કરતાં કરતાં સંવત ૨૦૨૫માં સાણંદ પધાર્યા તે વખતે તેમના સંસારી માતુશ્રી સકરીબહેનની તબિયત હાર્ટની ટ્રબલ અને ડાયાબીટીશના કારણે નરમ હતી. અસહ્ય દર્દમાં પણ તેમની સમતા ગજબ હતી. સકરીબહેનના પુત્રો-પુત્રવધૂઓ તથા પુત્રીઓએ તેમની પ્રેમથી અને લાગણીથી જે સેવા કરી છે તે આજના સંતાનો માતા-પિતાની ભાગ્યે કરી શકે. પૂ. મહાસતીજી જ્યારે સાણંદથી વિહાર કરવાના હતા ત્યારે તેમના સંસારી માતુશ્રી સકરીબહેને કહ્યું કે મહાસતીજી આપ ભાવનગર ચાતુર્માસ પધારશો પછી હવે હું આપના દર્શન નહિ કરી શકું. મારા માટે આપના આ છેલ્લા દર્શન છે. ત્યારે મહાસતીજીએ કહ્યું કે તમે આમ કેમ બોલો છો? ત્યારે તેમણે કહ્યું-હવે આ નશ્વર દેહનો ભરોસો નથી માટે મને ધર્મ આરાધના કરાવો. પૂજ્ય મહાસતીજી પાસે એક મહિના સુધી સતત શાસ્ત્ર–વાંચન સાંભળ્યું. ઘણા પચ્ચખાણ લીધા અને અનેક રીતે પોતાના આત્માની સાધનામાં જોડાવા લાગ્યા. ત્યાર પછી પૂ. મહાસતીજીએ ભાવનગર તરફ વિહાર કર્યો. પછી સંવત ૨૦૨૫ના અષાડ સુદ ૧૧ના રોજ વી. એસ. હોસ્પિટલમાં સાંજના પાંચ વાગે સાગારી સંથારો કરી સમતાભાવે આત્મસાધનામાં મસ્ત રહેતાં સૌને રડતાં મૂકી આ નશ્વર દેહનો ત્યાગ કર્યો.

સંયમી જીવનમાં પ્રગતિ

દીક્ષાજીવનની શરૂઆતમાં મહાસતીજી શારદાબાઇ સ્વામીનો ધાર્મિક શાસ્ત્ર અભ્યાસનો પુરૂષાર્થ પ્રબળ બન્યો. પૂ. ગુરૂદેવ અને પૂ. ગુરૂણીની શીતળ છત્રછાયામાં પૂ. મહાસતીજીએ ઘણું આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું. શાસ્ત્રોનું વાંચન કર્યું. સંસ્કૃત–પ્રાકૃત ભાષાનું જ્ઞાન મેળવ્યું. આ જ્ઞાનનો બીજાને લાભ આપતા અલ્પ સમયમાં જ પ્રતિભાશાળી અને વિદુષી વ્યાખ્યાતા તરીકે પૂ. શારદાબાઇ મહાસતીજી ખ્યાતિ પામ્યા.

પૂ. વિદુષી મહાસતીજી જ્યારે વ્યાખ્યાન આપે છે ત્યારે માત્ર વિદ્વતા નહિ પણ આત્માના ચૈતન્યની વિશુદ્ધિનો રણકાર તેમના અંતરના ઉંડાણમાંથી આવે છે. ધર્મના તત્ત્વના શબ્દાર્થ, ભાવાર્થ, ગુઢાર્થને એવી ધીર-ગંભીર, પ્રસાદમય શૈલીમાં વિવિધ દૃષ્ટાંતોથી સંભળાવે છે કે શ્રોતાવૃંદ તેમાં તન્મય–ચિન્મય બની જાય છે અને અપૂર્વ શાંતિથી શારદાસુધાનું રસપાન કરે છે. બાલ બ્રહ્મચારી, વિદુષી, પ્રખર વ્યાખ્યાતા શ્રી શારદાબાઇ મહાસતીજીની વાણીમાં આત્માનો અંતરધ્વનિ આવે છે અને તે ધ્વનિએ અનેક જીવોને પ્રતિબોધ પમાડયો છે. સુષુપ્ત આત્માને ઢંઢોળીને સંયમમાર્ગે દોર્યા છે.

ભગવાન મહાવીરના ચાર તીર્થમાંના ગાંધીતીર્થની સરિતા જ્યારે એના અંતરના નિર્મળ નીરનો (ઉદ્‌ગારોનો) પ્રવાહ વહેવડાવે છે ત્યારે શ્રોતાવૃંદ તેમાં ભીંજાઇ જાય છે અને તપ–ત્યાગ તથા સંયમના માર્ગે જવા પ્રેરાય છે.

સંયમી જીવનની વિહારયાત્રા

અત્યાર સુધીના ૩૪ વર્ષના સંયમી જીવનમાં પૂ. મહાસતીજીનો વિહારપ્રદેશ ગુજરાત, સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાં થયો છે. સૌરાષ્ટ્રમાં–રાજકોટ, ભાવનગર, ગોંડલ, જેતપુર, જુનાગઢ, જામનગર, મહુવા, સાવરકુંડલા, ધારી, બગસરા, બોટાદ, પાળીયાદ, લીંબડી, વાંકાનેર, થાનગઢ, તેમજ મુળી, સાયલા, વઢવાણ, સુરેન્દ્રનગર, જોરાવરનગર, ચુડા, ધ્રાંગધ્રા વિગેરે સ્થળોમાં તેમના વિહારથી અને તેમના ઉપદેશથી ઘણાં આત્માઓએ બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરેલ છે અને સંખ્યાબંધ વ્રત-પચ્ચખાણ થએલ છે. મહારાષ્ટ્ર પ્રદેશમાં-લોનાવાલા, પૂના, ઘોડ નદી, અહમદનગર, નાસિક, ઈગતપુરી, શ્રીરામપુર, લાસલગાંવ વિગેરે સ્થળોનો શેષકાળ વિહાર કર્યો અને તેમના ઉપદેશથી આ પ્રદેશોમાં અપૂર્વ ધર્મજાગૃતિ આવી છે. ગુજરાતમાં અમદાવાદ, ખંભાત, સાણંદ, સુરત, સાબરમતી, ખેડા વિગેરે ક્ષેત્રોને ચાતુર્માસનો લાભ આપ્યો છે.

પૂ. મહાસતીજીના પ્રતિબોધથી સોળ બહેનોએ વૈરાગ્ય પામીને તેમની પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરીને તેમના સુશિષ્યાઓ થએલ છે અને શાસનની અભિવૃદ્ધિ કરી રહેલ છે.

જૈન શાસનમાં એક જૈન સાધ્વી તરીકે રહી તેમણે પૂ. ગુરૂદેવ શ્રી રત્નચંદ્રજી મ. અને પૂ. શ્રી ગુલાબચંદ્રજી મ. ના કાળધર્મ બાદ ખંભાત સંપ્રદાયનું સુકાન ચલાવેલ છે જે જૈન શાસનમાં વિરલ છે. એટલું જ નહિ પણ ખંભાત સંપ્રદાયના સંઘપતિ શ્રી કાંતિભાઇની દીક્ષા પણ પૂ. મહાસતીજીના હસ્તક થઇ છે. જે આજે મહાન વૈરાગી પૂ. કાંતિઋષીજી મહારાજ સાહેબ તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. આજે ખંભાત સંપ્રદાયમાં પૂ. કાંતિઋષીજી મ. ઠાણા-૯ બિરાજમાન છે, તેમાં પહેલા પાંચ સાધુજીઓને દીક્ષાની પ્રેરણા આપનાર પૂ. વિદુષી મહાસતીજીની અદ્‌ભૂત વાણી છે. ખંભાત સંપ્રદાયમાં નવરત્ન સમાન નવ સંતો જૈન શાસનને શોભાવી રહ્યા છે. તે (૧) મહાન વૈરાગી પૂ. કાંતિઋષીજી મ. (૨) બા. બ્ર. પૂ. સૂર્યમુનિ મ. (૩) બા. બ્ર. પૂ. અરવિંદમુનિ મ. (૪) બા. બ્ર. નવીન ઋષિ મ. (૫) બા. બ્ર. પૂ. કમલેશમુનિ મ. (૬) બા. બ્ર. પ્રકાશમુનિ મ. (૭) બા. બ્ર. પૂ. ચેતનમુનિ મ. (૮) બા. બ્ર. પૂ. મહેન્દ્રમુનિ મ. (૯) નવદીક્ષિત પૂ. દર્શનમુનિ મ. ઠાણા-૯ વિદ્યમાન છે.

પૂજ્ય મહાસતીજીએ આજથી ૧૧ વર્ષ પહેલાં કાંદાવાડી સંઘની ચૌદ ચૌદ વર્ષની વિનંતીને માન આપી સં. ૨૦૧૮ નું ચાતુર્માસ કાંદાવાડી કર્યું હતું ત્યારે પૂ. મહાસતીજીની તેજસ્વી પ્રભાવશાળી વાણીએ અને ખાસ કરીને બ્રહ્મચર્ય પરના સચોટ વ્યાખ્યાનોએ જનતામાં અલૌકિક અસર કરી અને પરિણામે કાંદાવાડીમાં તેમના સાનિધ્યમાં શ્રી સંઘના મંત્રી શ્રી રમણિકભાઇ કોઠારી સહિત ૫૧ ભાઈ-બહેનોએ એકીસાથે બ્રહ્મચર્ય વ્રતની પ્રતિજ્ઞા લીધી હતી. મોહમયી મુંબઇનગરી માટે આ અભૂતપૂર્વ બનાવ હતો. કાંદાવાડી ચાતુર્માસ પછી અનુક્રમે પૂ. મહાસતીજીએ માટુંગા, દાદર, વિલેપાર્લા અને ઘાટકોપર ચાતુર્માસ કર્યા. આ ચાતુર્માસોમાં તપશ્ચર્યાના પૂર આવ્યા હતા. આ ચાતુર્માસ દરમ્યાન તેમજ શેષકાળમાં પૂ. મહાસતીજી પાસે કુલ ૧૦૮ હાથનોંધ થઇ હતી. આ રીતે પૂ. મહાસતીજીએ મુંબઇમાં ખંભાત સંપ્રદાયનું નામ રોશન કરી પછી ગુજરાત તરફ વિહાર કર્યો. ગુજરાતમાં ખંભાત, અમદાવાદ, ભાવનગર, રાજકોટ, ધ્રાંગધ્રા, અમદાવાદ (નગરશેઠનો વંડો) ચાતુર્માસ કર્યા. આ ચાતુર્માસમાં પૂ. મહાસતીજીની પ્રભાવશાળી વાણીથી ગુજરાત-સૌરાષ્ટ્રમાં તપ-ત્યાગની ભરતી આવી હતી.

પૂ મહાસતીજી એક વખત તો મુંબઇનગરીને પાવન કરી ચૂકયા હતા. પણ પૂ. મહાસતીજીની વાણી મુંબઇની જનતામાં એવું આકર્ષણ પેદા કરી ગઇ હતી કે પૂ. મહાસતીજી દેશમાં પધારવા છતાં મુંબઇની જનતા તેમના ચાતુર્માસ માટે ઝંખી રહી હતી. એટલે કાંદાવાડી આદિ સંઘોની વિનંતી અવારનવાર ચાલુ રહી હતી. તેથી મુંબઇ સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી છ વર્ષમાં પૂ મહાસતીજીને મુંબઈ આવવાનું બન્યું, ને જનતાના દિલ આનંદથી ઉભરાયા. વાચકો! આપ આ ઉપરથી સમજી શકશો

કે પૂ. શારદાબાઇ મહાસતીજીએ મુંબઇનગરીની જનતાના દિલનો પ્રેમ કેટલો સંપાદન કર્યો હશે!

સંવત ૨૦૨૯માં કાંદાવાડી સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી પૂજ્ય મહાસતીજી કાંદાવાડી ચાતુર્માસ પધાર્યા. પૂ. મહાસતીજીના પ્રવચનથી માનવના હૃદયમાં અનોખું આકર્ષણ થાય છે કે જેથી વ્યાખ્યાન હોલ હરહંમેશ ચિકકાર ભરાઇ જાય છે. પૂ. સતીજીના સતના પ્રભાવે ચાતુર્માસમાં અનેરો આનંદ વર્ત્યો છે. દાન-શીયળ-તપ અને ભાવનાની ભરતી આવી હતી. આ વખતનું ચાતુર્માસ અભૂતપૂર્વ છે. આ વખતનું વખતનું ચાતુર્માસ કાંદાવાડીના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે.

પૂ. મહાસતીજીના માટુંગા ચાતુર્માસના વ્યાખ્યાનો શારદા સુધા ભાગ ૧-૨, જેની પ્રત ૮૫૦૦, દાદર ચાતુર્માસના વ્યાખ્યાનો શારદા સંજીવની ભાગ ૧-૨-૩, જેની પ્રત ૬૦૦૦, ઘાટકોપરના વ્યાખ્યાનો શારદા માધુરી ભાગ ૧-૨-૩, પ્રત ૬૦૦૦, રાજકોટ ચાતુર્માસના વ્યાખ્યાનો શારદા પરિમલ ભાગ ૧-૨-૩ સંયુકત, તેની પ્રત ૨૦૦૦, અમદાવાદ ચાતુર્માસના વ્યાખ્યાનો શારદા સૌરભ ભાગ ૧-૨-૩, પ્રત ૬૦૦૦, આટલા પુસ્તકો પૂ. મહાસતીજીના વ્યાખ્યાનના બહાર પડયા છે, અને તે બધા પુસ્તકો ખલાસ થઇ ગયા છે. જેમ જેમ પુસ્તકો બહાર પડતા ગયા તેમ તેમ જનતાનું આકર્ષણ વધતું ગયું. વાંચકોને આ ઉપરથી ખ્યાલ આવતો હશે કે પૂ. મહાસતીજીના વ્યાખ્યાનોનું કેટલું આકર્ષણ છે. જે પુસ્તકો ખલાસ થઈ ગયા છે તેની એટલી બધી માંગણી છે કે કદાચ ફરીને બહાર પાડવા પડશે.

આ બધો પ્રભાવ બા. બ્ર. વિદુષી, પ્રખર વ્યાખ્યાતા પૂ. શારદાબા મહાસતીજીનો છે.

સંવત ૨૦૩૦ના વૈશાખ સુદ છઠના પવિત્ર દિવસે પૂ. મહાસતીજીના સંયમી જીવનના ચોત્રીસ (૩૪) વર્ષ પૂરા થાય છે. બા. બ્ર. વિદુષી પૂ. મહાસતીજીના સંયમ યાત્રાની આ રજત જયંતી આપણને સૌને આધ્યાત્મિક માર્ગે જવા દીવાદાંડી રૂપ બની રહો.

પૂ. મહાસતીજીના ચરણકમળમાં અમારી કોટી કોટી વંદના હો.

નમ્ર નિવેદન

ખંભાત સંપ્રદાયના પૂ. બા. બ્ર. પ્રખર વ્યાખ્યાતા, શાસનદીપિકા વિદુષી પૂ. શારદાબાઇ મહાસતીજી જેમની વિતરાગવાણીમાં એવી અનોખી તેજસ્વીતા અને ઓજસભર્યા છે અને જેમના નેણમાં અને વેણમાં પ્રેમ, મૈત્રી અને કરૂણાના એવા ઝરણા વહે છે કે ગમે તેવો પતિત માણસ પણ પાવન બની જાય, સંસારના કાદવ અને કીચડમાં ખૂંચેલો હોય તો બહાર નીકળી જાય, અજ્ઞાનના અંધકારમાં અટવાતો હોય તો નવા પ્રકાશને પામે, ભાન ભૂલેલો હોય તો સમજણમાં આવી જાય, પથ્થર જેવો હોય તો પણ પીગળી જાય.

સ્વાભાવિક છે કે જ્યારે હૃદયમાં નિર્મળતા હોય, સરળતા, પવિત્રતા અને બિનસાંપ્રદાયિકતા ભરી હોય ત્યારે આવી ઇશ્વરી તાકાત સહજ હોય જ અને એજ સાચા સંતની પ્રતિતી છે, કારણ સંતોના દર્શનથી ભાવના બદલાય છે અને સંતોના સ્પર્શથી બુદ્ધિ બદલાય છે અને સંતોના સમાગમથી જીવન બદલાય છે.

પૂ. શ્રી શારદાબાઇ મહાસતીજી કાંદાવાડી ધર્મસ્થાનકમાં ૨૦૨૯ના ચાતૂર્માસ માટે પધાર્યા અને માત્ર બૃહદ મુંબઇમાં નહિ પણ સારાએ ભારતમાં દાન, શીલ અને તપમાં અનેરૂ અને અભૂતપૂર્વ વિક્રમ સ્થાપ્યો, ખંભાત સંપ્રદાયનો, ભગવાન મહાવીરનો અને શાસનનો જયજયકાર કર્યો. પર્વાધિરાજ પર્યૂષણ પર્વ દરમિયાન દાનમા જુદી જુદી જનકલ્યાણની, માનવતાની અને સહધર્મી વાત્સલ્યતાની પ્રવૃત્તિઓ માટે રૂા. ૧૦ લાખ ભેગા થયા. તપશ્ચર્યામાં ૪૫થી છકાઈ સુધીમાં સંખ્યા ૫૦૦ ઉપર પહોંચી અને સારી સંખ્યામાં આજીવન બ્રહ્મચર્યવ્રતના પચ્ચખાણ પણ થયા. ચાતુર્માસ દરમિયાન કાંદાવાડી રાજગૃહી નગરી હોય અને રાજગૃહી નગરીના શ્રાવકો અને શ્રાવિકાઓ જેમ સાત "વવા" વિનય, વિદ્યા વિવેક, વિચાર, વાણી, વર્તન અને વિજયથી શોભતા હતા.

સતીજીના ચાતુર્માસ વિહાર પ્રસંગે પણ કાંદાવાડીના ઇતિહાસમાં અપૂર્વ માનવ સમુદ્રાય ઉમટયો હતો. લગભગ ૫૦૦૦ (પાંચ હજાર) ભાઇ બહેનો હાજર હતા અને બધા ઠેઠ વાલકેશ્વર કોઠારી હોલ સુધી સાથે જ રહ્યા હતા.

આ બધો પ્રતાપ સતીજીની વિતરાગવાણીનો છે અને ચાતુર્માસ દરમિયાન જે વિતરાગવાણી તેમના શ્રીમુખેથી નીકળી તે પ્રવચનોના પુસ્તકનું પ્રકાશન પણ સારાએ ભારતમાં એક ઐતિહાસિક પ્રસંગ બનશે. ૨૦૩૦ના કારતક સુદ પુનમને દિવસે સતીજીના પ્રવચનો પુરા થયા અને માગશર સુદ પુનમને દિવસે ચાતુર્માસના પ્રવચનોનું ૧૦૨૬ પાનાનું પુસ્તક "શારદા સરિતા" અમે સમાજ પાસે મૂકી શકયા. સામાન્ય રીતે ચાતુર્માસના પ્રવચનોના પુસ્તકનું પ્રકાશન ચાતૂર્માસ પૂર્ણ થયા પછી લગભગ છ-આઠ મહિને અને કોઇ કોઇ વખતે બાર મહિને બહાર પડે છે. જ્યારે ચાતુર્માસ પૂર્ણ થયા પછી માત્ર એકજ મહિનામાં " શારદા સરિતા " ૧૦૨૬ પાનાનું પુસ્તક કાંદાવાડી સંઘ બહાર પાડે છે તે પણ સતીજીના પુન્યનો, પ્રતીભાનો, સરળતા અને નિર્મળતાનો પ્રભાવ છે.

" શારદા સરિતા "ની ૩૦૦૦ નકલ છપાવવાનું નકકી કર્યું હતું પણ અમારી પાસે લગભગ ૩૪૦૦ પુસ્તક માટેના નામ, પુસ્તક તૈયાર થાય તે પહેલા જ આવી ગયા જે જનતાનો સતીજીના પ્રવચન માટેનો પ્રેમ અને ભકિત બતાવે છે. જેમણે અગાઉથી પુસ્તકો લખાવેલ છે તેમના નામની યાદી આ પુસ્તકમાં આપેલ છે. અમો સર્વનો સુંદર સહકાર આપવા માટે હાર્દિક આભાર માનીએ છીએ.

જ્યાં જ્યાં સાધુ સંતોના સમાગમનો લાભ નથી મળતો ત્યાં ધર્મભાવના જાગૃત રાખવા પુસ્તક ખૂબ જ ઉપયોગી બનશે અને દરેકે દરેક કુટુંબમાં દરરોજ રાત્રે સમૂહ વાંચન કરવાથી સંતાનોમાં સંસ્કાર, સદાચાર અને ચારિત્રનું ઘડતર કરવામાં ખૂબ જ લાભદાયી બનશે તો અમે "શારદા સરિતા" ના પ્રકાશનનો આ પુરૂષાર્થ સફળ થયો માની ધન્યતા અનુભવશું.

આ પુસ્તક પ્રકાશનના મુખ્ય દાતાઓ દાનેશ્વરી શેઠશ્રી મણિલાલ શામજી વીરાણીએ રૂા. ૭૫૦૦ તથા પાલણપુરનિવાસી સુશીલાબહેન રમણિકલાલ રાજમલ મહેતાએ રૂા. ૭૫૦૦ આપી અમારા આ વિરાટ કાર્યમાં ખૂબ પ્રોત્સાહન, પ્રેરણા અને સહયોગ આપ્યો તેમજ રૂા. ૧૦૦૦ આપનાર સર્વ દાતાઓ જેમના નામોની યાદી પણ આ પુસ્તકમાં આપવામાં આવી છે તે બધાનો શ્રી સંઘ તરફથી હાર્દિક આભાર માનીએ છીએ, ધન્યવાદ આપીએ છીએ કે આવા ધર્મપ્રચારના કામમાં હંમેશા સહયોગ આપી પુન્યાનુબંધી પુન્ય ઉપાર્જન કરે.

"શારદા સરિતા"ની ૩૦૦૦ નકલ છાપવાનું અત્યારની અસહ્ય કાગળની અને છાપકામની મોંઘવારીમાં લગભગ રૂા. ૬૩૦૦૦નું ખર્ચ આવ્યું છે. એટલે એક નકલની કિંમત રૂા. ૨૧ ઉપરાંત પડશે. શરૂઆતમાં સામાન્યમાં સામાન્ય વાંચક વર્ગ વધારેમાં વધારે લાભ લઈ શકે તે માટે વેચાણ કિંમત રૂા. ૭ રાખવાનું નક્કી કરેલ પણ મુખ્ય દાતાઓ શ્રી મણિલાલ શામજીભાઇ વીરાણી તથા શ્રીમતી સુશીલાબહેન રમણિકલાલ રાજમલ મહેતાએ વિનંતી કરી કે જો વેચાણ કિંમત રૂા. ૫ રાખવામાં આવે તો સામાન્યમાં સામાન્ય વ્યકિત પણ પૂરેપૂરો લાભ લઈ શકશે એટલે અમે તેમની વિનંતિ સ્વીકારી અને આ વિરાટ કામની અમારી જવાબદારી સમજદાર સમાજે બહુ જ સુંદર સહયોગ આપીને હળવી કરી નાખી.

આ પુસ્તકના પ્રકાશનના કામમાં અમારે શ્રી નંદલાલભાઇ મગનલાલ દોશીનો અંતઃકરણપૂર્વક આભાર માનવો જ જોઈએ, કારણ કે તેમણે મિલમાંથી કાગળ મિલના ભાવે અમને મેળવી અપાવી લગભગ બજાર ભાવ કરતાં ૨૦ ટકાનો ફાયદો કરાવી આપ્યો. પ્રૂફના વાંચન માટે તથા પ્રૂફો દરરોજ સમયસર પૂ. મહાસતીજીને મળી જાય તથા વાંચેલા પ્રૂફો પાછા મળી જાય તેની સુંદર વ્યવસ્થા કરવા માટે અમે તેમના ખૂબ જ આભારી છીએ અને તો જ આ ૧૦૨૬ પાનાના પુસ્તકનું પ્રકાશન ચાતુર્માસ પૂર્ણ થયા પછી માત્ર એક જ મહિનામાં બહાર પાડી શકયા.

ભાઇશ્રી રમણલાલ નાગરદાસ ગોસલિયાએ આ પુસ્તકના પ્લાસ્ટીક કવર કોઈ પણ જાતનું મહેનતાણું લીધા વિના બનાવી આપ્યા તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ.

છેવટે જન્મભૂમિ કાર્યાલયના સંચાલકોએ ઓવરટાઇમ કરાવીને અને મુદ્રણ વિભાગના કામદારોએ ખૂબજ સુંદર સહયોગ આપીને આ પુસ્તકનું પ્રકાશન સમયસર કરી આપવા માટે અમે તેમના ખૂબજ ઋણી છીએ.

શ્રી વ. સ્થા. જૈન શ્રાવક સંઘ
કાંદાવાડી, મુંબઇ. તા. ૬-૧૨-૭૩

લિ.
રમણિકલાલ કસ્તુરચંદ કોઠારી

શારદા સરિતા

(ભાગ ૧-૨-૩ સંયુક્ત)

સ્વ. આચાર્ય ગચ્છાધિપતિ પૂજ્ય શ્રી બા. બ્ર. રત્નચંદ્ર ગુરવેનમઃ

સંવત ૨૦૨૯ ના કાંદાવાડી ચાતુર્માસમાં આપેલા પ્રવચન

વ્યાખ્યાન નં. ૧

"વિષયો પ્રત્યેનો વિરાગ"

અષાડ સુદ ૧૧ ને મંગળવાર **તા. ૧૦–૭–૭૩**

અનંત કરુણાનીધિ, શાસન સમ્રાટ, શ્રમણ ભગવંત મહાવીર સ્વામીએ જગતના જીવોના કલ્યાણને અર્થે આગમના પાને પાને સુંદર અને શાશ્વત સુખ અને શાંતિ પ્રાપ્ત કરવાની હિત શિખામણ ટાંકી ગયા છે. હૃદયપટ ઉપરથી કર્મના કાટ નીકળી જાય અને આત્મા કર્મની જેલમાંથી મુક્ત બને એવી પ્રભુની વાણી છે. પણ એક વખત અંતરમાં ટંકાર થવો જોઈએ.

"जिणवयणे अणुरत्ता" ત્રિકાળ જ્ઞાની એવા જિનેશ્વર પ્રભુના વચનમાં અનુરકત બની જવું જોઈએ. અનાદિકાળથી જીવ અનુરકત તો બન્યો છે અને રાગી પણ બન્યો છે. રાગનો પોષક બન્યો છે, એનો રાગ કર્યો, એનો પ્રેમ કર્યો, એનો સંગ કર્યો ને એમાં અનુરકત બન્યો કે જેનાથી અનંત સંસાર વધાર્યો. રાગ કર્યો પણ રાગ કરતાં આવડયો નથી. રાગ કયો કરવા જેવો છે? અજ્ઞાનને કારણે ખબર નથી કે કોનો રાગ કરવો અને કોનો રાગ છોડવો? જેના જ્ઞાનતંતુ નબળાં પડી ગયાં હોય તેવા પાગલ માણસને રસ્તામાં રખડતો તમે જોયો છે ને? એ રસ્તામાંથી શું વીણે છે? કાગળ–કાંકરા ને ચીંથરાં ભેગાં કરે છે. જે ગ્રહણ નથી કરવાનું તેને ગ્રહણ કરે છે. અને જે ગ્રહણ કરવાનું છે તે નથી કરતો એને તમે ગાંડો કહો છો ને? તો એક વાત સમજી લો કે તમે મનુષ્યભવ પામીને જે ગ્રહણ કરવાનું છે તેને ગ્રહણ ન કરો અને ન ગ્રહણ કરવાનું કરો તો મારે તમને કેવા કહેવા?

મનુષ્યભવ પામવા માત્રથી કલ્યાણ નથી થવાનું. કોઈ માણસનું નામ હીરાલાલ, મોતીલાલ કે પન્નાલાલ હોય તો તેથી તે હીરા, મોતી કે પન્નાવાળો નથી બની જતો. કોઈની અટક નાણાવટી હોય તો તે ધનવાન બની જતો નથી. તે રીતે તમે સમજી લો કે ખાલી લવારો કરવાથી કે મોટા લેખક બની લેખ લખવાથી કલ્યાણ નહિ થાય. બોલો ઓછું પણ આચરણ વધુ કરો તો આત્માનું કલ્યાણ થશે.

ભૌતિક ભોગોનો રાગ કરવા જેવો નથી. મારા અને તમારા આત્માએ અનંત પુદ્ગલ પરાવર્તનો કર્યાં. દેવતાનાં શરીર ધારણ કર્યા. માનવીના શરીરને ઘડપણ આવે,

રોગ આવે પણ દેવતાના દેહને દર્દ ન આવે, ઘડપણ ન આવે પણ એનું આયુષ્ય પૂર્ણ થયે ચવવું પડે છે. માટે જ્ઞાની પુરુષો કહે છે જેનો જન્મ છે તેનું અવશ્ય મૃત્યુ છે. મિથ્યાત્વી દેવને દેવલોકમાંથી ચવવાનો સમય થાય ત્યારે દુઃખ થાય છે. પણ સમકિતી દેવને સહેજ પણ દુઃખ થતું નથી. એ એમ વિચારે છે કે કયારે આ પુદ્ગલના પથારાની રાગની આગમાંથી છૂટું અને માનવભવ પ્રાપ્ત કરી વીતરાગ શાસન પામી જલ્દી કર્મનાં બંધનો તોડી આત્માના અલૌકિક સુખની મોજ માણવા મોક્ષમાં જાઉં.

બંધુઓ! જિનેશ્વર ભગવંતના વચનામૃતો પ્રત્યે રાગ કરો તો તમારાં ગાઢ બંધનો તૂટી જાય. ધર્મનો રાગ થાય તો સંસારનો રાગ છૂટયા વિના ન રહે. મોમાં પાણીનો કોગળો ભરીને કાકા મામા બોલાય? જો કાકા-મામા બોલવું હોય તો કોગળાનો ત્યાગ કરો અને કાં મૌન રહો. બેમાંથી એકનો ત્યાગ કરવો પડશે. તેમ જો મોક્ષના સુખની ઈચ્છા હોય તો વીતરાગ શાસનના અનુરાગી બનો. અને વિષયો પ્રત્યે વિરાગ કેળવો. મોક્ષ સુખ પામવાના ચાર અકસીર ઇલાજ છે. તેમાં પ્રથમ ઇલાજ છે વિષયો પ્રત્યેનો વિરાગ (૨) કષાયોનો ત્યાગ (૩) ગુણાનુરાગ (૪) ધર્મકરણીમાં અપ્રમત ભાવ. આ ચાર ઉપાયો જ્યાં હોય ત્યાં ધર્મ હોય. ધર્મનું કાર્ય એ છે કે અનાદિકાળથી કર્મની કેદમાં ફસાયેલા આત્માને જન્મ-મરણ-રાગ-દ્વેષથી છોડાવી શાશ્વત સુખની પ્રાપ્તિ કરાવે.

વિષયોનો વિરાગ એટલે વિષયો પ્રત્યે તિરસ્કાર. વિષયોમાં દોષોનું દર્શન થવું. વિષયો એ વિષ જેવા છે. આલોક અને પરલોકમાં દુઃખદાયી છે, એમ સમજી વિષયોનું વમન કરી બ્રહ્મચર્યવ્રતને અંગીકાર કરવું. આત્મસુખના અર્થી આત્માને આ સંસાર શૂન્ય લાગે છે. એ તો એમ સમજે કે ગમે તેટલા વિષય-ભોગો ભોગવું પણ તેનાથી મને તૃપ્તિ થવાની નથી. પણ આ ભોગો ભોગવવાનું પરિણામ દુર્ગતિનાં દુઃખો ભોગવવાનું છે. અને ભવપરંપરાનું વિસર્જન થવાને બદલે નવા નવા ભવોનું સર્જન કરવાનું છે. આખા જગતના ભૌતિક પદાર્થો મને આપી દેવામાં આવે તો પણ ઇચ્છાઓનો અંત આવવાનો નથી, તો આવા અપૂર્ણ અને તુચ્છ વિષયોનો રાગ શા માટે કરું? જે ધર્મ કરવાથી મારી ઇચ્છાઓ શાંત થાય, તૃપ્તિનો આનંદ આવે, અને દુર્ગતિનાં દુઃખડાં ભોગવવાં ન પડે એવો જિનેશ્વર ભગવંતનો બતાવેલ ધર્મ અંગીકાર કરી લઉં.

દેવાનુપ્રિયો! આ વાત તમને સમજાય છે. પાંચ ઇન્દ્રિય અને તેના વિષયો એ કંઈ ખરાબ નથી પણ એ ઇન્દ્રિયના વિષયોમાં ઉત્પન્ન થતો વિકાર ખરાબ છે. આંખ જરૂરી છે, પણ આંખ દ્વારા મનોહર રૂપ-રંગ જોઈને તેમાં ઉત્પન્ન થતો વિકાર ભયંકર છે. કોઇ ભાઇ કે બહેનનું રૂપ જો ઇને મન માં થાય કે કેવું સૌંદર્ય છે! કોઈ બહેનની સુંદર સાડી જોઇને મનમાં થાય કે કેવી સરસ સાડી પહેરી છે! મધુર શબ્દ સાંભળી

કાનને ખૂબ ગમી જાય, સારી ગંધ નાકને ગમી જાય છે, સુંવાળા સ્પર્શ ગમે છે અને આ જીભને ભાવતાં ભોજન ગમે છે. તેમાં જીવ આસક્ત બને છે

આયંબીલ કરવા બેઠા. ભાણામાં ગરમાગરમ ઢોકળાં પીરસાય, બટકું લઈને મોઢામાં મૂક્યું ત્યાં થશે કે અહો ! ઢોકળાં ગરમ છે પણ પોચા નથી. રોટલી ઉની ઉની હોય તો ભાવે, બે બધુ ખવાય. આ શું બતાવે છે ! વસ્તુનો ત્યાગ થયો પણ વૃત્તિનો ત્યાગ થયો નથી કર્મની સાંખળો તોડવા માટે બાહ્ય અને આભ્યંતર બંને ત્યાગ જોઈએ. બાહ્ય કરણી અને બાહ્ય ત્યાગથી તમને પૂણ્ય બંધાશે, સ્વર્ગનાં સુખ મળશે પણ આત્માનાં સુખ નહિ મળે. કર્મની નિર્જરા નહિ થાય. દેહને ગમે તેટલાં સુખ મળે પણ મોક્ષ ન મળે ત્યાં સુધી આત્માને તો બંધન જ છે ને?

બંધન બંધન ઝંખે મારું મન પણ આતમ ઝંખે છૂટકારો,
મને દહેશત છે આ ઝઘડામાં (૨) થઈ જાય પૂરો ના જન્મારો–બંધન.

મધુરાં મીઠાં ને મનગમતાં પણ બંધન અંતે બંધન છે,
લઈ જાય જનમના ચકરાવે એવું દુઃખદાયી આલંબન છે,
હું લાખ મનાવું મનડાને (૨) પણ એક જ એનો ઉહકારો...બંધન.

લોખંડની બેડી હોય કે સોનાની બેડી હોય પણ અંતે તો બેડી એ બેડી છે. પોપટને સોનાનું પાંજરું અને દ્રાક્ષની કળીઓનું રોજ ભોજન આપવામાં આવે તો પણ એને બંધનરૂપ લાગે છે. તે રીતે તમારા પૂણ્યોદયને કારણે તમને ગમે તેટલાં સુખ મળતાં હોય તો પણ મુક્તિનાં સુખ ન મળે ત્યાં સુધી તમને સંસારનું બંધન એ બંધનરૂપ લાગવું જોઈએ. તો તમને બંધનને તોડવાની લગની લાગશે. પણ જેને આ બંધન બંધનરૂપ લાગતું નથી તે બંધનકર્યાથી તોડશે ? એવા અજ્ઞાન આત્માઓ પૈસાની પાછળ માનવજીવનની અમૂલ્ય પળોને વેડફી રહ્યા છે. પૈસો મેળવવા માટે આજનો માનવ પોતાના ધર્મને, ધર્મગુરુઓને, અને સંઘ તથા શાસનને પણ ભૂલી જાય છે. પૈસો મેળવવા સ્વદેશ છોડી પરદેશમાં પ્રયાણ કરે છે. આર્યભૂમિ છોડીને અનાર્યભૂમિમાં જાય છે. અને તે પૈસો મોટા ભાગે પત્નીના પાલન–પોષણમાં, પરિવારના પોષણમાં અને કીર્તિની પાછળ વપરાય છે. અનર્થની ખાણ જેવા અર્થની પાછળ ઘેલો બનેલો માનવી કઈ ગતિમાં જઈને પટકાશે ? એનું શું થશે ? મને તો એવા જીવોની દયા આવે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે :–

જે પાવકમ્મેહિં ધણં મણુસ્સા, સમાયયન્તિ અમયં ગહાય ।
પહાય તે પાસપયટ્ટિએનરે વેરાણુબધ્ધા નરયં ઉવેન્તિ ।।

ઉત. સૂ. અ. ૪ ગાથા ૨

મનુષ્ય અન્યાય, અનીતિ અને અધર્મ આદિ પાપ કર્મ કરીને ધન મેળવતી વખતે ધર્મ-કર્મને નેવે મૂકીને ધનોપાર્જનમાં મસ્ત બને છે. પૈસા મળતા હોય તો ઉપાશ્રયે આવતાં બંધ થઈ જશે. તેમને થશે કે ઉપાશ્રયે હવે નહિ જઈએ તો ચાલશે. હવે મહાસતીજી ચાતુર્માસ આવી ગયાં છે હવે કયાં જવાનાં છે? સિંહ પાંજરામાં પૂરાઇ ગયો છે. હવે ચિંતા નહિ. ભાઇ! તમે આવો કે ન આવો, સાધુ તો એના સ્વાધ્યાયમાં મસ્ત રહેશે પણ તમારું શું થશે? સંતો તમને પૂછે કે તમે પૈસા કેવી રીતે કમાવ છો? તો કહેશે કે મહાસતીજી જેવા ઘરાક તેવા ભાવ. ભલો ને ભોળો ઘરાક મળી જાય તો અમારું કામ થઇ જાય. આ અન્યાય અને અનીતિનું ધન મેળવી તેને કુમતિથી અમૃતની જેમ ગ્રહણ કરીને આનંદ માનો છો. પણ યાદ રાખજો, એવા ધનથી મળેલા સુખમાં તમને શાંતિ નહિ મળે. કદાચ અહીં તમે આનંદ માનશો પણ પરલોકમાં આનંદ ઓસરી જશે.

આનીતિનું ધન મેળવી આનંદભેર ઘેર ગયા. શ્રાવિકા પૂછે કે આજે તમારું મુખ ખૂબ આનંદિત દેખાય છે, ત્યારે કહેશે કે અરે! ચાર મહિનામાં ન મળે એટલું ધન આજે કમાયો છું. એક દિવસમાં આટલો નફો થયો છે. પત્ની પૂછે કે કેવી રીતે કમાયા? ત્યારે કહે કે એ ધંધાની વાતમાં તું ન સમજે. કારણ કે તમે સમજો છો કે શ્રાવિકા એવી ધર્મિષ્ઠ છે કે હું વેજની સાડી પહેરીશ, દાગીનાનો ત્યાગ કરીશ, સાદાં ભોજન જમીશ, અને તેટલા ઓછા ખર્ચે ઘર ચલાવીશ પણ મારો પતિ દુર્ગતિમાં જાય એવું ધન મારા ઘરમાં ન જોઇએ. એ ફરીફરીને પૂછે પણ પતિ કહે ધંધાની બાબત તમારો વિષય નથી એમ ગલ્લાંતલ્લાં કરી વાતને તોડી નાખે. પણ વિચાર કરો એ પાપ જીવને કયાં લઇ જશે?

બ્રહ્મદત્ત ચક્રવર્તિ અને ચિત્તમુનિ બંને પૂર્વભવના ભાઈઓ હતા. ચિત્તમુનિએ અવધિજ્ઞાનથી જાણ્યું કે મારો ભાઈ ભોગના કાદવમાં ખૂંચી ગયો છે. એને પોતાના ભાઈની દયા આવી અને ભોગના કાદવમાંથી બહાર કાઢવા સંત હાલીચાલીને તેને સમજાવવા ઘેર આવ્યા. તમને સંતો હાલીચાલીને આવીને સમજાવે કે હે દેવાનુપ્રિયો! આ સંસારના વિષયો વિષ જેવા છે. ભોગ ભયાનક છે. ધનનો અતિ લોભ દુર્ગતિમાં લઇ જનાર છે. એક દિવસ છોડીને જવાનું છે. માટે કંઇક સમજો. તે વખતે એમ ન માનતા કે સંતો નવરા છે. એમની પાસે તો એક ત્યાગની વાત છે. ભાઇ! અમે નવરા નથી. અમને દિવસ ટૂંકો લાગે છે. દીક્ષા લીધાં આટલાં વર્ષો થયાં પણ એમ *લાગે છે કે હજુ અમે કંઈ સાધના કરી નથી. પણ તમને એ સમજાતું નથી.* બ્રહ્મદત્ત ચક્રવર્તિને ચિત્તમુનિએ સમજાવવામાં બાકી ન રાખ્યું પણ એ ન સમજ્યા. વિષયો પ્રત્યેથી વિરાગ ન કેળવ્યો તો મરીને નરકમાં ગયા. તે રીતે જીવાત્મા પાપકર્મ કરીને

ધન મેળવી અમૃતની જેમ ગ્રહણ કરશે તેમાં આનંદ માનશે, પાપકર્મમાં અનુરકત રહેશે તો બ્રહ્મદત્ત ચક્રવર્તિ જેવી હાલત થશે.

દિવસોના દિવસો, મહિનાઓના મહિનાઓ અને વર્ષોના વર્ષો આખી જિંદગી ધન મેળવવાની પાછળ અને વિષયસુખ ભોગવવામાં ચાલ્યાં જાય તો પણ આજના માનવીને ચિંતા થતી નથી કે મારું શું થશે? જેણે માનવજીવનનું ધ્યેય ધર્મની આરાધનાને બદલે ધનની આરાધના કરવી એમ માની લીધું છે તેને દેવોને પણ દુર્લભ એવા માનવજન્મની કિંમત કયાંથી સમજાય? અત્યાર સુધી ભલે ન સમજ્યા પણ હવે કંઇક સમજ્યા હો તો વિષયો પ્રત્યેનો વિરાગ કેળવો. જેને પાંચ ઇન્દ્રિયજન્ય વિષયો પ્રત્યેથી વિરાગ આવ્યો હોય ને મોક્ષની રૂચી જાગી હોય તે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લે.

બીજો ઉપાય છે કષાયનો ત્યાગ:- કષાયો ઝેરી ભયંકર નાગ જેવા છે. કષાય ૨૫ છે અનંતાનું બંધી ક્રોધ-માન-માયા-લોભ, અપ્રત્યાખ્યાની ક્રોધ-માન-માયા-લોભ, પ્રત્યાખ્યાની ક્રોધ-માન-માયા-લોભ, સંજ્વલનનો ક્રોધ-માન-માયા-લોભ એ સોળ કષાય ને નવ નોકષાય-હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક-દુર્ગંછા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ એ ૨૫ કષાય ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિ છે અને સમ્યક્ત્વ મોહનીય, મિથ્યાત્વ મોહનીય ને મિશ્ર મોહનીય એ ત્રણ દર્શન મોહનીય કર્મની પ્રકૃતિ છે. ચારિત્ર મોહનીય કરતાં દર્શન મોહનીય ખૂબ ભયંકર છે. આ જીવને સંસારમાં ભમાવનાર હોય તો દર્શન મોહનીય છે. દર્શન મોહનીય જીવને મુંઝવી નાખે છે. સત્ય વસ્તુની પ્રતીતિ થવા દેતું નથી. દર્શન મોહના કારણે જીવ એમ માને છે કે આ ઘરબાર, પૈસા બધું મળ્યું છે તે ભોગવી લઉં. આ ભવમાં સુખ ભોગવી લઉં. પરભવ કોણે જોયો છે?

દર્શન મોહે તારી મતિ મૂંઝાણી, ચારિત્ર ચૂકયો એની શ્રદ્ધા ન આણી
સમજીને કર શ્રદ્ધા તો થાયે બેડો પાર,
દિપક પ્રગટે દિલમાં જીનવાણી જય જયકાર-
શાસ્ત્રોના અજવાળે અંધારાં દૂર થાય, દિપક પ્રગટે દિલમાં જીનવાણી
જય જયકાર.

દર્શન મોહના કારણે જીવની મતિ મુંઝાઈ ગઈ છે. એટલે ભગવાનના વચન ઉપર તેને શ્રદ્ધા થતી નથી. જો પ્રભુના શાસ્ત્ર ઉપર શ્રદ્ધા થાય, અંતરમાં શ્રદ્ધાની જયોત જલે તો અજ્ઞાનનાં અંધારાં દૂર થાય તેમાં શંકા નથી. આપણા પરમપિતા પ્રભુને શું સ્વાર્થ હતો? એને મોહ-માયા કે મમતા ન હતી. એમને એવો મોહ ન હતો કે દુનિયામાં મારું નામ અમર કરી જાઉં, મારી કીર્તિ ફેલાવું. એમને તમારા સુખની ઈર્ષ્યા નથી આવતી કે ખોટું બોલે. સર્વજ્ઞ અને સર્વદર્શી પ્રભુએ જે કંઈ કહ્યું છે તે સાચું કહ્યું છે. ડૉકટરની દવા ગમે તેવી પોઈઝન હોય તો પણ શ્રદ્ધાથી લો છો. ત્યાં વિશ્વાસછે કે દવા

લઈશ તો મારો રોગ મટશે. તેમ સર્વજ્ઞ પ્રભુના વચન ઉપર એટલી તો તમને અવશ્ય શ્રદ્ધા થવી જોઈએ કે પાપથી પાછો વળીશ અને ધર્મ કરીશ તો મારો પરભવ જરૂર સુધરશે.

ભવ્ય જીવોની ભવ્યતાના જોરે પ્રભુના મુખમાંથી શાસ્ત્રની સરવાણી છૂટી છે. એમને કંઈ જ સ્વાર્થ કે મોહ ન હતો. ચંડકૌશીક જેવા ભયંકર ઝેરી નાગની ભવિતવ્યતાના જોરથી પ્રભુ ભયંકર જંગલમાં ગયા. અને મુખમાંથી શબ્દો સરી પડયા. બુઝ, બુઝ ચંડકૌશીયા! અને ચંડકૌશીકનો ઉધ્ધાર થયો. આવા જીવોનો ઉધ્ધાર થયો તો મારો કેમ ન થાય એમ સમજીને પ્રભુના વચન ઉપર શ્રધ્ધા કરો, તમારો ઉધ્ધાર કેમ ન થાય! આજે વિજ્ઞાન ઉપર જેટલી શ્રધ્ધા છે, તેટલી વીતરાગ ઉપર નથી, ટેલીવીઝન આવ્યાં એટલે પ્રતિક્રમણ કરનારાની સંખ્યા ઓછી થઈ અને બાળકો જૈન શાળામાં જતા ઓછા થઈ ગયા. કારણ કે ટેલીવીઝન ઉપર પિકચર બતાવે છે. પ્રતિક્રમણ કરવા જાય તો જોવાનું જતું રહે. એ એક પ્રકારનો મોહ છે ને? મોક્ષપ્રાપ્તિનો બીજો ઉપાય કષાયોનો ત્યાગ ચાલે છે. કષાય એ મોહનીય કર્મનો ભેદ છે. કષાય તો માનવીના અંતરમાં તાણા-વાણાની જેમ વણાઇ ગઈ છે. સંજ્વલન કષાય હોય ત્યાં સુધી કેવળજ્ઞાન થાય નહિ. જીવને વિચાર આવે છે કે હે જીવ! તારી જિંદગી કેટલી બાકી છે! સુખ મેળવવા માટે કષાયનું પોષણ કરું છું. આ જિંદગીનો ભરોસો નથી; પલકારામાં ચાલ્યો જઈશ. તમે પેપર રોજ વાંચો છો ત્યારે પહેલા શું વાંચો? "જૈન મરણ." કોનું મરણ થયું છે ને કોની સાદડીમાં જવાનું છે. મરણ વાંચીને ચમકી ઊઠો છો કે એ ભાઈને તો કાલે જોયા હતા, ઉપાશ્રયમાં મળ્યા હતા અને આજે શું થઇ ગયું? આ ક્ષણભંગુર દેહનો ભરોસો કરવા જેવો નથી.

તારી કાચી કાચી કાયાનો તું શાને કરે છે ગુમાન,
ભજી લે મહાવીર નામ.
કાયા તારી કાચી છે, માન શિખામણ સાચી છે,
ચાર દિવસની છે જિંદગાની, ચાર દિવસના ખેલ.
એ ધન દોલત કંઈ કામ ન આવે, તું શાને કરે છે ગુમાન...ભજી લે...

ભગવાન કહે છે આ કાયા કાચી માટીના કુંભ જેવી છે, આયુષ્ય ક્ષણિક છે. કાલે શું થવાનું છે તેની ખબર નથી અને એક દિવસ બધું છોડીને મારે અવશ્ય જવાનું છે. માટે બને તેટલી ધર્મની આરાધના કરું. હું ન કરી શકું તો જે કરે છે તેને અનુમોદના તો આપું. બને તેટલો વિષયો ઉપરથી વિરાગ લાવી, કષાયોનો ત્યાગ કરીને મારું જીવન પવિત્ર બનાવું. હવે મોક્ષપ્રાપ્તિના ઉપાયના બે બોલ બાકી છે. સમય થઇ *ગયો છે. વધુ ભાવ અવસરે કહેવાશે.*

★

વ્યાખ્યાન નં. ૨

"કષાયનો ત્યાગ"

અષાઢ સુદ ૧૨ ને બુધવાર તા૦ ૧૧-૭-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓને બહેનો !

શાસ્ત્રકાર ભગવંત અનંતકરૂણાના સાગર પ્રભુ બોલ્યા કે જીવાત્માઓ ! જો કર્મના બંધન તોડી ભવભ્રમણનો અંત લાવવો હોય તો તેના માટે કોઈ યોગ્ય જન્મ હોય તો માનવજન્મ છે. અને યોગ્ય ક્ષેત્ર હોય તો તે આર્યક્ષેત્ર છે. કારણ કે દિવ્યભૂમિમાં વસનારો દેવ કે ઈન્દ્ર ગમે તેટલો શકિતધારી હોય તો પણ તેની તાકાત નથી કે તે ઘાતીકર્મનો ક્ષય કરી શકે અરે ! એટલી મોટી વાત કયાં કરવી ! એક નવકારશી પચ્ચખાણ ન કરી શકે. દેવોને જેટલા સાગરનું આયુષ્ય હોય તેટલા હજાર વર્ષે આહારની ઈચ્છા થાય છે. બે સાગરોપમનું આયુષ્ય હોય તો તેને બે હજાર વર્ષે આહારની ઇચ્છા થાય. ત્યાં સુધી આહાર ન કરે છતાં તેને તપ કહેવાય ? ના કંઈક સૂર્યવંશીઓ નવકારશી આવે ત્યાં સુધી પથારીમાંથી ઊઠયા નથી હોતા તો તેને કંઈ લાભ મળે ? "ના" જે સમજણપૂર્વક સ્વેચ્છાથી ત્યાગ કરે છે. તેનું નામ તપ તેને લાભ મળે છે. અડધું અંગ રહી ગયું હોય, ઊઠવાની તાકાત નથી અને સંસારી સુખ ભોગવી શકતો નથી તો તેને શું બ્રહ્મચારી કહેવાય ? પરાધિનપણે કરેલો ત્યાગ એ ત્યાગ નથી. ભગવંત કહે છે કે કર્મોનો ક્ષય કરવા માટે જીવનમાં બે વસ્તુની જરૂર છે. જુનાં કર્મોને તોડવા માટે તપ અને નવાં આવતાં કર્મોને રોકવા માટે સંયમ-વ્રત-પ્રત્યાખ્યાનની જરૂર છે. આ વસ્તુ કયાં બની શકે ? મનુષ્યભવ સિવાય બીજે કયાંય બની શકે તેમ નથી.

મોક્ષપ્રાપ્તિના ચાર ઉપાયની વાત ચાલે છે તેમાં પહેલો વિષયોનો વિરાગ અને બીજો કષાયનો ત્યાગ. વિષયોનો વિરાગ એટલે વિષયો પ્રત્યે અણગમો થવો તે. પત્ની, ઘરબાર, માલ-મિલકત આદિ સ્થાવર અને જંગમ દરેક મિલકત એ બધો પરિગ્રહ છે. એ બધા પ્રત્યે વિરાગ ભાવ પેદા થાય ત્યારે આત્માને ઓર આનંદ આવે પણ પ'કાર કંપનીની પાછળ જીવ પાગલ બની ગયો છે. પ'કાર કંપની કઈ છે ? **પત્ની, પૈસા, પરિવાર, પદવી. અને પ્રતિષ્ઠા** આ પ'કાર કંપની મળી ગઈ એટલે બસ, બધું મળી ગયું. પણ યાદ રાખજો કે આ પ'કાર કંપની આત્માને પાપના પંકમાં ખુંચાવી દેનારી છે. આ પાંચ પ'કારની પાછળ માનવી જુલ્મી પાપ કરે છે. ભગવંતે બતાવેલી આત્માની પ'કાર કંપની તમારા જીવનમાં આવી જાય તો ભવનો બેડોપાર થઇ જાય. એ પ'કારની વાત પછી કરીશું. પણ અત્યારે પાપની પ'કાર કંપનીની વાત ચાલે છે.

પૈસો મેળવવા માટે માનવી પાપ કરતાં પાછું વાળીને જોતો નથી જે સાથે નથી આવવાનું તેની મમતા આટલી બધી શા માટે?

ચાર દિવસના ચાંદરડા પર જૂઠી મમતા શા માટે?
જે ના આવે સંગાથે, તેની માયા શા માટે?

એટલું તો તમે જાણો છો ને કે સાથે રાતી પાઈ પણ લઈ જવાની નથી. બધું મૂકીને જવાનું છે છતાં આટલી દોડધામ શા માટે? તમારા તારણહાર ગુરુ સામા મળે અને બીજી બાજુ લક્ષ્મીદેવી સામા મળે તો તમે કોનો સત્કાર પહેલાં કરવાના? બોલો તો ખરા? (જ. લક્ષ્મીનો–સભા–હસાહસ). મોક્ષનો અર્થી લક્ષ્મીનો પાગલ ન બને. એના દિલમાં ધન કરતાં ધર્મનું, અને સંતાન કરતાં સંતનું સ્થાન–પ્રથમ હોય. નાગ કરડે તો ઝેર ચઢે છે. પણ બધા નાગનું ઝેર એકસરખું ચઢતું નથી, અને બધા માણસ મૃત્યુ પામતા નથી. નાગ કરતાં પૈસા પ્રત્યેની મૂર્છા ન કરવાના કામ કરાવે છે. એના પ્રત્યે વિરાન ભાવ ઉત્પન્ન થશે તો જરૂર કલ્યાણ થશે. તેવી રીતે વિષયો પ્રત્યે પણ વિરાગભાવ લાવો. પત્ની પ્રત્યેનો અત્યંત રાગ કેવાં અનર્થનાં કામ કરાવે છે તેના ઉપર એક દૃષ્ટાંત આપું.

વિશ્વભૂતિ અને વિશાખાનંદી બંને કાકા–કાકાના દીકરા ભાઈઓ હતા. બંને રાજપુત્રો હતા. ભગવાન મહાવીર સ્વામીનો આત્મા સોળમા ભવમાં વિશ્વભૂતિ નામે રાજકુમાર હતો. એમના રાજ્યમાં એક ખૂબ સુંદર મોટો બગીચો હતો. તેમાં પોતાની રાણીઓ સાથે વિશ્વભૂતિ ક્રિડા કરવા માટે ગયા. ત્યાં રહેવાની ખૂબ સારી સગવડ હતી. વિશ્વભૂતિ ખૂબ આનંદપૂર્વક બગીચામાં ક્રિડા કરતો હતો. રાજ્યનો નિયમ હતો કે બગીચામાં કોઈ પણ એક વ્યકિત ક્રિડા કરતી હોય ત્યાં સુધી બીજું કોઇ અંદર દાખલ થઈ શકે નહિ. વિશ્વભૂતિ બગીચામાં ક્રિડા કરી રહ્યા હતા અને તેમના કાકાના પુત્ર વિશાખાનંદી બગીચામાં પ્રવેશ કરવા જાય છે ત્યાં પહેરેગીર કહે બહાર ઉભો રહો, અંદર વિશ્વભૂતિ કુમાર છે. માટે તમે પ્રવેશ કરી શકશો નહિ. કેટલી મર્યાદા! કેવો કુલાચાર! સાંભળવા મુજબ આજે તો વિજ્ઞાન એટલું બધું આગળ વધી રહ્યું છે કે જેમ એકસરે લેતાં હાડકાં, કપડાં કંઈ આડું આવતું નથી તેમ એવાં ચશ્માં નીકળશે કે જે પહેરવાથી કપડાં પહેરેલો માનવ કપડા વિનાનો જોઈ શકાશે. ઘર બંધ હશે તો પણ અંદર માનવી શું કરે છે તે જોઈ શકાશે. આવી શોધખોળો જોઈને આજનો માનવી હરખાય છે પણ શિયળ અને સદાચારનો ઘાણ વળી જશે. મને તો લાગે છે કે આ વિજ્ઞાન એ વિનાશને નોતરનારું સાધન છે.

વિશાખાનંદી રાજપુત્ર હતો. તેને બગીચામાં ક્રિડા કરવા જવાની ઇચ્છા જોરદાર હતી. તે પૂર્ણ ન થઈ તેથી ખૂબ દુ:ખ થયું. પણ કુળની મર્યાદા આગળ તેનું કંઈ

ચાલ્યું નહિ. આગળના સમયમાં દરેક ક્ષેત્રોમાં આવી મર્યાદા હતી અને તેનું પાલન પણ બરાબર થતું હતું. તેથી ઘણાં અનર્થો થતા અટકી જતા. અત્યારે પણ જ્યાં મર્યાદાઓનું પાલન બરાબર થાય છે ત્યાં બધું કામ વ્યવસ્થિત રીતે ચાલે છે. મર્યાદા એ સજ્જનો માટે અંકુશ સમાન છે.

આજે જો જૈનકુળની મર્યાદા બરાબર જળવાઇ હોત તો જૈનકુળો જગતમાં ગૌરવવંતાં બનત. જૈનકુળની મર્યાદા એટલે અન્યાય, અનીતિ અને અધર્મનું આચરણ ન કરાય, રાત્રીભોજન ન કરાય, પરસ્ત્રી સામે કુદૃષ્ટિ ન કરાય, વિશ્વાસઘાત ન કરાય, કંદમૂળ ન ખવાય, અભક્ષ્યનું ભોજન ન કરાય, સાત વ્યસનો માંહેલાં એક પણ વ્યસનનું સેવન ન કરાય. યથાશક્તિ સદ્‌ગુરુઓ અને સ્વધર્મીબંધુઓની ભક્તિ કરવી અને જીવનમાં સત્ય-નીતિ-અને સદાચાર અપનાવવાં. આ છે જૈનકુળની મર્યાદા. પણ આજે તો આ મર્યાદાઓ માંડી પડી ગઈ છે. જે ધર્માત્મા આવી મર્યાદાનું પાલન કરે છે તેની આજનો સુધરેલો માનવી મઝાક ઉડાવે છે પણ એ સમજદાર વ્યક્તિની દૃષ્ટિએ દયાને પાત્ર છે.

વિશાખાનંદી ત્યાંથી નીકળી પોતાની માતાના મહેલે ગયો. માતાના ખોળામાં માથું મૂકી રડી પડયો. જો જો રાગની હોળી કેવી સળગે છે! માતા પૂછે છે 'બેટા શું છે?' પુત્ર કહે છે 'હે માતા! તું રાજરાણી, મારા પિતાનું રાજ્ય ચાલતું હોય અને મને બગીચામાં જવા ન મળે?' અહંભાવનો ઉછાળો આવ્યો. હુંકાર આત્માને પટકાવે છે. શનિ-મંગળ-રાહુ વિગેરે નુકશાન નથી કરતા તેથી અધિક અહંકાર નુકશાન કરે છે. પુત્રની વાત સાંભળી માતાને ઘણું દુઃખ થયું અને ગુસ્સો આવ્યો. જો માતામાં મોહનું જોર ન હોત તો કહિ દેત કે 'બેટા! એ તો આપણી પ્રણાલિકા છે. આ જગ્યાએ તું પહેલાં બગીચામાં દાખલ થયેલો હોત તો વિશ્વભૂતિ પ્રવેશ ન કરી શકત. માટે એમાં દુઃખ કરવા જેવું શું છે?' એમ કહી પુત્રને શિખામણ આપત અને બધી વાત પતી જાત. પણ મોહનું જોર આવું કરવા દે નહિ. રાણી રાગની ભરેલી હતી.

ક્રોધથી ધમધમતાં મહારાણી કોપઘરમાં ચાલ્યાં ગયાં. મહારાજાને ખબર પડી કે મહારાણી રિસાઇને કોપઘરમાં ગયા છે. રાજા મહેલમાં આવીને પૂછે છે કે તમને શું થયું છે? તમારું કોઈએ અપમાન કર્યું છે? તમારું મન કોઇએ દુભાવ્યું છે? શા માટે આ કોપ છે? રાણી કહે છે મારું અપમાન નથી થયું પણ મારા લાડકવાયા પુત્રનું હડહડતું અપમાન થયું છે. તમે રાજા હોવા છતાં મારો પુત્ર બગીચામાં ક્રિડા કરવા જઈ શકે નહિ, ગયેલો પાછો ફર્યો એ કેટલું ઘોર અપમાન કહેવાય! જ્યાં સુધી મારો પુત્ર બગીચામાં ક્રિડા કરવા ન જાય ત્યાં સુધી મારે અન્નપાણી હરામ છે. રાજા કહે છે એ તો આપણા કુળની મર્યાદા છે. એમાં અપમાન શેનું? ખૂબ સમજાવી

પણ રાણીએ હઠ ન છોડી. અને નારી આગળ નાથ ઢીલો પડી ગયો દૂધ બગડે તો દિવસ બગડે, અથાણું બગડે તો વર્ષ બગડે, પણ શ્રીમતી બગડે તો ? જિંદગી બગડે. (હસાહસ). પત્ની પાસે પતિ ઢીલો કેમ પડી જાય છે ? બ્રહ્મચર્ય પાળવાની તાકાત નથી. વિષયાધીન પુરુષો સ્ત્રીના ગુલામ બની જાય છે. તેમાં કંઇ આશ્ચર્ય નથી. કોણીકે સ્ત્રીને આધીન થઈને ચેડા રાજા સાથે એક હાર અને હાથી માટે ખૂનખાર યુદ્ધ ખેલ્યું. તેમાં એક કરોડને એંશી લાખ માનવીનો સંહાર થઈ ગયો. રાજા ખૂબ ન્યાયી હોવા છતાં સ્ત્રીના રાગમાં રંગાઇ જવાથી મુંઝાયો. કંઈ સૂઝ પડતી નથી શું કરવું ? એ પ્રશ્ન ઊભો થયો. પ્રશ્નનો ઉકેલ લાવવા પ્રધાનને બોલાવ્યા અને બધી વાત કરી. શું કરવું ? એવો રસ્તો કાઢો કે સાપ મરે નહિ ને લાઠી ભાંગે નહિ. મંત્રીએ એક કીમિયો શોધી કાઢયો. પણ એમાં કેટલું કપટ છે !

બંધુઓ ! જો જો હવે આ વિષયસુખનો રાગ કેવું નાટક ભજવે છે. રાણી પ્રત્યે રાજાનો રાગ છે. એ સુખના રાગે છળકપટ કરાવ્યું. મંત્રીની સુચના મુજબ રાજાએ લડાઇની તૈયારી કરાવી. લડાઇની ભેરી વાગવા માંડી. અને જાહેરાત કરાવી કે સરહદ ઉપર એક રાજા મારી આજ્ઞા માનતો નથી. તેને મનાવવા માટે રાજા યુધ્ધ કરવા જાય છે. આ સમાચાર વિશ્વભૂતિને મળ્યા કે તરત દોડતા પોતાના મોટા કાકા પાસે હાજર થયા. કાકાના ચરણમાં પડીને નમ્રતાપૂર્વક કહ્યું કે અમારા બેઠાં આપે લડાઇમાં જવાય નહિ. અમે અહીં બેઠાં લીલાલહેર કરીએ અને આપ લડાઇમાં જાવ તે અમારા માટે કલંકરૂપ છે. વડીલ પ્રત્યેનો કેટલો વિનય ! આજે તો વિનય વગડામાં ચાલ્યો ગયો છે. રાજાને તો એટલું જોઈતું હતું. તેનો દાવ સફળ થયો. સૈન્ય લઇ વિશ્વભૂતિસરહદ ઉપર ગયા ત્યાં જઇને રાજાને કહેવડાવી દીધું કે કાં તું મારા કાકાની આજ્ઞા શીરોમાન્ય કર, કાં તો લડાઇ કરવા તૈયાર થઇ જા. પેલો રાજા તો આવીને ચરણમાં પડી ગયો ને કહ્યું સાહેબ ! હું તો આપનો સેવક છું. મારે રાજાની આજ્ઞા શીરોમાન્ય છે. મારે આપની સાથે લડાઈની વાત કેવી ! તરત ત્યાંથી વિશ્વભૂતિ સૈન્ય લઇને પાછા ફર્યા. આ તરફ વિશ્વભૂતિ લડાઈ કરવા ગયા અને તરત વિશાખાનંદી બગીચામાં દાખલ થઈ ગયા. વિશ્વભૂતિ કાકાને મળ્યા. પોતાનું કાર્ય પૂર્ણ કરી બગીચામાં દાખલ થવા જાય ત્યાં પહેરેગીર કહે ખડે રહો, અંદર વિશાખાનંદી છે. આ સાંભળીને વિશ્વભૂતિ સમજી ગયા કે મને બગીચાની બહાર કાઢવા માટે આ લડાઇની ખોટી બનાવટ કરી લાગે છે. જે કાકા પ્રત્યે હું આટલો પૂજ્યભાવ રાખું છું તે કાકાએ પણ આવું માયાકપટ કર્યું ? આવો વિશ્વાસઘાત કરનાર કાકાને તેનાં કડવાં ફળ ચખાડી દઉં. એમ નિર્ણય કરીને એવી જોરથી મુઠ્ઠી કોઠાના ઝાડને મારી તેનાં બધા ફળ ધરતી ઉપર પાડી નાંખ્યાં ને કહ્યું કે આ કોઠાના ફળની જેમ તમારા બધાનાં માથા શરીરથી જુદાં કરી શકું તેમ છું પણ મને તમારી દયા આવે છે. વિશ્વભૂતિના અંતરમાં કષાયનો

અંગારો પ્રગટયો પણ પાછો એમની વૃત્તિએ વળાંક લીધો. અહો ! જે વડીલ કાકા ઉપર મેં વિશ્વાસ રાખ્યો, મારા પિતાતુલ્ય માન્યા, તેમનું બહુમાન કરું છું, ભકિત કરું છું તે મારી સાથે દગાબાજી રમે છે. આનું કારણ સંસારસુખનો રાગ છે. માટે મારે આવું સુખ ન જોઇએ. સંસારસુખનો રાગ આવા માયાકપટ કરાવે છે. આવું સુખ શા કામનું ? સુખના રાગ પ્રત્યે વિરાગ પેદા થયો. પોતે પોતાના ગુરુ બની ગયા. પોતાને આવેલા ક્રોધ બદલ પશ્ચાતાપ થયો કે હે જીવ ! તારે શા માટે આવો ક્રોધ કરવો પડયો ? કેવાં કર્મ તેં બાંધ્યાં ! આ રીતે અંતરની આંખ ખુલી જવાથી સ્વયંપ્રતિબોધ પામી સંસારને લાત મારીને સાધુ બની ગયા. વિશ્વભૂતિને સંસારસુખના સ્વભાવનું સાચું દર્શન થવાથી ભયંકર લડાઇ અટકી ગઇ. નહિતર કાકા–ભત્રીજા વચ્ચે યુધ્ધ જામી પડત. એનું પરિણામ શું આવત એ તો જ્ઞાની કહી શકે. જ્ઞાનચક્ષુ ખુલી જવાથી કરોડો જીવોની હિંસા થવાનું પાપ અટકી ગયું. વિશ્વભૂતિનો હૃદયપલ્ટો થતાં રાજાના હૃદયનો પલ્ટો થઇ ગયો.

કાકાને ખબર પડી કે વિશ્વભૂતિ દીક્ષા લે છે. તેથી તરત તેમની પાસે આવીને ચરણમાં નમી પડયા ને બોલ્યા : બેટા ! મેં તને ઘોર અન્યાય કર્યો છે. તેના કારણે તેં દીક્ષા લીધી છે. બેટા માફ કર. હવે આવું નહિ થાય. તું ઘેર પાછો ચાલ. મારી ભૂલને ભૂલી જા. અને ઇચ્છા મુજબ બગીચામાં જઇ આનંદ-વિનોદ કરો.. વિશ્વભૂતિ કહે છે હે ! રાજન. આપ મારા મહાન ઉપકારી છો. આપનો કે વિશાખાનંદીનો કોઇનો દોષ નથી. આ ન બન્યું હોત તો મને મહાન માર્ગની પ્રાપ્તિ ન થાત. માટે આપ તેની ચિંતા ન કરો. મને ખૂબ આનંદ છે. આ સુખ ને આનંદની મસ્તી કયાંથી આવી ? આ આનંદ બહારથી આવે છે ? ના. જેમ કોઇ કહે કે મેં દૂધમાંથી ઘી બનાવ્યું, પણ ભાઇ ! શું એ ઘી કોઇ બહારથી આવ્યું છે ? દૂધમાં ઘીની સત્તા પડેલી છે. મંથન થતાં મળે છે. તે રીતે આત્મામાં મંથન થાય તો જ્ઞાનચક્ષુ ખુલે છે. જ્ઞાન–દર્શન આત્માના ગુણ છે. એ કોઈ બહારથી આવતા નથી. વિશ્વભૂતિના અંતરચક્ષુ ખુલવાથી સહજ રીતે કષાયોનો ઉપશમ થયો અને આત્માનો આનંદ મળ્યો. કાકાએ ખૂબ મનાવ્યા પણ પોતાનો દૃઢ નિશ્ચય છોડયો નહિ. વિશ્વભૂતિને આવા પવિત્ર વિચાર જાગવામાં આંતરિક ક્ષયોપશમ હતો અને ક્ષયોપશમમાં આગળના ભવોમાં શુદ્ધ ભાવથી કરેલી ધર્મ–આરાધના કારણ હતી. સારા ભાવથી કરેલી ધર્મની આરાધના કદી નિષ્ફળ જતી નથી. મોક્ષ ન મળે ત્યાં સુધી ધર્મની આરાધના બીજરૂપે આત્મામાં પડી રહે છે. એટલા માટે જ્ઞાની ભગવંતો ફરમાન કરે છે કે તમે સંસારસુખની આકાંક્ષા રાખ્યા વિના શુદ્ધ ભાવે ધર્મની આરાધના કરો.

વિશ્વભૂતિએ સંયમ લઇને ઘણાં વર્ષો સુધી ઉગ્ર સંયમ અને તપની આરાધના કરી. ગીતાર્થ બન્યા. અધિક કર્મો ખપાવવા માટે એકલા વિચરવાની ગુરુ પાસે આજ્ઞા

માંગી. યોગ્યતા જોઈને ગુરુએ આજ્ઞા આપી. ગ્રામાનુગ્રામ વિહાર કરતાં અનેક ભવ્ય-જીવોને લાભ આપતાં એક વખત મથુરાનગરીમાં પધાર્યા. તપથી કાયા કૃશ બની ગઇ છે. પારણાના દિવસે ગોચરી જઇ રહ્યા હતા. ઇર્યાસમિતિ જોતાં ચાલ્યા જાય છે. રસ્તામાં ગાયે શીંગડું માર્યું એટલે જમીન ઉપર પડી ગયા. આ વખતે વિશાખાનંદી લગ્નપ્રસંગે મથુરામાં આવેલા એમણે મહેલના ઝરૂખામાં બેઠાં બેઠાં આ દૃશ્ય જોયું. એટલે તેની થેકડી ઉડાવતાં વિશાખાનંદી હસતાં હસતાં શું બોલે છે. હે વિશ્વભૂતિ તે વખતે એક મુઠીથી કોઠાના ઝાડેથી બધા ફળ પાડી નાંખવાનું તારું બળ કયાં ગયું કે એક સામાન્ય ગાયનું શીંગડું વાગવાથી જમીન ઉપર ગબડી પડયો ?

બંધુઓ ! ગઇ કાલે પણ કહ્યું હતું કે સોળ કષાય છે અને નવ નોકષાય છે. હાસ્ય એ પણ નોકષાય છે. કષાય વૃક્ષ છે અને નોકષાય તેનું પોષણ કરનાર તેના મૂળીયાં છે. નોકષાય કષાયના અંગારાને પ્રજ્વલિત બનાવનાર છે. જ્યારે વિશ્વભૂતિ સાથે કાકા કપટબાજી રમ્યા ત્યારે તેમના કષાયો ઉપશાંત થઈ ગયા હતા તેના કારણે ખૂનખાર લડાઇ થતી અટકી ગઇ. પણ અહીં વિશાખાનંદીની હાંસીનું નિમિત્ત મળતાં અંદર છૂપાઇ રહેલા કષાય રૂપી ડાકુએ જોર કર્યું અને કહેવા લાગ્યા કે જેના કારણે સંસાર છોડયો તે તારું અપમાન કરે ! બતાવી દે તારું બળ. ફરીને તારી મઝાક ઉડાવતો બંધ થઈ જાય. કષાયોએ સલાહ આપી એટલે વિશ્વભૂતિ પોતે પંચમહાવ્રતધારી સંત છું, મારાથી કોઇ જીવને વિલામના ન કરાય તે વાત વીસરી ગયા. કષાયના જોરથી વિભાવમાં ગયેલા આત્માએ બધી તાકાત એકઠી કરીને એ ગાયને શીંગડાથી પકડી એક આંગળી વડે સાત આંટા ફેરવીને નીચે મૂકી દીધી. એટલેથી અટકયો નહિ પણ નિયાણું કર્યું કે જો મારા તપ અને સંયમનું ફળ હોય તો હું ખૂબ બળવાન બનું અને વિશાખાનંદીને હણનારો બનું. બોલો કષાયના જોરે કેટલો અનર્થ કરાવ્યો ! આ દૃષ્ટાંત સાંભળીને વિવેકી આત્મા-ઓએ કષાયરૂપી ચોરો આપણું આત્મિક ધન લૂંટી ન જાય તે માટે સતત જાગૃત રહેવાની જરૂર છે.

મહાવીર પ્રભુના ભવમાં આ જ આત્માએ ભયંકર અપમાનો સહન કર્યા ઉપસર્ગોના પહાડ તૂટી પડયા તો પણ સહેજ દુઃખ લગાડયું નથી. તે જ આત્મા વિશ્વભૂતિના ભવમાં સામાન્ય નિમિત્ત મળતાં આવું નિયાણું કરી નાખે એ કેમ બન્યું ? કષાયના અંગારા પ્રગટે છે ત્યારે અંદરનો વિવેકદિપ બુઝાઇ જાય છે. અને ભાવિના ભયંકર પરિણામ ભુલાઇ જાય છે.

આ વાત બધાને લાગુ પડે છે. કષાયોનો સામનો ન કરે તેના જીવનમાં આવું બને છે. માટે જ્ઞાની પુરુષો કહે છે કે કષાયરૂપી ડાકુઓ ફાવી ન જાય તે માટે સાવધાન

રહો. એની સતત જાગૃતિ રાખવા માટે સદા સદ્‌ગુરુઓના સમાગમમાં રહો. આપણે વાત ચાલે છે મોક્ષપ્રાપ્તિનો બીજો ઉપાય કષાયોનો ત્યાગ. કષાય કેટલું નુકશાન કરાવે છે તે તમે સાંભળ્યું ને ? આવાતો ઘણુ ફાખલા છે. ભગવાનનું જ્ઞાન સાગરના નીરની જેમ અગાધ છે. એમાંથી એક બિન્દુ જેટલું પણ ગ્રહણ કરાશે તો ભવનો બેડો પાર થશે. ભલભલા આત્માને કષાયોએ સંસારમાં રૂલાવ્યા છે તો કષાયોથી પાછા પડશો. કષાયનો ત્યાગ થશે તો જીવનમાં સરળતા, નમ્રતા, ક્ષમાદિ ગુણો આવશે અને જીવન સફળ બનશે. વધુ ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૩

વિષયો પ્રત્યે વિરાગ કેળવી બની ગયા ત્યાગી

અષાઢ સુદ ૧૩ ને ગુરુવાર **તા. ૧૨-૭-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંત કરુણાનિધિ શાસ્ત્રકાર, શાસનસ્રાટ વીરપ્રભુએ જગતના જીવોને કલ્યાણનો માર્ગ બતાવતાં કહ્યું કે હે ભવ્ય જીવો ! જો તમને સંસાર પરિભ્રમણનો ખટકારો થતો હોય, ચતુર્ગતિનાં દુઃખો ભોગવવાં ન હોય તો આપણા આત્માએ ભગીરથ પુરુષાર્થ ઉપાડવો જોઇશે. જેથી સંસારની પરંપરા ઘટે. પુરુષાર્થ બે પ્રકારના છે. એક પુરુષાર્થ સંસાર વધારનારો છે, અને બીજો પુરુષાર્થ સંસારને ઘટાડનારો છે. માર્ગ બે પ્રકારના છે. એક કાંટાળો માર્ગ છે અને બીજો સીધો ને ચોખ્ખો માર્ગ છે. એક સારી વસ્તુની સામે બીજી તેનાથી વિરૂદ્ધ ખરાબ ચીજ દરેક જગ્યાએ જોવા મળે છે. બુદ્ધિમાનની સામે બુધ્ધુ હોય છે. સુવર્ણ સામે પિત્તળ, કોહીનુર સામે કાંકરા, પંડિતની સામે મૂર્ખ અને સજ્જનની સામે દુર્જન હોય છે. આ રીતે સંસાર વધારવાનો અને ઘટાડવાનો બે વિરૂદ્ધ માર્ગ વિદ્યમાન છે. જે આત્માઓએ માનવ-જીવન પામીને સમ્યક્ પુરુષાર્થ ઉપાડયો તેમનો સંસાર કપાયો અને જેમણે મિથ્યા પુરુષાર્થ કર્યો તેમણે સંસાર વધાર્યો. આપણે સંસાર કોનાથી વધે છે ને કોનાથી ઘટે છે તે માટે મોક્ષપ્રાપ્તિના ચાર ઉપાયોનું વર્ણન ચાલે છે.

પ્રથમ ઉપાય છે વિષયો પ્રત્યે વિરાગ. જ્યાં સુધી જીવને વિષયોના કાંટા ખૂંચશે નહિ ત્યાં સુધી તેને કાઢવાનો ઉપાય પણ નહિ જડે. આંખમાં તણખલું પડયું કે પગમાં કાંટો ભાગ્યો હોય તે કેવું ખૂંચે છે. એની પીડા સહન થતી નથી એટલે

તરત તેને કાઢવાનો ઉપાય કરો છો. તે રીતે વિષયો આંખમાં પડેલા તણખલા જેવા ને પગમાં વાગેલા કાંટા જેવા લાગશે તો તેને કાઢવાનો ઉપાય જડશે. પણ હજુ વિષયો *અટકયા નથી. એનો અટકારો નહિ થાય ત્યાં સુધી આ ભવમાંથી તમારો છૂટકારો* પણ નહિ થાય. ચારે ગતિમાં ચારે સંજ્ઞા ઓછા વધતા પ્રમાણમાં રહેલી છે. નારકીઓને ભય સંજ્ઞા જોરદાર છે. તિર્યંચોને આહાર સંજ્ઞા જોરદાર છે. દેવતાઓને પરિગ્રહ સંજ્ઞા જોરદાર છે અને માનવીમાં મૈથુન સંજ્ઞા જોરદાર છે. ચારે ય ગતિમાં વિષયો ભોગવ્યા છે. તમે તો એક દેવીના સ્વામી છો. પણ દેવોને હજારો દેવીઓ હોવા છતાં દેવીઓના વૈક્રિયરૂપ બનાવીને તેની સાથે ભોગ ભોગવે છે તો પણ તૃપ્તિ થતી નથી. સાગરમાં ગમે તેટલી નદીઓ ભળે તો પણ સાગર એમ નહિ કહે કે બસ કરો. અગ્નિમાં ગમે તેટલાં લાકડાં હોમો તો પણ અગ્નિ એમ નહિ કહે કે હવે લાકડાં ન જોઈએ. તેમ જ્યાં સુધી હું કોણ છું, મારું શું કર્તવ્ય છે તેનો વિવેક નહિ જાગે ત્યાં સુધી તૃપ્તિ થવાની નથી. સમજીને છોડશો તો સહેજે છૂટી જશે. ગમે તેવું કઠીનમાં કઠીન હશે તો પણ જો તેના તરફનો પુરુષાર્થ ઉપડયો, રૂચી જાગી તો કઠીનમાં કઠીન કામ પણ સહેલું બની જશે. અને જો તેના તરફ રૂચી નહિ હોય તો સહેલામાં સહેલું કામ પણ કઠીન લાગશે.

વિષયોમાં રકત રહેવાવાળા જીવો સાચું ભાન થતાં વિષયો ઉપર વિરાગ કેળવી વૈરાગી બની ગયા. આગમમાં દૃષ્ટિ કરો, આવા જીવોના કેટલાં દૃષ્ટાંત છે. એક વખત ભગવાન મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિચારતા વિચારતા કાકંદી નગરીમાં પધાર્યા. કાકંદી નગરીના જિતશત્રુ રાજા નગરજનો સહિત પ્રભુનાં દર્શન કરવા જઈ રહ્યા છે. ધન્યકુમારના મનમાં થયું -આટલો બધો કોલાહલ શેનો છે? નર-નારીના સંખ્યાબંધ ટોળા પ્રફુલ્લિત મનવાળા બનીને ઝડપભેર કયાં જઈ રહ્યાં છે! પૂછતાં ખબર પડી કે ત્રિલોકીનાથ, જેનાં દર્શનથી પાપ ધોવાઈ જાય છે, જેમનો સંગ કરવાથી કથીર કંચન બની જાય છે એવા પ્રભુ મહાવીર પધાર્યા છે. તેમનાં દર્શને જાય છે. આ સાંભળી બત્રીશ-બત્રીશ ક્રોડ સોનૈયાના સ્વામી, અને બત્રીશ બત્રીશ રૂપસુંદરીઓનો ભરથાર ધન્યકુમાર પણ તૈયાર થઈ ગયો. હવે ધન્યકુમાર પ્રભુની વાણી કેવી સાંભળશે એ જોજો.

બંધુઓ! આપણને શું તીર્થંકર પ્રભુનો ભેટો નહિ થયો હોય? શું એમની દિવ્યવાણી નહિ સાંભળી હોય? એમના દર્શન નહિ કર્યા હોય? બધું કર્યું છે પણ બાહ્યભાવથી પણ જેને લગની લાગી છે એવા ધન્યકુમાર પ્રભુની વાણી સાંભળવા ગયા. એમણે બાહ્યદેખાવ ન જોયો. પણ પ્રભુમાં રહેલા ગુણો જોયા. નાથ! તું કેવો ને હું કેવો? તું વિષયોનો વિરાગી ને હું હળાહળ રાગી. તેં કષાયોને વમી નાંખ્યા તે મારા જીવનમાં ઠાંસીઠાંસીને ભર્યા છે. પ્રભુના ગુણો જોઈ હરખાય છે.

એક ચિત્તે પ્રભુની વાણી સાંભળી. ભગવાને સંસારની અસારતા, વિષય ભોગોના કેવાં કડવાં ફળ મળે છે અને પૈસા – પત્ની ને પરિવારના મોહથી કેટલું નુકશાન થાય છે એનું તથા પુદ્ગલ પરાવર્તનનું સુંદર વર્ણન કર્યું. આ વૈરાગ્યભરી વાણી સાંભળી સંસાર અને સંસારના સુખનો રાગ છૂટી ગયો. સુખ અને વૈભવથી છલકાતો સંસાર એને કેદખાના જેવો બિહામણો લાગ્યો. સૌંદર્યવંતી યુવાન બત્રીશ બત્રીશ રમણીઓનો મોહ છૂટી ગયો. તેમને સમજાણું કે વિષયોનો વિરાગ કર્યા વિના આત્મકલ્યાણ થવાનું નથી. ગઇ કાલે સંસારની પંકાર કંપનીની આપણે વાત કરી હતી. એ પંકાર કંપનીના શેર હોલ્ડરો બન્યા તો સમજી લેજો કે તમારી નાવડી ડૂબી જશે. પણ આત્માની પંકાર કંપનીના શેર હોલ્ડરો બનશો તો તમારી નાવડી ક્ષેમકુશળ તરી જશે. એ પંકાર કંપની કઇ છે?

"પ્રતિક્રમણ–પૌષધ–પચ્ચખાણ–પરોપકાર અને પરમેશ્વર"

સુભૂમ અને બ્રહ્મદત્ત બંને ચક્રવર્તિઓ છેક સુધી સમજ્યા નહિ, પહેલી પંકાર કંપનીના શેર હોલ્ડરો બન્યા તો ડૂબી ગયા અને નરકમાં રૌ રૌ વેદના ભોગવવા ચાલ્યા ગયા. જે આત્માઓ આત્માની પંકાર કંપનીના શેર હોલ્ડરો બન્યા તે ન્યાલ થઇ ગયા. ધન્નાજીએ ભગવાનની વાણી સાંભળી અને તમે પણ રોજ સાંભળો છો. ધન્યકુમારે એ વચનામૃત રૂપી ફૂલડાંને ઝીલી તેની માળા બનાવી હૈયામાં ધારણ કરી લીધી. ઘરે આવી માતાના ચરણમાં શીર ઝૂકાવીને કહે છે કે માતા પ્રભુની વાણી સાંભળીને મને આ સંસાર બંધનની બેડી જેવો લાગ્યો છે. મને આ મહેલાતો પિંજર જેવી લાગે છે. અને બત્રીશ ક્રોડ સોનૈયા માટીના ઢેફા જેવા લાગે છે. માતા! જ્યા સંસાર છે ત્યાં વિષય છે અને વિષય છે ત્યાં કષાય છે. આ મોહ–માયા ને મમતા મને મૂંઝવી નાંખે છે. હવે તો પ્રભુના ચરણમાં જીવન અર્પણ કરવું છે. પ્રભુ પાસે ચારિત્ર અંગીકાર કરી કર્મરૂપી પર્વતોના ચૂરેચૂરા કરી નાંખવા છે. વિષય કષાયોના આનલને સંયમના પાણીથી બૂઝાવવો છે. અનંતકાળથી મારા આત્માને પીડતા મોહ–રાગ–દ્વેષ અને વિકારોને તપ દ્વારા બાળીને ખાખ કરી નાખવા છે. અને મારા આત્માને શાશ્વત સંપત્તિનો સ્વામી બનાવવો છે. તારા વ્હાલસોયા દીકરાનું હિત ઈચ્છતી હોય તો હે માતા! મને જલ્દી રજા આપ.

માતાને પુત્ર પ્રત્યેનો મોહ હતો. ક્ષણભર આંચકો લાગ્યો. પુત્રની વૈરાગ્યભરી વાતો સાંભળીને ધરતી પર ઢળી પડી. એમ ન માનશો કે માતાને દીકરો વહાલો નહોતો એટલે રજા આપી. પણ માતા પૂણ્યવાન હતી, સમજુ હતી. પુત્રની વાતો સાંભળીને તે સમજી ગઈ કે હવે આ પુત્ર રોકયો રોકાવાનો નથી. ધન્નાજીએ પલવારમાં બત્રીશ સ્ત્રીઓનો મોહ છોડી દીધો. એને બત્રીશ પત્નીઓ હતી ને તમારે કેટલી? એક તેમાં પણ

સોમવારે સાજી ને મંગળવારે માંદી, બુધવારે બ્લડપ્રેસર વધી જાય ને ગુરુવારે ગળામાં દુઃખે. આ તમારો સંસાર છે ! કેટલી ઉપાધિથી ભરેલો સંસાર છે! મને તો એમ થાય છે કે તમે આમાં શું મોહી ગયા છો તે બેસી રહ્યા છો ?

આ માતાએ પુત્રને ખૂબ સમજાવ્યો પણ ન સમજ્યો એટલે સમજીને રજા આપી. માતાના મનમાં થયું કે મારો એકનો એક લાડકવાયો આટલી રિદ્ધિ-સિદ્ધિ ત્યાગીને સંયમ લે છે તો હું તેનો દીક્ષા મહોત્સવ ખૂબ ઠાઠમાઠથી ઊજવું અને દીક્ષા-મહોત્સવનો લ્હાવો લઉં, એમ વિચારી માતા સારું ભેટણું લઇને જિતશત્રુ રાજા પાસે આવી. રાજાને પ્રણામ કરીને કહે છે સાહેબ ! મારો એકનો એક સુકોમળ, વહાલસોયો દીકરો દીક્ષા લેવા તૈયાર થયો છે તો તેનો દીક્ષા-મહોત્સવ મારે ભવ્ય રીતે ઊજવવો છે. તેથી તેના માટે છત્ર-ચામર-પાલખી આદિ સામગ્રીની યાચના કરવા આવી છું. આ સાંભળી જિતશત્રુ રાજાને પણ અત્યંત હર્ષ થયો. ધન્ય છે માતા ! આવી સાહ્યબી છોડીને તારો પુત્ર દીક્ષા લે છે. મારી કાકંદી નગરી પણ પુણ્યવાન છે કે જ્યાં આવા આત્માઓ વસે છે. હે ભદ્રામાતા ! એ પુત્ર તારો એકનો નથી. મારો પણ પુત્ર છે. એનો દીક્ષા-મહોત્સવ તો હું જ ઊજવીશ. જુઓ, ત્યાગનું કેટલું મહાત્મ્ય ખૂદ રાજા-મહારાજો પણ એમાં ભાગ લે છે. ગામનો રાજા ઉત્સવ ઊજવે પછી શું બાકી રહે ? ખૂબ ધામધૂમથી ધન્યકુમારને દિક્ષા આપેછે. દીક્ષા લઇને એક લગની છે કે જલ્દી મોક્ષ મંઝીલે ચઢું. જલ્દી મારું કલ્યાણ કેમ થાય ? જીવને અંદરનો વેગ ઉપડે છે ત્યારે કહેવું નથી પડતું કે દીક્ષા લો. ધન્યકુમારને કહ્યું નહોતું કે તમે દીક્ષા લો પણ તેમનું ઉત્પાદન શુદ્ધ હતું એટલે ભગવાનની વાણીનું નિમિત્ત મળતાં જાગી ગયા. તેમ તમને પણ અંદરના ભાવ જાગશે તો અમારે કહેવું નહિ પડે.

ધન્ના અણગારને અંતરનો વેગ ઉપડયો છે કે મારે જલ્દી આત્મકલ્યાણ કરવું છે એટલે પ્રભુને વંદન કરીને કહે છે પ્રભુ ! મને જીવનભર છઠ્ઠ છઠ્ઠના પારણા કરવા તેવા પ્રત્યાખ્યાન આપો. બંધુઓ ! જીવનભર છઠ્ઠને પારણે છઠ્ઠ કરવા એ કંઈ સહેલ વાત નથી. કેવી સાહ્યબીના ભોગવનાર પણ કેટલો આત્મસ્વરૂપનો વેગ ઉપડયો છે. છઠ્ઠ છઠ્ઠના પારણે આયંબીલ કરે છે. આ રીતે ધન્ના અણગાર ખૂબ તપશ્ચર્યા કરે છે. ભગવાન મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા રાજગ્રહી નગરીમાં પધાર્યા. તે વખતે મહારાજા શ્રેણીક પ્રભુના વંદને આવ્યા ને પૂછયું, પ્રભુ ! આપના ચૌદ હજાર સંતોમાં કયા સંત મહાનિર્જરાના કરનાર છે ? ત્યારે ભગવંતે કહ્યું કે આધન્ના અણગાર મહાન તપસ્વી અને મહાન નિર્જરાના કરનાર છે ! શ્રેણીક રાજા તેમને ઘળીઘળીને વંદન કરે છે ને કહે છે ધન્ય છે મુનિરાજ આપને ! આપે જન્મ ને જીવિત સફળ કર્યું છે.

"દેહ છતાં જેની દશા વર્તે દેહાતિત
તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણિત"

દિક્ષા લઈને આઠ મહિનામાં તપશ્ચર્યા દ્વારા શરીરને સુકકેભુકકે કરી નાંખ્યું. શરીર-માંથી લોહી–માંસ સૂકાઈ ગયા. શરીરનું બળ ઘટયું પણ એમનું આત્મબળ વધ્યું હતું. હવે શરીર ગૌચરી જતાં, સંતોને વંદન કરતાં થાકી જવા લાગ્યું. ત્યારે જાણ્યું કે હવે આ સાધન સાધના માં સહાયભૂત બને તેમ નથી. ભગવાને શરીરને રત્નના કરંડીયાની જેમ સાચવવાનું કહ્યું છે પણ કયારે ? આત્મસાધનામાં બનતું હોય ત્યારે, મહાન પુરુષો દેહ સાધનામાં સહાયક ન બને ત્યારે જીવતા વોસરાવી દેતા હતા. ધન્ના અણગારે પણ છેલ્લે સંથારો કર્યો. એક મહિનો સંથારો ચાલ્યો માત્ર નવ મહિનાદીક્ષા પર્યાય પાળી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયા. ત્યાંથી તેત્રીસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી મનુષ્યભવ પામી ઉત્તમ ચારિત્ર પાળી સંપૂર્ણ કર્મોને ખપાવી મોક્ષમાં જશે.

સંસાર છોડી સંયમ લીધો, ઉગ્ર તપ કર્યું તો એકાવતારી થયા. વિષયના રાગી બનવામાં માનવજીવનની મહત્તા નથી પણ વિષયથી વિરાગી બનવામાં મહત્તા છે. ભોગની પાછળ પડયા તો તમારા ભોગ લાગ્યા એમ સમજી લેજો, ભોગમાં ભય છે. ત્યાગ આત્માને નિર્ભય બનાવે છે. આવા ભાવ કયારે જાગે? વિષયો પ્રત્યે વિરાગ આવે, કષાયોનો ત્યાગ થાય અને ગુણવાન વ્યકિતઓના ગુણને જોઈને ગુણાનુરાગ પ્રગટે, ધર્મક્રિયા કરવામાં અપ્રમત ભાવ જાગે ત્યારે થાય. આવા ભાવો જગાડજો. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૪

"સમયને ઓળખો"

અષાઢ સુદ ૧૪ ને શુક્રવાર **તા૦ ૧૩–૭–૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો !

પરમ તારક, ત્રણ લોકના નાથ, ભગવંતે ઘાતીકર્મ ઉપર ઘા કરી, ઘાતીકર્મોને તોડી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યા બાદ જગતના જીવોને ઉપદેશ કર્યો કે, હે ઉપાસકો ! તમે બધી વસ્તુઓ મૂલ્ય આપીને ખરીદી શકશો પણ માનવ–જીવનની અમૂલ્ય ક્ષણો મૂલ્ય આપીને ખરીદી શકશો નહિ. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવંત બોલ્યા છે:

जा जा वच्चइ रयणी, न सा पडिनियत्तइ ।
अहम्मं कुणमाणस्स, अफला जन्ति राइओ ।।
जा जा वच्चइ रयणी, न सा पडिनियत्तइ ।
धम्मं च कुणमाणस्स, सफला जन्ति राइओ ।।

ઉત્ત. સૂ. અ. ૧૪ ગાંથા ૨૪-૨૫

જીવનમાંથી જે જે રાત્રીઓ અને દિવસો જાય છે તે ફરીને પાછાં આવતાં નથી. જે મનુષ્ય અધર્મ કરે છે તેનાં રાત્રી અને દિવસો અફળ જાય છે. અને જે ધર્મારાધના કરે છે તેનાં સફળ બને છે. સિધ્ધિના સોપાને ચડવા માટે, જન્મ-જરા ને મરણના ફેરા ટાળવા માટે જબ્બર પુરુષાર્થ કરવો પડશે. માની લો કે ખૂબ પુરુષાર્થ કરવા છતાં ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી દિક્ષા ન લઇ શકે પણ જ્યારે કે ત્યારે સંયમ વિના મારી સિદ્ધિ નથી એવી દૃઢ પ્રતીતિ થવી જોઇએ. અને પોતે સંયમ નથી લઇ શકતા એનો અફસોસ થવો જોઇએ. સાચા મોક્ષાર્થીના મનમાં શું ભાવ હોય?

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ."

મારા કષાયોને પાતળા કેમ પાડું અને જલ્દી જલ્દી મોક્ષમાં જાઉં એ જ અંતરની જિજ્ઞાસા હોય. જ્યારે આત્મા સ્વભાવમાંથી વિભાવમાં જવાની તૈયારી કરે ત્યારે આત્માર્થી જીવ એમ વિચાર કરે કે, હે ચેતન! રખે રાગ-દ્વેષમાં જોડાતો. આ રાગ-દ્વેષની પરિણતી ભવભ્રમણની જનની છે. ભવ વધારવાનો ધંધો કરવાની ફેકટરી છે. જો તેમાં *જોડાઈશ તો તારો અનંતો સંસાર વધશે.*

બંધુઓ! વિચાર કરો, ચોથા ને પાચમા ગુણસ્થાનકે વર્તનારો શ્રાવક ભવભ્રમણ વધારે તેવાં પાપ ન કરે. અન્યાય, અનીતિ, અધર્મ ને વિશ્વાસઘાત ન કરે. ચોથા ગુણસ્થાનકે વર્તનારા શ્રાવકો કૃષ્ણ વાસુદેવ, શ્રેણીક મહારાજા આદિએ તીર્થંકર નામ કર્મ બાંધી લીધું. બહારગામ જવું હોય તો મહિના-પંદર દિવસ અગાઉથી રીઝર્વેશન કરાવી લો છો પણ આત્માની મુસાફરી માટે કાંઇ કર્યું? વિતરાગ પ્રત્યે કેટલી શ્રધ્ધા થઇ હશે અને જૈન શાસન કેટલું વહાલું લાગ્યું હશે કે અવિરિત દશામાં ચોથે ગુણઠાણે તીર્થંકર નામ કર્મ બાંધ્યું. બંધુઓ! આ માનવભવ આર્યદેશ અને ઉત્તમકુળમાં જન્મ થવો એ પણ કેટલા પૂણ્યનો ઉદય હોય ત્યારે બને છે.

"બહુ પૂણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તો ય અરે, ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો,
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો!"

મનુષ્યભવ મળ્યો પણ ભવભ્રમણના ફેરા ઓછા ન થાય તો આંટો નિષ્ફળ જશે. માટે કંઈક સમજો. સંસારનાં વૈભવ, લક્ષ્મી બધું શાશ્વત નથી. એક આત્મા શાશ્વત છે. જૈન દર્શન અનેકાંતમાર્ગ બતાવે છે. બાકી બધાં દર્શનો એકાંતવાદી છે. કોઇ આત્માને એકાંત નિત્ય માને છે તો કોઈ એકાંત ક્ષણિક માને છે. જ્યારે જૈન દર્શન શું કહે છે:-

"આત્મા દ્રવ્યે નિત્ય છે, પણ પર્યાયે પલટાય,
બાળાદિક વય ત્રણનું, જ્ઞાન એકને થાય,"

દ્રવ્યાનુઅપેક્ષાએ આત્મા નિત્ય છે ને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. આ દેહની પર્યાયો પણ પલટાયા કરે છે. પહેલાં બાળક હતો, પછી યુવાન થયો, વૃદ્ધ થયો આ બધી પર્યાયો છે. અહીં કોઈનું મૃત્યુ થાય તો આપણે કહીએ છીએ કે મરી ગયા. પણ અહીંથી મરીને ચાર ગતિ માંહેલી કોઈ ગતિમાં તે ઉત્પન્ન થાય છે. એટલે ત્યાં બીજું શરીર ધારણ કર્યું પણ આત્મા તો એનો એ જ છે. માટે દ્રવ્યની અપેક્ષાએ નિત્ય અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. આવો સ્યાદ્વાદ માર્ગ બતાવનારું દુનિયામાં જૈન દર્શન સિવાય બીજું કોઇ દર્શન નથી. આ જૈન દર્શનના રાહે ચાલશો તો બેડો પાર થઈ જશે.

સર્વપ્રથમ જીવે જ્ઞાન મેળવવું જોઇએ. દશવૈકાલિક સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે– "पढमं नाणं तओदयो" પ્રથમ જ્ઞાન અને પછી દયા. જ્ઞાન નહિ હોય તો કોની દયા પાળશો ? જૈન ધર્મ દયામય ધર્મ છે. તમે અહીં આવીને ઊભા રહેશો તો સાધુ તમને કહેશે કે દયા પાળો પણ બેસે એમ નહિ કહે, કારણ કે તમે જો યત્નાપૂર્વક ન બેસો તો કોઈ જીવની હિંસા થઇ જાય. જ્યાં અહિંસા છે ત્યાં ધર્મ છે. અને હિંસા છે ત્યાં અધર્મ છે. સાચો શ્રાવક ગમે તેટલો લાભ મળે, તો પણ પોતાના દયામય ધર્મને ખાતર લાભ જતો કરે, પણ પાપમય ધંધો ન કરે. ધર્મની વ્યાખ્યા કરતાં જ્ઞાની શું બોલ્યા છે :

धम्मो मंगल मुक्किट्ठं, अहिंसा संजमो तवो।
देवावितं नमंसंति, जस्स धम्मे सया मणो ।।

દશ. સૂ. અ. ૧, ગાથા. ૧

જ્યાં અહિંસા, સંયમ ને તપ છે ત્યાં ધર્મ છે. આ ધર્મમાં જેનું સદા મન રહે છે તેને દેવો પણ નમસ્કાર કરે છે. યાદ રાખો જીવદયા પાળનારા જંતુનાશક દવાઓ છંટાવે નહિ. સત્ય-વાત હોય, પણ જ્યાં હિંસા થવાનો સંભવ હોય ત્યાં જવાબ ન આપે. સુદર્શન શેઠનો દાખલો સાંભળ્યો છે ને? અભયારાણી તેનું રૂપ જોઈને મુગ્ધ બની. પૌષધમાં તેને ઉપાડી લાવ્યાં અને પોતાની કામના પૂર્ણ કરવાની યાચના કરી, ત્યારે સુદર્શન શેઠે કહ્યું કે હું નપુંસક છું. તેની વાતનો સ્વીકાર ન કર્યો ત્યારે અભયા-રાણીએ ક્રોધે ભરાઇને સુદર્શન શેઠને માથે ખોટું આળ ચઢાવ્યું ને શ્રેણીક રાજાને

ફરિયાદ કરી. શ્રેણીક મહારાજા આવ્યા અને સુદર્શન શેઠને કહ્યું મને તમારા ચારિત્ર વિષે લેશ માત્ર શંકા નથી. તમે આવું કાર્ય કદી કરો નહિ. પણ તમારે માથે આળ ચઢયું છે માટે મારી ફરજ છે એટલે પૂછું છું. માટે જે હોય તે સત્ય કહો. આ વખતે સુદર્શન શેઠ મૌન રહ્યા એ વિચાર કરવા લાગ્યા કે જો સાચું બોલીશ તો રાણીની ઘાત થશે. મને ભલે સજા થાય, પણ મારા નિમિત્તે હિંસા ન થવી જોઇએ. છેવટે સુદર્શન શેઠને શુળીની શિક્ષા થઇ. એમના બ્રહ્મચર્યના પ્રભાવથી શૂળી ફીટીને સિંહાસન થઈ ગયું. માટે જૈન દર્શન જેવું અહિંસા દર્શન બીજું કોઈ નથી જ્યાં નય-નિક્ષેપપૂર્વક બધી વાતો બતાવી છે. આજે જીવને અન્ય દર્શનનું જ્ઞાન મેળવવાનો જેટલો શોખ છે તેટલો જૈન દર્શનનું જ્ઞાન મેળવવાનો શોખ નથી. પ્રભુએ સૂત્રના પાને પાને કેવાં અમૂલ્ય મોતી ટાંકયાં છે. આ ભવમાં તમે જ્ઞાન મેળવ્યું હશે અને પછી અહીંથી મરીને કર્મના ઉદયે ગમે તે ગતિમાં જાવ, તે વખતે કદાચ સમકિત વમી ગયો હોય તો પણ આ તત્ત્વજ્ઞાનના બે શબ્દ એના કાને પડશે ત્યાં તે જાગી જશે ને તેનો ઉધ્ધાર થશે. કેવી રીતે થાય છે તે હું તમને એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

" નવકાર મંત્રની આરાધના કરવાથી શું લાભ મળે છે?"

એક જૈન વણિક તેના કર્મોદયથી ખૂબ દુઃખી હતો. પેટ ભરવા જેટલું પણ મળતું નથી. ગામમાં કોઇ કાંમ પણ આપતું નથી, ત્યારે વિચાર થયો કે આ ગામ છોડી બહારગામ જાઉં તો કંઈક કામ મળે તો મારું ગુજરાન ચાલે. એમ વિચારીને વણિક એક ગામડામાં આવ્યો. એકલા ચોરનું ગામ હતું. ત્યાં નાનકડી હાટડી નાંખી મરચું, મીઠું વેચીશ તો મારું કામ ચાલશે એમ વિચારી પેટ માટે વણિકે ચોરનું ગામ હતું તો પણ ત્યાં વસવાટ કર્યો. પણ એને એમ વિચાર ન થયો કે બીજા સારા ગામમાં ઊજળી વસતી હોય ત્યાં જાઉં. અહીં ચોરના ગામમાં રહીશ તો ચોરીના પૈસા મળશે, એનાથી મારી મારી બુદ્ધિ કેવી ભ્રષ્ટ થઇ જશે ! ચોર લોકોને પણ વિચાર થયો કે વાણિયો આપણા ગામમાં આવીને વસ્યો તે ઠીક થયું. આપણે બીજે ગામ લેવા નહિ જવું પડે. આ વણિકની દુકાન બરાબર ચાલે છે. જેમ જેમ લાભ મળતો ગયો તેમ તેમ તેનો લોભ વધતો ગયો. ભગવાન કહે છે કે :-

" जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ।

પાપનો ઉદય હતો એટલે આવા ગામડામાં આવ્યો હતો. પણ તેની ભવિતવ્યતા ઊજળી હતી. મનમાં રોજ ભાવના થતી કે મારા આત્માનું શું થશે? હવે કંઈક આત્મકલ્યાણ કરું. અહીં ગામડામાં સંત મુનિરાજ પધારતા નથી કે એમનાં દર્શન કરીને પાવન થાઉં. આવી ભાવના થાય પણ પાપકર્મનો ઉદય એટલે એના મનમાં ન થયું કે લાવ, હવે બાધેપીધે સુખી થયો છું તો બીજા સારા ગામ

જતો રહું. આમ કરતાં બે પાંચ હજાર નહિ પણ દશ હજાર રૂપિયા કમાયો. પાસે કંઇ ન હતું તેના બદલે ઘર વસાવ્યું. દશ હજાર રૂપિયા કમાયો ત્યારે મનમાં થયું કે હવે આ ગામ છોડી દઉં, પણ અંદર રહેલો લોભ કાઢીયો કહે છે ના....ના....દશ હજારના વીસ હજાર થાય પછી જા, એટલે વણિકભાઇ તો રહ્યા પણ ભવિતવ્યતાના જોરથી વિચાર થયો ભલે, પૈસા કમાવવા અહીં રહ્યો પણ મારા આત્મા માટે કંઈક કરું. એટલે દરરોજ રાત્રે સામાયિક કરવી એવો નિયમ કર્યો. દિવસે તો ઘરાકી ખૂબ રહે એટલે કંઇ કરી શકે નહિ. રોજ રાત્રે સામાયિક કરીને પછી સૂઇ જતો.

આ તરફ એક દિવસ ચોરોનો નાયક બધા ચોરોને કહે છે: આપણે બધે ચોરી કરવા જઇએ છીએ. કોઇ વાર પકડાઇ જઇએ તો માર ખાવો પડે, જેલમાં જવું પડે ને કાળી મજૂરી કરવી પડે છે. તો આપણા ગામમાં ઘણા વખતથી આ વાણિયો રહેવા આવ્યો છે. અને આપણા પૈસાથી માલદાર બની ગયો છે. તો તેના ઘેર ચોરી કરવા જવાનું તમને કોઇને મન નથી થતું? ત્યારે બધા ચોર કહે: ચાલો, અત્યારે ધોળા દિવસે એના ઘેર ધાડ પાડીએ. ત્યારે નાયક કહે છે: ના....ના....અત્યારે નહિ, રાત્રે વાત. રાતના દશ વાગ્યા એટલે બધું ટોળું ભેગું થઇને વણિકને ઘેર આવ્યું. વાણિયો સામાયિક લઇને બેઠો છે. આછો ધીમો ધીમો દીવો બળે છે. પોતાના ઉપર પ્રકાશ ન આવે એટલે આડું પાટીયું રાખીને બેઠેલો હતો. જોજો ઉપાદાન શુદ્ધ હોય તો નિમિત્ત કેવું મળે છે! ચોર આવ્યા છે ચોરી કરવા છતાં જીવનમાં પરિવર્તન કેવું આવશે! જીવનું ઉપાદાન જાગે છે અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભેગો થાય છે તો આશ્રવના સ્થાનમાં પણ જીવ સંવર કરે છે. આચારંગ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે:-

"जे आसवा ते परिसवा, जे परिसवा ते आसवा।"

જાગૃત જીવ માટે જે આશ્રવનું સ્થાન છે તે સંવરનું સ્થાન બની જાય છે. અને અજ્ઞાની જીવો માટે સંવરનું સ્થાન પણ આશ્રવનું સ્થાન બની જાય છે.

ચોરી તો પાપનું કાર્ય છે ને! જંબુસ્વામીને ઘેર પ્રભવાદિ ૫૦૦ ચોરો ચોરી કરવા આવ્યા હતા. ભૌતિક ધન લેવા આવ્યા પણ જંબુસ્વામીના ઉત્કૃષ્ટ વૈરાગ્યના પ્રભાવથી બુઝી ગયા ને ભૌતિક ધનને બદલે આત્મિક ધન લઇ લીધું. ચોરો વાણિયાના બારણામાં આવીને કહે છે કે હે શાહુકારના દીકરા! નીકળ બહાર, અમારા ગામમાં આવી ઘણું કમાયો છે. પાસે જે હોય તે આપી દે. નહિતર તને જનથી મારી નાંખીશું. દેવાનુપ્રિયો! તમે આ જગ્યાએ હોય તો શું કરો! ગભરાઇ જાવને! બોલો તો ખરા! (સભા:-અરે અમે તો ધ્રુજી ઉઠીએ). (હસાહસ). આ વાણિયો ધ્રુજ્યો નહિ. એણે જાણ્યું કે હવે આવી બન્યું. જે થવું હોય તે થાય. એ તો શુદ્ધ ભાવથી નવકાર મંત્ર ગણે છે. શુદ્ધ ભાવે શ્રદ્ધાપૂર્વક નવકાર મંત્રનો જાપ કરવામાં આવે તો કેટલાને નમસ્કાર થાય? નમો અરિહંતાણં કહેતાં

જઘન્ય વીસ તીર્થંકર, ઉત્કૃષ્ટા ૧૭૦ તીર્થંકર, જઘન્ય બે ક્રોડ કેવળી ઉત્કૃષ્ટા નવ ક્રોડ કેવળીને નમો સિદ્ધાણં કહેતાં વનસ્પતિ વર્જીને ત્રેવીસ દંડકથી અનંતગુણા અધિક સિદ્ધના જીવો છે, તેમને અને નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં કહેતાં જઘન્ય બે હજાર ક્રોડ સાધુ સાધ્વી, ઉત્કૃષ્ટા નવ હજાર ક્રોડ સાધુ સાધ્વીને નમસ્કાર થઇ ગયા. કેટલો લાભ થાય! શુદ્ધ ભાવથી આટલા જીવોને નમસ્કાર થાય ત્યાં ગાઢ કર્મો પાતળાં પડે, પડે ને પડે.

વણિક શુદ્ધ ભાવથી નવકાર મંત્રનો જાપ કરે છે. હાથમાં માળા છે. જાળીએથી ચોરો જુએ છે ને બોલવા લાગ્યા: આ તો નોટો ગણે છે. વણિક વિચાર કરે છે હે જીવ! તેં સાવદ્યયોગના પ્રત્યાખ્યાન કર્યા છે. કોના પૈસા, કોનુ ઘર ને કોનું શરીર? તેં તો બધું વોસરાવ્યું છે. તારું ગમે તે થાય, તારે એની સાથે કંઇ લેવા દેવા નથી. કદાચ ચોરો લૂંટી જશે તો આ ભૌતિક ધન, પણ તારું આત્મિક ધન લૂંટાવાનું નથી. મારા આત્મિક ધનને લૂંટવાની કોઇની તાકાત નથી. વણિક મોટા સ્વરે નવકારમંત્ર બોલવા લાગ્યો. એટલે ચોરો કહે છે અલ્લા, આ તો કંઇક મંત્ર-જંત્ર કરે છે, જાપ જપે છે. સાંભળો, એ શું બોલે છે? બે-ત્રણ-પાંચ-દશ-પંદર ને વીસ વખત સાંભળ્યું. શુદ્ધ ભાવથી હૃદયસ્પર્શીને બોલાતા નવકાર મંત્રનો રણકાર ચોરોના હૃદય સુધી પહોંચી ગયો. એ પણ સાંભળતા સ્થિર થઇ ગયા. આ શું બોલે છે? આવું કયાંક સાંભળ્યું છે એમ ચિંતન કરતાં પાંચે ચોરોને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પૂર્વે પોતે કોણ હતા તે જોયું. અહો પૂર્વભવમાં આપણે શ્રાવકપણું પાળ્યું હતું પણ અંતિમ સમયે જૈન ધર્મની વિરાધના કરી હતી તેના કારણે આ ભવમાં ચોર થયા. એવી પશ્ચાતાપની ભઠ્ઠી સળગી. હે જીવ! તારું સ્વરૂપ શું ને તેં કર્યું શું? કેવાં અનર્થો સર્જ્યા, કેટલાને લૂંટ્યા? એમ પશ્ચાતાપ થતાં ભાવ ચારિત્ર આવ્યું અને આઠમે ગુણસ્થાનકે જઇ ક્ષપકશ્રેણી માંડીને તેરમા ગુણસ્થાને પહોંચી ગયા. કેવળજ્ઞાન પામી ગયા. ભૌતિક લક્ષ્મી લેવા જતાં આત્મિક લક્ષ્મી મેળવી લીધી. દેવો કેવળજ્ઞાનનો મહોત્સવ ઊજવવા આવ્યા. વણિકની સામાયિક પૂરી થઈ. કેવળીનો મહોત્સવ જોઇ એને મનમાં આનંદ થયો ને સાથે ખેદ થયો કે અહો! ચોરી કરવા આવ્યા હતા ને નવકાર મંત્ર સાંભળીને પામી ગયા ને હું રહી ગયો. **"ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન"** ઘણી વાર એવું બને છે કે ગુરુ છદ્મસ્થ રહી જાય છે ને શિષ્ય કેવળજ્ઞાન પામી જાય છે. જ્યાં સુધી ગુરુને ખબર ન પડે કે શિષ્યને કેવળજ્ઞાન થયું છે. ત્યાં સુધી શિષ્ય ગુરુનો વિનય કરે. પોતે એમ ન કહે કે મને કેવળજ્ઞાન થયું છે. આ વણિક હળી હળીને કેવળી ભગવંતને વંદન કરે છે. પોતાના પાપનો પશ્ચાતાપ કરે છે અને કેવળી ભગવંતે ઉપદેશ આપ્યો. વણિક પણ કેવળજ્ઞાન પામી ગયો. કર્મનું બંધન કરવામાં અને તોડવામાં સૌ સૌનો આત્મા સ્વતંત્ર છે. ચોરોના ગામમાં

પાંચ ચોર ને છઠ્ઠો વણિક કેવળજ્ઞાન પામ્યા ને આખી ચોરપલ્લીને સુધારી દીધી. આવતી કાલે અષાડ સુદ પુનમનો પવિત્ર દિવસ છે. ચાતુર્માસની મંગલ શરૂઆત થશે. સૌ કોઇ ધર્મારાધના કરવા સજાગ બનજો. વધુ અવસરે.



વ્યાખ્યાન નં. ૫

" ગુણાનુરાગ "

અષાડ સુદ ૧૫ ને શનિવાર **તા. ૧૪-૭-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

શાસનસમ્રાટ વીર પ્રભુએ આ જગતના જીવો ઉપર મહાન કરુણા કરી ઉપદેશ આપ્યો. જગતના જીવોનું શ્રેય કેમ થાય એવી એમની વિશાળ ભાવના હતી. હવે આપણે કલ્યાણ કરવું કે ન કરવું તે આપણા હાથની વાત છે. આત્માની આરાધનાનો આજે પવિત્ર દિવસ છે. સાત વારમાં તમને રવિવાર વધુ પ્રિય છે. રવિવારે ઉપાશ્રયમાં ખૂબ મેદની ભરાય છે, કારણ કે તે દિવસે રજા હોય એટલે અનુકૂળતા રહે. આજે રવિવાર નથી, શનીવાર છે. છતાં કેટલી મેદની છે ! અષાડ સુદ પૂર્ણિમાના દિવસનો કેટલો મહિમા છે! દરેકના મુખ ઉપર આનંદની ઉર્મિઓ કેટલી ઉછળી રહી છે ! ઉપાશ્રયે નહિ આવનાર આજે ઉપાશ્રયે આવશે. ઉપવાસ ને પૌષધ નહિ કરનાર ઉપવાસ ને પૌષધ કરશે આજે પંચ મહાવ્રતધારી સંતોના જ્યાં જ્યાં ચાતુર્માસ હશે ત્યાં ત્યાં તેઓ સ્થિર થઇ જશે. આજે ચાતુર્માસની શરૂઆતનો પ્રથમ દિવસ છે. આજે અષાડ સુદ પૂર્ણિમાનો પવિત્ર દિવસ છે. પૂર્ણિમાનો ચંદ્ર જેમ સોળે કળાએ ખીલે છે, અંધકારનો નાશ કરે છે, તેમ આપણા આત્માને જ્ઞાન-દર્શન-ચારિત્ર ને તપ દ્વારા સોળે કળાએ ખીલવવાનો છે. પૂનમને દિવસે દરિયામાં ખૂબ ભરતી આવે છે. આપણા જીવનમાં પણ આજના પવિત્ર દિવસથી સત્ય-નીતિ-સદાચાર-ક્ષમા-દયા આદિ સદ્ગુણોની ભરતી અને અસત્ય-અનીતિ-દુરાચાર-ક્રોધ-લોભ આદિ દુર્ગુણોની ઓટ લાવી જીવનને પવિત્ર ને ઉજ્જવળ બનાવવા માટે આજનો દિવસ સંદેશો લઇને આવ્યો છે.

એક વર્ષમાં છ ઋતુ આવે છે. હેમંત-શિશિર-વસંત-ગ્રીષ્મ-વર્ષા ને શરદ. તેમ ચોમાસી પૂર્ણિમા ત્રણ વખત આવે છે. કારતક ચોમાસી પાખી; ફાગણ ચોમાસી પાખી ને અષાડ ચોમાસી પાખી. આ ત્રણ મોટી પાખી છે. આ ત્રણ પવિત્ર દિવસો મોહ-નિદ્રામાં

ઉંઘતા જીવોને જાગૃત કરવા આવે છે. ઉનાળામાં ગરમી ઓછી પડશે કે શિયાળામાં ઠંડી ઓછી પડશે તો મોટી હાનિ નહિ થાય, પણ ચોમાસામાં વરસાદ નહિ પડે તો તમને મોટું નુકશાન થશે. ગયા વર્ષે વરસાદ ઓછો પડયો તો તેના પડઘા કેવા પડયા ? કહેવાનો આશય એ છે કે જેમ ગરમી ઠંડી ઓછા વધતા પ્રમાણમાં હશે તો ભયંકર નુકશાન થવાનું નથી, પણ વરસાદ ઓછો પડે તો મોટું નુકશાન થાય છે. તેમ ભગવાન કહે છે હે ભવ્ય જીવો ! વૈભવિક સંપત્તિ અને મોજશોખનાં સાધનો તમારી પાસે ઓછા હશે તો નુકશાન નહિ, પણ જીવનમાં ધર્મ નહિ હોય તો દુષ્કાળ કરતાં ભયંકર દશા થશે, ધર્મ વિનાનું જીવન શુષ્ક છે. માટે માનવજીવનમાં ધર્મ અવશ્ય હોવો જોઈએ.

જે સંઘમાં સંત–સતીજીઓ ચાતુર્માસ પધારે છે તે સંઘને ખૂબ આનંદ થાય છે. શ્રાવકોને ચાતુર્માસનો આનંદ હોય ને સંતોને વિહારમાં આનંદ આવે. જેમ નદી વહેતી હોય છે ત્યારે જે જે ક્ષેત્રોમાંથી તે વહે છે તે તે ક્ષેત્રનું વાતાવરણ લીલુંછમ બનાવે છે. ભૂમિને ફળદ્રુપ બનાવે છે. તેમ સંતરૂપી સરિતા જે જે ક્ષેત્રોમાં જાય છે ત્યાં ત્યાં શુષ્ક બની ગયેલા મનુષ્યોના જીવનમાં ધર્મારાધના કરવાની પ્રેરણા આપે છે. ધર્મકરણીથી ક્ષેત્રને હરિયાળું બનાવી દે છે. ચાતુર્માસના ચાર મહિના તમે બરાબર ધર્મકરણી કરજો. જન્મ–જરાને મરણના ફેરા ટાળવા માટે ધર્મ સિવાય બીજું કોઇ સાધન નથી. ધર્મારાધના ન થાય તો મનમાં શોચ થવો જોઇએ. તમે પંચપરમેષ્ટી નવકારમંત્રનો જાપ કરો છો એમાં ક્યાંય તમારો નંબર આવ્યો ? "ના". તો પંચપરમેષ્ટીમાં તમારો નંબર નથી આવ્યો તેનો અફસોસ થવો જોઇએ. તમારા ખોળામાં આળોટેલાં દીકરા ને દીકરી સાધુ બને તો તેનો નંબર પરમેષ્ટીમાં આવી જાય ને તમારો ન આવે તે કેટલા દુઃખની વાત છે! સર્વવિરતીમાં ન આવે ત્યાં સુધી પંચપરમેષ્ટીમાં નંબર નહિ આવે. આનો અટકારો થશે તો તમારો સંસારથી છૂટકારો થશે. ત્યાગીને જોઇને મનમાં દરરોજ ભાવના થવી જોઈએ કે ધન્ય છે આપને! હું ક્યારે સંસાર છોડી સંયમી બનીશ ? જે સમયે થાવર્ચાપુત્ર દીક્ષા લેવા નીકળ્યા અને ગામમાં તેના મિત્રોને, શ્રેષ્ઠી શ્રીમંતોને ખબર પડી કે થાવર્ચાકુમાર દિક્ષા લે છે તો આપણે પણ શા માટે ન છોડી શકીએ ? એવો વેગ ઉપડયો કે થાવર્ચાની સાથે એક હજાર પુરૂષોએ દિક્ષા લીધી. એકવાર આત્મા જાગવો જોઇએ. વરસાદ પડયો તો ધરતી લીલીછમ થઇ ગઇ તેમ તમારા ઉપર વીતરાગ વાણીનો કેટલો વરસાદ વરસ્યો ? કેટલા સંત – સતીજીઓના ચાતુર્માસ થયા પણ જીવનમાં પરિવર્તન કેટલું થયું ?

આપણે મોક્ષપ્રાપ્તિના ચાર ઉપાયની વાત ચાલે છે. તેમાં પ્રથમ ઉપાય છે. વિષયોપ્રત્યેનો વિરાગ. બીજો છે કષાયોનો ત્યાગ. વિષયો વિષ જેવા અને કષાયો કાળી નાગ જેવા ભયંકર છે. વિચાર કરો કે અગ્યારમે ગુણઠાણે પહોંચી ગયેલાને પણ કષાય

પછાડે છે. અગ્યારમાં ગુણઠાણે રાખમાં ભાળેલા અગ્નિ જેવી કષાય છે. વર્ષો સુધી સંયમની સાધના કરો, તપશ્ચર્યા કરો પણ કષાયો પર વિજય નહિ મેળવો ત્યાં સુધી બધી સાધના નિષ્ફળ બને છે. હજારો મણ રૂની ગંજીમાં અગ્નિની એક ચિનગારી પડે તો રૂનો ઢગલો બાળીને ભસ્મ કરી નાંખે છે તેમ એક કષાયનો કણીયો વર્ષોની સાધનાને બાળીને ભસ્મ કરી નાંખે છે.

ત્રીજો ઉપાય છે ગુણાનુરાગ. ભગવાન કહે છે કે હે જીવ! તું જ્યાં જ્યાં દૃષ્ટિ કરે ત્યાં ત્યાં ગુણને જોજે. કોઇના દોષ ના જોઇશ. હંસની સામે દૂધ ને પાણી ભેગાં કરીને મૂકવામાં આવે તો તે દૂધને ગ્રહણ કરે છે ને પાણીને છોડી દે છે. હંસ એમ નથી કહેતો કે દૂધમાં પાણી કેમ આવ્યું? એ તો એમ સમજે છે કે મારે દૂધની સાથે નિસ્બત છે. તે રીતે ગુણાનુરાગી આત્મા હજારો અવગુણમાં પણ ગુણની સામે દૃષ્ટિ કરે, અવગુણને છોડી દે છે. ચોથો ઉપાય છે ધર્મકરણીમાં અપ્રમતભાવ. મોક્ષની ઇચ્છાવાળો આત્મા મોક્ષના આ ચાર ઉપાયોને જાણીને આદરે છે. પણ જ્યાં સુધી જીવ ચરમાવર્તકાળમાં આવ્યો નથી હોતો ત્યાં સુધી મોક્ષપ્રાપ્તિના આ ચાર ઉપાયો પ્રત્યે તેને પ્રેમ જાગતો નથી. ભવ પ્રત્યેનો નિર્વેદ, કષાયનો ત્યાગ, વિષયનો વિરાગ, ગુણાનુરાગ. આ બધો વૈભવ અચરમાવર્તી જીવના જીવનમાં ન હોય. અચરમાવર્તી જીવ કદાચ સાધુપણું લઈ લે, ઉગ્ર સંયમ પાળે, પણ અંદરથી કોરો ને કોરો હોય છે. અચરમાવર્તી જીવમાં કર્મમલનું એટલું બધું જોર હોય છે કે તેને સત્ય વસ્તુ સમજાતી નથી. બાહ્ય દૃષ્ટિથી, ભૌતિક સુખની ઇચ્છાથી ધર્મકરણી કરે પણ અંદરમાં મોક્ષની રૂચી જાગતી નથી. ફકત મોહના ઉદયથી થતી હોવાથી ભવકટ્ટી થવાને બદલે ભવવૃદ્ધિ થાય છે.

બંધુઓ! તમને થશે કે ચરમાવર્ત એટલે શું? આપણા આત્માએ ચાર ગતિ, ચોવીસ દંડ અને ચોરાશી લાખ જીવાયોનિમાં ભમીને અનંતા પુદ્ગલ પરાવર્તો વીતાવ્યા છે. જીવને મોક્ષે જવા માટે છેલ્લો એક પુદ્ગલ પરાવર્ત બાકી રહે છે તેને ચરમાવર્ત કહે છે. આ એક પુદ્ગલ પરાવર્તકાળ એ કંઇ નાનોસૂનો કાળ નથી. પણ પૂર્વે આ જીવે અનંત પુદ્ગલ પરાવર્ત કર્યા છે તેની અપેક્ષાએ નાનો છે. છતાં ઘણો લાંબો કાળ છે. દશ ક્રોડાક્રોડી સાગરોપમના છ આરા તેમાં છ આરા ઉત્સર્પિણીકાળના અને છ આરા અવસર્પિણીકાળના. એમ વીસ ક્રોડાક્રોડી સાગરોપમનું એક કાળચક્ર બને છે. એવા અનંતા કાળચક્રો વીતી જાય ત્યારે એક પુદ્ગલ પરાવર્તકાળ થાય છે. દશ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય ત્યારે એક સાગર બને છે. એક પલ્યોપમમાં અસંખ્યાતા વર્ષો ચાલ્યા જાય છે. એટલે આપણા જેવી માનવભવની તો ક્રોડો ને અબજો જિંદગીઓ વ્યતિત થઇ જાય છે. ત્યારે પલ્યોપમનો કાળ થાય તો ચરમાવર્તનો સમય કેટલો મોટો? એક ગાયના શીંગડા ઉપર સરસવનો દાણો જેટલી વાર ટકે એટલી વાર સમ્યકૂત્વનો સ્પર્શ થઇ જાય, પછી

ભલે સમકિત વમી જાય, મિથ્યાત્વી બની જાય પણ એનો સંસાર અડધા પુદ્ગલ પરાવર્તનમાં આવી જાય છે. આ છે સ્વાનુભૂતિનો આનંદ બોલો, સમ્યક્‌ત્વનો કેટલો મહાન પ્રભાવ છે! નિશ્ચયથી તે જીવ અર્ધપુદ્ગલ પરાવર્તનકાળમાં મોક્ષે જાય છે. એને માટે સર્ટીફિકેટ અપાઇ જાય છે. તમારે ત્યાં એવું નક્કી છે કે ક્રોડાધિપતિ કે અબજોપતિ બની જાય તે દુર્ગતિમાં નહિ જાય, તેના દીકરા દુઃખી નહિ થાય! અરે, એ સંપત્તિની આસક્તિ દુર્ગતિમાં લઇ જનારી છે.

આપણે જે ચરમાવર્તકાળમાં આવેલા જીવની વાત કરીએ છીએ તેમાં ખાસ કરીને જે જીવ ભવ્યત્વ પરિપાકપણાને પામેલો હોય, ચરમાવર્તકાળમ આવીને પુરુષાર્થ ઉપાડે તો એક પુદ્ગલ પરાવર્તનકાળમાં મોક્ષે જાય. જીવ અને ઔદ્યારિક વર્ગણાઓના સંબંધથી આ પુદ્ગલ પરાવર્તન બને છે. જીવને ગ્રહણ યોગ્ય આઠ વર્ગણાઓ ચૌદ રાજલોકમાં ભરેલી છે. (૧) ઔદ્યારિક વર્ગણા (૨) વૈક્રિય વર્ગણા (૩) આહારક વર્ગણા (૪) તૈજસ વર્ગણા (૫) શ્વાસોચ્છ્વાસ વર્ગણા (૬) ભાષા વર્ગણા (૭) મન વર્ગણા (૮) કાર્મણ વર્ગણા. આ આઠ વર્ગણાઓમાંથી ઔદ્યારિક વર્ગણાને છોડીને બાકીની સાતે ય વર્ગણાઓના ચૌદ રાજલોકમાં રહેલા સમસ્ત પુદ્ગલોને જીવ ગ્રહણ કરીને મૂકે ત્યારે સ્થૂલથી (બાદર) એક પુદ્ગલ પરાવો પૂરો થાય. આહારક વર્ગણા તો આખા ભવચક્રમાં જીવ વધુમાં વધુ ચાર વખત ગ્રહણ કરી શકે છે.

ચરમાવર્તકાળ એટલે આત્મવિકાસનો સુઅવસર જે જીવ ચરમાવર્તમાં આવી ગયો તેને આરંભ-સમારંભ ને વિષયભોગો પ્રત્યે નફરત છૂટે છે. ધર્મ પ્રત્યેનો ગાઢ રાગ થાય છે અને ધર્મના રાગના કારણે સંસારવર્ધક ક્રિયાઓ નિરસ લાગે છે. તમને નાણાં કમાવાનો સમય સુવર્ણ અવસર લાગે છે તેમ એ જીવોને સદ્‌ગુરુનો સમાગમ, શાસ્ત્ર-સિદ્ધાંતનું વાચન-મનન એ બધું સુવર્ણ અવસર જેવું લાગે છે. ભવ અને ભોગ પ્રત્યે ઉદાસીનતા આવે છે અને દેવ-ગુરુ ને ધર્મ પ્રત્યેનો રાગ વધતો જાય છે. જન્મ-જરા-મરણ-રોગ-શોકાદિ દુઃખોથી સળગતા સંસારમાંથી છૂટવાનું મન થયા કરે છે. તેને ધર્મ-રૂપી ઔષધ લાગુ પડે છે. માટે હું જલ્દી ચરમાવર્તકાળમાં કયારે આવું અને સમકિત પામી જલ્દી મોક્ષે જાઉં એવી ભાવના ભાવો, ભવ્ય આત્માને ચરમાવર્ત પ્રાપ્ત થાય.

દેવાનુપ્રિયો! વિચાર કરો. આ એક પુદ્ગલ પરાવર્તનકાળ આટલો લાંબો છે તો આપણાં આત્માએ તો અનંત પુદ્ગલ પરાવર્તન સુધી નરક-તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં રખડી શારીરિક ને માનસિક દુઃખો વેઠયાં છે. અનંતી વાર નરક નિગોદમાં, પશુપક્ષીમાં, ત્રસ અને સ્થાવરમાં, છેદન-ભેદન, માન, અપમાન, ભૂખ-તરસ અને જન્મ-મરણનાં કષ્ટો વેઠયાં છે. હવે જ્ઞાનીના વચન ઉપર શ્રદ્ધા કરીને આત્મા-ધર્મના પંથે વળી જાય, વિષયોનો રાગ છોડી દે, કષાયોને પાતળા પાડી દે, પુત્ર-પરિવાર-પત્ની-પૈસા

અને પેઢીનો મોહ છોડી પંચમહાવ્રત ધારી બની જાય અગર સાધુ ન બની શકાય તો સાધુ જરૂર બનવું છે તે ભાવના સહિત સર્વજ્ઞ ભગવંતોએ પ્રરૂપેલા ધર્મનું શુદ્ધભાવથી આરાધન કરે તો શીવરમણીનો સ્વામી શાશ્વત સુખનો ભોકતા બની જાય.

ઘણાં ભાઇ–બહેનો એમ પ્રશ્ન કરે છે કે આપણને સમકિતની પ્રાપ્તિ થઇ છે, હવે ઓછા ભવમાં આપણે મોક્ષમાં જવાના છીએ એની ખબર કેવી રીતે પડે ? એ તો કેવળજ્ઞાની સિવાય કોઇ કહી શકે નહિ. જે આત્માઓ ચરમાવર્તમાં આવ્યા હોય છે તેના અંતરમાં દુઃખી જીવોને જોઇને અત્યંત કરુણા આવે છે. પછી ભલે, પોતે ગરીબ હોય તો પણ હું દુઃખીનાં દુઃખ કેમ મટાડું તેવી ભાવના હોય, તે જીવને કોઇના પ્રત્યે તિરસ્કાર ન આવે, કોઇને કટુ વચન ન કહે, પોતાની પાસે હોય તો પોતાનું સુખ જતું કરીને પણ આપી દે. પોતાની પાસે ન હોય તોપ્રેમથી દુઃખ વ્યકત કરે કે મારી પાસે અત્યારે કંઇ નથી. હું આપનું દુઃખ દૂર નથી કરી શકતો તેનો મને ખેદ થાય છે.

એના આત્માને થાય કે જિંદગી નાની છે. હું પાપ કોના માટે કરું છું ? હવે મારે પાપ નથી કરવાં. ઘરબાર કોનાં ? આ કાયા ને માયા કોનાં ? અત્યાર સુધી ઘણાં પાપ કર્યાં હવે મારે પાપ નથી કરવાં..હવે પાપ નહિ કરું એવો એકરાર કરે. જ્યારે પરદેશી રાજા કાયા અને જીવને એક માનતો હતો ત્યારે તેણે કેટલા જીવોને મારી નાંખ્યા પણ જ્યારે તેને કેશી સ્વામીનો ભેટો થયો, સત્ય વસ્તુનું ભાન થયું ત્યારે પાપને છોડી દીધાં ને પરદેશી ફીટીને સ્વદેશી બની ગયો. એક વખત ગુરુના દર્શન કર્યા ને પાપને છોડી દીધાં. તમે કેટલીવાર ગુરુનાં દર્શન કર્યાં ?

આપણે મોક્ષના ઉપાયની વાત ચાલે છે. મોક્ષની રૂચીવાળો જીવ અનુકંપાવાન હોય. એટલું જ નહિ પણ ગુણાનુરાગી પણ હોય, ગુણી જીવોને જોઇ તેનું હૃદય વિકસી જાય. એના ગુણોનું વર્ણન સાંભળી હું પણ એવો ગુણવાન કયારે બનીશ એવી ભાવના ભાવે અને જ્યાં જાય ત્યાં એ ગુણવંતના ગુણ ગાતાં ધરાય નહિ. ગુણનો રાગ થાય ત્યારે ગુણાનુરાગી બનાય છે. આ જગતમાં ત્રણ પ્રકારના મનુષ્યો હોય છે. (૧) સ્વંય ગુણી અને ગુણનો રાગી (૨) સ્વંયગુણી હોય પણ બીજાના ગુણનો દ્વેષી હોય (૩) પોતે અવગુણી હોય ને બીજાના ગુણનો પણ દ્વેષી હોય. જેનામાં ગુણાનુરાગ છે તે વ્યકિત ગમે તેવા સંયોગોમાં પણ ગુણો ગ્રહણ કરે છે. ગુણાનુરાગ પ્રગટે તો માનવીના મનને મોહ પમાડનારી લક્ષ્મીનો રાગ પણ છૂટી જાય છે. ગુણવંતને સર્વત્ર ગુણ દેખાય છે. માટે ગુણગ્રાહી દૃષ્ટિ કેળવો.

એક વખતનો પ્રસંગ છે. એક વિધવા માતા હતી. નાની ઉંમરમાં વિધવા બની હતી. સ્ત્રીને વિધવાપણાથી અધિક બીજું કોઇ દુઃખ નથી. વિધવા માતાને એકનો એક પુત્ર હતો. માતા ખૂબ ગરીબ હતી. પણ સંસ્કારીને ગુણગ્રાહક હતી. તે પોતાના પુત્રના

જીવનનું ખૂબ સુંદર રીતે ઘડતર કરતી હતી. માતાઓ જો પોતાના સંતાનોના શિક્ષક બને તો બાળકોના જીવનનું ઘડતર સરસ થાય. એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. પણ આજે માબાપને એના બાળકના જીવનનું ઘડતર ઘડવાનો ટાઇમ નથી. કદાચ રવિવારે ટાઇમ મળે તો મા–બાપ ને બાળકોને પિકચર જોવા નીકળી પડવાનું. માબાપ જુદા શોમાં જાય ને બાળકો જુદા શોમાં જાય. સાથે જવાનું તો પાલવે નહિ. કેમ બરાબરને? (હસાહસ)! સંતાનોમાં કયાંથી સંસ્કાર પડે? છોકરાઓના જીવનમાં સંસ્કારનું સિંચન કરતાં આવડે તો એનાં માબાપ બનો. નહિતર મા–બાપ બનવાનું છોડી દો.

પેલી વિધવા માતા ખૂબ કષ્ટ વેઠીને પોતાના પુત્રને ભણાવે છે. પાછલી ઉંમરમાં મને સુખ મળશે એવી આશાથી મા–બાપ સંતાનોને ભણાવે–ગણાવે છે. અને તેનું પાલનપોષણ કરે છે. પૂણ્યનો ઉદય હોય તો સંતાનો સારાં મળે છે. નહિતર એ જ બ્હાલા સંતાનો મોટાં થયા પછી મા–બાપની ખબર પણ લેતાં નથી. આ માતા બાળકને રોજ મહાન પુરુષોનાં ચરિત્ર સંભળાવે, નવકારમંત્રનો મહિમા સમજાવે, અન્યાય–અનીતિ આદિ દુર્ગુણોથી દૂર રહેવું–આ બધું સમજાવે અને લોકોના કામ કરી છોકરાને ભણાવે છે. બાળક પણ એવો ગુણવાન હતો. માતાની બધી શિખામણ હૃદયમાં ધારણ કરતો. આમ કરતાં એક વખત માતા બીમાર પડી. દીકરો માતાની ખૂબ સેવા કરે છે. કોઈ રીતે માતાને સારું થતું નથી. બચવાની આશાનો દીપક બૂઝાઇ ગયો.. હવે કોઇ ઉપાય નથી. ડૉકટરને બોલાવે તો ફી અને દવાના પૈસા નથી. શું કરવું? ખૂબ મૂંઝાયો. છેવટે એ છોકરો એક કપડામાં માતાને સૂવાડી ગાંસડીની જેમ બાંધીને દવાખાને લાવ્યો. કપડું પાથરી માતાને સૂવાડી ડૉકટર પાસે જઇને ખૂબ નમ્રતાપૂર્વક કહે છે : ડૉકટર સાહેબ! આપ બધા કેસ પડતા મૂકીને મારી માતાને તપાસો. ખૂબ બીમાર છે. ડૉકટર કહે લાઇનમાં ઊભા રહો. એ પણ માણસના ચેહેરા જોઇને વાત કરે. પૈસા મળવાના હોય તો જલદી કામ થાય.

આ છોકરો લાઇનમાં ઊભો રહ્યો. બધા પેશન્ટો પતી ગયા એટલે ડૉકટર ગાડીમાં બેસી રવાના થાય છે. છોકરો ડૉકટરની ગાડીની આડે ઊભો રહે છે અને ડૉકટરને કહે છેઃ સાહેબ! નહિ જવા દઉં. મારી માતાને તપાસો. મારી માતા ઉપર મારા જીવનનો આધાર છે. એ મરી જશે તો મને કોણ ભણાવશે? પણ ડૉકટરે કંઇ પણ વાત સાંભળી નહિ ને ચાલતો થઇ ગયો. છોકરો નિરાશ થઇને માતાને ઉંચકીને ઘેર આવ્યો. પોતે મેટ્રિક પાસ થયો હતો. હવે નિર્ણય કર્યો કે ભણું તો ડૉકટરનું ભણું અને ડૉકટર બનીને આવી રાંકડી માતાઓ અને ગરીબોની સેવા કરું. ઘેર જઇને માતાને સૂવાડી એક એક ચિત્તે નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યો. નવકારમંત્રમાં કેટલી તાકાત છે! ભગવાનનું નામસ્મરણ એક ઔષધિ છે. ભકતામર સ્તોત્રમાં માનતુંગ આચાર્ય બોલ્યા છે કે :–

"ત્વત્સંસ્તવેન ભવસંતતિ સન્નિ બદ્ધં,
પાપં ક્ષણાત્ ક્ષયમુપૈતિ શરીરભાજામ,
આક્રાન્ત લોક મલિની લમશેષમાશુ,
સુર્યાંશુભિન્નમિવ શાર્વર મન્ધકારમ,"

ભક્તામર સ્તોત્ર શ્લોક–૭

હે ભગવંત! જો શુદ્ધભાવથી એકાગ્રચિતે તારા નામનું સ્મરણ કરવામાં આવે તો ક્ષણવારમાં પાપકર્મની ભેખડો તૂટી જાય છે. જેમ ભયંકરમાં ભયંકર અંધકાર સૂર્યનો ઉદય થતાં નષ્ટ થઇ જાય છે તેમ તારા નામસ્મરણથી માનવીને અજ્ઞાનરૂપ અંધકાર નષ્ટ થઇ જાય છે. નવકારમંત્રમાં કેટલી તાકાત છે! પણ શ્રદ્ધાનું દેવાળું છે. ભગવાનના નામસ્મરણ ઉપરથી શ્રદ્ધા ચાલી ગઇ છે. પણ જુઓ આ છોકરો નવકારમંત્રનું સ્મરણ કરી માતાના શરીરે હાથ ફેરવવા વાગ્યો. એવો જાપ કર્યો કે માતાનો રોગ ચાલ્યો ગયો. માતા સ્વસ્થ બની ગઇ. દીકરાને માથે હાથ ફેરવીને કહે છે ધન્ય છે દીકરા! દીકરા હો તો આવા હોજો. દીકરો કહે છે માતા કષ્ટ વેઠજે પણ મારે ડોકટર થવું છે. માતા કાળી મજૂરી કરી દીકરાને ભણાવે છે. દીકરો અંતથી ભણે છે. છેવટે ડોકટર બને છે. અત્યાર સુધી ગરીબ હતો એટલે કોઇ પૂછતું ન હતું. પણ હવે ડોકટર બન્યો એટલે એની વેલ્યુ વધી. અત્યાર સુધી ભણવા માટે પૈસા નહોતા ત્યારે કોઈ સગું ન થયું. હવે પૈસા આપવા લાગ્યા. આજે મા–બાપને કેવો મુરતિયો ગમે છે! ઘણીવાર પેપરમાં ફોટો હોય ને નીચે લખ્યું હોય કે કલ્યાણભાઇના ચિરંજીવી અમેરિકાથી ભણીને આવે છે અને ટૂંક સમયમાં રોકાઇને પાછા ફરશે. આ શા માટે આપે છે? સમજાણું?

હવે સદ્ગુણી છોકરો ડોકટર બન્યો. એક સદ્ગુણી કન્યા સાથે એના લગ્ન થયા. દવાખાનું ખોલ્યું. ડોકટર જે ગરીબ હોય તેની એક પાઈ પણ લેતા નથી. મધ્યમ પાસેથી અડધી ફી લે છે અને સુખી હોય તેની પાસેથી પ્રમાણિકપણે જે રીતે લેવાય તે રીતે ફી લે છે. પત્ની ખૂબ સારી છે. પણ ડોકટર મફત સેવા કરે છે તે તેને ગમતું નથી. કયારેક ડોકટરને કહેઃ તમે આ રીતે બધાની સેવા કર્યા કરશો તો આપણે કયારે ઊંચા આવીશું? ડોકટર કહે, ભલે આપણે વૈભવથી ઉંચા નથી આવ્યા પણ સેવાની સુવાસ કેવી ફેલાય છે! અને સેવા કરવી એ માનવ માત્રની ફરજ છે. વળી માતાની શિખામણ છે કે દીકરા! તારું ગમે તે થાય પણ તું જીવનમાંથી દયાને દેશવટો આપીશ નહિ. જે દિવસે તારા દિલમાંથી દયાનો દેશનિકાલ થાય ત્યારે સમજી લેજે કે તું દુઃખી થઇ જઇશ. માતાને પણ સંતોષ છે કે દીકરો બોલ્યો હતો તેવું પાળે છે.

પત્નીને ડોકટર ખૂબ સમજાવે છે પણ કોઇને ઘેર ગાડી–મોટર દેખે એટલે મનમાં થાય કે મારે ઘેર આવું નહિ. ડોકટરને કહે કે જુઓ, તમારો મિત્ર રમેશને ઘેર

બે મોટરો ને આપણે ઘેર કંઇ નહિ. ત્યારે કહે કે એને ઘેર તો બે મોટરો છે અને આપણે તો જેટલી લાલ બસો દોડે છે ને બધી આપણી છે. શા માટે એમ માને છે કે આપણે મોટર નથી! પણ આ સ્ત્રી સમજતી નથી. કહે કે તમારા દવાખાનામાં તો લિખારા ભરાય છે. તું જે કહે તે ભલે કહે. હું તો સેવા કરવાનો છું. શા માટે અંતરાય કરી પાપ બાંધે છે. આ રીતે ખૂબ શિખામણ આવે છે. આ કારણે ડૉકટરના ઘરમાં કકળાટ ઊભો થયો. દિવસો ચાલ્યા જાય છે. એક વખત ડૉકટરની કસોટીનો પ્રસંગ આવ્યો. ડૉકટરના બાબાની વર્ષગાંઠ છે. ઘેર પાર્ટી ગોઠવી છે. સગાસબંધીને આમંત્રણ આપ્યું છે. ત્યાં એક ગરીબ માણસ આવ્યો. ડૉકટરને હાથ જોડીને આજીજી કરવા લાગ્યો સાહેબ! જલદી ચાલો. મારો એકનો એક દીકરો ધનુ બીમાર થઇ ગયો છે. આપના ઉપર મને પૂર્ણ શ્રદ્ધા છે. તમે એક પડીકી આપો ને સારું થઇ જાય છે. ડૉકટરે બેગ ઉપાડી પણ શ્રીમતીજી આડા ફરી વળ્યા. કયાં જાવ છો? બાબાની વર્ષગાંઠ છે. અને બધા આવશે. ત્યાં જવાથી બે દોકડા પણ મળવાની આશા નથી. ડૉકટર કહે એ ગમે તે હોય પણ મારાથી એનું દુઃખ જોયું જતું નથી. હું તો આ ચાલ્યો. ડૉકટર ગયા દર્દીને તપાસીને દવા આપી પણ સારું ન લાગવાથી કલાકો વીતી ગયા સ્હેજ બોલતો થયો પછી ડૉકટર ઘેર આવ્યા. ઘેર પાર્ટી હતી પણ શ્રીમતીજી રીસાઇ ગયા. ડૉકટરે ખબ સમજાવી તું શા માટે આમ કરે છે? સમજે તો પુત્રની વર્ષગાંઠ ઊજવી કયારે કહેવાય કે કોઇના આત્માને શાંતિ પમાડીએ! વિચાર કર કે તારો પુત્ર માંદો થાય તો તને કેવું દુઃખ થાય. તેમ તેના માટે માન! એને કેટલો આનંદ થયો! આમ? દિવસો વિતવા લાગ્યા. પાછો ફરીને એક દિવસ એવો પ્રસંગ ઊભો થયો કે ડૉકટરને માથું દુઃખતું હતું. રાત્રે મેડી ઉપર સૂતા હતા. પત્ની નીચે બારણા બંધ કરવા આવી ત્યાં એક ગરીબ ચીંથરેહાલ માણસ આવીને કહે છેઃ ડૉકટર સાહેબ છે? જલદી બોલાવો મારો પરણેલો દીકરો બીમાર પડયો છે. છ મહિના પરણ્યા થયા છે. બીજા ડૉકટરોએ હાથ બંબેરી નાંખ્યા છે. સાહેબના ઉપર મને શ્રદ્ધા છે. બાઇ કહે છે ડૉકટર બહાર ગામ ગયા છે. પેલો માણસ કાળા પાણીએ રડતો ઘેર જાય છે ને સરનામું આપતો જાય છે. પત્ની સૂઈ ગઈ. રાત્રે બાર વાગ્યા ને ઉંકારા સાંભળ્યા. પત્ની ઊઠીને જુએ તો બાબાને બેબી બંનેના શરીર તાવથી ધીખતા હતા. પત્ની ડૉકટરને કહે છે. જલદી ઊઠો. બાબા ને બેબી બંનેને સખત તાવ ચઢયો છે. ડૉકટર ઊઠયા, ટીટમેન્ટ શરૂ કરી. પોતા મૂકયાં, ઘણાં ઇલાજ કર્યા. પરોઢિયાના ચાર વાગ્યા પણ બેમાંથી એકનેય તાવ નોર્મલ થતો નથી. ડૉકટર મૂંઝાયા. પત્નીને કહે છે હું મારા મિત્ર અશોકને બોલાવું. પત્ની કહે છે તમે અશોકને બોલાવો કે ગમે તેમ કરો પણ બાળકોને તાવ નહિ ઊતરે તમે જલદી હાથમાં બેગ લો. ડૉકટર કહે છે કેમ? બેગ લઇને કયાં જાઉં? તો કહે સ્વામીનાથ! મેં ભયંકર ભૂલ કરી છે. મને મારી ભૂલનું ફળ મળી ગયું છે. રાત્રે હું હું ઉપર આવી

ત્યારે એક ગરીબ માણસ આવેલો ખૂબ કરગરતો હતો. તેનો એકનો એક દીકરો સિરિયસ થઇ ગયો છે. બીજા ડોકટરોએ હાથ ખંખેરી નાંખ્યા છે. આપના ઉપર એનો આધાર છે. પણ મેં કહ્યું : ડોકટર બહારગામ ગયા છે એટલે નિરાશ થઇને તે પાછો ગયો છે. તમે જલદી જાવ. ડોકટર કહે તું શું બોલે છે ? બાબાને બેબીની તબિયત આટલી ખરાબ મુકીને કેવી રીતે જાઉં ? પત્ની કહે છે. એ સારું થઇ જશે. તમે જાવ. ડોકટર વિચારે છે કે જરૂર તેના પરિણામ બદલાયા છે. પત્ની મને આવા સમયે પણ મોકલે છે. બેગ લઇને બહાર નીકળ્યા ત્યાં પેલો માણસ સામો મળ્યો સાહેબ ! આવી ગયા. સારું થયું. જલદી ચાલો, ડોકટર ગયા છોકરાને ઇંજેકશન આપ્યું. ટીટ્રમેન્ટ આપતાં વળતા ભાવ થયા. અડધો દિવસ રોકાયા. બરાબર સારું થયું પછી ઘેર આવ્યા અને જોયું તો બંને બાળકોને તાવ ઊતરી ગયો ને રમતા જોયા.

બંધુઓ ! ડોકટરની કેટલી માનવતા કહેવાય ! કેવી અમીરી હતી ! એની પત્નીની આંખ ખુલી ગઇ. દુઃખી પ્રત્યે કેવો કરુણાભાવ અને ગુણાનુરાગ !

તમારી પાસે જે શક્તિ હોય તેનાથી પરદુઃખભંજન બનજો. તમને સુખ ગમે છે તેવું દુનિયાના દરેક જીવોને ગમે છે. વાદળા સમુદ્રના ખારા પાણીને વરાળરૂપે ગ્રહણ કરે છે અને મીઠું પાણી આપે છે. વૃક્ષને કાપે તો પણ મીઠાં ફળ આપે છે. અગરબત્તી બળીને સુવાસ આપે છે. દીપક જલીને બીજાને પ્રકાશ આપે છે તેમ તમે પણ પરદુઃખભંજન બનો. ગુણાનુરાગી બનજો. આજથી ચાતુર્માસની શરૂઆત થઈ ગઈ છે. બને તેટલો કષાયો ઉપર વિજય મેળવજો. કષાય એ સળગતો દાવાનળ છે. જેમ બાળક ભૂલથી પોઈઝન પી જાય તો તરત ડોકટર પાસે જઇને કઢાવો છો. તેમ કષાયો પણ એક પ્રકારનું પોઈઝન છે. માનવના અનેક ગુણોની હાનિ કરનાર છે. માટે કષાય ઉપર સંપૂર્ણ વિજય મેળવજો. બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા, રાત્રિભોજનનો ત્યાગ, કંદમૂળ, વ્યસન આદિનો ત્યાગ કરજો. આત્માના નાણાં કમાવાની મોસમ છે. પ્રમાદનો ત્યાગ કરીને આત્માના નાણાં કમાઇ લેશો. પાપથી પાછા હઠજો તો કર્મથી છૂટકારો થશે અને ચાતુર્માસ સફળ થશે. સમય થઇ ગયો છે વધુ ભાવ અવસરે.

☆

વ્યાખ્યાન નં. ૬

"ધર્મકરણીમાં અપ્રમતભાવ"

અષાઢ વદ ૧ ને રવિવાર **તા૦ ૧૫-૭-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓને બહેનો !

અનંત કરૂણા સાગર ભગવંતની જે વાણી તેનું નામ સિદ્ધાંત પ્રભુની વાણી આપણા માનવ જીવનનું ઉત્થાન કરનારી છે. એ વાણીનો એક શબ્દ પણ સમજણપૂર્વક આપણી શ્રદ્ધામાં ઉતરી જાય તો ઉદ્ધાર થઇ જાય ચંડકોશીક જેવો ભયંકર નાગ પણ પ્રભુના એક વચને સમજી ગયો. પ્રભુએ એટલું જ કહ્યું કેઃ-

વેરથી વેર શમેના જગમાં, પ્રેમથી પ્રેમ વધે જીવનમાં,
કંઇક સમજ તું, કંઇક સમજતું કહે કરૂણા, આણી-મહા

હે ચંડકોશીક કંઇક સમજ વૈરથી વેર કદી શમતું નથી. વૈરની સામે પ્રેમનું પાણી હશે તો વૈરનો દાવાનળ ઠરી જશે. પ્રભુની વાણીના આટલા શબ્દો પુંફાડા મારતા ભયંકર ઝેરી નાગને માટે બસ થઇ ગયા. આજનો માનવી એમ બોલે છે કે શઠની સામે શઠ થવું જોઈએ. જો આપણે કંઇ ન બોલીએ તો દુનિયા આપણને મૂર્ખ બનાવી જાય ત્યાં આપણું બળને બુધ્ધિ બતાવીએ નહિ તો આપણી કિંમત નહિ. ભાઇ ! પણ બુદ્ધિનો દુરૂપયોગ કરવામાં કિંમત નથી. ભગવાન મહાવીર સ્વામીનું કેટલું બળ હતું. કે જેમનો જન્મ થયા પછી દેવો મેરૂ પર્વત ઉપર સ્નાન કરાવવા લઇ ગયા ત્યારે ઇન્દ્રને વિચાર થયો કે ૧૦૮ ઘડા પાણી આ પુલ જેવું બાળક કેમ સહન કરી શકશે ! મુંઝાઇ જશે. ભગવાનને અવધિજ્ઞાનથી ખબર પડી કે ઇન્દ્રને શંકા થઇ છે. તરત પ્રભુએ પોતાનો અંગુઠો સહેજ હલાવ્યો ત્યાં આખો મેરૂ પર્વત ડોલાયમાન થઇ ગયો. બીજી તરફ ભકતામર સ્તોત્રમાં માનતુંગાચાર્ય, પ્રભુની સ્તુતિ કરતાં કહે છેઃ-

चित्रं किमत्र यदि ते त्रिदशाङ्गनाभि ।
नीतं मनागपि मनो न विकारमार्गम् ।
कल्पान्त काल मरुता चलिताचलेन् ।
किं मन्दराद्रि शिखरं चलितं कदाचित ।

ભકતા મર સ્તોત્ર શ્લોક-૧૫

જેમ કલ્પાંત કાલનો પવન ભયંકર વાય તો પણ મેરૂ પર્વતના એક નાનકડા શિખરને પણ ચલાયમાન કરી શકે તેમ નથી. જે વાવાઝોડા નદીઓના બહેણ બદલાવી નાંખે, મોટા જબ્બર વૃક્ષોને ઉખેડીને ફેંકી દે. મોટી જબ્બર ઇમારતોને ફગાવી દે. પણ

મેરૂ પર્વતની એક કાંકરીને હલાવી શકે નહિ. એવા મેરૂ પર્વતને પ્રભુએ એક અંગુઠે ડોલાવી નાંખ્યો. એનું બળ કેટલું હશે ? એમણે બળનો ઉપયોગ કર્મશત્રુઓનો સામનો કરવામાં કર્યો. ઉપસર્ગોના પહાડ તૂટી પડ્યા તો પણ ઉપસર્ગ આપનાર પ્રત્યે સહેજ પણ દ્વેષ નહિ. આજનો માનવી શક્તિનો ઉપયોગ કયાં કરી રહ્યો છે ? બીજાને કચડી નાંખવામાં. બીજાનું સુખ લૂંટી લેવામાં કરે છે. શેઠ પોતાના પૈસાની ખુમારીમાં નોકરને દબાવે છે. નોકર શેઠને દબાવે ને કહે કે તમારા બે નંબરના ચોપડા ખુલ્લા કરી દઈશ. તેથી શેઠ ગભરાઇ જાય. બે નંબરના કાળા નાણાં ભેગા કર્યા ત્યારે આ દુઃખ આવ્યું ને? આટલા માટે શાંતિના સ્થાપક પ્રભુ કહે છે કે અતિ લોભ એ પાપ અને અશાંતિનું મૂળ છે. ઉપાશ્રયમાં આવીને બેસે પણ મનુભાઇ તો કયાંય માલ લેવા ઉપડી ગયા હોય. મન શુદ્ધ ન હોય તો ધર્મનું બીજ કયાંથી ઉગી શકે? ધર્મ કોના હૃદયમાં ટકી શકે છે?

सोही उज्जुयभूयस्स धम्मोसुध्धस्स चिट्ठइ ।
निव्वाणं परमं जाइ घयंसित्तिव्वपावए ।।

ઉત્ત–સૂ. અ–૩ ગાથા ૧૨

જેનું હૃદય વિશુદ્ધ છે, પવિત્ર છે તેના હૃદયમાં ધર્મના બીજ વવાય છે. અને તે આત્મા નિર્વાણ મેળવી શકે છે. ઘી સીંચેલા અગ્નિની જેમ તેનું હૃદય પવિત્ર બને છે. માટે જીવનમાં સરળતા, પવિત્રતા ને કોમળતા લાવવાની ખાસ જરૂર છે. જીવભદ્રિક-બનશે ત્યારે સમ્યક્‌ત્વદેવની તેના અંતરમાં પુનિત પધરામણી થશે. સમકિત વિના સંસારનો અંત નથી. સમ્યક્‌ત્વ આવ્યું એટલે અર્ધપુદ્ગલ પરાવર્તને મોક્ષનું સર્ટિફિકેટ મળી ગયું. ગોશાલકે કેટલું પાપ કર્યું હતું. ખુદ ભગવાન મહાવીરસ્વામી ઉપર તેજુલેશ્યા છોડી, બે પવિત્ર સંતોને બાળીને ભસ્મ કરી દીધા. આવું પાપ કરનાર હોવા છતાં તેના મરણની બે ઘડી બાકી રહી ત્યારે અંતરમાં પશ્ચાતાપની ભઠ્ઠી સળગી. પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો: નાથ! તું પારસ સમ મને મળ્યો પણ મારું હૃદય આરસ ન બન્યું. હંસસમાન એવા સંગમાં હું રહ્યો છતાં મારો કાગડા જેવો સ્વભાવ ન છોડયો. ટૂંકમાં ગોશાલકને એટલો પશ્ચાતાપ થયો કે: હે પ્રભુ! તારા સંગમાં રહીને મેં તો પાપ કર્યું. તારી હિત શીખામણ મેં ઉરમાં ન ધરી. પ્રભુ મારું શું થશે? હૃદયપૂર્વક અંતરનો પશ્ચાતાપ ઉપડયો. પોતાના શ્રાવકો પાસે સત્ય વાત કરી દીધી કે હું જિન નથી, કેવળી નથી. અરિહંત નથી, હું પાપી છું. આ માન છોડવું સહેલ છે! અંતિમ સમયે માન છોડી દીધું. સરળ બની ગયો તો તેના અંતરમાં સમ્યક્‌ત્વનું બીજ ઉગ્યું. આવો પાપી હોવા છતાં મોક્ષમાં જવાનું સર્ટિફિકેટ મેળવી ગયો.

આપણે મોક્ષપ્રાપ્તિના ચાર ઉપાયની વાત ચાલે છે. પ્રથમ છે: વિષયોનો વિરાગ

(૨) કષાયોનો ત્યાગ (૩) ગુણાનુરાગ. દોષ દેખો તો પોતાના દેખજો ને ગુણ દેખો તો બીજાના દેખજો. માથાનો કાપનાર દુશ્મન હોય પણ તેનામાં કયો ગુણ છે તે જોજો. અનાદિકાળથી જીવને ભટકવાપણું હોય તો તેનું કારણ સ્વદોષને છુપાવવા અને બીજાના દોષને ખુલ્લા કરવા. એ જ જીવે કર્યું છે. આપણા મોટા મોટા પહાડ જેવા દોષો આપણને દેખાતા નથી પણ કોઇનો રાઇ જેટલો દોષ આપણને પહાડ જેવો દેખાય છે. આપણે કોઇનું ઘણું અપમાન કરી નાંખીએ તો આપણે મન કાંઈ નહિ અને આપણું સહેજ અપમાન કરી નાંખે તો મનમાં ખટકે છે. પણ વિચાર કરજો, નરક અને તિર્યંચમાં કેવા અપમાન સહન કર્યા! વનસ્પતિમાં ગયો ત્યાં ભાજીપાલો બનીને ટકે શેરના ભાવમાં વેચાયો, કપાયો, છેદાયો ને શેકાયો ત્યાં અપમાન સાલ્યું? અહીં બધા તાગડધીન્ના છે. બળદના ભવમાં મોઢે શીકલી બાંધી ઘઉંના બળામાં ઉભો રહ્યો પણ એક કણ ખાવા ન મળ્યો. તમે ગઇ કાલે પાખીના ઉપવાસ, પૌષધ, આયંબીલ કર્યા તો સૌ તમને શાતા પૂછવા લાગ્યા પણ એ પશુઓને અને નિરાધાર માણસો ત્રણ ત્રણ દિવસના ભૂખ્યા હશે તેમને કોઇ શાતા પૂછે છે? તપનું કેટલું મહત્ત્વ છે? સમજણપૂર્વક એક નવકારશી તપ કરે તો સો વરસના નરકના દુઃખ નિવારે છે. તો ચાતુર્માસના દિવસોમાં બને તેટલા વધુ તપ કરવા. વૈષ્ણવો પણ ચાતુર્માસમાં યથાશકિત તપ કરે છે. તમે વધુ ન કરી શકો તો રાત્રિ ભોજનનો ત્યાગ, સવારે નવકારશી–આટલું તો અવશ્ય કરજો. બીજાને તપ કરતાં જોઇ હું કયારે આવો તપ કરું! બીજાના ગુણ જોઇને ગુણ ગ્રહણ કરવાની દૃષ્ટિ રાખજો.

ચોથો બોલ છે: ધર્મકરણીમાં અપ્રમત ભાવ માનવ. વિચાર કરે, કે આજે નહિ કાલે ઉપાશ્રયે જઇશું. સાસુ વિચાર કરે, કે દીકરાને પરણાવી લઉં–વહુ આવશે પછી નિરાંતે ધર્મધ્યાન કરીશ. પણ પછી શારીરિક શકિત નબળી પડી ગઈ તો કેવી રીતે તપ કરી શકવાના છો? માટે ભગવાન કહે છે: જ્યારે ધર્મક્રિયા કરવાનું મન થાય ત્યારે વેગથી કરી લેજો અને પાપના કાર્યમાં પ્રમાદ કરજો. ને ધર્મમાં અપ્રમત ભાવ લાવજો. આપણું શરીર રોગોનું ઘર છે. જ્યાં સુધી બહાર નથી આવ્યા ત્યાં સુધી સારા છે. મહાન પુરૂષો તો રોગમાં પણ કામ કાઢી ગયા છે.

ઉત્તરાધ્યયન સૂત્રના વીસમા અધ્યયનમાં અનાથી મુનિનો અધિકાર છે. એ અનાથી મુનિને રોગ આવ્યો, ઘણાં ઉપચાર કર્યા પણ રોગ ન મટયો. છેવટે સંયમ લેવાનો સંકલ્પ કર્યો અને એક રાત્રીમાં રોગ મટી ગયો ને તેઓ સંયમ પંથે ચાલ્યા ગયા. ચારિત્રવાન આત્મામાં કેટલી તાકાત છે! અનાથી મુનિ વિચરતા વિચરતા રાજગૃહી નગરીની બહાર શ્રેણીક રાજાના મંડીકુક્ષ નામના બગીચામાં પધાર્યા. શ્રેણીક રાજા બગીચામાં ક્રીડા કરવા માટે ગયા. તેઓ ઘણીવાર મંડીકુક્ષ ઉદ્યાનમાં આવ્યા હતા પણ આજે તેનું વાતાવરણ કંઇ જુદું જ લાગ્યું. કોઇ અપૂર્વ શાંતિનો અનુભવ થયો. એ મહાન પુરૂષના પવિત્ર

પરમાણુઓ જ્યાં જ્યાં વિખરાય છે, ત્યાંનું વાતાવરણ પવિત્ર બની જાય છે. મહારાજા વિચાર કરે છે કે આજે કંઇક જુદો આનંદ અનુભવું છું, આનું કારણ શું ? બગીચામાં ફરતા ફરતા એક વૃક્ષ નીચે ઉભેલા મુનિ ઉપર તેમની નજર ગઇ. એણે કદી જૈન મુનિ જોયા ન હતા. આ સંતને જોઈ મનમાં થયું, નક્કી આ પવિત્ર પુરૂષની પધરામણી થવાથી મારા બગીચાનું વાતાવરણ અનોખું લાગે છે, શું તાકાત છે આ પુરુષમાં ! તરત ઘોડા પરથી નીચે ઊતરી ગયા ને બે હાથ જોડી ઉભા રહ્યા : આ મહાત્મા કોણ હશે ? કેવું એનું ભવ્ય લલાટ છે ! એના મુખમાંથી શબ્દો સરી પડ્યા.

अहो वण्णो अहो रुवं अहो अज्जस्स सोमया
अहो खन्ती अहो मुत्ती अहो भोगे असंजया

ઉત્ત. સુ. અ. ૨. ગાથા ૬

શું આ પુરુષનો વર્ણ છે ! શું તેનું આશ્ચર્ય પમાડે તેવું રૂપ છે અને તેની કેવી સૌમ્યતા છે ! કેવી ક્ષમા ને નિર્લોભતા છે. ભોગો પ્રત્યેનો કેવો વિરાગ ભાવ છે ! દેવાનુપ્રિયો ! ચારિત્રનું તેજ કોઇ અલૌકિક હોય છે. આજનો માનવ આ શરીરની શોભા માટે ઊંચા પ્રકારના સાબુથી સ્નાન કરે છે. પફ પાવડર ને સ્નો લગાડે છે અને આ શરીરનો શૉ વધારે છે. સાધુથી સ્નાન ન થાય છતાં તમારા કરતાં તેમનું શરીર કેટલું સ્વચ્છ રહે છે ? સ્નાન કેવું કહ્યું છે તે તમે જાણો છો ?

धम्मे हरए बम्भे सन्तितित्थे, अणाविलेअत्तपसन्नलेसे
जहिं सिणाओ विमलो विसुध्धो, सूसीइभूओ पजहामि दोसं

ઉત્ત. સુ. અ. ૧૨ ગાથા ૪૬

અકલુષિત આત્માને પ્રસન્ન કરવાવાળો શુભ લેશ્યારૂપ ધર્મ, જલાશય અને બ્રહ્મચર્યરૂપ શાંતિતીર્થ છે. તેમાં સાધુ સ્નાન કરીને પવિત્ર અને શીતળ બને છે અને પાપ રૂપી મેલને દૂર કરે છે. સાધુ વૃદ્ધ હોય, રોગી હોય ને તપસ્વી હોય તે ગૌચરી જાય ત્યારે થાકી જાય તો ગૃહસ્થની આજ્ઞા લઇને વિસામો ખાવા આ ત્રણ કારણે ગૃહસ્થીને ઘેર બેસવાની ભગવાને છૂટ આપી છે. પણ ગમે તેવો રોગ થયો હોય તો પણ સ્નાન કરવાની ભગવાને છૂટ આપી નથી. સાધુના ચારિત્રની જેટલી વિશુદ્ધિ થાય તેટલો આત્મા વિશુદ્ધ બને. એના શરીરના પરમાણુઓ નિર્મળ બને અને લબ્ધિઓ પેદા થાય છે. એના ફેંકી દેવાના અશુચીમય પુદ્ગલો ઔષધિરૂપ બની જાય છે. રોગીના રોગ ગયા છે. આ ચારિત્રનો પ્રભાવ છે.

શ્રેણીક રાજા બોલે છે : અહો હે મુનિરાજ ! શું તારું રૂપ છે ? બીજી તરફ વિચાર થાય છે કે શ્રેણીક રાજાનું રૂપ જોઇને દેવલોકની દેવાંગનાઓ પણ મોહ પામતી હતી. આવા સ્વરૂપવાન શ્રેણીક રાજા મુનિનું રૂપ જોઈ આશ્ચર્ય પામી ગયા. તો મુનિનું રૂપ

કેવું હશે ? અત્તરની ભરેલી બાટલી હોય ને અત્તરની ખાલી બાટલી હોય, બંને અત્તરની બાટલી તો કહેવાય–પણ ખાલી ને ભરેલીમાં ફેર છે. તેમ શ્રેણીક રાજાનું રૂપ ખાલી બાટલી જેવું હતું ને અનાથી મુનિનું રૂપ ભરેલી બાટલી જેવું હતું. મુનિના શુદ્ધ બ્રહ્મચર્યના તેજથી તેમનું રૂપ ચામડીને ભેદીને અંગારા મારી રહ્યું હતું. જ્યારે શ્રેણીકમાં બાહ્ય સૌન્દર્ય હતું. એ મુનિના રૂપ આગળ ફિક્કું લાગતું હતું. માનવભવની મહત્તા તપ–ત્યાગથી છે. આત્માર્થી માણસ સમયને ઓળખીને તપ–ત્યાગથી જીવનને દીપાવી દે.

શ્રેણીક રાજા બોલે છે હે મુનિ! તારી ક્ષમાને નિર્લોભતા જોઈને મારું હૃદય હચમચી જાય છે. મુનિરાજને વંદન કરીને બે હાથ જોડી પૂછે છે: હે મહારાજ! આપને શું દુઃખ હતું કે, આવી ભરયુવાનીમાં સંયમ લીધો? સમય જોઈને મુનિએ ઉત્તર આપ્યો. પ્રશ્ન પૂછનાર ચતુર અને ઉત્તર આપનાર પણ ચતુર હતા. મુનિ કહે છે:

अणाहोमि महाराय, नाहोमज्झ न विज्जइ ।
अणुकम्पगं सुहिवावि, कंचि नाभिसमेमहं ।।

ઉત્ત–સૂ–અ–૨૦, ગાથા ૯

હે રાજન! હું અનાથ છું. મારો કોઇ નાથ નથી માટે મેં દીક્ષા લીધી. ત્યારે શ્રેણીક રાજાને આશ્ચર્ય થયું; આવા તેજસ્વી પુરૂષ અનાથ હોય તેમ કદી બને નહિ. શ્રેણીક રાજા કહે છે:

होमि नाहोभयत्ताणं भोगे भुंजाहि संजया ।
मित्तनाइ परिवुडो माणुस्संखु दुल्लहं ।।

ઉત્ત–સૂ–અ–૨૦, ગાથા ૧૧

હે મુનિરાજ! જો આપનો કોઇ નાથ ન હોય તો હું તમારો નાથ બનું. આપને ગમે તેવી કન્યા પરણાવું. સુંદર મહેલ આપું. હેમ–હીરા ને માણેકથી તિજોરી ભરી દઉં ને મારું અડધું રાજ્ય આપી દઉં. મારા રાજ્યમાં આવીને ઇચ્છિત સુખ ભોગવો. ત્યારે સંત કહે છે:—

अप्पणावि अणाहोसि सेणिया मगहाहिवा ।
अप्पणा अणाहोसन्तो कहं नाहो भविस्सति ।।

ઉત્ત–સૂ–અ–ગાથા ૧૨

હે મગધ દેશના અધિપતિ! શ્રેણીક રાજા, તમે પોતે અનાથ છો તો મારા નાથ કેવી રીતે બનશો? ત્યાં વળી શ્રેણીક રાજા વધુ આશ્ચર્યમાં પડી ગયા, કે અહો! આ મને કહે છે તું અનાથ છે. મને ન ઓળખતા હોય તો જુદી વાત. પણ મને કહે છે કે મગધદેશના માલિક! અને પાછા કહે છે તું અનાથ છે. શ્રેણીક કહે છે: મુનિરાજ! આપની ભૂલ થાય છે. માટુ મંતે મુસં વए આપ રખે ખોટું બોલતા હો. મુનિ કહે છે: હું

જૂઠું નથી બોલતો. પણ તું જેને અનાથ માને છે તેવો હું અનાથ નથી. હું છ કારણે અનાથ હતો. મારા શરીરમાં ભયંકર રોગ ઉત્પન્ન થયો ત્યારે તે રોગ મટાડવા માટે મારા માતા-પિતા-ભાઇ-બહેનો, રાજવૈદ્યો કે મારી પત્ની કોઇ મને મટાડવા સમર્થ બન્યું નહિ. આ કંચન જેવી કાયા કયારે ઢગો ઢઇ દે છે તેની ખબર નથી. આજે અહીં બેઠા છો ને કાલે શરીરમાં રોગ નહિ આવે તેની ખાત્રી છે?

જ્ઞાની કહે છે કાલનો ભરોસો ના કર. પાણી પહેલા પાળ બાંધી લો. જીવનની જેટલી પળો ગઇ તે ભલે ગઇ. પણ હવે જે બાકી છે તેમાં કંઇક કરી લો, એક કવિ કહે છે, કેઃ-

એક પળ ગઇ તો ભલે ગઇ પણ બીજી સુધારી લેજો,
બીજી પળમાં શું કરવું તે આજે વિચારી લેજો.

હવે જેટલી જિંદગી બાકી છે તેમાં શું કરવું, તેનો વિચાર કરજો. આત્મદેવ જાગૃત બનશે તો કર્મના ભૂકકા બોલાવી દેશે. એ સમજશે કે સંસારનું બધું કાર્ય નિયમિત થાય છે તો ધર્મના કાર્યમાં શા માટે પ્રમાદ કરું? ગમે તેવું કામ હોય છે ગમે તેવો મોટો સુબો મળવા આવવાનો હશે તો પણ દૃઢધર્મી જાગૃત આત્મા કહી દેશે કે મારે વ્યાખ્યાનમાં જવાનો સમય છે. આ સમયે હું તમને નહિ મળી શકું. માફ કરજો. બીજા ગમે તે ટાઈમે આવજો પણ મારો ધર્મ નહિ છોડું. આવું સમજીને પ્રમાદ છોડો.

ધર્મક્રિયામાં અપ્રમતભાવ એ મોક્ષપ્રાપ્તિનો ચોથો ઉપાય છે. જેટલો પ્રમાદ તેટલું પતન છે અને જાગૃતિ એટલું જીવન છે. જે પ્રમાદમાં પડે છે તેનું આત્મિક ધન લૂંટાઈ જાય છે અને જે સજાગ રહે છે. તેનું ધન સુરક્ષિત રહે છે. સાધુ છઠ્ઠા ને સાતમાં ગુણસ્થાનકે ઝુલતા હોય. શાસ્ત્રમાં વાત આવે છે કે દેવો સાધુને હરણ કરીને લઈ જાય છે તો એ કેવા સાધુનું હરણ કરે છે? છઠ્ઠા પ્રમત સંયતિ ગુણસ્થાનકે વર્તનારા સાધુનું દેવો હરણ કરી શકે છે. પણ સાતમા અપ્રમત ગુણસ્થાનકે વર્તનારા સાધુનું હરણ કરી શકતા નથી. માટે બને તેટલો પ્રમાદ ઓછો કરી ધર્મની આરાધના કરશે તે જીવ મોક્ષના સુખ જલદી પામશે. અનાથી મુનિના ભેટાથી શ્રેણીક રાજાને ભાન થઇ ગયું કે સાચી સનાથતા કોને કહેવાય? તેમ આપણને પણ ભાન થાય તે ભાવના સહિત વિરમું છું.

☆

વ્યાખ્યાન નં. ૭

"દેવ–ગુરુ ધર્મપ્રત્યે સમર્પણ ભાવ"

અષાડ વદ ૨ ને સોમવાર **તા. ૧૬–૭–૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

સર્વજ્ઞ ભગવંતે કેવળ જ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યા બાદ જગતના સર્વ પર્યાયોને હસ્તરેખાની માફક સ્પષ્ટ જોયા. અનાદિકાળથી ચતુર્ગતિ સંસારમાં ભમતા જીવો તરફ એક કરૂણાભરી દૃષ્ટિ ફેંકી અને તેમના દુઃખો દૂર કરવા માટે આગમ વાણી પ્રકાશી. ભગવંતના મુખમાંથી નીકળેલી વાણી ગણધર ભગવંતોએ ઝીલી. ગણધર ભગવંતો પાસેથી આચાર્યોએ ઝીલી અને તેનું પ્રકાશન કર્યું. આગમ એ આત્માને જોવાનો અરીસો છે. જેમ દેહને જોવા માટે માનવી રૂમે રૂમે અરીસો રાખે છે. આ અરીસો ચામડાને બતાવે છે પણ આત્માને બતાવતો નથી. ભગવંત કહે છે કે, હે ચેતન ! તું ચામડાનો પૂજારી ન બન. આત્માનો પૂજારી બન. આ દેહરૂપી દેવળમાં ચેતનદેવ બેઠો છે ત્યાં સુધી તેની કિંમત છે. બારદાનની કિંમત માલથી થાય છે. માલ વિનાના બારદાનની જેમ કિંમત નથી તેમ આત્મા વિનાના દેહની કિંમત નથી અને ઉત્તમમાં ઉત્તમ કોઇ જન્મ હોય તો તે માનવ જન્મ છે.

માનવ જીવનમાં મોક્ષની આરાધના થઇ શકે છે. એટલા માટે જ્ઞાની કહે છે કે વીતરાગ શાસન પામેલો આત્મા મોક્ષની આરાધના સિવાય બીજી સંસારની કોઇ વસ્તુની ઇચ્છા ન કરે. એના મનમાં એવો તલસાટ જાગે કે અનંતકાળથી મારો આત્મા કર્મના કારણે ચતુર્ગતિ સંસારમાં ભમીને વિવિધ પ્રકારના દુઃખો વેઠી રહ્યો છે. હવે ક્યારે આમાંથી મુક્તિ મેળવું ? જન્મ મરણનો અંત લાવવા માટે આપણે દેવ–ગુરુને ધર્મની આરાધના કરવાની છે. જિનેશ્વર ભગવંતો મોક્ષ બતાવનારા છે. પણ એ માર્ગની અને માર્ગ બતાવનારની કિંમત કોને હોય ? જેને એમ લાગે કે હું ભવમાં ભૂલો પડ્યો છું. અનાદિકાળથી હેરાન થઇ ગયો છું. એમ લાગે, ભવ પ્રત્યે નિર્વેદ જાગે તેને, જીવને જ્યારે એમ લાગે છે કે હું આ ભયાનક ભવાટવીમાં અનાદિકાળથી ભૂલો પડ્યો છું. હવે રસ્તો મળતો નથી. ભુખ-તરસ-દુઃખ વેઠીને હેરાન થઇ ગયો છું. થાકી ગયો છું. હવે રસ્તો બતાવનાર મળી જાય તો એનો મહાન ઉપકાર માનું. દેવાનુપ્રિયો ! તમારા મહાન સદ્ભાગ્યે ને પુણ્યોદયે મોક્ષ તો છે પણ મોક્ષમાર્ગના બતાવનારા સદ્ગુરૂઓ મળ્યા ને મોક્ષમાં જવાના સાધનો મળ્યા. તેનો તમને આનંદ થાય છે? 'ના' તમને તો લક્ષ્મી મળે તો આનંદ થાય ને ? મને આવા સદ્ગુરુ ને જૈનધર્મ ન મળ્યો હોત તો મારું શું થાત ? કદી એવો ઘટકારો થાય છે ? ભગવાન મહાવીર સ્વામી ચરમ શરીરી હતા. તે જ

ભવમાં મોક્ષે જવાના હતા છતાં મોક્ષને માટે કેટલો તલસાટ હતો?

જેણે મમતા મારી, વળી સમતાધારી, પ્રભુ મારા. ગાઉં નિત્ય હું ગુણ તમારા–
જેના રોમે રોમે અનુકંપા, આત્મ ઉદ્ધાર માટે અજંપા, એવા વીરના ચરણે,
પ્રભુ તારા શરણે પ્રભુ પ્યારા.....ગાઉં નિત્ય.....

પ્રભુને રાત–દિવસ અજંપો હતો, કે કયારે કર્મના કર્જમાંથી મુક્ત થાઉં! મારા માથે કર્મના દેણા પડયા હોય ત્યાં સુધી હું સુખે સૂવાનો અધિકારી પણ નથી. ભગવાન સાડાબાર વર્ષ ને પંદર દિવસ છદ્મસ્થાવસ્થામાં રહ્યા તે દરમ્યાનમાં પ્રભુને જો પ્રમાદ આવ્યો હોય તો ફક્ત બે ઘડીનો પ્રમાદ આવ્યો છે. તદ્ભવે મોક્ષે જવાના હોવા છતાં આટલો તલસાટ, હજુ આપણને સર્ટિફિકેટ મળ્યું નથી કે અર્ધ–પુદ્ગલ પરાવર્તને મોક્ષે જઈશું. છતાં કેટલી શાંતિથી બેઠા છો.

આપણા પરમ તારક પ્રભુએ આપણને બત્રીસ આગમરૂપી બત્રીસ અરીસા આપ્યા છે. બત્રીસ આગમમાં પાંચમુ અંગ ભગવતી સૂત્ર; જેનું બીજું નામ વિવાહપ્રજ્ઞપ્તિ છે. એમાં તો ઘણા ગહન ભાવો ભરેલા છે. એ ભાવોને સમજવા માટે આત્માને કેવો પવિત્ર બનાવવો પડશે! સમકિતી આત્માને એ વાણીના અમૃત ઘૂંટડા પીતા ઓર મઝા આવે છે. સમકિતી આત્મા નિરંતર એવી ભાવના ભાવતો હોય કે હે પ્રભુ! તારા વચનામૃત અને તારી આજ્ઞાના પાલન સિવાય મને જગતના એક પણ પદાર્થમાં રુચિ નથી. તેને જગતના દુન્યવી પદાર્થો હેય લાગે. મોક્ષ-માર્ગની રુચિ ઊપડે ત્યારે સમજી લેજો કે હું સમકિત પામ્યો છું અથવા સમકિત પામવાને લાયક બન્યો છે.

આ જિન માર્ગમાં શ્રદ્ધા કરાવનાર સદ્ગુરુ છે. સદ્ગુરુ એ સ્ટીમર જેવા હોય છે. કોઈ માણસ દરિયામાં ડૂબી જવાની અણી ઉપર હોય તે વખતે કોઈ હોડીવાળો આવીને તેને ઊંચકી લે, તેને બચાવી લે તો કેટલો આનંદ આવે! સમદ્રમાં ડૂબી જતાને બચાવનાર ખલાસીનો તમે કેટલો ઉપકાર માનો છો! એ તો એક વખતનું મૃત્યુ હતું. પણ ભવ સમુદ્રમાં વારંવાર ડૂબતા જીવોને બચાવનાર સદ્ગુરુરૂપી સ્ટીમર મારા હાથમાં આવી ગઈ. હવે એ સ્ટીમરને નહિ છોડું. બસ, એમના શરણે જઈ ભવ સમુદ્ર તરી જાઉં એવો ભાવ તમને કદી આવે છે? આ જીવને રગેરગમાં જ્યારે ધર્મનો રંગ લાગે, સદ્ગુરુ વહાલા લાગે, સંસારના એક પણ કાર્યમાં રુચિ ન લાગે ત્યારે સમજજો કે મારું જીવન હવે આત્મલક્ષી બન્યું છે. આ જીવને સંસારમાં રુલાવનાર પાંચ કારણો છે. મિથ્યાત્વ–અવ્રત–પ્રમાદ–કષાય અને અશુભયોગ. સમકિત પામ્યા પછી સંસાર લિમિટમાં આવી જાય. મિથ્યાત્વ ટળી જાય. પણ બીજા ચાર પાયા તો ઊભેલા છે. તેને તોડવાનો જબ્બર પુરુષાર્થ કરે. સમ્યગ્ દૃષ્ટિ આત્માની દશા કેવી હોય છે. "मोक्षेचित्तं भवेतनु" એનું શરીર સંસારમાં હોય ને એનું મન મોક્ષ અને મોક્ષસાધક ક્રિયામાં રમતું હોય છે.

વિવેકીને સમકિત આત્માને કદાચ ચારિત્ર-મોહનીયના ઉદયે સંસારમાં રહેવું પડે તો રહે ખરા પણ તેમાં રમે નહિ. સંસારિક સુખોનો લેશ માત્ર તેને ભાવ ન હોય. ભાવ હોય એક મોક્ષસાધક ધર્મનો જો. મને આ સંસારમાં સાચું સુખ અપાવનાર કોઇ હોય તો મારા દેવ-ગુરુ ને ધર્મ છે. તેમની સેવાથી મને સુખ અને શાંતિ મળશે. કંચન-કામિની અને કીર્તિ મને ત્રણ કાળમાં સુખ આપનાર નથી. આજ સુધી અજ્ઞાનપણે મારી ભૂલના કારણે હું દુઃખના સાધનોને સુખના સાધન માની બેઠો હતો. પણ મને સદ્‌ગુરુનો સમાગમ થવાથી સમજાય છે કે કંચન-કામિની-કીર્તિ ને કુટુંબ એ દુઃખના સાધનો છે. અત્યાર સુધી દેવ-ગુરુ અને ધર્મનો રાગ ન કરવા દેનાર હોય, દેવ-ગુરુ ને ધર્મની નજીક આવતા રોકનાર હોય તો વિષયોનો રાગ છે. વિષયોના સંગે ચઢીને મારો આત્મા દુર્ગુણી બન્યો છે.

દેવાનુપ્રિયો ! આજે દુનિયામાં જે કંઇ મોહના સાધનોની વૃદ્ધિ થતી દેખાય છે તેનું મુખ્ય કારણ વિષયોનો રાગ છે. વિષયો ખરાબ છે એવું તમને લાગે છે ? બસ, તમને તો એમ લાગે છે કે દુનિયાના સારા સારા વિષયોના સાધનો મેળવવા ને તેને ભોગવવા. આ મેળવવાની ધૂનમાં અમૂલ્ય માનવજીવન વેડફી રહ્યા છો. પણ ખૂબ વિચાર કરજો. અંતે તો બધું મૂકીને જવાનું છે. ભૌતિક સંપત્તિ મેળવવામાં જે પાપો કર્યા તેનું પોટલું સાથે લઈ જવાનું છે. પાપનું પોટલું દુર્ગતિમાં લઈ જશે. ત્યાં મારું શું થશે ? આ પ્યારા પૈસા-બંગલા-મોટર-પત્ની-પુત્ર-પુત્રીઓનો ત્યાં મને વિયોગ પડશે, ત્યારે શું કરીશ? ભયંકર દુઃખો ભોગવવા પડશે. ત્યાં મને કોઇ છોડાવવા નહિ આવે. મારી અલ્પ જિંદગીમાં અર્થ, કામનો, પુરુષાર્થ કરવાને બદલે ધર્મનો પુરુષાર્થ કરવામાં આવે તો ભવિષ્યના અનંતોકાળ સુખમય બની જાય. એક વાત નક્કી સમજી લેજો કે "દુઃખં પાપાત્ સુખં ધર્માત્ ।" પાપ કરવાથી દુઃખ મળે છે ને ધર્મ કરવાથી સુખ મળે છે. પાપ કરનારને દુઃખ છોડતું નથી અને ધર્મ કરનારને સુખ છોડતું નથી. આ વાત તમે નક્કી સમજી લેજો. પાપનો ધંધો કર્યો તો દુઃખ તમારી પાછળ આવીને ઊભેલું છે. સમજી લેજો અને ધર્મ કરશો ને સુખને નહિ ઇચ્છો તો પણ સામેથી આવીને ઊભું રહેશે. એક વખત વિષયો પ્રત્યેનો વિરાગ આવી જાય તો પાપની જડ મૂળમાંથી ઊખડી જાય. મિથ્યાત્વ જાય એટલે સમ્યક્ત્વ આવે અને અવિરતીનો પાયો તૂટે તો વિરતિભાવ આવે. વૈરાગ્યવાસિત આત્મા ફળદ્રુપ ભૂમિ જેવો છે. ફળદ્રુપ જમીનમાં જે બીજ વવાય છે તે ઊગી નીકળે છે. તેમ વૈરાગ્યના પાણીથી ફળદ્રુપ બનેલી આત્મભૂમિમાં ધર્મનું બીજ રોપી શકાય છે અને અવશ્ય તે મોક્ષના મીઠા ફળ આપે છે. ત્યાગ-વૈરાગ્ય વિનાની આત્મભૂમિ ઉખર ભૂમિ છે. ઉખરભૂમિમાં વાવેલું ઊંચું બીજ નકામું જાય છે. માટે જીવનમાં વૈરાગ્યની ખૂબ જરૂર છે. તમારા મનમાં એક વાત ઠસી જવી જોઈએ, કે આ અમૂલ્ય માનવજીવનમાં મને પૈસા વિના, પત્ની વિના, ને પુત્ર-પરિવાર વિના ચાલશે પણ દેવ-ગુરુને ધર્મ વિના મારે

એક ક્ષણ પણ નહિ ચાલે. આવો ભાવ ઊપડયો તો સમજી લેજો કે મારો બેડો પાર છે. તમને તમારા ગુરુ પ્રત્યે કેવો સમર્પણ ભાવ હોવો જોઈએ! સાચો શ્રાવક શાસનનું હિત થતું હોય, ગુરુને શાતા ઊપજતી હોય તો તેવા કાર્યમાં પોતાના પ્રાણની પરવા ન કરે. અન્ય ધર્મોમાં પણ ગુરુ પ્રત્યે કેટલી ભક્તિ હોય છે!

એક વખતનો પ્રસંગ છે. શિવાજીના ગુરુ રામદાસ ખૂબ બિમાર થઈ ગયા. ભક્તોએ ઘણા ઇલાજ કર્યા પણ ગુરુનો રોગ મટતો નથી. શિવાજીને ખબર પડી કે મારા ગુરુ બિમાર છે. રાજ્યના હજારો કામ પડતા મૂકી દોડતો ગુરુ પાસે આવી ગયો. આત્માર્થી જીવો સમજે છે કે સંસારની ભક્તિ ભવસમુદ્રમાં ડૂબાડનાર છે અને ત્યાગીની ભક્તિ તારનાર છે. ભગવાન મહાવીર સ્વામી ઉપર ગોશાલકે તેજુલેશ્યા છોડી ત્યારે તેની ગરમીથી ભગવાનને લોહીના ઝાડા થઈ ગયા અને લોકો બોલવા લાગ્યા કે ભગવાન હવે જીવશે નહિ. તે વખતે ભગવાનના એક રોહા નામના નાના શિષ્ય પર્વત ઉપર ધ્યાન કરતા હતા તેમને ખબર પડી ત્યારે નાના બાળકની જેમ પોક મૂકીને રડવા લાગ્યા કે શું મારા પ્રભુ નહિ જીવે? આ છે ગુરુ પ્રત્યેની અનન્ય ભક્તિ. એ વાત લાંબી છે, અત્યારે આપણે અહીં લેવી નથી.

શિવાજી કહે છેઃ ગુરુદેવ! આપની શું આજ્ઞા છે? આપને કયું ઔષધ અનુકૂળ આવશે. ગુરુજી કહે છેઃ શિવા! મારા રોગની ઔષધિ તો છે પણ મેળવવી ખૂબ મુશ્કેલ છે. શિવાજી કહે છેઃ ગુરુદેવ! આ શિવાને આપના કરતાં શું વિશેષ છે? આપ સાજા હશો તો હજારો જીવોને ધર્મનો બોધ આપશો. જે તર્યા છે તે બીજાને તારી શકશે. ડૂબેલા શું કરશે? આપની ઔષધિ ગમે ત્યાંથી શોધી લાવીશ. આપની અસહ્ય પીડા મારાથી જોવાતી નથી. જલદી કહો. ગુરુ કહે છેઃ શિવા! વાઘણનું દૂધ મળે તો મારો રોગ જાય. ઘણાં ભક્તો ઊભા હતા પણ વાઘણના દૂધનું નામ સાંભળીને સૌ રવાના થવા લાગ્યા. કદાચ મને આજ્ઞા કરશે તો ભોગ મળી જશે એમ માનીને ચાલ્યા ગયા. સાચો શિષ્ય શિવાજી ઊભો રહ્યો. શિવાજીના હૈયામાં ગુરુભક્તિનું અજબ સ્થાન હતું. શ્રદ્ધા હતી કે ગુરુની ભક્તિ કરતાં કદી કષ્ટ પડતું નથી. શિવાજી ઊપડયા જંગલમાં, ગાઢ જંગલમાં ગયા પણ કયાંય વાઘણ જોવામાં ન આવી. ઘણું ફર્યા ત્યારે એક જગ્યાએ વાઘણના બે બચ્ચાં જોયા. ત્યાં એનું હૈયું હરખાયું. નક્કી જ્યાં બચ્ચાં છે ત્યાં એની મા અવશ્ય હશે. આમ તેમ દૃષ્ટિ કરે છે ત્યાં વાઘણ બહારથી આવીને સીધી એના બચ્ચા ઉપર તરાપ મારીને નખ બેસાડે છે. શિવાજી પણ સીધી વાઘણને પકડે છે. શિવાજી તો ગમે તેમ તોય બહાદુર હતો. એને ડર ન લાગ્યો. વાઘણને પકડીને પંપાળી, હાથ ફેરવીને કહે છે હે માતા! તારા ચરણે મારો દેહ અર્પણ કરી દઉં છું. મને થોડું દૂધ આપ. મારા ગુરુને

બિમારી માટે તારા દૂધના ઔષધની જરૂર છે. ગુરુને દૂધ આપીને પાછો આવું ત્યારે તું મને ખાઈ જજે. હું તને પગે લાગું છું. તું મને દૂધ આપ. વાઘણ જાણે માનવીની ભાષા સમજતી ન હોય તેમ શાંત થઈને ઊભી રહી. શિવાજીએ દૂધ લીધું અને જ્યાં પાછા ફરે ત્યાં ગુરુ ઊભા છે. શિવાજીના માથે હાથ મૂકીને ગુરુ કહે છેઃ ધન્ય છે શિવા તને! તારા જેવા ગુરુભકતો, તારા જેવો સમર્પણભાવ બહુ વિરલ વ્યક્તિઓમાં જોવા મળે છે.

"જનની જણ તો ભકત જણ કાં દાતા કાં શૂર
નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર,"

અધોં ડઝન સંતાનોના માતા-પિતા બનવાથી કંઈ વિશેષતા નથી. ભલે એક હોય પણ આવો શૂરવીર હોવો જોઈએ. શિવાજીનું રક્ષણ કરવા ગુરુ પાછળ ઊભા હતા. શિષ્યને ગુરુ કઠિન કામ સોંપે પણ તેની ચિંતા તો ગુરુને હોય. તમને થશે કે વાઘણ શિવાજીના શબ્દો સાંભળી શાંત કેમ બની ગઇ? જ્યારે એ વાઘણ મનુષ્ય હતી ત્યારે શિવાજીએ તેના અંતિમ સમયે વાઘણને ખૂબ કષાય આવી હતી તે વખતે તેને બોધ આપી શાંત કરી હતી તેથી અત્યારે શાંત થઇ ગઇ ને ગુરુની ઔષધી માટે દૂધ આપ્યું. આ હતી શિવાજીની ગુરુભક્તિ.

બંધુઓ! જ્યારે તમારા ગુરુની ભક્તિ કરવાનો સમય આવે ત્યારે તન-મન અને ધનનો ભોગ આપીને સેવા કરી લેવી જોઇએ. દેવ-ગુરુને ધર્મની સેવા વિના કદી શિવસુખ નહિ મળે. આવી ઉચ્ચ પ્રકારની સામગ્રી ફરીને ક્યાં મળશે? મનુષ્યભવ તો ઘણાને મળે છે પણ માનવભવની સાથે આર્યદેશ, ઉત્તમ કુળ, સુગુરુ, સુધર્મનો યોગ અને નિરોગી શરીર, આ બધો યોગ મળે ત્યારે ધર્મની આરાધના કરી શકાય છે. માટે તમે સમજી લો કે આ બધો સુયોગ અનંત કાળે મને મળ્યો છે એનો ઉપયોગ આત્મ-કલ્યાણ કરવામાં કરી લઉં. આ દેહમાંથી હંસલો ઊડી જશે પછી કંઇ બની શકવાનું નથી. સમજણના ઘરમાં આવેલો આત્મા ધર્મની ખાતર પ્રાણ આપી દે છે. પ્રાણ જાય તો કુરબાન પણ ધર્મને છોડે નહિ. માનવ આજે શું કરી રહ્યો છે? વિચાર કરો. પૈસાને ખાતર ધર્મને વેચી દેવા તૈયાર થાય છે. ચોથા ને પાંચમા ગુણસ્થાનકે ઝુલનારની આ દશા હોય? અલ્પસુખ મેળવવા માટે હિંસા કરવી, અસત્ય બોલવું, વિશ્વાસઘાત કરવો, આ બધું શ્રાવકોને શોભે? કંઇક શ્રાવકના ઘરમાં આજે કંદમૂળ વપરાય, આરંભ સમારંભનો કોઇ પાર નહિ. આગળના સમયમાં તિથિના દિવસે શ્રાવકના ઘરમાં લીલોતરી શાક ન આવે. તેના બદલે આજે લીલોતરી તો હોય પણ સાથે બટાટાનું શાક હોય. દશતિથિ બ્રહ્મચર્યનું પાલન થતું હતું તેના બદલે આજે તો તિથિનો પણ ખ્યાલ નથી હોતો. તારીખ ઉપર ચાલતા થઈ ગયા છે. મને તો લાગે છે કે જાણે જૈનોના ઘરમાં

જૈન ધર્મની વિસ્મૃતિ થવા લાગી છે. શું ધર્મ એ કંઈ કોઇ વસ્તુ છે કે જેને જરૂર પડે ત્યારે વપરાય ને ન જરૂર હોય ત્યારે કબાટમાં મૂકી દેવાય. ધર્મ એ તો આત્માનો જીગરજાન મિત્ર છે. ચોવિસે કલાક, ખાતા-પીતા-સૂતા-ઊઠતા-બેસતાં, વહેપાર કરતાં ને ફરવા જતા એ આપણી સાથે હોવો જોઈએ. ધર્મ એક ઉપાશ્રય કે મંદિરમાં નથી. ધર્મ સર્વ જગ્યાએ રહેલો છે. ઉપાશ્રયમાં આવીને ધર્મ કરીએ ને ઘેર જઈને છોડી દઇએ એ ઉપલક ધર્મ કહેવાય.

દેવાનુપ્રિયો ! આ વાત તમને સમજાય છે ને ? કે ઉપરથી હાજી હા કરો છો. આટલી વાત તમારા મગજમાં ઠસાવી દો કે ધર્મ વિના હું એક ડગલું ચાલી શકું તેમ નથી. જ્યાં ધર્મ ત્યાં હું અને હું ત્યાં ધર્મ. પાણી વિના માછલી જીવી શકતી નથી તેમ ધર્મ વિના હું જીવી શકું તેમ નથી. ધર્મ એ મારો મિત્ર છે. ધર્મ એ જ મારી માતા ને એ જ મારો પિતા, ધર્મ એ મારો દેહ, એ મારી આંખ ને એ જ મારી પાંખ છે. એ જ મારું હૃદય-એ મારું સુખ. સંપત્તિ ને વૈભવ અને એ જ મને ભવસમુદ્ર તરવાનું જહાજ છે. જેમ તમને ધન-કુટુંબ ને પરિવાર વિના ગમતું નથી તેમ તમને ધર્મ વિના ક્ષણ પણ નહિ ગમે ત્યારે ભવસાગર તરતા વાર નહિ લાગે. જેમ તમારા સંતાનોને પોતાના માનો છો તેમ દેવ-ગુરુ ને ધર્મને પણ પોતાના માનવા જોઈશે. ભવનો ને પાપનો ભય લાગશે, અનાદિના ભવભ્રમણનો થાક લાગશે, જન્મ-જરા ને મરણના ચક્રાવાનો ખેદ થશે ત્યારે મોક્ષની રુચિ પ્રગટશે.

ઉપાશ્રયે આવીને ત્યાગીની પાસે ત્યાગની ભાવના ભાવવી જોઈએ. ભવપાર ઊતરવા માટે ઉપાશ્રયે આવો છો. અહીં આવીને સંસારસુખની મને સામગ્રી મળે, એવો વિચાર મનમાં લવાય નહિ. તારક પાસે ડૂબવાનાં સાધન ન મંગાય. આપણે ભવમાં ઘણું ભમ્યા છીએ. ઘણી વાર તીર્થંકરનો આપણને ભેટો થયો હશે. એ તારક તરી ગયા ને આપણે સમુદ્રમાં ડૂબકી લગાવ્યા કરીએ છીએ, તેનું કારણ એ છે કે આપણે વીતરાગની પાસે વીતરાગી બનવાની ભાવનાથી ગયા નથી. ત્યાગીની પાસે જઈને ભોગની ભીખ માંગી છે. નહીંતર આપણી આ દશા ન હોય ! સાચા જૈનોનો આદર્શ વૈરાગી બની તેમાંથી વીતરાગ બનવાનો હોય. ઉપરથી શ્રાવક બની મુહપત્તિ બાંધી, સામાયિક લઈને બેસી જવાથી કામ નહિ ચાલે. અસલી શ્રાવક બનવું જોઈશે. કહ્યું છે કે :-

કાગળ તણી હોડી વડે સાગર કદી તરાય ના,
ચીતરેલ મોટી આગથી ભોજન કદી રંધાય ના.

પૂંઠાની હોડીમાં બેસીને સમુદ્ર તરી શકાય નહિ. કોઈ બેસીને તરવા જાય તો અધવચ્ચ ડૂબી જાય. ભડભડતી આગનું મોટું ચિત્ર હોય તેના ઉપર તપેલી મૂકી દેવાથી ભોજન બનતું નથી, તેમ જ્ઞાની કહે છે કે: શ્રમણોપાસકો! દેખાવથી શ્રાવક બની જવાથી

તમારું કલ્યાણ નહિ થાય. સાચો શ્રાવક બ્રહ્મચર્યનો પાળનાર હોય. દૃઢધર્મી ને પ્રિયધર્મી હોય. પરસ્ત્રી માતાને બહેન કરીને માને. પરધન પથ્થરતુલ્ય સમજે. દયા એના દિલમાં ભારોભાર ભરી હોય. તમે આવા શ્રાવક બનો. ઉપાશ્રયમાં રોજ વ્યાખ્યાનમાં આવો, સામાયિક કરો એથી મને આનંદ ન થાય. પણ હું એવું સાંભળું કે ફલાણા શ્રાવક એટલે શ્રાવક ગમે તેવા સંયોગો આવે પણ એના જીવનમાંથી ધર્મ ન જાય ત્યારે મને સંતોષ થાય.

પાંચમુ અંગ ભગવતી સૂત્ર છે. એમાં ગહન ભાવો ભરેલા છે. એનું વાંચન કરીશું. એ ભગવતીજી સૂત્રના કેટલા શતક છે, કેટલા ઉદ્દેશો છે અને કેટલા પદ છે, એમાં કોનો અધિકાર છે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૮

અષાડ વદ ૩ ને મંગળવાર **તા. ૧૦-૭-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

શાસનપતિ એવા ભગવંતે આ જગતના જીવોના કલ્યાણને માટે દ્વાદશાંગી સૂત્રની પ્રરૂપણા કરી. સૂત્ર એટલે આત્મસાધના કરવાનું પદ. સૂત્ર નાનું હોય પણ એના ભાવ બહુ મોટા હોય છે. જ્યારે બાળક પતંગ ચઢાવવા જાય છે ત્યારે એની દોડી નાની દેખાતી હોય છે. પણ જ્યારે પતંગ ચઢે છે ત્યારે એનો દોર ખૂબ લાંબો દેખાય છે. તે રીતે ભગવાનના વચનામૃતનું એક પદ અંતરમાં ઊતારે તો પોતાનું ને પરનું કલ્યાણ કરી શકે છે. દ્વાદશાંગી સૂત્રમાં પંચમ અંગ ભગવતી સૂત્રના ભાવો ખૂબ ગહન છે, સમજવા જેવા છે. આવા મહાન સૂત્રના શ્રવણની સાથે જો તપ ચાલુ હોય તો મહાન-ઉત્તમ છે. અહીં એક વાત સમજવાની છે; આવો ઉત્તમ માનવજન્મ મળ્યો પણ જ્યાં સુધી સમ્યગ્ દૃષ્ટિ પ્રાપ્ત નહિ થાય ત્યાં સુધી ગમે તેવું સમ્યગ્જ્ઞાન પણ તેને મિથ્યારૂપે પરિણમશે અને જ્યારે જીવ સમ્યક્ત્વ પામશે ત્યારે મિથ્યાજ્ઞાન હશે તો પણ તેના અંતરમાં સમ્યગ્રૂપે પરિણમશે. પછી ભલે બાઈબલ વાંચે, કુરાન વાંચે, ગીતા, રામાયણ કે મહાભારત વાંચે–પણ જ્યાં દૃષ્ટિ સમ્યક્ બની ત્યાં કોઈ વાંધો નથી આવતો. સમ્યગ્ દર્શનના પ્રભાવથી આત્મામાં એટલો નિશ્ચય થઇ જાય છે કે કર્મનો બાંધવાવાળો હું છું ને કર્મોનો તોડવાવાળો પણ હું છું. બંધને બાંધ્યો છું. તે બંધનને કેમ તોડવા તે મારા હાથની વાત છે. સમ્યગ્ દૃષ્ટિવાળા દૃઢધર્મી શ્રાવકને દેવલોકમાંથી દેવ ઊતરીને

આવે તો પણ તેની તાકાત છે કે એને ચલાયમાન કરી શકે? આ બધું ક્યાં સુધી કહેવું પડે? તત્ત્વ પ્રત્યે યથાર્થ શ્રદ્ધા નથી થઈ ત્યાં સુધી મોક્ષમાં જવાના જ્ઞાનીએ ત્રણ માર્ગ બતાવ્યા છે.

"સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ:"

સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર-એ ત્રણ મોક્ષમાં જવાના માર્ગ છે. આ સમ્યગ્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર. આ ત્રણે માનવજન્મમાં મેળવી શકાય છે. એનાથી મોક્ષ મળે છે. આ સૂત્ર તો તમને બધાને હવે કંઠસ્થ થઈ ગયું છે ને બોલો છો તો વિચાર કરો કે એકલું બોલવા માત્રથી મોક્ષ મળશે? જો એ સૂત્ર શીખીને બોલવાથી મોક્ષ મળતો હોય તો ઘેર જઈને બધાને કહું પણ વાણીમાં એક વખત નહિ, અનેકવાર ઉચ્ચાર કર્યા પણ આચારમાં નહિ ઊતરે ત્યાં સુધી કલ્યાણ નહિ થાય. મોક્ષના ઉપાયને જાણી લેવાથી, માની લેવાથી મોક્ષ ન મળે, મોક્ષના ઉપાયને જાણવા જોઈએ, પામવા જોઈએ ને છેલ્લે આચરવા જોઈએ, ડૉકટર દર્દનું નિદાન કરે, તપાસીને દવા આપે-પણ એ દવા પીધા વિના રોગ મટે? બહેનો સ્વાદિષ્ટ રસોઇ બનાવીને થાળીમાં પીરસે પણ ભાઇઓ મોંમાં કોળિયા મૂકી ચાવીને ઉતારે ત્યારે ભૂખ મટેને? તે રીતે ભગવંતે મોક્ષમાં જવાના ત્રણ માર્ગ બતાવ્યા. એ માર્ગને અપનાવવા તે આપણા હાથની વાત છે.

હવે બીજી વાત એ છે કે મોક્ષે જવા માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એ ત્રણ માર્ગ છે. તેમાં એકલા જ્ઞાનથી, એકલા દર્શનથી. કે એકલા ચારિત્રથી મોક્ષ મળે ખરો? "ના." ત્રણેય જોઇએ. જ્યાં સમ્યગ્દર્શન છે ત્યાં સમ્યગ્જ્ઞાન હોય પણ જ્યાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોય ત્યાં સમ્યગ્ચારિત્ર હોય એવો નિયમ નથી. ત્યાં ચારિત્ર હોય અને ન પણ હોય. જ્યાં સમ્યગ્ચારિત્ર હોય ત્યાં સમ્યગ્જ્ઞાન હોય. કારણ કે જે જે આત્માઓ મોક્ષમાં ગયા તેમણે છેલ્લે છેલ્લે ચારિત્ર સ્વીકાર્યું છે. ચારિત્ર સ્વીકાર્યું ન હોય તો ભાવચારિત્ર તો આવે જ. તો વિચાર કરો મોક્ષમાં જવા માટે શું કરવું જોઇએ?

(સભામાંથી અવાજ-ચારિત્ર લેવું જોઈએ). બાલી વાતો કરવી છે ને? (હસાહસ).

એક પોપટ પિંજરામાં બેઠો બેઠો હંમેશા બોલ્યા કરતો કે બિલ્લી આવે ઊડી જાઉં, બિલ્લી આવે ઊડી જાઉં. એના માલિકે એવું શીખવાડી રાખેલું એટલે બોલ્યા કરે. માલિક સમજે કે પોપટ જાગતો છે. પણ બિલ્લી રોજ આવે ને સાંભળે કે આ પોપટ રોજ બોલ્યા કરે છે તો લાવ અજમાશ કરી જોઉં. પિંજરું ખૂલ્લું હતું. બિલ્લીએ તરાપ મારી પોપટને પકડયો. પોપટ બિલ્લીના મુખમાં ગયો તોય એનું એ રટણ ચાલુ રહ્યું પણ આચરણ ન થયું. તેમ તમે મોઢેથી વાયડી વાતો કર્યા કરશો તો ચતુર્ગતિના ચક્રમાં

પીલાઈ જશો. માટે ભગવંત કહે છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર આ ત્રણ વસ્તુ જીવનમાં આવે એટલે મોક્ષમાં જવાના એવું નક્કી થઇ જાય. જેના જીવનમાં સમ્યગ્ચારિત્ર આવે તેનામાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોય. પણ સમ્યગ્-દર્શન અને સમ્યગ્જ્ઞાન ન હોય તો સમજવું કે એનું ચારિત્ર એ સમ્યક્ચારિત્ર નથી. સમ્યગ્દર્શન પામેલો આત્મા સમ્યગ્જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરે. તે પણ શા માટે કરે? સમ્યગ્ચારિત્ર પામવા માટે અને દેશવિરતીમાં રહેલો શ્રાવક પણ સર્વવિરતીરૂપ બનવા માટે પ્રયત્ન કર્યા કરે. શાંતિથી બેસી ન રહે. આવો સર્વવિરતીરૂપ ધર્મ મનુષ્યજન્મ સિવાય બીજે કયાંય પામી શકાય નહિ. માટે ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે "દુલ્લહે ખલુ માણુસે ભવે।" દુનિયામાં જીવને દુર્લભ કોઇ ચીજ હોય તો માનવભવ છે. માનવજન્મ જેવો બીજો કોઇ ઉત્તમ જન્મ નથી. એક તરફ પ્રભુ કહે છે "જમ્મ દુક્ખં।" જન્મ એ દુઃખનું કારણ છે, અને બીજી તરફ કહે છે માનવજન્મ ઉત્તમ છે તેનું કારણ શું? ભલે જન્મ દુઃખનું નિમિત્ત હોય છતાં આ જન્મ પામીને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર પામી જાય તો દુઃખનું કારણ જન્મ એવો ઉત્તમ બની જાય છે કે મોક્ષને પમાડે. દેવલોકમાં રહેલા દેવો એકલું સુખ ભોગવતા હોવા છતાં સમ્યક્ત્વી દેવ ચારિત્રને ઝંખતો હોય કે કયારે અહીંથી છૂટું ને કયારે માનવજન્મ પામી સર્વવિરતીરૂપ ચારિત્રને અંગીકાર કરું. કારણ કે દેવલોકમાં અવિરતીનું જોર ઘણું હોય. એ ભવ એવો હોય કે એ સર્વવિરતી પામી શકે નહિ. ત્યારે નરક તરફ દૃષ્ટિ કરીએ તો ત્યાં તો એકલું દુઃખ છે. ત્યાં કંઇ બની શકે એમ નથી. નરકનું નામ સાંભળવું પણ કોઈને ગમતું નથી. ત્યારે શું તિર્યંચમાં કંઇ સુખ દેખાય છે? આ નરક અને તિર્યંચ ગતિમાં જીવને શા માટે જવું પડે છે? આ મનુષ્યજન્મ આ વખતે પામ્યા છો? 'ના'. એક-બે-પાંચ-પચ્ચીસ વખત નહિ પણ અનંતવાર આ માનવજન્મ પામ્યા છીએ પણ અહીં આવીને એવા ઉંધા ધંધા કર્યા, મહા આરંભ-સમારંભના કાર્યોમાં રકત બન્યો. મહાન પરિગ્રહ મેળવવા અને પોતાના સુખની ખાતર જીવોની ઘાત કરતાં પાછો ન પડયો. આવા ધંધા કરીને નરકગતિની ટિકિટો ફંડાવી. દુર્ગ-તિના દરવાજા ખખડાવવા માટે આ માનવજન્મ નથી મળ્યો પણ ભવનો અંત કરવા માટે મળ્યો છે. આજનો માનવી છાતી ફુલાવીને ફરે છે, કે હું મોટો કરોડપતિ! મારા ઘેર આટલા નોકરચાકરો! પણ વિચાર કરો તમારે નોકર છે પણ ભગવાનની સેવામાં દેવો હાજર રહેતા હતા, છતાં અહંનું નામ નહિ. માનવજન્મ પામીને એમણે તો આત્મસાધના સિવાય બીજું પાપમય કાર્ય કર્યું નથી. ટૂંકમાં માનવજન્મની મહત્તા સમ્યગ્દર્શન-જ્ઞાન-અને ચારિત્ર પામવાથી અંકાય છે. જે ભવમાં ગમે તેવા સુખ હોય પણ સર્વવિરતી ન પામી શકાય તે ભવની શી કિંમત? મનુષ્ય જન્મ પામીને પણ ભોગમાં જે મનુષ્યો રકત રહે છે એની પણ શું કિંમત? જો ભોગમાં સુખ હોત

તો ચક્રવર્તી, બળદેવ, માંડલિક રાજાઓ બધાએ સંસારને શા માટે છોડી દીધો ? એમને ભોગ એ ઝેર જેવા લાગ્યા. ઝેરની બાટલી ઉપર અમૃતનું લેબલ લગાડી દેવામાં આવે અને પછી ખબર પડે કે આ તો ઝેર છે. અમૃતનું ફક્ત લેબલ છે, તો શું એ અમૃત પીવા કોઈ તૈયાર થાય ? આ સંસારના સુંદર દેખાતા રંગરાગ અમૃતનું લેબલ લગાડેલી બાટલી જેવા છે. મહાન પુરુષો એને ઝેર સમજી છોડીને નીકળી ગયા. નરકમાં ન જવું હોય તો ભોગી મટી જોગી બની જાવ.

તિર્યંચગતિમાં પણ કેટલી પરાધીનતા છે ! એના દુઃખો પ્રત્યક્ષ દેખાય છે. આવું હોવા છતાં ઘણીવાર એવું પણ જોવા મળે છે કે મનુષ્ય કરતાં તિર્યંચ વધારે સુખ ભોગવતા હોય છે. કોટમાં ઓફિસો છૂટે ત્યારે તમે ઘણીવાર જોયું હશે કે બસ સ્ટોપ આગળ માણસોની કેટલી લાંબી લાઈન લાગે છે. કલાકે બસમાં બેસવાનો નંબર લાગે છે. બિચારાને ઊભા ઊભા પગ દુઃખી જાય. ત્યારે કૂતરાને મોટરમાં બેસવાનું મળે, દૂધ ને પાઉં ખાવા મળે, ગળે સોનાનો પટ્ટો બાંધ્યો હોય ને પાછલી સીટમાં આરામથી બેઠો હોય. એને સૂવા માટે સુંવાળી ગાદી, મચ્છરદાની. આવું સુખ ભોગવતા કૂતરાને જોઈને કોઈને એવું મન થાય કે હું કૂતરો બનું. મોટા વરઘોડામાં હાથી–ઘોડાને શણગારીને લાવવામાં આવે છે. એને જોવાનું માણસને મન થાય છે તેને જોવા ગમે–પણ હું હાથી કે ઘોડો બનું તો સારું. મને જોવા કેટલા માણસો આવશે ? આવું કદી મન થાય ? 'ના'. ત્યારે તિર્યંચ બનવું ગમતું નથી અને કામ અનાદિથી કેવા કરતા આવ્યા છે? 'કૂડ તોલે કૂડમાણ' 'તપ્પડિરૂવગ્ગવવહારે' આવા ધંધા કર્યા. લેવાના કાટલા જુદા ને દેવાના જુદા. બતાવવાનું જુદું ને આપવાનું જુદું. બોલવાનું જુદું ને ચાલવાનું જુદું. ઘણાં માણસો મોઢે એવું મીઠું બોલે કે જાણે જીવ જુદા નથી–એટલો પ્રેમ બતાવે ને પાછળ એવું વાટે કે એના મૂળ ઊખેડી નાખે. નમો અરિહંતાણં બોલનાર મહાવીરના પુત્રનો આવો વ્યવહાર ન હોય. ભગવાન કહે છે: જો તિર્યંચ બનવાનું મન ન થતું હોય તો આવા ધંધા ન કરીશ. નરકના દુઃખોનું વર્ણન સાંભળી ત્યાં જવું ગમતું નથી. સુખ ભોગવતાં તિર્યંચોને જોઈને તિર્યંચ બનવાનું મન નથી થતું. દેવોના સુખનું વર્ણન સાંભળી કદાચ ત્યાં જવાનું મન થઈ જાય પણ સમ્યક્દૃષ્ટિ આત્માઓને મન દેવોના સુખની પણ કિંમત નથી. કારણ કે ત્યાં મોક્ષપ્રાપ્તિના સાધનોનો અભાવ છે. એ જીવોને તો એક માત્ર માનવજન્મ ગમે છે. તેમાં પણ રત્નત્રયીની આરાધના કરી શકાય છે એટલા માટે. મોજશોખ માટે કે પૈસા કમાવા માટે એની કિંમત જ્ઞાનીઓએ નથી આંકી.

દેવાનુપ્રિયો ! અશુભ ગતિમાં ન જવું હોય તો પાપનો વ્યાપાર છોડી દો. તમારે કેટલું ભોગવવું છે? પુત્રનું ભલું કરવા માટે કાળા કામ કરી રહ્યા છો પણ વિચાર

કરજો. જેનો બાપ કરોડોની મૂડી મૂકીને ગયો છે તેનો દીકરો ભીખ માગે છે. નાણાં મૂકીને જવા કરતાં સદાચારની મૂડી આપો; પૈસા નહિ હોય તો ચાલશે પણ સદાચાર વિના નહિ ચાલે. પુનિયો શ્રાવક બે દોકડા કમાઈને કેવું જીવન જીવતો હતો! કેટલા આનંદથી રહેતો હતો. તમને આટલું બધું મળ્યું તો પણ સંસારમાં સુખે રહી શકતા નથી. જ્યારે જોઈએ ત્યારે મન ઉપર વિષાદની છાયા ઘેરાયલી હોય છે. આવા દુઃખ હવે નથી વેઠવા. કયારે બંધનમાંથી છૂટું એવી ભાવના સમ્યગ્દૃષ્ટિના અંતરમાં રમતી હોય. તમે દીક્ષા લઈ શકો કે ન લઈ શકો, તે જુદી વાત. પણ એક વખત મગજમાં બેસી જવું જોઈએ કે પાપને છોડીશ! સંસારમાં રહેતો હોય, સંસારના કામ કરતો હોય પણ એના અંતરમાં આનંદ ન હોય.

જ્ઞાની ભગવંતો ઢાંડી પીટાવીને કહે છે, કે અબૂઝ! તું જાગી જા. તારી ક્ષણ અમૂલ્ય જાય છે. અનાદિકાળના અજ્ઞાન-અંધકારને હટાવીને આત્માનું તેજ ઝળકાવી જા. મિથ્યાત્વના ઝેરને વમીને બોધિબીજની પ્રાપ્તિ કરી નિર્વાણપદ પામી જા. આ જ્ઞાની ભગવંતોનો સંદેશ છે. સ્વભાન થશે ત્યારે કહેવું નહિ પડે. હીરો ખાણમાંથી નીકળે છે ત્યારે તો પથ્થર જેવો દેખાતો હોય છે. પણ સરાણે ચઢે, એના ઉપર પહેલ પડે ત્યારે એના તેજ ઝળકે છે. એની કિંમત ઝવેરી આંકી શકે. રમણીકભાઈને પૂછો કોઈના હાથમાં હીરાની વીંટી હોય ને તમારી આંખ પડે તો તેની કિંમત આંકી લોને?

દેવાનુપ્રિયો! જેમ હીરા ઉપર સૂર્યના કિરણો પડે ને હીરાના તેજ ઝળકી ઊઠે છે, સૂર્યનો ઉદય થાય ને સૂર્યમુખી કમળ ખીલી ઊઠે છે તેમ પ્રભુની વાણી સાંભળી ભવ્ય જીવોના હૃદયકમળ ખીલી ઊઠે છે. હે પ્રભુ! સંસારમાં ઘણું રખડ્યો, ઘણું રમ્યો. હવે કયારે તમારા બતાવેલા પંથે આવું! એને સંસાર દુઃખમય લાગશે. જેને ભવનો ભય લાગ્યો છે, વિષયો પ્રત્યે વિરાગ જાગ્યો છે એવા જીવોને જોઈને સાધુને પણ આનંદ થાય. આ બેઠેલામાં ઉચ્ચ કોટીનો કોણ આત્મા છે એને સાધુ પારખી જાય હોં. ડૉકટર એકેક રોગના નિષ્ણાત હોય. જૈન ક્લિનિકમાં બધે બોર્ડ લગાવ્યા છે ને કાન-નાખ-ગળાના ફલાણા ડૉકટર, દાંતના ફલાણા ડૉકટર, આંખના ડૉકટર, ગળું બતાવવું હોય ને આંખના ડૉકટર પાસે જાય તો તરત કહેશે, મૂર્ખ! તને ખબર નથી પડતી કે આ ડૉકટર કોના સ્પેશ્યાલિસ્ટ છે! તમારા દેહના ડૉકટર એકેક રોગમાં નિષ્ણાત છે, જ્યારે સંતો બધા રોગના નિષ્ણાત છે. તમે ઘોર અંધકારમાં સંતોની પાસે આવશો તો પણ એ પારખી શકે કે એ કેવો રોગી છે!

આયે વૈદ્ય ગુરુજી, લે લો દવાઇ બિના પ્રીસ કી,
સત્સંગકી શીશીકે અંદર, જ્ઞાન દવા ગુણકારી,
એક ચિત્તસે પીઓ કાનસે, મીટે સકલ બિમારી હો...આયે વૈદ્ય-

સંતરૂપી વૈદ્યો મફત દવા આપે છે. એની કોઇ ફી નહિ અને ભવોભવના રોગ મટાડે. સંતોની શ્રાવકો ઉપર કેટલી કૃપાદૃષ્ટિ હોય છે. વારંવાર તમને નિઃસ્વાર્થ ભાવે જાગૃત કરે છે. તમને સંતો વારંવાર ટકોર કરે તો મનમાં એવો ભાવ નહિ લાવતા કે મહારાજ મને રોજ ટોકયા કરે છે. પણ એમ વિચારજો કે હું કેવો પુણ્યવાન છું કે સંતની મારા ઉપર દૃષ્ટિ પડે છે અને આટલા બધા શ્રાવકોમાં એમના મુખે મારું નામ આવે છે. બંધુઓ! આ દેહની પાછળ ઘણું કર્યું. એના માટે ઘણો સમય વેડફી નાંખ્યો. હવે તો આત્માને માટે કંઈક કરી લો તો ભવ ઓછા થાય.

મૈયા ભગવતી સૂત્રના ગહન ભાવો સમજવા જેવા છે. ભગવતી સૂત્રના ૪૧ શતક છે અને તેમાં નવમા શતકના તેત્રીસમાં ઉદ્દેશામાં ઋષભદત્ત બ્રાહ્મણને દેવાનંદા બ્રાહ્મણીનો અને જમાલિકુમારનો અધિકાર છે. તેનું વર્ણન કરવામાં આવશે. જમાલિકુમારના જીવનમાં બે પ્રકારના પાત્રો ભજવાશે; એક તો જમાલિકુમારનો કેવો ઉચ્ચ કોટીનો વૈરાગ્ય હતો. બીજી તરફ જીવને માન આવે છે ત્યારે કેવું અધઃપતન થાય છે. જમાલિકુમાર દીક્ષા લીધા પછી ભગવાનને પૂછશે કે હું એકલો શિષ્યોને લઇને વિચરું? ત્યારે ભગવાન મૌન રહેશે, આ બધું જાણવા મળશે. આત્માર્થી જીવોને તો ગુરુનું સાનિધ્ય છોડવું ન ગમે. ગૌતમસ્વામી ચાર જ્ઞાનને ચૌદપૂર્વના ધણી હતા તો પણ જ્યારે જુઓ ત્યારે પ્રભુની પાસે હાજર હોય. શંકા થાય ને પ્રભુ સમાધાન કરે. મારા ગુરુના ચરણમાં મેં મારી જીવનનાવ ઝંપલાવી છે તો એ મને તારશે. ગુરુ વિના ક્ષણ પણ મને ન ગમે. શિષ્યના હૃદયમાં સદા ગુરુગુણની સીતાર વાગતી હોય. ગુરુ એ મારું સર્વસ્વ છે એવું જેના અંતરમાં હોય તે શિષ્ય આત્મકલ્યાણ કરી શકે.

જમાલિકુમારના અધિકારમાં ઘણો બોધ મળે છે. સિદ્ધાંતની વાણી શાશ્વત વાણી છે. એટલા માટે કહીએ છીએ કે ત્રણે કાળે સિદ્ધ થયેલી વાણી તેનું નામ સિદ્ધાંત. ભગવાન ઋષભદેવ સ્વામીને કોઇએ પ્રશ્ન પૂછયો હોય ને તેનો જે જવાબ આપ્યો હોય તે જ જવાબ મહાવીર સ્વામી આપે છે તેમાં જરાય ફેર ન પડે. તીર્થંકરની વાણી દરેક કાળે સરખી છે. આજનું વિજ્ઞાન અત્યારે જુદું બતાવે છે ને છ મહિના પછી વળી જુદું બતાવે. એના જ્ઞાનમાં ફેરફાર થાય. આજની સરકાર આજે કાયદો ઘડે ને વર્ષ પછી એ કાયદા બદલાઇ જાય. જ્યારે પ્રભુના જ્ઞાનમાં ને એના કાયદામાં કદી ફેરફાર થતો નથી. અનંત ચોવીસી થઇ ગઇ ને અનંત ચોવીસી થશે પણ એના કાયદામાં કદી ફેરફાર ન થાય. આવો પ્રભુનો માર્ગ છે. નરકગતિ એ દુઃખની ભૂમિ છે. તિર્યંચગતિમાં પરાધીનપણે દુઃખ સહેવાના છે. દેવગતિ ભોગની ભૂમિ છે. એક મનુષ્યગતિ ત્યાગની તળેટી છે. માનવભૂમિમાંથી આત્મા ઉત્થાનના પંથે જઈ શકે છે, માટે આ માનવભવ પામીને હવે હું ભવમાં ન ભમું એવો ભવનિર્વેદ થવો જોઈએ. તો જન્મ-જરા-મરણના

ફેરા ટાળી આત્મા અજર અમર બની શાશ્વત સુખ પામશે ત્યાં સુધી કહેવાયું. વધુ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૯

આષાઢ વદ ૪ ને બુધવાર **તા. ૧૮-૭-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંતકરુણાનિધિ શાસ્ત્રકાર ભગવંતોએ ભવ્ય જીવોના કલ્યાણને અર્થે દ્વાદશાંગી સૂત્રની પ્રરૂપણા કરી. ત્રણે કાળે સિદ્ધ થયેલી વસ્તુ તેનું નામ સિદ્ધાંત. સિદ્ધાંતની અંદર ભગવંત ભવ્ય જીવોને પડકાર કરીને કહે છે હે આત્માઓ ! આ સંસારમાં માનવીને શ્રુતવાણીનું શ્રવણ દુર્લભ છે. બત્રીસ સૂત્રમાં પાંચમું અંગ ભગવતી સૂત્રનો અધિકાર વંચાય છે. આ મહાન સૂત્રનું વાંચન જીવના મહાન પુણ્ય હોય ત્યારે સાંભળવા મળે છે. સર્વ પ્રથમ તો મનુષ્યભવ દુર્લભ છે મનુષ્યભવ તો મળ્યો પણ આર્યદેશમાં જન્મ થવો એ દુર્લભ છે. દુનિયાના બધા દેશોમાં આર્ય દેશ સાડીપચ્ચીસ છે. તેમાં પણ આર્યદેશમાં જેટલા જન્મે છે તે બધાં કંઇ આર્ય હોતા નથી. બધાને વીતરાગ વાણી સાંભળવા નથી મળતી, તો હે ભાગ્યવાનો ! વિચાર કરો તમને માનવજન્મ મળ્યો, આર્યદેશ, આર્યકુળ અને નિગ્રંથ ગુરુનો સમાગમ આ બધો યોગ તમને મળ્યો છે. આ જેવા તેવા ઉદય નથી. જબ્બર પુણ્યોદયે બધું મળ્યું છે. માનવજન્મમાં પણ વીતરાગ વાણીનું શ્રવણ તો સંતો પાસે મળે જેને સંતોના દર્શન દુર્લભ છે, સંતોનો સમાગમ થતો નથી તે બિચારા કેવી રીતે ઊંચે આવી શકે? અંતરના ઉંડાણમાંથી વિચાર કરીએ કે મોક્ષ-પ્રાપ્તિના એકેક ઉપાયો કેટલા દુર્લભ છે ! છતાં પુરૂષાર્થથી તેની પ્રાપ્તિ માનવ કરી શકે છે. જીવને ગમે તેવી ભાવના હોય પણ જો સંતો ન મળે, જે દેશમાં ધર્મનું નામનિશાન ન હોય ત્યાં એ કયાંથી કરી શકવાનો છે? કહ્યું છે કે :-

"शैले शैले न माणिक्यं, मौक्तिकं न गजे गजे ।
साधवो नहि सर्वत्र, चंदनं न वने वने ।"

દરેક પથ્થરમાં માણેક ને હીરા હોતા નથી. દરેક હાથીના ગંડસ્થળમાં મોતી હોતા નથી. દરેક વનમાં ચંદનના વૃક્ષો હોતા નથી તેમ દરેક ક્ષેત્રમાં સાધુ (સંતો) હોતા નથી. તમને બધું મળી ગયું છે માટે ચેતજો. આ બધું જીવને પૂર્વના પુણ્યોદયે મળ્યું છે પણ અનાદિકાળથી જીવે કામભોગમાં જેટલી રુચી કરી છે, વિષયો ભોગવવામાં

અને વિષયોની સામગ્રી પ્રાપ્ત કરવામાં જેટલો રસ લીધો છે તેટલો આત્મકલ્યાણ કરવામાં નથી લીધો. આ માર્ગ તો ઘણો સુંદર છે પણ જીવને અનાદિકાળથી ત્રણ પ્રકારના શલ્ય મુંઝવે છે. **" માયાસલ્લેણું, નિયાણ સલ્લેણું, મિચ્છાદંસણ સલ્લેણું ".** આ ત્રણ પ્રકારના શલ્ય છે. તેમાં સૌથી મોટું મિથ્યાદર્શન શલ્ય છે. તેના કારણે ચતુર એવો ચેતન ભાન ભૂલી ગયો છે તેથી પોતાની શક્તિનો પ્રવાહ પોતામાં વાળવાને બદલે જેમાં સુખ-શાન્તિ ને સમાધિ નથી કેવળ દુઃખ છે તેને મેળવવા તનતોડ મહેનત કરી રહ્યો છે. ભગવાન કહે છે કે ચેતન ! એક વાર તું નિજઘરને નિહાળી લે, સ્વ તરફ દૃષ્ટિ કરી લે કે હું કોણ છું ? સુખ-શાન્તિનો દેનાર મને કોણ છે ? એક વખત શ્રધ્ધા થશે કે હું અક્ષયસુખનો ભંડાર છું, મારામાં શાંતિ ભરેલી છે. મને જગતમાં કોઇ દુઃખ આપનાર નથી પણ મારી અવળી સમજણને કારણે મેં દુઃખ ઊભું કર્યું છે. મારા અવળા પુરુષાર્થથી હું ઉંધો પડયો છું. પરમાં પડીને મેં મારું ગુમાવ્યું છે. અનંત-કાળથી જડનો ભિખારી બન્યો છું. અજ્ઞાનને કારણે ભીખ માંગી છે. જેને પોતાની સંપત્તિનો ખ્યાલ ન હોય તેજ ભીખ માંગેને ? જેને ખબર હોય કે હું આટલી સંપત્તિનો સ્વામી છું તે કદી ભીખ માંગે નહિ.

એક વખત એક ગરીબ માણસ હાથમાં માટીનું પાત્ર લઈને ઘરઘરમાં ગલીએ ગલીએ ને શેરીએ શેરીએ ભીખ માંગી રહ્યો હતો.

એક એક ટુકડો આપો માબાપ, એક એક ટુકડો આપો માબાપ,
તમારે કોઠારે ઝાઝા રે દાણા, અમે તે ભૂખે મરીએ માબાપ
એક એક ટુકડો આપો મા બાપ...

હે પુણ્યવાનો ! તમારા ઘેર ઘણું છે. હું ભૂખે મરું છું. મારા ઉપર દયા કરી મને એક રોટી આપો. આમ ભીખ માંગે છે પણ કોઈ તેને બટકું રોટલો આપતું નથી. આંખમાં આંસુ આવી જાય છે. તે વખતે એક સજ્જન માણસ ત્યાંથી નીકળે છે. તેનાં સામું જોઈને કહે છે ભાઈ ! તું આ શું કરે છે ? ત્યારે કહે કે હું ગરીબ છું. ત્રણ ત્રણ દિવસનો ભૂખ્યો છું. કમાવાની ત્રેવડ નથી. મજૂરી કરી શકું તેમ નથી એટલે ભીખ માંગું છું. ત્યારે શેઠ કહે છે ભાઇ ! તું ગરીબ નથી પણ અમીર છે. મહાન શ્રીમંત છે. તારે ભીખ માંગવાની હોય ! ગરીબ માણસ કહે છે શેઠ ! મારી મશ્કરી ન કરો. અમારા જેવા ગરીબની મજાક ન ઉડાવો. શેઠ કહે છે ભાઈ ! હું તારી મશ્કરી નથી કરતો, સત્ય કહું છું કે તારી પાસે છે તે મારી પાસે નથી. મારી મુંબઈમાં, કલકત્તામાં, જામનગરમાં, મદ્રાસમાં બધે પેઢીઓ ચાલે છે, ધીકતો ધંધો છે અને આ રહું છું તે સાત માળની હવેલી, માલ-મિલ્કત, ને બધી સામગ્રીથી ભરેલી તને આપી દઉં તો પણ તારી પાસે જે વસ્તુ છે તેનું મૂલ્ય ચૂકવી શકું તેમ નથી. ભિખારી કહે છે પણ મારી

પાસે કંઈ જ છે નહિ તો વાત જ કયાં કરવી? શેઠ એને પાસે બેસાડીને કહે છે આ તારી ડોકે શું બાંધ્યું છે? ત્યારે એ ગરીબ માણસ કહે છે શેઠ! તમારા જેવા શેઠના ઘેર હીરા-માણેક ને મોતીના દાગીના હોય એવા અમને તો જોવા પણ ન મળે. મને દાગીના પહેરવાનું બહુ મન થાય છે એટલે આ રસ્તામાંથી જડેલો પાંચીકો વિંધીને ડોકમાં પહેર્યો છે. શેઠ કહે છે આ પાંચીકો નથી પણ પારસમણી છે. જા તારી પાસે લોઢાની જે ચીજ હોય તે કાટ ઉખેડીને લઈ આવ. તે ગરીબ માણસ લોઢું લઈ આવ્યો. શેઠે લોખંડને પારસનો સ્પર્શ કરાવ્યો તો લોખંડ સુવર્ણ બની ગયું. ગરીબ માણસ મનમાં વિચાર કરવા લાગ્યો આ શું ચમત્કાર! શેઠ, તમે જાદુગર લાગો છો. લોઢાનું સોનું તો જાદુગર લોકો બનાવે. શેઠ કહે છે ભાઇ! હું જાદુગર નથી પણ આ તારી પાસે રહેલો પાંચીકો પારસ છે. પારસનો સ્પર્શ થતાં લોઢું સોનું બની જાય છે. એટલા માટે હું તને કહેતો હતો કે તું મહાન સંપત્તિનો સ્વામી છે. ગરીબ માણસને પોતાની શ્રીમંતાઇનું ભાન થયા પછી એ ભીખ માંગે ખરો? 'ના'. એ સજ્જન માણસે એને પારસની પીછાણ કરાવી. પણ તમે એ શ્રીમંતની જગ્યાએ હો તો શું કરો? તમે એ ગરીબને પારસની ઓળખાણ કરાવો કે અમુક રૂપિયા આપી એને જેમ તેમ સમજાવીને લઇ લો. (સભા:- અરે એ અમે તો ગમે તેમ કરીને લઇ લઇએ, પારસમણી જવા દેવાય! (હસાહસ) આટલું સમજવા છતાં ભોગના ભિખારીઓ હજુ ભીખ માંગવાની છોડતા નથી. પેલો તો બિચારો અજ્ઞાન હતો. પારસમણી શું કહેવાય એની એને ખબર ન હતી. એટલે ભીખ માંગી. પણ પોતાની શ્રીમંતાઇનું ભાન થયા પછી ભીખ માંગવાની છોડી દીધી.

દેવાનુંપ્રિયો ! આ દૃષ્ટાંત ઉપરથી શું સમજવાનું છે ! આપણો આત્મા, પારસમણી સમાન છે. અનંત આત્મિક સંપતિનો સ્વામી છે પણ એનું એને જ્ઞાન નથી. જ્યારે આત્મા પરમાં સ્વબુદ્ધિ કરે ત્યારે કહો કે ચેતન ! "તું નહિ જડનો ભિખારી". આ પીળી માટીનો પોઠિયો શા માટે બને ? એ તારી સાથે આવનાર નથી. તો તું શા માટે એની પાછળ પાગલ બનીને દોડયા કરે છે. તું તો અનંત શકિતનો અધિપતિ સમ્રાટનો પણ સમ્રાટ છે. શહેનશાહનો શહેનશાહ છે. જેની તું ઈચ્છા કરે છે તે બધું સુખ તારામાં છે. પરમાં કદી સુખ મળવાનું નથી. વર્ષોના વર્ષો ને યુગોના યુગ જશે પણ જેમાં જે નથી તે ત્રણ કાળમાં મળનાર નથી. જીવે અનાદિકાળથી જે પોતાનું નથી તેની પીછાણ કરી. પણ જે પોતાનું છે અને પોતાની સાથે આવવાનું છે, તે કદી પણ નષ્ટ થવાનું નથી એવા તત્ત્વને ઓળખ્યું નથી. તેની પીછાણ કરી નથી. પર પુદ્ગલોનો પરિચય કરે છે, તેનો અભ્યાસ કરે છે અને તેને જાણે છે પણ પરને જાણનારો કોણ છે એને જાણવાનું તને કદી મન થયું છે? આત્મિક સુખનો અનુભવ કરવો હોય અને આત્માને ઓળખવો હોય તો તત્ત્વની શ્રદ્ધા કરો. શાસ્ત્રસિદ્ધાંત વાંચો.

ભગવંત કહે છે કે જીવ! તેં ભવવનમાં ભટકીને શું નથી કર્યું? શું નથી મેળવ્યું ને શું નથી અનુભવ્યું? બધું મેળવ્યું છે. સૂત્રમાં પ્રભુ શું કહે છે.

लभंति विमला भोए, लभन्ति सुरसंपया
लभंति पुत्तमित्तंच एगो धम्मो न लब्भइ ।

પરચુરણ ગાથા

અનંતકાળથી જે ચીજ નથી મેળવી તે મેળવવા માટે આ મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે. આ ગાથામાં ભગવંત એ બતાવે છે કે સંસારમાં સુલભ શું છે ને દુલર્ભ શું છે ? સંપતિ મળવી દુલર્ભ છે; દેવલોકના સુખો મેળવવા દુલર્ભ છે, લાડી–વાડી ને ગાડી મળવી દુર્લભ છે, પુત્ર–પત્ની–મિત્ર–માન પ્રતિષ્ઠા આ બધું મળવું દુર્લભ છે, એમ ન કહ્યું કારણ કે પુણ્યના ઉદયથી ભૌતિક સંપત્તિ અનેકવાર મેળવી, ચક્રવર્તી ને સમ્રાટની સાહ્યબી પણ મેળવી. શેઠ સેનાપતિ બન્યો, ઇન્દ્રનું પદ મેળવ્યું. આવું અનંતીવાર મેળવ્યું. એક મેળવવાનું નથી મેળવ્યું, પણ સંસાર ઘટે તેવી કાર્યવાહી કરી નથી. ભગવાનના વચન ઉપર શ્રદ્ધા કરી નહિ, એનો ધર્મ પાળ્યો નહિ. સમ્યગ્દર્શન, સમ્યગ્-જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર્યની આરાધના કરી નહિ એટલે અનંતકાળથી રખડયો છે. એક મેળવવા જેવી ચીજ નથી મેળવી તે કઈ છે? एगो धम्मो न लब्भइ । એક વીતરાગ પ્રણીત ધર્મ નથી મળ્યો. તમને ગમે છે રુચે છે ને મળ્યું છે અને તેમાં આનંદ માનો છો અત્યાર સુધી કંઈ ન કર્યું પણ હવે સમજ્યા ત્યારથી સવાર સમજી ચોરાશી લક્ષ જીવાયોનીમાં ઉંચામાં ઉંચો, માનવદેહ મળ્યો. આવું ઉત્તમ સ્થાન મળ્યા પછી અજ્ઞાન દૂર થવું જોઇએ. સમજણના ઘરમાં આવ્યા પછી ગુણ પ્રગટે છે. કષાયો મંદ કરે છે, પાત્રતા મેળવે છે ત્યારે પુણ્ય વધે છે. એના વ્યવહારજીવનની શુદ્ધિ થઇ જાય છે ત્યારે માનવ માનવતાથી મઘમઘતું જીવન જીવે છે. અન્યાય–અનીતિ ને અધર્મ તેને ગમતા નથી. દુઃખીનું દુઃખ જોઈ એનું હૃદય દ્રવી જાય છે. મનમાં એક ઝંખના જાગે છે કે હે નાથ! સાચા માર્ગની પીછાણ વિના ઘણું ભમ્યો.

અનંતકાળથી આથડયો, વિના જ્ઞાનભગવાન
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂકયું નહિ અભિમાન

મને આ માર્ગની પિછાણ કરાવનાર મારા સદ્ગુરુ છે. એમનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. અમૃત પીવાનું મૂકી ઝેર પીવા દોડયો. કોહીનુર છોડીને કંકર વીણવા દોડયો, પણ હવે મને ભાન થયું છે કે સાચું શું ને ખોટું શું? સાચાની પિછાણ થયા પછી ખોટું કોણ ગ્રહણ કરે? જેમ પેલા ગરીબને પારસની પિછાણ કરાવનાર સજ્જન મળી ગયો તો એના દુઃખ ટળી ગયા. તેમ દેવાનુંપ્રિય! તમને પારસમણી સમાન ઉત્તમ ધર્મની પિછાણ કરાવનાર તમારા સદ્ગુરુઓ છે. અનાદિકાળથી મિથ્યા

વાસનાના જોરથી જડનો પૂજારી બની ગયો છે. તે બોટું છોડાવવા તનતોડ મહેનત કરે છે. મિથ્યાત્વ એ એક પ્રકારનો રોગ છે. એને મટાડવા સંતો વીતરાગવાણી રૂપી ડોઝ આપે છે. જેમ નાના બાળકને તાવ આવ્યો હોય તો એની માતા એને પરાણે દવા પીવડાવે છે. મોંમાંથી કાઢી નાખે તો માતા એને આડો પાડી, હાથ પગ ઝાલી નાક દબાવીને દવા પીવડાવે છે, છતાં એ દવાનો ઘૂંટડો ઉતારવો કે ન ઉતારવો એ બાળકના હાથની વાત છે, તેમ આ સંસારમાં જેને મિથ્યાત્વનો તાવ આવ્યો છે તેને સંતો દવા આપે છે. પરાણે આપે છે, વારંવાર આપે છે. પણ અંતરમાં ઉતારવી કે ન ઉતારવી તે પોતાના હાથની વાત છે વીતરાગવાણી અંતરમાં ઉતર્યા વિના હેય, જ્ઞેય, અને ઉપાદેયનો નિર્ણય પણ કેવી રીતે થઈ શકે? માટે અમે કહીએ છીએ કે હે આત્માઓ! આવો ઉત્તમ માનવભવ પામ્યા છો તો કંઈક પામીને જાવ. એક વાર સમ્યક્ત્વ પામી જાવ. પછી વારંવાર અમારે તમને કહેવું નહિ પડે. વ્યાખ્યાન કહો, કે સૂત્રનું વાંચન કહો એમાં એક વાત છે કે દરેક જીવો કર્મ ખપાવીને કેમ મોક્ષમાં જાય. મહાન પુરુષોના જીવનચરિત્ર શ્રવણ કરવાનો એક હેતુ છે કે એ જેવું જીવન જીવી ગયા તેવું આપણે જીવીએ અને ભવસમુદ્ર તરી જઇએ.

આપણે જમાલિકુમારનો અધિકાર ચાલે છે. આ ભગવતી સૂત્રના ભાવો સમજવા માટે હૃદયની ભૂમિ પવિત્ર ને નિર્મળ બની જવી જોઇએ. જેમ એક રાજાએ બે ચિત્રકારોને બોલાવ્યા અને સામસામી ભીંત ઉપર ચિત્ર ચીતરવાની આજ્ઞા કરી. બંને કારીગરો આવ્યા. એક ચિત્રકારે ભીંત સાફ કરીને ચિત્ર ચીતર્યું ને બીજા ચિત્રકારે ભીંતને ખૂબ સાફ કરી એવી સ્વચ્છ બનાવી કે જાણે અરિસો જોઇ લો. વચમાં પડદો રાખ્યો છે. એણે હજુ પીંછી હાથમાં ઝાલી નથી અને પેલા ચિત્રકારનું ચિત્ર દોરાઇ ગયું રાજા આવ્યા. જોયું તો એકનું કાર્ય સમાપ્ત થઇ ગયું છે. અને બીજાએ હજુ હાથમાં પીંછી પકડી નથી. રાજા કહે આનું ચિત્ર દોરાઇ ગયું ને તેં શું કર્યું? ત્યારે કહે સાહેબ! હજુ દિવાલ સાફ કરું છું. હજુ પીંછી ઝાલવાની લાયકાત મારામાં નથી આવી. એમ બોલતાં વચમાં રહેલો પડદો ખસેડી નાંખ્યો તેથી સામા ચિત્રનું પ્રતિબિંબ એમાં પડયું. આ જોઇ રાજા ખુશ થયો. ચિત્ર ચીતર્યા વિના આબેહુબ ચિત્ર સ્વચ્છ ભીંત ઉપર દેખાવા લાગ્યું. હવે ચીતરવાની જરૂર ખરી? તેમ આપણી હૃદયભૂમિ જો શુધ્ધ હશે તો આ વીતરાગવાણી હૃદયમાં ઉતારવા માટે કંઇ મહેનત નહિ કરવી પડે.

ક્ષણે ક્ષણે આત્માને એક ઉપદેશ આપતા રહો કે હે જીવ! ચીકણા કર્મો બાંધીને તું કયાં જઇશ? કોના ઉપર કષાય કરે છે, કોના માટે કાવાદાવા કરે છે. દગાપ્રપંચ કરીને ધન કોના માટે મેળવ્યું છે? કંઇક સમજ. એક સામાયિક કરીને બેઠા હો

ત્યારે એવી ભાવના ભાવો કે હે પ્રભુ ! હજુ સામાયિક ચારિત્રમાં છું. આ સામાયિક ચારિત્રમાંથી હવે યથાખ્યાત ચારિત્ર કયારે પામું ? કાઉસ્સગ કરીને બેઠો છું પણ હવે શુકલધ્યાન કયારે પામું એવી ભાવના વર્તતી હોય. ઉપાશ્રયમાં દાખલ થતાં નિસ્સહિ નિસ્સહિ બોલો છો. જેમ બૂટ બહાર ઉતારીને આવો છો તેમ પાપથી નિવૃત થવા માટે એ શબ્દ બોલાય છે. હે પ્રભુ ! તારા ભવનમાં પ્રવેશ કરતાં હું પાપથી નિવૃત બનું છું. અહીં આવ્યા પછી એક પણ પાપનું કાર્ય કરવાનો વિચાર સરખો ન આવે એવા જીવનું કલ્યાણ થયા વિના રહે નહિ. આપણે ભગવતી સૂત્રની વાત ચાલે છે, તેમાં માહણકુંડ નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણીની વાત આવે છે, ત્યારે પછી જમાલિકુમારની વાત ચાલી છે. શું અધિકાર આવે છે :–

"तस्सणं माहणकुंडग्गामस्स णयरस्स पच्चच्छिमेणं
एत्थणं खत्तियकुंडग्गामे णामं णयरे होत्था वण्णओ।"

તે માહણકુંડ નગરની પશ્ચિમ દિશામાં ક્ષત્રિયકુંડ નામનું નગર હતું. તમને એમ લાગશે કે માહણકુંડને ક્ષત્રિયકુંડ નગરની સાથે શું સબંધ હશે ? ભગવાન મહાવીર સ્વામી પહેલા દેવાનંદા બ્રાહ્મણીની કુંખે ઉત્પન્ન થયા હતા અને પછી હરણગમેષી દેવે તેમનું સાહારણ કરીને ત્રિશલામાતાની કુખે મૂકયા એ ક્ષત્રિયકુંડ નગર હતું. મહાવીર પ્રભુ તીર્થંકર થવાના હતા. તીર્થંકર બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન ન થાય એટલે ક્ષત્રિયકુળમાં લાવીને મૂકવામાં આવ્યા. જેમનો આત્મા કર્મશત્રુને હઠાવવામાં શૂરવીર હતો. તેઓ જે નગરમાં જન્મ્યા તે નગરનું નામ પણ ક્ષત્રિયકુંડ. તીર્થંકર ભગવંતો જે નગરીમાં જન્મે છે તે ભૂમિપવિત્ર હોય છે એટલે એમની નગરીનું વર્ણન કરવામાં આવે છે. આગળ પાછળનો સબંધ બતાવવા માટે બંને નગરીના અહીં નામ લખ્યા છે. છાતીમાં દુઃખાવો થતો હોય તો પણ ડૉકટર પૂછે છે ને કે તમારું પેટ સાફ આવે છે ! જો પેટ સાફ નહિ હોય તો દવા અસર નહિ કરે. એટલે પહેલા પેટ સાફ કરવું જોઈએ. જેમ એકેક અવયવોને સબંધ છે તેમ અહીં શાસ્ત્રમાં પણ એકબીજાનો સબંધ બતાવવા માટે વર્ણન કરવામાં આવ્યું છે. જે ભૂમિમાં મહાન પુરુષો જન્મ્યા હોય, વિચર્યા હોય તે ભૂમિ અહિંસામય હતી. પણ આજે એ ભૂમિમાં હિંસાના તાંડવો વધી ગયા છે. આજની સરકાર પરદેશ સાથે હુંડિયામણ કરે છે. એ હુંડિયામણમાં સારી વસ્તુઓ આપીને હિંસામય સાધનો મંગાવે છે ને કેટલા જીવોની કતલ કરે છે. પદેશની વસ્તુઓ પહેરતાં વિચાર કરજો. આ મેં વસ્તુ નથી પહેરી પણ જીવોના પ્રાણ પહેર્યા છે. અહિંસા છે ત્યાં ધર્મ છે ને હિંસા છે ત્યાં પાપ છે માટે હિંસક વસ્તુઓનો ત્યાગ કરો.

ક્ષત્રિયકુંડ નગર ખૂબ મોટું ને વિશાળ હતું. તે નગરમાં ધર્મની પણ વિશેષતા હતી. નગરમાં બાગ – બગીચા ને વાવડીઓ હતા. બગીચા ને

વનમાં શું ફેર છે? વનમાં ઝાડ હોય છે ને બગીચામાં પણ ઝાડ હોય છે. વનમાં બધું અવ્યવસ્થિત હોય ને બગીચામાં બધું વ્યવસ્થિત હોય છે એ બગીચાની વિશેષતા છે. એ દ્રવ્ય બગીચામાં જવાથી આત્મશાંતિ મળે છે. પણ ભાવબગીચો એ ધર્મનો બગીચો છે. અહિંસા-સત્ય-અચૌર્ય-બ્રહ્મચર્ય-તપ-સ્વાધ્યાયરૂપી બગીચામાં જે ફરે છે તેને ભાવશાંતિ મળે છે. જે નગરની જનતા બહુ ભાવિક હોય ત્યાં સંતોનું આગમન ખૂબ થાય છે. રાજગૃહી નગરીમાં ભગવાન કેટલી વખત પધાર્યા? પહેલાં શ્રેણીક રાજાને કોઈ ઓળખતું ન હતું. એના રાજ્યમાં ઓળખાતા હતા પણ જ્યારે સમકિત પામ્યા, ભગવાનના ભક્ત બન્યા, ત્યારે આખી દુનિયાએ એને ઓળખ્યા. આપણે એમના આત્માના ગુણથી ઓળખીએ છીએ. એમના વૈભવ ને સંપત્તિથી નહિ. તમારી પાસે, કરોડ રૂપિયા આવી જાય તો છાતી ફુલી જાય કે મારા જેટલો કોઈ ધનવાન નહિ. પણ જે ધન દુર્ગતિના ખાડામાં લઈ જાય તે શા કામનું? નવા વર્ષે ચોપડામાં શારદાપૂજન કરીને લખો છો કે ધન્ના-શાલીભદ્રની ઋદ્ધિ મળજો. શાલીભદ્રની ઋદ્ધિ કરતાં મમ્મણ શેઠની ઋદ્ધિ ઘણી વધારે હતી. તો પણ એની ઋદ્ધિ કેમ નથી માંગતા એ તમે જાણો છો ને! મમ્મણ શેઠની ઋદ્ધિ એને દુર્ગતિમાં લઈ ગઈ. જીવતાં ફાટલા કપડાં પહેર્યા, ચોળા ને તેલ ખાધું અને મરીને ધનની અત્યંત આસક્તિના કારણે નરકમાં ગયો. જ્યારે શાલીભદ્રે ઋદ્ધિને ભોગવી અને સમજ્યા ત્યારે તણખલાની જેમ ત્યાગી દીધી. ને આત્માનું કલ્યાણ કર્યું. અહીં ક્ષત્રિયકુંડ નગરમાં કોણ પવિત્ર આત્મા વસે છે, તેની કેવી ઋદ્ધિ હતી? તેનો વૈરાગ્ય કેવો હતો! તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૧૦

અષાઢ વદ ૫ ને ગુરુવાર **તા. ૧૯-૭-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરુણાનિધી, વિશ્વવત્સલ, ત્રિલોકીનાથે જગતના જીવો ઉપર કરૂણા કરી બોધનો ધોધ વહાવ્યો. ભગવંત ફરમાવે છે કે આ જીવ અનાદિકાળથી અજ્ઞાન અને મિથ્યાત્વના કારણે સંસારમાં ભમી રહ્યો છે. આચારાંગ સુત્રમાં કહ્યું છે કે "लोयंसि जाणं अहियाय दुक्खं" આ લોકમાં મોટામાં મોટું જે કોઈ દુઃખ હોય તો તે અજ્ઞાન છે. આજે માનવી અજ્ઞાનના કારણે સંપત્તિ ન હોય, મનગમતા સાધન ન હોય તો માને કે હું દુઃખી છું. પણ ભગવાન કહે છે કે સંપત્તિ, ઐશ્વર્ય, રૂપ કે માનમાં સુખ નથી. એવા

સુખની જો વિશેષતા હોય તો દેવોની પાસે જે રૂપ ઐશ્વર્ય ને સંપત્તિ છે તેવી દુનિયામાં કોઈ માનવી પાસે નથી. આમ હોવા છતાં એવા દેવો મનુષ્યભવને ઝંખે છે. અખુટ ઐશ્વર્યનો સ્વામી ઇન્દ્ર તીર્થંકરના ચરણોમાં આવીને નમે છે. સાધુપણું લેવાની ઇચ્છા કરે છે. જો એમાં સાચું સુખ હોત તો આ ત્યાગના સુખોની ઝંખના શા માટે કરત? એની પાસે ગમે તેવી શક્તિ હોવા છતાં સંસારને પરિત કરવાની ચાવી એની પાસે નથી કારણ કે તે ગમે તેટલો પુરુષાર્થ કરે તો પણ દેશવિરતી કે સર્વવિરતી બની શકતો નથી. આપણા જીવે અવિરતીમાં કેટલો કાળ કાઢયો છે? જ્યાં સુધી અવિરતી નહિ જાય ત્યાં સુધી વિરતીભાવ આવશે નહિ. વિરતી આવે નહિ ત્યાં સુધી આશ્રવ અટકશે નહિ. મહાન પુરુષો સંસારના રંગરાગ છોડી વૈરાગી બન્યા. વિરતીમાં આવ્યા. ચારિત્ર વિના જીવની મુકિત થવાની નથી. માટે જીવનમાં ચારિત્ર આવવું જોઇએ. એવી ભાવના થવી જોઇએ. સાધનાની સીડીએ ચઢયા વિના મોક્ષની મેડી નહિ મળે.

ચારિત્ર પામવા માટે હૃદયની ભૂમિ વિશુદ્ધ જોઇશે. ચિત્તની એકાગ્રતા જોઇશે. જીવ અહીં આવીને બેઠો હોય ને ચિત્ત તો કયાંય પેઢી ઉપર ભમતું હોય. નવકારમંત્રનો ગણનારો નરકમાં ન જાય. જેને કંઇ નહોતું આવડતું એવા જીવો નવકારમંત્રના પ્રભાવથી કામ કાઢી ગયા. એણે કેવા નવકારમંત્ર ગણ્યા હશે! તમે નવકારમંત્ર કેટલી વખત બોલતા હશો. નમો અરિહંતાણું બોલતા એવા ભાવ આવે છે કે હે પ્રભુ! તુ આર્યભૂમિમાં જન્મ્યો હું પણ આર્યભૂમિમાં જન્મ્યો. તેં ઘાતી કર્મોનો ક્ષય કર્યો ને હું તો હજુ ભવમા ભમ્યા કરું છું. નમો અરિહંતાણું બોલતા અરિહંત ભગવંતો અને સામાન્ય કેવળજ્ઞાની બધાને તમારા વંદન થાય. અરિહંત અને સામાન્ય કેવળી ભગવંતોના આત્મ-સુખમાં કે એમના જ્ઞાનમાં કોઇ જાતનો ફરક નથી. પણ અરિહંત ભગવંતોને તીર્થંકર નામકર્મનો ઉદય હોય છે. એમણે અરિહંત બનવા પહેલા મોડામાં મોડા ત્રીજા ભવે તો એવું આંદોલન ઉપાડયું હોય કે **"સવિજીવ કરું શાસનરસી"** બધા જીવોને હું શાસન રસિક બનાવું. બધા જીવો શાંતિ અને સુખ કેમ પામે એ માટે જબ્બર પુરૂષાર્થ કર્યો. તેના કારણે તીર્થંકર નામકર્મ બાંધે છે. એ જબ્બર પુણ્યનો ભોગવટો તીર્થંકર પદવીમાં એ ભોગવે છે અને અનેક જીવોને તારે છે.

નવકારમંત્ર બોલતાં પ્રભુ સામે પોકાર થવો જોઇએ કે હે પ્રભુ! તારા પદને હું કયારે પામું? નમો અરિહંતાણું બોલ્યા એટલે જલ્દી નમો સિધ્ધાણું, નમો–આયરિ-યાણું, નમો ઉવજ્ઝાયાણું, નમો લોએ સવ્વસાહુણું જલ્દી બોલી લઉં એવો ભાવ ન હોવો જોઇએ. સિધ્ધ બનવું છે તો પહેલા અરિહંત પદ વિના સિધ્ધ નહિ બનાય. અને આચાર્ય ઉપાધ્યાય કે સાધુ બન્યા વિના અરિહંત નહિ બનાય નવકાર–મંત્રનો જાપ એટલે પંચ-પરમેષ્ટિભગવંતને પરોક્ષ રીતે મળવાનું રિસિવર હાથમાં લીધું. જેમ તમારો દીકરો

પરદેશ રહેતો હોય અને એનો કોલ આવે તે વખતે રીસીવર હાથમાં લઇ દીકરા સાથે વાત કરવા બેઠા. એને પ્રયત્ક્ષ નથી મળતાં પણ એની સાથે વાત કરી એટલેપરોક્ષ રીતે મળો છોને? તે વખતે મુખ ઉપર જાણે પ્રત્યક્ષ મળ્યા જેટલો આનંદ અનુભવો છો. એ વખતે રૂમમાં કોઇ ઘોંઘાટ કરતું હોય તો બધાને શાંત કરી દો છો. કારણ કે એનો અવાજ તમારે સાંભળવો છે અને તમારો અવાજ એને પહોંચાડવો છે. ત્યાં કેટલો આનંદ ને કેટલી એકાગ્રતા છે! તો જન્મ-મરણની સાંકળને તોડાવનાર ભગવંતોની સાથે વાત કરતી વખતે આટલો આનંદ અને એકાગ્રતા આવે છે? લાખો રૂપિયાનો સોદો કરનાર વેપારી સાથે વાત કરતાં કેટલો આનંદ આવે? અહીં આનંદ નથી. સિદ્ધ ભગવંતો તમારાથી કેટલા દૂર છે તે જાણો છો? ભૂમિના તળાથી ૭૯૦ જોજન ઉંચા જઇએ ત્યારે તારામંડળ આવે, ત્યાંથી ૧૦ જોજન ઉંચે જઇએ ત્યારે સૂર્યનું વિમાન એમ ઉંચે ચઢતાં ચઢતાં ચંદ્રનું નક્ષત્રનું વિગેરે વિમાન આવે. એ મળીને ૯૦૦ યોજનમાં જ્યોતિચક્ર છે. ત્યાંથી અસંખ્યાતા ક્રોડાક્રોડ યોજન ઉંચા જઇએ ત્યારે સુધર્મા ને માહેન્દ્ર દેવલોક આવે. આ રીતે ત્યાથી અસંખ્યાતા ક્રોડાક્રોડ યોજન ઉંચે જતાં બાર દેવલોક, નવ ગ્રૈવેયક ને પાંચ અનુત્તર વિમાન આવે. છેલ્લા સવાર્થસિદ્ધ વિમાનની ધ્વજાપતાકાથી બાર યોજન ઉંચા જઇએ ત્યારે ઈસિપભારા નામે મુક્તિશીલા આવે. એ સિદ્ધશિલા ઉપર એક યોજનના છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગને વિષે સિદ્ધ ભગવંતો બિરાજે છે અને મહાવિદેહ ક્ષેત્રમાં અરિહંત ભગવંતો બિરાજે છે. એમના હૃદય સુધી આપણો સૂર પહોંચાડવો છે તો કેટલી એકાગ્રતા જોઇએ! બેઠા છો અહીં અને મન પેઢી ઉપર જતું હોય તો એ અવાજ ક્યાંથી પહોંચશે? પ્રભુના દર્શન કરવા હશે તો સંકલ્પ-વિકલ્પ ને વિભાવના વંટોળ ટાળવા પડશે. પાણી જ્યાં સુધી ડામાડોળ હોય ત્યાં સુધી તેમાં પડેલી વસ્તુ દેખાતી નથી તેમ મન ડામાડોળ હશે તો અંદર પડેલી વસ્તુ નહિ જડે.

ખોવાયું ખોળવા તલસે છે જીવડો, અંધારા ઓરડામાં પ્રગટાવ્યો દિવડો
ખેલ બલકના બોટા જાણ - એને ઉતારી બળગા મેલ
તારે માથે (૨) છે માયાની હેલ એને ઉતારી બળગી મેલ.

વસ્તુ ખોવાઇ ગઈ હોય તો ગમે તેમ કરીને શોધી નાંખો છો. દુનિયામાં ન હોય તેવી વસ્તુ કાળા માથાનો માનવી મેળવી શકે છે. સમજો. ઘાતી કર્મો ઉપર ઘા કરી કેવળ જ્યોતિ પ્રગટાવવાની તાકાત વૈક્રય શરીરવાળા પાસે નથી. તે ઔદ્યારિક શરીરવાળા પાસે છે. વહેપારમાં નફો મેળવવા કેટલો ઉદ્યમ કરો છો! કદાચ ખોટ જાય તો ખટકારો થાય ને? પણ આત્માના નાણું કમાવવા માટે એનો એક અંશ ઉદ્યમ છે? ભવોભવથી જીવ ખોટનો ધંધો કરતો આવ્યો છે. તેને સહેજ પણ ખટકારો થાય છે કે મારું પરભવમાં શું થશે? આત્મસ્વરૂપની પીછાણ કરીને પામી જાવ.

મૈયા ભગવતીસૂત્ર આધ્યાત્મિક ભાવથી ભરપૂર છે. ગૌતમસ્વામી ખૂબ સરળ ને નિરાભિમાની હતા. ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના જાણકાર એ કંઈ જેવા તેવા પુરુષ ન હતા. છતાં અભિમાનનું નામ નહિ. આજે તો થોડું આવડયું એટલે જાણે શેરી સાંકડી ને હું પહોળો. સાધુ પાસે પણ ગાણા ગાવા મંડી પડે કે જુઓ સાહેબ! મેં આટલા સિદ્ધાંત ને આટલા થોકડા કંઠસ્થ કર્યા છે. આટલા આગમ વાંચ્યા છે. અઠ્ઠાઈ, નવાઈ, સોળભથ્થા ને માસખમણ કર્યા છે. ભાઇ! બધા ગાણા ગવાઇ ગયા પણ આત્માએ પાપ કેટલા કર્યા છે તેના ગાણા કોઈ દિવસ ગાયા? જ્યાં સુધી ગુરુ સામે પાપનો પોકાર નહિ થાય ત્યાં સુધી કર્મના ભારથી હળવા નહિ બનાય.

તમે લક્ષ્મણા સાધ્વીનું દૃષ્ટાંત ઘણી વાર સાંભળ્યું હશે. એ લક્ષ્મણા સાધ્વી જેવા તેવા ન હતા. જબ્બર વિદ્વાન સાધ્વી હતા. તે રાજકુમારી હતી. ચોરીમાં વિધવા બનેલી. ત્યાં તેને સમજાય ગયું કે આ સંસાર અસાર છે. જ્યાં પરણવાનું છે ત્યાં રંડાપો છે. આવો સંસાર મારે ન જોઇએ. મીરાંબાઈ પણ બોલ્યા છે કે :-

સંસારીનું સુખ કાચું, પરણી રંડાવું પાછું,
રાંડવાનો ભય ટાળ્યો રે.....મોહન પ્યારા.....

આ લક્ષ્મણાજી પણ સંસાર અસાર જાણી વૈરાગ્ય પામ્યા. દીક્ષા લીધી ને ખૂબ જ્ઞાન મેળવ્યું. તપસ્વી પણ ખૂબ હતા. અને બે પાંચ પચ્ચીસ નહિ પણ ઘણી શિષ્યાઓના ગુરુણી હતા. છદ્મસ્થપણાની લહેરમાં એક વખત ચકલા ચકલીની ક્રીડા જોઇને મનમાં વિચાર આવ્યો કે પશુ-પક્ષીઓને આવી ક્રીડા કરવાની છૂટ ને સાધુઓને કેમ ન આપી? હે અવેદી અવિકારી ભગવંત! તું વેદીના દુઃખને શું જાણે?:

લક્ષ્મણા સાધ્વીના મનમાં આવો વિચાર આવી ગયો અને તરત પાછો એનો પશ્ચાતાપ પણ થયો. ગુરુની પાસે પ્રાયશ્ચિત લેવા ગયા. પણ અંદર રહેલો માનકષાય મૂંઝવવા લાગ્યો કે હું આટલી જ્ઞાની-તપસ્વી અને આટલી શિષ્યાઓની ગુરુણી. ગુરુની સામે એમ કહું કે મને આવો વિચાર આવ્યો તો ગુરુદેવ મારા માટે કેવો વિચાર કરશે કે શું આટલી વિદ્વાન સાધ્વીના મનમાં આવો ખરાબ વિચાર આવ્યો? તો મારું માન ઘવાઇ જાય. એટલે પોતાને આવો વિચાર આવ્યો છે એમ ન પૂછયું પણ ગુરૂને વંદન કરીને પૂછે છે ગુરૂદેવ! કોઇને આવો વિચાર આવી જાય તો શું પ્રાયશ્ચિત આવે? એણે કાયિક દોષ નહોતો લગાડયો. કેવળ મનમાં વિચાર આવ્યો હતો, આટલું પાપ છૂપાવ્યું. ગુરૂ પાસે આલોચના કરી હોત તો થોડા પ્રાયશ્ચિતમાં કામ પતી જાત પણ પોતે જાતે પ્રાયશ્ચિત કર્યું. પચાસ વર્ષ સુધી અઘોર તપ કર્યા છતાં પાપથી છૂટયા નહિ અને એંસી ચોવીસી સુધી સંસારમાં ભટકયા.

દેવાનુપ્રિયો! અનાદિકાળથી આ જીવે વિષયોને પોષ્યા છે. અનાદિકાળના

અભ્યાસના કારણે ભૂલ થઇ જાય. છદ્મસ્થ ભૂલને પાત્ર તો છે. પણ ભૂલ કરીને ભૂલને છૂપાવવી એ ઘોર પાપ છે. ભૂલ થયા પછી આપણા ગુરૂ પાસે એનો પોકાર કરી એનું પ્રાયશ્ચિત કરી લેવામાં આવે અને ફરીથી આવા પાપ ન થાય તેના માટે સાવધાની રાખવામાં આવે તો અનંત સંસારમાં ભટકવું ન પડે. પંચ-મહાવ્રતધારી લાંબાકાળના સંયમ પાળનારી સાધ્વીને એક વખતના દુષ્ટ વિચારના કારણે સંસારમાં ભમવું પડયું તો જે આત્માઓ મહિનાઓના મહિનાઓ, વર્ષોના વર્ષો આવા દુષ્ટ વિચાર કરતા હશે, એનો મનમાં ડંખ પણ નહિ હોય. ગુરૂસમીપે એ વિચારો પ્રગટ નહિ થાય તો તેનું પરિણામ કેટલું વિષમ આવશે તેનો વિચાર કરજો.

"નગરનું વર્ણન"

ક્ષત્રિયકુંડ નગર કેવું સોહામણું છે! એકેક વસ્તુ એના ભૂષણથી શોભે છે.

"नगरी सोहंति जलवृक्ष बागा, राजा सोहंता चतुरंगी सेना,
नारी सोहंति परपुरुष त्यागी, साधु सोहंता निरवद्य वाणी"

જે નગરીમાં જલાશયો હોય, ઉત્તમ પ્રકારના વૃક્ષો હોય અને બાગબગીચા હોય તે નગરી સુશોભિત લાગે છે. બહારથી માણસ આકુળવ્યાકુળ થઇને આવ્યો હોય તો ગામમાં પ્રવેશ કરતાંની સાથે પાણી પીને વૃક્ષ નીચે હાશ કરીને બેસી જાય છે. એ શહેરોમાં એકેક શ્રાવકો પણ વડલાની જેમ દુઃખીને વિસામારૂપ હતા. એ શ્રાવકો પોતાની આત્મસાધના માટે ગામમાં સ્થાનકો બંધાવતા હતા તેમાં સંતો આવીને ઉતરતા. એ શ્રાવકો એવા દૃઢ શ્રદ્ધાવાન હતા કે ચામડી ઉતરે પણ ચૂંકારો ન કરે. એ ધનવાન શ્રાવકો દ્રવ્યથી ને ભાવથી સમાધિપૂર્વક આનંદથી રહેતા હતા. આજે તો ગમે તેટલા નાણાં કમાય પણ સરકારના કેટલા લફરા લાગ્યા છે! તમારા જીવનમાં શાંતિ દેખાય છે? આજની સરકાર કાળા નાણાં બહાર કઢાવવાં કંઇક કરશે અને કદાચ પકડાશે તો પૈસા જશે ને પાપ તો ભોગવવું પડશે. આ કરતાં બધું છોડીને જો સાધુ બનો તો કેવો આનંદ! અનુભવ કરો તો ખબર પડે.

રાજા ગમે તેવો મોટો હોય, ગમે તેટલું મોટું વિશાળ રાજ્ય હોય, વૈભવ હોય, પણ જો એની પાસે ચતુરંગી સેના ન હોય તો એ રાજાની શોભા નથી. ચતુરંગી સેનાથી રાજા શોભે છે, સ્ત્રી ગમે તેટલી સૌંદર્યવાન હોય પણ એનામાં શીયળ ન હોય તો સ્ત્રીની શોભા નથી. ભલે વેજાની સાડી પહેરી હોય, દાગીના પહેર્યા ન હોય પણ જેનામાં ચારિત્રહોય તે સ્ત્રી શોભે છે. જશમા ઓડણ માટીના ટોપલા ઉપાડતી હતી. એનું રૂપ જોઇ સિધ્ધરાજ મોહ પામી ગયો. એની પાસે આવીને કહ્યું જશમા! તારૂં સૌંદર્ય આ માટીના ટોપલા ઉપાડવા માટે નથી. મારી મહેલાતોમાં મહાલવા માટે છે. મારા મહેલમાં ચાલ. તને મારી રાણી બનાવું. મનમાન્યા સુખ આપું. જશમાએ ચોખ્ખી ના પાડી દીધી. સિધ્ધરાજે એના માથે જુલ્મ ગુજારવામાં બાકી ન રાખ્યું. પણ એ જશમા

એક તલભાર એના ચારિત્રથી ડગી નહિ ને ચારિત્રમાં મકકમ રહી. આવી શીયળવંતી સતી સ્ત્રીઓ આ ભારતમાં થઇ ગઇ છે. આટલા માટે કહેવામાં આવ્યું કે **"નારી સોહંતિ પરપુરૂષ ત્યાગી"** આ તો બહેનોની વાત થઈ પણ પુરૂષ કેવા હોય? **"પુરૂષ સોહંતા પરનારી ત્યાગી"** જેમ પરપુરૂષનો જેને ત્યાગ છે એવી શીયળવંતી સ્ત્રી શોભે છે તેમ પરસ્ત્રીના સામું જે કુદૃષ્ટિથી જોતા નથી એવા પુરૂષો શોભાને પાત્ર છે.

જ્યારે પવનજીનું અંજના સતી સાથે સગપણ થયું. ત્યાર પછી પવનજી મિત્રને લઇને અંજનાને જોવા માટે ગયા. પવનજી અને એમના મિત્ર વિમાન અધ્ધર રાખીને જુવે છે. તે વખતે અંજના સતી સખીઓની સાથે બગીચામાં ફરવા ગયેલા. સખીઓ અંજનાને કહે છે અંજના! તારા માટે ત્રણ મુરતીયા જોવાયા. તેમાં મેઘકુમારને જોયા પણ એતો દીક્ષા લેવાના છે માટે એમની સાથે તમારો વિવાહ ન થયો. સંસાર છોડીને સંયમી બનવાના હતા, મોક્ષગામી જીવ હતા એટલે અંજનાજીએ એમને ત્યાં બેઠા ભાવ-વંદન કર્યા. પછી સખી કહે કે પવનજી સાથે તમારી સગાઇ થઇ ત્યારે અંજના કંઇ ન બોલી. હાથ ન જોડયા. કારણ કે એ તો સંસારમાં રહેવાના હતા. ભોગની કંઇ વિશેષતા નથી. આ જોઈને પવનજીને અંજના પ્રત્યે શંકા થઇ કે સગાઇ મારી સાથે થઇ છે પણ એનું મન તો બીજામાં રમે છે. એનું નામ આવ્યું ત્યારે બે હાથ જોડી વંદન કર્યા અને મારૂં નામ આવ્યું ત્યારે એનું મુખ પણ મલકયું નહિ. હવે જોઈ લો હું પણ તેના સામું નહિ જોઉં. અહીંથી અંજના સતીના સંસારમાં ઝેરના બીજ વવાયા. પવનજીને ખૂબ સમજાવ્યા પણ એમની શંકાનું સમાધાન ન થયું. ક્રોધથી ધમધમતા પરણવા માટે પવનજી જાય છે ત્યારે મિત્ર કહે છે આપણે વિદ્યાધર છીએ. આપણા કુળની એ ટેક છે કે ફરીને બીજી પત્ની આ જીવનમાં કરાય નહી. માટે જીવનમાં ખૂબ વિચાર કરજો. પવનજી કહે છે હું મારી ટેકને બરાબર સમજુ છું. અંજનાને પરણીને એનો ત્યાગ કરીશ, વેરનો બદલો લઈશ. મારી સામે દેવાંગનાઓ આવશે તો પણ હું ચલાયમાન નહિ થાઉં. દેવાનુપ્રિયો! આનું નામ **" પુરૂષ સોહંતા પરનારી ત્યાગી "**. તમે પણ આવા પ્રત્યાખ્યાન લઇને જજો. બધા પરસ્ત્રીમાં આસકત છે એવું હું કહેતી નથી. પણ પચ્ચખાણ હોય તો મહાન લાભ મળે છે. સાધુ નિવર્દ્ય વાણીથી શોભે છે. સાચો વીતરાગી સંત સહેજ પણ પાપનું આવાગમન થાય તેવી સાવદ્ય ભાષા બોલે નહિ. બધી રીતે ક્ષત્રિયકુંડ નગર ખૂબ શોભાયમાન હતું. હવે તે નગરમાં કોણ પુણ્યવાન જીવો વસતા હતા તે વાત આવે છે.

"तत्थणं खत्तियकुंडगामे णयरे जमाली णामं खत्तियकुमारे परिवसइ।"

તે ક્ષત્રિયકુંડ નગરમાં જમાલી નામના ક્ષત્રિય કુમાર વસતા હતા. જમાલિકુમારને આપણે બે રીતે ઓળખીએ છીએ. એક તો ભગવાન મહાવીરના બહેનના દીકરા

એટલે ભાણેજ હતા. ક્ષત્રિયોમાં મામા-ફોઇના વરતા હતા એટલે બીજી રીતે જમાલીકુમાર ભગવાન મહાવીર સ્વામીના જમાઈ હતા એ સગાઈ હતી. એમની વિશેષતા ભાણેજ કે જમાઈ હતા એટલા માટે નથી પણ એમનો વૈરાગ્ય કેવો મજબુત હતો. સંસારના બંધન ક્ષણવારમાં કેવી રીતે કાપશે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૧૧

અષાડ વદ ૬ ને શુક્રવાર તા૦ ૨૦–૭–૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

અનંત કરૂણાનીધિ જ્ઞાનચક્ષુના દેનાર પ્રભુ ફરમાવે છે કે હે ભવ્ય જીવો! આ સંસાર શું છે? સંસાર એક મોટો સાગર છે. એ એવો ભયાનક છે કે તેમાં મોહ – માયા – રાગ – દ્વેષ ને વિષયવિકારના જબ્બર મોજા ઉછળી રહ્યા છે. તેમાંથી પસાર થવાનું છે. આવા ભયાનક સાગરમાંથી પસાર થવા માટે માનવજીવનની મહત્તા છે. આ ભવસમુદ્રમાં ડૂબી જવા માટે એની મહત્તા નથી. સંસારસમુદ્રને તરવા માટે મનુષ્યભવ સિવાય બીજું કોઈ સ્થાન નથી. સ્વર્ગ – મોક્ષ અને નરકની ટિકિટ મનુષ્યભવમાં મળે છે. તમારે કયાંની ટિકિટ લેવી છે? (સભા :– મોક્ષની) જો મોક્ષની ટિકિટ જોઇતી હોય તો વિષયોનો રાગ છોડો, વૈરાગ્યભાવ લાવો ને વૈરાગીમાંથી ત્યાગી બનવાનો પુરૂષાર્થ કરો.

માણસ ત્યાગ કરી દે છે પણ એ ત્યાગની સાથે વૈરાગ્ય જોઇએ. કારણ કે વૈરાગ્ય વિનાનો ત્યાગ આત્મા વિનાના દેહ જેવો છે. વૈરાગ્ય વિનાનો ત્યાગ લાંબો સમય ટકી શકતો નથી. જીવને એવો વિચાર થાય કે અનાદિકાળથી ભોગો ભોગવ્યા પણ હજુ આ તૃષ્ણાનો અંત આવ્યો નહિ. આ ભવમાં ભમાવનાર વિષયો છે. વિષયો ભયંકર લોરિંગ જેવા છે. એનો વિશ્વાસ કરવા જેવો નથી. આ વિષયના રાગે મારૂં ઘણું નુકસાન કર્યું છે. હવે એને છોડ્યા વિના મારો છૂટકો નથી. જેને આત્મધર્મની પીછાણ થાય તેને વિષયો દુશ્મન જેવા લાગે. કોઇ તમારો દુશ્મન હોય તો તેની સાથે વ્યવહાર રાખવો તમને ગમે? (સભા : અરે વ્યવહાર રાખવાની કયાં વાત કરો છો. એ સામો મળે તો એનું મોઢું જોવું પણ ન ગમે? (આ રીતે વિષયો દુશ્મન જેવા લાગે તો એના સામું જોવું ગમે!) જેને ભોગો ખરાબ લાગ્યા હોય એ તો જિનવાણીના ઝણકારે જાગી જાય. ઉભા થઇ જાય. આટલા વખતથી સાંભળો છો. હાજી હા કરો છો પણ હજુ વિષયો ખરાબ લાગ્યા નથી એટલે જાગતા નથી.

મોક્ષમાં જવા માટે ફર્સ્ટ કલાસ એરકંડીશન ટિકિટ હોય તો ચારિત્ર છે. જો ચારિત્ર લેવાની તાકાત ન હોય તો સંપૂર્ણ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈ લો. બાર વ્રત અંગીકાર કરી લો. બ્રહ્મચર્ય પાળવામાં પૈસાની જરૂર નથી. શારીરિક શક્તિની જરૂર નથી. તપ કરવું હોય તો દેહબળ જોઈએ પણ બ્રહ્મચર્ય પાળવાથી કયાં શરીર નબળું પડી જવાનું છે. બ્રહ્મચર્ય પાળવાથી તો શરીરનું બળ વધે છે. રોજ ઉપાશ્રયે આવો છો, સાધુ-સાધ્વીને વંદન કરો છો ત્યારે એવા ભાવ આવે છે કે હવે હું આમના જેવો સંયમી બનું. સંસારસુખની હવે મને ભૂખ નથી. જેના શરણે જાઉં છું તેવો બનું! બોલો આવા ભાવ આવે છે? (હસાહસ) વાણીયાના દીકરા પાકા હોય. કદી હાં ન ભણે. આવા ભાવ નથી આવતા તેનું કારણ એ છે કે ત્યાગની ભૂમિમાં પણ સંસારના રંગરાગ લેગા લઈને આવ્યા છો. જ્યારે તમારા સંસારના કોઇ પોગ્રામ કે પાર્ટીઓ ગોઠવો છો ત્યારે ત્યાં ધર્મનો કોઇ પ્રોગ્રામ ગોઠવો છો? 'ના' ત્યાં તો સંસારની વાત હોય તો પછી ત્યાગની ભૂમિમાં સંસાર શા માટે હોવો જોઇએ? અહીં સંસારનો ગંદવાડ ન હોવો જોઇએ. પહેરવાના કપડાં સ્વચ્છ ગમે છે, જમવાનું ભાણું સ્વચ્છ ગમે છે. શરીર સ્વચ્છ ગમે છે. તો એક આત્મા કેમ મેલો ગમે છે? વર્ષોથી ધર્મ કરો છો, ધર્મના પુસ્તકો વાંચો છો, પણ ધર્મના સ્વરૂપને સમજ્યા નથી. વીતરાગ શાસન પ્રિય લાગશે ત્યારે સંસાર દરિયાના પાણી જેવો ખારો લાગશે. સમજાય છે ને? સંસારના સુખ તમને દુર્ગતિમાં લઇ જશે. અહીં ૫૦-૬૦ વર્ષની ઉંમર થાય ને બ્રહ્મચર્યની વાત આવે ત્યારે માથું ખણે. શરમ નથી આવતી? જીવ નરકમાં જશે ત્યાં સ્ત્રી નહિ મળે. નારકીનું આયુષ્ય જ જઘન્ય દશ હજાર વર્ષનું ને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમનું હોય છે. તેમાં જેનું જેટલું આયુષ્ય હોય તેટલું મહાન કષ્ટમાં પૂર્ણ કરવું પડશે. ત્યાં પત્ની નહિ મળે. હાય પૈસાને ઓય પૈસા કરો છો તે ત્યાં નહિ મળે. અહીં જમવા બેઠાં હો ત્યારે ભાણામાં અનેક પ્રકારની વાનગીઓ હોય છે. ફ્રીજના ઠંડા પાણી પીવા જોઇએ છે. પણ નરકમાં લાખો મણ અનાજ ખાઈ જાઉં એટલી ભૂખ હશે તો પણ એક કણ નહિ મળે. મોટો સાગર પી જાઉં એટલી તરસ લાગી હશે તો પણ એક ટીપું પાણી ત્યાં નહિ મળે ત્યારે શું થશે?

બંધુઓ! વિચાર કરો. આત્માનો માર્ગ સંવરનો માર્ગ છે. આશ્રવનો નથી. સંસારમાં ક્ષણે ક્ષણે પાપ થઈ રહ્યા છે. એ પાપના કડવા ફળ ભોગવવા પડશે. જેની પાસે ઘણું હતું છતાં એમ માન્યું કે આ સંસારસાગરમાં આપણે રહેલ કરવા માટે નથી આવ્યા, પણ સદ્ગુરૂ જેવા નાવિક છે. ધર્મની સુંદર નૌકા છે, વીતરાગ શાસનનો અનુકુળ વાયુ છે. એના સહારે સંસારસમુદ્રને તરવો છે. હે નાથ! તારો ધર્મ મને ન મળ્યો હોત તો મારું શું થાત? એવા ભાવનો ઉછાળો આવવો જોઇએ. જેમ બજારમાં માલના ભાવનો

ઉછાળો આવે તો આનંદ થાય છે તેમ અહીં પણ ત્યાગની ભાવનાનો ઉછાળો આવવો જોઇએ. ધર્મ એ તમારો મિત્ર બની જવો જોઇએ. ચૂલા ઉપર દૂધને ગરમ કરવા મૂકો છો ત્યારે દૂધમાંથી પાણી બળે છે તે વખતે દૂધને એમ થાય કે જે મિત્ર મારામાં ભળી ગયો, મેં એને મારો રંગ આપ્યો ને એ મારા જેવો બનીને રહ્યો ને એ બળી જાય છે. મારાથી કેમ સહન થાય ? એટલે દૂધ ઉભરાવા માંડે છે. દૂધ ઉભરાય એટલે કાં એને ચૂલા પરથી ઉતારી લે કાં એની અંદર પાણી નાંખે ત્યારે ઉભરો બેસી જાય છે. કારણ કે એનો મિત્ર એને મળી જાય છે. દૂધ પાણીની પાછળ પ્રાણ આપે છે. તમે આવો મિત્ર શોધ્યો છે ? જો ધર્મને મિત્ર બનાવશો તો એ દુર્ગતિમાં નહિ જવા દે. કોઇ સંતનો પરિચય કરી લેો તો પણ તમને પાપથી બચાવશે. સાચા માતપિતાઓ થોડા સુખ માટે સંતાનોને સંસારમાં રૂલાવે નહિ. સંતાનો ત્યાગમાર્ગે જાય તો એને આનંદ થાય. આખા સંસારની પરંપરા અટકી ગઇ. ત્યાગના માર્ગે ગયેલા સંતાનોને જોઇને એમના માતા પિતાને એમ થાય કે આ સંસારત્યાગી નીકળી ગયા અને હું સંસારના કાદવમાં ખૂંચી રહ્યો છું. ત્યારે પાપ કરવું પડે છે ને ? ત્યાગીને નીકળી ગયો હોત તો આ પાપ ન કરવું પડત. હજુ તક વીતી ગઇ નથી. ધારો તો સંયમ લઇ શકો તેમ છો. હજુ સમજો પછી પોક મૂકીને રડશો તો પણ પાપથી નહિ છૂટાય.

જેની ઉંમર પાકી થઈ ગઇ છે એમના મનમાં હજુ એવો વિચાર આવે છે કે આ સંસારની માયાજાળમાં ન ફસાયા હોત તો સારું હતું ! જો સંસારમાં ન પડયા હોત તો આત્માની સાધના કરવાનો કેટલો બધો સમય મળી જાત ! અમે તો ભૂલ કરી પણ હવે અમારા સંતાનો આવી ભૂલ ન કરે એવી શીખામણ આપો છો ? દીકરા-દીકરી કુંવારા હોય તેને પાસે બેસાડીને તમે કહો કે બેટા ! અમે તો પરણીને પસ્તાયા છીએ. ઉંડા ખાડામાં પડયા પણ તમે પડતા નહિ. સંસારમાં કંઈ સાર નથી. સંસાર તો સ્વાર્થનો ભરેલો ને દુઃખમય છે. સંસારમાં રહીને સુખ મેળવવું એ પાણી વલોવીને માખણ કાઢવા જેવું છે. કાંકરા પીલીને તેલ કાઢવા જેવું છે. સંસારમાં રહેનારને ડગલે ને પગલે પાપ કરવું પડે છે. માટે તમે આ માયાજાળમાં ફસાશો નહિ. આવો ઉત્તમ માનવજન્મ પામીને તેમાં આદરવા જેવું હોય તો ચારિત્ર છે. જો ચારિત્ર ન લઇ શકો તો સાચા શ્રાવક તો જરૂર બનજો. સાચા શ્રાવકમાંથી કયારેક સાધુ બનવાના ભાવ થશે.

ભગવતીસૂત્રના નવમા શતક ને તેત્રીસમા ઉદ્દેશામાં જમાલિકુમારની વાત ચાલે છે. ક્ષત્રિયકુંડનગર ખૂબ સોહામણું છે. જ્યાં મહાવીર પ્રભુ જન્મ્યા હોય તે ભૂમિ તો પવિત્ર જ હોય ને ! તમે બોલો છોને કે ધન્ય છે તે ગામનગરને કે જ્યાં પ્રભુ વિચરતા હશે ! આપણે ઘણીવાર તીર્થંકર પાસે ગયા, તેમની વાણી સાંભળી પણ ત્યાં જઈને અવળા ધંધા કર્યા હશે ! એની બાહ્ય ઋદ્ધિને જોઈ પણ આત્મિક ઋદ્ધિ ન જોઇ ક્ષત્રિયકુંડ

નગરમાં ક્ષત્રિય એવા જમાલિ નામના રાજકુમાર વસે છે. તે કેવા હતા? "अट्ठे जाव अपरिभूए।" ખૂબ ઋદ્ધિવાન હતા. કોઈથી એ પરાભાવ પામે તેવા ન હતા. આજે તમને કરોડ રૂપિયા મળી જાય તો એમ થાય કે મારા જેટલું કોઈ શ્રીમંત નથી. પણ કાળા અજ્ઞરના કરોડ કમાવાની શું વિશેષતા છે!

કાળા કરીને કરોડ કમાયો, ખાધું પીધું ને ખૂબ એલાયો,
ઢળાશે જ્યારે ચોકો, શું કરશો નોટોની થોકો
કરી લો કરી લો આત્માનું કલ્યાણ.....
આ દુનિયાના લોકો, મળ્યો છે આવો મોકો...કરી લો કરી લો...

કાળા અજ્ઞર કરીને કરોડ રૂપિયા કમાયા. ખાઈપીને આનંદ કર્યો. પણ જ્યારે કાળ રાજા આવશે, વીલે મોઢે જવું પડશે તે વખતે નોટોની થોકડીઓ મૂકીને જવું પડશે. માટે કહીએ છીએ ચેતી જાવ. જો ધર્મ પામ્યા હશો તો મરતી વખતે શાંતિ રહેશે. કદાચ જીવતાં નાણું ચાલ્યું જશે તો પણ દુઃખ નહિ થાય.

એક મોટા શહેરમાં એક ક્રોડાધિપતિ શેઠ વસતા હતાં. જૈન ધર્મ રગેરગમાં રૂચી ગયો હતો, શ્રાવક ધર્મ બરાબર પાળતા હતા. હમેંશા સંત સમાગમ કરતા. સંતોની સેવા કરતા. સામાયિક પ્રતિક્રમણ-ચૌવિહાર બધું કરતા હતા. આજના કંઇક શ્રાવકો ધનવાન બને એટલે ધર્મ છોડી દે છે. જ્યારે આ શેઠ ક્રોડપતિ હતા છતાં ધર્મને ભૂલ્યા ન હતા. પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવો પૈસો મળતાં ધર્મને નેવે મૂકી દે છે. ફેશનો અને વ્યસનોનું એમના ઘરમાં આવાગમન થાય છે. જ્યારે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવોને પૈસો વધે તો પણ ધર્મ એના જીવનમાંથી જતો નથી. આ નગરશેઠ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા હતા. જિન વચનમાં અનુરકત હતા. એમને મન ધન કરતાં ધર્મનું મહત્વ વધારે હતું. હવે જુઓ એમના જીવનમાં કેવી ધર્મની શ્રદ્ધા છે!

એક વખત રાત્રે નગરશેઠ ઉંઘી ગયા હતા. બરાબર મધરાતનો સમય થયો તે સમયે શેઠના શયનરૂમમાં વીજળીના ઝબકારા જેવો ઝબકારો થયો. રૂમમાં પ્રકાશ પ્રકાશ પથરાઇ ગયો. ઝાંઝરના ઝણકાર ઝણઝણી ઉઠયા, અને એક શણગાર સજેલી નવયુવાન સુંદરીએ શેઠના શયનરૂમમાં પ્રવેશ કર્યો. શેઠ એકદમ જાગી ઉઠયા. રૂમમાં દૃષ્ટિ કરે તો એક સ્વરૂપવાન, તેજસ્વી દેવી જેવી તરુણ સુંદરી શેઠની સામે આવીને ઊભી છે. શેઠ કહે છે બહેન! તું કોણ છે? રાત્રિના સમયે તું મારા શયનગૃહમાં શા માટે આવી છે? હું તો વ્રતધારી શ્રાવક છું. મારે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા છે માટે જલ્દી ચાલી જા. ત્યારે આવનાર સ્ત્રી કહે છે શેઠ! હું તમારા શીયળનું ખંડન કરાવવા માટે નથી આવી પણ તમને એક સંદેશો આપવા આવી છું. શેઠ કહે છે તારે જે કહેવું હોય તે જલ્દી કહીને રવાના થઇ જા. દેવાનુપ્રિયે! આ શેઠને ઘેર હાલીચાલીને લક્ષ્મીદેવી પધાર્યા છે. ખબર

પડી કે લક્ષ્મીદેવી છે તો પણ શું કહે છે કે જે કહેવું હોય તે જલ્દી કહીને ચાલી જા અને તમો હો તો શું કરો? લક્ષ્મીને રાખવા પ્રયત્ન કરો કે જવાનું કહો. લોકો લક્ષ્મીદેવીને બોલાવે ત્યારે શેઠ જવાનું કેમ કહેતા હશે? શેઠ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞાવાળા હતા. ભગવાને કહ્યું છે કે યુવાન પુત્રી હોય, બહેન હોય, કે માતા હોય તો પણ તેની સાથે એકાંતમાં બ્રહ્મચારીએ રહેવાય નહિ. આ લક્ષ્મીદેવી સ્વરૂપવાન હતા. રાત્રીનો એકાંત સમય હતો એટલે શેઠને તો એમ કે જલ્દી આ કેમ વિદાય થાય?

લક્ષ્મીદેવી કહે છે શેઠ! આપ તો આ ભવમાં ખૂબ પુણ્ય કરો છો પણ પૂર્વભવમાં કંઈ પાપ કર્યા હશે એ પાપનો ઉદય થવાનો છે. એટલે છ દિવસ પછી સાતમા દિવસે તમારા ઘરમાંથી હું વિદાય લેવાની છું. આટલું કહી લક્ષ્મીદેવી તો અદૃશ્ય થઇ ગયા. શેઠ કહે કંઇ વાંધો નહિ. પૈસો એ તો હાથનો મેલ છે. શેઠના મન ઉપર જરાય અસર ન થઇ. એ તો જાણે કંઇ ન બન્યું હોય તેમ પાછા નિરાંતે ઉંઘી ગયા. દેવાનુપ્રિયો! તમારા જીવનમાં આવો પ્રસંગ બને તો તમને શું થાય? અરે! તમને તો લક્ષ્મીદેવી નહિ પણ કોઇ જોષીએ કહ્યું હોય કે આ વર્ષે ધ્યાન રાખજો. ધંધામાં ખોટ જશે. મોટું નુકસાન થાય તેવા તમારા ગ્રહ છે. તો મને લાગે છે કે હાર્ટ બેસી જાય, ઉંઘ ઉડી જાય ને ભૂખ ભાગી જાય. વહેપારમાં ખોટ ન જાય એટલા માટે કેટલાય ઉપાય કરો. આટલું બધું શા માટે થાય? તમે શ્રાવક છો ને એ શેઠ પણ શ્રાવક હતા. તમને તો ધંધામાં ખોટ જશે એટલું કહ્યું હતું પણ શેઠની તો સંપૂર્ણ લક્ષ્મી ચાલી જવાની હતી. હાય-હાય લક્ષ્મી ચાલી જશે. પછી શું ખાઈશ? આ મોટા વસ્તારી કુટુંબનું પૂરું કેવી રીતે કરીશ? સમાજમાં મારું માન નહિ રહે. આમાંનો એક પણ વિચાર શેઠને ન આવ્યો. કારણ કે એ સમજતા હતા કે લક્ષ્મી આવે યા જાય એની સાથે મને શું નિસ્બત છે! લક્ષ્મી તો ચંચળ છે. કહ્યું છે કે:-

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય એ તો જળના તરંગ.

લક્ષ્મી તો વીજળીના ઝબકારા જેવી ચંચળ છે. પ્રભુતા એ પતંગીયાના રંગ જેવી છે અને આયુષ્ય એ પાણીના મોજા જેવું છે. અશાશ્વત ત્રણ કાળમાં શાશ્વત બને તેમ નથી. જે વસ્તુ જવાના સ્વભાવવાળી છે એ જાય એમાં અફસોસ શા માટે? નિત્ય-અનિત્યના સ્વભાવને શેઠ સમજતા હતા એટલે એમના અંતરમાં સહેજ પણ આંચકો ન લાગ્યો.

શેઠમાં આટલી સમતા રહી શકી હોય તો આ સંતસમાગમ કરીને મેળવેલા તત્ત્વજ્ઞાનનો પ્રભાવ છે. જો શેઠમાં તત્ત્વજ્ઞાન ન હોત તો એમના દુઃખનો પાર ન રહેત. આજે દુનિયામાં કોઇને ત્યાં આવો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે સહુ શિખામણ આપવા આવે કે આ દુનિયામાં ચડતી પડતીના ચમકારા આવે છે ને જાય છે. સુખ કાયમ ટકતું નથી. રાત્રી પછી દિવસ ને દિવસ પછી રાત્રી, તડકા પછી છાયા ને છાયા પછી તડકો. આ ઘટમાળ ચાલ્યા કરે છે. માટે શાંતિ રાખો. પણ જ્યારે પોતાને આવું દુઃખ

આવે ત્યારે આ બધું જ્ઞાન દૂર ભાગી જાય. આ શેઠ એવા ન હતા. એ તો સંપત્તિમાં ને વિપત્તિમાં સમાનભાવ રાખનારા હતા. નગરશેઠના રૂંવાડે રૂંવાડે જૈન ધર્મની સ્પર્શના થઈ હતી. એટલે લક્ષ્મીદેવી વિદાય થવાના સમાચાર મળ્યા તો પણ એમની સમાધિટકી રહી.

પરોઢીયું થયું. પ્રતિક્રમણના સમયે શેઠ જાગૃત થયા. પ્રતિક્રમણ, સ્વાધ્યાય, ધ્યાન બધું નિત્ય નિયમ પ્રમાણે શેઠે કર્યું. આજના સૂર્યવંશી શ્રાવકો તો સૂર્યોદય થઇ જાય તો પણ જાગ્યા ન હોય. ઉઠીને પણ પહેલા નવકારમંત્રનું સ્મરણ નહિ. પહેલાં ચા દેવીનું સ્મરણ પછી છાપુ વાંચવાનું, ન્હાવાનું–ધોવાનું ને પછી ઉપાશ્રયે આવવાનું. તેમાં બધાને ઉપાશ્રયે આવવાનો નિયમ નથી હોતો. શેઠને નિયમ હતો કે સવારે ઉઠી સામાયિક-પ્રતિક્રમણ, સ્વાધ્યાય કરવી અને પછી ગામમાં સંત સતીજી બિરાજમાન હોય તો તેમના દર્શન કરી વ્યાખ્યાનવાણી સાંભળીને પછી દૂધ પીવું. નિયમ પ્રમાણે શેઠ ઉપાશ્રયે ગયા. ગુરુને વંદન કર્યા, વ્યાખાન સાંભળ્યું પછી ઘેર આવ્યા. જમ્યા બાદ બપોરના સમયે આખું કુટુંબ ભેગું કર્યું. શેઠ–શેઠાણી, ચાર પુત્રો–ચાર પુત્રવધૂઓ બધાને બેઠક–રૂમમાં શેઠે બોલાવ્યા. બધાના મનમાં એમ થયું કે અત્યારે બાપુજી બધાને કેમ બોલાવે છે ? બધા ભેગા થયા. રાત્રે બનેલો પ્રસંગ શેઠને કહેવો હતો. બધા આતુરતાથી શેઠના સામું જોઇ રહ્યા છે. બાપુજી શું બોલશે ? શેઠ કહે છે ગઇ રાત્રે લક્ષ્મીદેવી મારા શયનરૂમમાં પધાર્યા હતા. ત્યાં તો શેઠાણી તેમજ પુત્રો કહે છે કેમ પધાર્યા હતા ? શું કહી ગયા ? એમ બધા એક પછી એક બોલવા લાગ્યા. શેઠ ગંભીર બનીને કહે છે તમે બધા હૈયું મજબૂત રાખીને સાંભળજો.

શેઠ કહે છે મને લક્ષ્મીદેવીએ કહ્યું કે હવે તમારા પાપકર્મનો ઉદય થવાનો છે. હું તમારા ઘરમાંથી આજથી સાતમા દિવસે વિદાય થવાની છું. તમને સૂચના આપવા આવી છું. આટલું કહીને લક્ષ્મીદેવી અદ્રશ્ય થઇ ગયા. તો હે વ્હાલા પુત્રો ! બોલો, આપણે શું કરવું છે? લક્ષ્મી તો જવાની એ જવાની છે. એને રાખવા ગમે તેટલું મથીએ તો પણ રહેવાની નથી. તો એ આપણા ઘરમાંથી ચાલી જાય તેના કરતાં આપણે તેને વિદાય આપીએ તો કેમ? સાતમા દિવસનું પ્રભાત ઉગતાં આ પૈસા તમને કોડસા દેખાશે, જમીનમાં દાટેલું કાઢવા જશો તો સાપ પુંફાડા મારશે તો એના કરતાં આપણે બધી લક્ષ્મી દાનપુણ્યમાં આપણી જાતે વાપરી નાંખીએ અને સાતમા દિવસે પ્રભાતના પહોરમા આપણે બધા સંસાર છોડીને સંયમી બની જઇએ. લક્ષ્મીદેવીએ આપણા ઉપર કેટલી કૃપા કરી છે. આ કરોડોની લક્ષ્મીનો મોહ આપણને છૂટત નહિ, પણ હવે એ આપણને છોડીને જવાની છે તો આપણે એનો મોહ શા માટે રાખવો ? પત્ની – પુત્રો – પુત્રવધૂઓ બધા એકી અવાજે બોલી ઉઠ્યા પિતાજી ! આપની વાત અમને

બધાને મંજુર છે. આપે બહુ સરસ ઉપાય શોધી નાંખ્યો. સહુને આનંદ થયો. દેવાનુપ્રિયો! તમારે આવું કુટુંબ છે કે વડીલની વાતનો એકી અવાજે સ્વીકાર કરે. ઘરમાં પૈસો ઘણો હોય પણ પિતાની વાત પુત્રને ન ગમે અને પુત્રની વાત પિતાને ન ગમે ત્યાં આનંદ ન હોય. અહીં તો પુત્રો વિનયવાન. આજ્ઞાંકિત ને વિવેકી હતા, પુણ્યવાનને કુટુંબ પણ પોતાના જેવા વિચારવાળું મળે છે.

નગરશેઠની કેવી સુંદર વિચારણા! તે મને છોડે તેના કરતાં હું તેને છોડું. બોલો તમને આવા ભાવ આવે છે? આવતા હોય તો સંસારને તિલાંજલી આપી ઉભા ઉભા અમારા ઘરમાં આવી જાવ. જો ઉભા ઉભા નહિ નીકળો તો આડા પાડીને બહાર કાઢશે. અંતે એક દિવસ સ્વાધીનપણે કે પરાધીનપણે છોડવાનું છે. તો સ્વાધીનપણે છોડીને શા માટે કલ્યાણ ન કરવું. શેઠના કુટુંબનો એકમત થઇ ગયો એટલે શેઠે ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે જે કોઇ દુઃખી હોય તે આવે. શેઠ છૂટા હાથે દાન આપે છે. જેને જે જરૂર હોય તે ખુશીથી લઇ જાવ. શેઠના આંગણામાં ગરીબોના ટોળેટોળા આવવા લાગ્યા. શેઠ ખૂબ આનંદપૂર્વક દાન આપે છે. છ દિવસમાં તો કરોડોની લક્ષ્મી દાનમાં વાપરી નાંખી. સવારે તો દિક્ષા લેવી છે. વર્ષીદાન આપવાના પૈસા પણ ન રાખ્યા. રાત પડી. સારું કુટુંબ સૂઇ ગયું છે. શેઠ પોતાના શયનગૃહમાં સૂતેલા છે. ત્યાં બાર વાગે લક્ષ્મીજીની પધરામણી થઇ. શેઠ ઝબકીને જાગી ગયા. જુવે છે તો સામે લક્ષ્મીદેવી હાથ જોડીને ઉભા છે. શેઠ લક્ષ્મીદેવીને પૂછે છે કે તમે તો જવાનું કહી ગયા હતા ને પાછા કેમ પધાર્યા? મેં તો બધું ધન છ દિવસમાં ગરીબોને, સ્વધર્મીઓને દાનમાં આપી દીધું છે. તિજોરીમાં રાતી પાઇ રાખી નથી. લક્ષ્મીદેવી કહે છે એટલે હું ફરીને તમારા ઘરમાં આવી છું. તમે કોઇ આકાંક્ષા વિના ઉત્કૃષ્ટભાવે દાન આપ્યું છે એટલે તમારું પુણ્ય ખૂબ વધ્યું છે તેથી હવે હું તમારે ત્યાંથી જવાની નથી. ત્યારે શેઠ કહે છે કે લક્ષ્મીજી! હવે મારે તારો ખપ નથી. તું તારે ચાલી જા. મેં અને સારા કુટુંબે પ્રભાતના પહોરમાં શાશ્વત લક્ષ્મીને અપાવનાર એવો સંયમમાર્ગ સ્વીકારવાનો નિર્ણય કર્યો છે. એ અમારો નિર્ણય ત્રણ કાળમાં ફરવાનો નથી.

લક્ષ્મીદેવી કહે છે તમારે જેમ કરવું હોય તેમ કરજો. પણ એક સમાચાર આપું છું કે તમારા વહાણ દરિયામાં ડૂબી જવાની અણી ઉપર છે એવા સમાચાર થોડો સમય પહેલાં આવ્યા હતા. તે કરોડોની કમાણી કરીને સહીસલામત બંદરે આવી ગયા છે. તેની વ્યવસ્થા કરી લો. બંધુઓ! તમે આ જગ્યાએ હો તો શું વિચાર કરો! લક્ષ્મી દાનમાં આપી દીધી. દીક્ષા લેવાનો નિર્ણય થઈ ગયો હોય ને પછી લક્ષ્મી મળે તો મને એમ લાગે કે તમે દીક્ષાની માંડવાળ કરો. એમ કહો કે આપણે હજુ દીક્ષા લેવાની જાહેરાત કયાં કરી છે, પાછળથી જોયું જશે. અત્યારે લક્ષ્મી મળી છે તો મોજમઝા ઉડાવી લઇએ.

ફરીને આવો અવસર નહિ મળે. પણ પેલા શેઠ તમારા જેવા લચપચીયા લાડુ જેવા ન હતા. લક્ષ્મીની લાલચમાં લલચાય તેવા ન હતા. જે છોડયું તેના સામું શા માટે જોવું જોઇએ? પછી લાખો પ્રલોભનો કેમ ન મળે! શેઠે બંદર ઉપર જઇ વહાણુમાંથી માલ ઉતરાવી ત્યાં ને ત્યાં વેચી દીધો. છોડતાં છોડતાં પણ ખૂબ નફો મળ્યો. એ બધું ધન વર્ષીદાનમાં વાપરી દીધું. ભવ્ય રીતે દીક્ષા મહોત્સવ ઉજવી સંયમી બની ગયા ને શાશ્વત લક્ષ્મી પ્રાપ્ત કરી.

પુણ્યવાન આત્માઓને આ માર્ગ સૂઝે છે. ઘરમાં બાવાના સાંસા હોય પણ આ માર્ગ ગમતો નથી. આ સંસારમાં માનવજન્મ પામીને મેળવવા જેવું હોય તો ધર્મ છે. આ શેઠે સપરિવાર દીક્ષા લીધી. એમનો પ્રભાવ ખૂબ પડયો. આગળના સમયમાં રાજાઓ અને શેઠ–શ્રીમંતો દીક્ષા લેતાં તેમની પાછળ હજારો આત્માઓ કલ્યાણ કરવા નીકળી જતા. સંઘના કાર્યકર્તાઓ સામાયિક લઇને બેસે તો બીજા ઉપર તેની અસર પડે છે. કાંદાવાડી સંઘ પુણ્યવાન છે. મોટા ભાગના કાર્યકર્તાઓની વ્યાખ્યાનમાં હાજરી હોય છે.

ક્ષત્રિયકુંડ નગરમાં જમાલિ નામના ક્ષત્રિયકુમાર વસે છે, તે ખૂબ ઋદ્ધિવંત હતા, બુદ્ધિવંત પણ હતા, બળવાન હતા, ધનમાં, બુદ્ધિમાં કે બળમાં એમની સામે કોઇ હરીફાઇ કરી શકે તેમ ન હતું, તેવા તે સુખી હતા. પુણ્યવાનને ઘેર સંપત્તિનો સાગર હિલોળા મારે છે. એની પત્નીઓ પણ આજ્ઞાંકિત હતી. જમાલિકુમાર સપ્તમાળની મહેલાતોમાં સંસારસુખ ભોગવી રહ્યા છે. હવે વધુ ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૧૨

અષાઢ વદ ૭ને શનિવાર **તા. ૨૧–૭–૭૩**

અનંત કરુણાનીધિ શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે જે આત્મા સંસારથી તરવા અને બીજાને તારવા માટે શક્તિમાન છે તે સાચો જ્ઞાની છે. જ્યાં સુધી આત્માને પોતાના સ્વરૂપનું ભાન નહિ થાય ત્યાં સુધી તેને સંસારસાગર તરવાનું મન નહિ થાય. જ્યાં સુધી સંસારસાગર તરવાનું મન ન થાય ત્યાં સુધી તરવા માટેનો પુરુષાર્થ પણ કયાંથી કરે ને બીજાને તો કેવી રીતે તારે? વીતરાગ ભગવંતો અને તેમના વારસદાર સંતો આ દુનિયામાં પરમાર્થી છે કે જેઓ પોતે તરે છે, તરવાનો પુરુષાર્થ કરે છે, અને બીજાને એ માર્ગ બતાવે છે. બાકી આ સંસાર સ્વાર્થી છે. સ્વાર્થી એટલે દુનિયાના ભૌતિક પદાર્થોના અર્થી. આવા સ્વાર્થી માણસો પોતે સ્વંય ડૂબે છે ને બીજાને ડૂબાડે છે.

સર્વજ્ઞ ભગવંતો આપણને સાચો રાહ બતાવી ગયા છે. તે માર્ગે ચાલવું કે ન ચાલવું તે આપણા હાથની વાત છે. આ દુનિયામાં સર્વજ્ઞો, અવધિજ્ઞાની આદિ મહાન પુરુષો થઇ ગયા. તેમાં સર્વજ્ઞો મોક્ષમાં પહોંચી ગયા. અજ્ઞાનીજનો સંસારમાં રખડે છે. તો હું પણ તેમાંનો એક આત્મા છું. અનાદિકાળથી ભવમાં ભમું છું. મારો આત્મા અનાદિનો છે. રાગ-દ્વેષ આદિ આભ્યંતર સંસાર અને જન્મમરણ આદિ બાહ્ય સંસાર અનાદિનો છે. કર્મો પણ અનાદિના છે. આ સંસાર દુઃખરૂપ-દુઃખફલક ને દુઃખાનુબંધી છે. આ વાત જે આત્મા સમજી શકે, એનો ત્રાસ લાગે તે આત્મા સંસારથી છૂટી શકે. વિરલ પુરુષોને આ વાત સમજાય છે. બાકી તો કોઇને આત્માની વાતો ગમતી નથી. બસ, ખાવ પીવો ને મોજમઝા ઉડાવો. આ ભવ મીઠો તો પરભવ કોણે દીઠો ? મોટા ભાગના અજ્ઞાની મનુષ્યો આ પ્રમાણે બોલે છે. એને ધર્મ યાદ આવતો નથી. પણ જ્યારે દુઃખમાં આવી પડે છે, પુણ્ય ખલાસ થઇ જાય છે ત્યારે એને ધર્મ યાદ આવે છે. એ દુઃખમાં ભગવાનનું નામ લેતાં લેતાં એમ બોલે કે અરેરે પ્રભુ ! મને આવું દુઃખ શા માટે આપ્યું ? તને મારી જરાય દયા ન આવી, ભાઇ ! ભગવાનને તો નથી કોઇના ઉપર રાગ કે નથી દ્વેષ. એ તો કરૂણાના અવતાર છે. સમતાનો સાગર છે.

રાગ નથી એને દ્વેષ નથી એ તો પ્રેમનો પારાવાર,
નિશદિન કાળજડેથી વહેતી કરુણા કેરી ધાર,
શાતા પામે સઘળા પ્રાણી એવી મારા વીરની વાણી...સુખ છે...

પ્રભુ કોઇને સુખ કે દુઃખ આપતા નથી. એ તો ભવ્ય જીવોને દુઃખથી મુકત થવાનો માર્ગ બતાવે છે. એને શું સ્વાર્થ છે ? એમને ભવનો ભય લાગ્યો તો સંસારમાંથી ભાગ્યા. તેમ તમને ભવનો ભય લાગવો જોઇએ કે કયારે આમાંથી છૂટું ? સંસારમાં સુખ નથી છતાં જીવને સુખનો ભ્રમ થાય છે. તમારે સંસારમાં રહેવું છે, સંસારના સુખની મોજ માણવી છે ને કલ્યાણ કરવું છે તો કયાંથી થાય ? સંસાર કાજળની કોટડી જેવો છે. કાજળની કોટડીમાં ગમે તેટલા સાચવીને જાય તો પણ ડાઘ પડયા વિના ન રહે. જ્યાં કોલસા તોળાતા હોય ત્યાં જઇને ઉભા રહેશો તો તેની રજોટી લાગવાની. માટે ભગવાન કહે છે હે માનવ ! તું જડનો રાગ છોડ ને ચેતનનો સંગી થા. આ જગતમાં મુખ્ય બે તત્ત્વ છે એક જીવ અને બીજું અજીવ. જીવ એ ચેતન છે ને અજીવ એ જડ છે. જીવ સિવાય બીજા બધા તત્ત્વો જડ છે. બંનેનો સ્વભાવ ભિન્ન છે.

જડ ચેતન તો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ,
એકપણું પામે નહિ, ત્રણે કાળ દ્રય ભાવ.

ત્રણ કાળમાં જડ એ ચેતન થવાનું નથી અને ચેતન એ જડ થવાનું નથી. જડ એ આત્માથી પર છે. પરપદાર્થમાંથી કદી શાશ્વત સુખ મળવાનું નથી. પરવસ્તુમાંથી

જે સુખ મળે છે તે કોઇના માંગી લાવેલા ઉછીના ઘરેણાં જેવું છે. જેમ કોઈના ઘેર લગ્નનો પ્રસંગ આવ્યો, જેને ઘેર લગ્ન છે તે વ્યકિત ખૂબ શ્રીમંત હતી પણ અંદરથી બલાસ થઈ ગઇ છે; બહારથી શ્રીમંતાઈ દેખાય છે તે સમયે તેને લગ્નમાં જવાનું છે. ભપકો તો કરવો પડે. જો કંઈ ન કરે તો લોકો માને કે ગરીબ થઈ ગયો છે. એટલે વેપારી પાસેથી મૂલ્યવાન દાગીના ભાડે લઇ આવ્યા તે પહેરીને લગ્નમાં મ્હાલે છે. પણ અંદરથી ખુશી કે આનંદ ન હોય. કારણ કે સમજે છે કે આ બે લાખ રૂપિયાનો હીરાનો હાર છે. જોજો ખોવાઇ જશે તો એના મૂલ્ય ચૂકવવા જિંદગીભર કાળી મજુરી કરવી પડશે. તે રીતે શુભ કર્મના ઉદયથી મળતી અનુકૂળતાઓ, ઋદ્ધિ, યૌવન–રૂપ, વૈભવવિલાસ બધું પુણ્યરૂપી સ્નેહી સજ્જન પાસેથી માંગી લાવ્યા છે. જ્યાં એ બલાસ થશે ત્યાં તમારી પાસેથી બધું છીનવી લેશે. એ સામેથી છીનવીને લઈ લે તેના કરતાં માનભેર સામા પગલે જઇને એનું પાછું આપી દો તો ઇજ્જત ને આબરૂ જળવાઈ રહેશે. સામેથી ત્યાગ નહીં કરો તો સમજી લેજો કરમને શરમ નથી. એ ગમે ત્યારે તમારું સુખ છીનવી લેશે. એ કર્મ એમ નહિ જુવે કે આ કેટલો શ્રીમંત હતો, એણે કેવી સાહ્યબી ભોગવી છે, મોટી મહેલાતોમાં વસનારો ઝૂંપડામાં કેવી રીતે રહેશે? ચાર–ચાર દીકરા છે બધા શું આશે? ગમે તેટલું રૂદન કરશો તો પણ એ શરમ નહિ ભરે. માટે જ્યાં સુધી બધા સંયોગો છે ત્યાં સુધી ધર્મની આરાધના કરી લો. શાશ્વત સુખ મેળવી લો. જે કદી આવેલું જાય નહિ. મોક્ષમાં અનંત અવ્યાબાધ સુખ રહેલું છે. (સભા :– એ સુખ તો બધાને બહુ ગમે છે) એ તમારે માટે રેઢુ પડયું છે? (હસાહસ) એ સુખ મફત મળે છે? બજારમાં દાતણ લેવા જાવ છો ત્યાં પણ બે આના હોય તો દાતણ મળે છે. પૈસા આપો તો કાછીયો શાકભાજી આપે છે. માટીની માટલી પણ મફત મળતી નથી. તો આ સુખ મફત કયાંથી મળે? માટે એક વાત જરૂર સમજી લેજો કે કર્મ કોઇને છોડનાર નથી. જેવા કર્મ કરશો તેવા તેના ફળ ભોગવવા પડશે.

"છે કાયદો કર્મરાજનો, હિસાબ પાઇપાઇનો,
વોરંટ વગડે આવશે, રાજય નથી પોપાબાઇનું"

કર્મરાજાનો કાયદો અટલ છે. પછી ચાહે વકીલ હોય, અસીલ હોય, બેરિસ્ટર હોય કે સોલિસિટર હોય. દરેકને કર્મ ભોગવવા પડે છે. અહીં કદાચ વકીલ કે બેરિસ્ટરને હાથમાં રાખશો. બિસ્સા ભરીને કદાચ છૂટી જશો પણ કર્મરાજાની કોર્ટમાંથી છૂટકારો નહિ થાય. ત્યાં તમારા વકીલો ને બેરિસ્ટરો સાથે નહિ રહે. આજે તો એવા માણસો પાકયા છે કે બધાને તો હાથમાં રાખે છે પણ ભેગા સાધુનેય હાથમાં રાખવા મથે છે. શું સાધુ તમારા હાથમાં રહેવા મુંડાયા છે? હું કહું તેમ સાધુ કેમ ન કરે? ભાઇ, સાધુ તો વીતરાગના કાયદાને વફાદાર રહેશે, એની આજ્ઞામાં રહેશે. તમારી આજ્ઞામાં નહિ રહે. ટૂંકમાં કર્મનો

ઉદય થાય ત્યારે કોઇનું કાંઇ ચાલતું નથી. ખુદ ભગવાન મહાવીર સ્વામીના કાનમાં ખીલા ભોંકાયા હતા. આજે ગરીબોને ચૂસીને બે ટકા ને ત્રણ ટકા વ્યાજ લેવા મંડી પડયા છો પણ યાદ રાખજો કર્મનો ઉદય થશે ત્યારે સવાશેર બાજરીના સાંસા પડશે. માટે કર્મના કાયદાને સમજો ને પુણ્યના ઉદયથી જે મળ્યું છે તેમાં આસકત ન બનો.

આત્માનું સાચું સુખ છે તે કોઇ પાછું માગતું નથી. ઉછીનું લાવ્યા હોય તે પાછું આપવું પડે પણ પોતાનું કદી પાછું આપવું પડતું નથી. રત્નનો પ્રકાશ એની સાથે રહે છે. એને કોઇ લઇ જઈ શકતું નથી, તેમ આત્માના જ્ઞાન – દર્શન – ચારિત્ર – તપ – ક્ષમા – નિર્લોભતા આદિ ગુણો છે તેને કોઇ લઇ જઇ શકતું નથી. ફકત એ ગુણોને પ્રગટ કરવાની જરૂર છે.

પરમાં સુખ છે એવી ભ્રાન્તિ જીવની ટળે છે ત્યારે એની દશા જુદી હોય છે. એવો શ્રાવક સંસારમાં બેઠો હોય, સંસારની ફરજો બજાવવી પડતી હોય, પણ એનું મન તો મોક્ષની માળા જપતું હોય. એનું મુખ સંસાર તરફ હોય પણ એની દૃષ્ટિ તો મોક્ષ તરફની હોય. ક્રિયાઓ બધી મોક્ષને અનુલક્ષીને કરતો હોય. એક વખતની વેશ્યા પણ સ્થૂલિભદ્રના સંગથી બનેલી શ્રાવિકાએ મુનિવેશમાં રહેલા સાધુને સુધાર્યા. એ હતી સંસારમાં પણ એનું મન મોક્ષ તરફ હતું.

સંસાર તરફ મુખ રાખીને ઘણીવાર ધર્મક્રિયાઓ કરી, વ્રત – નિયમો લીધા પણ હવે જો જલ્દી મોક્ષમાં જવાની તાલાવેલી લાગી હોય, જન્મ – મરણનો ત્રાસ લાગ્યો હોય, વિષયો વિષ જેવા લાગ્યા હોય તો આ માનવજીવન પામીને તમારું મુખ મોક્ષ તરફ રાખીને આરાધના કરો. વિચાર પણ મોક્ષનો અને આચાર પણ મોક્ષ તરફ જવાનો પાળો. આચાર અને વિચાર એ બંનેનો જીવનમાં સુમેળ આવશે તો સંસારસમુદ્ર તરી જતાં વાર નહિ લાગે. સમકિતી આત્માનું ચિત્ત પાપ પ્રત્યે પ્રેરાય નહિ. સંસારમાં રહીને પાપ કરવું પડે તોયે એને મુજારી છૂટે. એને મન કરવા જેવો તો ધર્મ લાગે. હું ને મારું તો એનાથી પર હોય. મોહરાજાનો મંત્ર અહં ને મમ છે, જ્યારે મોક્ષનો મંત્ર એ નવકારમંત્ર છે. નવકાર મંત્રનું રટણ આત્માને સહાય કરનાર છે. અહં ને મમને દૂર કરાવનાર છે.

દેવાનુપ્રિયો ! ભૌતિક સુખો કેવા છે તે તમને ખબર છે ? તમે બજારમાંથી ઉપરથી સોનાનો ગીલેટ ચઢાવેલો કોઇ દાગીનો ખરીદી લાવ્યા પણ એ ગીલેટ ઉખડી જતાં લોઢું દેખાયું ત્યારે દુઃખનો પાર ન રહે. તેમ આ સંસારના સુખ સોનાનો ગીલેટ ચઢાવેલા ખોટા દાગીના જેવા છે. અને આત્માનું સુખ સો ટચના સોના જેવું છે. માટે જ્ઞાની કહે છે કે હે જીવ ! જાગી જા. જો નહિ જાગે, સંસારથી નહિ ભાગે તો તને તારા કર્મો સતાવશે. હમણાં આપણે કહ્યું કે **વોરંટ વગડે આવશે.** કર્મ કહે છે હું તો

તારા ભેગો આવીશ. તું ગમે ત્યાં જા. ચાહે અમેરિકા જા, વિલાયત, કે લંડન કે યુરોપમાં જા, પણ હું તારો પીછો નહિ છોડું. ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ કહ્યું છે કે " कत्तार मेव-अणुजाइ कम्मं"

" કર્મ કરનારની પાછળ જાય છે. હજારો ગાયોમાં વાછરડી તેની માતા પાસે જાય છે તેમ કર્મ કરનારને પકડે છે, કર્મ એમ નહિ જુવે કે એણે એની સ્ત્રી કે પુત્ર-પરિવાર માટે પાપ કર્યું છે. દુકાનમાં બેસીને ધંધો કરતા સરકારનો ગુન્હો કર્યો તો ઘરના સજા નથી ભોગવતા પણ ગુન્હો કરનારને સજા ભોગવવી પડે છે. માટે સમજી જાવ. નહિ સમજો તો ખૂરા હાલ થશે. હવે ચાલુ વાત વિચારીએ.

જમાલિકુમાર ક્ષત્રિયકુંડ નગરમાં વસતા હતા. જેની જાતિ ક્ષત્રિય ને એમનું ગામ પણ ક્ષત્રિયકુંડ. એમનો આત્મા પણ ક્ષત્રિય હતો. આગળ કેવી સુંદર વાત આવશે કે જેના ઘેર કેવો વૈભવ હતો. તે બુદ્ધિથી-બળથી ને વૈભવથી કોઇનાથી પરાભવ પામે તેવા ન હતા. આગળ સૂત્રકાર શું કહે છે.

" उप्पिंपासाय वरगए फुट्टमाणेहिं मुयंगमत्थएहिं बत्तीसइ बद्धेहिं नाडएहिं णाणाविहवरतरुणी संपउत्तेहिं उवणच्चिज्जमाणे उवणच्चिज्जमाणे, उवगिज्जमाणे उवगिज्जमाणे उवलालिज्जमाणे उवलालिज्जमाणे पाउसवासारत्त सरद हेमंतसिर वसंत गिम्हपज्जते छप्पिउऊ जहा विभवेणं माणमाणे कालं गासे माले इट्ठे सद्दे फरिस रस रुवगंधे पंचविहे माणुस्सए कामभोगे पच्चणुब्भवमाणे विहरइ ।।"

તે જમાલિકુમાર ઉત્તમ પ્રકારના મહેલના ઉપરની ભૂમિ જ્યાં મૃદંગો વાગે છે અને અનેક પ્રકારની સુંદર યુવતિઓ વડે ભજવાતા બત્રીસ પ્રકારના નાટકો વડે હાથ-પગ વિગેરે અવયવોને નમાવતો, સ્તુતિ કરાતો, અત્યંત ખુશ કરાતો, કરાવતો અતિ રસ-ભર નૃત્ય-ગાયન કરાવતો, વર્ષા-શરદ-હેમંત-શિશિર-વસંત અને ગ્રીષ્મ એ છ ઋતુઓમાં પોતાના વૈભવ પ્રમાણે સુખનો અનુભવ કરતો, સમય ગાળતો મનુષ્ય સબંધી પાંચ પ્રકારના ઇષ્ટ શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ એ પાંચ પ્રકારના મનુષ્ય સબંધી કામભોગો ભોગવતો વિચરતો હતો.

જમાલિકુમારના જબ્બર પુણ્યનો ઉદય હતો. સાત માળના મહેલમાં સાતમે માળે તેની સ્ત્રીઓથી ઘેરાયેલો રહેતો હતો અને વિવિધ પ્રકારના સુખો ભોગવતો હતો. જગતમાં પુણ્યની બલિહારી છે. કંઇક માનવીને રહેવા ઘર નથી, ખાવા અન્ન નથી ને પહેરવા કપડા નથી ને કંઇકને ઘેર સુખની રેલમછેલ છે. કંઇક પુત્રોના પિતા ખાવા કણ મૂકીને ગયા નથી. તેના પુત્રો પુણ્યોદય થતાં કરોડોની સંપત્તિ મેળવે છે અને કંઇકના પિતા કરોડોની સંપત્તિ મૂકીને ગયા હોવા છતાં એના છોકરા ભીખ માગતા હોય છે. કંઇકના ઘેર પુત્રના જન્મ પછી સંપત્તિ આવે છે અને કંઇક જન્મે ત્યારથી સુખની સાહ્યબી

હોય છે અને કંઈકના જન્મ પછી ઘરમાં લક્ષ્મી હોય તે પણ ચાલી જાય છે. આ બધા પુણ્ય-પાપના ખેલ છે. પાપાનુબંધી પુણ્યનો ઉદય હશે તો એ લક્ષ્મી પાપ કરવાની પ્રેરણા આપશે ને પુણ્યાનુબંધી પુણ્યની લક્ષ્મી હશે તો દાન-પુણ્ય આદિ સત્કાર્યો કરવાનું મન થશે. જે લક્ષ્મી પાપનો ધંધો કરાવે ને કેવળ કર્મનું બંધન કરાવે એવી લક્ષ્મીથી ચક્રવર્તીપણું પણ ના જોઈએ. તેના કરતા દાસાનુદાસ બનીને રહેવું તે સારું તમે એવી ભાવના ભાવજો કે હે પ્રભુ! ભલે મારું સર્વસ્વ ચાલ્યું જાય, નાની ઝૂંપડીમાં રહીશ, રોટલો ખાઈને રહીશ પણ મારા જીવનમાંથી ધર્મનો દેશનિકાલ કરે ને કેવળ પાપનું ભાથું બંધાવે એવી લક્ષ્મી મારે ન જોઈએ. કેમ બરાબર છે ને?

જમાલિકુમારના ઘેર બત્રીસ પ્રકારના નાટક ચાલતા હતા. તમારે તો નાટક સિનેમા જોવા ટૉકિઝમાં જવું પડે. વળી એ નાટકના એકટરો કેવા છે તે જાણો છો ને? અહીં તો કોઈ બહારના એકટરો આવતા ન હતા. પણ પોતાના પતિનું મન બહાર ન જાય તે માટે તેની પત્નીઓ પતિને રાજી રાખવા બત્રીસ પ્રકારના નાટકો કરતી હતી. ગીત ગાતી હતી, એના મહેલમાં છએ ઋતુઓ સાનુકૂળ રહેતી હતી. તમને ગરમી લાગે ત્યારે એરકંડિશન જોઈએ, ઠંડીમાં ગરમી લાગે તેવું મશીન મૂકવું પડે. જ્યારે અહીં તો મહેલમાં એવી જાતની ગોઠવણ હતી કે શિયાળામાં શરીરને ગમે તેવી ઉષ્ણતા રહે. ઉનાળામાં ઠંડક રહે. ચોમાસામાં અતિ ગરમી નહિ ને અતિ ઠંડી નહિ એવું વાતાવરણ રહે. એવા એના એકેક મહેલ હતા. મનને ગમે તેવા રૂપ-રસ-ગંધ-વર્ણ-સ્પર્શ બધી સામગ્રી મોજુદ હતી. એના વૈભવમાં કોઈ જાતની કમીના ન હતી. જેમ સાગરમાં નદીઓ સામેથી આવીને ભળે છે તેમ જમાલિને ઘેર બધી સંપત્તિ સામેથી આવતી હતી. આટલી સંપત્તિનો સ્વામી હોવા છતાં અલિપ્તભાવે રહેતો હતો. સુખ ભોગવવા છતાં સુખનો રાગ ન હતો. એ કેવી રીતે રહેતો હતો.

जहा पोम्मं जले जायं, नोव लिप्पइ वारीणा ।
एवं अलित्तं कामेहि, तं वयं बूम माहणं ।।

ઉત્ત. સૂ. અ. ૨૫, ગાથા ૨૭

જેમ કમળ પાણી ને કાદવમાં ઉત્પન્ન થાય છે પણ તે પાણીથી અલિપ્ત રહે છે તેમ સંપત્તિમાં રહેવા છતાં તેનાથી ન્યારો રહે છે. જ્યારે ઇચ્છા થાય ત્યારે સંપત્તિને છોડી શકાય એવા અલિપ્તભાવથી સંસારમાં રહો. જ્યારે આત્માને સમજાય કે જડમાં સુખ નથી, સુખ તારામાં છે. તું અનંત સુખનો સ્વામી છે. શા માટે સંસારના કાદવમાં ખૂંચી રહ્યો છું ત્યારે ઝટ દઈને નીકળી જવાય.

સંસાર છોડીને સંયમી બની જવાથી કામ પતી જતું નથી. પણ સંયમ લીધા પછી સાધકની જવાબદારી વધે છે. જ્યાં સુધી કેવળ જ્ઞાન ન થાય ત્યાં સુધી સુખે બેસી

રહેવાનું નથી. સાધકે ક્ષણે ક્ષણે જાગૃત રહેવાની જરૂર છે. મનમાં સહેજ કષાય આવે તો તરત આત્માને સાવધાન બનાવે કે ઇન્દ્રિયોનું દમન કર અને કષાયોનું વમન કર તો તારું કલ્યાણ થશે. હવે જમાલિકુમાર સંસારના સુખ ભોગવે છે. તે ગામમાં શું બનાવ બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

બા. બ્ર. ચંદનબાઈ મહાસતીજીને આજે પંદરમો ઉપવાસ છે. આવતી કાલે એમની તપશ્ચર્યાનો છેલ્લો દિવસ છે. એમની તપશ્ચર્યા જેટલા દિવસ ચાલી તેટલા દિવસના કંઈક સારા પ્રત્યાખ્યાન કરજો. કાલે શું કરવું એ નિશ્ચય કરીને આવજો તો તપસ્વીનું સાચું બહુમાન કર્યું ગણાય.

વ્યાખ્યાન નં. ૧૩

અષાડ વદ ૮ ને રવિવાર **તા. ૨૨-૭-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંત કરુણાનીધિ શાસ્ત્રકાર ભગવંતોએ જગતના જીવોના કલ્યાણને માટે પવિત્ર સિદ્ધાંત રૂપ વાણીની પ્રરૂપણા કરી. ત્રણે કાળે સિદ્ધ થયેલી વાણી તેનું નામ સિદ્ધાંત. ગમે તેટલા વર્ષોના વર્ષો ને યુગોના યુગો પલટાય પણ કેવળીના વચનામૃતો પલટાય નહિ એવા બત્રીસ આગમો છે, તેમાં પાંચમું અંગ ભગવતીસૂત્ર છે. તે અનેક ભાવોથી ભરપૂર છે. ભગવાનનું જ્ઞાન અનંત છે. એ જ્ઞાનનો અંત નથી. જેમ સમુદ્રનું પાણી અગાધ છે તેમ આગમનું જ્ઞાન અગાધ છે.

દરિયા કિનારે અનેક પ્રકારના માનવીઓ આવે છે પણ દરેકના મનના અધ્યવસાય જુદા હોય છે. કોઈ દરિયા કિનારે ઠંડી હવા ખાવા આવે છે, કોઈ દરિયામાં ઉછળતા મોજા જોવા માટે આવે છે, કોઈ ઘડી બેઘડી આરામ કરવા માટે આવે છે, માછીમાર માછલા પકડવા આવે છે, બારવાઓ દરિયામાં કેટલી ખારાશ છે, કેટલું મીઠું પાકશે એ જોવે છે અને મોતી લેવા આવનારો મરજીવો બનીને સમુદ્રના મધ્ય ભાગમાં ડૂબકી મારે છે તો મોતી લઇને આવે છે. સમુદ્ર તો એનો એ છે પણ જોનારની દૃષ્ટિમાં ફેર છે. તેમ ભગવંતનું જ્ઞાન અનંત છે. તેમાં આત્મજ્ઞાનના અમૂલ્ય રત્નો સમાયેલા છે પણ કંઈક જીવો અજ્ઞાનને વશ થઇને સંવરની ભૂમિમાં પણ આશ્રવ કરીને જાય છે. તમે આશ્રવની ભૂમિમાંથી છૂટીને સંવર કરવા માટે આવ્યા છો. કહ્યું છે કે :—

"अन्यस्थाने कृतं पापं, धर्मस्थाने विनश्यति ।
धर्मस्थाने कृतं पापं, व्रजलेपो भविष्यति ।"

અન્ય સ્થાનમાં કરેલા પાપ ધર્મસ્થાનકમાં નાશ કરાય છે, પણ જો ધર્મસ્થાનકમાં આવીને પાપ કરશો તો વજ્રના લેપથી પણ ખૂબ મજબૂત બનશે. માટે અહીં તો એવો પુરૂષાર્થ ઉપાડો કે કર્મોની બેખડો તૂટી જાય. ભગવાન કહે છે એતી જા, સમજી જા. આશ્રવ છોડી સંવરના ઘરમાં આવવાનો આ સમય છે. જૈન ધર્મ ઉપર શ્રદ્ધા કરી લો. જેનામાં ધર્મ પ્રત્યે શ્રદ્ધા છે તેના કેવા ગુણ ગવાય છે!

એક વખત ભગવાન મહાવીર સ્વામી ચંપાપુરીમાં પધાર્યા. તે વખતે એક અંબડ નામનો સંન્યાસી પ્રભુની પાસે આવીને કહે છે પ્રભુ! 'હું રાજગૃહી નગરી જવાનો છું. મારા લાયક કંઈ સેવા હોય તો ફરમાવજો. આજે અમને પણ ઘણાં શ્રાવકો કહે છે સાહેબ! અમારે લાયક કોઈ સેવા હોય તો વિનાસંકોચે આ સેવકને કહેજો. તો સંત કહે દેવાનુપ્રિય! તમારે ચાર પુત્રો છે તેમાં ત્રીજા નંબરનો પુત્ર ખૂબ હોંશિયાર છે. અત્યારે શાસનમાં ખૂબ મતમતાંતરો ચાલે છે. જેટલા સંતો વધુ હશે તેટલા દેશવિદેશમાં વિચરીને લોકોને સત્ય માર્ગ સમજાવશે ને ધર્મમાં સ્થિર કરશે, અને જૈન ધર્મનો વધુ ફેલાવો કરશે તો તમે તમારા દીકરાને શાસનની સેવામાં અર્પણ કરો. અમે એને ભણાવીશું, ધર્મનું સ્વરૂપ સમજાવીશું ને એની ઇચ્છા હશે તો દીક્ષા આપીશું. બોલો, આ વખતે શું કરો? દીકરો શાસનને દઇ દો ને? (હસાહસ) શ્રોતામાંથી જવાબ–(બીજે દિવસે ઉપાશ્રય આવવાનું બંધ થઈ જાય) જૈન દર્શનમાં વચનની કિંમત છે. બોલ્યા તેવું પાળવું જોઇએ. અન્ય દર્શનમાં પણ જુઓ. એક વચનને ખાતર રાજાએ રાજ્ય કુરબાન કર્યું. પોતે તથા પોતાની રાણી વેચાઇ ગયા ને પારકા ઘરના કામ કર્યા. પોતે આપેલું વચન પાળવા દેહનું બલિદાન આપવું પડે તો આપી દેતા ને બોલે તેવું પાળતા હતા. બોલો તમે શું કરશો? તમે તો શ્રાવક છો, જૈન ધર્મ પામેલા છો. પહેલા ગુણસ્થાનકે વર્તતા કંઇક એવા મિથ્યાત્વી જીવો પડયા છે કે તેમને જૈન ધર્મનું જ્ઞાન નથી. પણ એમને જો સંતનો ભેટો થઇ જાય તો એ સમકિત પામી જાય. તમે પાંચમે ગુણસ્થાનકે છો. વિચાર કરજો કે મારા અધ્યવસાય કેવા છે! મનુષ્યજન્મ પામીને ભવકટ્ટી કરવાનો મનમાં અજંપો થાય છે કે મારા ભવ કેમ ઓછા થાય? જલ્દી જલ્દી મોક્ષમાં જાઉં. આવો અજંપો કદાચ કોઇ વિરલ વ્યક્તિઓને થતો હશે. આજે તો મોટા ભાગે કેમ ધનવાન બનું, મનગમતા બધા સુખ મેળવું એનો અજંપો છે. પણ અનંતકાળથી હું ચોરાશી લાખ જીવાયોનીના ચક્રમાં ભમ્યા કરું છું તેનો અજંપો થાય છે? આવું ઉત્તમ સ્થાન પામીને હું આત્માને કઇ ગતિમાં લઈ જવાની કાર્યવાહી કરું છું તેનો વિચાર કરો. તમને એમ લાગે કે હું જે વિષયોમાં પડયો છું તે હળાહળ ઝેર છે. મારા આત્માનું બગાડનાર છે. ભવવનમાં ભમાવનાર છે.

પરિગ્રહ એ પાપનું મૂળ છે આવું તમને સમજાશે ત્યારે ધર્મની રૂચી જાગશે. જો રૂચીપૂર્વક સમજણપૂર્વક ધર્મ થતો હોય તો સંસાર કેવો લાગે? (સભા: ખારો ઝેર) (હસાહસ) અંદરથી બોલો છે કે ઉપરથી? વિચાર કરીને જવાબ આપો. જ્યાં સુધી સંસાર હેય નથી લાગ્યો ત્યાં સુધી આ બધો મોહ છે. જ્ઞાનીની વાત સમજાય તો સંસાર સોનેરી જાળ છે.

:જંગલમાં પારધીઓ પક્ષીઓને પકડવા માટે અનાજના કણ નાંખીને જાળ બિછાવે છે. અનાજના કણ ખાવાની લાલચે પક્ષીઓ આવે છે ને જાળમાં ફસાય છે. અનાજ ખાવા આવે છે ત્યારે એને ભાન નથી હોતું કે અહીં કોઈ માણસ નથી દેખાતું તો અનાજ કોણે નાંખ્યું? તો એ જાળમાં ફસાઈ ગયા. પછી પસ્તાવાનો પાર ન રહ્યો. બેર, એ તો બિચારા અજ્ઞાન પક્ષીઓ હતા એટલે તેમને ખ્યાલ ન આવ્યો પણ તમે તો માનવ છો ને? તોય સંસારસુખની લોલુપતાથી કેવા સપડાઈ ગયા છો! પત્ની, માતા, સંતાનો બધા સોનેરી જાળ છે. અહીં તમે વીતરાગવાણી સાંભળીને ગયા, સહજ ભાવ આવ્યા પણ તમને જોતા બાળકો કહે પપ્પા આવ્યા, પપ્પા આવ્યા કહીને વળગી પડે એટલે મનમાં એમ થાય કે આવું સુખ છોડીને ત્યાગમાર્ગના કષ્ટ વેઠવા ક્યાં જવું? ભાઈ, આ સુખ નથી પણ સંસારમાં ફસાવવા માટેની સોનેરી જાળ છે. થોડું સુખ ભોગવવા જતાં અનંતકાળનું દુઃખ મળે છે. બ્રહ્મદત્ત ચક્રવર્તીએ સાતસો (૭૦૦) વર્ષ સંસારનું સુખ ભોગવ્યું તેની પાછળ તેત્રીસ સાગરોપમ સુધી નરકની રૌ રૌ વેદના ભોગવવા સાતમી નરકે ચાલ્યા ગયા, માટે કંઈક સમજો. આયુષ્ય અલ્પ છે તેથી સંસારનો મોહ છોડો.

આ ભારતમાં કેટલા મહાન પુરુષો અને કેટલી મહાન સતીઓ થઈ ગઇ. તેમણે દુઃખમાં પણ ધર્મ છોડયો નથી. જ્યારે સીતાજીને રાવણ પાસેથી રામચંદ્રજી અયોધ્યામાં લઇ આવ્યા તે વખતે અયોધ્યામાં વસતા અજ્ઞાની માણસો બોલવા લાગ્યા કે છ છ મહિના રાવણને ઘેર રહી તે સીતા શું સતી રહી હશે? એને રામલો ઘરમાં રાખે, આપણે ન રાખીએ. આ વાત રામચંદ્રજીના કાને પહોંચી, પ્રજાજનોની શંકા ટાળવા રામચંદ્રજીએ સીતાને જંગલમાં મોકલી દીધા. સીતા ગર્ભવંતી હતી. સ્ત્રી ગર્ભવંતી હોય તો લોકો એની દયા ખાય. જ્યારે પ્રજાજનોના આક્ષેપના કારણે રામે સીતાજીની દયા ન કરી. રથમાં બેસી સીતાજી જંગલમાં આવ્યા. ગાઢ જંગલમાં રથમાંથી ઉતર્યા. સીતાજીને એવા જંગલમાં મૂકતા સારથીનું હૈયું કંપી ગયું. આંખમાં આંસુ ભરાઈ આવ્યા. દુઃખિત હૃદયે સારથી સીતાજીને પૂછે છે માતાજી! રામચંદ્રજીને કંઇ સંદેશો આપવો છે? ત્યારે સીતાજી શું બોલ્યા – રામચંદ્રને કહેજો કે અજ્ઞાન પ્રજાના વેણથી મને ગર્ભવંતીને વનમાં મોકલી દીધી. મારા જેવી અનેક સીતાઓ તમને મળશે. મને છોડી તો ભલે છોડી પણ આવો ઉત્તમ ધર્મ

મળ્યો છે તે છોડતા નહિ. મારા જેવી સીતા મળશે પણ આવો વીતરાગ ધર્મ વારંવાર નહિ મળે. કેવો મીઠો સંદેશો આપ્યો પણ મને વગર વાંકે જંગલમાં મોકલી દીધી એવું ન કહ્યું. શું સીતાજીનું ધૈર્ય! દુઃખમાં પણ ધર્મસંદેશો કહાવે છે. દુનિયામાં સુખમાં તો સૌ ધર્મ કરે પણ દુઃખના ડુંગર તૂટી પડે તેવા સમયમાં જીવનમાં ધર્મ ટકાવી રાખે તેનું નામ સાચી સમજણ. સુખ તો સૌને ગમે પણ દુઃખમાં સુખનો અનુભવ કરે એ સાચો માનવ છે. એ ધર્મને સમજ્યો છે. મહાન પુરુષો દુઃખનું નિમિત્ત પામીને પણ કલ્યાણ કરી ગયા છે. સનત્કુમાર ચક્રવર્તિના શરીરમાં એક સામટા સોળ સોળ મહારોગો ઉત્પન્ન થયા ત્યારે સંસાર છોડીને સંયમી બની ગયા. નમિરાજર્ષિના શરીરમાં દાહજ્વરનો રોગ ઉત્પન્ન થયો. રાણીઓ તેમના માટે ચંદન ઘસતી હતી તેમના કંકણના અવાજનું નિમિત્ત પામીને વૈરાગ્ય પામી ગયા. ચાર પ્રત્યેક બુદ્ધ આવા નિમિત્તાથી જાગી ગયા. સંસારના સુખ છોડી આત્માના સુખ વહાલા કર્યા અને કર્મોને ખપાવી મોક્ષમાં ગયા.

આપણે શ્રદ્ધા ઉપર વાત ચાલતી હતી. ભગવાન મહાવીર સ્વામીને અંબડે પૂછ્યું કે હું રાજગૃહી જવાનો છું. કંઇ સંદેશો આપવો છે? તમને સંતો સંદેશો તો કહેવડાવે છે ને! પણ એ સંદેશાની કિંમત કેટલી? દશ રૂપિયાની નોટ ખોવાઇ જાય તો કેવી શોધો છો, તેમ જીવનની અમૂલ્ય પળો ખોવાઇ રહી છે તેને શોધો છો ખરા? ભગવાન કહે છે રાજગૃહીમાં સુલસા નામની શ્રાવિકા વસે છે તેને કહેજો કે તમને ભગવાન મહાવીરે ધર્મધ્યાનનો સંદેશો કહાવ્યો છે. અંબડના મનમાં આશ્ચર્ય થયું કે એટલું બધું આ સુલસા શ્રાવિકામાં શું હશે કે રાજગૃહી નગરીનો રાજા શ્રેણીક પ્રભુનો પરમ ભકત એને ભગવાને સંદેશો ન કહેવડાવ્યો. એ નગરીમાં ઘણા મહર્ધિક શ્રાવકો વસે છે તેમને નહિ ને ફકત સુલસાને યાદ કરી ધર્મસંદેશ કહેવડાવ્યો માટે મારે તેની શ્રદ્ધાની કસોટી કરવી જોઇએ. એમ માનીને પ્રથમ તો પરિવ્રાજકના વેશે સુલસાને ઘેર ગયો. પણ સુલશાએ ઊભા થઇ એનો સત્કાર ન કર્યો. એના મનને નિશ્ચિત હતું કે મારે અરિહંત અને નિગ્રંથ ગુરુનું શરણ પૂરતું છે. એ તારણહાર છે. પછી મારે કુગુરુ-કુદેવની શી આશ કે એમનું સન્માન કરું? અંબડે જોયું છે તો પાકી છતાં વિશેષ કસોટી કરવા વૈક્રિયલબ્ધિનો ઉપયોગ કરી બ્રહ્માનું રૂપ બનાવ્યું. નગરના બીજા નરનારીઓ તો જાણે સાક્ષાત બ્રહ્મા પધાર્યા છે માટે તેમના દર્શન કરીએ એમ માનીને લોકોના ટોળા ઉમટયા. પણ સુલશાએ તો ઘર બહાર પણ પગ મૂકયો નહિ. એને એમ પણ ન થયું કે લાવો જરા જોઇ તો આવીએ. જોવામાં શું જાય છે? આ તો સમકિતની શુદ્ધ મર્યાદાઓ સમજેલી છે. જૈન ધર્મના મર્મને જાણનારી છે એટલે કુતૂહલથી પણ ન ગઈ. આ રીતે અંબડે વિષ્ણુનું, શંકરનું ને છેલ્લે રૂપમા તીર્થંકરનું રૂપ બનાવ્યું. લોકો સુલશાને દોડીને કહેવા આવ્યા કે ચાલ તારા તીર્થંકર પ્રભુ પધાર્યા છે. પણ સુલશાને દૃઢ શ્રદ્ધા છે કે આ તો કોઈ

ઈન્દ્રજાળીઓ આવ્યો લાગે છે. પચ્ચીસમા તીર્થંકર હોય જ શાના? સકળ કલ્યાણનું કારણ માત્ર અરિહંત દેવ છે. મારે તો એ અરિહંત-સિદ્ધ-સાધુ ને વીતરાગપ્રણીત ધર્મજ શરણ હો. સુલશા ન ગઈ તે ન ગઈ. છેવટે અંબડ પરિવ્રાજક શ્રાવકનો વેશ પહેરી સુલશાના ઘેર ગયો. ત્યારે સુલશાએ એનું ઉભળકાભેર સ્વાગત કર્યું અને પૂછે છે આપનું નામ શું છે અને ક્યા નગરના વાસી છો. અહીં આવ્યા છો તો અમારા સરખી શી આજ્ઞા છે? અંબડને પ્રેમપૂર્વક ભોજન કરાવ્યું. અંબડે કહ્યું તમને પ્રભુ મહાવીરે સ્વમુખે ધર્મસંદેશો કહેવડાવ્યો છે. આ સાંભળીને સુલશાની આખી રોમરાજી વિકસ્વર થઈ ગઈ. હર્ષના આંસુ આંખમાંથી વહેવા લાગ્યા અને પોતાની જાતને ધન્ય માનવા લાગી અને ઝટ ઉભી થઈને પ્રભુ જે દિશામાં વિચરતા હતા તે દિશામાં પોતે પ્રભુને વંદન કરે છે અને બોલી ઉઠે કે અહો હે પ્રભુ! કોઈને નહિ અને મને આ સંસારના કૂવામાં પડેલી વિષયની ગંદી ગટરમાં આળોટતી એવી આ રાંકડીને ત્રણ ભુવનના સ્વામીએ મને યાદ કરી ધર્મસંદેશો કહેવડાવ્યો. કેટલી કરૂણા! હે નાથ! હું બધી સ્ત્રીઓમાં ભાગ્યશાળી બની ગઈ. તમારે મોટા ગણધર મહારાજા ને ઇંદ્રો જેવા સેવક અને ક્યાં પાપ ભરેલ રાંકડી હું? છતાં મારા પર આ દયા! પ્રભુ હવે તો ઠેઠ સુધી દયા કરજો કે જેથી સંયમમાર્ગે ચઢી આપના એક આધારે ભવ પાર કરી જાઉં. અંબડ આ જોઈને કહે છે સુલસા ધન્ય છે તારા અવતારને કે આટલી જવલંત શ્રદ્ધા ભગવાન મહાવીર પર રાખો છો એમ કહી અંબડ પોતાના સમ્યક્ત્વને નિર્મળ કરતો ત્યાંથી ચાલી નીકળ્યો.

આપણે રોજનો જમાલિકુમારનો અધિકાર ચાલે છે. સાત માળની મહેલાતમાં સાતમા માળે મનમાન્યા સુખો ભોગવે છે. એને ઘેર બત્રીશ પ્રકારના નાટકો થાય છે. તરૂણ યુવતિઓ સાથે નાટક જોતો આનંદ વિનોદ કરે છે, દેવલોકનો દેવ જે સુખ ભોગવે તેવા સુખ જમાલિકુમાર ભોગવે છે. આવા સુખોને છોડીને નીકળશે એનું કારણ એ છે કે આવા સુખ ભોગવવા છતાં પોતે ભોગવાઇ જતા ન હતા. આજે માણસ ધારે ત્યારે તપ કેમ કરી શકે છે? વ્યસનના ગુલામ નથી. માટે તેમ સંસારસુખના ગુલામ ન બને તો ધારે ત્યારે સંસારને લાત મારીને નીકળી શકે છે, સંસારમાં કોઇ કોઈનું નથી.

माया पिया ण्हुसा भाया, भज्जा पुत्ता य ओरसा ।
नालं ते तव ताणाय, लुप्पन्तस्स सकम्मुणा ।

उत्त. सू. अ. ६, गाथा ३

માતા-પિતા, પુત્ર-પત્નીમાં મોહ પામી ગયા છો પણ જ્યારે કર્મનો ઉદય આવશે ત્યારે કોઈ સગું નહિ થાય. માતા-પિતા કષ્ટ વેઠીને દીકરાને ભણાવે છે. શા માટે? કે આપણે દુઃખ વેઠીને દીકરાને ભણાવીએ તો દીકરો સુખી થાય ને આપણને પણ ઘડપણમાં પાળે પોષે એ ભાવના હોય છે, પણ કર્મો કયારે શું કરાવે તે સાંભળો.

એક ગામડામાં ગરીબ કુટુંબ વસતું હતું. મા-બાપ ને દીકરો એ ત્રણ માણસનું કુટુંબ હતું. ત્રણ ત્રણ પેઢીથી ખૂબ દુઃખી હતું. બે વીઘા જમીન ઉપર કાળી મજુરી કરીને પોતાનું ગુજરાન ચલાવતા. મા-બાપ વિચાર કરે છે કે આપણે કાળી મજુરી કરીએ પણ દીકરાને ભણાવવો છે. દીકરાનું નામ અમરકુમાર હતું. જો આપણો અમર ભણશે તો સુખી થશે અને આપણને પણ ઘડપણમાં સુખની ઘડી આવશે, ને નિરાંતે ભગવાનનું નામ લઈશું. પછી તો જેવું લેણું હોય તેવું લેવાય. આ દીકરો ખૂબ વિનયવાન અને ગુણીયલ છે. રોજ માતા-પિતાને વંદન કરે ને ચરણરજ માથે ચઢાવે. ખૂબ પ્રેમથી ભણાવે છે. એમનું ગામ નાનું હતું. મેટ્રિક પાસ થયો. માતા-પિતાને ખૂબ આનંદ થયો. પણ અમરને આગળ ભણાવવો છે એટલે મોટા શહેરમાં મોકલ્યા વિના છૂટકો ન હતો. મા-બાપે એને પ્રેમથી અહારગામ મોકલ્યો. મુંબઈ જેવા મોટા શહેરમાં અમર ભણવા માટે આવ્યો. ભણવામાં એને સમય ન મળે તો પણ ગમે તેમ કરીને સમય કાઢીને આઠ-દસ દિવસે માતા-પિતાને પત્ર લખતો. પિતાને તીર્થ સમાન પવિત્ર માનતો હતો. પત્ર લખતાં આંખમાંથી આંસુના ટીપાં પડી જાય ને લખતો કે હે માતા-પિતા! તમારો મારા ઉપર મહાન ઉપકાર છે. તમે મને કેટલા કષ્ટ વેઠીને ઉછેર્યો. ભૂખની પરવા કર્યા વિના રાત-દિવસ કાળી મજુરી કરીને મને ભણાવો છો એ ઉપકારનો બદલો હું વાળી શકું તેમ નથી. હવે હું ભણીને આપને દુઃખથી મુકત કરીને તમારી સેવા કરું એવી મારી ભાવના છે. આવો લાગણીથી ભરેલો પુત્રનો પત્ર વાંચી મા-બાપ આનંદ પામતા ને પોતાનું દુઃખ ભૂલી જતાં. આપણો અમર ભણી રહેશે એટલે આપણા દુઃખના દિવસો ચાલ્યા જશે એ આશામાં તેઓ દિવસો પસાર કરતા હતા.

બંધુઓ! માતા-પિતાના મનમાં કેટલા આશાના મિનારા હોય છે. માતા-પિતાનો સંતાનો ઉપર મહાન ઉપકાર હોય છે. બધું ભલે ભૂલજો પણ મા-બાપને કયારેયભૂલશો નહિ. મા-બાપ જેવું કોઇ પવિત્ર તીર્થ નથી. આ પુત્રનો રેગ્યુલર દર દસ દિવસે પત્ર આવતો ને મા-બાપને આનંદ થતો. દિકરો આગળ ભણે છે. ભણવામાં ખૂબ હોંશિયાર છે. એન્જિનીયર બનવાનું છેલ્લું વર્ષ છે. એક વખત એવું બન્યું કે પંદર દિવસ થયા પણ પુત્રનો પત્ર ન આવ્યો. વીસ દિવસ ને મહિનો થયો પણ પત્ર આવ્યો નહિ. મા-બાપ વિચાર કરે છે કે મોટા શહેરમાં મોટરો ખૂબ દોડે. કોલેજમાં જતા મારા દિકરાને કંઇ એકિસડન્ટ તો નહિ થયો હોય ને? શું થયું હશે? કેમ પત્ર નહિ આવ્યો હોય? એનો પત્ર દસ દિવસે આવ્યા વિના રહે નહિ તેના બદલે બે-અઢી મહિના થયા ને મા-બાપ પત્રની રાહ જોતા રહ્યા. દિવસે દિવસે તેમની અધિરાઇ વધવા લાગી. રોજ ટપાલનો સમય થાય ને રાહ જોઈને બેસે. ટપાલી આવે ને પૂછે અમારી ટપાલ છે? ટપાલી ના પાડે એટલે નિરાશ બની જતાં. ટપાલી પૂછે તમે કોની રાહ જુવો છો? મારા પુત્રના છ મહિના થયા પણ

કંઈ સમાચાર નથી. આટલું કહેતા મા-બાપની આંખમાં આંસુ આવી ગયા. આમ કરતા વર્ષ થયું પણ ટપાલ ન આવી એટલે ડોશી કહે છે તમે ત્યાં જાવ ને તપાસ કરો. એનું શું થયું? મારો લાડીલો પત્ર લખ્યા વિના રહે નહિ. એ માબાપને ભૂલે તેવો નથી. બાપ જવા તૈયાર થયો પણ ભાડાના પૈસા નથી. શું કરવું? દેવાનુપ્રિયો! તમે રોજ સવારમાં ચા-પાણી નાસ્તા ઉડાવો છો, બપોરે ભર્યાભાણે પેટ ભરીને જમો છો, તમને ખબર નથી કે ગરીબાઈ કેવી હોય? ગરીબાઈ તો વેઠે એ જાણે છે. રોટલો ને છાશ મળતી હોય એને પાશેર દૂધ મેળવતાં પરસેવો નીતરી જાય છે. બાપ ઘરમાં હતાં તે વેચીને જવા તૈયાર થાય છે. તે વખતે તેમના પાડોશી પૂછે છે બાપા! તમે આટલા ગમગીન કેમ છો? તમારા મોઢા ઉપર છેલ્લા કેટલાય દિવસથી અફસોસ દેખાય છે તો શું છે? તો કહે કે મારા પુત્રનો વર્ષથી પત્ર નથી, કંઈ સમાચાર નથી, એ ચિંતા છે. આજે તપાસ કરવા જાઉં છું ત્યારે પાડોશી કહે છે તમારા પુત્રનો પત્ર ભલે ન હોય પણ એ હયાત છે, આનંદમાં છે, તમે જવાની વાત માંડીવાળો. ત્યાં જશો તો ઉલ્ટા દુઃખી થશો. પણ પત્નીનો ખૂબ આગ્રહ ને પુત્રને મળવાની ખૂબ તમન્ના એટલે માબાપ તો ઉપડ્યા. એનો પત્ર આવતો હતો તે સરનામું લઈને પુત્ર જ્યાં રહેતો હતો ત્યાં આવ્યા, ને પૂછયું તો કહે છે એ ભાઈ ભણીગણીને મોટા એન્જીનીયર બની ગયા છે. ખૂબ સુખી છે, એ તો મોટા ફ્લેટમાં અમુક જગ્યાએ રહેવા ગયા છે. ત્યાં રહેનારે એડ્રેસ આપ્યું તે લઈને શોધતો શોધતો વૃદ્ધ બાપ દીકરાના બંગલા નજીક પહોંચ્યો. દીકરો બારીએ ઉભો છે. બાપને આવતો જોયો. પિતૃપ્રેમથી તેનું હૃદય હચમચી ગયું. રડી પડયો કે કાળી મજુરી કરીને એમણે મને ભણાવ્યો તો એન્જીનીયર બન્યો છું એવા માતાપિતાને કેમ ભૂલાય? પણ બીજી ક્ષણે વિચાર થયો કે મેં મારા માતાપિતાનો ભયંકર ગુન્હો કર્યો છે. એમની પરવાનગી સિવાય પ્રેમલગ્ન કર્યું છે. પરણીને ખબર પણ આપી નથી. એમને ગમશે કે નહિ? વળી આ સુધરેલી સ્ત્રીને ડોસા ગમશે નહિ. એ ડોસાને ઘરમાં રાખવા તૈયાર નહિ થાય. હું મોટો એન્જીનીયર, મારે ઘેર મોટા મોટા માણસો આવે ને મારા નોકરો બધા કહે કે આપણા સાહેબના બાપ કેવા ગામડિયા છે તો મને શરમ આવે. એ વિચાર કરીને પટાવાળાને બોલાવ્યો. ને કહ્યું જો આ સામેથી ગામડીયો ડોસો આવે છે તે આપણા બંગલામાં દાખલ થવા આવે તો કાઢી મૂકજે. ના પાડવા છતાં પણે આવે તો તું ધક્કો મારીને બહાર કાઢી મૂકજે પણ અંદર આવવા દેતો નહિ.

બંધુઓ! જોયો ને આ સંસાર કેવા રંગરાગથી ભરેલો છે. આ ભણી ગણીને હોંશિયાર બનેલો દીકરો બાપની કેવી દશા કરાવે છે! સમ્યકદૃષ્ટિ આત્મા હોય તો આવા સમયે વિચાર કરે કે આમાં કોઇનો દોષ નથી. મારા પાપકર્મનો ઉદય છે. નહિતર

માબાપને દેવ સમાન માનનારો ને રોજ પગ ધોઈને પીનારો દીકરો આવું શા માટે કરે? મારા કર્મો મારા દુશ્મન છે. સોમલે ગજસુકુમારના માથામાં અંગારા મૂક્યા તો પણ જરા ક્રોધ ન આવ્યો. એમણે વિચાર કર્યો કે મારા સસરાએ મને મોક્ષમાં જવાની પાઘડી બંધાવી. મને મોક્ષમાં જવાની સહાય કરી. એમણે સ્વદોષ જોયા, પરાયા દોષ ન જોયા. આવા ભાવ આવશે ત્યારે દુઃખમાં આનંદ આવશે.

આશાભેર મળવા આવેલ બાપ: ડોસા ધ્રુજતા ધ્રુજતા પુત્રના બંગલાના કંપાઉન્ડમાં દાખલ થવા જાય છે ત્યારે પહેરેગીર કહે ખડે રહો, ત્યારે બાપા કહે છે ભાઇ, મને અંદર જવા દે. મારે મારા દીકરાને મળવું છે ત્યારે પહેરેગીર કહે છે તમારો દીકરો અહીં કયાં છે? આ બંગલામાં અમારા એન્જીનીયર સાહેબ રહે છે. ત્યારે કહે છે તારો સાહેબ એ મારો વ્હાલસોયો દીકરો અમર છે. મારે એને મળવું છે મને જવાદો. મેં એને દૂરથી ઉપર અગાશીમાં ઉભેલો જોયો છે. હું એને શોધતો શોધતો આવ્યો છું. મને જવાદે. ના પાડવા છતાં જોર કરીને ડોસા અંદર જવા જાય છે ત્યાં પેલા પટાવાળાએ જોરથી ધક્કો માર્યો. બિચારો ગરીબ માણસ દૂધ-ઘીના તો દર્શન નહોતાં હોય, લૂખો સૂક્કો રોટલો ખાતો હોય એના શરીરમાં તાકાત કયાંથી હોય? એક ધક્કો મારતાની સાથે પડી ગયો ને નીચે પડેલા પથ્થર સાથે તેનું માથું અથડાવાથી માથાની ધોરી નસ તૂટી ગઈ. લોહીની ધાર થઇ. માથે બાંધેલું ફાળીયું દબાવતો લથડીયા ખાતો ધર્મશાળામાં પહોંચી ગયો. એની પત્ની પણ સાથે આવી હતી. પાડોશીએ ઘણી ના પાડી પણ માતાનો જીવ ન રહ્યો. પુત્રને મળવાની આતુરતાથી સાથે આવી હતી. પણ પોતે ધર્મશાળામાં રોકાઇને પતિને પુત્રની શોધ કરવા મોકલ્યો હતો.

દીકરાને મળવા આવતાં બાપે ગુમાવ્યા પ્રાણ

પતિના માથામાંથી લોહી વહ્યું જાય છે. લથડીયા ખાતો એકદમ ઢગલો થઇને બેસી ગયો. પત્ની એકદમ બેબાકળી બનીને પૂછે છે શું થયું? ત્યારે કહે છે જે થયું તે થયું. તું મને જલ્દી નવકારમંત્ર સંભળાવ. હું ઘડી બે ઘડીનો મહેમાન છું. હવે જીવવાની આશા નથી. દેવાનુપ્રિયો જુઓ. આ આપની કેવી સમતા છે! પુત્રને ઘેર પ્રવેશ કરવા જતાં નોકરે પાટુ માર્યું પણ મનમાં જરાય કષાય નથી. એક ચિત્તે નવકારમંત્ર સાંભળે છે. ત્યારે પત્ની પૂછે છે સ્વામીનાથ! આપને શું થયું? કોઈએ આપને માર માર્યો કે પડી ગયા? શું થયું? દીકરો મળ્યો કે નહિ? ત્યારે કહે છે મેં અમરને બંગલાની ગેલેરીમાં ઉભેલો જોયો. પણ એણે મને જોયો કે ન જોયો એ અમર નથી. ગમે તેમ થયું પણ મને અમર અમર બનવાનો સંદેશો દઈ ગયો. હું તો જાઉં છું પાછળ દીકરો તને બોલાવે કે ન બોલાવે તો તું અફસોસ ના કરીશ. આટલું કહી 'અરિહંતે શરણું પવન્નામિ' કહેતાં બાપાએ પ્રાણ છોડી દીધા. ડોશીમા ખૂબ રડવા ને ઝૂરવા લાગ્યા. ધર્મશાળામાંથી

બધા માણસો દોડી આવ્યા પૂછે છે તમે કોણ છો ને ક્યાંથી આવ્યા છો? તો માજી રડતા રડતા કહે છે અમારો એકનો એક દીકરો અહીં રહે છે તેને મળવા આવ્યા હતા. દીકરાને ભેગા ન થયા અને એના પિતા ચાલ્યા ગયા. ખૂબ કરૂણ સ્વરે રડવા લાગી એટલે બધા માણસો કહે છે બહેન! શાંતિ રાખો. આયુષ્યપૂર્ણ થયે સૌને જવાનું છે. આ સંસાર તો મુસાફરખાનું છે. આ ધર્મશાળામાં આપણે સૌ આવ્યા છીએ. સમય થતાં સૌ ચાલ્યા જઇશું. તેઓ ગયા ને તે રીતે આપણે બધાને એક દિવસ જવાનું છે.

કોઇ આજ જશે કોઇ કાલ, આ તો પંખીડાનો મેળો,
ઋણાનુબંધ સૌનો પૂરો થાતાં, સહુના રસ્તે સહુ જાતા.
જેવા વાદળીયા વિખરાય – આ તો પંખીડાનો મેળો–

આ રીતે ડોશીમાને ખૂબ આશ્વાસન આપ્યું કે આ સંસારમાં ઋણાનુબંધ પૂરો થતાં સૌ એકબીજાને છોડીને ચાલ્યા જાય છે. આકાશમાં-જેમ વાદળી ચઢી આવે છે ને થોડીવારમાં વિખરાઇ જાય છે. વૃક્ષ ઉપર સાંજે પક્ષીઓ આવે છે ને સવાર પડતાં ઉડી જાય છે તેમ સૌનું આયુષ્ય પૂર્ણ થતાં જવાનું છે. બહુ રડીએ ને ઝૂરીએ તો ચીકણા કર્મ બંધાય. આ માનવ જિંદગી કેવી છે.

"આંસુના ઘેરા અક્ષરે સૌની લખાયેલ જિંદગી.
રોતા હસાવે બે ઘડી, ચાલી જવાની જિંદગી.

મહાન પુરુષો કહે છે આપણી જિંદગી આંસુથી લખેલા અક્ષર જેવી છે. માટે જિંદગીમાં કરવા જેવું છે તે જલ્દી કરી લો. પાડોશીએ શિખામણ આપી માજીને શાંત કર્યા ને બાપાની અંતિમ ક્રિયા કરી.

ચાર પાંચ દિવસ પછી માતા વિચાર કરે છે કે એમણે મરતાં મરતાં કહ્યું કે અમરે અમર બનવાનો સંદેશ મને આપ્યો. તો દીકરાનું નામ અમર છે. તો શું દીકરાએ એમનું અપમાન કર્યું હશે? કદાચ દીકરો ભાન ભૂલ્યો હશે! દીકરો અહીં છે એ નક્કી છે તો હું તેના ઘેર જાઉં. મારો અમર શું કરે છે? તેની માનવતા જાગતી છે કે નહિ તેમ વિચારી ડોસીમા શોધતા શોધતા પુત્રના બંગલા પાસે આવ્યા. કંપાઉન્ડમાં દાખલ થવા જાય છે ત્યાં નોકર કહે ખડે રહો. રજા સિવાય અંદર નહિ જવાય. ત્યારે ડોશીમા કહે છે ભાઇ મારે અંદર જવું નથી. પણ હું કામ કરનારી નોકરડી છું. આ બંગલામાં રહેનાર શેઠાણીને જરૂર હોય તો મારે નોકરી કરવા રહેવું છે. ત્યારે કહે તો તમે અહીં ઊભા રહો. હું શેઠાણીને પૂછી આવું. નોકર ઉપર જઈને પૂછે છે એક વૃદ્ધ બાઈ છે. એ કહે છે કામ કરવા રહેવું છે તો નોકરડીની જરૂર છે? શેઠાણી કહે છે હા. ચાર દિવસથી કામવાળી જતી રહી છે તો બોલાવો. ડોશીમાને ઉપર બોલાવ્યા. શેઠાણી પૂછે છે માજી! તમે શું કરશો? ડોસીમાં કહે હું વાસણ માંજીશ, કપડા ધોઈશ, બધું કરીશ ને રસોડું પણ

સંભાળીશ. ઘાટી ને રસોઇયાનું બંને કામ કરીશ. આવો નોકર કોને ન ગમે? બાઈ પૂછે છે તો તમે પગાર શું લેશો? માજી કહે બહેન! હું પંડે એકલી છું. મને ખાવા પીવાનું અને પહેરવા કપડા મળશે, રહેવા એક ઓરડી મળશે તો મારે બીજું કાંઇ નથી જોઈતું. તો કહે ભલે.

દીકરાના ઘરમાં મા નોકરડી બનીને રહી:-

માજી દીકરાના ઘરમાં નોકરી રહ્યા. જોને કર્મ કેવા ખેલ કરાવે છે. શેઠાણી એના પતિને કહે છે જુઓ, મેં નવી નોકરડી રાખી. તમને ગમશેને? ત્યારે એનો પતિ કહે છે તને ગમે એટલે મને ગમે. એમાં પૂછવાનું શું હોય! માએ દીકરાને જોયો. હૈયામાં હર્ષ સમાતો નથી પણ બધો હર્ષ અંતરમાં સમાવી દીધો. મા વિચાર કરે છે આ દીકરો એના બાપને મળ્યો નથી લાગતો. દીકરાએ માજી તરફ દૃષ્ટિ કરી તો તેના અંતરમા પ્રેમનો આંચકો આવ્યો. હવે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

(અધૂરું દૃષ્ટાંત તા. ૨૯-૭-૭૩ ને રવિવારના વ્યાખ્યાનમાં વાંચ્યો).



વ્યાખ્યાન નં. ૧૪

અષાડ વદ ૯ ને સોમવાર **તા. ૨૩-૭-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવો ઉપર મહાન અનુકંપા કરી શાસ્ત્રની સરવાણી વહાવી. એ સરવાણી અવાજ કરે છે કે હે ચેતન! તું અનંતકાળથી બંધનમાં બંધાયો છું. તેને તોડવાનો આ મનુષ્યભવમાં જબ્બર પુરૂષાર્થ ઉપાડ. ભગીરથ પુરૂષાર્થ કરી મુકિત નહિ મેળવે ત્યાં સુધી એ બંધન તૂટવાના નથી. ઘાતી કર્મોમાં મોહનીય કર્મ મોટું છે. જો એ તૂટે તો બાકીના ત્રણ તૂટી જાય. સેનાપતિ પકડાય તો લશ્કરને પકડતા વાર નહિ. આઠ કર્મોમાં સેનાધિપતિ મોહનીય કર્મ છે. સંસારરૂપી સાગરમાં મોહનીય કર્મના જબ્બર મોજા ઉછળી રહ્યા છે. ક્રોધ-માન-માયા ને લોભના વાવાઝોડા વાય છે. તેમાં તારી નૌકા ડૂબુ ડૂબુ થઇ રહી છે. સાવધાન બની જા. મનુષ્યજન્મની એકેક પળ લાખેણી જાય છે. એમ સમજીને પ્રમાદ ન કરો. પ્રમાદમાં અનંતોકાળ કાઢયો. જેમાં સુખ માનો છો તે સંસારના સુખો કેવા છે? જ્યાં સુધી પુણ્યનો ઉદય હશે ત્યાં સુધી ટકનાર છે. કાલે પુણ્ય ઘટે અપમાન કરીને બંગલાની બહાર હાંકી મૂકશે. માટે સંસારના પદાર્થો ઉપરથી મમત્વભાવ ઉઠાવી લે. વેદનીય કર્મનો ઉદય થાય, કષ્ટ આવે ત્યારે તું પાડોશી બનીને

જેમ તમારા પાડોશીએ ખૂબ ઠાઠમાઠથી એની એકની એક દીકરીના લગ્ન કર્યા. અને છ મહિનામાં દીકરી દુઃખી બનીને ઘેર પાછી આવી ત્યારે પાડોશી ખૂબ રડે પણ તમને કંઈ થાય? 'ના'. કારણ કે એ તમારી દીકરી નથી. પાડોશીની દીકરી છે. ત્યાં તમે પરાયું માન્યું પણ આત્માથી બધું પર છે તેમ લાગે છે? વીતરાગ વાણી સાંભળીને એવા અધ્યવસાય થવા જોઈએ કે एगोहं नत्थि मे कोइ नाहमन्नस्स कस्सइ । હું એકલો છું, મારૂં કોઈ નથી ને હું પણ કોઈનો નથી. જો આટલું સૂત્ર સમજાઈ જાય તો સંસારના પદાર્થો પ્રત્યેથી તમને રાગ છૂટી જાય અને સત્ય સ્વરૂપનું ભાન થાય. જીવ સમજણના ઘરમાં આવે છે ત્યારે પાપ કરતાં એને અરેરાટી થાય છે કે મેં આ શું કર્યું? કોના માટે કર્યું? મારી સાથે શું આવવાનું છે?

મરણ વખતે સિકંદરની દૃષ્ટિ ખુલી ગઇ:

સમ્રાટ સિકંદર જ્યારે બિમાર પડયો ત્યારે તેના શરીરની ચિકિત્સા કરવાને માટે મોટા મોટા વૈદ્યો, હકીમો ને ડૉકટરોને બોલાવવામાં આવ્યા. એ જ્યારે સાજો હતો ત્યારે એણે પ્રજા ઉપર કાળો કેર વર્તાવ્યો હતો. ખૂબ જુલ્મ ગુજારતો હતો. લોકો એનાથી ભયભીત રહેતા હતા. આવો બાદશાહ સિકંદર મૃત્યુના બિછાનામાં સૂતો છે. રાજવૈદ્યોએ તેની નાડી તપાસીને માથું ધુણાવ્યું ત્યારે સિકંદર પૂછે છે વૈદ્યરાજ! તમે કેમ માથું હલાવો છો ત્યારે વૈદ્યો કહે છે આપની નાડીમાં ફેર છે. મૃત્યુ નજીક આવી રહ્યું છે. માટે હવે આપ ચેતી જાવ. તે વખતે સિકંદર શું કહે છે:– क्या मैं मर जाउंगा? किसी भी उपायसे मैं नहीं बचूंगा ? मुझे बचानेवाला इस संसारमें कोइ नहीं है ? मैं तो बडा सम्राट हूँ ।

ત્યારે વૈદ્યો કહે છે તમે ગમે તેટલા મોટા સમ્રાટ હો, ગમે તેટલી સંપત્તિ લેગી કરી હોય તો પણ મરણ આવે સૌને જવું પડે છે. તમે તો શું તમારા બાપા અને તેના બાપાને પણ જવું પડયું છે તો તમારી કયાં વાત? તૂટીની બુટ્ટી નથી. હવે તો ખુદાની બંદગી કરી લો એ જ તમારી સાથે આવશે.

જ્યારે વૈદ્યોએ હાથ ખંખેર્યા ત્યારે સિકંદરને સમજાયું કે ગમે તેટલા પાપ કરી જુલ્મ ગુજારી પાપ કરી બધું ભેગું કર્યું પણ અંતે તો એકલા જ જવાનું છે ને? મારી સાથે કોઇ નહિ આવે. અંતિમ સમયે ડહાપણ આવ્યું ને પોતે જીવનભર કરેલા પાપનો પશ્ચાતાપ કરવા લાગ્યો. મારૂં પરભવમાં શું થશે? એના માણસોને કહ્યું કે મારે મારા ગુરુના દર્શન કરવા છે. જલ્દી બોલાવો. એને અંતિમ સમયે આ વિવેક જાગ્યો હોય તેનું કારણ એને પહેલાં જૈન મુનિનો સમાગમ થયો હતો. એમની પાસેથી એને તત્ત્વનું રહસ્ય સમજાયું હતું. એ ભાનમાં હતો ને તેના ધર્મગુરુને અંતિમ દર્શન કરવા બોલાવે છે. આજે ઘણીવાર એવું બને છે કે માણસને છેલ્લો શ્વાસ ચાલતો હોય ત્યારે

સંતને બોલાવવામાં આવે ને ભલું હોય તો સંતો ત્યાં પહોંચે ન પહોંચે ત્યાં તો બધું પતી જાય. આવી સ્થિતિમાં સંતને બોલાવવાનો શું અર્થ ? એ ભાનમાં હોય ત્યારે બોલાવો તો તો કંઈક ધર્મ સાંભળે.

સિકંદરના ધર્મગુરુ આવ્યા. તેને ધર્મ સંભળાવ્યો. ત્યાર પછી સિકંદરે ખુલ્લા દિલે એના ગુરુ સમીપે પાપનો પોકાર કર્યો. ખૂબ રડ્યો. ભલભલાના કઠણ હૈયા કુણાં બની જાય. છેવટે એણે ચાર ફરમાન લખાવ્યા. તેમાં પહેલા ફરમાનમાં શું લખાવ્યું:–

"મારા મરણ વખતે બધી મિલ્કત અહીં પથરાવજો
મારી જનાજી સાથ કબ્રસ્તાનમાં પણ લાવજો,
જે બાહુબળથી મેળવ્યું તે પણ ભોગવી ના શક્યો,
અબજોની મિલ્કત આપતાં પણ એ સિકંદર ના બચ્યો."

સિકંદરે લખાવ્યું કે મારા મરી ગયા પછી મારા ભંડાર ખાલી કરીને બધી મિલ્કતના અહીં ઢગલા કરાવજો ને મારી જનાજી સાથે બધું કબ્રસ્તાનમાં લાવજો. પ્રજાને ચૂસીને લૂંટફાટ કરીને જે મિલ્કત ભેગી કરી તેને સિકંદર ભોગવી શક્યો નહિ. એને માટે કરોડો રૂપિયા ખર્ચીને રાજવૈદો બોલાવ્યા, કિંમતી ઔષધો લાવ્યા ને ઘણાં ઉપચારો કર્યા તો પણ સિકંદરને કોઇ બચાવી શક્યું નહિ. આ ફરમાનથી પ્રજા એમ સમજી શકે કે સિકંદર આટલી સંપત્તિનો સ્વામી હોવા છતાં સાથે કંઇ લઈ જઇ શક્યો નહિ. સાથે કંઇ આવવાનું નથી. બીજા ફરમાનમાં શું લખાવ્યું :–

મારૂં મરણ થતાં બધા હથિયાર લશ્કર લાવજો,
આગળ રહે મૃતદેહ પાછળ સર્વને દોડાવજો,
આખા જગતને જિતનારૂં સૈન્ય પણ રડતું રહ્યું,
વિકરાળ દળ ભૂપાળને ના કોઈ બચાવી શક્યું.

સિકંદર પાસે લાખો સૈનિકો ને ઘણા શસ્ત્રો હોવા છતાં સિકંદરને મૃત્યુનાં પંજામાંથી છોડાવવા કોઈ સમર્થ બન્યું નહિ. માનવી ગમે તેટલો બળવાન હોય, ગમે તેટલું લશ્કર હોય. પણ આ ફરમાન ઉપરથી પૂરવાર થાય છે કે મૃત્યુ આગળ બધા નિર્બળ છે. માનવી બધા ઉપર વિજય મેળવે પણ મૃત્યુ ઉપર કોઈ વિજય મેળવી શકતું નથી. જ્યારે મોક્ષમાં જાય ત્યારે મૃત્યુ ઉપર વિજય મેળવી શકે છે. હવે ત્રીજું ફરમાન:–

મારા બધા વૈદો હકીમોને અહીં બોલાવજો,
મારો જનાજો એ જ વૈદોના ખભે ઉંચકાવજો
દર્દીઓના દર્દને દૂરનાવનારું કોણ છે ?
દોરી તૂટી આયુષ્યની ત્યાં સાંધનારું કોણ છે ?

સિકંદરની સારવાર માટે પાંચસો ધનવંતરી વૈદો તેની પાસે રહેતા હતા. એ વૈદોએ ઘણાં ઉપચારો કર્યા પણ એને બચાવી શકયા નહિ. મારો જનાજો એ જ વૈદોના ખભે ઉંચકાવજો. એટલે લોકો સમજી શકે કે સૂતરની દોરી અને ફાટેલા કપડા સાંધી શકાય છે પણ તૂટેલું આયુષ્ય સાંધી શકાતું નથી. આ એનું ત્રીજું ફરમાન છે. છેલ્લા ચોથા ફરમાનમાં લખાવે છે કેઃ-

ખાલી હથેળી રાખતા જીવો જગતમાં આવતા,
ને ખાલી હાથે આ જગતથી સૌ ત્યજી ચાલ્યા જતા,
યૌવન ફના, જીવન ફના, જર-જમીન ને જોરૂ ફના,
પરલોકમાં પરિણામ મળશે પુણ્યના કે પાપના.

આ જગતમાં માનવ જન્મે છે ને મરે છે ને ખાલી હાથે જાય છે. મરી ગયા પછી એનું બધું ફના થઇ જાય છે. ભગવાન કહે છે હે જીવ! તારી સાથે શુભાશુભ કર્મો આવશે. બીજું કાંઇ સાથે આવનાર નથી. અશુભ કર્મના કટુ ફળો ભોગવતાં જીવ ત્રાહિ ત્રાહિ પોકારે છે ત્યાં કોઇ એનો પોકાર સાંભળતું નથી. આ સિકંદરનું ચોથું ફરમાન કેવું સુંદર છે! આ ચાર ફરમાનનો ભાવ જીવ સમજે તો એને સંસારમાં કોઇ વસ્તુ કે વ્યકિત પ્રત્યે મમતા ન રહે. સિકંદરની જેમ છેલ્લેછેલ્લે પણ જો પાપનો પશ્ચાતાપ થશે તો ય સારું છે. અંતિમ સમયે પણ જીવને ન સમજાય તો એનું જીવન અંધકારમય છે. અત્યારે સમજો તો સારૂં છે. અત્યારે આત્મ સાધના કરવાનો સમય છે. ભગવાન કહે છે:

જરા જાવ ન પીડઇ, વાહી જાવ ન વડ્ઢઇ ।
જાવિન્દિયા ન હાયન્તિ, તાવ ધમ્મં સમાયરે।।

દશ-સૂ-અ-૮, ગાથા ૩૬

જ્યાં સુધી જરા રૂપી રાક્ષસીએ આ દેહને ઘેરો ઘાલ્યો નથી, દેહમાં કોઇ રોગ ઉત્પન્ન થયો નથી અને એક પણ ઈન્દ્રિય શિથિલ થઇ નથી ત્યાં સુધી ધર્મની આરાધના કરી લો.

આજે ચંદનબાઇને સોળ ઉપવાસનું પારણું છે. આવું તપ કયારે થાય? દેહ તરફનો રાગ ઘટે ને આત્મા તરફનો વધે ત્યારે થાય. દેહનો રાગ તોડવા જેવો છે. જ્યાં સુધી નહિ તૂટે ત્યાં સુધી તમે ચિત્તની સમાધિ ને પરમ શાંતિ મેળવી શકશો નહિ. દેહ પરથી દૃષ્ટિ હટે તો આત્મા પર દૃષ્ટિ જાય. આત્મદર્શન કરવા માટે દેહ પરથી દૃષ્ટિ હટાવવી જોઈએ. હાડ-માંસ ને ચામડાની બનેલી કાયા પ્રત્યે રાગ કરવા જેવું શું દેખાય છે? ચામડા, હાડકા, લોહી અને માંસનું બનેલું શરીર વહાલું લાગે છે અને અનંતગુણોથી ભરેલો સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા વહાલો નથી લાગતો? માટે શરીર પ્રત્યેનો રાગ છોડવા જેવો છે. માટે જ્ઞાની ભગવંતો કહે છે આ ચામડી ન જુઓ પણ

અંદર બેઠેલા ચૈતન્ય દેવને જુઓ. આત્મા અરૂપી છે. માટે શરીરના સ્વભાવનો વિચાર કરી તેનાથી વિરાગી બનો. આ દેહના રૂપ-રંગ કે યુવાની કાયમ ટકવાના નથી.

આ યુવાની દિવાની છે. ચાર દિવસની ચાંદની જેવી છે. એક દિવસ યુવાની ચાલી જશે પણ એ યુવાનીના ઉન્માદમાં કરેલી પાપલીલાઓ નહિ જાય. એ તો આત્મા સાથે ચોંટી જશે. એના કડવાં ફળ જીવને પરભવમાં ભોગવવા પડશે. આવા અનિત્ય યૌવનમાંથી અક્ષય યૌવન પ્રાપ્ત કરવા માટે પુરૂષાર્થ કરો. એ પુરૂષાર્થ કયો છે એ તમે બ્રહ્મચર્યનું પાલન, તપ–ત્યાગ, દેવ-ગુરૂને ધર્મની શ્રદ્ધા અને પરોપકાર આ પુરૂષાર્થ જીવનમાં થાય તો ફરીફરીને જીવને આ દેહ ધારણ કરવો ન પડે. દેહ ન હોય તો રોગ, યુવાની, વૃદ્ધાવસ્થા કંઈ આવવાનું નથી. અશરીરી અવસ્થા સિદ્ધમાં છે. ત્યાં તો અક્ષય સુખ છે. આવા મહાન શાશ્વત સુખો મેળવવા માટે મહાન પુરૂષોએ નશ્વર સુખને તણખલાં જેવું સમજીને છોડી દીધું.

છ ખંડના અધિપતિ ચક્રવર્તિઓ જેની સેવામાં દેવો હાજર રહેતા હતા. તમારે તાપમાં કે વરસાદમાં ચાલવું હોય તો હાથમાં છત્રી પકડવી પડે. તમે ખુલ્લા પગે ચાલો તો પગમાં કાંકરા વાગે અને એને તો રત્નો રસ્તા સાફ કરી આપે. ફરિયે જાય તો ફરિયો માર્ગ કરી આપે. ગુફામાં ચાલે તો એના દ્વાર આપોઆપ ખુલી જાય. આવી ચક્રવર્તિની સાહ્યબી હોય છે. આજનો કહેવાતો અબજોનો અબજોપતિ પણ ચક્રવર્તિ પાસે ભિખારી જેવો લાગે. આવી ઋદ્ધિ–સિદ્ધિ છોડીને ચારિત્ર લઇ લીધું. એ દીક્ષા લે એટલે ચૌદ રત્નો ચાલ્યા જાય. એના છોકરા માટે રહે નહિ. આવા સુખનો ત્યાગ શા માટે કર્યો ? એમને એ સુખમાં આનંદ ન આવ્યો. વૈભવો મોક્ષના સુખ આગળ ફિક્કા લાગ્યા. આ ઉપરથી સમજાય છે કે ચારિત્ર વિના આત્માની સિદ્ધિ નથી.

જમાલિકુમારને ઘેર મનમાન્યા સુખો હતા. મહેલ મહેલાતો હતી. તમે ઘરમાંથી કંટાળી જાવ ત્યારે ગાર્ડનમાં ફરવા જાવ, નાટક સિનેમા જોવા જાવ, માથેરાન મહાબળેશ્વર ને લોનાવલા હવા ખાવા જાવ, પણ એને ત્યાં તો બધું મહેલમાં હતું. ગાર્ડન ઘરમાં, નાટક પણ એના મહેલમાં ભજવાય અને જે ઋતુમાં જેવી ઠંડી–ગરમી જોઇએ તેવી મળે. પછી શું કમીના હોય ? આવા સુખો ભોગવે છે. એનો મહેલ રાજ રોડ ઉપર હતો. તેથી ગામમાં જે કંઈ બને તેની તરત ખબર પડે. અહીં શું બને છે ?

લોકોના ટોળેટોળા તે રાજ રોડ ઉપરથી પસાર થાય છે અને પરસ્પર વાતો કરતા જાય છે કે આજે આપણે પ્રભુના દર્શન કરી પવિત્ર બનીશું. આપણું જીવન ધન્ય બનશે. આવી વાતો કરતા ચાલ્યા જાય છે. જ્ઞાની કહે છે તમે વાતો કરો તો એવી કરો કે તે સાંભળીને બીજા જીવો કંઈક પામી જાય. નંદન મણિયાર સમકિત પામ્યો હતો પણ એ મિથ્યા અભિમાનના કારણે સમકિત વમી ગયો. ને કૂવામાં દેડકો થયો. કૂવાના

કાંઠે બહેનો પાણી ભરવા માટે આવે છે તે પરસ્પર વાતો કરે છે કે આજે તો રાજગૃહી નગરીના ભાગ્ય ઉઘડી ગયા. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે. મારે તો એમના દર્શન કરવા જવું છે એમ વાતો કરે છે. કૂવામાં રહેલા દેડકાએ આ શબ્દો સાંભળ્યા કે ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે. ભગવાન મહાવીર સ્વામીનું નામ સાંભળીને ચમકયો. મહાવીર એવું મેં કયાંક સાંભળ્યું છે. પૂર્વની જબ્બર આરાધના હતી. એના ઉપર ચિંતન કરતાં દેડકાને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાનો પૂર્વભવ જોયો. અહો હું કોણ? હું નંદન મણિયાર નામનો શ્રાવક હતો. મેં જૈન ધર્મની વિરાધના કરી. માન કષાયને કારણે સમકિત વમી ગયો ને મરીને દેડકો થયો. બસ, હવે જલ્દી પ્રભુના દર્શન કરવા જાઉં. છલાંગ મારીને કૂવાની બહાર આવ્યો. પ્રભુના દર્શન કરવાની લગની લાગી. હવે ભગવાન એને સન્મુખ દેખાવા લાગ્યા. પોતે દેડકો છે. મને લોકો ચગદી નાંખશે તો મરી જઇશ એવો વિચાર ન કર્યો. દેડકો છલાંગો મારતો પ્રભુના દર્શને જાય છે. રાજગૃહી નગરીમાં પ્રભુનું આગમન થાય એટલે પ્રભુના પરમભકત એવા શ્રેણીક મહારાજા પણ દર્શને જાય છે. શ્રેણીક રાજાનો ઘોડો પૂરવેગે દોડે છે. આ દેડકા ઉપર ઘોડાનો પગ પડતાં ચગદાઇ ગયો ને મરી ગયો. પણ મનમાં ભાવના પ્રભુદર્શનની હતી. એવી શુદ્ધ ભાવનાના પ્રભાવથી મરીને દેવલોકમાં ગયો. વમેલું સમકિત પામી ગયો. બહેનોની વાત સાંભળીને દર્શન કરવા નીકળ્યો. પ્રભુના દર્શન કર્યા નહિ છતાં પામી ગયો. માટે અમે તમને કહીએ છીએ કે તમે કથા કરો તો એવી ધર્મકથા કરો કે એ સાંભળીને બીજા જીવોને વૈરાગ્ય ઉત્પન્ન થાય.

ક્ષત્રિયકુંડ નગરની બહાર ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે. લોકોના ટોળેટોળા પ્રભુના દર્શન કરવા જઇ રહ્યા છે. એમના હૃદયમાં એક પ્રભુનું સ્થાન છે. બીજે કયાંય એમનું ધ્યાન નથી. બંધુઓ! તમે યાદ રાખજો કે જો તમારે કર્મના બંધન તોડવા હશે તો તમારા હૃદયમાં વીતરાગ ભગવંતનું સર્વોપરિ સ્થાન જોઇશે. જ્યાં જિનાજ્ઞાનું પાલન છે ત્યાં મારા આત્માનું ઉત્થાન છે અને જ્યાં વીતરાગની આજ્ઞાની વિરાધના છે ત્યાં આત્માનું પતન છે. વીરવાણીનો એક શબ્દ જીવનમાં ઉતરી જાય તો બેડો પાર થઇ જાય. લોકો હર્ષભેર જઇ રહ્યા છે. કોલાહલ થાય છે. જમાલિકુમાર મહેલના ઝરૂખેથી આ અવાજ સાંભળે છે. હવે તેમને વિચાર થશે કે આ બધા કયાં જઇ રહ્યા છે. આટલો આનંદ જનતાના મુખ ઉપર કેમ દેખાય છે એ વાત સાંભળવા જેવી છે.

આજે ચંદનબાઇને સોળ ભથ્થાનું પારણું છે. મે ગઈ કાલે કહ્યું હતું કે તપસ્વીનું બહુમાન તપથી થાય. એમણે ખૂબ સમાધિપૂર્વક સ્વાધ્યાય-વાંચનમાં રહીને જૂના કર્મોને ખપાવવા તપની સાધના કરી છે. ખૂબ શાન્તિપૂર્વક એમનો તપ થયો છે. આજે તેમના તપની પૂર્ણાહુતિ થાય છે. તમે બધા સોળ દિવસ ક્રોધ ન કરવો, સોળ

ઉપવાસ, આયંબીલ, પોરશી, મૌન, બ્રહ્મચર્યનું પાલન વિગેરે જેને જે બને તે પ્રત્યાખ્યાન લેશો. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૧૫

અષાઢ વદ ૧૦ ને મંગળવાર **તા. ૨૪-૭-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતકરૂણાના સાગર પ્રભુએ જગતના જીવો કર્મની કેદમાંથી મુક્ત કેમ થાય અને આત્માનું અવ્યાબાધ સુખ કેવી રીતે મેળવે તે માટે બે માર્ગ બતાવ્યા છે. "आगारं नगारश्च" એક આગાર માર્ગને બીજો અણગાર માર્ગ. જો જીવ સાધુપણું લેવાને સમર્થ હોય તો તે ઉત્તમ માર્ગ છે અને જો સાધુપણું ન લઇ શકે તો બાર વ્રતરૂપ શ્રાવક ધર્મ તો અવશ્ય અંગીકાર કરે. આવું અનુપમ વીતરાગ શાસન મળ્યું. જૈન ધર્મ મળ્યો તો હવે ચેતી જાવ. આવું ઉત્તમ માનવજીવન પામીને કર્મ સાથે જંગ ખેલવાના છે. યુદ્ધના મેદાનમાં જનાર સૈનિકને પહેલા યુદ્ધમાં જવા માટેની ખાસ તાલીમ લેવી પડેછે. જો તાલીમ લીધા વિના સૈનિક યુદ્ધ મેદાનમાં જાય તો ગભરાઇ જાય. તેમ કર્મ સાથે યુદ્ધ કરવા માટેની તાલીમ લેવા વીતરાગ શાસનની કૉલેજમાં દાખલ થવું પડે અને તાલીમ લેવી પડે છે તો તે કર્મની સાથે ઝઝૂમી શકે છે. ભગવાન મહાવીર સ્વામી સાડાબાર વર્ષ ને પંદર દિવસ સુધી કર્મો સામે એકધારા ઝઝુમ્યા.

બંધુઓ! મહાવીર પ્રભુએ દીક્ષા લીધી ત્યારે તેમની સાથે કોઇ ન હતું. પોતે એકલા હતા. એકલા કર્મની સાથે સંગ્રામ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્યાર પછી જગતના જીવોને દુઃખી અવસ્થામાં જોઈ દિલમાં કરૂણા આવી એટલે દુઃખથી બચવા માટેનો ઉપદેશ કર્યો. કર્મને લીધે જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે. કર્મનો ક્ષય થતાં પરિભ્રમણ બંધ થાય છે. જે જન્મમરણથી થાકી ગયા હોય, જેને સંસાર દુઃખરૂપ લાગ્યો હોય તે ધર્મના માર્ગે આવવા પ્રયત્ન કરે છે. જેને સંસાર સાકરના ટુકડા જેવો મીઠો લાગ્યો છે તેવા જીવો ભવાટવીમાં પરિભ્રમણ કરે છે. જે પ્રભુની વાણીના અમૃત ઘૂંટડા અંતરમાં ઉતારે છે તે સુખી થાય છે ને પોતાનું જીવન સુધારી શકે છે.

ભગવાન કહે છે જીવો! હજુ મોહનિદ્રામાં ક્યાં સુધી પડયા રહેશો! સાધ્યની સિદ્ધિ કરવા માટે સાજ સજો. લડાઈમાં ગયેલો સૈનિક સામેથી આવતી ગોળીઓના ઘા ઝીલવા માટે લોઢાનું બખ્તર પહેરે છે તેમ આત્મા અને કર્મના સંગ્રામમાં ક્રોધ, માન,

માયા, લોભ ને ઇર્ષ્યાની ગોળીઓ છૂટી રહી છે તેને ઝીલવા માટે તપ, બ્રહ્મચર્ય, ક્ષમા આદિ વ્રત પ્રત્યાખ્યાનનું લોખંડી બખ્તર ધારણ કરી લો. જૂના કર્મોને બાળવા માટે તપ લોખંડી બખ્તર છે. પ્રભુ મહાવીર નિયમા મોક્ષમાં જવાના હતા છતાં કેવો સંગ્રામ ખેલ્યો ! દીક્ષા લઇને નિર્ણય કર્યો કે જ્યાં સુધી કેવળજ્યોતિ ન પ્રગટે ત્યાં સુધી જંપીને બેસું નહિ. આવો નિર્ણય કરીને આત્મસમાધિમાં સ્થિર બન્યા અને કેવળ જ્ઞાન પ્રગટાવીને જ જંપ્યા. આવા પ્રભુની આપણે રોજ પ્રાર્થના કરવી જોઈએ. પ્રભુનું સ્તવન કરવાથી શું લાભ થાય છે :-

त्वत्संस्तवेन भवसंतति सन्निबद्धं,
पापं क्षणात् क्षयमुपैति शरीर भाजाम्
आक्रान्त लोक मलिनीलम शेषमाशु,
सुर्याशुभिन्नमिव शार्वरमंधकारम् ॥

ભક્તમાર સ્તોત્ર શ્લોક-૭

ભગવાનની પ્રાર્થના કરતાં ભક્ત પવિત્ર બને છે. માનતુંગાચાર્યે હૃદયના ભાવથી ઋષભદેવ ભગવાનની પ્રાર્થના કરી છે. એની પાસે શબ્દકોષ ન હતો. પાટી ને પેન ન હતાં. બસ, એના હૈયામાં વેગ ઉપડયો ને ભક્તામર સ્તોત્રની રચના કરી. ભક્તામર સ્તોત્રના એકેક શ્લોકમાં પ્રભુની પ્રાર્થનાના કેવા સુંદર ભાવભર્યા છે. આવું સુંદર સ્તોત્ર રચનારો પુરૂષ કહે છે કે નાથ! તારી પ્રાર્થના કરવાનું સામર્થ્ય મારામાં નથી છતાં કરી રહ્યો છું. હું કેવો છું? "अल्पश्रुतं श्रुतवतां परिहासधाम् ।" હું અલ્પશ્રુત છું. મહાન જ્ઞાનીઓની આગળ તો હાંસીને પાત્ર છું. છતાં જેમ આંબે મહોર આવે છે ત્યારે કોયલના ગળામાં સળવળાટ ઉપડે છે અને એ બોલ્યા વગર રહી શકતી નથી તેમ હે પ્રભુ! તારી ભક્તિનું મારા દિલમાં એવું આકર્ષણ થાય છે કે હું બોલ્યા વિના રહી શકતો નથી. પ્રભુની પ્રાર્થના કરવાથી, સ્તવન કરવાથી, મનુષ્યના પાપ ક્ષણવારમાં નષ્ટ થઇ જાય છે. પ્રભુની, પ્રાર્થના રોજ કરવી જોઇએ. પણ કંઈક સૂર્યવંશીઓ સૂર્યોદય થતાં સુધી ઉઠયા નથી હોતા તે પ્રાર્થના કયાંથી કરે?

જમાલિકુમારને ઘેર ઘણી સંપત્તિ હતી. એનું શરીર નિરોગી હતું. લક્ષ્મીનો ભોગવટો કરે છે પણ એને કમાવાની ચિંતા નથી. મહેલમાં છએ ઋતુઓ અનુકૂળ હતી. જે વખતે જે જોઈએ તે મળતું હતું. દાસ-દાસીઓ સેવામાં હાજર રહેતા હતા. ઘણીવાર એવું બને છે કે બધું સુખ હોય પણ પત્ની અનુકૂળ ન હોય તો શું સુખ? એક મોટો વકીલ સુરત શહેરમાં વસતો હતો. એણે મોટું મકાન બંધાવ્યું. મુંબઈમાં એક એનો જીગરજાન મિત્ર વસતો હતો. એ એન્જીનીયર હતો. એણે મિત્રને સમાચાર આપ્યા કે મેં મોટું બિલ્ડીંગ બંધાવ્યું છે. તમે મોટા એન્જીનીયર છો તો એક વખત આવીને

તમે જાતે જોઈ જાવ કે મકાનમાં કોઈ જાતની ખામી તો નથી ને? એટલે મિત્ર સુરત આવ્યો. વકીલે તેની આગતાસ્વાગતા કરી દિવાનખાનામાં બેસાડયો :અને પોતે રસોડામાં જઈને એની પત્નીને કહે છે આજે તો મારો જીગરજાન મિત્ર આવ્યો છે માટે તું પ્રેમથી તારી જાતે સારામાં સારી રસોઇ બનાવજે. ત્યારે પત્ની કહે છે તમે તો રોજ એવા લફરા લઇ આવશો. મારે કેટલી પળોજણ કરવી. હું તો કંઇ રસોઇ કરવાની નથી. ત્યારે વકીલ કહે કે ધીમે બોલ. મારો મિત્ર દિવાનખાનામાં બેઠો છે. સાંભળી જશે. ત્યારે એ ડબલ બરાડા પાડીને બોલવા લાગી. પેલો મિત્ર બધો સંવાદ સાંભળી ગયો. મનમાં થયું કે મારો મિત્ર બહાર બધી વકીલાત કરે છે પણ ઘરમાં એનું કોડીનું માન નથી. એન્જીનીયર તો પોતાની બેગ લઇને દિવાનખાનામાંથી રવાના થઇ ગયો ને મુંબઇની જે ટ્રેઇન મળી તેમાં બેસી ગયો. આ તરફ પેલો મિત્ર દિવાનખાનામા આવીને જુએ તો એન્જીનીઅર ના મળે. સ્ટેશને ગયો પણ મિત્રનું મિલન ન થયું. થોડા દિવસ પછી વકીલ મુંબઈ આવ્યા ને મિત્રને મળ્યા. ત્યારે પૂછયું તું મારું ઘર જોવા પણ ન રોકાયો અને મને મળ્યા સિવાય ચાલ્યો ગયો. ત્યારે કહે છે મારી નજર પડે ત્યાં બધી ખબર પડી જાય. મેં બધું જોઈ લીધું. તો કહે કંઈ ઉણપ દેખાઇ ? એન્જીનીયર કહે હા–તમારું મકાન બહુ સુંદર છે પણ મોટી ઉણપ એ છે કે તમારા ઘરના શ્રીમતીજી કજીયાવાળા છે. વકીલ શરમાઇ ગયો. બધું સારું હોય પણ જેની સાથે જિંદગી જોડી છે તે સારી ન હોય તો જીવનમાં શાંતિ નથી રહેતી.

જમાલિકુમારની સ્ત્રીઓ ખૂબ ડાહી ને આજ્ઞાંકિત હતી. એની આજ્ઞાનું ઉલ્લંઘન કદી કરતી ન હતી. પતિની સેવામાં હાજર રહેતી હતી. ટૂંકમાં જમાલિકુમારનો સંસાર સુખમય હતો. કોઇ જાતની એના સુખમાં ઉણપ ન હતી. તે ઇચ્છિત સુખોનો ભોગવટો કરતો હતો. તે વખતે ક્ષત્રિયકુંડ નગરમાં શું બનાવ બને છે :–

"तएणं खत्तियकुंडग्गामेणयरे सिंघाडग तिगचउक्कचच्चरेजाव बहुजण सद्देइवा जहा उववाइए जाव एवं पण्णवेइ एवं परुवेइ एवं खलु देवाणुप्पिया समणे भगवं महावीरे आदिगरे जाव सव्वण्णूसव्वदरिसी माहणकुंडग्गामस्स णयरस्स बहिया बहुसालह चेइएअहा पडिरुवं जाव विहरइ।"

તે સમયે ક્ષત્રિયકુંડ નગરમાં ત્રણ રસ્તા હોય, ચાર રસ્તા હોય, ત્યાં ઘણા માણસો એકઠા થઈને વાતો કરવા લાગ્યા કે અહો ! આજે તો ક્ષત્રિયકુંડ નગરની બહાર ધર્મની આદિના કરનાર, સર્વજ્ઞ અને સર્વદર્શી મહાવીર ભગવાન પધાર્યા છે. તો હે દેવાનુ પ્રિયો ! એવા ભગવાનના નામ–ગોત્રનું સ્મરણ કરવાથી મહાન ફળ થાય છે. એમના દર્શનથી દુઃખ દૂર જાય છે. ભવોભવની ભાવટ ટળી જાય છે. તો એમની વાણીનું શ્રવણ કરવાથી તો કેવો મહાન લાભ થાય ? આ પ્રમાણે વાત કરતાં એમનો હર્ષ સમાતો નથી. ભગવાનનું નામ લેતાં એમનું હૈયું થનગની ઉઠયું છે. એ વખતના શ્રાવકો ધર્મના કાર્ય

આગળ બીજા કાર્યો ગૌણ ગણતા હતાં. ભરત ચક્રવર્તિને ઘેર એક સાથે ત્રણ વધાંમણી આવી. તેમાં એક તો આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું, બીજું પટ્ટરાણીએ પુત્રને જન્મ આપ્યો અને ત્રીજું ઋષભદેવ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. બોલો, હવે આ ત્રણ વધામણીમાં કોને વધુ મહત્વ આપવું ? તમે કોને આપો ? તમે સંસારની વધામણીને પહેલું મહત્વ આપો. કારણ કે આજે જ્યાં જુઓ ત્યાં ધનની પૂજા થાય છે.

એક વખત કૃષ્ણ અને લક્ષ્મીજીને વિવાદ થયો. કૃષ્ણ કહે દુનિયામાં મારા ભક્તો વધારે છે. જ્યાં જુઓ ત્યાં મારા નામની ધૂન લાગે છે. મારી ખૂબ ભક્તિ થાય છે ત્યારે લક્ષ્મીજી કહે મારા ભક્તો વધારે. કારણ કે મારા વિના તો કોઈને ચાલે નહિ. હું જ્યાં જાઉં ત્યાં લીલાલહેર વર્તાવું અને હું ન હોઉં તો ત્યાં કાળો કેર વર્તાઈ જાય. કૃષ્ણ કહે ચાલો ખાત્રી કરી જોઈએ. લક્ષ્મીજી કહે ભલે. કૃષ્ણે એક યોગીનું રૂપ લીધું ને ગામની બહાર ધર્મશાળામાં ઉતર્યા. યોગીની મુખમુદ્રા ખૂબ શાંત અને તેજસ્વી હતી. એમની વાણીમાં અપૂર્વ ઓજસ હતું. વાણીમાં ત્યાગ વૈરાગ્યની છોળો ઉડતી હતી. એમની વાણીથી પ્રભાવિત થઇ ગામમાં લોકોના ટોળેટોળા યોગીરાજના દર્શન કરવા આવતા ને તેમની વાણીનો લાભ લેતા. ને બોલતા ધન્ય છે મહાત્માજી ! તમે અહીં પધારી અમારા ગામને પાવન કર્યું. ને ખૂબ વિનંતી કરી કે મહાત્માજી ! અમારા ગામમાં આપ ચાતુર્માસ રહી જાવ. અમને ખુબ લાભ મળશે. મહાત્માજીએ હા પાડી ને ધર્મશાળામાં ચાતુર્માસ રહેવાનું નક્કી કર્યું.

આ વાતને પંદરેક દિવસ થઇ ગયા બાદ એક દિવસ લક્ષ્મીજી તરૂણ યોગિનીનું રૂપ લઈને આવ્યા. ગામ બહાર એક બંડીયેર જેવા મકાનના ખૂણામાં આસન લગાવીને યોગિની બેઠા છે. તે સમયે ગામનો એક વણિક શૌચક્રિયા માટે ગયેલો. પાછા ફરતાં યોગિનીને જોયા એટલે ત્યાં જઈ બે હાથ જોડીને કહે છે હે યોગિની ! તમે અહીં ક્યારે પધાર્યા ? અને આવી ખરાબ જગ્યામાં કેમ બેઠા છો ? આપ મારે ત્યાં પધારો. યોગિની કહે છે અમે સાધુ કહેવાઈએ. સંસારના રંગરાગથી દૂર વસીએ. ત્યારે કહે છે તો આપ મારે ઘેર ભોજન કરવા પધારજો. બંધુઓ ! આ કોઈ જૈન ધર્મના સતીજી ન હતા. એમને તો ભક્તોને ઘેર જમવા જવાય. આ યોગિનીએ હા પાડી ને તેનું ઠામ ઠેકાણું લઇ લીધું. સમય થતાં યોગિની ભક્તને ઘેર જમવા ગયા. વણિકને ઘેર ભોજન તૈયાર હતું. થાળી પીરસી ને જમવા બેસાડ્યા. ત્યારે યોગિની કહે છે હું કોઇના વાસણમાં જમતી નથી. મને મારૂં વાસણ ખપે છે. એમ કહી તેણે પોતાની ઝોળીમાંથી સોનાના રત્નજડિત થાળીને વાડકો કાઢયો. આ જોઈને વણિક તો આશ્ચર્ય પામી ગયા. અહો ! યોગિની તો કોઈ દેવી લાગે છે. આવો વાડકો ને થાળી તો મેં આજે જોયા. **યોગિની જમીને ઉઠયા ને વણિકની રજા લઇને ઘેર જવા તૈયાર થયા ત્યારે વણિક કહે**

છે માતાજી ! આપની થાળી ને વાટકો રહી ગયા ત્યારે યોગિની કહે છે હું ભૂલી નથી. ગઈ પણ જ્યાં જમું છું ત્યાં મુકીને જાઉં છું. હવે વાણિયો આગ્રહ કરે ખરો કે લઇ જાવ. તે માન રહ્યો. પણ પાછો વિવેક કરવામાં બાકી ન રાખે. કહે છે માતાજી ! આપ તો મહાન સતી છો. ખૂબ પવિત્ર છો. આપ જ્યાં સુધી આ ગામમાં રહો ત્યાં સુધી મારા ઘેર જમવા પધારજો. પણ યોગિની કહે હું એકના એક ઘરે રોજ ન જાઉં. વણિકે ખૂબ આગ્રહ કર્યો એટલે બીજે દિવસે જમવાની હા પાડી.

વાણિયાભાઇ લોભમાં લપચાયા. બીજે દિવસે વણિકે તેમના સગાસ્નેહીઓને આમંત્રણ આપ્યું કે મારે ઘેર મહાન યોગિની જમવા પધારવાના છે તો તમે બધા તેમના દર્શનનો લાભ લેવા મારે ઘેર આવજો. વણિકના સગાસ્નેહીઓ ભેગા થયાં ને યોગિની જમવા પધાર્યા. જમ્યા પછી થાળી ને વાટકો મૂકીને ગયા એટલે ગામમાં વાત ફેલાઇ ગઈ કે ગામમાં મહાન યોગિની આવ્યા છે. ખૂબ પવિત્ર છે. એ જેમને ત્યાં જમવા જાય છે તેમને ત્યાં સોનાનો રત્નજડિત વાટકો ને થાળી મૂકીને જાય છે. આપણું તો કામ થઇ જાય. હવે તો બધા યોગિનીના પગમાં પડીને કહેવા લાગ્યા. માતાજી ! કાલે મારે ઘેર જમવાનું રાખજો. આમંત્રણ માટે પડાપડી થવા લાગી. ગામના લોકો ભેગા થઇને કહે છે હે માતાજી ! તમે અહીં રોકાઇ જાવ. આપનો અમે લાભ લઇએ.

લક્ષ્મીજી પણ સમજી ગયા કે આ લોકો લાલચમાં સપડાઇ ગયા છે. હવે વાંધો નહિ આવે. બરાબર મોકો જોઈને કહે છે અમે સાધુ કહેવાઇએ. અમને ધર્મકથા કરવાની મળે તો ગમે. ખાઇ-પીને પડયા રહેવું ન ગમે. ત્યારે લોકો કહે છે અમે આપની વાણીનો લાભ લઇશું ને રોજ તમારી પાસે આવીશું. ત્યારે કહે પણ મારે રહેવું કયાં ? ધર્મશાળામાં એક યોગિ કેટલા દિવસથી આવીને બેઠો છે. ત્યાં મારે રહેવાય નહિ. ત્યારે લોકો કહે છે જો તમે રહેતા હો તો યોગીરાજને વિદાય કરી દઈએ. તો કહે છે એ જાય તો રહું. એટલે બધા ભેગા થઇને આવ્યા યોગી પાસે અને કહ્યું–મહારાજ ! આપને અમે અહીં રહેવાની વિનંતી કરી હતી પણ હવે આપને ઘણા દિવસ થઇ ગયા. અમારા ગામમાં એક મહાન પવિત્ર યોગિની પધાર્યા છે એટલે આપ ધર્મશાળા ખાલી કરો તો અહીં યોગિનીજી રહે ને અમને તેમનો લાભ મળે.

યોગીરાજ કહે છે તમે બધા રોજ મારી પાસે મોટી સંખ્યામાં આવો છો. તમે મને વિનંતી કરી ત્યારે રહ્યો ને હવે ચોમાસામાં હું કયાં જાઉં ? ચાતુર્માસ પૂરું થયા વિના નહિ જાઉં. કારણ કે ચોમાસામાં જીવ જંતુનો ઉપદ્રવ ખૂબ થાય એટલે બીજે કયાંય નહિ જાઉં. હું જ્યાં રહું ત્યાં ચોમાસું પૂરું રહું છું. એટલે લોકો કહે છે નહિ જાવ તો બાવડું ઝાલીને બહાર કાઢીશું. યોગી ઉઠતા નથી. એટલે તેમનો સામાન ઉપાડીને બહાર ફેંકી દીધો અને યોગીને ઢસડીને બહાર કાઢયા. યોગી પોતાનો સામાન લઈને જાય છે

ત્યાં લક્ષ્મીજી સામા મળ્યા ને કહ્યું. કેમ હવે ખાત્રી થઇને? કે દુનિયામાં કોના ભક્તો વધારે છે? ત્યારે કૃષ્ણજી કહે તમારી વાત સાચી છે. પણ જે હૃદયપૂર્વક ધર્મ સમજ્યા છે તે તારી માયામાં ફસાયા નથી, પણ જે ઉપરથી ધર્મનો ડોળ કરે છે અને અંદરથી લક્ષ્મીને ચાહે છે તે આવા હોય છે.

આ દૃષ્ટાંત ઉપરથી એ વાત સમજવાની છે કે દુનિયામાં આજે પૈસાની પૂજા થાય છે. પૈસા મળે તો ધર્મને બાજુમાં મૂકી દે છે. અહીં ક્ષત્રિયકુંડ નગરમાં મહાવીર ભગવાન પધારવાના ખબર સાંભળી નગરજનોના હૈયા હરખાઇ ગયા છે. એમને પ્રભુ-દર્શનની કિંમત છે. રોડ ઉપર બધા પરસ્પર વાતો કરતાં પ્રભુના દર્શને જઇ રહ્યા છે. જમાલિકુમાર તો નાટક જોવામાં મસ્ત છે. હવે આ શોરબકોર સાંભળશે ત્યારે જોશે ને પૂછશે કે આટલો અવાજ કેમ થાય છે ને આ બધા ક્યાં જઇ રહ્યા. છે? ત્યાં જાગૃત બની જશે. જેનું ઉપાદાન શુદ્ધ હોય તેને સહેજ નિમિત્ત મળતાં જાગી જાય છે. જમાલિ-કુમાર કેવી રીતે વૈરાગ્ય પામશે. તેમનો વૈરાગ્ય કેવો ઉત્કૃષ્ટ હતો તે વાત અવસરે લઈશું. આજથી વ્યાખ્યાન બાદ પાંચ મિનિટ એક ચરિત્ર શરૂ કરીએ છીએ.

'ચરિત્ર':- આ ચરિત્રમાં મુખ્ય બે પાત્રો છે. એક ગુણસેન ને બીજો છે અગ્નિશર્મા. ગુણસેન રાજકુમાર છે અને અગ્નિશર્મા રાજપુરોહિતનો પુત્ર છે. ગુણસેનની નાનીશી ભૂલના કારણે કેવી વૈરની પરંપરા સર્જાય છે અને અગ્નિશર્માના ક્રોધના કેવા કટુ વિપાક ભોગવવા પડે છે તે આ ચરિત્રમાં ખૂબ સુંદર વાત આવશે. આ ચરિત્ર જો રસપૂર્વક સાંભળે તો કષાયો મંદ થઈ જાય ને હૃદયમાં વૈરાગ્ય આવી જાય. એવું આ ચરિત્ર છે. બરાબર રસપૂર્વક તમે સાંભળજો.

આ જંબુદ્વીપના પશ્ચિમ વિદેહ ક્ષેત્રમાં અલકાપુરી જેવું સુશોભિત ને પવિત્ર ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર હતું. ત્યાં સર્વ ગુણોથી સંપન્ન, ન્યાય-નીતિવંત, લોકોના મનને આનંદ આપનાર પૂર્ણચંદ્ર નામનો રાજા હતો અને કુમુદિની નામની પટરાણી હતી. તેમને ગુણસેન નામનો એક પુત્ર હતો. પુત્રમાં અનેક ગુણ હતા. સાથે એક અવગુણ હતો. તેને વ્યંતરદેવોની જેમ ક્રિડા કરવી ખૂબ ગમતી. દેવાનુપ્રિયો! એક નાનકડો અવગુણ કેટલી ખરાબી કરશે તે જોજો. આ પૂર્ણચંદ્ર રાજાનો યજ્ઞદત્ત નામનો પુરોહિત હતો. તેને સોમદેવા નામની પત્ની હતી. એ પુરોહિતને અગ્નિશર્મા નામનો એક પુત્ર હતો. તેનું માથું ત્રિકોણ હતું, આંખો ગોળ હતી. નાક ચપટું હતું. ગોળી જેવું પેટ, ડોક વાંકી, હાથ ટૂંકા, કાન સુપડા જેવા ને વાળ પીળા હતા. દાંત મોટા ને હોઠ લાંબા હતા. અગ્નિશર્મા આવો બેડોળ શરીરવાળો હતો. પૂર્વભવમાં કોઇનું બેડોળ રૂપ જોઇને તેની મજાક ઉડાવી હોય તો આ ભવમાં જીવની આવી દશા થાય છે.

"અગ્નિશર્માને વૈરાગ્ય ભાવના"

આવા બેડોળ રૂપવાળો અગ્નિશર્મા તેના પિતાની સાથે રાજમહેલમાં જતો હતો. રાજકુંવર ગુણસેન અગ્નિશર્માને જોઈને ખૂબ કુતૂહલ કરતો. એને એક ગધેડા ઉપર બેસાડી માથે જૂના તૂટી ગયેલા સૂપડાનો મુગટ પહેરાવતો, ડોકમાં જુતાનો હાર પહેરાવતો, ઢોલ વગડાવતો, નાના નાના બાળકોને ભેગા કરી તેની સ્વારી કાઢતો ને મોટા અવાજે બોલતો. અહો! મહારાજાની સ્વારી આવે છે. બધા દૂર બસી જાવ. એમ બોલતો ઘણે દૂર જઇ એને ગધેડા પરથી ઉતારી તેની પાસે નૃત્ય કરાવતો. અગ્નિશર્મા નાનો હતો ત્યાં સુધી આવું બધું કર્યું પણ જ્યારે તે યુવાન થયો ત્યારે તેના મનમાં વિચાર આવ્યો કે આ ગુણસેન રાજપુત્ર છે એટલે રોજ મને હેરાન કરે છે. મારો પિતા રાજાનો પુરોહિત છે. હું એને કંઈ કહીશ તો મારું કંઇ ચાલવાનું નથી. મેં પૂર્વ-ભવમાં ધર્મની આરાધના કરી નથી એટલે આ ભવમાં મારે કેવું અપમાન સહન કરવું પડે છે! આ લોકો મારી કેવી મજાક ઉડાવે છે. માટે હવે મારે આ ગામમાં રહેવું નથી. હવે મારે આવું દુઃખ સહન કરવું ન પડે તે માટે મહાન પુરૂષોએ બતાવેલ ધર્મનું શરણું અંગીકાર કરું. એમ વિચાર કરી અગ્નિશર્મા ક્ષિતિપ્રતિષ્ઠિત નગર છોડીને એક દિવસ ચાલી નીકળ્યો.

"અગ્નિશર્માનું તપોવનમાં ગમન"

અગ્નિશર્મા ચાલતો ચાલતો એક મહિને ઘણે દૂર આવેલા એક તપોવનમાં પહોંચ્યો. એ તપોવન અનેક જાતના વૃક્ષો ને લતાઓથી સુશોભિત હતું. આકૂળ-વ્યાકૂળ થયેલો માનવી ત્યાં આવે તો તેનો થાક ત્યાં ઉતરી જતો. અગ્નિશર્માને આ તપોવન જોઈ ખૂબ આનંદ થયો. ખૂબ થાકી ગયો હતો એટલે થોડીવાર નદી કિનારે વિશ્રાંતિ લેવા બેઠો. તે તપોવન કેવું હતું?

संसारिक बंधनका फंदा, जहां नहीं लवलेश,
राग-द्वेष-संताप, पराभव और न कोइ कलेश,
ऐसे शान्त आश्रममें, उसने आकर किया प्रवेश...को...

એ આશ્રમમાં સંસારનું નામ ન હતું. ત્યાં કોઈ પ્રત્યે કોઇને રાગ કે દ્વેષ ન હતો. એ તપોવનમાં કુલપતિનો એક મોટો આશ્રમ હતો. તે આશ્રમમાં અગ્નિશર્માએ પ્રવેશ કર્યો. એ તપોવનમાં પ્રવેશ કરતાં જ અગ્નિશર્માના આત્માને શાંતિ થઈ. હાશ-હવે મને શાંતિ મળશે એમ વિચારી તેણે આશ્રમમાં પ્રવેશ કર્યો.

કુલપતિનના દર્શન:- તે આશ્રમમાં ઘણા તાપસ શિષ્યોથી ઘેરાઇને એક મોટા કુલપતિ (તાપસોના ગુરૂ) બેઠા હતા અને તેમના શિષ્યોની સાથે જ્ઞાનચર્ચા કરતા. હતા. તેમનું નામ આર્યકૌન્ડિન્ય હતું. તેમના ચરણમાં પડી અષ્ટાંગ નમસ્કાર કર્યા. એ

કુલપતિના દર્શન કરતાં તેનું હૈયું હરખાઇ ગયું. અહો, ધન્ય છે તમને! તમે માનવજીવન સફળ બનાવ્યું છે એમ કહી મોટા કુલપતિને લળીલળીને વંદન કરવા લાગ્યો. બધાને વંદન કરીને નીચે બેસવા જાય છે ત્યાં તાપસકુમારે તેને આસન આપીને કહ્યું. આના ઉપર બેસો. અગ્નિશર્મા આસન ઉપર બેસી ગયો. તાપસોના ગુરુ એનું મુખ જોઈને સમજી ગયા કે આ માણસ દુઃખથી આકુળ-વ્યાકુળ બનીને આવ્યો છે. હવે અગ્નિશર્માને મોટા તાપસ પૂછશે કે તું કોણ છે? આ તપોવનમાં શા માટે આવ્યો છે? ત્યારે અગ્નિશર્મા એમને પોતાની કહાણી સંભળાવશે તેના ભાવ અવસરે કહેવાશે.

ખંભાત સંપ્રદાયના સ્વ. પૂ. ગચ્છાધિપતિ છગનલાલજી મહારાજ સાહેબની પુણ્યતિથિ

આજે તો અમારા પૂજ્ય ગુરુદેવની પુણ્યતિથિ હોવાથી તે ઉપર બે શબ્દો કહું છું. જૈન ધર્મના એક મહાન દીપક પૂ. છગનલાલજી મહારાજ સાહેબ ખંભાતના વતની હતા. તેમના પિતાશ્રીનું નામ અવલસંગ ને માતાનું નામ રેવાકુંવરબાઈ હતું. તેમને એક બહેન હતા. તેમના પિતાશ્રી નવાબી રાજ્યમાં નોકરી કરતા હતા. પોતે ક્ષત્રિય હતા. તેમને જૈન મિત્રનો સંગ થતાં ઉપાશ્રયે આવવા લાગ્યા. તેમનો આત્મ-એવો હળુકર્મી હતો કે સંતના એક વચનના પરિચયથી તે વૈરાગ્ય રંગે રંગાયા. આત્મા કલ્યાણની ભાવના જાગૃત થઇ અને હળુકર્મી આત્મા જાગી ઉઠયો. પણ એમના કાકા કાકીએ દીક્ષા નહીં આપવા માટે એમને સંસારની ધૂંસરીમાં જકડાવવા પરાણે લગ્ન કરાવ્યા. પણ જેનો આત્મા વૈરાગ્યના રંગે રંગાઈ ગયો છે તેમનું મન કોઇ હિસાબે સંસારમાં ચોંટયું નહિ. અને તેઓ ખંભાત નિવાસી જૈન મિત્રની સાથે નાસી છૂટયા. તેમને શ્રી વેણીરામજી મહારાજનો સમાગમ થયો અને મહારાજની પાસે પોતાની વાતની રજુઆત કરી. મહારાજે કહ્યું કે ભાઈ જૈન ધર્મના કાયદા અનુસાર રજા વગર દીક્ષા ન અપાય. છેવટે કાકા ઘણી શોધ કરનાં પત્તો મેળવી પોતાના ઘેર લઈ આવ્યા. પણ વૈરાગી કદી છૂપો રહેતો નથી. તેમણે કાકા-કાકીને કહ્યું કે મારી એકેક ક્ષણ જાય છે તે લાખેણી જાય છે. તમે મને રોકો છો શા માટે? શું મારું મૃત્યુ આવશે તેને તમે રોકી શકવાના છો? આપ મારા આત્માનું બગાડો નહીં. આપણા કુળના સદ્ભાગ્ય છે કે મને આત્મકલ્યાણનો પંથ જડયો છે. હવે મને જલ્દી જવા દો. ક્ષાત્રતેજના દેદિપ્યમાન શબ્દોએ અદ્ભૂત અસર કરી. આખરે પત્નીએ અને કુટુંબીએ રજા આપી. સંવત ૧૯૪૪ના પોષ સુદ ૧૦ના દિને ખંભાત સંપ્રદાયના પૂ. હર્ષચંદ્રજી સ્વામી પાસે સુરત મુકામે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. સાધનાના પંથે એક મહાન યોગી આત્મકલ્યાણ સાધવા નીકળ્યો. દીક્ષા બાદ પૂ. ગુરુદેવને તેમના શિરછત્ર પૂ. ગુરૂદેવનો પાંચ વર્ષના અંતે વિયોગ પડયો. સહનશક્તિના ભંડાર, જૈન ધર્મના યોદ્ધા શ્રી છગનલાલજી મહારાજ

સાહેબ, પૂ. શ્રી ભાણજી રખજી મહારાજ તથા પૂ. શ્રી ગીરધરલાલજી મહારાજ સાથે વિચર્યા અને સંવત ૧૯૮૩માં પૂજ્ય પદવીનો ભાર પૂજ્યશ્રીના માથે આવી પડયો. પૂ. છગનલાલજી મહારાજની ગંભીરતા, વિદ્વતા, કાર્યકુશળતા તથા પ્રભાવશાળી વ્યક્તિત્વના પ્રભાવે જેમ ચંદ્ર-સૂર્ય પ્રકાશે છે તેમ ભવ્ય જીવોએ તેમની છત્રછાયા નીચે આશ્રય લીધો. અને અનેક જીવો ધર્મ પામ્યા. પૂ. ગુરૂદેવની પ્રભાવશાળી ઓજસભરી વાણીથી તેમને મહાન વિભૂતિરત્ન પૂ. શ્રી રત્નચંદ્રજી મહારાજ, તપસ્વી પૂ. છોટાલાલજી મહારાજ, મહાન વિભૂતિ પૂ. આત્મારામજી મહારાજ, સેવાભાવી (ખોડાજી) ખીમચંદજી મહારાજ તથા મહાન તપસ્વી પુલચંદ્રજી મહારાજ જેવા મહાન શિષ્યો થયા. મહાન પૂજ્યશ્રીનાં શિષ્યો પણ મહાન થયા. અત્યારે વિદ્યમાન વિચરતાં મહાન વૈરાગી પૂ. કાંતિઋષિજી મહારાજ આદિ ઠાણાઓ પણ પૂ. છગનલાલજી મહારાજ સાહેબના શિષ્યો છે. પૂ. ગુરૂદેવનો જેવો પ્રભાવ હતો તેવો પ્રભાવ આજે તેઓ શાસન પર પાડી રહ્યા છે.

પૂજ્યશ્રીએ જીવનમાં ઘણાં મહાન કાર્યો કર્યા છે. જૈનશાળા, શ્રાવિકાશાળા, આદિ સંસ્થાઓ જ્યાં ન હતી ત્યાં ઉભી કરાવી અને તેને વિકસાવવાનો ઉપદેશ આપી સેવાનું મૂલ્ય સમજાવતા. તે ઉપરાંત તેઓએ ડગમગતા જૈનોને સ્થિર કરાવવાનું તથા જૈનેત્તરોને પ્રેમથી જૈનધર્મી બનાવવાનું ઉમદા કામ કર્યું છે. પૂજ્યશ્રીએ મુંબઈમાં ચાર ચાતુર્માસ કર્યા છે. સૌથી પ્રથમ ૧૯૭૫નું ચાતુર્માસ કાંદાવાડીમાં કર્યું હતું. સંવત ૧૯૭૮ની સાલમાં અજમેરના બૃહદ સાધુ સંમેલનમાં તેમને આમંત્રણ મળેલું. પોતાના શિષ્યો સાથે જઈને તેમણે પોતાનું સ્થાન શોભાવ્યું. તેમના જેવી મહાન વિભૂતિનો તેમને સમાગમ થયો તે પૂજ્ય શ્રી અમોલખજી ઋષિજી મહારાજ. તેમની પાસેથી શ્રી લવજી સ્વામીના જીવનનો ઇતિહાસ જાણી લીધો. અહીં તેમની જિજ્ઞાસાવૃત્તિ પ્રકાશે છે. તેમને ગોંડલ સંપ્રદાયના પૂજ્ય શ્રી જશાજી મહારાજનો સમાગમ થયો. આ વયોવૃદ્ધ જ્ઞાની પાસેથી આપણા પૂજ્યશ્રીએ પોતાની જિજ્ઞાસાવૃત્તિ દ્વારા ઘણું ઘણું મેળવી લીધું.

પૂજ્યશ્રીના શિષ્યસમુદાયમાં મહાન વિભૂતિ અને પહેલા શિષ્ય બા. બ્ર. પૂ. શ્રી રત્નચંદ્રજી મહારાજ થયા. જેઓ રત્ન સમાન હતા. તેઓ હંમેશા દેદિપ્યમાન રહ્યા. ગુરૂ અને શિષ્ય બંને રજપૂત પછી પૂછવું જ શું? એ મહાન જીવન જીવી આપણને સૌને એક પ્રેરણા આપી ગયા છે. પૂજ્યશ્રી વયોવૃદ્ધ, અનુભવી, બાહોશ, વિચક્ષણ, વિદ્વાન, શાંત, ગંભીર હતા. પોતાના સુચારિત્રની જ્યોત પ્રસરાવી ૫૧ વર્ષની દીક્ષા પર્યાય પછી આશરે ૭૫ વર્ષની ઉંમરે સંવત ૧૯૯૫ના વૈશાખ વદી ૧૦ ને શનિવારના ઉમદા પ્રભાતે પોતાનું આત્મકલ્યાણ કરતા કરતા આપણને સૌને છોડી આ ફાની દુનિયામાંથી વિદાય લઈને ચાલી નીકળ્યા.

હસતે મુખડે મૃત્યુને ભેટયા પૂજ્ય પ્રતાપી ગુરૂદેવ,
નમન કરતાં નયન ભીના છે વિયોગ સાલે છે ગુરૂદેવ,
પ્રેરણાની એ જ્વલંત જ્યોતિ, કયારે ગઇ બૂઝાઇ,
અમ સૌ બાળકોની મિલ્કત, કયારે ગઇ લૂંટાઈ!

સંઘ–સેવા અને પુરુષાર્થ એ એમનો જીવન ઉપદેશ હતો. નવીન સાહસ, નવું બળ, નવી જાગૃતિ, નવું વિધાન, નવીન દોરવણી, આ સર્વ પૂજ્યશ્રીના સુધારક અને ક્રાંતિમય હૈયે વસેલું હતું. પૂજ્યશ્રીના જીવનમાંથી કોઈપણ ગુણ અપનાવીએ તો તેમની પુણ્યતિથિ ઉજવી સાર્થક ગણાય.

પૂજ્ય ગુરૂદેવ છગનલાલજી મહારાજ સ્વર્ગવાસ થયા પછી સંવત ૧૯૯૫માં બા. બ્ર. પૂ. શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબ આચાર્ય પદવી ઉપર આવ્યા અને પૂજ્ય ગુરૂદેવ સંવત ૨૦૦૪ના સ્વર્ગવાસ પામતાં આચાર્ય પદવી ઉપર પૂ. ગુલાબચંદ્રજી મહારાજ આવ્યા. તેઓ મહાન આત્માર્થી અને ઘોર તપસ્વી હતા. તેઓ શાસનના એક મહાન રત્ન હતા. અંતિમ સમય સુધી તેમની આત્મસાધના ચાલુ હતી. ભગવતી સૂત્ર તેમણે ૨૭ વાર વાંચેલ. ૩૨ સિદ્ધાંતના રહસ્ય તેમને કંઠસ્થ હતા. તેવા મહાન સંતને જ્યારે યાદ કરીએ છીએ ત્યારે એમના ઝળહળતા ચારિત્રનો પ્રકાશ આંખ સામે રમે છે. પૂ. મહાન સંતો એવા પૂ. ગુરૂદેવો છગનલાલજી મહારાજ સાહેબ તથા પૂ. ગુલાબચંદ્રજી મહારાજ સાહેબની પુણ્યતિથિ નિમિત્તે આપ સૌ કોઈ આજે વ્રત–પચ્ચખાણ અંગીકાર કરશો.

☆

વ્યાખ્યાન નં. ૧૬

અષાઢ વદ ૧૧ ને બુધવાર **તા. ૨૫-૭-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરૂણાનિધી ભગવંતની પ્રાર્થના કરતાં આપણે શું બોલીએ છીએ?

मंगलं भगवान वीरो मंगल गौतम प्रभु।
मंगलं स्थूलिभद्राद्या, जैन धर्मोऽस्तु मंगलम् ।।

પ્રથમ મંગલ કોણ? અરિહંત પ્રભુ જેમણે ઘાતી કર્મોનો ક્ષય કર્યો છે અને અરિહંત પદ પ્રાપ્ત કર્યું એ પ્રભુનું નામ કેવું મંગલ સ્વરૂપ છે! અરિહંત નામના એકેક અક્ષરમાં કેટલા ભાવ ભર્યા છે! અરિહંતના ચાર અક્ષર છે. તેમાં પ્રથમ અક્ષર 'અ' છે. 'અ' એટલે અનંત ગુણો જેમનામાં રહેલા છે એવા અરિહંત ભગવંતોને હું

નમસ્કાર કરું છું 'રિ' એટલે જેમણે રિપુ એટલે શત્રુઓને હરાવ્યા છે. અહીં શત્રુઓ કોણ છે? જે તમારું અહિત કરે તેને તમે શત્રુ કહો છો. એ તો બાહ્ય શત્રુઓ છે પણ અનાદિકાળથી ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ આદિ શત્રુઓ આત્માનું અહિત કરે છે તે શત્રુઓને હરાવ્યા છે–દૂર કર્યા છે, ત્રીજો અક્ષર છે હં–હુંકાર–અહંભાવ. હું કંઈક છું ત્યાં આત્માની હાની છે. અહં ઓગળે તો અરિહંત થવાય ને મમ ગળે તો મોક્ષ મળે. આ જીવને હું ને મારું છૂટતું નથી. ઉપાશ્રયે આવે તોય મારું હૈયેથી ન છૂટે. એક તમાકુની ડબ્બી ખોવાઈ જાય તો પણ કેટલી શોધાશોધ કરી મૂકે. એકેક પદાર્થો ઉપરની જે મૂર્છા છે તે દુર્ગતિના દરવાજા ખુલ્લા કરનારી છે. માટે અહં ને મમને તિલાંજલી આપી દો. હંનો બીજો અર્થ એ પણ છે કે હં એટલે હંસ. જેમ હંસ દૂધ પી જાય છે ને પાણી રહેવા દે છે તેમ અરિહંત ભગવંતો ઉપદેશ આપી ભવ્ય જીવોને તેમના આત્મા સાથે ક્ષીર નીરના સબંધે રહેલા કર્મો સમૂહને તોડી નંખાવે છે ને મોક્ષમાં પહોંચાડે છે. 'તः'-એટલે તિન્નાણું તારયાણું – પોતે સમુદ્રથી તર્યા છે ને ભવ્ય જીવોને સંસારરૂપી સમુદ્રથી તારી મોક્ષમાં જવાનો માર્ગ બતાવે છે. આવા અરિહંત પ્રભુનો જાપ એકાગ્ર ચિત્તે કરતાં સંસારસમુદ્રને પાર પામી જવાય.

જમાલિકુમાર પૂર્વના પુણ્યોદયે મહાન સુખો ભોગવે છે. દેવાનુપ્રિયો! આજે પૈસો મેળવવા જીવો કાળાબજાર કરે છે. અન્યાય, અનીતિ કરે છે પણ આને તો કંઈ ન કરવું પડયું. એની પત્નીઓ પતિના સુખેસુખી ને પતિના દુઃખેદુઃખી થવાવાળી હતી. પુણ્યનો ઉદય હોય તો આવી પત્ની મળે છે. સાચી પત્ની એના પતિને દુર્ગતિમાં જતાં સદ્ભમાર્ગે વાળી ગતિ સુધરાવે છે. સાંભળો, મણિરથને યુગબાહુ ભાઈઓ હતા. મયણરેહાનું રૂપ જોઈને મોટા ભાઈની દૃષ્ટિ બગડી અને નાનો ભાઈ બગીચામાં ફરવા ગયો ત્યારે પાછળથી છાનોમાનો આવીને મોટાભાઈએ નાનાભાઈના પેટમાં છરો ભોંકી દીધો. ચીસ પડી ગઈ. મયણરેહા દોડતી આવી પતિને કહે છે સ્વામીનાથ! તમને ભાઈએ છરો માર્યો તેથી તે મારો દુશ્મન છે એમ ન માનશો. એના પ્રત્યે વૈરભાવ ન રાખશો. એમ વિચાર કરો કે પૂર્વ-ભવમાં મેં એને ભાલા માર્યા હશે. મેં એવા એની સાથે વૈર બાંધ્યા હશે. તે આ ભવમાં ઉદય આવ્યા છે. સમતાભાવે સહન કરી લઉં તો મને સદ્ગતિ મળશે. મારી પત્નીનું શું થશે તેની જરાપણ ચિંતા ન કરશો. મારો મોહ ન રાખશો. હું ઘણી વખત તમને મળી છું. અત્યારે તો પ્રભુનું શરણું સાચું છે. ભગવાન જેવા ભગવાનને કર્મે છોડયા નથી. પ્રભુની સેવામાં દેવો હાજર રહેતા હતા પણ જ્યારે પ્રભુના ગાઢ કર્મનો ઉદય થયો ત્યારે દેવો ઉપયોગ ચૂકી ગયા. માટે કર્મની સજા સહુને ભોગવવી પડે છે. એ મારો દુશ્મન છે એ વાત આપ ભૂલી જજો. સતી મયણરેહાએ એના પતિના મનના માઠા પરિણામ સદ્બોધ આપીને દૂર કર્યા અને તેના આત્માને વિશુદ્ધ બનાવ્યો.

જમાલિકુમાર સંસારના મહાન સુખો ભોગવે છે. ત્યાં શું બન્યું ? હજારો નર-નારીઓના ટોળા ને ટોળા એક તરફ જઈ રહ્યા છે. એમના મુખમાં એક વાત છે કે કરૂણાના સાગર કૃપાસિંધુ ભગવાન પધાર્યા છે. તેમના નામ-ગોત્રનું સ્મરણ કરતાં, એમના નામનો જાપ કરતાં આપણા કર્મોની ભેખડો તૂટી જાય છે, આપણા દુઃખ દૂર થઇ જાય છે તો આપણે તેમની અમૃતમય વાણીનું પાન કરીએ તો કેવો મહાન લાભ થાય ! એવી વાતો કરે છે. પ્રભુના નામસ્મરણથી અને તેમની વાણી સાંભળીને શ્રદ્ધા થવાથી જીવોનો ઉદ્ધાર થઇ ગયો છે. તેમના બતાવેલ માર્ગે જનાર પણ તરી ગયા છે.

અકબર બાદશાહના રાજ્યમાં ચંપા નામની એક શ્રાવિકા દર વર્ષે છમાસી તપ કરતી હતી. તેનું શ્રાવકો ખૂબ બહુમાન કરતા. આ વાત અકબર બાદશાહે જાણી ત્યારે તેના મનમાં આશ્ચર્ય થયું કે છ છ મહિના ભૂખ્યા કેમ રહેવાય ? એ માનતો ન હતો તેથી જ્યારે ફરીને છમાસી તપ કર્યો ત્યારે એને પોતાના રાજ્યમાં બોલાવી તેની નજર સમક્ષ તપ કરાવ્યો. એનો તપ જોઇને બાદશાહ ખુશ થયા ને કહ્યું બહેન ! તારો આવો કઠીન તપ જોઇને હું ખુશ થયો છું. તારે જે માંગવું હોય તે માંગ. ત્યારે ચંપાબાઇ કહે છે મારે બીજું કાંઇ ન જોઈએ. હું એક માંગુ છું કે જ્યાં તમારી આણ વર્તાતી હોય ત્યાં હિંસા ન થાય તેટલું કરો. તમે શું માગો ? પૈસાને ? તમને ભૂખ પૈસાની છે એટલે પૈસા જ માંગોને ? (હસાહસ) માંગતાં કયાં આવડે છે ?

તમ કને શું માંગવું એ ન અમે જાણીએ, તમે જેનો ત્યાગ કર્યો એજ અમે માંગીએ
કંચન ને કામિની તમે દીધા ત્યાગી, મોહમાયા છોડીને થયા વીતરાગી.
વીતરાગી પાસે અમે લાડીવાડી માંગીએ.....તમે જેનો...

હે પ્રભુ ! તમે લાડી-વાડી, મોહમાયા છોડીને વીતરાગી બની ગયા છો. તમે જેનો તુચ્છ ગણીને ત્યાગ કર્યો છે એ અમે તમારી પાસે માંગી રહ્યા છીએ. બોલો તમે શું માંગશો ? **" आरुग्ग बोहिलाभं, समाहिवर-मुत्तमदितु, सिद्धासिद्धि मम-दिसंतु,'** હે પ્રભુ ! તું મને આરોગ્ય આપ જેથી ધર્મારાધના કરી શકું, બોધીબીજ સમ્યકૂત્વને પામું, ઉત્તમ પ્રકારની સમાધિ આપો ને ચોથું હે સિદ્ધ ભગવંતો ! તમે જે અવ્યાબાધ સુખને પામ્યા છો તેવી સિદ્ધિ મને દેખાડો. આવું માગો. આવું સુખ મેળવશો તો દેવલોકનો દેવ પણ તમારો દાસ બની જશે. ઇન્દ્રો ચરણમાં ઝૂકી જશે માટે કહીએ છીએ કે જડના ભિખારી ન બનો. સંસારમાં દુઃખનો પાર નથી. આ વાત તમને કેટલી વખત કહેવામાં આવી.

એક નાનો બાળક પાટી ને પેન લઈને સ્કૂલે ભણવા જાય ત્યારે સાથે નાનું કપડું પલાળીને લઇ જાય. એને માસ્તર એકડો શીખવાડે છે ત્યારે જો તેને ન આવડે ને લીટો તાણે તો પેલા ભીના કપડાથી પાટી સાફ કરી નાંખે ને પાછો એકડો શીખવા માંડે પણ આ મારા વીતરાગના શ્રાવકો એમના હૈયાની પાટી સાફ કરતાં નથી. જો તમે

એ પાટીને સાફ નહિ કરો તો વીતરાગ વચનનો એકડો ક્યાંથી આવડશે? તમે તેટલી ક્રિયા કરો પણ અંતર સાફ નથી તો જોઈએ તેવો લાભ નહિ મળે. બહેનો ઉપાશ્રયમાં પૌષધ કરીને બેઠી હોય તે વખતે કોઈ બહેન નવી ડીઝાઇનની સાડી પહેરીને આવી. તેને જોતાં મનમાં થશે કે મારી પાસે આવી સાડી નથી. અનાદિ કાળથી જીવની આ રટણા છે. એટલે ઘર છોડયું. સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરીને પૌષધ કર્યો તો પણ આ રટણા ન છૂટી બહેનોની વાત કરી એટલે તમે ખુશ થયા પણ તમે અમારી બહેનોથી કંઇ ઉતરતા નથી.

હળુકર્મી જીવ માનવજીવન પામીને એટલું ઈચ્છે કે હે પ્રભુ! 'ઓછામાં ઓછું સમ્યગ્–દર્શન પામ્યા વિના મારું મૃત્યુ ન થાય તો સારું. કારણ કે આ માનવભવ મળ્યો છે તો અહીં મોક્ષના બીજ નહિ વાવું તો ક્યાં વાવીશ? વિચાર કરો. આપણા આત્માએ વધુમાં વધુ કાળ ક્યાં કાઢયો છે? નિગોદના થાળામાં અનંતો કાળ કાઢયો. સૂક્ષ્મ એકેન્દ્રિયમાં અસંખ્યાતો કાળ કાઢયો ને પછી ત્રસકાયમાં આવ્યો. ત્યાં તો જીવને બહુ ઓછો સમય મળે છે. જીવ ત્રસકાયમાં રહે તો વધુમાં વધુ બે હજાર સાગરોપમ. જો એટલા સમયમાં મોક્ષ ન મેળવે તો પાછો સ્થાવરમાં જાય. માટે પાપથી પાછા હઠો. મરણના ભયથી પણ જે પાપ છોડે છે તેવા જીવો પણ તરી ગયા છે. તો તમે તો કેટલા સમજણવાળા છો!

એક વખત એક માછીમાર નદી કિનારે માછલાની જાળ નાખી રહ્યો હતો અને અકબર બાદશાહની આણ વર્તતી હતી કે જે કોઇ મારા રાજ્યમાં હિંસા કરશે તેને ફાંસીની સજા કરવામાં આવશે. ત્યાં એકદમ અકબર બાદશાહ ઘોડા પર બેસી નદી કિનારે ફરવા આવી રહ્યા છે. ખબર પડી કે બાદશાહ પધારે છે. બસ, હવે તો મરી ગયો. એટલે તેણે તો જલ્દી જલ્દી માછલા નદીમાં ફેંકી દીધા. જાળને બાળી નાખી. તેની રાખ શરીરે લગાડી લંગોટી પહેરીને એકધ્યાન કરીને પ્રભુ નામનો જાપ કરવા લાગ્યો. એવો એકાગ્ર ચિત્તે સ્થિર થઇને બેઠો કે દેવ આવે તો પણ ડોલે નહિ. બાદશાહ ત્યાં આવી પહોંચ્યા. નદી કિનારે ફરતાં ફરતાં પેલા યોગીને જોયો. ઘોડા પરથી નીચે ઉતરી ગયા. શું મહાત્માનું ભગવાનમાં ધ્યાન છે! કેવા યુવાન અવધૂત છે. બાદશાહ લળીલળીને તેના પગમાં નમન કરવા લાગ્યા. ધન્ય છે મહાત્માજી તમને કે આ યુવાનવયમાં સંસાર છોડીને સંન્યાસી બની ગયા. એમ કહી બાદશાહ ચાલ્યા ગયા. બાદશાહના ગયા પછી માછીમાર વિચાર કરવા લાગ્યો અહો! હું તો મરણના ભયથી બનાવટી સાધુ બનીને બેસી ગયો તો પણ બાદશાહ મારા ચરણમાં નમ્યો તો સાચો સાધુ બનું તો કેટલો લાભ થાય! એ માછીમાર નકલી સાધુમાંથી અસલી સાધુ બની ગયો.

જમાલિકુમાર મહેલમાં બેઠા છે. ભગવાનના દર્શને જતાં માણસો બોલે છે કે

હે નરનારીઓ! પ્રભુના દર્શને ચાલો. જમાલિકુમારના કાને આ અવાજ પહોંચ્યો અને તે ઝરૂખે જોવા માટે આવ્યા. હવે તે વિચાર કરશે કે આવો મોટો જનસમુદાય કયાં જઇ રહ્યો છે તે જાણવા માટે કોને બોલાવશે ને શું પૂછશે તેના ભાવ અવસરે કહેવાશે.

'ચરિત્ર':- ગઈ કાલથી એક ચરિત્ર શરૂ થયું છે. તેમાં ગુણસેનકુમાર અને અગ્નિશર્માની વાત ચાલે છે. તેમાં જીવ હાંસી-મજાક કરવાથી કેવા કર્મો બાંધે છે. સંસારના કાર્યો કરતાં કર્મ તો બંધાય છે પણ અનર્થાદંડે વધુ દંડાય છે. કર્મ બાંધતી વખતે જીવને ખબર નથી પડતી પણ ઉદયમાં આવે છે ત્યારે બાપલીયા બોલી જાય છે માટે કર્મ બાંધતા ખૂબ લક્ષ રાખજો.

ગુણસેનકુમાર ખૂબ ગુણવાન હતો. પણ એને મજાક ઉડાવવાની ખૂબ મઝા આવતી. તેમાં અગ્નિશર્માનું બેડોળ રૂપ જોઇ તેની ઠેકડી કરતો. તેથી અગ્નિશર્મા ત્યાંથી કંટાળીને ગામ છોડી ચાલ્યો ગયો. ચાલતાં ચાલતાં સુપરિતોષ નામના તપોવનમાં પહોંચ્યો. એક મહિનાથી ચાલતો હતો. ખૂબ થાકી ગયો હોવાથી નદીઓમાંથી વહેતા ઝરણા આગળ બેઠો. થોડી વાર વિસામો ખાઇ આશ્રમમાં ગયો ત્યાં આર્યકૌડિન્ય નામના તાપસ-કુલપતિ પોતાના શિષ્યોને તત્વજ્ઞાનની વાતો સમજાવતા હતા. ત્યાં જઇને તેણે કુલપતિને વંદન કર્યા. તાપસે પણ તેનો યોગ્ય સત્કાર કરીને પૂછયું:-

દેખા શિષ્યોને આશ્ચર્ય, ગુરૂ બોલે હૈ વિશ્વાસ,
વત્સ કૌન તૂ કૈસે આયા, તેરા કહાઁ નિવાસ,
સ્નેહ શબ્દ સુન શાન્ત હુઆ, અબ ઘટના કરે પ્રકાશ ... હો ...

બધા શિષ્યો આશ્ચર્યપૂર્વક તેના સામું જોઇ રહ્યા છે કે આવો કદરૂપો માણસ કોણ હશે? હવે મોટા તાપસ પૂછે છે ભાઇ! તું કોણ છે, કયાંથી આવ્યો છે અને તું કયાંનો રહેવાસી છે? વિગેરે વાતો પૂછે છે ત્યારે અગ્નિશર્મા કહે છે અહીંથી ઘણે દૂર ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર છે. ત્યાં પૂર્ણચંદ્ર નામના રાજા રાજ્ય કરે છે. તેમને કુમુદ્વિની નામના મહારાણી છે. ગુણસેન નામનો યુવરાજ કુમાર છે. હું તે રાજાના માનનીય પુરોહિત યજ્ઞદત્તનો પુત્ર છું. મારું નામ અગ્નિશર્મા છે. તાપસના મીઠા વચન સાંભળીને એના અંતરમાં ખૂબ શાંતિ વળી. ફરીને તાપસ પૂછે છે તું અહીંયા શા માટે આવ્યો છે? ત્યારે અગ્નિશર્મા કહે છે હું આપના જેવો સાધુ બનવા ઇચ્છું છું. ત્યારે તાપસ કહે છે ભાઇ! અમારા જેવા તાપસ બનવું સહેલું નથી. તાપસ તો બની જવાય પણ તાપસપણું ટકવું બહુ મુશ્કેલ છે. ત્યારે કહે હે ગુરુદેવ! મારા ઉપર કૃપા કરી મને આપનો શિષ્ય બનાવો. હું આ સંસારથી કંટાળી ગયો છું. ત્યારે ગુરુ કહે છે તને કંટાળો શાથી આવ્યો? ત્યારે અગ્નિશર્મા કહે છે હું બે કારણથી કંટાળ્યો છું. એક તો મારા શરીરના અંગોપાંગ બેડોળ છે એટલે. બીજું ગુણસેનકુમાર મારી રોજ મજાક ઉડાવતો

હતો. મને તે કહેતો કે તું મારી પાસે રહે. ખાઇપીને મઝા કર. મને સારું સારું ખવડાવતો. સારા વસ્ત્રો આપતો. બહુ સારી રીતે રાખતો. અને કોઈક દિવસ મને ગધેડે બેસાડી રાજા આવ્યા, રાજા આવ્યા કહીને મજાક ઉડાવતો. કયારેક ચલાવતો, કયારેક દોડાવતો, મને નચાવતો, કુદાવતો ને ખેંચાખેંચ કરતો. આ બધું જોઇને એ બધાને ખૂબ આનંદ આવતો. હું ઘણીવાર કંટાળીને ક્રોધાયમાન બની જાઉં તો પણ એ લોકો મને છોડે નહિ. પરાધીનપણે બધું કરવું પડતું હતું. મને ખૂબ દુઃખ થતું હતું. આવા અપમાન અને કષ્ટથી કંટાળીને હું અહીં આવ્યો છું, તો આપ કૃપા કરીને મને આપનો શિષ્ય બનાવો.

એક માસ ફિરા ભટકતા, આપ મિલ ગયે દયાલ,
ઔર ન દેતા કોઇ દિખાઈ, આપ સિવા રક્ષપાલ
કરું તપસ્યા તાપસ બનકે, તજ જગકા જંજાલ...હો...

ગુરૂદેવ! એક મહિનો ભટકતો ભટકતો આજે અહીં આવ્યો છું. મારા પુણ્યે આજે મને આપ મળ્યા છો. આપના સિવાય મારું કોઇ રક્ષણ કરનાર નથી. મારી વેદના હું જાણું છું. આપ મને તારો. હું તાપસ બનીને ઉગ્ર તપ કરવાની ભાવના રાખું છું.

તાપસ પૂછે છે એ ગુણસેનકુમાર કદાચ અહીં આવશે તો તેને જોઈને તને ક્રોધ આવશે? ત્યારે કહે છે ના, હું તેને મારો મિત્ર માનીશ. એની યોગ્યતા જોઇને ગુરૂને થયું ભલે, દુઃખથી કંટાળીને આવ્યો છે પણ એનો વૈરાગ્ય ઉત્કૃષ્ટ છે.

"અગ્નિશર્માની દીક્ષા ને દીક્ષા સમયે કરેલી મહાપ્રતિજ્ઞા"

ભગવંતે કહ્યું છે વૈરાગ્ય ત્રણ પ્રકારે આવે છે. મોહગર્ભિત, દુઃખગર્ભિત અને જ્ઞાનગર્ભિત. આનો વૈરાગ્ય દુઃખગર્ભિત છે પણ સો ટચના સોના જેવો છે. માટે એને તાપસ બનાવવામાં વાંધો નથી. એટલે યજ્ઞદત્ત પુરોહિતને બોલાવી તેની આજ્ઞા લઈ તેને તાપસની દીક્ષા આપી. દીક્ષા લીધા પછી અગ્નિશર્મા એના ગુરૂને નમ્રતાપૂર્વક વિનંતી કરે છે કે ગુરૂદેવ! મારા કઠણ કર્મોને તોડવા મારે કઠીન તપ કરવો છે. તો મને એવી પ્રતિજ્ઞા આપો કે મારે જીવનપર્યંત મહિના મહિનાના ઉપવાસ કરવા અને પારણાના દિવસે જે ઘરમાં પ્રથમ પ્રવેશ કરું ત્યાં મારે પારણું કરવું અને એ ઘરે પારણાનો યોગ ન બને તો બીજા ઘરે પારણું કરવું નહિ અને બીજા મહિનાના ઉપવાસ કરવા આવી પ્રતિજ્ઞા આપો. જેમ ગજસુકુમારે નેમનાથ પ્રભુને વિનંતી કરી હતી કે હે પ્રભુ! જો આપની આજ્ઞા હોય તો આજે ને આજે સ્મશાનભૂમિમાં જઇને બારમી પડિમા વહન કરું. આ રીતે અગ્નિશર્માએ મહાભીષણ પ્રતિજ્ઞા લીધી ને કર્મો ખપાવવા ઉગ્ર તપ કરવા લાગ્યો. આ તપોવન વસંતપુર નગરની નજીક આવેલું હતું એટલે વસંતપુરના લોકો ત્યાં અવારનવાર આવે છે અને આ અગ્નિશર્મા તાપસનો તપ જોઇ તેમના મસ્તક ઝૂકી

જતાં ને બોલતા ધન્ય છે આ મહાન તપસ્વીને! આવો ઉગ્ર તપ કરીને એમણે જીવન સફળ બનાવ્યું છે.

"ગુણસેન રાજાનું વસંતપુર નગરમાં આગમન"

અગ્નિશર્માના ગયા પછી ગુણસેનકુમાર મનમાં વિચાર કરવા લાગ્યો કે અગ્નિશર્મા કયાં ગયો? ગામમાં તપાસ કરાવી પણ તે મળ્યો નહિ. એ વાત અહીં પતી ગઇ. ગુણસેનકુમાર યુવાન થતાં પૂર્ણચંદ્ર રાજાએ તેના લગ્ન કરી રાજ્યાભિષેક કર્યો. અને પોતે આત્માનું કલ્યાણ કરવા તપોવનમાં ચાલ્યા ગયા. હવે ગુણસેન યુવરાજ મટીને રાજા બન્યો. ખૂબ હોંશિયાર છે. પોતાના બાહુબળથી ઘણાં રાજ્યો મેળવ્યા. અનેક રાજાઓ તેના દાસ બન્યા હતા. ગુણસેન રાજા સૌના પ્રત્યે પ્રેમદૃષ્ટિ રાખતો હતા. ચારે દિશાઓમાં એમનો યશ ખૂબ ફેલાયો હતો. આ રીતે ઘણાં વર્ષો સુધી રાજ્ય કર્યું. ત્યાર પછી એક વખત ગુણસેન રાજા પોતાની વસંતસેના નામની મહારાણી સાથે પરિવાર સહિત વસંતપુરનગરમાં આવ્યો. પ્રજાએ તેનું ખૂબ સુંદર સ્વાગત કર્યું. ત્યાં આનંદથી રહે છે. એક દિવસ રાજા અશ્વક્રિડા કરવા માટે ઉદ્યાનમાં ગયા. ત્યાં થાક ઉતારવા માટે સહસ્રા વનમાં એક જગ્યાએ જઇને બેઠા છે. તે વખતે બે તાપસકુમારો નારંગી અને કોઠાના ફળ લઇને ત્યાં આવે છે. રાજાએ તાપસોને જોઇને ઉભા થઇને વંદન કર્યું. તાપસોએ તેમને આશીર્વાદ આપીને કહ્યું હે રાજન! ચારેય આશ્રમના ધણી અને ધર્મ–અધર્મની વ્યવસ્થા કરનાર એવા આપને કુશળ સમાચાર પૂછવા અમારા ગુરૂએ અમને મોકલ્યા છે. ત્યારે હર્ષપૂર્વક ગુણસેન પૂછે છે કુલપતિ ભગવંત કયાં બિરાજે છે? ત્યારે તાપસકુમારો કહે છે અહીંથી થોડે દૂર સુપરિતોષ નામના તપોવનમાં તમે આવજો એમ કહી તાપસ ચાલ્યા ગયા.

"ગુણસેન રાજાનું તપોવનમાં ગમન ને ભોજન નિમંત્રણ"

બીજે દિવસે ગુણસેન રાજા પોતાના પરિવાર સહિત તપોવનમાં તાપસોના દર્શન કરવા માટે ગયા. ઘણા તાપસો ત્યાં વસતા હતા. બધાને વંદન નમસ્કાર કરીને રાજા ત્યાં બેઠા. કુલપતિએ તેમને ધર્મકથા સંભળાવી ને કુશળ સમાચાર પૂછ્યા. ત્યાર પછી ગુણસેન રાજા વિનયથી ભાવપૂર્વક કહે છે ગુરૂદેવ! આવતી કાલે આપ બધા મારા ઘેર ભોજન કરવા પધારજો. આ જૈનમુનિ ન હતા. એટલે તેઓ ગૃહસ્થીને ઘેર જઈને ભોજન કરતા હતા. કુલપતિ કહે છે ભલે, પણ મારા આટલા શિષ્યોમાં એક અગ્નિશર્મા નામનો મહાન તપસ્વી છે. તે મહિના મહિનાના ઉપવાસ કરે છે ને પારણાના દિવસે જેને ત્યાં જાય ત્યાં પારણું થાય તો ઠીક, નહિ તો બીજા ઘેર જતા નથી. પણ પાછા મહિનાના ઉપવાસ કરે છે. એટલે એ મહાન તપસ્વી સિવાય બીજા બધા તાપસો આવીશું. રાજા કહે છે ગુરૂદેવ! આપે મારા ઉપર બહુ કૃપા કરી મારા આમંત્રણનો સ્વીકાર કર્યો.

મને બહુ આનંદ થયો. પણ એ મહાન તપસ્વી કયાં છે? મારે એમના દર્શન કરવા છે. એમના દર્શન કરીને પવિત્ર બનું. જેમ શ્રેણીક રાજા પ્રભુના દર્શન કરવા ગયા ત્યારે પૂછયું ભગવંત! આપના આટલા શિષ્યોમાં કર્મની મહાનિર્જરા કરનાર કોણ છે? ત્યારે પ્રભુએ કહ્યું કાકંદી નગરીના ધન્ના અણગાર છઠ્ઠછઠ્ઠના પારણા કરે છે ને પારણાને દિવસે બધા જમી લીધા પછી વધેલા ભાત લાવીને આયંબીલ કરે છે. તે વખતે શ્રેણીક રાજા ધન્ના અણગારને લળીલળીને વંદન કરવા લાગ્યા ને કહ્યું ધન્ય છે આપના જીવનને! આવો ઉગ્ર તપ કરીને સંયમ લઈ આપે જન્મ અને જીવન સફળ કર્યું.

"ગુણસેન રાજાનું અગ્નિશર્મા પાસે ગમન ને પારણાનું આમંત્રણ"

અગ્નિશર્માતાપસ એક આંબાના વૃક્ષ નીચે ધ્યાન લગાવીને બેઠા હતા. ત્યાં ગુણસેન રાજાને મોકલે છે. અગ્નિશર્મા આવો તપ કેટલા વખતથી કરે છે. પાંચ પચ્ચીસ વર્ષ નહિ પણ ઘણાં પૂર્વ સુધી તપ કર્યા. એક પૂર્વ કોને કહેવાય? ચોર્યાશી લાખને ચોર્યાશી લાખથી ગુણતાં જે સંખ્યા આવે તેટલા કાળને એક પૂર્વ કહેવાય. એવા ઘણાં લાખ પૂર્વથી આવો ઉગ્ર તપ કરતો હતો એટલે શરીર તો સૂકાઇને હાડકાનો માળો બની ગયું છે. ગુણસેન તેને ઓળખી શકો નથી પણ અગ્નિશર્મા તેને ઓળખી ગયા. આંબાના ઝાડ નીચે પદ્માસન લગાવીને બેઠેલા અગ્નિશર્મા મહા તપસ્વી પાસે આવી ખૂબ ઉલ્લાસપૂર્વક લળીલળીને વંદન કરવા લાગ્યા. તપસ્વીએ તેના વંદન સ્વીકાર્યા. ગુણસેન રાજા તેમની પાસે બેઠા અને પૂછે છે કે મહાન તપસ્વીરાજ! આપને આવી તાપસની દીક્ષા લેવામાં અને આવો દુષ્કર તપ કરવામાં શું નિમિત્ત બન્યું? ત્યારે અગ્નિ-શર્માતાપસે સત્ય હકીકત કહી કંઇ વાત ગોપવી નહિ. હે રાજન! આપને જાણવાની ખૂબ ઇચ્છા છે તો સાંભળો. મને ત્રણ નિમિત્ત મળ્યા છે. એક તો દરિદ્રતાનું દુઃખ, બીજું કદરૂપું રૂપ ને ત્રીજા ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના ગુણસેન નામના રાજકુમાર મારા કલ્યાણ મિત્ર મને વૈરાગ્યમાં નિમિત્ત બન્યા. આ સાંભળી ગુણસેન રાજા મનમાં ચમકયા કે અહો એ તો હું પોતે જ છું અને આ અગ્નિશર્મા છે. ફરીને રાજાએ પૂછયું કે એ ગુણસેન રાજાએ આપને આટલા કષ્ટ આપ્યા છતાં એ આપનો કલ્યાણ મિત્ર કેમ? ત્યારે કહે છે જો એમણે મને આવા કષ્ટ આપ્યા ન હોત, મારું આવું અપમાન ને હાંસી-મશ્કરી કરી ન હોત તો મને આ સંસાર ઉપરથી વૈરાગ્ય આવત નહિ ને આવી ઉગ્ર તપશ્ચર્યા કરત નહિ. એમનો મારા ઉપર મહાન ઉપકાર છે. તરત રાજાની આંખમાં આંસુ આવી ગયા ને રડતા રડતા બોલ્યા. ધન્ય છે આપને! એ પાપી ગુણસેનકુમાર તે હું જ છું. મને હજારોવાર ધિક્કાર છે. અને આપને હજારોવાર ધન્યવાદ છે. હવે મારું નામ ગુણસેન બદલીને અવગુણસેન રાખો. હું ઘોર પાપી છું એમ કહી તાપસના ચરણમાં આળોટી પડે છે ને વારંવાર ક્ષમા માંગે છે. અગ્નિશર્માએ એમને ખૂબ

સમજાવ્યા. છેવટે સ્વસ્થ બની કહે છે ગુરૂદેવ! આપનું પારણું કયારે છે? ત્યારે કહે છે પાંચ દિવસ પછી, તો આપ મારે ત્યાં પારણું કરવા પધારજો. અગ્નિશર્મા કહે છે હજુ પાંચ દિવસ બાકી છે. કાલે શું બનવાનું છે તેની ખબર નથી. હજુ રાજા વિનંતી કરશે ને ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૧૭

અષાઢ વદ ૧૨ ને ગુરૂવાર **તા૦ ૨૬-૭-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતકરૂણાનીધિ ત્રિલોકીનાથે જગતના જીવોને આધિ-વ્યાધિ ને ઉપાધિથી દુઃખમાં ડૂબેલા જોઇને સાચા સુખની પ્રાપ્તિનો માર્ગ બતાવવા સિદ્ધાંતરૂપી વાણી પ્રકાશી. વીતરાગ વાણીનું એક વચન પણ જો તમારા હૈયામાં સચોટ બેસી જાય તો ભવપાર થયા વિના ન રહે. અનિચ્છાથી સાંભળેલા એક શબ્દથી પણ રોહણીયો ચોર તરી ગયો. એની ભવ્યતાના જોરથી સંભળાઇ ગયું તો એના ભવનો બેડો પાર થઇ ગયો. વીર પ્રભુના વચનમાં કેટલી તાકાત છે! જેમ હન્ટર પાવરનો ગ્લોબ ચઢાવી બટન દબાવો તો અંધકારનો નાશ થાય છે તેમ ભગવાનના વચન રૂપી ગ્લોબ અંતરમાં ચઢાવી શ્રદ્ધાનો પાવર વાપરો તો અજ્ઞાનનો અંધકાર નષ્ટ થયા વિના નહિ રહે. અજ્ઞાનના તિમિર ટળે તો કેવળ જ્યોતિ પ્રગટે અને કેવળ જ્યોતિ પ્રગટે તો મુક્તિ મળે. પ્રથમ તો મને મુક્તિ કેમ મળે તે નિર્ણય કરવો જોઇએ. ચિત્રકારને એક ચિત્ર દોરવુ હોય તો પ્રથમ તેના મગજમાં ચિત્ર આલેખાઇ જાય છે તેમ પરમાત્મપદને પ્રાપ્ત કરવું હોય તો એ પ્રભુ કેવા છે એનું અંતરમાં સ્મરણ થવું જોઇએ.

હે પ્રભુ! તું કેવો ને હું કેવો? તારામાં ને મારામાં કેટલું અંતર છે! તેં ક્રોધ-માન-માયા-લોભ આદિ કષાયોને જીતી લીધા છે ત્યારે એ કષાયોએ મને જીતી લીધો છે. તું રાગ-દ્વેષના બંધનો તોડી વીતરાગી બની ગયો છે જ્યારે હું રાગ-દ્વેષના બંધનોને મજબૂત કરું છું. તું કેવલ જ્યોતિ પ્રગટાવીને મોક્ષ માઉન્ટ ઉપર આરૂઢ થઇ ગયો ને હું તો હજુ અજ્ઞાનના અંધકારથી અથડાતો તળેટી સુધી પણ પહોંચ્યો નથી. આમ ભગવાનની પ્રાર્થના કરતાં પ્રભુના આત્મા સાથે આપણા આત્માની સરખામણી કરો ને પ્રભુના સમાન બનવાની ભાવના ભાવો. ભગવાન શું કહે છે હે ચેતન! તારો સ્વભાવ ઉર્ધ્વગામી છે. જો તારે આત્માનું ઉત્થાન કરવું હોય તો તારું જીવન ઉજ્જવળ બનાવ.

ઉર્ધ્વગમન કરવા માટે જ્ઞાન-દર્શનની પાંખ ને ચારિત્રનો પુરૂષાર્થ જોઇશે. આત્મા તરફનો પુરૂષાર્થ ઉપડશે તો કર્મના ગંજ બળીને સાફ થઇ જશે.

અનાદિ કાળથી જીવ અનંત દુઃખો ભોગવી રહ્યો છે. આત્માનું સુખ તો મેળવી શક્યા નથી પણ દ્રવ્યસુખોમાં પણ સુખી નથી. આજે ગરીબને પૂછો, મધ્યમને પૂછો, કે ધનવાનને પૂછો કોઇ અંતરથી એમ નહિ કહે કે હું સુખી છું. જેટલું ધન વધે છે તેટલું દુઃખ વધે છે. આજે દુનિયામાં સૌથી વધારે સુખી ને સમૃદ્ધ દેશ અમેરિકા છે. લેખકો લખે છે કે આખી દુનિયામાં જેટલું સોનું છે તેટલું ભેગું કરે તો તેનાથી અડધું સોનું અમેરિકામાં છે. આટલો સમૃદ્ધ દેશ હોવા છતાં એને સુખ કે શાંતિ નથી. સુખે સૂઇ શકતા નથી. અમેરિકામાં દર વર્ષે ૭૫ કોડ રૂપિયાની ઘેનની ગોળીઓ વપરાય છે. બોલો એ અંતરમાં કેવા સુખી હશે? મુંબઇમાં એવા કંઇક ધનવાનો છે કે એમને ખાધેલું પાચન કરવા માટે ડૉકટરની પડીકી લેવી પડે છે. આજની સરકાર તમને કોરી ખાય છે. એક જમાનો એ હતો કે ધનવાનોની સંપત્તિ જોઇને રાજાઓ ખુશ થતા હતા. શ્રેણીક રાજા હાલીચાલીને શાલીભદ્રની ઋદ્ધિ જોવા માટે આવ્યા. જોઇને એની છાતી ગજગજ ફૂલતી હતી કે અહો! મારા નગરમાં આવા ધનવાનો વસે છે! આજની સરકારને ધનવાનોની સંપત્તિ લૂંટવા સિવાય વાત નહિ. બોલો તો ખરા, ખરું સુખ કયાં છે? હા, એક જૂની કહેવત છે કે "**પહેલું સુખ તે જાતે નર્યા**" આપણું શરીર સારું તો બધું સારું છે. ત્યારે જૈનદર્શન કહે છે– "**પહેલું સુખ તે આત્મજ્ઞાન**" તમારા માનેલામાં **બીજું સુખ તે કોઠીએ જાર, ત્રીજું સુખ તે કુળવંતી નાર** અને **ચોથું સુખ તે પુત્ર પરિવાર**. બસ, આ ચાર સુખ મળી જાય એટલે આનંદ આનંદ માનો છો પણ ભગવાન કહે છે કે અબુઝ! એવા સુખમાં શું રાચે છે! આ સુખ તો તને મૂકીને કયાંય ચાલ્યા જશે. આત્માના સુખ સિવાયના સુખ એ સુખ નથી પણ સુખાભાસ છે.

સનત્કુમાર ચક્રવર્તિના જબ્બર વેદનીય કર્મનો ઉદય થયો. માનવીના શરીરમાં રૂંવાડે રૂંવાડે પોણાબબ્બે રોગો ભરેલા છે.

માનવ તનકે રોમરોમમેં ભરે હુએ હૈ રોગ અપાર,
કારણ પાકર વહી રોગ સબ આતે હૈં બાહિર દુઃખકાર,
ટૂટે ઘટકે જલ સમ હી યહ આયુ ક્ષીણ હોતા દિનરાત,
રોગ ભરે ઇસ નશ્વર તનસે કરતા મોહ અરે કયોં ભ્રાત.

ઔદારિક શરીર એ રોગોનું ઘર છે. પણ તેમાં મુખ્ય સોળ મહાન રોગો છે. સનત્કુમાર ચક્રવર્તિના શરીરમાં એકી સાથે સોળ મહારોગો ઉત્પન્ન થયા. જ્યાં એકી સાથે સોળ મહારોગો ઉત્પન્ન થયા ત્યાં કાંઈ બાકી રહે?

સનત્કુમાર મૃત્યુલોકમાં ઉંચામાં ઉંચા સુખોને ભોગવનારા હતા છતાં જ્યારે

એમના શરીરમાં સોળ મહારોગો ઉત્પન્ન થયા ત્યારે એમને થઇ ગયું કે આ શરીરમાં એક ક્ષણવારમાં આટલું પરિવર્તન થયું તો આ દેહના ભરોસે કેમ રહેવાય ? માટે જેવું દેહમાં પરિવર્તન આવી ગયું તેવું મારે હવે આત્મામાં પરિવર્તન લાવવું છે. એક ક્ષણમાં જો શરીરમાં આટલું બધું થઇ ગયું તો તેવી રીતે આત્મા સવળો પડયો હોય તો એક ક્ષણમાં કામ કેમ ન કાઢી જાય ? ક્ષણમાં બાજી બગડી જાય છે અને ક્ષણમાં સુધરી પણ જાય છે. ભલે શરીરની બાજી બગડી પણ મારે હવે આત્માની બાજી સુધારી લેવી છે. એક ક્ષણવારમાં કાયા વિષમય બની ગઇ તો એક ક્ષણવારમાં આત્મા અમૃતમય કેમ ન બની જાય ! આ મારી કાયા તો રોગથી ઘેરાઈ છે જ્યારે કેટલાક તો એક ક્ષણવારમાં મૃત્યુને પામી જાય છે. માટે મારે તો હવે આ વ્યાધિગ્રસ્ત શરીરથી પણ આત્મસાધના કરી લેવી છે. આ રાજ્યવૈભવનો હવે મને જરા પણ મોહ નથી. આ રીતે વૈરાગ્ય પામેલા સનત્‌કુમાર ચક્રવર્તિ સમસ્ત સંસારના સુખોને છોડીને મુક્તિના માર્ગે મંગળ પ્રસ્થાન આરંભી દે છે. સંયમ અંગીકાર કરીને ત્યાંથી વિહાર કરી જાય છે ત્યારે તેમનું આખું અંતેઉર, મંત્રીવર્ગ વિગેરે સળંગ છ મહિના સુધી તેમની પાછળ ભમે છે. સર્પ કાંચળીને છોડીને જાય પછી જેમ પાછું વાળીને જોતો નથી તેમ છ છ મહિનાથી પોતાની પાછળ ભમતા સ્નેહી વર્ગ તરફ સનત્‌કુમાર મહર્ષિએ પાછું વાળીને જોયું પણ નહિ. એટલે અંતે તેમના સગાસબંધી પાછા વળી જાય છે. કેવો ઉત્કૃષ્ટ ત્યાગ અને કેવો અનુપમ વૈરાગ્ય !

સનત્‌કુમાર મહર્ષિએ ૭૦૦ વર્ષ રોગિષ્ઠ સ્થિતિમાં પણ જોરદાર બાહ્ય તપ આચર્યા. એમાં નવા પાપ આવતાં તો અટકી ગયા એટલું નહિ પણ ઉપરાંત એવી લબ્ધિ પેદા થઈ કે પોતાના થૂંકથી રોગ મટાડી શકે. પણ વિશેષતા એ છે કે એમણે એમ રોગ મટાડયો નહિ. એમનામાં એ આત્મજ્ઞાન હતું કે આત્માની અંદર અશાતા વેદનીય પાપકર્મ પડયા હોય તો એ ઉદય પામી રોગ લાવે એટલે રોગની પીડા જ્યાં સુધી ચાલે ત્યાં સુધી એ સૂચવે છે કે અંદરમાં પાપકર્મ પડયા છે. પહેલા બાંધેલા પાપના ઉદય વિના પીડા આવે નહિ માટે રોગને બળાત્કારે કાઢવાની જરૂર નથી. અંદરથી પાપકચરો સાફ થઇ જશે એટલે કોઇ પીડા રહેવાની નથી. માટે રોગ દ્વારા પાપકચરાને નાશ થવા દેવો. જેટલી પીડા સહેવાય એટલા પાપકચરો દૂર થાય છે. જેમ બાંધેલા કર્મ ઉદયમાં આવીને પીડા આપે છે એમ પીડા ભોગવતા એટલાં કર્મનાશ પામતા જાય છે. કર્મ વિના પીડા આવે નહિ અને પીડા આપ્યા પછી કર્મ ઉભા રહે નહિ. કર્મ ઉદય પામી પામીને ક્ષય પામી જાય એટલે શારીરિક રોગનું મૂળ આત્માનો કર્મરોગ છે. એ મૂળ રોગ સાફ થવાની ચિંતા રાખવી. બાહ્ય રોગ સહન કરતાં એટલા કર્મરોગ નાબૂદ થયે જાય છે. એની સાથે બાહ્ય તપથી બીજા પણ કર્મરોગનો નાશ થતો આવે છે. સનત્‌કુમાર મહામુનિનું આ હતું આત્મજ્ઞાન. તેથી કઠીન બાહ્ય તપ સાથે રોગ સહન

કરતા હતા. રોગ દવાથી કાઢવાથી એમને કોઇ તત્પરતા ન હતી. સોળ સોળ મહા ભયંકર રોગોથી તેમની કાયા ઘેરાએલી હોવા છતાં મનથી પણ દવાની સ્પૃહા કરી નથી. જેણે શરીરથી આત્માને જુદો જાણ્યો હોય તેવા પુરૂષોમાં આવી નિઃસ્પૃહતા આવે છે. આ કાળમાં ભેદ વિજ્ઞાનની વાતો બહુ થાય છે. પણ તેવી વાતો કરનારા પાછા પુદ્ગલાનંદી હોય છે. ભેદ વિજ્ઞાનની જ્યોત જે આત્મામાં પ્રગટી તે આત્મા પુદ્ગલાનંદી નહીં પણ સહજાનંદી હોય છે. જેવી જ્ઞાનની ઉત્કૃષ્ટતા તેવી સામે ત્યાગ વૈરાગ્યની ઉત્કૃષ્ટતા તે સાચી જ્ઞાનદશા છે.

ફરીથી ઇન્દ્રસભામાં ઇન્દ્ર પ્રશંસા કરે છે કે ધન્ય છે સનત્કુમાર મહામુનિને કે આટલા ભયંકર રોગથી કાયા ઘેરાયેલી હોવા છતાં મનથી જરા પણ દવાની ઇચ્છા કરતા નથી. આ પ્રશંસા સાંભળીને પાછા દેવ ધન્વંતરીનું રૂપ ધારણ કરીને સનત્કુમારની કસોટી કરવા આવે છે. આવીને કહે છે આપની કાયા રોગોથી ક્ષીણ થયેલી દેખાય છે તેથી આપને પીડા ઘણી થતી હશે તો આપની આજ્ઞા હોય તો અમે ઉપાય કરીએ. ત્યારે મુનિ કહે છે આ શરીર અનિત્ય છે. પૌષ્ટિક ખોરાક અને દવાઓ આવા છતાં આ શરીર એક દિવસે પડી જવાનું છે. શરીરના રોગની મને ચિંતા નથી. મને ચિંતા છે ભવરોગની. જો તમારી પાસે ભવરોગ નાબૂદ થાય એવી કોઇ દવા હોય તો મારે કરાવવી છે. ત્યારે દેવો કહે છે એ રોગથી તો અમે પણ ઘેરાયેલા છીએ. ત્યારે સનતકુમાર મહર્ષિએ કહ્યું. તમે પોતે રોગી છો તો બીજાને નિરોગી શી રીતે બનાવવાના છો? દેહરોગ મટી ગયે કંઇ દુઃખનો અંત આવતો નથી. પણ અનાદિથી જીવને કર્મરોગ લાગુ પડયો છે તે જો મટી જાય તો દુઃખનો અંત આવે. દેવોએ કહ્યું–કર્મરોગ મટાડવાની અમારામાં તાકાત નથી. ત્યારે મુનિએ કહ્યું. જો કર્મરોગ મટાડવાની તમારામાં તાકાત ન હોય તો દેહરોગ મટાડવાની તો મારામાં તાકાત છે. એમ કહીને પોતાની કોઢ રોગથી વ્યાપ્ત આંગળી પર પોતાનું થૂંક ચોપડે છે અને આંગળી કંચનવર્ણી બની ગઇ. મુનિ કહે છે એ રીતે આખા શરીર પર પ્રયોગ કરું તો કાયા કંચન જેવી થઇ જાય. પણ મારે લબ્ધિનો પ્રયોગ કરવો નથી. રોગ સહર્ષ સહેવા સાથે પ્રચંડ બાહ્ય તપની સાધના હતી તેથી એવી લબ્ધિ ઉત્પન્ન થઇ હતી. સનત્કુમાર મહામુનિનો ઉત્કૃષ્ટ વૈરાગ્ય જોઇ દેવો પગમાં પડી જાય છે અને પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરીને મહર્ષિને વારંવાર ખમાવે છે ને પછી અંતર્ધ્યાન થઇ જાય છે. સનત્કુમાર મુનિ ઘણાં વર્ષો ચારિત્ર પાળીને ત્રીજા દેવલોકમાં જાય છે અને ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં મનુષ્યભવ પામીને મોક્ષ જશે.

જમાલિકુમારે પોતાના મહેલમાં શોરબકોર સાંભળ્યો. એટલે વિચાર કરવા લાગ્યો કે અહો! આજે ક્ષત્રિયકુંડનગરમાં શું છે?

" किणं अज्ज खत्तियकुंडग्गामे नयरे इंदमहेइवा, खंद महेइवा, मुगुंद महेइवा, णागमहेइवा, जक्खमहेइवा, भूयमहेइवा, कूवमहेइवा, तडाग महेइवा, नईमहेइवा, दहमहेइवा, पव्वयमहेइवा, रुक्खमहेइवा चेइयमहेइवा थूवमहेइवा।"

આજે ક્ષત્રિયકુંડનગરમાં ઇન્દ્ર મહોત્સવ, સ્કંદ મહોત્સવ, મુકુંદ મહોત્સવ, નાગ મહોત્સવ, યક્ષ મહોત્સવ, ભૂત મહોત્સવ, કૂપ મહોત્સવ, તળાવ મહોત્સવ, નદી મહોત્સવ, દ્રહ મહોત્સવ, પર્વત મહોત્સવ, વૃક્ષ મહોત્સવ, ચૈત્ય મહોત્સવ કે સ્તૂપ મહોત્સવ છે? શું છે કે આ બધા ઉગ્ર-ભોગ-રાજ-ઈક્ષ્વાકુ, જ્ઞાત અને કૌરવવંશના ક્ષત્રિયો અને ક્ષત્રિયકુમારો, ભટ અને ભટપુત્ર, મોટા મોટા શેઠીયા ને સેનાપતિ બધા સ્નાન, બલીકર્મ વિગેરે કરીને, સારા સારા વસ્ત્રો પહેરીને જઇ રહ્યા છે તો કયાં જતા હશે? એમ વિચાર કરીને કંચુકીને બોલાવીને પૂછયું કે હે દેવાનુપ્રિય! આજે ક્ષત્રિયકુંડનગરમાં ઇન્દ્ર આદિનો મહોત્સવ છે. શું છે? આજે બધાના મુખ આનંદિત છે. હૈયામાં હર્ષ સમાતો નથી અને સારા સારા વસ્ત્રો પહેરી એક જ દિશા તરફ આટલો મોટો જનસમુદાય કયાં જઈ રહ્યો છે?

જનારા લોકોએ સારા વસ્ત્રો પહેર્યા હતા. જેવા સ્થાનમાં જઈએ તેવા વસ્ત્રો પહેરવા પડે છે. આજે સ્કૂલમાં જે જાતનો વેશ પહેરવાનો હોય તેવો મા-બાપ પોતાની સ્થિતિ હોય કે ન હોય તો પણ પોતાના બાળકોને પહેરાવે છે અને જૈન શાળામાં જતા એમના કપડાના ઠેકાણાં ન હોય. સ્કૂલ કરતાં જૈનશાળાનું મહત્વ વધારે છે. સ્કૂલમાં તો ભૌતિક જ્ઞાન મળે છે જ્યારે જૈનશાળામાં આધ્યાત્મિક જ્ઞાન મળે છે. ત્યાં બાળકોને શુદ્ધ વસ્ત્રો પહેરીને મોકલવા જોઇએ.

કંચુકી આવી ને જમાલિકુમારને કહે છે કે યુવરાજ! આજે આપણા ગામમાં કોઇ યક્ષનો કે કોઇ નદીનો મહોત્સવ નથી. પણ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ક્ષત્રિયકુંડનગરની બહાર બહુશાલ નામના ઉદ્યાનમાં પધાર્યા છે. જ્યાં સાક્ષાત તિર્થંકર પધારે ત્યાં લોકોના હૈયામાં આનંદની હેલી ઉભરાય છે. જે તેમના દર્શન કરે તે પાવન થઈ જાય છે. પ્રભુ ભવ્ય જીવોને સાચો રાહ બતાવનાર, તારણતારણ, દુઃખનિવારણ, અજ્ઞાનના અંધકારને ઉલેચનાર છે. એમની વાણી સાંભળતા ભવના બંધન તૂટી જાય છે. એવા ત્રિકાળજ્ઞાની પ્રભુના દર્શન કરવા માટે આ બધા માણસો હર્ષોલ્લાસપૂર્વક બહુશાલ ઉદ્યાનમાં જઇ રહ્યા છે. બંધુઓ! જ્યાં તીર્થંકર પ્રભુના પગલા થાય છે ત્યાં આનંદ આનંદ વર્તાય છે. આજે આપણા કમભાગ્યે અરિહંત કે કેવળી ભગવંત અહીં નથી. પણ આ પંચમકાળમાં હજુ જૈન શાસન જયવંતુ વર્તે છે. આગમો મોજુદ છે ત્યાં સુધી આપણે ભાગ્યશાળી છીએ. આ પંચમકાળમાં તો કુંડામાં રત્ન છે. પહેલા કૂવામાં રત્ન હતું. તે સમયમાં મનુષ્યના આયુષ્ય લાંબા હતા એટલે એમને આરાધના વધુ કરવી પડતી

હતી. તે સમયમાં માસખમણનું જેટલું ફળ હતું તેટલું આજે સમભાવે ને સમજણપૂર્વકના એક ઉપવાસનું ફળ છે. માટે બંધુઓ ! આ પંચમકાળમાં બને તટલી ધર્મારાધના કરી લેા.

જમાલિકુમારને ખબર પડી કે ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે. આખા ક્ષત્રિયકુંડનગરની જનતા પ્રભુના દર્શને જવા ઉમટી છે તેા હવે મારાથી આ રંગમહેલમાં કેમ બેસી રહેવાય? એને આવેા ભવ્યમહેલ, સ્ત્રીઓ.ને નાટકેા બધું ઝાંખુ દેખાવા લાગ્યું. આજે આ મેાહમયી મુંબઈ નગરીમાં કેટલા શ્રાવકેા હજુ દર્શન કરવા આવ્યા નહિ હેાય. આ ધર્મસ્થાનકમાં આવવું, સંતના દર્શન કરવા અને શ્રુતવાણીનું શ્રવણ કરવું એ જેવી તેવી વાત નથી. જૈન ધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધા થશે, રૂચી જાગશે તેા આઠ કર્મોમાં કેાઈની વીસ ક્રેાડાક્રેાડી, કેાઈની ત્રીસ, કેાઈની પંદર ક્રેાડાક્રેાડી ને મેાહનીય કર્મની સિત્તેર ક્રેાડાક્રેાડી સાગરેાપમની સ્થિતિ છે તે સ્થિતિને એક ક્રેાડાક્રેાડી સાગરેાપમમાં લાવી દે. પણ એવી રૂચી જાગવી જોઇએ. ઘણા અહીં આવીને વ્યાખ્યાન સાંભળતા ઉંઘતા હેાય છે. અહીં પણ દર્શનમેાહ મૂંઝવે છે. પણ હું તમને પૂછું છું કે રૂપિયાની નેાટેા ગણતાં ઉંઘ આવે છે? બહેનેાને રેાટલી કરતાં ઉંઘ આવે છે? તમને દર્શનમેાહ અહીં મૂંઝવે છે. આ જીવને તેર કાઠીયા ધર્મ કરવા દેતા નથી. એ ઉપાશ્રયે આવતા અટકાવે છે. તેર કાઠીયામાંથી દશ કાઠીયાને હરાવીને ઉપાશ્રયે તેા આવ્યા પણ ત્રણ કાઠીયા તેા સાથે આવે છે. નિદ્રા–લેાભ અને માન એ તેા અહીં પણ સુખે બેસવા દેતા નથી. તમારા મહાન પુણ્યેાદય છે કે અહીં આવીને બેસવાનું તમને મન થાય છે. તમારી પાસે કદાચ લાખ–ક્રેાડ રૂપિયા ન હેાય તેા એમ ન માનશેા કે હું ગરીબ છું. પણ તમને એમ લાગે કે સંસારના બધા પદાર્થો હેય છે જૈન ધર્મ એ સત્ય છે. સંસારમાં રહેવા છતાં સંસારના સુખ ખારા લાગે તેા સમજી લેજો કે હું અબજોપતિ કરતાં પણ ધનવાન છું. જમાલિકુમારને ખબર પડી કે ક્ષત્રિયકુંડનગરમાં ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે. આવા ઉત્તમ કુળના લેાકેા એમના દર્શન કરવા જઈ રહ્યા છે. તેા મારાથી મહેલમાં કેમ બેસી રહેવાય! આમ વિચાર કરે છે. હવે શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

"ચરિત્ર":– ગુણસેન અને અગ્નિશર્માની વાત ચાલે છે. અગ્નિશર્મા તાપસ બન્યા છે. રાજાએ પહેલાં અગ્નિશર્માની ખૂબ મજાક ઉડાવી હતી તે બદલ તેને ખૂબ પશ્ચાતાપ થવા લાગ્યેા. વારંવાર વંદન કરીને નાના બાળકની જેમ રડીને ક્ષમા માંગવા લાગ્યેા. જેમ રાજ્ય માટે ભરત અને બાહુબલી વચ્ચે ભયંકર યુદ્ધ થયું. છેવટે બાહુબલીએ દીક્ષા લીધી અને તે પહેલાં પેાતાના ૯૮ ભાઈઓએ દીક્ષા લીધી હતી. એ જોઇને ભરત મહારાજા ચેાધારા આંસુએ રડયા કે કયાં હું આ રાજ્યના સુખેામાં લુબ્ધ બન્યેા અને મારા ભાઇઓએ રાજ્યનેા મેાહ છેાડી આત્મિક રાજ્ય મેળવવા સંયમ લીધેા. ધન્ય છે તેમને, આ ગુણસેન પણ ખૂબ પશ્ચાતાપ કરે છે કે હું કેવેા પાપી છું! હે મહાત્મા!

મેં આપને કેવા કેવા કષ્ટો આપ્યા છે. હું મહાપાપી છું. ધિક્કાર છે મને! ત્યારે અગ્નિશર્મા કહે છે હે રાજન! તમે પાપી નથી. એ તો મારા કર્મોએ મને કષ્ટ અપાવ્યું છે તેમાં આપનો દોષ નથી. તમે તો મારા કલ્યાણ મિત્ર છો. એમ કહી રાજાને શાંત કર્યા. પછી જતી વખતે રાજા શું કહે છે :-

સ્વામી પારણા કબ હોગા, કહે પાંચ દિનોકી દેર,
યહતો લાભ બક્શા દો, કરદો ઇતની મહેર,
નહીં ભરોસા કલકા કિંચિત, પલમેં હોવે ઢેર... હો...

હે તપસ્વીરાજ! આપનું પારણું કયારે થવાનું છે? ત્યારે અગ્નિશર્મા કહે છે હજુ પાંચ દિવસની વાર છે તો આપ મારા ઉપર મહેર કરીને આ વખતનું પારણું મારા ઘેર કરજો. મને લાભ આપજો, ત્યારે અગ્નિશર્મા કહે છે, હે રાજન! કાલે શું થવાનું છે તે કોઈ જાણી શકતું નથી. લીધેલો શ્વાસ પાછો મૂકીશું કે નહિ, ખાધેલું અન્ન પચાવીશું કે નહિ તેનો ભરોસો નથી. માટે એક ક્ષણનો પણ વિશ્વાસ કર્યા વિના આત્મસાધના કરો. રાજા કહે છે આપની વાત સાચી છે, પણ મને ખૂબ ભાવના છે. મારા ઘેર પારણું કરવાનું વચન આપો. ત્યારે તાપસ કહે છે, કોઈ જાતનું વિઘ્ન નહિ આવે તો હું મારું પારણું તમારે ત્યાં કરીશ. આમ કહી રાજાના આમંત્રણનો સ્વીકાર કર્યો.

જૈન ધર્મના સંતોમાં ને આમાં આટલો ફેર છે. જૈન મુનિઓ અતિથિ છે. જેમ અતિથિની કોઈ તિથિ નિર્માણ ન હોય તેમ સંતો કયે દિવસે કયાં ગૌચરી પધારશે તે નક્કી ન હોય. બાર વ્રતમાં અગિયાર વ્રત તમને સ્વાધીન છે પણ બારમું વ્રત પરાધીન છે. તમને ગમે તેટલા ભાવ હોય પણ સંત ન પધારે તો બારમું વ્રત પૂરું ન થાય. જૈનના સંતો નિર્દોષ આહારની ગવેષણા કરે છે. દશવૈકાલિક સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે :-

दुल्लहाउ मुहादाई, मुहाजीवि वि दुल्लहा
मुहादाई मुहाजीवी, दो वि गच्छन्ति सुग्गइं तिबेमि ।

દશ. સૂ. અ. ૫, ઉ. ૧, ગાથા ૧૦૦

શુદ્ધ આહારનો દેનાર આ જગતમાં દુર્લભ છે ને લેનાર પણ દુર્લભ છે. આહાર શુદ્ધ હોય, લેનાર શુદ્ધ હોય તો બંને સુગતિમાં જાય છે.

જૈન મુનિ ગૌચરી જાય ત્યારે ગુપ્ત રીતે જાય. બહાર આંગણામાંથી ધર્મલાભ સૂઝતા છો એમ ન કહે પણ અંદર ધીમે રહીને જાય. અને બહેન કે ભાઈ સૂઝતા હોય તો તેના હાથે બંપ હોય તેટલું વહોરે. તમે નિર્દોષ આહાર વહોરાવશો તો ઘણો લાભ મળશે.

અગ્નિશર્માએ માસખમણને પારણે માસખમણ એવા એક-બે નહિ પણ ઘણાં પૂર્વ સુધી એવો તપ કર્યો છે. છતાં તેનો તપ અજ્ઞાન તપ છે. અગ્નિશર્માએ ગુણસેન

રાજાને ત્યાં પારણું કરવા જવાનું આમંત્રણ સ્વીકારી લીધું. રાજા પોતાના મહેલમાં ગયા. જઈને એની રાણીને તેમજ નોકર ચાકરોને કહી દીધું કે આજથી છઠ્ઠે દિવસે આપણે ઘેર મહાન તપસ્વી પારણું કરવા આવવાના છે. તમે બધા ખડે પગે તેમની સેવામાં હાજર રહેજો અને એમને ખૂબ શાતા ઉપજે તે રીતે પારણું કરાવજો. એમ બધાને ખૂબ ભલામણ કરી.

"પારણાના દિવસે રાજાને મસ્તક વેદના".

મહારાજાના મનમાં ખૂબ આનંદ છે. તપસ્વીના પારણાની તેઓ રાહ જોતા હતા કે કયારે તપસ્વી પધારે ને હું તેમને પારણું કરાવી પાવન બનું. પણ કર્મની ગતિ વિચિત્ર છે. માણસ ધારે છે જુદું ને બની જાય છે જુદું. અહીં અગ્નિશર્માને પારણાનો દિવસ આવી ગયો.

કરન પારના આયા તાપસ આયા રાજદ્વાર,
ઇધર ભૂપ સિર હુઇ વેદના, ચૈન ન પડે લગાર.
જુડે મહલમાં પરિજન પુરજન કરનેકો ઉપચાર હો...
શ્રોતા તુમ સુનજો ગુણસેન ચરિત્ર પૂરા પ્રેમસે ...શ્રોતા...

પારણાનો દિવસ આવી ગયો. તપસ્વી અગ્નિશર્મા ગુણસેન રાજાને ત્યાં પારણું કરવા માટે જાય છે. બધા તાપસો મનમાં આનંદ પામે છે કે આપણા ગુરુદેવનું પારણું રાજાને ઘેર થશે. અગ્નિશર્માએ રાજમહેલમાં પ્રવેશ કર્યો તે દિવસે ગુણસેન રાજાને મસ્તકમાં ભયંકર વેદના થતી હતી તેથી રાજ્યમાં હાહાકાર મચી ગયો છે, આખું રાજકુળ આકુળ–વ્યાકુળ બની ગયું છે. અંતેઉરમાં રાણીઓ રોકકળ કરે છે. મોટા મોટા વૈદો, હકીમો ને મંત્ર–તંત્રવાદીઓ આવ્યા છે. સૌ પોતાની શકિત ને બુદ્ધિનો અજમાશ કરે છે, પણ રાજાને વેદના ઓછી થતી નથી. રાજમહેલમાં માણસોની આવજા ખૂબ ચાલી છે રાજાના નોકરો, રસોઇયા ને પટાવાળા બધા લમણે હાથ દઇને બેઠા છે. રાજાને કદી ઓછું થતું નથી એટલે દરેકના મન ચિંતાતુર બની ગયા છે. આવા સમયે તપસ્વીએ રાજમહેલમાં પ્રવેશ કર્યો. જૈન મુનિ અને અન્ય ધર્મના મુનિઓમાં આટલો ફેર. જૈન-મુનિ જ્યાં માણસોના ટોળા હોય, માણસો ખૂબ આવજા કરતા હોય અને જમણવારની પંકત પડી હોય ત્યાં જાય નહિ. અગ્નિશર્મા તાપસ ત્યાં ગયા પણ કોઇ તેમનો આદર સત્કાર કરતું નથી કે તપસ્વી પધારો એમ કહેતું નથી. રાજાને કેમ જલ્દી સારું થાય તેની ધમાલમાં સૌ પડયા છે. થોડી વાર ત્યાં ઉભા રહ્યા પણ કોઇએ તપસ્વીને પારણું કરવાનું કહ્યું નહિ એટલે તરત ત્યાંથી પાછા ફર્યા.

"બીજા મહિનાના ઉપવાસની પ્રતિજ્ઞા"

રાજમહેલમાં પારણું થયું નહિ. પહેલે ઘેર પારણું ન થાય તો બીજે ઘેર જવુ

નહિ એવી તેમની પ્રતિજ્ઞા હતી એટલે એ મહા તપસ્વી તપોવનમાં આવ્યા એટલે બધા તાપસો પૂછે છે ગુરૂદેવ! આપનું પારણું હજુ નથી થયું? આપનું મુખ હજુ કરમાયેલું કેમ જણાય છે? શું આપ હજુ રાજમહેલમાં નથી ગયા? અગ્નિશર્મા તાપસ કહે છે હું ત્યાં ગયો હતો પણ રાજાને કોઇ અશાતાનો ઉદય થયો છે એટલે આખું રાજકુળ નોકર-ચાકરો બધા ચિંતાતુર બની ગયા છે. અંતેઉર રડે છે. હું થોડીવાર ત્યાં ઉભો રહ્યો પણ કોઈ આવો-પધારો એમ કહી શકે તેમ ન હતું. એટલે હું પાછો આવ્યો છું. ત્યારે કુલપતિ કહે છે કે મહાતપસ્વી! જોજો તમે મનમાં લેશ પણ ક્રોધ ન લાવશો. રાજા બૂબ બિમાર હશે તેથી આવું બન્યું. એને તમારા પ્રત્યે તો બૂબ ભક્તિભાવ છે. એ જાતે પારણા વખતે ઉભા રહે તેવા છે. માટે તમે લેશમાત્ર તેના ઉપર કષાય ભાવ ન લાવતા. તમારી વર્ષોની સાધના ન લૂંટાય. અગ્નિશર્મા કહે છે ગુરૂદેવ! એ તો મારો કલ્યાણ મિત્ર છે. મને તેના ઉપર બૂબ પ્રેમ છે. હું ક્રોધ નહિ કરું. મને સહેજે તપની વૃદ્ધિ થઈ. આપ મને બીજા મહિનાના ઉપવાસ કરવાની પ્રતિજ્ઞા આપો. બૂબ પ્રસન્નચિત્તે અગ્નિશર્માએ બીજા મહિનાના ઉપવાસની પ્રતિજ્ઞા કરી. અહીં જેવી પ્રતિજ્ઞા થઇ કે તરત રાજાને મસ્તકની વેદના શાંત થઈ ગઇ અને રાજાને યાદ આવ્યું કે મેં આજે તપસ્વીને પારણું કરવાનું આમંત્રણ આપ્યું હતું. એના માણસોને કહે છે તમે તપસ્વીના પારણાનું ધ્યાન રાખજો. તે હજુ આવ્યા છે કે નહિ? તપસ્વીને જરા પણ દુઃખ ન થાય તેમ કરજો. તપસ્વી જો કોપાયમાન થશે તો મોટો અનર્થ થશે. મહાન પુરૂષો કોપાયમાન થાય તો ડહેજ્જ નર કોડિઓ ક્રોડો માણસોને બાળીને ભસ્મ કરી દેશે. આ પ્રમાણે રાજા કહે છે. હવે તેના માણસો શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૧૮

અષાઢ વદ ૧૩ ને શુક્રવાર **તા. ૨૭-૭-૭૩**

શાસ્ત્રકાર ભગવાન ત્રિલોકીનાથે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયા પછી જગતના જીવોને અજ્ઞાનરૂપી અંધકારમાંથી બહાર કાઢવા અને જ્ઞાનરૂપી પ્રકાશના પંથે લઈ જવા સિદ્ધાંતમય વાણીની પ્રરૂપણા કરી. જીવ અનાદિકાળથી પરદ્રવ્યને સ્વદ્રવ્ય માની તેને વળગી રહ્યો છે. આ વીતરાગ વાણી અને વીતરાગ શાસન મહાન પુણ્યોદયે મળ્યા છે છતાં તમારો વહેવાર, પૈસા ને પત્ની જેટલા વહાલા લાગ્યા છે તેટલી આત્મસ્વરૂપની રમણતા કરાવનાર વીતરાગની વાણી વહાલી લાગી છે? જ્યારે આ ચતુર ચેતન નિજઘરમાં રમણતા કરશે ત્યારે તેની રોનક બદલાઈ જશે. માટે હે માનવ! તારી એક ક્ષણ સ્વાનુભૂતિ

વિનાની જવા ન દે. જીવનમાં બધું મળશે પણ ગયેલો સમય ફરીને નહિ મળે. દેવતા અને નારકીના વધુમાં વધુ તેત્રીસ સાગરોપમના આયુષ્યની અપેક્ષા એ મનુષ્યનું આયુષ્ય સિંધુમાં બિન્દુ જેટલું ગણ્ય. છતાં સમજાય છે? જ્ઞાની શું કહે છે:–

જીવાવું છે થોડું જગમાં ને કામ છે ઘણું,
આ પળ પળ જાય અમૂલી (૨) અમથી ગુમાવશોમા...
મોંઘેરું આ માનવજીવન હાર જાશો મા... ઓ માનવંતા...

જ્યાં સુધી રોગ નથી આવ્યો ત્યાં સુધી સાધના કરી લો. જેમ શેરડીમાંથી રસ કાઢીને ફૂચા ફેંકી દેવામાં આવે છે તેમ દેહમાંથી ચેતનદેવ ચાલ્યો જશે પછી દેહને હિન્દુ જલાવી દે છે અને મુસ્લીમ દફનાવી દે છે. મહાન પુરૂષોએ કાયા સારી રહી ત્યાં સુધી જ્ઞાન–ધ્યાન–વિનય, વૈયાવચ્ચ, તપ આદિ કરી લીધું અને જ્યારે એમ લાગ્યું કે હવે આ કાયા કામ આપતી નથી ત્યારે બધું વોસરાવીને સંથારો કર્યો. તીર્થંકર ભગવંતોએ પણ છેલ્લે સંથારો કર્યો છે. એ શરીરને સાધન સમજતા હતા. સાધન દ્વારા સાધ્યની સિદ્ધિ કરી લેવી એ માનવજીવનનો સાર છે.

દેવભવમાં આત્મ-સાધના કરી શકાતી નથી તેથી દેવ માનવભવને ઝંખે છે. વિચાર કરો, ગમે તેવો મોટો છ ખંડનો ધણી ચક્રવર્તી હોય તો પણ દેવની ઋદ્ધિ પાસે તુચ્છ છે. આવો દેવ માનવભવની ઇચ્છા શા માટે કરે છે? સમકિતીદેવને એવો વિચાર થાય છે કે હું અહીં ગમે તેવા દૈવી સુખો ભોગવી રહ્યો હોઉં પણ મારો કાળ અવિરતીમાં જાય છે. જલ્દી હું મનુષ્ય કયારે થાઉં ને સંયમ ધારણ કરું. વિચાર કરજો કે આવો ઉત્તમ માનવભવ પામીને શું કરું છું?

આ ઘનઘાતી કર્મની ભેખડો તોડવાનો અમૂલ્ય અવસર છે. તપસ્વીને જોઈને વિચાર કરો કે આ કેવો રૂડો તપ કરે છે ને હું તો સવારથી ઉઠીને ખા ખા કરું છું. હું એના જેવો તપ કેમ ન કરી શકું? મારામાં શું ખામી છે? તપ કરવા પુરુષાર્થ કરો. તપ ન થઈ શકે તો શું કરો? "तवेसुवा उत्तम बंभचेरं" સર્વ તપમાં ઉત્તમ તપ હોય તો બ્રહ્મચર્ય તપ છે. ભગવાન મહાવીરસ્વામી મોક્ષમાં જવાના હતા. ત્રીસ વર્ષે સંયમ લીધો પણ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા અઠ્ઠાવીસમા વર્ષે લઇ લીધી હતી. તમને હવે એમ નથી થતું કે હું આટલી ઉમ્મરે પહોંચી ગયો છું તો બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઇ લઉં. વિષયો ઉપરથી વિરાગભાવ જેને આવે છે તેને કોણ નમે છે?

બ્રહ્મચર્યનો પ્રભાવ

देव-दाणव गंधव्वा, जवख-रक्खस्स-किन्नरा ।
बंभयारिं नमंसंति, दुक्करं जे करंति ते ।।

દેવો, દાનવો, ગાંધર્વો, યક્ષો, રાક્ષસો, અને કિન્નરો જે દુષ્કર બ્રહ્મચર્યનું પાલન કરે છે તેને નમસ્કાર કરે છે. બ્રહ્મચર્યમાં અલૌકિક શક્તિ છે.

એક વખત નેમકુમારે રમતાં રમતાં કૃષ્ણ વાસુદેવનો શંખ હાથમાં લીધો અને સહેજ ફૂંક મારી ત્યાં આખી દ્વારકાનગરી ધણધણી ઉઠી. કૃષ્ણ વાસુદેવ દોડતા આવ્યા. મારો શંખ કોણે વગાડયો? મારા સિવાય કોઈની તાકાત નથી કે આ શંખને ઉપાડી શકે. તો વગાડવાની તો વાતજ ક્યાં? કૃષ્ણ વાસુદેવે નેમકુમારને જોયો. અહો! આટલી છોટી ઉંમરમાં એણે શંખ વગાડયો? નક્કી આ કોઇ બળીયો પુરૂષ છે. એ મોટો થશે ત્યારે મારું રાજ્ય લઈ લેશે. એના બળનું માપ કાઢવા કૃષ્ણ વાસુદેવ કહે છે ભાઇ! ચાલ, આપણા બેમાંથી કોણ વધુ બળવાન છે તે જોઇએ. એમ કહી કૃષ્ણે હાથ લાંબો કર્યો ને કહે છે મારો હાથ નમાવી દે, તો નેમકુમારે કૃષ્ણના હાથને સહેજ આંચકો માર્યો ને તરત નમાવી દીધો. હવે નેમકુમારે હાથ લંબાવ્યો. કૃષ્ણ એમનો હાથ પકડીને લટકયા. હીંચકા ખાધા તો પણ નેમકુમારનો હાથ નમાવી શકયા નહિ. કૃષ્ણે વિચાર કર્યો કે આ બ્રહ્મચારી રહેશે તો આનું બળ વધશે. માટે હું એને પરણાવી દઉં તો એનું બળ ઘટી જશે.

ટૂંકમાં કહેવાનો આશય એ છે કે બ્રહ્મચર્યમાં કેટલી તાકાત છે! માણસ વિષય-ભોગમાં પડીને પોતાની શક્તિ ફના કરે છે. શરીરમાં વિટામીન લાવવા અભક્ષ ખાઇ રહ્યા છે. જ્ઞાની કહે છે જો તું બ્રહ્મચર્યનું પાલન કરીશ તો બધા વિટામીન આવી જશે. જે મન-વચન-કાયાથી શુદ્ધ બ્રહ્મચર્ય પાળે છે તેને પૂર્વનો વૈરી દેવ ઉપસર્ગ આપવા આવે તો પણ દૂર ઉભો રહે. તેને સ્પર્શ કરી શકે નહિ એવું બ્રહ્મચર્યનું તેજ છે. તપ ન થાય તો આ મહાન તપની આરાધના કરી લો. સમજણપૂર્વક લેશો તો સારું છે. નહિ લો તો યાદ રાખજો કે:-

આખમેં અપી જાના બંદા મિટ્ટીસે મિલ જાના,
તમે થોડા કરો અભિમાન એક દિન પવનસે ઉડ જાના,
હીરા પહેરો, સોના પહેરો, પહેરો મોતીડા સાચા,
તો ય એક દિન કાળ લઇ જાશે,-આખમેં અપી જાના....

એક દિવસ જરૂર જવાનું છે. વારંવાર જીવને જન્મ મરણ કરવા પડે એ કેટલા દુઃખની વાત છે. આપણને એવો ભાવ થવો જોઇએ કે હવે જલ્દી જલ્દી મારો મોક્ષ કેમ થાય? આવો ઉત્તમ જન્મ પામીને હવે જન્મ મરણના ત્રાસ નથી વેઠવા. માટે બ્રહ્મચર્ય પાળી લેવું. એવું આંદોલન જગાડી આજથી નિર્ણય કરો કે આપણા ઘરમાં એક તપશ્ચર્યા તો થવી જોઇએ. તપ-વ્રત પ્રત્યાખ્યાનથી કેટલો લાભ થાય છે! ભલભલા દેવો હારી જાય છે.

"જ્યાં સુધી તપ છે ત્યાં સુધી દેવોનું પણ ચાલતું નથી"

દ્વારકાનગરીને બાળવા દેવ ઝઝુમીને રહ્યો હતો. ભગવાન નેમનાથે કૃષ્ણ-

વાસુદેવને કહ્યું હતું કે જ્યાં સુધી તારી નગરીમાં એક પણ વ્રત–પ્રત્યાખ્યાન હશે ત્યાં સુધી કોઇ દેવ ઉદ્રપવ કરી શકશે નહિ. બાર વર્ષ સુધી બરાબર વ્રત-નિયમો ચાલુ રહ્યા. એક દિવસ ગોઝારો આવી કે બાર યોજન લાંબી ને નવ યોજન પહોળી એવી દ્વારકા નગરીમાં એક પણ વ્રત–પચ્ચખાણ નહિ, તે વખતે કોઇ સાધુ–સાધ્વી પણ હાજર ન હતા. ત્યારે કોપાયમાન થયેલા દેવે બે ઘડીમાં બાર યોજન લાંબી દ્વારકાનગરી સાફ કરી નાંખી. તપ કરવાથી બાહ્ય ઉપસર્ગનો નાશ થાય છે અને આભ્યંતર કર્મરૂપી શત્રુ નાશ થાય છે. શરીર પણ નીરોગી બને છે.

"જમાલિકુમાર પૂછે છે" :- જમાલિકુમાર કંચુકીને બોલાવીને પૂછે છે આજે ક્ષત્રિયકુંડનગરમાં શું છે? શેનો ઉત્સવ છે? એક દિશા તરફ જનતા આટલા ઉમંગભેર કયાં જઈ રહી છે? ત્યારે કંચુકી કહે છે મહારાજા! તમે પૂછો છો તે માંહેનો એકેય ઉત્સવ કે મહોત્સવ નથી. પણ ક્ષત્રિયકુંડનગરની બહાર બહુશાલ નામના ઉદ્યાનમાં ભગવાન મહાવીર પધાર્યા છે તેમના વંદન કરવા માટે જાય છે. આટલો સંદેશ જમાલિકુમારે સાંભળ્યો. એટલા સંદેશાએ કમાલ કરી. ભગવાન મહાવીરનું નામ સાંભળીને એના રોમ-રાય ખડા થઈ ગયા. શું મારા નાથ પધાર્યા છે! હવે તો જલ્દી તેમના દર્શન કરવા માટે જાઉં. હવે તેને મહેલ જેલ જેવો લાગ્યો. નાટકના ધમકાર કકળાટ જેવા લાગ્યા. બંધુઓ! ભગવાનના દર્શને જવાનો વેગ ઉપડે તોય કેટલો મહાન લાભ થાય છે.

એક વખત એક શ્રાવક પંચમહાવ્રતધારી સંતના દર્શન કરવા જઇ રહ્યો હતો. તે વખતે રસ્તામાં એક મિશ્રદૃષ્ટિવાળો મિત્ર મળ્યો. તેણે પૂછયું કે તમે કયાં જાવ છો? ત્યારે શ્રાવકે કહ્યું કે ગામ બહાર મારા તરણતારણ ગુરુદેવ પધાર્યા છે. તેમને વંદન કરવા માટે જાઉં છું. તે વખતો પેલો મિત્ર પૂછે છે એમને વંદન કરવાથી શું લાભ થાય? ત્યારે શ્રાવક કહે છે મહાન લાભ થાય છે. શુદ્ધ ભાવથી સંતના દર્શન કરીએ તો કર્મની બેખડો તૂટી જાય છે. એટલે મિશ્રદૃષ્ટિવાળાએ કહ્યું ત્યારે તો હું આવું. એમ કહીને વાંદવાને પગ ઉપાડયો. ત્યાં બીજો મહામિથ્યાત્વી મિત્ર મળ્યો. એણે કહ્યું. કયાં જઈ રહ્યા છો ત્યારે મિશ્રદૃષ્ટિવાળો કહે છે સંત મહાત્માને વંદન કરવા જઈએ છીએ. ત્યારે મહા મિથ્યાત્વી કહે છે એમને શું વંદન કરવા છે! એ તો મેલાઘેલા હોય છે એટલે મિશ્રદૃષ્ટિ-વાળો અટકી ગયો. પણ શ્રાવક તો ગુરુને વંદન કરવા ગયો. જ્ઞાની ગુરુને વંદન કરીને પૂછયું ગુરૂદેવ! વંદન કરવા પગ ઉપાડયો તેને શું લાભ થયો? તે વખતે ગુરૂદેવ કહે છે એ કાળા અડદ સરીખો હતો તે છડેલી દાળ જેવો થયો. કૃષ્ણપક્ષી ટળીને શુકલ-પક્ષી થયો. સમકિત સન્મુખ થયો પણ પગ ભરવા સમર્થ નહિ. અનાદિ કાળનો ઉલ્ટો હતો તે સુલટો થયો. તે જીવ ચાર ગતિ ચોવીસ દંડકમાં ભમીને, દેશે ઉણું અર્ધ-પુદ્ગલ પરાવર્તનમાં સંસારનો પાર પામશે. કેટલો લાભ થયો? એક વાર આત્મા તરફનો

વેગ ઉપડશે તો કર્મના ચૂરેચૂરા થઈ જશે, મહાવીર પ્રભુની પેઢી પર તો લાભ લાભ ને લાભ છે. તમારા સંસારની પેઢી પર તો તમારા પ્રારબ્ધમાં હશે તો લાભ મળશે. ગમે તેટલો પુરૂષાર્થ કરો પણ જો પ્રારબ્ધમાં નહિ હોય તો નહિ મળે.

તમારે બહારગામ જવાનું હોય ત્યારે વહેલા સ્ટેશને પહોંચી જાવ છો. પણ આ આત્માની ટ્રેઇન ક્યારે ઉપડશે તેની ખબર નથી. એને સારા સ્ટેશને લઇ જવી હોય તો વેગથી દોડીને અહીં આવી જાવ. જમાલિકુમારને વેગ ઉપડયો છે એટલે કંચુકીઓને કહે છે હે દેવાનુપ્રિયો! મારે પ્રભુ મહાવીરના દર્શન કરવા જવું છે, તો તમે જલ્દી ચાર અશ્વનો રથ તૈયાર કરાવો. માણસોને આજ્ઞા આપી પોતે સ્નાનગૃહમાં ગયા. સ્નાન કરીને રાજ્યના નિયમ પ્રમાણે બલીકર્મ કર્યું અને ભગવાનના દર્શને જવાની તૈયારી વેગથી કરી રહ્યાં છે. દર્શનના ઉત્કૃષ્ટ ભાવથી એમના કર્મની સાંકળો તૂટવા માંડી છે. ભગવાન કહે છે "कडेमाणे कडे त्ति।" કરવા માંડયું ત્યારથી કર્યું.

કૃષ્ણ વાસુદેવ નેમનાથ પ્રભુના વંદન કરવા ગયા. એવો ભાવ ઉપડયો કે સાતમી નરકે જવા યોગ્ય કર્મના દળીયાને વિખરીને ત્રીજી નરકે લાવીને મૂકી દીધા. વંદન કરવાથી જીવને શું લાભ થાય છે.

वंदणएणं भंते ! जीवे किं जणयइ ? वंदणएणं नीयागोयं कम्मं खवेइ, उच्चागोयं कम्मं निबन्धइ ।।

ઉત્કૃષ્ટ ભાવે વંદન કરવાથી નીચ ગોત્ર કર્મને ખપાવે છે અને ઉચ્ચ ગોત્ર કર્મ બાંધે છે. પંચમહાવ્રતધારી સંતને જોઇને એવા ભાવ થવા જોઇએ કે હું ક્યારે આવો બનીશ? કૃષ્ણ વાસુદેવે નેમનાથ પ્રભુના ૧૮૦૦૦ સંતોને ભાવવંદન કર્યા અને સંતોને જોઇને એવો ઉલ્લાસ આવ્યો કે હે મારા નાથ! શું તારો દરબાર શોભે છે!

શું એ શોભી રહ્યા છે મારા જીનવરીયા,
જાણે તરસ્યાને મીઠા મીઠા સરોવરીયા...શું એ શોભી...

હું ગમે તેવો મોટો વાસુદેવ હોઉં, સિંહાસને બેસતો હોઉં અને મારો ગમે તેવો દરબાર ભરાતો હોય તો પણ નાથ, તારા દરબાર જેવો મારો દરબાર શોભતો નથી. મોતીની માળા જેવા એકેક સંતો કેવા શોભે છે? આત્માની મસ્તીમાં કેવા મસ્ત છે અને હું તો સંસારના કીચડમાં ફસાયો છું. હું આ માર્ગ ક્યારે અપનાવીશ? આવા ઉત્કૃષ્ટ ભાવ આવતાં કર્મની સાંકળો તોડી નાંખી જૈન દર્શન પરિણામ ઉપર છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિએ વચનથી કે કાયાથી કોઇની સાથે યુદ્ધ કર્યું ન હતું છતાં મનથી સાતમી નરકે જવાને યોગ્ય કર્મના દળીયા ભેગા કર્યા અને પાછી એવી પશ્ચાતાપની ભઠ્ઠી સળગી અને શુદ્ધ ભાવની શ્રેણીએ મનથી ચઢયા તો કેવળ જ્ઞાન પામી ગયા. મનસ્મૃતિમાં કહ્યું છે કે:- मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः મનુષ્યને નરકમાં લઈ જવાવાળું મન

છે. સ્વર્ગ ને મોક્ષમાં લઇ જવાવાળું પણ મન છે. મન જેને હોય તે સંજ્ઞી કહેવાય અને મન ન હોય તે અસંજ્ઞી છે. અસંજ્ઞીને દ્રવ્ય મન નથી પણ ભાવમન છે. દ્રવ્ય મનવાળાને સારા ખોટાની ખબર પડે છે. રાગ-દ્વેષ કરે છે. દ્રવ્યમન જડ છે. ભાવમન ચેતનવંતુ છે. એનાથી કર્મનો ક્ષયોપશમ જીવ કરી શકે છે. એક મનને જે જીતે છે તે સર્વેને જીતી શકે છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૩મા અધ્યયનમાં ભગવાન કહે છે.

एगे जिए जिया पंच, पंच जिए जिया दस,
दसहा उ जिणित्ताणं, सव्वसत्तू जिणामहं ।।

ઉત્ત. સૂ. અ. ૨૩, ગાથા ૩૬

જે એક મનને જીતે છે તે પાંચ ઇન્દ્રિયોને જીતે છે અને પાંચ ઇન્દ્રિયોને જીતે છે તે દસ પ્રાણને જીતે છે. એ દસને જીતે તે આત્માના સર્વભાવ શત્રુઓને જીતે છે. માટે આપણા મનને શુભ પ્રવૃત્તિમાં જોડવું કે અશુભ પ્રવૃત્તિમાં જોડવું તે આપણા હાથની વાત છે. જમાલિકુમારનું મન ભગવાનના દર્શન કરવા તલસી રહ્યું છે. એક તરફ રથ તૈયાર કરવાની સારથીને આજ્ઞા આપી છે અને સ્નાન કરી પોતે શણગાર સજે છે. હવે તે પ્રભુના દર્શન કરવા બહુશાલ ઉદ્યાનમાં કેવી રીતે જશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :– ગુણસેન અને અગ્નિશર્માનું ચરિત્ર ચાલે છે. કોઇને એમ થાય કે વ્યાખ્યાન પછી ચરિત્રની શી જરૂર છે. અમુક વ્યકિતઓ માટે ધર્મકથા પણ જરૂરી છે. કથાનુ યોગથી પણ જીવો ધર્મ પામી જાય છે. જે આત્માઓ તત્ત્વની વાત સમજતા ન હોય તેને કથાનું યોગમાં આનંદ આવે છે. ધર્મકથા સાંભળવાથી પણ મનના અધ્યવસાયો નિર્મળ બને છે.

ગુણસેન રાજાને ઘેર અગ્નિશર્મા તાપસ માસખમણના પારણાના દિવસે પારણું કરવા માટે ગયા રાજાને ખૂબ ભાવથી પારણું કરવા માટે આમંત્રણ આપ્યું હતું. એના ભાવમાં ખામી ન હતી. ઘેર જઇને એમના માણસોને કહી દીધું હતું કે આપણે ત્યાં છઠ્ઠે દિવસે મહાન તપસ્વીના પુનિત પગલા થશે. તેમને મહિનાના ઉપવાસ છે માટે તેમને શાતા ઉપજાવજો. એના મનમાં ખૂબ આનંદ હતો. પણ જ્ઞાની કહે છે તું ગમે તેમ કર પણ કર્મના લેખ ઉપર કોઇ મેખ મારી શકે તેમ નથી. કર્મ તો કહે છે હું તારી સાથે આવું છું. રાજાના મસ્તકમાં ભયંકર વેદના થવાથી બધા તેમની સારવારમાં પડયા એટલે તપસ્વીને આવો, પધારો, એમ ન કહ્યું તેથી બીજા માસખમણની પ્રતિજ્ઞા કરી લીધી.

आया ध्यान राजाका जब गइ शीश वेदना दूर,
आश्रम में आ कहे कर जोडी, तब था मैं मजबूर,
शीघ्र पधारो करो पारणा, कर सब मारे कसूर हो...
श्रोता तुम सुनजो समरा दित्यका चरित्र सुहावना...

આ તરફ અગ્નિશર્માએ બીજા માસના ઉપવાસની પ્રતિજ્ઞા કરી લીધી પછી શું બન્યું:-

રાજાનું ફરી પારણા માટે આમંત્રણ

રાજાને મસ્તકની વેદના શાંત થઇ એટલે તરત એના પરિવારને પૂછયું કે આજે આપણે ઘેર ઉગ્ર તપસ્વીનું પારણું છે. તો તેઓ પારણું કરવા માટે આવી ગયા કે હવે આવવાના છે? ત્યારે એના માણસો કહે છે એ મહા તપસ્વી આવ્યા હતા પણ આપના મસ્તકની વેદના ખૂબ હતી એટલે સૌ ચિંતામાં હોવાથી કોઈએ તેમનો આદર સત્કાર કર્યો નહિ એટલે તેઓ પાછા ફર્યા હશે. આ સાંભળીને રાજાને ફાળ પડી શું એ મહા તપસ્વી મારા આંગણે આવી ને પાછા ફર્યા? કેવો કમભાગી! કેટલી વિનંતી કરી ત્યારે મારું આમંત્રણ સ્વીકાર્યું ને આવું બન્યું? રાજાના મનમાં ખૂબ ચિંતા થઈ. હજુ પોતાને વેદના મટી છે પણ શરીર અસ્વસ્થ હતું છતાં રાજા ઉભા થઇ ગયા અને સીધા તપોવનમાં આવી કુલપતિને પ્રણામ કરીને કહે છે ગુરૂદેવ! મેં મોટો અપરાધ કર્યો છે. મારા ઘેર તપસ્વી પારણું કરવા આવ્યા ત્યારે મને મસ્તકમાં સખત વેદના ઉપડી હતી એટલે તેઓ મારે ત્યાં આવ્યા ને પાછા ફર્યા તેનું મારા મનમાં ખૂબ દુઃખ થયું છે. મને તપસ્વી પાસે જવા દો.

ગુણસેન રાજાને ખૂબ પશ્ચાતાપ થાય છે. અગ્નિશર્મા પાસે જઇ નમન કરીને કહે છે ગુરૂદેવ! ક્ષમા કરો. હું મહાપાપી છું. આપને હું આમંત્રણ આપી ગયો ને આપ પધાર્યા પણ મારા મસ્તકમાં અતુલ વેદના હોવાથી મને ભાન ન હતું તેથી આપ પાછા ફર્યા. પણ હજુ તો એનો એ જ દિવસ છે. તો આપ મારા મહેલમાં પધારો અને સુખપૂર્વક પારણું કરી મને પાવન કરો. મેં આપને અસમાધિ કરી. મારી ભૂલ થઈ છે. મને ક્ષમા કરો. આ રીતે ખૂબ આજીજી કરે છે ત્યારે અગ્નિશર્મા કહે છે રાજન! તમારી ભૂલ નથી. તમારે દુઃખ લગાડવાની જરૂર નથી. આજે મારા તપની કસોટી છે. તમારી દ્વાનાંતરાય અને મારી લાભાંતરાય હશે માટે આમ બન્યું. તમે રડશો નહિ, મારા અંતરાય કર્મના કારણે બધો ભાવ ભજવાઇ ગયો. અને મારે નિયમ છે કે હું જે ઘેર, પ્રથમ જાઉં ત્યાં પારણું થાય તો મારે કરવું અને ન થાય તો બીજા માસ-ખમણની પ્રતિજ્ઞા લઇ લેવી. તે અનુસાર મેં બીજા માસખમણની પ્રતિજ્ઞા કરી લીધી છે. મારો નિયમ એટલે નિયમ. એમાં કોઇ રીતે ફેરફાર થઇ શકે તેમ નથી. રાજા ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડી પડયા. મેં તથા મારા પરિવારે કોઇએ ઉપયોગ ન રાખ્યો ત્યારે આમ બન્યું ને! મુનિને કેટલી અસમાધિ ઉપજાવી, હવે તો કોઇ ઉપાય ચાલે તેમ નથી.

હવે રાજા કુલપતિ પાસે જઇને વિનંતી કરે છે ફરીને માસખમણનું પારણું મારે ત્યાં થવું જોઇએ. આ વખતે તપસ્વીનું પારણું મારે ત્યાં નથી થયું તેનો મારા મનમાં

ખૂબ ખેદ છે. જ્યાં સુધી મારે ત્યાં તપસ્વીનું પારણું નહિ થાય ત્યાં સુધી મારા દિલ-માંથી દુઃખ જશે નહિ માટે આવતું પારણું મારે ત્યાં કરવાનું આમંત્રણ સ્વીકારો. કુલપતિએ અગ્નિશર્માને કહ્યું કે રાજાના મસ્તકમાં વેદના થવાથી આપનું પારણું નથી કરાવી શકયા તેનું તેમના મનમાં ખૂબ દુઃખ થાય છે માટે તમે આવતું પારણું તેમને ત્યાં કરજો. તપસ્વી કહે જેવી આપની આજ્ઞા. કુલપતિએ રાજાને કહ્યું કે કાલની કોઇને ખબર નથી પણ કોઇ જાતનું વિઘ્ન નહિ આવે તો આપને ત્યાં પારણું કરશે. હવે બીજી વખતનું આમંત્રણ તાપસે સ્વીકાર્યું અને અવસરે પારણું કરવા જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૧૯

અષાઢ વદ ૧૪ ને શનિવાર **તા. ૨૮-૭-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંતકરૂણાનીધિ વીર ભગવંતે જગતના જીવોના ઉદ્ધારને અર્થે આગમ વાણી પ્રકાશી. ભગવાન કહે છે હે ભવ્ય જીવો ! સંસાર રૂપી સાગરને તરવા માટે આ માનવ-ભવ મળ્યો છે. કોઇપણ માણસ દરિયામાં ડૂબવાની અણી ઉપર હોય તે વખતે કોઇ તેને ઉગારનાર મળી જાય તો તેનો કેટલો ઉપકાર માનો છો ! તેમ જ્ઞાનીઓએ આપણા ઉપર કંઈ ઓછો ઉપકાર નથી કર્યો. આ પંચમકાળમાં અહીં અવધિજ્ઞાની, મનઃપર્યાય-જ્ઞાની કે કેવળજ્ઞાની નથી કે આપણી શંકાનું સમાધાન કરી શકે. અત્યારે જો આપણા માટે તરવાનું કોઇ સાધન હોય તો આગમની વાણી છે. એ આગમ વાણી ગમશે, તેના ઉપર રૂચી થશે ત્યારે રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા અને લોભાદિ કષાયો ભોળા પડશે ત્યારે પ્રભુના વચન ઉપર શ્રદ્ધા થશે. જેમ કોઈ માણસને તાવ આવ્યો હોય તો એને ખાવાની રૂચી થતી નથી પણ રોગ મટી જાય તો ખાવાની રૂચી જાગે છે તેમ જીવના રાગ-દ્વેષ અને કષાયો રૂપી રોગ જશે ત્યારે આગમ વાણીની રૂચી જાગશે. જ્ઞાની કહે છે ચાર કષાયો કેવી છે:-

कोहो पीइं पणासेइ, माणो विणयनासणो ।
माया मित्ताणि नासेइ, लोहो सव्व-विणासणो ।।

દશ. સૂ. અ. ૮, ગાથા ૩૮

ક્રોધ પ્રેમનો નાશ કરે છે, માન વિનયનો, માયા મિત્રાચારીનો નાશ કરાવે છે

પણ લોભ તો સમગ્ર ગુણોનો નાશ કરાવે છે. અનાદિકાળથી જીવ વિષય ને કષાયને વશ થયો છે. કષાયો રાત-દિવસ આત્મિક ધન લૂંટી રહ્યા છે. જેમ કોઈ વ્યક્તિ ધન લઈને અટવી પસાર કરે છે તે વખતે રસ્તામાં બહારવટીયા મળી ન જાય તેની સાવધાની રાખતો જલ્દી અટવી પસાર કરી જાય છે તે રીતે જ્ઞાની કહે છે કષાય રૂપી બહારવટીયા તારું આત્મિક ધન લૂંટી ન જાય તેની ક્ષણે ક્ષણે સાવધાની રાખીને સંસાર અટવીને પાર કરી જા. કષાયને પુષ્ટ કરનાર હોય તો વિષયો અને તેની સામગ્રી છે. માટે વિષયો પ્રત્યેથી વિરાગ આવે, વિષયો જીવને વિષ જેવા લાગે તો ચારેય કષાયો નબળા પડી જાય. તેને સિંચન ન મળે તો એનું વૃક્ષ કયાંથી વધે! ત્યારે સંસારનો પાયો પણ હચમચી જશે અને સંસારના સુખના રાગ કરતાં પણ વીતરાગ વચન પ્રત્યે વધુ રાગ થશે. સંસાર એટલે શું? "संसरणं इति संसारः" સરકવું તેનું નામ સંસાર. કયાંથી સરકવાનું છે? એક ભવમાંથી બીજા ભવમાં, એક પુદ્ગલથી બીજા પુદ્ગલ પર એક કર્મના ઉદયથી બીજા કર્મોદય પર, એક પ્રવૃત્તિથી બીજી પ્રવૃત્તિ પર, સુખમાંથી દુઃખ પર ને દુઃખમાંથી સુખ પર અને એક ભવમાંથી બીજા ભવમાં જવું તેનું નામ સંસાર છે. આ રીતે કર્મને વશ થઈને સંસારમાં ભમતાં આ જીવને અનંત પુદ્ગલ પરાવર્તનકાળ વ્યતીત થઈ ગયો તો પણ હજુ આરો કેમ નથી આવતો?

એક કર્મના ઉદય પરથી બીજા કર્મના ઉદય પર બસવું તેનું નામ સંસાર છે. ક્ષણે ક્ષણે સંસારમાં વસ્તુની પર્યાયો પલટાય છે. અત્યારે શાતાનો ઉદય વર્તતો હોય અને કલાક પછી અશાતાનો ઉદય થાય છે. આજે માણસ મોટો શ્રીમંત હોય છે અને કાલે એ પુણ્યોદય અસ્ત થતાં પાપના ઉદયે આજનો કરોડપતિ કાલે રોડપતિ (ગરીબ) બની જાય છે અને પુણ્યોદય જાગતાં રોડપતિ, કરોડપતિ બની જાય છે. આજે તમારું લાભાંતરાય કર્મ તૂટયું તો લાભ મળી જશે પણ એની સાથે ભોગાંતરાયનો ઉદય થશે તો મળેલું ભોગવી શકશો નહિ. ખૂબ પુરૂષાર્થ કરીને જ્ઞાનાવરણીયને દબાવ્યું હોય ત્યાં એકા-એક દર્શનાવરણીયનો ઉદય થતાં આંખે ઝાંખપ આવી જાય. દેખાતું બંધ થઈ જાય છે તેમ અત્યારે કોઈ માણસના યશોકીર્તિ નામકર્મનો ઉદય ચાલતો હોય, ચારે દિશામાં એનો યશ ફેલાયેલો હોય ત્યાં એકાએક અપયશ નામકર્મનો ઉદય થઈ જાય છે. આવું તમે નથી જોતા?

સીતાજીનો દાખલો લઈએ. સીતાજી રામચંદ્રજીની સાથે વનમાં ગયા. તે વખતે રાવણ સીતાજીને હરણ કરીને લઈ ગયો. પાછળ રામચંદ્રજીને કેટલું કષ્ટ પડયું છે! શું રામને બીજી સીતા નહોતી મળતી? એને ઘણી સીતાઓ મળી રહેત પણ સીતામાં જે સતીત્વ હતું તે અલૌકિક હતું. તેમ રામનું પણ હતું. હવે રામ-લક્ષ્મણ અને હનુમાનજી કષ્ટ વેઠી રાવણને હરાવીને સીતાજીને લંકામાંથી લઈ આવ્યા પછી સીતાજીને

પટરાણીપદ આપવામાં આવ્યું. એ વખતે સીતા મહારાણીનો શુભ કર્મનો ઉદય હતો કે એ જે કહે તેટલું થતું હતું. એની સેવામાં દાસદાસીઓ હાજર રહેતા હતા. એની આજ્ઞાનું કેઈ ઉલ્લંઘન કરી શકતું ન હતું. એ સીતાજીના જ્યારે અશુભ કર્મનો ઉદય થયો ત્યારે અયોધ્યાની પ્રજામાંથી કોઈ અજ્ઞાન વ્યક્તિ બોલી કે આવા સમ્રાટ રાવણને ઘેર ગયા પછી એ સીતા શું સતી રહી હશે! એટલા શબ્દે એના અશુભ કર્મનો ઉદય થયો.

દેવાનુપ્રિયો! તમને સમજાય છે ને કે કર્મની ગતિ કેવી વિચિત્ર છે! ક્ષણ પહેલાં કેવી કંચન જેવી કાયા હોય છે અને ક્ષણવારમાં શું બને છે! એક સમય એવો હોય કે જ્યાં જાઓ ત્યાં તમને માન મળે, સૌ બમ્મા બમ્મા કરે અને એક સમય એવો આવી જાય કે કોઇ તમારા સામું પણ ન જુવે. જશ મળવાને બદલે જુત્તાનો માર પડે. કર્મના ઉદય આગળ મોટા ચક્રવર્તિનું અભિમાન પણ હેઠું પડી જાય છે. આ કર્મના ઉદયનું જેને ભાન હોય તે કર્મબંધન થાય તેવું એક પણ કાર્ય ન કરે. આ જીવને સંસારમાં કયાં સુખ છે! ઘડીકમાં સુખ ને ઘડીકમાં દુઃખ, ઘડીકમાં હર્ષ ને ઘડીકમાં શોક. ઘડીકમાં રાગ ને ઘડીકમાં દ્વેષ. આવી રીતે એકબીજા ઉપર સરકવું તેનું નામ સંસાર. આખો સંસાર કર્મ અને મોહની ગુલામી નીચે ચાલે છે. એક દિવસમાં પણ કેટલીય વખત સુખ-દુઃખના પ્રસંગ ઉપસ્થિત થતા હશે. તમારૂં ધાર્યું થાય તો સુખ અને ધાર્યું ન થાય તો દુઃખ થાય છે ને?

સીતાજી મહારાણી બનીને અયોધ્યાના મહેલમાં મ્હાલતા હતા. અને ગર્ભવંતા હતાં તે વખતે એને કેટલો આનંદ હશે! પણ લોકવચનથી સીતાજી ગર્ભવંતા હતા તે સમયે રામે એમને વનમાં મોકલ્યા તે વખતે કેવા દુઃખમાં મૂકાઇ ગયા! ગર્ભવંતી બાઈની સૌ દયા કરે છે ત્યારે રામ લોકવચન સાંભળીને ધીરજ ધારી શકયા નહિ. સીતાજીને એવી સ્થિતિમાં એકલા અટૂલા નિરાધાર જંગલમાં મોકલી દીધા. જંગલમાં વાઘ વરૂના ત્રાસથી બચવા માટે એક નાનકડું શસ્ત્ર પણ ન હતું. ભૂખ લાગે તો ખાવા સાથે ભાતું ન હતું. અરે! પ્રસૂતિ થાય ત્યારે બદલવા બીજું વસ્ત્ર પણ ન હતું. આવી સ્થિતિમાં ગાઢ જંગલમાં સીતાજીને મૂક્યા. કેવા સુખમાંથી કેવા દુઃખમાં જવું પડયું! મૂકવા જનાર સારથી પણ ખૂબ રડયો કે આ મારા પાપી પેટને ખાતર મહાસતી સીતાને મારે આ સ્થિતિમાં જંગલમાં મૂકવા પડયા? કેવો પાપી છું? સીતાજીને જંગલમાં મૂકી સારથી અશ્રુભરી આંખે પાછો ફર્યો. સીતાજી એકલા પડયા પણ એ રામચંદ્રજીનો જરાય દ્વેષ કાઢતા નથી. પોતાના પાપકર્મના ઉદયથી આ બધું બન્યું છે એમ માનતા હતા.

"સીતાજીના ચારિત્રનો પ્રભાવ" :– આવા દુઃખમાં પણ સીતાજીના પુણ્યોદયે એક રાજા ફરવા માટે જંગલમાં આવ્યો. સીતાને જોઈને મનમાં થયું કે આ સ્ત્રી કોઈ સતી છે. પણ કષ્ટમાં આવી પડી છે. પોતાના ધર્મની બહેન ગણીને પોતાના મહેલમાં

લઈ ગયો. તેને માટે બધી વ્યવસ્થા કરી આપી અને ત્યાં લવ અને કુશ એ બે પુત્રોને જન્મ આપ્યો. ત્યાં કેવો પુણ્યનો ઉદય થયો. સુખપૂર્વક પ્રસૂતિનું કાર્ય પૂર્ણ થયું. બંને પુત્રોને ઉછેરે છે પણ મનમાં નામકલેશ કે કષાયનો કણીયો નથી આવતો. એ એમ વિચારતા હતાં કે હે જીવ! સુખ અને દુઃખ એ તો તારા શુભાશુભ કર્મનો ઉદય છે એમાં અકળાવાનું શું? આવી તાત્વિક દૃષ્ટિ આવી જાય તો જીવને અકળામણ થાય! ત્યારે એ તો સમજે છે કે જેટલું મને દુઃખ આવે છે તેટલો મારા કર્મનો કચરો સાફ થાય છે. આવી તત્વદૃષ્ટિ આવે તો અશુભ ધ્યાન અટકી જાય. જીવનમાં આવા પ્રસંગો તો વારંવાર આવ્યા કરશે તેમાં સમજીને શુભભાવમાં ટકી જઈશ તો કર્મ નહિ બંધાય અને અશુભ ભાવમાં જઈશ તો કર્મના પહાડ ખડકાઈ જશે. આ સીતાજીનું તત્ત્વજ્ઞાન હતું.

"સીતાજીના કર્મે ફરી અગ્નિપરીક્ષા અને તેમાં મેળવેલો વિજય"

ફરીને એક વખત એવો પ્રસંગ આવ્યો કે સીતાજીની રામે અગ્નિપરીક્ષા કરી. સીતાજી અગ્નિના કુંડમાં પડયા ત્યારે અગ્નિનો કુંડ એના સતીત્વના પ્રભાવથી પાણીથી ભરાઇ ગયો અને સીતાજી સ્નાન કરવા લાગ્યા અને કુંડ દેવનું વિમાન બની ગયું. સીતાજી અને તેના પુત્રો લવ-કુશ તે વિમાનમાં બેસી ગયા. તે વખતે રામ કહે છે સીતાજી! તમે મહાન સતી છો. હવે અયોધ્યાની મહેલાતોને પાવન કરો. ત્યારે સીતાજી કહે છે હવે મારે મહેલમાં નથી આવવું. મને મહેલ જેલ જેવો લાગે છે અને જે કર્મે મને ત્રણ ત્રણ વાર ઠગી છે તેની સામે મારે યુદ્ધ કરવું છે. દેવાનુપ્રિયો! સીતાજીને એક ભવમાં ત્રણ ત્રણ વાર દુઃખ આવ્યું. છેલ્લે સુખનો સમય આવ્યો અને રામચંદ્રજી માન-ભેર મહેલમાં આવવાનું કહે છે ત્યારે આનંદ ન થયો. પણ શું બોલ્યા. શુભ કર્મ મને પ્રલોભન આપે છે પણ સ્વામીનાથ! આ કર્મે મને ત્રણ ત્રણ વાર છેતરી છે. મારા ભાગ્યોદયે મને રામ જેવા પતિ મળ્યા પણ કર્મે મને વનમાં વળાવી દીધી. ત્યાં પતિની સાથે રહી આનંદ કરવા ન દીધો પણ રાવણ ઉઠાવી ગયો. ત્યાંથી છૂટી અયોધ્યામાં આવી પટ્ટરાણીનું પદ મળ્યું પણ ત્યાંથી અચાનક મારા કર્મે મને વનમાં મોકલી દીધી અને પાછી ફરીને અગ્નિ-પરીક્ષા થઇ. આ રીતે વારંવાર કર્મે મને છેતરી છે. હવે તો હું સાવધાન બની ગઈ છું. મારે છેતરાવું નથી અને કર્મની કેદમાંથી મુક્ત બનવા અને શાશ્વત સુખ મેળવવા માટે ચારિત્ર અંગી-કાર કરીશ. રામ કરગરે છે. અયોધ્યાની પ્રજા ઝૂરે છે, રડે છે ને કહે છે કે મહાન સતી! અમારી માતા! તમે અમને છોડીને કયાં જાઓ છો? બધા પગમાં પડે છે પણ સીતાજી લલચાતા નથી! જો દુઃખમાં દીક્ષા લીધી હોત તો કોઇ એમ કહેત કે દુઃખ પડયું એટલે દીક્ષા લીધી પણ હવે તો બધ્ધા બધ્ધા છે છતાં કેવા સારા ભાવ છે! બોલો દેવાનુપ્રિયો! તમે હો તો શું કરો? તમે હો તો એમ કહો ને કે પછી દીક્ષા લેવાશે. અત્યારે આવા માન-પાન મળે તો કોણ છોડે! સીતાજી કહે છે હે રામ! હવે મારો ને તમારો

સબંધ પૂરો થયો. મારો ને તમારો સબંધ તો અનેકવાર થયો છે. હવે સબંધ પૂરો થાય છે. તમે રડશો નહિ, ઝૂરશો નહિ એમ કહીને પોતાના માથેથી વાળની લટો ઉતારીને રામની પાસે નાંખે છે. આથી રામચંદ્રજીને મૂર્છા આવી જાય છે. ભાનમાં આવે છે ને ઝૂરે છે. તે વખતે લક્ષ્મણજી કહે છે મોટા ભાઈ ! તમે આ શું કરો છો ? મારા ભાભી સ્નેહભરેલો સંસાર છોડી સંયમી બને છે તો આપણે દીક્ષા મહોત્સવ ઉજવવાનો છે. અંતે સીતાજી સંયમ લે છે. દુઃખમાં ગમે તેવા પ્રસંગો આવી જાય પણ જેનામાં તત્વજ્ઞાન છે તે સારા અને ખોટા બંને પ્રસંગોમાં સમતોલ રહી શકે છે. સીતાજીમાં તત્ત્વજ્ઞાન હતું તો મહાન દુઃખના પ્રસંગોમાં પણ ધૈર્ય રાખ્યું અને કર્મના બંધનો તોડી નાંખ્યા.

જેનો આત્મા જાગૃત બન્યો છે તેવો જમાલિકુમાર કંચુકીને પૂછે છે કે આજે શું છે ? ત્યારે તે કહે છે કે દેવનો, યક્ષનો કે કિન્નરનો કોઈ મહોત્સવ નથી. આ બધા લોકો આનંદભેર જઇ રહ્યા છે તેનું કારણ એ છે કેઃ–

" एवं खलु देवाणुप्पिया समणे भगवं महावीरे जाव सव्वण्णू सव्वदरिसी माहण-
कुंडग्गाम णयरस्स बहिया बहुसालए चेइए अहारूवं
उग्गहं जाव विहरइ तेणं एए बहवे उग्गा भोगा जाव
अप्पेगइया वंदणवत्तियं जाव णिग्गच्छइ । "

હે દેવાનુપ્રિય ! આજે આપણા નગરની બહાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે. કંચુકીને આટલું બોલતા મુખ ઉપર આનંદ સમાતો નથી. પ્રભુ બહુશાલ નામના ચૈત્યમાં બિરાજે છે ત્યાં આ બધા પ્રભુના દર્શન કરવા અને તેમની વાણી સાંભળવા જઇ રહ્યા છે. આટલું સાંભળતાં જમાલિકુમારને સંસારનો આનંદ આકરો લાગ્યો. બસ હવે તો લગની લાગી છે પ્રભુના દર્શનની.

બંધુઓ ! તમને શેની લગની લાગી છે ધનની કે ધર્મની ? બોલો–બોલો. જલ્દી કરો. લક્ષ્મીની લગની છેને ? એક લાખ મળ્યા તો દશ લાખ કેમ મેળવું અને દશ લાખ મળ્યા તો ક્રોડ કેમ મેળવું ! જેમ જેમ ધન વધતું ગયું તેમ તેમ ભોગ વધતા ગયા. વર્ષોથી ઉપાશ્રયમાં આવ્યા, સંતનો સમાગમ કર્યો, મોટા ગ્રંથો વાંચ્યા પણ જીવનમાં સુધારો થયો ? એક સંતના સમાગમથી વેશ્યા જેવી વેશ્યા શ્રાવિકા બની ગઇ. સ્થૂલિભદ્ર કોશ્યાને ઘેર ચાતુર્માસ રહ્યા ને કોશ્યાને શ્રાવિકા બનાવી દીધી. એ કોશ્યાએ નિયમ કર્યો હતો કે હું મારા ગુરૂજી સ્થૂલિભદ્રજીની સાથી શ્રાવિકા કયારે કહેવાઉં ! કોઇ કર્મોદયથી સાધુ પડવાઇ થતો હોય અને તેને સંયમમાં સ્થિર કરું ત્યારે. એણે તો સાધુને સ્થિર બનાવવાની પ્રતિજ્ઞા કરી પણ તમે શું કર્યું ? તમારામાં એટલુંય પાણી છે કે મારા ઘરમાં નાના કે મોટા કોઇ ધર્મ પામ્યા વિના ન રહેવા જોઇએ. મારા આખા

ઘરનાને હું જૈન ધર્મ પમાડું તો હું સાચો શ્રાવક છું. અરે! સાધુના સંગે પશુઓ સુધરી ગયા. પણ તમે ન સુધર્યા. વાઘ ને સિંહ કદી ઘાસ ન ખાય પણ ભદ્રભદ્ર મુનિ જંગલમાં રહેતા હતા તેમના સંયમના પ્રભાવથી વાઘ ને સિંહ જેવા ક્રુર પ્રાણીઓ તેમની પાસે આવીને બેસતા હતા. એમના સંગથી વાઘ ને સિંહે માંસ ખાવાનું છોડી દીધું અને નિર્ણય કર્યો કે હવે આપણે ઘાસ ખાવું. આ વાઘ-સિંહે એમની પ્રણાલીકા છોડી દીધી પણ મારા ભગવાન મહાવીરના શ્રાવકોને છાતી તોડીને કહીએ છીએ કે હે દેવાનુ પ્રિયો! શ્રાવકને માટે રાત્રિ ભોજન કરવું એ માંસ ભક્ષણ કરવા બરાબર છે, પણ હજુ છોડતા નથી. એક ટંક ઓછું ખાશો તો શું પડી જવાના છો! કદાચ દુકાન વહેલી બંધ થશે તો કમાણી કંઈ બહુ ઓછી નહિ થઇ જાય. રાત્રિ ભોજન કરવું એ મહા પાપ છે. માટે કાયમ રાત્રિ ભોજન બંધ કરો. છેવટે ના બને તો ચાતુર્માસના દિવસોમાં તો અવશ્ય રાત્રિ-ભોજનનો ત્યાગ કરવો જોઇએ. અમુક ઉંમર થાય એટલે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈ લેવી જોઇએ. એ જૈન ધર્મની પ્રણાલીકા છે.

કોશાએ આગળ શું વિચાર કર્યો કે જે મારો સંગ કરે તે બધાને હું ધર્મ પમાડું. જૈન-ધર્મ પામ્યા પછી એને ઘેર જે પુરૂષો ભોગની ઇચ્છાથી આવતા તે બધાને પ્રતિબોધ પમાડીને વૈરાગી બનાવીને ભગવાન પાસે મોકલતી. ભોગ માટે આવેલાને યોગ લેવાની કળા શીખવાડી ભોગીને યોગી બનાવી દીધા. જ્યારે ધર્મ પામી ન હતી ત્યારે જે કોઇ આવે તેને કેમ ભોગી બનાવવા તે આવડત હતી. અને ધર્મ પામ્યા પછી ભોગ માટે આવેલાને કેમ ત્યાગી બનાવવા તે આવડત હતી. આનું નામ ધર્મ પામ્યા કહેવાય. એને ધર્મ એવો રૂચી ગયો, એના અંતરમાં ધર્મ એવો સ્પર્શી ગયો કે ભોગના કીડા બનીને જે તેને ઘેર આવતાં તે બધાને ભગવાનના સાધુ બનાવવા લાગી.

બંધુઓ! તમે આટલા ઉપાશ્રયે આવો છો પણ ધર્મના સ્વરૂપને યથાર્થ સમજતા નથી. વેશ્યા જેવી વેશ્યા સાચી શ્રાવિકા બની ગઈ અને તમે સાચા શ્રાવક ન બનો કેટલી શરમજનક વાત છે! વિષયો વિષ જેવા છે એટલું તો જરૂર સમજી લેજો. જે પુરૂષો વિષયોને જીતે છે તેની દૃષ્ટિમાં પરસ્ત્રી નાગણ જેવી દેખાય છે અને જે બહેન શીયળવંતી છે તેની દૃષ્ટિમાં પરપુરૂષ નાગ જેવા દેખાય છે. એ કામ ઉપર વિજય મેળવી શકે છે. જમાલિકુમાર સંસારની મોજમઝા ઉડાવી રહ્યા હતા. પણ ખબર પડી કે ક્ષત્રિયકુંડ નગરમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે. ત્યાં બધા રંગરાગ છોડી દીધા. પ્રભુનું નામ સાંભળી એના સાડાત્રણ ક્રોડ રોમરાય ખડા થઈ ગયા, અહો મારા નાથ પધાર્યા છે અને હું અહીં બેઠો છું. હવે મારાથી મહેલમાં કેમ બેસી રહેવાય? મુંબઈ નગરીના શ્રાવકો ભાગ્યવાન છે કે મુંબઇમાં કોઇ મહારાષ્ટ્ર, કોઇ ગુજરાત, તો કોઇ કાઠીયાવાડથી હાલીચાલીને સંતો પધારે છે અને તમે જો ઘરમાં બેસી

રહેતા હો તો કેવા કમભાગ્ય છો! સંતની પાસે આવીને જે કંઇ સાંભળો છો તેમાંથી થોડું પણ આચરણ કરો તો સાંભળ્યાની સાર્થકતા છે. જમાલિકુમાર તેમના કૌટુંબિક પુરૂષોને બોલાવીને કહે છે :–

"खिप्पामेव भो देवाणुप्पिया ! चाउघंटं आसरहं जुत्तामेव उवट्ठवेह"

હે કૌટુંબિક પુરૂષો! તમે ચાર ઘંટવાળા અને ચાર ઘોડાનો રથ મારા માટે તૈયાર કરાવો. એનું હૃદય તો હર્ષ તુષ્ટે હર્ષને આનંદથી પ્રફુલ્લિત બની ગયું છે. તમને નોટના બંડલ જોઇને આનંદ થાય છે ને? આવો આનંદ ધર્મનો રાહ બતાવનાર ધર્મ-ગુરૂઓને જોઈને થવો જોઇએ. સંતોને, તપસ્વીને, બ્રહ્મચારીને જોઇને હૈયું હરખાઇ જવું જોઇએ અને ભાવના થવી જોઈએ કે કયારે અમે આવા બનીએ! હવે ચાર ઘંટાનો રથ તૈયાર થશે અને કેવી રીતે દર્શન કરવા જશે તેના ભાવ અવસરે કહેવાશે.

"चरित्र" :– ગુણસેન અને અગ્નિશર્માની કથા ચાલે છે. અગ્નિશર્માએ બીજા માસનો તપ શરૂ કર્યો છે. તપ એ કર્મોને બાળવાની અગ્નિ છે. સમજણપૂર્વકનો તપ કર્મોને બાળે છે. ભગવાન કહે છે કે તપ કરતાં તાપ ન થઇ તેનો ખ્યાલ રાખજો. જેમ અગ્નિમાં જેટલા લાકડા નાંખીએ તેટલા સ્વાહા થઈ જાય છે તેમ આત્મા ઉપર કર્મરૂપી કાષ્ટો અડકાયેલા છે ત્યાં સુધી તેને બાળવા તપની જરૂર છે. પણ તપનો તાપ થઈ જશે તો મહાન કર્મનું બંધન થશે. સાધન એક છે પણ વિધિપૂર્વક ઉપયોગ ન થાય તો મોટું નુકશાન કરે છે. જેમ અફીણના કેફીઓ થોડું થોડું ખાય તો પગમાં જોમ આવે છે અને એક સામટું વાડકામાં ઘોળીને પી જાય તો મરી જવાય છે. માણસ આહાર વિના લાંબો વખત ટકી શકે છે એટલો પાણી વિના ટકી શકતો નથી. સંથારો કરનાર જો પાણી પીવે તો સંથારો લાંબો ચાલે છે અને પાણી ન વાપરે તો સંથારો ટૂંક સમયમાં સીઝી જાય છે. પાણી વિધિથી પીવાય તો માણસ જીવી શકે છે અને કોઈ નદીમાં ડૂબી જાય ને પાણી પી જાય તો મરી જાય છે ને? એવી રીતે તપ કરવામાં પણ વિધિ જોઇએ. કોઇ સાસુ ઉપાશ્રયેથી પૌષધ પાળીને ઘેર ગયા અને વહુએ પારણાની તૈયારી ન કરી હોય તો સાસુને ગુસ્સો આવી જાય ને કહે કે વહુ! તમે તો બાઈને બેઠા છો. તમને શેની ખબર પડે! હજુ મારા માટે પારણાની તૈયારી કરી નથી. એમ કહી ક્રોધથી લાલચોળ થઇ જાય તો ભગવાન કહે છે તેં તપ નથી કર્યો પણ તાપ કર્યો છે. પૌષધ કરીને જે લાભ થવો જોઈએ તે લાભ ન થયો. ઉલ્ટા કર્મ તૂટવાને બદલે કર્મ બાંધ્યા.

અગ્નિશર્મા તાપસનું પારણું કરાવવાનો ગુણસેન રાજાને ખૂબ ઉત્સાહ છે. કયારે પારણાનો દિવસ આવે ને તપસ્વી પધારે અને હું પારણું કરાવું. એમ દિવસો ગણે છે. એમ કરતાં મહિનો પૂરો થયો. એના માણસોને બધાને કહી દીધું છે કે જોજો તપસ્વીનું

પારણું છે. આપણા મહાન પુણ્યોદય છે. આજે તો બે મહિનાના ઉપવાસનું પારણું છે. તમે બધા બરાબર તૈયારી કરજો અને ખૂબ ધ્યાન રાખજો. આ વખતે સ્હેજ પણ ભૂલ ન થાય. હવે અગ્નિશર્મા પારણાના દિવસે પારણું કરવા આવે છે ત્યાં શું બનાવ બને છેઃ–

ચઢ આયા અપની સીમામેં માન ભંગ મહિપાલ,
સોતે સૈનિકોકા જિસને, કર દિયા હાલ બેહાલ હો...
સુનતે હી તન ગઇ ભ્રકુટી, નયન હો ગયે લાલ હો...
શ્રોતા તુમ સુનજો સમરાદિત્યકા ચરિત્ર સુહાવના.

પારણાને દિવસે સવારમાં રાજાને સમાચાર મળ્યા કે આપણા નગરની બહાર કોઇ માનભંગ થયેલો રાજા ચઢી આવ્યો છે. આપણા સૂતેલા સૈનિકોને એણે ઠાર કર્યા છે. આ સમાચાર સાંભળી રાજાને ખૂબ ક્રોધ આવ્યો અને કહે છે જલ્દી યુદ્ધની તૈયારી કરો. રાજ્યમાં દોડાદોડી મચી ગઈ છે. પારણાની બધી તૈયારી કરાવેલી છે. પણ રાજા લડાઇ માટે લશ્કરી વ્યવસ્થા કરવામાં સ્હેજ રોકાયા હતા. હાથી, ઘોડા, પાયદળ બધું દરબારમાં ઉભું છે. યુદ્ધની ભેરી વાગે છે. બરાબર આ સમયે અગ્નિશર્મા તાપસ રાજાના મહેલના દરવાજે આવ્યા પણ માણસોની ખૂબ ભીડ હતી. બધા લડાઇની ધમાલમાં છે. કોઇએ તાપસને પધારો એટલું પણ ન કહ્યું એટલે થોડી વાર ઉભા રહી પાછા ફરી ગયા. રાજા બરાબર વ્યવસ્થા કરીને આવ્યા. યુદ્ધની સામગ્રી બધી તૈયાર થઇ. લશ્કર બરાબર શસ્ત્રો સજીને ઉભું છે અને કહે છે કે હવે ચાલો જલ્દી જઇએ. ત્યારે રાજા કહે છે ના. મારા ગુરૂદેવને આજે બે મહિનાના ઉપવાસનું પારણું છે, તેઓ પધારવાના છે તો તેમને પારણું કરાવીએ. મહાન તપસ્વીના આશીર્વાદ લઈને અહીંથી પ્રયાણ કરીએ. એટલે રાજા રાહ જોઇને ઉભા છે. તે વખતે કોઇએ પૂછયું કે સાહેબ કોની રાહ જોઇ રહ્યા છો? ત્યારે કહે કે તપસ્વીની. તો કહે એ તો આપ લડાઈ માટે યુદ્ધની વ્યવસ્થા કરવાના કાર્યમાં હતા. તે વખતે આવીને પાછા ચાલ્યા ગયા. હજુ ગામની બહાર પહોંચ્યા હશે.

"રાજાનો પશ્ચાતાપ":– આ સાંભળતાં ગુણસેન રાજાના હોંશકોશ ઉડી ગયા. ધિક્કાર છે મને! મારા કેવા પાપનો ઉદય છે! હું રાહ જોઇને ઉભો છું. તાપસ ક્યારે પધાર્યા ને પાછા ગયા. મારી ભૂલને કારણે બીજું માસખમણ થયું. જલ્દી જાઉં, નહિતર એ મહાતપસ્વી તપોવનમાં પહોંચી જશે તો ત્રીજું માસખમણ કરી લેશે.

બંધુઓ! વિચાર કરજો. ગુણસેન રાજાની કેટલી પવિત્ર ભાવના છે! લડાઈમાં જવાનું પડતું મૂકી ત્યાંથી જાતે દોડયા. નગરના દરવાજા બહાર તપસ્વી મળી ગયા. તેમના ચરણમાં પડયા અને જેમ ખોવાઈ ગયેલા બાળકને પોલીસ ગેટે બેસાડે અને ત્રણ ચાર કલાકે એની માતા મળે તો બાળક જેમ માને વળગી પડે છે અને રડે છે તેમ ગુણસેન રાજા અગ્નિશર્માને વળગી પડયા. પહેલાં તો ખૂબ રડયા પછી સ્વસ્થ થઇને

બોલ્યા ગુરૂદેવ! આજે મેં પારણાની પૂર્ણ તૈયારી કરી છે. મારે અચાનક લડાઈમાં જવાનું થયું છે, છતાં આપની રાહ જોઈને દરવાજે ઉભો હતો. તે પહેલાં હું અંદર લડાઈની તૈયારી માટે સૂચના આપવા ગયો તે સમયમાં આપ આવીને ચાલ્યા ગયા અને અમારું કોઈનું ધ્યાન ન રહ્યું. હજુ તો આપ તપોવનમાં પહોંચ્યા નથી તો મારા ઘેર પારણું કરવા પધારો. તપસ્વી કહે હું તમારે ત્યાં આવ્યો હતો પણ યુદ્ધની તૈયારી ચાલતી હતી અને કોઇએ પધારો એટલું પણ ન કહ્યું એટલે થોડીવાર રોકાઈને હું પાછો ફર્યો છું. મારો નિયમ છે કે હું એકવાર પાછો ફર્યો પછી ફરીને જતો નથી. એ મારો નિયમ છે માટે હવે મને આગ્રહ ન કરો, કારણ કે તપસ્વીઓ પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરનારા હોય છે અને આહાર મળે કે ન મળે તેમાં સમભાવ રાખે છે. માટે તમે ચિંતા ન કરો. રાજાને ખૂબ દુઃખ થાય છે કે હું કેવો પાપી! આપને ભૂખની પીડા કેટલી સતાવતી હશે! હું પારણું કરવાનું આમંત્રણ આપીને પારણું કરાવતો નથી. એના કરતાં આમંત્રણ ન આપતો હોઉં તો સારું. બીજા કોઈ તો પારણું કરાવે ને! ગુરૂદેવ! હું આપની સામે કયા મોઢે બોલી શકું. મને કુલપતિ પાસે જતાં પણ શરમ આવે છે. પોતાની ભૂલનો પશ્ચાતાપ કરતો રાજાને જોઈને અગ્નિશર્માને વિચાર થયો કે અહો! રાજાની કેટલી પવિત્ર ભાવના છે! બે વખતથી હું તેને ઘેરથી પાછો ફરું છું, તેનો તેના દિલમાં કેટલો અફસોસ છે, કેટલો ઝૂરાપો છે અને તેને ગુરૂવર્યોની સેવા કરવાનો કેવો અનુરાગ છે! જ્યાં સુધી હું તેને ઘેર પારણું નહિ કરું ત્યાં સુધી તેને શાંતિ નહિ થાય એમ વિચારી અગ્નિશર્મા કહે છે રાજન! તમે નકામો ખેદ પામો છો! એમાં તમારો કોઇ દોષ નથી. તમે ચિંતા ન કરો. તમને ખૂબ દુઃખ લાગે છે તો તેના માટે એક ઉપાય છે કે જો બીજું કંઇ પણ નિમિત્ત ઉભું નહિ થાય તો પારણાને દિવસે તમારા ઘરનો આહાર ગ્રહણ કરવો. એ તમારી પ્રાર્થના હું સ્વીકારું છું. તમે દુઃખ ન લગાડશો. રાજા કહે ગુરૂદેવ! આપની મારા ઉપર કેટલી કૃપા છે! સંતો તો મહાન ઉપકારી હોય છે. મેં આપને આટલું કષ્ટ આપ્યું છતાં આપે તો મારા ઉપર મહેર કરી છે. આપનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. એમ કહી વંદન કરીને કહે છે, હવે કુલપતિ પાસે દર્શન કરવા જતાં મને લજ્જા આવે છે એટલે નથી જતો. યુદ્ધમાં જવાનું મન થતું નથી. અગ્નિશર્માને વંદન કરીને રાજા પોતાના મહેલે આવ્યા. સેનાપતિને લડાઇમાં જવાની આજ્ઞા આપી. ગુણસેન રાજાનું લશ્કર જોઈ પેલો રાજા ભયભીત થઇને ભાગી ગયો. અહીં રાજા એકેક દિવસ ગણે છે. રાજ્યનું કામ કરતો નથી. એનું મન તપસ્વીનું પારણું કરાવવામાં રમે છે. આ તરફ અગ્નિશર્મા પાછા આવ્યા જોઇ તાપસો પૂછે છે શું આજે પારણું નથી થયું? ત્યારે અગ્નિશર્મા બધી વાત કરે છે અને ત્રીજા પારણાનું વચન આપ્યું છે એમ કહ્યું એટલે એમના ગુરૂ ખુશ થઇ ગયા અને અભિનંદન આપ્યા.

હવે અગ્નિશર્મા તેમના તપમાં રકત છે અને રાજા પારણાના દિવસો ગણે છે. ત્રીજું પારણું આવશે ત્યારે તપસ્વી ત્યાં પારણું કરવા જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૨૦

અષાઢ વદ અમાસ ને રવિવાર **તા. ૨૯–૭–૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરૂણાનીધિ શાસ્ત્રકાર ભગવંતે આ જગતના જીવોના કલ્યાણને માટે સાચો રાહ બતાવતાં પડકાર કરીને કહ્યું કે ભવ્ય જીવો! જાગો, જાગો ને જાગો. કયાં સુધી મોહનિદ્રામાં પડી રહેશો. આ મનુષ્યભવમાં નહિ જાગો તો કયારે જાગશો અને કયારે આત્મસ્વરૂપનું ભાન થશે? અનાદિકાળથી આ જીવ પરને સ્વમાની સુખની આશામાં ભટકી રહ્યો છે. આપણો આત્મા ઘણી વખત તીર્થંકર પ્રભુની પાસે ગયો હશે પણ ભવના ફેરા ટળ્યા નહિ તેનું કારણ એ છે કે પ્રભુના દર્શન જે ભાવથી જે રીતે કરવા જોઈએ તે રીતે કર્યા નથી. ત્યાં જઈને પણ પુદ્ગલના પૂજારીએ પુદ્ગલની આશા કરી કે પ્રભુના જેવું સિંહાસન, છત્ર, ચામર આ બધી ઋદ્ધિ મને કયારે મળશે? એવી આશા કરી. પણ હે પ્રભુ, હું તારા જેવો અરિહંત કયારે બનું એવી ભાવના ન કરી. ગયો તારક પ્રભુ પાસે પણ આવ્યો ખાલી હાથે. તમે અહીં આવીને ખાલી હાથે જાવ છો કે સાથે લઈને જાવ છો? સામાયિક કરો, પૌષધ કરો, વ્યાખ્યાન સાંભળો કે પ્રતિક્રમણ કરો, આ સમયમાં સંસારના કાર્યને ફારગતિ આપી દેવી જોઈએ. સંસારના બધા કાર્યને ભૂલી જવા જોઈએ. જેમ કોઇ માણસ પેઢી ઉપરથી છૂટો થયો હોય પછી પેઢીમાં લાભ થાય કે ખોટ આવે તો તેને કંઇ લાગતુંવળગતું નથી, તેમ તમે પણ સંસારના કામકાજથી ઉપાશ્રયમાં આવો ત્યારે નિવૃત્ત થઈને આવો છો. ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં શું બોલો છો– નિસિહી–નિસિહી બોલો છો ને? તે શા માટે બોલો છો? હે પ્રભુ! એટલો સમય હું પાપથી નિવર્તુ છું. અહીં અશુભ પ્રવૃત્તિનો વિચાર ન કરાય. બિસ્સામાં બીડીના ભૂંગળા લઈને અવાય નહિ. કદાચ લાવ્યા હો તો ઉપાશ્રયના કંપાઉન્ડની બહાર ફેંકીને આવવું. આગળના શ્રાવકો પ્રભુને વાંદવા કેવી રીતે જતા હતા! આપણે અહીં જમાલિકુમારનો અધિકાર ચાલે છે. તે પ્રભુને વંદના કરવા જશે ત્યારે કેવી રીતે જશે! પોતાની પાસે સચેત અચેત વસ્તુઓ હોય તે બધું પાલખીમાં મૂકીને જતા અને પ્રભુનું સમોસરણ દેખે ત્યાંથી પાલખીમાંથી નીચે ઉતરી જતા અને મન-વચન ને કાયાને પવિત્ર

બનાવીને પ્રભુના સમોસરણમાં જતા અને પ્રભુને વંદન કરતા, ઉપદેશ સાંભળતા હતા તેની કેવી સુંદર અસર થતી હતી અને સંસાર ખારો લાગતા પલવારમાં છોડી દેતા. પણ આજે જીવ આટલું સાંભળવા છતાં તેને સંસાર ખારો નથી લાગતો તેનું કારણ સંસારના સુખનો રાગ છે. સારું મળવા છતાં બરાબ નથી છૂટતું એ જીવનું અજ્ઞાન છે.

એક વખત એક રાજા જંગલમાં ફરવા ગયો અને સુંદર સ્વરૂપવાન ભીલડીને છાણા વીણતી દેખી મોહ પામ્યો ને એને રાજ મહેલમાં લઈ આવ્યો. એને સારૂં સારૂં ખાવાનું આપે છે, હીરા-માણેક ને મોતીના દાગીના પહેરાવે છે, ભારે મૂલા વસ્ત્રો પહેરાવે છે. છતાં એ ભીલડી સૂકાતી જાય છે. એને મહેલમાં ગમતું નથી. રાજા પ્રધાનને કહે છે આ નવી રાણી કોણ જાણે સૂકાતી જાય છે. પ્રધાન કહે છે તો દવા કરાવીએ. સારા ડૉકટરોની દવા લેવડાવે છે પણ એનું શરીર સારૂં થતું નથી. અંદરનો રોગ પરખાતો નથી. અમને પણ વિચાર થાય કે ચાર ચાર મહિના સુધી શ્રાવકો વીતરાગ વાણી સાંભળે, સામયિક-પ્રતિક્રમણ કરે છતાં એમને સંસાર કેમ ભૂલાતો નથી ? ખરેખર ભૌતિક સુખની ભૂખ છે માટે. ધર્મ કરવો છે અને સંસારના રંગરાગ છોડવા નથી. આવા જીવોને આત્માની ગમે તેટલી સારી વાતો સમજાવીએ તો પણ ક્યાંથી ગમે ?

રાજાની રાણી ખૂબ સૂકાતી ગઈ. કિંમતી દવાઓએ અસર ન કરી. ત્યારે પ્રધાન કહે છે સાહેબ ! મને રાણી સોંપી દો. એના રોગનું કારણ હું સમજી ગયો છું. પ્રધાન વિચિક્ષણ હતો. સમજી ગયો કે આ કોઈ રાજકુમારી નથી. ઘરઘરમાં ટુકડા માંગતી અને જંગલમાં વસતી ભીલડી છે. જિંદગીમાં ચણોઠીના હાર સિવાય બીજો દાગીનો પહેર્યો નથી. એને આ મહેલ જેલ જેવોજ લાગેને ? એને અહીં ક્યાંથી ગમે ? આ રાણીની કેવી દશા છે !

એક ભિખારણને રાજ્ય મળ્યું'તું દાસી ચમર ઢળાવે,
બારીબારણે ટુકડા મૂકે, ભીખ વિના નવ ભાવે,
જેને ટેવ પડી નવ જાવે.

પ્રધાન એક ઓરડામાં રાણીને રાખે. ચારે બાજુ ગોખલા બનાવી તેમાં રોટલાના બટકા મૂકાવીને રાણીને કહે છે તમને ભૂખ લાગે ત્યારે ખાઇ લેજો. હવે રાણીને ભૂખ લાગે ત્યારે પેલા ગોખલા પાસે જઇને બોલે- "આપો માબાપ" અને એમાંથી ટુકડા લઇને ખાય. આ રીતે કરવાથી ભીલડી સારી થઇ ગઇ. એને માંગીને ટુકડા ખાવાનું અને ચણોઠીના હાર પહેરવાનું ગમતું હતું અને રાજાને રાજરાણીનું પદ આપી મહેલમાં રાખવી હતી. એ ક્યાંથી બને ? તેમ દેવાનુપ્રિયો ! અમારે તમને ધર્મ પમાડીને સાચા સુખ અપાવવા છે પણ સંસારી જીવોને ભૌતિક સુખના ટુકડાની ટેવ પડી છે. ગમે તેટલી લક્ષ્મી મળે તો પણ ભૂખ મટતી નથી પછી મોક્ષના સુખ ક્યાંથી મળે ? કેવા મોહના

ગાઢબંધને બંધાઈ ગયા છો? ભગવાન કહે છેઃ-

बुज्झिज्जत्ति तिउट्टिज्जा, बंधणं परिजाणिया ।
किमाह बंधणं वीरो, किं वा जाणं तिउट्टइ ।।

સૂય. સૂ. અ. ૧, ઉ. ૧, ગાથા ૧

હે ચેતન! તું પહેલા બંધનને જાણી લે. એ બંધન કયું છે અને પછી એને તોડવાની કળા શીખી લે. જીવને બંધન એ બંધનરૂપ લાગે તો બંધન તોડી શકે. પોપટને પાંજરૂં બંધનરૂપ લાગે તો પાંજરૂં છોડીને ઉડી જાય પણ એને બંધનરૂપ ન લાગે તો પાંજરામાંથી ઉડાડી મૂકે તો પણ પાછો ત્યાં આવીને બેસે. જેમ બળદને એનો માલિક પાણી પીવડાવવા લઇ જતો હોય તો પણ વચમા ગાડું દેખે એટલે ડોક નમાવીને ઉભો રહી જાય. તેમ જેને સંસારનો અતિશગ છે તેને કોઈ ગમે તેટલા નિવૃત્ત કરવા ઈચ્છે તો પણ એને સંસારમાં બંધાવાનું ગમે. પણ જેનો આત્મા સુલભબોધી છે તેવા જમાલિકુમારે પ્રભુ પધાર્યાની વધામણી સાંભળી અને તેને આનંદ આનંદ થઇ ગયો. કાંઠાવાડી સંઘ રાજગૃહી નગરી જેવો છો એમાં વસનારા શ્રાવકો પવિત્ર હોવા જોઇએ. સંત સતીજી પધાર્યા છે તેની વધામણી સાભળી ફૂંવાડા ખડા થઈ જવા જોઈએ. ધન મળે ને જે આનંદ થાય તેના કરતાં વધુ આનંદ સંતોના દર્શન કરતાં અને વીતરાગ વાણી સાંભળતા આવવો જોઇએ. જ્યાં જશો ત્યાં સંસારને ભેગો લઈ જશો તો ત્રણ કાળમાં ઉદ્ધાર થવાનો નથી. સંસારમાં રહેવા છતાં તમારૂં મન મોક્ષ તરફ હોવું જોઈએ. આગળના જીવો સંસારમાં રહેતા હતા પણ જેનું મન મોક્ષ તરફ હતું તેવા આત્માઓ પરણવા બેઠા અને ચોરીમાં ફેરા ફરતાં કેવળજ્ઞાન પામી ગયા. આ સભામાં મોટા ભાગના પરણેલા બેઠા છે. કુંવારા બહું ઓછા હશે. તમે બધાય ફેરા ફર્યા હશો પણ કોઈને કેવળજ્ઞાન થયું? તમે તો ચોથો ફેરો ફરીને ચાર ગતિના ફેરાને મજબૂત બનાવ્યા અને એ મહાન આત્માઓએ ચાર ગતિના ફેરા ટાળી દીધા. કેવા હશે એ આત્માઓ! એમની પૂર્વની તૈયારીઓ કેવી હશે? કોઈ દિવસ વિચાર આવે છે? આ રીતે સતી પ્રભંજનાના લગ્ન છે તે સમયે માંગલીક સાંભળવા જાય છે અને શું બને છે તે આપને તે દૃષ્ટાંત આપીને સમજાવું.

સતી પ્રભંજના હજાર સખીઓ સાથે સુવ્રતા સાધ્વીજીને વંદન કરવા આવી અને મત્થેણં વંદામિ કહ્યું ત્યારે આ તેજસ્વી સાધ્વીજીએ પૂછ્યું-પ્રભંજના કેમ આજે આટલી બધી હર્ષઘેલી અને અતિઆનંદમાં છે? ત્યારે પ્રભંજનાને તો શરમ આવી તેથી તે કંઈ ન બોલી પણ તેની સખીએ કહ્યું કે સતીજી! આ નગરમાં શું થાય છે તેની આપને ખબર નથી? ત્યારે સાધ્વીજીએ કહ્યું: અમારે શા માટે ખબર રાખવી જોઈએ?

ત્યારે એક વિદ્યાધરની પુત્રી શરમાતા બોલી–આજે પ્રભંજનાના લગ્ન છે તેથી સ્વયંવર-મંડપમાં જતાં પહેલાં આપની માંગલીક સાંભળવા માટે આવ્યા છે.

ત્યારે સુવ્રતા સાધ્વીજી બોલ્યા– એમાં આટલો બધો આનંદ શો ? આ વિષય-સુખ તો મધથી ખરડાયેલ તલવારની ધારને ચાટવા જેવું છે. તે તલવારને જીભ અડાડતાં તે મીઠી લાગે, પણ જીભ કપાતાં વેદનાનો પાર નહિ. વિષય એ તો હળાહળ ઝેર છે. ભવોભવ રખડાવનાર અને આત્માના સદ્‌ગુણોનો મૃત્યુઘંટ છે. આમા થોડુંજ કલ્યાણ છે!

વિષય હળાહળ વિષ જિહાં શી અમૃત બુદ્ધિ લો,
ભોગ સંગકારમા કહ્યા જિનરાજ સદાઇ રે લો,
રાગ-દ્વેષ સંગ વધે, ભવભ્રમણ સદાઇ રે લો.

પ્રભંજનાએ કહ્યું. સતીજી આપની વાત તો સત્ય છે. પણ અનાદિકાળના વિષયસંગી જીવ થોડાજ વિષયવાસના છોડી શકે છે! ખરેખર આપ જેવાઓએ તેનો ત્યાગ કર્યો છે તેને ધન્ય છે. અમે કાયર વિષયવાસના ખરાબ જાણવા છતાં છોડી શકતા નથી. તેનું શું થાય? ત્યારે પ્રભંજનાની સખીઓ બોલી–બહેન પ્રભંજના! અત્યારે વૈરાગ્ય અને તત્ત્વની વાત કરવાનો સમય છે? પિતાજી કોપશે માટે જલ્દી ચાલો. પ્રભંજના કહે– સખીઓ! વૈરાગ્ય અને તત્ત્વની વાત તો જીવનની ધન્ય પળે મળે છે. જ્યારે વિષય અને સંસારના સુખો તો જગતમાં ઠેરઠેર મળે છે. આપણાથી સંયમમાર્ગે ન જવાય તેમાં આપણી કાયરતા, પણ ભુકતભોગી બનીને, વૈરાગ્ય માર્ગે વળશું તે વાત ખોટી છે. નિર્મળ વિચારધારા કાયમ થોડી ટકે છે! સખી પ્રભંજના! તો તારે અત્યારે લગ્નમંડપને દીક્ષામંડપ બનાવવો છે? પ્રભંજનાએ મક્કમતાથી કહ્યું– હા.

પછી સુવ્રતા સાધ્વીજી બોલ્યા. સ્વચ્છ વસ્ત્રને કાદવમાં બરડીને ધોવું સારું કે તેના કરતાં વસ્ત્રને કાદવથી ખરાબ ન થવા દેવું તે સારું? લગ્ન થયા પછી થોડાજ તમે ઈચ્છશો ત્યારે નીકળી શકશો? આ રીતે ખૂબ સુંદર ઉપદેશ આપ્યો. સતી પ્રભંજના આ સાંભળીને ઉંડી વિચારધારામાં ચઢી ગઈ ને વિચાર કરવા લાગી કે હું સ્વયંવરમાં જેને વરવા ઈચ્છું છું આવો વર હું શું સંસારમાં પહેલવહેલી વરી છું? જે ભોગસુખ માટે હું તલપાપડ બની છુ તો સુખ મેં શું પહેલવહેલા ભોગવ્યા છે? હે ચેતન! તેં સુખ ઘણાં ભોગવ્યાં. વર અને ઘર પણ ઘણા કર્યા. જગતમાં મારું હોય તો જ્ઞાન-દર્શન છે ભોગને સુખના સાધન માન્યા પણ તે ચેતનના ગુણને ઓછા કરનારા છે. આ રીતે સતી પ્રભંજનાની વિચારધારા આગળ વધી. તેના હૃદયમાં તીવ્ર વૈરાગ્યની ચિનગારીએ મોહના જાળા બાળ્યા અને સાથે સાથે કર્મપડળ બાળી જ્ઞાનના દરવાજા ઉઘાડ્યા ને કેવળજ્ઞાન પામ્યા. ત્યાં દેવદુંદુભી ગાજી અને દેવોએ પ્રભંજનાને કેવળી કહી વાંદી મુનિવેશ આપ્યો. ત્યાં હજાર સખીઓ પ્રતિબોધ પામી.

બંધુઓ ! તમને સંસારના સુખ મોક્ષમાં નહિ પહોંચાડે. સંતનો સમાગમ કરશો તો ધર્મ પામશો. સાધુ તમને માર્ગ બતાવશે પણ મોક્ષમાં જવાનો પુરૂષાર્થ તમારે કરવાનો છે. સતી પ્રભંજનાની માફક સાંભળીને પામી જાવ. જમાલિકુમારને પ્રભુ મહાવીર સ્વામી પધાર્યા છે તે જાણી અપૂર્વ આનંદ થયો છે. પ્રભુના દર્શન કરવાની લગની લાગી છે. અંતરમાં ઉત્કૃષ્ટ ભાવ જાગ્યા છે.

હવે ગયા રવિવારે એક દૃષ્ટાંત કહ્યું હતું તે અધૂરું છે. તેમાં પણ સંસારની અસારતા ભારોભાર ભરી છે. માતા-પિતાએ એમના પુત્રના જીવનનું ઘડતર સારી રીતે ઘડયું હતું. પેટે પાટા બાંધીને ઘણી મોટી આશાએ દીકરાને ભણાવ્યો. પણ એ છોકરો ભણેલી સુઘરેલી કન્યા સાથે પરણી ગયો અને માબાપની આશાના મિનારા તૂટી ગયા. છોકરો તો ખૂબ સદ્ગુણી હતો, મા-બાપના પગ ધોઇને પીતો હતો. આવો છોકરો કદી મા-બાપને ભૂલે ? એના બાપ હાલીચાલીને એને ઘેર ગયો. બાપને જોયો. એના પિતા પ્રત્યે તિરસ્કાર ન હતો, પૂજ્યભાવ હતો પણ એના મનમાં બાપને જોઇને એમ થયું કે આ સુઘરેલી સ્ત્રીને આવો બાપ ગમશે ? એને બાપ ન ગમે તો બાપને ઘરમાં કેમ રખાય ? એટલે બાપને પટાવાળા પાસે ધક્કો મરાવ્યો. આજના છોકરાઓ જ્યારથી બાપને ફાધર કહેતા થઇ ગયા ત્યારથી બાપને અદ્ધર ઉડાવતા થઈ ગયા. માતાને મધર કહેતા થયા ત્યારથી ખબર લેતા બંધ થયા. નાના હોય ત્યાર કહે છે આ મારા મા-બાપ છે અને મોટો થાય ત્યારે કહે કે આ મા-બાપને રાખવા એ મહાપાપ છે. પહેલા કહે મા ને પછી કરે ઘા. બાપ તો પરલોકમાં ચાલ્યો ગયો.

એની માતા એના ઘરમાં નોકરડી બનીને રહી છે. ડોશીમા ઘરનું બધું કામ કરે છે. વહુને ખૂબ પ્રિય થઇ પડી છે. દીકરો બહારથી આવે ને માતાના હૈયામાં વાત્સલ્ય ઉછળે છે. દીકરાને પણ આ ડોશીને જોઇને પ્રેમ આવે છે. માતાના મનમાં થાય કે હું દીકરાને બાથમાં લઇ લઉં એવી ગાંડીઘેલી બની જતી.

માતાનો સ્નેહ :– ભગવતી સૂત્રમાં દેવાનંદાને ઋષભદત્તનો અધિકાર આવે છે. આપણે ચાલુ જમાલિકુમારના અધિકાર પહેલાં એ વાત છે કે ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા માતા પ્રભુના દર્શન કરવા ગયા, અનિમેષ દૃષ્ટિથી પ્રભુના સામું જોઇ રહ્યા અને પ્રભુના દર્શન કરતાં એવું વાત્સલ્ય ઉછળ્યું કે સાડાત્રણ ક્રોડ રોમરાય ખીલી ઉઠયા. કંચુકી ખેંચાવા લાગી. માતાના વાત્સલ્યના બળથી દૂધની ધાર છૂટી ને પ્રભુના મુખ ઉપર છંટાઇ. ગૌતમસ્વામી આદિ સંતો આશ્ચર્ય પામી ગયા કે અહો ! ઘણી માતાઓ પ્રભુ તારા દર્શન કરવા આવી પણ આતો કોઇ જુદીજ માતા છે. પ્રભુ કહે ગૌતમ ! એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. એ સંસાર પક્ષની મારી માતા છે. ત્યારે કહે છે પ્રભુ ! આપના માતાજી તો ત્રિશલાદેવી છે. પ્રભુ કહે ગૌતમ ! ત્રિશલા માતા પહેલાં

એ માતાના ગર્ભમાં સાડીબ્યાસી રાત્રિ રહી આવ્યો છું, એટલે એને વાત્સલ્ય ઉછળ્યું છે.

અહીં પણ એવું બન્યું છે. માતાના દિલમાં ખૂબ પ્રેમ ઉભરાય છે પણ એ ઉભરો દબાવી દે છે. મનમાં વિચાર કરે છે કે જો અત્યારે હું છતી થાઉં, એને કહી દઉં કે હું તારી માતા છું. પણ મારા પાપનો ઉદય વર્તતો હોય તો મને એના બાપની જેમ કાઢી મૂકે તો કયાં જઈને ઉભા રહેવું ? બીજાના ઘરમાં રહીને કામ કરવું એના કરતાં દીકરાનું ઘર શું ખોટું ? દીકરાની વહુને શ્રીમંત હતું. થોડા વખત પછી બાબો આવ્યો. બાબાને પ્રેમથી રમાડે છે ને બધું કામ કરે છે. એક દિવસ એન્જીનીઅર એની પત્નીને પૂછે છે કે આ માજી કેવું કામ કરે છે? તને પસંદ પડી ગયા છે ને ? ત્યારે પત્ની કહે છે એમની તો વાતજ શું કરું ? જ્યારથી એ માજી આપણા ઘરમાં આવ્યા ત્યારથી હું તો મારી માતાને ભૂલી ગઇ છું. એવા એ પ્રેમાળ ને પરગજુ છે. મને તો દીકરી કરતાં અધિક પ્રેમથી સાચવે છે. બાબાને તો નીચે મૂકતાં નથી. ત્યારે પતિ કહે છે તો તું એમનો પગાર કેમ વધારતી નથી? ત્યારે પત્ની કહે છે સ્વામીનાથ! એમનો પગાર નકકી કર્યો નથી. હું તો ઘણું કહું છું ત્યારે એ એમ કહે છે હું એકલી છું, મને બધું મળે છે, પછી મારે પગારની શી જરૂર છે? ભલે, તું એમનું નામ પૂછી જો અને તે કયા ગામના છે ? પત્ની કહે કે મેં પૂછ્યું છે પણ તેઓ કહેતા નથી.

"ગુપ્ત રહેવા છતાં માતાનો પ્રેમ" :- આ એન્જીનીઅરને આ માડીને જુવે ને મા-બાપ ખૂબ યાદ આવે છે. આંખમાં આંસુ આવી ગયા. એક રૂમમાં જઇ બારણાં બંધ કરી મા-બાપને પત્ર લખવા બેઠો. ચાર લીંટી લખે ને આંખમાંથી આંસુનું ટીપું સરી પડે. વાંચનારને પણ એમ લાગે કે આ પત્ર રડતાં રડતાં લખ્યો છે. અરેરે.... જે મા-બાપે પેટે પાટા બાંધીને ભણાવ્યો, એ પુત્ર મા-બાપને ભૂલી ગયો ! ધિક્કાર છે મને ! એના મા-બાપને પત્ર લખ્યો, કવર બીડયું પણ એનું હૈયું હાથ ન રહ્યું. પોક મૂકીને રડયો. બહાર જઈને કવર ટપાલમાં નંખાવી દીધું. કવર તો ગયું પણ ત્યાં મા-બાપ કયાં હતા તે મળે? મા-બાપ તો ઘર ને વાસણ બધું વેચીને અહીં આવ્યા હતા. કવર રખડતું રખડતું પંદર દિવસે પાછું આવ્યું. એટલે એન્જીનીયરને વધું દુઃખ થયું. શું મારા મા-બાપ નહિ હોય? તેમ વિચારી ખૂબ રડયો. નકકી મારા પાપે મારા પિતાજીનું કંઈ થયું હશે ! અને આ માડીને જોઉં છું ત્યાં માતાની યાદ સતાવે છે. એ વિચારમાં ઝૂરે છે, રડે છે. એનો અવાજ સાંભળી માતા દોડતી ગઇ ને હૈયા સાથે ચાંપીને કહે છે બેટા ! શા માટે રડે છે ? આટલા શબ્દે તેનું હૈયું હચમચી ગયું. જેમ કોઇના શરીરમાં દાહજવર ઉત્પન્ન થયો હોય ને તેની બળતરા ખૂબ થતી હોય તે વખતે ચંદનનું વિલેપન કરવામાં આવે તો કેવી ઠંડક થાય છે તે રીતે માતાનો સ્પર્શ થતાં દીકરાને શાંતિ વળી પણ બેભાન બની ગયો. થોડીવારે ભાનમાં આવ્યો ને મનમાં થયું કે માનો

ન માનો આ મારી માતા છે. મારી માતા મને આવો હાથ ફેરવતી હતી, પણ હજુ અંતરાયનો ઉદય છે, એટલે દીકરાને માતાની પૂરી પિછાણ થતી નથી. માતા પૂછે છે બેટા ! તું કેમ આમ કરે છે ? શા માટે રડે છે ? પુત્ર કહે છે માતા ! હું પાપી છું, કૃતઘ્ની છું, તું મને એ વાત ન પૂછીશ.

માતાના મનમાં પણ એમ થાય છે કે મારો અમર તે અમર છે. એ મા-બાપને ભૂલ્યો પણ દિલમાં પસ્તાવો ખૂબ છે. એના બાપની સાથે પૂર્વનું વેર હશે એટલે આવું બન્યું છે. એકવાર માજી મધુર સ્વરે હાલરડું ગાઇ રહ્યા છે. બહારથી અવાજ સાંભળ્યો ને સ્થંભી ગયો, અહો ! આવું હાલરડું મને મારી માતા સંભળાવતી હતી, એનોજ આ અવાજ છે. ત્યાં પત્ની પણ આવી પહોંચી. પતિની આંખમાં આંસુ છે. પત્ની પૂછે છે કે શું થાય છે ? ત્યારે કહે છે તું આ માજીને પૂછી જો કે તમે આવું હાલરડું ક્યાંથી શીખી લાવ્યા ? મને મારી માતા આવું હાલરડું ગાતી હતી. હું પાંચ વર્ષનો થયો ત્યાં સુધી ગાતી હતી. મને સતીઓની, સંતપુરૂષોની વાર્તા કહેતી હતી. તું જલ્દી જા ને માડીને પૂછી જો. પત્ની આવીને પૂછે છે હે માજી ! તમે આવું મીઠું હાલરડું રોજ ગાવ છો તો ક્યાંથી શીખી લાવ્યા છો ? અને તમારું નામ વિગેરે કહો. દીકરી નામ તો દેહનું છે, આત્માનું નામ ન હોય. આત્મા તો અનામી છે. ખૂબ પૂછયું પણ માજીએ નામ કે ગામ કંઈ ન કહ્યું. દીકરાનું જેવું હાથ ન રહ્યું ત્યારે એક વિચાર કર્યો કે જ્યારે પત્ની બહાર ગઇ હશે તે વખતે હું ઓફીસેથી આવીને આ વાત માડીને પૂછી જોઉં ને પડદો ખુલ્લો કરું. તે સિવાય મને શાંતિ નહિ વળે. હવે એન્જીનીયરને માતાને ઓળખવાની લગની લાગી છે. આ તરફ જમાલિકુમારને પ્રભુના વંદન કરવા જવાની લગની લાગી છે કે કયારે પ્રભુના વંદન કરું ! સંતના દર્શન કરવાની જિજ્ઞાસા ઉપડે તો પગલે પગલે પાપ ધોવાઇ જાય અને સંસારની જિજ્ઞાસાથી પાપકર્મનું બંધન થાય છે. જમાલિકુમારે ચાર ઘંટવાળો રથ તૈયાર કરવાની કૌટુંબિક પુરૂષોને આજ્ઞા આપી છે. અમરને માતાને ઓળખવાની અધીરાઇ આવી છે કે હવે કયારે એકાંતમાં મળું ને આ ગુપ્ત રહસ્યનો પડદો ખુલ્લો કરું તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર:- ગુણસેન રાજાને ત્યાંથી બે વખત અગ્નિશર્મા પાછા ફર્યા. તેથી ગુણસેન રાજાના દિલમાં ખૂબ દુઃખ થયું હતું. એની અત્યંત ભાવનાને વશ થઇને અગ્નિશર્માએ ત્રીજી વખત તેમને ત્યાં પારણું કરવાનું આમંત્રણ સ્વીકાર્યું.

"ત્રીજી વખત અગ્નિશર્મા પારણું કર્યા વિના પાછા ફર્યા"

પારણા માટે આમંત્રણ આપીને પાછા ફર્યા પછી ગુણસેન રાજાને ખૂબ દુઃખ થાય છે કે હું કેવો પાપી છું, હતભાગી છું ! મારી બેકાળજીના કારણે મારા ગુરૂને ત્રણ ત્રણ માસના ઉપવાસ થશે. છતાં તેઓની કેટલી કૃપાદૃષ્ટિ છે કે ત્રીજીવાર મારે ત્યાં

પારણું કરવા પધારશે. રાજા આ વખતે ખૂબ સાવધાની રાખે છે ને દિવસો ગણે છે.

બંધુઓ ! આ વાત ખૂબ સમજવા જેવી છે. કેટલા પૂર્વ સુધી આવી ઉગ્ર તપશ્ચર્યા કરી છે. ત્રીજું માસખમણ આવી ગયું છે. અત્યારે તો સમભાવ છે. પણ એ સમભાવ કાયમ માટે ટકી ન રહે તો વર્ષોની સાધના ખાખ થઈ જાય છે. સમય થઇ ગયો છે પણ આજે તો રવિવારનો દિવસ છે. બહુ સમય નહિ લઉં. આજે શાંતિથી બેસો. એક ભક્તે રવિવારનું ગીત બનાવ્યું છે.

હું તને ભજું છું રવિવારે, બાકી કયાં છે સમય પ્રભુ મારે.
આમ તો હંમેશા સ્થાનકે આવું, આવું તેવો પાછો સિધાવું,
બે ઘડી બેસું છું રવિવારે, બાકી કયાં છે સમય પ્રભુ મારે.

અહીં આવીને બે ઘડી રવિવારે બેસો છો. તમને બધા કામમાં રવિવાર બહુ ગમે છે. તો ધર્મના કાર્યમાં પણ શા માટે ઉતાવળ કરો છો ? અહીં બેઠા છો એટલો સમય સંસારની પ્રવૃત્તિ અટકી જશે.

અહીં ગુણસેન રાજાને અગ્નિશર્મા પ્રત્યે ખૂબ ભક્તિભાવ છે. રોજ એમની પાસે જતા હતા ને ધર્મચર્ચા કરતા હતા. કયારે પારણાનો દિવસ આવે ને મારા ઘેર તપસ્વીના પુનીત પગલા થાય. આમ રાહ જોતાં ત્રીજું માસખમણ પૂરું થયું. અગ્નિશર્માને ૯૦ ઉપવાસ પૂરા થયા છે. પારણું કરવા જવાના છે. તે દિવસે પ્રભાતના પહોરમાં ગુણસેન રાજાની પટ્ટરાણી વસંતસેનાએ પુત્રને જન્મ આપ્યો. એટલે દાસીઓ રાજાને વધામણી દેવા આવી. રાજાએ તેમને ખૂબ દાન આપી સંતુષ્ટ કરી. રાજાએ પુત્રનો જન્મમહોત્સવ ઉજવવાની તૈયારીઓ કરાવી માણસોને કહે છે કેદખાનામાંથી કેદીઓને છૂટા કરો, ગરીબોને દાન આપો, આખા ગામમાં ધ્વજપતાકા ને તોરણો બંધાવો. રાજા આ પુત્રના જન્મઉત્સવની ધમાલમાં પડયા હતા. આટલા દિવસથી પારણાની રાહ જોતા હતા. બધાને ચેતાવી દીધા હતા. બધી તૈયારીઓ કરાવી હતી. પણ કર્મોદય શું કામ કરે છે ? રાજા ધમાલમાં હતા તે વખતે અગ્નિશર્મા તાપસ ત્યાં આવ્યા. આ વખતે તો એમને પણ એમ હતું કે મારું પારણું રાજાને ત્યાં જરૂર થશે અને તેના મનમાં જે દુઃખ છે તે ચાલ્યું જશે. પણ બન્યું જુદું જ. અગ્નિશર્મા આવ્યા તે વખતે તો રાજા ગાન-તાન ને નૃત્યમાં પડયા છે. મંગલ ગીતો ગવાય છે. પુત્રજન્મનો ઉત્સવ ચાલે છે. તપસ્વી ત્યાં જઇને ઉભા રહ્યા, પણ કોઈએ તેનો સત્કાર કર્યો નહિ. થોડીવાર ઉભા રહીને પાછા ફરી ગયા. હવે તપસ્વીના મનમાં કેવા ભાવ આવશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૨૧

શ્રાવણ સુદ ૧ ને સોમવાર **તા. ૩૦-૭-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

શાસ્ત્રકાર ભગવાને જગતના જીવોના ઉદ્ધાર માટે સાચો રાહ બતાવતાં કહ્યું કે ભવ્ય જીવો! આ સંસારમાં બે માર્ગ છે. એક સંસાર અને બીજો મોક્ષ. સંસાર-જન્મ જરા ને મરણના દુઃખથી ભરેલો છે. ત્યાં ક્ષણવારનું સુખ નથી અને મોક્ષમાં અનંત આત્મિક અવ્યાબાધ સુખ રહેલું છે. તો હવે બેમાંથી કયો માર્ગ અપનાવવો તે આપણા હાથની વાત છે.

અનંતકાળથી આ જીવે સંસારના પાયા મજબૂત કરે એવો પુરૂષાર્થ કર્યો. સંસારસુખ મેળવવાની આશાથી અનંતકાળથી મહેનત કરી, કાળા ધોળા કર્યા, અન્યાય અનીતિ ને અધર્મનું આચરણ કર્યું, પાપના કાર્ય કરવામાં બાકી ન રાખ્યું. હવે તો સુખ મળ્યું હશે ને? કોઇ એમ નથી કહેતું કે અમે સુખી છીએ. માની લો કે જબ્બર પુણ્યનો ઉદય હોય તો બધી રીતે સાનુકૂળ સંયોગો તમને મળ્યા હશે તો પણ એ સુખ આવેલું કદી નહિ જાય, એ સુખ કદી દુઃખરૂપે નહિ પરિણમે એવું નક્કી છે? સંસારમાં બધી પર્યાયો પલટાયા કરે છે.

જે આજ તે કાલે નહિ, ઘડીએ ઘડી પલટાય છે.
તેથી જ આ વિશ્વમાં, શાંતિ નહિ જણાય છે.

આજે જે સુખ હોય છે તે કાલે નથી હોતું. આજે જે તંદુરસ્તી હોય છે તે કાલે કયાંય ચાલી જાય છે. અચાનક બીમારી આવીને ઉભી રહે છે. આજે આનંદમાં મસ્ત બનીને બેઠા હો તો એ આનંદ થોડા સમયમાં શોકના રૂપમાં પલટાઈ જાય છે. આવું સંસારનું સ્વરૂપ છે. જેમાં સુખ છે જ નહિ છતાં જીવ અજ્ઞાનને કારણે સુખની કલ્પના કરી મિથ્યા દોટ લગાવી રહ્યો છે.

જે આત્માઓ મોક્ષને માટે પુરૂષાર્થ કરે છે તે બધો કાયમી સુખ માટે છે. એ સુખ કદી જવાનું નથી અને સંસારનું સુખ કદી કાયમ ટકવાનું નથી. આવા સુખ માટે મહેનત શા માટે કરી રહ્યા છો? ભગવાન કહે છે હે માનવ! આ સંસારમાં સુખ જ નથી પછી તું ગમે તેટલું શોધીશ તો પણ કયાંથી મળવાનું છે? લોખંડની બાણમાં ગમે તેટલું ઊંડુ ખોદો તો પણ સોનું ન મળે. કારણ કે બાણ લોઢાની છે તો સોનું કયાંથી મળે? સર્પના મુખમાં એકલું ઝેર ભર્યું છે ત્યાં કોઈ માણસ અમૃત મેળવવાની આશા કરે તો મળવાનું છે? ના, તેમ સંસારમાં સુખની આશાથી ભગ્યા કરશો તો પણ સુખ નહિ મળે. જીવતાં જીવની કેવી અજ્ઞાન દશા છે કે અનંત કાળથી આટલી મહેનત કરવા

છતાં સુખ નથી મળ્યુ તો પણ પુરૂષાર્થ ચાલુ છે. જેમ ખરજવાના દર્દીને ખણ આવે ત્યારે ખણવામાં આનંદ માને છે. એથી શું એનો રોગ મટી જશે ? ના, ખણવાથી ઉલ્ટો રોગ વધે છે તેમ જ્ઞાની કહે છે સંસારના સુખની પાછળ જે દોટ લગાવ્યા કરે છે તે અંતે દુઃખી થાય છે.

"સાચું સુખ કયાં છે ?":–"ધમ્મારામે चरे भिक्खु।" આરંભ વગરના ધર્મરૂપી બગીચામાં વિચરવું. પબ્લીક અને પ્રાઇવેટ બગીચાની જેમ અંતરનો પણ એક બગીચો છે. તે ધર્મના બગીચામાં તદ્દન જુદા પ્રકારની શાંતિ મળે છે. એમાં નથી ધાંધલ કે ધમાલ અને ત્યાં તો શાંત અને શીતળ હવા લહેરાતી હોય છે. જ્યાં કોઈની બુરાઈ જોવાની હોતી નથી.

એક વખત રાજા ધર્મરૂપી બગીચામાં બેઠા હતા તે સમયે એમના ધ્યાનમાંથી ચલિત કરવા એક માણસ આવ્યો અને કહેવા લાગ્યો હે રાજન! તમારી નગરીમાં આગ લાગી છે. ત્યારે રાજાએ શું જવાબ આપ્યો. મારી નગરી તો અંદર છે અને તે શાંત ને શીતળ છે. એને વળી આગ કેવી? બીજીવાર માણસે આવીને કહ્યું કે તમારા બજાના લૂંટાઈ ગયા. તો રાજા કહે મારા આત્મિક બજાના સહીસલામત ને ભરપૂર છે. ત્રીજીવાર માણસે કહ્યું. રાજન! ઉઠો, શત્રુઓ ચઢી આવ્યા છે ત્યારે પણ રાજાએ ખૂબ શાંતિથી કહ્યું. હું તો અજાતશત્રુ છું. મારો કોઈ દુશ્મન નથી તો પછી ચઢાઇ કોણ કરવાનું છે ? આમ આ રાજા કોઇપણ રીતે ધ્યાનમાંથી ચલિત થયા નથી. કારણ કે તે ધર્મબાગમાં બેઠા હતા. ચલિત કરવા આવનાર છેવટે થાકયા પણ રાજાને ચલિત કરી શકયા નહિ, આવી રીતે પ્રભુ મહાવીરને ચલિત કરવા ઘણા ઉપાયો અને અનેક વિઘ્નો આપવામાં આવ્યા છતાં તેઓ પોતાની સાધનામાંથી ચલિત થયા ન હતા. ત્યારે પ્રભુએ તો નથી ક્રોધ કર્યો કે નથી સમતા ગુમાવી. ધર્મના બગીચામાં તો શાંતિ ને શાંતિ જ હોય છે. કોઈ તમારું અહિત કરવા આવે તો પણ કરી શકે નહિ. એવું ત્યાં સુંદર વાતાવરણ હોય છે. જ્યાં સુધી પુણ્યનો ઉદય હોય ત્યાં સુધી વાળ વાંકો કરવાની કોઇની શકિત નથી. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે. એક બેડૂત એકવાર પોતાના ખેતર તરફ જતો હતો ત્યારે એક ડોશી રસ્તામાં પડી ગયેલી એણે જોઇ પાસે જઇને ડોશીને બેઠી કરી. પાણી પાયું ને ખૂબ સેવા કરી. ડોશીમાને જરા સારૂં થયું અને આશીર્વાદ આપ્યા દીકરા ! તું તો મારા પુત્રોથી પણ ચઢી ગયો. તેં મારી ખૂબ સેવા કરી તો લે આ મારી વીંટી તને આપું છું. આ વીંટીમાં એવો ચમત્કાર છે કે એને પહેરીને જેની ઈચ્છા કરીશ તે એક વાર તને મળી જશે. બેડૂત ઘેર ગયો. પટલાણીને બધી વાત કરી ને વીંટીની વાત પણ કરી દીધી. તેની બાજુમાં એક સોની રહેતો હતો. તે આ વાત સાંભળી ગયો અને વીંટી પડાવી લેવાનો વિચાર ઘડયો અને પાડોશી સાથે સંબંધ

વધારી વીંટી સાફ કરવા અને સારી પૉલિશ આપવાના બહાને વીંટી લઈ લીધી. એના બદલામાં બીજી ખોટી વીંટી બનાવી પટેલને આપી દીધી. જેનું પુણ્ય હોય તેને તેનો બદલો મળે છે અને તેનું બગાડનાર કે બગાડવાની ઈચ્છાવાળાના હાથ નીચે પડે છે.

અહીં પટેલનું પુણ્ય પ્રકાશતું હતું. વાસણને આંબલી જેમ જોરથી ઘસાય તેમ વાસણ વધારે ઉજળું થાય. સારા માણસો તો કર્મ સિવાય બીજો કંઈ વિચાર કરતા નથી એટલે એ વિપત્તિના સમયમાં પણ ઉજ્જવળ બનતા જાય છે. પટેલે તો ભોળાભાવે સોનાની વીંટી આપી દીધી. હવે સોની વિચારવા લાગ્યો મને આમાંથી સારો લાભ મળશે. એકવાર માંગવાનું છે તો ઓછું શા માટે માંગવું ? માંગ્યું તો જરૂર મળવાનું છે એમાં શંકા નથી. પટેલને તો મૂર્ખ બનાવીને વીંટી લઇ લીધી છે એટલે એ તો ચિન્તા નથી. હવે વાત આવી માગવાની. સોની બીજું શું માંગે ? એને મન તો સોનું સર્વસ્વ હોયને ? એટલે અડધી રાત્રે સોનૈયા માગવાનો નિશ્ચય કર્યો. મધ્યરાત્રે એ બેઠો થયો અને હર્ષમાં આવીને માંગ્યું. મારૂં ઘર ભરાય જાય એટલું સોનું વર્ષી જાઓ. ત્યાં સોનું વરસવા લાગ્યું. પાટોની પાટો ધડાધડ સોનીના ઘર ઉપર પડવા લાગી. કુટુંબ આખું સોનામાં દબાઇ ગયું.

બેડૂત આ બધી ધમાલ સાંભળી જાગી ઉઠ્યો અને જોયું તો સોનાની ઇંટો ધડાધડ પડતી હતી. બેડૂત સમજી ગયો કે આ પેલી વીંટીનો પ્રતાપ લાગે છે. ચતુર પટરાણી પણ સમજી ગઇ કે આ તો વીંટી બદલી એનો પ્રભાવ છે. સોની ખુવાર થઇ ગયો. વીંટી બરોબર હતી તો પટેલની એટલે બધું સોનું ધીમે રહીને પટેલે પોતાના ઘરમાં બસેડયું. બરોબર ! પુણ્યના સૂર્યને કોઈ ઢાંકી શકતું નથી પૈસાનો લાભ તો ગમે તેને મળે. પણ એનો ભોગવટો કરવો દુર્લભ છે. પુણ્ય જેનું હોય તેને મળે. સોનીને મળ્યું પણ એ ભોગવી ન શકયો, કારણ કે એનું પુણ્ય હતું નહિ તેથી એનો વિનાશ થયો. માટે જે જે ધન, જે જે લાભ અને જે જે કમાણી થાય તેને સન્માર્ગે વાપરવાની ઈચ્છા રાખવી.

ધર્મના બગીચામાં શાંત રહી બધું મેળવો અને ભોગવો. આરામ અને પ્રમાદ ઓછા કરી થાય તેટલી શુધ્ધ પ્રવૃત્તિમાં મસ્ત રહેવું અને જીવનનો આનંદ મેળવવો. પછી એ સેવાની પ્રવૃત્તિ હોય કે આધ્યાત્મિક હોય પણ સાચો આનંદ મેળવવા મથવું. સરોવર આખું ભરેલું હોય પણ તમારૂં પાત્ર જેટલા પ્રમાણનું હોય તેટલા પ્રમાણમાં પાણી તમારી પાસે આવી શકશે અને તેટલું પી શકશો. વધારે નહિ. એટલે આરંભ ઓછો કરવો. તમને જે મળવાનું છે તે તમારી સામે આવીને ઉભું રહેશે અને તમને મળવાનું છે તે કેવી રીતે આવીને તમને મળશે તેની બબર પણ નહિ પડે.

વસ્તુની રક્ષા કરતાં આત્માની રક્ષા મહત્વની છે. વસ્તુઓ અશાશ્વત છે.

આત્મા શાશ્વત છે માટે શાશ્વત આત્માની રક્ષા ઈચ્છતા સાધકે કષાયોને ઉપશાંત કરી અંતરના ધર્મરૂપ બગીચામાં હમેંશા વિચરવું. જો તમે આ રીતે ધર્મબાગમાં નહિ વિચરો તો આ સંસાર તો એક પ્રકારનો રોગ છે. રોગીને રોગ એ રોગરૂપે દેખાય તો એની દવા લે પણ એની દૃષ્ટિમાં રોગ ન લાગે તો દવા કયાંથી કરે ? રોગ સમજાય તો રોગને નાબૂદ કરવાનો ઉપાય પણ શોધી શકાય. પણ રોગ ન પકડાય તો આરોગ્યનો આનંદ કયાંથી મેળવી શકાય ? સાચો રોગ ન પરખાય તો દવા અવળી પડે ને દુઃખી થવાય તેમ સંસાર એ રોગ છે એમ ન સમજાય તો આત્માનું આરોગ્ય મેળવવાની ઔષધિ કયાંથી મળે ? ને ભવભ્રમણ ચાલુ રહે એમાં કાંઈ નવાઇ નથી. છતાં હું તમને પૂછું છું કે કદી તમને એમ થયું છે કે મેં જેને સુખ માન્યું છે એ સાચું સુખ છે કે નહિ ? જેમ બાળક રમતમાં ઘર બાંધે છે પણ રમત પુરી થયે તેનું ઘર છોકરાઓ વિખેરી નાંખે છે તેમ આ ઘર પણ એક દિવસ વિખરાઈ જવાનુ છે. આ બધું નજરે જોવા છતાં હજુ જીવની ભ્રાન્તિ કેમ ટળતી નથી ? એનું કારણ એ છે કે હજુ જીવે બાહ્ય સુખ જોયા છે. અંતરદૃષ્ટિથી અવલોકન કર્યું નથી. જેણે અંદરની દુનિયા જોઈ છે તેને બહારનું ભાન નથી અને જેણે બહારની દુનિયા જોઈ છે તેને અંદરની દુનિયાનું ભાન નથી કે અંદર કેવું સુખ ને શાંતિ છે !

કાઠિયાવાડના એક મોટા ગામમાં મેઘાશા નામના એક ધનવાન શેઠ રહેતા હતા. એમની પત્નીનું નામ રૂપાબા હતું રૂપાબા એમનું નામ હતું. તેવા તે રૂપાળા ખૂબ હતા. શેઠ એમના રૂપમાં આસકત હતા. એ રૂપાબા કહે તે પ્રમાણે શેઠને કરવું પડે. રૂપાબા કોઇ દિવસ ઘરની બહાર નીકળતા નહિ. હરવા–ફરવા કે કોઈ પ્રસંગમાં રૂપાબા જતા નહિ. એટલે ગામમાં શું ચાલે છે એની કંઈ ખબર ન પડે. એમણે હરીફરીને પોતાની હવેલી જોઇ હતી. ને તેમાં આનંદ માનતા હતા. એક દિવસ આડોશ પાડોશમાં રહેતી સખીઓ કહે છે રૂપાબા ! તમારા ઘરમાં ગમે તેટલું સુખ હોય પણ કોઇ દિવસ તમે ઘરની બહાર નથી આવતા તો તમને બહાર કેવું છે ગામ કેવું છે. તેની શું ખબર પડે? ચાલો, આજે પાડોશમાં લગ્ન છે. રૂપાબા ના પાડે છે. પણ સખીઓના અતિ આગ્રહને વશ થઇ લગ્નમાં ગયા. ત્યાંથી બધા ભેગા થઇને કુંભારને ત્યાં ચાક વધાવવા માટે ગયા. કુંભારને ત્યાં માટીની સરસ માટલીઓ જોઇ. શેઠાણીએ તેમાંથી ચાર માટલીઓ પસંદ કરીને કુંભારને કહ્યું કે આ માટલીઓ મારે ઘરે મૂકી જજે ને દુકાનેથી શેઠ પાસેથી પૈસા લઈ લેજે. ત્યારે કુંભાર કહે રૂપાબા ! તમારી પાસે પૈસા રોકડા છે? તો માટલી આપું. ત્યારે રૂપાબા કહે છે, ભાઇ ! હું તો સહેજે બહાર નીકળી છું એટલે મારી પાસે પૈસા નથી. પણ હું કહું છું ને કે તું દુકાનેથી લઇ લેજે. પછી શું વાંધો છે? ત્યારે કુંભાર કહે છે, રૂપાબા ! તમે ગમે તેટલા સારા હો પણ શેઠ કેટલા લોભિયા છે ! હું શેઠને સારી રીતે

ઓળખું છું. હું એમની પાસે પૈસા લેવા નહિ જાઉં. શેઠ પૈસાને બદલે દુકાનમાંથી એવી ખોટી જુવાર આપે છે કે એ મારા ગધેડા પણ ખાય નહિ. માટે તમારે આ માટલીઓ જોઇતી હોય તો તમારા નોકરને પૈસા લઈને મોકલજો. હું આ વાસણ તેને આપી દઈશ. બહેનપણીઓની વચમાં એક કુંભારે શેઠાણીનું અપમાન કર્યું એટલે એને ખૂબ દુઃખ થયું અને મનમાં વિચાર થયો અહો! શેઠનું ગામમાં જરાય માન નથી. હું આજે બહાર નીકળી તો ખબર પડી. શેઠાણી ક્રોધથી ધમધમતા ઘેર આવ્યા. ખાધું નહિ, પીધું નહિ ને રીસાઇને છાણા-લાકડાં ભરવાના રૂમમાં જઇને સૂતા. શેઠાણી સમજતા હતાં કે ગમે તેમ થશે પણ શેઠને મારા વિના ચાલવાનું નથી. શેઠ દુકાનેથી આવ્યા. શેઠાણીને ન જોયા એટલે નોકરોને પૂછે છે શેઠાણી ક્યાં ગયા? ત્યારે કહે કોણ જાણે એમને શું થયું છે! એ તો રીસાઇને છાણા-લાકડા ભરવાની રૂમમાં લાંબા થઇને સૂઇ ગયા છે....

બંધુઓ! આ સંસારમાં મોહનું નાટક કેવા નાચ કરાવે છે! શેઠ શેઠાણી પાસે ગયા. જઇને પુછે છે શેઠાણી! આજે તમને શું થયું છે? તમે કેમ રીસાઇ ગયા છો? બોલતા નથી? એમ અનેક પ્રકારના પ્રશ્ન કરે છે, પણ શેઠાણી સામું જોતા નથી. ખૂબ કાલાવાલા કરે છે. શેઠાણીના પગમાં પડે છે. કેવી મોહદશા છે! ભગવાનને નમતા શરમ આવે પણ આ શ્રીદેવીને નમતાં શરમ નથી આવતી. જાણે પત્ની પરમેશ્વર ને એ તમારા ગુરૂ જેમ પતિ-પત્નીને આધીન બની ગુલામી કરે છે તેમ આપણો આત્મા પણ ઇન્દ્રિયોનો ગુલામ બની ગયો છે. પાંચ ઇન્દ્રિયો ને છઠું મન, એ જેમ કહે તેમ મંજુર. ઇન્દ્રિયો કહે કે જો આ સંસારમાં કેવું સુખ છે! એટલે એના દોરવામાં દોરાઇ ગયા. પાંચ ઇન્દ્રિયો ને મન એ છ પાકા ઠગ છે. આત્મિક ધન લૂંટી લેનારા છે. દુનિયામાં કેટલાય માણસો એવા ઠગ હોય છે કે ભાગીદારીમાં વહેપાર કરે, ભાગીદારને બહારથી નફો બતાવે ને અંદરથી સાફ કરતા જાય. લાખોની મૂડી ખતમ કરાવી નાખે છે, પણ એ મૂઢ ગમારને ખબર નથી પડતી કે આ કોણે કર્યું? આ રીતે આત્માએ પરમાં સ્વમાની લીધું છે. પાંચ ઇન્દ્રિયો ને છઠ્ઠા મનને તાબે થઇ ગયો છે અને આત્મા એના આપેલા સુખને સુખ માની અનંત કાળથી ખુવાર થઈ રહ્યો છે. છતાં એની ભ્રાંતિ ટળતી નથી. હજુ મનમાં ઇચ્છાઓ ઉભી છે કે હું સારૂં સારૂં ખાવાપીવા ને પહેરવા ઓઢવાનું સુખ ભોગવી લઉં, પૈસો-પદવી ને માન મેળવી લઉં, આબરૂ વધારી લઉં આ બધી જીવનની ઘેલછા નથી તો બીજું શું? જ્યાં સુધી ઇન્દ્રિયોની ગુલામી નહિ ઘટે ત્યાં સુધી સાચું સુખ નહિ મળે.

મેઘાશા શેઠ શેઠાણીને ખૂબ મનાવે છે, ત્યારે ક્રોધથી ધમધમતા રૂપાબા શેઠાણી કહે છે જોયા હવે તમને! આટલી લક્ષ્મી હોવા છતાં ગામમાં તમારૂં એક કોડીનું માન નથી. તમારા નામે બે આનાના શાકભાજી ન આપે, કુંભાર ચાર માટલી ન આપે. તમારા પૈસામાં ધૂળ પડી. હું કોઇ દિવસ બહાર નહોતી જતી એટલે મને શું ખબર

પડે કે તમારૂં ગામમાં કેટલું માન છે! આજે બહાર ગઇ તો કુંભારે આવું કહ્યું. મને તો ખૂબ શરમ આવે છે. મારી સખીઓની વચમાં એક કુંભારે મારૂં અપમાન કર્યું. ગમે તેમ કરો પણ આ કલંક ઉતારો તો હું તમારી સાથે બોલીશ ને આઇશ. શેઠાણીના વચન સાંભળી શેઠના મનમાં એમ થયું કે હું આટલો કંજુસ બન્યો ત્યારે આ દશા આવીને? મારી પત્નીને આવા વેણ સાંભળવા પડ્યાને! શેઠની આંખ ખુલી ગઇ. આ પૈસો ને ઘરબાર કયાં સાથે આવવાના છે? શેઠ કહે છે આ કલંક ઉતારવા હું એક દાનશાળા ખોલું છું. શેઠાણીને આનંદ થયો. શેઠે દાનશાળા ખોલી. ગરીબ, નિરાધાર, સ્વધર્મી બધા એનો લાભ લેવા લાગ્યા ને શેઠની આબરૂ વધી ગઇ અને શેઠનું જીવન સુધરી ગયું ને માનવજીવન સાર્થક કર્યું.

જમાલિકુમારને ઘેર રિદ્ધિ-સિદ્ધિનો તૂટો નથી. દેવ જેવા સુખો ભોગવતો હતો. એની લક્ષ્મીપુન્યાનુબંધી પુણ્યની હતી. એવા સુખ ભોગવવા છતાં જ્યાં ખબર પડી કે ત્રણ લોકના નાથ ભગવાન મહાવીર પધાર્યા છે. ત્યાં એના દિલમાં રણકાર જાગ્યો શું મારા નાથ પધાર્યા છે? હવે મારાથી કેમ બેસી રહેવાય? જે પુણ્યના ફળ ભોગવતાં દુર્ગતિ થાય તે સુખ બોદું, પણ જે પાપ ભોગવતાં પરિણામમાં આત્મશુદ્ધિ કરી સદ્ગતિ મળે, ધર્મ ગમે તે સારું. પાપાનુબંધી પુણ્ય ભોગવતાં જીવને મોજમજા ગમે છે. ધર્મ ગમતો નથી. હરકેશી મુનિ ભોગવતાં હતાં પાપ પણ એ પાપ ભોગવતાં પુણ્ય બાંધતા હતા. હરકેશી મુનિ ચાંડાળ કુળમાં ઉત્પન્ન થયા હતા પાપકર્મ ભોગવતા સંસારની એક ઘટના જોઇ વૈરાગ્ય આવ્યો. દીક્ષા લીધી. શુદ્ધ સંયમનું પાલન કરતા હતા અને એવો કઠોર તપ કરતા હતા કે એના તપ ને સંયમના પ્રભાવથી યક્ષ તુષ્માન થયો. પારણાના દિવસે બ્રાહ્મણો જ્યાં યજ્ઞ કરતા ત્યાં ગોચરી ગયા. બ્રાહ્મણોએ તેમને હેરાન કરવામાં બાકી ન રાખ્યું. અંતે એમના તપ-સંયમના પ્રભાવથી યક્ષે બ્રાહ્મણોની આંખ બોલાવી. જે બ્રાહ્મણો તિરસ્કાર કરતા હતા તે પ્રેમથી આગ્રહ કરીને વહોરાવવા લાગ્યા અને ત્યાં માસખમણના તપસ્વી હરકેશી મુનિનું પારણું થયું. પારણું થતાં શું ચમત્કાર બને છે–

तहियं गन्धोदय पुप्फवासं, दिव्वातहिं वसुहाराय वुट्ठा ।
पहयाओ दुन्दुहीओ सुरेहिं, आगासे अहो दाणं च घुटठं ।।

ઉત્ત. સૂ. અ. ૧૨, ગાથા ૩૬

અરિહંત સિવાય બીજા કોઇના પારણામાં દેવો પાંચ પ્રકારની વૃષ્ટિ કરે નહિ અને હરકેશી મુનિનું પારણું થતાં પાંચ પ્રકારની વૃષ્ટિ થઇ. આ મુનિ પોતાના પાપ-કર્મના ઉદયથી ચંડાળ કુળમાં જન્મ્યા, ઘણું કષ્ટ સહન કર્યું પણ સમભાવમાં સ્થિર બની સંયમ લઇ ઉગ્ર તપ કરવાથી કર્મ ખપાવી મોક્ષે ગયા. ભરત ચક્રવર્તિ પુણ્યાનુબંધી પુણ્ય

ભોગવતા હતા છતાં સંસારથી કેટલા અલિપ્ત રહેતા હતા! અંગુઠી સરી પડતાં અરિસા-ભુવનમાં કેવળજ્ઞાન પામી ગયા.

અહીં જમાલિકુમાર માટે ચાર ઘંટવાળો રથ તૈયાર થઈ ગયેા. પેાતે સારા વસ્ત્રો પહેર્યા, બાજુબંધ પહેર્યા, સાતસેરા–નવસેરા હાર પહેર્યા. શરીરે ચંદનનું વિલેપન કર્યું અને રથમાં બેસી પ્રભુને વંદન કરવા જઇ રહ્યા છે. શરીરે ચંદનના વિલેપન કર્યા છે તેની સુગંધ મ્હેકી રહી છે. આપણે પણ ચંદન જેવું જીવન બનાવવું છે.

"ચંદન મારે બનવું છે, પ્રભુ ચંદન મારે બનવું છે.
બધું દુઃખ જગતનું બળવું છે, પ્રભુ ચંદન મારે બનવું છે.
કોઇ કાપે એને કરવતથી, તો પણ એને કાંઇ હરકત નથી,
નીચી મુંડીએ નમવું છે, પ્રભુ ચંદન મારે બનવું છે. બધું દુઃખ...

ચંદનને બાળે, ઘસે કે કાપે પણ એ સુગંધ આપે છે. શરીરે વિલેપન કરવામાં આવે તો શીતળતા અને સુગંધ આપે છે. તેમ આપણે પણ વિચારવાનું છે કે જેમ ચંદન શીતળ છે તેમ મારેા આત્મા જેમ સ્વભાવમાં સ્થિર બનશે તેમ શીતળ ચંદન જેવેા બનશે. ચંદન! તું તેા ઉપરથી શીતળતા આપે છે પણ પ્રભુના દર્શનથી રાગ-દ્વેષ, મેાહ અને કષાયેા નષ્ટ થતાં મારેા આત્મા શીતળીભૂત બની જશે. આમ શુભ ભાવના ભાવતાં સૈન્ય, સાથીદારેા અને હાથી-ઘેાડા, રથ, બધી સવારી સહિત જમાલિકુમારનેા રથ ચાલી રહ્યેા છે. એના રથના પૈડામાં રહેલા ઘૂઘરા રણઝણ ઝણકારા કરે છે તેમ જમાલિકુમારના અંતરમાં ભાવનાના ઝણકાર થાય છે. મારા નાથ! કયારે તમારા દર્શન કરીને પાવન બનું. આવી ભાવનાથી જીવ જેમ આગળ કદમ ઉઠાવતેા જાય છે તેમ તેના કર્મો કપાતા જાય છે. સંસારની પેઢી પર જવા પગ ઉપાડશેા તેા ત્યાં તમને નફેા મળે ને ખેાટ પણ જાય. પણ મારા વીતરાગની પેઢી એ તેા નફાની પેઢી છે. અહીં આવતા એવેા વેગ ઉપાડેા તેા કર્મ ચકચૂર થઇ જાય. એક વખત વીતરાગની પેઢીના મેમ્બર બની જાવ. અનાદિ કાળથી સંસારમાં સુખ માની એ તરફ દેાટ લગાવી રહ્યા છેા. હવે તમારી દિશા બદલેા. જમાલિકુમાર શુદ્ધ ભાવથી જઈ રહ્યા છે. એના મન, વચન ને કાયા પ્રભુમય બની ગયા છે. એના અંતરમાં પ્રભુ સિવાય બીજા કેાઇનું સ્થાન નથી. હવે પ્રભુના દર્શન કરવા જશે ને ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

"રાજપુત્રનેા જન્મેાત્સવ"

'ચારિત્ર' :– ગુણસેન રાજાને અગ્નિશર્મા મહાન તપસ્વીનું પારણું કરાવવાના પૂરા ભાવ છે. તપસ્વીને પણ પારણું કરવાના ભાવ છે. ત્રણ માસખમણ થઇ ગયા ને પારણાનેા દિન આવી ગયેા. જે દિવસની રાજા રેાજ રાહ જોતાં હતાં. બરાબર તે દિવસે એવેા યેાગ બન્યેા કે તે દિવસે રાજાની રાણી વસંતસેનાએ પુત્રને જન્મ

આવ્યો. આખા ગામમાં વાયુવેગે ખબર પહોંચી ગઈ છે એટલે મોટા શેઠીયાઓ, જાગીરદારો, નગરશેઠ બધા પુત્રજન્મની ખુશાલીમાં રાજાને સારાસારા ભેટણાં આપવા આવ્યા છે. નૃત્ય-સંગીત ને મંગલ ગીતો ગવાઇ રહ્યા છે. મહેલના મુખ્ય દરવાજે શરણાઈઓ વાગી રહી છે. રાજા આનંદમાં મસ્ત છે. આ સમયે તાપસ ત્યાં પારણું કરવા માટે આવ્યા પણ કોઈનું તેમના તરફ લક્ષ નથી તેથી તાપસ ત્યાંથી પાછા ફરી ગયા. કેટલી ઉગ્ર સાધના છે. હવે અહીં શું બને છે તે બરાબર લક્ષમાં રાખજો.

ઘોર નિયાણું બાંધ્યું :— તાપસને પારણું ન થયું એટલે અશુભ કર્મના ઉદયથી એના મનમાં ખૂબ આર્તધ્યાન થયું. કષાયોથી ઘેરાઇ ગયા. ધર્મની શ્રધ્ધા નાશ પામી . સમગ્ર દુઃખરૂપ વૃક્ષના બીજ રૂપ દ્વેષાનલ પ્રગટયો. દેહને પીડા કરનારી ભૂખ લાગી. એણે મનમાં શું વિચાર કર્યો :—

બચપનકા વેરી મેરા વહા, હસી કરી દિનરાત
હુઇ અલી નહિ તૃપ્ત આત્મા, હે પાપી બદજાત,
ભૂલભૂલકા કેવલ બહાના, કરના ચાહે ઘાતહો —શ્રોતા તુમ—

હે રાજા ! તું બાલપણથી મારો વૈરી છું. હું નાનો હતો ત્યારે પણ તું મને સુખે રહેવા દેતો નહોતો, મારી હાંસી ઉડાવતો હતો, એ ત્રાસથી કંટાળી હું તાપસ બન્યો. અહીં પણ તેં મને શાંતિ ન આપી. દર વખતે પારણાનું આમંત્રણ આપી જાય છે ને પારણું કરાવતો નથી અને પાછળથી મારી ભૂલ થઇ ગઇ, મને માફ કરો એમ નમ્ર બનીને આળોટે છે. હું સરળ એટલે તને માફી આપું છું ને તારું આમંત્રણ સ્વીકારું છું. પણ હવે મને સમજાય છે કે તું મારી મશ્કરી કરે છે. તું મારો પાકો વૈરી છે. મને મારી નાંખવાનો ધંધો કરે છે. તારું નામ ગુણસેન છે પણ તું અવગુણનો ભરેલો છે. અંદરથી એવો ક્રોધનો આવેશ આવ્યો છે. જ્યારે અત્યંત ક્રોધ આવે છે ત્યારે લોહીના પરમાણુઓ ઝેરમય બની જાય છે.

સાસુ ને વહુ એક વખત ખૂબ ઝઘડયા. એટલો બધો ક્રોધ થયો. સાસુ કહે હું કૂવામાં પડું ને વહુ કહે હું કૂવે પડીશ. બંને વચ્ચે ખૂબ જામી. આવા ક્રોધના આવેશમાં વહુ બાળકને લઇને દૂધપાન કરાવવા બેઠી. અત્યંત ક્રોધના કારણે એના લોહીના પરમાણુ ઝેરમય બની ગયા છે. બાળક થોડી વારમાં મરી જાય છે. ગમે તેવા સંયોગો ઉપસ્થિત થાય ત્યારે મન ઉપર ખૂબ બ્રેક લગાવી. ક્રોધ આભવ ને પરભવમાં કેટલું અહિત કરનાર છે ! અહીં જો જો ક્રોધનું પરિણામ કેવું વિષમ આવે છે ! અગ્નિશર્માએ બે માસ તો ખૂબ સમતા રાખી પણ ત્રીજા પારણા વખતે સમતા છૂટી ગઈ. રાજા રાજમહેલમાંથી પાછા ફરી તપોવન તરફ પાછા ફરતાં શું વિચાર કરે છે !

જો કરણીકા ફૂલ પાઉં મારું ભવભવ દરમ્યાન
આયે તપોવન નિકલ મહલસે, ઐસા કરી નિદાન,
ક્રોધ દાવાનલ ભડકા ઉઠા હે, તાપસ ભૂલા ભાન–હો–શ્રોતા તુમ...

જો મારા ઉગ્ર તપનું ફળ હોય તો હું આ ગુણસેનને ભવોભવ મારનારો થાઉં. એણે મારું ત્રણ ત્રણવાર અપમાન કર્યું તો તેનો પૂરો બદલો લઉં. હૃદયમાં ક્રોધની અગ્નિ પ્રગટી છે. હું આ શું કરી રહ્યો છું! પોતે પોતાનું ભાન ભૂલ્યો. હાથીની સવારી છોડી ખરની સવારી ઉપર બેઠો. કોહીનુર છોડી કંકર ગ્રહણ કર્યા. ગંગા નદીના પવિત્ર જળ બાળકુંડીમાં ઢોળી નાંખ્યા. આવું નિયાણું કરી રાજમહેલમાંથી નીકળી અગ્નિશર્મા તાપસ તપોવનમાં આવ્યા અને જ્યાં આંબાના ખૂબ વૃક્ષો હતા ત્યાં એક ચોરસ પથ્થરની શિલા ઉપર બેસી ચિંતવવા લાગ્યો. અહો રાજાએ મને ખૂબ પીડા આપી. એના જેવો મારો કોઈ દુશ્મન નથી. એના વેરનો પૂરો બદલો લઈશ ત્યારે જંપીશ.

જિંદગી પર્યંત આહારનો ત્યાગ : આગળ એ શું વિચાર કરે છે અહો! મેં મહિનામાં એક દિવસ પણ ખાવાની છૂટ રાખી ત્યારે આ બધી માથાકુટ થઈને! હવે મારે જીવું ત્યાં સુધી ખાવું નથી. આવી કઠીન પ્રતિજ્ઞા લઈ લીધી. જુઓ, ક્રોધ શું કરાવે છે. આ વખતે ગુરૂની રજા ન લીધી. ગમે તેવો મોટો કે નાનો તપ કરે પણ ગુરૂની આજ્ઞા વિના શિષ્યથી એક કદમ પણ આગળ ભરાય નહિ. અગ્નિશર્માનો અજ્ઞાન તપ હતો માટે આવો ક્રોધ આવ્યો. હવે ક્રોધથી ધમધમતા અશુભ ધ્યાનની શ્રેણીએ ચઢયા છે. બીજા તાપસ કુમારો તેમની પાસે આવશે ત્યારે આ વાત જાણશે તે વાત પછી કરીશું. અહીં રાજાનું શું થયું તે જોઇએ.

ગુણસેન રાજાનો પશ્ચાતાપ :

રાજાના હૃદયમાં જરા પણ માયા ન હતી. તપસ્વીને દુઃખી કરવાના ભાવ ન હતા. પણ પુત્રના જન્મોત્સવમાં ભાન ભૂલી ગયો. થોડીવારે યાદ આવ્યું કે આજે તો મહાન તપસ્વીનું ત્રણ માસખમણનું પારણું છે. હું પુત્રના જન્મોત્સવમાં પડીને તપસ્વીની ખબર રાખતો નથી. કેવો પાપી છું? ત્યાં ઉભેલા પોતાના પરિવારને પૂછે છે આજે એ મહાન તપસ્વી અહીં આવ્યા હતા? ત્યારે કોઈએ કહ્યું તેઓ આવ્યા હતા પણ પુત્રના જન્મના ઉત્સવમાં બધા આનંદમગ્ન બની ગયા હતા તેથી કોઇએ તેમની આગતાસ્વાગતા કરી નહિ. તેથી તેઓ તરત પાછા ફર્યા. આ સાંભળીને તરત રાજા ઉદાસ બની ગયા. અહો! હું કેવો અભાગી છું! મહા તપસ્વીને આહારની અંતરાય પાડું છું. પુત્રનો જન્મોત્સવ મારા માટે આપત્તિ રૂપ બની ગયો. મને હજારો વાર ધિક્કાર છે. આવા તપસ્વીને કષ્ટ આપીને હું કેટલા ભવે છૂટીશ? આ વખતે હું શું મોઢું લઇને એમની પાસે જાઉં. ત્રણ ત્રણ વખત એ મહાત્માએ મારા ઉપર કૃપા કરી. હવે મને ક્ષમા નહિ કરે. એમની

ક્ષમાની હદ આવી ગઇ છે. હવે કોઇ સંયોગોમાં હું તેમની પાસે જઇ શકીશ નહિ. મને લજ્જા આવે છે. ધરતી જગ્યા આપે તો સમાઇ જાઉં. આમ પશ્ચાતાપ કરે છે, રડે છે, ઝૂરે છે. શું કરવું તેની સમજ પડતી નથી.

તાપસો વિચારે છે કે તપસ્વી પારણું કરીને આવ્યા કે કેમ ?

અહીં અગ્નિશર્માને ન જોયા એટલે બીજા તાપસકુમારો વિચાર કરવા લાગ્યા કે હજુ મહાતપસ્વી પારણું કરીને આવ્યા લાગતા નથી. લાવો તપાસ કરીએ. તેઓ જ્યાં રોજ બેસતા હતા ત્યાં તપાસ કરી તો અગ્નિશર્મા ન મળ્યા. આંબાવાડીમાં શિલા ઉપર ધ્યાન કરીને બેઠા હતા. તાપસોએ તેમના સામું જોઇને પૂછ્યું તપસ્વીજી ! આપનું પારણું થયું કે નહિ ? આપનું મુખ કરમાએલું કેમ દેખાય છે ? ત્યારે તાપસ કહે છે ના. કેમ નથી થયું ? આપ રાજાને ત્યાં પધાર્યા હતા કે નહિ ? ત્યારે તાપસ કહે છે ગયો હતો પણ રાજા મારો પહેલેથી વેરી છે. મને હેરાન હેરાન કરે છે. આટલું બોલતા તાપસના ગાત્રો ધ્રુજવા લાગ્યા. આંખો લાલ અંગારા જેવી થઇ ગઇ છે. એનો ક્રોધ જોઇ શિષ્યો ધ્રુજી ગયા. હવે આપણું કામ નહિ. ગુરૂદેવને જાણ કરીએ. કોઇ જબરો માણસ હોય એને કંઇ કહેવું હોય તો તમે એમ કહો છોને કે અમારું કામ નહિ. એ તો માથાભારે માણસ છે. તાપસો જલ્દી ગુરૂ પાસે આવ્યા ને બધી વાત કહી. ગુરૂ ખૂબ ગુણવાન અને ગંભીર હતા. અંધકારમાંથી પ્રકાશમાં લઇ લઇ જાય તેનું નામ ગુરૂ. જેમ સૂર્યની ગરમી લાગે પણ બળી ન જવાય. સૂર્યોદય થતાં ગંદકી દૂર થઇ જાય તેમ ગુરૂનો તાપ લાગે તેથી શિષ્યના જીવનમાં રહેલા દુર્ગુણો નાશ પામે છે. આ ગુરૂ તેજસ્વી હતા. શિષ્યોની વાત સાંભાળી ગુરૂ સમજી ગયા કે નક્કી રાજાની ભૂલ થઈ હશે. પારણું નહિ થયું હોય તેથી અગ્નિશર્મા કોપાયમાન થયો હશે. પૂર્વનું વેર જાગશે તો રાજા અને અગ્નિશર્મા બંનેને મોટું નુકશાન થશે. એનું અહિત થતું અટકાવી દઉં. એ વિચારથી ગુરૂ તરત પોતાના આસનેથી ઉભા થઇ ગયા. ગુરૂ અગ્નિશર્મા પાસે જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૨૨

શ્રાવણ સુદ ૨ ને મંગળવાર **તા. ૩૧-૭-૭૩**

અનંત કરૂણાનીધિ શાસ્ત્રકાર ભગવંતે જ્ઞાતાધર્મકથાંગી સૂત્રની પ્રરૂપણા કરી તેમાં જમાલિકુમારનો અધિકાર ચાલે છે. માહણકુંડ અને ક્ષત્રિયકુંડ નગરની વચમાં બહુશાલ

સુનામના ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે. આટલા સમાચાર સાંભળતાં એના રોમરાય ખડા થઇ ગયા. એને જલ્દી પ્રભુની પાસે કેમ પહોંચું એવી તાલાવેલી લાગી છે. તમે રત્ન-હીરા-માણેક-મોતીને તિજોરીમાં મૂકો છો જ્યારે એને ઘેર મહેલના ભોંયતળિયામાં રત્નો જડ્યા હતા. ભૌતિક સુખનો પાર ન હતો. એની પત્નીઓ ખમ્મા ખમ્મા કરતી હતી. આવો જમાલિકુમાર પ્રભુનું નામ સાંભળી ઉભો થઈ ગયો. સ્નાન મંજન કરી તૈયાર થયા. કૌટુંબિક પુરૂષો તેમની આજ્ઞા પ્રમાણે ચાર ઘંટવાળો અને ચાર અશ્વો જોડેલો ઉત્તમ રથ તૈયાર કરીને લાવ્યા. પોતે સાતસેરા, નવસેરા હાર પહેર્યા. ઉત્તમ વસ્ત્રો પહેર્યા. હાથે બાજુબંધ પહેર્યા. ચંદનના વિલેપન કરી મોઢામાં તાંબૂલ ચાવતાં રથમાં બેઠા. માથે છત્ર રાખવામાં આવ્યું છે. હજુ પ્રભુને જોયા નથી. દર્શન કરવા જાય છે પણ હૈયામાં એવો વેગ ઉપડયો છે કે એના કર્મના ચૂરા થવા માંડયા છે. અરિહંત પ્રભુના દર્શન કરવામાં ઉત્કૃષ્ટ ભાવ જાગે તો કર્મની ક્રોડો ખપી જાય. એને સંસારના સુખ ખારા લાગવા માંડયા. તમને આ સંસારના સુખ ખારા લાગે છે.

મહાન પુરૂષો શું કહે છે ? આ સંસાર તો સંપૂર્ણ દુઃખમય છે, સુખમય નથી. સંપૂર્ણ સુખ તો પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપની રમણુતામાં છે અને જડ પદાર્થોના સંયોગોમાં જેને સુખ લાગે છે તે સુખ નથી પણ સુખનો પડછાયો છે. મહાન દુઃખની ફોજને ખેંચીને લાવનારા સંસારમાં સુખની આશા રાખવી તે ભ્રમ છે. સંસારનો રસ જીવને પામર બનાવે છે. પોતે અમીર હોવા છતાં ગરીબ બનાવે છે, પોતે શૂરવીર હોવા છતાં કાયર બનાવે છે. સંસારના રસના કારણે આત્માના એકાંત અને અવિનાશી સ્વરૂપને પણ સમજતો નથી અને સુખ જડ પુદ્ગલોમાં શોધે છે. એને ભાન નથી કે હું જેમાં બની આશા રાખું છે તે પુદ્ગલ તો નાશવંત છે, પરાધીન છે અને પૌદ્ગલિક સુખના પ્યાર દુઃખ દેનારા છે ત્યાં સુખ કયાંથી જડે ? સર્પના મુખમાં કદી અમૃત મળે ? ઉકરડામાં રત્ન મળે ? જો તમારે સાચું સુખ જોઈતું હોય તો સંસારનો વિશ્વાસ ન રાખો. સંસાર એટલે અપૂર્ણતા. જ્યાં અપૂર્ણ છે ત્યાં પૂર્ણતા કયાંથી પમાય ?

જે સુખ ઢુંઢે તું આ જગમાં, એ તો આભાસ છે (૨)
સાચા સુખનો તો તારા, આંગણુમાં વાસ છે (૨)
ઓ જીવડા રે...અંધારે ભટકયા કરવું તને શોભે ના...મનવા...
મનવા જે સુખની કરે તું આશા, તને નથી મળવાનું,
દોડાદોડી ફોગટ કરવી તને શોભે ના...મનવા જે સુખની કરે તું આશા

સંસારસુખમાં પાગલ બનીને વધુ કેમ મેળવું એવી આશાથી દોડયા કરે છે પણ જ્ઞાની કહે છે જે સુખને તું બહાર શોધે છે તે તારામાં છે. બહાર સુખ મેળવવા માટે ફાંફા મારવા એ ચેતન સ્વરૂપ આત્મા તને ના શોભે ? બહાર જે સુખ તું શોધે છે

એ તો સુખનો આભાસ માત્ર છે. માટે એવો વિચાર કરો કે હું તો અનંત સુખનો અધિપતિ છું. મારે સુખની શું ખામી છે ! અમ મનને મનાવી દીન ન બનો. થોડું મળ્યું છે તેને ઝાઝું માનો અને સંસારમાં સુખ છે એવી આશા છોડી દો. ઇન્દ્રિયો અને તેના વિષયોમાં ગૃધ્ધ ન બનો. જે ઈન્દ્રિઓને વશ થયા, તેનું કહ્યું કર્યું તો એક વખતનો મહાન સંયમી પણ એવો દીન અને દુઃખી બની જાય છે કે વર્ષોની મહાન સાધના પણ ખતમ કરી નાંખે છે.

જ્ઞાતાજી સૂત્રમાં પુંડરીક અને કુંડરીકની વાત આવે છે. કુંડરીકે ઇન્દ્રિઓને વશ થઇ હજારો વર્ષોની કરેલી મહાન સાધના પલવારમાં ખતમ કરી નાંખી. આપણે સાધુ. વંદણામાં બોલીએ છીએ કે :—

" વળી પુંડરીક રાજા કુંડરીક ડગીયો જાણ
પોતે ચરિત્ર લઈને ન ઘાલી ધર્મમાં હાણ,
સર્વાર્થસિધ્ધ પહોંચ્યા ચ્યવી લેશે નિર્વાણ
શ્રી જ્ઞાતાસૂત્રમાં જિનવરે કર્યા વખાણ "

પુંડરીક અને કુંડરીક બંને સગા ભાઇ છે. પુંડરીક મોટો છે ને કુંડરીક નાનો છે. એક વખત એ નગરમાં મહાન જ્ઞાની સંત પધાર્યા. બંને ભાઇઓ મુનિના દર્શન કરવા ગયા. એ મહાન પુરૂષની વૈરાગ્ય ભરી વાણી સાંભળીને સંસાર ખારો ઝેર લાગ્યો. સળગતા દાવાનળ જેવો લાગ્યો. પુંડરીક કહે છે ભાઇ ! હવે તું આ રાજ્ય સંભાળ. મેં ઘણા વર્ષો રાજ્ય ભોગવ્યું. હવે હું આત્મકલ્યાણ કરવા માટે ચારિત્ર અંગીકાર કરીશ. ત્યારે કુંડરીક કહે છે ના ભાઇ ! હું દીક્ષા લઇશ. મારે રાજ્ય નથી જોઈતું.

બંધુઓ ! કેવા હળુકર્મી જીવો હશે ! આમ જીવો બુઝી જાય તો સાધુને ઉપદેશ આપતાં થાક લાગે ? આ કાળમાં આવા યુવાનોને સમજાવવા મુશ્કેલ છે. સાધુ છાતી તોડીને થાકે પણ મારા ભગવાનનો શ્રાવક ના બૂઝે. અહીં તો બંને ભાઇઓ વચ્ચે દીક્ષા લેવા માટે ખેંચાતાણી થઇ. મોટો ભાઇ કહે હું દીક્ષા લઉં અને નાનો કહે હું લઉં. ત્યારે કુંડરીક કહે છે મોટા ભાઇ ! તમે સંસારમાં રહેવા છતાં અલિપ્ત ભાવથી રહેશો કારણ કે તમારા જીવનમાં સંવેગ છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનનાં પહેલા સૂત્રમાં ભગવાનને ગૌતમસ્વામીએ પ્રશ્ન પૂછ્યો :—

" संवेगेणं भंत्ते जीवे किं जणयइ ? संवेगेणं अणुत्तरं धम्मसध्धं जणयइ । अणुत्तराए धम्मसध्धाए संवेगं हव्वमागच्छइ, अणन्तानुबन्धि कोह-माण, माया, लोभे खवेइ, नवं च कम्मं न बन्धइ, तप्पच्चइयं चणं मिच्छत्तविसोहि काऊणं दंसणाराहए भवइ, दंसण विसोहीएयणं विसुध्धाए अत्थेगइए तेणेवभवग्ग-हणेणं सिज्झइ, विसोहीए यणं विसुध्धाए तच्चं पुणोभवग्गहणं नाइकम्मइ ।। "

પ્ર. હે ભગવાન ! સંવેગથી જીવને કયા ગુણની પ્રાપ્તિ થાય છે ?

ઉ. સંવેગથી ઉત્તમ ધર્મશ્રદ્ધા જાગૃત થાય છે. ધર્મની ઉત્કૃષ્ટ શ્રદ્ધા કરવાથી સંવેગ મોક્ષાભિલાષાની શીઘ્ર પ્રાપ્તિ થાય છે. અનંતાનુબંધી ક્રોધ–માન–માયાને લોભનો ક્ષય થાય છે. નવા કર્મોનું બંધન થતું નથી. આથી મિથ્યાત્વની વિશુદ્ધિ કરીને દર્શનની આરાધના થાય છે. દર્શનવિશુદ્ધિથી શુદ્ધ થયા પછી કોઇ તો એ ભવમાં સિદ્ધ થઇ જાય છે અને જે એ ભવમાં સિદ્ધ થતા નથી તેઓ મોડામાં મોડા ત્રીજા ભવે સિદ્ધ થાય છે.

સંવેગવાન આત્મા કેટલો લાભ મેળવી શકે છે ! પુંડરીક સંસારમાં રહેવા છતાં રાજ્યનો વહીવટ કરવા છતાં એમાં ગળાબૂડ ખૂંચેલો નહોતો રહેતો. કુંડરીક કહે છે મોટા ભાઈ તમે રાજ્યમાં રહેશો તો પણ અલિપ્ત ભાવથી રહેશો. વૈરાગ્ય ટકાવી શકશો અને ગમે ત્યારે ચારિત્ર લઇ શકશો પણ હું જો રાજ્યનો ભાર લઇશ તો રાજ્યના સુખમાં એવો ખૂંચી જઇશ કે મને એમાંથી કાઢવો મુશ્કેલ થઈ પડશે. માટે તમે રાજ્ય સંભાળો ને મને દીક્ષાની આજ્ઞા આપો. આજે તમારી કઇ દશા છે ? આ લોકોને રાજ્ય હોવા છતાં મોહ નથી અને તમારે ત્યાં બે ભાઈના મઝીયારા વહેંચાય તેમાં એકાદ વસ્તુ જો ઓછી આવી જાય તો કોર્ટે ચઢે અને માતાનું વાંકું બોલવા લાગશે કે મારી માતાએ મોટાને વધુ આપ્યું ને મને ઓછું આપ્યું. પોતાના સુખની ખાતર સામાનો એક અવગુણ હશે તો પણ એના લાખ અવગુણ બોલશે અને પોતામાં લાખ અવગુણ હશે તે નહિ જુવે. આ જીવની અનાદિની પરિણતી છે.

અહીં કુંડરીક કહે છે મોટા ભાઇ ! મારે રાજ્ય નથી જોઇતું. મને દીક્ષા લેવા દો. અહો ! કેવી એ જીવોની જાગૃતિ, કેવી દીર્ઘદૃષ્ટિ ! મહાન પુરૂષોના પગલે ચાલવાથી ભવ્ય જીવો તરી જાય છે. નાના ભાઇની ઉત્કૃષ્ટ ભાવના જોઇ પુંડરીકે રજા આપી અને કુંડરીકે સિંહની જેમ શુરવીર બનીને સંયમ લીધો. ગુરુના સાનિધ્યમાં રહી જ્ઞાન–ધ્યાન સ્વાધ્યાય અને તપમાં રકત રહેવા લાગ્યા. એક હજાર વર્ષો સુધી સુંદર રીતે તપ કરતા હતા દીક્ષા લીધાને એક હજાર વર્ષ થયા પણ હજુ ભાઇના ગામમાં આવ્યા. ન હતા. એક વખત કુંડરીક મુનિના અશાતા વેદનીય કર્મનો ઉદય થયો. ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા કુદરતી તે વખતે પોતાના ગુરૂની સાથે પુંડરીક રાજાના ગામમાં પધાર્યા. પુંડરીકને ખબર પડી કે ઘણા વર્ષે મારા ભાઇ કુંડરીક મુનિ ગુરૂદેવની સાથે પધાર્યા છે. તરત વંદન કરવા ગયા. કુંડરીક મુનિ બિમાર છે એ જાણીને ગુરુદેવને વિનંતી કરી કે કુંડરીક મુનિના રોગની ચિકિત્સા જે રીતે કલ્પે તે રીતે અહીં કરાવો અને એમને જે ઔષધાદિ કલ્પે તેનો મને લાભ આપો. મારે ત્યાં રસોડું મોટું છે. એટલે બધું નિર્દોષ મળશે. ગુરૂએ રાજાની વિનંતી સ્વીકારી અને ત્યાં રહ્યા. ઔષધને કલ્પતી નિર્દોષ જે ચીજો જોઇએ તે નિર્દોષ મળી જતી એટલે કુંડરીક મુનિ જલ્દી સાજા થઇ ગયા. પણ

હવે એને પુંડરીકને સુખ ભોગવતો જોઇ રાજ્યના સુખની લાલસા જાગી. અહો ! રાજ્યમાં કેવા માલમસાલા ખાવા મળે અને હું તો તપ કરીને સૂકાઇ ગયો. મનમાં આવી દીનતા જાગી. હવે એમને વિહાર કરવાનું મન થતું નથી. ગુરૂએ ખૂબ સમજાવ્યા પણ સારું સારું ખવાની લોલુપતાથી એવા રાંક બની ગયા છે કે ગુરૂ પરિવાર સહિત વિહાર કરી જવા છતાં પોતે ત્યાં રહ્યા.

ગુરૂદેવ વિહાર કરી ગયા છતાં કુંડરીક મુનિ પોતાને ત્યાં રહ્યા છે એમ જાણી પુંડરીક રાજા તેની પાસે આવે છે ને મીઠા શબ્દોથી કહે છે ગુરૂદેવ! આપે તો સંયમ લઇને કામ સાધ્યું અને અમે સંસારના કીચડમાં ફસાયા. હવે આપની તબિયત સારી છે એટલે વિહાર કરવાની તૈયારીમાં હશો. હવે વહેલા વહેલા પધારજો અને મને લાભ આપજો. આ વખતે આપે મને વૈયાવચ્ચનો લાભ આપ્યો. મારા અહોભાગ્ય છે. હું પાવન બની ગયો પણ વારંવાર આવો લાભ આપવા ગુરૂદેવને લઇને પધારજો કારણ કે સંતસરિતા વહેતી ભલી. જેમ જેમ સંતો વધુ વિચરે તેમ તેમ એમનું ચારિત્ર વધુ નિર્મળ રહે. અનેક જીવોને લાભ મળે અને પ્રતિબોધ પામે. એક સ્થાનકમાં વધુ રહેવાથી ચારિત્ર મલીન બને છે જેમ સંત વિચરતા ભલા તેમ તમારી તિજોરીના નાણા પણ વપરાતા સારા. લક્ષ્મીને તિજોરીમાં પૂરી રાખો તો અકળાઇ જાય. જેમ નદીનું વહેતું પાણી નિર્મળ રહે છે પણ આબોચીયા ભરેલું પાણી ગંદુ થઈ જાય છે. **"બંધા ગંદા હોય"** તમને લક્ષ્મી મળી છે તો તેની મૂર્છા ન રાખશો. છુટા હાથે વાપરજો.

કુંડરીક મુનિને વિહાર કરવાનું મન થતું નથી. પણ મોટાભાઇ એવા પુંડરીક રાજાના મીઠા વચનો મૂંગી સૂચના કરે છે કે હવે અહીંથી વિહાર કરો. શ્રાવકો સાધુના અમ્મા-પિયા છે. સાધુ ભાન ભૂલે તો શ્રાવકો ખુણામાં બેસાડીને એમને હિત શીખામણ આપતા અને પડવાઈ થયેલા સાધુ ઠેકાણે આવી જતા. એ જમાનામાં એવા શ્રાવકો હતા. પુંડરીક રાજાના કહેવાથી અનિચ્છાએ શરમના માર્યા કુંડરીક મુનિ વિહાર કરી ગયા પણ એમનું મન મીઠા અને સ્વાદિષ્ટ ભોજનનું લાલચું બની ગયું હતું. એટલે પાછા નગરની બહાર ઉદ્યાનમાં આવ્યા. માળીએ રાજાને ખબર આપી કે કુંડરીક મુનિ પધાર્યા છે. રાજાના મનમાં થઈ ગયું કે નક્કી મારો ભાઈ સંયમથી પડવાઇ થયો છે. રાજા જલ્દી ઉદ્યાનમાં આવ્યા. રાજાનો ભાવ એવો હતો કે ગમે તેમ કરી મારા ભાઇને સમજાવીને સંયમમાં સ્થિર કરૂં. એટલે તેમને પ્રદક્ષિણા દઇ વંદણા કરીને કહે છે મુનિરાજ! સુખ-શાતામાં છોને? આપ કેવા ભાગ્યવાન છો કે રાજશાહી સુખોને છોડી ઉગ્ર તપશ્ચર્યા કરી, નિર્મળ બ્રહ્મચર્યનું પાલન કરી દીર્ઘકાળથી સંયમ પાળો છો અને કર્મોને ચકચુર કરી રહ્યા છો. હવે તો આપ ગુરૂમહારાજ પાસે જશોને? પણ કુંડરીક મુનિ કાંઇ જવાબ

આપતા નથી એટલે પુંડરીક રાજા સમજી ગયા કે હવે મામલો બગડયો છે. હવે આ તરમાં ચારિત્રરૂપી તેલ નથી એટલે પૂછે છે શું આપને ભોગની ઇચ્છા છે? ત્યારે કુંડરીક મુનિએ માથું ધુણાવી હા પાડી.

પુંડરીક રાજાના મનમાં થયું કે અહો! આ સંયમ છોડીને સંસારમાં આવશે તો મારો જૈન ધર્મ લજવાશે. મારા દેવ-ગુરૂ ને ધર્મની નિંદા થશે. એ હું સહન નહિ કરી શકું. એટલે કહે છે ભાઈ એમ કરો, મારો વેશ તમે પહેરી લો અને તમારો વેશ મને આપી દો.

બંનેની ઉંચાઇ ને મોઢાનાં ફેઇસ સરખા હતા એટલે પુંડરીક રાજા કુંડરીકનો વેશ પહેરીને ભાવથી ચારિત્ર અંગીકાર કરી ગુરૂને પાસે પહોંચવા માટે વિહાર કરી ગયા. ધર્મનું કેટલું ઋનુન! તમને તમારા દેવ-ગુરૂને ધર્મપ્રત્યે આવું ઋનુન છે? સાચો શ્રાવક અને સાચો શિષ્ય પોતાના ધર્મના કે ધર્મગુરૂના કોઇ અવર્ણવાદ બોલે તો સહન ન કરી શકે. જો સાંભળે તો એ સાચો શ્રાવક કે સાચો શિષ્ય નથી. પુંડરીક રાજાએ પોતાના ધર્મ ખાતર દીક્ષા લઇ લીધી. રાજ્યમાં રહેવા છતાં અને રાજ્યના સુખ ભોગવવા છતાં કેવો વૈરાગ્ય! કેવો અલિપ્ત ભાવ કે કોઇ જાતના સંકોચ વિના ક્ષણવારમાં ચારિત્ર અંગીકાર કરી લીધું

પુંડરીક રાજાએ બે દિવસ સુધી સતત ઉગ્ર વિહાર કર્યા. સૂર્યાસ્ત થાય ત્યારે રોકાય ને સૂર્યોદય થતાં ચાલવાનું શરૂ કરે. બે દિવસના ઉપવાસ થયા. કોઈ દિવસ રાજા પગે ચાલ્યા ન હતા. ભૂખ-તરસ વેઠયા ન હતા. છતાં ઉગ્ર વિહાર કરીને ત્રીજે દિવસે ગુરૂની પાસે પહોંચી ગયા. ગુરૂની પાસે ફરીને ચારિત્ર અંગીકાર કર્યું. વિહાર કરતાં ગામડામાં પધારેલા. એવા ગામડામાં તો લૂખોસૂકો આહાર મળે એનાથી પારણું કર્યું. એમણે તો રાજ્યનો આહાર કરેલો. આવો લૂખો આહાર કયાંથી પચે? એક તો બે દિવસનો સખત થાક અને છઠ્ઠના પારણે આવો આહાર કર્યો. એટલે રાત્રે એમના પેટમાં ખૂબ પીડા થવા લાગી. આ તરફ કુંડરીકને રાજ્ય મળ્યું. એકદમ સારોસારો ભારે ખોરાક ખાવા માંડયો. હજાર વર્ષથી ઉગ્ર તપ કરતા હતા એટલે પેટ તો કાગળની કોથળી જેવું બની ગયું હતું. એકદમ વધુ પ્રમાણમાં પેટમાં ભારે આહાર પડવાથી એના પેટમાં અજીર્ણ થયું. ખૂબ પીડા થવા લાગી.

અહીં ધ્યાન રાખજો. પુંડરીક ને કુંડરીક બંનેને પીડા તો થઇ પણ એકમાં જ્ઞાનદૃષ્ટિ છે ને વિવેક છે. સમતાભાવ છે. જ્યારે બીજામ અજ્ઞાન છે. અવિવેક છે ને વ્યાકુળતા છે. જ્ઞાની અને અજ્ઞાની બંનેને રોગ તો આવે પણ બંનેની દૃષ્ટિમાં ફેર હોય.

ભલે હોય જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ-દુખ રહિત ન કોઇ,
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોઇ.

જ્ઞાની સમતાભાવથી વેદે અને અજ્ઞાની રોઈ રોઈને વેદે, આ બંનેમાં તફાવત છે. અજ્ઞાનીને રોગ આવે ત્યારે ઓય-ઓય કરે અને જ્ઞાની હોય-હોય કહે. એ એમ કહે કે જીવ ! તેં એવા અશુભ કર્મ બાંધ્યા છે તે ઉદયમાં આવ્યા છે. તેમાં રડવાનું શું ? અને અજ્ઞાની તો કહે કે કયાંથી આવ્યા ? કોણે મોકલ્યા ? પુંડરીક મુનિ ખૂબ સમતાભાવમાં રહીને કર્મો ખપાવી સર્વાર્થસિધ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા અને એકાવતારી બની ગયા. જ્યારે કુંડરીક અજીર્ણની સખત પીડા થવાથી રૌદ્રધ્યાન થવાથી મરીને સાતમી નરકે ગયા. એકે અઢી દિવસમાં કામ કાઢી લીધું ને બીજા નરકમાં પટકાયા. અહીં આપણે એટલું સમજવાનું છે કે જ્યારે મનમાં દીનતા આવે છે ત્યારે ગમે તેટલુ મળે તે બધું ઓછું લાગે છે. અપૂર્ણ લાગે છે. પુંડરીકની સંયમ પ્રત્યેની લીનતા અને કુંડરીકની દીનતાએ બંને ભાઇઓ વચ્ચે ચૌદ રાજલોકનું અંતર પડાવ્યું. એક સ્વર્ગના સુખ ભોગવવા લાગ્યો અને એક સાતમી નરકે મહાવેદના ભોગવવા લાગ્યો.

બંધુઓ ! કુંડરીકના દૃષ્ટાંતથી આપણે એ સમજવાનું છે કે આપણે ગમે તેટલી ધર્મારાધના કરીએ પણ આપણી વૃત્તિઓને ન જીતી શકીએ તો જીવનમાં કેટલી કંગાલતા આવે છે. એ કંગાલ બનેલું મન ગમે તેટલું મળે તો પણ માંગ્યા કરે છે પણ જીવને ખબર નથી કે અર્થ પાછળ દોડધામ કરવી એટલે આપણા માથાની પાછળ રહેલા પડછાયાને પકડવા જવાનો નિષ્ફળ પ્રયત્ન કરવો. ગમે તેટલું કરો પણ પડછાયો કદી પકડાય ? જેમ જેમ પડછાયાને પકડવા દોડીએ તેમ તેમ તે દૂર ભાગે છે. એના બદલે જો મોઢું ફેરવી દોડે તો પડછાયો પાછળ રહે. આ રીતે અર્થકામની લાલસાથી પણ મોઢું ફેરવવાની જરૂર છે. તીર્થંકર ભગવંતોએ અર્થકામને છોડયા તો ચાલતી વખતે પગ નીચે દેવોએ સોનાના કમળો બનાવીને મૂક્યા. તમારે આવું બધું જોઇએ છે પણ પુદ્ગલની મમતા છૂટતી નથી. આટલું જાણવા, સમજવા છતાં હજુ ભાન નથી કે રત્નચિંતામણી જેવો આ માનવભવ તો જડ પુદ્ગલોનો રાગ છોડી આત્મતત્ત્વની પિછાણ કરવા માટે છે.

જેને આત્મતત્ત્વનું ભાન થયું છે તેવા જમાલિકુમાર પ્રભુના દર્શન કરવા જઇ રહ્યા છે. જેમ જેમ રથ આગળ જતો જાય છે તેમ તેમ તેમની ભાવનાનો વેગ પણ વધતો જાય છે. જમાલિકુમાર ક્ષત્રિયકુંડનગરના મધ્ય ભાગમાંથી નીકળે છે, એના રથના ઘૂઘરા વાગે છે, આ સાંભળી જે લોકો ભગવાનના દર્શન કરવા નથી ગયા એવા લોકો વિચાર કરે છે કે આ કોનો રથ છે ને કયાં જાય છે? ખબર પડી કે જમાલિકુમાર ભગવાનના દર્શન કરવા જઇ રહ્યા છે ત્યાં તે લોકો પણ તૈયાર થઇ ગયા. જમાલિકુમારનો રથ ભગવાનના સમોસરણની નજીક પહોંચવા આવ્યો છે. દૂરથી પ્રભુનું સમોસરણ જોયું. અહો નાથ ! શું તારો ઠરબાર છે ? તારૂં મુખડું કેવું શોભે છે ? આવી ભાવના

સાથે રથમાંથી નીચે ઉતરી ગયા. સમોસરણના દ્વરવાજા સુધી રથમાં બેસીને ન ગયા. આજના કંઈક શેઠીયાઓ તો ઉપાશ્રયના દ્વરવાજા સુધી ગાડીમાં બેસીને આવે. ગાડીમાં બેસીને ચાલ્યા જતા હો તે વખતે સંત સામા મળે તો ઉતરીને વંદન કરતાં શરમ આવે એક જમાનો એ હતો કે રાજાની સવારી નીકળે ત્યારે ગાડીમાંથી ઉતરીને માન આપતા હતા ત્યારે આ તો રાજાના પણ રાજા છે. એના વંદન કરવા જતાં કેવા પવિત્ર ભાવ થવા જોઇએ. તીર્થંકર દેવોના સમોસરણમાં દેવો આઠ પ્રતિહાર્યોની રચના કરે છે.

अशोक वृक्ष सुरपुष्पवृष्टि दिव्य ध्वनिश्चामरमासनं च ।
भामंडलं दुंदुंभी रत्नपत्र, अष्ट प्रतिहार्याणि जिनेश्वराणाम् ।।

ભગવાનથી બારગણો ઉંચો અશોક વૃક્ષ કરે, પાંચ વર્ણના અચેત પુષ્પોની વૃષ્ટિ કરે, દિવ્ય દુદુંભીઓ વાગે, ભામંડલ બનાવે, અને શ્વેત રંગના ચામરો વીંઝે. એ ચામર ઉપરથી નીચે જાય છે અને નીચેથી ઉપર જાય છે એ શું બતાવે છે? હલકા કાર્ય કરનારો માનવી અધોગતિમાં જાય છે અને ઉંચા કાર્ય કરનારો ઉર્ધ્વગતિમાં જાય છે. માટે તમે અધોગતિમાં જવાય તેવા પાપ ન કરશો. જમાલિકુમારના દિલમાં હર્ષ સમાતો નથી. એનો વૈરાગ્ય એટલી ઉચ્ચ કોટીનો છે કે સાંભળનારાની કર્મની બેખડો તૂટી જાય. હજુ પ્રભુનું સમોસરણ દૂરથી જોયું છે. હવે ત્યાં પહોંચીને શું કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

"ચરિત્ર" :- "અગ્નિશર્મા પાસે ગુરુનું આગમન"

અગ્નિશર્માને ભયંકર ક્રોધ આવ્યો છે, પેટ્રોલની ટાંકી ફાટે તો હજુ ઓલવનાર મળી જશે અને તેમાંથી બચી શકાશે. પણ જ્યાં કષાયની આગ ફાટી નીકળે છે તેને કોઈ બૂઝાવી શકતું નથી. બીજા તાપસોએ ગુરૂને ખબર આપ્યા કે અગ્નિશર્માનું પારણું થયું નથી અને જાવ જીવ આહાર ત્યાગની પ્રતિજ્ઞા કરી છે. ક્રોધથી શરીર થરથર ધ્રુજે છે. ગુરૂને ખબર પડી એટલે તરત અગ્નિશર્મા પાસે દોડતા આવ્યા. માણસના મુખ ઉપરથી ખબર પડી જાય કે આને અત્યારે ક્રોધ આવ્યો છે. ભગવાને કહ્યું છે કે, ક્રોધનો વાસો કપાળમાં, માનનો વાસો ગરદનમાં, માયાનો વાસો હૈયામાં અને લોભનો વાસો સર્વાંગમાં હોય છે. ગુરૂ તો અગ્નિશર્માનું મુખ જોઈ સમજી ગયા કે અહીં તો ક્રોધની જ્વાળા બરાબર ભભૂકી છે. છતાં તેને સમજાવવા માટે પ્રયત્ન કરતા કહે છે કે મારા વ્હાલા તપસ્વી શિષ્ય અગ્નિશર્મા! આજે પણ તારું પારણું નથી થયું! ત્યારે તાપસ કહે છે ગુરૂદેવ! રાજાઓ તો પ્રમાદી હોય છે. દરેક વખતે મને આમંત્રણ આપીને રાજા પારણું કરાવતો નથી. એ તો અવગુણનો ભરેલો છે અને પહેલેથી એને મારા પ્રત્યે દ્વેષભાવ છે અને મારી ઠેકડી કરતો આવ્યો છે. એને મારી મજાક ઉડાવ્યા વિના ચેન ન પડે. એ અહીં પણ સુખે જંપવા દેતો નથી. એમાં મારો દોષ છે કે મેં મહિને

મહિને આવાની છૂટ રાખી ત્યારે આ બન્યું ને? એને ઘેર બાવા માટે મારે જવું પડયું ને? જો આવાનું ન હોત તો આવું બનત! માટે ગુરૂદેવ મેં જીવું ત્યાં સુધી આહાર ન કરવો એવી પ્રતિજ્ઞા લઈ લીધી છે તેથી હવે આપ એ બાબતમાં મને કંઈ કહેશો નહિ. ત્યારે ગુરૂ કહે છે જો તેં આહારત્યાગની પ્રતિજ્ઞા જીવનભર માટે કરી લીધી હોય તો પછી હવે મારે તને કહેવાનું કયાં રહે છે? કારણ કે તપસ્વીઓ હંમેશા સત્ય દૃઢ પ્રતિજ્ઞાવાળા હોય છે એટલે એમાં ફેરફાર ન થાય પણ એક વાત તું ધ્યાનમાં રાખ કે તેં જેના નિમિત્તે આહારનો ત્યાગ કર્યો છે તે ગુણસેન રાજા ઉપર કોપ ન કરવો.

હે દેવાનુપ્રિય! એ ગુણસેન રાજા એવો નથી પણ કોણ જાણે એના અશુભ કર્મનો ઉદય છે કે કોઇ ને કોઇ કારણ આવી જવાથી તારૂં પારણું કરાવી શકતો નથી. બાકી એના ભાવમાં કોઇ કમીના નથી. માટે તું એના ઉપર ક્રોધ ન કરીશ. કારણ કે સર્વ જીવો પોતાના પૂર્વના કર્મના અનુસારે સુખ–દુઃખ પામે છે. બીજા તો નિમિત્ત માત્ર છે.

ગુરૂદેવકી શિક્ષા પર ઉસને, નહિ ધ્યાન લગાયા'
અબ રાજા આવે તો કહના, આયે ન મેરે પાસ હો... શ્રોતા તુમ સુનજો

ગુરૂદેવે એને ખૂબ હિત શીખામણ આપી પણ એ અગ્નિશર્મા ન સમજ્યો અને ગુરૂને કહે છે ગુરૂદેવ! એને મીઠું મીઠું બોલતા ખૂબ આવડે છે. એ તો અહીં આવીને રડશે, કરગરશે અને લળીલળીને પગમાં પડશે. એ પાપી અવગુણસેન આવે તો કહી દેજો કે ભૂલે ચૂકે મારી પાસે આવે નહિ એનું કાળું મોઢું મારે જોવું નથી. ગુરૂ તો બીજા તાપસોને એની સેવામાં રહેવાની વ્યવસ્થા કરી ચાલ્યા ગયા. ગુરૂને પણ ખૂબ દુઃખ થયું કે આવો ઘોર તપસ્વી આવી ભૂલ કરી બેઠો? એની દુર્ગતિ થશે. સમજાવવામાં બાકી ન રાખ્યું. શિષ્ય ન સમજે તો તેમાં ગુરૂનો શું દોષ? આ તરફ રાજા ગુણસેનને ચિંતાનો પાર નથી. આ વખતે તપોવનમાં આવતા પગ ઉપડતો નથી એનાં મનમાં અનેક પ્રકારની શંકાઓ થવા લાગી. એટલે એણે પોતાના સોમદેવ નામના પુરોહિતને બોલાવીને કહ્યું. તમે મારા માણસ છો એવી એમને જાણ ન થાય તેમ ગુપ્ત રીતે તપોવનમાં જાવ અને તપસ્વીની શું સ્થિતિ છે તે સમાચાર લઇ આવો. અત્યારે ત્યાં જવા માટે મારું મન માનતું નથી.

"સોમદેવે મેળવેલો વૃતાંત :– ગુણસેન રાજાની આજ્ઞા થવાથી તરત સોમદેવ પુરોહિત ત્યાં આવ્યા. ઘણા તાપસોથી વીંટળાએલા પર્વત ઉપરથી વહેતી નદીના કિનારાની નજીકમાં ઘાસના સંથારા ઉપર બેઠેલા અગ્નિશર્મા તાપસને જોયા. એના મુખ ઉપર ક્રોધની છાયા દેખાતી હતી. ત્યાં જઇને પુરોહિત નમન કરીને બેઠા ને પૂછ્યું. ભગવંત! આપનું શરીર આટલું બધુ દુર્બળ કેમ દેખાય છે? આપને કંઇ થયું છે? ત્યારે અગ્નિશર્મા કહે છે કે નિઃસ્પૃહ હોવા છતાં બીજા પાસેથી આજીવિકા કરનાર તપસ્વીઓના

દેહ તો દુર્બળ હોય છે. ત્યારે બ્રાહ્મણ કહે છે આપની વાત સાચી છે. આપને હીરા–માણેક, મોતી ને પૈસાની સ્પૃહા ન હોય પણ આપના જેવા તપસ્વી ગુરૂદેવને પારણું કરાવનાર આ ગામમાં કોઈ નથી? આ અમારી નગરી તો મહાપુણ્યવાન છે. આપ શત્રુ-મિત્ર અને કંચન-કથીર ઉપર સમભાવ રાખનાર અને સંસારસમુદ્રથી ભવપાર તરવા માટે વહાણ સમાન એવા આપને કોઇ આહાર–પાણી આપે એવું આ નગરીમાં કોઇ નથી? તમારી નગરી ઘણી ધર્મિષ્ઠ ને પુણ્યવાન છે. એક ગુણસેન રાજા સિવાય બધી પ્રજા ભાવ ભક્તિવાળી છે, ત્યારે પુરોહિત કહે છે ગુરૂદેવ! અમારા ગુણસેન રાજા પણ એવા નથી. એ આપના જેવા તપસ્વી મહાત્માઓ પ્રત્યે ખૂબ ભક્તિભાવ રાખે તેવા છે. એમનું નામ ગુણસેન છે તેવા ગુણવાન છે. એમણે આપને શું કર્યું છે? ત્યારે કહે છે ગુણસેન રાજા જેવો બીજો ધર્મિષ્ઠ કોણ હોય? કે જેણે પોતાના મંડળને જીત્યું છે, મોટો રાજા બન્યો છે પણ તપસ્વીને બળાત્કારે મારી નાંખે છે. આ શબ્દો સાંભળી સોમદેવ પુરોહિત સમજી ગયા કે નક્કી તાપસ કોપાયમાન થયા છે. હવે અહીં વધુ બેસવામાં સાર નથી. જો હું બેસીશ ને બીજું કંઈ પૂછીશ તો એ રાજાના અવગુણ બોલશે. માટે મારે રાજાનાં અવગુણ સાંભળવા નથી. બીજા પાસેથી વધુ માહિતી મેળવી લઇશ. એમ વિચાર કરી તાપસને પ્રણામ કરી પુરોહિત ચાલતા થયા. નદી કિનારે તેમના બીજા તાપસ કુમારો સ્નાન કરવા માટે જઇ રહ્યા હતા તેમને પુરોહિતે પૂછ્યું કે અગ્નિશર્મા તાપસે શું વ્રત અંગીકાર કર્યું છે? તે વખતે બીજા તાપસોએ બધો વૃતાંત પુરોહિતને કહી સંભળાવ્યો. બધી વિગત જાણી પુરોહિતે ત્યાંથી રવાના થઇ રાજા પાસે આવી બધી વાત કહી સંભળાવી.

ગુણસેન રાજા તો ગુણગુણના ભંડાર હતા. તેમને ખૂબ દુઃખ થયું. એમણે એક જ વિચાર કર્યો કે એ મારા ઉપર કોપાયમાન થયા છે. એ મને ક્ષમા આપે કે ન આપે પણ મારો ગુન્હો છે. હું એમના ચરણમાં નમીને માફી માંગી લઉં. એમ રાજા વિચાર કરે છે. હવે પોતાના અંતેઉર ને પરિવાર સહિત ગુણસેન રાજા તપોવનમાં આવશે અને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

આજે બંભાત સંપ્રદાયના પૂ. આચાર્ય સ્વ. શ્રી હરખચંદ્રજી મહારાજ સાહેબની પૂણ્યતિથિ હોવાથી પૂ. મહાસતીજીએ તેમના તપ ત્યાગ ને સંયમમય જીવનનું ખૂબ સારી રીતે વર્ણન કર્યું હતું. સાંભળીને શ્રોતાજનોની આંખમાં આસું આવી ગયા હતા.

☆

વ્યાખ્યાન નં. ૨૩

શ્રાવણ સુદ ૩ ને બુધવાર **તા. ૧-૮-૭૩**

સુજ્ઞ, બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરૂણાનીધિ અરિહંત પ્રભુએ જગતના જીવોના કલ્યાણને માટે સિદ્ધાંત-મય વાણીની પ્રરૂપણા કરી। સિદ્ધાંત એટલે ત્રણે કાળે સિદ્ધ થયેલી વાણી તેનું નામ સિધ્ધાંત. જ્યારે આ સિધ્ધાંતની વાણી આપણા આત્માને રૂચશે ત્યારે સંસારનો રાગ ઘટવા લાગશે. સંસારનો રાગ જ્યાં સુધી ઘટે નહિ ત્યાં સુધી વીતરાગ વાણીનો રાગ થાય નહિ. ભવબંધનના ફેરા ઘટાડવા હોય તો ભગવાન કહે છે રાગનો ત્યાગ કરો. એક સાથે બેનો રાગ ન થાય. તમે કહો છો ને કે એક પાત્રમાં બે ચીજ એક સાથે ન ભરાય. પાત્રમાં દૂધ ભરવું હોય તો છાશનો ત્યાગ કરવો જોઇએ તેમ વીતરાગ વાણી અંતરઘટમાં ભરવી હોય તો સંસાર પ્રત્યેનો મોહ ઘટાડવો જોઇએ. પણ હજુ આ વાત મગજમાં બેસતી નથી કારણ કે સંસારનો રાગ ભેગો લઇને આવ્યા છો એટલે આ વીતરાગ વાણીનો રાગ ક્યાંથી લાગે? આવ્યા ઉપાશ્રયમાં પણ અંતરમાં ભાવ કેવા છે તે વિચારજો. એક કવિએ કહ્યું છે કે:-

હું ઢોંગ કરું છું ધર્મીનો, પણ ધર્મ વસ્યો ના હૈયામાં,
બેહાલ ભલે ફરતી દુનિયા, મારે સૂવું સુખની શય્યામાં—અરે બોરે (૨)
ડગલે ડગલે હું દંભ કરૂં મને દુનિયા માને ધર્માત્મા,
પણ શું ભર્યું મારા અંતરમાં, એકવાર જુઓને પરમાત્મા (૨)—અરે બોરે

ઉપાશ્રયમાં આવીને સામાયિક લઇને બેસી જવાથી ધર્મી ન થઇ જવાય. વૈરાગીનો વેશ લેવાથી વૈરાગી ન બની જવાય. ધર્મી અને વૈરાગી ક્યારે બનાય? રંગેરંગમાં ધર્મનો રંગ ને વૈરાગ્યનો રંગ લાગ્યો હશે ત્યારે બનાશે. એકલું જ્ઞાન ભણી જવાથી કે એકલી ક્રિયા કરવાથી મોક્ષ નહિ મળે. જ્ઞાની કહે છેઃ "ज्ञान क्रियाभ्यां मोक्षः।" જ્ઞાન અને ક્રિયા બંનેનો સુમેળ જોઇએ. જો એકલા જ્ઞાનથી મોક્ષ થતો હોય તો અભવી કેટલું જ્ઞાન મેળવે છે નવપૂર્વમાં કંઇક ન્યૂન. એક પૂર્વ એટલે શું? ૪૦૦ હાથનો ઉંચો હાથી ને તેના ઉપર ૫૦૦ હાથની અંબાડી મૂકવામાં આવે એવો અંબાડી સહિત હાથી કોરી શાહથી ઢાંકી દેવામાં આવે અને તે શાહી પલાળીને લખવામાં આવે ને એ શાહીથી જેટલું લખાણ લખાય તેટલા જ્ઞાનને એક પૂર્વ કહેવાય. એવા નવપૂર્વમાં કાંઇક ન્યુન જ્ઞાન મેળવનારો અભવી પણ મોક્ષમાં જવાને લાયક નથી. "નમો અરિહંતાણં" બોલનારો કેવળજ્ઞાન પામી જાય અને નવપૂર્વનું જ્ઞાન મેળવનારો સંસારમાં ભમે છે એનું શું કારણ? અભવી જીવ બાહ્ય ભાવે કરે છે પણ સામ્યકજ્ઞાન પૂર્વકનું અંતરસ્પર્શી

નથી. પાંચ નવકારમંત્રનું જ્ઞાન ભલે હો પણ એ સમ્યકજ્ઞાન હશે તો ઘાતીકર્મની બેડીઓ તોડીને અરિહંતપદ પ્રાપ્ત કરાવશે. એવા સિદ્ધાંતમાં કંઇક દાખલાઓ મોજુદ છે.

એક વખત એવો તલસાટ ઉપડવો જોઇએ કે કયારે નિજ ઘરમાં પ્રવેશ કરું કયાં સુધી ભવમાં ભમીશ? રહેવા માટે ઘરનું ઘર ન હોય તો વિચાર કરો છો કે વારંવાર કયાં સુધી ઘર બદલાવીશું? આ ડબલા કેટલીવાર ફેરવાફેરવ કરવા. હવે તો કંટાળી ગયા. ગમે તેમ થાય, દાગીના વેચીને પણ ઘરનું ઘર કરી લઈએ તો આ ડબ્બા ફેરવવા મટી જાય. ત્યાં આવો વિચાર આવ્યો, પણ આત્મા તરફ દૃષ્ટિ કરી છે? કદી એમ થાય છે કે કયાં સુધી એક ગતિમાંથી બીજી ગતિમાં ભમણ કરીશ ને આ દેહના ડબલામાં પૂરાઈ રહીશ અને કેટલા દેહ બદલીશ? જ્યારે આવો વિચાર આવશે ત્યારે આત્માની રોનક બદલાઈ જશે. જેમ કોઇ માણસ પહેલાં ગરીબ હોય ને પછી ધનવાન બને ત્યારે એના ખાનપાન, પહેરવેશ બધી રોનક બદલાઈ જાય છે તો સમ્યક્ત્વનો સ્પર્શ થાય ત્યાં આત્માની રોનક બદલાઇ જાય તેમાં શું નવાઈ? શરીરની રોનક ઘણીવાર બદલાય પણ હવે આત્માની રોનક બદલાવો તો આ માનવજીવન સફળ બની જાય.

સુબાહુકુમાર એક વખત ભગવાનના દર્શન કરવા ગયા. પ્રભુની વાણી સાંભળીને પહેલા બાર વ્રત અંગીકાર કરી શ્રાવક બન્યા. દર્શન કરીને ગયા પછી ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે પ્રભુ! આ સુબાહુકુમારે પૂર્વભવમાં એવી શું કરણી કરી કે જેથી :-

"इट्ठे इट्ठरुवे, कंते कंतरुवे, पियेप्पियरुवे,
ममणुन्ने भणाभरुवे-सोमे सुभगे पियदंसणे सुरुवे।"

તે બધાને ઇષ્ટ લાગે છે, પ્રિય લાગે છે, એનું રૂપ આવું સુંદર છે, બધાને એનું રૂપ મનોજ્ઞ લાગે છે, સૌમ્ય લાગે છે, જેનું દર્શન પ્રિય છે એવું સુંદર રૂપ છે. ત્યારે પ્રભુ કહે છે હે ગૌતમ! એ બધો સુપાત્ર દાનનો પ્રભાવ છે. આ સુબાહુકુમારનું દૃષ્ટાંત સાંભળીને તમને એવી ભાવના જાગે કે મારે સુપાત્ર દાન દેવું છે તો તમે અમલ કરી શકશો, પણ કોઈ માણસ અમેરિકામાં વસતો હોય તે ભલે કરોડપતિ હોય પણ એ સુપાત્ર દાન દઇ શકવાનો છે? ત્યાં તેના હાથ પવિત્ર બનવાના છે? અનાર્ય દેશમાં સંત સતીજીનું આગમન ન થાય. તમે કેટલા પુણ્યવાન છો. તમને બધું મળ્યું છે પણ દૃષ્ટિ બદલવાની જરૂર છે. વૃત્તિમાં વળાંક આવે તો જીવન પલટાયા વિના રહે નહિ.

પુદ્ગલનો પૂજારી બની સંસાર વધાર્યો. સંસારની પરંપરા કાપવા દીક્ષા લીધી. પણ પુદ્ગલનો રાગ ન છૂટે તો હજુ સંસારમાં છે. સાચા સાધકની દશા કેવી હોય? તપશ્ચર્યા કરવાના દિવસો ચાલી રહ્યા છે. તપસ્વીને તપ કરતા જોઇને ભાવ થઇ જવા જોઇએ કે આણે અન્નનો સર્વથા ત્યાગ કર્યો છે તો હું બધાં સ્વાદ ન કરું તો ન ચાલે? મારે તો પેટની ભૂખ શમાવવા માટે ખાવું પડે છે. જ્ઞાની કહે છે ભૂખ બે પ્રકારની છે.

એક પેટની ભૂખ ને બીજી મનની ભૂખ. જેને મનની ભૂખ હશે તેને એમ થશે કે મારે ભજીયા ખાવા છે, બમણુ ખાવા છે, એની ભૂખ કદી મટે? પણ જેને પેટની ભૂખ લાગી છે તેને રોટલો ને છાશ મળી જશે તો પણ એની ક્ષુધા શાંત થઇ જશે. પેટની ભૂખવાળો તપ કરી શકશે પણ મનની ભૂખવાળો નહિ કરી શકે. ઉપવાસ કર્યા પણ અંદરની વૃત્તિઓ ખાવા માટે લબકારા મારે તો તપ કરવાથી પુણ્ય બંધાશે પણ કર્મ નહિ બપે. માટે ભગવાન કહે છે જો કર્મની સાંકળો તોડવી હોય તો મન-વચન-કાયાને શુદ્ધ બનાવી ધર્મકરણી કરો.

જમાલિકુમારનો વૈરાગ્ય કેવો જબ્બર છે. એની પૂર્વ ભવની કેટલી પુન્નાઇ છે! એના વૈરાગ્યનું સૂત્રમાં સુંદર વર્ણન કર્યું છે અને એના વૈભવનું પણ સુંદર વર્ણન કર્યું છે. તમારી પાસે એના જેવો અંશવૈભવ નથી છતાં કેવા ફક્કડ થઇને ફરો છો. મને તો આજના માણસોની દયા આવે છે. તમે ગમે તેટલું કમાવ ને ભેગું કરો પણ કંઈ સુખ છે? તમે મનથી માનો કે અમે આટલી સંપત્તિના માલિક છીએ પણ એમાં તમારી કંઈ સત્તા છે? ગઇકાલે બજારમાં કેટલી ધમાલ મચી ગઈ હતી. કેટલાક ભાઇઓ કાલે વ્યાખ્યાનમાં નહોતા આવ્યા. પૂછયું કે કેમ નહોતા આવ્યા તો કહે કે મહાસતીજી! કાલે અમારી બજારમાં શિવસેનાનો હલ્લો આવ્યો હતો. બજારમાં ધમાલ હતી એટલે અવાયું નહિ. બોલો છે શાંતિ? સાચી શાંતિ ને સુખ જોઈતું હોય તો આ વીતરાગ ભવનમાં આવી જાવ. સુખ ત્યાગમાં છે. ત્યાગમાર્ગ એક વાર અપનાવી લો અને વીતરાગ પ્રભુની આજ્ઞાનુસાર ચાલો. જોઇ લો કેવો આનંદ છે?

જમાલિકુમારને પ્રભુના દર્શનની તીવ્ર તમન્ના જાગી છે. મારા નાથ! કયારે તારા પવિત્ર દર્શન કરૂં ને તારા જેવો બનું!

ઘેલું લાગ્યું મુજને હું કયારે તુજને ભેટું (૨)
તારા પાવન ખોળે મીઠી નીંદરમાં લેટું,
શમણામાં (૨) રોજ હું (૨) નીરખ્યા કરૂં તને...લગની લાગી છે
લગની લાગી છે કે અગની જાગી છે તારા મિલનની પ્રભુ...

એવો વેગ ઉપડયો છે કે નાથ! કયારે તને ભેટું! મારા નાથ હાલીચાલીને આવ્યા હોય ને મારાથી કેમ બેસી રહેવાય? જમાલિકુમાર પ્રભુના સમોસરણની નજીક પહોંચ્યા. પ્રભુને દૂરથી જોયા ત્યાં અંતર ઉછળવા લાગ્યું. નાથ! તારા દર્શનથી પાપ ધોવાઇ જાય છે. તારા પ્રત્યક્ષ દર્શનથી શું લાભ ન થાય? અર્થાત્ મહાન લાભ થાય. ભવની ભાવટ ટળી જાય.

બંધુઓ! આપણો આત્મા અનંતકાળથી ભવચક્રમાં ભમે છે. અનંતી ચોવીસીઓ થઇ ગઇ. શું આપણે કયારેય તીર્થંકર પ્રભુના દર્શન નહિ કર્યા હોય? કોઈ વખત

એમની વાણી નહિ સાંભળી હોય ! બધું કર્યું હશે પણ હજુ આપણો ઉદ્ધાર નથી થયો એનું કારણ એ છે કે હજુ ભવબંધનથી મુકત થવાનો ઘટકારો નથી થયો. જલ્દી મોક્ષમાં જઉં તેવો વેગ નથી ઉપડયો. આજે તમારે મુંબઇથી અમદાવાદ કે સૌરાષ્ટ્રમાં જવું હોય તો કહો છો કે મારે લોકલમાં નથી જવું. મેલમાં જવું છે. લોકલ ધીમે ધીમે સ્ટેશન કરતી ચાલે ને અમુક સ્ટેશને પડી રહે. કંટાળો આવે છે અને મેલ તો અમુક સ્ટેશન કરે ને જલ્દી પહોંચાડે. એથી વધુ પૈસાનું જોર હોય તો પ્લેનમાં ઉપડી જાવ છો. ભલે પૈસા વધુ થાય પણ જલ્દી પહોંચી જવાય. ત્યાં ઝડપી પહોંચવાનું મન થાય છે. એ મુસાફરી કરતાં એકસીડેન્ટ થશે તો કોઇક વાર મુશ્કેલીમાં મૂકાઈ જશો. પણ આત્માને માટે ઝડપી વેગ ઉપાડશો તો કદી મુશ્કેલીમાં મૂકાવાનો પ્રસંગ નહિ આવે. માટે ઝડપી વેગ ઉપાડો કે કયારે મોક્ષમાં જઉં.

ભગવાનનું સમોસરણ દેખાયું એટલે જમાલિકુમાર જે પાણીદાર ઘોડાવાળા રથમાં બેઠા હતા તે રથ ઉભો રખાવ્યો અને પોતે રથમાંથી નીચે ઉતરી ગયા. તેમણે કંઠમાં પુષ્પની માળાઓ પહેરી હતી તે કાઢી નાંખી. મોઢામાં પાન ચાવતા હતા તે કાઢી નાંખ્યું અને મોઢામાં સહેજ પણ સચેત વસ્તુ રહી ન જાય એટલા માટે પાણીના કોગળા કર્યા. પગમાં બૂટ પહેર્યા હતા તેનો પણ ત્યાગ કર્યો. એક સળંગ વસ્ત્રનું ઉત્તરાસંગ કરે છે તે શા માટે ? પ્રભુની પાસે જઇને ઉઘાડે મુખે ન બોલાય. પ્રભુ પાસે ઉઘાડે મુખે ન બોલાય તો એમના સાધુ પાસે બોલાય ? એક વખત ઉઘાડે મુખે બોલવાથી અસંખ્યાતા વાઉકાયના જીવો હણાય છે. માટે સાધુ સાથે તમે વાત કરો ત્યારે મૂળ ઉપયોગપૂર્વક યતના રાખીને બોલો. જેમ તમે લગ્નમાં જાવ છો ત્યારે લગ્નનો સ્વાંગ સજો છો ને સ્મશાને જાવ ત્યારે એવો સ્વાંગ સજો છો. તો આ ધર્મસ્થાનકમાં કેવો સ્વાંગ સજીને આવવું જોઇએ ! એના માટે કોઈ કાયદો નહિ. અહીં આવો ત્યારે સાથે પથરણું, ગુચ્છો ને મુહપત્તિ લઇને આવો. સામાયિક લઇને બેસો તો કેવું મઝાનું લાગે ? તમને સામાયિક કરવાનો ટાઇમ ન હોય તો સંવર કરીને બેસો. ઉપાશ્રયમાં દાખલ થાવ ત્યારે તમારા મોઢામાં પાન ન હોવું જોઇએ અને ખિસ્સામાં પાન-બીડી કે સચેત લવીંગ-ઇલાચી આદિ કોઈ વસ્તુ ન હોવી જોઇએ. તમારા ખિસ્સામાં કંઇ સચેત વસ્તુ હોય ને તમે સાધુના ચરણ લેવા જાવ તો દોષ લાગે. માટે સ્વચ્છ બનીને આવવું. જમાલિકુમાર સ્વચ્છ બનીને પ્રભુના સમોસરણમાં દાખલ થયા ને પછી શું કર્યું :—

अंजलि मउलिय हत्थे जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ उवागच्छइ उवागच्छित्ता समणे भगवं महावीरं तिक्खुत्तो आयाहिण पायाहिणं करेइ करेत्ता जाव तिविहाए पज्जुवासणाए पज्जुवासइ ।

અંજલિ વડે બે હાથ જોડી જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન

હતા ત્યાં આવ્યા. આવીને ત્રણ વખત પ્રદક્ષિણા કરી યાવત્ ત્રિવિધ પર્યુપાસનાથી ઉપાસે છે.

અહો નાથ ! તારા શાસનની બલિહારી છે. તારા હું શું ગુણ ગાઉં ? પ્રભુને જોઇને ઠરી ગયા. આવી રીતે જ્યારે નેમનાથ ભગવાન દ્વારકાનગરીમાં પધાર્યા ત્યારે કૃષ્ણવાસુદેવ મોટા સમુહ સાથે વંદન કરવા ગયા. પ્રભુને ખૂબ ભાવથી વંદન કર્યા. પ્રભુની દેશના સાંભળીને કંઇક જીવો વૈરાગ્ય પામી દીક્ષા લઇ લેતા. કંઇક બાર વ્રતધારી શ્રાવક બની જતા. આ જોઈ કૃષ્ણવાસુદેવ રડી પડતા. અહો પ્રભુ ! તારી વાણી સાંભળીને જીવો કેવા ખુઝી જાય છે ! કંઇક ને કંઇક લઇને જાય છે ને હું કેવો કમભાગી ! એક નાનકડું પ્રત્યાખ્યાન પણ લઇ શકતો નથી. અવિરતીનું જબ્બર જોર હતું. કરવાની ઇચ્છા હોવા છતાં એ નહોતા કરી શકતા તો આંખમાં આંસુ આવી જતા. ત્રણ ખંડનો અધિપતિ વાસુદેવ નાના બાળકની જેમ રડે, પોતાના પાપકર્મનો પશ્ચાતાપ કરે પણ તમને આવો પશ્ચાતાપ થાય છે ? સાચું બોલજો, થાય છે – ના, તમે ભલે ન કરી શકો પણ પશ્ચાતાપ તો થવો જોઈએ. પશ્ચાતાપ એ પાપને પ્રજાળવાની ભઠ્ઠી છે. લોખંડ પર ગમે તેટલો કાટ ચઢી ગયો હોય પણ એને અગ્નિમાં નાખવામાં આવે તો કાટ બળી જાય છે તેમ અંતરના કાટ કાઢવા માટે તપશ્ચર્યાની ભઠ્ઠી જલાવો.

જમાલિકુમારે તિખ્ખુત્તોનો પાઠભણી વંદન કર્યા. ધર્મસ્થાનકમાં જઇએ ને અક્કડપણું ન છૂટે તો એ ઉપદેશની અસર ન થાય. પરદેશી રાજા કેશી સ્વામીની સભામાં ગયા. શંકાઓનું સમાધાન કરવું હતું પણ વંદના કર્યા વિના બેસી ગયા. એટલે કેશી સ્વામીએ કહ્યું કે પરદેશી ! તું જે ભૂમિમાં બેઠો છે એ ભૂમિનો તું દ્રવ્યથી ભલે માલિક હોય, તું મોટો રાજા હોય પણ જેની સભામાં બેસે છે તેનો કર ચૂકવ્યા વિના ન બેસાય કર ચૂકવ્યા વિના બેસે તે ચોર છે. તું અહીં કંઈક લેવાની ઇચ્છાથી આવ્યો છે માટે કર ચૂકવીને બેસ. તરત પરદેશી રાજા સમજી ગયા ને વંદન કરીને બેઠા. પછી કેશી સ્વામીની દેશના સાંભળી એકેક પ્રશ્નો પૂછ્યા ને તેનું કેશી સ્વામીએ સમાધાન કર્યું. તો પરદેશી રાજાના હૃદયમાં સચોટ વાત સમજાઇ ગઈ અને એ પરદેશી પરદેશી મટીને સ્વદેશી બની ગયા. અહીં જમાલિકુમાર પ્રભુને વંદન કરીને બેઠા.

"तएणं समणे भगवं महावीरे जमालिस्स खत्तियकुमारस्स तीसेय महति-महालियाए इसि. जाव धम्मकहा जाव परिसा पडिगया ।।"

ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ જમાલિકુમાર આદિ મોટી ઋષિ પર્ષદામાં ધર્મોપદેશ આપ્યો.

જ્યાં વીતરાગ પ્રભુની વાણીની ધારા છૂટે ત્યાં શું બાકી રહે ? પ્રભુની વાણી સાંભળતા અનાદિકાળના કર્મના કચરા ધોવાઇ જાય. રાગ-દ્વેષ-મોહ-ક્રોધાદિ શત્રુઓ ભાગી

જાય છે ને જન્મ-જરા ને મરણના ફેરા ટળી જાય છે. આધિ-વ્યાધિ ને ઉપાધિરૂપ મનુષ્યોના ત્રિવિધના તાપ ટળી જાય છે. સુલભબોધી જીવો આ વાણી સાંભળતાં પામી જાય છે. વૈશાખ માસના તાપથી તપેલી ધરતી વરસાદ પડતાં શીતળ બની જાય છે. તેમ સંસાર તાપથી આકુળ-વ્યાકુળ થયેલા જીવો પ્રભુની વાણી સાંભળી શીતળીભૂત બની જાય છે. સિંહ-વાઘ આદિ જંગલી પશુઓ એક-બીજાના વૈરભાવને ભૂલી જાય છે. અને ત્યાં આનંદ આનંદ છવાઇ જાય છે. અહીં પ્રભુની અમૃતમય વાણીનો ધોધ વરસે છે. જમાલિકુમારાદિ મોટી પ્રખદા પ્રભુની વાણીનું શ્રવણ કરી રહી છે. આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

"ચરિત્ર":- "રાજાનું તપોવનમાં નિષ્ફળગમન"

સોમદેવ પુરોહિતે રાજાને બધી વાત કરી કે અગ્નિશર્મા તાપસ તમારા પર ખૂબ કોપાયમાન થયા છે. રાજાના દિલમાં દુઃખ થયું. અહો! હું કેવો પાપી છું? મેં ત્રણ ત્રણ વાર એ મહાતપસ્વીને કષ્ટ આપ્યું અને પારણું ન કરાવ્યું ત્યારે એમને આટલું દુઃખ થયુંને? હું મોટો ગુન્હેગાર છું. એવા મહાન તપસ્વી કદી કોપાયમાન થાય નહિ અને જો થયા છે તો એ કષાયમાં હું નિમિત્ત બન્યો છું. માટે જલ્દી ત્યાં જાઉં ને પગમાં પડીને માફી માંગું. ખૂબ ચિંતાતુર બનેલો રાજા તરત પોતાના અંતઃપુરને તેમજ મુખ્ય પરિવારને લઇને તપસ્વીને ખમાવવા પગે ચાલતા તપોવનમાં ગયાં. જેમ હંસણી-ઓના ટોળામાં હંસ શોભે છે તેમ હંસ જેવા ઉજ્જવળ ગુણવાન એવા ગુણસેન રાજા પોતાની રાણી આદિ પરિવાર સાથે શોભતો તપોવનમાં પહોંચી ગયા અને મોટા કુલ-પતિ આર્જવકૌડિન્ય જલ્દી ઉભા થઇ રાજાની સામે ગયા. કારણ કે એ સમજતા હતા કે રાજા ખૂબ ચિંતાતુર છે અને અગ્નિશર્મા ક્રોધથી ભભૂકી ઉઠયો છે. જો સીધા એની પાસે જશે તો આવી બનશે. માટે હું તેને સમજાવું એમ વિચાર કરી ત્યાં ગયા. રાજાએ વિનયપૂર્વક વંદન કર્યા. એમના ધર્મના નિયમ પ્રમાણે કુલપતિએ રાજાને આશીર્વાદ આપીને કહ્યું આવો, આપણે હમણાં આ ચંપકવૃક્ષોની શ્રેણીમાં બેસીએ. રાજા કહે છે ભલે, જેવી આપની આજ્ઞા. એમ કહી ચંપકવૃક્ષોની શ્રેણીમાં જઇને બેઠા. કુલપતિ તેમના આસને બેઠા. પછી કુલપતિ કહે છે હે રાજન! આમ પગે ચાલીને અનુચિત રીતે કેમ આવવાનું બન્યું છે? ત્યારે રાજા કહે છે ભગવંત! હું તો પાપી છું, અધમ છું. મારા જેવો અનુચિત કાર્ય કરનારો બીજો કોણ હોય? કે જે આવા મહાન તપસ્વી પુરૂષોને પ્રમાદ કરીને પારણામાં અંતરાય પડાવી છે. મારી મોટી ભૂલ થઇ ગઇ છે. તેની માફી માંગવા માટે પગે ચાલીને આવ્યો છું. હું ગમે તેટલો પશ્ચાતાપ કરૂં પણ એનાથી શું? હવે મારે જલ્દી એ મહાન તપસ્વી અગ્નિશર્મા તાપસ પાસે જવું છે. ગુરૂદેવ, કહો તે ક્યાં બિરાજે છે? ત્યારે કુલપતિ કહે છે રાજન! તમારે એટલો બધો ખેદ કરવાની

જરૂર નથી. તેમણે તમારા નિર્વેદથી અનશન કર્યું નથી. એ તો અમારા તપસ્વીજનોનો આચાર છે કે આયુષ્યના અંત સમયે અનશન વ્રત અંગીકાર કરીને દેહનો ત્યાગ કરવો. ગુરૂએ કેવી સુંદર વાત કરી. એમણે એવો વિચાર કર્યો કે આ રાજા કેવો પવિત્ર ને સરળ છે! એમના દિલમાં અગ્નિશર્મા પ્રત્યે સહેજ પણ દુર્ભાવ નથી. હવે એને એમ કહીશ કે તાપસ કોપાયમાન થયા છે તો કેટલું દુઃખ થશે? એટલે આ રીતે કહ્યું પણ રાજાનું ચિત્ત અગ્નિશર્મા પાસે છે. ગુરૂને વારંવાર પૂછે છે તપસ્વી ક્યાં છે? મને એમની પાસે આપ લઇ જાવ. હું જલ્દી જઇને મારા અપરાધની ક્ષમા માંગું, મારા પાપનું પ્રાયશ્ચિત કરવા એ મને જે દંડ આપશે તે સહર્ષ સ્વીકારી લઇશ. એમ કહેતાં તો રાજાની આંખમાં આંસુ આવી ગયા. હવે ગુરૂ શું કહે છે.

હે રાજન વહ ધ્યાનમગ્ન હૈ, ફેર કહી તુમ આના,
નહીં ભગવાન, અગ્નિશર્માકો, માફી માંગ મનાના ... શ્રોતા તુમ...

રાજાને દુઃખ ન લાગે અને પોતાના શિષ્યનું ખરાબ ન લાગે એટલા માટે વચલો રસ્તો કાઢીને કહ્યું હે રાજન! એ તપસ્વી અત્યારે ધ્યાનમાં બેઠા છે. એમના ધ્યાનમાં આપે અંતરાય શા માટે પાડવી જોઈએ? માટે તમે અત્યારે મહેલમાં જાવ. ફરીને કયારેક આવજો. પણ રાજા તો કહે છે નહિ ગુરૂદેવ! ગમે તેમ થાય પણ તમે મને ત્યાં લઈ જાવ. હું તેમના ચરણમાં આળોટી પડીશ. મારી ભૂલની માફી માંગીશ. કદાચ ક્રોધથી મને બે શબ્દો કહી દેશે તો હું સમતાભાવે સહન કરી લઈશ. પણ મારે મારી ભૂલની માફી માંગવી છે. રાજાના અત્યંત કોમળ વચન સાંભળી ગુરૂ પણ ગળગળા થઈ ગયા ને રાજાને કહ્યું તમે અહીં બેસો. હું હમણાં તમને ત્યાં લઈ જાઉં છું એમ કહી ગુરૂ જાતે તાપસની પાસે ગયા અને રાજા માફી માંગવા આવ્યા છે, ખૂબ રડે છે અને તમારી પાસે આવવા ઈચ્છે છે. તમે હજુ સમજી જાવ તો સારું છે. ત્યારે તાપસ શું કહે છે:-

રાજાકી સબ વ્યથા સુનાઇ કોપાયા ભરપૂર
ઉસ પાપીકા મુખ નહિ દેખું, દયાહીન મહાક્રૂર
કહ દો જાવે નિકલ યહાંસે, રહે મેરે સે દૂર ... શ્રોતા તુમ-

જ્યાં ગુરૂએ રાજા આવ્યા છે એવી વાત કરી ત્યાં તો જેમ અગ્નિમાં કેરોસીન નાંખે ને ભડકો થાય તેમ તેના ક્રોધની જવાળા ઓર ભભૂકી ઉઠી. એણે એમ પણ વિચાર ન કર્યો કે મને કહેવા કોણ આવ્યું છે..ગુરૂની આજ્ઞા ન માની ને ઉપરથી ગુરૂને કહે છે એ ગમે તેવો નમ્ર બનીને આવે પણ મારે એ પાપીનું મુખ જોવું નથી. એના દિલમાં દયાનો છાંટો નથી. માટે એને કહી દો કે જલ્દી આ તપોવનમાંથી વિદાય થઇ જાય. મારે એનું મોઢું જોવું નથી. મારી પાસે એને મોકલશો નહિ. ગુરૂ હતાશ થઇને

પાછા આવ્યા અને રાજાને કહ્યું. અત્યારે તમારે ત્યાં જવા જેવું નથી. એ એવા ધ્યાનમાં મગ્ન છે કે તમારી સામું જોશે નહિ. એમ કહી રાજાને જેમ તેમ સમજાવ્યા. ત્યારે રાજા કહે છે ભલે ફરીને હું આવીશ.

અગ્નિશર્માએ પોતાનો ક્રોધ છોડયો નહિ. એના કુલપતિને ખૂબ દુઃખ થયું પણ શું કરે? રાજા ગુરૂને વંદન કરીને પાછા ફર્યા. પાછળથી બે તાપસ કુમારોએ થોડે દૂર જઈને રાજાને કહ્યું હે રાજન! અગ્નિશર્મા આપના ઉપર ખૂબ કોપાયમાન થયા છે, એ તમારું મુખ જોવા માંગતા નથી અને એમણે તો જાવજીવ આહાર પાણીનો ત્યાગ કર્યો છે. રાજાના મનમાં ખૂબ દુઃખ થયું ને મનમાં વિચાર કર્યો કે હવે ફરીને મારે આ તપોવનમાં શા માટે આવવું જોઈએ! અને મારા કારણે કુલપતિને પણ મુશ્કેલીમાં મૂકાવું પડે. માટે હવે મારે આ નગરમાં રહેવું નથી. અહીં રહીશ તો મને વધુ દુઃખ થશે. મારા આત્માને શાંતિ નહિ મળે. તેના કરતાં હવે આ વસંતપુર નગર છોડીને ચાલ્યો જાઉં, એમ વિચાર કરે છે. હવે ગુણસેન રાજા વસંતપુર નગર છોડીને જવાનો વિચાર કરે છે. ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

(આજે ખંભાત સંપ્રદાયના પૂજ્ય જશુમાઇ મહાસતીજીની પુણ્યતિથિ હતી એટલે પૂ. મહાસતીજીએ તેમના જીવનમાં રહેલા ગુણોનું સુંદર રીતે વર્ણન કર્યું હતું અને શ્રોતાજનોએ સારા વ્રત-પ્રત્યાખ્યાન કરી ભાવભીની અંજલી આપી હતી.)

વ્યાખ્યાન નં. ૨૪

શ્રાવણ સુદ ૪ ને ગુરૂવાર **તા. ૨-૮-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતજ્ઞાની ભગવંતે જગતના જીવો ઉપર મહાન અનુકંપાનો ધોધ વહાવી સિદ્ધાંતરૂપ વાણીની પ્રરૂપણા કરી. જ્ઞાની પુરૂષો કહે છે, હે માનવ! તારી એકેક ક્ષણ લાખેણી જાય છે. જે ક્ષણ જીવનમાંથી જાય છે તે ફરીને પાછી મેળવી શકાતી નથી. આચારંગ સૂત્રમાં ભગવાને કહ્યું છે કે "खणं जाणाहि पंडिए" જે ક્ષણને જાણે છે તે સાચો પંડિત છે. કણબીને મન કણની કિંમત છે. વહેપારીને મન મણની કિંમત છે અને જ્ઞાની પુરૂષોને મન ક્ષણની કિંમત છે. જ્ઞાની પંડિત પુરૂષો એમના જીવનની એકેક ક્ષણ નકામી જવા દેતા નથી. આપણી ક્ષણો કેટલી પ્રમાદમાં વિતે છે! સંસારના સુખ મેળવવામાં કેટલો સમય વીતે છે ને ધર્મ કરવામાં કેટલો સમય વીતે છે તેનો કોઇ દિવસ વિચાર કર્યો છે? જ્ઞાનીઓને મન સંસાર ભંગાર જેવો લાગે છે.

ઠોકર મારે છે કોઈ સુખના ભંડારને (૨)
જકડીને રાખે છે તું સસ્તા ભંગારને (૨)
ઓ જીવડા રે... ચીંથરાને વળગ્યા રહેવું તને શોભે ના... મનવા જે સુખની...

મહાન પુરુષો સંસારને ભંગારની જેમ છોડીને નીકળી ગયા. અમારી શ્રાવિકા-બહેનોને પૂછી જોજો કે ભંગાર ઘરમાં રાખો છો ખરા કે જલ્દી ભંગારને કંસારાને ઘેર વળાવી દો છો? જ્ઞાનીઓને સંસાર ભંગાર જેવો લાગ્યો તો સંસાર છોડીને નીકળી ગયા. પણ તમને સંસાર કેવો લાગે છે? કંસાર જેવો. એટલે છોડવો ગમતો નથી. વિચાર કરજો, સંસારનો કંસાર જમતાં તમારો કસ કાઢી લેશે. ચક્રવર્તિ જેવા ચક્રવર્તિઓએ પણ સંસારને ભંગાર સમજી છોડી દીધો. બાર ચક્રવર્તિમાં બે ચક્રવર્તિ બ્રહ્મદત્ત અને સુભૂમ એ બન્ને ચક્રવર્તિઓએ છેક સુધી સંસારનો રસ ન છોડયો તો અંતે મરીને નરકમાં ગયા ને તેમના કસ નીકળી ગયા. નરકની મહાન વેદના ભોગવતી વખતે કોઇ ભાગીદાર ન થયું. માટે વિચાર કરો. સંસાર દાવાનળ જેવો છે એવું લાગશે અને જ્ઞાનીનો ભેટો થશે ત્યાં તમારા અંતરના દરવાજા ખુલી જશે ને જ્ઞાનરૂપી રત્નો ઝળકવા લાગશે.

જમાલિકુમારે પ્રભુના સમોસરણમાં જઇને પ્રભુના દર્શન કર્યા. દ્રવ્યદર્શન કરતાં ભાવદર્શન કરી લીધા. પ્રભુના દર્શન કરતાં મિથ્યાત્વ ટળી ગયું ને સમકિત પામી ગયા. જેને સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થાય તેની લોટરી લાગી જાય. તમારી લોટરી લાગે તો બે-પાંચ લાખનો નફો મળે પણ સમ્યકત્વ પામી જવાની લોટરી લાગે તો ભવભમણ ટળી જાય. જમાલિકુમાર પ્રભુની વાણી સાંભળી રહ્યા છે. વીતરાગ વાણી માનવભવમાં સાંભળવા મળે છે. જ્ઞાનીઓએ ચાર બોલ દુર્લભ કહ્યા છે.

चत्तारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो ।
माणुसत्तं सुइ सध्धा, संजमम्मिय विरियं ।

ઉત્ત. સૂ. અ. ૩, ગાથા ૧

મનુષ્યભવ, શાસ્ત્રની વાણીનું શ્રવણ ને તેના પ્રત્યે શ્રદ્ધા થવી દુર્લભ છે. વીતરાગ વાણી સાંભળીને સંયમમાં પુરુષાર્થ ફોરવવો જોઇએ પણ આજે તો "सद्धा परम दुल्लहा" શ્રદ્ધા થવી દુર્લભ છે. ડૉકટરની દવા લાવો પણ એને પીવો નહિ તો રોગ કયાંથી મટે. તેમ જિનવાણી સાંભળો પણ શ્રદ્ધા ન કરો, આચરણ ન કરો તો ભવકટ્ટી કયાંથી થાય! માનવજન્મ પામીને થવું જોઇએ કે મારો પંચ-પરમેષ્ટિમાં નંબર કેમ ન આવે! આવો ઘાટકારો થવો જોઇએ. પગમાં કાંટો વાગે તો ઘાટકે છે ને સોયની વેદના સહન કરીને કાઢવો પડે છે! આંખમાં તણખલું પડે તો ખૂંચે છે ને બીજા પાસે કઢાવવા જવું પડે છે. તેમ અહીં પણ જ્ઞાની કહે છે કે **"જો ભવનો ઘાટકારો થાય તો સંસારથી છૂટકારો થાય તો મુક્તિનગરીમાં જીવનો ઉતારો થાય."**

ભગવાનની વાણી સાંભળતા ભવકટ્ટી થવી જોઇએ. પણ કોની? જે રાગદ્વેષ અને કષાયનો કચરો ખાલી કરી જાય તેને વીતરાગ વાણી અંતરમાં ઉતર્યા વિના રહે નહિ. બહેનો કૂવે પાણી ભરવા જાય છે ત્યારે બેડું ખાલી લઇને જાય છે ને પાછા વળતાં પાણી ભરીને આવે છે તેમ આપણાં અંતરરૂપી ઘટમાં વીતરાગવાણીનું પવિત્ર જળ ભરવુ હશે તો કષાયનો કચરો સાફ કરી શુદ્ધ બનીને જવું જોઇએ. પ્રભુની વાણી તો દરેક જીવો માટે સરખી વરસે છે પણ કેટલું ગ્રહણ કરવું તે જીવની પાત્રતા ઉપર આધાર રહે છે. જેમ સ્વાતિ નક્ષત્રનું વરસાદનું પાણી સર્પના મુખમાં પડે ઝેર બની જાય. લીંબડા પર પડે તો કડવાશ રૂપે પરિણમે, ગટરમાં પડે તો ગંદુ બની જાય ને માછલીના પેટમાં મોતી પાકે છે તેમ હળુકર્મી જીવો શુદ્ધ ભાવનાના વેગથી ઉછાળો મારીને વીતરાગવાણી ઝીલી લે તો મોક્ષના મોતી મેળવે છે. ભગવાનની દેશના સાંભળીને કંઇક જીવો સર્વવિરતી બને, કંઇક દેશવિરતી બને ને કંઇક સમકિત પામે. તમે બજારમાં જાવ તો પણ કંઇક ને કંઇક ખરીદી કરીને આવો છો, તેમ વીતરાગની પેઢી ઉપર આવો ત્યારે ત્યાગનો માલ ખરીદો.

જેમ કોઇ ભયંકર વનમાં ભૂલા પડેલા, તાપ ને થાકથી આકુળ-વ્યાકુળ થયેલા માનવીને લીંબડાની છાયા મળે તો તેના આત્માને શાંતિ મળે છે તેમ જમાલિકુમારનો આત્મા પ્રભુની વાણી સાંભળીને શીતળીભૂત બની ગયો. એના અંતરમાંથી ઉદ્ગાર નીકળ્યા નાથ! તારા દર્શન કરી પવિત્ર બની ગયો. ધન્ય છે તને. તારા શરણે આવી જાય તે તારા જેવો બની જાય. નાથ! તેં કેવા ઉપસર્ગો વેઠયા! તને કેવા પરિષહ આવ્યા પણ તારી કેવી સમતા! ખંધક મુનિના પાંચસો શિષ્યોને ઘાણીમાં પીલી નાંખ્યા. જેમ ચીંચોડામાં શેરડી પીલાય ને રસની સેરો છૂટે તેમ સંતોને ઘાણીમાં પીલ્યા છતાં કેવો ગજબ સમતાભાવ! પીલાતા પીલાતા શું બોલ્યા કરે છે ગુરુદેવ! અમે નથી પીલાતા, અમારા કર્મો પીલાય છે. ગજસુકુમારને માથે અંગારા મૂક્યા. ખોપરી ખદબદવા લાગી. મેતારજ મુનિના શરીરે સોનીએ ચામડાની વાધળી વીંટી તડકે ઉભા રાખ્યા. નસેનસો ખેંચાવા લાગી. ચામડી તડતડ તૂટવા લાગી છતાં ઉંકારો નથી કર્યો. ઉપસર્ગો સહન કરવાની કેવી તાકાત! ગજબ સમતાભાવ રાખીને કર્મોને ચકચૂર કરી નાખ્યાં. આ હતા ભગવાનના સંતો. તમને થશે કે આ બહુ જૂની વાત છે. પણ ૧૦૦ વર્ષ પહેલાનો એક દાખલો આપું. એ મુનિએ કેવા ઉપસર્ગો સહન કર્યા છે!

એક મુનિ અઠ્ઠાઇને પારણે અઠ્ઠાઈ કરતા હતા. ખૂબ તપસ્વી ને ક્ષમાવાન હતા. તે પોતાના ગુરૂને કહે છે મારા કર્મો ખપાવવા અને આકરા પરિસહો સહન કરવા માટે જો આપ આજ્ઞા આપો તો એકલો વિચરું. જૈન મુનિ એકલવિહારી હોય તો તેમાં બે પ્રકાર છે. કાં આઠ ગુણોનો ધણી એકલો વિચરે ને કાં આઠ અવગુણનો ધણી એકલો વિચરે. ગુરૂ પોતાના શિષ્યમાં યોગ્યતા જુએ તો એકલા વિચરવાની આજ્ઞા આપે. આ

શિષ્ય ખૂબ ગુણગ્રાહી, જ્ઞાની ને વિનયવાન હતા એટલે ગુરૂની આજ્ઞા લઇને એકલા વિચરે છે. જ્ઞાન ઘણું હોય પણ સાથે ઘમંડ ઘણો હોય, બહાર વાહ વાહ કરાવવા, માન-પ્રતિષ્ઠા મેળવવા ગુરૂની આજ્ઞા વિના એકલા વિચરે તે આઠ અવગુણના ધણી છે. આ સંત એકલા વિચરે છે. અઠ્ઠાઇને પારણે અઠ્ઠાઇ કરે છે. પારણાના દિવસે લૂખો-સૂકો આહાર કરતાં. ઘી-દૂધ તેલ-ગોળ ને મેવા-મીઠાઇનો ત્યાગ હતો. વળી જ્યાં સારો આહાર મળતો હોય તેવા શ્રીમંતોને ઘેર ન જતાં. અન્ય લોકોને ઘેર ગૌચરી જતાં. ત્યાં બધાએ જમી લીધા પછી વધેલો લૂખો સૂકો નિરસ જે આહાર મળે તે લાવીને પારણું કરતાં. આવા તપસ્વી સંત ગ્રામાનુગ્રામ વિચરે છે, ત્યારે કોઇ ભાવિક શ્રાવકને એમ થાય કે આવા મહાન તપસ્વી સંત છે, તેમને રસ્તામાં કંઇ મુશ્કેલી ન પડે માટે એક ગામ મૂકવા જાઉં. આ રીતે કોઇ શ્રાવક સાથે આવે તો પોતે બેસી જતાં ને કહેતાં કે અમારો રાહ જુદો છે. તમે મારી સાથે ન આવશો. જે કષ્ટ પડશે તે હું સહન કરી લઇશ. આ રીતે વિહારમાં એકલા રહેવાથી કોઇ પણ તેમને સહાય રૂપ બની ના શકતું. વસ્ત્રો મેલાઘેલા, શરીર ઉપર મેલના થર જામેલા. તેને સાફ કરવાની એવના ન હતી. બાહ્ય ટાપટીપને શુદ્ધિ કરવાની જરાય તમન્ના ન હતી. એકાંત આત્મકલ્યાણની તેમને એવના હતી. આવા સંત વિચરતા વિચરતા એક નાનકડા ગામડામાં પધાર્યા.

ગામના પાદરમાં ગામના ઠાકોર અને મંત્રી બેઠેલા હતા. તેમાં ઠાકોર જૈન હતા ને મંત્રી વૈષ્ણવધર્મી હતા. જૈન મુનિને જતા જોઇને કહે છે ઠાકોર ! જુઓ, આ તમારો મેલોઘેલો ગંધાતો-ગોબરો ને સૂકી લાકડી જેવો સાધુ આવે છે. ત્યારે ઠાકોર કહે છે મંત્રી ! એ અમારા ગુરૂની મશ્કરી ન કરો. મારા ગુરૂ બહારથી ભલે મેલાઘેલા હોય પણ અંતરથી ઉજળા છે. જ્યારે નેમનાથ રાજુલને પરણવા ગયા ત્યારે સખીઓ જોવા ગઇ. રાજુલ પૂછે છે નેમકુમાર આવી ગયા ? ત્યારે રાજુલની સખીઓ કહે છે હા બહેન. તમારા વર તો આવ્યા પણ રંગે કાળા છે, ત્યારે રાજેમતી કહે છે રંગે ભલે કાળા હોય પણ એમનો આત્મા ઉજળો છે. આજનો માનવી વોશીંગ કંપનીમાં ધોવરાવેલા ઇસ્ત્રીબંધ સફેદ શંખલા જેવા કપડા પહેરે છે પણ અંતરમાં પાર વિનાની કાળાશ હોય તો તે બહારની ઉજ્જવળતાથી શું કલ્યાણ થવાનું ?

ઠાકોર કહે છે આ સંત ભલે બહારથી કાળા હોય પણ એ મહાન તપસ્વી ને પવિત્ર છે. એમણે તપશ્ચર્યા કરીને શરીર સૂકા લાકડા જેવું બનાવી દીધું છે. પણ અંતર અરિસા જેવું પવિત્ર છે. ત્યારે મંત્રી કહે છે માફી માંગું છું. આવા તપસ્વી જો કોપાયમાન થાય તો શ્રાપ આપે ને આપણને બાળીને ભસ્મ કરી નાંખે. ત્યારે ઠાકોર કહે છે મારા ગુરૂ કદી કોપે નહિ ને શ્રાપ આપે નહિ. એ તો તમારા જટાધરી લંગોટીયા ગુરૂ કોપાયમાન થાય ને શ્રાપ આપે. ઠાકોરે પોતાના ગુરૂના ગુણ ગાયા ને મંત્રીના ગુરૂનું

નમતું બોલ્યા એટલે મંત્રીને ખૂબ લાગી આવ્યું ને કહ્યું જો તારા ગુરૂ એવા ક્ષમાના સાગર છે તો પરીક્ષા કરૂં આઠ ઉપવાસના પારણાને દિવસે જૈન મુનિ ગૌચરી માટે નીકળ્યા. મંત્રીના ઘર આગળથી પસાર થાય છે તે વખતે મંત્રી અંદર રહ્યો ને નોકરને કહે છે પેલા મહારાજને આપણે ઘેર બોલાવ. એટલે નોકર સંત પાસે આવીને ભક્તિભાવપૂર્વક કહે છે મહારાજ! પધારો. સંત એના ઘરમાં પ્રવેશ કરવા જાય ત્યાં અંદરથી મંત્રી આવીને કહે છે એ ધૂતારા! મેલાઘેલા ને ગંદા તું મારે ઘેર શા માટે આવ્યો? મારા ઘરમાંથી બહાર નીકળ. તું મારા ઘરમાં પગ મૂકીશ તો મારૂં ઘર અભડાઇ જશે. ધૂતારા! મારા ઓટલેથી હેઠો ઉતરી જા.

બંધુઓ! જૈન મુનિઓને કેવા પરિષહ સહન કરવા પડે છે. આ કાળમાં કોઇને વધનો પરિસહ આવતો નથી. ભગવાન કહે છે એક આક્રોશ વચનનો પરિસહ જો સમતા-ભાવે સહન કરે તો પણ કર્મની મહાનિર્જરા થાય છે. હથેળીમાં મોક્ષ છે. પણ આ કાળમાં આક્રોશ વચનની વાત કયાં કરવી. એક સામાન્ય વચન પણ સહન થતું નથી. પછી મોક્ષ કયાંથી મળે? સમતાના સાગર સંત તરત પાછા ફરી ગયા. આટલું અપમાન થવા છતાં આંખનો ખુણો લાલ ન થયો. હજુ થોડે દૂર ગયાં ત્યાં મંત્રી એના છોકરાને મોકલે છે. છોકરો કહે છે મહારાજ! અમારે ઘેર પધારો. અમારી ભૂલ થઇ ગઇ. ક્ષણ પહેલાં અપમાન કર્યું હતું છતાં પાછા તેના ઘેર ગયા. જેવો મુનિએ ઉંબરામાં પગ મૂકયો તેવો મંત્રી લાકડી લઇને મારવા લાગ્યો ને બોલ્યો કે ઠગારા! તમે તો અમારા ભગવાનને નરકગામી બનાવો છો. તમને કોણ ખાવાનું આપે? નીકળ મારા ઘરમાંથી. આટલું અપમાન કરવા છતાં મુનિ સામો ઉત્તર આપતા નથી. ખુબ શાંતિ અને ક્ષમા રાખી પોતે ત્યાંથી ચાલ્યા ગયા. મંત્રી પ્રત્યે એને જરા પણ ક્રોધ ન આવ્યો. ઉત્તરાધ્યયનસૂત્રના ૧૯ મા અધ્યયનમાં ભગવંત કહે છે કે જૈન મુનિ કેવા હોય?

लाभालाभे सुहे दुक्खे, जीविए मरणे तहा ।
समो निंदा पसंसासु, तहा माणाव माणओ ।।

ઉત્ત. સૂ. અ. ૧૯ ગાથા ૯૦

લાભમાં ને અલાભમાં, સુખ અને દુઃખમાં, જીવવાનો પ્રસંગ હોય કે મરણ આવે તેવો પ્રસંગ ઉપસ્થિત થયો હોય, કોઈ નિંદા કરે કે પ્રશંસા કરે, માન મળે કે અપમાન થાય. આવા દરેક પ્રસંગોમાં સમભાવ રાખે તે સાચો મુનિ છે.

સંત એમના આત્મદેવને કહે છે જોજે હોં.... રખે ભૂલ ખાતો. આજે તારી કસોટીનો સુવર્ણદિન છે.

ખરી કસોટીનો દિવસ છે આજે જોજે આતમ ભૂલ થાય ના

તારા દશ ધર્મ છે ખંતિ,'મુત્તિ આદિ તેમાં તેં કેટલા અપનાવ્યા છે તેની પારખ અહીં થશે. આમ વિચાર કરી સમભાવ રાખીને ચાલ્યા જાય છે. એટલામાં કોઇને ઘેર ગયા ત્યાં ખાટી છાશ મળી તે લઇને બહાર નીકળ્યા ત્યાં મંત્રીની પત્ની કહે આપજી ! પધારો, મારું ઘર પાવન કરો. એટલે પાછા ગુરૂ તો ચાલ્યા. આજના ગુરૂ આમ ન જાય હોં — (હસાહસ).

મુનિ ઘરમાં ગયા એટલે શીરો, પુરી, દાળ, ભાત, દહીં દૂધ, શાક વિગેરે મંત્રી વહોરાવવા લાગ્યો ત્યારે મુનિ કહે છે એનો મને બધ નથી. ત્યારે મંત્રી કહે છે તું શું ખાય છે ? આવી ખાવાની ચીજો નથી લેતો તો શું રાખ ખાય છે ? તો લે રાખ આપું એમ કહીને છાશના પાતરામાં ખોબો ભરીને રાખ નાંખી દીધી. તો પણ મુનિનું મુખ તો પ્રસન્ન હતું. મનમાં એમ પણ ન થયું કે છાશમાં રાખ નાંખી તો અઠ્ઠાઈના પારણે કેવી રીતે ખાઈશ ? ત્યારે મંત્રીની આંખ ખુલી ગઈ. અહો ! મેં એમને ગાળો દીધી, અપમાન કર્યું, માર માર્યો તો પણ દિલમાં જરા ક્રોધ નથી. ખરેખર ! જેવા ઠાકોરે વખાણ કર્યા હતા તેવા આ મુનિ પવિત્ર છે. પગમાં પડી ગયો. રડી પડયો ને પોતાની ભૂલની ક્ષમા માંગી. મેં આપના પાતરામાં રહેલી છાશમાં રાખ નાંખી. આપ અઠ્ઠાઇના પારણે કેવી રીતે ખાશો ? ત્યારે મુનિ કહે છે ભાઈ ! તેં મારા ઉપર ઘણો ઉપકાર કર્યો કારણ કે છાશ ખાટી હતી તેમાં તમે રાખ નાખી આપી એટલે છાશમાં તેં રાખ નાખી તેથી મીઠું નાંખે તેવી છાશ બની જશે અને અમે તો રાખવાળું પાણી પણ પીએ છીએ. માટે તમે ચિંતા ન કરો. મંત્રી કહે છે મને છાશ પાછી આપી દો. મુનિ કહે છે અમારા પાત્રમાં જે આવે તે આરોગી જવાનું, પણ પાછું કોઇને અપાય નહિ. આ મંત્રી મુનિનો સાચો ભક્ત બની ગયો. એણે જૈન ધર્મ અપનાવ્યો. આ સંત આવા અનેક ઉપસર્ગો આવે ત્યારે સમતાથી સહન કરે.

હવે મુનિરાજ ઉનાળાના દિવસોમાં વિહાર કરતા હતા. તેમાં કોઈ એક ગામની બહાર નદી આવેલી હતી. સખ્ત ગરમીના કારણે નદીમાં પાણી બિલકુલ ન હતું. નદીની રેતી ખૂબ તપી ગયેલી. એ રેતી એવી ગરમ હતી કે પગમાં બૂટ પહેર્યા હોય તો પણ ગરમી લાગે. આવી ધગધગતી અંગારા જેવી રેતીમાં સંત આતાપના લેવા માટે સૂઈ ગયા. તે વખતે એક બેહૂત ત્યાંથી નીકળ્યો. એણે મુનિને આ રીતે સૂતેલા જોયા તેથી તેના મનમાં એમ થયું કે આ નદીમાં પાણી ન આવવા દેવા માટે આ મુનિ સૂતા છે. કારણ કે નદીમાં પાણી ન આવે તો પાક સારો થાય નહિ તેથી દાણાના ભાવ વાણિયા વધારે અને એ રીતે પૈસા કમાવામાં વાણિયાને લાભ થાય ને અમારું વર્ષ બગડે માટે એનું કાસળ કાઢી નાંખું. એમ વિચારી બાજુના ખેતરની વાડમાં કાંટાવાળા ઝાડા ને ઝાંખરા હતા તે લાવીને મુનિના શરીર ઉપર નાંખીને આમથી તેમ બસેડયા. કાંટા

ભોંકાઈ ગયા. લોહી નીકળ્યા છતાં મુનિ તો તેમના ધ્યાનમાં અડગ રહ્યા.

મુનિ તો પોતાનામાં મસ્ત છે. પણ ત્યાંથી એક માણસ પસાર થયો. તેણે મુનિની આ દશા જોઇ એટલે ગામમાં જઇને શ્રાવકોને કહ્યું આમ બેસી શું રહ્યા છો? ગામ બહાર નદીમાં તમારા ગુરૂને એક ખેડૂત કાંટા ભોંકે છે અને ખૂબ હેરાન કરે છે. ગુરૂને કષ્ટ પડયું છે એવા સમાચાર સાંભળી ભાવિક શ્રાવકો તરત દોડયા ને પેલા ખેડૂતને પકડી પહેલાં ખૂબ માર મારી કોટડીમાં પૂરી દીધો. પછી ગુરૂના શરીરમાંથી કાંટા કાઢી નાંખ્યા ને કપડાથી શરીર લૂછી નાંખ્યું. મુનિ બેઠા થયા. થોડી વારે સ્વસ્થ બનીને ચાલવા લાગ્યા એટલે શ્રાવકો કહે છે ગુરૂદેવ! આપને કાંટા ભોકનાર ખેડૂતને અમે મારીને કોટડીમાં પૂર્યો છે. અમારા ગુરૂને માર મારનારને અમે કંઈ થોડા એમ છોડી મૂકીએ? ત્યારે ગુરૂ કહે છે એમાં એનો શું દોષ છે? દોષ મારા પૂર્વ કર્મનો છે. તમે એને છોડી મૂકો. ત્યારે શ્રાવકો કહે છે અમે એમ ન છોડીએ. એના ગુન્હાની પૂરી શિક્ષા કરીશું. ત્યારે મુનિ કહે છે જો તમે એને મુકત નહિ કરો તો હું અઠાઈનું પારણું નહિ કરું. આ રીતે મુનિએ કહ્યું એટલે શ્રાવકોએ ખેડૂતને છોડી મૂકયો. ત્યારે ખેડૂત સંતના ચરણમાં પડી ગયો. અહો! આ શું મુનિની કૃપા છે! એમની કૃપાથી હું છૂટયો છું. નહિતર આ વાણિયા મને મારી નાંખત. પોતાને કષ્ટ આપનાર પ્રત્યે પણ જે આટલી દયા રાખે છે તો તે કાંઈ અમારા પેટ ઉપર પાટૂ મારવાનો વિચાર ન કરે. આમ વિચાર કરી પોતાના મનમાં જે વિચારો આવ્યા હતા તે મુનિની સમક્ષમાં કહી દે છે. પછી મુનિને વારંવાર વંદન કરી ચાલ્યો ગયો. એને પણ જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધા થઈ. આવા મહાન, ક્ષમાવાન પરિસહોને જીતનાર તપસ્વી મુનિરાજે મહાન ઉપસર્ગો સહન કરી કેવો સમભાવ રાખ્યો! ધન્ય છે આવા પવિત્ર સંતોને! આપણે પણ આવી સમતા રાખીએ તો માનવજીવન સફળ થાય.

પેલો મંત્રી અને ખેડૂત બંને સંતના ચરણમાં પડી ગયા ને તેમના ભકત બની ગયા. ધન્ય છે મુનિવર આપને! વારંવાર વંદન કરીએ છીએ. બંધુઓ! જુઓ, કસોટી કોની થાય છે? જેની દુનિયામાં કિંમત છે એની કસોટી થાય છે. કથીરની કોઈ કસોટી કરતું નથી. કંચનની કસોટી થાય છે. કુસતીની કસોટી ન હોય, સતીની કસોટી થાય. આગળની સતીઓની કેવી કસોટી થઈ છે તેમ સાચા સંતોની પહેલાં કસોટી થાય છે. પછી એની કિંમત અંકાય છે. પેલા લળીલળીને વંદન કરે છે ને બોલે છે ધન્ય ધન્ય મુનિવર વંદન વાર હજાર–ત્યારે સંત કહે છે ભાઈ! મેં કાંઇ વિશેષ નથી કર્યું. હું તો મારા મુનિ ધર્મમાં રહું છું. મેં જ્યારે દીક્ષા લીધી ત્યારે મને મારા ગુરૂએ કહ્યું હતું કે તારામાં બાવીસ પરિસહ જીતવાની તાકાત છે? ભૂખ લાગશે, તરસ લાગશે તો કોઈ લાકડી લઇને મારવા આવશે પણ આહાર પાણી નહિ મળે. જો તારામાં સહન કરવાની

શકિત હોય તો દીક્ષા લે. મે બધું સમજીને દીક્ષા લીધી છે. આ સંસાર ચાર ગતિમાં પીલાવાનું મશીન છે. સંસારના કષ્ટો વેઠવા તેના કરતા સંયમમાર્ગમાં આવા ઉગ્ર પરિસહો સહન કરીશ તો આત્માનું કલ્યાણ થશે. ત્યાગ વિના મુકિત નથી.

જમાલિકુમાર પ્રભુની વાણી સાંભળે છે. પ્રભુ સંસાર સ્વરૂપ ને મોક્ષમાર્ગની વાત સમજાવે છે. જમાલિને સાંભળતાં એટલા ઉંચા ભાવ છે કે સાંભળ્યા કરું. તમને પણ અહીં આવી લગની લાગશે ત્યારે એમ થશે કે કયારે પોણાનવ વાગે ઉપાશ્રયમાં પહોંચી જઇએ. અહીં આવીને એક ચિત્તે વીતરાગ વાણી સાંભળતા જો ઉત્કૃષ્ટ ભાવ જાગશે તો સંસાર કારાગાર જેવો લાગશે. પ્રભુની વાણી સાંભળી જમાલિકુમાર કહે છે નાથ! શું તારી વાણી છે! તારી વાણીના ટહુકારે મારું હૃદય ડોલાવી નાંખ્યું છે. એમ કહેતાં "હટ્ટે તુટ્ઠે" એમના હૈયામાં આનંદ સમાતો નથી. ઊભા થઈ ગયા. પ્રભુને વંદન કરે છે. પછી શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

"ચરિત્ર":– ગુણસેન રાજા ગુણના ભંડાર હતા. એમની દૃષ્ટિ ગુણગ્રાહી હતી. તેથી તે વિચાર કરતા હતા કે તાપસનું પારણું કરાવવાનું ચૂકી ગયો એ તો મારી મોટી ભૂલ છે. એ ભૂલ શૂળની જેમ એને સાલવા લાગી. તેમાં તાપસોએ આવીને કહ્યું કે અગ્નિશર્મા આપના ઉપર ખૂબ કોપાયમાન થયા છે. આપનું મુખ જોવા પણ માંગતા નથી અને હવે જીવનભર આહાર પાણી ન લેવાની પ્રતિજ્ઞા કરી છે. મારા નિમિત્તે એમને કષાય થતી હોય તો મારે આ નગરમાં રહેવું પણ ઉચિત નથી. કારણ કે આજે તેમણે જાવજીવ આહાર પાણી ન કરવાની મારા નિમિત્તે પ્રતિજ્ઞા લીધી છે તો કાલે એમના બીજા કોઇ સમાચાર સાંભળીશ તો મને દુઃખ થશે માટે આ વસંતપુર છોડી દઉં.

"ગુણસેન રાજાનું ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં પુનરાગમન"

રાજાએ મહેલમાં જઇ જોષીને બોલાવીને પૂછયું કે ક્ષિતિપ્રતિષ્ઠિત નગર તરફ મારે પ્રયાણ કરવું છે તો વહેલામાં વહેલો કયો દિવસ સારો આવે છે? જ્યોતિષીઓ જોષ જોવામાં પ્રવીણ હોય છે એટલે તરત તેમણે ગણતરી કરીને કહ્યું. મહારાજા! આપને તે તરફ પ્રયાણ કરવા માટે આવતી કાલનો દિવસ ઉત્તમ છે. માટે આપ કાલે પ્રયાણ કરો. એટલે રાજાએ તેના પરિવારને આજ્ઞા કરી કે જલ્દી તૈયારી કરો. કાલે અહીંથી આપણે પ્રયાણ કરવું છે. બીજે દિવસે રાજા મોટા પરિવાર સહિત ત્યાંથી નીકળી ગયા. રોજ પ્રયાણ કરતાં એક મહિને ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે પહોંચ્યા. નગરના લોકોને ખબર પડી કે અમારા મહારાજા પધારે છે એટલે ધ્વજા પતાકાઓથી આખું ગામ ગામજનોએ શણગાર્યું ને મહારાજાનું ભવ્ય સ્વાગત કર્યું. રાજાએ ખૂબ આનંદપૂર્વક ધામધૂમથી પોતાના સર્વતોભદ્ર નામના મહેલમાં પ્રવેશ કર્યો. ગુણસેન રાજા રાજયમાં રહે છે, રાજ્યનું કામકાજ કરે છે, ખાય છે, પીવે છે. હરે છે ફરે છે પણ કયાંય એમનું મન ચોંટતું નથી.

અંતરમાં કોઈ જાતનો આનંદ કે ઉત્સાહ નથી. બસ મેં આવી ભૂલ કરી. હું તપસ્વીને અમાવવા પણ ન જઇ શકયો એ ખટકયા કરે છે. આ રીતે રાજા રહે છે ત્યાં શું બને છેઃ-

"નગરમાં વિજયસેન આચાર્યનું આગમન"

એક દિવસ રાજા મહેલના ઝરૂખે ઉભા હતા તે વખતે નગરના લોકો દોડાદોડ કરતા જઇ રહ્યા છે. રાજાના મનમાં થયું કે આ લોકો દોડાદોડ કરતા કયાં જઇ રહ્યા છે તે વખતે રાજા પ્રધાનને પૂછે છે આપણા નગરમાં શું છે? આ લોકોના ટોળેટોળા દોડતા કયાં જઇ રહ્યા છે? આટલું કહેતા રાજાના મુખ ઉપર ગંભીરતા છવાઇ ગઈ. પ્રધાન કહે છે સાહેબ! ચિંતા ન કરશો. કોઇ આફતનું કારણ નથી. આ તો આનંદના સમાચાર છે.

વિજયસેન આચાર્ય પધારે, તારણ તિરણ જહાજ,
દર્શન કરને વાણી સુનને જા રહી ઉમડ સમાજ,
ઇસ કારણસે ભાગદોડ, નગરીમેં હો રહી આજ...શ્રોતા તુમ...

હે મહારાજા! આજે આપણી નગરી પવિત્ર બની ગઇ. ગ્રામાનુગ્રામ વિચરતાં, મોટા શિષ્યસમુદાયથી યુક્ત, જ્ઞાનલક્ષ્મીથી શોભતા, અનેક લોકોને ધર્મનો બોધ આપતા, અવધિજ્ઞાન ને મનઃપર્યાય જ્ઞાનથી યુક્ત, ગુણ રૂપી રત્નોની ખાણ જેવા, સફરી જહાજ સમાન, પરમ પવિત્ર એવા વિજયસેન નામના આચાર્ય આપણા નગરની બહાર અનેક વૃક્ષોથી સુશોભિત અને પવિત્ર અશોકવન નામના ઉદ્યાનમાં પધાર્યા છે. આ સમાચાર સાંભળી રાજાના સાડાત્રણ ક્રોડ રોમરાય ખડા થઇ ગયા. હૈયું હરખાઇ ગયું. અહો! મારા નગરમાં આવા પવિત્ર ગુરૂરાજ પધાર્યા છે! સાચો શ્રાવક વહેપાર ધંધા માટે અનેક ગામ ફરે પણ જે ગામ જાય ત્યાં પહેલા તપાસ કરે કે આ ગામમાં કોઇ સંત મુનિરાજ બિરાજે છે! પહેલા દર્શન કરૂં પછી બધું કામકાજ કરીશ.

શ્રીપાળ રાજાને કોઢનો રોગ મટી ગયા પછી એક પખત પરદેશની સફરે જાય છે. તે વખતે તેની માતાને તથા પત્ની મયણાસુંદરીને પૂછે છે તમારા માટે શું લાવું? હવે જોને, મયણાસુંદરી શો જવાબ આપે છે! તમે પણ તમારા શ્રીદેવીને પૂછતા હશો ને કે તમારે માટે શું લાવું? ત્યારે એ શું મંગાવે? મારા માટે ફોરેન નાયલોનની સાડી લાવજો. કબાટમાં ૧૦૦ સાડી ભરેલી હોય તો પણ સાડી મંગાવે. (હસાહસ). મયણાસુંદરી એના પતિને કહે છે સ્વામીનાથ! તમે દેશ વિદેશમાં ફરશો. તમે જ્યાં જ્યાં જાવ ત્યાં સંત મુનિરાજના દર્શન કરજો, એમનું પ્રવચન સાંભળજો અને એમાંથી જે તત્વ મળે તે તમે મને અહીં આવીને કહેજો. બોલો શું લાવવાનું કહ્યું. આ તમારી શ્રાવિકાઓ આવું મંગાવે તો ધર્મ તમારાથી દૂર રહે ખરો? ધન કમાવાય ને ધર્મ થાય. કેવો મહાન લાભ મળે! અહીં વિજયસેન આચાર્ય પધાર્યાની વધામણી સાંભળી જલ્દી

દર્શન કરવા જાઉં એવી ગુણસેન રાજાને લગની લાગી છે.

દેવાનુપ્રિયો ! આવતી કાલે માસખમણનું ઘર છે. તપશ્ચર્યા કરવાની તમને લગની લાગવી જોઈએ. માસખમણ તપના માંડવડા રોપાશે. કાલથી ત્રીસમા દિવસે સંવત્સરીનો દિવસ આવશે. પાપને પ્રજાળીને હૃદય શુદ્ધ કરવાનું છે. હૃદયની પાટી સાફ કરી નાંખજો. માટે પર્યુષણમાં શું કરવું ? ધર્મારાધન કરવું, કરાવવું ને અનુમોદના આપવી. ગુણસેન રાજાને વિજયસેન આચાર્યના દર્શન કરવા જવાની લગની લાગી છે તે દર્શન કરવા જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૨૫

શ્રાવણ સુદ ૫ ને શુક્રવાર તા. ૩-૮-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના કલ્યાણ માટે સિધ્ધાંત પ્રરૂપ્યા. ભગવંત અમૂલ્ય વાણીનો વરસાદ વરસાવતા બોલ્યા છે કે હે ભવ્ય જીવો ! જો તમારે જન્મ-મરણના ચક્રાવામાંથી બહાર નિકળવું હોય તો પાપ અને પ્રમાદનો ત્યાગ કરવો પડશે. દેવને પણ દુર્લભ એવો માનવજન્મ મળ્યો છે. અનુત્તર વિમાનના દેવોને સાતમી નરક સુધી પ્રત્યક્ષ જોઇ શકે એવું અવધિ જ્ઞાન છે. એકાંત સમકિતી છે. ત્યાં દેવીઓ નહિ એટલે વિષયવિકાર નહિ, ત્યાં તો એકાંત તત્ત્વનું ચિંતન. કેવું ભવ્ય તેમનું જીવન ! છતાં મોક્ષે જવા માટે તો અહીં આવવું પડે. એ જ માનવ જીવનનીવિશેષતા છે. જિનેશ્વર પ્રભુની આજ્ઞાનું સર્વથા પાલન અહીં કરી શકાય કારણ કે દેવો મહા સુખી ને અવિરતી છે. નારકીઓ મહા દુઃખી છે. અને તિર્યંચો અવિવેકી ને પરાધીન છે. અને પ્રમાદનો ત્યાગ કરી સ્વાધીનપણે મનુષ્ય ધર્મારાધના કરી શકે છે માટે મનુષ્યજીવનની એકેય ક્ષણ નકામી જવા ન દો.

માનવજીવનની એકેક ક્ષણ નકામી જાય તો જીવને અફસોસ થવો જોઇએ. જેમ તમને કોઇ અવધૂત યોગી મળી જાય ને એ કહે કે તમે જંગલમાં મારી સાથે ચાલો. હું તમને રસાયણ બનાવવાની વનસ્પતિ બતાવું. એની સાથે તમે જંગલમાં ગયા. એણે તમને બધી વનસ્પતિઓ બતાવીને કહ્યું કે જો આટલી વનસ્પતિ વાટીને એનો રસ ભેગો કરો તો એમાંથી એવું રસાયણ બનશે કે તેનું એક ટીપું હજારો મણ લોખંડ ઉપર નાંખવામાં આવશે તો તેનું સોનું બની જશે. તો તમે પ્રમાદ છોડી

વનેવન ભટકીને પણ એ વનસ્પતિ પ્રાપ્ત કરો છો ને ! લોખંડનું સોનું બનાવવા માટે રસાયણ તૈયાર કરો છો. પછી એ રસાયણની બાટલી સહેજ પણ ઢળતી મૂકો છો ? અરે, એનું એક ટીપું જમીન પર નકામું ઢોળાઇ જાય તો કેટલો અફસોસ થાય છે ? સુવર્ણ બનાવવાના રસાયણનું એકેક ટીપુ કિંમતી છે. કારણ કે તેમાંથી હજારો મણ સુવર્ણ બને છે અને તેમાંથી મહાન સંપત્તિ મળે છે. તેમ માનવજીવનની એકેક ક્ષણનો પાપક્ષય, ચિત્તવિશુદ્ધિ અને પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરવામાં ઉપયોગ થાય તો કેટલો લાભ થાય ? સુવર્ણ રસાયણ સાથે માનવજીવનની ક્ષણની સરખામણી કરી શકાય છે. જેમ પેલા રસાયણનું એક ટીપું વેડફાઇ જાય તે તમને નથી પોસાતું, દિલમાં ખટકો લાગે છે કે આવું કિંમતી રસાયણનું ટીપું નકામું ગયું ? એમ આ માનવજીવનની એકેક ક્ષણ નકામી જતાં અંતરમાં આઘાત લાગે ખરો ? એક ક્ષણ નહિ પણ હજારો ક્ષણો અત્યાર સુધીમાં નકામી ગઇ છે તેની હૈયામાં હાય લાગી છે કે મેં મારા જીવનની કેટલી અમૂલ્ય ક્ષણો સંસારના કાર્યમાં નકામી ગુમાવી ? એવો ઘા લાગશે તો ક્ષણે ક્ષણે જાગૃતિ આવી જશે. ધર્મનો પુરૂષાર્થ ઝળહળી ઉઠશે, પાપનો ત્યાગ થશે ને મનમાં એવી જાગૃતિ આવશે કે હવે મારા જીવનની એક ક્ષણ પણ નકામી જાય તો મેં ખરેખર કોહીનુર હીરો ગુમાવ્યો છે તેવું લાગશે ને થશે કે હાય—મારું રત્નનિધાન ગયું ! માનવજીવન ક્ષણિક છે તેનો વિચાર કરો.

कुसग्गे जह ओसबिन्दुए, थोवं चिट्ठइ लम्बमाणए ।
एवं मणुयाणं जीवियं, समयं गोयम मा पमायए ।।

ઉત્ત. સૂ. અ. ૧૦, ગાથા ૨

ડાભના પત્રના અગ્રભાગ પર રહેલ ઝાકળનું બિંદુ જેમ અલ્પ સમયમાં નાશ પામે છે તેવું માનવનું જીવન અલ્પસ્થાયી છે માટે હે ગૌતમ! સમય માત્રનો પ્રમાદ ન કર. પ્રમાદ એ ખરાબ ચીજ છે. તેનાથી ચેતવા શ્રી ગૌતમ સ્વામી જેવા મહાપુરૂષને પણ સતત ચેતવણી આપે છે. તો પછી આપણા જેવા સામાન્ય માનવને પ્રમાદથી બચવા કેટલા જાગૃત રહેવું જોઇએ. પ્રમાદને વશ થઇને માનવ ઇષ્ટ વસ્તુનો વિવેક ભૂલી જાય છે. મર્યાદા વિનાનું જીવન જીવવું તેનું નામ અવિવેક. વિવેકન ન હોય તો ક્ષણે ક્ષણે પાપ બંધાય છે. મર્યાદાપૂર્વક વર્તે તો અલ્પ પાપ બંધાય છે. વસ્તુમાં આસક્તિનું જોર વધી જતાં વિવેક ભૂલી જવાય છે અને ચીકણા કર્મો બંધાય છે.

બંધક મુનિની રાજાએ ચામડી ઉતરાવી હતી. એ ચામડી કેમ ઉતારી? તેમણે પૂર્વભવમાં કોઠીંબડાના ફળોની રસપૂર્વક અને આસક્તિભાવથી આલ ઉતારી હતી. તેથી આત્માને ગાઢ પાપથી સિંચ્યો હતો જેને લઇને દેહની ચામડી ઉતારવાની ગાઢ વેદના ભોગવવી પડી.

પ્રભુ મહાવીર દેવના કાનમાં ખીલા ભોંકાયા, કારણ કે પૂર્વભવમાં શ્રવણ રસમાં આસક્ત બની વિવેકગુમાવી બેઠા. આમ પ્રમાદને વશ થઈ અવિવેકી દશામાં ભાન ભૂલી પૂર્વના ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં સીસાનો રસ રેડયો હતો. કર્મ કોઇની શરમ રાખતા નથી. જેમ વીજળીઘરમાં કંઇ પણ નુકશાન થયું હોય તો તે સરખું કરનાર પુરૂષ ખૂબ સાવચેત રહે છે. તેમાં જરા પણ પ્રમાદ કરે તો કરંટ લાગતાં ઢળી પડે છે તેમ આપણું જીવન યંત્રવત્ છે. પ્રમાદમાં કે આસક્તિમાં પડયા તો સમજી લેજો કે ઢળી પડયા. યંત્ર ચલાવતાં સાવચેત રહેવું પડે છે તેમ આપણી પ્રવૃત્તિમાં નિયમો અને મર્યાદાઓ બતાવી છે. પ્રભુએ કહ્યું છે કે જયં ચરે જયં ચિટ્ઠે। ઉપયોગપૂર્વક ચાલો, ઉપયોગપૂર્વક બેસો. આ રીતે ખાવામાં, પીવામાં, બોલવામાં કે ઉઠવામાં મર્યાદાઓ મૂકી છે. પ્રમાદમાં પડવાથી કર્મ બંધાય અને કર્મયોગે કષ્ટ વેઠવા પડે છે માટે પ્રમાદ છોડીને આત્મા તરફ વાળો. કાળ કયારે આવશે તેની જીવને ખબર નથી.

આવશે એ કાળ કયારે કંઇએ કહેવાય ના, દીપક બૂઝાશે કયારે સમજી શકાય ના
જિંદગીને મહેલ માની રચ્યો પચ્યો મહીં,
પાનાનો મહેલ છે એ મને ખબર પડી નહીં
ખબર નહીં (૨) એ મહેલના નહીં કરવા ભરોસા (૨) ....આવશે એ કાળ

અત્યારે ધન મેળવી લઉં ને સુખી થાઉં પછી નિરાંતે ધર્મધ્યાન કરીશ એ સુખની આશામાં ને આશામાં ભમી રહ્યા છો. કાલે ધર્મધ્યાન કરીશ એમ કહેનારાના કાળ આવી ગયા પણ ધર્મકરણી કરવા માટે કાલ આવતી નથી. આજે મહિનાનું ઘર છે. ઘર એટલે પકડવું. આજના દિવસને પકડી લો ને યાદ રાખો કે આજથી ત્રીસમા દિવસે સંવત્સરી મહાપર્વ આવે છે. તો મારે શું કરવું? તપસ્વીઓ તપ કરે છે. તપ કરવાની મારામાં તાકાત નથી તો હું બ્રહ્મચર્ય પાળું. એ ન બને તો સામાયિકમાં આવું, આશ્રવમાંથી સંવરમાં આવું. સામાયિકમાં ચૌદ રાજલોકના પાપ અટકી જાય છે.

સામાયિક એટલે શું? જેમાં સમતાનો લાભ થાય તે સામાયિક. ઓછામાં ઓછા ૪૮ મિનિટ જગત સાથેના તમામ કનેકશનો તોડી કરેમિભંતેનો પાઠ ભણી સ્વના સાનિધ્યમાં આવીને બેસવું તેનું નામ સામાયિક. જૈન સમાજમાં ભાગ્યે જ એવા માણસો હશે કે જેણે સામાયિકનું નામ સાંભળ્યું ન હોય. અગર કદી સામાયિક કરી ન હોય? પણ સામાયિકનું રહસ્ય, સામાયિકનું ઉંડાણ ને એક સામાયિકનું કેટલું ફળ મળે એ તો ભાગ્યે જ કોઇ જાણતું હશે. રોજ લાખ સોનામહોરનું દાન દેનાર કરોડપતિને એક બાજુ ઊભો રાખો, ને બીજી બાજુ માત્ર દિવસમાં એક સામાયિક કરનાર ગરીબને ઊભો રાખો. પછી જુઓ, બેમાંથી કોનો નંબર પ્રથમ આવે છે. જૈન શાસન લાખ સોનામહોરોના દાન આપનાર કરતાં સમજણપૂર્વક સમભાવમાં રહી માત્ર

એક સામાયિક કરનાર ગરીબને વધુ મહત્વ આપે છે. ઇતિહાસ પણ આ બાબતમાં સાક્ષી પૂરે છે.

એક મોટું શહેર હતું. એ શહેરની મધ્યમાં એક મોટો આલીશાન ભવન જેવો બંગલો હતો. એ બંગલામાં મોટા ક્રોડાધિપતિ શેઠ વસતા હતા. બરાબર એ બંગલાની સામે એક નાનકડી ઝુંપડી હતી તેમાં એક વૃદ્ધ ડોશીમા રહેતા. શેઠના ઘેર ધનના ઢગલા હતા. તેના આંગણે આવેલો ગરીબ ખાલી હાથે જતો નહિ. શેઠનો નિયમ હતો કે સવારમાં ઊઠીને તરત એક કલાક સુધી દાન આપવું. સવારના શેઠ ઉઠે ત્યારે એના આંગણામાં ગરીબોની મોટી લાઇન લાગી હોય. રોજ લાખો સોનામહોરો દાનમાં શેઠ વાપરતા. સામી ઝુંપડીમાં વસતા ડોશીમાને ઉઠવાનો પણ એ ટાઇમ હતો. એ ડોશી રોજ સવારમાં ઉઠીને ગામમાં ગુરૂ બિરાજતા હોય તો દર્શન કરવા જાય. પછી ઘેર આવીને સામાયિક લઇને બેસી જાય. શેઠનો કાર્યક્રમ દાન દેવાનો અને ડોશીમાનો નિયમ : સામાયિક કરવાનો. બંને એકબીજાને જોતાં હતાં એટલે બંને એકબીજાના સાક્ષીરૂપ હતા.

દેવાનુપ્રિયો ! તમે જોજો સામાયિકનું કેટલું મૂલ્ય છે! બાર વ્રતમાં સામાયિકનો નંબર નવમો છે શા માટે? આગળના આઠ વ્રતોનું જે પાલન કરી શકે તે સામાયિકમાં સ્થિર રહી શકે છે. તમારે બાથમાં સ્નાન કરવા જવું હોય તો પહેલાં ચામડીના ડોકટરને બતાવી શરીરની ચિકિત્સા કરાવવી પડે છે. ડોકટર સર્ટિફિકેટ આપે તો બાથમાં સ્નાન કરવા જઈ શકાય. બાથમાં સ્નાન કરવા જતાં પહેલાં બહાર નળે નાહીને અંદર જવાય છે તે રીતે સામાયિક એ આત્માને સ્નાન કરવા માટેનું બાથ છે. સામાયિકમાં બેસતા પહેલાં આત્માને શુદ્ધ બનાવવો પડે છે. તો સમતારસનું પાન કરી શકાય છે.

એક વખત મગધ દેશના માલિક શ્રેણીક રાજા હાલીચાલીને પુનીયા શ્રાવકની ઝુંપડીએ આવ્યા. પુનીયો શ્રાવક પૂછે છે મહારાજા આપને કેમ આવવું પડયું ? ત્યારે શ્રેણીક રાજા કહે છે કંઇક લેવા. ત્યારે પૂછે છે શું જોઈએ ? ત્યારે રાજા કહે છે સામાયિકની ભીખ માંગવા આવ્યો છું. મૂલ્ય આપીને સામાયિક ખરીદવા આવ્યો છું. ત્યારે શ્રાવક કહે છે હે રાજન ! તમને ખબર છે કે મારી સામાયિકનું કેટલું મૂલ્ય છે ? આપને જેણે સામાયિક લેવા મોકલ્યા હોય તેમને પૂછી જુઓ કે સામાયિકનું કેટલું મૂલ્ય છે એ શ્રાવકની સામાયિકની ખુમારી જોઇને રાજા તેના ચરણમાં ઝૂકી પડયો. આવું સામાયિકનું મૂલ્ય છે.

એ ડોશીમાની સામાયિક સમજણપૂર્વકની હતી. એક દિવસ એવું બન્યું કે શેઠ આખા દિવસમાં દાન ન દઈ શકયા અને ડોશીમા સામાયિક ન કરી શકયા. સાંજ પડી એટલે બંને ભેગા થયા ને ખૂબ અફસોસ કરવા લાગ્યા. શેઠ કહે હું દાન ન દઈ શકયો

અને ડોશી કહે હું સામાયિક ન કરી શકી. બંને ભેગા થઈને રડવા લાગ્યા. ત્યારે શેઠ કહે છે માજી! તમે સામાયિક ન કરી એમાં આટલો અફસોસ શા માટે કરો છો? ત્યારે ડોશીમા કહે છે શેઠ! તમે કાલે ડબલ દાન આપી શકશો પણ મારી સામાયિકનો જે અમૂલ્ય સમય ગયો તે ફરીને મને નહિ મળે. ત્યારે શેઠ કહે છે એક પથરણું પાથરી તેના ઉપર બેસી સામાયિક કરવાથી શું મોટો ધર્મ થઇ જવાનો છે? જો એક સામાયિક કરવાથી ધર્મ થઇ જતો હોત તો કોઇ લાખો સોનૈયાનું દાન કરત નહિ. એમ ઘણું એલફેલ શબ્દો બોલી સામાયિક આદિ ધર્મકરણીને તુચ્છ કરી નાખી. મારા ઘેર તો કેટલા માણસો આવે તે બિચારા આવીને પાછા ગયા. શેઠ દાન આપે છે પણ અભિમાન ઘણું હતું. હું મોટો દાનવીર એવો એના મનમાં ઘમંડ હતો. સામાયિકમાં શું? એમાં તે કયો મોટો ધર્મ છે? આવા શબ્દો સાંભળી ડોશીમાને ખૂબ લાગી આવ્યું અને ડોશીમા બોલ્યા શેઠ! લાખો તો શું, તમે રોજ ક્રોડ સોનૈયાનું દાન આપશો તો પણ મારી સામાયિકની તોલે નહિ આવે. શેઠ તો ગમે તેવા શબ્દો બોલીને ચાલ્યા ગયા. ડોશીમા અને શેઠ બંનેનો કાર્યક્રમ વર્ષો સુધી ચાલુ રહ્યો.

વખત જતાં બંને વૃદ્ધ થયા. માથે મોતના દૂતો આંટા મારવા લાગ્યા. કોણ પહેલાં જશે તે પ્રશ્ન હતો. એક રાત્રે શેઠના બંગલામાં કરૂણ ચીસો સંભળાવા લાગી. ડોશીમા એકદમ જાગી ઉઠ્યા ને કોઈને પૂછ્યું તો ખબર પડી કે શહેરમાં અનેક સખાવતો કરનાર, છૂટા હાથે દરરોજ લાખો સોનૈયાનું દાન કરનાર કરોડપતિ શેઠ મૃત્યુની શય્યામાં સૂતા છે. તેમની આ કરૂણ ચીસો સંભળાય છે. ડોશીમાને થયું શેઠનો અંતિમ સમય છે, લાવ હું તેમને ધર્મ સંભળાવવા જાઉં. એમ વિચારી લાકડીના ટેકે જલ્દી ચાલીને ઉપર ચઢવા લાગ્યા, પણ હજુ પગથીયા પૂરા ન ચઢયા ત્યાં તો શેઠનું પ્રાણપંખેરૂ ઉડી ગયું. શેઠ ત્યાંથી મરીને હાથી તરીકે તિર્યંચમાં ઉત્પન્ન થયા. શેઠ કેટલું દાન કરતાં હતાં છતાં ક્યાં ફેંકાઇ ગયા! દાન ઘણું કરતાં પણ મનમાં અભિમાન હતું, માન-પ્રતિષ્ઠાની લાલસા અને ધર્મક્રિયા પ્રત્યે તુચ્છતા હતી. આ ત્રણ પાપના શાપે શેઠને તિર્યંચ ગતિમાં ફેંકી દીધા અને એ ગામની બહાર જંગલમાં હાથી બનીને ફરવા લાગ્યા.

દેવાનુપ્રિયો! થોડું વધારે દાન કરીને અભિમાન કરશો નહિ. અભિમાન કર્યું તો નીચ ગતિમાં પટકાયા સમજી લેજો. શેઠ તો મરીને હાથી બન્યા. થોડા વખત પછી ડોશીમાનો નંબર લાગ્યો. ડોશીમાના જીવનદીપમાંથી તેલ ખૂટવા માંડયું. એ પણ મરણશય્યામાં પોઢયા. મરણ સમયે એમના મુખ ઉપર આનંદ હતો. એમને જીવવાનો લોભ કે મરણનો ભય ન હતો. દરરોજ બે ઘડી જગતથી જુદા પડી આત્માના સાનિધ્યમાં બેસવાની ટેવ પાડી હતી તેનું આ શુભ પરિણામ હતું. એક દિવસ સાંજના સમયે

ડોશીમાનો જીવનદીપક બૂઝાઈ ગયો. એ દીપકની બૂઝાઈ ગયેલી આત્મજ્યોત તે નગરના રાજાના રાજમહેલમાં રાજપુત્રીપણે ઝળહળી ઉઠી. દરરોજની બે ઘડીની સામાયિકે ડોશીમાને રાજકુમારી બનાવી.

એ રાજ્યમાં મોટા પટ્ટહસ્તીની જરૂર હતી એટલે રાજાના માણસો હાથીની શોધમાં વનેવન ફરતા હતા. ફરતાં ફરતાં નગરનો કરોડપતિ શેઠ જે હાથી બન્યો હતો તે પકડાઈ જાય છે. રાજા આવા સુંદર હાથીને જોઈને ખુશ થયા ને એ હાથીને પટ્ટ હસ્તિનું બિરૂદ આપ્યું. એ નવા પટ્ટહસ્તિ ઉપર બેસી મહારાજા નગરમાં ફરવા નીકળે છે. રાજકુમારી પણ સાથે છે. હવે રાજા જે રસ્તે જઈ રહ્યા છે તે રસ્તામાં શેઠની હવેલી ને ડોશીમાની ઝુંપડી આવે છે. રાજા આગળ વધી રહ્યા છે ત્યાં આગળ જતાં શેઠની હવેલી આવી. હવેલી જોતાં હાથીને પૂર્વનું સ્મરણ થતાં જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. એટલે ત્યાં ને ત્યાં હાથી મૂર્છા ખાઈને ધરતી ઉપર ઢળી પડે છે. ખૂબ ઉપચારો કર્યા પણ હાથી ભાનમાં આવતો નથી. ગામમાં હાહાકાર મચી ગયો. હવે કરવું શું ? બધા વિચારમાં ઉભા છે ત્યાં રાજકુમારીની નજર એકાએક પેલી ઝુંપડી ઉપર પડે છે ત્યાં તેને પણ જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું.

એ રાજકુમારી બધું સમજી ગઇ. તરત પાસે જઈને હાથીના કાનમાં કહે છે શેઠ ઉઠો, તમારી ભ્રમણા દૂર કરો, જુઓ, તમે દાનના પ્રભાવે પટ્ટહસ્તિ બન્યા છો ત્યારે હું સામાયિકના પ્રભાવે રાજકુમારી બની છું કારણ કે અભિમાન સહિત દાન કરતાં શુદ્ધ ભાવે આત્મસ્વરૂપમાં રમણતા કરતાં જે સામાયિક કરે છે તે તે તેના કરતાં ચઢી જાય છે.

રાજકુમારીના શબ્દો સાંભળતાં હાથી ઉભો થઈને ચાલવા લાગ્યો. લોકોના મનમાં આશ્ચર્ય થયું કે રાજકુમારીએ શું જાદુ કર્યું કે મંત્ર ભણ્યા જેથી હાથી એકદમ ઉભો થઇ ગયો. બધાની વચમાં રાજકુમારીએ હાથીનો તથા પોતાનો પૂર્વભવ કહી સંભળાવ્યો. પૂર્વભવ સાંભળતાં હાથીને પોતાની ભૂલનું ભાન થયું. એથી આંસુ પડવા લાગ્યા. ત્યારે કુંવરી કહે છે તું જરાપણ શોક ન કરીશ. હજુ બાજી હાથમાં છે. હું તારી સદ્ગતિ કરાવીશ. તને વચન આપું છું કે હું દરરોજ તારી પાસે આવીને સામાયિક કરીશ. રાજકુમારી દરરોજ હાથીની પાસે જઇને સામાયિક કરતી. ત્યારે હાથી પણ દરરોજ બે ઘડી સુધી બે વખત આંખો નીચે ઢાળીને સ્થિર ઉભો રહેતો. ગમે તેવા મચ્છર-ડાંસ કરડે, માખીઓ આવીને તેના ઉપર બેસે તો પણ જરાય માથું કે પૂછડું હલાવતો ન હતો. આ રીતે રોજ બે સામાયિક ભાવથી કરતો ને છેલ્લે કુંવરીને માથું નમાવી ચાલ્યો જતો. જીવનના અંત સુધી સમભાવપૂર્વક આત્મામાં સ્થિર થઇને આઠમા સહસ્રાર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

એક સામાયિકમાં કેટલી શક્તિ છે! શાસ્ત્રમાં ત્યાં સુધી કહ્યું છે કે માત્ર બે ઘડીની એક સામાયિકથી બાણુક્રોડ ઓગણુસાઠ લાખ પચ્ચીસ હજાર નવસો પચ્ચીસ અધિક પલ્યોપમનું દેવભવનું આયુષ્ય બંધાય છે. એ સામાયિક જો ઉત્કૃષ્ટ ભાવથી કરે તો મુક્તિના દ્વારે પહોંચાડે છે. બંધુઓ! તમે ભલે બીજું કાંઇ ન કરો પણ દરરોજ બે :ઘડીની એક સામાયિક શુદ્ધ ભાવથી કરો તો પણ આત્માનું કલ્યાણ થાય.

આજે મહિનાના ઘરનો પવિત્ર દિવસ છે. આજથી રાગ-દ્વેષ ક્રોધાદિ કષાયોને તિલાંજલી આપજો. આત્મબાગમાં ફરવા, વૈરાગ્ય ભુવનમાં વિચરવા અને આહાર સંજ્ઞા પર વિજય મેળવવા તૈયાર થજો. પ્રભુએ એકમાસી, બેમાસી, ત્રણમાસી ને ચોમાસી તપ કર્યા હતા. આવા ઉગ્ર તપમાં પણ કેવા ઉપસર્ગો નડ્યા. તિર્યંચમાં ચંડકૌશીકે ડંખ માર્યો, મનુષ્યભવમાં ભરવાડે કાનમાં ખીલા નાંખ્યા, ને દેવમાં સંગમે છ છ મહિના સુધી કઠોર ઉપસર્ગો આપ્યા. પારણાના દિવસે ગૌચરી જાય ત્યારે આહાર પાણી સૂઝતા હોય તો અસૂઝતા કરી નાંખે. ઠંડીમાં વિહાર કરે ત્યારે રેતીના ઢીંચણસમા ઢગલા કરી દે. ધ્યાન કરે ત્યારે ધગધગતી રેતીનો વરસાદ વરસાવે છતાં પ્રભુ ધ્યાનમાંથી સહેજ પણ ચલાયમાન ન થયા. મોક્ષ મેળવવા માટે પ્રભુએ કેવા કષ્ટો વેઠયા છે અને તમારે તો ઘરમાં બેઠા મોક્ષ જોઇએ છે તો ક્યાંથી મળે? મોક્ષ જોઇતો હોય તો સંસારના રંગરાગ છોડવા પડશે.

જમાલિકુમાર પ્રભુના દર્શન કરવા ગયા. પ્રભુને વંદન કરી એક ચિત્તે દેશના સાંભળતાં પ્રભુમય બની ગયા. પ્રભુ તું તે હું ને હું તે તું. પ્રભુ! મને તારા જેવો બનાવી દે. જેમ જીવ ચાલ્યો જાય ને કલેવર પડયું રહે તેને કોઇ હલાવે, ચલાવે કે મારે તો હાલે ચાલે નહિ. તેમ જમાલિકુમાર પ્રભુના સમોસરણમાં દાખલ થયા ત્યારથી સંસારના રંગરાગ અને પુદ્ગલો પ્રત્યે નિર્જીવ બની ગયા હતા. એટલે રંગરાગથી મુક્ત બનીને ગયા હતા. પ્રભુની વાણી સાંભળતાં એકતાર બની ગયા અને હૃદય પ્રફુલ્લિત બની ગયું હતું. નાથ! શું તારી વાણીમાં જાદુ ભર્યું છે! તારા એકેક શબ્દે મારા હૈયાને હચમચાવી દીધું છે. બસ, હવે મને આ સંસાર દાવાનળ જેવો લાગે છે. એને છોડીને તારા જેવો બની જાઉં એવો વેગ ઉપડયો છે. એનો સંસાર સ્વર્ગ જેવો હતો છતાં દાવાનળ જેવો લાગ્યો અને આજના શ્રીમંતો જે ધર્મ સમજતા નથી તે શું બોલે છે? આ ભવમાં જે સુખ મળ્યું છે તેને ભોગવી લો. આ ભવ મીઠો, પરભવ કોણે દીઠો? બસ ખાવ-પીવો ને મઝા ઉડાવો. ધર્મ કરવાની શી જરૂર છે? આવું બોલનારને ભગવાન કહે છે મહામિથ્યાત્વી છે. એકતો પોતે ધર્મ કરે નહિ ને બીજા કરે તેને આવું ભમાવી દે. એવા જીવો મરીને દુર્ગતિમાં ચાલ્યા જાય છે.

જમાલિકુમારનો હર્ષ વધતો જાય છે. જેમ વેપારીને વેપારમાં એકદમ નફો

થાય તો કેટલો આનંદ થાય? તેમ જમાલિકુમારને પ્રભુની વાણીમાં આનંદ થાય છે. જેટલું સાંભળે છે તેટલું હૃદયમાં અવધારે છે. સિંહણના દૂધ સુવર્ણના પાત્રમાં ટકી શકે, બીજા પાત્રમાં ન ટકે, તેમ પ્રભુની વાણી ઝીલવા માટે જમાલિકુમારનું હૃદય સુવર્ણપાત્ર જેવું બની ગયું છે. પ્રભુની વાણી સાંભળી એને અલૌકિક આનંદ થયો. ઉભા થયા. ફરીને પ્રભુને વંદન કરીને શું કહે છે:-

"सद्दहामिणं भंते निग्गंथ पावयणं"

હે મારા નાથ! મને તારા પ્રવચનની શ્રદ્ધા થઈ છે, રૂચી થઈ છે. તારા ઘરમાં આવ્યા વિના ત્રણ કાળમાં શાંતિ નહિ થાય. સંસારના રસિક જીવોને સંસારના કામમાં રસ આવે, પેપરમાં, રેડિયામાં, નાટકમાં, સંગીતમાં વિગેરેમાં તેને રસ છે, જ્યારે જમાલિકુમારને પ્રભુની વાણીનો રસ છે, એટલે એકચિત્તે સાંભળીને હૃદયમાં ઉતારી તેના પ્રત્યે શ્રદ્ધા થઇ છે, પ્રતીત થઇ છે. એના અંતરમાં આનંદ અનેરો છે. હવે તેઓ પ્રભુને શું કહે છે તેના ભાવ અવસરે કહેવાશે.

"ચરિત્ર":- રાજા મહેલના ઝરૂખે ઉભા હતાં. ત્યાં લોકોને જતાં જોઇને પ્રધાનને પૂછ્યું કે આ બધા દોડાદોડ કરી ક્યાં જઈ રહ્યા છે? ત્યારે પ્રધાન કહે છે મહાન પવિત્ર એવા વિજયસેન આચાર્ય પધાર્યા છે તેમના દર્શન કરવા જાય છે. રાજાને જૈન મુનિનો આચાર કેવો હોય તે ખબર ન હતી. પ્રધાન કહે છે વિજયસેન આચાર્ય જૈન ધર્મના ગુરૂ છે. આપે જે તાપસોને જોયા તેમનામાં અને આ સંતોમાં બહુ મોટું અંતર છે. તાપસને આમંત્રણ આપીએ એટલે તે આપણે ઘેર જમવા માટે આવે અને આ જૈન મુનિને આમંત્રણ આપીએ તો આવે નહિ. તેમના નિમિત્તે જો કંઇ બનાવ્યું હોય ને તેમને ખબર પડે કે મારા માટે બનાવ્યું છે તો એ લે પણ નહિ. બીજાને માટે બનાવેલા શુદ્ધ અને નિર્દોષ આહારની ગવેષણા કરે.

એક વખત એક ગામડામાં બપોરના બાર વાગે જૈન મુનિ વિહાર કરીને પધાર્યા. એ ગામમાં જૈનના બે ઘર હતા. ઉપાશ્રયની બાજુમાં એક ડોશીમા રહેતા હતા અને થોડે દૂર એની દીકરી રહેતી હતી. આમ બે ઘર હતા. બાકીના પટેલના ઘર હતા. બપોર થયેલી એટલે બધા પટેલો ઘર બંધ કરીને બેતરમાં ગયા હતા. સંતને આવેલા જોઈને ડોશીમાએ વિચાર કર્યો શું વહોરાવું! પોતે જમીને પરવારી ગયા હતા. ઘરમાં બીજું કંઇ હતું નહિ. પણ આગળના સમયમાં લોકો રસોઇ બનાવી રહે એટલે ચૂલામાં દેવતા હોય તો પાણીનો ઉનામણો મૂકી રાખતા. અચાનક કોઇ સંત પધારે તો નિર્દોષ પાણીનો લાભ મળી જાય. માજીના ચૂલે પાણીનો ઉનામણો મૂકેલો. ખૂબ ગરમ ધગધગતું પાણી હતું તેમાં સેવ નાખી દીધી. સેવ જલ્દી બફાઈ ગઇ એટલે ઓસાવી નાંખી અને સંત ગૌચરી માટે પધાર્યા. ડોશીમા સેવ વહોરાવવા જાય છે પણ સંત વિચાર કરે છે કે

આ માજી ઘરમાં એકલા હોય તેમ લાગે છે, બીજું કોઇ દેખાતું નથી. વળી હજુ આ ગારામાં સેવ અકબંધ છે, એક ચમચો કોઈએ ખાધી હોય તેમ નથી. વળી ગરમાગરમ છે અને એકલા માજી અત્યાર સુધી ભૂખ્યા ન બેસી રહે. શંકા પડી એટલે ડોશીમાને પૂછયું કે માતા! આ સેવ તમે કેમ બનાવી છે? ત્યારે કહે મને આવાનું મન થયું એટલે બનાવી છે. સંત કહે છે બહેન! સાધુને આધાકર્મી આહાર વહોરાવવાથી ઘણા પાપના ભાગીદાર બનો છો. પછી માજી સત્ય બોલી ગયા. ગુરૂદેવ! આપ આવી સખ્ત ગરમીમાં પધાર્યા છો. ગામમાં મારી દીકરી સિવાય બીજું જૈનનું ઘર નથી. બીજા પટેલ લોકો ખેતરમાં ગયા છે એટલે મને થયું કે શું વહોરાવું? ઘરમાં કંઇ ન હતું. એટલે ગરમ પાણી તૈયાર હતું તેમાં મેં સેવ નાખી દીધી છે ત્યારે મુનિ કહે છે બહેન! "न मे कप्पइ तारिसं।" મને એવો સદોષ આહાર કલ્પે નહિ, મુનિ પાછા ફર્યા. ડોશીમાએ સેવ વાટકો ભરીને તેની દીકરીને ઘેર મોકલાવી. મુનિ ફરતાં ફરતાં દીકરીને ઘેર ગયા ત્યાં વાટકામાં સેવ હતી એ પણ વહોરાવવા આવી. મુનિએ પૂછયું બહેન! આ સેવ ઉપાશ્રયની બાજુમાં માજી રહે છે તેમના ઘરની છે તો કહે કે હા. તે મારી બા છે. ત્યારે એ સંત કહે એ મને ન ખપે. કહેવાનો આશય એ છે કે જૈન મુનિ ભૂખ્યા રહે પણ સદોષ આહાર ન લે. નિર્દોષ આહાર મળે તો લે. સંતને મળે કે ન મળે બંનેમાં સમભાવ હોય છે. આવા જૈનના સંતો કડક હોય છે.

પ્રધાન પાસેથી જૈન મુનિ કેવા હોય તે વાત જાણી રાજાને ખૂબ આનંદ થયો. આવા સંતો તો વિરલ હોય છે. આપણે જલ્દી દર્શન કરવા માટે જઇએ.

"ગુણસેન રાજા વિજયસેન આચાર્યના દર્શને ગયા" :-

ગુણસેન રાજા પોતાના પરિવાર સહિત અશોકવન ઉદ્યાનમાં જ્યાં વિજયસેન આચાર્ય બિરાજે છે ત્યાં જઇને વિનયપૂર્વક વંદન કરીને બેસી ગયા. આચાર્ય મહારાજે બધાને ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળી ગુણસેન રાજાના અંતરમાં ભાવ જાગ્યા કે જાણે આ સંસાર છોડીને આમના જેવો ત્યાગી બની જાઉં. આચાર્યે આગાર ધર્મ અને અણગાર ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. એણે વિચાર કર્યો કે હું સંસાર ત્યાગીને સાધુ બની જાઉં એટલી મારી તૈયારી નથી. પણ શ્રાવકના બાર વ્રત અંગીકાર કરી શકું છું. એટલે તરત ત્યાં ઉભા થઇને ગુણસેન રાજાએ વિજયસેન આચાર્ય પાસે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા. બંધુઓ! બાર વ્રતમાંથી કોઇ એક વ્રત અંગીકાર કરે ને શુદ્ધ પાળે તો પણ કામ કાઢી જાય છે. અંબડ સંન્યાસીએ તેના શિષ્ય પરિવાર સહિત પ્રભુ પાસે એક વ્રત અંગીકાર કર્યું કે અમારે અણદીધું લેવું નહિ. એ સંન્યાસીઓએ બપોરના જમીને ધોમધખતા તાપમાં વિહાર કર્યો. તરસ ખૂબ લાગી છે, પાણી પાણી કરે છે. કંઠ સૂકાઈ ગયા છે. આવા સમયે ચાલતાં ચાલતાં એક તળાવ આવે છે. શિષ્યો પૂછે છે

ગુરૂદેવ ! ખુબ તરસ લાગી છે. આમાંથી પાણી પીવાય ? ત્યારે અંબડ કહે છે આપણે અણદીધું ન લેવાની પ્રતિજ્ઞા કરી છે. કોઇ આજ્ઞા આપે તો પાણી પીવાય. બાકી પીવાય નહિ. ત્યાં એમ વિચાર ન કર્યો કે અહીં કોઈ નથી પણ વ્રતમાં દૃઢ રહ્યા. પ્રતિજ્ઞા એટલે પ્રતિજ્ઞા. ધગધગતી રેતીમાં સંથારો કરીને સૂઇ ગયા.

ગુણસેન રાજા બાર વ્રતનું પાલન કરે છે. રોજ વિજયસેન આચાર્ય પાસે જાય છે પણ પેલું દુઃખ ભૂલાતું નથી. તપસ્વીનું શું થયું હશે ? આમ કરતા દિવસો વીતાવે છે. હવે રાજા એક વાર મહેલના ઝરૂખે ઉભા છે ત્યાં એ કયું દૃશ્ય જોશે અને તેનાથી તેના મનમાં કેવા ભાવ આવશે તે વાત અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૨૬

શ્રાવણ સુદ ૬ ને શનિવાર **તા. ૪-૮-૭૩**

અનંતકરૂણાનિધિ વીતરાગ પ્રભુએ જગતના જીવોના ઉદ્ધારને માટે સિદ્ધાંતમય વાણી પ્રકાશી. જમાલિકુમારે પ્રભુની વાણી સાંભળી ત્યાં એના રાગ-દ્વેષ ક્રોધ-માન-માયા-લોભ આદિ કષાયો ઘટવા લાગ્યા ને અંતરમાં જ્ઞાનનો દીપક પ્રગટવા લાગ્યો. સાચું જ્ઞાન પ્રગટ કરવા માટે ઓછા વધતા પ્રમાણમાં માનવીના રાગ-દ્વેષને ધક્કો લાગવો જોઇએ. આજે જ્યાં ને ત્યાં જ્ઞાન મેળવો, જ્ઞાન મેળવોની ધૂમો મચાય છે પણ સાથે રાગ-દ્વેષ ઓછા કરવાનીવાત કોઈ સમજાવતું નથી. જ્ઞાન ગમે તેટલું મેળવવામાં આવે પણ જો તેની સાથે રાગ-દ્વેષ ન ઘટે તો તે જ્ઞાન આત્માને તારનારું નહિ બને. જ્યાં સુધી જીવનમાં રાગ-દ્વેષની આંધી ચઢેલી હોય ત્યાં સુધી આત્મજ્ઞાનનો સાચો પ્રકાશ મળે નહિ. જીવને જ્યાં ને ત્યાં દુઃખ કેમ પડે છે ? એ દુઃખ કોઇ આપતું નથી. પણ જ્ઞાની કહે છેઃ

आत्मा ऽज्ञान भवं दुःखमात्म ज्ञानेन हन्यते ।।

દુઃખ માત્ર પોતાના અજ્ઞાનથી ઉભું થાય છે. જ્યારે એ અજ્ઞાન ટળે ને સાચું જ્ઞાન પ્રગટે ત્યારે દુઃખ ટળે ને સુખ મળે. જ્યાં સુધી પોતાના સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી એના રોગ ને વિકારો કયા છે તે કયાંથી સમજાય ? રાગ-દ્વેષ, વિષયોની રૂચી, હર્ષ ને શોક આ બધા આત્માના રોગ છે વિકાર છે. આના કારણે જીવ વર્તમાનમાં દુઃખી બને છે અને કર્મના બંધન બાંધી ભવિષ્યમાં દુઃખી થાય છે. અંતરના ઉંડાણથી વિચાર કરશો તો સમજાશે કે દુઃખ કેમ આવ્યું ? અંતરમાંથી જવાબ મળશે કે રાગ-દ્વેષના કારણે તું દુઃખી છે. જો કોઇ પણ વસ્તુ કે વ્યકિત પ્રત્યે રાગ-

દ્વેષ ન હોય તો કદી દુઃખ થાય નહિ. રાગ-દ્વેષના કારણે આપણે ભવમાં ભટકી રહ્યા છીએ. જેમ તાવ આદિ રોગને કારણે શરીરમાં પીડા થાય છે તેથી તે રોગ કહેવાય છે. શરીરનો એ વિકાર છે તેવી રીતે રાગ અને દ્વેષ આત્માને પીડાકારી હોવાથી આત્માનો રોગ છે અને આત્માનો વિકાર છે.

બંધુઓ! રાગ અને દ્વેષ એ બે આત્માના મહાન રોગ છે. એ બંનેમાં પણ હજુ દ્વેષ બરાબ લાગશે પણ રાગ બરાબર લાગતો નથી. ન્યાયથી પૈસા કમાયા, આ મોટા બંગલા વસાવ્યા, મોટુ કુટુંબ મળ્યું, સગાં સ્નેહી મળ્યા. આ બધા પ્રત્યેનો જીવને અત્યંત રાગ છે અને કહો છો કે અમે અમારા કુટુંબ ને ઘરબાર પ્રત્યે પ્રેમ ન રાખીએ તો કયાં રાખીએ! એટલે આ બધો રાગ કર્યો છે, પણ તે ખોટો છે એમ જ્યાં સુધી નથી લાગતું ત્યાં સુધી રાગ એ ભયંકર મોટો રોગ છે. એવું કયાંથી સમજાય? ટૂંકમાં આ કાયાની અંદર કેદ પૂરાયેલા આત્માને પોતાનું ભાન નથી. જો આત્માને પોતાના સ્વરૂપનો ખ્યાલ હોત કે જન્મોજન્મ મારા આત્માને નવી નવી કાયાની કેદમાં પૂરાવું પડે છે અને શુભાશુભ કર્મો ભોગવવા પડે છે તો રાગ-દ્વેષ ઓછા થાત. હું તો અનાદિકાળનો શાશ્વત આત્મા છું. આવું જો ભાન હોત તો એમ થાત કે મેં આવું બધું એક ભવમાં પ્રાપ્ત નથી કર્યું પણ અનાદિકાળથી મેળવ્યું અને ખોયું છે. તો હવે મારે આના ઉપર ખોટો રાગ શા માટે કરવો? આ એક જન્મમાં પણ એ વસ્તુ કાયમ રહેશે કે નહિ તેની ખાત્રી નથી. કદાચ આ ભવમાં રહેશે તો અંતે તો એને છોડવાનું છે. તો મારે એના ઉપર ફોગટ રાગ-દ્વેષ શામાટે કરવા? આવા વિચારથી પણ રાગ-દ્વેષ પાતળા પડી જાય ને દુઃખમાં ઘટાડો થાય. પણ આ નથી બનતું તેનું મુખ્ય કારણ આત્મા અવિનાશી, સ્વતંત્ર અને અનંત સુખનો ધણી છે, આ વાત ભૂલાઈ ગઈ છે અને રાગ-દ્વેષ હોંશથી કરવા જોઈએ છીએ તો પછી અંતરાત્મામાં જ્ઞાનનો પ્રકાશ કયાંથી પથરાય?

પ્રકાશ અથવા જ્ઞાન એ વાસ્તવિક છે કે જ્યાં મૂળ રોગ રૂપ રાગ-દ્વેષ થોડાઘણાં પણ ઓછા થયા હોય ઓછા થયા વિનાનું જ્ઞાન પ્રકાશ રૂપ નથી. અંધકાર અને અજ્ઞાન રૂપ છે તેથી જ્ઞાન મેળવવા માટે પહેલા રાગ-દ્વેષને ધક્કો મારવાની જરૂર છે. જેવું જ્ઞાન તેવું ધ્યાન આવે છે. જેમાં રાગ-દ્વેષનું જોર ઓછું હોય તે શુભ ધ્યાન છે અને જ્યાં બાહ્ય વસ્તુને મહત્વ અપાય, પરવસ્તુની જ્યાં માંગ હોય તે અશુભ ધ્યાન છે. એક વખતના પરદેશી રાજાને સૂરીકાંતા રાણી પ્રત્યે કેટલો રાગ હતો! સૂરીકાંતાનું નામ યાદ રહે એટલા માટે પુત્રનું નામ સૂર્યકાંતકુમાર પાડયું હતું. એની સૂરીકાંતા રાણી વિષયસુખની પ્યાસી હતી. જ્યારે પરદેશી રાજા કેશીસ્વામીના એક વખતના સમાગમથી ધર્મના રંગે રંગાઈ ગયા અને એને જે સુખ મળતું હતું તે બંધ થઇ ગયું ત્યારે ઝેર આપીને રાજાના પ્રાણ લેતા પણ પાછી ન વળી. છતાં પરદેશી રાજાએ એ રાણી પ્રત્યે

સ્હેજ પણ વૈરભાવ રાખ્યો નહિ. એણે તો એક વખત સંતનો સમાગમ કર્યો પણ દેવાનુપ્રિયો ! તમે કેટલી વખત કર્યો. હજુ રાગ-દ્વેષ પાતળા પડે છે ? ક્ષાયો ઓછી થાય છે ? જે વીતરાગવાણી હમેશા સાંભળે, સંતસમાગમ કરે તેને માથાના કાપનાર દુશ્મન પ્રત્યે પણ ક્રોધ આવતો નથી. હંમેશા તેનું ભલું ઇચ્છે છે. કોઇ માણસને કોઇની સાથે એવું ગાઢ વૈર હોય તો આપણને એમ લાગે કે એ મરી જશે તો એને આલડવા પણ નહિ જાય. પણ જો એને સંતસમાગમ થયો હોય, રાગ-દ્વેષની મંદતા થઇ હોય તો એ અહિત કરનારા દુશ્મનને ઝેર પીવાનો વખત આવ્યો હોય તો તરત તેની પાસે દોડી જશે ને એના હાથમાંથી ઝેરનો વાટકો ખૂંચવી લેશે ને એને આશ્વાસન આપશે ને પડતાને બચાવી લેશે. આનું નામ સત્સંગ કર્યો કહેવાય. એ મહાવીરનો સાચો સંતાન છે.

એક શેઠને ત્રણ દીકરા હતા. શેઠ ખૂબ ધનવાન હતા. તેમની પાસે એક કિંમતી રત્ન હતું. શેઠે ત્રણે દીકરાને પાસે બેસાડીને કહ્યું કે જે દીકરો મને સંતોષ પમાડશે તેને હું રત્ન આપીશ. ત્રણે દીકરા રત્ન લેવા તૈયાર હતા. પણ પિતાને કઇ રીતે સંતોષ પમાડવો તે વિચાર કરવા લાગ્યા. સૌથી મોટા દીકરાએ એની દુકાને આવેલો ઘરાક ૫૦૦૦) રૂ. નું પાકીટ ભૂલી ગયો તે હોંશિયારીથી પચાવી પાડયું. એના મનમાં આનંદ થયો કે પાંચ હજાર રૂપિયા મળ્યા એટલે મૂડીમાં વધારો થશે ને બાપુજીને સંતોષ થશે. બીજા દીકરાએ એવો વિચાર કર્યો કે દશ-પંદર ગરીબોને જમાડું તો મારા પિતાને સંતોષ થશે. જ્યારે સૌથી નાના ત્રીજા નંબરના દીકરાએ શું કર્યું ! એક દિવસ તે નદી કિનારે ફરવા ગયો તે વખતે પોતાના પિતાનો કટ્ટો દુશ્મન કહી તેના સામું જોતો ન હતો તેવા દુશ્મનનો દીકરો નદીમાં તરવા પડેલો. એને તરતા બરાબર આવડતું ન હતું જેથી નદીમાં ડૂબવાની અણી ઉપર હતો. માથાના વાળ દેખાતા હતા. આ દ્રશ્ય શેઠના નાના દીકરાએ જોયું. તરત છલાંગ મારીને નદીમાં પડયો ને પેલા છોકરાને બહાર કાઢયો. સહીસલામત તેને ઘેર પહોંચાડી દીધો.

એક વખત શેઠ પોતાના ત્રણે દીકરાને બોલાવીને પૂછે છે તમે શું નવું કામ કર્યું ? ત્યારે મોટો કહે છે બાપુજી ! મેં પાંચ હજારનું ઘરાકનું પાકીટ રહી ગયું હતું તે લઇ લીધું છે એટલે પાંચ હજારનો મૂડીમાં વધારો કર્યો, ત્યારે બીજો કહે છે મેં દશ-પંદર ગરીબોને જમાડયા. શેઠ કહે ઠીક. હવે ત્રીજા નંબરનો વારો આવ્યો. એ કહે છે બાપુજી ! મેં જે કાર્ય કર્યું છે તે આપને ગમશે કે નહિ તે જ્ઞાની જાણે પણ મેં આમ કર્યું છે. શેઠ કહે તેં શું કર્યું તે કહે તો ખરો. ત્યારે કહે છે આપના કટ્ટાણા દુશ્મનનો છોકરો નદીમાં ડૂબી જવાની અણી ઉપર હતો. મેં નજરે જોયું એટલે મેં નદીમાં પડીને તેને બચાવી લીધો છે ને છોકરાને તેને ઘેર પહોંચાડી દીધો છે. માનવ માનવને ન બચાવે

તો કોણ બચાવે? મેં માનવીને જીવતદાન આપીને અમૂલ્ય રત્ન મેળવી લીધું છે. ત્યારે શેઠ કહે છે દીકરા! ધન્ય છે તને. દુનિયામાં ઉપકાર ઉપર ઉપકાર તો સૌ કરે પણ અપકાર ઉપર ઉપકાર કરે એ સાચો માનવ છે. આપણું બૂરું કરનારનું પણ તેં ભલું કર્યું છે. તારી સમજણ સાચી છે. તારા આ કાર્યથી મને સંતોષ થયો છે માટે તું રત્નનો અધિકારી છે. બાપ નાના દીકરાને રત્ન આપે છે.

જમાલિકુમારને પ્રભુની વાણી સાંભળી સંસાર અસ્થિર લાગ્યો. નાથ! શું તારી વાણી છે! તેં જગતની જંજાળ છોડી છે, વિષયો પ્રત્યેથી વિરાગ કેળવ્યો છે. નાથ! તારા કેટલા ગુણ ગાઉં! નાથ તું કેવો છે! તારી વાણી અમૃત જેવી મીઠી છે.

વિષયોનું કરવું વમન, ઇન્દ્રિઓનું કરવું દમન,
કષાયોનું કરવું શમન, તેને હો ત્રિકાળ નમન.

વિષયો વિષ જેવા છે એમ સમજીને વમી દેવા જોઇએ. કોઇ માણસ ઝેર પી ગયો હોય તો તરત ડોકટર પાસે લઇ જઈને પેટમાંથી ઝેર કાઢી નાખવા માટે ઉલ્ટી કરાવવામાં આવે છે તેમ હે નાથ! તારી વાણીરૂપી ઔષધિનું પાન કરે તેના વિષયોનું વમન થઇ જાય છે અને જે વિષયોનું વમન કરે છે તે ઇન્દ્રિઓનું દમન સહેલાઈથી કરી શકે છે. જ્યાં મોહ છે, વિકાર છે, વિષયો છે ત્યાં ઇન્દ્રિઓનું જોર ચાલે છે. જે ઇન્દ્રિઓનું દમન કરે છે તેના કષાયો પણ શાંત થઇ જાય છે. તો હે નાથ! તેં તો આ બધા ઉપર વિજય મેળવ્યો છે. તને મારા ત્રિકાળ વંદન હો. નાથ! તારું ધ્યાન કેવું છે!

चित्रं किमत्र यदिते त्रिदशांगनाभि,
नीतं मनागपि मनोन विकार मार्गम् ।

દેવની દેવાંગના ખુદ તારી પાસે આવે, મર્યાદા છોડીને તારી સામે તે નૃત્ય કરે તો પણ તારા મનમાં લેશ માત્ર વિકાર ન જાગે. તને કોઇ માન આપે કે તારું અપમાન કરી જાય તો પણ કેવો સમતા ભાવ! ગૌચરી જાય ને કોઈ સારો આહાર આપે કે લુખો-સૂકો તુચ્છ આહાર આપે તો સમભાવથી આરોગી ગયા. પ્રભુ ચોમાસી ઉપવાસને પારણે શેઠના ઘેર ગૌચરી ગયા. તેના ઘરની દાસીએ ઘોડાને માટે બાફેલા અડદના લૂખા બાકળા વહોરાવ્યા. એ પણ પ્રભુ પ્રેમથી આરોગી ગયા. કેવો સમભાવ!

જમાલિકુમાર પ્રભુની વાણી સાંભળીને શું બોલ્યા :-

"सद्दहामिणं भंते निग्गंथ पावयणं पत्तियामिणं भंते निग्गंथ पावयणं रोएमिणं भंते निग्गंथ पावयणं अब्भुट्ठेमिणं भंते निग्गंथ पावयणं एवमेयं भंते। तहमेयं भंते। अवितह मेयं भंते। असंरिच्धमेयं भंते।"

હે નાથ! હે ભગવંત! હું નિગ્રંથ પ્રવચનની શ્રદ્ધા કરું છું. હે ભગવંત! હું

નિગ્રંથ પ્રવચન ઉપર વિશ્વાસ કરું છું. હે ભગવંત ! હું નિગ્રંથ પ્રવચન ઉપર રૂચી કરું છું અને હે ભગવાન ! હું નિગ્રંથ પ્રવચનના અનુસારે વર્તવાને તૈયાર થયો છું. હે ભગવંત ! તમે જે નિગ્રંથ પ્રવચનનો ઉપદેશ આપો છો તે એમજ છે. હે ભગવાન ! તેમજ છે. સત્ય છે, નિશ્ચિત છે અને નિઃશંક છે.

આ પ્રમાણે જમાલિકુમાર બોલ્યા. એમને પ્રભુની વાણી સાંભળતા કેટલો હર્ષ હતો, કેટલી લીનતા હતી ! દીકરો પરદેશ રહેતો હોય, બે મહિનાથી પત્ર નહોતો આવ્યો ને પછી આવ્યો. એ વાંચતા કેટલો આનંદ હોય છે. એવો આનંદ પ્રભુની વાણી સાંભળતાં હોવો જોઈએ.

એક બાઇનો પતિ પરદેશ કમાવા માટે ગયો. એનો પતિ કહીને ગયો હતો કે હું બરાબર ઠેકાણાસર થઈ જઇશ પછી તરત તને પત્ર લખીશ. પણ એનો પતિ ત્યાં જઈને ભૂલી ગયો. કમાવામાં પડી ગયો બાઇ દરરોજ પત્રની રાહ જોયા કરે. એમ કરતાં બાર વર્ષે પતિનો પત્ર આવ્યો. જોઈને ગાંડીતૂર બની ગઇ. હર્ષ સમાતો નથી પણ વાંચતા આવડતું નથી. એટલે એક ભાઇ ત્યાંથી નીકળ્યો. તેને કહે છે: ભાઇ ! આટલો પત્ર વાંચી દેને ! તારો મોટો ઉપકાર માનીશ. કવર હાથમાં લીધું પણ ભાઇને વાંચતા આવડતું નથી. એ પણ બાઇ જેવો અભણ હતો એટલે આંખમાં આંસુ આવ્યા. રડવા લાગ્યો એટલે બાઇ સમજી કે મારા પતિના બાર બાર વર્ષે સમાચાર આવ્યા ને આવ્યા તો અશુભ આવ્યા ! પેલાને પૂછતી નથી કે પત્રમાં શું લખ્યું છે ? અને એ કહેતો નથી કે મને વાંચતા નથી આવડતું તેનું મને રડવું આવે છે. ફુસ્કે ને ફુસ્કે છેડો વાળીને રડવા લાગી. શેરીના માણસો ભેગા થયા. બાઇના પીયરીયા પણ ગામમાં રહેતા હતા. એમને ખબર પડી એટલે એ બધા ભેગા થઈને રડવા લાગ્યા. એ શેરીમાં એક ડાહ્યો માણસ રહેતો હતો તે દોડતો આવ્યો ને પૂછ્યું કે બધા કેમ રડો છો ? ત્યારે કહે કે આ બહેનના પતિના અશુભ સમાચાર આવ્યા છે. કોણે કહ્યું. તો કહે કે આ પત્ર વાંચીને રડવા લાગ્યો એટલે હું રડવા લાગી. હું રડું છું એટલે આ બધા ભેગા થઈને રડે છે. એ ભાઇને પૂછો કે પત્રમાં શું લખ્યું છે તો કહે મને એ બહેને પત્ર વાંચવા દીધો પણ મને વાંચતા આવડતું નથી એટલે રડું છું. (હસાહસ) પેલો ડાહ્યો માણસ પત્ર વાંચે છે. તો એમાં લખ્યું છે કે ભગવાનની કૃપાથી ઘણું ધન કમાયો છું. હવે આપણને કંઇ દુઃખ નથી અને હું અહીંથી રવાના થઇ ચાર દિવસમાં ત્યાં આવું છું. જુઓ ! અજ્ઞાનના કારણે કેટલો અનર્થ થઇ ગયો. સમાચાર આનંદના હતાં પણ સાચું સમજાવનાર ન મળ્યું તો આનંદના સ્થાને શોક છવાઈ ગયો.

બંધુઓ ! ઘણીવાર અહીં વ્યાખ્યાનમાં પણ એવું બને છે કે ભગવાનની વાણી સાંભળતાં કોઇ આનુપૂર્વી ગણે છે, કોઇ માળા ગણે છે તો કોઇ ગુચ્છાનું પડિલેહણ કરે

છે. એમાં ધ્યાન હોય એટલે અડધું સાંભળે ને અડધું ન સાંભળે તો અર્થનો અનર્થ થઇ જાય છે. માટે એક ક્રિયામાં બે ક્રિયા ન કરવી. થોડું સાંભળો પણ એ બરાબર સચોટ સાંભળો કે જેથી તેની અસર થાય. જમાલિકુમારે પ્રભુની વાણી પહેલીવાર સાંભળી અને તેને સંસાર દાવાનળ જેવો લાગ્યો. નાથ! તારી વાણીની ઔષધિથી મારા ભવોભવના રોગ નામૂદ્ધ થઇ જશે. દુનિયામાં બધું જોયું પણ તને એક નહોતા જોયા. પ્રભુ! તું જો મને મળ્યો ન હોત તો આ દાવાનળમાંથી મને કોણ બચાવત! શાસ્ત્રમાં જમાલિકુમારના વૈરાગ્યની વાત ખૂબ સુંદર છે.

બંધુઓ! તપ અને સંયમ વિના આત્માની સિદ્ધિ નથી. જેમ મજબૂત લાકડાની ગાંઠને ચીરવા યુવાન પુરૂષનું બળ ને તીક્ષ્ણ કુહાડો જોઈએ તેમ આપણા કર્મોની મજબૂત ગાંઠોને ચીરવા માટે જ્ઞાન-દર્શન-ચરિત્ર ને તપનો મજબૂત તીક્ષ્ણ કુહાડો ને આત્માનો જબ્બર પુરૂષાર્થ જોઇશે. જમાલિકુમારને પ્રભુની વાણી રૂચી ગઇ છે. રગેરગમાં ઉતરી ગઇ છે. બધાં પ્રભુની દેશના સાંભળીને જશે. પછી જમાલિકુમાર ભગવંતને શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :—ગુણસેન રાજાએ વિજયસેન નામના આચાર્ય પાસે બાર વ્રત અંગીકાર કર્યા. દરરોજ તેમની પાસે જતા હતા. જ્ઞાનચર્ચા કરતા હતા. એક દિવસ ગુણસેન રાજાએ પૂછયું –ગુરૂદેવ! આપ તો મહાન જ્ઞાની છો. આપને આ અસાર સંસારમાંથી વૈરાગ્ય પ્રાપ્ત થવાનું કારણ શું બન્યું? ત્યારે આચાર્ય કહે છે કે રાજન! આ સંસારમાં રહેલા માનવીને ક્ષણેક્ષણે વૈરાગ્યના નિમિત્તો મળે છે. મનુષ્ય જીવન ક્ષણિક છે. લક્ષ્મી વીજળીના ચમકાર જેવી છે. એ મળે છે ત્યારે આનંદ આવે છે ને જાય છે ત્યારે શોક કરાવે છે દુનિયામાં જે જન્મે છે તેનું મૃત્યુ થાય છે. અતિપ્રેમપાત્ર વ્યક્તિનું મૃત્યુ થતાં પારાવાર દુઃખ થાય છે. આવા અનેક નિમિત્તો છે. હું આ અસાર ને અનિત્ય સંસારમાં કોના ઉપર રાગ કરું છું, શા માટે કરું છું? બધું છોડીને એક દિવસ જવાનું છે. આ સુંદર શરીર પણ મારું નથી. આ શરીર અનેક રોગોનું ઘર છે, અશુચીમય છે. આટલો વિચાર કરીએ તો પણ વૈરાગ્ય ઉત્પન્ન થાય. એ વિજયસેન આચાર્યને કેવી રીતે વૈરાગ્ય આવ્યો તે વાત તો ઘણી લાંબી છે. તે આચાર્યે ગુણસેન રાજાને કહી સંભાળાવી.

"ગુણસેન રાજાને વૈરાગ્યપ્રાપ્તિ ને દીક્ષા લેવાનો નિશ્ચય"

એકવાર ગુણસેન રાજા મહેલના ઝરૂખે ઉભા હતાં. ત્યારે તેમણે એક શબને લઇને જતાં કરૂણસ્વરે રડતાં ઘણા માણસોને જોયા. ખબર પડી કે ગામના નગરશેઠનો એક લાડીલો પુત્ર મૃત્યુ પામ્યો છે તેથી આ બધા આક્રંદ કરે છે. તો આ જગતમાં જેનો જન્મ તેનું મૃત્યુ અવશ્ય છે. મારે પણ એક દિવસ આ રીતે જવાનું છે. ધન્ય છે. મહાપુરૂષોને કે જેઓ આવા દુઃખમય સંસારનો ત્યાગ કરી

વીતરાગ પ્રભુએ બતાવેલ ઉત્તમ ચારિત્રને ગ્રહણ કરીને નીકળી ગયા છે અને એકાંત આત્મસાધનામાં લીન રહે છે. મને પણ મારા પ્રબળ પુણ્યોદયે લોકમાં સૂર્યસમાન, રત્ન ચિંતામણી સમાન આ મહાન સંસારસમુદ્રમાં તારણી નાવા સમાન, એવા વિજયસેન ગુરૂ પ્રાપ્ત થયા છે તો તે મહાન પુરૂષોએ આ કર્મરૂપી વનને બાળવા દાવાનળ સમાન મહાન પ્રવજ્યા અંગીકાર કરી છે તો હું પણ તેમની પાસે દીક્ષા અંગીકાર કરીશ.

આ રીતે વિચાર કરી મહારાજાએ પોતાના સુબુદ્ધિ નામના મુખ્ય પ્રધાનને તેમજ બીજા મંત્રીઓ આદિ સર્વેને બોલાવ્યા ને પોતાનો અભિપ્રાય જણાવ્યો. ત્યારે પ્રધાન કહે છે મહારાજ! આપે ખૂબ ઉત્તમ ભાવના કરી છે. કઠોર પવનથી ચલાયમાન કમળપત્રમાં રહેલા જળબિંદુની અંદર રહેલા ચંદ્રના પ્રતિબિંબ જેવા આ ચંચળ સંસારમાં ભવ્ય જીવોને માટે સંયમ ગ્રહણ કરવો એ કર્તવ્ય છે. ચારિત્ર વિના ત્રણ કાળમાં મુક્તિ થવાની નથી. માટે આપને જેમ સુખ ઉપજે તેમ કરો. કારણ કે જેમ કોઇ માણસના ઘરમાં આગ લાગી હોય તે વખતે ચારે બાજુથી ઘેરાયેલો માનવી જલ્દી બહાર નીકળતો હોય તો તેને કોણ રોકે? તેમ સર્વ પ્રકારના દુઃખરૂપ અગ્નિથી સંસાર રૂપી ઘર પ્રજળી રહ્યું છે, આપ તેમાંથી બહાર નીકળવા માંગો છો તો અમે શા માટે અંતરાય પાડીએ! આપની ભાવના પ્રશંસનીય છે. ત્યારે રાજા કહે છે આપે મારી વાતને માન્ય કરીને રજા આપી તો આપના જેવું મારૂં હિતસ્વી કોણ? તમે મને દીક્ષાની રજા આપી મહાન ઉપકાર કર્યો. એમ કહી રાજાએ બધાનું સન્માન કરી પોતાના ચંદ્રસેન નામના મોટા પુત્રને રાજ્ય આપ્યું અને મનમાં ભાવથી નિશ્ચય કર્યો કે જ્યાં મારા ગુરૂ વિજયસેન આચાર્ય બિરાજે છે ત્યાં જઇશ. આવો નિર્ણય કર્યો.

આ તરફ અગ્નિશર્મા તાપસે છેક સુધી દુરાગ્રહ છોડયો નહિ અને મેં તપસ્વી થઇને રાજા પર આટલો બધો ક્રોધ કર્યો. એ ક્રોધનો કેવો કરૂણ અંજામ આવશે એટલો પણ કદી વિચાર ન કર્યો. અને પોતે જે નિયાણું કર્યું હતું તેમાં જરા પણ ઢીલો ન પડયો, જેમ બ્રહ્મદત્ત ચક્રવર્તિ અને ચિત્તમુનિ બંને પૂર્વભવમાં સગા ભાઇઓ હતા અને બ્રહ્મદત્તે એ મુનિના ભવમાં નિયાણું કર્યું કે મારા ઉગ્ર સંયમનું જો ફળ હોય તો હું આ સનત્કુમાર જેવો ચક્રવર્તિ બનું ને એના જેવી ઋદ્ધિ પ્રાપ્ત કરું. ચિત્તમુનિએ ખૂબ સમજાવ્યો પણ ન માન્યો તો છેવટે મરીને ચક્રવર્તિ બન્યો. બ્રહ્મદત્ત ચક્રવર્તિ બન્યા પછી પણ સંસારના કાદવમાંથી કાઢવા મુનિએ ખૂબ મહેનત કરી છતાં ન માન્યો તો મરીને સાતમી નરકે રૌ રૌ વેદના ભોગવવા ચાલ્યો ગયો. એ રીતે ગુરૂના ખૂબ સમજાવવા છતાં અગ્નિશર્મા ન સમજ્યો તો ત્યાંથી મરીને વિદ્યુતકુમાર દેવ થયો. દેવ થયા પછી ત્યાં તે શું કરશે અને ગુણસેન રાજા ચારિત્ર અંગીકાર કરવા તૈયાર થયા છે આ દેવ તેમને કેવા ઉપસર્ગ આપશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૨૭

શ્રાવણ સુદ ૭ ને રવિવાર **તા. ૫-૮-૭૩**

અનંત કરૂણાનીધિ શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના આત્મકલ્યાણને અર્થે સિદ્ધાંતરૂપ વાણીનું નિરૂપણ કર્યું અને જગતના જીવોને ટકોર કરતાં કહ્યું કે હે ભવ્ય જીવો !

संबुज्झह किं न बुज्झह, संबोहिखलु पेच्च दुल्लहा ।
नो हूवणमन्ति राइओ, नो सुलभं पुणरावि जीवियं ।।

સૂય. સૂ. અ. ૨ ઉ. ૧, ગાથા-૧

તમે જાગો, સમજો ને બૂઝો; આ મનુષ્યજન્મ પામીને બોધિબીજની પ્રાપ્તિ કરી લો. પરભવની અંદર બોધિબીજની પ્રાપ્તિ થવી દુર્લભ છે. જીવનમાંથી જે જે રાત્રિ અને દિવસો ચાલ્યા જાય છે તે ફરીને પાછા આવતા નથી. માટે આવા ઉત્તમ અને દુર્લભ માનવજીવનમાં જો સમ્યક્‌ત્વની પ્રાપ્તિ નહીં થાય તો કયાં થશે ! સમ્યક્‌ત્વ એ મોક્ષ મંઝીલનો પાયો છે. સમ્યક્‌ત્વનો પાયો જો મજબૂત હશે તો તેના ઉપર એક દિવસ મોક્ષનો મહેલ બંધાશે. સમ્યક્‌ત્વ પ્રાપ્ત થયા પછી જે કંઇ ક્રિયા થશે તે બધી મોક્ષને લક્ષીને થશે. સમ્યક્‌ત્વ વિનાની કરણી એ બાહ્યભાવથી થાય છે. જ્યારે હૃદયમંદિરમાં સમ્યક્‌ત્વની પધરામણી થશે ત્યારે જીવની દશા કોઇ અલૌકિક હશે. આત્માના કષાયો શાંત બની જશે. વૈભવ ને વિલાસ દુર્ગતિમાં લઇ જનારા છે એવું લાગશે.

પ્રભુની વાણી સાંભળતાં જેમ મેઘ ગાજે ને મોર નાચે તેમ જમાલિકુમારનું હૈયું હર્ષથી નાચી ઉઠયું. મોરનો ટહુકાર થાય ત્યારે સર્પો પલાયન થઇ જાય છે તેમ હે પ્રભુ ! તારી વાણીનો ટહુકાર થતાં મારા અંતરમાં રહેલા રાગ-દ્વેષ અને મોહરૂપી છૂપા સર્પો પલાયન થઇ ગયા. બધુંઓ ! આપણે સમજીએ તો આપણો આત્મા ચંદનવૃક્ષ જેવો છે. એને કષાયોરૂપી ભયંકર ઝેરી સર્પો વીંટળાઇ ગયા છે. ચંદનનું લાકડું તો ઘણું કિંમતી છે પણ જ્યાં આવા ઝેરી સર્પો હોય ત્યાં તેને લેવા કોઇ જવા તૈયાર થાય ખરા ?

આત્મચંદન પર કર્મસર્પનું નાથ અતિશય જોર,
દૂર કરવાને તે દુષ્ટોને આપ પધારો મોર...
આવો આવો હે વીરસ્વામી મારા અંતરમાં

જમાલિકુમાર કહે છે હે પ્રભુ ! મારા ચંદનવૃક્ષ જેવા સુવાસિત આત્મા પર કર્મરૂપી શત્રુઓનું જોર ખૂબ વધી ગયું હતું. તેને ભગાડવા માટે આપ મયૂર બનીને પધાર્યા. મારું જીવન આજે ધન્ય બની ગયું. હવે મને આ સંસારના વૈભવો ક્ષણિક દેખાય છે. જે સુખ શાશ્વત નથી, ક્ષણભર સુખ આપીને પાછળ હજારો ટન મણ દુઃખ

આપનારૂં છે તેમાં શું રાચું ! માનવી પાસે ગમે તેટલું સુખ હોય પણ એમાં દુઃખ ભર્યું છે. કોઇના ઘેર ગાડી-લાડી ને વાડી બધું સંસારનું સુખ હોય તો તમે એમ કહો છો ને કે આ તો ચોથા આરાનો જીવ છે, પુણ્યવાન છે, સુખી છે પણ ભગવાન કહે છે સાચો સુખી ને સાચો પુણ્યવાન કોણ ? જે પુણ્ય ભોગવતાં પાપ ન બંધાય તેની જાગૃતિ રહે, ભવનો અંત જલ્દી કેમ આવે તેવું લક્ષ રહે તે સાચો પુણ્યવાન છે. ભરત ચક્રવર્તી પુણ્ય ભોગવતાં ચાલી નીકળ્યા.

જમાલિકુમાર ભગવાનની વાણી સાંભળતા જાગૃત બન્યા. જન્મમરણનો ખટકારો લાગ્યો. પ્રભુ ! તને જોયા પછી મને બધું જગત શૂન્ય લાગે છે.

दृष्टवा भवन्त मनीमेष विलोकनीयं,
नान्यत्र तोषमुपयाति जनस्य चक्षुः ।
पीत्वा पयः शशिकरद्युति दुग्धसिन्धो,
क्षारं जलं जलनिधरशितुं कः इच्छेत् ।।

ભક્તામર સ્તોત્ર શ્લોક ૧૧

તારા એક વખત દર્શન કર્યા પછી, અનિમેષ દૃષ્ટિથી તને નિહાળ્યા પછી હે નાથ ! મારી આંખો ક્યાંય ઠરતી નથી. એક વખત ક્ષીરસમુદ્રના મીઠા પાણી પી લીધા પછી લવણસમુદ્રના ખારા પાણીને કોણ ઇચ્છે ? તને જોઇને મને સંતોષ થયો છે. મારા ભવોભવના દુઃખ તને પામ્યા પછી ટળી જશે.

આજે દુનિયામાં મોટામાં મોટું દુઃખ હોય તો અતૃપ્તિનું છે. તૃષ્ણા અને તૃપ્તિ બંને એક રાશીનાં શબ્દો છે. પણ તેના અર્થમાં કેટલું અંતર છે ! ગમે તેટલું સુખ મળે પણ એ બધું અતૃપ્તિની આગમાં બળી જાય છે. એક લાખ મળ્યા તો હવે પાંચ લાખ કેમ મેળવું પાંચ લાખ મળ્યા તો દશ લાખ અને દશ લાખ મળ્યા તો વીસ લાખ કેમ મેળવું એની ચિંતામાં મળેલું છે તેને ભોગવી શકતા નથી. જ્યારે સંતોષી મનુષ્યની પાસે થોડું હશે તો પણ આનંદમાં મસ્ત રહેતો હશે. ફૂટપાથ પર સૂનારો માણસ જો સંતોષી હશે તો સવારે ઉઠશે તો પણ શાંત ને સ્વસ્થ દેખાશે. જ્યારે કરોડપતિ હોવા છતાં સવારે ઉંઘમાંથી ઉઠશે ત્યારે એને ચિંતાનો કીડો કોરી ખાતો હશે. ચિંતા એ ચિતાસમાન છે. ચિતા તો એક વખત માણસને બાળી નાંખે છે પણ ચિંતા બૂરી ચીજ છે. એ તો ક્ષણે ક્ષણે બાળી રહી છે. જેમ સાડીમાં ઉધઈ લાગવાથી સાડી ખલાસ થઇ જાય છે તેમ ચિંતા ઉધઇ જેવી છે. આજે બધે ચિંતા શેની દેખાય છે ? વધુ લક્ષ્મી મેળવવા માટે ને ? જ્ઞાની કહે છે કે ચાહના ટળે તો ચિંતા ટળે. ચિંતા એ માનસિક શક્તિને કોરી ખાનાર કીડો છે. દરેક વ્યક્તિઓ ચિંતાથી મુક્ત થવા ઇચ્છે છે.

અમુક વખતે ચિંતા ઉપયોગી પણ છે ને અમુક વખતે ચિંતા નકામી પણ છે. કરોડોની સંપત્તિ મળવા છતાં હજુ હું અપૂર્ણ છું ખાલી છું, વધુ મેળવું એ ચિંતા બીન જરૂરી છે અને અમુક ચિંતા જરૂરી છે. દાખલા તરીકે અમારી શ્રાવિકા બહેનોનું કામ ઘરમાં બધી વ્યવસ્થા જાળવવાનું છે. એ સાડાઆઠ વાગ્યા સુધી પથારીમાંથી નહિ ઉઠે તો ઘરમાં બધું વેરવિખેર પડયું રહેશે. તમને પણ એમ થશે કે હજુ આ ઉઠતી નથી તો રસોઇ કયારે બનાવશે! દશ વાગે જમીને અમારે ઓફિસે જવાનું, છોકરાઓને નિશાળે જવાનું ને હજુ ચા-પાણીના ઠેકાણા નથી. ઘરમાં બધું અવ્યવસ્થિત પડયું છે. તરત તમે એની પાસે જઇને કહેશો કે હવે તો જાગો, અમારે ઓફિસે જવાનો ટાઇમ થઇ જશે. તમને રસોઇ કરવાની ચિંતા છે કે નહિ ?

સ્કૂલમાં ભણતો બાળક ઘરમાં બેસીને પુસ્તકનું પાનું ખોલતો નથી. સિનેમાના થીએટરમાં જાય છે. કયા થીયેટરમાં કયું પીકચર ચાલે છે, તેના નામ પણ તેને બધા યાદ છે. મોઢેથી ગાયનના રાગડા તાણે છે. ત્યારે તમે તરત કહેશો કે પરીક્ષા નજીક આવે છે, તને ભણવાની બિલકુલ ચિંતા નથી તો પરીક્ષામાં પાસ કેવી રીતે થઈશ? અહીં પણ તમને ચિંતા જરૂરી લાગી છે.

મહારાણી વિકટોરીયાનું જ્યારે રાજ્ય ચાલતું હતું તે સમયની આ વાત છે. એક વખત તેના સચિવાલયનો એક સેક્રેટરી એક વખત તેના સચિવાલયમાં દશ મિનિટ મોડો પહોંચ્યો. તે વખતે મહારાણી વિકટોરીયા ગુસ્સે થઇને બોલ્યા તમારી ઘડિયાળ જુઓ. તેણે કહ્યું મને માફ કરો. મારૂં ઘડિયાળ ધીમું પડયું છે. ત્યારે મહારાણી વિકટોરીયાએ કહ્યું કાં તો તમારૂં ઘડિયાળ બદલો અથવા મારે મારા સેક્રેટરી બદલવા પડશે. કારણ કે તમને સમય નકામો બગડે તેની ચિંતા નથી ને મને સમય બગડે તેની ચિંતા છે. ટ્રેઈન ચલાવનાર ડ્રાયવર જો ચિંતા ન રાખે તો ભારે હોનારત સર્જાઇ જાય અને ઘણા માણસોનું મૃત્યુ થઇ જાય.

તમારામાંથી કોઇનો દીકરો બિમાર પડયો એટલે ડૉકટર પાસે લઇ ગયા. ડૉકટરે એના રોગની ચિકિત્સા કરીને દવા આપી. પણ એ દર્દી બરાબર સમયસર દવા ન લે, ચરી ન પાળે તો તમે કહો ને કે તને તારા શરીરની કાળજી નથી. રોગ મટાડવાની ચિંતા નથી. બીજા શું કરે? અને ડૉકટર જો બરાબર સમયસર તપાસવા ન આવે તો તમે કહેશો કે તમને મારા દીકરાની ચિંતા નથી. દીકરાને ભણાવવા ટીચર રાખ્યા પણ એ સમયસર ભણાવવા ન આવે તો ટીચરને તમે કહી દેશો કે તમે તો મહિનો થાય એટલે પગાર લેવાનું સમજ્યા છો પણ સમયસર ભણાવવા નથી આવતા તો છોકરો પરીક્ષામાં નાપાસ થશે એની તમને ચિંતા નથી. ટીચર વિદ્યાર્થીની કાળજી ન રાખે તો નાપાસ થાય, ડૉકટર દર્દીની કાળજી ન રાખે તો કેસ બગડી જાય. કલાર્ક ટાઇમસર

નોકરી ન જાય તો શેઠ નોકરી પરથી ઉતારી મૂકે અને કહે કે તમને કંઈ ચિંતા નથી. આવા સમયે ચિંતા જરૂરી છે ને અમુક સમયે ચિંતા બિનજરૂરી છે.

ચિંતા માનવીને ઉધઈની કોરી ખાય છે. જેમ ઘણાં કીડા એવા હોય છે કે જે વસ્તુને ઉપરથી કોરી ખાય ને ઘણાં અંદરથી કોરી ખાય છે. ચિંતા પણ એક પ્રકારનો કીડો છે. વૃક્ષને ઉધઈ લાગી હોય તો તે ઉપરથી વૃક્ષ બરાબર દેખાય પણ અંદરથી પોલું બનાવી દે છે. ચિંતા પણ એક પ્રકારની ઉધઈ છે. જે માનવીની શારીરિક અને માનસિક બંને પ્રકારની શક્તિને ફોલીને ખાઇ જાય છે. પછી ગમે તેટલા સાત્ત્વિક પદાર્થો ઘી, દૂધ, મીઠાઇ, ફ્રુટ બધું ખાય પણ શરીરમાં તાકાત ન આવે કારણ કે બધું અંદર રહેલી ઉધઇ ખાઇ જાય છે.

એક વખત શ્રેણીક રાજાએ નંદીગ્રામ એક બકરી મોકલી આપી અને સાથે કહેવડાવ્યું કે આ શ્રેણીક મહારાજાની પાળેલી બકરી છે. એને દરરોજ લીલું ઘાસ ખવડાવજો, સારી રીતે રાખજો. છ મહિના તમારે એને રાખવાની છે, પણ એટલું ખાસ ધ્યાનમાં રાખજો કે એનું વજન વધવું ન જોઇએ તેમ ઘટવું પણ ન જોઈએ. નંદીગ્રામ એ કયું ગામ હતું કે જ્યાં શ્રેણીક રાજા નંદારાણીને પરણ્યા હતા. નંદાને ગર્ભવંતી મૂકીને ચાલ્યા ગયા હતા. તેને પુત્ર થયો હતો તેનું નામ અભયકુમાર. આ અભય નવ વર્ષનો હતો તે સમયની વાત છે. શ્રેણીક રાજાનો સંદેશો છે કે બકરીને લીલુંછમ ઘાસ ને સારું ખાણ ખવડાવવાનું પણ એનું વજન છે એટલું જ રહેવું જોઇએ. તો આ કેમ બને? શરીર છે વજન વધે પણ ખરું ને ઘટે પણ ખરું. ગામનું મહાજન ભેગું થયું. બધા કહેવા લાગ્યા લીલો ચારો તો ખવડાવીએ એની ચિંતા નથી પણ વજન વધે-ઘટે નહિ એની જવાબદારી કોણ લે! નંદીગ્રામનું મહાજન મીટીંગ ભરીને બેઠું છે. સૌ કોઇ ચિંતાતુર છે કે આનો ઉપાય શું? આ સમયે અભયકુમાર એની માતાની સાથે ત્યાં આવી પહોંચ્યો પૂછે છે આપ બધા કેમ આટલી બધી ચિંતામાં છો? ત્યારે બધા કહેવા લાગ્યા કે ભાઈ! તું હજુ નાનો બાળક છે, તને શું ખબર પડે?

બંધુઓ! ઘણી વખત એવું બને છે કે જે કાર્ય મોટા ન કરી શકે તે નાના કરી શકે છે. ઘણી વખત તમારું મુખ ઉદાસ જોઈને શ્રાવિકાબહેનો પૂછે છે કે તમે કેમ આટલા ઉદાસ છો? ત્યારે કહો છો ને કે તું અમારી વાતમાં ન સમજે. તને કહેવાથી શું? પણ ઘણીવાર એવા મૂંઝવણભર્યા કોયડા બહેનો ઉકેલી નાખે છે ને તમને ચિંતામુક્ત બનાવે છે. એક દૃષ્ટાંત.

વિશાખાના સસરા રાજ્યમાં પ્રધાન હતા. એક વખત રાજાના રાજ્યમાં બે ઘોડી લઈને એક સોદાગર આવ્યો. રાજાને આ બે ઘોડી ખૂબ ગમી ગઈ. એટલે સોદાગરને પૂછે છે આની કિંમત કેટલી છે? ત્યારે સોદાગર કહે છે બંનેની કિંમત તો સરખી છે અને

હું મફત આપી દઇશ પણ એક પ્રશ્ન પૂછું છું તેનો જવાબ આપો કે આ બેમાં મા કોણ ને દીકરી કોણ? તે પારખી આપો. બંને ઘોડી રૂપે-રંગે ને ઉંચાઈ નીચાઇમાં સરખી હતી. રાજાએ ખૂબ ચકાસણી કરી પણ મા કોણ ને દીકરી કોણ એ ઓળખી ન શક્યા. એટલે પ્રધાનને બોલાવ્યા ને કહ્યું પ્રધાનજી! આ બે ઘોડીમાં મા કોણ અને દીકરી કોણ? એ બેની પારખ કરવાની છે. ત્રણ દિવસની મુદ્દત આપું છું. જો ત્રણ દિવસમાં જવાબ નહિ આપો તો તમારી પ્રધાનપદવી છીનવી લેવામાં આવશે ને ઘરબાર જપ્ત કરવામાં આવશે.

બંધુઓ! સત્તા કેવી મહાન છે કે પોતાને ખબર ન પડી કે મા કોણ ને દીકરી કોણ? ત્યારે પ્રધાનને પૂછયું. પ્રધાનને ન આવડે તો પ્રધાનપદવી ને ઘરબાર લઇ લેવા અને પોતાને ન આવડે તેનો કંઇ ગુનો નહિ. પ્રધાન ઘેર આવ્યા. મા-દીકરીની પીછાણ કરવા માટે ખૂબ મહેનત કરી પણ સમજ પડતી નથી. બે દિવસ ચાલ્યા ગયા. પ્રધાનને જાવું પીવું ભાવતું નથી. ઉંઘ ઉડી ગઇ. અંદરથી ચિંતાનો કીડો કોરી ખાય છે. પ્રધાનપદવી ને ઘરબાર રાજા લઇ લેશે તેની પ્રધાનને ચિંતા થઇ પણ કોઇ દિવસ આવી: આત્માની ચિંતા થઇ છે કે આયુષ્ય ક્ષણિક છે. આટલી જિંદગી પૂરી થઇ. હજુ મેં મારા ઘાતી કર્મો ઉપર ઘા કર્યો નથી. મારા આત્માનું શું થશે? મારૂં આત્મિક ધન લૂંટાઇ જશે. હું પરભવમાં શું કરીશ? આવા વિચારથી ઉંઘ ઉડી જાય છે? જેટલી જીવને દેહની, ધનની ને ઘરની ચિંતા છે તેટલી આત્માની નથી.

પ્રધાનજી ચિંતામાં ઉદાસ બનીને બેઠા છે તે વખતે પુત્રવધૂ વિશાખા પૂછે છે બાપુજી! તમે બે દિવસથી જાતા નથી, પીતા નથી, ઉંઘતા નથી તો શું કોઇ ચિંતાનું કારણ ઉપસ્થિત થયું છે? છે શું? ત્યારે પ્રધાન કહે છે વહુ દીકરા! તમે એ ચિંતાનું કારણ ન સમજો. ત્યારે વિશાખા કહે છે બાપુજી! અમે આપના જેટલું ન સમજીએ પણ કોઈ વખત કોઇ કાર્યમાં અમારી બુદ્ધિ કામ કરે. આગળની સ્ત્રીઓએ ઘણાં મહાન કાર્યો કર્યા છે. પણ પુરૂષોને એક જાતનો અહં છે કે અમે કરીએ તે સ્ત્રીઓ ન કરી શકે. સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ હોય એમ માનો છો પણ વિચાર કરો આજે રાજ્ય કોનું ચાલે છે? તે સિવાય રહનેમિ સંયમભાવથી પડવાઇ થયા તેને બચાવનાર કોણ? રાજેમતી એક સ્ત્રીને? જેમ મહાવત અંકુશથી હાથીને વશ કરે તેમ રાજેમતીએ વચન રૂપી અંકુશથી રહનેમિને વશ કર્યા. બીજી વાત-સ્થુલિભદ્રના સહવાસથી ધર્મ પામીને શ્રાવિકા બનેલી કોશા ગણિકાએ પડવાઈ થતા સાધુને બચાવ્યા હતા. રૂપ કોશાના રૂપના મોહમાં પાગલ બન્યા એને માટે રત્નકાંબળ મેળવવા સાધુપણાનું ભાન ભૂલી નેપાળ દેશ પહોંચ્યા. સાધુ કદી ચોમાસામાં એક ગામથી બીજે ગામ વિહાર ન કરે પણ જેના જીવનમાં વિકાર જાગ્યો છે એવા મુનિ પોતાની પર્યાયનું ભાન ભૂલી ગયા. ખૂબ કષ્ટ

વેઠીને રત્નકાંબળી તો મેળવી. રસ્તામાં ચોર એને લૂંટવા લાગ્યા તે વખતે મુનિ કરગર્યા કે હું સાધુપણું વેચીને કોશાને રીઝવવા કેટલા કષ્ટ વેઠીને કાંબળી લાવ્યો છું માટે મારા પર દયા કરો. આવી રીતે કરગરીને કાંબળી લઈને ગયા ત્યારે વેશ્યાએ તે રત્નકાંબળી પગ લૂંછીને ખાળકુંડીમાં નાંખી દીધી. મુનિ કહે તને કંઇ કિંમત છે ? કેવી રીતે કાંબળી લાવ્યો છું. ત્યારે કોશા કહે છે કેટલી પુન્નાઇથી તમને ઉત્તમ ચારિત્રરત્ન પ્રાપ્ત થયું છે. તેને વિષયવિકારની ખાળકુંડીમાં ફેંકી રહ્યા છો તેનો તમને કંઇ વિચાર થાય છે ? આમ કહી પડતા સાધુને સ્થિર કર્યા. આ એક સ્ત્રી હતી. તીર્થંકર પ્રભુને જન્મ દેનારી માતાઓ પણ સ્ત્રી છેને ? લક્ષ્મીદેવી એ એક સ્ત્રી છેને ? લક્ષ્મીદેવી વિના તો ઘડીએ નથી ચાલતું. લક્ષ્મી વિનાના માનવીની આજની દુનિયામાં કિંમત નથી માટે તમે હવે એમ ન કહેતા કે સ્ત્રી શું કરી શકે ?

વિશાખા એના સસરાને પૂછે છે બાપુજી ! ચિંતા ટળે કે ન ટળે. કહેવામાં શું વાંધો છે ? ઘણી વખત એવું બને છે કે બુદ્ધિવાનની બુદ્ધિ ન ચાલે ત્યાં અભણની બુદ્ધિ કામ કરે છે. વિશાખાના ખૂબ આગ્રહથી સસરાએ કહ્યું બેટા ! રાજ્યમાં એક સોદાગર બે ઘોડી લઈને આવ્યો છે અને કહે છે કે આમાંમા કોણ ને દીકરી કોણ ? રાજાને સમજ પડતી નથી એટલે મને પૂછયું. ત્રણ દિવસની મુદત આપી છે, આજે બીજો દિવસ છે. મા-દીકરીની પારખ નહિ થાય તો રાજા મારી પ્રધાનપદવી ને ઘરબાર લૂંટી લેશે. આ ચિંતાનું કારણ છે. ત્યારે વિશાખા હસીને કહે છે બાપુજી ! આમાં તે ગભરાવાનું શું ? આ તો એક સામાન્ય વાત છે. આપ બેફીકર રહો. હું કહું તેમ કરજો. પ્રધાન વિચાર કરે છે કે જેમાં રાજા ને પ્રધાનની બુદ્ધિ ન ચાલી તે વાત આ પુત્રવધૂને મન સામાન્ય લાગે છે. એ કહે એટલે એમ કંઇ ચિંતા ઓછી ચાલી જાય ? બહેનોને મન દાળ બનાવવી એટલે રમત ને ભાઈઓને મન મોટું મહાભારત બની જાય. વિશાખા કહે છે પિતાજી ! મારા ઉપર વિશ્વાસ રાખો ને મારા કહ્યા પ્રમાણે કરશો તો જરાય વાંધો નહિ આવે. પ્રધાન બીજે દિવસે સભામાં ગયા. બે ઘોડીને પ્રધાનની સામે ઉભી રાખવામાં આવી. રાજા કહે ભોલો પ્રધાનજી ! આમાં મા કોણ ને દીકરી કોણ ? પ્રધાને બે થાળમાં ખાણ મંગાવી બંને ઘોડી પાસે મૂક્યું. બંને ખાવા લાગી. તેમાં એક ઘોડી જલ્દી જલ્દી ખાઈ ગઈ ને બીજીના થાળમાં મોઢું નાંખવા લાગી એટલે પેલી ઘોડીએ મોઢું ઉંચું કર્યું ત્યારે પ્રધાન કહે છે જુઓ મહારાજા ! આ મા છે ને પેલી દીકરી છે. રાજા કહે કે તમે કેવી રીતે જાણ્યું ! પ્રધાન કહે છે મા ગંભીર હોય છે ને દીકરી ઉતાવળી હોય છે. માટે પોતાનું ખાઇને મા નું ખાવા લાવી તેથી મેં અનુમાન કર્યું. રાજા સોદાગરને પૂછે છે પ્રધાનની વાત સાચી છે ? ત્યારે સોદાગર કહે છે બરાબર છે. જેનું મોઢું ઉંચુ છે તે મા છે અને ખાય છે તે દીકરી છે. પણ આ પ્રધાનની બુદ્ધિ

નથી. એના હૈયાનો આ ઉકેલ નથી, પ્રધાન કહે છે વાત સાચી છે. મેં જે જવાબ આપ્યો તેમાં મારી પુત્રવધૂ વિશાખાનો જવાબ છે. સોદાગર કહે છે આ વિષય પુરૂષોનો નથી બહેનોનો છે. બહેનો એનો ઉકેલ કરી શકે. આ દૃષ્ટાંત ઉપરથી સમજાય છે ને સ્ત્રીઓમાં કેટલી શકિત છે!

આગળના બે રવિવારથી આપણે દૃષ્ટાંત ચાલે છે. માતાએ કેવી રીતે પુત્રને ઉછેર્યો હતો. માતાને પોતાના સંતાનો પ્રત્યે ખૂબ વાત્સલ્ય હોય છે. દરિયામાં પાણી કેટલું ઉંડું છે તેનું માપ યંત્ર છે પણ માતાનો પ્રેમ કેટલો ઉંડો છે તેનું માપ કાઢવાનું યંત્ર આજનું વિજ્ઞાન શોધી શકયું નથી. માતા દીકરાના ઘરમાં નોકરડી બનીને રહી છે. દીકરાને જોઈને માતાના હૈયામાં વાત્સલ્ય ઉછળે છે અને માતાને જોઈને દીકરાનું હૈયું હચમચે છે. એક દિવસ માતા એન્જીનીઅરના બાળાને હાલરડું ગાઇ રહી હતી. એ સાંભળીને દીકરાને થયું કે આવું હાલરડું મારી માતા ગાતી હતી. જાણે આ મારી મા જ ન હોય! અઢી ત્રણ વર્ષથી એની માતા ઘરમાં રહે છે, પણ પડદો ખૂલતો નથી.

એક દિવસ એવું બન્યું કે એ એન્જીનીઅરના બે અઢી વર્ષના બાબાને બીજા બધા સાત-આઠ વર્ષના છોકરાઓ બગીચામાં રમવા લઇ ગયા. છોકરાઓ બગીચામાં રમે છે. આ નાનો બાબો રમતો રમતો બીજી બાજુ નીકળી ગયો. કોઇનું ધ્યાન ન રહ્યું. બીજા બાળકો રમવામાં પડી ગયા હતા. છેવટે પાછા ફરવાના સમયે એન્જીનીયર સાહેબના બબાને શોધવા લાગ્યા, પણ એ મળતો નથી. આજુબાજુમાં ખૂબ તપાસ કરી પણ બાબો મળતો નથી. છોકરાઓ રડતા રડતા ઘેર આવ્યા ને એની માતાને ખબર આપ્યા કે બાબાને અમે બગીચામાં ફરવા લઇ ગયા હતા. અમારી સાથે રમતો હતો પણ કોણ જાણે બધાનું લક્ષ ચૂકાવીને બાબો કયારે ચાલ્યો ગયો તે ખબર ન રહી. ખૂબ શોધ્યો પણ મળતો નથી. આ સાંભળી માતા પછાડ ખાઇને પડી. એન્જીનીઅરને ખબર આપી. તરત આવ્યા. બાબાની શોધ કરતાં આકાશપાતાળ એક કર્યા. ગલીએ ગલીએ ને શેરીએ શેરીએ તપાસ કરી પણ બાબાનો પત્તો મળતો નથી. બંને માણસ ઘ્રુસ્કે ને ઘ્રુસ્કે રડે છે.

આ સમયે ડોશીમા વહુના માથે હાથ મૂકીને કહે છે બેટા! રડીશ નહિ. તારો બાબો તને જરૂર મળશે. પણ તું એટલો વિચાર કર કે તારો અઢી વર્ષનો બાબો ગુમ થયો છે તો તું ઝાટલી ઝુરે છે, કાળો કલ્પાંત કરે છે તો જે માતાએ એના વ્હાલસોયા પુત્રને ખૂબ દુઃખ વેઠીને ઉછેર્યો, ભણાવ્યો ગણાવ્યો હોય, તેને કોઇએ દશ-દશ વર્ષથી ઝુંટવી લીધો હોય તો તેની માતાને કેટલું દુઃખ થતું હશે! એ માતા કેટલી ઝૂરતી હશે? ડોશીના આ શબ્દોએ પતિ-પત્નીના હૃદયમાં આંચકો આવ્યો. અબર વિચારે છે

નોકરડીના વેશમાં આ મારી માતા છે. હું વીસ વર્ષનો થયો ત્યારથી ભણવા આવ્યો છું અને દશ વર્ષ મને અહીં આવ્યા થયા. મારા માતપિતાએ મને કેવી સ્થિતિમાં ભણાવ્યો છે. આ પત્નીના મોહમાં હું માબાપને ભૂલ્યો. ખૂબ રડે છે. માતા વિચાર કરે છે દીકરો ભાન ભૂલ્યો હતો પણ ભૂલનો પશ્ચાતાપ કરે છે.

દેવાનુપ્રિયો ! માનવમાત્ર ભૂલને પાત્ર છે. પણ પોતાની ભૂલને ભૂલ તરીકે સ્વીકારે તે માનવ. ભૂલને સુધારવાનો પ્રયત્ન કરી ભૂલને સુધારે તે મહામાનવ અને ભૂલ કરીને હસે તે દાનવ છે. એન્જીનીયરનું હૃદય એ માનવનું હૃદય હતું. એક તરફ માત પિતા યાદ આવ્યા છે. બીજી તરફ બાબાનો પત્તો નથી તેની ચિંતા છે. બીજે દિવસે સવારમાં બંને પતિ-પત્ની શોધ કરવા નીકળ્યા ને બીજી તરફ માજી પણ બાબાને શોધવા નીકળ્યા. પતિ-પત્ની ખૂબ ફર્યા પણ પત્તો ન પડતાં નિરાશ થઈને ઘરમાં બેઠા. ડોશીમા જંગલમાં ગયા. ત્યાં ઘણે દૂર એક માણસ બાબાને લઈને ઉભો હતો. માજી દોડતા ગયાં. દીકરાને તેડી લીધો. આ બાબાને માજી ખૂબ રમાડતા હતા એટલે એની માયા હતી. ચોવીસ કલાકથી છૂટું પડેલું બાળક પોતાના માતા મળે તો કેવુ વળગી પડે તેમ માજીને જોતાં બાબો વળગી પડયો. માજીએ હૈયાસરસો ચાંપી દીધો.

પેલા માણસને કહે છે વીરા ! તેં બાબાને સાચવ્યો તે બદલ મહાન ઉપકાર. તે માણસ કહે છે બહેન ! આ બાબો કાલનો રડતો રડતો અમારી ઝુંપડી પાસે આવ્યો હતો. મેં સમજાવી સમજાવીને રાખ્યો. આજે હું તેને લઈને ગામમાં આવતો હતો. તેના મા-બાપ મળી જાય તો સોંપી દઉં. ડોશીમા કહે છે ભાઇ ! અત્યારે તને આપવા મારી પાસે કંઇ નથી પણ મારી સાથે તું ચાલ. મારા દીકરા પાસે તને હું અપાવીશ. એ માણસ કહે છે બહેન ! મારે કંઈ બદલો જોઈતો નથી. એમાં મેં કંઇ કર્યું નથી. મેં તો મારી ફરજ બજાવી છે. આવા સામાન્ય માણસોમાં પણ કેટલી નીતિ હોય છે. આજે મોટે ભાગે ધનવાનો નીતિ ભૂલી ગયા છે. પોતાના સુખ પાસે બીજાને તુચ્છ સમજે છે.

ડોશીમા બાબાને લઈને દોડતા ઘેર આવ્યા. પતિ-પત્ની ઉદાસ બનીને બેઠા હતા ત્યાં આવીને માડી બાબાને ખોળામાં બેસાડે છે. પતિ-પત્ની ખુશ ખુશ થઇ ગયા. બાબાને છાતીસરસો ચાંપી દે છે. અમર મનમાં સમજી જાય છે કે નક્કી આ મારી માતા છે. ઉભો થઈ માતાના પગ પકડીને કહે છે હે માડી ! બોલ તું કોણ છે ? તું જ્યારથી મારા ઘરમાં આવી ત્યારથી તને જોઇને મારા અંતરમાં આંદોલન જાગે છે પણ મારા અંતરાય કર્મના યોગથી પડદો ખુલતો નથી. તું જ મારી માતા છે. માતા પણ દીકરાને છાતીસરસો ચાંપી દે છે. માતાના હૈયાનું વાત્સલ્ય ઉછળે છે. વહુ પણ સમજી ગઇ કે આ મારા સાસુ છે એ પણ પગમાં પડી ગઇ. પશ્ચાતાપના આંસુથી સાસુના

ચરણ ધોઇ નાંખ્યા. વહુ કહે છે બા! હું કેવી અભાગણી! આવા પવિત્ર સાસુને મેં ઓળખ્યા નહિ. નોકરડી તરીકે કામ કરાવ્યા. ધિક્કાર છે મને! મેં તારો લાડીલો ઝૂંટવી લીધો હતો તો મારો ઝૂંટવાયો. હે મા....તું અમને માફ કર.

બંધુઓ! આંસુના બે ટીપા શું કામ કરે છે? દીકરા ને વહુની આંખમાં પશ્ચાતાપના આંસુ આવ્યા. માતાનું હૃદય પીગળી ગયું. પુત્ર અને વહુને બેઠા કરી શાંત પાડે છે. ને કહે છે એમાં તમારો દોષ નથી, દોષ મારા કર્મનો છે. પશ્ચાતાપના આંસુ પાપની કાલીમાને ધોઈ નાખે છે. અને આર્તધ્યાનના આંસુ આત્મા ઉપર કર્મની કાલીમા વધારે છે. તિર્યંચગતિમા લઈ જાય છે. માતા કહે છે દીકરા! તું માતપિતાને ભૂલ્યો ખરો પણ તને ભૂલનું ભાન થયું છે એ તારા માટે ભાગ્યની નિશાની છે. અમર પૂછે છે બા! તારા કપાળમાં સૌભાગ્યચિન્હનો ચાંદલો કેમ નથી? અને તારા સોના જેવા ચળકતા વાળ કયાં ગયા? ત્યારે માતા કહે છે દીકરા! મારો ચાંદલો લૂછાવનાર ને મારા સુવર્ણ કેશ ઉતરાવનાર તું છે. માતા હાય હું જ છું? મા કહે છે અમે બંને તારી શોધ કરવા ગામમાંથી ઘર-વાસણ બધું વેચીને મોટી આશાએ અહીં આવ્યા. ધર્મશાળામાં ઉતર્યા અને તારા પિતા તને શોધતા શોધતા તારા બંગલે આવ્યા. તમારી બંનેની નજર એક થઇ એમ કહેતા હતા. પછી શું બન્યું તે હું જાણતી નથી. પણ એ પાછા આવ્યા ત્યારે મેં પૂછયું અમર મળ્યો? માથામાંથી લોહી વહી જતું હતું. છેલ્લે એટલું બોલ્યા કે અમર મળ્યો પણ મને અમરે અમર બનવાનો સંદેશ આપ્યો. આટલું બોલતા એમના પ્રાણ ચાલ્યા ગયા. એટલે મને લાગે છે કે કદાચ તારે ત્યાં કંઇ બનાવ બન્યો હશે! દીકરા બીજું તો કંઇ નહિ. હું તો જીવતી છું તો તું મને મળ્યો. મેં તારું સુખ જોયું ને આનંદ પામી પણ તારા બાપુજીએ તો કંઇ ન જોયુંને! મને એ અફસોસ રહી ગયો.

માતાની વાત સાંભળી અમર બેભાન બની ગયો. માતા....ધિક્કાર છે આ પાપી અમરને! આ સત્તાની ખુરશીએ મને ભાન ભૂલાવ્યો. સત્તાનો મદ અને પત્નીનો મોહ આ બે કારણે બાપને ધક્કો મરાવ્યો. બસ....હવે આ સત્તાની ખુરશી મારે ના જોઇએ. હવે તો ઘરઘરમાં ઘૂમીશ ને મારા જેવા ભાન ભૂલેલા છોકરાઓને આવા વૃધ્ધ મા-બાપની સેવા કરવાનો સંદેશો પહોંચાડીશ અને તારા જેવી રાંકડી માતાઓ અને વૃધ્ધ પિતાઓની હું સેવા કરીશ. અમરે **માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ** નો સંદેશો ઘરઘરમાં પહોંચાડયો. ને પોતાનું જીવન સુધાર્યું. અમરની જેમ દરેક આત્માએ પોતાની ભૂલને જુવે ને ભૂલને સુધારે તો પોતે પણ એક દિવસ મહામાનવ બની શકે.

શ્રેણીક રાજાએ નંદીગ્રામમાં બકરી મોકલીને કહાવ્યું છે કે વજન વધવું ન જોઇએ ને ઘટવું ન જોઈએ. ગ્રામજનો ચિંતામાં પડયા છે કે શું કરવું? ત્યાં નાનો

અભયકુમાર પૂછે છે બધા ચિંતામાં કેમ પડયા છો? ત્યારે બધા કહે છે ભાઇ! એમાં તું શું સમજે? અભય કહે છે પણ મને કહો તો ખરા. અભયે હઠ કરી ત્યારે બધા એને ચિંતાનું કારણ સમજાવે છે ત્યારે અભયકુમાર નીડરતાપૂર્વક કહે છે બસ, આજ ચિંતાનુ કારણ છે ને? હું આપની ચિંતા દૂર કરીશ. બધા લોકો આશ્ચર્યચકિત બની ગયા. આ બાલુડો શું બોલી રહ્યો છે? અભયકુમાર બાળપણથી બુદ્ધિશાળી હતો. તમે ચોપડામાં લખો છો ને કે અભયકુમારની બુદ્ધિ મળજો, અભયકુમારની બુદ્ધિ જોઇએ છે પણ એના જેવા ગુણ જીવનમાં અપનાવો છો? અભયકુમાર કહે છે તમે બે બાનાવાળું એક પાંજરું મંગાવો. બધા કહે તું પાંજરાને શું કરીશ? તો કહે છે તમે જુઓ તો ખરા. લોખંડનું પાંજરૂં હાજર કર્યું. એક સિંહ પકડી લાવ્યો. એક બાનામાં બકરી ને સામા બાનામાં સિંહ પૂર્યો. બકરીને લીલું ઘાસ, અનાજ બધું ખૂબ સરસ ખવડાવવામાં આવતું. પણ સામે સિંહને જોતાં એને મોત સામું દેખાતું. એ ગમે તેટલું બાતી પણ લોહી બનતું નહિ. સિંહના ભયની ચિંતા એનું લોહી બાળી નાંખતી. છ મહિના પછી શ્રેણીક રાજાના માણસો આવ્યા ને બકરીનું વજન કર્યું તો છ મહિના પહેલાં હતું તેટલું જ હતું.

દેવાનુપ્રિયો! તમને એટલા માટે કહીએ છીએ કે સંસારના સુખ માટેની બિનજરૂરિયાતની ચિંતા છોડી દો. સિંહના ભયની ચિંતાએ બકરીનું વજન વધવા ન દીધું તેમ સંસાર સુખની ચિંતા આત્માના ગુણોને વધવા દેતી નથી. આ સંસાર સુખની ચાહના ટળે તો મુક્તિ મળે. ચિંતા અને ચાહના બંનેની જોડલી છે. મનની એક ચાહના હજારો ચિંતાઓને જન્મ આપે છે. એ ચિંતાઓ માનવીના જીવનને બાળીને બાખ કરી નાંખે છે.

જમાલિકુમાર ભગવાનની વાણી સાંભળી એકતાન બની ગયા છે. એના દિલમાં પ્રભુ સિવાય બીજું કાંઇ દેખાતું નથી. અંતરમાં પ્રભુ પ્રત્યેની લગની છે. એ તો જમાલિકુમાર હતો પણ અહીં બેઠેલા જમાલિકુમારને પૂછું છું કે તમે રૂપિયાની નોટો ગણતા હો ત્યારે તમને નોટો સિવાય બીજું કાંઇ દેખાય છે? (હસાહસ). પૈસામાં લીન બની જાવ છો પણ ધર્મ આરાધના કરવામાં દીન છો. જેને જેમાં રસ હોય તેમાં તે લીન બને છે. જ્યારે રાવણ સીતાજીને ઉપાડીને લઇ ગયો ત્યારે એના વિમાનમાં સીતાજી બેઠા છે. રાવણ વિમાન ચલાવે છે. મારું રાજ્ય ને મારી સંપત્તિ સીતા જુએ તો મારા મોહમાં ફસાય એટલે રાવણ વિમાનમાં બેઠા બેઠા કહે છે સીતાજી! જુઓ, અમારું ફલાણું નગર, આ પર્વત, નદી આ બધું મારા તાબામાં છે. જુઓ, આ આપણી સોનાની લંકા નગરી આવી. સોનાના કાંગરા ને રૂપાનો ગઢ. લંકા કેવી શોભે છે! આવી સાહ્યબી ભોગવનારો હું મોટો રાજા છું. એમ અનેક પ્રલોભનો આપે છે. પણ જેના

રૂંવાડે રૂંવાડે રામ વસ્યો હોય તેને એવા પ્રલોભનો શું લલચાવી શકે? રાવણે ગમે તેટલું વર્ણન કર્યું પણ સીતાજીનું મન રામમાંથી જરા પણ ખસ્યું નહિ. આજે તો બેઠા હોય વીતરાગની વાણી સાંભળવા પણ મન તો સંસારના નાટક જોવા ઉપડી ગયું હોય.

રાવણે સીતાજીને અશોકવાટિકામાં લાવીને મૂક્યા. રોજ સીતાજી પાસે આવે અને સમજાવે પણ સીતાના મનમાં નામ વિકાર જાગતો નથી. બસ એનો એક ચાહે છે કે મારે મારા રામ સિવાય કોઇનું કામ નથી. કોઇથી સીતા ન સમજી ત્યારે રાવણની પટ્ટરાણી મંદોદરી તેને સમજાવવા આવી ને કહ્યું સીતા! હવે તું માની જા.

મુક્તાફળના થાળ ભરીને, આવે સહસ્ત્ર ગમે નાર જો,
મંદોદરી કહે મુકો માનુની, પહેરો હવે શણગાર... વ્હારે આવો રઘુપતિરામ

હવે આ હીરા–માણેક ને મોતીના હાર પહેરી લો. નવા વસ્ત્રો પહેરીને રાજા રાવણના મહેલમાં પધારો. ત્યારે સીતાએ કહી દીધું મારા જીવનમાં રામ સિવાય બીજા કોઈનું સ્થાન નથી. ગમે તેમ થશે પણ મારું શિયળ ખંડિત નહિ કરું. તમે શા માટે મને હેરાન કરો છો? ચાલ્યા જાવ અહીંથી. એટલે સૌ ચાલ્યા ગયા. સીતાજી ઉદાસ બનીને વૃક્ષ નીચે બેઠા છે. સીતાની શોધ માટે હનુમાનજી ફરતા ફરતા લંકામાં આવે છે. સીતાજીનું મુખ જોઈને ખૂબ આનંદ થયો. એના મનમાં થયું કે જોઉં તો ખરા! સીતાજી સોનાની લંકામાં આવીને લંકાના મોહમાં તો નથી પડ્યા ને!

હનુમાને વૃક્ષ ઉપર ચઢીને સીતાજીના ખોળામાં રામની મુદ્રિકા નાખી પોતે વિદ્યાના બળથી અદૃશ્ય થઇ ગયા. ઉંચેથી રામના નામવાળી રામની મુદ્રિકા પડતી જોઇ ઉંચે નજર કરી તો કોઇ ન દેખાયું. સીતાજીએ જોવી રામની મુદ્રિકા જોઇ તેવા પોતે આનંદિત બની ગયા. રામચંદ્રજીની મુદ્રિકાના દર્શન માત્રથી તેમની શોકાતુરતા ચાલી ગઇ ને મુખ ઉપર આનંદની છાયા છવાઇ ગઇ. સીતાજીની રૂપસંપન્નતા જોઇને હનુમાનના હૈયામાં સીતાજી પ્રત્યે બહુમાન પેદા થયું અને સીતાજીને આનંદ થયો પણ રામની મુદ્રિકા લાવનારો દેખાતો નથી.

રાવણ અને તેના સેવકો અવારનવાર અશોકવાટિકામાં આવતા હતા. આજે સીતાજીને આનંદમાં જોઇ રાવણનો એક અનુચર દોડતો આવીને કહે છે અત્યાર સુધી સીતાજી શોકમગ્ન રહેતા હતા પણ આજે આનંદમાં છે. કામાંધ બનેલો રાવણ વિચાર કરવા લાગ્યો કે નક્કી હવે તેના હિતમાં મારા પ્રત્યે અનુરાગ જાગ્યો લાગે છે એટલે પટ્ટરાણી મંદોદરીને કહે છે સીતા રામને ભૂલી ગઇ લાગે છે. હવે તે મારી સાથે રમવા ઇચ્છે છે માટે તું જલ્દી એને મનાવવા માટે જા. એટલે મંદોદરી સીતાજી પાસે આવે છે અને અતિ નમ્ર બનીને સીતાને સમજાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે સીતાજીએ તેનો

ખૂબ ઉગ્ર બનીને તિરસ્કાર કર્યો. સીતાજીએ કડક બનીને એટલું બધું કહી દીધું કે એને પણ ગુસ્સો આવી ગયો ને ત્યાંથી ઉઠીને ચાલતી થઈ ગઇ.

મંદોદરીના ગયા પછી હનુમાનજી પ્રગટ થયા ને સીતાજીને નમસ્કાર કરીને કહ્યું કે દેવી! રામ અને લક્ષ્મણ જયવંતા વર્તે છે. તમારી શોધ કરવા માટે રામની આજ્ઞાથી હું અહીં આવ્યો છું. મારા ત્યાં પહોંચ્યા પછી શત્રુઓનો સંહાર કરવા રામચંદ્રજી અહીં આવશે. આ પ્રત્યક્ષ સમાચાર સાંભળી સીતાજીની આંખમાં આનંદનાં આંસુ આવી ગયા અને પૂછ્યું તું કોણ છે? તો કહે હું હનુમાન રામચંદ્રજીનો પરમ ભકત છું. મારા પ્રાણનાથ લક્ષ્મણ વીરાની સાથે આનંદમાં છે ને! હનુમાન કહે માડી ચિંતા ન કરો. તેઓ આનંદમાં છે. એમના કુશળ સમાચાર આપવા માટે મને અહીં તેમની મુદ્રિકા લઇને મોકલ્યો છે અને મને કહ્યું છે કે સીતાજીનો ચૂડામણી નિશાની તરીકે લેતો આવજે. જેથી હું આપની પાસે આવ્યો છું તેની તેમને ખાત્રી થાય. સીતાજીએ લંકામાં આવીને ભોજન કર્યું ન હતું. કાયા કરમાઇ ગઇ હતી પણ શીયળના પ્રભાવથી મુખ ઝળકતું હતું. તેમાં રામચંદ્રજીના સમાચાર માત્રથી ભોજન કર્યા જેટલી તેનામાં સ્ફૂર્તિ આવી. સીતાજીને જોઈને હનુમાન સમજી ગયા કે આ પવિત્ર માતાએ અહીં આવીને અન્નનો દાણો પણ લીધો નહિ હોય તેથી કોમળ કાયા કરમાઇ ગઇ છે. હનુમાનજીએ આગ્રહ કર્યો માતા! તમે આહાર કરો. રામચંદ્રજીના કુશળ સમાચાર મળી ગયા હતા ને ખૂબ આગ્રહ કર્યો એટલે એકવીસ દિવસે સીતાજીએ ભોજન કર્યું.

ભોજન કર્યા પછી સીતાજી હનુમાનને પોતાનો ચૂડામણી આપીને કહે છે તું આ લઇને અહીંથી ઝટ રવાના થઇ જા. જો રાવણ આવશે અને તને જોશે તો હેરાન કરશે. ત્યારે હનુમાન સ્મિત કરીને કહે છે માતા! તમે મારા પ્રત્યેના વાત્સલ્યને લઇને આમ કહો છો પણ તમે જાણો છો કે હું કોણ છું! ત્રણ જગતને જીતનારા રામ લક્ષ્મણનો હું પાયદળ છું. રાવણ સૈન્ય સહિત હોય તો પણ મારી આગળ કોણ માત્ર છે! માતા! જો તમે કહો તો રાવણ અને તેના સર્વ સૈન્યને હરાવીને તમને મારા ખભા ઉપર બેસાડીને રામચંદ્રજીની પાસે લઇ જાઉં.

બંધુઓ! હનુમાનજી બ્રહ્મચારી હતા. બ્રહ્મચર્યના બળથી જે ધારે તે કરી શકતા હતા. માટે તમે તપ ન કરી શકો તો બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરો. આજે રોગ વધ્યા છે, દવાના બાટલા વધ્યા છે આનું કારણ ભોગ પ્રત્યેની આસકિત છે. ભોગને વધારનાર અત્યારના નાટક સિનેમા છે. અત્યારે કારમી મોંઘવારી ભારત ઉપર ઉતરી પડી છે. લોકોને ખાવા અનાજ નથી, ઘીને બદલે તેલના સાંસા છે. આપણો ભારત દેશ પવિત્ર ગણાય છે. મહાન પુરૂષોની એ જન્મભૂમિ છે. છતાં અત્યારે આટલા આફતનાં વાદળો ભારતભૂમિ પર શાથી ઉતરે છે? મને તો લાગે છે કે આ અહિંસાપ્રધાન દેશમાં મોટા

જંગી કતલખાના ખોલાયા, મૂંગા પ્રાણીઓને કેવી કરપીણ રીતે મારે છે એના કારણે બન્યું છે. અહિંસાપ્રધાન દેશમાં હિંસાના તાંડવ વધી ગયા છે. ભારતના સંતાનો ધર્મ ભૂલ્યા છે. ઇંડા ખાતા થઇ ગયા છે. મહાવીરના સંતાનો! જાગો, તમારાથી કેમ બેસી રહેવાય? અહિંસાનો ધ્વજ ફરકાવો. હિંસા અટકશે તો ભારત સુખી થશે.

આજે તમે આટલા ઉભા રહી શકતા હો તો હજી ભારતના પુણ્ય છે. જ્યાં આટલો તપ થતો હોય, બ્રહ્મચારી સંત-સતીજીઓ વસતા હોય તે દેશને આંચ ન આવે ધર્મના પ્રતાપે ટકો છે. યાદ રાખજો કે જીવનમાંથી ધર્મ ભૂલ્યા તો ખાવાના સાંસા પડશે. તમારા સ્વધર્મી બંધુઓ ભૂખ્યા મરે છે, ટળવળે છે તેની સેવા કરો. તમને મળ્યું છે તો બીજાને આપો. પહેલાના વહેપારીઓ અનાજ ભરતા હતા અને આજના વહેપારીઓ પણ દુકાનમાં અનાજ ભરે છે પણ જ્યારે ખૂબ તંગી પડે ત્યારે દશગણા ભાવ વધારીને વેચે છે. જેની પાસે પૈસા હશે તેને વાંધો નથી પણ જેની પાસે પૈસા નથી તે શું કરશે? તમારા મહાન પુણ્યથી મળ્યું છે તો બીજાને આપો. તમને સુખ ગમે છે તેવું દરેક જીવોને ગમે છે. કોઇને દુઃખ ગમતું નથી.

જમાલિકુમાર પ્રભુની વાણી સાંભળી આનંદસાગરમાં હાલે છે. એના આનંદનો પાર નથી. હવે તે શું કરશે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૨૮

શ્રાવણ સુદ ૮ ને સોમવાર **તા. ૬-૮-૭૩**

અનંત કરૂણાનીધિ શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના ઉદ્ધાર માટે સિદ્ધાંત રૂપ વાણીની પ્રરૂપણા કરી. સૂત્રમાં પ્રભુ ફરમાન કરે છે કે આ જગતમાં મુખ્ય બે તત્ત્વો છે. એક જીવ અને બીજું અજીવ. નવતત્ત્વમાં મુખ્ય આ બે તત્ત્વો છે. જીવ જ્યારે સ્વભાવમાં હોય ત્યારે સંવર-નિર્જરા અને મોક્ષ તરફ રૂચી કરે છે અને વિભાવમાં જોડાયલો જીવ અજીવ, પાપ, આશ્રવ અને બંધ તરફ રૂચી કરે છે. સ્વભાવમાં વર્તતો જીવ શુભ કર્મનો બંધ કરે છે અને વિભાવમાં વર્તતો જીવ અશુભ કર્મનો બંધ કરે છે. શુભ કે અશુભ કર્મનો બંધ કરે એ બહુ મહત્વની વાત નથી કારણ કે એ કર્મો ઉદયમાં આવી તેના શુભાશુભ ફળ દેખાડી આત્મા ઉપરથી ખરી જાય છે. પણ એ કર્મની રમત એટલેથી પૂરી થતી નથી. જો એટલાથી પતી જતું હોત તો આપણાથી મોક્ષ બહુ દૂર ન રહેત. પણ એવું નથી બનતું તેનું કારણ છે. જીવ કર્મ બાંધે છે તેના

ચાર બંધ પડે છે. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ ને પ્રદેશબંધ. અહીં કર્મની રમત જલ્દી પૂરી નથી થતી તેનું મુખ્ય કારણ અનુબંધ છે.

બંધુઓ ! અનુબંધ એટલે શું ? એ તમે જાણો છો ? કર્મનો બંધ થતી વખતે જે ભાવ હોય છે તે ભાવ અનુબંધની પરંપરા ચલાવે છે. કર્મોના ઉદયકાળ સમયે શુભાશુભ ભાવો ઉત્પન્ન કરાવી નવા કર્મોનો બંધ તૈયાર કરી દેવાનું કાર્ય એ અનુબંધનું કાર્ય છે. જીવને શુભકર્મના મીઠા ફળ ભોગવવા ગમે છે પણ બાંધે છે અશુભ કર્મ.

पुण्यस्य फल मिच्छन्ति पुण्यं नेच्छन्ति मानवा : ।
पापस्य फलं नेच्छन्ती, पापं कुर्वन्ती सादरा ।।

પાપ કરવા છે ને પુણ્ય જોઇએ છે તો તે ક્યાંથી મળે ? માટે કર્મનું બંધન કરતી વખતે આ જીવે ખૂબ સાવધાની રાખવાની જરૂર છે. કોઇને આપણે દુઃખ આપીએ તો આપણને અવશ્ય દુઃખ મળે છે. જેમ કે કોઇને દુઃખ દેવાથી આ જીવે એવું કર્મ બાંધ્યું કે એના ફળ સ્વરૂપે એ કર્મના ઉદયકાળ સમયે એના ગળે કેન્સરની ભયંકર ગાંઠ નીકળી. પાંચ વર્ષ સુધી ભયંકર બિમારી ભોગવી. આટલું દુઃખ ભોગવતાં પેલું કર્મ તો ખપી ગયું પણ એ ભોગવતી વખતે ખૂબ અસમાધિ થઈ, હાયવોય અને બૂમબરાડા પાડયા ને ભગવાનનું નામ પણ ભૂલી ગયા. તે સમયે આર્તધ્યાનમાં નવા ચીકણા કર્મો બંધાઈ ગયા. એટલે નવો સંસાર ઉભો થઇ ગયો. આ રીતે સંસારની પરંપરા ચાલુ ને ચાલુ રાખનારા આત્માના ભાવો ઉપર નભતા શુભાશુભ અનુબંધો છે. આથી બંધ કરતાં અનુબંધને ખૂબ ઝીણવટથી સમજવા જેવો છે. એક વખત જો સારો અનુબંધ પડે તો કદાચ વારંવાર સારા અનુબંધ પડયા કરે. ખરાબ અનુબંધમાં પણ આવું બને છે. માટે આપણા જ્ઞાની ભગવંતો કહે છે કે :

બંધ સમયે ચિત્ત ચેતીએ, ઉદયે શો સંતાપ.

કર્મના કટુફળો ભોગવતી વખતે હાયવોય થાય છે પણ બાંધતી વખતે જીવને વિચાર નથી થતો કે હું આ શું કરી રહ્યો છું ? બીજાનું ખોટું કરતા પહેલા વિચાર કરજો કે એનું ખરાબ થતાં થશે પણ મારું તો થઈ ચૂક્યું છે. આંગણામાં બાવળ વાવીને કેરીની આશા રાખીએ તો ક્યાંથી મળે ? હીરાની વીંટી બનાવવા માટે હીરો ખરીદવા ઝવેરીને ત્યાં જાવ તો એ તમને હીરો આપશે પણ હીરાના મૂલ્ય તો માંગે ને ? તેમ તમારે મોક્ષના સુખ જોઇએ છીએ પણ તેના મૂલ્ય ચૂકવવા નથી તો મોક્ષ નહિ મળે. શુભને શુદ્ધભાવથી કર્મનિર્જરાના લક્ષે ધર્મની આરાધના કરો.

આત્માના સ્વરૂપની સમજણ વગર ધર્મ કરશો તો પુણ્ય બંધાશે પણ એ પુણ્યના ઉદય સમયે ભોગવિલાસમાં મશગૂલ બનીને જો પાપના કાર્ય કરશો તો સમજી લેજો કે

પાપનુબંધી પુણ્ય છે. પુણ્યના ઉદયકાળમાં પાંચ ઇન્દ્રિઓને આધીન બની ભોગમાં મસ્ત રહો તો સમજી લેજો કે પૂર્વે મેં જે ધર્મારાધના કરી હતી તેમાં ભાવની શુદ્ધિ ન હતી. ધર્મારાધના કંઈક જીવો સંસારસુખની અભિલાષાથી કરે છે તે ઠીક નથી. નિઃસ્વાર્થભાવથી કરેલો ધર્મ એ શુદ્ધ ધર્મ છે. શુદ્ધ ભાવથી કરેલો ધર્મ તેનાથી કદાચ પુણ્ય બંધાશે અને તે પુણ્યના ઉદયકાળમાં જીવને સંસારના સુખને લાત મારવાની ભાવના જાગશે.

આપણે જેનો અધિકાર ચાલે છે તે જમાલિકુમારને કેવા જબ્બર પુણ્યનો ઉદય હતો. પ્રભુની વાણી સાંભળીને એ સુખો એને ખારા લાગ્યા. અત્યારે ઘણાં પુણ્યવાનોની માનસિક દશા જોતાં એમ અનુમાન કરી શકાય છે કે આજે પુણ્ય ભોગવી રહ્યો છે તે પાપાનુબંધી પુણ્ય હોવું જોઇએ પાપપ્રવૃત્તિમાં જોડનાર પુણ્યોદય કરતાં ધર્મ કરાવતા એવા પાપકર્મનો ઉદય સારો. ભલે ત્યાં મોટો મહેલ ન મળે. નાનકડી ભાંગીતૂટી ઘાસની ઝુંપડી મળે, જમવા માટે ભાતભાતની વાનગીને બદલે લૂખ્ખો રોટલો ને છાશ મળે, માન-સન્માનને બદલે લોકો મને તુચ્છકારે એ તો બધું સામાન્ય છે. આ બધા કષ્ટની સામે જો પ્રભુનું નામસ્મરણ કરવાનું મળતું હોય, જીવન પવિત્ર બનતું હોય તો એનાથી વિશેષ બીજું શું જોઈએ? પાપાનુ બંધી પુણ્યનો ઉદય જીવને વૈભવના સિંહાસને બેસાડી દેશે અને પછી અનેક પાપની પરંપરાનું સર્જન કરાવી અસંખ્યાત કે અનંતકાળ માટે દુઃખની ભયાનક ખાઈમાં ધકેલી મૂકશે. માટે ભગવાન કહે છે કે કર્મના ઉદયકાળે ખૂબ સાવધાની રાખો.

એક આચાર્ય ખૂબ ગુણવાન ને ગંભીર હતાં. ચારિત્ર ખૂબ નિર્મળ હતું. સમય જતાં શરીર વૃદ્ધ બન્યું. વિહાર કરવાની તાકાત ન રહી એટલે પોતાના શિષ્યપરિવારને કહે છે હે શિષ્યો! લાંબો વિહાર કરવાની મારામાં તાકાત નથી. પણ અહીં એક સ્થાનમાં રહી હું મારું કરી શકીશ અને તમે બધા વિહાર કરો, કારણ કે એક સ્થાનમાં રહેવાથી સાધુના ચારિત્રમાં દોષ લાગે છે. સંસારીના રાગના બંધનો વધે છે. શિષ્યપરિવારને વિહાર કરાવી પોતે તે ગામમાં રહે છે. આ દૃષ્ટાંતમાં બે વાત સમજવા જેવી છે. એક તો ચારિત્ર નિર્મળ પાળવાથી ગુરૂની પહેલાં શિષ્ય કેવળજ્ઞાન પામી ગયા ને ગુરૂ રહી ગયા અને બીજું કર્મના ઉદય વખતે ગુરૂની કેટલી સાવધાની છે, કેવળી ભગવંતના વચન ઉપર કેટલી શ્રદ્ધા છે.

એ આચાર્ય ભગવંતની પાસે એક સાધ્વીજીએ દીક્ષા લીધી હતી. એનું નામ પુષ્પચુલા હતું. એ સાધ્વીજી કોણ હતા? એ ગામના મહારાજાના મહારાણી હતાં. ખૂબ ધર્મિષ્ઠ હતાં. ગામમાં કોઇ સંત મુનિરાજ પધારે ત્યારે તેમના દર્શનનો અને વ્યાખ્યાન વાણીનો અચુક લાભ લેતાં. સંતના સમાગમથી અને શાસ્ત્રવાણીનું શ્રવણ કરવાથી માનવના જીવનમાં કેટલો પલટો આવે છે! સંતે વ્યાખ્યાનમાં સ્વર્ગમાં કેવા

સુખ ને રંગ-રાગ હોય છે, દેવોની કેટલી ઋદ્ધિ હોય છે તે અને નરકના જીવોને કેવા કેવા દુઃખો પોતાના કર્મના અનુસાર ભોગવવા પડે છે, સંસારના ભોગ ભોગવવાથી પરિણામ કેવું ભયંકર આવે છે અને આ શરીર કેવું અનિત્ય ને અશુચીમય છે તેની ખૂબ સુંદર છણાવટ કરી. આ સાંભળીને પુષ્પચુલા મહારાણીના અંતરમાં વૈરાગ્યભાવ ઉત્પન્ન થયો.

એક દિવસ રાણી રાત્રે સૂતા હતા. નિદ્રા આવતી નથી તે સમયે વિચાર કરવા લાગી અહો ! આ સંસારમાં કોના પ્રત્યે રાગ કરવા જેવો છે ? ધન-વૈભવ ને વિલાસ તો નાશવંત છે. આ શરીર ગંધાતી ગટર જેવું છે. આ દેહનો રાગ રાખવા જેવો નથી. એની પાસે તો બને તેટલું કામ કઢાવી લેવા જેવું છે. બાકી શરીરનો સ્વભાવ કેવો છે :-

" જિસકી સંગતિસે અતિ સુંદર, મિષ્ટ સુગંધિત ભોજનભી,
અતિ દુર્ગંધિત કૃમિસે પૂરીત, હોતા ક્ષણુમેં હાય સભી ।
મૂલ્યવાન કપડે ક્ષણુભરમેં, તુચ્છ મલિન બન જાતે હૈ,
ઐસે મલિન દેહકો સુંદર, કૌન મૂઢ બતલાતે હૈ ॥ "

બંધુઓ ! આપણું શરીર એક પ્રકારનું મશીન છે. તમે મોટા મોટા કારખાનાઓમાં ને ફેક્ટરીઓમાં મશીન તો જોયા હશે. ઘણા માણસો રસ્તામાંથી કાગળના ટુકડા ફાટેલા કપડાના ચીંથરા, કાચના ટુકડા બધું વીણીને કોથળામાં ભરે છે તેને જોઇને થાય કે આ લોકો આવો કચરો શા માટે ભેગો કરતા હશે ? એક વખત કોઇ કારખાના-વાળાને પૂછયું ત્યારે કહે કે એ એક કોથળો એવા કાગળીયા ને ચીંથરા વીણી લાવે તેને અમે એક કોથળે પાંચ રૂપિયા આપીએ. મેં પૂછયું કે એ કચરાને તમે શું કરો ? તો કહે કે અમે એમાંથી નવું સર્જન કરીએ. કોઇ નવીન ચીજ બનાવીએ. મશીનમાં પડવાથી નકામી વસ્તુઓ સારી બની જાય છે. ત્યારે આપણા શરીરનું મશીન જુઓ. આ મશીનમાં અનેક પ્રકારની ઉત્તમ વાનગી બનાવીને નાંખો, બદામ-પીસ્તા, ચારોળી, કેશર ને ઇલાયચી નાંખી ઉકાળેલું દૂધ નાંખો પણ જ્યાં હાડીયામાંથી નીચે ઉતર્યું એટલે અશુચીમય બની જાય છે. કદાચ વોમીટ થાય તો પછી તેના સામું જોવું ગમે છે ? કારખાનાનું મશીન બરાબ પદાર્થોને સારા બનાવે અને આ શરીરનું મશીન એવું છે કે સારા પદાર્થોને બરાબ બનાવી દે. સારામાં સારું કિંમતી વસ્ત્ર પણ શરીર પર પહેર્યું એટલે એની ચમક ઉડી જાય છે. આવા અશુચીમય દેહનો રાગ શા માટે રાખવો !

પુષ્પચુલા રાણીને આ બધો વિચાર કરતાં સંસાર ઉપરથી વૈરાગ્ય ઉત્પન્ન થયો. રાજા પાસે દીક્ષાની આજ્ઞા માંગે છે. રાજાને રાણી પ્રત્યે ખૂબ પ્રેમ હતો એટલે રાજા રજા આપતા નથી. ખૂબ કરગરે છે, ત્યારે રાજા કહે છે હું તને દીક્ષાની રજા આપું પણ એક શરતે કે તારે દીક્ષા લઇને વિહાર કરવો નહિ. આ ગામમાં તું રહે તો મને રોજ

તારા મુખના દર્શન થાય. ત્યારે રાણી વિચાર કરે છે કે ભલે આ ગામમાં રહું પણ સંસારથી છૂટીશ ને સંયમ તો પાળીશ.

ચારિત્રમાં મજબૂત રહેવું તે મારા હાથની વાત છે. આ સાધ્વીજી આચાર્ય મહારાજ પાસે સંયમ લઈને કડક ચારિત્રનું પાલન કરે છે. રાજા દરરોજ એના દર્શન કરવા આવતા. એ પુષ્પચુલા સાધ્વીજી અંદર હોય તો એમના ગુરૂણીને કહે કે તમારા નવ દીક્ષિત શિષ્યાને બહાર બોલાવો. મારે એમના દર્શન કરવા છે. રાજા વંદન કરે ત્યારે સાધ્વીજી નયનો નીચા ઢાળીને ઉભા રહે. રાજાને ગમે તેટલો મોહ હોય પણ મારે મારા ચારિત્રમાં આંગેકૂચ કરવી એ મારા હાથની વાત છે. પોતાના રૂપને બાળવા માટે ત્રણ-ત્રણ, ચાર-ચાર ને પાંચ-પાંચ ઉપવાસના પારણા કરતા. આવો કઠોર તપ કરીને શરીર સુકકે ભુકકે કરી નાંખ્યું. અંદરથી માંસ સૂકાઇ ગયું એટલે રંગ રૂપ પણ ઉડી ગયા. રાજા વિચાર કરે છે અહો ! શરીર કેવું ક્ષીણ કરી નાંખ્યું ? સાધ્વીનો ઉગ્ર તપ અને સંયમ જોઈને રાજા પણ ધર્મિષ્ઠ બની ગયા.

આ સાધ્વીજી ગામમાં વસે છે. પેલા આચાર્યનું નામ અર્ણિકાપુત્ર આચાર્ય હતું. તે આચાર્યનું જ્યારે શરીર ખૂબ ક્ષીણ થઈ ગયું, ચાલવાની તાકાત ન રહી ત્યારે પુષ્પચુલા સાધ્વીજી દરરોજ સંતને ગૌચરી-પાણી લાવી આપતા. અને સાધ્વીમાર્ગ સાચવતા ગુરૂણીની આજ્ઞા પ્રમાણે રહેતા અને એ વિચારતા કે હું ભાગ્યવાન છું કે જે ગુરૂ પાસે ચારિત્રમાર્ગ અંગીકાર કર્યો તેમની સેવા કરવાનો મને સુઅવસર સાંપડયો છે.

ભગવાનના સંતો કેવા હોય ?

એકેક મુનિવર રસના ત્યાગી, એકેક જ્ઞાનભંડાર રે પ્રાણી,
એકેક મુનિવર વૈયાવચ્ચ વૈરાગી, એના ગુણનો નાવે પાર રે પ્રાણી
સાધુજીને વંદણા નિતનિત કીજે...

વિશાળ સંત સમુદાયમાં કોઇ તપસ્વી હોય, જ્ઞાની હોય, તો કોઈ સેવાભાવી હોય. તપના બાર પ્રકાર છે. છ બાહ્ય અને છ આભ્યંતર. ભગવાન કહે છે કે હે સંત ! જો તારાથી બાહ્યતપ ન બને તો આભ્યંતર તપ તો જરૂર કરી શકે છે. આ પુષ્પચુલા સાધ્વીના જીવનમાં બાહ્ય અને આભ્યંતર બંને તપ હતો. રાગ અને દ્વેષ ખૂબ પાતળા પડી ગયા હતા અને ઉત્કૃષ્ટ ભાવે સંતની સેવા કરતાં આત્મસ્વરૂપના રટણ ઉપર ચઢતા ઘાતી કર્મનો ક્ષય થયો ને પુષ્પચુલા સાધ્વીજીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. જ્યાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં શું બાકી રહે ? આ સાધ્વીજી ગુરૂ માટે ગૌચરી લેવા જાય છે. સંતના મનમાં કયારેક એવો ભાવ થાય કે આજે અમુક વસ્તુ મળે તો મારા શરીરને અનુકૂળ પડે. કેવળી ભગવંત ગુરૂના મનની વાત આજે સમજી ગયા અને ગુરૂને અનુકૂળ આવે તેવી ગૌચરી લાવ્યા.

દેવાનુપ્રિયો ! ગુરૂની ભાવના પ્રમાણે ગૌચરી આવી તેથી ગુરૂને વિચાર થયો કે આજ મારા મનના ભાવ પ્રમાણે ગૌચરી આવી છે તો શું મારા શિષ્યાને કંઇ જ્ઞાન થયું છે ? તેથી સંત પૂછે છે સાધ્વીજી ! મેં મનમાં એવી ભાવના કરી કે આજે આવા પ્રકારનો આહાર મળે તો મારા સંયમમાં મને શાતા રહે તો તમે એવા પ્રકારનો આહાર લાવ્યા તો આપ મારા મનમાં રહેલા ભાવ કેવી રીતે જાણી શકયા ? ત્યારે કહે છે ગુરૂદેવ ! આપની કૃપાના પ્રતાપે હું જાણી શકું છું. જુઓ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે છતાં કેટલો વિનય છે ! એમ નથી કહેતાં કે મને કેવળજ્ઞાન થયું છે. ગુરૂ ફરીને પૂછે છે આપને જે જ્ઞાન થયું છે તે પ્રતિપાતી કે અપ્રતિપાતી ? ત્યારે કહે છે અપ્રતિપાતી. તરત આચાર્ય ભગવંત ઉભા થઈ ગયા ને સાધ્વીજીના ચરણમાં પડયા અને પશ્ચાતાપના આંસુ વહાવતાં બોલ્યા કે અહો ! મેં કેટલી ભૂલ કરી કે કેવળજ્ઞાની ભગવંત પાસે મેં સેવા કરાવી. હું કેવો કમભાગી ! તરત ઉભા થઇ હાથ જોડી પગમાં પડીને કહે છે હે સર્વજ્ઞ ભગવંત ! આપની પાસે સેવા કરાવી. હું હજુ કેટલા ભવ સુધી ભટકીશ. મને કયારે કેવળજ્ઞાન થશે ?

દેવાનુપ્રિયો ! વિચાર કરો. પુષ્પચુલારાણીને ઉપદેશ આપીને સંસારમાંથી ઉગારનાર આ ગુરૂ મહારાજ છે. ઘણા લાંબા કાળનો સંયમ પાળનાર ને શાસ્ત્રોના પારગામી હતાં છતાં આચાર્ય છદ્મસ્થ રહ્યા ને શિષ્યા પુષ્પચુલા સાધ્વીજી પામી ગયા. જૈન શાસન કેટલું વિશાળ ને નિષ્પક્ષ છે. ચાહે ગુરૂ હોય કે શિષ્ય હોય, સ્ત્રી હોય કે પુરૂષ હોય. દરેક ગુણસ્થાનકના પગથિયા ચઢી શકે છે અને ચઢતા ચઢતાં વીતરાગ દશા પ્રાપ્ત કરી શકે છે. કેવું સુંદર આશ્વાસન !

અર્ણિકાપુત્ર આચાર્ય પૂછે છે હજુ મારે કેટલા ભવ ભમવાનું છે ? ત્યારે સાધ્વીજી કહે છે તમે ચરમ શરીરી છો, આ ભવમાં મુકિત મેળવવાના છો. આચાર્ય મહારાજને આશ્ચર્ય થયુ – અહો ! આ ભવમાં જ મોક્ષે જઇશ ? મને કયારે કેવળજ્ઞાન થશે ? કેવળી ભગવંતે કહ્યું – ગંગા નદી ઉતરતાં આપને કેવળજ્ઞાન થશે. સાધ્વીજીએ કેવળજ્ઞાન દ્વારા જાણીને કહ્યું ત્યારે આચાર્ય મહારાજ કહે છે કેવળી ભગવંત સમયની મુદ્દત આપતા નથી. એ તો એમ કહે છે કે ગંગા નદી ઉતરતાં કેવળજ્ઞાન થશે તો લાવને જલ્દી જાઉં. કેવળજ્ઞાન મળતું હોય તો પ્રમાદ શા માટે કરવો ? આચાર્ય મહારાજમાં ચાલવાની તાકાત ન હતી પણ કેવળી ભગવંતના વચને અપૂર્વ જોમ આવ્યું. હિંમત ભેગી કરીને ઉભા થયા ને પહોંચી ગયા ગંગા કિનારે. તમને થશે કે સાધુ નદીમાં કેવી રીતે પડે ? કાચા પાણીનો સ્પર્શ તો કરે નહિ. જ્યારે બીજો કોઇ માર્ગ ન હોય તો સાધુ નાવડીમાં બેસીને નદી પાર કરી શકે. વધુમાં વધુ ત્રણ વખત નદી ઉતરવાનો ભગવાનનો કાયદો છે.

આચાર્ય નૌકામાં બેઠા. નૌકા ચાલી જાય છે. મધ્ય નદીએ નૌકા પહોંચી. હોડી હાલમડોલ થવા લાગી. ડૂબવાની અણી ઉપર આવી ગઇ ત્યારે નાવડામાં બેઠેલા

મુસાફરો કહે છે આ જોગટો આવીને બેઠો છે એના પાપે આમ બન્યું છે. એને ઉંચકીને નદીમાં ફેંકી દો. નહિતર આપણે ડૂબી જઈશું એટલે બધા મુસાફરોએ ઉંચકીને મુનિને નદીમાં ફેંકયા ત્યાં પૂર્વના વૈરી દેવતાએ ભાલાની અણી ઉપર એમને ઝીલી લીધા. ભાલાની અણી એમના પેટમાં ભોંકાઇ ગઇ. જેમ બહેનો તેલમાં વડા તળે છે ત્યારે ત્રાપામાં વડાને ભરાવીને બહાર કાઢે છે. વડુ વચમાંથી વીંધાઇ જાય છે એવી આ મુનિની સ્થિતિ હતી. પેટમાંથી લોહી નીકળીને નદીમાં પડવા લાગ્યું.

અહીં આચાર્યની કસોટીનો સમય આવ્યો. મુનિ એમ નથી વિચાર કરતા કે મને કેવળી ભગવાને અહીં કેવળજ્ઞાન મેળવવા મોકલ્યો કે ભાલાથી વીંધાવા ? મનમાં એક શ્રદ્ધા છે કે ભગવાનના વચન ત્રણ કાળમાં ખોટા પડે નહિ. પેટમાં ભાલાની અણી પેસી ગઈ છે, ને લોહીના ટીપા નદીમાં પડે છે. આ સમયે પોતાના પેટની પીડાની પરવા નથી કરતા, પોતાને નાવડીમાંથી ઉંચકીને બહાર ફેંકનારા ઉપર ક્રોધ નથી કરતા કે કેવળી ભગવંતને દોષ નથી આપતા. પોતાને ભાલાની અણી ઉપર ઝીલનાર વૈરી દેવ ઉપર દ્વેષ પણ નથી લાવતા. ફકત એમના દિલમાં એક દુઃખ થાય છે. ભાલાથી વીંધાયા પછી લોહીનાં ટીપા નીચે પાણીમાં પડતા જોઇ પાણીના જીવો ઉપર અનુકંપા આવે છે. હે પ્રભુ! પાણીમાં રહેલા અસંખ્ય જીવો મારા શરીરમાંથી પડતા લોહીથી મરી રહ્યા છે. કેવું મારૂં પાપી શરીર ને મારૂં લોહી પણ કેવું ઝેરી કે અસંખ્ય જીવોનો સંહાર કરી રહ્યું છે. ધિક્કાર છે મારા શરીરને !

પોતાને આટલી અતૂલ પીડા હોવા છતાં પોતાના પ્રાણની પરવા કરતા નથી. પોતાના પ્રાણના ભોગે બીજાની રક્ષા કરે છે. જૈન મુનિ કેવા હોય !

ના પંખો વીંઝે ગરમીમાં ના ઠંડીમાં કદી તાપે
ના કાચા જળનો સ્પર્શ કરે, ના લીલોતરીને ચાંપે
નાનામાં નાના જીવતણું એ સંરક્ષણ કરનારા આ છે અણગાર અમારા...

ગમે તેટલી ગરમી લાગે, બફાઇ જવાય પણ જૈન મુનિ પંખાની હવા ન ખાય કે જાતે પંખો વીંઝે નહિ. શિયાળાના દિવસોમાં ઠંડી લાગે, ગમે તેવા હીમ પડે, કાયા થરથર ધ્રુજે તો તાપણી કરીને તાપે નહિં. તરસ્યા મરી જાય પણ કદી કાચા પાણીને અડે નહિ. રસ્તામા ચાલ્યા જતા હોય, લીલોતરીનું એક પાંદડું પડયું હોય તો પણ તેને અડે નહિ. પગ નીચે લીલોતરી ન આવે તે રીતે સાવધાનીપૂર્વક ચાલે. આવા નાનામાં નાના જીવોનું રક્ષણ કરનારા જૈનના અણગાર હોય છે.

આ આચાર્ય મહારાજ પોતાના દેહની પરવા નથી કરતા. પોતાના દેહનો રાગ છૂટી ગયો છે. અહો પ્રભુ! હું નથી વીંધાતો, મારા કર્મો વીંધાઇ રહ્યા છે. એમને દેહનો રાગ છૂટી ગયો છે અને સંયમ અહિંસા ને જીવોની દયા પ્રત્યેનો રાગ ઉછળ્યો

છે. એ પ્રશસ્ત ને પ્રબળ રાગ જીવને તત્ત્વના ચિંતનમાં એકતાન બનાવી દે છે. આચાર્ય મહારાજ શુકલધ્યાનનની શ્રેણી પર ચઢયા. હું કયાં છું એ બધું ભાન ભૂલી ગયા. ક્ષપક શ્રેણી માંડીને ભાલાની અણી ઉપર કેવળ જ્ઞાન પામી ગયા. આયુષ્ય ત્યાં પૂર્ણ થઇ જવાથી શેષ રહેલા કર્મોને ખપાવી મોક્ષમાં ગયા.

જમાલિકુમાર પ્રભુની વાણી સાંભળી જાગી ગયા. રત્નજડિત મહેલ પણ એને મન ઇંટ-માટી ને ચુનાના ઢગલા જેવા લાગ્યા. પ્રભુને કહે છે નાથ! હવે સંસારમાં એક ક્ષણ પણ મારે રહેવું નથી. હું મારા માતાપિતાની આજ્ઞા લઇને આપની પાસે દીક્ષા લેવા આવ્યો છું. જમાલિકુમાર વૈરાગના રંગે રંગાઈ ગયા છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :– ગુણસેન રાજા દીક્ષા લેવા માટે તૈયાર થયા છે. પોતાના પુત્રને રાજગાદી સોંપી પોતે નીકળી ગયા. પોતાના ગુરૂ વિજયસેન આચાર્ય પાસે પહોંચવું છે. તો સવારે જઇશ. પણ અત્યારે મારો સમય નકામો શા માટે ગુમાવવો! એમ વિચાર કરી કોઇ એકાંત સ્થાનમાં જઈને રાત્રે પડિમા ધારણ કરી કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા રહ્યા.

અગ્નિશર્મા દેવે કરેલ ઉપસર્ગ અને ગુણસેનની અંતિમ આરાધના

ગુણસેન રાજા ધ્યાનમાં મગ્ન બન્યા છે. આ તરફ અગ્નિશર્મા તાપસ પોતે કરેલા નિયાણાથી પાછો ન ફર્યો. કષાયમાં મરીને દોઢ પલ્યોપમની સ્થિતિવાળો વિદ્યુત્કુમાર નામનો દેવ થયો. ત્યાં તેણે ઉપયોગ મૂકીને જોયું કે મેં પૂર્વભવમાં શું દાન કર્યા, તપ કર્યા કે જેના પ્રભાવે મને બધી દેવતાઇ ઋદ્ધિ પ્રાપ્ત થઈ. વિભંગજ્ઞાનનો ઉપયોગ મૂકવાથી તેણે પૂર્વભવનો બધો વૃતાંત જાણ્યો. અહો! મેં તો કેટલો અઘોર તપ કર્યો છે. આ ગુણસેને મારી મશ્કરી કરીને પારણું ન કરાવ્યું. બસ, હવે પૂરેપૂરું વૈર લઉં. ગુણસેન ઉપર ખૂબ ક્રોધાયમાન થયો. ગુણસેન રાજાને કાઉસગ્ગ ધ્યાનમાં ઉભેલા જોયા.... ક્રોધાયમાન થયેલા દેવે નારકીની અગ્નિ જેવી ભયંકર તપેલી રેતીનો વરસાદ વરસાવ્યો. એંજિનના તણખા ઉડે છે એ તો ઉડયા પછી બૂઝાઇ જાય છે. ગમે તેવા સખ્ત તાપમાં તપેલી રેતી આ રેતી આગળ શીતળ લાગે. આથી ધગધગતી રેતી ગુણસેન રાજાના શરીર ઉપર વરસાવવા માંડી. કોમળ કાયા દાઝવા લાગી. આ વખતે ગુણસેન રાજા શું વિચાર કરવા લાગ્યા. અહો! શારીરિક અને માનસિક દુઃખોથી સંસાર ભરેલો છે. તેમાં ધર્મની પ્રાપ્તિ દુર્લભ છે. ખરેખર હું ભાગ્યવાન છું કે આ અપાર સંસાર સાગરમાં સેંકડો ને હજારો ભવે મળવું દુર્લભ એવું ધર્મરત્ન પામ્યો છું. જે મનુષ્ય ધર્મનું આરાધન કરે તેની દુર્ગતિ થતી નથી. મને વિજયસેન આચાર્ય જેવા સમર્થ ગુરૂ મળ્યા મારો જન્મ સફળ બન્યો છે. મારા કારણે અગ્નિશર્મા તાપસને ખૂબ ક્રોધ થયો. મેં એમને પારણું ન કરાવ્યું તે પાપ મારા હૃદયમાં કણાની જેમ ખૂંચે છે. હું તેને શુદ્ધભાવથી ખમાવું છું.

પોતાના શરીરની ચામડી બળીને ખાખ થઇ ગઇ. મને કોણ આ કષ્ટ આપે છે તેનો જરાય વિચાર ન કર્યો. સર્વ જીવોને ખમાવી લીધા. દેહનો રાગ છૂટી ગયો. ગુરૂની પાસે જવા નીકળ્યા પણ પહોંચી ન શકયા પણ ભાવથી દીક્ષા અંગીકાર કરી લીધી હતી. ધગધગતી રેતીમાં ગુણસેન રાજાનું શરીર બળીને ખાખ થઈ ગયું. દેહમાંથી પ્રાણપંખેરૂ ઉડી ગયું. ધર્મધ્યાનમાં મૃત્યુ પામેલા રાજા પહેલા સૌ ધર્મ દેવલોકના ચંદ્રાનન નામના વિમાનમાં એક સાગરોપમની સ્થિતિએ દેવપણે ઉત્પન્ન થયા. હવે વિદ્યુત્કુમારની શી હકીકત છે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૨૯

શ્રાવણ સુદ ૯ ને મંગળવાર તા. ૭-૮-૭૩

અનંત કરૂણાનિધી ત્રિલોકીનાથે જીવોના ઉદ્ધાર માટે સિદ્ધાંત વાણી પ્રરૂપી. આ સિદ્ધાંત વાણીના એક વચન ઉપર જીવને જો શ્રદ્ધા થાય તો બેડો પાર થઈ જાય. એક વખત સિદ્ધાંત વાણીનો પ્રેમ જાગવો જોઇએ. ભગવાન પાસે ગયા ત્યાં પણ ભૌતિક સુખના ટુકડા માંગ્યા. ભોગનો ભિખારી બન્યો. ભગવાન કહે છે જ્યાં સુધી આત્મિક સુખની રૂચી નથી જાગી ત્યાં સુધી તારો આંતરવૈભવ તને દેખાશે નહિ. પ્રભુના દરબારમાં જઇને એવી ભાવના થવી જોઇએ કે હે પ્રભુ! તેં જેને જીત્યા એને મારે જીતવા છે. તું જે પામ્યો એવું મારે પામવું છે અને મારે તારા જેવું થવું છે. પણ આવું માંગનારા જગતમાં વિરલ વ્યકિતઓ હોય છે.

જમાલિકુમાર પ્રભુના દર્શન કરવા ગયા. એમણે પ્રભુનો દરબાર જોયો. એની શોભા જોઇ. એણે બાહ્ય શોભા ન જોઇ પણ પ્રભુના આત્માની શોભા જોઇ. પ્રભુના દર્શન કર્યા. દેશના સાંભળીને ઉભા થઇ ગયા અને પ્રભુની પાસે આત્મિક સુખ મેળવવા માટે દીક્ષાની ભીખ માંગે છે. જેમ દુષ્કાળમાં ઘણા દિવસના ભૂખ્યા માનવીને ભોજન મળે તો કેટલો આનંદ થાય! વિચારજો કે તમે જે શુદ્ધ ભાવે આપશો તે તમારા આ ભવનું ને પરભવનું ભાતું બની જશે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક વખત એક ભાઈને કામ પ્રસંગે બહારગામ જવાનું થયું. એની પત્નીને કહે છે કાલે મારે બહારગામ જવાનું છે. તું મારા માટે ભાતાનો ડબ્બો તૈયાર કરજે. પત્ની કહે છે ભલે. બીજે દિવસે બધું તૈયાર કરી દીધું. ભાઇ સ્ટેશને જવા તૈયાર થયા ને બધો સામાન ગાડીમાં મૂકાવ્યો. ત્યારે કહે છે બધો સામાન આવ્યો પણ ભાતાનો

ડબ્બો રહી ગયેા. ત્યારે એની પત્ની કહે છે સ્વામીનાથ ! તમે જ્યાં જ્યાં જવાના છેા ત્યાં ત્યાં મેં ડબ્બા મેાકલાવી દીધા. હવે શેઠ જ્યાં જ્યાં જાય છે ત્યાં ખબર પડતાની સાથે બધા શેઠના સામા આવે ને એક કહે મારા ઘેર પધારેા ને બીજો કહે મારે ઘેર. જમવા માટે તેા નેાતરા ઉપર નેાતરા આવે. ત્યારે શેઠ વિચાર કરે છે કે આ બધાને હું ઓળખતેા નથી. મેં કેાઇ દિવસ એમને જોયા હેાય તેમ લાગતું નથી અને મને આટલેા બધેા આગ્રહ શા માટે કરતા હશે ? શેઠ કહે ભાઈ ! મેં કદી તમને જોયા નથી ને તમે બધા મારી આટલી બધી ભક્તિ કરેા છેા. મને ખૂબ નવાઈ લાગે છે. ત્યારે પેલા માણસેા કહે છે તમે અમને નથી ઓળખતા પણ અમે તમને સારી રીતે ઓળખીએ છીએ. બધા શેઠની ખૂબ સરભરા કરતા. એ જેટલા દિવસ રહે તેટલા દિવસ દુકાન છેાડી દેતા અને જેમ જમાઈને સાચવે તે રીતે બધા સાચવતા. એ લેાકેાની ભક્તિ ને ભાવના જોઇ શેઠની આંખમાં આંસુ આવી જતા ને કહેતા ભાઈ ! તમે મારી આટલી બધી સેવા કરેા છેા. હું તમારા ઘેર આટલા દિવસ રેાકાયેા. ખાધું–પીધું. આ ઉપકારનેા બદલેા કયારે વાળીશ ? ત્યારે એ લેાકેા કહે છે આપ તેા અમારા ઘેર પહેલી વખત આવ્યા છેા પણ અમે તેા તમારા ઘેર ઘણી વખત આવી ગયા છીએ. શેઠ કહે છે કયારે આવ્યા હતા ? મને કંઇ ખબર નથી.

સ્ત્રીની ખાનદાની :— દેવાનુપ્રિયેા ! જેના ઘરમાં સુસંસ્કારી ને કુલવંતી સ્ત્રી હેાય છે તે એના પતિનું માન ઠેરઠેર વધારે છે. પરદેશમાં પ્રસિદ્ધ કરે છે. એ શેઠાણીનેા એવેા નિયમ હતેા કે ગામમાં જે કેાઈ સ્વધર્મી બંધુએા નેાકરી કે ધંધાર્થે આવ્યા હેાય કે યાત્રાએ આવ્યા હેાય કે દર્શનાર્થે આવે તેને ત્રણ દિવસ પેાતાને ઘેર જમવાનું આમંત્રણ આપતી ને બધાની ખૂબ સરભરા કરતી. જે આવે તેને પ્રેમથી સંતેાષ પમાડતી. એટલે એને સહુ ઓળખે. શેઠ ઘેર આવ્યા. શેઠાણીને કહે છે તમે તેા મારા માટે ઘણું ભાતું મેાકલી દીધું. જ્યાં જાઉં ત્યાં પધારેા–પધારેા–ખમ્માખમ્માનેા પાર નહિ. આટલા બધા તમને કયાંથી ઓળખે છે? મેં તેા કેાઇ દિવસ એમને જોયા નથી. ત્યારે શેઠાણી કહે છે એ બધેા આપની કૃપાનેા પ્રભાવ છે. હું ધર્મકાર્યમાં ગમે તેટલેા અર્થ કરું પણ તમારી સંમતિ ન હેાય તેા કયાંથી કરાય ?

આ અહીં બેઠેલી શ્રાવિકા બહેનેા ફાળામાં ફટફટ પૈસા નેાંધાવે છે તે કયાંથી લખાવી શકે ? તમારી છૂટ હેાય તેા ને ! તમારી ખુશી ન હેાય તેા એને ગમે તેટલી ભાવના હેાય તેા પણ કયાંથી લખાવી શકે ? જ્યાં સુધી નદીમાં નીર વહે છે. ત્યાં સુધી તૃષાતુરને પાણી પાઇ લઉં. જ્યારે નદી સાવ સૂકાઈ જશે, અંદર રેતી ને કાંકરા ઉડશે ત્યારે કયાંથી આપી શકીશ ? એમ વિચારી શેઠાણી સ્વધર્મીની ખૂબ સેવા કરતા. શેઠાણી કહે છે સ્વામીનાથ ! આટલા માણસેાને આપણા ઘેર મેં જમાડયા પણ આપે કદી એમ

નથી કહ્યું કે આ તે કંઈ ધર્મશાળા કે લૉજ છે કે તું આ બધાને ઘરમાં લાવીને ભેગા કરે છે તેનો આ પ્રભાવ છે. સાચા અને પુણ્યવાન શ્રાવક હોય તે એની પત્નીને કહી દે કે ધર્મના કાર્યમાં તને જ્યાં યોગ્ય લાગે ત્યાં તું છૂટા હાથે પૈસા વાપરજે. જરાયે સંકોચ ના રાખીશ. આ ઘર દેવના ઘર કહેવાય. પતિ સારો હોય પણ પત્ની સારી ન હોય તો ન શોભે.

શ્રાવકના દ્વાર અભંગ દ્વાર હોય. એના ઘરનો આંગડીયો ઉંચો રહે. એના ઘેર સ્વધર્મી ને દીનદુઃખી બંધુઓના પગલા આખો દિવસ થતા હોય. એ કેવા પુણ્યવાન આત્માઓ હશે ! આજે મુંબઈમાં બ્લૉક સીસ્ટમ થઇ ગઇ. સાધુથી બારણા ખોલાવીને ગૌચરી જવાય નહિ. બ્લૉક ઉઘડાવીને જાય તેમાં દોષ છે. જમાલિકુમારના હૃદયમાં પ્રભુની વાણીએ સ્થાન જમાવ્યું. રગેરગમાં વૈરાગ્યનો મજીઠીયો રંગ લાગ્યો. સાચો શ્રાવક પ્રભુની વાણી સાંભળીને ખાલી ન જાય. જિનવાણી પ્રત્યે શ્રાવકને શ્રદ્ધા હોવી જોઇએ. શ્રાવક એટલે શું ? તમારા નામનો એકેક અક્ષર શું સૂચન કરે છે ? શ્ર એટલે શ્રુતવાણીમાં શ્રદ્ધા કરવી. વ એટલે વિવેકપૂર્વક ધર્મની આરાધના કરવી. ક એટલે કાપવું. શું કાપવું ? કર્મના ગાઢ બંધનોને તપ જપ ને સંયમ આદિ સાધનદ્વારા કર્મોને કાપવાની કરણી કરે તેનું નામ શ્રાવક. એક વાર ભગવાનની વાણી સાંભળીને પ્રતિબોધ પામી જાય. પછી એને ઘરમાં એક ક્ષણ પણ ગમશે નહિ. સુખ અને દુઃખમાં સમાનભાવ રહેશે. અનિષ્ટ સંયોગો ને ઇષ્ટ વિયોગમાં એને આર્તધ્યાન, રૌદ્રધ્યાન નહિ થાય.

ધ્યાન ચાર પ્રકારના છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન ને શુકલધ્યાન. આર્તધ્યાન ધ્યાવવાથી તિર્યંચ ગતિમાં જવાય. રૌદ્રધ્યાનથી નરકગતિ, ધર્મધ્યાનથી દેવગતિ ને શુકલધ્યાનથી મોક્ષમાં જવાય છે. આર્તધ્યાન ને રૌદ્રધ્યાન એ બે અશુભ ધ્યાન છે. ઘરમાં કે બજારમાં તમારું ધાર્યું ન થાય ત્યારે તમને શું થાય છે કે મેં કહ્યું તેમ કેમ ના થાય ? તેમ વિચારી આર્તધ્યાન કરવાથી જીવ તિર્યંચગતિમાં જાય છે. એક ન્યાય આપું.

ભગવાન પાર્શ્વનાથનો જીવ મરૂભૂતિના ભવમાં શ્રાવક ધર્મની સુંદર આરાધના કરતો હતો. પવિત્ર વિચારોમાં રાત-દિવસ તેની રમણતા હતી. આવું શ્રાવકપણું પાળનારે જીવ પણ આયુષ્ય બાંધવાના સમયે ભૂલ ખાઇ બેઠો. આર્તધ્યાનમાં ભેરાયો તો તિર્યંચગતિમાં પટકાઇ ગયો. મરૂભૂતિ અને કમઠ બંને ભાઇઓ હતા. એક વખત કમઠે એવું અઘટિત કાર્ય કર્યું એટલે મરૂભૂતિએ રાજાને કહ્યું આપ એને યોગ્ય શિક્ષામણ આપજો તો એનું જીવન સુધરે. એટલે રાજાએ કમઠને બોલાવીને શિક્ષામણ આપી. સ્વદોષને નહિ જોનારા એવા કમઠે રાજાની હિત શિક્ષામણ માની નહિ ને ઉપરથી રાજાની સામે એલફેલ વચનો બોલ્યો તેથી રાજાને તેના ઉપર ખૂબ ક્રોધ આવવાથી રાજાએ એને નગરની બહાર કઢાવી મૂક્યો એટલે એના મનમાં ખૂબ ખેદ થયો અહો ! મારા ભાઇએ

રાજાને ફરીયાદ કરીને મને હદપાર કરાવ્યો ? એને ખૂબ બેદ થયો. એ બેદમાં ને બેદમાં એણે તાપસની દીક્ષા લીધી ને પછી ખૂબ તપ કરવા લાગ્યો. પાછળથી મરૂભૂતિને ખૂબ પસ્તાવો થયો કે મારા નિમિ-તે એને નગર બહાર કાઢવામાં આવ્યો ને એ તાપસની દીક્ષા લઇ ઉગ્ર તપ કરે છે. હું કેવો પાપી!

મરૂભૂતિની કેટલી ક્ષમા:- મરૂભૂતિએ નકકી કર્યું કે હું કમઠની પાસે જાઉં ને મારી ભૂલની ક્ષમા માંગું. એટલે મરૂભૂતિ કમઠની પાસે ક્ષમા માંગવા આવ્યા. કમઠને મરૂભૂતિ ઉપર ખૂબ ક્રોધ હતો કે મારા ભાઇએ મને કષ્ટમાં મૂકાવ્યો છે એટલે જેવા મરૂભૂતિ કમઠના ચરણમાં પડી માથું નમાવી ક્ષમા માંગે છે કે ભાઇ! મારા નિમિ-તે તમને ઘણું કષ્ટ પડયું છે મને માફ કરો. ત્યાં કમઠના ક્રોધની આગ ભભૂકી ઉઠી. મરૂભૂતિ જેટલા નમ્ર બનીને માફી માંગે છે તેટલો કમઠ કઠોર બન્યો છે. મનમાં વિચાર કરે છે પાપી! ધુતારા ? અહીં આવીને માફી માંગે છે અને આટલા દુઃખ આપવામાં બાકી નથી રાખ્યું. હવે હું તને નહિ છોડું. એમ વિચારી પાસે પડેલી એક મોટી પથ્થરની શીલા કમઠે મરૂભૂતિના માથા ઉપર ફેંકી. તેથી મરૂભૂતિને સખત પીડા થવા લાગી. માથું ફૂટી ગયું. લોહીની ધાર ચાલી. આ વખતે એના મનમાં કમઠ પ્રત્યે જરા પણ દ્વેષભાવ નથી આવ્યો પણ શીલા માથામાં વાગવાથી જે અસહ્ય વેદના થઇ તે સહન ન થવાથી મનમાં આર્તધ્યાન આવ્યું ને ત્યાં ને ત્યાં મરણ પામ્યા. આર્તધ્યાનના કારણે એ જંગલમાં ફરતી હાથણીના પેટમાં હાથીપણે ઉત્પન્ન થયા.

આર્તધ્યાનથી શું પરિણામ આવ્યું :-

બંધુઓ ! જુઓ આ મરૂભૂતિ કેવું શ્રાવકપણું પાળતો હતો. કરમને શરમ છે? સહેજ આર્તધ્યાનના કારણે તિર્યંચગતિમાં ફેંકાઇ ગયો. આપણને ક્ષણે ક્ષણે આર્તધ્યાન થાય છે. બે ચાર મિત્રો ભેગા થયા અગર સંઘના કાર્યકર્તાઓની મિટિંગ ભેગી થઇ અને એક ઠરાવ કર્યો. તે ઠરાવ કોઇને મંજુર હોય ને કોઇને નામંજુર હોય તો વચ્ચે વચ્ચે વિખવાદ ઉભો થાય. એક બીજાને એમ થાય કે મારૂં ધાર્યું ન થયું એટલે આર્તધ્યાન થવાનું. માટે આર્તધ્યાન, રૌદ્ર ધ્યાન થવાનો પ્રસંગ આવે ત્યારે ખૂબ સાવધાન રહો. આપણા આત્માનું બગડે નહિ તેનું ખાસ લક્ષ રાખો.

"મરૂભૂતિના મૃત્યુથી પિતાને જાગેલો વૈરાગ્યભાવ"

મરૂભૂતિના આવા કરૂણ મૃત્યુથી રાજાના હૈયામાં વૈરાગ્ય ભાવના જાગી. અહો ! આ સંસાર કેવો વિચિત્ર છે. આ સંસારમાં કોઈના પ્રત્યે રાગ કરવા જેવો નથી. તમે આ સંસારને અને સગાવ્હાલાઓને મારા માનીને બેસી ગયા છો પણ સંસારમાં કોઇ કોઈનું નથી. એ તો સમય આવે ખબર પડે છે.

કોઇ કોઇનું નથી રે (૨) નાહકના મરીએ બધા મથી મથી રે...કોઇ...
કમાઉ દીકરો વહાલો રે લાગે, રખડતો દીકરો ઝેર જેવો લાગે,
ઘરમાં પણ સ્વાર્થ વિના વાત નથી રે...કોઇ કોઇનું નથી રે...

દીકરો કમાઇને લાવતો હોય તો મા બાપ કહેશે મારો દીકરો આવ્યો. પણ જો દીકરો કમાતો ન હોય અને ઉડાવતો હોય તો એના સામું કોઇ જોશે ? આ તો તમારો અનુભવ છે ને ? માટે જ્ઞાનીઓ કહે છે સંસારમાં જળ અને કમળની જેમ અલિપ્ત ભાવથી રહો.

મહારાજને સંસારની અસારતા સમજતા દીક્ષા લીધી. ચારિત્ર લઇને ઉગ્ર તપ સંયમને સ્વાધ્યાયના પ્રભાવથી જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી તેમને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. એકવાર કોઇ સાર્થની સાથે મુનિરાજ વિહાર કરતાં કરતાં એ જંગલમાંથી પસાર થઈ રહ્યા છે તે સમયે પેલો હાથી સાર્થને જોઇને તોફાને ચઢયો. માણસો ભાગાભાગ કરવા લાગ્યા. મુનિરાજ અવધિજ્ઞાનના પ્રભાવથી એને ઓળખી ગયા. કરૂણાના સાગર મુનિ ત્યાં ઉભા રહ્યા અને બોલ્યા બુઝ-બુઝ ઓ મરૂભૂતિ. મરૂભૂતિ શબ્દ સાંભળીને હાથી ચમકયો અને એને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. અહો....હું પૂર્વભવનો મરૂભૂતિ કેવું શ્રાવકપણું પાળ્યું હતું ! સહેજ આર્તધ્યાનના પ્રભાવે મરીને આ જંગલી હાથી બન્યો. સંતના ચરણમાં ઝૂકી પડયો. આંખમાં પશ્ચાતાપના આંસુ આવી ગયા. માનવજીવન હું હારી ગયો. ત્યાં મેં કેવી સુંદર આરાધના કરી છે. પૂર્વભવની આરાધના કરેલી હોવાથી ઘણીવાર સંતને જોઇને અગર ધર્મનો બોધ સાંભળીને તિર્યંચોધર્મ પામે છે. તિર્યંચો પણ શ્રાવક ધર્મનું પાલન કરી શકે છે.

એક વખત ૨૦૧૫માં અમે અમદાવાદથી ગોધરા જતાં હતાં. વચ્ચમાં ડાકોર ગામ આવે છે. ડાકોરમાં ફાગણ સુદ પુનમનો મેળો ભરાય અને વરઘોડો નીકળે. તે વરઘોડા માટે અમદાવાદથી હાથી જતા હતા. અમે વિહારમાં હતા. બધા સાધ્વીજીઓ આગળ પાછળ હતાં. હું છેલ્લી હતી. રસ્તામાં હાથી તોફાને ચઢયો. મહાવત બિચારો એને અંકુશ માર્યા કરે પણ કાબૂમાં આવતો નથી. એટલે તે દૂરથી ધૂમ પાડવા લાગ્યો, મહારાજ દૂર હઠો. હાથી નજીકમાં આવી ગયો. એટલે હું પણ રોડ ઉપરથી ખેતરમાં ચાલી ગઇ, કારણ કે જીવવું સૌને ગમે છે. કોઈને મરવું ગમતું નથી. સવ્વે જીવા વિ ઇચ્છન્તિ જાવિઉં ન મરિજ્જિઉં । હાથી ખેતરમાં આવ્યો તો હું રોડ પર ચાલી ગઇ. તો હાથી રોડ ઉપર આવ્યો. એમ ત્રણ વખત બન્યું ત્યારે વિચાર થયો કે હવે દોડવું નકામું છે. સાગારી સંથારો કરીને ઉભી રહી. હાથી છેક પાસે આવ્યો ને ધીમો પડી ગયો. હું નવકાર મંત્ર ગણતી હતી. હાથી નજીકમાં આવી ત્રણ વખત જમીન સાથે મસ્તક અડાડી નમસ્કાર કરી ચાલ્યો ગયો. વિચાર કર્યો અહો ! આ જીવે પૂર્વજન્મમાં

ધર્મની આરાધના કરી હશે! એને નમસ્કાર કરવાના કેવા ઉત્કૃષ્ટ ભાવ હતા! વંદન કરવા એ મારી પાછળ આવ્યો ત્યારે મેં મરણના ભયથી દોડાદોડ કરી. મારા નિમિત્તે એને કેટલા અંકુશ ખાવા પડયા! આંખમાં આંસુ આવી ગયા.

પેલો હાથી સાધુને જોતાં શાંત થઇ ગયો. ને મરૂભૂતિ બૂઝ-બૂઝ એટલા શબ્દમાં એને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થઇ ગયું. ત્યાં એણે શ્રાવકપણું અંગીકાર કર્યું. એક વખત એ હાથી ખૂબ તરસ્યો થયો એટલે તળાવે પાણી પીવા ગયો. તળાવમાં ખૂબ કાદવ હતો. પગ મૂકતાંની સાથે પગ ખૂંચી ગયો. ખૂબ મહેનત કરી પણ પગ નીકળતો નથી. એ તળાવમાં કમઠનો જીવ મરીને જલચર સર્પ બનેલો. એ ત્યાં આવીને પૂર્વના વૈરના કારણે હાથીના મસ્તકપર ચઢી તેના મર્મસ્થાનોમાં ડંખ ઉપર ડંખ મારવા લાગ્યો. કારમી વેદના ઉત્પન્ન થઇ પણ પૂર્વભવમાં આર્તધ્યાન કરેલું ને તેનું ફળ પ્રત્યક્ષ ભોગવી રહ્યો છે તે હવે ભૂલ ખાય? ભયંકર વેદના હોવા છતાં આર્તધ્યાનમાં ન જોડાતા ધર્મધ્યાનમાં ચઢે છે. વિચાર કરે છે અહો! આ પીડા એ મારા કર્મનો ઉદય છે. તો બિચારા સર્પ ઉપર મારે શા માટે દ્વેષ કરવો જોઇએ! શુભ કે અશુભ કર્મના ફળ સૌને અવશ્યમેવ ભોગવવા પડે છે. મેં જે કર્મો ઉપાર્જન કર્યા છે તેને સમતા ભાવે વેદવાથી મારા કર્મનો કચરો દૂર થાય છે. તો મારે શા માટે ખેદ કરવો જોઇએ! આ રીતે છેક સુધી ધર્મધ્યાનમાં દૃઢ રહ્યા તો મરીને દેવ લોકમાં ઉત્પન્ન થયા. આ છે ધર્મધ્યાનનો પ્રભાવ..આપણે દરરોજ પ્રતિક્રમણ કરતાં બોલીએ છીએ કે આર્તધ્યાન રૌદ્રધ્યાન ધ્યાયા હોય ને ધર્મધ્યાન–શુકલધ્યાન ન ધ્યાયા હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.....આ રીતે રોજ આલોચના કરીએ છીએ. મિચ્છામિ દુક્કડં દઇએ છીએ પણ અશુભ ધ્યાનથી નિવર્તીએ નહિ તો કર્મનું બંધન ચાલુ રહેવાનું છે. માટે ક્ષણે ક્ષણે અશુભ ધ્યાનથી બચવાના પ્રયત્નો ચાલુ રાખો.

જમાલિકુમારના અંતરમાં દીક્ષા લેવાની લગની લાગી છે. જલ્દી દીક્ષા લઉં અને જલ્દી મારા કર્મો ખપાવી મોક્ષમાં જવું છે. જ્યાં સુધી મોક્ષમાં જવાની લગની ન લાગે ત્યાં સુધી જીવ જેટલી કરણી કરે છે તે બધી બાહ્ય ભાવે કરે છે. તેનાથી પુણ્ય બંધાય છે. અને કર્મનિર્જરાના હેતુથી જે કંઇ વ્રત–નિયમ કરવામાં આવે છે તેનાથી કર્મો ખપે છે ને જલદી મોક્ષ મળે છે. મોક્ષનું અનંતુ અવ્યાબાધ સુખ મેળવવા એક વખત જમાલિકુમાર જેવી લગની લગાડો. નહિતર ભડકે બળતા સંસારના સુખોની સજા તો ભોગવવાની છે. જુઓ આ તમારો સંસાર કેવો ભડકે બળી રહ્યો છે. સંસારનું એક પણ સુખ એવું નથી કે જેની પાછળ દુઃખની જ્વાળાઓ ડોકીયા ન કરતી હોય. એક એક દુઃખની ચિનગારી સમસ્ત સુખોમાં આગ ચાંપી દેશે. સંસારના ક્ષણિક સુખ ખાતર અમૂલ્ય શક્તિ ને સમયનો ભોગ આપી દીધો તો પણ એક દિવસ તો છોડીને ચાલ્યા

જવાનું છે. માટે સમજો. આ સંસાર કેવો દુઃખમય છે! જ્યાં શાશ્વત સુખ છે ત્યાં જવા માટે પ્રબળ પુરૂષાર્થ ઉપાડો. લગની લગાડો.

જમાલિકુમારને સંસાર દુઃખમય લાગ્યો છે. એ છોડી સુખમાં આવવા માટે પ્રભુને વંદન કરીને કહે:-

"जं णवरं देवाणुप्पिया अम्मापियरो आपुच्छामि तएणं अहं
देवाणुप्पियाणं अंतियं मुंडे भवित्ना अगाराओ अणगारियं पव्वयामि।"

હે પ્રભુ! આપના પ્રવચન ઉપર મને અનન્ય શ્રદ્ધા થઇ છે. આપની વાણી સત્ય છે નિઃશંક છે હે પ્રભુ! મારા માતા પિતાની આજ્ઞા લઇને હવે હું ગૃહસ્થવાસનો ત્યાગ કરીને આપની પાસે અણગારપણું સ્વીકારવાની ઇચ્છા રાખું છું ત્યારે ભગવાને તેમને શું કહ્યું:-

अहा सुयं देवाणुप्पिया मा पडिबंध करेह।

હે દેવાનુપ્રિય! તમને જેમ સુખ ઉપજે તેમ કરો. સારા કાર્યમાં ન વિલંબ કરો.

આ પ્રમાણે પ્રભુ બોલ્યા એટલે જમાલિકુમારનું મન આનંદથી પ્રફુલ્લિત બની ગયું. ધન્ય ઘડી કે પ્રભુએ મારી યોગ્યતા જાણી મારો સ્વીકાર કર્યો. મને મહાવીર પ્રભુ જેવા સમર્થ ગુરૂ મળ્યા. એ ગુરૂકુળમાં મને સ્થાન મળશે. ઉંચું ચારિત્ર પાળીને જલ્દી મોક્ષમાં જવું છે. હવે ભવમાં ભમવું નથી. આ રીતે જમાલિકુમારના અંતરમાં વૈરાગ્યના પુવારા ઉડી રહ્યા છે. હવે તેના માતાપિતાની આજ્ઞા લેવા જશે. ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર: ગુણસેન રાજાનું નામ ગુણસેન તેવા તેનામાં ગુણ હતા. અગ્નિશર્મા તાપસે ધગધગતી રેતીનો વરસાદ વરસાવ્યો. કોમળ દેહ ઉપર અગ્નિ જેવા કણો ખર્યા. કેવી વેદના થઇ હશે! છતાં સહેજ આર્તધ્યાન ન કર્યું. એક ભાવના રાખી કે મેં જે કર્મો બાંધ્યા છે તે મારે પોતાને ભોગવવાના છે. એટલે તેમણે તો અંતિમ સમય સુધી ખૂબ સમતા રાખી. આનંદપૂર્વક આવેલા ઉપસર્ગ સહન કર્યા. આજે વાતો કરીએ છીએ પણ સમય આવે સમતા રહેવી કઠણ છે. અગ્નિશર્મા તાપસે વર્ષો સુધી તપની આરાધના કરી છતાં ક્રોધાવેશમાં આવીને કરેલા નિયાણાના પ્રભાવથી વિદ્યુતકુમાર નામનો દેવ થયો. જેવી મતિ તેવી ગતિ મળે છે. એક શેઠે ૬૦ વર્ષે લગ્ન કર્યા. નવા શેઠાણી આવ્યા. એ શેઠાણીનો અંગુઠો પાક્યો. વેદના ખૂબ થતી હતી. એ સમયે શેઠ મણુપથારીએ સૂતા, પણ મનમાં એવી આસક્તિ રહી ગઇ કે અરેરે....

શેઠાણીને કેવી વેદના થાય છે! એનું શું થશે મારા વગર? તેના ઉપર મમત્વભાવ રહી ગયો એટલે એની પત્નીનો અંગુઠો પાક્યો હતો તેની રસીમાં કીડા

તરીકે ઉત્પન્ન થયેા. માટે ભગવાન કહે છે કે કેાઇ પદ્ધાર્થમાં તમે આસકિત ન રાખેા. જ્ઞાતાને દ્રષ્ટા બનીને જોયા કરેા. ગુણસેન રાજાની ચામડી બળી ગઇ. કેટલી અપાર વેદના થઇ હશે છતાં પાડેાશી બનીને જોયા કર્યું. દેહાધ્યાસ છૂટી ગયેા તેા પ્રથમ સૌધર્મ નામના દેવલેાકમાં દેવપણે ઉત્પન્ન થયા. અગ્નિશર્માએ ક્રોધાવેશમાં ભાન ભૂલીને નિયાણું કર્યું છે કે મારા ઉગ્ર તપ ને સંયમનું ફળ હેાય તેા હું ભવેાભવ પાપી ગુણસેનને મારનારેા બનું, તેા આ ભવમાં વિદ્યુતકુમારના ભવમાં ગુણસેન રાજાને ધગધગતી રેતીના વરસાદ વરસાવી ઉપસર્ગ આપ્યેા ને તેના પ્રાણ લીધા. ગુણસેન રાજા તેા દેવલેાકમાં ગયા. પણ હવે અગ્નિશર્મા જે વિદ્યુતકુમાર દેવ છે તે ત્યાંથી ચ્યવીને કયાં ઉત્પન્ન થશે ને બીજા ભવમાં કેવેા સબંધ બાંધશે ને કેવી રીતે વૈર લેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૩૦

શ્રાવણ સુદ ૧૦ ને બુધવાર **તા. ૮-૮-૭૩**

કરૂણાના સાગર ભગવંતે સિદ્ધાંત વાણી દ્વારા આત્મસ્વરૂપનું ભાન કરાવ્યું. પૂર્વભવમાં જીવે સત્કર્મો કર્યા તેા આવેા ઉત્તમ માનવજન્મ મળ્યેા છે. માનવજન્મની કિંમત જ્ઞાનીઓએ આંકી છે તેનું કારણ એ છે કે સમજણપૂર્વકની સાધના કરી મેાક્ષની પ્રાપ્તિ કરી શકાય છે. બાકી આ દુનિયામાં ઘણા મનુષ્યેા જન્મે છે ને મરે છે તેની કંઇ કિંમત નથી. આ જીવે સાધના તેા ઘણી કરી છે પણ એ સાધના સંસાર વધારવાની કરી છે. આત્મસ્વરૂપ પ્રગટ કરવા માટે નહિ. તપ-જપ-વ્રત-પ્રત્યાખ્યાન આદિ ક્રિયાઓ કરી પણ એની પાછળ આકાંક્ષા રાખી કે દાન દઉં તેા આવતા ભવમાં ધન મળે. સામાયિક કરૂં ને સુખ મળે. ધર્મ કરું તેા ધન મળે. આવી સુંદર કરણીની પાછળ જડ સુખેાની અભિલાષા રાખી તેા આત્મિક સુખ વેચી નાંખ્યું. ધર્મ કરું ને મને મેાક્ષ મળે. ભગવાન કહે છે મેાક્ષ માંગવાની પણ જરૂર નથી. ખિસ્સામાં હજાર રૂપિયા લઇ બજારમાં ગયા તેા જે માલ લેાઇએ છે તે મળવાનેા છે તે વાત નિશ્ચિત છે. તેમ કર્મનિર્જરાના હેતુથી ધર્મ કરીએ તેા મેાક્ષ મળવાનેા છે એ નિઃશંક વાત છે. આ નાશવંતને જડ સુખ માંગવું પડે છે. શાશ્વતને માંગવાની જરૂર નહિ પડે. માટે આત્મસાધનાનેા જે અમૂલ્ય અવસર જાય છે તેનેા સદુપયેાગ કરી જીવનમાં પાત્રતા કેળવેા.

ભગવંત ફરમાવે છે કે જ્યાં સુધી જીવ પાત્રરૂપી ચિત્તશુદ્ધિ ન કરે ત્યાં સુધી

સમ્યગ્ દર્શન-જ્ઞાન અને ચારિત્રરૂપી રત્નો તેની તિજોરીમાં અનામત ન રહી શકે. કિંમતી ઝવેરાતને તમે રસોડાના કબાટમાં કે કપડાના કબાટમાં મૂકો છો ? ન મૂકો પણ ગોદરેજની તિજોરીના કબાટમાં મૂકો. એ તિજોરી કેટલી મજબૂત હોય છે ? બહારવટીયા ઘણના ઘા મારે છતાં એ રત્ન ચોરી શકે નહિ. તેમ જ્ઞાની કહે છે આત્માર્થી સંતો અને શ્રાવકો જેમણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે તેવા સમ્યગ્દૃષ્ટિ જીવો 'એકે હજારા' સર્વાર્થ સિદ્ધ વિમાનની દૈવી સંપત્તિ આપતાં પણ એ રત્નના મૂલ્ય થઇ શકે નહિ. દેવલોકના રત્નો કેવા કિંમતી હોય છે ! સૂર્ય ને ચંદ્ર કરતાં પણ તેજસ્વી ત્યાંના રત્નો છે. એના કરતાં પણ સમ્યગ્જ્ઞાન દર્શનને ચારિત્રરૂપી રત્નો મહાન તેજસ્વી ને કિંમતી છે.

દેવાનુપ્રિયો ! તમારી પાસે રહેલા કિંમતી ઝવેરાત ને નાણું સાચવવા તિજોરી મજબૂત હોય છે ને ચોકી કરવા માટે ચુરખો પણ રાખ્યો હોય છે કે જેથી બહારવટીયા એ ઝવેરાત લૂંટી શકે નહિ. તે રીતે અહીં જ્ઞાની પુરૂષો કહે છે કે મહાન પુરૂષોએ ઘણો પુરૂષાર્થ કરીને જે જ્ઞાન-દર્શન-ચારિત્ર ને તપરૂપી રત્નોની પ્રાપ્તિ કરી તો તેને સાચવવા માટે ચોકીદારો ગોઠવી દીધા છે. તે ચોકીદાર કોણ છે ? તે તમે જાણો છો ? કષાયરૂપી ડાકુઓ આવે તો નાશ કરી નાંખે તેવા બળવાન તપ-ત્યાગ-મૌન-સ્વાધ્યાય-આત્મચિંતવન, નિરંતર સંતપુરૂષોનો સમાગમ, સતત વીરવાણીનું શ્રવણ એવા ચોકીદારો રાખ્યા છે. હવે કોઇ ચોરો અંદર ઘૂસી જાય ખરા ? સમ્યગ્દૃષ્ટિ આત્માઓ ક્ષણે ક્ષણે સાવધાન રહે. ત્યાગ અને તપનું શરણ લઇ આત્માનું ચિંતન મનન કરે પણ સંસારના અશુભ ભાવોને અંતરમાં પેસવા દે નહિ. પોતાની ઇન્દ્રિયોને કાબૂમાં રાખવા આયંબીલ, ઉપવાસ આદિ તપ કરે. કાંદા-કંદમૂળનો, રાત્રીભોજન ખીડી આદિ ખોટા વ્યસન ને પરસ્ત્રીનો ત્યાગ તો સાચા શ્રાવકોને હોય જ. સ્વસ્ત્રીમાં સંતોષ રાખી બને તેટલું વધુ બ્રહ્મચર્યનું પાલન કરે. નિરંતર અંતરમાં એવી ભાવના રહે કે આ જન્મ-જરા ને મરણથી ભરપૂર એવા સંસારનો જલ્દી પાર પામી જાઉં. અક્ષય આનંદ સ્વરૂપ આત્મસુખ કેમ પામું ! આવી ભાવના થતાં ધન-દોલત કુટુંબ કબીલા ને બંગલા પ્રત્યે ઉદાસીનતા આવે છે. પછી ત્યાગ-વૈરાગ્ય તરફ રૂચી જાગે છે. ચિત્તશુદ્ધિ વિના આત્મદર્શન નહિ થાય. અરિસો સ્વચ્છ હોય તો નખથી શીખ સુધી પ્રતિબિંબ દેખાય છે. પણ એ જ અરિસા ઉપર ડામરની પીંછી ફેરવી દેવામાં આવે તો ? કંઇ ન દેખાય. તેજ રીતે વીજળીના બલ્બ ઉપર ડામરની પીંછી ફેરવી દે તો બહાર અંધકાર દેખાય છે. પણ અંદરમાં અજવાળું હોય છે. તેમ આપણો આત્મા પરમાર્થ દૃષ્ટિએ જોવામાં આવે તો વીજળીના બલ્બ જેવો છે. પણ રાગ-દ્વેષ અને મોહનો ડામર આત્માના પ્રદેશે પ્રદેશે પથરાઈ ગયો છે તેથી અનંત જ્ઞાનનો ધણી અંધારમાં આથડી રહ્યો છે. આત્મા કેવો છે ?

આત્મા સદ્‌ગુણનો ભંડાર, સત્ય શૌચળનો શણગાર,
એની શોભા અપરંપાર (૨)...
અનંતજ્ઞાનદર્શન ઝળકે, ચારિત્ર ચાંદની ચમકે
ચેતનનો ચળકાટ તું જોજે (૨) એ છે તેજતેજનો અંબાર (૨)
એની શોભા અપરંપાર (૨)...આત્મા...

આત્મા અનંત જ્ઞાન-દર્શનનો પુંજ છે. પણ કર્મના આવરણના કારણે ને મિથ્યાદૃષ્ટિના લીધે અનંત જ્ઞાન અજ્ઞાનના રૂપમાં ફેરવાઇ ગયું છે. ચારિત્રનો ગુણ પોતાનામાં સ્થિર કરવાને બદલે વિકાર થઇ ગયો છે. આત્માને બદલે પરવસ્તુમાં તેની લીનતા ને એકાગ્રતા તે વિકાર છે. જ્ઞાન-દર્શન નષ્ટ થયા નથી પણ અનંતકાળથી રાગ-દ્વેષને મોહના કારણે વિકાર થયો છે. તેના કારણે પોતાનું ભાન ભૂલી ગયો છે. પરવસ્તુમાં આત્મભ્રાન્તિ થવાના કારણે વિકૃતિ આવી ગઇ છે. જેમ દૂધમાં મીઠું નાખવામાં આવે તો ફાટી જાય ને? તેમ જ્ઞાન એ મિથ્યાજ્ઞાનમાં પરિણમે છે. સાચા દેવ-ગુરૂને ધર્મ પ્રત્યે શ્રદ્ધા થઇ નથી, વસ્તુના સત્ય સ્વરૂપની પણ શ્રદ્ધા થઈ નથી. ભ્રમના કારણે ઉંધી શ્રદ્ધા થઈ છે. આ રીતે આત્મા અનંતકાળથી મલીન બની ગયો છે. અંદર જે મેલના થર જામ્યા છે તેને દૂર કરવા માટે વીતરાગવાણીનું પવિત્ર જળ તેના ઉપર રેડતો જાય તો એ મેલ ધોવાતો જાય ને જ્ઞાન-દર્શન-ચારિત્રની શુદ્ધિ થાય. જેમ દર્પણ ઉપરથી સંપૂર્ણ ડામર ઉખેડી નાંખવામાં આવે તો પ્રતિબિંબ સ્પષ્ટ દેખાય છે તેમ આત્મા ઉપરથી કર્મરૂપી ડામર ઉખડી જાય તો પોતાનું સ્વરૂપ બરાબર જોઇ શકે.

જમાલિકુમારે એકવાર પ્રભુની દેશના સાંભળીને પોતાના સ્વરૂપમાં સ્થિર થઇ ગયા. એને સંસારના સમગ્ર પદાર્થો પ્રત્યે ઉદાસીનભાવ આવી ગયો. જ્યાં સુધી સંસારનો રાગ ન છૂટે ત્યાં સુધી તમે કેવા બનો તેના ઉપર ચાર માખીનો ન્યાય. ચાર પદાર્થો ઉપર ચાર માખીઓ બેસે છે. સાકર-મધ-બળખો ને પથ્થર. એ ચાર વસ્તુ ઉપર ચાર માખીઓ બેઠી છે. સાકર ઉપર બેઠેલી માખીને ઇચ્છા હોય ત્યાં સુધી સાકરના સ્વાદની મોજ માણે ને મન થાય ત્યારે ઉડી જાય. એને બંને રીતે આનંદ આવે છે. તેમ ભગવાન કહે છે કે જે જીવો પુણ્યાનુબંધી પુણ્ય લઇને આવ્યા હોય છે તે જીવો સાકર ઉપર બેઠેલી માખી જેવા છે. એને જ્યાં સુધી સંસારના સુખો ભોગવવા હોય ત્યાં સુધી ભોગવી શકે અને મન થાય ત્યારે તેના પ્રત્યે અનાસક્ત ભાવ કેળવી સંસારને લાત મારીને નીકળી જાય. જમાલિકુમાર અને શાલીભદ્ર જેવા આત્માઓ સાકર ઉપર બેઠેલી માખી જેવા હતા. એમણે સંસારના સુખની મોજ માણી અને જ્યારે સમજાયું કે સંસાર દાવાનળ છે ત્યારે ક્ષણવારમાં છોડીને ચાલ્યા ગયા.

બીજી મધ ઉપર બેઠેલી માખી મધની મીઠાશનો સ્વાદ ચાખે પણ એ ત્યાં ચોંટી જાય એટલે એને મધની મીઠાશની મોજ ભારે પડી જાય છે. એટલે બિચારી રિબાઇ રિબાઇને મરી જાય છે. તેમ પાપનુબંધી પુણ્યના ઉદયવાળા જીવોની આવી દશા હોય છે. જેમ બ્રહ્મદત્ત ચક્રવર્તિને પુણ્યના ઉદયથી ચક્રવર્તિનું પદ મળ્યું પણ એ જીવનના અંત સુધી ભોગોમાં આસકત રહ્યો, મધ જેવા કામભોગમાં ચોંટી ગયો. ચિત્તમુનિ તેને સમજાવવા માટે આવ્યા પણ સમજ્યા નહિ. મરીને સાતમી નરકમાં ગયા ત્યાં કેટલી વેદના ભોગવી રહ્યો છે! કેટલા કાળ સુધી એ વેદના ભોગવશે તે જાણો છો? તેત્રીસ સાગરોપમ સુધી નરકની રૈા રૈા વેદના ભોગવવી પડશે. બંધુઓ! આ વાત ખ્યાલમાં રાખજો. જીવનના અંત સુધી સંસારના સુખમાં આસકત રહેશો તો શું દશા થશે? મમ્મણ શેઠની પણ કેવી દશા હતી? પૂર્વના પુણ્યથી કેટલી સંપત્તિ મળી હતી છતાં તેને તૃપ્તિ ન હતી. ગમે તેટલું મેળવ્યું ને ભોગવ્યું છતાં મૂકીને એક દિવસ જવાનું છે. તો સમજીને શા માટે ન છોડવું? વીતરાગ વાણી સાંભળીને કંઇક ને કંઇક છોડતા શીખો.

ત્રીજી બળખા ઉપર બેઠેલી માખીની કેવી દશા હોય છે? એને તો કંઈ સ્વાદ ચાખવા ન મળે અને ઉડવું હોય ત્યારે ઉડી પણ ન શકે. પાપાનુબંધી પાપના ઉદયવાળા જીવોની બળખા ઉપર બેઠેલી માખી જેવી દશા હોય છે. કાલસૂરી કસાઈ ન તો સંસારનું સુખ માણી શકયો કે ન તો તેમાંથી છૂટી શકયો. એકાંત પાપમાં રકત રહ્યો. શ્રેણીક રાજાએ તેને એક દિવસ હિંસા બંધ કરવાની કહી તો પણ બંધ ન કરી. છેવટે એને કૂવામાં ઉતાર્યો તો પણ પાડા ચીતરીને માર્યા એટલે ભાવથી તો હિંસા ચાલુ રહી. જે આત્માઓ જીવનભર પાપ કરે છે તેને કેવા કર્મો ભોગવવા પડે છે!

આજે ભારતભૂમિ ઉપર કેટલો હત્યાકાંડ વધી રહ્યો છે. દેવનારમાં જંગી કતલખાનું ખોલવામાં આવ્યું છે. તેમાં મૂક પશુઓની કેવી કરપીણ રીતે હિંસા કરવામાં આવે છે. એની કહાણી વાંચતા કાળજું કંપી જાય છે, આજે એ મૂંગા પશુઓની ફરીયાદ સાંભળનાર કોઇ નથી. એક જમાનો એવો હતો કે ગાડા નીચે કૂતરું આવી જાય તો લોકો ભેગા થઇને ગાડાવાળાને ધમકાવી નાંખતા. એના ઉપર કેસ કરતા ને આજે તો માણસ કપાઇ જાય તેનો અરેકાર નહિ. કેટલી નિર્દયતા!

અકબર બાદશાહે તેના મહેલમાં એક ઘંટ બાંધેલો. એનો નિયમ હતો કે જ્યારે ખૂબ મુશ્કેલી આવી પડી ત્યારે ઘંટ વગાડવો, અને બિનજરૂરીયાતે ઘંટ વગાડનારને ફાંસીની સજા કરવામાં આવશે એવો કાયદો હતો. એક વખત એક ગાય એ ઘંટ પાસે આવીને ઘંટ સાથે માથું ઘસવા લાગી એટલે જોરથી ઘંટ વાગ્યો. બે-ત્રણ વખત વાગ્યો ત્યારે બાદશાહ કહે છે બીરબલ જોતો ખરો કોણ ભયંકર દુઃખમાં આવી પડયું છે કે

આટલા જોરથી વારંવાર ઘંટ બજાવી રહ્યું છે જલ્દી તપાસ કર. બીરબલ જુવે તો ગાય મોઢામાં ઘાસના તરણાં ચાવતી ચાવતી ઘંટ સાથે માથું બંજવાળે છે. બીરબલે વિચાર કર્યો કે જો હું બાદશાહને એમ કહીશ કે ગાય ઘંટ વગાડે છે તો ક્રોધે ભરાઈને એનું માથું ઉડાડી મૂકશે. પણ બીરબલ બુદ્ધિશાળી હતો. ગાયને કેમ બચાવવી એનો ઉપાય શોધ્યો ને બાદશાહને કહે છે બાપુ! આજની ફરીયાદ જુદી છે. માનવની ફરીયાદ નથી પણ અબોલ પશુની છે. એક ગાય મોઢામાં ઘાસનું તરણું લઈને ફરીયાદ કરે છે.

ગૌમાતાની ફરીયાદ

ઘાસ બાઉં ને દૂધ જ આપું, તો ય અન્યાય મોટો થાય,
મારા વાછરડાને ધાવતો છોડાવી, દૂધ લીએ છે માલીક...તોય

સાહેબ! ગૌવા ફરીયાદ કરે છે કે હું લૂખું સુકું ઘાસ બાઈને માનવીને દૂધ આપું છું. મારા બચ્ચાને પૂરું દૂધ પીવા દેતી નથી તો પણ અમારી જાતિના પશુઓને મારી નાંખવામાં આવે છે. અમે કષ્ટ વેઠીને પણ પાંચ પદાર્થો માનવીને બક્ષિસ કરીએ છીએ. પ્રથમ દૂધ, દૂધને મેળવતાં દહીં, દહીંને વલોવતા માખણ મળે ને માખણને તાવો તો ઘી બને. એ દૂધ ને ઘીમાંથી અનેક પ્રકારની મીઠાઈ બને છે. અમારું મૂત્ર પવિત્ર ગણાય છે. કોઈને ચળ ઉપડે તો પણ ગૌમૂત્ર ચોપડવાથી મરી જાય છે ને છાણનું બાતર બને છે. જે અનાજ પકવવામાં કેટલું ઉપયોગી બને છે! અને મરી જાઉં ત્યારે મારા ચામડાના જુત્તા બનાવીને પહેરે છે. છતાં મને ત્રાસ આપે છે. આ કેવો અન્યાય કહેવાય! આ છે ગૌવાની ફરીયાદ. બાદશાહ વિચાર કરે છે આ તો મોટી ફરીયાદ કહેવાય. બોલો, ગાયે આવી ફરીયાદ કરી હતી? "ના." પણ મૂંગા પશુઓનું રક્ષણ કરવા માટે બીરબલની બુદ્ધિનો કેવો કિમિયો કહેવાય? અકબર બાદશાહના મગજમાં વાત ઉતરી ગઇ ને ગાય માતાને પંપાળીને કહે છે માડી તારી ફરીયાદ હું લક્ષમાં લઉં છું ને તું જા. આજથી હું મારા રાજ્યમાં ઢંઢેરો પીટાવું છું કે જ્યાંસુધી મારી આણવર્તે છે ત્યાંસુધી કોઇએ ગૌમાતાની કતલ કરવી નહિ. આ હતા રાજા ને આ હતા પ્રધાન! આજની સરકાર અને એના પ્રધાન બધાય સરખા છે. સરકાર કહે છે કે અનાજની તંગી છે માંસ બાવ. માંસાહારનો પ્રચાર કરે છે. બાળકોના કુમળા મગજ ઉપર એની અસર થાય છે માટે સાવધાન રહેજો. બાળકોને ધર્મના સંસ્કાર આપજો કે માંસ ભક્ષણ કરનારો નરકમાં જાય છે. એની બુદ્ધિ ભ્રષ્ટ થઇ જાય છે. જૈનના દીકરાને કદી માંસ બવાય નહિ એવી હિત શીખામણ આપજો. નહિતર પાછળ બૂબ પસ્તાવું પડશે.

આપણે ચાર પ્રકારની માખીની વાત ચાલતી હતી. ચોથા પ્રકારની માખી પથ્થર ઉપર બેસે તે ભલે કંઇ સ્વાદ ન ચાખી શકે પણ એને ઉડવું હોય ત્યારે ઉડી શકે બરી. પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવો આ ચોથા પ્રકારની માખી જેવા હોય છે.

જેમ પુણીયો શ્રાવક સંસારમાં સુખની મોજ માણતો ન હતો અને તેમાં લેપાતો પણ ન હતો. એની સામાયિક કેટલી કિંમતી હતી ! એને ધર્મ પ્રત્યે કેવી દૃઢ શ્રદ્ધા હતી ! તમારો નંબર કેટલામા નંબરની માખીમાં આવે છે તેનો વિચાર કરજો.

જમાલિકુમાર સાકર ઉપર બેઠેલી માખી જેવા હતા.. એમણે સંસારના સુખ માણ્યા પણ આત્મસ્વરૂપનું ભાન થતાં તે છોડી દેશે અને તમને માણતા આવડે છે પણ છોડતા આવડતું નથી. જમાલિકુમાર પ્રસન્ન અને આનંદિત બનીને પ્રભુને ત્રણ વખત વંદન કરીને પોતે ચાર ઘંટવાળા અશ્વરથમાં બેસી જાય છે. પોતે આવ્યા ત્યારે પુષ્પના હાર વિગેરે જે પહેર્યું હતું તે પહેરી લીધું. છત્ર ધારણ કર્યું અને પોતાના સુભટો આદિના મોટા પરિવારથી ઘેરાયેલો ક્ષત્રિયકુંડનગરના મધ્યભાગમાં થઈને જ્યાં પોતાનું ઘર છે અને જ્યાં બહારની ઉપસ્થાન શાળા છે ત્યાં આવે છે એટલે ઘોડાને રોકી પોતે રથમાંથી નીચે ઉતરે છે.

બંધુઓ ! જમાલિકુમાર પ્રભુના દર્શન કરી વાણી સાંભળીને વૈરાગ્યના રંગે રંગાઇ ગયા છે. ગયા ત્યારે પ્રભુના દર્શનની ભાવના હતી પણ હવે વૈરાગ્યનો માલ લઈને આવ્યા છે. હવે એની એકેક ક્ષણ લાખેણી જાય છે. તમારે મન પૈસાની કિંમત છે. એને મન સમયની કિંમત છે. પહેલાનાં જમાલિકુમાર જ્યારે બહારથી આવતા ત્યારે સીધા ણીઓના મહેલે જતાં. અત્યારે એના કદમ માતપિતાના મહેલ તરફ ઉપડયા. અંતરંગ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે. વૈરાગી આત્મા સંસાર છોડે તે પહેલાં પણ એની પૂર્વ અવસ્થા કેવી હોય છે ! એ ચાલે તો કેવી રીતે ? એની બધી ક્રિયા કેવી હોય છે ?

" વૈરાગીનો વ્યવહાર કેવો હોય ? "

जयं चरे जयं चिट्ठे, जयं आसे जयं सए ।
जयं भुजंतो भासन्तो, पावकम्मं न बंधई ।।

દસ. સૂ. અ. ૪, ગાથા ૮

વૈરાગી આત્મા એકેક પગલું ભરતાં ખૂબ યતના રાખે. ઉભો રહે તો પણ જોઇને કે અહીં કોઈ જીવ મારા પગ નીચે દબાઇ તો નહિ જાય ને? એના બેસવામાં, સૂવામાં, બોવામાં ને બોલવામાં બધે ભારોભાર યતના ભરી હોય. એ આત્મા એ વિચાર કરતો હોય કે અહો ! જેમ મને જીવવું ગમે છે તો દુનિયાના બધા જીવોને જીવવું ગમે છે. મને સુખ પ્રિય છે તેમ બધાને સુખ પ્રિય છે. આ રીતે એની રગેરગમાં કરૂણાભાવ ભર્યો હોય છે.

" જમાલિકુમાર માતાના મહેલે આવ્યા. "

જમાલિકુમાર રથમાંથી ઉતરી યતનાપૂર્વક પગલા ભરતાં અંદરની ઉપસ્થાન-શાલામાં જ્યાં માતાપિતા બેઠા હતા તે તરફ જાય છે.. માત-પિતાના મહેલની સીડીના

પગથિયાં ચઢતાં રત્નજડિત દીવાલો એને પૃથ્વીના ઢેફા જેવી દેખાય છે. જરા પણ રાગભાવ નથી. મહેલની સીડીના પગથિયાં ચઢતાં તે શુદ્ધ ભાવનાની શ્રેણી પર ચઢતા જાય છે. ચાલતા ચાલતા જ્યાં માતા-પિતા બેઠા હતા ત્યાં આવે છે. માત-પિતાને વંદન કરી જય હો....વિજય હો....એવા શબ્દોથી માતા-પિતાને વધાવે છે.

જમાલિકુમારના શબ્દો સાંભળી માતા-પિતા આશ્ચર્ય પામી ગયા. અહો ! આજે જમાલિની વાણીમાં ફેર છે. રોજ એ આપણી પાસે આવે છે ને આજે આવ્યો છે તેમાં ફેર પડે છે. દેવાનુપ્રિયો ! એક વખતના સંતસમાગમમાં કેટલું પરિવર્તન ! પહેલા ભોગમાં પડેલો હતો ને હવે યોગમાં જોડાએલો છે. વૈરાગીની વાણી અને વર્તનમાં ફેર હોય છે. તમે આટલા બધા બેઠા છો પણ આમાં કોઇ વૈરાગી ભાઇ કે બહેન બેઠા હોય તો એ જુદા તરી વળે છે. તમને છોડવાનું મન થાય છે ? સમકિતી આત્માની દશા કેવી હોય ? હું સંસારમાં રહ્યો છું. પણ એને છોડ્યા વિના છૂટકારો થવાનો નથી. સંસાર ખરાબ છે. છોડવા જેવો છે. હું નથી છોડી શકતો તેનું દિલમાં પારાવાર દુઃખ છે. આવી ભાવના જાગશે ત્યારે સમજી લેજો કે હું કંઈક સમજ્યો છું. માત-પિતાને વંદન કરી જય-વિજય શબ્દોથી વધાવીને વિનયપૂર્વક હાથ જોડીને ઉભા રહ્યા. હવે એમને પોતાના હૃદયના ભાવ માતા-પિતા પાસે પ્રગટ કરવા છે. પણ બધી વાત વિધિએ કરાય. પાણીની તરસ લાગે તો ગ્લાસમાં પાણી લઈને ધીમે ધીમે પીવાય પણ નદી કે તળાવમાં ડૂબકી ન મરાય. હવે જમાલિકુમાર વિધિપૂર્વક એમના હૃદયના ભાવ માતા-પિતા પાસે પ્રગટ કરશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

" ચરિત્ર " :- અગ્નિશર્માએ ગુણસેન રાજા સાથે ભયંકર વૈર બાંધ્યું છે. ભગવાન કહે છે- વેરાણુબંધિણિ મહબ્ભયાણિ એક બીજા જીવો સાથે વૈર બાંધવાથી જીવને ભય ઉત્પન્ન થાય છે. અને પરભવમાં વૈરના મહાન દારુણ દુઃખો જીવને ભોગવવા પડે છે. અગ્નિશર્મા પૂર્વે બાંધેલા નિયાણાના કારણે વિદ્યુતકુમાર દેવ થયો અને ગુણસેન રાજા સાથે વૈર લીધું. આટલેથી આ વાત પતી જવાની નથી. પણ એણે નિયાણું કર્યું હતું કે હું ગુણસેનને ભવોભવ મારનારો થાઉં. ગુણસેન રાજા સમભાવપૂર્વક ઉપસર્ગ સહન કરીને સૌ ધર્મનામના પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થયા. દેવને માતાના ગર્ભમાં આવવાનું હોતું નથી. નારકી અને દેવોને ઉપપાત જન્મ હોય છે. એટલે નારકીકુંભીમાં ઉત્પન્ન થાય છે ને દેવ દેવશૈયામાં ઉત્પન્ન થાય છે. દેવના પલંગમાં દિવ્યશૈયા બિછાવેલી હોય છે. એના ઉપર એક ચાદર બિછાવે છે. તેમાં દેવ જઈને ઉત્પન્ન થાય છે. અંતર્મુહૂતમાં જેટલી કાયા બાંધવાની હોય તેટલી બાંધી લે છે. એટલે તરત દેવી હાજર થાય છે ને બોલે છે અમ્મા મારા સ્વામીનાથને ! આપે શું તપ કર્યા, જપ કર્યા દાન-પુણ્ય કર્યા કે અમારા સ્વામી બન્યા. દેવને અવધિજ્ઞાન હોય છે, એટલે તરત

તે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોવે છે કે મે શું ધર્મકરણી કરી કે જેના પ્રભાવે આવો મહર્ધિક દેવ થયો ? સમકિતી દેવ તરત પ્રભુના દર્શન કરવા જવાની ભાવના કરે છે. એ દેવીના રંગરાગમાં લપટાતો નથી. ત્યારે દેવી શું કહે છે સ્વામીનાથ! અમારું નાટક તો જોતા જાવ. ત્યારે એ દેવીને કહે છે કે દેવી! આ બધું તો મને અનંતીવાર મળ્યું છે. આવા ભોગ તો ઘણાં ભોગવ્યા. જે નથી મળ્યું તે મેળવવું છે. તમને કદી આવું થાય છે કે પૈસા તો પુણ્ય હશે તો રળતાં મળી રહેશે પણ આ વીતરાગવાણી વારંવાર સાંભળવા નહિ મળે. મારો નિયમ એટલે નિયમ, પછી ગમે તેવો મોટો ભૂપ આવે તો પણ મારે વીતરાગવાણી ન છોડાય. જો તમારે આવો નિયમ હશે તો વહેપારીઓ ઉપર પણ છાપ પડશે કે ફલાણા ભાઇ એમના ધર્મના નિયમમાં કેવા દૃઢ છે. ગુણસેન રાજા દેવલોકમાં ઉત્પન્ન થયા ને દિવ્ય સુખો ભોગવતાં એક સાગરોપમની આયુષ્યસ્થિતિ પૂર્ણ કરી ક્યાં ઉત્પન્ન થાય છે અને અગ્નિશર્મા ક્યાં ઉત્પન્ન થાય છે તે સાંભળો.

—: બીજો ભવ :—

આર્યાવર્ત ભારતભૂમિપર જયપુર સુંદર શહર,
પુરૂષદત્ત રાજા પાલક હૈ, કર રહા લીલા લહર
મનહર "શ્રીકાન્તા" મહારાણી પૂર્ણ પતિકી મહર...હો...શ્રોતા તુમ...

આ જંબુદ્વીપના પશ્ચિમ વિદેહમાં દેવલોકનું અનુકરણ કરતું ઉદ્યાનો અને બગીચાઓથી શોભતું પૃથ્વી ઉપર તિલકસમાન જયપુર નામનું નગર છે. તે નગરના લોકો કેવા છે ? જ્યાં ખૂબ સૌંદર્યવાન અને જેનું ચારિત્ર ઉજ્જવળ છે તેવી પવિત્ર સ્ત્રીઓ છે. જે નગરમાં પરસ્ત્રી ભોગવવામાં નપુંસક, પરાયા દોષ એવામાં અંધ, પરાયા અવર્ણવાદ સાંભળવામાં બહેરા, બીજાની નિંદા કરવામાં મૂંગા, પરધન હરણ કરવામાં સંકુચિત હાથવાળા, અને પરોપકાર કરવામાં તલ્લીન એવા પવિત્ર પુરૂષો હતા. અને ન્યાય-નીતિથી યુક્ત પરાક્રમી, અને તેજસ્વી પુરૂષદત્ત નામના રાજા હતા. તેમને શ્રીકાંતા નામથી પટ્ટરાણી હતી. આ મહારાજા ખૂબ ન્યાયી ને દયાળુ હતા. એના રાજ્યમાં પ્રજાને કોઇ જાતનું દુઃખ ન હતું. ચોર ડાકુનો ભય ન હતો. પ્રજા સુખી તો હું સુખી અને પ્રજા દુઃખી તો હું દુઃખી એમ રાજા સમજતાં હતાં. પોતાની પ્રજાને સુખી જોઈ રાજા આનંદ પામતા હતા. ગૌરવ લેતા હતાં કે મારી નગરમાં આવા ભાગ્યવાનો વસે છે.

પુરૂષદત્ત રાજા શ્રીકાંતા રાણીની સાથે દેવલોકના જેવા સુખો ભોગવતાં આનંદથી રહે છે. આ શ્રીકાંતા રાણીના ગર્ભમાં કયો જીવ આવીને ઉત્પન્ન થશે ને રાણીને કેવું સ્વપ્ન આવશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૩૧

શ્રાવણ સુદ ૧૧ ને ગુરૂવાર તા. ૯-૮-૭૩

અનાદિકાળથી ભવવનમાં ભ્રમણ કરતાં જીવોનું ભ્રમણ ટાળવા કરૂણાનિધી ભગવંતે સિદ્ધાંત વાણીની પ્રરૂપણા કરી. ભગવાન કહે છે અનાદિકાળનું તારું ભ્રમણ ટાળવાનો કોઇ અવસર હોય તો માનવભવ છે. ભવોભવની આંટીઘૂંટીઓ અહીં ઉકલશે. અનેક ભવોમાં બાંધેલી કર્મની ગાંઠોઓ આ માનવભવમાં સાફ કરી શકાય છે. એને માટે કેવી ઉગ્ર આરાધના જોઇએ. જેમ નાણા કમાવાની સીઝનમાં તમે ભૂખ-તરસનું ભાન ભૂલી જાવ છો તેમ જ્યારે આત્માની આરાધના કરવાની સીઝન હોય ત્યારે તમને સંસાર ભૂલાઇ જવો જોઇએ. વિચાર કરો કે આટલા વર્ષોથી ઉપાશ્રયે આવું છું, વ્યાખ્યાન સાંભળું છું, તપ-જપ કરું છું પણ હજુ કલ્યાણ કેમ નથી થતું? અંતરના ઉંડાણમાંથી તપાસ કરશો તો સમજાશે કે આટલું બધું કરું છું પણ હજુ સંસારની વાસના છૂટી નથી. વાસના છૂટશે તો સંસારથી વિરામ મળશે અને કલ્યાણ થશે. હજારો મણ લાકડાને બાળવા હજારો મણ અગ્નિની જરૂર નથી.

એક જ દે ચિનગારી મહાનલ એક જ દે ચિનગારી

એક નાનકડી અગ્નિની ચિનગારી લાકડાની મોટી ગાંઠને બાળીને સાફ કરી નાંખે છે. તેમ સમ્યક્‌ત્વની એક ચિનગારી મિથ્યાત્વના ગાઢ વનને બાળી નાંખે છે. સમ્યક્‌ત્વ આવે એટલે સંસાર કટ થઇ જાય. આવું સમ્યક્‌ત્વ મનુષ્યભવમાં પામી શકાય છે. જ્ઞાની કહે છે હે જીવો! જાગો, સમજો ને બુઝો. કિનારે આવી ગયા છો. ચાર ગતિ-ચોવીસ દંડક ને ચોરાસી લાખ જીવાયોનિની અપેક્ષાએ મનુષ્યભવ કિનારા જેવો છે. આ કિનારે આવીને ડૂબી ન જવાય તેનું ખાસ લક્ષ રાખજો.

પ્રભુની વાણી જમાલિકુમારના અંતરમાં ઉતરી ગઇ. એ વિચારવા લાગ્યા અહો નાથ! તારા વિના મારી સિદ્ધિ નથી. તેં જે માર્ગ અપનાવ્યો છે તે હું અપનાવું તો મારા કર્મની સાંકળ તૂટશે. કારણ કે જ્યાં સુધી કર્મો આત્માને લાગેલા છે ત્યાં સુધી આ જન્મ-મરણની ઘટમાળ છે. સંયમ એ કર્મરોગોને નાબૂદ કરવાની અમૂલ્ય જડીબુટ્ટી છે.

બંધુઓ! આપણા જીવે કેટલા કર્મો બાંધ્યા છે! શુભ વિચારથી શુભ કર્મો બંધાય છે ને અશુભ વિચારથી અશુભ કર્મો બંધાય છે. આપણા મનમાં જેવા વિચારો આવે છે તે તેના જેવા પરમાણુઓને ખેંચી લાવે છે. શુભ વિચારોનું ફળ પુણ્ય છે ને અશુભ વિચારોનું ફળ પાપ છે. જીવના શુભાશુભ કર્મોનુસાર રૂપ-સુખ-સંપત્તિ બધું મળે છે માટે તમે સવારમાં ઉઠીને સારા વિચારો કરો. સારા વિચારો કર્યા હશે તો સુકૃત્યો કરવાની પ્રેરણા મળશે. એ સુકૃત્યોથી તમે આગળ વધી શકશો.

આજના તર્કવાદીઓ ઘણી વખત એમ પૂછે છે કે તમે કહો છો કે શુભ કર્મ કરવાથી સારું ફળ મળે છે. અશુભ કર્મ કરવાથી અશુભ ફળ મળે છે. તો અમુક વ્યકિતએ તો ઘણાં ખરાબ કાર્યો કર્યા છે, ખૂબ પાપ કર્યા છે, અન્યાય કર્યા છે છતાં એ તો નિરાંતે સુખ ભોગવે છે. તો એને અશુભ કર્મ કેમ નડતા નથી? ભાઈ! કરેલા કર્મોના ફળ તરત મળતા નથી. એ કર્મની તરત અસર થતી નથી. એને પણ આત્મપ્રદેશની સાથે મળી વિપાકનો સમય પરિપકવ થવા માટે થોડો સમય જોઈએ છીએ. પછી એના પરિણામની ખબર પડે છે. જેમ તમારું માથું દુઃખતું હોય તો તરત એનેસીનની ટીકડી લો છો તો શું તરત માથું ઉતરી જાય છે? "ના." એને પણ થોડો સમય જોઈએ છે ને? એ ગોળી પેટમાં ઉતરે ને પોતાનું કામ શરૂ કરે. ધીમેધીમે વીસ પચ્ચીસ મિનિટ પછી આખા શરીરમાં પ્રસરે પછી માથાનો દુખાવો મટે છે. કોઇએ ઉંઘવા માટે ઘેનની ગોળી લીધી તો શું તરત ઉંઘ આવી જાય છે? અડધા પોણા કલાકે તેની અસર થાય ત્યારે ઉંઘ આવે છે અને એની અસર પૂરી થતાં ઉંઘ ઉડી જાય છે. કોઇ માણસ વાયડી ચીજ ખાય છે તો તરત પેટમાં વાયુનો ફેલાવો નથી થતો. પણ અમુક સમય બાદ શરીરમાં વાયુનો ફેલાવો થાય છે. આ રીતે આપણે જે કર્મો બાંધીએ છીએ તે તરત ઉદયમાં આવતા નથી. એનો સમય પરિપકવ થાય ત્યારે ઉદયમાં આવે છે.

જૈન શાસન કેવું નિષ્પક્ષપાતી છે! એનો ન્યાય કેવો અટલ છે! કર્તા સો ભોક્તા. જે કર્મનો કર્તા છે તેજ ભોક્તા છે. માટે એક વાત સમજી લેજો કે આપણે જે વાવ્યું છે તે લણવાનું છે. આ કર્મવાદ છે. એની સામે બીજો ઈશ્વરવાદ પણ છે. ઈશ્વરવાદીઓ ઇશ્વરને જગતનો કર્તા ને ભોક્તા માને છે. છતાં આજનો માનવી કેવો સ્વાર્થી છે! તે જુઓ. અમુક વખતે ઇશ્વરને માને અને અમુક વખતે ઇશ્વરને કયાંય મૂકી આવે! સારું કાર્ય કર્યું તો કહેશે મેં કર્યું અને ખરાબ થયું ત્યારે ભગવાનના માથે ઓઢાડી દે છે. દીકરાના લગ્ન વખતે કંકોત્રી છપાવો છો તેમાં શું લખો છો? અમારા ચિરંજીવ રમેશના લગ્ન અખાત્રીજે નક્કી કર્યા છે તો આપ સહકુટુંબ પધારી અમારી શોભામાં અભિવૃદ્ધિ કરશો. બોલો, અહીં કયાંય ભગવાનનું નામ આવ્યું? કારણ કે ત્યાં તો વરરાજાના બાપ બની છાતી પુલાવીને લગ્નમંડપમાં મ્હાલવાનું છે અને વૈભવનું પ્રદર્શન કરવાનું છે ત્યાં ભગવાનનું નામનિશાન નહિ. પણ જ્યારે કોઇ મરી જાય ત્યારે તેની કાળોત્રી લખાય તેમાં શું લખો છો? અમારા ફલાણા ભાઇ અગર બહેન અમુક દિવસે દેવલોક પામ્યા છે તે ઘણું ખોટું થયું છે. ભગવાનને ગમ્યું તે ખરું. મરવાની વાત માથે કોણ લે? ન ડૉકટર લે કે ન સગાવહાલા લે. બધા એકી અવાજે એમ કહે કે ભગવાનને ગમ્યું તે ખરું. લગ્નમાં, જન્મોત્સવમાં બધે કંકોત્રીમાં તમારું નામ ને મૃત્યુ થાય ત્યારે કાળોત્રીમાં ભગવાનનું નામ.

કર્મની ફિલોસોફી સમજનારો શું વિચારે? મેં અજ્ઞાનપણાથી જે ભૂલ કરી છે અને જે કર્મ બાંધ્યું છે તે મારે ભોગવવું પડે એમાં શું નવાઇ છે? કરેલા કર્મ ભોગવવા પડે છે. છતાં જ્ઞાની કહે છે પશ્ચાતાપ અને તપના બળથી એ કર્મને બાળી શકાય છે. જેમ કે કોઇ માણસે ગુન્હો કર્યો ને કોર્ટમાં કેસ ચાલ્યો ને ગુનેગારને ફાંસીની સજા કરવામાં આવી પણ નીચેની કોર્ટનો ચુકાદો છે તેથી ઉપરની હાઇકોર્ટ છે. ત્યાં હારી જાય તો એની ઉપર સુપ્રીમ કોર્ટ છે. એમ આગળ આગળ જાય છે. તેમ ગત જન્મોમાં આપણા આત્માએ જે કર્મો બાંધ્યા છે તે બંધાઈ ગયા પણ હજુ એ ઉદયમાં આવ્યા નથી તે અવસ્થાને અબાધાકાળ કહેવામાં આવે છે. એ અવસ્થામાં જીવ પ્રયત્ન કરે, પુરૂષાર્થ કરે અને જો એ અત્યંત ચીકણા કર્મો ન હોય તો તેને પુરૂષાર્થથી પાતળા પાડી શકાય છે.

"આત્માનો શુધ્ધ ભાવ કર્મોને પલટાવે છે"

અમેરિકામાં વસતા કરોડપતિનો દીકરો ખૂબ બિમાર પડયો. એનું નામ રોકફેલર હતું. એના આખા શરીરમાં ખૂબ ચસકા આવતા હતા. દર્દનું નિદાન કરાવવા માટે મોટા મોટા ડૉકટરો બોલાવ્યા. દવાઓ લીધી, ઈંજેકશન લીધા પણ કોઇ હિસાબે દર્દ કાબૂમાં આવતું નથી. અસહ્ય વેદના ભોગવી રહ્યો છે. ખબર પૂછવા ને આશ્વાસન આપવા સૌ આવે પણ દર્દમાં કોઇ ભાગ ના પડાવે.

જનક માત સુબાંધવ બહેનડી, રમણીપુત્ર સ્નેહી સમાજ જે,
દુઃખદ કર્મ ઉદય જબ આવતા, ન લઇ ભાગ શકે સુખ દઈ શકે.

સગાસ્નેહીઓ બધા વીંટળાઇને આસપાસ બેસે છે. પણ દર્દમાં ભાગ કોઇ પડાવતું નથી. આ રોકફેલરને દર્દની પીડા ખૂબ સતાવતી હતી. એક વખત સગા-સ્નેહીઓ શાંતિથી ઉંઘી ગયા હતા અને આને ઉંઘ આવતી નથી. તે સમયે વિચાર કરે છે કે હું માનતો હતો કે ધનથી દુનિયાને ઝુકાવી શકાય છે. પણ એ ધન મારૂં શારીરિક દુઃખ દૂર કરી શકતું નથી. જે ધન મને શારીરિક દુઃખથી બચાવી શકતું નથી તે ધનની પાછળ મારે પાગલ શા માટે બનવું? એણે મનમાં સંકલ્પ કર્યો કે જો હું આ દર્દમાંથી મુકત બનું તો મારા જેવા દર્દીની સારવાર માટે એક મોટી હોસ્પિતાલ બોલું. કારણ કે હું ધનવાન છું એટલે હું તો ગમે તેટલી દવાઓ લઇ શકું છું. નવા નવા ડૉકટરોને બતાવું છું. ઘેનની ગોળી લઈને થોડા સમય માટે દર્દને ભૂલી જાઉં છું. પણ જે બિચારા ગરીબ છે, બાવા અન્ન નથી, પહેરવા વસ્ત્ર નથી એવા માનવીને શું આવું દર્દ નહિ થતું હોય? એ બિચારાનું શું થતું હશે? હે ભગવાન! મને જો સારૂં થઈ જાય તો હું મારૂં તન મન ને ધન સેવાના કાર્યમાં વાપરીશ. એમ પ્રાર્થના કરી અંદર રહેલી આત્મશકિતને જાગૃત કરી સંકલ્પ કર્યો અને એનું દર્દ નાબૂદ થઈ ગયું. અંદરના વિચારના પરમાણુઓ

ફરે એટલે વાતાવરણમાં પલટો આવી જાય. અશુભ પરમાણુઓ શુભમાં પલટાઇ જાય છે.

બંધુઓ ! આ રોકફેલરના શુદ્ધ સંકલ્પના બળથી એની અસહ્ય પીડા ચાલી ગઈ. સવાર પડતાં રોકફેલરે છૂટે હાથે દાન દેવાનું શરૂ કર્યું. આવો દાખલો જૈન દર્શનમાં અનાથી મુનિનો છે. એમના શરીરમાં રોગ આવ્યો. મા--બાપ, ભાઈ--બહેનો, વૈદો ને ડોકટરો, પત્ની કોઈ રોગમાંથી મુકત બનાવવા સમર્થ બન્યું નહિ ત્યારે છેલ્લે સંકલ્પ કર્યો કે જો દર્દમાંથી મુકત થઇશ તો સંસાર ત્યાગીને સાધુ બનીશ. આવો સંકલ્પ કર્યો ને દર્દ નાબૂદ થઇ ગયું અને પ્રભાતના પહોરમાં સંયમી બનીને ચાલી નીકળ્યા. તમે કદાચ આવો સંકલ્પ કરો ને રોગમાંથી મુકત બની જાવ તો શું કરો ? (હસાહસ) પછી દીક્ષા લેવાશે. હમણાં તો સાજો થયો છું તો સુખ ભોગવી લઉં અને આ પત્ની રોવે, નાના નાના બાળકો ટળવળે એમને મૂકીને કયાં જાઉં ? અરે....આ તો ઠીક છે. પણ એક સામાન્ય પ્રતિજ્ઞા લીધી હોય તો પણ કહે છે મહાસતીજી ! બાધા લેતા લેવાઈ ગઈ પણ હવે ચાલે તેમ નથી. બાધા બદલી આપો. ભાઇ ! દીકરા ન બદલાય, પત્ની ન બદલાય ને શું અમારી બાધા બદલાય ? (હસાહસ).

અનાથી મુનિ શુદ્ધ સંકલ્પના બળથી નિરોગી બની ગયા. અને કરેલા સંકલ્પ પ્રમાણે સંયમી પણ બની ગયા. તમે પણ આજથી મનમાં શુદ્ધ સંકલ્પનું બીજ વાવો અને એ સંકલ્પના બળથી તમારામાં એવી તાકાત આવે કે અશુભ કર્મ ફેંકાઈ જાય અને દુઃખ આપનારું તત્ત્વ સુખમાં પલટાઇ જાય. અબાધાકાળ પૂરો થતાં પહેલા કર્મ ઉદયમાં આવતું નથી. તે સમયે સારા વિચારો, સારા સંકલ્પો ને સારા વાતાવરણમાં રહે તો અશુભ કર્મોને શુભમાં પલટાવી શકે છે. આત્મની શકિત અનંત છે. એ અનંત શકિતનું જ્યારે ભાન થશે ત્યારે ભગવાન જયાં લઇ જશે ત્યાં જઈશ, ભગવાનને જે ગમ્યું તે ખરું, એમ હૂંહિ બોલાય. ત્યારે તો એમ બોલાશે કે હે પ્રભુ ! તેં કર્મો ઉપર ઘા કરવા પુરૂષાર્થ કર્યો. હું પણ તારી જેમ અનંતશકિતને તપ-સંયમમાં ફોરવીને કર્મોના ભૂક્કા બોલાવી તારા સ્વરૂપને પ્રાપ્ત કરું. આવી ભાવના જાગશે ત્યારે તમારા ઉપર દેવ તુષ્માન થશે, ને કરોડોની સંપત્તિ આપશે તો પણ એ લેવાનું મન નહિ થાય.

" ભર્તુહરી રાજાનો ત્યાગ-લક્ષ્મીદેવીએ કરેલી પરીક્ષા "

ભર્તૃહરી રાજાએ પિંગલાનો મોહ છોડી, આખું રાજ્ય છોડી સંન્યાસ લીધો. ત્યાર પછી એક વખત નદી કિનારે બેસીને ગોદડી સીવી રહ્યા હતા ત્યાં સાંજ પડી ગઈ. સોયમાંથી દોરો સરકી ગયો. ઉંમરને લીધે આંખોનું તેજ ઘટી ગયું હતું. પ્રકાશ ઓછો થઇ ગયો હતો ને સોય પરોવતા હતા. તે સમયે લક્ષ્મીદેવી ત્યાં આવીને કહે છે ભર્તૃહરિ ! આવી ફાટીતૂટી ગોદડી સાંધી રહ્યા છો ? તમે તો મોટા મહારાજા ! આવી ફાટીતૂટી ગોદડીમાં સૂવું તમને કેમ ગમે ? લો, હું તમને આ હીરા ને રત્નજડેલી

કિનારીવાળી મખમલની ગોદડી આપું છું. તે લઇ લો. ત્યારે ભર્તૃહરિએ કહ્યું કે મારે તમારી ગોદડી ન જોઇએ. મારે તો મારી ગોદડી સીવવી છે. લક્ષ્મીદેવીએ ખૂબ આગ્રહ કર્યો પણ જેણે આત્માના સુખો આગળ ભૌતિક સુખોને તુચ્છ માન્યા છે તેવા ભર્તૃહરિ અડગ રહ્યા. છેવટે લક્ષ્મીદેવીએ કહ્યું– હું આવી છું તો ખાલી નહિ જાઉં. કંઈક માંગો. ત્યારે કહે છે "લો આ સોયમાં દોરો પરોવી આપો."

લક્ષ્મીજી કહે છે અરે....માંગીમાંગીને આવું માંગ્યું? બંધુઓ! તમારા પર લક્ષ્મીદેવી પ્રસન્ન થાય ને માંગવાનું કહે તો શું માંગો? માંગવામાં બાકી ન રાખો. એમને આપે છે ત્યારે જોઇતું નથી ને તમને ભૂખ છે પણ મળતું નથી. લક્ષ્મીદેવી કહે છે તમારે સુખ નથી જોઇતું? ત્યારે ભર્તૃહરિ શું કહે છે – જે ચિત્ત અંતર્યામીમાં લાગી ગયું એને ફરી પાછા સુખ સાહ્યબી ને ભોગ મળે તો સુખની તૃષ્ણામાં મન લાગી જાય. ભગવાનમાં લાગેલું મન જો સંસારસુખ તરફ ઢળી પડે તો ઉપર જનારું મન નીચે પટકાઇ જાય. માટે આ ગોદડી સીવતાં સીવતાં ભગવાનમાં હું તલ્લીન બન્યો છું તો શા માટે સુખની એષણામાં મનને જવા દઉં? પૈસા અને સુખ આવે છે પણ એની સાથે અશાંતિ લઈને આવે છે. મારે એવી અશાંતિ જોઇતી નથી, મારી આ ફાટલી ગોદડી સારી છે. કિંમતી ગોદડીને કોઇ ચોર લૂંટી જશે અને મારી આ ફાટીતૂટી ગોદડીને કોઈ લેવા ન આવે. કોઇને એની ઇચ્છા પણ ન થાય. એને માટે રગડા-ઝઘડા કાંઇ નહિ. સંસારના સુખ કરતાં ત્યાગનું સુખ અનંતગણું છે. આ સંસારમાં તો જ્યાં સંપત્તિ છે ત્યાં વિપત્તિ પણ ઉભેલી છે. જ્યાં મારાપણાની મમતા છે ત્યાં મોત ડોકીયા કરી રહ્યું છે. જ્યાં સંયોગ છે ત્યાં વિયોગ છે. આવા સુખમાં શા માટે લલચાવું જોઇએ! છેવટે ભર્તૃહરિ કહે છે કે હે લક્ષ્મીજી! તારા આપેલા ભૌતિક સાધનમાં સુખની પાછળ દુઃખ ભર્યું છે. જ્યારે આત્માના સ્વરૂપમાં પ્રભુમય બનતા જે આનંદ આવે છે તે આનંદ ભોગમાં નથી આવતો. છેવટે લક્ષ્મીદેવી નમીને ચાલી ગઇ.

જ્ઞાની પુરૂષો કહે છે બને તેટલી આસક્તિ ઓછી કરો. સંસારનો રાગ છોડો. એક વખત રાગ છૂટશે તો મહાન આનંદ આવશે અને રાગ નહિ છૂટે તો ક્ષણે ક્ષણે દુઃખ થશે. જેટલો રાગ વધારે તેટલું રૂદન વધારે. એક વખતનો પ્રસંગ છે.

"રાગ એ સંસારની આગ છે"

ગૌતમી નામની એક માલણ બાઈ એના દોઢ વર્ષના વહાલસોયા બાળકને લઇને પુલ વીણવા બગીચામાં ગઇ. તે દિવસે ચંપાનગરીના મેદાનમાં મેળો હતો. દૂરદૂરથી લોકો ત્યાં આવતા હતા. પુલ વેચવાનો સોનેરી સમય હતો. આ દિવસ વર્ષમાં એક વખત આવતો હતો. દીકરાને એક જગ્યાએ સૂવાડી એ બગીચામાં પુલો ચુંટવા લાગી. એટલામાં નજીકના છોડવામાંથી ભયંકર ઝેરી નાગ આવી ગૌતમીના દીકરાને ડંખ

દઈ ચાલ્યો ગયો. બાળકના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઇ. ચીસ સાંભળીને તે દોડતી આવી. છોકરાના શરીરમાં હળાહળ ઝેર વ્યાપી ગયું ને પ્રાણ ઉડી ગયા. બાઇએ પુલ ફુગાવી દીધા પુલ સમા પોતાના કોમળ બાલુડાને પંપાળવા લાગી. છાતી સાથે ચાંપવા લાગી. બેટા! એક વખત બોલ. તું કેમ મારા સામું જોતો નથી? પોક મૂકીને રડવા લાગી.

માતાને દીકરા પ્રત્યે કેટલી મમતા હોય છે પણ દીકરો મોટો થતાં માતાના હેત વીસરી જાય છે. માતા ભીનામાં સૂઇ દીકરાને કોરામાં સૂવાડે છે. પોતે ભૂખ વેઠી બાળકને ખવડાવે છે. પોતે ફાટયાતૂટયા કપડા પહેરી પુત્રને સારા કપડા પહેરાવે છે. દીકરા ઉપર માતાની આશાના મિનારા હોય છે. આ માતાના લાડીલાનો જીવનદીપક બુઝાઇ ગયો હતો. એની આશાના મિનાર તૂટી ગયા હતા. એને ખૂબ આઘાત લાગ્યો. દીકરાની અત્યંત મમતાને કારણે પાગલ બની ગઈ. દીકરાના મૃત કલેવરને ઉંચકીને મંત્રવાદીઓ પાસે જઇને બોલવા લાગી. હે મંત્રવાદીઓ! જો તમારા મંત્રનો પ્રભાવ હોય તો મારા વ્હાલસોયાને સાજો કરો. દેવ દેવીઓની માન્યતા માની. વૈદો ને ડોકટરો પાસે જઇને કહેવા લાગી. હે વૈદો! જો તમે સાચા વૈદો ને ડોકટર હો તો મારા દીકરાનું ઝેર ઉતારી બોલતો ચાલતો કરી આપો. જ્યોતિષીઓ પાસે જઈને કહેવા લાગી હે જ્યોતિષીઓ! તમારું જ્ઞાન સાચું હોય તો જોઇ દો કે મારા દીકરાના ગ્રહ કેવા ચાલે છે? એ કેમ બોલતો કે હાલતો ચાલતો નથી. પણ કોઇ કંઇ જવાબ આપતું નથી. ચાર ચાર દિવસના વહાણા વાયા. મૃત કલેવરમાંથી દુર્ગંધ છૂટવા લાગી. પણ માતાની મમતા કેવી છે! એને દુર્ગંધ પણ નથી આવતી. બાળકને ઉંચકીને ગલીએ ને ચૌટે ચૌટે ફરવા લાગી. લોકો એને કહેવા લાગ્યા. ગૌમતી! તારો દીકરો મરી ગયો છે. એની નસેનસમાં ઝેર પ્રસરી ગયું છે. ત્યારે આ એને ગમતું નહિ ને કહેતી કે મારો દીકરો મરી ગયો નથી. એ તો જીવતો છે. તમારો દીકરો મરી ગયો હશે. ગંધાતું કલેવર લઈને ફરે છે. એટલે લોકો એના ઉપર ખૂબ ગુસ્સો કરતા હતા. ખીજવતા હતા. લોકોના ત્રાસથી એ ગૌમતી કંટાળી નિરાશ થઇને જંગલમાં ચાલી ગઇ.

ઘણા માણસો બોલતાં બોલતા જંગલમાં જઈ રહ્યા છે કે ચંપાનગરીના મેદાનમાં એક મહાત્મા આવ્યા છે. એમની વાણીમાં મડદાને જીવતો કરવાનો જાદુ છે. આ સાંભળી ગૌતમીના પગમાં જોમ આવ્યું. એના હૃદયમાં આશાના અંકુરા ફૂટયા. અને જ્યાં મહાત્મા બુદ્ધ ઉતર્યા હતા ત્યાં આવી. વ્યાખ્યાન સાંભળવા સભામાં બેઠેલા માણસોએ તેને અટકાવતા કહ્યું કે આ ગંધાતા કલેવરને લઇને કયાં ચાલી જાય છે? અહીં ઉભી રહે. આ સમયે મહાત્મા બુધ્ધે જોયું. ગૌતમીને જોઇ એમના દિલમાં કરૂણા આવી. એમણે કહ્યું આ કોઇ દુઃખી સ્ત્રી છે. એને આગળ આવવા દો. અહીં તેને પ્રકાશ મળશે અને તેનું જીવન ઝળહળશે. બુદ્ધ ભગવાનની રજા મળી પછી એને કોણ અટકાવી

શકે? બાઈ આગળ ગઇ ને મહાત્મા બુદ્ધના ચરણમાં પોતાનો પુત્ર મૂકી હાથ જોડીને કહ્યું–પ્રભુ! આપ એવી સંજીવનીનું પાન કરાવો જેથી મારો એકનો એક વહાલો દીકરો સાજો થઇ જાય.

બુદ્ધ કહે છે માતા! શાંતિ રાખ. તારો દીકરો સાજો થઇ જશે પણ તારે એક કામ કરવું પડશે. ત્યારે કહે છે મારો દીકરો સાજો થતો હોય તો આપ જે કહેશો તે કરવા તૈયાર છું. ત્યારે મહાત્મા બુદ્ધ કહે છે જેના ઘરમાં કોઇનું મૃત્યુ ન થયું હોય ત્યાંથી એક મુઠ્ઠી ભરીને સરસવ લાવી આપ. ગૌતમી રાજીરાજી થઇ ગઇ ને દોડતી ગામમાં ગઇ. મોટી મોટી હવેલીઓ પાસે જઇને ભીખ માંગવા લાગી કે હે શેઠ શ્રીમંતો! હું તમારા બારણે ભિક્ષા લેવા આવી છું. મારા દીકરા માટે ભિક્ષા આપશો. ત્યારે બધા લોકો કહે છે બહેન! જો તારો દીકરો સાજો થતો હોય તો હીરા, માણેક, મોતી, સોનું, ચાંદી જે જોઇએ તે લઇ જા. ત્યારે કહે છે મારે એ કંઈ નથી જોઇતું. મારે તો ફકત એક મુઠ્ઠી સરસવ જોઇએ છે. ત્યારે કહે છે મારે ઘેર સરસવ તો ઘણી છે. મુઠ્ઠી તો શું પાંચ શેર આપું ત્યારે કહે છે પણ તમારા ઘરમાં કોઇનું મૃત્યુ થયું છે? ત્યારે આંખોમાં આંસુ સારતા કોઇ કહે છે હે ગૌતમી! હજુ છ મહિના પહેલાં મારો વીસ વર્ષનો દીકરો ગુજરી ગયો છે. કોઇ કહે મારો યુવાન પતિ ગુજરી ગયો છે. કોઇ કહે મારી પત્ની ગુજરી ગઇ છે. આ સંસારમાં સૌ કોઇને એક દિવસ જવાનું છે. આ સંસાર મુસાફરખાનું છે.

કોઇ કયાંથી કોઇ કયાંથી એક વૃક્ષની ડાળે,
પંખીડા સહુ આવી બેઠા કોઇ ડાળે કોઇ માળે,
પ્રભાતના પચરંગી રંગે જાતા સહુ વીખરાઇ....જાતા સહુ વીખરાઇ...આ.
આ જગપંખીનો મેળો...

સૌને એક દિવસ જવાનું છે. તું શા માટે આટલો કલ્પાંત કરે છે. ગૌતમી બહેવાતો આગળથી પાછી ફરીને ઝુંપડા તરફ ગઈ. ત્યાંથી પણ તેને એક મુઠ્ઠીભર સરસવ ન મળ્યા. એવું એક પણ ઘર ન હતું કે જ્યાં કોઈનું મૃત્યુ થયું ન હોય. છેવટે નિરાશ થઈ ગૌતમી પાછી ફરીને મહાત્મા બુદ્ધ પાસે આવીને કહે છે હું આખા ગામમાં ઘેરઘેર ફરી પણ એક પણ એવું ઘર નથી કે જ્યાં કોઇનું મૃત્યુ થયું ન હોય. ત્યારે બુધ્ધે કહ્યું કે ગૌતમી! તું વિચાર કર. જો બધાના ઘરમાં કોઈ ને કોઇ મરણ પામ્યું છે તો તું બાકી કેવી રીતે રહી શકે? આ તો જગતનો નિયમ છે કે જેનો જન્મ છે તેનું એક દિવસ અવશ્ય મૃત્યુ છે. જે ફૂલ ખીલે છે તો અવશ્ય કરમાય છે અને સૂર્ય ઉગે છે તે આથમ્યા વિના રહેતો નથી. જન્મ લીધા પછી કોઇ વિચાર કરે કે મારે મરવું નથી તો ત્રણ કાળમાં ન બને. કાળનું ચક્ર જગતના બધા પ્રાણીઓ ઉપર ફરતું રહે છે. જગતની કોઈ પણ શક્તિ તેને અટકાવી શકતી નથી. તે રીતે તારા પુત્રને કાળ ઉપાડી ગયો અને સૌને

એક દિવસ આ રીતે જવાનું છે તો શા માટે આટલો કલ્પાંત કરે છે. આ ઉત્તમ માનવ-જન્મમાં કંઇક શુભ કાર્યો કરી લે જેથી તારું જીવન ઉજ્જવળ બને. મહાત્મા બુદ્ધના ઉપદેશથી ગૌતમીનું મન સ્થિર બની ગયું. પુત્રની મમતા છૂટી ગઈ અને પુત્રના મૃત કલેવરની અંતિમ ક્રિયા કરીને મહાત્મા બુદ્ધ પાસે જઇ બૌદ્ધધર્મની દીક્ષા અંગીકાર કરી.

ભગવાન મહાવીર સ્વામીના ઉપદેશથી જમાલિકુમારના અંતરના દ્વાર ખુલી ગયા અને તેના માતા પિતા પાસે દીક્ષાની આજ્ઞા લેવા માટે ગયા. પ્રભુની પાસેથી નીકળી સીધા માતાના મહેલે ગયા. અને માતાપિતાને વંદન કરી જય હો....વિજય હો....આદિ શબ્દોથી વધાવીને ઉભો રહ્યો. એના મુખ ઉપર વૈરાગ્યના તેજ ઝળકી ઉઠયા છે. માત-પિતાને કહે છે હે માત પિતા! હું ભગવાનના દર્શન કરવા ગયો હતો. આ સાંભળી માતાના ઉરમા આનંદ ઉભરાયો. અહો! હું કેટલી ભાગ્યવાન છું! જેના ઘરમાં વૈભવની છોળો ઉછળે છે. તરૂણીઓના નૃત્ય–ગાન ચાલે છે. આ બધું છોડીને હે બેટા! તું ભગવાનના દર્શન કરવા ગયો. માતા પુત્રને ભેટી પડી. ત્યારે આગળ વધતાં જમાલિકુમાર કહે છે હે માતા પિતા! પ્રભુના દર્શન કરીને મેં પ્રભુની વાણી સાંભળી. મને બૂબ આનંદ થયો. પુત્રના એકેક શબ્દો સાંભળીને માતા–પિતાને બૂબ આનંદ થયો. હવે જમાલિકુમાર આગળ શું કહેશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :— માણસ બધેથી છટકબારી મેળવીને છટકી જાય છે પણ કર્મ આગળથી છટકી શકતો નથી.

"રાણીને સ્વપ્ન આવ્યું" :— જયપુરનગરમાં પુરૂષદત્ત રાજા અને શ્રીકાંતા મહારાણી છે. એ રાજા-રાણી સ્વર્ગ જેવા સુખો ભોગવી રહ્યા છે. એ સુખો ભોગવતાં રાણી ગર્ભવંતી બને છે. તે રાત્રીએ રાણીએ એક સુશોભિત સિંહને પોતાના મુખમાં પ્રવેશ કરતો સ્વપ્નમાં જોયો. સ્વપ્ન કયારે આવે છે? માણસ ભર ઉંઘમાં હોય ત્યારે સ્વપ્ન ન આવે પણ કંઇક ઉંઘતા ને કંઇક જાગતા એવી અવસ્થામાં સ્વપ્ન આવે છે. આવું ઉત્તમ સ્વપ્ન જોયા પછી ઉંઘાય નહિ, જો ઉંઘે તો બીજું સ્વપ્ન આવે તો પહેલા સ્વપ્નનું ફળ નષ્ટ થઇ જાય. ઉત્તમ સ્વપ્ન કોને કહેવાય? બે ભુજાથી મોટો સમુદ્ર તરી ગયા તો આ મહાન ઉત્તમ સ્વપ્ન છે. જેને આવું સ્વપ્ન આવે તો મોક્ષે જાય. આ શ્રીકાંતા રાણીને એવું સ્વપ્ન આવ્યું કે પોતાના મુખમાં સિંહને પ્રવેશ કરતો જોયો. પછી એણે રાત્રિ ધર્મધ્યાનમાં પસાર કરી અને સવારમાં ઉઠીને પતિના શયનગૃહમાં જઇને વાત કરી કે આજે મને આવું સ્વપ્ન આવ્યું છે. આ ઉપરથી સાબિત થાય છે કે આગળના માણસોના સૂવાના રૂમ પણ અલગ અલગ હતા. આજે તો એકેક રૂમમાં બે પલંગ જોઇન્ટ હોય. આ જોઇને તમારા બાળકોમાં કેવા સંસ્કાર પડશે.

પુરૂષદત્ત રાજા કહે છે દેવી! તમારી કુખે એક પ્રતાપી પુત્રનો જન્મ થશે.

રાણીને ખૂબ આનંદ થયો. ત્રણ માસ થયા ત્યાં રાણીને સારાં ને પવિત્ર દોહદ ઉત્પન્ન થવા લાગ્યા. મારે સંતના દર્શન કરવા જવું છે. ઉપવાસ કરવો છે. દાન આપવું છે. રાજા રાણીના દોહદ પૂરા કરાવે છે. આ રીતે ધર્મધ્યાનમાં ખૂબ આનંદપૂર્વક સવાનવ માસ પૂર્ણ થયા.

"સિંહકુમારનો જન્મ"

ચંદ્રનો ઉદય જેમ પૃથ્વી ઉપર પ્રકાશ પાથરે છે તેમ ભાગ્યશાળી આત્માઓની સર્વ અવસ્થા પરોપકાર માટે હોય છે. ધર્મધ્યાનમાં રકત રહેલી અને પરોપકાર કરનારી એવી પવિત્ર શ્રીકાંતા મહારાણીએ એક શુભ દિવસે સવાનવ માસ પૂર્ણ થતાં એક સુકોમળ અને સ્વરૂપવાન પુત્રને જન્મ આપ્યો. શુભંકરિકા નામની દાસીએ રાજાને પુત્રજન્મની વધામણી આપી. રાજાએ ખૂબ દાન આપી દાસીને સંતુષ્ટ કરી. આખા ગામમાં તોરણો બંધાવ્યા. મંગલવાજિંત્રો વગડાવ્યા. ગરીબોને દાન આપ્યું. કેદીઓને છૂટા કર્યા. આ રીતે પુત્રના જન્મનો ઉત્સવ સુંદર રીતે ઉજવ્યો. માતાએ સ્વપ્નમાં સિંહ જોયો હોવાથી પુત્રનું નામ સિંહકુમાર પાડયું. આ સિંહકુમાર ગુણસેન રાજાનો જીવ જે દેવલોકમાં ગયો હતો ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી શ્રીકાંતા રાણીની કુખે ઉત્પન્ન થયો છે. સિંહકુમારના જન્મ પછી રાજ્યમાં આનંદ આનંદ વર્તાઈ રહ્યો છે. એ પૂર્વે ધર્મની ખૂબ આરાધના કરીને આવ્યો હતો એટલે માતાના ગર્ભમાં આવ્યો ત્યારથી માતાને ધર્મના દોહદ ઉત્પન્ન થયા કંઈક એવા જીવો ગર્ભમાં આવે છે તો એની માતાને ઘઉં વીણતા કાંકરા ખાવાનું મન થાય છે. જ્યારે પુણ્યવાન જીવો ઘરમાં જન્મે તો કુસંપ હોય તો સંપ થઈ જાય. અને પાપી જીવો આવે તો સંપ હોય ત્યાં કુસંપ ને ઝઘડા થઈ જાય. આ સિંહકુમારના જન્મ પછી રાજ્યમાં શાંતિ વર્તે છે. એ રડતો છાનો ન રહે ત્યારે ઉપાશ્રયે લઈ જાય તો છાનો રહી જતો. ખૂબ ઉત્તમ લક્ષણોથી યુકત હતો. કહેવત છે ને કે પુત્રના લક્ષણ પારણામાં ને વહુના લક્ષણ બારણામાં.

એક વજકુમારનું દૃષ્ટાંત છે. એ વજકુમાર માતાના ગર્ભમાં હતા. ત્યારે એના બાપને દીક્ષા લેવાનું મન થયું. પત્નીને કહે છે તું મને રજા આપ તો દીક્ષા લઉં. પત્ની કહે છે હું આપને આજ્ઞા આપું પણ મને ત્રણ માસ થયા છે. આ સમયે તમે દીક્ષા લો તો પાછળ મારું શું થાય? પુત્રનો જન્મ થાય પછી દીક્ષા લેજો. આ પત્નીએ એકદમ રજા કેમ આપી? અંદર રહેલો ગર્ભનો જીવ ખૂબ પવિત્ર હતો. બાળકનો જન્મ થયા પછી દશ દિવસે એના પતિએ દીક્ષા લીધી. જ્યાં એના પતિએ દીક્ષા લીધી ત્યાં પેલો બાળક ખૂબ રડવા લાગ્યો. કોઇ રીતે છાનો ન રહે. એની માતા તો કંટાળી ગઇ. એનો બાપ તો સાધુ બની ગયો. હાજર હોત તો હીંચકો નાંખત ને! હું હેરાન થાઉં છું. હવે શું કરવું? કંટાળી ગઇ. આ બાળકનું નામ વજકુમાર પાડયું હતું. આમ કરતાં

છ મહિના થયા ત્યારે એ સાધુ ગામમાં આવ્યા. આ સ્ત્રી બાળકથી કંટાળી ગઇ હતી. ખબર પડી કે ગામમાં આવ્યા છે. એટલે બાળકને લઇને ઉપાશ્રયે ગઈ અને એના પતિ જે સાધુ બની ગયા હતા તેમના ખોળામાં નાંખીને કહે છે લો, આ તમારો પુત્ર સંભાળો. હું તો કંટાળી ગઇ. સાધુ ગભરાયા ....શું કરવુ–એમના ગુરૂ કહે છે ભલે નાંખી ગઇ. ચિંતા ન કરશો. હવે બન્યું એવું કે છોકરાને સાધુના ખોળામાં નાંખ્યો કે રડતો બંધ થઇ ગયો.

મોટા ગુરૂએ સંઘપતિને બોલાવી વાત કરી કે આવી વાત બની છે. આ બાળકની જવાબદારી કોણ લે છે? ચાર-પાંચ શ્રાવિકા બહેનોએ એ બાળકની જવાબદારી લેવાનું નક્કી કર્યું. બાળકને ઘેર લઇ ગયા. એને નવરાવી દૂધ પાઇને ઉપાશ્રયે લાવી નાની ગોદડી પાથરીને સૂવાડે. બધા સંતો સ્વાધ્યાય કરે, વાંચન કરે. આ બધું સાંભળીને આ બાળક બધું શીખી ગયો. આમ કરતાં પાંચ વર્ષનો થયો ત્યારે શાસ્ત્રો મોઢે બોલવા લાગ્યો. ગુરૂએ જાણ્યું કે ખૂબ પ્રતાપી પુરૂષ થશે. એની માતાને ખબર પડી કે મારો દીકરો આવો હોંશિયાર થઇ ગયો છે. એટલે દોડતી આવીને મહારાજને કહે છે મને મારો છોકરો પાછો આપી દો. ત્યારે મહારાજ કહે છે બહેન! હવે ન મળે. તું તો ફેંકીને ચાલી ગઇ હતી. અમને આપી દીધો છે. એટલે એણે કોર્ટમાં ફરિયાદ કરી. ન્યાયાધીશ કહે ત્રણ દિવસ પછી ચુકાદો થશે. અમને પૂરી તપાસ કરવા દો. તપાસ કરતાં ખબર પડી કે બાઇ તો સાધુના ખોળામાં ફેંકી આવી છે. પણ બાઇ તો કહે છે મારો દીકરો છે. મને જ મળવો જોઇએ. ત્યારે ન્યાયાધીશ કહે છે બહેન! તમે ત્યાં ચાલો. એક બાજુ બાળકને ગમે તેવા સારા કપડા લઇને તમે ઉભા રહેજો ને એક બાજુ સાધુ મહારાજ ઉભા રહેશે. જેની તરફ ઢળે તેનો બાળક એમ ન્યાય કરીશું. બાળકને લલચાવવા માટે સારા સારા રમકડા લઇને આવી. એક બાજુ રમકડા મૂકીને ઉભી રહી. અહીં સાધુને ઘેર તો રમકડા ન હોય. એટલે મહારાજે નાના નાના પાતરા, ઝોળી ને ગુચ્છો મૂક્યા છે. બાળકને લાવીને ન્યાયાધીશ કહે છે બેટા! તને આ બેમાં શું ગમે? ત્યારે બાળકે ઝોળીમાં પાતરા મૂકીને હાથમાં લીધા. ગુચ્છો લીધો, મોઢે મુહપત્તિ બાંધીને ફૂદવા લાગ્યો. આ મને બહુ ગમે છે. એટલે ન્યાયાધીશ કહે છે બહેન! આ બાળકને તું અર્પણ કરી ચૂકી છું અને એને પણ આ ગમે છે. માટે એમનો બાળક છે. ટૂંકમાં કહેવાનો આશય એ છે કે પુત્રના લક્ષણ પારણામાં પરખાઇ જાય છે. આ સિંહકુમાર પણ બાળપણથી પ્રતાપી છે. બાળપણથી એના લક્ષણ પરખાય છે. ગુણસેન રાજા તો દેવભવ પૂરો કરીને સિંહકુમાર તરીકે જન્મ્યા છે. હવે અગ્નિશર્મા કયાં જન્મ લેશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૩૨

શ્રાવણ સુદ ૧૨ ને શુક્રવાર તા. ૧૯-૮-૭૩

મહા કરૂણાવંત ભગવંતે જગતના જીવોના કલ્યાણને અર્થે દ્વાદશાંગી સૂત્રની પ્રરૂપણા કરી. ભગવતી સૂત્રમાં જમાલિકુમારનો અધિકાર ચાલે છે. એને રાજસુખો શૂળ જેવા લાગ્યા. ભગવંતે કહ્યું છે કે સંસારના સુખો કેવા છે!

खणमित्तसुक्खा बहुकालदुक्खा, पगामदुक्खा अणिगामसुक्खा ।
संसार मोक्खस्स विपक्खभूया, खाणीअणत्थाणउ कामभोगा ।।

ઉત્ત. સૂ. અ. ૧૪, ગાથા ૧૩

સંસારના અલ્પસુખની પાછળ કેટલું દુઃખ છે! કોઇ દિવસ વિચાર કરો છો કે પાછળથી આનું પરિણામ શું આવશે? ભગવાન કહે છે કે જીવાત્માઓ! વિષયસુખ ભોગવતાં પહેલાં કદી વિચાર કર્યો છે કે આનું પરિણામ કેવું વિષમ આવશે? અઢાર પાપસ્થાનકમાં રચ્યોપચ્યો રહું છું તેના કડવા ફળ મારે કેવા ભોગવવા પડશે! દરેક કાર્ય કરતાં જીવને વિચાર થવો જોઇએ કે હું પાગલ બનીને પાપમય સંસારના સુખમાં રચ્યોપચ્યો રહું છું, પણ જ્યારે એનો કરૂણ અંજામ આવશે ને કર્મો ભોગવવા પડશે ત્યારે મારું શું થશે? અહા હા....અલ્પસુખોની પાછળ મહાન દુઃખોની હારમાળા સર્જાયેલી છે. માટે જે આત્માઓ આ સંસાર છોડીને સંયમી બની ગયા છે તેને હજારો વખત ધન્યવાદ છે. મારા કોટીકોટી વંદન છે. હું મારા ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી પુરૂષાર્થ કરવા છતાં સંયમ લઇ શકતો નથી પણ છોડ્યા વિના સંસારથી છૂટકારો નથી. અઢાર પાપસ્થાનક મને દુર્ગતીમાં લઈ જનાર છે. એને છોડવા જેવા છે. સંસારમાં રહેવા છતાં ક્ષણે ક્ષણે જેને પાપનો ભય લાગે છે તે વૈરાગી છે. નમિરાજર્ષિ સંસાર છોડતાં પહેલા ઋષિ કેમ કહેવાયા? તેનું કારણ એ છે કે સંસારમાં રહેવા છતાં અનાસક્ત ભાવથી રહેતા હતાં. એમને સંસારની મમતા ન હતી.

જે જીવોને સંસારની મમતા હોય છે તે કોઇ વખત ઉતરે છે પણ મમતા કરતાં મમત્ વ્યરાબ છે. મમત્વ એટલે કદાગ્રહ. પોતે પકડેલું ખોટું હોવા છતાં, જાણવા છતાં મૂકે નહિ. પત્ની, ધન, પુત્ર, ઘરબાર આ બધાનો ત્યાગ કરવો સહેલ છે પણ પકડાઇ ગયેલા મમત્વનો ત્યાગ કરવો મુશ્કેલ છે. અહીં જેનો અધિકાર ચાલે છે તે જમાલિકુમારે ભગવાનની વાણી સાંભળતા મમતાના બંધનો ક્ષણવારમાં તોડી નાંખ્યા. પણ આજ અધિકારમાં જમાલિકુમાર સાધુ બન્યા પછી છેલ્લે તેમના જીવનનો ઇતિહાસ આવશે. જો જો મમત્વ તેમના જીવનમાં કેટલું નુકશાન કરશે તે આગળ આવશે.

ભગવાન કહે છે હે આત્માઓ! મમતાવાળો કયારેક છૂટી શકશે ને સાધુ બની શકશે પણ મમત્વવાળો કદી સાધુ બની શકશે નહિ.

અઢાર પાપસ્થાનકમાં સત્તરને મજબૂત કરનાર જો કોઇ હોય તો તે અઢારમું મિથ્યાદર્શન શલ્ય છે. ૧૭ પાપસ્થાનકને સેવનારો હજુ સમજશે પણ અઢારમા પાપસ્થાનકવાળો નહિ સમજે. અને પાપરૂપી હીરની ગાંઠને મમત્વરૂપી તેલમાં નાંખીને મજબૂત કરે છે. મહાન પુરૂષોના સમજાવવા છતાં સમજતો નથી, સંસાર છોડતો નથી. અને જે છોડે છે તેની નિંદા કરે છે. આ પાપ જીવને અધોગતિમાં લઇ જાય છે માટે ભગવાન કહે છે કે સમજી લે કે જો જીવનમાં મોહ અને મમતા ભરી હશે તો જીવન ઝેરના કટોરા જેવું બનશે. જમાલિકુમારને વૈરાગ્યનો રંગ લાગ્યો છે. એક ઘડાકે સંસાર છોડવા તૈયાર થયો છે. સાચો શૂરવીર સિંહણનો જાયો સિંહ હતો. સિંહણનું નાનું બચ્ચું પણ કોઇથી બીવે નહિ.

એક વખત એક સિંહણનું બચ્ચું જંગલમાં આમથી તેમ ફરી રહ્યું હતું. ત્યાં તેણે સામેથી ભાલા-તલવાર ને બંદુકથી સજ્જ થયેલું મોટું સૈન્ય આવતા દેખ્યું એટલે સિંહનું બચ્ચું ગભરાઇ ગયું. એને લાગ્યું કે આ બધા મને મારવા આવે છે એટલે જલ્દી ગુફામાં પેસી ગયું ને એની માતાની ગોદમાં લપાઇને બેઠું ને થરથર ધ્રુજવા લાગ્યું. ત્યારે સિંહણ વિચાર કરવા લાગી કે સિંહણનું બચ્ચું કદી ડરપોક ન હોય અને આ મારૂં બચ્ચું આજે કેમ ભયભીત બન્યું છે. ધ્રૂજતા પોતાના બચ્ચાને પૂછ્યું બેટા! તારે ડરવાનું હોય? તું આટલો બધો ભયભીત કેમ બની ગયો છે? ત્યારે બચ્ચું કહે છે મા! તું બહાર જઇને જો તો ખરી કેટલા બધા માણસો મને મારવા માટે ભાલા-તલવાર ને બંદુકો લઇને આવે છે. ત્યારે સિંહણ કહે છે બેટા! એ તને કે મને મારવા નથી આવતા પણ એના જાતિભાઇને મારવા માટે જાય છે. એક દેશનું લશ્કર બીજા દેશના લશ્કરને મારે છે. એક ધર્મના માણસો બીજા ધર્મના માણસો ઉપર તૂટી પડે છે. આ જગતમાં જ્યાં જુઓ ત્યાં શાને માટે રગડાઝગડા ચાલે છે?

खेत्तं वत्थु हिरण्णं च पसवो दास पोरुसं ।

જમીનના ટુકડા માટે, પરિગ્રહ માટે દેશ દેશ લડે છે ને હજારો માણસોના ખૂન કરે છે. સિંહનું બચ્ચું કહે છે હે માતા! એ લોકો એમના જાતિભાઇને મારવા જાય છે. આપણે તો આપણી જાતિના એક પણ ભાઇને મારતા નથી. શું એક દેશથી બીજા દેશના માણસોના રીતરિવાજો ને રહેણીકરણી જુદી, ભાષા ને વેશ જુદા એટલે એમને મારી નાખવાના? ત્યારે સિંહણ કહે છે ભાષા ને વેશ ગમે તેટલા જુદા હોય પણ માનવની જાતિ જુદી નથી. જાતિથી તો માનવ સરખા હોય છે. રીતરિવાજો ને માન્યતાઓ તથા પોતાનાપણાની મમત્વની ઝાળ લાગી રહી છે તે માટે મારે છે. તેથી

તે માનવ નથી પણ દાનવ છે. એ લોકોને મન માનવતા કરતાં માન્યતાની મહત્તા વધારે હોય છે. જો માનવતાની કિંમત હોત તો આટલા લશ્કરો, આટલા હથિયારો, અણુબોંબ ને હાઇડ્રોજન બોંબ બધાની શોધ શા માટે થઇ? નવા નવા શસ્ત્રોની શોધ શા માટે થઇ? આજે એ નવીન શોધ માટે અબજો રૂપિયા ખર્ચાઇ રહ્યા છે. જો માનવને મન માનવ અને માનવતાની કિંમત હોત તો આ બધું બને ખરું? જ્યાં સુધી સહનશીલતા નહિ આવે, એકબીજાના વિચારોને સ્નેહથી સહન કરવાની અને એકબીજાની માન્યતાઓને સમજવાની એકબીજામાં તાકાત નહિ આવે ત્યાં સુધી માનવ શાંતિ નહિ પામે અને સુખી પણ નહિ થાય.

પરિગ્રહને માટે આજનો માનવ માનવજાતને ન શોભે તેવા પાપની પ્રવૃત્તિઓ કરે છે. સગા ભાઇ-ભાઇનું ખૂન કરાવતાં પાછા નથી પડતા. પાપાચારનું સેવન કરી પરિગ્રહનો પોટલો ભેગો કર્યો. પણ અંતે મૂકીને જવાનું છે. જેવા શુભાશુભ કર્મો બાંધ્યા હશે તે સાથે આવવાના છે. છતાં લક્ષ્મીની મમતા છૂટે છે? સમજુ આત્માઓ એને છોડીને ચાલ્યા ગયા ત્યારે તમે એને મેળવવા પ્રયત્ન કરો છો. દિવાળીના દિવસે નવા ચોપડામાં તમે શું લખો છો? **"ધન્ના શાલિભદ્રની ઋદ્ધિ હોજો."** આવું તમે શા માટે લખો છો? એ સમયમાં ધન્નાજી અને શાલિભદ્રજી જેવો મહાન અબજોપતિ મમ્મણ શેઠ થયો હતો. તો પણ મમ્મણ શેઠની ઋદ્ધિ હોજો એવું કેમ નથી લખતા? તમે ખૂબ બુદ્ધિપૂર્વક લખ્યું છે ને!

માણસ પાસે સંપત્તિ ગમે તેટલી હોય ને એને ભોગવતો હોય પણ એના મનમાં ભવ પ્રત્યેનો ખેદ હોય ને મોક્ષની અભિલાષા હોય એટલું જ નહિ પણ મોક્ષ મેળવવા માટે સર્વવિરતીપણું અંગીકાર કરવું પડશે એમ જેને દૃઢ શ્રદ્ધા છે છતાં અનિવાર્ય સંયોગોમાં સંસારમાં રહેવું પડે તો આજીવિકા માટે પૈસાની જરૂર પડે છે એટલે શ્રાવક સંપત્તિ તો માંગે પણ મમ્મણ શેઠની સંપત્તિ કદી ન માંગે કારણ કે એ શ્રાવકો સમજે છે કે પરિગ્રહની અત્યંત મૂર્છાના કારણે મમ્મણ શેઠ મરીને સાતમી નરકે ગયો માટે અમારે એવી લક્ષ્મી ન જોઇએ. એના કરતાં ગરીબાઇ સારી ધન્ના ને શાલિભદ્રની ઋદ્ધિ તો કોઇ જુદી જ હતી. એમની પાસે અબજોની સંપત્તિ હતી. પણ એમાં તેઓ ખૂંચી ગયા નહિ અને પત્નવારમાં ત્યાગ કરી સાધુ બની ગયા. બંધુઓ! તમારી ભાવના એવી હોવી જોઇએ કે કયારે સંસાર છોડી સંયમી બનું! તમે ધન્ના શાલિભદ્રની ઋદ્ધિ તો માંગો છો પણ એમણે અંતે અસ્થિર ને નાશવંત સમજી વૈભવનો ત્યાગ કર્યો હતો, તો તમે શું કરશો? તેનો વિચાર કરો.

જમાલિકુમાર પ્રભુની વાણી સાંભળીને માતા પિતાના મહેલે ગયા. માતાપિતાને વંદન કરી જય હો-વિજય હો એમ બોલીને હાથ જોડીને ઉભા રહ્યા ને કહ્યું કે માતા!

હું શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના દર્શન કરવા ગયો હતો. આ સાંભળી માતાના રોમેરોમે હર્ષ થયો. આગળ કહે છે હે માતા! મેં પ્રભુની વાણી સાંભળી ત્યાં તો માતાના રૂંવાડા ખડા થઈ ગયા. અહો દીકરા! તને ધન્ય છે એમ કહીને વહાલથી માતા જમાલિકુમારના માથે હાથ ફેરવવા લાગી. માતાને પુત્ર પ્રત્યે કેટલું વાત્સલ્ય હોય છે અને દીકરાને પણ એની માતા કેવી વહાલી હોય છે!

"નામદેવની માતા પ્રત્યેની ભક્તિ"

નામદેવ માતાને ખૂબ વહાલો હતો. એક વખત નામદેવની માતાને સખ્ત તાવ આવ્યો. તાવથી શરીર લોઢા જેવું ધીખી ગયું છે. પણ આ નાનકડો નામદેવ માતાની બાજુમાં જઈને સૂઈ જતો. કયાંય બહાર જતો નહિ. તાવથી માતાનું શરીર અશકત થઈ ગયું છે, શરીર ધીખી છે પણ માતા વહાલથી નામદેવના માથે હાથ ફેરવતી. માતાને પાણી પીવું હોય તો પા બોલે ત્યાં નામદેવ પાણી હાજર કરતો. ખૂબ સેવા કરતો અને માતાને બિમાર જોઈ પ્રભુને પ્રાર્થના કરતો હે મારા પ્રભુ! મારી માતાને તું જલ્દી સાજી કરી દે. મારી માતાને તાવ આપ્યો તેના કરતાં મને આપવો હતો ને! માતાની ખબર કાઢવા સગાવહાલા બધા આવવા લાગ્યા અને ઘરગથ્થુ દવાઓ બતાવવા લાગ્યા. કોઇ જે કહે તે બધા ઈલાજો નામદેવ કરતો પણ કોઇ રીતે એની માતાને તાવ ઉતર્યો નહિ. ત્યારે કોઇએ કહ્યું કે અમુક વનસ્પતિના લાકડાની છાલની ધૂણી કરો તો પરસેવા વાટે બધો તાવ બહાર નીકળી જશે. એટલે નાનકડો નામદેવ તો નાનકડી કુહાડી લઇને જંગલમાં ઉપડયો ને ઝાડ ઉપર ચઢી તે વૃક્ષની છાલ કાપવા માંડી. પણ એનું હૃદય કરૂણાથી છલકાતું હતું. તે કોઇને દુઃખ થાય તેવું નહોતો કરતો. ઝાડ ઉપર કુહાડીના બે ત્રણ ઘા કર્યા તેથી છાલ તો ઉખડી પણ અંદરથી પાણી વહેવા લાગ્યું. આ જોઇ નામદેવ વિચારમાં પડયા અહો! આપણને સહેજ કંઇ વાગે છે તો કેટલી પીડા થાય છે? જ્યારે મેં આ વૃક્ષ ઉપર કુહાડીના ઘા કરી એની છાલ ઉખાડી નાંખી એને કેટલું દુઃખ થતું હશે? તારી ચામડી કોઇ ઉતારી નાંખે તો તને કેવી પીડા થાય? આ વિચારે એની આંખમાં આંસુ આવી ગયા, પણ માતા તાવથી પીડાતી હતી એટલે જલ્દી છાલ લઇને ઘેર આવ્યા ને માતાને ખાટલામાં સૂવાડી ધૂણી કરી. સમય જતાં માતાનો તાવ ઉતરી ગયો. મા સાજી થઇ એનો એને આનંદ થયો પણ પેલા ઝાડને કુહાડીના ઘા કર્યા ને પાણી વહ્યું એનું દુઃખ હૃદયમાંથી જતું નથી. થોડા દિવસ પછી એની માતા નામદેવનું નાનકડું ધોતીયું ધોતી હતી ત્યાં એકદમ ભૂમ પાડીને કહે છે બેટા નામદેવ! તારી ધોતી આટલી બધી લોહીવાળી કેમ છે? બેટા, તને કંઇ વાગ્યું તો નથીને? નામદેવને કહેવાની ઈચ્છા ન હતી પણ માતાના અત્યંત આગ્રહથી કહેવાની ફરક પડી એટલે કહે છે મા! તું માંદી હતી ત્યારે હું તારા માટે ઝાડની છાલ કાપવા માટે ગયો હતો, મેં

ઝાડ ઉપર કુહાડીના ઘા કરીને છાલ ઉખાડી ત્યારે એ થડમાંથી પાણીના ઝામા બહાર આવ્યા. એ રડવા લાગ્યું એટલે એને કાપવાથી દર્દ તો થયું હશેને ! એને કેવી પીડા થઇ હશે એ જોવા માટે મેં મારી જાંઘ ઉપર કુહાડીનો ઘા કર્યો હતો. પુત્રના શબ્દો સાંભળતાં માતા દોડીને ભેટી પડી. દીકરાને બાથમાં લઇ લીધો. ધન્ય છે બેટા ! તું બીજાને કેવું દુઃખ થયું હશે તે જોવા તારી જાંઘ ઉપર કુહાડો માર્યો.

ભગવાન કહે છે દરેક જીવોને સુખ ગમે છે. **"આત્મવત્ સર્વભૂતેષુ"** એવી ભાવના કેળવો. જૈન કુળમાં જન્મીને જૈન કહાવે છે પણ ખરેખર સાચો જૈન કોણ ? જે જીવદયા પાળે તે જૈન. બીજાને પીડા થાય તે મને થાય છે એમ સમજે. મારા નિમિત્તે કોઇને દુઃખ થાય તેવું વર્તન મારે ન કરવું જોઈએ. નામદેવ ભક્તે પોતાની કરૂણા મૂંગા વૃક્ષો સુધી પહોંચાડી હતી. તમે આ કરૂણાનો બોધ તમે તમારા પાંચ-સાત સ્વધર્મીબંધુઓની તન-મન-ધનથી સેવા કરીએ ત્યાંસુધી તો અવશ્ય પહોંચાડજો.

જમાલિકુમારે માતા-પિતાને જય હો....વિજય હો એવા શબ્દોથી વધાવ્યા અને પગે લાગ્યા. કેવી સુંદર મર્યાદા ! હૃદયનો કેવો આદરભાવ ! જ્યાં આવો વિનય અને આવી વર્તણુક હોય ત્યાં નાના-મોટા પ્રત્યે કેવો પ્રેમભાવ ને લાગણી હોય ! પછી ત્યાં મન દુઃખ થવાનો પ્રસંગ ન આવે. હૃદયમાં પ્રશસ્ત ભાવો ભર્યા હોય છે ત્યારે વ્યવહાર સારો ચાલે છે. હૃદયમાં મલીન ભાવો ભર્યા હોય ત્યારે વ્યવહાર પણ એવો ચાલે છે. જમાલિકુમાર કહે છે હે માતા પિતા ! મેં આજે શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ પાસે ધર્મ સાંભળ્યો છે અને તે ધર્મ મને ગમ્યો, મને તેના પ્રત્યે શ્રદ્ધા થઇ. જમાલિકુમારના વચન સાંભળી માતા-પિતા કહે છે "धन्ने सिणं तुमे जाया।" હે પુત્ર ! તને ધન્ય છે. તું આજે કૃતાર્થ બન્યો છે. તું મહાન પુણ્યવાન છે કે તેં ભગવાન મહાવીર સ્વામી પાસે ધર્મ સાંભળ્યો, તને ધર્મ ગમ્યો, તને રૂચ્યો અને તેં માથે ચઢાવ્યો.

દેવાનુપ્રિયો ! અહીં જમાલિકુમારના વચન અને માતપિતાના જવાબો. બંને ખૂબ વિચારવા જેવા છે. જમાલિને પ્રભુની વાણી ગમી, માથે ધરી અને તેના ઉપર સચોટ શ્રદ્ધા કરી તેનાથી અનંત કાળથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવને અંધકારમાંથી પ્રકાશમાં આવવાનું બન્યું. જિન વચન પ્રત્યે આકર્ષણ થવું, તહેત્ કરીને માથે ચઢાવવું અને દિલમાં એ સાચું છે એમ શ્રદ્ધા થવી એ બધો પ્રકાશ છે અને મોહને પોષણ આપનારા ધન-માલ-મિલ્કત-પરિવાર વિગેરેના આકર્ષણ આ બધા સુખના હેતુઓ છે એમ શ્રદ્ધા થવી તે અંધકાર છે. જમાલિકુમારના માતાપિતા પોતાનો પુત્ર ધર્મનો પ્રકાશ પામ્યો તેથી ખુશી અનુભવતા એને ધન્યવાદ આપે છે. તમારા દીકરા-દીકરી શું પામે તો ખુશી થાવ ? ધર્મ પામે તો કે મોટી ડીગ્રી મેળવે તો ? આ બંને વાતનો તમે વિચાર કરશો તો સમજાશે કે એ આત્માઓ ક્યાં ને આપણે હજુ ક્યાં મોહની અંધારી-

ગલીમાં ભમી રહ્યા છીએ તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર:- સિંહકુમાર પુરૂષદત્ત રાજા અને માતા શ્રીકાંતા મહારાણીને અતિ પ્રિય છે. તે દિવસે દિવસે મોટો થાય છે. તેનું મન હંમેશા ધર્મપ્રવૃત્તિ તરફ આકર્ષાય છે. પુરૂષોની ૭૨ કળામાં સિંહકુમાર નિપુણ બન્યો છે, પણ તેના જીવનમાં ધર્મકળા તો મુખ્ય હતી. કહ્યું છે કે "सव्वकला धम्मकला जिणाइ।" સર્વ કળાઓને ધર્મકળા જીતે છે. જીવનમાં ભલે બીજી બધી કળાઓ હોય પણ એક ધર્મકળા ન હોય તો જીવનની કોઈ શોભા નથી. સિંહકુમાર બધી કળામાં પ્રવીણ થયા છે અને બરાબર યૌવનના આંગણે પ્રવેશ કર્યો.

સિંહકુમારનું બગીચામાં ગમન અને કુસુમાવલિનું મિલન

વસંત ઋતુનો સમય હતો. એક દિવસ સિંહકુમાર તેના મિત્રો સાથે બગીચામાં ફરવા માટે ગયા. ત્યાં બગીચામાં બેસીને પણ ધર્મની વાતો કરી રહ્યા હતા. જુઓ, બગીચામાં ફરવા ગયા છે, ત્યાં પણ ધર્મની ચર્ચા વિચારણા કરી રહ્યા છે. આ સમયે એ સિંહકુમારના મામા લક્ષ્મીકાંત મહાસામંતની પુત્રી પણ બગીચાની શોભા નિહાળતી, આમતેમ ફરતી પોતાની સખીઓની સાથે તે બગીચામાં ફરી રહી છે. ફરતી ફરતી જ્યાં સિંહકુમાર હતો ત્યાં થઈને પસાર થાય છે. આ સમયે સિંહકુમાર અને કુસુમાવલિની દૃષ્ટિ એક થાય છે અને એક બીજાને દેખીને ખૂબ આનંદ થાય છે. બંને વિચાર કરે છે આપણે બંનેનો સબંધ થાય તો સારૂં. રજવાડામાં મામાફોઈના વરે છે એટલે એક બીજાના મનના વિચાર જાણીને તેમની ઇચ્છ નુસાર બંનેના લગ્ન થાય છે. સિંહકુમાર અને કુસુમાવલીના ખૂબ ધામધૂમપૂર્વક લગ્ન થાય છે. સિંહકુમાર રાજ્યકાર્યમાં પ્રવીણ થાય છે ત્યારે તેના માબાપ વિચાર કરે છે કે આપણો સિંહકુમાર મોટો થયો છે તેથી આપણે આત્મકલ્યાણ કરીએ.

બંધુઓ! વિચાર કરો આગળના રાજાઓ કેવા ઉત્તમ હતાં. પુત્ર મોટો થાય એટલે રાજ્યનો કારભાર પુત્રને સોંપી સંયમ લેતા હતા. કંઇક જીવો તો એવા ભારે કર્મી હોય છે કે પુત્રો સામેથી કહે કે બાપુજી! તમે અમારા માટે ઘણું કર્યું છે, હવે હું બધું સંભાળી લઇશ. તમે નિરાંતે ધર્મધ્યાન કરો ત્યારે કહેશે કે તું ગમે તેટલું કરે પણ મારા જેવું તું ન કરી શકે. આ કેવો મોહ છે! પુરૂષદત્ત રાજાને દીક્ષા લેવાની ભાવના થઈ તે સમયે ત્યાં ધર્મઘોષ નામના આચાર્ય ગ્રામાનુગ્રામ વિહાર કરતાં પધાર્યા. તેમની વાણી સાંભળી સંસાર અસાર લાગ્યો એટલે સિંહકુમારનો રાજ્યાભિષેક કરી પુરૂષદત્તરાજા અને શ્રીકાંતા રાણીએ દીક્ષા લીધી અને અનુકૂળ સમયે તેઓ વિહાર કરી ગયા.

હવે સિંહકુમાર રાજા બન્યા ને કુસુમાવલી મહારાણી બન્યા. સિંહકુમાર ખૂબ સુંદર રીતે રાજ્ય ચલાવતા હતા. ન્યાય-નીતિ ને પોતાની કળાકૌશલ્યથી પ્રજાનો પ્રેમ

જીતી લીધો. પ્રજા રાજાના મુકતકંઠે ગુણગાન કરે છે અને સૌ કહેતા કે આપણા રાજા તો રાજા નહિ પણ એક ઋષિ જેવા પવિત્ર છે. રાજવૈભવના સુખો ભોગવવા છતા જરા પણ મમતા નથી. રાજારાણી રાજ્યના સુખો ભોગવી રહ્યા છે ત્યાં હવે શું બને છેઃ-

કુસુમાવલી રાણી રજનીમેં, સર્પસ્વપ્ન લખ જાગી
પાપી જીવ પેટમેં મેરે, કોઈ આયા દુર્ભાગી
જ્યૂં જ્યૂં ગર્ભ બઢે ઉર અંદર, ત્યૂં ત્યૂં ચિંતા લાગી હો.... શ્રોતા તુમ

એક વખત રાત્રે કુસુમાવલી રાણી પોતાના શયનગૃહમાં સૂતા હતા. તે સમયે સ્વપ્નામાં તેણે એક ભયંકર પુંફાડા મારતો ઝેરી સર્પ જોયો અને એકદમ જાગી ગઇ. સર્પ જોઇને થરથર ધ્રૂજવા લાગી. એના હોશકોશ ઉડી ગયા. એ સમજી ગઈ કે મને આવું સ્વપ્ન આવ્યું છે માટે અવશ્ય તેનું ફળ મળશે. નક્કી મારા પેટમાં કોઇ દૂર્ભાગી જીવ આવીને ઉત્પન્ન થયો હશે. સર્પમાં બે જાતિ છે એક કાળો ઝેરી સર્પ ને બીજો સફેદ સર્પ. જો સફેદ સર્પ જોયો હોત તો સારૂં સ્વપ્ન કહેવાય પણ આતો કાળો સર્પ હતો. આવું ખરાબ સ્વપ્ન જોઈને રાણી ઉંઘી જવા પ્રયત્ન કરવા લાગ્યા પણ ઉંઘ આવતી નથી. સારૂં સ્વપ્ન જોઇને ઉંઘવું ન હોય તો ઉંઘ આવી જાય.અને ખરાબ સ્વપ્ન જોઈને ઉંઘી જવું હોય તો ઉંઘ આવતી નથી. છાતી મસળીને સ્વપ્ન કાઢી નાખવા મથે છે પણ અંદરથી નીકળતું નથી અને આવા ખરાબ સ્વપ્નની વાત રાજાને પણ કરાય નહિ. દિવસે દિવસે ચિંતામાં કુસુમાવલી રાણી સૂકાતી જાય છે. વિચાર કરે છે અહો! હું કેવી પાપી છું! મારા ગર્ભમાં કેવો પાપી જીવ ઉત્પન્ન થયો છે. જેમ સર્પ કરડે ને માણસનો નાશ કરે તેમ મારા ગર્ભમાં જે જીવ આવીને ઉત્પન્ન થયો છે તે ખરેખર મારા કુળનો ઉચ્છેદ કરનારો થશે, મને એવા ભણકારા વાગે છે. રાણી ખૂબ રડે છે, શોકમગ્ન રહે છે. પહેલાં તેને ધર્મધ્યાન કરવું, દાન દેવું ગમતું હતું. પણ હવે ખરાબ ખરાબ વિચારો આવે છે. આ બધું અંદર રહેલો ગર્ભનો જીવ કરાવે છે. રાણી વિચાર કરે છે કે ગમે તેમ કરીને આ ગર્ભના જીવને નષ્ટ કરી દઉં. તે માટે ઘણા ઉપાયો કરે છે. પણ એવા પાપી જીવોનું આયુષ્ય નિકાચીત હોય છે. ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં તૂટતું નથી. રાણી ખૂબ શોકમગ્ન ઉદાસીનપણે રહે છે હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં.–૩૩

શ્રાવણ શુદ ૧૩ ને શનિવાર તા. ૧૧–૮–૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંત કરૂણાનિધી શાસનપતિ ભગવંતે સિદ્ધાંતની પ્રરૂપણા કરી. ત્રણે કાળે સિદ્ધ થયેલી વસ્તુ તેનું નામ સિદ્ધાંત. જીવના મહાન સદ્‌ભાગ્ય હોય, પુણ્યોદય હોય તો આ વાણી સાંભળવાનો સુઅવસર પ્રાપ્ત થાય. જ્યારે જીવાત્મા બે ઈન્દ્રિયમાં ઉત્પન્ન થયો ત્યારે કાયાને મુખ મળ્યું. તે ઈન્દ્રિયમાં કાયા-મુખને નાસિકા મળી. ચૌરેન્દ્રિયમાં કાયા-મુખ-નાસિકાને આંખ મળી. પચેન્દ્રિયમાં આવ્યો ત્યારે કાન મળ્યા. પાચ ઈન્દ્રિઓમાં કાનની કિંમત વધારે છે. કાનનું મૂલ્ય સમજો. આંખે ન જોઈ શકનાર પણ કાને સાંભળીને સ્વરૂપને પામી શકે છે.

આત્મસ્વરૂપની પિછાણ આ માનવભવમાં થઇ શકે છે. આટલા માટે આપણા જ્ઞાની ભાગવંતો કહે છે કે દુલ્લહે ખલુ માણુસે ભવે । માનવભવ દુર્લભ છે. બંધુઓ ! જન્મ એ સ્વભાવે સારો નહિ છતાં જ્ઞાનીઓએ મનુષ્યજન્મને એટલા માટે સારો કહ્યો છે કે એ જન્મ દ્વારા જન્મરહિત બની શકાય છે. જીવનને કિંમતી બનાવવા માટે માનવજન્મની કિંમત સમજો. જન્મનું દુઃખ એટલે શરીરનું દુઃખ, કારણ કે સિદ્ધ ભગવંતોને શરીર નથી તો કોઈ ઉપાધિ નથી. આપણે શરીર છે તેથી બધી ઉપાધિઓ છે. એના પર તમને પ્રેમ છે કે દ્વેષ ? પ્રેમ હોય તો દેહ જે માંગે તે આપવાનું મન થાય ને દ્વેષ હોય તો તેનાથી છૂટવાનું મન થાય. ઈન્દ્રિયોની ગુલામીમાંથી મુકત બનવા માટે શરીર અને સંસારની મમતા ત્યાગી સંયમમાર્ગે આવી જાવ. આ શરીરી અવસ્થા પામવાનું જેને મન થતું નથી તેને જન્મ-મરણના ફેરા અશરણ નથી લાગ્યા. એ અશરણ નહિ લાગે ત્યાં સુધી ઈન્દ્રિઓના વિષયથી મુકિત મેળવવાનું મન નહિ થાય અને ત્યાં સુધી જીવન સારું નહિ બને. પાંચ ઈન્દ્રિઓની ગુલામી છોડો. મહાન પુરૂષો ઈન્દ્રિઓને હુકમ કરે છે કે હું તમારો ઉપયોગ કરીશ પણ તમે જ્યાં જવા ઇચ્છો છો ત્યાં જવા દઇશ નહિ. સમજો, ઈન્દ્રિઓ આપણા ઉપર કાબુ રાખે તો માનજો કે ઉલ્ટી ગંગા વહી રહી છે. સર્વજ્ઞ ભગવંતની વાણી સાંભળી સવળી કરવાનો આ અમૂલ્ય અવસર મળ્યો છે.

મંગલકારી વીરની વાણી જાણે અમૃતધાર,
ઝીલી શકે ના અંતર જેનું એળે ગયો અવતાર,
જાણે એ તો મોક્ષ પ્રમાણી એવી મારા વીરની વાણી...સુખ છે થોડું...

વીર પ્રભુની વાણી ભવ બંધનને કાપનારી છે, શાશ્વત સુખ અપાવનારી છે. પણ જેના અંતરમાં એ વાણી ઉતરી નથી તેનું જીવન અંધકારમય છે. જમાલિકુમારને ભગવાનની વાણી અંતરમાં ઉતરી ગઈ ને સંસાર છોડવાનું મન થયું. તમે કેટલી વાર

વીતરાગ વાણી સાંભળી પણ અંતરમાં ઉતરી છે? રોટલી ખાઇએ ને ભૂખ ન મટે તો રોટલી ખાધી નથી. પાણી પીએ ને તરસ ન છીપે તો પાણી પીધું નથી તેમ વીતરાગ વાણી સાંભળીને સંસાર આરો ન લાગે તો સમજજો કે વીતરાગ વાણી સાંભળી નથી. મોક્ષપ્રાપ્તિ માટે દીક્ષા જરૂરી છે છતાં તમે દીક્ષા ન લઈ શકો તો ખેર! પણ જીવનમાં એવો ધર્મ અપનાવો કે તમારૂં જીવન સદાચારી બને. તમારી આડોશ પાડોશમાં રહેનારને પણ એમ થાય કે જૈન ધર્મ એ ઉચ્ચ કોટિનો ધર્મ છે. તમારૂં ઉચ્ચ જીવન જોઈ બીજા તેનું અનુકરણ કરી જૈન બને. આટલું કરશો તો પણ માનવજન્મ સાર્થક બનશે.

એક ગામમાં એક જૈન સુખી કુટુંબ વસતું હતું. જેની રગેરગમાં જૈન ધર્મના સંસ્કારોનું સિંચન હતું. એ ઘરમાં કોઈની નિંદા કુથલી નહિ, રગડાઝઘડા નહિ, અન્યાય ને અનીતિ નહિ. પરધન તો એમને મન પથ્થર સમાન હતું. ઘરના કામકાજમાંથી નિવૃત થાય એટલે સારા સાહિત્યનું વાંચન કરવા બેસી જાય. એ કુટુંબમાં નાના–મોટા દરેકના જીવનમાં જૈનત્વ ઝળકી ઉઠયું હતું. એની પાડોશમાં એક બ્રાહ્મણ કુટુંબ વસતું હતું. એ જૈનના સંસ્કારોની અસર બ્રાહ્મણ ઉપર પડી. એકબીજાનો સબંધ ખૂબ સારો હતો, એટલે વારંવાર જૈનના ઘરમાં આવતા જતા સંગની અસર થઈ. એ બ્રાહ્મણ કુટુંબ ધીમે ધીમે જૈન ધર્મ પામી ગયું. એ બ્રાહ્મણને ચાર પુત્રો હતા. એ બધા શ્રાવકની સાથે ઉપાશ્રયે જતાં. વ્યાખ્યાન વાણી સાંભળતાં અને સંતોને સુપાત્રે દાન આપતા. એક વખત ખૂબ જ્ઞાની આચાર્ય મહારાજ ગામમાં પધાર્યા. તેમની વાણી ખૂબ વૈરાગ્યથી ભરેલી હતી. આ સાંભળી બ્રાહ્મણના ચાર પુત્રો ઉપર તેની ખૂબ સારી અસર થઈ. આ ચાર પુત્રોમા મોટો પુત્ર ૨૮ વર્ષનો હતો, બીજો ૨૫ વર્ષનો, ત્રીજો ૨૨ વર્ષનો અને ચોથો ૧૯ વર્ષનો હતો.

આ ચારેય ભાઈઓએ સંત પાસે એકેક પ્રત્યાખ્યાન લીધા. તેમાં સૌથી મોટાએ એવી પ્રતિજ્ઞા કરી કે મારા જીવનમાં ગમે તેવો પ્રસંગ આવે પણ મારે સદાચાર ન છોડવો. બીજાએ એવી પ્રતિજ્ઞા કરી કે મને લાખોની કમાણી થતી હોય તો પણ મારે હિંસાનો ધંધો કરવો નહિ, ત્રીજાએ એવી પ્રતિજ્ઞા કરી કે મારે નિઃસ્વાર્થભાવે પોતાનું સુખ જતું કરી બીજાની સેવા કરવી. ધર્મના માટે મારૂં જીવન સમર્પણ કરવું પડે તો કરી છઉં એવો સમર્પણ ભાવ હતો અને ચોથાએ એવી પ્રતિજ્ઞા કરી કે ગમે તેવા સંયોગોમાં પણ મારે નીતિ અને પ્રમાણિકતા છોડવી નહિ. એક વખતના સંત સમાગમે બ્રાહ્મણ કુટુંબનું જીવન પલટાવી નાંખ્યું. તમે કેટલી વખત વ્યાખ્યાન સાંભળ્યું! જીવનમાં કેટલો પલટો લાવ્યા? સમજો, વ્યાખ્યાન શું છે:

"વ્યાખ્યાન નહિ યહ ગોલિયાં હૈ રોગીકો દી જાતી હૈ,
ખાનેમેં કડવી લગતી હૈ, પણ સારા રોગ મિટાતી હૈ."

જિનવાણી એ ભવરોગ મટાડનારી દવા છે. દવા તો થોડી હોય એના કંઈ કુંડા ન હોય, નાનીશી બાટલી હોય, ભલે તેનું આચરણ કરવું આકરું લાગશે પણ યથાર્થ રીતે જો તેનું આચરણ થશે તો ભવરોગ અવશ્ય નાબૂદ થશે અને માનવભવ સફળ બનશે. આ બ્રાહ્મણ કુટુંબ ઉપર તેની કેવી સુંદર અસર થઈ છે.

માતા-પિતા અને ચાર પુત્રો એ છનું કુટુંબ નંદનવન સમાન શોભતું હતું. ચારેય પુત્રો હજુ કુંવારા હતા. કર્મની ગતિ ન્યારી છે. એ કુટુંબમાં પણ પડછાયાની જેમ દુઃખ પાછળ ઉભેલું હતું. એક વખત એ બ્રાહ્મણની પત્ની બિમાર પડી એટલે પોતાના ચારેય પુત્રોને પાસે બોલાવીને કહ્યું-મારા વ્હાલા દીકરાઓ ! અત્યાર સુધી હું બૂબ આનંદ અને સંતોષપૂર્વક જીવન જીવી છું. મને કોઈ વાતનો હર્ષ કે શોક રહ્યો નથી. ફકત એક વાતનું મારા હૃદયમાં દુઃખ છે કે મારા ચારેય રત્ન સમા, આંખની કીકી જેવા પુત્રોનો સંપ પરણ્યા પછી તૂટી ન જાય અને તારા પિતને પાછળથી દુઃખ જોવાનું ન આવે તેની મને ચિંતા થાય છે માટે હે મારા સદ્‌ગુણી પુત્રો ! પિતાની હયાતી સુધી તો તમે આ સ્વર્ગસમા વાતાવરણને નવપલ્લવિત રાખજો અને તમારા પિતાજીની શાંતિ-સુખ ને ધર્મ પારાયણતામાં જરા પણ ઊણપ ન આવે તેની સતત કાળજી રાખજો ને મારી કુખને સદા ઉજળી રાખજો. તમે એવું જીવન જીવજો કે મારા મરી ગયા પછી પણ લોકો બોલે કે ધન્ય છે એમની જનેતાને ! મારી કુંખને વગોવશો નહિ અને એવું મઘમઘતું માનવજીવન જીવજો કે એની મહેંક પ્રસરાય. ચારિત્રશીલ જીવનની કિંમત છે. પ્રાણ વિનાના દેહની જેમ કિંમત નથી તેમ ધર્મ અને ચારિત્ર વિનાના જીવનની પણ કિંમત નથી. માટે પુત્રો ! તમે તમારું જીવન ઉજ્જવળ બનાવજો. પુત્રો કહે છે માતા ! તું વિશ્વાસ રાખ. તારા પુત્રો તારૂં નામ દીપાવશે. માતા સંતોષ પામી પરલોક પ્રયાણ કરી ગઇ.

માતાના જવાથી ચારે ય પુત્રોને તેમ જ તેના પતિને આઘાત લાગ્યો. પણ એ કુટુંબ ધર્મના ઉંડા સંસ્કારને પામેલું હતું. એટલે વિષાદનો પડદો અલ્પ સમય રહ્યો. માતાનો શોક વિસારે પડયા પછી એક દિવસ પિતાએ એના પુત્રોને કહ્યું-હે પુત્રો ! તમારા જન્મથી લઈ આજ સુધીમાં તમારા જીવનમાં સદ્‌ગુણ અને ધાર્મિક સંસ્કારોનું સિંચન થયું છે, એ જોઇને તમારી માતા સંતોષ અને આનંદપૂર્વક આ ફાની દુનિયાને છોડીને ચાલી ગઈ છે અને એક દિવસ મારો પણ વારો આવશે તે વાત નક્કી છે. તો તે પહેલાં હું તમારી પરીક્ષા કરવા ઈચ્છું છું. ઘરનો બધો વહીવટ ને રિદ્ધિ-સિદ્ધિનો વારસો કોને સોંપવો તે નકકી કરી લઉં. તો તમે ચારેય પુત્રો તમારામાં રહેલાં મહાન ગુણીયલ આદર્શોની કસોટીમાં પાર ઉતરી બતાવો તો મને શાંતિ થાય. પછી આ જીવનલીલા સમાપ્ત થાય તો મને ચિંતા નહિ.

પુત્રો કહે છે પિતાજી ! આપ ચિંતા ન કરો. સમય આવ્યે આપોઆપ એ જોઇ શકશો. અમને ખાત્રી છે કે અમે એમાં પાર ઉતરીશું. તેમાં એક દિવસ એવું બન્યું કે મધરાત્રે બ્રાહ્મણના મકાનનું દ્વાર કોઈએ ખખડાવ્યું અને કોઇ બાઈ કરૂણ સ્વરે રૂદન કરતી હોય તેવો અવાજ સંભળાયો. મોટો પુત્ર જાગતો હતો તેને થયું અત્યારે બારણું કોણ ખખડાવતું હશે ? અને આ કોણ રડી રહ્યું છે ? લાવ જોઉં એમ કરી દ્વાર ખોલ્યું તો એક સૌંદર્યવાન યુવાન કન્યા બારણા માં ઢગલો થઇને પડી છે. મોઢામાંથી ફીણ નીકળે છે. આવી હાલતમાં પડેલી યુવાન છોકરીને જોઇ બ્રાહ્મણના પુત્રને થયું કે આ કોઈ દુઃખીયારી બાઈ છે. માનવમાત્રની ફરજ છે કે શરણે આવેલાને સહાય કરવી. મેઘરથ રાજાએ પારેવાને શરણું આપ્યું હતું. એક પારેવાને ખાતર પોતાના પ્રાણની પરવા કરી ન હતી. તેના પ્રભાવે તે શાંતિનાથ ભગવાન બન્યા તો મારે આ બેનનું રક્ષણ કરવાનો સમય આવ્યો છે શા માટે જવા દઉં ?

બ્રાહ્મણપુત્રે પેલી છોકરીને ઉંચકીને તેના રૂમમાં સૂવાડી પાણી છાંટયું, પવન નાંખ્યો તેથી તે ભાનમાં આવે છે ત્યારે કહે છે બહેન ! તું ગભરાશ નહિ. પણ તને એક વાત પૂછું છું કે તું આવી યુવાન અને અપ્સરા જેવી સ્વરૂપવાન છે. આ મધ્યરાત્રીના સમયે કદી એકલી બહાર નીકળે નહિ નેં તું કેમ એકલી નીકળી છું અને આટલી બધી ગભરાયેલી અને આકુળ-વ્યાકુળ કેમ દેખાય છે ? ત્યારે છોકરી ખૂબ રડે છે ને પછી કહે છે મારા દુઃખની શું વાત કરૂં ? અહીંથી થોડે દૂર સામેના ગામમાં વસતા એક બ્રાહ્મણની પુત્રી છું. મારા પિતાને સારી એવી જમીન હતી. પણ અમારા ગામનો મામલતદાર ખૂબ શોષણનીતિવાળો છે. ધીમે ધીમે કરીને મારા બાપની બધી જમીન પડાવી લીધી અને અમારું ઘર તદ્દન ખાલી કરી નાંખ્યું. મારી માતા તો મને નાની મૂકીને મરી ગઈ છે. જાગીરદારે મારા બાપને માથે કરજ ચઢાવ્યું અને કરજ પેટે મને લઈ જવાની માંગણી કરી છે. ખૂબ ધમકી આપી છે. મારા પિતાજી ખુબ રડવા લાગ્યા. દુઃખિત દિલે પિતાએ મને વાત કરી. મેં કહ્યું પિતાજી આપ રડશો નહિ. મારા ચારિત્રનું રક્ષણ કરવું તે મારા હાથની વાત છે. મારા ચરિત્રને કદી આંચ આવવા નહિ દઉં. વખત આવશે તો મારી જીભ કરડીને મરી જઇશ. પણ મારૂં શીયળ લૂંટાવા નહિ દઉં. એ આજે રાત્રે મને લેવા આવવાનો હતો. મને ખબર પડી એટલે હું અંધારૂં થતાં ગામ છોડીને ભાગી છૂટી છું અને અહીં આપના આશ્રયે આવી છું. અહીં આવીને ખૂબ થાકી ગઈ તેથી મેં તમારું બારણું ખખડાવ્યું અને જમીન પર ઢળી પડી.

બ્રાહ્મણ પુત્ર કહે છે બહેન ! તું બિલકુલ ગભરાઈશ નહિ. તારી સંપૂર્ણ જવાબદારી અમે સંભાળી લઈશું. તારા ચારિત્રનું રક્ષણ કરીશું. તારો વાળ વાંકો નહિ થવા દઈએ. આમ કહી આશ્વાસન આપ્યું ત્યારે બ્રાહ્મણની પુત્રી કહે છે તમે મને

આશ્રય આપ્યો છે તો હવે બરાબર આશ્રય આપજો. બંધુઓ ! અહીં જોવાનું એટલું છે કે એકાંત છે, રાત્રીનો સમય છે, સોળે કળાએ ખીલેલી સૌંદર્યવાન યુવતિ છે. ભલભલાને ચલાયમાન કરી નાંખે તેવું આ દૃશ્ય છે. પણ બ્રાહ્મણના પુત્રના મનમાં વિકાર જાગતો નથી. એના માતા પિતાએ એવા સુંદર સંસ્કારનું સિંચન કર્યું હતું કે ઇન્દ્રની અપ્સરા આવે તો પણ એનું રૂંવાડું ફરકે તેમ ન હતું. એવો આ ૨૮ વર્ષનો ભરયુવાન છોકરો અડગ રહ્યો. સામી વ્યકિત પણ ચારિત્રવાન હતી. એણે શીયળનું રક્ષણ કરવા માટે આ કષ્ટ વેઠયું હતું. આટલી ગરીબી હોવા છતાં પૈસા ને જમીન જોઈ જાગીરદારને વશ ન થઈ. એને આ બ્રાહ્મણપુત્ર સાક્ષાત્ દેવ જેવો દેખાવા લાગ્યો. તેના એકેક વચનો અને સંસ્કાર જોઇને તેનો વિચાર થયો તેથી પૂછયું આપના લગ્ન થયા છે ? ત્યારે બ્રાહ્મણપુત્ર કહે છે મારા લગ્ન નથી થયા. ત્યારે કહે છે, આપ માતા પિતાની રજા લઇ મને સ્વીકારો તો આપની સાથે લગ્ન કરીશ. તમે મને આવા દુઃખના સમયે આશ્રય આપ્યો છે, મને બચાવી છે, જીવન આપ્યું છે અને આપને હું કલ્પું તેમ છું. પણ જો વડીલોની સંમતિ હોય તો.

બ્રાહ્મણપુત્ર કહે છે તું શરણે આવી છું તો તારું રક્ષણ કરવું તે મારી ફરજ છે. પણ હું તારી સાથે લગ્ન નહિ કરું. બીજી વાત મારા બીજા એકએકથી ચઢે તેવા ત્રણ ભાઇ છે. એને તો તું જો. પણ છોકરી કહે છે હું તો તમને મનથી વરી ચૂકી છું અને વડીલોની આજ્ઞા થાય છતાં જો આપ મને નહીં સ્વીકારો તો આત્મહત્યા કરીને મરી જઈશ. ત્યારે મોટો ભાઇ કહે છે હું મારા બીજા નંબરના ભાઇ પાસે આ વાતનું સમાધાન કરવા જાઉં છું. તું અહીં આરામ કર. એમ કહી તેને બેસાડી બારણું બંધ કરી બીજા નંબરના ભાઈ પાસે આવ્યો. ભાઇ આત્મચિંતનમાં લીન હતો. એકાએક રાત્રીના સમયે મોટાભાઇને પોતાના રૂમમાં આવેલો જોઇને ઝબકયો ને આવવાનું કારણ પૂછયું ત્યારે મોટાભાઇએ બનેલી બીના કહી સંભળાવી ને કહ્યું કે ભાઇ ! હું સદાચારનો પૂજારી છું. મારા સદાચારી જીવનમાં મને આ આંદોલન પાલવે નહિ અને ના પાડવાથી સ્ત્રીહત્યાનું પાપ લાગે માટે તું અહિંસાનો પૂજારી છું તો એને અપનાવી લે. અગર કંઈક રસ્તો કાઢ. મોટા ભાઇની વાત સાંભળીને નાનો ભાઈ કહે છે મોટા ભાઇ ! જો એ આત્મહત્યા કરવાનું કહેતી હોય અને શીયળ પાળવા માટે જો આટલું કષ્ટ વેઠીને આવી છે તો તમારે એને અપનાવવામાં કંઇ વાંધો નથી. વળી તારો નિયમ સદાચારી છે એને અનુરૂપપાત્ર તને મળે છે. વળી દુઃખની મારી સર્વપ્રથમ તમારે દ્વારે આવી છે. આપે એને આશ્રય આપ્યો છે. તમને સુપાત્ર જોઈને તમારી માંગ કરી છે તો તેનો સ્વીકાર કરવામાં શું વાંધો છે ? ત્યારે મોટો કહે બધી વાત સાચી પણ એ સ્ત્રી દેવી સમાન સ્વરૂપવાન છે. સદ્ગુણ ભરેલી સ્ત્રીને અભયદાન આપવું એ તો તારો ધર્મ છે.

માટે તું અપનાવી લે. પણ ભાઇ માન્યો નહિ. બંધુઓ ! વિચાર કરો. કેવા આર્યસંસ્કારો છે ! પોતપોતાના વિચારોમાં કેટલા દૃઢ છે.

મોટા ભાઇએ ઘણું કહ્યું છતાં બીજા નંબરનો ભાઇ ન માન્યો ત્યારે કહે છે તો હવે આપણે ત્રીજા નંબરનો ભાઈ સમર્પણની ભાવનાવાળો છે તેની પાસે જઇએ. એટલે બંને ભેગા થઈ ત્રીજા ભાઇનીપાસે આવ્યા. બંને ભાઇની વાત સાંભળીને કહે છે તમે બંને મારા મોટા ભાઇ તમારા આદર્શોમાં મક્કમ રહેવા માંગો છો અને મને એનું સમર્પણ કરવા કહો છો, તો વડીલ બંધુઓ ! તમે આ યોગ્ય કરતા નથી. ત્રીજો ભાઇ ન માન્યો ત્યારે તેઓ ત્રણે ભેગા થઇને સૌથી નાના ભાઇ પાસે આવ્યા.

દેવાનુપ્રિયો ! આજના ભૌતિક સુખોની પાછળ સંસારમાં માનવ ઘેલો બનેલો છે. અહીં અપ્સરા જેવી કન્યા સામે આવી છે છતાં તેને ગ્રહણ કરવા ભાઇઓ એકબીજાને વિનવે છે છતાં કોઈ હા પાડતું નથી. કેવા સુંદર ને ઉત્તમ વિચારો અને ભાવના છે ! એકએકથી બધા ચઢીયાતા છે. ત્રણ વડીલ ભાઇઓને મધરાત્રે પોતાના રૂમમાં આવતા જોઇ આશ્ચર્ય પામી ઉભો થયો ને કહ્યું વડીલ બંધુઓ ! અત્યારે નાના ભાઇનું શું કામ પડયું ત્યારે તેને બધી વિગતવાર વાત કહે છે અને કહ્યું ભાઈ ! તું નીતિપારાયણ છે. તારામાં બધા સદ્‌ગુણો છે, વળી તું અમને ખૂબ વહાલો છે તો આવી પવિત્ર પત્નીને તું ગ્રહણ કર. તને અમારા આશીર્વાદ છે. ત્યારે નાનો ભાઇ કહે છે તમે ત્રણેય મારા પિતા સમાન છો. તમારે તો મારી ભૂલ થતી હોય તો સુધારવાની હોય, મને ઠપકો આપવાનો હોય, છતાં તમે આવી વાત કરો છો તો હું કહું છું કે તમે ત્રણે પોતપોતાના સદ્‌ગુણમાં અડગ રહ્યા છો. વળી આપ ત્રણે બંધુઓ યુવાનીના પગથારે પહોંચી ગયા છો છતાં આટલા પવિત્ર વિચાર કરો છો તે આપણા કુટુંબની કીર્તિ-ધન-દૌલત અને આનદ્રની છે. માતાની કુખને ઉજ્જવળ કરવાનો આ સોનેરી સમય છે. હું તો આપનાથી નાનો છું એટલે આપને શિખામણ આપવાની યોગ્યતા મારામાં નથી અને મર્યાદાનો ભંગ કરી તમારા ત્રણેયથી પહેલાં હું પરણું તો કેવો લાગું ? મોટા ભાઇ કુંવારા રહે અને નાનો ભાઇ પરણે એ પ્રમાણિકતા ન કહેવાય. માટે હવે સવાર પડવાને બહુ વાર નથી. પિતાજી પાસે જઈને આપણે સમાધાન કરીશું એમ નક્કી કરી સૌ સૌના સ્થાને પહોંચી ગયા.

સવાર પડતાં ચારેય ભાઇઓ પિતાજી પાસે પહોંચી ગયા ને રાત્રે બનેલી બીના અથથી ઇતિ સુધી કહી સંભળાવી. પેલી છોકરીને પણ પિતા પાસે લાવ્યા. આ બધું જોઇને પિતાજી આશ્ચર્ય પામ્યા ને હર્ષ પામી પુત્રોને કહ્યું : પુત્રો ! તમે મારી પરીક્ષામાં પાસ થયા છો અને તમારી માતાએ આપેલી શિખામણ તમે બરાબર હૃદયમાં અવધારી છે. મને ખૂબ આનંદ ને સંતોષ થયો છે. આવા પુત્રોને પામીને હું ધન્ય

બન્યો છું. મેં પરીક્ષા કરવાનું કહ્યું ત્યારે તમે કહ્યું હતું કે સમય આવ્યે સાર્થક કરી બતાવશું તો ખરેખર! સાર્થક કરી બતાવ્યું છે. આ દીકરી પણ ખૂબ શીયળવાન ને ગંભીર છે. આપણા કુટુંબને યોગ્ય છે તો હવે તેને પૂછી જોઉં કે એને કોને પરણવું છે? એને પૂછે છે હે દીકરી! આ ચારેય પુત્રોમાં તને જે પસંદ હોય તેને તું વરમાળા પહેરાવ. અમારા સૌના તને આશીર્વાદ છે.

બ્રાહ્મણની પુત્રી કહે છે પિતાજી! આપના મોટા પુત્ર મને સૌથી પ્રથમ મળ્યા છે. એ મને ઓસરીમાંથી ઉંચકીને રૂમમાં લાવ્યા છે માટે એમનો સ્પર્શ મને થયો છે. એ સ્પર્શ અને દર્શન આર્ય નારીનું પહેલું અને છેલ્લું સૌભાગ્ય હોય છે. હું મનથી એમને વરી ચૂકી છું એટલે હું સૌના આશીર્વાદ મેળવી હું એમને વરમાળા પહેરાવું છું. આનંદના પોકાર સાથે મોટા ભાઇ સાથે લગ્નગ્રંથીથી જોડાયા. ઘરમાં મોટી ભાભી બનીને આવી અને માતા જેવો પ્રેમ અને સ્નેહભાવ બતાવી ઘરને સુંદર સ્વર્ગ જેવું બનાવ્યું. એ ચાર ભાઇઓના સદ્ગુણોની સુવાસ આખા ગામમાં ફેલાવા લાગી. સૌ બોલવા લાગ્યા કે ધન્ય છે આવા પુત્રોને જન્મ દેનારી જનેતાને! જુઓ, પુત્રો સારા નીકળ્યા તો માતાનું નામ ગવાયું. તમે પણ તમારી માતાનું નામ ગવાય એવું કંઈક કરો. પર્યુષણ પર્વ નજીક આવે છે. તપશ્ચર્યા કરો, આજીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરો તો તમારી માતાનું નામ ગવાશે.

જમાલિકુમારે કહ્યું હે માતા! મેં પ્રભુના દર્શન કર્યા. પ્રભુની વાણી મને ગમી ત્યારે માતાનું હૈયું હર્ષથી ઉછળી ઉઠયું. અહો! પ્રભુના નામસ્મરણથી પાપ ધોવાઈ જાય છે તો ખુદ તે પ્રભુના દર્શનથી તો કેવો મહાન લાભ થાય! એથી અધિક એની વાણી સાંભળી અંતરમાં અવધારવાથી તો કર્મની બેખડો તૂટી જાય છે. હે મારા લાડકવાયા પુત્ર! તને ધન્ય છે. તું કૃતકૃત્ય બની ગયો છું. પ્રભુની વાણી તને ગમી. તેં અંતરમાં ઉતારીને માથે ચઢાવી છે, તો તું કૃતકૃત્ય બની ગયો છે. તેં આ માનવજીવન પ્રભુને પામીને સાર્થક બનાવ્યું છે. આટલા સુખની સામગ્રીમાં ધર્મ રૂચવો એ સહેલ વાત નથી. સર્વ પ્રથમ તો પ્રભુની વાણી સાંભળવા મળવી એ મુશ્કેલ છે. પુણ્યોદયે પ્રભુની વાણી સાંભળવા મળી તો તેના ઉપર શ્રદ્ધા થવી મુશ્કેલ છે. ધનની સાથે ધર્મ ગમવો એ મહાન ભાગ્યની નિશાની છે. જુઓને વીરાણી કુટુંબ કેવું ભાગ્યશાળી છે કે દીકરાઓ પણ ધર્મ આરાધના કરે છે. જમાલિકુમારની વાત સાંભળીને માતાને ખૂબ અનંદ થયો છે. હવે આગળ શું બનશે તે વાત અવસરે કહેવાશે.

ચરિત્રઃ કુસુમાવલી રાણી ગર્ભવંતી છે. પહેલાં રાણીને તપ કરવો, દાન દેવું, સંતના દર્શન કરવા આદિ ધર્મક્રિયાઓ કરવી ખૂબ ગમતી હતી. પણ જ્યારથી ગર્ભવંતી બની ત્યારથી મનમાં દુષ્ટ વિચારો આવે છે. એના મનમાં હજારો વિચારો આવે છે કે

હું શું કરું? ગમે તેમ કરીને ગર્ભનો નાશ કરી નાંખું. ઘણા ઉપાયો કર્યા પણ નષ્ટ થતો નથી. એના બધા ઉપાયો વ્યર્થ ગયા. રાણી ખૂબ મૂંઝાઇ એટલે હવે એની માધવી નામની દાસીને કહે છેઃ–

રહ્યા હુવા યહ જીવ પેટમેં રખે બાપસે વૈર,
જન્મ બાદ તો નિશ્ચય હૈ પ્રીર, નહીં કરેગા ખૈર,
દાસી માધવીસે ઇસ કારણ, સલાહ મિલાઇ ફૈર હો... શ્રોતા તુમ...

કુસુમાવલિ રાણી એની માધવી નામની અંગત દાસીને કહે છે હે દાસી! તું મારી ખાસ દાસી છે એટલે તને હું આ વાત કરું છું. મારા પેટમાં જે જીવ છે તે નક્કી એના બાપને મારી નાખશે. એને રાજા સાથે વૈર હોય તેવું લાગે છે. મેં એનો નાશ કરવા ઘણા ઘણા ઉપાયો કર્યા પણ એ દુષ્ટ પાપી જીવનો નાશ થતો નથી. મને અંદર રહ્યો રહ્યો એવી પ્રેરણા કરે છે કે તું સિંહ રાજાને મારી નાખ. બંધુઓ! અહીં એક વાત આપણે ખાસ વિચારવા જેવી છે. ગુણસેન રાજાએ નાનપણમાં એની હાંસી-મજાક ઉડાવી હતી, તેને સતાવ્યો હતો પણ પછી તો એના પ્રત્યે પૂજ્યભાવ હતો. પણ એવા સંયોગો ઉપસ્થિત થતાં પારણું ન કરાવી શકયો એનો એને પારાવાર પશ્ચાતાપ હતો છતાં અગ્નિશર્માને ક્રોધ આવ્યો ને પૂર્વનું વૈર યાદ કરીને એને ભવોભવ મારનારો થાઉં એવું નિયાણું કર્યું. પહેલા ભવમાં વિદ્યુતકુમાર બનીને વૈર લીધું. હવે આ ભવમાં ગુણસેન રાજાનો જીવ સિંહરાજા તરીકે ઉત્પન્ન થયો છે અને અગ્નિશર્માનો જીવ રાણી કુસુમાવલીના ગર્ભમાં ઉત્પન્ન થયો છે. અજાણપણે કરેલી ભૂલનું ફળ કેવું ભોગવવું પડે તે વિચાર કરો. જે જાણીપીછીને ભૂલ કરે છે તો તેને તો કેવા ફળ ભોગવવા પડશે, માટે પાપ કરતી વખતે ક્ષણેક્ષણે ખૂબ ખ્યાલ રાખો.

રાણી ખુબ અફસોસ કરે છે, રડે છે, ઝૂરે છે કે અરેરે હું આવા કુળનો નાશ કરનાર પુત્રની માતા બનીશ! દાસીને કહે છે આ ગર્ભનો નાશ કેવી રીતે કરવો? ત્યારે દાસી કહે છે આપ ચિંતા ન કરો. આમ તો ગમે તેટલા ઉપાયો કરવા છતાં એનો નાશ નહિ થાય પણ આપણે એમ કરીશું કે પુત્ર હોય કે પુત્રી હોય, જેવો જન્મ થાય તેવો હું જંગલમાં મૂકી આવીશ. વાઘ–વરૂ એને ફાડી ખાશે. પછી આપણને શું ચિંતા! આ સાંભળી રાણીને કંઈક સંતોષ થયો. રાણી કહે છે માધવી! પ્રસૂતિ સમયે તું હાજર રહેજે. અને તારા ને મારા સિવાય કોઈ ત્રીજું માણસ આ વાત ન જાણે. સમય જતાં રાણીને પ્રસૂતિનો સમય થયો. રાણીએ પુત્રને જન્મ આપ્યો. પુત્ર ખૂબ સ્વરૂપવાન છે. પૂર્વે એણે ખૂબ તપ કર્યા છે એટલે રૂપ તો મળ્યું પણ નિયાણું ખરાબ બાંધ્યું છે. ગર્ભમાંથી દુષ્ટ ભાવનાઓ સેવી છે એટલે માતાને એના પ્રત્યે જરા પ્રેમ ન આવ્યો. તરત પુત્રને દાસીને આપી દીધો. એને કપડે વીંટીને કોઈ ન જાણે તે રીતે માધવી નામની દાસી જંગલમાં

ગઈ અને ઘણે દૂર બાળકને મૂકી દીધો. મૂકીને ઝટપટ પાછી ફરે ત્યાં રાજાનો ઘોડો ત્યાંથી પસાર થયો. જુઓ, કર્મની ગતિ કેવી વિચિત્ર છે! કોઈ દિવસ રાજા એ તરફ જતા ન હતા અને આજે એમને જંગલમાં ફરવા જવાનું મન થયું ને રાજા ફરવા ગયા. દાસીને જોઈને પૂછયું તું અહીં કેમ આવી હતી? દાસી થરથર ધ્રુજવા લાગી. રાજાને શંકા પડી ને વિચાર થયો કે રાણી ગર્ભનો નાશ કરવાના ઉપાયો કર્યા કરે છે માટે નક્કી બાળકનો જન્મ થયો હશે અને દાસી અહીં મૂકવા આવી હશે! આમ તેમ જોયું તો એક જગ્યાએ કપડાથી લપેટીને મૂકેલું બાળક રડવા લાગ્યું એટલે રાજાએ બાળકને જોયું તેથી દાસીને કહ્યું કે ઉપાડી લે. રાજાનો હુકમ થતાં દાસીએ બાળકને ઉપાડી લીધો ને રાણીના મહેલે આવ્યા. રાણીને ઠપકો આપતાં સિંહરાજા કહે છે આવો સુંદર બાળક અને તમે આ શું કર્યું? એ ગમે તેવો હોય પણ બાળક છે. પુત્રને ઉછેરવો એ માતાપિતાની ફરજ છે. માટે તમે લાલનપાલન કરો ને ઉછેરો. ત્યારે રાણી કહે છે–

प्राणुनाथ यह दुष्टतम है आया उदरमें जबसे,
आप प्रतियह मेरी भावना, दिन दिन बिगडी तबसे,
उपद्रवी है अली जो आगे, हितकर होगा कबसे..... हो श्रोता तुम

હે સ્વામીનાથ! આપ પવિત્ર છો પણ આ પાપી જ્યારથી ગર્ભમાં આવ્યો છે ત્યારથી આપના પ્રત્યે મને દ્વેષ થાય છે. મનમાં ખરાબ ભાવ થાય છે માટે એ છોકરો આપનો વિનાશ કરનાર છે, એને ઉછેરવામાં સાર નથી. આટલા માટે મેં એને જંગલમાં મોકલી દીધો હતો. એ જીવતો રહેશે તો કુળનો ઉચ્છેદ કરશે. રાજા કહે છે આપણા કર્મ પ્રમાણે જે બનવાનું હશે તે બનશે. પણ આ બાળકને જોઈને મને પ્રેમ આવે છે. આ ફૂલ જેવા બાળકને આમ જંગલમાં મૂકાય? કોઈનું બાળક આ રીતે જંગલમાં મૂકી દેવામાં આવે તો આપણે તેની દયા કરીએ અને આપણા બાળકને આમ મુકી દઈએ તો આપણે કેવા કુર કહેવાઈએ?

આવો બનાવ શ્રેણીક રાજાના જીવનમાં બન્યો હતો. ચેડા મહારાજાની સાતે દીકરીઓ સતી હતી. જેના પ્રભાતના પહોરમાં નામ લેવાય છે તેમાંના ચેલ્લણા સતી શ્રેણીક રાજાને પરણ્યા હતા. જ્યારથી કોણિક ગર્ભમાં આવ્યો ત્યારથી એને રાજા પ્રત્યે દુષ્ટ વિચારો આવતા હતા. એને તો શ્રેણીક રાજાના આંતરડાનું માંસ ખાવાનું મન થયું હતું. ત્યારે ચેલ્લણાએ વિચાર કર્યો કે જે પુત્ર અત્યારથી બાપને મારી નાંખવાની ભાવના સેવે છે તે મોટો થતાં શું નહિ કરે? એટલે એનો જન્મ થતાં જ રાણીએ તેને ઉકરડામાં ફેંકાવી દીધો. અને શ્રેણીક રાજાને ખબર પડતાં એને લઇ આવ્યા એની આંગળી કૂકડાએ કોચી ખાધી હતી. અંદર પરૂ થઇ ગયું હતું. એ શ્રેણીક રાજાએ ચૂસી લીધું. આવો પુત્ર પ્રત્યે પ્રેમ હતો. ખૂબ પ્રેમથી ઉછેર્યો અને મોટો થતાં

એ જ દીકરાએ આપને પિંજરામાં પૂર્યો એટલું જ નહિ પણ ખુલ્લા બરડે લંગડી પગે ઉભા રાખીને મીઠાના પાંચસો ચાબખાનો રોજ માર મરાવતો. પગ લોંચ પડી જાય તો જે માર્યા હોય તે જુદા. ફરીને નવા નામે ૫૦૦ ચાબખા મરાવતો હતો. છતાં શ્રેણીક રાજાને કોણીક પ્રત્યે દ્વેષબુદ્ધિ નથી થઇ. એણે એ વિચાર કર્યો કે પૂર્વે મેં એની સાથે એવા વૈર બાંધ્યા હશે તો આ ભવમાં દીકરો થઇને વૈર લે છે. ખૂબ સમભાવ રાખ્યો. અહીં પણ આ પુત્રનો જન્મ થયો છે. રાજા એને પાછો લાવ્યા છે. હવે એનું નામ શું પાડશે અને મોટો થતાં આપને કેવા દુઃખ આપશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૩૪

શ્રાવણ સુદ ૧૪ ને રવિવાર **તા. ૧૨-૮-૭૩**

અનંતકાળથી ભવાટવીમાં ભમણ કરતા જીવોના ભવભમણને ટાળવા માટે શાસનનાયક સર્વજ્ઞ પ્રભુએ સિદ્ધાંતવાણી પ્રરૂપી. આ સિદ્ધાંતવાણીના મહાન ભાવોને સમજવા માટે હૃદયને પવિત્ર અને વિશાળ બનાવવું પડશે. ચારિત્રવાન પુરૂષોના જીવન જોતાં સમજાય છે કે તેઓ કેવી રીતે જીવન જીવી ગયા. ચાર પ્રકારના યોગ બતાવ્યા. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ ને ચરણકરણાનુયોગ. અહીંયા ધર્મકથાનુયોગ તરીકે જમાલિકુમારનો અધિકાર ચાલે છે. એ જમાલિકુમારનો વૈરાગ્ય કેવો ઉત્કૃષ્ટ હતો! એના વૈરાગ્યથી કેટલાય જીવોને પ્રતિબોધ મળે છે. જમાલિકુમારે ભગવાનની વાણી સાંભળી અને તેમને સંસાર અસાર લાગ્યો અને એકેક જડ પદાર્થોનો રાગ છોડયો. એણે વિચાર કર્યો કે આ બધા વૈભવ કેવા છે.

अनित्यानि शरीराणि, वैभवो नहि शाश्वतः ।
नित्यं संन्निहिता मृत्युः, कर्तव्यो धर्मसंचयः ।।

આ શરીર અનિત્ય છે, વૈભવો નાશવંત છે. ક્ષણેક્ષણે મૃત્યુ નજીક આવી રહ્યું છે માટે ધર્મ કરી લેવો જોઇએ. અર્થાત્ આ નાશવંત સંસારમાં પ્રત્યેક પળે ધર્મ-આરાધનામાં તત્પર રહેવું જોઇએ. ધર્મ એ શાશ્વત અને વિનશ્વર સુખ શાંતિ આપનાર અને અભયના સામ્રાજ્યમાં લઇ જનાર સાથીદાર છે. ભૂખ્યા પેટને ભોજન આપવું પડે છે, થાકેલી ઇન્દ્રિયોને તથા મનને આરામ આપવો પડે છે, દેહના દર્દને દૂર કરવા દવા લેવી પડે છે તેમ આપણા આત્માને અંધકારમાંથી પ્રકાશમાં, અસત્યમાંથી સત્યમાં અને મૃત્યુમાંથી

અમરત્વમાં લઇ જવા માટે ધર્મની જરૂર છે. આ સંસાર દુઃખ, દુઃખાનુબંધ અને દુઃખપરંપરાનું સ્થાન છે. એમ માનીને તેમાંથી છૂટવાની ઝંખના જાગી હશે તો દુનિયાના દરેક પદાર્થોથી અલગ રહેશો. જો તમને સંસાર પ્રિય લાગે તો સમજી લેજો કે હજુ તમને ધર્મની ભૂખ લાગી નથી. સરોવરોમાં કાચબા, માછલા વિગેરે જળચર જીવો રહે છે. જ્યારે તેઓ હવા વિના અકળાય છે ત્યારે ઉપર આવે છે તેમ સંસારના બંધનથી જો મૂંઝાયા હશો તો છૂટવા માટે ધર્મની સાચી ભાવના જાગશે. મહાન પુણ્યોદયે આ માનવજીવન મળ્યું છે તો માનવજીવનની સફળતાનું સાધન ધર્મ છે. છતાં આવા અમૂલ્ય માનવજીવનની કિંમત ન સમજાય, સદ્ભાવનાની જિજ્ઞાસા ન જાગે તો માનવજીવન મળ્યાની સાર્થકતા શું ? માનવજીવનમાં આત્મસાધના કરવાને બદલે સંસારના સુખની સાધના કરશો તો આ અમૂલ્ય જીવન એળે ચાલ્યું જશે. જે તત્ત્વને જાણી શકતો નથી તેનું જીવન અમંગલ બને છે. આજે સમજાતું નથી પણ જ્યારે કર્મના ફળો ભોગવવા પડશે ત્યારે કેટલી વિટંબણા ઉભી થશે ? સમજો. વિભાવની પરિણતીમાં જોડાયેલો જીવ કર્મ બાંધે છે અને સ્વભાવની પરિણતીમાં જોડાયેલો આત્મા કર્મને તોડે છે.

દેવાનુપ્રિયો ! ભગવાન કહે છે હે ચેતન ! તું વિભાવના વંટોળે ચઢી તારું અબ્બાબાધ સુખ ઉડાવી રહ્યો છે. જે માણસ પોતાની મુડીને ફના કરે તેને તમે કેવો કહો ? "મૂર્ખ". તો જે આત્મા પોતાના સુખને પોતાની જાતે ખોવે તેને કેવો કહેવો ? માટે વિભાવને છોડી સ્વભાવમાં આવો. પરઘરમાં બહુ ભમ્યા, હવે સ્વઘરમાં આવો. સ્વઘરમાં જે સુખ છે તે પરઘરમાં નથી. ગાય-ભેંસ આદિ પશુઓને જંગલમાં પોતાની સ્વતંત્રતા મુજબ હરવાફરવાનું મળે, લીલું ઘાસ મળે, છતાં સાંજ પડતા પોતાના માલિકને ઘેર આવી જાય છે. સ્કૂલે ભણવા ગયેલો બાળક સાંજના પાંચ વાગે ઘંટ વાગે એટલે પાટી ને પેન લઈને નાચતો કૂદતો પોતાને ઘેર આવી જાય છે. જે ભાઈઓ નોકરી કરે છે તેમને ઑફિસમાં એરકંડીશન રૂમમાં ખુરશીમાં બેસવાનું મળે, બધા માણસો સાહેબ-સાહેબ કરે છે તેનું ઑફિસમાં ખૂબ વર્ચસ્વ છે છતાં સમય થતાં એને ઘર યાદ આવે છે. બીજું તો ઠીક, તમે બાર વર્ષે સાસરે ગયા, સાસરીયા સમજે કે બાર વર્ષે જમાઈ આપણા ઘેર આવ્યા છે. વળી જમાઈનો સ્વભાવ જરા ગરમ છે એટલે ઘરમાં પ્રુલ ઑર્ડર આપી દે કે જુઓ, બાર વર્ષે જમાઇ આવ્યા છે, તો તેમને જરા પણ મનદુઃખ થાય તેવું કરશો નહિ. ખૂબ સાચવજો. જમાઈને રીઝવવા સાસુજી નિતનવા પકવાન ને ફરસાણ બનાવે, સાળી કપડાને ઇસ્ત્રી કરીને બનેવીને પહેરાવે ને સાળો બુટપોલીશ કરી દે. આવી રીતે બમ્મા બમ્મા કરે છે છતાં આઠદશ દિવસે જમાઈને પોતાનું ઘર યાદ આવે છે ને ? આ બધા ઘર તમારા શાશ્વત નથી. આ ઘર મૂકીને જવાનું છે છતાં ઘર યાદ આવે છે, પણ જીવને પોતાનું સ્વઘર યાદ આવે છે ખરું ?

સ્વઘર કોને કહેવાય ? જે ઘર મળ્યા પછી તેને છોડવું ન પડે તે સ્વઘર અને તેજ શાશ્વત ઘર કહેવાય. નમિરાજર્ષિ દીક્ષા લેવા નીકળ્યા ત્યારે ઈન્દ્ર મહારાજા તેમની પરીક્ષા કરવા આવ્યા ને કહ્યું કે હે નમિરાજ ! તમે મોટા ભવ્ય મહેલો અને બીજા અનેક પ્રકારના ઘર બનાવીને પછી દીક્ષા લેજો. ત્યારે નમિરાજર્ષિએ શું કહ્યું ?

संसय खलु सो कुणइ, जो मग्गे कुणइ घरं ।
जत्थेव गन्तुमिच्छेज्जा, तत्थ कुविज्ज सासयं ।।

ઉત્ત. સૂ. અ. ૯, ગાથા ૨૬

જેના હૃદયમાં સંશય છે તે ખરેખર માર્ગમાં અધવચ ઘર બાંધે છે. પણ જે બુદ્ધિવાન છે તે તો ઈચ્છિત સ્થાને પહોંચીને શાશ્વત ઘર બનાવે છે કે જ્યાં ગયા પછી ઘરને છોડવું ન પડે. જે સુખ આવ્યા પછી કદી એ દુઃખમાં પરિણમે નહિ અને તેમાં દુઃખનો અંશ ન આવે તે સાચું સુખ છે. પણ હજુ જીવને સુખ કોને કહેવાય ને દુઃખ કોને કહેવાય, અમૃત કોને કહેવાય ને વિષ કોને કહેવાય તેની ખબર નથી. જ્યારે જીવને સ્વઘર ને શાશ્વત સુખની પીછાણ થશે ત્યારે તેની રોનક બદલાઈ જશે. ચતુર આત્માઓ સંસાર છોડી સંયમ આદરે છે શા માટે ? સ્વઘરમાં જવા માટે અને શાશ્વતસુખ મેળવવા માટે સાધુઓએ શું કરવું જોઈએ !

पढमं पोरिसी सज्झायं, बिइयं झाणं झियायई ।
तइयाए निद्दमोक्खं तु, चउत्थी भुज्जोवि सज्झायं ।।

ઉત્ત. સૂ. અ. ૨૬, ગાથા ૧૮

હે સાધક તારે પહેલા પહોરે સ્વાધ્યાય કરવી, બીજા પહોરે ધ્યાન કરવું, ત્રીજા પહોરે ભિક્ષાચરી કરવી અને ચોથા પહોરે ફરીથી સ્વાધ્યાય કરવી. બોલો, કેવો સરસ કાર્યક્રમ છે ! સંતોનું મન કેવું પવિત્ર રહે. તમારે આવો કોઇ કાર્યક્રમ ખરો કે નહિ ? તમારા કાર્યક્રમમાં શું કરો છો ? તમે પહેલા પહોરે શું કરો છો ? સાધુને પહેલા પહોરે સ્વાધ્યાય અને તમારે **" પહેલા પહોરે ચા પાણી "**. સવારમાં ઉઠીને દાતણ કરવું, ન્યુઝ પેપરો વાંચવા, સ્નાન કરવું, ચા-પાણી ને નાસ્તા-સારા કપડા પહેરવા. આ બધો કાર્યક્રમ તો દેહ માટે થયો પણ આત્માને માટે કંઇ અરું કે નહિ ? ચા-દૂધ-કોફી પીવો તો શરીરને તાજગી મળે પણ આત્માની તાજગી માટે શું ? આત્માની તાજગી માટે જ્ઞાની કહે છે – **" પહેલા પહોરે વીતરાગવાણી."** પહેલા પહોરે વીતરાગવાણી સાંભળો તો આત્મામાં સ્ફૂર્તિ આવે. વીતરાગવાણી સાંભળ્યા પછી તમારા આત્મામાં ક્ષણે ક્ષણે જાગૃતિ આવશે. પછી સંસારના કાર્યમાં જોડાશો કે પાપનું કામ કરતા હશો તો એમ થશે કે હજુ સવારમાં સાંભળ્યું છે કે શ્રાવકે આવું કાર્ય કરવું ન શોભે. મહાવીરનો શ્રાવક પાપપ્રવૃત્તિમાં જોડાય નહિ અને હું શું કરી રહ્યો છું ?

પહેલો પહોર પૂરો થયા પછી બીજા પહોરે તમે શું કરો છો ? બોલો તો બરા ? ચા-પાણી પેટમાં પચી જાય એટલે **"બીજા પહોરે માલપાણી"** આજે વીરપસલીનો દિવસ છે એટલે બહેનો ભાઈના ઘેર જમવા માટે જશે. ઘેરઘેર માલપાણી બનશે. એ મિષ્ટાન્ન ઢાણીઢાણીને જમશે. ભારે ખોરાક જેટલો વધુ ખવાય તેટલી ઉંઘ વધુ આવે અને ઉંઘ આવે એટલે શું કરો ?

"ત્રીજા પહોરે સોડતાણી" ઉંઘ આવી એટલે સોડતાણીને સૂઇ ગયા. પહેલાના જમાનામાં તો બાટલો ઢાળે કે નીચે કંઇક પાથરે ત્યારે સૂઇ શકે અને આજે તો ઉંઘ આવે એટલે પલંગ બિછાવેલ' તૈયાર હોય. માદળામાં ભોંસ પડે તેમ પલંગમાં લાંબા થઇને સૂઇ જાય. આમથી તેમ આળોટે, પડખા ફેરવે ને તેથી ન ગમે તો અલકમલકની વાતો કરે અને નાટક સિનેમ જોવા જાય. આ રીતે એના ત્રણ પહોર પ્રમાદમાં પસાર થઇ જાય. પછી ચોથા પહોરે શું થાય ?

એનું જીવન બને ધૂળધાણી. આખો દિવસભર જે સંસારની કાર્યવાહીમાં મસ્ત રહે છે, આત્મા તરફ જેનું જરા પણ લક્ષ નથી રહેતું તેનું જીવન જ્ઞાની કહે છે ધૂળધાણી બની જાય છે. આ કાયાનું પોષણ કરવાને માટે માનવી ન થાય તેટલા પાપ કરે છે અને પાપ બાંધે છે. પણ તમને ખબર છે કે આ કાયા કેવી છે? આ કાયા કરોડપતિની થનથનાટ કરતી કન્યા જેવી છે.

કોઇ એક કરોડપતિની દીકરી સામાન્ય ઘેર પરણીને આવી. તમને થશે કે કરોડપતિની દીકરી સામાન્ય ઘેર હોય ? એ તો શ્રીમંતને ઘેર હોય. વાત એમ છે કે છોકરો ખૂબ ભણેલો-ગણેલો ને હોંશિયાર છે. એ પરણીને ઘરમાં આવી ને બધા ઘરનાને કહ્યું કે મારે તો આવો બાથરૂમ જોઇશે, મારે રહેવા મોટો બંગલો જોઇશે, અને ઘરમાં કોઇ એને સહેજ કંઇક કહે તો કહેશે કે મને કંઇ કહેશો તો હું મારા પિયર ચાલી જઇશ. મારાથી આ સહન નહિ થાય. આમ થનથનાટ કર્યા કરે. પણ એનો ધણી ખૂબ હોંશિયાર એટલે ઘરનાને કહી દીધુ કે તમારે એને સમજાવીને રાખવી. કંઇ કહેવું નહિ. સમજાવી સમજાવીને એના પતિએ એની પાસેથી બધો કરિયાવર લાવી હતી તે લઇ લીધો. પછી એક દિવસ ઘરમાં કોઇએ સહેજ કંઇ કહ્યું એટલે કહે હું મારા પિયર ચાલી જઇશ. ત્યારે એનો પતિ કહે કે ભલે કાલે જતી હોય તો અત્યારે ચાલી જા. મારે તારી જરૂર નથી. તેમ ચતુર એવો ચેતન આ કાયાનો ધણી છે. કાયા કહે મારે આ જોઇએ. ને તે જોઇએ. મારે આના વિના નહિ ચાલે. એમ ફરમાવે ત્યારે ઉચ્ચ કોટિનો આત્મા શું વિચાર કરે કે મારે આની સાથે કામ લેવું છે. એ સાધન દ્વારા મોક્ષમાં જવું છે ત્યાં સુધી એને સાચવવી છે. એને સાચવી સાચવીને તપ-જ્ઞાન-ધ્યાન-ત્યાગ આદિ અનુષ્ઠાનો કરીને

એમાંથી કસ ખેંચી લેવો પછી જાય તો પણ ભલે ને રહેતો પણ ભલે. આત્માને તેની જરા પણ ચિંતા ન થાય. એક દિવસ અવશ્ય દેહ છોડવાનો છે તો એમાંથી શા માટે કસ ન કાઢી લઉં ! પેલો ભણેલો છોકરો જાણતો હતો કે આ કન્યા મારે ઘેર ટકવાની નથી છતાં મારા ઘરમાં રહે ત્યાં સુધીમાં સમજાવીને કામ કઢાવી લઉં. તેમ હે દેવાનુપ્રિયો ! આ સંસારમાં દેહથી માંડીને એક પણ પદાર્થ ચિરસ્થાયી રહેનારા નથી. એક દિવસ અણધાર્યા જવાના છે એમ સમજી એના પર જરાય રાગ ન રાખે અને એની હયાતિમાં આત્મહિત સાધી લેવું એ ડહાપણનું કામ છે.

દેવાનુપ્રિયો ! આ માનવભવમાં આત્માની કમાણી કરવા આવ્યા છીએ. અહીં મોજમઝા કરવા નથી આવ્યા. તમારાં દિકરાને તમે પરદેશ કમાવવા માટે મોકલ્યો. ત્યાં જઇને તેણે કમાવાને બદલે પૈસા ઉડાડી દીધા તો તમે શું કહેશો ? તમારા દિલમાં કેટલું દુઃખ થાય ? તેમ જ્ઞાનીઓ કહે છે કે કેટલી અમૂલ્ય પુણ્યની મૂડી ભેગી કરી આ માનવભવમાં આવ્યા છીએ. માનવભવમાં ઝળકતું જૈન શાસન મળ્યું. અહીં આવીને મેં શું કર્યું તેનો જરા પણ વિચાર થાય છે ? તમારા ચોપડામાં જમા ઉધારના આંકડા રાખો છો. દિવાળી આવે એટલે પાઇ પાઇનો હિસાબ કરો છો. તેમ સવારથી ઉઠીને સાંજ સુધીમાં મારા ભાર કલાક ગયા તેમાં મેં શું કર્યું ? કેટલા સારા કાર્યો કર્યા, કેટલા સુવિચાર આવ્યા ને કેટલા કુવિચાર આવ્યા, કેટલી ધર્મારાધના કરી, સાથે શું લઇ જઇશ ? આવો હિસાબ કોઇ દિવસ કર્યો છે ? ખેર, હવે તમારે શું કરવું છે તે વિચાર કરો. **"પહેલા પહોરે વીતરાગ વાણી"** સાંભળો તો આખો દિવસ સુધરી જાય. તમારા કાર્યક્રમના ચાર પહોરની વાત થઈ ગઈ. આત્મા માટે બીજા પહોરે શું કરવાનું છે અને કેવા બનવાનું છે ? પહેલા પહોરે વીતરાગ વાણી સાંભળો તો શું બને ? **"બીજે પહોરે પ્રકૃતિ બનાવે શાણી"** વીતરાગ વાણીનું શ્રવણ કર્યા પછી આત્મા પોતાની ઇન્દ્રિઓ ઉપર વિજય મેળવે છે. કષાયોને મંદ પાડે છે. પોતાના કુવિચારોને બદલી અંતરમા સુવિચારોને સ્થાન આપે છે. એટલે એની પ્રકૃતિ શાણી બને છે અને પ્રકૃતિ શાણી બને તો **"ત્રીજે પહોરે બને ગુણખાણી"** પ્રકૃતિ શાણી બને, દુષ્ટ વિચારો ભાગી જાય, ભોગવિષયની વાસના વીરમી જાય એટલે આત્મા ગુણનો ભંડાર બને છે. તેજસ્વી બને છે અને નિરંતર આત્મસાધનામા રક્ત બની જાય છે. પછી શું બને છે ? **"ચોથે પહોરે કરે કર્મ ને ધૂળધાણી"** વીતરાગ-વાણી એના અંતરમાં ઉતરી જાય, રગેરગમાં પ્રસરી જાય અને તે પ્રમાણે આચરણ કરનાર આત્મા એના કર્મને ધૂળધાણી કરી નાખે છે એટલે કર્મ ખપાવીને મોક્ષમાં જાય છે.

આત્મસાધના કરવાનો મોકો હાથથી ગુમાવશો નહિ. નહિ તો પાછળથી પસ્તાવાનો પાર નહિ રહે. જેટલી ધર્મારાધના કરશો તે સાથે આવનાર છે. આત્માની કમાણીને કોઈ

લૂંટી શકે તેમ નથી. આજનો દેશકાળ ને પરિસ્થિતિ કેટલી ખરાબ છે! સરકાર તમારા નાણાં લૂટી રહી છે. કારમી મોંઘવારી લોકોને ભરખી રહી છે.

મા દિલ્હી તે ગઢથી ઉતર્યા મોંઘવારી મા
મા પરવરીયા ગુજરાત રે મોંઘવારી મા,
મા ભૂખ ભૂખ કરતા આવ્યા મોંઘવારી મા
મા ક્યાંથી જમાડું છોકરા મોંઘવારી મા
મારા ઘરમાં ખૂટયા તેલ રે મોંઘવારી મા
મા ક્યાંથી તેડાવું બેનડી મોંઘવારી મા
ઘરમાં નથી ઘી બાંડ રે મોંઘવારી મા

આવતી કાલે રક્ષાબંધનનો દિવસ છે. કંઇક બહેનો ભાઇ વિના રડશે અને કંઇક ભાઇને બહેનો પોતાને ઘેર બોલાવી જમાડતી હશે. પણ ઘરમાં આવાનું ન હોય, માંડ પેટ પૂરતું મળતું હોય ત્યાં બહેનને તેડાવી શું જમાડવું તેની ચિંતા હશે. કેવી રીતે બહેનને બોલાવું એ વિચારે ભાઈની આંખમાં આંસુ પડતા હશે. આજે તો હીરાથી ઝગમગતી બહેનો પણ લાઈનમાં અનાજ લેવા ઊભી રહે છે. ઘઉં-ચોખા વગેરે અનાજ માટે લાઈનમાં ઊભું રહેવું પડે. ઘી, તેલ, ગોળ ને કેરોસીન માટે લાઈનમાં ઉભા રહેવું પડે છે. ઇન્દીરાના રાજ્યમાં જ્યાં જુઓ ત્યાં લાઈન. લાઇન ને લાઈન. સંડાસ ને બાથરૂમમાં પણ લાઇન. (હસાહસ)

રક્ષાબંધન એક પવિત્ર દિવસ છે. બહેનો એમના ભાઇને રાખડી બાંધવા જશે ને ભાઇના ઘેર જમશે. ત્યારે કંઇક ભાઇ વિનાની બેનડીઓ રડશે. એના બાલુડા કાલી-ઘેલી ભાષામાં કહેશે, બા! આ બધા મારા મિત્રો એમના મામાને ઘેર જાય છે તો આપણે મામાને ઘેર નહિ જવાનું? ત્યારે મા રડતા આંસુ સારતી કહેશે કે બેટા! તારા મામા નથી તો ક્યાં જઈએ? પણ હું તો કહું છું કે આ જગતમાં કોઇ ભાઇ બહેન વિનાનો નથી અને કોઇ બહેન ભાઈ વિનાની નથી. જે ચારિત્રવાન ભાઈઓ ને બહેનો છે તેના માટે પોતે જેને પરણ્યા છે તે સિવાયની જે મોટી ઉંમરની બહેનો છે તે માતા સમાન છે અને નાની છે તે બહેન છે. અને બહેનોને માટે પણ પોતાનાથી મોટા એટલા પિતા સમાન છે અને નાના એટલા ભાઈ સમાન છે. આવું સમજે, વિશાળ દૃષ્ટિ રાખે તો કેવું સુંદર વાતાવરણ બની જાય. સંસાર સ્વર્ગ જેવો બની જાય ને સર્વત્ર આનંદ પ્રસરે.

બહેનને ભાઇ કેટલો વહાલો હોય છે! તેના ઐતિહાસિક દૃષ્ટાંતો પણ ઘણા છે. જુનાગઢનો રાજા રા'નવઘણ થઇ ગયો. એનું નામ નવઘણ કેમ પડયું તે જાણવા જેવું છે. એણે કોને બહેન માની હતી અને બહેનને માટે તેણે કેટલું કર્યું છે અને

બહેને ભાઈ માટે કેટલું કષ્ટ વેઠયું છે એ વાત અવસરે લેવામાં આવશે. પણ તમને એટલું કહું છું કે બહેનના ભાઈ બનો તો એવા બનજો કે ઇતિહાસમાં સોનેરી અક્ષરે તમારું નામ નોંધાઇ જાય. બહેનોના ભાઈ બનજો અને જે 'કારમી મોંઘવારીથી સીઝાઇ રહ્યા છે તેવા તમારા સ્વધર્મી બંધુના ભાઇ બનજો. બાદ્ય પદાર્થના વહેપારી હો: તો એમ વિચાર કરજો કે લોકો લાખોના દાન કરે છે. હું એવું દાન કરી શકું તેમ નથી તો શું કરું ? નફા વગર વેચાણ કરી ગરીબને મદદ કરું તેવા ભાવ કરશો તો રક્ષાબંધનનો દિવસ સફળ બનશે.

ભાઇ બહેનને ભૂલે છે પણ બહેન ભાઇને ભૂલતી નથી. ચાલતાં પગે ઠેસ વાગે તો કહે છે અમ્મા મારા વીરને પણ અમ્મા મારા પતિને એમ નથી બોલતી એટલે બહેનને ભાઈ ખૂબ વહાલો છે એ વાત નક્કી છે. આ રાખડી બાંધવાનો રિવાજ કયારથી શરૂ થયો છે ? અર્જુનનો પુત્ર અભિમન્યુએ યુદ્ધમાં જવાનો પડહ ઝીલ્યો. માતા કુંતા તથા સુભદ્રાએ એને ખૂબ સમજાવ્યો કે બેટા ! તું ન જઇશ. પરણીને બોત્રાએ તારું મોઢું જોયું નથી. પરણ્યા ત્યારે આંખે પાટા બાંધ્યા હતા. એ જાણશે તો તેને કેટલું દુઃખ થશે ? એક વાર બોત્રાને મળીને જા. ત્યારે અભિમન્યુ કહે છે માતા ! જે થવું હોય તે થાય. હું ક્ષત્રિયનો બચ્ચો છું. રણે ચઢેલો રજપૂત પાછો ન ફરે. યુદ્ધમાં જવા તૈયાર થયો ત્યારે તેની દાદીમા કુંતાજીએ અભિમન્યુને હૈયાના હેતથી તેનું રક્ષણ કરવા અમર રાખડી બાંધી. **" માતા કુંતા અભિમન્યુને બાંધે અમર રાખડી રે..."** હૃદયનો પ્રેમ શું કરે છે ? માતા કુંતાએ અભિમન્યુને રાખડી બાંધી અંતરના આશીર્વાદ આપ્યા કે જા બેટા ! જ્યાં સુધી આ રાખડી તારા હાથમાં રહેશે ત્યાં સુધી તને આંચ નહિ આવે. કોઈ તારો વાળ વાંકો નહિ કરી શકે. આ રાખડીનું મહત્ત્વ છે.

આગળના સમયમાં હિંદુ રાજાની રાણીઓ મુસ્લીમ રાજા જે પોતાના પતિના દુશ્મન હોય તેમને પોતાનો ભાઇ ગણીને રાખડી મોકલતી. એની સાથે સંદેશો પાઠવતી કે મારા ધર્મના વીરા ! રજવાડાનું કામ છે. કોઈ સમયે તારી બહેનડી કષ્ટમાં આવી પડે ત્યારે તેનું રક્ષણ કરવું તારા હાથની વાત છે. આ સમયે મુસ્લીમ રાજાઓ દુશ્મનાવટ ભૂલી જઈ બહેનની વહારે આવતા. અહીં બેઠેલા ભાઈઓને પણ વિનંતી કરું છું કે તમે બહેન પાસે લાંબો હાથ કરીને રાખડી બંધાવો છો તો તમારી શું ફરજ છે તેનો ખ્યાલ રાખજો. બહેને તમારા કાંડે રાખડી બાંધી અને તમે બહેનને પાંચ પચ્ચીસ રૂપિયા કે સાડી આપી દીધી તેથી પતી ગયું નથી. પણ બહેન તમને રાખડી બાંધીને આશીર્વાદ આપે છે કે ભાઇ ! તું દીર્ઘાયુષ બન અને સમય આવે ત્યારે બહેનડીની ખબર લેજે. આ રક્ષાબંધનનો સંદેશ છે.

રક્ષાબંધનના દિવસે બહેનો જેલમાં રહેલા કેદી ભાઇઓને રાખડી બાંધવા

જાય છે. બધા કેદીઓને રાખડી બાંધતી એક બહેન ગોપાલ નામના યુવાન કેદી છોકરાને હાથે રાખડી બાંધવા આવી ત્યારે ગોપાલની આંખોમાં શ્રાવણ ને ભાદરવો વહેવા લાગ્યો. તેનું હૈયું હાથ ન રહ્યું ને બોલી ઉઠયો. બહેન! મને રાખડી ન બાંધો. હું તો મહા પાપી છું. આ પવિત્ર રાખડી બાંધવાની મારામાં લાયકાત નથી. એમ કહી ઉંડા વિચારમાં ઉતરી ગયો, પેલી બહેનની જગ્યાએ તેની પોતાની સગી બહેનની યાદ આવી ગઈ. અહો! અમે બાલપણમાં સાથે રમતા ને ઝઘડતા રક્ષાબંધનનો દિન આવતો ત્યારે મારા હાથે એ રાખડી બાંધતી હતી, આજે એ મારી બહેન ક્યાં હશે? શું કરતી હશે? એની સંભાળ કોણ રાખતું હશે? આ વિચારોમાં કરુણ રૂદન કરવા લાગ્યો. બીજા કેદી ભાઈઓએ તેને આશ્વાસન આપી શાંત પાડયો.

આ જેલમાં ઘણા કેદીઓ હતા પણ ગોપાલ તેમાં જુદો તરી આવતો હતો. ગોપાલ મેટ્રીક પાસ થયેલો એક સુશિક્ષિત વિદ્યાર્થી હતો. ખૂબ હોંશીયાર, વિવેકી ને ડાહ્યો હતો. એટલે એને જોઇને સૌના મનમાં વિચાર થાય કે આ ગોપાલે એવો કયો ગુન્હો કર્યો હશે કે એને જેલમાં પૂરાવું પડયું. એના મિત્રોને અને શિક્ષકોને ખબર પડી કે ગોપાલ જેલમાં ગયો છે અને એને જન્મટીપની સજા થઈ છે ત્યારે સૌના દિલમાં ખૂબ દુઃખ થયું, કારણ કે સ્કૂલમાં કાયમ પ્રથમ નંબરે પાસ થતો અને એની બુદ્ધિ ને વિનયથી બધા શિક્ષકોના દિલ તેણે જીતી લીધા હતા. સ્કૂલની બીજી પ્રવૃત્તિઓમાં પણ એ સારો ભાગ લેતો અને તેની સ્કૂલના હેડમાસ્તરે પણ તેના ખૂબ વખાણ કરેલા કે ગોપાલ એ તો અમારી સ્કૂલનું નાક છે, એના માટે જેટલું ગૌરવ લઈએ તેટલું ઓછું છે. આવો ગુણવંત ગોપાલ હતો. એ જેલમાં ગયો ત્યારે વેકેશન હતું. એ વેકેશનના દિવસોમાં પોતાના શિક્ષકો પાસે જતો હતો. પણ હમણા ઘણા દિવસથી ગોપાલને જોયો ન હતો. ટીચરો વિચાર કરતાં હતાં કે ગોપાલ કેમ નથી દેખાતો? ત્યાં થોડા સમયમાં ખબર મળ્યા કે ગોપાલને જન્મટીપની સજા થઇ છે અને એ જેલમાં પૂરાયો છે ત્યારે બધા ખૂબ રડયા. દરેકને થયું કે આ છોકરો જેલમાં કેમ ગયો હશે!

બંધુઓ! તમને એમ થશે કે આવો છોકરો જેલમાં કેમ ગયો? પણ કર્મની ગતિ વિચિત્ર છે. કરેલા કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી. વાત એમ બની હતી કે ગોપાલે કદી એની માતાની આંખમાં આંસુ જોયા ન હતાં અને છેલ્લા છ માસથી ગોપાલ સ્કૂલેથી ભણીને આવે ત્યારે તેની માતા રડતી હોય, એની આંખો પાણીથી ભરેલી હોય. ગોપાલ પૂછતો–બા! તું કેમ રડે છે? તારી આંખમાંથી આંસુના ટીપા પડે છે ને મારું લોહી બળી જાય છે. પણ મા જવાબ આપતી નથી. ગોપાલનું મન ખૂબ વ્યગ્ર રહેતું હતું પણ તેને મેટ્રીકની પરીક્ષા આવતી હોવાથી બહુ ઉંડો ઉતરતો નહિ. એક દિવસ ગોપાલ સ્કૂલેથી ભણીને આવ્યો ત્યારે ઘરની બાજુમાં ઝુંપડી

જોઇ. એ ઝુંપડીમાં માતા બેઠી હતી. ગોપાલ કહે છે બા! આપણું ઘર ક્યાં ગયું ને આ ઝુંપડીમાં કેમ? માતા કહે છે બેટા! કર્મની કઠણાઇ છે. કુદરતે જેવા સંયોગો આપ્યા તેમાં સમભાવથી રહેવાનું છે. આપણું ઘર વેચાઇ ગયું છે. માતા લોકોના કામ કરીને ઘર નભાવતી હતી. થોડા દિવસમાં ગોપાલની પરીક્ષા પૂરી થઇ અને પોતે સારા નંબરે પાસ થયો. એને કૉલેજમાં દાખલ થવાનું હતું પણ માતાની આંખમાં આંસુ સૂકાતા ન હતા. ઘરની પરિસ્થિતિ કફોડી બની ગઈ હતી એટલે આગળ ભણવાનું માંડી વાળ્યું. પણ હવે માતાનું દુઃખ કેમ મટાડું એ એની ભાવના હતી.

એક દિવસ માતાને વળગી પડયો ને પગમાં પડી પૂછયું બા! આપણા ઘરમાં આ બધું શું ચાલી રહ્યું છે? તું દિવસે દિવસે સૂકાતી કેમ જાય છે! બા, પહેલાં તું બધા દાગીના પહેરતી હતી ને હવે કેમ નથી પહેરતી? પહેલાં તું સાડી પહેરતી હતી ને અત્યારે થીગડાવાળો જાડો સાલ્લો કેમ પહેર્યો છે? અને આપણું ઘર કેમ વેચવું પડયું? માતા કહેતી નથી. એનું હૈયું ભરાઇ ગયું. બેભાન બની ગઇ. ગોપાલે પવન નાંખી પાણી છાંટી શાંત બનાવી ને ફરીથી પૂછયું બા! તારું દુઃખ જોઈને મારું કાળજું ચીરાઇ જાય છે. જલ્દી કહે. છોકરો ખૂબ પૂછે છે ત્યારે કહે છે બેટા! શું વાત કરું? તારા બાપુજી કુસંગે ચઢી સાતે વ્યસને ચઢી ગયા છે. જુગાર રમે છે, દારૂ પીવે છે, પરસ્ત્રીગમન કરે છે. આ બધા વ્યસનો પૂરા પાડવા માટે ઘરમાંથી બધું લઇ જાય છે. મારા દાગીના વેચાઈ ગયા, વાસણ વેચાઇ ગયા ને ઘર પણ વેચાઈ ગયું. આ સાંભળી ગોપાલને થયું મારા બાપુજીને હું સમજાવું. એક દિવસ રાત્રે એના બાપુજી ઘેર આવ્યા ત્યારે ગોપાલે એના બાપુજીને કહ્યું બાપુજી! એક વાત કહું તમે સાંભળશો? એનો બાપ કહે છે કહેને, હું સાંભળીશ. એટલે તેણે કહ્યું બાપુજી! આપ તો ખૂબ ગંભીર છો, સમજુ છો મારે નાના મોઢે આપને શું કહેવાનું હોય? છતાં દુઃખિત દિલે કહું છું કે આ જુગાર રમવો, દારૂ પીવો આ બધું આપને શોભે? લોકોમાં પણ આપણી કેવી વાતો થાય છે? આ શબ્દ સાંભળીને એના બાપને ક્રોધ ચઢયો અને ગોપાલને ખૂબ માર્યો ને ગાળોનો વરસાદ વરસાવ્યો.

બંધુઓ! જ્યારે માણસ વ્યસનોનો ગુલામ બને છે ત્યારે તેની બુદ્ધિ ભ્રષ્ટ બની જાય છે. સાચી વાત પણ એને ગમતી નથી. ગોપાલ બે ત્રણ વખત બાપને સમજાવવા ગયો પણ એની એ જ દશા થઈ. સમજવાને બદલે માર પડયો. હવે આ યુવાન ગોપાળને ખુબ ક્રોધ આવ્યો. ગમે તેમ કરું પણ મારી માતાને બાપના ત્રાસમાંથી મુક્ત કરું. ક્રોધ એ કાળી નાગ છે. કાળો ઝેરી નાગ જેને કરડે છે તેના પ્રાણ લે છે. ગોપાળને ક્રોધ આવ્યો પણ એની માતાને વાત કરી હોત તો વાંધો ન આવત. એણે માતાને કાંઇ વાત ન કરી, એનો બાપ ઝુંપડીની બહાર એટલે એક ખાટલામાં રોજ

સૂઈ જતો. એની ગોદડી પાથરેલી રહેતી અને ઉપર એક ફાટલો કાળો ધાબળો ઓઢી લેતો. એક દિવસ રાતના બે વાગે ગોપાલ ઉઠયો. એનું યુવાન લોહી ઉકળી ઉઠયું. અંધારી રાત હતી. બધા સૂઈ ગયા હતા. સર્વત્ર શાંતિ છવાઇ ગઇ હતી. આ સમયે ગોપાલે હાથમાં ધારીયું લઈ બધું બળ એકઠું કરી એક ઝાટકો માર્યો. ત્યાં એક કરમી ચીસ સંભળાઈ. આ તો એની માતાની ચીસ હતી. લોહીનું ખાબોચીયું ભરાઈ ગયું હતું તે વખતે એનો બાપ બહારથી આવ્યો. માતા તરફડતી હતી. ગોપાલ વિચાર કરે છે કે અહો ! જેને દુઃખમાંથી મુકત કરવા માટે મેં આ ક્રૂર કામ કર્યું, એ માતાને મેં કાપી નાંખી ? તેની આંખે અંધારા આવી ગયા. અરેરે.... મેં ક્રોધના આવેશમાં આવી આવું અકૃત્ય કર્યું ? મારાથી બાપુજીને પણ ન મરાય અને મેં માને મારી નાંખી ! મારાથી આ અઘટિત કાર્ય કેમ બન્યું ? એમ વિચાર કરે છે ત્યાં બધા લોકો એકત્ર થઇ ગયા. ગોપાલના હાથમાંથી લોહી ખરડાયેલું ધારીયું પડી ગયું. એનો બાપ તો બરાડા પાડીને બોલવા લાગ્યો હત્યારા ! કુલાંગાર ! તારી માતાનું તેં ખૂન કર્યું ! એની બહેન પણ ચોધાર આંસુએ રડવા લાગી. જોતજોતામાં એની માતાનો દીપક બુઝાઈ ગયો. ખૂનનો આરોપ કરી ફરીયાદી કરીને જેલમાં પૂરાવ્યો પછી એને જન્મટીપની સજા થઇ.

એ જેલમાં પૂરાયો ત્યારથી પશ્ચાતાપની અગ્નિમાં પોતાની જાતને બાળી રહ્યો હતો અને કરેલા કર્મની સજા ભોગવી રહ્યો હતો. ગામમાં ઉડતી વાતો એના કાને આવતી હતી કે એના બાપુજી ગામ છોડીને ચાલ્યા ગયા અને એની બહેનના કંઇ સમાચાર નથી. બહેનને સુખી કરવાના એના મનોરથોનો માળો વીંખાઈ ગયો હતો. એ પોતાના કરેલા પાપનો પશ્ચાતાપ કરતો ઉંડા વિચારમાં ડૂબી ગયો હતો. ત્યાં ચેટી ધર્મની બહેનો રાખડી બાંધવા આવી અને ગોપાલની આંખમાંથી આંસુ પડયા. એને જોઇને પોતાની બહેન અને માતા યાદ આવી. પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો- જો એક વખત જન્મટીપની જેલની સજામાંથી છૂટું તો ભાઇ વિનાની નિરાધાર બહેનોની અને વિધવા માતાઓની સેવા કરું. તેની શુદ્ધ ભાવનાથી અને છેવટનો અંજામ કોર્ટમાં નક્કી થયો કે છોકરો ખૂન કરવા માટે ખુની તરીકે ગુન્હેગાર નથી. આથી તેને છૂટો કરવામાં આવ્યો અને તેણે દુઃખી અને વિધવા માતાઓ અને બહેનોની સેવા કરીને પોતાનું જીવન સાર્થક બનાવ્યું.

દેવાનુપ્રિયો ! આપણે શરૂઆતમાં વાત કરી કે પહેલા પહોરે ચા-પાણીના બદલે વીતરાગ વાણી સાંભળો. વીતરાગ વાણી જીવને પવિત્ર બનાવે છે. સત્સંગનો મહિમા અજબ છે. પાપી પણ સત્સંગના પ્રવાહમાં પુનિત બની જાય છે. એક વખતનો મહાન પાપી અંગુલીમાલ જે આંગળીઓનો હાર બનાવી ડોકમાં પહેરતો હતો તે એક વખત બુદ્ધનો સમાગમ થતાં સુધરી ગયો. વાલીયો લૂંટારો નારદ ઋષિનો સમાગમ થતા લૂંટારો

ફીટીને વાલ્મિકી ઋષિ બની ગયા. રોજ સાત સાત જીવોની ઘાત કરનારો અર્જુનમાળી સુદર્શન શેઠનો ભેટો થતાં સુધરી ગયો ને કામ કાઢી ગયો.

એક વખતનો પાપી લૂંટારો જેસલ એક વખતના તોરલ સતીના સમાગમે સુધરી ગયો. એ જેસલને તોરલનો સમાગમ કેમ થયો? એક વખત જેસલ મોડો આવ્યો. રાત્રે ઘરનું બારણું બખડાવ્યું ત્યારે ભાભી કહે છે દિયરીયા! આટલા મોડા કેમ આવ્યા? ત્યારે જેસલને જરા ખોટું લાગ્યું. ત્યારે ભાભી કહે છે તમને જો આટલી ખુમારી હોય સાચા બહારવટીયા હો તો તોરલ સતીની ઘોડી, તેની કાંબળી અને તેની તલવાર લઇ આવો તો હું તમને સાચા બહારવટીયા કહું. જેસલને ચાનક લાગી ને ઉપડયો. તોરલને ઘેર આવ્યો, ત્યાં તો ભજનમંડળી બેઠી છે, ભજન-કીર્તનો ચાલી રહ્યા છે. દીવા ઝળહળાટ બળે છે. આ બધાની વચમાં કેવી રીતે જવું? એટલે જે તરફ તોરલ સતીની ઘોડી બાંધી હતી ત્યાં અંધારું હતું ત્યાં જઇને સંતાઈ ગયો. એની ઘોડી પણ પારકા માણસને જોઈને હણહણાટ કરવા લાગી. ત્યારે જેસલ ઘોડી આગળ ઘાસ પડયું હતું તે પોતાના શરીર ઉપર ઢાંકીને સૂઇ ગયો. આ તરફ ઘોડી તો ખૂબ જોર કરીને ખેંચે છે એટલે ખીલો ઉખડી ગયો. તેથી ઘોડી છૂટી થઇને ફરવા લાગી. આ તરફ ભજન બંધ થયા, તોરલ સતી પ્રસાદ વહેંચવા નીકળી છે. પ્રસાદ વહેંચતાં વહેંચતાં એક ભાગનો પ્રસાદ વધ્યો. તોરલના સતીત્વનો એવો પ્રભાવ હતો કે રોજ જેટલો પ્રસાદ બનાવે તેટલો જેટલા માણસો હોય તેમને બરાબર પૂરો થઇ રહે. તોરલ પરણેલી હતી પણ બને તેટલું બ્રહ્મચર્યનું પાલન કરતી અને પરપુરૂષ તેના ભાઇ ને બાપ સમાન હતા. શુદ્ધ પવિત્ર હતી. સાથે પ્રભુભજનમાં લીન રહેતી એટલે એને સૌ સતી તરીકે પિછાણતા. એના ઘેર ભજન કરવા રોજ સહુ આવતા.

એક જણનો પ્રસાદ વધ્યો. સતી વિચાર કરવા લાગી કે નક્કી મારા ઘરમાં એક માણસ હોવો જોઇએ. ખૂબ તપાસ કરી પણ કોઇ મળતું તથી. ત્યારે ઘોડી ખીલેથી છૂટી ગઇ છે, ખુબ હણહણાટ કરે છે. તેને બાંધવા માટે તોરલ ત્યાં જાય છે. ખીલો ઉખડી ગયો છે તે ખીલો જડવા જાય છે. બરાબર તે જગ્યાએ જેસલની હથેળી હતી. ખૂબ જોસથી ખીલી જમીનમાં જડી દીધી. જેસલની હથેળી સોંસરું કાણું પડી ગયું પણ એક ચૂંકારો ન કર્યો. પણ હથેળીમાંથી લોહી વહે તે છાનું રહે? લોહીની ધાર થઇ. ઘાસ લોહીલોહી થઇ ગયું. આથી ઘાસ ઉપાડીને જોયું તો જેસલ સૂતો છે. એને ઉઠાડીને પૂછે છે વીરા! તું કોણ છે ને અહીં શા માટે આવ્યો છે? એ વાત પછી પણ લે આ પ્રસાદ ખાઇ લે. તારા ભાગનો પ્રસાદ વધ્યો છે ત્યારે જેસલ કહે છે માતા! પ્રસાદ તો જમણા હાથમાં લેવાય અને મારા જમણા હાથમાં તો મોટું કાણું પડી ગયું છે, લોહીની ધાર ચાલી છે. કેવી રીતે પ્રસાદ લઉં? ત્યારે તોરલ આંખ મીંચીને

કહે છે શીયળના દેવો ! જો મારા સતીત્વનું બળ હોય, મારા પતિ સિવાય બીજા બધા જગતના પુરૂષો ભાઈ ને પિતાતુલ્ય માન્યા હો તો આ પ્રસાદ મૂકું ત્યાં આની હથેળી હતી તેવી થઇ થઇ જજો. આમ વિચારી સતી પ્રસાદ મૂકે ત્યાં એના હાથનું કાણું પૂરાઇ જાય છે પછી પૂછે છે તું કોણ છે અને કેમ આવ્યો છે? ત્યારે જેસલ કહે છે મારા ભાભીએ મહેણું માર્યું છે કે આ ત્રણ વસ્તુ લઇ આવ તે લેવા આવ્યો છું. ચોરી કરવા આવ્યો છું. લૂંટારો છું પણ માતા ! તને જોઇને ઠરી જાઉં છું. છેવટે જેસલને એ ત્રણે વસ્તુ લઇ લેવા કહે છે પણ સતીની એક વસ્તુને અડી શકતો નથી. ત્યારે તોરલ કહે છે જેસલ ! ગભરાઇશ નહીં હું તારી સાથે આવું છું. તોરલ એ ત્રણે ચીજ લઇને પતિની રજા લઇ જેસલના ગામ જવા રવાના થાય છે. રસ્તામાં નદી ઓળંગવાની આવે છે ત્યારે હોડીમાં બેસીને જાય છે. નદીમાં સખ્ત વાવાઝોડું થાય છે, નૌકા ડૂબું ડૂબું થાય છે તે સમયે તોરલ કહે છે જેસલ ! નૌકા ડૂબવાની અણી ઉપર છે. તેં જીવનમાં કેટલા પાપ કર્યા છે?

પાપ તારું પરકાશ જાડેજા ધર્મ તારો સંભાળ રે,
તારી બેડલીને બૂડવા નહિં દઉં (૨) જાડેજા રે...
એમ તોરલ કહે છે...

હે રજપૂત ! તેં કેટલા પાપ કર્યા છે. કેટલી લૂંટ ચલાવી છે ! તારા પાપ બોલવા માંડ. જો તારું પાપ પ્રગટ કરીશ તો તારી નૌકા નહિ ડૂબે ત્યારે જેસલ શું કહે છે!

જેટલા માથાના વાળ તોળી રાણી...જેડલા માથાના વાળ રે...
એટલા પાપ તો મેં કર્યા (૨) તોળા દે રે...એમ જેસલ કહે છે રે....

ત્યારે જેસલ કહે છે હે માતા ! મારા શરીરમાં જેટલા રૂંવાડા છે તેટલા પાપ મેં કર્યા છે. ગણ્યા ગણાવાય તેમ નથી. મેં તો કુંવારી જાનો લૂંટી છે. વનમાં નિર્ભયપણે ફરતા હરણીયા અને મોરલાના પ્રાણ લૂંટયા છે હે માતા ! મારો ઉદ્ધાર કર. આ પાપી ક્યાં જઈને છૂટશે ? સતીના સમાગમથી પથ્થર હૃદયવાળો જેસલ લૂંટારો પણ સુધરી ગયો અને એની નૌકા ક્ષેમકુશળ પાર ઉતરી ગઇ. આવો સત્સંગનો પ્રભાવ છે.

રામાયણનો રચનાર કોણ હતો ? એક લૂંટારો હતો. લૂંટ–ખૂન કે ચોરી એજ ધંધો. એવામાં સંતનો સમાગમ થયો. 'રામ' નામના બે શબ્દોના બળ પર શયતાન મટી સંત બન્યો. બહારની લૂંટ બંધ કરી દીધી. અંતરમાં રામનામની લૂંટમાં લીન બન્યો. ચારે બાજુ માટીના થરથી વીંટળાઇ ગયો પણ આત્મધૂનમાં પાપના ગાબડા ભરવા મંડયા. સંતનો સમાગમ, રામનું રટણ અને આત્મજાગૃતિ આમ ત્રિવેણી થતાં એક આદર્શ મહર્ષિ બની ગયો.

બંધુઓ ! કહેવાનો આશય એ છે કે વિવેકનો પ્રકાશ, આત્માની જાગૃતિ અને

પ્રમાદનો ત્યાગ આમ ત્રિવેણીનો સંગમ થતાં આત્માના અજ્ઞાનના અંધારા ઉલેચાઇ જાય છે અને આત્મદિવ્યતાથી જીવન ધન્ય બની જાય છે. માનવ કઠોર કે દૃઢ હોય છતાં આત્માનું એકાદ તેજકિરણ મળી જાય તો પાપને સાફ કરી નાંખે અને ભવોભવનો થાક ઉતારી નાંખે. ફક્ત સતત જાગૃતિ જોઈએ. સતત જાગૃતિ માનવને ધન્ય બનાવે છે. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૩૫

શ્રાવણ સુદ ૧૫ ને સોમવાર તા. ૧૩-૮-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

શાસનપતિ ભગવંતે જગતના જીવોના જન્મ-મરણના ફેરા મટાડવા માટે ઉદ્ઘોષણા કરી કે હે ભવ્ય જીવો ! જાગો. અનાદિકાળથી જીવાત્મા મોહનિદ્રામાં સૂતેલો છે. એ મોહના કારણે જીવ શું બોલે છે:- "इमं च मे अत्थि इमं च नत्थि इमं च मे किच्च मिमं अकिच्चं।" આ મારું છે ને આ મારું નથી. આ મેં કર્યું ને આ મેં નથી કર્યું, ને આ હવે કરવાનું છે. એનું રાતદિવસ જીવે રટણ કર્યું છે. જે પોતાનું નથી પરાયું છે તેને પોતાનું માન્યું છે. ભગવાન તો કહે છે કે આ શરીર પણ તારું નથી. તારાથી પર છે. હા, ભવસાગર તરવા માટેનું અમૂલ્ય સાધન છે. જો માનવ સમજે તો આ માનવજન્મ એટલે ભવસમુદ્રનો કિનારો છે. ચોરાશી લાખ જીવાયોનીની અપેક્ષાએ માનવજન્મ કિનારા સમાન છે. જો સમજે તો નૌકા કિનારે આવીને ઉભી છે.

જાગો જાગો રે ઓ માનવી ભૈયા, કિનારે આવી છે માનવદેહની નૈયા
ઘોર દુઃખોને સહી સહીને જીંદગી વીતી, જીવન સુધારવાને આચરો નીતિ,
ભવની પરંપરા કાપજો ભૈયા ... કિનારે આવી છે માનવદેહની નૈયા.

આ માનવભવનું સ્ટેજ ઘણું ઉંચું છે. ચોરાશી લાખ જીવાયોનીમાં ઉંચામાં ઉંચું સ્થાન મનુષ્યનું છે. યાદ રાખો-જેમ કોઇ માણસ સાઇકલ ઉપરથી પડી જશે તો બહુ તો ફેકચર થશે ને પાટો બંધાવતાં મટી જશે પણ જો પ્લેનનો અકસ્માત થાય તો બચવાની આશા નથી, હાડકા ચકચૂર થઇ જશે. તેમ ભગવાન કહે છે મોક્ષની ટિકિટ મેળવવાનું સ્ટેશન માનવભવ છે. અહીં આવીને જો તું વિષયભોગમાં, રાગ-દ્વેષમાં તથા ક્રોધાદિકષાયમાં પડી જઇશ તો પરભવમાં તારું શું થશે ? આત્મા સમજણરૂપ સ્વઘરમાં આવે તો મોક્ષની ટિકિટ ખરીદી શકે છે અને અજ્ઞાનમાં રહીને પાપાચારમાં

મસ્ત બની મહા આરંભકરતા સાતમી નરકની ટિકિટ માનવ ખરીદી લે. સિંહ જેવું ક્રૂર તિર્યંચ પ્રાણી આટલી હિંસા કરવા છતાં ચોથી નરકથી આગળ નથી જતો અને મનુષ્ય ભાન ભૂલે તો સાતમી નરકે પહોંચી જાય, કારણ કે માનવ ભૂલે તો માનવમાંથી દાનવ બની જાય છે અને મનુષ્યજીવનનું કર્તવ્ય સમજે તો નરમાંથી નારાયણ બની શકે છે. બંધુઓ! આ માનવભવ આત્મામાંથી પરમાત્મા અને નરમાંથી નારાયણ બનવા માટે મળ્યો છે. પણ માનવમાંથી દાનવ બનવા માટે નથી મળ્યો.

માનવજીવન પામીને આત્માને પવિત્ર બનાવવાનો છે. મેલા કપડા, ચીકણી થાળી, મેલું શરીર ગમતું નથી, બધું ઉજળું ગમે છે તો આત્માને મેલો કેમ રાખ્યો છે? ઉપરની મલીનતા નુકશાન નહિ કરે. માણસ રંગે કાળો હોય, કપડા મેલા હોય પણ એનો આત્મા ઉજળો હશે તો વહેલો સાધના સાધી મોક્ષ મેળવશે. શરીર ઉજળું બનાવવાથી શાશ્વત સુખ નહિ પમાય પણ અંતર ઉજ્જવળ બનાવવાથી જરૂર પમાશે.

આપણા ભાવ કેવા છે, કઈ લેશ્યા વર્તે છે તે જાણવા ઉત્તરાધ્યયન સૂત્રના ચોત્રીસમાં અધ્યયનમાં છ લેશ્યાનું વર્ણન ભગવંતે સુંદર કર્યું છે. એ છ લેશ્યામાં ત્રણ શુભ લેશ્યા છે ને ત્રણ અશુભ લેશ્યા છે. પ્રતિક્રમણમાં રોજ બોલો છો ને કે ત્રણ લેશ્યા સારી ન આવી હોય તો તસ્સ મિચ્છામિદુક્કડં. કૃષ્ણ, નીલ ને કાપુત એ ત્રણ માઠી લેશ્યાઓ છે. નારકીને આ ત્રણ લેશ્યા હોય છે. તેજુ, પદ્મ ને શુકલ એ ત્રણ સારી લેશ્યાઓ છે. ત્રણ શુભ લેશ્યાઓ વૈમાનિક દેવોને હોય છે. ગર્ભજ મનુષ્ય તથા તિર્યંચને છએ લેશ્યાઓ હોય છે. એકેક લેશ્યાના ભાવને જીવ સમજે તો જાણી શકે કે મને કેવી લેશ્યા વર્તે છે. દાખલા તરીકે જાંબુનું ઝાડ છે. છ માણસોને વિચાર થયો કે આપણે જાંબુ ખાવા છે. છએ ભેગા થઈને ઝાડ પાસે આવ્યા. પહેલો માણસ કહે છે આ જાંબુના વૃક્ષને મૂળમાંથી ઉખાડી નાંખીએ ને ઝાડ નીચે પડે તો નિરાંતે બેસીને જાંબુ ખાઇ શકીએ, ત્યારે બીજો માણસ કહે છે ભાઇ તમારે ખાવું છે શું? જાંબુને? એના મૂળ ઉખાડવાની શી જરૂર? મૂળ નથી કાપવા. કુહાડો લઇને એનું થડ કાપી નાખો, ત્યારે ત્રીજો કહે છે ભાઇ જરા ખમો-ખમો તમારે જાંબુ ખાવા છેને? તો થડીયું કાપવાની શી જરૂર? ડાળીઓ કાપી નાંખો તો જેટલા જોઇએ તેટલા જાંબુ મળશે. ત્યારે ચોથો કહે છે જરા ખમી જાવ. મોટી ડાળ કાપવાની જરૂર નથી. એની નાની ડાળીઓ કાપીને જાંબુ ખાઇ શકાય છે ત્યારે વળી પાંચમો કહે છે ઉભા રહો. આપણે ડાળીઓની સાથે શું નિસ્બત છે! આપણે તો જાંબુ ખાવા છેને! તો ડાળી ઉપર ચઢીને જાંબુ તોડીને ખાઇ લઈએ. પછી ડાળીઓ કાપવાની શી જરૂર છે? ત્યારે છઠ્ઠો કહે છે ભાઈ! હવે મારી વાત સાંભળો. આપણે બધાને જાંબુ ખાવા છે તો મૂળ કાપવાની, થડ કાપવાની, નાનીમોટી ડાળી કાપવાની કે ઉપર ચઢવાની કોઇ જરૂર નથી. આ નીચે ઢગલાબંધ જાંબુડા પડ્યા છે

એમાંથી સારા સારા પાકા જાંબુ વીણીને ખાઇ લેા. વૃક્ષને કિલ્લામના ઉપજે નહિ ને જાંબુ ખવાય.

બંધુઓ! જુઓ, છએને જાંબુ આવા છે પણ એમના વિચારમાં કેટલી ભિન્નતા છે. આ રીતે માનવીના મનના પરિણામ વર્તી રહ્યા છે. આજનેા માનવી પેાતાના વધુ સુખ માટે બીજાના મૂળ ઉખાડી રહ્યો છે. બીજાના દુઃખની પરવા કરતેા નથી. પણ જ્ઞાની કહે છે કે હે જીવ! તારે કેટલું જોઇએ છે? ભર્યે ભાણે જમવાનું અને વગર થીગડાના કપડા પહેરવા મળે, સૂવા માટે બે ગાદલા મળે અને સારી ઇજ્જત મળે પછી શું જોઇએ? પછી નિરાંતે ધર્મધ્યાન કરી શકાય. બોલેા, રાજ્ય વિરૂદ્ધ કામ કરવું પડે બદું? બે નંબરના ચોપડા રાખવા પડે? કાળા બજાર કરવા પડે? બોલેા 'ના'. એક કવિએ કલ્પના કરી છે કે સાબરમતી નદી રડતી રડતી બોલે છે કે હે કાળા બજારીયાઓ! તમે અન્યાય–અનીતિ ને અધર્મ કરી, કાળા બજાર કરી તમારા કાળા હાથ મારામાં ધોશેા નહિ. મારામાં મળ–મૂત્ર ગમે તે પદાર્થ નાખશેા તેા મારું પાણી મલીન નહિ બની જાય પણ કાળા બજારીયાઓ હાથ ધેશે તેા મારું પાણી અપવિત્ર બની જશે. મારી પાસે આવેા તેા મારા જેવા પવિત્ર બનેા એમ સાબરમતી નદી કાળા બજારીયાઓને કહે છે. હું પણ તમને કહું છું કે અનીતિનું નાણું ભેગુ કરશેા પણ સાથે શું આવવાનું? પાપ-પુણ્ય સિવાય કાંઈ નહિ. વિચાર કરેા. જો તમે બૂબ તૃષ્ણાવંત રહેશેા તેા લેાભની પાછળ તમારી લેશ્યા પણ કેવી વર્તશે?

હવે સાંભળેા, પેલા છ જણા જાંબુ ખાવા ગયા. એમાં છઠ્ઠા માણસે કહ્યું કે આપણે જાંબુડા ખાવા સાથે કામ છે તેા શા માટે વૃક્ષને કષ્ટ આપવું એમ તમારે પણ માનવજીવનને સાર્થક કરવું છે, આત્મકલ્યાણ કરવું છે તેા વિચારેા કે હું બીજાના સુખનેા લૂંટારેા નહિ બનું. કૃષ્ણ લેશ્યાવાળેા વૃક્ષના મૂળ ઉખેડવા તૈયાર થયેા, નીલ લેશ્યાવાળેા થડ કાપવા તત્પર બન્યેા, કાપુત લેશ્યાવાળેા મેાટી ડાળેા અને તેજૂ લેશ્યાવાળેા નાની ડાળેાને કાપવા તૈયાર થયેા. પદ્મ લેશ્યાવાળેા ડાળ ઉપરથી એકલા જાંબુ ખાવા તૈયાર થયેા, ત્યારે શુકલ લેશ્યાવાળેા તેા વૃક્ષને જરા પણ દુઃખ ન થાય ને જાંબુ ખવાય એ રીતે કરવા તૈયાર થયેા. શુકલ લેશ્યાવાળાના કેવા પરિણામ છે? કેાઇને પણ દુઃખ ન આપવું. આ ન્યાયથી સમજી શકેા છેા કે મારા મનના પરિણામ કેવા વર્તે છે! મને કઈ લેશ્યા વર્તે છે!

મનમાં બીજાનું બરાબ કરવાના પરિણામ આવે એટલે જૈન દર્શનની થીએરી પ્રમાણે તમે કર્મ બાંધી ચૂક્યા છેા. માટે કેાઇના સુખ લૂંટવાનેા, કેાઇના મૂળ ઉખાડવાનેા વિચાર સરખેા પણ ન કરશેા. પણ કેાઇનું સુખ જોઈને આનંદ માનજો. પેાતાના સુખનેા ભેાગ આપીને પણ બીજાને સુખી કેમ બનાવું એવી ભાવના રાખજો. મન–વચન અને કાયાને પવિત્ર બનાવજો.

જમાલિકુમારને સંસાર પ્રત્યેથી વૈરાગ્ય આવ્યો. પ્રભુની વાણી સાંભળી એના રોમેરોમ ખીલી ઉઠયા છે, ને એના માતાપિતાને કહે છે હે માતા! હું પ્રભુ મહાવીરના દર્શને ગયો હતો. મને પ્રભુની વાણી બહુ ગમી. તમે પણ તમારે ઘેર જઈને આવું કહેતા હશોને? અંતરમાં વીતરાગવાણી પ્રત્યે રસ હોય તો જમાલિકુમાર જેવો ઉલ્લાસ આવે.

આજનો દિવસ પવિત્ર મનાય છે. આજનો દિવસ ત્રણ નામથી ઓળખાય છે. (૧) બળેવ (૨) નાળિયેરી પુનમ (૩) રક્ષાબંધન. આ દિવસ આપણી સંવત્સરી પહેલાં વીસ દિવસે આવે છે. જૈનોને સંવત્સરી એ આલોચના કરી વિશુદ્ધ બનવાનું પવિત્ર પર્વ છે તેમ બ્રાહ્મણોને માટે બળેવ આલોચના કરી પવિત્ર બનવાનો દિવસ છે.

"બળેવ":- બળેવના દિવસે બ્રાહ્મણો નદી અગર દરિયા કિનારે જઈને જનોઇ બદલાવે છે. જનોઇ પહેરવા માટે સાચો અધિકારી કોણ? જનોઈ પહેરી લેવાથી કાંઈ બ્રાહ્મણ બની જવાતું નથી. જે મનુષ્ય ચારિત્ર પાલન કરી શકે તેને જનોઈ પહેરાવવામાં આવતી. આજે તો જનોઈ પહેરાવવામાં આવે છે તે વ્યવહાર પૂરતી છે. જનોઈના ત્રણ તાર હોય છે તે શું સૂચવે છે? મન, વચન અને કાયારૂપી ત્રણ તાર છે. એને શુદ્ધ રાખવા એમ કહે છે જનોઇ પહેરનાર બ્રાહ્મણનાં મન, વચન ને કાયા રૂપી ત્રણ તાર પવિત્ર હોવા જોઇએ. જનોઇના ત્રણ તારમાંથી એક પણ તાર તૂટે તો એક ડગલું પણ બ્રાહ્મણથી ચલાય નહિ. એ તાર સાંધી દે અગર જનોઇ બદલાવી નાંખે તો ચાલી શકે છે. તેમ મન-વચન અને કાયાનો એક પણ તાર અશુદ્ધ થાય તો તેને શુદ્ધ કર્યા વિના આગળ ચલાય નહિ એમ સમજે તો આ બળેવનું પર્વ સાચી રીતે ઉજવ્યું કહેવાય.

"નાળિયેરી પૂર્ણિમા":- આમાં ઘણું રહસ્ય છે. નાળિયેરમાં ઉપર છોતરા છે, નીચે કાચલી છે ને તેની અંદર ટોપરૂ હોય છે ને તેની અંદર પાણી હોય છે. જ્યારે નાળિયેર ફોડીને કોપરું કાઢો છો ત્યારે તમને ખબર છે ને કે કોપરૂં અને કાચલી અલગ છે. નાળિયેરમાં કાચલી અને ટોપરૂં બંને એકમેક થઇને રહેવા છતાં બંને ભિન્ન છે તેમ જ્ઞાની ભગવંતો કહે છે હે ચેતન! તું કર્મની પરાધીનતાના કારણે દેહ રૂપી કાચલી સાથે સંકળાઇને રહ્યો છું. કાચલીના ટુકડા કરીને કોઇ ફગાવી દે તો ટોપરાને એની સાથે કોઇ નિસ્બત નથી તેમ દેહનું ગમે તે થાય પણ આત્માને એની સાથે કોઇ નિસ્બત નથી. કાચલી અને ટોપરાનો ગોળો જુદો છે તેમ દેહ અને આત્મા જુદા છે. બંનેના ધર્મો પણ જુદા છે. માટે દેહમાં રહેવા છતાં વિદેહી દશા કેળવો. દેહ ઉપરથી આસક્તિ છૂટશે તો મોક્ષ મળશે.

"રક્ષાબંધન":- રક્ષાબંધન એ જૈનોનો તહેવાર નથી. પણ આજના દિવસે બહેનો ભાઇને રાખડી બાંધવા જાય છે, એટલે ભાઇ બહેનના પ્રેમ વધે છે અને ભાઇ યથાશક્તિ બહેનને આપે છે તેથી એકબીજાના પ્રેમ વધે છે. ગુજરાતમાં તો કાગળની,

ઝરીની અને રેશમની રાખડી બાંધે છે પણ મારવાડમાં હીરા-મોતી ને સોનાની રાખડી બાંધે છે. મારવાડમાં રક્ષાબંધનનો ખૂબ મહિમા છે. સમજો, રક્ષાબંધનનો બીજો અર્થ શું ? રક્ષા એટલે રક્ષણ કરવું. કોનું રક્ષણ કરવુ ? છકાયના જીવોની રક્ષા કરવી એ મહાન લાભ છે. મારી બહેનોને ખાસ વિનંતી કરૂં છું કે તમે ઘરના દરેક કાર્યમાં ખૂબ ઉપયોગ રાખજો. ઘરના નોકરો બધું કામ કરે પણ આજે અનાજ સડેલું આવે છે તેમાં તપાસ કરવી. ઉઘાડા વાસણ ન રાખવા વિગેરે જતનાનું કામ કરશો તો તેમાં મહાન લાભ છે. જીવદયા તો મુખ્ય ધર્મ છે. સર્વ જીવોની રક્ષા કરવી. આપણે કોઇનું રક્ષણ કરીશું તો કોઇ આપણું રક્ષણ કરશે.

ભાઈને બહેન રાખડી બાંધે છે તેનો અર્થ એ છે કે બહેનના રક્ષણનો ભાર ભાઇ પર આવે છે. આ રાખડી હિંદુ ભાઇઓને બંધાય છે તેમ નથી. આગળના વખતમાં રાજપૂત રાણીઓએ મુસ્લીમ બાદશાહોને રાખડી બાંધી છે. ઇતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે. જ્યારે ગુજરાતનો બાદશાહ બહાદુરશાહ રાજપૂતોને નમાવવા મેવાડ ઉપર ચઢી આવ્યો ત્યારે કર્મવંતી રાણીએ દિલ્હીના મોગલ સમ્રાટ હુમાયુને રાખડી મોકલી હતી ને સાથે ચિઠ્ઠી લખીને વિનંતી કરી હતી કે ભાઇ વીરા ! આજે હું તારી ધર્મની બહેન તને રાખડી મોકલું છું અને તારી ક્ષેમકુશળતા ચાહું છું. અત્યારે ચિતોડ ઉપર બહાદુરશાહ લડાઈ લઇને આવ્યો છે ને ચિતોડ ભયમાં છે તો તું જલ્દી આવ અને આ તારી બહેનનું રક્ષણ કર. બહેનની લાજ રાખવી તારા હાથમાં છે. દિલ્હીના બાદશાહ હુમાયુએ મેવાડની મહારાણી કર્મવંતીની મોકલેલી રાખડી જોઇ અને સાથેની ચિઠ્ઠી વાંચીને એનું હૈયું ભરાઇ આવ્યું. એણે કેટલા પ્રેમથી ભાઇ....વીરા ! લખ્યું છે. સંસારની તમામ સગાઇ કરતાં બહેનની સગાઇ વધારે છે.

બંધુઓ ! એક રાખડીએ કેટલું કામ કર્યું ? હુમાયુ હિંદુ-મુસ્લીમના ભેદભાવને ભૂલી ગયો. તરત ઉભો થઇ ગયો. મોટું લશ્કર લઇ ચિતોડગઢ ઉપર ચઢી આવ્યો. આ તરફ મેવાડના રાણા તથા રાણી કર્મવંતીને લાગ્યું કે શત્રુના સંકજ્જામાંથી બચી શકાય તેમ નથી. એના હાથે મરવા કરતાં જાતે મરી જવું શું ખોટું ? એટલે શીયળનું રક્ષણ કરવા આપઘાત કરીને મરણ પામ્યા. હુમાયુ છ દિવસ મોડો પડયો એણે બહાદુરશાહને હરાવી ચિતોડગઢ કબજે કર્યું. પણ પોતે બે દિવસ મોડો પડયો તેથી બહેન રાજપૂત સ્ત્રીઓ સાથે સતી થયાના સમાચાર હુમાયુને મળ્યા તેથી તેને ઘણું દુઃખ થયું. બહેનની રાખડી મસ્તકપર ચઢાવી ચિતોડનું રાજ્ય તેના વારસદારને સોંપી દીધું. રક્ષાબંધનમાં કેટલી તાકાત છે. તમે બહેનની રાખડી બાંધીને આવા ભાઈ બનજો. બીજો પણ એક આવો પ્રસંગ છે.

"રા'નવઘણનો ટૂંક પરિચય"

કાઠીયાવાડમાં જુનાગઢ શહેરનો રાજા રા'નવઘણ થઈ ગયો. એની આ વાત છે.

રા'નવઘણ જુનાગઢના રાજા મહિપાળનો પુત્ર હતો. એક વખત દિલ્હીનો બાદશાહ અનંગપાળ જુનાગઢ ઉપર ચઢી આવ્યો. મહિપાળ રાજા તેની સાથે ખૂબ બહાદુરીથી લડયા પણ થોડા સમયમાં તેનું સૈન્ય ખપી જવાથી જીતવાની આશા ન રહી એટલે તેનો પોતાનો વ્હાલસોયો બાળક એક વફાદાર દાસીને સોંપી કેસરીયા કરીને મૃત્યુને ભેટયા. ચતુર દાસીએ વિચાર કર્યો કે આ નવઘણ જીવતો હશે તો મોટો થતાં બાપનું રાજ્ય પાછું મેળવશે. જો આ છોકરાનું રક્ષણ નહિ થાય તો આ રાજ્ય મુસ્લીમ બની જશે. હિંદુઓનો મૂળમાંથી ઉચ્છેદ થઇ જશે એમ વિચારી ભવિષ્યની મોટી આશાએ રાજ્યનું બીજ જીવતું રાખવા તે ચતુરદાસી છ મહિનાના રા'નવઘણને લઇને લપાતી છૂપાતી ત્યાંથી નાસી છૂટી અને ગીરની વિષમ ઝાડીમાં આવતી બોડીદાર ગામમાં દેવાયત નામના આહિરને ઘેર આવી. એ દેવાયત આહિર ગામનો મુખી હતો. એને ખાનગીમાં બધી વાત કરી નવઘણને તેના ઘેર સોંપ્યો. પુણ્યવંતને ઉછેરનાર કોઈ ને કોઇ મળી જાય છે. આ રીતે કૃષ્ણના જીવનનો પણ પ્રસંગ છે.

જીવયશાએ ખૂબ અભિમાને ચઢી સંતની મશ્કરી કરી ત્યારે સંતે તેને કહ્યું કે જીવયશા! ઓછો અભિમાન કર. તું જેનું માથું ઓળી રહી છે તેનો સાતમો ગર્ભ તારા કુળનો ઉચ્છેદ કરશે. આ વચન કંસે યાદ રાખ્યું અને દેવકીના લગ્ન સમયે જુગાર રમીને વસુદેવને બાંધી લીધા કે મારી બહેનની જેટલી સૂવાવડ થાય તેટલી મારે ત્યાં કરવાની. એ રીતે દેવકીની બધી સૂવાવડો કંસને ત્યાં કરવામાં આવી. છેલ્લે સાતમી સૂવાવડ આવી અને કૃષ્ણનો જન્મ થતાં ચોકીદારો ઉંઘી ગયા. વસુદેવની બેડી તૂટી ગઈ અને કૃષ્ણને ટોપલામાં નાંખીને ગોકુળમાં નંદરાજા જે આહિર હતો અને તેની પત્ની યશોદા દેવકીની બાલ સખી હતી ત્યાં મૂકી આવ્યા અને યશોદાએ પ્રેમથી પોતાના પુત્રની જેમ ઉછેર્યો.

અહીં દાસીએ રા'નવઘણ છ મહિનાના પુલ જેવા બાળક છે તેને દેવાયતને ત્યાં સોંપ્યો ને તેને સાચવવાની ખૂબ ભલામણ કરી. આ દેવાયત આહિરને જાહલ નામની છ મહિનાની દીકરી હતી ને ઉગા નામનો પુત્ર હતો. જાહલ અને નવઘણ બંને સરખા હતા. જાહલની માતા પોતાની દીકરીને દૂધપાન કરતી છોડાવીને રા'નવઘણને દૂધપાન કરાવતી.. એ સમજતી હતી કે આ રાજનું બીજ છે. એના ઉપર આશાના મિનારા છે. એ મોટો થશે તો લાખોનો રક્ષણહાર થશે. એટલે જાહલને બીજું દૂધ પાતી. બાલપણથી નવઘણના કપાળમાં રાજ્યનું તેજ ઝળહળતું હતું. ગામડાના ભરવાડી વેશમાં પણ દેખાઈ આવતો કે આ રાજકુમાર છે.

"દેવાયતની કસોટી":- એક વખત દેવાયતને તેમના ભાઈ સાથે કોઈ વાતમાં જરા તકરાર થઈ. દેવાયતના મનમાં કંઇ ન હતું. પણ એના ભાઇએ મનમાં વૈરની ગાંઠ બાંધી કે ગમે ત્યારે પણ એનું વૈર લઇને જંપીશ. એક માતાના બે જાયા છે છતાં

કેટલો ફેર છે.

એક બાપના બે બેટડા, ગુણમાં હોયે ફેર,
એકમાં પ્રગટયું અમૃત ને બીજામાં પ્રગટયું ઝેર.

એક બાપના બે પુત્રો છે. છતાં બંનેમાં અમૃત ને વિષ જેટલું અંતર છે. અમૃત માણસને જીવાડે છે જ્યારે ઝેર જીવનનો નાશ કરે છે. તેમ દેવાયત રા'નવઘણને જીવાડનારો છે ત્યારે તેનો ભાઈ નાશ કરાવવા તૈયાર થયો. ભાઇ ઉપરની ઈર્ષ્યાના કારણે તેનો ભાઇ જુનાગઢ ગયો. જઇને સૂબાને કહ્યું કે તમે શાંતિથી બેઠા છો પણ તમને કંઇ ખબર છે? તમારો દુશ્મન બોડીદ્વાર ગામના દેવાયત આહિરને ત્યાં મોટો થાય છે. ભવિષ્યમાં તમારું રાજ્ય લઇ લેશે. સૂબો કુંવરને શોધવા ખૂબ મહેનત કરી રહ્યો હતો પણ એનો પત્તો પડતો ન હતો. પણ ખબર પડી કે બોડીદ્વાર ગામમાં ઉછરે છે. એ તો પોતાના તાબાનું ગામ છે. તેનો નાશ કરવો રમત વાત હતી. જુનાગઢનો સૂબો એક વખત દેવાયતની પાસે આવ્યો ને કહ્યું કે તું જે માંગે તે આપું પણ રા'નવઘણને મને સોંપી દે. દેવાયત કહે છે મારે ઘેર રા'નવઘણ છે જ નહિ તો ક્યાંથી આપું? છતાં સૂબાએ તેને ખૂબ ધમકાવ્યો છતાં કંઇ ન બોલ્યો ત્યારે બાદશાહ ક્રોધે ભરાયો ને દેવાયતના માથે રાજદ્રોહનો આરોપ મૂકયો અને તેને કેદ કરી જુનાગઢ લઇ ગયા ને સખત કેદમાં પૂર્યો. ત્યાં એને એવી કડક શિક્ષા કરવા લાગ્યો કે એના પગની ઘૂંટીમાં સારડી મૂકીને લાકડાની જેમ વીંધતા પગ અને હાથ સારડી મૂકીને કાણા કરી નાખ્યા. ખૂબ અસહ્ય પીડા થતી હતી. છતાં પોતાના પ્રાણની એને પરવા ન હતી. પણ પોતાના મરણ પછી નવઘણનું શું થશે એ વિચાર કરતો રડતો શોધીને બોલ્યો. હવે મારાથી આ પીડા સહન થતી નથી. તમે હવે મારા ઉપર દયા કરીને મને આવું કષ્ટ ન આપશો. રા'નવઘણ મારે ઘેર છે પણ તે વખતે હું જુઠું બોલ્યો હતો. હું તેને મંગાવી આપું છું. એટલે બાદશાહને આનંદ થયો. આકરી શિક્ષા થઇ એટલે કેવો માની ગયો. દેવાયતે એક ચિઠ્ઠી લખીને સૂબાના માણસને આપી તેની સ્ત્રી પાસે મોકલ્યો. તેમાં તેણે લખ્યું હતું કે મારાથી હવે આ કષ્ટો સહન થતા નથી માટે તું રા' રાખીને વાત કરજે ને નવઘણને અહીં તરત મોકલી દેજે.

આહીરાણીનું ધૈર્ય: દેવાયતની પત્ની પતિની હસ્તલિખિત ચિઠ્ઠી વાંચી પતિની ગંભીર વાતને સમજી ગઇ. પોતાના પુત્ર ઉગાને બોલાવ્યો અને ઓરડામાં લઇ જઇને બધી વાત કરી બેટા! મોટું ધર્મસંકટ આવ્યું છે. શું કરવું તેની સમજ પડતી નથી. છતાં હિંમત કરીને પુત્રને કહે છે.

"ઉગા ઉગરવા તણી મા રખ મનમાં આશ
જાતા પ્રભુની પાસમાં, આનંદ રાખે ઉરમાં"

બેટા! તું મને હૈયાના હાર જેવો વહાલો છે. તારા જેવા ગુણીયલ પુત્રને જાતે જ મૃત્યુના મુખમાં હડસેલવાનો સમય આવ્યો છે. આપણું સર્વસ્વ જતું કરીને રાજાનું રક્ષણ કરવું તે આપણી ફરજ છે. અત્યારે બીજો કોઈ ઉપાય નથી. તારા બાપે તો રાજાનું રક્ષણ કરવા માટે એમની જાતને ખુવાર કરી નાંખી. હવે દુઃખ સહન થતું નથી અને પોતે જો ચાલ્યા જાય તો આ નવઘણનું શું થાય? એવા વિચારથી તેમણે આ પત્ર લખ્યો છે. ત્યારે ઉગો કહે છે મા તું શા માટે બહુ ગભરાય છે? જો મારી વાત સાંભળ.

રા' નો રાખણહાર, જગમાં જશ બહુ વધશે.
ધીરજ મનમાં ધાર, ઉગો તુજ કુંખે ઉપન્યો.

માતાનું વાત્સલ્ય છે ને હૈયાનું હેત છે. પુત્ર પણ કેવો ડાહ્યો છે. માતાપિતાએ નવઘણનું રક્ષણ કર્યું પણ પોતે હર્ષથી મરવા તૈયાર થયો. પુત્રના બોલ સાંભળી માતાની આંખમાં આંસુ આવી ગયા. ત્યારે ઉગો કહે છે માતા! તું કેટલી ધીરજવાન છે. કર્તવ્યનું પાલન કરવું એ આપણી ફરજ છે. તેમાં તારી આંખમાં આંસુ શા માટે આવ્યા? રા'નવઘણ મોટો થશે તો રાજ્ય મેળવશે ને હિંદુ ધર્મનું રક્ષણ કરશે, હજારોને આશ્રય આપશે અને હું શું કરી શકવાનો છું? એક રાજખીજનું રક્ષણ કરતાં તારા મુખ પર આનંદ હોવો જોઇએ. આ હું તો એકજ છું પણ રાજાનું રક્ષણ કરવા માટે મારા જેવા હજારો ઉગાનો ભોગ આપવો પડે તો આપવો જોઇએ. રાજા માટે મરી ફીટવું પડે તેમાં શી નવાઈ છે!

પુત્રની વાત સાંભળી માતાની છાતી ગજગજ ઉછળવા લાગી. ધન્ય છે બેટા! આજે તારા જેવા પુત્રને પામી હું કૃતાર્થ બની ગઇ. જા, બેટા! તારા લોહીથી દુશ્મનોના પાયા મૂળમાંથી ઉખાડી નાંખ. એમ કહી નવઘણના કપડા ઉગાને પહેરાવી હસતે મુખડે સૂબાના માણસોની સાથે મોકલ્યો. હસતા મુખે પુત્રને સોંપ્યો એટલે સૂબાના માણસોને પણ વિશ્વાસ બેઠો કે જો તેનો દીકરો હોય તો આમ હસતા મુખે ન મોકલે. ગમે તેમ તોય માતાનું લોહી છે. આંખમાં આંસુ આવ્યા વિના ન રહે. આ તો પારકો દીકરો છે એટલે આપી દીધો. છોકરો પણ એવો ડાહ્યો ને ચતુર હતો એટલે રસ્તામાં રડતો રડતો બોલવા લાગ્યો.

જો મારી સગી માતા હોય તો મને આમ મરવા મોકલત? પારકા કદી પોતાના થાય? એટલે માણસોને પાકો વિશ્વાસ બેસી ગયો કે આ દેવાયતનો પુત્ર નથી પણ નવઘણ છે એ વાત નક્કી.

આ તરફ બાદશાહના માણસોની સાથે ચિઠ્ઠી લખીને મોકલી પણ દેવાયતના મનમાં ચિંતા હતી કે મારી પત્ની કદાચ પુત્રના મોહમાં પડીને રા'નવઘણને મોકલશે તો મારી બધી મહેનત પાણીમાં જશે. પણ મને શ્રદ્ધા છે કે પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઉગે પણ મારી પત્ની એવું કરેજ નહિ. રા'નવઘણને મોકલે જ નહિ. તમને તમારી પત્ની ઉપર

આટલો વિશ્વાસ છે? દેવાયત વિચાર કરતો હતો ત્યાં સમાચાર મળ્યા કે રા'નવઘણને લઇને સૂબાના માણસો આવી ગયા છે. દેવાયતને રાજસભામાં બોલાવવામાં આવ્યો. એણે નવઘણના વેશમાં ઉગાને જોયો. પિતા–પુત્રની આંખે આંખ મળી. પુત્રને આવેલો જોઇને આનંદ થયો. એને મારવા લાવ્યા છે. આટલેથી ન પત્યું એટલે દેવાયતના ભાઇએ સૂબાને ખાનગીમાં બોલાવીને કહ્યું કે જો જો....હોં ભરમાતા નહિ. કદાચ દેવાયતનો પુત્ર પણ હોય. જો બરાબર પારખું કરવું હોય તો તલવાર દેવાયતના હાથમાં આપો ને કહો કે એક ઝાટકે એના બે ટુકડા એના હાથે કરે અને પછી એની જાતે એના ડોળા કઢાવીને દેવાયતની સ્ત્રી આવીને નવઘણનાં નેત્રો પગ નીચે કચરી નાંખે તો માનજો કે આ નવઘણ છે અને જો એમ ન કરે તો સમજી લેજો કે આ દેવાયતનો પુત્ર છે અને નવઘણ જીવતો છે. તરત સૂબાએ માણસોને મોકલીને દેવાયતની સ્ત્રીને ત્યાં બોલાવી લીધી. પછી દેવાયતના હાથમાં ખડગ આપીને કહ્યું એક ઝાટકે આના બે ટુકડા કરી નાંખો. ને તમારી જાતે એની આંખોના ડોળા બહાર કાઢો. તરત દેવાયતે તલવારના એક ઝાટકે ઉગાના બે ટુકડા કરી નાખ્યા અને છરો લઇને ડોળા કાઢી આપ્યા. છતાં રહેજ પણ આંચકો ન લાગ્યો. પછી એની પત્નીને કહે છે જો આ નવઘણ જ હોય તો પગમાં જોડા પહેરી તારા પગ નીચે આ નેત્રો ચગદી નાંખ. તો હું માનું કે આ નવઘણ છે, નહિતર તારો પુત્ર છે એમ માનીશું. હૈયામાં હામ રાખી એણે એ ડોળા કચરી નાંખ્યા. પણ આંખમાં આંસુનું ટીપુ ન આવવા દીધું. એટલે સૂબાને ખાત્રી થઇ કે આ નવઘણ જ છે. જો તેનો પુત્ર હોય તો એની આંખમાં આંસુ આવ્યા વિના ન રહે. હવે દુશ્મનનો કાંટો દૂર થયો એટલે સૂબાને શાંતિ થઈ અને દેવાયતને કેદમાંથી મુક્ત કર્યો.

બંધુઓ! એક રાજકુમારને બચાવવા માતા પિતાએ પોતાના પુત્રનું બલીદાન આપ્યું. છતાં વધુ દુઃખની વાત એ છે કે તેના હાથે તેનું માથું કપાવ્યું ને ડોળા કઢાવ્યા. કેટલું વિષમ કામ શરણે આવેલાનું રક્ષણ કરવા કર્યું.

અહીં નવઘણ અને જાહલ બંને સગા ભાઈબહેનની જેમ રહે છે. નવઘણને ખબર નથી કે એના પાલક માતા પિતા છે. આવા માતાપિતા દુનિયામાં વિરલ હશે કે પોતાના એકના એક દીકરાનો સમય આવ્યે ભોગ આપી દે. માતાનો ખોળો ખૂંદતા રમતા ને ખેલતા નવઘણ અને જાહલ બંને મોટા થયા. જ્યારે રક્ષાબંધનનો દિવસ આવતો ત્યારે જાહલ નવઘણને રાખડી બાંધતી. નવઘણ એને કંઇક આપવાની ઇચ્છા કરતો પણ તે સમયે એની પાસે શું હોય? ત્યારે જાહલ કહેતી કે વીરા! મારે અત્યારે તારી પાસેથી વીરપસલી નથી જોઇતી પણ તું જ્યારે જુનાગઢનો મહારાજા બનીશ તે વખતે જરૂર પડશે ત્યારે હું તારી પાસેથી પસલી માંગી લઇશ. આમ કહેતી ત્યારે નવઘણને ખબર પડી કે હું જુનાગઢનો રાજકુમાર છું.

એક વખતનો પ્રસંગ છે. દેવાયત ખેતરમાં હળ ચલાવતો હતો ત્યારે એની સાથે નવઘણ ખેતરમાં જતો ને કહેતો બાપુજી! લાવો, હું હળ ચલાવું. દેવાયત ના પાડે છે ને કહે કે ભાઈ! તારે હળ ચલાવવાની જરૂર નથી, નવઘણે ખૂબ હઠ કરી ત્યારે હળ ચલાવવા આપ્યું. નવઘણે હળ લીધું ને થોડું ચલાવ્યું ત્યાં એક જગ્યાએ અટકી ગયું. ચાલતું નથી ત્યારે નવઘણ કહે છે બાપુજી! તમે તો ઝટઝટ હળ ચલાવો છો ને મારાથી ચાલતું કેમ નથી? દેવાયતે ત્યાં આવીને જોયું ને જ્યાં હળ અટકયું હતું ત્યાં ખાડો ખોદ્યો તો અંદરથી કિંમતી રત્નોના ભરેલા સાત ચરૂ નીકળ્યા. દેવાયતે વિચાર કર્યો કે નક્કી નવઘણ જુનાગઢનું રાજ્ય મેળવશે. એ ખૂબ પુણ્યવાન છે. પહેલી વખત હળ ચલાવ્યું ને જમીનમાંથી રત્નોના ચરૂ નીકળ્યા. હવે એને પૈસાની કમી ન રહી.

જાહલ મોટી થઈ છે. એને પરણાવવાની ચિંતા હતી. અત્યાર સુધી પાસે પૈસો ન હતો. દેવાયતે વિચાર કર્યો કે જાહલને પરણાવું અને નવઘણને રાજ્યનો માલિક બનાવી દઉં. પછી હું મરી જાઉં તો મને ચિંતા નહિ એટલે એણે જાહલના લગ્ન લીધા. દેશોદેશમાં જેટલા આહીર લોકો રહેતા હતા તેમને કંકોત્રી લખીને લગ્નનું આમંત્રણ આપ્યું ને સાથે લખ્યું કે લગ્નમાં વહેલા આવજો ને સાથે શસ્ત્રો લેતા આવજો. આહિરો વિચાર કરવા લાગ્યા કે આમંત્રણ લગ્નનું છે અને શસ્ત્રોની શી જરૂર? અને આટલા બધા આહિરોને તેડાવ્યા છે માટે કંઈક હશે. હવે અહીં જાહલના લગ્ન થશે અને નવઘણ જુનાગઢનો રાજા બનશે. બહેનને નવઘણ કેવી પસલી આપશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૩૬

શ્રાવણ વદ ૧ને મંગળવાર તા. ૧-૮-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરૂણાનીધિ ભગવંતે જગતના જીવોના ઉદ્ધાર માટે દ્વાદશાંગી સૂત્રની રચના કરી. દ્વાદશાંગી સૂત્રમાં પાંચમું અંગ ભગવતી સૂત્ર છે. મૈયા ભગવતી સૂત્રમાં અનંત ભાવો ભરેલા છે. ભગવતી સૂત્રને મૈયા ભગવતીની ઉપમા કેમ આપવામાં આવી છે? જેમ બાળક ભૂલ કરે કે ન કરે પણ માતાને તો પોતાના સંતાનો પ્રત્યે વાત્સલ્ય ઉછળે છે અને હિત શિખામણ આપી માતા બાળકની ભૂલ સુધારે છે તે રીતે મૈયા ભગવતી સૂત્રમાં એવા ભાવો ભરેલા છે કે જો એનું વાંચન મનનપૂર્વક કરવામાં આવે તો અનાદિકાળથી ભૂલોનું ભાજન બનેલો માનવી સુધરી જાય છે. જમાલિકુમારે એક

વખત પ્રભુના દર્શન કર્યા ને વાણી સાંભળી ત્યાં બધી વાસનાઓ ઉપર વિજય મેળવ્યો.

ભગવાન કહે છે જો તમારે જલ્દી આત્મકલ્યાણ કરવું હોય તો સર્વ પ્રથમ વાસનાઓ ઉપર વિજય મેળવવો પડશે. વાસના બે પ્રકારની છે. એક શુભ અને બીજી અશુભ. એક પ્રકારની પ્રવૃત્તિ બીજા પ્રકારની પ્રવૃત્તિને રોકે છે. તેમ અશુભ વાસનાને ટાળવા સારી વાસનાની જરૂર છે. જુઓ, એક મિથ્યાત્વ વાસના છે તેને ટાળવા માટે સમ્યક્‌ત્વ વાસનાની જરૂર છે. જીવનમાં અશુભમાં અશુભ વાસના હોય તો તે મિથ્યાત્વની છે. મિથ્યાત્વની વાસના એટલે શું? આત્મામાં વિપરીત ભાવનાના સંસ્કાર તેનું નામ મિથ્યાત્વ. વાસના એટલે વાસિત કરવું. આત્મામાં જેવી વાસના આવશે તેવા સંસ્કાર પડશે. વાસના પણ બહારના સંસ્કાર લઈને આવે છે. તમે જેવા પ્રકારના વાતાવરણમાં રહેશો તેવા પ્રકારના સંસ્કારો તમારામાં પડશે. જેમ સ્ફટિક મણીમાં જેવો દોરો પરોવો તેવું પ્રતિબિંબ પડે છે તેવી રીતે જેવું વાતાવરણ તેવી વાસના અને સંસ્કાર. આ આત્મા હજુ મુક્તદશાને પામ્યો નથી, સ્વ સ્વરૂપ પ્રાપ્ત કરી શકયો નથી તેનું કારણ શું? કારણ એ છે કે મિથ્યાત્વની વાસના કાઢવા હજુ સમ્યક્‌ત્વની પ્રાપ્તિ કરી નથી. વાસનાનો વિજય ધ્યેયની સિદ્ધિ માટે છે. જે વાસના ભવભ્રમણ કરાવે છે, મોક્ષે જતા અટકાવે છે, સંયમની રૂચી થવા ન દે, સંસારના કાદવમાં ખૂંચેલા રાખે, અનંત દુઃખના પાશમાંથી બહાર ન જવા દે તેવી વાસનાને જીતવા માટે જો કોઇ ધર્મ હોય તો તે જૈન ધર્મ છે. તેમાં પણ બે ભેદ છે. એક દેશવિરતી ધર્મ અને બીજો સર્વવિરતી ધર્મ. અપ્રમત અવસ્થા વાસનાના વિજયના ધ્યેયની સિદ્ધિ માટે છે. જો આટલું કરવા છતાં અપ્રમત અવસ્થા ન આવે તો ઘાણીના બળદની જેમ જ્યાં હતાં ત્યાંના ત્યાં છીએ. ઘાણીનો બળદ સવારથી સાંજ સુધીમાં ફરે છે કેટલું? પણ એ કયાં છે? ત્યાં નો ત્યાં માટે અપ્રતમ થવાની જરૂર છે, અયોગી બનવું પણ એ ધ્યેય માટે છે, યોગીપણું છઠા ગુણસ્થાનકથી તેરમા ગુણસ્થાનક સુધી છે. યોગીઓ, મુનિરાજો, નિગ્રંથ સાધુઓ વાસનાના વિજય માટે છે, યોગીપણું વાસનાની જડ ઉખેડવા માટે છે.

દેવાનુપ્રિયો! મોક્ષપ્રાપ્તિ માટે અનાસક્તિભાવ કેળવવો પડશે. જ્યાં સુધી આસક્તિભાવ છે ત્યાં સુધી આત્મિક ગુણોનો વિકાસ થઇ શકતો નથી. પણ જીવ વિલાસપ્રિય બનીને આત્મિક ગુણોનો વિનાશ કરે છે. કારણ કે અનાદિકાળથી આત્માને પૌદ્‌ગલિક પદાર્થો પ્રત્યે રૂચી ને તેનો સંસર્ગ કર્યો છે. એટલે કુવાસનાઓ તેના જીવનમાં ઘર કરી ગઇ છે અને કુવાસનાના અશુભ સંસ્કારને કારણે વિપરીત શ્રદ્ધાવાળો બની ગુણમાં દોષ અને દોષમાં ગુણ જુએ છે. પાંચ ઇન્દ્રિના વિષયો કે જે આત્માનું એકાંત અહિત કરનાર છે અને કેવળ દોષ સ્વરૂપ છે તેમાં પોતે ગુણોનું દર્શન કરે છે અને કષાય તથા વિષયોની વિરતિરૂપ સમભાવ કે જે ગુણ છે તેમાં દોષ જુએ છે. આવી વિપરીત શ્રદ્ધારૂપ

અજ્ઞાનતાને લઇને કર્મની પરાધીનતામાંથી છૂટી શકતો નથી અને જન્મ-જરા-મરણ આધિ-વ્યાધિ ને ઉપાધિરૂપ સંસારમાં ભમ્યા કરે છે. જે ભવમાં ઉત્પન્ન થાય છે ત્યાં આનંદ માનીને પોતાનું જીવન પૂરૂં કરે છે. જ્યાં સુધી જીવ જડના રંગરાગમાં રહે છે કે આ સારૂં ને આ ખરાબ, આ મને ગમે છે, આ મને નથી ગમતું ત્યાં સુધી જડનો પૂજારી છે. પુદ્ગલાનંદીપણાની વાસના હોય છે ત્યાં સુધી આત્માનંદીપણું પ્રાપ્ત થતું નથી અને આત્માનંદીપણું પ્રાપ્ત થયા વગર આત્મિક સંપત્તિ પ્રાપ્ત થઇ શકતી નથી અને આત્મિક સંપત્તિના અભાવે સમ્યગ્ જ્ઞાનની દરિદ્રતા દૂર થઇ શકતી નથી. જીવની એકેક જડ પદાર્થો પ્રત્યે કેટલી મમતા હોય છે!

એક ડોસા બિમાર પડયા. ઘરમાં સૂવાડયા હતા એવી રીતે કે સૂતા સૂતા ઓસરીમાં નજર જાય. ઓસરીમાં એક વાછરડી બાંધેલી તે ખજુરીની સાવરણી ખાઇ જતી. એ આ મરણપથારીએ પડેલા બાપાએ જોયું પણ વાચા બંધ થઈ ગઇ હતી. છતાં તે પરાણે વા....વા....વા....એટલું બોલતા હતાં. ત્યારે એના છોકરાઓના મનમાં થયું કે બાપાને ભગવાન વાસુદેવનું નામ બોલવું છે પણ બોલાતું નથી. ડોકટરને બોલાવી હિરણ્યગર્ભ નામની એક ગોળી ૧૦૦ રૂપિયાની આવે છે તે ગોળી ખવડાવી. ડોકટર કહે કે હવે વા....વા....કરે છે તે પૂરૂં બોલાઈ જશે. ત્યારે પુત્રોના મનમાં થયું કે ૧૦૦ રૂ. તો કમાતા મળી રહેશે પણ બાપા જો વાસુદેવ બોલે તો વૈકુંઠમાં વાસ થાય. સગાવહાલા બધા આવ્યા છે. બધા વિચાર કરવા લાગ્યા કે આ ડોસાએ જીવનમાં કદી ધર્મ કર્યો નથી. ચમડી તૂટે પણ દમડી ન છૂટે તેવો મખ્ખીચૂસ છે. કોઈ ભિખારી બટકું રોટલો માંગવા આવ્યો હશે તો લાકડી મારીને કાઢયો છે. કૂતરૂં બટકું રોટલો બળજબરીથી ઉપાડી ગયું હોય તો તેના મોઢામાંથી કાઢી લેતો. એક રાતી પાઈ ધર્માદામાં વાપરી નથી, પણ અંતિમ સમયે એની મતિ સુધરી લાગે છે કે એને વાસુદેવનું નામ લેવાનું મન થયું. ત્યાં પેલી ગોળીની અસર થઇ. બધા તેની સામે એકીટશે જોઇ રહ્યા છે કે હમણાં બાપા વાસુદેવ બોલશે. ત્યાં બાપા બોલ્યા વાછરડી સાવરણી ખાઈ જાય છે. એટલે બધા હસવા લાગ્યા. અરર....મરવા સુતા છે. પણ વાસના છૂટતી નથી. વાસના છૂટે તો વાસુદેવ બોલાય ને? દીકરાને પણ એવી શરમ આવી ગઇ કે આના કરતાં ગોળી ન ખવડાવી હોત તો સારૂં. બધા એમ સમજત કે બિચારા વાસુદેવનું રટણ કરતા કરતા ગયા. પણ આમ ઉઘાડું તો ન પડત. જુઓ આ ડોસાને કેટલી મમતા હતી. પછી આત્મિક સુખનું ભાન ક્યાંથી થાય?

આવા જીવો ઘરબાર, સંપતિ, સ્ત્રી-પુત્ર-પરિવાર આદિ વૈષયિક સંપત્તિના મદમાં અંધ બની તુચ્છ, ક્ષણિક અને અસાર એવા પૌદ્ગલિક સુખમાં સંતોષ માની આનંદ મેળવે છે, જેથી તેઓ શાશ્વત સુખ મેળવવાનો જરા પણ પુરૂષાર્થ કરતા

નથી તેમને શાશ્વત સુખ કોને કહેવાય તે સમજીને પુરૂષાર્થ કરવાનું રૂચતું નથી, કારણ કે તેમને શાશ્વત સુખની શ્રદ્ધા નથી. દર્શનમોહના કારણે એમની શ્રદ્ધા એવી દૃઢ થઇ ગઇ હોય છે કે પૌદ્ગલિક વિષયોના ઉપભોગમાં સુખ છે એના જેવું બીજું કોઇ સુખ નથી, આવી માન્યતાને કારણે તે પૌદ્ગલિક સુખો કેમ વધુ મેળવું તેના માટે ઉદ્યમ કર્યા કરે છે. જ્યાં સુધી ઇન્દ્રિઓની સાથે અનુકૂળ પૌદ્ગલિક વિષયોનો સંયોગ રહે છે ત્યાં સુધી તેઓ સુખ અને આનંદ માને છે અને જ્યારે તેનો વિયોગ થાય છે ત્યારે સુખ અને આનંદ સંપૂર્ણ ઓસરી જાય છે. જેથી કરીને તેમની વિષયવાસના ટળી શકતી નથી. હમેંશા તે મેળવવા માટે સંતપ્ત રહે છે અને તેને મેળવવાનો પ્રયાસ કરે છે. આનું નામ મિથ્યાત્વ. આ મિથ્યાત્વ જીવની વિપરીત શ્રદ્ધાનું પરિણામ છે.

બંધુઓ ! આ મિથ્યાત્વના મોતીયાને દૂર કરવા માટે અને સમ્યક્ત્વ રત્નના તેજ પ્રાપ્ત કરવા માટે આ અમૂલ્ય અવસર આવ્યો છે, તો જૈન ધર્મનું સબળ શરણું ગ્રહણ કરો. આજે તો શરણું કોનું લેવાય છે? કાળો ભોરીંગ સર્પ પાછળ પડયો. એના ભયથી દોડાદોડ કરતો ભાગતો હોય ને રસ્તામાં દેડકો મળે તો કહે મને બચાવ.... મને બચાવ. તો શું એ ડ્રાઉં....ડ્રાઉં....કરતો દેડકો બચાવી શકવાનો છે? સર્પથી બચવા માટે ગરૂડનું શરણું લેવું જોઇએ. તેમ સંસારમાં મોહરૂપી સર્પથી બચવા ધર્મરૂપી ગરૂડનું શરણું અંગીકાર કરો. પણ તમે કોનું શરણું લીધું છે? આ સંસારના સ્વાર્થ ભરેલા સબંધો ડ્રાઉં....ડ્રાઉં....કરતા દેડકા જેવા છે. પોતાનું સુખ ને સગવડતા જતા કરીને તમને કોઇ બચાવનાર નથી. અમે સુરતમાં ચાતુર્માસ હતા. સુરતમાં રંગુન ને બર્મા છોડી ઘણાં ભાઇ-બહેનો ભાગી આવેલા છે. તેમને પૂછયું કે તમે રંગુનથી ભાગી છૂટયા તો અહીં કેવી રીતે આવ્યા? તો કહે મહાસતીજી! અમને ખબર પડી કે અમારા ઘર તરફ હલ્લો આવવાનો છે એટલે બધા જીવ લઇને ભાગ્યા. કોઇના નાના બાળકો પારણામાં સૂતેલા રહી ગયા ને મા-બાપ ભાગ્યા. અમે ચાલતાં ચાલતાં થાકી જઇએ. વચ્ચે ગાઢ જંગલો આવે, વાઘ-વરૂની કારમી ચીસો સંભળાતી હોય એટલે રાત રહેવાય નહિ. પણ થોડી વાર થાકયા-પાકયા વિસામો ખાવા બેસીએ અગર સૂઈ જઇએ. તે વખતે સાથે રહેલા ઘરડા મા-બાપ જો ઉંઘી ગયા તો એને જંગલમાં સૂતા મૂકીને ભાગી છૂટયા છીએ કારણ કે તેઓ ચાલી શકતા ન હતા. જુવો, કેટલો સ્વાર્થ છે! પોતાનો સ્વાર્થ સરે તો બધું ઉજળું છે બાકી કંઈ નથી, માટે કહીએ છીએ કે સંસાર સ્વાર્થનો ભરેલો છે. તેમાંથી બચવા માટે ધર્મનું શરણું અંગીકાર કરો. ધર્મ વિના કદી ઉદ્ધાર થવાનો નથી. જેને શ્રદ્ધા નથી હોતી તેવાને પણ મરણ સમયે કોના શરણાં દો છો? તે વખતે તો મોટા અવાજે બોલો છો કે તમને અરિહંતનું શરણું હોજો, સિદ્ધ ભગવાનનું શરણું હોજો, સાધુનું શરણું હોજો ને કેવળી પ્રરૂપિત દયા ધર્મનું શરણું

હોળે. પણ કોઇ એમ કહેતા છો કે તને તારી પત્નીનું શરણું હોળે, તારા દીકરાનું શરણું હોળે, તારા બંગલાનું અને તારી મોટરનું શરણું હોળે, ત્યાં તો સમજો છો કે ભગવાનનું શરણું લેવું જોઇએ.

આજે તો ધર્મ નહિ પણ ધન વહાલું લાગ્યું છે. એ ધન ઉપર એકેક જીવોને એટલું મહત્વ હોય છે કે જાણે બધું સાથે લઈ જવાનું ન હોય ! હીરાથી ઝગમગતી બહેનો ઇસ્ત્રીટાઇપ કપડા પહેરીને મોજશોખ ખાતર, શરીરને ખાતર કેટલો પૈસો વાપરે છે ! પણ કોઇ ગરીબ માણસ માંગવા આવે તો એને ધક્કા મારીને બહાર કાઢે છે ને બોલે છે તારા માટે બધું કમાયા છે ? પરસેવો ઉતરે ત્યારે પૈસો કમાવાય છે પણ ભગવાન કહે છે જો તું કોઇ આંગણે આવેલાનો સત્કાર નહિ કરે, ધક્કામૂક્કી કરીને બહાર કાઢીશ તો તારો અવતાર ધક્કામૂક્કીમાં થશે. કૂતરા-બિલાડામાં જન્મ થશે. ત્યારે કોઇ આંગણે ઉભો નહિ રહેવા દે. તમે તો હાથથી ધકકો માર્યો હતો પણ એ તમને ડાંગ મારશે. માટે આ માયાનો મોહ છોડો. તમારા સગા-સ્નેહી બે ચાર દિવસ તમારા ઘેર આવીને રહી જાય ત્યારે તમે શું કહો છો ? આવજો ને માયા રાખજો. માયા એટલે શું ? માયા એટલે આ કુકા. યાદ રાખજો આ કુકાની માયા રાખશો તો તમારા ભૂક્કા ઉડી જશે. તમને દુર્ગતિમાં લઇ જશે. માટે શરીરનો અને ધનનો મોહ છોડવા જેવો છે. શરીરની કેટલી સંભાળ રાખો છો ? જેટલી શરીરની કાળજી છે તેટલી આત્માની છે ? આત્માને પૂછો તું સુખી છું કે દુઃખી ? જ્યારે આત્માની અબર પૂછશો, આત્મલક્ષી બનશો ત્યારે સમજી લેજો કે બેડો પાર થશે.

જમાલિકુમારે પ્રભુની વાણી સાંભળી. એને સંસારના સુખ તિક્ષ્ણ લાગ્યા. એકેક પદાર્થો ક્ષણિક દેખાવા લાગ્યા. આ સંસારમાં દરેક પદાર્થની પર્યાય ક્ષણે ક્ષણે પલટાય છે. બાલપણ-યુવાની-વૃદ્ધાવસ્થા આ બધી પર્યાયો શરીરની છે. બીજા પદાર્થો પણ સમય થતાં સારાના ખરાબ બની જાય છે. આજે માણસનું શરીર સાજું હોય છે ને કાલે માંદુ થઇ જાય છે. આજે શ્રીમંત હોય છે તે પુણ્ય બલાસ થતાં કાલે ગરીબ બની જાય છે.

આજનો લખેશ્રી ધરતી ધ્રુજવે, કાલે એને જાર માટે મનડું ઝૂંઝવે,
ખૂંદી ખૂંદીને કોમળ દેહના ભૂક્કા, એવા આ સંસારીઓના સુખ છે કૂચા
રાગ કેરા રંગથી સંસાર છે રૂડો, ઉપરથી ભભકતો પણ ભાંહી છે કૂડો.

આજે માણસ પૈસાની ખુમારી અને શરીરના બળથી પગ મૂકતાં ધરતી ધ્રુજવતો હોય છે: અને અમુક સમયે એની લક્ષ્મી ચાલી જતાં બાવાના સાંસા પડે છે. આજનો દિવસ ગયો પણ કાલે શું કરીશ એની ચિંતા હોય છે. શરીરનું બળ ઘટી જતાં આજનો બળવાન કાલે નિર્બળ બની જાય છે. આવા સંસારમાં શું રાચવા જેવું છે ? એમ સમજીને માતાની પાસે દીક્ષાની રજા લેવા આવ્યા. હજુ દીક્ષાની વાત કરી નથી પણ

એટલું જ કહ્યું કે માતા ! હું પ્રભુના દર્શન કરવા ગયો હતો ને એમની વાણી સાંભળી ત્યાં માતા હરખાઇ ગઇ ને કહેવા લાગી બેટા ! તને ધન્ય છે. તને જન્મ દેનારી એવી હું પણ આજે કૃતાર્થ બની ગઇ.

બંધુઓ ! જીવનમાં જે કંઇક સત્કાર્ય કરે છે તે ધન્ય બની જાય છે. જીવન સારું જીવે તો જગતમાં પૂજાય છે અને જે માનવજન્મ પામીને કંઇ કરતા નથી એ કાગડા અને કૂતરાની જેમ જન્મે છે અને મરે છે. એને જન્મતાં કોઈ જાણતું નથી ને મરતાં પણ કોઇ જાણતું નથી. જમતાં આનંદ કિલ્લોલ કરો છો તો કોઇક દિવસ ભૂખ્યાની સંભાળ લેજો. એકલા પેટ ભરા ન બનશો.

ખાઇપીને પેટ પૂરણ ભર્યા, કોઇ ભૂખ્યાની સંભાળનવ લીધી,
એવા ખાવા માંહી તને ધૂળ પડી ...ખાઇ પીને....

આપણે રા'નવઘણની વાત ચાલે છે. દેવાયતે રા'નવઘણને બચાવવા કેટલું કષ્ટ વેઠયું ! નવઘણને હળ ચલાવતાં સાત ચરૂ નીકળ્યા. દેવાયતે વિચાર્યું હવે આપણે પૈસાની કમીના નથી તો દીકરી જાહલને પરણાવું અને નવઘણને રાજ્ય અપાવું. એટલે ઘણાં આહીરભાઇઓને હથિયાર સહિત જાહલના લગ્નમાં આવવાનું આમંત્રણ આપ્યું. ખૂબ ધામધૂમથી જાહલના લગ્ન કર્યા. લગ્ન વખતે નવઘણ જાહલ બહેનને હાથગરણું આપવા આવે છે ત્યારે જાહલ કહે છે વીરા ! અત્યારે મારે તારું હાથગરણું નથી જોઇતું. અત્યારે તો તારી પાસે થાપણમાં લેણું રાખું છું માટે જ્યારે જરૂર પડશે ત્યારે માંગી લઇશ. ત્યારે નવઘણ કહે છે ભલે બહેન ! તારી મરજી હોય ત્યારે માંગી લેજે. એ જાહલના લગ્ન પછી બધા આહીરોને સાથે લઇને દેવાયતે જુનાગઢ ઉપર ચઢાઇ કરી ને જુનાગઢ જીતી લીધું અને નવઘણને જુનાગઢનો રાજા બનાવ્યો.

નવઘણ જુનાગઢનો રાજા બન્યો અને દેવાયતને મુખ્ય સલાહકાર તરીકે નીમ્યો. દેવાયત અને તેની પત્નીનું રા'નવઘણ માતા-પિતા જેટલું માન સાચવે છે. નવઘણ રાજ્યકાર્યમાં ખૂબ હોંશિયાર બન્યો. ચારે તરફ એની કીર્તિ ફેલાઇ ગઇ. આ જોઇ આહીર માતા-પિતાને ખૂબ સંતોષ અને આનંદ થયો કે આપણે કષ્ટ વેઠીને એનું રક્ષણ કર્યું તે સાર્થક થયું. આયુષ્ય પૂર્ણ થતાં દેવાયત અને તેની પત્ની બંને પરલોકમાં પ્રયાણ કરી ગયા. નવઘણે એના માતા-પિતાને ઉણાની ખોટ જરાય સાલવા દીધી ન હતી અને બહેનડી જાહલનું પણ પૂરું ધ્યાન રાખતો હતો. કોઇ રીતે એને ઓછું ન આવે તેમ તેની સંપૂર્ણ કાળજી રાખતો હતો.

રા'નઘવણ એને ઘણી વખત જુનાગઢ તેડાવતો પણ જાહલના મનમાં એમ થતું કે હવે જુનાગઢ જઇને શું કામ છે? ત્યાં જાઉં પણ મારા માતા-પિતા તો સ્વર્ગે સીધાવ્યા છે તેથી મારું મન માનતું નથી. બહેન નહિ જવાથી દિવસો જતાં નવઘણ

બહેનને ભૂલવા લાગ્યો. હવે રાજ્યકાર્યમાં ગૂંથાઇ ગયો છે. જાહલ પણ પોતાના ભાઇને સુખી જોઇને દૂરથી સંતોષ માનતી. હવે જાહલ જે દેશમાં રહે છે ત્યાં ભયંકર દુષ્કાળ પડયો. પાણી વિના લોકોની સ્થિતિ કફોડી થઇ.

દેશમાં ડંકા વાગીયા, કપરો પડીયો કાળ,
પુરૂષે છોડી પ્રેમદા, માતાએ છોડયા બાળ.

દેશમાં ખાવા અન્ન ન રહ્યું ને પીવા પાણી ન રહ્યું. ત્યારે જાહલનો પતિ કહે છે આપણે તો માનવજાતિ છીએ. ગમે ત્યાંથી લાવીને આપણે પેટ ભરીશું પણ આ મૂંગા ઢોરોનું શું થશે? તો આપણે એમ કરીએ કે હું આ ઢોર લઇને સિંધ દેશમાં જાઉં, ત્યાં સુકાળ છે અને તું તારા ભાઇને ઘેર જા. સુકાળ થશે ત્યારે હું તને તેડાવી લઇશ. ત્યારે જાહલ કહે છે સ્વામીનાથ! હું તો આપની સાથે જ આવીશ. સતી સ્ત્રી તો સુખ અને દુઃખમાં પડછાયાની જેમ સાથે જ હોય. સુખમાં જેમ હું સાથે રહું છું તેમ દુઃખમાં સાથે જ રહીશ. વળી ભાઇને ઘેર જવું તો સુખમાં જવું પણ દુઃખમાં ન જવું. માટે આવા દુઃખના સમયમાં આપને છોડીને જુનાગઢની મહેલાતોમાં મ્હાલવા જવું નથી. ત્યારે એનો પતિ કહે છે.

"અતિ સુખમાં તું ઉછરી, મારવતર છાયા માંય,
દુઃખમાં દાઝે કાય, સંસતીઓ સળગે ઘણું"

હે જાહલ! તું તારા માતા-પિતા પાસે અતિ લાડકોડમાં ઉછરી છું અને આ દુષ્કાળમાં ભૂખ્યા તરસ્યા વેરાન વનમાં ચાલવાનું છે. તારી કોમળ કાયા કરમાઇ જશે. વળી તું મને બંધનકર્તા થઈશ. મને ઘણું દુઃખ થાય છે માટે તું સમજીને જુનાગઢ જા. ત્યારે જાહલ કહે છે સતી સ્ત્રીઓને જ્યારે સંકટનો સમય આવ્યો ત્યારે પતિને છોડીને કયાંય ગઇ નથી. સીતાજી રામચંદ્રજીની સાથે વનમાં ગયા હતા. દમયંતી નળરાજાની સાથે ગયા હતા અને સતી દ્રૌપદી પાંડવોની સાથે વનમાં ગયા હતા. કોઇ પિયર ન્હોતા ગયા. સ્વામીનાથ! આપ ચિંતા શા માટે કરો છો? આપણે સુખદુઃખમાં સાથે રહીશું. જાહલના દૃઢ નિશ્ચય આગળ એના પતિનું કાંઇ ચાલ્યું નહિ. એના આખા નેસડાના આહીરોને બોલાવી પોતાના વિચારો દર્શાવ્યા. બધાને આ વાત ગમી અને બધા સિંધ દેશ જવા માટે પોતપોતાનું પશુધન લઇને જવા તૈયાર થઇ ગયા.

જાહલ સિંધ દેશમાં: જાહલ, તેનો પતિ તેમજ આખા નેસડાના બધા આહીરો જાણે એક દેશના હોય તે રીતે ચાલતાં ચાલતાં એક સ્થળેથી બીજા સ્થળે નિવાસ કરતાં સિંધ દેશમાં આવી પહોંચ્યા. તે સમયે ત્યાં હમીર સુમરો રાજ્ય કરતો હતો. એક વર્ષ તેઓ સિંધમાં રહ્યા. જાહલ કહે છે હવે સોરઠમાં સુકાળ થયો હશે. આપણે આપણા દેશમાં જઇએ. ત્યારે તેનો પતિ સંસતીઓ તેમજ બીજા આહીરો કહે

છે પહેલા સોરઠથી સમાચાર મંગાવીએ કે ત્યાં સુકાળ થયો છે કે નહીં ? પછી જઇએ. એટલે થોડા દિવસ ત્યાં રોકાઈ ગયા.

જાહલને માથે આફત: હવે જાહલના મનમાં આનંદ છે કે થોડા દિવસમાં આપણે સોરઠમાં જઇશું પણ કુદરત કહે છે કે તું ધારે છે કંઇ ને થાય છે કંઇ.

માણસ મનની માંય, સદાય ચાહે સુખને
ધાર્યું ધણીનું થાય, કામ ન આવે કોઇનું

જ્યારે માણસના માથે વિપત્તિના વાદળો ઉતરવાના હોય ત્યારે ગમે તેવો ડાહ્યો હોય તો પણ એની મતિ મૂંઝાઇ જાય છે. જાહલે દેશમાં જવાનું કહ્યું પણ કોઇ જવા તૈયાર ન થયું. સૌને એમ થયું કે સોરઠથી ખબર આવે પછી જઇએ. હવે અહીં શું બન્યું કે જાહલ એક દિવસ કપડા ધોવા તળાવે ગઈ. ધોઇને તળાવમાં સ્નાન કરી રહી છે. વાળ છૂટા હતા. નાહીને તે બહાર નીકળે છે તે વખતે કપડાં સોંસરૂં તેનું રૂપ ઝગારા મારી રહ્યું હતું. આ સમયે હમીર સુમરો ઘોડે બેસીને ફરવા નીકળ્યો હતો. ફરતો ફરતો ત્યાં આવ્યો ને જાહલના સૌંદર્યમાં મુગ્ધ બની ગયો. એણે નિશ્ચય કર્યો કે આ સ્ત્રી તો મારા જનાનખાનામાં શોભે. આને મારી બેગમ બનાવું તો મારૂં જનાનખાનું શોભે. જાહલની દૃષ્ટિ હમીર સુમરા પર પડી. એ ભયભીત બનીને જલ્દી પોતાના નેસડામાં ચાલી ગઈ. હમીર સુમરો પણ એની પાછળ ગયો. જાહલ સમજી ગઇ કે નક્કી મારું રૂપ જોઈને:આની કુદૃષ્ટિ થઇ છે. એ મારું શીયળ લૂંટશે. મારું શું થશે ? થરથર ધ્રુજવા લાગી.

હમીર સુમરાને ત્યાં આવેલો જોઈ બધા આહીરો ભેગા થયાં ને પૂછવા લાગ્યા. સાહેબ! આજે આપને અહીં કેમ આવવું પડયું ? ત્યારે હમીર કહે છે આ બાઇ કપડા ધોઈને ગઇ તે કોણ છે ? ત્યારે કહે છે એ તો અમારા આહીર રાજાની રાણી છે. હમીર પૂછે છે તમે બધા કયા દેશના છો અને અહીં કેમ આવ્યા છો ? ત્યારે બધા આહીરો કહે છે અમે સોરઠ દેશના છીએ ત્યાં ભીષણ દુષ્કાળ પડયો હતો તેથી આ સિંધમાં ઢોરો ચરાવવા આવ્યા છીએ. હમીર કહે છે મારા સિંધ દેશમાં તો સુકાળ છે ને ? તમે બધા અહીં આવીને સુખી થયા છો ને ? આહીરો કહે છે અહીં તો અમે આપના પ્રતાપે સુખી છીએ. ત્યારે હમીર સુમરો કહે છે મારા દેશમાં આવીને તમે સુખી થયા તો તમારે મને કંઈક ભેટ આપવી જોઇએ ને ? ભોલો આપશોને ? આહીરો કહે અમારી શકિત પ્રમાણે જરૂર આપીશું. હમીર કહે છે મારે બીજું કાંઇ નથી જોઈતું પણ આ સ્ત્રી અંદર ગઇ તે મને આપો. આહીરો કહે છે સાહેબ! રાજા તો પ્રજાના પિતા કહેવાય. પ્રજાના રક્ષણહાર હોય તેને બદલે રક્ષણ કરનારો જો ભક્ષણ કરશે તો પ્રજા કોની પાસે ફરીયાદ કરશે.

આ સમયે હમીર સુમરો કહે છે મારે તમારું કંઇ સાંભળવું નથી. તમે હા કહેશો કે ના કહેશો પણ એ સ્ત્રીને હું લઇ જઇશ અને મારી બેગમ બનાવીશ. હમીર

તેનો નિશ્ચય નહિ છોડે એમ જાણી એક આહીર જાહલ પાસે ગયો ને બધી વાત કરી ત્યારે જાહલે વિચાર કર્યો કે ગમે તે થાય પણ મારે મારું ચારિત્ર વેચીને જીવવું નથી. પણ હવે કળથી કામ લેવું પડશે. મારા ચારિત્રના રક્ષણ માટે અસત્ય બોલવું પડશે તો વાંધો નથી એમ વિચારી હમીરને પોતાની પાસે મોકલવા કહ્યું. એની રગેરગમાં જાહલ રમી રહી હતી. હવે એ પોતાને બોલાવે છે તે જાણીને ખૂબ આનંદ થયો અને હર્ષઘેલો બનીને ત્યાં આવ્યો. જાહલના મનમાં ક્રોધ હતો પણ અત્યારે ક્રોધને શમાવી મનને દૃઢ કરીને હમીરને કહ્યું કે મેં જ્યારથી તમને જોયા ત્યારથી મારું મન તમારામાં છે. આ ઝૂંપડામાં રહેવું ગમતું નથી. પણ મેં ગઇ કાલે છ મહિનાનું બ્રહ્મચર્ય વ્રત લીધું છે તેમાં પુરૂષના કપડાનો સ્પર્શ પણ મારાથી કરાય નહિ. જો આપને મારા પ્રત્યે પ્રેમ હોય તો મારું છ મહિનાનું વ્રત પૂરું કરવા દો. જો મારા વ્રતનો ભંગ કરશો તો હું જીભ કરડીને મરી જઇશ.

જાહલ ગમે તેમ તોય પોતાના પતિમાં સંતોષ માનનારી સતી છે અને ચારિત્રનું રક્ષણ કરવા આવા વચન બોલી છે એટલે તેના વચનની હમીર સુમરા પર સારી અસર થઇ. એના મનમાં થયું કે છ મહિના તો કાલે પૂરા થઇ જશે. એને મારા પ્રત્યે પૂરો પ્રેમ છે. હવે એ ક્યાં જવાની છે? એમ વિચારી સુમરાએ જાહલને છ માસની મુદ્દત આપી અને જાહલના ઘરને ફરતો સખ્ત ચોકી પહેરોગોઠવી દીધો જેથી જાહલ નાસી ન જાય. જાહલનો પતિ સંસતીયો અને બધા આહીરો મૂંઝવણમાં પડ્યા. હવે શું કરીશું? આના કરતાં જાહલે કહ્યું ત્યારે રવાના થઇ ગયા હોત તો સારું હતું. આ તો સપડાઈ ગયા. પાછળનો પસ્તાવો શા કામનો? જાહલે બધાને ધીરજ આપતાં કહ્યું કે છ મહિનાની મુદ્દત છે. ગભરાવ નહિ. હું ચિઠ્ઠી લખી આપું છું તે લઇને તમે જુનાગઢ જાવ. અને મારા ભાઇ રા'નવઘણને લઇ આવો તો આપણો વિજય થશે. સંસતીયો જુનાગઢ જવા તૈયાર થયો એટલે તેણે ભાઇને ચિઠ્ઠી લખી આપી. એણે ચિઠ્ઠીમાં શું લખ્યું હતું!

હે....સિંધમાં રોકી સુમરે, વહારે ધા ને નવઘણ વીર
હે....જાહલ તુજ પર મીટ માંડી રહી, મને હાલવા દે ના હમીર

મારા ધર્મવીરા! હું તને રાખડી બાંધતી ત્યારે તું મને પસલી માંગવાનું કહેતો. મારા લગ્ન વખતે તું કન્યાદાન દેવા આવ્યો ત્યારે પણ મેં તારી પાસે કંઇ માંગ્યું નથી. એ કર મેં બાકી રાખ્યો છે.

તે દિ ગામ ગરાસ મેં નોતો લીધો ત્યારે લીડ પડયાનો મેં કોલ દીધો,
મારા માંડવા હેઠળ બોલ દીધો (૨)
એ મારા માંડવા હેઠળ બોલ દીધો.

હું દેવાયત તણી વીરા જાહલને માથે દુઃખના દરિયા ફરીયા.
સુણજે નવસોરઠના નૃપતિ મારી જીભના માનેલ મામરીયા

મારા લગ્નના માંડવા નીચે વીરા તેં કોલ દીધો હતો. તે દિવસે તારી પાસે ગામગરાસ કંઈ માંગ્યું નથી. ત્યારે તેં કહ્યું હતું કે બહેન! તારે જ્યારે જરૂર પડે ત્યારે તું માંગી લેજે. વીરા! એ કોલના મૂલ અત્યારે થાય છે. તું તો રાજવૈભવના સુખમાં પડી ગયો ને મને ભૂલી ગયો. તું નાનો છ મહિનાનો મારે ઘેર આવ્યો હતો. મારી માતાએ મને ધાવતી છોડાવી તને દૂધપાન કરાવ્યા છે અને તારા રક્ષણમાં મારો એકનો એક ભાઈ ઉગો હોમાઈ ગયો. પણ મેં તો તને માડીજાયો વીરો માન્યો છે. આપણે એક માતાનો ખોળો ખૂંદીને સાથે રમતા જમતા એ બધું તું શું ભૂલી ગયો? તારી બહેનને માથે આજે દુઃખના ડુંગરા ઉતરી પડયા છે. ભીષ્ણ દુષ્કાળમાં તેં બહેનની ખબર ન લીધી ત્યારે મારે સોરઠ છોડીને સિંધમાં આવવું પડયું ને મારી આ દશા થઈને!

મારા બાપતણું ગુણપાડ ગયા, મારા મા જણ્યાના ભલે શીશ ગયા
મારા એ બદલા તો પાતાળ ગયા (૨) મારા એ બદલા તો પાતાળ ગયા,

વીરા! મારા મા-બાપ ગયા અને હું તો મા-બાપ વિનાની ને ભાઈ વિનાની થઈ ગઈ. તું તો મારા માતાપિતાના ઉપકારનો બદલો ભૂલી ગયો ને મને પણ ભૂલી ગયો. ભલે, તું બધાને ભૂલ્યો પણ તારી બહેનને એક સતી સમજીને એના શીયળનું રક્ષણ કરવા બહેનની વહારે વહેલો આવજે. જો તું વહેલો નહિ આવે તો હું જીભ કરડીને મરી જઈશ. પણ મારું ચારિત્ર જવા દઈશ નહીં. પણ તારી લાજ જશે. મેં હમીર સુમરા પાસે છ મહિનાની મુદ્દત માંગી છે. એ મુદ્દત પૂરી થતાં પહેલાં તું વહેલો આવી જજે. આ બધું લખ્યા પછી છેલ્લે જાહલે લખ્યું કે:-

"જો મુદ્દત માસ છની વીતશે, તને સત્ય વચન કહું વીર,
જાહલ મુખ જોઈશ નહિ, ને રોતો રહીશ રણધીર,
એવો અફર નિર્ણય મેં કર્યો, સત્ય વચન વદે સતી,
એ અવસરે વહેલો આવજે, રખે ચૂકે જુનાગઢ પતિ."

વીરા! દિવસોને જતાં વાર લાગતી નથી. છ માસની મુદ્દત પૂરી થશે પછી ઉપર એક દિવસ પણ હું જીવવાની નથી એવો મેં દૃઢ નિશ્ચય કર્યો છે. જો મોડો પડીશ તો હે જુનાગઢના રાજા! તારી બહેનનું મુખ તું નહિ જોવે. કલેવર જોઈશ પછી મનની મનમાં રહી જશે અને મારી વીરપસલી અને કપડાનું દેણું તારા માથે રહી જશે. માટે હે વીરા! તું વહેલો આવજે. મને વિશ્વાસ છે કે મારો વીરો આવ્યા વિના નહિ રહે.

આ રીતે ચિઠ્ઠી લખીને એના પતિને આપી. સંસતીયો એ લઈને જુનાગઢ આવ્યો. તેણે રા'નવઘણના હાથમાં ચિઠ્ઠી આપી. જાહલના પતિને જોઈને નવઘણને થયું

કે આ ચીંથરેહાલ દશામાં કોણ છે ? પણ જાહલની ચિઠ્ઠી વાંચી સંસતીયાને ઓળખી ગયા. જેમ જેમ ચિઠ્ઠી વાંચતો ગયો તેમ તેમ તેને બાલ્યપણની સ્મૃતિ તાજી થતી ગઇ. આંખમાંથી દડદડ આંસુ સરી પડયા. અહો ! હું કેવો નિષ્ઠુર ! આવા દુઃખના સમયમાં બહેનને ભૂલી ગયો ? એને યાદ ન કરી ત્યારે એની આ દશા થઇને ? જ્યાં મારી બહેનનું ચારિત્ર લૂંટાવાની અણી ઉપર હોય ત્યાં મારાથી કેમ બેસી રહેવાય ? આ સમયે રા'નવઘણના લગ્નને ફકત ચાર દિવસ બાકી હતા. પણ જો લગ્ન કરવા રહે તો સિંધમાં પહોંચતાં મોડું થાય અને જાહલનું મુખ જોવા ન મળે. એટલે લગ્નને પડતાં મૂકી બહેનની વ્હારે જવા તૈયાર થયો. સોરઠ દેશમાં હાકલ કરી.

જાહલે એના ભાઈને રાખડી બાંધી હતી અને વીરપસલી લેવાની બાકી રાખી હતી તે અત્યારે કામ આવી ગઇ. રા'નવઘણ તેનું રક્ષણ કરવા માટે તૈયાર થઇ ગયો. લશ્કર લઇને સિંધ દેશમાં આવી પહોંચ્યો ને હમીર સુમરાને હરાવી બહેન જાહલને દુઃખમાંથી મુકત કરી. હમીર સુમરાએ પરસ્ત્રી પ્રત્યે કુદૃષ્ટિ કરી. એને ભોગવી ન હતી. છતાં કેદમાં પૂરાઇ ગયો. એનું જીવન ફેના થઇ ગયું. રાજ્ય હારી ગયો. કામી પુરૂષોની કેવી દશા થાય છે ! જાહલ અને નવઘણ બંને ભાઈબહેન ભેટી પડયા. આ હતો ભાઇ બહેનનો પ્રેમ. વખત આવે કેવું રક્ષણ કર્યું. તમે પણ તમારી બહેન દુઃખમાં હોય ત્યારે આવી રીતે રક્ષણ કરજો તો સાચી રક્ષાબંધન કહેવાય. વધુ ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૩૭

સ્વાતંત્ર્ય દિન – પંદરમી ઓગસ્ટ

શ્રાવણ વદ ૨ ને બુધવાર **તા. ૧૫–૮–૭૩**

સુજ્ઞ બંધુઓ, માતાઓ અને બહેનો !

અનંતકરૂણાનીધિ શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોને જન્મ-જરા ને મરણના દુઃખોથી ઘેરાયેલા જોઈ સાચું સુખ કેમ પ્રાપ્ત કરે એ લક્ષથી આગમની પ્રરૂપણા કરી. આગમ એટલે અરિસો. આત્મા ઉપર અનાદિકાળથી કામ-મોહ-ક્રોધ ને કષાયરૂપી ડાઘ પડયા છે તેને દૂર કરવા માટે આગમરૂપી અરિસાની જરૂર છે. વર્ષો સુધી સાધના કરો પણ જ્યાં સુધી કષાયવૃક્ષના મૂળીયાં નાબૂદ નહિ થાય ત્યાં સુધી ભવનો અંત નહિ આવે. કષાય એટલે શું ? કષ + આય. કષાય દ્વારા સંસાર વધે છે. ભગવાન કહે છે હે જીવ ! તુ કષાયની જવાળા ભભૂકવાનો સમય આવે ત્યારે તું સાવધાન બન. જેટલો

કષાય ઉપર વિજય મેળવાશે તેટલો ભવનો અંત જલ્દી આવશે. કર્મના બંધન તોડવા માટે મનુષ્યભવ જેવો બીજો કોઇ ઉત્તમ ભવ નથી, કર્મોને આવતા રોકવા માટે વ્રત-પ્રત્યાખ્યાનની જરૂર છે. ઘરના દ્વાર ખુલ્લા હશે તો કચરો ભરાશે પણ બંધ હશે તો નહિ આવે, તેમ આપણા જીવનમાં આશ્રવના દરવાજા ખુલ્લા હશે તો કર્મનો કચરો ભરાઇ જશે પણ વ્રત-પ્રત્યાખ્યાન દ્વારા આશ્રવના દરવાજા બંધ કરવામાં આવશે તો નવા કર્મનો પ્રવાહ આવતો અટકી જશે.

આજનો દિવસ સ્વાતંત્ર્ય દિન છે. આજે પંદરમી ઓગસ્ટના દિવસે તમે અંગ્રેજોની ગુલામીમાંથી મુકત બન્યા છો અને તમે માનો પણ છો કે અમે સ્વતંત્ર બન્યા. પણ તમે ખરેખર હજુ સ્વતંત્ર બન્યા નથી. સ્વતંત્રતાનો અર્થ તમે સમજ્યા નથી. તમે મોહ-માયા-મમતા અને પરિગ્રહના બંધનથી બંધાએલા છો. ગુલામી બે પ્રકારની છે. એક બાહ્ય ને બીજી આભ્યંતર. આજે ભારતને સ્વતંત્રતા અપાવી પણ દેશમાં કેટલી આફતો આવી રહી છે. દિવસેદિવસે જાતજાતના આક્રમણો વધતા જાય છે અને પ્રજાને માથે મુશીબતો આવતી જાય છે. આ રાજકીય ગુલામીમાંથી મુકત થયા નથી અને કર્મની આભ્યંતર ગુલામી તો હજુ ઉભી છે. આ ગુલામી નહિ જાય ત્યાં સુધી કંઈ થવાનું નથી.

આજે આપણાંઉપર કર્મ ત્રાટકી રહ્યા છે ત્યાં સુધી ગુલામી છે. કર્મના કારણે તમે ૭૦ વર્ષના થાવ અને જેના ઉપર તમારી આશાના મિનારા છે એવો છોકરો મરણ પામે તો દુઃખ થાયને ? કેન્સરનું નામ પડે કે તરત સીધા ટાટામાં દાખલ થઇ જાવ. શ્રીમંત હોય તો સ્વીટઝર્લેન્ડ કે પેરિસ પહોંચી જાય. રોગથી મુકત થવા માટે થાય તેટલા પ્રયત્નો ચાલુ છે. પણ આ શું વૈજ્ઞાનિક શોધ ખોળો તમને રોગથી કે દર્દથી મુકત કરી શકે છે? કદાચ તમને દર્દમાં રાહત આપે. તો એ તો નિમિત્ત છે. વેદનીય કર્મ ઉપશાંત થયા હોય તો શાંતિ મળે. કદાચ એનો અંત આવ્યો હોય તો મટી પણ જાય. પણ એમાં દવા કે ડોકટરો કંઇ કરી શકતા નથી. એ બધું કર્મને આધીન છે. તમારા પુણ્યના ઉદયથી મોટા બંગલા મળે, રૂમેરૂમે ટેલીફોન હોય, આંગણામાં ચાર કારો ઉભી રહેતી હોય, ક્રોડો કે અબજોની સંપત્તિના સ્વામી હો અને સ્વતંત્રતા પ્રમાણે ઇચ્છિત સુખભોગવતા હો છતાં તમે કર્મરાજાની કેદમાં સપડાયેલા છો.

ભયંકર પરદેશી આક્રમણ અને સ્વદેશી અંધાધુંધીથી તમે મુકત થયા તો પણ કર્મના કેદી તો છો જ એટલે ગુલામ છો. તમને આ ગુલામી એ ગુલામીરૂપે સમજાતી નથી એ અજ્ઞાનતા છે. અમારે તમારી આંખ ખોલાવવી છે પણ તમે તો આંખ બંધ કરી દો છો. આજે રશિયા, અમેરિકા, કેનેડા ભારતને બધું આપે છે પણ સામે શરતો પણ કેવી કરે છે! તો પણ બધી શરતો તમે મંજુર કરો છો. પણ આત્માને કર્મની ગુલામીમાંથી મુકત કરવા માટે ભગવંતે જે જે શરતો મૂકી છે તેનો સ્વીકાર

કરવાનું મન થતું નથી. કારણ કે આત્મા પાંચ ઇન્દ્રિઓ અને છઠ્ઠું મન એનો ગુલામ બની ગયો છે. ઇન્દ્રિઓ અને મનનું કહ્યું કરવા માટે જાતને ગીરવી મૂકી દેવા તૈયાર થાવ છો. કદાચ ઉપલો માળ ખાલી થઇ ગયો હોય તો ખેર! એને ખાલી રાખો પણ અંદર બીજાને બેસાડો નહિ. મનનું કહ્યું કરો નહિ.

તમારા માથે પરદેશની ગુલામી ઉભી છે. સ્વદેશની મુંઝવણ છે અને કર્મની ત્રિકાલાબાધિત ગુલામી છે તેને છોડો. આજે વિદ્યાર્થીઓ કહે છે અમારે શિક્ષકની પરતંત્રતા ન જોઇએ. પત્ની કહે છે પતિની પરતંત્રતા ન જોઇએ. નોકર કહે છે મારે શેઠની પરતંત્રતા ન જોઇએ. અહીં બધે પરતંત્રતા લાગે છે પણ કર્મની પરતંત્રતા સાલતી નથી. કર્મને આધીન અને ઇન્દ્રિઓને વશ થયેલો આત્મા ખરો ગુલામ છે.

અંગ્રેજ સરકારે ભારત ભૂમિ ઉપર કેટલા વર્ષો રાજ કર્યું? ફકત દોઢસો વર્ષ. એણે ફકત દોઢસો વર્ષ ભારત ભૂમિ ઉપર તેની સત્તા જમાવી અને ભારતને એની પરતંત્રતા લાગી. એટલે બ્રિટીશની ગુલામીમાંથી મુકત બનવા માટે ભારતની જનતાએ કેટલો પુરૂષાર્થ કર્યો. કેટલા યુવાનોના લોહી રેડી દીધા. કેટલાં પીડીલર્યા યુવાનો ખતમ થઈ ગયા. કેટલાંને જેલના સળીયા ગણવા પડયા. કેટલાંને લાઠીનો માર ખાવો પડયો. કંઇકના ઉપર ટીયર ગ્યાસ છોડયા. એ ગ્યાસની કાળી વેદના સહન કરવી પડી. દોઢસો વર્ષની અંગ્રેજોની ગુલામીમાંથી મુકત થવા અને સ્વતંત્રતા મેળવવા આટલું સહન કરવું પડયું. છતાં પણ હજુ પુરી સ્વતંત્રતા મળી નથી. સ્વતંત્રતાના બહાને સ્વચ્છંદો વધી રહ્યા છે. અંગ્રેજોથી પણ વધુ કનડગત કરનાર દુશ્મનો હોય તો તે આપણાં કર્મો છે.

આપણાં ઉપર મોહનીય કર્મે દોઢસો, બસો કે પાંચસો વર્ષોથી નહિ પણ અનંતકાળથી સામ્રાજ્ય જમાવ્યું છે. અંગ્રેજના રાજ્યમાં જે કષ્ટ સહન કર્યું નથી તેનાથી અનંતગણું મહાન કષ્ટ જીવ કર્મોના રાજ્યમાં સહન કરે છે. એમાંથી કઇ રીતે છૂટાય તે આપણે વિચારવાનું છે. આવી આઝાદી તો ઘણી વખત મેળવી અને ભોગવી પણ દુઃખ ગયું નહિ. તમામ દુઃખોનું મૂળ કારણ મોહ છે. મોહરૂપી અંગ્રેજને હરાવી તેને દૂર કરી આત્મસ્વરૂપને પ્રાપ્ત કરીએ ત્યારે આપણે સાચા સ્વતંત્ર બની શકીએ, ધ્વજવંદન કરીને, સારું ભોજન જમીને તમે આનંદ માનો છો પણ આ વાસ્તવિક સ્વતંત્રતા નથી. પણ ઔપચારિક સ્વતંત્રતા છે.

સાચી સ્વતંત્રતા એટલે આત્માનું સામ્રાજ્ય. મોહના સામ્રાજ્યથી દૂર રહેવું એ છે સાચી સ્વતંત્રતા. દુનિયામાં જેમ પોતાના પર બહારની સરકારની સત્તાને પરતંત્રતા માનવામાં આવે છે તેમ અહીં પણ આપણા ઉપર મોહરાજાના સામ્રાજ્યની સત્તા સ્થાપિત થઈ છે એ જ પરતંત્રતા સમજી લો. મોહને મારવાની તેને પ્રાણ વિનાનો કરવાની પ્રવૃત્તિ કરવામાં આવે તો સાચી સ્વતંત્રતા મળે. કાયમને માટે સ્વતંત્ર બનાય.

આજ સુધી અનંતા દુઃખો સહ્યા અને હજી પણ જન્મ-મરણ-આધિ-વ્યાધિ-ઉપાધિ-રોગ-શોક આ બધું સહન કરવાનું ચાલુ છે. આનું કારણ આપણા ઉપર મોહનીય કર્મનું સામ્રાજ્ય છે. જગતમાં જન્મેલો જીવ જેમ કાળથી બચી શકતો નથી તેમ મોહથી પણ બચી શકયો નથી. ચારે ગતિના પ્રાણીઓ ઉપર મોહરાજા સામ્રાજ્ય ભોગવે છે. બહારની સરકાર માટે એમ કહેવાય છે કે તે હિંદને લૂંટે છે તેમ મોહ આત્મધનને લૂંટે છે.

સિદ્ધ દશા એટલે સાચી સ્વતંત્રતા. જ્યાં સુધી જીવ સંસારમાં રખડે છે ત્યાં સુધી એ પરતંત્ર છે. આ દુનિયાના તમામ પ્રાણીઓને પરતંત્રતામાં પકડી રાખનારી અને સ્વતંત્રતાની આડે આવનારી ચાર કનડગતો છે. સ્વતંત્રતા એટલે જ્યાં કોઈ પ્રકારની કનડગત ન હોય તેનું નામ સ્વતંત્રતા અને જ્યાં પારકી કનડગત રહે તેનું નામ પરતંત્રતા. જ્યાં સુધી જીવ સ્વતંત્રતાનો આનંદ ન લૂંટે ત્યાં સુધી એ બંધાયેલો રહે છે. કર્મની કનડગતો જાય ત્યારે સાચી સ્વતંત્રતા આવે છે. મૂળ આઠ કર્મો છે તેમાં ચાર ઘાતી છે અને ચાર અઘાતી છે. તેમાં સૌથી પ્રથમ જ્ઞાનાવરણીય કર્મ છે. જ્ઞાનાવરણીય કર્મે અનંત જ્ઞાન ગુણ ઢાંકયો છે. દર્શનાવરણીય કર્મ તો મહાન જબરું છે એ જીવને સત્ય વસ્તુનું ભાન થવા દેતું નથી. દર્શનાવરણીય કર્મે અનંત દર્શનગુણ રોકયો છે. મોહનીય કર્મ મૂંઝવે છે અને અંતરાય કર્મ અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ અને અનંતવીર્યમાં આડે આવે છે. પાસે ક્રોડો રૂપિયા હોય પણ દાન કયારે દેવાય ? અંતરાય કર્મની સત્તા તૂટે ત્યારે ને ?

જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે કેવળ જ્ઞાન થાય. આ ચાર ઘાતી કર્મો ગયા એટલે સાચી સ્વતંત્રતા આવી ગઇ. નામ કર્મ અને આયુષ્ય કર્મથી નુકશાન શું છે ? ઉત્કૃષ્ટ આવી દશાને પામેલાનું આયુષ્ય જો લાંબુ હોય તો લાખો જીવોનું કલ્યાણ થાય. શ્રી ઋષભદેવ ભગવંત જે કરી શકયા તે ભગવાન મહાવીર ન કરી શકયા. કારણ કે તેમનું આયુષ્ય ટૂંકું હતું. ફકત સાડીઓગણત્રીસ વર્ષ તેમની સાધનાનો સમય. જ્યારે ઋષભદેવ ભગવાનની સાધનાનો સમય એક લાખ પૂર્વનો હતો. એટલે એમના આયુષ્યથી ક્રોડો જીવોને લાભ થયો. મારો કહેવાનો આશય એ છે કે અઘાતી કર્મો જીવને નુકશાન કરતા નથી. પણ આત્માનું અહિત કરનાર હોય તો ચાર ઘાતી કર્મો છે. એ ચાર ઘાતીનો નાશ થયો કે તેરમા ગુણસ્થાનકે જીવ જાય છે અને કેવળ જ્ઞાન અને કેવળ દર્શન પ્રાપ્ત કરી સાચી સ્વતંત્રતા મેળવે છે. સાચી સ્વતંત્રતા મેળવનાર અને અપાવનાર સર્વજ્ઞ પ્રભુ મહાવીર સ્વામી કહે છે તમે સત્ય વસ્તુને સમજો અને એ સમજ્યા પછી એને મેળવવાની શક્તિ કેળવો અને આગેકૂચ કરો.

જ્ઞાનાવરણીયની બેડી તોડવા શ્રુતનો અભ્યાસ કરો. દર્શન મોહનીયની બેડી તોડી સમકિતને સુદૃઢ કરો. અવિરતીની બેડી તોડી વિરતીને વરો. ચોથેથી પાંચમે ગુણસ્થાનકે

આવો અને દેશવિરતી બનો. એથી આગેકૂચ કરી છઠું આવીને સર્વવિરતી બનો ત્યાંથી આગળ વધી સાતમે આવી પ્રમત અવસ્થાની બેડી તોડી અપ્રમત બનો. આવી ઉચ્ચ-કક્ષાને કેળવીને તેરમે ગુણસ્થાને આવી આત્માની સાચી આઝાદી મેળવો. પછી કહો કે હું સ્વતંત્ર બન્યો. દુનિયાના અજ્ઞાન જીવોને સાચી સ્વતંત્રતાનું ભાન નથી એટલે જ્યાં ને ત્યાં ભટકે છે. તેરમેથી ચૌદમે જાય ત્યાં તો યોગનું બંધન પણ તૂટી ગયું. એટલે શાશ્વત સ્વતંત્રતા છે. એ આવ્યા પછી કદી નષ્ટ થતી નથી. માટે સૌથી પ્રથમ આત્મધનને લૂંટનાર મોહ ઉપર વિજય મેળવો. મોહ ઉપર વિજય પ્રાપ્ત કર્યા પછી સાચી સ્વતંત્રતાને જીવ મેળવી શકે છે.

મોહને જીતો તો સાચી સ્વતંત્રતા :-

એક પ્રધાન રોજ સવારે સ્નાનાદિ કરીને એક રૂમમાં જાય. એક નાની બેગ બોલી તેના સામું જોઇ દશ મિનિટ મનમાં પ્રાર્થના કરે. તે સમયે તેની આંખમાંથી દડદડ આંસુ સરી પડતાં. પાંચ-દસ દિવસ આમ બન્યું ત્યારે તેની પત્નીને એમના ઉપર શંકા થઇ કે નક્કી મારા પતિ કોઇ સ્ત્રીના પ્રેમમાં પડયા છે. બેગમાં એનો ફોટો લાગે છે. કારણ કે એના સામું જોઇ એના વિયોગથી આંખમાં આંસુ સારી બેગ બંધ કરીને ચાવી પોતાની સાથે લઇ જાય છે. મારે જોવું કેવી રીતે ? એ તો મારી બીકે ઘરમાં નથી લાવતા. નહિતર કયારની ઘરમાં લાવીને બેસાડી દીધી હોય. એક દિવસ બેગ પાસે જઈ પ્રધાન પ્રાર્થના કરે છે ત્યાં એની પત્ની પાછળથી પહોંચી ગઈ અને ક્રોધથી ભભૂકી ઉઠી, જોરથી બોલવા લાગી. તમારા મનમાં સમજો છો શું ? અને બન્યું એવું કે પત્ની ગઇ એટલે પ્રધાને બેગ બંધ કરી દીધી. મારાથી આટલું બધું બાનગી શું છે ? ત્યારે પ્રધાન કહે છે મેં તારાથી કંઇ બાનગી નથી રાખ્યું. ત્યારે સ્ત્રી કહે છે નથી શું ? રોજ તમે બેગ સામું જોઈને રડો છો અને બંધ કરો છો. હું વીસ દિવસોથી જોઉં છું અને અત્યારે અહીં આવી તો તમે બેગ બંધ કરી દીધી. પ્રધાન કહે છે તારે જોવા જેવું કંઇ નથી. છતાં તને અવિશ્વાસ હોય તો લે આ ચાવી ને તારા હાથે બોલ. આ પ્રધાનની પત્નીએ બેગ બોલી. અંદર જોયું તો એક સફેદ ગરમ શાલ છે. પત્ની કહે છે આ એક શાલને જોઈને તમે શા માટે રડો છો ? સ્વામીનાથ ! જે હોય તે ખુશીથી કહો. પ્રધાન કહે છે એ ખૂબ કિંમતી શાલ છે. પત્ની પૂછે છે એ કોની શાલ છે ? પ્રધાન કહે સાંભળ અમે અઢાર મિત્રોની ટોળી છીએ. તેમાં મારા સત્તર મિત્રોએ ગુરૂદેવ પાસે બ્રહ્મચર્યનો ઉપદેશ સાંભળી યાવજજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરી છે. તેના બહુમાનમાં શ્રીસંઘે તેમને આવી કાંબળી ઓઢાડી છે. તે મારા મિત્રોને એમ થયું કે અમે સત્તર મિત્રોએ વિષય-વાસનાનો ત્યાગ કર્યો અને અમારો મિત્ર રહી ન જાય એટલે એમણે સત્તર જણાએ ઓઢીને આ શાલ મોકલી છે. જેથી અમારો મિત્ર જાગૃત બને. દેવાનુપ્રિયો ! બોલો

તમારા મિત્રો આવા છે ? તમારા મિત્રો તમને સિનેમા જોવા, ગાર્ડનમાં ફરવા ને મેચ જોવા લઈ જશે. એનાથી શું ઉદ્ધાર થવાનો ? મિત્રો હોય તો આવા હોજો કે જ્યારે મિત્ર સંસારના કીચડમાં ખૂંચતો હોય ત્યારે બાવડું ઝાલીને બહાર કાઢે. ગાડી ઠંડી પડી હોય તો પાછળથી ધક્કો મારે એટલે ચાલે તેમ એક મિત્ર જો ધર્મક્રિયામાં ઠંડો પડે તો બીજો મિત્ર એને ધક્કો લગાવે એટલે ગરમ થઇ જાય ને ચાલવા લાગે.

પેલા મિત્રોએ પ્રધાનને શાલ મોકલાવી છે. એની પત્નીને કહે છે મારા બ્રહ્મચારી મિત્રોએ ઓઢેલી આ શાલ છે. આ શાલ ઓઢવાને હું લાયક નથી. હું એવી પ્રતિજ્ઞા લેવાને કયારે ભાગ્યશાળી બનીશ? ધન્ય છે એ મારા મિત્રોને! તેથી હું આ પવિત્ર કાંબળીના રોજ દર્શન કરું છું અને વિચારું છું કે મારો આ દિવસ કયારે આવશે? પત્ની કહે છે સ્વામીનાથ! એમાં શું વિચારવાનું ? જો આપની એટલી તૈયારી હોય તો હું તૈયાર છું. પ્રધાન કહે છે હું તો તૈયાર છું. ચાલો, આપણે ગુરૂદેવ પાસે જઈને પ્રતિજ્ઞા લઇ લઇએ. જુઓ, આનું નામ પતિ અને પત્ની.

બંધુઓ! વિષયવાસનાના ગુલામ ન બનો. વિષ કરતાં વિષયો ભયંકર છે. ખિસ્સામાં વિષની ભરેલી બાટલી લઇને ફરશો તો તેથી ઝેર નહિ ચઢે. ઝેર પીવાથી ઝેર ચઢે છે. ભગવાન કહે છે.

"सल्लं कामा विसंकामा, कामा आसी विसोवमा,
कामे पत्थमाणा, अकामा जन्ति दोग्गइ,"

ઉત્ત. સૂ. અ. ૯, ગાથા-૫૩

કામભોગ એ શલ્ય સમાન છે. દૃષ્ટિવિષ સર્પ સમાન છે. જેમ દૃષ્ટિવિષ સર્પ કોઇને કરડે નહિ પણ જેના સામે દૃષ્ટિ કરે તેને ઝેર ચઢે છે. તેમ જે મનુષ્યો કામભોગને ભોગવ્યા નથી પણ એની રાત-દિવસ ચિંતવણા કરી છે તેઓ મરીને દુર્ગતિમાં ગયા છે. વિચાર કરો. દીક્ષા ન લઇ શકો તો બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા તો જરૂર લઇ શકો તેમ છો. બ્રહ્મચર્યમાં કેટલો લાભ છે! મન-વચન ને કાયાથી જે શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરે છે તેને દેવો પણ નમસ્કાર કરે છે. જેમ જેમ તમારામાંથી કામભોગ ઘટશે તેમ તમારો સંસાર કપાશે ને આત્માની સાચી આઝાદી પ્રાપ્ત થશે.

મોહરાજાએ શેઠને કેવા ભૂલાવ્યા :-

એક શેઠ ખૂબ ધર્મિષ્ઠ ને રોજ ઉપાશ્રયે જવાવાળા હતા. ધર્મ પ્રત્યે શ્રદ્ધા ઘણી સાધુ સાથે જ્ઞાનચર્ચા કરવાવાળા પણ લક્ષ્મીની મૂર્છા ઘણી. એક વખત શેઠ ગામડેથી આવતા હતા. ગામબહાર એક પાંચ વર્ષનો નિરાધાર છોકરો એક ઝાડ નીચે બેસીને રડતો હતો. આ શેઠને ખૂબ દયા આવી એટલે પોતાના ઘેર લઈ આવ્યા. તેને ખૂબ પ્રેમથી ઉછેરીને મોટો કર્યો. સારા સંસ્કારી કુટુંબમાં ઉછર્યો એટલે એનામાં ખૂબ સારા

સંસ્કાર પડ્યા અને ખૂબ હોંશિયાર થયો. એનું લલાટ ખૂબ તેજસ્વી હતું. સંત ગોચરી પધાર્યા. આ છોકરો બારણામાં ઉભો હતો તેને જોઇને સંત કહે છે આ છોકરો ખૂબ પુણ્યવાન છે. શેઠ કહે છે એ તો મારા ઘરનો નોકર છે. દુઃખીયારો હતો તેથી લાવ્યો છું ને તેને મોટો કર્યો. મહારાજ કહે છે એ ગમે તે હોય પણ મોટો થતાં ખૂબ પ્રતાપી થશે. તમારી સંપૂર્ણ મિલ્કતનો ધણી અને તમારો જમાઇ થશે. જૈન ધર્મનો ધ્વજ ફરકાવશે અને અંતે સંપત્તિ છોડીને સાધુ થશે. આમ કહી મહારાજ તો ચાલ્યા ગયા. શેઠ વિચાર કરે છે અહો! મહારાજે એના વખાણ કર્યા ને આપણાં તો કંઈ વખાણ ન કર્યા. એ સંસાર છોડીને સાધુ બનશે એ તો ઠીક છે પણ મારી તમામ સંપત્તિનો સ્વામી એ બનશે અને મારી દીકરીનો વર આવો ભિખારી બનશે? શું મારો દીકરો આ મિલ્કતનો માલિક નહિ થાય ને આ ભિખારી માલિક બનશે? ગમે તેમ કરીને હવે એનું કાસળ કાઢું. સંત તો સહજ ભાવે પૂછ્યું એટલે બોલી ગયા કે શેઠ આવા ધર્મીષ્ઠ છે. એમને કહેવામાં શું વાંધો છે? પણ જુઓ, કેવો અનર્થ ઉભો થયો.

શેઠે એક માણસને હજાર રૂપિયા આપીને જંગલમાં તેનો વધ કરવાનું કહ્યું ને કહ્યું કે આ વાત તારે કોઇને કહેવી નહિ. પેલા માણસે કહ્યું ભલે. શેઠ મનમાં હરખાયા. બસ.... બસ.... હવે સાધુના વચન ખોટા પડશે. હવે મારો જમાઈ ક્યાંથી બનશે? જીવતો રાખું તો મારી લક્ષ્મીનો માલિક બને ને? નક્કી કર્યા પ્રમાણે પેલા છોકરાને કહે છે બેટા! તારે આ માણસની સાથે ગામડામાં ઉઘરાણી જવાનું છે. છોકરો કહે ભલે બાપુજી જઇશ. એમ કરીને એને મોકલ્યો. બંને ગાડીમાં બેસીને જાય છે. ઘણે દૂર જંગલમાં ગયા પછી પેલો માણસ કહે છે ભાઇ! હવે ઉતરી જા. ત્યારે છોકરો કહે છે કેમ? આપણે તો ગામડામાં ઉઘરાણી જવાનું છે ને? ત્યારે કહે છે ભાઇ! તારી ઉઘરાણી અહીં પતી જાય છે. તારો વધ કરી તારા ટુકડા કરી દાટીને મારે જવાનું છે. શેઠનો ઓર્ડર છે. આ સાંભળી છોકરો ધ્રુજી ઉઠ્યો. અરેરે.... મેં બાપુજીનો શું ગુન્હો કર્યો કે મને મારી નાંખવા મોકલ્યો છે. મને પાંચ વર્ષનો લઈ ગયા હતા. કેટલા પ્રેમથી ઉછેર્યો ને હવે આમ કેમ કર્યું? ખૂબ રડવા લાગ્યો.

ભગવાન કહે છે પ્રાણી માત્રને જીવવું ગમે છે. મરવું કોઇને ગમતું નથી.

ચંડાળના હૃદયનો પલટો: છોકરો છરી જોઇને થરથર ધ્રુજવા લાગ્યો. નમ્ર બનીને કહે છે મને જીવતો જવા દો. મને ન મારશો. એની ધ્રુજારી એની આજીજી ને કાલાવાલા જોઇને પેલા ચંડાળનું હૃદય પીગળી ગયું. હાથમાંથી છરી નીચે પડી ગઇ. એક હજાર રૂપિયા માટે આવું પાપ કરવું પડે છે? મારે આ પૈસા નથી જોઇતા. આવા નિર્દોષ બાળકને મારીને કયે ભવે છૂટીશ?

ભગવાન કહે છે એના પૂર્વકર્મના ઉદયથી ચંડાળ જાતિમાં જન્મ્યો છે પણ

એની વૃત્તિ ચંડાળની નથી. તો એ ભાવ ચંડાળ નથી પણ જાતિ ચંડાળ છે. પણ જે ઉચ્ચ કુળમાં જન્મીને ચંડાળના કામ કરે છે તે કર્મચંડાળ છે. એ કદી સુધરે નહિ. આ માણસ જાતિનો ચંડાળ હતો છતાં એનું હૃદય પીગળી ગયું ને કહ્યું છોકરા! આ જંગલમાં કયાંક ચાલ્યો જા. ફરીને કદી આ ગામમાં ન આવતો. છોકરો કહે બાપુજી! નહિ આવું. આપે મને જીવનદાન દીધું છે. આપનો ઉપકાર કદી નહિ ભૂલું. એમ કહી પગે લાગીને છોકરો ચાલ્યો ગયો. ચંડાળ પણ ગામમાં ગયો. શેઠને મળ્યો. શેઠ કહે કેમ બધું પતી ગયું ને? ચંડાળ કહે હા. કોઇ ન જાણે તેમ એનો વધ કર્યો છે. શેઠ ખુશ થયા. બસ, હવે સાધુના વચન કયાંથી સાચા પડવાના છે?

છોકરો પણ ચંડાળ પાસેથી છૂટીને એવો દોડયો. નવકારમંત્રનું સ્મરણ કરતો દોડે જાય છે. એમ કરતાં ઘણે દૂર ચાલ્યો ગયો ત્યાં એક ગામ આવ્યું. ગામની બહાર એક ઝાડ નીચે બેઠો છે. ખૂબ થાકી ગયો છે. નિરાશ થઇને લમણે હાથ દઇને બેઠો છે. હવે કયાં જાઉં? કોઇને ઓળખતો નથી એમ વિચારતો મનમાં નવકારમંત્રનું સ્મરણ કરતો બેઠો છે. ત્યાં એક કુંભાર માટી ખોદવા આવ્યો. આ છોકરો ઉઠીને કુંભાર પાસે આવ્યો ને કહ્યું બાપુજી! તમે આ શું કરો છો? લાવો હું માટી ખોદવા લાગું. વિનય વૈરીને વશ કરે છે. વૈરીને વશ કરવાનું વશીકરણ વિનય છે. એક વખત સત્યભામા દ્રૌપદીની પાસે આવીને કહે છે હે દ્રૌપદીજી! આપ તો પાંચ પતિના એક પત્ની છો તો આપ પાંચ પતિને કેવી રીતે વશ કરી શકો છો. અમે તો એક કૃષ્ણ વાસુદેવને બત્રીસ હજાર રાણીઓ છીએ પણ વશ કરી શકતા નથી તો આપની પાસે એવું શું વશીકરણ છે? હોય તો અમને બતાવજો. દ્રૌપદી કહે છે બહેન! મંત્ર કહો કે વશીકરણ કહો. પતિની પ્રકૃતિને પારખી લેવી એમને શું ગમે છે? એ ઉપર લક્ષ આપીને વિનયપૂર્વક એમની આજ્ઞાનું પાલન કરવું એ વશીકરણ છે.

કુંભાર છોકરાનું બોલવું- ચાલવું ને વિનયવિવેક જોઇને ખુશ થઇ ગયો અને એનું રૂપ જોઇને અંજાઇ ગયો. શું એનું રૂપ છે! કુંભાર કહે દીકરા! તું કોણ છે? અહીં કેમ આવ્યો છું? ત્યારે કહ્યું હું ફરતો ફરતો આવ્યો છું. મારું કોઈ સગુવહાલું નથી. કુંભાર કહે છે તો ચાલ મારે ઘેર. મારે દીકરો નથી. તને મારો દીકરો બનાવીશ. ચાલ આપણે ઘેર જઈએ. કુંભાર એને ઘેર લઇ આવ્યો. એને નવડાવી, કપડા પહેરાવી જમાડયો. છોકરો શેઠના ઘેર વહેપાર કરવા બેસતો અને અહીં કુંભારની સાથે બેસીને માટલા બનાવતા શીખ્યો. માટી લેવા જવું બધું કામ પોતે કરતો. કુંભારને આ દીકરો ખૂબ વહાલો હતો. બંને માણસ પેટના દીકરાની જેમ સાચવતા. આમ કરતા એક વર્ષ પૂરું થયું. પેલા શેઠ ઉઘરાણી માટે ફરતાં ફરતાં કુંભારને ઘેર આવ્યા. કુંભારે ઓસરીમાં ખાટલો ઢાળી શેઠને બેસાડયા ને છોકરાને કહ્યું બેટા! આપણા ઘેર શેઠ આવ્યા છે તું

એમના માટે પાણીનો લોટો ભરી લાવ. છોકરો પાણીનો લોટો ભરીને લઈ આવ્યો. શેઠને પાણી પાયું ને શેઠને ઓળખી ગયો કે અહો! આ તો રક્ષણદાતા મારો બાપ છે. એમનો મારા ઉપર મહાન ઉપકાર છે. જુઓ, એની દૃષ્ટિ કેવી નિર્મળ છે! એણે શેઠના ઉપકારને યાદ કર્યા પણ એવો વિચાર ન કર્યો કે એ મને મરાવનાર છે. મનમાં શેઠ પ્રત્યે જરા પણ કષાય ન આવી. હું પાંચ વર્ષનો હતો ને પાળીને મને અઢાર વર્ષનો કર્યો. એમના ઉપકારનો બદલો હું કયારે વાળીશ?

શેઠની વૃત્તિમાં ઇર્ષ્યાની આગ:- જુઓ, હવે શેઠની વૃત્તિ કેવી છે! છોકરાને જોઈને મનમાં થયું કે આ તો મારા ઘેર રહેતો હતો તે છોકરો છે. વળી પાછું મનનાં થયું કે એને તો મેં મરાવી નંખાવ્યો છે. એ અહીં કયાંથી હોય? એના જેવો બીજો કોઇ છોકરો હશે. બપોરે શેઠ જમીને કુંભારની ઓસરીમાં સૂતા છે તે સમયે આ છોકરો શેઠના પગ દાબવા આવ્યો. એણે પગ દાબ્યા ત્યારે લાગ્યું કે મારે ઘેર રહેતો હતો તે છોકરો આવી રીતે મારા પગ દબાવતો હતો. એનું બોલવું-ચાલવું, વિનય-વિવેક એના જેવા છે. તો શું એ તો નહિ હોય ને? એમ વિચાર કરી કુંભારને કહે છે તારો દીકરો ન હતો ને આ દીકરો કોનો છે? કુંભાર કહે છે શેઠ! મારા ઘેર દીકરો નહોતો પણ મને ભગવાને આપ્યો છે. શું આ છોકરાની બુદ્ધિ છે, વિનય-વિવેક છે. મારા કુળમાં દીપક છે. કુંભારે ખૂબ વખાણ કર્યા એટલે શેઠની શંકા સાચી ઠરી અને નિર્ણય કર્યો કે ગમે તે પ્રકારે એને મરાવી નંખાવું. શેઠ ગમે તેવા ધર્મી હોવા છતાં અંદરની આસુરી પ્રકૃતિએ જોર કર્યું. બસ, એને જીવતો રાખું તો મારો જમાઇ થાય ને? કુંભારને કહે છે ભાઇ! મારે અહીં બે દિવસ રોકાઇને આગળ જવું છે પણ મારે અગત્યના સમાચાર ઘેર પહોંચાડવા છે. શેઠ! એમાં શું? તમારે ઘેર સમાચાર પહોંચાડવા હોય તો હું જાતે જઇને પહોંચાડી દઉં. ત્યારે કહે છે બીજો કોઇ માણસ નથી? કુંભાર કહે હું ને મારો દીકરો બે છીએ. પણ દીકરાએ તમારું ઘર જોયું નથી માટે હું જઇશ. કુંભાર જવા તૈયાર થયો છે. છોકરો કહે છે બાપુજી! હું બેઠો હોઉં ને આપને જવા દઉં? આપ રહેવા દો. હું જલ્દી જઇશ. જલ્દી જવાનું છે. આપ નહિ પહોંચી શકો. શેઠને એટલું જોઇતું હતું. શેઠે ચિઠ્ઠી લખીને કવરમાં બીડીને છોકરાને આપી. ચાલતો ચાલતો શેઠના ગામમાં આવી પહોંચ્યો. રાત પડી ગઇ હતી. એટલે છોકરાના મનમાં થયું કે અત્યારે બધા સૂઇ ગયા હશે. મારે કયાં જગાડવા....સવારમાં જઇશ. એટલે શેઠના બંગલા પાછળ એક સુકાઇ ગયેલો નાનો પણ સુંદર બગીચો હતો. તેમાં બાંકડા ઉપર જઇને સૂઈ ગયો. એ સૂતો ને સૂકો બગીચો લીલોછમ થઇ ગયો. બગીચામાંથી ઠંડી હવા ને પુષ્પોની સુગંધી આવવા લાગી. શેઠની દીકરી જાગતી હતી. એણે બારીએથી જોયું તો વર્ષોથી

સૂકાઇ ગયેલો બગીચો લીલોછમ થઇ ગયો છે. એને થયું નક્કી કોઇ પુણ્યવાન પુરૂષના પગલા થયા છે. લાવ હું જોઉં. એ નીચે ઉતરીને બગીચામાં આવી અને જોયું તો ચંપાના વૃક્ષ નીચે એક યુવાન સૂતો છે. એ તો બિચારો થાકેલો-પાકેલો ઘસઘસાટ ઉંઘે છે. પણ આજના પુણ્યવાનો માલપાણી ખાઇને ડનલા-પીલ્લાની પોચી ગાદી ઉપર આળોટતા હશે છતાં સુખે ઉંઘી શકતા નથી. શેઠને કોઇ જોષીએ કહ્યું હતું કે જેના પગલા થવાથી આ બગીચો લીલો થઇ જાય તે તમારો જમાઇ બનશે. છોકરી ફરતી ફરતી યુવાન સૂતો છે ત્યાં આવી. એના ખિસ્સામાં કવર હતું તે થોડું બહાર નિકળી ગયું હતું. કવર ઉપરના અક્ષરો જોયા. એને થયું કે આ તો મારા પિતાશ્રીના અક્ષર લાગે છે. આ માણસ કંઈક સમાચાર દેવા આવ્યો લાગે છે. લાવ, જોઉં તો ખરી, કવરમાં શું લખ્યું છે? ધીમે ધીમે તેણે કવર કાઢીને ચીપીયાથી ખોલ્યું ને અંદરથી ચિઠ્ઠી કાઢીને વાંચી. અંદર એના પિતાએ લખ્યું છે કોઇને પૂછશો નહિ, કોઇની રાહ જોશો નહિ અને આ આવનાર છોકરાને તરત વિષ દઇ દેજો. છોકરીને વિચાર થયો, મારા પિતાજી આવા પ્રામાણિક ને ધર્મીષ્ઠ છે તે કદી આવું લખે નહિ. પણ આ છોકરો તેમને ખૂબ ગમી ગયો હશે ને તેથી વિષાને બદલે વિષ લખાઇ ગયું લાગે છે. એટલે તેણે એક સળીવડે આંખમાં કાજળ લગાડેલું હતું તેનાથી એક કાનો વધારી વિષનું વિષા કરી દીધું અને પોતે ઘેર આવીને સૂઇ ગઇ. સવાર પડતાં છોકરો ઉઠીને શેઠના ઘેર આવ્યો. શેઠાણીના હાથમાં કવર આપ્યું. આ શેઠને પોતાનો દીકરો ન હતો પણ પોતાના ભાઇના દીકરાને પોતાને ઘેર રાખ્યો હતો. તે બધો વહેવાર સંભાળતો. શેઠાણીએ કવર ફોડયું ને વાંચ્યું અને ભત્રીજાને વંચાવ્યું. બધાના મનમાં એમ થયું કે આપણે આટલી મિલ્કત છે. એકની એક દીકરી છે. આવું શા માટે લખ્યું હશે? બધાને થયું કે મુરતીયો સારો છે. કદાચ કોઇને જાણ થાય તો બીજા દીકરી દેવા તૈયાર થાય માટે શેઠે બુદ્ધિ વાપરીને આ કામ કર્યું હશે. જોષીએ કહ્યું છે કે જેના પગલાથી બગીચો લીલો થાય તે તમારો જમાઇ થશે. બધી વાત બંધબેસતી આવે છે. એટલે શેઠાણીએ તરત લોટાની ચોરી બનાવી જોષી બોલાવી ચાર ફેરા ફેરવી દેવરાવ્યા. છોકરો વિચાર કરે છે અહો! મારા ભાગ્યમાં શું લખાયું હશે? આ શેઠ એક વર્ષ પહેલાં મારો વધ કરાવવા ઉઠયા હતા ને આજે ને આજે મને દીકરી પરણાવે છે. અહાહા....કુદરત તારી કળા કોઇ અકળ કળાવાળી છે.

દીકરીના લગ્ન થયા. શેઠાણીએ પોતાની આંગળી પર સવા લાખની હીરાની વીંટી હતી તે જમાઇને કન્યાદાન વખતે આપી. જમાઇને ખમ્મા ખમ્મા કરે છે. જમાઇ કહે છે હવે મારે જવું છે ત્યારે કહે છે હવે આપને જવાની જરૂર નથી. અહીં જ રહો. આ તરફ શેઠ વિચાર કરે છે હવે એનું કાસળ કાઢી નાંખ્યું હશે. કુંભારને કહે છે ભાઇ! હું

જાઉં છું. કુંભાર કહે શેઠ! હજુ મારો દીકરો આવ્યો નથી. ત્યારે શેઠ કહે છે મારા ઘરના માણસો બધા ખૂબ પ્રેમી છે. તે આટલું ચાલીને ગયો તેથી બે ચાર દિવસ રોકાશે માટે હું જાઉં છું. આ તરફ પેલો છોકરો જમાઈ બન્યો છે. શેઠની દુકાને બેઠો છે. તે સમયે એક ગરીબ યુગલ રડતું કકળતું ત્યાં આવે છે ને કહે છે શેઠ! આપ પૂર્વના પુણ્યથી સુખી છો. તો અમને કંઈક આપો. તમને ભગવાન ઘણું આપશે. એમના રૂદનથી છોકરાનું હૃદય પીગળી ગયું. પૂછયું કે તમારે શું દુઃખ છે? ત્યારે કહે છે આ વર્ષે અમારા દેશમાં દુકાળ પડયો છે. અનાજ પાકયું નથી. પાસે રાતી પાઇ નથી ને ખાવા અનાજ નથી. આ સ્થિતિમાં વેવાઇ કહે છે આ વર્ષે જ લગ્ન કરવા છે. દીકરી પરણાવવી છે પણ પાસે પૈસા નથી. ઝેરના કટોરા પીવાનો વખત આવ્યો છે. આ નવા જમાઇને ખૂબ દયા આવી. પણ પોતાની પાસે પૈસા નથી. કન્યાદાન વખતે વીંટી મળી હતી તે આપી દીધી. પેલા ગરીબ તો એને આશીર્વાદ આપીને ચાલ્યા ગયા.

આ બનાવ મુનિમજી ન સહન કરી શકયા તેથી શેઠ આવ્યા કે તરત સામે જઇને સમાચાર આપ્યા કે આપના જમાઇ તો ખૂબ દાનેશ્વરી લાગે છે. એક ગરીબને સવા લાખની વીંટી આપી દીધી. આ રીતે કરશે તો તમારા ભંડાર ખાલી થઇ જશે. શેઠ વિચારમાં પડી ગયા કે જમાઇ શું ને વાત શી? મેં કયાં દીકરી પરણાવી છે કે તે જમાઇ આવે. મુનિમ કહે અરે શેઠ! તમારી દીકરી તો પરણી ગઈ. શેઠ તો ક્રોધથી ધમધમતા ઘેર ગયા. તો પેલાને ગાદીતકીએ બેઠેલા જોયા. એનું તો બ્લડપ્રેસર વધી ગયું ને હાર્ટફેલ થઇ જાય તેવી સ્થિતિ થઇ. (હસાહસ). શેઠ એની પાસે જઇને કહે છે કેમ! મેં તને ચિઠ્ઠી દેવા મોકલ્યો હતો કે ગાદી તકીયે બેસવા? છોકરો કહે શેઠ! બીજું હું કંઇ જાણતો નથી. પણ તમારી ચિઠ્ઠી લઇને શેઠાણીને આપી. તેમણે વાંચીને તમારી દીકરી પરણાવી. બાકી હું કંઇ જાણતો નથી. તમે શું મારું ધન ઉડાવવા માંડયું? ત્યારે કહે છે મારા સાસુએ મને સવા લાખની વીંટી ભેટ આપી હતી તે મેં એક ગરીબને દાનમાં આપી દીધી. ત્યારે શેઠ ધમપછાડા કરતા કહે છે દાનેશ્વરીના દીકરા! ઉતર હેઠો. આ જિંદગીભર તારા માટે કાળી મજુરી કરી છે? એલફેલ શબ્દો બોલી જમાઇનું ખૂબ અપમાન કર્યું. કસાઇ જેવી ક્રુર વૃત્તિવાળા શેઠ બોલ્યા. તલવાર લઇને એક ઝાટકે બે ટુકડા કરી નાંખું. ત્યાં શેઠાણી શેઠના પગમાં પડીને કહે છે આપણે એની સાથે દીકરી પરણાવી છે. હવે એને મારી નાંખો તો દીકરી વિધવા થાય. માટે શાંતિ રાખો. શેઠ કહે છે તમને દીકરી પરણાવવાનું કોણે કહ્યું હતું? શેઠાણી કહે છે સ્વામીનાથ! તમે ચિઠ્ઠીમાં લખ્યું હતું કે કોઇને પૂછશો નહિ ને મારી રાહ જોશો નહિ ને આવનારને વિષા આપી દેજો. જુઓ, આ તમારી ચિઠ્ઠી, શેઠે વાંચ્યું તો વિષા લખ્યું છે. શેઠ કહે છે મેં તો એને વિષ દઇ દેવાનું લખ્યું હતું. ભૂલમાં વિષા લખાઇ ગયું હશે. બધું બફાઇ ગયું. બેર, જે થયું તે

થયું. હવે તને મારીશ નહિ પણ આ મારા ઘરમાં નહિ. જ્યારે સવા લાખ રૂપિયાની વીંટી લઇને આવો ત્યારે મારા ઘરમાં આવજો. છોકરી કહે છે સ્વામીનાથ ! મને સાથે લઇ જાવ. બાપ દીકરીને જવા દેતો નથી. છોકરી ખૂબ રડે છે ત્યારે કહે છે તારો બાપ અત્યારે માનવ ફીટીને દાનવ બન્યો છે. મારૂં કંઇ ચાલે તેમ નથી. પણ અવસર આવશે ત્યારે તને જરૂર તેડાવી લઇશ. તું શાંતિથી હમણાં અહીં રહે. એમ કહી તે ચાલતો થઇ ગયો.

છોકરો મનમાં વિચારે છે હે કર્મરાજા ! તું કેટલા નાટક કરાવે છે ? એ શેઠે મને ઉછેર્યો અને અઢાર વર્ષનો થયો ત્યારે વધ કરવા માટે મોકલ્યો. ત્યાંથી બચ્યો ને કુંભાર મા–બાપ મળ્યા. એને ત્યાં શેઠ આવ્યા ને મને ચિઠ્ઠી લઇને મોકલ્યો. મને કન્યા પરણાવી અને આ રીતે કાઢયો ? કેવા તારા નાટક છે ! આવા અપમાન થયાં તો પણ એના મનમાં ક્રોધ નથી આવતો પણ સમભાવ રાખે છે. સુખમાં તો સૌને રહેતા આવડે પણ દુઃખમાં હસતા ચહેરે રહેવાય તો સમભાવ કહેવાય. છોકરો વિચારે છે મારી પાસે હતું શું ને ગયું શું ? ભાવીના ભાવ. હવે કર્મનું નાટક જોયા કરવું છે. ત્યાંથી ચાલતો ચાલતો એક નદી કિનારે આવીને વિસામો ખાવા બેઠો. હાથ પગ ધોઇ પાણી પી થાક ઉતારીને નવકારમંત્રનું ધ્યાન કરવા બેઠો. અહો નાથ ! તારા જેવો કયારે બનું ? આ સંસારમાં કયાંય સુખ નથી. આમ ચિંતન કરતો પ્રભુમાં એકલીન બની ગયો છે. તમે પણ કોઇ વખત પ્રભુમાં આવા લીન બનો છો ને ? કયારે દુઃખમાં કે સુખમાં ? સુખમાં તો પ્રભુ યાદ ન આવે પણ જ્યારે પ્લેનમાં કે સ્ટીમરમાં મુસાફરી કરતા હો તે વખતે પ્લેનનો પાયલોટ કહે બધા ચેતી જજો. પ્લેન ભયમાં છે. આ પેટ્રોલની ટાંકી સળગવાની અણી ઉપર છે. સ્ટીમરનો કેપ્ટન બૂમો પાડે કે હે મુસાફરો ! તમે તમારા ઇષ્ટદેવનું સ્મરણ કરી લો. દરિયો તોફાને ચઢયો છે. સ્ટીમર ડુબુડુબુ થઇ થઈ રહી છે. તે વખતે તમારૂં ધ્યાન કેવું હોય ? તમે ને પ્રભુ જાણે એકમેક. (હસાહસ)

પેલો છોકરો પ્રભુમાં લીન બન્યો છે. ત્યાં ઘણા માણસોનું ટોળું આવે છે. આગળ શણગારેલી હાથણી સૂંઢમાં કળશ લઇને ચાલે છે. હાથણી ચાલતી ચાલતી ત્યાં આવી અને તેના ઉપર કળશ ઢોળ્યો. લોકો મોટા અવાજે બોલ્યા. જય હો–વિજય હો. ઉઠો. તમે અમારા રાજા બન્યા. એમ કહીને તેને ઉંચકી લીધો. પેલો વિચાર કરે આ બધું શું ? પૂછે છે તમે મને કેમ લઈ જાવ છો ? ત્યારે કહે છે અમારા ગામના રાજા મૃત્યુ પામ્યા છે. તેમને પુત્ર નથી એટલે નક્કી કર્યું કે જેના ઉપર હાથણી કળશ ઢોળે તેને રાજા બનાવવો. તમારા ઉપર કળશ ઢોળ્યો એટલે તમે અમારા રાજા બન્યા. કહે મારી પાસે તો કંઇ જ નથી. પ્રજાજનો કહે તમે ગમે તે હો પણ તમારું લલાટ તેજ કરે છે. તમે અમારા રાજ્યને યોગ્ય પુરૂષ છો એમ કહી હાથી ઉપર બેસાડી વાજતે ગાજતે એને ગામમાં લાવે છે અને તેનો રાજ્યાભિષેક કરી ગાદીએ બેસાડયો. એ વિચાર કરે છે આ

રાજ્ય તો આજ છે ને કાલ નથી. એમાં હરખાવા જેવું નથી. રાજ્ય મળ્યું છે તો સદુપયોગ કરી લઉં. એણે ખૂબ દાન દેવા માંડયું ને ખૂબ સુંદર રીતે રાજ્યનો વહીવટ કરવા લાગ્યો. પ્રજા ખૂબ સંતોષ પામી. એણે ભંડારમાંથી મૂલ્યવાન હીરાની વીંટીઓ કઢાવી થાળ ભરીને સસરાને ત્યાં માણસ મોકલ્યો. ત્યારે સસરા કહે છે આટલી બધી કિંમતી વીંટીઓ કોણે મોકલી? ત્યારે કહે છે તમારા જમાઇ અમારા મહારાજા બન્યા છે. તેમણે આપને ભેટ મોકલાવી છે. ત્યાં શેઠ ચમકયા? શુ મારા જમાઈ મહારાજા બન્યા છે? ચાલો હું સાથે આવું એમ કહીને માણસની સાથે શેઠ આવ્યા. જમાઇને કહે છે અહો જમાઈરાજ આમ આવતા રહેવાય? મેં તો તમારી કેટલી શોધ કરાવી. તમારા કયાંય સમાચાર ન મળ્યા એટલે મેં તો કેટલો ત્યાગ કર્યો છે! મેવા-મીઠાઇ બધું છોડયું છે. (હસાહસ). આપ ઘેર પધારો ને મારી દીકરીને તેડી જાવ. મારે તો એક જ દીકરી છે. ઘરબાર બધું તમારું છે. જુઓ, સંસાર કેવો સ્વાર્થમય છે! જમાઇ રાજા થયો એટલે સસરાજી દોડતા આવ્યા. રાજા પોતાની પત્નીને તેમજ કુંભાર માતા-પિતાને બધાને પોતાના રાજ્યમાં તેડાવે છે. તેણે એવું સુંદર રાજ્ય ચલાવ્યું કે ચારે દિશામાં એની કીર્તિ ફેલાઈ ગઇ. એના રાજ્યમાં હિંસા બંધ કરાવી ને અહિંસાનો અમર પડહ વગડાવ્યો. અને આખા ગામમાં એવો ઢંઢેરો પીટાવ્યો કે એક પણ ઘર નવકારમંત્ર વિનાનું ન રહેવું જોઇએ. સંતોને વિનંતી કરી બોલાવે અને અનેક જીવોને બોધ પમાડી એના સંયમમાં તે સહાયક બનતો. આ રીતે તેણે ખૂણે ખૂણે જૈન ધર્મનો ધ્વજ ફરકાવ્યો. શેઠને પણ પોતાની ભૂલનું ભાન થયું કે મુનિના બધા બોલ સાચા પડયા. હું એ વચન ઉથલાવવા મથ્યો પણ કર્મ આગળ કોઈનું ચાલતું નથી. છેવટે રાજાએ વૈરાગ્ય પામી સંયમ લીધો.

આજે સ્વતંત્ર દિન છે. કર્મરૂપી બેડીઓથી મુક્ત બનવા માટે સંયમ, તપ અને બ્રહ્મચર્યની ખાસ જરૂર છે. અમારું બુકીંગ ખુલ્લું છે. જેને નામ નોંધાવવું હોય તે નોંધાવી દેજો. ઘરઘરમાં ઢાંઢી પીટાવજો ને ધર્મની દલાલી કરજો. એક ઘર તપ વિનાનું ન રહેવું જોઇએ. સમય થઇ ગયો છે. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૩૮

શ્રાવણ વદ ૩ ને ગુરૂવાર તા. ૧૬-૮-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

શાસ્ત્રકાર ભગવંતોએ જગતના જીવોના ઉદ્ધારને માટે આગમમય વાણી રૂપી

છે. આપણે જમાલિકુમારનો અધિકાર ચાલે છે. જમાલિકુમારે ભગવાનની વાણી સાંભળી અંતરમાં ઉતારી. એને સમજાયું કે આ સંસારમાં કર્મનાં બીજ હોય તો તે રાગ અને દ્વેષ છે. ઉત્તરાધ્યયન સૂત્રના બત્રીસમાં અધ્યયનમાં પ્રભુ કહે છે.

रागोय दोसोविय कम्मबीयं, कम्मं च मोहप्पभवं वयन्ति ।
कम्मं च जाइ मरणस्स मूलं, दुक्खं च जाइ मरणं वयन्ति ।।

ઉત્ત. સૂ. અ. ૩૨, ગાથા ૭

રાગ અને દ્વેષ એ બંને કર્મના બીજ છે. કર્મ મોહથી ઉત્પન્ન થાય છે અને એ કર્મો જન્મ-મરણનું મૂળ છે અને જન્મ-મરણ એ દુઃખ છે.

રાગ-દ્વેષ, મોહ અને કષાય આ જીવના અનાદિ કાળના દુશ્મનો છે. જે જીવાત્માઓને અનંતકાળથી ઘોર દુઃખો આપનારા છે. માટે આ દુશ્મનોને હરાવવા માટે કટિબદ્ધ બનો. રાગ એ મનુષ્યો માટે લોઢાની સાંકળ જેવો છે. જેમ કોઈ મનુષ્યના પગમાં લોખંડની બેડી હોય તો ઝટ ચાલી શકે નહિ તેમ રાગદશાવાળા મનુષ્યો પણ મોક્ષમાં જવા માટેનો ઝડપી વિકાસ કયાંથી સાધી શકે? રાગ એ મોટામાં મોટું બંધન છે. આજે તમારે એક બે દિવસ માટે ઘર છોડવું હોય તો પણ છોડી શકાતું નથી અને પરિગ્રહ પ્રત્યેના રાગના કારણે ધર્મક્રિયામાં પણ મન સ્થિર રહેતું નથી. ઇષ્ટ સંયોગો પ્રત્યેનો રાગ અને અનિષ્ટ સંયોગો પ્રત્યેનો દ્વેષ જીવને કર્મ બંધાવે છે. સંયોગનું સુખ તો અણુતુલ્ય છે અને વિયોગનું દુઃખ મેરૂતુલ્ય છે.

કોઇને પગમાં કાંટો વાગ્યો હોય તો તે કાંટો જો ઉપર હોય તો તેને કાઢતાં વધુ દુઃખ નથી થતું પણ એ જ કાંટો ખૂબ ઉંડો ઉતરી ગયો હોય તો કાઢતાં ખૂબ વેદના સહેવી પડે છે. રાડ પડી જાય છે. તેમ તેમ સંસારમાં ઉપરક ભાવથી પાણી અને કમળની જેમ રહેતા હશો તો એને છોડવાના સમયે બહુ દુઃખ નહિ થાય પણ જો અંદર ગળાબૂડ ખૂંચી જશો તો જ્યારે છોડવાનો સમય આવશે ત્યારે કારમો ઘા લાગશે. જેને તમે મારા માની રહ્યા છો તે કર્મ ઉદય આવે તમારા નથી થવાના. માટે રાગદશામાં લેપાવા જેવું નથી. આ સંસાર પંખીના મેળા જેવો છે. કોઇ કયાંથી ને કોઇ કયાંથી આવીને ભેગા થયા છે. સમય થતા સૌ ઉડી જવાના છે. માટે રાગના બંધન મજબૂત ન કરતાં એને શિથિલ બનાવો અને વિરકત ભાવે રહો. આ જીવના પરિણામ ઉપર જ્ઞાનીએ ત્રણ વિભાગ બતાવ્યા છે. આસકત, વિરકત અને વીતરાગ. આ કાળમાં અહીં ભરત ક્ષેત્રમાં વીતરાગ બની શકાતું નથી પણ વિરકત તો જરૂર બની શકાય છે. શાલીભદ્ર જેવા આત્માઓ વિરકત હતા તો દેવલોકે ગયા. બ્રહ્મદત્ત ચક્રવર્તિ જેવા આત્માઓએ જીવનના અંત સુધી સંસારનો મોહ ન છોડયો તો મરીને નરકમાં ગયા અને જે વીતરાગી બની ગયા તે મોક્ષમાં ગયા. વીતરાગ પરમાત્મા છે. વિરકત

અંતરાત્મા છે અને જે આસક્ત રહે છે તે બહિરાત્મા છે.

આ રાગના રોગથી આખું જગત રિબાઈ રહ્યું છે. રાગ કરો તો પ્રશસ્ત રાગ કરો. સંસારનો રાગ અધોગતિમાં લઈ જશે. દેવ-ગુરૂ અને ધર્મનો રાગ ઉચ્ચ ગતિમાં લઈ જશે. રાગ આસક્તિ રૂપ છે, દ્વેષ અપ્રીતિ રૂપ છે, અને મોહ અજ્ઞાન રૂપ છે. દ્વેષ આપણને બાહ્યદૃષ્ટિથી ભયંકર લાગે છે પણ આંતરિક દૃષ્ટિએ જોઈએ તો રાગ ભયંકર છે. દ્વેષ થોડીવાર ભભૂકે પણ પછી હેઠો બેસી જાય છે. પણ રાગ તો ઉંદર જેવો છે. ઉંદર ફૂંકતો જાય ને કરડતો જાય ત્યારે ખબર ન પડે. પણ એની વેદના થાય ત્યારે ખબર પડે છે ને? લાંબા સમય સુધી લોકો એનાથી પીડાય છે. એમ રાગના ફાંસામાં કંઈક મહાન યોગીપુરૂષો ફસાઈ ગયા છે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ ધ્યાનાવસ્થામાં હતા ત્યારે લોકો વાતો કરતાં કરતાં ચાલ્યા જાય છે કે જોયું રાજ્ય ઉપર દુશ્મન ચઢી આવ્યો છે. નાના દીકરાને મૂકી બાપ સાધુ થઇ ગયો. નાના બાળકનું શું ગજું? દુશ્મન રાજ્ય લઇ લેશે. આ ધ્યાનઅવસ્થામાં મુનિએ સાંભળ્યું. શું મારા દીકરાનું રાજ્ય દુશ્મન લઇ લેશે? શું લઇ લે? હું બેઠો છું ને? એમ કરીને મનથી યુદ્ધ કરતાં સાતમી નરકે જવાના કર્મોના દળીયા ભેગા કરી નાંખ્યા. આ કોણે કરાવ્યું? રાગેને? રામચંદ્ર જેવા ચરમશરીરી જીવોને પણ રાગે રડાવ્યા છે. જ્યારે લક્ષ્મણજીનું મૃત્યુ થયું ને બધા કહેવા લાગ્યા કે લક્ષ્મણજી મરણ પામ્યા છે ત્યારે રામ કહે શું મારો ભાઇ મરતો હશે? તમે બધા આ શું બોલો છો? લક્ષ્મણજી પ્રત્યેના અત્યંત રાગના કારણે એના મૃતકલેવરને ઉંચકીને છ છ મહિના સુધી પૃથ્વી પર ભમ્યા. કોઇ કહે રામ! તમે આ શું કરો છો? લક્ષ્મણજી તો મરણ પામ્યા છે. ત્યારે રામને આ શબ્દો સાંભળવા ગમતા ન હતાં. એને રામ મારવા દોડતાં. એ તો એમ સમજતા હતા કે મારો ભાઇ મારાથી રીસાઈ ગયો છે. ગમે તેમ કરીને હું તેને મનાવીશ. છ છ મહિના સુધી રામનો લક્ષ્મણ પ્રત્યેનો રાગ ઓછો ન થયો ત્યારે દેવોએ પૃથ્વી ઉપર આવીને એવી રચના કરી કે કોઇ માણસ ઘાણીમાં કાંકરા પીલી રહ્યો છે. ત્યાંથી રામ નીકળે છે ને પેલાને કહે છે ભાઇ તું આ શું કરે છે? કાંકરા પીલે કંઇ તેલ મળવાનું છે? બળદને નકામું કેટલું કષ્ટ આપો છો? ત્યારે તેલી કહે છે અમે તો ગાંડા છીએ તે કાંકરા પીલીએ છીએ પણ તમે આ શું કરો છો? મડદામાં કદી જીવ આવવાનો છે? રામ તરત ત્યાંથી રવાના થઈ ગયા. થોડે આગળ ગયા ત્યાં કોઈ ખેડૂત પથ્થર ઉપર હળ ચલાવતો હતો. તેને જોઈને કહે છે અરે! મૂર્ખના સરદાર! પથ્થર ઉપર કંઈ ખેતી થતી હશે? ત્યારે તે કહે છે હું ભલે મૂર્ખો રહ્યો પણ તું મુડદાને લઈને ફરે છે તે કદી જીવતું થશે? એટલે ત્યાંથી પણ ચાલતા થઈ ગયા. આગળ ચાલ્યા તો એક માણસ ગોરસીમાં પાણી લઈને વલોવતો હતો. આ જોઇને રામ કહે છે ભાઈ! તું આ

ખોટી મહેનત કરે છે. દહીં વલોવે તો માખણ મળશે પણ પાણી વલોવે શું વળે? ત્યારે કહે છે ભાઇ! અમને તું આટલી શિખામણ આપે છે તો તું કેમ નથી સમજતો? તારો ભાઈ છ છ મહિનાથી મૃત્યુ પામ્યો છે અને તું હજુ લઇને ફરે છે. કેવી મૂર્ખતા છે. આવા ઘણાં દૃશ્યો દેવોએ રામની સામે રજુ કર્યા. છેવટે રામચંદ્રજીએ લક્ષ્મણના શરીરની અંતિમ ક્રિયા કરી અને પોતે વૈરાગ્ય પામી દીક્ષા લીધી. નાના ભાઇનો આઘાત રામચંદ્રજી માટે વૈરાગ્યનું કારણ બની ગયું. તમારામાંથી કંઇકના યુવાન દીકરા ચાલ્યા ગયા હશે ને ભયંકર આઘાત લાગ્યો હશે પણ કોઈને વૈરાગ્ય આવ્યો? થોડા દિવસ પૂરતો વૈરાગ્ય આવી જાય પણ ઘા રૂઝાય એટલે બધું ભૂલી જવાય છે.

આવા મહાન પુરૂષોના દૃષ્ટાંત ઉપરથી આપણે એ બોધ લેવાનો છે કે રાગદ્વેશ કેટલી ભયંકર છે? આવા મહાન પુરૂષોને રાગે કેટલા હેરાન કર્યા? લક્ષ્મણજી વાસુદેવ હતા અને રામચંદ્રજી બળદેવ હતા. વાસુદેવ અને બળદેવને આવો સંબંધ હોય છે. વાસુદેવના મૃત્યુના નિમિ-તે બળદેવ વૈરાગ્ય પામે છે. કૃષ્ણવાસુદેવ અને બલભદ્રના જીવનમાં પણ આમ બન્યું છે. રામચંદ્રજી વૈરાગ્ય પામી સંયમ લઈને કેવળજ્ઞાન પામી ગયા ને મોક્ષમાં ગયા. આટલા માટે જ્ઞાની કહે છે આ અંતરંગ શત્રુઓથી ક્ષણે ક્ષણે સાવધ રહો. એ શત્રુઓ આપણા ઉપર સ્વાર થવા માટે તાકીને બેઠા હોય છે. એને સહેજ મોકો મળે એટલે સ્વાર થઇ જાય છે. રાગ જીતાય એટલે દ્વેષ તો આપમેળે જીતાઈ જાય છે. રાગ દ્વેષની જડ છે. કામના રાગમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધ અને માન એ દ્વેષના સાથીદારો છે. જ્યારે માયા અને લોભ એ બંને રાગના સાથીદારો છે.

રાગી હમેંશા આકુળ-વ્યાકુળ રહે છે જ્યારે વીતરાગી નિરાકુળ રહે છે. જ્યાં સુધી રાગ નહિ છૂટે ત્યાં સુધી ચિ-તને સમાધિ અને શાંતિ નહિ મળે. વિરકત આત્માઓને આત્માના અનંત સુખનો અનુભવ થાય છે જ્યારે રાગીને તો સ્વપ્નામાં પણ તે સુખનો અનુભવ થતો નથી. જેટલા અંશે બાહ્ય પદાર્થો પ્રત્યેનો રાગ ઘટતો જાય તેટલે અંશે અંતરનો આનંદ, ચિ-તની સમાધિ ને શાંતિ વધતી જાય. રાગ એ તો આગ છે. એ રાગની આગ વૈરાગ્યના શીતળ જળથી ઠારી શકાય છે.

જમાલિકુમાર પ્રભુની વાણી સાંભળી વૈરાગ્ય પામ્યા અને રાગની આગ ઠારી નાંખી. સંયમની આજ્ઞા લેવા માટે માતા પાસે આવ્યા. માતા-પિતાને કહ્યું હું પ્રભુના દર્શને ગયો હતો. પ્રભુની વાણી ગમી. ખૂબ રૂચી ને મેં અંતરમાં ઉતારી. આ સાંભળી માતા-પિતાને ખૂબ હર્ષ થયો એટલે જમાલિકુમાર પોતાની અંતરંગ ઇચ્છા દર્શાવતા કહે છે:

"तएणं अहं अम्मताओ । संसार भउविग्गो भीते जरामरणेणं तं इच्छामिणं अम्मताओ तुब्भेहिं अब्भणुन्नाए समाणे समणस्स भगवओ महावीरस्स अंतियं मुंडे भवित्ता अगाराओअणगारियं पव्वइत्तए ।"

તેથી હે માતાપિતા! મેં ભગવાન મહાવીર પાસે ધર્મ સાંભળ્યો છે, મને રૂચ્યો છે, મારા અંતરમાં ઉતર્યો છે તેથી હવે મને સંસારનો ભય લાગ્યો છે. સંસારના ત્રાસથી હું ઉદ્વિગ્ન બની ગયો છું. સંસારના જન્મ-જરા ને મરણની વિટંબણાથી ત્રાસી ગયો છું કે રખે મારે નવા જન્મ-મરણના ફેરા કરવા પડે. હું એનાથી અકળાઇ ગયો છું. તેથી આપની આજ્ઞા લઇને શ્રમણ ભગવાન મહાવીર પાસે આ ગૃહવાસમાંથી અણગારપણામાં જવા ઇચ્છું છું. આ રીતે જમાલિકુમારે પોતાની અંતરંગ ઇચ્છા પ્રદર્શિત કરી. એમાં એનો મુખ્ય ધ્યેય શું છે? આત્મા તો સનાતન–શાશ્વત અને અનંત જ્ઞાનદર્શન –ચારિત્રના સ્વરૂપવાળો છે, તો એને વારંવાર જન્મ શા માટે ધારણ કરવા પડે? આ પાંચ ઇન્દ્રિઓના વિષયમાં મનની દોડધામ શા માટે થવા દેવી? હવે એમાંથી મુક્ત બની શુદ્ધ જ્ઞાન–દર્શન ચારિત્રના અભ્યાસમાં તલ્લીન બની જાઉં, જેથી જ્ઞાનદર્શન અને ચારિત્રમાં રમણતા થાય અને આ કાયાનો સબંધ છૂટી જાય. કાયાનો સબંધ છૂટે એટલે જન્મ-મરણની આપદામાંથી હમેંશને માટે છૂટકારો થાય. વીર પ્રભુની વાણીએ એનામાં આ પવિત્ર ભાવ જગાડ્યા હતા.

પ્રભુની વાણીમાં તો જાદુ ભરેલું છે. આ તો જમાલિકુમાર હતા પણ ભલભલા પાપીઓને પણ પીગળાવી નાંખ્યા છે. પ્રભુ તો સર્વજ્ઞ હતા પણ જેની પાસે દેશનાની લબ્ધિ હતી તેઓએ પણ કેટલા જીવોને પ્રતિબોધ પમાડયો છે. નંદીષેણ મુનિ પાસે દેશનાની લબ્ધિ હતી. મરિચી પાસે પણ દેશનાની લબ્ધિ હતી. તેઓ કંઇક માણસોને પ્રતિબોધ પમાડી પ્રભુ પાસે મોકલતા હતાં. આ બંને જીવો કંઇ દશામાં હતા! મરિચીકુમાર ચારિત્ર છોડી ત્રિદંડી બન્યા હતા અને નંદીષેણ મુનિવેશ ઉતારી વેશ્યાને ઘેર રહેતા હતા. વેશ્યાના ઘરમાં રહી રોજ દશ દશ જીવોને ઉપદેશ આપી બૂઝવીને પછી જમતા હતા. વેશ્યાના ઘરમાં કોણ આવે? વિષયભોગમાં આસક્ત એવા દુરાચારી જ આવે ને? એવા માણસોને ઘડીભરમાં બૂઝવી નાંખતા એ કેવી દેશનાની લબ્ધિ હશે! તમે આટલા સંસ્કારી છો, સમજદાર છો. અમે રોજ બોધ આપીએ તો પણ એકેય શ્રાવક બૂઝતો નથી ત્યારે એમની વાણી કેવી હશે?

હે ભવ્ય જીવો! જ્યારથી જન્મ પામ્યા ત્યારથી મૃત્યુની ફાંસી તૈયાર છે. દેવોના સ્વામી ઇન્દ્ર હોય કે રસ્તામાં રખડતો ભિખારી હોય. મૃત્યુની ફાંસી તો બંનેને માટે તૈયાર છે. સરકાર ફાંસીની સજા કરે છે તેમ મૃત્યુ એ ફાંસીની સજા છે. પણ બંનેમાં ફેર એટલો છે કે સરકાર ફાંસીની જાહેરાત કરે છે કે આ માણસને અમુક દિવસે ફાંસીની સજા કરવામાં આવશે અને આ મૃત્યુરૂપી ફાંસીની આપણને ખબર નથી કે કયારે મારું મોત આવશે? પણ એટલી ખબર છે કે એક દિવસ મારું મૃત્યુ છે છતાં મોહમાં લુબ્ધ બનીને માની લીધું છે કે હજુ આપણે મરવાની ઘણીવાર છે માટે મોજમઝા કરી લો.

વર્ષગાંઠના દિવસે આનંદ માનો છો પણ સમજી લેજો કે આયુષ્યમાંથી એક વર્ષ ઓછું થયું. માટે કહું છું કે માનવજીવનનું સુવર્ણરસ સમાન આયુષ્ય ક્ષણેક્ષણે ઓછું થતું જાય છે.

સુવર્ણરસ ઉપર શ્રીપાળ રાજાના જીવનનો એક પ્રસંગ છે. એક વખત કોઈ પર્વતની ગુફામાં સાધકો સુવર્ણરસની સિદ્ધિ કરી રહ્યા હતાં. બધી જાતની વનસ્પતિ હાજર હતી પણ રસ બનતો ન હતો. બધા મૂંઝવણમાં પડ્યા કે રસ કેમ બનતો નથી? તે સમયે શ્રીપાળ રાજા ત્યાં આવી પહોંચે છે. બધાને મૂંઝાયેલા જોઈને પૂછે છે કેમ તમે મૂંઝવણમાં પડ્યા છો? સાધકોએ એનું લલાટ જોઈને કલ્પી લીધું કે આ કોઇ તેજસ્વી પુરૂષ છે. એટલે તેમને આવકાર આપીને બેસાડ્યા. પછી કહ્યું–આ સુવર્ણરસ બનતો નથી. શ્રીપાળ રાજા કહે છે કેમ ન બને? બનાવો મારી સામે. શ્રીપાળ રાજાએ કહ્યું તે પ્રમાણે કરવાથી સુવર્ણરસ બની ગયો. બધા સાધકો ખુશ થઈ ગયા અને કહેવા લાગ્યા–મહાનુભાવ! આપ જ આ બધો રસ લઇ જાવ. એના એકેક ટીપામાંથી ઢગલાબંધ સોનું બનશે. શ્રીપાળ રાજા કહે છે ભાઈ! મારે એ રસ શું કરવો છે? મારે એની જરૂર નથી. પરદેશ જતાં આ વેઠ કયાં સંભાળું? દેશાટન કરતાં જેટલી લક્ષ્મી વધે તેટલી ચિંતા વધે માટે મારે નથી જોઇતો. શ્રીપાળ રાજાનું મન સુવર્ણરસ જોઇને જરા પણ લોભાયું નહિ. જ્યાં લોભ નથી–લાલસા નથી એ હૃદય ખૂબ કોરું ને હલકું ફૂલ જેવું છે. શ્રીપાળ રાજાને ખૂબ આગ્રહ કરવા છતાં તેમણે સુવર્ણરસ ન લીધો. પણ માનો કે તમે ત્યાં હો ને પેલા સાધકોએ તમને સુવર્ણરસની તુંબડી ભરી આપી પણ કમભાગ્યે તુંબડીમાં ઝીણી તીરાડ પડી અને ઘેર જતાં એ તીરાડમાંથી સુવર્ણરસના ટીપા જમીન પર ટપકી રહ્યા છે તો મનમાં કેટલો અફસોસ થાય! કે ઝટ ઘરભેગો થાઉં અને તુંબડી બદલી નાંખું. આ તો ટીપું નહિ પણ ઢગલે ઢગલા સોનું ઢળી રહ્યું છે. અરે! સુવર્ણરસ તો શું પણ એક ઘીનું વાસણ કાણું હોય તો પણ એમ થાય કે જલ્દી વાસણ બદલી નાંખું. તો સુવર્ણરસના ટીપાનું તો પૂછવુંજ શું? આ ન્યાયથી આપણે અહીં એ વિચારવાનું છે કે આ માનવજીવનના અતિ મોંઘેરા આયુષ્યરૂપી સુવર્ણરસમાંથી મિનિટો અને સેકન્ડોરૂપી ટીપા ઢોળાઇ રહ્યા છે તેનો જરાપણ અફસોસ થાય છે? જ્યારે જ્યારે તમે સંસારના કાર્યમાંથી નવરાશ મેળવો એટલે મનને બીજે જતું રોકી નવકારમંત્રમાં લીન બનાવો. નવકારમંત્રનું કેવું મહાન ફળ છે! ધર્મમાં ખર્ચેલી આયુષ્યની એક મિનિટ સુવર્ણરસના બિંદુની જેમ દેવતાઇ સુખનું મહાન પુણ્ય પેદા કરી આપે છે. કમઠના બળતા લાકડામાંથી નીકળેલા સાપે મરતાં મરતાં નવકારમંત્રમાં મન જોડ્યું તો એ મરીને ધરણેન્દ્ર થયો.

દેવાનુપ્રિયો! સુવર્ણરસના ટીપાથી અનંતગણી કિંમતી માનવભવના આયુષ્યની એકેક ક્ષણ છે. એના જ્ઞાન-દર્શન-ચારિત્રના સદુપયોગથી સદ્ગતિના મહાસુખરૂપી સુવર્ણ

સર્જાય છે. આવો કિંમતી સમય જાય છે તેનો અફસોસ છે? વિચાર થાય છે કે આખા દિવસમાં સામાયિક-સ્વાધ્યાય કે નવકારમંત્રનો જાપ કર્યો હોત તો મહાન લાભ થાત! નંદીષેણ મુનિ વેશ્યાને ઘેર આવનાર પુરૂષોને એવો સુંદર બોધ આપતા ને કહેતા કે માનવજીવનના આયુષ્યની કિંમતી ક્ષણોરૂપી સુવર્ણરસના ટીપાને વિષયભોગની અગ્નિમાં શા માટે હોમી રહ્યા છો? આયુષ્ય ક્ષણિક છે. સ્વપ્ન સમાન છે. જોતજોતામાં પૂરું થઈ જશે. સ્વપ્ન અને આયુષ્ય બંને ઈન્દ્રજાળ જેવા છે. ફરક માત્ર એટલો છે કે સ્વપ્નમાં આંખ ખુલ્યા પછી કંઈ નહિ અને જીવનમાં આંખ બંધ થયા પછી કંઈ નહિ.

સ્વપ્નની દુનિયામાં તું ભ્હાલે, આંખ ખુલે તારું કાંઇ નથી,
આ દુનિયા પણ ખતમ માની લે, આંખ મીંચે તારું કાંઇ નથી.
પુરાણુ પિંજર છોડીને (૨) પંખી પાંખ વિના ઉડવાનું...ઓ ઉડનારા...

જ્યાં સુધી જીવનદીપક બુઝાયો નથી ત્યાં સુધી માનવ આયુષ્યના સુવર્ણરસથી મહાચારિત્રની સાધના કરી નિર્જરા રૂપી સુવર્ણ બનાવી લો. આત્મશુદ્ધિનું સુવર્ણ સાધી લો. નંદીષેણ મુનિની આવી વૈરાગ્ય ભરી વાણી સાંભળીને વેશ્યાને ઘેર આવેલા કામાંધ મનુષ્યો, પ્રતિબોધ પામી જતાં. આવી એમની દેશનાલબ્ધિ હતી.

જમાલિકુમારને મન જીવનની એકેક ક્ષણ સુવર્ણરસના ટીપા જેવી અમુલ્ય જાય છે. વૈરાગી આત્માઓને સંસાર કેદખાના જેવો લાગે છે. જ્ઞાતાજી સૂત્રમાં થાવર્ચાકુમારનો અધિકાર આવે છે. એ થાવર્ચાકુમાર એકજ વખત નેમનાથ ભગવાનની વાણી સાંભળીને વૈરાગ્યના રંગે રંગાયા. એને બત્રીસ સ્ત્રીઓ હતી. એ પણ કેવી? રૂપ અને ગુણમાં એકએકથી ચઢિયાતી અને અબજોપતિની દીકરીઓ હતી. એકેક સ્ત્રી બત્રીસ ક્રોડ સોનૈયા દાયજામાં લાવી હતી. તમે દીકરાની સગાઇ કરો ત્યારે પહેલાં પૂછો કે કરિયાવર કેટલો કરશો? આને તો કંઈ પૂછવું ન પડયું. સામેથી આટલો કરિયાવર લાવી હતી. આવી સુખની સામગ્રી હોવા છતાં સંસાર અસાર લાગ્યો. ઘેર આવીને માતા પાસે દીક્ષાની આજ્ઞા માંગી. માતાએ ખૂબ સમજાવ્યો પણ ન માન્યો ત્યારે માતાએ દીક્ષાની આજ્ઞા આપી. માતાના મનમાં થયું કે મારો એકનો એક લાડકવાયો દીકરો આટલું સુખ ને સંપતિ છોડીને દીક્ષા લે છે તો હું કૃષ્ણ વાસુદેવનું છત્ર અને ચામર લાવું એમ વિચારી થાવર્ચાકુમારની માતા સારી ભેટ લઇને કૃષ્ણ વાસુદેવના દરબારમાં આવી. કૃષ્ણ વાસુદેવ કહે છે માતા! આજે આપનું આવવાનું કેમ બન્યું? ત્યારે માતા આંખમાંથી આંસુ સારતી કહે છે મારો એકનો એક બ્હાલસોયો દીકરો સંસાર છોડીને સંયમી બને છે. મારે એનો દીક્ષા મહોત્સવ ખૂબ સારી રીતે ઉજવવો છે તેથી આપનું છત્ર અને ચામર લેવા માટે આવી છું. આટલું બોલતાં તો માતાનું હૈયું ભરાઇ ગયું. કૃષ્ણ વાસુદેવ કહે છે માડી! તારો દીકરો શા માટે સંયમ લે છે? ત્યારે કહે છે નેમનાથ પ્રભુની વાણી સાંભળી એને સંસાર અસાર

લાગ્યો છે. અને વૈરાગ્યના રંગે રંગાઇ ગયો છે. મેં ખૂબ સમજાવ્યો પણ તે સમજતો નથી. ત્યારે કૃષ્ણ વાસુદેવ કહે છે માતા! તારા દીકરાનો દીક્ષા મહોત્સવ હું ઉજવીશ. પણ એક વાર હું એના વૈરાગ્યની પરિક્ષા કરી લઉં.

કૃષ્ણ વાસુદેવ ખુદ થાવર્ચાકુમારને ઘેર આવ્યા. ભદ્રા સાર્થવાહીએ તેમનો સત્કાર કર્યો. થાવર્ચકુમારને પાસે બોલાવી માથે હાથ મૂકીને પૂછે છે બેટા! તને શું દુઃખ છે? તારે શા માટે દીક્ષા લેવી છે. ત્યારે થાવર્ચાકુમાર કહે છે દુઃખ છે માટે દીક્ષા લઉં છું. જો એ દુઃખ મટી જાય તો મારે દીક્ષા લેવાની જરૂર નથી. ત્યારે કૃષ્ણ કહે છે તારે શું દુઃખ છે? જે હોય તે કહે. હું તરત દૂર કરું છું. ત્યારે થાવર્ચાપુત્ર કહે છે હું માતાના ગર્ભમાં આવ્યો ત્યારથી બે દુશ્મનો મારી પાછળ પડયા છે. ત્યારે કૃષ્ણ કહે છે તારા દુશ્મન કોણ છે તે જલ્દી કહે હું તેને પકડી લઉં. ત્યારે થાવર્ચાકુમાર કહે છે જુઓ, હું માતાના ગર્ભમા ઉત્પન્ન થયો ત્યારથી કાળરાજા મારી રાહ જોઈને ઉભા છે. અને બીજું જરારૂપી રાક્ષસણી પણ મારી રાહ જોઈ રહી છે કે કયારે હું એને ઝડપી લઉં. જો આ મારા બે દુશ્મનોને આપ પકડી આપો તો હું દીક્ષા લેવાની બંધ રાખું. ત્યારે કૃષ્ણ વાસુદેવ કહે છે ભાઈ! એ બે દુશ્મનોથી બચવાની મારામાં તાકાત નથી. મારા માથે પણ કાળરાજાની તલવાર ઝુલી રહી છે અને જરાવસ્થા પણ આવવાની છે. હું તો બાહ્ય દુશ્મનોને પકડી શકું છું. આ તો આભ્યંતર દુશ્મન છે. એમાંથી બચવાની મારામાં તાકાત નથી. ત્યારે થાવર્ચાકુમાર કહે છે તમે પોતે તેનાથી બચવાને સમર્થ નથી તો મને કયાંથી બચાવી શકશો? કૃષ્ણ મહારાજા હાથ જોડીને કહે છે દીકરા! તારો વૈરાગ્ય સોટચના સોના જેવો છે. થાવર્ચાકુમારનો કૃષ્ણ વાસુદેવ દીક્ષા મહોત્સવ ઉજવે છે.

જમાલિકુમારનો વૈરાગ્ય પણ ખૂબ ઉત્કૃષ્ટ છે. માતા-પિતાની પાસે દીક્ષાની આજ્ઞા માંગી રહ્યા છે. અત્યાર સુધી માતા કહેતી હતી દીકરા! તને પ્રભુની વાણીનો પ્રેમ જાગ્યો, ધન્ય છે તને! હવે દીક્ષાની વાત સાંભળીને માતાની કેવી દશા થશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :— દાસી પાસેથી છોકરાને લઈને રાજાએ બીજી ધાવમાતાને સોંપ્યો અને કહ્યું કે જો આ છોકરાને કાંઇ પણ થશે તો તેને અગ્નિદાહ કરવામાં તને લાકડા રૂપે બનાવીશ. પછી રાજાએ મંત્રીને અને રાણીને ખૂબ ઠપકો આપ્યો. પછી છૂપી રીતે પુત્રનો જન્મોત્સવ ઉજવ્યો અને તે પુત્રના જન્મથી રાજાને આનંદ થયો હતો તેથી પુત્રનું નામ આનંદ પાડયું. બાળક દિવસે દિવસે મોટો થતો જાય છે. પિતા તેની ખૂબ સંભાળ રાખે છે છતાં આનંદકુમાર એના પિતા પ્રત્યે પૂર્વકર્મના લીધે દ્વેષ બુદ્ધિવાળો બનતો ગયો. રાજાની દરેક પ્રવૃત્તિમાં દોષ જોનારો થઈ ગયો. છતાં રાજાએ તેને યુવરાજપદે સ્થાપી દીધો.

દુર્મતિ રાજાનું જોર :- એક વખત એવું બન્યું કે સિંહરાજાનો સામંત દુર્મતિ નામનો રાજા રાજ્ય કરે છે તેની પાસે કિલ્લાનું બળ છે એટલે ગર્વિષ્ટ બની સિંહરાજાની સામુ લડાઈ લઇને આવવાની તૈયારીમાં છે. આવા સમાચાર મળ્યા એટલે સિંહરાજાએ પોતાનું સૈન્ય તેને ત્યાં લડાઇ કરવા મોકલ્યું. દુર્મતિ રાજા પોતાની હદમાં રહીને લડે છે એટલે સિંહરાજાનું સૈન્ય હારી ગયું. સિંહરાજાને ખબર પડી કે મારૂં સૈન્ય હારી ગયું તેથી સિંહરાજાને થયું કે હું કેવો છું! મારૂં સૈન્ય ખૂટી ગયું છે છતાં અહીં બેસી રહ્યો છું. સ્વયં તેની સામે લડવા ઉપડ્યા. ત્રણ દિવસ સતત પ્રયાણ કરી યુદ્ધભૂમિમાં લડાઇ કરવા જાય છે. વચમાં સિંધુ નદીની રેતીમાં સ્વારી જઇ રહી છે. પોતે મોટા હાથીના હોદ્દે બેઠેલા હતાં ત્યાંથી તે સમયે એક માણસ "અહોકષ્ટ, અહોકષ્ટ બોલી રહ્યો હતો. આ અવાજ રાજાએ સાંભળ્યો. અને આતુરતાથી પોતાના ઘોડાને તે તરફ લીધો. ત્યાં તેમણે એક વિચિત્ર ઘટના જોઇ.

"રાજાને મત્સ્ય ગલાગલ ન્યાયનું દર્શન"

કાળો અને મોટી કાયાવાળો અને જેની આંખોમાંથી વિષની જ્વાળાઓ ફેંકાઈ રહી છે એવા ભયંકર સર્પે મોઢામાં એક દેડકાને પકડ્યો છે. દેડકો ચીસો પાડે છે પણ સાપ તેને છોડતો નથી અને પોતે પાછો એક મોટા ટીંટોડાથી ગળાઇ રહ્યો છે. એની પાછળ હાથીની સુંઢ જેવો જાડો અને વિશાળ કાયવાળો અજગર આ ટીંટોડાને ગળી રહ્યો છે. જેમ જેમ અજગર પેલાને ગળતો જાય છે તેમ તેમ એ પ્રાણી વળી સર્પને ગળતો જાય છે. પ્રાણ કંઠે આવવા છતાં એ ત્રણેય પોતપોતાના શિકારને છોડતા નથી. એક બીજા પર આક્રમણ કરી રહ્યા છે. આ જોઈ રાજાને ખૂબ બેદ થયો. અહો! આ સંસારમાં કેવું ચાલી રહ્યું છે? આમાં કોને છોડાવવા જઈએ? જેને છોડાવવા જઇએ તેના ઉપરના પ્રાણીનો નાશ કરવો પડે છે, છતાંય છોડાયેલા જીવનો બચાવ થવો મુશ્કેલ છે. માટે પ્રતિકાર વગરનો આવો પ્રયત્ન શા માટે કરવો જોઇએ? આવું દૃશ્ય જોતાં રાજા ત્યાંથી રવાના થઇને છાવણીમાં આવ્યા. રાત્રીમાં પણ રાજાને તેજ વિચાર આવતાં વૈરાગ્યભાવ ઉત્પન્ન થયો.

હવે રાજાને જોઇને સૈનિકો સામા આવીને સમાચાર આપે છે કે મહારાજા! આપનો દુશ્મન દુર્મતિ આપના આવવાના સમાચાર જાણી ગળા ઉપર કુહાડો રાખી માફી માંગવા આવે છે. હવે આપને લડાઇ નહિ કરવી પડે. રાજા ખુશ થયા. પેલો સામંત રાજા આવીને પગમાં પડ્યો અને પોતે લડાઇ કરવા બદલ માફી માંગી પગમાં પડ્યો. રાજાએ પણ તેને ભાઇ ગણી રાજ્ય પાછું આપી દીધું ને પોતે પાછા ફર્યા પણ પેલું દૃશ્ય મગજમાંથી જતું નથી. બસ આ જગતમાં જીવો જીવોનું ભક્ષણ કરે છે, એક બીજાને પકડે છે, આવા સંસારમાં શું આનંદ!

અહા! આ સંસારમાં વિષયી જીવની પણ કેવી વિચિત્ર સ્થિતિ છે! જીવવાની ઇચ્છા રાખતો મૂર્ખ જેમ કાલકૂટ ઝેરનું સેવન કરે તેમ વિષયીજન સુખની ઇચ્છા રાખી વિષયોને સેવે છે. આ કેટલું અજ્ઞાન છે! સુજ્ઞ માણસોએ દુઃખ એ પાપનું ફળ છે અને સુખ છે તે ધર્મનું ફળ છે એમ માની દુઃખનો નાશ કરવા માટે ધર્મ આચરવો જોઇએ. માનથી ભરેલા આ રાજ્યની મારે જરૂર નથી. જેમ પાતાળ ગમે તેટલી પુરણી કરે તો પણ પૂરાતું નથી તેમ આ રાજ્ય ગમે તેટલી આવક થાય તો પણ પૂરાતું નથી. આ મોટો આડંબર કરી હું યુદ્ધ કરવા જવું છે તે શા માટે? રાજ્યના લોભની વૃદ્ધિને માટે આવી અધમ પ્રવૃત્તિ કરાવનારા રાજ્યથી મારે દૂર રહેવું જોઇએ.

આ પ્રમાણે જેના હૃદયમાં પેલા દેખાવથી વૈરાગ્ય ભાવના પ્રગટ થઇ છે એવા સિંહરાજાએ પોતાના મંત્રીઓને ભેગા કરીને કહ્યું હવે મારે સંસાર છોડીને સંયમી બનવું છે, તો મારા પુત્રને રાજ્ય સોંપીને દીક્ષા લઉં. ત્યારે મંત્રીઓ કહે છે આપના યુવરાજ આનંદકુમાર રાજ્યને લાયક નથી. એનામાં રાજ્યને યોગ્ય ગુણ નથી. માટે આપ થોડો સમય રોકાઇને દીક્ષા લેજો. રાજા કહે છે અત્યારે કુમારના માથે ભાર નથી પણ રાજ્યકાર્યનો ભાર એના માથે પડશે ત્યારે બધું કાર્ય સારી રીતે કરશે. રાજા જોષીઓને તેડાવી સારો દિવસ જોવરાવી તે દિવસથી પાંચમા શુભ દિવસે આનંદકુમારનો રાજ્યાભિષેક કરવા માટેની પુરી તૈયારી કરાવી રહ્યા છે પણ આનંદને પૂર્વકર્મના કારણે રાજા સારું કરે છતાં તેમના પ્રત્યે દ્વેષબુદ્ધિ રહે છે. દ્વેષબુદ્ધિના કારણે પુત્ર પિતાનું કેટલું અહિત કરશે ને શું બનશે તે ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૩૯

શ્રાવણ વદ ૪ ને શુક્રવાર **તા. ૧૭-૮-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

ત્રણે કાળે સિદ્ધ થયેલી વાણી તેનું નામ સિદ્ધાંત. જમાલિકુમારનો અધિકાર ચાલે છે. જમાલિકુમારે ભગવાનની વાણી સાંભળી અંતરમાં ઉતારી એટલે એને સ્વઘરની પિછાણ થઇ. જેને એવો નિર્ણય થઇ જાય કે સ્વમાં જે સુખ-શાંતિ અને આનંદ છે તે પરમાં નથી તો હવે પરઘરમાં શું રાચવું? મોતીનો ચારો મળે તો કાંકરામાં કોણ મોઢું નાખે? અમૃતનું પાન કર્યા પછી વિષનું પાન કોણ કરે?

છે ભાન અને બેભાન બનીને ભૂલ થાય છે, અમૃત મૂકીને ઝેર પીવાને તું જાય છે
ભવરણ મહીં ભટકતો તું એક મવાસી, મૃગજળ પીવાને જાય ને રહી જાય છે પ્યાસી
તરસ ન છીપી (૨) એનો પસ્તાવો થાય છે (૨) ...છે ભાન ને બેભાન

જ્યાં સુધી અજ્ઞાન દશા હતી ત્યાં સુધી ઝેરને અમૃત માન્યું, કથીરને કંચન માન્યું. હવે જમાલિકુમાર વિચારે છે કે સંસાર કથીર જેવો છે અને સંયમ કંચન જેવો છે. સંયમના સુખો અમૃત જેવા છે ને સંસારના સુખ હલાહલ વિષ જેવા છે. જ્યાં સુધી તે આત્માનો ઝવેરી બન્યો ન હતો ત્યાં સુધી કાંકરાને કોહીનુર માની લીધો. પણ આત્મભાન થતાં જમાલિ સાચો ઝવેરી બન્યો છે. તેથી સંસારના સુખો ઝેર જેવા લાગે છે, પણ અજ્ઞાનને વશ થયેલા જીવોને આ સંસારના સુખો અમૃત જેવા મીઠા લાગે છે. એકેક જીવની દશા કેવી છે? જેમ માણસને ઝેરી નાગ કરડયો હોય અને ઝેર ચઢી ગયું તો તેને લીંબડો પણ મીઠો લાગે છે. તેમ સંસારમાં એકેક જીવને મોહરૂપી સર્પનું ઝેર એવું ચઢી ગયું છે કે સંસારના સુખ કડવા લીંબડાથી પણ ભયંકર કડવા હોવા છતાં મીઠા લાગે છે. દુઃખમાં સુખની કલ્પના કરી એ સુખો મેળવવા માટે દોડયા કરે છે. જ્યારે જ્ઞાની પુરૂષો એને ત્યાગીને ચાલ્યા ગયા. મહાવીર સમૃદ્ધ રાજકુમાર હતા છતાં શું કર્યું?

છોડી તાતનું ઘર છોડી રાજવૈભવ, વીર વનમાં વસે હો...વીર...
એક કપડે ફરે વીર જંગલમાં, નહિ સાથ મળે કોઇ સંગાતમાં,
આડા ટેકરા કાંટા ને સાપ મળે ઓર કોઇ નહીં (૨) છોડી તાતનું

સંપૂર્ણ સુખની જોગવાઈ હતી છતાં એમને લાગ્યું કે રાગની આગ છે. મારે એમાં હોમાઇ જવું નથી. એકાંત આત્મિકસુખ ત્યાગમાં છે એમ સમજી એકલા નીકળી ગયા. જંગલમાં વિચરે છે ત્યાં વાઘ-વરૂ ને સિંહ મળે પણ સહાયની ઇચ્છા ન કરી એવા એ વીર પ્રભુ હતા અને તમારે કોઈને પૌષધ કરવો હોય તો કંપની જોઇએ. પ્રભુએ એકલા સંયમ લઇને કેવી ઉગ્ર સાધના કરી કર્મોના ભૂક્કા કરી નાંખ્યા.

જમાલિકુમારનું હૃદય કાળી માટી જેવું હતું. કાળી માટીમાં પાણી પડે તો ધરતીના પેટાળ સુધી પહોંચી જાય અને પથ્થર પર પડે તો પથ્થર બહુ ના ભીંજાય. ભગવાનની વાણી હજાર નગરજનોએ સાંભળી, પણ ખરેખર તો જમાલિકુમારે સાંભળી. એના અંતરમાં વૈરાગ્યના અંકુર ફૂટયા. મુંબઇમાં વરસાદ તો ઘણો પડે છે. પણ વરસાદ બંધ થઇ ગયા પછી અર્ધા કલાકે જુઓ તો રસ્તા કોરા થઈ જાય છે જાણે વરસાદ પડયો નથી એમ લાગે. તેમ આ શ્રાવકો ઉપાશ્રયમાં બેઠા હોય, વીતરાગ વાણી સાંભળતા હોય ત્યાં સુધી ભીંજાયેલા દેખાય. જ્યાં ઉપાશ્રયના કમ્પાઉન્ડની બહાર જાય એટલે પેલા રોડ જેવા કોરા થઇ જાય. ગમે તેમ તોય તમે શાહુકાર કહેવાઓને? એટલે સાથે કંઇ ન લઇ જાવ બધું ખંખેરીને જાવ છો બરાબર ને? (હસાહસ). ભગવાનની વાણીનું એક વચન

યાદ રહેશે તો બેડો પાર થઇ જશે. રોહણીયા ચોરે પરાણે સાંભળ્યું તો પણ ફાંસીના માંચડે ચઢતો બચી ગયો, કેવી તાકાત છે પ્રભુના વચનમાં!

નાગ–નાગણીએ નવકારમંત્ર સાંભળ્યા એ કઇ રીતે સાંભળ્યા હતા? કમઠ ધૂણી ધખાવીને હજારો ભક્તોના ટોળામાં આત્મજ્ઞાનની વાતો કરી રહ્યો હતો. આ સમયે ભાવિમાં પારસનાથ ભગવાન બનનાર એક શ્રાવક ત્યાંથી નીકળ્યો. એણે લાકડામાં નાગનાગણીને બળતાં જોયા અને કમઠ પાસે આવીને કહે છે કમઠ! તું જો તો ખરો કેટલું પાપ થઇ રહ્યું છે! નાગ–નાગણી બળી રહ્યા છે. આટલા માણસોની વચમાં આ રીતે કહેવાથી કમઠને ખૂબ ક્રોધ આવ્યો. અહો! આટલા ભક્તોની વચમાં મને આમ કહેનારો કોણ? જેના દિલમાં કરૂણા ભારોભાર ભરી છે એવા પારસનાથ પ્રભુના આત્માએ એ લાકડા બહાર ખેંચી લીધા અને લાકડાની પોલમાંથી બળતા નાગ–નાગણીને બહાર કાઢયા ને નવકારમંત્ર સંભળાવ્યા. અર્ધા દાઝેલા એવી અવસ્થામાં નાગ–નાગણીનો ઉપયોગ નવકારમંત્રમાં સ્થિર થયો. એક ચિત્તે નવકાર મંત્રનું સ્મરણ કરવાથી નાગ અને નાગણી ધરણેન્દ્ર ને પદ્મા વતી બન્યા. આ નાગ–નાગણે કોઇ ધર્મક્રિયા કરી ન હતી પણ અંતિમ સમયે પંચપરમેષ્ટીનું શ્રવણ કરવામાં એકતાન બની ગયા. લોહીના અણુઅણુમાં પ્રભુ સિવાય બીજા કોઇનું સ્મરણ ન હતું. તમે સંસારમાં રહેવા છતાં મનમાં સતત નવકાર-મંત્રનો જાપ ચાલુ હોય, દાન–શીયળ, તપ અને શુદ્ધ ભાવમાં રંગાયેલા રહો તો મોક્ષ હથેળીમાં છે. મોક્ષ તમારાથી દૂર નથી. આટલું કરવા છતાં હજુ જીવનો ઉદ્ધાર કેમ નથી થતો? મને તો લાગે છે કે હજુ જીવનમાં ભોગ–વિષયની રૂંચી રૂંવાડે રૂંવાડે ભરી છે. આ બધું કરવામાં પરલોકમાં મને સુખ મળશે એવી આકાંક્ષા છે એટલે કલ્યાણ કયાંથી થાય? જો જલ્દી મોક્ષમાં જવું હોય તો અનાસકત ભાવ કેળવો, અનાદિના કર્મના કાટને દૂર કરો. કર્મના કાટ જશે તો આત્માનું દર્શન થશે.

જ્યાં સુધી લોખંડ ઉપર કાટ હોય છે ત્યાં સુધી પારસ તેને સુવર્ણ બનાવી શકતું નથી. આત્માના કાટ કાઢવા માટે સદ્‌ગુરૂ રૂપી પારસ તમારી પાસે આવ્યા છે, તો ગુરૂની હિતશીખામણ અંતરમાં ઉતારી લો.

એક વખત એક ગુરૂ એમના શિષ્યને કહે છે બેટા! પેલી ઝોળી લાવ. શિષ્ય રોજ વિચાર કરે કે મારા ગુરૂ કેવા તરણતારણ છે. એમનું તત્ત્વજ્ઞાન કેવું છે! કેવો સુંદર એમનો ઉપદેશ છે! એમનું એકેક વચન જો હૃદયમાં ઉતારીએ તો આપણે તરી જઇએ. એમનો ત્યાગ પણ કેવો ઉત્તમ છે. પણ કોણ જાણે આ ઝોળીમાં ગુરૂને શી મમતા છે કે જ્યાં જાય ત્યાં ઝોળી સાથે ને સાથે લઇને જાય છે. ઘડી પણ ઝોળીને રેઢી મૂકતા નથી. શિષ્ય ખૂબ સુપાત્ર હતો. એણે એવો વિચાર કર્યો કે મારા ગુરૂ ગમે તેવા હોય, એ ગમે તે કરતા હોય પણ મારે એમના છિદ્ર ન જોવા, મારે ગુરૂ કહે તેમ કરવું છે. ગુરૂ કરે તેમ

કરવું નથી. આવો શિષ્ય તરી જાય છે. ગુરૂ કેવા હોવા જોઈએ! પોતે તરે અને બીજાને તારે તેવા નૌકા સમાન ગુરૂ હોવા જોઇએ. આજે દુનિયામાં ગુરૂ ઘણાં વધી ગયા છે પણ ગુરૂ ગુરૂમાં ફેર છે.

"કાષ્ટે ચ કાષ્ટે તરતા યથાસ્તિ, દુગ્ધે ચ દુગ્ધે તરતા યથાસ્તિ,
જલે જલે ચાં તરતા યથાસ્તિ, ગુરૂ ગુરૌ ચાં તરતા યથાસ્તિ!"

લાકડા અનેક પ્રકારના હોય છે. સાગનું, સીસમનું, બાવળનું, થોરીયાનું આદિ લાકડા છે અને સુખડનું લાકડું એ પણ લાકડું છે. એક બાજુ બધા પ્રકારનાં લાકડાની મોટી ગંજી ખડકી દો અને બીજી બાજુ સુખડની એક ભારી મૂકી દો. તો કિંમત કોની? સુખડના લાકડાવાળો ન્યાલ બની જાય છે. એટલે લાકડા લાકડામાં ફેર છે. તેમ દૂધ દૂધમાં પણ ફેર છે. ગાયનું, ભેંસનું, બકરીનું, આકડાનું, થોરીયાનું બધા દૂધ હોવા છતાં બધાના ગુણમાં અંતર છે. ગાય–ભેંસનું દૂધ શરીરને પુષ્ટિ આપે છે અને આકડા-થોરીયાનું દૂધ પીવે તો માણસ મરી જાય છે. પાણી પાણીમાં અંતર છે. કોઈ ગામનું પાણી પીએ તો ખાધેલું જલ્દી પચી જાય અને કોઇ ગામનું પાણી એવું હોય છે કે એને પીવાથી પેટ ભારે રહે. ખાધેલું પચે નહિ. તેમ ગુરૂ-ગુરૂમાં પણ ફેર હોય છે. એક ગુરૂ એવા હોય કે પોતે તરે અને બીજાને તારે અને એક ગુરૂ એવા હોય કે પોતે ડૂબે ને બીજાને ભવસમુદ્રમાં ડૂબાડે છે. જો જો આવા ગુરૂઓથી ભરમાઇ ન જતા.

આત્માને જગાડનાર ગુરૂ કેવા હોવા જોઇએ? જે ગુરૂને સમગ્ર જીવન સમર્પણ કરવાનું છે. આત્મ સર્મપણ કરવાનું છે તે ગુરૂ કેવા હોય? જે ગુરૂ પાસે જવાથી આત્માના અજ્ઞાનના અંધકાર ઉલેચાય ને જ્ઞાનનો પ્રકાશ થાય એવા ગુરૂ પાસે જવું, ગુરૂ પણ એવા હોવા જોઈએ કે પોતાની પાસે આવીને બેસનારને સાચો રાહ બતાવે. નૌકાને સામે પાર લઇ જવામાં જેમ નાવિક મુખ્ય કારણ છે તેમ ગુરૂ સંસાર સાગર પાર કરવામાં મુખ્ય આધાર છે. ગુરૂઓ જગતમાં બે પ્રકારના હોય છે.

"गुरवो बहव: सन्ति, शिष्यद्रव्यापहारका: ।
गुरवो विरला सन्ति, शिष्यचित्तोपकारका: ।।"

કેટલાક ગુરૂઓ એવા હોય છે કે જે પોતાના માટે, પોતાના નામ ને કીર્તિ માટે, પોતાની જરૂરિયાતો માટે શિષ્યો પાસે ધન અર્પાવનારા હોય છે. આવા ગુરૂઓ જગતમાં ઘણા મળશે. પણ શિષ્યના અંતરાત્માને ઉપકાર કરનારા, શિષ્યવર્ગનું આત્મ કલ્યાણ ઈચ્છનારા ગુરૂઓ ઘણા ઓછા મળશે.

આમ ગુરૂ-ગુરૂ વચ્ચે ઘણું અંતર છે. એક શિષ્યના વિત્તને હરણ કરે છે બીજા શિષ્યના ચિત્તને ઉપકાર કરે છે. શિષ્યના ચિત્તને ઉપકાર કોણ કરે? જેને પરિગ્રહનું બંધન ન હોય, પરિગ્રહનો માથે ભાર ન હોય તે. નૌકા તરે કયારે? જ્યારે તેમાં વધુ

પડતો ભાર ન હોય ત્યારે. પ્લેનમાં પણ વધુ પડતો ભાર હોય તો જીંદગી જોખમમાં રહે છે. તેથી તોલ વગેરે બધું જોવું પડે છે. વધુ પડતો ભાર હોય તો ન લે. કારણ કે અદ્ધર આકાશમાં લઈ જવાના છે. તે પ્લેન ચલાવનાર સારી રીતે જાણે છે.

બંધુઓ ! પ્લેન ચલાવવું હજુ સહેલું છે–પણ સંસાર સાગરને તરવા માટેની નાવ ચલાવવી અઘરી છે. એમાં તો સૌથી ઓછો ભાર જોઈએ. નાવ ચલાવનાર કપ્તાન પણ હોંશિયાર હોવો જોઈએ. કપ્તાન અસાવધાન હોય અને જો ભાર વધુ હોય તો નૌકા સલામત રહેતી નથી. માટે ગુરૂ એવા હોવા જોઈએ કે જે શિષ્યોના ચિત્તના ભલાની કામનાવાળા હોય. શિષ્યનું સદા હિત ઈચ્છનારા હોય.

એક શહેરમાં એક બહુરૂપી આવેલો. એક દિવસ તે સાધુનો વેશ લઈને એક કરોડપતિને ત્યાં ગયો. શેઠે તેને બેસવાનું કહ્યું એટલે ચટાઇ ઉપર બેઠો. તેણે સંસારની અસારતા અને શરીરની ક્ષણ ભંગુરતાનો સચોટ ઉપદેશ આપ્યો, અને કહ્યું કે હવે તમે વૃદ્ધ થયા છો તમારે ત્યાં લક્ષ્મી ભોગવનાર નથી માટે ધનનો સદુપયોગ કરો. આના ઉપદેશથી બધાના દિલ પીગળી ગયા અને કહેવા લાગ્યા આપે ઉપદેશ આપીને અમારા પર મહાન ઉપકાર કર્યો છે. શેઠાણીએ અંદર જઈ કબાટ ખોલીને સોનામહોરનો થાળ ભરી સાધુ પાસે ધર્યો ને કહ્યું આપ આ ગ્રહણ કરી અમને આશીર્વાદ આપો. પણ આ સાધુ વેશધારી બહુરૂપી તો તેને ઠોકરે મારી ચાલતો થયો. શેઠને સાધુ પ્રત્યે ખૂબ માન ઉત્પન્ન થયું. આ રીતે ગામમાં એક મહિનો ફરીને જુદા જુદા વેશ એણે ભજવ્યા અને મહિના બાદ શેઠ પાસે આવીને શીખ માંગી. ત્યારે શેઠ કહે છે અમારે ત્યાં આવેલા સાધુનું અને આપનું બંનેનું મુખ સરખું દેખાય છે. બહુરૂપી કહે વાત સત્ય છે. તે સાધુ તે હું જ હતો. શેઠે કહ્યું ત્યારે સોનામહોરથી ભરેલો થાળ ગ્રહણ કર્યો હોત તો આ ભીખ ન માંગવી પડત. ત્યારે બહુરૂપીએ કહ્યું- મેં તે વખતે સાધુનો વેશ લીધો હતો. જે વેશ લીધો તૈનું ગૌરવ સાચવવુ એ વિવેકી માનવનું કર્તવ્ય છે. બહુરૂપી પણ સમજે છે કે સાધુ એટલે તદ્દન નિઃસ્પૃહી. તે પોતાના વેશને વફાદાર રહે છે. ગુરૂનું વર્ણન કરતાં કહ્યું છે કે

તૃણપરે ષટખંડ છંડીને, ચક્રવર્તી પણ વરિયો,
એ ચારિત્ર અક્ષય સુખ કારણ, એ મેં ચિત્તમાં ધરિયો.

ત્યાગી પોતે વૈરાગ ને સંયમના ભાવથી જે રંગાયેલા હોય તેની અસર જલ્દી પડે. પણ જો સાધુને વૈભવનો ને તમારી સંપત્તિનો રાગ હોય તો તમને ત્યાગમાર્ગ કેવી રીતે સમજાવી શકે ? માટે સાધુના જીવનમાં પૂર્ણ ત્યાગ હોવો જોઇએ.

સાધુ એટલે જગતનો તારણહાર. તમે એમ માનો કે અમારા વધી ગયેલા પરિગ્રહના વાળને ઉતારનાર તે સાધુ! વાળ વધી જાય તો તેને કઢાવો છો. નખ વધી

જાય તો પણ કપાવો છો. ન કપાવો તો તેમાં મેલ ભરાઇ ભરાઈને આખો નખ ઉખડી જાય. તેવી રીતે પરિગ્રહ ભેગો થાય અને તેને ન ઉતારો તો એક દિવસ આખોને આખો ઉતરી જવાનો.

અહિંસાના ઉપાસક ગૃહસ્થોને તો ઓછામાં ઓછા આ બે નિયમ હોવા જોઇએ : (૧) સ્વદ્વારા સંતોષ, (૨) પરિગ્રહ પરિમાણ. જગતમાં જેટલી સ્ત્રીઓ છે તેને માતા અને બહેનની દૃષ્ટિથી જુએ. જેનામાં આ દૃષ્ટિ નથી તેનું જગતમાં કોઇ સ્થાન નથી. તેવી રીતે પરિગ્રહની મર્યાદા કરો. જેવી રીતે રબ્બરના ફુગામાં બહુ પવન ભરવામાં આવે તો એ મોટો થતો જાય ને છેવટે ફૂટી જાય તેવી દશા પરિગ્રહની મર્યાદા નહીં કરનારની છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન બોલ્યા છેઃ

जहा लाहो तहा लाहो, लाहा लोहो पवड्ढइ.

જેમ જેમ લાભ મળતો જાય તેમ તેમ લોભ વધતો જાય. લાભથી લોભની અભિવૃદ્ધિ થાય છે. કપિલ રાજા પાસે બે માસા સોનું લેવા ગયા. રાજાએ તેની ઈચ્છા મુજબ માંગવા કહ્યું–કપિલ વિચાર કરવા લાગ્યો. આખું રાજ્ય માગતાં પણ એને તૃપ્તિ ન થતી દેખાઈ. આખરે તૃષ્ણાનો અંત નથી એમ સમજી વૈરાગ્ય પામ્યા. પરિગ્રહ એ નવગ્રહો કરતાં જુની કોટિનો દશમો ગ્રહ છે. એ સૌને દુઃખ આપે. શનિશ્ચરની પનોતીમાંથી તો સાડાસાત વર્ષે પણ છૂટે, પણ આ પરિગ્રહની પનોતીમાંથી તો આખી જિંદગીને અંતે પણ ન છૂટે. માટે કરેકે પરિગ્રહની મર્યાદા કરવી જોઈએ. પરિગ્રહ વધે તો આત્મામાં કચરો વધે છે અને ઘટે તો જીવન હળવું બની જાય છે. મહાન પુરૂષોએ શાંતિથી જીવન પસાર કરવા માટે આ બધા માર્ગો બતાવ્યા છે.

એક શેઠે કાળા બજારની કમાણી કરીને રૂપિયા ભેગા કર્યા. બાપ દીકરાથી છાનો ભેગા કરે અને દીકરો બાપથી છાના ભેગા કરે. પરિગ્રહની મૂર્ચ્છા ન ઉતરી તો આ સાધુઓની ત્યાગ અવસ્થામાં પણ મન બગડે. નરકના બંધનો બંધાવનાર પણ મન છે. પ્રસન્નચન્દ્ર રાજર્ષિ તપસ્વી છે–ત્યાગી છે–પણ બે રાજસેવકોની વાત સાંભળી મન બગડયું. મનથી યુધ્ધે ચઢયા અને સાતમી નરકના દળિયા ભેગા કર્યા. પણ એ તો જ્ઞાની હતા તો જરા વારમાં સમજી ગયા, મનને ઠેકાણે લાવ્યા અને ફૂંક મારે ને લોટ ઉડી જાય તેમ કર્મના દળિયાને ઉડાડી મૂકીને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ કરી.

આ બાજુ દીકરાએ કાળાબજારનું ધન સાચવવા નાની તિજોરી રાખી, બાપે મોટી તિજોરી રાખી. દીકરો ન હોય ત્યારે પેલી નોટો કાઢી બાપ એકલો ગણે અને મનમાં મલકાય. આ દ્રવ્ય એવી વસ્તુ છે કે જે સાથે આવવાનું નથી, આવ્યા ત્યારે લાવ્યા નથી. અનાદિકાળની મૂર્ચ્છા આત્માને રખડાવી મારે છે. દીકરાથી બાપે પાંચ લાખ રૂપિયા ખાનગી ભેગા કરેલ. તિજોરીમાં બેસીને એ ગણતો હતો તેટલામાં દીકરાને

આવતો જોયો. એટલે બાપ તિજોરીમાં પેસી ગયો. અંદર સંતાઇ ગયો. તિજોરીનું બારણું બંધ થઇ ગયું છે. દીકરો ઓરડામાં આવી બાપ નથી એમ માનીને ચાલ્યો જાય છે. બાપ અંદર મુઝાય છે. હવા આવતી નથી. ઘણી લાતો મારે છે પણ તિજોરી ઉઘડતી નથી. અંદર નોટો ઘણી પડી છે પણ આવી દશા થાય ત્યારે નોટો શું કામ આવે? અંદર બેઠો બેઠો રિબાય છે. તેની બબર લેનારું કોઇ નથી.

માટે જ્ઞાની પુરૂષો કહે છે કે ધન કોઇક વાર તનને મારે. બાપ તિજોરીમાં બેઠો છે. બહાર નીકળવું છે પણ બારણું બંધ થઇ ગયું છે. હવા મળતી નથી એટલે ટળવળી-ટળવળીને મરી જાય છે. ત્રણ દિવસ સુધી પુત્ર અને સ્વજનોએ તપાસ કરી પણ પત્તો ન લાગ્યો. પછી તિજોરીમાં કેટલું ધન છે તે જોવા માટે તિજોરી ખોલી તો અંદરથી કોહવાઇ ગયેલો બાપ નીકળ્યો.

બંધુઓ! લક્ષ્મી કેવી દશા કરે છે તે જુઓ. ઘણાં તો લક્ષ્મી માટે જન્મ્યા અને લક્ષ્મી માટે મરવાના. રૂપિયા ખાતર જન્મે અને રૂપિયા ખાતર મરે. એવા તો ઘણા ય મળવાના-પણ આત્મા માટે જન્મે અને આત્મા માટે મરે તેવા તો વિરલ હોય છે. માટે ગુરૂ તો એવા જોઇએ કે જે શિષ્યના હિતનો ઉપદેશ કરે. પરિગ્રહ આદિના સંગથી છોડાવે. તમારૂં ભલું કેમ થાય, તમારા દુર્ગુણો કેમ નીકળી જાય. તમારો આત્મા પવિત્ર કેમ બને? તેનું અહર્નિશ ચિંતન હોય. પારસમણિને લોખંડ અડે અને તે લોખંડ સોનું ન બને તો એ સાચો પારસમણી નથી. કાં તો સાચું લોખંડ નથી-અગર તો સાચો સ્પર્શ થયો નથી. તેમ ગુરૂ પાસે જઇએ અને પાપનો પશ્ચાતાપ ન થાય, આત્મનિરીક્ષણ ન થાય તો સમજવું કે આપણે ખરી રીતે ગુરૂ પાસે ગયા નથી. ગયા છતાં તેમનો બરાબર સ્પર્શ આત્માએ કર્યો નથી. તેમને બરાબર સમજ્યા નથી.

એક રાજા હતા. તે ધર્મપ્રેમી ખૂબ હતા. તેમને પહેલા કુગુરૂનો ભેટો થયો હતો પણ સુગુરૂ મળતાં કુગુરૂ છોડી દીધા. રાજ્ય ઉપરથી મમતા ઉતરી ગઇ ને અનાસકત બની ગયા. રાજ્યમાં રહેવા છતાં અનાસકત ભાવથી રહેવા લાગ્યા. જનક રાજા રાજ્યમાં રહેવા છતાં કેટલા અલિપ્ત ભાવે રહેતા હતા એટલે એને જનકવિદેહી કહેવામાં આવે છે. વિરાગી આત્માઓને મન મહેલ પણ પથ્થરનો ઢગલો દેખાય. આજે તો પૈસો વધે એટલે એમ થાય કે વાલકેશ્વરમાં, મરીન લાઇન્સમાં કયાંક ફ્લેટ લઉં. એરકંડીશન, ટીવી આદિ તમને ગમતી બધી સામગ્રી વસાવીને માનો છો કે હું મહાસુખી છું. મારે કોઇ સાધન કે સંપત્તિની કમીના નથી, પણ જ્ઞાની કહે છે.

સૌ સાધન બંધન થયા, રહ્યો ન કોઇ ઉપાય,
સત્ સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું થાય.

જેટલા સાધનો વધ્યા તેટલા બંધનો વધ્યા. પણ આજના માનવીને બંધનમાં

રહેવું બહુ ગમે છે. જેને બંધનમાંથી મુકત થવું હોય તે આમ બેસી ન રહે. પાંજરામાં પૂરાયેલા પોપટને પાંજરામાંથી ઉડવું હોય તો રાહ જુવે કે કયારે પાંજરૂં ખુલે ને ઉડી જાઉં. પણ આ મારા ભગવાન મહાવીરના શ્રાવકો રૂપી પોપટોને આ સંસારના પિંજરમાંથી ઉડવાનું મન નથી થતુ. યાદ રાખજો કે જેટલો આ સંસારનો મોહ વધારશો તેટલું બંધન મજબૂત બનશે. ચતુર્ગતિના ફેરા વધશે માટે સમજીને મોહ ઉતારો.

જમાલિકુમારને આ સંસારના દરેક સાધન બંધન જેવા લાગ્યા છે. જન્મ-જરાને મરણનો ભય લાગ્યો છે. માતાને કહે છે. હે માતા ! મને સંસારમાં જન્મ-મરણનો ભય લાગ્યો છે. આવા દુઃખો વેઠીને હું ત્રાસી ગયો છું. તમને કોઇ દિવસ એમ થાય છે કે હે ભગવાન! હવે મારા ફેરા જલદી કેમ ટળે ? આપણું જીવન તો વાદળી જેવું છે. જેમ વાદળી આકાશમાં આવે છે ને ચાલી જાય છે તેમ યૌવન, સંપત્તિ ને ઐશ્વર્ય બધું આકાશની વાદળીની જેમ આવીને ચાલ્યું જાય છે. આપણા જીવનની વાદળી કયારે અને કયાં ઉતરશે તેની આપણને અબર નથી. માટે બને તેટલા પ્રયાસે આત્માની સાધના કરો. એવું જીવન જીવો કે મૃત્યુ થાય તો પણ જગત યાદ કરે. જીવીને મરતાં સૌને આવડે છે પણ મરીને જીવતાં આવડે તે સાચું જીવન જીવ્યા છે. મહાવીર ભગવાનને ૨૫૦૦ વર્ષે થઇ ગયા છતાં મહાવીર નામ લેતા જૈનોના દિલ હરખાઇ જાય છે. કૃષ્ણનું નામ લેતા ભારતભરમાં વસતા દરેક વૈષ્ણવોને આનંદ થાય છે. યુગો વીત્યા પણ મહાન પુરૂષોને કોઈ ભૂલ્યા નથી તમારી ત્રણ પેઢીના દાદાનું નામ ભૂલાઇ જશે પણ ભગવાનનું નામ ભૂલાતું નથી. આનું કારણ શું ? એ મહાન પુરૂષો એવું જીવન જીવી ગયા

જમાલિકુમાર એની માની માતાને કહે છે મને આ સંસારમાં જન્મ મરણનો ભય લાગ્યો છે હું ત્રાસી ગયો છું. માટે હે માતા ! હું ભગવાન પાસે દીક્ષા લેવા ઇચ્છું છું. આ સાંભળીને માતાના હાજા ગગડી ગયા હવે માતાની શું સ્થિતિ થશે શું બોલશે તેના ભાવ અવસરે.

ચરિત્રઃ પુત્રનો પિતા પ્રત્યે દ્રોહ

પિતાના મનમાં પુત્રને રાજા બનાવવાની હોંશ છે એટલે રાજા કહે છેઃ પ્રધાનજી ! હું તો દીક્ષા લેવાનો છું તો તમે આનંદકુમારને બોલાવી લાવો. હું તેને રાજ્ય વિશેની અગત્યની સૂચનાઓ આપી દઉં બોલાવા મોકલ્યો પણ કુમાર આવ્યો નહિ. આનંદ અગ્નિશર્માનો જીવ છે. પૂર્વના વૈરના કારણે બાલપણથી પિતાનો દ્રોહી છે. તેણે સિંહ-રાજાના અભિપ્રાયને જાણ્યો નહીં પણ મનમાં જુદું વિચાર્યું. અહો ! રાજા મને ગાદી આપવા માંગતા નથી પણ ગાદી આપવાના બહાના તળે કાવત્રું રચ્યું છે અને મને મારી નાંખવા માંગે છે. તેથી તેણે દુર્મતિ રાજાને સાવરિત બનાવ્યો ને નવી રમતો રમવા લાગ્યો. દુર્મતિ રાજાને કહે છે મારા પિતા સિંહરાજાની બુદ્ધિ બગડી છે. અત્યાર

સુધી રાજ્ય આપ્યું નહિ. હવે રાજ્ય આપવા ઉઠયા છે. કોને ખબર શું કરશે? કદાચ મારો રાજ્યાભિષેક કરવાની વાત સાચી હોય. પણ જો મને રાજ્ય આપી દે તો મારે એનું આપેલું રાજ્ય નથી જોઈતું. હું કંઈ કાયર નથી કે એનું આપેલું રાજ્ય લઉં. હું તો મારા બાહુબળથી રાજ્ય લઈશ. ખરેખર પ્રશંસનીય તો એ કહેવાય કે હું એને મારીને બળાત્કારે રાજ્ય લઉં. મિથ્યા દુરાગ્રહથી અને પોતાનું ચિત્ત દુષ્ટ બનવાથી આનંદકુમારને પિતા સારૂં કરે તો પણ એને અરાબ લાગે છે પણ રાજાનું હૃદય તો એટલું પવિત્ર છે કે પુત્રના દુષ્ટ આચરણની ગંધ પણ એને આવતી નથી.

"સિંહરાજા આનંદના મહેલે આવ્યા"

મહારાજાએ આનંદને બોલાવવા માણસોને મોકલ્યા પણ તે ન આવ્યો પણ રાજા તો ખૂબ સજ્જન અને ઉદાર છે. એટલે કુમારના મનમાં જરાય પણ દુઃખ ન થાય એટલા માટે રાજ્યાભિષેક નક્કી કરવા અને એને બધી સમજુતી આપવા કુમારના મહેલે આવ્યા. રાજાના મનમાં એવી કલ્પના નથી કે આ કુમારે મને મારી નાંખવાનું કાવત્રુ રચ્યું છે. એ તો સાથે એક પહેરેગીરને લઈને કુમારના મહેલે આવ્યા. આ જોઈ આનંદકુમારે વિચાર્યું કે મારો બાપ મને મારી નાંખવા આવે છે, તો હું તેને મરાવી નાંખું. આના જેવો અવસર ફરી નહીં મળે.

બંધુઓ! કુમારનું નામ આનંદ છે પણ કામ તો કર્મ બાંધવાના છે. નામની કંઈ વિશેષતા નથી. નામ તો શાન્તિલાલ અને શાન્તાબહેન હોય પણ જીવનમાં શાંતિનો છાંટો ય ન હોય. નામ હીરાલાલ, પન્નાલાલ ને માણેકચંદ હોય પણ પાસે હીરા, માણેક કે પન્ના ન હોય. નામ ગુણવંતલાલ હોય પણ જીવન અવગુણથી ભરેલું હોય. અહીં પણ કુમારનું નામ આનંદ હતું પણ અંતર તો કષાયથી ભરેલું હતું. રાજા માને છે કે પુત્ર મારો છે. મારું કહ્યું માનશે એવો એને વિશ્વાસ છે. પણ જ્ઞાની કહે છે કે જ્યાં તને વિશ્વાસ છે ત્યાં ધોખો આવે એનું નામ સંસારની અસારતા. ગમે તેવા સરસ પકવાનના થાળ ભરેલા પડયા હોય પણ કોઈ કહે કે એમાં જરાક ઝેર પડયું છે, તો એ થાળ નકામો ને? તેમ આ રંગ-રાગ અને વિષયસુખોથી ભરેલો સંસાર તમને વહાલો લાગે છે પણ તે અસાર છે. સંસારનું એક પણ તત્ત્વ એવું નથી કે જે જીવને ઉન્નત બનાવે. એ તો તમે જ્યાં વિશ્વાસ કર્યો ત્યાં ધોખો આપે. આનંદકુમારનો જન્મ થતા વેંત માતાએ તરછોડી મૂકયો હતો, પણ રાજાએ પ્રેમથી ઉછેર્યો. સર્પને દૂધ પાવામાં આવે પણ અંતે તો એ ઝેર રૂપે પરિણમે છે. તેમ આનંદકુમાર પિતાનો ઉપકાર માનવાને બદલે એનો બદલો દ્વેષથી વાળવા તૈયાર થયો. પિતાને આવતો જોઈ તલવાર કાઢીને સજ્જ થયો અને સાથે પેલા દુર્મતિ રાજાને સહાયક તરીકે ઉભો રાખ્યો.

પુત્રનો પિતા ઉપર ઘા અને પિતાની ઉદારતા

સિંહરાજા જેવો ઉપર ચડે છે તેવો કુમાર તૈયાર ઉભો હતો. જેમ ઉંદર પર બિલાડી તરાપ મારે તેમ રાજાની સાથે આવેલ પહેરેગીરના તલવારના એક ઝાટકે બે ટુકડા કરી નાંખ્યા અને સિંહરાજા નજીક આવ્યા કે તેમના ઉપર પણ તલવારનો ઘા કર્યો. સગા બાપ ઉપર તલવારનો ઘા કરતા અચકાયો નહીં અને પાછો ઉપરથી શું બોલવા લાગ્યો કે લે માર.... લે માર.... જાણે કે રાજા પોતાના ઉપર ધસી આવ્યો છે, ને પોતે પોતાનો બચાવ કરવા તલવાર લઈને ઉભો ન હોય!

"મ લૂમ હોતા પિતા જાન ગયે, મેરા ષડયંત્ર
કરતા બહાના લોગ દિખાઉં, કબ તક રહું પરતન્ત્ર
ડાલ કૈદમેં બાપ આય લે, રાજ્ય બના સ્વતંત્ર હો... શ્રોતા તુમ..."

કુમારનો અવાજ સાંભળી બીજા પહેરેગીરો દોડી આવ્યા. મારો.... મારો.... અવાજ સંભળાયો. આખા નગરમાં ખબર પડી ગઈ ને કોલાહલ મચી ગયો ને સૈન્યમાં ખળભળાટ થઇ ગયો. કુમારના મહેલને ચારે બાજુથી સૈન્યે ઘેરી લીધો. સૌ સમજી ગયા કે કુમારના કારસ્તાન છે. એટલે બધાં કહે છે આનંદને મારી નાખો, ત્યારે સિંહરાજા કહે છે તમે કુમારને કંઇ કરશો નહિ. એને મારશો તો સમજી લેજો કે મને માર્યો છે. જો મારો જીવનો રાખવો હોય તો એને કંઈ ન કરશો. અમલદારો અને સૈનિકો તો આનંદ ઉપર ક્રોધથી ધમધમી ઉઠયા છે પણ રાજાને કેવો સમભાવ છે! સૈનિકોને કહે છે તમે જાઓ ને કુમારનો રાજ્યાભિષેક કરાવો, એ તમારો રાજા છે. એનું મુહૂર્ત નજીક આવી ગયું છે.

"રાજા કૈદમાં ને કુમાર ગાદી પર":-જુઓ, આ સિંહરાજા સંસારમાં હતાં, દીકરાએ તલવારનો ઘા કરીને ઉપરથી બાપ પોતાને મારવા આવ્યો છે તેવો આક્ષેપ મૂકયો છતાં પોતે પુત્રનું ભલું ઇચ્છે છે. દુઃખમાં આવો સમભાવ રહેતો કર્મ ખપી જાય રાજાને તલવારનો ઘા કરીને પતાવ્યું નહીં એણે શું કર્યું? પેલા દુર્મતિ રાજા પાસે સિંહરાજાને મજબૂત બંધને બાંધી દેવરાવ્યો. રાજાના સૈનિકો વચમાં પડયા. નગરજનો આવ્યા પણ એના માણસોએ બધાને હઠાવીને રાજાને મુશ્કેરાટ બંધાવીને તેના માણસોને સોંપી ચારે બાજુ પહેરો ગોઠવી દીધો. અને પોતે પોતાની જાતે ગાદી પર બેસી ગયો ને ગામમાં શું જાહેરાત કરાવી!

કરી ઘોષણા પુર મેં ઐસી, રાજા થા કમજોર,
વહ તો રહેતા ધર્મધ્યાન મેં, બડે શત્રુ સહુ ઔર
ઇસસે નૃપ આનંદ બના, સુન મચા શહેરમેં શોર હો. શ્રોતા તુમ...

સિંહરાજા હવે વૃદ્ધ બની ગયા છે. રાજ્યનો કારભાર સંભાળી શકતા નથી. એ

તો નિરંતર ધર્મધ્યાનમાં રક્ત રહે છે. પણ ચારે બાજુથી શત્રુઓ વધતા જાય છે. હવે આનંદકુમાર મહારાજા બન્યા છે. આનંદ રાજા બન્યો તે પ્રજાને જરાય ગમ્યું નહિ પણ રાજાનું વચન હતું એટલે કોઇ કાંઇ કંઇ બોલી શકયું નહીં. એણે બધી વ્યવસ્થા કરી દીધી અને સામંત રાજાઓને વશ કરી દીધા. અને પૂર્વના ગાઢ વૈરના કારણે સિંહરાજાને નરકાગાર જેવા કારાગૃહમાં પૂર્યા.

એની દિવાલો જીર્ણ બની ગઇ છે. એવી તીરાડો પડી હતી કે એમાં મોટા સર્પ રહેતા હતા. જમીન પર વીંછી ફરતા હતા. ડાંસ-મચ્છર અને માખીઓનો ગણ-ગણાટ સંભળાતો હતો. અને વિષ્ટાની ગારથી લીંપ્યું હોય તેવી દુર્ગંધ મારતી હતી. ઠેરઠેર કરોળિયાની જાળ ને સર્પની કાંચળી લટકતી હતી. જાણે નરકની વેદના જોઇ લો. સર્વ દુઃખોના સમુહોની જાણે સભા અધર્મની જાણે ક્રીડા ભૂમિ જોઇ લો અને યમરાજનું સિદ્ધક્ષેત્ર ન હોય તેવું ભયાનક આ જેલખાનું હતું.

રાજાને કેદખાનામાં લઇ જવામાં આવ્યા છે. એવી અંતઃપુરમાં રાણીઓને ખબર પડી એટલે પટ્ટરાણી કુસુમાવલી સહિત અંતઃપુરને ખૂબ આઘાત લાગ્યો એટલે કરૂણ આક્રંદ ને વિલાપ કરવા લાગી. બધી રાણીઓ મહેલમાંથી નીકળી જેલ તરફ જવા તૈયાર થઇ. કુસુમાવલી આદિ રાણીઓ માથાકૂટતી, છાતીકૂટતી, વાળના ઝંટીયા ખેંચતી ત્યાં આવી. જેમ કોઇનો મોતીનો હાર તૂટીને જેમ મોતી નીચે પડે તેમ રાણીઓની આંખમાંથી બોર બોર જેવા આંસુ સરી પડે છે. દુઃખ રાજાને માથે આવ્યું છે પણ રાણીઓથી રાજાનું દુઃખ જોયું જતું નથી. જેમ ગુલાબનું પુષ્પ કરમાઇ જાય તેમ પુત્રના ત્રાસથી રાજાનું દુઃખ જોઈ કરમાઇને કરૂણ સ્વરે રૂદન કરતી કલ્પાંત કરવા લાગી. હવે શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૪૦

શ્રાવણ સુદ ૫ ને શનિવાર **તા. ૧૮-૮-૭૩**

પરમકૃપાળુ પરમાત્માએ જગતના જીવોના ઉદ્ધારમાટે સિદ્ધાંતવાણી પ્રકાશી. આજે પંદરનું ઘર છે તે આપણને સૂચના કરે છે કે હે ભવ્ય જીવો! આજથી પંદરમે દિવસે પર્વાધિરાજ સંવત્સરી મહાન પર્વ આપણા આંગણે આવી રહ્યું છે. દુનિયામાં પર્વ ઘણા આવે છે. આ પર્વની જો કોઇ વિશેષતા હોય તો એ છે કે અનાદિકાળથી જીવની વિષયસુખ પ્રત્યેની જે વાસના છે તેને દૂર કરાવનાર છે. એ પર્વ આવતાં પહેલા આપણને કેટલી વાર જગાડે છે. આજથી પંદર દિવસ પહેલાં મહિનાનું ઘર આવ્યું હતું. ઘર

એટલે શું? ઘર એટલે પકડવું. શું પકડવું? ભગવાન કહે છે કે જીવ! અનાદિકાળથી તારું મૂળસ્થાન છોડીને અન્ય સ્થાનમાં ભમી કષાયોને વશ થઇ ગયો છે. તે અન્ય સ્થાનને છોડી તારા મૂળ સ્થાનને પકડી લે અને સ્વભાવમાં સ્થિર બની જા. સંસારનું મૂળ કષાય છે. રાગ અને દ્વેષ એ કર્મના બીજ છે.

ખેતરમાં બેડૂત બીજ આવે છે ત્યારે પાક ઉતરે છે. તેમ આપણા જીવનરૂપી ક્ષેત્રમાં રાગ-દ્વેષરૂપી બીજનું વાવેતર કરવાથી પાપકર્મરૂપી પાક ઉતરે છે. તેને ભોગવતી વખતે પણ જો સમતા ન રહે તો નવા કર્મો બંધાવાના અને પરિણામે સંસારનું ચક્ર ફર્યા કરવાનું–પણ રાગની આગમાં ભાન ભૂલેલા જીવોને ભાન નથી કે તેમાં પડતું મૂકીશ તો બળીને ભડથું થઈ જઈશ. જુઓ, પતંગીયું પ્રકાશ દેખીને પાગલ બને છે અને એ પ્રકાશમાં તેનું જીવન ઝંપલાવે છે તો તે બળીને સ્વાહા થઇ જાય છે.

"પતંગો તો નહિ સમજે, અગર સમજે તો કહી દેજો,
દીપકમાં હાઝવા કરતાં, મઝા છે દૂર રહેવામાં,
સમીપ સંતાપ બહુ ઝાઝા, મઝા છે દૂર રહેવામાં"

જ્ઞાનીઓ કહે છે વિષયોની વાતો જ્યાં થતી હોય ત્યાં કદી જશો નહિ. એકેક ઇન્દ્રિયના વિષયો કેવા ભયંકર છે! પતંગિયું જ્યારે પ્રકાશમાં પડવા જતું હોય ત્યારે એને પકડીને કોઇ દૂર મૂકે તો પણ પાછું ઉડીને ત્યાં આવે છે. લક્ષ્મીના મોહમાં પાગલ બનેલા જીવોની પણ આવી દશા છે. ઉપાશ્રયે આવવાની પુરસદ નથી પણ યાદ રાખજો કે કાળ આવશે ત્યારે શું કરશો? તમે એમ કહી શકશો કે મને અત્યારે પુરસદ નથી. સર્જન ડૉકટરને બોલાવો ને કહો કે ગમે તેમ કરો પણ મને બચાવો ત્યારે ડૉકટર શું કહે છે? ભાઇ! ઉપાયો તો કરું છું પણ તૂટી તેની જુટી નથી. તૂટેલું આયુષ્ય સંધાતું નથી. વૃક્ષ ઉપરથી પાંદડું ખરે પછી વૃક્ષ ઉપર જઇ શકતું નથી. ફરીને નવું આવે છે પણ ખરેલું પાછું ઉપર જઇ શકતું નથી. યાદ રાખજો તેમ આપણું પાંદડું ક્યારે ખરી પડશે તે ખબર નથી–માટે જીવનમાં ધર્મની કમાણી કરી લો, રાગ-દ્વેષ અને મોહનું પરિણામ પાપ છે. જીંદગી નાની છે. તેમાં પાપની પ્રવૃત્તિ ઓછી કરો અને વીતરાગ બનવા ચિત્તનો રાગ છોડો.

જમાલિકુમારને પ્રભુની વાણી સાંભળીને કેવો આનંદ આવ્યો! જેમ ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, રોગીને ઔષધ ને થાકેલાને વિસામો મળે તો કેવો આનંદ થાય? તેમ હે નાથ! તારી વાણી સાંભળી મને તેટલો આનંદ થયો છે.

મારી ભવભવની ભૂખ ભાંગી ગઇ છે. તારી વાણી સત્ય છે, નિઃશંક છે. તારા સિવાય હવે મને કયાંય ગમતું નથી; પ્રાણ વિનાના કલેવરની કિંમત નથી તેમ હે નાથ! તારા વિનાના જીવનની કંઇ કિંમત નથી. જેના જીવનમાં દેવ-ગુરૂ અને ધર્મ નથી તેનું જીવન

પ્રાણ વિનાના કલેવર જેવું છે. જમાલિકુમારને એવો મજીઠીયો રંગ લાગ્યો છે. હળદરનો રંગ તડકે મૂકો તો ઉડી જાય. પણ મજીઠીયો રંગ ઉડે નહિ. જમાલિકુમારનો સંસાર પ્રત્યેનો મોહ ઉતરી ગયો. તમને આવો ધર્મ મળ્યો છે, વીતરાગ વાણી મળી છે–તો હાડહાડની મીંજમાં ધર્મનો રંગ લાગવો જોઇએ.

ધર્મનો રંગ લાગ્યા પછી લક્ષ્મીની મમતા ન રહેવી જોઇએ. ધર્મનો સાચો રંગ લાગશે ત્યારે બાકી બોદા રત્નોનો ચરૂ નીકળશે તો ય લેવાનું મન નહિ થાય.

ધર્મ રાજા રાજ્ય કરતા હતા તે સમયની વાત છે. એક માણસે ખેડૂતની પાસેથી પાસેથી બે વીઘા જમીન વેચાતી લીધી. વરસાદ પડતાં પહેલાં જમીનને ખેડી રહ્યો છે. ખેડતા ખેડતાં હળ અટકયું. જોયું તો કિંમતી રત્નોનો ભરેલો ચરૂ હતો. ખેડૂત વિચાર કરે છે મેં જમીન લીધી છે. ચરૂ નથી લીધો. આ ચરૂનો હક્ક જમીનના માલિકનો છે મારો નહિ. એટલે જેની પાસેથી જમીન લીધી હતી તેની પાસે આવીને કહે છેઃ આપની પાસેથી વેચાતી લીધેલી જમીન ખેડતા આ ચરૂ મને મળ્યો છે, તો આપ લઇ લો. ત્યારે જમીનદાર કહે છેઃ ભાઇ એ જમીન તેં વેચાતી લીધી છે માટે તારો હક્ક છે. મેં ઘણીવાર જમીન ખેડી છતાં ચરૂ કેમ ના નીકળ્યો? માટે તું લઇ જા. ત્યારે પેલો ગરીબ ખેડૂત કહે છેઃ હું એને અડું નહિ.

દેવાનુપ્રિયો! વિચાર કરજો. તમે શ્રાવક છો. પ્રતિક્રમણમાં રોજ બોલો છો ને કે પરધન પથ્થર સમાન. રોજ નહિ બોલતા હો તો સંવત્સરીના દિવસે તો જરૂર બોલવાના. ખેડૂત કેટલો પ્રમાણિક છે! એને મળે છે તો પણ જોઇતું નથી. બોલો મારા શ્રાવકો! આ રીતે મળી જાય તો પરધન પથ્થર સમાનને બદલે હાથમાં આવે તો ઘર સમાન. (હસાહસ). કેમ બરાબર ને? કેટલી ધનની મૂર્છા! ધનની મૂર્છા જીવને ક્યાં લઇ જશે? પેલો ખેડૂત કહે છે પારકું ધન મારા ઘરમાં આવે તો મારા મનના પરિણામ બગાડી નાંખે અને મને દુર્ગતિમાં લઇ જાય. ત્યારે જમીનદાર કહે છેઃ તો મારે પણ નથી જોઇતું. ચાલો રાજાને સોંપી દઇએ.

કેવી ધનની મૂર્છા ઉતરી હશે! એ જીવો કેવા પવિત્ર હશે! આવી પરિગ્રહની મૂર્છા છૂટે તો સમજી લેજો કે હું ધર્મ પામ્યો છું. હું પ્રતિક્રમણ કરું, સામાયિક કરું, વીતરાગ વાણી સાંભળું, બ્રહ્મચર્યનું પાલન કરું, યથાશક્તિ તપ કરું અને કયારે પણ પારકું ધન લૂંટવાની અગર હિંસા કરીને ધન કમાવાની વૃત્તિ ન થાય. હે ભગવાન! એવું મારે જોઇએ છે. આનું નામ ધર્મ પામ્યા કહેવાય.

"ધરમ ધરમ કરતો સહુ જગ ફીરે, ધર્મનો મર્મ ન જાણે કોઇ,
ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કર્મ ન બાંધે કોઇ."

આજનો માનવી ધર્મ ધર્મની બાંગો પોકારે છે. પણ ધર્મ શું ચીજ છે, એનો

એનો મર્મ કોઇ સમજતું નથી. આવો કેવળી પ્રરૂપિત દયાધર્મ મળ્યા પછી ક્ષણે ક્ષણે એવી જાગૃતિ રહેવી જોઈએ કે મારાથી હવે પાપનો ધંધો કરાય નહીં. પણ આજનો માનવી પૈસા માટે જૈન ધર્મને ન શોભે તેવા પાપ કરવા તૈયાર થાય છે. વિશ્વમાં વધતા જતા ભૌતિકવાદે માનવીની પવિત્ર ભાવનાઓનો ભૂક્કો કરી નાખ્યો છે. ક્ષણિક સુખના સાધનો ખાતર માનવી સંસ્કાર અને ધર્મનીતિને નેવે મૂકી દે છે. હમણાં એક પત્રિકામાં વાંચવામાં આવ્યું છે તે આપની સમક્ષ રજૂ કરું છું.

એક જૈન કુટુંબ ખૂબ સંસ્કારી. એ ઘરમાં કાંદા-કંદમૂળ કદી ન આવે. રોજ ચૌવિહાર કરવો, સંતદર્શને જવું. એવા આનદ્યાન અને સંસ્કારી કુટુંબનો સરોશ નામનો છોકરો અમેરિકા ભણવા ગયો. ખૂબ હોંશિયાર હતો. એટલે થોડા સમયમાં અમેરિકાથી મેકેનિકલ એન્જીનીયરીંગની ડીગ્રી મેળવી ભારતમાં આવ્યો. અહીં તેને કેમિકલ ફેકટરીમાં રૂા. ૧૦૦૦) નો મહિને પગાર, રહેવા સારો ફ્લેટ અને એમ્બેસેડર કાર અને વર્ષમાં એક વખત મહિના માટે ફરવા જવાનો બધો ખર્ચ. ટેલિફોન, નોકર-ચાકર બધું ફેકટરી તરફથી મળ્યું. આટલી સગવડ અને હજારનો પગાર મળવા છતાં સરોશના મનમાં એમ થતું કે હું અમેરિકા જઈને ભણી આવ્યો છતાં મને હજાર રૂપિયાનો જ પગાર. મારા માટે આ નોકરી હલકી ગણાય. એનાથી ચઢિયાતી નોકરી મળે તો એને જોઈતી હતી. જૈનમાં સંસ્કારી કુટુંબનો દીકરો છે. આટલું મળવા છતાં એની તૃષ્ણા છીપી નહિ. એનાથી મોટી ફેકટરીઓમાંથી એને માટે ઓફરો આવતી પણ એને બધું ઓછું લાગતું હતું. કારણ કે આજનો માનવ પૈસાને પ્રતિષ્ઠાનું પ્રતીક સમજે છે. એટલે પ્રતિષ્ઠા મેળવવા ગમે તે રીતે એ ધન મેળવવા ફાંફા મારે છે.

સરોશ સારી નોકરી માટે તપાસ કરતો હતો. એમ કરતાં એક દિવસ પેપરમાં જાહેરાત વાંચી કે આવી ડીગ્રી મેળવીને આવેલા એન્જીનીયરની જરૂર છે. જો આ સર્વિસ સ્વીકારશે તો મહિને ત્રણ હજારનો પગાર, એરકંડીશન ફ્લેટ, ફોરેનની કાર, નોકર-ચાકર, રસોઇયો અને દર વર્ષે એક વાર ફોરેનની મુસાફરી. સરોશને આવી નોકરી જોઇતી હતી. પણ એમાં પાપનું કામ હતું. છતાં પૈસા મેળવવા સરોશનું મન તો તલપાપડ થઇ રહ્યુ હતું. પણ એના માતા-પિતા હા પાડશે કે નહિ તેની ચિંતા હતી. શા માટે ચિંતા હતી? કે એ નોકરીમાં એક મોટું નવીન ટાઇપનું કતલખાનું ખોલવાનું હતું. તેમાં ગાય-ભેંસ, બકરા-ડુક્કર આદિ પ્રાણીઓની કતલ કરવા માટે મોટા મશીનની ગોઠવણ કરવાની હતી. એ મશીન એવું બનાવવાનું હતું કે પ્રાણીઓની કતલ થતાં એક બાજુ ચામડું ને હાડકાં જુદા પડી જાય. અને બીજી બાજુ લોહી-માંસ જુદા પડી જાય અને ત્રીજી બાજુ ચરબી ને પ્રાણીઓના કલેજાં જુદા પડી જાય અને આ વસ્તુઓને સફાઈદાર બનાવી, એને પેક કરી ફોરેન મોકલવાની યોજના કરવાની હતી. તે ઉપરાંત એ

પ્રાણીઓના પૂંછડાના વાળથી માંડીને પગની ખરી આદિ ચીજો અલગ કાઢી લઈને તેને રીફાઇન કરી પરદેશ મોકલી મોટું હૂંડિયામણ મેળવવાની એ કારખાનું ખોલનારની ઈચ્છા હતી. આવો ભારે પગાર મળે અને ભવિષ્યમાં વધુ આગળ વધવાની આકાંક્ષાવાળા સરોશને આ સર્વિસ સ્વીકારવાનું આકર્ષણ થયું. ઘરના વડીલોની પરવાનગી સિવાય એણે ઓફર સ્વીકારી લીધી.

આ તરફ એના માતા-પિતા આદિ કુટુંબીજનોને ખબર પડી કે સરોશે આવી એકાંત હિંસામય નોકરીની ઓફર સ્વીકારી છે. છાપાઓમાં પણ સમાચાર વાંચ્યા કે એશિયામાં પ્રથમ અને અદ્યતન કતલખાનાના એન્જીનીયર મેનેજરના પદે એની નિમણુંક થઇ છે. આ જાણીને એના કુટુંબીજનોમાં, મિત્રવર્ગમાં, જ્ઞાતિવર્ગમાં ખૂબ ઉહાપોહ થયો અને એના માતા-પિતાને કહે કે તમારો છોકરો આવી નોકરી સ્વીકારે છે. મા-બાપને આ વાત માનવામાં નથી આવતી. અહો! અમારા સંસ્કારી કુટુંબમાં ઉછરેલો દીકરો આવું કરે નહિ. છતાં ખૂબ વાતો આવી, પેપરમાં વાંચ્યું એટલે એના મિત્રોએ તથા માતા-પિતાએ ખૂબ ઠપકો આપ્યો ને વિરોધ દર્શાવતો પત્ર લખ્યો. ભાઇ સરોશ! અમે પેપરમાં વાંચ્યું છે કે તેં આવા જંગી કતલખાનાના મેનેજરની નોકરી સ્વીકારી છે. આ સાંભળી અમારા હૈયામાં ઘા પડી ગયા છે. ખૂબ આઘાત લાગ્યો છે. ભાઇ! તારે કઇ વાતનો તૂટો હતો કે નરકમાં લઇ જાય તેવા પાપમય કતલખાનાનો કસાઇ બનવાની નોકરી સ્વીકારી. તું વધુ પગાર, બંગલા, ગાડી, મોટર અને નોકર-ચાકરની સગવડની લાલચમાં લલચાયો હશે! પણ તને કંઈ વિચાર થાય છે કે આપણું કુટુંબ કેવું ખાનદાન! આપણા ઘરમાં કાંદા-બટાટા આદિ કંદમૂળ ન ખવાય. રાત્રી ભોજનનો ત્યાગ, દરરોજ ઉપાશ્રયે જવાવાળા અને તું જ્યારે ફોરેન ગયો ત્યારે તેં અમને વચન આપ્યું હતું કે હું દારૂ-માંસનું સેવન નહિ કરું. પરસ્ત્રી ગમન નહિ કરું. અત્યાર સુધી તેં એ વચનનું પાલન બરાબર કર્યું છે. આપણે કીડીની પણ દયા પાળવાવાળા, તેના બદલે લોહીની નીકો વહે ને માંસના ઢગલા થાય, એમાં તારે કામ કરવાનું અરેરે.... દીકરા! તેં આ શું કર્યું? આવી હિંસામય ને પાપનો પોટલો બંધાવનારી નોકરી સ્વીકારવાની કુમતિ કેમ સૂઝી એ અમને સમજાતું નથી. અમને આ વાતનું ભારે દુઃખ થયું છે. જો તું અમારો સાચો સંતાન હોય અને તારા મા બાપનું મુખ જોવું હોય તો આ પત્ર વાંચીને તરત રાજીનામું મૂકી દેજે.

માતા-પિતાનો પત્ર વાંચી સરોશને ચ્રૂન્તરી છૂટી. આંચકો આવ્યો. થોડી વાર તો થયું કે માતા-પિતાની વાત સાચી છે પણ બીજી ક્ષણે એનું હૃદય પલટાયું. એ તો જુનવાણીના માણસો. એ લોકો માને છે એવું કંઇ નથી. આ કંઇ જેવું તેવું કતલખાનું થોડું છે કે જ્યાં ને ત્યાં લોહી-માંસ અને હાડકાના ઢગલા દેખાય? આ તો નવીન

ટાઇપનું કતલખાનું. ઘાસ ચરતા પ્રાણીઓને પણ ખબર ન પડે કે એમના પર છરો ફરી ગયો ને એક લોહીનું ટીપું પણ ન દેખાય. આમાં શું ખોટું છે? અનાજની તંગી છે. આવા કારખાનાથી ભૂખમરો ઓછો થશે. મા-બાપ અને કુટુંબીજનો તો બે દિવસ બોલીને બંધ થઈ જશે પણ આવી સરસ નોકરી છોડીને આવી તક ગુમાવીને મારે મારું ભવિષ્ય બગાડવું નથી. પૈસા માટે કેટલા દુષ્ટ વિચારો! કસાઇ અને આનામાં શું ફેર છે? છેવટે તેણે પ્લાન બનાવીને તેના સાહેબોને ખુશી કર્યા.

બંધુઓ! જુઓ, તમે તમારા સંતાનોને પરદેશ ભણવા મોકલો છો. તે શા માટે? વધુ કમાવાની લાલસાએ ને? એ પૈસાની અતિ આસક્તિ કેવું કામ કરે છે! ઘણાં છોકરાઓ પરદેશ જઇને ત્યાંની કન્યાઓને પરણી જાય છે. પરમાટી ખાતા થઇ જાય છે. ત્યારે મા-બાપ પોશ આંસુએ રડે છે. આ સરોશના માતા-પિતાને ખબર પડી કે છોકરાએ નોકરી છોડી નથી. તે બેભાન થઈ ગયા. ફરીને લગ્યું કે દીકરા! તને ભણવા પરદેશ મોકલ્યો એ મોટી ભૂલ કરી. અમે તને પૈસા ખર્ચીને ભણાવ્યો ત્યારે તું આ પાપ કરવા ઉઠયો ને? તું આ નોકરી ન છોડે તો હવે અમારા ઘરમાં પગ મૂકીશ નહિ. તું અમારો દીકરો નહિ અને અમે તારા મા-બાપ નહિ. અમારો દીકરો કદી કસાઇના કામ કરે નહિ. કસાઇ તો ગણતરી જીવોની કતલ કરે પણ તું તો કસાઇનો કસાઈ છે. આવા ભયંકર શાસ્ત્રોની શોધ કરી અસંખ્ય જીવોને કાપીશ. આ પાપથી તું કયા ભવે છૂટીશ? અમારું તો કાળજું કામ કરતું નથી. પણ સરોશનું હૃદય હવે નિષ્ઠુર બની ગયું છે. એને કંઇ અસર ન થઈ.

સરોશના પ્લાનથી એના સાહેબોને સંતોષ થયો. પણ એને કહ્યું કે હજુ કામ શરૂ કરતાં પહેલાં દેશના મોટા મોટા કતલખાનામાં તમે જાતે જઈને નિરીક્ષણ કરી આવો કે ત્યાં શું ખામી છે ને શું વિશેષતા છે? એટલે સરોશ ગાડી લઇને કતલખાનાનું નિરીક્ષણ કરવા નીકળ્યો. ગાડીનો ડ્રાઇવર મુસલમાન હતો. તેનું નામ મહંમદ હતું. બપોર થતાં જમવાનો સમય થયો એટલે એક સારી હોજ પાસે ગાડી ઉભી રખાવીને ડ્રાઇવરને કહે ચાલ, આપણે બંને જમી આવીએ. ત્યારે ડ્રાઇવર કહે છે, સાહેબ! મને અહીં ના ફાવે. હું ઇસ્લામી હોજમાં જઇશ. સાહેબ કહે ભલે- બંનેએ જમી લીધું. કલાક આરામ કરીને મુસાફરી શરૂ કરી અને એક શહેરના મોટા કતલખાનામાં ગયા. ત્યાંની કાર્યવાહી તપાસી. મહંમદ સરોશની સાથે હતો. કતલખાનામાં કપાતા તરફડતા પ્રાણીઓને જોઇને મહંમદના હૃદયમાં ધ્રુજારી છૂટી. સાહેબને કહે છે, સાહેબ! મારે તમારી ગાડી ચલાવવી નથી. મને નોકરીમાંથી છૂટો કરો. સરોશ પૂછે છેઃ કેમ શું થયું? શા માટે ચિંતા કરે છે? મારો પગાર વધશે એમ તારો પણ વધશે. મહમંદ કહે છે, સાહેબ! મને પગારની ચિંતા નથી પણ આ મૂંગા પ્રાણીઓને કપાતા અને તરફડતા જોઇને મારું

હૈયું કંપી જાય છે. હું માંસાહારી છું. ગઇ કાલે પણ ઇસ્લામી લોજમાં ટેસ્ટદાર રસોઇ જમી આવ્યો છું. મેં માંસ ઘણું ખાધું છે. પણ આ જીવોની જે કતલ થઇ રહી છે તે નજરે મેં કદી જોઇ નથી, અમે તો બજારમાંથી તૈયાર લાવીને ખાઇ લઇએ. પણ અત્યારે હું મારી નજર સમક્ષ નિહાળી રહ્યો છું. આ મૂંગા પ્રાણીઓની કેવી દશા ? નાના નાના કોમળ બચ્ચાઓને એની માતાથી વિખૂટા પાડીને એની માતા અને એનાં પ્યારા બાળકોને ક્રુર રીતે કાપી નાંખે છે તે જોઇને મારું માથું ભમી જાય છે. આંખે અંધારા આવે છે. હવે મને સમજાયું કે મઝાની ટેસ્ટદાર રસોઈ કેવી રીતે તૈયાર થાય છે.! કેટલા જીવોના પ્રાણ લૂંટાય છે! થાળીમાં સ્વાદિષ્ટ ચીજો પીરસાય છે તે કેવી રીતે બને છે તેની અત્યાર સુધી માત્ર કલ્પના હતી પણ આજે પ્રત્યક્ષ જોયું ને મને કમકમાટી આવી ગઇ. હવે આ નોકરી મારે ના જોઇએ.

જુઓ, માંસાહારી મહેંમદને આટલી અસર થઇ પણ પેલો જૈનનો દીકરો સરોશ કહે છેઃ મહેંમદ ! પણ આપણે આ હિંસા કયાં કરવાની છે? એ તો બીજા માણસો કરશે. આપણે તો માત્ર નિરીક્ષણ કરવાનું ને ઓર્ડર આપવાના. મહેંમદ કહે છે તમારે આવા કતલખાના જોવા જવાનું અને મારે સાથે ગાડી લઇને તો આવવું પડે ને ! મારાથી આ જોવાતું નથી. મેં આજથી નક્કી કર્યું છે કે મારે હવે કદી માંસ ખાવું નહી. મને જેવું મારૂં જીવન પ્રિય છે. તેમ દરેકને પોતાનું જીવન પ્રિય છે. કોઇને મરવું ગમતું નથી. બસ, મારે આ નોકરી કરવી નથી. આપણું કતલખાનું શરૂ થાય તે પહેલાં નોકરી છોડી દેવી છે

મહેંમદના એકેક શબ્દે સરોશના હૃદયનું પરિવર્તન થવા લાગ્યું. ઘેર જઇને જમવા બેઠો ત્યાં પણ તેને કતલખાનાનું દૃશ્ય પ્રત્યક્ષ દેખાવા લાગ્યું. જેમ તેમ ખાઇને ઉઠી ગયો. રાત્રે સૂઇ ગયો પણ મહેંમદના શબ્દો કાનમાંથી જતા નથી. અહો ! જે કાયમ માંસાહાર કરનારો, અને સામાન્ય કક્ષાના અભણ ડ્રાઇવરે કતલખાનાનું દૃશ્ય જોઇને માંસાહારનો ત્યાગ કર્યો અને નોકરીમાંથી છૂટો થવા ઇચ્છે છે. એને તો ફકત મારી ગાડી ચલાવવાની છે છતાં તેને જીવોને કપાતા જોઇને કેટલી અનુકંપા આવી છે ! જયારે મેં તો કદી દારૂ પીધો નથી, માંસ ખાધુ નથી. જૈનનો દીકરો છું છતાં આટલા મોટા ભયાનક કતલખાનાનો મેનેજર બન્યો ? કેટલા જીવોની હિંસા થશે ? હું કેવો પાપી ? માબાપની શિખામણનો અનાદર કર્યો. ધિક્કાર છે મને ! બસ, હવે મારે પણ આ નોકરી ન જોઇએ. દેશમાં ૫૦૦, રૂ. ના પગારની નોકરી સ્વીકારી લઇશ પણ આ પાપનો ધંધો કરવો નથી. બીજે દિવસે સવારમાં ઉઠી રાજીનામું આપી દીધું બધા સાહેબોએ એને ખૂબ સમજાવ્યો પણ એણે ચોખ્ખી ના પાડી દીધી અને સાંજે પોતાના વતનમાં જવા ઉપડી ગયો. માતા-પિતા પાસે જઇને પોતે આવી રીતે રાજીનામું આપ્યાની વાત

કરી. પોતે મોટી ભૂલ કરી છે તે બદલ ખૂબ પસ્તાવો કરી માતા-પિતાના ખોળામાં માથું નાંખીને ધ્રુસકે ને ધ્રુસકે રડી પડયો અને હવે ફરીને કદી ભૂલ નહિ થાય તેવી પ્રતિજ્ઞા કરી.

દેવાનુપ્રિયો! એક મુસલમાન મહંમદ જેવો ડ્રાઇવર મૂંગા પ્રાણીઓની હિંસા થતી જોઈને કકળી ઉઠયો તો સરોશ પણ સુધરી ગયો. અહાહા.... પૈસાની લાલસા પાછળ માણસ કેટલું પાપ કરવા તૈયાર થાય છે?

હવે પર્યુષણ પર્વ નજીક આવી રહ્યા છે. ઘરઘરમાં તપની ઢાંડી પીટાવો. કર્મ ખપાવવા માટે તપ અમોઘ ઔષધિ છે. ભગવાન મહાવીર રાજકુમાર હતા. કેટલી સુકુમાર કાયા હતી. છતાં કેવા ઉગ્ર તપ કર્યા છે! બે માસી, ચાર માસી, પાંચ માસી ને છ માસી તપ કર્યા. અને કેવળજ્ઞાન લઇને જંપ્યા છે. આપણે પણ કેવળ જ્ઞાન લેવું છે તો એવી ઉગ્ર સાધના કરવી પડશે. જીવનમાં તપ-ત્યાગના દીવડા પ્રગટાવો. ઘરઘરમાં ધર્મની ઢાંડી પીટાવો. અમે તપની ઢાંડી પીટાવીએછીએ તો અમારા ઉપાશ્રયમાં પણ સતીઓનો તપ ચાલુ છે. કૃષ્ણ મહારાજા દીક્ષાનો ઢંઢેરો પીટાવતા હતા ત્યારે સત્યભામા-રૂક્મણી આદિ રાણીઓ કહે છે ઘરસહિત ઢંઢેરો પીટાય છે. મારી પટ્ટરાણીઓ, મારા કુમાર-કુમારીઓ જેને દીક્ષા લેવી હોય તે લો. મારી રજા છે. કૃષ્ણની આજ્ઞા થતાં સત્યભામા, રૂક્મણી આદિ પટ્ટરાણીઓ દીક્ષા લઇને ચાલી નીકળી. મારા બંધુઓ! તમે દીક્ષા ન લઈ શકો તેમ હો તો આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરો. તપ કરો, દાન કરો કંઇક કરો તો જીવન સફળ થાય.

જમાલિકુમારને મન પણ ક્ષણ ક્ષણ લાખેણી જાય છે. અવિરતીના બંધન તોડવા તૈયાર થયા છે. માતાને કહે છે કે માતા! મને સંસારનો ભય લાગ્યો છે. માતાને પુત્રનો મોહ છે એટલે હજુ સમજતી નથી કે દીકરાને શેનો ભય લાગ્યો છે? એટલે પૂછે છે બેટા! આટલું મોટું રાજ્ય આટલા સૈનિકો છે બધું છે અને તને શેનો ભય લાગ્યો છે? તારૂં કોઇએ અપમાન કર્યું હોય તો તેને જેલમાં પૂરાવું, તને કટુ વચન કહ્યું હોય તો તેને શિક્ષા કરું. બોલ તને શેનો ભય છે? ત્યારે જમાલિકુમાર કહે છે મને બાહ્ય દુશ્મનોનો ભય નથી. પણ અંતરંગ શત્રુઓ મારી પાછળ પડયા છે. જરારૂપી રાક્ષસી મારી રાહ જોઇને ઉભી છે. અને મૃત્યુ તો મોં ફાડીને બેઠું છે. માતા! મને એનો ભય લાગ્યો છે. હજુ આગળ જમાલિકુમાર શું કહેશે અને માતાને કેવો આઘાત લાગશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :- ગુણસેન અને અગ્નિશર્મા બંને પિતા-પુત્ર તરીકે ઉત્પન્ન થયા છે. એક જીવ કેટલો ક્ષમાવાન ને બીજો કેટલો ક્રોધી! આનંદ કુમારની આંખમાં બાપને જોઇને ક્રોધની જ્વાળા નીકળે છે. ભય લાગે તો પાણીના બંબા આવે ને આગ બૂઝવે, પણ જ્યાં ક્રોધની આગ લાગી હોય ત્યાં કોણ ઠારે? એને કોઇ કહેવા જાય તો આગમાં

પેટ્રોલ નાંખતા આગ વધી જાય છે તેમ આનંદ કુમારને કોઇ કહેવા જાય કે દીકરા થઇને બાપની આવી દશા કરી? તો ઉભલ ક્રોધે ભરાઇને કહેવા આવનારને મારતો. પ્રધાન-મંત્રી અને પ્રજાજનો રાજાને કહે છેઃ આનંદકુમાર મહાન જુલ્મી છે. આપને આવી ગંધાતી કોટડીમાં પૂરી પોતે રાજા બનીને બેઠો છે. ધિક્કાર છે એને! એ પુત્ર નથી પણ કુપુત્ર છે. ત્યારે રાજા કહે છે.

હુવા હૈ જો કુછ ઠીક વહી હૈ કુછ નહિ કરો વિચાર.
દેના થા વહ રાજ્ય ઉસે કી લીયા પૂર્વકી ધાર.
કરો રાજ્ય અભિષેક સબ મિલ, મમ આજ્ઞા અનુસાર હો... શ્રોતા તુમ.

જેલમાં બેઠા બેઠા સિંહરાજા કહે છે જે થયું છેઃ તે બરાબર થયું છે. એનો જરાય વાંક નથી. મારે એને રાજ્ય આપવાનું હતું તો એણે જાતે લઇ લીધું, એમાં શું ખોટું કર્યું છે? તમે જરા પણ અફસોસ ન કરશો. હે પ્રજાજનો! જો તમે મારી આજ્ઞા માનતા હો તો પ્રધાન આદિ મળીને એનો ધામધૂમથી રાજ્યાભિષેક કરો.

મહારાણી કુસુમાવલી આદિ રાણીઓ છાતી ને માથા કૂટતી કાળો કલ્પાંત કરી રહી છે. જુઓ, આ સંસાર કેટલો વિષમ છે! એક વખત સિંહરાજા અને કુસુમાવલી આદિ રાણીઓ રાજમહેલમાં આનંદ કરી રહ્યા હતા જ્યારે અત્યારે રાજા તલવારથી ઘવાઇને ભયાનક જેલમાં પડયા છે. સુંવાળી શય્યામાં સૂનારા, સુગંધીમય વાતાવરણમાં રહેનારા આજે ખાડા-ટેકરાવાળી કઠોર જમીનમાં દૂર્ગંધ ભરેલી કોટડીમાં કેવી સ્થિતિમાં મુકાઇ ગયા! કુસુમાવલી આદિ રાણીઓ રડતી-કકળતી જેલપાસે આવી રહી છે. પણ આનંદનો પહેરેગીર જતાં અટકાવે છે. ત્યારે બધી રાણીઓ તેને બળાત્કારે દૂર કરી છેક જેલના સળીયા પાસે આવી. રાજાની કરૂણાજનક સ્થિતિ જોઇ દુઃખનો પાર ન રહ્યો. જેલના સળીયા સાથે માથું કુટવા લાગી, પેટ કુટવા લાગી. અરર....પાપી દીકરાએ એક પશુ કરતા પણ ખરાબ હાલતમાં મહારાજાને રાખ્યા છે. કુસુમાવલી કહે છેઃ નાથ! મેં તો પહેલેથી કહ્યું હતું, આ પાપી દીકરો સર્પ કરતાં પણ ભયંકર છે. મેં તો મારી નાખવા મોકલ્યો હતો પણ તમે લઇ આવ્યા. તમારી કેવી દશા કરી? આ સર્પને દૂધ પાયું તો ડંખ દીધો ને? એમ કરીકરીને રાણીનો ઝુરાપો વધતો જાય છે. ત્યારે રાજા મહાન કષ્ટમાં હોવા છતાં કેટલો સમભાવ છે! એમને આનંદ પ્રત્યે નામ માત્રનો ક્રોધ નથી આવતો.

"રાજાની શિખામણ":—આટલા કષ્ટમાં હોવા છતાં કેવો ઉપદેશ આપે છે! હે મહારાણી! તમે સમજુ છો. આ શું કરો છો? જે શોક કરવાથી કેવળ પાપનો અનુબંધ થાય છે, સારું ફળ મળતું નથી, એવો શોક શા માટે કરો છો? તમે સંસારનું સ્વરૂપ નથી જાણતા? સંસારની ગતિ કેવી વિચિત્ર છે! આ સંસારમાં રહેલા જીવો

રમવાના રમકડાં જેવા છે. જેમાં જીવે પૂર્વે કરેલા કર્મનો ઉદય થાય છે તે ભોગવ્યા વિના છૂટકો નથી. કર્મનો ઉદય થયા પછી તેને રોકી શકાય તેમ નથી. લક્ષ્મી વીજળીના ઝબકારા જેવી ચંચળ છે. સ્નેહી અને સગાંઓનો સમાગમ સ્વપ્ન સમાન છે. રાગની રમત રમ્યા છીએ તેના કારણે આટલું દુઃખ ઉભું થયું છે. એ શું તમે નથી જાણતા? કર્મના તોફાન અને રાગના આવા ફળ આવે એમાં શું નવાઇ? આવું સમજીને એક અવિવેકી માણસને છાજે તેવું રૂદન કરવાથી શું વળવાનું છે? તમે વિચાર તો કરો. દીકરાએ મને જેલમાં પૂર્યો તો તે સારા માટે છે. હું રાજ્યથી નિવૃત્તિ મેળવી આત્મસાધના કરીશ. તમને જૈન ધર્મ મળ્યો છે. જિનેશ્વરદેવની આજ્ઞાના અમૃતનું પાન કરી હૃદયમાં શાંતિ રાખો. પ્રભુના નામસ્મરણ સિવાય આ દુઃખનો અંત આવે તેમ નથી, માટે હવે શાંત થાવ. રડવાનુ બંધ કરો.

દેવાનુપ્રિયે! રાજાને તલવારનો ઘા કર્યો છે, તેની વેદના કારમી થાય છે. બેડીથી જકડાયા છે ને નરકાગાર જેવી જેલમાં પડયા છે. છતાં રાણીઓને કેવી હિત શિખામણ આપે છે! એમના અંતરમાં આનંદ પ્રત્યે જરાપણ દ્વેષ નથી. ને પોતાની દુઃખી અવસ્થાપર કલ્પાંત-દીનતા કે દુઃખ કંઇ જ નથી. કારણ કે જિનવચનનું રસાયણ અંતરમાં રેડયુ છે એટલે આવા દુઃખમાં પણ અલૌકિક શાંતિનો અનુભવ કરે છે ને તત્ત્વચિંતનમાં લીન બન્યા છે. અને રાણીઓને ઉપદેશ આપે છે પણ કોઇ રીતે તેમનું મન શાંત થતું નથી. આગળ શું બનશે તેના ભાવ અવસરે.

☆

વ્યાખ્યાન નં. ૪૧

શ્રાવણ વદ ૬ ને રવિવાર **તા. ૧૯-૮-૭૩**

અનંત કરૂણાનીધિ ભગવંતે જગતના જીવોના ઉદ્ધાર માટે અને મોહનિદ્રામાં ઉંઘતા જીવોને જગાડવા માટે ઉદ્ઘોષણા કરી કેઃ હે જીવો! અનંતકાળથી ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છો. એક ગતિમાંથી બીજી ગતિમાં એમ ચતુર્ગતિમાં ચક્કર લગાવી દુઃખો સહન કરી રહ્યા છો. નરકમાં ભયંકર દુઃખો સહન કર્યા, અને નિગોદમાં ગયો. ત્યાં એક શરીરમાં અનંતા જીવોએ ભાગીદારી કરી ને ત્યાં પણ મહાદુઃખો વેઠી અકામ નિર્જરા કરતો કરતો આ માનવભવના સ્ટેજ પર આવ્યો છે. અહીં આવીને માનવ ધારે તો જન્મ, જરા અને મરણના ફેરાને ટાળી શકે છે પણ કાયાની માયામાં અંધ બની ઋતુઋતુના કપડાં, ભોજન તથા મીઠાઇઓ ખવરાવીને તેમાં રકત રહ્યો છે. દેહને ગમે તેટલું આપો પણ એનો સ્વભાવ સડન, પડન ને વિધ્વંસન છે. એની આળ પંપાળમાં આયુષ્ય ચાલ્યું જાય છે. જરા વિચાર કરો.

જીવ તારો માળો વીંખાઇ જાય, આયુષ્યનો રે માળો વીંખાઇ જાય
દિન રૂપી એ તરણાં તારા, રોજ વિખુટા થાય
પળપળ કરતાં પહોંચ્યા પચાસે, હજુ ય ના સમજાય... ... જીવ તારો...

હે જીવ! તારા આયુષ્યનો માળો ક્ષણે ક્ષણે વીંખાઇ રહ્યો છે. જેમ ચકલી-કબૂતર આદિ પક્ષીઓ માળો બાંધે પણ એમાંથી કોઇ માણસ તરણાં વિખૂટા પાડે તો માળો વીંખાઈ જાય ને? સાવરણીમાંથી રોજ એકેક પીંછુ ખેંચી લેવામાં આવે તો સાવરણી સાવરણી રૂપે ન રહે. છૂટી પડી જાય. કોઇ ગરમ શાલ કે સુતરાઉ કાપડ હોય તેમાંથી એકેક તાર છૂટા પાડી દેવામાં આવે તો તે કાપડ શાલ રૂપે ન રહે. જ્ઞાની કહે છે કે સમજ? રાત્રી અને દિવસોરૂપી તરણાં જતાં છેવટે માળો વીંખાઈ જશે. પૂર્વ ભવનું બાંધેલું આયુષ્ય આ ભવમાં ભોગવાઇ રહ્યું છે– હવે આવતા ભવમાં આયુષ્યનો બંધ સારો પડે તે માટે કંઇક કરી લો. ગતિ–જાતિ–સ્થિતિ અનુભાગ–પ્રદેશ અને બંધ. આ છ બોલ આ ભવમાં જીવ નક્કી કરીને–બાંધીને પરભવમાં જાય છે. તો હવે સમજીને જ્ઞાન–દર્શન–ચારિત્ર અને તપની આરાધના કરી લો. પછી જવાનું થશે ત્યારે એમ થશે. હે ભગવાન! મેં જીવનમાં કંઇ નથી કર્યું. હવે મારૂં શું થશે? પાછળનો પસ્તાવો કામ નહિ લાગે. જીવનભર સાધના કરે તેનો અંતિમ સમય સુધરે છે. વાસુદેવ હોય કે ચક્રવર્તિ હોય, પણ કોઇને કર્મ છોડતા નથી.

કૃષ્ણ વાસુદેવ વગડામાં પગ ઉપર પગ ચઢાવીને સૂતા હતા. તે વખતે દૂરથી જરાસકુમારે હરણીયું જાણીને બાણ છોડયું પગ વીંધીને તીર છાતીમાં પેસી ગયું. કેવી વેદના થઇ હશે? આ સમયે કૃષ્ણ વાસુદેવ શું વિચારે છે: જીવ! તને તારા કર્મો પીડી રહ્યા છે. શા માટે દિલમાં દુઃખ ધરે છે? તેં કર્મો બાંધ્યા છે તે તારે ભોગવવાના છે. ત્રણ ત્રણ ખંડનો અધિપતિ કેટલા માણસો એના ચરણ ચૂમતા હતા. એક હાકે ધરતીને ધ્રુજાવનારો વાસુદેવ આડા ટેકરાવાળી જમીન ઉપર એકલો અટૂલો સૂતો છે. તીર ભોંકાઇ ગયું છે. પાસે કોઇ સંભાળ લેનાર નથી. મોટાભાઈ બળદેવ તેના માટે પાણી લેવા ગયા છે. જુઓ! કર્મ માનવીને કેવી સ્થિતિમાં મૂકી દે છે! આજનો કરોડપતિ કાલે રોડપતિ બની જાય છે. આજનો શ્રીમંત કાલે રંક બની જાય, આજનો ચમરબંધી કાલે ચીંથરેહાલ બને છે ને આજનો શ્રીકૃષ્ણ આવતીકાલે સુદામા બની જાય છે. આમાં કાંઇ નવાઇ પામવા જેવું નથી. કૃષ્ણ વિચાર કરે છેઃ મારા કર્મે મને આ સ્થિતિમાં મૂકયો છે. આમાં કોઇનો દોષ નથી. દોષ માત્ર મારા કર્મનો છે. આવા જંગલમાં મને બાણ મારનારો કોણ હશે? એ ગમે તે હોય તે મારો દુશ્મન નથી પણ મારો મિત્ર છે. આમ સમભાવમાં સ્થિર થયા છે. આ તરફ બાણ મારનારો જરાસકુમાર વિચાર કરે છે મેં બાણ માર્યું છે, હરણી વીંધી છે પણ એનો અવાજ કેમ

નથી સંભળાતો ? શું હશે ? લાવ, ત્યાં જઇને તપાસ કરૂં. ત્યાં જઇને જોયું તો પોતાના મોટાભાઇ શ્રીકૃષ્ણને જોયા ! અરેરે....મોટાભાઇ ! તમે અહીં કયાંથી ? મેં જ આપને બાણ માર્યું. મેં તો હરણીયું માની શિકાર કરવા તીર છોડયું. હું કેવો પાપી ! હત્યારો ! મેં ભયંકર ભૂલ કરી છે. એમ કરી મૂર્છા ખાઇને ભોંય પડી ગયો.

ભગવાન કહે છે માણસ ગમે તેમ કરે પણ કયારે ય કર્મ છોડતા નથી. જુઓ, કૃષ્ણના જીવનમાં શું બન્યું ? એક વખત કૃષ્ણ વાસુદેવે નેમનાથ ભગવાનને પૂછયું કે પ્રભુ ! મારૂં મૃત્યુ કોના હાથે થશે ? ત્યારે નેમનાથ પ્રભુએ કહ્યું-તારૂં મૃત્યુ તારા ભાઇ જરાસકુમારના હાથે થશે. આ સમયે જરાસકુમારને બહુ દુઃખ થયું. મારા મોટા ભાઇનું મૃત્યુ મારા હાથે થશે ? હું રાજ્યમાં રહું તો એવો પ્રસંગ બને ને ? માટે મારે આ રાજ્યમાં રહેવું નથી. માતા-પિતા, ઘરબાર છોડીને જરાસકુમાર એકલા જંગલમાં ચાલ્યા ગયા. પણ કર્મ કહે છે તું કયાં જાય છે ? તું જઇશ ગાડીમાં તો હું જઇશ તારમાં. તું જઇશ પ્લેનમાં તો હું આવીશ રોકેટમાં, પણ તારો પીછો નહિ છોડું. પૃથ્વી ફોડીને એના પેટાળમાં પેસી જઇશ તો પણ હું તને જવા નહિ દઇં. અને આ તો સર્વજ્ઞ પ્રભુના વચન હતા. તીર્થંકરના વચન ત્રણ કાળમાં ખોટા ન પડે. જરાસકુમારે બાર-બાર વર્ષો સુધી વગડો વેઠયો પણ અંતે તો જે બનવાનું હતું તે બન્યું. જરાસકુમાર છાતી ફાટ રૂદન કરવા લાગ્યોઃ હું કેવો ગોઝારો ! ભાઇ ! મેં ભયંકર ભૂલ કરી. આ સમયે કૃષ્ણ એને ખૂબ આશ્વાસન આપે છેઃ ભાઇ ! તારો જરાય વાંક નથી. રડીશ નહિ. એ તો મારા કર્મે મને સજા કરી છે. એમાં તારો શું દોષ ? હવે તું શાંત થઇને અહીંથી ચાલ્યો જા. મોટા ભાઇ બળદેવજી મારા માટે પાણી લેવા ગયા છે. તેમને મારા પ્રત્યે અનહદ પ્રેમ ને મોહ છે. મને તીર વાગ્યું છે. આ અવસ્થામાં તને અહીં જોશે તો તને મારી નાંખશે. માટે તું ચાલ્યો જા. પણ જરાસકુમારનું રૂદન બંધ થતું નથી. ઢગલો થઇને ધરતી ઉપર ઢળી પડયો ને ખૂબ કરૂણ સ્વરે વિલાપ કરવા લાગ્યો. જરાસકુમારને પોતાની ભૂલનો ખૂબ પશ્ચાતાપ થવા લાગ્યો અને આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહેવા લાગ્યો. એનો વિલાપ કઠોર હૃદયના માનવીને પણ પીગળાવી દે તેવો હતો. એનો વિલાપ હૃદયના પશ્ચાતાપનો હતો.

આવો દાખલો ભગવતી સૂત્રમાં ગોશાલકનો છે. ભગવાન મહાવીર છદ્મસ્થઅવસ્થામાં હતાં ત્યારે ગોશાલક તેમની પાસે આવેલો. ભગવાન જ્યાં વિચરતા ત્યાં તેમની પાછળ પાછળ જતો. ભગવાન જ્યાં ઉતરે ત્યાં તેમની સમીપમાં જઇને ઉતરતો ને કહેતોઃ ભગવાન ! તમે મારા ગુરૂ ને હું તમારો ચેલો. તીર્થંકર સર્વજ્ઞ બન્યા વિના શિષ્યનો સ્વીકાર ન કરે. પ્રભુ તો કંઇ બોલતા નહિ. મૌન રહેતા. પણ એ ભગવાનની પાછળ ફરતો એટલે કંઇક વખત એવા પ્રસંગ બની ગયા કે ભગવાનને એની રક્ષા કરવી પડી છે. એક

વખત એક જોગી જંગલમાં તપ કરી રહ્યો હતો. ઉનાળાના ભડકા જેવા તાપમાં ધ્યાન ધરીને બેઠેલો. એના માથે મોટી જટા હતી. એટલે માથામાં જુંઓ પડી ગયેલી. ધગધગતો તાપ એટલે એના માથામાંથી જુંઓ નીકળીને ભોંય ખરતી હતી. એટ ને એના મનમાં થયું કે આવો ભયંકર તાપ છે બિચારી જુંઓ શેકાઇ જશે. એટલે ઉપાડીને પાછી માથામાં મૂકતો હતો. ભગવાન ત્યાંથી પસાર થાય છે. પાછળ ગોશાલક છે. એણે આ જોયું એટલે બોલ્યોઃ કેવો જુંખદો છે. પડેલી જુંઓને પાછી ઉપાડીને માથામાં મૂકે છે! પેલા જોગીએ સાંભળ્યું પણ મૌન રહ્યો. સમતા રાખી પણ ગોશાલક તો એ 'જુંખદ્દા'. એ જુંખદ્દા, એમ બોલવા લાગ્યો. આ જોગીએ તપ કરીને શરીર સૂકકે ભૂકકે કરી નાખ્યું હતું. આવા યોગીને છદ્મસ્થપણાની લહેર આવી ગઇ. ત્રણ વખત બોલ્યો ત્યાં સુધી સમતા રાખી પણ ઘણીવાર બોલ્યો એટલે એને ક્રોધ આવ્યો ને તેના ઉપર તેજુલેશ્યા છોડી. પણ કરૂણાના સાગર ભગવાન એની સાથે હતા. ભગવાને જોયું કે જોગીએ તેજુલેશ્યા છોડી ત્યારે ભગવાને તેના ઉપર દયા કરીને સામી શીતળલેશ્યા છોડી. એ જ ગોશાલકે ભગવાન સર્વજ્ઞ બન્યા પછી પ્રભુ ઉપર તેજુલેશ્યા છોડી. પણ તીર્થંકરને તેજુલેશ્યા બાળી શકતી નથી.

જેમ સુદર્શન ચક્ર જે છોડે તેના શત્રુને હણે પણ તેના વડીલો કે કુટુંબીજનોને કંઈ ન કરી શકે. જ્યારે ભરત મહારાજાએ છ ખંડ સાધ્યા અને ચક્રવર્તિનું પદ પામ્યા પછી બાહુબલીને કહેવડાવ્યું કેઃ ભરત રાજાની આજ્ઞા શિરોમાન્ય કરો પણ બાહુબલી ભરતની આજ્ઞા માનવા તૈયાર ન થયા. બે ત્રણ વાર કહેવડાવ્યું પણ બાહુબલિએ ન માન્યું ત્યારે ભરત ચક્રવર્તિને ક્રોધ આવ્યો, કે હું મોટો ભાઇ ચક્રવર્તિ અને મારી આજ્ઞા ન માને? સત્તાનો મદ શું કરે છે? ભરત ચક્રવર્તિ ભાન ભૂલ્યા ને બાહુબલિ ઉપર ચક્ર છોડયું તો ચક્ર બાહુબલિના ચરણમાં નમીને પાછું આવ્યું પણ એમનો વધ કરી શકયું નહિ. ભરતનું આ વર્તન જોઈને બાહુબલીને પણ ક્રોધ આવ્યો. બસ, ભરતને મારી નાંખુ. એમ કહી એક મૂઠી ઉગામી. બાહુબલી બળવાન હતા. ભરત તો ચક્રવર્તિ હતા. બાહુબલિ ચક્રવર્તિ ન હતા છતાં તેમનાથી બળમાં ઉતરે તેવા ન હતા. તેનું કારણ પૂર્વ ભવમાં બાહુબલિએ એકલાએ ૫૦૦ સંતોની વૈયા વચ્ચ કરી હતી. ઉત્કૃષ્ટ ભાવથી સંતોની સેવા કરી હતી. તેના ફળ રૂપે આ ભવમાં ખૂબ બળવાન બન્યા અને જોરથી મૂઠી ઉગામી ભરતને મારવા જાય છે ત્યાં વિચાર થયો રે.... જીવ! તું આ શું કરે છે? કોના માટે રાજ્ય જોઇએ? લોકો મને એમ કહેશે કે એક જમીનના ટુકડા માટે બાહુબલિએ પોતાના ભાઇનું ખૂન કર્યું. મારા કરતાં મારા નાના ભાઇઓ સારા. ધન્ય છે એમને! આ રાજ્યના પ્રપંચમાં નહિ પડતાં દીક્ષા લીધી છે અને હું પાપી શું કરી રહ્યો છું? એ મૂઠી પોતાના મસ્તક પર ઉગામીને પંચમુષ્ટિ લોચ કરી નાંખ્યો.

દેવાનુપ્રિયો! તમને પણ આવો આવેશ આવે છે ને? તમે આવી મૂઠી ઉગામતા હશો ને? પણ કોઈ દિવસ બાહુબલિ જેવો વિચાર આવ્યો? બાહુબલિ સંસાર છોડી સંયમી બની ગયા. એટલે ભરત ચક્રવર્તિને ખૂબ દુઃખ થયું. ધિક્કાર છે મને! ને મારી રાજ્ય સત્તાને! હું મારા ભાઈઓ ઉપર સત્તા જમાવવા ગયો ત્યારે એ સાધુ થઈ ગયા ને? ધન્ય છે મારા ૯૯ ભાઈઓને, ભૌતિક રાજ્યનો મોહ છોડી આત્મિક રાજ્ય લેવા માટે સંયમી બન્યા. એમ ભરત ચક્રવર્તિને ખૂબ પસ્તાવો થયો અને પોતે છ ખંડનું રાજ્ય ચલાવતા હતા પણ કેટલા અનાસક્ત ભાવે રહેતા હતા.

ટૂંકમાં મારો કહેવાનો આશય એ છે કે જેમ સુદર્શન ચક્ર સ્વજનોને હણતું નથી તેમ તેજુ લેશ્યા તીર્થંકરને બાળી શકતી નથી. ગોશાલકે ભગવાન ઉપર તેજુલેશ્યા મૂકી છતાં તેના પર દ્વેષભાવ ન આવ્યો. પણ એના પ્રત્યે કરૂણા કરીને કહ્યું કેઃ હે ગોશાલક! હું તો આ પૃથ્વીતલ ઉપર હજુ વિચરવાનો છું. પણ તારું આજથી સાતમા દિવસે મૃત્યુ છે. આ શબ્દો સાંભળી ગોશાલક ધ્રૂજી હાલ્યો. આ શબ્દો કોણ કહી શકે? સર્વજ્ઞ કહી શકે. છદ્મસ્થને બોલવાનો અધિકાર નથી. ગોશાલકને આ રીતે કહેવાથી એનું પરિણામ લાભદાયક છે તેથી ગોશાલકને કહ્યું. ઘણી વખત નજરે જોયેલું સત્ય હોય પણ સાચાને સત્ય કહેવાથી મોટો અનર્થ સર્જાય છે. માટે જ્ઞાની કહે છે સત્ય હોય પણ જે સામાને અપ્રિય અને ઉદ્વેગ ઉપજાવે તેવી વાત હોય તો સાચા સાધકે ન બોલવી જોઇએ. પણ સત્ય અને પ્રિય ભાષા બોલવી.

મહાશતક શ્રાવકના જીવનમાં શું બન્યું છે. રાજગૃહીમાં મહાશતક શ્રાવકને રેવતી આદિ તેર સ્ત્રીઓ હતી. એ મહાશતક તેની સ્ત્રીઓ સાથે સંસાર સુખમાં રચ્યો પચ્યો રહેતો હતો. રેવતી બે થઇ છે. એક ભગવાન મહાવીરને તેજુલેશ્યાની ગરમીથી લોહીના ઝાડા થયા હતા તે વખતે નિર્દોષ બિજોરા પાક વહોરાવી શાતા ઉપજાવનાર રેવતી અને આ તો મહાશતકની પત્ની રેવતી, ખૂબ વિષયલંપટ ને માંસ ભક્ષણ કરનારી હતી. તેના માતા પિતા બહુ ધનવાન હતા તેથી તે કરિયાવરમાં આઠ કોડ સોનૈયા લાવી હતી.

મહાશતક એક વાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની અમૃતમય વાણી સાંભળી ધર્મના રંગે રંગાઇ ગયા અને શ્રાવકના બાર વ્રતો અંગીકાર કર્યા. તેથી તેમનું જીવન દિવસે દિવસે સંયમ અને નિયમબદ્ધ બનવા લાગ્યું પણ તે વૈભવી અને વિલાસી રેવતીને આ ગમ્યું નહિ. આ સમયે રાજગૃહીમાં પ્રભુ મહાવીરના ઉપદેશથી કોઈ પ્રાણીનો વધ ન કરવાના, કોઇને હણશો મા નો ઢંઢેરો જાહેર કરવામાં આવ્યો. રેવતીના મા-બાપ પોતાની પુત્રીઓ પ્રત્યેના ખોટા રાગ અને મોહના કારણે અમારિઘોષનો ઢંઢેરો જાહેર થતાં માંસ લોલુપ રેવતીને પોતાના પિયરમાંથી ગાયના વાછરડાનું માંસ આવવું શરૂ થયું. પતિ જ્યારે કંદમૂળનો સ્પર્શ પણ ન કરે અને કાચું પાણી પણ ન વાપરે ત્યારે તેની પત્નીને માંસ

અને મદિરા જોઇએ! આ રીતે જ્યાં શારીરિક માનસિક અને આધ્યાત્મિક ત્રણે પ્રકારના કજોડા હોય ત્યાં અવા પતિ-પત્નીના જીવનમાં શું આનંદ હોય?

રેવતીને મનમાં થયું કે મારી બાર બાર શોકયેાના કારણે મારી ઇચ્છા મુજબ મહાશતક સાથે ઉત્તમ કામભોગને હું સ્વેચ્છાપૂર્વક ભોગવી શકતી નથી તેથી તેણે અગ્નિ, શસ્ત્ર કે વિષના પ્રયોગથી તેની બારે શોકયેાને મારી નાખવાનો દૃઢ નિશ્ચય કર્યો. કોઇને જરાપણ શંકા ન આવે એ રીતે પોતાની છ શોકયેાને શસ્ત્રથી અને છ શોકયેાને વિષના પ્રયોગ દ્વારા મારી નાંખી. આ દૃશ્ય જોઇ મહાશતકનું હૈયું કકળી ઉઠયું.

એક બાજુ મહાશતક પોતે લીધેલા બાર વ્રતોનું શુદ્ધ અને નિર્મળભાવે પાલન કરતો હતો ત્યારે બીજી બાજુ રેવતી નિતનિત નવા આકર્ષક વેશ ધારણ કરી મહાશતકના પૌરુષત્વને ઢંઢોળવા મિથ્યા પ્રયત્નો કરતી હતી. આત્માભિમુખ બનેલા મહાશતકને રેવતીએ પોતાના મોહમાં ફસાવવા માટે દૃઢ નિશ્ચય કર્યો અને વિચાર્યું કે જેની સાથે આટલા વર્ષોથી સંસારી સુખ ભોગવ્યા તેમને હું ત્યાગમાંથી પાછા વાળી નહીં શકું? જરૂર વાળી શકીશ. એક રાત્રે મહાશતક પૌષધશાળામાં આત્મસાધના કરવામાં લીન હતા તે વખતે રેવતી સોળ શણગાર સજી પૌષધશાળામાં પહોંચી ગઇ. અને ખૂબ હાવભાવ કરીને કહેવા લાગી. હે મહાશતક! તપ-સંયમ-ત્યાગ-ધ્યાન આ બધા વાસના ઉપર વિજય મેળવવામાં સહાયક બનતા નથી કારણ કે વાસના અનાદિની છે. તું ધર્મ, પુણ્ય અને મોક્ષની ઇચ્છા કરે છે પણ આ બધા સુખો કરતાં વિષય ભોગનું સુખ સૌથી શ્રેષ્ઠ છે. માટે આ બધા ધતિંગ છોડી દઈ મારી સાથે માનુષિક કામભોગોને ભોગવતો રહે તો તારા બીજા વ્રત પાલનમાં હું તને આવરણ રૂપ નહિ બનું. રેવતીએ મહાશતકને બ્રહ્મચર્ય સિવાય બીજા વ્રતો પાળવામાં આવરણરૂપ નહિ બનવા માટે કહ્યું, ત્યારે મહાશતકે તેને કહ્યું કેઃ રેવતી! ચંદ્રથી જેમ તારાઓ શોભે છે તેમ બ્રહ્મચર્યના પાલનથી બીજા વ્રતો દીપે છે. જ્યાં બ્રહ્મચર્ય નર્થ ત્યાં બીજા વ્રત-પાલનનો અર્થ કંઇ નથી. વળી જો કામભોગ દ્વારા આત્મદર્શન થતું હોત તો ભગવાન મહાવીરે ત્યાગ ધર્મનો પંથ બતાવ્યો ન હોત.

રેવતીના વચનનો સ્વીકાર ન થયો અને મહાશતક મેરૂની જેમ વ્રતમાં સ્થિર રહ્યા એટલે અનાદર પામેલી રેવતી ધૂવાકૂંવા થતી ચાલી ગઇ. પછી તો છેલ્લે મહાશતકે આહાર-પાણીનો ત્યાગ કરી અંતિમ મારણાંતિક સંલેખણા સ્વીકારી સમભાવમાં રહેવા લાગ્યા આ રીતે મનના શુભ અને નિર્મળ અધ્યવસાયેાના કારણે તેને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું. અંતિમ સંલેખણા સ્વીકાર્યા પછી પણ એક વખત રેવતી સોળ શણગાર સજી મહાશતકને અંતિમ વ્રતમાંથી ચલાયમાન કરવા ગઇ અને મહાશતકને ત્યાગ માર્ગથી પાછા ફરવા અને યથેચ્છ કામભોગ ભોગવવા માટે આગ્રહ કર્યો. એટલે મહાશતકે કહ્યું કેઃ હે અધમ સ્ત્રી! કામરૂપી વિષને હું હલાહલ વિષથી પણ વિશેષ મહાવિષ માનું છું કારણ કે હલાહલ વિષ તો

ઉપાય કરવાથી કદાચ નીકળી જાય પણ કામરૂપી વિષ તો ઉપાય રહિત છે. તેથી તેમાંથી છૂટવું અત્યંત કઠિન છે. પોતાના પ્રયત્નો નિષ્ફળ થતાં જોઇ ભયંકર રોષ અને ચીડથી રેવતીનું મુખ વાઘણના જેવું બની ગયું. મહાશતકને માર મારવા લાગી અને ગમે તેવા શબ્દો બોલી છતાં મહાશતક કંઇ ન બોલ્યા. પણ છેવટે એમના કપડા ખેંચવા લાગી. ત્યારે મહાશતક કહે છેઃ હે રેવતી ! તારી બાર-બાર શોકયોને તેં મારી નાંખી અને હજુ આટલી ઉન્મત્ત બનીને શા માટે ફરે છે ? જરા વિચાર કર. તારૂં તોફાન છોડી દે. તું આજથી સાત દિવસની અંદર મરીને નરકે જવાની છે. તીક્ષ્ણ ભાલાના ઘા કરતા પણ મહાશકતની વાણી રેવતી માટે વધુ અનર્થકારી અને પીડાજનક થઇ પડી. તેના હાજા ગગડી ગયા ને ઢગલો થઈને જમીન પર પડી.

તે સમયે ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમ સ્વામીને કહ્યું કેઃ હે ગૌતમ ! અંતિમ સંલેખનાને સ્વીકારી શ્રમણોપાસકે કોઇને સત્ય વાત હોય તો પણ અપ્રિય ને અનિષ્ટ વચનોથી કાંઇ કહેવાય નહિ તેમજ ક્રોધ કરાય નહિ માટે તું અત્યારે જ મહાશતકને ઘરે જા અને મારી આ વાત તેને સમજાવ અને તેની પાસે અપરાધની કબૂલાત કરાવી પ્રાયશ્ચિત વડે શુદ્ધ કર. ગૌતમસ્વામી મહાશતક પાસે ગયા અને તેને કહ્યું : હે દેવાનુપ્રિય ! ભગવાન મહાવીર એમ કહે છે કે તમે રેવતીને આ રીતે કહ્યું છે. તેનો તેને મનમાં ખૂબ આઘાત લાગ્યો છે. તમારી વાત સત્ય હોવા છતાં અનિષ્ટ અને અપ્રિય છે માટે હવે તેનું પ્રાયશ્ચિત કરો. મહાશતક ગૌતમસ્વામીના કહેવા પ્રમાણે પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થયા. અને તે સમાધિપૂર્વક મરણ પામીને દેવલોકમાં ગયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જઇ તે સિદ્ધ-બુદ્ધ અને મુકત થશે. રેવતી સાત દિવસની અંદર રોગથી પીડાતી તે મૃત્યુ પામી, નરકગતિમાં ગઇ.

ભગવાન કહે છેઃ સત્યવચન પણ જો બીજા જીવને આઘાતનું કારણ બનતું હોય તો બોલવું જોઇએ નહિ. જેમ પાણી અને દૂધ ગળીને પીવો છો તેમ વચન ગળીને બોલો કે સામાને પ્રિય લાગે. આપણા બોલવાથી કોઇને દુઃખ ન થવું જોઇએ. વચન વચનમાં ફેર છે.

" વચન વદે સજ્જનો ને વચન વદે દુર્જનો, વેણ કવેણમાં મોટું અંતર છે.
દ્રૌપદીએ વેણ કાઢયા, અંધ જાયા અંધ હુઆ,
કુરૂક્ષેત્રે જંગ હુઆ વેણ કવેણમાં.....વચન વદે. "

દ્રૌપદીના એક વચને કેટલો જંગ મચાવ્યો ! ખૂનખાર લડાઇ ચાલી ને લોહીની નદીઓ વહી. માટે ભગવાન કહે છે ભલે તપ ઓછું કરો, પણ વચન ઉપર બૂબ બ્રેક રાખો. ગૌતમસ્વામીએ મહાશતકને પ્રાયશ્ચિત લેવડાવ્યું.

ભગવાન મહાવીરે ગોશાલકને કહ્યું કેઃ તું આજથી સાતમા દિવસે મૃત્યુ

પામવાનો છે. પહેલાં દુઃખ તો થયું પણ તેથી ભગવાન પ્રાયશ્ચિતના અધિકારી નથી. પ્રભુ જાણતા હતાં કે આમ કહેવાથી ગોશાલકનું ભાવિ ઉજ્જવળ બનવાનું છે.

ગોશાલકે ભગવાન ઉપર તેજુલેશ્યા મુકી તે પ્રભુને બાળી શકી નહિ. પણ એની ગરમી લાગી એટલે પ્રભુને લોહીના ઝાડા થયા. એ તેજુ લેશ્યા પ્રભુપાસેથી પાછી ફરીને ગોશાલકના મુખમાં પેસી ગઇ. ગોશાલક પોતાના સ્થાને ચાલ્યો ગયો. શરીરમાં કાળી બળતરા બળે છે. એ વેદનામાં છ છ દિવસો પસાર થઇ ગયા. ગોશાલકના અગિયાર લાખ શ્રાવકો હતા. એના મુખ્ય શ્રાવકો તેને વીંટળાઇને બેઠા છે. ગોશાલકને હવે પોતાના પાપનો પશ્ચાતાપ થાય છે. અહો! હું કેવો પાપી! એના ચિત્તમાં સેંકડો વિચારો આવતા હતા. પોતે ભૂતકાળમાં ભૂલો કરી તેનું ભાન થયું. અહો! મારે એના ફળ ભાવિમાં કેવા ભયાનક ભોગવવા પડશે! એ વિચારે સૂતેલો ગોશાલક કારમી ચીસ પાડી ઉઠયો અને આંખમાંથી આંસુના પૂર ઉભરાયા ને સૌ બોલી ઉઠયા પ્રભુ! આપને શું થાય છે! આપ કેમ રડો છે? એમ કહેતા એના માથે હાથ ફેરવવા લાગ્યા. ગોશાલક કહે છે મારા અંતરની વેદના શું કહું! એમ બોલતાં હૈયું ભરાઇ આવ્યું. આજે એના અંતરના અંધારા ઓરડામાં દીપક પ્રગટયો હતો. એ દીપકના પ્રકાશ તેના માટે આંસુ પાડવા સિવાય બીજો કોઇ ઉપયોગ ન હતો.

થોડી વાર પછી ગોશાલક બેઠા થઈને એના ભકતોને કહે છેઃ હે મારા ભકતો! હવે આજથી તમે મને ભગવાન ન કહેશો. હું તો મહાન પાપી છું. એટલું કહેતાં ડુસ્કે ને ડુસ્કે રડી પડયો. અયંપુલ શ્રાવક કહે છેઃ ગુરૂદેવ! આપે તો અમારા જેવા અનેક શ્રાવકોને તાર્યા છે અને આપ પાપી શેના? ગોશાલક કહે છેઃ મેં તમને તાર્યા નથી પણ ઉંડા કૂવામાં ઉતાર્યા છે. ત્યારે શ્રાવકો કહે છેઃ ભગવંત! આપ તો સાચા જિન છો. રાગ-દ્વેષના વિજેતા છો. આપ અમને કૂવામાં કદી ન ઉતારો, એમ બોલી શ્રાવકોએ ગોશાલક પ્રત્યેની તેમની શ્રદ્ધા વ્યકત કરી, ગોશાલક કહે છેઃ ભાઇ! તમને મારામાં શ્રદ્ધા અને વિશ્વાસ છે તેવો હું નથી, હું જિન નથી, રાગ-દ્વેષનો વિજેતા નથી. હું જિન નહીં હોવા છતાં જિનનો પ્રલાપ કરીને મેં તમને છેતર્યા છે. મેં તમને મારી માયાજાળમાં ફસાવ્યા છે. મેં મારી કલા-કૌશલ્યથી અને તર્કબુદ્ધિથી તમારા મગજમાં એવું ઠસાવી દીધું છે, એટલે તમને મારા પ્રત્યે રાગ છે. પણ હું તો મહા ઠગારો છું તમને ઉંધે પાટે ચઢાવી દીધા છે. સાચા જિન તો ભગવાન મહાવીર સ્વામી છે.

બંધુઓ! માણસ ગમે તેટલું તપ કરશે, દાન કરશે, અરે! કોઈ શરીર પરની ચામડી ઉતારી નાંખે તો એક ચૂંકારો ન કરે તેવી ગજબ સહનશકિતવાળા મળશે. પણ પાપનો પશ્ચાતાપ કરનાર બહુ ઓછા મળશે. ગોશાલક પોતાના પાપનો પેટ ભરીને પશ્ચાતાપ કરે છે. એના ભકતો એના સામું જોઇ રહ્યા. ગુરૂદેવ! તમે જિન ભગવાન નથી

શું મહાવીર જિન છે? ગોશાલક કહે છે....હા....હું એ મહાવીર પ્રભુનો સૌથી પ્રથમ શિષ્ય છું. ત્યારે શ્રાવકો કહે છે ભગવાનનો સૌથી પ્રથમ શિષ્ય તો ગૌતમ-ઈન્દ્રભૂતિ છે. ત્યારે કહે છે ભગવાનને કેવળ જ્ઞાન થતાં પહેલાંનો હું તેમનો શિષ્ય છું. શ્રાવકો કહે છેઃ શું આપ બધું સાચું કહો છો?

ગોશાલક કહે છે તદ્દન સાચું કહું છું. પ્રભુ મહાવીર તો મારા મહાન ઉપકારી છે. એ મારા પરમ ગુરૂ પ્રભુ મહાવીર સ્વામીના ઉપકારોને યાદ કરૂં છું ત્યારે મારૂં કાળજું કંપી ઉઠે છે. જ્યારે મારા ઉપર પેલા જોગીએ તેજુલેશ્યા છોડી ત્યારે પ્રભુએ શીતળલેશ્યા છોડી મને બચાવ્યો. મને જીવતદાન અપાવ્યું. એ ન હોત હો હું અહીં ન હોત. મેં ઉપકારનો બદલો અપકારથી વાળ્યો. જે તેજુલેશ્યા મેં પ્રભુ ઉપર મૂકી તે તેજુલેશ્યા મને પ્રભુએ શીખવી હતી. આવા જગદ્ગુરૂની મેં ઘોર અશાતના કરી મેં મારૂં બોધિબીજ બાળી મૂકયું છે. એટલું નહિ પણ તમારા બોધિબીજને પણ સળગાવી દીધા છે. ત્યારે શ્રાવકો પૂછે છેઃ તો શું આપનો નિયતિવાદ ખોટો છે? ત્યારે કહે છેઃ તદ્દન ખોટો છે. કારણ કે મારો નિયતિવાદ એકાંત દૃષ્ટિ પર રચાયેલો છે માટે મિથ્યા છે. મહાવીર પ્રભુનો અનેકાંતવાદ સત્ય છે.

ત્યારે શ્રાવકો કહેઃ જો ભગવાન મહાવીરનો અનેકાંતવાદ સાચો હોય તો પ્રભુ મહાવીર કરતાં આપના અનુયાયીઓ વધારે છે તેનું કારણ શું? ત્યારે ગોશાલક કહે છેઃ સાચા કરતાં ખોટું દુનિયાને બહુ ગમે છે. મેં તમને એવો વાદ સમજાવ્યો કે જેમાં કષ્ટ ઓછું પડે, સહન કરવું ન પડે ને તમે ધર્મી કહેવાઓ. મેં નવો પંથ શરૂ કરતાં પહેલા વિચાર કર્યો કે મહાવીર પ્રભુનો ધર્મ તપ-ત્યાગ ને સંયમના મહાન કષ્ટોથી ભરેલો છે. જો હું તપ-ત્યાગ અને સંયમના કષ્ટો વિનાનો ધર્મ દુનિયાને ગમે છે-તો હું એવો ધર્મ બતાવીશ તો મારા ભક્તો વધારે થશે. પરલોકનો કદી વિચાર ન કર્યો કે આવો ખોટો ધર્મ પ્રરૂપીને કયાં જઈશ? આવો પાપી હું શા માટે જીવું છું! એમ બોલતાં અશ્રુની ધાર વહેવા લાગી. છેલ્લે એણે કહ્યું કે મારા ભક્તો મારી તમને એક આજ્ઞા છે તે પાળશો ને? ભક્તો કહે છેઃ ગુરૂદેવ! આપની શું આજ્ઞા છે? ફરમાવો. ત્યારે ગોશાલક કહે છેઃ મારા મરણ પછી મારા ડાબા પગને દોરડાથી બાંધજો અને શ્રાવસ્તિ નગરીની ગલીએ ગલીએ મારા મડદાને ઢસડજો ને મારા ઉપર થૂંકજો આટલું બોલતાં એનો સંથારો ભાંગી ગયો. એના ભક્તો ચોધાર આંસુએ રડવા લાગ્યા. સાચા હૈયાથી પાપની આલોચના કરનાર પથ્થર હૃદયને પણ પીગળાવી દે છે. આગળ કહે છેઃ મને ત્રણ વાર ફેરવજો અને કહે જો કે આ મંખલિપુત્ર ગોશાળો છે. જિન નથી પણ જિનેશ્વર પ્રભુનો વૈરી છે. ગુરૂનો અવર્ણવાદી છે. શ્રમણોનો ઘાતક છે ને દોષોનો દરિયો છે. સાચા જિન, સાચા તીર્થંકર કરૂણાનીધિ ભગવાન મહાવીર છે. આ રીતે પશ્ચાતાપ કરતાં અને પશ્ચાતાપના આંસુઓથી સ્નાન કરતો

ગોશાલક સાતમા દિવસની સંધ્યાએ ફાની દુનિયાનો ત્યાગ કરીને ચાલ્યો ગયો. દુનિયાએ એના ઉપર ગાળોનો વરસાદ વરસાવ્યો. ભગવાન મહાવીર સ્વામીએ ગોશાલકને મોક્ષ પ્રાપ્તિ થશે એવું પરમ સત્ય પ્રકાશ્યું. એના ભવનો છેડો નીકળ્યો.

દેવાનુપ્રિયો! ગોશાલક કેવો ગુરૂદ્રોહી હતો! બબ્બે સાધુની ઘાત કરનારો હતો છતાં પાપનું પશ્ચાતાપ કરી પોતાનું જીવન સુધાર્યું જ્યારે આપણે એવા પાપ કરતા નથી. તો શું આપણું જીવન ન સુધરે? માનવ ભૂલ કરે પણ એ ભૂલને ભૂલ રૂપે સમજવી જોઇએ. ભૂલ શૂળની જેમ સાલવી જોઇએ અને એ શૂળ નીકળે ત્યારે શાંતિ થવી જોઈએ. જિંદગી જેટલી ગઇ તેટલી ભલે ગઈ. હાથવેંત જેટલી જિંદગી બાકી છે તેમાં કામ કાઢી લો. ગોશાલકે પશ્ચાતાપના પાવકમાં પાપને પ્રજાળી નાંખ્યા. તેમ આપણા પાપને પ્રજાળવા માટે પર્વાધિરાજ પર્યુષણ પર્વ નજીક આવે છે. જેમ ખેડૂત વરસાદ આવ્યા પહેલા જમીનને ખેડીને પોચી બનાવે છે તેમ તમે તમારા હૃદયની ભૂમિની એવી સ્વચ્છ બનાવી દેજો કે વીતરાગ વાણીના નીર સીધા હૃદયમાં ઉતરી જાય અને જેની સાથે વૈર-વિરોધ થયા હોય તેને ખમાવીને અંતરમાંથી વૈરના કાંટા નીકળી જાય. જીવનમાં પવિત્રતા આવે. ફરીને જીવન મલિન ન બને એવી રીતે સંવત્સરી મહાપર્વ ઉજવજો.

જમાલિકુમાર માતા પાસે દીક્ષાની આજ્ઞા માગે છે. તમે વર્ષોથી સાંભળો છો છતાં હજુ અંતરમાં વૈરાગ્યનો અંકુરો ફૂટતો નથી. પથરણા ઘસાઈ જાય છે પણ તમારા હૃદયનું પરિવર્તન થતું નથી. હૈયું કેટલું કઠોર વજ્ર જેવું બનાવ્યું છે. હવે તો સમજો. તમને તો મારે વધુ ધન્યવાદ દેવા પડશે. કેમ ખરું ને? (હસાહસ). તમે કંઇકને ખભે ચઢાવીને સ્મશાને બાળી આવ્યા તો પણ એમ નથી થતું કે મારે પણ એક દિવસ આમ બળવાનું છે. સ્મશાનમાં તો એવું છે કે વૈરાગ્ય આવી જાય. અમે જામનગર ગયા ત્યાં બધા કહેવા લાગ્યા. મહાસતીજી! તમે બીજું કંઈ ન જુઓ તો ભલે, પણ અમારા જામનગરનું સ્મશાન જોવા જેવું છે. અમે સ્મશાન જોવા ગયા. ખરેખર જો, બરાબર જામનગરનું સ્મશાન જુએ તો તેને વૈરાગ્ય આવી જાય. જન્મથી લઈને મરણ સુધીનું ચક્ર બતાવ્યું છે આ સંસારમાં ચક્ર કેવું છે? માનવ જન્મે ત્યારથી મૃત્યુ સુધીનું એ દૃશ્ય ખૂબ રોમાંચક બતાવ્યું છે. જમાલિકુમાર એમના માતા-પિતાને કહે છે.

આજ્ઞા આપોને મોરી મૈયા મારે તારવી છે જીવન નૈયા,
મળ્યા પ્રભુજી જીવન અવૈયા, ભવોદધિના સાચા તરવૈયા.
સુણી વીતરાગ વાણી, લેવા સંયમની લ્હાણી...બન્યા વૈરાગી જમાલિકુમાર રે.

હે માતા! મારે આ દુસ્તર સંસાર સમુદ્રમાંથી મારી જીવન નૈયાને તારવી છે. એ નૌકાના નાવિક, સાચા સુકાની પ્રભુ મને મળી ગયા છે. જો નૌકાનો નાવિક બરાબર હોંશિયાર ન હોય તો નૌકા ડૂબી જાય છે. પણ મારી નૌકાનો નાવિક સદ્ધર છે. મને

સંસાર સમુદ્રથી પાર ઉતારશે. હવે મારે ક્ષણવાર સંસારમાં રહેવુ નથી. ત્યારે માતા કહે છે બેટા! તું કોઇ દિવસ પ્રભુના દર્શન કરવા ગયેા નથી અને ગયેા ત્યારે આ શું થઈ ગયું? એક વખતમાં આટલેા વૈરાગી બની ગયેા!

તમે કેટલી વખત દર્શનકરવા ગયા અને કેટલી વાણી સાંભળી પણ હજી હૃદય ભીંજાય છે. નંદી સૂત્રમાં ચૌદ પ્રકારના શ્રોતા કહ્યા છે તેમાં એકેક શ્રોતા ચારણી જેવા હોય છે. જેમ ચારણી પાણીમાં મૂકેલી હોય ત્યારે ભરેલી દેખાય અને ઉપાડી લે એટલે ખાલી. તેમ એકેક શ્રોતાઓ વ્યાખ્યાન સાંભળતા હોય ત્યારે એમ લાગે કે આ શ્રાવક કેટલેા વૈરાગ્યથી ભરેલેા છે. પણ અહીંથી ઉઠયા એટલે હૃદય ખાલી.

બીજા શ્રોતા પત્થર જેવા– પત્થર ઉપર વરસાદ વરસે તેા ઉપરથી ભીંજાયેલેા લાગે છે પણ અંદર પાણીનેા જરા પણ પ્રવેશ થતેા નથી તેમ કેટલાક શ્રોતાઓ પ્રભુની વાણી સાંભળતાં વૈરાગ્ય ભાવ દેખાડે છે પણ અંદરથી કેારા ને કેારા હોય છે. તે દુષ્કૃત્યેા કરતાં જરા પણ ડરતા નથી.

ત્રીજા શ્રોતા ફૂટેલા ઘડા જેવા છે. જેમ ફૂટેલા ઘડામાં પાણી રહેતું નથી તેમ કેટલાક શ્રોતાઓ ઉપદેશ સાંભળીને ત્યાં ને ત્યાં મૂકી દે છે. તે બિલકુલ યાદ રાખતા નથી.

ચેાથા જળેા જેવા છે. જેમ જળેા સારૂં લેાહી છેાડી ખરાબ લેાહી પીએ છે તેમ કેટલાક શ્રોતાઓ સદ્બેાધને, સદ્બેાધ દેનારને અને સદ્ગુણીને છેાડી દુર્ગુણને તથા દુર્ગણીને ગ્રહણ કરે છે.

આવા પ્રકારના શ્રોતાઓ સંતેા પાસે માંગલિક સાંભળવા આવે તેમાં પણ આકાંક્ષા હોય છે કે સવારના પહેારમાં માંગલિક સાંભળીએ તેા દિવસ આનંદમાં જાય, દુકાનમાં કમાણી સારી થાય અને આપણે સુખી થઈએ. ભાઇ! સંતેા તમને આ માટે માંગલિક કહે છે? સંતેા તમને શું કહે છે! તમે જ્યાં જાવ ત્યાં આ ચાર શરણાં સાથે લઇને જજો. ચાર શરણાં ભૂલશેા નહિ. જે ભગવાનને યાદ રાખે છે તે ભવસમુદ્રને તરે છે.

આજે રવિવારનેા દિવસ છે એટલે કદાચ અગિયાર વાગશે તેા તમે ઉઠશેા નહિ. કેમ ખરું ને? રવિવારે શાંતિ રહે તેા ઘણું છે. સમય ક્યાં છે? એક ભકતે ગાયું છે કે:

આમ તેા હંમેશા સ્થાનકે આવું, આવું તેવેા પાછેા સિધાવું,
બે ઘડી બેસું છું રવિવારે, બાકી કયાં છે સમય પ્રભુ મારે... હું તને

રેાજ તેા માંગલિક સાંભળીને દેાડાદેાડ જવાનું હોય છે પણ રવિવારે શાંતિથી બેસીને વીતરાગ વાણી સંભળાય છે. બાકી તેા ટાઇમ ક્યાં છે ભાઇ! સંસારના કાર્યમાં ટાઇમ હોય કે ન હોય પણ ટાઇમ કાઢવેા પડે છે. તેા અહી આત્મા માટે ટાઇમ કેમ ન મળે? થેાડી મમતા ઓછી કરેા. પર્વાધિરાજ આવે છે. મારે પર્યુષણમાં શું કરવું તેની તૈયારી કરવા માંડેા. દશ વર્ષે પરદેશથી દીકરી અને જમાઇ આવવાના હોય તેા

તમને કેટલો આનંદ થાય છે! તેના માટે તમે કેટલી તૈયારી કરો છો? ઇન્દીરા ગાંધી પધારવાના હોય તો તમે તેના આવતા પહેલા અઠવાડિયાથી બધી સગવડ કરવા માંડો છો. તોપ્રધાનનો પ્રધાન અને રાજાનો પણ રાજા આવતો હોય તેને માટે તમારી કેટલી તૈયારી છે? આપણે ત્યાં તપના માંડવડા નંખાઇ ગયા છે માટે આરાધનામાં જોડાજો.

જમાલિકુમાર તેમની માતાને કહે છે હે માતા! હવે તું મને દીક્ષાની આજ્ઞા આપ. મને પ્રભુ જેવા પ્રભુ મળ્યા. મારૂં જીવન ધન્ય બની ગયું છે. મારે જલ્દી પ્રભુના ચરણમાં જીવનનાવ સમર્પણ કરવી છે માટે તું મને જલ્દી આજ્ઞા આપ. માતાને દીકરાનો મોહ છે. પુત્રના વચન સાંભળીને માતાને ધ્રાસ્કો પડયો. હવે માતા શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૪૨

શ્રાવણ વદ ૮ ને સોમવાર **તા. ૨૦-૮-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

અનંતકરૂણાના સાગર પ્રભુ જગતના જીવોને અમૂલ્ય બોધ આપતાં કહે છે હે જીવાત્માઓ! અનંતોકાળ પ્રમાદની પથારીમાં આળસનું ઓશીકું ને સુસ્તીની સોડ તાણીને સૂતા, હવે તો જાગો. હવે પ્રમાદ છોડી પુરૂષાર્થની પથારી, આગમનું ઓશીકું ને શ્રદ્ધાની સોડ તાણો તો આત્મકલ્યાણ થશે. આ સંસાર એક પલંગ છે. પલંગના ચાર પાયા મિથ્યાત્વ-અવિરતી, કષાય અને અશુભયોગ એ પાયાને હચમચાવી નાંખવાના છે. સૌથી મજબૂત પાયો હોય તો તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વ જીવને સાચું સમજવા દેતું નથી. જીવનું મિથ્યાત્વ ટળી જાય છે ત્યારે ગમે તેવી સાધના કરે તો તે મોક્ષને લક્ષીને કરે. એને સંસારના ભૌતિક સુખો હેય લાગે. એનું એક જ લક્ષ હોય કે અવિરતીના બંધન તોડી કયારે સર્વવિરતી બનું અને કર્મની ભેખડો તોડીને મોક્ષ મેળવું. આવો સમકિતી આત્મા ધર્મકરણી કરે પણ એની ભાવના એવી ન હોય કે ધર્મ કરું તો પરભવમાં સુખી થાઉં. દાન દઉં તો આવતા ભવમાં ધન મળે. એવી સંસારસુખની જરાય આકાંક્ષા ન હોય. પણ સહેજે પુણ્ય બંધાઇ જાય. એ પુણ્ય પણ કેવું હોય? ગમે તેટલી અઢળક સંપત્તિનો સ્વામી હોય ને સુખ ભોગવતો હોય, પણ ત્યાં એને ધર્મના સાધનો મળે અને એ પુણ્ય મોક્ષમાં લઇ જવામાં સહાયક બને.

જમાલિકુમારની કેટલી પુનાઇ છે. રાજસાહ્યબીમાં રહેવા છતાં મહાવીર પ્રભુનો

કેવો યોગ મળી ગયો. પ્રભુની વાણી સાંભળીને એને મોક્ષમાં જવાનો વેગ ઉપડયો છે. અત્યાર સુધી જે પત્નીઓ તેને સુખનું ધામ દેખાતી હતી તે આજે માતા જેવી બની ગઇ. હવે એની દૃષ્ટિમાં માતા અને પત્નીઓ બધા સમાન દેખાવા લાગી. કારણ કે એનો વિકાર નાશ થઇ ગયો છે. સારૂં બીજ જમીનમાં વાવો તો ઉગે છે પણ બળેલું બીજ વાવવામાં આવે તો ઉગે નહિ. તેમ જેના જીવનમાંથી વિકારોના બીજ બળી ગયા છે તેને પત્નીઓને જોઈને દૃષ્ટિમાં વિકાર પણ ન ઉપજે. જ્યાં વેદ છે ત્યાં વિકાર છે. માટે વેદને અપાવવો પડશે. આપણે શું કહીએ છીએ સ્ત્રીવેદ પુરૂષવેદ અને નપુંસકવેદના નીકળ્યા સિદ્ધ થાય, પણ એ વેદમાં હોય ત્યાં સુધી સિદ્ધ ન થાય. પુરૂષો માને કે અમારી પદવી મોટી છે પણ એક વાત યાદ રાખજો કે સ્ત્રી હોય કે પુરૂષ હોય, પણ વેદ અપાવ્યા વિના કેવળજ્ઞાન નહિ થાય. માટે કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે શું કરવું ? તેને માટે કંઇક ઉપાય કરવો જોઇએ ને ? તમે ખાતા હો, પીતા હો છતાં શરીર સૂકાતું જાય તો વિચાર થાય છે ને કે ખાઉં છું, પીવું છું છતાં સૂકાતો કેમ થઉં છું ! ડોકટર પાસે જઇ શરીરની ચિકિત્સા કરાવો છો કે મારા શરીરમાં કયો રોગ લાગુ પડયો છે ! પછી એ રોગ નાબૂદ કરવા જૈન કલીનીકમાં આવો છો.

દેવાનુપ્રિયો ! આ તો દેહનો રોગ છે. કદાચ રોગ નહિ મટે તો દેહ છૂટતાં તો રોગ છુટી જશે ને ? દેહનો રોગ એક ભવ બગાડે છે. પણ આત્માનો રોગ મોટો છે તે જન્મોજન્મ પીડે છે. આત્માનો જો કોઇ રોગ હોય તો તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વ મહારોગ છે. એ મહારોગને નાબૂદ કરવા માટે માનવજન્મ મળ્યો છે. તેમાં વીતરાગ શાસન એ હોસ્પિતાલ છે, અને વીતરાગના સંતો એ રોગને નાબૂદ કરનાર સર્જનો છે એ મિથ્યાત્વ રોગને દૂર કરે છે. મિથ્યાત્વ જીવને સાચા ગુણોનું દર્શન કરવા દેતું નથી. એ ગુણમાંથી અવગુણોને શોધ્યા કરે છે અને શાંતિથી બેઠેલા જીવોને સારડીની જેમ સાર્યા કરે છે. કોઇનું સારૂં એનાથી ખમાય નહિ. જ્યારે આ મિથ્યાત્વ ચાલ્યું જાય ને સમકિત આવે પછી જીવની દશા કેવી હોય ? એ હજારો અવગુણમાંથી પણ ગુણને ગ્રહણ કરે ને દુઃખમાં સુખનો અનુભવ કરે. પછી આ મારો વૈરી છે એમ નથી જોતો.

શ્રેણીક રાજાને કોણીકે કારાગૃહમાં પૂર્યા તે સમયે તેમણે કેવી તત્વદૃષ્ટિ કેળવી ! દીકરાને દુશ્મન તરીકે ન જોયો પણ પોતાના કર્મોને દુશ્મન તરીકે જોયા. ચાબખાના માર ખાતા ચામડી ઉતરી ગઇ ને શરીરે લોહી નીકળ્યા ત્યારે શું વિચાર કર્યો. અહો ! હે જીવ ! તું માંસનો ગૃદ્ધી હતો. જંગલમાં આનંદથી ખેલતા ને કૂદતા એવા નિર્દોષ મૃગલાના તેં પ્રાણ લૂંટયા છે. એને તેં વીંધી નાખ્યા છે. તો આ તારા પ્રાણ તો નથી લેતો ને ? આવું દુઃખ આપણને નથી છતાં માની લો કે પાપકર્મનો ઉદય હોય તો કંઇક દુઃખ આવી જાય તે વખતે આવા મહાન પુરૂષોના

દાખલા યાદ કરવા. નરક-તિર્યંચના દુઃખો યાદ કરવા. નરકના જીવોને ભૂખ લાગે તો ખાવાનું નથી મળતું. તરસ લાગે, પાણી પાણી કરે તો પાણી પીવા નથી મળતું, ખળખળ વહેતી વૈતરણી નદી જોઈને પાણી પીવા જાય તો જીભ કપાઈ જાય છે. મને આવું દુઃખ તો નથી ને? ભૂખ લાગે તો જાડું પાતળું ખાવાનું મળે છે, પીવા પાણી મળે છે. પહેરવા કપડા મળે છે, આથી વિશેષ શું જોઈએ? નરકમા ગયો, તિર્યંચમાં ગયો ત્યાં કેવા દુઃખ વેઠયા! આ સમ્યગદૃષ્ટિની લહેજત છે. હંમ જેમ દૂધ ને પાણીમાંથી દૂધ ગ્રહણ કરે છે, મોતીનો ચારો ચરે છે તેમ સમ્યગદૃષ્ટિ આત્મા હંસની જેમ અવગુણમાંથી ગુણ ગ્રહણ કરે છે અને મિથ્યાદૃષ્ટિ કાગડા જેવો છે. સદા અવગુણ તરફ એની દૃષ્ટિ જાય છે.

રાયપ્રસેણી સૂત્રમાં પરદેશી રાજાનો ન્યાય છે. પરદેશી રાજાની માન્યતા હતી કે જીવ અને કાયા એક છે. એટલે એને પુણ્ય-પાપનું ભાન ન હતું. જીવ-કાયા એક માની કંઈક જીવોની ઘાત કરતા. એમના હાથ લોહીથી ખરડાયેલા રહેતા હતા. પરદેશી રાજા આવા ક્રૂર હતા છતાં એક વખત એને તારણહાર ગુરૂ કેશીસ્વામી મળ્યા ત્યારે તેમનું જીવન કેવું પલટાઈ ગયું! એના અંતરના અંધારા ઉલેચાઇ ગયા. સુરીકાંતા રાણીમાં રાજા કેટલા પાગલ હતા! પણ એ સુરિકાંતા રાણીએ ઝેર આપ્યું. ખબર પડી કે મને રાણીએ ઝેર આપ્યું છે છતાં એના પ્રત્યે જરાય કષાય ન આવી. રાજાએ ધાર્યું હોત તો સુરિકાંતાના ભૂક્કા ઉડાડી નાંખત પણ એમણે તો કર્મનો ભૂક્કો કર્યો. એમાં રાણીનો શું દોષ છે? મેં પૂર્વભવમાં એની સાથે વૈર બાંધ્યું હશે તો આ ભવમાં મારી પત્ની બનીને વૈર લે છે. મારે એનો દોષ શા માટે જોવો જોઇએ? જેની આંખમાં કમળો હોય તેને બધું પીળું દેખાય છે. પીળું તો પીળુ દેખાય પણ સફેદ વસ્તુ પણ રોગના દોષથી પીળી દેખાય છે. પણ જેને કંઇ રોગ નથી હોતો તે વસ્તુને જેવા સ્વરૂપે હોય તેવા સ્વરૂપે દેખે છે. તેમ પવિત્ર આત્માઓ કે જેનું મિથ્યાત્વ ચાલી ગયું છે, દૃષ્ટિ નિર્મળ બની ગઇ છે તે પોતાની નજર સમક્ષ પોતાના કર્મોને દેખે છે. ભગવાન કહે છે તને કષ્ટ પડે ત્યારે આવા દાખલા લઇને આત્માને શાંત પાડજે પણ કુસંગી બનીશ નહિ. કુસંગનું પરિણામ મહાભયંકર છે. તું પોતે નિર્મળ બનીને બીજાને નિર્મળ બનાવજે. તારામાં એ શક્તિ ન હોય તો એકલો રહેજે પણ બીજાને કુસંગી બનાવીશ નહિ.

"પરદેશી રાજાએ મારણાંતિક પરિષહ વખતે કેટલી ક્ષમા રાખી!"

પરદેશી રાજાની નસેનસો ખેંચાવા લાગી. આખા શરીરમાં ઝેર વ્યાપી ગયું. તે વખતે સંથારો કરી પંચપરમેષ્ટી ભગવાનનું સ્મરણ કરે છે. સર્વ જીવોને ખમાવે છે. અરિહંત પ્રભુ! મને આપનું શરણું હોજો. બધાને ખમાવી છેવટે પોતાના ગુરૂને યાદ કરે છે. અહો ગુરૂદેવ! આજે વિષમ ઝેર પચાવવાની જો તાકાત આવી હોય તો આપનો

પ્રતાપ છે. આપનો મારા ઉપર મહાન ઉપકાર છે. એ ઉપકારનો બદલો હું કયારે વાળીશ ? આપ ન મળ્યા હોત તો આવા સમયે મને કેટલું આર્ત ધ્યાન થાત ? એમ કહી ગુરૂને વંદન કરી ગુરૂના ઉપકારને યાદ કરી પરદેશી રાજાની આંખમાં ઠડઠડ આંસુ પડયા. ગુરૂદેવ ! મને આપનુ ભવોભવ શરણું હોજો. આપની મારા ઉપર અસીમ કૃપા સદા હોજો. આપ ગમે ત્યાં બિરાજતા હો પણ મારા વંદન સ્વીકારજો.

મને તો એમ થાય છે કે એક વખતના પરિચયમાં પરદેશી રાજાના જીવનમાં આવું પરિવર્તન થઇ ગયું. ગુરૂ પ્રત્યે આવો સમર્પણભાવ આવ્યો. જે ગુરૂએ આપણને સંસારસાગરથી તાર્યા હોય તેમના પ્રત્યે શિષ્યને કેવો સમર્પણભાવ હોવો જોઇએ. આવો હોવો જોઇએ છતાં તે ઉપકારનો બદલો વાળી શકતો નથી. બસ, શિષ્યને એક જ ભાવ હોવો જોઇએ કે મેં તો મારી જીવનનૈયા ગુરૂના ચરણે સમર્પણ કરી છે હવે મારે શી ચિંતા છે ? મારે તો મારા ગુરૂની આજ્ઞા એ મારો શ્વાસ ને પ્રાણ છે. ગુરૂની આજ્ઞાનું પાલન કરી જલ્દી મોક્ષમાં જાઉં એમ ભાવના નો વેગ ઉપડવો જોઇએ. વિનિત શિષ્યો તરી જાય છે.

જમાલિકુમારના અંતરમાં ભાવનાનો વેગ ઉપડયો છે કે હે નાથ ! જલ્દી તારા ચરણમાં આવવું છે. માતા પાસે જઇને કહે છે હે માતા ! તારી આજ્ઞા થયે મારે પ્રભુ પાસે દીક્ષા લેવી છે. માતા ! હું સમજું છું કે તું પવિત્ર માતા છે. દીકરાને નરકની રૌરૌ વેદના ભોગવવા તું નહિ મોકલે. હિતસ્વી માતા તો પોતાનો દીકરો કેમ મહાન સુખી થાય એવું ઇચ્છે છે. મને આ સંસાર તો ભડકે બળતી આગ જેવો દેખાય છે. ચારે બાજુ આધિ-વ્યાધિ ને ઉપાધિરૂપ ભડકે લાક્ષા દેખાય છે. પ્રભુના ચરણમાં જઇશ ત્યાં મને શીતળતાનો અનુભવ થશે. મને પ્રભુના ચરણની લગની લાગી છે. અગની જાગી છે. એ અગનીને ઠારવા મને રજા આપો. સંસારમાં બધું હીલું છમ દેખાય છે, પણ એ સેવાળનો આરો છે. એના ઉપર પગ મૂકીએ એટલે બસી જવાય ને હાડકા ભાંગી જાય. સંયમ ઉપરથી કઠોર દેખાય છે પણ અહીં આવીને અનુભવ કરો તો આનંદની લ્હેર માણી શકશો.

નિરંતર એવી ભાવના ભાવો કે હું અવિરતીના બંધન તોડી સર્વવિરતી કયારે બનું ? ભાવનાનો વેગ વધારવા પુરૂષાર્થ કરો. પુરૂષાર્થ કરવા છતાં સંયમી ન બની શકાય તો શ્રાવકના બાર વ્રત તો જરૂર અંગીકાર કરો.

બાયોકેમિકની બાર દવાઓ આવે છે. એ બાર દવા ૧૨૦૦ રોગોને નાબૂદ કરે છે. તેમ શ્રાવકના બાર વ્રતો એ બાયોકેમિકની બાર દવા જેવા છે. પેલી દવા તો ૧૨૦૦ રોગોને નાબૂદ કરે છે. પણ બાર વ્રતો તો બાર હજાર રોગોને નાબૂદ કરે છે. જીવનમાં વ્રતરૂપી મર્યાદાની લ્રેક અવશ્ય રાખો. મર્યાદા વિનાના જીવનની કોઈ કિંમત નથી.

નદીનું પાણી બે કાંઠાની વચ્ચે વહે તો તેની કિંમત છે. જે પાણી કાંઠાની મર્યાદા ઉલ્લંઘીને બહાર નીકળે છે તે કાદવ બની જાય છે. તે પાણીની કંઈ કિંમત રહેતી નથી. તેમ જેના જીવનમાં મર્યાદા નથી, વ્રતની આરાધના નથી તેમના જીવનની કંઇ કિંમત નથી. મોટા મોટા ચક્રવર્તિઓએ પણ જ્યારે સંસાર છોડયો છે તો તમે તમારું જીવન મર્યાદિત પણ ન બનાવી શકો?

જમાલિકુમાર કહે છે માતા! મને આજ્ઞા આપો. આ શબ્દો માતાને કેવા લાગ્યા? અણિટ્ઠં,અકંતં. અનિષ્ટ અને અપ્રિય લાગ્યા. પહેલા જમાલિકુમારે માતાને કહ્યું હતું કે હું ભગવાનના દર્શન કરી આવ્યો. મને પ્રભુની વાણી બહુ ગમી. આ શબ્દો સાંભળીને માતાને આનંદ થયો હતો. પણ જ્યાં દીક્ષાની વાત થઇ ત્યાં માતાની આંખમાં દડદડ આસું પડી ગયા. માતાને કોણ રોવરાવે છે? મોહ. અહાહા....સંસારમાં સૌ પોત પોતાના સ્વાર્થને રડે છે. એક દિવસ વૃક્ષની ડાળીઓ કોઇએ કાપી નાંખી. વૃક્ષ ઠુંઠું થઇ ગયું. સાંજે પક્ષીઓ આવીને જુએ તો ઝાડ ઠુંઠું બની ગયું છે એટલે પક્ષીઓ કલ્પાંત કરે છે. તો શું એ પક્ષીઓ ઝાડને રોવે છે? 'ના'. પોતાના વિસામાની ડાળ તૂટી ગઇ તેને રડે છે. જ્યારે કોઇ માણસ મરી જાય ને બહેનો રડે છે કે અમારી સંભાળ કોણ લેશે? છોકરાનું શું થશે? બોલો, આ કોને રડે છે? માણસને કે એમના સ્વાર્થને? સંસારમાં એકાંત સ્વાર્થની સગાઇ છે. માટે ભગવાન કહે છે હે જીવ! તું તટસ્થ ભાવે રહી સંસારમાં નાટક જોયા કર. વિષય-વિકારને તારા જીવનમાં પોષણ ન આપીશ. એ વિષયો તારું અનાદિ કાળથી અહિત કરતા આવ્યા છે. વિષયોની આગ ભલભલાને ભરખી જાય છે. વિષયનો અંધાપો કેવા નીચ કામ કરાવે છે પણ ચારિત્રવાન કેવા દૃઢ રહે છે!

"ચારિત્ર માટે કેટલી કપરી કસોટી"

સમ્રાટ અશોકના જીવનનો પ્રસંગ છે. સદાચારી પુરૂષો કઠીન સંયોગોમાં પણ પોતાનું ભાન ગુમાવતા નથી. ચારિત્રના રક્ષણ માટે કાયા કુરબાન કરી દે છે. સમ્રાટ અશોકને બે રાણીઓ હતી. તેમાં મોટી રાણીનો પુત્ર કુણાલ ખૂબ સુંદર, સુશીલ અને સદાચારી હતો. રાજાનો તેના પ્રત્યે ખૂબ પ્રેમ હતો. એ રાજાની નાની રાણીનું નામ તિષ્યરક્ષિતા હતું. તે ખૂબ સ્વરૂપવાન હતી. કુણાલ સમજતો કે મારા પિતાની જેટલી રાણીઓ છે તે બધી મારી માતા છે. માતાને મારે વંદન કરવા જોઇએ. કુણાલ માતા પ્રત્યેના પૂજ્ય ભાવથી દરરોજ નાની રાણી તિષ્યરક્ષિતાને વંદન કરવા જતો. એમ કરતાં કુણાલ યુવાન થયો એનું યૌવન સોળે કળાએ ખીલી ઉઠયું છે. એક રાજકુમારી કંચનાદેવી સાથે તેના લગ્ન થયા હતા. આ કુણાલ દરરોજ માતાને વંદન કરી ચરણરજ માથે ચઢાવતો. પુત્રને માતા પ્રત્યે પૂજ્યભાવ હતો. જ્યારે માતાની દૃષ્ટિ મલીન હતી. પુત્રનું રૂપ-સૌંદર્ય જોઇને રાણીને તેના પ્રત્યે મોહ જાગ્યો. પુત્ર તો એવા પવિત્રભાવથી માતાને વંદન કરતો હતો,

એની દૃષ્ટિમાં નામવિકાર ન હતો. પણ જેની તિજોરીમાં જે માલ ભર્યો હોય તે બહાર કાઢે, શાકભાજીની દુકાને જાવ તો કાછીયો શાકભાજી બતાવે, સોના-ચાંદીની દુકાને જાવ તો સોની સુવર્ણના દાગીના બતાવે, કાપડની દુકાને જાવ તો કાપડ બતાવે અને ઝવેરીની દુકાને જાવ તો ઝવેરી ઝવેરાત બતાવે છે. રાણીની દૃષ્ટિમાં વિષયવિકારનું ઝેર ભેદું છે. રોજ કુણાલ દર્શન કરવા આવે અને એના અંતરમાં કામાગ્નિ ભભૂકી ઉઠે. એક દિવસ કુણાલ માતાના દર્શન કરવા ગયો ત્યારે રાણી એને બાઝી પડી. ત્યારે કુણાલ કહે છે માતા! આજે પુત્ર પ્રત્યે ખૂબ હેત આવી ગયું! બરોબર માતાનું હેત અલૌકિક હોય છે. બાળક ગમે તેટલો મોટો હોય, પણ માતાની દૃષ્ટિમાં તો સદાય બાળક છે. માતા, શું તારો પ્રેમ છે! શું તારું વાત્સલ્ય છે! જુઓ, કુણાલની દૃષ્ટિમાં કેવું પવિત્ર અમી ભર્યું છે. એણે એનો માલ બહાર કાઢ્યો.

માતાની વિષમ દૃષ્ટિ:- રાણી કેવો માલ બતાવે છે? તે કહે છે કુણાલ! હું તારી માતા બનવા તને ભેટી પડી નથી, પણ જિંદગીનો આનંદ લૂંટવા તને ભેટી પડી છું. ચાલ, આપણે સંસારસુખ ભોગવીને તારું ને મારું જીવન સફળ બનાવીએ. કુણાલ કહે છે માતા! તું આ શું બોલે છે? તને આ શોભે છે? પુત્ર પ્રત્યે તારી આવી દૃષ્ટિ હોય? ત્યારે પુંફાડા મારતી નાગણીની જેમ ક્રોધે ભરાઈને રાણી કહે છે કુણાલ! તું મારી વાત માનતો નથી, જો મારું કહ્યું કરીશ તો મહાન સુખ પામીશ અને નહિ માને તો મને લાગે છે કે તારી કમળ જેવી આંખોનું તેજ રહેવા નહીં પામે. કુણાલ ત્યાંથી જેમતેમ કરીને ભાગી છૂટ્યો, પણ રાણી એના કામની આગ શાંત ન થઇ એટલે વૈર લેવા ફાંફા મારે છે. કેમ કરીને એનો નાશ કરું?

એક વખત સમ્રાટ અશોકને યુદ્ધમાં જવાનું થયું. રાજા પોતે જવાની તૈયારી કરે છે. પવિત્ર પુત્ર કુણાલને આ વાતની ખબર પડી એટલે દોડતો પિતા પાસે આવ્યો ને કહ્યું- બાપુજી! હું જઇશ. મારા બેઠા આપને જવાનું ન હોય. વિનયવાન પુત્રની ફરજ છે. મારે જવું જોઇએ. કુણાલ યુદ્ધમાં ગયો. રાણીના મનમાં થયું કે ઠીક થયું, હવે કુણાલ લડાઇમાં ખપી જશે. કુણાલ યુદ્ધમાં ગયો. પોતે ચારિત્રવાન છે. થોડા સમયમાં વિજયની વરમાળા પહેરી ખૂબ આનંદ સાથે પોતાના ગામમાં પાછો આવ્યો. જેનું બ્રહ્મચર્ય નિર્મળ હોય તેને કોની તાકાત છે કે હરાવી શકે? એને પાછો આવેલો જોઇને રાણી મનમાં બળવા લાગી અને વૈરનો બદલો લેવાના અવસરની રાહ જોવા લાગી.

રાજા પાસે વચનની માગણી

એક વખત સમ્રાટ અશોક ખૂબ બિમાર પડ્યા. ખૂબ ઉપચારો કર્યા પણ દર્દ મટ્યું નહિ. પણ તિષ્યરક્ષિતાએ પોતાની બુદ્ધિ અને ચાતુર્યથી બીજા ઉપચારો કર્યા અને રાજાની ખૂબ સેવા કરી. તેના પ્રભાવે રાજાની તબિયત સારી થઇ ગઇ એટલે રાજા તેના

પ્રત્યે ખૂબ પ્રેમભાવ રાખવા લાગ્યા. એક તો એનું રૂપ ઘણું હતું. રાજા તેની સેવાથી સ્વસ્થ થયા. ગયેલું આરોગ્ય પુનઃ પ્રાપ્ત કર્યું. એટલે તેના ઉપર રાજાના ચારે હાથ રહેવા લાગ્યા. એક દિવસ રાજા કહે છે રાણી! તું મને અત્યંત વહાલી છે. તારી સેવાથી હું જીવ્યો છું. તું મારી પાસે કંઇક માંગ. રાણી કહે છે સ્વામીનાથ! મારા ઉપર આપની કૃપાદૃષ્ટિ છે તે ઘણું છે. મારે બીજું શું જોઇએ? રાજાએ ખૂબ કહ્યું ત્યારે કહે છે આ કવર વગર વાંચ્યે એના ઉપર આપની સહી કરી દો અને આપની એક મુદ્રિકા આપો. સમ્રાટ અશોકને આ રૂપવંતી રાણીના કારસ્તાનની કંઇ ખબર ન હતી. એણે કવર વાંચ્યું નહિ અને પોતાની સહી કરી દીધી ને પોતાના નામવાળી સુવર્ણમુદ્રિકા આપી દીધી. અને રાણીએ તે કવરમાં ચિઠ્ઠી મૂકી તેમાં લખ્યું હતું કે કુણાલની બંને આંખો ફોડી નાંખવી અને તેને રાજ્યની બહાર કાઢી મૂકવો એમ લખી ચિઠ્ઠી મૂકી કવર બીડી દીધું કુણાલ તો તક્ષશિલામાં એની પત્ની કંચનાની સાથે આનંદથી રહેતો હતો. રાણીએ ચિઠ્ઠી પ્રધાનના હાથમાં આપીને કહ્યું કે આ કવરમાં જે લખ્યું છે તે પ્રમાણે તમે તરત રાજાના હુકમનું પાલન કરો. જુઓ, ઉપર રાજાની સહી છે. વધુ ખાત્રી માટે આ રાજાએ તેમની મુદ્રિકા આપી છે. પ્રધાન કવરમાં રહેલી ચિઠ્ઠી વાંચીને સજ્જડ થઈ ગયો. સમ્રાટ અશોક મહારાજા પોતાના એકના એક પાટવીપુત્રને આવી કઠોર શિક્ષા કદી કરે નહિ અને કુણાલકુમાર પણ ખૂબ પવિત્ર છે. તે આવી શિક્ષાને પાત્ર બને તેવો નથી. એનો એવો શું ગુન્હો હશે કે રાજા તેને આવી શિક્ષા કરવાનો હુકમ કરે છે. સાથે રાજાની મુદ્રિકા છે. કવર ઉપર સહી છે એટલે મારે તેમાં શંકા કરવા જેવું પણ નથી. બંધુઓ! ધર્મીને માથે કેવું સંકટ આવ્યું છે! પ્રધાન ખૂબ ગંભીર છે તે આ બાબતમાં શું વિચારશે તે વાત અવસરે કહેવાશે.

ચરિત્ર: અહીં પણ એવી જ વાત છે. એક વ્યકિત કેટલી પવિત્ર ને ક્ષમાશીલ છે. જ્યારે બીજી વ્યકિત અત્યંત દુષ્ટ અને ક્રૂર છે. પૂર્વનું વૈર છે. વૈર વિના કદી ઝેર આવતું નથી. રાજાને કેવી ગંધાતી જેલમાં પૂરી દીધો છે અને કૂતરાને જેમ ખાવાનું નાંખે તેમ ખાવાનું આપે છે ને રાજાને ખૂબ સતાવે છે. રાણીઓ પોતાની નજરે રાજાનું દુઃખ જોઇ રહી છે. પોતાના પતિ આવા નરકાગાર જેવા ઘોર કષ્ટમાં હોય તે સતી સ્ત્રીઓથી સહન કેમ થાય? પતિના સુખે સુખી અને પતિના દુઃખે દુઃખી રહેવાવાળી આ પવિત્ર રાણી હતી. કુસુમાવલિ આદિ રાણીઓએ કદી રાજાનું મન દુભવ્યું નથી. રાજાને સહેજ કંઇક થાય તો પ્રાણ પાથરવા તૈયાર થતી.

પાપી દુષ્ટ આનંદકુમાર રાજા ઉપર ખૂબ જુલ્મ ગુજારવા લાગ્યો ત્યારે રાજાને થયું કે આ છોકરો મને છોડશે નહિ. આમે ય મરવાનું તો છે તો મારો અંતિમ સમય સુધારી લઉં. મનથી ભાવચારિત્રમાં આવી ગયા ને ખૂબ શુદ્ધ ભાવમાં રહેવા

લાગ્યા. આ તરફ કુસુમાવલિ આદિ રાણીઓ ખૂબ ઝૂરતી હતી. કુમાર પ સે ખૂબ કરગરી. મને એક વખત મારા સ્વામીને મળવા દે. ખૂબ કરગરી ત્યારે કુમારે મળવા જવાની રજા આપી. એટલે કુસુમાવલિ આદિ રાણીઓ કેદખાનામાં ગઇ.

રાણીઓનો અસહ્ય વિલાપ

દુઃખી દેખ પ્રાણેશ્વરકો, કુસુમાવલિ કરે વિચાર,
અતિ યત્ન કે બાદ મિલનકી, આજ્ઞા કરી કુમાર,
ચરણે શિર ધર ટૂંટ ટૂંટ કર, રોઇ આંસુડારહે.... શ્રોતા તુમ.

પોતાના પતિને એવી દુઃખી હાલતમાં જોઇને રાણી ખૂબ શોકમગ્ન બની ગઈ. નાથ! આપની આ દશા? કયાં મહેલ ને કયાં ગંધાતી જેલ! આપ આમાં કેમ રહી શકો છો? એમ કહીને રાજાના ચરણમાં પડીને માથું કૂટવા લાગી. રાણીઓનો વિલાપ જોઈને રાજા કહે છે હે રાણી! તમે મારા નિમિત્તે આટલું બધું આર્તધ્યાન ને રૌદ્રધ્યાન કરો છો તેમાં કેટલું કર્મબંધન થાય છે? અને એ કર્મો નરકને તિર્યંચ ગતિમાં લઇ જનારા છે. તમે તો ખૂબ સમજુ છો. તમને જિનેશ્વર ભગવાનની વાણી સાંભળવા મળી છે તેથી તમે જાણો છો કે અત્યારે જે દુઃખ આવ્યું છે તે પૂર્વે સંચિત કરેલા કર્મના કડુ ફળો છે અને હવે જો આપણે રાગ-દ્વેષ, હર્ષ ને શોક કરીએ તો તેના કડવા ફળ કેવા ભોગવવા પડે તે તમે જાણો છો. તો પછી આટલો બધો શોક શા માટે કરો છો? શોક કરવાથી કંઇ વળવાનું નથી. હું આવા દુઃખમાં પણ સમભાવથી રહું છું અને તમે શા માટે કર્મ બાંધો છો? જો આ છોકરો મને જેલમાંથી છોડશે તો મારે ચારિત્ર લેવું છે અને નહિ છોડે તો ભાવચારિત્રમાં તો છું. જો તમને સત્ય સમજાતું હોય તો હવે પ્રભુનું વચન હૃદયમાં ધારણ કરો ને વ્યર્થ શોક કરવો છોડી દો અને તમે ચારિત્ર ગ્રહણ કરો.

રાજાની હિત શિખામણ સાંભળી રાણીઓનું શોકાતુર હૃદય પલટાઇ ગયું ને કહ્યું કે આપ કહો છો તે સત્ય છે. સંસારની માયાજાળ ખોટી છે. બંધનો કારમા છે મે વિષયોના વિપાક ભયંકર છે, માટે સંસારની માયા છોડી હવે અમારે ચારિત્ર લેવું છે, તો એ માર્ગે જવાની અમે આજ્ઞા માંગીએ છીએ. રાજાએ આનંદપૂર્વક આજ્ઞા આપી દીધી. હવે રાણીઓ ચારિત્ર લેશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૪૩

શ્રાવણ વદ ૯ ને મંગળવાર **તા. ૨૧-૮-૭૩**

"અભયદાન મહાનદાન છે"

સિદ્ધાંત એટલે ત્રણે કાળ સિદ્ધ થયેલી વાણી તેનું નામ સિદ્ધાંત. સિદ્ધાંત એ સર્વજ્ઞ ભગવંતની વાણી છે. તેમાં જરા પણ શંકાને સ્થાન નથી. તેમની વાણી સત્ય અને નિઃશંક છે. જે ભવ્ય જીવો આ વીતરાગ વાણીનું શ્રવણ કરી જીવનમાં અપનાવે છે અને શકિત પ્રમાણે આચરણ કરે છે તેનો ઉદ્ધાર થાય છે અને તે આત્માના અનંત સુખનો સ્વામી બને છે. શાસ્ત્રનું શ્રવણ જેને ગમે નહિ, રૂચે નહિ તેની વિષયની આસકિત અને વિષયની આશા તૂટે નહિ. વિષયોની આસકિતથી જો છૂટવું હોય અને વિષયોની આશાથી જો મુકત બનવું હોય તો શાસ્ત્રશ્રવણની આસકિત કેળવવી એ મોટામાં મોટું આલંબન છે. શાસ્ત્રના શ્રવણથી વિષયોની આસકિત છોડવા જેવી લાગે, વિષયોનો સંગ છોડવા જેવો લાગે, વિષયોની આસકિત અને વિષયોની આશાને છોડવાનું મન થયા પછી પણ એ ભાવનાને સર્વ પ્રકારે સફળ બનાવવા માટે શાસ્ત્રના શ્રવણમાં આસકત બનવું જોઈએ.

આ વીતરાગવાણીનું આચરણ કરીને સમ્યગ પુરૂષાર્થ વડે અનેક આત્માઓ મહાન બન્યા છે. એક વાત સમજાઈ જવી જોઈએ કે મારો આત્મા કર્મને વશ થઈને અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. મારો આત્મા અનાદિનો છે ને કર્મ પણ અનાદિના છે. આ કર્મોથી મુકત બનવા માટે ભગીરથ પુરૂષાર્થ કરવો પડશે. નબળો પુરૂષાર્થ કામ નહિ આવે. જેમ એકડા વિનાના મીંડાની કોઈ કિંમત નથી તેમ આચરણ વિનાના જીવનની કાંઇ કિંમત નથી. અહીં વીતરાગ વાણી સાંભળીને ગયા અને કષાય આવે તેવું કારણ ઉપસ્થિત થયું તે વખતે ક્ષમા ન રહે તો અહીં સાંભળ્યાનું આચરણ ન કહેવાય. વાતો મોટી મોટી મોક્ષની કરતા હોઈએ પણ વર્તનમાં કંઈ ન હોય તો જીવનો ઉદ્ધાર નહિ થાય. વ્યાખ્યામાં રોજ અહિંસાની વાતો થતી હોય ને બહાર હિંસાના તાંડવ રચાતા હોય તો ભગવાન કહે છેઃ સાચો જૈન નથી જૈનની રગે રગે દયા રમતી હોય. કોઈ જીવને દબાતો કચડાતો દેખે તો એનું કાળજું કકળી ઉઠે છે. પણ આજે માનવીના શોખ વધી ગયા છે. મૂલાયમ પર્સ, બૂટ આદી ચીજો વાપરે છે પણ ખબર છે કે એ મૂલાયમ ચીજો કયાંથી બને છે? પ્યોર રેશમી વસ્ત્રો પહેરતાં વિચાર થાય છે કે આવું પ્યોર રેશમી કપડું શેનું બને છે? કેટલા કીડાઓનો સંહાર થાય છે ત્યારે રેશમની સાડી બને છે. કેટલી માછલીઓ ચીરાઇ જાય ત્યારે એક સાચા મોતીની માળા બને છે. વિચાર કરજો. તમે દાગીના અને વસ્ત્ર નથી પહેરતા પણ જીવતા જીવોને

ચીરીને તેના કલેવર પહેરી રહ્યા છો. સાચો જૈન આવા હિંસક ત્યાગીના અને વસ્ત્ર ન પહેરે. એ સમજે છે કે દરેક જીવોને પોતાનું જીવન પ્રિય છે, મને મરવું નથી ગમતું તો બીજાને કેમ ગમે? પહેલા દવાઓ આવતી હતી પણ કોઇને ખબર નહોતી પડતી કે આ દવાઓ શેમાંથી બને છે? અને આટલી હિંસક દવાઓ પણ ન હતી. આજે દવા ઉપર લખેલું હોય છે કે આ દવા શેમાંથી બની છે? છતાં શરીરને સારૂં રાખવા હિંસક દવાઓનો પ્રયોગ કરતા થઈ ગયા. એ હિંસામય દવાઓ ખવાય, એવા વસ્ત્રો પહેરાય એટલે મનમાં પવિત્રતા કયાંથી આવે? દિલમાં કઠોરતા વધતી જાય ને દયાને દેશવટો દેવાય છે.

બંધુઓ! તમે ગાઢ જંગલમાંથી પસાર થતા હો....પાસે પૈસા હોય તે વખતે કોઈ લૂંટારો સામો મળે ને બધું લૂંટી લે પછી કહે કે ઉભો રહે. આ બંદૂકથી તને ઠાર કરી નાંખું છું. માથે મોત ઝૂલી રહ્યું છે. આવા સમયે કોઇ બચાવનાર મળી જાય, લૂંટારાના પાશમાંથી મુકત કરાવે તો તમને કેટલો આનંદ થાય! તેમ એકેક જીવોને જો તમારા તરફથી અભયદાન મળે તો કેવો આનંદ થાય!

એક ચોર ચોરી કરવામાં ખૂબ ચાલાક હતો. મોટી ભારે ભારે ચોરીઓ કરે, પ્રજાને રંજાડે પણ કોઇ હિસાબે પકડાય નહિ. પણ એક વખત પકડાઇ ગયો. એટલે રાજાએ એને ફાંસીની સજા કરી. ફાંસીએ ચઢાવતા પહેલા એના મોઢે મેશ ચોપડી. જુના ફાટયા તૂટયા જુત્તાનો ગળામાં હાર પહેરાવ્યો. હાથ–પગમાં બેડીઓ પહેરાવી ગધેડા પર બેસાડી ગામમાં ફેરવવામાં આવ્યો. ચોરને નજર સમક્ષ ફાંસીનો માંચડો દેખાય છે. તે મરણના ભયથી ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડવા લાગ્યો. રાણીઓના મહેલ પાસેથી આ ચોરનું સરઘસ નીકળ્યું- આ વખતે રાણીઓ મહેલના ઝરૂખે ઉભી હતી. ચોરને આક્રંદ કરતો જોઇ રાણીઓને તેની દયા આવી. રાજાને ૯૯ રાણીઓ હતી તેમાં ૯૮ માનીતી હતી અને ૯૯મી અણમાનીતી હતી. રાજાની બધી રાણીઓને દયા આવી. એના રૂદનથી રાણીઓનું હૈયું ભરાઇ આવ્યું. એટલે સર્વપ્રથમ મુખ્ય રાણી રાજાની પાસે દોડતી ગઈ અને નમ્રતા પૂર્વક કહ્યું. મહારાજા! હું આપની પાસે ભીખ માંગવા આવી છું. અમુક સમયે આપે મને વચન માંગવાનું કહ્યું હતું તે લેણું છે. અત્યારે મારૂં વચન પૂરૂં કરો. રાજા કહે માગો....ત્યારે રાણી કહે છે આપે પેલા ચોરને ફાંસીની શિક્ષા કરી છે તેને આજના દિવસ પૂરતું જીવતદાન આપો અને તેને મારા મહેલે લઇ જઇ આજનો દિવસ તેના મનના કોડ પૂરા કરૂં. એના આત્માને શાંતિ થાય. રાજા કહે એને બચાવવા જેવો નથી. રાણીઓ કહે છે એ એ ગમે તેવો હોય પણ અમને એની દયા આવે છે.

દેવાનુપ્રિયો! આવું ઉત્તમ માનવજીવન પામીને દિલમાં જો કઠોરતા ભરી હોય કોઈ દુઃખીને જોઇને આપણું દિલ દ્રવી જતું ન હોય તો તે માનવ નહિ પણ દાનવ છે.

માનવજીવન દુર્ગુણોનો નાશ, અને સદ્ગુણોનો અભ્યાસ કરવાની અમૂલ્ય તક છે. અત્યારે દુઃખીની દયા નહિ કરો તો ક્યારે કરશો ? આવી ઉત્તમ તકને વધાવી લઇ કોમળતા, સહાનુભૂતિ, દયા, પ્રેમ અને વાત્સલ્યથી જીવનને સભર બનાવો. આ બધું તમને નથી આવડતું એમ નથી, પણ સ્વાર્થ છે. વહાલા માનેલા પત્ની–ભાઇ–બહેન–પુત્રો પ્રત્યે કેટલી કોમળતા છે ! એમની મોટી ભૂલ થઈ હોય તો બની આવ છો. પોતે મીઠાઈનો ટુકડો જતો કરી એમને ખવડાવો છો. પોતે ઠંડીને વેઠી એમને એક કપડું વધારે ઓઢાડો છો.એમના કડવા વચન પણ સહન કરી શકાય છે. કારણ કે એ બધા તમને વહાલા લાગ્યા છે. આવી સહાનુભૂતિ અને વાત્સલ્ય જો સ્વધર્મી બંધુ તેમજ દીન દુઃખી જીવો પ્રત્યે આવવા જોઇએ. દુઃખીને દેખી દિલ દયાથી ભીનું થવું જોઇએ. દુઃખી પ્રત્યે પ્રેમ અને મૈત્રીભાવ આવે તો આ કાર્ય બની શકે.

રાજાની રાણીઓને આ ચોર કંઈ સગોવહાલો ન હતો. છતાં એના પ્રત્યે કેટલી દયા ! રાણી ચોરને પોતાના મહેલે લઈ ગઇ. તેને ઉંચા સાબુ વડે સ્નાન કરાવ્યું. ભારે મૂલા વસ્ત્રો પહેરાવ્યા. સારા સારા મિષ્ટાન જમાડયા ને તેની ખૂબ સરભરા કરી. ચોરને ગમે તેવી સારી રીતે રાખે પણ માથે મોત ભમતું હોય ત્યાં આનંદ આવે ? આ કંઈ ગમે ખરૂં ? બીજો દિવસ થયો. ચોરને ફાંસીએ લઇ જવાનો સમય થયો ત્યાં બીજી રાણી રાજા પાસે પહોંચી ગઇ. અને ચોરને એક દિવસ માટે અભયદાન આપવા વિનંતી કરી. એ પણ એ ચોરને પોતાના મહેલે લઇ ગઇ. તેને નવડાવી ધોવડાવી સારા વસ્ત્રો પહેરાવ્યા, સારૂં ભોજન જમાડયું અને હીરા–માણેકના દાગીના પહેરાવ્યા. ત્રીજા દિવસે ત્રીજી રાણી ગઇ. એણે બે રાણીઓની જેમ તેનો ખૂબ સત્કાર કર્યો. ઉપરાંત એના વાહનમાં બેસીને ફેરવ્યો. ચોથીએ તેને જમાડતાં પાસે બેસીને જાતે પંખો વીંઝયો, નોકરો પાસે એની પગચંપી કરાવી અને સંગીતના મધુરા ગીત સંભળાવ્યા આ રીતે દરરોજ એકેક રાણીઓ એને પોતાના મહેલે લઇ ગઈ અને એકેકથી સવાઈ સરભરા કરી. આમ કરતાં ચોરના ૯૮ દિવસ પૂરા થયા. મનમાન્યા સુખો મળ્યા પણ એમાં એને આનંદ ન આવ્યો કારણ કે સવાર પડે ને માથે મોતના ભણકારા વાગતા હોય ત્યાં આનંદ કયાંથી આવે?

દેવાનુપ્રિયો ! આ ચોરના દૃષ્ટાંતથી તમે પણ સમજો કે સંસારના સુખમાં મગ્ન બની ગયા છો પણ ક્ષણે ક્ષણે યાદ રાખો કે મારા માથે મરણની તલવાર ઝૂલી રહી છે. તો મારાથી આ વિષયભોગમાં સુખ માનીને આનંદથી કેમ બેસી રહેવાય ? ૯૮ રાણીના વારા પૂરા થયા. હવે ૯૯ મી અણમાનીતી રાણીનો વારો આવ્યો ત્યારે એ રાજા પાસે જઇ ચરણમાં પડીને કહે છે નાથ ! આ દાસીની એક અરજ સાંભળો. હું તો આપની અણમાનીતી રાણી છું. મેં અત્યાર સુધી આપની પાસે કંઇ માંગણી કરી નથી. મારા એ કમભાગ્ય છે કે આપ આટલા ગુણવાન હોવા છતાં આપની કૃપાનો પ્રસાદ પામી શકી

નથી. આપ તો ઉદાર છો, પ્રેમાળ છો, દુઃખીના દુઃખ દૂર કરનાર છો. પણ હું અભાગીની રહી છું તેમાં મારા કર્મનો દોષ છે કે જેથી આપની પ્રેમપાત્ર બની શકી નથી. સલાટ પથ્થરમાંથી સારી સારી મૂર્તિઓ બનાવે છે. પણ માટીના ઢેફા ઉપર તેની કલા ઉતારી શકતો નથી તેમાં કારીગરનો શું દોષ છે? એ માટીનું ઢેપુજ અપાત્ર છે, તેમ તમારા અને મારા સબંધમાં હું મારી જાતને અભાગી માનું છું. પણ આજે મારી વિનંતી સાંભળો. આટલું બોલતાં રાણીની આંખમાં ઝરઝર આંસુ પડી ગયા. રાણીની પવિત્રતા જોઇ રાજાની આંખમાં આંસુ આવી ગયા. અહો! મેં વર્ષોથી આ રાણીના સામું જોયું નથી, કદી એની સંભાળ લીધી નથી છતાં મારો દોષ જોતી નથી. મને ગુણીયલ કહે છે ને દોષ પોતાનો જુએ છે. એ રાણીના વચનની રાજાના હૃદયમાં સારી અસર થઇ.

હૃદયની પવિત્રતા કઠોર હૃદયના માનવીને પણ પીગળાવી નાંખે છે. રાજા એના ઉપર પ્રસન્ન થયા ને કહ્યું- બોલ, તારે શું જોઇએ છે? તારા ઉપર હું પ્રસન્ન છું. તારે જે જોઇએ તે માંગ ત્યારે રાણી કહે છે મારે બીજું કાંઇ નથી જોઈતું. મારે આપની પટ્ટરાણી નથી બનવું, રાજ્યના સુખ નથી જોઈતા. તમારી મહેલાતોમાં મ્હાલવું નથી. મારા માટે નાનો અને જુનો મહેલ સારો છે. પણ એક માંગું છું કે પેલા ચોરને મારી ૯૮ બહેનોએ એકેક દિવસ જીવતદાન આપ્યું. પણ હું એવું માંગું છું કે એની ફાંસી માફ કરીને અભયદાન લખી આપો. રાજા કહે છે આ તું શું માગે છે? એ ચોર જેવો તેવો નથી. એને છૂટો કરીશું તો ફરીને પ્રજાને રંજાડશે. રાણી કહે છે બનતા પ્રયાસે હું તેનું જીવન સુધારીશ. એ ફરીને કદી ચોરી નહિ કરે એવી પ્રતિજ્ઞા કરાવીશ. એટલે રાજાએ ચોરને અભયદાન પત્ર લખી આપ્યો. લઇને ચોર પાસે આવીને કહ્યું ભાઇ! મારી ૯૮ બહેનોએ તને ખૂબ સાચવ્યો છે. એના જેવા વસ્ત્રો અને દાગીના આદિ સામગ્રી મારી પાસે નથી કારણ કે હું તો રાજાની અણમાનીતી રાણી છું. પરંતુ હું તારા માટે રાજા પાસેથી એક પત્ર લાવી છું એમ કહી રાણીએ ચોરને અભયદાન પત્ર આપ્યો.

આ પત્ર વાંચીને ચોરને કેવો આનંદ થયો હશે! એણે ભયંકર ચોરીઓ કરી હતી. મહામુશીબતે પકડાયો હતો તેથી ફાંસીની સજા થઇ હતી. એણે બચવાની આશા છોડી દીધી હતી અને ફાંસીની ભયંકર પીડાતી કલ્પનામાં શોષાઇ ગયો હતો. ૯૮ રાણીઓએ માલમલીદા અવડાવ્યા. પણ એનું પાશેર વજન વધ્યું નહિ. પણ ઉલ્ટું ઘટી ગયું. હૃદયમાં દુઃખનો પાર ન હતો. ત્યાં રાજાની મહોરની છાપવાળો અભયદાન પત્ર વાંચતા જાણે નવો જન્મ પામ્યો હોય તેવો આનંદ અનુભવવા લાગ્યો. કૂદવા-નાચવા લાગ્યો અને રાણીના પગમાં પડીને કહે છે માતા! તું કહે છે કે હું તારી સરભરા કરી શકી નથી પણ તેં જે મારી સેવા કરી છે તેવી કોઇએ નથી કરી. હું તો ઘોર પાપી છું, હત્યારો છું. આવા પાપીને તેં જીવતદાન અપાવ્યું એ કંઇ જેવી તેવી સેવા નથી. તેં

આજે મને નવું જીવન આપ્યું. માડી! તારા જેટલા ગુણ ગાઉં તેટલા ઓછા છે! ખરેખર તું મારી સાચી માતા છે. તારા ઉપકારનો બદલો હું કયારે વાળીશ? એમ બોલી ચોર ડુસકે ને ડુસકે રડવા લાગ્યો ને બોલ્યો માતા, કહે! હવે તારી હું શું સેવા કરું કે તારા ઉપકારનો બદલો વાળી શકું. ત્યારે રાણી કહે છે ભાઇ! મેં તારું કંઇ વધુ કર્યું નથી. મને તારી દયા આવી અને રાજા પાસેથી પત્ર લખાવી લાવી એમાં મેં કયાં પાઇનો ખર્ચ કર્યો છે કે શરીરને કષ્ટ આપ્યું છે.

ચોર કૃતજ્ઞતા દર્શાવતા કહે છે હે માતા! તન અને ધનનો ભોગ આપવો સહેલો છે. પણ રાજાને ક્રોધાવેશમાંથી સમજાવી મારા જેવા પાપીને બચાવવો મુશ્કેલ છે. તેં તો મહાન દયા કરી છે. તેં રાજા પાસે કેવી રીતે અભયદાન પત્ર લખાવ્યો હશે! અને એ પણ મારા જેવા પાપી માટે? એ તારી દયા મહાન છે. હવે હું તારો જીવનભરનો દાસ છું. તું કહે તે સેવા કરું. ત્યારે રાણી કહે છે જો તારે મારી ખરેખર સેવા કરવી હોય તો તું પ્રતિજ્ઞા લે કે જીવનભર હું મોટી ચોરી નહિ કરું. તરત ચોર હાથ જોડીને રાણીની સમક્ષમાં પ્રતિજ્ઞા કરે છે હે માતા! મને ખાવાનું નહિ મળે તો ભૂખ્યો મરીશ. પણ કદી ચોરી નહિ કરું. રાણી કહે છે બસ, આ મારી સાચી સેવા છે. હવે તું ચાલ્યો જા, સુખી થા. તારે ધંધો કરવો હોય તો થોડા પૈસા લઇ જા ત્યારે ચોર કહે છે માતા! તેં મને જીવતદાન આપીને નવું જીવન આપ્યું છે તો હું તને આનંદજનક વાત કરું કે મેં મારા જીવનમાં ઘણાં પાપો ખૂબ હોંશથી કર્યા છે, તો એ પાપોને હોંશથી તોડવા માટે કોઇ આત્માર્થી યોગીના શરણે જઇને ખૂબ તપ-જપ કરીશ ને મારા કર્મોના ભૂક્કા ઉડાડી નાંખીશ. તે પહેલાં તું મને એકવાર મહારાજાના દર્શન કરાવ જેથી તેમની પાસેથી માફી માંગુ અને હું તેમનો આભાર માની લઉં.

ચોરની વાત સાંભળી રાણીને ખૂબ આનંદ થયો, અહો....આ પાપી ચોરને અભયદાન અપાવ્યું તો તેની ભાવનાનો વેગ યોગી બનવા સુધી પહોંચી ગયો. રાણી આનંદભેર ચોરને રાજા પાસે લઇ ગઇ અને અભયદાન આપ્યા પછીની બધી વાત વિગતવાર કહે છે. રાજા પણ એની ચોરમાંથી મહાયોગી બનવાની વાત સાંભળી પ્રસન્ન થયા ને કહ્યું-શું હવે કદી ચોરી નહિ કરે? ત્યારે ચોર રાજાના ચરણમાં પડીને કહે છે મહારાજા! ઘણી ચોરીઓ કરી પણ આ ફાંસીની સજા થવાથી હવે એ દુષ્ટ ભાવના ચાલી ગઇ. ચોરી કરીને ગમે તેટલું મેળવું પણ એક દિવસ તો મારું જીવન આ રીતે ફના થવાનું છે ને ઉપરથી પાપ બાંધવાનું છે ને? રાજાને ચોરની વાત ઉપર વિશ્વાસ બેઠો. છતાં તેની ચકાસણી કરવા કહે છે ભાઇ! હવે મને વિશ્વાસ છે તું ચોરી નહિ કરે પણ ખાવા પીવા માટે કમાવું પડશે ને? તો તું પ્રમાણિકતાથી ધંધો કર. મારા ભંડારમાંથી તને પૈસા અપાવું અને ધંધો ન કરવો હોય તો નોકરી અપાવું. ત્યારે

ચોર કહે છે આપની કૃપાદૃષ્ટિ છે તે બરાબર છે. પણ મારા પાપ ધોવાનો આ અમૂલ્ય અવસર છે. મારે હવે વહેપાર કે નોકરી કરવી નથી. મારા પાપો ધોવા માટે યોગીપણું જ યોગ્ય છે. રાજાએ જાણ્યું કે આ ચોર હવે લલચાય તેમ નથી. રાજા પૂછે છે તને એક વાત પૂછું તેનો જવાબ આપ.

તને મારી ૯૯ રાણીઓએ ખવડાવ્યું-પીવડાવ્યું ને આનંદ કરાવ્યો તેમાં તને વધુ આનંદ કોને ત્યાં આવ્યો ? જુઓ, આ ચોરનો જવાબ સાંભળવા જેવો છે. ચોર કહે છે સાહેબ ! ૯૮ રાણીસાહેબે મારી સેવા કરી આનંદ આપ્યો પણ મને એમાં જરા પણ આનંદ નથી આવ્યો. કારણ કે એમણે મારા ઉપર દયા કરી પણ મારી નજર સમક્ષ ફાંસીની સજા તરવરી રહી હતી કે ફાંસીએ ચઢાવશે ત્યારે કેવો ગળે ટૂંપો દેશે. જીભ અને ડોળા બહાર નીકળી પડશે ને મારી નસેનસો ખેંચાઇ જશે. આ દૃશ્યો મારી નજર સમક્ષ ખડા થઇ રહ્યા હતા ત્યાં ગમે તેવા ઝરીના વસ્ત્રો પહેરાવે, મેવા ને મિષ્ટાન્ન જમાડે, ગાડી મોટરમાં ફેરવે, સોનાના રત્નજડિત સિંહાસને બેસાડે તો પણ મને આનંદ કયાંથી આવે ? મને છેલ્લા રાણીસાહેબની સરભરામાં જે આનંદ આવ્યો તે બીજે કયાંય નથી આવ્યો. મને અભયદાન મળ્યું. હવે તો આ સંસારમાં ગમે તેવા મહાન સુખો મળે તો પણ મને આનંદ નથી.

દેવાનુપ્રિયો ! આ સંસારના સુખો પણ આવા છે. દરેકને માથે કંઇ ને કંઇ ચિંતા છે. કોઈની પાસે ધન છે તો પુત્ર નથી, પુત્ર છે તો ધન નથી, પુત્ર અને ધન બંને છે તો પુત્ર ગાંડો છે તો કોઈ બેઇમાન છે. આપની આબરૂને ફના કરનારો છે. કોઇને ધન છે, પુત્ર છે ને બધું સારૂં છે તો શરીરમાં વ્યાધિ ઉત્પન્ન થઇ છે. શરીર જીર્ણ થઇ ગયું છે. એવી અનેક ઉપાધિઓની વચમાં માથે મરણની તલવાર ઝૂલી રહી છે ત્યાં સુખ ને આનંદ કયાંથી હોય ? સંસારના વિષયો સુખ કયાંથી આપી શકે ?

જમાલિકુમારે પોતાની માતા પાસે વાત મૂકી કે હે માતા ! આ સંસારના વિષયો દુઃખદાયી છે, એક દિવસ તો બધું છોડીને જવાનું છે. મને સંસારનો એક પણ પદાર્થ આનંદકારી લાગતો નથી. આ તારી પુત્રવધુઓ મને હાડકાનો માળો ને લોહી માંસની ગટર દેખાય છે. આ હીરા–માણેકથી જડેલા મહેલ મને પથ્થરના માળખા જેવા દેખાય છે. રત્નો કાંકરા જેવા લાગે છે. વિષયો અગ્નિની જવાળા જેવા લાગે છે. માટે હું સંસાર છોડીને સંયમી બનવા ઈચ્છું છું. માતા ! મને રજા આપ. આ શબ્દો સાંભળી માતાનું મુખ કરમાઇ ગયું. એ માતા દીકરો સંસારમાં રહીને ધર્મધ્યાન કરે તો સારૂં એમ ઇચ્છતી હતી. પણ દીકરો સંસાર છોડીને ચાલ્યો જાય તે એને ગમતું ન હતું. કારણ કે સંતાનો પ્રત્યે માતાની મમતા જુદી હોય છે. તમે દુનિયાભરમાં જાવ. બધાનો પ્રેમ મળશે પણ માતાનો પ્રેમ નહિ મળે. એવું જનેતાનું વાત્સલ્ય હોય

છે. કોઇ જગ્યાએ પાપનો ઉદય હોય તો કંઇક જુદુ બને છે. પણ જનેતા એવી ન બને.

ગઇ કાલે આપણે સમ્રાટ અશોકના પુત્ર કુણાલની વાત કરી હતી. કુણાલને પોતાની અપરમાતા તિષ્યરક્ષિતા પ્રત્યે ખૂબ પ્રેમ હતો. તેને તે પોતાની સગી માતા સમજતો હતો. પણ માતાની દૃષ્ટિ બગડી. તેની ઇચ્છા પૂરી ન થઈ ત્યારે રાજા પાસે વચન માંગીને કાગળ ઉપર સહી કરાવી. રાજાના નામની મુદ્રિકા લઇને કેવું કામ કર્યું ? પ્રધાનને કવર આપીને કહ્યું કે આમાં લખ્યું છે તે પ્રમાણે કરવાની રાજાની આજ્ઞા છે. જુઓ, રાજાની સહી છે. પ્રધાને વાંચ્યું કે કુણાલની બે આંખો ફોડી નાંખવી અને તેને રાજ્યની બહાર કાઢી મૂકવો. પ્રધાનને વાંચીને ખૂબ નવાઇ લાગી કે એક તો પાટવીપુત્ર છે ને બીજો પિતૃભક્ત છે. આવા પુત્રને રાજા આવી શિક્ષા કરે નહિ છતાં કુમાર પાસે જાઉં તો કુમાર એનું નિરાકરણ કરશે. પ્રધાન કવર લઇને તક્ષશિલામાં જ્યાં કુણાલ રહેતો હતો ત્યાં આવ્યા. પ્રધાનને અચાનક આવેલા જોઇ કુમાર પૂછે છે પ્રધાનજી ! એકાએક કેમ આવવાનું બન્યું ? એમ કહીને પ્રધાનનું ખૂબ સ્વાગત કર્યું. પછી પ્રધાને કુમારને વાત કરીને કવર આપ્યું. પ્રધાન કહે છે આપના જેવા પાટવીપુત્રને રાજા આવી શિક્ષા કરે નહિ. મને તો આમાં ભેદ લાગે છે.

કુમાર કહે પ્રધાનજી ! આમાં કંઇ ભેદ નથી. મારા પિતાજીના હસ્તાક્ષરની સહી છે તેમજ તેમના નામની મુદ્રિકા છે એટલે તેમની આજ્ઞા છે. એમની આજ્ઞાનું જલ્દી પાલન થવું જોઇએ. પ્રધાનમંત્રીને આ કાર્ય ઉચિત ન લાગ્યું ત્યારે કુમારે તરત શુળ ભોંકીને પોતાની જાતે પોતાની આંખો ફોડી નાંખી. પ્રધાન કહે કુણાલ! તેં આ શું કર્યું? એની પત્ની કંચનાદેવી પણ રડવા લાગી. નાથ! આ શું કર્યું ? કુણાલ કહે છે હે સતી! તારો પતિ ચારિત્રના રક્ષણ માટે પોતાની આંખ જતી કરે એ તને ગમે કે ચારિત્ર વેચી દે તે ગમે? પિતાની આજ્ઞાનું પાલન કરે તે ગમે કે પિતાની આજ્ઞાને ફગાવી ઉન્ફાન બને તે ગમે? કુમાર સમજી ગયો હતો કે આ મારી માતાનું કાવતું છે. એ મારી માતા આંખો જોઇને મોહ પામી હતી. આંખોએ એના મનમાં વિકાર જગાડયો. એવી આંખો મારે શું કરવી છે? કંચનાદેવી કહે છે ધન્ય છે સ્વામીનાથ આપને! ચારિત્રનું પાલન કરવા અને પિતાજીની આજ્ઞાનું પાલન કરવા જીવનની અને શરીરની શોભા એવી આંખો પણ ગુમાવી દીધી. આવા પતિની હું પત્ની બની, હું પણ ભાગ્યવાન છું.

કુણાલ અને કંચનાદેવી તક્ષશિલા છોડીને ચાલ્યા ગયા. તક્ષશિલાની પ્રજાએ એમને આંસુભરી આંખે વિદાય આપી. ત્યાંના પ્રધાનમંત્રીએ અશોક સમ્રાટને આ ઘટનાની ખબર આપી હતી પણ મહારાણી તિષ્યરક્ષિતાએ પુત્ર ગુમ કર્યો એટલે રાજાને આ બનાવની ખબર ન પડી. કુણાલ અને કંચનાદેવી સંગીતકળામાં ખૂબ પ્રવીણ હતા ને બંનેનો કંઠ પણ મધુર હતો. તેઓ જ્યારે ગીત ગાતા ત્યારે સેંકડો માણસોનું ટોળું

ત્યાં જમા થઇ જતું અને એમના ખાવા પીવાની વ્યવસ્થા ત્યાં થઈ જતી. આ રીતે પ્રભુના ભજન ગાતા ગામ પરગામ બંને ફરવા લાગ્યા. ફરતાં ફરતાં તેઓ એક દિવસ પાટલિપુત્ર ગામમાં આવ્યા. કુણાલ અને કંચનાદેવી મધુર સ્વરથી ગીત ગાતા ગાતા સમ્રાટ અશોકના મહેલ પાસે આવ્યા. આ સાંભળીને મહારાજા નિદ્રામાંથી જાગી ગયા. આ ભજન સાંભળ્યું. એને થયું કે આવું ભજન મારો કુણાલ ગાય છે. થોડી વાર સાંભળ્યું. એને નિશ્ચય થયો કે આ અવાજ ખૂબ પરિચિત છે. તરત સમ્રાટે અનુચરને કહ્યું આ ગીત કોણ ગાય છે? એને ઉપર બોલાવો. તરત કુણાલ અને કંચનાને ઉપર બોલાવ્યા. કુણાલની આંખો ફૂટી જવાથી મુખનો ફેઈસ બદલાઈ ગયો છે. એટલે રાજા તેને ઓળખી ન શકયા. પણ પૂછયું કે આવું સુંદર અને મધુર સંગીતગાનાર તમે કોણ છો? મારો પુત્ર કુણાલ આપના જેવું મધુર સંગીત ગાય છે.

કુણાલે કહ્યું પિતાજી! હું આપનો પુત્ર છું. પિતા પુત્રને ભેટી પડયા. પૂછયું બેટા! તારી આ દશા કેમ? ત્યારે કહે–પિતાજી! આપની આજ્ઞા હતી. મેં આપની આજ્ઞાનું પાલન કર્યું છે. સમ્રાટ કહે છે મેં કદી આવી આજ્ઞા કરી નથી. કુણાલે બધી વાત કરી. સમ્રાટે બધી તપાસ કરાવી કે આવી રાજજ્ઞા કોણે આપી છે? તો ખબર પડી કે રૂપાળી રાણી તિષ્યરક્ષિતાનું આ ષડયંત્ર છે. તરત મહારાજાએ હુકમ કર્યો કે રાણીની આંખો ફોડી નાંખો અને એને જીવતી ઉંડા ખાડામાં દાટી દો. કુણાલના ચર્મચક્ષુ બંધ હતા પણ અંતરચક્ષુ ખુલ્લા હતા. એને માતા પ્રત્યે જરા પણ દ્વેષભાવ ન હતો. રાજાને કહે છે પિતાજી! આપ મારી માતાને આવી શિક્ષા ન કરો. આ બધું જે કંઈ બન્યું છે તે મારા કર્મનો દોષ છે. મારી માતાનો જરા પણ દોષ નથી. મારી માતાને અભયદાન આપો. પુત્રની વિનંતીથી રાજા એને જીવતી મૂકે છે. ત્યારે તિષ્યરક્ષિતા કહે છે હે પુત્ર! તું માનવ નથી પણ દેવ છે. મેં પાપણીએ ભયંકર ભૂલ કરી અને તારી આવી દુર્દશા કરી છતાં તેં ઉદાર હૃદય રાખી મને ક્ષમા આપી સાચી માનવતાનો પરિચય કરાવ્યો.

જમાલિકુમાર કહે છે મને સંસારનો ભય લાગ્યો છે. આ શબ્દો સાંભળી માતાને ખૂબ આઘાત લાગ્યો. અહો! શું મારો લાડકવાયો દીકરો આટલી સંપત્તિ અને આવી રાજકુમારી જેવી પત્નીઓ છોડીને સંયમ લેવા ઈચ્છે છે. એના દિલમાં ખૂબ દુઃખ થયું. હવે આગળ હજુ કેવો આઘાત લાગશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૪૪

શ્રાવણ વદ ૧૦ ને બુધવાર **તા. ૨૨–૮–૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતકરૂણાના સાગર એવા વીતરાગ ભગવંતે જગતના જીવોના અનાદિના

પરિભ્રમણને ટાળવા માટે સિદ્ધાંતની પ્રરૂપણા કરી છે. ભગવાન કહે છે હે ભવ્ય જીવો ! જો તમે સંસારતાપથી સંતપ્ત બનેલા હો તો વીતરાગકથિત ચારિત્રમાર્ગનો સ્વીકાર કરો. તેનાથી બે લાભ થાય છે. સંવરમાં આવ્યા પછી આવતા નવા કર્મો અટકે અને જુના કર્મોને ખપાવવાનો મોકો મળે. અનાદિકાળથી જીવ શા માટે રખડી રહ્યો છે? અજ્ઞાનને કારણે આચારંગ સૂત્રમાં ભગવાન ફરમાવે છે કે 'इहमेगेसिं नो सन्ना भवई । આ જગતમાં એકેક જીવો એવા છે કે પોતે કયાંથી આવ્યા છે? પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ એ ચાર દિશા અને ચાર વિદિશામાંથી આવ્યો છું અને એકેન્દ્રિયથી માંડીને પચેન્દ્રિય સુધી કઇ ભાવદિશામાંથી આવ્યો છું તેવું ભાન-જ્ઞાન-વિવેક કે સંજ્ઞા નથી. સત્ય અને અસત્યની પિછાણ થાય તો આદરવા જેવું છે તેને જીવ આદરી શકે. મોક્ષના સુખના નમુનારૂપ ચારિત્ર છે. ચારિત્રમાર્ગ અંગીકાર કરે તો તેને કોઇ જાતનો ભય રહેતો નથી.

જમાલિકુમારે તેની માતાને કહ્યું-માતા ! મને સંસારમાં જન્મ-જરા ને મરણનો ભય લાગ્યો છે માટે હવે તું મને દીક્ષાની આજ્ઞા આપ. મારે સંસાર છોડીને સંયમી બનવું છે. એકવાર ભગવાનની દેશના સાંભળીને કેવા સુંદર ભાવ આવ્યા ? આપણે કેટલી વખત સાંભળી? ખુદ તીર્થંકર ભગવાનની દેશના જીવે ઘણીવાર સાંભળી હશે. એમની વાણી સાંભળી એટલું જ નહિ પણ ખુદ તીર્થંકર દેવો પણ આપણી સાથે રમ્યા હશે. કારણ કે જીવ અનાદિનો છે. આપણે જેમ અત્યારે સંસારમાં ભમીએ છીએ તેમ તેઓ પણ સમકિત પામ્યા પહેલા ભમતા હતા. તે સમયે એ આપણી સાથે રમતાં હતા. અરે શેઠ-નોકર વગેરે સબંધ પણ બાંધ્યા હશે. કારણ કે જીવે દરેક સાથે વિવિધ પ્રકારના સબંધ બાંધ્યા છે.

" पिता कभी सुत हो जाता है, नारी हो जाती माता
पुत्री हो जाती है नारी, जगका है ऐसा नाता,
इस प्रकार इस जगमें तुने, नाते किये अनेक विचित्र
नहीं जानता एक जन्ममें हुये अठारह नाते मित्र "

આ જન્મનો પિતા બીજા જન્મમાં પુત્ર બને છે અને પુત્ર પિતા બને છે. આ જન્મની માતા બીજા ભવમાં પત્ની બને છે ને પત્ની માતા બને છે. આજનો શેઠ કયારેક નોકર બને છે અને નોકર શેઠ બની જાય છે. દરેકના કર્માધીન ઋણાનુબંધ પ્રમાણે સંબંધો બંધાય છે અને ઋણાનુબંધ પૂરો થતાં સબંધ તુટી જાય છે. આ રીતે આપણા આત્માએ તીર્થંકરદેવ સાથે અનેક સબંધો બાંધ્યા હશે, ઉપદેશ સાંભળ્યો હશે છતાં આજે આપણે સંસારમાં પરિભ્રમણ કર્યા કરીએ છીએ અને તીર્થંકર ભગવંતો મોક્ષમાં પહોંચી ગયા તેનું કારણ શું ? તેનું કારણ એ છે કે તીર્થંકર ભગવંતો સંજ્ઞા ઉપર કાબૂ મેળવી અનંત સુખના સ્વામી બન્યા અને તેમની

આજ્ઞાનુસાર તેમના માર્ગે ચાલીને અનંતા જીવો મોક્ષમાં ગયા. આજ સુધીમાં અનંતી ચોવીસીઓ થઇ ગઇ પણ હજુ આપણો આરો આવ્યો નથી. આપણા ઉપર સંજ્ઞાઓએ સામ્રાજ્ય જમાવી દીધું છે. ચાર સંજ્ઞાની પાછળ જીવ પાગલ બન્યો છે અને તેમાં સાચું સુખ માની લીધું છે. આ ચાર સંજ્ઞાઓ મનુષ્યભવમાં છે એવું નથી પણ સંજ્ઞાઓનું પ્રાબલ્ય એકેન્દ્રિય આદિ પ્રત્યેક ભવોમાં છે. એટલે મનુષ્ય ભવ પામીને પણ સંજ્ઞાઓના બળથી પ્રભુની અમોઘ દેશનાની અસર થઈ નહિ. અભવ્ય, દુર્ભવ્ય અને ભારે કર્મીભવી જીવને આ સંજ્ઞાઓ પ્રિય લાગી છે. ઉંચી ધર્મકરણી કરે, દોષ રહિત ચારિત્ર પાળે. તેની સામે ઈન્દ્રની ઇન્દ્રાણીઓ આવીને નૃત્ય કરે તો પણ એ એની સામે આંખ ખોલે નહિ. એવું શુદ્ધ બ્રહ્મચર્ય પાળે આમ ધર્મના અનુષ્ઠાનો આચાર્યા છતાં ઉંડે ઉંડે વિષયસુખ મેળવવાની ઇચ્છા બસી નહિ તેથી મોક્ષ ના થયો. જ્ઞાનીઓ કહે છે અભવ્ય જીવની માફક આપણો આત્મા અનંતી વખત નવ ગ્રૈવેયક સુધી જઇ આવ્યો છતાં ઉધ્ધાર ન થયો તેનું કારણ સંજ્ઞાનું સુખ મેળવવાની ઇચ્છા હૃદયમાંથી જતી નથી.

બંધુઓ ! સંસારના સુખમાં આસકત બન્યા છો પણ દશા કેવી થશે તે જાણો છો? જેમ પક્ષીઓને પકડવા માટે શિકારી જાળ પાથરે છે અને દાણા નાંખે છે તેમાં દાણા ખાવાની લાલચે પક્ષીઓ આવીને બેસે છે. એટલે શિકારીની જાળમાં સપડાઈ જાય છે, તે રીતે અહીં મોહરાજાએ સંસારી જીવોનો શિકાર કરવા વિષયના દાણા વેર્યા છે. મોહમાં આસકત બનેલા જીવરૂપી પક્ષીઓ જયાં દાણા ખાવા આવ્યા એટલે તરત કર્મરાજા તેમને દુર્ગતિમાં સપ્લાય કરી દે છે. માટે જો દુર્ગતિમાં ન જવું હોય તો વિષયો પ્રત્યે વિરાગ કેળવો. વિષયો ઉપરથી વિરાગ આવે તો સમ્યગદર્શનની સન્મુખ થવાય છે. એક પ્રકારનું મશીન આવે છે એ મેગ્નેટમિટરને ચુંબકશકિત આપનાર યંત્ર વડે જમીનમાં કયા કયા પદાર્થો છે તે જાણી શકાય છે તેમ સમ્યગ્દર્શનરૂપ મેગ્નેમિટરને ચુંબકશકિત આપનાર યંત્ર વડે આત્માને કયા કયા પાપો હેરાન કરી રહ્યા છે તેનું જ્ઞાન થાય છે. જ્યારે જ્ઞાન થાય છે ત્યારે આત્માની દશા જુદી હોય છે. આટલા માટે ભગવાન કહે છે માનવજીવન પામીને બીજું કંઇ ન કરો તો બેર એક સમ્યગ્દર્શન પામી જાવ.

જમીનમાં નીચે હજારો ફુટ ઉંડું પાણી હોય તો ડ્રીલીંગ મશીન દ્વારા જાણી શકાય છે તેમ સમ્યગ્દર્શન આત્મામાં ઉંડે ઉતરનાર ડ્રીલીંગ મશીન છે. ડ્રીલીંગ મશીન દ્વારા જમીનમાંથી જેમ તેલ પ્રાપ્ત થાય છે તેમ આત્મામાં સમ્યગ્દર્શન રૂપ ડ્રીલીંગ મશીનથી કેવળ જ્ઞાન પ્રાપ્ત થાય છે ડ્રીલીગ મશીન પહેલાં પાણી અને માટીને દૂર કરે છે તેમ સમ્યગ્દર્શનરૂપ ડ્રીલીંગ મશીન વિષય-કષાયરૂપી પાણી અને માટીને દુર કરે છે. પછી તે આત્માના તેજ ઝળહળે છે. અનંતજ્ઞાનદર્શન અને ચારિત્રરૂપી તેલના પુવારા ઉડે છે. જ્યારે જમીનમાંથી ગેસ નીકળે છે ત્યારે તેની આસપાસ તેલ હોય છે તેમ સમ્યગ્

દર્શનની આસપાસમાં સાધુ બનવાના ભાવ રમતા હોય છે અને કયારે જલ્દી સંયમ લઇને આત્મસાધના કરૂં એવી લગની લાગે છે પણ બનવાન કેમ બનું એવું થતું નથી.

જમાલિકુમારના વૈરાગ્યભર્યા વચનો :-

જમાલિકુમારના અંતરમાં વૈરાગ્ય ભાવનાની છોળો ઉછળે છે. એ માતાની પાસે આવીને શું કહે છે :-

સંયમની ધૂન લાગી, આતમ પ્યાસ જાગી,
આપો મૈયા આપો મને દીક્ષાની ભિક્ષા...અરે આપો....(૨)

જમાલિકુમાર તેમની માતાના પગમાં પડીને વિનવે છે હે માતા ! મને દીક્ષાની આજ્ઞા આપો, માતા ! હું તારી પાસે ભિક્ષા માગું છું. આ આત્મા ત્યાગના રંગે રંગાયેા છે, જ્યારે માતા મોહના રંગે રંગાયેલી છે. ત્યાગીનું અને ભોગીનું બંને પાત્રો જુદ્ધા છે. એ બંને ભેગા રહી શકે નહિ. ત્યાગીને ત્યાગનું ઘર ગમે અને ભોગીને ભોગનું ઘર ગમે. જે આત્માઓ વૈરાગ્ય રંગથી રંગાયા હોય છે તેમને ક્ષણવાર ઘરમાં ગમતું નથી. એને સામાયિક કરવી હોય તો પણ ઉપાશ્રયમાં ગમે, કારણ કે ઘરમાં તો સંસારમય વાતાવરણ હોય. સામાયિક લઇને બેઠા ને કંઇક બળભળાટ થાય એટલે તરત તેમાં મન જાય, પણ અહીં ઉપાશ્રયમાં કંઇ બળભળાટ થવાનો છે? માની લેા કે કંઇક બળભળાટ આયંબીલના રસોડામાં કે ઑફીસમાં થયેા તો તેમાં તમને કંઇ લાગતુંવળગતું નથી. ઘરમાં મારાપણાના ભાવ છે એટલે મન તે તરફ જાય છે. હા, એક વાત છે. જો રૂમના બારણાં બંધ કરી જ્યાં બિલકુલ ઘરનું વાતાવરણ તમારી નજરે ન આવે તે રીતે બેસો તો વાંધો ન આવે. જ્યારે નોટોના બંડલ ગણો છો ત્યારે બારણાં બંધ કરી દો છો ને? તેમ આત્માના નાણાં ગણતી વખતે પણ બાહ્યપ્રવૃત્તિઓના બારણા બંધ કરી દો, જેથી શાંતચિત્તે સામાયિક શુદ્ધ થાય.

સમજણ વગરની સાધનાનો કોઇ અર્થ નથી.

એક વખત એક ડોશીમાએ પ્રતિજ્ઞા કરી કે મારે રોજ બે સામાયિક કરવી. પણ ઉપાશ્રયે નહિ ઘેર કરવી. હવે ઘેર સામાયિક ક્યાં કરે છે! વહુનો રૂમ અને સાસુનો રૂમ બંને સામાસામી. વહુ એના રૂમમાં શું કરે છે? કોણ આવ્યું ને ગયું? શું રાંધ્યું ને શું બાકી બધી ખબર પડે. ડોશીમા સામાયિકમાં બધું ધ્યાન રાખે છે.

એક વખત ડોશીમાની દીકરી આવી. નણંદ-ભોજાઇ ઘણાં દિવસે મળ્યા એટલે મોડી રાત સુધી બેઠા. ખૂબ વાતો કરી અને સૂઈ ગયા એટલે ખૂબ ઉંઘ આવી ગઈ. સવાર પડી પણ વહુ જાગ્યા નહિ એટલે સાસુના મનમાં થયું કે વહુ હજુ ઉઠયા નથી અને મારે તો સામાયિક પાળીને તરત ચા તૈયાર જોઈશે. બધું કયારે કરશે? પણ પોતે સામાયિકમાં છે એટલે શું કરે? મુંબઇમાં તો ઘણી જગ્યાએ એવું બને છે કે આવા

ડોશીમા સામાયિક લઇને બારણા આગળ પાસે એક બાલી તપેલી લઇને બેઠા હોય. દૂધવાળો આવીને બેલ મારે એટલે બારણું બોલીને તપેલી મૂકી દે અને રોજ નક્કી કર્યું હોય તે પ્રમાણે દૂધવાળો દૂધ નાખી દે એટલે લઇને મૂકી દે. બોલો, સામાયિકમાં આવી છૂટ રખાય? સાસુએ દૂધ લઇને મૂકી દીધું. વહુ ઉઠ્યા પણ મનમાં થયું કે બધું ગરમ કરવાનું હશે કે નહિ તેમ વિચારીને બેઠી એટલે સાસુને થયું કે વહુ તો નિરાંતે બેઠા છે. ડોશીમા પાસે લાલ લીલી ને પીળી માળાઓ બહુ હોય એટલે માજીએ પીળી માળા હાથમાં લીધી ને બોલ્યા.

"મારે પારસનાથ ભગવાનનું શરણું, અઢી શેર દૂધ ઉકળાણુ"

મારે તો પારસનાથ ભગવાનનું શરણું ને બોલ્યા કેવું? (હસાહસ). સામાયિકમાં અઢી શેર દૂધ ઉકાળવાનો આ રીતે સંકેત કરાય? કેટલું પાપ લાગે છે? જ્યાં આશ્રવના દ્વાર બંધ કર્યા પછી ત્યાં પાપનું પાણી આવવું ન જોઇએ. વહુએ દૂધ તો ઉકાળી નાંખ્યું પણ પાણી ગાળવા માટે ગરણું શોધવા લાગી. મળતું નથી, પાણી કેવી રીતે ગાળવું? વહુ એ ગરણું શોધ્યું પણ જડ્યું નહિ એટલે પાછા વિસામો ખાવા બેઠા. ત્યારે માજી લાલ માળા હાથમાં લઇને બોલ્યા.

"મારે શાંતિનાથ ભગવાનનું શરણુ, પેલે બારણે પડયું છે ગરણું"

ભગવાનનું શરણું લઈને ગરણું બતાવી દીધું ને વહુએ પાણી ગાળ્યું. આ તો હાથે કામ કરતા હતા, પણ આજે તો બધું કામ ઘાટી કરે છે. કેટલી પરાધીનતા આવી ગઈ છે. બહેનો કહે છે મહાસતીજી! બે દિવસ ઉપાશ્રયે નહિ અવાય. પૂછયું કે કેમ? તો કહે કે બે દિવસ ઘાટીના બાડા છે. બધું કામ હાથે કરવાનું એટલે ટાઈમ ન મળે. ઘાટીના બાડાની બોટ બહુ સાલે છે પણ મને લાગે છે કે એમના સ્વામીનાથ બહાર ગામ ગયા હોય તો પણ જેટલો ઘાટી યાદ આવે તેટલા પતિ યાદ નહિ આવતા હોય! (હસાહસ). આ એક જાતની પરાધીનતા છે ને? ઘાટી ન હોય તો બહેનોના પગ ભાંગી જાય.

ભગવાન કહે છે સ્વાવલંબી બનો. જૈન સાધુ બાળ હોય, યુવાન હોય કે વૃદ્ધ હોય પણ પોતાનું બધું કાર્ય પોતાની જાતે કરવાનું હોય છે. બીજા શિષ્યો વૈયાવચ્ચ કરે તે જુદી વાત પણ પંચ મહાવ્રતધારી સંતો ગૃહસ્થની પાસે સેવા કરાવે નહિ. મહાત્મા ગાંધીજી કેટલા સ્વાવલંબી હતા. પોતાનું બધું કામ જાતે કરતાં. ઉપરાંત બીજાની સેવા પણ કરતા. એ મહાત્મા ગાંધીજીના ખૂબ વખાણ સાંભળી એક યુવાનને થયું કે એ મહાત્મા કેવા હશે? મારે તેમના દર્શન કરવા છે તેથી શોધમાં નીકળ્યો. છેવટે ગાંધીજી કૂવાના કાંઠે મળે છે. ઘડો ઉપાડીને જાય છે. પેલો કહે છે કે સાહેબ! જલ્દી મહાત્મા બતાવો ત્યારે મહાત્મા એની ખૂબ પરિક્ષા કરે છે. છેવટે સત્ય જાણ થતાં આવનાર વ્યક્તિ નમી પડે છે કે ધન્ય છે બાપુ! મહાત્મા બનવું હોય તો પહેલાં માન છોડવું

પડશે. સ્વાવલંબી બનવું પડશે. સ્વાવલંબી બન્યા વિના સુખ નહિ મળે.

તમે જાણો છોને કે હીરોશીમા ઉપર બૉંબ નાંખ્યો અને આખું ગામ સાફ થઇ ગયું. પણ અત્યારે એ દેશ કેટલો આગળ વધી ગયો. ત્યાંની પ્રજા કેટલી સ્વાવલંબી છે! પોતાના દેશનું કેટલું ગૌરવ છે! એક ભાઈ ત્યાં ગયેલા તે વાત કરતા હતા કે હું ત્યાં ગયો. મેં એક દુકાનદારને બે જોડી ચંપલ આપ્યા. તેણે પ્રેમથી સ્વીકાર્યા અને પૂછયું. આની શું કિંમત? ત્યારે મેં કહ્યું એ તો મેં આપને ભેટ આપ્યા છે. એણે લીધા એટલે મને થયું કે હવે એને ગમશે તો મારી પાસે બીજા મંગાવશે. પણ હું ત્યાં ઉભો હતો ને એના નોકરને કહે છે આ બે જોડી ચંપલ કચરાપેટીની બાલદીમાં ફેંકી દે. ત્યારે મેં પૂછયું કે ભાઇ! મેં આપ્યા ને તમે પ્રેમથી લીધા. હવે કચરાપેટીમાં શા માટે ફેંકી દો છો? ત્યારે કહે છે ભાઇ! તમે ભારતવાસી છો. તમારા ચંપલ અમારા દેશના લોકો પહેરતા થઈ જાય તો અમારા દેશના ચંપલ કોણ પહેરે? બીજું કોઇ કારણ નથી. એમના દેશનું એમને કેટલું ગૌરવ છે! પણ આજે ભારતવાસીઓને પરદેશની ચીજો પ્રત્યે કેટલું આકર્ષણ છે! ભારતમાં પશ્ચિમની સંસ્કૃતિએ અડ્ડો જમાવ્યો છે. ખુરશી ટેબલ પર ખાતા થઇ ગયા. હાથથી ખાવાને બદલે ચમચે ને કાંટે જમતા થયા. ભારતની પ્રજાને ન શોભે તેવા પહેરવેશ થઇ ગયા. એવા પહેરવેશ પહેરતા સંતાનોને જોઇને મા બાપ ખુશ થાય. આ બધું શું બની રહ્યું છે? ક્યાં ભારતની આર્ય સંસ્કૃતિ અને ક્યાં પશ્ચિમની સંસ્કૃતિ! ટૂંકમાં જેટલી ફેશનો વધી અને પરાધીનતા વધી તેટલો માનવી એશઆરામી બનતો ગયો. પરિણામે ધર્મને પણ નેવે મૂકી શરીરની ટાપટીપમાં કેટલો સમય બગાડે છે!

જમાલિકુમાર માતાને કહે છે હે માતા! મારી ક્ષણ લાખેણી જાય છે. હવે મને સંસાર દાવાનળ જેવો લાગે છે. માટે મને દીક્ષાની આજ્ઞા આપ. દીકરાના બોલ સાંભળી માતાને કેવું દુઃખ થયું!

तए णं सा जमालिस्स खत्तिय कुमारस्स माता तं अणिट्ठं, अकंतं, अप्पियं, अमणुन्नं, अमणामं, असुयपुव्वं गिरंसोच्चा निसम्म सेयागय रोयकुव पगलंत विलीणगत्ता सोगभर पवेवियंगमंगी नित्तेया दीण विमणवयणा करयल मलियव्वं कमलमाला तक्खणओलुग्ग दुब्बल सरीरलायन्न सुन्न निच्छया गय सिरीया पसिढिल भूसण पडंत खुन्निय संचुन्निय धवल वलय अट्ठउत्तरिज्जा मुच्छावसणट्ठ चेतगइ रुई सुकुमाल विकिन्न केस हत्था ।

જમાલિકુમારના એકેક શબ્દો અત્યાર સુધી માતાને પ્રિય લાગતા હતા. પુત્ર બોલે તો જાણે સાંભળ્યા કરું એમ થતું હતું. પણ એજ પુત્રના શબ્દો આજે અનિષ્ટ-અકાંત, અપ્રિય અને અમનોજ્ઞ લાગ્યા. અશ્રુતપૂર્વ-પૂર્વે કદી નહિ સાંભળેલા લાગ્યા

તેથી તેના બોલ ઝીલી શકી નહિ. પુત્રના બોલ સાંભળતાં માતાના રોમરોમમાંથી પરસેવો છૂટી ગયો. શરીર ઠંડું પડી ગયું અને શોકસાગરમાં ડૂબી ગઇ. એના અંગેઅંગ ધ્રુજવા લાગ્યા, તેજ ઉડી ગયું ને દીનહીન બની ગઇ. જેમ કમળની માળા હથેળીમાં ચોળાઇ જાય અને શોભા રહિત બની જાય એની માફક નિસ્તેજ બની ગઇ ને ફિક્કી પડી ગઇ. ચૈતન્ય તદ્દન મૂર્છિત થઈ જાય એટલી હદ સુધી તેના હૈયે આઘાત લાગ્યો. એના વખરાયેલા સુકોમળ વાળ હાથથી પકડાઈ ગયા. એના આભૂષણો ઢીલા થઇ ગયા. તેના હાથમાં પહેરેલા રત્નોના કડા નીચે પડી ગયા, તેનું ઉપરનું વસ્ત્ર સરી પડયું અને એકદમ મૂર્છિત થઇને ધરતી ઉપર ઢળી પડી.

બંધુઓ ! જમાલિકુમારની વાત સાંભળતા માતા મૂર્છા આઈ ગઈ. કારણ કે તેને ખાત્રી છે કે આ છોકરો જે બોલે છે તેમાં હવે ફરશે નહિ પણ કદાચ તમે ઘેર જઇને વાત કરો તો તમારી માતા મુર્છા નહિ ખાય. કારણ કે માતા અને પત્ની જાણે છે કે બોલે છે ખરા પણ પતંગીયો રંગ છે. વધુ શું કહું ? તમારો વૈરાગ્ય એ ખીચડીયા વૈરાગ્ય જેવો છે. ખીચડીયો વૈરાગ્ય કોને કહેવાય ? સાંભળો.

એક વખત એક ભાઈએ એક મહાન પ્રખર સંતનું વ્યાખ્યાન સાંભળ્યું અને મનમાં એમ થયું કે બસ, આ સંસાર ખોટો છે. સંસારમાં રહેવા જેવું નથી. સંસારમાં કોણ કોનું છે ? મારે હવે દીક્ષા લેવી છે એમ મનમાં વિચાર કરીને ઘેર આવ્યા અને પત્નીને કહે છે લે આ તિજોરીની ચાવી. આ દુકાન અને આ ચોપડા. આની પાસે આટલા માંગતા લેણાં છે ને આટલા દેણાં છે. બધો વહીવટ તું સંભાળજે. એમ કહી બધી ચાવીઓ સોંપી દીધી. પત્ની કહે છે પણ આટલું બધું શું છે ? શા માટે મને આટલું બધું સોંપો છો ? ત્યારે કહે છે હું આજે મહારાજના વ્યાખ્યાનમાં ગયો હતો. એવું સુંદર પ્રવચન મહારાજે કર્યું કે તે સાંભળીને મારે દીક્ષા લેવી છે. પત્ની સમજી ગઇ કે આ કેવો વૈરાગ્ય છે ! એના પતિને કહે છે તમારે દીક્ષા લેવી હોય તો લેજો. મારી ના નથી. પણ મેં રસોઇ બનાવી છે તે તમે જમી લો. પછી જાવ. ત્યારે કહે ભલે. પત્નીએ ઉની ઉની શીરા જેવી ખીચડી અને ટેસ્ટદાર કઢી બનાવી હતી. ભાઈને જમવા બેસાડયા. ખીચડીમાં ભારોભાર ઘી નાંખ્યું. ભાઇ જમે ને પત્ની પંખો વીંઝવા લાગી. પેલો વૈરાગી ખીચડી ખાય ને સાથે કઢીનો સબડકો લેતો જાય. એની પત્નીને કહે છે આ....હા....શું તેં મઝાની ખીચડી ને કઢી બનાવી છે ! આવી તો કોઇ દિવસ બનાવી નથી. ત્યારે પત્ની કહે છે સ્વામીનાથ ! આપ દીક્ષા લેવા તૈયાર થયા છો ત્યાં તમને આવી ગરમાગરમ ખીચડી ને કઢી નહિ મળે, ત્યાં તો ઉનું મળશે ને ઠંડુ પણ મળશે ને કોઈવાર ખાવાનું નહિ મળે ને પાણી પણ નહિ મળે. અહીં તો પાણી માંગતાં દૂધ આપું છું અને ત્યાં તો તમારે વડીલોનો વિનય કરવો પડશે. આ બધું તમારાથી બનશે ? પતિ

કહે છે બીજું બધું તો ઠીક પણ આવી બીચડી ને કઢી જમતો હોઉં, તું પંખો વીંઝતી હોય, આ બધું ત્યાં નહિ મળે. ત્યારે સ્ત્રી કહે છે બોલો–હવે દીક્ષા લેવી છે? પતિ કહે છે ના. હવે મારે દીક્ષા લેવી નથી. બીચડી અને કઢીનો સણડકો ગળે ઉતરતાં વૈરાગ્ય ઓગળી ગયો. (હસાહસ). આનુ નામ બીચડીયો વૈરાગ્ય.

જમાલિકુમારનો વૈરાગ્ય આવો બીચડીયો ન હતો. મજીઠીયો હતો. એના એક એક શબ્દમાં વૈરાગ્ય ભારોભાર નીતરતો હતો એટલે માતાને ખાત્રી થઇ ગઇ કે મારો દીકરો જરૂર દીક્ષા લેશે. તેથી પુત્રનો શબ્દો સાંભળી કોઇએ છાતીમાં ગોળી મારી હોય તેવો તેને આઘાત લાગ્યો. પરસેવાના છેદ છેદ વળી ગયા અને મુર્છિત થઇને ધરતી ઉપર ઢળી પડી. જમાલિકુમાર તટસ્થભાવે બધું જોયા કરે છે અને વિચારે છે કે અહાહા.... મોહ તારા રાજ્યમાં તું શું નથી કરતો? મારી માતા મારા પ્રત્યેના રાગને કારણે રૂદન કરે છે. એ રાગ અને મોહને વશ થઈને આટલી બધી ઝુરે છે પણ એક દિવસ રાગ તો છોડવાનો છે તો પહેલેથી શા માટે ન છોડવો? જમાલિકુમારના અંતરમાં વીતરાગ વાણીનો પાવર આવ્યો છે, અજ્ઞાનના અંધારા ઉલેચાઈ ગયા છે, અંતરમાં જ્ઞાનની રોશની ઝગમગી રહી છે.

સદ્‌ગુરૂરૂપી પાવર હાઉસ સાથે આત્માનું કનેકશન જોડો.

બંધુઓ! તમે પણ વીતરાગ વાણી ઘણી સાંભળી પણ હજુ આવો પાવર તમારામાં નથી આવ્યો. જો એવો પાવર આવે તો તો ઉભા થઇ જાવ. પાવરહાઉસની બાજુમાં એક ગરીબ ડોશાની ઝુંપડી હતી. એક મુસાફીર ફરતો ફરતો રાત્રીના સમયે ત્યાં આવે છે ને કહે છે બાપાજી! મને એક રાત્રી તમારી ઝુંપડીમાં રહેવા દો. બાપા કહે ભલે રહો. પેલો મુસાફીર કહે છે બાપાજી! તમે તો પાવર હાઉસની બાજુમાં રહો છો ને ઝુંપડીમાં અંધારા કેમ છે? ત્યારે કહે છે ભાઇ! હું પાવર હાઉસની બાજુમાં વસુ છું પણ પાવર હાઉસ સાથે કનેકશન જોડયું નથી એટલે અંધારૂં જ રહે ને? આ રીતે તમે પણ સદ્‌ગુરૂ રૂપી પાવર હાઉસની બાજુમાં વસો છો પણ અંતરનું કનેકશન પરમાત્મા સાથે જોડયું નથી એટલે અજ્ઞાનના અંધકાર કયાંથી હટે? બહાર ગમે તેવી સર્ચલાઇટો ને ટયુબ લાઈટો પ્રગટાવો એનાથી અજ્ઞાન–અંધારા નહિ હટે. અંતરના અંધારા હટાવવા વીતરાગ વાણીનો પ્રકાશ જોઇશે. જમાલિકુમારના અંતરમાં વીતરાગ વાણીનો પ્રકાશ પ્રગટયો છે. માતાને ખૂબ આઘાત લાગ્યો છે. આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર: સિંહરાજાએ કુસુમાવલિ આદિ રાણીઓને સમજાવીને વૈરાગ પમાડયો ને દીક્ષા લેવાની રજા આપી. અહાહા.... રાજાની કેવી દીર્ઘદૃષ્ટિ અને કેવી સમજણ! પોતે કેદખાનામાં મહાન કષ્ટો વેઠે છે છતાં રાણીઓને દીક્ષાની રજા આપી દીધી. જો

સમજણ ન હોય તો એમ થાય કે હું કેદખાનામાં આવા કષ્ટો વેઠું છું ને રાણીને દીક્ષાની રજા કેવી રીતે આપું! રાણીઓએ સાધ્વીજી ગામમાં બિરાજમાન હતા તેમની પાસે ચારિત્ર અંગીકાર કર્યું.

જેલમાં સિંહરાજાનું અનશન:– સિંહરાજાને દુષ્ટ આનંદકુમાર રોજ જુદીજુદી રીતે ત્રાસ આપે છે છતાં જરાય ક્રોધાવેશ આવતો નથી. પણ મનમાં વિચાર કરે છે કે હવે હું આ જેલમાંથી છૂટું તેમ લાગતું નથી તો હવે અનશન કરીને મારૂં મૃત્યુ સુધારી લઉં એટલે રાજાએ પોતાના પાપની આલોચના કરી મનથી સર્વ જીવોની ક્ષમાપના માંગી અને અનશન સ્વીકારી લીધું. રોજના નિયમ પ્રમાણે આનંદ રાજાના માણસો ખાવાનું આપવા આવ્યા ત્યારે રાજા કહે છે ભાઈ! હવે મારા માટે ભોજન નહિ લાવતા. મેં અનશન કર્યું છે. માટે હું જીવીશ ત્યાંસુધી જમીશ નહિ એટલે પહેરેગીરોએ આનંદકુમારને ખબર આપ્યા કે રાજા હવે ભોજન લેતા નથી. આ સાંભળી કુમારને રાજા પ્રત્યે ખૂબ ક્રોધ આવી ગયો અને દેવશર્મા નામના તેના માણસને બોલાવીને કહ્યું કે તું રાજા પાસે જા અને તેમને ભોજન કરાવ ને કહેજે કે જો તમે ભોજન નહિ કરો તો આનંદકુમાર તમને મારી નાખશે. એટલે દેવશર્માએ આવીને રાજાને ખૂબ સમજાવ્યા. પણ રાજાએ કહ્યું ભાઈ! આનંદ ભલે મોટો રાજા હોય. એની સત્તા મારા શરીર ઉપર ચાલશે, આત્મા ઉપર નહિ ચાલે. હું મારી પ્રતિજ્ઞાનું પાલન કરીશ એમાં કુમારને ગુસ્સે થવાનું કોઇ કારણ નથી.

ક્રૂર કુમારનું આગમન: દેવશર્મા રાજાને ભોજન લેવા ખૂબ વિનંતી કરી રહ્યો છે. ત્યાં આનંદકુમાર ધૂંધવાઇ રહ્યો છે. દેવશર્માને આટલી બધી વાર કેમ લાગી? મારો બાપ માનતો નહિ હોય. ખૂબ દુરાગ્રહી છે. હવે એને બતાવી દઉં એમ વિચારી હાથમાં ખુલ્લી તલવાર લઇ એકદમ કેદખાનામાં આવ્યો. આવીને કહે છે આહાર લેવો છે કે નહિ? જો નહિ જમો તો જમરાજાની જીભ જેવી આ તલવારથી તમારૂં માથું કાપી નાખીશ. મારી પુણ્ય સત્તા છે. હું તમારો રાજા છું ને તમે મારા નોકર છો. રાજા કહે છે ભલે તમે રાજા હો, તમારી સત્તા છે. હે કુમાર! તું મને તલવારના ઘાથી મારવા માગે છે તો મને જરાય મરણનો ભય નથી. આ જીવે શરીર ધારણ કર્યું છે તો છોડવાનું છે તેમાં મને હરકત નથી. જ્યારે ખેતરમાં પાક તૈયાર થાય છે ત્યારે ખેડૂત તીક્ષ્ણ દાતરડા લઇને છોડવાને કાપી નાંખે છે તે રીતે કાળ રાજા પણ ખેડૂત જેવા છે. આયુષ્ય પૂર્ણ થતાં એક દિવસ મરવાનું છે તો શા માટે ડરવું?

કુમારનો ક્રોધ: કુમાર એની સામે ચકચકતી તલવાર લઇને ઉભો છે. એને ભોજન કરવા કહે છે. રાજા (સિંહરાજા) પોતે ના પાડે છે ત્યારે કુમારે તેમને ક્રોધથી ધમધમતા ન કહેવાના શબ્દો કહ્યા છતાં રાજાના એકેક બોલ તત્ત્વજ્ઞાનથી ભરપુર અને

પુત્ર પરના વાત્સલ્યથી છલકાતા હતાં. છતાં પૂર્વનિયાણું કર્યું છે તેના કારણે પિતાના વચનની કુમાર ઉપર જરાય અસર ન થઇ. બાપ જેટલી ક્ષમા ધારણ કરતો ગયો તેટલો તે ક્રોધ કરતો ગયો. એને બાપની દયા પણ ન આવી. પિતા પ્રત્યે કસાઇ કરતા ક્રૂરા ભાવ આવ્યા. સર્પને દૂધ પીવરાવે તો તેનું ઝેર બને તેમ આનંદકુમાર માટે સિંહરાજાના અમૃતવચનો ઝેર જેવા બની ગયા અને ક્રોધથી લાલચોળ થઇને કહે છે હજુ પણ શું બકવાદ કરો છો ? એમ કહેતાની સાથે પિતા ઉપર તલવારનો જોરથી ઘા કર્યો. આ સમયે તત્ત્વનું ચિંતન કરનારા સિંહરાજાએ નમો અરિહંતાણં .... આદિ પંચપરમેષ્ઠીને નમસ્કાર કર્યા. તલવારનો ઘા લાગ્યો છે છતાં પૂર્વકૃત કર્મોને દોષ આપે છે. તલવારના ઘાની અતુલ વેદના હોવા છતાં પ્રભુના નામસ્મરણ સિવાય કંઇ યાદ આવતું નથી. કેવી અદ્‌ભુત સમાધિ છે! હજુ રાજા શું ચિંતવશે ને ક્રૂર આનંદકુમાર શું કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૪૫

શ્રાવણ વદ ૧૧ ને ગુરૂવાર **તા. ૨૩-૮-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

અનંતકરૂણાનીધિ શાસ્ત્રકાર ભગવંત જગતના જીવોના ઉધ્ધાર માટે કહે છે હે સાધક! કર્મોની જંજીરો તોડવા માટે તારે મહાન પુરૂષાર્થ કરવો પડશે. આપણા પરમપિતાએ કર્મની ગ્રંથીને તોડવા માટે કેવો પ્રબળ પુરૂષાર્થ કર્યો છે! સાડાબાર વર્ષ અને એક પખવાડીયા સુધી અઘોર તપની સાધના કરી શરીર સુકકે ભુકકે કરી નાંખ્યું. પોતે પોતાના જીવનમાં અપનાવ્યું અને પછી જગતના જીવોને બોધ કર્યો. ભગવાન કહે છે હે પ્યારા સાધક!

न वि मुण्डिएण समणो, न ओंकारेण बम्भणो ।
न मुणि रण्णवासेण, न कुसचीरेण तावसो ।।

ઉત. સૂ. અ. ૨૫, ગાથા ૩૧

મસ્તક મુંડાવીને સાધુનો વેશ પહેરી લેવાથી સાધુ નથી. ૐને ૐના જાપ કરવાથી બ્રાહ્મણ નથી. વગડામાં વસવાથી મુનિ નથી, વલ્કલના વસ્ત્રો પહેરવાથી તાપસ નથી. પૂર્વના પુણ્યોદયથી વાણીમાં વકતૃત્વ આવી જાય, કંઠ મધુર હોય, ગીત ગાવાની અને વ્યાખ્યાન વાંચવાની કળા આવડી જાય, લોકોને રંજન કરતાં આવડી જાય, તેથી

કંઇ કલ્યાણ નહિ થાય. આવું સાધુપણું ઘણીવાર પાળ્યું પણ કલ્યાણ ન થયું. શા માટે ? વેશ પહેર્યા પણ વર્તન નથી બદલ્યું. જેને સંયમ લઈને કર્મની ગ્રંથી તોડવી હોય તે પરની પંચાત ન કરે. એનું તો એકજ લક્ષ હોય કે મારું વહેલામાં વહેલી તકે કલ્યાણ કેમ થાય ? માથે ઉપસર્ગના પહાડ તૂટી પડે તો પણ સમતાભાવ હોય.

समयाए समणो होइ, बंभचेरणे बम्भणो ।
नाणेण य मुणी होइ, तवेण होइ तावसो ।।

ઉત્ત સૂ. અ. ૨૫, ગાથા ૩૨

જેનામાં ભારોભાર સમતા ભરી હોય તે સાચો સાધક છે. મન, વચન અને કાયાથી બ્રહ્મચર્યનું પાલન કરવાવાળા બ્રાહ્મણ છે. તત્ત્વજ્ઞાનથી મુનિ થાય છે અને તપ કરવાથી તાપસ થવાય છે.

આપણા પ્રભુએ જીવનમાં અપનાવીને વાતો કરી છે અને જગતના જીવોને મોહ નિદ્રામાંથી જગાડવા માટે કહે છે હે માનવ ! ઉઠ, જાગ, હવે ક્યા સુધી ઉંઘવું છે ? આ તારી અવસ્થા પાગલદશા છે, જરા સ્વસ્થ બન, તારી અજ્ઞાનતાનો ખ્યાલ કર, અંજલીમાં ભરેલું જળ જેમ પળેપળે ઘટતું જાય તેમ તારું આયુષ્ય ક્ષણે ક્ષણે ઓછું થતું જાય છે "जातस्येव ध्रुवं मृत्युः" આ જગતમાં જે જન્મ્યો તે અવશ્ય મરવાનો છે. આ વાત મોહમાં આસકત બનેલો માનવ ભૂલી જાય છે અને હું મરવાનો નથી એમ માનીને મોહનિદ્રામાં ઉંઘતો હોય છે. ઇન્દ્રિઓના સંસર્ગમાં રમતા આત્મા પોતાનું સ્વરૂપ શું છે, પોતાનું સામર્થ્ય, પોતાનો ચિરસ્થાયી પ્રકાશ અને પોતે અનંત ગુણનો બન્નો છે આ બધું ભૂલી ગયો છે અને ઇન્દ્રિઓના સુખમાં આસકત બની, વિષયોના સુખમાં આસકત બની, વિષયોની પાછળ પરવશ બનીને સૂતો છે એને જગાડો.

માટે જ્ઞાનીઓ જગતના જીવોને સંબોધીને કહે છે કે જાગો અને જુઓ. તમે કોણ છો ? તમારું સ્વરૂપ શું છે ? તમારામાં કેવી અનંત ને અખૂટ શકિત છૂપાયેલી છે. તમે ધારો તે કરી શકો છો. દુનિયામાં જે મહાન પુરૂષો થઇ ગયા તે તમારા જેવા હતા. ભગવાન નેમનાથને શ્રીકૃષ્ણે પૂછયું ત્યારે અને પ્રભુ મહાવીરને શ્રેણીક રાજાએ પૂછયું ત્યારે આ જવાબ આપ્યો હતો. તમારો આત્મા પણ મારા જેવો છે અને તમને પણ મારા જેવું સ્થાન મળવાનું છે, એટલે કે તમે પણ આવતી ચોવીસમાં તીર્થંકર પદને પામવાના છો. આજ તમારો આત્મા કર્માધીન છે. એટલી ભિન્નતા છે. કર્મનો ક્ષય થયા પછી તો આપણે સમાન છીએ. માટે તમે તમારા સ્વરૂપને સમજો. તમારી ઇન્દ્રિઓ મન, બુદ્ધિ અને શકિતનો ઉપયોગ આત્માને જાગૃત રાખવામાં કરો અને સંસારસાગરને તરવાનો પુરૂષાર્થ કરો. એક કવિએ કહ્યું છે કે :

કયા વિલંબ કરે અબ બાઉં રે, તારી ભવજલનિધી પાર પાઉંરે કયા...
આનંદઘન ચેતનમય મસ્તી, શુધ્ધ નિરંજન દેવ ધ્યાઉં રે....કયા...

દેવાનુપ્રિયો ! આ સંસાર એ એક મોટો વિશાળ સમુદ્ર છે. તેને પાર કરવામાં તમે જરા પણ પ્રમાદ ન કરો. જે માનવ પ્રમાદ કરે છે તે પાગલ છે અને તેવો પ્રમાદમાં સૂતેલો, મોહમાં ઘેલો બનેલો માનવ આ દુસ્તર એવા મહાન સંસારસાગરને પાર પામી શકતો નથી. બંધુઓ ! પાર પામવું એટલે તરી જવું. અહંને મમ રૂપ પાશવીવૃત્તિ રૂપ વમળને ઓળંગીને સામે કિનારે મૃત્યુને પેલેપાર જ્યાં અખૂટ શાંતિ–શાંતિ ને શાંતિ રહેલી છે એવા શાંતિમય અને આત્મ ચિરસ્થાયી સ્થાન રૂપ પરમાત્મપદને પ્રાપ્ત કરવું તેનું નામ પાર થવું. સંસારથી પાર થવા માટે પવિત્ર ભાવનાઓ છૂપાયેલી છે. આવી ભાવનાનો જેને અંતરંગ લાગ્યો છે તે આત્મજાગૃતિ કરતો થકો સંસારને તરી જાય છે અને કેટલાય જીવોને તારતો જાય છે.

આજે માર્ગ કાપવા માટે અનેક શબ્દો વપરાય છે. આપ જે જમીન પર ચાલીને માર્ગ કાપી રહ્યા છો તે ચાલવું કહેવાય. આકાશમાં રસ્તો કાપવો તેનું નામ ઉડવું કહેવાય અને પાણીમાં પંથ કાપવો તેનું નામ તરવું. આ વાત તો આપ બધા સારી રીતે જાણો છો. પણ મહત્ત્વની વાત એ છે જ્ઞાની પુરૂષોએ સંસારને તરવું એ શબ્દ આપીને આપણને અદ્‌ભુત ચેતવણી આપી છે. તરવાની વાત સંસાર સાથે કરવામાં આવી છે તેનો અર્થ એ થયો કે આ સંસાર સાગર જેવો છે. સાગરમાં ઘડીક ભરતી તો ઘડીકમાં ઓટ ! કયાંક કિનારો તો કયાંક અગાધ ઉંડાણ ! કોઈકવાર તોફાન તો કોઈક વાર શાંતિ ! આથી અંદરના જલચર પ્રાણીઓને ભય પણ ખરો.

બંધુઓ ! તરવું એટલે સતત સાવધાન રહેવું. ત્યાં ઉંઘ કે ઝોલું આવે તો ન ચાલે. દરેક અંગને અને ધ્યેયને સંપૂર્ણપણે એમાં પ્રવૃત્તિશીલ રાખવુ પડે છે. ચિત્તની પરમશાંતિ જાળવવી પડે છે. પાણીની સપાટી પર રહી ઘણા આરામ કરે છે પણ ડૂબી ન જવાય એ માટે એનો આત્મા તો જાગતો હોય છે. શ્વાસનું સમતોલપણું સહેજ તૂટયું કે દેહ પાણીમાં બેસવા માંડે છે. તરત સાવચેત બની હાથ-પગ હલાવવ માંડે છે. આ રીતે સંસાર સાગર તરવામાં પણ જીવનના અંત સુધી સતત સાવધાન રહેવું પડે છે. તરનાર થાકી જાય કે વમળમાં સપડાઈ જાય કે કદાચ મૃત્યુ પામે તો પણ અંતિમ શ્વાસ સુધી તે બેભાન ન બને ત્યાં સુધી તરવાનો પુરૂષાર્થ ચાલુ રાખે છે. આ સંસારમાં સૌ કોઈને તરતા રહેવાનું છે અને એમ કરતાં તરી જવાનું છે. સંસાર તરી જવો એટલે આત્મજીવનને ધન્ય બનાવવું. કોઈનું જીવન આપણા માટે પ્રેરક બને તો જાણવું કે તે સંસારસાગર તરી ગયો છે, મોહ–માયા કે રાગ–દ્વેષમાં આસક્ત માનવો માટે એવું કહેવાય છે કે ભલે તેઓ સ્ત્રી–પુત્ર, પરિવાર કે પૈસેટકે

સુખી દેખાતા હોય પણ મોહ–માયાના વમળમાં અટવાઈ તે તણાઈ ગયા, આત્મજાગૃતિ ગુમાવી બેઠા અને અંતે અગાધ ઉંડાણમાં ડૂબી મર્યા.

સમુદ્રમાં ઉત્પન્ન થતાં અનેક ઝંઝાવાતો સામે સ્ટીમર ટક્કર ઝીલતી તરતી જાય છે અને અનેક પથિકને તારતી જાય છે. પણ જો તળિએ કાણું પડયું તો પોતે ડૂબે અને બીજાને પણ ડૂબાડે. આપણા પ્રભુ તો કેવા છે **"तिन्नाणं तारयाणं"** પોતે સંસારથી તર્યા અને બીજાને તારે છે. આવા સંસારને તરી ગયેલા સ્ટીમર સ્વરૂપી એક પણ દોષ-રહિત શુદ્ધ-નિરંજન વીતરાગ દેવના અવલંબનથી આ સંસાર સાગર પાર પામી શકાય છે. આવા પરમાત્મા પ્રભુનું એકાગ્ર ચિત્તે ધ્યાન કરે, પોતાના સ્વરૂપને ઓળખે, સંસારના સ્વપ્નસુખની ઘેરી નિદ્રાને છોડે, આત્માના આવરણ રૂપ મોહદ્વારને હટાવે તો ભવ સમુદ્રને પાર પામી શકે છે અથવા તેની જીવનનૌકા સંસારના જન્મ–જરા અને મૃત્યુ રૂપ ઝંઝાવાતથી બચી અજર અમર બને છે.

જમાલિકુમાર ક્ષમાના સાગર મહાવીર પ્રભુની દેશના સાંભળીને આત્મજ્ઞાન પામી ગયા ને સંસારસમુદ્રને પાર કરવા માટે તત્પર બન્યા. જમાલિકુમારે પ્રભુના દર્શન કર્યા ને તેમની વાણીનું પાન કરતાં વૈરાગ્ય રંગે રંગાઈ ગયા. ઘરેઘર પ્રભુદર્શન એટલે અંધકારભર્યા ભવનમાં એકત્રવાયા ભટકતા આત્માને સદાય પ્રકાશ પાથરતું તેજ-કિરણ. જે તેજકિરણ મળ્યા બાદ આત્માને સંસારની દરેક વસ્તુ તુચ્છ લાગે છે. જમાલિ કુમાર આવ્યા ત્યારે ખાલી હતા અને જાય છે ત્યારે વૈરાગ્યના નીર ભરીને જાય છે. વાદી મોરલી વગાડે ને સર્પને સ્થંભાવી દે તેમ પ્રભુની વાણીની મોરલીએ જમાલિકુમારને સ્થિર બનાવી દીધા. આવી રીતે જંબુકુમારે સુધર્મા સ્વામીની એકવાર દેશના સાંભળી અને તેમના હૃદયમાં સત્ય વાત સમજાઈ ગઈ કે ત્યાગ વિના ત્રણે કાળમાં શાંતિ નહિ મળે. મનમાં ત્યાગની ધૂન છે કે માતાપિતાની આજ્ઞા લઈને હું દીક્ષા અંગીકાર કરીશ. સુધર્મા સ્વામી પાસેથી પાછા ફર્યા. ઘેર જતાં રસ્તામાં એક મકાનની દિવાલ તૂટી પડી. જંબુકુમારથી એક વેંત દૂર પડી ને પોતે બચી ગયા. આ જોઈને વિચાર થયો. અહો....મારી જિંદગીરૂપી ઈમારત આવી રીતે તૂટી પડવાની છે. જિંદગીનો શું ભરોસો છે? જંબુકુમારને ભાન થયું કે આ ભીંત જેમ તૂટી પડી તેમ મારી જિંદગી તૂટી પડશે. તમારા મુંબઈમાં કેટલા મકાનો તૂટી પડે છે ને માણસો કેટલા મરી જાય છે. તમને જંબુકુમાર જેવો વિચાર આવે છે? કે આ જુનાપુરાણા મકાન જેવી મારી જિંદગી છે. ક્યારે તૂટી પડશે તેની અબર નથી તો જલ્દી મારા આત્માનું કલ્યાણ કરી લઉં.

જંબુકુમારે વિચાર કર્યો કે જિંદગી ક્ષણિક છે. ઘેર જાઉં ને માતા–પિતાની આજ્ઞા મળે પછી દીક્ષા લઈશ. પણ આયુષ્યનો કયાં ભરોસો છે! અહાહા જીવન કેવું છે?

વાદળી આકાશમાં આવી અને ચાલી ગઇ
હાં જરા આવી જુવાની હાથ દઇને ચાલી ગઈ–વાદળી

આપણી જીવનરૂપી વાદળી કયારે વિખરાઈ જશે તેની ખબર નથી. જંબુકુમારે વિચાર કર્યો કે ભીંત પડી તેમાં હું બચી ગયેા માટે અત્યારે સુધર્મા સ્વામી પાસે જાઉં અને જાવજીવ બ્રહ્મચર્ય વ્રતની પ્રતિજ્ઞા કરી લઉં. બંધુઓ! તમને કદી આવેા વિચાર થાય છે? તમે તેા આવા કંઈક મકાનેાની ભીંત પડતા જોઇ છે. જંબુકુમાર તેા દીક્ષા લેવાના હતાં છતાં જીવનનેા ભરેાસેા નથી એમ માની જલ્દી તૈયાર થયા.

દેવાનુપ્રિયેા! માનવજીવનની અમૂલ્ય ક્ષણેા પરની પંચાતમાં ન વીતાવેા. સ્વાધ્યાય મનન અને ચિંતનમાં રકત રહેા. એક સેાનાની લગડી ખેાવાઈ જાય કે કેાઇ ચેારી જાય તેા તમને કેટલેા અફસેાસ થાય છે! તેમ આ માનવજીવનની ક્ષણેા સેાનાની લગડી કરતાં પણ કિંમતી જાય છે. દિવસેા વીત્યા, અઠવાડિયા–પખવાડિયા–મહિના ને વર્ષો વીત્યા પણ હજુ ભાન છે? યુવાની હાથ દઇને ચાલી જશે. બધી ઇન્દ્રિઓની શકિત ક્ષીણ થશે. પછી શું કરશેા? તમને અફસેાસ નથી થતેા તેનું કારણ છે. આજે વૈજ્ઞાનિક શેાધખેાળેા વધી રહી છે. કાને ઓછું સંભળાય એટલે રેડિયેા લાવીને કાનમાં ભેરાવી દીધેા. પૂછેા નંદલાલભાઇને કે કેવું સંભળાય છે? વાળ ધેાળા થઇ ગયા તેા કહેશે વાંધેા નહિ. કલપ લગાડી દઈશું એટલે વાળ કાળા થઈ જશે અને મેાઢામાંથી દાંત પડી જશે તેા મેાઢામાં દાંતનું નવું ચેાકઠું બનાવીને ભેરાવી દઈશું. એટલે મેાઢું સાંઢણમાના ગેાખલા જેવું દેખાય નહિ. તમે આ બધું કરીને ઘડપણને આવવા દેવા માંગતા નથી, પણ એ તેા આવવાનું છે. ઘડપણ આવશે પછી ધર્મ–આરાધના નહિ થાય. માટે અત્યારે સાવધાન બનેા બને તેટલું ધર્મધ્યાન કરી લેા વીતરાગ પ્રભુના શાસનમાં અર્પણ થઈ જાવ. અર્પણતા વિના તર્પણતા નથી. ભગવાને ચાર પ્રકારની અર્પણતા બતાવી છે. તેમાં ત્રણ પ્રકારની અર્પણતા સહુ કરે છે.

પહેલી અર્પણતા:–જ્યારે નાના હતા ત્યારે માતાને અર્પણ થયા હતા. બાળક જન્મે ત્યારથી પાંચ સાત વર્ષ સુધી માતાને અર્પણ થઈ જાય છે.

માતા પેાતાના બાળકને ખૂબ લાડથી ઉછેરે છે અને તેની ખૂબ કાળજી રાખીને જીવનનું ઘડતર ઘડે છે. બાળક માતાને જોતાં હરખાય અને માતા બાળકને જોઇ હરખાય છે. બાળક માતાને સંપૂર્ણપણે અર્પણ થઇ જાય છે ત્યારે માતાને આટલેા બધેા પ્રેમનેા ઉછાળેા આવે છે.

"બીજી અર્પણતા" : છેાકરાને સ્કૂલમાં ભણવા બેસાડયેા. જ્યારે બાળક ભણવા નિશાળે જાય ત્યારે શિક્ષકને અર્પણ થઇ જવું જોઇએ. જે વિદ્યાર્થી એના ગુરૂને અર્પણ થઈ જાય છે તેના પ્રત્યે ગુરૂને પણ ખૂબ પ્રેમ હેાય છે. અને ગુરૂ એનું ખૂબ ધ્યાન રાખે છે. પણ જે છેાકરા ગુરૂને ગણતા નથી અને રખડે છે તેનું શું થવાનું છે તે તેા આપ સમજી શકેા છેા. પણ શિક્ષકની આજ્ઞા પ્રમાણે વર્તતેા વિદ્યાર્થી આગળ વધી શકે છે. અત્યારે સ્કૂલેા થઇ ગઇ છે પણ આગળના વખતમાં છેાકરાઓને ગુરૂકુળમાં ભણવા

મોકલતા હતા. ત્યાં રાજકુમારો પણ ભણવા આવતા. એ રાજકુમારો અને બીજા વિદ્યાર્થીઓ ગુરૂ કહે તે બધું કરતા. કદાચ ઘરકામ સોંપે તો પણ કરતા. મનમાં રહેજ ગ્લાનિ નહિ કે અમે રાજાના કુંવર અને કરોડપતિના દીકરા આવું બધું કામ શેના કરીએ ? એ તો એમ સમજે કે ગુરૂ કહે તે તહેત્, "आणाए धम्मोत्ते" आणाए" તથા ગુરૂ જે કહે છે તે " मम लाभोत्ति पेहाए " ગુરૂ જેમ કહે તેમ કરવામાં મારું હિત સમાયેલું છે. તે મારા લાભને માટે છે. ગુરૂ કહે તેમ કરતા, અરે, ગુરૂ માટે પ્રાણનું બલિદાન દેવું પડે તો શિષ્યો દઇ દેતા. ગુરૂ પ્રત્યે એવા સમર્પણ ભાવ જોઇએ. જે શિષ્ય ગુરૂને સમર્પણ થઇ જાય તેનું કલ્યાણ થયા વિના ન રહે. ચાહે સાધુ હોય કે સંસારી હોય પણ અર્પણતા વિના કલ્યાણ નથી.

મેઘકુમાર કેવા અર્પણ થઇ ગયા ! પ્રભુ પાસે દીક્ષા લીધી. સાધુપણાના નિયમ પ્રમાણે રાત્રે છેલ્લી પથારી આવી. સંતો એક પછી એક પરઠવવા જતાં. તે સમયમાં આજની જેમ ઉપાશ્રયમાં ટયુબલાઇટો ન હતી તેમ અત્યારની જેમ ધર્મસ્થાનકની આસપાસ ગૃહસ્થીના ઘર ન હતાં કે આજુબાજુથી પ્રકાશ આવે, ઘોર અંધારૂં હતું એટલે મેઘકુમારના પગમાં ઠેસો વાગવા લાગી. આખી રાત ઉંઘ ન આવી. ત્યારે શું બન્યું.

" મેઘકુમાર ગયા માઠારે ધ્યાનમાં, લેબાશ આપી દઉં નકકી પ્રભાતમાં
કેમ મેઘ મનડાએ ગોથું માર્યું, આજ મને સંતોએ ઠેબું માર્યું (૨)"

મેઘકુમારના મનમાં અનેક વિચારો આવવા લાગ્યા. ભગવાન પણ કેવા સ્વાર્થી છે ! હું રાજકુમાર હતો ને પ્રભુ પાસે આવતો ત્યારે બધા સંતો મને કેટલા પ્રેમથી બોલાવતા હતાં અને આજે તો મને છેલ્લે નાંખી મૂકયો છે. મારા સામું ય જોતા નથી. બસ, હવે મારે અહીં રહેવું નથી. સવાર પડે ને ચાલ્યો જાઉં. પણ એક ગુણ હતો. બોલો, તમારામાં ને એનામાં ફરક કેટલો ? મનમાં આવા ભાવ આવે તો આજનો શિષ્ય તો રાત્રે ને રાત્રે ભાગી જાય. એમ થાય કે જ્યાં રહેવા જેવું નથી ત્યાં કહેવા શું જવું ? પણ મેઘકુમારે શું વિચાર્યું. સાધુપણું છોડવાની ભાવના થઇ પણ નિર્ણય કર્યો કે જેનું લીધું છે તેનું પાછું આપી દઉં. શું સાધુવેશ. સવાર પડીને પ્રભુ પાસે મેઘકુમાર ગયા. પ્રભુ તો સર્વજ્ઞ હતા. એના મનના ભાવ જાણી ગયા. એના બોલતાં પહેલા પ્રભુ કહે છે :-

યાદ કર યાદ કર હાથીના ભવમાં, દુઃખ વેઠયાતિહાં અસહ્ય વનમાં,
કેમ મેઘ મનડામાં આવું ધાર્યું...આજ મને સંતોએ ઠેબું માર્યું.

હે મેઘકુમાર ! તું આ શું કરે છે ? જરા વિચાર કર. હાથીના ભવમાં એક સસલાની દયા ખાતર તેં અઢી દિવસ કેવું કષ્ટ વેઠયું ? તેના પ્રભાવે તું શ્રેણીક રાજાનો પુત્ર મેઘકુમાર બન્યો અને અહીં છકાયના રક્ષણહાર મારા સંતોની ઠોકર તારાથી સહન

ન થઈ. તરત પ્રભુના ચરણમાં નમી પડયા. બે આંખ સિવાય આખા દેહને પ્રભુના ચરણમાં અર્પણ કરી દીધો. આનું નામ અર્પણતા. તમે આવા અર્પણ થઈ જશો તો કામ થઇ જશે. મેઘકુમાર પ્રભુ પાસે ગયા તો સંયમમાં સ્થિર થઇને કલ્યાણ કરી ગયા. પણ કહ્યા વિના ચાલ્યા ગયા હોત તો આ કામ ન બનત. અર્થાત્ કલ્યાણ ન થાત.

ત્રીજી અર્પણતા :–વિદ્યાર્થીજીવન વટાવી યુવાન બન્યા. ઘરની જવાબદારી માથે પડી એટલે કમાવા જવું પડે. નોકરી કરે તો શેઠને અર્પણ થવું પડે, અને જો વહેપાર કરતાં શીખવું હોય તો પોતાના વડીલો તથા ભાગીદારોને અર્પણ થવું પડે. એમને અર્પણ થયા વિના કામધંધો ન શીખાય અને આગળ ન વધાય. એટલે શેઠ અગર ભાગીદારને પણ પૂરેપૂરા અર્પણ થઇ જાવ છો તો સંસારમાં સુખી થાવ છો, એટલે ત્યાં પણ અર્પણતા જરૂરી છે.

ચોથી અર્પણતા :–ચોથી અર્પણતા ગુરૂને કરવાની છે. બાલપણમાં માતાને અર્પણ થયા, મોટા થયા ત્યારે શિક્ષકને અર્પણ થયા, યુવાન થયા ત્યારે શેઠને અર્પણ થયા. બધે અર્પણ થયા પણ ગુરૂને અર્પણ થયા વિના તમારો ઉદ્ધાર નથી. અહીં તો ધારો ત્યારે અર્પણ થઈ શકો. બાલપણમાં, યુવાનીમાં ને પાછલી ઉંમરે પણ ગુરૂને અર્પણ થઇ શકાય. બાલપણામાં ગજસુકુમારે, અયવંતા મુનિએ દીક્ષા લીધી હતી. યુવાનીમાં મેઘકુમાર, જમાલિકુમાર, થાવચ્ચકુમાર આદિએ દીક્ષા લીધી. અને પાછલી ઉંમરે ઉદ્રાયન રાજાએ દીક્ષા લીધી હતી. તમને એમ થાય કે પાછલી ઉંમરે દીક્ષા લઇને શું કરીએ! પણ દશવૈકાલિક સૂત્રમાં ભગવાન કહે છે:

पच्छा वि ते पयाया खिप्पं गच्छन्ति अमर भवणाइं ।
जेसिं पिओ तवो संजमो य, खंति य बंभचेरं च ।।

દશ. સૂ. અ. ૪. ગાથા ૨૮

પાછલી અવસ્થામાં દીક્ષિત થવા છતાં જેમને તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય પ્રિય છે તેઓ જલ્દી દેવલોકમાં જાય છે. તેમની ઉચ્ચ ગતિ થાય છે. ભોલા, તમારો નંબર કયાં લગાડવો છે? અલ્પ જિંદગીમાં જાગ્યા ત્યારથી સવાર સમજીને કંઇક કરો. એકેક દિવસ જીવનમાંથી ઓછો થાય છે. જેમ તમે દિવાળીમાં નવું કેલેન્ડર વસાવો છો ને રોજ તેમાંથી એકેક પાનું ફાડો છો. ફાડતાં ફાડતાં એક પાનું પણ બાકી હોય છે ત્યાં સુધી તેની કિંમત છે. જ્યાં પાના ખલાસ થઇ જશે એટલે એને તમે ભીંત પર નહિ રાખો, ફગાવી દેશો. તે રીતે આ માનવજિંદગીના કેલેન્ડરમાંથી રોજ એકેક દિવસરૂપી એકેક પાનું ફાટે છે ને આયુષ્ય ઘટતું જાય છે. અંદરનો ચેતનદેવ કાળરાજાની ઝપટમાં આવી જશે પછી કાયા રૂપી કેલેન્ડરને લોકો જલાવી દેશે. માટે જ્યાંસુધી આયુષ્યનો દીવડો જલે છે ત્યાંસુધી કામ કાઢી લો. સદ્ગુરૂને અર્પણ થઇ જાવ. આપણે ચોથી અર્પણતાની વાત ચાલે છે. ચોથી અર્પણતામાં ગુરૂને અર્પણ થવાનું છે.

જ્યારે શરીરમાં રોગ આવે છે ત્યારે ઘણી દવાઓ કરીને ત્રાસી જાવ છો. છેલ્લે ડૉકટરને શું કહો છો ? સાહેબ! આ દર્દથી કંટાળી ગયા. હવે દર્દ સહન થતું નથી. ચાહે આપ દવા આપો, ગોળી આપો, ઇંજેકશન આપો કે ઓપરેશન કરો જે કરવું હોય તે કરો, પણ આનું દર્દ મટાડો. હવે તમારા શરણે છીએ. કોઇને પગમાં ફેકચર થયું હોય તો ડૉકટર પગ ઉંચો રખાવીને અધમણીયું બાંધે છે ને ઉંધે મસ્તકે લટકવુ પડે છે તો એ બધું કેવી રીતે સહન થાય છે અને અહીં ગુરૂ કહે ૧૦૮ લોગસ્સનો કાઉસગ્ગ કરો તો કહેશે એ નહિ બને, ડૉકટરને ત્યાં જઇને બબ્બે કલાક ખોટી થવાનું અને ફીના પૈસા ભરવાના ને આવા પગ ઉંચા રાખીને લટકાવે છે, છતાં એક દેહનું દર્દ મટાડવા ડૉકટરને કેવા અર્પણ થઇ જવાય છે! તો આત્માના રોગ નાબૂદ કરવા હોય તો ગુરૂને કેટલા અર્પણ થવું જોઇએ.

ભવરોગ નાબૂદ કરવા માટે ગુરૂને જીવન અર્પણ કરીને તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું જોઇએ. ગુરૂની આજ્ઞા ભવરોગનાશક જડીબુટ્ટી છે. જે શિષ્ય ગુરૂની આજ્ઞામાં રહે છે તેનું કલ્યાણ થઇ જાય છે અને ગુરૂની આજ્ઞા વિરુદ્ધ ચાલે છે તે ભવમાં ભમે છે. ગુરૂની આજ્ઞા વિના તપ કરવો તે તપ નહિ પણ તાપ છે ને ગુરૂની આજ્ઞાથી એક ઉપવાસ કરે તો પણ મહાન લાભનું કારણ બને છે. જે શિષ્યો ગુરૂની આજ્ઞા સિવાય પોતાની જાતે જુદા વિચર્યા છે તે પડવાઇના પંથે ગયા છે. માટે ગુરૂને એવા અર્પણ થઈ જાવ કે ભવનો બેડો પાર થઈ જાય. ભવમાં ભમવું ન પડે.

જમાલિકુમાર ભગવાનને અર્પણ થઇ ગયા છે. તનથી માતા પાસે એ આજ્ઞા માંગી રહ્યા છે પણ એનું ચિત્તડું મહાવીર પાસે છે અને તમે ઉપાશ્રયમાં બેઠા છો પણ ચિત્તડું ઘર તરફ ભમતું હશે! એની માતા પાસે આજ્ઞા માંગે છે કે હે માતા! મને સંયમની લગની લાગી છે. તું મને દીક્ષાની રજા આપ. મને ભગવાન જેવા ગુરૂ મળી ગયા છે. હવે શા માટે ભવમાં ભમું ? આ શબ્દો સાંભળી માતાને ખૂબ આઘાત લાગ્યો. જેમ કમળના ફૂલની માળા કરમાઈ જાય તેમ તો કરમાઈ ગઇ. હાથમાં પહેરેલા નાજુક આભૂષણો હાથમાંથી નીકળીને ભોંય પડી ગયા અને એકદમ નિસ્તેજ બની ગઇ. સિંહાસનેથી ભોંય પડી ગઇ અને બેભાન બની ગઇ. જમાલિકુમાર મોહનીયનું નાટક જોયા કરે છે. માતા ગમે તેવો કલ્પાંત કરે છે પણ એ વૈરાગી હવે પાછો પડે તેમ નથી. ખાધેલું ઉછળ્યું પછી ગમે તેવું મોઢું દબાવે તો પણ રહે નહિ. તેમ જમાલિકુમારે વિષયોને વિષ જેવા સમજીને વમન કરી નાંખ્યા. હવે તેને સંસારમાં કેમ ગમે? માતાને મૂર્છા આવી છે. હવે સ્વસ્થ થશે ને જમાલિકુમારને શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

"સિંહરાજાની તત્ત્વ વિચારણા"

ચરિત્ર:-સિંહરાજાને આનંદકુમારે તલવારનો ઘા કર્યો છતાં કેટલી સમતા છે!

મનમાં એવા ભાવ ન આવ્યા કે આ દીકરાને મેં ઉછેર્યો. એની માતાએ મારી નાખવાનો ઓર્ડર આપ્યો હતો છતાં મેં તેને પ્રેમથી ઉછેર્યો અને એ અત્યારે મને આવા દુઃખ દે છે? એના કરતાં ન જિવાડયો હોત તો શું ખોટું? આવો વિચાર ન કરતાં શું વિચારે છે! સિંહરાજાના માથે પુત્રે તલવારનો ઘા કર્યો તે વખતે પોતે **"નમો જિણાણું"** જિન ભગવાનને હું વારંવાર નમસ્કાર કરું છું. પ્રભુને નમસ્કાર કરતાંની સાથે એ વિચારે છે કે મને પીડા આપવામાં મારા કર્મોનો દોષ છે. કારણ કે આ જીવને જગતમાં અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો મળવામાં બીજા તો નિમિત્ત માત્ર છે. ખરું કારણ તો પોતાના પૂર્વ કૃત કર્મો છે. પોતે પૂર્વભવમાં જેવા કર્મો બાંધ્યા હોય તેવા અહીં ભોગવવા પડે છે. માટે ખરો દોષ તો કર્મનો અને કર્મ બાંધનાર આત્માનો છે. એમાં બીજાને દોષ શા માટે આપવો? પોતાના કર્મના દોષ જોવાથી આવધાની રહે છે, શાંતિ રહે છે. સારી ભાવના રહે છે. બીજા પર ખોટા દ્વેષ-દુર્ધ્યાન-દીનતા વિગેરે કરવા પડતા નથી. કર્મની વિચારણા એટલે તત્ત્વની વિચારણા. અને **"નમો જિણાણું"** એટલે અરિહંતનું શરણ. આ બે કેટલા સુંદર આલંબન છે!

"સિંહરાજાનું મૃત્યુ":- રાજાએ મરણ વખતે નમો જિણાણું ધ્યાન ધરી લીધું અને જૈન શાસનનો અટલ સિદ્ધાંત **"જીવે કરેલા કર્મોને ભોગવવા પડે છે."** ચાહે જીવન સારું હોય કે ખરાબ હોય પણ મુખ્ય તો કર્મ કારણ છે અને બીજા બધા તો નિમિત્ત છે. આ ભાવનામાં રાજા દૃઢ થાય છે ત્યારે ક્રૂર આનંદકુમાર ફરીને તલવારનો ઘા કરે છે એટલે રાજા ત્યાં મૃત્યુ પામે છે. આખા ગામમાં ખબર પડી કે આનંદકુમારે સિંહરાજાને તલવારનો ઘા કરીને મારી નાંખ્યા. આખું ગામ તેને ધિક્કારવા લાગ્યું. આખા નગરના લોકો તેના મહેલ પાસે આવીને આનંદકુમારને ધિક્કારવા લાગ્યા ને બોલવા લાગ્યા કે રાજાની શરમે આપણે આનંદને કાંઇ કરી શકયા નહિ. હવે તો પૂરો કરી નાંખીએ આપણને મારનારો અધમ રાજા પ્રજા ઉપર શું જુલમ નહિ કરે! આ આનંદકુમારને બહાર નીકળવું ભારે પડી ગયું. પ્રજા ખૂબ ઉશ્કેરાઈ ગઇ છે ત્યારે કંઇક સજ્જન માણસો કહે છે ભાઇ! આપણા મહારાજાની આજ્ઞા છે કે મારા નિમિત્તે આનંદને એક શબ્દ પણ ન કહેશો. એ સમભાવ રાખીને સમાધિ મરણે કાળ કરી ગયા અને તમે શા માટે કર્મ બાંધો છો? કલુષિત ચિત્તવાળા અધમ દીકરાએ પવિત્ર મહાત્મા જેવા પિતાનો નાશ કર્યો છે. એણે અનંત સંસારનાં આંધણ મૂકી અનંત દુઃખોના રાંધણ તૈયાર કરી દીધા.

દેવાનુપ્રિયો! કુમારે મહારાજાને મારી નાંખ્યા પણ એમની સમતા ગજબ હતી એટલે રાજાનું કંઈ ન બગડયું. એ તો માનવશરીરનો ત્યાગ કરી દિવ્ય શરીર અને દિવ્ય વૈભવો પામ્યા. સિંહરાજા સમાધિ મરણે મરીને કાળ કરીને ત્રીજા દેવલોકમાં ગયા

ને ત્યાં દિવ્ય સુખો ભોગવવા લાગ્યા. અહીં આનંદકુમાર સુખેથી રાજ્ય ભોગવે છે. પ્રજાને ખૂબ ત્રાસ આપે છે. માણસો માને કે હું કંઈક છું. પણ કર્મોદય આગળ ભલભલાના પગ ઢીલા પડી જાય છે. આનંદ રાજાનું શું થને છે:-

કાલાન્તર મેં આનંદ કે કઇ કુટ ગયે હૈ રોગ
કિયા પાપ ઉદય અહીં આયા, કર રહે સારે લોગ
પહેલી નરકમેં ગયા હૈ મરકે, નિજ કર્મો કે યોગ હો... શ્રોતા તુમ

કોઈ વખત આનંદ મહારાજા મહાન ભયંકર રોગમાં ઘેરાય છે. જ્યારે કે ત્યારે કરેલા કર્મો ઉદયમાં આવે છે. કર્મો કરતી વખતે જીવને ભાન નથી રહેતું પણ ભોગવતી વખતે આપના આપ બોલાઇ જાય છે. જેમ મીઠું ભરવાનું માટલું હોય તો તેમાં મીઠું ભર્યા પછી તમે જોજો. થોડા વખત પછી મીઠું ફૂટી નીકળે છે તેમ માનવીના કર્મો પણ ફૂટી નીકળે છે. અનંદકુમાર ભયંકર બિમારીમાં ઝડપાયો. લોકો બોલવા લાગ્યા કે જુઓ બાપને મારી નાખ્યો તે એના કર્મો આ ભવમાં ઉદયમાં આવ્યા. લોકો તેના ઉપર હજારો ધિક્કાર વરસાવે છે. છેવટે આનંદકુમાર મરીને પહેલી નરકમાં ગયો. સિંહરાજા દેવલોકમાં દિવ્ય સુખો ભોગવે છે. ત્યારે આનંદકુમાર તેના કર્મવશ પહેલી નરકમાં ભયંકર દુઃખો વેઠે છે. અનંતો સંસાર તેણે વધાર્યો. અહીં સમરાદિત્ય કેવળીના બે ભવ પૂરા થયા. હવે બે આત્માઓ ત્રીજા ભવમાં કયાં ઉત્પન્ન થશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે. પરમ દિવસથી પર્યુષણ પર્વ આવે છે. બધા ખૂબ આરાધના કરવા તૈયાર થઇ જજો. વધુ ભાવ અવસરે.



વ્યાખ્યાન નં. ૪૬

શ્રાવણ વદ ૧૨ ને શુક્રવાર **તા. ૨૪-૮-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

તીર્થંકર ભગવંતે જગતના જીવોના કલ્યાણને માટે આગમ વાણી પ્રકાશી. ભગવંત ફરમાવે છે કે અનાદિ કાળથી જીવે બાહ્ય તરફ દૃષ્ટિ કરી છે. આત્મા તરફ દૃષ્ટિ કરી નથી વિચારો

મૈં હૂં કૌન કહાં સે આયા, મુઝે કહાં પર જાના હૈ,
કૌન જગતમેં મેરા, ઇસ જગમેં કહાં ઠીકાના હૈ
માતા-પિતા, પુત્ર નારી યહ મેરે કૌન જગત ભીતર
કિસ કારણ સબંધ હુઆ હૈ કર વિચાર ઇસકા હૈ નર"

હું કોણ છું? ક્યાંથી આવ્યો છું ? ને અહીંથી ક્યાં જઇશ ? કદી વિચાર આવે છે? તમારે બહારગામ જવું હોય તો શું તમે સ્ટેશને પહોંચ્યા પછી નક્કી કરો છો કે પંદર દિવસ અગાઉથી નક્કી કરો છો? અરે, પંદર દિવસ અગાઉ ગાડીનું રીઝર્વેશન કરાવી લો છો કેમ ખરૂ ને? છતાં ગાડી આવતા પહેલાં પહોંચી જાવ છો ને? (સભાઃ– ત્યાં તો કલાક અગાઉ પહોંચી જઇએ) કેટલા બધા સાવધાન છો! આત્મા માટે આટલી સાવધાની છે? સ્ટેશને ગાડી આવવાની છે. તે ક્યારે આવશે અને ક્યારે ઉપડશે તે નક્કી છે પણ જ્ઞાની કહે છે તારા જીવનની ગાડી ક્યારે ઉપડશે તેના માટે કોઇ ટાઇમ નક્કી નથી અને ઉપડી તો રોકવા માટે ગમે તેટલા પ્રયત્ન કરશો પણ જીવનની ગાડી રોકવા તમારો એકેય પ્રયત્ન કામ નહિ લાગે. માટે ઓછી જિંદગીમાં ઝાઝું કામ કરી લો. તમારી એકેક પળ કેવી જાય છે? (સભાઃ– લાખેણી) વાણીમાં તો ઘણું બોલ્યા પણ જીવનમાં કેટલું અપનાવ્યું? કોઈ માણસની નાણાંવટી અટક હોય પણ નાણું ન હોય તો શું? તેમ તમે બોલો છો કે જીવનની એકેક પળ લાખેણી જાય છે પણ પ્રમાદની પથારી છૂટતી નથી તો બોલવાથી શું? પ્રમાદી જીવ આત્મદર્શન નથી કરી શકતો સર્વજ્ઞતા પ્રાપ્ત કરી શકતો, નથી. જ્યાં સુધી સર્વજ્ઞતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સાધકે સાધનામાં હમેશાં સાવધાન રહેવું જોઇએ. પ્રમાદીને હમેંશા સર્વત્ર ભય છે. આચારાંગ સૂત્રમાં પ્રભુએ કહ્યું છે કે :–

सव्वओ पमत्तस्स भयं, सव्वओ अपमत्तस्स नत्थि भयं ।

પ્રમાદીને બધી રીતે ભય રહે છે. અપ્રમાદીને કોઇ પ્રકારનો ભય નથી રહેતો. પ્રમાદીને આ લોક ને પરલોક બંને જગ્યાએ ભય છે. જ્યારે અપ્રમાદીને કોઇ પ્રકારના કર્મનો ભય નથી રહેતો તે બંને લોકમાં ભયમુક્ત રહે છે.

અપ્રમત્ત બનવાને માટે જ્ઞાનીઓ કહે છે આત્મવિજય કરો. જેણે એક આત્મા પર વિજય પ્રાપ્ત કર્યો છે તેણે સારા સંસાર પર વિજયપતાકા ફરકાવી જેણે બાહ્ય સંસારને જેટલા અંશે જીત્યો છે તેટલા અંશે તેણે આત્મા પર વિજય કર્યો છે. બંધુઓ! બાહ્ય સંસારને જીતવો એટલે સંસારના મમતામય સંયોગોનો ત્યાગ કરવો.

જેવી રીતે દુનિયામાં રાજા-મહારાજાઓના દેશ માટે, ભૂમિ માટે સંગ્રામો થયા કરે છે તેવી રીતે આપણા આત્માની સ્વાભાવિક અને વૈભાવિક શક્તિઓ વચ્ચે હંમેશા યુદ્ધ થયા કરે છે. ભૌતિક સંગ્રામ તો કોઇ કોઇ વખત થાય છે, જ્યારે આધ્યાત્મિક યુદ્ધ તો હમેશા ચાલુ રહે છે. દુનિયામાં યુદ્ધ થાય ત્યારે બે પક્ષમાંથી કોઇ પણ એક પક્ષ પરાજીત થાય ત્યારે યુદ્ધનો અંત આવે છે તે રીતે આ સંગ્રામમાં પણ સ્વાભાવિક અથવા વૈભાવિક શક્તિઓમાંથી કોઇ પણ એકનો પરાજય થાય ત્યારે આ યુદ્ધ પૂર્ણ થાય છે. જો સ્વાભાવિક શક્તિઓની હાર થાય તો આત્મા નરક-નિગોદની

જેલમાં ચાલ્યો જાય છે અને સ્વાભાવિક શક્તિઓની જીત થાય છે તો મોક્ષનું અખંડ સામ્રાજ્ય પ્રાપ્ત થાય છે. આ યુદ્ધમાં એક બાજુ ચૈતન્ય રાજાના સમ્યક્ત્વ, જ્ઞાન-દર્શન ચારિત્ર, પાંચ સમિતિ, અપ્રમાદ, ક્ષમા આદિ દશ પ્રકારના યતિધર્મ આદિ સુભટો છે અને બીજી બાજુ કામરાજાના મિથ્યાત્વ, પ્રમાદ, કષાય, મોહ, આદિ સુભટો છે. આ યુદ્ધ ચર્મચક્ષુઓથી જોઈ શકાતું નથી. તેને જોવા માટે આભ્યંતર ચક્ષુની જરૂર છે. રાજા મહારાજાઓને યુદ્ધમાં વિજય મળે તો ભૂમિ અને ધનનો લાભ થાય છે પણ આધ્યાત્મિક વિજયથી ઉર્ધ્વ-અધો ને ત્રીછો ત્રણે લોકનું સામ્રાજ્ય મળે છે. આધ્યાત્મિક યુદ્ધનો વિજેતા ત્રણલોક પર પોતાનું શાસન ચલાવે છે. રાજા-મહારાજા તો શું પણ દેવોના અધિપતિ ઇન્દ્રો તેના ચરણોમાં નમે છે અને તેમની સેવા કરવાનું અહોભાગ્ય માને છે. લૌકિક વિજયમાં તો કયારે મોટા મોટા સમ્રાટોને પણ હાર આવી પડે છે, પરંતુ જ્ઞાની કહે છે જેણે એક વાર આધ્યાત્મિક યુદ્ધમાં વિજય મેળવ્યો તેનો તો કયારે પણ પરાજય થતો નથી. માટે આધ્યાત્મિક વિજય એ શાશ્વત વિજય છે. દેશના વિજેતા તો કયારેક પોતે સત્તાના ઉન્માદથી પ્રજા પર દુઃખની આગ વરસાવે છે જયારે આત્મિક વિજેતા આધિ–વ્યાધિ ને ઉપાધિના ત્રિવિધ તાપથી સંતપ્ત દુનિયા પર કલ્યાણનું પાણી છાંટે છે અને જગતના જીવોને આત્મકલ્યાણનો માર્ગ બતાવે છે. માટે ભગવાન કહે છે તમે તમારા પર વિજય પ્રાપ્ત કરો. તમે દુનિયામાં વિશ્વવિજેતા બની જશો. માટે આત્મવિજય એ શ્રેષ્ઠ વિજય છે. આત્મા પર વિજય મેળવનાર મનુષ્ય સુખ ને દુઃખમાં સમભાવ રાખે છે. તે દુઃખમાં પણ સુખનો અનુભવ કરે છે. આના ઉપર એક દૃષ્ટાંત કહું.

મરૂભૂતિના ઘરમાં એક નોકર હતો. શેઠ ખૂબ ધર્મિષ્ઠ હતા એટલે ઉપવાસ, પૌષધ આદિ ધર્મક્રિયાઓ ખૂબ કરતાં અને ઘરના નોકરોને પણ નવકારમંત્ર શીખવાડયા હતા. શેઠ જો ધર્મિષ્ઠ હોય તો નોકરને પણ તારે છે. તમે પણ તમારા નોકરને નવકાર-મંત્ર શીખવાડયા હશે ને? કંઈક જગ્યાએ એવું બન્યું છે કે શેઠના ઘરમાં ધર્મના સંસ્કાર જોઈને ઘરમાં ચાના કપ-રકાબી ધોનાર નોકર સાધુ બની ગયા છે અને નોકરડી સાધ્વી બની ગઇ છે. ઘરના શેઠ એવા સારા ને ધર્મિષ્ઠ હોય તો પોતે તરે અને બીજાને તારે. જેને કંઈ ન આવડતું હોય, ધર્મ–કર્મ સમજતો ન હોય પણ જો એને સંગ સારો મળે તો તરી જાય છે.

જેમ એક લોખંડનો ટુકડો પાણીમાં મૂકશો તો તે ડૂબી જશે પણ એ લોખંડના ટુકડાને એક લાકડાની પટ્ટી ઉપર જડીને પાણીમાં મૂકવામાં આવશે તો ડૂબવાના સ્વભાવવાળું લોખંડ લાકડાના સંગે તરે છે, તેમ જ્ઞાની કહે છે નોકરો લોખંડ જેવા હોય પણ લાકડાની પટ્ટીસમાન શેઠનો સંગ થવાથી તે તરી જાય છે.

મરૂભૂતિનો નોકર ગોવાળ હતો. એના ગાય-ભેંસ આદિ પશુઓનું રક્ષણ કરતો હતો. એક વખત તે નદીના સામે કિનારે ગયો હતો. એ પાછો ફરે તે પહેલાં નદીમાં પૂર આવ્યું. થોડું પૂર ઓછું થયું એટલે તરીને પોતાના ગામના કિનારે આવે છે. ભરવાડ હતો પણ એને તરતા આવડતું હતું. ભગવાન કહે છે તમને બીજું કંઇ ભલે ન આવડે પણ જો સંસાર તરવાની કળા આવડશે તો પણ તમારો બેડો પાર થશે. એ નોકર નદી તરીને આવી રહ્યો છે. ત્યાં પાણીના વહેણમાં એક તીક્ષ્ણ અણીદાર ભાલો અગર ચપ્પુ તણાઇને આવતું હતું તે આ નોકરના પેટમાં પેસી ગયું. અસહ્ય વેદના થાય છે. આ વખતે હાયવોય ન કરી. મને શું વાગ્યું એ જોવા ન ગયો. પણ શું બોલ્યો? "નમો અરિહંતાણું". આવી બિમારી કદાચ આપણને આવે તો વેદના વખતે શું બોલાય? "નમો આરિહંતાણું" બોલવાનું મન થાય કે હાયવોય થાય? હા, નમો અરિહંતાણું કયારે બોલો? ટ્રેઇનમાં બેઠા હો, ટ્રેઇન મોટી નદીના કે ઝરિયાના પુલ ઉપરથી પસાર થતી હોય અને પુત્ર તુટવાની અણી ઉપર હોય ને બૂમ પાડે કે ટ્રેઇન ભયમાં છે. પ્લેનમાં બેઠા હો ને પાયલેટ બૂમ પાડે કે ચેતજો, હમણાં વિમાન ભયમાં છે ત્યારે પ્રભુમય બની જવાય. બીજું કંઈ યાદ ન આવે. કેમ બરાબર છે ને! (હસાહસ).

મરૂભુતિએ ઘણી સાધના કરી હતી. પથ્થરની શીલા માથે વાગતાં કેટલું કષ્ટ સહન કર્યું. પણ સહેજ આર્તધ્યાન આવ્યું તો મરીને હાથી બન્યો અને એના નોકરે કદી સામાયિક, ઉપવાસ કે પૌષધ કર્યા ન હતા છતાં પેટમાં અણીદાર ચપ્પાની ધાર વાગતાં નમો અરિહંતાણું બોલ્યો અને ખૂબ સમભાવ કેળવ્યો તો મરીને સુદર્શન શેઠ બન્યો. કેવો દૃઢધર્મી શ્રાવક બન્યો કે એના બ્રહ્મચર્યના પ્રભાવથી શૂળી ફીટીને સિંહાસન થઇ ગયું. શ્રેણીક રાજાનો વિશ્વાસપાત્ર બન્યો. રાજાને પોતાની રાણીનો જેટલો વિશ્વાસ નહિ તેટલો સુદર્શન શેઠનો વિશ્વાસ હતો. ટૂંકમાં મારો કહેવાનો આશય એ છે કે ગમે તેવા પરિષહ આવે તો પણ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ન કરો. ધર્મધ્યાન અને શુકલધ્યાનના ઝુલે ઝુલો તો કર્મોની મહાન નિર્જરા થશે.

મહાન પુણ્યના ઉદયે ધર્મધ્યાન કરવાનો અનુકુળ સમય મળ્યો છે. આજે તમે સુખ ભોગવી રહ્યા છો તે શેનું પરિણામ છે? તમે બંગલામાં બેસી માલમલીદા ઉડાવી રહ્યા છો અને કંઇકને રહેવા તૂટીફૂટી ઝુંપડી પણ નથી. તમે સુંવાળી મખમલની તળાઈમાં નિરાંતે સૂવો છો જ્યારે કંઇકને સૂવા માટે પૂંઠાનો કટકો પણ નથી. તમે ઈસ્ત્રીબંધ ટેરીકોટનના કપડા પહેરો છે, અત્તર અને સેંટ છાંટો છો જ્યારે ગરીબને અંગ ઢાંકવા કપડા નથી. આટલો બધો તફાવત કેમ છે? એનો વિચાર આવે છે? પહેલાં બહેનો રસોઇ કરતી ત્યારે એમને ચૂલા ફૂંકવા પડતા, લાકડા અને છાણાની કેટલી માવજત કરવી પડતી હતી અને આજે તો ઘરઘરમાં ગ્યાસ આવી ગયા,

પણ ખાસ વિચારજો કે તે ગ્યાસ ખાલી થાય ત્યારે ગ્યાસ ઉપર કરવા માંડેલી રસોઇ અડધી થઇ હશે તો પૂરી નહિ થાય, તેમ જ્યાં સુધી પુણ્યરૂપી ગ્યાસની કોઠી ભરેલી છે ત્યાં સુધી સૌ ખમ્મા ખમ્મા કરશે. પણ જ્યાં પુણ્યરૂપી ગ્યાસની કોઠીમાં ગ્યાસ પૂરો થયો એટલે મામલો ખતમ થઇ જશે. માટે પુણ્યોદય છે અને અનુકુળ સંયોગો છે ત્યાં સુધી વીતરાગ ધર્મની આરાધના કરી લો. તેથી વીતરાગ વાણીનો દીપક તમારા અંતરમાં જલતો રહેશે ને દુઃખના સમયમાં સમભાવ રહેશે.

જમાલિકુમારના મહાન પુણ્યનો ઉદય છે. અઢળક સંપત્તિ અને સુખનો ખજાનો છે, છતાં એને વીતરાગ વાણી સાંભળીને સંયમની ભાવના જાગી. એના વૈરાગ્યનો વેગ કેવો તીવ્ર છે! માતાને કહે છે માતા! મને સંયમની લગની લાગી છે.

સંયમની ધૂન લાગી, આતમ પ્યાસ જાગી,
આપો મૈયા આપો મને...દીક્ષાની ભિક્ષા...અરે આપો...

હે માતા! હવે મને સંસાર નરકાગાર જેવો ભયંકર ભાસે છે. મને ક્ષણવાર ગમતું નથી. મને આત્મસુખની પ્યાસ જાગી છે. બંધુઓ! જમાલિકુમારને આત્માના સુખો મેળવવાની પ્યાસ જાગી છે અને તમને શેની પ્યાસ જાગી છે! પૈસો મેળવવાની ને? (હસાહસ) પૈસાની પ્યાસ કેવી છે! માની લો કે કોઇને ત્રણ ડીગ્રી તાવ આવ્યો છે અને ઘરમાં ગોદડું ઓઢીને સૂતા હોય તે વખતે દુકાનેથી દીકરો આવીને કહે બાપુજી! દુકાને મોટા બે ઘરાક આવ્યા છે અને બંનેને રૂ. ૨૫૦૦૦નો માલ ખરીદવાનો છે. માટે તમે આવો. ત્યારે તમે તરત ઉભા થઇને દુકાને જાવ. આ શું બતાવે છે? પૈસાની પ્યાસ છે ને? ત્રણ ડીગ્રી તાવ હોય અને સંત ઉપાશ્રયે બોલાવે તો આવશો ને? ના. ના. (હસાહસ) ત્યારે તો સંતને ઘેર માંગલિક કહેવા બોલાવે. ટૂંકમાં! જીવોની જેટલી પૈસા મેળવવાની લગની છે તેટલા આત્મા પ્રત્યેની નથી.

જમાલિકુમારે માતા પાસે આજ્ઞા માંગી એટલે એથી માતાને ખુબ દુઃખ થયું. મૂર્છા આવી ગઈ. કાચના કંકણો હાથમાંથી નીકળીને ભોંય પડી ગયા ને ચૂરેચૂરા થઇ ગયા. ચંપકલત્તાની જેમ એમનું શરીર કરમાઈ ગયું. આ શું બતાવે છે? માતાનો પુત્ર પ્રત્યેનો અત્યંત મોહ છે તેના ઉપર એક કહાણી છે.

એક વખત ગોપીચંદન સ્નાન કરવા બેઠા હતા. તે વખતે તેની માતા મેનાવંતી મહેલના ઝરૂખે બેઠા હતા. દીકરાની કંચનવર્ણી કાયા જોઈને મનમાં થયું અહો....શું મારા દીકરાનો દેહ છે! કેવું સુંદર શરીર છે! મારા દીકરાની આ કંચનવર્ણી કાયા એક દિવસ રાખમાં રોળાઈ જશે? એક દિવસ કાળ ભરખી જશે? આ વિચારે એની માતાની આંખમાં આંસુ આવી ગયા અને માતાની આંખમાં આવેલા આંસુના ટીપા બાજુમાં

બેઠેલા ગોપીચંદનના શરીર ઉપર પડ્યા ત્યારે એને વિચાર થયો કે –

વાદળ નથી, વિજળી નથી, ઠંડા પાણી ક્યાંથી રે
ઠંડા પાણીને દેખી ધ્રુજે મારી દેહ રે...
જીવો રાજા ગોપીચંદન પૂછું તમને કાંઇ રે દુરીજન પંખીડા

અત્યારે આકાશમાં વાદળ નથી, વીજળી નથી. વરસાદના કોઇ નામનિશાન નથી અને આ ઠંડા પાણીના ટીપાં ક્યાંથી પડયા ? એનાથી મારૂં શરીર થરથર ધ્રૂજે છે. એમ વિચાર કરતા ઉંચે દૃષ્ટિ કરી તો બેઠેલા માતાજીની આંખમાં આંસુ જોયા અહો ! મારા માતાની આંખમાં આંસુ કેમ આવ્યા ? માતાજીના દુઃખે દુઃખી અને સુખે સુખી રહેનારો છોકરો ગોપીચંદન ઉભો થઇ ગયો ને માતા પાસે આવ્યો.

આપણા રજવાડામાં કોઇ નથી દુઃખીયારૂં રે
મેનાવંતી માતા મારા શાના કારણે રૂવો રે
જીવો રાજા ગોપીચંદન પૂછું તમને કાંઇ રે દુરીજન પંખીડા

ગોપીચંદનના નામ તેવા ગુણ હતા. જેમ ગોપીચંદન શીતળ હોય છે. કોઇને ગરમીનો રોગ થયો હોય કે દાહજ્વર થયો હોય તો ગોપીચંદનની ગોટી ઘસીને ચોપડે તો શીતળતા મળે છે. તેમગોપીચંદનકુમાર પણ તેવો હતો. માતાની પાસે આવીને કહે છે કે હે માતા ! ગોપીચંદન જેવો તારો દીકરો છે. તું રાજમાતા છે. તને શું દુઃખ છે આપણા રાજ્યમાં કોઇ દુઃખી નથી છતાં આપ રડો છો તો શું કોઇએ તમારૂં અપમાન કર્યું છે ? આપને કોઇએ કટુ વચન કહ્યું છે ? આપ શા માટે રડો છો ? માતા ! તમારી આંખમાં આંસુ જોઇને મને કંઈક થઇ જાય છે.

દીકરાને માતા પ્રત્યે કેટલો પ્રેમ છે ! આજ તો દીકરો પરણે એટલે પત્નીનો થઇ જાય છે. સાચું બોલજો. તમે બહારગામથી આવ્યા ને ઘરમાં બે ખાટલા ઢાળેલા દેખો. તેમાં આગળના ખાટલામાં માતા સૂતી છે ને પછીના ખાટલામાં પત્ની સુતી છે તો પહેલાં ખબર કોની પૂછશો ? માતાની કે પત્નીની ? (હસાહસ). માતા તો વૃદ્ધ છે. એની ચિંતા નથી. પણ માતાનો ખાટલો વટાવી પત્ની પાસે પહેલા પહોંચી જશો. કારણ કે પત્ની પ્રત્યે જેટલો રાગ છે તેટલો માતા પ્રત્યે પૂજ્યભાવ આજે નથી રહ્યો. આ ગોપીચંદન એ આજના છોકરાની જેમ માતાને ભૂલી જાય તેવો ન હતો. માતાના પગમાં પડીને રડવાનું કારણ પૂછયું ત્યારે માતા શું કહે છે.

કંચનવર્ણી કાયા તમારી, સોના સરખા કેશ રે
એક દિન શામી જાશે, થાશે ધુળધાણી રે....જીવો રાજા
આપણા રજવાડામાં જલંધર છે જોગી રે
જોગી પાસે જઇને તમે અમર કાયા માંગો રે
જીવો રાજા ગોપીચંદન પૂછું તમને કાંઇ રે દુરીજન પંખીડા

માતા કહે છે બેટા! મને રડવાનું બીજું કોઈ કારણ નથી. પણ આ તારી સોનાવર્ણી કાયા જોઇને મને એમ થયું કે મારા દીકરાના સોના જેવા વાળ અને :કંચન-વર્ણી કાયા એક દિવસ રાખમાં રોળાઇ જશે ? આવો વિચાર આવવાથી મારી આંખમાં આંસુ આવી ગયા છે. ત્યારે ગોપીચંદ કહે છે માતા! તને આજ દુઃખ છે ને ? તો મારી કાયા એવી રીતે રાખમાં ન રોળાય તેના માટે કંઇ ઉપાય છે? ત્યારે માતા કહે– હા, દીકરા છે. આપણા રજવાડામાં જલંધર નામના મહાન અવધૂત યોગી છે તેમની પાસે તું જા અને અમર કાયા માંગ. ગોપીચંદન કહે ભલે હું ત્યાં જાઉં છું. તરત ગોપીચંદન માતાની પાસેથી સીધો જલંધર જોગી પાસે આવ્યો ને કહે છે કે ગુરૂદેવ! મને અમર કાયા આપો. મારે અમર બનવું છે. જલંધર જોગી કહે છે બેટા તારે અમર કાયા જોઈતી હોય તો અમારા કાયદાનું પાલન કરવું પડશે અને અર્પણ થવું પડશે. ગોપીચંદન કહે છે અમર કાયા માટે આપ જે કાયદાનું પાલન કરવાનું કહેશો તે કરવા તૈયાર છું. ત્યારે જોગી કહે છે.

અમર કાયા જોઇતી હોય તો રાજપાટ છોડો રે,
રાજપાટનો બદલો નથી અમર કાયા આપો...જીવો રાજા

હે ગોપીચંદન! જો તારે અમર કાયા જોઇતી હોય તો રાજપાટનો ત્યાગ કરવો પડશે. રાજ્યમાં રહીને અમર કાયા નહિ મળે. જોગીને અર્પણ થવું પડશે ત્યારે ગોપીચંદન કહે અમર કાયા મળતી હોય તો રાજ્ય છોડી દેવા તૈયાર છું જેમ તમને કોઈ રોગ થયો હોય ને ડૉકટર પાસે જાવ તો ડૉકટર કહેશે કે તમારે આ વસ્તુ રોગ મટી જાય તો પણ જીવનભર ખવાશે નહિ. તો કહો છોને કે મારો રોગ મટતો હોય તો અબઘડી એનો ત્યાગ કરી દઉં. ડૉકટર કહે કે તમારે આ વસ્તુનો ત્યાગ કરવો પડશે તો અબઘડી છૂટી જાય પણ અમે કહીએ કે કાંદા ને બટાટા જૈનના દીકરાથી બવાય નહિ, તેનો ત્યાગ કરી દો તો તમે માનતા નથી. રોગના કારણે ડૉકટર બાવાની ના પાડે તો તરત ત્યાગ થઇ જાય છે પણ યાદ રાખજો સ્વેચ્છાથી ત્યાગ થશે તો કર્મની નિર્જરા થશે.

અમર કાયા પ્રાપ્ત કરવા માટે ગોપીચંદને રાજપાટનો ત્યાગ કર્યો અને ભગવો લેખ પહેરી લીધો. હવે ગુરૂ કહે છે તમારા માતાના મહેલે અને પત્નીના મહેલે જઇ ભિક્ષા લઈ આવો. માતાને માતા કહી શકાય પણ પત્નીને માતા કહેવી એ કંઇ સ્હેલ વાત નથી પણ ગુરૂની આજ્ઞા થવાથી ગોપીચંદન ભિક્ષા લેવા માટે જાય છે.

અલખ જગાવ્યો જઇને માતાના મહેલે રે
મેનાવંતી માતા અમને ચપટી આટો આપો રે....જીવો રાજા
આવો જોગી જાણ્યો નોતો, નવો જોગી કયાંથી રે,
પોતાનો પુત્ર જાણી દૈયેહાથ નાંખ્યો રે...જીવો...રાજા

પોતાની માતાના મહેલે જઇને કહે છે કે હે મૈનાવતી માતા! મને ચપટી લોટની ભિક્ષા આપો એમ કહે છે ત્યારે આ નવા જોગીને જોઇને મનમાં થયું કે આ નવો જોગી કોણ છે? આવો યોગી કદી જોયો નથી. ખૂબ ધારીને જોયું તો પોતાનો પુત્ર ગોપીચંદન છે. પુત્રને જોઇને માતાના હૈયે હાથ પડી ગયો અરેરે દીકરા! તુ જોગી થયો? ત્યારે કહે છે માતા! ત્યાગ વિના કદી અમરપદની પ્રાપ્તિ થવાની નથી. ત્યાં માતાને ઘણું દુઃખ થયું પણ હવે શું થાય? માતાએ તો મોકલ્યો હતો. ત્યાંથી ગોપીચંદન પત્નીના મહેલે ગયા.

અલખ જગાવ્યો જઇને પત્નીના મહેલે રે,
ચંપાવતી માતા અમને ચપટી આટો આપો રે...જીવો રાજા
ઘેલા રાજા આ શું બોલ્યા, અક્કલ કયાં ગુમાવી રે,
નથી રાણી દારૂ પીધો, નથી અક્કલ ગુમાવી રે...જીવો રાજા

પત્નીના મહેલે જઇને કહે છે હે ચંપાવતી માતા! મને ચપટી આટો આપો. ગોપીચંદનને જોગીના વેશમાં જોઈને રાણી કહે છે સ્વામીનાથ! આપ, આ શું બોલ્યા? મને માતા કહેતાં શરમ નથી આવતી? તમારી અક્કલ કયાં મૂકી આવ્યા? ત્યારે ગોપીચંદન કહે છે રાણી! મેં અક્કલનું દેવાળું નથી કાઢયું. બેભાન નથી. પણ ભાનમાં છું. મેં અમરપદ લેવા માટે આ ભગવો ભેખ લીધો છે. રાણીને ખૂબ આઘાત લાગ્યો. મૂર્છા ખાઈને ધરતી ઉપર ઢળી પડી. પણ આ ગોપીચંદન મોહમાં લપટાય તેમ નહતો. એ તો ભિક્ષા લઇને ચાલતો થઇ ગયો.

ટૂંકમાં માતાની આંખમાં આંસુ આવ્યા. અને તેનું કારણ ગોપીચંદને પૂછયું અને માતાની ઇચ્છાનુસાર અમરપદ લેવા માટે ગુરૂને અર્પણ થઇ ગયા. આપણે પણ એવું અજર અમર પદ પ્રાપ્ત કરવું છે, તો કોને અર્પણ થઇ જવું જોઈએ? સદ્‌ગુરૂ દેવોને અર્પણ થઇ જાવ તો અમરપદ મળ્યા વિના ન રહે.

જમાલિકુમાર પ્રભુ મહાવીર સ્વામીને અર્પણ થવા માટે તૈયાર થયા છે. માતા પાસે દીક્ષાની આજ્ઞા માંગે છે પણ માતાનો મોહ મૂંઝવે છે. માતા મૂર્છાવશ થઇ ગયા છે. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

આવતી કાલથી પર્યુષણ પર્વના પવિત્ર દિવસોની મંગલ શરૂઆત થશે, તો આ પર્વમાં મારે શું કરવાનું છે તે નકકી કરજો. બહેનો ભૂલેશ્વરમાં જાય અને નવી જાતજાતની ચીજો જુવે તેમાંથી કંઇ ને કંઈ ખરીદી કરી લાવે. તો અમારા વીતરાગ પ્રભુના બજારમાં તપ-સંયમ-બ્રહ્મચર્ય, જ્ઞાન-દર્શન અને ચારિત્રનો અમૂલ્ય માલ મળે છે તો આવતી કાલે મારે અહીંથી શું ખરીદ કરીને જવું છે તેનો આજથી નિર્ણય કરજો. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૪૭

"અઠ્ઠાઇ ધર"

વિષય : "પર્યુષણપર્વ એટલે શું ?"

શ્રાવણ વદ ૧૩ ને શનિવાર **તા. ૨૫-૮-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

ઘણાં સમયથી જેની આપણે રાહ જોઈ રહ્યા હતા તે પર્વના પવિત્ર અને મંગલ દિવસની શરૂઆત આજથી થઇ ગઇ છે. આજના વ્યાખ્યાનનો વિષય છે "પર્યુષણપર્વ એટલે શું ? "પર્યુષણ પર્વ એટલે આત્માની ઉપાસનાનું પર્વ. આ પર્વના દિવસોમાં ધર્મારાધના સિવાય બીજી બધી પ્રવૃત્તિ ઓછી કરો.

આજનું મંગલમય પ્રભાત એક અનોખો પ્રકાશ લઈને આવ્યું છે. આપણા જીવનમાં છવાયેલા અજ્ઞાન રૂપી ગાઢ અંધકારને દુર કરી જ્ઞાનની રોશની ઝગમગાવવાનો તેમજ આત્મજાગૃતિનો દિવ્ય સંદેશ લાવ્યું છે. આજે પર્યુષણ પર્વનું મંગલ પ્રભાત છે. આજનું મંગલમય પ્રભાત આપણને સૂચન કરે છે કે રાત્રિ પૂર્ણ થઈ છે, અંધકાર દુર હટી ગયો છે અને ચારે દિશાઓ પ્રકાશથી ઝળહળી ઉઠી છે. તેજ અને સ્ફૂર્તિ આપનારી પવનની મંદમંદ લહેરો નવજીવનનો સંચાર કરી રહી છે કે હે ભવ્ય જીવો! જાગો, ઉઠો ને નિદ્રા ત્યાગી પુરૂષાર્થ કરી ઇષ્ટ સાધ્યની સિધ્ધિ કરો. આત્મજાગૃતિનો સોનેરી અવસર છે. મોહની રાત્રિ પૂરી થઇ. અજ્ઞાનનો અંધકાર હટી ગયો, સમ્યક્‌ત્વનો સૂર્યોદય થયો. આત્મ ના ગુણરૂપી શીતળ પવનની લહેરો આવે છે, એટલે સમય અનુકુળ છે તો હવે પ્રમાદ-નિદ્રા ત્યાગી જાગૃત બનો તો મોક્ષ તમારી નજીકમાં છે. એવો આજના મંગલમય પર્યુષણ પર્વનો પવિત્ર સંદેશ છે. પર્વના પ્રથમ દિવસે આપણે આત્મનિરીક્ષણનો સંકલ્પ કરવાનો છે. દિવાળીમાં માણસ નફા-તોટાનો હિસાબ કાઢે છે તેમ આ દિવસોમાં ગયા વર્ષથી આ વર્ષ દરમ્યાન ધર્મધન કેટલું મેળવ્યું અને કેટલું ગુમાવ્યું તેનો હિસાબ કાઢવાનું સૂચવે છે. આ રીતે આ પર્વ આત્માની દિવાળી જેવું છે. દરેક આત્માએ રોજના પાપનું રોજ પ્રાયશ્ચિત કરી આત્મશુધ્ધ બનવું જોઇએ. તે ન બને તો પાખી, ચોમાસી પાખી છેવટે સંવત્સરી પ્રતિક્રમણ કરી શુધ્ધ બનવું જોઇએ.

આવા મહાન પર્યુષણ પર્વ દિવ્યસંદેશ લઇને આવી પહોંચ્યા છે. એ સંદેશ આત્મશુધ્ધિનો છે. ફકત શબ્દના સાથીયાથી જીવનચણતર સુંદર બનવાનું નથી. કેવળ કલ્પનાઓથી મહેલ ચણાઇ જવાનો નથી. એ માટે યોગ્ય સાધનસામગ્રી જોઇશે. તે રીતે આ મહાન પર્વની ઉજવણી કરવા માટે ગતિ અને દૃષ્ટિ જોઇશે. આપણે પણ

આ જીવનના આંગણીએ આવેલા આત્મશુધ્ધિના આ સોનેરી અવસરને ઉમંગ અને ઉત્સાહથી અપનાવીને આત્મકલ્યાણ માટે કટીબધ્ધ બનીએ. આ પર્વ આત્મશુધ્ધિનું મહાન પવિત્ર પર્વ છે. દિવાળી આવે ત્યારે બહેનો વાસણોને માંજીને સ્વચ્છ ને ઉજળા બનાવે, ઘરને વાળીઝૂડીને શુધ્ધ બનાવે, કપડાં ધોઇને સ્વચ્છ ને શુધ્ધ કરે તેમ આ પર્વ માનવીના તનને, મનને અને વચનને શુધ્ધ કરવાનું કહે છે. વસ્તુ જો શુધ્ધ ન હોય તો તેનો ઉપયોગ કરવામાં આનંદ કે ઉલ્લાસ નથી આવતો તેમ જીવનશુધ્ધિ વગર કાર્યમાં આનંદ કે સ્ફુર્તિ ન આવે. આવા આત્મશુધ્ધિના અવસર જીવનમાં વારંવાર નથી આવતા મહા ભાગ્યશાળી આ અવસરનો સદુપયોગ કરી આત્મશુધ્ધિ કરે છે.

બંધુઓ ! જેમ તમારા ઘેર કોઈ રાજા કે વડા પ્રધાન આવવાના હોય તો તેના સ્વાગત ને સન્માન–સત્કાર માટે તમે કેટલા ઉલ્લાસથી તૈયારી કરો છો ! આસપાસથી ગંદકી દૂર કરી આંગણું સ્વચ્છ બનાવી આંગણું સુશોભિત બનાવો છો. તોરણ–ઝુમ્મર આદિ બાંધીને ઘરને કેટલું સજાવો છો ! અને એ આવે ત્યારે તેમનું સ્વાગત કેટલું કરો છો ! ત્યારે તેમને ખૂબ ઉલ્લાસ હોય છે તેવી રીતે આપણા જીવનમાં પર્યુષણપર્વનું શુભ આગમન થયું છે, તો ભાવભીના હૃદયથી આપણે તેનું સ્વાગત કરવાનું છે. હૃદયનું આંગણું અને મનના મંદિરને સ્વચ્છ બનાવી અંતઃકરણમાં છૂપાયેલી મોહની અજ્ઞાનતાને દૂર કરી વિવેક–જ્ઞાનની જ્યોતિ પ્રગટાવવાની છે. આત્માની વિભાવ પરિણતીઓને દૂર કરી સ્વાભાવિક ગુણો રૂપી રત્નોની રાશિથી આત્માને સજાવવો છે.

પર્યુષણપર્વ એ મહાન પર્વ છે. સર્વ પર્વતોમાં મેરૂ પર્વત, સર્વ મંત્રોમાં નવકારમંત્ર, સર્વ સમુદ્રોમાં સ્વંયભૂરમણ સમુદ્ર અને નદીઓમાં ગંગા નદી શ્રેષ્ઠ છે તેમ સર્વ પર્વોમા પર્વાધિરાજ પર્યુષણપર્વ મુગટમણિ સમાન શ્રેષ્ઠ છે. બીજા દિવસોની અપેક્ષાએ આ પર્વના દિવસોમાં ઉત્સાહ વિશેષ રહે છે. જે આત્માઓ જાગૃત બનેલા છે તેના માટે તો બધા દિવસો સરખા છે, પણ જેઓ મોહનિદ્રામાં પડેલા છે તેમને જાગૃત કરી નવીન પ્રેરણા આપવા માટે આ પર્વના દિવસો ગોઠવવામાં આવ્યા છે. આ દિવસોમાં નવીનતા, ઉલ્લાસ અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. જે માણસો ઉપાશ્રયે નહિ આવતા હોય તેમને પણ ઉપાશ્રયે આવવાનું મન થાય છે.

પર્વાધિરાજ પર્યુષણ ધર્મની મોસમ છે. વહેપારીઓ સીઝનના દિવસોમાં ખૂબ પરિશ્રમ કરીને ધન કમાઈ લે છે. પછી આખું વર્ષ આનંદમાં વીતાવે છે. પછી તેને પોતાના જીવનનિર્વાહની બહુ ચિંતા કરવી પડતી નથી. પણ જે વહેપારી સીઝનના સમયમાં પ્રમાદ કરી અવસરને ગુમાવી દે છે તેને આખું વર્ષ પસ્તાવું પડે છે. તેવી રીતે ભવ્ય જીવો પર્યુષણપર્વની ધાર્મિક મોસમમાં ધર્મારાધના દ્વારા લાભ લે છે તે

આત્મકલ્યાણના નાણાં તેની તિજોરીમાં ભરી દે છે અને જે પ્રમાદમાં પડીને કંઇ શુભ અનુષ્ઠાનો કરતા નથી તે આત્મકલ્યાણની સોનેરી ઘડીને ખોઇ રહ્યા છે.

મંગલકારી પર્યુષણપર્વનો આજે પહેલો દિવસ છે. પર્વ બે પ્રકારના છે. એક લૌકિક પર્વ અને બીજું લોકોત્તર પર્વ. તેમાં ઘણાં લૌકિક પર્વો ભયથી અને સંસારસુખની ઇચ્છાથી મનાયા છે. સંસારસુખની વૃધ્ધિ કરાવનારા પર્વ લૌકિક પર્વ છે અને આત્માને અભ્યુદયના માર્ગે ચાલવાની પ્રેરણા આપનાર પર્વ એ લોકોત્તર પર્વ છે. પર્વાધિરાજ પર્યુષણ પર્વ મહાન લોકોત્તર પર્વ છે. તે આત્માના અભ્યુત્થાનનું સોપાન છે. પર્યુષણ પર્વના પ્રથમ દિવસને આપણે અઠ્ઠાઈધર તરીકે ઓળખીએ છીએ. ધર પાંચ છે. મહિનાનું ધર, પંદરનું ધર, અઠ્ઠાઈધર, કલ્પધર અને તેલાધર. એક મહિના અગાઉથી સંવત્સરી પર્વની ચેતવણી આપવા માટે મહિનાનું ધર આવે છે. તે દિવસે જો તમે ન ચેતો તો પંદરના ધરના દિવસે ચેતી જાવ. તે દિવસે પણ ન જાગ્યા તો આજે તો અવશ્ય જાગવાની જરૂર છે. આજે દરેકના દિલમાં અનેરો આનંદ અને ઉત્સાહ છે.

આજે તમે બધા આટલી મોટી સંખ્યામાં શા માટે એકત્ર થયા છો! તેનો વિચાર કરવાની જરૂર છે. માણસ કોઈ પણ ઠેકાણે કાંઈ ને કાંઈ પ્રયોજન વિના જતો નથી. તમને કંઈ ખરીદ કરવાનું મન થાય છે તો બજારમાં જાવ છો. બજારમાં તો ગયા. બજારમાં ઘણી ચીજો મળે છે. જોઈને લેવા માટે મન લલચાય છે. પણ જો તમારી પાસે પૈસા નહિ હોય તો વસ્તુ કેવી રીતે ખરીદી શકશો? એક સામાન્ય ચીજ ખરીદવી હોય તો નાણાં વગર મળતી નથી તેમ તમારે જો મોક્ષના મોતી મેળવવા હોય તો તમારી પાસે જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપરૂપી નાણાંની અવશ્ય જરૂર છે.

આ પવિત્ર દિવસોમાં સહેજે તપ કરવાનું મન થાય છે. આજે નાના બાળકોએ પણ ઉપવાસ કર્યા છે. જેની જેટલી શક્તિ હોય તેટલા પ્રમાણમાં દરેકે તપશ્ચર્યા કરવી જોઈએ. કારણ કે તપદ્વારા કર્મોની નિર્જરા થાય છે. "तवसा निर्जरा च" તપદ્વારા મહાન પુરૂષો કર્મને ખપાવીને મોક્ષમાં ગયા છે. ભગવાન મહાવીર સ્વામીએ કર્મોના કાટ કાઢવા માટે કેવી ઉગ્ર તપશ્ચર્યા આદરી હતી. મેલા કપડાને સાફ કરવા સાબુ અને પાણીની જરૂર છે. સોનાના દાગીના સાફ કરવા માટે તેજાબની જરૂર છે. મશીનરી સાફ કરવા પેટ્રોલની જરૂર છે તેમ આત્માને સાફ કરવા માટે જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની જરૂર છે. શારીરિક કષ્ટ થયું હોય તો તમે ડોકટર પાસે જાવ છો. ડોકટર બરાબર તપાસી નિદાન કરીને દવા આપે છે. પણ જો તમે દવા નહિ પીવો તો રોગ કયાંથી મટવાનો છે? ઔષધિનું પાન કર્યા વિના શારીરિક રોગ જતો નથી. તો અનંતકાળથી આત્માને આઠ કર્મોનો રોગ લાગુ પડયો છે. તે જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપરૂપી ઔષધિનું પાન કર્યા વિના કયાંથી જશે? આઠ કર્મોમાં ચાર ઘાતી કર્મ છે અને ચાર અઘાતી કર્મ છે. તેમાં

ઘાતી કર્મો ઉપર ઘા કરવા માટે જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એ તીક્ષ્ણ શસ્ત્રો છે. એ શસ્ત્રોને ગ્રહણ કરીને આપણે કર્મશત્રુઓ ઉપર વિજય મેળવવાનો છે. કર્મશત્રુઓને ભગાડવા માટે તમને આ અમૂલ્ય સમય મળ્યો છે તો મળેલા સમયનો સદુપયોગ કરો. હાથમાં આવેલો સમય ચાલ્યો ન જાય તેની કાળજી રાખવા માટે મહાન પુરૂષોએ ખૂબ ભાર મૂક્યો છે. માનવજીવનની એકેક ક્ષણ સોના કરતાં પણ કિંમતી જાય છે.

એક અંગ્રેજ વિચારકે કહ્યું છે કે "Time is money" સમય એ ધન છે. ધન જો નિરર્થક વેડફાઈ જાય તો તમે કેટલો અફસોસ કરો છો! એટલો અફસોસ સમય વ્યર્થ વેડફાય છે તે માટે તમને થાય છે ખરો? જે મનુષ્યો સમય રૂપી ધનનો સદુપયોગ કરે છે તેઓ એક દિવસ જગતના પૂજનીક બને છે અને ઉચ્ચ પદ પર તેઓ પ્રતિષ્ઠિત થાય છે.

યુરોપમાં બીરીટ નામનો એક માણસ લુહારનો ધંધો કરતો હતો. પોતાનો ધંધો કરતાં તેને જે સમય મળતો હતો તેનો ઉપયોગ તે વિવિધ ભાષા શીખવામાં કરતો હતો. આ રીતે તે સમયનો સદુપયોગ કરીને લગભગ અઢાર ભાષાઓ શીખ્યો. તે કહેતો હતો કે હું જે કંઇ શીખ્યો છું તે બુદ્ધિથી નહિ પણ સમયનો સદુપયોગ કરીને શીખ્યો છું.

પોપ એટ્રિયમ બહુ ગરીબ હતો. ઘણી મહેનતે તે પોતાનું ગુજરાન ચલાવતો હતો. આમ છતાં પણ તે પોતાની એક પળ પણ નકામી જવા દેતો ન હતો. રાત્રે પુરસદના સમયે તે મ્યુનિસિપાલિટીની બત્તીએ પુસ્તકો વાંચતો અને થોડા સમયમાં તે દુનિયાનો અદ્વિતીય વિદ્વાન બની ગયો. આજે જગતમાં વૈજ્ઞાનિકોએ એકએકથી ચઢિયાતી જે આશ્ચર્યજનક શોધો કરી છે તે સમયના સદુપયોગનું ફળ છે. મોટા મોટા દાર્શનિકો, વિદ્વાનો અને સંતશિરોમણીઓ સમયના સદુપયોગથી ઉન્નતિના શિખરે પહોંચ્યા છે. સમયનો સદુપયોગ માનવને મહાન બનાવે છે અને ભગવાનની કક્ષા સુધી પહોંચાડી શકે છે. જે સમય ચૂકી જાય છે તેને પાછળથી પસ્તાવાનું રહે છે.

નેપોલિયનના વિજયનું મૂળ કારણ વિચારીએ તો સમય હતો. પાંચ મિનિટના સમયની કિંમત નહિ સમજનાર ઓસ્ટ્રેલીયા નિવાસીઓ નેપોલીયન બોનાપાર્ટ સામે હારી ગયા. વોટરલૂના યુદ્ધમાં નેપોલીયનની હારનું મુખ્ય કારણ તેના સાથીદાર "પુસાએ" આવવામાં પાંચ મિનિટનો વિલંબ કર્યો, એટલા માટે નેપોલિયનને બંદી બનવું પડયું. માટે સમયને ખૂબ સાવધાનીથી વીતાવવો જોઈએ. સમયની દરેક પળ સોનાના કણ કરતા કિંમતી હોય છે. સમર્થ રામદાસે પણ સમયનું મહત્વ બતાવતાં કહ્યું છે કે એક ક્ષણ પણ નકામી ન જવા દેવી અને તેનો સદુપયોગ કરવો તે સદ્ભાગ્યની નિશાની છે.

રાષ્ટ્રપતિ વૉશિંગ્ટન પણ સમયની બાબતમાં ખૂબ ચોક્કસ હતા. એક વાર: તેમના એક સેક્રેટરીએ પોતે મોડા આવ્યા તે બદલ ક્ષમા માંગીને કહ્યું: સાહેબ! મારી ઘડિયાળ

જરા લેઇટ હતી એટલે આવવામાં મોડો પડયો. ત્યારે વૉશિંગ્ટને તરત કહી દીધું કે કાંતો તમે ઘડિયાળ બદલી કાઢો નહિતર મારે સેક્રેટરી બદલવો પડશે. તેના જીવનનો બીજો પણ એક પ્રસંગ છે. રાષ્ટ્રપતિ વૉશિંગ્ટન દરરોજ ચાર વાગે ભોજન કરતા હતા. એક વખત તેમણે અમેરિકન કોંગ્રેસના દરેક સભ્યોને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું. તે સભ્યો નક્કી કરેલા સમયથી મોડા પહોંચ્યા. ત્યારે તેમણે તે સમયે રાષ્ટ્રપતિને જમતાં દીઠા તેથી તેમના મનમાં જરા ખેદ થયો. સમયનું પાલન કરનાર વૉશિંગ્ટને કહ્યું મારો રસોઇયો મને એમ કયારે પણ પૂછતો નથી કે મહેમાન આવ્યા કે નહિ? તે તો એમ જ કહે છે કે જમવાનો ટાઇમ થયો છે માટે આપ જમવા બેસો.

આપણા ભારતના લોકો અંગ્રેજોના સહવાસથી ઘણાં ગુણાવગુણ શીખ્યા. પરંતુ સમયની નિયમિતતા ઘણી ઓછી શીખ્યા. ભારતીય લોકજીવનમાં સમયસર ન આવવું તે સૌથી મોટી નિર્બળતા છે. સભા–સમારંભોમાં પણ ભારતીય લોકો મોટા ભાગે સમયસર જઇ શકતા નથી. વ્યાખ્યાનોમાં પણ થોડા–ઘણાં મોડા પડે છે. કંઇક તો અમુક માણસોનો સમૂહ એકઠો થાય પછી આવે છે. જાણે કે સમયનું પાલન કરવું એ પોતાનું કર્તવ્ય ન સમજતા હોય!

સેંટ નિહાલસિંહ નામના એક સજ્જન પેરિસની સહેલગાહે ગયા હતા. ત્યાં રસ્તો સાફ કરતાં એક હરિજનનો ફોટો લેવાનું તેને મન થયું. હરિજને પોતાની ઘડિયાળ જોઇને કહ્યું સાહેબ! મારી ડયુટી પૂરી થવામાં પાંચ મિનિટ બાકી છે એ પછી તમારી ઇચ્છા હોય તો મારો ફોટો લઇ શકો છો. આ વાતની સેંટ સાહેબ ઉપર ઉંડી અસર થઇ. તેમને થયું કે પેરિસના હરિજનો પણ સમયના આટલા નિયમિત છે કે પ્રમાણિકતાથી પોતાની ડયુટી બજાવે છે. .પોતાના દરેક કાર્યો ટાઇમસર કરે છે. આ લોકો કયાં અને વાતોના ગપ્પામાં સમયને આમતેમ વેડફનારા ભારતીય લોકો કયાં? જૈન સિદ્ધાંતમાં પણ ભગવંતે કહ્યું છે કે काले कालं समायरे! દરેક કાર્ય અને સાધના સમયસર કરો. સમય પર એ કાર્ય કરવામાં આનંદ અને સ્ફૂર્તિ આવે છે. સમય તો બરફની છાંટ જેવો છે. એના પર ચાલવામાં જરા જેટલી અસાવધાની હશે તો પડતા વાર નહિ લાગે. માટે જ્ઞાની પુરૂષોએ કહ્યું છે કે સમયની સાચી ઓળખાણ તો મનુષ્યભવમાં થઇ શકે છે.

ભગવાન કહે છે હે ભવ્ય જીવો! આત્મસાધના કરવા માટે જો કોઈ શ્રેષ્ઠ ભવ હોય તો તે માનવભવ છે. મનુષ્યભવ પ્રાપ્ત થવો તે સહેલ વાત નથી. મહાન પુણ્યનો ઉદય હોય ત્યારે માનવભવ મળે છે. દેવો પણ માનવભવને ઝંખે છે. મોક્ષની પ્રાપ્તિ મનુષ્યભવ સિવાય અન્યત્ર થઈ શકતી નથી. મોક્ષ કોને કહેવાય?

" कृत्सन कर्म क्षयो मोक्षः " તત્વાર્થ સૂત્રમાં ઉમાસ્વાતિજીએ કહ્યું છે કે આઠે આઠ કર્મોનો સંપૂર્ણ ક્ષય તેનું નામ મોક્ષ. મનુષ્યભવ સિવાય સંપૂર્ણ કર્મોનો ક્ષય

થઈ શકતો નથી. આવો ઉત્તમ જન્મ પામીને ધર્મારાધના કરવી જોઇએ. ધર્મથી મનુષ્યની વિશેષતા છે. દ્વાન-શિયળ-તપ અને ભાવ એ ચાર મોક્ષમાં જવાના ભવ્ય દરવાજા છે. પરિગ્રહ સંજ્ઞાને તોડવા માટે દાન છે. મૈથુનસંજ્ઞાને તોડવા માટે શીયળ છે અને આહાર સંજ્ઞાને તોડવા અને અનાહારક દશાને પ્રાપ્ત કરવા માટે તપની આવશ્યકતા છે. કર્મોની નિર્જરા કરવા માટે અમોઘ ઔષધ હોય તો તપ છે. આવા પર્યુષણ પર્વના મહાન દિવસોમાં તપનો પ્રવાહ આવે છે. આજના દિવસે સૌને ઇચ્છા થાય છે કે મારે તપ કરવો છે. તપ કરવાનું પ્રયોજન શું છે? લોકોમાં વાહવાહ થાય તે માટે નહિ, પણ આપણા અનાદિના કર્મોને તોડવા માટે તપ કરવાનો છે.

આત્માનો સ્વભાવ અણાહારક છે. જ્યાં સુધી આ સ્વભાવ પ્રગટ ન થાય ત્યાં સુધી આત્મા સર્વ કર્મોથી મુકત બની શકે નહિ. સમ્યગ્‌તપ આત્માના અણાહારીક સ્વભાવને પ્રગટ કરે છે. ભગવાને કહ્યું છે કે भव कोडी संचियं कम्मं तवसा निज्जरिज्जइ કોડો ભવમાં બાંધેલા કર્મો તપ વડે ક્ષય થાય છે. તપ કોને કહેવાય? જે કર્મને તપાવે તે તપ.

શાસ્ત્રકાર ભગવંતો તપની વ્યાખ્યા કરતાં કહે છે જે ક્રિયા કરવાથી શરીરના રસ, રૂધિર વિગેરે સાતુ ધાતુઓ અથવા કર્મરૂપી મળ તપીને શોષાઇ જાય તેનું નામ તપ. જેમ સુવર્ણમાં રહેલા મેલને અગ્નિ જુદો પાડે છે. હંસ દૂધમાં રહેલા પાણીને જુદું પાડે છે તેમ આત્મામાં રહેલા કર્મરૂપી મેલને તપ જુદો પાડે છે. મનુષ્યનો દેહ ક્ષણભંગુર છે. વિનાશ પામવાના સ્વભાવવાળો છે. માટે સકામ નિર્જરા કરાવનાર તપ મહાન પુરૂષોએ કર્યો છે અને આપણે પણ કર્મોનો ક્ષય કરવો છે માટે તપ કરવો જોઇએ. ભગવંતે અનેક પ્રકારનો તપ બતાવ્યો છે. શામાટે? ઇન્દ્રિઓના ઘોડા બેકાબુ બનીને દોડે છે ત્યારે માનવજીવનનું પતન થવાનો સંભવ રહે છે. એ ઇન્દ્રિઓની આસકિતને જીતવા માટે તપ છે. તેને 'ઇન્દ્રિય જય' તપ કહે છે. તેવી રીતે ભવવૃદ્ધિના હેતુરૂપ કષાયોનો જય કરવા માટેનો જે તપ છે તેને 'કષાય જય' તપ કહે છે. પન્નવણા સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે:–

"कलुसन्ति जं च जीवम् तेज कसाइ त्ति वुच्चन्ति ।"

જીવના શુદ્ધ સ્વભાવને જે કલુષિત કરે છે તેને કષાય કહેવાય છે. કષનો બીજો અર્થ છે સંસાર. જેનાથી સંસારનો આય એટલે લાભ થાય તે કષાય. જેનાથી ભવભ્રમણ વધે તે કષાય છે. આ કષાયો ઉપર વિજય મેળવવાથી માનવજીવન સાર્થક થશે.

જૈન શાસનમાં આત્મ આરાધનાના અનેક ભેદ બતાવ્યા છે. તેમાં તપ એ આરાધનાનું એક વિશિષ્ટ અંગ છે. કારણ કે તપ વડે અનંતકાળના ગાઢ કર્મોનો ક્ષય થાય છે. તપ વડે બાહ્ય અને આભ્યંતર રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અનેક સિદ્ધિઓ

તપથી સિદ્ધ થાય છે. આલોક અને પરલોકમાં તપના પ્રભાવથી અનેક વિધ સંપત્તિઓ સાંપડે છે અને તપની આરાધના કરવાથી વિપત્તિના વાદળો વિખરાઇ જાય છે. ભવરોગ અને ભાવરોગ રૂપ કર્મનો નાશ કરવા માટે તપ અમૂલ્ય ઔષધ છે. તપથી આત્મા નિર્મળ બને છે અને અસાધ્યમાં અસાધ્ય રોગો પણ તપથી નાશ પામે છે. એક બનેલો પ્રસંગ છે.

એક ભાઇને ટી. બી. નો રોગ હતો. તેણે ઘણા ડાકટરો અને વૈદોને બતાવ્યું ને કહ્યા પ્રમાણે દવા કરી પણ રોગ મટયો નહિ. ત્યારે તે ભાઇ ખૂબ નિરાશ થઇ ગયો અને માની લીધું કે મારા અશાતા વેદનીય કર્મનો ઉદય છે. એક વખત એમના ગામમાં એક મહાન તપસ્વી મુનિરાજ પધાર્યા. પેલા ભાઈ વ્યાખ્યાનમાં ગયા. તે દિવસે મહારાજે બરાબર તપની વાત લીધી. તપ ઉપરનું વ્યાખ્યાન સાંભળ્યું. તપથી ચીકણા કર્મો નાશ પામે છે, તેમ જ તપનો મહિમા બતાવનારા અનેક દાખલા-દલીલો સાંભળીને આ ભાઇએ વિચાર કર્યો કે જો તપમાં આટલો પ્રભાવ હોય તો મારે તપ કરવો છે. એણે તપ શરૂ કર્યો. છઠ્ઠ-અઠ્ઠમ-ચાર-પાંચ ઉપવાસ કરવા લાગ્યો. જેમ તપશ્ચર્યા કરતો ગયો તેમ તેના કર્મો ખપતા ગયા. તપના પ્રભાવથી તેનો ટી.બી. નો રોગ તદ્દન મટી ગયો. પછી ડાકટરો પાસે ચિકિત્સા કરાવી જોઇ તો રોગ બિલકુલ મટી ગયો છે. તપના પ્રભાવથી રોગ નાબૂદ થયો. આ જોઈ ડાકટરને પણ શ્રદ્ધા થઇ કે તપ દ્વારા માનવીના રોગ મટી જાય છે.

દેવાનુપ્રિયો ! આ તો શરીરના રોગને મટાડવાની વાત કરી. તપથી બાહ્યરોગો તો મટે પણ અનાદિકાળથી આત્માને ભવભ્રમણનો મહારોગ લાગુ પડયો છે તે પણ જડમૂળથી મટી જાય છે અને આત્મા અજરઅમર એવા પરમપદને પામે છે. તપનો મહિમા અપરંપાર છે. તેનો પ્રભાવ અચિંત્ય છે. તપથી દેહબળ ઘટે છે પણ આત્માનું બળ વધે છે.

એક વખત એક માતા એના છ વર્ષના બાળકને લઇને પર્યુષણમાં ઉપાશ્રયે આવી. મહારાજે વ્યાખ્યાનમાં અઠ્ઠમ તપનું મહત્વ ખૂબ સમજાવ્યું. આ છ વર્ષના બાલુડાએ સાંભળ્યું. બાળકનું હૃદય ખૂબ કુણું હોય છે. એના મનમાં થયું કે હું આવો અઠ્ઠમ કરૂં પણ આજે તો બાઇને આવ્યો છું. આવતી કાલથી કરીશ. એને અઠ્ઠમ કરવાની તાલાવેલી લાગી. ઘેર આવીને એની માતાને કહે મારે અઠ્ઠમ કરવો છે. પણ માતાએ ના પાડી. બેટા ! તું અઠ્ઠમ ન કરી શકે. પણ તેના મનમાં અઠ્ઠમની લગની લાગી છે તેથી તેણે બાધું નહિ. અઠ્ઠમની ભાવનામાં રડતો રડતો સૂઇ ગયો અને એને ભયંકર ઝેરી સર્પ કરડયો. ખૂબ ઝેર ચઢયું અને છોકરો મરણ પામ્યો. ત્યાંથી મરીને એક મોટા કરોડપતિ શેઠને ઘેર જન્મ થયો. શેઠ ખૂબ શ્રીમંત છે. ઘણાં વર્ષે શેઠના ઘેર પારણું બંધાયું છે. તેમાં પાછો દીકરો છે એટલે એમના આનંદનું તો પૂછવાનું જ શું ? ખૂબ લાડકોડથી બાળકને ઉછેરે છે.

"અઠ્ઠમ શબ્દ સાંભળતાં જાતિસ્મરણજ્ઞાન"

બંધુઓ ! જુઓ, પૂર્વના સંસ્કાર શું કામ કરે છે ! બાળક ત્રણ મહિનાનો થયો અને પર્યુષણ પર્વ આવ્યા. શેઠાણી ત્રણ મહિનાના બાળકને લઇને ઉપાશ્રયે આવ્યા. મહારાજે વ્યાખ્યાનમાં પહેલાની જેમ અઠ્ઠમ તપનો મહિમા વર્ણવ્યો. છોકરાએ અઠ્ઠમ.... અઠ્ઠમ શબ્દ સાંભળ્યો. પૂર્વભવમાં અઠ્ઠમ કરવાની તીવ્ર ભાવનામાં એનું મૃત્યુ થયું હતું. એટલે અઠ્ઠમ નામ સાંભળતાં એને જાતિસ્મરણ જ્ઞાન થયું. ત્રણ મહિનાના બાળકે પોતાનો પૂર્વભવ જોયો. અહો ! હું પૂર્વભવમાં અઠ્ઠમ....અઠ્ઠમ કરતો મરણ પામ્યો છું. અહીં અઠ્ઠમ કરવાની તીવ્ર ભાવના થઇ. બાળક છે, વાચા દ્વારા બોલી શકતો નથી. પણ અંદર તો જ્ઞાન છે. મહારાજે અઠ્ઠમના પચ્ચખાણ કરાવ્યા તે ભેગા બાળકે પચ્ચખાણ કરી લીધા. ઘેર આવીને માતા દૂધપાન કરાવે છે પણ બાળક દૂધપાન કરતો નથી. ચમચીથી દૂધ પાય છે પણ પીતો નથી. મોં બોલતો નથી. માતા ખૂબ મૂંઝાઇ ગઇ કે મારો બાળક દૂધપાન કેમ કરતો નથી. એને શું થયું હશે ? ખૂબ ઉપચારો કર્યા પણ બાળકે કંઇ ન લીધું. બાળકનું નામ નાગકેતુકુમાર હતું. આમ કરતાં ત્રીજો દિવસ આવી ગયો. કુમળા ફૂલ જેવું બાળક છે. ત્રણ દિવસથી કંઇ લીધું નથી એટલે બેભાન બની ગયો. હાલતો ચાલતો નથી. માતાને ખૂબ આઘાત લાગ્યો. અરેરે....ઘણાં વર્ષે બાળકનું મુખ જોયું અને આ શું થઇ ગયું ? દીકરાને બેભાન જોઇને માતા પણ બેભાન બની ગઇ. દુનિયામાં બધાનો પ્રેમ મળશે પણ માતાનો પ્રેમ નહિ મળે.

"માતૃપ્રેમ"

રવિન્દ્રનાથ ટાગોરે એક પ્રસંગ લખ્યો છે. એક માતાને એક નાનકડો બાળક છે. માતા માંદગીના બિછાને સૂતેલી છે. એક દિવસ તેની સ્થિતિ ગંભીર બનવા લાગી. તેનો વ્હાલસોયો લાલ નિશાળે ગયો છે. માતા કહે છે મારે એનું મુખ જોવું છે. પણ જો એને અત્યારે બોલાવવામાં આવશે તો એને ખૂબ દુઃખ થશે. માતા અંતિમ સમયે પણ પુત્રને દુઃખ ન થાય તેની કેટલી સંભાળ રાખે છે! દીકરાને દુઃખ થાય માટે હમણાં બોલાવશો નહિ. માતા ફાની દુનિયા છોડીને ચાલી જાય છે. માતાની અગ્નિસંસ્કાર વિધિ પતી ગઇ. બાર વાગે સ્કૂલ છૂટે છે અને બાળક ખેલતો કૂદતો રોજની માફક ઘેર આવે છે. રોજ સ્કૂલેથી આવીને માતાની સાથે પથારીમાં સૂઇ જતો. માતા હેતથી એના માથે હાથ ફેરવતી અત્યારે બાળક ઘેર આવ્યો ત્યારે બાપ ગમગીન ચહેરે બેઠા છે. બાળકને કંઇ ખબર પડતી નથી. પણ પોતાની માતા ઘરમાં દેખાતી નથી એટલું તો સમજી શકે છે. એટલે પૂછે છે બાપુજી ! મારી માતા આ પલંગમાં સૂતી હતી તે કેમ દેખાતી નથી ? મારી બા કયાં ગઇ છે? પિતા કંઇ જવાબ આપતા નથી. બાળક તો નિર્દોષ હોય છે. એને થયું કે કયાંક ગઇ હશે? એટલે ઢીંગલી મૂકીને રમવા ગયો. થોડી

વારે પાછો આવીને પૂછે છે બાપુજી! મારી બા હજુ નથી આવી? પોતાની વહાલી પત્નીને હજુ અગ્નિસંસ્કાર કરીને આવેલા પિતા બાળકને શું જવાબ આપે? પિતા કંઇ બોલી શકયા નહિ. આંખમાં આવેલા આંસુ લુછીને આંગળી ઉંચી કરીને ગદ્ગદ કંઠે બોલ્યા. બેટા! તારી માતા ઉપર ગઇ છે. ફૂલ જેવો બાળક શું સમજે? એણે માની લીધું કે મારી બા ઉપર ગઇ છે. માતાના હેતનો ભૂખ્યો બાળક દોડતો મેડી ઉપર ગયો. ઉપર માતા દેખાતી નથી. બાપુજી! મારી બા ઉપર પણ નથી. માતાને નહિ જોવાથી બાળક રડે છે ત્યારે પિતા કહે છે બેટા! મેડી ઉપર નહિ તે આકાશમાં ગઇ. જેમ તેમ કરીને સમજાવ્યો પણ બાળક માતા વિના ઝૂરે છે. દુનિયામાં માતાનું હેત અલૌકિક હોય છે. માટે કહેવત છે કે "લાખો કમાતો બાપ મરજો પણ ઘંટીનું પૈડું ફેરવીને પેટ ભરનારી મા ન મરશો." કારણ કે લાખો અને કરોડો રૂપિયા આપતા પણ માતાના હેત મળતા નથી. તમે પૈસા કમાઇ જાણો પણ માતા જે બોલે ઉપાડી શકે છે અને બાળકને પ્રેમનું પીયુષ પાઇ શકે છે તે તમે પીવડાવી શકતા નથી. આ પિતા બાળકના માથે હાથ ફેરવતા સૂતા છે. જરા ઉંઘ આવી ગઈ. મધ્યરાત્રીનો સમય છે. બાળક છાનોમાનો ઉઠી અગાશીમાં ગયો અને આકાશ સામું ટગરટગર જોઈ રહ્યો છે. આ વિશાળ આકાશમાં તેની માતા કયાં હશે? આ અગણિત તારામાંથી કોને પૂછું કે મારી માતા કયાં છે? અનિમેષ દૃષ્ટિથી બાળક આકાશ તરફ બે હાથ પ્રસારી કરૂણ સ્વરે બોલે છે હે માતા! તું કાલની કયાં ચાલી ગઇ છે? બા, તું જલ્દી નીચે આવ. હું સ્કૂલેથી આવતો ત્યારે તું મને મીઠું દૂધ આપતી, તારા વગર દૂધ કોણ પાય? મા! તું જલ્દી આવ. આ તારો બાળ તારા વિના ઝૂરી રહ્યો છે. આ પુત્રનો અવાજ સાંભળી બાપ જાગ્યો. પડખામાં પુત્રને ન જોતાં અગાશીમાં આવ્યો. બાળકને ઝૂરતો જોઇ મનમાં તે વિચારે છે કે હું આ બાળકને આટલો સાચવું છું છતાં પણ એની માતા જેવી હૂંફ તો આપી શકતો નથી ને? પાસે આવીને કહે છે બેટા હું તને તારી માતાની જેમ સાચવીશ. નીચે ચાલ. બાળક કહે છે મારે તો માતા જ જોઇએ છે. બાલ્યવયમાં કોઇની માતા કદી મરશો નહિ.

બાલ્યવયમાં કોઇની માતા કદી મરશો નહિ,
એ તરફડતો બાલુડો, માતા વિનાનો ઝૂરતો
સાચવે ઘણું બાપ જ તોયે માતા વિનાનો સૂનો,
માતા વિનાનો સૂનો....બાલ્યવયમાં....

આ પિતાને પોતાની પત્ની કરતાં બાળકને જોઇને ખૂબ આઘાત લાગી ગયો. બાળકને ખબર નથી કે મારી માતા મને કાયમ માટે છોડીને ચાલી ગઇ છે. સમજાવીને નીચે લાવે છે અને બીજે દિવસે સ્કૂલે મોકલે છે ત્યાં સ્કૂલમાં બધા છોકરાઓ કહે છે કે તારી માતા તો મરી ગઇ છે. આ છોકરો કહે છે મરી ગઇ એટલે શું? ત્યારે છોકરાઓ

કહે છે તારી બા હવે તને કદી નહિ મળે. આ સાંભળી પાટી લઈને ઘેર આવ્યો. માથા ફોડવા લાગ્યો. બાપુજી શું મારી બા મરી ગઇ? હવે કદી નહિ મળે? બસ મને તો મારી બા લાવી આપો. ભાઇ ગમે તેમ કરો, ગમે તેટલા પૈસા આપો પણ ગયેલી મા પાછી મળતી નથી માતાનો પ્રેમ કદી છૂપો રહેતો નથી.

પેલા ત્રણ મહિનાના બાળકે અઠ્ઠમ કર્યો. ત્રણ દિવસ સુધી દૂધ કે પાણી કંઈ લીધું નહિ તેથી ત્રીજા દિવસે બેભાન બની ગયો છે. મા-બાપને શું ખબર પડે કે આણે અઠ્ઠમ કર્યો છે. બિલકુલ ચેતના જેવું લાગતું નથી. એટલે માન્યું કે આ બાળક મરી ગયો છે. ઘરમાં હાહાકાર મચી ગયો. માતા કાળા પાણીએ રડે છે. છેવટે બાળકને દાટવા સ્મશાન લઇ જાય છે. ત્રણ મહિનાનું બાળક છે એટલે તેને બાડો ખોદીને દાટવા જાય છે ત્યાં આકાશમાં દેવવાણી થઇ કે તમે આ શું કરી રહ્યા છો? આ નાગકેતુકુમાર જીવતો છે, એ મરી ગયો નથી પણ એણે અઠ્ઠમ તપ કર્યો છે. આજે એને પારણું છે. નાગકેતુકુમારના અઠ્ઠમનો નાદ દેવલોકમાં ગુંજી ઉઠ્યો. એની વ્હારે દેવો આવ્યા. બાળકના અંગુઠામાં અમી મૂકયું. બાળક અંગુઠા ચૂસવા લાગ્યો ને સર્વત્ર આનંદ થઇ ગયો. ટૂંકમાં મારો કહેવાનો આશય એ છે કે પર્યુષણ પર્વમાં તપ અવશ્ય કરવો જોઇએ. તપનો મહિમા કેવો છે! નાગકેતુકુમારના અઠ્ઠમના પ્રભાવથી દેવોને નીચે આવવું પડયું.

તપ એક એવી અકસીર ટેબ્લેટ છે કે ત્યાં ભવરોગ ઉભો રહી શકતો નથી. જેને દેહમાં આસક્તિ નથી તે આવો દિવ્ય અને ભવ્ય માર્ગ અપનાવી શકે છે. જેને દેહ અને આત્માનું ભેદજ્ઞાન થયું છે તે આ માર્ગે પ્રયાણ કરી શકે છે. એ આવા ઉગ્ર તપની આરાધના કરી શકે છે.

जहा महा तलायस्स सन्निरुध्धे जलागमे ।
उस्सिंचणाए तवणाए, कमेणं सोसणा भवे ।।
एवं तु संजयस्सावि, पावकम्मे निरासवे ।
भवकोडी संचियं कम्मं, तवसा निज्जरिज्जइ ।।

उत्त. सू. अ. ३०. गाथा ५-६

જેમ મોટા તળાવના પાણીને સૂકવવું હોય તો જે માર્ગેથી પાણી આવતું હોય તેને રોકવું પડે છે. આવતા પાણીને રોકયા પછી તળાવમાં રહેલા પાણીને ઉલેચે છે અથવા તો તાપથી સૂકવે છે. તેમ કરોડો ભવના સંચિત થયેલાં કર્મો તપથી નિર્જરી જાય છે અને આવતા કર્મ સંયમથી રોકાય છે. તપની મહાન આરાધના માટે આ જે સુંદર તક મળી છે તેને ઝડપી લો. ઘણાં માણસો કહે છે અત્યારે મને ધર્મ કરવાનો જરા પણ ટાઈમ નથી. No time પણ જ્યારે મૃત્યુ-મહારાજા આવીને ઉભા રહે ત્યારે કહેશો કે

ટાઈમ નથી ? મૃત્યુ ચોક્કસ આવવાનું છે. કોઈને પણ છોડવાનું નથી અને કયારે આવશે તે ખબર પણ નથી. માટે જ્ઞાની કહે છે કે તમને મળેલા સાધનનો સદુપયોગ કરી લો.

બંધુઓ ! આપણી નૌકા રાજદ્વાર ઉપર આવી છે. માનવજન્મ મોક્ષનો ભવ્ય દ્વારમાં છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ માનવભવમાં થાય છે. ક્ષાયક્ સમ્યક્ત્વ પણ માનવભવમાં થાય છે. માટે કિનારે આવેલી આ નૌકા ડૂબે નહિ તેનું ખાસ ધ્યાન રાખજો. જો નૌકા ડૂબી જશે તો ફરીને આ ભવ પ્રાપ્ત થવો દુર્લભ છે. માટે ક્ષમા, દયા, દાન આદિ ધર્મોથી તારા આત્માનું રક્ષણ કરી લે. ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષ એ તારા આત્મધનને લૂંટનારા મહાન શત્રુઓ છે. એ શત્રુઓ તારો આત્મખજાનો ચોરી ન જાય અને આત્મધનને લૂંટી ન જાય માટે ખૂબ સાવધાની રાખો. પાંચ ઇન્દ્રિયનું પોષણ કરતા તમારી માનવદેહ રૂપી નૌકાના ભુક્કા બોલી જશે. પછી વમળ વટાવવા ખૂબ મુશ્કેલ થઈ પડશે. માટે જાગૃત બનો. આત્મસાધના કરવાનું આ સુંદર કેન્દ્ર છે. ભાવનિદ્રા ખૂબ લીધી. હવે અવિનાશી પદ પ્રાપ્ત કરવા ભાવનિદ્રાનો ત્યાગ કરી જાગૃત બનો અને પર્વાધિરાજ પર્યુષણના મંગલ દિવસે આત્મસાધના કરીને જીવન મંગલમય બનાવો. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૪૮

વિષય : સત્સંગનો મહિમા અને કુસંગનું પરિણામ

શ્રાવણ વદ ૧૪ ને રવિવાર તા. ૨૬-૮-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો !

અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતોએ જગતના જીવોના ઉધ્ધારને માટે, ભવભ્રમણ ટાળવાને માટે, અને જન્મ-જરા અને મરણની સાંકળ તોડવા માટે રાહદારી માર્ગ બતાવ્યો. આત્માની આરાધના કરવાના માંગલિક દિવસો એક વર્ષમાં એક વખત આવે છે. આઠ દિવસોમાંથી એક દિવસ તો પસાર થઈ ગયો. આજે બીજો દિવસ આવી ગયો. આ પર્વના દિવસો આત્માને જાગૃત કરવાનો દિવ્ય સંદેશ લઈને આવ્યા છે. હે ભવ્ય જીવો ! અનાદિકાળથી અજ્ઞાનના અંધકારમાં અને મોહની માયાજાળમાં ફસાઇ રહ્યા છો તો હવે અજ્ઞાનનો અંધારપછેડો ખસેડી મોહની બેડી તોડવા માટે તૈયાર થાવ. જડના ભિખારી ન બનો. અનાદિકાળથી જીવ જડનો સંગી બનીને જડનો રાગી બની ગયો છે. પણ હવે ચેતનના સંગી બની આત્માને જડનો સંગ છોડાવી દો. જીવ જેવી સંગત કરે છે તેવી તેને અસર થાય છે. આજના વ્યાખ્યાનનો વિષય છે **"સત્સંગનો મહિમા ને કુસંગનું પરિણામ"**. જેમ કોઇ સજ્જન માણસ દુર્જનના સંગે ચઢે છે

તો તેનું વર્તન બરાબ બને છે. તેમ જ્ઞાની કહે છે આત્મા કુસંગે ચઢે તો એનું વર્તન પણ બગડે ને ? એક વાત તમે અંતરમાં ઘૂંટી લો કે જડ તે હું નહિ અને હું તે જડ નહિ. હું તો અનંતજ્ઞાનનો ધણી આત્મા છું.

આત્મા સ્વામી છે અને દેહ દાસ છે. આત્માએ શરીરને ધારણ કર્યું છે. દેહને ધારણ કરનાર સ્વામી જ્યારે ધારે ત્યારે દેહને સંપૂર્ણપણે છોડી શકે તેવી સ્વતંત્રતા ધરાવે છે, જેમ કોઇ માલિક કહે કે આ મારો નોકર છે. તેમ આત્મા કહે છે કે આ મારું શરીર છે. અહીં મારું એટલું એમ નથી સમજવાનું પણ મારાથી ભિન્ન એમ સમજવાનું છે. એકતા લાગે છે તે તો કર્મ અને આત્માના સબંધની છે. જ્યાં કર્મનો સબંધ તૂટે ત્યાં દેહ જુદો અને આત્મા જુદો. સંબંધ પૂરો થયો એટલે દુઃખ પણ દૂર થયું. ઘણાં માણસો એવા સુકુમાર હોય છે કે એમનાથી તાપ સહન થતો નથી પણ જ્યારે દેહ અને આત્માનો સબંધ છૂટી જાય છે ત્યારે શરીરને બાળવામાં આવે છે તે વખતે શરીર એવી ફરીયાદ નથી કરતું કે મારાથી આગ સહન થતી નથી. આ વાત મરણ પછી નહિ પણ જીવતા સમજવાની છે. જ્યારે આત્મા જ્ઞાતા અને દૃષ્ટા બનશે ત્યારે જેને સ્વભાને છે તે તેને પર દેખાશે. વસ્તુ પ્રત્યેથી મમત્વભાવ ઉતરી જતાં નિર્મમત્વની શાંતિ મળશે. પછી શરીરને દુઃખ થાય છે એમ લાગશે પણ દુઃખનો સ્પર્શ નહિ થાય. દૃષ્ટા બનીને જોનારને અડે, પણ સ્પર્શે નહિ.

દેવાનુપ્રિયો ! આ પ્રયોગ શરૂઆતમાં કઠીન લાગશે. પણ ધીમે ધીમે જેમ જેમ દૃષ્ટિ ખીલશે તેમ તેમ ભેદજ્ઞાન વધતું જશે. પ્રયોગ વિના કદી આગળ નહિ વધાય. પ્રસન્નતાપૂર્વક ઉપવાસ કરતા, અને ઉપવાસ કરી પ્રસન્નતા અનુભવતા સાધકો તેમની સાધનામાં કેવા મસ્ત છે ! ભૂખ્યા છતાં કેવી પ્રસન્નતા છે ! ભૂખ લાગે પણ સ્પર્શે નહિ. અંદરની જાગૃતિનું આ પરિમાણ છે. સમ્યક્‌ત્વની આ એક ભૂમિકા છે કે જેનાથી ચિત્ત પ્રસન્ન બને છે. એ સંપત્તિની જેમ વિપત્તિને સ્વીકારે છે. એવી ભૂમિકાએ પહોંચેલો આત્મા સદા હસતો રહે છે. તરંગો ગમે તેટલા આવે પણ નૌકા તરવા તૈયાર છે. સંપત્તિની ભરતી આવે કે વિપત્તિની ઓટ આવે પણ અમારી નૌકા તરવાની છે. જીવન છે તો સુખ-દુઃખ આવવાના, કારણ કે જીવનનો એ માર્ગ છે. આપણી આસપાસ બધા જ્ઞાની નથી. આપણે તો અજ્ઞાન અને અજ્ઞાનીઓથી ઘેરાયેલા છીએ. ઘણી વાર મહાન પુરૂષોને એમના જીવનકાળ સુધી એમના ઘરના પણ એમને ઓળખી શકતાં નથી તેનાથી અજાણ રહે છે. જાણે ધર્મશાળામાં ઉતર્યા ન હોય ? જ્ઞાનદૃષ્ટિથી એકબીજાથી અલિપ્ત રહેતા હોય તો માની લઇએ કે જળ અને કમળની જેમ અલિપ્ત રહે છે. પણ આ તો અજ્ઞાનના કારણે અલિપ્ત રહે છે. આપણા પ્રિયમાં પ્રિય સ્વજનો પણ આપણને અંદરથી નહિ પણ બાહ્યદૃષ્ટિથી જુએ છે. અંદરથી જોવા માટે

આત્મજ્ઞાનની આંખ જોઈએ. જે પોતાના આત્માને ન દેખી શકે તે બીજાના આત્માને કેવી રીતે દેખી શકે? એમાં સામાનો વાંક નથી. જેમ એ તમને નથી જોઈ શકતા તેમ તમે પણ તમારા સ્વજનને અંતરદૃષ્ટિથી નથી જોઇ શકતા. અજ્ઞાનની આ કેવી વિષમતા છે! સમ્યગ્‌દર્શનથી આત્મદૃષ્ટિ ખુલે છે પછી તે દેહને નહિ પણ આત્માને જુએ છે.

ભૌતિક જ્ઞાન જડ પદાર્થોનો સંગ્રહ કરાવે છે ને આત્માનું જ્ઞાન સંગ્રહમાંથી મુક્ત કરાવે છે. વિજ્ઞાનથી પ્રાપ્ત થયેલ સાધનો બંધનકારક બને છે જ્યારે આત્મજ્ઞાનથી પ્રાપ્ત થયેલા સાધનો બંધનમાંથી મુક્ત થવામાં સહાયક બને છે. આ જ્ઞાન એ સમ્યગ્‌ જ્ઞાન છે. સંસારનું સુખ આપનારું જ્ઞાન સ્કૂલોમાં ને કૉલેજોમાં ભાડે મળે છે પણ આત્મસ્પર્શી જ્ઞાન બહારથી ભાડે મળતું નથી. એને માટે તો અંદર ડૂબકી મારવી પડે છે. અંદર ડૂબકી લગાવ્યા પછી આત્માનું જે જ્ઞાન મળે છે ત્યારે એ જીવતાં જેમ હસે છે તેજ રીતે મરણ સમયે પણ હસે છે. ભગવાન મહાવીરે દેહ છોડતાં પહેલા સોળ પહોર સુધી છેલ્લી દેશના આપી. એમને એમ થયું કે મારી પાસે જે છે તે દરેક જીવોને આપતો જાઉં. જ્ઞાનનો ખજાનો જેમાં ભરપૂર ભરેલો છે તેવું ઉત્તરાધ્યયન સૂત્ર જગતના જીવોને આપતા ગયા. એ જ્ઞાન સુધારસના ઝરણાં વહાવતાં એમના મુખ ઉપર કેટલો આનંદ હતો! એમના અંતરમાં એમ હતું કે જતાં જતાં પણ જગતના જીવોના હૃદયના પ્યાલા છલકાવી દઉં. જેને મરતા આવડે તે સાચું જીવ્યા કહેવાય.

જેને આત્માનું ભેદજ્ઞાન થયું છે તેવા મહાન પુરૂષોનો સંગ આત્માને ઉન્નતિના શિખરે લઇ જાય છે. અને દુર્જનોનો સંગ દુર્ગતિની અંધારી ને ઉંડી ખાઇમાં પટકાવે છે. આજના વ્યાખ્યાનનો વિષય છે **"સત્સંગનો મહિમા અને કુસંગનું પરિણામ."** પરમ દિવસે મેં કહ્યું હતું કે લોખંડનો ટુકડો એકલો પાણીમાં ડૂબી જાય છે અને એ ટુકડાને જો લાકડાના પાટીયા સાથે જડવામાં આવે તો તરી જાય છે. તે જ રીતે અજ્ઞાનથી અવરાયેલો આત્મા જો સંતનો સમાગમ કરે તો તરી જાય છે. સંત સમાગમથી અનેક જીવો તરી ગયા છે અને કુસંગથી અનેક જીવો ડૂબી ગયા છે તેવા અનેક દૃષ્ટાંતો સિદ્ધાંતમાં મોજુદ છે. ગોશાલક ભગવાનની સાથે ઘણું રહ્યો પણ સુધર્યો નહિ. છેલ્લે છેલ્લે એને પોતાની જાતનું ભાન થયું. પાપનો પશ્ચાતાપ થતાં અંતિમ સમય સુધર્યો. સંગમ છ છ મહિના પ્રભુની સાથે રહ્યો પણ સુધર્યો નહિ. રોજ સાત સાત જીવોની ઘાત કરનારો અર્જુનમાળી પણ સુદર્શન શેઠનો સંગ થતાં પાપી પુનિત બની ગયો. પારસના સંગથી લોઢું સુવર્ણ બની જાય છે, પણ લોઢું કાટવાળું હોય અગર પારસની વચ્ચમાં અંતર હોય તો તે લોખંડ સુવર્ણ થતું નથી.

એક વખતે એક ગુરૂએ એમના શિષ્યને કહ્યું કે પેલી ઝોળીમાં લોખંડની ડબ્બીમાં પારસમણિ છે તો લાવ. ત્યારે શિષ્ય વિચાર કરે છે કે પારસમણિના સંગથી લોઢું સુવર્ણ બની જાય છે તો ડબ્બીમાં પારસમણિ હોવા છતાં લોખંડનું કેમ ? શિષ્યે ગુરૂને ડબ્બી આપી. ખોલી તો પારસમણિ કાગળથી વીંટેલો હતો, એટલે લોઢાની ડબ્બી સોનાની ક્યાંથી બને ? ગુરૂએ કાગળ કાઢી નાંખ્યો અને ડબ્બીમાં પારસમણિ મૂક્યો તો ડબ્બી સોનાની બની ગઇ તેમ સંતનો સમાગમ માણસને મહાન બનાવે છે.

પારસમણિ ઔર સંતમે બડા અંતર જાણુ,
વહ લોહકા સોના કરે, વહ કરે આપ સમાન

પારસમણિ લોખંડને સુવર્ણ બનાવે છે પણ સંત પોતાની પાસે જે આવે તેને પોતાના સમાન બનાવે છે. હળુકર્મીજીવો સંતોનો સમાગમ કરી સંત બની જાય છે ને ? તમે પણ સમાગમ તો ઘણો કર્યો છે. સંતોનું સાનિધ્ય પણ ઘણું સેવ્યું છે, પણ કોણ જાણે તમે કાળજા ઉપર કેવો કાગળ વીંટીને આવો છે કે હજુ જીવનમાં પરિવર્તન નથી થતું. કાળજા તો લોખંડી બની ગયા છે. જેમ કોઇ વસ્તુ ફાયરપ્રુફ હોય તો તેને અગ્નિની અસર ન થાય. વોટરપ્રુફ હોય તેને પાણીની અસર ન થાય તેમ અત્યારના જીવાત્માઓ પ્રવચન સાંભળીને પ્રવચનપ્રુફ બની ગયા છે. સંતો ગમે તેટલું કહે પણ એનું હૃદય ભીંજાય નહિ.

જ્યારે તમે પરણવા ગયા ત્યારે તમારી માતાએ તમને સ્નાન કરાવી, સારા શણગાર સજાવી તૈયાર કર્યા. પછી વિચાર કર્યો કે મારો દીકરો પરણવા જાય છે તો કોઈની નજર ન લાગે તે માટે કાન આગળ મેંશનો ચાંલ્લો કર્યો. આંગળીએ તાંબાની વીંટી પહેરાવી. બહેનો પાપડ બનાવે. મગ–મઠના ઘુઘરા કરીને સૂકવે ત્યારે અંદર કોલસો મૂકે અગર લોઢાની ખીલી મૂકે છે શા માટે ? કોઇનો પડછાયો ન પડે તેમ તમે પણ વ્યાખ્યાન સાંભળવા આવો છો ત્યારે મને લાગે છે કે સંતોની નજર તમને ન લાગે, પડછાયો ન પડે તે માટે અંદરમાં મેશનું ટપકું અગર લોખંડની ખીલી લઇને આવતા લાગો છો, નહિતર ઉપદેશની અસર થયા વિના ન રહે. સંતનો સમાગમ કરે છે તે અવશ્ય તરી જાય છે અને દુર્જનનો સંગ કરે છે તેના શું હાલ થાય છે તે એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

એક શેઠ ખૂબ શ્રીમંત ક્રોડાધિપતિ છે. તેમને ત્યાં ઘણા વર્ષે દીકરો થયો. મોટા ઘરમાં દીકરા ખૂબ લાડકવાયા હોય છે. નાનપણમાં ખૂબ લાડકોડથી ઉછરે છે અને મોટા થતા તે જેમ કહે તેમ કરવા દે છે. દીકરો પછી મોટો થતાં ઘરમાં એને કોઇ કંઇ કહી શકતું નથી. સોનાની કટાર કેડે ભરાવવાની હોય પણ પેટમાં મારવાની ન હોય. એકનો એક દીકરો, અઢળક સંપત્તિ અને માતા-પિતાને ખૂબ વહાલો પછી પૂછવાનું જ શું હોય ? છોકરાનું નામ મદનકુમાર હતું. સાત વર્ષનો થયો એટલે તેને

નિશાળે ભણવા મૂકયેા. સ્કૂલે જઇને ભણે નહિ અને હરાયા ઢોરની માફક રખડયા કરે એટલે કંઇ આવડે નહિ ત્યારે શિક્ષક એને કંઇ કહે કે એક લાફેા મારે તેા મા પાસે આવીને ફરિયાદ કરે એટલે મા દીકરાનું ઉપરાણું લે. ત્યારે શેઠ શેઠાણીને કહેતા તું છેાકરાનું ઉપરાણું ન લે. સ્કૂલમાં જઇને ન ભણે તેા શિક્ષક મારે પણ ખરા, એમાં શું થઇ ગયું? ત્યારે શેઠાણી ખીજાઇને કહેતા મારેા દીકરેા નહિ ભણે તેા પણ કુંવારેા નહિ રહે. મારા દીકરાને કયાં નેાકરી કરવી છે? મારે લક્ષ્મીનેા કયાં તૂટેા છે! આવા અજ્ઞાન-ભર્યા વચનેા ઉચ્ચારે એટલે શેઠનું કંઈ ચાલે નહિ. હવે છેાકરા ઉપર કાબૂ રહ્યેા નહિ. એવા ખરાબ વ્યસની મિત્રેાની સંગે ચડી ગયેા કે ધીમે ધીમે સાતે વ્યસનમાં શૂરેા થઇ ગયેા. વેશ્યાને ઘેર જવા લાગ્યેા. આ દીકરાની ખરાબ વર્તણૂક જોઇને બાપનું કાળજું કપાઈ જાય છે. શેઠ શેઠાણીને કહેતા કે જો તેં મદનને ખૂબ લાડ લડાવ્યા તેનું પરિણામ કેવું આવ્યું? હું તને પહેલેથી કહેતેા હતેા કે દીકરાને અતિ લાડ કરાવવા સારા નહિ પણ તું માની નહિ તેનું કેવું ભયંકર પરિણામ આવ્યું! ત્યારે શેઠાણી કહેતા કંઇ વાંધેા નહિ. એને પરણાવી દઇશું એટલે ઠેકાણે આવી જશે. મદન વીસ વર્ષનેા થયેા એટલે ખાનદાન ઘરની દીકરી સાથે લગ્ન કરી માતાએ લગ્નનેા લ્હાવેા લીધેા. પરણીને આવનાર છેાકરીનું નામ સુલેાચના હતું. સુ+લેાચના. જેના લેાચન સુંદર છે અને સુસંસ્કારી, વિનયવાન અને ગુણવાન હતી. નામ પ્રમાણે તેનામાં ગુણેા હતા. કયાં સુંદર, સરળ અને સંસ્કારી સુલેાચના અને કયાં અભણ-અણઘડ ને રખડુ મદનકુમાર. બંનેમાં આસમાન જમીનનું અંતર હતું.

મદન પરણીને આવ્યેા તે દિવસે પણ વેશ્યાને ઘેર ચાલ્યા ગયેા. પણ પેાતાની નવપરણિત પત્નીના સામું ન જોયું. મદનના મિત્રેાએ એને જુગાર રમવા શીખવાડયેા અને મદનસેના વેશ્યાએ એને પ્રેમથી મદિરાની પ્યાલીઓ પાઇને ઉન્મત બનાવી દીધેા હતેા એટલે એને ઘેર જવું ગમતું ન હતું. વેશ્યાનું ઘર એટલે સ્વાર્થનું ઘર છે. મદનનેા બાપ ક્રોડાધિપતિ છે એટલે તે ઘરમાંથી ધન-દાગીના બધું ખૂબ લઈ જતેા હતેા. વેશ્યાએ માન્યું કે શિકાર ઠીક હાથમાં આવ્યેા છે. એના પ્રત્યે ખૂબ પ્રેમભાવ રાખતી હતી. મદનસેનાનું ઘર મદનકુમારનું સ્વર્ગ બની ગયું હતું. એના સુંદર ગાન-તાન અને લટકામાં તે મેાહી ગયેા. સુલેાચનાના સેાંદર્ય આગળ મદનસેનાનું રૂપ ફિક્કું લાગતું હતું. પણ મેાહમાં પડેલા મદનને સત્યની પિછાણ ન હતી. એટલે તે વેશ્યાને ઘેર પડયેાપાથર્યો રહેવા લાગ્યેા.

સુલેાચનાને પરણીને આવ્યા ત્રણ દિવસ થઇ ગયા, પણ પરણીને આવ્યા પછી એણે પતિનું મુખ જોયું નથી. આવું સારું અને સંસ્કારી ઘર મળવાથી સુલેાચના પેાતાને ધન્ય માનતી હતી પણ એને ખબર ન હતી કે એનેા પતિ કેવા કુસંગે ચઢી ગયેા છે!

સુલોચના એના સાસુને પૂછે છે બા! તમારા દીકરા ક્યાં ગયા છે? મેં ત્રણ દિવસથી જોયા નથી. આ સાંભળી સાસુનું હૃદય ચીરાઇ ગયું. ક્યાં મેં આ પારકી છોકરીને ફાંસામાં નાખી? મને એમ હતું કે દીકરાને પરણાવીશ એટલે ઠેકાણે આવશે પણ એ તો વેશ્યાને ઘેર જ પડયોપાથર્યો રહે છે. મદિરાના નશામાં ચકચૂર રહે છે. હવે શું કરવું? એના ખરાબ વર્તનથી ખાનદાન શેઠ-શેઠાણીની આબરૂના કાંકરા થવા લાગ્યા. પણ પોતે બેદરકારી રાખી તેનું આ પરિણામ છે તેમ હવે શેઠાણીને સમજાયું. ચોરની મા કોઠીમાં મોં નાંખીને રડે તેવી તેમની દશા થઈ. મદન ઘેર આવે ત્યારે ખૂબ સમજાવે પણ એક વાર કુસંગે ચઢી ગયો. હવે તેને સમજાવવો મુશ્કેલ હતો. એની ઉદ્ધતાઈએ માઝા મૂકી હતી. કોઇક દિવસ રાત્રે ઘેર આવતો ત્યારે સુલોચના ખૂબ પ્રેમથી તેને બોલાવતી અને સમજાવતી પણ એને કંઇ અસર થતી ન હતી કારણ કે એના કાનનો રેડિયો કહે કે નયનની પ્રતિમા કહો કે માત્ર એક મદનસેના હતી. મદનસેના એનું સર્વસ્વ હતી.

આ તરફ માતા-પિતાને ખૂબ આઘાત લાગે છે. શેઠના મનમાં એમ થાય છે કે હું આવો કરોડપતિ શેઠ, કોઈના ઘેર ઝઘડા હોય-કુસંપ હોય તો મને બોલાવે. હું બધાને સમજાવીને સમાધાન કરી આવું. રાજ્યમાં કંઇ મતભેદ પડયો હોય તો રાજા મને બોલાવે ને હું ગૂંચવણ ભરેલા કોયડાનો નિકાલ લાવું. હું કહું તે બધા વધાવી લે. આટલું માન છે. બધા મને બમ્મા બમ્મા કરે છે. બીજાને હું સુધારી શકું છું પણ એક મારા દીકરાને હું સુધારી શકતો નથી. દિલમાં ખૂબ દુઃખ થાય છે પણ હવે કોઇ ઇલાજ નથી રહ્યો. પોતાનું દુઃખ એકબીજા પાસે વ્યકત પણ કરી શકતા નથી શેઠ-શેઠાણી અને સુલોચના ખૂબ દુઃખી છે.

આ તરફ મદનસેનાએ પણ એવી માયાજાળ બિછાવી કે પહેલાં તો એ મદનકુમાર પાસે કંઇ નહોતી માંગતી. મદનકુમાર કંઇ લાવવાનું કહે તો એ કહેતી પ્રાણનાથ આ બધું આપનું જ છે ને? હું કંઇ પૈસાની ભૂખી નથી. મને તો આપનો પ્રેમ છે તો બધું છે. આ વેશ્યાની માયાજાળ મદન સમજી શકયો નહિ. એણે તો માની લીધું કે આ મને ખરા દિલથી ચાહે છે. બસ, આ મારૂં ઘર છે એમ માનીને રહેવા લાગ્યો અને સંસારના સુખો ભોગવવા લાગ્યો. મદનસેનાએ માન્યું કે હવે આ ભાઇ મારી માયાની જાળમાં બરાબર જકડાયો છે એટલે ધીમે ધીમે એક કદમ આગળ વધવા લાગી અને બોલી પ્રાણનાથ! આપ મારૂં સર્વસ્વ છો. હું તમારી છું અને આ બધું તમારૂં છે. હું જે કોઇ ચીજ વાપરૂં છું તે આપની છે, એ આપ જાણો છો પણ આપની આંગળીમાં આ હીરાની વીંટી છે તેવી મારી પાસે નથી તો આપણા બંનેના હાથમાં એકસરખી વીંટી હોય તો કેવું સરસ લાગે! એમ બોલીને જરા ઉલ્લાસ થઇ ગઈ. મદન હવે મદનસેનાનું દુઃખ જોઇ શકતો ન હતો. એ બોલે એટલું તહેત કરતો હતો. એણે

કહ્યું કે તમારા જેવી વીંટી હોય તો કેવું સારું લાગે? એટલે બે ત્રણ દિવસમાં તેણે એવી વીંટી હાજર કરી. બીજા ત્રણ ચાર દિવસ ગયા એટલે બીજું આભૂષણ માંગ્યું. વળી થોડા દિવસ પછી ત્રીજું, ચોથું. આભૂષણ કિંમતી હજારોની કિંમતના માંગે. એટલી હદ સુધી પહોંચી ગયો કે મદન ઘેર આવીને બાપુજી પાસે પૈસા માંગે. બાપુજી ન આપે તો બા પાસે માંગે. મા એને જે જોઇએ તે આપતી. શેઠ કહેતા શેઠાણી! તમે આ શું કરો છો? ત્યારે કહેતા કે એક દિવસ જરૂર દીકરો સુધરશે. એથી વધુ પૈસા જોઈએ તો ઘરમાંથી ચોરી કરીને લઇ જતો. પણ મદનસેનાની ઇચ્છા પૂરી કરતો. દીકરાને ઘણું સમજાવવા છતાં ન સમજ્યો. એની ચિંતામાં આઘાત લાગવાથી શેઠ મૃત્યુ પામ્યા. છોકરાને કહેવડાવ્યું કે તારા પિતાજી મરણ પામ્યા છે. તું ઘેર આવ. પણ કામનો કીડો બનેલો મદનકુમાર ન આવ્યો તે ન આવ્યો.

દેવાનુપ્રિયો! જુઓ, કુસંગનું પરિણામ કેવું વિષમ છે! શેઠના જવાથી મદનકુમાર બેફામ બની ગયો. શેઠ ગયા. હવે કમાનાર કોઇ રહ્યું નહિ. બેઠા બેઠા કુબેરના ભંડાર પણ ખૂટી જાય છે. એક મોટી કોઠીમાં દશ-પંદર બેડા પાણી ભરી દો. તેમાંથી રોજ એક ગ્લાસ પાણી પીવાય તો તે પણ ખાલી થઇ જાય. પચાસ મણ અનાજની કોઠી પણ ક્રમેક્રમે ખાલી થઈ જાય છે તેમ હવે આ છોકરો બધી મિલ્કત લઇ જવા લાગ્યો. સુલોચનાને મારીઝૂડીને ચાવી લઇ લેતો. અંદરથી દાગીના લઈ જતો. પત્ની ખૂબ સમજાવતી પણ કોઇ રીતે સમજતો નથી. આ સુલોચના સતી સ્ત્રી છે. પતિ બધું લઇ જાય છે. પોતાના સામું જોતો નથી ત્યારે એ પોતાના કર્મના દોષ દેખે છે. પતિનો બિલકુલ દોષ કાઢતી નથી કે સાસુ-સસરાને પણ દોષ નથી દેતી કે તમારો છોકરો આવો હતો તો મને શા માટે પરણાવી? કે પોતાના પિયરમાં પણ આ વાત કોઇને જણાવતી નથી. આજની વહુઓને જો આવું દુઃખ હોય તો કયારની વગોણા કરત.

અંજના સતીને કેવા કષ્ટો પડયા છે! પવનજીએ તેને પરણીને પરિહરી હતી. પવનજી બહાર જતા ત્યારે મહેલની બારીએ અંજના તેમના દર્શન કરતી. એ પણ એને ન ગમ્યું તો બારીઓ બંધ કરાવી દીધી પવનજી યુદ્ધમાં ગયા અને અંજના શુકન આપવા ગઇ તો પણ લાત મારીને ફેંકી દીધી અને એમના વિયોગના દિવસો પૂરા થયા ત્યારે એક ચકલા ચકલીનું દૃશ્ય જોઇને પવનજીની આંખ ખુલી ને અંજના પાસે આવ્યા. ખૂબ આનંદ થયો. તમે બાર બાર વર્ષે મારા સામું ન જોયું એવો એક પણ શબ્દ ન બોલી. ત્યારે પવનજી કહે છે અંજના! તું કેવી પવિત્ર સતી છે! આ દુષ્ટે પરણીને તારા સામું પણ ન જોયું. ત્યારે અંજના કહે છે સ્વામીનાથ! આપનો જરા પણ દોષ નથી. દોષ મારા કર્મનો છે. મેં પૂર્વભવમાં કોઈના સુખ લૂંટયા હશે, કોઇને વિયોગ પડાવ્યા હશે તો આ ભવમાં મને વિયોગ પડયો. આપ દુષ્ટ નથી. દુષ્ટ હોત તો અહીં

આવત નહિ. આપ તો પવિત્ર છો. આપે મારો ત્યાગ કર્યો તો મને બાર વર્ષ સહેજે બ્રહ્મચર્ય પાળવાની તક મળી.

જેના જીવનમાં જ્ઞાન છે તે દુઃખમાં પણ સુખનો અનુભવ કરે છે. અવળામાંથી પણ સવળું ગ્રહણ કરે છે. નેમનાથ પરણવા માટે ગયા અને પશુડાનો પોકાર સાંભળીને તોરણેથી પાછા ફર્યા રાજુલને અબર પડી કે નેમ પાછા ફર્યા. એના દિલમાં દુઃખ થયું. આંખમાં આંસુ આવી ગયા ત્યારે તેના માતપિતા કહે છે બેટા ! તું શા માટે રડે છે? કુંવારી કન્યાને સો ઘર અને સો વર. તને નેમકુમારથી પણ સારા રાજકુમાર સાથે પરણાવીશું. ત્યારે રાજુલ કહે છે મારે હવે બીજો કોઈ વર ન જોઇએ. નેમકુમારનો જે માર્ગ તે મારો માર્ગ છે. સતી સ્ત્રીને એક પતિ હોય. મેં આઠ ભવથી એમની સાથે પ્રીત બાંધી છે, તો આ ભવમાં કેમ છોડું. એ દીક્ષા લેશે તો હું પણ દીક્ષા લઇશ. જો એ તોરણે ન આવ્યા હોત તો મને પણ વૈરાગ્ય કયાંથી આવત? એમનો મહાન ઉપકાર છે. આઠ ભવની પ્રીત તૂટી ગઇ. પણ આ ભવમાં એવી પ્રીત બાંધુ કે જે કદી તૂટે નહિ. રાજુલ એની બહેનપણીઓને કહે છે ભલે એ મારા હાથ પર હાથ નહિ મૂકે પણ મારા માથે તો હાથ મૂકશે ને? આ આત્માની ઓળખ છે. જડ દેહની નહિ.

સુલોચનાના સસરા ચાલ્યા ગયા. પોતે સાસુ અને વહુ બે રહ્યા. મદનને રહી સહી બધી મિલ્કત મદનસેનાના પ્રેમમાં પડીને લૂંટવી લીધી. ઘરબાર વેચાઇ ગયા. પાસે કંઇ ન રહ્યું તોપણ ઘર લેવા આવે છે. પણ શું આપે? હવે સુલોચના કહે છે સ્વામીનાથ મારી વાત સાંભળો.

ઘર તજીને પરમાં નાથ જરૂર નહિ ઠરો
ઉજ્જડ વન તણી જમીન શા માટે ભરો,
આત્માનું હિત સ્વામી શા માટે હરો,
કર જોડી કહું છું કુલટા સંગના માટે કરો.”

તમે વેશ્યાનું ઘર છોડી દો. માણસ પોતાનું ઘર છોડીને પરઘરમાં કદી સુખી થતો નથી. જે પરનારીનો સંગ કરે છે તે અધમ છે. ત્યાં તો એકાંત સ્વાર્થની સગાઇ છે. પણ આ શબ્દો મદનને ન ગમ્યા. તે તરત ચાલ્યો ગયો. પણ હવે તે સાવ ખાલી થઇ ગયો છે. વેશ્યા મંગાવે તે લાવી શકતો નથી. આ તરફ એની માતા બિમાર પડી છે. મરણ પથારીએ સૂતી છે એટલે કહેવડાવે છે દીકરા એક વાર તારી માતાને તારૂં મુખ બતાવી જા. પછી તો તારે ને મારે ભવો ભવનું છેટું પડશે. પણ દીકરો આવતો નથી. જ્યાં સ્વાર્થની સગાઇ છે એવી મદનરેખાએ જાણ્યું કે હવે કંઇ લાવતો નથી. સાવ ખાલી થઇ ગયો છે માટે એને રાખવા જેવો નથી. એક દિવસ કહે છે તમે બધું મને આપ્યું છે પણ હજુ મને એક ઇચ્છા છે. મદન કહે છે બોલ, તારી શું ઇચ્છા છે? ત્યારે કહે

છે હું કહું તેમ કરશો ? ત્યારે મદન કહે છે તું કહે તે કરવા તૈયાર છું. વેશ્યા કહે છે જો હું તમને વહાલી હોઉં તો તમારી માતાનું કાળજુ કાઢી લાવીને મને આપો. મદન ઘેર ગયો. ડોશીમાં પથારીમાં સૂતા છે. સુલોચના સાસુજીની દવા લેવા માટે ગઇ હતી. મદન ઘેર આવ્યો. માતા મદનને જોઇ હરખાઇ ગઇ. બેટા ! તું આવ્યો ? ત્યારે કહે છે મા ! હું એક ચીજ લેવા માટે આવ્યો છું. માતાને હવે બોલવાની તાકાત નથી. ભાંગીતૂટી ભાષામાં કહે છે બેટા ! હવે ઘરમાં કાંઇ નથી રહ્યું. તારે શું જોઇએ છે ? ત્યારે કહે છે– મા ! જે છે તે લઇ જઇશ. એમ બોલતાંની સાથે બિસ્સામાંથી છરી કાઢી માતાની છાતીમાં મારીને કાળજું કાઢયું. મરતાં મરતાં માતા.... અરિહંત....અરિહંત કરતી ગઇ. એને જરા પણ દીકરા પ્રત્યે કષાય ન આવી. મરતાં મરતાં પણ દીકરાનું હિત ઇચ્છતી ગઇ. મદન લોહીથી નીતરતું માતાનું કાળજું લઇને બજારમાંથી ચાલ્યો જાય છે. લોકો બોલે છે આ શેઠનો દીકરો વેશ્યાના સંગે ચઢી કસાઇ જેવો બની ગયો છે. આ કોનું કલેજું લઇને જતો હશે ? કુસંગે ચઢયો છે તો કેવો નિષ્ઠુર બની ગયો છે. એને શરમ પણ નથી આવતી.

મદન માતાનું કાળજું લઇને વેશ્યાના મહેલે પહોંચી ગયો. મનમાં આનંદ હતો કે માતાનું કલેજું લઇને જઇશ તો મદનસેના મને પ્રેમથી બોલાવશે. એની પાસે જઇને માતાનું કાળજું મૂકવા જાય છે ત્યાં મદનસેના કહે છે હે નિષ્ઠુર ! પાપી ! તું ચાલ્યો જા. તું હવે મારા ઘરમાં નહિ. મેં તો તારી પરીક્ષા કરી હતી કે મદનનું હૃદય કેવું છે માનવનું કે રાક્ષસનું ? આજે માતાનું કાળજું કાઢી લાવ્યો તો કાલે મારું કાઢીશ અને બીજી વાત એ છે કે હવે તું પૈસે ટકે ખાલી થઇ ગયો છે. તું જાણે છે કે આ ઘરમાં પૈસાવાળાના માન છે. હવે મારે તારું કામ નથી. જલ્દી ચાલ્યો જા અહીંથી. આ શબ્દો સાંભળીને મદનને ખૂબ આઘાત લાગ્યો. માતાનું કાળજું હાથમાં છે. આઘાત લાગવાથી તે ભોંય પડી ગયો. અહો ! અત્યાર સુધી આ સ્ત્રી કહેતી હતી સ્વામીનાથ ! આ બધું તમારું છે અને હવે મારો આટલો બધો એ તિરસ્કાર કરે છે ? એ વિચારે રડવા લાગ્યો. ત્યારે એકદમ ત્યાંથી અવાજ આવ્યો. મદન....મદન ! સમજ. તારી માતાનું કાળજું કાઢયું. હવે તો તને શાંતિ થઇને ? મદન વિચાર કરે છે અહીં તો કોઇ છે નહિ અને મને મદન....મદન કહીને કોણ બોલાવે છે ? ત્યાં ફરીને અવાજ આવ્યો. મદન....મદન ! કંઇક સમજ. હવે પાપથી પાછો હઠ. ત્યારે એને વિચાર થયો કે શું મારી માતાનું આ કાળજું બોલે છે ? નિશ્ચય થયો કે આ કાળજામાંથી અવાજ આવે છે.

બંધુઓ ! તમને થશે કે શું એ કાળજું બોલતું હશે ? વાત એમ છે કે મરી ગયેલા માણસનું કાળજું તો કંઇ બોલે નહિ. પણ આ ડોશીમા અરિહંત....અરિહંત કરતાં મરણ પામ્યા એટલે મરીને દેવ થયા. તેમણે તરત ત્યાં જઇને અવધિજ્ઞાનનો

ઉપયોગ મૂકીને જોયું તો પોતાના દીકરાએ આ રીતે કાળજું કાઢયું ને પોતે અરિહંત.... અરિહંત....કરતી મરીને દેવ થઇ છે. ત્યાં પણ એને એમ થયું કે મારા દીકરાને સુધારૂં જુઓ માતાને પુત્ર પ્રત્યે કેટલો પ્રેમ છે ! એટલે કાળજામાં દેવની શક્તિથી અવાજ કર્યો. મદન વેશ્યાને ઘેરથી પાછો ફર્યો અને પોતાને ઘેર આવ્યો. પત્ની ડોશીમાને મરણ પામેલા જાણી કાળો કલ્પાંત કરે છે. તેની ક્રિયા કરી પત્ની નિરાશ થઇને બેઠી છે, ત્યાં મદનને જોયો. પ્રેમથી બોલાવ્યો, જમાડયો. પત્ની બધું કરે છે પણ હજુ એનું મન શાંત થતું નથી. મદનસેના એની આંખ સામે તરવરે છે. આટલું કરવા છતાં બીજા દિવસે એની સ્ત્રીને કહે છે તારી પાસે જે હોય તે મને આપી દે, પણ મારે વેશ્યાને ઘેર જવું છે. સુલોચના કહે છે સ્વામીનાથ! આટલું કરવા છતાં હજુ તમને શાંતિ નથી થતી! મારી પાસે તો હવે રાતી પાઇ નથી. એ પૂણીઓ કાંતતી હતી તે પૂણીઓની ટોપલી લઇને મદન ઉપડી ગયો વેશ્યાને ઘેર. રૂની પુણીઓની ટોપલી જોઇ સમજી ગઇ કે હવે તો એની પાસે કંઇ નથી રહ્યું તો રૂની પુણીઓ આવે ને? વેશ્યા કેવી હોય છે?

"एता हसन्ति च रुदन्ति च वित्तहेतो,
विश्वासयन्ति पुरुषं न च विश्वसन्ति ।
तस्मान्नरेण कुल शील समन्वितेन,
वेश्याः श्मशान घटिका इव वर्जनीयाः ।।"

વેશ્યા ક્ષણમાં હશે, ક્ષણમાં પૈસા માટે રડે, વિશ્વાસ બેસાડે, પણ પોતે વિશ્વાસ ન રાખે. માટે કુળવાન અને શીલવાને શ્મશાન ઘટિકા જેવી વેશ્યાનો ત્યાગ કરવો જોઇએ. મદનની દશા આંધી હતી. એ પૈસે ટકે ખુવાર થઇ ગયો હતો. મદનસેના મારી છે તે એમ માનતો હતો. પણ વેશ્યાના વિચારો અને વર્તન જુદા હતા. મદન પુણીઓની ટોપલી લઇને બારણામાં પગ મૂકે છે ત્યાં તેણે દાસીને કહી દીધું કે એને કહી દો કે ઘરમાં પગ ન મૂકે છતાં ન માને તો ધક્કા મારીને કાઢી મૂકજો. દાસીએ કહ્યું ચાલ્યા જાવ અહીંથી. હવે આ ઘર તમારૂં નથી. પણ મદન જતો નથી ત્યારે બીજા માણસોને બોલાવી એને ધક્કા મરાવીને હોંય પાડી નાખ્યો. આથી મદનના હૃદયમાં ખૂબ આઘાત લાગ્યો. અહો ! કાલ સુધી જે નોકરો મને શેઠ સાહેબ કહીને પાઘડી ઉતારતા હતા. નમીને સલામ ભરતા હતા એમના હાથે મારૂં ભયંકર અપમાન! ખૂબ દુઃખ થયું અને આંખ ખુલી ગઈ. માતા-પિતા તથા પત્નીના વચન યાદ આવી ગયા ખૂબ પસ્તાયો અને પોતાને ઘેર જવા પાછો ફર્યો. અંતનો આશરો મૂળ ઘર.

મદન પોતાને ઘેર આવ્યો. સુલોચના પારકા ઘરનાં દળણાં દળીને પેટ ભરતી હતી. તે દળવા બેઠી હતી ત્યાં મદને આવીને એક ખૂણામાં બેસી પોક મૂકી. જાણે તેના મા-બાપ અત્યારે મરી ગયા ન હોય! તેમ તે ખૂબ રડયો. ઠોકર લાગી ને શાન

ઠેકાણે આવી. પણ હવે તો એક ટંકના આવાના સાંસા છે. સુલોચનાના હાથે દળીદળીને ફોલ્લા પડી ગયા છે. એકદમ રડવાનો અવાજ સાંભળી સુલોચના મદન પાસે ગઇ એટલે મદને તેનું માથું સુલોચનાના ખોળામાં નાંખી દીધું અને રડતા રડતા બોલ્યો :

તારા બધા વચનો સાચા સતી વિચારતા રે (૨)
શરમાય છે મન મારૂં રે આજે
મહા મુર્ખાઇ મારી હવે જણાઇ રે (૨)
મારી ભુલથી મેં મારા ભવને બગાડયો રે (૨)
બલક જણાયે મન મારું બારું રે .... આજે તારા–
એકે મારગ મને સારો નથી સૂઝતો રે (૨)
સતી હવે શું વિચારૂં રે ... આજે તારા–
દોલત ખોયા પછી ડહાપણ આવ્યું (૨)
સળગે મન જેમ એ સંભારૂં રે ... આજે તારા–

પતિનું રૂદન અને પશ્ચાતાપ જોઇને સુલોચનાનું હૈયું હાથ ન રહ્યું. છતાં મન મકકમ કરીને પતિના આંસુ લૂછતા લૂછતા મીઠા સ્વરથી આશ્વાસન આપતા કહ્યું. સ્વામીનાથ! જે બનવાનું હતું તે બની ગયું. આ દાસીએ તો આપને ઘણી વાર વિનવ્યા. માતા-પિતાએ પણ તમને સમજાવવામાં બાકી નથી રાખી પણ મારા, તમારા અને માતા-પિતાના ભાગ્ય એવા હશે કે તેથી તમને તે વખતે સત્ય વાત ન સમજાઇ. જે થયું તે થયું એ બધું કર્માધીન છે. કંઇ ચિંતા ન કરો. આપ ક્ષેમ કુશળ છો તો મારે મન લાખો ને કરોડોની મુડી છે. સતી સ્ત્રીની મનોદશા દુઃખમાં પણ કેવી ઉચ્ચ પ્રકારની હોય છે. કહ્યું છે કે:

आचदि मित्र परीक्षा, शूर परीक्षा रणांगणे भवति ।
विनये वंश परीक्षा, स्त्रियः परीक्षा तु निर्धन पुंसि ।।

સંકટમાં મિત્રની, સમરાંગણમાં શૂરાની અને નિર્ધનતામાં સ્ત્રીની પરીક્ષા થાય છે. પાસે ધન હોય ત્યારે સ્ત્રીની પરીક્ષા નથી થઈ શકતી. હે સ્વામીનાથ! ધન અને યૌવન હોય ત્યારે પ્રાણનાથ! સ્વામીનાથ! એવા પ્રેમભર્યા શબ્દો બોલવા સહેલ છે. પણ ઘરમાં બાવા લોટ ન હોય, બીજું કંઇ સાધન ન હોય અને દાગીના વેચવા પડે છતાં જરા પણ કચવાયા વિના પતિના દુઃખમાં દુઃખ અને સુખમાં સુખ માનીને કંઇ હરકત નહિ, આપણે સાદાઇથી જીવન જીવીશું ને આનંદ પામીશું આવું કહેનારી સ્ત્રીઓ કોઇક જ હોય છે.

સુલોચના કાળી મજૂરી કરે છે અને માંડ માંડ બંનેનું પેટ પૂરૂં કરે છે આ જોઇને મદનની આંખમાં આંસુ આવી જાય છે. ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડે છે. ત્યારે

સુલોચના સમજાવે છે સ્વામીનાથ! શા માટે રડો છે? ગઇ વાતને ભૂલી જાવ. હવે નવા ચોપડા લખો. મદન કહે છે: સુલોચના! તારૂં દુઃખ મારાથી જોવાતું નથી. હું પાપી કુસંગે ચઢયો ત્યારે તારી આ દશા થઈને? મારા માતા-પિતા મનમાં દુઃખ લઈને ગયા. મેં કરોડોની સંપત્તિ ફના કરી. કંઈ કામ ધંધો શીખ્યો નહિ. હવે શું કરૂં? ત્યારે સુલોચના કહે છેઃ આપણા ગામમાં એક લક્ષ્મી ધર નામના શેઠ રહે છે. તમે તેમને ત્યાં જાવ તો તમને કંઈક સહારો મળશે અને આપણા દુઃખ ટળી જશે.

મદન જવા તૈયાર થયો પણ મનમાં થયું હું કરોડપતિ ધનદત્ત શેઠનો દીકરો. મારાથી કેમ જવાય? વળી મનને મનાવ્યું. તારી આ દશા થઇ ત્યારે જવું પડે છે ને? એમ કરતો કરતો શેઠની પેઢી ઉપર પહોંચ્યો અને દુકાન બંધ કરવાનો સમય થયો એટલે મુનિમ બારણા બંધ કરવા જાય છે ત્યાં મદન કહે છે મને કંઈક આપો. ત્યારે મુનિમ કહે છે અત્યાર સુધી કયાં ગયો હતો! હવે અત્યારે નહિ મળે.

મદન ખૂબ કરગર્યો ત્યારે મુનીમને ક્રોધ આવ્યો ને તેને લાત મારી. મદન એકદમ પડી ગયો, મુખમાંથી કારમી ચીસ નીકળી ગઇ. આ ચીસ ઉપર બેઠેલા શેઠે સાંભળી. શેઠ તરત નીચે આવ્યા અને પૂછયું–આ કેમ રડે છે? શું છે? મુનીમે બધી વાત કરી ત્યારે શેઠે મુનીમને ઠપકો આપતા કહ્યું કે તમે આ રીતે ગરીબનું અપમાન કરો તે ઠીક નહિ. શેઠે મદનને ખોળામાં લીધો અને પૂછયું તું કોણ છે? તારે શેની જરૂર છે? અને શા માટે રડે છે? શેઠની પવિત્રતા અને દયા જોઇ પહેલાં તો મદને ખૂબ રડી લીધું. પછી કહ્યું કે હું ધનદત્ત શેઠનો દીકરો મદન છું. લક્ષ્મીધર શેઠ કહે છે એ તો મારા મિત્ર હતા. તેમનો તું દીકરો છે? તારી આ દશા કેમ? મદને અથથી ઇતિ સુધી બધી વાત કહી. શેઠે તેના માથે હાથ ફેરવ્યો. તેને નવરાવી સારા વસ્ત્રાલંકારો પહેરાવ્યા, જમાડયો ને ઉપરથી પાંચ હજાર રૂપિયા આપીને કહ્યું દીકરા! આમાંથી તું વહેપાર કરજે અને જરૂર પડે ત્યારે જરૂર આવજે. મુંઝાઈશ નહિ. તું મારો દીકરો છે. પણ હવે એટલો ખ્યાલ રાખજે કે કદી કુસંગ કરીશ નહિ. ખૂબ સારી હિતશિખામણ આપી અને મદનને વહેપાર કરતાં પણ શીખવાડી દીધો. શેઠનું જીવન પવિત્ર હતું. એના સમાગમથી મદનનું સમગ જીવન સુધરી ગયું

દેવાનુપ્રિયો! જોયું ને? મદનના જીવનમાં સંગનો રંગ કેવો લાગી ગયો હતો! કુસંગનું કેવું ખરાબ પરિણામ આવ્યું? પોતે ધનથી ને ગુણથી પાયમાલ થઈ ગયો. એની પત્ની સુલોચનાની શિખામણ માનીને શેઠનો સમાગમ કર્યો તો ધનથી ને ગુણથી જીવન સભર ભરાઈ ગયું. આપણી જુની કહેવત છે ને કે કાળીયા સાથે ધોળીયો બાંધે વાન ન આવે પણ સાન આવે. ગધેડા સાથે ઘોડો બાંધે તો ઘોડો ગધેડો ન બની જાય પણ ભૂંકવાનું જરૂર શીખે છે. માટે તમે જીવનમાં સંગ કરો તો સંતનો કરજો પણ

દુર્જનનો સંગ કદી કરશો નહિ. તમારા સંતાનો કયાં જઈ રહ્યા છે તેની ખૂબ કાળજી રાખજો; નહિતર પછી પસ્તાવું પડશે. સંતાનો કુસંગે ચઢશે તો એના કડવા ફળ તમારે ભોગવવા પડશે.

હંસે કાગડાનો સંગ કર્યો તો કેવું પસ્તાવું પડયું! એક હંસને કાગડા સાથે મિત્રાચારી થઈ. કાગડો કહે છે મારી સાથે ચાલ. પણ હંસ ના પાડે છે. ખૂબ કહ્યું ત્યારે હંસ કહે છે તું મારા દ્રાક્ષના માંડવે બેસવા આવ. કાગડો કહે છે ના. આપણે લીંબડાના ઝાડ પર બેસીએ. બંને લીંબડાના ઝાડની ડાળે બેઠા. તે લીંબડા નીચે એક રાજકુમાર સૂતો હતો. તેના ઉપર સ્હેજ ચરકીને કાગડો ઉડી ગયો ને હંસને કહેતો ગયો કે તું અહીં બેસજે. હું હમણાં આવું છું. કાગડાની ચરક રાજકુમારના મોઢા ઉપર પડી એટલે રાજકુમારનું મોઢું બગડયું. ઉંચે જોયું તો હંસ બેઠો છે. કુમારને ક્રોધ આવી ગયો ને બોલ્યો–અહો! મેં કાગડા તો ઘણાં જોયા. કાગડા કાળા હોય પણ આ તો ધોળો કાગડો છે. રાજકુમારે તીર મારીને વીંધી નાખ્યો. હંસ તરફડતો નીચે પડયો ને બોલ્યો–રાજકુમાર! હું વીંધાઈ ગયો, મરી જઈશ તેનું મને દુઃખ નથી પણ મને કાગડો કહ્યો તેનું દુઃખ છે. મેં કુસંગે ચઢી દ્રાક્ષનો માંડવો છોડયો એનું આ પરિણામ છે. માટે હું તને શિખામણ આપું છું કે કદી કોઇ કુસંગે ચઢશો નહિ.

સત્સંગ માણસને ઊંચે ચઢાવે છે. સત્સંગ દ્વારા કંઇક પાપી પવિત્ર બની ગયા. અંગુલિમાલ આંગળીઓનો હાર પહેરતો હતો તે બુદ્ધનો સંગ થતાં સુધરી ગયો. વાલીયો લૂંટારો નારદનો સંગ થતાં લૂંટારો ફીટીને વાલ્મિકી ઋષિ બની ગયો. શાલીભદ્ર જ્યારે ભરવાડના ભવમાં હતો ત્યારે એની માતા એક સુખી અને સંસ્કારી શેઠના ઘેર કામ કરવા જતી હતી. ખૂબ સંસ્કારી, સ્વર્ગભૂમિ જેવું ઘર અને માણસો દેવના અવતાર જેવા. આ માતા પોતાના છોકરાને સાથે લઈ જતી. તે શેઠના છોકરા સાથે રમતો જમતો. આ શેઠનો છોકરો જમવા બેસતો ત્યારે સંતને વહોરાવતો. આ બધું જોઈને ભરવાડણના છોકરાને ભાવના થઈ અને તે શાલીભદ્ર બન્યો.

દેવાનુપ્રિયો! શાલીભદ્રની ઋદ્ધિ માંગો છો પણ એના જેવા બન્યા કેટલા? એની પાસે સંપત્તિ ખૂબ હતી. એનો લાભ કેટલા ગરીબોને મળતો હતો અને તમારી સંપત્તિનો લાભ કેટલાને મળે છે? આજે તો જ્યાં શ્રીમંતોના હાસ્ય છે ત્યાં ગરીબોની હાય છે. તમે સાચા શ્રીમંત બન્યા હો તો ગરીબોને દેખીને તમારું હૃદય દ્રવી જવું જોઈએ. આ પવિત્ર દિવસોમાં દાનનો પ્રવાહ વહાવો. તમે નિરાંતે દૂધ ને સાટા ખાવ છો પણ જેને લૂખા રોટલાના સાંસા છે તેવા માણસો કઈ દશામાં પડયા છે તેનો ખ્યાલ કરો. દુઃખીની દશા દુઃખી જાણી શકે છે.

દુઃખીના દુઃખની વાતો સુખી ના સમજી શકે,
સુખી જો સમજે પૂરું તો દુઃખ ના વિશ્વમાં ટકે.

ચરોતરમાં બનેલી કહાણી છે. એક ભાઇ ખૂબ દાન કરે. એક વર્ષે બે લાખ રૂપિયા ગરીબોની સેવામાં વાપરે. એમને કોઇએ પૂછયું, ભાઇ! તમે આટલા શ્રીમંત છો, વર્ષે આટલા પૈસા ધર્માદામાં વાપરો છો, છતાં આટલી સાદાઇથી કેમ રહો છો? અને તમારા કપાળમાં આટલો મોટો ઘા પડેલો છે તેને ઓપરેશન કરાવીને કેમ સરખો કરાવતા નથી? ત્યારે કહે છે, ભાઇ! આ મારા કપાળમાં પડેલો ઘા મારો ગુરુ છે. ત્યારે સામી વ્યક્તિ પૂછે છે એ ઘા તમારો ગુરુ કેવી રીતે? ત્યારે પેલા ભાઇ કહે છે, હું નાનો હતો ત્યારે અમે એક ધનવાનની બાજુમાં રહેતા હતા. એ શ્રીમંતનો દીકરો શેરીમાં રમવા આવે ત્યારે એના ખિસ્સામાં કોઇ વાર કાજુ હોય, બદામ હોય અને કોઇ વાર બરફી-પેંડાનું પડીકું હોય, એ ખાય ને મને આપે. પણ એકવાર એની મા જોઇ ગઇ, તેથી તેના દીકરાને શીખવાડયું કે તારે એને આપવાનું નહિ. માગે તો ઠીંગો બતાવવાનો. એક વખતે એ શ્રીમંતનો દીકરો કેરી લઇને બાતો બાતો આવ્યો. મેં તેની પાસે કેરી માગી તો મને ઠીંગો બતાવ્યો અને કેરી ન આપી તેથી હું ઘેર જઇને રડવા લાગ્યો અને હઠ પકડી બા, મારે કેરી બાવી છે. તું મને કેરી લાવી આપ. મને મારી માતાએ ખૂબ સમજાવ્યો પણ ન સમજ્યો એટલે મારી માતા ધનવાન શેઠને ઘેર જઇને કહેવા લાગી કે બા! તમારા છોકરાને ઘરમાં બેસીને બવડાવો. કારણ કે મારી એવી સ્થિતિ નથી કે હું મારા છોકરાને લાવી આપું અને તમારા બાળાને જોઇને મારો છોકરો હઠ કરે છે. ત્યાં શેઠાણી ક્રોધે ભરાયા અને કહ્યું કે મારો છોકરો શેરી વચ્ચે બેસીને ગમે તે બાશે. તમારે બોલવાની શી જરૂર! એમ કહીને મારી માતાને કાઢી મૂકી. હું નાનો એટલે મને એમ કે બા અંદર કેરી લેવા ગઇ છે. બા બહાર આવી એટલે મેં કહ્યું બા કેરી લાવી? પણ એનું પેલી શેઠાણીએ અપમાન કરેલું તેથી તેને ખૂબ દુઃખ થયેલું એટલે ક્રોધમાં આવી બાજુમાં પથ્થર પડેલો તે લઇને મારા પર ઘા કર્યો. માથામાંથી લોહીની ધાર થઇ. માતાને ખૂબ દુઃખ થયું ને ખૂબ રડી એટલે મેં કહ્યું, બા! તું રડીશ નહિ. હું કદી કંઇ નહિ માંગું. પછી હું માંગવાનું ભૂલી ગયો. મોટો થયો, ભણ્યો અને મારા સગાએ મને આફ્રિકા, નાયરોબી તેડાવ્યો ત્યાં જઇને ખૂબ કમાયો. ધનવાન બન્યો પણ કપાળમાં ઘા રહી ગયો. રોજ સવારમાં ઉઠીને અરિસામાં મુખ જોતાં આ ઘા જોઇને મને મારો ભૂતકાળ યાદ આવે છે કે **"બીજાના સુખે તારા કપાળમાં ઘા કર્યો પણ હવે તારું સુખ કોઇના કપાળમાં ઘા ન કરે તે યાદ રાખજે.** એમ આ ઘા મારા જીવનમાં ગુરુની ગરજ સારે છે.

દેવાનુપ્રિય! પૂર્વના પુણ્યથી તમને મળ્યું હોય તો આટલું યાદ રાખજો કે મારા સુખનો લાભ બીજાને આપું તો મને મળ્યાની સાર્થકતા છે. કદાચ કોઇને ન આપી શકો તો બીજાને દુઃખ થાય તેવું તો ન કરવું એટલો નિયમ લેજો. પરસોતમભાઇને

બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા લેવાની છે. બીજા કાર્યો પણ સંઘને ઘણાં છે. તો હવે તેમને પચ્ચખાણ અપાય છે. એમના ઉપર રંગની પીચકારી છંટાય છે તો આજુબાજુમાં બેઠેલાને છાંટા ઉડશે તો કંઈક લેજો. આનંદભાઇ પણ ભાવના જાગીને આજે જાગી ગયા. બ્રહ્મચર્યનો મહિમા અપાર છે તે અવસરે વર્ણવીશું.

☆

વ્યાખ્યાન નં. ૪૯

વિષય :- સુખનો ઉપાય

શ્રાવણ વદ અમાસ ને સોમવાર **તા. ૨૭-૮-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો !

અનંતજ્ઞાની મહાન પુરૂષોએ જગતના જીવોના ઉદ્ધાર માટે શાશ્વત સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય બતાવ્યો. આત્માનું અનંત સુખ પ્રાપ્ત કરવા માટે આ પર્વાધિરાજ પર્યુષણના દિવસો આવે છે. મંગલકારી પર્વના બે દિવસો તો વ્યતીત થઈ ગયા. આજે ત્રીજો દિવસ આવી ગયો. સુખના દિવસો જતાં વાર લાગતી નથી પણ દુઃખના દિવસો જલ્દી જતા નથી. દુઃખના દિવસો ખૂબ આકરા લાગે છે. આત્મિક સુખના દિવસો જતાં વાર લાગતી નથી. આજના વ્યાખ્યાનનો વિષય છેઃ- **સુખનો ઉપાય.**

દુનિયામાં કીડીથી માંડીને કુંજર સુધીના દરેક આત્માઓ સુખને ઇચ્છે છે. કોઈ દુઃખ ઇચ્છતું નથી. અરે ! સ્વપ્નમાં પણ દુઃખનું નામ સાંભળવું ગમતું નથી. એટલે સૌ સુખ પ્રાપ્ત કરવા દોડધામ કરે છે. પણ સુખ પ્રાપ્ત કરતા પહેલાં સુખ શું છે ? સુખ શેમાં છે ? અને સુખના ઉપાયો કયા કયા છે તે જાણવું જોઈએ. જેમ સૂયગડાયંગ સૂત્રમાં કહ્યું છે કે :-

बुज्झिज्जत्ति तिउट्टिज्जा, बंधणं परिजाणिया ।
किमाह बंधणं वीरो, किं वा जाणं त्तिउट्टइ ।।

સૂય. સૂ. અ. ૧, ઉ. ૧, ગાથા ૧

ભગવાન કહે છે હે ભવ્ય જીવો ! અનાદિકાળથી આ જીવને કયું બંધન છે તે જાણો. બંધનને તોડવાનો ઉપાય જાણો અને પછી બંધનને તોડવા પ્રયત્ન કરો. તેમ અહીં પણ સાચું સુખ કયું છે તે જાણો અને પછી સુખ મેળવવા પ્રયત્ન કરો. એક વ્યવહારિક દૃષ્ટિથી જોઇએ કે તમારે અમદાવાદ જવું છે. સ્ટેશને ગયા. ત્યાં ગાડીના ડબ્બાના માથે લખ્યું છે કે દિલ્હી એકસપ્રેસ છતાં તેમાં બેસી જાવ તો કોઇ કાળે અમદાવાદ પહોંચી શકશો ? અમદાવાદ જવું હોય તો અમદાવાદની ટ્રેઇનમાં બેસવું

જોઇએ. તે રીતે જ્ઞાની કહે છે કે જોઇએ છે સુખ અને ઉપાયો દુઃખના કરો છો. તો ત્રણ કાળમાં સુખ કયાંથી મળશે ?

જીવો સુખ કોને માને છે ? જે કાંઇ આપણને અનુકૂળ હોય તેમાં આપણને સુખ લાગે છે અને જે આપણને પ્રતિકૂળ હોય તે દુઃખ લાગે છે. કોઇ પૈસામાં સુખ માને છે, કોઇ વૈભવમાં સુખ માને છે, કોઇ ભોગવિલાસમાં સુખ માને છે તો કોઇ સ્ત્રી-પુત્ર-પરિવારમાં સુખ માને છે. કોઈ મોટી મહેલાતોમાં સુખ માને છે તો કોઇ હરવાફરવામાં અને સારા ભોજન ખાવામાં સુખ માને છે. કોઈ સુખને માટે દેવોને પૂજે છે કે મને સુખ આપો. મને ધન આપો. આમ સુખની ભીખ માંગે છે. આ પૌદ્ગલિક સુખ માંગવામાં આત્માના અક્ષય સુખને ભૂલી જાય છે. જ્ઞાની આત્મા કદી પરઘરમાં સુખ માનતો નથી અને અજ્ઞાની પરવસ્તુના સંયોગમાં સુખ અને વિયોગમાં દુઃખ માને છે અને તે રાગ-દ્વેષની પરિણતિ છે. આ પરિણતિ આત્માના શુદ્ધ ભાવને બગાડનારી છે.

જેમ અફીણ આદિ માદક પદાર્થો ખાવાથી ઘેન ચઢે છે તેમ પરમાં સુખ ન હોવા છતાં સુખ માનવાથી અજ્ઞાન અને મિથ્યાત્વનું ઝેર ચઢે છે અને આત્માને પોતાના સ્વરૂપનું ભાન ભૂલાવી દે છે. જેમ કેફી માણસ વિપરીત કાર્યો કરે છે તેમ મિથ્યાત્વ અને અજ્ઞાનને વશ થએલો માનવી વિપરીત શ્રદ્ધા અને વિપરીત આચરણ કરે છે. ખરેખર ! સાચું સુખ તો આત્મામાં છે પરમા નથી. આપણે આપણા સ્વરૂપમાં ઠરીએ તો સુખી થઇ શકીએ. અજ્ઞાનવશ આત્માને ભૂલી જઇ શરીર તરફ દૃષ્ટિ જાય છે અને તે હું છું એમ માની તેમાંથી અને ઇન્દ્રિઓમાંથી સુખ મેળવવા પ્રયત્નો કરે છે. હું દેહ છું એમ જે કોઇ માને છે તેને એમ પૂછો કે તે માનવાવાળો કોણ છે ? તે દેહ છે કે દેહથી ભિન્ન આત્મા ! આ રીતે આત્મ સ્વરૂપની પ્રતીતિ થાય તો સુખ પ્રાપ્ત થઇ શકે છે. શરીર અને ઇન્દ્રિઓ દ્વારા સુખ પ્રાપ્ત થશે એવી માન્યતા જ્યાં સુધી આત્મામાં છે ત્યાં સુધી સુખની પ્રાપ્તિ થઇ શકતી નથી. તેથી અનાત્મ ભાવને હેય ગણીને અને પોતાના આત્મ સ્વરૂપને ઉપાદેય ગણીને સમ્યક્ જ્ઞાન-દર્શન અને ચારિત્ર વડે તે સ્વરૂપને પ્રાપ્ત કરીએ તો આત્મસુખના ભોક્તા બની શકાય. ઇન્દ્રિઓના વિષયોને વશ બનીને આત્મા ક્રોધ-માન-અવિરતી, શોક, જુગુપ્સા વિગેરે દ્વેષ કરે છે અને પ્રેમ-રતિ-માયા-લોભ વિગેરે રાગ કરે છે. આ રાગાદિને આત્મિય સમજીને જીવાત્મા વ્યાકુળતા અને દુઃખ ઉત્પન્ન કરે છે મોહની આ અનાદિની પ્રકૃતિના કારણે અજ્ઞાની જીવો જેમાં પરાધીનતા રહેલી છે એવા સાંસારિક બંધનોને પણ સુખનું કારણ માને છે. અર્થાત્ પરપદાર્થોમાંથી સુખ મળશે એમ માને છે. કેવી અજ્ઞાન દશા છે ! આ અજ્ઞાન દશામાં પ્રવર્તતો આત્મા કર્મોની સાંકળને તોડી શકતો નથી.

દેવાનુપ્રિયો ! તમને એમ થતું હશે કે ચક્રવર્તિઓ, ઇન્દ્રો મહાન સુખી છે

પણ જ્ઞાનીઓ કહે છે કે જે સુખ ચક્રવર્તિ, વાસુદેવ, બળદેવ અને માંડલિક રાજાઓની પાસે નથી તે સુખ અને આનંદ આત્મામાંથી મેળવી શકાય છે. ઇન્દ્રિયજન્ય સુખ અને આનંદ પરાધીન છે અને આત્મિય સુખ અને આનંદ સ્વાધીન છે. આત્મા અનંત સુખનો સ્વયંભૂરમણ સમુદ્ર છે. અનંત સુખનો નિધી છે. આવી પ્રતિતી થાય તો સાચું સુખ પ્રાપ્ત થાય. મોહાંધકાર દૂર થાય તો આત્મા અંતર્દૃષ્ટિ કરીને પોતાના આત્મ સ્વરૂપને જુએ છે. જ્યારે આત્મા નિજઘરનો રહેવાસી બને, નિજગુણોમાં અનુરક્ત બને ત્યારે તેમાંથી આનંદ અને સુખ મેળવે છે અને અનાદિની મિથ્યાભ્રમણા દૂર થાય છે ને સાચું કયાં છે, કયાંથી મળે છે તેનું જ્ઞાન થાય છે.

સાચું સુખ જો મેળવવું હોય તો તૃષ્ણાના તંતુને કાપી નાંખો. જે સુખ અને જે આનંદની પાછળ દુઃખ ન હોય તે સાચું સુખ છે. પણ જે સુખની પાછળ દુઃખ રહેલું છે તે સુખ નહિ પણ સુખાભાસ છે. પુણ્યના યોગે તમને વર્તમાનમાં સુખ મળ્યું હોય પણ તે સુખ બીજા દિવસે નષ્ટ થઈ જાય તો શું એને સુખ કહેવાય? "ના". એ તો સુખની કલ્પના છે. શાતાનો ઉદય પૂરો થઈ જાય એટલે અશાતાનો ઉદય થઈ જાય અને અશાતાનું દુઃખ આવીને ઉભું રહે છે તો તેને સુખ કેવી રીતે માનવું? શાતાવેદનીય-જન્ય સુખ તે સાચું સુખ નથી, વાસ્તવિક સુખ નથી. શાતા અને અશાતા બંને દુઃખરૂપ છે. માટે તેને દુઃખરૂપ માનો, કારણ કે કાલ્પનિક સુખ શરીર અને ઇન્દ્રિઓ વડે મળે છેઃ શાતાના ઉદયથી મળે છે. કર્મનો સ્વભાવ કદી પણ આનંદ આપવાનો નથી. તેનો સ્વભાવ તો આત્મિક ગુણોને આવરનારો છે. તેથી વેદનીયજન્ય શાતા કે અશાતાના અભાવમાં સુખ છે. એ બંનેના અભાવમાં આત્મિક આનંદ પ્રાપ્ત થાય છે. માટે અમે કહીએ છીએ કે રત્નત્રયીની આરાધના દ્વારા તે પ્રાપ્ત થાય છે માટે તેના દ્વારા આત્મિક સુખ પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કરો. પૌદ્ગલિક સુખોની પાછળ અનંતકાળનું દુઃખ રહેલું છે. તેની પાછળ રાત-દિવસ દોડધામ કરો છો ને તેની પાછળ પાગલ બનો છો તો શું એ આત્માની અજ્ઞાનદશા નથી? ખોટો ભ્રમ નથી? મોહદશા નથી? આત્માએ અનાદિથી એ કામ કર્યું છે. સ્વરૂપથી ભ્રષ્ટ થએલા જીવોના આ પરિણામ છે. કહ્યું છે કેઃ-

અનંત સુખ નામ દુઃખ, ત્યાં ન રહી મિત્રતા
અનંત દુઃખ નામ સુખ, પ્રેમ ત્યાં વિચિત્રતા!

બંધુઓ! સુખ તો તમારામાં છે. તે કયાંય બહારથી આવતું નથી અને બહારથી આવવાનું પણ નથી. આખો દિવસ બજારમાં વહેપાર કરીને વહેપારીઓ સાંજે પોતાને ઘેર આવે છે. આખો દિવસ વનના વિવિધ વૃક્ષો ઉપર બેસનારા પક્ષીઓ સાંજ પડતા પોતાના માળામાં આવે છે. દિવસભર ખેતરમાં કામ કરનારો ખેડૂત સાંજે ઘેર આવીને આનંદનો અનુભવ કરે છે. આ બધાય પોતાને ઘેર આવીને સુખ માને છે. આતો એક

દૃષ્ટાંત છે પણ આમાંથી આપણે સાર એ લેવો છે કે આપણો આત્મા એ આપણું નિજઘર છે. તો આત્માના સ્વભાવમાં સ્થિર બની જાવ અને બાહ્ય પદાર્થોમાં મારાપણાની બુદ્ધિને તિલાંજલી આપી દો. તમે નિજઘરમાં આવશો ત્યારે તમને સાચા સુખનો અનુભવ થશે. આત્માનું જે સુખ પ્રાપ્ત થાય છે તે શાશ્વત સુખ છે. આત્માનું સુખ શાશ્વત શા માટે? તેનું કારણ એ છે કે આત્મા સ્વયં શાશ્વત છે. નાશવંત નથી. માટે તેમાંથી પ્રાપ્ત થતું સુખ પણ શાશ્વત છે. પર વસ્તુનો સંયોગ નાશવંત છે. જેનો સંયોગ છે તેનો વિયોગ અવશ્ય છે તેથી જે સંયોગ સુખદાયી લાગતો હોય તે નાશવંત હોવાથી તેનું સુખ શાશ્વત નથી. શાતા કે અશાતા, પુણ્ય કે પાપ શુભાશુભ કર્મની પ્રકૃતિના કારણે થાય છે અને તે પ્રકૃતિઓ શાશ્વત નથી તેથી તેમાંથી મળતું સુખ પણ શાશ્વત નથી તેથી તમે પરપુદ્ગલમાંથી જે સુખ મેળવવાને ઈચ્છો છો તે શાશ્વત નથી. તેથી તમે પરપુદ્ગલ વડે જે સુખ મેળવવા ઈચ્છો છો તે સુખ ત્રણેય કાળમાં મળે તેમ નથી. મહાન પુરૂષોએ જે સુખનો સાચો માર્ગ બતાવ્યો છે તે માર્ગે ચાલવાથી કર્મોને ખપાવી સાચું સુખ મેળવી શકશો. તમે કહેશો કે ધનથી સુખ પ્રાપ્ત થાય છે તો તમને કકડીને ભૂખ લગી હોય અને સો રૂપિયાની નોટ મોઢામાં મૂકશો તો તમારી ભૂખ મટી જશે ખરી? જો ધનમાં સુખ છે તો ભૂખ કેમ ન મટી? સોનું-રૂપું વિગેરે જે પરિગ્રહનો તમે સંગ્રહ કરો છો અને જેના ઉપર તમે અત્યંત રાગ રાખો છે તે તમને એમ નથી કહેતા કે અમારા ઉપર રાગ કરો.

દુઃખકારક નહિ વસ્તુ વ્યકિત, દુઃખકારક છે મમતા રાગ,
બંધન છે આસકિત કાજે, જગત પ્રભુનો સુંદર બાગ.

કોઇ પણ વસ્તુ કે વ્યકિત પોતે ખરાબ નથી પણ તેના પ્રત્યેની આસકિત ખરાબ છે. તેના પ્રત્યેનો રાગ જીવને દુઃખ કરાવે છે. માટે જ્ઞાની વારંવાર કહે છે જડ પદાર્થો ઉપર રાગ ન કરો. રાગના કારણે જીવ જ્યાં ગયો ત્યાં રિબાયો છે. રાગનો રોગ જીવને હેરાન કરે છે અને કર્મનું બંધન કરાવે છે ને ભવભ્રમણ કરાવે છે પરંતુ સાચું સુખ પ્રાપ્ત થતું નથી. સાચું આત્મામાંથી પ્રાપ્ત થાય છે અને તેનો ઉપાય મનુષ્યભવમાં થઇ શકે છે કારણ કે દેવો દિવ્યસુખો ભોગવવામાં આયુષ્યને પૂર્ણ કરે છે. નારકીઓ નરકની અનંત વેદના ભોગવી રહ્યા છે ને તિર્યંચો પરાધીન છે. તેનામાં આત્મજાગૃતિ હોતી નથી. માટે આત્મિક સુખની પ્રાપ્તિ માટે તો મનુષ્યભવ એક સાનુકુળ છે. દેવતાઓ ભૌતિક સુખના ભોકતા ભલે હોય પણ મનુષ્યની જેમ આત્મસાધના માટે વ્રત, પ્રત્યાખ્યાન, તપ કે ચારિત્ર ગ્રહણ કરી શકતા નથી. આત્મસાધનાનો અમૂલ્ય અવસર તો મનુષ્યને મળ્યો છે. આ મનુષ્યજન્મ સિવાય બીજા કોઇ જન્મમાં આત્માના સ્વરૂપનો નિશ્ચય થતો નથી કે તેના માટે ચારિત્રની આરાધના થતી નથી. માટે બંધુઓ!

તમે દુઃખનો વિનાશ કરવા અને સુખની પ્રાપ્તિ કરવા જ્ઞાનરૂપી સુધારસનું પાન કરી સંસારસમુદ્રને પાર કરવા માટે, કર્મોનો ક્ષય કરવા માટે આ પર્યુષણના પવિત્ર દિવસોમાં જ્ઞાનપૂર્વક તપ વિગેરે શુભ અનુષ્ઠાનો કરો. પાપકર્મથી નિવૃત બનો અને શુભ કાર્યોમાં પ્રવૃત બનો. શુભ ધ્યાનથી પુણ્ય બંધ થાય છે ને અશુભ ધ્યાનથી પાપનો બંધ થાય છે અને શુદ્ધ ધ્યાનથી કર્મોની નિર્જરા થાય છે.

સમ્યકદર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર વિના ધ્યાન થઇ શકતું નથી. જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલા તત્ત્વો ઉપર રૂચિ એટલે શ્રદ્ધા ને પ્રતીતિ કરી તે તત્ત્વોને યથાર્થ રૂપે જાણવા અને સાવદ્ય પાપકારી પ્રવૃત્તિથી નિવૃત થવું તે સમ્યક્દર્શન–જ્ઞાન અને ચારિત્ર છે. સત્પુરૂષોના સમાગમથી સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ક્રોધાદિ કષાયોથી મલિન થયેલું મન વિશુદ્ધ બને છે. આરંભાદિ કાર્યોથી વિરતી પામે છે અને નિજ તત્ત્વનો જાણકાર બને છે. માટે આત્માના શાશ્વત સુખ માટે, મોક્ષના શાશ્વત આનંદ માટે સમ્યક્દર્શન, જ્ઞાન અને સમ્યક્ ચારિત્રમાં પ્રવૃત્તિ કરો, પરિગ્રહ પરની મૂર્છા ઘટાડો, સત્ય–ક્ષમાદિ ગુણોમાં દિન પ્રતિદિન વૃદ્ધિ કરો, હિંસાદિ કાર્યોથી વિરતી પામો. સંસારના બંધનોનો નાશ એ આત્માનો આનંદ અને એ આત્મનું સુખ છે ને એનાથી આત્મિક સુખ પ્રાપ્ત થાય છે. આ મનુષ્યજન્મને ધાર્મિક અનુષ્ઠાનો કરી સફળ બનાવો.

સર્વાર્થસિદ્ધ વિમાનના મહાન ઋદ્ધિવંત અને પુણ્યવંત દેવોને સિદ્ધક્ષેત્ર કેટલું દૂર છે? તેમના વિમાનની ધ્વજાથી ફક્ત બાર યોજન મુકિતશીલા ઉંચી છે અને સિદ્ધ શીલાના એક યોજનના છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગ ઉપર સિદ્ધ ભગવંતો અનંત અવ્યાબાધ આત્મિકસુખની લહેરમાં બિરાજે છે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોને સિદ્ધક્ષેત્ર આટલું નજીક હોવા છતાં પણ તે દેવો ત્યાંથી સીધા મોક્ષમાં જવાને શક્તિમાન નથી પણ આ માનવદેહ દ્વારા આત્મસાધના કરીને, કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સિદ્ધ બની શકાય છે. માટે સમજી લો કે બીજા ભવ કરતાં માનવભવનું મહત્વ કેટલું અધિક છે માટે પ્રમાદનો ત્યાગ કરીને આ પર્યુષણ પર્વમાં આત્મસાધનામાં જોડાઈ જાવ. પ્રમાદ એ આત્માનો શત્રુ છે. પ્રમાદને તમારા આત્મામાં પ્રવેશવા ન દો અને પરિગ્રહની મમતા છોડો. જેટલો પરિગ્રહ ઘટાડશો તેટલા પાપના ભારથી હળવા બનશો. જેટલો પરિગ્રહ વધુ તેટલું દુઃખ વધુ. પરિગ્રહ ઘટાડશો તેટલું સુખ તમારી નજીક આવશે. ભગવાને બતાવેલા ચારિત્રમાં સ્થિર થયેલો સાધુ સર્વાર્થસિધ્ધ વિમાનના દેવોના સુખને પણ ઉલ્લંઘી જાય છે.

ભગવતી સૂત્રના ચૌદમા શતકના નવમા ઉદ્દેશામાં ભગવંતે કહ્યું છે કે એક માસની દીક્ષાપર્યાયવાળો શ્રમણ નિગ્રંથ વાણવ્યંતર દેવોના સુખને ઉલ્લંઘી જાય છે અને બાર મહિનાની પર્યાયવાળો શ્રમણ અનુત્તર વિમાનવાસી દેવોના સુખને ઉલ્લંઘી જાય છે.

એટલે કે તે દેવોના સુખો કરતાં પણ અધિક સુખોનો અનુભવ કરે છે. આનું મુખ્ય કારણ અકિંચનતા–પરિગ્રહ પ્રત્યેનો અનાસકત ભાવ અને જ્ઞાનમાં રમણુતા છે. આ કારણોથી આત્મિકસુખની વૃધ્ધિ થાય છે. ત્યાગ અને વૈરાગ્યમાં જે સુખ છે તે ભોગ અને આસકિતમાં નથી. તો પછી ભૌતિકસુખની તુલના આત્મિકસુખ સાથે કેવી રીતે થઇ શકે ? આટલા માટે વૈરાગ્યવંત નિગ્રંથમુનિઓ દેવોના સુખો કરતાં પણ અધિક સુખ ભોગવે છે. જો પૈસામાં સુખ હોત તો મુનિઓ પાસે તો એક રાતી પાઇ નથી. છતાં ભગવાને કહ્યું છે કે " एगंतसुही मुणी वीतरागी " વીતરાગનો વારસદ્વાર મુનિ એકાંત સુખી છે. એના જેવું દુનિયામાં કોઇ સુખી નથી. પણ આ વાત તમારા ગળે ઉતરતી નથી.

તમે સુખ પૈસામાં માન્યું છે. પૈસો મેળવવા માટે માનવી માનવજાતને ન છાજે તેવા કામ કરાવે છે. પૈસા ખાતર માનવી પાપ કરતાં પણ અચકાતો નથી. પૈસાની મમતા ખરાબ છે. અઢાર પાપ સ્થાનકમાં પાંચમું પાપ સ્થાનક પરિગ્રહ છે. પરિગ્રહને પાપસ્થાનક કહ્યું છે, સુખસ્થાનક નથી કહ્યું. તો ઘરમાં અતિપરિગ્રહ ભેગો કરવો તે પાપને ભેગો કરવા બરાબર છે. ઘરમાં એક નાનકડો સાપ નીકળે તો તેને ઘરમાં રાખો છો ખરા ? અરે, સાપ દેખા દઇને પાછો કયાંક ભરાય જાય છે તો ગમે તેમ કરીને શોધીને મૂકી આવો છો પણ ઘરમાં રહેવા દેતા નથી. કારણ કે તમને સાપની બીક લાગે છે. તો હું તમને પૂછું છું કે તમને જેટલી સાપની બીક લાગે છે તેટલી પાપની લાગે છે ખરી ? જ્યારે તમને પાપની બીક લાગશે ત્યારે પરિગ્રહની મમતા નહિ રહે. જેમ સાપની બીક લાગે છે તેમ પાપની બીક લાગશે. પરિગ્રહ કેટલો અનર્થ કરાવે છે તેના ઉપર એક બનેલી કહાણી કહું છું.

એક નાનકડા ગામમાં બજારમાં સામાસામી બે દુકાનો હતી. આ બંને દુકાનદારો બાલપણના મિત્રો હતા. બંને સાથે રમેલા, ભણેલા અને સાથે દુકાનો નાંખી હતી. બંનેના માતા–પિતા મરણ પામેલા અને બંને કુંવારા હતા. પણ એવો પાપનો ઉદય હતો કે બેમાંથી એકેયની દુકાને આસ ઘરાક ન આવે. જ્યાં પુણ્યનો ઉદય હોય છે ત્યાં દુકાનમાં ભીડ જામે છે ને લાવો, લાવો ને લાવો થાય છે. દુકાનમાં માલ ખૂટી જાય છે ત્યારે આ બંને મિત્રોની દુકાને કાગડા ઉડે છે. માલ ખપતો નથી અને દુકાનનું ભાડું પણ માથે ચઢે છે. ત્યારે બંને મિત્રો વિચાર કરે છે આપણે તો બેકાર થઇ ગયા. આ ગામડા ગામમાં આપણે ઉંચા આવીશું નહિ. ચાલો બીજે કયાંક જઈને દુકાન કરીએ તો વળી સુખી થઇએ ! પણ જવું કયાં ! ત્યારે એક કહે ચાલો મુંબઇ જઇએ. મુંબઇમાં ધંધાપાણી સારા ચાલે છે ત્યાં આપણું પોષણ થશે. આવો વિચાર કરીને બંને જણાએ દુકાન વેચી નાંખી. એકને દુકાનના બે હજાર અને બીજાને બાવીસો રૂપિયા આવ્યા. એટલે કુલ રૂ. ૪૨૦૦ લઈને મુંબઈ જવા નીકળ્યા. ટીકીટ લીધી.

ગાડીમાં બેઠા અને મુંબઈમાં આવ્યા. મુંબઇમાં કોઈ તેમનું સગું વહાલું કે ઓળખીતું નથી. તો જવું કયાં ? ખૂબ મુંઝાયા. મુંબઇના સ્ટેશને ઉતરી એક ટેકસીવાળાને બોલાવીને પૂછયું કે અમે પહેલવહેલા મુંબઈ આવ્યા છીએ. કયાં જવું ? એટલે ટેકસીવાળાએ એક સારી હોટલ બતાવી.

ટેકસીવાળો કહે છે ભાઇ ! તમે મૂંઝાવ નહિ. તમે મારી ટેકસીમાં બેસી જાવ. હું તમને હોટલમાં પહોંચાડી દઉં. બંને જણા હોટલમાં ગયા. તમારા ગામમાં ભલાભોળાનું તો કામ નહિ. ટેકસીવાળાએ જાણ્યું કે નવા છે એટલે બે રૂપિયાના બદલે પાંચ રૂપિયા ભાડું લઇ લીધું. એ બંને મિત્રોને ભાડું તો વધારે લાગ્યું. પણ શું કરે ? આપવું પડયું. હવે બંને જણા બે રૂમ જુદી જુદી ભાડે રાખે છે. પણ મુર્ખના સરદારોને અબર નથી પડતી કે બંને વચ્ચે એક રૂમ રાખીએ. એકેક રૂમનું રોજનું દશ રૂપિયા ભાડું ચઢે છે. બંને મિત્રો મુંબઇમાં રોજ ફરવા જવા લાગ્યા. મુંબઇના લોકોને રોજ નવા કપડા પહેરીને ફરવા જતા આવતા જોઈને બંને મિત્રોને લાગ્યું કે આપણે અહીં તો ગામડીયા જેવા લાગીએ છીએ. થોડા નવા કપડા વિગેરે ખરીદીએ. બંને જણાએ નવા કપડા વિગેરે જોઇતી ચીજો ખરીદી. આમ મુંબઇમાં પાંચ-છ દિવસમાં તો રૂ. ૫૦૦નો ખર્ચો થઇ ગયો. મિત્રો ઘેરથી નીકળ્યા ત્યારે નિર્ણય કર્યો હતો કે મુંબઈમાં જઇને ખૂબ પૈસા કમાઇશું. જો પૈસા નહિ કમાઈએ અને પૈસા ખલાસ થઈ જશે તો દરિયામાં પડીને ડૂબી મરીશું.

બંને જણા મુંબઇમાં ફરે છે. કયાં જવું ને શું ધંધો કરવો તે હજી નિર્ણય કર્યો નથી. એક દિવસ ફરતા ફરતા સટ્ટાબજાર આગળથી પસાર થાય છે. ત્યાં લીયા ને દીયા. આવો અવાજ આવ્યો. સાંભળીને ત્યાં ઉભા રહ્યા. એમણે કોઇ દિવસ સટ્ટાબજાર જોયો ન હતો. ત્યાં એક ભાઈને પુછયું કે આ બધા લીયા ને દીયા શું બોલે છે ? ત્યારે કહે છે આ ધંધામાં પાંચ રૂપિયા લગાડવાથી પચ્ચીસ મળે છે અને કેવી રીતે સટ્ટો કરવો તે બધું સમજાવી દીધું. આ સાંભળી બંને જણા વિચાર કરે છે આ ધંધો સારો. એમણે ત્યાં જઈને પાંચ રૂપિયા લગાડયા ને પચ્ચીસ મળ્યા. બંને મિત્રોમાં એક જરા સારો ને વિવેકવાન હતો. તેણે કહ્યું ભાઇ ! આ ધંધો સારો નથી. લોભને થોભ નથી. જેમ પૈસા મળે છે તેમ વધુ મેળવવાની ઇચ્છા થાય છે. ત્યારે બીજો કહે છે કંઇ નહિ. આપણે હમણાં સટ્ટો કરીએ અને થોડું કમાઇ લઇએ એમ વિચારી રોજ સટ્ટા બજારમાં જઇ સટ્ટો કરવા લાગ્યા. બીજે દિવસે રૂા. ૫૦ લગાડીને સો કમાયા. ત્રીજે દિવસે ૧૦૦ રૂપિયા લગાડીને ૫૦૦ રૂા. કમાયા. આમ કરતા મહિના સુધી ધંધો કર્યો અને હિસાબ કર્યો તો રૂા. ૨૦,૦૦૦ કમાયા. બંને જણા ખુશ થયા. અહો ! આપણા ગામમાં તો મહેનત કરીને મરી જતાં તો પણ માંડ પેટ પૂરતું મળતું. અહીં તો વગર મહેનતે એક મહિનામાં રૂા. ૨૦,૦૦૦ કમાયા. આનંદનો પાર ન રહ્યો.

દેવાનુપ્રિયો! સટ્ટાનો ધંધો સારો નથી. સટ્ટામાં વગર મહેનતે પૈસા મળે છે. ગરીબ ને શ્રીમંત બની જતાં વાર નથી લાગતી તેમ શ્રીમંતને ગરીબ બનતાં પણ વાર નથી લાગતી. માટે પરિશ્રમથી જે પૈસા પેદા થાય છે તે સાચા છે. તેનાથી આત્મા સંતોષ અનુભવે છે ને સંતોષ જેવું બીજું સુખ નથી. આ બંને મિત્રોને છ મહિનામાં રૂા. દશ લાખ મળ્યા. વળી બીજા છ મહિના ગયા ને હિસાબ કર્યો તો બંને વચ્ચે રૂપિયા વીસ લાખ મળ્યા. એટલે પેલો વિવેકી મિત્ર કહે છે કે ભાઇ! બસ, હવે આપણને ઘણું મળી ગયું ત્યારે બીજો લોભી કહે છે આપણે ક્રોડપતિ બનીએ. ત્યારે કહે છે ભાઇ કોને ખબર છે ક્રોડપતિ બનતાં રોડપતિ નહિ બની જઈએ! તેના કરતાં આપણે મુંબઇમાં આવીને સુખી થયા છીએ. વીસ લાખમાંથી બે લાખ ધર્માદામાં વાપરીએ. ત્યારે લોભી મિત્ર કહે છે હા.... ધર્માદા કરવા કમાયા છીએ? મારે ધર્માદો કરવો નથી, પેલાને પણ બેસાડી દીધો.

બંધુઓ! જુઓ, આ દૃષ્ટાંતમાંથી તમને જાણવા મળશે કે અતિ લોભ એ પાપનું મૂળ છે. પૈસા કેવા પાપ કરાવે છે! પણ પાપ જીવને છોડે તેમ નથી. "ओ दुनिया को लूटनेवाले एक दिन तू भी लूंटा जायेगा।" બંનેએ નિર્ણય કર્યો કે હવે આપણે વીસ લાખ રૂપિયા લઇને દેશમાં જઇએ. આપણું દેશમાં માન વધી જશે. દેશમાં જવાનું નક્કો કર્યું. પણ પહેલો કહે છે આપણે અઠવાડીયું મુંબઇમાં રહીને બરાબર હરીફરી લઈએ પછી દેશમાં જઈએ. તેથી અઠવાડીયું રહેવાનું નક્કી કર્યું. પેલો લોભી મિત્ર વિચાર કરે છે આ વીસ લાખમાંથી બે ભાગ પડી જશે. એટલે મારા ભાગે તો દશ લાખ આવશે. જો હું કોઇ પણ રીતે આને મારી નાંખું તો વીસ લાખનો હું માલિક બની જાઉં. પણ એને કેવી રીતે મારવો તેનો ખૂબ વિચાર કરવા લાગ્યો. જો અહીં ગળું દબાવીને કે ઝેર દઇને અગર શસ્ત્રથી મારી નાંખું તો તેની લાશનું શું કરવું? એમ ઘણું વિચાર કરે છે પણ ઉંઘ આવતી નથી. પેલો તો બિચારો ભલો હતો. એના પેટમાં જરા પણ પાપ ન હતું. એ તો આરામથી ઘસઘસાટ ઉંઘે છે. એના પેટમાં બિલકુલ કપટ નથી જ્યારે પેલાના પેટમાં કપટ છે એટલે ઉંઘ આવતી નથી. મોડી રાત થઈ. એને એક વિચાર આવ્યો પછી ઉંઘી ગયો. ધનનો લોભ કેવા પાપ કરાવે છે.

આ નાણું કયાંથી આવે છે ને જોડે શું શું લાવે છે,
અન્યાય અનીતિ, કરચોરી ને કાળા કામ કરાવે છે.
જે નાણામાં નિર્ધનની હાય, મહિમા એનો વધતો જાય,
અરે વાહરે વાહ પૈસાની જગમાં.....

સટ્ટામાં પૈસા કમાયા. એ નાણું ભેગું કેવું ઝેર લઈને આવ્યું કે જેથી બીજાની

મનોવૃત્તિ બગડી. લોભી મિત્રે હોટલમાં જઈને એક માણસને ફોડયો ને કહ્યું કે અમે બે મિત્રો ચા પીવા આવીએ ત્યારે તારે ચાના બે ગ્લાસ લાવવાના, તેમાં એક ગ્લાસમાં ખૂબ ઉંચો ઢારૂ નાંખવાનો અને તે ગ્લાસ મારી સાથેના માણસને આપવાનો ને મને બીજો ગ્લાસ આપવાનો. બધું આગળથી સમજાવી આવ્યો. પછી બંને મિત્રો ચા–નાસ્તો કરવા હોટલમાં ગયા, અને તેના કહેવા મુજબ પેલો માણસ ચાના બે ગ્લાસ લાવ્યો ને ઈશારાથી સમજાવી દીધું. પેલો તો બિચારો નિષ્કપટી ને સરળ છે. એને તો સ્વપ્નેય ખ્યાલ નથી કે મને મારી નાંખવાનું કાવતુ રચાયું છે. બંને જણા ચા પીને બહાર નીકળ્યા. જેણે કદી ઢારૂનું એક ટીપું પીધું નથી તેને તો નશો જલ્દી ચઢે છે. તેમાં પણ પુલપાવર ઉંચી જાતનો ઢારૂ હોવાથી થોડીવારમાં એના હાથ–પગ તૂટવા લાગ્યા. મિત્રને કહે છે ભાઈ! મારો જીવ ગભરાય છે અને મને કંઈક થઈ જાય છે તો ચાલ ડૉકટર પાસે જઈએ ત્યારે કહે છે ભાઈ! ડૉકટર પાસે જવાની કંઈ જરૂર નથી. હમણાં ગરમી ખૂબ પડે છે એટલે તને એવું થાય છે. ચાલો, આપણે ખુલ્લી હવામાં જઈએ એટલે તને સારું થઈ જશે. ટેકસીવાળાને પણ અગાઉથી કહી રાખેલું હતું એટલે બંને જણા ટેકસીમાં બેસી ગયા. સૂચના મુજબ ટેકસીવાળો જ્યાં કોઈ માણસ ન હોય તેવા દરિયા કિનારા આગળ લઈ ગયો અને ત્યાં ઉતારીને ટેકસી છૂટી કરી દીધી. આટલો સમય થયો છે એટલે પેલો તો ખૂબ બેભાન બની ગયો છે. પેલાએ ચારે તરફ દૃષ્ટિ ફેરવી કે મને અહીં કોઈ જોતું તો નથી ને? હું આને દરિયામાં ફેંકી દઉં. દરિયાની ભરતીમાં તણાઈ જશે પછી મારે કંઈ ચિંતા નહિ. હું વીસ લાખનો માલિક એકલો બની જઈશ. આમ વિચાર કરીને એને દરિયાની પાળ ઉપર લાવીને સૂવાડયો. દરિયામાં ભરતી ખૂબ આવી છે. ઠંડી હવા આવી રહી છે એટલે એનામાં થોડું ચેતન આવ્યું. આંખો ખોલી તો તેને દરિયાની પાળ ઉપર સૂવાડયો છે. પૂછે છે મિત્ર! મને અહીં કેમ સૂવાડયો છે! અને તું મને ધક્કો મારે છે? ત્યારે કહે છે તારા અને મારા વચ્ચે જે દશ લાખની દીવાલ છે તેને દૂર કરવા અને તારા દશ લાખના માલિક મારે બનવું છે. ત્યારે મિત્ર કહે છે તારે મારા દશ લાખ રૂપિયા જ જોઈએ છે ને? ખુશીથી લઈ લે પણ મને ધક્કો ન માર. મને જીવતો છોડી દે. ત્યારે કહે છે તને જીવતો રાખવા અહીં નથી લાવ્યો. હવે જીવાડું તો મારું પોકળ ખુલ્લું જ થઈ જાય ને? બિચારો ખૂબ કરગરે છે, રડે છે પણ પૈસાના લોભથી ક્રૂર રાક્ષસ જેવા બનેલા મિત્રને જરા દયા પણ ન આવી. એનું કઠોર હૃદય પીગળ્યું નહિ. પેલાને દરિયાનું ભંયકાર પાણી જોઈ ચકકર આવી ગયા. હવે આ મને જીવતો નહિ રહેવા દે. એને ફરીને ચકકર આવી ગયા ને પાછો બેભાન બની ગયો અને પાપીએ તેને ધક્કો મારીને દરિયામાં નાંખી દીધો અને પોતે હોટલમાં આવી ગયો.

દેવાનુપ્રિયો! પૈસાના પ્રલોભનમાં પડી પાપ કર્યું પણ પાપ કદી છૂપું રહેતું

નથી. ભલે બીજા કોઇ ન જાણે પણ પોતાનું અંતર તો જાણે છે ને? જ્ઞાની કહે છે પાપી સદાય ભયભીત રહે છે ને પુણ્યશાળી સદાય નિર્ભય રહે છે. પોતે હોટલમાં ગયો પણ ચેન પડતું નથી. એને મિત્રના શબ્દો યાદ આવે છે. ભાઇ! મારાપર દયા કર. મને બચાવી લે અને તેની અશ્રુભરી દયામણી આંખો યાદ આવે છે. હોટલવાળો પણ પૂછે છે તમારો મિત્ર ક્યાં ગયો? પણ તેને ખોટું સમજાવી દે છે કે એ દેશમાં ગયો અને પોતે બીજે દિવસે બેંકમાં જઇ મિત્રના નામના દશ લાખ રૂપિયા પોતાની સહી કરીને ઉપાડી લે છે ને વીસ લાખનો માલિક બની દેશમાં આવે છે. ગામના લોકો પૂછે છે તું આવ્યો ને તારો મિત્ર કેમ નથી આવ્યો? એ ક્યાં ગયો? પણ એ યોગ્ય જવાબ આપી શકતો નથી. જેમતેમ ગલ્લા-તલ્લા કરી બધાને સમજાવી દે છે.

ગામમાં પોતે સારી એવી જમીન લઇને મોટો બંગલો બંધાવે છે. હવે તો ધનવાન બન્યો એટલે સારા ઘરની કન્યા સાથે તેના લગ્ન પણ થઇ ગયા અને પોતે બંગલામાં આનંદથી રહે છે. હવે ભાઇની સુખની સીમા નથી. બંગલો બંધાવ્યો. મોટર લાવ્યો. મનગમતી પત્ની મળી. બધું સુખ છે પણ અંદરથી તેનો ચેતનદેવ રડી રહ્યો છે. મિત્રનો દયામણો ચહેરો, તેની આજીજી અને કાલાવાલા. મિત્ર! તું મને દુનિયામાં ફેંકી ન દઇશ. આ દૃશ્ય એની નજર સમક્ષ ખડું થઇ જાય અને એનું મન બેચેન બની જતું. સમય થતાં તેને ઘેર એક પુત્ર થાય છે. પુત્રને ખૂબ લાડકોડથી ઉછેરે છે. ગામડામાં તો પાંચ ધોરણ સુધી ભણવાનું હતું. એ પૂરું થયું એટલે બીજા મોટા શહેરમાં કોલેજમાં દાખલ કર્યો. સમય જતાં એ ગ્રેજ્યુએટ પાસ કરી M. A. માં આવે છે. છેલ્લુ વર્ષ છે એટલે ભણવામાં ખૂબ મહેનત કરે છે. ખૂબ શ્રમ પડવાથી દીકરો એકાએક બિમાર પડે છે. એને બ્લડ કેન્સરનો રોગ થાય છે. રોજ ડૉકટરોને બોલાવે છે. એને તપાસીને દવા ઇંજેકશનો આપે છે પણ સારું થતું નથી. છોકરો માછલી પાણી વિના તરફડે તેમ તરફડે છે. છેવટે ડૉકટરો કહે છે તમે એને મુંબઈ જેવા મોટા શહેરમાં લઇ જાવ. હવે અમારી મતિ ચાલતી નથી. તે સમયમાં આવા રોગો ડૉકટર પિછાણી શકતા ન હતા અને આવી શોધખોળો પણ ન હતી ને સાધનો પણ ન હતાં કે જલ્દી સારું થઇ જાય.

ડૉકટરની સલાહ મુજબ એને મુંબઈ લાવ્યા. ને મોટામોટા ડૉકટરોને બતાવ્યું. ડૉકટરોના હાથ નીચે એની ટ્રીટમેન્ટ શરૂ કરી. છોકરાંની પાછળ મા–બાપ પૈસાના પાણી કરે છે. કયારેક છાનામાના રડી લે છે. પણ દીકરાને જરાય સારું થતું નથી. ફરીને બીજા મોટા મોટા ડૉકટરોને બોલાવીને તપાસ કરાવે છે. શેઠ ડૉકટરને કહે છે સાહેબ! મને પૈસા કરતાં મારો દીકરો વહાલો છે. એની સારવાર અને દવામાં જરા પણ કમીના ન રાખશો. પણ મારો દીકરો સાજો થાય તેમ કરો. ત્યારે ડૉકટરો એને લંડન સારવાર માટે લઇ જવાનું

કહે છે. છોકરાને પ્લેનમાં લંડન લઈ જાય છે. ત્યાં ચાર મહિના સુધી હોસ્પિતાલમાં રાખ્યો ને સારવાર કરી પણ સારું ન થયું. મા-બાપ ચોધાર આંસુએ રડે છે. બાપ રડતો રડતો કહે છે મારા પાપ મને નડ્યા. દુનિયામાં પાપ કદી છાનું રહેતું નથી. અરેરે....મેં નિષ્ઠુરે દશ લાખના લોભે મારા મિત્રને દરિયામાં ફેંકાવી દીધો. એ કેવો કાલાવાલા કરતો હતો! એની આંખોમાં મારી જેમ આંસુ વહેતા હતાં. એને કેવું દુઃખ થયું હશે! આ શબ્દો બાપ બોલ્યો ને દીકરાના કાને શબ્દ અથડાયો કે મને દરિયામાં ન નાંખી દઈશ. તારે મારા દશ લાખ રૂપિયા જોઇતા હોય તો લઇ લે. ત્યાં એને ગત ભવનું જાતિસ્મરણ જ્ઞાન થયું. એને દવાનો છેલ્લો ડોઝ પાવામાં આવ્યો. હવે એને દવાની પણ જરૂર ન હતી. એના પિતાજીને બોલાવે છે ને નોકર-ચાકરોને રૂમમાંથી બહાર મોકલે છે. શેઠ આવ્યા એટલે દીકરો કહે છે બાપુજી! તમે મને ઓળખ્યો? ત્યારે શેઠના મનમાં એમ થયું કે દીકરો ઘણા વખતથી બિમાર છે એટલે એ અકળાઇ ગયો છે તેથી આમ બોલતો હશે. બાપ કહે છે બેટા! આરામ કર. ત્યારે છોકરો ફરીને પૂછે છે બાપુજી! તમે મને ન ઓળખ્યો? પણ બાપ કંઇ જવાબ આપતા નથી. ત્યારે છોકરો કહે છે બાપુજી! હું તમારો દીકરો નથી પણ તમે દશ લાખ રૂપિયાને ખાતર તમારા જીગરજાન મિત્રને મુંબઈનાં દરિયામાં નાંખી દીધો હતો તે હું તમારો મિત્ર છું. મારા દશ લાખ વસૂલ કરવા આવ્યો છું. મેં છેલ્લો દવાનો ડોઝ પીધો ત્યારે તમારી પાસેથી મારૂં લેણું પૂરું થયું. હવે હું જાઉં છું એમ બોલતાની સાથે તેનો જીવ ચાલ્યો ગયો. બાપ દીકરાના સામું ટગર-ટગર જોયા કરે છે. એને ભૂતકાળમાં કરેલી ભૂલોનું ભાન થયું. દીકરાનો અગ્નિસંસ્કાર કરી પાછા ફર્યા પણ બાપને સ્હેજ પણ આનંદ ઘરમાં નથી. પાપનો ખૂબ પશ્ચાતાપ કરી પશ્ચાતાપની સરિતામાં સ્નાન કરી આત્માને વિશુદ્ધ બનાવી સંયમ અંગીકાર કરે છે. તેને સમજાઈ ગયું કે સાચું સુખ સંસારમાં નહિ પણ સંયમમાં છે.

સુખનો સર્વોચ્ચ જો કોઇ ઉપાય હોય તો જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ છે. આ બધા તપ તપસ્વીઓ કરે છે તે કર્મની નિર્જરા કરવા માટે કરે છે. જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી આત્મા સાચો સુખી નહિ બની શકે. માટે તપસ્વીને જોઇને તમે પણ તપ કરજો. કર્મના મેલને ધોનાર જ્ઞાન-દર્શન ચારિત્ર છે. એ ત્રણેય આત્માને પવિત્ર બનાવે છે. કર્મસાંકળને તોડવાનો જલ્દી પુરુષાર્થ કરો. શેઠને સમજાઇ ગયું કે સંસારમાં કોઈ કોઈનું નથી તેથી શેઠે સંસાર છોડી સંયમ લીધો અને આત્માના સુખો મેળવ્યા. તો મારે કહેવાનું એટલું છે કે ચારિત્ર એ આત્માના સુખનો ઉપાય છે. હવે જલ્દી જલ્દી ક્યારે ચારિત્ર લઉં ને આત્માના સુખો કેમ મેળવું એવી તમે સૌ ભાવના રાખજો. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૫૦

વિષય:- પ્રગતિનો માર્ગ

ભાદરવા સુદ ૧ ને મંગળવાર **તા. ૨૮-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતજ્ઞાની ભગવંતોએ અનંતકાળથી સંસારમાં આથડતા જીવોને પ્રગતિનો માર્ગ બતાવ્યો છે. ભગવંત કહે છે કે પશુ-પક્ષી, માનવ બધા ગતિ તો કરે છે. પ્રગતિ કોઈ વિરલ પુરૂષો કરે છે. આજે ભૌતિકવાદનો યુગ ચાલી રહ્યો છે. બે પગે ચાલનારા દરેક માનવી બોલે છે કે અમે પ્રગતિ કરીએ છીએ. વહેપારીઓ કહે છે અમે વહેપારમાં પ્રગતિ કરી છે. મશીનરીવાળા કહે છે અમે મશીનરીમાં પ્રગતિ કરી છે. મિલ ફેકટરીઓ અને કારખાનાવાળા કહે છે અમે પણ પ્રગતિ સાધી છે. દરેક માનવીઓ કહે છે કે અમે અમારા ક્ષેત્રમાં પ્રગતિ સાધી છે. વિકાસ કર્યો છે, આગળ વધ્યા છીએ.

આજના યુગમાં માનવ અનેક પ્રકારના ધંધા કરી રહ્યો છે. ઘઉં-બાજરી-તુવેર-મગ, મઠ, ચણા વિગેરે અનાજ વહેપારીઓ વેચતા હતા. જ્યારે આજે તો ઘઉંનો, ચણાનો, બાજરાનો લોટ બજારમાં તૈયાર મળે છે. એટલે બહેનોને દળાવા જવાની કટકટ મટી ગઈ. પહેલાના જમાનામાં અથાણા જાતે નાંખતા હતા. અત્યારે પણ નાંખે છે, પણ કોઇને નાંખવું ન હોય તો અથાણા, પાપડ ને ચટણી બધું તૈયાર મળે છે. મસાલા જાતે ખાંડવા ને દળવા પડતાં હતા. તેના બદલે બધી જાતના મસાલા તૈયાર મળે છે. કપડા સીવેલા તૈયાર મળે છે. મને તો લાગે છે કે રોટલી ને શાક તૈયાર મળી જાય તો એ પણ લાવીને ખાવા તૈયાર થઈ જશો. (હસાહસ)

અમદાવાદમાં એક બહેન કહેતી હતી કે અત્યારે દાળ બનાવવી ન હોય તો ચંદ્રવિલાસ હોટલમાંથી તૈયાર દાળ લઈ આવીએ. ચંદ્રવિલાસની દાળ ખૂબ ટેસ્ટદાર ખાવા જેવી હોય છે. લોટ-મસાલા અને દાળ તૈયાર ખાતા થઇ ગયા પણ તમને ખબર છે કે એ તૈયાર લોટમાં કેવું સડેલું અનાજ વાપર્યું હશે અને કેટલા જીવો તેમાં પીસાઈ ગયા હશે? તે લોટ તમારા પેટમાં જશે તો મનના પરિણામ કેવા રહેશે! મસાલામાં પણ કેવી જીવાત આવે છે. અમારે સાધુને પાતરા સાફ કરવા માટે ચણાનો આટો લાવવો પડે છે. અમે પૂછીને લાવીએ કે કોથળાનો તૈયાર આટો નથીને? ઘરનો દળાવેલો આટો પૂછીને લાવીએ છીએ છતાં એ આટાને પહોળો કરી એના ઉપર વાટકી ફેરવીએ ત્યારે કોઈક વખત એવી ઝીણી બારીક ઈયળો ઉપર આવે છે. એ તૈયાર કોથળાના લોટમાં તો કેટલી જીવાત હોય છે. આવો તૈયાર આટો ને મસાલો ખાતા વિચાર કરજો કે આ તૈયાર માલ ખાતાં મારા માટે પરલોકમાં કર્મના ગંજ તૈયાર થઈ જશે. એ કર્મો ભોગવવાની તમારી કેટલી તૈયારી છે!

ભૌતિક દૃષ્ટિએ આ બધી પ્રગતિ દેખાય છે. પણ આત્માની દૃષ્ટિએ તો ગતિ છે. પ્રગતિ તો એને કહેવાય કે જ્યાં ગયા પછી ફરીને ગતિ ન કરવી પડે. પહેલાના જમાનામાં કંઈ વિધવા અને નિરાધાર બહેનો ઘંટીના પૈડા ફેરવી લોકોના પાણી ભરી, મસાલા ખાંડીને પોતાનું ગુજરાન ચલાવતી હતી. આજે એમનો આશ્રય તૂટી ગયો.

કૂવાના કાંઠા ગયા, ને ઘરઘરમાં નળ થઇ ગયા,
દમયંતીના પતિ નળ ગયા, પણ આજે તો ઘેર ઘેર નળ થઇ ગયા.

ઘઉં–બાજરી દળવા ઘણાના ઘરમાં ઇલેકટ્રીક ઘંટીઓ આવી ગઈ છે. પહેલાં પાણી ભરવા કૂવે અને તળાવે જવું પડતું હતું અને આજે તો નળ ફેરવો ને પાણી પાણી. અમે વિહાર કરીને મુંબઇ આવતા હતા. વચ્ચે કંઇક એવા ગામડા હતાં કે એમને પાણી પીવા મળતું ન હતું અને મુંબઇમાં તો કયાંય પાણીનો દુકાળ દેખાયો નહિ. અહીં તો નળ ખુલ્લા રહે છે ને બંબાકાર પાણી વાલ્યું જાય છે, પાણીના એક બિંદુમાં અસંખ્યાતા જીવોની હિંસા થાય છે. શું આ પ્રગતિ કહેવાય? પ્રગતિ નથી પણ પતન છે.

બજારમાં દુકાને દુકાને તૈયાર વસ્તુઓ બરણીમાં ભરીભરીને ગોઠવી હોય છે તે જોઇને માનવીનું મન આકર્ષાય છે. અહીં એક રૂપક યાદ આવે છે. એક કવિએ રૂપક બનાવ્યું છે. એક અથાણા અને મરચ વાળાની દુકાને જુદા જુદા દેશની બરણીઓમાં તૈયાર અથાણાં અને ખાંડેલા તૈયાર મરચા ભરીને લાઇનસર બરણીઓ ગોઠવી હતી. એક દિવસ બરણીઓ વચ્ચે વાદ-વિવાદ થયો. સૌ પોતપોતાના વખાણ કરવા લાગી. સૌ પ્રથમ પેરિસની બરણી કહે છે જુઓ હું કેટલી સુંદર છું! ત્યારે જર્મનની બરણી કહે છે જુઓ તો ખરા મારી સુંદરતા અને ચમક કેટલી સારી છે! મને જોઈને કોઇને લેવાનું મન થઇ જાય. ત્યારે ત્રીજી જાપાનની બરણી કહે છે મારૂં ઢાંકણું કેવું સુંદર છે! તમારા બધામાં મારો નંબર પહેલો છે. ત્યારે ચોથી કાશ્મીરની બરણી કહે છે હું ધર્મપ્રધાન એવા ભારતમાં ઉત્પન્ન થઈ છું. વળી ભારતનું સ્વર્ગ કાશ્મીર છે એટલે હું તો સ્વર્ગમાંથી આવી છું. માટે મારૂં સ્થાન ઉંચુ છે. ત્યારે પાંચમી દેશી બરણી કહે છે તમે સૌ પોતપોતાની સુંદરતા, ચમક ને સ્થાનની શોભાથી પુલાવ છો પણ મારી સામે ટક્કર ઝીલવાની તમારા કોઇમાં તાકાત નથીઃ મારા જેવી મજબૂતી તમારામાં નથી માટે હું તમારા બધાથી મોટી છું.

આ બરણીઓ વચ્ચે થયેલી ચર્ચા અથાણાં અને મરચાના વેપારીએ સાંભળી. તેણે કહ્યું તમે બધા નકામા શા માટે ઝઘડી રહ્યા છો? તમારા રૂપ-રંગ ને બધું સુંદર છે પણ તમે જુઓ તો ખરા! તમારી અંદર શું ભર્યું છે? અથાણાં અને મરચા કે બીજુ કાંઈ? આ તો એક રૂપક છે પણ આપણે એમાંથી શું સાર લેવો છે? તે

આપણને કહે છે કે માનવ બહારથી ગમે તેટલો સુંદર હોય પણ તેના જીવનરૂપી બરણીમાં શું ભર્યું છે તે જોવાનું છે. જીવનરૂપી બરણીમાં માત્ર મસાલો ભર્યો હોય તો તેની સુંદરતા શા કામની? શરીરની કિંમત નથી પણ તેમાં ભરેલા માલની કિંમત છે. બારદાનમાં જ્યાં સુધી માલ ભર્યો છે ત્યાં સુધી તેની કિંમત છે. માલ કાઢી લીધા પછી બારદાનની કંઇ કિંમત નથી તેમ દેહ રૂપી બારદાનમાંથી ચૈતન્ય રૂપી માલ ચાલ્યો જશે પછી તેને જલાવી દેશે. માટે અંદર ધર્મારાધનનો માલ ભરી દો. બહારની શોભા કરતાં અંદર શું ભર્યું છે તેની કિંમત છે.

ઘણાં ભાઇ–બહેનો કહે છે અમે રોજ ઉપાશ્રયે જઇએ છીએ. સામાયિક પ્રતિક્રમણ આદિ ધર્મધ્યાન કરીએ છીએ, પૌષધ કરીએ છીએ, વ્યાખ્યાન વાણી સાંભળીએ છીએ એટલે અમારું સ્થાન ઉંચું છે. પણ ભાઇ! આટલું કરવા માત્રથી તમે તમારું સ્થાન ઉંચું માની લીધું પણ જીવનમાં તમે દયા–ક્ષમા, સદાચાર આદિ આધ્યાત્મિક ગુણો કેટલા કેળવ્યા? આ જીવનરૂપી બરણીમાં કેવો માલ ભરેલો છે તેનું નિરીક્ષણ કરો.

ધર્મ કરીને અભિમાન કરવું તે હાનિકારક છે.

દરેક ધર્મ કલ્યાણ કરવાનું કહે છે અને સૌ પોતપોતાના ધર્મના ગુણ ગાય છે અનેકાંતદૃષ્ટિથી જોઇએ તો કોઈ પણ ધર્મ ખોટો નથી. પણ પોતાની શ્રેષ્ઠતાનું અભિમાન કરવું તે ખોટું છે. માનવ ધર્મપરાયણને બદલે ધર્માભિમાની બની ગયો છે. આ અભિમાન વિકાસ સાધવામાં ને પ્રગતિ કરવામાં અંતરાય રૂપ છે. જે ધર્મપરાયણ હોય તે કદી પોતાની જાતને શ્રેષ્ઠ ન કહે. મહાત્મા ગાંધીજીએ એક ભજનમાં ગાયું છે કે **"વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે"** જે પારકાની પીડા જાણે છે તે સાચો વૈષ્ણવ છે. નરસિંહ મહેતાએ પણ કહ્યું છે કે જે પારકાનું દુઃખ દૂર કરીને પણ અભિમાન ન કરે તે સાચો વૈષ્ણવ છે. તો મારા મહાવીરના સંતાનોને હું પૂછું છું કે તમે જૈન કુળમાં જન્મ્યા છો પણ હૃદયમાં જો અનુકંપા ન હોય તો તે સાચા જૈન બની શકે ખરા? જે પારકાની પીડાને જાણનાર હોય, પરની પીડા દૂર કરીને અભિમાન ન કરતો હોય તે વૈષ્ણવ તો છે પણ એને જૈન પણ કહી શકાય. અનેકાંત દૃષ્ટિ શું એમ નથી કહેતી? ઇસુ ખ્રિસ્તે કહ્યું છે કે Love your enemise. (લવ યોર એનામીઝ) તમે તમારા શત્રુઓ સાથે પણ પ્રેમ કરો. કોઇ ખ્રિસ્તી કુળમાં જન્મ્યો હોય પણ જૈન ધર્મનો આચાર પાળતો હોય, શત્રુ પ્રત્યે પણ પ્રેમભાવ રાખતો હોય તો શું તેને જૈન ન કહેવાય? જૈન કુળમાં જન્મ લેવાથી જૈન બની શકાતું નથી, પણ જે રાગ–દ્વેષને જીતે તે સાચો જૈન છે. પછી ભલેને તે ગમે તે કુળમાં કેમ જન્મ્યો ન હોય?

આજે માનવી જૈન ધર્મ પામ્યો છે પણ એનો આચાર નથી સમજતો. ધર્મના ગુણો અહિંસા–સત્ય–અચૌર્ય–બ્રહ્મચર્ય, દયા–દાન, પ્રમાણિકતા વિગેરેના પાલનમાં ધર્મ

છે. જેનો આજે ભારતમાં મોટા ભાગે અભાવ છે. તેનું પાલન કર્યા વિના અને ધર્મના મૂળભૂત તત્વોને જીવનમાં ઉતાર્યા વિના સુખ કેવી રીતે મળી શકે? આસ્તિક હોય કે નાસ્તિક હોય, સામ્યવાદી હોય કે સમાજવાદી હોય, પણ બધાને ધર્મના આ નિયમો સ્વીકાર્યે છૂટકો છે. ધર્મના કાયદાનું પાલન કરવું તેનું નામ ધર્મ છે. ત્યાં સુધી જીવનમાં સુખની આશા રાખવી વ્યર્થ છે. બીજા દેશોની અપેક્ષાએ ભારત ધર્મપ્રધાન દેશ છે. ભારતમાં બધા ધર્મો છે. જૈન-બૌદ્ધ-ઇસ્લામ-ઈસાઇ-વૈષ્ણવ વિગેરે ધર્મોના ધર્મસ્થાનકો બીજે કયાંય નથી એટલા ભારતમાં છે. તેથી ભારત ધર્મપ્રધાન દેશ ગણાય છે. અન્ય દેશ નહિ. જેટલો તપ-ત્યાગ ભારતમાં છે તેટલો બીજે કયાંય નથી. છતાં આજે ભારતની કરૂણાજનક સ્થિતિ કેમ છે? ભારત બીજા દેશો કરતાં દુઃખી છે તેનું કારણ શું? "धर्मएव हतोहन्ति धर्मोरक्षितः रक्षति." ધર્મનું રક્ષણ કરવાથી આપણું રક્ષણ થાય છે ને ધર્મનો નાશ કરવાથી આપણો નાશ થાય છે માટે તમે ધર્મનું રક્ષણ કરો.

આજે તમે બધા જૈન કુળમાં જન્મ્યા એટલે માનો છો કે અમે જૈન છીએ. પણ શું જૈન કુળ તમારો ઉદ્ધાર કરશે? એક પકડ પકડી છે તે છૂટતી નથી. જેમ એક શેઠ યાત્રાએ ગયાં ને નોકરને કહ્યું કે તું તાળું સાચવજે. નોકર સમજ્યો કે શેઠે તાળું સાચવવાનું કહ્યું છે. એટલે નોકર તાળું પકડીને બેસી રહેતો. ચોરોને થયું કે શેઠ યાત્રાએ ગયા છે પણ એનો નોકર તાળું ઝાલીને બેસી રહે છે. હવે આપણે ચોરી શી રીતે કરવી? ચોરોએ શેઠના મકાનના પાછળના કરામાં બાકોરું પાડયું. અંદર પેઠા. તિજોરી તોડવા માંડી એટલે ખળભળાટ થયો પણ નોકરે તો એક વાત પકડી કે અંદર ગમે તે થાય મારે શું જોવાનું! મારે તો તાળું સાચવવાનું છે. ખબર પડી કે ઘરમાંથી માલ ચોરાય છે તો પણ ચેત્યો નહિ. શેઠનું ઘર ખાલી થઇ ગયુ. શેઠ યાત્રાએથી આવ્યા અને જોયું તો ઘર ખાલીખમ. નોકરને કહે છે તને ઘર સોંપીને ગયો હતો છતાં આમ કેમ? ત્યારે નોકર કહે છે ઘરમાં ગમે તે થયું તેની સાથે મારે કંઇ નિસ્બત નથી. મારે તો તાળાની સાથે નિસ્બત છે. જોઈ લો. તાળું સાબૂત છે ને? ત્યારે શેઠ કહે તાળું સાચવવાનો અર્થ શું? તાળું સાચવવાની સાથે આખું ઘર સાચવવાની જવાબદારી હતી. તેમ જ્ઞાની કહે છે તમે ઉપરથી જૈનના નામનું તાળું લગાડયું છે, પણ અંદરથી જૈનત્વનો માલ ચોરાઈ રહ્યો છે પણ ચેતનદેવ જાગતો નથી. તો આત્મકલ્યાણ કયાંથી થશે અને પ્રગતિના પંથે કયાંથી જવાશે? સંસારની સેંકડો પ્રગતિ કરી પણ આત્મા માટે કેટલી કરી?

સંસારમાં દરેક વ્યક્તિ પોતાની પ્રગતિને ઇચ્છે છે. માનવ માત્ર ઉન્નતિને માટે, પ્રગતિને માટે, ક્રાન્તિ, ઉત્ક્રાન્તિ અને વિકાસને માટે પ્રયત્ન કરે છે. આજે બધા બોલી રહ્યા છે કે અમે પ્રગતિની દિશામાં આગળ વધી રહ્યા છીએ. ખરેખર વિજ્ઞાને ભૌતિક ક્ષેત્રમાં આશ્ચર્યજનક પ્રગતિ કરી છે. દિન-પ્રતિદિન વિજ્ઞાન આગળ વધી રહ્યું છે. દરરોજ

નવી નવી શોધો થઈ રહી છે. કરોડો રૂપિયાનો ખર્ચ કરીને સંસારના રાષ્ટ્ર વૈજ્ઞાનિક હરીફાઇઓમાં એકબીજાને હરાવવાનો પ્રયત્ન કરે છે. માનવ મંગળ ગ્રહ ઉપર પહોંચવા અને ચંદ્રલોકમાં વિહાર કરવાની તૈયારી કરી રહ્યો છે. રોકેટ, ઉપગ્રહ અને અંતરિક્ષ વાહનોથી માનવ આકાશમાં ઉડવાનો પ્રયત્ન કરે છે. ખરેખર સાચા અર્થમાં કહું તો આજના માનવને જમીન ઉપર ચાલવાનું તો આવડતું નથી અને તે ચંદ્રલોકમાં પહોંચવાની યોજના ઘડી રહ્યો છે. માનવ જમીન ઉપર ક્યાં ઉભો છે અને ક્યાં તેનો પગ છે તેનું પણ તેને ભાન નથી. પરંતુ તે ચંદ્રલોક અને મંગળ ગ્રહ ઉપર રહેવાનું વિચારી રહ્યો છે. આ કેટલી આશ્ચર્યની વાત છે!

વિજ્ઞાનની આંધીમાં મનુષ્ય પોતાનું ઘર ભૂલી જાય છે. વિકાસ અને ઉન્નતિના સાચા રસ્તાને ભૂલીને ન જાણે તે કોઇ આડાઅવળા રસ્તા ઉપર જઇ રહ્યો છે અને પાછો સમજે છે કે તે પ્રગતિ તરફ આગળ વધી રહ્યો છે. હવે એ વિચારવાનું છે અને સમજવાનું છે કે ઉન્નતિનો સાચો રસ્તો કયો છે? અભ્યુદયનો રાજમાર્ગ શું છે? માનવને આ વિચારવાનો અને સમજવાનો સુઅવસર મળ્યો છે. સંસારના દરેક પ્રાણીઓને એકેન્દ્રિયથી લઇને તિર્યંચ પચેન્દ્રિય સુધીના પશુ-પક્ષીઓને આ વિવેકશક્તિ પ્રાપ્ત થઇ નથી. મનુષ્યનું એ અહોભાગ્ય છે કે તેને વિચારવાની અને સમજવાની અનુપમ શક્તિ પ્રાપ્ત થઇ છે. એકેન્દ્રિય વિગેરે પ્રાણી અકામ નિર્જરાના કારણે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચૌરેન્દ્રિય અને પચેન્દ્રિય બને છે અને પછી પ્રગતિના પંથ પર આવે છે. પરંતુ તેની આ પ્રગતિ વિચારણાપૂર્વક નથી.. પ્રગતિના માટે શું કરવું જોઇએ તે સમજ્યા વગર અકામ નિર્જરા અથવા ભવિતવ્યતાનાં બળ પર તે આગળ વધે છે, પરંતુ માનવમાં વિચારવાની શક્તિ અદ્‌ભુત છે. જેના કારણે તે સમજી, વિચારી, ચિંતન-મનન કરીને પોતાની પ્રગતિનો માર્ગ રજુ કરી શકે છે. માનવમાં કોઈ દાન કરે, કોઇ શીયળ પાળે, કોઇ તપ કરે અને કોઇ આ બધું કરે છે તેની અનુમોદના કરે છે. કોઈ અંતઃકરણપૂર્વક મનમાં શુભ ભાવના ભાવે છે કે હું આ બધું ક્યારે કરીશ? અને સમય આવે ત્યારે કરી લે છે. તે સાચી પ્રગતિ સાધે છે. જૈન હોય તેના જીવનમાં દયા ભારોભાર ભરી હોય છે. અરે કંઇક એવી વ્યક્તિઓ પણ હોય છે કે જૈન ન હોય, એકબીજાને કદી જોયા ન હોય છતાં બીજા પ્રત્યે કેટલી સહાનુભૂતિ બતાવે છે.

એક વખત એક મોટા શ્રીમંત શેઠ પોતાની ગાડી લઇને દરિયા કિનારે ફરવા માટે ગયા. તે વખતે એક માણસ દરિયા કિનારે આંટા મારતો હતો ને ચારે બાજુ દૃષ્ટિ કરતો હતો. આ જોઇને પેલા શેઠના મનમાં થયું કે આ માણસ દુઃખી દેખાય છે અને દરિયામાં પડીને આપઘાત કરવાની ઇચ્છા કરતો હોય તેમ લાગે છે. પણ મને જોઇને સંકોચાય છે. માણસ મરવા ક્યારે આવે? કોઇને મરવું ગમતું નથી પણ એ

જ્યારે ચારે બાજુથી દુઃખથી ઘેરાઇ જાય છે ત્યારે મરવાનો વિચાર કરે છે. તો મારે એને મરવા દેવો નથી એમ વિચાર કરી શેઠે રૂા. ૨૫૦૦૦નો ચેક અને પોતાના નામનું સરનામાનું કાર્ડ પેલી વ્યક્તિના હાથમાં આપીને તરત રવાના થઇ ગયા. તું કોણ છે? તારે શું દુઃખ છે? એ કંઇ પૂછવા ઉભા ન રહ્યા. પેલો માણસ ધનવાન હતો. તે દરિયામાં પડવા આવ્યો ન હતો. એ દરિયાના કિનારે આંટા મારતાં મારતાં એમ જોતો હતો કે અહો! અત્યારે દરિયામાં ભરતી નથી અને મોજાં ઉછળતાં નથી. પાણી કેવું શાંત છે! તેમ મારા જીવનમાંથી વિષયવિકારના મોજાં શાંત થઇ જાય, લોભની ભરતી કદી આવે નહિ તો મારું જીવન કેવું પવિત્ર બની જાય!

આ માણસ આવા વિચારમાં મગ્ન હતો ત્યાં પેલા દયાળુ શેઠે તેના ઉપર ૨૫૦૦૦ રૂા.નો ચેક અને પોતાના એડ્રેસનું કાર્ડ એના ખોળામાં નાખીને ચાલ્યા ગયા. આના મનમાં થયું કે નહિ ઓળખાણ, નહિ પિછાણ કે નહિ પૂછપરછ અને મને પ્રેમથી આપી ગયા તો મારે સ્વીકારી લેવું એમ માનીને પોતાના ઘેર આવ્યા અને પેલા શેઠનું કાર્ડ પોતાના ટેબલના કાચ નીચે મૂકી દીધું. રોજ સવારે ઉઠીને કાર્ડ સામું જોઇને મનમાં ચિંતન કરે, ઓ દયાળુ! ઓ દાતાર! શું તારી દયા અને ઉદારતા! તારા જેવો હું ક્યારે બનું? આ માણસ ધનવાન હતો પણ કંજુસ ખૂબ હતો. પણ આ શેઠનું ધન ઘરમાં આવ્યું ત્યારથી તેના જીવનમાં પરિવર્તન આવ્યું. બને તેટલી દુઃખીની સેવા કરવી. મારા બંધુઓ! તમે ખાઇ-પીને ફક્કડ બનીને ફરો છો પણ કદી તમારા પાડોશીની સંભાળ લો છો કે તારે શું દુઃખ છે? ને એનું દુઃખ દૂર કરો છો ખરા? રોજ શેઠનું કાર્ડ જુએ ને તેમના ગુણોનું ચિંતન કરે છે. એમ કરતાં દસ વર્ષ વીતી ગયા. એક વખત તેણે પેપરમાં સમાચાર વાંચ્યા કે આ નામની પેઢી ડૂબે છે. જોયું તો જેનું કાર્ડ છે તે જ શેઠ છે. અહો! આ તો મહાન પવિત્ર, દયાની મૂર્તિ, પ્રેમનું મંદિર. મારું ભલું કરનાર શેઠ છે. મને ૨૫,૦૦૦ રૂા. નો ચેક આપ્યો. તેનું કાર્ડ આપ્યું ને સાથે એમ પણ કહ્યું છે કે તારે જરૂર પડે તો મારે ઘેર આવજે. આવો લાખોનો પાળનાર સંકટમાં આવી ગયો.

પેલો માણસ સાબદો બન્યો ને ચેકબુક લઈ શેઠનું કાર્ડ લઇને નામ પૂછતો પૂછતો શેઠની પેઢીએ આવ્યો. પેઢી પર મુનિમો ઉદાસ થઈને બેઠા છે. આ માણસ પૂછે છે કે શેઠ ક્યાં છે? ત્યારે મુનિમો કહે છે હમણાં શેઠ ખૂબ સંકટમાં છે. પેઢી ડૂબવાની અણી ઉપર છે એટલે શેઠ પેઢી ઉપર આવતા નથી. ઘેર છે. ત્યારે તે માણસ શેઠને ઘેર ગયો. દરવાજામાં પટાવાળો ઉભો છે. તે અંદર જતાં અટકાવે છે. એણે માન્યું કે આ કોઈ લેણીયાત પૈસા લેવા આવ્યો લાગે છે. અત્યારે શેઠ લેણું આપી શકે તેમ નથી અને જો આ અંદર જશે તો શેઠને દુઃખ થશે એટલે તેને જવા દેતો નથી. ત્યારે કહે છે, ભાઈ! આ શેઠના નામનું કાર્ડ લઇને આવ્યો છું અને મારે તેમનું ખાસ કામ છે. મને

અંદર જવા દો. ત્યારે પહેરેગીર શેઠને પૂછે છે કે એક માણસ આપના સરનામાનું કાર્ડ લઈને આવ્યો છે ને એ આપને મળવા માંગે છે, એને આવવા દઉં? શેઠ કહે છે ભલે આવે. કાર્ડ લઈને અંદર જાય છે, ને શેઠને પ્રણામ કરીને કહે છે, આપે દસ વર્ષ પહેલા દરિયા કિનારે મને આ કાર્ડ અને ૨૫,૦૦૦ રૂા. નો ચેક આપ્યો હતો ને કહ્યું હતું કે તારે જરૂર પડે ત્યારે મારે ઘેર આવજે. તો શેઠજી! હું આવ્યો છું. શેઠના મનમાં થયું કે આ મારી પાસે મદદની આશાથી આવ્યો છે. હું એને શું આપુ?

શેઠ કહે છે ભાઇ! તું થોડો મોડો પડયો. મેં તને કહ્યું હતું ને તું આવ્યો પણ તને આપવા જેવું મારી પાસે હવે કંઇ નથી. મને માફ કર. આવનાર વ્યકિત કહે છે, શેઠ! તમે તો મને ઘણું આપ્યું છે. મારા જીવનનો ઉદ્ધાર કર્યો છે. હું એવો લોભી હતો કે ચમડી તૂટે પણ દમડી ન છૂટે. કદી કોઇ ગરીબના સામું જોતો ન હતો. મારા દિલમાં દયાનો છાંટો ન હતો. પણ આપનું ધન મારા ઘરમાં આવ્યું ત્યારથી મારા દિલમાં દયાના ઝરણાં વહ્યા ને મારા જીવનનું પરિવર્તન થઇ ગયું. જેમ મશીનમાં અશુદ્ધ પદાર્થો શુદ્ધ થઈને બહાર નીકળે છે, મેલા કપડાં મશીનમાં નાંખવામાં આવે તો સ્વચ્છ થઇને બહાર આવે છે તેમ આપના જીવનમાં રહેલી નીતિના પ્રભાવથી મારું જીવન પવિત્ર બની ગયું છે. હું આપની પાસે લેવા નથી આવ્યો પણ આપને મળવા અને આપના પવિત્ર દર્શન કરી પાવન બનવા આવ્યો છું પણ હું આપને એક વાત પૂછું છું કે હું ઘરમાં આવ્યો ત્યારે આપના હાથમાં કાચની પ્યાલી હતી. આપ મોઢે માંડવાની તૈયારીમાં હતા અને આપે મને જોઇને તે પ્યાલી સંતાડી દીધી તો એમ કરવાનું કારણ શું? શેઠ કહે છે ભાઈ! એ તમારે જાણવાની જરૂર નથી. ત્યારે કહે છે જે હોય તે મને કહો. હું જાણ્યા વિના જવાનો નથી. એ તો અહો લગાવીને બેસી ગયો. ખૂબ પૂછ્યું ત્યારે શેઠ કહે છે ભાઈ! મારા જીવનનો અંત લાવવા માટે ઝેરની પ્યાલી પીવા બેઠો હતો અને તું આવી ગયો. આવનાર ભાઇ કહે છે આપને આ રીતે જીવનનો અંત શા માટે લાવવો જોઇએ? શેઠ કહે છે ભાઈ! મારે દુનિયામાં મોં બતાવવાનો વખત નથી રહ્યો. મને બહાર નીકળતાં શરમ આવે છે. મેં આજ સુધી કોઇનું દિલ દુભાવ્યું નથી. મને મળ્યું તે કૂલ નહિ ને કૂલની પાંખડી આપી છે. હવે કોઈને આપવાની શકિત પાઈ રહી નથી. ખૂબ મૂંઝાયો છું.

આવનાર માણસ કહે છે શેઠ! આપ શા માટે મુંઝાવ છો? હું આપની પડખે ઉભો છું. આપ સુખી હતા ત્યાં સુધી હું ન આવ્યો. પણ તમારું કાર્ડ રોજ જોતો. તમારું નામ મારા દિલમાં કોતરાઇ ગયું છે. પેપરમાં આપના સમાચાર વાંચીને હું આવ્યો છું. બંધુઓ! તમારા સગાવ્હાલા દેશમાં રહેતા હોય, એ સુખી હોય ત્યારે તમે પ્રેમથી પત્ર અવારનવાર લખતા રહો છો અને ભેગું લખો છો કે જોઇતું કરતું

મંગાવજો. પણ એ સંકટમાં સપડાઈ જાય ત્યારે પત્ર લખો અરા! પછી પત્ર લખતાં બંધ થઇ જાય. મુંબઇમાં રહેતા હોય, સુખી હોય ત્યારે એના ઘેર જવા આવનાનું, બધો વ્યવહાર હોય પણ એ ગરીબ થઇ જાય ત્યારે એની ખબર લેવાની સગાઇ ન રહે. રસ્તામાં સામા મળે તો પણ આડું જુએ, રખે નજર એક થશે તો એ મારી પાસે આવશે અને મારે મદદ કરવી પડશે. પણ જ્યારે સગા કે સ્નેહી સુખી હોય ત્યારે એની ખબર ન લે તો વાંધો નહિ. પણ દુઃખના સમયે ખબર લો તો એનું અંતર તમને કેટલી આશિષ આપે!

નિઃસ્વાર્થ ભાવે કરેલી ભક્તિનું ફળ

પેલો માણસ કહે છે શેઠ! બોલો, આપને કેટલી જરૂર છે? ત્યારે શેઠ કહે છે ભાઈ! પાંચ-પચાસ હજાર પતે એમ નથી. શેઠ! આપ કહો કેટલા આપું તો ભીડ ભાંગે. વિના સંકોચે કહી દો. શેઠ કહે છે પચાસ લાખ રૂપિયા મળે તો હું સમાજમાં ઉભો રહી શકું તેમ છું. તરત પચાસ લાખનો ચેક લખી આપ્યો. શેઠ તો સજ્જડ થઇ ગયા. આ શું? એની કેટલી ઉદારતા! શેઠ કહે છે ભાઇ! તેં મને મરતો બચાવ્યો છે, તારો મારા ઉપર મહાન ઉપકાર છે. તું માનવ નથી પણ દેવ છે. કોઈ માણસને દુઃખ વખતે દેવ ઓચિંતી સહાય કરે છે તો તેને કેટલો આનંદ થાય છે! તેમ મને આજે આનંદ થયો.

દેવાનુપ્રિયો! જો તમને મળ્યું હોય તો તમે કોઇને આપતા શીખજો. લાખો ને કરોડોની મૂડી અહીં રહી જવાની છે. સમય આવે પૈસા ખાવા કામ નહિ લાગે. ગાડીમાં તમે મુસાફરી કરતા હો તે વખતે હાથમાં વીંટી હોય કે ખિસ્સામાં દશ-પંદર હજાર રૂપિયાની નોટો હોય ખાવા માટે ભાતું અને પીવા માટે પાણી રાખ્યું નથી અને ભર જંગલમાં ટ્રેઈન અટકશે તો રૂપિયાની નોટો ખાવા કામ લાગે ખરી? એ તમારી ભૂખ કે તરસ નહિ મટાડે. પણ લુખા સુકા રોટલાનું બટકું અને પાણીનો લોટો તમારી ભૂખ તરસ મટાડશે. આ ભવમાં કોઇને ઠારશો તો તમને કોઇ ઠારશે. કહેવત છે ને કે **"કરે તેવું પામે ને વાવે તેવું લણે"** તમે પૂર્વભવમાં વાવીને આવ્યા છો તો આ ભવમાં લણી રહ્યા છો. પણ આ ભવમાં વાવશો નહિ તો બીજા ભવમાં ક્યાંથી લણશો?

આત્માને પ્રગતિના પંથે લઇ જવા માટે ધર્મની જરૂર છે. પરભવના સુખ માટે પણ ધર્મની જરૂર છે. ખાવું-પીવું ને મોજમઝા ઉડાવવી તે પ્રગતિનો માર્ગ નથી. પણ ધર્મારાધના કરી મોક્ષમાં જવાનો પુરુષાર્થ કરવો તે પ્રગતિનો માર્ગ છે. ગુલાબનું ફૂલ તમે છોડ ઉપરથી તોડીને સુંઘો તો તમને સુગંધ આપશે. તેને પગ નીચે કચરી નાંખો, ધૂળમાં મસળી નાંખો કે પાણીમાં નાંખીને ઉકાળો તો પણ તમને સુવાસ આપે છે.

ત્યારે તમે બીજાને શું આપો છો! તેનો ખૂબ વિચાર કરજો. આ પર્યુષણ પર્વના પવિત્ર દિવસો ચાલે છે. આજે ચોથો દિવસ આવી ગયો. દિવસો પાણીના પૂરની જેમ ચાલ્યા જાય છે. આ દિવસોમાં બને તેટલું ધર્મધ્યાન કરો, કરાવો અને કરનારને અનુમોદન આપો. હજારો જીવોમાં એકાદ જીવ જો ધર્મ પામીને સંયમમાર્ગે જશે તો ભગવાન કહે છે લાખો અને કરોડોના દાન કરતાં પણ તેનું મહત્ત્વ વધારે છે. કહ્યું છે કે :-

પ્રતિમાસે કરે દાન જે દશ લાખ ગાયનું
તેનાથી સંયમી શ્રેષ્ઠ, ભલે ન આપે તે કશું.

જે માણસ દર મહિને દશ લાખ ગાયનું દાન આપે છે તેના કરતાં સંયમી પુરૂષો ભલે કંઇક ન આપતા હોય તો પણ તે શ્રેષ્ઠ છે. કારણ કે સંયમપંથ એ પ્રગતિનો પંથ છે. અહીં તો એકાંત નિર્જરા સિવાય બીજું કંઇ નથી અને સંસારમાં તો ડગલે ને પગલે પાપ ને પાપ. પાપ સિવાય કંઇ નથી. સંયમી પુરૂષો કેટલા જીવોને અભયદાન આપે છે! પંચમહાવ્રતધારી સંતો કેટલા સંતોષી! આજનું મળે તો કાલની ચિંતા નહિ. આજે ન મળે તો પણ આનંદ. જરા પણ ગ્લાનિ નહિ. ભાવ વધ્યા ને ઘટયા, કોઇ જાતની ચિંતા નહિ. બસ, સ્વાધ્યાય, મનન અને ચિંતનમાં લીન રહેવાનું. કોઇ જાતની ફિકરચિંતા નહિ. ગમે તેવા સારા આહાર-પાણી અને વસ્ત્રો મળે તો પણ જરૂરિયાતથી વધુ સંગ્રહ કરવાની વૃત્તિ નહિ અને તમને તો થોડું મળે તો વધુ મેળવવાની ભાવના જાગે છે. જહા લાહો તહા લોહો લાહા લોહો પવડ્ઢઇ। જેમ લાભ મળે તેમ લોભ વધતો જાય છે.

કરોડપતિ બનવાના કોડ :- પહેલાના જમાનામાં એક શ્રીમંત શેઠ હતા. આજે તો બે-પાંચ લાખના આસામીની કોઇ વેલ્યુ નથી. કરોડપતિ હોય તો શ્રીમંત ગણાય. મુંબઇમાં તો ઘણાં કરોડપતિ હશે. એ જમાનામાં પૈસાનો આટલો બધો પુગો ન હતો. પૈસાની કિંમત હતી, એક રૂપિયાનું અનાજ મળતું, એક રૂપિયાનું ચાર શેર ઘી મળતું. દૂધ-શાકભાજી બધું સસ્તુ મળતું હતું. એ સમયે આ શેઠ પાસે ૯૯ લાખ રૂપિયા હતા. એને થયું કે હવે એક લાખ રૂપિયા મળી જાય તો કરોડપતિ બની જાઉં અને મારા બંગલા ઉપર કરોડપતિની ધ્વજા ફરકે. એને કરોડપતિ બનવાના કોડ જાગ્યા. જુઓ, પૈસાનો લોભ લાગ્યો પણ મનમાં એમ થાય છે કે હું શ્રાવક બન્યો છું તો હવે સાધુ બની જાઉં અને પંચપરમેષ્ટિમાં મારો નંબર લગાવું. આવા કોડ જાગશે તો આત્મા પ્રગતિના પંથે જશે અને પૈસા કમાવાના કોડ જાગશે તો અવનતિના પંથે જશે. શેઠ કરોડપતિ બનવા ખૂબ મહેનત કરે છે, એમ કરતાં નવ્વાણું લાખ ને નવ્વાણુ હજાર મળી ગયા, એક હજાર રૂપિયા બાકી રહ્યા. એક હજાર મેળવવા માટે સતત મહેનત કરે છે પણ ક્રોડપતિ બનવાનું લલાટે લખાયું નથી એટલે હજાર મેળવવા

જતાં બે હજાર ગુમાવે અને બે હજાર મેળવતાં પાંચ હજાર ગુમાવે છે, પણ કરોડપતિ બનવાના કોડ પૂરા થતા નથી. કેટલાય જોષી પાસે જોવડાવ્યું, બાધાઓ રાખી પણ કરોડની ભૂખ ન ભાંગી ત્યારે એને થયું કે હવે ઉપાશ્રયે જઉં ને સાધુને વાત કરું અને કંઈક કામ થાય.

દેવાનુપ્રિયો! આ શેઠ જૈન હતા પણ કદી ઉપાશ્રયે જઈને સંતના દર્શન કરતા ન હતા, કદી દાન દેવાનું મન નહોતું થતું. ગરીબને જોઈ તેનું દિલ પીગળતું ન હતું. કંજુસ તો એવા કે આટલી મિલ્કત હોવા છતાં કોઈને એક દમડી પરખાવે નહિ. પોતે પણ સુખે ન ખાય. જેમ ખેતરમાં અનાજ પાકે ત્યારે ચાડિયા બનાવે છે. વાંસડા રોપીને તેને માણસ જેવા કપડા પહેરાવે, ઉપર હાંડલું ઉંધું વાળે એટલે પક્ષીઓ દાણા ખાવા આવે. એને એમ લાગે કે કોઈ માણસ ઉભો લાગે છે, એ ડરથી બિચારા પક્ષીઓ ભાગી જાય. કહેવાનો આશય એ છે કે ચાડિયો પોતે અનાજ ખાય નહિ ને બીજાને પણ ખાવા ન દે. તેમ કંઈક મનુષ્યો એવા કંજુસ હોય છે કે પોતે સુખે ખાય નહિ ને બીજાને પણ ખાવા ન દે. આ શેઠ આવા કંજુસ હતા. પોતે ન ખાય તો બીજાને ક્યાંથી આપે! જેને આપવું છે તે તો ખૂણેખૂણે ગરીબોની તપાસ કરીને આપે છે અને જેને નથી આપવું તે દુઃખીને જોવા છતાં આંખઆડા કાન કરીને ચાલ્યા જાય છે.

એક વખત એક ગરીબ માણસ જમીન ઉપર પડેલા કણ વીણીને ખાતો હતો. તે વખતે ભોજરાજા ત્યાંથી નીકળે છે. આને કણ વીણીને ખાતો જોયો ત્યારે રાજાને જરા સત્તાની મગરૂરી આવી ગઈ ને બોલ્યા. **ભોંય પડયા કણ ખાય ઐસા ન જનીયે માત"** હે માતા! આવા ભોંય પડેલા કણ વીણીને ખાય એવાને તેં જન્મ ન આપ્યો હોત તો શું ખોટું? આવા નમાલા દીકરાને જન્મ દેવા કરતાં વાંઝણી રહી હોત તો સારૂં થાત. મારા રાજ્યમાં આવો કોણ દુઃખી છે કે એને કણ વીણીને ખાવું પડે છે. રાજાના શબ્દો ગરીબ છોકરાએ સાંભળ્યા. એણે રાજાની શરમ ન ધરી કે હું રાજાને કહું તો મને શિક્ષા કરશે એવો વિચાર ન કર્યો. સામો શું જવાબ વાળ્યો.

"છતે યોગે દુઃખ ના હરે ઐસા ન જનીયે માત"

જેની પાસે લક્ષ્મી છે, વૈભવ છે, હાથી-ઘોડા પર ફરે છે છતાં કોઇના દુઃખ મટાડતા નથી એવા પુત્રને જન્મ આપવા કરતાં હે માતા! તું વાંઝણી રહી હોત તો સારૂં હતું. આ શબ્દો સાંભળીને રાજા તો ઘોડા પરથી નીચે ઉતરી ગયાં. પોતાની ભૂલ સમજાઇ ગઇ. ને છોકરા પાસે જઈને કહે છે બેટા! તારી વાત સાચી છે. રાજા જેવો રાજા થઇને તારી ખબર ન લીધી ત્યારે તારે ભૂમિ ઉપર પડેલા કણ વીણીને ખાવા પડે છેને! એ છોકરાને રાજાએ ન્યાલ કરી દીધો. આ હતો રાજા ભોજ. વિક્રમ રાજા પરદુઃખભંજન હતાં. પોતાનું સુખ જતું કરીને પણ પારકાના દુઃખ મટાડતા હતા. આજે વિક્રમ સંવત ચાલે છે, એ કેવું ઉંચું જીવન જીવ્યા હશે કે ચોપડામાં એનું નામ લખાય છે.

જૈન સમાજમાં પણ કેવા દાનવીરો થઇ ગયા છે! એમાં દેદરાણી, જગડુશાહ, ભામાશાહ, વસ્તુપાળ ને તેજપાળ આવા રત્નો ભારતમાં નામ અમર બનાવી ગયા છે. આજનો માનવ બે-પાંચ હજાર ઉપાશ્રયમાં આપે તો શરત કરે કે મારા નામની પથરી મૂકવાની. ભાઈ! તમારૂં નામ પથ્થરમાં કોતરાવવું છે તો મરીને પથ્થર બનશો. આના કરતાં સમજીને લક્ષ્મીનો મોહ છોડો.

"આત્મા જાગૃતિ માટે ગુરૂએ આપેલું સિગ્નલ"

શેઠને લક્ષ્મી ખૂબ વ્હાલી. રાતી પાઇ સત્કાર્યમાં વાપરવાનું મન ન થાય. જોષીઓ અને ભુવાના ઈલાજે કામ ન લાગ્યા. ત્યારે જૈન સાધુ પાસે આવ્યા ને સંતને કહે છે બાપજી! મારી પાસે આટલા પૈસા છે. મેં ઘણા પ્રયત્નો કર્યા પણ હજુ ક્રોડાધિપતિ બની શક્યો નથી તો તેના માટે કોઈ મંત્ર-તંત્ર કે કોઈ બીજો ઉપાય ખરો? ત્યારે મહારાજ કહે છે ભાઈ! ક્રોડપતિ બનવાની મહેનત શા માટે કરે છે? જેટલું મળ્યું છે તેમાં સંતોષ માન, કારણ કે એક દિવસ બધું છોડીને જવાનું છે. માની લે કે તારા ભાગ્યમાં ક્રોડપતિ બનવાનું લખ્યું હશે તો બનીશ ને તારા બંગલા ઉપર ધ્વજા ફરકશે. પણ એ ધ્વજા તો અહીં રહી જશે. તેના કરતાં તારા આત્માની ધ્વજા ફરકાવને? શેઠ કહે બાપજી! તમે આમ કેમ કહો છો? ત્યારે મહારાજ કહે છે શેઠ! તમને લક્ષ્મીનો અત્યંત મોહ છે પણ સાતવારમાં ગમે તે એકવારે તમારા ઘર ઉપર વીજળી પડશે. શેઠ કહે છે કંઈ વાંધો નહિ. હું ઘર છોડીને બીજે રહેવા જઇશ. મહારાજ કહે છે શેઠ! તમે બીજે રહેવા જશો તો ત્યાં પડશે પણ જોખમ તમારા ઉપર છે. એટલે શેઠના હાજા ગગડયા. થરથર ધ્રૂજવા લાગ્યા. એને એટલી શ્રદ્ધા હતી કે આવા ત્યાગી સંત કદી આવું બોલે નહિ અને બોલે તો જ્ઞાની હોય તે બોલી શકે અને તે પણ પાછળનું પરિણામ શું આવશે તેનું લક્ષ રાખીને બોલે.

શેઠને હવે મરણનો ડર લાગ્યો. શું મારા ઉપર વીજળી પડશે ને હું મરી જઇશ? શેઠના કરોડપતિ બનવાના અરમાન ઓસરી ગયા. શરીર શોષાઇ ગયું અને આંખમાંથી ઓરમોર જેવા આંસુ પડે છે. ખૂબ ચિંતાતુર બની ગયા છે. ખાતા-પીતા નથી. રડયા કરે છે. બસ, હવે હું મરી જઇશ? શેઠાણી પૂછે છે સ્વામીનાથ! આપ શા માટે રડો છો? ત્યારે શેઠ કહે છે.સાત વારમાં એક વારે આપણા ઘર ઉપર વિજળી પડવાની છે અને હું તેમાં મરી જવાનો છું. શેઠને ઘર-પેઢી કંઇ યાદ આવતું નથી. આંખ સામે ફક્ત મરણના પડછાયા દેખાય છે.

શેઠ પેઢી ઉપર જતા નથી, એટલે લોકો એમના મુનિમને પૂછે છે કે શેઠ પેઢી ઉપર કેમ આવતા નથી? ત્યારે માણસો કહે છે શેઠના ઘર ઉપર વિજળી પડવાની છે એટલે નથી આવતા. આ વાત આખા ગામમાં ફેલાઇ ગઇ. ત્રણ દિવસ તો ચાલ્યા ગયા.

શેઠના ગુરાપાનો કોઇ પાર નથી. શેઠાણી ખૂબ સમજાવીને પેઢી ઉપર મોકલે છે. શેઠ આવ્યા એટલે બધા મુનિમો અને નોકરો પેઢીના ઓટલાની નીચે ઉતરી ગયા. શેઠ કહે છે હું આવ્યો ને તમે બધા કેમ ચાલ્યા? ત્યારે બધા કહે છે શેઠ! તમારા ઉપર વીજળી પડવાની છે માટે તમે ત્યાં અમે નહિ ને અમે ત્યાં તમે નહિ. વીજળી તમારા ઉપર પડે તો ભેગા અમે મરી જઈએ. શેઠ પાછા ઘેર ગયા. શેઠ દુકાનનો ઓટલો ઉતર્યા કે બધા પાછા હતા ત્યાં ચાલ્યા ગયા.

"મરણના ભયથી માણસો ચાલ્યા ગયા"

ચારે બાજુ વાત ફેલાઇ ગઇ કે શેઠ ઉપર વીજળી પડવાની છે. શેરીના માણસો વિચાર કરવા લાગ્યા કે શેઠ તો બહાર જતા નથી, તો હવે વીજળી પડશે તો એમના બંગલા ઉપર પડશે તો આપણને નુકશાન થશે. તેના કરતાં આપણે માલ-મિલકત લઇને પાંચ-છ દિવસ સગેવહાલે જતા રહીએ. આમ મહોલ્લાના માણસોએ નકકી કર્યું. પચાસ ઘરનો મહોલ્લો ખાલીખમ થઈ ગયો. શેરીના કૂતરા પણ ચાલ્યા ગયા. પશુઓને પણ સંજ્ઞા છે કે આ લોકો જતા રહેશે તો અમને ખાવાનું કોણ નાખશે? એટલે એ પણ ચાલ્યા ગયા. પચાસ ઘરનો મહોલ્લો ખાલી થઈ ગયો. શેઠનું એક ઘર ખુલ્લું રહ્યું. શેઠનો બંગલો ભૂતિયા મહેલ જેવો દેખાવા લાગ્યો. એના ગુરાપાનો કોઈ પાર નથી.

બંધુઓ! તમે જે સંસારને કંસાર જેવો મીઠો માની રહ્યા છો પણ જો જો તે સંસાર મીઠો છે કે કડવો? શેઠાણીના મનમાં થયું કે આટલી બધી લક્ષ્મી છે. કદાચ શેઠ ઉપર વીજળી પડે અને બધા ઝડપાઇ જઇએ તો ભોગવશે કોણ? એનાં કરતાં બંને બાબાને લઈને હું પિયર ચાલી જાઉં. આમ વિચાર કરી શેઠ પાસે આવીને કહે છે સ્વામીનાથ! આપના ઉપર વીજળી પડવાની છે. ભગવાન કરે ને ન પડે પણ મને એમ થાય છે કે હું આ બંને બાબાને લઇને આપ રજા આપો તો ચાર દિવસ મારા પિયર જાઉં. જો આપણે બધા મરી જઈશું તો લક્ષ્મી કોણ ભોગવશે? શેઠાણીના આ શબ્દો સાંભળીને શેઠને પગથી માથા સુધી ઝાળ લાગી. અહો! આ સંસારની માયા કેવી છે? અહો, હું આ શું સાંભળી રહ્યો છું? આ કોણ બોલી રહ્યું છે? શેઠાણી! કંઈક તો વિચાર કરો. ચાર ચાર દિવસથી ગૂરૂં છું. આખો મહોલ્લો ખાલી થઇ ગયો છે. આપણા ઘરમાં મારા અને તમારા સિવાય કોઇ નથી. નોકર – ચાકરો પણ આવતા નથી. આવી સ્થિતિમાં તમે જો સાથે હોતો મને હિંમત રહે. પત્ની એ તો પતિની અર્ધાંગના કહેવાય. સુખમાં સાથે રહે તો દુઃખમાં પણ સાથે રહેવું જોઇએ. અને તમે કહો છો કે હું પિયર જાઉં તો પછી મારૂં કોણ? શેઠાણી કહે છે સૌ સારાવાના થશે. ચિંતા ન કરો. હું તો મારા બે બાબાને લઇને આ ચાલી. હવે પાંચ દિવસ પછી આવીશ એમ કહીને શેઠાણી પિયર ગયા.

શેઠ વિચાર કરે છે અહો! હું માનતો હતો કે મારી પત્ની એટલે પત્ની. એને મારા ઉપર કેટલો પ્રેમ છે! જેના માટે કાળાભજાર કરીને લાખો રૂપિયા ભેગા કર્યા, જેને મારૂં સર્વસ્વ માન્યું એ તો મને દુઃખના સમયે એકલો મૂકીને ચાલી ગઇ. આ સંસારમાં કોઇ કોઇનું નથી. શેઠ એકલા પડી ગયા. વિચાર કર્યો કે મુનિમજીને બોલાવું. મુનિમોને બોલાવ્યા અને કહ્યું કે તમે ચાર મુનિમમાંથી જે ચાર દિવસ મારી પાસે રહેશે તેને હું રોજના એક લાખ રૂપિયા આપીશ. મુનિમો કહે છે પચ્ચીસ લાખ આપો તોપણ અમારે રહેવું નથી. છેવટે નોકરોને પૂછે છે તો નોકરો પણ ચોખ્ખી ના પાડે છે. તમારા શ્રીમતીજી તમને મૂકીને ચાલ્યા ગયા તો અમે શા માટે આવીએ? તમારી પાસે રહેવા આવીએ તો વીજળી પડે એટલે તમારા ભેગા મરી જઇએ. પછી લાખો રૂપિયા શું કરવાના?

નોકરો ને મુનિમો કોઈ શેઠ પાસે એક રાત પણ રહેવા આવવા તૈયાર ન થયાં. શેઠ ખૂબ મૂંઝાયા. રડ્યા. અહો! સંસાર કેવો વિચિત્ર છે! અને સ્વાર્થનો ભરેલો છે! હું માનતો હતો કે આ બધા મારા છે. પણ હવે મને સંતના વચન સમજાય છે કે આ સંસારમાં–

કોઇ કોઇનું નથી રે (૨) નાહકના મરીએ બધા મથી મથી રે...કોઈ
આ મારો દીકરો ને આ મારો બાપ છે,
આ મારી પત્ની ને આ મારી માત છે,
સ્વાર્થ વિના પ્રીત કોઈ કરતું નથી રે.....કોઇ કોઇનું નથી રે...

શેઠના ઝૂરાપાનો પાર નથી. આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહે છે. શું કરવું તેની અબર પડતી નથી.

"પર ઉપકારી મિત્ર" :–ગામમાં શેઠનો એક જુહાર મિત્ર રહેતો હતો. તે શેઠને એની સાથે બીજો કંઇ સબંધ ન હતો. ફકત સામા મળે ત્યારે બંને સામસામા જુહાર કરે. હાથ જોડે. જુહાર મિત્રને ખબર પડી કે મારા મિત્ર એવા શેઠની આ દશા છે. જુહાર મિત્ર ધનવાન ન હતો. ખૂબ ગરીબ હતો પણ ધર્મના સ્વરૂપને સમજેલો હતો. સુખમાં અટુડાપટુડા કરે ને દુઃખમાં સામું ન જુવે તેવો સ્વાર્થી મિત્ર ન હતો. તેને થયું કે શેઠ આટલા કષ્ટમાં છે તો મારે જવું જોઈએ. એટલે એની પત્નીની રજા માંગે છે. ત્યારે પત્ની કહે છે સ્વામીનાથ! એ શેઠની પત્ની તો પિયર ચાલી ગઇ અને તમે મને રંડાપો અપાવવા શા માટે જાવ છો? જુહાર મિત્ર કહે છે માનવ માનવને દુઃખમાં સહાય ન કરે તો બીજું કોણ કરશે? કંઇ થવાનું નથી. એમ કહી શેઠના ઘેર આવવા નીકળે છે. રસ્તામાં બધા એને કહે છે ભાઇ! તું શા માટે જાય છે? શેઠ તારા મિત્ર છે તો તને આટલા વખતમાં રાતી પાઇ પણ આપી છે? તું ન જઇશ. જેમ

ભગવાન મહાવીર ચંડકૌશીકને બૂઝવવા જતા હતા ત્યારે લોકોએ શું કહ્યું હતું:-

જાશો મા પ્રભુપંથ વિકટ છે, ઝેર ભર્યો એક નાગ નિકટ છે,
હાથ જોડીને વિનવે વીરને લોક બધા ભય પામી,
મહાભયંકર એ મારગમાં વિચરે મહાવીર સ્વામી.

જેમ ભગવાનને લોકો પાછા વાળતા હતા તેમ આ મિત્રને પાછો વાળે છે. પણ કોઇની વાત ગણકાર્યા વિના તે શેઠ પાસે પહોંચી ગયો. આવા દુઃખ વખતે પોતાના મિત્રને ઘેર આવેલો જોઈ શેઠ તેને વળગી પડ્યા. અહો મિત્ર ! તું આવ્યો ? શેઠ ! સમયે હું ન આવું તો મિત્ર શેનો ? હવે તમે રડશો નહિ, મૂંઝાશો નહિ. હવે તમને સમજાય છે ને કે સંસાર કેવો વિચિત્ર છે ! બધા મોહ અને રંગરાગ નાટક જેવા છે. તમે મમતા છોડી દો. વીજળી પડવાની હતી તે પડી ગઇ. હવે શા માટે ગભરાવ છો ! શેઠ કહે છે ક્યાં પડી છે ? શેઠ ! પેલી વીજળી તો પડતાં પડશે પણ આ તમારી પત્ની તમને છોડીને ચાલી ગઈ એ વીજળી નથી પડી તો બીજું શું છે? હવે તમને સમજાય છે ને કે આ સંસારમાં કોઇ કોઇનું નથી. ધનની લોલુપતા પાછળ કોઈ દિવસ સંતોની વાણી સાંભળી નહિ, દાન કર્યું નહિ, બ્રહ્મચર્ય પાળ્યું નહિ. પણ અંતિમ સમયે તો જીવને શરણભૂત હોય તો તે ધર્મ છે અને ધર્મ આરાધના કરવાથી દુઃખોનો પહાડ પણ વિખરાઈ જાય છે. હજુ બચવાની બારી છે. જો તમારે બચવું હોય તો અઠ્ઠમ તપ કરી નવકારમંત્રની ધૂન લગાવી દો. શેઠે અઠ્ઠમ તપ કર્યો. આમ તો ઉપાશ્રયે આવતા ન હતા, એક ઉપવાસ પણ કદી કર્યો નહોતો. છતાં અઠ્ઠમ લગાવીને બેસી ગયા. મિત્રે એવું સરસ સમજાવી દીધું કે એના મગજમાં વાત ઉતરી ગઈ અને મૃત્યુનો ભય ભૂલાવી દીધો. જ્ઞાનીનો સમાગમ થાય તો જીવનનો પલ્ટો થઇ જાય છે. તમે મિત્ર શોધો તો એવો શોધજો કે ખરા વખતે કામ લાગે.

શેઠ નવકારમંત્રના ધ્યાનમાં મસ્ત બની ગયા. ત્રીજો દિવસ આવી ગયો. રાત પડી. લોકો ધાબા ઉપર ચઢીને જોવા લાગ્યા કે ક્યાં વીજળી થાય છે ! રાતના બાર વાગ્યા. વીજળી ખૂબ થવા લાગી. વિજળી પણ શેઠના મકાન ઉપર થાય છે. લોકો કહે નક્કી મહારાજની વાત સાચી પડશે. હમણાં બંને જણા મરી જશે. લોકો બોલે છે, ખૂબ અવાજ થાય છે. વિજળીના ચમકારા ને કડાકા થાય છે પણ શેઠને કંઇ ખબર નથી. બરાબર રાત્રે બે-ત્રણ વાગ્યાના સુમારે વિજળી પડી. તે ક્યાં પડી ? શેઠના મકાનના છાપરાની છત ઉપર પડી. સહેજ ભાગને નુકશાન થયું. ધડાકો ખૂબ મોટો થયો પણ શેઠને તો કંઈ ખબર નથી.

નવકારમંત્ર અને અઠ્ઠમ તપનો ચમત્કાર

લોકો માને છે કે શેઠ અને તેમનો મિત્ર બંને બળીને ખાખ થઇ ગયા હશે.

સવાર પડતાં બધાં શેઠના મકાનમાં દોડીને આવે છે ને જુવે છે તો બંને પ્રભુભક્તિમાં લીન છે. શું બન્યું એની ખબર નથી. શેઠ જાગૃત થયા. આપત્તિ આવી પણ બચી ગયા. શેઠ કહે છે મિત્ર! ખરેખર તેંજ મને આપત્તિમાંથી ઉગાર્યો છે. ચાર-ચાર દિવસ આખું પીધું નહિ અને આર્તધ્યાન ને રૌદ્રધ્યાન કર્યું. પણ તારા આવ્યા પછી ત્રણ દિવસ કયાં પસાર થઈ ગયા તેની ખબર પડી નહિ. હવે મને સમજાઇ ગયું કે આ સંસાર કેવો છે!

શેઠની આંખ ખુલી ગઈ. હવે ક્રોડાધિપતિ બનવાની મમતા ઉતરી ગઇ. બસ હવે તો જે ધન છે તે શુભ કાર્યોમાં વાપરી નાંખું અને હવે મારે સંસારમાં રહેવું નથી. પાંચ લાખ માનવ રાહતમાં, પાંચ લાખ કેળવણી ખાતામાં, પાંચ લાખ ગરીબોની સેવામાં આદિ જુદા જુદા ખાતામાં થઈ રૂપિયા પચ્ચાસ લાખ ધર્માદામાં વાપરી નાંખ્યા અને મિત્રને કહે છે ખરે વખતે તેં મને સહાય કરી છે મને બચાવ્યો છે માટે તું આ પચ્ચીસ લાખ રૂપિયા લઇ જા. મિત્ર કહે છે ભાઇ! મેં કાંઇ વિશેષ કર્યું નથી. મારી ફરજ બજાવી છે. મારે રાતી પાઇ પણ જોઇતી નથી.

શેઠાણીનું પિયર બહુ દૂર ન હતું. ખબર પડી કે વિજળી પડી ગઇ અને શેઠ બચી ગયાં અને રૂપિયા પચાસ લાખનું દાન થઇ ગયું એટલે શેઠાણી દોડતા આવ્યા ને કહેવા લાગ્યા - સ્વામીનાથ! હું નાની બાળ છું. બે બાળકો નાના છે અને તમે આટલા બધા પૈસા દાનમાં કેમ વાપરી નાંખ્યા? તમે બચી ગયા એ તો મારી બધાઓ ફળી. મેં અંબાજી માની બાધા રાખી, મીઠાઈની, ઘી, તેલ ને ગોળની મારે બાધા છે. સ્વામીનાથ! તમને ઉનો વાય ન વાશો. (હસાહસ).

શેઠ કહે છે શેઠાણી! મેં તમને રઝળતા નથી કર્યા. આ બાકીના ૪૯ લાખ રૂપિયા છે તે તમે વાપરજો ને ઘર સંભાળી લેજો. હવે મને સમજાઇ ગયું કે સંસારમાં કોઇ કોઇનું નથી. શેઠાણી કહે છે સ્વામીનાથ! તમારા વિના હું નહિ જીવી શકું! શેઠ કહે છે તમને મારા પ્રત્યે કેટલો રાગ છે તે સમજાઈ ગયું છે. મારા પ્રત્યે પ્રેમ હોત તો મને મૂકીને તમે જાત નહિ. તમે સ્વાર્થના સગા છો. હવે તમારા મોહમાં ફસાઉં તેમ નથી. એમ કહીને શેઠ ગુરૂ પાસે જઇ સાધુ બની ગયા.

દેવાનુપ્રિયો! શેઠ સમજી ગયા અને જીવનમાં પ્રગતિ સાધી લીધી. સંતનો સમાગમ થયો તો પ્રગતિના પંથે પ્રયાણ થયું. તેમ તમે પણ તમારા જીવનમાં વિશેષ પ્રગતિ સાધો. કંઇક આત્માઓએ સંતનો સમાગમ કરી જીવનને પ્રગતિના પંથે વાળ્યું છે. જીવનમાંથી વિષય ને વિકારના વિષ ઉતરે, બ્રહ્મચર્યનું પાલન થાય, સત્ય-નીતિ ને સદાચાર જીવનમાં આવે, તપ કરવાનું મન થાય અને એમ લાગે કે હવે જલ્દી કર્મોની જંજીરોને તોડીને મોક્ષમાં જવું છે તો પ્રગતિના પંથે જઇ શકાશે. સમય ખૂબ થઇ ગયો છે. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૫૧

વિષય : જીવનમાં સત્યની જરૂરિયાત તેમ જ મહાવીર જયંતી

ભાદરવા સુદ ૨ ને બુધવાર **તા. ૨૯-૮-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

મહાન મંગલકારી પર્વાધિરાજ પર્યુષણ પર્વનો મંગલકારી પાંચમો દિવસ આજે આવી ગયો. પવિત્ર દિવસોને જતા વાર લાગતી નથી. આ દિવસો આત્માનું સુખ મેળવવાના છે. આત્માનું સુખ એ સ્વાભાવિક સુખ છે. એ કંઈ બહાર લેવા જવું પડતું નથી. આ સંસારમાં કોઇ પણ જીવો એવા નહિ હોય કે જે સુખની અભિલાષા ન રાખતા હોય. કીડીથી માંડીને કુંજર સુધીના દરેક જીવાત્માઓ સુખના અભિલાષી છે. કારણ કે સુખ એ આત્માનો સ્વભાવ છે તેથી મોક્ષમાં સાથે રહે છે. દેહ અને આત્મા એ બંનેના ધર્મો અલગ અલગ છે.

જ્ઞાની ભાગવંતો કહે છે સુખ બે પ્રકારના છે. એક અંતરાત્માનું સુખ અને બીજું પુણ્યથી મળતું સુખ. અંતરાત્માનું સુખ એવા પ્રકારનું છે કે જેને મેળવવા માટે આત્માને જબ્બર પુરુષાર્થ કરવો પડે છે, તે સુખ એક વાર મળ્યા પછી કયારેય જતું નથી. પુણ્યથી મળતું સુખ એવા પ્રકારનું છે કે જે થોડી મહેનતે મળે છે. એને મેળવવા માટે વધુ પુરુષાર્થની જરૂર પડતી નથી. પણ એ સુખ કયારે ચાલ્યું જશે તેનો ભરોસો નથી. એ સુખ આવે છે ત્યારે જીવન ખુશ બનાવે છે અને ચાલ્યું જાય છે ત્યારે દુઃખી દુઃખી કરી મૂકે છે. બંધુઓ ! આજે તમે જે ભૌતિક સુખો ભોગવી રહ્યા છો તે પુણ્યના ફળ છે. પુણ્ય આપણને જે સુખ આપે છે તે કહીને આપે છે કે સુખ લઇ જાઓ પણ કયારે પાછું લઇ લઇશ તે નકકી નહિ જેમ કોઇ માણસને તમારા પ્રત્યે પ્રેમ હોય તો સારા દાગીના અને કપડા પહેરવા તમને આપે પણ કહે કે આટલા કલાકમાં પાછા આપી જજો. બોલો હવે તમે તે દાગીના લેવામાં વિચાર કરો ખરા કે નહિ? માની લો કે તમારે ઘેર લગ્નનો પ્રસંગ છે. આ દાગીના અને કપડા દીકરાને પહેરાવીને વેવાઇને ઘેર પરણાવવા માટે ગયા. તે સમયે ઘણાં માણસોની વચમાં આવીને એ સ્નેહીજન કહે કે આ કપડા અને દાગીના મારા છે, મને પાછા આપી દો. તો તે વખતે તમારી આબરૂ શી ? બોલો આવો લાંબો વિચાર આવે તો કપડા અને દાગીના લેવાની ઇચ્છા નહિ કરો. એ જ રીતે જ્ઞાની કહે છે કે પુણ્યના ઉદયથી મનગમતું સુખ તો મળે છે. પણ એની શરત એ છે કે શ્રીમંત બનો, સત્તાધીશ બનો કે બળવાન બનો, પણ શ્રીમંતાઇ, સત્તા, અને બળ કયા દિવસે ને કઇ તારીખે ગમે ત્યારે, ગમે તે સંયોગોમાં છીનવી લઉં. આ શરતે તમને લેવું ગમશે ખરું ? બોલો, વિચાર કરો કે પુણ્યના સુખ છેવટે આવા છે.

કોઇ માણસ ગમે તેટલો સત્તાધીશ હોય, બળવાન હોય કે કલાકાર હોય. એ માને કે હું મારી સત્તાથી, બળથી અને કલાથી માનવીને ક્ષણમાં અંજવી નાખું છું, પણ કર્મો ક્યારે ઘેરી લેશે, એ તમારા સુખો ક્યારે ઝડપી લેશે તેની અગાઉથી નોટીસ નહિ આવે. માટે જ્ઞાની કહે છે બે પ્રકારના સુખ છે. આત્મિક સુખ અને ભૌતિક સુખ. એ બે પ્રકારના સુખોમાંથી તમારે કયું સુખ પસંદ કરવું છે આત્મિક સુખ કે ભૌતિક સુખ! અંતરાત્મામાં સુખનો પાતાળ કૂવો ભરેલો છે. તમે ઉલેચ્યા કરો. તમે પાતાળ કૂવો જોયો છે? પાતાળ કૂવો ખુબ ઊંડો હોય છે. પાતાળ કૂવો ખોદતાં ઘણી મહેનત પડે છે. પણ એકવાર ખોદ્યા પછી અંદર પાઇપ ઉતારી દેવાથી પછી પાણીની બિલકુલ અછત રહેતી નથી. ચોવીસ કલાક છૂટથી પાણી વાપર્યા કરો. બીજા કૂવાઓમાં ઉનાળામાં પાણી સૂકાઈ જાય છે. પણ પાતાળ કૂવામાં પાણી સૂકાતું નથી તે સદા ભરેલો રહે છે. તે રીતે આત્મામાં અનંત સુખ ભરેલું છે. એ સુખનો ઝરો કદી સૂકાતો નથી. બસ, એ સુખ અને આનંદ લૂંટ્યા કરો. ક્યારે પણ તેનો અંત આવશે નહિ. પણ તેના ઉપર કર્મરૂપી માટી અને પથ્થરની શીલાઓ પડી છે. તેને જ્યાં સુધી ખસેડવામાં નહિ આવે ત્યાં સુધી સુખરૂપી પાણી બહાર નહિ આવે. મોટી મોટી શીલાઓને તોડવા માટે ને ઉખેડવા માટે મશીનો અને ફાડગોળાની જરૂર પડે છે તેમ આ કર્મરૂપી મોટી શીલાઓને ખસેડીને તેના ચૂરેચૂરા કરવા માટે ધર્મકરણી રૂપી મશીન અને તપરૂપી ફાડગોળાની જરૂર છે.

તમે એક વાત નક્કી કરો કે તમારે કયું સુખ જોઇએ છે? આત્મિક સુખ કે ભૌતિક સુખ? ભૌતિક સુખો પુણ્યના ઉદયથી અલ્પ મહેનતે મળી જતા હોય, ભોગવવામાં સારા લાગતા હોય તો પણ અંતે દગો દેનાર છે. એ વાત નક્કી છે. કારણ કે કર્મો અત્યાર સુધીમાં કેટલાય માનવીને ઠગ્યા છે એ તો તમે જાણો છો. માટે ખૂબ વિચાર કરજો કે હવે મારે કયું સુખ મેળવવું જોઈએ અને હું કયા સુખ માટે ફાંફા મારી રહ્યો છું. સુખ તો શાશ્વત જોઇએ છે પણ પુરૂષાર્થ નબળો છે. તમારે જો આત્મિક સુખ જોઇતું હોય તો તમે એવો વિચાર ન કરશો કે આત્મા ઉપર મોટી શીલાઓ ખડકાઇ છે તેને દૂર કેવી રીતે કરીશું? માટીને કેવી રીતે કાઢીશું? તો અમે મશીનરી આપીશું તેનો ઉપયોગ તમારે કરવો પડશે. જેમ ભાણામાં ભોજન પીરસાઇ ગયું, બધું આવી ગયું પછી કોળિયો વાળીને મોઢામાં તમારે મૂકવો પડશે ને? માની લો કે કોઇ કોળિયા વાળીને તમારા મોઢામાં મૂકી દે તો તમારે ચાવીને ગળામાંથી નીચે તો ઉતારવું પડશે ને? આ રીતે તમને આત્મસુખને પ્રગટ કરનારી ત્રણ રત્નરૂપી મશીનરી વીતરાગે કહી છે. પણ તેને આરાધના કરવા રૂપ ચલાવવાનું કામ તો તમારે પોતાને કરવું પડશે. જેમ ભૂખ મટાડવી હોય તો ભોજન કરવું પડશે તે રીતે આત્મસુખ મેળવવું હોય તો પુરૂષાર્થ તમારે કરવો પડશે. સંતો તમને માર્ગદર્શન કરશે.

આત્માનું અખંડ અને નિત્ય સુખ મેળવવા માટે અન્યાય, અનીતિ, અધર્મ અને અસત્યનો ત્યાગ કરવો પડશે. આપણા આજના વ્યાખ્યાનનો વિષય છે **"જીવનમાં સત્યની જરૂરિયાત."** આજનો માનવ એમ માને છે કે દુનિયાનો બધો વ્યવહાર અસત્યથી ચાલે છે. પણ જ્ઞાની કહે છે કે જેટલો વ્યવહાર સત્યથી ચાલે છે તેટલો અસત્યથી ચાલતો નથી. સત્યને ભગવાનની ઉપમા આપી છે. કહ્યું છે કે सच्चं खलु भगवं। સત્ય એ ભગવાન છે. આજે માનવને જીવન ટકાવવા માટે આહાર–પાણી અને હવાની જરૂર છે તેમ જીવનમાં સત્યની જરૂર છે. સૂર્યનો ઉદય થાય ત્યારે અંધકારનો નાશ થાય છે ને ગંદકી સૂકાઇ જાય છે તેમ તેના જીવનમાં સત્યનો સૂર્ય ઉદયમાન થાય છે, તેના જીવનમાંથી બીજા દુર્ગુણો નાશ પામે છે અને જીવન તેજોમય ને સુંદર બને છે. સત્ય વિના માનવ એક પગલું ભરી શકતો નથી. કેવી રીતે ?

તમે દુકાનેથી ઘેર આવ્યા. તમારે જમવું છે ત્યાં તમે ના પાડો તો ચાલે ખરૂં? ત્યાં સાચું બોલવું પડેને? બહારગામ જવું છે તો જે ગામ જવું છે તેની જ ટિકીટ માંગો ને? કે બીજી માંગો? બોલો, ત્યાં સત્ય જ બોલવું પડયું ને ? સત્યને માટે મહાન પુરૂષોએ પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. તમે રાજા હરિશ્ચંદ્રની ફિલ્મ તો ઘણીવાર જોઇ હશે, પણ હજુ કોઇ હરિશ્ચંદ્ર બન્યા નથી. ફિલ્મ જોયા કરતાં જીવનમાં સત્ય અપનાવવું તે વિશેષતા છે. માણસ ગમે તેવો ડાહ્યો, શાણો ને સુંદર હોય પણ જો એના જીવનમાં સત્ય, નીતિ અને સદાચાર નથી તો કાંઈ વિશેષતા નથી. કહ્યું છે કે

गंधेन हीनं कुसुमं न भाति, दन्तेन हीनं वदनं न भाति ।
सत्येन हीनं वचनं न भाति, पुण्यने हीन पुरुषो न भाति ।।

ફૂલ ગમે તેટલું સુંદર હોય પણ જો એમાં સુગંધ નથી તો ફૂલની કાંઈ કિંમત નથી. દાંત વિના મુખની શોભા નથી. સત્ય વિના વચનની કિંમત નથી અને પુણ્યહીન પુરૂષની કિંમત નથી. સત્ય અને શીયળના શણગારથી માનવીની શોભા છે.

આત્મા સદ્‌ગુણનો ભંડાર, સત્ય શીયળનો શણગાર
એની શોભા અપરંપાર....એની શોભા અપરંપાર

જેની વાણીમાં એકાંત સત્ય ભર્યું છે તે જ્યાં જાય ત્યાં તેના પ્રત્યે સર્વને શ્રધ્ધા અને વિશ્વાસ બેસે છે. જીભ એક છે તેમ વચન પણ એક હોવું જોઇએ. પિતાનું વચન પાળવા રામચંદ્રજી વનવાસ ગયા. સત્ય વચનનું પાલન કરવા હરિશ્ચંદ્ર રાજા અને તારામતી રાણીને વેચાઇ જવું પડયું. આટલા વર્ષો વીતી ગયા પણ ઇતિહાસના પાને રામચંદ્ર આદિ મહાન પુરૂષોના નામ સુવર્ણાક્ષરે લખાઇ ગયા છે. એ મહાન પુરૂષોની કથા સંભળાવી કેટલા માણસો એમના નામ ઉપર પેટ ભરે છે. આ શેનો પ્રતાપ છે ? એ મહાન જીવનમાં રહેલ સત્યનો. આજનો વિષય છે **'જીવનમાં સત્યની જરૂરિયાત'** તો

આપણે સત્યવાદી હરિશ્ચંદ્રના જીવનમાં કેવી વિશેષતા હતી કેવું જીવન જીવી ગયા તે જોઈએ.

સત્યવાદી હરિશ્ચંદ્રઃ– સત્યવાદી રાજા હરિશ્ચંદ્રનું નામ તો તમે સૌ કોઇ જાણો છો. સરયુ નદીના કાંઠે આવેલી અયોધ્યાનગરીમાં હરિશ્ચંદ્ર રાજા રાજ્ય કરતા હતા. તેમની રાણીનું નામ તારામતી હતું. તારામતી પણ એક સ્ત્રી હતી. સત્યને માટે પતિની સાથે તારામતી રાણી પણ વેચાઇ ગઇ હતી. સત્યને માટે અનેક કષ્ટો સહન કર્યા હતા. પતિના સુખે સુખી અને દુઃખમાં સહર્ષ ભાગ લેવો તે ભારતની સ્ત્રીઓ બરાબર સમજતી હતી અને સમય આવ્યે પોતાની ફરજ બરાબર બજાવતી હતી.

હરિશ્ચંદ્ર રાજાના જીવનનો એક પ્રસંગ છે. રાજા હરિશ્ચંદ્ર ભોગવિલાસમાં અત્યંત મગ્ન બની ગયા હતા રાજકારભારમાં માથું મારતા ન હતા. જ્યારે રાજા બેદરકાર બને ત્યારે અધિકારીઓ રાજા બની જાય છે અને પ્રજાને ન્યાય મળતો નથી. આવી સ્થિતિ અયોધ્યાની થઇ. પ્રધાનો અને બીજા રાજ્યાધિકારીઓ પોતાની મનસૂબી પ્રમાણે વર્તવા લાગ્યા. રાજ્યમાં અન્યાયનો અંધારપટ છવાઈ ગયો. જ્યાં જુઓ ત્યાં લાંચ-રૂશ્વત વધી ગઇ. એક વખત રાણીની દાસી કામ પ્રસંગે બજારમાં ગઇ હતી. ત્યાં તેના કાને શબ્દ અથડાયા. રાજાને પોતાના કર્તવ્યનું કયાં ભાન છે? એ તો ભોગવિલાસમાં ભાન ભૂલ્યો છે. પણ સાથે સતી તારામતી પણ ભાન ભૂલી છે. જો એ ધારે તો રાજાની શાન ઠેકાણે લાવી શકે અને તેમના કર્તવ્ય તરફ દોરી શકે. ત્યારે બીજી વ્યકિત કહે છે ભાઈ! કોને ખબર છે તારામતીએ રાજાને આ રસ્તે ચઢાવ્યો નહિ હોય! પતિને ભોગવિલાસમાં અંધ બનાવીને સ્ત્રી પોતાનું ધાર્યું કામ કરી શકે છે.

"રાણીની જાગૃતી":– દાસી રાણીની માનતી હતી. તેનાથી આ શબ્દો સહન થયા નહિ. તેણે આવીને રાણીને વાત કરી. એટલે રાણી રાજાને ભોગવિલાસમાંથી મુકત કરી કર્તવ્ય તરફ વાળવા યુકિત શોધવા લાગી. રાણીએ વિચાર્યું તેમને રાજકારભારમાં ચાલી રહેલી અંધાધૂંધીનો ખ્યાલ આપું તો તેમનામાં પરિવર્તન થશે. ભોગવિલાસમાં સંયમ આવશે ને રાજ્યકાર્યમાં પણ ધ્યાન આપશે. પણ બીજી ક્ષણે વિચાર આવ્યો કે કામાંધ માણસને પ્રજાની કે રાજ્યકારભારની શું પડી હોય? રાણીએ રાજાને ઠેકાણે લાવવા ખૂબ વિચાર કર્યો અને છેવટે એક યુકિત શોધી કાઢી.

રાજા હરિચંદ્ર પોતાના મહેલે આવ્યા ત્યારે રાણીએ ન તો તેમના સામું જોયું કે ન તો માન આપ્યું. ત્યારે રાજાને થયું કે રાણી આજે ચિંતામાં લાગે છે. રાજાએ પૂછયું. મહારાણી! આજે તમે આટલા બધા ચિંતાતુર કેમ છો? શું તમને કંઇ ઓછું આવ્યું છે? તમારે કંઈ જોઈએ છે? તમે કહો તેમ કરું. જે જોઇએ તે કાચી સેકંડમાં હાજર કરું. એક કહેતાં એકવીસ ચીજો હાજર કરું. મારા રાજ્યમાં શેની કમીના છે? રાજાની રાણી અને તેમાંય તું તો મારી પટ્ટરાણી છે. તને શું ચિંતા છે? રાણીએ

ચિંતાતુર મને જવાબ આપ્યો. સ્વામીનાથ! આપના રાજ્યમાં કંઈ કમીના નથી. પણ મારે જે વસ્તુ જોઈએ છે તે આપણા રાજ્યમાં નથી મળતી. એટલે હું કહું તે વસ્તુ લાવી આપવાનું વચન આપો તો કહું. ભોગવિલાસમાં આસકત બનેલો રાજા કહે છે તમારા કરતાં શું વિશેષ છે? તમે જે કહેશો તે લાવી આપીશ. કહો, તમારે શું જોઇએ છે?

રાણીએ કહ્યું મને સોનાના શીંગડાવાળો હરણ લાવી આપો. રાજા કહે છે રાણી! માંગી માંગીને આવું તે શું માંગ્યું? આના કરતાં હીરા-માણેક-મોતી કે ઝવેરાતના દાગીના માંગવા હતા ને? સોનાના શીંગડાવાળા હરણને તમે શું કરશો? ત્યારે રાણી કહે છે તમારે સોનાના શીંગડાવાળો હરણ લાવી આપવો પડે એટલે મારી વાતને ઠીક ઉડાવી મૂકો છો. જો તમે લાવી શકો તેમ હો તો તે જ લાવી આપો. મારે બીજું કંઇ જોઈતું નથી. રાજા કહે ભલે, હમણાં લઇ આવું છું. એમાં શી મોટી વાત છે? રાણી કહે છે તમે સોનાના શીંગડાવાળો હરણ ન લાવો ત્યાં સુધી મારા મહેલના પગથીયે ચઢશો નહિ. કામાંધ મનુષ્યોનું મન કેવું વિચિત્ર હોય છે! આવ્યો હતો ભોગવિલાસની ઇચ્છાથી પણ રાણીને ખુશ કરવા સોનાના શીંગડાવાળો મૃગ લેવા માટે ઉપડયો.

દેવાનુપ્રિયો! આખો ઘરસંસાર સ્ત્રીના ઉપર ચાલે છે સ્ત્રી સારી હોય તો ઘરનું વાતાવરણ ધર્મમય બનાવી શકે છે. પણ જો સ્ત્રી ભોગવિલાસનું પુતળું હોય તો ઘરનું વાતાવરણ પણ એવું બને છે. સતી તારામતી ભારતની આદર્શ સન્નારી હતી. રાજ્ય પણ આદર્શ હતું. પણ હરિશ્ચંદ્રની વિષયવાસનાને કારણે રાજ્યમાં અંધાધૂંધી ફેલાઇ હતી. લોકવાયકાએ રાણીની ઉંઘ ઉડાડી અને રાજાને કર્તવ્યનું ભાન કરાવવા તારામતીએ આ યુક્તિ શોધી કાઢી.

"રાજા સોનાના શીંગડાવાળું હરણ લેવા ગયા."

હરિશ્ચંદ્ર રાજા સોનાના શિંગડાવાળું હરણ શોધવા નીકળ્યા. શોધ કરતાં કરતાં ઘણે દૂર નીકળી ગયા. ખૂબ તપાસ કરી. વનેવન ભટકયા. આમ સાત દિવસ અને સાત રાત્રી પસાર થઇ. પણ કયાંય સોનાના શીંગડાવાળું હરણ દેખાયું નહિ. હવે રાજા થાકી ગયા. ભૂખ લાગી હતી. એટલે નિર્જન વનમાં એક ઘટાદાર વૃક્ષની છાયામાં એક શિલા ઉપર બેઠા. સાત દિવસના ઉપવાસ થયા હતા. રાજાએ ઇચ્છાપૂર્વક તપ કર્યો ન હતો. પણ ખાવાનું ન મળ્યું એટલે ઉપવાસ થયા. એટલે એના ચિત્તની શુદ્ધિ થઇ હતી અને તેની વિચારશ્રેણીમાં પણ શુદ્ધતા આવી. એટલે રાજા વિચારવા લાગ્યા કે હજુ સુધી સોનાના શીંગડાવાળો હરણ કયાંય જોયો નથી તેમ સાંભળ્યો પણ નથી. રાણીએ ભોગવિલાસની આસકિત ઓછી કરાવી મને ઠેકાણે લાવવાની યુકિત તો નહિ રચી હોય ને? આવું હરણ આ દુનિયામાં હોઇ શકે નહિ માટે મારે હરણની શોધ કરવી નકામી છે એમ વિચાર કરી રાજા પોતાના મહેલે પાછા આવ્યા. સોનાના

શિંગડાવાળું હરણ ન લાવે ત્યાં સુધી રાણીના મહેલે તો જવાય નહિ. પોતાના મહેલે જઇને સૂઇ ગયા. રાણીને ખબર પડી કે મહારાજા આવી ગયા છે. રાજાના ગયા પછી મહારાણી તારામતીએ કંઇ ખાધું પીધું ન હતું. તે પણ રાજાની રાહ જોઈને બેઠા હતા.

તારામતીએ દાસીને કહ્યું–મહારાજા થાકીને ભૂખ્યા તરસ્યા આવ્યા હશે, તું ભોજન કરાવવા જા. ત્યારે દાસી કહે છે બા! હું ન જાઉં તમે જાવ. ત્યારે રાણી કહે છે મેં રાજાને ભોગવિલાસથી મુક્ત કરવા માટે આ યુક્તિ રચી છે અને તેમને મારા મહેલે આવવાની ના પાડી છે અને જો હું ત્યાં જાઉં તો તેમની કામવાસનાને ઉત્તેજન મળે કે બીજુ કાંઇ? દાસી કહે છે તમને રાજા પાસે એકાંતમાં જતાં ડર લાગે છે તો મને આપના કરતા વધુ ડર લાગે ને? રાજાની કામાંધતાથી સૌ પરિચિત હતાં. એટલે રાણી કહે છે તારી વાત સાચી છે. હવે શું કરવું? તારામતિ રાણી નિષ્ઠુર ન હતી. તેને રાજાની ખૂબ દયા આવી. પણ એમનું જીવન સુધારવા માટે આમ કરવું પડયું છે. હવે શું કરવું તે વિચારમાં રાણી ઉંઘી ગયા. રાજા તેમના મહેલમાં છે ને રાણી જુદા મહેલમાં છે. હવે શું બન્યું તે સાંભળો.

"રાજાના સત્યની પ્રશંસા"

એક વખત દેવોની સભા ભરાઈ હતી. તે સમયે ઈન્દ્ર મહારાજાએ અપ્સરાઓને કહ્યું કે આજે તમે સત્યનું નાટક ભજવો. જેથી સત્યનો મહિમા સહુને સમજાય. ત્યારે દેવો પૂછે છે મહારાજા! આજે સત્યનું નાટક કરવાનું શું પ્રયોજન છે? ત્યારે ઇન્દ્ર મહારાજે કહ્યું – મૃત્યુલોકમાં રાજા હરિશ્ચંદ્ર સત્યવ્રતમાં એટલો અડગ છે કે દુનિયાનો જબ્બરમાં જબ્બર માનવી તો શું પણ દેવલોકનો દેવ પણ તેને સત્યવ્રતથી ડગાવવા સમર્થ નથી. આ સાંભળી હલકી કોટિના દેવને ઈર્ષ્યા આવી કે ઈન્દ્ર મહારાજા માનવીના આટલા બધા વખાણ કરે છે અને આપણા વખાણ નથી કરતાં! ઉચ્ચ કોટિના દેવો માનવીની પ્રશંસા સાંભળીને ખુશ થાય છે અને હલકા દેવો ઇર્ષ્યાની અગ્નિથી બળી જાય છે. એણે ઈન્દ્ર મહારાજાને કહ્યું આપે હરિશ્ચંદ્રના ખૂબ વખાણ કર્યા છે તો હું તેને ડગાવવા જાઉં છું. ત્યારે ઈન્દ્ર કહે છે ખુશીથી જાવ. પણ એટલુ નોંધી રાખજો કે હું જેની પ્રશંસા કરું તે સો ટકા દૃઢ મનોબળવાળાની કરું છું બીજાની નહિ. એ દેવ ઈન્દ્રના વચન પર વિશ્વાસ રાખે તેવો ન હતો. એ મૃત્યુલોકમાં આવ્યો.

"ઇર્ષ્યાળુ દેવ પરીક્ષા કરવા માટે મૃત્યુલોકમાં આવ્યો."

દેવે વિચાર કર્યો કે ઇન્દ્ર મહારાજાએ હરિશ્ચંદ્ર રાજાના આટલા બધા વખાણ કર્યા તો એ સત્યવ્રતમાં અત્યંત દૃઢ હશે તેમાં શંકા નથી. આવા માનવને ડગાવવો સહેલ નથી, છતાં હું તેને ડગાવીશ. એને ડગાવવા શું કરવું તે વિચાર કરી લીધો કે હમેંશા લોઢું લોઢાને કાપી શકે છે તેમ માનવી માનવીને હરાવી શકે એમ વિચારી દેવે

રાજા હરિશ્ચંદ્રને માનવી પાસે ડગાવવાનો નિર્ણય કર્યો. દેવે ઉપયોગ મૂકીને જોયું કે આ દુનિયામાં રાજા હરિશ્ચંદ્રને હરાવી શકે તેવો કોણ છે? ચારે તરફ દૃષ્ટિ કરતાં જણાયું કે વિશ્વામિત્ર ઋષિ મહાન તપસ્વી છે. એ રાજા હરિશ્ચંદ્રને ડગાવી શકશે. દેવની વિશ્વામિત્ર ઋષિ પાસે જવાની હિંમત ન ચાલી પણ તેમને ક્રોધી બનાવવાના ઉપચારો શરૂ કર્યા. બે દેવાંગનાઓને સ્ત્રીના વેશમાં વિશ્વામિત્રના બગીચામાં જઈને શું કરવું તેની સૂચના આપીને મોકલી. દેવના કહેવા પ્રમાણે એ બંને સ્ત્રીઓ વિશ્વામિત્રના બગીચાને ખેદાન મેદાન કરવા લાગી. છોડવા ઉપરથી ફળ ને ફૂલ તોડી નાંખ્યા અને ઝાડના ઝાડ ઉખેડી નાંખ્યા. ઋષિ ધ્યાનમાં બેઠા હતા ત્યાં જઈને શિષ્યોએ ખબર આપી કે આપણા આશ્રમના બગીચામાં કોઈ બે સ્ત્રીઓ આવી છે અને બગીચાને ખેદાનમેદાન કરી રહી છે. આ સાંભળી વિશ્વામિત્રના ક્રોધનો પાર ન રહ્યો પણ સ્ત્રીજાતિને શ્રાપ આપવો તે બરાબર નથી એમ વિચારી એ બે સ્ત્રીઓને પોતાના તપોબળ વડે ઝાડ સાથે ચોંટાડી દીધી.

હવે હરિશ્ચંદ્ર રાજાની શું સ્થિતિ થઈ હતી! રાજા સાત સાત દિવસ જંગલમાં રઝળીને પોતાના મહેલે પાછા આવ્યા છે. સાત દિવસના નકોરડા ઉપવાસ થવાથી રાજાનું મન પવિત્ર અને શુદ્ધ બની ગયું છે. તેને સમજાઈ ગયું કે સોનાના શીંગડાવાળો હરણ મંગાવવાના બહાને રાણીએ મારી વિષયની આગ બૂઝાવવાની યુક્તિ રચી છે એટલે પોતે આપેલા વચન મુજબ રાણીના મહેલે ન ગયા અને પોતાના મહેલે ગયા. રાણીને ખબર પડી કે રાજા પાછા આવ્યા છે. પણ હવે કોની સાથે ભોજન મોકલવું તે વિચારમાં ને વિચારમાં રાણી સૂઈ ગયા ને ઉંઘ આવી ગઈ.

"રાજાની શાન ઠેકાણે આવી"

બીજા દિવસથી રાજાએ પહેલાની જેમ રાજ્ય વહીવટ સંભાળી લીધો. નિયમસર રાજસભામાં જવા લાગ્યા અને ન્યાયસિંહાસને બેસી યોગ્ય ન્યાય આપવા લાગ્યા. બધું કામ પોતે સંભાળી લીધું. રાજાના જીવનમાં એકાએક પરિવર્તન થવાથી પ્રજાને નવાઈ લાગી. પણ રાજ્યની વ્યવસ્થા બરાબર થવાથી પ્રજાને ખૂબ સંતોષ થયો. લાંચ રૂશ્વત બંધ થઈ ગઈ અને ન્યાય–નીતિ અને સત્યની પ્રતિષ્ઠા સ્થપાઈ ગઈ. અયોધ્યામાં આનંદ આનંદ છવાઈ ગયો.

સત્યનો પ્રભાવ:– એક દિવસ સવારે રાજા ફરવા જઈ રહ્યા હતા. રાજા હરિશ્ચંદ્રને સત્ય વ્રતમાંથી ડગાવવા આવેલા દેવે રાજાને વિશ્વામિત્રના બગીચા તરફ જવાની પ્રેરણા આપી, રાજા બગીચા પાસે પહોંચ્યા ત્યાં ઋષિના શાપથી ઝાડ સાથે ચોંટી ગયેલી બંને સ્ત્રીઓ અમને કોઈ બચાવો, કોઈ બચાવો. સત્યવાદી હરિશ્ચંદ્રના રાજ્યમાં જુલમ થઈ રહ્યો છે એમ બોલતા કાળો કલ્પાંત કરતી હતી. રાજા હરિશ્ચંદ્ર આ સ્ત્રીઓની બૂમો સાંભળીને ત્યાં આવ્યા અને સ્ત્રીઓને ઝાડેથી છોડાવવા સ્પર્શ કર્યો કે તરત સત્યના

પ્રભાવથી સ્ત્રીઓ ઝાડથી છૂટી પડી ગઈ. આ છે સત્યનો પ્રભાવ. તપના પ્રભાવથી બાંધી શકાય છે ને સત્યના પ્રભાવથી છોડી શકાય છે. વિશ્વામિત્રે જેને તપના પ્રભાવથી બાંધી હતી તેને હરિશ્ચંદ્રે સત્યના પ્રભાવથી તેમને સ્પર્શ કર્યો કે છૂટી ગઇ. આ બતાવે છે કે તપ કરતાં પ્રભાવ વધી જાય છે.

વિશ્વામિત્રનો કોપ: બંને સ્ત્રીઓને મુક્ત કરીને રાજા તો ચાલ્યા ગયા. આ વાતની વિશ્વામિત્રને ખબર પડી એટલે તેમના ક્રોધનો પાર ન રહ્યો. તેણે માળીને પૂછ્યું કે રાજાએ આ સ્ત્રીઓને છોડી કેવી રીતે? ત્યારે માળી કહે છે તે અમે જાણતા નથી પણ રાજાએ સ્પર્શ કર્યો કે તરત તે સ્ત્રીઓ ઝાડથી છૂટી પડી ગઇ ને તે સ્ત્રીઓ બોલવા લાગી કે જોયો રાજા હરિશ્ચંદ્રના સત્યનો પ્રભાવ! તેમના સત્યના પ્રભાવ આગળ વિશ્વામિત્ર ઋષિનું તપ પાણી ભરે છે. આ શબ્દો બોલતાં બોલતાં સ્ત્રીઓ અલોપ થઇ ગઇ. આ શબ્દો સાંભળી વિશ્વામિત્રનો ક્રોધ વધી ગયો ને ઇર્ષ્યાનો અગ્નિ ભભૂકી ઉઠ્યો. શું મારા કરતાં એના સત્યનો પ્રભાવ વધે? હવે હું એને બતાવી દઉં કે મારા તપનો પ્રભાવ કેટલો છે? આમ વિચારતાં ક્રોધમાં ને ક્રોધમાં વિશ્વામિત્ર રાજસભામાં ગયા. દેવે વિચાર્યું કે મારો પાસો બરાબર પડ્યો છે. તપ અને સત્યની કેવી ચડસાચડસી થશે તે જોઇએ.

વિશ્વામિત્ર ઋષિ રાજસભામાં પધાર્યા એટલે રાજા સહિત સૌ સભાજનો ઉભા થઇ ગયા અને ઋષિનું સન્માન કરી બેસવા આસન આપ્યું. પણ ઋષિ તો ક્રોધથી ધમધમતા આવ્યા હતા તે બોલ્યા હે રાજન! તમે તો મારા મોટા ગુન્હેગાર છો. ત્યારે રાજાએ કહ્યું જો હું આપનો ગુન્હેગાર છું તો આપ મને શિક્ષા કરી શકો છો પણ મેં આપનો શું ગુન્હો કર્યો છે તે આપ કૃપા કરીને મને કહો. હે રાજન! તમે મારા ગુન્હેગારોને છોડી મૂક્યા તે ગુન્હો ખરો કે નહિ? રાજા વસ્તુસ્થિતિ સમજી ગયા ને કહ્યું કે ગુરૂદેવ! તે ગુન્હેગાર આપના ન ગણાય. જે રાજ્યની હદમાં ગુન્હો કરે તે બધા રાજ્યના ગુન્હેગાર ગણાય. વિશ્વામિત્ર તાડુકી ઉઠ્યા કે મારા આશ્રમના બગીચામાંથી ફળફૂલ તોડ્યા છે અને રાજ્યના ગુન્હેગાર કેવી રીતે?

રાજા કહે છે આશ્રમ આપનો છે પણ આશ્રમની માલિકી તો રાજ્યની છે. એટલે તે ગુન્હેગાર રાજ્યના ગણાય તેથી આપ સજા કરવાના અધિકારી નથી. સજા કરવાનું કામ રાજ્યનું છે. આ રાજનીતિ આપે શીખવાડી છે. દરેક માણસ પોતાના મકાનની હદમાં થયેલા ગુન્હાની ગુન્હેગારને સજા કરવા માંડે, તે કાયદો પોતાના હાથમાં લઇ લે તો રાજ્યમાં ભારે અવ્યવસ્થા ફેલાઇ જાય. આ આપે મને શીખવાડેલ રાજનીતિને આપ કેમ ભૂલી જાવ છો? સભાજનોને સંબોધીને રાજાએ કહ્યું: બોલો, આશ્રમના ફળફૂલ કોઇ તોડે તો ગુન્હો રાજ્યનો કે ઋષિનો? સભાજનો એકી અવાજે બોલી ઉઠ્યા કે આ ગુન્હો રાજ્યનો ગણાય. તો પછી ગુન્હેગારો રાજ્યના ગણાય. તો મેં છોડી મૂક્યા તેમાં મેં

શું ગુન્હો કર્યો? આ સાંભળી વિશ્વામિત્ર ઝંખવાણા પડી ગયા, ને બોલ્યા: પ્રજાએ આપેલ ન્યાયને હું માન્ય રાખું છું. હવે હું રજા લઉં છું. એમ કહીને ઋષિ ઉભા થયા અને સભાજનો સહિત રાજા ઉભા થઇ ગયા.

"ઋષિએ બીજો ઉપાય અજમાવ્યો."

ઉભા થયા પછી ઋષિ કહે છે, હે રાજન! તમે રાજનીતિ તો જાણો છો ને? આમ તો રાજનીતિની મોટી મોટી વાતો કરો છો. પણ તમારા આંગણે આવેલા યાચકને દાન આપવાનું તો સમજતા નથી. ઋષિ તમારા આંગણે દાન લેવા આવ્યા છે તો યાચકને દાન આપવાનું રાજનીતિમાં નથી? જતાં જતાં બીજો ઉપાય અજમાવ્યો. રાજા કહે છે, ગુરૂદેવ! હું રાજનીતિ બરાબર જાણું છું. જો આપ યાચક તરીકે આવ્યા હો તો જે માંગો તે આપવા તૈયાર છું. હું માગું તે આપીશ ને? ગુરૂદેવ આપના કરતાં રાજ્ય અધિક છે? હું માગું તે આપવા તૈયાર હો તો સમુદ્ર સહિત આખું રાજ્ય માગું છું. બોલો, આપવા તૈયાર છો? ઋષિએ સમુદ્ર સહિત આખા રાજ્યનું દાન માગ્યું ત્યારે પ્રજામાં હાહાકાર મચી ગયો. સૌ બોલવા લાગ્યા. ઋષિએ ગજબ કર્યો. એમને રાજ્ય શું કરવું છે? રાજા કહે ભલે, આપવા તૈયાર છું. હાથમાં પાણીની ઝારી લીધી. તે સમયમાં પ્રથા હતી કે જેટલી પૃથ્વી દાનમાં આપવી હોય તેટલી દાન આપતી વખતે બોલવામાં આવતી. રાજાએ પૃથ્વીનું પિંડ અને પાણીની ઝારી હાથમાં લઇને ઋષિને સમુદ્ર સહિત આખું રાજ્ય આપવાનો સંકલ્પ કરવા જાય છે ત્યારે વિશ્વામિત્ર કહે છે: રાજા! દાન આપી દીધા પછી તારી કંઇ સત્તા રહેશે નહિ. તારી શું પરિસ્થિતિ થશે તેનો વિચાર કર્યો છે? રાજાએ પણ દૃઢતાથી જવાબ આપ્યો, કે હે ગુરૂદેવ! જે દાન કરે છે તે પાછળનો વિચાર કરતો નથી. દાન આપવું તે રાજધર્મ છે. તે બજાવવા માટે તત્પર રહેવું જોઇએ. રાજાની દૃઢતાથી પ્રજા સ્તબ્ધ થઇ ગઇ. શું હરિશ્ચંદ્ર રાજાની ટેક છે! રાજાએ તો સંકલ્પ કરી લીધો. ઋષિને થયું રાજા હેરાન થશે તો સત્યવ્રતમાંથી ડગશે એટલે વળી ત્રીજો રસ્તો શોધી કાઢયો.

હે રાજન! દાન આપ્યા પછી દક્ષિણા તો આપવી જોઇએને? કે તે મારે યાદ કરાવવું પડે છે. ગુરૂદેવ! હું ભૂલી ગયો. હમણાં આપું છું. ભંડારીજી! ગુરૂદેવને ભંડારમાંથી એક હજાર સોનામહોરો આપી દો. ત્યારે ઋષિ કહે છે કે હે રાજન! તમે મને રાજ્ય તો દાનમાં આપી દીધું. હવે રાજ્યના બજનામાંથી એક પાઇ પણ આપવાનો તમને અધિકાર નથી. રાજાને પોતાની પરિસ્થિતિનું ભાન થયું. એક હજાર સોનામહોરો આપવાનું બોલાઇ ગયું પણ હવે આપવી કેવી રીતે? ત્યારે સભામાંથી પ્રજાજનો બોલી ઉઠયા. રાજાવતી અમે હજાર સોનામહોરો આપી દઇએ છીએ. ત્યારે ઋષિ કહે છે બીજા આપે તે દક્ષિણા મારે જોઇતી નથી. રાજા દક્ષિણા આપવા ઇચ્છતા હોય તો પોતાની

પાસેથી આપે. રાજા કહે છે મેં તો આખું રાજ્ય આપના ચરણે સમર્પણ કર્યું છે. હવે મારી પાસે કંઇ નથી તો મને એક માસની મુદ્દત આપો. ત્યાં સુધીમાં લાખ સોનામહોરો દક્ષિણામાં આપી દઇશ. વિશ્વામિત્રે વિચાર કર્યો કે જો હું રાજાને મહિનાની મુદ્દત નહિ આપું તો પ્રજા ખૂબ ઉશ્કેરાઇ જશે માટે મુદ્દત આપવી ઠીક છે એમ વિચારી રાજાને મહિનાની મુદ્દત આપી.

રાજા રાજસભામાંથી ચાલી નીકળ્યા ત્યારે પ્રજાજનો ચોધાર આંસુએ રડવા લાગ્યા. પણ કોઇ કંઇ બોલી શકયું નહિ. રાજા હરિશ્ચંદ્ર ઋષિ પાસેથી એક મહિનાની મુદ્દત લઇને રાણી પાસે જવા નીકળ્યા. રાજાએ વિચાર્યું જ્યાં સુધી સોનાના શીંગડાવાળું હરણ ન લાવી આપું ત્યાં સુધી રાણીના મહેલે જવાની પ્રતિજ્ઞા છે. એટલે ત્યાં જાઉં કેવી રીતે અને સમાચાર આપવા કેવી રીતે ? બીજી ક્ષણે વિચાર આવ્યો કે રાણીએ મને કામવાસનાથી વિરકત બનાવવા માટે યુકિત ચોજી હતી. મારે કામવાસના તૃપ્ત કરવા કયાં જવું છે ? છતાં જવું નથી. બોલાવીને સમાચાર આપી દઉં. આમ વિચાર કરે છે ત્યાં ખબર મળ્યા કે રાણી પુત્ર રોહિત સાથે બગીચામાં બેઠા છે.

" રાજા બગીચામાં ":– રાણી તારામતી પોતાના વ્હાલા પુત્ર રોહિતને બગીચામાં નીતિ અને કર્તવ્યના પાઠ શીખવી રહી હતી. તે રાજા દૂરથી જોતાં હતા. તે તરત ઉઠયા અને રાણીની આડે આવીને ઉભા રહ્યા. ત્યારે રાણી કહે છે તમે તમારું વચન પૂરું કર્યું નથી અને એકાંતમાં અહીં શા માટે મારી પાસે આવ્યા છો ? રાજાએ ગંભીરતાથી કહ્યું. મેં મહેલે આવવાની પ્રતિજ્ઞા કરી છે. બગીચામાં નહિ. અહીં પણ હું આવત નહિ પણ એક અગત્યની વાત કરવા આવ્યો છું. રાણીએ જોયું કે રાજાના મુખ ઉપર ગંભીરતા છે. પણ વિકારનો તરવરાટ નથી. રાણીએ કહ્યું આપને જે કહેવું હોય તે કહી દો. રાજાએ વિશ્વામિત્રને રાજપાટ દાનમાં આપી દીધાની બધી વાત વિસ્તારીને કહી. તમને પૂછવાનો સમય ન હતો એટલે પૂછયું નહિ.

' રાણીનો જવાબ ':– રાણીએ રાજાને પ્રોત્સાહન આપતાં કહ્યું. રાજપાટ તો એક દિવસ ત્યજવાનું છે. પણ એક ઋષિને દાનમાં આપવાનો સુઅવસર પ્રાપ્ત થાય તેના જેવું આપણું સદ્ભાગ્ય બીજું કયું હોય ? સ્વામીનાથ ! આજે મારી માંગણી પૂરી થઇ છે. મેં સોનાના શીંગડાવાળું હરણ આપને લઈ આવવા કહ્યું હતુ તે આ પૃથ્વી ઉપર મળી શકે તેમ નથી. મારી માંગણી તો અશકય વસ્તુને શકય બનાવવાની હતી, તે આજે આપે કરી બતાવેલ છે. કોઇ રાજા યાચકને જોઇએ તેટલું ધન આપી દે, એક બે ગામડા આપી દે પણ સારૂંયે રાજ્ય આપી દે તે શકય નથી. આવી અશકય વસ્તુને આપે શકય બનાવી છે તેથી મારી માંગણી પૂરી થઇ છે અને મને સોનાના શીંગડાવાળું હરણ મળી ગયું છે. આપની પ્રતિજ્ઞા પૂર્ણ થઇ છે. આવા દાનેશ્વરી પતિની

થવા બદલ ખરેખર હું ગૌરવ અનુભવું છું. રાજાના મનમાં હતું કે રાણીને આ વાતની જાણ થતાં દુઃખ થશે પણ તેના મુખથી ઉત્સાહવર્ધક શબ્દો સાંભળ્યા ત્યારે ખૂબ આનંદ થયો. રાજા કહે છે તારામતી! તારી આવી ઉચ્ચ ભાવના જોઈ તારા પ્રત્યે માન ઉપજે છે. હજુ દક્ષિણા આપવાની બાકી છે. એક મહિનાની મુદત માંગી છે, તો હું કાશી જાઉં છું અને એક મહિનામાં હજાર સોનામહોરો કમાઈને ઋષીને આપી દઇશ. તો તું પુત્ર રોહિતની સંભાળ રાખજે. હું જાઉં છું. તને સંદેશો આપવા અહીં આવ્યો છું.

સતી કહે છે સ્વામીનાથ! જ્યાં દેહ ત્યાં પડછાયો. હું આપની અર્ધાંગના છું. આપની સાથે આવીશ. રાજા કહે પણ આવા કષ્ટમાં હું તમને સાથે કયાં લઇ જાઉં! ત્યારે રાણી કહે છે રાજસુખ ભોગવતાં સાથે રહ્યા અને દુઃખ વખતે આપને મૂકી દઉં. આ આર્યનારીઓનો ધર્મ નથી. હું આપના વિના ક્ષણ પણ જીવી શકું તેમ નથી. રાજા કહે તમને સાથે લઇ જાત, પણ તમારો કોમળ દેહ આ વનવગડાના કષ્ટ સહન નહિ કરી શકે. માટે સારૂં કહું છું, તમે અહીં રહો. રાણી કહે છે આપના વિના રાજસુખ મને ફિક્કા લાગે છે. હું તો સાથે આવીશ. રાજાએ ખૂબ સમજાવ્યા પણ રાણીએ સાથે આવવાની હઠ ચાલુ રાખી ત્યારે રાજાએ કહ્યું દુઃખ વેઠવાની શક્તિ હોય તો સાથે આવો. રોહિતને પ્રજાને સોંપી દઇએ. રોહિત અત્યાર સુધી મૌન હતો તે બોલી ઉઠયોઃ પિતાજી! હું પણ આપની સાથે આવીશ. વનવગડામાં જે શિક્ષણ અને સંસ્કાર આપની પાસેથી મળશે તે અહીં નહિ મળે. રોહિત પણ જંગલની કેડીએ જવા તૈયાર થયો. હરિશ્ચંદ્ર રાજા, તારામતી રાણી અને રોહિત ત્રણેય પોતપોતાના મહેલમાં જંગલમાં જવાની તૈયારી કરી રહ્યા હતા.

"વિશ્વામિત્ર તારામતીના મહેલે"

તારામતી અને રોહિત વનની વાટે જવાની તૈયારી કરતા હતા ત્યાં વિશ્વામિત્ર પધાર્યા. એ ઋષિને રાજપાટની લાલસા ન હતી પણ સત્યવ્રતમાંથી ડગાવી સત્યના પ્રભાવ કરતાં તપનો પ્રભાવ વધુ છે તે બતાવવું હતું. હરિશ્ચંદ્ર રાજા સત્યને ખાતર સેકંડમાં રાજ્ય છોડીને સિંહાસનેથી ઉભા થઈ ગયા એટલે ઋષિને થયું કે આ તો ચાલ્યા જશે ને સત્યનું પાલન કરશે. એનો પ્રભાવ વધી જશે. માટે રાણી તારામતી મારફતે એને ચલાયમાન કરૂં એમ વિચારી વિશ્વામિત્ર તારામતીના મહેલે આવીને કહે છે હે સતી! મેં રાજપાટ છોડીને ચાલ્યા જવાનો રાજાને હુકમ કર્યો છે. તમને કે રોહિતને જવાનો હુકમ નથી કર્યો. તમે ખુશીથી રાજ્યમાં રહી શકો છો. ત્યારે તારામતી કહે છે ગુરૂદેવ! સતી સ્ત્રીનો ધર્મ છે કે પતિના સુખે સુખી અને પતિના દુઃખે દુઃખી બને, માટે અમે તો સાથે જઈશું. વિશ્વામિત્ર કહે છે હજુ રાજા તેની ભૂલ કબૂલ કરે તો હું રાજ્ય પાછું આપવા તૈયાર છું. સતી તારામતી કહે છે ગુરૂદેવ! સત્ય કરતાં રાજ્યની કિંમત વધારે નથી. એક વખત

વમેલો આહાર ફરીને ગળાતો નથી તેમ વચન આપ્યા પછી સત્ય વ્રતધારી પુરૂષો પોતાના વ્રતથી ડરતા નથી. સત્યને માટે કાયા કુરબાન કરવા તૈયાર છીએ. સતીએ જડબાતોડ જવાબ આપી દીધો એટલે ઋષી નાસીપાસ થયા અને ક્રોધે ભરાઇને કહેવા લાગ્યા. તમે સત્યની મોટી મોટી વાતો કરો છો પણ હજુ દાગીના અને ઘરેણા તો ઉતાર્યા નથી. રાજ્યના દાગીના ને ઘરેણાં પહેરવાનો તમને હક્ક નથી. સતી કહે છે ગુરૂદેવ! હું દાગીના ઉતારવાની તૈયારીમાં હતી ત્યાં આપ પધાર્યા. એમ કહી તારામતી, રોહિત અને હરિશ્ચંદ્ર રાજાએ બધા દાગીના ઉતારીને આપી દીધા. સૌ સાદા વસ્ત્રો ધારણ કરી વનની વિષમ વાટે વિચરવા તૈયાર થયા. આ તરફ અયોધ્યામાં વાયુવેગે વાત પ્રસરી ગઇ કે વિશ્વામિત્ર ઋષિએ આપણા રાજા પાસેથી રાજપાટ દાનમાં લઇ લીધા છે અને રાજા વનમાં જાય છે. નગરીમાં હાહાકાર મચી ગયો.

"પ્રજાજનો રાજાના મહેલે" :- પ્રજાજનોના ટોળેટોળા રાજમહેલ પાસે આવ્યા. રાજા-રાણી ને રોહિત સાદા વસ્ત્રો પહેરીને મહેલની બહાર નીકળે છે ત્યારે પ્રજાજનો આડા ફરી વળે છે. અમે આપને નહિ જવા દઇએ. રાજા કહે અમે અમારા વચનનું પાલન કરવા જઇએ છીએ. હવે તમે ગુરૂદેવની આજ્ઞાનું પાલન કરજો. પ્રજાજનો કહે છે આપના જેવા સત્યવાદી પુરૂષની જેમણે આ દશા કરી તે પ્રજાને કેવી રીતે પાળશે? અમારે અહીં નથી રહેવું. અમે તમારી સાથે આવીશું. બીજું નગર વસાવીશું પણ અમારે અહીં રહેવું નથી. ભલે ઋષિ અહીં રાજ્ય કરે.

દેવાનુપ્રિયો! વિચાર કરજો. રાજા પ્રત્યે પ્રજાને કેટલો પ્રેમ છે! પ્રજાજનો ડુસ્કે ને ડુસ્કે રડે છે. રાજા બધાને શાંત પાડીને કહે છે અમને મોહું થાય છે. તમે અમને જવા દો. તમે ગમે તેમ કરશો તો પણ અમે રહેવાના નથી. રાજા દેખાયા ત્યાં સુધી સૌ ઉભા રહ્યા અને દેખાતા બંધ થયા ત્યારે અશ્રુભરી આંખે પાછા ફર્યા.

"સત્યવાદી ત્રિપુટી વનની વાટે" :- રાજા-રાણી અને રોહિત વનની વાટે ચાલી રહ્યા છે. મનમાં સત્યની કસોટીનો આનંદ છે. ભૂખના દુઃખ આનંદથી વેઠે છે. પેલા મિથ્યાત્વી દેવે વિચાર કર્યો આણે સત્યને ખાતર રાજ્ય જતું કર્યું. પણ આ દુઃખ વેઠતા તેમના મનના પરિણામ કેવા છે? તે જોવા ડોશીમાનું રૂપ લઇ માથે લાડુનો થાળ મૂકીને સાથે ચાલે છે. પણ કોઈ તેના તરફ દૃષ્ટિ કરતું નથી ત્યારે ડોશી કહે છે તમે વગડામાં ભૂખ્યા છો તો આ લાડુ ખાઇ લો. રાજા-રાણી કહે છે અમે મહેનત કર્યા વગર મફતનું ખાતા નથી માટે અમે નહિ લઇએ. ત્યારે રોહિતને કહે છે બેટા! તું નાનો છે. ભૂખ લાગી છે ને? લે, આ લાડુ ખાઇ લે, ત્યારે રોહિત કહે છે મારા માતા-પિતાને જે ન ખપે તે મને ક્યાંથી ખપે? હું નહિ લઉં. આ જગ્યાએ સામાન્ય બાળક હોત તો લલચાઇ જાત. પણ આ તો આદર્શ માતા-પિતાનો આદર્શ

સંતાન હતો. વનવગડાના કષ્ટો વેઠયા. ત્રણે આત્માઓ કાશીમાં ગંગા નદીના કિનારે આવેલી ધર્મશાળામાં ભાડું ઠરાવીને ત્યાં ઉતર્યા. પાસે પાઇ ન હતી. જીવનનિર્વાહ માટે લોકોના કામ કરી પેટ ભરવા લાગ્યા. રાજાએ વિશ્વામિત્રને વચન આપ્યું છે કે ગમે તેમ કરીને એક મહિનામાં એક હજાર સોનામહોરો આપી દેવાની. ૨૮ દિવસ તો પૂરા થઇ ગયા. હવે ઋષિને સોનામહોરો કયાંથી આપવી તેની ચિંતા થાય છે.

વિશ્વામિત્ર ઋષિ કાશીમાં : ઋષિએ વિચાર કર્યો. રાજ્ય છોડયાને ૨૮ દિવસ થઇ ગયા. હવે સોનામહોરો કયાંથી આપવાનો છે? એક તો ખાધા પીધા વિના દુઃખી થઇ ગયા હશે અને હું ત્યાં જઇને દમદાટી આપીશ એટલે રાજ્ય લેવા તૈયાર થઇ જશે એમ વિચારી તે કાશીમાં આવ્યા. ઋષિને આવતા જોઇ તારામતી બહાર ગઈ ને પ્રણામ કરીને કહ્યું–ગુરૂદેવ! પધારો. હરિશ્ચંદ્ર તો શરમથી ઓરડીમાં બેસી રહ્યા. બહાર ન આવ્યા. ઋષિ તો ક્રોધથી ધમધમતા બોલ્યા–હું તમારા મીઠા શબ્દો સાંભળીને બેસવા નથી આવ્યો. હું તો મારી સોનામહોરો લેવા આવ્યો છું. કયાં ગયા હરિશ્ચંદ્ર? તેમને બોલાવ. તારામતી કહે છે ગુરૂદેવ! આપને તો સોનામહોરનું કામ છે ને? હજુ બે દિવસ બાકી છે ત્યાં સુધીમાં અમે ગમે તેમ કરીને આપી દઇશું. અમે પણ તેની ચિંતામાં છીએ. રાત્રે ઉંઘ પણ આવતી નથી. મહેનત ખૂબ કરીએ છીએ, પણ ધન મળતું નથી. ત્યારે ઋષિ કહે છે ૧૦૦૦ સોનામહોરો જો આપવાની દાનત હોય તો ઘણા રસ્તા છે. બજારમાં ગુલામ તરીકે વેચાઇને પણ હજાર સોનામહોરો એક દિવસમાં ભરપાઈ કરી શકો છો. પજ તમારે તો વાતો કરવી છે ને? તારામતી કહે છે આપે અમને માર્ગદર્શન આપ્યું. હવે અમે વેચાઇને બે દિવસમાં સોનામહોરો આપી દઈશું.

સત્યને ખાતર બજારમાં વેચાયા

તારામતીએ હરિશ્ચંદ્ર પાસે આવીને ઋષી સાથે થયેલી વાતચીત રાજાને કહી સંભળાવી. રાજા કહે છે તને વેચતાં મારું મન માનતું નથી. રાણી કહે છે સ્વામીનાથ! વચન આપ્યું છે તો બરાબર પાલન કરો. કસોટીમાંથી પસાર થઇએ તો આપણી મહત્તા છે. રાણીની મકકમતા જોઇ રાજાનું હૃદય ભરાઇ આવ્યું. ન છૂટકે રાજા-રાણી અને રોહિત બજારમાં ગયા. રાજા-રાણી વેચાવાના ચિન્હ તરીકે માથા ઉપર માટી ને તેના ઉપર ઘાસ મૂકયું ને વેચાવા માટે ઉભા રહ્યા. દેવાનુપ્રિયો! સત્યવ્રતનું પાલન કરવા રાજા કેવી કસોટી વેઠે છે. આજે છે કોઇ આવો વીર! કોઇ ઘર વેચે, દાગીના વેચે ત્યારે અહીં શું વેચાય છે?

રાજા હરિશ્ચન્દ્ર વેચાય સત્ય કારણે રે
કોઇ વેચે મંદિર, વેચે માળીયા રે, કોઇ વેચે છે ગામ ને ગરાસ
રાજા હરિશ્ચન્દ્ર વેચાય સત્ય કારણે રે...

આખો દિવસ બજારમાં ઉભા રહ્યા. સૌ કોઇ એમનું મુખ જોઈને મજાક ઉડાવવા લાગ્યા. કોઇ હજાર સોનામહોરો આપવા તૈયાર થતું નથી. એમ કરતાં સાંજ પડી અને દયાળુ બ્રાહ્મણ આવ્યો. તેણે જોયું કે આ કોઇ ઉચ્ચ કુળની સ્ત્રી છે. દુઃખની મારી વેચાવા આવી છે. બ્રાહ્મણે પૂછયું બહેન! કંઇ કામ આવડે છે? તારામતી કહે કાકા! તમે જે કહેશો તે કામ કરીશ. બધું આવડે છે. બ્રાહ્મણે પાંચસો સોનામહોરોમાં તારામતીને ખરીદી. તારામતી બ્રાહ્મણની સાથે જવા તૈયાર થઇ ત્યારે રોહિત સાડીનો છેડો પકડીને કહે છે બા! તું એકલી ક્યાં જાય છે? હું સાથે આવીશ. તારામતી કહે છે બેટા! તું તારા બાપુજીની સાથે રહી તેમની સેવા કર. રોહિત કહે છે મોટો થઇશ ત્યારે સેવા કરીશ. અત્યારે સાથે લઇ જા. પુત્રના કાલાઘેલા શબ્દો સાંભળીને તારામતીનું સ્નેહાળ હૃદય ભરાઈ આવ્યું ને કહ્યું બેટા! તારે આવવું હોય તો ખુશીથી આવ. આ સાંભળીને બ્રાહ્મણ કહે છે બાઇ! મેં તને એકલીને ખરીદી છે માટે તું એકલી આવ. તારો છોકરો મારા ઘેર આવીને ગમે તે માંગે તે મને ન પોષાય. રોહિતે કહ્યું–કાકા! હું કંઇ નહિ માંગુ, મને મારી બા સાથે આવવા દો. ત્યારે બ્રાહ્મણ કહે છે બીજું કંઇ નહિ માંગે પણ ત્રણ ટંક તારું પેટ તો ભરવાનું ને? આ શબ્દો સાંભળી રાજા–રાણીની આંખમાં આંસુ આવી ગયા. અહો! કર્મે આપણને કેવી સ્થિતિમાં મૂક્યા! જે પુત્રને લાડકોડથી ઉછેર્યો, જેને માટે અનેક દાસ–દાસીઓ હાજર રહેતાં, પાણી માંગતા દૂધ મળતું તેને માટે આજે ભોજન પણ ભારે પડે છે. તારામતીએ બ્રાહ્મણને કહ્યું આપ તેને જમાડવાનું ન આપો તો કાંઇ નહિ પણ મને તો જમવાનું આપશો ને? તેમાંથી હું તેને જમાડીશ. હવે છોકરાને ખાવાનું આપવું નહિ પડે એટલે બ્રાહ્મણે બાળકને સાથે લેવાની હા પાડી. ૫૦૦ સોનામહોર બ્રાહ્મણે રાજાને આપી દીધી. તારામતી અને રોહિત બ્રાહ્મણની સાથે જાય છે. આ દૃશ્ય જોઇ હરિશ્ચંદ્રનું હૈયું હાથ ન રહ્યું. તેને મૂર્છા આવી ગઇ, ધરતી પર ઢળી પડયા. તારામતી હવે રાણી મટીને દાસી બની ચૂકી હતી. એટલે સ્વતંત્ર ન હતી. બ્રાહ્મણની રજા લઇ પતિ પાસે ગઇ અને પવન નાંખ્યો એટલે મુર્છા વળી, એટલે કહે છે નાથ! હું જાઉં છું. આપ હિંમત હારી જશો તે કેમ ચાલશે? હજુ ૫૦૦ સોનામહોરો ઘટે છે. તો હું જે માર્ગે ગઈ તે માર્ગે જઈને આજે તમે ૫૦૦ સોનામહોરો આપી દેજો અને ૧૦૦૦ સોનામહોરો આપી આપણું વચન પૂર્ણ કરજો. આટલું કહીને સતી ચાલી ગઇ. રાજા ચાંડાલને ત્યાં ૫૦૦ સોનામહોરોમાં વેચાયા અને ઋષિને ૫૦૦ સોનામહોરોની દક્ષિણા આપી દીધી.

"તળાવની ઘાટે":– તારામતી બ્રાહ્મણને ઘેર બધું કામ કરે છે. જેણે પાણીનો પ્યાલો કદી ભર્યો નથી એવી રાણી રસોઇ કરે છે ને એંઠવાડ કાઢે છે અને રાજા પણ ચંડાળને ઘેર રહી બધું કામ કરે છે. પાણી ભરવા પણ જવું પડે છે, એક વખત

હરિશ્ચંદ્ર પાણી ભરવા આવ્યા છે અને તારામતી પણ તળાવે પાણી ભરવા આવી. બંનેએ એકબીજાના ખબર પૂછ્યા અને કુશળ સમાચાર આપ્યા. જતી વખતે હરિશ્ચંદ્ર કહે છે મને આ માટલું ઉંચકાતું નથી. જરા ટેકો કરો તો બંબે મૂકી દઉં. તારામતી કહે સ્વામીનાથ! આપણે સત્યને ખાતર વેચાયા છીએ. તો અહીં પણ સત્યનું પાલન કરવું જોઈએ. તમે ચંડાલને ત્યાં કામ કરો છો ને હું બ્રાહ્મણને ત્યાં છું. હું આપને કેવી રીતે અડી શકું? રાજા માંડ માંડ ઘેર આવ્યા. ચંડાલની પત્ની રાજા પાસે ખૂબ કામ કરાવતી હતી. ચંડાલ ખૂબ દયાળુ હતો. એને થયું કે જો આ ઘેર રહેશે તો આ સ્ત્રી સુખ પડવા નહિ દે. એટલે ચંડાળે તેને સ્મશાને ચોકી રાખવાનું અને મડદા દીઠ ટકો ઉઘરાવવાનું કામ સોંપ્યું. રાજા સ્મશાનના ચોકીદાર બન્યા. હવે તારામતીનું શું બન્યું તે જોઈએ.

"તારામતીના માથે વિપત્તિના વાદળા"

તારામતી બ્રાહ્મણના ઘેર બધું કામ પ્રેમથી કરવા લાગી. પોતાના વિનયથી ને ગુણથી બ્રાહ્મણના ઘરના બધાના મન જીતી લીધા. પણ કર્મ સુખે રહેવા દે તેમ ન હતા. તારામતીની યુવાની હતી ને રૂપ પણ ઘણું હતું. એનું રૂપ જોઇને બ્રાહ્મણનો પુત્ર મોહિત બન્યો. એને પોતાની પત્ની બનાવવા અનેક રીતે સમજાવવા લાગ્યો. લાલચ આપવા લાગ્યો પણ સતીએ કહી દીધું કે સત્યને ખાતર વેચાઇ છું અને શીયળને માટે મારી કાયા કુરબાન કરીશ પણ મારૂં શીયળ નહિ છોડું. તારામતી પોતાના નિશ્ચયમાં અડગ રહી ત્યારે બ્રાહ્મણનો પુત્ર તારામતીને બીજી રીતે હેરાન કરવા લાગ્યો. ખાવાનું ઓછું આપવા લાગ્યો. એક ભાણામાંથી બેના પેટ ભરવાના તેમાં પણ ઓછું થઈ ગયું. ખાવાનું મળે નહિ ને કામ તો કરવું પડે હવે શું થાય? તારામતી પોતાના વ્હાલસોયા બાળકને ફૂલ વીણવા મોકલે છે. ઘણાં છોકરાઓ બગીચામાં ફૂલ વીણીને પૈસા કમાતા હતા તે રીતે રોહિત બધાની સાથે જવા લાગ્યો.

"રોહિતને સર્પદંશ" : એક દિવસ ફૂલ ચૂંટતા કોણ જાણે ક્યાંથી આવીને એક સર્પ રોહિતને કરડ્યો. તેના મુખમાંથી ફારમી ચીસ નીકળી ગઇ. તેના શરીરમાં ઝેર વ્યાપી ગયું. બધા છોકરાઓ મૂંઝાયા. તારામતી પાસે આવીને કહેવા લાગ્યા તમારા રોહિતને સાપ કરડ્યો છે. રોહિતને સર્પદંશ થયો છે! આમ બોલતી તારામતીને મૂર્છા આવી ગઇ અને ધરતી ઉપર ઢળી પડી. કર્મની કેવી વિચિત્ર દશા છે! કહેવત છે કે માણસ જ્યારે મુશ્કેલીમાં મૂકાય છે ત્યારે તેના ઉપર ચારે બાજુથી દુઃખો આવી પડે છે. વિપત્તિ કદી એકલી આવતી નથી. તારામતી ક્યાં રાજ્યની રાણી અને ક્યાં બ્રાહ્મણને ઘેર ગુલામડી! આવા દુઃખોમાં પણ અડગ રહ્યા છે. તારામતી ધરતી ઉપર ઢળી પડી

છે ત્યારે બ્રાહ્મણનો પુત્ર કહે છે આ શું ઢોંગ માંડ્યા ? દીકરાની સાથે તારે પણ મરવું છે ? તું મરી જઇશ તો અમારી ૫૦૦ સોનામહોરોનું શું થશે ? બ્રાહ્મણે બળતામાં ઘી હોમ્યું. દુર્જનો હંમેશા બળતામાં ઘી હોમે છે. તારામતી બેભાન હતી. તેણે બ્રાહ્મણના શબ્દો સાંભળ્યા ન હતા. તે શુદ્ધિમાં આવી એટલે કહે છે મારા પુત્રને સર્પદંશ થયો છે. તો આપ મારી સાથે આવો. હું એકલી છું. બ્રાહ્મણને તારામતીના પુત્રની પડી ન હતી. એને તો કામની પડી હતી. તેણે કહ્યું તારે જવું હોય તો જા. અમે કોઇ આવવાના નથી ને તું જલ્દી આવતી રહેજે. કોઇ આવવા તૈયાર ન થયું ત્યારે છોકરાઓને લઇને તારામતી ત્યાં આવી પહોંચી.

"તારામતીનો વિલાપ":–રોહિતના શરીરમાં ઝેર વ્યાપી ગયું હતું, તે બેભાન બનીને પડ્યો છે. તેને ખોળામાં લઇને માતા ઢંઢોળવા લાગી. બેટા ! મારા સામું તો જો. તું કેમ બોલતો નથી ? મેં તને આ ઉંમરે કમાવા જવાની રજા આપી એટલે નારાજ થયો છે કે શું બેટા ! મેં તો તને પહેલાં ના કહી હતી. પણ તેં કહ્યું કે હું મારી જાતે કમાઇશ ને ખાઇશ. બેટા ! એક વાર તો તારી માતાના સામું જો. હું તારા પિતાને શું જવાબ આપીશ ? હું એક વખત તને તારા પિતાને સોંપી દઉં પછી મને નિરાંત થાય. જવાબ તો દે. હવે હું તને કદી મારાથી અળગો કરીશ નહિ. બેટા ! તેં તો મને કેવી આશાઓ આપી હતી ? તું તો કહેતો હતો કે હું તો થોડા વખતમાં દશ હજાર સોનામહોરો કમાઇ આવીશ અને તમને બંનેને ગુલામીમાંથી મુક્ત કરીશ. તેં તો બોલ્યા વચન પણ ન પાળ્યા. આમ બોલીને બાળકને ઢંઢોળવા લાગી. છાતી સરસો ચાંપવા લાગી પણ આ બાળક ક્યાંથી બોલે ?

"તારામતી રોહિતને લઇ સ્મશાનમાં ગઇ"

બધા માણસોએ પણ કહ્યું બહેન! તમારો રોહિત મરણ પામ્યો છે. સાંજ પડવા આવી છે. હવે તમે તેનો અગ્નિસંસ્કાર કરી આવો. એટલે તારામતી રોહિતને લઈને જાય છે.

હરિશ્ચંદ્ર રાજા ઘેર તારામતી રાણી, નીચ ઘર ભરીયા પાણી
રોહિત લઇને સ્મશાને ચાલી, પછી એ ડાકણી કહેવાણી
કરમની એવી છે એ કહાની...કરમની એવી છે એ કહાની
કે રાણી રંકને ઘેર વેચાણી કરમની એવી છે એ કહાની...

બધા માણસો એક પછી એક વિદાય થવા લાગ્યા. દેવો એની કસોટી કરતાં પાછા પડતા નથી પણ રાજા કે રાણી બંનેમાંથી એક પણ ડગતા નથી. એકલી અટૂલી અંધારી ઘોર રાત્રિમાં પુત્રના શબને લઇને અગ્નિસંસ્કાર કરવા સ્મશાનમાં આવી. અગ્નિસંસ્કાર કેમ કરવો તે ખબર નથી. પાસે પાઇ પણ હતી નહિ. એટલે જંગલમાંથી

લાકડા વીણીને અગ્નિસંસ્કાર કરવાનો હતો. અંધારામાં કંઈ સૂઝતું નથી. લાકડા કયાંથી વીણવા ? ચારે તરફ ઘુમતા ઘુમતા સતીને ઠેસ વાગી અને નીચે પડી ગઈ. પડતાં પડતાં મુખમાંથી ચીસ નીકળી ગઈ. તે સાંભળી શ્મશાનનો રક્ષક ત્યાં આવ્યો ને પૂછયું. હે બાઇ ! આવી અંધારી રાત્રિમાં આ ભયાનક શ્મશાનભૂમિમાં તું કેમ આવી છું ? સતીએ કહ્યું મારો વહાલસોયો પુત્ર સર્પદંશ થવાથી મરણ પામ્યો છે અને તેને અગ્નિસંસ્કાર કરવા માટે આવી છું. ત્યારે શ્મશાનરક્ષક કહે છે બાઈ ! આ શ્મશાનની વિકરાળ ભૂમિમાં એકલો પુરૂષ પણ ન આવી શકે તેને બદલે તેં એકલા આવવાનું સાહસ કેમ કર્યું છે? શું તારો પતિ નથી ? તારા કુટુંબમાં કે આડોશપાડોશમાં કોઇ નથી કે આવે સમયે તને કામ આવે ? તેં કોઇની સાથે સબંધ રાખ્યો નથી લાગતો, નહિતર આવે વખતે સૌ મદદ કરે.

તારામતી કહે છે મારા પતિ છે, પણ અત્યારે મને ઉપયોગી થઇ શકે એમ નથી અને હું અત્યારે એવી સ્થિતિમાં મૂકાઈ ગઇ છું કે સગાસબંધી અને આડોશીપાડોશી પણ મને ઉપયોગી થઈ શકે તેમ નથી. રસ્તે જતા અજાણ્યા માણસો મને સહાય આપવા તૈયાર હતા પણ મારા ક્રૂર કર્મના ઉદયે તેમના હૃદયનું પણ પરિવર્તન થઈ ગયું અને મને મદદ કર્યા વિના તેઓ પણ ચાલ્યા ગયા. શ્મશાનરક્ષકે કહ્યું–તારો પતિ નિષ્ઠુર લાગે છે. એનું હૃદય કઠોર બની ગયું હોય તેમ લાગે છે. જે અત્યારે તને ઉપયોગી ન થાય તો કયારે થાય? તારામતીએ તેને બોલતા અટકાવીને વચમાં કહ્યું કે મારો પતિ કઠોર કે નિષ્ઠુર નથી. તેમના માટે આવા શબ્દો બોલશો નહિ. મારા પતિ જેવા કોમળ હૃદયનો બીજો કોઇ પુરૂષ નહિ હોય. તેમના જેવી વ્યકિત સૂર્યવંશમાં મળવી મુશ્કેલ છે. તમારા વચન સાંભળી મારા દિલમાં દુઃખ થાય છે. ત્યારે ચંડાળ કહે છે બહેન ! તને દુઃખ થાય તેવું કરવાનો મારો કોઇ ભાવ નથી. મને તો તારી દયા આવી એટલે મેં આ પ્રમાણે કહ્યું છે. હવે મારી મદદ જોઇતી હોય તો ખુશીથી કહેજો. બંને પતિ-પત્ની છે પણ અંધારામાં કોઈ કોઇને ઓળખી શકતું નથી. પણ રાજાના વચન સાંભળી સતીના મનમાં થયું કે કોઈ દયાળુ પુરૂષ છે. એટલે કહ્યું તમે કોઇ સામાન્ય માનવી નથી પણ શ્મશાનના દેવ હો તેમ લાગે છે. આપની પાસે કોઈ જડીબુટ્ટી હોય તો મારા પુત્રનું ઝેર ઉતારી આપો તો હું આપનો ઉપકાર નહિ ભૂલું. ત્યારે કહે છે હું કોઇ દેવ નથી. સામાન્ય માનવી છું, અને શ્મશાનમાં રક્ષક તરીકે કામ કરૂં છું. તારામતી કહે છે તમે ગમે તે હો પણ મને અગ્નિસંસ્કાર કેમ કરવો તેની ખબર નથી, તો આપ મદદ કરો. શ્મશાનરક્ષક કહે છે જલ્દી અગ્નિસંસ્કાર કરવો સારો છે કારણ કે ઘનઘોર વાદળાં ચઢી આવ્યા છે. વરસાદ આવે ને લાકડા પલળી જશે તો અગ્નિસંસ્કાર બરાબર નહિ થાય. એટલામાં આકાશમાં વિજળીનો ઝબકારો થાય

છે તેથી એકબીજાના મુખ દેખાયા. હરિશ્ચંદ્ર બોલી ઉઠયા–કોણ તારામતી? તારામતી કહે પ્રાણનાથ! પતિને જોઈને તેને હિંમત આવી. કહે છે પ્રાણનાથ! આપ હવે આ બધું સંભાળી લો. રાજા કહે–આ શું? આપણો રોહિતને શું થઇ ગયું? તારામતીએ પોતાની કહાણી કહી. સાંભળીને રાજાનું હૃદય ભરાઈ આવ્યું. પણ બીજી ક્ષણે પોતાના કર્તવ્યનું ભાન થયું ને કહ્યું તારામતી! આ રોહિતને અગ્નિસંસ્કાર કરવા માટે એક ટકો ટેકસ આપવો પડશે. તારામતી કહે છે નાથ! આ આપણના લાકડા પણ અંધારામાં મહામુશીબતે વીણીને ભેગા કર્યા છે. પેટપૂરતું ખાવા મળતું નથી ત્યાં ટકો કયાંથી લાવું? શું આ પુત્ર મારો છે તેવો તમારો નથી? તમે આટલો કર માફ ન કરી શકો. રાજા કહે છે– તારી વાત સાચી છે. હું અત્યારે કર જતો કરૂં પણ મારે માલિકને શું જવાબ આપવો? તારી પાસે કર માંગતાં મને પણ ઘણું દુઃખ થાય છે. પણ સત્યને ખાતર આપણે રાજપાટ છોડી વેચાઇ ગયા, તો એક ટકા માટે સત્યને વેચાય?તુંજ કહે. તું મને સત્યવ્રતથી ચૂકવાની સલાહ આપે છે ખરી? રાજાના શબ્દો સાંભળી તારામતી સત્યવ્રતમાં મક્કમ બની. નાથ! સત્ય માટે આપણો પુત્ર તો શું, દુનિયાના બધા પદાર્થો તૃણવત છે. પણ હવે ટેકસ માટે શું કરવું? વિચાર કરતાં રસ્તો મળ્યો તેણે કહ્યું સ્વામીનાથ! ટેકસ માટેના ટકાના બદલામાં આ મારી અડધી સાડી ફાડીને આપું છું. એમ કહી સતી પોતાની અડધી સાડી ફાડીને રાજાને કરપેટે આપે છે. આ વખતનું દૃશ્ય ભલભલા ક્રૂર હૃદયના માણસને પણ પીગળાવી નાંખે તેવું હતું. આ સ્મશાનમાં હરિશ્ચંદ્ર રાજા અને તારામતી સિવાય કોઇ ન હતું. તેણે સતી પાસેથી કર લીધો ન હોત તો કોણ જાણવાનું હતું? છતાં સત્યને ખાતર પોતાની ફરજ અદા કરી. કરપેટે અડધી સાડી લઇને અગ્નિસંસ્કાર કરવાની રજા આપી અને જયાં અગ્નિસંસ્કાર કરવા જાય છે ત્યાં ધોધમાર વરસાદ પડયો અને અગ્નિ બૂઝાઇ ગઇ.

આ કુદરતી વરસાદ ન હતો. જે દેવે હરિશ્ચંદ્ર રાજા અને તારામતીની કસોટી કરી હતી તેણે વરસાવ્યો હતો. રોહિતને સર્પદંશ થવામાં પણ દેવની માયા હતી. તે મરી ગયો ન હતો. હવે તેમની કસોટી પૂરી થઇ હતી. પરીક્ષા લેનાર દેવે વિચાર્યું કે ગુલામીના દુઃખોમાં પુત્રનો વિયોગ થયો તો પણ સત્યને છોડયું નહિ. આથી વિશેષ કસોટી કઇ હોય? દેવ મનમાં વિચારતો હતો કે કેવી અડગ સત્યનિષ્ઠા! ત્યાં દેવાંગનાઓ પૂછે છે સ્વામીનાથ! તમે શું વિચારમાં છો? દેવે હરિશ્ચંદ્રની કસોટી કરી હતી અને તેઓ આવા દુઃખમાં પણ કેવા દૃઢ રહ્યા. આ સાંભળી દેવીના રૂંવાડા ખડા થઇ ગયા. આવા સત્યવાદી પુરૂષના દર્શન કરવા જોઇએ. ચાલો, ત્યાં જઇએ. ત્યાં દેવ અને દેવીઓ સ્મશાન ભૂમિમાં આવ્યા અને ચરણમાં પડીને માફી માંગીને કહ્યું કે મેં આપને ખૂબ કષ્ટ આપ્યા. ઈન્દ્ર મહારાજાએ જેવા આપના વખાણ કર્યા હતા તેવા જ આપ છો. દેવ

તેના ચરણમાં નમીને પોતે કષ્ટ આપ્યું હતું તે બદલ વારંવાર માફી માગવા લાગ્યો. સત્યવાદી રાજાએ દેવને ઉભા કરતાં કહ્યું તમે મને કષ્ટ નથી આપ્યું પણ મને અગ્નિ પરીક્ષામાંથી પસાર કરીને મારું સત્ય શુદ્ધ બનાવ્યું છે. વધુ તેજસ્વી બનાવ્યું છે. દશવૈકાલીક સૂત્રમાં કહ્યું છે કે "धम्मो मंगलमुक्किट्ठं", અહિંસા, સંયમ અને તપ રૂપ ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે, એવા ધર્મમાં જેનું મન છે તેને દેવો પણ નમસ્કાર કરે છે. હરિશ્ચંદ્રના ચરણમાં દેવો નમ્યા અને સ્મશાનમાં રત્નજડિત સિંહાસને રાજા-રાણી અને રોહિતને બેસાડી દેવોએ સત્યવાદી હરિશ્ચંદ્ર રાજાનો જયજયકાર બોલાવ્યો. તમે અનુકરણ કરો તો આવા પુરૂષોનું કરજો. (પૂ. મહાસતીજીએ મહાવીર સ્વામીના ૨૭ ભવોનું અને પ્રભુના જીવનમાં રહેલા ગુણોનુ સુંદર વર્ણન કર્યું હતું.)

☆

વ્યાખ્યાન નં. ૫૨

વિષય :-"વૃત્તિમાં વૈરાગ્ય આવે તો પ્રવૃત્તિમાં આપમેળે આવે"

ભાદરવા સુદ ૩ ને ગુરૂવાર **તા. ૩૦-૮-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો

અનંતકરૂણાનીધિ શાસનસમ્રાટ ભગવાન મહાવીર સ્વામીના મુખમાંથી ઝરેલી વાણીને આપણે આગમની વાણી કહીએ છીએ. પ્રભુની પ્રાર્થના કરતાં ભવ્ય જીવો બોલે છે હે પ્રભુ! તું કેવો છે? તું ઘટઘટની અને મનમનની વાત જાણનારો છે. મનમનની એટલે સંજ્ઞાની, જેટલા સંજ્ઞી જીવો છે તે દરેકને મન છે અને સમુર્છિમ પાંચ સ્થાવર અને વિકલેન્દ્રિય એ જીવોને મન નથી પણ દેહ રૂપી ઘટ છે. તે બંનેની વાત તમે જાણવાવાળા છો. આવા ત્રિલોકીનાથની વાણી સાંભળતાં મનનો મોરલો નાચી ઉઠવો જોઇએ અને વાણી અંતરમાં ઉતરવી જોઇએ.

મહાન મંગલકારી પર્યુષણ પર્વનો આજે છઠ્ઠો દિવસ છે. સૌના મનમાં ધર્મનો ઉત્સાહ છે. મુખ ઉપર તપના તેજ ઝળકે છે. આજના વ્યાખ્યાનનો વિષય છે **"વૃત્તિમાં વૈરાગ્ય આવે તો પ્રવૃત્તિમાં આપમેળે આવે."** હમણાં કહેવામાં આવ્યું કે મન કોને હોય? સંજ્ઞીજીવોને મન હોય છે અને અસંજ્ઞીજીવોને મન હોતું નથી. વૃત્તિઓને પવિત્ર બનાવવી કે અપવિત્ર બનાવવી એનો આધાર મન ઉપર રહેલો છે. મન જો સારું હોય તો વિચાર પણ પવિત્ર બને છે. અન્ય દર્શનોમાં પણ કહેવત છે કે **"મન ચંગા તો કથૌતીમેં ગંગા"** એટલે સર્વ પ્રથમ મનને પવિત્ર બનાવવાની જરૂર છે. માનવી જેટલા કર્મ વચનથી ને કાયાથી નથી બાંધતો તેટલા મનથી બાંધે છે. અને ધારે તો મનથી તોડી પણ શકે છે. જેવો મનમાં વિચાર આવે છે તેવો ઉચ્ચાર

થાય છે અને જેવો ઉચ્ચાર થાય છે તેવો આચાર બને છે. વિચાર બગડે તો ઉચ્ચાર બગડે, અને ઉચ્ચાર બગડે તો આચાર બગડે છે. માટે મન ઉપર ખૂબ કંટ્રોલ રાખો. મનુસ્મૃતિમાં કહ્યું છે કે "मन एव मनुष्याणां कारण बन्धमोक्षयोः।" મન શુભપ્રવૃત્તિમાં જોડાય તો કર્મના બંધનોને તોડી નાખે છે ને અશુભમાં જોડાય તો નરકે પણ લઇ જાય છે. રૂપક:–એક કવિએ કોશને ઠપકો આપતાં કહ્યું કે તું સારી નથી. ત્યારે કોશ કહે છે મારો શું વાંક છે કે મને આટલી બધી ધુત્કારી નાંખો છો. ત્યારે કહે છે તું તો એકલા કોલસા ખોદી લાવે છે. ત્યારે કોશ કહે છે તેમાં મારો દોષ નથી. મને કોઇ કુંભાર માટીની ખાણે લઈ જાય તો માટી ખોદું, કોલસાની ખાણે કોલસા અને હીરાની ખાણે હીરા નીકળે. બાકી મારો દોષ નથી. દોષ ખોદનારનો છે. કોશ તેની છે છતાં પણ હીરા, માટી કે કોલસા મેળવવા એ ખોદનારના હાથની વાત છે. તેમ મનને શુભમાં પ્રવર્તાવવું કે અશુભમાં તે આપણા હાથની વાત છે. મન વિશુદ્ધ બને તો વૃત્તિમાં વૈરાગ્ય આવે અને વૃત્તિમાં વૈરાગ્ય આવે તો પ્રવૃત્તિમાં આપમેળે આવે તે સત્ય છે. પણ મનમાં જો સડો પેઠો તો વૃત્તિમાં પેસી જશે અને વૃત્તિમાં પેઠો તો વર્તનમાં પણ સડો આવી જશે, માટે ખૂબ સાવધાની રાખો.

આંગળી પાકી અને ડૉકટર પાસે ગયા તો ડૉકટર કહેશે કે સેપ્ટી થઇ ગયું છે આટલી આંગળી કપાવી નાંખો તો ભવિષ્યનો વિચાર કરીને તરત કપાવી નાંખો છો તે રીતે જ્ઞાની કહે છે મનમાં આવેલો એક પાપી વિચાર સારા જીવનને બગાડે છે માટે મનમાં પાપને આવવા ન દેશો.

જૈન દર્શનમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર. આ ચાર દોષ બતાવ્યા છે. અતિક્રમ એટલે પાપ કરવાના પરિણામ થાય. વ્યતિક્રમ એટલે પાપ કરવાની ભાવના દૃઢ થાય, અતિચાર એટલે પાપ કરવા તૈયાર થવું અને અનાચાર એટલે પાપનું સેવન કરવું. અતિચાર સુધી આવેલો હજુ પાછો હઠી શકશે પણ જ્યાં પાપનું સેવન થઇ ગયું પછી પાપને ભોગવ્યા સિવાય તારો છૂટકારો નથી. માટે પાપ કરવાની વૃત્તિ થાય કે તરત તમે નાબૂદ કરો. આજે તેલાઘરનો દિવસ છે. દિવાળી આવે છે ત્યારે બહેનો ઘરને સાફસુફ કરે છે, તેમ આત્માની સાફસૂફી કરી વૃત્તિઓમાં વૈરાગ્યને વસાવવા માટેનું અનુપમ સંવત્સરી મહાન પર્વ પરમ દિવસે આવે છે. મહિના અગાઉથી ઢાંડી પીટાય છે. ચાર ધર ગયા. હવે આ ચેતવાનું છેલ્લું ધર છે. હજુ તૈયારી ન કરી હોય તો આજથી કરી લેજો અને તમારી વૃત્તિમાંથી સંસારના રાગ–દ્વેષ અને કષાય રૂપી કચરા કાઢી નાંખશો. અંદર જો કચરો ભર્યો હશે તો સારી વસ્તુમાં પણ કચરો દેખાશે. જેમ કોઇ માણસને કમળો થયો હોય તો તેની સામે સફેદ વસ્તુ મૂકીને પૂછવામાં આવે કે આ તને કેવું દેખાય છે? તો કહેશે કે મને પીળું દેખાય છે. એ આંખનો દોષ નથી પણ અંદર રહેલા કમળાનો દોષ છે.

કમળાનો રોગી સર્વત્ર પીળુ દેખે છે તેમ અવગુણી જીવ સર્વત્ર અવગુણ દેખે છે.

દૃષ્ટિ દૃષ્ટિમાં ફેર:—એક ખેડૂત ખેતરમાં ખેડી રહ્યો હતો. તે વખતે એક માણસ આકુળ-વ્યાકુળ થતો ત્યાં આવીને કહે છે ભાઇ! મને પાણી પીવડાવો. બહુ તરસ્યો થઇ ગયો છું એને પાણી પાયું. પછી ખેડૂત પૂછે છે ભાઇ! તમે આટલા બધા ચંચળ ચિત્તવાળા કેમ દેખાવ છો? ત્યારે કહે છે ભાઈ! શું વાત કરું! મારૂં ગામ ખરાબ છે. ગામમાં એક પણ માણસ સારો નથી. એટલે ગામ છોડીને ભાગી આવ્યો છું. તમારૂં ગામ કેવું છે? ત્યારે ખેડૂત કહે છે ભાઇ! અમારૂં ગામ તો તારા ગામ કરતાં પણ ખરાબ છે. અંદર જવા જેવું નથી. સીમાડેથી વિદાય થઇ જા. ખેડૂતનો દીકરો બાજુમાં ઉભો હતો તેને વિચાર થયો કે અમારૂં ગામ કેવું પવિત્ર છે. ગામના લોકો કેટલા સદાચારી છે. લૂંટફાટનું નામ નથી. બહેન-દીકરીઓ મધ્ય રાત્રે એકલી ચાલી જાય તો પણ કોઇ ઉંચી દૃષ્ટિ ન કરે. દારૂ-જુગાર કોઇ જાતનું વ્યસન નહિ ને મારા બાપુજી આમ કેમ કહેતા હશે? પોતાના ગામનું છોકરાને ગૌરવ હતું. યુવાનીનું લોહી ઉછળે છે. હાથમાં ધારીયું લીધું. ગામને ખરાબ કહેનારા બાપનું ગળું કાપી નાંખું. બાપને મારવા જાય ત્યાં બીજો માણસ આવ્યો. એ પણ પહેલાની જેમ આકુળ-વ્યાકુળ હતો. તેને ખેડૂતે પૂછ્યું ભાઈ! તમે કેમ ચિંતાતુર ને આકુળ-વ્યાકુળ દેખાવ છો? ત્યારે કહે છે ભાઇ! મારા અવગુણની શી વાત કરૂં! અમારા આખા ગામના લોકો એવા ગુણવાન અને પ્રેમી છે કે ન પૂછો વાત. હું એક ખરાબ છું. અવગુણનો ભરેલો છું તેથી મને થયું કે મારા સંગે આખું ગામ બગડશે એટલે ગામ છોડીને ભાગી આવ્યો છું. તો ભાઈ કહો તો ખરા કે તમારૂં ગામ કેવું છે? ત્યારે ખેડૂત કહે છે ભાઇ! અમારૂં ગામ સ્વર્ગભૂમિ જેવું પવિત્ર છે. તમે અમારા ગામમાં રહો. તમને આનંદ આવશે. ત્યારે છોકરો વિચાર કરે છે બંનેને જુદા જુદા જવાબ આપવાનું કારણ શું? બાપ કહે છે દીકરા! જે પહેલા આવ્યો હતો તે બધાને ખરાબ કહેતો તેથી પોતે જ ખરાબ હતો એવો ખરાબ માણસ આવે તો આપણા આખા ગામને બગાડે તેથી મેં એને એવો જવાબ આપી પાછો વાળ્યો છે. આ માણસ કહે છે કે મારૂં આખું ગામ સારૂ છે. હું પોતે ખરાબ છું તેથી તે ગુણવાન છે. આવો માણસ રહે તો આપણને ઘણો લાભ છે. ગુણવાનનો સંગ કરવાથી આપણે પણ ગુણવાન બનીએ છીએ.

ભગવાન કહે છે હે દેવાનુપ્રિયો! આ પવિત્ર પર્યુષણ પર્વમાં તમે વૃત્તિઓમાંથી વિકારના કચરાને કાઢી નાંખો. પારકાના દોષ જોવા કરતાં સ્વદોષનું નિરીક્ષણ કરી એકેક દોષને દૂર કરો. દુર્ગુણ દૂર થશે તો વૃત્તિમાં વૈરાગ્ય ભાવ આવશે અને જીવનની પ્રકૃતિઓ સુધરશે. આજે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞાઓ છે. ખરેખર બ્રહ્મચર્યના તેજ અલૌકિક હોય છે.

એક બાદશાહની બેગમ ગર્ભવંતી હતી. પૂરા દિવસો થઇ જવા છતાં તેને પ્રસૂતિ

થતી નથી. વેદનાનો કોઈ પાર નથી. કાળી ચીસો પાડે છે. બાદશાહે વૈદ્યો, હકીમો અને ડૉકટરોને બોલાવ્યા. ઘણા ઈલાજો કર્યા પણ કોઈ ઇલાજ કામ કરતો નથી. એક વખત કસ્તુરબાને પ્રસૂતિ થતી ન હતી. તેમની વેદના ભરેલી ચીસો સાંભળી ગાંધીજીએ નિર્ણય કર્યો કે જો બંને જીવો બચી જશે તો હું જીવનભર બ્રહ્મચર્ય પાળીશ. સ્ત્રીઓને આવું કષ્ટ વેઠવું પડે તે પુરૂષોની વિષયવૃત્તિઓને આભારી છે. તમે પણ ગાંધીજી જેવું જીવન પવિત્ર બનાવજો અને જીવનમાં બ્રહ્મચર્યનું પાલન કરજો.

બેગમને પ્રસૂતિ થતી નથી. વેદનાનો પાર નથી ને કોઇ ઇલાજ કામ કરતો નથી. તે વખતે ચાંપો કહે છે બાદશાહ! બધી દવા પડતી મૂકો. મારી દવા લો. બાદશાહ કહે છે દીકરા! મોટા મોટા ડૉકટરોના ઇલાજ કામ ન આવ્યા તો તું શું કરીશ? ત્યારે કહે છે જે કરીશ તે કરીશ, પણ બેગમસાહેબ છૂટા થઇ જશે. લોકોને દેખતાં દવા અપાય તેમ નથી. એણે દેખાવ કરવા રૂમ બંધ કરી દીધી. દશ મિનિટ એક ચિત્તે નવકારમંત્રનું સ્મરણ કર્યું. રૂમ બંધ કરવાથી કબાળે પરસેવો વળી ગયો હતો તે પરસેવાના બે ટીપા પાણીના ગ્લાસમાં નાખી બેગમને પીવડાવી દીધા. એ પરસેવાના ટીપા બેગમના પેટમાં ગયા અને થોડી વારે પુત્રનો જન્મ થયો. આનંદ આનંદ વર્તાઈ ગયો. બાદશાહ પૂછે છે ભાઇ! તેં શું કિમિયો કર્યો, કઈ દવા આપી કે મોટા ડૉકટરો ન કરી શકયા તે તું કરી શકયો? ચાંપો કહે છે મહારાજા! તે કહેવાય તેમ નથી. બાદશાહ કહે છે તું કહે ને કહે. ત્યારે ચાંપો કહે છે બાદશાહ! મારા માતા-પિતાએ એમના જીવનમાં સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કર્યું છે. કદાચ કામવાસનાને જીતી ન શકાય એટલા માટે એક દિવસની છૂટ હતી. તેમણે એક દિવસ અબ્રહ્મચર્યનું સેવન કર્યું તેમાં મારી માતાને ગર્ભ રહ્યો ને મારો જન્મ થયો. હું છ મહિનાનો થયો ત્યારે મને ગોદડીમાં સૂવાડયો હતો હું રમતો હતો ને મારા માતા-પિતા બેઠા હતા. તે વખતે મારી માતાને જોઈને મારા બાપુજીએ સહેજ અડપલું કરતા માતાના ગાલમાં લપડાક મારી. આ જોઇ માતાને ક્રોધ આવી ગયો. સ્વામીનાથ! આપણા બંનેની વચમાં ત્રીજો જમીન સૂતો છે ને તમારાથી મારા સામું વિકારી દૃષ્ટિથી જોવાય કેમ? જુઓ, આ છ મહિનાનો બાળક પડખું ફરી ગયો એને શરમ આવી પણ તમને શરમ ન આવી? બાળકના જીવનમાં સંસ્કાર કેવા આવશે?

દેવાનુપ્રિયો! આજે તમે જીવનમાં શું કરી રહ્યા છો? આ તો છ મહિનાનો બાલુડો હતો ને અહીં તો યુવાન દીકરા-દીકરીઓ હોય પણ મા-બાપને સાથે હરવા-ફરવા ને સિનેમા જોવા જવા જોઈએ. પછી તમારા સંતાનો કેવા પાકશે? ચાંપો કહે છે બાદશાહ! મારી માતાને એવી શરમ આવી ગઈ કે એનું પ્રાયશ્ચિત કરવા માટે ગળે ફાસો ખાઇને મરી ગઈ. મરતાં મરતાં મારા કાનમાં ફૂંક મારતી ગઇ કે બેટા! શુર-વીર ને ધીર બનજે. બ્રહ્મચર્યનું પાલન કરજે. ચારિત્ર માટે મરી ફીટજે. તારા

જીવનમાં સંસ્કારનું સિંચન કરવા માટે હું મારા પ્રાણનું બલિદાન આપું છું. એ મારી માતા મને છ મહિનાનો મૂકીને ગળે ફાંસો ખાઇને મરી ગઇ. એવી વીર માતાનો સંતાન છું. મેં હજુ જીવનમાં બ્રહ્મચર્યને ખંડિત કર્યું નથી. હું અખંડ બ્રહ્મચારી છું. જે મન-વચન-કાયાથી શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરે છે તેના પરસેવામાં અને મળમૂત્રમાં એવી શકિત પેદા થાય છે કે ભલભલા અસાધ્ય રોગો મટી જાય છે. મારા પરસેવાના બે ટીપા પાણીમાં નાંખીને આપ્યા ને રાણીની વેદના બંધ થઇ. ક્ષેમકુશળ બાળકનો જન્મ થયો. બ્રહ્મચર્યમાં આટલી તાકાત છે. તમે સંસારમાં રહીને કામના ઉપર વિજય મેળવી શકો છો. વૃત્તિઓમાંથી વિકાર જાય તો વૈરાગ્ય આવતા વાર નથી લાગતી. આત્મસાધના કરવામાં આજનો માનવ ખૂબ નબળો બની ગયો છે અને પુરૂષાર્થ પણ બહુ અલ્પ કરે છે. કયાંથી કર્મ ખપશે. આ જીવનનો શું ભરોસો છે! ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન કહે છે "દુમપત્તए પંડુરए જહા" વૃક્ષ ઉપરથી પીળા થયેલા પાંદડા રાત્રિના સમયે ખરી પડે છે તેમ માનવીનું જીવનરૂપી પાંદડું કયારે ખરી પડશે તેની ખબર નથી. માટે જીવનમાં કંઇક કરી લો. તપ કરો, બ્રહ્મચર્ય પાળો અને વધુ ભાવના જાગે તો દીક્ષા લઇ લો.

બાદશાહે ચાંપાના ગુણ ગાયા. ધન્ય છે દીકરા તને અને તારી જનેતાને આટલી નાની ઉંમરમાં તું આવો પ્રભાવશાળી બન્યો છે. ઇતિહાસના પાને ચાંપાનું નામ લખાઇ ગયું. તમે આવા બનજો તો માનવજીવન સાર્થક બનશે.

આજે મહારાષ્ટ્રમાં ખૂણેખૂણે શિવાજીના ગુણગાન ગવાય છે. શેનો પ્રભાવ છે? ચારિત્રનો. જેની વૃત્તિમાં વિકાર ન હોય તો પ્રવૃત્તિ પણ પવિત્ર જ હોય ને ચરિત્રવાન આત્મા પડતાને પણ બચાવે છે, પણ કયારે? ચારિત્રના પાલન માટે પોતાની કાયા કુરબાન કરી દે છે. આ પવિત્ર ભારતભૂમિમાં કેટલી પવિત્ર સતીઓ થઇ ગઇ છે. એણે ભારતની શાન વધારી છે.

"બાદશાહનો પ્રશ્ન"

સોળમા સૈકાની આ વાત છે. એક વખત દિલ્હીમાં અકબર બાદશાહનો દરબાર ઠઠ ભરાયો હતો. રાજપૂત રાજાઓને રાજકાર્ય પ્રસંગે બાદશાહે બોલાવ્યા હતા. રાજકાર્ય સબંધી વાતચીત કર્યા પછી બાદશાહે જ્ઞાનગોષ્ટિ શરૂ કરી. તેમાં વખત જોઇને અકબર બાદશાહ બોલ્યા હે રાજાઓ! હિંદુ શાસ્ત્રમાં સતી સ્ત્રીઓના ઘણાં દાખલા છે, તો અત્યારે તમારા કોઇના ઘરમાં આવી સતી સ્ત્રીઓ છે? આ સાંભળી સભામાં બેઠેલા રાજપૂતો મૌન રહ્યા. નીચું જોઇને બેઠા. સભા-શાંત હતી. બાદશાહ સભા સામું જોયા કરતાં હતા. દરેક રાજપૂતોના ઘરમાં સતી સ્ત્રીઓ હતી. મૌન બેઠા હતા એટલે એમના ઘરમાં સતી સ્ત્રીઓ ન હતી એમ નહિ, પણ બાદશાહની સામે કહેવાની કોઇની તાકાત ન હતી કે

અમારા ઘરમાં પૂર્વની સતીઓ જેવી પતિવ્રતા નારી છે. ક્વાચ કહે ને રાજા કસોટી કરે તો મુશીબતમાં ઉતરવું પડે એના કરતાં ન બોલવું શું બોટું? રાજાના પ્રશ્નનો કોઈ જવાબ આવી શકતું નથી. એટલે બાદશાહના મોઢા ઉપર વકતા છવાઈ ગઈ. રાજપૂતોના મોઢા ઢીલા પડી ગયા. સૌ નીચી દૃષ્ટિએ બેસી રહ્યા પણ એક રાજપૂતથી આ સહન ન થયું. એ કોણ હતો?

"હાડાની હિંમત અને હોડ":- આ સભામાં ચાંપરાજ હાડો હાજર હતો. તેનાથી રાજાના વચન સહન ન થયાં. ક્ષત્રિયના તેજ જેના મુખ ઉપર ઝળકે છે તેવો ચાંપરાજ હાડો ઉભો થયો ને હાથ જોડીને બોલ્યો. જહાંપનાહ! આ ધરતી રત્નોથી ભરેલી છે. "બહુરત્ના વસુંધરા." ભારતમાંથી સતી સ્ત્રીઓનો વંશ ગયો નથી. હજુ પણ આ ભારત ભૂમિની વીરનારીઓ શીયળ વ્રતથી પૃથ્વીને શોભાવી રહી છે. આ સેવકને ઘેર આવું સ્ત્રીરત્ન મોજુદ છે. બાદશાહ કહે છે હાડા! સતીની સાચી ખબર તો કસોટી થયા પછી પડે. આમ તો પોતાની સ્ત્રીને સૌ સતી માને. આ શબ્દો બોલતાં બાદશાહના મુખ પર હાસ્યની રેખાઓ તરવરતી હતી. બાદશાહના વચન સાંભળીને હાડાનું લોહી ઉકળી ગયું. એ બોલ્યો જહાંપનાહ! કહેવાની કે કલ્પનાની આ વાતો નથી પણ મને શ્રદ્ધા છે કે **"મેરૂ ડગે ધરતી ધ્રૂજે સૂર્ય કરે અંધકાર પણ મારી સોનરાણી ચરિત્ર ન ચૂકે તલભાર."**

આ તો વજનાં વચન છે. આપને જે રીતે પરીક્ષા કરવી હોય તે રીતે કરી શકો છો. જો મારી સ્ત્રીનું શીયળ કોઇ ખંડન કરે તો મારું માથું આપવા તૈયાર છું. મારી સોનરાણીનું શીયળ ખંડિત કરવું તે માથા સાટે માલ લેવા બરાબર છે.

બાદશાહની હાકલ:-

અકબર બાદશાહે સભામાં દૃષ્ટિ ફેરવીને કહ્યું. બોલો, આ ચાંપરાજ હાડાની સતી સ્ત્રીના શીયળની પરીક્ષા કરવાની કોઇનામાં તાકાત છે? દેવાનુપ્રિયો! સતીના સતીત્વની પરીક્ષા કરવી એ રમત વાત નથી. મણીધર નાગના માથેથી મણી લેવો અને સિંહની કેશવાળી લેવી જેટલી કઠીન છે તેથી અધિક કઠિન સતીના સતીત્વની કસોટી છે. ચારે તરફ બાદશાહે દૃષ્ટિ કરી પણ કોઇ હિંમત કરતું નથી. છેવટે બાદશાહનો એક હજુરીયો શેરખાં નામનો સિપાઈ હતો તેણે બીડું ઝડપ્યું. તે ઉભો થઇને બોલ્યો જહાંપનાહ હું જવા તૈયાર છું. સૌની દૃષ્ટિ તેના તરફ સ્થિર થઇ. અહો! આ એક સામાન્ય સિપાઇ શું કરવાનો છે? સૌ બોલી ઉઠયાં શેરખા! હાડાની હોડ તો ચાઢ છે ને? શેરખાં કહે છે જી હા હાડાની રાણીનું શીયળ છ માસમાં ખંડિત કરૂં તો ચાંપરાજ હાડાનું માથું લઉ અને જો એ ન બની શકે તો મારૂં માથું દઉં. શરત નક્કી થઇ. સાથે એ પણ નક્કી કર્યું કે જ્યાં સુધી શેરખાં ન આવે ત્યાં

સુધી ચાંપરાજ હાડાને દિલ્હીમાં નજરકેદ રહેવાનું. બંને પક્ષની કબૂલાતો પર સહી લેવાઇ ગઇ! ચાંપરાજને એની પત્ની ઉપર વિશ્વાસ હતો કે પ્રાણ છોડશે પણ મારી સોના રાણી ચારિત્ર નહિ છોડે. એવી એ પવિત્રતાની મૂર્તિ છે. સાક્ષાત દેવી છે એટલે ભલેહું દિલ્હી રહું. મારે એને કહેવાની કે સંદેશો મોકલવાની કાંઇ જરૂર નથી હાડાના દિલમાં શાંતિ અને વિશ્વાસ હતો. બોલો તમને તમારી પત્નીનો કે પત્નીને તમારો આટલો વિશ્વાસ છે?

"શેરખાંનું બુંદીકોટાગમન":

શેરખાં બીજું ઝડપીને બીજે દિવસે બુંદીકોટા જવા રવાના થયો. ત્યાં જઇને એક ધર્મશાળામાં ઉતર્યો. બુંદીકોટામાં ફરવા લાગ્યો. ત્યાંના પ્રતિષ્ઠિત પ્રજાજનોને શેરખાંએ પૂછયું તમારા રાજા કોણ છે? અને તે અહીં છે કે નહિ? ત્યારે પ્રજાજનો કહે છે એતો રાજ્યના કામે દિલ્હી ગયા છે. એમનું નામ ચાંપરાજ હાડા છે ત્યારે શેરખાં પૂછે છે એની રાણી કોણ છે? તેની રહેણીકરણી કેવી છે? પ્રજાજનો કહે ભાઇ તમે અજાણ્યાં લાગો છો. અમારા મહારાજાની સોનરાણી એટલે મહાન પવિત્ર શક્તિનો અવતાર છે. એના અશુચી પુદ્ગલોમાં પણ એવી તાકાત છે કે રોગીના રોગ મટી જાય. ભૂત-પલિત ભાગી જાય. કોઈ એની સામે કુદૃષ્ટિથી જોઇ શકે નહિ. જુએ તો બળીને ખાખ થઈ જાય એવો એનો સતીત્વનો પ્રભાવ છે. ઘણાંને પૂછયું પણ શેરખાંને એક જ જવાબ મળ્યો. બુંદીકોટામાં રહીને શેરખાંએ ઘણાં પ્રયત્નો કર્યા પણ રાણીની અડગતા આગળ શેરખાંની કોઇ કરામત ચાલી નહિ. શેરખાં સતીનું મુખ જોવા પણ પામ્યો નહિ. આમ કરતાં ચાર મહિના ગયા પણ શેરખાંની યુક્તિ હજુ કામ લાગી નથી. તેથી ખૂબ મૂંઝાયો. બીજું ઝડપી આવ્યો છું પણ કંઇ નહિ થાય તો ચાંપરાજને શીર દેવું પડશે. આના કરતાં ગમે તે યુક્તિ કરૂં પણ હું સોનરાણીનું શીયળ ખંડન કરી આવ્યો છું ને તેને ત્યાં રહી આવ્યો છું તેની ખાત્રી થાય તેવી તેની એકાદ બે ચીજો મળી જાય તો નિશાની તરીકે ત્યાં બતાવી શકાય.

શેરખાં વેશ્યાને ઘેર ગયો. ખૂબ વિચાર કરી શેરખા બૂંદીકોટાની મહાચતુર મદનસેના નામની વેશ્યાને ઘેર ગયો. તેને પોતાની બધી વાત કહી સંભળાવી અને કહ્યું તું મહાચતુર છે. જો તું સોનરાણીના ગુપ્ત અવયવનું ચિન્હ જોઇ આવ અગર હાડાએ યાદગીરીમાં આપેલી તેની એક બે પ્રિય વસ્તુઓ લાવી આપે તો તારો મહાન ઉપકાર માનીશ અને તારે જિંદગીભર આવો ધંધો ન કરવો પડે એવી ન્યાલ કરી દઇશ. મદનસેનાએ પહેલાં તો જવાની ના પાડી અને કહ્યું હું ગમે તેવી ચતુર હોઉં પણ એ સતીની પાસે મારી યુક્તિ ફાવે તેમ નથી. શેરખાંએ કહ્યું તું જે માંગીશ. તે આપીશ, પણ મારું કામ કરી દે. ખૂબ આજીજી કરી એટલે વેશ્યાએ કામ કરી આપવાની ખાત્રી આપી એટલે શેરખાંને શાંતિ વળી.

મદનસેનાની યુક્તિ :– મદનસેના ભારે ચતુર હતી. તેમાં પણ સોનરાણીના જીવનથી પરિચિત હતી એટલે છળકપટ વિના ફાવી શકે તેમ ન હતું. એણે વેશ્યાનો સ્વાંગ ઉતારી ક્ષત્રિયાણીનો સ્વાંગ સજ્યો અને ખૂબ દૂર દેશાવરથી આવતી હોય તેમ નોકર–ચાકર અને વાહનો આદિ ઠાઠમાઠથી ખુંદીકોટામાં પ્રવેશ કર્યો ને રાજમહેલમાં ખબર મોકલ્યા કે ચાંપરાજહાડાના ફઈબા આવ્યા છે. સોનરાણીને આ ખબર મળતાં ખુશ થઇ ગયા. હાડાના ફઈબા પધાર્યા અને તે પણ તેમની ગેરહાજરીમાં પધારે એટલે જરાપણ ખામી ન આવવી જોઇએ. ખૂબ વાજતેગાજતે ફઈબાનું સ્વાગત કરાવ્યું. હાડા પાસેથી ઘણીવાર ફઈબાના વખાણ સાંભળી સોનને ફઈબાને મળવાનું મન થતું તે ફઈબા ઘેર પધાર્યા છે. એટલે સોનને ફઈબા પ્રત્યે ખૂબ માન ઉપજ્યું. સોનરાણીમાં જેટલી વીરતા હતી તેટલી સરળ પણ હતી. ફઈબા સોનરાણી સાથે મીઠી મીઠી વાતો કરે, પ્રેમ બતાવે કે સોનનું કોમળ હૃદય પીગળી જતું.

દેવાનુપ્રિયો ! આજે સાચા કરતાં ખોટાનો પ્રકાશ વધુ હોય છે. ખોટું સાચાને ઝાંખુ પાડી દે છે તે રીતે વેશ્યાના કૃત્રિમ પ્રેમે સોનરાણીનું હૃદય જીતી લીધું. ભલી સોનરાણીને ખબર ન હતી કે આ ફઈબાના વેશમાં વિષભરી વેશ્યા છે. સોનની પતિપારાયણતા અને સતીત્વનો પ્રભાવ જોઇ વેશ્યાને વિચાર આવતો કે અહો, કયાં આની પવિત્રતા અને કયાં મારી અધમતા ! આ અવાજ તેના હૃદય સુધી પહોંચે તે પહેલાં શેરબાંની સંપત્તિ એની આંખો આંજી નાંખતી હતી. ફઈબા પૂછે છે સોન ! મારો હાડો કયાં ગયો છે ? મારે તો હવે જલ્દી જવું છે. ત્યારે કહે છે ફઈબા ! તે દિલ્હી ગયા છે. થોડા દિવસમાં આવવા જોઇએ. શી ઉતાવળ છે ? જવાશે. આપ પધાર્યા છો તેથી મને બહુ આનંદ આવે છે. અને આપના ભત્રીજાને મળ્યા વિના કેમ જવાય ? તમે જાવ અને એ આવે તો મને ઠપકો મળે. મારા ઉપર દયા કરી થોડા દિવસ રોકાઇ જાવ. વેશ્યા કહે ભલે, બે–ત્રણ દિવસ રાહ જોઉં છું. હવે સોન અને વેશ્યા વચ્ચે ગાઢ પ્રેમની ગાંઠ બંધાઇ ગઈ હતી. વળી હાડાસાહેબના ફઈબા એટલે દિલની બધી વાતો સોન કરતી. સોન જ્યાં જાય ત્યાં સાથે ને સાથે રહેતી. એક દિવસ વિશાળ હોજમાં એક કપડું પહેરીને સોનરાણી સ્નાન કરતી હતી. કપડા ભીંજાઇ જવાથી અંગોપાંગ દેખાઈ જાય છે તે રીતે રાણીની જમણી જાંઘ પર લાખાનું ચિન્હ હતું તે વેશ્યા જોઈ ગઇ. એટલે તેને ખૂબ આનંદ થયો. પોતાનું કામ પૂરું થવાથી હૈયું હર્ષથી નાચી ઉઠયું.

આ તરફ શેરબાંની મુદત પૂરી થવા આવી છે એટલે વધુ રહી શકે તેમ ન હતું એટલે ફરીને કહ્યું. સોન ! મારે જવું છે. મને ઘરેથી નીકળ્યા ઘણો વખત થઈ ગયો છે. હવે રોકાઇ શકું તેમ નથી. મને હાડાને મળવાની ખૂબ ઇચ્છા હતી તેથી તારા આગ્રહને માન આપી વધુ રોકાઇ ગઇ. પણ તે આવ્યો નહિ. તો તું મારા વતી તેને કહેજે

કે ફઈબા, તમારી શહ જોઇને ગયા. ભોળી સોન કહે છે ફઇબા ! તમ રો પ્રેમ ઘણો છે. મારે તમને રોકવાની ખૂબ ઈચ્છા છે. પણ તમે ના પાડો છો એટલે હું વધુ શું કહું ? પણ ફઇબા, આપના ભત્રીજાની ગેરહાજરીમાં મારાથી આપને સેવામાં ખામી આવી હોય કે આપને ઓછું આવ્યું હોય તો માફ કરજો અને ફરીને આ વહુને સેવાનો લાભ આપવા જરૂર પધારજો. આટલું બોલતાં સરળ સોનરાણીની આંખમાં આંસુ આવી ગયા. ફઇબા કહે છે બેટા ! તારો પ્રેમ ને લાગણી એવા છે કે મને જવાનું મન નથી થતું પણ હવે રહી શકું તેમ નથી. મારો ભત્રીજો મને મળ્યો નહિ તેનું મને ખૂબ દુઃખ છે. પણ બેટા ! તેં જરા પણ ખામી આવવા દીધી નથી. તેં મારી ખૂબ સેવા કરી છે. મને તારો વિયોગ ખૂબ સાલશે. પણ બેટા ! મારી એક ઈચ્છા છે કે યાદગીરી તરીકે મારા હાડાની તલવાર ને રૂમાલ તારી પાસે છે તે મને આપે તો ઘેર બેઠા બેઠા તું મને યાદ આવીશ ત્યારે તેને જોઇને માનીશ કે મારો ભત્રીજો ને વહુ મને મળ્યા, એમ બોલતી સોનરાણીના આંસુ લૂછવા લાગી.

"સોનરાણીની વ્યથા" :- ફઇબાની માંગણી સાંભળી સોન પૃથ્વી ઉપર પડી ગઈ. એને ખૂબ આઘાત લાગ્યો. કારણ કે ચાંપરાજ હાડો જ્યારે બહાર જતો ત્યારે સોન આ કટાર ને રૂમાલ પ્રેમના પ્રતીક તરીકે લઇ લેતી, અને તેની પૂજા કરતી. આ બે ચીજો આપવાનું સોનનું મન ન હતું. શાંત થઈ, બેઠી થઇને કહે છે ફઇબા ! તમે તો મારું હાર્ટ માંગી લીધું. જેમ હાર્ટ વિના માણસ જીવી શકતો નથી તેમ આ મારા પતિની આપેલી પ્રિય વસ્તુઓ મને મારા હાર્ટ કરતાં પણ પ્રિય છે. આપ બીજું કંઈક માંગો. ત્યાં ફઇબાનું મોઢું મચકોડાઈ ગયું ને મોઢું ચઢી ગયું. ત્યારે સોન વિચાર કરે છે કે ફઇબા પ્રત્યે સ્વામીનાથને ખૂબ માન છે. ફઇબાને આ વસ્તુઓ નહિ આપું તો એ મને ઠપકો આપશે અને આપું છું તો મને પાલવતું નથી શું કરવું ? પણ ફઇબાના મનોભાવ જાણીને સોનરાણીએ અનિચ્છાએ કટાર અને રૂમાલ આપી દીધા. એટલે ફઇબાને જોઇતું હતું તે મળી ગયું. ખુશ-ખુશ થઇ ગયા. કોઇને ખબર ન હતી કે આનું પરિણામ શું આવશે ! વેશ્યા પૂરેપૂરું નાટક ભજવીને પોતાના ઘેર ગઇ.

અહીં શેરખાની મુદ્દતને ચાર દિવસ બાકી હતાં. તે શહ જોઇને બેઠો હતો. તેણે જઇને સોનરાણીના ગુપ્ત ચિન્હની વાત કરીને કટાર ને રૂમાલ આપી દીધા. હવે શેરખાંના બોળીયામાં પ્રાણ ને પગમાં જોમ આવ્યું. પોતાનું કામ થયું તેથી તેને ખૂબ આનંદ થયો. વેશ્યાનો ખૂબ ઉપકાર માની વેશ્યાને અઢળક સંપત્તિ આપી. શેરખાં વસ્તુઓ લઇને ખુંદીકોટાથી રવાના થયો.

"દિલ્હીમાં શેરખાંનું આગમન" :- શેરખાં ખુંદીકોટાથી નીકળી દિલ્હી આવી ગયો. બરાબર છ મહિના પૂરા થયા છે. અકબર બાદશાહનો દરબાર ઠઠ ભરાયો છે.

શેરખાં સભામાં આવીને હાજર થયો. એના મુખ ઉપર આનંદ હતો ને પગમાં વેગ હતો ત્યારે ચાંપરાજ હાડો શું બન્યું હશે તેની ચિંતામાં મગ્ન હતો. પણ સોનરાણી પ્રત્યે મેરૂ જેવો અટલ વિશ્વાસ હતો. બાદશાહે શેરખાં તરફ જોઇને પૂછ્યું–શેરખાં ! બોલ તું શું કરી આવ્યો ? દૃષ્ટિ શેરખાં તરફ કેન્દ્રિત થઈ ગઈ. બધાની વચમાં શેરખાંએ કહ્યું સાહેબ ! શેરખાં કંઇ જેવો તેવો નથી. એની પાસે બીજો શું જવાબ હોય ? જીતનાં ડંકા વગાડીને આવ્યો છું. ચાંપરાજ હાડાના મહેલમાં છ છ મહિના રહીને ખૂબ મોજ ઉડાવી છે. સોનરાણીની તાકાત છે કે આ શેરખાં સામે ટકી શકે ? હું મારું કાર્ય સિદ્ધ કરીને આવ્યો છું અને સાથે યાદગીરી અને નિશાન લાવ્યો છું. જુઓ, ચાંપરાજે એની પત્નીને યાદગીરી તરીકે આપેલો આ રૂમાલ. ચાંપરાજ સામે ગર્વભરેલી દૃષ્ટિ ફેંકીને બોલ્યો.

પોતાનો રૂમાલ જોતાં ચાંપરાજ નીચું જોઇ ગયા તેમજ આખી સભા વિસ્મય પામી ગઇ. તે વખતે ચાંપરાજની બાજુમાં તેનો અંગત મિત્ર પહાડસિંહ બેઠો હતો. તેને સોનરાણીના ચારિત્ર વિષે વિશ્વાસ હતો. તે કદી શીયળનો ભંગ કરે નહિ. તેણે કહ્યું–બાદશાહ ! રૂમાલ તો ચોરી કરીને પણ લાવી શકાય. ત્યારે શેરખાંએ હાડાની કટાર બતાવીને કહ્યું–જુઓ, આ કટાર કોની છે ? ત્યારે પહાડસિંહે કહ્યું રૂમાલ લાવ્યા તેમ ચોરીને કટાર પણ લાવી શકાય. હવે શેરખાંથી ન રહેવાયું. ભરસભા વચ્ચે મોટા અવાજે બોલ્યો–હું આપ સૌની સમક્ષમાં ચાંપરાજ હાડાને પૂછું છું કે સોનરાણીની જમણી જાંઘ ઉપર લાખાનું ચિન્હ છે કે નહિ ? આ સાંભળી ચાંપરાજના હાજાં ગગડ્યા. એને મરણનો ડર ન હતો. પણ રાણી આવું કરે તેમ નથી. છતાં આ કેમ બન્યું ? હાડો સત્યવાદી હતો. જો તે સત્યવાદી ન હોત તો કહી દેત કે એ જુઠી બનાવટી વાત છે. પણ હાડો કંઈ ન બોલ્યો. સોનરાણીની જાંઘ પર લાખું છે તે એના પતિ સિવાય અને તેના સિવાય કોણ જાણી શકે ? વિચારોના અનેક મોજાં આવી ગયા પણ હવે કોઈ ઉપાય ન હતો.

સભામાં સનસનાટી ફેલાઇ :- બાદશાહ કહે છે હાડા ! તમે હારી ગયા છો. મસ્તક દેવા તૈયાર થાવ. આ સાંભળી સભાજનોનું હૃદય ધ્રુજી ઉઠ્યું. આ પવિત્ર પુરૂષને આવી સજા થશે ? ચાંપરાજ કહે છે બાદશાહ ! મને મરણનો ડર નથી. ચાંપરાજનું માથું તૈયાર છે. પણ મને ત્રણ દિવસની મુદ્દત આપો. મને મરતાં પહેલાં એક વાર સોનને મળવાની ઇચ્છા છે. તે પૂરી કરી લેવા દો. આ હાડો ત્રીજે દિવસે સાંજે હાજર થઈ જશે. ત્યારે બાદશાહે કહ્યું-ભલે. પણ તમે ન આવો તો ? તમે ખુશીથી જાવ પણ જામીન આપતા જાવ. જો તમે ત્રીજે દિવસે ન આવો તો જામીનનું માથું ધડથી જુદું કરવામાં આવશે. હાડો વિચાર કરે છે શીર સાટે અહીં મને જામીન કોણ મળે ? કોને જામીન તરીકે મૂકીને જાઉં.

સાચો મિત્ર :- સાચો મિત્ર કોણ કહેવાય ? જે દુઃખ વખતે સહાય આપે તે સાચો મિત્ર છે. આજના મિત્રો કેવા હોય છે ? **જાનમાં આવનાર ઘણાં મળે પણ જાન આપનારા તો વીરલા જ હોય છે.** આજના મિત્રો બોલે છે કે અમે દુઃખ વખતે કામ આવીશું પણ દુઃખ વખતે બધા સરકી જાય છે.

"સોનરાણીનું પતિવ્રત ને દયાજનક સ્થિતિ"

સોનરાણી હાડાની રાહ જોતાં હતાં. તેને આ કપટની કંઈ ખબર ન હતી. આટલા દિવસ થઈ ગયા પણ સ્વામીનાથ હજુ કેમ ન આવ્યા તે વિચાર સાગરમાં ડૂબી ગઇ હતી. હજુ તેની વિચારધારા પૂરી થઇ ન હતી તે પહેલાં પરસેવાથી રેબઝેબ બનેલા, મુખ પર વ્યગ્રતા છે એવાં ચાંપરાજે મહેલમાં પ્રવેશ કર્યો અને સોનથી થોડા દૂર ઉભા રહી બોલ્યા ફટ-ફટ હે રાણી ! તને ધિક્કાર છે. એ અભાગણી ! નિર્લજ ! દુષ્ટ ! પાપણી ! કુળખંપણુ ! તારા પાપે મારું મસ્તક કાલે દિલ્હીના દરબારમાં પડશે. ગમે તેમ પણ તું આખરે તો સ્ત્રી જાતિને ! એનો ભરોસો શો ? ધિક્કાર છે તને અને તારી જનતાને ! આ શબ્દો સાંભળી સોન ચમકી. પાછું વાળીને પતિ સામું જુએ છે. તેમના મુખ ઉપર, ક્રોધાગ્નિ વરસે છે. પતિ પાસે જઈને પૂછે છે સ્વામીનાથ ! મારો શું ગુન્હો ? મને આ વાતમાં કંઈ સમજાતું નથી. હજુ સોન પૂછે તે પહેલા રાજા કહે છે હું દિલ્હી જાઉં છું. કાલે મારું મસ્તક પડવાનું છે. ન જાઉં તો મારા મિત્રનું માથું ઉડી જાય. એમ કહીને ચાલતો થઈ ગયો. એ સોનને પ્રેમથી મળવા નહોતો આવ્યો. હૃદયનો રોષ ઠાલવવા આવ્યો હતો. સોન ગભરાઇ ગઇ. ધરતી ઉપર ઢગલો થઈને પડી ગઇ. થોડીવારે મૂર્છા વળી એટલે સોન સ્વસ્થ થઈ. એને થયું મારા પાપે મારા પતિનું માથું જશે ? એ મને સમાચાર આપવાજ આવ્યા હશે ! શું મારા નાથનું મૃત્યુ થશે ? તો હું તેમના પહેલાં દિલ્હી પહોંચી જાઉં ને વસ્તુસ્થિતિ જાણી લઉં. એ આદર્શ નારીની ફરજ છે માટે જવું જ જોઇએ.

"સોનરાણી દિલ્હીમાં" : સોનરાણી કાચીપોચી ન હતી. એ એક વીરાંગના હતી. જો અબળા હોત તો મોં વાળીને રડવા બેસી જાત. આણે તો પાણીદાર સાંઢણી મંગાવી. પોતે ચાંપરાજ પહેલાં ન પહોંચે તો મામલો ખતમ થઇ જાય. સોનરાણીએ પ્રભુને પ્રાર્થના કરી નાથ ! જો મેં મારા પતિ સિવાય બીજા પુરૂષોને ભાઇ અને પિતા સમાન માન્યા હોય તો હાડા પહેલાં મને દિલ્હી પહોંચાડી દેજો એમ કહી પવનવેગી સાંઢણી પર બેસી દિલ્હી પહોંચી ગઇ. કોઇ સજ્જનને ત્યાં તેણે ઉતારો કર્યો. ત્યાં તેને બધા સમાચાર મળી ગયા. આ સાંભળી સોનરાણી થોડીવાર સ્તબ્ધ બની ગઈ. હવે તેને સમજાયું કે ફઈબાએ મને ફંદામાં ફસાવી અને કટાર ને રૂમાલ લઇ ગઇ અને ન્હાતાં ધોતાં સાથે રહેતી હતી એટલે મારી જાંઘ પરનું લાખું જોઇ ગઇ હશે. એ શેરખાંની

મારી પાસે આવવાની હિંમત ન ચાલી એટલે ધૂતારી વેશ્યાનો આશ્રય લીધો હશે. ને તે જ ફસાઈ બનીને આવેલી. ખેર, જે થયું તે થયું. હવે તેમાંથી બચવાનો પ્રયત્ન કરું. અને હાડ રાજાને બચાવી લઉં. હજુ ચાંપરાજ દિલ્હી પહોંચ્યો નથી.

આ તરફ પહાડસિંહ મિત્રનો જામીન બન્યો છે. ચાંપરાજ સમયસર ન પહોંચે તો પોતાનું મસ્તક આપવાનું છે એટલે છેલ્લે પોતાની પત્નીની રજા લેવા ગયો. પોતાનો પતિ મિત્રને આપેલું વચન પાળવા પોતાના જીવનનું સમર્પણ કરવા જઈ રહ્યો છે. આ જોઈને પહાડસિંહની પત્નીનું હૈયું નાચી ઉઠયું. ધન્ય છે તમને! તેણે પતિના કપાળમાં કંકુનો ચાંલ્લો કરી આશિષ આપ્યા. અહો! કેવી આ સ્ત્રીઓ હશે! આ જમાનામાં આવી આર્ય અને વીર નારીઓ મળવી મુશ્કેલ છે. પહાડસિંહ સભામાં ગયો. સભા ઠઠ ભરાઇ છે ચાંપરાજ હજુ આવ્યો નથી તેની રાહ જોવાઇ રહી છે.

સોનરાણીની યુક્તિ :– સોનરાણીએ દરબારમાં ખબર આપ્યા કે બુંદીકોટાથી એક નર્તકી આવી છે. તે સંગીતકળા અને નૃત્યકળામાં હોંશિયાર છે. અગાઉ રાજકુમારીઓ તથા શ્રીમંતની પુત્રીઓને ૬૪ કળા શીખવવામાં આવતી. તેમાં સંગીત–નૃત્ય બધી કળાઓ આવી જાય છે અને આવા સમયે તે ખૂબ ઉપયોગી નીવડે છે સોનરાણી ૬૪ કળામાં પ્રવીણ હતી અને તેમાં કંઠ અને નૃત્ય કરવાની કરવાની કળા તો અદ્ભુત હતી. બાદશાહ નૃત્યકળા અને સંગીતકળાનો શોખીન હતો. અહીં પહાડસિંહ માટે ફાંસીનો માંચડો તૈયાર કર્યો હતો. છતાં બાદશાહે કહ્યું પહાડસિંહને મોડા ફાંસી આપીશું પણ નર્તકીને કહો જલ્દી આવે ને નૃત્ય કરે આખી સભા વિસ્મય પામી ગઇ. સોનને જોઇતું હતું તે મળી ગયું અને તરત નર્તકીનો સ્વાંગ સજી સભામાં હાજર થઇ.

એક તરફ ફાંસીનો માંચડો તૈયાર થયો છે. પહાડસિંહ ઉપર મોતના નગારાં વાગે છે. આ કરૂણતા ભરેલા વાતાવરણમાં સોનરાણીએ આનંદભર્યું વાતાવરણ સર્જ્યું એવું સુંદર નૃત્ય કર્યું અને સંગીતના મધુર સ્વર છોડયા કે જોનારને કલાકમિનિટ જેવો લાગ્યો. દેવાનુપ્રિયો! જેને જેમાં રસ હોય તેમાં તેનો સમય કયાં ચાલ્યો જાય છે તે ખબર પડતી નથી. અનુત્તર વિમાનના દેવોને તત્ત્વના ચિંતનમાં તેત્રીશ સાગરોપમનું આયુષ્ય કયાં પૂર્ણ થાય છે તેની ખબર પડતી નથી. આ સભા નૃત્ય જોવામાં ને સંગીતના સૂર સાંભળવામાં તલ્લીન છે. આવા સમયે પરસેવાથી રેબઝેબ વસ્ત્રો થઇ ગયા છે. મોઢા ઉપર થાકથાક દેખાય છે એવી સ્થિતિમાં ચાંપરાજે સભામાં પ્રવેશ કર્યો.

સોનને નૃત્ય કરતી જોઇ : ચાંપરાજનો આદેશ

સોનને નૃત્ય કરતી જોઇ નર્તકીના વેશમાં પણ ચાંપરાજ તેને ઓળખી ગયો. અહો! મારા પહેલાં આ અહીં કયાંથી પહોંચી? હું મારા મારા ઘોડી લઇને આવ્યો છું અને આ મારા પહેલાં કેવી રીતે આવી હશે? શું આ હું સ્વપ્ન જોવું છું કે સાચું છે?

એને સંદેહ થયો. ખૂબ ધારી ધારીને જોતાં નિશ્ચય થયો કે આ સોન રાણી જ છે. બીજું કોઇ નહિ. એને ખૂબ ક્રોધ આવી ગયો. દાંત કચકચાવ્યા. આ પાપીણીએ મારૂં મસ્તક ઉડાવવાના કામ કર્યા. હજુ એને શું બાકી રહી ગયું છે કે માઝા મૂકીને ખુલ્લે મોઢે વેશ્યાની જેમ નાચે છે. એણે તો ગજબ કર્યો છે. એને જરા પણ લજ્જા આવે છે? તલવારના એક ઘાએ એના બે ટુકડા કરી નાંખું. આ કદી નહિ જોયેલું દૃશ્ય જોઇને ગુસ્સાનો પાર ન રહ્યો. પણ બાદશાહની સભામાં તેનું કંઈ ચાલે તેમ ન હતું. ગુસ્સો દબાવી દીધો. સોનરાણી પણ નૃત્ય કરતાં કરતાં હાડાના મુખ ઉપરના ભાવ નિહાળી રહી હતી. પણ એને પોતાનું કાર્ય સાધવું હતું તેથી કંઇ લક્ષમાં લીધા વિના અદ્‌ભુત નૃત્ય કર્યા કર્યું. નૃત્ય પૂરૂં થતાં તાળીઓના ગડગડાટ થયા. આખી સભા ખુશ ખુશ થઇ ગઇ. ધન્ય છે બુંદીકોટામાં આવી નર્તકી વસે છે.

"બાદશાહે વચન માંગવાનું કહ્યું"

અદ્‌ભુત નૃત્યકળા જોઇને બાદશાહ સોન ઉપર પ્રસન્ન થયો. ને કહ્યું હે નર્તકી! તારી કળાકૌશલ્યથી હું ખુશ થયો છું. તારે જે જોઇએ તે માંગી લે. હું આપવા તૈયાર છું. નર્તકી કહે છે જહાંપનાહ! મારે કંઇ નથી જોઇતું. ત્યારે કહે છે કંઈક માંગ. નર્તકી કહે છે સાહેબ! થોડા વખત પહેલાં અહીંનો એક ગુંડો આવ્યો હતો તે મારી એક લાખ સોનામહોરો ચોરી ગયો છે. તે મને અપાવી દો. મારે બીજું કંઇ નથી જોઇતું. બાદશાહ કહે છે દિલ્હીનો ગુંડો ત્યાં પહોંચી ગયો? બને નહિ, છતાં પણ કહું છું કે તું એને ઓળખે છે? તેનું નામ તું જાણે છે? ત્યારે સોન કહે છે એ પોતે કહેતો હતો કે મારૂં નામ શેરખાં છે અને હું બાદશાહની પાસે રહેનારો ચાકર છું ને દિલ્લીમાં રહું છું. (સોને છૂપી રીતે શેરખાંને જોયો હતો). એટલે કહ્યું અન્નદાતા! તે અહીં હશે તો હું તેને ઓળખી લઇશ. આમ કહીને તેણે સભાજનો તરફ દૃષ્ટિ કરી અને જ્યાં શેરખાં બેઠો હતો તે તરફ દૃષ્ટિ ફેંકીને કહ્યું ને તેના તરફ આંગળી ચીંધીને કહ્યું આ ગુંડો મારી લાખ સોનામહોરો ચોરી ગયો છે. આ બધું નાટક જોઇને ચાંપરાજ હાડો તો સન્નાટ થઇ ગયો. બાદશાહે કહ્યું શેરખાં! અહીં આવ...શેરખાંના તો હાજા ગગડી ગયા. લથડતા પગે ત્યાં આવ્યો. બાદશાહ કહે તમે આની લાખ સોનામહોરો ચોરી લીધી છે?

શેરખાં કહે જહાંપનાહ! મેં તો આ બાઇને સ્વપ્નમાં પણ જોઈ નથી અને એનું ઘર પણ નથી જોયું ને હું એને ઓળખતો પણ નથી. ત્યારે સોનરાણી કહે છે નામદાર! એને પૂછો તો ખરા! એણે મને જોઇ નથી. મારી સોનામહોરો લીધી નથી પણ મારી સાથે મારા મહેલમાં છ મહિના રહીને કેવી મોજ ઉડાવી છે એટલીવારમાં બધું શું એ ભૂલી ગયો? શેરખાંના કપડા ઢીલા થઇ ગયા. શરીર ધ્રૂજવા લાગ્યું (હસાહસ). થોથવાતી જીભે કહે છે સાહેબ! એ તો મારી મા છે. હું તેને ઘેર ગયો

નથી ને મોજમઝા ઉડાવી નથી, પણ મારા માથે આફત આવી એમ બોલતો ભોંય પર પડી ગયો.

સોનરાણીની મર્યાદા:- સોને જાણ્યું કે મારું કામ પતી ગયું એટલે તેણે આડો પડદો નંખાવી નર્તકીનો સ્વાંગ ઉતારી શુદ્ધ ક્ષત્રિયાણીનો સ્વાંગ સજી લીધો અને પડદામાં રહીને બોલી શેરખાં મારે ઘેર આવ્યો નથી. મારું મુખ પણ તેણે જોયું નથી. તેની વાત સાચી છે પણ–

"મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી,
હું નથી ગણિકા, છું હાડાની રાણી"

આ પ્રમાણે બોલીને કહ્યું: હું ગણિકા નથી પણ ચાંપરાજ હાડાની રાણી છું. પણ તમારા શેરખાંએ બુંદીકોટા આવીને મારું શીયળ ખંડિત કરવા થાય તેટલા વાના કર્યા પણ તે ફાવ્યો નહિ ત્યારે તેણે મદનસેના ગણિકાનો સંપર્ક સાધ્યો. તે મારી ફઈજી થઈને આવી અને રૂમાલ-કટાર મારા પર પ્રેમ બતાવીને લઇ ગઇ છે. મને તો આનું પરિણામ શું આવશે તે ખબર ન હતી. પણ મારા પતિએ કહ્યું કે તારા માટે હિન્દુના દરબારમાં માથું જાય છે. ધિક્કાર છે નારી જાતિને ! આટલા ફીટકારના શબ્દો કહીને આવ્યા તેવા પાછા ફર્યા છે ને હું પછી અહીં આવી છું. ત્યાર પછી શું બન્યું એ તો આપ જાણો છો.

શેરખાંને બાદશાહે ફટકાનો માર મરાવીને પૂછયું–બોલ સાચી વાત છે ? શેરખાંએ કબૂલ કર્યું કે સોન સતી છે. મેં મદનસેના મારફત આ વસ્તુઓ મેળવી છે. રાજાને ખાત્રી થઇ કે સોનરાણી સાચી ક્ષત્રિયાણી અને સતી છે. સોનરાણી કહે છે જે થયું તે સારું થયું. મારા પતિ ત્યાં આવ્યા ન હોત તો મને કંઇ ખબર ન પડત. કદાચ હું તો મારી જીવનલીલા સમાપ્ત કરત તેની મને પરવા નહોતી પણ મારા પતિની ઇજ્જત અને ક્ષત્રિયાણીઓના શીયળ ઉપર કલંક લાગે તેની ચિંતા હતી તેનો હવે ખુલાસો થઇ ગયો. હવે આપને જેમ કરવું હોય તેમ કરી શકો છો. આ બધું જાણી ચાંપરાજનો ગુસ્સો શાંત થયો ને છાતી ગજગજ ફુલી. ધન્ય છે સતી ! સતીની હિંમત, વીરતા અને પવિત્રતા જોઇ બાદશાહ ખુશખુશ થઇ ગયો ને બોલ્યો–બેટા ! તું મારી દીકરી છે ! મને ફરી એક વાર તારું મોઢું બતાવ. ત્યારે સોનરાણીએ કહ્યું–પિતાજી ! બસ હવે સમય ગયો. ક્ષત્રિયાણીઓના મુખ જોવા સહેલા નથી. સભા વચ્ચે સોનના શીયળની, સચ્ચાઇની પ્રતિભા પડી અને સૌએ એકી અવાજે અંતરના આશીર્વાદ આપી સતીનો જયજયકાર બોલાવ્યો.

આખરી ફેંસલો :- જે ફાંસીનો માંચડો ચાંપરાજ માટે તૈયાર થયો હતો તેના ઉપર શેરખાંને ચઢાવી દીધો અને ચાંપરાજને છ છ મહિને અકબર બાદશાહની તહેનાત

ભરવી પડતી હતી તેમાંથી તેને બાદશાહે મુક્ત કર્યો. ચાંપરાજ હાડાની કિર્તી ચારે તરફ ફેલાઇ અને સોનરાણીના શીયળની સુવાસ ચારે તરફ મ્હેંકી ઉઠી. જ્યારે જગતના લાખો ને કરોડો ફીટકાર વચ્ચે શેરખાંની જીવનલીલા સમાપ્ત થઈ.

દેવાનુપ્રિયો ! આજે સમય ઘણો થઇ ગયો છે. પણ ટૂંકમાં મારે તમને એટલું કહેવું છે કે જીવનમાં બ્રહ્મચર્યની જ્યોત જલે તો વૃત્તિમાં વૈરાગ્ય આવે અને વૃત્તિમાં વૈરાગ્ય આવે તો પ્રવૃત્તિમાં આવે. આ ભારતની સ્ત્રીરત્નોનાં નામ ઇતિહાસના પાને જ્વલંત છે. વીર પુરૂષોને જન્મ આપી વૈરાગ્યના પંથે વાળનારી માતાઓ છે. હવે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા આપવામાં આવે છે. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૫૩

વિષય : "માનવજીવનના મૂલ્યાંકન"

ભાદરવા સુદ ૪ ને શુક્રવાર **તા. ૩૧-૮-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો !

સર્વજ્ઞ અને સર્વદર્શી ભગવંતોએ જગતના જીવોના ઉદ્ધાર માટે શાસ્ત્રવાણીનો ઉપદેશ કર્યો છે. આગમમાં આત્માનો ઉદ્ધાર કરવાના ભરપૂર ભાવો ભર્યા છે. આત્માની આરાધનાના મંગલકારી પર્વનો આજે સાતમો દિવસ છે. દિવાળી આવે છે ત્યારે કંઇકની આંખોમાં આંસુ હોય છે. લેણીયાત પૈસા માંગે ને પાસે હોય નહિ તો દિલમાં કેટલું દુઃખ હોય છે ! જ્યારે પર્યુષણ પર્વ એવું છે કે કોઇની આંખમાં આંસુ ન આવે. કોઇ લેણીયાત ઉઘરાણી કરવા ન આવે પણ એકાંત કર્મના દેણાં ચૂકવવા માટેની આરાધના કરી શકાય.

આજના વ્યાખ્યાનનો વિષય છે "માનવજીવનના મૂલ્યાંકન." માનવજીવનનું મૂલ્યાંકન કેવી રીતે થઇ શકે છે ? ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે દુલ્લહે ખલુ માણુસે ભવે" દુર્લભમાં દુર્લભ કોઇ ભવ હોય તો મનુષ્યભવ છે. આવા દુર્લભ માનવ ભવમાં ચાર અંગો દુર્લભ છે તે કયા ?

चत्तारि परमंगाणि दुल्लहाणीह जन्तुणो ।
माणुसत्तं सुइ सध्धा, संजमम्मि च वीरियं ।।

ઉત્ત. સૂ. અ. ૩, ગાથા ૧

મનુષ્યત્વ, શ્રુતવાણીનું શ્રવણ, શ્રદ્ધા અને સંયમમાં પુરૂષાર્થ મોક્ષ પામવા માટેના આ ચાર અંગો જીવને મળવા મહાન દુર્લભ છે. આ ચારમાં બે માનવદેહ અને શાસ્ત્રશ્રવણ એ બે નિમિત્ત કારણો છે અને શાસ્ત્ર પ્રત્યે શ્રદ્ધા, સત્યા સત્યનો નિર્ણય,

દેશથી કે સર્વથી ચારિત્રને અમલમાં મૂકવાનો પુરૂષાર્થ આ બે તેના ઉપાદાન કારણો છે. આ ચાર અંગમાંથી જ્યાં એકનો પણ અભાવ હોય ત્યાં મોક્ષનું સુખ પ્રાપ્ત થતું નથી. મોક્ષપ્રાપ્તિ માટે આ ચારે ય ઉપાયોની જરૂર છે. निमित्तोपादनाभ्यामेव कार्य सिध्धि:। કોઇ પણ કાર્યની સિદ્ધિ માટે નિમિત્ત અને ઉપાદાન બંનેની જરૂર પડે છે. એકલા નિમિત્તથી કે એકલા ઉપાદાનથી કાર્યની સિદ્ધિ થતી નથી.

દેવાનુપ્રિયો ! " માનવજીવનના મૂલ્યાંકન " એ વિષે આપણે વિચારવાનું છે. મોક્ષના ચાર અંગોમાં સર્વપ્રથમ મનુષ્યભવનું સ્થાન. અંતરના ઉંડાણમાંથી વિચાર કરશો કે માનવદેહ પ્રાપ્ત કર્યા વિના શાસ્ત્રશ્રવણ, તેના ઉપર શ્રદ્ધા અને સંયમમાં પુરૂષાર્થ આ મોક્ષની સામગ્રી કયાંય મળી શકતી નથી માટે આ બધા મહાન પુરૂષોએ મોક્ષ માટેના જે જે ઉપાયો બતાવ્યા છે તે બધા મનુષ્યદેહ સિવાય કયારે કંઇ પ્રાપ્ત થતા નથી. માનવદેહથી એની સાધના થઇ શકે છે. આટલા માટે માનવદેહને પ્રથમ સ્થાન આપ્યું છે!

માનવજિંદગી સર્વોત્તમ શા માટે?

ભગવાને કોઇના નહિ ને માનવભવના ગાણા શા માટે ગાયા હશે? શું ઋદ્ધિને માટે ઉત્તમ કહ્યો? જો ઋદ્ધિથી માનવભવને વખાણ્યો હોય તો ઋદ્ધિ, સિદ્ધિ, સંપત્તિ અને સમૃદ્ધિમાં માનવ કરતાં દેવ હજારો ગણો ચઢિયાતો છે. દેવોની પાસે દિવ્ય રત્નો આદિ ભૌતિક સંપત્તિ છે. દેવાંગના પગ લૂંછીને ફેંકી દે એવા પગલૂછણીયામાં જે ઋદ્ધિ ભરેલી છે તે સારી દુનિયાની સંપત્તિ ભેગી કરવામાં આવે તો પણ તેના પગલૂછણીયાની સંપત્તિની તોલે ન આવી શકે. એટલે દેવો પાસે જે સંપત્તિ છે તે માનવ પાસે નથી. બીજી રીતે બળ અને શક્તિ કરતાં જોઇએ તો પણ માનવ કરતાં દેવ ચઢે છે. તમારે ઉંચે જવું હોય તો પ્લેન અને રૉકેટ જોઇએ ને તેમાં પણ સમય તો જોઇએ છે. જ્યારે દેવ એક ચપટી વગાડે ને જંબુદ્વીપને ફરતાં સાત આંટા મારી આવે છે. આવો દેવ પણ શું માંગે છે?

આવો અવસર અમને કયારે આવશે કયારે પામીશું આર્યનર અવતાર જો,
સર્વ દુઃખોનું અંત કરવાનું સ્થાન જ્યાં, જિનશાસનમાં લેશું સંયમભાર જો.

દેવલોકમાં શુભ પુણ્યના ફળો ભોગવવાના છે. ત્યાં તમારા જેવી તપસાધના કે સંયમસાધના કરી શકાતી નથી. એક નવકારસી જેવું પ્રત્યાખ્યાન પણ દેવો કરી શકતા નથી. સમકિતી દેવો વિચાર કરે છે કે જ્યારે પુણ્ય ખતમ થશે ત્યારે આ બધી સમૃદ્ધિ છોડવી પડશે. જેમ દીપકમાં તેલ ખલાસ થાય છે ને દીપક બુઝાઇ જાય છે તેમ પુણ્યનો ક્ષય થતાં સ્વર્ગના સુખો નષ્ટ થશે ને પરિણામે દુઃખ આવીને ઉભું રહેશે. માટે આપણે મનુષ્યજન્મ પામીને સર્વ દુઃખોનો અંત કરવાનું સાધન પ્રવજ્યા કયારે અંગીકાર કરીશું. આ દેવને માતાના ગર્ભમાં દુઃખો સહેવાના નથી. મરણની વેદના નથી. બાલપણ કે

વૃદ્ધાવસ્થા નથી આવતા, કે રોગો શરીરમાં ઉત્પન્ન થતાં નથી. જ્યારે માનવીને ગર્ભમાં આવવું પડે છે, જન્મમરણની વેદનાઓ સહેવી પડે છે, વ્યાધિ આવે છે ને વૃદ્ધાવસ્થાના દુઃખો વેઠવા પડે છે. દેવોને ગર્ભના દુઃખ તેમજ જન્મ-જરા-મરણની વેદનાઓ નહી હોવા છતાં તેઓ માનવભવની ઝંખના કરે છે. શા માટે? મોક્ષની પ્રાપ્તિ માટે. બીજું કોઇ કાઇ કારણ નથી.

દેવાનુપ્રિયો! કઇ દૃષ્ટાંતે દુર્લભ એવી માનવજિંદગી તમને મળી છે. તે સંસારના સુખોમાં ગળાબૂડ ખૂંચી જવા માટે નહિ, ભોગવિલાસ માટે નહિ. જે આવી અમૂલ્ય માનવજિંદગીને ભોગવિલાસમાં ખર્ચી નાંખે છે તે ઐરાવત હાથીને વેચીને કુંભારના ગધેડાને ખરીદવા જેવું કામ કરે છે. ચિંતામણી રત્ન વેચીને કાચના ટુકડા ખરીદવાનું કામ કરે છે અને આંગણામાં રહેલા કલ્પવૃક્ષને છેદીને ધંતુરાના છોડને વાવવા જેવું કામ કરે છે. અબજો સોનામહોરો આપવા છતાં આ માનવજિંદગી તો શું પણ તેની એક ક્ષણ પણ ખરીદી શકાતી નથી. તેને ભોજ શોખમાં વેડફી ન નાંખો.

જેમ રત્નોમાં ચિંતામણીરત્ન પક્ષીઓમાં હંસ, પશુઓમાં કેસરી સિંહ અને હાથીમાં ગંધહસ્તિ શ્રેષ્ઠ છે તેમ भवेषु मानुष्य भवः प्रधानः। સર્વ ભવોમાં માનવભવ પ્રધાન છે. કરોડો ચિંતામણી રત્નોના મૂલ્ય જેમાં સમાય છે તેવા પૂર્વના પ્રબલ પુણ્યના પુંજથી આ માનવજિંદગી તમને મળી છે.

બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો
તો યે અરે ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો,
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો
ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો.

મહાન પુણ્યના ઉદયથી માનવભવ મળ્યો છે. માનવદેહ એ ચંદનના બગીચા સમાન મૂલ્યવાન છે. દરેક વસ્તુમાં દુર્લભ અને મોક્ષની પ્રાપ્તિમાં અસાધારણ નિમિત્ત એવા માનવદેહને પામીને જે મનુષ્ય સત્ય-નીતિ, સદાચાર અને શીયળને જીવનમાં અપનાવતો નથી અને વિષયવિલાસોમાં, ભોજશોખમાં મોહાંધ બનીને માનવજીવનની અમૂલ્ય ક્ષણોને ફોગટ ગુમાવે છે તે દૈવયોગે પ્રાપ્ત થયેલ ચંદનવૃક્ષના અમૂલ્ય બગીચાને બાળીને તેના કોલસા બનાવીને તેને વેચવા જેવું કાર્ય કરે છે.

આવો ઉત્તમ ભવ પામીને હવે ભવભ્રમણ તો અટકવું જોઇએ. મનુષ્યભવનો આંટો સફળ કરો. સંસારના કાર્યમાં એક આંટો નિષ્ફળ જાય તો કેટલું દુઃખ થાય છે. બીજી વાત તો બાજુમાં મૂકો, પણ આ પર્યુષણ પર્વના દિવસોમાં મોટો જનસમુદાય ભેગો થયો છે. સવાનવ વાગી ગયા પણ સંત પાટ ઉપર પધાર્યા નહિ તો તમને થશે કે કેમ હજુ મહાસતીજી પધાર્યા નથી! તમે બોલાવવા આવ્યા ને અમે કહીએ કે આજે

તબિયત બરાબર નથી માટે અમે વ્યાખ્યાન આપી શકીશું નહિ તો મનમાં થશે કે અમારો આંટો નિષ્ફળ ગયો. ભાઈ! ઉપાશ્રયે આવીને આંટો નિષ્ફળ જશે નહિ. અહીં આવીને સંતના દર્શન કરશો, સામાયિક કરશો તો લાભ થવાનો છે પણ સંસાર-વ્યવહારના આંટા નિષ્ફળ જાય તો પણ કેટલો અફસોસ થાય છે! અહીંથી દુકાને ગયા ને બબર પડી કે બજારમાં હડતાળ પડી તો મનમાં થાય છે ને કે મારો આંટો નિષ્ફળ ગયો. એરોડ્રામ ઉપર કે સ્ટેશન ઉપર ગયા પણ જે સ્નેહીજન આવવાના હતા તે ન આવ્યા તો અફસોસ થાય છે તેમ એવો અફસોસ કદી થાય છે કે અનંતકાળથી હું ચતુર્ગતિ સંસારમાં રખડું છું તો આવા માનવજીવનના આંટા કેટલા નિષ્ફળ ગયા તેનો ખ્યાલ કર્યો છે?

ભવોભવથી ભટકવાનું કારણ શું? માનવજીવનના મૂલ્યાંકન કર્યા નથી. તમને કદી વિચાર આવે છે કે મારી આટલી ઉંમર થઇ તેમાં મેં કેટલા શુભ કાર્યો કર્યા ને કેટલા અશુભ કર્યા? મેં કેટલા દીન-દુઃખીના આંસુ લૂછ્યા? આ જડ પદાર્થો પણ કેટલો ઉપકાર કરે છે. અગરબત્તી બળીને સુવાસ આપે છે. મીણબત્તી બળીને બીજાને પ્રકાશ આપે છે. વૃક્ષ તડકો વેઠીને બીજાને શીતળ છાયા આપે છે, શેરડી પીલાઇને મીઠો રસ આપે છે. ત્યારે હું માનવ બનીને શું કરું છું? માનવજિંદગીમાં માનવતાના ગુણો આવે તો આ માનવજીવનના મૂલ્યાંકન થાય. માનવતા વિનાનું જીવન માનવનું જીવન નહિ પણ માનવના રૂપમાં પશુનું જીવન છે. આજે રૂપિયાની નોટો આવે છે તેમાં સરકારનો સિક્કો હોય તો તે સાચી નોટો. બાકી બનાવટી નોટોના મોટા બંડલ ને બંડલ તિજોરીમાં મૂકી દો તો શું તેની કિંમત બરી? એ તો નકામી છે. સરકારના સિક્કાવાળી નોટોની કિંમત છે તેમ જ્ઞાની કહે છે માનવભવ પામીને તારા જીવનમાં સમ્યક્ત્વનો સિક્કો લગાવી દે તો મારું જીવન સફળ થશે.

વર્ષોથી ધર્મકરણી કરે છે છતાં તેનું કલ્યાણ કેમ થતું નથી? ધર્મારાધનાનો જે ભાવ થવો જોઇએ તે કેમ નથી થતો? તેનું કારણ હૃદય શુદ્ધ નથી. ખેડૂત ખેતરમાં વાવે ત્યારે સારું બીજ વાવે તો વાવ્યા કરતાં અનેકગણો લાભ થાય છે. પણ સડેલું બીજ વાવે તો ઉગે નહિ પણ તેની મહેનત માથે પડે છે. બીજ નકામું જાય છે તેમ આ ધર્મકરણી શુદ્ધ ભાવથી, કર્મ નિર્જરાના હેતુથી, સમજણપૂર્વક થાય તો મહાન લાભ મળે. બાકી ધર્મકરણી નિષ્ફળ જતી નથી. પુણ્ય બંધાય છે એ પુણ્ય બગાસ થાય અને નવું પુણ્ય ઉપાર્જન ન કરે તો પાછા હતા તેવા ને તેવા થઈ જશે. આજે મોટે ભાગે સંસાર વ્યવહાર કહો કે ધર્મકરણી કહો ઓઘસંજ્ઞાથી થાય છે. આણે આમ કર્યું તો હું કેમ ન કરું? મારે પણ એના જેવું જોઇએ, આમ તો ઓઘસંજ્ઞાથી કરે છે પણ કરવાનો હેતુ શું છે તે મૂળ કોઇ જોતું નથી. બીજાનું અનુકરણ કરો તો સાચું કરો

પણ ખોટું ના કરો. બીજાનું અનુકરણ કરવાથી જીવ કેવા અવળે પાટે ચઢી જાય છે તેનું એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક ગામમાં એક પંડિત બ્રાહ્મણ રહેતો હતો. સૌ એને પંડિતજી કહેતા. પંડિતજી દરરોજ સવારમાં નાહી ધોઈને ગાયત્રીનો જાપ કરતાં. એ પંડિતજીના ઘર સામે કુંભારનું ઘર હતું. કુંભારના આંગણામાં એક ગધેડું બાંધેલું રહેતું. એ ગધેડાને રોજ પ્રભાતના પહોરમાં ભૂંકવાની આદત હતી. બરાબર પંડિતજીને ગાયત્રીનો પાઠ કરવાનો અને ગધેડાને ભૂંકવાનો એક સમય હતો. પંડિતજી વિચાર કરે કે આ ગધેડો પવિત્ર જીવ છે. જોગી જેવો લાગે છે. રોજ મારા ગાયત્રીના પાઠમાં સૂર પૂરાવે છે. ઉત્તમ જીવ સિવાય આવું ન બને.

એક દિવસ પંડિતજી ગાયત્રીનો પાઠ કરવા બેઠા. પણ રોજના નિયમ પ્રમાણે ગધેડાનો સૂર ન સંભળાયો એટલે પંડિતજીને થયું કે આજે રોજની જેમ અવાજ ન આવ્યો, તો એ જીવનું શું થયું હશે? એ તો જોગીદાસ જેવો આત્મા છે. પંડિતજીને ગાયત્રીના પૂજાપાઠમાં ચિત્ત ન ચોંટયું, જેમ તેમ પૂજાપાઠ પતાવીને પંડિતજી કુંભારને ઘેર ગયા. ત્યાં જઈને પૂછયું કે આજે જોગીદાસ મહારાજ ક્યાં ગયા છે? ત્યારે કુંભાર કહે છે જોગીદાસ વળી કોણ? મારે ઘેર જોગીદાસ મહારાજ છે નહિ. ત્યારે કહે છે તમારે ઘેર ઉત્તમ જીવ જોગીદાસ મહારાજ રહે છે. એ રોજ મારી ગાયત્રીમાં મને સૂર પૂરાવે છે. કુંભાર સમજી ગયો કે મારો ગધેડો એના પૂજાપાઠના સમયે ભૂંકે છે. માટે આમ કહે છે. કુંભાર કહે છે એ તો મારો ગધેડો ને? પંડિતજી કહે છે આવા પવિત્ર જીવને ગધેડો ન કહેવાય. એ તો જોગીદાસ મહારાજ કહેવાય, પણ એ ક્યાં ગયા? ત્યારે કુંભારે કહ્યું–પંડિતજી! એ તો રાત્રે મરી ગયો. આ વાત સાંભળીને પંડિતજી શોકમગ્ન બની ગયા ને રડવા લાગ્યા. અહો! આજે તો ગજબ થઇ ગયો. આવા પવિત્ર અને ઉત્તમ જોગીદાસ મહારાજ મરી જાય એ કંઇ જેવી વાત છે. મારે એમની પાછળ કંઇક તો કરવું જોઇએ ને? ન કરું તો બરાબ લાગે.

પંડિતજી ખૂબ ગરીબ હતા. તેમણે વિચાર્યું કે હું તેમની પાછળ કંઇ દાન-પુણ્ય કરી શકું તેવી મારી શક્તિ નથી. તો ઓછામાં ઓછું માથું મુંડાવીને નદીમાં સ્નાન તો કરવું જોઇએ. તો જ જોગીદાસ મહારાજ મારા મિત્ર કહેવાય. પંડિતજી માથું મુંડાવી નદીમાં સ્નાન કરીને ઘેર જઇ રહ્યા હતા. ત્યાં રસ્તામાં નગરશેઠ સામાં મળ્યા. બિચારા પંડિતજી તો જોગીદાસ મહારાજના શોકમાં ઉદાસ બની ગયા હતા. નગરશેઠે પૂછયું–પંડિતજી! તમે માથું કેમ મુંડાવ્યું છે? ને આટલા બધા ઉદાસ કેમ? ત્યારે કહે છે શેઠજી! આજે તો ગજબ થઇ ગયો. જોગીદાસ મહારાજ સ્વર્ગવાસી થઇ ગયા. ત્યારે શેઠ કહે છે તો મારે પણ કંઇક કરવું પડે ને? પંડિતજી કહે કે હા–જરૂર કરવું જોઇએ.

આવા ભવ્ય જીવની પાછળ તમે તો બે-પાંચ હજારનું દાન કરી દો તો પણ તમારા માટે ઓછું છે. એ મહાન પવિત્ર હતા. કંઈ ન કરો તો ઓછામાં ઓછું માથું તો મુંડાવવું જોઈએ ને? નગરશેઠે વિચાર કર્યો દાન કરું તો પૈસા ખરચવા પડે તેના કરતાં સસ્તુ ભાડું ને સિદ્ધપુરની યાત્રા. માથું મુંડાવી લઉં. એટલે શેઠે પણ માથું મુંડાવ્યું. નગરશેઠ માથું મુંડાવીને ઘેર જાય છે ત્યાં રસ્તામાં લોકો પૂછવા લાગ્યા શેઠ સાહેબ! તમે કોનું માથું મુંડાવ્યું? ત્યારે શેઠ કહે છે તમને કંઈ ખબર છે કે નહિ. આપણા ગામમાં જોગીદાસ મહારાજ દેવલોક પામ્યા. આખા ગામમાં સમાચાર ફેલાઈ ગયા કે જોગીદાસ મહારાજ દેવલોક પામ્યા.

કોઈ કામ પ્રસંગે નગરશેઠ પ્રધાનજી પાસે ગયા. પ્રધાને પૂછયું-શેઠજી! તમારા કુટુંબમાં કોઈનું મૃત્યુ થયું છે કે શું? ત્યારે શેઠ કહે પ્રધાનજી! આપ મોટા પ્રધાન થઈને નગરમાં શું બન્યું છે તેની ખબર નથી રાખતા! આજે જોગીદાસ મહારાજ સ્વર્ગવાસી થઈ ગયા. એટલે મંત્રીએ બધાનું અનુકરણ કર્યું. પણ કોઈએ એમ ન પૂછયું કે મહારાજ કોણ હતા? પ્રધાનજી રાજસભામાં ગયા. પ્રધાન, નગરશેઠ અને બીજા ઘણાંએ માથા મુંડાવ્યા હતા. બધા ટકા મુંડાવાળા એક લાઈનમાં બેઠા. બધાના માથા જોઈને રાજાએ પૂછયું-પ્રધાનજી! તમે કેમ માથું મુંડાવ્યું છે? પ્રધાને કહ્યું મહારાજ! જોગીદાસ મહારાજ મૃત્યુ પામ્યા.

રાજા કહે પ્રધાનજી! એ જોગીદાસ મહારાજ કોણ હતાં. એ કોઈ વખત આપણી સભામાં આવ્યા હતા? તેમના જ્ઞાનનો કદી લાભ દીધો છે? પ્રધાન કહે છે સાહેબ! એ મને ખબર નથી. નગરશેઠ બધું જાણે છે એમને પૂછો. રાજાએ નગરશેઠને પૂછયું-ત્યારે શેઠે કહ્યું-મહારાજા! હું એ વાત નથી જાણતો. આપણા પંડિતજીને પૂછો. એમને બધી ખબર છે. હવે પંડિતજીનો વારો આવ્યો. રાજાએ પંડિતજીને પૂછયું-કે પંડિતજી! ક્યા જોગીદાસ મહારાજ મરી ગયા? એ ક્યાં રહેતા હતા? એમના ગુરૂનું નામ શું છે? તેમને કેટલા શિષ્યો હતા? કેટલા શાસ્ત્રો ભણ્યા હતા? તેમણે તેમના જીવનમાં કઈ મહાન સાધનાઓ કરી છે? જેમની પાછળ પ્રધાનથી માંડીને નગરજનોએ બધાએ માથું મુંડાવ્યું છે, તો એ કોઈ સામાન્ય વ્યકિત નહી હોય. કોઈ મહાન પુરૂષ હશે!

પંડિતજી કહે છે મહારાજા! તે કોઈ પવિત્ર આત્મા હતો ને રોજ મારી ગાયત્રીમાં સૂર પૂરાવતા હતા. એ મહાન આત્મા સદ્ગતિમાં ગયો હશે! ત્યારે રાજા કહે છે પડિતજી! તમે તો ઉત્તમ જીવ હતો એમ કહ્યા કરો છો પણ મારા પ્રશ્નનો જવાબ બરાબર આપતા નથી. બિચારા પંડિતજી મૂંઝાયા કે આવા ઉત્તમ જીવને ગધેડો કેમ કહેવાય? પણ રાજા પાસે તેનું કંઈ ચાલે તેમ ન હતું. પંડિતજીએ કહ્યું-

મહારાજા! જોગીદાસ મહારાજ મનુષ્ય ન હતા ત્યારે રાજાએ ગુસ્સે થઈને કહ્યું-એ કોણ હતા ને કેવા હતા? પંડિતજીએ કહ્યું-રાજા સાહેબ તેમને ચાર પગ હતા. મોટું લાંબું હતું ને પેટ મોટું હતું. પણ ગધેડો હતો તેમ કહેવું તે પાપ છે એમ પંડિતજી માનતા હતા. ત્યારે રાજા કહે છે તમે કહો તેવા જોગીદાસ મહારાજ હોય તો શું તે ગધેડો હતો? પંડિતજીએ કહ્યું-હા, મહારાજા. પણ આવા પવિત્ર આત્માને ગધેડો કહેવો તે મહાન પાપ છે. રાજાએ પ્રધાન સામે જોઈને કહ્યું-બધા તો મૂર્ખા ભેગાં થયા છે પણ પ્રધાનજી ભેગા તમે પણ મૂર્ખના સરદાર બન્યાને? તમારે તો કંઈક વિચાર કરવો હતો ને? આખી સભા ખડખડાટ હસી પડી. તમને પણ ખૂબ હસવું આવે છે. પણ મારા બંધુઓ! તમે વિચાર કરજો. આ દૃષ્ટાંતમાંથી આપણે એ સાર લેવાનો છે કે તમે અનુકરણ કરો તો સારાનું કરજો, પણ આવું અંધ અનુકરણ ન કરશો.

દેવાનુપ્રિયો! તમે અનુકરણ કોનું કરો? જુઓ, આ તમારી સામે ૪૫ ઉપવાસની તપશ્ચર્યા કરનારે તપસ્વી પરસોતમભાઇ બેઠા છે. આ બે નાના સતીજી બા. બ્ર. હર્ષિદાબાઈ મહાસતીજીને આજે ૧૯ મો ને બા. બ્ર. ભાવનાબાઇ મહાસતીજીને આજે ૧૪ મો ઉપવાસ છે. પ્રતાપભાઈ રતનબહેનને આજે ૨૯ મો ઉપવાસ છે. તે સિવાય બીજા તપસ્વીઓ ઘણાં છે. તેમને જોઇને તપ કરવાનું અનુકરણ કરો. બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા લો. કર્મની સાંકળો તોડવા માટે તપની અવશ્ય જરૂર છે. ભગવાને કહ્યું છે કે :-

अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दन्तो सुही होइ, अस्सिं लोए परत्थ य ॥

ઉત્ત. સૂ. અ. ૧, ગાથા ૧૫

આત્મા દમન કરવા યોગ્ય છે. આત્માને ખૂબ કષ્ટથી દમી શકાય છે. જે આત્માને દમે છે તે આલોક ને પરલોકમાં સુખી થાય છે. પણ આત્માને શેનાથી દમવો જોઇએ?

वरं मे अप्पा दन्तो संजमेण तवेण य ।
माहुं परेहिं दमन्तो, बंधणेहिं वहेहिय ॥

ઉત્ત. સૂ. અ. ૧, ગાથા ૧૬

સંયમ અને તપથી આત્માનું દમન સ્વેચ્છાથી કરશો તો આત્મા કર્મથી મુકત બની જશે; નહિતર કર્મ અનુસાર બીજી ગતિમાં વધ અને બંધનથી આત્માને દમાવું પડશે.

આત્મા તો અરૂપી છે છતાં તેનું દમન કઇ રીતે કરી શકાય છે? આત્માની બે દશા હોય છે. એક સ્વભાવદશા અને બીજી વિભાવદશા. સિદ્ધ ભગવાનનો આત્મા સ્વભાવદશાવાળો છે ને આપણો આત્મા વિભાવદશાવાળો છે. જે આત્માની સાથે આઠ કર્મોમાંથી કોઇ પણ કર્મની પ્રકૃતિ કામ કરતી હોય ત્યારે તે આત્મા વિભાવ આત્મા

કહેવાય છે. જે આ આઠ કર્મોથી મુકત થઈ જાય છે તેનો આત્મા સ્વભાવદશાવાળો કહેવાય છે. દૂધનું સ્વાદિષ્ટપણું દૂધનો સ્વભાવ મનાય છે પરંતુ જ્યારે તેમાં ખટાશ ઉત્પન્ન થાય છે ત્યારે તે દૂધની વિભાવદશા કહેવાય છે. એ રીતે કર્મથી લેપાયેલો આત્માવિભાવ આત્મા છે. વિભાવ પરિણામ આત્માને માટે ઝેર છે, જ્યારે સ્વભાવ પરિણામ આત્મા માટે અમૃત છે.

ક્રોધ–માન–માયા–લોભ વિગેરે આત્માના મૂળ સ્વભાવ નહીં પણ વિભાવ છે. મૂળ સ્વભાવથી ઘૃણા ઉત્પન્ન થતી નથી. વસ્ત્ર ગંદુ હોય છે ત્યારે ઘૃણા ઉત્પન્ન થાય છે. કારણ કે ગંદાપણું વસ્ત્રનો સ્વભાવ નથી સ્વચ્છ વસ્ત્રોથી ઘૃણા થતી નથી, કારણ કે તે તેનો મૂળ સ્વભાવ છે. આપને કોઇ દૂધ આપે તો હસતા હસતા પી જાવ છો પરંતુ કોઈ બગડી ગયેલું ખાટું દૂધ આપે તો તેને કોઇ પીવા પણ ઇચ્છશે નહિ, કારણ કે ત્યાં દૂધની વિભાવદશા છે. જ્યાં વિભાવ છે ત્યાં ઘૃણા રહેલી છે. જે નિમિત્ત મળતાં તરત પ્રગટ થઇ જાય છે. અર્જુનમાળીએ ક્રોધમાં આવીને કેવો અનર્થ કર્યો હતો ? પરંતુ જ્યારે તેને સત્ય વસ્તુનું ભાન થયું ત્યારે તેને પશ્ચાતાપ ઘણો થયો હતો તેથી એ સત્ય વાત છે કે વિભાવ ઘૃણાનો ઉત્પાદક છે. ચંડકૌશિક વિભાવમાંથી સ્વભાવમાં આવ્યો ત્યારે તે પૂજનીય બની ગયો અને કમઠ સંન્યાસી વિભાવમાં રહ્યો તેથી સંસારમાં ભટકતો રહ્યો. સ્વભાવને છોડી શકાતો નથી જ્યારે વિભાવને છોડી શકાય છે. વિભાવ-દશાને હટાવવી તે આત્માનું દમન છે. આત્મદમન થશે એટલે પરિગ્રહની મમતા પણ ઘટશે. જુઓ, રાજ્યમાં રહેવા છતાં કેટલી ઉદાર ભાવના !

ભોજરાજાના પરિગ્રહનો ત્યાગ

રાજા ભોજ ખૂબ જ્ઞાનેશ્વરી હતાં. તેમણે જ્ઞાનમાં પોતાનો ભંડાર ખાલી થશે તેની પરવા કરી ન હતી, આથી પ્રધાનને ગમ્યું નહિ. એના મનમાં એમ થયા કરે કે રાજા મોટી મોટી જ્ઞાનશાળાઓ ખોલે છે, હજારોને જમાડે છે. આમ કર્યા કરશે તો એક દિવસ એમના ભંડાર ખાલી થઈ જશે ને રાજા એક દિવસ કંગાળ બની જશે. પણ રાજાને કંઇ કહેવાય નહિ. એટલે રાજા રાજસિંહાસને બેસતા હતા તેની સામેની દીવાલ ઉપર રાત્રે જઈને છાનોમાનો પ્રધાન લખી આવ્યો. आपदार्थे धनं रक्षोत्. આપત્તિઓમાંથી બચવા માટે ધનનું રક્ષણ કરવું જોઇએ. રાજા ભોજે વાંચ્યું. એ પ્રધાનનો આશય સમજી ગયા પણ વિચાર કર્યો કે પ્રધાને મને મોઢે નથી કહ્યું. ભીંત પર લખ્યું છે તો હું પણ તેનો જવાબ એ રીતે આપું એટલે રાજાએ બાજુમાં લખ્યું કે "भाग्य भाजः क्वचापदः।" ભાગ્યવાનને કદાપિ આફત આવતી નથી ત્યારે જવાબમાં પ્રધાને ફરીને લખ્યું કે कदापि कुप्यते दैवः। હે રાજા ! તમે અત્યારે સુખી છો પણ માની લો કે કોઈ દૈવ તમારા પર કોપાયમાન થાય અગર ભાગ્ય રૂઠે તો આપત્તિ આવ્યા

વિના રહેતી નથી. ત્યારે રાજાએ લખ્યું :- "संचितोऽपि विनश्यति:" જો કદાચ દેવ કોપશે કે ભાગ્ય રૂઠી જશે તો ભેગું કરેલું પણ નષ્ટ થઇ જશે, માટે સુખ સંગ્રહમાં નથી પણ પરિગ્રહની મમતા ઘટાડવામાં છે. નાણાં જેમ વાપરશો તેમ વધશે. કૂવામાંથી પાણી કાઢવામાં આવે તેમ નવું પાણી આવે છે અને જો ન વાપરે તો કૂવાનું પાણી ગંધાઇ જાય છે તેમ તમે નાણાંને સારા કાર્યમાં નહિ વાપરો તો તે તિજોરીમાં અકળાઇ જશે. નદીના પાણી વહે છે એટલે નિર્મળ રહે છે ને ખાબોચીયામાં બાંધેલું પાણી ગંદુ થઈ જાય છે.

વહેતાં પાણી નિર્મળા, બંધા ગંદા હોય, માટે નાણાંનો સદુપયોગ કરો. તમારે આંગણે ભૂખ્યો ગરીબ આવશે તો તને એને વધેલી એંઠ આપશો તો તમને એંઠ ખાવા મળશે. કોઇને લૂખું દેશો તો તમને લૂખું મળશે.

એક ગામમાં કૉલેજ ન હતી. સ્કૂલના ટીચરોને વિચાર થયો કે અહીં આટલા બધા વિદ્યાર્થીઓ છે તેમને કૉલેજ કરવા બહારગામ જવું પડે છે. તો આપણે કૉલેજ બંધાવીએ. પહેલા આપણે બધા ટીચરો પાંચ પાંચ હજાર રૂપિયા કાઢીએ, વિદ્યાર્થીઓ ભણીગણીને સુખી થશે પછી આપણને આપશે, ને નહિ આપે તો વાંધો નથી. આપણે બધા પાંચ પાંચ હજાર કાઢીએ અને બાકીના મોટા શેઠીયાઓને ત્યાં જઇને ફાળો કરી લાવીશું. પાંચ પાંચ હજાર રૂપિયા ટીચરોના નોંધાઇ ગયા. બીજા પૈસા લેવા માટે ટીચરો ભેગા થઇને ફાળો કરવા નીકળ્યા. પણ પહેલાં કયાં જવું તે ખબર પડતી નથી. એ તો અનુભવીને ખબર પડે. રમણીક ભાઇ કોઠારી, નગીનભાઇને ખબર પડે કે કયાં જઇએ તો વધુ પૈસા મળે અને શેઠીયાઓને ગોળ ગોળ કરી નાંખે. (ડફાહસ). આ બિચારાને અનુભવ ન હતો. એક મોટા હવેલીમાં સીડી ચઢીને ઉપર ગયા તો શેઠ નોકરને તમાચો મારીને કહેતો હતો બેવકૂફ! એટલી ખબર નથી પડતી. એક દિવાસળીથી ત્રણ ફાનસ સળગાવી શકાય તેના બદલે તેં તો ત્રણ ત્રણ દિવાસળી બગાડી.

નોકર કહે છે શેઠજી! માફ કરો. મેં ત્રણ ફાનસ સાથે રાખ્યા હતા અને એક દિવાસળીથી બધા ફાનસ પેટાવી દેત, પણ પવન આવ્યો તેથી દિવાસળી ઓલવાઈ જતી હતી માટે ત્રણ દિવાસળી બગાડવી પડી. આ સાંભળીને ફાળો કરવા આવનાર ટીચરો વિચાર કરવા લાગ્યા કે એક પૈસાનું બાકસ અને તેમાં તો ઘણી દિવાસળી આવે. એવી ત્રણ દિવાસળી નોકરે બગાડી તો શેઠે તમાચો માર્યો તો આપણે તેની પાસે માંગણી કરીશું તો તો લાકડી જ મારશે! પહેલે ઘેર અપશુકન થશે માટે પાછા ફરો. બધા પાછા ફરે છે. ત્યારે એક ડાહ્યો પુરૂષ કહે છે ભાઇ! જુઓ ખરા, આપે છે કે નહિ? જરા શાંતિ રાખો. આમ વાત કરે છે ત્યાં શેઠ ઓરડાની બહાર આવ્યા. પેલા લોકોને જોઇને કહે છે પધારો ....પધારો. બધા ટીચરોને જાજમ

પાથરીને બેસાડયા અને કેસરીયા દૂધ મંગાવ્યા. ટીચરો વિચાર કરે છે આવકાર તો મીઠો આપ્યો ને મજાના કેસરીયા દૂધ પીવડાવ્યા. માટે કંઇક વરસશે તો ખરા. ત્યારે બીજા કહે છે દૂધ પાઇને પતાવી દીધું. દૂધ પીવાઇ ગયું પણ અમે આ કારણે આવ્યા છીએ તેમ કહેવાની કોઇની હિંમત નથી ચાલતી. બધા ઉભા થઈ ગયા ત્યારે શેઠ પૂછે છે ભાઇ! તમે બધા ભેગા થઇને મારે ઘેર આવ્યા છો તો કંઇક કામે આવ્યા છો. પણ તમારા મુખ ઉપર સંકોચ દેખાય છે તો શા કામે આવ્યા છો! જલ્દી કહો. ત્યારે ટીચરો કહે છે આપણા ગામમાં કૉલેજ બંધાવવી છે તેના ફાળા માટે અમે આવ્યા છીએ. ત્યારે શેઠ કહે છે બોલો–તમારી શું ઇચ્છા છે? ત્યારે ટીચરો કહે છે અમે આપને ત્યાંથી રૂા.૨૫,૦૦૦)ની આશા રાખી છે. બીજા બધા એકબીજાને ઠેસ મારવા લાગ્યા. હમણા શેઠનું હાર્ટ બેસી જશે. એમ અંદરો અંદર મશ્કરી કરે છે. શેઠે વાત સાંભળ્યા પછી એક ચેક લખીને કવર દીધું ને કહ્યું કે મેં ફૂલ નહિ ને ફૂલની પાંખડી આપી છે. આપ પ્રેમથી સ્વીકારી લો. બધાને થયું કે શું દીધું હશે? જોઈએ તો ખરા. કવર ખોલ્યું તો રૂા. એક લાખનો ચેક. આ જોઇ બધા આશ્ચર્ય પામ્યા. દિવાસળી માટે નોકરને ધમકાવનાર શેઠ લાખ લખવામાં ભૂલ્યા લાગે છે. આપણી ફરજ છે કે તેમને સત્ય જણાવવું જોઇએ તેથી બધા પાછા આવ્યા. શેઠ કહે કેમ ભાઇઓ! ફરીને આવવાનું બન્યું? શેઠ! અમે નીચે જઈને કવર ખોલ્યું તો અંદરથી રૂા. એક લાખનો લખેલો ચેક જોયો. તો આપની ભૂલ તો નથી થતી ને? શેઠ કહે છે મારી ભૂલ નથી થઇ. છતાં તમને એમ લાગે છે તો લાવો મારું કવર પાછું. શેઠ કવર લઇને રૂમમાં ગયા ત્યારે આવનાર અમુક માણસો કહે છે પાછું આપવા જેવું ન હતું. હવે તો લાખના હજાર મળવા મુશ્કેલ છે. ત્યાં શેઠ બીજું કવર લઈને આવ્યા. ને ટીચરોને આપતાં કહ્યું ભાઇ! મેં તમને જે કંઈ આપ્યું છે તે પ્રેમથી સ્વાકારી લેજો. એમાં મારી ભૂલ નથી થતી.

બધા જોવા અધીરા બન્યા છે. નીચે જઇને કવર ખોલ્યું તો રૂા. એક લાખ ને એકાવન હજારનો ચેક છે. બધાને ખૂબ આનંદ સાથે આશ્ચર્ય થયું કે એક દિવાસળી માટે નોકરને ધમકાવનારો કંજુસ આટલા રૂપિયાની મમતા કેવી રીતે છોડે? આપણે આ વાતનો ખુલાસો કરીએ. પાછા શેઠ પાસે આવીને ચરણમાં પડ્યા. શેઠ કહે છે તમે મહાજન છો. મારા પૂજનીક છો. મારે આપના ચરણમાં પડવું જોઇએ. તમને આ ન શોભે. ત્યારે કહે છે શેઠ! અમે તમને આવા ઉદાર નહોતા માન્યા. કારણ કે અમે આવ્યા ત્યારે તમે નોકરે ત્રણ દિવાસળી બગાડી તેથી તેને તમાચો મારતા હતા, નોકરને ધમકી આપતા હતા અને અમને એક લાખ ને એકાવન હજાર રૂપિયા દાનમાં કાચી સેકંડમાં આપી દીધા, તો તેનું કારણ શું? શેઠ કહે છે, ભાઈ! હું કંજુસ નથી, કરકસરીયો છું. કરકસર કરવામાં કંઇ નાનપ નથી. થોડું થોડું ધન કરકસર કરીને બચાવીએ તો આવા સારા

કાર્યમાં જોઇએ ત્યારે ઝટ દઇને આપી શકાય અને જ્યાં ઓછાથી ચાલતું હોય ત્યાં વધુ વાપરવાની શી જરૂર! માટે મેં નોકરને તમાચો માર્યો હતો. ટીચરો ચેક લઇને ખુશ થઇને ગયા. ધન્ય છે આવા દાતારોને! તમે કરકસર કરીને પણ બીજાને સંતોષ આપજો.

આવતી કાલે સંવત્સરી મહાપર્વ છે. તમારા અંતરને આરસી જેવું પવિત્ર બનાવજો. આરસી સ્વચ્છ ન હોય તો પ્રતિબિંબ સ્વચ્છ ન દેખાય. તેમ અંતર જો વિશુદ્ધ ન હોય તો વીતરાગ વાણી અંતરમાં ના ઉતરે. કૃષ્ણ વૃંદાવનમાં બંસરી બજાવતાં હતાં તેનો સૂર સાંભળીને લોકો તેમાં મુગ્ધ બનતાં. કોઇએ પૂછયું, કૃષ્ણજી! બીજા ઘણાં બંસરી બજાવે છે પણ તમારી બંસરી જેવો સૂર કોઈનો નથી આવતો. ત્યારે કૃષ્ણ કહે છે, હું મારી બંસરી સ્વચ્છ રાખું છું એટલે સૂર મધુર નીકળે છે, તેમ અંતરને પવિત્ર બનાવવા માટે આવતી કાલે કષાયના કચરા દૂર કરી ફેંકી દેજો અને અંતરમાં પવિત્ર ભાવનાનું જળ ભરી દેજો. દાન-શીયળ-તપ ને ભાવનાના અંતરમાં સાથિયા પૂરજો. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૫૪
સંવત્સરી મહાપર્વ
વિષય: ક્ષમા એ આત્માનું કોહીનુર

ભાદરવા સુદ ૫ ને શનિવાર **તા. ૧-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

આજે પરમ પવિત્ર અને મહાન મંગલકારી સંવત્સરીનો દિવસ છે. આજના દિવસે લેવાનું અને દેવાનું એ બે કાર્ય કરવાના છે. આ દિવસ ક્ષમાપના તરીકે પણ ઓળખાય છે. દુનિયાભરમાં વસતા જૈનોના દિલમાં હર્ષ હશે કે આજે અમારો પવિત્ર દિવસ છે. જેમ વહેપારી વહેપાર કરે છે ત્યારે પૈસા આપે છે અને માલ ખરીદે છે. તમારી વહાલી દીકરી કોઈના દીકરા સાથે પરણાવો છો ને કોઇની દીકરી તમારે ઘેર લાવો છો. આ રીતે લેવડદેવડથી તમારો સંસાર વ્યવહાર ચાલે છે. તે રીતે ભગવાન મહાવીરની પેઢી ઉપર પણ આજે લેવડદેવડ કરવાની છે. તમારે જેની સાથે વૈર થયું હોય તેની પાસેથી તમારે ક્ષમા લેવાની છે અને તમારી પાસે જે ક્ષમા લેવા આવે તેને પ્રેમથી ક્ષમા આપવાની છે. આજના વ્યાખ્યાનનો વિષય છે "ક્ષમા એ આત્માનું કોહીનુર". મહાન પુરૂષો જેમકે ગજસુકુમાર, ખંધક મુનિ, મેતારજ મુનિ આદિ મહાન પુરૂષોને માથે અંગારા મૂકાયા, જીવતા ચામડી ઉતારાઇ અને શરીરે વાઢળી વીંટાણી તો પણ ગજબ ક્ષમા રાખી આત્માનું કોહીનુર ઝળકાવ્યું છે. એ મહાન પુરૂષોએ જેવી ક્ષમા રાખી છે તેવી ક્ષમા રાખીને આપણે પરમપદને પ્રાપ્ત કરવું છે.

આ પવિત્ર દિવસોમાં શ્રાવકોએ શું કરવું જોઇએ? આ પવિત્ર પર્યુષણ પર્વના દિવસોમાં ગૃહસ્થોએ આઠ કર્તવ્યોનું પાલન કરવાનું છે. (૧) શાસ્ત્રશ્રવણ (૨) યથાશક્તિ તપ (૩) અભયદાન (૪) સુપાત્રદાન (૫) બ્રહ્મચર્યનું પાલન કરવું (૬) આરંભ સમારંભનો ત્યાગ કરવો (૭) ચતુર્વિધ સંઘની સેવા કરવી (૮) ક્ષમાપના તેમજ આલોચના કરીને પ્રતિક્રમણ કરવું. આ રીતે ક્ષણે ક્ષણે જીવનમાં ધર્મ આરાધના કરવી જોઇએ. આ પર્વના દિવસોમાં વિશેષ વિવેકપૂર્વક ધર્મની આરાધના કરવી જોઇએ. મનના વિકારોનું ઉપશમ કરવા માટે અને ક્રોધ કષાયોને જીવવા માટે આનાથી સુંદર બીજો અવસર તમને કયો મળવાનો છે? પર્યુષણના આઠ દિવસોમાં પણ આજના દિવસનું મહત્વ વધારે છે.

જૈન ધર્મોમાં બધા પર્વો મહત્વના છે. પરંતુ પર્વાધિરાજનું મહત્વપૂર્ણ બિરૂદ તો પર્યુષણને આપવામાં આવ્યું છે. આ પર્વનું આગમન થતાં લોકોના મનમાં નવું ચેતન, નવી જાગૃતિ અને ભવ્ય ભાવનાનો ચમકારો થાય છે. જે લોકોની જીભે કોઈ દિવસ ધર્મનું નામ પણ આવતું નથી તે પણ આ પવિત્ર પુણ્યપળોમાં ધર્મસાધના કરતા નજરે પડે છે. એક સપ્તાહની ભાવપૂર્ણ સાધના પછી પર્વનો જે છેલ્લો દિવસ આવે છે તેને સંવત્સરી કહેવામાં આવે છે. તેનું બીજું નામ ક્ષમાપર્વ છે.

પૃથ્વીને પણ ક્ષમા કહેવામાં આવે છે. ધરતી પર છોતરાં, લાકડાં અને છાણ જેવી વસ્તુઓ પડે છે. આ બધી વસ્તુઓને પૃથ્વી ધીરે ધીરે પોતાના સ્વરૂપમાં ફેરવી નાંખે છે. બધી વસ્તુઓનું મૂળ સ્વરૂપ અદૃશ્ય થઇ જાય છે તેવી રીતે વિકૃત સંયોગોને ભૂલી જઇને બીજાએ આપેલા દુઃખોને મનમાંથી દૂર કરી તેનું જરા પણ અહિત ન ઇચ્છવું તેનું નામ છે ક્ષમા. ક્ષમા એ વીર પુરૂષોનું ભૂષણ છે. જે કાયર હોય છે તે ક્ષમાશીલ નથી હોતો. મજબૂત શરીરવાળો હોય કે વાણીમાં શૂરવીર હોય તેટલો અર્થ વીરનો નથી થતો, પરંતુ જે દૃઢ મનોબળવાળો આત્મવીર હોય તેને વીર કહેવામાં આવે છે. જે ક્રોધનો પ્રસંગ આવે છતાંય ક્રોધાયમાન થતો નથી, કોઇ તેના પર ગાળો વરસાવે છતાં તેનો જવાબ મીઠા હાસ્યથી આપે છે, તોફાનમાં પણ જે દૃઢતાથી ઉભો રહે છે તે સાચો વીર છે.

બંધુઓ! ક્ષમા માણસને સહનશીલ અને શાંત બનાવે છે. ક્ષમા પોતાની અનંત શક્તિને ઓળખવાનો સંદેશો આપે છે. ક્ષમા કહે છે અપકાર પર અપકાર કરવો, ગુન્હેગારને શિક્ષા કરીને નિર્બળ બનાવવો એ તો દુર્જનોનું કાર્ય છે પણ અપકાર કરનાર પર પણ ઉપકાર કરવો, ગુન્હેગારને પ્રેમથી વશ કરવો અને ક્ષમાથી પાપીના હૃદયનું પરિવર્તન કરવું એ કાર્ય ઉત્તમ પુરૂષોનું છે. માણસ ભૂલ કરે તે સ્વાભાવિક છે. પરંતુ તેને ક્ષમા આપવી એ દૈવી ગુણ છે. કોઇની સાથે ઝઘડો થયો હોય કે વૈર બંધાયું હોય તેને હૃદયમાં સંઘરી રાખવું તે પાશવીવૃત્તિ છે. દૈવીવૃત્તિ નથી. ગુન્હેગારના ગુન્હાને

હૃદયમાંથી કાઢી નાંખીને તેની સાથે પ્રેમથી વર્તવું તે દૈવીવૃત્તિ છે. મહાત્મા ઈસુ ખ્રિસ્તને જ્યારે શૂળીએ લટકાવવા લઇ જવામાં આવતા હતા ત્યારે તેમણે કહ્યું હતું કે ઓ પરમ પિતા ! આ લોકોને માફ કરજે.

શ્રમણ સંસ્કૃતિના અગ્રદૂત ભગવાન મહાવીર ક્ષમાના પરમ ઉપાસક હતા. હજરત મહમ્મદ પણ ક્ષમાના કટ્ટર હિમાયતી હતા. સંત તુકારામ, મહાત્મા ગાંધીજી, મીરાંબાઇના જીવનમાંથી પણ ક્ષમાનો બોધપાઠ મળે છે. ક્ષમા આપણું જીવન છે, ક્ષમા એ ધર્મ છે અને આપણો પ્રાણ છે. તેના પુણ્યપ્રવાહમાં સ્નાન કરનાર માણસ એક વખત તો જરૂર બોલશે કે,

"खामेमि सव्वे जीवा, सव्वे जीवा वि खमंतु मे,
मित्ती मे सव्व भुएसु, वेर मज्झं न केणुइ."

હું બધાં જીવોની ક્ષમાયાચના કરું છું. સર્વ જીવો મને ક્ષમા આપો. સર્વ જીવોની સાથે મારે મિત્રતા છે. મારે કોઈની સાથે વેર નથી.

શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણોને બૃહદ્ કલ્પસૂત્રના ચોથા અધ્યાયમાં કહ્યું છે કે:

भिक्खुय अहिगरणं कट्टु तं अहिगरणं आविओसवेत्ता, नो से कप्पइ गाहावइ कुलं भत्ताअे वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तये वा, वाहिया विचार भूमिं वा विहार भूमिं वा तिक्ख मित्तए वा पविसित्तएवा ।

હે સાધક ! જો કોઇ શ્રમણ સાથે કોઈ કારણસર તારે કજિયો થઇ જાય તો તારે તેની ક્ષમાયાચના કરી લેવી. ક્ષમાયાચના ન થાય ત્યાં સુધી તારે આહારપાણી ન લેવા જોઇએ. શૌચાદિક ક્રિયાઓ પણ ન પતાવવી જોઈએ અને સ્વાધ્યાય પણ ન કરવી જોઈએ. જેમ કોઇના ઘરમાં આગ લાગે છે ત્યારે તેનો માલિક પહેલા આગ ઓલવી નાંખે છે અને પછી જમવા બેસે છે. ઘરમાં ભયંકર આગ લાગી હોય ત્યારે જો તે જમવા બેસી જાય તો તમે તેને શું કહેશો ? "મૂર્ખ." તેમ જ્ઞાની કહે છે જેના અંતર્મનમાં ક્રોધની પ્રચંડ જ્વાળા સળગતી હોય, જેની આંખો ક્રોધથી લાલચોળ થઇ ગઇ હોય તેના માટે આવા સમયે ભોજન કે અભ્યાસ કરવાનું બરાબર છે ?

મહાત્મા ઈસુએ બાઇબલમાં કહ્યું છે કે તમે પ્રાર્થના કરવા માટે દેવમંદિરમાં જાવ છો. ત્યાં પહોંચ્યા પછી તમને યાદ આવે કે અમુક પાડોશી સાથે મારે મતભેદ થયો છે તો મંદિરના બારણેથી પાછા વળજો અને પહેલાં જઈને પેલા પાડોશી સાથે મનમેળ કરી આવજો. પછી દેવમંદિરમાં આવજો. માણસ જ્યારે સામા માણસ સાથેનું વેર લેવાની વૃત્તિ કાઢી નાંખે છે અને તેણે કરેલા અપરાધોને માફ કરવાની હિંમત કરે છે તે વખતે તેનો આત્મા પ્રબળ શક્તિ ધરાવતો થઇ જાય છે. આટલી પ્રબળ શક્તિનો ભૂતકાળમાં તેને ક્યારે ય અનુભવ થયેલો હોતો નથી.

ભગવાન ક્ષમાના સાગર એવા મહાવીરે કહ્યું છે કે જેની સાથે વેર બંધાયું હોય તેને તારે ક્ષમા આપવી જોઇએ. પછી ભલે તે તને સન્માન આપતો હોય કે ન આપતો હોય, તને તેણે ક્ષમા આપી હોય કે ન આપી હોય, તું તેના કૃત્યો તરફ નજર કરીશ નહિ. તારે તરત તેની ક્ષમા માગી લેવી જોઇએ. ક્ષમાની વિશેષતા બતાવતાં આધ્યાત્મિક પ્રકરણમાં લખ્યું છે: એક માણસ છાસઠ કરોડ ભાવોપવાસ કરે છે અને બીજો માણસ એક કડવું વેણ શાંતિથી સહન કરી લે છે તો બીજા માણસને જે ફળ મળે છે તે છાસઠ કરોડ ભાવોપવાસના ફળ કરતાં ઘણું વધારે હોય છે. ક્ષમાપર્વનો મહત્વનો સંદેશ એ છે કે જેની સાથે આપણે અણબનાવ થયો હોય કે કજિયો થયો હોય તેની ક્ષમા માગવી. હૃદય પર જામેલા કાળાશના પોપડાને ઉખેડીને હૃદયને સ્વચ્છ અરિસા જેવું બનાવવું. ભૂતકાળનું કોઈ પણ કડવું સ્મરણ અંતઃકરણના એકાદ ખૂણામાં ન રહી જવું જોઇએ અને હૃદય નિર્મળ અને પવિત્ર બનવું જોઇએ.

બંધુઓ! સંવત્સરી એટલે શું? મોહ-માયા અને મમતાના કચરા કાઢવાનો અને કષાયોનો કાજળ ધોવાનો આ પવિત્ર દિવસ છે. જ્યાં સુધી અનંતાનુબંધી કષાય હશે ત્યાં સુધી સમ્યક્‌ત્વની પ્રાપ્તિ નહિ થાય અને જ્યાં સુધી સમ્યક્‌ત્વની પ્રાપ્તિ નહિ થાય ત્યાં સુધી ભવકટ્ટી થવાની નથી. જ્યાં સુધી અપ્રત્યાખ્યાની કષાય હશે ત્યાં સુધી દેશવિરતિ-શ્રાવકપણું પ્રાપ્ત નહિ થાય. પ્રત્યાખ્યાની ચોકડી હશે ત્યાં સુધી સાધુપણું ઉદયમાં નહિ આવે અને જ્યાં સુધી સંજ્વલન કષાય હશે ત્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. સંજ્વલન ક્રોધ કેવો હોય? પાણીની લીંટી જેવો. જેમ પાણીમાં લીંટી દોરે તો કેટલો સમય ટકે છે? તેમ છદ્મસ્થપણાની લહેરમાં કષાય આવી જાય પણ તરત તેની ક્ષમા માંગી લેવી જોઇએ. પાણીની લીંટી જેવો ક્રોધ હોય તો પણ કેવળજ્ઞાન થતાં અટકાવે છે. તો વિચાર કરો જેના જીવનમાં કાળી કાજળ જેવી કષાયો ભરી હોય તેનું કલ્યાણ ક્યારે થશે? તેનો ખૂબ વિચાર કરો. કષાયો ઉપર અને ચાર સંજ્ઞાઓ ઉપર વિજય મેળવો.

દેવાનુંપ્રિયો! ચારિત્ર વિના નવા કર્મો આવતા રોકાતા નથી અને તપ વિના જુના કર્મો તૂટતા નથી. દ્રવ્યથી ને ભાવથી ચારિત્રની અવશ્ય જરૂર છે. દ્રવ્યચારિત્રથી વધુમાં વધુ જીવ નવ ગ્રૈવેયક સુધી જઇ શકે છે. પણ અનુત્તર વિમાનમાં તો દ્રવ્ય અને ભાવ બંને પ્રકારે ચારિત્રની આરાધના કરનાર જઇ શકે છે. ભાવચારિત્ર એ મોક્ષનું કારણ છે. પણ દેવાયુષ્યના બંધનું કારણ નથી. ચારિત્રવાન આત્મા કર્મની નિર્જરા કરતા મોક્ષના લક્ષથી આરાધના કરે છે. પણ ચારિત્રની આરાધના કરતાં ક્ષાયિક ભાવવાળું યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થાય તે પહેલા આયુષ્ય પૂર્ણ થવાથી યથાખ્યાત ચારિત્ર હોવાથી પ્રશસ્ત રાગભાવને કારણે દેવનું આયુષ્ય બંધાય છે અને તે વૈમાનિકમાં જાય છે. તેમાં પણ

અનુત્તર વિમાનના દેવોને દિવ્ય સુખોમાં જરા પણ ઉપાદેય ભાવ હોતો નથી પણ હેયભાવ હોય છે અને તે કારણે તેત્રીસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરીને આર્યક્ષેત્રમાં માનવજન્મ પ્રાપ્ત કરીને એક-બે ભવમાં મોક્ષમાં પહોંચી જાય છે. આ બધો પ્રભાવ ચારિત્રનો છે.

પૂર્વભવમાં કરેલી તપશ્ચર્યાના પ્રભાવે અનુત્તર વિમાનમાં આહારસંજ્ઞા અતિ અલ્પ હોય છે અને તે પણ તેત્રીસ હજાર વર્ષે પ્રગટ થાય છે. પૂર્વભવમાં પાળેલા બ્રહ્મચર્યના પ્રભાવે અનુત્તર વિમાનમાં મૈથુનસંજ્ઞાનો અતિ મંદ ભાવ હોય છે. પૂર્વભવમાં આરાધેલા દાનધર્મના પ્રભાવે અત્યંત વૈભવ અને વિલાસની સામગ્રી હોવા છતાં પરિગ્રહસંજ્ઞા ખુબ મંદ હોય છે અને પૂર્વભવમાં સંયમની આરાધના કરતા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું સારી રીતે પાલન કર્યું છે તેના પ્રભાવે ભય સંજ્ઞા અર્થાત્ મન-વચન અને કાયાની ચંચળતા અલ્પ બની ગઈ છે. અનંતજ્ઞાની ભગવંતોએ દાન-શીયળ-તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ બતાવ્યો છે. તે આહારાદિ ચાર સંજ્ઞાઓનો વિનાશ કરવા માટે બતાવ્યો છે. માન-પ્રશંસા માટે દાન કરવાનું નથી પણ પરિગ્રહસંજ્ઞા ઘટાડવા માટે દાન આપવાનું કહ્યું છે. મૈથુનસંજ્ઞા ક્ષય કરવા માટે શીયળ પાળવાનું છે. આહારસંજ્ઞા ઘટાડવા અને અનાહારક દશા પ્રાપ્ત કરવા માટે તપની જરૂર છે અને ભવસંજ્ઞા વિનાશ માટે ભાવધર્મની આરાધના કરવાની છે.

અનંતકાળથી આ સંસારી જીવોને આહારની ભૂખ, વિષયની ભૂખ અને ધનની ભૂખ લાગેલી છે અને તેને માટે આ આજ્ઞાની જીવે અત્યાર સુધી આંખો મીંચીને અવળી દોટ મૂકી છે પણ પરિણામે ભૂખ ઘટવાને બદલે ભૂખ વધી છે. આ ભૂખને ઘટાડવા માટે જીવનમાં તપ અને ત્યાગની અવશ્ય જરૂર છે. સંસારના સુખો માટે દોટ લગાવવાથી કર્મો નહિ ખપે. જે આત્માઓને લગની લાગે છે કે ક્યારે મારા કર્મો ખપાવું અને ક્યારે કેવળજ્ઞાન પામું? તેની દોટનો વેગ જુદો હોય છે.

દમસાર નામના મહાન મુનિનું દૃષ્ટાંત સાંભળવા જેવું છે. મોક્ષમાં જવાને માટે કેટલી લગની લાગી હતી? એ ઉત્તમ આત્માને કેવા વૈભવો મળ્યા હતા, તેનો ત્યાગ કરીને ચારિત્ર અંગીકાર કર્યું. તે સાંભળો તો તમને ખ્યાલ આવશે!

શાસનપતિ શ્રમણ ભગવંત મહાવીર પ્રભુ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં એક વખત કૃતંગલા નામની નગરીના ઉદ્યાનમાં પધાર્યા. કૃતંગલા નગરીમાં સિંહરથ નામના રાજા હતા. તેમને દમસાર નામનો કુંવર છે. પ્રભુ મહાવીર પધાર્યાની વધામણી સાંભળી તેના રોમે રોમે આનંદ થયો. રાજાએ ગામમાં પડહ વગડાવ્યો કે જેમના દર્શનથી દુઃખ દૂર થાય છે, જેમના નામસ્મરણ માત્રથી જીવના પાપ ધોવાઈ જાય છે તેવા અનંત જ્ઞાની પ્રભુ મહાવીર પધાર્યા છે. જેને દર્શન કરવા આવવું હોય તે આવો. ખૂબ પ્રજાજનો સહિત સિંહરથ રાજા પોતાના કુંવરને લઈને પ્રભુના દર્શન કરવા જાય છે, પ્રભુને

વંદન નમસ્કાર કરી પ્રભુની વાણી સાંભળી દૃમસાર કુમારને વૈરાગ્યભાવ ઉત્પન્ન થયો. પાપનો ભય લાગ્યો એટલે માતા-પિતાની આજ્ઞા મેળવી ભગવાનની પાસે દીક્ષા લીધી અને ખૂબ જ્ઞાનાભ્યાસ કરવા લાગ્યા. જ્ઞાનની સાથે તપશ્ચર્યામાં પણ આગેકૂચ કરી. પહેલા છઠ્ઠના પારણે છઠ્ઠ કરવા લાગ્યા. આગળ વધતાં અઠ્ઠમના પારણે અઠ્ઠમ. એમ આગળ વધતા ગયા. પછી પ્રભુને કહે છે હે ભગવંત! મારા આત્મા ઉપર અનાદિકાળથી કર્મશત્રુઓ ઝઝુમી રહ્યા છે તેને ભગાડવા માટે તપરૂપી દારૂગોળો ફોડવો છે. એના ભડાકાથી કર્મશત્રુઓ ભાગી જશે માટે આપ મને માસખમણના પારણે માસખમણની તપશ્ચર્યા કરવી એવી પ્રતિજ્ઞા કરાવો. એની યોગ્યતા જોઇને ભગવંતે પ્રત્યાખ્યાન કરાવ્યા.

બંધુઓ! માસખમણને પારણે માસખમણ કરવું એ કંઇ સહેલી વાત નથી. શરીરનો રાગ છૂટે તો આવો તપ કરી શકાય છે. તપ કર્યા પછી પણ તેનો આસ્વાદ રહેવો બહુ મુશ્કેલ છે. આજે તો એક અઠ્ઠાઇ, સોળ ભથ્થુ કે માસખમણ કર્યું તો પારણું કર્યું એટલે બધા ઘોડા છૂટા થઇ જાય છે. માસખમણનો તપ કરનાર થોડા દિવસ પછી હોટલમાં જઇને બટાટા વડા ખાતો હોય છે. આ તપ સમજણપૂર્વકનો નથી. તપ કર્યા પછી કંદમૂળ, બહારના ખાનપાન, બીડી, સીગારેટ આદિ વ્યસનો છૂટી જવા જોઇએ અને એવો તપ ફરીને કયારે કરૂં એવો ભાવ થવો જોઇએ.

દૃમસાર મુનિને સંયમની સાથે તપશ્ચર્યાનો રંગ લાગ્યો ને માસખમણને પારણે માસખમણ કરવા લાગ્યા. હૈયામાં એક વાત રૂચી ગઈ હતી કે આત્માના અનંત-સુખોની પ્રાપ્તિ માટે તપ અને સંયમની જરૂર છે. આવી શ્રદ્ધાથી તપ કરે છે ને વિચારે છે કે હું ભવી હોઇશ કે અભવી? હું સમકિતી હોઇશ કે મિથ્યાત્વી? આટલો તપ અને આટલી સાધના હોવા છતાં આવો વિચાર આવે છે. આવો વિચાર આવવો એ ભવ્યપણાની નિશાની છે. અભવીને કદી એવો વિચાર ન આવે. અભવીને પાપનો ડર ન લાગે. બાહ્ય દેખાવ માટે ઉગ્ર તપ કરે, કડક ચારિત્ર પાળે, પણ અંતરથી અનુકંપાનો ભાવ ન હોય, જેને પાપનો પશ્ચાતાપ થાય એ તો કર્મના કડાકા બોલાવી દે.

ગૌતમસ્વામી છઠ્ઠના પારણે છઠ્ઠ કરતા હતા. એક વખતે તેઓ પોલાસપુરી નગરીમાં છઠ્ઠના પારણે ગૌચરી પધાર્યા. જુઓ, ભવી જીવો કેવા હોય છે! એની સરળતા અને પવિત્રતા કેવી હોય છે તે આ દૃષ્ટાંતથી જાણવા મળશે. ગૌતમસ્વામી ગૌચરી નીકળ્યા. તે વખતે બાળકોના ટોળામાં ગેડીદડે ખેલતો બાલુડો તેમને જોઇને રમત છોડીને ગૌતમસ્વામી પાસે આવ્યો ને પૂછ્યું. તમે એક ઘરમાંથી નીકળીને બીજા ઘરમાં જાવ છો તો તમે કોણ છો? ત્યારે ગૌતમસ્વામી કહે છે ભાઇ! અમે સાધુ છીએ અને ઘરઘરમાં ગૌચરી માટે જઇએ છીએ. નાનો બાલુડો કહે છે ગૌચરી એટલે શું? ગૌતમ-સ્વામી કહે છે ગૌચરી એટલે ભિક્ષા. તમારે ઘેર જે કંઈ બનાવ્યું હોય તેમાંથી અમને

જરૂર હોય તે લઇ જઈએ, ત્યારે કહે છે પ્રભુ ! તમે મારે ઘેર ન આવો ? ગૌતમસ્વામી કહે છે અમે તો બધાને ઘેર જઇએ. ત્યારે તો મારા ઘેર ચાલો. તે હાથ પકડીને ગૌતમસ્વામીને પોતાને ઘેર લઇ આવ્યો. પોતે રાજકુમાર છે. આંગળી પકડીને પ્રભુને પોતાને ઘેર લાવતા પુત્રને જોઇને માતાના આનંદનો પાર ન રહ્યો. ધન્ય છે દીકરા ! આજે તો આંગણે કલ્પવૃક્ષ ફળ્યો કે પ્રભુના પાવન પગલા થયા. ગૌતમસ્વામીને નિર્દોષ આહાર વહોરાવે છે. વહોરીને ગૌતમસ્વામી પાછા ફર્યા એટલે અયવંતાકુમાર પણ સાથે ચાલ્યા. થોડે દૂર જઈને કહે છે પ્રભુ ! આ તમારી ઝોળી મને ઉંચકવા ન આપો ! ત્યારે ગૌતમસ્વામી કહે છે ભાઇ ! એ તો અમારા જેવા થાય તેને અપાય. બાલુડો કહે છે ત્યારે તમે આ બધું લઇને ક્યાં જાવ છો ? હું મારા ગુરૂ પાસે જાઉં છું. તું જો તો ખરો. મારામાં કાંઇ નથી. મારા ગુરૂ તો કેવા જ્ઞાની છે ! અયવંતાકુમાર પ્રભુ પાસે આવ્યા. પ્રભુના દર્શન કર્યા. વાણી સાંભળીને વૈરાગ્ય આવ્યો. પ્રભુને કહે છે પ્રભુ તમે અહીં રોકાઇ જજો. વિહાર ન કરતાં. હું મારા માતા-પિતાની રજા લઈને આપની પાસે દીક્ષા લેવા માટે આવું છું. પ્રભુ કહે છે-" अहा सुयं देवाणुप्पिया मा पडिबंध करेह। " હે દેવાનુપ્રિય ! તને સુખ ઉપજે તેમ કર. સારા કાર્યમાં વિલંબ કરીશ નહિ. અયવંતોકુમાર નાચતો ને કૂદતો ઘેર આવ્યો અને કહે છે હે માતા ! તું મને દીક્ષાની આજ્ઞા આપ. મારે પ્રભુની પાસે દીક્ષા લેવી છે. માતા કહે છે બેટા !

તું કયા જાને સાધુપણામેં બાલ અવસ્થા તેરી
ઐસા ઉત્તર દિયા કુંવરજી, માત કહે બલિહારીજી
અયવંતા મુનિવર નાવ તીરાઈ વહેતા નીરમેં
અયવંતા મુનિવર.....

બેટા ! તું હજુ નાનો છે. સાધુપણું શું કહેવાય તે તને ખબર છે ? કુમાર કહે છે માતા ! હું જાણું છું તે નથી જાણતો અને નથી જાણતો તે જાણું છું. માતા કહે છે તું શું સમજે છે ? બાળક કહે છે હે માતા ! જન્મ્યા છે તેનું અવશ્ય મરણ છે તે હું જાણું છું. પણ મરણ ક્યારે, કયા દિવસે અને કઇ મિનિટે આવશે તે હું નથી જાણતો. માટે મને તો ભગવાનના ચરણે જવાની ધૂન લાગી છે માટે મને જલ્દી રજા આપ. માતાને ખૂબ દુઃખ થયું પણ સાચા વૈરાગી આગળ કોઇનું ચાલતું નથી. માતાએ રજા આપી.

અયવંતાકુમારે દીક્ષા લીધી અને તેમને સ્થવિર સંતોને સોંપ્યા. દીક્ષા લીધા પછી એક વાર અકાળે વરસાદ વરસે છે. વરસાદ બંધ રહ્યા પછી સંતો ઠંડીલ જવા જંગલમાં ગયા. અયવંતા મુનિ નાના છે. રમત રમતમાં દીક્ષા લીધી છે. તે ઠંડીલ જઇને વહેલા ઉઠી ગયા. એક પાણીનું ખાબોચીયું ભરેલું. આ જોઇને તેમને બાળ રમત યાદ આવી

ગઇ. પોતાની પાસે પાતરી હતી તે પાણીમાં મૂકી અને રજોહરણની દાંડીથી તેને ધક્કા મારવા લાગ્યા ને શું બોલવા લાગ્યા ?

નાવ તીરે મોરી નાવ તીરે એમ મુખથી શબ્દ ઉચ્ચારે,
સાધુ કે મન શંકા ઉપની (૨) કિરિયા લાગે થારેજી...
અયવંતા મુનિવર નાવ તીરાઇ વહેતા નીરમાં...

જુઓ, જુઓ ! મારી નૌકા કેવી તરે છે ! એમ બોલતા જાય ને હરખાતા જાય. આ અયવંતાના શબ્દો સાંભળી બીજા સંતોના મનમાં થયું કે આ શું બોલે છે ? આવીને જુવે તો બાલસાધુ અયવંતાકુમાર પાણીમાં પાતરી તરાવે છે ને છબછબીયા કરે છે. આ જોઇને અંદરોઅંદર સાધુઓ બોલવા લાગ્યા કે ભગવાનને શું વંશ જતો હતો કે આવાને ચેલો બનાવ્યો ? અયવંતાને કહે છે આવું ન કરાય. તને પાપ લાગશે. હેં મને પાપ લાગે ? હવે નહિ કરું. એમ કહીને પ્રભુની પાસે આવ્યા. ભગવાન કહે છે અયવંતા મુનિ ! તમે પાણીમાં પાતરી તરાવી છે, કાચા પાણીમાં છબછબીયા કર્યા છે. આપણાથી કાચા પાણીને અડાય નહિ માટે તમને પાપ લાગ્યું છે. તેનું પ્રાયશ્ચિત કરવા ઇરિયાવહિપડિક્કમો. અને સંતોને કહે છે હે સાધકો ! તમે અયવંતાની હીલણા ન કરો, તેની નિંદા ન કરો. એ ચરમશરીરી જીવ છે. અયવંતાને પ્રભુએ કહ્યું તમને પાપ લાગ્યું ત્યાં પાપની એવી અરેરાટી થઈ કે ઇરિયાવહીપડિક્કમતાં પાપના ભૂક્કા બોલાવી દીધા અને છેવટે સાધી લીધું.

દ્રમસાર મુનિ પણ પવિત્ર સંત છે. કર્મની ભેખડો તોડવા માટે કેવો ઉગ્ર તપ કરે છે ! પણ મનમાં શંકા થાય છે કે હું ભવી હોઇશ કે અભવી ? આ શંકાનું સમાધાન કરવા માટે પ્રભુની પાસે પહોંચી ગયા. પ્રભુને વંદન કરીને પ્રશ્ન પૂછ્યો કે હે ભગવંત ! હું ભવ્ય છું કે અભવ્ય ? હું ચરમશરીરી છું કે અચરમશરીરી છું ? હું સમકિતી છું કે મિથ્યાત્વી ? ત્યારે પ્રભુએ કહ્યું કે દ્રમસાર મુનિ ! તમે ભવ્ય છો, અભવ્ય નથી. તમે ચરમશરીરી છો અચરમશરીરી નથી. તમે સમકિતી છો મિથ્યાત્વી નથી. પ્રભુના મુખેથી ઉત્તર સાંભળી દ્રમસાર મુનિને ખૂબ આનંદ થયો. પણ પોતાના આત્મા માટે વધુ જાણવાની અભિલાષાથી ફરીને એ દ્રમસાર મુનિ પ્રભુને પ્રશ્ન કરે છે હે પ્રભુ ! આપના કથન પ્રમાણે હું ભવ્ય છું તેમજ આ ભવમાં મોક્ષે જવાનો છું. તે આપના વચનમાં મને સંપૂર્ણ શ્રદ્ધા છે. પણ પ્રભુ ! મને આપ એટલું કહો કે મને કેવળજ્ઞાન કયારે થશે ? કેવળજ્ઞાન થાય પછી મોક્ષે જવાય છે તે આશયથી દ્રમસાર મુનિએ પ્રભુને પ્રશ્ન પૂછ્યો હતો.

ભગવાન કહે છે કે દ્રમસાર મુનિ ! આજે અત્યારે તમારા અંતરાત્મામાં જે વિશુદ્ધિની ધારા ચાલે છે એવી ધારા બરાબર ચાલે તો એક પ્રહરમાં તમને કેવળજ્ઞાન

થાય એટલી ઉચ્ચકક્ષાએ તમે પહોંચી ગયા છો. પણ આજે તમારે માસખમણની તપશ્ચર્યાના પારણાનો દિવસ છે એટલે મારી આજ્ઞા લઈને તમે પારણા માટે શહેરમાં ગૌચરી જશો ત્યાં તમને ક્રોધ કષાયના ઉદયનું નિમિત્ત મળશે. એ નિમિત્ત મળતાં તમે તમારૂં ભાન ગુમાવી બેસશો. વધુ પ્રમાણમાં તમને ક્રોધ કષાયનો ઉદય થશે અને તે કારણે થોડા સમયમાં થનારૂં કેવળજ્ઞાન દૂર હડસેલાઈ જશે.

મહાવીર પ્રભુ સર્વજ્ઞ હતા. ભૂત-ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળની વાતો જાણતા હતા. વર્તમાનમાં દમસાર મુનિનો આત્મા કેટલો ઉંચે ચઢેલો છે. એ પ્રાપ્ત થયેલી વિશુદ્ધ પરિણામની ધારા કેટલો સમય ટકવાની છે? અને ભવિષ્યના અનુકૂળ પ્રતિકૂળ સંયોગોની હાજરીમાં એ આત્માનો ઉદ્ધાર થવાનો છે કે પતન આ બધી વાતો પ્રભુ જાણતા હતા અને એ જાણપણું હોવાથી પ્રભુએ દમસાર મુનિને ઉપર પ્રમાણે કહ્યું હતું. દમસાર મુનિ આત્માર્થી, નિકટ મુક્તિગામી અને ભાવચારિત્રવંત આત્મા છે. આત્માના ઉત્કર્ષ માટે એમનો સતત પુરૂષાર્થ છે. આત્માની અશુદ્ધ પર્યાય પલટાય ને શુદ્ધ પર્યાય પ્રગટ થાય તે માટે તેનો આત્મા સદા જાગૃત છે. મારો આત્મા ઉત્તરોત્તર ગુણસ્થાનકની ભૂમિકા ઉપર આરોહણ કરે તે ઈષ્ટ છે. આત્માના અધઃપતનના કારણરૂપ ક્રોધ વિગેરે અશુદ્ધોપયોગ જરા પણ ઈષ્ટ નથી. ભગવંતના કથન મુજબ એક પ્રહરમાં કેવળજ્ઞાન થવાની વાત જાણીને જેમના હૈયામાં અપરંપાર હર્ષ પ્રગટ થયો હોય તે આત્માને પ્રાપ્ત થનારી કેવળજ્ઞાન રૂપી અનંત લક્ષ્મી દૂર હડસેલાઈ જવાની વાત કેમ રૂચે? એટલે દમસાર મુનિ પ્રભુના વચનો સાંભળીને ઉપકારી પ્રભુને વિનયપૂર્વક કહે છે હે પ્રભુ! ગમે તે પ્રકારનું મને અશુભ નિમિત્ત મળશે છતાં હું એ નિમિત્તને આધીન નહિ બનું. મારા અંતરમાં કષાય આવવા નહિ દઉં. પ્રભુ! ક્રોધ તો ચંડાલથી પણ વધુ ભયંકર છે. મારા આત્માને અપવિત્ર બનાવનાર છે એમ જાણ્યા પછી એ નિર્દય ચંડાળને આધીન હું નહિ બનું. પ્રતિકૂળ નિમિત્તની હાજરીમાં પણ મારા આત્માને શુદ્ધોપયોગમાં ટકાવી રાખીશ.

દમસાર મુનિની ભાવના ઉચ્ચ કક્ષાની છે અને તેથી આવા શબ્દો ઉચ્ચારે છે. પરંતુ ભગવાન તો દમસાર મુનિનું ભાવિ જાણતા હોવાથી મૌન રહ્યા. દમસાર મુનિ ભગવંતની પાસેથી ઉભા થઈને વંદન કરી પોતાના સ્થાને ગયા અને ગૌચરીનો સમય થતાં પાત્રાનું પડિલેહણ કરી ગૌચરી માટે નજીકના શહેરમાં જવા રવાના થયા. મુનિરાજ ઈર્યાસમિતિમાં સાવધાન હતા. ચૈત્ર-વૈશાખના સખત તડકા હતા. મધ્યાન્હનો સમય હતો એટલે ધરતી ખૂબ તપી હતી. એટલે નીચેથી પગ શેકાઈ જતા હતાં. અને ઉપરથી માથું ખૂબ તપતું હતું. તપથી શરીર સૂકકે ભૂકકે થઇ ગયું હતું. તેમાં પણ ઉષ્ણ પરિષહનું નિમિત્ત મળ્યું. એટલે મુનિને વિચાર આવ્યો કે આ શહેરમાં

નજીકના ઘરોમાં મને નિર્દોષ આહાર મળી જાય તો સારું. આ વિચારની પાછળ અંતરના ઉંડાણમાં શરીરની મમતાનો અંશ હતો.

તપસ્વી એવા દમસાર મુનિ ચાલતાં ચાલતાં શહેરના દરવાજા પાસે પહોંચી ગયા.. દરવાજામાં પ્રવેશ કરે છે તે સમયે ક્ષત્રિય પુરૂષ ઘણા લાંબા સમયની બિમારીમાંથી સાજો થઇ આજે પહેલવહેલો કોઇ શુભ કાર્ય કરવા માટે બીજા ગામ તરફ જતો હતો. દરવાજામાં તે અને મુનિરાજ ભેગા થઇ ગયા. મુનિરાજે નિખાલસ ભાવે એ ક્ષત્રિયને પૂછયું–ભાઇ! આ શહેરમાં અમારા જેવા સાધુ સંતોને નિર્દોષ આહારપાણી મળે તેવા ધર્મપારાયણ ગૃહસ્થના ઘર કઇ બાજુ છે? આ મુનિરાજ સામા મળ્યા તે એને ગમ્યું ન હતું. એને એમ થયું કે હું બિમારીમાંથી ઉઠીને પહેલવહેલો બહાર જાઉં છું ત્યાં આ મુંડિયો ક્યાં સામો મળ્યો! એ મુંડિયાના મને અપશુકન થયા. આવા વિપરીત વિચારો તેના હૈયામાં પ્રગટ થયા. એટલેથી તે ન અટકયો પણ આ મુંડિયાએ મને અપશુકન કરાવ્યા માટે હું એને બરાબર કષ્ટમાં નાંખું એમ વિચારી જે દિશામાં શ્રાવકના ઘરો હતા તે દિશા ન બતાવતાં અવળે માર્ગે ચઢાવી દીધા અને તે પોતાના માર્ગે ચાલ્યો ગયો.

દમસાર મુનિ ક્ષત્રિય પુરૂષે બતાવેલા માર્ગે ગયા. અડધો કલાક અને કલાક ચાલ્યા પણ ભિક્ષા મળે તેવું એક પણ ગૃહસ્થનું ઘર ન મળ્યું. મુનિને જેમ બને તેમ નજીકમાં ગૌચરી જવાની ઇચ્છા હતી તેના બદલે ખુબ દૂર જવાનો પ્રસંગ આવતા તપસ્વી દમસાર મુનિ આકુળ-વ્યાકુળ થઇ ગયા. પ્રથમ તો પેલા ક્ષત્રિય ઉપર ગુસ્સો આવ્યો. ત્યાર બાદ આ ગામના બધા માણસો આવા બરાબ લાગે છે કે મુનિને સાચો માર્ગ બતાવતા નથી અને કોઈ ગૌચરી પાણી વહોરાવતું નથી. આવો વિચાર થતાં આખા ગામના લોકો ઉપર ક્રોધ આવ્યો. એટલેથી દમસાર મુતિ ન અટકયાં. પણ આ ગામના માણસો સાધુ-સંતને અવળે રસ્તે ચઢાવી હેરાન કરનારા છે માટે આ બધાને હું બરાબર શિખામણ આપું. આ મુનિરાજ તો ઉગ્ર તપસ્વી હતા. તપશ્ચર્યા કરે તેને ઘણી લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. દમસાર મુનિએ પણ તપના પ્રભાવથી ઘણી લબ્ધિઓ પ્રાપ્ત કરી હતી. તે લબ્ધિનો અહીં ઉપયોગ કર્યો.

નગરની સમસ્ત પ્રજા જે શાંત વાતાવરણમાં હતી તે આ લબ્ધિનો પ્રયોગ થતાં ભયભ્રાંત બનીને આમથી તેમ દોડવા લાગી. બે ઘડી સુધી આ નાસભાગ ચાલી. ત્યારબાદ દમસાર મુનિને વિકલ્પ આવ્યો કે મારી લબ્ધિના પ્રભાવથી દોડાદોડ શરૂ થઈ છે. ભયભ્રાંત બની આમતેમ એકસરખી નાસભાગ કરતાં અનેક મનુષ્યોને જોતાં દમસાર મુનિનું હૈયું કોમળ બન્યું એટલું નહિ પણ ગૌચરી નીકળતા પહેલા ભગવંતની પાસે જે વચનો ઉચ્ચાર્યા હતા કે હે ભગવંત! "ગમે તેવું કષાયનું નિમિત્ત

મળશે તો પણ હું કષાયને આધીન નહિ થાઉં." આ વચન યાદ આવ્યા અને અંતરમાં પશ્ચાતાપ શરૂ થયો. ભગવંતે મને કહ્યું હતું કે હે દમસાર! એક પ્રહરમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તેટલી હદે તમારો આત્મા પહોંચી ગયો છે. પણ આજે ગૌચરી જશો ત્યારે તમને કષાયનું નિમિત્ત મળશે. તમે ક્રોધને આધીન બની જશો અને એક પ્રહરમાં પ્રાપ્ત થનારું કેવળજ્ઞાન દૂર હડસેલાઇ જશે. આ વચનો શ્રવણ કર્યા બાદ મેં પ્રભુને કહ્યું હતું કે નાથ! હું પ્રતિકુળ નિમિત્તના પ્રસંગે ક્રોધને આધીન નહિ થાઉં. પણ હું મારા આત્માને કબજામાં રાખી ન શકયો. એ પ્રમાણે દમસાર મુનિ પશ્ચાતાપની શ્રેણીમાં દાખલ થયા.

પશ્ચાતાપ કરતાં નિર્ણય કર્યો કે તપશ્ચર્યાના પારણે ગૌચરી નીકળતા કાયાને ઉષ્ણ પરિસહ પ્રાપ્ત થતાં મારી આ દશા થઇને? માટે હવે જ્યાં સુધી કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મારે પારણું કરવું નથી. અશન-પાન-ખાદ્રિમ-સ્વાદ્રિમ આ ચારેય આહારનો મારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી ત્યાગ છે. આ પ્રમાણે નિર્ણય કર્યો અને પોતાને પ્રાપ્ત થએલ લબ્ધિના કરેલા ઉપયોગના કારણે જે નગરજનો દોડાદોડ કરતા હતા તે લબ્ધિ પાછી ખેંચી લીધી અને પ્રજાને ભયમુકત બનાવી. દમસાર મુનિ આહાર ગ્રહણ કર્યા વિના એમ ને એમ પ્રભુ પાસે આવ્યા અને પ્રભુના ચરણમાં ઢળી પડયા. ને અત્યંત નમ્રભાવે વિનંતી કરી કે હે પ્રભુ! આપે મને અગાઉથી ખ્યાલ આપ્યો છતાં આજે ગૌચરી જતાં હું કષાયને આધીન બની ગયો. પ્રભુ! મારો આત્મા પ્રતિકૂળ નિમિત્તની હાજરીમાં ખૂબ નબળો પડી ગયો. મને ઘણી કષાય આવી ગઇ. મેં ગામની સમસ્ત પ્રજાને મારી લબ્ધિ વડે ત્રાસ આપ્યો. પ્રભુ! નજીકમાં પ્રાપ્ત થનારું મારું કેવળજ્ઞાન હારી ગયો. ભગવાન! મારું શું થશે? આપ અનંત કરૂણાના ભંડાર છો. અધમ આત્માઓના ઉદ્ધારક છો. કૃપા કરીને કહો કે મને કેવળજ્ઞાન કયારે થશે? ત્યારે ભગવંતે કહ્યું કે દમસાર મુનિ તમને આજથી સાતમે દિવસે કેવળજ્ઞાન થશે. ગૌચરી જવાના પ્રસંગે તને જે કષાયની ઉગ્રતા આવેલ તેથી તારો આત્મા કેવળજ્ઞાનથી દૂર થયો હતો પણ તરત પશ્ચાતાપ થવાથી તેમજ ચારેય પ્રકારના આહારનો ત્યાગ કરવાથી પરિણામની વિશુદ્ધિ વડે તેં ઉપાર્જન કરેલા ઘણાં કર્મો ઓછા થઇ ગયા છે અને સાતમા દિવસે ઘાતી કર્મનો ક્ષય કરવા સાથે તારા આત્મમંદિરમાં કેવળજ્ઞાન રૂપી સૂર્યનો ઉદય થશે. દમસાર મુનિ પ્રભુ પાસે આવા વચનો સાંભળી ખૂબ આનંદ પામ્યા. સાત દિવસ સુધી સંયમ અને તપ વડે ઉગ્ર સાધના કરતાં દમસાર મુનિ કેવળજ્ઞાન પામ્યા અને વર્ષો સુધી આ પૃથ્વીતલ પર વિચરી ભવ્યાત્માઓને પ્રતિબોધ પમાડી છેવટે અઘાતી કર્મોનો ક્ષય કરીને નિર્વાણ પદ પ્રાપ્ત કર્યું.

બંધુઓ! આપણે પણ આ દૃષ્ટાંતથી એ સમજવાનું છે કે જીવને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તેટલી તૈયારી હતી છતાં કષાયના નિમિત્તથી તે આત્મા સ્વ અને પરનું કેટલું

અહિત કરી બેઠો. તેમનો ક્રોધ ઉંડા મૂળ રોપી જાય તેવો ન હતો છતાં તેમને આટલો પશ્ચાતાપ અને તપ કરવો પડયો. ત્યારે આપણે તો ક્ષણેક્ષણે કેટલા કષાયને આધીન બની જઈએ છીએ તેનો ખ્યાલ કરી જાગૃત રહેવાની જરૂર છે. આજે ક્ષમાપનાનો દિવસ છે. માટે આપણે સાચી સંવત્સરી ઉજવવી હોય તો હૃદયથી વેરઝેર છોડી સૌની સાથે ક્ષમાપના કરીને પછી બપોરે આલોચના કરજો ને પછી પ્રતિક્રમણ કરશો એટલે આત્મા પવિત્ર બની જશે. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૫૫

દુબળી આઠમ

ભાદરવા સુદ ૮ ને મંગળવાર **તા. ૪-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

અનંતકરૂણાનિધી શાસનસમ્રાટ મહાવીર સ્વામીએ ભવ્ય જીવોના ઉદ્ધાર માટે ફરમાન કર્યું કે હે ચેતન! તું અનાદિકાળથી પરભાવમાં રખડી રહ્યો છે. ઈન્દ્રિયોને વશ થઈને પૌદ્ગલિક સુખમાં તેં અનંતોકાળ પસાર કર્યો પણ હજુ તૃપ્તિ ન થઈ. શા માટે? અંતરના ઉંડાણથી વિચાર કરશો તો સમજાશે કે તમે જે સુખની ઇચ્છા રાખો છો તે અશાશ્વત છે, ક્ષણિક છે અને મહાન પુરૂષો જે સુખ માટે પ્રયત્ન કરે છે તે સુખ શાશ્વત છે. તે સુખ ત્રણ કાળમાં આવ્યા પછી જતું નથી.

જમાલિકુમારે એક વખત પ્રભુના દર્શન કર્યા અને વાણી સાંભળીને અંતરમાં વૈરાગ્ય આવ્યો. તમારા ને મારા આત્માએ ઘણીવાર પ્રભુના દર્શન કર્યા ને વાણી સાંભળી પણ અંતરસ્પર્શી નહિ. જમાલિકુમાર સુલભબોધી ભવી જીવ હતા. સંત સમાગમ કેવો છે?

"સાધુ સંગત ને શાસ્ત્ર વિચારણા, વિહિત કર્મો કરે હૃદયશુદ્ધિ,
સાધ્ય પામ્યા વિના નિંદતા સાધનો, તેજ અજ્ઞાની છે મંદ બુદ્ધિ"

સંતોનો સંગ અને શાસ્ત્ર શ્રવણ કરી તેનું આચરણ કરવાથી હૃદય વિશુદ્ધ અને પવિત્ર બને છે. ભગવાનની વાણી સાંભળીને જમાલિકુમારનું હૃદય પવિત્ર બની ગયું. હવે એને ક્ષણભર સંસારમાં ગમતું નથી. એટલે ભગવાન પાસેથી માતા પાસે આવ્યા અને હાથ જોડી માતાને કહે છે હે માતા! તું મને દીક્ષાની આજ્ઞા આપ. આ સંસારમાં મને ક્ષણવાર હવે ગમતું નથી. કારણ કે અનાદિકાળથી મારા જીવે મોહ-માયા ને મમતાના વમળમાં ફસાઈને પાપ કર્યા છે. એ પાપ ભોગવવા અશુભ ગતિમાં જવું પડે છે ને વારંવાર જન્મ-મરણનાં દુઃખો વેઠવા પડે છે તેના કરતાં પાપ ન કરૂં તો શું ખોટું? જ્યાં સુધી કર્મના દેણાં માથે પડયા છે ત્યાં સુધી સુખે સૂઈ શકાતું નથી. સુખે કોણ સૂઈ શકે છે?

शेते सुख कः ? समाधिनिष्ठ : जागर्ति को वा सदसद्विवेक : ।
मित्राणि कानि ? निजेन्द्रियणि के शत्रव : तान्येवेन्द्रियाणि ।।

આખો દિવસ કામ કરીને થાકયા હો એટલે થાક ઉતારવા માણસ રાત્રે ઉંઘી જાય છે. તમે સૂવા માટે રૂમમાં ગયા. પલંગ ઉપર બેઠા ને રૂમમાં સર્પ જોયો. એ સર્પ દેખા દઈને કયાંય છૂપાઇ ગયો. બહાર નીકળતા જોયો નહિ ને અંદર જડતો નથી. ક્યાંય સર્પ દેખાતો નથી છતાં સાચું કહો તમને ઉંઘ આવે ખરી ? "ના". ભલે સર્પ ન દેખાય છતાં ઉંઘ તો ન આવે. ઉંઘવા છતાં ઉંઘ ન આવે. મનમાં ભયનો ગભરાટ હોય કે મગજ પર ભાર હોય તો ઉંઘ આવતી નથી. માનવ સાપથી ડરે છે એટલો પાપથી નથી ડરતો. રખેને આંખ મીંચાઈ જાય ને સાપ કરડી જાય ! પણ વિચાર કરો. અંતરના ઓરડા, મહમોહ, રાગ–દ્વેષ, ને માયા મમતાના સર્પો ગુંચળા વળીને બેઠા છે ને ક્ષણે ક્ષણે ડંશ દઈ રહ્યા છે. છતાંય એ પાપોને હટાવવાનો વિચાર આવે છે ખરો ? કદાચ પેલો સર્પ કરડશે તો આ ભવ બગડશે. પણ આ રાગ–દ્વેષ અને મોહના સર્પ કરડશે તો ભવોભવ બગાડશે. જો સુખપૂર્વક શાંતિથી ઉંઘવું હોય તો જીવનમાંથી અજ્ઞાનના અંધકાર દૂર કરી સત્ અસત્ના વિવેકરૂપી દીપક પ્રગટાવી પાપના સાપને દૂર કરી નિર્ભયતા કેળવવા ચિત્તસમાધિ મેળવવી જોઇએ.

બંધુઓ ! જ્યાં સુધી સર્પ ઘરમાં છૂપાયેલો હોય ત્યાં સુધી સ્વસ્થતા ન રહે. સ્વસ્થતા વિના ઉંઘ ન આવે. આ સ્વસ્થતા લાવવા સાપ કયારે જાય ને કઇ રીતે જાય તેના ઉપાયો કરો છો. એ રીતે અનાદિકાળથી આત્મામા અડ્ડો જમાવીને બેઠેલા કામ, વિકાર, લોભ અને મોહના સર્પો કયારે જાય ? અને કઈ રીતે જાય ? જેથી ચિ-તની સ્વસ્થતા મળે અને નિર્ભયતાથી ઉંઘ આવે એવો કદી વિચાર આવે છે ? પેલા સાપની વાત આવી ત્યારે જોરથી બોલ્યા અને અહીં ઢીલું ઢીલું બોલો છો એટલે સમજાઈ જાય છે કે પાપરૂપી સર્પની હજુ તમને બીક નથી લાગી. ઓરડામાંથી સાપ ન જાય ત્યાં સુધી આપણે જાગતા રહીએ છીએ તેમ અંતરમાંથી પાપ ન જાય ત્યાં સુધી આપણે જાગૃત રહેવું જોઈએ. આ જાગૃત દશા કેમ આવે તે માટે સતત તકેદારી રાખવાની જરૂર છે. આ પાપરૂપી સર્પો કયારે ભાગી જાય તે તમે જાણો છો ?

જીવ સમજણના ઘરમાં આવે, રાગ-દ્વેષ-મોહ છોડો તો પાપ અટકે અને સંપૂર્ણ પાપ અટકાવવા માટે સંયમરૂપી કિલ્લો ચણવાની જરૂર છે. માણસ સંસારમાં રહી ગમે તેટલું સાધુ જેવું જીવન જીવે પણ એને સંયમી ન કહેવાય. આ નરસિંહ મહિનો મહિનો દશમા વ્રતમાં રહે છે. કાયમ ઠામ ચૌવિહારનાં એકાસણા, સામાયિક પ્રતિક્રમણ, શાસ્ત્રનું વાંચન બધું કરે છે પણ સાધુ ન કહેવાય. મહાવીર પ્રભુ જેઓ નિયમામોક્ષે જવાના હતા. એ દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે તેમના મોટા ભાઈ

નંદીવર્ધનને ખૂબ સમજાવ્યા ત્યારે બે વર્ષ સંસારમાં રહ્યા. પણ કેવી રીતે? કાચા પાણીને અડવાનું નહિ. સાધુ જીવનની માફક રહ્યા. પણ જ્યાં સુધી દીક્ષા ન લીધી ત્યાં સુધી ચોથું મનપર્યવજ્ઞાન ન થયું અને જ્યાં પૂર્વ દિશામાં મુખ રાખી કરેમિભંતેનો પાઠ બોલી નવ કોટીએ પાપના પ્રત્યાખ્યાન કર્યા. ત્યાં મનઃપર્યાયજ્ઞાન ઉત્પન્ન થયું. તીર્થંકર હતાં છતાં પાપનો કેટલો ભય હતો! અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થઈ ત્યાં સુધી કેટલી અઘોર તપ સાધના કરી. ને તમારે તો ઘરમાં બેઠા કેવળજ્ઞાન જોઈએ છે. પર્યુષણમાં દાન દીધું, શીયળ પાળ્યું અને અઠ્ઠાઈ-છકાઈ-નવાઈ આદિ તપ કર્યા એટલે પાપ ધોવાઈ ગયા? પાપકર્મના ગંજ મોટા ખડકયા છે તે આટલી સાધનાથી કેમ ધોવાય?

આ સંસારમાં કર્મની વર્ગણાઓ ભરેલી પડી છે. પણ જો આત્મા સાવધાન રહે તો એ વર્ગણાઓ ચોંટવા ન દે. કપડું ચીકણું હોય તો રેતી ચોંટી જાય છે પણ કપડું સ્વચ્છ હોય તો રેતી ખરી પડે છે. તેમ આત્મારૂપી કપડું સ્વચ્છ હશે તો કર્મરૂપી રેતી નહિ ચોંટે. માટે આત્માને શુદ્ધ બનાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા સતત પુરૂષાર્થ કરો. જ્યાં સુધી અવેદી અને અવિકારી દશા નહિ આવે ત્યાં સુધી કેવળજ્ઞાન નહિ મળે. ૧૧-૧૨-૧૩ ને ૧૪મું આ ચાર ગુણસ્થાનકને વીતરાગી ગુણસ્થાનક કહે છે. અગ્યારમા ગુણસ્થાનકે ઉપશાંત કષાય છે. એ ગુણસ્થાનકે કાળ કરે તો અનુત્તર વિમાને જાય અને સૂક્ષ્મ લોભનો ઉદય થાય તો કષાય અગ્નિ પ્રગટે ને પડે તો પહેલા સુધી પણ ચાલ્યો જાય. અગ્યારમા ગુણસ્થાનકે ગયેલા જીવો પણ પડે છે તો આપણે તો કેટલી જાગૃતિ રાખવી જોઈએ. પૂર્વે આચરેલા પાપ કર્મનો વિપાક કેવો ભયંકર હોય છે!

દુઃખવિપાક છઠ્ઠા અધ્યયનમાં દુર્યોધન નામના દંડનાયકનો અધિકાર આવે છે. દુર્યોધન એટલે કૌરવોનો ભાઈ દુર્યોધન નહિ પણ આ દુર્યોધન બીજો છે. આ દુર્યોધન સિંહપુર ગામનો ફોજદાર હતો. નાના ગામમાં ફોજદાર એટલે એક રાજા જેવી એની સત્તા હતી. એને એની સત્તાનો મદ હતો. દુર્યોધન મહાન પાપી અને દુષ્ટ હતો. દુષ્ટ સંસ્કારોના કારણે પૈસા મેળવવા માટે પ્રજા ઉપર ખૂબ જુલ્મ ગુજારતો, મારવું-કૂટવું ને લૂંટવું તેમાં એને આનંદ આવતો. અહો.... જીવની દશા તો જુઓ માંદા પડેલા ગધેડાનો વાંસો ફોલતા કાગડાને કયાંથી ખબર પડે કે આ જીવને કેટલું દુઃખ થતું હશે? કોઈ બાનદાન કુટુંબનો માણસ દેવામાં ડૂબી ગયો હોય, રાત-દિવસ ચિંતા કરતો હોય કે દેવું કયારે ભરપાઈ કરૂં તેની ચિંતામાં હોય, લેણીયાતને કયાં ખબર છે કે હું તેના ઉપર જુલ્મ ગુજારૂં છું તો તેની શી દશા? "केनेन प्रकारेण।" તે વસૂલ કરવાનો મારો જન્મસિદ્ધ હક છે. કરજદારની સ્ત્રીના દાગીના વેચાઈ જતા હોય છતાં તેને મદદ કરવાની વાત તો બાજુએ રહી પણ થોડી ધીરજ ખમી શકે નહિ. આવો માણસ એ માણસ નથી પણ દાનવ છે.

આ દુષ્ટ દુર્યોધને લોકોને લૂંટવા, બહેન-દીકરીઓ અને વહુઓની લાજ લૂંટવી, ખોટા કેસ કરી લાંચ રૂશ્વત લઈ છોડી દેવા, એવું ક્રૂર જીવન ગાળતાં ઘણો કાળ કાઢયો. જેમ જેમ અધર્મ આચરતો ગયો તેમ તેમ લક્ષ્મી અને બળ વધતું ગયું પણ એને ખ્યાલ નથી કે હું લોકોને આટલું દુઃખ આપી હેરાન-પરેશાન કરું છું તો તેનું આખરી પરિણામ દુઃખ આવશે. સુખ કદી મળશે નહિ.

"દુઃખ દીયે દુઃખ હોત હૈ, સુખ દીયે સુખ હોય,
આપ ન હણીએ અવરકું, આપ ન હણે કોય."

ભગવાન કહે છે તમે કોઇને દુઃખ આપશો તો તમને દુઃખ ભોગવવું પડશે. તમે કોઇને હણશો તો તમારે હણાવું પડશે ને છેદશો તો છેદાવું પડશે. આ દુર્યોધન વર્તમાનમાં ભોગવાતી સત્તામાં ભવિષ્યનો વિચાર કરતો નથી.

દુર્યોધન પુણ્યના ઉદયમાં મદોન્મત બનીને રાચી રહ્યો છે. પાપની પરવા કરતો નથી. બસ, એ તો એમ જ સમજતો કે આ જગતમાં મારૂં નામ લેનાર કોણ છે? હું મોટો સત્તાધીશ છું. ભગવાન જેવી કોઇ વસ્તુ ક્યાં છે? તે પોતાની સત્તાનાં મદથી પોતાનું ધાર્યું કરતો, એનો ચહેરો જોઈને લોકો ત્રાસી ઉઠતાં. જેમ કજીયાળી સાસુથી વહુ ત્રાસી જાય અને નાગને જોઈ માણસ ભય પામે તેમ દુર્યોધનની વિકરાળ પ્રકૃતિથી પ્રજા ભયભીત બની હતી. જેની જેવી પ્રકૃતિ હોય તેવી તેની મુખની આકૃતિ હોય છે. એના મુખ ઉપરથી ખ્યાલ આવી જાય છે કે આ માણસ કેવો હશે!

બંધુઓ! જીવ કર્મ કરે ત્યારે ખબર નથી હોતી કે મારે વ્યાજ સહિત ગમે ત્યાં ને ગમે ત્યારે કર્મ ભોગવવા પડશે. કહ્યું છે કે:-

"જબ લગ તેરા પુણ્યકા, પહોંચ્યા નહીં કરાર,
તબ લગ પાપો દબ રહે, ગુન્હા કરો હજાર."

જ્યાં સુધી આ પુણ્યની ચાદર બિછાવેલી છે ત્યાં સુધી હજારો ગુન્હા કરો તો પણ છૂટી જશો પણ જ્યાં પુણ્યની ચાદર ખસી ગઈ પછી રડે પણ પૂરા નહિ થાય.

એકાંત પાપકર્મમાં રકત રહેનારા દુર્યોધનના ભયંકર પાપકર્મનો ઉદય થયો. ખૂબ અસહ્ય વ્યાધિમાં ઘેરાઈ ગયો. વૈદ્ય અને હકીમોના ઈલાજો નિષ્ફળ ગયા. જોઈને કાળજું કંપી જાય તેવી ભયાનક વેદના ભોગવીને આયુષ્ય પૂર્ણ થયે મરીને બાવીસ સાગરોપમ કાળ સુધી તે નરકની વેદના ભોગવવા ચાલ્યો ગયો. ત્યાંથી નીકળી મથુરા નગરીમાં શ્રી દામરાજાને ત્યાં નંદીવર્ધન નામે રાજકુમાર બન્યો.

દેવાનુપ્રિયો! દુર્યોધન રાજકુમાર બન્યો ને નંદીવર્ધન નામ મળ્યું પણ એની પૂર્વભવની દુષ્ટ ભાવનાઓ ગઈ નહિ. એને અહીં પણ મારૂં, કાપું એવી ભાવના રહ્યા કરતી હતી. પિતા ખૂબ ભદ્રિક હતાં. નંદીવર્ધન મોટો થયો એટલે વિચાર કરતા હતા કે

હવે પુત્ર મોટો થયો છે, તો એને રાજ્ય સોંપીને મારા આત્માનું કલ્યાણ કરવા જાઉં. ત્યારે નંદીવર્ધનના દિલમાં એવા દુષ્ટ વિચારો રમતા હતા કે જ્યાં સુધી મારા પિતાજી જીવે છે ત્યાં સુધી આ રાજ્યની લગામ મારા હાથમાં નહિ આવે ને કોણ જાણે એ કયાં સુધી જીવશે! ગમે તેમ કરીને બાપને મારી નંખાવું તો રાજ્ય કરવાની મઝા આવે. એમ ખૂબ વિચારને અંતે એક ઈલાજ હાથમાં આવ્યો. એ દુષ્ટ કામ કરવા માટે તેણે એક હજામને ફોડયો ને કહ્યું કે તું રાજાની હજામત કરવા રોજ જાય છે તો આટલું કામ કર તો તને પ્રધાનનું પદ આપીશ. પહેલાં તો હજામ અચકાયો પણ લક્ષ્મીની લાલચ એવી છે કે માણસ પાપના કામ કરતાં અચકાતો નથી. બીજે દિવસે હજામત કરવા ગયો. હાથમાં શસ્ત્ર લઇ ગયો છે પણ હિંમત ચાલતી નથી. બધી હિંમત ભેગી કરીને તેણે એક નાનકડો છરો હાથમાં લીધો. પણ એના હાથ-પગ ધ્રુજવા લાગ્યા અને મારવા જતાં હાથમાંથી તે છરો ભોંય પડી ગયો. રાજા આનો ભેદ સમજી ગયો કે નક્કી આમાં કંઈ કાવત્રું લાગે છે. એમણે હજામને કહ્યું કે જો તું સાચું બોલીશ તો તારો ગુન્હો માફ કરીશ. ને સાચું નહિ બોલે તો મારી નાંખીશ. હજામે ધ્રુજતા હૃદયે સત્ય હકીકત કહી દીધી.

રાજાએ તરત નંદીવર્ધનકુમારને કેદમાં પૂરાવ્યો ને શહેરમાં ઢાંડી પીટાવી કે આજે બપોરના યુવરાજ નંદીવર્ધનકુમારનો રાજ્યાભિષેક કરવાનો છે માટે આગાહ મેદાન જેવા ચોકમાં હાજર થજો. લોકોના મનમાં થયું કે રાજા એકદમ રાજ્યાભિષેક કરવાનું કેમ જાહેર કરે છે? લોકો મેદાનમાં હાજર થયા. રાજાએ લોખંડનું મોટું સિંહાસન અગ્નિમાં તપાવ્યું. અગ્નિ જેવું લાલચોળ થઈ ગયું છે. તાંબુ અને કલાઈ ઉકાળીને તેના કડકડતા રસ તૈયાર કરાવ્યા. આ બધું જોઈને પ્રજાજનો આશ્ચર્ય પામી ગયા કે રાજાએ તૈયારી તો રાજ્યાભિષેકની કરાવી છે અને અહીં તો કોઈ ગુન્હેગારને સજા કરવાની હોય તેવી બધી તૈયારી છે. બધાના આશ્ચર્યની વચમાં રાજાએ માણસોને કહ્યું કે નંદીવર્ધનને લઇ આવો ને કહેજો કે તારો રાજ્યાભિષેક કરવાનો છે. માનવમેદની ઠઠ ભરાઇ છે. નંદીવર્ધનને ત્યાં લાવવામાં આવ્યો અને ધગધગતા લોઢાના સિંહાસન ઉપર બેસાડી તાંબા ને કલાઇના ઉકળતા રસથી તેનો અભિષેક કર્યો. ઉકળતું પાણી સારૂં કે શરીર ઉપર પડી નીચે ઢળી જાય. પણ કડકડતો રસ શરીર ઉપર ચોંટી જાય છે. જેમ રેતી ઉપર ચાલીએ તો પગ બળે પણ ઓગળી ગયેલા ડામરની સડક ઉપર ચાલીએ તો ડામર ચોંટી જાય, તેમ આ નંદીવર્ધનના શરીરે ઉકળતા રસ રેડાયા, ને ધગધગતા સિંહાસને બેસાડીને મરાવી નાંખ્યો, એની રાક્ષસી ભાવનાનો કેવો કરૂણ અંજામ આવ્યો! કહ્યું છે કે–

"જેવી કરે છે કરણી તેવી તુરત ફળે છે,
બદલો ભલાબૂરાનો અહીં ને અહીં મળે છે."

જેવી કરણી માણસ કરે છે તેનું ફળ તરત મળે છે, કદાચ તરત નહિ મળે તો

ગમે ત્યાં ને ગમે તે ભવમાં મળશે. પાપ કોઇનો પીછો છોડનાર નથી, એવું સમજીને જીવનમાંથી પાપપ્રવૃત્તિને દૂર કરો.

આજે દૂબળી આઠમનો પવિત્ર દિવસ છે. જ્ઞાની કહે છે પર્યુષણ પર્વમાં તમે આઠ દિવસ ખૂબ ધર્મારાધના કરી ને છેલ્લે સંવત્સરીના દિવસે સવારે ક્ષમા વિષેનું વ્યાખ્યાન સાંભળ્યું. બપોરના પાપની આલોચના કરી બધાને બચાવ્યા ને સાંજે પ્રતિક્રમણ કર્યું. પાપોને યાદ કરી કરીને આલોચના કરી લીધી તેમ છતાં પણ ખૂણેખાંચે કષાયનો કણીયો રહી ગયો હોય તો આજના દિવસે તેને દૂર કરી કષાયો, રાગ ને દ્વેષને દૂબળા કરો પણ ધર્મભાવનાના પરિણામ દૂબળા ન કરો.

જમાલિકુમાર વૈરાગ્યભાવથી નીતરતી પ્રભુની વાણી સાંભળીને આવ્યા છે. હવે સંસારમાં બેસી રહે તેમ નથી. માતા કહે છે બેટા! તું નાનો છે, તું દીક્ષામાં શું સમજે? તું દીક્ષાની આજ્ઞા માંગે છે. ત્યાગીને અને ભોગીને કદી ન બને બંનેના રાહ જુદા હોય છે. હવે જમાલિકુમાર એની માતાને શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૫૬

ભાદરવા સુદ ૯ ને બુધવાર તા. ૫-૯-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતકરૂણાનિધી શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના કલ્યાણને માટે શાશ્વતી વાણી પ્રકાશી. ભગવંત કહે છે કે હે આત્માઓ! તમે જાગો. અનાદિકાળથી આત્મા ઉપર કર્મના થર જામ્યા છે તે પુરૂષાર્થ કર્યા વિના નહિ તૂટે. માનવજીવન પામીને આપણું લક્ષ કયાં હોવું જોઈએ? જલ્દી મારા કર્મો કેમ ખપાવું ને અજન્મ દશા કેમ પ્રાપ્ત કરું? પણ મારા માથે જે દુઃખ આવી પડયું છે તેને કેમ મટાડું એવું લક્ષ હોવું ન જોઇએ. કારણ કે દુઃખ કરેલા કર્મોનું ફળ છે. દુઃખને સમતાભાવથી સહન કરે તો કર્મનો ક્ષય થાય. તીર્થંકર ભગવંતોના જીવનમાંથી આપણને આ વાત સારી રીતે જાણવા મળે છે.

ઋષભદેવ ભગવંતે ફાગણ વદ આઠમના દિવસે દીક્ષા લીધી તે બીજા ફાગણ વદ આઠમ સુધી નહિ પણ વૈશાખ સુદ બીજના દિવસ સુધી દરરોજ ગૌચરી ગયા ને ગૌચરી લીધા વિના પાછા ફર્યા. લગભગ ૪૦૦ દિવસ સુધી ભૂખ્યા ને તરસ્યા રહ્યા. એક પાણીનું ટીપું વહોરાવનાર કોઈ ન મળ્યું પણ દિલમાં નામ બેદ નહિ. આ રીતે ભગવાનને ૪૦૦ દિવસના ઉપવાસ થયા પછી શેરડીનો રસ મળ્યો. આહાર પાણી ૪૦૦ દિવસ પછી મળ્યા છે ને તેમને કેવળજ્ઞાન દીક્ષા લીધા પછી ૧૦૦૦ વર્ષે થયું છે.

એક હજાર વર્ષ સુધી ભગવાન જમીન ઉપર બેસતા નહિ તો સૂવાની તો વાત ક્યાં ? આવી ઉગ્ર સાધના કરતાં હજાર વર્ષમાં ફક્ત કોઈ કોઇ વાર ઝોકું આવી ગયું હશે. તેનો બધો સમય ભેગો કરીએ તો એક હજાર વર્ષમાં માત્ર એક અહોરાત્રિ-એટલે ૨૪ કલાક. વર્ષે સરેરાશ ગણીએ તો ફક્ત દોઢ મિનિટનો સમય થાય. આવી રીતે મહાવીર પ્રભુને પણ સાડાબાર વર્ષ ને પંદર દિવસમાં ફક્ત બે ઘડી એટલે ૪૮ મિનિટનો પ્રમાદ. વર્ષે સરેરાશ ચાર મિનિટનો પ્રમાદ. આવી ઉગ્ર સાધના કરી. આપણે તો કેટલું ઉંઘીએ છીએ. કેટલો કાળ પ્રમાદમાં ગયો તેનો હિસાબ કરજો.

જેમ સૈનિકો લડાઈ કરવા જાય છે ત્યારે સાથે તોપો, તલવારો, બંદુકો અને ટેન્કો સાથે રાખે છે તેમ ભગવંતે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને ક્ષમારૂપી તોપો, તલવારો, બંદુકો અને ટેન્કો સાથે રાખી હતી. ભગવાન ઋષભદેવના ૧૦૦૦ વર્ષ અને મહાવીર પ્રભુના સાડાબાર વર્ષ ને પંદર દિવસ તત્ત્વચિંતનમાં પસાર થઇ ગયા. ઉગ્ર ગરમી-ઠંડી-ભૂખ તરસ ને પરિગ્રહો તથા ઘોર ઉપસર્ગો શાંતિથી, સમતાથી અને પ્રસન્નચિત્તે સહન કરતા હતા. અરિહંત ભગવંતો અનંત બળના ધણી હોય છે છતાં કોઇ જગ્યાએ દુઃખોને દૂર કરવાના બિલકુલ પ્રયત્નો ન કર્યા. અજ્ઞાની એવા ભરવાડે વિના અપરાધે મહાવીર પ્રભુના કાનમાં ખીલા ઠોકયા તો પણ પ્રભુ કંઇ ન બોલ્યા. ઋષભદેવ પ્રભુએ એક હજાર વર્ષ સુધી ઉગ્ર સાધના કરી ત્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ત્યારે એવો વિચાર આવે છે કે આવી ઉગ્ર સાધનાને અંતે કેવળજ્ઞાન પામીને પ્રભુ સંસારમાં કેમ અટકી ગયા ? સીધા મોક્ષમાં કેમ ન ગયા ? ઘાતી કર્મોને સાધનાથી તોડી નાંખ્યા તો આયુષ્ય આદિ ચાર અઘાતી કર્મોને કેમ ન તોડયા ? તેનું સમાધાન એ છે કે ઘાતી કર્મો સાધનાથી તૂટે અને અઘાતી કર્મો ભોગવટાથી અતમ થાય છે.

જીવને કેવળજ્ઞાન પામવામાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મો નડે છે. એ ચાર કર્મો આત્મિક ગુણના એટલે કે પરમાત્મદશાના ઘાતક હોવાથી ઘાતી કર્મો કહેવાય છે ને બાકીના વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર કર્મો પરમાત્મદશાના ઘાતક નથી એટલે અઘાતી કર્મો કહેવાય છે. આત્મા ઉપર આઠેય કર્મોના અનંત અનંત સ્કંધો પડેલા છે. પણ અહિંસા-સંયમ તપની અને જ્ઞાન-દર્શન-ચારિત્રની તાકાત છે કે ઘાતી કર્મોના સ્કંધોને મૂળમાંથી ઉખાડી નાંખે છે. શુકલધ્યાન અને ક્ષપક શ્રેણીમાં ઘાતી કર્મોના ભૂકકા ઉડી જાય છે પણ અઘાતી કર્મો ખપે નહિ, તેથી કેવળજ્ઞાન, પ્રાપ્ત થયા પછી સર્વજ્ઞ ભગવંતોને રહેવું પડે છે, એ અઘાતી કર્મો ભોગવાઈને પૂરા થાય છે ત્યારે મોક્ષમાં જવાય છે. જ્ઞાની કહે છે સાધનાથી કેવળજ્ઞાન પામો, કેવળજ્ઞાન પામ્યા પછી મોક્ષ મળવાનો એ વાત નિશ્ચિત છે.

દેવાનુપ્રિયો ! આપણને બધાને કેવળજ્ઞાન તો જોઈએ છે પણ હજુ દેહનો

રાગ છૂટતો નથી. પરિગ્રહની મમતા ઉતરતી નથી, તો કેવળજ્ઞાન કયાંથી મળે? હળુકર્મી જીવો આશ્રવના સ્થાનમાં પણ કેવળજ્ઞાન પામી ગયા છે. પૃથ્વીચંદ્ર રાજાએ રાજગાદી ઉપર બેઠા બેઠા અને ગુણસાગરે પોતાના લગ્નના મહોત્સવમાં બેઠા બેઠા કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. જેમણે રાજગાદી ઉપર અને લગ્નના મહોત્સવમાં બેઠા બેઠા કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તો એ આત્માઓ કેવા હશે? કેવી પૂર્વની સાધના હશે ને કેવું ઉત્તમ જીવન જીવતા હશે! રાજગાદી ઉપર બેઠા બેઠા અને લગ્નના મંડપમાં બેઠા બેઠા ક્ષપકશ્રેણી માંડવી એ કંઇ સ્હેલ વાત છે! સ્હેલ નથી ને અશકય નથી પણ અતિ દુર્લભ છે. એ એક ભવની સાધના નથી પણ એ બને આત્માઓએ પૂર્વે જબ્બર સાધના કરી હતી.

શંખ રાજાનો જીવ એ પૃથ્વીચંદ્ર છે ને કલાવંતીનો જીવ એ ગુણસાગર છે. એ બંને જીવોને સબંધ શંખ અને કલાવંતીના ભવથી છે એવું નથી. પણ એમનો સબંધ એનાથી પૂર્વે થયો હતો. શંખ રાજા અને કલાવંતીના ભવની પૂર્વે શંખ રાજાનો જીવ પોપટ તરીકે હતો અને કલાવંતીનો જીવ રાજપુત્રી તરીકે હતો. પણ શંખ રાજાનો જીવ પોપટ તરીકે કેમ ઉત્પન્ન થયો હતો તે તમે જાણો છો? પોપટની પૂર્વભવમાં એ મનુષ્ય હતો. એ ઉત્તમ માનવભવ પામીને એણે સાધુપણું સ્વીકાર્યું હતું. સાધુ બનીને ખૂબ જ્ઞાન પ્રાપ્ત કર્યું. વિદ્વાન બન્યા. શાસ્ત્રના પઠનપાઠનમાં તત્પર રહેતા હતા, પણ થોડી મમતા રહી ગઈ. વસ્તુ પાસે ગમે તેટલી હોય પણ તેના ઉપર આસકિત ન હોવી જોઇએ. માણસ ગમે તેટલો ધનવાન હોય, લક્ષાધિપતિ કે ક્રોડાધિપતિ હોય પણ એના પ્રત્યે મૂર્છા ન હોવી જોઈએ. મૂર્છા આવી તો મરી ગયા સમજો. ભરત ચક્રવર્તિ છ છ ખંડના ધણી હતા. રાજપાટ ભોગવતા હતા પણ અનાસકત ભાવે રહેતા હતા, તો અરિસાભુવનમાં કેવળજ્ઞાન પામી ગયા. દશવૈકાલિક સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે:

जंपिवत्थं च पायं वा कंबल पापपुंछणं ।
तंऽपि संजम लज्जट्ठा धारन्ति परिहरन्ति य ।।

દશ. સૂ. અ. ૬, ગાથા ૨૦

સાધુ વસ્ત્ર, પાત્ર આદિ જે કંઈ ધારણ કરે છે તે સંયમની લજ્જાને અર્થે ધારણ કરે છે.

न सो परिग्गहो वुत्तो नायपुत्तेण ताइणा ।
मुच्छा परिग्गहो वुत्तो, इइ वुत्तं महेसिणा ।।

દશ. સૂ. અ. ૬, ગાથા ૨૧

વસ્તુ એ પરિગ્રહ નથી પણ એના ઉપરની મૂર્છા એ પરિગ્રહ છે. શંખરાજાનો જીવ સાધુપણામાં હતો ત્યારે જ્ઞાન ભણવામાં ને ભણાવવામાં તત્પર રહેતો હતો. પણ એ પુસ્તકો અને વસ્ત્રોની મૂર્છામાં એવો ઘેરાઇ ગયો હતો કે ધીમે ધીમે સંયમની ક્રિયામાં શિથીલ બન્યો અને એ શિથિલતામાંથી સંયમના વ્રતની વિરાધના થઈ એટલું નહિ પણ

વ્રતનો વિરાધક બનવા છતાં પણ લોકમાં પોતાને સારો સાધુ તરીકે ઓળખાવા માટે માયા કરી. આ રીતે એ જીવ સાધુપણામાં વિરાધક બનવાથી ને સાથે માયા આચરવાથી મરીને પોપટ બન્યો હતો, છતાં પૂર્વે પ્રાપ્ત કરેલો જ્ઞાનગુણ સર્વથા ભૂંસાઇ ગયો ન હતો. પણ અમુક અંશે એના જ્ઞ નના સંસ્કાર જાગૃત હતા.

પોપટ એક વખત શિકારીના હાથમાં પકડાઈ ગયો. પણ પૂર્વની આરાધનાને કારણે ભવિતવ્યતા સુંદર હતી. તેના કારણે તે વિવિધ ભાષા બોલવા લાગ્યો. એવું મીઠું ને મધુર ભાષાથી બોલવા લાગ્યો. આ સાંભળીને શિકારી ખુશ થયો. તેને વિચાર થયો કે આ પોપટ કેવો મઝાનો છે ! કેવું મીઠું મીઠું બોલે છે ! વળી દેખાવમાં પણ સુંદર છે અને વિવિધ પ્રકારની ભાષાઓ બોલે છે. આવો ચતુર પોપટ જો રાજાને ભેટ આપ્યો હોય તો રાજા મારા પર પ્રસન્ન થઇને માંગવાથી પણ અધિક ઈનામ આપશે એમ વિચારી તે શિકારી પોપટને રાજા પાસે લાગ્યો. રાજા પણ પોપટને જોઈને ખુશ થયા ને પોપટને લઈ લીધો. ને શિકારીને ખૂબ ધન આપ્યું તે ઉપરાંત પોતાના અંગ ઉપરના બધા આભૂષણો આપી દીધા. એ રાજાનું નામ નરવિક્રમ રાજા હતું. તે રાજા પોપટની ચતુરાઇ જોઇને ખુશ થયા ને તેણે પોતાની વ્હાલી પુત્રી સુલોચનાને ભેટ આપ્યો. સુલોચનાને પણ આ પોપટ બહું ગમી ગયો. તે પોપટને ખૂબ સાચવવા લાગી. રત્નજડિત સોનાના પાંજરામાં એને રાખતી. રોજ મેવા ને દ્રાક્ષની કળીઓ ખવડાવતી હતી. પોપટ પ્રત્યે આટલો બધો રાગ થઇ ગયો કે પોપટ વિના એને ક્યાંય ગમતું નહિ. ખાતા–પીતાં–ઉઠતાં–બેસતાં છેવટે સૂતાં પોપટ એની સાથે જોઇએ. એ જ્યાં હરવા–ફરવા જાય ત્યાં જાય તો પોપટને એની સાથે લઇ જતી.

સુલોચના સંતના દર્શન કરવા જતી તો પણ પોપટને સાથે લઈ જતી હતી. એક વખત એક ગામમાં મહાજ્ઞાની સંત પધાર્યા. સુલોચના દર્શન કરવા ગઈ. પોપટને પણ ભેગો લઇ ગઈ. પૂર્વે સાધુપણું પાળીને આવ્યો છે એટલે પંચમહાવ્રતધારી સંતને જોઈ પોપટને આનંદ આનંદ થયો. ઘડીઘડીને વંદન કરવા લાગ્યો. વાણી સાંભળીને ખૂબ જાગૃતિ આવી અને ચિંતવણા કરતાં એને જાતિસ્મરણ જ્ઞાન થયું. અહો ! મેં પૂર્વભવમાં કેવી સુંદર આરાધના કરી હતી પણ પરિગ્રહની મુર્છા અને લોકમાં સારા કહેવડાવવા માટે માયા કરી તેથી વિરાધક બનીને પોપટ બન્યો. આ તિર્યંચપણું પામ્યો. મુનિપણામાં કરેલી વિરાધના શલ્યની જેમ એને ડંખવા લાગી. પણ તિર્યંચના ભવમાં એ બીજું શું કરી શકે ! છતાં એવો નિર્ણય કર્યો કે રોજ સવારમાં જ્યાં સુધી સંતના દર્શન ન કરૂં ત્યાં સુધી મારે ખાવું પીવું નહિ.

સુલોચના દરરોજ એને દર્શન કરવા લઇ જતી પણ એક દિવસ એવું બન્યું કે તે સંતના દર્શન કરવા ગઈ નહિ. પોપટનો દર્શન કરવાનો નિયમ હતો. સુલોચનાએ

એને બાવાનું આપવા પાંજરૂં બોલ્યું ને કામ પ્રસંગે રૂમમાં ગઇ. ત્યાં પોપટ ઉડીને સંતના દર્શન કરવા ગયો. દર્શન કરીને વિચાર કર્યો કે રોજ પાંજરાની પરાધીનતામાં રહેવું. સુલોચના કોઈ દિવસ દર્શન કરવા જાય અને કોઇ દિવસ ન જાય તો મારો નિયમ તૂટે. માટે હું સ્વેચ્છાથી જંગલમાં વિચરૂં. હું સ્વતંત્ર હોઇશ તો સંત ગમે ત્યાં હશે તો દર્શનનો લાભ મળશે. હું બધે પહોંચીશ એમ વિચાર કરી પોપટ જંગલમાં ચાલ્યો ગયો ને ફળફૂટનો આહાર કર્યો. આ તરફ સુલોચના આવી ને પોપટને ન જોયો. એટલે ખૂબ રડવા લાગી. રાજાને આ વાતની ખબર પડી એટલે પોપટની તપાસ કરવા માટે સુભટોને જંગલમાં મોકલ્યા. સુભટોએ વૃક્ષ ઉપર પોપટને બેઠેલો જોયો. જાળ બિછાવીને પોપટને પકડી લાવ્યા અને સુલોચનાને પોપટ મળી ગયો. પોપટ ઉપર તેને અત્યંત રાગ હતો તેથી એમ થયું કે હું તેને આટલો સાચવું છું છતાં ઉડી ગયો? એટલે ગુસ્સો આવ્યો. હવે એ જીવે ત્યાં સુધી ફરીને ઉડીને કયાંય ન જાય એવો મોહ અને સાથે રોષ ભળ્યો એટલે સુલોચનાએ તેની બંને પાંખો છેદી નાંખીને પાંજરામાં પૂરી દીધો.

સ્વતંત્ર ઉડવાના સ્વભાવવાળો પોપટ પાંજરામાં પૂરાયો. હવે તો એની પાંખો પણ છેદાઈ ગઇ હતી તેથી તેને બહુ દુઃખ થયું. બીજી ક્ષણે વિચાર થયો કે આમ દુઃખ કરવાથી શું ફાયદો? એમ વિચારીને સ્વસ્થ બની ગયો. હવે સંતના દર્શન મને થવાના નથી એ મારા પાપનો ઉદય છે. હવે તો ઉચ્ચ કોટિની સાધના કરી લઉં એમ વિચારી પોપટે અનશન સ્વીકારી લીધું. અનશન કરીને પોપટ પાંચ દિવસ જીવ્યો ને એ પાંચેય દિવસ પંચપરમેષ્ટિના ધ્યાનમાં વીતાવ્યા ને આયુષ્ય પૂર્ણ કરી સમાધિ મરણે મરીને દેવલોકમાં ઉત્પન્ન થયો. બીજી તરફ સુલોચના પણ પોપટની પાંખ છેદીને તેને પાંજરામાં પૂર્યા પછી શાંતિ પામી શકી નહિ. પોપટ ઉપર તેને જેવો તેવો રાગ ન હતો. પોપટ ખાય નહિ તો એ પણ ખાય નહિ. પોપટે પાંચ દિવસ ખાધું પીધું નહિ તો એણે પણ ખાધું નહિ અને પોપટના મરી ગયા પછી એણે પણ અનશન વ્રત સ્વીકારી લીધું ને સમાધીપૂર્વક મરીને તે પણ દેવલોકમાં ગઇ અને પોપટ જે દેવ બન્યો હતો તેની દેવી તરીકે ઉત્પન્ન થઇ. ત્યાં દેવસુખો ભોગવીને આયુષ્ય પૂર્ણ થયે ચ્યવીને પોપટનો જીવ દેવ થયો હતો તે શંખ રાજા તરીકે ઉત્પન્ન થયો અને સુલોચના જે દેવી બની હતી તે કલાવંતી તરીકે ઉત્પન્ન થઇ અને કલાવંતીએ રાજકુમારી સુલોચનાના ભવમાં તેની પાંખ છેદી હતી તેના કારણે કલાવંતીના ભાઈએ બહેનને મેરખા મોકલ્યા. ભાઈ અને પતિનું નામ એક હોવાથી ખોટી ગેરસમજ ઉભી થઇ અને કલાવંતીના કાંડા કપાવ્યા. પાછળથી એની શંકા ટળી ગઇ ત્યારે ખૂબ પશ્ચાતાપ થયો ને બળી મરવા તૈયાર થયા. તે સમયે તેને સંતનો યોગ મળવાથી શાંત બન્યા ને કલાવંતી રાણી પાછા મળ્યા. ને બંને ખૂબ સુંદર ધર્મમય જીવન જીવ્યા. છેલ્લે શંખ રાજા અને કલાવંતી રાણીએ સંયમ અંગીકાર કર્યો.

એવું જીવન જીવ્યા કે એમનું જીવન બીજા સાધુ-સાધ્વીજીઓને આદર્શરૂપ બની ગયું. એ પવિત્ર આત્માઓ પૃથ્વીચંદ્ર અને ગુણસાગર બનીને રાજગાદી ઉપર ને લગ્નસમારંભમાં કેવળજ્ઞાન પામીને મોક્ષમાં ગયા.

દેવાનુપ્રિયો ! આ ઉત્તમ માનવજીવન પામીને આપણે પણ આવી સાધના કરવાની છે. ભગવાન કહે છે કે આપણું જીવન કેવું છે ? "आयुर्वायु तरत्तरङ्ग तरलं लग्नापद : संपद :" આયુષ્ય પવનની લહેરી જેવું ચંચળ છે ને સંપત્તિઓ અને આપત્તિઓ લાગેલી છે. એટલે ન તો આયુષ્ય સ્થિર છે, ન તો સંપત્તિ સ્થિર છે. પાણીના મોજા આવે છે ને જાય છે તેમ ક્ષણેક્ષણે આયુષ્ય ઓછું થાય છે. કૂવામાં અરઘટ્ટની ઘડીએ ઘડી કૂવામાં પાણીને બહાર ફેંકયે જાય છે તેમ કાળનો સમયે સમય આયુષ્યના દળીયાને બહાર ફેંકયે જાય છે. માનવજીવનની ક્ષણુક્ષણ અમૂલ્ય જાય છે. તે લાખ ઉપાયો કરવા છતાં પાછી મળે તેમ નથી "न च गतमायुर्भुय : प्रत्यैपि देव राजस्य ।"

ગયેલું આયુષ્ય મોટા ઇન્દ્રને પણ ફરીથી પાછું મળતું નથી. ઇન્દ્ર તેનું સંપૂર્ણ ઐશ્વર્ય આપી દે તો પણ ગયેલું આયુષ્ય પાછું મળતું નથી. મોટા ઇન્દ્રને પણ ભોગવાઈ ચૂકેલું ક્ષણનું આયુષ્ય પાછું ન મળે તો શું તમને પાછું મળે ? અરે તમારી સંપૂર્ણ સંપત્તિ આપી દો તો પણ પાછું મળે ? કદી ન મળે તો પછી આ પાણીના રેલાની જેમ વહી-જતા ભોગવાઇ જતાં આયુષ્યમાં શા માટે પ્રમાદ કરો છો ? સંપૂર્ણ આત્મસાધના ન કરી શકો પણ પ્રભુના ધ્યાનમાં તો રહી શકો ને ? પ્રભુના ધ્યાનમાં જેટલી ક્ષણો ગઇ તેટલી ધન્ય બની એમ સમજો.

પ્રભુની આજ્ઞાનું ધ્યાન ધરવું એટલે પ્રભુનું ધ્યાન ધરવા બરાબર છે. ઘરનું કામકાજ કરતાં પણ પ્રભુનું ધ્યાન ધરી શકો છો. જેમ કે ભાઇઓ વહેપાર કરતાં એમ વિચાર કરે આ વહેપાર એ ધર્મ વહેપાર નથી, પણ પાપનો વહેપાર છે. તેમાં અસત્ય, અનીતિ, અધર્મથી બચાય તેટલો પાપનો વ્યાપાર ઓછો થયો ને સંવરસાધના થઇ. આ પાપનો વહેપાર પણ જિનેશ્વર પ્રભુની આજ્ઞાનો ખ્યાલ રાખ્યો તે પ્રભુનું ધ્યાન છે. આવી રીતે મારી શ્રાવિકા બહેનો પણ રસોઈ કરતાં ખ્યાલ રાખે કે આ ચૂલો સળગાવવો ને રસોઇ કરવી તે આરંભ સમારંભના કામ છે. ભગવાન એને આશ્રવ કહે છે અને એમાં જેટલી જીવરક્ષાની કાળજી રાખી, જતના રાખી એટલી સંવરસાધના છે. આ રીતે સંસારનું એકેક કાર્ય કરતાં પ્રભુની આજ્ઞાનો ખ્યાલ રાખો તો કંઇક જીવનનો સુધાર થાય. જો ઇન્દ્રિઓના વિષયોમાં પડયા રહેશો તો કઇ ગતિમાં ચાલ્યા જશો ?

બંધુઓ ઇન્દ્રિઓના બધા વિષયો સંધ્યાના રંગ જેવા છે. સ્નેહીઓ, પત્ની અને સગાના સમાગમનું સુખ ઇન્દ્રજાળ જેવું એટલે નષ્ટ થનારું છે. આ સંસારમાં એવી એક પણ વસ્તુ નથી કે જે સદાકાળ ટકી રહે ને આનંદ આપે. જે જડ પદાર્થો સવારે

સારા દેખાય છે એ પદાર્થો સાંજે નષ્ટ થતા દેખાય છે. આવું જાણવા અને જોવા છતાં પણ માનવીનું મન ભાવમય સંસાર પરના રાગનું બંધન છોડતું નથી.

રાગ એ બંધન છે ને વાસના એ પણ બંધન છે. ક્રોધાદિ કષાયો અને વિષયની આસક્તિ એ બંધન છે એનો ક્ષણેક્ષણે ખ્યાલ રાખો. એને બંધન તરીકે જોતા રહેશો તો એમ થશે કે હું હાથે કરીને રાગાદિની બેડીથી મારી જાતને જકડું છું. હું કેવો મૂર્ખ છું! જેના ઉપર રાગાદિ કરું છું તે પદાર્થો તો નાશવંત છે. અંતે મારાથી છૂટી જનારા છે એવી ભાવના ભાવતા રહો તો મન ઉપર તેના સુંદર સંસ્કાર પડે ને એનાથી એક પ્રકારનું મનોબળ ઉભું થાય છે ને રાગ-દ્વેગ-કામ-ક્રોધ-મદ-માયા-લોભ વિગેરેને પાતળા પાડવા પ્રયત્ન કરે છે. માટે એક વાત સમજી લો કે ઇન્દ્રિયના જડ વિષયો અને સ્વજનાદિ ચેતન પરિવાર બધા ભૂત જેવા છે. કેમ કે એ બધા મનનો કબજો કરી લે છે અને જીવ મન પરથી તેનું વર્ચસ્વ ગુમાવી દે છે. પછી એ મન ચેતનને ફાવે તેમ રમાડે છે. એમાં જીવ વાણી-વિચાર અને વર્તનથી દોરવાઈ જાય છે. પરિણામે જીવ રાગાદિ બંધનથી જકડાય છે.

બંધુઓ! આ રાગ-દ્વેષ અને મોહ જીવને ભાન ભૂલાવનારા છે ને સંસારમાં રૂલાવનારા છે, વિષયમાં આસકત બનાવનારા છે. વીતરાગ પ્રભુ કહે છે આ માનવભવ કેવો સુંદર મળ્યો છે! તેમાં પણ આવી જુસ્સાભરી યુવાનીમાં અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આદિ વ્રતો ભગવંતની આજ્ઞાનુસાર આચરવાની સુંદર તક છે. એનાથી ભવના ફેરા ટાળી શકાય છે. પણ જો એ જુસ્સાભરી યુવાનીમાં જિનેશ્વર પ્રભુની આજ્ઞાનું પાલન ન કરે, હલાહલ વિષથી પણ ભયંકર ઝેરી એવા વિષયોમાં જીવનને હોમી દે તો પરિણામે પરલોકમાં ભયંકર દુર્ગતિઓમાં ભટકવાનું થાય છે, પણ વિષયોમાં આસકત એવા પાગલ જીવને ભાન નથી કે યુવાની દિવાની છે. જોતજોતામાં ચાલી જશે માટે યુવાનીમાં ઇન્દ્રિઓને વશ રાખી તેનો સદુપયોગ કરી લેવો. તેના બદલે તે યુવાનીમાં ઇન્દ્રિઓને વશ બની જાય છે અને એ પરવશતામાં ઇન્દ્રિયો અને વિષયોની ગુલામી કરે છે. એ ગુલામીમાં ગમે તેવા દુઃખ વેઠવા પડે તો તૈયાર. કેવી આ જીવની ઘેલછા છે!

જેમ કોઇ કરોડપતિની કન્યા છે. તે ખૂબ ઉછાંછળી ને રઝળતી છે, પણ તે એના બાપને અત્યંત વહાલી છે. એને પરણાવવી છે. પણ એવી કન્યાને પરણવા કોણ તૈયાર થાય? એનો બાપ જાહેરાત કરે છે કે મારી દીકરીને પરણશે તેને દશ લાખનો કરિયાવર કરીશ. ફરવા માટે મોટર ને રહેવા માટે બંગલો આપીશ. તે ઉપરાંત મારી મિલમાં તેને ભાગ આપીશ. પણ શરત એટલી છે કે મારી દીકરીને જ્યાં જવું હોય ત્યાં જવા દેવાની, જેની સાથે એને ખેલ ખેલવા હોય તેની સાથે ખેલાવી ખુશી થવાનું. આવી શરત ને આવી ઉછાંછળી કન્યાને કોણ પરણે? પણ પૈસાનો લોભી અને લાલચુ યુવાન

તેને પરણવા તૈયાર થયો. પરણીને શું કરે છે? પેલી પરણીને આવેલી નવોઢા પત્ની કહે છે મારે તો અમુકની સાથે પ્રેમ છે ત્યાં મને લઈ જાવ. એ પૈસાનો ગુલામ તેને ત્યાં લઈ જાય ને એના પ્રેમની સાથે પત્ની મનગમતા ખેલ ખેલે ને એનો પતિ એનો ચોકીદાર બનીને ઉભો રહે. ખેલ ખેલીને આવ્યા પછી પત્ની પૂછે છે કેમ? તમને આ બધું ગમ્યું? ત્યારે પતિ કહે, બસ તને જે ગમે એમાં હું ખુશ છું. કેવી નિર્લજ ગુલામી! લોકો નિંદા કરે, એને ચૂંટી ખાય પણ એ નિર્લજને દયા નથી આવતી. એને કોઈની પરવા નથી. એને તો એની પત્નીની ગુલામીમાં આનંદ આવે છે.

દેવાનુપ્રિયો! આ દૃષ્ટાંત આત્મા ઉપર ઘટાવવાનું છે. આપણો આત્મા પતિ છે. ને પાંચ ઈન્દ્રિઓ એની ઉછાંછળી કન્યા જેવી પત્ની સાથે કર્મરાજાએ તેનો સબંધ બાંધ્યો છે. એને ઘણી સુખની સગવડો આપી છે તેથી જીવ પેલા બવાસ–ચોકીદાર પતિની જેમ ઈન્દ્રિઓરૂપી રાણીઓને તેના મનગમતા વિષયોમાં તેડી જાય છે ને વિષયો સાથે ખેલ ખેલાવી કુલટા એવી ઇન્દ્રિયો કહે છે કેમ તને ગમે છે ને? ત્યારે મોહમાં ઘેરાયેલો જીવ કહે છે બસ, તમને ગમે એમાં હું રાજા છું. આ રીતે વર્તન કરવામાં આત્મકલ્યાણ ક્યાં થવાનું? પુણ્ય બંધાય નહિ, જ્ઞાનની આરાધના નહિ ને કર્મની નિર્જરા નહિ. બસ એક ઈન્દ્રિઓની ખુશખુશાલી, ઇન્દ્રિઓને પુષ્ટિ ને તુષ્ટિ મળવાની પણ જીવ તો લુખ્ખો બાકસ રહેવાનો. મારી ઇન્દ્રિઓને કેવું સરસ જોવાનું મળ્યું ને સાંભળવાનું મળ્યું. આંખમાં ચોંટી જાય છે ને, આમાં કાન લીન થઇ જાય છે. બસ ઇન્દ્રિઓને આનંદ એમાં મને આનંદ! મારે બીજું શું જોઇએ? આ રીતે ઈન્દ્રિઓને જોઇ ખુશાલી મનાવે છે તેની બૂરી દશા થાય છે ને વિષ્ટાના કીડાની જેમ તેનું જીવન આ દુર્ગંધમાં પસાર થાય છે. તેને જીવતાં કે મરતાં કોઈ ઓળખતું નથી. ભોગના કીડા મરીને દુર્ગતિમાં ચાલ્યા જવાના.

બંધુઓ! જેના જીવનમાં બ્રહ્મચર્ય તેજ ઝળકે છે તે જીવોની દશા કેવી હોય છે? એક તેજસ્વી યુવાન પોતાના મકાનની ગેલેરીમાં ઉભો ઉભો વાંચતો હતો. સામા મકાનની ગેલેરીમાં એક નવયુવાન સૌંદર્યવતી સ્ત્રી સ્નાન કરીને ઉઠીને કપડા બદલાવી રહી હતી. તે યુવાનની આંખ તે તરફ જવા લાગી. આંખને કહે છે તું ત્યાં શા માટે જાય છે? તું તારા વાંચવામાં સ્થિર રહેને? પણ આંખ કામી છે. વળી વળીને તે તરફ જવા લાગી. ત્યારે તે યુવાને રૂમમાં જઇ પીસેલા મરચાનો ભૂકકો આંખમાં આંજણ આંજે તે રીતે ભરી દીધો. આપણને મરચાવાળો હાથ જો અડી જાય તો બળતરા બળે છે. તો જેણે મરચાં આંખમાં આંજી દીધા તેને કેવી બળતરા બળે? આંખમાંથી પાણી નીકળવા લાગ્યા. એ યુવાન કહે છે પરસ્ત્રી જોવામાં નિર્લજ! મેં તને ત્યાં જવાની ઘણી ના પાડી છતાં તું ત્યાં શા માટે ગઇ? ગુન્હો કર્યો તો ગુન્હાની સજા ભોગવ. એમાં રડે છે શાની?

ઈન્દ્રિઓ ઉપર કેટલો કંટ્રોલ! આ યુવાન કોણ હતો? સ્વામી વિવેકાનંદ. બીજો કોઇ નહિ. તેના શુદ્ધ બ્રહ્મચર્યના પ્રભાવથી વિદેશમાં જઇને ભારતનું ગૌરવ વધાર્યું છે. જ્યારે આજના યુવાનો વિદેશમાં જઈને ભારતની આબરૂને કલંક લગાડે છે. આપણે જે ગૌરવવંતી ભારતભૂમિમાં જન્મ્યા તેનું ગૌરવ વધારવું કે ઘટાડવું તે આપણા હાથની વાત છે. એકેક આત્મા સ્વામી વિવેકાનંદ જેવો બને તો ભારતની શાન કેટલી વધી જાય!

જમાલિકુમાર આત્માના અનંત સુખ પ્રાપ્ત કરવાને ઈન્દ્રિઓની ગુલામી છોડવા તૈયાર થયા છે. શ્રદ્ધામાંથી જ્ઞાન અને સમતામય જ્ઞાનથી વૈરાગ્ય સંભવે છે. અંતરનો વૈરાગ્ય આત્માને કોઇ અગમ્ય એવા સત્ય-સુંદર અને શીવ સ્વરૂપ પ્રત્યે દોરી જાય છે. જમાલિનો આત્મા ખૂબ ઉંચા વૈરાગ્યના રંગે રંગાયો છે. તે પોતાની આત્મવ્યથા રજુ કરતાં કહે છે:

"ગુહા અંતર કેરી ભરી, ભરી અહં ઘોષ સ્ફુરતો,
થવા વિશ્વવ્યાપિ, અદકી વધતી આત્મવ્યથા."

હે માતા! આ અંતરના ઓરડામાં અહંભાવનો અંધકાર ભર્યો છે તેને દૂર કરી મારા આત્માને ઉચ્ચ પ્રકાશના પંથે લઇ જવો છે માટે મને દીક્ષાની આજ્ઞા આપો. ત્યારે માતા કહે છે બેટા! સંસારમાં રહીને પણ આત્મકલ્યાણ કરી શકાય. અહંના અંધારા હટાવી શકાય છે. ઘણા મહાન પુરૂષોએ આ રીતે આત્મકલ્યાણ કર્યું છે. જ્યારે તું તો અમને બધાને છોડીને સંયમના આકરા માર્ગે જવા તૈયાર થયો છે. શું તું એકલો અટુલો પડેલો આત્મસાધના કરી શકીશ! બેટા! તું અહીં રહે. અમે તારી ભાવનામાં સાથ આપીશું. તારો માર્ગ સરળ બનશે ને તારી આત્મવ્યથા ટળશે.

જમાલિકુમાર કહે છે માતા! એકડો ઘુંટી લીધા પછી બગડાનો વારો આવે એ વાત તો તમે જાણો છો ને? તો સમજો. દીક્ષા એ આકરો માર્ગ નથી. જગતના સર્વ સબંધો ઉપરથી મોહબંધન ખસેડી સબંધોને સુસંબધ કરવા માટેની એકાંત સાધના છે. એટલે હું આપને તજવા ખાતર નથી જતો પણ આત્મભાવે વધુ સમીપ આવવા માટેની સિદ્ધિ કરવા માટે તજવા ઇચ્છું છું. જે રીતે તમોને તજવા ઇચ્છું છું તે રીતે જગતના સર્વ પદાર્થોને તજવા ઇચ્છું છું.

માતા કહે છે બેટા! મેં તને કદી દૂર કર્યો નથી. તું થોડીવાર માટે બહાર જાય તો અમે સહન કરી શકતા નથી. તો તું કાયમ માટે અમને છોડીને જવાની વાત કરે છે. તારૂં મુખ જોવા ન મળે. તે મારાથી કેમ સહેવાશે! આટલું બોલતાં માતાની આંખમાં આંસુની ધાર વહેવા લાગી. શરીર લથડીયા ખાવા લાગ્યું ત્યારે જમાલિકુમાર કહે છે હે માતા! તું આ શું કરે છે? તું તો ક્ષત્રિયાણી છે! મૃત્યુને માથે લઇ પ્રજાના અને દેશના રક્ષણ માટે તારો લાડકવાયો યુદ્ધમાં જાય તો તું કપાળમાં કુંકુમનું તિલક

કરી હસતે મુખે તેને આશીર્વાદ આપીને વિદાય ન આપે? ત્યારે માતા કહે છે બેટા! એ તો સાચી ક્ષત્રિયાણીનો ધર્મ છે. રાજયને ખાતર ક્ષત્રિયાણી દેહનો વિયોગ નહીં પણ દેહનાં દાન દેવા પડે તો દઇ શકે છે ને સહી શકે છે. પણ તું દીક્ષા લે છે તે માર્ગે જતાં તારો વિયોગ સહન કરી શકું નહિ. બેટા! ત્યાં જે બળ રહે છે તે અહીં નથી રહેતું. માટે હે મારા વ્હાલસોયા દીકરા! જ્યાં સુધી અમે જીવીએ છીએ ત્યાં સુધી તું દીક્ષા લેવાની વાત ન કર. તું આ તારી પત્નીઓ સાથે આનંદ કરી મોજમઝા ઉડાવી દીકરાનો બાપ બની સંસારની લીલીવાડી વધારીને અમારા મરણ પછી દીક્ષા લેજે.

જમાલિકુમારની માતા મહાવીર પ્રભુની બહેન છે, જેનો ભાઇ આવો તીર્થપતિ હોય તેની બહેન શું નહિ જાણતી હોય કે અમે પહેલાં જઈશું કે દીકરો પહેલો જશે. કાલનો કયાં ભરોસો છે? ખૂબ સંસ્કારી હતી. બધું સમજતી હતી પણ પુત્ર પ્રત્યેનું માતાનું વાત્સલ્ય જુદું હોય છે ને બીજો મોહ હોય છે. એ મોહ માતાને મૂંઝવે છે. મોહના કારણે માતા ઝુરાપો કરે છે ને કહે છે તું અમને જીવતાં દીક્ષાની વાત ન કરીશ. માતાના રૂદનથી કરૂણ વાતાવરણ સર્જાઇ ગયું છે. આવા સમયે તો જે દઢ વૈરાગી હોય છે તે ટકકર ઝીલી શકે છે. જમાલિકુમાર પણ દઢ વૈરાગી છે. હજુ માતા શું કહેશે ને તેના કેવા જવાબો આપશે તે વાત અવસરે કહેવાશે.

ત્રીજો ભવ

ચરિત્ર:–ગયા જન્મમાં અગ્નિશર્મા અને ગુણસેન પિતા પુત્ર તરીકે હતા. પિતા સિંહરાજા તે ગુણસેનનો જીવ હતો ને પુત્ર આનંદકુમાર તે અગ્નિશર્માનો જીવ હતો. પૂર્વના વૈરના કારણે પિતા-પુત્રપણે સાંકડી સગાઈમાં ઉત્પન્ન થયા ને અંતે આનંદકુમારે સિંહરાજાને જેલમાં પૂર્યા. રાજાએ સમભાવથી અનશન કર્યું છતાં પણ તેણે હઠ કરી કે તમે ભોજન કરો. રાજા પોતાની પ્રતિજ્ઞામાં દઢ રહ્યા. ત્યારે આનંદકુમારે તલવારનો ઘા કર્યો. રાજા સમાધિમરણે મરીને દેવલોકમાં ગયા. કુસુમાવલી આદિ રાણીઓએ દીક્ષા લીધી. આનંદકુમાર ત્યાંથી મરીને નરકમાં ગયા. ત્યાર પછી આનંદકુમારે બીજા ભવ તો ઘણા કર્યા છે. પણ મનુષ્યભવ પામીને જ્યારે એકબીજાના વૈર લીધા છે તે નવ ભવની ગણત્રી કરી છે. હવે ત્રીજા ભવમાં એ બે આત્માઓ કયાં ઉત્પન્ન થાય છે તે વાત સમજાવું છું. ત્રીજા ભવમાં કેવી રીતે વૈરનો બદલો લેશે તે જોવાનું છે. નિકાચિત કર્મો ભોગવ્યા વિના જીવનો છૂટકારો થતો નથી.

કૌસંબીકા કરણધાર શ્રી અજિતસિંહ બલધારી,
જનપ્રિય સચીવ ઇન્દ્રશર્મા કે શુભંકરા સન્નારી.
જીવ આનંદ કા ભટકત ભટકત આયા ઉદર મુઝારી હો ... શ્રોતા તુમ...

જંબુદ્વીપના પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં અનેક લોકોના નિવાસભૂત જ્યાં વ્યાધિનો

અનુભવ નથી. બીજા રાજ્ય તરફથી આક્રમણનો ભય નથી તેવી દેવનગર સમાન કૌશાંબી નામની નગરી છે ત્યાં સત્ય વચન બોલનાર, પ્રિય વચન બોલનાર અને અહંકારી રાજાઓ જેના ચરણમાં નમે છે તેવા તેજસ્વી પ્રજાપાલક, ન્યાયી અજિતસેન રાજા રાજ્ય કરે છે. તેને સમગ્ર રાજ્યની ચિંતા કરનારો, પોતાનાથી જરા પણ જુદો નહિ પડનારો તેવો ઇન્દ્રશર્મા નામનો બ્રાહ્મણ મંત્રી હતો. તેને શુભંકરા નામની પત્ની હતી.

આનંદકુમાર જે નરકમાં ગયો હતો તે નરકનું આયુષ્ય પૂર્ણ કરીને કંઈક ન્યૂન ચાર સાગરોપમ કાળ રખડીને ઇન્દ્રશર્મા પ્રધાન, તેની પત્ની શુભંકરાની કુક્ષીમાં પુત્રીપણે ઉત્પન્ન થયો.

જન્મ લીયા કુંવરીકે રૂપમેં હિયા જાલિની નામ,
બાલાવયસે મુકત બની હૈ, સીખી કલા તમામ.
બુદ્ધિસાગર મંત્રીકાસૂત, બ્રહ્મદત્ત અભિરામ હો ... શ્રોતા તુમ ...

આનંદનો જીવ શુભંકરાની કુંખે પુત્રીપણે ઉત્પન્ન થયો છે. જન્મ થયા પછી એનું નામ જાલિની પાડયું છે. અગ્નિશર્માના ભવમાં ઘણા માસખમણ કર્યા છે એટલે એણે ખૂબ પુણ્ય બાંધ્યું છે તેના પ્રભાવે રૂપ-સંપત્તિ ખૂબ મળ્યું છે. પ્રધાનને ત્યાં પુત્રી તરીકે ઉત્પન્ન થઈ છે ત્યાં સુખનો તૂટો નથી. એ જાલિની ધીમે ધીમે મોટી થઇ. સ્ત્રીઓની ૬૪ કળામાં નિપુણ બની છે. યૌવનના આંગણામાં પ્રવેશ કર્યો. દીકરી મોટી થાય એટલે એના મા-બાપને એને પરણાવવા માટે મુરતીયો ગોતવાની ચિંતા થાય છે. તે રીતે ઇન્દ્રશર્મા બ્રાહ્મણ પુત્રી માટે મુરતીયો ગોતવા લાગ્યો. શોધતા શોધતા એ અજિતસિંહ રાજાનો પ્રધાન બુદ્ધિસાગર નામનો બીજો મંત્રી હતો. તેને બ્રહ્મદત્ત નામે એક પુત્ર હતો. તે ખૂબ સ્વરૂપવાન અને ગુણવાન હતો. ઇન્દ્રશર્માને થયું કે મારી એકની એક લાડીલી પુત્રી છે તેને અહીં પરણાવું તો સારું. જુકિત જોડી મળે. પોતાનો વિચાર બુદ્ધિસાગર મંત્રીને જણાવે છે ને જાલિની તથા બ્રહ્મદત્તને પણ એકબીજા પ્રત્યે પ્રેમ જાગે છે એટલે બંનેના લગ્ન કરે છે. બ્રહ્મદત્ત અને જાલિનીના લગ્ન થયા પછી સંસારસુખ ભોગવતાં કેટલોક સમય વ્યતીત થયો.

શિખીકુમારનો જન્મ :- આ બાજુ સિંહકુમારનો જીવ દેવલોકથી ચ્યવીને કર્મના અચિંત્ય પ્રભાવથી જાલિનીના ગર્ભમાં પુત્રપણે ઉત્પન્ન થયો. તેણે તે રાત્રે સ્વપ્ન જોયું કે સુવર્ણનો પૂર્ણકળશ મારા ઉદરમાં પેઠો ને પાછો બહાર નીકળી ગયો ને કોઈ પણ રીતે ભાંગી ગયો ને પોતે ગભરાતી હોય તેમ જાગી ગઈ. પણ સ્વપ્નની હકીકત તેના પતિને જણાવી નહી. અનુક્રમે ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો.

બંધુઓ ! આ ગર્ભમાં આવેલો જીવ પુણ્યવાન છે ને માતાનો જીવ પાપી છે. પુત્ર જ્યારથી ગર્ભમાં આવ્યો ત્યારથી માતાના મનમાં એવા ભાવ થવા લાગ્યા કે આ ગર્ભને મારી નાખું, પાડી નાખું અને ગર્ભને પાડવા માટે અનેક ઉપાયો કરવા લાગી. પણ

કર્મના વિપાકને કારણે ગર્ભ પડતો નથી ને મરતો પણ નથી. આ વાત બ્રહ્મદત્તના જાણવામાં આવી એટલે તેણે પોતાના પરિવારને સૂચના કરી રાખી હતી કે આ જાલિનીને પ્રસૂતિ થાય અને જે બાળક જન્મે તે મને સોંપી દેજો. કારણ કે એ ગર્ભના જીવની સાથે એને પૂર્વનું વૈર લાગે છે. જ્યારથી ગર્ભવતી બની છે ત્યારથી તેનું મન આકુળ-વ્યાકુળ રહે છે ને ગર્ભપાત કરવાના ઉપાયો કરે છે. એ બાળક મને સોંપી દેજો અને એનો સંતોષ થાય તેવો તમે તે વખતે જવાબ આપી દેજો. જાલિની વાઘણની માફક તરાપ મારી રહી છે કે કયારે બાળકનો જન્મ થાય ને હું કયારે મારી નાંખું.

જીવને એકબીજા પ્રત્યે વૈર વિના ઝેર આવતું નથી. ગજસુકુમાર જેવા બાલસાધુને જોઈને રસ્તે જનારને પણ તેના પ્રત્યે પ્રેમ આવી જાય તેના બદલે સોમલને કેવો ક્રોધ આવી ગયો ને માથે ભડભડતા અંગારા મૂકી દીધા. એ પૂર્વના વૈર હતા. અહીંયા પણ આ બે જીવોને અબજો ભવથી વૈર ચાલ્યું આવે છે. ગર્ભમાં આવનાર જીવ પુણ્યવાન હતો તેથી જાલિનીને સારાસારા દોહદ થવા લાગ્યા કે દાન દઉં, સંતના દર્શન કરૂં, વીતરાગવાણી શ્રવણ કરૂં. બ્રહ્મદત્ત તેના બધા દોહદ પૂર્ણ કરાવતો. પણ અંદરથી એના અંતરમાં ક્રોધાગ્નિ પ્રજ્વલિત રહેતો. એમ કરતા સવાનવ માસે જાલિનીએ એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. બધા પરિવારની વચમાં એને કેવી રીતે મારી નાંખવો ? પણ તેના મનના અભિપ્રાયને જાણનારી બંધુજીવા નામની તેની દાસીએ કહ્યું- સ્વામીની? આ પાપગર્ભ છે. એનું પાલનપોષણ કરવા કરતાં એને દૂર કરવો તે યોગ્ય છે. ત્યારે વાઘણની જેમ ક્રોધિત થયેલી બાળકને મારી નાંખવા તરફડીયાં મારતી જાલિનીએ કહ્યું- તમે જાણો. એટલે દાસીએ બાળક લઇને રાજાને આપ્યો. હવે રાજા બાળકને કેવી રીતે ઉછેરશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૫૭

ભાદરવા સુદ ૧૦ ને ગુરૂવાર **તા. ૬-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતકરૂણાનિધી શાસ્ત્રકાર ભગવંતોએ ભવ્ય જીવોના ઉદ્ધાર માટે સિદ્ધાંતરૂપ વાણીપ્રરૂપી. ભગવાન કહે છે કે ચેતન! માનવજીવનની એકેક ક્ષણો અમૂલ્ય જાય છે. મનુષ્યનું આયુષ્ય કેટલું કિંમતી છે. સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયેલા આત્માઓ પાસે ઘાસનો પુળો બળે એટલું આયુષ્ય વધુ હોત તો સીધા મોક્ષમાં ચાલ્યા જાત, પણ એટલા આયુષ્યના અભાવે એમને મરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થવું પડયું ને તેત્રીસ સાગરોપમના આયુષ્યના દોરડે બંધાયા. એ દેવો નિરંતર છ

દ્રવ્ય, નવતત્વ, નયનિક્ષેપનું ચિંતન કરતાં કરતાં મનુષ્યભવ ક્યારે મળે તેની ઝંખના કરે છે. ભૌતિક સુખો માટે એ મનુષ્યભવ નથી ઈચ્છતા. ચક્રવર્તિ કે વાસુદેવ બનવાની ઇચ્છા કરતા નથી કારણ કે સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોની ઋદ્ધિ આગળ ચક્રવર્તિની ઋદ્ધિ તુચ્છ છે. એને તો એક ઝંખના છે કે મનુષ્યભવ પામીને સંયમ લઇને જલ્દી મોક્ષમાં જવું છે. બીજી કોઇ ઇચ્છા નથી. આવું લક્ષ રહે તો જીવનો બેડો પાર થઇ જાય.

આત્માનું સ્વરૂપ સ્ફટિક જેવું નિર્મળ છે. પણ મનુષ્ય જડ પદાર્થોમાં મોહ પામી આત્માનો સ્વભાવ ભૂલી જઇ શરીરાદિ બાહ્ય પદાર્થો આત્માથી ભિન્ન હોવા છતાં તે પદાર્થો પોતાના માની તેમાં મોહ પામે છે. જેમ કોઇ કરોડપતિના નાના બાબાને પહેરેગીર પેંડો આપે તો રાજી થાય છે. તેને ખબર નથી કે મારા પિતા ધનવાન છે તે રીતે અજ્ઞાની જીવ આત્મા અનંત સુખનો સ્વામી હોવા છતાં બાહ્ય જડ પદાર્થોના મોહમાં પડીને ભાન ભૂલી જાય છે ને જડ પદાર્થો પોતાના માનીને તેના સંયોગ અને વિયોગમાં, સંપત્તિ ને વિપત્તિના વમળમાં અટવાઇ જાય છે. આ રીતે બાહ્યસુખમાં વ્યામોહ પામેલા માનવને ભગવંતો કહે છે હે જીવ! સર્વ પ્રથમ તું તારા સ્વરૂપને જાણ પછી બહારના પદાર્થો પ્રત્યે દૃષ્ટિ કર. આચારંગ સુત્રમાં કહ્યું છે જે એગં જાણઇ સે સવ્વં જાણઇ, જે સવ્વં જાણાર સે એગં જાણઇ। જે એક આત્માને જાણે છે તે સર્વને જાણે છે જે સર્વને જાણે છે તે એકને જાણે છે.

જે અનંત ધર્મોને જાણે છે તે એક વસ્તુને જાણે છે અને જે અનંત પદાર્થોને જાણે છે તે એક વસ્તુને સારી રીતે જાણી શકે છે. એક પદાર્થના સંપૂર્ણ જ્ઞાનને માટે સર્વજ્ઞતાની આવશ્યકતા છે. જે સર્વજ્ઞ છે તે એક પદાર્થને સંપૂર્ણ રીતે જાણી શકે છે અને જે એક પદાર્થને સંપૂર્ણ રીતે જાણી લે છે તે સર્વજ્ઞ થઇ જાય છે.

ઇન્દ્રિઓથી અથવા મનથી કોઇ પણ વસ્તુની સંપૂર્ણ પર્યાય, તેની બધી અવસ્થાઓ અને તેના બધા ગુણ જાણી શકાતા નથી. કારણ કે ઇન્દ્રિઓનો વિષય વર્તમાનકાળની પર્યાયને જાણવાનો છે. ઇન્દ્રિઓમાં ભૂત અને ભવિષ્યની પર્યાયને જાણવાની શકિત નથી. આ જ્ઞાન તો આત્માની શકિતથી થઇ શકે છે. આત્મ-સ્વરૂપને સમજ્યા વિના બધા પદાર્થોનું જ્ઞાન થવું અસંભવ છે. આત્માનું સ્વરૂપ અનંત છે ને વિશ્વ પણ અનંત છે. જેને આત્માની અનંતતા સમજી લીધી છે તે વિશ્વની અનંતતા સમજી શકે છે. જ્યારે આત્મા કર્મલેપથી મુકત થઇને સંપૂર્ણ શુદ્ધ થઇ જાય છે ત્યારે અનંતતાનો સાક્ષાત્કાર–કેવળજ્ઞાન થાય છે. બધા પદાર્થોના અનંત ધર્મોને સમજવાની ચાવી આત્મદર્શન છે. આત્મદર્શન થયું કે વિશ્વદર્શન થયું. જેણે આત્માને જાણ્યો તેણે સંસારના દરેક પદાર્થોને જાણ્યા. આ વાત એક દૃષ્ટાંતથી આપને સમજાવું.

એક મનુષ્ય કોઇ એક ગામ જવાને ઇચ્છે છે. પગપાળા ચાલીને જવું છે. હવે

તે ગામ પહોંચે ત્યાં સુધી વચ્ચે રસ્તામાં અનેક રસ્તા ફંટાય છે. પરંતુ તે દરેક માર્ગ પર પાટિયું લગાડેલું છે અને તે ગામનું નામ પણ લખેલું છે. જનાર મનુષ્ય લખેલા પાટિયા તરફ ધ્યાન આપતો નથી અને તેને પોતાને ક્યાં જવું છે તે પણ ખ્યાલ નથી તેથી તે અનેક પગદંડીઓ પર ઘૂમ્યા કરે છે, પરંતુ પોતાના નિશ્ચિત સ્થાન પર પહોંચી શકતો નથી. જો કે આમથી તેમ ઘૂમતા અનેક દૃશ્યોનો અનુભવ થાય છે, પરંતુ તે પોતાના ધારેલા સ્થાન પર પહોંચી શકતો નથી. જ્યાં સુધી તે માનવી પાટિયા પર લખેલા ગામના અક્ષરોની જાણકારી ન મેળવે ત્યાં સુધી તેનો બધો પરિશ્રમ નકામો છે. જો તે પાટિયા પર લખેલા અક્ષરો વાંચી લે તો પોતાના સાચા માર્ગ પર ચાલીને આમતેમ ભટકયા વગર સીધો પોતાના સ્થાને પહોંચી જાય છે, એટલું જ નહીં પણ પોતાના અસલ માર્ગે ચાલતાં બીજા રસ્તાઓનો અનુભવ પણ કરી શકે છે. તેમ જ્ઞાની કહે છે જેને આત્મદર્શન રૂપી ચાવી પ્રાપ્ત થઈ ગઇ છે તે પોતાના ઇષ્ટ માર્ગ પર ચાલ્યો જાય છે અને સાથે સાથે બીજા પદાર્થોના વિવિધ ધર્મોને પણ તે ચાવી દ્વારા જાણી લે છે. મારો કહેવાનો આશય એ છે કે આત્માનો સાક્ષાત્કાર થવાથી સંસારના બધા પદાર્થોનું જ્ઞાન થઇ જાય છે. એટલા માટે કહ્યું છે કે જે એક આત્માને જાણે છે તે બધાને જાણે છે, જે બધાને જાણે છે તે એકને જાણે છે.

આ સંસારમાં મુખ્ય બે તત્ત્વો છે. એક જડ ને બીજું ચેતન. જડ તત્ત્વના ધર્મો અમુક અંશે પ્રત્યક્ષ છે. જેને લઇને જીવો જડ પદાર્થો પ્રત્યે આકર્ષાય છે. પણ મુખ્ય તત્ત્વ જે ચેતન આત્મા છે તેને આપણે નિહાળી શકતા નથી તેથી તેનું સહજ સ્વરૂપ પણ સમજી શકતા નથી. વિશ્વના દરેક પ્રાણીઓ શરીરાદિ બાહ્ય વસ્તુની શુદ્ધિના ઉપાયો કરવામાં કંઇ બાકી રાખતા નથી અને બાહ્ય પદાર્થોને પ્રાપ્ત કરવામાં જરાય પ્રમાદ કરતા નથી પણ આત્મા માટે પુરૂષાર્થ કરો છો?

આત્મસ્વરૂપને સમજ્યા પછી તેના જે સુખનો અનુભવ થાય છે તે જડ-પદાર્થોના સુખ કરતાં અલૌકિક ને અનુપમ છે. આત્માનું સ્વરૂપ સમજવું તે કંઇ સરળ વાત નથી, પણ તેની પાછળ સતત પ્રયત્ન હોય, સદ્‌ગુણનો યોગ સાંપડી જાય, જડ પદાર્થો પરથી ચિત્ત બસી જાય, વાસના–તૃષ્ણા ઓછી થઇ જાય અને દિવસમાં એક વખત પાંચ–દશ મિનિટ પણ હું કોણ છું, મારૂં સ્વરૂપ શું છે, મારૂં સાચું સુખ કયું છે તેનું ચિંતન કરે તો જરૂર પોતાના સ્વરૂપનો ખ્યાલ આવી જાય. શરીર એ આત્મા નથી. આત્મા શરીરથી ભિન્ન છે. આયુષ્ય પૂરૂં થતાં શરીરનું ખોખું અહીં પડી રહે છે. ને અંદરથી ચેતન તત્ત્વ ચાલ્યું જાય છે. ત્યારે લોકો કહે છે આ મરી ગયો છે. શરીર ગમે તેટલું રૂડું ને રૂપાળું હોય પણ એની કિંમત અંદર રહેલા ચેતન તત્ત્વથી અંકાય છે.

અહીં બેઠેલા ઝવેરીઓને પૂછો કે માલની કિંમત છે કે બારદાનની? (શ્રોતામાંથી અવાજ:–માલની) બરાબર બોલો છો ને? હા, તો આત્મા માલ છે ને દેહ બારદાન છે. પણ આજનો માનવદેહના બોખા પાછળ પાગલ બન્યો છે. પણ અંદર કયું તત્ત્વ પડયું છે તેને તો ભૂલી ગયો છે. તેને જાણવાની પડી નથી. શરીરની મરામત પાછળ આત્માની હજામત થતી જાય છે. બારદાનની સજાવટ પાછળ માલની મૌલિકતા–માલના ગુણ અને માલનું મૂલ્યાંકન ભૂલી જાય તો તેને કેવો કહેવો? દેહના ધર્મો ભિન્ન છે ને આત્માના ધર્મો ભિન્ન છે એવું સમજીને આત્માનો માલ ખરીદી લો. એ માલ ક્યાં મળશે તે જાણો છો?

"ત્રિશલા નંદનકી દુકાન ખુલી હૈ, શાસ્ત્રરૂપસે ભરી પેટીયાં, મુનિવર બને બંજારી (વહેપારી) તરહ તરહકા માલ દેખ લો, કરો અપના મન રાજી."

દેવાનુપ્રિયો! ત્રિશલાનંદન એવા વીતરાગ મહાવીર પ્રભુની દુકાન ખુલી છે તેમાં બત્રીસ આગમની પેટીઓ ભરેલી છે. તેમાં આત્મિક માલ ભરેલો છે, ને સંતો તે માલના વહેપારી છે. એ પેટીઓમાં દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ એ ચાર પ્રકારનો માલ સંતો આપે છે. જેને જે ગમે તે ખરીદવા મંડો, એથી અધિક સમ્યક્ત્વ દેશવિરિતિ અને સર્વવિરતીનો માલ છે એમાંથી જેને જે ગમે તે ખરીદી લો.

જેણે સમ્યક્ત્વનો માલ ખરીદ કર્યો છે તેવા શ્રેણીક મહારાજા પહેલી નરકમાં બેઠા છે. ને કૃષ્ણ વાસુદેવ ત્રીજી નરકે બેઠા છે. નરકની રૌ રૌ વેદના ભોગવે છે. દેહને દર્દ થાય છે તે સમભાવે વેદે છે. પણ દુઃખ પ્રત્યેનો દ્વેષ નથી. આ સમ્યક્ત્વની લહેજત છે એ સમ્યક્ત્વ પણ કેવું? જેવું તેવું નહિ પણ સમકિતના પ્રભાવે તે નરકમાંથી નીકળીને મનુષ્યભવ પામીને મોક્ષમાં જવાના છે અને ચોવીસ તીર્થંકરમાં શ્રેણીક મહારાજાનો પ્રથમ નંબર છે. પરમાધામીઓ ગમે તેટલા તાડન–માડન–છેદન–ભેદન કરે છે તો પણ એ એમ નથી કહેતા કે મને શા માટે મારો છો? એ તો એક સમજે છે કે મારા આત્માએ કર્મો બાંધ્યા છે તે ભોગવીને કર્મના કરજ ચૂકવવાનો અમૂલ્ય અવસર છે. કર્મરૂપી લેણીયાત સામેથી લેણું લેવા આવ્યા છે તો હસતા મુખે શા માટે લેણું ન ચૂકવી દઉં? સમકિતવંત જીવોને કર્મના યોગે દુઃખ આવે પણ દુઃખ પ્રત્યે દ્વેષ ન આવે. સમતાભાવે દુઃખ સહન કરે. આ સમકિત અને મિથ્યાત્વ વચ્ચેનું અંતર છે. સમકિતીને દુઃખ આવે તો સમભાવે વેદે અને મિથ્યાત્વી હાયવોય કરી મૂકે. વિવેકનો દીપક પ્રગટે તો અંધારૂં દૂર થઈ જશે ને આત્માના શાશ્વત સુખો મળશે.

ચંદનબાળા અને મૃગાવતીજી ભગવાનના દર્શન કરવા પ્રભુના સમોસરણમાં ગયા. દર્શન કર્યા. પ્રભુની વાણી સાંભળી. પ્રભુની વાણીના અમૃત ઘુંટડા જાણે પીધા કરીએ. એ વાણી પીતા માણસ ધરાય નહિ. સાંજનો સમય થવા આવ્યો. ચંદનબાળા કહે છે મૃગાવતીજી! ચાલો. પણ પ્રભુની વાણીમાં લીન બનેલા મૃગાવતીજી ગયા નહિ. ખૂબ સાંજ પડી ગઇ

ને મૃગાવતીજી પોતાના સ્થાનકે આવ્યા ત્યારે ચંદનબાળા કહે છેઃ મૃગાવતી! તમને કંઈ સમજણ ન પડી! સમય થયો તો પણ આવ્યા નહિ. બસ, આટલા શબ્દો કહ્યા ને ચંદનબાળા સતી સૂઈ ગયા અને મૃગાવતીની આંખમાં ઠંડકડ આંસુ પડયા. આ આંસુ શેના હતા? ગુરૂણીએ ઠપકો આપ્યો તેના નહિ. આજે જો ગુરૂણી શિષ્યાને આવું કંઈ કહે તો તરત કહી દે કે હું કોઈની નિંદા-કુથલી કરવા તો નહોતી ગઈને? પ્રભુની વાણી સાંભળવા ગઇ હતી. ગમે તેટલું સારું કાર્ય હોય પણ "काले कालं समाचरे।" જે કાળે જે કાર્ય થતું હોય તે કરાય. પ્રભુના સમોસરણમાં સાધ્વીજીને જેટલો સમય રહેવાનું હોય તેટલો સમય રહેવાય. ગુરૂની આજ્ઞા થાય તો મનગમતું હોય તો પણ છોડી દેવું પડે.

મૃગાવતીજીને પોતાની ભૂલનું ભાન થયું. અહો! મેં મારા ગુરૂણીની આજ્ઞા ન માની. મોડા સમય સુધી રોકાઇ ત્યારે એમને કહેવું પડયું ને! એ તો કેવા શીતળ ચંદન જેવા છે. મેં એમને ઉષ્ણ બનાવ્યા. એમ સ્વદોષનું નિરીક્ષણ કરી અંતરથી પશ્ચાતાપ ઉપડયો. એ પશ્ચાતાપના આંસુ આવ્યા. આ ઉપરનો પશ્ચાતાપ ન હતો. ચંદનબાળાના સંસાર પક્ષે મૃગાવતી માસી હતા. છતાં એવો વિચાર ન કર્યો કે તું મારી ભાણેજ થઈને મને આવો ઠપકો આપે છે? પણ એવો વિચાર કર્યો કે મારા પરમતારક પૂ. ગુરૂણીની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું! મૃગાવતીજી સ્વદોષનું નિરીક્ષણ કરતાં ને અંતઃકરણપૂર્વકનો પશ્ચાતાપ કરતાં કરતાં આઠમે ગુણસ્થાનકે જઇ ક્ષપકશ્રેણી માંડી બારમે જઇ ઘાતી કર્મનો ક્ષય કરી બારમાને અંતે કેવળજ્ઞાન પામી તેરમે ચાલ્યા ગયા ને આત્માના સુખો પ્રાપ્ત કર્યા.

દેવાનુપ્રિયો! જ્યારે આત્મા સવળો પડે છે ત્યારે કામ કાઢી જાય છે ને અજ્ઞાની આત્મા સવળામાંથી પણ અવળો અર્થ ગ્રહણ કરે છે ત્યારે મૂંઝવણનો પાર નથી રહેતો. મૃગાવતીજીનો આત્મા ગુરૂણીનો ઠપકો સાંભળીને સવળો પડયો ને આત્મઘરમાં આત્મદેવ આવી ગયા. સ્વઘરમાં જે સુખ છે તે પરઘરમાં નથી. તમે રાત્રે બાર વાગે જઇને કોઇનું બારણું ખખડાવશો તો લાકડીના માર પડશે ને પોતાના ઘરનું બારણું ખખડાવશો તો પ્રેમથી બારણું ખોલશે ને પત્ની મીઠો આવકાર આપશે. જ્ઞાની કહે છે શબ્દ-રૂપ-રસ-ગંધ ને સ્પર્શ એ બધા પુદ્ગલના ધર્મો છે. તેમાં રાગ ન કરવો. પણ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એ આત્માના ધર્મો છે તેનો રાગ કરો. પુદ્ગલના રાગી બને સ્વઘરમાં સ્થાન નહિ મળે. પરઘર કરતાં સ્વઘરની લહેજત કોઇ જુદી હોય છે. પરઘરમાં દુઃખ ભરેલું છે.

એક વખત હરિષેણ નામનો રાજા પોતાની ચતુરંગી સેના સાથે જંગલમાં ફરવા નીકળ્યા. પોતે ઘોડા ઉપર બેઠા હતાં. નવો ઘોડો આવેલો તેના ઉપર રાજાએ પહેલી

વાર સવારી કરી હતી એટલે એમને ખબર ન હતી કે આ ઘોડો અવળી લગામનો છે. એ ઘોડો પવનવેગે ઉપડયો. સૈન્ય ક્યાંનું ક્યાં રહી ગયું ને રાજાને ઘોડો ક્યાંનો ક્યાં લઇ ગયો. જેમ લગામ ખેંચે તેમ ઘોડો પૂરવેગથી ચાલ્યો જાય. એટલે રાજાને ચિંતા થઇ કે આ ઘોડો મને પહાડ ને ખીણોમાં લાવ્યો. હવે બચવાની આશા નથી. આ ઘોડો હમણાં ઉછળશે અને મને આ ઉંડી ખીણમાં ફેંકી દેશે. તેના પગ નીચે ચગદી નાંખશે. એવા મરણે મરવું તેના કરતાં આ વૃક્ષની ડાળે લટકી જાઉં તો બચી જઇશ એટલે વૃક્ષની ડાળે લટકી ગયો તેથી ઘોડાની લગામ છૂટી ગઇ ને ઘોડો પણ ઉભો રહી ગયો. પણ રાજાએ વિચાર કર્યો કે જે ઘોડાએ મને મારા સૈન્યથી જુદો પાડયો તેવા તોફાની ઘોડાનો મારે સંગ કરવો નથી. ઘોડાને જતો કર્યો. નજીકમાં સરોવર જોયું ત્યાં હાથ-પગ ધોઇને બેઠા. આસપાસ દૃષ્ટિ કરતાં એક આશ્રમ દેખાયો એટલે રાજા ત્યાં ગયા તો ત્યાં બધા તાપસોને જોયા. તાપસોએ એને આવકાર આપ્યો અને પોતાના ગુરૂ વિશ્વભૂતિ નામના કુલપતિ પાસે લઇ ગયા. રાજા કુલપતિને પ્રણામ કરીને બેઠા. કુલપતિએ તેના લક્ષણો ઉપરથી કલ્પી લીધુ કે આ રાજા હોવો જોઈએ.

કુલપતિએ રાજાને મંગલ આશિષ આપીને કહ્યું-રાજન ! તમે અહીં ક્યાંથી ને એકલા કેમ ? ત્યારે રાજા કહે છે ભગવંત ! આ સંસારમાં જીવ એક સ્થાનેથી બીજા સ્થાને જતાં કેવો દુઃખી થાય છે ! હું મિત્રાવતી નગરીનો હરિષેણ રાજા છું. ઘોડા ઉપર સવારી કરીને જંગલમાં ફરવા નીકળેલો. પણ ઘોડો અવળી લગામનો હોવાથી એણે જંગલના રસ્તે દોડવા માંડયું. કેમેય કર્યો ઉભો ન રહ્યો. અંતે હું અહીં જંગલની નજીકના ઝાડની ડાળીએ વળગી પડયો ને આપના દર્શનનું સૌભાગ્ય હશે તેથી તે ઝાડેથી ઉતરીને અહીં આવ્યો. આ આશ્રમ કોનો સ્થાપેલો છે ? ત્યારે કુલપતિ કહે છે હે રાજન ! ઋષભદેવ ભગવાનના વખતમાં પ્રભુના ભકત કચ્છ અને મહા કચ્છ નામના બે મોટા તાપસો થઈ ગયા. એમનો સ્થાપેલો આશ્રમ ઘણાં વખતથી છે. અહીં સંસારથી થાકેલા અને મનુષ્ય જીવનનો સાર પામવાના ઇચ્છુક ભવ્યાત્માઓ આવીને તપશ્ચર્યા કરે છે એમ કહી સંસારથી નિવૃત્તિ પામેલા જીવનનું વર્ણન કર્યું અને સંસારની અસારતાનું સ્વરૂપ સમજાવ્યું.

આ સાભળતાં રાજાના મનમાં થયું કે અહો ! કેવા ધન્ય અને પવિત્ર આત્માઓ આ સંસારની માયાજાળ છોડીને અહીં તપમય જીવન જીવે છે. મારા જીવનમાં આવો ધન્ય અવસર ક્યારે આવશે કે હું પણ આ સંસારની વિટંબણા છોડીને આવું તપમય જીવન જીવીશ. શું આ માનવદેવ જીવનના અંતકાળ સુધી સંસારની માયાજાળથી વીંટાઇ જવા માટે છે ? વિષયોથી ઉકળતા રહેવા માટે છે ? જીવની કેવી મૂઢ દશા છે કે સંસારના સુખમાં આનંદ માને છે. પછી ભલેને

એમાં એક પછી એક ચિંતા, ભય ને સંતાપ આવ્યા કરે. આ ઇન્દ્રિઓ પણ જુગારીની જેમ નવા નવા વિષયસંપર્ક માટે આતુર બની રહે છે, એટલે દેહને સદાનો ઉકળાટ, વિષયોમાં ક્ષણભર ઠરવાનું દેખાય પણ વિષયોની ઝંખનાનો ઉકળાટ રાત-દિવસ ચાલુ રહે છે, એટલે આ ઇન્દ્રિઓના વિષયોમાં કાયમ માટે ઠરવાનું માનવું તે જીવની ભ્રમણા છે.

આ પ્રમાણે રાજા વિશ્વભૂતિની પાસે વાતચીત કરતો મનમાં શુભ ભાવના ભાવતો શાંતિથી બેઠો છે. એને હવે ઘર પણ યાદ આવતું નથી. એટલામાં જંગલમાં કોલાહલ સંભળાયો કે મોટું સૈન્ય આવે છે. આપણને લૂંટી લેશે. પણ આ આશ્રમવાસી તાપસોને જરા પણ ભય ન લાગ્યો કે હાય....લૂંટાઇ જઇશું. કારણ કે પાસે લૂંટાવાનો ભય લાગે તેવી માયા કે મમતા રાખી નથી, તો શી ચિંતા? જેની પાસે પરિગ્રહ છે તેને લૂંટાવાનો ભય છે. આ તો ત્યાગી તાપસો છે. એમની પાસે લૂંટવાનું કંઈ નથી. તેમ એ પણ ભય નથી કે હાય! કોઇ મારી નાંખશે! કારણ કે કાયા પર પણ એવું મમત્વ રાખ્યું નથી તેથી તપશ્ચર્યા કરીને કાયાને સૂકવી રહ્યા છે. આ રીતે તાપસોને કોઇ જાતનો ભય નથી પણ મનમાં એમ થયું કે આ કોલાહલ શેનો હશે? બધા તાપસો પરસ્પર એકબીજાના મોઢા સામું જુવે છે. ત્યારે હરિષેણ રાજાને ખ્યાલ આવ્યો કે કદાચ મારી ચતુરંગી સેના મને શોધતી શોધતી અહીં નહિ આવી હોય ને! એટલે કુલપતિને કહે છે ગુરૂદેવ! કદાચ મારી સેના મને શોધતી શોધતી અહીં આવી હોય તેમ મને લાગે છે. તેથી હું બહાર જઇને એને દર્શન આપી આવું તો શાંતિ થાય એમ કહીને રાજા ઋષિને પ્રણામ કરીને બહાર ગયા અને જુએ છે તો પોતાની સેના હતી. એટલે એમને દર્શન આપી આનંદિત કરી દીધી. સેનાને પોતાના રાજાને ક્ષેમકુશળ જોઇને આનંદ આનંદ વર્તાઇ ગયો ને રાજાનો જયજયકાર બોલાવ્યો ને સૌ ખુશ ખુશ થઇ ગયા.

સેનાપતિ કહે છે મહારાજા! હવે જલ્દી નગર તરફ પધારો. પ્રજાજનો અને રાણીઓ આપની રાહ જોઇ રહ્યા છે. ત્યારે રાજા કહે છે હમણાં અહીં એક મહિનો મારે રોકાવું છે. તમે બધા અહીં રહી જાઓ. આ મહર્ષિનો આશ્રમ આત્માને શીતળતા આપનારો છે. તેથી તેમના સત્સંગનો લાભ લઇએ. શહેરમાં ગયા પછી આ અમૂલ્ય સત્સંગનો લાભ નહિ મળે. અણધાર્યા અહીં આવવાનું બન્યું છે. તેમાં વળી પુણ્ય યોગે આ મહાન લાભ મળ્યો છે. માટે તમે અહીં પડાવ નાંખો. રાજાનો હુકમ થયો એટલે સેનાએ ત્યાં છાવણી નાંખી. રાજા તો પોતાના સમયનો મોટો ભાગ વિશ્વભૂતિ પાસે પસાર કરે છે. તેમની પાસે તત્ત્વની વિચારણા અને જ્ઞાનગોષ્ટી કરે છે ને રાજાની શુભ ભાવના દિન-પ્રતિદિન વધતી જાય છે.

દેવાનુપ્રિયો! સત્સંગ અને સત્શ્રવણનો આ પ્રતાપ છે, કે ભલભલા

પથ્થર જેવા હૃદયના માનવને પણ પીગળાવી નાંખે ને અસદ્ વિકલ્પોને કુવિચારોથી બચાવી દિલમાં શુભ ભાવનાઓ ભરી દે. તાપસે કેવું સમજાવ્યું હશે કે રાજાના અંતરમાં શાંતિ વળી ગઇ. એક માસ સત્સંગનો લાભ લીધા પછી જવાની રજા માંગે છે કુલપતિને વંદન કરીને કહે છે હે ભગવંત! અહીં આપની છત્રછાયામાં મને એવો આનંદ આવે છે કે મને અહીંથી ઘેર જવાનું મન થતું નથી. પણ રાજ્ય કારભાર સંભાળવો પડે છે એટલા માટે જવું પડે છે. કુલપતિએ પણ વિચાર કર્યો કે રાજ્યનો વહીવટ બરાબર ન ચાલે તો રાજ્યમાં અવ્યવસ્થા થઇ જાય તેમજ સંસારી જીવો તેમના અંતરની ઇચ્છાથી જેટલો સત્સંગ કરે તે બરાબર છે. તેમના ઉપર સત્સંગ કરવા માટે આપણાથી ફોર્સ ન પડાય એટલે તે રાજાને કહે છે જુઓ, તમે અહીં સત્સંગનો અને તત્ત્વશ્રવણનો ખૂબ લાભ લીધો છે, તો હવે તેને બરાબર તમારા દિલમાં રાખજો. રાજ્યના કારભારમાં મને ભૂલી જતા નહી. એમ કહી કુલપતિએ તેને ઝેર ઉતારવાનો મંત્ર આપ્યો.

હરિષેણ રાજા પોતાની સેના સાથે નગરીમાં પાછા આવ્યા. રાજ્ય કારભારમાં પડે છે પણ એમના દિલમાં તાપસના આશ્રમમાંના એક મહિનાના વસવાટે રાજાની દૃષ્ટિ બદલી નાંખી તેથી રાજ્ય સત્તા, સંપત્તિ અને વૈભવ વિગેરેમાં એને પહેલાના જેવો આનંદ આવતો નથી. એમને અવારનવાર તાપસ સાથે મહિના સુધી કરેલી જ્ઞાનગોષ્ટી અને સત્સંગ યાદ આવે છે. ત્યારે એમ થાય છે કે અહો! ક્યાં એ તપોવનના નિવૃત જીવનનો આનંદ અને ક્યાં આ પ્રવૃત્તિમય જીવનની ખટપટ! આવું લાગવા છતાં પ્રવૃત્તિમય જીવન ઉભું રહ્યું પણ પેલા નિવૃત્તિમય જીવનના આનંદે સંસારનો રસ ઉડાડી મૂકયો.

આપણે જમાલિકુમારનો અધિકાર ચાલે છે. એક વાર તેણે ભગવાનના દર્શન કર્યા ને ભગવાનની વાણી સાંભળીને સંસાર પ્રત્યેનો રાગ ઉઠી ગયો. ભગવાન સિવાય તેને બધું શુન્ય દેખાવા લાગ્યું, એટલે માતાને હાથ જોડીને કહે છે હે માતા! તું મને દીક્ષાની આજ્ઞા આપ. ત્યારે તેની માતા કહે છે હે દીકરા! હું એક ક્ષણવાર પણ તારો વિયોગ સહન કરી શકતી નથી. માટે જ્યાં સુધી અમે જીવીએ ત્યાં સુધી તું ગૃહવાસમાં રહે અને અમે જ્યારે કાળ કરી જઈએ ત્યારે અનેક પૌત્ર-પૌત્રાદિકની વૃદ્ધિ કરીને આકાંક્ષા રહિત બનીને શ્રમણ ભગવંત મહાવીરની પાસે મુંડિત બનીને ગૃહવાસ છોડીને તું દીક્ષા લેજે. ત્યારે જમાલિ શું કહે છે:

"तएणंसे जमाली खत्तियकुमारे अम्मापियरो एवं वयासी,
तहाविणं तं अम्मताओ जण्णं तुल्भे ममं एव वदह तुम्मंसिणं जाया।
अम्मं एगे पुत्ते इट्ठे कंते तं चेव जाव पव्वइहिसि एवं खलु अम्मताओ।"

હે માતા-પિતા! તમે કહો છો કે અમારા મરણ પછી પુત્ર-પૌત્રાદિની વૃદ્ધિ કરીને

આકાંક્ષારહિત બનીને શ્રમણ ભગવંત મહાવીર પ્રભુ પાસે દીક્ષા લેજે. એ વાત સત્ય છે, પણ આપણા બેમાંથી કોણ પહેલું જશે તેની ખબર છે? કાચા સુતરના તાર જેવા આયુષ્યનો શું ભરોસો છે? આયુષ્ય ક્ષણેક્ષણે ક્ષીણ થઇ રહ્યું છે. હું તારા ગર્ભમાં હતો ત્યારથી મારી સામે બે દુશ્મનો મોં ફાડીને બેઠા છે. કારણ કે જીવ ગર્ભમાં આવે છે ત્યારથી તેનું આયુષ્ય ભોગવાય છે. ગર્ભમાં આવીને ઉત્પન્ન થતાં પહેલાં પૂર્વભવનું શરીર જીવે છોડયું અને વાટે વહેતાં એક-બે-ત્રણ જેટલા સમય ગયા તે આ ભવના આયુષ્યમાંથી ઓછા થાય છે. જીવ અહીંથી મરતા પહેલાં આયુષ્યના ત્રીજા ભાગે બંધ પાડે છે. આવતા ભવનું આયુષ્ય બાંધે છે. એ આયુષ્ય બંધાયા પછી સત્તામાં બે આયુષ્ય રહે છે પણ ભોગવાય છે એક. જ્યારે પૂર્વનો દેહ છોડીને વાટે વહેતો થાય છે ત્યારથી નવું આયુષ્ય ભોગવે છે. દીકરો વર્ષનો થાય ત્યારે વર્ષગાંઠ ઉજવે છે. પણ ભગવાન કહે છે તારી ગાંઠમાંથી એક વર્ષ ઓછું થયું. તેની ચિંતા થવી જોઇએ. જમાલિકુમાર એની માતાને કહે છે હે માતા! આયુષ્યનો શું ભરોસો છે?

આવશે એ કાળ કયારે કંઇએ કહેવાય ના,
દીપક બુઝાશે કયારે સમજી શકાય ના.
જીંદગીને મહેલ માની રચ્યો પચ્યો મહીં,
પાનાનો મહેલ છે એ મને ખબર પડી નહીં,
ખબર નહિ (૨) એ મહેલના નહીં કરવા ભરોસા (૨) .... આવશે...

વરસાદ પડે અને રેતી પલળે ત્યારે બાળકો પગ ઉપર રેતી ચઢાવીને કૂબો બનાવે છે ને આ મારૂં ઘર એમ કહી આનંદ માને છે. પણ એના બંગલાને કોઇ પણ હાથ અડાડે તો ભાંગીને ભૂક્કો થઇ જાય છે. આજે બહેનો ઘણી હોંશિયાર બની ગઈ છે. દવાની નાની નાની એકસરખી બાટલીઓનો તાજમહેલ જેવો બંગલો બનાવીને શૉ-કેસના કબાટમાં મૂકે છે. પણ એને સહેજ ઠોકર વાગે તો ભાંગીને ભૂક્કો થઇ જાય છે. એ ગંજીપાના મહેલ જેવી માનવની જિંદગી છે. એનો વિશ્વાસ કરવા જેવો નથી. હજુ પણ જમાલિકુમાર તેની માતાને શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :- કર્મનો વિપાક કેવો ભયંકર છે! જાલિનીએ પુત્રને જન્મ આપ્યો. જ્યારે શિખીકુમારનો જીવ ગર્ભમાં હતો ત્યારથી માતાને સારા દોહદ ઉત્પન્ન થયા હતા છતાં તેને એમ ન થયું કે આ ઉત્તમ જીવ છે અને જન્મ પછી તેને મારવા તૈયાર થઇ.

માતાને દીકરો શ્વાસપ્રાણ વહાલો હોય તેના બદલે આ માતા કેવું કરવા ઉઠી છે! દીકરો તો દાસીએ રાજાને સોંપી દીધો. રાજાએ તેને કોઈના ઘેર પત્ની ન જાણે તે રીતે ઉછેરવાની બધી વ્યવસ્થા કરી. પ્રધાનની પત્નીને મરેલો પુત્ર જન્મ્યો છે તેવું જાહેર કર્યું, શિખીકુમાર ધીમે ધીમે મોટો થાય છે. એને ખબર પડે છે કે મારી માતાને

મારા પ્રત્યે દ્વેષ છે ત્યારે તેને ખૂબ દુઃખ થતું. પારકી વ્યક્તિ માણસને દુઃખ આપે તો બહુ દુઃખ ન થાય. એમ થાય કે મારે એની સાથે પૂર્વના વૈર હશે તો આ ભવમાં એ વૈરનો બદલો વાળે છે. પણ જ્યારે માતા અને દીકરા કે દીકરી વચ્ચે, સાસુ ને વહુ વચ્ચે, પતિ-પત્ની વચ્ચે, પિતા ને પુત્ર વચ્ચે, આવું બને છે ત્યારે એમ થાય છે કે મારી માતા થઈને મને આવું કર્યું ? માતાને એમ થાય કે મારા દીકરાએ મને આમ કર્યું ? સાંકડી સગાઈમાં ખૂબ દુઃખ થાય છે.

શિખી નામ નિર્ધારીત કીના, સાનન્દ બઢે કુમાર,
કલાચાર્ય કે પાસ હો ગયા, કલા સીખ હુશીયાર,
ઇસ બાલક કો ગોદ લીયા હૈ, પિતા કિયા પ્રચાર હો...શ્રોતા....

બ્રહ્મદત્તે આ બાળકનું નામ શિખીકુમાર પાડયું. આનંદપૂર્વક બાળકને ઉછેરે છે. વખત જતાં મોટો થયો ત્યારે કલાચાર્યની પાસે ગુપ્ત રીતે ભણવા મોકલે છે. ખૂબ ભણીગણીને શિખીકુમાર હોંશિયાર થાય છે પછી એ પુત્રને ખોળે લીધો છે એમ જાહેર કરીને રાજા એને પોતાને ત્યાં લાવે છે. ગમે તેમ કરે પણ પોતાના અને પારકા કદી છાના રહેતા નથી. જાલિની તો શિખીને દેખે ને ક્રોધ આવે છે. પણ બ્રહ્મદત્ત પ્રધાન એનું ખૂબ ધ્યાન રાખે છે. ઘરની બીચડી ખાઈને પંચાત કરનારા વગર પૈસાના પોસ્ટમેન જાલિનીને કહે છે કે આ તારો પુત્ર છે. રાજાએ એને ગુપ્ત રીતે ઉછેર્યો છે ને ભણાવ્યો છે. આ સાંભળી જાલિનીને ખૂબ ક્રોધ ચઢયો. અહો ! મેં તો એને મારી નાંખવાનું કહ્યું હતું ને એને ઉછેર્યો ? નક્કી મારા પતિએ આમ કર્યું હશે. એને ખૂબ ક્રોધ આવ્યો.

જાલિનીનો કલેશ :- જાલિની રીસાઇને સૂઇ ગઇ. પ્રધાન ઘેર આવ્યો. એટલે પૂછે છે તમને આજે શું થયું છે ? કેમ સૂઈ ગયા છો ? પણ જાલિની બોલતી નથી. કષાયના ઉદયથી પતિ ઉપર કોપાયમાન બની ગઇ છે. ખાવું-પીવું-ફરવું બધા કાર્યનો ત્યાગ કર્યો છે. બ્રહ્મદત્તકુમારે ખૂબ પૂછયું ત્યારે કહ્યું કે તમારા વ્હાલસોયા દીકરાને તમે છાનોમાનો ઉછેર્યો છે ને ઘરમાં લાવ્યા છો. તો જો એને રાખવો હોય તો હું તમારા ઘરમાં નહિ રહું. કાં હું નહિ ને કાં એ નહિ. કાં મારો ત્યાગ કરો, કાં એનો ત્યાગ કરો. તમે જ્યાં સુધી એનો ત્યાગ નહીં કરો ત્યાં સુધી હું અન્નજળનો ત્યાગ કરીશ. બ્રહ્મદત્તમંત્રી ખૂબ ચતુર અને સમયનો જાણકાર હતો. પત્ની ક્રોધે ભરાઈ છે જાણી મૌન રહ્યો. પોતે કંઈ બોલ્યા-ચાલ્યા વિના જતો રહ્યો.

આ વાત શિખીકુમારના જાણવામાં આવી. પોતે ખૂબ સરળ ને સમભાવી આત્મા હતો. તેનાં મનમાં વિચાર થયો કે મારા નિમિત્તે મારા પિતાને કેટલું બધું સહન કરવુ પડે છે ! પિતાજીને તો મારા પ્રત્યે ખૂબ પ્રેમ છે. પણ માતાને મારા પૂર્વકર્મના ઉદયે બિલકુલ પ્રેમ આવતો નથી. શિખીકુમાર પોતાના પૂર્વકર્મનો દોષ દેખે છે

ને વિચાર કરે છે છે મારી માતાને કષાયમાં હું નિમિત્ત બનું છું અને પિતાજીને કષ્ટ સહન કરવું પડે છે. માટે મારે આ ઘરમાં રહેવું નથી. હવે આ શિખીકુમાર કેવી રીતે ચાલ્યો જશે, કયાં જશે, ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૫૮

ભાદરવા સુદ ૧૧ ને શુક્રવાર તા. ૭-૯-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો !

ભગવંત ફરમાવે છે કે હે ભવ્ય આત્માઓ ! હેય, જ્ઞેય અને ઉપાદેયનો વિવેક કરો. છોડવા જેવું છોડો અને ગ્રહણ કરવા જેવું ગ્રહણ કરો. દેવલોકના ભોગમાં પડેલો જીવ છોડવા ઇચ્છે તો પણ છોડી શકતો નથી અને નરકમાં એવી ભયંકર વેદના છે કે જે વેદનાથીજીવ કિંકર્તવ્ય મૂઢ બની જાય છે. સૂયગડાયંગ સૂત્રમાં નરકના દુઃખોનું એવું કરૂણ વર્ણન આવે છે કે જે સાંભળતાં ભલભલાના કાળજા કંપી જાય છે. આપણાથી એ વર્ણન સાંભળતાં ધ્રૂજી જવાય છે. તો એ દુઃખનું વેદન કરનાર જીવોની દશા કેવી કરૂણાજનક હશે ? અને તિર્યંચના પરાધીનપણાના દુઃખો તો તમે પ્રત્યક્ષ જોઇ રહ્યા છો. આત્માની સાચી કમાણી કરવાનો જો કોઇ ભવ હોય તો તે માનવભવ છે.

પૂર્વ જન્મકા પુણ્ય યોગ જબ પ્રગટ હુઆ અતિ હૈ ભાઇ,
તબ સુખદાયક સભી વસ્તુએં કિસી જીવને યદિ પાઇ।
તો અતિ ધીર સંયમી ગુરૂ કા, મહા કઠીન જગમેં સંયોગ,
કલ્પવૃક્ષ સમ સમજે પ્રિયવર, સત્સંગતિકા મિલના યોગ.॥

પૂર્વના મહાન પુણ્યના યોગથી કલ્પવૃક્ષ સમાન આ અમૂલ્ય માનવભવ મળ્યો છે જેના હાથમાં રત્નચિંતામણી હોય, જેના આંગણામાં કલ્પવૃક્ષ ફળ્યો હોય એને શું ભીખ માંગવાની હોય ? અને કદાચ માંગવા જાય તો તમે તેને મૂર્ખ જ કહોને ? 'હા'. તો તમે અમૂલ્ય માનવભવ પામીને ભૌતિક સુખોની ભીખ માંગતા હો તો તમે પણ મૂર્ખ ખરા કે નહિ ? ક્રોડો રત્નચિંતામણી ભેગા કરો તો પણ એનાથી તમને માનવભવ નહિ મળે. માટે સમજીને તમે જીવનમાં ધર્મનું વાવેતર કરો. આ માનવદેહ તમને મળ્યો છે તે યોગાયતન માટે છે ભોગાયતન માટે નથી. ભગવાને માનવભવનો મહિમા કંઇ એમને એમ નથી ગાયો. માનવ, ફરીને નવ મહિના માતાના ગર્ભમાં ન આવે તેનું નામ માનવ. આ માનવના નામને સાર્થક કરવા પુરૂષાર્થ કરવો જરૂરી છે. કારણ કે જેમ તમારી સામે ભોજનનો થાળ પીરસીને મૂકયો હોય પણ હાથમાં લઇને મોઢામાં કોળિયો મૂકવાની ક્રિયા તમારે કરવી પડશે તો ભૂખ મટશે. પણ ભોજન....ભોજન બોલવા માત્રથી ભૂખ

મટતી નથી, તે રીતે મોક્ષ મોક્ષ બોલવા માત્રથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી પણ પુરૂષાર્થ કરવાથી મોક્ષ મળે છે.

જેણે મોક્ષ તરફનો પુરૂષાર્થ આદર્યો છે તેવા જમાલિકુમાર માતા પાસે દીક્ષાની આજ્ઞા માંગે છે. જેને હીરાની પીછાણ થાય છે તે કાચના ટુકડાનો સંગ્રહ ન કરે. કાચના ટુકડાને હીરો કોણ માને ? જેને હીરાની પીછાણ નથી તે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે. એક ઝવેરી પહેલાં ખૂબ ધનવાન હતો. પણ જગતમાં પુણ્ય-પાપની લીલા અલૌકિક છે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવ્યા કરે છે. આ ઝવેરી મરણ પથારીમાં સૂતો છે, ઘરમાં કાંઈ રહ્યું નથી. પાછળ પત્ની અને નાના પુત્રોની શું સ્થિતિ થશે તેની ચિંતા કરતો હતો. અંતિમ સમય નજીક આવ્યો જાણી એની પત્નીને કહ્યું ઘરમાં કંઈ રહ્યું નથી પણ આપણી બાલી તિજોરીમાં એક ડબ્બી છે તેમાં લાલ કાગળે વીંટેલો એક કિંમતી હીરો છે. બધું ગયું પણ એટલું બચાવી શક્યું છે. તમે જ્યારે ખૂબ કષ્ટમાં મૂકાઈ જાવ ત્યારે એ હીરો મારો મિત્ર ઝવેરી છે તેને ત્યાં વેચજો. શેઠને વિશ્વાસ હતો કે મારો મિત્ર સ્વાર્થી નથી પણ દુઃખમાં સહાય કરે તેવો છે. ઘરમાં ભલે બાવાનું ન રહ્યું પણ આશાના તંતુએ માણસ જીવી શકે છે એમ વિચારી શેઠે એની પત્નીને આશ્વાસન આપ્યું અને શેઠ પરલોક પ્રયાણ કરી ગયા.

માતા લોકોના કામ કરી, દળણાં દળી પોતાનું અને દીકરાનું જીવન વીતાવે છે. પણ સમય જતાં ખૂબ ભીંસમાં આવી ગયા, કારણ કે કામ કરવાની તાકાત નથી. દીકરો ભણે છે. ખર્ચ કયાંથી કાઢવો ? ત્યારે માતા એના દીકરાને કહે છે બેટા ! આ પડીકું લઈને તારા કાકા ફતાણા શેઠ છે તેમને ત્યાં જા અને હીરો વેચીને જે આપે તે લઇ આવ. એ શેઠ ખૂબ પ્રમાણિક છે. પતિ ચાલ્યો ગયો છે પણ પત્નીને પતિના મિત્ર ઉપર વિશ્વાસ છે. શેઠ જરા પણ માયાવી ન હતા. જેવા અંદર તેવા બહારથી પવિત્ર હતા. માયા કરવાથી માણસ કેટલો નીચે ઉતરી જાય છે. ચોવીસ તીર્થંકરોમાં ઓગણીસમા મલ્લીનાથ ભગવાને આગળના ભવમાં કેટલી માયા સેવી હતી ? બધા મિત્રોની સાથે પૈષધ કરવાનું નક્કી કર્યું. એમને વિચાર થયો કે આ ભવમાં હું બધાથી મોટો છું તો આ ભવમાં બધાથ વધુ કરણી કરૂં તો આવતા ભવમાં મોટી પદ્વી મળે. નહિતર સરખા થઇ જઇશું, માટે છઠ્ઠ કરી લઉં. આ કોઇ સંસારની ગાઠ માયા ન હતી. એક પૌષધ કરવાને બદલે છઠ્ઠ કર્યો એટલી માયા કરી તો સ્ત્રી બનવું પડ્યું. પુરૂષ માયા કરે તો સ્ત્રી થાય, સ્ત્રી માયા કરે તો નપુંસક થાય. માટે માયા સર્વથા તજવા યોગ્ય છે.

શેઠ ખૂબ પવિત્ર હતા. માતાની આજ્ઞાથી દીકરો શેઠની દુકાને ગયો. પડીકું આપીને કહે છે કાકા ! આ કિંમતી હીરો મારા બાપુજી મૂકીને ગયા છે. હવે આપને

વેચાતો રાખવો હોય તો વેચાતો રાખી લો અને ગીરવી રાખો તો મને બદલામાં પૈસા અપાતા હોય તે આપો. શેઠ ચતુર ઝવેરી હતા. પડીકું ઉઘાડતાં પારખી લીધું કે આ હીરો નથી, કાચનો ટુકડો છે. પણ માત્ર મિત્રે આ મા–દીકરાના આશ્વાસન ખાતર આમ કર્યું લાગે છે.

શેઠ કહે છે બેટા ! આ બહુ મૂલ્યવાન હીરો છે. હમણાં એના ભાવ જેટલા જોઇએ તેટલા ઉપજશે નહિ. તું એમ કર. આ હીરો હમણાં તારા ઘેર મૂકી રાખ અને તું મારી દુકાને કામ કરવા બેસી જા. તમારે ખર્ચ માટે જે પૈસા જોઇએ તે હું આપીશ. હું તને ઝવેરાતનો ધંધો શીખવાડી દઉં. છોકરો રાજી રાજી થઈ ગયો. હીરો પોતાની માતાને આપી દીધો ને પોતે શેઠની દુકાને કામ કરવા બેસી ગયો. એક વર્ષમાં તો છોકરો ઝવેરી બની ગયો. ઝવેરાત પારખવાની લાયકાત આવી ગઈ. એટલે શેઠ કહે બેટા ! હવે પેલો હીરો લઇ આવ. આપણે તેના મૂલ્ય આંકીએ. છોકરો ઘેર ગયો. કબાટમાંથી હીરો કાઢયો. હવે એ ઝવેરી બની ગયો હતો. કાકા પાસે લઇ જવા જેટલી ધીરજ ખમી શકયો નહિ. મારા કાકા એનું મૂલ્ય કરશે પણ એ પહેલાં હું એના મૂલ્ય આંકી લઉં. પડીકું ખોલ્યું. જોયું તો કાચનો ટુકડો છે. હવે એ લઇ જાય ખરો ? અગર તિજોરીમાં મૂકે ખરો ?

બહેનો જેમ ઘઉંમાંથી કાંકરા વીણીને ફેંકી દે તેમ છોકરાએ કાચનો ટુકડો ફેંકી દીધો. માતા કહે છે બેટા ! તું શું કરે છે ? કિંમતી હીરાને આમ ફેંકી દેવાય ? ત્યારે દીકરો કહે છે માતા ! એ હીરો નથી પણ કાચનો ટુકડો છે. અજ્ઞાનપણે મેં કાચના ટુકડાને હીરો માન્યો. પણ હવે મને હીરા અને કાંકરા પારખવાનું જ્ઞાન થઇ ગયું માટે હવે કાચના ટુકડાનો સંગ્રહ નહિ કરું.

દેવાનુપ્રિયો ! એ છોકરો તો એક વર્ષમાં હીરા પારખવામાં જાણકાર બની ગયો પણ તમે કેટલા વર્ષોથી આ વીતરાગ પ્રભુની પાઠશાળામાં આવો છો ? હજુ તમને પિછાણ થઈ છે સાચું શું અને ખોટું શું છે ? કોઇ માણસ કાંકરાને તિજોરીમાં ભરતો હોય તો તમે કહી દેશો કે આ તો એક નંબરનો મૂર્ખ છે. બેવકૂફને કંઇ ખબર નથી પડતી કે તિજોરીમાં શું ભરાય ? રત્ન કે કાંકરા ? તમે પણ વર્ષોથી અહીં આવીને સંપત્તિ, વૈભવ-વિલાસ અને વિષયોના કાંકરા તમારી જીવનતિજોરીમાં ભરતા હો તો મારે તમને કેવા કહેવા ? (હસાહસ) અમૃતના કટોરા છોડીને વિષના કટોરા પીવા જાય, હીરા છોડીને કાંકરાનો સંગ્રહ કરે, હાથીની અંબાડી છોડીને ગધેડાની અંબાડી પર બેસવા જાય તે ડાહ્યો કહેવાય કે મૂર્ખ કહેવાય ? તમે આવા તો નથી ને ? જીવ સમજણના ઘરમાં ન આવ્યો હોય ત્યાં સુધી બોટો બોલે બેંચ્યા કરે છે. ગધેડાની જેમ છાલકા ઉપાડી જાણે છે. પણ આ છાલકામાં શું છે તેની ગધેડાને ખબર હોતી નથી.

એક વખત ત્રણ ગધેડા છાલકા ભરીને જતાં હતાં. વચમાં નદી આવી. એક ગધેડાએ વિચાર કર્યો કે હું પાણીમાં બેસી જાઉં તો થાક ઉતરે, પહેલું ગધેડું છાલકા સહિત પાણીમાં બેસી ગયું તો થોડીવારે તેનું વજન હળવું બની ગયું. ત્યારે બીજાને થયું કે હું બેસું. એ બેઠું તો એવું ભારે થઈ ગયું કે પાણીમાંથી બહાર નીકળવું મુશ્કેલ થઇ પડયું. ત્રીજું બેઠું તો એની ચામડી ખદબદી ગઈ. તમને થશે કે આમ કેમ બન્યું ? પહેલા ગધેડા ઉપર મીઠાનું છાલકું હતું. પાણીમાં બેઠું એટલે મીઠું ઓગળી ગયું એટલે તે હળવું બનીને બહાર નીકળ્યું. બીજાના ઉપર રૂનું છાલકું હતું. રૂ પાણીમાં પલળ્યું એટલે વજન વધી ગયું એટલે એ બિચારૂં ઉભું થઈ શકયું નહિ અને ત્રીજું છાલકું ચૂનાનું હતું. નવો ચૂનો પાણીમાં પલળ્યો એટલે એની ચામડી બળી ગઈ.

દેવાનુપ્રિયો ! તમે આવા ન બનશો. સંસારના કાદવમાં ખૂંચી ન જશો. પણ સંસારમાં રહેવા છતાં કયારે સંસારથી છૂટું એવું લક્ષ રાખજો. જો સંસારના કાદવમાં ખૂંચ્યા તો રૂના છાલકાવાળા ગધેડા જેવી સ્થિતિ થશે. માટે સમજીને પરિગ્રહના ભારથી હળવા બનો. મોટા મોટા રાજાઓ અને ચક્રવર્તિઓ સંસારમાં રહેવા છતાં કોરા કાગળ જેવા ન્યારા રહ્યા છે. આગળના રાજાઓએ પ્રભુનું રક્ષણ કરવા માટે યુદ્ધ ખેલ્યા છે, બધું કર્યું છે પણ સંસારમાં રહેવા છતાં વિષયો પ્રત્યેનો વિરાગ હતો. સંસારમાં રહેવા છતાં એમનું લક્ષ મોક્ષ તરફનું હતું. અહીં પણ કંઇક પુણ્યવાન જીવો હશે કે એમના કર્મના ઉદયે ઉપાશ્રયે આવી શકતા નહિ હોય પણ એમનું મન ઉપાશ્રયમાં રમતું હશે. અને કંઇક એવા જીવો પણ હશે કે ધર્મસ્થાનકમાં આવવા છતાં એમનું ચિત્ત ઘર તરફ હશે. એનું કારણ હજુ વિષયો પ્રત્યેથી વિરાગ પ્રગટયો નથી. વિષયો પ્રત્યે વિરાગ આવશે ત્યારે સંસાર કેદખાના જેવો લાગશે અને સગા-સબંધી બધા બંધનની બેડી રૂપ લાગશે ને સંયમ લેવાની લગની લાગશે.

જમાલિકુમારને હવે સંસાર કેદખાના જેવો લાગે છે. પ્રભુની વાણી સાંભળીને હૃદય રૂપી તિજોરીની ચાવી હાથ આવી ગઇ. તિજોરીમાં અમૂલ્ય ભજનો ભરેલો છે પણ જ્યાં ચાવી નહિ મળે ત્યાં સુધી તિજોરી નહિ ખુલે અને તિજોરી ખુલે નહિ ત્યાં સુધી અમૂલ્ય ધનનો હાથમાં આવે નહિ. જમાલિકુમારની તિજોરીના બારણાં ખુલી ગયા. અંતરનો અમૂલ્ય ધનનો નીરખી લીધો. હવે આ બહારનો મામૂલી ધનનો તેને ગમે ખરો ? જેમ પેલા ઝવેરીના છોકરાને હીરાની પારખ થતાં કાચનો ટુકડો ફગાવી દીધો અને શેઠ પાસે ગયો. શેઠ કહે છે બેટા ! હીરો લાવ્યો ? ત્યારે કહે છે કાકા ! એ તો કાચનો ટુકડો હતો. શેઠ કહે છે બેટા ! મેં જાણી જોઇને કહ્યું હતું કે તારા ઘેર હમણાં રાખી મૂક. જો તે વખતે હું એમ કહું કે આ હીરો નથી, કાચનો ટુકડો છે તો ગરીબ અવસ્થામાં તમને એમ થાત કે કાકાએ દગો કર્યો. અહીં રાખ્યો હોત તો પણ એમ

થાત કે હીરો બદલી લીધો હશે. પણ તું ઝવેરી બન્યો તો તને સાચા બોટાની પિછાણ થઈ, તું હવે કદી ઠગાઇશ નહિ. છોકરો સાચો ઝવેરી બની ગયો તો ન્યાલ થઇ ગયો.

હે દેવાનુપ્રિયો ! આ બાહ્ય ઝવેરાત પારખનારા ઝવેરી તો બન્યા પણ હવે આત્માનું ઝવેરાત પારખનારા ઝવેરી બનો. આત્માના સાચા ઝવેરી બનશો તો આ સંસારના કાચના ટુકડા જેવા સુખમાં કયાંય ઠગાશો નહિ. જમાલિકુમાર માતાને કહે છે માતા ! મને દીક્ષાની આજ્ઞા આપો. હું જલ્દી મારા પ્રભુની પાસે જાઉં ને જલ્દી ભવસાગરને તરી જાઉં. એના વૈરાગ્યનો કેટલો વેગ છે ! ત્યારે જમાલિની માતા વિલાપ કરતી શું કહે છે હે બેટા ! તું મારે એકનો એક પુત્ર છે. તું મને ખૂબ પ્રિય-મનોહર અને મનગમતો છે. તું આદરણીય અને અવલોકનીય છે. તારા પ્રત્યે મને બહુ માન છે. મારે મન તું રત્નોનો ભંડાર છે. મારું જીવન અને શ્વાસોચ્છવાસ તું છે. મારા હૃદયને તું તારા નામશ્રવણથી આનંદ આપનારો છે તો પછી તારા સાક્ષાત્ દર્શનની તો વાત જ કયાં કરવી ? તારા મીઠા મીઠા બોલ સાંભળતાં મારું હૈયું હર્ષથી નાચી ઉઠે છે. માટે હે પુત્ર ! અમે એક ક્ષણવાર પણ તારો વિયોગ સહન કરી શકતા નથી. માટે હમણાં દીક્ષા લેવાનું નામ લઈશ નહિ. અમે જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી તું ઘરમાં રહે અને રાજ્યસુખોને ભોગવ. અમારા મરી ગયા પછી તું મોટી ઉંમરનો થાય, વંશ પરંપરાને સુરક્ષિત રાખનાર સંતાનવૃદ્ધિ કરે પછી નિરપેક્ષ બની શ્રમણ ભગવંત મહાવીર પ્રભુ પાસે ગૃહવાસ છોડી ચારિત્ર અંગીકાર કરજે. અત્યારે તારે સંયમ અંગીકાર કરવાનો સમય નથી.

અહીં બંને પાત્રો સામાસામી છે. એક કહે છે હે માતા !

સંયમની ધૂન લાગી આતમ પ્યાસ જાગી,
આપો મૈયા આપો મને દીક્ષાની ભિક્ષા ... અરે આપો મૈયા...

ત્યાગની ઝોળી લઇને બોળા પાથરીને જમાલિકુમાર માતા પાસે દીક્ષાની આજ્ઞા માંગે છે ત્યારે માતા કહે છે–

તું છે બેટા નાનો, બેસી રહે ને છાનો
નહિ આપું (૨) તને દીક્ષાની ભિક્ષા....અરે નહિ આપું....
ભોગની વય છે તારી બેટા, ત્યાગની વાત છે ન્યારી,
કર કન્યાની કુમળી કાયા, કંટક સમ લાગશે વાત તારી
દિલમા દુઃખ થાયે અતિ તારી વાતને સુણી...
નહિ આપું, નહિ આપું તને દીક્ષાની ભિક્ષા (૨)
સંયમની ધૂન લાગી, આતમ પ્યાસ જાગી...આપો મૈયા...

બંને પાત્રો સામસામા કેવો સંવાદ કરે છે ! જમાલિકુમારને સંયમપંથે જવું

છે એટલે આજ્ઞા માગે છે ત્યારે માતા કહે છે બેટા ! તું નાનો છે. સંસારના સુખો ભોગવવાની તારી ઉંમર છે. ત્યાગની વાત જુદી છે. તારી કુમળી કાયા સંયમનો કઠોર પરિસહ કેમ સહન કરી શકશે ? તારી વાત સાંભળીને મારા કાનમાં જાણે કાંટા ભોંકાય છે. મારા દિલમાં દુઃખ થાય છે માટે હમણાં દીક્ષાની વાત ન કરતો. એકને જવું છે અને બીજાને જવા દેવો નથી. માતાએ ખૂબ ખૂબ કહ્યું પણ જમાલિકુમારનું હૃદય પીગળ્યું નહિ. તે જરાયે ઢીલો ન પડ્યો. પણ માતાને કહે છે હે માતા ! તમે મને કહો છો કે તું હમણાં સંસારમાં રહી જા. પણ આ સંસારમાં કોણ કોનું છે ? આ દેહનો શું ભરોસો છે ? આ સંસાર કેવો છે તે સાંભળ.

"माणुस्सए भवे अणेग जाइ जरा मरण रोग सारीरमाणसपकाम दुक्खवयेण वसणसओ वद्द वामिलूए अधुवे णणितिए असासए संसब्भ राग सरिसे खल बुब्बुद समाणे ।

હે માતા-પિતા ! અનેક જન્મ-જરા-મરણ અને રોગ-શોકથી ભરેલા આ જગતમાં એક માનવભવ છે. તેમાં અનેક પ્રકારની કામનાઓ કરવાનું મોટું દુઃખ છે. ઉપશાંત એની પાછળ બીજા સેંકડો સંકટોની પીડા જીવ પર આવી પડે છે. આટલું સહન કરીને પણ સુખ કાયમ રહેવાનું હોત તો જુદી વાત છે. પણ એ તો કાયમ રહેવાનું નથી. તેમાં સૌથી પ્રથમ જન્મનું દુઃખ તો કેવું ભયંકર છે !

જેમ કોઈ માણસ ધગધગતી ૧૦૦ સોયો ભેગી કરીને શરીરમાં ભોંકી દે અને જેટલી વેદના થાય તેથી અનંતગણી વેદના જન્મ વખતે જીવ ભોગવે છે. આ જન્મના દુઃખ પ્રત્યક્ષ દેખાતા નથી. ભોગવ્યા ત્યારે ભોગવ્યા હવે ભૂલાઈ ગયા. જેમ કોઈ માણસને પેટમાં મોટી ગાંઠ થઈ છે. તેને ઓપરેશન કરવા ઓપરેશન થીએટરમાં લઇ જવામાં આવ્યો. ત્યાં બધા ચકચકતા હથિયાર જોઈને હૃદય ગભરાઇ જાય છે કે આ હથિયારથી મારું પેટ ચીરી નાંખશે ! કેમ સહન થશે ? પણ ડોકટર ઓપરેશન કરતાં પહેલાં એને ક્લોરોફોર્મ સુંઘાડી દે છે. એટલે બેભાન બની જાય છે. પછી એનું પેટ ચીરી નાંખે કે ગમે તેમ કરે પણ ક્લોરોફોર્મના ઘેનમાં એને કંઇ ખબર પડતી નથી. તેમ જ્ઞાની કહે છે આ સંસારમાં એકેક જીવોને કર્મરાજાએ મોહનું ક્લોરોફોર્મ સુંઘાડી દીધું છે. એના નશામાં જન્મના દુઃખનું ભાન નથી. ગર્ભમાં પણ કેવા દુઃખ વેઠ્યા છે ! ગર્ભવંતી માતા કૂવે પાણી સીંચે તો ગર્ભમાંના જીવને એમ થાય કે મને ફાંસીના માંચડે ચઢાવ્યો. આવા અનેકવિધ કષ્ટો જીવે ગર્ભમાં વેઠ્યા છે. જન્મતા પણ અનંતી વેદના ભોગવી છે અને મરતી વખતે પણ જીવના પ્રદેશો ખેંચાય છે ત્યારે કેટલી વેદના થાય છે ? જે આત્મા મોક્ષે જવાનો હોય તેના આત્મપ્રદેશો ફૂંવાડે ફૂંવાડેથી જાય છે. જીવના પ્રદેશો સીધા ઉંચે જાય છે એટલે તેમને વેદના થતી નથી. પણ આપણા આત્મપ્રદેશો શરીરમાંથી ખેંચીખેંચીને બહાર નીકળે છે એટલે ખૂબ વેદના થાય છે. આવા જન્મ-મરણના દુઃખો છે.

વળી જીવન અધ્રુવ છે, અનિત્ય છે, અશાશ્વત છે. સંધ્યાના રંગ જેવું છે. જેમ સંધ્યાના રંગ ક્ષણવારમાં વિલીન થઈ જાય છે તેવું માનવજીવન ક્ષણિક છે. વળી જેમ પાણીના પરપોટા-બહેનો કપડા ધૂવે ત્યારે કપડાને સાબુ લગાવે ત્યારે ફીણના ગોટેગોટા વળે છે પણ ક્ષણવારમાં ફીણના ગોટા વિલીન થઇ જાય છે તેવું માનવજીવન છે. આ પ્રમાણે જમાલિકુમાર તેની માતાને સમજાવે છે. આગળ શું કહેશે તે વાત અવસરે કહેવાશે.

આજે અમારી જીવનનૈયાના સુકાની, પરમતારક એવા પૂજ્ય ગુરૂદેવ સ્વ. આચાર્ય બા. બ્ર. રત્નચંદ્રજી મહારાજ સાહેબની ૨૫મી પુણ્યતિથિનો પવિત્ર દિવસ છે. જે ગુરૂએ આપણને સંસારસમુદ્રમાંથી તરવાનો માર્ગ બતાવ્યો હોય તેમનો ઉપકાર કદી ભૂલાય નહિ. દશવૈકાલીક સૂત્રમાં ભગવાને કહ્યું છે કે સૂતેલા સિંહને જગાડનારો, ભડભડતી અગ્નિમાં કૂદી પડનારો હજુ કોઇ ને કોઈ પ્રકારે બચી જાય છે. પણ પોતાના પરમતારક ગુરૂની અશાતના કરનારો કદી બચી શકતો નથી. એવા ઉપકારી પૂ. ગુરૂદેવનું જેટલું સ્મરણ કરૂં તેટલું ઓછું છે. તે ગુરૂદેવના જીવન માટે આપને ટૂંકમાં કહીશ.

ગુજરાતનું પાટનગર અમદાવાદ છે. જેની મધ્યમાં પુણ્યસલિલા સાબરમતી પોતાનો શાંત પ્રવાહ વહાવી રહી છે. તેના કિનારે બંભાત રિયાસતનું ગલિયાણા નામે નાનું ગામ છે. તે શૂરવીર એવા ગરાસિયા રાજપૂતોની પુણ્યભૂમિ છે. ત્યાં જેતાભાઇ નામના રાજપૂત કિસાન વસતા હતા. તેઓ બહુ સરળ અને પવિત્ર ભાવનાવાળા હતા. જેમ પંકમાંથી પંકજ ઉત્પન્ન થાય તેમ જેતાભાઇને ત્યાં વિક્રમ સંવત ૧૯૪૨ની સાલમાં કાર્તિક સુદ ૧૧ના દિવસે પુત્રરત્નનો જન્મ થયો. તેઓશ્રીનું નામ રવાભાઇ હતું. તેઓ બે ભાઇ અને એક બહેન હતા. માતા-પિતા ત્રણે સંતાનોને બાલ્યાવસ્થામાં મૂકીને સ્વર્ગના પંથે ચાલ્યા ગયા. ધીમે ધીમે બાળકો મોટા થયા. એક વખતે રવાભાઇને કામપ્રસંગે વટામણ જવાનું બન્યું. ઉપાશ્રયની બાજુમાં તેઓ ઉતરેલા.

તે વખતે વટામણમાં બંભાત સંપ્રદાયના પૂ. મોંઘીબાઇ મહાસતીજી બિરાજમાન હતા. તેઓ ખૂબ વિદ્વાન અને જબ્બર સાધ્વીજી હતા. પ્રતિક્રમણ કરીને તેઓ એક સ્તવન મધુર કંઠે ગાતા હતા તે રવાભાઇએ સાંભળ્યું ને તેમને સતીજી પાસે જવાનું મન થયું. પણ રાત્રે તો જવાય નહિ. સવારે તેઓ તેમના સબંધીને લઈને ઉપાશ્રયે ગયા. રાત્રે ગાયેલું સ્તવન સંભળાવવા તેમણે વિનંતી કરી. મહાસતીજીએ ગીત સંભળાવ્યું અને જાણ્યું કે આ કોઇ હળુકર્મી આત્મા છે. એટલે સમય જોઈને તેમને સમજાય તેવો ઉપદેશ કર્યો. પુણ્ય-પાપની વ્યાખ્યા સાંભળી રવાભાઈના દિલમાં વૈરાગ્યની ભાવના જાગૃત થઇ. પણ તેમના પિતાનો મૂળ ધર્મ સ્વામીનારાયણનો હતો. તેમને ઘરમાં ચેન પડતું ન હતું તેથી તેઓ ગઢડા ગયા અને તેમણે તેમના આચાર્યને પોતાની સંસાર ત્યાગ કરવાની ભાવના વ્યકત કરી. તે વખતે તેમના

(સ્વામી નારાયણ) પંથના આચાર્યે કહ્યું કે તમારે અમારા પંથમાં બ્રહ્મચારી બનવું હોય તો તમારે તમારી સંપૂર્ણ માલ-મિલ્કત અમારા ભંડારમાં અર્પણ કરવી પડશે. તો તમને અમારા પંથની દીક્ષા આપવામાં આવશે. આ સાંભળી રવાભાઇ વિચારમાં પડી ગયા કે આ શું ? જે લક્ષ્મી અનર્થોને જન્માવનારી છે તેનો મોહ (મમત્વ) આ સાધુમાં ભર્યો છે માટે આ પંથમાં આત્મકલ્યાણ થઇ શકે નહિ. તેથી ગાદીપતિને જવાબ આપી દીધો કે મને તમારા ધર્મમાં આત્મકલ્યાણનો સાચો માર્ગ દેખાતો નથી. તેર વર્ષના બાલુડામાં કેટલું આત્મમંથન ! કેવી અગાધશક્તિ અને બુદ્ધિ ! કેવી હિંમત ! રવાભાઈએ તેર વર્ષની ઉંમરમાં આટલો ઉંડો વિચાર કર્યો ત્યારે તેમના ભાવિના ભણકારા કેટલા આનંદમય અને પ્રભાવશાળી હશે !

ત્યાંથી તેઓ પોતાના વતનમાં પાછા ફર્યા, પણ મહાસતીજીએ જે ઉપદેશ આપ્યો હતો તે તેમના મગજમાં ગુંજતો હતો. આ બાળક વિચાર કરવા લાગ્યો કે અહો ! હવે હું એ મહાસતીજી પાસે જઉં. હવે મારે આ ઘરમાં રહેવું નથી. એક દિવસ ખેતરમાં તેઓ કાલા વીણી રહ્યા હતા ને પોતે પણ વીણતા હતા. એ વીણતાં વીણતાં વિચાર આવ્યો કે મહાસતીજી તો કહેતા હતા કે ફળ-ફૂલ-પાન તોડવામાં પાપ છે, તો મને કેટલું પાપ લાગશે ? એમને પાપનો ભય લાગ્યો. કાલા વીણવાનું છોડી પૂ. મોંઘીબાઇ મહાસતીજી પાસે આવ્યા ને કહ્યું કે મને તમારો શિષ્ય બનાવો. ત્યારે મહાસતીજીએ કહ્યું ભાઇ ! અમે તો સાધ્વીજી છીએ. તમારે અમારી પાસે ન રહેવાય. જો તમારી ઇચ્છા હોય તો અમારા ગુરૂદેવ પાસે મોકલીએ. એટલે રવાભાઇએ હા પાડી. એટલે તેમણે તેમને પૂ. ગુરૂદેવ શ્રી છગનલાલજી મહારાજ સાહેબ પાસે ખંભાત અભ્યાસ માટે મોકલ્યા. પૂ. ગુરૂદેવ ખૂબ પ્રતિભાશાળી, વિચક્ષણ અને શક્તિશાળી હતા. તેઓ બાળકનું લલાટ જોઇને સમજી ગયા કે આ કોઇ અમૂલ્ય રત્ન છે. ગુરૂદેવની સાનિધ્યમાં રહેતા તેર વર્ષના કિશોર એવા રવાભાઇએ પંદર દિવસમાં સામાયિક અને પ્રતિક્રમણ શીખી લીધા અને ધીમે ધીમે એક વર્ષમાં ઘણો અભ્યાસ કર્યો અને ચૌદ વર્ષનો આ કિશોર દીક્ષા લેવા માટે તત્પર બન્યો. સગા-સ્નેહીઓને સમજાવી વિક્રમ સંવત ૧૯૫૬ના મહા સુદ પાંચમ (વસંતપંચમી) ના પવિત્ર દિવસે ખંભાત શહેરમાં ખૂબ ઉત્સાહપૂર્વક રવાભાઈએ પૂ. છગનલાલજી મહારાજ સાહેબ પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. પૂ. ગુરૂદેવે રવાભાઇનું ભાવિ જીવન ઉજ્જવળ જોઇ રત્નચંદ્રજી નામ આપ્યું અને તેઓ રવાભાઇ મટી સાચા રત્ન બની ગયા.

રત્ન સમાન રત્નચંદ્રજી મહારાજ સાહેબ ગુરૂદેવના સાનિધ્યમાં રહી જ્ઞાનમાં ખૂબ આગળ વધ્યા. જેમ જેમ શાસ્ત્રજ્ઞાન સંપાદન કરતા ગયા તેમ તેમ તેમનામાં નમ્રતા અને વિનયગુણ પ્રગટ થતાં ગયા. વૈશાખ વદી દશમના દિને પૂ. ગુરૂદેવ છગનલાલજી

મહારાજ સાહેબ ચમદ્રાવાદમાં સ્વર્ગવાસ પામ્યા એટલે ખંભાત સંપ્રદાયનું સુકાન પૂ. શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબના હાથમાં આવ્યું. ખંભાત સંઘે પૂ. શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબને આચાર્ય પદવી અર્પણ કરી. પૂજ્ય પદવી પ્રાપ્ત થયા બાદ ગુરૂદેવે ખંભાત સંપ્રદાયનો મહિમા અને સંઘબળ ઘણું વધાર્યું. પોતાના શીરે આવેલી શ્રી સંઘની જવાબદારી બરાબર અદા કરવા લાગ્યા. ગ્રામાનુગ્રામ વિચરતાં પોતાના શિષ્યો સહિત વિક્રમ સંવત ૧૯૯૫ માં તેઓશ્રી સાણંદ ચાતુર્માસ માટે પધાર્યા. તેમના ઉપદેશથી બે આત્માઓ બૂઝયા. એક જશુબાઇ મહાસતીજી અને બીજી હું (બા. બ્ર. પૂ. શારદાબાઇ મહાસતીજી) જે ગુરૂદેવે અમને સંસારની અસારતા સમજાવી અને બળતા દાવાનળમાંથી બહાર કાઢયા અને આત્મકલ્યાણનો રાહ બતાવ્યો તે ઉપકાર કદી ભૂલાય તેમ નથી. આ સંસારસમુદ્રમાં ગુરૂદેવ અમારા માટે દીવાદાંડી સમાન હતા. ખરેખર જીવનરચના સાચા સારથી પૂજ્ય ગુરૂદેવ છે. ગુરૂ વિના કોઈ માર્ગ બતાવનાર નથી.

પૂજ્ય ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબ ૨૦૦૦ની સાલમાં સુરત ચાતુર્માસ માટે પધારેલ. ત્યારે પાળીયાદના રહીશ ત્રીકમલાલ ધનજીભાઇના સુપુત્ર શ્રી ડુંગરશી ભાઇએ દીક્ષા અંગીકાર કરી. તેઓ બા. બ્ર. હર્ષદ મુનિ મહારાજ પૂજ્ય રત્નચંદ્રજી મહારાજ સાહેબના શિષ્ય તરીકે પ્રસિદ્ધ થયા. પૂ ગુરૂદેવના સાનિધ્યમાં રહી તેમણે વ્યાખ્યાતાનું પદ પ્રાપ્ત કર્યું. પૂજ્ય ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબે બાર ચાતુર્માસ અમદ્રાવાદમાં કર્યા. બાર ચાતુર્માસ ખંભાતમાં, દશ ચાતુર્માસ સુરતમાં, છ ચાતુર્માસ સાણંદમાં અને ચાર ચાતુર્માસ મુંબઈમાં (વિ. સં. ૧૯૬૪, ૧૯૭૪, ૧૯૭૫, ૧૯૮૧) કર્યા હતા. ત્રણ વસોમાં, એક કઠોરમાં, એક બોટાદમાં અને છેલ્લું ચાતુર્માસ સંવત ૨૦૦૪ માં ખંભાત કરેલું. પૂજ્ય ગુરૂદેવને કોઇએ પૂછયું–સાહેબ! આપનું સંવત ૨૦૦૪ નું ચાતુર્માસ ક્યાં છે? તો કહે કે આ છેલ્લું ચાતુર્માસ ખંભાત છે. એવું તેઓ સુરતથી પાછા ફરતાં વિહારપંથે બોલ્યા હતા. તેઓ દર ચાતુર્માસમાં વ્યાખ્યાનમાં ભગવતીસૂત્રનું વાંચન કરતા હતા. પણ છેલ્લા ચાતુર્માસમાં ઉત્તરાધ્યયન સૂત્રનું પાંચમું અધ્યયન "સકામ અકામ મરણ" નો અધિકાર વ્યાખ્યાનમાં પૂજ્યશ્રીએ ખૂબ લાક્ષણિક શૈલીથી સમજાવ્યો હતો. તેમના વ્યાખ્યાનના પ્રભાવથી સંઘમાં અદ્ભૂત ઉત્સાહ વર્તાઈ રહ્યો હતો.

પૂ. ગુરૂદેવના જીવનનો ઇતિહાસ ખૂબ જાણવા જેવો છે. પૂ. ગુરૂદેવનું જીવન અને ચારિત્ર એટલું તો પ્રભાવશાળી હતું કે જોનાર માનવીની આંખ ઠરી જાય. પૂ. ગુરૂદેવના જીવનમાં ક્ષમા તો અજબ હતી. પૂ. ગુરૂદેવની તબિયત ભાદરવા સુદ પાંચમના દિને શરદીનું જોર થવાથી બગડી હતી. પણ તેમાં ધીમે ધીમે સુધારો થયો. ભાદરવા સુદ દશમના દિવસે તેમના શિષ્ય તપસ્વી શ્રી ફૂલચંદ્રજી મહારાજ સાહેબને ૩૮ ઉપવાસ પૂર્ણ થયા ત્યારે પૂ. ગુરૂદેવને વિનંતી કરી કે સાહેબ! મને શાતા છે. ત્રણ ઉપવાસ ભેળવીને ૪૧ ઉપવાસ કરાવો. ત્યારે

ગુરૂદેવ બોલ્યા કે આજે હું તમને છેલ્લું પારણું કરાવું છું. ગુરૂદેવના એકેક શબ્દો એવા હતા કે કોઇને કંઈ ખ્યાલ ન આવ્યો. તે દિવસે આખા સંઘમાં પૂ. રત્નચંદ્રજી મહારાજ જાતે ગોચરી કરવા માટે પધાર્યા. ત્યાર બાદ શિષ્યને પારણું કરાવ્યું. છેલ્લે સાંજના પ્રતિક્રમણ કરવા બેઠા તે પહેલાં પોતાના લઘુ શિષ્ય હર્ષદ મુનિને માથે હાથ મૂકીને ખુબ શિખામણ આપી અને તપસ્વી મહારાજને કહ્યું આજે તમને માનસિક ઉપસર્ગ આવવાનો છે. તમે બધા ખુબ હિંમત રાખજો. વકીલ ગુલાબચંદ સંગાણી ખંભાત ગયેલા. તેમની સાથે ત્રણ માળ સુધી ફરીને વાતો કરી. વકીલને જવાની રજા આપી. તેથી વકીલ અમદાવાદ આવ્યા. ખંભાતના ઝવેરી માણેકલાલ ભગવાનદાસ પટેલ (હાલ મુંબઇ) સાયનમાં રહે છે તેઓ મુંબઇ જતાં પહેલાં પૂ. ગુરૂદેવના દર્શન કરવા આવ્યા. તેમને કહે છે તમે આજે મુંબઇ ન જશો. કાલે તમારૂ કામ પડવાનું છે. આવી આવી સંક્ષેપમાં ઘણી વાતો કરી. પોતાના જીવનની અંતિમ ઘડીનો ખ્યાલ આવી જવાથી પ્રતિક્રમણ કરી ચૌવિહારના પચ્ચખાણ કર્યા. પછી મેડા ઉપરથી નીચે પધાર્યા અને બધા શિષ્યોને સુંદર શિખામણ આપી. મને જ્યારે અમદાવાદ ચાતુર્માસની આજ્ઞા કરી ત્યારે મેં દલીલ કરી કે ગુરૂદેવ ! મારી તબિયત સારી નથી. હંમણા ઠીક થયું છે તો આ વખતે મને અમદાવાદ ચાતુર્માસ ન આપો. ત્યારે ગુરૂદેવે કહ્યું ચાતુર્માસની હું તમને છેલ્લી આજ્ઞા આપું છું. આવી ઘણી વાતો કરી પણ કોઇ એ ગૂઢ વાતને સમજી શકયું નહિ.

પૂ. ગુરૂદેવની તબિયત રાતના વધુ બગડતી ગઇ. કારમુ વાદળ ઘેરાવા લાગ્યું. પૂ. ગુરૂદેવે શ્રી સંઘને કહી દીધું કે મારા ચારિત્રમાં કોઇ જાતનો દોષ ન લાગવો જોઇએ તે વાત ખાસ ધ્યાનમાં રાખજો એમ કહી પોતે સમાધિમાં સ્થિર થવા લાગ્યા. ચાર આંગળા ઉંચા કરી સંઘને નિશાન આપી દીધું અને છેવટે સમાધિભાવમાં સ્થિર રહી ભાદરવા સુદ ૧૧ ના દિને પ્રભાતના ચાર વાગે સંવત ૨૦૦૪ ની સાલે પૂજ્ય ગુરૂદેવ આ ફાની દુનિયા છોડી શ્રી સંઘને રડતો મૂકી સ્વર્ગના પંથે પ્રયાણ કરી ગયા.

બંધુઓ ! આવા પવિત્ર, સંયમી પ્રતિભાશાળી, ક્ષમામૂર્તિ, રત્નસમાન રત્નગુરૂદેવની ૨૫મી પુણ્યતિથી દિને આજે ઓછામાં ઓછા જે પ્રત્યાખ્યાન કરો તે ૨૫ દિવસના અવશ્ય કરજો. તેમજ આવા મહાન ગુરૂવર્યના જીવનમાં રહેલા આદર્શને અપનાવજો તો તમે સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી ગણાય. એ પૂજ્ય ગુરૂદેવને આપણા કોટી કોટી વંદન હો.

☆

વ્યાખ્યાન નં. ૫૯

ભાદરવા સુદ ૧૨ ને શનિવાર તા. ૮-૯-૭૩

ગુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો !

અનંતકરૂણાનિધી શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના ઉદ્ધારને માટે સિદ્ધાંત

વાણીની પ્રરૂપણા કરી. ભગવંતે ત્રિપદી–ત્રણ શબ્દોમાં ઉપદેશ આપ્યો છે અને ગણધર ભગવંતોએ તે વાણી ઝીલી છે. ત્રણ શબ્દો દ્વારા ગણધર ભગવંતોએ દ્વાદશાંગી સૂત્રની રચના કરી છે. તમને એમ થશે કે ત્રણ શબ્દો દ્વારા દ્વાદશાંગીની રચના કેવી રીતે કરી? જૈન શાસન કહે છે શબ્દોની શક્તિ અમાપ છે. ત્રણ શબ્દોમાં ગણધર ભગવંતો શાસ્ત્રોના શાસ્ત્રો પામી ગયા. તે પ્રમાણે વિશિષ્ટ શક્તિસંપન્ન પવિત્ર આત્માઓ નવકારમંત્રમાં ચૌદ પૂર્વનું જ્ઞાન પામી શકે છે.

જેમ બાળક પતંગ ચઢાવે છે ત્યારે તેની પાસે દોરાની ઢડી નાની હોય છે, પણ જેમ પતંગ ઉંચે ચઢે તેમ તેનો દોર બહુ લાંબો નીકળે છે ને પતંગ ખૂબ ઉંચે ચઢી જાય છે. દિવાળીના દિવસોમાં બાળકો ફટાકડા ફોડે છે ત્યારે એક નાનકડી ગોળી સળગાવે છે તો તેમાંથી ઘણો લાંબો સર્પ બની જાય છે ને? આ તો સામાન્ય વસ્તુ છે. તો ચર્મચક્ષુથી ન જોઇ શકાય તેવા શબ્દોમાં અને તે પણ તીર્થંકર પ્રભુની અમૂલ્ય સાધનાના પાવર હાઉસમાંથી ઉત્પન્ન થયેલા શબ્દોમાં તો કેવી શક્તિ હોય? કેવો જાદુ હોય? શબ્દથી તો માણસ ક્રુજી હાલે છે. પરદેશમાં એક માણસ સ્ટેજ પર ચઢીને ભાષણ કરતો હતો. તેણે કહ્યું કે આ સભામાં બેઠેલામાં મોટા ભાગના ૫૦ ટકા માણસો ગાંડા છે એટલે લોકોમાં ખળભળાટ મચી ગયો અને લોકો તેને મારવા દોડ્યા. એટલે ફરીને બોલ્યો–હું બોલતા ભૂલી ગયો. આ સભામાં ૫૦ ટકા માણસો ડાહ્યા છે. ત્યારે લોકોના મુખ ઉપર આનંદ આનંદ છવાઇ ગયો. વાત તો એની એ છે છતાં શબ્દોમાં કેટલી તાકાત છે તે આ દાખલા ઉપરથી સમજી શકાય છે.

અરે! જાદુગરોમાં પણ કેટલી તાકાત હોય છે. મહંમદ છેલ નામનો એક જાદુગર થઇ ગયો. તે એક વખત સ્ટેશનમાં બેઠો હતો, ત્યાં જૈન મુનિ ગૌચરી કરીને પસાર થાય છે. તે સમયે બીજા શ્રાવકો પણ બાંકડા ઉપર બેઠા હતા તે ઉભા થઇને મુનિને વંદન કરે છે. ત્યારે મહંમદ છેલ પૂછે છે આ કોણ છે? ત્યારે કહે છે આ જૈન મુનિ છે. અમારા ગુરૂ છે. દુનિયામાં બધાના ત્યાગ કરતાં જૈન મુનિનો ત્યાગ અજોડ છે. એમની ત્યાગની તોલે કોઇ ન આવી શકે. ત્યારે મહંમદ છેલ વિચાર કરવા લાગ્યો કે મેં ઘણાં જાદુના ખેલ ખેલ્યા. જાદુથી ભલભલાને હરાવ્યા પણ આ જૈન મુનિને મારા જાદુનો પરચો કરાવ્યો નથી. શ્રાવકોને કહે છે તમે ભૂલો છો. આ સાધુ નથી. પણ ઠગ છે. જુઓ, એના પાત્રમાં શું છે? એના જાદુના પ્રભાવથી મુનિના પાત્રમાં રહેલા ભજીયા માંસના ભજીયા બનાવી દીધા. આ જોઈ શ્રાવકો હેબતાઇ ગયા. પણ મુનિ જેવા તેવા ન હતા. મહાન શક્તિધારી હતા. એમણે પોતાની લબ્ધિનો ઉપયોગ કર્યો. જૈન મુનિઓને તપના પ્રભાવે ઘણી શક્તિઓ પ્રાપ્ત થાય છે પણ તેનો ઉપયોગ કરતા નથી. પણ અત્યારે જૈન ધર્મની ઇજ્જતનો સવાલ હતો એટલે પોતાની શક્તિનો પ્રયોગ કરી બેતરમાં એક વૃક્ષ

નીચે જઇને બેઠા. આ તરફ મહુંમદ છેલ્લ તો બેઠો ત્યાંથી ઉભો ન થઇ શકયો. એને જે ઉઠાડવા જાય તે ચોંટી જાય. છેવટે જૈન મુનિની માફી માંગી ત્યારે મુનિએ તેને મૂળ સ્થિતિમાં મૂકી દીધો. એને જૈન મુનિનો પરિચય થઇ ગયો કે હું ગમે તેવો જાદુગર હોઉં પણ આ જૈન મુનિની તોલે નહિ. ફરીને જૈન મુનિનું નામ લેતાં ભૂલી ગયો.

કચ્છમાં માંગો નામનો જાણીતો કંદોઇ હતો. મોહના નામના જાદુગરે તેની પાસે મફત મીઠાઈ માંગી ત્યારે કંદોઇએ કહ્યું પહેલા પૈસા આપો પછી મીઠાઈ આપું. કંદોઇએ તેને મફત મીઠાઈ ન આપી ત્યારે મોહનાએ એના જાદુના મંત્રની શકિતથી બધી મીઠાઈઓના થાળ તેને ઘેર મોકલાવી દીધા. કંદોઇ વિચાર કરે છે હું અહીં બેઠો છું ને મારા દેખતા બધી મીઠાઇ કયાં અલોપ થઈ ગઇ! આ શબ્દની શકિત છે ને આજે પ્રત્યક્ષ દેખાય છે. મોહના જાદુગર મંત્રશકિતથી દરિયામાં તરતી સ્ટીમરોને ક્ષણવારમાં અદૃશ્ય કરી દેતો અને ક્ષણ પછી તરતી બનાવી દેતો. જીવતા માણસોને મરેલા જેવા બનાવી દેતો અને પાછો અને થોડીવારમાં જીવતા બનાવી દેતો.

દેવાનુપ્રિયો! સામાન્ય મંત્રમાં આટલી તાકાત છે તો નવકાર જેવા મહામંત્રમાં તો એથી અધિક તાકાત કેમ ન હોય? શબ્દની શકિત પત્થરને પણ પીગળાવી શકે છે, તો વીતરાગ પ્રભુની વાણીમાં કેટલી તાકાત હોય! પ્રભુની વાણીએ ચંડકૌશીકના જીવનમાં જાદુ કર્યું. જ્યાં ઝેરની વર્ષા વરસી રહી હતી ત્યાં ખુશ – ખુશ એ ચંડ કૌશીક! એટલા શબ્દે કમાલ કરી અને ઝેરના બદલે અમૃતનો વરસાદ વરસ્યો. જમાલિકુમારના જીવનમાં પણ પ્રભુના વચને કમાલ કરી અને એક વખત વાણી સાંભળીને વૈરાગ્ય આવ્યો ને માતાની પાસે દીક્ષાની આજ્ઞા માંગવા આવ્યો. જમાલિકુમારે સીધી દીક્ષાની આજ્ઞા માંગી નથી. પહેલાં તો એમ કહ્યું હે માતા! હું પ્રભુના દર્શન કરવા ગયો હતો. મેં પ્રભુની વાણી સાંભળી. ત્યારે તો માતાને આનંદ થયો કે હું કેવી ભાગ્યવાન! કે મારા દીકરાને આ વૈભવ અને વિલાસમય વાતાવરણમાં ભગવાનના દર્શન કરવા જવાનું મન થયું ને પ્રભુની વાણી એને ગમી. પણ જ્યાં દીક્ષાની વાત કરી તે ન ગમી અને મૂર્છા આવી ગઈ. જમીન પર પડી ગઇ. આ માતાને કોણે પટકી નાંખી? જમાલિકુમારની ચારિત્ર લેવાની ભાવનાએ નહિ પણ પુત્ર પ્રત્યેના અત્યંત ભારે મોહના જોરે. જો મોહ ન હોત તો જમાલિકુમારની વાત સહર્ષ વધાવી લેત. ગૌરવ અનુભવત કે મારો દીકરો કેવો બહાદુર! કેવો વિવેકી! એની કેવી સુંદર ભાવના! પણ માતાને મોહનો નિશો ચઢયો છે, એટલે આવા વચન કયાંથી બોલાય? અહીં તમે એમ કહેશો કે પુત્ર આવું બોલ્યો ને માતા બેભાન બની ગઇ. ભાઇ! શું માતાને બેભાન કરનાર પુત્રના વચન છે? સત્ય બોલજો. પુત્રનું વચન તો સારૂં છે, પણ બેભાન કરનાર માતાનો મોહ છે.

મહાનુભાવો! આજે જગતમાં જ્યાં જુઓ ત્યાં ચારે તરફ મોહનું સામ્રાજ્ય

વ્યાપેલું છે. મોહના કારણે આત્માની કિંમત સમજાતી નથી. દેહના મોહે દેહીને વીસરી જાય છે. જો સમજાય તો દેહ અને આત્મા ભિન્ન છે. શરીરના ધર્મો અને આત્માના ધર્મો અલગ છે. આખો દિવસ શરીરના મોહમાં પડી જીંદગીને તેની પાછળ ખર્ચી નાંખશો તો આત્માનું શું થશે તેનો કદી વિચાર કર્યો? ઈચ્છાએ કે અનિચ્છાએ એક દિવસ શરીર તો છોડવાનું છે એ તો જાણો છો ને? આવું ઉત્તમ માનવજીવન પામીને આત્મસ્વરૂપની ઓળખાણ નહિ થાય. આત્મકલ્યાણ માટે જે કરવાનું છે તે નહિ કરો તો અંતે પરિણામ શું આવશે તેનો વિચાર કદી કર્યો છે? દેહનું પોષણ કરવા માટે જે પુરૂષાર્થ કરવો પડે તે જરૂર કરો, પણ એનાથી વધુ મેળવવાની તૃષ્ણા ન રાખો. એવી ભાવના રાખો કે સંસારનું સુખ મળે તો ય ઠીક અને ન મળે તોય ઠીક. જીવનમાં જેટલા સાધનો વધારે તેટલા બંધન વધારે, માટે જરૂરિયાતથી અધિક સાધનો વસાવો નહિ. ઘણી વખતે અતિ સુખ અને સાધનોની લાલસા માણસને ધનવાન હોવા છતાં કંગાળ બનાવે છે.

એક વખત સમ્રાટ સિકંદર દેશોદેશ ઉપર વિજય મેળવતો મેળવતો તુર્કસ્તાન તરફ આવી રહ્યો હતો. તુર્કસ્તાનના રાજાને ખબર પડી કે સમ્રાટ સિકંદરની મોટી સેના તુર્કસ્તાન ઉપર ચઢાઈ લઈને આવી રહી છે. પણ રાજા તો શાંતિથી બેઠા છે. તેનો પ્રધાન ખૂબ સમજાવે છે કે મહારાજા! સમ્રાટ સિકંદર આવે છે. લડાઇ કરવા તૈયાર થઇ જાવ. જલ્દી યુદ્ધની તૈયારી કરાવો. ત્યારે રાજા એક જ શબ્દ બોલવા લાગ્યો કે એ સમ્રાટ સિકંદરને અહીં આવવા દો. વિજયના મદમાં પાગલ બનેલું સિકંદરનું સૈન્ય જોતજોતામાં તુર્કસ્તાન આવી પહોંચ્યું. ત્યારે પ્રધાનમંત્રી કહે છે મહારાજા! સિકંદર સીમાડે આવી પહોંચ્યો છે. દુશ્મનને હટાવવા આપ જરાયે તૈયારી કરતા નથી તો એ ઘેરો ઘાલી દેશે પછી આપણે શું કરીશું?

ત્યારે રાજા કહે છે મને બધો ખ્યાલ છે. હું કંઈ ઉંઘમાં નથી. તમે તમારે શાંતિથી બેસી રહો. ચિંતા કરો નહિ. સિકંદર કંઈ કરી શકવાનો નથી. જેવો આવશે તેવો ચાલ્યો જશે. તમે ગભરાશો નહિ એટલે પ્રધાન મૌન રહ્યા. બીજી તરફ સિકંદરનું સૈન્ય ગામમાં આવી ગયું. તેનું સન્માન કરવા તુર્કસ્તાનનો રાજા સામે ગયો. બંને સમ્રાટો ભેટી પડયા. યુદ્ધની વાત કરી જ નહિ. તુર્કસ્તાનના રાજાએ સિકંદરને જમવાનું આમંત્રણ આપ્યું. સિકંદરે તેનું આમંત્રણ સ્વીકારી લીધું.

બીજા દીવસે આખું નગર શણગાર્યું. વાજતેગાજતે રાજાનો કુમાર પોતાના મહેલમાં જમવા માટે લઇ જાય છે. સિકંદરના મનમાં થયુ કે આ આદર–સત્કાર પાછળ કંઇ માયા તો નહિ હોયને? ખુબ સાવચેતીપૂર્વક સિકંદર જઈ રહ્યો છે. પણ તુર્કસ્તાનના રાજાના પ્રેમ આગળ એવું કંઇ નથી લાગતું. જમવા માટે સૌ સૌના સ્થાને બેસી ગયા. દરેકની જગ્યાએ રેશમી રૂમાલ ઢાંકેલી સોનાની થાળીઓ આવી ગઈ. રાજાએ સમ્રાટ

સિકંદરને ભોજન કરવા વિનંતી કરી. દરેકે પોતાના ભાણા ઉપરથી રૂમાલ લઇ લીધા તો દરેકના ભાણામાં ભોજનને બદલે જુદી જુદી ચીજો હતી. સેનાધિપતિના થાળમાં સોનાના સિક્કા, સેનાપતિના થાળમાં ચલણી નાણાંના સિક્કા અને સિકંદરના થાળમાં હીરા-મોતી અને માણેક ભરેલા હતા. આ જોઇને સિકંદરને ગુસ્સો આવ્યો ને આવેશભર્યા વચનો બોલ્યા કે તમે આ શું કર્યું છે? તમે મને જમવા બોલાવ્યો છે કે મારી મશ્કરી કરવા? ત્યારે તુર્કસ્તાનના રાજાએ કહ્યું કેમ, ભોજનમાં ખામી છે? આપ જેવું ભોજન ઇચ્છો છો તેવું મેં પીરસ્યું છે. આપ દરરોજ જેવું ભોજન જમો છો તે તો ગ્રીસમાં બેઠાબેઠા પણ જમી શકો છો. પણ તમને જેની ભૂખ લાગી છે તેને માટે આટલું કષ્ટ વેઠીને પણ અહીં સુધી આવ્યા છો એ બાબતનું લક્ષ રાખીને મેં આપને આવું ભોજન પીરસ્યું છે. બાકી મશ્કરી કરવાનો મારો કોઈ ઇરાદો નથી. આ સાંભળી સમ્રાટ સિકંદર શરમીંદો બની ગયો અને સૈન્યના પડાવ ઉઠાવી ગ્રીસ જવા રવાના થઈ ગયો.

બંધુઓ! આ તો સિકંદરની વાત થઇ. પણ જગતના જીવોને આવી ભૂખ લાગી છે ને? પૈસાની ભૂખ મટાડવા માટે આજનો માનવી દેશ છોડી પરદેશ જાય છે. ત્યાં કેટલા કષ્ટો વેઠે છે. ફાનસની ચીમની ઉપર મેશ વળી જાય છે ત્યારે દીપકનો પ્રકાશ નથી દેખાતો તેમ જેને જડની ભૂખ લાગે છે તેને આત્મસુખ નથી સમજાતું. સંસારની માયાજાળમાંથી છૂટવાને બદલે તેમાં અટવાતો જાય છે. સવારે ઉઠે ત્યારથી લઇને સાંજ-સુધી જડની માવજત કરે છે. કેટલું કમાયા? કેટલો નફો થયો? ને કેટલી ખોટ ગઇ? એના સરવાળા અને બાદબાકીમાંથી ઉંચા નથી આવતા. સંસારના ભોગ અને સ્વાદના આનંદ સિવાય બીજો કંઇ વિચાર આવે છે? પણ વિચાર કરો. ભોગ અને સ્વાદનો આનંદ તો જાનવરો પણ લઈ શકે છે. હવે ભોગનો આનંદ છોડીને ત્યાગનો આનંદ માણવાનું મન થાય છે? આત્માનો આનંદ જોઈતો હોય તો જડનો સંગ છોડી ચેતનનો સંગી બન. થોડો સમય પણ આત્માને સમજવા માટે કાઢો. પણ આ વાત કયારે સમજાય-કે દેહનો રાગ છૂટે ને આસક્તિભાવ ઘટે ત્યારે.

આજે તો જ્યાં જુઓ ત્યાં જડની પૂજા થાય છે અને જડ પુદ્ગલો દ્વારા મળતા સુખોને અને એ સુખના સાધનોને પોતાના માની લીધા છે. પણ માનવજન્મ પામીને મારૂં લક્ષ આત્મસાધનાનું હોવું જોઈએ આ વાત ભૂલાઇ ગઇ છે. ધર્મનુ પાલન થાય, આત્માનું કલ્યાણ થાય એ માટે દેહનું રક્ષણ કરવું જોઇએ. તેને ખાવા-પીવાનું આપવું જોઈએ પણ ભોગના ચટકા અને સ્વાદના ચસ્કા માટે નહિ. ભોગ એ તો વિષ જેવા ભયંકર છે. એ તૃષ્ણા કદી પૂરી થવાની નથી. ઇન્દ્રિઓ ઉપર કંટ્રોલ રાખીએ તેટલા ભોગ ઘટે. ચમચાને દૂધપાકમાં નાંખો, શ્રીખંડમાં નાંખો કે દાળ-કઢીમાં નાંખો પણ તેને કંઇ હર્ષ કે ખેદ નથી તેમ ઇન્દ્રિઓને શબ્દ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શના જ્ઞાનની

જરૂર છે. પણ તેની પાછળ સુખ-દુઃખ માનીને મૂંઝાવાની જરૂર નથી. દેહને ભાડું આપી દીધું એટલે કામ ચાલ્યું. દીપક પાસેથી પ્રકાશની જરૂર છે તો તેમાં તેલ પૂરવું જોઈએ. એંજિન પાસેથી કામ લેવું છે તો કોલસા પૂરવા જોઈએ તેમ આપણે દેહ પાસેથી કામ લેવું છે તો તેને ખાવાનું આપવું જોઈએ. આ રીતે સમજણપૂર્વક દેહનો ઉપયોગ કરશો તો આત્માનંદની અનુભૂતિ થશે. પણ આજે તો માનવી આત્મા માટે કંઈ કરવા તૈયાર નથી. જડ વસ્તુ માટે જે કહો તે કરવા તૈયાર છે, પણ આત્મા માટે કષ્ટ વેઠવા તૈયાર નથી. પૈસા માટે મૃત્યુના મુખમાં જવા પણ તૈયાર થઈ જાય છે તો વિચાર કરો. મરણ પછી શું પૈસા કે પદાર્થો તમારી સાથે આવશે? બધું અહીં પડી રહેવાનું છે. આત્મિકજ્ઞાન અને આત્મિક સુખ કદી આત્માથી જુદું પડવાનું નથી, એજ તમારી સાથે આવશે. તમે નજરે દેખો છો ને? કે આવા મોટા રાજા-મહારાજાઓ ને સમ્રાટો ગયા. સાથે શું લઇ ગયા? હમણાં આપણે સમ્રાટ સિકંદરની વાત કરી. એ પણ સાથે કંઇ લઈ ગયો? તો તમે સાથે શું લઈ જવાના છો? શા માટે આટલી મમતા છે એ મને સમજાતું નથી, પણ સાચું સુખ તો ત્યાગમાં છે. ત્યાગ વિના ત્રણ કાળમાં સિદ્ધિ થવાની નથી. અમારે ત્યાં કેવો આનંદ છે! સંત જેવો કોઇ દુનિયામાં સુખી નથી. જ્યારે જોઇએ ત્યારે તત્ત્વજ્ઞાનની છોળો ઉડતી હોય. કોઇ જાતનો ગભરાટ, ભય કે ચિંતા નહિ. એ બધું તમારે ત્યાં છે.

એક મનોહર ઉદ્યાનમાં બે-ત્રણ મિત્રોની ટોળી ફરતી ફરતી આવે છે. તે ઉદ્યાનમાં એક ઘટાદાર વૃક્ષ નીચે એક તપસ્વી મુનિ ધ્યાન ધરીને બેઠા હતા. પેલા મિત્રો ત્યાંથી પસાર થાય છે. મુનિ યુવાન છે. લલાટ ઉપર તપ અને બ્રહ્મચર્યના તેજ ઝળકે છે. આ જોઇને પેલા મિત્રોને મુનિને કંઇક પૂછવાની ઇચ્છા થઇ. જેમ શ્રેણીક રાજા મંડીકુક્ષ ઉદ્યાનમાં ગયા અને અનાથી મુનિને જોઇને પૂછયું હતું કે तरुणोसि अज्जो पव्वइओ भोगे कालम्मि संजय। હે મુનિ! તમે યુવાન છો. તમારું તેજસ્વી મુખડું છે, આવા ભોગ ભોગવવાના સમયમાં દીક્ષા શા માટે લીધી? તમને વૈરાગ્ય કેમ આવ્યો? તે રીતે પેલા મિત્રોએ આ તપસ્વી મુનિને પૂછયું કે તમે આવી નાની વયમાં શા માટે દીક્ષા લીધી છે? ત્યારે મુનિ કહે છે ભાઇ! મનુષ્યને વૈરાગ્ય આવવાના ઘણાં કારણો છે. કોઇનો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હોય છે, કોઇનો મોહગર્ભિત વૈરાગ્ય હોય છે તો કોઇનો દુઃખગર્ભિત વૈરાગ્ય હોય છે. આ સંસાર છોડીને સંયમી બનેલા મુનિઓ પૂર્વે અનુભવેલા સંસારની વાતો કદી ઉચ્ચારતા નથી, છતાં તમને જાણવાની ખૂબ જિજ્ઞાસા છે માટે હું કહું છું.

હું એક ધનવાનનો પુત્ર છું. મારા માતા-પિતા ખૂબ દયાળુ હતા. રોજ હજારોના દાન આપતા હતા. કોઇ ગરીબ અમારા આંગણેથી ભૂખ્યો જતો ન હતો. મને ખૂબ

લાડકોડથી માતા-પિતાએ ઉછેર્યો હતો. મારૂં નામ લક્ષ્મીદત્ત હતું. મોટો થતાં મને સુશીલા નામની સંસ્કારી ઘરની સુશિક્ષિત કન્યા સાથે પરણાવ્યો. આખા ગામમાં મારા પિતાની વાહવાહ બોલાતી હતી, પણ માણસનું સુખ અને સંપત્તિ ક્યાં સુધી ટકી શકે? ધન અને યૌવન સંધ્યાના રંગ જેવા છે.

"વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ,
પુરંદરી ચોંપ અનંતરંગ, શું રાચીએ જ્યાં ક્ષણનો પ્રસંગ."

પુણ્યોદય પૂરો થતાં લક્ષ્મી લાત મારીને ચાલતી થઈ ગઈ. લક્ષ્મી તો ગઇ સાથે મારા માતા-પિતા પણ સ્વર્ગવાસી બન્યા. ઘરબાર વેચાઇ ગયા. પત્નીના દાગીના અને મૂલ્યવાન કપડા પણ વેચાઇ ગયા. નાનકડી રૂમ લઇને રહેવા લાગ્યા. આ રીતે સંપત્તિ જતાં વિપત્તિ ઉભી થઈ અને જીવન આપત્તિમાં ઘેરાઈ ગયું. કર્મરાજા નચાવે તેમ નાચવું પડયું. ધનના ઢગલા પર ઉછર્યો હતો પણ મારા કર્મે મારે ન કરવાની નોકરી કરવી પડી. માંડમાંડ અમારૂં પૂરૂં થતું હતું, પણ મારી પત્ની સુશીલા એટલે સુશીલા હતી. મને દુઃખમાં ખૂબ હિંમત આપતી. ત્રણ ત્રણ દિવસના ઉપવાસ થયા છતાં મુખ ઉપર ઉદાસીનતા કે ખેદ ન મળે. હું ગભરાઈ જાઉં તો મને શિખામણ આપતી હતી પણ, જુઓ તો ખરા! કર્મની લીલા કેવી છે? દુઃખમાં આશ્વાસન આપનારી પત્ની સુશીલા બિમાર પડી. એક દુઃખ અનેક દુઃખોને ખેંચી લાવે છે. પત્ની બિમાર, નાનો પુત્ર અને મારે નોકરી જવું પડે. એટલે હું તો હેરાન હેરાન થઇ ગયો. જ્યાં આવાનું માંડમાંડ પૂરૂં થતું હોય ત્યાં દવાની તો વાત જ ક્યાં કરવી? અનુકૂળ દવા અને આહારના અભાવે મારી પત્નીને ટી. બી. થયો છે. કોઇ સેવા કરનાર નથી. ટૂંકો પગાર છે એટલે ઘરનો ખર્ચ પણ માંડમાંડ પૂરો થાય છે. મને થોડા પૈસા આપો. પછી હું વધુ કામ કરીને વાળી આપીશ. આ સાંભળી શેઠ તો તાડૂકી ઉઠયા. તમને તો પૈસા જોઈએ ને? પૈસા કંઇ મફત નથી આવતાં. પગાર ઉપરાંત એક પાઈ વધુ નહિ મળે. ખૂબ કરગર્યો ત્યારે માંડ થોડા પૈસા આપ્યા.

દેવાનુપ્રિયો! આજના શ્રીમંતોની ગાડી માંદી પડે તો એક ઘરના નોકરના પગાર કરતાં પણ વધુ પૈસા ખર્ચી નંખાય છે. નાટક-સિનેમા અને મોજશોખમાં કેટલા પૈસા વપરાય છે! પણ નોકર માંદો પડે અગર તેના ઘરમાં કોઇ બિમાર પડે તો પગાર પેટે વધુ પૈસા આપતાં શેઠનું મન સંકોચાય છે. શેઠે થોડા પૈસા આપ્યા પણ એ ક્યાં સુધી ચાલે! પત્નીની બિમારીને કારણે નોકરી જવાનું કોઇ વખત મોડું થઇ જતું. શેઠને ખ્યાલ હતો કે એની પત્ની બિમાર છે તેથી મોડું થાય છે છતાં ખૂબ ધમકી આપતા. એક દિવસ સુશીલાની તબિયત ખૂબ બગડી. પાસે પૈસા હોત તો નોકરી ન જાત પણ પરાધીનતાને કારણે એને મૂકીને મારે જવું પડયું. એક-બે દિવસ વધારે મોડું થયું એટલે

શેઠે મને ખૂબ ધમકાવ્યો. ન કહેવાના શબ્દો કહ્યા અને નોકરીમાંથી છૂટો કર્યો. મારી આંખમાં આંસુ આવી ગયા. શેઠને ખૂબ કાલાવાલા કર્યા પણ મને રાખ્યો નહિ. એટલે મને તો ચક્કર આવવા લાગ્યા. ઘરનું ભાડું, દવાનું બીલ બધું ક્યાંથી ચૂકવવું? લથડતે પગે હું ઘેર આવ્યો. સુશીલાને વાત ન કરી. બીજી નોકરી શોધવા લાગ્યો પણ ઘોર પાપકર્મનો ઉદય હતો પંદર દિવસ રખડયો પણ નોકરી ન મળી. સુશીલાને ત્રણ ત્રણ દિવસના ઉપવાસ થયા. બાળક પણ દૂધ વિના ટળવળતો હતો. એક વખતનો અનેકને સહાય કરનારો આજે રોટીના બટકા વિના ટળવળે છે. કોઈ એના સામું જોનાર નથી. મોટી મહેલાતોમાં મ્હાલનારા શ્રીમંતોને ક્યાંથી ખ્યાલ આવે કે ગરીબાઈના દુઃખો કેવા હોય છે.

જ્યાં હોય હાસ્ય શ્રીમંતોના, ત્યાં હોય નિસાસા રંકોના,
જ્યાં હોય મહેફિલ શ્રીમંતોની, ત્યાં હોય રૂદન રંકોના

ત્રણ મિત્રોને મુનિ વાત કરે છે કે મારી પાડોશમાં મોટા ધનવાનો મોજમઝા ઉડાવતા હતા પણ કોઈને મારી દયા ન આવી, હું પત્નીની પથારી પાસે બેસીને ખૂબ રડયો, ત્યારે પત્ની કહે છે સ્વામીનાથ! આવું દુઃખ પડે ત્યારે સ્ત્રીઓની આંખમાં આંસું ન આવવા જોઈએ. જો તમે હિંમત હારી જશો તો મારૂં અને આ બાળકનું શું થશે? મેં એને નોકરી તૂટી ગયાની બધી વાત જણાવી. અને આંસુ લૂછતાં કહ્યું કે સુશીલા! હવે હું તારા પતિ તરીકે લાયક નથી રહ્યો, મેં તારા દાગીના અને કપડા વેચી માર્યા, તને દુઃખી દુઃખી કરી નાંખી. તારૂં દુઃખ મારાથી જોયું જતું નથી. જે પતિ પત્નીની બિમારીમાં દવા ન કરી શકે, બાળકને પાશેર દૂધ ન પાઇ શકે એ પતિ કહેવાય? ત્યારે પત્ની કહે છે સ્વામીનાથ! એમાં ગભરાવાનું શું? આ તો અનાયાસ તપ કરવાનો યોગ મળ્યો છે. થોડા દિવસ તપાસ કરતાં નોકરી મળી જશે. પત્નીએ ખૂબ સમજાવ્યો. પણ કોઇ રીતે મારૂં મન શાંત ન થયું. રાત પડી ઉંઘ પણ ન આવી મેં પત્નીને કહ્યું તારી વેદના મારાથી જોવાતી નથી. મહેનત કરવા છતાં નોકરી મળતી નથી. કોઇ સહાય આપનાર નથી. હું ગમે ત્યાંથી ચોરી કરીને પૈસા લઇ આવું. ત્યારે સુશીલા કહે છે આ દેહ છૂટી જાય તો કુરબાન પણ આપણે ચોરી કરવી નથી. ખૂબ સમજાવ્યો પણ હું માન્યો નહિ. "बुभुक्षितोकिंन करोतिपापम्" ભૂખ્યો માણસ શું પાપ નથી કરતો? માણસ ચારે બાજુથી દુઃખમાં ઘેરાઇ જાય છે, હતાશ થઇ જાય છે ત્યારે સજ્જન માણસ પણ ચોરી જેવું અધમ કાર્ય કરવાને પ્રેરાય છે. પત્નીએ ખૂબ ના પાડી છતાં પાપી પેટને ખાતર ચોરી કરવા તૈયાર થયો.

બંધુઓ! એને મોટી ચોરી કરવી ન હતી, એને ધનની ભૂખ ન હતી, જરૂર જેટલું મળી જાય તો એને કંઇ જરૂર ન હતી, પણ કપરા સંયોગોમાં આવી પડયો એટલે

ચોરી કરવાનું મન થયું. ગરીબાઇના દારૂણ દુઃખો વેઠવા છતાં એના દિલમાં ડંખ છે કે ચોરી કેમ કરાય? ચોરી કરી બીજાની વસ્તુ પડાવી લેવી એના જેવું બીજું કોઈ અધમ કાર્ય નથી, પણ એવા દિવસો આવ્યા કે બિમારીમાં ઝડપાયેલી પત્ની ત્રણ ત્રણ દિવસની ભૂખી, બાળક દૂધ વિના ટળવળે અને પોતે પણ ભૂખ્યો. બિમાર પત્નીની દવા ક્યાંથી કરવી? અંગ ઉપરના વસ્ત્રો પણ ફાટી ગયા છે. આ બધી વિષમતાના કારણે ચોરી કરવાનું મન થયું, ને ઘેરથી નીકળ્યો, ચોરી કયાં કરવી? કોઇ ગરીબને ત્યાં નથી કરવી, કારણ કે શ્રીમંતોને ઘેરથી ૨૦૦) રૂા. જશે તો ખબર નહિ પડે, સાગર કે નદીમાંથી કોઈ ગમે તેટલું પાણી લે તો ખૂટી જતું નથી પણ નાનકડા ખાબોચિયામાંથી પાણી લે તો બિચારૂં સૂકાઈ જાય, તેમ સામાન્ય માણસને ઘેર ચોરી કરૂં તો એની આજીવિકાને વાંધો આવે પણ ધનવાનને ત્યાં ચોરી કરું તો એને વાંધો નહિ આવે અને મારું કામ થઇ જાય. આવો દૃઢ નિર્ણય કરીને ચોરી કરવા ગયો.

ફરતો ફરતો એક હવેલી પાસે ગયો. મને થયું કે અહીં ચોરી કરું. એમ વિચાર કરી હું બારણા પાસે ગયો. દીવો બળતો હતો. બાપ દીકરાને આઠ આનાનો હિસાબ મળતો ન હતો એટલે વઢતા હતા. આ જોઇને મને થયું કે આ શેઠ આઠ આના માટે એના દીકરાને આટલો બધો ધમકાવે છે, તો હું એને ઘેર ચોરી કરું તો એનું હાર્ટ જ બેસી જશે. મારે આવા કંજુસને ઘેર ચોરી કરવી નથી. ફરતો ફરતો બીજો એક ધનાઢયનો આલીશાન ભવન જેવો મહેલ હતો ત્યાં આવ્યો ને ત્યાં ચોરી કરવાનો નિર્ણય કર્યો. છાનામાના મહેલમાં જવાનો માર્ગ શોધવા લાગ્યો. ઉપર ચોરડામાં દીવો બળતો હતો. તેના પ્રકાશમાં એક બારી ખુલ્લી જોઇ. પાછળના ભાગમાંથી બારી દ્વારા અંદર ગયો, તો મારા સદ્‌ભાગ્યે તિજોરીવાળો રૂમ આવી ગયો. ત્યાં ચાવીનો ઝૂડો પણ પડયો હતો. મને થયું કે જાણે મારા માટે ઝૂડો ન મૂકયો હોય! મેં ઝૂડો લઈને ચાવીથી કબાટ ખોલ્યો તો અંદર લાખો રૂપિયાનું ઝવેરાત અને સોનાના દાગીના હતા.

બંધુઓ! આવા કિંમતી રત્નો અને દાગીના જોઇને કોને લેવાનું મન ન થાય? ચોરની તો લેવાની બુદ્ધિ હોય. પણ આજ કાલ સારા માણસો પણ લક્ષ્મીની લાલચમાં લલચાઇને ચોરી કરે છે. આ કંઈ ચોર ન હતો. આ ચોરી કરવા આવ્યો ન હતો, જરૂર પૂરતું જોઈતું હતું. એ લક્ષ્મીની લાલચમાં લલચાયો નહિ. આટલા મોટા ભંડારમાંથી ફક્ત એક સોનાથી બંગડી લઇને તિજોરી ધીમેથી બંધ કરી દીધી. પણ એ શેઠનો ભાઈ જાગતો હતો. તેને એમ થયું કે ઉપર કોઇ ચોર ગયો છે. એટલે તેણે બૂમ પાડીને કહ્યું ભાભી! તમારા રૂમમાં ચોર પેઠો છે તપાસ કરો. ત્યારે શેઠાણી કહે છે મારા રૂમમાં કદી ચોર આવે નહિ, છતાં તપાસ કરું છું. હું જ્યાં બંગડી લઇને ભાગવા જાઉં ત્યાં શેઠાણી જાગી ગયા ને હું ધ્રુજવા લાગ્યો, કે નીચે બધા જાગી ગયા

છે. અહીં પણ શેઠાણી જાગ્યા. હવે મારું આવી બન્યું. શેઠાણીએ બંગડી લઇને મને જતાં જોયેા. એટલે હું તેમના ચરણમાં પડી ગયેા ને કહ્યું માતા! મને બચાવ. મારૂં રક્ષણ કર. આટલું બેાલતાં બેાલતાં મારી જીભ બંધ થઇ ગઇ ને આંખમાં આંસુ ઉભરાઇ ગયા. આ જોઇ શેઠાણીના મનમાં થયું કે આ માણસ ગમે તે દુઃખનેા માર્યો ચેારી કરવા આવ્યેા છે પણ એનું હૃદય ચેારનું નથી. જો ચેાર હેાય તેા બારીએથી છલાંગ મારીને કયારનેાય ભાગી છૂટયેા હેાય. ચેારની આંખમાં આંસુ ન આવે.

શેઠાણીએ કહ્યું ભાઇ! તું કેાણ છે? ને શા માટે ચેારી કરવા આવ્યેા છે? તું ચેારી કરવા આવ્યેા છે પણ તારૂં હૃદય ચેારનું નથી. જે હેાય તે ખુશીથી કહે. મને ભાઇ કહીને બેાલાવનાર શેઠાણી બહેન જેવી વહાલી લાગી. મેં આંસૂ લૂછી મારી બધી કહાણી શેઠાણીને કહી સંભળાવી અને કહ્યું બહેન! આવ્યેા છું ચેારી કરવા તેમાં બે મત નહિ. મેં તિજોરીમાંથી ફકત એક બંગડી લીધી છે. બીજું કંઇ લીધું નથી. બહેન! હું પકડાઇ જાઉં એ માટે તમારા પગમાં પડું છું. તમે મને બચાવેા. આ બાબતમાં આપણે એ વિચારવાનું છે કે ચેારી કરવા નીકળ્યેા છે છતાં એનું હૈયું કેવું સરળ ને પવિત્ર છે! તે જોવા જેવું છે. વિવેકી આત્મા સંયેાગવશાત્ પાપાચરણ કરે પણ એના દિલમાં ડંખ તેા હેાય કે મેં આ ન કરવાનું કામ કર્યું છે.

મારી કહાણી સાંભળીને શેઠાણીનું દિલ પીગળી ગયું. અહેા! લાખેાની મૂડી હેાવા છતાં મારેા પતિ જુગારમાં, વ્યસનેામાં કેટલા પૈસા ઉડાવે છે. એ બહારની મઝા લૂંટવામાં પડયા છે ને મારી સંભાળ પણ રાખતા નથી. જ્યારે આ માણસ આટલેા ગરીબ છે છતાં એની પત્ની માટે કેટલું કરી છૂટે છે. પત્ની બિમાર છે તેનું એને કેટલું દુઃખ થાય છે! પત્નીના દુઃખે દુઃખી થનાર આ ગરીબ સારેા કે ઘરમાં અનેક સુખના સાધનેા હેાવા છતાં બહાર ભટકતેા મારેા પતિ સારેા? આજે શું બની રહ્યું છે!

"ગરીબનારી દળણાં દળતી, ધનવાળી હીરે ઝળહળતી,
હીરા મેાતીવાળી રેાતી, એનેા કંથ વિલાસેા માણે છે.
ધનવાન જીવન માણે છે,"

શેઠાણી વિચાર કરે છે હું કયાં આ શ્રીમંત શેઠની પત્ની અને કયાં ગરીબ પત્નીનેા પતિ! છતાં કેવેા નિર્મળ પ્રેમ છે! અને કયાં મારા પતિનું વિલાસમય જીવન! હું ભલેને હીરા મેાતીના દાગીના પહેરીને ફરતી હેાઉં પણ જે પ્રેમ અને આનંદ આ ઝુંપડીમાં છે તે મારી હવેલીમાં નથી. શેઠાણીના દિલમાં ખૂબ દયા હતી. તેમણે મને બાજુના પલંગ ઉપર સૂવાડી દીધેા અને ઉપર શેઠની કિંમતી શાલ ઓઢાડી દીધી. પછી ઓરડાનું બારણું બેાલીને દિયરને કહ્યું કે અહીં કેાઇ નથી. દિયર કહે છે મેં દૂરથી દિવાલ કૂદીને ચેારને અંદર આવતેા જોયેા છે. ત્યારે શેઠાણી કહે છે દિયરજી! તમે તમારા ભાઈનેા

સ્વભાવ તો તમે જાણો છો ને ? દરરોજ રાત્રે તેઓ વહેલા મોડા આવે છે. મધ્યરાત્રી થવા આવી છે. એટલે તેમના મનમાં એમ કે બધાને જગાડીને હેરાન કરવા તેના કરતા કૂદીને અંદર જતો રહું. એટલે તેઓ ધિવાલ કૂદીને આવ્યા હશે અને આવીને તેઓ ઉંધી ગયા લાગે છે. મેં બધા રૂમો જોઇ લીધા છે તમે શાંતિથી ઉંધી જાવ. હવે કશોય ભય નથી. આમ સમજાવી શેઠાણીએ ધિયરને રવાના કર્યા. બધા સૂઇ ગયા. કોલાહલ શાંત થયો એટલે મને જગાડીને કહ્યું ભાઈ ! હવે તમે ખુશીથી જઈ શકો છો. પણ તમે આવા મોટા ભંડારમાંથી ફકત એકજ બંગડી કેમ લીધી ? જેટલું જોઇએ તેટલું ધન લઇ જાઓ. આ તિજોરી તમારી છે. તમે જરા પણ સંકોચ રાખશો નહિ. હું તમારી ધર્મની બહેન છું. ત્યારે મેં કહ્યું બહેન ? મારે વધારે કંઇ લેવું નથી. મારે તો એક બંગડી પણ ઘણી છે. તમે મને સો રૂપિયા આપો તો બંગડી પણ નથી જોઇતી. ત્યારે શેઠાણી કહે છે ના. બંગડી તો લઇ જવી જ પડશે.

બંગડી લઇને શેઠાણી પાસેથી નીકળી ઘર તરફ આવતો હતો. મનમાં આશાના મિનારા ચણે છે કે બસ, બંગડી વેચીને પૈસા લાવીશ. સુશીલાને દવા બરાબર કરાવીશ, બાબાને દૂધ પીવડાવીશ એમ વિચાર કરતો કરતો પોતાને ઘેર આવ્યો. ઘરમાં જઇ પ્રસન્ન મનથી મેં સુશીલાના માથે હાથ મુકયો ને કહ્યું–સુસીલા ! આજે તો હું ચોરીની ચોરી અને શાહુકારીની શાહુકારી કરીને આવ્યો છું. પણ સુશીલા બોલતી નથી. દીવાના પ્રકાશમાં સુશીલા તરફ જોયું તો સુશીલા અને બાબો બંને ચિર નિદ્રામાં પોઢી ગયા છે. આ જોઈ હું ખુબ રડયો, ઝુર્યો, છેવટે પાડોશીની સહાયથી ભારે હૈયે બંનેના અગ્નિસંસ્કાર કર્યા. બધી ક્રિયા પતાવી પાછો ઘેર આવ્યો તો મને ઘર સ્મશાન જેવું દેખાયું. બંગડી લઇને શેઠાણી પાસે ગયો ને તેમને બંગડી પાછી આપી. તો શેઠાણીએ કહ્યું કે કેમ પાછી લાવ્યા ? મારા ભાભી અને બાબો બંને મઝામાં તો છે ને ? ભાઇ કહે છે બહેન બંગડી જેને માટે લઈ ગયો હતો તે તો મારા પહોંચતા પહેલાં ચાલી ગઇ ને સાથે બાબો પણ ગયો. આટલું બોલતાં બોલતાં હું જમીન ઉપર પટકાઇ ગયો.

બહેને કહ્યું ભાઇ ! આ બંગડો તારો છે. તું હવે અહીં રહે. તારી બધી જવાબદારી મારા માથે. ત્યારે મેં કહ્યું–બહેન ! મારે તારા મહેલમાં રહેવું નથી. હજારો પુસ્તકો અને પાનાઓ વાંચવાથી જે વાત ન સમજાય તે આજે એક આઘાતના ફટકાથી સમજાઇ છે. મને સંસારની અસારતા સમજાઇ છે. હવે મારે તો આત્મકલ્યાણ કરવું છે એમ કહી બહેનના ચરણમાં પડી તેમના આશીર્વાદ લઈને હું નીકળ્યો. ત્યાં માર્ગમાં જૈન મુનિનો ભેટો થયો અને તેમની સાથે હું ઉપાશ્રયમાં ગયો. તેમણે મને ધર્મનો ઉપદેશ સંભળાવ્યો. મહારાજ ખુબ જ્ઞાની અને ગુણગંભીર હતા. મેં તેમની

પાસે ચારિત્ર અંગીકાર કર્યું. મને આ રીતે વૈરાગ્ય આવ્યો છે. ભાઇ ! આ સંસારનું સ્વરૂપ આવું છે. મુનિની પૂર્વની કહાની સાંભળી ત્રણે મિત્રો વૈરાગ્ય પામી ગયા.

જમાલિકુમાર મહાવીર પ્રભુની વાણી સાંભળી વૈરાગ્ય પામ્યા છે અને માતા પાસે દીક્ષાની આજ્ઞા માંગે છે. પણ માતાને ખુબ મોહ છે એટલે પુત્રને રજા આપતી નથી અને કહે છે બેટા ! તારા વિના અમે જીવી શકીશું નહિ. ત્યારે જમાલિકુમારે કહ્યું–માતા આ સંસારમાં કોઇ કોઇનું નથી. વળી આ માનવનું જીવન ક્ષણિક છે. જન્મ-જરા અને મરણ આદિ દુઃખોથી ભરેલું છે. હજુ જમાલિકુમાર શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

શિખીકુમારનો ગૃહત્યાગ

ચરિત્ર : જાલિનીને ખબર પડી કે મારા પતિએ દીકરાને ગુપ્ત રીતે ઉછેર્યો છે એટલે વાઘણ જેવી વિકરાળ બનીને કહે છે જો તમારે એ દુષ્ટ છોકરાને ઘરમાં રાખવો હોય તો મને મારી નાંખો અને મને જીવાડવી હોય તો એનો ત્યાગ કરો. કાં હું નહિ કાં એ નહિ. જ્યાં સુધી આ વાતનો ફેંસલો ન થાય ત્યાં સુધી મારે અન્નપાણીનો ત્યાગ છે. મંત્રી સમયસૂચક હતાં. કંઇ બોલ્યા નહિ. આ તરફ શિખીકુમારને ખબર પડી કે મારા નિમિત્તે મારી માતાને કષાય આવે છે અને અન્નજળનો ત્યાગ કર્યો છે અને પિતાજીને પણ મારા નિમિત્તે શોષાવું પડે છે. એમને મારા પ્રત્યે ઘણો પ્રેમ છે એટલે મને પણ કંઈ કહી શકતા નથી અને માતાને પણ કાંઇ કહી શકતા નથી. આ ઘરમાં રહેવા કરતાં ક્યાંય ચાલ્યો જાઉં.

મેરે કારણ માત-પિતાકી, ઉલઝન બઢતી જાય,
ઇસસે તો બસ વહી શ્રેષ્ઠ હૈ, અબ યહાં રહેના નોંય,
નીકલ ગયા ચુપચાપ નીશી મેં, નિજ મનકો સમજાય હો–
શ્રોતા તુમ સુનજો સમરાદિત્યકા ચરિત્ર સુહાવના ... (૨) ...

મારા કારણે માતાને આટલું દુઃખ થતું હોય તો મને શું આનંદ આવે? આના કરતાં ઘરનો ત્યાગ કરી દેવો શ્રેષ્ઠ છે એમ વિચાર કરી શિખીકુમાર પ્રભાતના પહોરમાં ઘર છોડીને નીકળી ગયો. મનમાં એક ભાવના છે કે અહો! લોકો દીકરા માટે પથ્થર તેટલા દેવ કરે છે તો હું હજુ મારી માતાનો એકનો એક દીકરો છું છતાં મારી માતાને મારા પ્રત્યે બિલકુલ પ્રેમ નથી. ખેર, તેમ વિચારી નવકારમંત્રનું સ્મરણ કરતો શિખીકુમાર જઈ રહ્યો છે. તે હવે ક્યાં જશે અને તેને કોનો ભેટો થશે અને જીવનમાં શું પરિવર્તન આવશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૬૦

ભાદરવા સુદ ૧૪ ને સોમવાર **તા. ૧૦-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

આત્માનો ઉદ્ધાર કરવા, પરમપદની પ્રાપ્તિ કરવા અને અનંત ભવોની સાંકળ તોડીને વીતરાગપણું પ્રાપ્ત કરવા તેમજ યથાખ્યાત ચારિત્ર મેળવી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરવા માટે આપણને આ મનુષ્યભવ મળ્યો છે. જ્યાં સુધી કર્મની વર્ગણા રહેલી છે ત્યાં સુધી જીવને જન્મ-જરા ને મરણનાં દુઃખો ઊભેલા છે. જ્યાં સુધી ભવની પરંપરા નહિ કપાય ત્યાં સુધી એ દુઃખો દૂર થવાના નથી. આ સંસારમાં દુઃખો અનેક પ્રકારના છે. પુણ્યવાન જીવોને કદાચ આર્થિક દુઃખ ન હોય, દરેક રીતે સુખી હોય અને પુણ્યહીન જીવો દુઃખી હોય છે, પણ પુણ્યશાળી કે પુણ્યહીન દરેક મનુષ્યોને માથે જન્મ-જરા અને મરણનાં દુઃખો રહેલા છે. એ દુઃખો કેવી રીતે દૂર થાય? દુઃખોને નાબૂદ કરવા માટે કર્મોને નાબૂદ કરવા જેવા છે. હવે એ કર્મો નાબૂદ કેવી રીતે થાય?

આત્માને કર્મના મેલથી વિશુદ્ધ બનાવવા માટે ક્રોધ-માન-માયા-લોભ આદિ કષાયોને નાબૂદ કરવાની જરૂર છે. છેલ્લા દશ-બાર વર્ષોથી ભારતમાં ટેરીલીનનું કાપડ ખૂબ વપરાય છે. લગભગ ઘણાં માણસો એ કાપડ પહેરે છે. દરેકને ટેરીલીન પહેરવું બહુ ગમે છે. ઘણાં એમ કહે છે કે એ કાપડ મોંઘુ મળે છે. અમે કહીએ કે એટલું મોંઘુ કાપડ પહેરવાની શી જરૂર? ત્યારે એ લોકો કહે છે ટેરીલીન મોંઘું ઘણું મળે છે પણ તેનામાં ગુણ ઘણાં છે. એક તો તે કાપડમાં કરચલી પડતી નથી. તેને ઇસ્ત્રી કરવી પડતી નથી. તેને સૂકાતાં પણ વાર લાગતી નથી. તેને ધૂળ જલ્દી ચોંટતી નથી અને કદાચ ચોંટી જાય તો સાફ થતાં વાર લાગતી નથી. પહેરવામાં તે કાપડ ખૂબ સુંવાળું લાગે છે. તેમજ ટકવામાં તે ઘણું ટકાઉ હોય છે. બે બુશકોટ અને બે પેન્ટ હોય તો બે વર્ષ નીકળી જાય. તમને આવું કાપડ પહેરવું બહું ગમે છે. પણ તેના જેવા ગુણો કેળવવા ગમે છે? મહાન પુરૂષો કહે છે કે એ કાપડ જેવા ગુણ આત્મામાં ઉતારવા જેવા છે.

સૌથી પ્રથમ આત્માને કોમળ બનાવો. આત્મા કોમળ કેવી રીતે બને? આત્મા કોમળ બનાવવો એટલે અંતરમાંથી ક્રૂરતા, નિર્દયતા ને કઠોરતાનો ત્યાગ કરવો. આ દુર્ગુણોનો ત્યાગ થાય તો આત્મામાં કોમળતા આવ્યા વિના રહે નહિ. જ્યારે આત્મા પવિત્ર બને છે, કોમળ બને છે. ત્યારે તેના દિલમાં દરેક જીવો પ્રત્યે અનુકંપાભાવ આવે છે. તેની પાસે કોઈ મનુષ્ય આવે તો તેનું દિલ પણ કોમળ બની જાય છે. જેમ ટેરીલીન કાપડ ટકવ માં મજબૂત હોય છે તેમ તમારા શરીરને આત્મબળથી મજબૂત બનાવો. તેને ઢીલું બનાવો નહિ. શરીરને સારૂં સારૂં ખવડાવી હૃષ્ટપૃષ્ટ બનાવો નહિ, પણ સાદો ખોરાક આપી સ્વાદને જીતો. ઉપવાસ, આયંબીલ, બ્રહ્મચર્યનું પાલન, આદિ યથાશક્તિ

વ્રતનિયમમાં આવો. બીજું ટેરીલીન કાપડમાં ચીકાશ હોતી નથી. તેમાં ચિકાશ નહિ હોવાના કારણે તેને જલ્દી મેલ ચોંટતો નથી અને ચોંટે છે તો જલ્દી સ્હેલાઇથી ખરી જાય છે તેમ આપણા આત્માને પણ સમયે સમયે કર્મ રૂપી રજ–મેલ ચોંટી રહેલો છે. તે કર્મબંધ કષાય અને યોગથી થાય છે. "काय वाङ मन: कर्मयोग: " મન, વચન અને કાયાના યોગની પ્રવૃત્તિ અને ક્રોધ–માન–માયા અને લોભના પરિણામ એ બંનેનું મિશ્રણ થવાથી કર્મબંધ થાય છે.

મહાન પુરૂષોએ તપશ્ચર્યા અને સંયમાદિ અનુષ્ઠાનો દ્વારા પોતાના કષાયોને ખૂબ પાતળા બનાવી દીધા છે એટલે તેમને કર્મબંધ થાય છે પણ જેમ ટેરીલીનના કાપડનો ચોંટેલો મેલ જલ્દી સાફ થઇ જાય છે તેમ આત્માને લાગેલા કર્મો પણ જલ્દી ખરી જાય છે. માટે બંધુઓ! દરેક કાર્ય કરતી વખતે તીવ્ર કષાય ન આવી જાય તેનો ખ્યાલ રાખવાની આસ જરૂર છે. તીવ્ર કષાયો દ્વારા બંધાયેલા કર્મો આત્માને લાંબા કાળ સુધી હેરાન કરે છે. માટે તમે ધાર્મિક પ્રવૃત્તિમાં હો કે વ્યવહારિક પ્રવૃત્તિમાં હો દરેક ઠેકાણે કષાય બળવાન ન બને તેની સતત જાગૃતિ રાખજો. ટેરીલીન કાપડને કરચલી પડતી નથી. તેને ઘડી કરીને મૂક્યું હોય પણ જ્યારે ઉકેલવામાં આવે ત્યારે તે સીધું દેખાય છે તેમ આપણને બહારના નિમિત્તો ખૂબ સતાવે છતાં તેની જેમ સીધા રહેવું. આત્મામાં સહેજ પણ કષાયનો પ્રવેશ થવા દેવો નહિ.

પ્રભુની વાણી સાંભળીને જેનો આત્મા પવિત્ર અને વિશુદ્ધ બન્યો છે, જેની રગેરગમાં વીતરાગ વાણીની વીણા વાગી રહી છે તેવો જમાલિકુમાર માતાને કહે છે હે મૈયા! મને દીક્ષાની રજા આપ. પૂરજોશમાં આ વૈરાગ્યના વહેણ વહી રહ્યા છે તે રોકાશે નહિ. જેમ નદી બે કાંઠે વહેતી હોય ને પૂર આવ્યું હોય તો તેને અટકાવવા કોઈ ગમે તેટલો પ્રયત્ન કરે પણ તે પૂરને કોઇ રોકી શકતું નથી. તમે રોજ પેપરમાં વાંચો છો ને! રાજસ્થાનમાંથી પાણી આવતાં સાબરમતી નદીમાં પૂર આવ્યા. કેટલા માણસો એ પૂરમાં નિરાધાર બની ગયા. આખી સોસાયટીઓ તણાઇ ગઇ. કંઇક મરી ગયા. એને કોઈ રોકી શકયું? પૂરજોશમાં વહેતા પાણીના પૂરને રોકી શકવા માટે કોઇ સમર્થ નથી તેમ સાચા વૈરાગીને સંસારમાં રોકવા માટે કોઇ સમર્થ નથી.

એક ભાઈને વૈરાગ્ય આવ્યો પણ તાત્કાલિક દીક્ષા લઇ શકે તેવા તેના સંયોગો ન હતાં એટલે તેણે ગુરૂ મહારાજ પાસે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી હું દીક્ષા ન લઉં ત્યાં સુધી મારે પાંચે વિગયોનો ત્યાગ. બોલો, જેણે એક સાથે બધા વિગયનો ત્યાગ કર્યો તેનો વૈરાગ્ય કેવો ઉચ્ચ કોટિનો હશે! દીક્ષા લેવાની કેવી લગની હશે! પ્રતિજ્ઞા કર્યા એક વર્ષ થઇ ગયું પણ ભાઇ દીક્ષા લેવાની વાત કરતા નથી. અવારનવાર તે ભાઇ ગુરૂ પાસે જતો હતો એટલે ગુરૂ મહારાજે પૂછયું કે ભાઇ! હવે ક્યારે દીક્ષા લેવી છે? ત્યારે કહે છે ગુરૂદેવ! મારે દીક્ષા તો લેવી છે પણ મારે થોડી ઉઘરાણી બાકી છે. ત્યારે મહારાજ

કહે છે ભાઇ! કયાં સુધી ઉઘરાણી ઉઘરાણી કરશો? આ જીવન તો પાણીના પૂરની જેમ ચાલ્યું જાય છે. ત્યારે પેલો ભાઇ કહે છે સાહેબ! આપની વાત સાચી છે. પણ અમારે ગામડાની ઘરાકી રહી. એ ગામડાના માણસો હું દીક્ષા લઇને નીકળી જાઉં પછી છોકરાઓને કોઇ દાદ દે નહિ. એટલે હું ઉઘરાણી પતાવીને નીકળું. આમ કરતાં બીજા ત્રણ–ચાર વર્ષ કાઢી નાંખ્યા અને ઉઘરાણી પતાવતાં પહેલા કાળ રાજાએ એની ઉઘરાણી કરી લીધી. પાંચ વર્ષ એણે વિગયનો ત્યાગ કર્યો પણ ચારિત્ર લઇ શકયો નહિ ને મૃત્યુ આવી ગયું. મૃત્યુ થતાં ઉઘરાણી તો ઉભી જ રહી ને?

દેવાનુપ્રિયો! તમે પણ એમ જ કહો છો ને કે આ વર્ષે નહિ આવતા વર્ષે ધર્મધ્યાન કરીશું. હમણાં પેઢી બરાબર વિકસાવી લઇએ. દીકરાને બરાબર ઠેકાણે પાડી લઇએ પછી ધંધામાંથી નિવૃત્તિ લઇને ધર્મારાધના કરીશું. પણ ખબર છે કે ત્યાં સુધી જીવી શકીશું? પેલા ભાઈ મરી ગયા ને ઉઘરાણી તો ઉભી રહી ગઈ. જ્યાં ચારિત્રના ભાવ આવ્યા ત્યાં ઉઘરાણી પતાવવાનો વ્યામોહ શા માટે હોવો જોઈએ! ક્રોડોની સંપત્તિ આપવા છતાં જે ચારિત્ર ન મળે તે પાંચ–દશ હજારની તુચ્છ ઉઘરાણી માટે ગુમાવ્યું ને અનંતભવથી જીવ કર્મ બંધન કરતો આવ્યો છે. તેનો નાશ કરવા માટે મનુષ્યનું આયુષ્ય અલ્પ છે. માટે કર્મનો નાશ કરવા માટે તપ-સંયમ આદિ ધર્મક્રિયાઓ વિના વિલંબે કરવી જોઇએ. આપણે ત્યાં કર્મ નિર્જરાને અર્થે બંને નાના સતીજીઓ બા. બ્ર. હર્ષિદાબાઇ મહાસતીજી જેમને આજે ૨૯મો ઉપવાસ છે અને બા. બ્રા. નવદીક્ષિત ભાવનાબાઇ મહાસતીજી જેમને આજે ૨૪મો ઉપવાસ છે તેઓ આત્માના ઉલ્લાસથી તપની સાધના કરી રહ્યા છે. તેમને એ વાત સમજાઈ ગઇ છે કે આત્મા ઉપર લાગેલા અનાદિ કાળના કર્મોને ધોવા માટે તપ સિવાય બીજું કોઈ સાધન નથી. મહાન પુરૂષો કહે છેઃ–

असारेऽमुत्र संसारे सारेयं हि तपः क्रिया ।
विलम्बो युज्यते नात्र जीविते स्वल्प के सति ।।

આ અસાર સંસારમાં સારભૂત ક્રિયા હોય તો તે તપ છે. કારણ કે કર્મોને તોડવાનું અમોઘ સાધન હોય તો તે તપ છે. માટે તમને જ્યારે ભાવ જાગે ત્યારે આરાધના કરી લો. તેમાં વિલંબ કરો નહિ. કારણ કે આપણું આયુષ્ય બહુ અલ્પ છે અને કર્મો અનંત જન્મોના છે. જુના કર્મોને તોડવા માટે તપ અને આવતાં કર્મોને રોકવા માટે સંયમ તીક્ષ્ણ શસ્ત્ર છે. જમાલિકુમારને કર્મોને તોડવાની લગની લાગી છે. માતાને મોહ મૂંઝવે છે. એટલે અનેક પ્રકારે પુત્રને સમજાવે છે. પણ જેને જીવન ક્ષણિક લાગ્યું છે તેવો જમાલિકુમાર કહે છે માતા! જીવન કેવું છે તે તમે જાણો છો?

"अधुवे असासयम्मि, संसारम्मि दुक्खपउराए।"

અધ્રુવ છે, અશાશ્વત છે અને જેમાં જન્મ–જરા અને મરણના જાલીમ દુઃખો

ઉભેલાં છે. એથી અધિક વધતાં કહે છે કે હે માતા! આ મનુષ્યનું જીવન કેવું છે?

"कुसग्ग जल बिन्दु सन्निभे, सुविणगदंसणोवमे विज्जुल या चंचले अणिच्चे सडण पडण विध्वंसण धम्मे पुव्विवा पच्छा वा अवरस्स विप्पजहियव्वे भविस्सइ ।"

જીવન ડાભના અગ્ર ભાગ ઉપર રહેલા ઝાકળના બિંદુ જેવું છે. સ્વપ્નદર્શન જેવું છે. જેમ કોઇ રસ્તે રખડતા ભિખારીને સ્વપ્નુ આવે કે હું મોટો રાજા બન્યો અને રત્નજડિત સોનાના સિંહાસને બેઠો છું, મને ચામર વીંઝાય છે, પહેરેગીરો ખમ્મા મહારાજા ધિરાજનો જય હો, વિજય હો એમ બીરૂદાવલી પોકારે છે ને ખમ્મા ખમ્મા થાય છે. આવું સ્વપ્ન જોઈને તે જાગૃત થયો પણ સવાર પડતાં હતું તેનું તે જ ચપ્પણીયું લઈને આપો મા-બાપ, આપો મા-બાપ એમ ભીખ માંગવાનું ચાલુ રહે છે. સ્વપ્નમાં સુખના દર્શન કર્યા જેવું આ માનવજીવન છે. તે વિજળીના ઝબકારા જેવું વિનશ્વર છે એટલે કે જેમ આકાશમાં વીજળીનો ઝબકારો થાય છે ને અલોપ થઈ જાય છે તેવું ચંચળ અને અનિત્ય છે. વળી સડણ-પડણ અને નાશ પામવાના સ્વભાવવાળું છે ત્યાં શાશ્વત સુખ કયાંથી મળશે? તેમાં વળી તમે કહો છો કે અમારા મરી ગયા પછી તું દીક્ષા લેજે. પણ કોને ખબર છે કે કોણ પહેલા જશે અને કોણ પછી જશે? માટે જો આપ આજ્ઞા આપો તો મારે પ્રભુ મહાવીરની પાસે ચારિત્ર અંગીકાર કરવું છે.

દેવાનુપ્રિયો! જમાલિકુમારના માતા-પિતાએ કહ્યું કે દીકરા! અમે ક્ષણવાર પણ તારો વિયોગ સહન કરી શકીએ તેમ નથી. તું અમને ખૂબ વહાલો છે. મારા હૈયાનો હાર અને આંખની કીકી જેવો મને વહાલો છે. તું મારો શ્વાસોચ્છ્વાસ છે. એના જવાબમાં જમાલિકુમારે કેવો સચોટ ઉત્તર આપી દીધો કે માતાના મોહમાં જરા પણ મૂંઝાયો? અહીં બેઠેલામાંથી કોઈને વૈરાગ્ય આવે ને માતા કે પત્ની આવા શબ્દો કહે તો શું કરો? બેસી જાવને? (હસાહસ). જમાલિકુમારે સંસારની અસારતાનું આબેહૂબ વર્ણન કર્યું ને કહ્યું માતા આવો મોહ શા કામનો? વ્હાલામાં વ્હાલી વ્યક્તિ મરી જાય તો તું શું કરે? ત્યાં કાળને રોકી શકાય છે? એક તૂંકી જિંદગીના સબંધ ખાતર આટલો બધો મોહ શા માટે રાખે છે? આવો મોહ રાખવાથી આત્મકલ્યાણ અને આત્મકલ્યાણનો માર્ગ બતાવનાર હિતકારી પરમાત્માના સબંધથી તું મને દૂર રાખવાનું કાર્ય કરે છે. જેમને ભગવાનનો યોગ નથી મળ્યો તેવા પામર જીવો મનુષ્યભવ પામીને આવા મોહમાં ભાન ભૂલે છે. ત્યારે આપણને પરમકૃપાળુ પરમાત્માનો યોગ મળવા છતાં ભવમાં ભૂલા પડયા જેવું બને છે. વળી હે માતા! આ જગતમાં કોણ કોનું છે? દરેક આત્મા એકલો જન્મે છે ને એકલો કર્મ બાંધે છે. ને એકલો કર્મ ભોગવે છે. અને એકલો રોગી થાય છે અને પીડાઓ ભોગવે છે, એમાં કોઇ ભાગ પડાવી શકતું નથી. એકલો વૃદ્ધ થાય છે અને એકલા પરલોકમાં પ્રયાણ કરવું પડે છે. આ બધું એકલા કરવાનું છે ત્યાં સંસારના સગા-સ્નેહીઓ કર્મબંધનથી છોડાવવા કામ લાગતા નથી.

જમાલિકુમારે માનવજીવનની ક્ષણિકતા તથા જીવનમાં આવી મળતાં સબંધીઓના સંયોગોના અનિત્યપણાની એવી સુંદર રજુઆત કરી કે ક્ષણભર માતા-પિતા વિચાર કરતા થઇ ગયા પણ મોહ છે ત્યાં સાચું કયાંથી સમજાય? ભગવાન કહે છે જ્યાં મોહ છે, ઇચ્છાઓ છે ત્યાં દુઃખ છે. મોહ અને ઇચ્છાઓ છૂટે તો દુઃખ ન થાય પણ સંસારી જીવનમાં તો કંઇ ને કંઇ ઇચ્છાઓ જાગ્યા કરે છે તેમાં જીવ પોતાના આત્મિક ગુણોમાં અને વીતરાગ વચનોમાં મસ્ત કયાંથી રહી શકે? નવી નવી ઇચ્છાઓ કરે કે આત્મજ્ઞાનમાં રમણુતા કરે? સંસારમાં પહેલું દુઃખ તો એ છે કે સ્વભાવમાં રમવાનું મૂકીને ઇચ્છાઓ દ્વારા પરભવમાં ઘસડાવું પડે છે. વળી ઇચ્છા ઉત્પન્ન થઈને શમી જતી નથી પણ એક ઇચ્છામાંથી અનેક ઈચ્છાઓ જન્મે છે. જુઓ, પહેલા ખાવાની ઈચ્છા થાય તો પેટ માટે કેટલી વેઠ કરવી પડે છે. ખાવા માટે વહેપાર ધંધો કરવો પડે, પૈસા કમાવા પડે છે. અનાજ લાવો, સાફ કરો, દળાવો, ચૂલો તાવડી-તપેલી અને લાકડા બધું લાવીને રસોઈ બનાવવાની ક્રિયા કરવી પડે છે. ખાવાની ઈચ્છા એમ ને એમ કંઈ થોડી પૂરી થાય છે? તાંબાની તોલડી તેરવાના માંગે એમ એક ઇચ્છા પાછળ બીજી કેટલીય ઇચ્છાઓ એક નાગણુમાંથી સો સાપોલિયાની જેમ જન્મે છે. એમ ઇચ્છાઓ છે તેને શમાવવા માટે કેટલાય કષ્ટ વેઠવા પડે છે, છતાં એકાંત-પાપ બંધાય છે. જમાલિકુમારે કહ્યું કે ઇચ્છાઓ આટલી દુઃખરૂપ છે, છતાં સરવાળે શાશ્વત સુખ મળતું હોત તો સારી વાત છે પણ અહીં તો ક્ષણિક સુખ છે. આવી ઇચ્છાઓમાં સુખ શોધવું એ તો સર્પની ઝેરભરી દાઢમાં અમૃત શોધવા જેવું છે. સર્પની દાઢમાં અમૃત મળવાનું છે? એમ આ જીવન વીજળીના ઝબકારાની જેમ આવ્યું કે ગયું ત્યાં શાશ્વત સુખની આશા ક્યાં રાખો છો?

બંધુઓ! તમે આ જીવનની ક્ષણિકતાથી કયાં અજાણ છો? તમે તો ઘણાંને ખાંધે ચઢાવીને આવી આવ્યા. તમારા બાપ દાદાઓ સંસારની વેઠ કરી કરીને ગયા છતાં બધું મૂકીને ગયા એ સત્ય હકીકત છે. એ રીતે સૌ કોઇને જવાનું છે. વળી એ પણ નજરે જુઓ છો ને બાપ પહેલાં મરે અને દીકરો પછી મરે, વૃદ્ધ પહેલા જાય ને યુવાન પછી જાય એવો કોઇ નિયમ નથી. તો પછી મમત્વ રાખીને બેસી રહેવું શા કામનું? વળી દેહમાં રોગ ઉત્પન્ન થાય ત્યારે સગી પત્ની કે સગા માતા-પિતા પણ પીડામાં ભાગ લઇ શકતા નથી. એકલા જ પીડા ભોગવવી પડે છે. કર્મના ફળ ભોગવવામાં કોઇ સાથ આપતું નથી. જીવ જન્મે છે એકલો અને મરે છે એકલો અને એકલો પરલોકના પંથે પ્રયાણ કરે છે. આટલા માટે જ્ઞાની પુરૂષો પડકાર કરીને કહે છે સંસારની અસારતા સમજી મોહ-માયા અને મમતાના બંધનો તોડી સંયમી બનો.

જમાલિકુમારની એક ભાવના છે કે ભગવાનનું આલંબન પકડી સંસારના

બંધનોને તોડી, બધી મોહભરી વિટંબણાઓનો અંત લાવી શકાય ને શાશ્વત સુખ પ્રાપ્ત કરી શકાય એ માટે અત્યારે પુરૂષાર્થ કરવાની અમૂલ્ય તક છે. અત્યારે મોહમાં ફસાયેલા રહીને આત્મસાધનાના પુરુષાર્થની તક ગુમાવી દેવી એ મૂર્ખતા છે. સગા સંબંધીઓ, માતા-પિતા અને પત્નીઓનો સબંધ જો કયમ માટે ટકતો હોત તો જુદી વાત હતી. પણ એ સબંધો ગમે તેટલા સારા લાગે પણ જમનું તેડું આવે એટલે બધું છોડીને જવાનું છે એ ચોક્કસ છે. એવા ક્ષણિક સબંધો પ્રત્યે મોહ શા માટે કરવો ? તેના કરતાં શાશ્વત સુખ મળે, કોઈ જાતની વિટંબણા કે દુઃખ આવે નહિ એવા પ્રભુની આજ્ઞાનું પાલન કરવું શું ખોટું ? એનું આલંબન શું ખોટું ? જેમને બિચારાને પ્રભુની આજ્ઞાનું આલંબન નથી મળ્યું એ ભવમાં ભમે એમાં નવાઈ નથી. પણ મને તો જીવનનૈયાને તારવા માટે પ્રભુ જેવા સમર્થ નાવિક આલંબન રૂપ મળી ગયા છે તો હવે મારે ભવસાગરમાં શા માટે ભમવું જોઇએ ? અને સંસારના અનેકવિધ દુઃખો શા માટે ભોગવવા જોઇએ !

દેવાનુપ્રિયો ! જેમ જમાલિકુમારને સંસારના સુખ દુઃખરૂપ લાગ્યા અને એ દુઃખને નાબુદ કરવા માટે સંયમ પંથે જવા તત્પર બન્યા છે તેમ તમને આ સંસાર દુઃખરૂપ લાગે છે કે નહિ ? જેને જે વાતનું દુઃખ સાલતું હોય છે તે દુઃખને દૂર કરવાના કારણો શોધે છે ને તેને દૂર કરવા પુરુષાર્થ કરે છે. મૂળને જડમૂળમાંથી કાઢયા સિવાય દુઃખ દૂર થવાનું નથી. જેમ કે પેટમાં ભૂખ લાગી તો એ ભૂખને દૂર કરવા માટે કેટલું કરવું પડે છે તે આપણે જોઈ ગયા. પણ એ આહારની વાસનાને નિર્મૂળ કરવા માટે તપ-ત્યાગનો પુરૂષાર્થ કરવો પડશે. ભારતીય સંસ્કૃતિનું મૂળ તપ અને ત્યાગ છે. બીજા અન્ય ધર્મોમાં પણ તપ-ત્યાગનું મહત્વ સ્વીકારેલું છે. શા માટે ? દુનિયાને દુઃખી કરવા ? " ના. " આહારસંજ્ઞાને તોડવા માટે તપ છે. તપ ત્યાગની ભાવનાને જીવનમાં વ્યાપક બનાવો. આ કુમળી વયના મહાસતીજીઓનો તપ જોઇને પણ મનમાં ભાવના થવી જોઈએ કે એ માસખમણની ઉગ્ર સાધના કરે છે તો હું અઠ્ઠમ-છઠ્ઠ તો કરૂં ? તમે જોયું ને ? આ બધા કેટલા તપસ્વીઓ પ્રતાપભાઇ વિગેરે ઘણાં ભાઈ-બહેનો જોડાયા છે તે રીતે તમે પણ જોડાવ.

વિચાર કરો. જીવે આહારસંજ્ઞાને પોષવા માટે શું નથી ખાધું ? કેટલું ખાધું છે એનો કંઇ હિસાબ છે ? ગત જન્મની વાત છોડી દો. આ જન્મમાં પણ કેટલું ખાધું તેનું લીસ્ટ કર્યું છે ? આજ સુધીમાં કેટલી રોટલી અને કેટલા મિષ્ટાન્ન ખાધા ! જો એ બધું ભેગું કરવામાં આવે તો એક મોટો ઢગલો થઇ જાય શાક ઓછામાં ઓછું કેટલું ખાધું ? બે ત્રણ ટન જેટલું ને બીજી વસ્તુઓ તો અલગ, છતાં હજુ તૃપ્તિ થઇ ? આ પેટ દેવાળીયું અને દુકાળીયું છે. કોઇ માણસ દુકાળમાંથી આવ્યો હોય ને તેને

ખાવાનું આપે તો કહેશે લાવો....લાવો ને લાવો. ગમે તેટલું આપો તો પણ એની ભૂખ મટે નહિ. અમદાવાદની લોજનો બનેલો પ્રસંગ છે.

એક ભાઇ લૉજમાં જમવા આવ્યો. દુકાળ પડેલા દેશમાંથી આવ્યો હશે એટલે લૉજમાં જઇને મેનેજરને લૉજના ચાર્જના પૈસા આપીને ટેબલ પર બેસી ગયો. નોકરે થાળી લાવીને મૂકી. લૉજના નિયમ પ્રમાણે એક ભાણામાં આઠ રોટલી, દાળ--ભાત, શાક વિગેરે મૂકયું હતું. બિચારો દુકાળમાંથી આવ્યો હતો. કેટલાય દિવસનો ભૂખ્યો એટલે એવો ખાવા લાગ્યો કે બે મિનિટમાં બધું ખાઈ ગયો. થાળી સફાચટ કરી મૂકી એટલે નોકરે આવીને પૂછયું-શું જોઇએ છે? ત્યારે કહ્યું કે રોટલી લાવો. નોકરે ત્રણ ચાર રોટલી આપી પણ એટલાથી એનું પેટ કયાંથી ભરાય? ફરીને એણે કહ્યું રોટલી લાવો. નોકરે તેને કુલ ૩૨ રોટલી પીરશી હતી, છતાં તેનું પેટ ભરાયું નહિ. એ તો કહેતો ગયો લાવો રોટલી....લાવો રોટલી. એટલે નોકરે મેનેજરને વાત કરી તેથી મેનેજર એ ભાઈની પાસે આવ્યો ને કહ્યું ભાઇ! હવે અહીંથી પાછા સિધાવો. ત્યારે તેણે કહ્યું કે શું હું મફતનું ખાવા આવ્યો છું? ત્યારે મેનેજરે રૂપિયો ટેબલ પર મૂકીને કહ્યું-લો, આ તમારો રૂપિયો અને બત્રીસ રોટલી ખાધી તેથી તેનું વ્યાજ પણ ચૂકવી દીધું. હવે આપ પધારો, મેનેજરને થયું કે આ માણસ દુકાળમાંથી આવ્યો છે. કોણ જાણે કેટલું ખાઇ જશે! માટે તેને મોકલી દીધો.

દેવાનુપ્રિયો! માનવનું પેટ પણ આવું દુકાળીયા જેવું છે. આજે તમે તેને ઠાંસી ઠાંસીને ખવડાવ્યું હશે પણ કાલે સવાર પડશે એટલે કહેશે કે લાવો ચા-દૂધ, ખાખરા, ગાંઠીયા. આ સવારે આપ્યું ત્યાં બપોર થતાં કહેશે કે લાવો દાળ-ભાત-રોટલી ને શાક. પેટને ગમે તેટલું સારું ખવડાવો પણ બીજે દિવસે તો સાફ. એક દિવસ પણ નહિ ટકે એવું દુકાળીયું છે. જેમ દુકાળમાંથી આવેલો દુકાળીયો માણસ ગમે તેટલું આવા છતાં સંતોષ ન પામે તેમ પેટ પણ કદી સંતોષ નહિ પામે.

બીજી રીતે જોઇએ તો પેટ દેવાળીયું પણ છે. કેવી રીતે? જેમ ચોપડામાં જમા અને ઉધારનું ખાતું હોય છે. આટલા રૂપિયા જમા ને આટલા રૂપિયા ઉધાર છે, તેમ પેટનું ખાતું જુઓ. કંઇ જમા ન મળે. બધું ઉધાર ને ઉધાર. પેટની પેટીમાં ગમે તેટલું જમા કરાવો ને વ્યાજ સાથે તે લેવા જાઓ પણ તે પાછું આપશે? એની પાસે શું દેવાનું હોય તે તમને આપે? આજે પેટના ટીફીન બોકસમાં દૂધપાક-પૂરી-બમણ-કઢી-ભાત શાક બધું જમા કરાવ્યું ને કાલે પેટને કહો કે કાલે મેં તને આટલું ભોજન કરાવ્યું હતું તો આજે ઉપવાસ કરવા ઈચ્છું છું. તો પેટ કહી દેશે કે ખબરદાર! જો ઉપવાસનું નામ લીધું છે તો! તારા પગ ઢીલા કરી નાંખીશ ને માથું એવું દુઃખવા આવશે કે પથારીમાંથી ઉભા નહિ થઇ શકે. પેટ દેવાળીયું છે. સાંજ પડતાં તમે તમારી દુકાન બંધ

કરો છો પણ આ પેટની પેઢી તો રાત્રે પણ ખુલ્લી ને દિવસે પણ ખુલ્લી. એને બંધ કરવાની નહિ. વળી પાછો અન્યાય કેવો? જમા કરવાને પણ તૈયાર પાછું આપવાની ચોખ્ખી ના. પણ તમે પેટને કહી દો કે ગમે તેમ થાય, સતીજીઓને માસખમણની તપશ્ચર્યા ચાલે છે. મારે તેની પૂર્ણાહુતિમાં અઠ્ઠમ કરવો છે, ત્યારે પેટ કહેશે ખબરદાર! તારે કરવું હોય તે કર પણ હું તને કંઇ કરવા દેનાર નથી. જો તમને ખ્યાલ આવી જાય કે આ પેઢીને દેવાળું કાઢનાર છે તો એ પેઢીમાં પૈસા જમા કરાવશો? અરે ત્યાં જમા કરાવેલા હોય તે પણ ખબર પડતાંની સાથે પાછા લઇ આવશો. ન આપે તો કોર્ટે ચઢીને પણ લઇ આવશો. પણ અહીં તમે જાણો છો કે પેટ દેવાળીયું છે છતાં માલ જમા કરાવો છોને? તેનું કારણ એ છે કે પેટને આપ્યા વગર છૂટકો નથી. પણ તેમાં એવી રીતે જમા કરો કે એક વખત જમા કરાવવાથી ચાલી શકે તો બે વખત નહિ અને બે વખતથી ચાલે તો ત્રણ વખત ન કરાવો અને દિવસે જમા કરાવવાથી ચાલી શકે તો રાત્રે જમા કરાવશો નહિ. અહીં ગમે તેટલું જમા કરાવશો પણ અંતે તો દેવાળું છે. માટે જો તમને જમા કરાવવાનું મન થતું હોય તો આત્માની પેઢી ઉપર જમા કરાવજો. ત્યાં કદી દેવાળું નીકળશે નહિ.

જમાલિકુમાર દીક્ષા લેવા તત્પર બન્યા છે. પણ માતાને પુત્રનો મોહ છૂટતો નથી. પુત્રની વાતો સાંભળીને માતા મૂંઝાય છે. ભગવાન કહે છે રાગ એ મહારોગ છે. ટી. બી., કેન્સર, ન્યુમોનીયા કે મેલેરિયાની રીબામણથી જીવ જેટલો નથી રીબાતો તેનાથી અધિક રાગનો રોગ રીબાવે છે. માતાને અત્યંત રાગ છે એટલે જમાલિકુમારને દીક્ષાની રજા આપતી નથી. જમાલિકુમાર માતાને કહે છે આ જીવન ક્ષણિક છે. તેમાં આટલો બધો મોહ શા માટે કરે છે? હજુ પણ આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :–અહીં બે પાત્ર જોવા મળે છે. એક તો જમાલિકુમાર દીક્ષા લેવા માટે તલસે છે પણ એની માતા રજા આપવા તૈયાર નથી. જ્યારે નલિનીને પણ એકનો એક પુત્ર શિખીકુમાર હોવા છતાં પુત્ર ઘરમાં રાખવો ગમ્યો નહિ. પિતાને તો પુત્ર પ્રાણથી પણ અધિક પ્રિય હતો. પણ માતાના કારણે પિતાને શોષાવું પડે છે. તેના કરતાં હું આ ઘર છોડી દેવું. એમ વિચાર કરી શિખીકુમાર માતા–પિતાનું ઘર છોડીને ચાલી નીકળ્યો. વનવગડામાં એકલો અટૂલો ચાલતો ચાલતો રસ્તામાં પડાવ નાંખતો ચાલ્યો જાય છે. કોઇ દિવસ ઘરની બહાર નીકળ્યો નથી. પગમાં કાંટા ને કાંકરા વાગે છે. લોહી નીકળે છે પણ પોતે પોતાના કર્મને દોષ આપે છે. ગુણવાન આત્માઓ કોઈને દોષ દેતા નથી પોતે પોતાના કર્મને દોષ આપે છે.

ગજસુકુમારના માથે અંગારા મૂકાયા છતાં કોઇને દોષ ન આપ્યો. પણ પોતાના કર્મને દોષ આપ્યો. અવંતીસુકુમાર સાધુને સ્વાધ્યાય કરતા સાંભળી નલિનીગુલ્મ

વિમાનનું નામ સાંભળી જાતિસ્મરણ જ્ઞાન પામ્યા અને દીક્ષા લીધી તે દિવસે સ્મશાનમાં જતાં પગમાં કાંટા વાગવાથી લોહી નીકળ્યું તેની ગંધે શિયાળ આવી. તે ત્રણ દિવસની ભૂખી હતી મુનિ સ્મશાનમાં જઇ કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિર થયા હતાં. ત્યાં જઇને એ શિયાળ અને તેના બચ્ચાએ મુનિના શરીરને વલુરી નાંખ્યું. પગનું માંસ ખાઇ ગઇ. નસો તોડી નાંખી. રાત્રીના ચાર પ્રહર પૂર્ણ થતાં તેમનું આયુષ્ય પૂર્ણ થયું. અહીં વિચાર આવે છે કે ગજસુકુમાર મોક્ષમાં ગયા અને અવંતીસુકુમાર આટલું કષ્ટ વેઠવા છતાં મોક્ષમાં ન ગયા, પણ નલિનીગુલ્મ નામના વિમાનમાં કેમ ગયા ? તેનું કારણ એ છે કે અવંતીસુકુમાર નલિનીગુલ્મ વિમાનમાંથી આવ્યા હતા અને જતી વખતે પણ મનમાં નલિનીગુલ્મ વિમાનમાં જવાની સહેજ આશંકા ઉભી થઇ તો ચારિત્ર અને આવો મહાન ઉપસર્ગ સહવાનું ફળ એટલેથી અટકી ગયું છતાં નિયાણું નહોતું કર્યું એટલે ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને મનુષ્યભવ પામીને મોક્ષમાં જશે.

" વિજયસિંહ આચાર્યનો સમાગમ "

શિખીકુમાર ભવ્ય જીવ છે. હળુકર્મી આત્મા છે. ખૂબ સમભાવ ધારણ કરતો ચાલતો ચાલતો એક નગરીની બહાર અશોકવન નામના ઉદ્યાનમાં એક ઘટાદાર અશોકવૃક્ષ નીચે પોતાના શિષ્યપરિવારથી યુકત, સંયમમાં રકત, બે પ્રકારના અશુભ ધ્યાનથી મુકત, ચાર કષાયના ટાળનાર, પાંચ ઇન્દ્રિઓને દમન કરનાર, છકાય જીવો પ્રત્યે વાત્સલ્ય ભાવ રાખનાર એવા વિજયસિંહ નામના આચાર્યને તેણે જોયા. તેમને જોઈને તેના દિલમાં ખૂબ આનંદ થયો અને તેમની પાસે તે ગયો.

વંદન કર સત્કાર દિયા, બોલી દેકર સન્માન,
મંગલમય ગુણખાન જગતકા કરતે હૈ કલ્યાણ,
આયા દેવ તવ શરણ, કરને વચનામૃતકા પાન હો શ્રોતા તુમ....

વિજયસિંહ આચાર્યને તેમજ શિષ્યપરિવારને ખૂબ ભાવપૂર્વક વંદન કરી વિનયપૂર્વક ત્યાં બેસી ગયો. આચાર્યદેવ ખુબ જ્ઞાની હતા. સમજી ગયા કે આ કોઈ હળુકર્મીને ભવી જીવ છે. તેને ખુબ સુંદર ધર્મનો બોધ આપ્યો. આ સાંભળીને શિખીકુમારને સંસાર ઉપરથી વૈરાગ્ય પેદા થયોં અહો ! આ સંસાર સ્વાર્થનું સમશાંગણ છે. મતલબનું મેદાન છે અને રાગદ્વેષથી ભરેલો છે. મને મારા મહાન પુણ્યોદયે આવા ગુરૂ મળ્યા છે તો મારે શા માટે હવે સમય ગુમાવવો. હું ગુરૂ સમીપે દીક્ષા લઇ લઉં. શિખીકુમાર વંદન કરીને કહે છે હે ગુરૂદેવ ! આપે મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. આપ મારી નૈયાના તારણહાર છો. મારા ઉપર કૃપા કરીને મને દીક્ષા આપો. મને સંસાર દાવાનળ જેવો લાગે છે. ત્યારે ગુરૂદેવ કહે છે ભાઇ ! તારી ભાવના ઉત્તમ છે, પણ અમારી પાસે તું આવ્યો છે તો હંમણાં અહીં રહે અને થોડા શાસ્ત્રોનું અધ્યયન કર પછી દીક્ષા આપીશું.

વળી તારા માતા-પિતાની આજ્ઞા સિવાય અમારાથી તને દીક્ષા અપાય નહિ. માટે થોડા વખત પછી તને દીક્ષા આપીશું.

આ તરફ શિખીકુમાર છાનોમાનો ભાગી છૂટ્યો. સવાર પડતાં બ્રહ્મદત્ત પ્રધાનને ખબર પડી કે મારો દીકરો ચાલ્યો ગયો છે એટલે તેને ખુબ દુઃખ થયું. ચારે તરફ તપાસ કરાવી પણ શિખીકુમારનો પત્તો લાગ્યો નહિ એટલે પોતાના માણસોને લઈને બ્રહ્મદત્ત જાતે શિખીકુમારની શોધ કરવા નીકળ્યો.

નિજ નંદન કો ઢુંઢત ઢુંઢત બ્રહ્મદત્ત ચલ આયા,
વાપસ ઘર ચલનેકો હેતુ, શિખીકો સમજાયા
પર અબ મુઝકો સંયમ લેના, અપના ભાવ બતાયા હો...શ્રોતા તુમ

ગામેગામ અને વગડે વગડે બ્રહ્મદત્ત પ્રધાન પોતાના પુત્રને શોધવા લાગ્યો. ઠેકાણે ઠેકાણે શોધ કરતાં શિખીકુમારના પિતા હાથણી ઉપર બેસીને પોતાના માણસો સાથે ત્યાં આવ્યા. આવીને તેમણે વિજયસિંહ આચાર્યને વંદન કર્યા અને ગુરુએ તેમને ધર્મનો ઉપદેશ સંભળાવ્યો. વ્યાખ્યાન પૂર્ણ થયા પછી બ્રહ્મદત્ત ગુરૂની પાસે આવીને બેઠા.

"કુમારે પિતાને કરેલી પ્રાર્થના"

પિતાજી ગુરૂ પાસે બેઠા. જ્ઞાનચર્ચા કર્યા બાદ શિખીકુમારને ઘેર આવવા માટે ખૂબ સમજાવ્યો. તે વખતે શિખીકુમાર પિતાજીને પ્રણામ કરીને કહે છે પિતાજી! આપ તો દયાળુ છો. આપ કોઇની પ્રાર્થનાને નકારતા નથી, તો મારી પ્રાર્થના સાંભળીને મને કૃતાર્થ કરો. ત્યારે પ્રધાન કહે છે બેટા! બોલ, તારી શી ઈચ્છા છે? ત્યારે શિખીકુમારે કહ્યું પિતાજી! આપ સંસારના સ્વરૂપના જાણકાર અને અનુભવી છો. આ મનુષ્યભવ રાધાવેધ સાધવાની માફક મહાન દુર્લભ છે. પ્રિયજનના સમાગમો વૃક્ષ ઉપર બેઠેલા પક્ષીઓના માળા જેવા અનિત્ય છે. રિદ્ધિઓ વિજળીના ચમકારા જેવી છે. યૌવન પુષ્પ જેવું ક્ષણિક છે. મૃત્યુ હંમેશા પોતાનો પ્રભાવ દરેક ઉપર ચલાવે છે. તો આપ મારા ઉપર કૃપા કરીને મને આજ્ઞા આપો તો સકલ દુઃખોનો અંત કરનાર વીતરાગ પ્રભુએ બતાવેલી ભાગવતી દીક્ષા અંગીકાર કરૂં. પુત્રની વાત સાંભળી પિતાનું હૈયું ભરાઇ આવ્યું. ગદ્‌ગદ્‌ સ્વરે બોલ્યા – પુત્ર! સાધુપણા માટે આ કાળ યોગ્ય નથી. ત્યારે શિખીકુમારે કહ્યું હે પિતાજી! જેમ મૃત્યુ માટે કોઇ અકાળ નથી. તેમ સાધુ ધર્મ માટે કોઇ અકાળ નથી.

પિતાએ ખૂબ સમજાવ્યો. પણ શિખીકુમારનો તીવ્ર વૈરાગ્ય જોઈ પિતાએ આજ્ઞા આપી. એટલે ગુરૂ મહારાજે તેને દીક્ષા આપી અને પછી પ્રધાન પોતાના સ્થાને આવ્યા. ગામમાં સૌને ખબર પડી કે શિખીકુમારે દીક્ષા લીધી. દીક્ષા લઈને ખૂબ જ્ઞાનધ્યાનમાં મસ્ત બન્યા. હવે જાલિનીને આ વાતની ખબર પડશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૬૧

ભાદરવા સુદ ૧૫ ને મંગળવાર **તા. ૧૧-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતકરૂણાનિધી શાસનસમ્રાટ વીર પ્રભુએ ઘાતી કર્મોનો ક્ષય કર્યા પછી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરી દ્વાદશાંગી સૂત્રની વાણી પ્રકાશી તેમાં જમાલિકુમારનો અધિકાર ચાલે છે. જમાલિકુમારને પ્રભુની વાણી સાંભળી વૈરાગ્યનો રંગ લાગ્યો છે તેથી દીક્ષા લેવા માટે તત્પર બની માતા પાસે દીક્ષાની આજ્ઞા માંગે છે.

જમાલિકુમાર સંસારની સગાઈએ પ્રભુ મહાવીરના જમાઇ હતાં ને ભાણેજ પણ હતાં. એમના અંતરમાં વીતરાગ વાણી રૂપી મોરલાનો ટહુકાર થયો. મોરનો ટહુકાર થાય તો સર્પો પલાયન થઈ જાય છે તેમ જમાલિકુમારનો આત્મા ચંદનવૃક્ષ સમાન હતો. તેને વીંટળાયેલા કામ-ક્રોધ અને વિષય-વિકારરૂપી સર્પો વીતરાગ વાણીનો ટહુકાર થતાં પલાયન થઇ ગયા ને આત્મસાધનાની લગની લાગી. જડ ચેતનનું ભેદજ્ઞાન થયું. વીતરાગ પ્રભુની વાણીથી મનુષ્યને જડ અને ચેતનનું ભાન થાય છે, સાચા અને ખોટાની પિછાણ થાય છે. ચેતનનો ચળકાટ દેખાય ત્યારે જડના ઝળકાટ છૂટી જાય. સત્યની પિછાણ થાય ત્યારે અસત્ય છૂટી જાય છે ને સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માની પિછાણ થાય છે.

આજે દુનિયામાં જ્ઞાન તો ઘણું વધ્યું છે પણ એ જ્ઞાન આત્મિક સુખ આપનારૂં નથી. એ જ્ઞાન ભૌતિક સુખ આપનારૂં છે. સાધનાનું લક્ષ આત્મિકજ્ઞાન પ્રાપ્ત કરવાનું હોવું જોઇએ. આનંદઘનજી મહારાજના મિત્રે સાધુ બનીને બારબાર વર્ષ સુધી સાધના કરી ત્યારે લોખંડમાંથી સુવર્ણ બનાવનાર સુવર્ણરસની પ્રાપ્તિ કરી. એક સંન્યાસીએ વર્ષો સુધી સાધના કરી ત્યારે દરિયા કે નદીમાં માણસ જેમ ધરતી ઉપર ચાલે તેમ પાણીમાં ચાલવાની સિદ્ધિ મેળવી. તે મનમાં મગરૂરી રાખતો હતો કે મેં કેવી સાધના કરી છે પણ એક અધ્યાત્મયોગી સંત એને મળી ગયા ને કહ્યું ભાઇ! આટલી મગરૂરી શાની રાખે છે? જિંદગી પર્યંત સાધના કરી તેને અંતે તેં મેળવી મેળવીને શું મેળવ્યું? ત્રણ દોકડાની વિદ્યા કે બીજું કંઇ? તું પાણીમાં પગે ચાલીને સામે પાર જઇ શકે છે, તો બીજા ત્રણ દોકડા આપીને નૌકામાં બેસીને પણ સામે પાર જઇ શકે છે એમાં કંઇ વિશેષતા નથી. વિશેષતા આત્મિકજ્ઞાનની છે.

દેવાનુપ્રિયો! આજના ભૌતિકવાદના વિજ્ઞાને તો હદ કરી છે. ભૌતિક સુખ માટે આત્માને વેચી નાંખ્યો છે. બાવળ વાવવા માટે કલ્પવૃક્ષના મૂળ ઉખેડી નાંખ્યા છે. ગર્દભ માટે ઐરાવત હાથીને વેચી દીધો છે. મોતીનું પાણી જોવા માટે મોતીને પીસીને ભૂક્કો કરી નાંખ્યો છે ને ઉત્તમ મનુષ્યભવરૂપી રત્ન મળ્યા પછી તેને કાચ સમજી વિષય-વિકારને વિલાસના ઉકરડામાં ફેંકાવી રહ્યા છે અને આવી માનવજીવનની અમુલ્ય ક્ષણો

સંસારસુખને માટે ખર્ચાઇ રહી છે. વિષયમાં આસક્ત બનેલા વિષયના કીડાઓને કયાંથી ખ્યાલ હોય કે રાખ મેળવવા માટે હું લાખની નોટોને સળગાવી રહ્યો છું. સંસારના સુખો રાખ જેવાં છે અને માનવજીવનની અમૂલ્ય ક્ષણો લાખની નોટો કરતાં પણ વધુ કિંમતી છે. ભૌતિક સુખો આ ભવમાં નથી મળ્યા. અનંતીવાર મળ્યા છે ને દુઃખો પણ જીવે ભોગવ્યા છે. ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયનમાં ભગવંતે કહ્યું છે કેઃ-

एगया देवलोएसु, नरएसु वि एगया ।
एगया आसुरो कायं, आहा कम्मेहिं गच्छइ ।।

ઉત્ત. સૂ. અ. ૩, ગાથા ૩

જીવ તેના કર્મ અનુસાર દેવલોકમાં ઘણીવાર ગયો ને દેવતાના દિવ્ય સુખો ભોગવ્યા. નરકમાં દારૂણ દુઃખો પણ ભોગવ્યા. એમાં કયાં મોહ પામવા જેવું છે? વીતરાગવાણીનો રંગ લાગે તો ભવના ફેરા ટળી જાય. પણ વિભાવના વંટોળે ચઢેલો જીવ ગૌશીર્ષ ચંદનના ઉત્તમ વૃક્ષ જેવી શીતળ અને વાત્સલ્ય ભરેલી અને હિતકારી એવી વીતરાગ પ્રભુની મંગલ વાણીમાં એકતાન બનતો નથી. અહીં આવીને બેઠા પછી પણ એનું ચિત્ત તો કયાંયનું કયાંય ભટકતું હોય છે. રસ જાગે તો સમય કયાં પસાર થઈ જાય છે તેની ખબર ન પડે. લીનતા જોઇએ.

મનુષ્ય મરીને દેવગતિમાં ઉત્પન્ન થાય છે ત્યાં દેવીઓ આવીને ખમ્મા ખમ્મા કરે છે. દેવની ઋદ્ધિ અને સાહ્યબી જોઇને નવો ઉત્પન્ન થયેલો દેવ કહે છે કે હું મારા કુટુંબીજનોને કહી આવું કે ધર્મકરણીનું આ ફળ છે. ત્યારે દેવીઓ કહે છે સ્વામીનાથ! અમારૂં બે ઘડીનું નાટક જોઈને પછી જાવ તો ત્યાં કહી શકો કે ત્યાં આવા નાટક ચેટક છે. એ બે ઘડીનું નાટક જોતાં આપણા બે હજાર વર્ષ ચાલ્યા જાય છે. નાટકમાં દેવ એવો લીન બની જાય છે કે બે હજાર વર્ષ કયાં પૂરા થયા તેની એને ખબર પડતી નથી. આમાં શંકા કરવા જેવું નથી.

ગમે તેટલી ભૂખ લાગી હોય, ગમે તેવી વેદના થતી હોય, પણ જો વીતરાગ વાણી સાંભળવામાં તમને રસ પડયો હશે તો ભૂખ ને દુઃખ બધું ભૂલી જવાશે. તમે પૈસા કમાવામાં લીન બનો છો. નોટો ગણવામાં લીન બનો છો ત્યારે તમને બીજું કંઈ યાદ આવે છે? તમે વહેવારમાં લીન છો ને પ્રભુના ભજનમાં દીન છો. તેના બદલે પ્રભુમાં લીન બનો અને વહેવારમાં દીન બનો તો આખી લાઈન બદલાઇ જાય.

પૂજ્ય ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ શાસ્ત્રના સ્વાધ્યાયમાં એવા લીન બની જતાં કે એમને બહારનું ભાન રહેતું નહિ. સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે. વાંચના, પૃચ્છના, પરિયટ્ટણા, અનુપ્રેક્ષા ને ધર્મકથા. તેમાં ભગવાન કહે છે તમે ગમે તેટલી વાંચણી કરો, પૃચ્છના કરો, પરિયટ્ટણા કરો પણ જો તેની અનુપ્રેક્ષા ન કરો તો એ જ્ઞાન ટકી

રહેવું મુશ્કેલ છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાં ગૌતમસ્વામી ભગવાનને વંદન નમસ્કાર કરીને પૂછે છે :-

अणुप्पेहाए णं भन्ते जीवे किं जणयइ ? णणुप्पेहाएणं आउय वज्जाओ सत्तकम्मप्पगडी ओ घणिय बन्धण बध्धा ओ सिठिल- बन्धण बध्धाओ पकरेइ । दीहकालट्ठिइयाओहस्सकाल ट्ठिइयाओ पकरेइ । तिव्वाणुभावाओ मन्दाणुभावाओ पकरेइ । बहुपएसग्गाओ अप्पपए सग्गाओ पकरेइ । आउयंचणं कम्मंसिया बन्धइ, सियानो बन्धइ । असायावेयणिज्जं चणं कम्मंनो भुज्जो भुजजो उवचिणाइ । अणाइयंचणं अणवदग्गं दीहमद्धं चाउरन्तं संसार-कन्तारं खिप्पमेव वीइवयइ ।।

હે ભગવંત! અનુપ્રેક્ષાથી શું ફળ થાય? ત્યારે ભગવાન કહે છે અનુપ્રેક્ષાથી આયુષ્ય છોડીને બાકીની સાત કર્મની પ્રકૃતિના દૃઢ બંધનોને શિથિલ કરે છે. લાંબા સમયની સ્થિતિવાળા સાત કર્મોને થોડા સમયની સ્થિતિવાળા કરે છે. તીવ્ર રસવાળી પ્રકૃતિને મંદ રસવાળી કરે છે. ઘણાં પ્રદેશવાળી પ્રકૃતિઓને અલ્પ પ્રદેશવાળી બનાવે છે. આયુષ્ય કર્મનો બંધ કદાચિત થાય છે ને નથી પણ થતો. અશાતા વેદનીય કર્મ વારંવાર બંધાતું નથી અને અનાદિ અનંત અને દીર્ઘ માર્ગવાળી ચતુર્ગતિ રૂપ સંસારઅટવીને જલ્દી પાર કરે છે.

બંધુઓ! સ્વાધ્યાયમાં પણ અનુપ્રેક્ષા કરવાથી આવો મહાન લાભ મળે છે. તે યશોવિજયજી મહારાજ સ્વાધ્યાય ધ્યાનમાં એવા લીન બની જતાં કે તેઓ ઘણી વાર સૂર્યાસ્તનો ટાઈમ થઇ જાય તો પાણી પીવાનું પણ ભૂલી જતાં હતા. તો સાક્ષાત પ્રભુની વાણી સાંભળવા મળે ત્યારે કલાકોના કલાકો વીતી જાય તેમાં શું નવાઇ છે? એક વૈજ્ઞાનિક એની વિજ્ઞાનની શોધખોળમાં એવો મસ્ત રહેતો હતો કે તેના માટે ઘેરથી ટીફીન આવતા તે પણ ત્યાં ને ત્યાં પડયા રહેતા. એકવીસ દિવસ સુધી એના કાર્યની ધૂનમાં એને ભૂખ લાગી છે તેની ખબર પડી નહિ. એકવીસ દિવસે એનું કાર્ય પૂરૂં થયું ત્યારે ખબર પડી કે મને ભૂખ લાગી છે. આવા વૈજ્ઞાનિકોની વાતો કરીએ તો તમારા ગળે જલ્દી ઉતરે છે તો સર્વજ્ઞ પ્રણિત વાતો ગળે કેમ ઉતરતી નથી?

આઈન્સ્ટાઈન નામનો વૈજ્ઞાનિક વાંચનમાં એટલા બધા લીન રહેતા કે તેઓ એક વખત પુસ્તક વાંચતા હતા તેમાં તેમને કોઇ કામ પ્રસંગે ઉઠવું પડયું એટલે પુસ્તકમાં નિશાન તરીકે રૂ. ચાલીસ હજારનો ચેક કાગળની કાપલીની માફક મૂકી દીધો, એમણે ચેક મૂકયો છે તે પણ ખબર ન હતી. કેવી તેમની મગ્નતા હશે!

દેવાનુપ્રિયો! તમે પણ આત્મસાધનામાં આવી લગની લગાડો તો તમને ભૂખ તરસની ખબર નહિ પડે. જમાલિકુમારને લગની લાગી છે. એને ભવના ફેરા અટકયા

છે ને સમજાઇ ગયું કે આ સંસાર અલિતા પલિતા જેવો છે. જ્યાં ચારે તરફ રાગ-દ્વેષ અને મોહની આગ ફાટી નીકળી છે. જ્યારે ઘરમાં આગ લાગે છે ત્યારે માણસ શું કરે છે?

जहा गेहे पलितम्मि, तस्स गेहस्स जो पहू ।
सार भंडाणि नीणेइ असारं अवउज्जइ ।।
एवं लोअे पलित्तम्मि जराए मरणेण य ।
अप्पाणं तारइस्सामि, तुब्भेहि अणुमन्निओ ।।

ઉત્ત સૂ. અ. ૧૯, ગાથા ૨૨-૨૩

જ્યારે ઘરમાં આગ લાગે ત્યારે માણસ ભડભડતી આગમાંથી સાર વસ્તુઓ કે જેના મૂલ્ય વધારે અને વજન ઓછું હોય તેવી વસ્તુઓ ઝડપ કરીને બહાર નીકળી જાય છે પણ સોફા-ગાદલા-ઓશીકા કે રેડિયો બચાવવા રહેતા નથી તેમ જમાલિકુમાર તેના માતા-પિતાને કહે છે આ જરા અને મરણરૂપી આગથી બળતા આ સંસારમાં આપની આજ્ઞા લઈને હું સંયમ લઈને મારા આત્માને તારીશ.

આ સંસાર સ્વપ્નના સુખ જેવો છે. જેમ સ્વપ્નમાં કોઇ માણસ ધનવાન બની જાય છે તો કોઈ ગરીબ બની જાય છે. પણ સવાર પડતાં તો હતો તેવો ને તેવો રહે છે. યુવાની સંધ્યાના ખીલેલા રંગ જેવી છે. સંધ્યા ક્ષણવારમાં અસ્ત થઈ જાય છે તેમ યુવાની પણ ક્ષણવારમાં ચાલી જાય છે. વળી આ શરીર પણ સડણ-પડણ સ્વભાવવાળું છે. એમાં ક્યાં આનંદ પામવા જેવું છે! અત્યારે આત્મસાધના કરવાનો અનુકૂળ સમય છે. સમય હાથથી ચાલ્યો જશે પછી પસ્તાવાનો પાર નહિ રહે. માટે જ્યારે શરીર સારું હોય, યુવાવસ્થા વર્તતી હોય ત્યારે આત્માની આરાધના કરવી જોઇએ. પછી તો આ ઈન્દ્રિઓ શિથિલ બની જશે. તમારું કહ્યું નહિ કરે તે વખતે શું બની શકશે? માટે અત્યારે વિવેકદૃષ્ટિ વાપરી આ દેહ પાસેથી કામ કઢાવી લો, નહિ તો પાછળથી પસ્તાવું પડશે. પછી કરવાની ગમે તેટલી ઇચ્છા હોય તો પણ બની શકતું નથી. એક ન્યાય આપીને આપને સમજાવું.

એક શેઠ ખૂબ ધનવાન હતા. એમના શેઠાણી ગુજરી ગયા પછી ફરીને શેઠે લગ્ન કર્યા. ત્યારે ન્યાતના આગેવાનોને થયું કે ચાલો, શેઠ નવા શેઠાણી પરણ્યા છે. મોટી ઉંમરે પણ સારા ઘરની કન્યા મળી છે એટલે લગ્નના આનંદમાં છે. તો લગ્નની ખુશાલીમાં ધર્મ ખાતે વાપરવા માટે સારી રકમ કઢાવીએ. આમ વિચાર કરી મહાજન શેઠના ઘેર ગયું. પોતાને ઘેર મહાજનને આવતાં જોઇ શેઠને ખૂબ આનંદ થયો ને ઉભા થઈને મહાજનને આવકાર આપતાં કહ્યું-પધારો-પધારો. મારું આંગણું પાવન થયું. એમ કહી આસન આપી મહાજનને બેસાડ્યું. ચા-પાણી-નાસ્તા કરાવીને પૂછ્યું-ફરમાવો કેમ આપનું પધારવું થયું? ત્યારે મહાજન કહે છે આજે એમ થયું કે ચાલો

શેઠને મળી આવીએ. અને શેઠના લગ્ન થયા છે તો અભિનંદન આપી આવીએ અને....એમ કહેતાં અટકી ગયા. ત્યારે શેઠ કહે છે બોલો!....બોલો....એમ કહેતાં કેમ અટકી ગયા ? ત્યારે કહે છે બીજું તો કાંઇ નહિ પણ આપના પુણ્યનો ઉદય છે! લીલાલહેર છે. આપની પાસે પૈસો સારો છે તો આપણી ન્યાતની ધર્મશાળા જીર્ણ થઇ ગઇ છે અને પાંજરાપોળ તરફ પણ લક્ષ આપવા જેવું છે. એ માટે આપનું ધ્યાન દોરવા માટે અમે આવ્યા છીએ. એટલે શેઠ સમજી ગયા કે આ લોકો મારી પાસે પૈસા કઢાવવા આવ્યા છે. તેથી શેઠ કહે છે તમારી વાત સાચી છે. ધર્મના ખાતામાં આપવું જોઈએ. પણ આ નવા શેઠાણી સોળમી સદીના આવ્યા છે. એ આવ્યા ત્યારથી મને કહ્યા કરે છે કે મારે તો ઉભું રસોડું જોઈશે. ચૂલા અને સગડી મારાથી નહિ સળગાવાય. મારે તો ગ્યાસ જોઇશે. મારે એરકંડીશન રૂમ જોઈશે. એટલે જુઓને આ બધું ઘર રીપેરીંગ કરાવવામાં મારે ખર્ચ ઘણો થઇ ગયો છે ને લગ્નમાં પણ સારો ખર્ચ થયો છે. વળી જુના શેઠાણીનો ભંઢવાડ લાંબો ચાલ્યો એટલે તેમની દવામાં પણ ઘણો ખર્ચો થયો છે. બોલો, હવે પૈસા ધર્માદામાં ક્યાંથી આપું? ત્યારે મહાજન કહે છે શેઠ! આટલો બધો ખર્ચો તો કર્યોને તો લાખ ભેગા સવા લાખ જેવું છે. ઘાણ ભેગો ઘસરકો. ત્યારે શેઠ કહે છે તમે કહો છો તે બધું સાચું છે પણ ધાર્યા કરતાં ખર્ચ વધું થઇ ગયો છે એટલે હાલ પૈસા આપી શકું તેમ નથી.

ત્યારે મહાજન કહે છે શું બને એમ નથી? હમણા કોઇ સંસારનો ખર્ચ આવે અગર નવા શેઠાણી કહે કે મારે આવી સાડી જોઇએ, અગર અમુક દાગીના જોઈએ તો શું નહિ કરી શકો ? એ નવી શેઠાણી કહે તેટલો ખર્ચ હોંશે હોંશે થાય પણ ધર્મના કાર્યમાં વાપરતા હોંશ ન થાય તેનું કારણ શું ? સ્ત્રી પ્રત્યે જેટલો રાગ છે તેટલો ધર્મ ઉપર ક્યાં છે? ધર્મ ઉપર રાગ હોય તો આનાકાની કરે નહિ. મહાજન ધર્મશાળાના આદિ શુભ કાર્યમાં પૈસા લખાવવા માટે સામા પગલે ચાલીને આવ્યા છતાં શેઠે ચોખ્ખી ના પાડી દીધી. મહાજનને થયું કે હવે કંઈ વળે તેમ નથી એટલે નિરાશ થઇને ચાલ્યા ગયા.

દેવાનુપ્રિયો! સંસારમાં હાય પત્ની ને હાય પૈસા કરો છો પણ જો જો આ સ્વાર્થની માયા કેવી છે? શેઠે મહાજનને રાતી પાઇ પણ આપી નહીં. અહીં શેઠાણી વખત જતાં રોજ નવી નવી ચીજો માંગે છે અને શેઠને મોહવશ થઈને બધું લાવી આપવું પડે છે એના રંગ-ઢંગ કંઈ ઓર છે. દાગીના, કપડા અને પૈસા. બધું શેઠાણી એના પિયર ભેગું કરે છે ને ઉપરથી શેઠને દબડાવતી જાય છે, ને બીજી બાજુ મીઠું મીઠું બોલતી જાય છે. ત્યારે શેઠને થયું કે અહો! જેના મોહમાં ફસાયો તે સ્ત્રી કેવી સ્વાર્થી છે! એને કંઈક જોઇએ ત્યારે મારી પાસે કેવી નમ્રતા બતાવે છે ને જોઇતું

મળી જાય ત્યારે મને ફગડાવે છે. કેવું માયાનું પૂતળું છે! આ ઉંમરે મેં વિષયભોગને ન છોડયા ત્યારે આ દશા થઇને? જો મેં પહેલેથી એવો વિચાર કર્યો હોત કે હે જીવ! તેં વિષયભોગ ઘણાં ભોગવ્યા. હજુ તારી તૃષ્ણા પૂરી ન થઈ. મન ઉપર કાબૂ ન રાખ્યો ત્યારે આ સ્ત્રી મારા ઉપર વર્ચસ્વ જમાવવા તૈયાર થઇ છે. કેવો એનો રોફ છે ને કેવી દમામણી ને કેવા ખેલ ખેલે છે! ખાનગી પૈસા ભેગા કરે છે ને પિયર ભરે છે. અને મારી તો પૂરી ખબર પણ લેતી નથી. આમાં મારા આત્માનું શું ભલું થાય છે? એ તો મોજમઝા ઉડાવવામાં પડી છે. એને એના આત્માની પડી નથી ને ભેગી મારા આત્માની પણ ચિંતા નથી. મારે માટે મૃત્યુ હવે નજીક આવતું જાય છે. પૂર્વના પુણ્યોદયે મેં લીલાલહેર કરી પણ હવે આગળના ભવમાં મારું શું થશે? હવે શેઠ ગભરાયા. એમને પરલોકની ચિંતા થઇ કે હું મરી જઇશ તો પાછળ આ પત્ની મારી પાછળ ધર્માદામાં રાતી પાઈ આપવાની નથી. એના કરતાં મારી જાતે ધર્માદામાં વાપરી નાંખું તો શું ખોટું? હાથે તે સાથે. મારી જાતે કરીશ તે સાથે આવશે.

એક દિવસ શેઠાણી બહેનપણીઓ સાથે બહાર ગયા છે. તે સમયે શેઠે વિચાર કર્યો કે મહાજનને ખાનગીમાં બોલાવું. અને જે જે ખાતામાં ખાસ જરૂર હોય ત્યાં સારી રકમો નક્કી કરીને લખાવું. એટલે તરત ચિઠ્ઠી મોકલાવી કે મહાજન જલ્દી આવે. મહાજન પણ તરત આવ્યું એટલે શેઠે પોતાની ઇચ્છા વ્યકત કરી અને વીલ કરવા બેઠા. તેમાં આગેવાનોને પૂછી પૂછીને જે જે ખાતામાં ખાસ જરૂર હોય ત્યાં સારી રકમો લખાવીને વીલ તૈયાર થઈ ગયું. પાસે પંદર લાખની મુડી હતી. તેમાંથી પત્ની માટેબે-ત્રણ લાખની મિલ્કત રાખી બધી મિલ્કત નોંધાવી દીધી. વીલ તૈયાર થઇ ગયું. હવે શેઠની સહી કરી ઉપર સિક્કો લગાવવાનો બાકી છે ત્યાં શું બને છે તે જોજો. પોતાની જાત નીચોવીને નાણું કમાયા છે છતાં પોતાની પત્ની પાસે કેવી કંગાલ દશા થાય છે. પોતે કમાયેલું પોતાની ઇચ્છા હોવા છતાં દાનમાં આપી શકાતું નથી. જ્યાં કુટુંબીઓ લુંટવા બેઠા હોય ત્યાં જીવ અશરણ બનીને સુકૃત્ય ક્યાંથી કરી શકે?

શેઠના પત્ની બહાર ગયા હતા ત્યાં કોઇએ ખબર આપી કે તમે અહીં શું ફરો છો? તમારે ઘેર મહાજન ગયું છે. ત્યાં શેઠાણી ચમક્યાં. મારે ઘેર મહાજન શા માટે ગયું છે! નક્કી શેઠ પાસેથી પૈસા કઢાવવા ગયા લાગે છે. શેઠ તો ભોળા છે. કદાચ આ લોકો બહુ કહેશે તો પૈસા આપી દેશે. માટે લાવ જલ્દી ઘેર જઉં. શેઠાણી દોડતા ઘેર આવ્યા. અહીં વીલમાં સહી સિક્કા કરવાની વાત ચાલે છે. આવીને એણે જોયું તો સરકારી સ્ટેમ્પવાળો કાગળ પડયો છે. અંદર કંઈક લખેલું છે ને સહી સિક્કાની વાતો ચાલે છે. એટલે મહાજનની શરમ છોડીને બધાની વચમાં જઈને વીલનો કાગળ ઉપાડયો. વાંચ્યો તો લાખો રૂપિયાનું વીલ કર્યું છે. શેઠાણી ક્રોધાયમાન થઈને બોલી. લૂંટારાઓ! અહીં

શા માટે આવ્યા છો? મારું ઘર લૂંટવા આવ્યા છો કેમ? લ્યો, લૂંટવું હોય તેટલું લૂંટો એમ બોલતાની સાથે વીલનો કાગળ ફાડી નાંખ્યો ને તેના ટુકડે ટુકડા કરીને ફગાવી દીધા. અને શેઠ સામે જોઇને બોલી, તમે ઠીક છો. મને ભીખ માંગતી કરવાનો ધંધો કર્યો છે. મારી રજા વિના એક પાઈ પણ તમારાથી કેમ અપાય? હવે જોઉં છું કેવા આપો છો?

આ જોઇને શેઠને ખૂબ ભારે આઘાત લાગ્યો કે બસ, મારું કમાયેલું ધન હું દાનમાં ન વાપરી શકું? મારા ધનમાંથી પરલોક માટે મારું કંઇ નહિ? લાખો રૂપિયાની મિલ્કત આ નવી શેઠાણી પચાવી પાડશે ને એના પિયર ભેગું કરશે. આ એવો ભારે આઘાત લાગ્યો કે ત્યાં ને ત્યાં શેઠનું હાર્ટ બેસી ગયું ને શેઠ ધરતી ઉપર ઢળી પડયા. જુઓ, કેવું બન્યું? પહેલાં મહાજન સામેથી લેવા આવ્યું હતું ને શેઠને ધર્મના ખાતામાં પૈસા લખાવવા ખૂબ વિનવણી કરી હતી પણ શેઠને એક પાઈ પણ આપવાનું મન ન થયું. હવે અત્યારે હૃદયના પ્રેમથી આપવું હતું ત્યારે પત્ની આડી આવી. આડી આવી તો કેવી આવી કે દેવાનું તો દૂર રહ્યું, પણ દેતા પહેલા શેઠના પ્રાણ નીકળી ગયા.

બંધુઓ! જોયું ને! આ શેઠનું કેવું બન્યું? માટે કહીએ છીએ કે ધર્મના કાર્યમાં પૈસા વાપરવાનું મન થાય ત્યારે વાયદા ન કરો. વાયદા કરવામાં ફાયદા નથી. વાયદા કર્મબંધનમાં કરજો, ધર્મકાર્યમાં નહિ. શેઠ ગબડી પડયા જોઇ મહાજન તો સ્થિર થઈ ગયું. ત્યાં શેઠાણી કહે છે હાય....હાય.... મારા પતિને મારી નાંખ્યા. આ હરામીઓ મારકા ઘેર ધાડ પાડવા આવ્યા. હે ભગવાન! મારા નાથને આ શું થઇ ગયું? પાપીઓ તમે બધાએ આવીને મારો ચુડો ભંગાવ્યો એમ કહી ગમે તેવા શબ્દો બોલવા લાગી. એટલે મહાજમ ઉઠીને રવાના થઈ ગયું. જ્ઞાની કહે છે માણસ મરી ગયા પછી એના કુટુંબીજનો એનું ધન લૂંટે છે, પણ અહીં તો પત્ની ઉઠીને ધન લૂંટવા બેઠી ત્યારે પતિના પ્રાણ ઉડી ગયા. કેવી પરાધીનતા! પોતાનું ધન વાપરવામાં પોતે સ્વતંત્ર નહિ. તમારા હૈયે હાથ મૂકીને વિચાર કરો કે તમારૂં રળેલું વાપરવામાં તમે સ્વતંત્ર છો? વાપરવાની ભાવના જાગે તો પણ ઘરનાને પૂછવું પડે. જો એ ના પાડે તો મામલો ખતમ. વિચાર કરો કે આ સ્વાર્થ ભરેલા સંબંધો તમને શરણ આપશે? "ના." તો એની પાછળ આટલો બધો રાગ શા માટે રાખો છો? એ કુટુંબ પરિવારના રક્ષણ માટે પૈસા કમાવામાં હિંસા-જુઠ-ચોરી, માયાકપટ, અન્યાય અનીતિ આદિ પાપકર્મો કરો છો તે તમને કયાં લઇ જશે તેનો વિચાર કરો અને ધર્મ આરાધનાનો અમૂલ્ય અવસર ગુમાવો નહિ. જો ચૂકયા તો શેઠની જેમ પાછળથી પસ્તાવું પડશે. માટે પાણી પહેલા પાળ બાંધી લો.

જમાલિકુમાર એમના માતા-પિતાને જીવનની ક્ષણિકતા સમજાવે છે. અમે પણ તમને કહીએ છીએ. દેવાનુપ્રિયો! જીવન ક્ષણિક છે, તો તેમાં ધર્મની આરાધના કરી

લો. તમારા બાળકોમાં ધર્મના સંસ્કારોનું સિંચન કરો. આજનું વિજ્ઞાન કહે છે ઘઉંમાંથી બનેલી પૌષ્ટિક ચીજોમાં વિટામીન B છે. શાકભાજી તથા ફુટમાં વિટામીન C છે. ત્યારે આપણા જૈન સિદ્ધાંતો કહે છે કે એ. બી. સી. ડી. ઈ. એફ. જી. આ સાતેય વિટામીનો બ્રહ્મચર્યમાં છે. બ્રહ્મચર્યનું પાલન કરશો તો તમારે બીજે કયાંય વિટામીન લેવા જવું નહિ પડે. બ્રહ્મચર્યમાં અનેક ગુણો રહેલા છે. બ્રહ્મચર્યનું પાલન કરવાથી આત્માનું ઓજસ વધે છે. જીવોનું રક્ષણ થાય છે ને તપ થાય છે. ભગવંત કહે છે કે "तवेसु वा उत्तम बंभचेरं" સર્વ તપમાં બ્રહ્મચર્ય શ્રેષ્ટ તપ છે. બ્રહ્મચર્ય પાળવાથી શરીરમાં તાકાત આવે છે. જ્યારે ઈંડા આદિ વાપરવાથી આત્મામાં વિકાર વધે છે ને જીવોની હિંસા થાય છે ને ખાનાર દુર્ગતિમાં જાય છે. આટલા માટે જૈન શાસ્ત્રકારોએ સાતેય પ્રકારના વિટામીન પ્રાપ્ત કરવા માટે બ્રહ્મચર્ય પાળવાનો ઉપદેશ આપ્યો છે. જો બ્રહ્મચર્યનું પાલન નહિ કરો તો સંસારની પરંપરા વધશે અને ચતુર્ગતિમાં ભમવું પડશે. ન ભમવું હોય તો ચારિત્રના ઘરમાં આવી જાવ.

જમાલિકુમારે માતા પાસે સંસારની અસારતા અને માનવજીવનની ક્ષણિકતા સમજાવી. હવે તેની માતા નવી લીલો કરશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :- "શિખીકુમારની દીક્ષા"

"બ્રહ્મદત્તકોભી મુનિવરને સમજાયા હૈ જ્ઞાન,
શ્રાવકવ્રત પાલૂંગા ગુરૂવર, કરવા હૈં પચ્ચખાન,
શિખી તો બન ગયા સંયમી, ઘર આ કિયા બયાન હો...શ્રોતા તુમ."

શિખીકુમારે દીક્ષા લીધી. પિતાજીને પુત્રને છોડીને જવાનું મન થતું નથી. દિલમાં ખૂબ દુઃખ થાય છે. ત્યારે વિજયસિંહ આચાર્યે તેમને પણ ધર્મ સમજાવ્યો. એક મહિના સુધી મુનિ પાસે બ્રહ્મદત્ત મંત્રી રોકાયા અને જ્ઞાન સુધારસનું પાન કર્યું ને તેમણે શ્રાવકના બાર વ્રતો અંગીકાર કર્યા. અહીં મુનિનો માસકલ્પ પૂર્ણ થયો ને બીજા ક્ષેત્રમાં વિહાર કરીને ગયા. બ્રહ્મદત્ત મંત્રી પણ પોતાના માણસો સાથે પોતાના ગામમાં આવ્યા ને પોતાના ગામમાં ને ઘરમાં સૌને કહેવા લાગ્યા કે મારો દીકરો શિખીકુમાર તો સંયમી બની ગયો. એણે વિજયસિંહ આચાર્ય પાસે દીક્ષા લીધી છે.

આ જાલિનીને તો જ્યારથી પુત્ર ગર્ભમાં આવ્યો ત્યારથી તેના પ્રત્યે દ્વેષ હતો. તેથી તેને મારવાના પ્રયત્નો કર્યા. છેવટે જન્મ પછી દાસીને મારી નાંખવાની આજ્ઞા કરી હતી પણ બ્રહ્મદત્તની મનાઇ હતી. એટલે દાસીએ ને બ્રહ્મદત્તે તેને ગુપ્ત રીતે ઉછેરેલો ને મોટો થતાં એમ બહાર પાડયું કે મારે પુત્ર નથી માટે આ પુત્રને દત્તક લીધો છે. એને પુત્રની જેમ પાળતા હતા. પણ જાલિનીને તેના પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થયો. ને બ્રહ્મદત્ત સાથે ખુબ કલેશ કર્યો જેથી શિખીકુમાર ભાગી છૂટયો. પણ પુણ્યવાનને જ્યાં

જાય છે ત્યાં બધી સામગ્રી મળી રહે છે. તેને જીવનનૈયાના સુકાની વિજયસિંહ આચાર્ય મળી ગયા. પિતાજીની આજ્ઞા પણ મળી ગઇ એટલે દીક્ષા લઇ લીધી. પ્રધાને ઘેર આવીને શિખીકુમારના બે મોઢે વખાણ કર્યા. નગરના લોકો પણ તેના વખાણ કરવા લાગ્યા કે આ શિખીકુમારે સારું કર્યું. આ પુત્રની પ્રશંસા જાલિનીથી સહન ન થઈ શકી.

પુત્રપ્રશંસા સુન જનનીકા, અધિક બઢા હૈ ક્રોધ–
મનમેં માન બૈઠી એસે, ઉસને કિના પ્રતિબોધ,
કરવાને નિંદા માતાકી, માર્ગ નિકાલા શોધ હો–શ્રોતા...

પુત્રની પ્રશંસા સાંભળી જાલિનીના અંતરમાં ક્રોધની જ્વાળાઓ ફાટી નીકળી. વિવેકી માણસ સવળો અર્થ લે છે ત્યારે જાલિની શું વિચાર કરે છે કે એણે પોતાની પ્રશંસા કરાવવા માટે અને મારી નિંદા કરાવવા માટે આ રસ્તો ઠીક શોધી નાખ્યો. પણ હું એનો બદલો જરૂર લઈશ. અહીં પુત્રની દીક્ષા પછી બ્રહ્મદત્તનું મન પણ સંસાર ઉપરથી ઉઠી ગયું. સંસારમાં રહેવા છતાં સાધુની જેમ રહેવા લાગ્યો. એટલે જાલિનીનો ક્રોધ અધિક વધવા લાગ્યો. બ્રહ્મદત્તનું મન ભગવાનમાં છે જ્યારે જાલિનીનું મન ભોગ તરફ રંગાયેલું છે. હવે એને ધર્મ ક્યાંથી ગમે? હવે જાલિની શિખી મુનિનો નાશ કેવી રીતે કરવો, એમનું કાસળ કેવી રીતે કાઢવું તેનો રસ્તો શોધે છે અને આ તરફ બ્રહ્મદત્ત મંત્રીનું આયુષ્ય પૂર્ણ થતાં અંતિમ સમયે અનશન કરીને તેઓ દેવલોકમાં ગયા. જાલિનીના મનમાં ખૂબ પશ્ચાતાપ થયો કે મેં એ છોકરાને જન્મતાંની સાથે તાળવે અફીણ ચોંટાડી દીધું હોત તો એ જીવતો ન રહેત. એ જીવતો રહ્યો તો અહીંથી ચાલ્યો ગયો ને દીક્ષા લીધી. હવે એ અહીં આવે તેવો સંદેશો મોકલું.

'જાલિનીએ મોકલેલું નિમંત્રણ'

જાલિનીએ ખૂબ વિચાર કરીને તેના સોમદેવ નામના માણસને રત્નકંબલ આપીને મોકલ્યો. મુનિ ક્યાં વિચરે છે તેની એને ખબર નથી. કારણ કે સાધુ હજારો ગામ હોય એમને ક્યાં શોધવા? ખૂબ તપાસ કરતાં કરતાં સોમદેવ છ મહિને સમાચાર મેળવીને તમાલ નામના ગામમાં પહોંચ્યો. ત્યાં વિજયસેન આચાર્ય બિરાજતા હતા તેમને વંદન કર્યા. શિખીમુનિએ તેને ઓળખ્યો એટલે પૂછયું તમે અહીં ક્યાંથી? ત્યારે કહે છે ગુરૂદેવ! આપે દીક્ષા લીધાના સમાચાર જાણી આપના માતુશ્રી જાલિનીદેવીને દુઃખ થયું છે ને તેમણે આપના કુશળ સમાચાર જાણવા માટે મને અહીં મોકલ્યો છે. માતા તો આપના વિયોગે ચોધાર આંસુએ રડે છે. એમના પશ્ચાતાપનો કોઇ પાર નથી ને તેઓ કહે છે કે મેં પુત્ર પ્રત્યે દ્વેષ કર્યો ત્યારે એમને દીક્ષા લેવી પડીને? શિખીકુમાર કહે છે ભાઇ! માતાના કારણે હું દીક્ષિત થયો નથી. માતાજી તો મારા મહાન ઉપકારી છે. મારા કલ્યાણમિત્ર જેવા હિતસ્વી છે. તેઓ નકામો આટલો પશ્ચાતાપ કરે છે.

ત્યારે સોમદેવ કહે છે આપના માતુશ્રીએ એમ પણ કહેવડાવ્યું છે કે સ્ત્રીઓ તો સંકુચિત હૃદયવાળી અને અવિવેકનું ભાજન, વગર વિચાર્યું કરનારી ઈર્ષ્યાળુ ને પાછળથી પશ્ચાતાપ કરનારી હોય છે, પણ પુરૂષો તો ધીર-વીર ને ગંભીર હોય છે અને ચારે તરફનો વિચાર કરનારા હોય છે, તો મેં સ્ત્રી જાતીએ તો કદાચ આવેશથી ન કરવાનું કર્યું પણ તમે તો પુરૂષ હોવા છતાં માતાનું હૃદય પારખ્યા વિના દીક્ષા શા માટે લીધી? બીજું આપે પ્રવર્જ્યા અંગીકાર કરી છે. ગુરૂના સાનિધ્યમાં રહીને ખૂબ શાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે આ જાણી માતાને આપના દર્શનની ખૂબ ઝંખના છે. તો આપ કૌશાંબીમાં પધારીને માતાની ભાવના પૂર્ણ કરો અને આપને માટે રત્નકાંબલ મોકલી છે તેનો આપ સ્વીકાર કરો ત્યારે શિખીમુનિ કહે છે એ મારા ગુરૂને કહો એમાં મારૂ કામ નહિ. ગુરૂની આજ્ઞા વિના શિષ્યે એક દોરો પણ લેવાય નહિ. એટલે સોમદેવ ગુરૂની પાસે ગયા ને રત્નકાંબલ બતાવી.

બંધુઓ! તમને થશે કે રત્નકાંબળી એટલે તેમાં રત્નો જડયા હશે. પણ એમાં રત્નો જડેલા ન હતા. પણ એ કાંબળી ઉનાળે ઠંડક આપે છે ને શિયાળે ગરમી આપે છે. ચોમાસામાં સમકાલીન રહે છે એવા એનામાં ગુણ હોય છે, આ રત્ન કાંબલ ગુરૂને બતાવી અને પ્રેમથી તેનો ગુરૂએ સ્વીકાર કર્યો ને માતાના સમાચાર આપ્યા. શિખીકુમારના મનમાં થયું કે દુનિયામાં કાલનો પાપી આજે પાવન બની જાય છે તે રીતે મારી માતાની મતિ હવે સુધરી લાગે છે. હવે તેને મારા પ્રત્યે દ્વેષભાવ નથી. મુનિને તો કોઈના પ્રત્યે દ્વેષભાવ નથી એટલે એની દૃષ્ટિ નિર્મળ હોય છે. નિર્મળ મનુષ્ય બધું નિર્મળ દેખે છે ને મેલા મનના માનવી બધે મેલું દેખે છે. શિખીમુનિને માતાની માયા જાળની ખબર નથી. સોમદેવે ગુરૂ પાસે બધી વાત કરી. એટલે ગુરૂએ કહ્યું સોમદેવ! તમે જાલિની માતાને કહેજો કે તમારી વિનંતી ધ્યાનમાં રાખીશું અને હમણાં જે શ્રુતજ્ઞાનનો અભ્યાસ ચાલે છે તે પૂર્ણ થયા પછી કોઇ અંતરાય નહિ આવે તો શિખીકુમાર મુનિને ત્યાં મોકલીશ. એટલે સોમદેવ આ સમાચાર લઇને પોતાના ગામમાં ગયો ને જાલિનીને સમાચાર આપ્યા. હવે જાલિની કેવી માયાજાળ રચશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૬૨

ભાદરવા વદ ૧ ને બુધવાર **તા. ૧૨-૯-૭૩**

મહાન પુરૂષોએ આ સંસારને સાગરની ઉપમા આપી છે. જન્મજન્માંતરોથી આત્મા આ સાગરમાં ડૂબકી ખાતો રહ્યો છે, તેથી મોક્ષાર્થી જીવો એને પાર કરવા માટે અને આ સાગરના સામા કિનારે પહોંચવા માટે મોક્ષાભિલાષી આત્મા ધર્મરૂપી નૌકાનો

સહારો લે છે. પરંતુ જો તેનું પુણ્ય પ્રબળ હોય તો તેની નૌકા ભવસાગરના તોફાનો સામે સામનો કરીને આગળ વધી શકે છે. પુણ્યોદયથી મનુષ્યને બધા સારા સંયોગ અને ઉત્તમ સાધનો પ્રાપ્ત થઈ જાય છે. પણ પુણ્યનો સથવારો ક્યાં સુધી છે? જ્યાં સુધી પુણ્યનો ઉદય હોય. ત્યાં સુધી. પુણ્ય ક્ષીણ થવા પર હરિશ્ચંદ્ર રાજા જેવા સત્યવાન પુરૂષને પણ ચાંડાલને ઘેર વેચાવું પડયું અને દાસના કામ કરવા પડયા. અયોધ્યાના રાજા રામચંદ્રજીને વનોવન ભટકવું પડયું. મારો કહેવાનો આશય એ છે કે પુણ્ય સ્થાયી રહી શકતું નથી. તેનો નાશ થવા પર બધા સુયોગ, બધા સાધન અને ટૂંકમાં તમારા માનેલા સંસારના બધા સુખો પાણીના પરપોટાની જેમ વિલીન થઈ જાય છે.

બંધુઓ! આપને એક બાજીગરનો દાખલો આપીને સમજાવું. કોઈ એક નગરમાં એક બાજીગર આવે છે. બાજીગર પોતાની કલા બતાવતા પહેલા ડમરૂ વગાડે છે, તે ડમરૂનો ડમડમ શબ્દ સાંભળીને મનુષ્યોની ભીડ જમે છે અને ઘણા ઉત્સાહથી બાજીગરનો ખેલ જુવે છે, પરંતુ જ્યારે તેનો ખેલ અથવા તમાસો પૂરો થઈ જાય છે ત્યાં બે-પાંચ મિનિટમાં માણસોના ટોળા વિખરાઈ જાય છે. પછી એક પણ માણસ ત્યાં દેખાતો નથી અને બાજીગર જે રીતે એકલો આવ્યો હતો તે રીતે એકલો પોતાના સ્થાન પર પાછો ચાલ્યો જાય છે. તે રીતે જ્યાંસુધી મનુષ્યની પાસે પુણ્ય હોય છે ત્યાં સુધી બધા તેની સાથે મારાપણું બતાવે છે અને તેને સાથ આપે છે. પણ જ્યાં પુણ્ય પૂર્ણ થયું ત્યાં તેનો કોઈ ભાવ પૂછતું નથી કે કોઈ તેને સહાયક પણ બનતું નથી. આ વાત ફક્ત મૃત્યુલોકના માનવી માટે છે એમ નથી પણ દેવો માટે પણ છે. જ્યારે દેવોનું પુણ્ય ક્ષીણ થઈ જાય છે ત્યારે તેને પણ પોતાના સર્વ સુખોનો ત્યાગ કરીને મૃત્યુલોકમાં આવવું પડે છે. સંપૂર્ણ સુખ-સામગ્રી અને અતુલ ઐશ્વર્યનો ત્યાગ કરવો પડે છે. એટલા માટે મહાન પુરૂષો આપણને ચેતવણી આપે છે કે જ્યારે પુણ્ય ખલાસ થાય ત્યારે દેવોને પણ પોતાની રિદ્ધિ સિદ્ધિ છોડવી પડે છે તો પછી મનુષ્યોની તો વાત ક્યાં?

પુણ્યોદય હોય છે ત્યાંસુધી સમસ્ત સુખોનો અનુભવ થાય છે અને પુણ્યના અભાવમાં એટલે પાપના ઉદયમાં વિપત્તિઓનો પર્વત જાણે મસ્તક પર તૂટી પડયો ન હોય એવી સ્થિતિ થાય છે. એવી સ્થિતિમાં શું કરવું જોઈએ. કવિઓએ એક પદ્યમાં બતાવ્યું છે કે:-

"સુન સુગુણા રે તુમ ધર્મધ્યાન નિત કર લો,
તુમ ત્યાગો પંચપ્રમાદ ભવોદધિ તર લો."

આમાં કેટલો સુંદર બોધ આપ્યો છે? તેમાં કહ્યું છે કે તમે પાંચ પ્રકારના પ્રમાદનો ત્યાગ કરો અને ધર્મ આરાધના કરતા રહો. એનાથી તમારો આત્મા અંતે પાપ અને પુણ્ય બંને ઉપરથી ઉઠી જશે. પછી તે પુણ્યના ઉદયમાં અને પાપના

ઉદયમાં બંનેમાં તટસ્થ ભાવથી રહેશે. પાપના ઉદયથી આવતા દુઃખો અને યાતનાઓનો તેને ભય નહિ રહે. માટે પાંચ પ્રમાદનો ત્યાગ કરીને ધર્મ રૂપી નૌકાનો સહારો લઇને તમે ભવોદધિને પાર કરીને તેના કિનારા પર પહોંચી જશો. આ સંસારમાં જીવોને આધારભૂત કે આશ્રયરૂપ હોય તો ફકત ધર્મ છે. જેની સહાયતાથી મુમુક્ષુ પ્રાણી જન્મ-મરણના નાગ પાશથી પોતાના આત્માને મુકત બનાવી શકે છે અને શાશ્વત સુખને પ્રાપ્ત કરવામાં તે સમર્થ બને છે. એટલા માટે જીવનમાં ધર્મને અંગીકાર કરવો અને જીવનને ધર્મમય બનાવવું તે મનુષ્યનું પ્રથમ કર્તવ્ય છે.

દેવાનુપ્રિયો! હવે આપ સમજી શકયા હશો કે આત્માર્થી જીવોને માટે ધર્મારાધના કરવી આવશ્યક છે, પણ ધર્મની આરાધના કેવી રીતે કરી શકાય છે? ધર્મારાધના કરવા માટે સૌથી પ્રથમ પાંચ પ્રમાદનો:ત્યાગ કરવો જોઈએ. એ પાંચ પ્રમાદો કયા કયા છે?

"मद विसय कसाया निद्रा विकहाय पंचमी भणिया ॥
एए पंच पमाया, जीवापाऽन्ति संसारे ॥"

મદ એટલે અભિમાન, વિષય, કષાય, નિદ્રા અને વિકથા આ પાંચે પ્રમાદ જીવને સંસારમાં રખડાવે છે.

સૌથી પ્રથમ છે અભિમાન. અભિમાન માનવના જીવનને પતનના રસ્તે લઇ જાય છે. જ્યાં સુધી માનવીના હૃદયમાં અભિમાન છે ત્યાં સુધી કોટિ પ્રયત્નો કરવા છતાં તે આત્માની ઉન્નતિ કરી શકતો નથી. જીવનની સંપૂર્ણ સાધનાને માટીમાં મેળવી દે છે.

બાહુબલિની વાત તો આપ સૌ કોઇ જાણો છો? ઘોર તપશ્ચર્યા કરવા છતાં પણ તેમને ફકત એક કારણથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ શકતી નહોતી. તેનું કયું કારણ હતું? એક માત્ર અભિમાન. માનનો ત્યાગ કરતાં તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થઇ ગયું. શાસ્ત્રકારોએ અભિમાનને આઠ ફેણવાળા વિષધર સર્પની ઉપમા આપી છે તથા મદ આઠ પ્રકારનો છે. જાતિનો, લાભનો, કુળનો, ઐશ્વર્યનો, બળનો, રૂપનો, તપનો અને જ્ઞાનનો. આ બધાનો અથવા એમાંથી કોઈ પણ એક મદ મનુષ્યને જ્ઞાનહીન અને વિવેકશૂન્ય બનાવી દે છે.

જાતિના મદમાં અંધ બનીને અગણિત હિન્દુ અને મુસલમાનોએ એકબીજાને મૃત્યુના મુખમાં ધકેલી દીધા છે. ઐશ્વર્યમદ અને લાભમદથી પણ આ દુનિયા પર કેટલા ભયંકર યુદ્ધો થયા છે.

શિવાજી સામંતગઢનો કિલ્લો કરાવી રહ્યા હતા ત્યારે એક દિવસ તેઓ પોતાના ગુરૂ સમર્થ રામદાસની સાથે તેનું નિરીક્ષણ કરવા નીકળ્યા. ત્યાં અનેક મજુરોને કામ કરતા જોઈને શિવાજીના મનમાં માન આવી ગયું કે હું કેટલા બધા જીવોનું પાલન કરું

છું ! ગુરૂ શિષ્યની આ ભાવના સમજી ગયા ને બોલ્યા હે શિવા ! તારા કારણે કેટલા જીવોનું પાલન થઇ રહ્યું છે. શિવાજી ગુરૂના ગુઢ ભાવને સમજી શકયા નહિ અને પોતાની જાતને ધન્ય માનતા બોલ્યા. ગુરૂદેવ ! આ બધું આપના આશીર્વાદનું ફળ છે. તેટલામાં પાસે પડેલી એક શિલાને જોઇને ગુરૂએ કહ્યું–આ શિલા વચ્ચે કેમ પડી છે ? ત્યારે શિવાજીએ કહ્યું આ રસ્તો તૈયાર થઇ જશે પછી શિલાને તોડાવી નાંખશું ત્યારે સમર્થ ગુરૂએ કહ્યું, નહીં આ કામ આપ અત્યારે કરાવી લો. કોઈપણ કામ જે રહી જાય છે તે પછી જલ્દી થતું નથી. શિવાજીએ તરત કારીગરોને બોલાવી શિલા તોડાવી નંખાવી. શિલા તૂટી ગઇ પછી બધાએ જોયું કે શિલાની અંદર પાણીથી ભરેલો એક ખાડો હતો. તેમાં એક જીવતો દેડકો હતો તે જોઈને ગુરૂએ કહ્યું. વાહ ! આ શિલામાં પાણી રાખીને તમે આ દેડકાને પણ સાચવવાની વ્યવસ્થા કરી છે ! ગુરૂના શબ્દ સાંભળીને શિવાજીને પોતાના માનનું ભાન થઇ ગયું અને તે સમયે ગુરૂના ચરણોમાં મસ્તક ઝૂકાવીને પોતાની ભૂલની ક્ષમા માંગી. કહેવાનો આશય એ છે કે માનવ અભિમાન શેનો કરે છે ? ધન વૈભવ–સૌંદર્ય–શક્તિ આદિ બધાનો અભિમાન કરે છે પણ શું તે હંમેશા બધા સાથે રહેવાવાળા છે ? ના, જ્યાં સુધી પુણ્યોદય છે ત્યાં સુધી તે સાથે રહે છે. માટે જ્ઞાની પુરૂષો કહે છે આ અસ્થાયી ચીજોનું અભિમાન ન કરો.

હવે બીજું છે વિષય. ઈન્દ્રિયોના વિષય પણ પ્રમાદ છે. વિષયોનું ચિંતન મનુષ્યના પતન અને વિનાશનું કારણ છે. જ્યાં સુધી મનુષ્ય ફકત વિષયોનું સ્મરણ કરે છે ત્યાં સુધી તેના માટે આત્મ ઉત્થાનની આશા કરવી નકામી છે. જો તમારા જીવનને શાંતિમય અને તેજસ્વી બનાવવું હોય તો વિષય-વિકારોનો ત્યાગ કરવો જોઇએ. જ્યાં સુધી હૃદયમાં વિષય વિકારરૂપી અશુદ્ધતા છે ત્યાં સુધી માનવ આત્મકલ્યાણનો પંથ ગ્રહણ કરી શકતો નથી. ભોગાસકત માનવી ઇન્દ્રિય સુખને સાચા સુખ માને છે પરંતુ વાસ્તવમાં તે સુખ નથી પણ સુખાભાસ છે. મનુષ્યની ચિત્તવૃત્તિ જ્યાં સુધી તેમાં રમે છે ત્યાં સુધી તે શુદ્ધતા તરફ આગળ વધી શકતો નથી. આત્માને સંસારથી મુકત કરાવવાના પોતાના ધ્યેયમાં સફળ થઇ શકતો નથી. મનુષ્ય જ્યાં સુધી વિષય–વિકારોમાં આસકત રહે છે ત્યારે એ ભૂલી જાય છે કે સંસારના ક્ષણિક સુખ તેને લાંબાકાળ સુધી ઘોર દુઃખો આપશે અને દુર્ગતિમાં લઈ જશે. ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયનમાં કહ્યું છે કે :–

सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।
कामे य पत्थेमाणा, अकामा जन्ति दुग्गइ ।

ઉત્ત. સૂ. અ. ૯, ગાથા–૫૩

કામભોગ શલ્ય રૂપ છે. વિષસમાન છે. આશી વિષ સર્પના સમાન છે. એની **અભિલાષા કરવાવાળાને અનિચ્છાથી દુર્ગતિમાં જવું પડે છે.**

એટલા માટે મહાન પુરૂષો વિષય-વિકારોને વિષધર સર્પના સમાન સમજીને દૂર ભાગતા રહે છે.

નારાયણ નામનો બાલક નાનપણથી ખૂબ સંસ્કારી હતો. તે બાલપણથી સંસારથી વિરક્ત હોય તેમ રહેતો હતો. તેનો મોટા ભાગનો સમય ભજન, પૂજન, કીર્તન, જ્ઞાન-ધ્યાન આદિમાં પસાર થતો હતો. નારાયણની માતા પોતાના પુત્રના વિવાહ કરીને પુત્રવધુનું મુખ જોવા માટે ખુબ ઉત્સુક હતી. તેથી બાર વર્ષની નાની ઉંમરમાં તેના વિવાહ કરી દીધા ને પછી લગ્ન દીધા. કિશોર નારાયણ ઘણી ધામધૂમ અને ગાજતે વાજતે જાનની સાથે લગ્નને માટે પોતાના શ્વસુરગૃહે પહોંચ્યો. જે સમયે વિવાહમંડપમાં મંગલાષ્ટક શરૂ થયા ત્યારે બ્રાહ્મણોએ કહ્યું શુભમંગલ સાવધાન!

નારાયણે આ શબ્દ સાંભળ્યો ને તેનો મનમાં અર્થ કર્યો, સંસારની દુઃખદાયક બેડી તમારા પગમાં પડવાની છે માટે સાવધાન થઇ જાઓ. નારાયણ તો ત્યાંથી ઉઠીને તરત ભાગી ગયા. અને વર્ષો સુધી કઠોર તપશ્ચર્યા કરી તેથી તેઓ રામદાસ કહેવાયા. જે સમર્થ રામદાસ શિવાજીના ગુરૂ હતા. આ રીતે મહાન આત્માઓ વિષયોથી દૂર ભાગે છે અને તેનાથી વિમુખ થઇને આત્મકલ્યાણમાં ઝૂકી જાય છે. વિષયોથી વિરક્ત થવું એ આત્મોન્નતિનું પ્રથમ પગથિયું છે.

આ રીતે જૈનદર્શનની અંદર બ્રહ્મચર્યની જ્યોત જ્વલંત રાખનાર સતી ચંદનબાળાનું દૃષ્ટાંત આપે ઘણી વાર સાંભળ્યું હશે. છતાં આજે આપની સામે એટલા માટે રજુઆત કરૂં છું કે આપને ત્યાં આજે તપ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. બા. બ્ર. હર્ષિદાબાઇ મહાસતીને આજે માસખમણની પૂર્ણાહુતિ છે, તો તેમના તપના અનુમોદન નિમિત્તે પારણાના શુભ પ્રસંગે તપ–ત્યાગ ને બ્રહ્મચર્યની જ્યોત આપના હૃદયમાં પ્રગટાવી જાય છે. તપશ્ચર્યા તો એવી ઔષધિ છે કે ભલભલાના રોગ પણ મરી જાય છે.

એક ભાઇને કેન્સર થયું હતું. ગળાનું કેન્સર એટલે પાણી ઉતરતું ન હતું. કોઇ દવા કામ કરતી નથી એટલે એને થયું કે આમેય ખવાતું પીવાતું નથી તો મહિનાના ઉપવાસ કરી લઉં. એણે મહિનાના ઉપવાસ કર્યા, આયુષ્ય બળવાન એટલે જીવી ગયા ને મહિનાના ઉપવાસનું પારણું આવ્યું પણ ગળેથી ઉતરતું ન હતું. પરાણે સહેજ વાપર્યું ને ખૂબ ઉલ્ટી થઇ તેના ભેગો બધો રોગ ચાલ્યો ગયો. કેન્સરનું નામનિશાન ન રહ્યું.

એક ભાઇને સંધીવાનું દર્દ હતું. આખા શરીરમાં સંધીવા વ્યાપી ગયો હતો. ખૂબ દુઃખાવો થતો હતો. દર્દથી ખુબ કંટાળી ગયો. એને થયું કે ઘરમાં કોઇ ન હોય ત્યારે હું કેરોસીન છાંટીને બળી મરૂં. પણ એકલો પડે નહિ ને પોતાનું ધાર્યું થઇ શકે નહિ. એને થયું કે હવે ઉપવાસ કરૂં. એણે ૩૦ ઉપવાસ કર્યા ને સંધીવાનો રોગ

જડમૂળમાંથી ચાલ્યો ગયો. આ રોગ કેમ આવે છે? જીવનો વેદનીય કર્મનો ઉદય થાય છે ત્યારે દર્દ બહાર આવે છે. તપ દ્વારા આત્મપ્રદેશે લાગેલા કર્મનો મેલ છૂટો પડે છે, એટલે આત્મશુદ્ધિ થતાં રોગ નાબૂદ થાય છે. ટૂંકમાં આત્મિક અને શારીરિક બંને રોગોને નાબૂદ કરવા માટેનું તપ અમોઘ ઔષધ છે.

બીજાના ધર્મગુરૂઓ વાતો કરે છે પણ આપણા ભગવાને જીવનમાં અપનાવીને પછી બીજાને ઉપદેશ કર્યો છે. મહાવીર પ્રભુએ ઘાતીકર્મોને તોડવા માટે તપરૂપી તીક્ષ્ણ કુહાડો હાથમાં લીધો હતો. બેમાસી, ચારમાસી, ને છમાસી તપ પ્રભુએ કર્યા હતા. એક વખત તેર બોલનો અભિગ્રહ ધાર્યો હતો તેના પાંચ માસ ને પચ્ચીસ દિવસ સુધી ગોચરી માટે પરિભ્રમણ કર્યું. અભિગ્રહ કેવો કઠીન હતો! રાજકુમારી હોય, ચૌટે વેચાયેલી હોય, માથે મુંડન કરેલું હોય, હાથ-પગમાં બેડી હોય, ઘરના ઉંબરામાં એક પગ બહાર અને એક પગ અંદર રાખેલો હોય, હાથમાં સૂપડું હોય સૂપડામાં લૂખા અડદના બાકળા હોય, ને આંખમાં આંસુડાની ધાર વહેતી હોય, અઠ્ઠમ તપ હોય. એ તેર બોલ હોય ત્યારે મારો અભિગ્રહ પૂર્ણ થાય. આ અભિગ્રહ સામાન્ય ન હતો. છતાં મહાન પુરૂષોનો અભિગ્રહ પૂર્ણ થવાનો હોય ત્યારે એવી અવનવી ઘટનાઓ બની જાય છે.

ચંદનબાળાનું મૂળ નામ તો વસુમતી હતું. ચંદનબાળાના પિતાના રાજ્ય ઉપર દુશ્મન રાજાનું લશ્કર ચઢી આવ્યું ને દધિવાહન રાજા મરણ પામ્યા. ત્યારે રથમાં બેસીને ચંદનબાળાની માતા ધારણી રાણી અને વસુમતી બંને ભાગી છૂટ્યા. રથમાં ધારણી માતા ચંદનબાળાને શિખામણ આપતી હતી કે બેટા ગમે તેવા સંયોગોમાં પણ આપણું ચારિત્ર ન જવું જોઇએ. નિર્જન વનમાં રથ પહોંચી ગયો. ધારણી રાણી ખુબ સ્વરૂપવાન હતા. તેને જોઇને સારથીની કુદૃષ્ટિ થઇ. વારંવાર રાણી તરફ દૃષ્ટિ કરવા લાગ્યો. ધારણીદેવીએ તેને ખુબ સમજાવ્યો. સતી સ્ત્રીઓ એકદમ આપઘાત નથી કરતી. પહેલાં એ વ્યક્તિને સમજાવે છે. જો એની ભવિતવ્યતા ઉજળી હોય તો એનું જીવન એ નિમિત્તે સુધરી જાય છે. આ સારથી ન સમજ્યો ત્યારે ધારણી માતા જીભ ખેંચીને મૃત્યુ પામી, પણ ચારિત્ર વેચવા તૈયાર ન થઇ. વસુમતી વિચાર કરે છે મારી માતા થોડીવાર પહેલા મને શિખામણ આપતી હતી અને એજ વાત એણે જીવનમાં અપનાવી. માતાએ કહ્યું હે સારથી! તને મારા દેહનો મોહ છે ને! તું મારા દેહ ઉપર સત્તા ચલાવી શકે છે મારા આત્મા ઉપર નહિ. એમ કહી પ્રાણ છોડી દીધા. માતા ચાલી ગઈ. વસુમતી વિચાર કરે છે આ સારથી મારી પણ આવી દશા કરશે, તો હું પણ માતાની જેમ કરૂં. વસુમતી મરવા તૈયાર થઇ છે. ધારણીદેવીનું મૃત્યુ જોઇને સારથીનું હૃદય પલટાઈ ગયું. ચંદનબાળાને કહે છે બહેન! હું તારા ઉપર કુદૃષ્ટિ નહિ કરૂં. તું આપઘાત ન કરીશ. એટલે ચંદનબાળાને શાંતિ થઇ. સારથી ચંદનને પોતાના ઘેર લઈ ગયો.

ચંદનબાળા ખુબ સ્વરૂપવાન દેવી જેવી છે. આ જોઇને સારથીની પત્નીના મનમાં શંકા થઈ કે આ રૂપાળી સ્ત્રીને બહેન કરીને લાવ્યા છે ને કાલે પત્ની બનાવશે એમ એના અંતરમાં ઇર્ષ્યાના ઝેર રેડાયા.

દેવાનુપ્રિયો ! આજે દુનિયામાં કોઇને કોઇનું સારૂં સહન થતું નથી. સારા માણસ પ્રત્યે પણ ખોટી કુશંકાઓ થાય છે. અમૃતને સૌ પચાવી જાય છે, પણ ઝેર પચાવવું મુશ્કેલ છે. દેવોએ સમુદ્રમંથન કર્યું તેમાંથી અમૃત નીકળ્યું. સૌ દેવો અમૃત પીવા આવ્યા પણ ઝેર તો મહાદેવે પીધું. ઝેર પચાવ્યું એટલે તે મહાદેવ કહેવાયા. ભીષ્મપિતામહનું નામ ભીષ્મપિતા કેમ પડયું ? એમણે પોતાના પિતાને ખાતર ભીષ્મ પ્રતિજ્ઞા કરી. નાવિકની પુત્રી પિતાની સાથે પરણાવવા માટે જાવજીવ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરી એટલે તે ભીષ્મપિતામહ કહેવાયા.

ચંદનબાળાની દૃષ્ટિ નિર્મળ હતી, પણ સારથીની સ્ત્રીની દૃષ્ટિમાં ઝેર ભર્યું હતું કે આ ભવિષ્યમાં મારી શોકય બનશે એટલે વસુમતી ઉપર ઇર્ષ્યા કરવા લાગી. ગમે તેવા શબ્દો બોલવા લાગી. એટલે સારથીએ વિચાર કર્યો કે હું આને વેચી દઉં તો મને સારા પૈસા મળશે. આ સ્ત્રી એને મારા ઘરમાં સુખ પડવા નહિ દે. એટલે તેને લઇને બજારમાં વેચવા આવ્યો. એને ખરીદવા ઘણાં માણસો તૈયાર થયા પણ સવા લાખ રૂપિયા એની કિંમત જાણી પાછા પડયા. છેવટે એ ગામની એક કામલતા નામની ગણિકા એને જોઈને વિચાર કરે છે કે આ ખુબ સ્વરૂપવાન છે. મારો ધંધો સારો ચાલશે એમ જાણીને સવા લાખ રૂપિયા આપીને તેને ખરીદે છે. ત્યારે વસુમતી પૂછે છે હે માતા ! તમારો ધર્મ કયો અને તમારા ઘરના આચાર વિચાર કેવા ? ત્યારે ગણિકા કહે છે મારે ઘેર કોઇ ધર્મ નથી. અને રોજ રોજ નવા નવા શણગાર સજીને નવા નવા પુરૂષોને રીઝવવા એ મારા ઘરનો આચાર છે. ત્યારે વસુમતી કહે છે એ કામ મારાથી નહિ બને. વેશ્યા કહે છે મેં તો સવા લાખ રૂપિયા આપી દીધા. હવે તારે મારે ઘેર આવવું પડશે. એને પરાણે લઇ જવા મહેનત કરે છે. આ સમયે વસુમતી શાસનના દેવોને પ્રાર્થના કરે છે હે પ્રભુ ! મારી લાજ તારે હાથ છે. હું નિરંતર તારું સ્મરણ કરું છું. આ વેશ્યાને ઘેર જવું પડશે ને મારું ચારિત્ર છિન્ન ભિન્ન થઇ જશે તો તારી આજ્ઞાનું લીલામ થશે, મારું નહિ. ભકતની લાજ રાખવી તારે હાથ છે. શુદ્ધ ભાવથી પ્રાર્થના કરી અને દેવોના આસન ચલાયમાન થયા. શીયળના રક્ષણહાર દેવો કોઇ વાંદરાનું, કોઇ સર્પનું અને કોઇ વીંછીનું રૂપ લઇને આવ્યા ને ચારે તરફથી વેશ્યાને વલૂરી નાંખી એટલે વેશ્યા તો એને મૂકીને ભાગી ગઇ. ત્યાર પછી ધનાવાહ નામના શેઠ ત્યાંથી નીકળે છે. એમને કોઇ સંતાન ન હતું. વસુમતીને જોઈને ખુશ થયા અને તેને ત્યાં પોતાની દીકરી કરીને લઇ જાય છે. પુત્રીની જેમ તેનું પાલનપોષણ કરે છે, પણ જુઓ કર્મ કોઇને છોડે છે ? પવિત્ર સતીની કેવી કસોટી થાય છે !

એક દિવસ શેઠ બહારથી આવે છે. એમના પગ કાદવથી ખરડાયેલા હતા એટલે ઘૂમ પાડીને કહે છે બેટા વસુમતી! પાણીનો લોટો લાવ. વસુમતી પાણીનો લોટો લઇને ગઈ ને વાંકી વળીને શેઠના પગ ધૂવે છે તે વખતે તેના વાળ છૂટા હતા એટલે વાળની લટો ભોંય પડે છે ત્યારે શેઠ એ લટો પકડીને ઉંચી નાંખે છે. આ દૃશ્ય જોઇને મૂળા શેઠાણીને ખૂબ ઇર્ષ્યા આવી ગઈ. અહો! શેઠને હજુ આટલી ઉંમરે કેટલો મોહ છે! દીકરી....દીકરી કરે છે પણ ભવિષ્યમાં મારા માથે શોકયના સાલ આવશે. શેઠ કેટલા પવિત્ર છે ને વસુમતી પણ કેટલી પવિત્ર છે! પણ એના ગાઢ કર્મનો ઉદય છે એટલે શેઠાણીની દૃષ્ટિમાં વિપરીત દેખાયું. થોડા દિવસ પછી શેઠને ત્રણ ચાર દિવસ માટે બહારગામ જવાનું થયું એટલે મૂળા શેઠાણીએ વિચાર કર્યો આને શિક્ષા કરવાનો આ સારો લાગ છે એમ વિચાર કરી શેઠાણીએ હજામને બોલાવ્યો અને વસુમતીના માથે મુંડન કરાવ્યું. હાથ-પગમાં બેડી પહેરાવીને ભોંયરામાં પૂરી દીધી અને ઘરમાં બધી વસ્તુ ઠેકાણે મૂકી પોતે પિયર ભેગી થઈ ગઇ.

ચંદનબાળાને ભોંયરામાં ત્રણ ત્રણ દિવસના ઉપવાસ થયા. શેઠ ચોથે દિવસે સવારમાં ત્યાં આવે છે. બારણા બંધ છે. શેઠ બહારથી બેટા ચંદના....ચંદના કરતાં આવે છે પણ કોઇ જવાબ દેતું નથી. છેવટે ખૂબ તપાસ કરતા ભોંયરામાંથી ચંદનબાળા મળે છે. શેઠ પૂછે છે બેટા! તારી આ દશા કોણે કરી? ત્યારે ચંદનબાળા કહે-પિતાજી! મારા કર્મે કરી, પણ સારું થયું. ત્રણ દિવસ એકાંતમાં પ્રભુનું સ્મરણ કરવા માટે નિવૃત્તિ મળી. સહેજે સહેજે આત્મસમાધિમાં લીન બનવાનો અવકાશ મળ્યો. દેવાનુપ્રિયો! ગુણવાન આત્માઓ અવગુણમાંથી પણ ગુણ શોધે છે. પોતાના કર્મ સિવાય કોઇને દોષ દેતા નથી. જેવું તેનું નામ હતું તેવા તેનામાં ગુણ હતા. તેનું નામ વસુમતી હતું પણ એના જીવનમાં ચંદન જેવી શીતળતા અને ગુણની સુવાસ હતી એટલે ધનાવાહ શેઠે તેનું નામ ચંદનબાળા પાડયું હતું. આજે તો નામ જુદા હોય ને કામ જુદા હોય. નામ પ્રમાણે અત્યારના જમાનામાં ગુણ બહુ ઓછા જોવા મળે છે.

ચંદનબાળા ત્રણ ત્રણ દિવસની ભૂખી હતી એટલે શેઠના મનમાં થયું કે કંઈક ખાવાનું આપું. ઘરમાં નજર કરે તો વાસણ કે ખાવાનું કંઈ બહાર નથી. બધે તાળા લાગી ગયા છે. એટલે સૂપડું પડયું હતું તે હાથમાં લીધું અને નોકરે ઘોડા માટે અડદ બાફ્યા હતા તે લૂખા સૂખા અડદના બાકળા સૂપડામાં મૂકીને ચંદનબાળાને આપ્યા. કુદરતી રીતે ચંદના ઉંબરામાં બેઠી હતી અને બાકળા આપીને શેઠ તેના હાથમાં રહેલી બેડી તોડાવવા લુહારને બોલાવવા માટે ગયા. ચંદનબાળા મનમાં વિચાર કરે છે કે ત્રણ-ત્રણ દિવસની ઉપવાસી છું. આ વખતે કોઇ સાધુ મુનિરાજ પધારે તો તેમને વહોરાવીને પારણું કરૂં આ એના મનમાં ભાવના જાગી ત્યાં પ્રભુ મહાવીર પોતાનો અભિગ્રહ પૂર્ણ

કરવા માટે નગરની ગલીએ ગલીએ પાંચ માસ ને પચ્ચીસ દિવસથી ઘૂમે છે. તેઓ ફરતા ફરતા ચંદનબાળા બેઠી છે ત્યાં પધાર્યા. પ્રભુને જોઇ ચંદનબાળાના આનંદનો પાર ન રહ્યો. પધારો નાથ! મારા ઘર પવિત્ર કરો. પ્રભુ મારી પાસે અત્યારે મેવા-મીઠાઈ-રોટલી-દૂધપાક કંઈ નથી આ સૂકા બાકળા ગ્રહણ કરો ને મને પવિત્ર બનાવો. પ્રભુએ જોયું કે બધા બોલ છે પણ એક તેની આંખમાં આંસુ નથી એટલે તરત પાછા ફર્યા. ચંદનબાળાના માથે વિપત્તિના વાદળ ઉતરી પડયા. રાજ છોડીને ભાગવું પડયું. સારથીની પત્નીએ કષ્ટ આપ્યા. માતાનો વિયોગ પડયો, ચૌટે વેચાણી મૂળા માતાએ માથે મુંડન કરાવ્યું. હાથ-પગમાં બેડી પહેરાવી. આવા દુઃખમાં પણ ચંદનાની આંખમાં આંસુ ન આવ્યા. પ્રભુ મહાવીર આંગણે આવીને પાછા ફર્યા તેનું તેના દિલમાં પારાવાર દુઃખ થયું. વીજળી પડે ને કડાકો થાય ત્યારે માણસને કેવો આઘાત લાગે છે! તેમ ચંદનબાળાના દિલમાં આઘાત લાગ્યો અને તેની આંખમાં આંસુ આવી ગયા. રડતી રડતી ચંદનબાળા શું કહે છે?

આવો આવો દેવ મારા, સુના સુના દ્વાર મારા આંગણા સુના,
રોતી રોતી ચંદનબાળા વિનવે છે આજ મારા આંગણા સુના
માથે મુંડી, પગમાં બેડી, આંખે આંસુ ધાર,
ઉંબરીયામાં બેઠી હતી ને મુખે ગણે નવકાર...મારા

પાંચ માસ ને પચ્ચીસ દિવસ થઈ ગયા હતા. પ્રભુ મહાવીર કોઈના ઘરમાંથી કંઈ લેતા ન હતા. નગરીમાં હાહાકાર મચી ગયો હતો કે આ મહાત્મા કયાં સુધી ઉપવાસ કરશે? કયારે પારણું થશે તેની રાહ જોતા હતા. આકાશમાં દેવો પણ રાહ જોઈ રહ્યા હતા કે પ્રભુના આવા મહાન તપનું પારણું કરાવવા કોણ મનુષ્ય ભાગ્યશાળી બનશે....! સૌના આશ્ચર્ય વચ્ચે શું બન્યું તે સાંભળો.

ચંદનબાળા પ્રભુ પાછા ફરવાથી રડવા લાગી, કરગરવા લાગી ત્યારે પ્રભુ પાછું વાળીને જોવે છે તો ચંદનબાળાએ અડદના બાકળા પ્રભુને વહોરાવ્યા. એ પ્રભુને વહોરાવવા ગઇ ત્યાં ભડાક કરતી બેડી તૂટી ગઇ ને બેડીને ઠેકાણે સોનાના રત્નજડિત કડા બની ગયા. માથે સુંદર કેશ આવી ગયા અને આકાશમાંથી સાડાબાર કોડ સોનૈયાની વૃષ્ટિ થઈ. આકાશમાં દેવ-દુંદુભી વાગવા લાગી ને અહો દાનં અહો દાનના દિવ્ય ધ્વનિ થવા લાગ્યા. જેમ પર્યુષણમાં અહીં ઉપાશ્રયના ચોકમાં ગાડીઓ ઉભી રાખવાની જગ્યા રહેતી ન હતી તેમ અહીં આકાશ દેવોના વિમાનોથી છવાઇ ગયું ને સતી ચંદનબાળાનો જયજયકાર બોલાવ્યો. ચંદનબાળાએ સંસાર છોડી સંયમ લીધો ને પ્રભુ મહાવીરની ૩૬૦૦૦ સાધ્વીજીઓમાં સૌથી પટ્ટશિષ્યા બન્યા. કેવું સુંદર જીવન હતું! આપણે પણ આપણા જીવનને આવું સદ્‌ગુણની સુવાસથી મઘમઘતું બનાવીએ.

ટૂંકમાં અહીં મારે તમને એ કહેવું છે કે તપ એ કર્મોને તોડવાનું મહાન સાધન

છે. મહાવીર પ્રભુએ કર્મની જંજીરોને તોડવા માટે કેવી મહાન સાધના કરી હતી! બા. બ્ર. પુ. હર્ષિદાબાઇ મહાસતીજીને આજે માસખમણ તપની સાધનાનું પારણું છે માટે ૩૦ દિવસના જે પચ્ચખાણ લેા તે લેશેા. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૬૩

ભાદરવા વદ ૨ ને ગુરૂવાર **તા. ૧૩-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

વિશ્વવત્સલ, દયાના સાગર એવા મહાવીર પ્રભુએ આપણા ઉપર મહાન અનુકંપા કરી આગમરૂપી વાણી પ્રકાશી. ભગવાનની વાણી ભવ્ય જીવો માટે મહાન ઉપકારક છે, હિતકારી છે. જેમ ડૉક્ટરની દવા શારીરિક રોગનું શમન કરનારી છે તેમ વીતરાગ પ્રભુની વાણી રૂપી દવા ભવરોગનેા નાશ કરનારી છે. આ વાણી ઉપર જો જીવ શ્રદ્ધા કરે તેા મોક્ષના શાશ્વત સુખને મેળવી શકે છે. કારણ કે સર્વજ્ઞ પ્રભુની વાણી ત્રણ કાળમાં ફરતી નથી. જિનેશ્વર દેવોએ જે વાણી પ્રરૂપી છે તે સત્ય અને નિઃશંક છે અને અજ્ઞાનીની વાણીમાં શંકા હોય છે. તેમાં તેઓ આજે જુદું બતાવશે અને થેાડા વખત પછી વળી બીજું બતાવશે ત્યારે પ્રભુની વાણીમાં મીનમેખ ફેરફાર થાય નહિ.

जे य अइआ जे य पडुपन्ना, जे य आगमिस्सा अरिहंता भगवंतो ते
सव्वे एव माइक्खंति, एवं भासन्ति, एवं पन्नवेंति एवं परुवेन्ति ।

તીર્થંકર ભગવંતેા ભૂતકાળમાં થઈ ગયા. વર્તમાનકાળે મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે ને ભવિષ્યમાં બીજા તીર્થંકરેા થશે. તેમાં જે વાત ભૂતકાળમાં થઇ ગયેલા તીર્થંકરોએ કહી તે વાત વર્તમાનકાળમાં તીર્થંકર ભગવંતેા પ્રરૂપે છે અને ભવિષ્યમાં જે ભગવંતેા થશે તેઓ પણ એ વાત કહેશે. જે જે દ્રવ્યેા અને જે જે તત્ત્વેા જે રીતે ભગવંતે કહ્યા છે તે તે રીતે રહેલા છે. નવતત્ત્વ, છ દ્રવ્ય, નય-નિક્ષેપા જે જ્ઞાનીઓએ કહ્યા છે તે અનંતકાળે પણ જ્ઞાની કહેશે.

જમાલિકુમારને સત્ સ્વરૂપનું ભાન થયું છે કે મારૂં સ્વરૂપ અનંત જ્ઞાનમય, દર્શનમય ને ચારિત્રમય છે. મને જે શક્તિ અને સંયેાગેા મળ્યા છે તેનાથી મારા કર્મોના ચૂરા કરવાના છે, તેના માટે પ્રચંડ પુરુષાર્થ કરવેા પડશે એમ સમજી જમાલિકુમાર સંસાર ત્યાગી સંયમી બનવા તૈયાર થયા છે. તમે સંસાર ન છોડી શકેા તેા શ્રાવક તેા બની શકેા ને? બાર વ્રત ન અંગીકાર કરી શકેા તેા બારમાંથી એક પણ વ્રત અંગીકાર કરેા. રાત્રી ભેાજન ત્યાગ કરેા. ઘણીવાર એવું બને છે કે માણસને ચૌવિહાર

કરવાની ભાવના હોય પણ નોકરીની પરાધીનતાને કારણે ઇચ્છા હોવા છતાં નથી કરી શકતો. પણ જે શેઠ છે એ ધારે તો કરી શકે ને? એક કલાક ગાદી ઉપરથી વહેલા ઉઠી જાવ તો ચૌવિહાર થઇ શકે છે. પણ એ પૈસા ખાતર ગાદીનો મોહ છૂટવો મુશ્કેલ છે. મોહ છૂટે તો કલ્યાણ થાય. અનંતકાળથી જીવને સંસારમાં રઝળાવનાર મોહ છે. પુણ્યનો ઉદય છે ત્યાં સુધી સારૂં છે. જ્યારે ઇન્દ્રિઓ શિથીલ બનશે, રોગ ઘેરો નાંખશે ત્યારે દર્દમાં કોઇ ભાગ પડાવવા તૈયાર નહિ થાય. આ સંસાર કેવો છે? જેમ વાસણમાં દૂધ મેળવ્યું હોય છે ત્યારે ઘણીવાર એવું બને છે કે ઉપર દહીંનો પોપડો જામ્યો હોય છે ને નીચે પાણી હોય છે. તેમ આ સંસારમાં ઉપરથી મોહ–માયાનો પોપડો દેખાય છે પણ અંદર તો પાણી જ પાણી છે. માટે બને તેટલો મોહ ઓછો કરો.

જમાલિકુમારને સંયમની એવી લગની લાગી છે કે હવે તેને ક્ષણવાર ગમતું નથી. એટલે માતાને કહે છે હે માતા! હું તારો પુત્ર આ એક ભવમાં નથી બન્યો. ઘણી માતાનો પુત્ર બન્યો છું ને ઘણી માતાઓને રોવડાવી છે.

સાયરના નીરથી ઘણાંયે, મેં પીધા માયના થાન,
તૃપ્તિ ન પામ્યો આત્માજી, અધિક આરોગ્યા ધાન હો,
માતાજી ક્ષણ ક્ષાખેણી રે જાય.....

હે માતા! આ જીવે માતાના દૂધ એટલા બધા પીધા છે કે જે ભેગા કરવામાં આવે તો સમુદ્ર ભરાઇ જાય. સમુદ્રમાં કેટલુ અગાધ પાણી હોય છે! એનો પાર પામી શકાતો નથી. તો વિચાર કરો કેટલા જન્મ લીધા હશે? અને કેટલું ખાધું તેનો હિસાબ નથી. હવે મારે આવા જન્મમરણ નથી કરવા. તું મને જલ્દી દીક્ષાની આજ્ઞા આપ. જમાલિકુમારની માતાએ પહેલાં કહ્યું હતું કે દીકરા! તું અમારો એકનો એક વ્હાલો પુત્ર છે. તું અમારો શ્વાસ છે. તારા વિના અમે જીવી શકીએ તેમ નથી માટે તું અમારા મરણ પછી આ સંસારની વાડી ખીલાવીને પછી દીક્ષા લેજે. તેના જવાબમાં જમાલિકુમારે માતાને સમજાવ્યું કે હે માતા સંસાર ક્ષણિક છે. કયારે કોને જવાનું થશે તેની ખબર નથી. ખુબ સુંદર દલીલો કરી એટલે માતા હવે એ બાબતમાં બોલી શકે તેમ ન હતું. પણ મોહ છે ને એટલે ઘડીએ ઘડીએ મૂર્છાગત થઇ જાય છે. નિશો ચઢયો હોય તો તે થોડા સમયમાં ઉતરી જાય છે પણ મોહનો નિશો ઉતરવો મુશ્કેલ છે. હવે નવો પ્રશ્ન ઉપાડે છે.

"જમાલિકુમારની શરીરની સુંદરતા માટે માતાની દલીલ"

"तएणं तं जमालि खत्तिय कुमार अम्मापियरो एवं वयासी इमं च ते जाया! सरीरगं पविसट्ठ रुव लक्खणं वंजणगुणो ववेयं उत्तम बल वीरीय सत्तजुत्तं विण्णाण

वियक्खणं ससोहग्गगुण समुस्सियं, अभिजाय महक्खमं विविहवाही रोगरहियं निरुवहय उदत्तलट्ठ, पंचिंदिय पडुपठम जोव्वणत्थं अणेग, उत्तमगुणेहिं संजुत्तं, अणुहोहि ताव जाया । नियग सरीररुव सोहग्गजोव्वणगुणे अम्हेहिं कालगएहिं समाणेहिं परिणयवए वड्ढियकुलवसंतंतु कज्जम्मि निरवयक्खे समणस्स भगवओ महावीरस्स अतियं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइहिसि ।"

જમાલિકુમારના માતા પિતા કહે છે હે પુત્ર ! તું જો તો ખરો. તારી કાયા કેવી સુંદર વિશિષ્ટ રૂપ-લક્ષણ વ્યંજનના ગુણે ભરી છે. તને કેવું ઉત્તમ બળવીર્ય ને શક્તિ મળી છે. વળી તારી કળા અને વિજ્ઞાનની વિચક્ષણતા કેવી સરસ છે ! અને તેમાં પણ તારું સૌભાગ્ય કેવું છે કે અનેક સગાસબંધીઓ અને મિત્રમંડળ આદિને મનગમતો છે. તારું આરોગ્ય પણ કેવું અનુપમ છે કે શરીરમાં રોગ-વ્યાધિ કે પીડા નહિ. તારી ઇન્દ્રિયો કે અંગોપાંગમાં કોઇ જાતની ખામી નથી. ચાલાક, વિચક્ષણ, નવયૌવનમાં તું આવી ઉભો છે અને અનેક ઉત્તમ ગુણોવાળા તારે તો આ સુંદર શરીર, રૂપ, સૌભાગ્ય અને યુવાની છે ત્યાં સુધી એના સુખવિલાસમાં તું મ્હાલી લે. એ યુવાનીની મોજ લૂંટયા પછી અને અમારા કાળ કર્યા પછી પાકી ઉંમર થયે કુળ અને વંશની પરંપરા વધારી નિરપેક્ષ બનીને શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ પાસે ચારિત્ર લેજે.

જેમ ડૂબતો માણસ તરણું લે એની જેમ માતા દૃઢ વૈરાગી બનેલા જમાલિકુમારને મનાવી રહી છે. એને સંસાર સુખમાં મગ્ન બનેલી યુવાની અને રૂપ સૌભાગ્યનું મહત્ત્વ લાગે છે. એટલે એના વખાણ કરીને ગદ્‌ગદ કંઠે જમાલિકુમારને સંસારના સુખ ભોગવવા માટે વિનવણી કરે છે. પણ જમાલિકુમાર તેમાં લલચાય તેવા ન હતા. હવે જમાલિકુમાર શું કહે છે :-

જમાલિકુમારનો ઉત્તર કે હે માતા શરીર કેવું છે ?

"तएणं से जमालि खत्तिय कुमारे अम्मापियरो एवं वयासी- तहा विणं तं अम्मताओ ! जंणं तुब्भे मम एवं वदह इमं चणं ते जाया ! सरीरगं तं चेव जाया पव्वइहिसि, एवं खलु अम्मताओ ! माणुस्सगं सरीरं दुक्खाययणं विविह वाहीसय सनिकेतं अट्ठिय कट्ठु ट्ठियं छिरा ण्हारुजाल ओणद्ध संविणद्ध मट्टिय भंडव्व दुब्बला असुइ संकिलिट्ठ अणिट्ठ वियसव्व काल संठप्पयं जराकुणिम जज्जर घरं व सडण पडण विध्वंसण धम्म पुव्विं वा, पच्छा वा, अवस्सं विप्पजहियव्वं भविस्सइ से के सणं जाणति अम्मताओ ! के पुव्विं चेव जाव पव्वइत्तए ।"

જમાલિકુમાર કહે છે હે માતા-પિતા ! આ નવયૌવન હોવા છતાં માનવીનું શરીર અનેક દુઃખોનું ઘર છે. અનેક પ્રકારની વ્યાધિઓના ઘરનું ધામ છે. એ શું તમે

નથી જાણતા ? આ શરીર એટલે સેંકડો હાડકાંઓના માળખા ઉપર ઉભેલું મકાન છે. એમાં લોહીની નસો--માંસના લોચા અને મળ--મૂત્ર સિવાય બીજું છે શું ? એ બધાને ભેગા કરી ઉપર સુંદર ચામડીના અસ્તરથી મઢેલું શરીર છે. વળી માટીના ભાંડાર--વાસણ જેવું દુર્બળ છે. અશુચીથી બનેલું છે ને તે અશુચીમય છે અને શુચીને પણ અશુચી કરનારૂં છે. જેનું શુશ્રૂષા કાર્ય હમેંશા ચાલુ છે. જીર્ણ ઘરની પેઠે સડવું, પડવું અને નાશ પામવો એ તેના સહજ ધર્મો છે. વળી એ શરીર પહેલાં કે પછી અવશ્ય છોડવાનું છે તો હે માતા-પિતા! તે કોણ જાણે છે કે કોણ પહેલાં જશે અને કોણ પછી જશે ?

આ શરીર ઉપરથી રૂપાળું લાગે છે પણ અંદર તો અશુચી ભરેલી છે. જમાલિકુમાર કહે છે કે હે માતા! તું ઉપરના બારદાનમાં ક્યાં મોહ પામે છે? અંદરના માલની કિંમત છે. આજે જગતમાં એકેક જીવો આ શરીરના રૂપરંગમાં મોહ પામે છે પણ ઉપરના રૂપની કોઈ કિંમત નથી. આંતરિક સૌંદર્યની કિંમત છે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક શેઠને એક દીકરી હતી. દીકરી મોટી થતાં બાપ તદ્દન ગરીબ બની જાય છે, પણ કાયમ શેઠ તરીકે ઓળખાયેલા તેથી સહુ તેને શેઠ કહેતા. હવે બાપ દીકરી તાડછાની ઝુંપડીમાં રહેતા હતા. એની દીકરી ગુણમાં રત્ન જેવી અને એનું રૂપ પણ એવું હતું. રાજકુમારી જેવી દેખાતી હતી. એક વખતે એ છોકરી બગીચામાં ફરવા ગયેલી ત્યારે તે ગામના રાજાનો કુમાર પણ ફરવા આવેલો, તે આ છોકરીનું રૂપ જોઈને મુગ્ધ બન્યો ને વિચાર કર્યો એ છોકરીને પરણવું છે છૂપી રીતે. એની ઝુંપડી જોઈ લીધી. બીજે દિવસે રાજાનો કુમાર એના માણસોને લઈને શેઠની ઝુંપડીએ આવે છે ત્યારે શેઠ કહે છે તમે બધા અહીં કેમ આવ્યા છો ? ત્યારે કહે છે આ તમારી દીકરી રાજકુમારને પરણાવો, એની માંગણી કરવા આવ્યા છીએ. આ સાંભળી શેઠ ચમક્યા. મારી દીકરીની રાજા માગણી કરે એ સારૂં કહેવાય? વળી આ રાજા મુસ્લીમ છે. ગમે તેવા ગરીબ હોઈએ પણ હિંદુની કન્યા મુસલમાનને કેમ અપાય? જો નહિં આપું તો રાજા મારા ઉપર બળાત્કાર કરશે. હવે શું કરવું ? બાપ મૂંઝાઇ ગયો. ઢગલો થઇને ધરતી ઉપર પડયો, દીકરી કહે બાપુજી! શું છે? તમે શા માટે ગભરાઓ છો? ત્યારે કહે છે બેટા આપણા રાજાનો કુમાર તને પરણવા ઇચ્છે છે. તને લેવા માટે આવ્યા છે. આપણે હિંદુ અને એ મુસ્લીમ કેવી રીતે બને? એ સત્તાધીશ છે, એને ના પાડીશ તો સત્તાનું જોર અજમાવશે ત્યારે છોકરી કહે છે બાપુજી! એમાં ગભરાવાની જરૂર નથી. હું એને એવો જવાબ આપી દઉં છું કે મારા શીયળનું રક્ષણ થાય અને આપના માથેથી આફત ચાલી જાય.

છોકરીની કરામત:- છોકરી બહાર આવીને કહે છે તમે બધા અહીં શા માટે

આવ્યા છો? ત્યારે માણસો કહે છે આ રાજકુમાર તને અંતરથી ચાહે છે. તને એની મહારાણી બનાવવા માંગે છે. તું રાજમહેલમાં ચાલ. તને ત્યાં મનમાન્યા સુખો મળશે. ત્યારે છોકરી કહે છે તમારી વાત સાચી છે. પણ મેં ગઇ કાલે છ મહિના બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા કરી છે માટે તમે છ મહિના પછી આવજો. રાજકુમારના ગળે વાત ઉતરી ગઇ. છ મહિના તો કાલે પૂરા થઇ જશે. રાજકુમાર એકેક દિવસો ગણવા લાગ્યો. જેનું મન વિષયમાં રમે છે તેને એ સિવાય બીજું કાંઇ યાદ આવતું નથી. એને ચટપટી લાગી છે કે છ મહિના કયારે પૂરા થાય ને કયારે એ રૂપવતીને પરણું. અંધ માણસ કરતાં કામનો અંધાપો ભયંકર છે. કાગડો રાત્રે દેખતો નથી ને ઘુવડ દિવસે નથી દેખતું, પણ જે કામાંધ મનુષ્યો છે તે તો રાત્રે અને દિવસે દેખતા નથી.

"ચારિત્ર માટે શરીરની કરેલી બાનબરાબી"

છોકરી કહે છે બાપુજી! તમે મારા માટે નેપાળાની એક શેર ગોળી લઈ આવો. પિતા કહે છે બેટા! એટલી બધી નેપાળાની ગોળીઓ શું કરવી છે? પુત્રી કહે છે મારે એની જરૂર છે. ગોળીઓ મંગાવીને એક બાટલામાં ભરી દીધી. દરરોજ સવાર-સાંજ એકેક ગોળી લે છે. તમે જાણો છો ને કે નેપાળો પેટમાં કેવું બોટે છે! રોજ નેપાળાની ગોળી લેવાથી પેટમાંથી બધો કચરો સાફ થઈ ગયો. એ અશુચી પુદ્ગલો એક કોઠીમાં ભેગા કરે છે. ધીમે ધીમે કરતાં એનું શરીર એવું ઘોવાઇ ગયું કે તે હાડપિંજર જેવી બની ગઈ. એનું રૂપ નષ્ટ થઈ ગયું. હાલવા ચાલવાની શક્તિ ન રહી. એટલે છોકરી ઝુંપડીની બહાર ચોકમાં બાટલો ઢાળી કપડું ઓઢીને સૂતી હતી. બરાબર છ મહિના પૂરા થયા ત્યાં રાજાનો કુમાર સૈનિકો લઇને આવ્યો ને પેલા શેઠને કહે છે તમારી દીકરી કયાં ગઇ! એણે છ મહિના પછી આવવાનું મને વચન આપ્યું છે. ત્યારે કહે છે ભાઇ! એ તો ઓસરીમાં સૂતી છે. કુંવરીની પાસે જઇને જુએ તો એનું રૂપ બલાસ થઈ ગયું છે.

"કુંવરીએ કુમારની દૃષ્ટિ બોલાવી"

કુંવરીનું શરીર હાડકાનો માળો બની ગયું છે. ચામડી લટકે છે. કુમાર કહે છે એ છોકરી આ નથી. ત્યારે છોકરી કહે છે તમે છ મહિના પહેલાં જેને જોઇ અને જેને માટે તમે આવ્યા છો તે હું જ છું. તમે મારા રૂપ, કાન્તિ ને સૌંદર્યને મોહ્યા હતા. તે રૂપ-કાન્તિ અને સૌંદર્ય બધું આ કોઠીમાં ભરેલું છે. જોઈ લો. ત્યારે કુમાર કહે છે તું અહીં છે ને રૂપ કોઠીમાં કયાંથી? ત્યારે કહે છે જુઓ. મારામાં જે છે તે મેં એ કોઠીમાં નાંખ્યું છે. તમે જોઇ લો. કુમાર સ્હેજ ઢાંકણુ ખુલ્લું કરીને જુએ છે. છ છ મહિનાની વિષ્ટા ભેગી કરી હોય ત્યાં કેવી દુર્ગંધ છૂટે? એ દુર્ગંધથી કુમારનું માથું ફરી ગયું. તબ્બર બાઈને પડયો. છેવટે તેને બોધ આપ્યો કે આ શરીરમાં હાડ-માંસ ને લોહી વિના બીજું છે શું! એમાં શું મોહ પામવા જેવો છે? મુસ્લીમ રાજકુમાર આવ્યો હતો તેવો ચાલ્યો

ગયેા. પેાતાના ચારિત્રનું રક્ષણ કરવા છેાકરી મરણેાન્મુખ થઈ ગઇ. આ દૃષ્ટાંત ઉપરથી સમજાઇ જવું જોઇએ કે ચારિત્રથી ઉત્તમ કાંઈ નથી. ચારિત્ર એ માનવજીવનનું નૂર છે. આવેા બીજો દાખલેા જૈન શાસનમાં છે.

ભરત ચક્રવર્તિ ષટખંડ ઉપર વિજય મેળવીને ૬૦,૦૦૦ વર્ષે પાછા અયેાધ્યા નગરીમાં આવ્યા ત્યારે ભરત ચક્રવર્તિનેા રાજ્યાભિષેકનેા મહેાત્સવ ઉજવાય છે. જે મહેાત્સવ બાર વર્ષ સુધી ઉજવાય છે. ત્યારે રત્નના સિંહાસન પર બેઠેલા ભરત ચક્રવર્તિને દેવાધિદેવને જેમ ઇન્દ્રો અભિષેક કરે છે તેમ નરદેવને આભિયેાગિક દેવેા, રાજાઓ, સેનાપતિઓ વગેરે જળથી અભિષેક કરે છે અને સૌ અંજલિ કરીને તમે "જય પામેા," "વિજય પામેા" એવા મંગલમય વચનેાથી વધાવે છે.

અભિષેક મહેાત્સવ સમયે સાઠ હજાર વર્ષના વિરહથી ભરત મહારાજાને મળવા ઉત્સુક બનેલા બધા સબંધીજનેાને બેાલાવે છે. તેમાં સૌથી પહેલી નજર ભરત મહારાજાની સુંદરી ઉપર પડે છે. સુંદરી બાહુબલિની સાથે જન્મેલી. સુંદરીનું શરીર ગ્રીષ્મ ઋતુમાં સૂકાઈ ગયેલી સરિતાની જેમ તદ્દન કૃશ બની ગયું હતું. તેની કાયા એકદમ કરમાઇ ગઇ હતી. તેનું રૂપ-સૌન્દર્ય પણ સાવ ઝાંખા પડી ગયા હતા. આ જોઈને ભરત ચક્રવર્તિને પૂછે છે કે આ મારી બેન આટલી બધી દુર્બળ કેમ થઇ ગઇ ? શું આપણા રાજ્યમાં દૂધ-દહીં અને ઘીનેા તૂટેા પડયેા છે ? શું નંદનવનમાં વૃક્ષેા ફળતા નથી કે ખાદ્યપદાર્થો દુનિયમાં રહ્યા નથી ? આપણા રાજ્યમાં તેા તેમાંની કેાઇ વસ્તુનેા દુઃકાળ નથી. મારી બહેનને એકદમ દૂર્બળ પડી ગયેલી જોઇને મને મનમાં ઘણેા ખેદ થાય છે.

ત્યારે અધિકારીઓ કહે છે હે પ્રભેા ! આપના રાજ્યમાં તેા કેાઇ વસ્તુની અછત નથી નેાકરવર્ગને પણ આપના રાજ્યમાં મેાં માંગ્યા ભેાજન મળે છે. પણ આપ જ્યારથી દિગ્વિજય કરવા ગયા ત્યારથી સુંદરી છેલ્લા સાઠ હજાર વર્ષથી મહાન ઉગ્ર આયંબિલ તપ કરે છે. આપે તેમને દીક્ષા લેતા રેાકયા તેથી તે ભલે ઘરમાં રહ્યા છે પણ સંસારથી સાવ અલિપ્ત રહ્યા છે. ચારિત્ર સિવાયની કેાઇ વસ્તુમાં તેમની રમણતા નથી. તેના મનમાં એક લગની છે કે કયારે જલ્દી સંયમમાર્ગને અંગીકાર કરું ! તેથી સંયમમાં અવરેાધ કરનાર ચારિત્ર મેાહનીય કર્મને ખપાવવા સુંદરીએ ઘેાર તપશ્ચર્યા આદરી.

આવાત સાંભળીને ભરત મહારાજા સુંદરીને પૂછે છે શું તારી ભાવના ચારિત્ર લેવાની છે ? ત્યારે સુંદરીએ હા પાડી. પછી ભરત મહારાજાને પશ્ચાતાપ થાય છે કે આટલા વર્ષો સુધી મેં તને પ્રવર્જ્યા અંગીકાર કરવામાં અંતરાય પાડી છે. હવે સુંદરીની ભાવનાને ભરત મહારાજા પૂરી અનુમેાદના આપે છે અને સુંદરીને કહે છે તું પુત્રી હેાવા છતાં પિતાજીના પંથે પ્રયાણ કરનારી થઇ અને અમે પુત્રેા હેાવા છતાં વિષયાસક્ત અને

રાજ્યમાં અતૃપ્ત રહેનારા થયા અને પિતાજીના માર્ગને હજુ અનુસરતા નથી. હે બેન! તું ધન્યવાદને પાત્ર છે કે મોક્ષરૂપ ફળને આપનાર સંયમ અંગીકાર કરવાને ઈચ્છે છે.

સુંદરીની ભાવનાને ભરત મહારાજાનો પૂરો ટેકો

આ સંપત્તિ વિજળીના ઝબકારા જેવી ચંચળ છે. આયુષ્ય જળના તરંગની જેમ નાશવંત છે. આ શરીર પાણીના પરપોટાની જેમ ક્ષણભંગુર છે. વળી આ શરીર તો અનેક રોગરૂપી સર્પોને રહેવાના સ્થાન રૂપ છે. આટલું સમજતા છતાં અમે છોડી શકતા નથી. ધન્ય છે તને કે ચારિત્રની ભાવનાથી સાઠ હજાર વર્ષોથી તું આવો દુષ્કર તપ કરે છે. બંધુઓ! આ દૃષ્ટાંત સાંભળ્યા પછી આપણને એમ લાગે કે આપણે અન્નના કીડા છીએ, મોક્ષપ્રાપ્તિ માટેનો જેવો જોઈએ તેવો પ્રયત્ન કર્યો નથી અને પ્રયત્ન કરીએ છીએ તો પણ કીડાના જેવી મંદગતિવાળો છે અને સંસાર તરફનો પ્રયત્ન રોકેટના જેવી ગતિવાળો છે. છેલ્લે સુંદરીને ભરત મહારાજાએ હોંશથી દીક્ષાની આજ્ઞા આપી ને સુંદરીએ ઋષભદેવ પ્રભુ પાસે દીક્ષા લીધી અને પોતાનું કલ્યાણ સાધીને સુંદરી મોક્ષે ગયા છે.

"હે માતા! કોણ પહેલું જશે ને પછી કોણ જશે"

જમાલિકુમાર એમની માતાને કહે છે હે માતા! તમે કહો છો કે તું આ યુવાનીના સુખ ભોગવી લે પણ એ યુવાનીનું જોમ ક્યાં સુધી રહેવાનું? કાયાને ગમે તેવું સારું ખવડાવો, પીવડાવો ને સાચવો પણ અંતે એ જર્જરિત થઈ જવાની. ક્યારે સડી જશે, પડી જશે ને ક્યારે એનો નાશ થઈ જશે તેનો પત્તો નથી. આ સડન-પડન ને વિધ્વંસન સ્વભાવવાળું શરીર વહેલું કે મોડું અવશ્યમેવ એક દિવસ છોડવાનું છે, તો હે માતા પિતા! કોણ જાણે કોને પહેલું જવું પડશે તેની કોને ખબર છે? માટે તમે મને આજ્ઞા આપો એટલે હું સંસાર છોડીને ભગવાન મહાવીર પાસે દીક્ષા અંગીકાર કરું.

જમાલિનો ઉત્તર સ્વરૂપવાન દેહ પામીને, યુવાનીનો લ્હાવો લૂંટી લેવાની માતાની ઢલીલ સામે માનવદેહની બિભત્સ પરિસ્થિતિ, માટીના ભાંડ જેવી તકલાદી દશા અને સડન પડન અવસ્થાનું સચોટ ભાન કરાવે છે. માતા ગમે તેટલી ઢીલી થઈ જાય છે, પ્રલોભનો આપે છે પણ જમાલિનું રૂંવાડું પણ ફરકતું નથી. એ તો એમ સમજે છે કે આત્મસાધના વિના જો જિંદગી પૂરી થઈ જશે તો આવો કિંમતી માનવભવ એળે જશે અને પુણ્ય વિના પરલોકમાં ક્યાં જઈને ઉભા રહેવું! જેમ ભોગ ભોગવવા માટે યુવાની છે તેમ આત્મસાધના માટે પણ યુવાવસ્થા જોઈએ. ઘડપણ આવશે ત્યારે શરીર અશક્ત થઈ જશે, યુવાની રંગરાગમાં વેડફાઈ જશે તો બૂરી દશા થશે. યુવાનીના જોમમાં કઠોર તપશ્ચર્યા, ઉગ્ર પરિષહો અને ઉપસર્ગો સહન કરવા, ઉગ્ર વિહાર કરવા, સિદ્ધાંતનું પઠન પાઠન અને સ્વાધ્યાય આદિ સાધના થઈ શકે છે. આવી યુવાનીને ભોગવિષયમાં રગદોળી

નંખાય? યુવાની એ તો ચારિત્ર અંગીકાર કરવા માટેની મોસમ છે. ધર્મ વહેપારનો બન્દર છે માટે ધર્મારાધના સાવધાનીપૂર્વક કરી લેવી જોઈએ.

જમાલિકુમાર કહે છે હે માતા! ભોગવિષયો નરકમાં લઇ જનાર છે. એવી કઇ માતા હોય કે પોતાનો પુત્ર નરકમાં જાય તે ઇચ્છે? અને ધર્મારાધના વિના ને પાપનો ત્યાગ કર્યા વિના સદ્ગતિ મળવાની નથી એ નક્કી છે. માટે મને દીક્ષાની આજ્ઞા આપો. માતા નવી નવી દલીલો કરે છે ને જમાલિકુમાર એનો જડબાતોડ જવાબ આપી દે છે. સાચો વૈરાગી છૂપો રહેતો નથી. હવે માતા સમજી ગઇ છે કે મારો દીકરો કોઇ રીતે સંસારમાં રહેનાર નથી છતાં હજુ નવી દલીલો કરશે ને જમાલિકુમાર તેનો શું ઉત્તર આપશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :– જાલિનીએ સોમદેવને શિખીકુમારના સમાચાર લેવા મોકલ્યો હતો તે ખબર લઈને આવી ગયો અને ગુરૂએ કહ્યું તમારી વિનંતી ધ્યાનમાં રાખીશું. શિખીકુમાર મુનિએ ગુરૂનો વિનય કરી ખૂબ જ્ઞાનપ્રાપ્તિ કરી છે. જેમ તારામાં ચંદ્ર શોભે છે તેમ ગુરૂના અન્ય સંતપરિવારમાં શિખીકુમાર ચંદ્રની જેમ શોભતા હતા. બીજા સંતોને વાંચણી આપવી, શંકાઓનું સમાધાન કરવું, બધું પોતે કરતા હતા. એના ગુણોથી એમણે ગુરૂના હૃદયમાં સ્થાન મેળવ્યું હતું. કૌશંબી નગરીની આસપાસમાં વિહાર કરતા હતા. ત્યાં સમાચાર મળ્યા કે બ્રહ્મદત્ત મંત્રીનું મૃત્યું થયું છે. આ સમાચાર સાંભળીને વિજયસિંહ આચાર્યે બીજા સાધુઓની સાથે શિખીકુમાર મુનિને તેમના સ્વજન-પરિવારને દુઃખથી મુક્ત કરાવવા કૌશાંબી તરફ મોકલ્યા. તે સંતો વિહાર કરતાં કરતાં થોડા સમયમાં કૌશાંબી પહોંચી ગયા ને મેઘવન નામના ઉદ્યાનમાં ઉતર્યા. નગરજનોને ખબર પડી કે શિખીકુમાર મુનિ આપણા ગામમાં પધાર્યા છે.

સેના નાયક શેઠ સાર્થવાહ, તલવર રાજા રાણી
માહંબી કોડંબી દર્શન કર હર્ષાએ સુન વાણી,
જન જન મુખ પર મહિમા મુનિ કી
બાત જલીની જાની...હો... શ્રોતા તુમ.....

શિખીકુમાર મુનિ પધાર્યાના સમાચાર વાયુવેગે કૌશાંબી નગરીમાં પ્રસરી ગયા એટલે સેનાપતિ, શેઠ, સાર્થવાહ, તલવર રાજા રાણી આખું ગામ મુનિના દર્શન કરવા ઉમટ્યું. મુનિના દર્શન કર્યા ને એમના મુખની વાણી સાંભળી નગરજનો ખૂબ પ્રભાવિત થયા. દરેકના દિલમાં ખૂબ આનંદ થયો. અહો શું મુનિનું જ્ઞાન છે ને શું એમની અમૃતથી મીઠી વાણી છે! એમની વાણી પથ્થરને પીગળાવે તેવી છે કંઇક હળુકર્મી જીવો વૈરાગ્ય પામી ગયા. કૌશાંબી નગરીમાં નાના મોટા દરેકના મુખે શિખીકુમારના ગુણલા ગવાય છે જેમ સ્વાદિષ્ટ ચીજ ખાધી હોય તો તેનો સ્વાદ દાઢમાં રહી જાય છે અગર

કોઇ સજ્જનનો સંગ કર્યો હોય, તેનો પરિચય થયો હોય ને તેનાથી જીવનમાં કંઇક ગુણો પ્રગટયા હોય તો તેની યાદી કદી ભૂલાતી નથી. ફરીને તેમને મળવા માટે મન ઉત્સુક રહે છે તેમ આ શિખીકુમાર મુનિની વાણીનો સ્વાદ હાઢમાં રહી ગયો. હવે કયારે સવાર પડે ને ફરીને દર્શન કરવા જઇએ. લોકો બે મોઢે બોલે છે શું મુનિનો તપ છે! શું એમની ક્ષમા છે! ને શું એમની વાણીમાં મીઠાશભરી છે! નાની ઉમરમાં સંસારની અંધાર કોટડીમાંથી નીકળી ગયા ને જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કર્યો. ધન્ય છે તેમને! આ રીતે તેમની પ્રશંસા થાય છે.

જાલિનીએ મુનિના આગમનના સમાચાર જાણ્યા ને દરેકના મુખેથી થતી તેમની પ્રશંસા સાંભળીને એના અંગેઅંગમાં બળતરા થવા લાગી. એ પાપીને મેં જીવતો રાખ્યો ત્યારે મોટો થયો ને દીક્ષા લીધીને! હવે તો એનું કાટલું બરાબર કાઢું. ત્યારે લોકો તો એના મોઢે કહે છે હે જાલિની માતા! તમે કેટલા ભાગ્યવાન છો! તમારો દીકરો તો રત્ન છે. એણે દીક્ષા લઇને તમારી કુંખ દીપાવી છે. આ જગ્યાએ બીજી માતા હોય તો દીકરાની આટલી પ્રશંસા સાંભળીને એની છાતી ગજગજ ફુલી જાય. પણ જાલિની મુનિનો નાશ કરવાના ઉપાયો શોધે છે. પણ બ્રહ્મદત્તનું અવસાન થયું છે એટલે બહાર જતી નથી. શિખીકુમાર મુનિ બીજે દિવસે માતાની પાસે ઘેર આવે છે.

શોકમગ્ન માતાને મુનિનું આશ્વાસન

બ્રહ્મદત્તનું અવસાન થવાથી જાલિનીને ખૂબ દુઃખ થયું છે. એકતો પતિના વિયોગનું દુઃખ છે. બીજી બાજુ પુત્ર ઉપર તીવ્ર કષાયની જવાળા સળગી છે એટલે એનું શરીર તદ્દન નિસ્તેજ બની ગયું છે. ઘણો વખત થઈ ગયો છે એટલે મુનિએ જાલિનીને ઓળખી નહિ પણ માતાએ શિખીકુમાર મુનિને તરત ઓળખી લીધા. મુનિને જોઇને ઉભી થઇને વંદન કર્યા અને તેનું હૈયું ભરાઇ ગયું હોય તેમ ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડવા લાગી. થોડી વારે શાંત થઈ. ત્યાર પછી શું કર્યું:

મન મલીન મુખમેં અમૃત ભર, મુનિ સે અર્જ ગુજારી,
બહુત કિયા અપરાધ આપકા, મૈં હૂં ઔગુણ ગારી હો,
દયાનિધિ કર દયા મેરેકો, માફ કરો ઉપકારી હો—ઓતા તુમ-

મનમાં મલીનતા ભરેલી છે પણ મોઢામાં તો જાણે અમૃત ન ભર્યું હોય! તે રીતે મીઠું મીઠું બોલવા લાગી **"જીહ્વાગ્રે મધુ તિષ્ઠતિહૃદયે તુ વિષહલાહલમ"** માણસના હૃદયમાં હળાહળ ઝેર ભર્યું હોય છે ને જીભ ઉપર તો મધ ચોપડયું હોય તેમ મીઠું મીઠું બોલે છે. જાલિનીની પણ આ પરિસ્થિતિ હતી. કપટયુકત મીઠા વચન બોલતી કહે છે હે મુનિરાજ! આપ તો ગુણગુણના ભંડાર છો, મહાન છો. મેં આપનો બહુ મોટો અપરાધ કર્યો છે. હું તો અવગુણની ભરેલી છું. આપ મારો અપરાધ ક્ષમા

કરો. આપ મારા ઉપર દયા કરો એમ બોલતી રડવા લાગી. મુનિ કહે છે તમે શા માટે આટલું દુઃખ ધરો છો? આપે મારો કોઇ અપરાધ કર્યો નથી. આપ તો મારા મહાન ઉપકારી ગુરૂ છો. આજે હું આટલી ઉચ્ચ કક્ષાએ પહોંચ્યો હોઉં તો આપનો પ્રતાપ છે એમ કહી એ બાબતમાં શાંત પાડી. ત્યાં એના પતિ બ્રહ્મદત્તના વિયોગનું દુઃખ યાદ કરીને પોતાના માથે અત્યંત દુઃખ આવી પડયું હોય તેમ પોક મૂકીને રડવા લાગી. આ વખતે શિખીકુમાર મુનિએ તેને ધર્મ સંભળાવ્યો ને આશ્વાસન આપતા કહ્યું હે માતા! આ સંસાર વિયોગનું ઘર છે. જ્યાં સંયોગ છે ત્યાં વિયોગનું દુઃખ ઉભેલું છે. મોટા તીર્થંકર, ચક્રવર્તિ, બળદેવ અને સમ્રાટોને પણ કાળરાજાએ છોડયા નથી. દેવો કે દાનવો ધનથી, પરાક્રમથી, સ્વજન કે ચતુરંગી સેનાથી પણ મૃત્યુને જીતી શક્યા નથી. મરણ વખતે કોઇ કોઇને સહાયભૂત થઇ શકતા નથી માટે ત્રણ લોકમાં જો જીવને શરણભૂત હોય તો તે કેવળી પ્રરૂપિત ધર્મ છે. માટે હવે આ મોહ અને વિષય વિષરસનો ત્યાગ કરી આત્મિક સુખ મેળવવા માટે ધર્મનું આરાધન કરવું તમારે માટે યોગ્ય છે.

જાલિનીની પ્રપંચજાળ :- શિખીકુમાર મુનિએ ઉપદેશ આપ્યા પછી જાણે એનું હૃદય પીગળી ગયું હોય તેમ કહે છે હે ગુરૂદેવ! હું આ ઉંમરે આપની જેમ સંયમ લઇ શકું તેમ નથી, તો આપ મને બાર વ્રત અંગીકાર કરાવો. એટલે શિખીમુનિએ તેને બાર વ્રત અંગીકાર કરાવ્યા. હવે મુનિરાજ જવા તૈયાર થયા ત્યારે જાલિની કહે છે મુનિરાજ! આ તો આપનું ઘર છે. આજે તો અહીં જમી લો. ત્યારે મુનિ કહે છે સાધુને તો ઘરઘરમાં ગૌચરી કરી નિર્દોષ આહાર લેવાય. એક ઘેરથી બધો આહાર ગ્રહણ કરવો તે મુનિઓ માટે અનાચાર ગણાય.

શિખીમુનિ તો પવિત્ર છે. માતાના દિલમાં આટલી ધર્મની ભાવના જાગી છે, એનું હૃદય પવિત્ર બન્યુ છે જાણી ખૂબ આનંદ થાય છે. દરરોજ માતાજીને ધર્મ સંભળાવવા આવે છે. માતા પણ ઉપરથી ખૂબ પ્રેમ બતાવે છે, પણ અંદરથી તો એને મારવાના ઉપાયો શોધે છે. પણ કોઇ ઉપાય જડતો નથી. એમ કરતાં મુનિનો શેષકાળ પૂર્ણ થવા આવ્યો. ત્રણ દિવસ બાકી છે. જાલિની વિચાર કરે છે જો હું અવસર ચુકીશ તો એ તો વિહાર કરી જશે. પછી મારો કોઈ ઉપાય કામ નહિ આવે. મુનિને કહે છે મારા ઘેર ગૌચરી પધારજો. આજે મારા ઘરની ગૌચરી વહોરતા જાવ. મુનિ કહે છે આજે ચૌદશનો દિવસ છે. અમારે બધા મુનિરાજને ઉપવાસ છે. ત્યારે કહે છે કાલે મને જરૂર લાભ આપજો. મુનિરાજ કહે સાધુથી નકકી કહેવાય નહિ એમ કહીને ચાલતા થઇ ગયા. હવે જાલિની કેવી જાળ પાથરશે તેના ભાવ અવસરે કહેવાશે. આજે અમારા મહાન વૈરાગી સ્વ. પૂજ્ય તારાબાઇ મહાસતીજીની નીમેલી પુણ્યતિથિ છે. તેમનું સંયમી જીવન જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી કુસુમોથી મઘમઘતું હતું, પણ સમય થઇ ગયો હોવાથી બહુ લાંબુ વિવેચન નહિ કરતાં ટૂંકમાં કહું છું.

આકાશમાં તારો ચમકે છે તેમ તારાબાઇ મહાસતીજી માશ શિષ્યામંડળમાં એક ચમકતા તારા હતા. તેમનો જન્મ અમદાવાદ શહેરમાં લુણસાવાડા મોટી પોળમાં થયો હતો. તેમના પિતાનું નામ ઉગરચંદભાઇ અને માતાનું નામ સમરત બહેન હતું. તેમના લગ્ન પણ થયેલા હતા. આ સંસાર તો સંયોગ અને વિયોગના દુઃખથી ભરેલો છે. તદનુસાર તેઓ ૨૪ વર્ષની ઉમરમાં વિધવા થયા. વિધવા થયા પછી એક વર્ષમાં અમારો (પૂ. બા. બ્ર. વિદુષી શારદાબાઈ મહાસતીજીનો) પરિચય થતાં તેઓ ધાર્મિક પ્રવૃત્તિમાં જોડાયા અને વૈરાગ્ય રંગે રંગાઇ ગયા. મારી દીક્ષા પછી આ બધી શિષ્યાઓમાં તેઓ સૌથી પ્રથમ વૈરાગ્ય પામેલા હતા. તેમને ચાર પુત્રો હતા તે નાના હતા. તેમને મોટા કરવાની જવાબદારી પોતાના માથે હતી એટલે ન છૂટકે સંસારમાં રહેવું પડયું પણ અનાસકતભાવે રહી તપ–ત્યાગ અને જ્ઞાન ધ્યાનમાં મસ્ત રહેલા હતા. આમ કરતાં સૌથી મોટા પુત્રના લગ્ન કરી થોડો સમય સંસારમાં રહી મોટા પુત્રને જવાબદારી સોંપી સંસારની રિદ્ધિ–સિદ્ધિ અને મહાન સુખો તથા પુત્રોનો મોહ છોડી સંવત ૨૦૧૪ માં અષાડ વદ બીજને દિવસે તેમણે દીક્ષા અંગીકાર કરી. આજે દીક્ષા તો સહુ લે છે પણ બાળકોનો મોહ છોડી દીક્ષા લેવી એ મહાન કઠીન છે. જેવી રીતે પુત્રપરિવારના મોહના બંધનો કાપીને શૂરવીર બનીને સંયમમાર્ગે તેઓ નીકળ્યા હતાં તેવી રીતે અંતિમ સમય સુધી સંયમમાં રકત અને મસ્ત રહ્યા હતા.

અમે મુંબઇ આવ્યા ત્યારે સંવત ૨૦૧૮ નું પ્રથમ ચાતુર્માસ મુંબઇ કાંદાવાડીમાં, સં. ૨૦૧૯ નું માટુંગા, ૨૦૨૦ નું દાદર, ૨૦૨૧ નું વિલેપાર્લા અને ૨૦૨૨ નું ઘાટકોપરમાં કર્યું. ઘાટકોપરનું ચાતુર્માસ પૂર્ણ કરી મંદાકિની બાઇની દીક્ષા પ્રસંગે પોષ વદ દશમના દિવસે બધા ઠાણા માટુંગા આવ્યા. તે વખતે મહા સુદ બીજના દિવસે તારાબાઇ મહાસતીજીને માથામાં ચસકા ઉપડયા. એ દર્દનું નિદાન કરાવવા માટે માટુંગા શ્રી સંઘે મોટા મોટા સર્જનોને બોલાવ્યા અને ખડે પગે સેવા કરી, પણ વેદનીય કર્મ આગળ કોઇનું ચાલ્યું નહિ. પૂ. તારાબાઇ મહાસતીજી ખૂબ સમતાભાવે દર્દ સહન કરતા હતા. તેમના મુખ ઉપર રહેજ પણ ગ્લાનિ ન હતી, જ્યારે જુઓ ત્યારે બસ પ્રસન્ન રહેતા.

પોતાના કાળધર્મ પામવા અગાઉ ત્રણ દિવસ પહેલાંથી તેમણે મને બધા સંકેત કર્યા હતા. મને પાસે બેસાડીને કહ્યું–મહાસતીજી ! આ જીવન ક્ષણભંગુર છે. નશ્વરદેહનો મોહ રાખવા જેવો નથી. હું અઢી દિવસ છું, પણ વડી દીક્ષા જોવાની છું. હું એમના ગૂઢ અર્થને સમજી ન શકી. મેં કહ્યું કે વડી દીક્ષા તો સાયન થવાની છે. જો તમારી ઇચ્છા હોય તો વડી દીક્ષા માટુંગામાં કરીએ, તો કહે....ના, એમ નહિ. હું વડી દીક્ષા જોવાની છુ. મને અંતિમ આલોચના કરાવો. તા. ૨૪–૨–૬૭ થી તેમણે ધૂન બોલવાની શરૂઆત કરી —

"દેહ મરે છે હું નથી મરતી, અજર અમર પદ મારૂં" આ પ્રમાણે પોતે જાતે બોલવા લાગ્યા.

તા. ૨૫મીની સવારે મને કહે છે મહાસતીજી ! આજે જે ગૌચરી લાવ્યા હોય તે બધું પતાવી દેજો. કંઇ રાખશો નહિ. આ દેહ વહેલો કે મોડો છોડવાનો છે માટે એની મમતા બહુ ન રાખવી. મને ગોળગોળમાં બધું સમજાવી દીધું. આગલા દિવસે મને કહ્યું હતું કે હું કેવી ભાગ્યશાળી છું કે મારા ગુરૂણીના ખોળામાં માથું મૂકીને મારા ગુરૂદેવ પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબ પાસે જઈશ. બરાબર તે પ્રમાણે બન્યું. વ્યાખ્યાનનો સમય થયો એટલે વસુબાઇને વ્યાખ્યાન શરૂ કરવા મોકલ્યા હતા. હું નવ વાગે વ્યાખ્યાનમાં જવા તૈયાર થઈ. દ્વાદર સુધી ગઇ પણ મને કોઇ કહેતું હોય તેમ અવાજ આવ્યો કે–તને કહ્યું છે કે હું અઢી દિવસ છું ને તું ક્યાં જાય છે ? બે–ત્રણ વખત અવાજ આવ્યો એટલે વ્યાખ્યાનમાં ન જતાં પાછી આવી તેમના માથા આગળ બેઠી. તેમણે મારા ખોળામાં માથું મૂકયું. એમની આત્મરમણુતા તો ચાલુ હતી. મને કહે છે મહાસતીજી ! હું નથી મરતી, મારો દેહ મરે છે. તમે કંઇ જોયું નથી. માટે આપ ખુબ હિંમત રાખજો, એમ કહી પોતાની જાતે હાથ જોડીને ત્રણ વખત બોલ્યા કે હે આદેશ્વર દાદા ! મને તારૂં શરણું હોજો એટલે મને એમ થઇ ગયું કે હવે મારા તારાબાઇ ચાલ્યા....એટલે મેં એમને ૯-૪૫ મિનિટે સાગારી સંથારો કરાવ્યો. પ્રત્યાખ્યાન લેતા એમના મુખ ઉપર એટલો બધો હર્ષ થયો કે બસ હવે મારી ભાવના પૂર્ણ થઇ. વ્યાખ્યાન પૂરૂં થયેલ એટલે આખો સંઘ હાજર હતો. સંઘ તથા અમે બધા એમને નવકારમંત્રના શરણા દેતા હતા, પણ પોતે તે છેલ્લા શ્વાસ સુધી "દેહ મરે છે, હું નથી મરતી, અજર અમર પદ મારૂં" એ ધૂન ચાલુ રાખી ને તા. ૨૫મીના સવારે ૧૦ ને ૧૦ મિનિટે પોતાની જાતે ધૂન બોલતાં બોલતાં ૪૮ વર્ષની ઉંમરે સાડાઆઠ વર્ષની દીક્ષાપર્યાય પાળી મહા વદ બીજ ને શનિવાર, તા. ૨૫-૨-૬૭ના રોજ સમાધિપૂર્વક તેમણે આ નશ્વરદેહનો ત્યાગ કર્યો. દીક્ષા લીધી ત્યારથી એવી ભાવના હતી કે ભલે ઓછું જીવાય પણ હું પંડિત મરણે મરૂં. એ એમની ભાવના પૂર્ણ થઇ. ટૂંકું જીવન જીવ્યા પણ આત્મસાધના સાધી ગયા.

પૂ. તારાબાઇ મહાસતીજી ખૂબ સરળ, ભદ્રિક, વિનયવાન અને ગુણીયલ હતા. તેઓ સાતમા શિષ્યા હોવા છતાં સંપૂર્ણ જવાબદારી સંભાળતા હતા. આવા પવિત્ર આત્માઓને યાદ કરી તેમના ગુણો જીવનમાં ઉતારવા ઉદ્યમવંત બનીએ એ ભાવના આજે સૌ સારા વ્રત-પ્રત્યાખ્યાન લેશો તો તમને સાચી શ્રદ્ધાંજલિ આપી કહેવાય.

☆

વ્યાખ્યાન નં. ૬૪

ભાદરવા વદ ૩ ને શુક્રવાર **તા. ૧૪-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંતકરૂણાસાગર ત્રિલોકીનાથે જગતના જીવોના કલ્યાણને માટે શાસ્ત્ર વાણી પ્રકાશી. ભગવાન ફરમાવે છે કે અનંતના યાત્રિક! તું અનંતભવોથી સ્વભાવ છોડી વિભાવદશામાં જઇ ઘણું ભટકયો. હવે તારા સ્વરૂપનો ખ્યાલ કર. **"मैं हूं कौन कहांसे आया मुझे कहां पर जाना है!** વધારે ન વિચારો તો ખેર. પણ એટલો તો જરૂર વિચાર કરો કે મૈં હું કૌન? હું કોણ? હું એટલે શું? આજે તમને પૂછવામાં આવે કે તમે કોણ? તો કહેશો કે હું રમણિકભાઇ, હું હરીભાઇ, તેજાણી આદિ નામ આપો છો. ભાઈ! એ નામ તો આ જડ દેહને ઓળખવા માટે તમારી માતાએ નામ પાડયું છે. આ દેહ અને આત્માને શું સબંધ છે? કર્મને વશ થઈને આત્માને કાયાનો કેદી બનવું પડયું છે, પણ આત્મા એ દેહ નથી. દેહ અને દેહી જુદા છે. બંનેના ધર્મો પણ જુદા છે. તમે બારીએ ઉભા રહીને કંઇક દૃશ્ય જુઓ છો તો જોવાવાળો કોણ છે? શું શરીર દેખે છે? જો શરીર જોવાની ક્રિયા કરતું હોય તો એક મડદાને પકડીને ઉભું રાખો. શું જોવે છે? 'ના'. મડદામાં જોવાની તાકાત નથી. પણ એ જોવાવાળો જુદો છે. જોનારની કિંમત છે પણ આજે તો આત્મા કરતાં દેહની કિંમત વધી ગઇ છે. જેટલા કાયાના રખોપા થાય છે તેટલા આત્માના નથી થતા. રાત-દિવસ કાયાની ટાપટીપ ને સજાવટ થાય છે તે ઉપરથી એમ લાગે છે કે આજના જીવોને આત્મા કરતા દેહની કિંમત વધુ સમજાઇ છે. પણ વિચાર કરો કે આ દેહમાંથી આત્મા ચાલ્યો જાય છે ત્યારે તે શું કરી શકે છે? તમે ડૉકટરને બોલાવો છો. ડૉકટર શરીરને તપાસીને કહે છે કાંઇ નથી. જીવ ચાલ્યો ગયો છે.

હવે શું કરશો? આપને દીકરો ગમે તેટલો વ્હાલો હોય અગર બાપ એના દીકરાને ગમે તેટલો વ્હાલો હોય પણ દેહમાંથી આત્મા ચાલ્યા ગયા પછી તેને ખાંધ ઉપર ઉપાડીને સ્મશાનમાં લઇ જઈ અગ્નિસંસ્કાર કરી દેશે. જો કાયાને સાચવવા કેટલી મહેનત કરી, એને હમામ-સુખડના સાબુથી નવરાવી, સારા વસ્ત્રો પહેરાવ્યા, હીરાના દાગીના પહેરાવીને શણગારી અને એને સારાસારા પકવાનો જમાડયા. આટલું કર્યું છતાં એ કાયાને જલાવી દેવાની. તો પછી આત્માનું મહત્ત્વ વધારે કે શરીરનું? એ વાત તમારે માનવી પડશે કે શરીર કરતાં આત્માની કિંમત વધારે છે. શરીરને એક દિવસ છોડવાનું છે તો પછી આ દેહ પાસેથી જેટલું કામ લેવાય તેટલું શા માટે ન લઇ લેવું?

બંધુઓ! ભવસમુદ્રને પાર કરવા માટે અને આત્માને ઉન્નતિના શિખરે લઈ જવા માટે આ માનવદેહ સાધન છે. સાધન દ્વારા સાધ્યની સિદ્ધિ કરી લો.

આત્મા દુર્ગતિમાં જાય તેવા કાર્યમાં કાયાને જોડો નહિ. ભગવંતોએ તેમજ મહાન આત્માઓએ મોક્ષમાં જવા માટે તપશ્ચર્યા કરીને આ દેહને સૂકકે ભૂકકે કરી નાંખ્યો છે. શું એ મહાન પુરૂષોને તમારી માફક સારું સારું ખાવાપીવાનું અને શરીરને સાચવવાનું મન નહિ થયું હોય? શું એમની પાસે કોઈ સાધન-સામગ્રી ન હતી? બધું હતું.

સામગ્રી સુખની લાખ હતી, સ્વેચ્છાએ એણે ત્યાગી,
સંગાથ સ્વજનનો છોડીને, સંયમની ભિક્ષા માંગી,
દીક્ષાની સાથે પંચ મહાવ્રત અંતરમાં ધરનારા....આ છે અણગાર અમારા....

સુખની બધી સામગ્રીઓ મોજુદ હોવા છતાં અંતરના ઉલ્લાસથી સમજણપૂર્વક એનો ત્યાગ કર્યો ને તપ-સંયમમાં રકત રહીને દેહને નીચોવી નાંખ્યો. તેઓ સારી રીતે સમજતાં હતાં કે આ દેહને ગમે તેટલો સાચવવા છતાં, એને મનમાની મોજશોખની સામગ્રી આપવા છતાં એક દિવસ છોડવાનો છે તો આ નાશવંત દેહનો મોહ શા માટે? એક અમર હોય તો આત્મા છે. આત્માનું સુખ કદી નષ્ટ થતું નથી. મોક્ષમાં પણ આત્મા જવાનો છે. મોક્ષમાં શાશ્વત સુખ છે તે કદી નાશ પામવાનું નથી. આત્માને અમર બનાવી શાશ્વત સુખ અપાવવા માટે તેમણે કાયાનો મોહ ઉતારી નાંખ્યો હતો. મનને મારી સંસારના સુખો ત્યાગી આત્માનું સુખ શોધવા સંયમપંથે પ્રયાણ કર્યું હતું. તો આપણે પણ એ વિચાર કરવાનો છે કે હું કોણ છું ને મારે શું કરવાનું છે? તેનો વિચાર કરી દેહનો રાગ ઘટાડી જેમ નોકર પાસે શેઠ પગાર વસુલ કરવા કામ લે છે તેમ શરીર પાસે આપણે કામ લેવું જોઇએ. આ બધી સાધનસામગ્રી પુણ્યોદયે મળી છે. તે બધું અંતે અહીં છોડીને જવાનું છે. તો એની પાછળ આટલી બધી જહેમત શા માટે ઉઠાવવી જોઇએ. એના ઉપરનો રાગ ઘટાડી આત્મસાધનામાં મગ્ન બની જવું જોઇએ.

જમાલિકુમારને આ વાત બરાબર સમજાઈ ગઇ છે. એની માતા એને ખૂબ સમજાવે છે કે હે દીકરા! તું યુવાનીમાં સંસારના સુખો ભોગવી લે. ત્યારે તેણે કહી દીધું કે હે માતા! સંસારના સુખો ચાર દિવસની ચાંદની જેવા છે.

ચાર દિવસના ચાંદરડા પર જુઠી ભમતા શા માટે
જે ના આવે સંગાથે તેની માયા શા માટે!
આ વૈભવ સાથે ના આવે, પ્યારા સ્નેહીઓ પણ સાથે ના આવે,
તું ખૂબ મથે છે જેને જાળવવા, એ યૌવન સાથે ના આવે, (૨)
અહીંનું છે તે અહીં રહેવાનું તેની દોસ્તી શા માટે...જે ના આવે સંગાથે...

જે સાથે આવે નહિ તેના પ્રત્યે આટલો બધો મોહ શા માટે કરવો? અનાદિકાળથી આ સંસારમાં જડ અને ચેતનનું યુદ્ધ ચાલ્યા કરે છે. અનંતશકિતનો અધિપતિ એવા આત્મા ઉપર જડ પુદ્ગલોએ કેવું સામ્રાજ્ય જમાવ્યું છે ને તેના કારણે

આત્મા સમયે સમયે કેવા કર્મો બાંધે છે ! આ ચેતનની સુષુપ્ત અવસ્થાનું પરિણામ છે. જે આત્મા પુદ્ગલની પાછળ રંક બની જાય છે તેને કર્મના આવરણોને લીધે ક્ષણે ક્ષણે દુઃખ ભોગવવું પડે છે. કોઇ વખત દેવલોકમાં તો કોઈ વખત નરકમાં ને કોઈ વખત નિગોદમાં ઘસડાવું પડે છે ને અનંતોકાળ સંસારમાં ભમવું પડે છે. આ ભવભ્રમણના દુઃખો અટકાવીને આત્માને સાચી શાન્તિ પ્રાપ્ત કરવાનો જો કોઇ ઉપાય હોય તો તીર્થંકર ભગવંતોએ બતાવેલો પુદ્ગલો ઉપરથી આસક્તિ ઘટાડી સ્વરૂપમાં રમણુતા કરવાનો ઉત્તમ માર્ગ છે.

અનંતશક્તિનો ધણી આત્મા ઉપયોગશૂન્ય બની જ્યારે જડ પુદ્ગલના મોહમાં ફસાય છે ત્યારે વિભાવદશામાં ચાલ્યો જાય છે અને જ્યારે તેના જ્ઞાનચક્ષુ ખુલે છે ત્યારે પુદ્ગલનો રાગ છોડી સ્વભાવમાં સ્થિર બને છે ત્યારે એ સ્વરૂપ રમણુતાના અલૌકિક આનંદને માણી શકે છે. તપ-ત્યાગ અને સંયમ આદિ અનુષ્ઠાનો કરવાનું પ્રયોજન સ્વરૂપ રમણુતા પ્રાપ્ત કરવાનું છે. સ્વરૂપની પિછાણ કરવાનું છે. આત્મા સ્વભાવે સ્ફટિકરત્ન જેવો શુદ્ધ છે. જેમ સ્ફટિકનું મૂળ સ્વરૂપ શ્વેત ને શુદ્ધ છે પણ સ્ફટિકની પાછળ લાલ- લીલો કે પીળો કાગળ મૂકવામાં આવે તો તે સ્ફટિક તેવા કલરનો દેખાય છે અને એ કાગળ લઇ લેવામાં આવે તો સ્ફટિકનું મૂળ સ્વરૂપ જેવું છે તેવું દેખાય છે. તેવી રીતે આત્માને જેનો સંગ થાય છે તેવો તે બની જાય છે. તેમ આત્મા સ્વરૂપે શુધ્ધ છે પણ રાગ-દ્વેષ અને મોહના રંગીન કાગળો તેના ઉપર લપેટાઈ ગયા છે તેના કારણે પોતાનું અસલ સ્વરૂપ પિછાણી શકતો નથી. આપણે શુધ્ધ સ્વરૂપ પ્રગટ કરી દુઃખોથી મુક્ત થવું હોય તો રાગ-દ્વેષ અને મોહના રંગીન કાગળો ખસેડી નાખો.

બંધુઓ ! કોઇ દિવસ તમને એવો વિચાર આવે છે કે હું કયાં ઉભો છું ? તમે આત્માને એક જ પ્રશ્ન કરો કે હું એટલે કોણ? ને મારૂં સાચું સ્વરૂપ શું ? એક વખત સુધર્માસ્વામીને તેમના પ્યારા શિષ્ય જંબુસ્વામીએ પ્રશ્ન પૂછયો કે હે પ્રભુ ! સંજ્ઞી કોને કહેવાય અને અસંજ્ઞી કોને કહેવાય? ત્યારે સુધર્માસ્વામીએ કહ્યું કે હે જંબુ ! ભીંતમાં બાકોરૂં પાડે અને તેમાંથી જે જોઇ શકે તે સંજ્ઞી અને જે ન જોઈ શકે તે અસંજ્ઞી. તમને એમ થશે કે ભીંતમાં તો ચોર બાકોરૂં પાડે કેમ બરાબરને ? પણ અહીં એ ભીંતની વાત લેવાની નથી. અહીં તો અજ્ઞાન દશાની ભીંતમાં બાકોરૂં પાડીને પોતાના અસલ સ્વરૂપને જોવાની વાત છે. એ સ્વરૂપને જોવા માટે રાગ-દ્વેષ ને મોહના પડદાને ખસેડવા જબ્બર પુરૂષાર્થ કરવો જોઈએ. રાગ-દ્વેષ ઉપર વિજય મેળવ્યો તો આપોઆપ શુધ્ધ સ્વરૂપ પ્રગટ થયા વિના નહિ રહે.

રાગની ભયંકર આસક્તિ અને દ્વેષની દારૂણ વેદનામાં ગળાબૂડ ખૂંચેલા આત્માને સ્વ-સ્વરૂપનું ભાન કયાંથી હોય ? સ્વરૂપની પિછાણ કરવા માટે અંતરમાં

એક લગની લગાડો કે તું કોણ છે? અંતરમાં ખોજ કરો. ઘરમાં બેસીને સંસારના સુખ ભોગવતાં ભોગવતાં આ સ્વરૂપો દેખાશે? એ માટે જગતથી જુદા થવું પડશે. આનંદઘનજી મહારાજ સ્વરૂપની પિછાણ કરવા એકલા જંગલમાં ચાલ્યા ગયા હતા. એમણે અભિનંદન સ્વામીના સ્તવનમાં મનોવેદના ઠાલવી છે.

"અભિનંદન જિણુ દરિસણુ તરસીયે" ખૂબ સુંદર ભાવવાહી સ્તવન છે. એકાગ્ર ચિત્તે ગાવા છતાં દર્શન ન થયા તેનું કારણ આત્મા ઉપર કર્મોના ગંજ ખડકાયા છે. એ વચમાં આડા આવે છે. આ કર્મોના ગંજને ખસેડવાની શક્તિ આત્મામાં છે, પણ પ્રગટ કરી નથી. મહાન પુરૂષો કેવી રીતે કર્મના ગંજને દૂર કરી શુદ્ધ સ્વરૂપને પામ્યા! ગજસુકુમારે નાની વયમાં સ્વરૂપને પ્રાપ્ત કર્યું. એ કેવી રીતે કર્યું હશે? એમને ઘેર સુખ-વૈભવની કમીના ન હતી. પોતે સુકુમાર હતાં. સુખની સામગ્રીને ત્યાગી સંસાર ત્યાગી સંયમી બન્યા ને સ્મશાન ભૂમિકામાં પડિમા ધારીને ઉભા રહ્યા. સસરા સોમલે માથે ધગધગતા અંગારા મૂક્યા ને માટીની પાળ બાંધી. આ વખતે કેવું ચિંતન કર્યું હશે? માથાની ખોપરી ખીચડીની જેમ ખદખદે ને ચામડી તડતડ તૂટે, માંસ શેકાઈ જાય તે વખતે શું વેદના નહિ થતી હોય? આ સમયે જો દેહનો રાગ રાખ્યો હોત તો કેટલું કર્મબંધન થાત! એમણે દેહનો રાગ છોડી ગજબ સમતા ધારણ કરી. મનમાં ધૂન લગાવી. **"દેહ બળે છે હું નથી બળતો, અજર અમર પદ મારૂં"** હે ચેતન! તું અખંડ, અવિનાશી ને નિત્ય છે. તું નથી બળતો. દેહ બળે છે. તું તો શુદ્ધ નિર્મળ સ્વરૂપી છે. આવું ભેદજ્ઞાન પ્રગટાવી કેવળજ્ઞાન પામ્યા.

આવા તો ઘણાં દાખલા છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિ ધ્યાનાવસ્થામાં ભાન ભૂલ્યા તો નરકે જવાના કર્મના દળીયા ભેગા કર્યા. આ સમયે જો આયુષ્યનો બંધ પડી ગયો હોત તો નરકમાં જાત, પણ આયુષ્ય બંધાયું ન હતું. થોડીવારમાં ઉપયોગ આવતા વિચારધારા પલટાઈ અને કેવળજ્ઞાન ને કેવળદર્શન પામી ગયા. સ્વરૂપમાં રમણતા કરવા માટે ક્ષણેક્ષણે સાવધાની રાખવી પડશે અને ખાતા-પીતા સૂતા-ઉઠતા-બેસતા હરતા-ફરતાં દરેક ઠેકાણે સ્વનું ચિંતન કરવું પડશે. હું એટલે શરીર. હું એટલે સંસાર. આવી પરિણતિ એ વિભાવદશા છે અને હું એટલે અનંતશક્તિનો સ્વામી, જ્ઞાનદર્શન-ચારિત્રનો ધણી છું. બીજું કાંઇ આ સંસારમાં મારૂં નથી. આનું નામ સ્વરૂપ રમણતા છે.

ગાઢ કર્મના ઉદયે આપણે અનાદિકાળથી સંસારમાં ભમીએ છીએ. તેમાંથી પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે સદા જાગૃત રહેવું જોઇએ. એ જાગૃતિ માટે એક મંત્રનું રટણ કરો. હું કોણ છું? આત્મા અહંનો હુંકાર નીકળી જશે તો આત્મા હળવો બની જશે અને આત્મસ્વરૂપનો હુંકાર આવી જાય. આત્માનો હુંકાર શુદ્ધ

સ્વરૂપની પ્રાપ્તિ કરાવનાર છે ને સંસારનો હુંકાર ભવમાં ભમાવનાર છે. આ જીવને રાહુ-શનિ મગળ અને પનોતી હેરાન નથી કરતા તેનાથી અધિક હેરાન કરનાર જો કોઇ શત્રુ હોય તો તે અહંભાવ છે. એ અહંભાવ નીકળી જાય તો જીવ મોક્ષે ગયા વિના ન રહે. દેહનો હુંકાર કેવા પાપ કરાવે છે!

માલવપતિ મુંજ રાજાને અહં હતો કે માળવાનું રાજ્ય હું ભોગવું અને મારા પછી મારા સંતાનો એ રાજ્યનો ભોગવટો કરે. બીજા કોઇનો હકક નથી. ભોજ માળવાના રાજ્યનો માલિક શેનો થાય? આ વિચાર એના મગજમાં રાત-દિવસ ઘૂમ્યા કરતો હતો. સુંવાળી રેશમની પથારી એને કાંટા જેવી લાગતી હતી. માળવાની મોટી મહેલાતો એને ઝુંપડા કરતાં પણ હીન દેખાતી હતી. રૂપસુંદરી એવી રાણીઓ એને જંગલમાં ગાયો ચરાવતી ભરવાડણ કરતાં પણ ઉતરતી દેખાતી હતી. એને ખાવા પીવા અને હરવા-ફરવામાં જરાય આનંદ આવતો નથી. વાત એમ હતી કે ભોજની જન્મપત્રિકા મુંજના હાથમાં આવી હતી. વારંવાર એ જન્મપત્રિકા લઈને બેસતો હતો. તેમાં લખેલા શબ્દો તેની આંખમાં ભાલાની જેમ ભોંકાતા હતા. એમાં શું લખ્યું હતું- **"पचपन वर्ष सात मास तीन दिन तक भोज मालव देशका मालिक होगा"** આ ભવિષ્ય કદાચ સાચું પડી જાય તો? આ પ્રશ્ને મુંજનું મન ચગડોળે ચઢયું હતું. એના અંતરમાં ઇર્ષ્યાની જવાળાઓ ઉઠી હતી. આ વાત તે એકલા જાણતા હતા. એમને કોઈ સાચો રાહ બતાવનાર ન હતા.

જે માળવાના રાજ્ય માટે તેણે પોતાના ભાઇ સિંધલની આંખો ફોડી નાંખી હતી, જેને પોતાનો કટ્ટો શત્રુ સમજતો હતો. એ સિંધલનો પુત્ર એટલે વૈરીનો વારસ! શું એ માળવાનો માલિક બનશે? એ વિચાર એના મગજમાં રાત-દિવસ ઘૂમ્યા કરતો હતો અને મનોમન એ પ્રશ્નનું પોતે સમાધાન કરી લેતા હતા કે ના-ના. માળવાના રાજસિંહાસનનો માલિક મારો પુત્ર બનશે. સિંધલનો પુત્ર નહિ. પણ પાછા જન્મપત્રિકામાં લખેલા શબ્દો એની નજર સમક્ષ ખડા થઈ જતા. એને બીજું કોઈ દેખાતું નહિ. એક પછી એક એમ અનેક પ્રશ્નો એની નજર સમક્ષ ખડા થતાં કે શું એ જન્માક્ષર સત્ય હશે? શું માળવાના રાજ્ય સિંહાસનનો માલિક ભોજ બનશે? શું એ ગોઝારો દિવસ મારા જીવનમાં આવશે કે મારી પ્રજા જોતી રહેશે. સૈન્ય જોતું રહેશે ને હું પણ જોતો રહીશ અને સિંહાસન પરથી મને ઉઠાડીને હજુ ઉગીને ઉભો થયેલો ભોજ શું સિંહાસન ઉપર ચઢી બેસશે? બીજી ક્ષણે પાછો વિચાર કરતો કે હું ક્યાં નિર્બળ છું. તે આવું બનવા દઉં? હમણાં એનો ફેંસલો કરી નાંખું. જેમ સિંધલનો રસ્તો કર્યો એમ ભોજનો કરી નાંખું. સિંધલ હોય કે ભોજ હોય. જે રાજ્ય પચાવવા તૈયાર થાય એ મારો વૈરી છે. જ્યાં સુધી એ મારા વૈરીનો વિનાશ નહિ કરું ત્યાં સુધી

મારા હૃદયમાં જાગેલી વૈરની વિષમ જ્વાળા કદી ઓલવાશે નહિ ને મને ઠંડક વળશે નહિ. આ વિચારમાં મુંજ રાજા ખાવું પીવું બધું વીસરી ગયા હતા. નિર્દોષ ભોજની હત્યા કરવી એ જીવનનું ધ્યેય હતું. બીજા કોઈને આ વાતની ખબર ન હતી. એટલે રાણીઓ, પ્રધાનો સૌ વિચાર કરતાં કે આપણાં મુંજ રાજાને શું થયું છે કે અસ્થિર મગજવાળા માનવીની જેમ કર્યા કરે છે. બધા પૂછે તો પણ જવાબ આપતા નથી.

બંધુઓ! રાજ્યનો લોભ કેવા પાપ કરાવે છે! જે રાજ્યને ખાતર પોતાના ભાઇની આંખો ફોડાવી નાંખી હતી અને એનાં નિર્દોષ અને નાનકડા દીકરા ભોજને મારી નાંખવાના પ્રયત્નો ચાલી રહ્યા હતા. છેવટે એની ઇચ્છા પૂરી કરવા માટે મુંજે કોઇને પૂછયા વિના ચાર ખાનગી માણસોને ઉભા કર્યા અને કોઇને ખબર ન પડે તે રીતે ઉંઘતા ભોજને ઉપાડયો. એની આંખે પાટા બાંધી દીધા. મોઢામાં ડુચા ભરાવી દીધા અને એના ઉપર એવી રીતે વસ્ત્રો ઢાંકી દીધા હતા કે કોઈને ખબર ન પડે કે સિંધલનો પુત્ર ભોજ આજે સંસારને છેલ્લી સલામ ભરવા જાય છે. મુંજના પ્રધાન-રાણીઓ વાતની કોઇને આ ખબર ન હતી તો ભોજના મા-બાપને ખબર કયાંથી હોય? ચાર માણસો ભોજને લઈને ગાઢ જંગલમાં આવ્યા ને નીચે ઉતારી આંખેથી પાટા છોડી નાંખ્યા અને મોઢામાંથી ડુચા કાઢી નાંખ્યા ત્યારે ભોજકુમારે આંખ ખોલીને જોયું તો રાજમહેલના શયનગૃહને બદલે ભયંકર ગીચ ઝાડીમાં ઉભો છે. જ્યાં માનવી તો શું પંખી પણ ફરકતું નથી. સૂર્યના કિરણો પણ જ્યાં પ્રવેશી શકતા નથી એવા ભયંકર ગાઢ જંગલના પ્રદેશમાં પોતે ઉભો છે. તે વખતે એની પાસે માતાની મીઠી હુંફ ન હતી કે પિતાની શીતળ છાયા ન હતી પણ ઉંચી દૃષ્ટિ કરે છે તો એની ચારે બાજુ ચાર માણસો ખુલ્લી ચકચકતી તલવાર લઇને ઉભા હતા. ભોજ નાનો હતો પણ ખૂબ વિચક્ષણ હતો. એ તરત સમજી ગયો કે મારા કાકાએ મને મારી નાંખવા માટે આ ષડ્યંત્ર રચ્યું લાગે છે. છતાં મુખ ઉપર જરા પણ ગભરાટ ન હતો. ગમે તેમ હોય ક્ષત્રિયનો બચ્ચો હતો. ક્ષત્રિયોનો બચ્ચો મરણથી કદી ડરે નહિ. એના હૈયામાં આક્રંદ ન હતું કે એની આંખમાં આંસુ ન હતા. પણ દરરોજ જેમ પ્રસન્ન ચિત્તે રહેતો હતો તે રીતે મુખ ઉપર પ્રસન્નતા ને સ્મિત રેલાતું હતું. મને તમે અહીં શા માટે લાવ્યા છો? મને મારી નાંખશો? મને જીવતો છોડી દો. આવી દીનતાનું નામ-નિશાન નહિ.

જેમ ગુલાબની ચારે તરફ કાંટાળી વાડ હોય છે, ગુલાબના છોડ ઉપર પણ કાંટા હોય છે, છતાં કાંટાની વચમાં ગુલાબનું પુષ્પ હસતું રહે છે તેમ ચારે તરફ જોતાં માણસ મુંઝાઇ જાય તેવી તીક્ષ્ણ તલવારો લઇને માણસો ઉભા છે, છતાં ભોજકુમાર ગુલાબના ફૂલની જેમ હસે છે. આ જોઇને મારનાર ચંડાળોના હાથમાંથી તલવાર નીચે

પડી ગઈ. શું આ બાળકનું બ્રમીર છે! આવા ફૂલની જેમ ખીલેલા નિર્દોષ કુમળા બાળકને કેમ મરાય? જેમ કોઇ પર્વતને વીંધીને ઝરણું પસાર થાય છે તેમ કઠોર હૃદયના ચંડાળોના હૈયાને વીંધીને દયાનું ઝરણું પસાર થવા માંડયું. તેમને ભોજ ઉપર ખૂબ દયા આવી. એના ઉપર તલવાર ચલાવવાની જીગર ચાલતી નથી ને મુંજ રાજાની આજ્ઞા હતી કે ભોજને ખતમ કરી નાખવો. બીજી બાજુ અંતરમાંથી અવાજ આવતો હતો કે પૈસાને ખાતર આ નિર્દોષ રાજકુમારને મારનાર એ મહાન પાપી કહેવાય. એમનો હાથ ઉપડતો નથી. આ જોઇને ભોજ કહે છે ભાઇઓ! તમે શા માટે અચકાવ છો? મને મરણનો બિલકુલ ડર નથી. શા માટે મુંઝાઓ છો? જલ્દી તલવાર મારા મસ્તક ઉપર ફેરવી દો અને રાજાની આજ્ઞાનું પાલન કરો.

ત્યારે કઠોર હૈયાના ચંડાળો કહે છે બેટા! અમારા હાથમાં રહેલી તલવાર તારા માથે ફરવા તૈયાર નથી. જોને હાથમાંથી પડી જાય છે. કોણ જાણે અમને તારા પ્રત્યે અમારા દીકરા જેવું વહાલ આવે છે. માટે અમે તને મારી શકીશું નહિ. પણ તું આ ગામ છોડીને અહીંથી ભાગી જા. ફરીને કોઇ દિવસ આવતો નહિ. અમે મુંજ રાજાને સમજાવી દઇશું કે હવે ભોજ આ દુનિયામાં નથી. તમે શાંતિથી માળવાનું રાજ્ય કરો. ત્યારે ભોજ કહે છે મને મરણનો બિલકુલ ડર નથી. પણ જ્યાં તમે મને મારવા તૈયાર નથી ત્યાં હું શું કરું? ભલે, હું ચાલ્યો જાઉં છું. તમે મારા કાકાને સમાચાર આપ્યા પછી કહેજો કે તમારા ભત્રીજાએ જતાં જતાં તમારા ઉપર એક પત્ર લખીને મોકલ્યો છે. ભોજે એ વખતે પત્ર લખીને ચંડાળોને આપ્યો અને પોતે જંગલમાં ક્યાંનો ક્યાં ચાલ્યો ગયો. ચંડાળો ભોજનો પત્ર લઈને મુંજની પાસે પહોંચી ગયા. મુંજ તેના ગુપ્ત મહેલમાં ભોજના સમાચારની રાહ જોઇને બેઠો હતો. ચંડાળોએ ભોજના સમાચાર આપ્યા ને સાથે ભોજે આપેલો પત્ર આપતાં કહ્યું કે ભોજે જતાં જતાં ખૂબ પ્રેમથી આપને આ પત્ર લખીને આપ્યો છે. ત્યારે મુંજ કહે છે શું ભોજને મેં મરાવ્યો છે તેની ખબર પડી ગઈ? ત્યારે ચંડાળો કહે છે એ તો અમે નથી જાણતા. અમે તો તેને મારવા જતા હતાં ત્યાં તેણે આ પત્ર લખી આપ્યો ને અમે તેને મારીને આવ્યા છીએ. મુંજ કહે છે ભલે, આશ્ચર્ય બતાવતાં મુંજે પત્ર ખોલ્યો. પત્રમાં શું લખ્યું હતું:-

मांधाता सम महंपति कृतयुगालंकार भुतोंगतः ।
सेतुर्येन महोदधौ विरचितः कासौदशास्यांतक : ।।
अन्येचापियुधिष्ठिर प्रभृतयो, भुरि प्रभुता नृप : ।।
नै केनापि समंगतां वसुमती मुंज त्वयायास्पति : ।।

પૂજ્ય કાકા! આપ દીર્ઘાયુષ બનો ને વર્ષો સુધી માળવાનું રાજ્ય ભોગવો પણ મને એક વિચાર થાય છે કે રાવણ સીતાજીને ઉપાડી ગયો. એ સીતાજીને પાછા લાવવા

માટે રામચંદ્રજી અને રાવણ વચ્ચે ખૂનખાર લડાઇ થઇ. એની પાછળ રામાયણની રચના થઇ અને જેમણે મહાસાગર ઉપર સેતુ બાંધવાનું ભગીરથ કાર્ય કર્યું હતું, લંકાને રાખમાં રોળી સીતાજીને પાછા મેળવ્યા એવા રામ કે રાવણના આજે નામનિશાન નથી દેખાતા. રાજ્યના લોભ ખાતર દુઃશાસન, દુર્યોધન આદિ કૌરવોએ ધર્મરાજાને જુગાર રમાડ્યા. કપટથી હરાવીને વનવાસ આપ્યો. છેવટે પાંડવો અને કૌરવો વચ્ચે કુરૂક્ષેત્રમાં જંગ જામ્યા ને પાંડવોએ જીત મેળવી છતાં આ પૃથ્વી પર નથી તો પાંડવો કે નથી તો કૌરવો. દુર્યોધન, દુઃશાસન યુધિષ્ઠિર ભડવીર ભીમ, વિશ્વામિત્ર કે વસિષ્ઠ કોઇ નજરે પડતું નથી. આવા સત્યુગના અલંકાર જેવા એ મોટા રાજા, મહારાજાઓ ને માંધાતાઓ ચાલ્યા ગયા. નથી એમના દેહ દેખાતા કે એમના દેહની રાખ પણ નથી દેખાતી. દુનિયામાં નજર કયાં નાંખવી, કોઈ દેખાતું નથી. આ બધા ચાલ્યા ગયા પણ અફસોસ! પૃથ્વી કોઈની સાથે નથી ગઇ. પણ મને એ વાતનો આનંદ છે કે પૃથ્વી આપની સાથે આવશે.

મુંજે ભોજનો પત્ર વાંચ્યો ને તેની આંખ ખુલી ગઇ. અહો! જે પૃથ્વી કોઈની સાથે નથી ગઇ એ શું મારી સાથે આવશે? છ છ ખંડના માલિક એવા ચક્રવર્તિઓને પણ એક દિવસ છ ખંડનું રાજ્ય છોડીને જવું પડયું છે તો શું માળવાના રાજ્ય-સિંહાસન ઉપર હું થોડો કાયમ માટે ટકી શકવાનો છું? અરેરે આ રાજ્યના લોભ ખાતર મેં મારા ભાઇ સિંધલની આંખની રોશની ઝૂંટાવીને ભોજની હત્યા કરાવી. ખરેખર, મેં મહાન પાપ કર્યું છે! પવિત્ર અને નિર્દોષ બાળકની હત્યા કરાવતાં મને શરમ ન આવી! મારા જેવો ધિક્કારને પાત્ર આ જગતમાં બીજો કોઈ નહિ હોય.

આમ બોલતાં એની આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા. હાથમાં રહેલો ભોજનો પત્ર તેના આંસુથી ભીંજાઇ ગયો. એનું અંતર પોકાર કરતું હતું કે હે પાપી મુંજ! ભોજની હત્યા કરનારો તું હવે માળવાના સિંહાસન માટે નાલાયક છે. યાદ રાખ, લોહીની ધરતી ઉપર કદી રાજસિંહાસન ટકી શકતું નથી. તું યાદ રાખ, સિંહાસન અહીં રહી જશે ને તારે સિંહાસન મૂકીને ચાલ્યા જવું પડશે. એના અંતરમાં પશ્ચાતાપનો પાવક પ્રજ્વલિત થયો તેમાં મુંજનું પાપ ભડભડ બળી રહ્યું હતું. એ તો સમજતા હતા કે ભોજને મારી નાંખ્યો છે એટલે હવે એ પવિત્ર ને નિર્દોષ, હસતો-રમતો, બોલતો-ફૂદતો બાળક મને કયારેય પણ જોવા મળવાનો છે? એને તલવારના ઝાટકા વાગ્યા હશે ત્યારે કેવું દુઃખ થયું હશે? આ વિચારે એમની આંખમાંથી બોરબોર જેવા આંસુ પડવા લાગ્યા. મુંજનો કલ્પાંત વધવા લાગ્યો મહેલની દિવાલોમાં એને ભોજ સિવાય બીજું કાંઇ દેખાતું નથી.

મહેલમાં આમથી તેમ આંટા મારતા મુંજ કરૂણ સ્વરે વિલાપ કરતાં બોલવા લાગ્યા—વહાલા બેટા ભોજ! મને માફ કર. મેં તને મરાવ્યો છે પણ તું જ્યાં હો

ત્યાંથી પાછો આવ. તારા વિના હું જીવી શકું તેમ નથી. તું જલ્દી આવ. મુંજના કલ્પાંતની ચીસો સાંભળી પ્રધાનો....રાણીઓ દોડી આવ્યા ત્યારે રાજા મુંજ એજ બોલતા હતા કે ભોજ! તને મારનાર હું છું. હું સ્વયં ગુન્હેગાર છું. તારો અપરાધી છું. તારા વિના આ રાજસિંહાસનને શું કરું? મારા માટે તો સિંહાસન યોગ્ય નથી પણ ચિત્તા યોગ્ય છે. તારો ને મારો મેળાપ સિંહાસન નહિ પણ ચિતા કરાવશે. સિંહાસને તો તને ને મને છૂટા પાડયા છે. હવે મારે આ સિંહાસન ન જોઈએ. આખા મહેલમાં કરૂણતા છવાઇ ગઇ. દરેકની આંખમાં આંસુ આવી ગયા, મુંજ કહે છે હે મારા પ્રધાનો તમે જલ્દી નગર બહાર ચિતા રચાવો. હવે આ મુંજ રાજસિંહાસન ઉપર નહિ બેસે. ભોજ વિનાનું સિંહાસન મારે માટે ચિત્તા સમાન છે. ચિત્તામાં બળીને આ પાપી દેહની રાખ ઉડીને આકાશમાં ફેલાશે ને બાલહત્યાના પાપની સાખ પૂરતી ભોજને જઇને મળશે ત્યારે મારા આત્માને શાંતિ મળશે.

મુંજનો કલ્પાંત સાંભળી મંત્રીઓ સમજી ગયા કે મુંજે ભોજને મરાવી નાંખ્યો છે. હવે મંત્રીઓ વિચારવા લાગ્યા કે જો આપણે વિલંબ કરશું તો મુંજ હાથમાંથી છટકી જશે ને બારીમાંથી ફૂદકો મારીને ભાગી જશે તો પરિણામ બહુ બરાબ આવશે. આમ વાત કરે છે ત્યાં મુંજે મહેલની બારી તરફ દોટ મૂકી. મંત્રીઓએ તેમને પકડી લીધા ને હાથ જોડીને કહ્યું: મહારાજા! આવું ઉતાવળું પગલુ ભરતાં પહેલાં અમારી સલાહ તો લેવી હતી ને? અમે ભોજની તપાસ કરવા સૈનિકો મોકલી દીધા છે. જ્યાં સુધી તેઓ ન આવે ત્યાં સુધી આપ શાંતિ રખો. ભોજ નહિ મળે તો આપની ઇચ્છા હશે તેમ કરીશું. પણ મુંજ કહે છે મેં જાતે એને મરાવી નાંખ્યો છે. હવે એ કયાંથી મળવાનો છે? પણ કદાચ મારનારાઓએ જીવતો મૂકયો હોય તો મળી જાય. ચંડાળોને બોલાવીને પૂછયું. એમણે કહ્યું સાહેબ! અમને એની ખૂબ દયા આવી તેથી જીવતો છોડી દીધો છે. હવે રાજાને ભોજ પ્રત્યે પ્રેમ જાગ્યો છે એટલે ચંડાળોને કંઇ કહે ખરા? ઉલ્ટા ખુશ થયા ને ભોજને જીવતો મૂકયો છે તે બદલ સારું ઇનામ આપ્યું.

મુંજના હૃદયમાં એવી કલ્પનાઓ થતી હતી કે જો ભોજ જીવતો મળી જાય તો હું એને મારા ખોળામાં બેસાડી પ્રેમના પાણીથી સ્નાન કરાવું અને એને માળવાના રાજ્ય સિંહાસન ઉપર બેસાડી મારા પાપનું પ્રાયશ્ચિત કરું! એટલામા સૈનિકોએ દોડતા આવીને સમાચાર આપ્યા કે ભોજ જીવતો મળી ગયો છે. હમણાં આવે છે. આ સાંભળી મુંજના આનંદનો પાર ન રહ્યો. હૈયું હર્ષથી નાચી ઉઠયું. ત્યાં ભોજ એના પિતા સિંધલનો હાથ પકડી મુંજ પાસે આવી પહોંચ્યો. આવતાની સાથે મુંજે તેને ઉંચકી લીધો. પ્રેમથી ભેટી પડયો ને પશ્ચાતાપના આંસુથી તેને નવડાવી દીધો. ને પોતાની ભૂલનો એકરાર

કરતાં કહ્યું. બેટા! વિધિએ મને ભાન ભૂલાવી દીધો. માળવાના રાજસિંહાસનનો માલિક તું બને એમાં મારે ગૌરવ લેવું જોઇએ. તેના બદલે મેં તારા ઉપર દ્વેષ કર્યો ને એમાંથી આ બધું મહાભારત રચાઇ ગયું. હવે તું બધું ભૂલી જજે. સિંધલ મારો સગો ભાઇ છે ને તું મારો સગો ભત્રીજો છે. ને આખા મહેલમાં આનંદ આનંદ છવાઇ ગયો ને વિષાદના વાદળ વિખરાઇ ગયા.

ટૂંકમાં રાજ્યના લોભ ખાતર મુંજે કેવું કાર્ય કર્યું! આવા ઘણા દાખલા ઇતિહાસના પાને લખાયેલા છે. હલ અને વિહલ પાસેથી હાર ને હાથી કઢાવવા કોણિકે તેના દાદા ચેડારાજા સાથે કેવું ભયંકર યુદ્ધ કર્યું હતું! પોતાની પત્ની પદ્માવતીના ચઢાવ્યા ચઢી ગયા તો કેટલી હિંસા થઇ! અહંને પોષવા તૈયાર થયો પણ ભગવાન કહે છે રાજા રાવણનો અહં નથી ટકયો તો સામાન્ય માનવીની વાત કયાં કરવી?

એક વખત ભરત ચક્રવર્તિ એક પર્વત ઉપર ગયા. ત્યાં ઘણા ચક્રવર્તિઓના નામ કોતરેલા હતા. કયાંય જગ્યા ન હતી ત્યારે ભરત ચક્રવર્તિના મનમાં થયું કે આ બધા ચક્રવર્તિઓમાં કોઇ અત્યારે જીવતો નથી, તો આમાંથી એકાદનું નામ લૂંછી નાંખીને એના ઉપર મારું નામ લખી દઉં. પણ બીજી ક્ષણે વિચાર આવ્યો કે એ મરી ગયા ને હું પણ મરી જઇશ તો મારું નામ પણ કોઇ આ રીતે લૂંછી નાંખશે ને? માટે મારૂં નામ લખવું નથી. દુનિયામાં કોનું નામ અમર રહ્યું છે કે મારૂ નામ અમર રહેશે. જો નામ અમર કરવું હોય તો આત્માના ગુણો પ્રગટ કરો. તપ ત્યાગમાં તમે આગેકૂચ કરો.

જમાલિકુમારની માતા કહે છે હે દીકરા! તું કહે છે માતા મને દીક્ષાની આજ્ઞા આપ પણ દીકરા! તું રાજ સાહ્યબીમાં ઉછર્યો છે. ને સંયમના કઠોર કષ્ટો વેઠવા પડશે. તું કેવી રીતે સહન કરીશ.

सुहोइओ तुमं पुत्ता सुकुमालो सुमज्जिओ।
न हु सि पभु तुमं पुत्ता, सामण्ण मणुपालिया॥

उत्त. सू. अ. १९, गाथा ३४

તું સુખોચિત છે. સંસારના સુખો ભોગવવાની તારી ઉંમર છે. વળી ઉગતા સૂર્યના કિરણો તારા ઉપર પડે તો પણ તું કરમાઇ જાય છે એવો તો સુકોમળ છે ને ત્યાં સંયમમાં તો સવારની ઠંડીમાં વિહાર કરવા પડશે. બપોરે ધોમધખતા તડકામાં ગોચરી જવું પડશે. વળી ગોચરીમાં ૪૨ દોષ ટાળી આહાર-પાણી લેવા પડશે. આવું કઠીન ચારિત્ર પાળવા તું સમર્થ નથી. બેટા! હું તો તને રજા આપીશ પણ તારી સ્ત્રીઓ આ વાત જાણશે તો તેમને કેટલું દુઃખ થશે! તેનો તેં વિચાર કર્યો છે? માતા ગમે તે કહે છે પણ જમાલિકુમારના મન ઉપર તેની કંઈ અસર થતી નથી. એનું રૂંવાડું

પણ ફરકતું નથી, કારણ કે એ સમજે છે કે આ બધું મોહનું નાટક છે.

જેમ બાળકને મુંઝારો થયો હોય ત્યારે એની માતા કડવી દવા પીવડાવે છે. બાળક પતાસુ માંગે તો પણ આપતી નથી. તો શું માતા બાળકની દુશ્મન છે? "ના." માતાની લાગણી છે. મારો દીકરો પતાસુ ખાય તો રોગ વધી જાય. તેમ જમાલિકુમાર સમજે છે કે મારી માતાને મોહનો મૂંઝારો થયેલો છે. તેમાં હું તેને ગમે તે રીતે કહીશ પણ તેને ગમવાનું નથી. મારે તો આત્મસ્વરૂપની પિછાણ કરવી છે. હજુ તેમની માતા શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર : શિખીકુમાર મુનિ કૌશાંબી નગરીમાં પધાર્યા છે. રોજ વ્યાખ્યાન ફરમાવે છે. બપોરે વાંચણી આપે છે. નગરજનો ખૂબ લાભ લે છે. દુનિયાના મધ્ય ભાગમાં રત્નો રહેલા છે, પણ દરિયો કદી એમ નથી કહેતો કે મારા પેટાળમાં રત્નો છે તમે લેવા આવજો. પણ જેને રત્નો લેવાની ઇચ્છા થાય તે મરજીવા થઈને દરિયામાં ઝંપલાવે છે ને દરિયામાંથી અમૂલ્ય રત્નો કાઢી લાવે છે. રત્નો ખૂબ કિંમતી હોય છે. પણ **હીરા મૂખસે નવ કહે લાખ હમારા મૂલ.** હીરો તેના મોઢેથી કદી એમ નથી કહેતો કે મારૂં મૂલ્ય લાખ રૂપિયા છે. પણ જો કોઈ ઝવેરી આવી જાય તો હીરાની કિંમત લાખને બદલે સવા લાખની આંકે છે તેમ શિખીકુમાર મુનિ ખૂબ ગુણગંભીર છે. જ્ઞાની છે, લોકો તેમની પાસે આવે છે ને તેમની મુક્તકંઠે પ્રશંસા કરે છે, પણ જાલિની માતા આ બધું સાંભળીને બળી જાય છે.

શિખીકુમાર મુનિ તેમના માતાજીને દર્શન કરાવવા દરરોજ આવતાં અને ધર્મનો ઉપદેશ પણ કરતા. છેવટે પોતે સાચી શ્રાવિકા બની છે તે રીતનો દેખાવ કરીને બાર વ્રત આદર્યા. એ વ્રત કેવા કડક આદર્યા! એમાં બહુ થોડી છૂટ રાખી. રોજ સામાયિક-પ્રતિક્રમણ કરવું એવો નિયમ લીધો. ત્યારે મુનિને પણ ખૂબ આનંદ થયો. અહો! એક વખતની મારી માતા કેટલી ક્રૂર હતી. પણ એને મારા પ્રત્યે અત્યારે જરા પણ દ્વેષભાવ નથી. માણસ કયારે પલટાય છે તે કહી શકાતું નથી. શિખીમુનિને કહે છે ગુરૂદેવ! આપને પધાર્યા આટલા દિવસ થઇ ગયા પણ હજુ આપે મારા ઘરનો આહાર વહોર્યો નથી. હું આપને દાન દઈને મારા ઘર ક્યારે પાવન કરીશ. આપતો વિહાર કરી જશો ને હું લાભ લીધા વિનાની રહી જઈશ. આ રીતે મીઠા મીઠા શબ્દો બોલવા લાગી ને આંખમાંથી બોર બોર જેટલા આંસુ પાડવા લાગી. મુનિ કહે છે બહેન! આપ દિલમાં જરા પણ ઓછું ન લાવો. અવસરે જોઇશું. આજે તો ગૌચરી જવાનું નથી એમ કહી મુનિ ચાલ્યા ગયા. બીજે દિવસે ઉપવાસનું પારણું હતું. પોતાના વડીલ સંતોને સાથે લઇને શિખીકુમાર મુનિ માતા જાલિનીને ઘેર ગૌચરી માટે પધાર્યા.

મુનિને પોતાને ઘેર ગૌચરી આવતાં જોઇને જાલિનીને જાણે કેટલો હર્ષ થયો

હોય તેમ સાત-આઠ પગલા સામી ગઇ. તિક્ખુત્તોનો પાઠ ભણી લળી લળીને વંદન કરવા લાગી. ગુરૂદેવ ! આપ મારે ઘેર પધાર્યા તેથી મને ખૂબ આનંદ થયો છે. આજે મારૂ ઘર પાવન થયું. મારે આંગણે જાણે કલ્પતરૂ ફળ્યો. આજે મારે મન તો સોનાનો સૂર્ય ઉગ્યો છે એમ કહી લળી લળીને વંદન કરે છે ને કહે છે ગુરૂદેવ ! આપ રસોડામાં પધારો. આજે તો ઇચ્છા પ્રમાણે દાન દઇને મારા કર પાવન કરૂં એમ કહી મુનિને રસોડામાં વહોરવા માટે લઇ ગઇ. મનના મેલા માણસો ઉપરથી કેવું મીઠું મીઠું બોલે છે ને અંદરથી કેવા કપટી હોય છે. હવે જાલિની મુનિરાજને શું વહોરાવશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૬૫

ભાદરવા વદ ૪ ને શનિવાર તા. ૧૫-૯-૭૩

અનંતકરૂણાનિધી શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના ઉદ્ધાર માટે અમૂલ્ય વાણી પ્રકાશી. પ્રભુની વાણીના શ્રવણથી જીવ પવિત્ર બની જાય છે. ભગવાન કહે છે હે જીવાત્માઓ ! જાગો, સમજો ને બુઝો. જો તમે આ માનવભવમાં આત્મસાધના નહિ કરો, સમ્યગદર્શનની પ્રાપ્તિ કરવાનો પુરૂષાર્થ નહિ કરો તો "संबोही खलु पेच्च दुल्लहा "

" પરભવમાં સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ થવી દુર્લભ છે. અનાદિકાળથી જીવે સંસારમાં અનંત ભવ કર્યા છે, પણ તે ભવોની ગણત્રી થતી નથી. જે ભવમાં જીવ સમ્યગદર્શન પામે તે ભવથી ગણત્રી થાય છે. પ્રભુ મહાવીરનો આત્મા પણ પહેલાં તો આપણી જેમ સંસારમાં ભમતો હતો પણ નયસારના ભવમાં સમ્યગદર્શન પ્રાપ્ત કર્યું ત્યારથી તેમના ભવની ગણત્રી થઈ છે. કારણ કે જીવ સમ્યગદર્શન પામ્યો એટલે નક્કી મોક્ષમાં જવાની મહોર લાગી ગઈ. આ સમ્યગદર્શનનો મહિમા છે.

એક અંતર્મુહૂર્ત જેટલો સમય આત્માને સમ્યગદર્શનનો સ્પર્શ થઇ જાય તો પણ અર્ધપુદ્ગલ પરાવર્તન કાળથી અધિક સંસારમાં પરિભ્રમણ કરતો નથી. આટલો લાંબો કાળ પણ જે આત્મા ભારે કર્મી હોય, વચમાં વચમાં સમ્યગદર્શન વમી જતો હોય એટલે કે પાછો મિથ્યાત્વી બની જતો હોય ને નવા નવા કર્મો ઉપાર્જન કરતો હોય તેને આશ્રીને કહ્યો છે. બાકી તો સમ્યગદર્શન પામ્યા પછી આત્મા થોડા સમયમાં મોક્ષમાં જાય છે. પૂર્વભવમાં જીવે આયુષ્યનો બંધ પાડયો ન હોય અને આયુષ્યનો બંધ પડે તે સમયે આત્માને સમ્યગદર્શન સ્પર્શેલું હોય અને આઠ કર્મથી મુક્ત થયો ન હોય તો તે મરીને વૈમાનિક દેવ તરીકે ઉત્પન્ન થાય છે. સમ્યગ દૃષ્ટિ આત્મા મોટા ભાગે પાપની પ્રવૃત્તિથી દૂર રહે છે. કદાચ ન છૂટકે તેને પાપ કરવું પડે તો દિલમાં

દુઃખ થાય છે. પાપ કરતી વખતે અને કર્યા પછી પણ તે પાપનો પશ્ચાતાપ કરતો હોય છે. એને પાપ કરવાની જરા પણ ઇચ્છા હોતી નથી અને અવસર મળે તો પાપને છોડવામાં બિલકુલ પ્રમાદ સેવતો નથી. ન છૂટકે પશ્ચાતાપપૂર્વક પાપ કરતો હોવાથી તેને પાપનો બંધ બહુ અલ્પ થાય છે.

સમ્યગદૃષ્ટિ આત્મા એના ગાઢ કર્મના ઉદયે સંસાર છોડી શકતો ન હોય પણ તેનું લક્ષ સંસારથી પરાંગમુખ અને મોક્ષ તરફનું હોવાથી તેનું અલ્પજ્ઞાન અને અલ્પ-ચારિત્ર સમ્યગજ્ઞાન અને સમ્યગ ચારિત્ર તરીકે ગણાય છે. જ્યારે મિથ્યાદૃષ્ટિનું લક્ષ સંસાર તરફ હોવાથી તેનું નવપૂર્વનું જ્ઞાન અને અખંડ ચારિત્ર પણ મિથ્યાજ્ઞાન (અજ્ઞાન) અને મિથ્યાચારિત્ર ગણાય છે. જગતમાં રહેલા સર્વ પદાર્થો અને સર્વ સંબંધોમાંથી આત્માને હિતકર પદાર્થો અને સંબંધો વિવેકપુર્વક જાણી તેમાં અડગ શ્રધ્ધા કરવી તેનું નામ સમ્યગદર્શન. આ જીવે સંસારસુખની લાલસાથી મિથ્યાત્વ-અવિરત-કષાય અને યોગના હેતુથી માતા-પિતા-ભાઈ-બહેન-સ્ત્રી-પુત્ર-પરિવાર આદિ અનેક પ્રકારના સંબંધો બાંધી નરક તિર્યંચ-નિગોદ આદિ દુર્ગતિઓમાં અનંત દુઃખો ભોગવતાં કૂવાના રેંટની જેમ આ સંસારમાં અનંત કાળચક્રો પસાર કર્યા.

આત્મસ્વરૂપની પિછાણના અભાવે શરીર અને આત્માને એક માની આ જીવ સંસારના જડપુદ્ગલોની પાછળ દોડધામ કરે છે. પણ દેહ અને દેહી બન્ને ભિન્ન છે આત્મા શાશ્વત છે ને શરીર અશાશ્વત છે. આત્માના સુખો સાચા સુખો છે. એ આત્માનું સાચું નિધાન છે. પણ કર્મરાજાએ આ નિધાન પડાવી લીધું છે. આવો વિચાર પણ જીવને આવતો નથી. કોઇ હળુકર્મી જીવને એવો વિચાર આવે છે કે આત્માના સુખો પોતાના છે ને પુદ્ગલના સુખો પર છે. કર્મોએ મારી પાસેથી આત્મિક સુખનો નિધી લૂંટી લીધો છે. તે કર્મો પાસેથી પાછો પ્રાપ્ત કરવા માટે શરીરને સાચવવાને બદલે આત્માને સાચવવાનો છે અને આત્મકલ્યાણ કરવા માટે વીતરાગ પ્રભુએ બતાવેલો માર્ગ અને તેમની વાણી માર્ગદર્શક છે એવા જિનેશ્વરદેવના વચનો પ્રત્યે અડગ વિશ્વાસ તેનું નામ સમ્યગ્દર્શન.

સમ્યગ્દર્શન બે પ્રકારનું છે. એક નિશ્ચય સમ્યગ્દર્શન અને બીજું વ્યવહાર સમ્યગદર્શન અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ, સમ્યક્ત્વ મોહનીય, મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીય. એ સાત પ્રકૃતિના ક્ષય-ઉપશમના યોગે જિનેશ્વર દેવોએ પ્રરૂપેલ તત્ત્વો આત્મકલ્યાણમાં ઉપયોગી છે. એવો આત્માનો દૃઢ નિશ્ચય અને વિશ્વાસ તે નિશ્ચય સમ્યગ્દર્શન. અને સુગુરૂ, સુદેવ અને સુધર્મ પ્રત્યેની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યગદર્શન કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી એટલે કારણમાં કાર્યનો ઉપચાર થતો હોવાથી વ્યવહાર સમ્યગદર્શન પણ નિશ્ચય સમ્યગદર્શનનું કારણ હોવાથી તેને સમ્યક્દર્શન કહેલ છે.

સમ્યગ્દર્શનની લહેજત કોઇ ઓર છે. સંસારમાં રહેવા છતાં સમકિતી. આત્માને સંસારની વિસ્મૃતિ થઇ જાય છે. જ્યાં સંસારની સ્મૃતિ છે ત્યાં આત્મસ્વરૂપની વિસ્મૃતિ છે અને જ્યાં આત્મસ્વરૂપની સ્મૃતિ છે ત્યાં સંસારની વિસ્મૃતિ છે. જ્યારે સંસારની વિસ્મૃતિ થાય ત્યારે આંતરિક ભાવો જાગે છે. અંદરનો ખજાનો દેખાય છે. ને અલૌકિક સુખો મળે છે. પણ તમારે બાહ્ય ભાવોને છોડવા નથી, સંસારમાં ગળાબૂડ ખુંચી જવું છે ને આત્માનો ખજાનો જોવો છે તો તે કયાંથી મળે? પ્રભુની વાણીનો રંગ આત્મા ઉપર ચઢાવશો હોય તો આત્માને સ્વચ્છ બનાવો. પાટી સાફ હોય તો તેમાં અક્ષર ચોખ્ખા પડે. દીવાલ સરખી અને સ્વચ્છ હોય તો ચિત્ર સારૂં દોરાય અને કપડું સ્વચ્છ હોય તો તેના ઉપર રંગ બરાબર ચઢે છે. તેમ જેનું હૃદય શુદ્ધ હોય છે તે આત્મા આ વાણીના ભાવને ઝીલી શકે છે.

"જમાલિકુમારની દૃઢતા"

જમાલિકુમાર પ્રભુની પાસે હૃદય શુદ્ધ કરીને ગયા હતા એટલે એમને એક વાર વીતરાગવાણીનું પાન કરતા વૈરાગ્યનો રંગ લાગ્યો ને વૈરાગી બની ગયા. વૈરાગ્ય પણ કેવો મજબૂત છે! એમની માતા કેવી હલીલો કરે છે અને સમજાવે છે છતાં વૈરાગ્યમાંથી ડગતા નથી. માતા કહે છે હે બહાદુરોયા દીકરા! તું આ રાજવૈભવના સુખો ભોગવ અને અમારા આત્માને શાંતિ આપ. તારા વિયોગે અમે ઝૂરીઝૂરીને મરી જઇશું. ત્યારે જમાલિ કહે છે હે માતા-પિતા! આ સુખો મારા ને તમારા જીવે અનંતીવાર પ્રાપ્ત કર્યા ને આવા સબંધો બાંધ્યા છે. ચક્રવર્તિ અને વાસુદેવની પદવી પણ જીવે પ્રાપ્ત કરી હશે. ચક્રવર્તિ ચક્રવર્તિપણામાં જો મરે છે તો નરકમાં જાય છે અને જે ચક્રવર્તિઓ ચક્રવર્તિના સુખો છોડે છે તે મોક્ષ અગર દેવલોકમાં જાય છે. જીવે તીર્થંકર ને કેવળીની પદવી પ્રાપ્ત કરી નથી. આત્માની અનંતશકિતને પિછાણી નથી. એટલે બહારમાં રમે છે. હવે તો મારે આત્માની સાથે રમવું છે. આત્માનું અખંડ સામ્રાજ્ય મેળવવું છે. આ રાજ્ય અને રાજ્યના સુખો કયારે મને છોડી દેશે અને રખડતો રઝળતો કરી મુકશે તેની શું ખાત્રી? તેના કરતાં આત્માનું સામ્રાજ્ય શું ખોટું કે કદી કોઇ દુશ્મન પડાવી લેવાનો કે રખડતા ભિખારી જેવા થઇ જવાનો પ્રસંગ જ ન આવે!

કયારે રાય રંક બનશે તેની ખબર નથી.

એક વખત કહેવાતો મોટો શહેનશાહ એવો રાજા રસ્તે રઝળતો ભિખારી બની વગડામાં ભટકવા લાગ્યો. એક વણિક વહેપારીએ એ રાજાને જોયો. કોઇ વખત એ રાજાના રાજ્યમાં ગયેલો. આ મોટો રાજા હતો ને શેઠ મોટો વહેપારી હતો. એટલે એ રાજાને ભેટણું આપવા ગયેલો ત્યારે રાજાને જોયેલો અને તેનો સારો પરિચય પણ થયેલો. એટલે તરત શેઠે રાજાને ઓળખ્યા ને આવી બેહાલ સ્થિતિમાં રાજાને જોઈને આશ્ચર્ય થયું.

અહો! આ શું? આતો એક મોટો સારો શહેનશાહ રાજા હતા ને એમને શું થયું? તરત વહેપારી તેમની પાસે ગયો ને પૂછયું. મહારાજા! તમારી આ દરિદ્ર અવસ્થા કેમ? શું આપનું રાજ્ય કોઈ દુશ્મને લૂંટી લીધું? આ દરબાર રાજા હતો. એણે કહ્યું ભાઇ! કર્મની ગતિ ન્યારી છે. મારૂં રાજ્ય કોઈ દુશ્મને લૂંટી લીધું નથી. પણ મારા દેશમાં દુકાળ પડયો એટલે ખેડૂતોએ જમીનના ટેકસ ભર્યા નહિ. બીજી રીતે પણ રાજ્યનું નાણું ઘણું ખર્ચાઇ ગયું ને આવક ઘટી ગઇ તેથી રાજ્યનો ખર્ચ પૂરો ન થયો. નોકર ચાકરોને પગાર કયાંથી આપવો? રૈયતને ભૂખમરામાંથી કેવી રીતે બચાવવી? ભૂખ્યાને ભોજન આપવાના સાંસા પડી ગયા એટલે રાજ્યનો ત્યાગ કરીને ભાગી છૂટવાનો વખત આવી ગયો.

"શેઠની ઉદારતાથી રાજાએ ફરીને પાછું મેળવેલું રાજ્ય"

વહેપારી ખુબ ધનવાન હતો. ધનની સાથે ઉદારતા પણ હતી. તેણે વિચાર કર્યો કે આ મોટા રાજા છે. એ ઉંચા આવશે તો રૈયતનું રક્ષણ કરશે. એણે રાજાને આશ્વાસન આપતાં કહ્યું કે સાહેબ! આપ જરાય મૂંઝાશો નહિ. મારૂં એ તમારૂં છે. તમે આવા પવિત્ર પ્રજાપાલક રાજા અને તમારે આમ ભટકવું પડે? ચાલો મારી સાથે આપને રાજ્ય ચલાવવાના ખર્ચની બધી વ્યવસ્થા હું કરી દઇશ. એમ કહી વહેપારી તેને પોતાને ઘેર લઈ ગયા ને રાજાને સાત લાખ રૂપિયા આપી દીધા. તે સમયે આટલી મોંઘવારી ન હતી. એટલે એટલા રૂપિયા તો દરબારને ઘણાં થઈ ગયા. એ રૂપિયા લઇને દરબાર પોતાના રાજ્યમાં આવ્યા અને રાજ્યની સુવ્યવસ્થા હતી તેવી કરી દીધી. બધા માણસોને સંતોષી દીધા ને પુણ્યયોગે રાજ્ય આબાદ થઇ ગયું. રાજાની ખૂબ ચઢતી થઇ.

દેવાનુપ્રિયો! જુઓ, કર્મના ખેલ કેવું કામ કરે છે! અને આત્માનો સત્ પુરૂષાર્થ પણ કેવું કામ કરે છે એ ખૂબ વિચારવા જેવું છે. રાજા જેવાની પણ કર્મ ખબર લઇ નાંખે છે તો સામાન્ય માણસનું તો શું ગજું? આમ વિચાર કરે તો જડ લક્ષ્મીનું એને કદી અભિમાન આવે નહિ અને સમય આવે ત્યારે લક્ષ્મીનો સારા કાર્યોમાં સદ્વ્યવહાર કરે. જે લક્ષ્મી પુણ્યથી મળે છે તે તમારી તિજોરી ભરવા માટે નહિ પણ દાન-પુણ્ય આદિ સુકૃત્યોમાં વાપરવા માટે મળે છે. પણ મોહમાં મૂઢ બનેલા જીવોને લક્ષ્મી મળે ત્યારે શુભ કાર્યોમાં વાપરવાનું મન થતું નથી. ધન-વૈભવ આદિ કર્મના તાબાની વસ્તુ છે તેને પોતાના તાબે કરવા ઇચ્છે છે ને પોતાના તાબાની વસ્તુઓ જે જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ આદિ છે તેને ઠોકરે મારે છે.

આત્મા એવા રાજાને સદ્ગુરૂ રૂપી શેઠનો જોગ મળતાં

આ રાજાનું દૃષ્ટાંત આપણા આત્મા સાથે ઘટાવવાનું છે. આપણો આત્મા ત્રિભુવનનો સ્વામી છે. અનંતજ્ઞાન અને સુખનો સ્વામી છે. પણ વિભાવના વંટોળે ચઢી

જાય તો પેલા રાજાની જેમ બેહાલ બની ભવાટવીમાં ભમે છે ને વિવિધ પ્રકારના દુઃખો ભોગવે છે. વગડામાં ભમતા ભમતા રાજાને જેમ વહેપારી શેઠનો ભેટો થયો અને સહાય મળી તો પાછું રાજ્ય હસ્તગત કરી લીધું તેમ આ ભવાટવીમાં પોતાનું સ્વરૂપ ભૂલીને ભમણ કરતા ચેતન રાજાને વીતરાગ પ્રભુના વહેપારી શેઠ એવા સંતનો સમાગમ થઇ જાય તો આત્મિક સંપત્તિનો ખજાનો ખુલી જાય પછી એને ભૌતિક સુખનો ભિખારી બની ભવમાં ભમવાનું રહે નહિ.

સંતનો સમાગમ માણસને ન્યાલ કરી દે છે. જેમ નદી જે જે પ્રદેશમાંથી વહે છે તે પ્રદેશને લીલોછમ અને ફળદ્રુપ બનાવે છે. કોઇના ખેતરમાં પંપ મૂકયો હોય તો તે પંપદ્વારા બીજા લોકોને પણ પાણી આપવામાં આવે છે અને એક-બે-ત્રણ જેટલા કલાક પાણી આપે છે તેનો ચાર્જ લેવામાં આવે છે. પણ નદી કોઇની પાસેથી ચાર્જ લેતી નથી. તે રીતે સંતો પણ એક ગામથી બીજે ગામ વિહાર કરે છે અને લોકોને વીતરાગ વાણીનું શીતળ જળ પીવડાવે છે. સંસાર-તાપથી આકુળ-વ્યાકૂળ ને તૃષાતુર બનેલા જીવોને શીતળ બનાવે છે. પણ કોઇ જાતનો ચાર્જ લેતા નથી. એક વાર આ વીતરાગ શાસનને અર્પણ થઇ જાવ. તમારી બધી ભમણાઓ ચાલી જશે, વીતરાગી સંતો તમારું દરિદ્ર ટાળે છે ને રોગ પણ મટાડે છે, પણ તેમને અર્પણ થઈ જાવ તો.

"આત્મભ્રાન્તિ સમ રોગ નહિ, સદ્‌ગુરૂ વૈદ સુજાણ,
ગુરૂ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન."

જીવને ભ્રાન્તિ થઇ ગઇ છે કે હું દેહમય છું. દેહ તે હું છું. દેહનું દુઃખ એ મારૂં દુઃખ છે ને દેહનું સુખ તે મારૂં સુખ છે. આવી આત્મભ્રાન્તિનો રોગ લાગુ પડયો છે. આજે ડોકટરો કહે છે ને કે ચામડીનો રોગ સારો પણ હાડકાનો રોગ ખોટો, ઉપરનો રોગ દેખાય છે ને જલ્દી તેનું નિદાન થાય છે પણ અંદરના રોગનું જલ્દી નિદાન થતું નથી. તેમ આત્માને ભ્રાન્તિનો જે મહારોગ લાગુ પડયો છે તે સદ્‌ગુરૂના સાનિધ્ય વિના મટવો મુશ્કેલ છે. ગુરૂઓ હાડ તોડી તોડીને ઉપદેશ આપે છે પણ જીવોને રૂચવો મુશ્કેલ છે. કદાચ એ વાત અંતરમાં ઉતરી ગઈ તો ગુરૂની આજ્ઞાનું પાલન થવું, મુશ્કેલ છે. ગુરૂની આજ્ઞાના પાલન જેવું આત્મભ્રાન્તિના રોગને મટાડનારૂં બીજું કોઇ ઔષધ નથી. સદ્‌ગુરૂનો યોગ મળ્યો છે તો તેમની આજ્ઞાનું પાલન કરીને આત્મકલ્યાણ કરી લો. આવો અવસર ફરીફરીને નહી મળે. ગુરૂ તમને એવી અમૂલ્ય ઔષધિ આપશે કે મિથ્યાત્વના મહારોગ ટાળી સમ્યક્‌ત્વનો સ્વાદ ચખાડી દેશે. પછી એ સ્વાદ તમારી દાઢમાંથી નહિ જાય. પણ જો સંસારસુખમાં અત્યંત આસકત રહેશો તો પછી પસ્તાવું પડશે. આચારાંગ સૂત્રમાં ભગવાને કાચબાનો ન્યાય આપ્યો.

"से बेमि से जहा वि कुम्मे हरए विणिविट्ठ चित्ते पच्छन्नपलासे उम्मग से नो लहइ भज्जगाइव सन्निवेशं नो चयंति एवंएगे अणेगरुवेहिं कुलेहि जाया, रुवेहिं सत्ता कलुणं थणंति नियाणओ ते न लभन्ति मुक्खं ।।"

જેમ કોઇ એક તળાવમાં શેવાળનો પોપડો જન્મ્યો છે. તેમાં પવનના ઝપાટાથી શેવાળમાં તીરાડ (બારોડ) પડી. બરાબર તે સમયે એક કાચબાએ તેમાંથી મોઢું બહાર કાઢયું તો બહાર સૂર્યનો પ્રકાશ જોયો. આવો પ્રકાશ તેણે કદી જોયો ન હતો. તેને થયું કે મારા કુટુંબીજનોને પણ આવો પ્રકાશ બતાવું. તેથી તે જલ્દી બધાને બોલાવવા અંદર ગયો ત્યાં પેલી સાંધ પૂરાઇ ગઇ. એના કુટુંબીઓ કહે છે ક્યાં છે પ્રકાશ? અહીં તો કંઇ દેખાતું નથી. જેણે પ્રકાશ જોયો હતો તેને પણ માર્ગ મળવો મુશ્કેલ બની ગયો. કદી નહિ દેખેલું સૂર્યદર્શન એને માટે ફરીને દુર્લભ બની ગયું તે રીતે જ્ઞાની ભગવંતો કહે છે કે મહાન પુણ્યયોગે સૂર્યદર્શન રૂપી મનુષ્યભવમાં જિનવાણીનો પ્રકાશ પ્રાપ્ત થયો છે, પણ એકેક જીવોની મોહ દશા કેવી છે? જેમ વૃક્ષ વરસાદ, ગરમી અને ઠંડી સહન કરે છે પણ પોતાનું સ્થાન છોડતું નથી તેવીજ રીતે જીવ અનેક કુળમાં ઉત્પન્ન થાય છે ને વિવિધ પ્રકારના વિષયોમાં આસકત બને છે પણ તેને છોડી શકતો નથી અને એ આસક્તિનું દુષ્ટ પરિણામ ભોગવવું પડે છે તે વખતે જીવ રાંક બનીને કરૂણ રૂદન કરે છે પણ દુઃખના નિદાનરૂપ કર્મોથી છૂટી શકતો નથી. માટે કર્મબંધન કરતી વખતે ખૂબ ઉપયોગ રાખો.

લક્ષ્મી મળવી તેને સાચવવી અને વૃદ્ધિ પામવી એ બધું પુણ્યને આધીન છે. એ કર્મના તાબાની વસ્તુ છે. મોહાંધ મનુષ્ય પોતાના તાબાની કરવા જાય છે હું એને સાચવી રાખું તો મારી થઇને રહે. પણ એ ક્યાંથી બને? જે પોતાનું નથી તે ત્રણ કાળમાં તમારૂં કયાંથી થવાનું છે? લાખ પ્રયત્નો કરીને સાચવી રાખેલી લક્ષ્મીને અશુભ કર્મ તમાચો મારીને ઝૂંટવી લેશે એની મોહાંધ માનવીને ખબર પડતી નથી. ઘણાંને ધન મળ્યું પણ એને સાચવવામાં અને વધારવામાં પડયા પણ પોતાના હાથે સત્કાર્યમાં વાપરી નહિ તો કર્મે એના કેવા બૂરા હાલ કરી નાંખ્યા. સોના સાઠ અને સાઠના આઠ કરાવ્યા ને ઘરઘરમાં ભીખ માંગતા કરી મૂકયા. એક વખતનો લાખોપતિ બીજાની પાસે પચ્ચીસ પચાસ રૂપિયાની નાનકડી રકમ માટે કાલાવાલા કરે એવી સ્થિતિએ પહોંચાડી દીધા.

આપણે અહીં એ વાત ચાલે છે કે રાજાને એના કર્મે એક વખત કેવો ઘેરી લીધો હતો! અને શેઠ પાસે લક્ષ્મી હતી તો તેમણે કેવો સદ્વ્યય કર્યો. ગરીબ બની ગયેલા રાજાને સહારો આપ્યો તો રાજા સમૃદ્ધ બની ગયા અને એ પણ શેઠના દુઃખમાં કેવા સહાયક બનશે તે આગળ જોજો. શેઠે પોતાથી ચઢતીના સમયે એવો વિચાર કર્યો કે આ લક્ષ્મી મારી એકલાની નથી ને મારે આધીન રહેનારી નથી, પણ મારે આધીન તેમણે કરેલાં સુકૃત્યો રહેશે, તો આ રાજાની ગરીબી ટાળી નાંખું. આમ

વિચારીને શેઠે સમય જોઇને સુકૃત્ય કર્યું તો સાધી લીધું. માનવની સ્થિતિ કાયમ એકસરખી રહેતી નથી. કયારે પુણ્યનું પાંદડું ફરી જાય છે તેની કોઇને ખબર પડતી નથી. શેઠના અશુભકર્મનો ઉદય થયો. વહેપારમાં મોટી ખોટ ગઇ. લક્ષ્મી તદ્દન નાશ પામી. ઘરબાર–પત્નીના દાગીના બધું વેચાઇ ગયું. ખાવાના પણ સાંસા પડયા. છતાં શેઠના મનમાં તેનું જરાય દુઃખ નથી. એ તો હોય. આપણા કર્મનો ઉદય, પણ શેઠની પત્ની કહે છે સ્વામીનાથ! પેલા રાજાને તમે સાત લાખ રૂપિયા આપ્યા છે. રાજા તો અત્યારે મહાન સંપત્તિવાળા બની ગયા છે, તો ચાલોને આપણે રાજા પાસે જઇએ. એ જરૂર આપણને મદદ કરશે ને આપણી ગરીબાઈ ટળી જશે. ત્યારે શેઠ કહે છે આપણે એમને જે સહાય કરી છે તેનો બદલો આપણે નથી જોઇતો કારણ કે એ પરભવની મૂડી છે. તે અહીં બદલો લેવા જતાં વટાવાઈ જાય ને પરભવ માટે કંઇ મૂડી ન રહે. પણ આ ભૂખમરામાંથી બચવા રાજા પાસે જઈએ ને કંઇક ટેકો મળી જાય તો આપણો જીવનનિર્વાહ બરાબર ચાલે.

એવો વિચાર કરી શેઠ–શેઠાણી રાજાના દરબારમાં આવ્યા. રાજાનો દરબાર ઠઠ ભરાયો છે. ત્યાં આ બે માણસો મેલા, ફાટલા–તૂટલા કપડાં પહેરીને રાજાની સભામાં આવ્યા. જ્યારે રાજાએ જોયા ત્યારે તે ધનવાન અવસ્થામાં હતા અને અત્યારે ગરીબ છે. બંને સમયના રંગઢંગ જુદા હોય છે. એટલે રાજા તેમને ઓળખી શકયા નહિ. પણ પોતે એવા ગરીબાઈના દુઃખો વેઠયા હતા એટલે તિરસ્કાર ન કર્યા પણ મીઠાશથી પૂછયું કે આપ કોણ છો? કયાંથી આવ્યા છો ને કેમ આવ્યા છો? ત્યારે શેઠે કહ્યું આપને વનવગડામાં મળ્યો હતો તે શેઠ છું. તે વખતે પુણ્યનો ઉદય હતો ને અત્યારે મારૂં પુણ્ય ખલાસ થઇ ગયું છે એટલે જીવન નિર્વાહની મદદ માટે આવ્યો છું પણ એમ ન કહ્યું કે મેં તમને આટલા રૂપિયા આપ્યા હતા. રાજાએ શેઠને ઓળખ્યા. એમને ખબર છે કે આ શેઠે મને આશ્રય આપ્યો ન હોત તો મારૂં રાજ્ય અત્યારે આ સ્થિતિ ઉપર પહોંચ્યું ન હોત. એટલે રાજા આશ્ચર્ય પામીને કહે છે અહો શેઠજી! આપે મારા ઉપર મહાન ઉપકાર કરેલો છે. તમારા જેવા પરોપકારી અને પુણ્યાત્માની આ સ્થિતિ! કર્મની કેવી વિચિત્રતા છે! જે થયું તે થયું. હવે તમે ચિંતા કરશો નહિ. એમ કહી બજનચીને બોલાવીને રાજા કહે છે આ શેઠને એક સારામાં સારી બકરી આપો અને આપણે નાના મકાન બંધાવ્યા છે તેમાંથી એક મકાન એમને રહેવા માટે આપી દો. શેઠને એક બકરી અને રહેવા માટે ઘર અપાવીને રાજા કહે છે ભાઈ! તમે આ બકરી લઇ જાઓ અને એનું દૂધ વેચીને જીવનનિર્વાહ ચલાવજો ને જરૂર પડે તો ફરીને ખુશીથી મારી પાસે તમે આવજો. જરાય સંકોચ રાખશો નહિ.

શેઠ તો રાજાએ આપેલી બકરી લઇને રાજાએ અપાવેલા નાનકડા ને સાદા

ઘરમાં રહેવા માટે ગયા. શેઠ-શેઠાણીના મનમાં જરા પણ એમ ન થયું કે અમે રાજાને દુઃખી સ્થિતિમાં રૂા. સાત લાખની મૂડી આપી છે. જ્યારે આપણે ગરીબ બનીને એના આશ્રયે આવ્યા ત્યારે રાજાએ એક મામુલી બકરી આપી! એમને આવું કંઇ ન થયું. પણ રાજાના પ્રધાન અને બીજા અમલદારોના મનમાં થયું કે આ શેઠે આપણા રાજાને આટલા રૂપિયા આપ્યા છે અને હવે શેઠની ગરીબી આવી છે ત્યારે રાજા આટલી બધી કંજુસાઈ શા માટે કરે છે? પણ રાજા પાસે તેમનું શું ચાલે? પણ શેઠને તો જરા પણ ઉદ્વેગ નથી. દુઃખ નથી. એ તો એમ માને છે કે રાજાએ મને ઘણું આપ્યું. ખાવાના અને રહેવાના સાંસા હતા. તેના બદલે રહેવા ઘર મળ્યું અને આ બકરીનું દૂધ વેચીશું તો ખાવા જેટલું મળી રહેશે. શેઠને આટલો બધો સમભાવ રહેવાનું કારણ શું? એ કર્મના સિદ્ધાંતને સમજનારા હતા. એટલે એ વિચાર કર્યો કે ગમે ત્યાં જઈશ પણ મારા કર્મ પ્રમાણે મળવાનું છે તો શા માટે હાયવોય કરવી?

દેવાનુપ્રિયો! તમને પણ એમ થશે કે રાજા તેમના દિવસો ભૂલી ગયા? અને શેઠની આટલી કદર કરી? આવા વિચારથી રાજા પ્રત્યે દ્વેષ થશે પણ તમારે તો કંઇ ભોગવવાનું નથી છતાં દ્વેષ થાય છે. પણ ખૂબીની વાત તો એ છે કે જેને ભોગવવાનું છે તે શેઠને રાજા પ્રત્યે બિલકુલ દ્વેષભાવ ન આવ્યો. તેનું કારણ એ છે કે શેઠને બિલકુલ અભિમાન નહોતું કે હું એક વાર રાજાને લાખોની મદદ કરનારો, મેં સહાય ન કરી હોત તો રાજ્ય આજે આ સ્થિતિમાં કયાંથી હોત! આવું અભિમાન ન હતું. તેથી રાજાએ બકરી આપી છતાં એમ ન થયું કે રાજાએ મારી આટલી કદર કરી? અભિમાનથી દ્વેષ ઉત્પન્ન થાય છે પણ શેઠ શાંત હતા. તમે કોઇના ઉપર આવો ઉપકાર કર્યો હોય અને શેઠના જેવો વખત આવે ને તમારી આવી કદર થાય તો શાંત બેસી રહો કે ધમધમાટી બોલાવો? (હસાહસ). મેં તમારા ઉપર આવો ઉપકાર કર્યો હતો ને તેના બદલામાં તમે મને એક બકરી આપી. ભગવાન કહે છે ઉપકારના બદલાની આશા રાખવી તે મોહ છે.

શેઠ ઉપકારના બદલાની આશા રાખતા નથી. બકરીનું દૂધ વેચી જે કંઇ મળે છે તેમાં સંતોષથી જીવનનિર્વાહ ચલાવે છે પણ બે મહિના થયા ત્યાં બકરી મરી ગઇ. એટલે શેઠ રાજા પાસે આવે છે ત્યારે રાજા પૂછે છે શેઠજી! કેમ આવવાનું બન્યું? ત્યારે શેઠ કહે છે સાહેબ! આપે આપેલી બકરી ગઇ કાલે રાત્રે મરી ગઇ. રાજા કહે છે કંઈ ચિંતા નહિ. આ બધું તમારૂં છે. લો, આ ગાય લઇ જાઓ. એમ કહી ભંડારી પાસે ગાય અપાવે છે. શેઠને આનંદ થયો. અહો! મને ગાય મળી, પણ રાજા પ્રત્યે જરા પણ દ્વેષ નથી આવતો. પણ અમલદારો અને પ્રધાનના મનમાં થાય છે કે રાજા કેવા કંજુસ છે! વિચારી વિચારી તાંબાનો પૈસો આપે તેમ આ શેઠને આપે છે. પણ

રાજાને કોણ કહે? પણ બીજા ઘરની બીચડી ખાઇને શેઠને કહેવા ગયા શેઠ! તમે તો રાજાને ઘણું આપ્યું છે. રાજા તમને એક બકરી અને ગાય આપે છે તો તમે કેમ કંઇ બોલતા નથી? રાજાને કહો તો એમની આંખો ખુલે. ત્યારે શેઠ કહે છે ભાઈ! તમે આ શું બોલો છો? અમારા ઉપર રાજાએ મહાન ઉપકાર કર્યો છે. રાજાના જરા પણ અવર્ણવાદ ન બોલો. આ રીતે શેઠ પ્રસન્નતાપૂર્વક આનંદથી રહે છે.

ચાર મહિના થયા ને ગાય માંદી પડી અને મરી ગઇ. એટલે શેઠ પાછા રાજા પાસે આવ્યા એટલે રાજાએ પૂછયું કે કેમ આવ્યા? ત્યારે શેઠે કહ્યું કે આપે આપેલી ગાય મરી ગઇ. ત્યારે રાજા કહે છે ચિંતા નહિ. લો, આ એક સારી ભેંસ લઇ જાઓ. તમારે ભેંસ સારી પડશે એમ કહી ભંડારી પાસે ભેંસ અપાવી. ત્યાં પાછા અમલદારોના મનમાં થયું કે અહો! શું રાજાની કૃપણતા છે! ક્યાં એ શેઠનું સાત લાખનું દાન અને ક્યાં રાજાનું મામૂલી દાન! પહેલાં બકરી આપી, પછી ગાય આપી એ બંને મરી ગયા. છતાં ત્રીજી વખત ભેંસ આપે છે. શી ખાત્રી કે એ ભેંસ નહિ મરી જાય? એના કરતાં ધન આપે તો શેઠ સુખેથી વેપાર તો કરે? હવે આ ભેંસ પણ મરી જશે તો પાછી શેઠને તો ભીખ માંગવાનીને? પણ આપણે શું કરીએ? શેઠ અને રાજા બંને સરખા છે. રાજા આપે છે ને શેઠ લે છે. એમ બીજા બધા મનમાં કચવાય છે, પણ રાજાનો આમ કરવાની પાછળ શું આશય છે તે કોઈ સમજતું નથી.

શેઠને તો ભેંસ મળ્યા પછી ખૂબ આનંદ મંગળ છે. ભેંસ ટંકે સારૂં દૂધ આપે છે એટલે મઝાથી દૂધ ખાય છે ને વધે તેટલું ભેળવીને દહીં બનાવે છે ને દહીંને વલોવીને ઘી બનાવી વેચે છે. ભેંસ આવ્યા પછી શેઠ બાર મહિના સુધી બિલકુલ દેખાયા નહિ એટલે રાજાએ માણસોને મોકલીને શેઠને બોલાવ્યા ને પૂછયું. કેમ શેઠ! તમે દેખાતા નથી? શેઠ કહે છે સાહેબ! આપની કૃપાથી આનંદ છે. મારે કંઇ જરૂર નહોતી એટલે આવ્યો નથી. સાહેબ! ભેંસ વિયાણી છે પાડી આવી છે એટલે હવે તો ડબલ લાભ થયો છે. રાજા હર્ષમાં આવીને ભંડારીને બોલાવીને કહે છે આ શેઠને દશ લાખ રૂપિયા ભંડારમાંથી લાવી આપો. રાજાની આજ્ઞા થાય ત્યાં શી વાર? ભંડારીએ દશ લાખ રૂપિયા હાજર કર્યા. રાજા શેઠને આગળ બોલાવીને કહે છે શેઠ! આ ફૂલ નહિ ને ફૂલની પાંખડી સમાન મારી ભેટ સ્વીકારી લો.

શેઠ કહે છે સાહેબ! ભેંસથી મારૂં કામ બરાબર ચાલે છે. આટલી મોટી રકમનો હું અધિકારી નથી. બંધુઓ! અહીં જોવાનું એ છે કે શેઠને મન પોતે પૂર્વે રાજાને કરેલી સહાયનું જાણે સ્મરણ નથી અને તે એના ત્રાજવે માપવા નથી બેસતા કે મેં આટલા રૂપિયા આપેલા છે, તો એની સામે આટલા મળે તો એ સરખો સોદો કર્યો ગણાય અને વધારે મળે તે મેં પૂર્વે આપેલી રકમનું વ્યાજ તથા રાજાની કટોકટીની

અવસ્થા જળવાઇ જવાથી થયેલી રાજ્ય સમૃદ્ધિની આબાદી વળતર ગણાય. આવો કોઇ હિસાબ શેઠ ગણતા નથી. કારણ કે સારા કાર્યમાં પૈસા વાપર્યા એટલે પરલોક ખાતે અક્ષયબંધ અનામત મૂકી રાખવાનો હિસાબ છે. એટલે અહીંના પૌદ્ગલિક સુખો માટે એમને વટાવી નાંખવાની ઇચ્છા થતી નથી. કારણ કે આત્માનું અને સુકૃત્યનું મહત્વ ભૂલી જડનું મહત્વ મનમાં આવે આવે એ દ્વિલનું ભારેપણું છે. ભારે દ્વિલ ઉચ્ચ સુંદર ભાવનાના આસમાનમાં વિહરી શકે નહિ.

શેઠને ૧૦ લાખ રૂપિયા લઈને પૂર્વે કરેલો ઉપકાર વટાવવો નથી એટલે કહે છે સાહેબ મારે તો દશ લાખને બદલે દશ હજાર પણ જોઇતા નથી. મને મળ્યું છે તેટલું ઘણું છે. રાજા ખૂબ કહે છે પણ શેઠ એક પાઈ લેતા નથી. આ વખતે પ્રધાન કહે છે મહારાજા! આપને એક વાત પૂછીએ. ત્યારે રાજા કહે ખુશીથી પૂછો. ત્યારે પ્રધાન કહે છે સાહેબ! અત્યારે આપ આ શેઠને દશ લાખ રૂપિયા આપો છો ને પહેલા અનુક્રમે બકરી-ગાય અને ભેંસ આપી હતી. તો અત્યાર સુધી એમને શા માટે દુઃખી કર્યા? ત્યારે રાજા કહે છે મેં એમને દુઃખી નથી કર્યા પણ સુખી કર્યા છે. જુઓ, પહેલા મેં બકરી અને ગાય આપી તેનું પરિણામ શું આવ્યું? બકરી બે મહિનામાં ને ગાય ચાર મહિનામાં મરી ગઈ. તેથી શેઠ ગરીબ ને ગરીબ રહ્યા. એ શું સૂચવે છે? એમ સૂચવે છે કે શેઠનું ભાગ્ય નબળું હતું. તે વખતે મેં તેમને લાખો રૂપિયા આપ્યા હોત તો પણ ટકત નહિ. મેં તેમના ભાગ્યની પરીક્ષા કરી. છેલ્લી ભેંસ આપતાં જોયું કે બાર મહિના સુધી ભેંસ જીવી. તેને પાડી થઇ. એટલે હવે એકની બે ભેંસ થઈ અને દૂધ પણ વધારે આપે છે. તે આજે ભાગ્યની ચઢતી કળા છે એમ બતાવે છે. માટે હવે જો હું મોટી રકમ આપું તો એની પાસે ટકી રહેશે. રાજાનો જવાબ સાંભળી પ્રધાન, અમલદારો અને સભાજનો આશ્ચર્યચકિત બની ગયા. શું રાજાની બુદ્ધિ છે? આવી બુદ્ધિ આપણા જેવા અલ્પ જીવોમાં ક્યાંથી હોય? રાજાએ આ પ્રમાણે પ્રધાનના પ્રશ્નનો જવાબ આપ્યો ને શેઠને કહે છે શેઠ! આપ પધારોને આ રૂપિયા સ્વીકારી લો. ત્યારે શેઠ કહે છે સાહેબ! આટલી મોટી રકમ મને ન હોય!

રાજા કહે છે શેઠ! તમે મારા દુઃખના વખતમાં ઘણું કર્યું છે. જેના પ્રભાવે આજે વગડામાં રખડતા ભિખારીપણું ટાળી આવી મહાન રાજ્યસમૃદ્ધિ પ્રાપ્ત થઇ છે. એના બદલામાં આ કંઇ વિસાતમાં નથી. માટે આ રકમ સ્વીકારી લો. તો પણ શેઠ કહે છે સાહેબ! મેં તો કંઇ નથી કર્યું એ તો પ્રભુની મિલ્કત હતી અને પ્રભુના પુત્રને આપ્યું છે. શેઠ લેતા નથી ત્યારે રાજા સિંહાસનેથી ઉઠીને શેઠનો હાથ પકડીને પોતાની સાથે સિંહાસન ઉપર બેસાડી પરાણે દશ લાખ રૂપિયાની ભેટ આપે છે ને પછી સભાજનોને ઉદ્દેશીને કહે છે–

જુઓ ! આ શેઠના જીવનમાં કેટલા ગુણો છે ને કેવી સજ્જનતા છે કે હું વગડામાં ચિંથરેહાલ દશામાં ફરતો હતો. મેં શેઠને ઘેર કંઇ થાપણ મૂકી ન હતી. શેઠે મને એક વખત જોયો હતો. છતાં કોઇ જાતના બદલાની આશા વિના મને સાત લાખ રૂપિયા એક સેકંડમાં આપી દીધા. આ એમની નિઃસ્વાર્થ ભલાઈ શીખવા જેવી છે. બીજી વાત એ છે કર્મ સંયોગે શેઠ ગરીબ બની ગયા અને મારા આશ્રયે આવ્યા ત્યારે મેં શેઠનો આદર સત્કાર ન કર્યો. એક ભિખારી માણસને મદદ કરું તેમ મેં એમને બકરી-ગાય અને ભેંસ આપી છતાં પણ જરા દુઃખ લગાડયું નહિ. ઉપરથી મારા માણસો શેઠને ચઢાવવા ગયા કે તમે આટલી મોટી રકમ આપી હતી છતાં રાજાએ આવું કેમ કર્યું ? ત્યારે શેઠે કહ્યું કે ભાઇ ! મેં તો મહારાજાને કંઇ આપ્યું નથી. એ તો ભગવાનના રૂપિયા હતા અને ભગવાનના માણસને આપ્યા છે. એ કંઇ આપ્યું કહેવાય ? ત્યારે એ માણસોએ કહ્યું કે એમને દુઃખના સમયે તમે સહાય કરી તો દુઃખના સમયે એમણે પણ બદલો આપવો જોઇએ ને ? ત્યારે શેઠે તે માણસોને કહ્યું કે ભાઇ ! બદલો શેનો ? વસ્તુ ઉછી હોય તો બદલો વળાય કે પતી ગયા પછી વળાય ? મેં આપેલું તો પરલોક ખાતે જમા થઇ ગયું. અહીંના કરેલા સુકૃત્યના તો પરલોકમાં મોટા આંકડા નંખાઈ ગયા એટલે એની આશા અહીં ન રખાય. આવા માણસો તો કોઇક હોય છે. એમ કહી રાજાએ શેઠના ખૂબ ગુણ ગાયા. શેઠના જીવનમાં રહેલા ગુણોનો પ્રજાજનો ઉપર ખૂબ પ્રભાવ પડયો. ભલભલાની લક્ષ્મી પ્રત્યેથી મૂર્છા ઉતરી ગઇ.

જમાલિકુમાર એમની માતાને કહે છે હે માતા ! આ સંસારમાં સુખ અને દુઃખના વાદળો આવે છે ને જાય છે. કોના ઉપર મોહ કરવા જેવો છે ? મોહ તો સર્પ જેવો છે. સર્પના કરડવાથી જેમ માણસને ઝેર ચઢે છે ને બેભાન બની જાય છે. તેમ મોહના ઝેરથી શુદ્ધ જ્ઞાનોપયોગમય ચેતના નષ્ટ થઇ જાય છે. તેમને મોહનો નશો ચઢયો છે, એટલે મને સંસારમાં જકડી રાખવા પ્રયત્નો કરો છો. હવે માતા તો અત્યારે મૌન થઇ ગયા. હવે જમાલિકુમારની પત્નીઓને ખબર પડશે અને તે કેવું મોહનું નાટક ભજવશે તેના ભાવ અવસરે કહેવાશે.

" જાલિનીએ વિષ મિશ્રિત આહાર વહોરાવ્યો "

ચરિત્ર :- શિખીકુમાર અને તેમના વડીલ સંતો ગૌચરી પધાર્યા છે. તેમાં મોટા સંતોએ પાત્ર ધર્યું, એટલે તેમના પાત્રમાં ઘીથી લચપચતો કંસાર ખૂબ આગ્રહપૂર્વક વહોરાવ્યો. મુનિ બસ-બસ કરતા રહ્યા અને જાલિનીએ પાત્ર ભરી દીધું. વહોરીને પાછા ફરે છે ત્યારે જાલિની કહે છે, બેટા ! તમે તો મારા હાથે કંઈ લીધું નહિ. શિખીમુનિ કહે છે મારા વડીલોએ વહોર્યું એટલે મેં વહોરી લીધું છે. ત્યારે જાલિની ખૂબ રડી પડી કે મેં મારા હાથે આપને વહોરાવ્યું નથી એટલે મને તો જોઇએ તેવો સંતોષ થયો નથી. તમે

ફરીને ક્યારે પધારશો ? કોને ખબર છે હું જીવતી હોઇશ કે નહિ હોઉં. માતાને ખૂબ દુઃખ થતું હતું તેથી શિખીમુનિએ પાત્ર ધર્યું એટલે જાલિનીએ બે લાડવા હાથમાં લીધા ત્યારે મુનિ કહે છે આહાર આવી ગયો છે. હવે અમને જરૂર નથી. ફક્ત તમારા હાથે વહોરવા પૂરતો કટકો લાડુ વહોરાવો. પણ જાલિનીએ તો બે લાડુ વહોરાવી દીધા ને કહ્યું કે મેં ખૂબ પ્રેમથી લાડુ બનાવ્યા છે, એ તો આપને ખાવાના છે. જ્યાં મુનિનું નામ લઇને વહોરાવ્યા એટલે બીજા કોઇ એ આહાર વાપરી શકે નહિ. જાલિનીએ શિખીમુનિને માટે ભારે ઝેર નાંખીને લાડુ બનાવ્યા હતા અને શિખીમુનિ પ્રત્યે વૈર હતું એટલે એમને ખાવાનું કહ્યું.

દેવાનુપ્રિયો ! દાન દેવાથી કેવો મહાન લાભ થાય છે ! તેના બદલે આ જાલિનીએ કેવું કામ કર્યું ! શંખ રાજા અને જશોમતિ રાણીએ દ્રાક્ષ ધોયેલાં પાણી વહોરાવ્યા અને તીર્થંકર નામ કર્મ બાંધ્યું અને નાગેશ્રી દાન દેવા છતાં નરકે ગઇ. એણે પોતાનું માનભંગ ન થાય તે માટે મુનિને ઉકરડો જાણીને કડવી તુંબડીનું ઝેરી શાક વહોરાવ્યુ હતું તેમ જાલિનીએ વૈરને કારણે વિષમિશ્રિત લાડુ વહોરાવી દીધા ને જાણે કેટલાય ભાવ હોય તેમ બોલવા લાગી હે ગુરૂદેવ ! આજે હું પાવન બની બઇ. ધન્ય ઘડી ! ધન્ય ભાગ્ય ! આજે મારા કાળજાંને ઠંડક વળી. મુનિરાજ ગૌચરી લઇને પોતાના સ્થાનકમાં આવ્યા. વડીલ સંતોને આહાર બતાવ્યો. ઈરિયાવહી પડીક્કમી સહુ આહાર કરવા બેઠા. પેલા લાડુ તો શિખીમુનિને વહોરાવ્યા હતા એટલે તેમણે આરોગ્યા અને પાંચ-દશ મિનિટમાં એમની નસેનસો તૂટવા લાગી. ચક્કર આવવા લાગ્યા.

જાન લિયા હૈ જહરયુક્ત થા, આજ કિયા જો આહાર,
જીના દુર્લભ દેખ કિયા હૈ, જાવ જીવ ચૌવિહાર,
બાત હુઇ જાહેર તબ આયે, દૌડ દૌડ તબ નરનાર હો...શ્રોતા....

શિખીમુનિની દશા જોઇ સૌ સમજી ગયા કે આજે જે આહાર વહોરી લાવ્યા છે તે ઝેરયુક્ત છે. હવે જીવી શકાય તેમ નથી. એટલે તેમને જાવજીવનો સંથારો પચ્ચખાવી દીધો. મુનિઓના મનમાં શંકા થઇ કે નક્કી જાલિનીએ ઉપરથી ધર્મી બનવાનો ઢંભ કર્યો છે. બાકી શિખીમુનિના ઉપર એને પહેલેથી વૈર છે એટલે એણે ઝેરના લાડુ વહોરાવી વૈરની વસૂલાત કરી છે. શિખીમુનિ થોડીવારમાં કાળધર્મ પામ્યા. આ વાત જોતજોતામાં આખા નગરમાં ફેલાઇ ગઇ. એટલે બધા નગરજનો દોડતા દોડતા આવે છે. શિખીકુમાર મુનિને જોઇને સૌ બોલે છે કે ગમે તેણે આહારમાં વિષ આપી દીધું છે.

દુર્ભાગી થા કૌન દિયા વિષ, તબ બોલે મુનિરાય,
નહિ નિમિ-તકા દોષ જરા જબ પરાલબ્ધ પલટાય,
મર કર દેવ બને સામાનિક, સ્વર્ગ પાંચવે જાય હો...શ્રોતા તુમ

નગરજનો બોલવા લાગ્યા કે આ નગરીમાં કોણ એવો પાપી દુષ્ટ જીવ છે કે આવા પવિત્ર મુનિને વિષ આપ્યું! ત્યારે બીજા સંતો કહે છે ભાઇ! એ તો નિમિત્ત માત્ર છે. જેણે આપ્યું હશે તેણે, પણ એને દોષ ન દો. સંતો તો જાણે છે કે કોણે વહોરાવ્યું છે. પણ જૈન મુનિ કદી નામ દે નહિ. તેમ શિખીકુમારને લાડવા આપ્યા પછી અસહ્ય વેદના થવા લાગી છતાં માતા પ્રત્યે બિલકુલ દ્વેષભાવ ન આવ્યો કે હે પાપણી માતા! તું તો મને ગર્ભમાંથી મારવા ઉઠી હતી. ત્યાં ન મર્યો તો જન્મ દઇને જંગલમાં મૂકવા દાસીને મોકલી પણ પુણ્યયોગે પિતાજીએ બચાવી લીધો. તેં મને ઘરમાં પણ સુખે રહેવા દીધો નથી અને દીક્ષા લઇને પણ ઝેર આપ્યું? આવો વિકલ્પ સરખો પણ ન આવ્યો. એમણે તો માતાનો ઉપકાર માન્યો. ગજબ સમતા રાખી સમાધિમરણે કાળધર્મ પામીને તેઓ પાંચમે દેવલોકે ગયા.

આ તરફ આખા ગામમાં શિખીમુનિના કાળધર્મની વાત પ્રસરી ગઇ. બધા બોલે છે કે મુનિને કોઇએ આહારમાં ઝેર આપી દીધું છે. કોણે આપ્યું હશે? એ પાપીને કંઇ વિચાર ન થયો? આ બધી વાત જાલિનીના કાને પહોંચી. ત્યારે એને વિચાર થયો કે જૈન મુનિ કદિ કોઈનું નામ તો લે નહિ. છતાં છદ્મસ્થ છે ને કદાચ બોલી જાય કે જાલિનીના ઘેરથી વહોરી લાવેલા મોદક ખાધા અને આ મુનિની આ દશા થઇ તો લોકો મને ચૂંટી ખશે. સમાજમાં મારી અપકીર્તિ થશે. માટે હવે મારે અહીં રહેવા જેવું નથી એમ વિચારી ડરની મારી પોતાના મહેલની પાછલી બારીએથી જંગલમાં ભાગી ગઇ અને જંગલમાં રખડીરઝળીને જંગલી પશુઓનો ભોગ બની અકામ મરણે મરીને એના દુષ્કૃત્યોનો બદલો ભોગવવા બીજી નરકે ચાલી ગઇ. હવે બીજો ભવ પૂરો થયો. આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૬૬

ભાદરવા વદ ૫ ને રવિવાર **તા. ૧૬-૯-૭૩**

વિષય: "કૃતજ્ઞ બનો પણ કૃતઘ્ની ન બનો"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતકરૂણાનિધી શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના ઉદ્ધારને માટે દ્વાદશાંગી રૂપ આગમવાણી પ્રકાશી. ભગવાન કહે છે આપણો જીવાત્મા અનંતકાળથી અજ્ઞાનના અંધકારમાં આથડી રહ્યો છે. આચારાંગસૂત્રમાં ભગવાન ફરમાવે છે કે "ઊયંસિ જાણ અહિયાય દુક્ખં।" જીવને જો કોઈ મોટામાં મોટું દુઃખ હોય તો અજ્ઞાન છે. દુઃખને ટાળી મુક્તિની યુક્તિ શોધવી હોય તો જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. જ્ઞાન દ્વારા જીવ

આગેકૂચ કરી શકશે. પઠમં નાણં તઓ દયા। માનવી પાસે જ્ઞાન હશે તો દયા પાળી શકશે પણ જે જીવ-અજીવને જાણતો નથી તે કોની દયા પાળી શકશે? જૈનકુળમાં જન્મેલાને સામાયિક પ્રતિક્રમણ-છકાયના બોલ અને નવતત્ત્વ આટલું જ્ઞાન તો અવશ્ય મેળવવું જોઇએ. છકાયના બોલ અને નવતત્ત્વમાં જીવ, અજીવની બધી વાતો આવી જાય છે. એ સમજણપૂર્વક શીખવામાં આવે તો જૈનધર્મ ઉપયોગમાં રહેલો છે. અનુયોગદ્વાર સૂત્રમાં ભગવાને કહ્યું છે કે કોઈ માણસ શુદ્ધ ઉચ્ચારથી અર્થસહિત પ્રતિક્રમણ કરતો હોય છતાં પણ જો એનો એમાં ઉપયોગ ન હોય તો દ્રવ્યપ્રતિક્રમણ છે. પણ ભાવ પ્રતિક્રમણ નથી. ઘણી વખત એક વ્યક્તિ પ્રતિક્રમણ કરાવતી હોય ને બીજા સાંભળતા હોય એને કોઇ પૂછે કે કેવો પાઠ બોલાઇ રહ્યો છે? તો એને ખબર ન હોય. કારણ કે પ્રતિક્રમણ કરવા બેઠા છે પણ મન બહાર ભમે છે. આવું પ્રતિક્રમણ નિર્જરાનું કારણ નહિ બને.

જેને આત્મકલ્યાણની લગની લાગી છે તેવા આત્માની એકેક ક્રિયાઓ ઉપયોગ પૂર્વકની હોય છે. તમે વિચાર કરો. કોઇ માણસના માથે પાંચ દશ હજાર રૂપિયાનું કરજ હોય તો પણ તેને સુખે ઉંઘ આવતી નથી. મનમાં ખટકો રહે છે કે ક્યારે કરજ માંથી મુક્ત બનું? તે રીતે ચિંતા થાય છે કે અનાદિકાળથી સંસારમાં રખડી રહ્યો છું. મારા માથે કર્મના દેણાં વધી રહ્યા છે તો ઘાતી કર્મોને અપાવી કર્મોના કરજમાંથી મુક્ત થાઉં! એક વખત સવળો પુરૂષાર્થ કરી તેરમે-ચૌદમે ગુણસ્થાને પહોંચી જાય તો પછી આ સંસારમાં જન્મ લેવાનો નથી. જ્યાં સુધી કર્મના કરજ ચૂકવાય નહિ ત્યાં સુધી સતત પુરૂષાર્થ ચાલુ રાખો અને ચિંતન કરો કે:-

"एगोहं नत्थि मे कोइ, नाह मन्नस्स कस्सइ
एवं अदीण मणसा, अप्पाण मणुसासई ।।"

આ સંસારમાં હું એકલો છું. મારૂં કોઇ નથી ને હું કોઇનો નથી. આ સુંદર શરીર પણ મારૂં નથી, તો આ કાયાની માયામાં પડી શા માટે કર્મના કરજ વધારૂં? આ દેહના પિંજરમાં પૂરનાર મારા કર્મો છે. સગાસબંધીઓ સ્વાર્થના સગાં છે, આવું ચિંતન થશે તો કર્મ નહિ બંધાય પણ આ જીવે તો જ્યાં ગયો ત્યાં શું કર્યું છે?

"जस्सि कुले समुपन्ने, जेहिं वा संवसे नरे
ममाई लुप्पइ बाले, अन्ने अन्नेहिं मुच्छिए ।।"

સૂય. સૂ. અ. ૧, ઉ. ૧, ગાથા ૪

જે જે કુળમાં ઉત્પન્ન થયો અને જેની જેની સાથે વસ્યો તેની સાથે મમત્વથી એવો લેપાઇ ગયો, મૂર્છામાં એવો મોહાંધ બની ગયો કે સત્ય સમજાવવું મુશ્કેલ બની ગયું. જેમ એક માખી બળખા ફરતા આંટા મારે છે ત્યાં સુધી વાંધો નહિ પણ જો એના ઉપર બેઠી તો એના પગ બળખામાં ચોંટી ગયા, પાંખો ચોંટી ગઈ, પછી ઉખડવું

મુશ્કેલ છે. અંતે રીબાઇને મરી જાય છે, તેમ જ્ઞાની કહે છે જ્યાં ભોગના વિષમ ઝેર છે, કર્મ બાંધવાના સ્થાનો છે તેમાં અજ્ઞાનને વશ બનેલા જીવો લુબ્ધ બને છે તો બળખા ઉપર બેઠેલી માખી જેવા તેના હાલ થાય છે. તમે સાકર ઉપર બેઠેલી માખી જેવા બનો. જ્યાં સુધી સંસારના સુખ માણ્યા ત્યાં સુધી માણ્યા. પણ હવે સમજ્યા ત્યારથી સવાર સમજી વિષયો ઉપરથી વિરાગ કેળવો. મમતા ત્યાગી સમતાને ધારણ કરો તો આત્માનો અલૌકિક આનંદ પ્રાપ્ત થશે જ્યાં સુધી બાળકને ખબર ન હોય કે મારા બાપની તિજોરીમાં આટલા રત્નો ભરેલા છે ત્યાં સુધી બહાર ભીખ માંગે છે. પણ એને કોઇ એમ કહે કે ભાઇ, તારો બાપ ક્રોડાધિપતિ હતો. તારે ભીખ માંગવાની હોય? ચાલ, તને રત્નો બતાવું. એમ કહી માળીયામાં મૂકેલી રત્નોની તિજોરી બતાવી દે તો એને કેટલો આનંદ થાય? પછી એ ભીખ માંગે ખરો? તેમ જ્ઞાની કહે છે આપણા આત્માને એવું ભાન નથી કે હું અનંત સુખનો સ્વામી છું. અંતરમાં રહેલા જ્ઞાન-દર્શન અને ચારિત્રના રત્નોના ચરૂ જોયા નથી ત્યાં સુધી તે બહાર ભૌતિક સુખોની ભીખ માંગી રહ્યો છે. સમજશે ત્યારે જીવની આ દશા નહિ રહે.

દેવાનુપ્રિયો! તમે જ્યાં સુધી સંસારને છોડી સંયમી ન બની શકો ત્યાં સુધી એટલું અવશ્ય વિચારો કે एगोहं नत्थि मे कोइ। હું જેને મારા મારા કરીને મરી રહ્યો છું એ કોઈ મારા નથી. એ મારા કયાં સુધી છે? જ્યાં સુધી મારા ઘોર અશુભ કર્મનો ઉદય નથી થયો ત્યાં સુધી. જ્યાં સુધી એમના સ્વાર્થની સાકર એમને મારી પાસેથી મળે છે ત્યાં સુધી મારા છે. જ્યાં સાકર કે મધ હોય ત્યાં કીડીઓ અને માખીઓ આવે છે પણ રાખ હોય ત્યાં નથી આવતી. કારણ કે રાખ લુખી છે. એમાં મીઠાશ નથી તેમ સ્વાર્થરૂપી સાકરની મીઠાશ હશે ત્યાં સુધી એ બધા તમારા છે ને સ્વાર્થ પૂરો થશે એટલે કહેશે કે તું તારા ઘેર ને હું મારા ઘેર. પછી આંખની શરમ નહિ પડે.

જમાલિકુમારને એક વખત પ્રભુની વાણી સાંભળીને સંસાર કેવો સ્વાર્થનો ભરેલો છે એ વાત બરાબર સમજાઇ ગઈ. સંસાર એ સ્વાર્થનું સમરાંગણ છે અને મતલબનું મેદાન છે. સગાંસ્નેહીઓ માખીની જેમ ચારે બાજુથી ચટકા ભરે છે. એમાં શું આનંદ! માતાને કહે છે હે માતા! મને દીક્ષાની આજ્ઞા આપો. સંયમની સાધના કર્યા વિના આ કર્મની કેદમાંથી મુક્તિ નહિ મળે. તું મને કયાં સુધી કેદખાનામાં પૂરી રાખીશ? જમાલિકુમાર જુદી જુદી રીતે માતાને સમજાવે છે પણ માતાને મોહ મૂંઝવે છે એટલે એ પણ. જુદી જુદી રીતે જમાલિકુમારને સમજાવે છે. મોહવશ થઇને રડતી રડતી કહે છે હે દીકરા! તું કદી ખુલ્લા પગે ચાલ્યો નથી, તેં ટાઢ-તડકા વેઠયા નથી. સંયમમાં તારે ખુલ્લા પગે ચાલવું પડશે. બાવીસ પરિષહ સહન કરવા પડશે. ભાજીપાલાની જેમ માથાના કેશ ચુંટાશે. કોઇ વખત આહાર મળશે ને કોઈ વખત નહિ

મળે. મળશે તો ઠંડા અને સ્વાદ વગરના મળશે. અહીં તો તને ખમ્મા ખમ્મા થાય છે, ત્યાં તને આવો આદરસત્કાર નહિ મળે. આ રીતે ખૂબ સમજાવે છે. મોહઘેલી બનેલી માતાને ખબર નથી કે મારો દીકરો કોની પાસે જઈ રહ્યો છે!

જેના ચરણમાં મોટા મોટા ઇન્દ્રો અને રાજા મહારાજાઓ નમતા હતા એવા પ્રભુ મહાવીર સ્વામી પોતાના ભાઈ છે. તિર્થંકરપદના અધિકારી હતા. દેવો એમની પાસે હાજર રહેતા હતા. એમની અપેક્ષાએ તો જમાલિકુમારના વૈભવ તુચ્છ છે ને? છતાં માતાને કેવો મોહ છે! 'જેમ કોઇ માણસે દારૂ પીધો હોય તો તે દારૂના નિશામાં ગમે તેમ બોલે છે. કચરાપેટી હોય કે કાદવ હોય, ગમે ત્યાં બેભાન થઇને પડી જાય છે. પણ એને ભાન નથી હોતું કે હું શું બોલું છું ને હું ક્યાં પડયો છું? પણ દારૂનો નિશો ઉતરે છે ત્યારે તેને ભાન આવે છે કે મારી આ દશા! તેમ મોહમદિરાનું પાન કરેલા આત્માને પણ ભાન નથી રહેતું. માતાને દીકરો ગમે તેટલો વહાલો હોય પણ દેહદેવળમાંથી ચેતનદેવ ચાલ્યા ગયા પછી એ માતા દીકરાની કંચનવર્ણી કાયા જલાવી દેવા તૈયાર થાય છે. સંયોગવશાત દીકરાનો મૃતદેહ ઉપાડનાર કોઈ ન હોય તો એ કાયાનો રખોપો કરનારી માતા રડે છે, કે મારા દીકરાની કાયા રઝળે છે. એને કોઇ અગ્નિદાહ દેનાર નથી. વહાલા શરીરને પણ વોસરાવવા તૈયાર થાય છે. હાડકામાં તીરાડ પડી હોય તો કેટલું દુઃખ થાય છે! એને સાજુ કરવા કેટલી માવજત કરો છો? પણ એ જ હાડકું વધી જાય તો તરત ઓપરેશન કરાવી કપાવી નાંખો છો. એપેન્ડીકસનો દુઃખાવો ઉપડે કે તરત ડૉકટર પાસે લઇ જઇને તેનું જલદી ઓપરેશન કરાવી નાંખો છો. જો જલ્દી ઓપરેશન નહિ થાય તો દીકરો ખલાસ થઇ જશે. સર્જન ડૉકટરો ઓપરેશનથી વધેલું હાડકું કાપી નાંખે છે તેમ વીતરાગના વારસદાર સંતો જન્મ-જરા-મરણના રોગ મટાડનાર હોંશિયાર ડૉકટરો છે.

અહીં સર્જન ડૉકટર બેઠા છે. વડોદરાના આનંદીલાલ બી. કોઠારી ડોકટર જેઓ પર્યુષણના દિવસોમાં ફ્રી ઑફ ચાર્જમાં ભારે ભારે ઓપરેશનો કરે છે. આજે કહેવાય છે કે ડૉકટરો વિજ્ઞાનને માનનારા છે. પણ આ ડૉકટરસાહેબ આત્માના વિજ્ઞાનને પણ માને છે. જેમણે માસખમણ જેવી ઉગ્ર તપશ્ચર્યા કરી છે અને ૨૬ દિવસ સુધી તો ઓપરેશનો કર્યા છે. આવા માણસો ધર્મ પામે તો તેમનો બીજા ઉપર કેટલો પ્રભાવ પડે છે. રાજગૃહી એવા કાંદાવાડી સંઘના અગ્રેસરો જો આવીને બેસે છે, ધર્મ-આરાધના કરે છે, તપત્યાગમાં જોડાયા છે તો તેમનો શાસન ઉપર કેવો પ્રભાવ પડે છે!

જમાલિકુમાર એમની માતાને કહે છે હે માતાજી! મારા આત્મા ઉપર અનંતકાળથી કર્મોના થર જામી ગયા છે. તેને સાફ કરવા માટે તપ અને સંયમ એ રસાયણ છે. એ મને મારા પરમતારક, મહાન ઉપકારી પ્રભુએ બરાબર સમજાવી દીધું છે.

એમનો મારા ઉપર મહાન ઉપકાર છે. એમના ઉપકારનો બદલો તો આજીવન તેમના ચરણે ધરી દઉં તો પણ વાળી શકું તેમ નથી.

દેવાનુપ્રિયો ! સદ્ગુણી મનુષ્યો ઉપકારીના ઉપકારને કદી ભૂલતા નથી અને પોતે સમય આવ્યે તેનો બદલો કેવી રીતે વાળી આપવો તેની ચિંતા કરે છે. કરેલા ઉપકારને જે જાણે તે કૃતજ્ઞ કહેવાય છે. કૃતજ્ઞ મનુષ્ય બીજાએ પોતાના ઉપર નાનકડો ઉપકાર કર્યો હોય તો પણ ભૂલતા નથી અને પોતે કોઇના ઉપર મહાન ઉપકાર કર્યો હોય તો પણ ભૂલી જાય છે. પરોપકારમાં જે પ્રયત્નશીલ રહે છે અને જે કૃતજ્ઞ છે એટલે કે કરેલા ઉપકારને કદી ભૂલતા નથી એવા પુરૂષોથી આ પૃથ્વી શોભે છે. કૃતજ્ઞતા અને પરોપકારના ગુણને ધારણ કરનાર મનુષ્યો આલોકમાં સુવાસ ફેલાવે છે. જો જીવનમ સુવાસ ફેલાવવી હોય તો કૃતજ્ઞતા અને પરોપકારના ગુણો કેળવવા પડશે. તમે વિચાર કરો કે મારા ઉપર ઉપકાર કરનાર પ્રત્યે જો હું સદ્ભાવ ન રાખી શકું તો અપકાર કરનાર ઉપર ઉપકાર કરવાનું બળ મારામાં કયાંથી પ્રગટ થશે ? મારા ઉપર કોઈએ કરેલા ઉપકારનો બદલો વાળવા માટે જાગૃત નહિ રહું તો મારા જેવો દુનિયામાં કૃતઘ્ની કોણ છે ! જીવનમાં જો પરોપકાર અને કૃતઘ્નતાનો ગુણ નહિ પ્રગટે તો સદ્ગુણની સુવાંસ કયાથી ફેલાવી શકીશ !

શેખ સાદીએ તેના સાહિત્યમાં લખ્યું છે કે મેં એક વખત માટી હાથમાં લીધી તો તેમાંથી સુગંધ મહેંકવા લાગી. ત્યારે મેં એ માટીના ઢેફાને પૂછયું કે તું તો માટીનું ઢેપું છે. તારામાં આટલી બધી સુગંધ કયાંથી આવી ? ત્યારે માટીના ઢેફાએ કહ્યું– ભાઈ ! આ સુગંધ મારી પોતાની નથી. હું ગુલાબના કયારામાં રહેલી છું તેની આ સુગંધ છે. આનું નામ કૃતઘ્નતા. બીજાએ આપણા ઉપર કરેલા નાનકડા ઉપકારનો સ્વીકાર કરવો, વાણી દ્વારા તેની પ્રશંસા કરવી અને એ ઉપકારનો બદલો વખત આવ્યે વાળવા પ્રયત્નો કરતા રહેવું. આનું નામ સાચો સદ્ગુણી કહેવાય. માટીમાં સુગંધ આવી તે ગુલાબના છોડના કયારાની હતી. માટીએ સત્ય વાત કરી દીધી, પણ એમ ન કહ્યું કે આ સુગંધ મારી છે. તેમ તમે પણ તમારા ઉપર કોઇએ કરેલા ઉપકારનો બદલો કદી ભૂલશો નહિ.

સને ૧૯૫૭માં બનેલી સત્ય ઘટના છે. એક વખત સાંજના સમયે એક ભાઇ પોતાની પત્ની અને બે બાળકો એ ચાર માણસનું નાનકડું કુટુંબ પોતાની જીપકારમાં બેસીને જઇ રહ્યું હતું. ત્યાં રસ્તામાં અધવચ્ચ તેમની જીપકારમાં પંકચર પડયું. તેમનું ગામ ઘણું દૂર હતું. ભાઈ પોતે ગાડી ચલાવતા હતા એટલે તેમણે મશીન ખોલીને ગાડી ચલાવવા ખૂબ મહેનત કરી પણ ગાડી ચાલી નહિ. થોડે દૂર એક ગામ હતું એટલે પેલા ભાઇ એમની પત્ની અને બાળકોને કહે છે તમે ગાડીમાં બેસી રહો. હું ત્યાં

જઇને કોઇને બોલાવી લાવું. એમ કહીને સામે ગામ ગયા. રાત પડી ગઇ છે. ચારે તરફ ઘોર અંધારૂં છવાઇ ગયું છે. સ્ત્રી અને બે બાળકો મનમાં મૂંઝાય છે. એટલામાં ચાર-પાંચ લૂંટારા ત્યાં આવી પહોંચ્યાં. એમણે કાર જોઇને વિચાર કર્યો કે આ શિકાર સારો છે. વગર મહેનતે માલ મળી જશે. તેની પાસે આવીને કહે છે તમારી પાસે જે કંઇ પૈસા અને દાગીના હોય તે બધું અમને આપી દો. નહિ આપો તો આ બંદૂક તૈયાર છે. ચોરો તો બંદૂક ધરીને ઉભા રહ્યા. પાંચ ચોરોની ટોળી ઉભી હોય ત્યાં એક સ્ત્રી અને બે નાના બાળકોનું શું ગજું? એ તો ખૂબ ગભરાઇ ગયા.

કોઇ માણસ સીધી રીતે દાનમાં રાતી પાઈ વાપરતો ન હોય પણ આવું બને ત્યારે કેવા સીધા દોર થઇ જાય છે! પોતાનો જીવ બચાવવા બધું આપી દેવા તૈયાર થઇ જાય છે. પેલી સ્ત્રી દાગીના-પૈસા જે કંઇ પોતાની પાસે હતું તે બધું કાઢીને આપવાની તૈયારીમાં હતી ત્યાં એનો પતિ કોઇની મદદ નહિ મળવાથી એકલો પાછો આવ્યો. ત્યાં પેલા લૂંટારાઓ એમને મારવા ઉઠયા પણ ફાનસના પ્રકાશમાં ચોરોના સરદારની નજર તે ભાઇના મુખ ઉપર પડી. એટલે તરત એના હાથ અચકાઇ ગયા ને બોલ્યો. સાહેબ! તમે અહીં ક્યાંથી? આ ભાઇ ઢોરોના ડૉકટર હતા. આ લોકો ડૉકટરને સારી રીતે ઓળખતા હતા. ડૉકટરની પાસે ઘણાં દર્દીઓ આવે એટલે એ તો ભૂલી જાય પણ દર્દીને ડૉકટર કદી ભૂલાતા નથી. એક વખત આ ચોરોના સરદારની ભેંસને પ્રસૂતિ થતી ન હતી. ત્યારે આ ડૉકટરને બોલાવેલા અને ઘણાં ઇલાજો કરીને તેની ભેંસ અને બચ્ચું બચાવેલા. તે સિવાય આ ગામના ઘણાં ઢોરોને બચાવેલાં એટલે કહે છે સાહેબ! તમે તો અમારા મહાન ઉપકારી છો. મારી ભેંસ અને તેના બચ્ચાંને તમે ક્ષેમકુશળ બચાવ્યા છે તે ઉપકાર અમે ભૂલી ગયા નથી. હવે તો તમારો વાળ વાંકો ન થવા દઇએ. અમારી આજે મોટી ભૂલ થઈ ગઇ. અમને ખબર નહિ કે આ આપની કાર છે અને આ આપના પત્ની છે. હવે અમને માફ કરો. એમ કહી જે પૈસા અને દાગીના લીધા હતા તે બધા પાછા આપી દીધા. ને ગાડીને ધક્કા મારીને ગામમાં લઇ ગયા. અને ડૉકટરનું ખૂબ સ્વાગત કર્યું ને કહ્યું કે જો આપણે ઉપકારીના ગુણને ભૂલી જઇએ તો નરકમાં જવું પડે. ચોરોમાં પણ કેવી કૃતજ્ઞતા છે! આજનો માનવી તો ઉપકારીના ઉપકારને પણ ભૂલી જાય છે. ભાઇઓ! આ દૃષ્ટાંત ઉપરથી એટલો બોધપાઠ લેજો કે જ્યારે ચોર જેવા ચોરો પણ ઉપકારીના ઉપકારને વિસર્યા નહિ તો હું તો જૈન છું. મારાથી ઉપકારીના ગુણને કેમ ભૂલાય? ચોરોએ જેમ સમય આવ્યે ડૉકટરની કદર કરી, સ્વાગત કરીને તેમને ગામ ક્ષેમકુશળ પહોંચાડયો. તેમ તમે પણ સમય આવ્યે ઉપકારીનું ઋણ ચૂકવવાનું ભૂલતા નહિ. ઇતિહાસમાં આવાં તો ઘણાં દાખલાઓ છે.

બીજા વિશ્વયુદ્ધમાં બનેલો એક પ્રસંગ છે. તેમાં એક ફ્રેંચ સૈનિક અમેરિકન

માસિક પત્રમાં લખે છે કે એક વખત અમે અમારા મિત્ર રાજ્યોના સૈનિકો નાઝીઓના હાથમાં પકડાઈ ગયા. અમને તેણે જુદી જુદી કોટડીમાં પૂરી દીધા. એ કોટડી એટલી બધી નાની હતી કે પશાણે બેસી શકાય, તો ઉભા થવાની કે સૂવાની તો વાત કયાં કરવી ? અને હાથમાં એવી મજબૂત બેડીઓ હતી કે જાણે જકડાઈ જવાય ને ખાવા-પીવાનું તો નામ નહિ. ભૂખ્યા ને તરસ્યા નરકના દુઃખો ભોગવવા જેવી અમારી સ્થિતિ હતી.

એ નાઝી સૈનિકો અમારા લશ્કરની નવી હિલચાલ અને બાતમી અમારી પાસેથી મેળવવા અમારા ઉપર ખૂબ જુલમ ગુજારતા. રાત્રે એ સિપાઇઓ આવીને અમારામાંથી એકાદ સૈનિકને કોટડીની બહાર કાઢતાં અને પગેથી પકડી ઢોરની જેમ જમીન ઉપર ઢસડીને તેમની બાનગી ઑફિસમાં લઇ જઈને પૂછતાં બોલો તમારા લશ્કરની હિલચાલ શું છે ? ત્યાં કેવા કાયદા છે ? અમારો સૈનિક મરવાનું પસંદ કરતો પણ એના પ્રશ્નનો ઉત્તર આપતો નહિ. એટલે ખૂબ માર મારીને એની છાતીમાં ગોળી મારતા. બંદુકની ગોળીનો અવાજ સાંભળીને અમને એમ થતું કે હાશ....અમારો એક મિત્ર નરકની વેદનામાંથી છૂટયો. એ રીતે મારા ઘણાં મિત્રોને મારી નાંખવામાં આવ્યા.

એક દિવસ રાત્રે મારી કોટડીનું તાળું નાઝી સિપાઇઓએ ખોલ્યું અને પશુની જેમ મને ખેંચીને બહાર કાઢયો. જમીન ઉપર પથ્થરની જેમ પછાડયો ને ઘસડીને ઑફિસમાં લઇ ગયા. ત્યાં એક બિહામણા ચહેરાવાળો નાઝી અફસર બેઠો હતો. તેની સામે મને ઉભો રાખ્યો. મિત્ર રાજ્યોના લશ્કરની હિલચાલ સબંધી બાતમી મેળવવા માટે તેણે મને અનેક પ્રશ્નો પૂછયા. પૂછતો જાય ને વચમાં લાકડીના માર બરડામાં મારતો જાય. જેમ નરકમાં પરમાધામીઓના ત્રાસથી નારકીઓ ભયભીત બની જાય છે ત્યારે બોલે છે અમારો શું ગુન્હો છે કે અમને આટલો બધો માર મારો છો ? ત્યારે પરમાધામીઓ એના આગળના ભવના ગુન્હા કહેતો જાય કે તેં પરભવમાં આવું પાપ કર્યું હતું ને માર મારતો જાય. આ રીતે સૈનિકને નાઝીઅફસર પૂછતો જાય ને માર મારતો જાય. ખૂબ માર્યો પણ જવાબ ન આપ્યો ત્યારે એણે મને કહ્યું કે તું ફ્રેંચ છે ?

ત્યારે મેં કહ્યું હા. જર્મની તથા ફ્રાન્સની સરહદના એક નાનકડા ગામમાં મારો જન્મ થયો હતો. એ વાત કહી ત્યારે પેલા નાઝી અફસરે પૂછયું કે એ ગામ વિષે તું શું જાણે છે ? ત્યારે મેં કહ્યું કે એ ગામમાં મારા વૃદ્ધ દાદીમા રહેતા હતા. તેમણે મને ઉછેરીને મોટો કર્યો હતો. મારું બાલપણ ત્યાં વીત્યું હતું. ત્યારે એ નાઝી મારા ઉપર ગુસ્સો કરીને કહેતો કે તું તો ગપ્પા હાંકે છે. તદ્દન જૂઠું બોલે છે એમ કહી મારા બરડામાં જોરથી લાકડી મારીને કહેતો કે એ ગામમાં તું કોને જાણે

છે? મેં મારા દાદીમાની વાતો કહી. અમારી પાડોશમાં જોન સ્ટોપલ નામનો એક દારૂડીયો રહેતો હતો. તેને જોસેફ નામનો નાનો દીકરો હતો. એ દારૂડિયો દારૂ પીને દારૂના નશામાં ચકચૂર બની એની પત્ની અને બાળકને ખૂબ મારતો તે વખતે મારા વૃદ્ધ દાદીમાને જોસેફની ખૂબ દયા આવતી હતી એટલે એ જોસેફને અમારા ઘેર લઇ આવતા ને તેને ખવડાવી પીવડાવી શાંત કરતા.

છેવટે એવો વખત આવી ગયો કે જોન સ્ટોપલની નોકરી છૂટી ગઇ. કમાણી બંધ થઇ ગઈ પણ દારૂનો ચસ્કો છૂટયો નહિ. એની પત્ની કાળી મજુરી કરીને પૈસા લાવતી. પણ એ દારૂડિયો તેને માર મારીને પૈસા લઇ લેતો. એક વખત તેણે એની પત્નીને એવો જુલમ માર માર્યો કે પત્ની મરી ગઇ અને નાનો જોસેફ મા વિનાનો નિરાધાર બની ગયો. મારા દાદીમા તેને લઇ આવ્યા ને અમારા ઘરમાં રાખીને મોટો કર્યો. એક વખત એના દારૂડિયા બાપે તેને ખૂબ માર્યો એટલે ઘર છોડીને નાસી છૂટયો. બાપે ખૂબ તપાસ કરી પણ તેનો પત્તો લાગ્યો નહિ. જોન સ્ટોપલને પુત્રવિયોગનો ખૂબ આઘાત લાગ્યો. તેણે દારૂ છોડી દીધો ને પોતાની ઝૂંપડીમાં ઉદાસ થઇને બેસી રહેતો ત્યારે મારા દાદીમા એને સમજાવીને અમારે ઘેર લાવીને જમાડતા અને એને આશ્વાસન આપતા, ત્યારે એ અંતરિક્ષમાં પોતાના પુત્રને શોધતો હોય તેમ બેસી રહેતો. છેવટે જોન સ્ટોપલ બિમાર પડયો અને ત્રણ દિવસ ને ત્રણ રાત મારા દાદીએ તેની ખુબ સેવા કરી પણ તે જીવ્યો નહિ. મૃત્યુ પામ્યો.

આ રીતે મારી વાત પૂરી થઇ ત્યારે એ નાઝી અફસરે મને ખૂબ માર માર્યો અને મારા ઉપર ગાળોનો વરસાદ વરસાવ્યો. અંતે એણે મને મોતની સજા ફરમાવી. ને બંદુકની ગોળીથી ઠાર કરવાનો હુકમ છોડયો. બધા કેદીઓને આ રીતે ઠાર કરવામાં આવતા. મારતા પહેલાં છાવણીની બહાર કેદીને લઈ જવામાં આવતાં, ને નજીકની ગીચ ઝાડીમાં તેને ઉભો રાખી છાતીમાં ગોળી મારવામાં આવતી. નાઝી અફસરે ભરેલી બંદુક હાથમાં લીધી અને મને લઇને છાવણીની બહાર ગીચ ઝાડીમાં આવ્યો ને તેણે ધીમેથી કહ્યું કે હું જોસેફ સ્ટોપલ છું. તારા વૃદ્ધ દાદીમાના મારા પર ઘણાં ઉપકાર છે. તેથી તને હું જીવતો છોડી મૂકું છું. આ ઝાડીમાં જમણાં હાથે કેડીએ કેડીએ ચાલ્યો જા. ડાબી બાજુએ નાઝી સિપાઇઓની ચોકી છે. રાતના અંધારામાં થોડો માર્ગ કાંપી નાખીશ. એટલે મિત્ર રાજ્યોની છાવણી આવશે. આમ કહી તેણે આલી ગોળીબાર કર્યો. એટલે નાઝી અફસરોએ માન્યું કેદીને ઠાર કર્યો અને આ જીવતા નરકમાંથી બહાર નીકળી ગયો.

બંધુઓ! જુઓ, આ કેદીની દાદીએ કરેલો ઉપકાર એક ક્રૂર હૃદયનો ઘાતકી નાઝી અફસર પણ ભૂલી શકયો નહિ. આવા માણસોના હૃદયમાં પણ કૃતજ્ઞતા અને ઉપકારના બદલાનું ઋણ ચૂકવવાની કેવી પવિત્ર ભાવના હોય છે તે અહીં જાણવા મળે છે.

આ તો માનવની વાત થઇ. હવે એક પશુની વાત કરું.

વર્ષો પહેલાં રોમમાં બનેલો આ દાખલો છે. રોમનો એક તત્ત્વ ચિંતક એક જંગલમાં થઇને પસાર થતો હતો. એ તત્ત્વચિંતક જ્યાં જ્યાં દૃષ્ટિ કરે, ત્યાં ત્યાં તત્ત્વને જોતો હતો. વૃક્ષને જુએ, ફળફૂલને જુએ, પશુપક્ષીને જુવે. તે બધામાં તત્ત્વોનું અવલોકન કરી ચિંતન કરતો હતો, એક વખત તે જતો હતો, ત્યાં દૂરથી તેણે સિંહની કરૂણ ચીસો સાંભળી. વનનો રાજા સિંહ ગર્જના કરે પણ અવાજ એની ગર્જનાનો નથી પણ એનો વિલાપ છે. સિંહ કોઈના હાથમાં પકડાય નહિ ને પકડાય તો વિલાપ ન કરે. તો આ સિંહ આવી કરૂણ ક્રિકિયારી શા માટે કરતો હશે? લાવ, જોઉં તો ખરો. આ દુઃખની વેદનાની ચીસો છે. જે તરફથી અવાજ આવતો હતો તે તરફ તત્ત્વચિંતક ગયો. જઇને જોયું તો સિંહના પંજામાં મોટી તીક્ષ્ણ શૂળ પેસી ગઇ હતી. એને વેદના ખુબ થતી હતી એટલે સિંહ ચીસો પાડતો હતો.

આ તત્ત્વચિંતકને સિંહની દયા આવી. ભય છોડીને ભગવાનનું નામ લેતો સિંહ પાસે આવ્યો ને ધીમે રહીને સિંહના પંજાને પોતાના હાથમાં પકડી જોરથી શૂળ ખેંચી નાંખી. સિંહને સંજ્ઞા છે. એણે જોયું કે આ દયાળુએ મારા પગમાંથી કાંટો કાઢયો તો મારી વેદના બંધ થઇ એટલે સિંહ તેની સામે વારંવાર ઉપકારની લાગણીથી જોતો જંગલમાં ચાલ્યો ગયો.

આ બનાવ બન્યાને ઘણો વખત વીતી ગયો. એ સમયમાં રોમના સૈનિકો ગુલામોને પકડતા. અને પકડાયેલા કેદીઓને જંગલમાં લઇ જઈ ભૂખ્યા સિંહની સામે મુકી દેતા. આ કેદીઓને સિંહ ફાડી ખાતો તે જોઈને રોમના સૈનિકો ખુશ થતાં, આવી ક્રુર ભાવનાને કારણે રોમની પ્રજાની પડતી દશા આવી. અને એક સમયનું મહાન રોમનું સામ્રાજ્ય પતનની ખાઇમાં હોમાઇ ગયું. એક વખત પેલો તત્ત્વચિંતક પણ રોમના સૈનિકોના હાથમાં પકડાઈ ગયો. તેની સાથે બીજા ઘણાં માણસો પકડાયા હતા. આ બધા માણસોને ભુખ્યા સિંહની પાસે લઇ જવામાં આવ્યા. આ ટોળીના બધા માણસો સિંહને જોઇને ગભરાઇ ગયા. રડવા લાગ્યા. પણ પેલો તત્ત્વચિંતક તો નિર્ભયપણે અડગ ઉભો હતો. ભૂખ્યો સિંહ છલાંગ મારતો આવ્યો. સૌથી મોખરે તત્ત્વચિંતક ઉભા હતા. સૌની વચમાં આશ્ચર્ય બન્યું. તે એ કે તત્ત્વચિંતકને ફાડી ખાવાના બદલે સિંહ ધીમે રહીને તેની પાસે આવ્યો ને તેના ચરણમાં પ્રેમથી નમી તેનો હાથ ચાટવા લાગ્યો. જે સિંહના પગમાંથી તત્ત્વચિંતકે ઘણાં વખત પહેલાં તેના પંજામાંથી કાંટો કાઢયો હતો તે આ સિંહ હતો.

રોમના માણસોએ આવો બનાવ પ્રથમવાર જોયો. તેમને ખૂબ આશ્ચર્ય થયું કે આ સિંહ બધાને ખાઇ ગયો ને આ એકને જીવતો મુકયો તેનું કારણ શું?

તત્ત્વચિંતક કહે છે ઘણા વખત પહેલાં આવા એક સિંહના પંજામાં શુળ વાગેલી તે મેં કાઢી હતી. કદાચ તે સિંહ પણ હોય. ત્યારે સિંહે માથું ધુણાવ્યું. રોમના લોકોને ખાત્રી થઇ કે તે જ સિંહ છે. એટલે રોમના લોકોએ બીજા બધા કેદીઓને છુટા કરી દીધા ને મનમાં વિચાર થયો કે સિંહ જેવા ક્રૂર પ્રાણીમાં પણ આટલી કૃતજ્ઞતાનો ગુણ છે તો પછી મનુષ્ય જો કૃતજ્ઞતા ચૂકે તો તે પશુથી પણ હલકો છે.

બધુઓ! પશુઓમાં પણ જો ઉપકારનો બદલો વાળવાની ભાવના છે તો તમારામાં તો વિશેષ ભાવના હોવી જોઇએ ને? તમે કોઇના ઉપકારનો બદલો વાળી શકયા ન હો પણ મારા માથે એના મહાન ઉપકારનું ઋણ ઉભું છે એવી ભાવના રહેશે તો પણ કયારેક ઋણ ચૂકવાશે. પણ એવી ભાવના નહિ રાખો તો કયાંથી ઋણ ચૂકવશો? બીજાએ કરેલા ઉપકારને જો આપણે ઉપકારની દૃષ્ટિથી ન જોઇએ તો આત્મામાં કોમળતા નહિ રહે, ક્રૂરતા આવી જશે અને જે ઉપકારીને ઉપકારી તરીકે સ્વીકારતો નથી તે કૃતઘ્ન છે. જ્ઞાની પુરૂષો કહે છે કે સર્વ પાપનું પ્રાયશ્ચિત છે, પણ કૃતઘ્નતાનું કોઈ પ્રાયશ્ચિત નથી. કૃતઘ્નતા રૂપી પાપ ધોવાને માટે કૃતજ્ઞતાનું પાણી જોઈએ.

જમાલિકુમાર એમની માતાને કહે છે સંસારમાં મહાન દુઃખો રહેલા છે અને સંયમમાં મહાન સુખો છે તે કદી નષ્ટ થનાર નથી અને સંસારના સુખો તો નાશ થવાના સ્વભાવવાળા છે. આવું સાચું ભાન કરાવનાર ભગવાન મારા પરમ ઉપકારી છે. એ ઉપકાર મારાથી કેમ ભુલાય? ઉપર ચાર દાખલા આપ્યા પણ એ બધો ઉપકાર અને કૃતજ્ઞતા કહો તો સંસારના લક્ષે છે પણ પ્રભુનો ઉપકાર તો આત્મલક્ષી છે. માતાએ કહ્યું કે દીકરા! યુવાનીમાં તું સંસારના સુખો ભોગવી લે પછી દીક્ષા લેજે. ત્યારે જમાલિ કહે છે માતા! તું આવા મોહયુકત શબ્દો શા માટે બોલે છે? હું મોટી ઉંમરનો થઇશ કે નહિ થઉં તેની શું ખાત્રી છે? કોણ પહેલાં ને કોણ પછી જશે તેની પણ ખબર નથી, તો તું ઘરડા થવાની વાત કયાં કરે છે? મને તું જલ્દી આજ્ઞા આપી દે. પણ હજુ માતાનો મોહ ઉતરતો નથી. તે આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

આજે બા. બ્ર. નવદીક્ષિત પૂ. ભાવનાબાઇ મહાસતીજીને ૩૦ મો ઉપવાસ છે. અવતી કાલે પારણાના ભાવ છે, તો આપ સહુ કોઇ બા. બ્ર. હર્ષિદાબાઇ મહાસતીજી વખતે જેમ ઘણાં નિયમો લીધા હતા તેમ આજે સહુ કોઇ લેશો.

ખંભાત સંપ્રદાયના સ્વ. ગચ્છાધિપતિ બા. બ્ર. પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબના સુશિષ્ય બા. બ્ર. પૂ. હર્ષદમુનિ મહારાજ સાહેબની પુણ્યતિથિ હોવાથી પૂ શારદાબાઇ મહાસતીજીએ પૂ. ગુરૂદેવના સંયમની સુવાસથી મહેંકતા જીવનનું ખૂબ સુંદર વર્ણન કરેલ, જે સાંભળતાં શ્રોતાઓ મુગ્ધ બની ગયા અને સૌની આંખો અશ્રુભીની થઈ હતી. પૂ. બા. બ્ર. હર્ષદમુનિ મહારાજ સાહેબે ફકત ૧૮ વર્ષની ઉંમરે દીક્ષા

અંગીકાર કરી હતી ને ૨૭ વર્ષની નાની ઉંમરમાં કાળધર્મ પામ્યા હતા. નવ વર્ષની દીક્ષાપર્યાયમાં આત્મસાધના સાધી ગયા છે તેવું ઉચ્ચ ચારિત્ર પાળ્યું હતું. તેઓ એવા પ્રભાવશાળી વ્યાખ્યાતા હતા કે તેમની વાણીથી નવયુવક, જૈન જૈનેતર ધર્મ પામી ગયા હતા. અંતિમ સમયે બે દિવસ અગાઉ તેમનું મૃત્યુ પણ સુઝી આવ્યું હતું. હસતે મુખડે આત્મધ્યાનમાં મસ્ત રહેતાં તેમણે નશ્વર દેહનો ત્યાગ કર્યો હતો. આ સમયે પૂ. મહાસતીજીઓ મહારાજ સાહેબના જીવનના સુંદર પ્રસંગ સમજાવ્યા હતા. આવા મહાન સંતોની પુણ્યતિથિ નિમિત્તે જરૂર વ્રત-પ્રત્યાખ્યાન કરી ધર્મ આરાધનામાં જોડાશો.

☆

વ્યાખ્યાન નં. ૬૭

વિષય:- "ધર્મના મર્મને જાણો."

ભાદરવા વદ ૬ ને સોમવાર **તા. ૧૭-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

અનંતકરૂણાના સાગર જગતના જીવોને આત્માની ઉન્નતિનો રાહ બતાવતાં કહે છે હે આત્મા! જ્યાં સુધી અહંનું અવસાન નહિ થાય ત્યાં સુધી તારા આત્માનું કલ્યાણ થવાનું નથી. આત્મિક ગુણો પ્રગટ કરવા હોય, ભવભ્રમણ ટાળવું હોય તો અહંભાવને ઓગળી નાંખ. માનવીને ધન-વૈભવ અને સત્તા મળે તો માને છે કે હું કંઇક છું. મારાથી બધું થાય છે તે વાત મિથ્યા છે. પણ મારાથી દુનિયામાં ઘણાં મોટા જ્ઞાની પુરૂષો છે તેમની આગળ હું કંઇ નથી. મારામાં એવા ગુણો કયારે પ્રગટે તેવી ભાવના ભાવો અને પુરૂષાર્થ કરો. આત્મા અનંત ગુણનો સ્વામી છે. જેમ ફાનસ સળગાવ્યું પણ ચીમની ઉપર મેશ વળી ગઈ હોય તો પ્રકાશ બહાર આવતો નથી તેથી એમાં પ્રકાશ નથી એમ નથી. ચીમની ઉપરથી મેશ સાફ કરી નાંખવામાં આવે તો તરત પ્રકાશ બહાર આવે છે. તે રીતે આત્મા ઉપર પણ અહંભાવની કાળાશનું પડ જામી ગયું છે તેને દૂર કરવામાં નહિ આવે ત્યાં સુધી આત્માનો પ્રકાશ બહાર આવવાનો નથી. માટે અહંનું અવસાન કરી સરળતાનો ગુણ પ્રગટ કરો. થોડું પણ અહં હશે ત્યાં સુધી કેવળજ્ઞાન નહિ મળે.

રાજ્યને ખાતર ભરત અને બાહુબલીજી વચ્ચે વર્ષો સુધી યુદ્ધ ચાલ્યું. બંને સરખા બળવાન હતા. વાગ્યુદ્ધ, મુષ્ટિયુદ્ધ આદિ અનેક પ્રકારે યુદ્ધ કર્યા. છેલ્લે બાહુબલિજીએ ભરતને મારવા મુષ્ટિ ઉગામી પણ તરત વિચાર થયો કે હું કોને મારૂં છું ભાઇને માર્યા પછી મને દુઃખ થશે કે મેં આ શું કર્યું? બાહુબલિએ રાજ્યનો મોહ

છોડી દીધો અને એ મુઠ્ઠી દ્વારા પંચમુષ્ટિલોચ કરી નાંખ્યો ને સંસાર ત્યાગી સાધુ બની ગયા. રાજ્યનો મોહ છોડી દીધો. કંઇ ઓછો ત્યાગ છે? સંસાર છૂટયો પણ અહંભાવનું અવસાન ન થયું. ભગવાન પાસે જાઉં તો મારે નાના ભાઈને વંદન કરવા પડે.

નાના ભાઇને હું કેમ કરી વંદુ તેજ અમારૂં હણાયે.
સહુએ ગયું પણ દિલમાં બેઠું, માન જરા નવ જાયે રે. (૨)
મુનિ ઝુલે છે માન-અપમાન, તોયે માંગે છે કેવળજ્ઞાન,
મુનિવર એક ઉભા છે ભારી (૨) ... જેનો આતમ છે બળવાન.

હું મોટો થઈને નાના ભાઇઓને વંદન કેમ કરૂં? એટલે ત્યાં ગયા નહિ. ઘોર જંગલમાં ચાલ્યા ગયા. એક વર્ષ સુધી આહાર પાણી વિના કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિર ઉભા રહ્યા. આજે કોઇ સ્થાનકમાં કે બંગલામાં ધ્યાન કરવું સહેલ છે. પણ ઘોર જંગલમાં ધ્યાન ધરવું કઠીન છે. બાહુબલિજી ધ્યાન ધરીને ઉભા રહ્યાં ત્યાં તેમણે અનેક પ્રકારના કષ્ટો વેઠયાં. પશુઓએ પણ ખૂબ ત્રાસ આપ્યો. આટલું કષ્ટ સહન કર્યું. કેવું અડગ ધ્યાન!

એક વાર મહાસતી બ્રાહ્મી અને સુંદરી પ્રભુ ઋષભદેવને વંદણા કરવા માટે આવ્યા અને બાહુબલિજીની સાધનાના સબંધમાં જિજ્ઞાસા બતાવી. પ્રભુ! સાંભળ્યું છે કે બાહુબલિ યુદ્ધક્ષેત્રમાં પ્રવર્જ્યાનો સ્વીકાર કરીને વનમાં સાધના કરવા ચાલ્યા ગયા છે. લગભગ એક વર્ષથી તેમની કઠોર તપશ્ચર્યા પ્રતિક્ષણ ચાલી રહેલ છે. તે નિર્જળ અને નિરાહાર છે. આસપાસમાં અંકુરિત થવાવાળી લતાઓ તેમના ચરણોથી વીંટળાઇને ઉપર આવી ગઇ છે છતાં કયા કારણથી તેઓ હજુ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકયા નથી! સાધનાની સિદ્ધિના દ્વાર ઉપર પહોંચી શકયા નથી.

ત્યારે પ્રભુએ જવાબ આપ્યો માત્ર બહારની કઠોર સાધના નિર્ણાયક નથી. નિર્ણાયક છે સાધકની અંતર્મુખી નિર્મળ ચેતના. બાહુબલીએ બહારમાં જેટલો વિસ્તાર મેળવ્યો છે તેટલો અંદરમાં નહિ. અત્યંત કઠોર સાધના કરવા છતાં પણ તેના હૃદયના વિકલ્પ હજી નષ્ટ થયા નથી. હું મોટો છું નાના ભાઇઓને વંદન કેમ કરૂં? કેવળજ્ઞાન મેળવી લઉં તો વંદનની મર્યાદાથી મુકત બની જાઉં. આ મોટાપણાનું ગૌરવ તેમની સિદ્ધિને રોકી રહ્યું છે. બહારથી હાથી ઉપર ચઢવાનું છોડી દીધું તો શું! હવે અંદર અહંકારના હાથી ઉપર ચઢયા છે તે જાગતાં છતાં નિદ્રામાં સૂતા પડયા છે.

ત્યારે બ્રાહ્મી-સુંદરી બંને બહેનોએ પ્રભુને કહ્યું પ્રભુ! આપ આજ્ઞા આપો તો અમે જઈએ અને ભાઈની આતમતંદ્રાને તોડીએ. પ્રભુની આજ્ઞા મેળવીને બ્રાહ્મી સુંદરી જ્યાં બાહુબલીજી ધ્યાનસ્થ અવસ્થામાં રહેલા છે તે પર્વત તરફ ચાલી નીકળી અને જ્યાં બાહુબલીજી હતા ત્યાં પહોંચી ગયા. બંને બહેનો પરસ્પર ચર્ચા કરે છે

બાહુબલી હજી પણ આત્મતંદ્રામાં સૂતેલા પડ્યા છે. બધું એ ત્યાગીને અહંકારના હાથી ઉપર ચઢેલ છે તે કારણે આટલી ઉગ્ર સાધના કરવા છતાં કેવળી બની શકતા નથી. આપણે ભાઇને સાવધાન કરીએ ને હાથીથી નીચે ઉતારીએ. આપણી આ વનયાત્રાનો ઉદ્દેશ ભાઇને જગાડવાનો છે, હાથીથી નીચે ઉતારવાનો છે. આપણે બંને મળીને ભાઇને જગાડીએ. તેઓ મીઠા મધુર સ્વરથી બોલ્યા.

વીરા મોરા ગજથકી ઉતરો, ગજ ચઢયે કેવળ ન હોય રે,
બંધવ ગજ થકી ઉતરો ...

બહેનોનો આ અંતરનાદ થોડી ક્ષણોમાં અંતરલીન થએલા બાહુબલીના કાનોમાં ગુંજતો ગુંજતો અંતરમાં ગુંજવા લાગ્યો. બાહુબલીજીની ચિંતનધારાએ પલ્ટો લીધો. આવા સૂના ઘોર જંગલમાં તો પશુઓનો કોલાહલ અને પક્ષીઓનો કલરવ સાંભળવામાં આવતો હતો. તેના બદલે આજે નારીનો આવો મધુર સ્વર અહીં કયાંથી ગુંજી ઉઠયો? સ્વર પરિચિત છે. મને ભાઇ કહીને પોકારી રહેલ છે. અવાજ ઓળખ્યો. અહા! આ તો બ્રાહ્મી-સુંદરી છે. ઓહ! શું કહે છે? અરે એ તો કહે છે કે ગજથી ઉતરો. શું હું હાથી ઉપર બેઠો છું? હું તો સાધુ બની ગયો. કેટલાય દિવસથી પગના બળ ઉપર ઉભો રહીને ધ્યાન કરી રહ્યો છું. મારી બહેનો તો કયારેય ગૃહસ્થ જીવનમાં અસત્ય બોલી નથી તો હવે સંયમી જીવનમાં કઈ રીતે બોલી શકે? શું તેમાં કંઈ રહસ્ય રહેલું છે? બંને બહેનોના સ્વરે ગતિ બદલી હતી. રહસ્ય સ્પષ્ટ કરવાની દિશામાં મુખમાંથી નીકળવા લાગ્યું.

વૈયા અન્તર નયન ઉઘાડો,
અહંકાર કે ગજ પર બૈઠે, જીવનધન મત હારો... વૈયા અન્તર...
હય ગજ રથ પાયક તજ દીન્હે તપ સુખો તન સારો,
દેહ તપ્યો પર સિદ્ધિ ન પાઈ, મનકો માન નિવારો.... વૈયા અન્તર....

જેવી સ્થિતિની સ્પષ્ટતાનો આ અવાજનો સ્વર મુખમાંથી નીકળ્યો કે ત્યાં બાહુબલીના અંતરના સ્વરની ગતિ બદલી. તેમની ચિંતનધારા એકાએક વળાંક લઈ ગઇ. અહા! એ તો માન નિવારણ કરવાની વાત કરી રહેલ છે. સાચે જ મારા મનમાં માન છે, અહંકાર છે. આ તે હાથી છે કે જેના ઉપરથી ઉતરવાની વાત કહી રહી છે. તે બરાબર કહે છે. હું અહીંઆ શા માટે ખડો થયો છું? મેં પ્રભુના ચરણોમાં જઇને શા માટે મારી જાતને સમર્પણ ન કરી? તે કારણે કે ત્યાં જવાથી મારા અઠ્ઠાણું નાના ભાઇઓ કે જેમણે મારા પહેલાં દીક્ષા લીધી છે તેમને વંદણા કરવી પડે! બસ, આ અહંકારની ભાવના હજુ સુધી મારી સિદ્ધિને રોકી રહી છે. મેં બધાનો ત્યાગ કર્યો પણ આવો ક્ષુદ્ર અહંકાર ત્યાગ્યો નહિ. 'અહં' નો ત્યાગ કર્યા વિના કઇ રીતે મુક્તિ થશે?

બાહુબલી પોતાનું આત્મવિશ્લેષણ કરતાં ઉંડા ઉતરી ગયા. ત્યાં બ્રાહ્મી સુંદરીની મધુર સ્વરલહરીઓમાંથી નીકળતો ઉપદેશ તેમના ચિંતનની દિશા સ્પષ્ટ કરતો જઈ રહ્યો હતો. બાહુબલીનું મન હવે સરળ બની ગયું. અહં ગળી ગયો. તેમણે પ્રભુના ચરણોમાં સર્વાત્મન સમર્પિત કરવા માટે કદમ ઉઠાવ્યા.

વૈરાગ્યે મન વાળીયું, મૂકયો નિજ અભિમાન,
પગ ઉપાડયો રે વાંદવા, ઉપન્યું કેવળજ્ઞાન રે .... વીરા મોરા...

કહે છે કે બાહુબલીએ જેવા પોતાના કદમ ઉઠાવ્યા કે મનના સમસ્ત વિકલ્પ નષ્ટ થઇ ગયા. અનંત દિવ્યજ્યોતિ અંતરમાં ઝગમગી ઉઠી. આકાશમાંથી હજારો દેવતાઓએ પુષ્પવર્ષાની સાથે બાહુબલીનો કેવળજ્ઞાન મહોત્સવ મનાવ્યો. મહાસતી બ્રાહ્મી અને સુંદરીએ બાહુબલીને ભકિતપૂર્વક નમસ્કાર કર્યા. બ્રાહ્મી–સુંદરી યુગની પહેલી બહેનો હતી કે જેમણે ભરત-બાહુબલી જેવા ભાઈઓના મનની ગાંઠોને ખોલી તેમના અંતરનો અંધકાર મટાડીને પ્રકાશ પ્રગટાવ્યો. માટે સરળ અને નમ્ર બનવાની જરૂર છે.

ભગવાન કહે છે જ્યાં ભ્રાન્તિ છે ત્યાં શાંતિ નથી. જ્યાં કપટ છે ત્યાં ઝપટ છે. માટે મોહ, માયા, મમતા, અહંકાર, ક્રોધ, માન આદિ કષાયોને જીવનમાંથી તિલાંજલિ આપશો તો કલ્યાણ થવાનું છે. સરળતા અને નમ્રતાના ગુણથી વૈરીને પણ વશ કરી શકાય છે.

ભીષ્મપિતામહનો અંતિમ સમય નજીક આવ્યો તે સમયે યુધિષ્ઠિર આદિ પાંડવો બધા ભેગા થઈને ભીષ્મપિતામહ પાસે આવ્યા ને હાથ જોડી બોલ્યા દાદા ! અત્યાર સુધી આપ અમારું બધું સંભાળી લેતા હતા. અમે અકળાઇએ, મૂંઝાઇએ તો આપની સલાહ લેવા આવતા હતા. આપ તો આ ફાની દુનિયાનો ત્યાગ કરી વિદાય થઈ રહ્યા છો. હવે અમે કોની પાસે જઇશું ? આપ જતાં જતાં પણ અમને માર્ગદર્શન આપતા જાવ કે જ્યારે અમારા ઉપર દુશ્મન ચઢી આવે ત્યારે અમારે શું કરવું ? ત્યારે ભીષ્મપિતાએ મોઢું પહોળું કર્યું. કહે છે જુઓ, મારા મોઢામાં શું દેખાય છે ? ત્યારે યુધિષ્ઠિર કહે છે આપના મોઢામાં દાંત કે દાઢ નથી. ફકત જીભ દેખાય છે. ત્યારે ભીષ્મપિતા કહે છે બેટા ! હું જન્મ્યો ત્યારે જીભ સાથે લઈને આવ્યો હતો ને દાંત પછી આવ્યા હતા. પણ દાંત પહેલાં ચાલ્યા ગયા અને જીભ તો છેક સુધી રહેવાની છે. તેનું કારણ એ છે કે જીભ કોમળ છે ને દાંત કડક છે. જે કડક હોય છે તેના મૂળ જલ્દી ઉખડી જાય છે ને કોમળ હોય છે તેને કોઈ ઉખેડી શકતું નથી. માટે તમારા ઉપર જ્યારે શત્રુઓ સામનો કરવા આવે ત્યારે તમે જીભ જેવા નરવશ બની જશો. તો દુશ્મન તમને કંઇ નહિ કરી શકે.

શેઠ પાસે નોકર, સાસુ પાસે વહુ, પિતા પાસે પુત્ર અને ગુરૂ પાસે શિષ્ય જો નમ્ર બની જાય તો કયાંય ઝઘડા ન થાય. આનંદ આનંદ વર્તાઇ જાય. પણ જ્યાં અહં

છે ત્યાં કષાય-કલેશ અને ઝઘડા છે. બાહુબલીએ અહં ઓગાળ્યો તો કેવળજ્ઞાન પામી ગયા. આપણે કેવળજ્ઞાન પામવું છે તો શું કરવું જોઈશે. કષાયોને અને અહંને છોડવા જોઈશે. વ્યાખ્યાન તો સાંભળો છે પણ ગ્રહણ કરતા શીખો.

એક ભાઇ દરરોજ ઉપાશ્રયમાં આવતા, ધર્મક્રિયાઓ ખૂબ કરતા, ત્યારે એને કોઇએ પૂછ્યું કે ભાઈ! તમે રોજ ઉપાશ્રયે જાવ છો ને આટલી બધી ધર્મક્રિયા કરો છો તો મને એટલું સમજાવશો કે ધર્મ એટલે શું? ત્યારે એ ભાઇ માથું ખણવા લાગ્યા. એ જવાબ આપી શક્યા નહિ. કેવી શરમજનક વાત છે! માટે અમે તમને કહીએ છીએ હે દેવાનુપ્રિયો! તમે વ્યવહારનું જ્ઞાન તો ઘણું મેળવ્યું પણ આત્માનું જ્ઞાન મેળવો. ધર્મ કોને કહેવાય? ધર્મનું સ્વરૂપ શું છે? એ તમે નહિ સમજ્યા હો તો કોઇ તમને આવું પૂછશે તો હાંસીને પાત્ર બનવું પડશે. સમજ્યા વિનાની ધર્મક્રિયાઓથી નિર્જરા થતી નથી. ધર્મ એ કોઇ બહારની વસ્તુ નથી. ધર્મ આત્મામાં છે. મહાત્મા આનંદઘનજી પણ બોલ્યા છે કે :-

"ધરમ ધરમ કર તો સહુ જગ ફિરે, ધર્મનો મર્મ ન જાણે કોઇ,
ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી કર્મ ન બાંધે કોઇ"

આજે માનવી ધર્મ ધર્મની બાંગો પોકારે છે પણ ધર્મના મર્મને સમજતો નથી. ધર્મ કોને કહેવાય?

ધમ્મો મંગલ મુક્કિટ્ઠ અહિંસા સંજમો તવો

ભગવાને અહિંસા-સંયમ અને તપરૂપી ઉત્કૃષ્ટ ધર્મ બતાવ્યો છે. પણ આજે તો અહિંસાને બદલે હિંસા વધી રહી છે. સંયમને બદલે ભ્રષ્ટાચાર વધી રહ્યો છે અને તપને બદલે ખાનપાનના સ્વાદ વધી રહ્યા છે ને ચારે તરફ પાપ વધી રહ્યું છે. આવું વીતરાગ શાસન મળ્યા પછી જો જીવ કર્મ બાંધવાના કાર્યો કરતો હોય તો તે સાચો જૈન નથી. તમે ધર્મના સ્વરૂપને સમજ્યા હો તો કર્મના બંધન કેમ ઓછા થાય તેનો ઉપયોગ રાખો. ધર્મનું સ્વરૂપ સમજવા માટે સંતોનો સમાગમ કરો.

મહાન પુરૂષો કહે છે કે **"વત્થુ સહાવો ધમ્મો"** વસ્તુનો સ્વભાવ તેનું નામ ધર્મ. જેમ કે સાકરમાં ગળપણ, મરચામાં તીખાશ, ફટકડીમાં તુરાશ, લીંબડામાં કડવાશ, મીઠામાં ખારાશ, એળિયામાં કડવાશ, પાણીમાં શીતળતા અને અગ્નિમાં ઉષ્ણતા એ એના ધર્મો છે કે ગુણ છે. સાકરમાં મીઠાશ બહારથી લાવવી પડતી નથી પણ મીઠાશ એ સાકરના ઘરની વસ્તુ છે. દૂધને ગળ્યું કરવા માટે તેમાં સાકર નાંખવી પડે છે. પણ સાકરને ગળી કરવા તેમાં બીજી સાકર નાખવાની જરૂર પડતી નથી. પાણીમાં શીતળતાનો ગુણ છે. તેને ગમે તેટલું ઉકાળો છતાં તેને અગ્નિ ઉપર નાંખશો તો અગ્નિને ઠારી દેશે. કહેવાનો આશય એ છે કે જે વસ્તુનો જે સ્વભાવ હોય છે તે સ્વભાવ તે વસ્તુમાં હોય

છે પણ તે વસ્તુની બહાર હોતો નથી. કરીયાતુ કડવું હોય છે પણ તાવવાળો માણસ એ કડવું કરીયાતું પી ન શકે તો તેમાં સહેજ સાકર નાંખવામાં આવે તો કરીયાતું સહેજ ગળ્યું લાગે. સાકરનું મિશ્રણ થયું તેથી કરિયાતામાં મીઠાશ આવી પણ કરિયાતું તો કડવું છે એટલે વસ્તુનો સ્વભાવ તે એનો ધર્મ.

આત્માના સ્વભાવની પણ આવી વાત છે. અહીં ધર્મ શબ્દથી આત્માનો સ્વભાવ લેવાનો છે. આત્માનો જે સ્વભાવ છે એનું નામ ધર્મ. એ વાતને સમજવા માટે જુદા જુદા પદાર્થોના દાખલા આપ્યા. તેમ આત્માનો પણ સ્વભાવ છે. જીવ જ્યારે કષાયમાં જોડાય છે ત્યારે પોતાનો સ્વભાવ ભૂલી જાય છે અને તેના કારણે તેના તેજ ઢંકાઇ જાય છે ને અનાદિ અનંત સંસારમાં ભટકે છે. અત્યારે આપણો આત્મા જે સ્વભાવમાં છે તે સ્વભાવ એનો પોતાનો નથી. એ સ્વભાવ વિકારજન્ય છે. આ જીવને કયારેક કોઇ વ્યકિત પ્રત્યે રાગ થાય છે ને કયારેક દ્વેષ થાય છે. સુંદર પદાર્થો અને મનગમતાં વિષયો મળતાં આત્માને રાગ ઉત્પન્ન થાય છે. ને અનિષ્ટ વસ્તુનો સંયોગ થતાં આત્માને દ્વેષ ઉત્પન્ન થાય છે. આ પરસ્વભાવને લઈને આત્મા પોતાની ખરાબી કરી રહ્યો છે. માટે જ્ઞાની કહે છે કે–

અન્ય સંયોગી જહાં લગી આત્મા રે સંસારી કહેવાય.

જ્યાં સુધી આત્મા સાથે કર્મનો સંયોગ છે ત્યાં સુધી સંસાર છે. કર્મ એટલે પરભાવ. પરભાવમાં જવાથી આત્મા અનાદિકાળથી આથડી રહ્યો છે. નરકની તીવ્ર વેદનાઓનો ભોગ બન્યો છે. અનંતકાળથી આપણે જન્મ-મરણ કરીએ છીએ તેનું જો કોઇ મુખ્ય કારણ હોય તો આત્માની પર સ્વભાવમાં રમણતા અને જડ પુદ્ગલોમાં આસકિત છે.

બંધુઓ! આત્મસ્વરૂપની પિછાણ કરવી એ સહેલ વાત નથી. કારણ કે આપણો આત્મા અનેક સ્વભાવોથી ઘેરાયેલો છે. તેમાંથી આ મારો સ્વભાવ છે એ જાણવું મુશ્કેલ છે, છતાં સાંભળતાં સાંભળતાં ને વિચારતાં વિચારતાં જરૂર આપણા સ્વભાવને પિછાણી શકાય છે. તત્ત્વજ્ઞાનની ઝીણી વાતો એક દિવસમાં કંઈ ન સમજી શકાય. એને માટે ઉપરછલ્લું જ્ઞાન કામ નહિ આવે. પણ અંતરના ઉંડાણથી અભ્યાસ કરવાની જરૂર છે જેમ સમુદ્રમાંથી રત્નો મેળવવા માટે અગાધ ઉંડાણમાં ઉતરવું પડે છે. મરજીવો બનીને ડૂબકી લગાવે તે રત્નો મેળવી શકે છે પણ ઉપરથી તો શંખલા અને છીપલા મળે છે. આ રીતે આત્માનો વિષય ખૂબ ગહન છે. તે સમજવા ઉંડાણમાં ઉતરવું પડશે તો વાસ્તવિક તત્ત્વનું જ્ઞાન થશે.

આત્મસ્વરૂપની એક વાર પિછાણ થઇ જાય તો આત્મામાં ધર્મ વસે અને કર્મો ખસે. જો ધર્મ હૈયામાં વસ્યો તો સમજી લેજો કે કર્મરૂપી કટ્ટા દુશ્મનોને ભાગે છૂટકો છે. જેમ સૂર્યનો ઉદય થતાં અંધકારને ભાગવું પડે છે તેમ ધર્મરૂપી સૂર્યનો

ઉદય થતાં કર્મરૂપી અંધકારને ભાગવું પડે છે. કર્મ એ આત્માના દુશ્મનો છે. આપણા ઘરમાં અનાદિકાળથી પેઠા છે ને ઘર કરી ગયા છે. ભાડુત પાસેથી મકાન ખાલી કરાવતાં કેટલી મુશ્કેલી પડે છે! કોર્ટનો હુકમ થાય તો પણ ભાડુત મહામુશીબતે ઘર ખાલી કરે છે. આ મકાનનો ભાડુત તો છ-બાર મહિના કે પાંચ-દશ વર્ષ હેરાન કરે છે પણ આ કર્મો તો અનંતકાળથી ઘર કરી ગયા છે તે સહેલાઇથી નીકળે તેમ નથી. એને કાઢવા કમ્મર કસીને પુરુષાર્થ કરીશું ત્યારે જશે અને એક દિવસ આપણો આત્મા કર્મરહિત શુદ્ધ બની જશે. કર્મરહિત શુદ્ધ આત્મા એટલે પરમાત્મા.

સાચી સમજણના અભાવે ભૂતકાળમાં આ સંસારમાં વર્ષોના વર્ષો, યુગોના યુગો, પલ્યોપમ અને સાગરોપમ કાળ વ્યતીત થઇ ગયો છે. અનંતા ભવો વીતી ગયા પણ આત્માના સ્વરૂપની પિછાણ ન કરી. કંઈ જ્ઞાન પ્રાપ્ત ન કર્યું. આ પુદ્ગલના પથારા મેળવવામાં રહી ગયો. જીવની આ દશા હજુ ચાલુ છે. હજુ એનો અંત આવ્યો નથી. માટે જ્ઞાની પુરૂષો કહે છે કે આ સંસારમાં કંઈ સાર નથી પણ આ વાત સમજાય ક્યારે? આત્માને સાચું જ્ઞાન થાય ત્યારે ને? જ્ઞાન થાય તો ધર્મ સમજે અને આગળ વધે. એ રીતે પ્રગતિ સાધતા સાધતા વિકાસ કરતાં કરતાં ઘાતી કર્મોનો ક્ષય કરી અંતે પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.

ધર્મ સમજણપૂર્વક શુદ્ધ ભાવથી કરાય તો મોક્ષના મહાન સુખો અપાવે છે. પણ જો ધર્મ કરતા મનમાં કોઇ જાતની આકાંક્ષા જાગે તો ધર્મનું મહાન ફળ વેચાઇ જાય છે. આજે માણસ બાહ્ય દેખાવ જોઇને એકબીજાની પાછળ દોરવાય છે. આણે આમ કર્યું તો હું પણ કરું. એક માણસે કાંઈ માન્યતા માની અને તે વખતે તેનો પુણ્યનો ઉદય જાગ્યો ને સુખી થઈ ગયો. તો એનું જોઇને બીજા પણ ભૌતિક સુખની આશાથી એ રીતે કરવા માટે પ્રેરાય છે. પણ સત્ય વસ્તુને સમજતો નથી. આ જગત ઘેલું છે. ઓઘસંજ્ઞાથી બધું કર્યે જાય છે. તેના ઉપર એક દૃષ્ટાંત આપું.

એક પંડિત ખૂબ વિદ્વાન હતો. શાસ્ત્રના ચિંતનમાં મસ્ત રહી જીવન ગુજારતો હતો. એ પંડિત અને તેની પત્ની બે માણસો હતા, પણ જીવનનિર્વાહ માટે પૈસાની તો જરૂર પડે. પાસે જે કંઇ હતું તે પૂરું થયું. ખર્ચી ખૂટી ગઇ એટલે તેને થયું કે પરદેશ કમાવા માટે જાઉં. એમ વિચાર કરી આવા માટે સાથે થોડું ભાતું દોરી-લોટો અને બે જોડી કપડા લઇને પોતાના ગામમાંથી નીકળ્યો. ગામબહાર નીકળતા તો અપશુકન થયા એટલે વિચાર થયો કે કમાવા જવું છે ને અપશુકનમાં જવું તે સારું નહિ. માટે આજની રાત ગામબહારની ધર્મશાળામાં રોકાઇ જાઉં. વહેલી સવારે ઉઠીને આગળ વધીશ. પંડિતે રાત્રે ધર્મશાળામાં મુકામ કર્યો. પંડિત વિદ્વાન હતા એટલે વહેલા સૂઈ ન જતાં વિશ્વના વિચિત્ર ભાવોનું ચિંતન કરવા લાગ્યા. ચિંતન કરતાં કરતાં

મનમાં વિચાર થયો કે હું એક દિવસ અહીં રહીને અવધૂત યોગીનો વેશ લઈને જોઉં કે આ એકબીજાનું અનુકરણ કરનારું ઘેલું જગત શું કરે છે? કેવા પ્રવાહમાં તણાઇ રહ્યું છે! પછી તેમણે કપડા ઉતારી લંગોટી પહેરી શરીર ઉપર રાખ ચોપડી અને એક વૃક્ષ નીચે બેસીને આંખો બંધ કરીને જાપ કરવા માંડ્યા. લોકોએ જ્યારે તેમને જોયા ત્યારે કહે છે ગામમાં કોઈ મહાન યોગીરાજ પધાર્યા છે. લોકો આવીને પગે લાગે, ચરણરજ મસ્તકે ચઢાવે પણ યોગીરાજ તો કોઈના સામું જોતા નથી. અડધી મીંચેલી આંખે ધ્યાનમાં તલ્લીન રહે છે એટલે લોકોના ઉપર તેમનો ખૂબ પ્રભાવ પડ્યો કે અહો! આ તો કોઇ આત્મજ્ઞાની મહાન અવધૂત લાગે છે. જે માણસો દર્શન કરીને ગામમાં ગયા તેમણે બીજા માણસોને સમાચાર આપ્યા કે કોઇ મહાન જ્ઞાની સંત પધાર્યા છે. આખા ગામમાં વાત ફેલાઇ ગઇ એટલે ટોળેટોળા માણસો સંત મહાત્માના દર્શને જવા લાગ્યા. એમ કરતા કરતાં પ્રધાનના કાને વાત ગઇ ને પ્રધાને રાજાને કહ્યું કે આપણા ગામબહાર કોઈ મહાન સંત પધાર્યા છે.

"જગત કેટલું ઘેલું છે કે બસ ગાડરીયા પ્રવાહની માફક ચાલ્યું"

લોકો એટલા બધા ઉમટ્યા કે કોઇ બાકી રહ્યું નહિ હોય. તેમાં વળી ઘણાં ઘેલા માણસો પુષ્પના હાર પહેરાવવા લાગ્યા. તો કોઇ મેવા મીઠાઈના થાળ એમના ચરણે ધરવા લાગ્યા. કોઇ રૂપિયા પગે મૂકવા લાગ્યા. પણ મહાત્મા તો સામું જોતા નથી એટલે લોકો બોલવા લાગ્યા અહો! કેવા નિષ્પરિગ્રહ સંત છે ને કેવા આત્માર્થી છે કે એમના આત્મધ્યાનમાં મગ્ન રહે છે. કોઈના સામી દૃષ્ટિ પણ કરતા નથી. લોકો ખૂબ આકર્ષાય છે ને ખૂબ પ્રશંસા કરે છે. એમની પ્રશંસા ઠેઠ રાજાનાં કાન સુધી પહોંચી ગઇ. આ પંડિતજીની પત્ની–પંડિતાણી પણ યોગીના દર્શને આવી. એ પણ એના પતિને ઓળખી શકી નહિ. ને લળીલળીને વંદન કરતી બોલવા લાગી ધન્ય છે યોગીરાજ! આપનો મનુષ્ય અવતાર સફળ થયો છે. અમો પાપી જીવો સંસારની માયાજાળમાં ફસાયા છીએ અને આપ આ ભરયુવાનીમાં સંસારની માયાજાળ છોડી સાધુ બન્યા છો. આમ ખૂબ પ્રશંસા થાય છે.

આ મહાત્માની પ્રશંસા છેક રાજાના કાન સુધી પહોંચી ગઈ. આ રાજા ધર્મિષ્ઠ હતા. તેમને સંત સમાગમ કરવો ખૂબ ગમતો હતો. એટલે પ્રધાનને કહ્યું કે આપણે પણ આવા મહાન યોગીના દર્શને જવું છે, તો તમે યોગીરાજને કયો સમય અનુકૂળ છે એ પૂછી લાવો. આપણે ત્યાં જઈને એમની વાણી સાંભળીએ. પ્રધાન કહે કે સાહેબ! તે બોધ આપતા નથી તો કહે ભલે, દર્શન કરશું. એટલે પ્રધાને તૈયારી કરાવી અને રાજા તથા પ્રધાન પરિવાર સહિત યોગીરાજના દર્શન કરવા માટે આવ્યા. યોગીની પવિત્ર મુખમુદ્રા અને ધ્યાનસ્થ અવસ્થા અને લોકો બે મોઢે પ્રશંસા કરે છે. આ બધું

જોઇને રાજાનું આકર્ષણ વધી ગયું. ખૂબ ભાવપૂર્વક વંદન કરીને નીચે બેસે છે અને હાથ જોડીને કહે છે મહાત્માજી! અમારા ઉપર કૃપાદૃષ્ટિ કરો, પણ યોગીરાજ તો મૌનપણે પોતાના ધ્યાનમાં રહ્યા. એમણે જોયું કે મહારાજા આવ્યા છે. આ યોગીનું ધ્યાન એ સાચું ધ્યાન ન હતું. જગત શું કરે છે તે જોવા માટેનું હતું. મહાત્માએ જોયું કે રાજાની સ્થિરતા કેવી છે? હું એની સાથે વાત નહિ કરું તો એના મન ઉપર એવી અસર તો થશે ને કે આ યોગી લોકો જગતથી કેવા અલિપ્ત રહે છે! આટલા બધા માણસો આવે છે છતાં આંખ ઉંચી કરતા નથી. લોકો તો ઠીક. રાજા જેવા રાજાની સામે પણ જોતા નથી. એને રાજા મહારાજાની પણ પરવા નથી. કેવા ધ્યાનમાં મસ્ત છે! એમણે તો ધ્યાન ચાલુ રાખ્યું.

રાજાને ખુબ આતુરતા હતી કે કયારે મુનિરાજ આંખ ખોલે! યોગીરાજે પણ સમય જોઈને ધીમેથી આંખ ખોલી ને અમીભરી દૃષ્ટિથી રાજા સામે જોયું. રાજાના મનમાં થયું કે અહો! આટલી વાર બેઠો તો લાભ મળ્યો. યોગીરાજે મારા ઉપર મહાન કૃપા કરીને મારા સામું અમી દૃષ્ટિથી જોયું. આજે મારૂં જીવન સફળ થયું. હાથજોડી માથું નમાવીને કહે છે ગુરૂદેવ! આપ જેવા મહાન પવિત્ર સંતના દર્શનથી આજે મારૂં જીવન પાવન બની ગયું. આજે આપના દર્શન થયા એ મારા અહોભાગ્ય છે, તો આપ આ મેવા-મીઠાઈ અને સોનામહોરોના થાળ સ્વીકારો અને આપની પવિત્ર અમૃતમય તત્ત્વવાણી સંભળાવવા કૃપા કરો.

યોગી કહે છે ભાઈ! અમારે કંઇ ના જોઇએ. ત્યારે રાજા ખુબ ભાવથી વિનય-પૂર્વક કહે છે ગુરૂદેવ! આ મારી નાનીશી ભેટ આપને સ્વીકારવી પડશે. ખુબ કહ્યું એટલે યોગી ગુસ્સે થઇને કહે છે હે રાજા! તું અમને ભોગી સમજે છે? હું તો જગતથી જુદો યોગી છું. આ બધું અવડાવીને શું તારે મને ભોગી બનાવવો છે? ઉઠાવ આ બધું અહીંથી. મને તેની ગંધ આવે છે. ચાલ્યો જા અહીંથી. મારી યોગસાધનામાં ભંગ પડે છે.

રાજા શું બોલે? ને યોગીની વાત પણ સાચી છે કે વધુ પ્રમાણમાં પકવાન અને ફળ ખાય તો મનમાં વિકાર જાગે. એ વિકાર યોગથી ભ્રષ્ટ કરી ભોગલુબ્ધ બનાવે. એની અસર થાય એટલે મન ભોગો તરફ દોડે, જેને બ્રહ્મચર્યનું પાલન કરવું છે એ આવા-વિકારી રસોથી દૂર રહે. રાજા સમજી ગયા કે આ તો કડક યોગી છે. એટલે પગમાં પડીને માફી માંગતા કહ્યું ગુરૂદેવ મને માફ કરો. મારે તો આપની ભક્તિનો લાભ લેવો હતો. આપની સાધનામાં ભંગ પાડવાનો મારો ઈરાદો નહતો. આપની વાત સાચી છે માટે એવી ભક્તિનો ખોટો આગ્રહ શા માટે રાખવો જોઇએ? આ બધું હું ઉઠાવી લઉં છું. પણ આપ મને કંઇક તત્ત્વનો બોધ સંભળાવો ત્યારે યોગી કહે છે **"જાગને કે ભવમેં સોના નહીં"** રાજા વિચારમાં પડયા કે આ શું કહે છે? એનો

અર્થ પૂછે છે એ પહેલાં તો યોગી ધ્યાનમાં બેસી ગયા. રાજા ફરીને પૂછે છે યોગીરાજ! આનો અર્થ શો? પણ યોગીરાજે કંઈ જવાબ ન આપ્યો એટલે રાજા કહે છે ચાલો, પંડિતોની સભામાં જવાબ મેળવી લઇશું એમ કહીને રાજા પોતાના મહેલમાં આવ્યા.

મોડી રાત સુધી લોકો યોગીરાજના દર્શને આવતા હતા. પણ યોગી તો મૌન રહ્યા. જ્યારે માણસો આવતા સંપૂર્ણ બંધ થયા ત્યારે યોગી બનેલા પંડિતે યોગીનો વેશ ઉતારી પોતાનો વેશ પહેરી લીધો. રાત્રે ધર્મશાળામાં સૂઈ ગયો ને સવાર થતાં પોતાને ઘેર ચાલ્યો ગયો. પંડિતજીને એક દિવસમાં પાછા આવેલા જોઇ પંડિતાણી પૂછે છે સ્વામીનાથ! આપ એક દિવસમાં કેમ પાછા આવ્યા? શું કમાઈને કંઈ લાવ્યા છો? ત્યારે પંડિત કહે છે ના, હું કંઇ કમાઇને લાવ્યો નથી. ખાલી પાછો આવ્યો છું. ત્યારે પત્ની કહે છે એના કરતાં એક દિવસ મોડા ગયા હોત તો સારૂં થાત, ત્યારે પંડિત પૂછે છે કેમ મારૂં કંઇ કામ પડયું હતું? ત્યારે કહે છે ના, કામ ન હતું પણ ગઇ કાલે અહીં એક મોટા યોગીરાજ પધાર્યા હતા. પંડિત કહે એમાં મારૂં શું કામ હતું? શું એ કંઇ ધન કે ધનપ્રાપ્તિનો મંત્ર આપતા હતા? ત્યારે પત્ની કહે છે ધન નહિ ને ધનનો મંત્ર પણ નહિ, એ પવિત્ર યોગીના દર્શનનો લાભ મળતને? એ એવા મહાન આત્માથી યોગી હતા કે એમના દર્શન કરીને પાવન થઇ જઇએ. રાજાથી માંડીને આખું ગામ ઉમટયું હતું. તમે કમભાગી કે તેના દર્શન વિના રહી ગયા. પંડિતના મનમાં થયું કે આ બિચારી ભોળી સ્ત્રીને કયાં ખબર છે કે યોગીરાજ પોતે તારા પતિ હતા.

પંડિત કહે છે એના દર્શન ન થયા એમાં શું કમભાગી થઇ ગયો? કે પૈસા ન કમાયો તેથી કમભાગી? પંડિતાણી કહે છે પૈસા મેળવવા ગમે તેટલી મહેનત કરીએ પણ પુણ્ય ન હોય તો ન મળે પણ આવા પવિત્ર સંતના દર્શન કરવા જઇએ તો પાવન થઇએ.

તમે એક દિવસમાં કયાં જઇ આવ્યા કે પૈસા ન લાવ્યા અને આવા પવિત્ર સંતના દર્શનનો લાભ પણ ગુમાવ્યો. ત્યારે પંડિત કહે છે કે શું આપણે એવા દર્શન પામીએ તો ભાગ્યશાળી કે લોકને એવા દર્શન આપીએ તો ભાગ્યશાળી? એટલે શું? આપણે યોગીરાજ બનીએ તો આપણે ભાગ્યશાળી! એમ પૂછો છો? પંડિત કહે હા. પંડિતાણી બોલી એમાં શું પૂછવાનું? આપણા એવા અહોભાગ્ય કયાંથી કે આપણે એવા મહાન યોગી બનીએ.

પંડિત ધીમે રહીને કહે છે તો ગઇ કાલનો યોગીરાજ હું પોતે હતો. સાંભળતા પંડિતાણી આશ્ચર્ય પામીને બોલી હેં....શું તમે યોગીરાજ બન્યા હતા? ના....ના.... હું દર્શન કરવા આવી હતી પણ મને તમારા જેવો અંશ પણ ન લાગ્યો. તમે જૂઠું બોલો છો. પંડિતાણી! હું જૂઠું નથી બોલતો. આ જગતમાં ધતીંગ બહુ ચાલે છે. સાચા

કરતાં ખોટા બહુ પૂજાય છે. એટલા માટે તો કહેવાય છે કે દુનિયા જેટલી જૂઠાની છે તેટલી સાચાની નથી. કારણ કે બાહ્ય આડંબર ખુબ હોય છે. ને દુનિયાને એ બહુ ગમે છે. પંડિતાણી કહે તો શું તમે યોગી બન્યા હતા? તો મેં તમને ઓળખ્યા કેમ નહિ? પંડિત કહે છે પણ મેં જોગીનો વેશ પહેર્યો હતો.

પંડિતાણી કહે છે પણ તમે યોગી શા માટે બન્યા? ત્યારે કહે છે આ દુનિયા કેવી ભોળી અને ભલી છે એ સાચા ખોટાને ઓળખે છે કે નહિ? તે દુનિયાનાં રંગઢંગ જોવા માટે મેં યોગીવેશ ધારણ કર્યો હતો. પંડિતાણી કહે તમારી પાસે મહારાજા પણ આવ્યા હતા? હા,....આવ્યા હતા અને મેવા-મીઠાઈ ને ફ્રુટના થાળ ભરીને લાવ્યા હતા ને સોનૈયાના થાળ પણ લાવ્યા હતા અને એ લેવા માટે ખુબ આગ્રહ કર્યો પણ મેં ચોખ્ખી ના પાડી. પંડિતાણી કહે તો તમારે લેવા હતા ને? કેમ કંઇ લીધું નહિ? લીધું હોત તો આ ગરીબાઇ ટળી જાત ને? પંડિત કહે તે વખતે હું કોણ હતો એ અમર છે? એક ગરીબ પંડિત નહિ પણ એક મહાન યોગીરાજ, મહાન ત્યાગી, નિઃસ્પૃહી, મોટા હીરા-માણેકના ઢગલાને પણ તૃણવત્ સમજનારા, પછી સોનૈયા લેવાય? એવી રીતે લેવાય તો રાજાને અને પ્રજાને બધાને યોગીઓ ઉપરથી શ્રદ્ધા ઉઠી જાય. એમના મનમાં એમ થઇ જાય કે યોગીઓ આવા ભિખારી અને લોભી હોતા હશે?

આપણા સ્વાર્થ ખાતર જગતના બધા સાચા યોગીઓ ઉપરથી શ્રદ્ધા ઉઠાવવાનું કામ કેવું અધમ ગણાય? જેવો વેશ હોય તેવો વર્તાવ રાખીએ તો લોકોની શ્રધ્ધા રહે. પડિતાણી કહે છે તમારી વાત સાચી છે પણ અહીં પૈસાની જરૂર છે તેનું શું? તમારે વધુ નહિ તો જરૂર પૂરતા પાંચ સોનૈયા તો લેવા હતા? બાકીના પાછા આપી દીધા હોત તો તમારી નિઃસ્પૃહતા તો કહેવાત ને! પંડિત કહે છે તું તો કેવી વાત કરે છે? યોગી કોને કહેવાય એ તો જાણતી નથી. યોગી તો સંસારના ત્યાગી, એને નહિ સ્ત્રીનો સંગ કે નહિ પૈસાનો સંગ; નહિતર ભોગીમાં અને યોગીમાં શું ફેર? સામાના મન ઉપર યોગી તરીકેની છાપ પાડવી હોય તો જેમ કામિનીને અડાય નહિ તેમ કંચનને પણ અડાય નહિ. આપણાં થોડા સ્વાર્થ ખાતર સાચા યોગીની છાપ કેવી પડે?

પંડિત ગમે તેવો ગરીબ હતો છતાં તેણે લક્ષ્મીનો જરા પણ મોહ ન કર્યો. આપને કહેવાનું એટલું છે કે તેણે વેશ વફાદાર રાખવા કેટલી સાવધાની રાખી! અને છેવટે તેની દૃઢતાના બળે રાજા બીજે દિવસે તપાસ કરે છે અને જોગી ન મળતાં જે શ્લોકનો અર્થ કરશે તેને રાજા ઈનામ આપશે એમ જાહેર કરે છે અને છેવટે પંડિત શ્લોકનો અર્થ કરે છે ને રાજાને ધર્મ પમાડે છે ને સત્ય હકીકત જાણતાં રાજા ખુશ થઈને પંડિતની ગરીબાઇ મટાડી દે છે.

આજે બા. બ્ર. ભાવનાબાઇ મહાસતીજીને માસખમણનું પારણું છે. તેમણે આત્માના શુદ્ધ ઉપયોગપૂર્વક જ્ઞાનધ્યાન સહિત સાધના કરી છે. સમય થઇ ગયો છે. વધુ ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૬૮

ભાદરવા વદ ૭ ને મંગળવાર **તા. ૧૮-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

શાસ્ત્રકાર ભગવંત જગતના જીવોને સુખનો રાહ બતાવતાં કહે છે હે જીવો! તમને સુખ ગમે છે પણ સુખ કેવી રીતે મળે છે? "सुखं धर्मात" ધર્મથી સુખ મળે છે. આ માનવ જીવનમાં કરવા જેવો હોય તો ધર્મ છે. "धम्मो मंगल मुक्किट्ठं" આ પદમાં ધર્મની મહાનતા બતાવતા શાસ્ત્રકાર ભગવંત કહે છે કે આ વિશ્વમાં જો કોઈ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અને ઉત્તમમાં ઉત્તમ વસ્તુ હોય તો તે ધર્મ છે. જગતની તમામ સુખ સાહ્યબીનું મૂળ કારણ ધર્મ છે. જેના જીવનમાં ધર્મ છે તેના જીવનમાં બધું છે. ને જેના જીવનમાં ધર્મ નથી તેના જીવનમાં કાંઇ નથી.

જમાલિકુમારના હૃદયમાં પ્રભુની વાણી સાંભળીને ધર્મ સમજાઇ ગયો છે, કે ધર્મ સિવાય જગતમાં એક પણ વસ્તુ શ્રેષ્ઠ નથી. ધર્મ એ માનવજીવનનો સાર છે.

"धर्मो जगति सारः सर्व सुखानां प्रधान हेतु त्वात् ।
तस्योत्पत्तिर्मनुजात्, सारं तेनैव मानुष्यं ।।"

આ જગતમાં સારભૂત જો કોઈ વસ્તુ હોય તો તે ધર્મ છે અને તે સર્વ સુખોનું મૂળ કારણ છે અને તેની ઉત્પત્તિ મનુષ્ય જન્મમાં થાય છે. માટે આ માનવભવને ઉત્તમ અને દુર્લભ કહ્યો છે અને વિશ્વના સમસ્ત સુખોનું મૂળ કારણ ધર્મ હોવાથી ધર્મ એ જગતમાં સાર મનાય છે, શ્રેષ્ઠ મનાય છે ને ઉત્તમ ગણાય છે. પણ આ જગતમાં જીવોને જેટલા ભૌતિક સુખો અને સુખના સાધનો ગમે છે તેટલો ધર્મ ગમતો નથી. પણ એકાંતમાં બેસીને વિચાર કરશો તો સમજાશે કે ધર્મ શું ચીજ છે, ને ધર્મ કેવો કિંમતી છે.

તમે જમવા બેઠા ને તમને ભાવતા ભોજન થાળામાં પીરસાયા તો તે જોઈને તમને ખૂબ આનંદ આવે છે. અહો! આજે તો મને ભાવતું ભોજન મળ્યું. તમે તે પ્રેમથી જમ્યા કારણ કે તમને ભાવતું ભોજન મળ્યું એટલે આનંદ આવ્યો. તમે બગીચામાં ફરવા ગયા ત્યાં ગુલાબ, મોગરો અને ચંપાના પુષ્પોની સુગંધથી નાક સુગંધનો અનુભવ કરે છે, મગજ તાજગીનો અનુભવ કરે છે ત્યારે પણ તમને આનંદ

આવે છે કારણ કે તમને સુગંધી પ્રિય છે. સૂરીલા સંગીતના શબ્દો શ્રવણ કરતાં આત્મા ડોલી ઉઠે છે. કારણ કે કાનને મીઠા અને મધૂરા સૂર સાંભળવા બહુ ગમે છે. મખમલની સુંવાળી શય્યામાં પોઢતા પણ માનવને સુખના અનુભવ થાય છે. કારણ કે કોમળ સ્પર્શ પણ જીવને ખૂબ પ્રિય લાગે છે. ઘણી વસ્તુઓના રૂપ-રંગ એવા આકર્ષક ને મનોહર હોય છે કે એને જોતાં ગમી જાય છે ને આનંદ આવે છે. તેમજ રૂપિયાની નોટોના બંડલ કાઢીને ગણવા બેઠા હો ત્યારે પણ આનંદ આવે છે ને? તો હું તમને એક વાત પૂછું છું કે નોટોના બંડલમાં આનંદ આવવાનું કારણ શું? કારણ કે જમવા બેઠા ત્યારે જીભને સ્વાદ આપ્યો તેથી આનંદ આવ્યો. બગીચામાં ફરવા ગયા ત્યારે નાકને ખુશબો મળી તેથી આનંદ થયો. મીઠા મધુરા સંગીતથી કાનને શબ્દ પ્રિય છે તેથી આનંદ થયો. સુંવાળા સ્પર્શો આ શરીરને ગમે છે તેથી શય્યામાં સૂતા આનંદ આવ્યો. આકર્ષક અને મનોહર સૌંદર્ય આંખને ગમે છે તેથી તે જોઇને આનંદ આવ્યો. મોટો આલીશાન ભવન જેવો બંગલો મળે તો પણ આનંદ આવે કારણ કે જીવને મહેલાતોમાં મહાલવું બહુ ગમે છે. પણ રૂપિયાની નોટોમાં એવા પ્રકારના રૂપ-રસ-ગંધ કે સ્પર્શ નથી. છતાં કેમ ગમે છે? ત્યાં તો તરત તમે કહેશો કે એમાં ભલે રૂપ-રસ-ગંધ-સ્પર્શ કંઈ ન હોય પણ બધી મનગમતી ચીજો એ પૈસાથી મળે છે માટે તે ગમે છે. હવે તમને પૂછું છું કે મનગમતી ચીજો એ પૈસાથી મળે છે માટે પૈસો ગમે છે તો એ રૂપિયાની નોટો કયાંથી મળે છે? એકાંતમાં બેસી શાંતિથી વિચાર કરશો તો સમજાશે કે ધન કયાંથી મળે છે? શું ધન મહેનતથી મળે છે? જો મહેનતથી ધન મળતું હોય તો બિચારા કેટલાય ગરીબો રાત દિવસ કાળી મજુરી કરે છે પણ ધન મળતું નથી. તો શું બુદ્ધિથી મળે છે? ગમે તેવો હોંશિયાર-ભણેલો ડબલ ગ્રેજ્યુએટ થયેલો માણસ પણ નોકરી માટે ફાંફા મારે છે છતાં તેને નોકરી મળતી નથી. એક માતાના બે ભાઇ હોય છતાં એક ખૂબ ધનવાન હોય છે ને તે કંઇક ગરીબના આંસુ લૂછે છે, જ્યારે બીજા ભાઇની આંખમાંથી આંસુ પડે છે પણ કોઈ અબર લેનાર નથી. આનું કારણ શું? વિચાર કરશો તો સમજાશે કે પૈસો પુણ્યથી મળે છે.

માણસ ગમે તેટલો બળવાન અને બુદ્ધિશાળી હોય પણ પાસે પુણ્યની પૂંજી ન હોય તો કંઈ મળતું નથી. એ વાત નક્કી છે કે પૈસાનું મૂળ કારણ પુણ્ય અને પુણ્યનું મૂળ કારણ ધર્મ છે. ધર્મથી બધું મળે છે પણ આજે માણસ મહેનત કયાં વધુ કરી રહ્યો છે? પુણ્યમાં જેટલી ખામી તેટલી સુખમાં ખામી. પુણ્યમાં જેટલી કસર તેટલી સુખ અને શાંતિમાં કસર રહેવાની. માણસ ધર્મ કરે છે પણ વિવેક અને સમજણપૂર્વક નથી કરતો એટલે જે ધ્યેયની સિદ્ધિ કરવી છે તે થઇ શકતી નથી. માનવી જેમ જેમ ધર્મ પામતો જાય તેમ તેમ સ્વ-પરની વહેંચણી કરતો જાય. તો તે પોતે તરે છે ને

બીજાને તારે છે. ધર્મ એ લાકડાની નૌકા જેવો છે. જેમ નૌકા ચલાવતાં ન આવડે તો કયાંથી તરી શકાય ?

એક વખત એક નૌકાનો ખલાસી નૌકાને લંગર નાંખીને ગામમાં ગયો ત્યારે પાંચ-દશ યુવાનીયાઓ નદી કિનારે ફરવા માટે આવ્યા. તેમણે પણ વિચાર કર્યો કે સામે જવું છે પણ ખલાસી નથી તો આપણે નૌકામાં બેસી જઇને હલેસા મારતા મારતા પહોંચી જઇશું. બધા નૌકામાં બેઠા. નાવિકની જેમ હલેસા મારવા લાગ્યા. નૌકા પાંચ દસ ફૂટ જાય અને પછી હતી ત્યાંની ત્યાં આવીને ઉભી રહે. ખુબ મહેનત કરી પણ એજ દશા ઉભી રહી. થોડીવારે ખલાસી આવ્યો તેણે પૂછયું-તમે આ શું કરી રહ્યા છો ? ત્યારે કહે છે અમે તો આ નૌકાને હલેસા મારી મારીને થાકી ગયા. પણ ચાલતી નથી. ત્યારે કહે છે તમે મહેનત ઘણી કરી પણ લંગર નાંખ્યું છે એના દોરડા છોડયા વિના કયાંથી ચાલે ? જ્યાં લંગરના દોરડા છોડયા ત્યાં નૌકા સડસડાટ ચાલવા લાગી. તેમ તમે પણ ધર્મક્રિયાઓના હલેસા તો ખૂબ મારો છો પણ મોહ-માયા અને મમતાના દોરડા એવા બાંધી દીધા છે કે એને છોડયા વિના નૌકા કયાંથી તરશે ? બંધુઓ ! વેશ ન બદલો તો કાંઇ નહિ પણ વિચાર તો બદલો. વેશ બદલીને તેની સાથે વિચાર બદલો તો ઉત્તમ વાત છે. ન બદલાય તો ગૃહવાસમાં રહીને પણ જીવન પવિત્ર બનાવો. જીવો સ્વલિંગે, અન્યલિંગે, ગૃહસ્થલિંગે સિદ્ધ થયા છે. ગૃહસ્થ લિંગે સિદ્ધ કયારે થાય ? કેટલી પવિત્રતા અને વિચારની શુદ્ધિ હોય ને ભાવચારિત્ર આવે ત્યારે ગૃહસ્થલિંગે સિદ્ધ થાય છે. એ જીવ સંસારમાં રહેતો હોય પણ એની ભાવના એવી હોય કે કયારે મોકો મળે ને કયારે આ જેલમાંથી છૂટું ! સંસાર મારા માટે બંધન-બેડીરૂપ છે. કોઈ માણસના હાથમાં સોનાની બેડી પહેરાવો કે લોખંડની બેડી પહેરાવો પણ બંને બેડી તો બેડી ને ? પોપટને સોનાના પિંજરમાં પૂરી રોજ દ્રાક્ષની કળીઓ અવડાવો પણ એના માટે બંધનરૂપ છે.

ઇષુકાર રાજા ભૃગુ પુરોહિતની ઋદ્ધિ પોતાના રાજ્યભંડારમાં લાવે છે ત્યારે કમલાવંતી રાણીને ખબર પડી કે બ્રાહ્મણની છાંડેલી ઋદ્ધિ મહારાજા ભંડારમાં લાવે છે. તરત કમલાવંતી રાણી રાજા પાસે આવીને કહે છે સ્વામિનાથ ! આ બ્રાહ્મણની છાંડેલી ઋદ્ધિ આપણા રાજ્યભંડારમાં શા માટે લાવો છો ? એ બ્રાહ્મણે જે લક્ષ્મીને વમેલા આહારની જેમ છાંડી દીધી અને તમે તેને ગ્રહણ કરો છો ? વમેલો આહાર કોણ ખાય ? કાગડા અને કૂતરા. તમને ન શોભે. ત્યારે રાજા કહે છે હે રાણી ! એ તો રાજ્યના રક્ષણ માટે લેવી પડું છું. ત્યારે કમલાવંતી રાણી કહે છે નાથ ! તમે એ ગમે તે રીતે ગ્રહણ કરતા હો પણ આ લક્ષ્મી વમેલા આહાર જેવી છે. જે વમેલું ધન ગ્રહણ કરે તે કાગડા ને કૂતરાથી પણ હલકા કહેવાય ? છેવટે ઇષુકાર રાજા કહે છે કે રાણી ! તમે

આટલા બધા વૈરાગ્યવંત છો તો શા માટે સંસારમાં બેસી રહ્યા છો ? ત્યારે રાણી કહે છેઃ–

રત્નજડિત રાય તારૂં પાંજરૂં, માંહી મને સુડલો જાણુ,
સાંભળ હો રાજા બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો

હે રાજા ! તમારૂં આ રાજ્ય મને સોનાના પાંજરા જેવું લાગે છે. મને ક્ષણવાર સંસારમાં ગમતું નથી. રાજા કહે છે તમને ભૂત વળગ્યું લાગે છે નહિતર આવું બોલો નહિ. આ લક્ષ્મી મારે ક્યાં વાપરવી છે ? ત્યારે રાણી કહે છે તમે ગમે તેટલી લક્ષ્મી ભેગી કરીને રાજ્યને સમૃદ્ધ બનાવશો તો પણ શું રાજ્ય તમારી સાથે આવશે ? ધન–વૈભવ સાથે આવશે ?

मरिहिसि रायं जया तया वा, मणोरमे कामगुणे पहाय ।
एक्को हु धम्मो नरदेव ताणं, न विज्जाहि अन्नमिहेह किंचि ।।

ઉત્ત. સૂ. અ. ૧૪ ગાથા

હે રાજન ! જ્યારે ને ત્યારે એક દિવસ મોત આવવાનું છે ત્યારે આ મનગમતા કામભોગોને છોડીને તમારે જવું પડશે. તે વખતે એક ધર્મ સિવાય તમારી સાથે કંઇ આવવાનું નથી. ધર્મ તમને પરલોકમાં ત્રાણ–શરણ નહિ થશે, બાકી કોઇ ત્રાણ–શરણ નહિ થાય. અને મને તો આ સંસાર બંધનની બેડી જેવો લાગે છે. જો તમે આજ્ઞા આપો તો હું દીક્ષા લઇ લઉં. છે તમારી કમલાવંતીમાં આટલું પાણી ! તમે ગમે તે પૈસા લાવો તો કદી એમ કહે છે કે સ્વામીનાથ ! આ પૈસા કેવી રીતે કમાઇ લાવ્યા છો ? એને એવું ગમતું હોય પછી તમને ક્યાંથી કહી શકે ! આ કમલાવંતી જેવી તેવી ન હતી. તેણે તો સ્પષ્ટ વાત કહી દીધી અને આજ્ઞા મેળવીને તરત દીક્ષા લેવા તૈયાર થઇ ને સાથે રાજા પણ વૈરાગ્ય પામી ગયા. એને સંસાર પાંજરૂં લાગ્યું તો છોડ્યું. તમને લાગે છે ખરૂં ? બોલો મારા શ્રાવકો !

ધર્મકરણી કરતાં લક્ષ તો કર્મની નિર્જરાનું હોવું જોઇએ. ઘઉં વાવતાં ઘાસ સહેજે ઉગી જાય છે. ઘાસને વાવવું પડતું નથી. તેમ ધર્મકરણી કરતાં પુણ્યની આકાંક્ષા ન રાખવી. સહેજ પુણ્ય બંધાય તો તેમાં આપણું લક્ષ નથી. સમજો, દુનિયામાં દરેકને સુખ ગમે છે ને દુઃખ નથી ગમતું. છતાં એવી મહેનત કરે છે કે જેના પરિણામે દુઃખ આવે છે.

"पुण्यस्य फल मिच्छन्ति, पुण्यं कुर्वन्ति नो नराः ।
फलं पापस्य नेच्छन्ति पापं कुर्वन्ति सायरा ।।"

પુણ્યના મીઠા ફળ ભોગવવા ગમે છે. પુણ્યથી સુખ સમૃદ્ધિ મળે છે. તે જોઇએ છે છતાં જીવ પાપ કરતાં પાછો ફરતો નથી એ એક આશ્ચર્યની વાત છે ! બધી વાતનો

ટૂંકમાં એટલો સાર છે કે જગતના તમામ સુખો પુણ્યથી મળે છે ને પુણ્ય ધર્મથી થાય છે. એટલે બધા સુખોનું મૂળ ધર્મ છે. એ વાત સત્ય અને નિઃશંક છે. આટલું જો તમારા હૃદયમાં બરાબર ઠસી જાય તો પૈસા પ્રત્યે જીવને જેટલો પ્રેમ છે તેના કરતાં અધિક પ્રેમ ધર્મ પ્રત્યે જાગે ને ધર્મ ખુબ ગમે આવી સમજણપૂર્વકનો ધર્મ કરતાં તમને ખૂબ ઉત્સાહ આવશે ને પ્રેમથી તમે ધર્મ કરશો. પણ એક વાત જરૂર સમજી લેજો કે ધર્મની આરાધના જેવી માનવભવમાં કરી શકશો તેવી બીજા ભવમાં નહિ કરી શકાય. માનવભવ એ ધર્મ આરાધના કરવાની અમુલ્ય તક છે. આવી અમુલ્ય:તક હાથમાંથી કોણ જવા દે? પૈસા કમાવાની તક હાથમાંથી ચાલી જાય તો તમને કેટલો અફસોસ થાય છે! તેમ જ્ઞાની કહે છે. આત્માના નાણા કમાવાની તક જો હાથમાંથી ચાલી જાય તો તમને કેટલો અફસોસ થવો જોઈએ!

શુદ્ધ ભાવથી આ મનુષ્યજન્મમાં ધર્મની આરાધના કરી લો. આ અવસર ફરી ફરીને નહિ મળે. અવસર ગયા પછી ગમે તેટલો પશ્ચાતાપ કરશો તો પણ પાછો નહિ મળે. માટે સમયની કિંમત સમજીને ધર્મની આરાધના કરી લો. ધર્મની આરાધના કરવાથી મહાન લાભ મળે છે.

જમાલિકુમારે એક વખત પ્રભુની વાણી સાંભળી અને તેઓ વૈરાગી બની ગયા. એમની માતા કહે છે હે દીકરા! તું અમને સમજાવે છે તે ઠીક છે પણ તારી નવયુવાન પત્નીઓનું શું થશે? એ તારા વિના કેમ જીવી શકશે? ત્યારે જમાલિકુમાર કહે છે માતા! કદાચ મારૂં આયુષ્ય પૂર્ણ થઇ જશે તો તારી પુત્રવધૂઓ શું કરશે? કોને ખબર છે કોણ પહેલું જશે? હજુ જમાલિકુમાર શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્રઃ પહેલા ભવમાં ગુણસેન અને અગ્નિશર્મા વૈરભાવમાં જોડાયા હતા અને એ ભવના વૈરના કારણે બીજા ભવમાં સિંહરાજા પિતા અને આનંદકુમાર પુત્ર તરીકે ઉત્પન્ન થયા હતા. ત્રીજા ભવમાં જાલિની માતા અને શિખીકુમાર પુત્રપણે અવતર્યા હતા.

બંધુઓ! ગુણસેનનો આત્મા પુણ્યવંત છે ને અગ્નિશર્માનો આત્મા પાપી છે. ગુણસેન સિંહરાજા અને શિખીરૂપે જન્મ પામેલો જીવ ભવોભવમાં અજબ સમતા રાખી આત્મસાધના કરે છે. તેના ફળરૂપે તે દેવલોકમાં જાય છે અને અગ્નિશર્મા-આનંદ અને જાલિનીનો આત્મા ત્રણે ભવમાં અત્યંત ક્રૂર બની પાપકર્મો કરી વારંવાર નરકગતિમાં જાય છે. આ ઉપરથી તમે સમજી શકો છો કે જીવ જેવા કર્મો કરે છે તેવા ફળ તેને અવશ્ય મળે છે. મલિન હૃદયની જાલિની માતાએ હૃદયમાં શલ્ય રાખી મુનિને કપટ કરીને વિષમિશ્રિત લાડુ વહોરાવ્યા ને પવિત્ર મુનિની હત્યા કરી પાપમાં વધારો કર્યો. લોકોમાં વાત બહાર પડી કે જાલિનીએ લાડુ વહોરાવ્યા અને તેવો આહાર કરવાથી મુનિ કાળધર્મ પામ્યા. એટલે તેને થયું કે લોકો મને ચૂંટી ખાશે અને હું શું જવાબ આપીશ!

એટલે મહેલની પાછળ બારીએથી જંગલમાં ભાગી ગઇ ને ત્યાં જંગલના ભયંકર દુઃખો વેઠી બીજી નરકમાં ત્રણ સાગરોપમનું આયુષ્ય ભોગવવા ચાલી ગઇ અને પવિત્ર હૃદયવાળો શિખીકુમાર પોતે પવિત્ર હતો એટલે બધામાં પવિત્રતા જોતો હતો. પોતાની માતા ભાલિની પહેલેથી તેમના પ્રત્યે દ્વેષવાળી હતી છતાં પવિત્ર માની અને અણગારપણામાં હોવા છતાં માતાને આશ્વાસન આપવા જતા હતા. કપટી માતાએ તેને ઝેર આપ્યું છતાં માતા ઉપર જરાયે દ્વેષભાવ ન હતો. એટલે શિખીકુમાર મુનિ અંતિમ સમયે સુંદર આરાધના કરી પાંચમાં દેવલોકમાં લક્ષ્મી વિમાનમાં નવ સાગરોપમના આયુષ્યવાળા સામાનિક ઇન્દ્ર થયા. ત્યાં દેવલોકના સુખ ભોગવશે ને પછી બંને આત્માઓ ક્યાં ઉત્પન્ન થશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૬૯

ભાદરવા વદ ૮ ને બુધવાર **તા. ૧૯-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

શાસનપતિ ત્રિલોકીનાથ ભગવાન કહે છે હે ચેતન! તું જે જે પુદ્ગલોને દેખે છે તેનો જ્ઞાતા અને દૃષ્ટા બન, પણ એ પુદ્ગલો મારા છે એવો મમત્વભાવ ન રાખીશ. તું જેટલો મમત્વભાવ રાખીશ એટલા તને કર્મો બંધાશે. બીજા પદાર્થો તો ઠીક પણ આ શરીર પણ આત્માથી પર છે. શરીર એ બાહ્ય વસ્તુ છે ને આત્મા એ અંતરંગ વસ્તુ છે. બંનેના સ્વભાવ ભિન્ન છે. શરીર એ વિનાશી છે ને આત્મા અવિનાશી છે. શરીર તો આયુષ્યપૂર્ણ થતાં છૂટી જાય છે પણ આત્મા તો કરેલા કર્મો અનુસાર એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે. તાત્વિક દૃષ્ટિએ આત્મા એ સ્વવસ્તુ છે ને શરીર એ પરવસ્તુ છે. આ રીતે શરીર એ આત્માથી અલગ છે. તો પછી બીજા પુદ્ગલોની તો વાત ક્યાં કરવી? ધન, સ્ત્રી, પુત્ર આદિ ઉપર મમત્વભાવ રાખવો એ અજ્ઞાન છે. ભેદ વિજ્ઞાનથી આત્માનું અજ્ઞાન દૂર થઇ જાય છે અને અજ્ઞાન દૂર થતાં બાહ્ય પદાર્થો પરથી મમતા ઓછી થઇ જાય છે. તાત્વિક દૃષ્ટિએ વિચાર કરીએ તો સમજાશે કે આત્માને કોઇ પોતાનું નથી ને કોઇ પરાયું નથી. કોઈ શત્રુ નથી અને કોઈ મિત્ર નથી તો કોના ઉપર રાગ કરવો ને કોના ઉપર દ્વેષ કરવો!

જમાલિકુમારને ભેદજ્ઞાન થયું છે. આ બાહ્ય પુદ્ગલો મારા નથી ને હું તેમનો નથી. એક દિવસ તો છોડવાનું છે તો પહેલેથી શા માટે ન છોડી દઉં. એટલે એને પ્રભુની પાસે જઇને દીક્ષા લેવાની પ્યાસ જાગી છે એટલે માતાની પાસે આજ્ઞા માંગે છે કે હે માતા! મારો સમય અવિરતીમાં જાય છે. હવે મને જલ્દી દીક્ષાની આજ્ઞા આપો.

ત્યારે માતા શું કહે છે હે જાયા! આ તારી સર્વાંગ સુંદર પત્નીઓ સામે તો તું જો. કેવી એ ઉંચા કુળમાં જન્મેલી છે! સમાન રૂપ લાવણ્યવાળી છે. સમાન વય અને યૌવનવંતી છે ને તારા માટે સારા ઉંચા કુળની કન્યાઓ પસંદ કરેલી છે. બધી જાતની કળા કૌશલ્યમાં નિપૂણ છે. સુખમાં ઉછરેલી અને સુસંસ્કારી છે. સ્હેજ પણ ઉદ્ધત કે ઉછાંછળી નથી પણ મૃદુતા–લજ્જા–વિનય સેવા વિગેરે ગુણોથી અલંકૃત અને નિપુણ છે. આવી પત્નીઓને છોડીને તારે દીક્ષા લેવી છે? કેવા એમના મીઠા અને આનંદકારી બોલ છે! એ બોલે તો જાણે મુખમાંથી ફૂલ ઝરે છે. એવા મધુરા ને મર્યાદાશીલ વચન, મુલાયમ હાસ્ય, મનોહર દૃષ્ટિ, રાજહંસી જેવી એમની ચાલ વિગેરે એમની બધી પ્રવૃત્તિઓ સુંદર છે ને કેવી એમની ઉચ્ચ ખાનદાની, ઉચ્ચ વંશવૃદ્ધિ ઉચ્ચ પ્રકારની શીલસુઘડતા આપણા વંશની વિશુદ્ધ પરંપરાને વધારનારી છે. એવી મનોહર તારી આઠ આઠ સ્ત્રીઓ છે તે ઉત્તમ છે. સર્વાંગ સુંદર ભાવભરી ભાર્યાઓ છે માટે હે જાયા! અત્યારે તો તું એમની સાથે આ પ્રાપ્ત થએલા મનુષ્ય સંબંધી વિપુલ વિષયસુખો ભોગવ. ત્યાર પછી ભુક્ત ભોગી બની વિષયો ઉપરથી ઉત્સુકતા ઉઠાડી લેજે. નષ્ટ કરી દેજે. તે દરમ્યાન અમે પણ કાળધર્મ પામીશું. ત્યાર બાદ તું શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ પાસે ચારિત્ર અંગીકાર કરજે.

બંધુઓ! માતાએ કેવું મોહનું હાલરડું ગાયું? અંતરમાંથી ભોગના રંગ ઉડયા નથી એટલે દીકરાને પણ ભુક્તભોગી બનાવવા તૈયાર થઇ છે. ભોગી ભોગની વાત કરે ને ત્યાગી ત્યાગની વાત કરે. માતાએ શૃંગારની વાતો કરી. વહુઓની સાથે સંસારનો આનંદ માણવાનું કહ્યું પણ જેને જડ અને ચેતન દ્રવ્યોની વહેંચણી કરતા આવડી ગઈ છે એવા જમાલિકુમાર એમ કયાંથી માની જાય! હવે માતાના શબ્દોનો જવાબ કેવી રીતે આપે છે:–

"तएणं से जमालि खत्तिय कुमारे अम्मापियरो एवं वयासी तहा विणं तं अम्मयाओ! जं णं तुम्हे मम एवं वयह इमाओ ते जाया! विपुल कुल–जाव पव्वइहिसि ।।"

તે ક્ષત્રિય જમાલિકુમાર એની માતાને કહે છે હે માતા-પિતા! તમે મને કહો છો કે તું આ ખાનદાન કુળની રમણીઓ સાથે સંસારના સુખ ભોગવીને ભુક્તભોગી બની વંશની વૃદ્ધિ કરીને પછી દીક્ષા લેજે. પણ આ કામભોગો મને કેવા લાગે છે તે તમે સાંભળો:–

एवं खलु अम्मयाओ! माणुसग्गा कामभोगा असुई असासया, वंतासवा, पित्तासवा, खेलासवा, सुक्का सवा, सोणियासवा, उच्चार पासवण खेल सिंधाणग-वंत-पित्त-पूय, सुक्क-सोणिय, समुब्भवा, अमणुन्न दुरुव, मुत्त-पुइय, पुरिसपुन्ना, मयगंधुस्सास-असुभ निस्सास उव्वेयणगा बीभत्था, अप्प कालिया, लहूसगा, कलमला हियासदुक्ख-बहुजण साहारणा, परिकिलेस किच्छा-दुक्खसज्जा अबुह जण णिसेविया, सदा साहुगरहणिज्जा,

अणंत-संसार वद्धणा, कडुक फलविवागा, चुडल्लिव्व अमुच्चमाण दुक्खाणु-बंधिणो, सिद्धिगमण विग्घा से केसे णं जाणइ अम्मताओ के पुव्विं गमणाए के पेच्छा ? तं इच्छामिणं अम्मयाओ ! जाव पव्वइत्तए !

હે માતાજી! પિતાજી! મનુષ્યના કામભોગો અશુચીમય છે, ગંદા છે, અશાશ્વત છે, ચંચળ છે એમાંથી વમન ઝરે છે, પિ-ત ઝરે છે, કફ ઝરે છે. વીર્ય ઝરે છે, લોહી ઝરે છે. એ કામભોગોના શરીર વિષ્ટા–પેશાબ–શ્લેષ્મ, કફ, લીંટ, વમન, પિત્ત, રસી, રૂધિર ને વીર્યમાં ઉત્પન્ન થયા છે, એટલું નહિ પણ એ શરીર ખુદ પોતે પણ ઝરના, મળ–મૂત્ર–રસી રૂધિર વિગેરેથી ભરેલા છે. એમાંથી શ્વાસ પણ મડદાના જેવી દુર્ગંધવાળો નીકળે છે, એટલે એ કામભોગો ઉદ્વેગ કરાવનારા અને બિભત્સ છે. વળી બહુ થોડો સમય ટકવાવાળા અને જલ્દી નષ્ટ થનારા છે. ગંદવાડથી ભરેલા આ કામભોગો તો વાસનાના દુઃખિયારા ઘણા જીવોને મળે છે તે પણ કેટલા કલેશ, મુશીબત અને દુઃખથી પ્રાપ્ત થાય છે. માટે એને અબૂઝ અજ્ઞાન અને મૂઢ જીવો હોંશથી ભોગવે છે. બાકી જ્ઞાનીજનોને માટે તો એ નિંદનીય છે. કારણ કે એ મહાન પુરૂષો સમજે છે કે કામભોગો અનંત સંસારની વૃદ્ધિ કરનારા છે, કડવા ફળ આપનારા છે, ચુડેલની જેમ વળગેલા અને જો ન મૂકયા તો દુઃખની પરંપરાને ચલાવનારા છે. તો હે માતા! એમાં શું રાચવું? કોને ખબર છે કે કોણ પહેલું જશે અને કોણ પછી જશે? માટે તમે આજ્ઞા આપો તો હું પ્રભુની પાસે દીક્ષા અંગીકાર કરવા ઇચ્છું છું.

બંધુઓ! જેને સંસાર અસાર લાગ્યો છે, પરપુદ્ગલો ઉપરથી રાગ છૂટી ગયો છે તેવા જમાલિકુમારે શરીરનું વર્ણન કરી માતાને રમણીય લાગતી રમણીઓના દેહની આંતરિક બિભત્સાનું આબેહુબ વર્ણન કર્યું. એ જમાલિકુમાર પોતે પહેલાં સ્ત્રીઓમાં રમણીયતાનું દર્શન કરતો હતો. સારા શણગાર સજે, મીઠું મીઠું બોલે, ત્યારે એ હરખાતો હતો કે કેવી સુંદર મારી સ્ત્રીઓ છે પણ પ્રભુ મહાવીરની વાણી સુણી એના અંતરચક્ષુ ખુલી ગયા છે એટલે પહેલાં જે ઉપરથી બાહ્ય રૂપ જોતો હતો તેના બદલે તે હવે અંદરથી જુવે છે. એને હવે ચોકકસ સમજાઈ ગયું છે કે આ મારી માતા જે પ્રેમાળ અને રમણીય રમણીઓના સુખો ભોગવવાની મારી પાસે વાતો કરે છે તો એમના શરીરમાં રમણીયતા જેવું છે શું? અંદર હાડકા, માંસ અને લોહી ભર્યા છે ને એમના શરીરમાથી તો કફ, શ્લેષ્મ, પિત્ત વિગેરે બહાર વહે છે. એમના રોમરોમમાંથી પસીનો બહાર વહેતો હોય છે, તો પછી અંદર શું ભર્યું હોય એ તો સહેજે સમજી શકાય છે. આમાં રમણીયતા કયાં દેખાય છે?

શરીર મળ–મૂત્રનો ગાડવો છે. માત્ર ઉપર સુંદર ચામડીથી મઢેલું છે, તેથી રમણીય દેખાય છે પણ એ શું રમણીય કહેવાય? મને તો આ શરીર પાયખાના જેવું

લાગે છે. પાયખાનું ગમે તેટલું સુંદર હોય, છતાં તેમાં કામ પત્યા પછી એક ક્ષણ પણ બેસવું ગમતું નથી, તેમ મને આ કામભોગના સામું જોવું પણ ગમતું નથી. ત્યારે મારી માતા મને એવી રમણીઓની સાથે ભોગ ભોગવવા માટે લલચાવે છે, પણ વીર પ્રભુના વચનામૃતથી જેની દૃષ્ટિ ખુલી ગઈ છે એવા જમાલિકુમાર વિચાર કરે છે જડ રૂપરંગ વિગેરે વિષયો હળાહળ ઝેર કરતાં પણ ભયંકર છે. વિષપાન કરવાથી તો એક વાર મૃત્યુ આવે છે, તે પણ વિષ ખાય તો મૃત્યુ થાય ત્યારે ઇન્દ્રિઓના વિષયો તો અનેકવાર જન્મ-મરણ કરાવે છે. અરે, એને ભોગવે પણ નહિ, માત્ર એનું સ્મરણ કરે તો પણ મારનારા છે. અનંતીવાર આવા વિષયભોગો મળ્યા છતાં વિષયોની ભૂખ મટી નહિ. વિષયોનું સુખ અલ્પ છે ને ઝેર જેવું છે. પરિણામમાં દુઃખ મહાન સાગર જેટલું છે એમ વિચારી માતાને કહે છે.

હે માતા મોરી! યુગના યુગ વીત્યા પછી હલકી યોનીઓમાંથી માંડમાંડ બહાર નીકળી પ્રાપ્ત થયેલા આ મનુષ્યભવની માટી કરાવનાર આ વિષયો છે. વીતરાગ પ્રભુની મમતા તોડાવી તેની આજ્ઞાનો ભંગ કરનારા આ વિષયો છે, તો આ દેહને વિષયોની માટીમાં રગદોળવા કરતાં પ્રભુના ચરણની સેવામાં અર્પણ કરી દેવામાં શ્રેયસ્કર છે.

જમાલિકુમારની વિચારધારા કેટલી સુંદર છે, તેની સ્ત્રીઓ પણ કેવી અનુકૂળ છે, જમાલિકુમાર આઠ આઠ રમણીઓનો મોહ છોડવા તૈયાર થયા છે. તમારે કેટલી સ્ત્રીઓ છે? (સભા:-એક) એક છે તો પણ મોહ ક્યાં છુટે છે! જમાલિકુમારની આઠ આઠ સ્ત્રીઓ હતી. તેમાં બધી સર્વાંગસુંદર, કોઇ જાતની ખોડખાંપણ નહિ, સ્વભાવને અનુકૂળ રહેનારી અને પતિના સુખે સુખી અને પતિના દુઃખે દુઃખી રહેનારી હતી ને તમારી શ્રીદેવી તો સોમવારે સાજા ને મંગળવારે માંદા હોય અને ઘણી વખત જોવામાં આવે છે કે પતિ પત્નીના સ્વભાવમાં પણ કેટલી વિચિત્રતા હોય છે! મહાન પુણ્યનો ઉદય હોય ત્યારે પત્નીઓ પણ સારી મળે છે.

દેવાનુ પ્રિયો! આ માનવજીવનમાં અમૃત પણ ઘૂંટી શકાય છે. હું અને મારૂં જો અંતરમાં ઘુંટાયા કરતું હોય કે મારે આટલા બંગલા છે, આટલી જમીન છે, આટલી સંપત્તિ છે, આટલા દીકરા છે, આટલી મોટર છે, મારા જેવો ગામમાં કોઇ નામાંકિત નથી, મારા જેવો વૈભવશાળી અને સત્તાધીશ કોઇ નથી, મારા જેવો કોઇ સુખી નથી. આવું સંવેદન અંતરમાં ચાલ્યા કરતું હોય તો સમજવું કે જીવનમાં એકલું ઝેર ઘૂંટાય છે અને હું જ્ઞાન-દર્શનયુક્ત શુદ્ધ સ્વરૂપી અવિનાશી, નિર્મળ અને અરૂપી આત્મા છું. એ સિવાય પરદ્રવ્યોમાંથી એક પરમાણુ પણ મારી માલિકીનો નથી, તેમજ,

"एगो मे सासओ अप्पा, नाण दंसण संजुओ ।
सेसा मे बाहिराभावा, सव्व संजोग लक्खणा ।।"

મારો આત્મા એક શાશ્વત છે. જ્ઞાન-દર્શન. ચારિત્રના લક્ષણવાળો છે. એ સિવાય બાકીના બધા ભાવો બહિર્ભાવો છે, અને તે સર્વે સાંયોગિક લક્ષણવાળા છે. શરીર એ પણ બહિર્ભાવ છે. ત્યાં ધન-વૈભવ, સત્તા અને સ્ત્રીઓની તો વાત કયાં કરવી?. અંતરમાં આવું સંવેદન થતું હોય તો સમજવું કે જીવનમાં એકલો અમૃતરસ ઘૂંટાય છે તેવો અમૃતરસ ઘૂંટનાર એક દિવસ મૃત્યુને જીતી મોક્ષમાં જાય છે.

આવી વાત ઉચ્ચ કક્ષાના આત્માઓ સમજી શકે છે. આ વાત ખૂબ ગહન છે. મોહમાં ઘેરાયેલા જીવોને સમજવી મુશ્કેલ છે. આત્મિકભાવપૂર્વકની ક્રિયા કરવાથી કર્મની નિર્જરા થાય છે. હવે વધુ ભાવ અવસરે કહેવાશે.

"ચોથો ભવ"

ચરિત્ર: જાલિની અને શિખીકુમાર મુનિ બંને પોતપોતાનું પાત્ર ભજવી પોતપોતાના કર્માનુસાર એક દેવલોકમાં અને એક નરકમાં ઉત્પન્ન થયા. બંનેમાં એક આત્મા પવિત્ર છે ને બીજો નિષ્ઠુર છે. એક દ્વેષી છે ને બીજો પ્રેમી છે. ત્રણ ત્રણ ભવ તેમના વેરાનુબંધમાં પૂરા થયા. હવે ચોથા ભવમાં કયાં ઉત્પન્ન થાય છે તે જોઇએ.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં સુશર્મ નામનું નગર આવેલું છે. તે નગરમાં શત્રુઓ રૂપ હસ્તિઓનું મથન કરવામાં સિંહ સમાન સુધન્વા નામના રાજા હતા. તેમનું રાજ્ય ખૂબ સમૃદ્ધ અને સુખી હતું. ત્યાં કોઇને ખાવા પીવાનું અને પહેરવા ઓઢવાનું દુઃખ ન હતું. એ સુધન્વા રાજાના રાજ્યમાં વૈશ્રમણ નામના એક ધનવાન શેઠ હતા ને તેમનું રાજમાં ખૂબ માન હતું. શેઠ ખૂબ દયાળુ અને ગરીબોને સહાય કરનારા હતા. તેમને શ્રીદેવી નામની શીયળવંતી સ્ત્રી હતી. વૈભવ અને સુખ ઘણાં હતાં. પણ પરણ્યાને ઘણો સમય થઈ ગયો હોવા છતાં તેમને કંઈ સંતાન ન હતું એટલે સદા ચિંતાતુર રહેતા છેવટે દાનશાળા શરૂ કરી અને અનેક પ્રકારની ધર્મકરણી કરવા લાગ્યા. હવે શું બને છે તે સાંભળો.

"ધનકુમારનો જન્મ:-"

શીખી સ્વર્ગલોકસે ચવકર, યહાં લિયા અવતાર,
દિયા નામ કુલચંદ્ર નંદકા, શ્રી "ધનદેવ" કુમાર હો...શ્રોતા

શિખીકુમાર મુનિ સમાધિમરણે મરીને પાંચમે દેવલોકે ગયા હતા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી ચ્યવીને શ્રીદેવીના ગર્ભમાં પુત્રપણે ઉત્પન્ન થયો છે. તે રાત્રે પરોઢીએ તેણે એક સુંદર હાથીને મુખમાંથી પેટમાં પ્રવેશ કરતો જોયો. હાથી ખૂબ સુંદર અને ઉત્તમ હતો. આવું સ્વપ્ન દેખીને શ્રીદેવી સુખપૂર્વક જાગૃત થઇને પોતાના પતિ વૈશ્રમણ શેઠની પાસે જઇને સ્વપ્નની વાત કહી. આ સાંભળી શેઠને પણ ખૂબ આનંદ થયો ને કહ્યું હે સતી! તને સમગ્ર સ્વજનનો નાયક થનાર પવિત્ર પુત્ર થશે એટલે

આપનું કહેવું સત્ય છે એમ પતિના વચનને અભિનંદન આપતી ગર્ભનું પાલન કરવા લાગી. એમ કરતાં સવાનવ માસે એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. શેઠે પુત્રનો જન્મ ઉત્સવ કરાવ્યો. ગરીબોને દાન આપ્યું અને મહિના પછી એમનું નામ "ધનદેવ" પાડયું. ધનદેવકુમાર દિવસે દિવસે ખૂબ. લાલનપાલનમાં મોટા થાય છે. હવે જાલિનીનું શું બન્યું તે જોઇએ.

પૂર્ણચંદ્ર ક્રિસસેઠ દૂસરા, ઉસી નગરમેં ઔર,
અર્ધાંગિનીકા નામ ગોમતી, કમલાનની ચકોર,
જીવ જાલિની કન્યા રૂપમેં, જન્મ લિયા ઉસ ઠોર હો...શ્રોતા

એ નગરમાં પૂર્ણચંદ્ર નામના બીજા એક શેઠ રહેતા હતા. તેમને ગોમતી નામની પત્ની હતી. જાલિની મરીને બીજી નરકમાં ગઈ હતી. ત્યાંથી નીકળીને સંસારમાં ઘણો કાળ રખડી પૂર્ણભદ્ર શેઠની ગોમતી નામની ભાર્યાની કુક્ષીમાં પુત્રીપણે ઉત્પન્ન થઈ. જન્મ થયા પછી તેનું ધનશ્રી એવું નામ પાડવામાં આવ્યું. ધનશ્રી ધીમે ધીમે મોટી થઈ ને ત્યાં ધનકુમાર પણ મોટો થયો. એક દિવસ ધનદેવકુમાર તેના મિત્રો સાથે બગીચામાં ફરવા માટે ગયો હતો અને ધનશ્રી પણ તેની સખીઓ સાથે ફરવા ગઇ હતી. ત્યાં બંને પરસ્પર સામા મળે છે ને ધનદેવ અને ધનશ્રીની નજર એક થાય છે. સ્વરૂપવાન અને યુવાન ધનશ્રીને જોઇને ધનદેવકુમારને તેના પ્રત્યે પ્રેમ જાગ્યો. તે વારંવાર સ્નેહપૂર્વક તેના સામું જોવા લાગ્યો. અને ધનશ્રીએ ધનદેવકુમારને જોયો એટલે તેના પ્રત્યે દ્વેષભાવ ઉત્પન્ન થયો.

ધનશ્રી અને ધનદેવકુમારના લગ્ન :

ધનદેવકુમારને ધનશ્રીના મુખ તરફ જોતો જોઇને મિત્રો એમ સમજી ગયા કે આ કન્યા તેને ગમી ગઈ લાગે છે. આ વાત વૈશ્રમણ શેઠના કાને આવી એટલે તેમણે ધનશ્રીની ધનદેવ માટે માંગણી કરી. બંને શેઠ મિત્રો હતા એટલે પૂર્ણચંદ્ર શેઠે પોતાની પુત્રી ધનશ્રીને ધનદેવ સાથે ખૂબ ધામધૂમથી પરણાવી. તમને થશે કે માબાપે પૂછયું પણ નહિ ને લગ્ન કરી નાંખ્યાં ? એ જમાનામાં કન્યા જોવા જવાનું એવું કંઇ ન હતું. તે સમયે દીકરા દીકરીને પૂછતા પણ નહિ. સારૂં અને ખાનદાન કુટુંબ જોઈને યોગ્ય લાગે ત્યાં પરણાવી દેતા અને તેમાં સંતાનો પણ કંઇ દલીલ કરતા નહિ. માતા-પિતા જે કરે છે તે આપણા માટે યોગ્ય કરે છે એમ સમજીને વધાવી લેતા. ધનદેવકુમાર અને ધનશ્રીના લગ્ન થયા. ધનદેવને તો ધનશ્રી ગમતી હતી તેથી તેને ખૂબ આનંદ થયો પણ ધનશ્રીએ જ્યારથી ધનદેવને જોયો ત્યારથી તેના પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થયો હતો. એ પરણીને આવી ત્યારથી ધનકુમાર પ્રત્યે બિલકુલ પ્રેમ રાખતી નહિ. ધનદેવ તેને પ્રેમથી બોલાવે તો બોલે પણ નહિ ને ઉપરથી ગમે તેવા શબ્દો કહી દેતી.

ધનકુમાર ખૂબ સરળ સ્વભાવી અને ગુણગ્રાહી જીવ છે. પત્ની ઘણું ખરાબ કરે છે પણ કોઇને વાત કરતો નથી. સમતાભાવે સહન કરતો પોતાના કર્મોને દોષ આપે છે. એને એમ કે ધીમેધીમે માની જશે એમ શાંતિ રાખે છે. પણ ધનશ્રીના અંતરમાં તો પતિ પ્રત્યે દ્વેષ ભર્યો છે. વૈરનો ઉદય કેવો જોરદાર છે. વૈરનો બદલો લેવા કેવી સાંકડી સગાઇમાં ઉત્પન્ન થાય છે. જે પૂર્વભવમાં માતા અને પુત્ર હતા તે આ ભવમાં પતિ-પત્ની તરીકે ઉત્પન્ન થયા છે. પતિને એક દિવસ ધનશ્રી સુખ પડવા દેતી નથી એમ કરતાં ધનદેવના દિવસો જાય છે.

દાન આપવાની ભાવના :

આ ધનદેવને નંદક નામનો ખૂબ પ્રેમપાત્ર મિત્ર હતો. બંને કાયમ સાથે રહેતા. હરવા ફરવા બધે સાથે જતા.

ધનદેવકા પરમ મિત્ર હ, નંદક નામ વિખ્યાત,
એક દિન ઘરસે ચલે ઘુમને, ઉસી દોસ્ત કે સાથ....હો....

એક વખત શરદકાળમાં બંને મિત્રો ફરવા ગયેલા, ત્યાં તે નગરમાં રહેનાર સમૃદ્ધિદત્ત સાર્થવાહનો પુત્ર પરદેશ જઈ ઘણું દ્રવ્ય કમાઇને આવેલો. તે કારતકી પુનમના દિવસે અનાથ અને ગરીબોને છૂટે હાથે દાન આપી રહ્યો હતો, તે ધનદેવે જોયો. પૈસા-રત્નો વિગેરે ભેગું કરીને મુઠીએ ને મુઠીએ દેતો હતો. આ જોઇને ધનદેવના મનમાં થયું કે અહો! કેવો ભાગ્યવાન છે કે પોતાની કમાણીમાંથી છૂટા હાથે દાન આપે છે. આ જોઇ એનું મુખ કરમાઇ ગયું ત્યારે તેનો મિત્ર નંદન પૂછે છે હે ધનદેવ! આ દાન દે છે તેમાં તું શા માટે ઉદાસ થઇ ગયો? ત્યારે ધનદેવ કહે છે આ શ્રેષ્ઠીપુત્ર દાન આપી રહ્યો છે તે જોઈને મને એમ થાય છે કે જાણે આવું દાન હું ક્યારે આપીશ? ત્યારે નંદક કહે છે તારા પિતાજીને તું એક પુત્ર છે ને પાસે ધન ઘણું છે, તું ધારે તો એનાથી વધુ દાન કરી શકે તેમ છે. ત્યારે ધનદેવ કહે છે મિત્ર! એ તો મારા પિતાની કમાણીનું છે. હું મારા ભુજબળથી કમાઈને દાન આપું તો સાચું દાન કહેવાય. માટે તું મારા પિતાજીને કહે કે ધનદેવ પરદેશ કમાવા જવા ઈચ્છે છે. નંદકે શેઠને ધનદેવનો અભિપ્રાય જણાવ્યો ત્યારે ધનદેવને તેના પિતા કહે છે બેટા! તું શા માટે ચિંતા કરે છે? તારે જેટલું ધન દેવું હોય તેટલું દે. મારી જરા પણ ના નથી. પણ આપણે પરદેશ જવું નથી તું મારે એકનો એક પુત્ર છે. હું તને પરદેશ નહિ જવા દઉં. પણ ધનદેવ કહે છે પિતાજી! આપની વાત સાચી છે. પણ આપની કમાણીના ધનનું દાન દેવાથી મારા મનને શાંતિ થવાની નથી માટે ગમે તેમ કરો પણ મને જવા દો. પુત્રે હઠ પકડી અને પિતાએ જવાની રજા આપી.

આ તરફ નંદક ધનદેવનો મિત્ર હતો. બીજી તરફ ધનશ્રીને તેના પ્રત્યે ખૂબ

પ્રેમ હતો એટલે તેની સાથે કુચાલે ચાલતી હતી. પતિ પ્રત્યે બિલકુલ પ્રેમ ન હતો પણ નંદક પ્રત્યે તેને ગાઢ પ્રેમ હતો. ધનદેવ પરદેશ ધન કમાવા જાય છે તે સમાચાર ધનશ્રીના જાણવામાં આવ્યા, એટલે એના મનમાં થયું કે ઠીક થયું. હવે એ જશે એટલે નંદકની સાથે મનમાન્યા સુખ ભોગવાશે, પણ નંદક સાથે વાત થતાં ખબર પડી કે તે પણ ધનદેવની સાથે જનાર છે એટલે હવે ધનશ્રી કેવું કપટ કરશે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૭૦

ભાદરવા વદ ૯ ને ગુરૂવાર **તા. ૨૦-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરૂણાના સાગર ભગવંત જગતના જીવોના કલ્યાણ માટે ઢાંઢી પીટાવીને કહે છે હે ભવ્ય જીવો! આત્મસાધનાની અમૂલ્ય તક જાય છે. તમે જીવનમાં બધું પ્રાપ્ત કરી શકશો પણ જીવનમાંથી જે અમૂલ્ય ઘડી અને પળો જાય છે તે પાછી મેળવી શકશો નહિ. આપણા ભગવંતે ઘડીની કિંમત આંકી છે. એથી અધિક આગળ વધીને મિનિટ અને એથી આગળ વધીને સમયની કિંમત આંકી છે. સમયં ગોયમ મા પમાયએ પોતાના પટ્ટશિષ્ય ગૌતમસ્વામી જેવા પુરૂષને પણ કહી દીધું કે હે ગૌતમ! સમય માત્રનો પ્રમાદ કરવા જેવો નથી. મનુષ્યજીવનની ક્ષણ કોહીનુર હીરા કરતાં પણ કિંમતી છે.

ભગવતી સૂત્રના નવમા શતકના તેત્રીશમા ઉદ્દેશામાં જમાલિકુમારનો અધિકાર ચાલે છે. જમાલિકુમાર પ્રભુની વાણી સાંભળી વૈરાગ્યના રંગે રંગાયા છે. તે માતાની પાસે આવીને કહે છે હે માતા! મારી એકેક ક્ષણ અમૂલ્ય જાય છે, મને દીક્ષાની આજ્ઞા આપો તો આજન્મ-જરા અને મરણની સાંકળ તોડીને સંયમની સાધના કરવા પ્રભુ મહાવીરના ચરણમાં જીવનનૈયા ઝુકાવી દઉં. ચારિત્ર વિના ત્રણ કાળમાં આત્માની સિદ્ધિ થવાની નથી ને આત્મશુદ્ધિ વિના કેવળજ્ઞાન થવાનું નથી. પણ મોહઘેલી માતા જુદી જુદી રીતે જમાલિકુમારને સમજાવે છે. પ્રલોભનો આપે છે, ગઇ કાલે કહ્યું હતું કે એની માતાએ કહ્યું કે હે દીકરા! તું આ ઉત્તમ કુળની સૌંદર્યવાન રાજકુમારીઓ જે અબજોનો હાયજો લઇને આવી છે તેમની સાથે સંસારસુખની મઝા માણી લે. ત્યારે જમાલિકુમારે માતા-પિતાને જવાબ આપ્યો કે હે માતા-પિતા! તમે મને જેની સાથે રહી સુખ ભોગવવાનું કહો છો તે રમણીઓના રૂપ ગમે તેટલા સુંદર હોય પણ અંદરમાં શું ભરેલું છે? ઉપર ચામડીનું સુંદર ખોળિયું મઢયું છે, બાકી અંદર તો અશુચીનો ઢગલો છે. આ યુવાની તો સંધ્યાના ખીલેલા રંગ જેવી છે. વળી એ સ્ત્રીઓ

મને મૂકીને ચાલી નહિ જાય તેની શું ખાત્રી ? કોણ પહેલું જશે તેની ખબર નથી તો કોના ઉપર વિશ્વાસ કરવા જેવો છે ? જમાલિનો જવાબ સાંભળી માતા ઠંડીગાર બની ગઈ. થોડીવાર મૌન રહી પાછી બીજી દલીલ કરે છે.

तए णं तं जमालि खत्तियकुमार अम्मा पियरो एवंवयासी इमे य ते जाया ! अज्जय-पज्जय पिउपज्जया गए सुबहु हिरन्ने य सुवन्ने य कंसेय दूसेय विउलधण कणगजाव संत सारसावएज्जे अलाहि जाव आसत्तमाओ कुलवंसाओ पकाम दाउं पकामभोत्तुं परिभाएउं त अणुहोहि तावजाया ! विउले माणुस्सए इड्ढिसक्कार समुदएतओ पच्छा अणुहूय कल्लाणे वड्ढिय कुलवंस जाव पव्वइहिसि ।

જમાલિકુમાર માતાના મોહમાં મૂંઝાયો નહિ, પત્નીઓના પ્રેમમાં પટકાયો નહિ. માતાએ જાણ્યું કે દીકરો મક્કમ છે, છતાં થાય તેટલાં પ્રયત્ન કરે છે. હવે ધનસંપત્તિનું પ્રલોભન આપતા કહે છે હે મારા વ્હાલસોયા દીકરા ! તું જો તો ખરો. આપણે ઘેર કેટલી ઋદ્ધિ છે. તારા પિતાના પિતા અને તેમના પિતા અને તેમનાથી પણ આગળના પૂર્વજોના વારસાથી આવેલું સોનું, ચાંદી, ઝવેરાત, તેમજ કિંમતી વસ્ત્રાભૂષણો, રોકડ ધન સોનૈયા અને બીજી પણ સારભૂત માલ-મિલ્કત યાવત્ રાજસંપત્તિ આદિ કેટલું બધું ભરચક ભરેલું છે કે સાત પેઢી સુધી ભરપૂર દેતાં, ભરપૂર વહેંચતા અને ભરપૂર ખાતાં પણ ખૂટે તેમ નથી. જંગી ઋદ્ધિ, સમૃદ્ધિ અને માન-સન્માન ભોગવી લે. બધાં સુખો ભોગવીને પાકી ઉંમરે સંતાનપરંપરા વધારી અમારા કાળ કર્યા પછી તું દીક્ષા લેજે.

દેવાનુપ્રિયો ! વિચાર કરો. કેવી પૂર્વની પુન્નાઇ છે ! આજે પણ એવા જીવો હશે કે જેની સાત પેઢીમાં દુઃખ જોયું નહિ હોય. પાણીના મોજાની જેમ લક્ષ્મી વધ્યા કરે, વધ્યા કરે. જમાલિકુમારને ત્યાં પણ એના પિતાના પિતા એટલે પિતામહ અને એમના પિતા એટલે પ્રપિતામહ આ ત્રણ ત્રણ પેઢીથી વિપુલ વૈભવ ચાલ્યો આવે છે. આવું મોટું રાજ્ય હોય ને ઋદ્ધિ હોય ત્યાં બીજી વસ્તુઓ પણ કેટલી બધી હોય ? સોનું, ચાંદી, રૂપું, કાંસુ અને ઝવેરાતના ભંડાર ભર્યા હતા. આગળના માણસો કાંસાના વાસણમાં જમતા હતા અને તાંબા-પિત્તળના વાસણો વપરાતા હતા. જેમ તાંબુ-પિત્તળ ને કાંસુ વિગેરે ધાતુઓ છે તેમ આપણા શરીરમાં ધાતુઓ રહેલી છે. તાંબા-પિત્તળના વાસણમાં જમવાથી શરીરમાં રહેલી ધાતુઓને તત્ત્વ મળતું, પણ આજે તો કાંસુ-તાંબુ ને પિત્તળ ગયું ને લોઢું આવ્યું. સ્ટીલના ઉજળા લોઢાને મોહી ગયા છે. ગામડાંના લોકો પણ નવા ને નવા તાંબા પિત્તળ ને કાંસાના વાસણો વેચીને સ્ટીલના વાસણ વસાવે છે. સ્ટીલ અને પ્લાસ્ટીકના વાસણોનો વપરાશ વધ્યો ને માણસના શરીરમાં રોગ પણ વધ્યા, જમાલિકુમારના ઘેર કાંસુ-તાંબુ-પિત્તળ પણ ઘણું હતું.

જમાલિકુમારની માતા કહે છે હે દીકરા ! તું આ બધું ભોગવ. દાન આપ અને આ સંસારમાં માન-સન્માન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી લે. તારી ઇચ્છા પ્રમાણે મનગમતા સુખો ભોગવી લે. પછી દીક્ષા લેજે. પણ જમાલિકુમારની દૃષ્ટિ હવે બદલાઇ ગઇ છે. જેની પાસે આટલી ઋદ્ધિ છે છતાં તેનો ત્યાગ કરવા તત્પર બન્યા છે અને તમારી પાસે નથી છતાં મેળવવા મહેનત કરો છો. મહેનત કરો છો એટલું નહિ પણ પૈસાને ખાતર પંચશીલરૂપ ધર્મ પણ ખોઇ નાખો છો. સાધુના પાંચ મહાવ્રત છે. મહાવ્રતમાં નવેનવ કોટીએ પ્રત્યાખ્યાન કરવામાં આવે છે. શ્રાવકના પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત ને ચાર શિક્ષાવ્રત છે. એમાં મર્યાદામાં અંશે અંશે છૂટ રાખવામાં આવે છે. તેમાં અહિંસા સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ આ પાંચ શીલ ધર્મ છે. જો પૈસા મળતા હોય તો આ પંચશીલરૂપ ધર્મને પણ વેચી દે છે. આ ધન કેવા અનર્થ કરાવે છે.

તમારે ત્યાં કોઇ થાપણ મૂકી ગયો હોય અને તેને તમે દગો દો તો તેને તેના પ્રાણ જાય તેટલો આઘાત લાગે છે; કારણ કે અજ્ઞાની જીવો ધનને અગ્યારમા પ્રાણ સમાન ગણે છે. ધનને પ્રાણ માનનારાનું ધન પડાવી લે, ધન લૂંટી લે તો કયારેક પ્રાણ પણ ચાલ્યા જાય છે. જેમણે પોતાના આત્માને ઉર્ધ્વગામી બનાવવો હોય તેમણે કોઇ પણ જીવની હિંસા ન કરવી જોઇએ. પોતાના પ્રાણની જેમ બીજાના પ્રાણનું રક્ષણ કરવું જોઇએ. ખાતા-પીતા-હાલતા-ચાલતા, બહેનો રસોઇ આદિ ગૃહકાર્ય કરતાં ઉપયોગ રાખે તો જીવદયા પાળી શકાય છે. આચારાંગસૂત્રમાં ભગવાન ફરમાવે છે કે જેની તું હિંસા કરવા ઇચ્છે છે તે તું પોતે છે. જેવો તારો આત્મા છે તેવો બીજનો આત્મા છે તેમાં જરા પણ ભેદ નથી. સ્વરૂપથી બધા આત્માઓ અભેદ છે. વેપારી બીજાને છેતરતો હોય, કોઇને ચૂસી લેતો હોય, ત્યારે એ એમ સમજે છે કે મારી ચાલાકીથી હું બીજાને છેતરું છું પણ ખરી રીતે તો પોતાની જાતને છેતરી રહ્યો છે. આટલા માટે ભગવાન કહે છે સ્વદયાને માટે પણ પરદયા પાળવી જોઇએ. તમને તમારી દયા તો છે ને? જેનામાં સ્વદયા હોય તેનામાં પરદયા તો હોય. શુભ પરિણામથી જેણે પોતાના આત્માનું રક્ષણ કર્યું હોય તે અવશ્યમેવ બીજા જીવોનું રક્ષણ કરી શકશે.

અહિંસા વ્રત મહાન છે. તેની રક્ષા કરવા માટે સત્ય અને અચૌર્ય વાડરૂપ છે. વાડ કાઢી નાંખવામાં આવે તો ખેતર ખેદાનમેદાન થઈ જાય. તેમ જીવનમાં જો સત્ય અને અચૌર્ય ન હોય તો અહિંસારૂપી ખેતર ખેદાનમેદાન થઇ જાય છે. માટે અહિંસાની રક્ષા કરવા માટે સત્ય વ્રતનું પાલન કરવું જરૂરી છે. એ સત્ય વચન પણ કેવું હોવું જોઇએ ? न सत्यमपि भाषेत परपीडाकरं वचः । સત્ય વચન હોવા છતાં એવું ન હોવું જોઇએ કે જે બોલતાં બીજાને પીડા ઉત્પન્ન થાય. સત્ય પણ હિત-મિત ને પથ્યકારી હોવું જોઇએ. હિત એટલે સામાને હિતકારી હોવું જોઇએ. મિત એટલે

ઓછું અને પ્રિયકારી બોલવું જોઈએ ને પથ્ય એટલે ગુણકારી હોવું જોઇએ. સત્ય બોલવથી માનવનું જીવન ઉમદા બને છે.

જેટલું અહિંસા અને સત્યનું મહત્વ છે તેટલું અચૌર્યનું પણ મહત્વ છે. હિંસા અને અસત્યના ત્યાગીની જેમ મનુષ્યોએ કોઈનું અદત્ત પણ ન લેવું જોઇએ. ઉપર કહેવાઇ ગયું કે પૈસો એ અગિયારમો પ્રાણ છે. એટલે દરેક પ્રાણીને જેમ પોતાના પ્રાણ પ્રિય છે તેમ પૈસા પણ પ્રિય છે. પ્રાણથી પણ પૈસો વધુ પ્રિય છે. એવા પૈસાનું હરણ કરવું તે તેનો વધ કરવા બરાબર છે. તમને એમ થતું હશે. કે અમે કયાં ચોર છીએ? ભાઇ! પેલા ચોર તો ઉઘાડા ચોર છે. રાતના કાળીયા ચોર છે ને તમે ધોળા દિવસના ધોળીયા ચોર છો. અનીતિ, વિશ્વાસઘાત આ બધા પાપો ચોરીના પાપ કરતાં પણ ચઢી જાય તેવા પાપ છે. અનીતિથી ધન મેળવવું એ એક પ્રકારની ચોરી છે. અનીતિનું ધન કાયમ કયાં ટકે છે? સંત તુલસીદાસે કહ્યું છે કે:

"નાણું બીન નિતી તણું, રહે વર્ષ પાંચ કે સાત
તુલસી દ્વાદશ વર્ષમેં, જડમૂલસે જાત."

અનીતિનું ધન વધુમાં વધુ બાર વર્ષ સુધી રહે છે ને અંતે જડમૂળમાંથી ચાલ્યું જાય છે. જેમ વિષવેલ આખા વૃક્ષનો નાશ કરે છે તેમ અનીતિનું ધન પોતે તો નાશ પામે છે પણ બીજું હોય તેને પણ સાથે ઘસડી જાય છે. વળી અનીતિથી ધન પ્રાપ્ત કરનારા આ ભવમાં વધ-બંધનના ત્રાસ ભોગવે છે ને પરભવમાં પણ દારિદ્ર અને દુર્ભાગ્ય પામે છે. માટે આ ભવમાં અને પરભવમાં જો સુખી થવું હોય તો પાપકર્મો કરવાનું છોડી દો.

અબ્રહ્મચર્યનું સેવન કરવામાં પણ મહાન પાપ છે. એકવારના વિષયસેવનમાં નવ લાખ ગર્ભજ પચેન્દ્રિય જીવોની હિંસા થાય છે અને બીજા સમુર્છિમ જીવોની હિંસા થાય તે જુદી. માટે સંપૂર્ણ અહિંસાવ્રતનું પાલન કરવા માટે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઇએ. શુદ્ધ મન-વચન-કાયાથી જે બ્રહ્મચર્યનું પાલન કરે છે તે જગતમાં પૂજનીક બને છે.

देव दानव गंधव्वा जक्ख रक्खस्स किन्नरा ।
बंभयारि नमंसंति दुक्करं जे करेन्ति ते ।।

ઉત્ત. સૂ. અ. ૧૬ ગાથા ૧૬

દેવ, દાનવ, ગાંધર્વો, યક્ષો, રાક્ષસો અને કિન્નરો જે આલોકમાં દુષ્કર એવું શુદ્ધ બ્રહ્મચર્ય પાળે છે તેના ચરણમાં નમસ્કાર કરે છે. બ્રહ્મચર્યના પાલનથી મનુષ્ય દીર્ઘાયુષ બને છે, શરીર મજબૂત અને તેજસ્વી બને છે જેમ મકાનનો આધાર પાયા ઉપર છે તેમ દેહરૂપી ઇમારતનો આધાર મૂળ પાયો બ્રહ્મચર્ય છે.

જેટલું બ્રહ્મચર્ય શુદ્ધ તેટલું શરીર નિરોગી રહે છે. આજે તો શરીરની ઉપરની ટાપટીપ ખૂબ વધી ગઈ છે ને બ્રહ્મચર્યનો પાયો હચમચી ગયો છે તેમાં પણ આજના શિક્ષણે અને સિનેમાએ તો ઘાટ વાળ્યો છે. સિનેમા અને સહશિક્ષણ ભારતની પવિત્ર સંસ્કૃતિનો જડમૂળમાંથી નાશ કરનાર છે. માટે તમે સમજો તો સારી વાત છે. નહિતર તમારૂં જીવન બરબાદ છે. આજે સ્કુલોમાં પણ એવું જ્ઞાન આપવામાં આવે છે કે ઈંડા ખાવાથી શરીરમાં વિટામીન આવે છે. વિટામીન ડી અને વિટામીન સી ની વાતો ચાલે છે. આજના ડૉકટરો પણ એમ કહે છે કે બટાટામાં ને લસણમાં વિટામીન છે ને એથી આગળ વધીને કહે છે કે ઈંડામાં તો સૌથી વધુ વિટામીન છે. પણ અનુભવી પુરૂષો કહે છે કે આ બધી માન્યતાઓ ભૂલભરેલી છે. ખરૂં વિટામીન તો બ્રહ્મચર્યમાં છે. જ્યાં જીવોની એકાંત હિંસા છે ત્યાં વિટામીન કયાંથી મળવાનું છે ? જ્યાં અહિંસા છે, બ્રહ્મચર્ય છે ત્યાં સાચું વિટામીન છે. માટે બ્રહ્મચર્યનું પાલન કરો. સર્વથા બ્રહ્મચર્યનું પાલન ન કરી શકો તો "સ્વ-દાર સંતોષ" દેશથી તો બ્રહ્મચર્યનું પાલન કરો.

બ્રહ્મચર્યમાં કેટલો લાભ છે! કોઇ એક માણસ કરોડો રૂપિયાનું દાન કરે અને સોનાનું ભોંયતળિયા જડેલું ધર્મસ્થાનક બંધાવે તો પણ મન-વચન-કાયાથી શુધ્ધ બ્રહ્મચર્ય પાળનાર વ્યકિત જે લાભ મેળવે છે તે સોનાનું રત્નજડિત ધર્મસ્થાનક બંધાવનારો પામી શકતો નથી. આવી બ્રહ્મચર્યમાં શકિત છે. દાન-દેનારને તો કદાચ અભિમાન આવી જશે કે મેં આટલું દાન કર્યું છે, આવો ઉપાશ્રય બંધાવ્યો છે પણ બ્રહ્મચર્ય પાળનારને અભિમાન નહિ આવે.

એક ગામડાંમાં કોઈ સંત વિહાર કરીને ગયા. જૈનના દશ પંદર ઘર હતા. સંત પાટ ઉપર બેઠા. ગામમાં રહેતો મુખ્ય શ્રાવક છાતી પુલાવતો આવ્યો. પાટ સામે નજર કરી પણ નામ ન દેખાયું. એટલે કહે છે મહારાજશ્રી! જરા ઉભા થઇ જાવ. કેમ ભાઇ! ત્યારે કહે છે નોકરે પાટ ફેરવવામાં જરા ભૂલ કરી છે. એણે પાટ ફેરવીને નામ આગળ કઢાવ્યું ત્યારે એને શાંતિ થઇ. શું જાહેરાત કરવાની જીવની આકાંક્ષા છે! સંતોને પાટેથી ઉઠાડવા તૈયાર થયો. દાન દેવામાં જો હૃદયથી નહિ છૂટતું હોય તો આમ બને છે પણ વિષયો જીતવાથી બ્રહ્મચર્યનું પાલન કરતા આત્મસાધના થાય છે.

પાંચમું પરિગ્રહ વ્રત: પરિગ્રહ પણ આત્મસાધનામાં વિઘ્નરૂપ છે. માટે જરૂરિયાતથી અધિક પરિગ્રહનો સંગ્રહ ન કરવો જોઇએ. સંસારનું મૂળ આરંભ અને પરિગ્રહ છે. પરિગ્રહની તીવ્ર મૂર્છા મહાન આરંભ-પાપ કરાવે છે. જો કર્મબંધનથી બચવું હોય તો ધીમે ધીમે પરિગ્રહનો ભાર હળવો કરો. જો કોઇ માણસ ગાડામાં ગજા ઉપરાંત ભાર ભરે તો એના બળદ અધવચ્ચ થાકી જાય છે ને બેસી પડે છે. પછી એને પોતાના સ્થાને પહોંચવું પણ મુશ્કેલ થઈ પડે છે તેમ પરિગ્રહના ભારથી ભારે બનેલો આત્મા અધોગતિમાં જાય છે ને ભવવનમાં ભટકયા કરે છે.

જમાલિકુમારને ઘણી ઋદ્ધિ હતી. માતા-પિતાની શીતળ છાયા હતી. બધા સંયોગો સાનુકૂળ હતા. એના ભૌતિક સુખમાં જરા પણ ખામી ન હતી. આજે તો આપના જીવનમાં કાંઇ ને કાંઇ તો ઉપાધિ હશે. જમાલિકુમારને એ બધી સંપતિ તણખલાતુલ્ય લાગી. કારણ કે પ્રભુની વાણી સાંભળી એના અંતરચક્ષુ ખુલી ગયા હતા. સમ્યગ્‌દર્શન પ્રગટી ચૂકયું હતું.

બંધુઓ! આટલા પ્રલોભનો આપવા છતાં જમાલિકુમાર લલચાતા નથી. એનું કારણ સમ્યગ્‌-દર્શનની લહેજત છે. સમ્યગ્‌દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિમાં આસમાન જમીન જેટલું અંતર છે. સમ્યગ્‌દૃષ્ટિ આત્માને મહેલ જેલ જેવા લાગે. ધન એ રોડા અને કૂકા જેવું લાગે અને ગમેતેટલા દુ:ખમાં પણ સુખનું દર્શન કરે અને એ આત્મા કર્મોને ચેલેન્જ આપે કે તમારે જે રીતે આવવું હોય તે રીતે આવી જાવ. અત્યારે મારામાં સમજણ છે, જ્ઞાન છે. અજ્ઞાન અવસ્થામાં મેં દુ:ખો ઘણાં સહન કર્યા પણ આટલો લાભ ન થયો. હવે હું રાજાનો પણ રાજા છું. હવે મને અર્ધપુદ્‌ગલ પરાવર્તન કાળથી વધારે કાળ દુ:ખી કરવાની તમારામાં તાકાત નથી. પરમાત્મપદને પામી જઇશ પછી તમારૂં જોર નહિ ચાલે. સમ્યગ્‌દૃષ્ટિ આત્માઓનો આનંદ અનોખો હોય છે. એને તો એમ થાય છે કે અનંતભવ ભમ્યો. હાશ....હવે મારો છૂટકારો થશે. આ માનવજન્મ મારો સફળ થયો. સમકિતની પ્રાપ્તિ થઇ એટલે જાણે મને બધું મળી ગયું.

એક વખતનો પરદેશી રાજા મહાન પાપી હતો. પણ કેશીસ્વામીનો ભેટો થતાં પવિત્ર બની ગયો. ધર્મમય જીવન બનાવી દીધું. છેલ્લે સૂરિકંતા રાણીએ ઝેર આપ્યું છતાં ઝેર આપનાર સૂરિકંતા રાણી પ્રત્યે જરા પણ રોષ ન આવ્યો અને શુભ ભાવનામાં સમાધિપૂર્વક કાળધર્મ પામીને પહેલા દેવલોકમાં સુર્યાભ વિમાનના માલિક સુર્યાભ નામના મહર્ધિક દેવ થયા. એક વખત ભગવાન મહાવીરસ્વામી આમલકપ્પા નામની નગરીની બહાર ઉદ્યાનમાં પધાર્યા છે તે વખતે સુર્યાભદેવ એક મોટા વિમાનમાં બેસીને પોતાના વિશાળ પરિવાર સાથે ભગવાનને વંદન કરવા માટે આવે છે. દેવલોકની ઘોમ સાહ્યબીમાં વસનાર દેવ પણ દેવલોકના નાટક જોવાના પડતા મૂકીને પ્રભુની પાસે આવ્યો. એને આત્માની કેવી લગની હશે! ખૂબ ભાવપૂર્વક પ્રભુને વંદન કરીને પૂછે છે હે પ્રભુ! હું ભવી છું કે અભવી છું? ત્યારે ભગવંત કહે છે હે સૂર્યાભ! તું ભવી છે, અભવી નથી. હે નાથ! હું સમકિતી છું કે મિથ્યાત્વી? ત્યારે ભગવંત કહે છે હે સૂર્યાભ! તું સમકિતી છે મિથ્યાત્વી નથી. હે ભગવંત! હું પરિત્ત સંસારી છું કે અપરિત્ત સંસારી? હે સુર્યાભ! તું પરિત સંસારી છે અપરિત્ત સંસારી નથી. હે ભગવંત! હું આરાધક છું, કે વિરાધક છું? ત્યારે ભગવંત કહે છે તું આરાધક છે, વિરાધક નથી. મુખેથી આવા સુંદર જવાબ સાંભળીને સુર્યાભદેવને આનંદ થયો. હૈયું હર્ષથી નાચી ઉઠયું.

સુર્યાભદેવને એના વૈભવમાં, દેવીઓના નાટકમાં અને આદર સત્કારમાં જે આનંદ ન આવ્યો તેનાથી અનંતગણો આનંદ પ્રભુના વચન સાંભળીને આવ્યો. એ સમજતો હતો કે દેવલોકની ઋદ્ધિ અને સુખ પણ એક દિવસ તો મારે છોડવાના છે. તેમાં જો આસક્ત બનીશ તો મને દુર્ગતિમાં લઈ જશે. માટે એમાં આસક્ત થવા જેવું નથી. સમકિત દૃષ્ટિ આત્મા આરાધક થવા ઇચ્છે પણ વિરાધક થવાનું ન ઇચ્છે. એટલે વિરાધનાથી ખૂબ સાવધાન રહે છે. એ સમજે છે કે આ અમૂલ્ય માનવજીવનમાં મહાન મુશીબતે આરાધના કરવાની સુંદર તક સાંપડી છે, છતાં પ્રમાદ, આળસ અને કષાયને વશ થઈને હું જેટલી કરવી જોઈએ તેટલી આરાધના કરી શકતો નથી. અલ્પ આરાધના થાય છે ત્યાં વળી વિરાધના કરીને કયાંય પાપ બાંધું ? જો તેનાથી વિરાધના થઇ જાય તો એનું હૈયું કંપી ઉઠે. દિલમાં ડંખ લાગે કે મેં આ શું કર્યું ? કમાણી કરવાના અવસરે મેં કયાં આ ખોટનો ધંધો કર્યો! એવો કોણ મૂર્ખ હોય કે ખૂબ મહેનત કરીને મેળવેલી લક્ષ્મીને ખોટનો ધંધો કરીને ગુમાવી દે! થોડી આરાધના કરીને જે કંઈ પુણ્ય ઉપાર્જન કર્યું તેને વિરાધનાની ચિનગારી ચાંપીને બાળી નાંખવું તે મુર્ખાઈ ભરેલું છે.

દેવાનુપ્રિયો ! સમ્યગ્દર્શનની ખૂબી તો જુઓ ! ગાયના શીંગડા ઉપર સરસવનો દાણો રહે તેટલીવાર પણ જો સમ્યગ્દર્શન સ્પર્શીને ચાલ્યું જાય તો પણ સંસાર પરિમિત થઈ જાય છે. જે આત્મા ઉપર સમ્યક્ત્વની મહોર લાગી ગઇ તેને નકકી થઇ ગયું કે આ જીવ અર્ધપુદ્ગલ પરાવર્તન કાળે મોક્ષે જશે. અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ નાનોસૂનો કાળ નથી. દશ ક્રોડાક્રોડી સાગરોપમના છ આરા થાય, ઉત્સર્પિણી કાળના છ આરા અને અવસર્પિણી કાળના છ આરા મળીને વીસ ક્રોડાક્રોડી સાગરોપમનું એક કાળચક્ર થાય. એવા અનંતા કાળચક્ર જાય ત્યારે એક પુદ્ગલપરાવર્તન થાય. તેમાંનો અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ એટલા સમયમાં અનંતી ચોવીસીઓ થઈ જાય. પછી મોક્ષે જવાનું છતાં આટલો આનંદ કેમ? અર્ધપુદ્ગલ પરાવર્તનનો આટલો બધો કાળ હોવા છતાં સિંધુની અપેક્ષાએ બિંદુ જેવો છે. અનંતકાળથી આપણો જીવાત્મા ભવસાગરમાં રખડી રહ્યો છે. હવે આટલા સમયે તો એનો છૂટકારો થશેને ? તેનો સમકિતી જીવોને આનંદ થાય છે.

સમકિત આવ્યા પછી માનવીના વિચારોનું પરિવર્તન થઇ જાય છે ને એની બહિર્મુખદૃષ્ટિ અંતર્મુખ થઇ જાય છે. સમ્યક્દૃષ્ટિ આત્મા જો ઉત્કૃષ્ટ આરાધના કરે અને ક્ષાયક સમકિત પામે તો તે ભવમાં મોક્ષે જાય છે અને તે ભવે ન જાય તો ત્રીજા ભવે તો અવશ્ય મોક્ષમાં જાય અને જઘન્ય આરાધના કરે તો સાત આઠ ભવે મોક્ષે જાય છે. જેમ કોઇ ગરીબ માણસને ધન મળી જાય તો ખુમારીમાં મસ્ત રહે છે તેમ સમકિતદૃષ્ટિ આત્મા પણ સમકિતની ખુમારીમાં મસ્ત રહે છે. સમકિતદૃષ્ટિ આત્મા

કયારે પણ સિદ્ધાંત વિરૂદ્ધ શ્રી જિનેશ્વર ભગવંતના વચનવિરૂદ્ધ એક શબ્દ પણ ઉચ્ચારતો નથી ને કોઇ સિદ્ધાંત વિરૂદ્ધ બોલનારનો સંગ કરે નહિ. તેનાથી સદા દૂર રહે.

સમ્યક્ત્વ એ તેજસ્વી રત્ન છે. એ આપણી બેદરકારીના કારણે અથવા તો મિથ્યાદૃષ્ટિની સંગતના કારણે મિથ્યાદૃષ્ટિના પરિચયમાં લૂંટાઇ ન જાય, બોવાઈ ન જાય તેનું પૂરતું ધ્યાન રાખવું જોઇએ. સમકિતના પાંચ અતિચાર બતાવ્યા છે. શંકા : જૈન ધર્મમાં શંકા કરવી, કંખા : અન્ય મતની આકાંક્ષા કરવી, વિતિગિચ્છ : કરણીના ફળમાં સંદેહ રાખવો પરપાસંડ પરશંશા : પાખંડીની પ્રશંસા કરવી અને પરપાસંડ સંથવો : મિથ્યાત્વીનો પરિચય કરવો. જૈન ધર્મની શંકા થાય તો અન્ય મતની આકાંક્ષા જાગે. મિથ્યાત્વીનો પરિચય થતાં તેની પ્રશંસા કરવાનું મન થાય એની પ્રશંસા કરવામાં પણ મિથ્યાત્વની પુષ્ટિ થાય છે ને સમકિત મલીન બને છે.

જેમ પેટમાં સારૂં અને બોટું, કાચું ને પાકું ગમે તેવું ભોજન નાંખવાથી પેટ બગડે છે તેમ જેનો તેનો પરિચય કરવાથી ને જેનું તેનું સાંભળવાથી આત્મા પણ બગડે છે, પેટ બગડશે તો દવા લેવાથી સારૂં થઈ જશે પણ સમ્યક્ત્વ મલીન થવાથી આત્મા બગડશે તો તેને શુદ્ધ થતાં મહેનત પડે છે. સમકિતને ટકાવવા માટે સતત સંત-સમાગમમાં આવવું જોઇએ. જિનવાણીનું અહર્નિશ પાન કરવું જોઇએ ને સારા પુસ્તકોનું મનનપૂર્વક વાંચન કરવું જોઇએ.

જમાલિકુમારનો આત્મા કેવો મહાન પવિત્ર બની ગયો છે. એની માતા પ્રલોભનો આપે છે પણ એ તો જડબાતોડ જવાબ આપીને માતાને મૌન કરી દે છે. માતાએ કહ્યું તું આ તારી સુંદર સ્ત્રીઓ સાથે ભોગ ભોગવ ત્યારે કહ્યું હે માતા! એ તો હાડકાનો માળો અને અશુચીનું ઘર છે, એમાં શું મોહ પામવા જેવું છે? ફરીને માતાએ કહ્યું કે તારા દાદાના દાદાની ઉપાર્જન કરેલી લક્ષ્મી આપણા ઘરમાં છે તો એ વિપુલ સંપત્તિનો ભોગવટો કર. હવે એનો શું જવાબ આપશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :–અગ્નિશર્મા અને ગુણસેનને પૂર્વથી ત્રણત્રણ ભવથી વૈર ચાલ્યું આવે છે. આ ચોથા ભવમાં પતિ–પત્ની તરીકે ઉત્પન્ન થયા છે. પતિનું નામ ધનદેવ અને પત્નીનું નામ ધનશ્રી છે. બંને એક રાશી છે છતાં તેમના સ્વભાવમાં આસમાન જમીન જેટલું અંતર હતું. પરણીને આવી ત્યારથી ધનશ્રી ધનદેવ પ્રત્યે દ્વેષભાવ રાખતી હતી. કોઈ દિવસ એની સાથે પ્રેમથી હસીને એ બોલતી નહિ. ધનદેવ એને પ્રેમથી બોલાવતો કે હે ધનશ્રી! તું શા માટે આટલી બધી દુઃખી રહે છે પણ એ એનો સ્વભાવ છોડતી નથી. ધનદેવને જોવે ને એના મનમાં એમ થાય કે કયારે એનું કાટલું કાઢું? એને મારી નાંખુ? પૂર્વના વૈર કેવા કામ કરે છે! આ માટે જ્ઞાનીઓ કહે છે કે કર્મબંધ કરતી વખતે ખૂબ સાવધાન રહો. આટલું દુઃખ આપવા છતાં ધનદેવ એમ નથી કહેતો

કે આ સ્ત્રીએ મારો ભવ બગાડયો ને મને કુભાર્યા પત્ની મળી. હોય, મારા કર્મનો ઉદય! એમ સમતાભાવ રાખે છે.

પિતાની આજ્ઞા મળવાથી નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી

ધનદેવે ખૂબ હઠ કરી એટલે તેના પિતા વૈશ્રમણ શેઠે પરદેશ કમાવા જવાની રજા આપી તેથી ધનદેવકુમારને ખૂબ આનંદ થયો. બસ હવે મારી આશા પૂર્ણ થશે. ધનદેવે જવાનું નક્કી કરી આખા નગરમાં ઘોષણા કરાવી કે સુશર્મનગરની પ્રજાને જાહેરખબર આપવામાં આવે છે કે વૈશ્રમણ શેઠનો પુત્ર ધનદેવકુમાર આવતીકાલે વ્યાપાર કરવા માટે તામ્રલિપ્તી નગરીમાં જવાના છે તો જેને જેને વ્યાપાર કરવા આવવાની ઇચ્છા હોય તે તૈયાર થઈ જજો. જેની પાસે પૈસાની સગવડ નહિ હોય, અગર તો ભાથાની વિગેરે મુસાફરીની સામગ્રી નહિ હોય તે બધું ધનદેવ પૂરું કરશે. આ ઉદ્‌ઘોષણા સાંભળી નગરમાં વસતા ઘણાં વહેપારીઓ ધનદેવની સાથે તામ્રલિપ્તી નગરી જવા માટે તૈયાર થયા. આ તરફ ધનદેવે પણ પરદેશમાં જવા માટે ધનની, વ્યાપારની તેમજ વાહનની બધી તૈયારી કરી લીધી. અને સુશર્મનગરથી કયારે પ્રયાણ કરવું તેનો સમય પણ નક્કી કરી લીધો.

ધનદેવ પરદેશ જાય છે તે સમાચાર જાણીને ધનશ્રીને આનંદ થયો કે એ ભલે જતાં. કારણ કે એને તો નંદક સાથે પ્રેમ હતો એટલે એ જશે તો વચમાંથી સાલ જશે. હું નિરાંતે નંદક સાથે આનંદ કરીશ. બસ, પછી તો એની સાથે રહીશ. નંદક સાથે ધનશ્રીને વાત થઈ કે એ જશે પછી આપણે આનંદ કરીશું. ત્યારે નંદક કહે છે મારે તો એમની સાથે જવાનું છે. કોઈ હિસાબે હું રોકાઈ શકું તેમ નથી. નંદક એના શેઠની સાથે જાય છે એ જાણી તેને ખૂબ દુઃખ થયું. ત્યારે એણે વિચાર કર્યો કે ગમે તેમ કરીને હું પણ મારા પતિની સાથે જાઉં તો મારૂં કામ થાય. આ પ્રમાણે વિચાર કરીને માયાવી ધનશ્રી શું કરે છે. મલીન હૃદયના માનવીને કેવા નાટક કરતાં આવડે છે.

ઉપરથી સ્નેહ બતાવતી ધનશ્રી કહે છે સ્વામીનાથ! આપ પરદેશ જાઓ છો પણ મારૂં શું થશે? મને તમારા વિના ક્ષણવાર ગમતું નથી. આપને થોડી વાર ઘરમાં ન જોઉં તો મારૂં મન અધીરૂં બની જાય છે. તો હવે તો આપ છ-બાર મહિને આવશો ત્યાં સુધી હું આપના વિના કેવી રીતે રહી શકીશ? આટલું બોલતાં બોલતાં તો એની આંખોમાંથી આંસુની ધાર થઇ. ધનદેવના મનમાં થયું કે આજે તો મારા ધન્યભાગ્ય છે કે પત્ની આટલા પ્રેમથી મારી સાથે બોલી. ધનદેવ કહે છે હું તો તને લઇ જાઉં પણ પરદેશમાં સ્ત્રી બંધનકર્તા છે. હું તને ખબર આપતો રહીશ અને બને તેટલી વહેલી તકે પાછો આવીશ. ત્યાં સુધી તું અહીં રહીને આ વૃદ્ધ માત-પિતાની

સેવા કરજે. પતિના આવા વચન સાંભળીને કપટી ધનશ્રી કહે છે સ્વામીનાથ! આપની વાત સત્ય છે. માતા-પિતા પ્રત્યે મને ખૂબ પ્રેમ છે. પણ જો તમે મને મૂકીને ચાલ્યા જશો તો હું મારા પ્રાણ છોડી દઇશ. એમ બોલીને ઉંચા સાદે રૂદન કરવા લાગી. આ સાંભળીને ધનદેવની માતા શ્રીદેવી ત્યાં દોડી આવ્યા. એટલે ધનશ્રી બહાર આવી. શ્રીદેવી પૂછે છે બેટા! શું છે? મારા દીકરાએ કંઇ કહ્યું છે? મારો ધનદેવ કદી ઉંચા સ્વરે બોલે તેવો નથી. વહુને પૂછે છે પણ એ તો રડવામાંથી ઉંચી આવતી નથી. ત્યારે ધનદેવને પૂછે છે કે શું છે? ત્યારે કહે છે બા! એને મારી સાથે આવવું છે. મેં કહ્યું કે તું માતાની સેવા કરજે એટલે રડે છે. વહુને ખૂબ સમજાવી પણ એને પતિની સાથે જવું છે તેનો નિર્ણય જાણીને કહે છે બેટા! તું અમારી ચિંતા ન કરીશ, પણ ધનશ્રીને સાથે લઈ જા, એટલે એને શાંતિ થાય. માતાએ ધનશ્રીને સાથે લઇ જવાની રજા આપી, પણ એને કયાં ખબર છે કે ધનશ્રી તારા દીકરાને કેવા કષ્ટમાં નાંખશે. માતા હજુ પુત્રને શું કહેશે અને ધનશ્રી સાથે જઇને શું કરશે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૭૧

ભાદરવા વદ ૧૦ ને શુક્રવાર **તા. ૨૧-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતકરૂણાનિધી શાસ્ત્રકાર ભગવંતે શાસ્ત્રવાણીનું નિરૂપણ કર્યું. તેમાં જમાલિકુમારનો અધિકાર ચાલે છે. જમાલિકુમાર દીક્ષા લેવા તત્પર બન્યા છે ત્યારે એમની માતા એમને સંસારમાં રોકાવા માટે સમજાવે છે. એકેક પ્રલોભનો આપે છે. પણ જેને સંસાર દાવાનળ લાગ્યો છે તે જીવ સંસારમાં રાચે નહિ. સમકિત દૃષ્ટિ આત્મા પૂર્વકર્મના ઉદયથી દીક્ષા ન લઇ શકે પણ સંસારમાં ખૂંચે નહિ. સંસારમાં રહેવું પડે તો રહેવું એ વાત જુદી છે ને સંસારમાં રમવું એ પણ જુદી વાત છે. ભગવાન કહે છે હે જીવો! તમે સંસારમાં રહો પણ રમો નહિ. જમાલિકુમાર સંસારમાં રહ્યા હતા પણ રમ્યા ન હતા તો એક વખત પ્રભુની વાણી સાંભળીને સંયમ લેવાના ભાવ જાગ્યા.

જમાલિકુમાર સંયમ લેવા માટે ઉત્સુક બન્યા છે. એ સંયમ શા માટે લે છે? તેમનો સંયમ લેવાનો ઉદ્દેશ શો છે? મોક્ષમાં જવાનો. મોક્ષમાં કયારે જવાય? મોહને મારે તો મોક્ષમાં જવાય. મોહના અક્ષરો બે છે. મો એટલે મોક્ષ અને હ એટલે હરણ કરવાવાળો. મોહ એટલે મોક્ષમાં જતાં અટકાવનારો. જીવને મોક્ષમાં જતાં રૂકાવટ કરનારૂં હોય તો તે મોહનીય કર્મ છે. મોહનીય કર્મ આદિ ચાર ઘાતી કર્મો દૂર થાય

એટલે કેવળજ્ઞાન થાય. કેવળજ્ઞાન અને કેવળદર્શન મોહનીય કર્મના ક્ષય થયા પછી પ્રગટ થાય. આઠ કર્મોમાં રાજા મોહનીય કર્મ છે અને બાકીના સાત કર્મો તેની પ્રજા છે. તે સાત કર્મો તો બિચારા ભલા માણસો જેવા છે. પણ મોહનીય કર્મ તો જબરદસ્ત ગુંડો છે ને તે ખૂબ ઉંડો છે. પણ તમને લાગી રહ્યો રૂડો. ભગવાને કર્મના આઠ પ્રકાર બતાવ્યા છે. તેમાં મોહનીય કર્મ મૂળ છે ને આઠ પ્રકારના કર્મો તે વૃક્ષ છે. તેમાં સાત પ્રકારના કર્મો તો તેના ફળ છે. જે આત્માઓ મોહનીય કર્મની નાટક-કળાને સમજી ગયા તે તે સંસાર છોડીને નીકળી ગયા. તીર્થંકર અને ચક્રવર્તિઓએ આત્માના સ્વરૂપને સમજીને મોહનીય કર્મની ભયંકરતાથી મુક્ત બનવા માટે સંયમ લઈ લીધો. તમારે પણ આ રીતે સંસાર છોડવા જેવો છે. તમે સર્પ તો જોયો છે ને? (જવાબ–હા). આંખથી જોયો છે પણ તેનો સ્પર્શ કર્યો નહિ હોય. જેનું શરીર મખમલના ગાદલાં કરતાં સુવાળું છે. મખમલના ગાદલા પણ તેની પાસે કંઈ હિસાબમાં નથી તેમજ તેના શરીરની કોમળતા પણ ખૂબ છે. છતાં તેમને તેના શરીરની સુંવાળાશનો અનુભવ લેવાનું મન થાય ખરૂં? "ના," કેમ ન થાય? તે ભયંકર ઝેરી સર્પ છે તેથી. બસ, મારે તમારી પાસે એટલું બોલાવવું હતું. એ રીતે સમજો તો મોહનીય કર્મ પણ સર્પ જેવું છે. તે બહારથી મુલાયમ અને સુંવાળું તમને ભોગવવામાં દેખાય છે પણ તેનું પરિણામ શું આવશે તે ધ્યાન રાખજો. તમારા બંગલામાં ટાઇલ્સ કેવા સુંવાળા હોય છે! તેના ઉપર કોઇ વાર પાણી પડે તો પગ લપસી જાય ને? પછી હાડકું પણ ભાંગી જાય ને! તેમ આ મોહનીય કર્મે ઘણાના હાડકા ભાંગી નાંખ્યા છે. તમને દ્રવ્યસર્પનો જેટલો ભય છે તેટલો આ મોહનીય કર્મરૂપી ભાવસર્પનો ભય કેમ નથી લાગતો? અહો! જીવ એનો ભય પામવાને બદલે તેને ગળે વળગાડીને ફરે છે. આ તો મારો ભાઈ છે ને આ તો મારો બાપ છે. આ મારી માતા છે ને આ મારી બહેન છે. આ તો મારા કુલાણા સગા છે ને આ તો મારા ટુકડા સગા છે. કેટલા સગપણરૂપી મોહનીય કર્મરૂપી સર્પને તમે છાતીએ વળગાડીને ફરો છો? સર્પનું ઝેર તો તમારો એક ભવ બગાડશે પણ મોહનીય કર્મરૂપી સર્પનું ઝેર તો જીવનો અનંતો સંસાર વધારશે. માટે સમજીને ઘાતી કર્મો ઉપર ઘા કરતા શીખો.

હવે બીજી રીતે વિચાર કરીએ. તમે લુહારને તો જોયો હશે! લુહાર બધા હથિયાર બનાવે છે. તેમાં તે હાથકડી અને પગની બેડી પણ બનાવે છે. તે હાથકડી અને પગની બેડી કોઈ શેતાનને પહેરાવવા માટે હોય છે. તમે અઢારથી એકવીસ વર્ષની ઉંમરના થયા ત્યાં તમને પણ હાથકડી કે બેડી બાંધે છે. ત્યાં સામેથી હાથ આપો છો. મારો કહેવાનો આશય સમજી ગયા! હાથ લાંબો કરીને પહેરી છે ને? મારે એનું સ્પષ્ટીકરણ કરવાની જરૂર નથી, કે તમે કઈ બેડી પહેરી, કારણ કે તમે તો

પરણેલા છો. ચોરીમાં ચાર ફેરા ફર્યા તેનો મતલબ શું ? ચોરીમાં જે ચાર છોડ હતાં તે છોડ તમને સૂચન કરે છે કે તું ચાર ગતિના ફેરાને વરી ચૂકયો. એકેક છોડ ઉપર સાત સાત માટલા હોય છે. તે સાત ચોક અઠ્ઠાવીસ થયા. અઠ્ઠાવીસ શું છે ? તે તમને ખબર છે ને ? એ અઠ્ઠાવીસ મોહનીય કર્મની પ્રકૃતિ છે. જે જીવને પોતાના વેશમાંથી બહાર નીકળવા ન દે.

હવે જો તમારે ચાર ગતિ રૂપી જેલમાંથી છૂટવું હોય તો ચારિત્રમાં આવવું પડશે. તેના વગર આત્માની સિદ્ધિ નથી. મહાનુભાવો ! સમજો. સંસાર એ તો કાજળની કોટડી જેવો છે. કોઇ માણસ એમ વિચાર કરે કે કાજળની કોટડીમાં રહીને પણ મારા કપડાને ડાઘ ન પડવા દઉં તો તે બનવું અશકય છે. તેમ સંસારમાં રહીને આત્મકલ્યાણ કરવું તે મુશ્કેલ છે. આત્માને મુકતવિહારી બનાવવો હોય તો સંસારના બંધન તોડે છુટકો છે. એક વખત સંસાર બંધનરૂપ લાગવો જોઇએ. સંસારમાં ગમે તેટલા સુખ હોય તો પણ એ બંધનરૂપ છે. પણ જીવોને સંસાર પ્રત્યે રાગ છે એટલે સંસાર બંધનરૂપ લાગતો નથી. રાગ અને દ્વેષ આ બે જીવને બંધનકર્તા છે. એ બંને કર્મના બીજ છે.

આ સંસારમાં તમને જો કોઇ રોકતું હોય તો તે રાગ છે. દરેક જડ પુદ્ગલો ઉપરનો રાગ જીવને સંસારમાં ડૂબાડે છે. જો રાગનું બંધન કપાય તો સંસારથી છુટાય. રાગ અને દ્વેષના બંધનો કાપવાનો જે પુરૂષાર્થ છે તે સાચો સમ્યક્ પુરૂષાર્થ છે, બાકી બધો પુરૂષાર્થ સંસારબંધનનો છે. માટે જો વીતરાગ વાણી તમારા ગળે ઉતરતી હોય તો હવે સંસારનો મોહ ઓછો કરો. જેને એ સમજાઈ ગયું છે કે આ સંસાર કાજળની કોટડી છે, કારાગૃહ છે એવા જમાલિકુમાર સંયમપંથે પ્રયાણ કરવા તૈયાર થયા છે. પણ માતા કહે છે હે મારા વ્હાલસોયા પુત્ર ! તું આ તારા દાદાના દાદાની અર્જિત કરેલી ઋદ્ધિને ભોગવ પછી નિરાંતે દીક્ષા લેજે. તારી ઇચ્છા પ્રમાણે લક્ષ્મી વાપર. તારે જેમ કરવું હોય તેમ કરવાની છૂટ છે. પણ દીક્ષા લેવાની વાત હમણાં છોડી દે. તું અમારો એકનો એક દીકરો છે. તું દીક્ષા લઇશ તો આ લક્ષ્મી કોણ ભોગવશે ? માટે અમારી વાત માની જા. હવે જમાલિકુમાર શું કહે છે

"तएणंसे जमालि खत्तिय कुमारे अम्मापियरो एवं वयासी तहाविणं त अम्मयाओ जणं तुब्भे ममं एवं वंदह-इमं च ते जाया ! अज्जग-पज्जग जाव पव्वइहिसि एवं खलु जम्मताओ हिरन्ने य सुवन्ने य जाव सावएज्जे अग्गिसाहिए, चोर साहिए, रायसाहिए, मच्चुसाहिए दाइय साहिए अग्गिसामन्ने जाव याइय सामन्ने अधुवे अणिसिए, असासऐ पुव्वि वा पच्छा वा अवस्स विप्पजहियव्व भविस्सइ से केसणं जाणइ त चेव जाव पव्वइत्तए ।"

હે માતા તથા પિતાજી! આ તમે સોનું અને ઝવેરાત આ બધી સારભૂત મિલ્કત ભોગવીને તમે મને દીક્ષા લેવાનું કહો છો પણ વિચાર તો કરો એ મિલ્કત ઉપર કેટલા આક્રમણ આવે છે? અવસર આવ્યે અગ્નિને સ્વાધીન થાય છે. ચોર ડાકુ-ઓથી લૂંટાય છે. જરૂર પડયે એ બીજા રાજાઓને પણ સ્વાધીન થાય છે. ભાગીદારો પણ તેમાં ભાગ પડાવે છે. પાણીના પૂરમાં તણાઇ જાય છે અને છેવટે મૃત્યુ આવે ત્યારે છોડીને જવું પડે છે. એટલે એ અનિત્ય છે, ચંચળ છે. પહેલાં કે પછી એને છોડવાની છે એટલે કોને ખબર છે કે કોણ પહેલાં જશે ને કોણ પછી જશે? તેથી મને એનો બિલકુલ મોહ નથી. બસ, મારે તો તમારી રજા મળે સંયમ લેવાની ઉત્કૃષ્ટ ભાવના છે.

આગળ ચલાવતાં જમાલિકુમાર કહે છે હે માતા-પિતા! તમે કહો છો કે આટલી બધી સંપત્તિ કોણ ભોગવશે? તો સંપત્તિ અસ્થિર છે. એઠવાડ જેવી છે. મારા બાપદાદાઓ ભોગવીને ગયા અને હું પણ જઇશ. એમાં સુખ નથી. જો સંપત્તિમાં સુખ હોત તો મોટા મોટા ચક્રવર્તિઓ કે જેની સેવામાં દેવો હાજર રહેતા હતા તે પણ છ ખંડની સંપત્તિને છોડીને શા માટે ત્યાગના પંથે ગયા? ચક્રવર્તિની ઋદ્ધિ કેટલી હોય છે? એ સાંભળીને પણ તમને આશ્ચર્ય થશે.

ચાર કોડ મણ અન્નનિત સીઝે, લૂણ દશ લાખ મણ લાગી,
તીન કોડ ગોકુળ નિત દૂઝે, તોલી ન હુઆ અનુરાગી જી....ભરત...

કેટલી બધી સંપત્તિ! ૯૬ કોડ પાયદળ લશ્કર છે. જેના રસોડે રોજ ચાર કોડ મણ અનાજ રંધાય છે. તેમાં રોજ દશ લાખ મણ તો મીઠું વપરાય. એના દાળ-શાકના વઘારમાં રોજ ૭૨ મણ હિંગ વપરાતી હતી. ત્રણ કોડ ગોકુળની ગાયોનું દૂધ વપરાતું અને ૯૬ કોડના લશ્કરને પગાર આપવા કેટલું ધન જોઈએ? આટલા ઉપરથી સમજી જાવ કે ચક્રવર્તિની ઋદ્ધિ કેટલી હશે? આટલી સમૃદ્ધિ હોવા છતાં ભરત આદિ ચક્રવર્તિઓ તેમાં રગદોળાયા નહિ. તેઓ સંપત્તિવાન હોવા છતાં તેનાથી અલિપ્ત રહેતા હતા. ભરત ચક્રવર્તિ અંતરજાગૃતિ માટે માણસો રોકતા હતાં. ને એમના માણસોને કહેતા હતા કે હું રાજ્યસંપત્તિમાં જ્યારે ગૃદ્ધ બની જાઉં ત્યારે આ કોરો કાગળ મારી સામે ધરીને મને કહેજો કે–

"ચેત ચેત ભરહે નરરાયા, કાળ ચપેટા દેત હૈ."

હે ભરત મહારાજા! ચેતો, ચેતો, તમારા માથે કાળ ઝપટ મારી રહ્યો છે. એણે તો પૈસા ખર્ચીને માણસો રોકયા હતા ને તમને તો બગર પૈસે સંતો રોજ જાગૃત કરે છે કે જાગો. ક્ષણ ક્ષણ લાખેણી જાય છે તો પણ તમે જાગતા નથી, કારણ કે સંસારમાં ગળાબૂડ ખૂંચી ગયા છો. એક વાર સમ્યક્‌દર્શન આવી જાય તો તમારું જીવન પલટાઇ જાય. પછી આ સંપત્તિ તમને વિપત્તિરૂપ લાગશે.

સમ્યગ્દર્શનની તાકાત જેવી તેવી નથી. સમ્યગ્દર્શનની એટલી બધી જબ્બર તાકાત છે કે ગમે તેટલી સંપત્તિના ઢગલા મળ્યા હોય તો પણ ચિત્તને અડે નહિ, ચિત્તને મહેકાવે નહિ, ઉન્માદી બનવા દે નહિ તથા પૂર્વના અશુભ કર્મોદયે ગમે તેટલી આપત્તિઓ ઘેરી વળી હોવા છતાં ચિત્ત સમતોલ રહે, સાવધાન રહે, દીનદુઃખી ન બને. આ સમ્યગ્દર્શનની તાકાત છે. વીતરાગ પ્રભુ પરના અથાગ રાગની અને જિનપ્રભુએ કહેલા જીવ-અજીવ-આશ્રવ-સંવર વિગેરે તત્ત્વ પરની અથાગ શ્રદ્ધાની આ તાકાત છે. ભરત ચક્રવર્તિ પાસે છ ખંડનું ઐશ્વર્ય, ચૌદ રત્ન, નવ નિધાન આ સંપત્તિના ઢગલા હતા, છતાં તેમાં લેપાયા નહિ. એના ઉપર જરા પણ આસક્તિ ન હતી. અનાસક્ત ભાવે જળકમળવત અલિપ્ત ભાવે રહેતા હતા. પૂર્વભવમાં ચારિત્રનું પાલન કરી મહાન સમ્યગદર્શન અને સમાધિની સાધના કરીને આવેલા એટલે એના સુસંસ્કારના બળે અહીં છ ખંડનું સામ્રાજ્ય મળ્યું છતાં ઉત્તમ સમાધિ રાખી શક્યા. અંતે અરિસાભુવનમાં કેવળજ્ઞાન પામી ગયા. અનાસક્ત ભાવનું આ ફળ છે.

બંધુઓ! સંસારમાં તમે અનાસક્ત ભાવે રહો. ચારિત્ર ન લઇ શકો ને સંસારમાં રહો તો કેમ રહેવું તે શીખો. જેમ નાવ સમુદ્રમાં રહે છે, તરે છે પણ જો એમાં કાણું ન પડે તો એ પાર ઉતરી શકે છે. તેમ આ સંસારસમુદ્રમાં જીવનરૂપી નાવમાં પાપનો ભાર ન વધી જાય તે માટે સતત સાવધાની રાખો. તમને જેમ સાપનો ભય લાગે છે તેમ પાપનો ભય લાગે છે ખરો? (શ્રોતાઃ પાપનો ડર લાગે તો ખરો). આ ઉત્તર સાચો આપો છો? આનો જવાબ જીભથી નહિ પણ જીવનથી આપો. જીભથી ઘણાં જવાબ આપ્યા. આ દેહરૂપી બારદાનને સાચવવા થાય તેટલા પાપકર્મો કર્યા છે. તેનું કારણ એ છે કે તમને માલ કરતાં બારદાનની કિંમત વધુ સમજાય છે. પણ હું તમને પૂછું છું કે કિંમત માલની કે બારદાનની? હોઠેથી નહિ તમારા હૈયાથી જવાબ આપો. આત્મારૂપી માલ કષાય- રાગ દ્વેષ-મોહ-ઇર્ષ્યા અને અભિમાન દ્વારા લૂંટાઈ રહ્યો છે તેનું તમને ભાન છે? દેહના શણગારમાં દેહીને ન ગુમાવો મકાનની માવજતમાં માલિકને ન વિસારો. દેહના સુખ ખાતર દેહીને ગીરો મુકનાર આબાદ દેવાળીયો છે. દેખાતું બધું સૌંદર્ય આત્માને લીધે છે. આત્માનું અહિત કરી ભોગો પાછળ દોડનાર પાગલ છે. જે પાગલ છે, દિવાનો છે તે સંસારમાં મોજ માણી શકે છે. બાકી સમકિતી આત્મા તો એમ સમજે કે આ સંસાર કેવો છે?

માટી તણો સંસાર આ, માટીની માનવજાત છે,
માટી તણી માયા બાંધીને, માટીની મહેલાત છે,
માટી તણાં ઓ માનવી, કયાં માટીમાં રઢીયાત છે.
ચાર દિનની ચાંદની અંતે અંધારી રાત છે.

આ સમસ્ત સંસાર માટી જેવો અસ્થિર છે. મનુષ્યનું શરીર પણ માટી જેવું નાશવંત છે. આ મોટી મોટી મહેલાતોમાં મ્હાલી રહ્યા છો તે પણ માટીની બનેલી છે. વરસાદની હોનારતમાં મજબૂત મહેલાતો પણ જમીનદોસ્ત થઈ ગઇ. તમારી પાસે પૈસા વધે એટલે એમ થાય છે કે આ મુંબઈની સાંકડી ગલીઓમાં મારે નથી રહેવું. મારે તો વાલકેશ્વરમાં દરિયા કિનારે રહેવા જવું છે. જ્ઞાનીની દૃષ્ટિમાં આવા જીવો દયાને પાત્ર છે. આરંભ સમારંભ પાપના કાર્યો છે.

સમ્રાટ અશોકનો દીકરો સંપ્રતિ એક વખત મહાન વિજય મેળવીને પોતાના નગરમાં આવે છે. એના સ્વાગતમાં આખું નગર ઉમટયું છે. જય હો....વિજય હો એવા શબ્દોથી તેને વધાવે છે. જયજયકાર બોલાવે છે. લોકોના દિલમાં આનંદ આનંદ છે. બધા આવ્યા પણ સંપ્રતિ રાજાની માતા દીકરાના કપાળમાં કુંકુમનું તિલક કરવા કે એને આશીર્વાદ આપવા પણ ન આવી. ત્યારે સંપ્રતિના મનમાં થયું કે બધા આવ્યા છે. લોકો મને મંગલ શબ્દોથી વધાવે છે. સૌના મુખ ઉપર હર્ષની છોળો ઉછળે છે પણ એક મારી જન્મદાતા માતા કેમ નથી આવી? વિજયના મંગલ વધામણાં પતી ગયા એટલે તરત સંપ્રતિ રાજા દોડતા માતાના મહેલે આવ્યા. તે વખતે માતા મહેલના એક ખૂણામાં બેસી આંખમાંથી આંસુ સારી રહી છે. એ જોઇ એનો આનંદ ઓસરી ગયો. આજે સૌના મુખ ઉપર આનંદ છે, જ્યારે મારી જન્મદાત્રી માતાની આંખમાં આંસુ કેમ? બીજા બધાના મન ઉપર ગમે તેટલો આનંદ હોય પણ મારી માતાને જો આનંદ ન હોય તો મારો આનંદ નકામો છે.

સંપ્રતિ રાજાની કેવી માતૃભક્તિ હતી! માતાની ખુશી ઉપર ખુશ રહેવાવાળો હતો અને માતાની નાખુશી ઉપર નાખુશ રહેનારો હતો. પણ તમે કોની ખુશીએ ખુશી રહી શકો? માતા નાખુશ હોય તો ચાલે, પણ શ્રીમતીજી થોડીવાર માટે નાખુશ થઇ જાય તો પાલવે તેમ નથી. એટલે તમે એને ખુશ રાખો છો. સંપ્રતિ કહે છે હે માતા! આજે આખું નગર આનંદમાં છે ને તું ઉદાસ કેમ? શું મારો કોઈ અપરાધ થયો છે? મારો દોષ હોય અગર બીજા પ્રત્યેથી તને કંઇ ઓછું આવ્યું હોય અગર તારું કોઇએ અપમાન કર્યું હોય તો જલ્દી કહે. આ દીકરો તારી સેવામાં હાજર છે. હું તને એક ક્ષણ પણ ઉદાસ જોઇ શકતો નથી. કેવો માતૃપ્રેમ અને કેવો વિનય! પુત્ર હાથ જોડીને ઉભો છે ત્યારે માતા કહે છે બેટા! તું જે વિજયથી ખુશી મનાવે છે તેમાં મને જરા પણ આનંદ નથી. આ તારો વિજય એ વિજય નથી પણ પરાજય છે. તેં વિજય મેળવવા માટે જે યુદ્ધ ખેલ્યું તેમાં કેટલા નિર્દોષ મનુષ્યોના ખૂન થઇ ગયા અને કેટલી લોહીની નદીઓ વહાવી તેમાં તારો આત્મા કેટલો મલીન થયો તેનો તને વિચાર આવે છે?

સંપ્રતિ રાજાની માતા કહે છે હે દીકરા ! તારા વિજયમાં મને તલમાત્ર આનંદ નથી. ત્યારે સંપ્રતિ પૂછે છે માતા ! એનું પ્રાયશ્ચિત કરવા મારે શું કરવું ? ત્યારે કહે છે હે દીકરા ! જો તારે સાચો વિજય મેળવવો હોય તો જ્યાં સુધી તારી આણ વર્તતી હોય ત્યાં સુધીમાં એક પણ જીવની હિંસા ન થવી જોઇએ. ખૂણેખૂણે તું અહિંસાનો ધ્વજ ફરકાવ અને આજથી પ્રતિજ્ઞા કર કે ફરીને આવું હિંસાકારી યુદ્ધ હું નહિ કરું. સંપ્રતિ રાજાએ માતાની આજ્ઞા શિરોમાન્ય કરીને તરત પોતાની જ્યાં જ્યાં આણ વર્તે છે તે દરેક જગ્યાએ અમારી પડહ વગડાવ્યો કે કોઈએ મારા રાજ્યમાં હિંસા કરવી નહિ, જે હિંસા કરશે તેને સજા કરવામાં આવશે. આ રીતે સંપ્રતિ રાજાએ અહિંસાનો ધ્વજ ફરકાવ્યો, ને તેની માતાને આનંદ થયો.

જમાલિકુમાર એના માતા-પિતાને કહે છે માતા-પિતા ! આ લક્ષ્મી અને વૈભવો શાશ્વત નથી. વળી એ લક્ષ્મી જ્યાં છે ત્યાં રાગ-દ્વેષ-મોહ-ઇર્ષ્યા અને ઝેર છે અને આ લક્ષ્મીને કોણ સાથે લઇ ગયું છે કે જેનો મોહ રાખું ? ચક્રવર્તિઓ અને સમ્રાટોએ પણ એને અસાર સમજીને છોડી છે તો મારે એનો મોહ શા માટે રાખવો જોઈએ ? એ બધું માટીમાંથી બન્યું છે ને એક દિવસ માટીમાં મળી જનાર છે. જેમ અળશીયું માટીમાંથી ઉત્પન્ન થાય છે, માટીને ખાય છે ને માટીમાં મરે છે તેમ આજનો માનવ ભોગમાં જન્મે છે. ભોગમાં આસક્ત બને છે ને ભોગ ભોગવતો મરે છે. એવા અળશીયા જેવા જીવનની કંઇ કિંમત નથી.

જમાલિકુમાર શું કહે છે: વૈભવો જડ છે, આશાશ્વત છે. તે અગ્નિથી બળે છે, પાણીમાં તણાઈ જાય છે, સરકારનો ભય છે, ભાગીદારો તેમાં ભાગ પડાવે છે ને ચોર ડાકુઓ લૂંટી લે છે. પણ હું તમને પૂછું છું કે તમને આ સુખો જમાલિકુમારની જેમ ઉપાધિરૂપ લાગે છે કે નહિ ? છોડવા જેવા લાગે છે કે નહિ ? એ સુખો અને વૈભવો તમને ગમે તેટલા વહાલા હોય પણ અંતે તો એક દિવસ છોડવાના છે એટલું તો જાણો છો ને ? જે સુખની પાછળ અનંતકાળનું દુઃખ રહેલું છે તેની મમતા છોડી દો. જમાલિકુમારે માતા-પિતાના પ્રશ્નનો ઉત્તર બરાબર સમજણપૂર્વક આપી દીધો. હવે માતા-પિતા શું કહેશે તે વાત અવસરે કહેવાશે.

ચરિત્ર :- ધનદેવની સાથે ધનશ્રી જવા તૈયાર થતાં ધનદેવે ના પાડી તેથી મોટા અવાજે રડવા લાગી. અવાજ સાંભળીને સાસુ આવ્યા ને વહુની વાત જાણ્યા પછી ધનદેવને કહ્યું. બેટા ! વહુને તો તારા પ્રત્યે એટલો બધો પ્રેમ છે કે તારા વિના એ ક્ષણવાર જીવી શકે તેમ નથી માટે સાથે લઇ જા. ધનશ્રી કેવી માયાવી છે ! દેખીતો વિષનો ઘડો હોય તો સૌ સમજે કે આ વિષનો ઘડો છે. પણ ઉપરથી મધનું ઢાંકણું ઢાંકયું છે. સરળ સ્વભાવી ધનદેવ તેની કપટબાજી સમજી શકયો નહિ અને માતાની

આજ્ઞાનુસાર ધનશ્રીને સાથે લઇ જવાની હા પાડી. એટલે ધનદેવની માતા શ્રીદેવીએ ધનશ્રીની માતાને કહેવડાવ્યું કે તમારી દીકરીને એના પતિ સાથે વિદેશ જવાની આજ્ઞા આપો. તેની માતા ગોમતીએ પોતાની પુત્રીને પ્રેમથી પરદેશ જવાની આજ્ઞા આપી. ધનશ્રીની ધારણા પૂરી થવાથી તે ખુશ થઈ. અગાઉથી ગામમાં ઘોષણા કરાવી દીધી છે એટલે તેની સાથે જવા માટે ઘણાં વહેપારી તૈયાર થયા છે.

કઇ વ્યાપારી સાથ હુવે હૈ, ભર લીના સબ માલ,
પ્રસ્થાનકા પાવન મુહુરત, પંડિત દિયા નિકાલ,
ધનદેવ કહે માત-પિતાસે, આશીષ દો કિરપાલ હો ... શ્રોતા તુમ....

ધનદેવને શ્રેષ્ઠીપુત્રને દાન આપતો જોઇને કમાવા જવાના ભાવ જાગ્યા છે. પૈસા કમાઈને લેવા નથી કરવા. એને તો પરમાર્થના કાર્યમાં વાપરવા છે. તેની સાથે નગરના ઘણાં વહેપારીઓ જવા તૈયાર થયા છે. એણે વહાણમાં બધો માલ ભરાવ્યો અને શ્રેષ્ઠ મુહૂર્તે તૈયાર થઇને પોતાના માતા-પિતા પાસે આવીને ચરણમાં પડીને કહે છે હે માતા-પિતા! આપ મને આશિષ આપો.

માત-પિતાની આશિષ અને હિત-શિખામણ

ધનદેવના માતા-પિતા ખૂબ સંસ્કારી હતા. પુત્રને અંતરના પ્રેમથી આશિષ આપીને કહ્યું, દીકરા! તું પહેલવહેલો પરદેશ જાય છે. અમારી તો તને મોકલવાની જરા પણ ઇચ્છા નથી. પણ તારી અત્યંત ઇચ્છા પૂર્ણ કરીને વહેલો આવજે બેટા! પરદેશમાં રહી ધન પ્રાપ્ત કરવું મુશ્કેલ છે. તું કયારે પણ મૂંઝાતો નહિ. ખૂબ હિંમતથી કામ કરજે, તારું શરીર સાચવજે ને અવારનવાર પત્ર દ્વારા તારા ક્ષેમકુશળના સમાચાર આપતો રહેજે. સાથે ધનશ્રીને ભલામણ કરી કે હે પુત્રવધૂ! તું સાથે જાય છે તો ધનદેવનું પૂરું ધ્યાન રાખજે ને તેને તું બધી રીતે સહાયક બનજે ને સમાચાર આપતી રહેજે. હજુ આગળ શું કહે છે.

હે લાડીલા દીકરા! તું લાંબા સમય માટે અમને છોડીને જાય છે તો પરદેશમાં ખૂબ સાવધાનીપૂર્વક રહેજે. કોઇ અજાણ્યા માણસનો વિશ્વાસ કરીશ નહિ. કોઇને તારા અંતરની વાત કરીશ નહિ અને તને કષ્ટ પડે તો સાહસિક બનીને સહન કરજે ને તું આ ચાર નિયમનું પાલન કરજે.

પરહેજ કર ના પર રમણીસે, જુવાન રમના ભૂલ,
નાટક ચેટક ખેદ દેખ નિત, ધન નહીં કરના ધુલ,
રસના વસ બન નહીં ઠુંઠના, હલવાઇચોંકી ચુલ હો...શ્રોતા...

પરસ્ત્રીને માતા અને બહેન સમજી કદી કુદૃષ્ટિથી તેના સામું જોઇશ નહિ. એટલે પરસ્ત્રીગમન કદી કરીશ નહિ. કારણ કે રાવણે પરસ્ત્રીગમન કર્યું નથી. ફકત પર-

સ્ત્રીગમનની ઈચ્છા કરી તો પણ રાવણ રાખમાં રોળાઇ ગયો. પરસ્ત્રીગમનની ઈચ્છા માત્રથી પણ આવા હાલ થાય છે તો જે પરસ્ત્રીગમન કરે તેની દશા કેવી થાય ? માટે તું પરસ્ત્રીગમન કદી કરીશ નહિ. કદી જુગાર રમીશ નહિ. નાટક-સિનેમા અને સરકસ જોવામાં ખોટા પૈસાનો વ્યય કરીશ નહિ. રસેન્દ્રિયનો લોલુપ બની સ્વાદનો ગૃદ્ધિ બનીશ નહિ. આ ચાર વાતો તું ધ્યાનમાં રાખજે અને તને જ્યાં સંતનો યોગ મળે ત્યાં તેમના દર્શન કરી વ્યાખ્યાન વાણીનો લાભ લેવાનું ચૂકીશ નહી અને દરરોજ સમય કાઢીને સામાયિક કરજે. તારા પુરૂષાર્થ અને પુણ્ય યોગથી તું અઢળક સંપત્તિનો સ્વામી બનીશ. ધર્મ તારૂં સદા રક્ષણ કરશે. પણ તું તારા કુશળ સમાચાર અમને દેતો રહેજે, જેથી અમારા આત્માને શાંતિ થાય. પત્ર લખવામાં જરાપણ આળસ કરીશ નહિ. આ રીતે માતા-પિતાએ તેને ખૂબ શિખામણ આપી અને અંતરના આશીર્વાદ આપ્યા.

માત-પિતાની હિતશિખામણ હૃદયમાં ધારણ કરીને જવાનો સમય થતાં ધનદેવ માતા-પિતાના ચરણમાં નમન કરી નંદક તેમજ તેની પત્ની ધનશ્રી, દાસ-દાસી, નોકર ચાકરો અને ઘણાં વહેપારીઓ સાથે વહાણમાં બેઠો. જાણે પોતે મોટો સાર્થવાહ હોય તેવો લાગતો હતો.

ધનદેવના વહાણ ઉપડયા. પોતાના દીકરાને કદી તેમણે બહારગામ મોકલ્યો ન હતો. આજે પુત્રને પરદેશ જતાં જોઇ તેને ખૂબ આઘાત લાગ્યો ને મૂર્છા આઇને ધરતી ઉપર ઢળી પડી. થોડીવારે મૂર્છા વળી એટલે દૂર સુધી પુત્રના વહાણને જતાં જોઇ રહી. જ્યારે વહાણ દેખાતું બંધ થયું ત્યારે માતા-પિતા, સગાસબંધીઓ રડતા હૃદયે સૌ સૌના સ્થાને ચાલ્યા ગયા. ધનદેવના માતા-પિતાને પુત્ર વિના ઘર સુનુ સુનુ લાગે છે. ક્યાંય ચેન પડતું નથી. અહીં ધનદેવ-ધનશ્રી અને નંદક ખૂબ આનંદથી રહે છે. ધનશ્રી અને નંદક બંને ઉપરથી ખૂબ પ્રેમભર્યો વર્તાવ રાખે છે. તેમના વહાણ આગળ વધતા જાય છે. હવે ધનશ્રી તો ધનદેવનો નાશ કેવી રીતે કરૂં તેનો વિચાર કરી રહી છે. બધી સંપત્તિનો સ્વામી તેનો પ્રેમી નંદક બની જાય અને પોતે ઇચ્છાપૂર્વક સુખ ભોગવી શકે તેવા વિચારોમાં રમણતા કરે છે. હવે મનમાં કેવા ઘાટ ઘડે છે ને તેઓ તામ્રલિપ્ત નગરી પહોંચશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

બંભાત સંપ્રદાયના સ્વ. ગચ્છાધિપતિ, મહાન ઉગ્રતપસ્વી, ચારિત્રસંપન્ન પૂ. ગુલાબચંદ્રજી મહારાજ સાહેબની નીમેલી પુણ્યતિથિ હોવાથી પૂ. મહાસતીજીએ પૂ. ગુરૂદેવના ચારિત્રની સુવાસથી મઘમઘતા જીવનચરિત્રનું સુંદર વર્ણન કર્યું હતું અને તેમના જીવનના ઉત્કૃષ્ટ આદર્શો એવા સુંદર રજુ કર્યા હતા કે જનતા સાંભળતા મુગ્ધ બની ગઇ હતી. અંતમાં પૂ. મહાસતીજીએ શ્રોતાજનોને એ ટકોર કરી હતી કે પૂ. ગુલાબચંદ્રજી મહારાજ સાહેબના ગુલાબ જેવા મહેંકતા ચારિત્રમય જીવનમાંથી સદ્‌ગુણ ગ્રહણ કરશું તો આપણું પણ કલ્યાણ થશે.

વ્યાખ્યાન નં. ૭૨

ભાદરવા વદ ૧૧ ને શનિવાર **તા. ૨૨-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, માતાઓ અને બહેનો !

અનંતજ્ઞાની, વિશ્વવત્સલ, કરૂણાનીધિ ભગવંતે જગતના જીવોના ઉદ્ધારને અર્થે શાસ્ત્રસિદ્ધાંતના એકેક અધ્યયનમાં આત્માના પવિત્ર પંથનું માર્ગદર્શન બતાવેલું છે. સિધ્ધાંતની એકેક ગાથાના અક્ષરે અક્ષરમાં આત્મગૌરવ ગુંથેલું છે. જ્યાં સુધી આત્મા સિધ્ધાંતસાગરમાં ડૂબકી નહિ મારે ત્યાં સુધી મોક્ષના મોતી મેળવી શકશે નહિ. આ જીવે અનંતકાળથી સંસારના અનેકવિધ દુઃખો ભોગવ્યા છે–અનુભવી પુરૂષો કહે છે કેઃ–

" જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરૂ ભગવંત "

જ્ઞાની કહે છે હે માનવ ! અનંત સુખનો અધિપતિ એવો અચ્ચિદાનંદ સ્વરૂપી આત્મા છે. પણ તું બાહ્યસુખમાં મુગ્ધ બનેલો છે એટલે તને તારી પિછાણ થઇ નથી ને દુઃખથી મુકત થઈ શકતો નથી. જ્યાં સુધી સાચા સદ્‌ગુરૂને શરણે નહીં જાવ ત્યાં સુધી દુઃખથી મુકત થવાની યુકિત નહિ મળે.

જમાલિકુમારને દુઃખથી મુકત બનવાની યુકિત બતાવનાર સાચા તારણહાર ગુરૂ પ્રભુ મહાવીર મળી ગયા છે. જમાલિકુમાર વિચાર કરે છે જગત જે સુખને સુખ માને છે તે સુખ નથી. સુખના બે પ્રકાર છે. એક બાહ્યસુખ અને બીજું આભ્યંતર–સુખ. જડ પદાર્થોથી ઉત્પન્ન થનાર ઇન્દ્રિયજન્ય સુખ તે બાહ્યસુખ છે ને આત્મામાંથી ઉત્પન્ન થનાર સુખ તે આભ્યંતર સુખ છે. વર્ણ-ગંધ-રસ-શબ્દ અને સ્પર્શથી જે સુખ મળે છે તે બાહ્યસુખ છે. ને ક્રોધ-માન-માયા-લોભ આદિ કષાયો તથા રાગ-દ્વેષની મંદતા અથવા તો સર્વથા કષાયોનો ક્ષય થવાથી જે અખંડ આનંદ પ્રાપ્ત થાય છે તેને આભ્યંતર આત્મિક સુખ કહેવાય છે. આ ઇન્દ્રિયજન્ય ભૌતિક સુખો એકપ્રદેશી હોય છે ને આત્મિક સુખ સર્વપ્રદેશી હોય છે. જેમ તમે સ્વાદિષ્ટ ભોજન જમ્યા તો એકલી જીભને સ્વાદ આવ્યો. તેનાથી કાનને કંઇ આનંદ ન આવે. સુંદર મઝાનું ગુલાબનું ફૂલ લઇને નાકને અડાડશો તો નાકને ખુશબો મળશે, પણ તેથી જીભને આનંદ નહિ આવે. સુંવાળી મખમલની ગાદીમાં સૂઇ જશો તો શરીરને સુંવાળા સ્પર્શનો આનંદ આવશે પણ આત્માને નહિ આવે. પણ જ્યારે આત્માના અખૂટ ખજાનાને ઓળખશો ત્યારે આત્માના પ્રદેશે પ્રદેશે સુખ અને આનંદનો અનુભવ થશે. આટલા માટે બાહ્યસુખને જ્ઞાનીએ એકપ્રદેશી કહ્યું છે ને આભ્યંતર સુખને સર્વપ્રદેશી કહ્યું છે. બાહ્યસુખમાં આભ્યંતર સુખનો અભાવ હોય છે. એ સુખ નકલી છે. એ ક્ષણિક સુખોની પાછળ

અનંતકાળનું દુઃખ ઉભેલું છે. બીજી રીતે વિચાર કરીએ તો બાહ્યસુખ અસ્થિર છે ને તેમાં ક્ષણેક્ષણે પરિવર્તન થતું રહે છે.

બંધુઓ! વિચાર કરો. સુખ કયાં છે? સુખ ઈન્દ્રિયોના વિષયોમાં છે? જડ પદાર્થોમાં છે? ભૌતિક સુખમાં છે? કયાં છે? આજે તમે સુખ મેળવવા દુનિયાની પેલે પાર જાવ છો. દેશ છોડી વિદેશ જાવ છો પણ સુખી થયા? કદાચ સુખ મળ્યું તો તે એકપ્રદેશી છે. સર્વપ્રદેશી સુખ નથી મળ્યું. જે સુખ સર્વપ્રદેશી છે ને કદી નષ્ટ થનાર નથી તે સુખ આત્મામાં છે. કયાંય બહાર શોધવાની જરૂર નથી. જેમ સાકરની મીઠાશ સાકરમાં, દીપકનો પ્રકાશ દીપકમાં, ફૂલની ફોરમ ફૂલમાં રહેલી છે તેમ આનંદ અને સુખ પણ આત્મામાં રહે છે. એક કવિએ રૂપક બતાવ્યું છે. સ્વર્ગમાં રહેલા દેવોને વિચાર થયો કે આજનો માનવી ચારે તરફ સુખ માટે ફાંફા મારે છે, તો આપણે સુખને એવી જગ્યાએ મૂકી દઇએ કે મનુષ્યને જલ્દી એ સુખ મળે નહિ. ખૂબ વિચાર કરતાં દેવોને લાગ્યું કે માણસ સ્વર્ગમાં પણ પહોંચી જાય છે. આકાશ કે પાતાળમાં સુખને મૂકીએ તો ત્યાં પણ પહોંચી જશે. આપણે એવું સ્થાન શોધી નાંખીએ કે જ્યાં જલ્દી ન પહોંચી શકે. એમ વિચારી દેવોએ એમની સભામાં નિર્ણય કર્યો કે સુખને રાખવા માટે બીજું કોઇ સ્થાન શોધવાની જરૂર નથી. એના હૃદયમાં (અંતરાત્મામાં) સુખ મૂકી દો તો મનુષ્ય એને સહેલાઈથી મેળવી શકે નહિ. એટલે દેવોએ મનુષ્યના હૃદયમાં સુખ મૂકી દીધું.

વિચાર કરો. આ તો એક રૂપક છે. સુખ પોતાના અંતરમાં છે પણ માનવી કયાં શોધી રહ્યો છે. સુખ અંતરમાં પડયું છે ને માનવી શોધે છે બહાર. કસ્તુરીયા મૃગ જેવી માનવીની દશા છે. પોતાની નાભિમાં કસ્તુરી હોવા છતાં એને ભાન ન હોવાથી કસ્તુરી મેળવવા વનેવને ભટકે છે. ભૂખ્યો ને તરસ્યો અંતે મરણને શરણ થાય છે તેમ માનવીની પણ આવી દશા છે. સુખ પોતાની પાસે છે તેનું ભાન ન હોવાથી એ સુખ મેળવવા આકાશ–પાતાળ એક કરે છે પણ જ્ઞાની કહે છે એ તો તારા આત્મામાં રહેલું છે. જો સાચું સુખ જોઇતું હોય તો પરવસ્તુમાં રહેલા સુખને જે સુખ માનો છે તે ખોટી કલ્પના મનમાંથી કાઢી નાંખો. સ્વમાં સુખ છે ને પરમાં દુઃખ છે આટલી વાત તમારા મગજમાં ઘૂંટાઈ જાય તો સાચા સુખનો અનુભવ કરી શકાય. બાકી તો આ સંસારમાં ક્ષણેક્ષણે સુખ ને દુઃખના પડછાયા આવતા રહેવાના. જ્યાં સુધી સ્વમાં સ્થિર નહિ બનો, આત્મસમાધિ નહિ કેળવો ત્યાં સુધી સાચું સુખ નહિ મળે એ વાત નકકી છે.

એક વખત એક શેઠ ભોજન કરવા બેઠા છે. ચાંદીના થાળમાં ભાતભાતની રસોઇ પીરસાઈ છે. શેઠાણી વીંઝણો વીંઝી રહ્યા છે ને શેઠને પ્રેમથી જમાડે છે. શેઠ સ્વાદિષ્ટ ભોજન જમી રહ્યા છે તે સમયે શેઠ કહે છે આપણે કેવા સુખી છીએ! આખા

ગામમાં આપણી કેવી આબરૂ છે! પૈસાનો તુટો નથી. આપણા દીકરા કેવા આજ્ઞાંકિત ને વહુઓ ને દીકરીઓ પણ કેવા સદ્‌ગુણી છે! આપણા જેવું સુખ તો કોઇ ભાગ્યશાળીને મળે. આ સુખની વાત ચાલતી હતી. ત્યાં ફોનની ઘંટડી વાગી. શેઠે જમતાં જમતાં રીસીવર હાથમાં લીધું. સમાચાર સાંભળી શેઠના મુખમાંથી હેં-શબ્દ નીકળી પડયો. રોટલીનું બટકું હાથમાં રહી ગયું ને શેઠ ધરતી ઉપર ઢળી પડયા. થોડી વારે ભાનમાં આવતા પૂછે છે સ્વામીનાથ! છે શું? ત્યારે કહે છે આપણો દીકરો ફરવા ગયો છે ત્યાં કોઇની ગાડી સાથે એની ગાડી અથડાવાથી ભારે અકસ્માત થયો છે. ને દીકરાને ભારે ઈજા થવાથી સીરીયસ છે ને તેને હોસ્પિતાલમાં દાખલ કર્યો છે. આ સમાચાર સાંભળી શેઠનું ભોજન ત્યાં ને ત્યાં પડી રહ્યું. ને શેઠાણી પણ રોકકળ કરવા લાગ્યા. એક ક્ષણ પહેલાં પોતાના સુખની વાતો કરતા મગરૂરી ધરાવતા હતા કે આપણા જેવું કોઈ સુખી અને સંપત્તિવાન નથી. તે સુખ અને સંપત્તિ તેમને દુઃખરૂપ બની ગઇ. કારણ કે એ આત્મા સ્વમાં સ્થિર બનેલો ન હતો.

સ્વમાં સ્થિર બનેલા આત્માની દશા કેવી હોય છે તેના ઉપર દાખલો લઇએ. એક શ્રાવક દરરોજ વ્યાખ્યાનમાં આવતા હતા. મોટે ભાગે તેમની હાજરી હોય. પણ એક દિવસ વ્યાખ્યાનમાં આવ્યા નહિ. બીજે દિવસે વ્યાખ્યાનમાં આવ્યા ત્યારે મહારાજે પૂછયું–ગઇ કાલે આપની ગેરહાજરી કેમ હતી? ત્યારે શ્રાવક કહે છે સાહેબ! મહેમાનને વળાવવા ગયો હતો તેથી વ્યાખ્યાનમાં હાજરી આપી શકયો નહિ. મહારાજ કહે છે એવા મોટા મહેમાન આવ્યા હતા? ત્યારે કહે છે હા, ગુરૂદેવ. એ મહેમાન હવે ફરીને આવવાના નથી માટે તેને વળાવવા ગયો હતો. ત્યારે બીજા શ્રાવકો કહે છે એમનો પચ્ચીસ વર્ષનો યુવાન દીકરો ત્રણ મહિનાથી બિમાર હતો તે ગઇ કાલે સ્વર્ગવાસ પામ્યો છે. પચ્ચીસ વર્ષનો યુવાન દીકરો ચાલ્યો જવાથી કયા મા-બાપને દુઃખ ન થાય? પણ આ શેઠના મુખ ઉપર દુઃખની આછી રેખા પણ જણાતી ન હતી. તેનું કારણ શું હતું? એનું કારણ એ હતું કે આ શેઠનો આત્મા સ્વભાવની સમાધિમાં સ્થિત હતો.

ઉપરના ઉદાહરણો પરથી તમને ખ્યાલ આવશે કે સુખ કયાં છે? પહેલા ઉદાહરણમાં પોતાના પુત્રના સીરીયસના સમાચાર સાંભળી શેઠ બેભાન બની ગયા તેનું કારણ તેમનો આત્મા રાગથી રંગાયેલો હતો, તો બીજા શેઠનો આત્મા રાગમાં રંગાયેલો ન હતો. સ્વ–પરનો ભેદ સમજનારા હતા તેથી સમભાવ રાખી શકયા. આ દૃષ્ટાંત દ્વારા સમજી લો કે સુખ કયાંય બહાર નથી પણ આત્મામાં છે. તમારા અસંતોષને સંતોષ તરફ ને રાગને વિરાગ તરફ ફેરવી જીવનની દિશા બદલી નાંખો. પછી જુઓ તમારા અંતરમાં સુખનો સાગર કેવા ઉછાળા મારે છે!

જેને ભાન થાય છે તે આત્મા કર્મોથી લેપાતો નથી.

संसारे निवसन् स्वार्थसज्ज : कज्जल वेश्मनि ।
लिप्यते निखिलो लोक : ज्ञाने सिध्धो न लिप्यते ।।

કાજળની કોટડી જેવા સંસારમાં રહેતા સ્વાર્થમાં અંધ બનેલા કર્મના લેપથી લેપાય છે પણ જ્ઞાન વડે પરિપૂર્ણ આત્મા લેપાતો નથી. બંધુઓ ! આ સંસાર એ કાજળની કોટડી જેવો છે. તેની ભીંતો કાજળથી લેપાયેલી છે. એની છત કાજળથી ભરેલી ને એનું ભોંયતળિયું પણ કાજળથી ખરડાયેલું છે. જ્યાં સ્પર્શ કર્યો ત્યાં બધે કાળું ને કાળું. હાથ પગ ને કપડા પણ કાળા થાય. કારણ કે કોટડી કાજળની છે. તમે કદાચ એમ કહેશો કે ભલે અમે કાજળની કોટડીમાં રહીએ પણ સાવધાનીપૂર્વક રહીએ તો કાળાશનો ડાઘ ન લાગે. ભાઇ ! જ્યાં જુઓ ત્યાં કાજળ ભર્યું છે ત્યાં તમે કેવી રીતે સાવધાનીથી રહેશો ? સંસારમાં એવું કયું કાર્ય છે કે જ્યાં જીવ કર્મોના કાજળથી લેપાય નહિ.

આત્માને ભલે ભાન ન હોય કે શબ્દ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શના સુખોની પાછળ દોડવામાં હું કર્મોના કાજળથી લેપાઇ રહ્યો છું પણ એ લેપાય છે જરૂર પ્રતિસમય આયુષ્ય વર્જીને સાત કર્મોના લેપથી જીવ લેપાઇ રહ્યો છે. આ કર્મોનો લેપ ચર્મચક્ષુઓથી જોઇ શકાય તેમ નથી. એને જોવા માટે કેવળજ્ઞાનની દિવ્યદૃષ્ટિ જોઇએ. કયો આત્મા કાજળથી લેપાતો નથી ! જ્ઞાની કહે છે કે **"ज्ञान सिध्धो न लिप्यते!"** જ્ઞાનસિદ્ધ આત્મા કાજળની કોટડી જેવા સંસારમાં વસવા છતાં તેમાં લેપાતો નથી. આત્માને જ્ઞાનરૂપી રસાયણથી રંગી દેવામાં આવે તો કર્મોનું કાજળ તેને સ્પર્શી શકે નહિ, જેમ કમલપત્ર ઉપર જલબિંદુઓ ટકી શકતા નથી ને જલબિંદુઓથી કમલપત્ર લેપાતું નથી તેમ આત્મા પણ કર્મકાજળથી લેપાતો નથી. જ્ઞાન રસાયણથી આત્મામાં એવું પરિવર્તન આવે છે કે કર્મકાજળ તેને સ્પર્શી શકતું નથી.

જમાલિકુમારને તેમની માતાએ કેટલા પ્રલોભનો આપ્યા. પહેલાં તો પોતાને પુત્ર પ્રત્યે કેટલો મોહ છે તેનું વર્ણન કર્યું. પછી તેની પત્નીઓની સાથે સુખ ભોગવવાની વાત કરી તેથી ન માન્યો ત્યારે સંપત્તિનું પ્રલોભન આપ્યું. તેમાં પણ ન લેપાયો ત્યારે માતા-પિતા સમજ્યા કે આ દીકરો હવે આપણો રોકયો રોકાવાનો નથી ત્યારે માતાએ શું કર્યું:-

तएणंतं जमालि खत्तियकुमारं अम्मयाओ जाहे णा संचाएंति विसयाणु लोमाहि बहूहिं आघवण्णेहिं पन्नवणाहि य सन्नवणा हि य विन्नवणाहिय आघवेत्तए वा पन्नवेत्तएवा ताहे विसय पडिकूलाहि संजमभयुव्वेयण, कराहि पन्नवणाहिं पन्नवेमाणा एवं वयासी-

જ્યારે જમાલિકુમારને તેના માતા-પિતા વિષયને અનુકૂળ એવી ઘણી ઉક્તિઓ, પ્રજ્ઞપ્તિઓ, સંજ્ઞપ્તિઓ, અને વિજ્ઞપ્તિઓથી કહેવાને, જણાવવાને, સમજાવવાને, વિનવવાને સમર્થ ન બન્યા ત્યારે તેઓ વિષયને પ્રતિકૂળ અને સંયમને વિષે ભય અને ઉદ્વેગ કરનારી એવી યુક્તિઓથી સમજાવવા લાગ્યા.

જે આત્માઓ સંયમ લેવા તત્પર બને છે તેમની કસોટી તો અવશ્ય થાય છે. દરેકના માત-પિતા સંયમપંથે જતાં પહેલા પોતાના સંતાનોની ચકાસણી કરે છે પણ સાચો દૃઢ વૈરાગી તેના જવાબ બરાબર આપી દે છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯મા અધ્યયનમાં મૃગાપુત્ર દીક્ષા લેવા નીકળ્યા ત્યારે પહેલાં તો જમાલિકુમારની જેમ એના માતા-પિતાએ પણ સંસારના પ્રલોભનો આપ્યા છતાં તે વૈરાગ્યમાં દૃઢ રહ્યા ત્યારે માતાએ કહ્યું કે હે દીકરા ! તારી ઇચ્છા છે તો દીક્ષા લે તેમાં અમારી ના નથી.

"णवरं पुण सामण्णे दुक्ख निप्पडिकम्मया ।"

સંયમ લીધા પછી દુઃખનો પ્રતિકાર કરવો બહુ કષ્ટપ્રદ છે એટલે કે તને અહીં તો રહેજ માથું દુઃખે તો તારી સેવામાં બધા હાજર થાય છે ને વૈદો અને ડોકટરોને બોલાવીએ છીએ પણ તું દીક્ષા લેશે પછી શું ? આ તારી સ્ત્રીઓ કે માતા કોઇ તારી સેવા નહિ કરી શકે. ખુલ્લા પગે ચાલવું પડશે. જ્ઞાનધ્યાનમાં રમણતા કરવી પડશે. એ બધું તારાથી સહન થશે? ત્યારે મૃગાપુત્રે કહ્યું કે –

" વનમાં વિચરે જેમ મૃગલા, તેની કોણ લે છે સંભાળ,
સાંભળ હો માતા, આજ્ઞા આપો તો સંયમ આદરું. "

હે માતા-પિતા ! જેમ વનમાં મૃગલાઓ અને બીજા પક્ષીઓ રહે છે, તેઓને ભૂખ લાગે છે, તરસ લાગે છે ત્યારે અને બિમાર પડે છે ત્યાં તેમનો ઈલાજ કોણ કરે છે.

कोवा से ओसहं देह, कोवासे पुच्छइ सुह ।
कोसे भत्तं च पाणं वा, आहरित्तु पणामए ।।

ઉત્ત. સૂ. અ. ૧૯, ગાથા ૭૯

કોણ એમને ઔષધ આપે છે? કોણ એમને શાતા પૂછે છે? ને તેમને કોણ આહાર-પાણી લાવીને આપે છે? એ મૃગલા જંગલમાં એકલા વિચરે છે જ્યારે તે મૃગલા નિરોગી થાય છે ત્યારે આહારપાણી માટે લત્તાઓ અને સરોવર ઉપર જાય છે. વનમાં ઘાસ આદિ ખાઇને અને સરોવરનું પાણી પીને મૃગચર્યા કરતો તે પોતાના સ્થાનમાં જાય છે. મૃગ એક સ્થાનમાં રહેતો નથી. અનેક સ્થાનોમાં ઘૂમે છે ને પોતાનો નિર્વાહ કરે છે તેમ હું પણ એવી રીતે મૃગની વૃત્તિથી રહીશ ને સંયમ અને તપથી ધર્મનું પાલન કરીશ.

વીતરાગ વાટિકામાં વિચરશું, ઘર ઘર ગૌચરી જઈશ,
સાંભળ હો માતા...આજ્ઞા આપો તો સંયમ આદરું.

હે માતા ! હું સંયમ લઈને વીતરાગના જ્ઞાન–ધ્યાન–તપ–ત્યાગ રૂપી બગીચામાં વિચરીશ ને ઘરઘરમાં ગૌચરી કરી નિર્દોષ આહારની ગવેષણા કરીશ ને ગૌચરીમાં જેવો આહાર મળશે તેવો સમભાવે આરોગીશ ને મારા આત્માનું કલ્યાણ કરીશ.

બંધુઓ ! સંયમી આત્માઓ પોતાના જીવનમાં ક્ષુધા શમાવવા માટે લૂખા-સુક્કા આહાર કરે છે છતાં તેમનું તેજ કેટલું હોય છે? કારણ કે તેમનામાં બ્રહ્મચર્યના તેજ ઝળહળતા હોય છે.

દયાનંદ સરસ્વતી ટંકારામાં થઈ ગયા. કહેવાય છે કે એમનામાં ખૂબ બળ હતું. એમના રાજાને એમના બળની પરીક્ષા કરવાનું મન થયું તેથી રાજાએ બે મોટા મલ્લોને તેમની પાસે મોકલ્યા. બોજ કરતાં કરતાં બંને મલ્લો દયાનંદ સરસ્વતી પાસે આવ્યા. તે સમયે દયાનંદ સરસ્વતી નદી કિનારે સ્નાન કરવા ગયેલા. સ્નાન કરીને તેમનું ભગવું કપડું નીચોવીને ડોલમાં મૂકેલું. મલ્લો કહે છે આપ દયાનંદ સરસ્વતી છો? ત્યારે કહે છે હા. અમારે તમારી સાથે કુસ્તી કરી તમારા બળનું માપ કાઢવું છે. ત્યારે દયાનંદ સરસ્વતી કહે છે તમારે મારા બળનું માપ કાઢવું છે ને? આપણે કુસ્તી કરીશું તો કાં તમારા હાડકા બોખરા થશે ને કાં મારા થશે. તેના કરતાં એમ કરો કે આ મારું ધોતીયું મેં જેવું તેવું નીચોવીને મૂક્યું છે તેમાંથી પાણી કાઢી આપો તો તમે મારાથી બળવાન. બંને મલ્લ સામસામી ઉભા રહી કપડાને ખૂબ વળ ચઢાવ્યો. પણ એક ટીપું પાણી ન નીકળ્યું. ત્યારે દયાનંદે ઉભા થઈને નીચોવ્યું તો તરત પાણી નીકળ્યું. આ જોઈ બંને મલ્લ સજ્જડ થઈ ગયા. દયાનંદ સરસ્વતીના બળનું માપ વગર કુસ્તી કરે નીકળી ગયું. મલ્લોએ રાજાને વાત કરી કે તેમનું બળ અદ્‌ભુત છે. તે કોઈ તેજસ્વી પુરૂષ છે, તેની સાથે બાથ ભીડવા જેવી નથી. બીજે દિવસે રાજા તેમને બોલાવીને પૂછે છે કે તમે શું બાવ છો કે તમારા શરીરમાં આટલું બળ છે? ત્યારે કહે છે રાજન! આ તાકાત કોઈ વિટામીન બાવાથી કે મિષ્ટાન્ન બાવાથી પ્રાપ્ત થતી નથી. મન-વચન અને કાયાથી શુધ્ધ બ્રહ્મચર્યના પાલનની આ તાકાત છે સમજ્યું. બ્રહ્મચર્યમાં કેવી શક્તિ છે! જમાલિકુમારની માતા સંયમના કષ્ટની વાત કરશે ને જમાલિકુમાર કેવા ઉત્તર આપશે તે બાવ અવસરે કહેવાશે.

ધનદેવ તામ્રલિપ્તી નગરીમાં

ચરિત્ર :– ધનદેવે સારા શુકન જોઈને માતા–પિતા આશીર્વાદ લઈને સુશર્મ નગરીમાંથી મોટા પરિવાર સાથે પ્રયાણ કર્યું. દરિયાની મુસાફરી તે પહેલ વહેલો કરે છે. ધનદેવ-ધનશ્રી અને નંદક ખૂબ આનંદથી રહે છે. ધનશ્રીપતિ પ્રત્યે ખૂબ પ્રેમ બતાવતી

હતી. સરળ હૃદયનો ધનદેવ એના કપટને કળી શકતો નથી. આ રીતે વહાણ આગળ ચાલ્યે જાય છે. પ્રવાસ કરતાં બે મહિને તે બધા તામ્રલિપ્તી નગરીમાં પહોંચી ગયા. ત્યાં જઇ ધનદેવ ઉત્તમ પ્રકારનું ભેટણું લઇ ત્યાંના રાજાની પાસે ગયો. રાજાએ તેની ભેટ સ્વીકારી અને સારો સત્કાર કર્યો. વ્યાપારની કળામાં કુશળ એવા ધનદેવે ત્યાં વહેપાર કરવો શરૂ કર્યો. બે મહિના ત્યાં રોકાયા પણ વહેપારમાં જેટલો લાભ થવો જોઇએ તેટલો લાભ થયો નહિ. ત્યારે ધનદેવે વિચાર કર્યો કે હું પરદેશ આવ્યો પણ મારા મનની ઇચ્છા પ્રમાણે ખૂબ ધન પ્રાપ્ત કરું તો મારી સફર સફળ થાય. માટે હવે અહીંથી બીજા કોઇ મોટા શહેરમાં જાઉં. આમ વિચાર કરી તેણે પોતાનો વિચાર ધનશ્રી તથા નંદકને જણાવ્યો. ત્યારે કપટી હૃદયની ધનશ્રીએ ધનદેવને બીજા દેશમાં જવાની સંમતિ આપી. એટલે ધનનો અભિલાષી ધનદેવ બીજા દેશમાં જવા તૈયાર થયો. બંધુઓ! આ ધનદેવને પૈસા કમાઇ તિજોરી ભરવી ન હતી પણ પોતાની જાતમહેનતે ધન મેળવી ગરીબોને દાન દેવું હતું. એટલા માટે તેણે આ મુસાફરી ખેડી હતી.

ધનશ્રી અને નંદકની સલાહ લઇને ધનદેવ બીજા દ્વીપમાં જવાની તૈયારી કરવા બંદર ઉપર આવ્યો. મજુરો દ્વારા તે પોતાના વહાણમાં માલ ભરાવી રહ્યો હતો.

"મહેશ્વર દત્તનો ઉદ્ધાર"

બધા મજુરો વહાણમાં માલ ભરી રહ્યા હતા તે વખતે ધનદેવ દરિયા કિનારે આંટા મારતો હતો. તે વખતે એક ગભરાયેલો યુવાન ત્યાં દોડતો આવ્યો ને વળીવળીને પાછું જોવા લાગ્યો. આ જોઇને ધનદેવ સમજી ગયો કે આ કોઇ ઉચ્ચ કુળનો યુવાન છે. પણ એના માથે કોઇ આફત આવી લાગે છે. ભયનો માર્યો આવ્યો લાગે છે. આવીને કહે છે ભાઇ મને બચાવો....બચાવો....મારી પાછળ જુગારી લોકોનું મોટું ટોળું આવે છે તે હમણાં આવશે ને મને મારી નાંખશે, ત્યારે ધનદેવ કહે છે ભાઇ! તમે ખાનદાન-ઉચ્ચ કુળના હો તેમ લાગે છે. ને જુગારી માણસોનું ટોળું તમારી પાછળ શા માટે પડયું છે? ત્યારે કહે છે ભાઇ! મારું વૃત્તાંત ખૂબ અધમ કોટીનું છે. જાણવા જેવું નથી. ધનદેવે કહ્યું. ભલે જેમ હોય તેમ પણ તમે મને વાત કરો તો હું તમારું બધું દુઃખ દૂર કરીશ એમ કહી તેને વહાણમાં સંતાડી દીધો.

आगन्तर सुन मधुर वचनको बोला है करजोड,
जुवा खेलमें हदसे ज्यादा, हार गयाकर होड,
घरका धन सब खो बैठा, रही सोलाह और दिनार.
उसे चुकानेका नहि साधन, उसका पडा विचार हो....श्रोता-

ધનદેવના કોમળ વચન સાંભળીને આવનાર માણસ કહે છે ભાઈ! તમે ખૂબ પવિત્ર છો ને હું મહાન પાપી છું. હું જુગાર રમવામાં ભાન ભૂલ્યો. મારી પાસે જે

કંઈ ધન હતું તે બધું જુગારમાં હારી ગયેા. બધું ધન હારી ગયેા છું. મારી પાસે કંઈ નથી ને સેાળ દિનારનું દેણું બાકી છે તે લેવા તે લેાકેા મારી પાછળ પડયા છે. ધનદેવ કહે છે ભાઈ! તું હમણાં શાંતિથી બેસ. હું તારી ચિંતા દૂર કરીશ. જુગારીયાઓનું ટેાળું તરત ત્યાં આવ્યું. તેમણે આવીને ધનદેવને કહ્યું પેલેા માણસ હમણાં અહીં આવ્યેા હતેા તે કયાં ગયેા? ધનદેવ કહે છે તમારે એનું શું કામ છે? ત્યારે કહે છે એની પાસે ૧૬ દિનારનું લેણું છે તે લેવા આવ્યા છીએ. ત્યારે ધનદેવ કહે છે લેા આ ૧૬ દિનાર લઇને ચાલતા થઇ જાવ. સેાળ દિનાર લઇ જુગારીયા ચાલતા થઈ ગયા એટલે ધનદેવ કહે છે.

હે મહાનુભાવ! તારૂં નામ શું છે? તું કયાંનેા રહેવાસી છે ને આવેા દુઃખી કેમ થઈ ગયેા છે? આ રીતે પાસે બેસાડીને ધનદેવે તેને પૂછયું ત્યારે કહે છે હું કુસુમપુર નગરમાં વસતા રૂદ્રદત્તનેા પુત્ર છું. ધન કમાવા અહીં આવ્યેા હતેા પણ મારા પાપકર્મના ઉદયે જુગારીઓના ફંદામાં ફસાઇ ગયેા. ઘેરથી ક્રેાડેાની સંપત્તિ મારા પિતાએ આપી હતી તે બધી જુગારમાં ફના થઇ ગઈ છે. જો તમે મને બચાવ્યેા ન હેાત તેા દરિયામાં ડૂબકી મારવાનેા વખત આવ્યેા હતેા. તમારેા મારા ઉપર મહાન ઉપકાર છે. આપ મારા જીવનદાતા છેા એમ બેાલતાં તેની આંખમાં આંસુ આવી ગયા. ત્યારે ધનદેવે તેને આશ્વાસન આપતાં કહ્યું ભાઇ! જે થયું તે થયું. ગઈ ગુજરી ભૂલી જા ને હવે ફરીને કદી જુગાર ન રમવેા, કેાઈ બરાબ માણસનેા સંગ ન કરવેા, દારૂ ન પીવેા એવી પ્રતિજ્ઞા કર. કારણ કે એ મહાન અનર્થકારી છે. ખૂબ સમજાવ્યેા એટલે મહેશ્વરદત્તે પ્રતિજ્ઞા કરી કે હવે કદી જુગાર નહિ રમું, પરસ્ત્રીગમન નહિ કરૂં. બસ, આજે આપનેા સમાગમ થતાં મારૂં જીવન સુધરી ગયું. આ રીતે ખૂબ આભાર માન્યેા. ધનદેવ કહે છે ભાઇ! તું ખુબ ભૂખ્યેા લાગે છે? તેા તું નાહી ધેાઇને સારા વસ્ત્ર પહેરીને જમી લે. તેને જમાડીને તેનેા ખૂબ સત્કાર કર્યો. ધનદેવનેા ખૂબ આભાર માનતેા મહેશ્વરદત્ત ત્યાંથી રવાના થયેા. તેણે વિચાર કર્યો કે હવે મારે ઘેર જવું નથી. હવે તેા મારા આત્માનું કલ્યાણ કરવું છે. કારણ કે ધન વિના મારી કિંમત નથી. વળી ધન મેળવતાં અનેક પાપ કરવા પડે છે, તેા મારે એવું ધન મેળવવું નથી. આવેા મનુષ્યભવ ફરીફરીને મળવેા મુશ્કેલ છે. તેા આલેાકમાં ને પરલેાકમાં કલ્યાણકારી ધર્મની. આરાધના કરૂં એમ વિચારી ઘેર પાછેા ન જતાં જૈન મુનિનેા સમાગમ થવાથી પંચમહાવ્રતધારી સાધુ બન્યેા.

ધનશ્રીની દુષ્ટ ભાવના:- ધનદેવ બીજા દ્વીપમાં ધન કમાવા માટે જવાની તૈયારીમાં પડયેા હતેા. વચમાં મહેશ્વરદત્તનેા પ્રસંગ બની ગયેા. તે દરમ્યાન ધનશ્રીએ નંદકને કહ્યું આપણે કંઇ વહાણમાં જવું નથી. મને એના પ્રત્યે બિલકુલ પ્રેમ નથી. તમે

એને કોઈ પણ પ્રકારે મારી નાંખો તો આ બધી સંપત્તિના સ્વામી બની કોઇ અન્ય સ્થળે આપણે ચાલ્યા જઇએ ને આનંદથી સુખ ભોગવીએ. ત્યારે નંદક કહે છે હે સ્ત્રી! મહાપાપ કર્મના ઉદયથી તારા પ્રેમમાં ફસાયેા છું એ લેાક વિરૂદ્ધ છે. શેઠ મારા મિત્ર છે. એમનેા મારા ઉપર મહાન ઉપકાર છે. એમને મારી નાંખવાનેા તારેા વિચાર તદ્દન અયેાગ્ય છે. મારાથી એ કામ બનશે નહિ. એટલે ધનશ્રી ઢીલી પડી ગઈ ને મનમાં વિચાર કર્યો કે મારા આ કાર્યમાં નંદક મને સહાય નહિ કરે તેા પણ મારે એને જીવતેા રાખવેા નથી. વૈરાનુબંધ કેવું કામ કરે છે! ભવેાભવ અગ્નિશર્માનેા જીવ દ્વેષી અને ગુણસેનનેા આત્મા ગુણી હેાય છે. હવે ધનશ્રી ધનદેવને મારી નાંખવા કેવું કાવતુ રચશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૭૩

વિષય:-"કમળની જેમ સંસારથી બહાર આવેા"

ભાદરવા વદ ૧૨ ને રવિવાર **તા. ૨૩-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનેા!

અનંતજ્ઞાની મહાન પુરૂષેા જગતના જીવેાને જાગૃત કરતાં કહે છે હવે તેા જાગેા, કયાં સુધી મેાહનિદ્રા માં ઉંઘ્યા રહેશેા? આ મનુષ્યનું જીવન ખીલેલા ફૂલ જેવું છે. ફૂલ જેમ ખીલીને કરમાઇ જાય છે તેમ જેનેા જન્મ છે તેનું મૃત્યુ અવશ્ય છે. મનુષ્યનું આયુષ્ય અલ્પ છે. માટે સમજીને સમયનેા સદુપયેાગ કરેા, ને સાચા સુખની પ્રાપ્તિ કરી લેા. સુખ અને દુઃખનેા કર્તા પેાતાનેા આત્મા છે.

अप्पा कत्ता विकत्ताय, दुहाणय सुहाणय ।
अप्पा मित्तम मित्तं च, दुपट्ठिय सुपट्ठिओ ।

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૩૭.

આત્મા સુખ અને દુઃખને પ્રાપ્ત કરનાર છે. સાચા માર્ગે લઈ જનાર આત્મા મિત્ર છે ને દુરાચારના માર્ગે લઈ જનાર આત્મા શત્રુ છે તેથી આપણેા આત્મા સુખ-દુઃખનેા કર્તા અને ભેાકતા છે.

अप्पाणइ वेयरणी, अप्पा मे कूड सामली
अप्पा कामदुहा धेणू, अप्पा मे नंदणवनं ।

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૩૬

આત્મા વૈતરણી નદી સમાન છે. આત્મા કુટશાલ્મલી વૃક્ષ સમાન છે. આત્મા કામધેનુ ગાય સમાન છે ને આત્મા નંદનવન જેવેા છે.

કોઇ નંદનવનમાં જઇને બેસે તો તેને કેવો આનંદ પ્રાપ્ત થાય છે? ભગવાન કહે છે સુખ કે દુઃખ કોઇ બહારથી નહિ પણ અંદરથી પેદા થાય છે. જો આપણામાં રાગદ્વેષની પરિણતી હોય તો દુઃખના હજારો નિમિત્ત આવીને કેમ ખડા ન થઇ જાય છતાં આપણને કંઇ તેની અસર થતી નથી. દિલમાં દુઃખનો શોક કે હર્ષનો આનંદ થતો નથી. બંનેમાં સમાન ભાવ રહે છે. જેવી રીતે અડધું બળેલું બીજ ગમે તેવી ફળદ્રુપ જમીનમાં વાવવામાં આવે ને ઉપરથી અનુકૂળ વરસાદ પડે તો પણ તે બીજ ઉગી શકતું નથી. કારણ કે તેમાં અંકુરો પેદા કરવાની તાકાત નથી. તેવી રીતે દુઃખનું બીજ રાગ અને દ્વેષ જ્યારે બળી જાય છે ત્યારે ગમે તેટલા દુઃખના નિમિત્તો આવે પણ આત્મામાં દુઃખનો અનુભવ થતો નથી.

તમે રોજ ઉપાશ્રયે આવો છો ને વીતરાગ વાણી સાંભળો છો. છતાં હજુ આત્માનો ઉધ્ધાર કેમ નથી થતો? સાચા અને ખોટાની પિછાણ કેમ થતી નથી? તેનું કારણ એ છે કે વીતરાગ વાણી સાંભળવા છતાં વિષયો પ્રત્યેથી વિરાગ નથી જાગ્યો. સુખપ્રાપ્તિના સાચા ઉપાયને સમજ્યા નથી. તમે બધા અહીં આવીને બેઠા છો તેમાં કોઇના ઘરમાંથી એક-બે જણ આવ્યા હશે ને કોઇના ઘરમાંથી બધા આવ્યા હશે તો તાળું લગાવીને આવ્યા હશે. પણ એ જ્યારે ઘેર જશે ત્યારે તાળું કઈ ચાવીથી ખોલશે? જે ચાવીથી બંધ કર્યું હતું તે ચાવીથી જ ખોલશે ને? કે બીજી ચાવી જોઈએ? (સભા :- એ જ ચાવીથી ખુલે) જેમ તાળું ખોલવાની અને વાસવાની ચાવી એક છે પણ બંને વખત ચાવી ફેરવવાની દિશા જુદી છે તેમ આપણો આત્મા પણ સુખના દ્વાર ખોલી શકે છે ને બંધ પણ કરી શકે છે. સુખ અને દુઃખ પોતાનામાં ભરેલું છે. ખરાબ સ્વભાવવાળો આત્મા દુઃખને ઉત્પન્ન કરે છે ને સદ્‌ગુણી આત્મા સુખને ઉત્પન્ન કરે છે.

મહાન પુરૂષો સાચું તત્ત્વ તારવી શકે છે. સુખ શું છે ને દુઃખ શું છે? સુખ કયાંથી આવે છે ને દુઃખ કયાંથી આવે છે? ઇન્દ્રિયજન્ય વિષયોમાં કે પરપુદ્ગલોમાં સુખ નથી. સુખનો ભંડાર આત્મામાં ભર્યો છે. પણ ચાવી અવળી ફરી રહી છે એટલે સુખનો ભંડાર કયાંથી મળે? મહાન પુરૂષો ઇન્દ્રિયોના સુખોમાં આનંદ માનતા નથી. આત્મિક સુખમાં આનંદ માને છે. કારણ કે તે તત્ત્વ તારવે છે.

આંડેકર નામના એક વિદ્વાન થઇ ગયા. એક વખત તેઓ ગામબહાર જઇ રહ્યા હતા. રસ્તામાંથી તેમને એક ચાંદીનો સિક્કો જડે છે. સિક્કો હાથમાં લઇને તે જુએ છે તો એ સિક્કો સરકારની મહોરવાળો ન હતો. એ સિક્કો મોટો હતો ને જુદી જાતનો હતો. એ સિક્કાની એક બાજુ ગુલાબનું સુંદર ફૂલ કોતરેલું હતું. એ ગુલાબનું ફૂલ એવું સરસ કોતરેલું હતું કે જાણે હમણાં કોઈએ તોડયું ન હોય! એમને ફૂલ ખૂબ ગમી ગયું. પછી એમને વિચાર થયો કે એક બાજુ તો આવું મઝાનું ગુલાબનું

ફૂલ કોતરેલું છે તો બીજી તરફ શું છે? એણે સિક્કો ઉલટાવ્યો તો બીજી તરફ જુદું ચિત્ર હતું. તે ચિત્રમાં એક મડદું છે ને તેને કાગડા અને ગીધડા કોચી રહ્યા છે. તે દૃશ્ય જોતાં માનવીનું હૃદય કંપી જાય તેવું હતું. સિક્કાની એક બાજુ સુંદરમાં સુંદર ગુલાબનું ફૂલ છે અને બીજી બાજુ દૃષ્ટિ કરો તો મડદાં ઉપર કાગડા અને ગીધડા તૂટી પડયા છે ને મડદાને ફોલી ફોલીને માંસના લોચા ખાઇ રહ્યા છે. જ્યાં ગુલાબનું ફૂલ કોતરેલું છે ત્યાં લખ્યું છે કે "સુખ" અને બીજી બાજુ લખ્યું છે કે "દુઃખ". આ સુખ અને દુઃખ બંને શબ્દો વાંચ્યા ત્યાં એમની નજર સિક્કાની ધાર ઉપર ગઈ. ત્યાં લખ્યું હતું કે "સંસાર". આ જોઈને તેને વિચાર થયો કે અહો! આ સિક્કામાં સંસારના સ્વરૂપનું દર્શન થયું સિક્કો સંસાર છે. જેમ સિક્કાની એક બાજુ સુખ ને બીજી બાજુ દુઃખ લખ્યું છે તેમ સંસારની એક બાજુ સુખ છે ને બીજી બાજુ દુઃખ છે. જીવન એક સિક્કાના બે પાસા છે.

બંધુઓ! આવા સંસારમાં માનવજન્મ પામીને જો કરવા જેવી કોઇ ચીજ હોય તો ધર્મ છે. ધર્મ....ધર્મના ઉચ્ચારો તો ખૂબ કર્યા પણ ધર્મના સ્વરૂપને સમજ્યા નહિ. આજે લોકો ભગવાનના ભજન ખૂબ લલકારે છે એના ભજનના સૂર સાંભળીને બીજા લોકો ઘડીભર મુગ્ધ બની જાય છે. ને ગાનારનું માથું ધુણવા લાગે છે કે મારામાં કેવી ગાવાની કળા છે કે સાંભળતા લોકો મુગ્ધ બની જાય છે. સંતો કહે છે કે ભજન માત્ર લલકારવા માટે નથી પણ ગાઇને આચરણમાં ઉતારવા માટે છે. આજના ભકતો મોઢેથી ગાય છે પણ જીવનમાં કાંઈ હોતું નથી, નરસિંહ મહેતાએ ભજન ગાયું છે કે-

વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણેરે

પારકાની પીડા જાણે તે સાચો વૈષ્ણવ છે, દુઃખોને જાણીને મટાડે છે તે સાચો માનવ છે. અમે જ્યારે ગોંડલ ગયા ત્યારે રસ્તામાં અનેક વૃક્ષો જોયા અને વિશ્રામો લેવા માટેના ઓટલા જોયા ત્યારે ગ્રામવાસીઓને પૂછયું કે આવી સગવડવાળા રસ્તા અને વૃક્ષો બીજે અમે નથી જોયા ત્યારે પ્રજાએ ગોંડલના મહારાજાની સદ્‌ભાવનાની જે વાતો કરી ત્યારે એમ થઇ ગયું કે અગાઉના રાજા કેટલા પ્રમાણિક ને દયાળુ હતા.

આજે ભારત સ્વતંત્ર બન્યું પણ પ્રજાને કેટલો ત્રાસ છે? ભૂખ્યાની કોઇ ખબર લેનાર નથી. બ્રિટીશોએ ભારત ઉપર રાજ્ય ચલાવ્યું પણ તેણે પ્રજા ઉપર આટલો જુલમ નથી કર્યો કે આટલી હિંસા નથી કરી. આજે તો ભારત જેવા પવિત્ર દેશમાં હત્યાકાંડ વધી ગયો છે વેરાવળ પાસે તળાવ છે ત્યાં શિલાલેખ છે કે અહીં કોઇએ આ તળાવમાં જાળ નાંખવી નહિ, ને માછલા પકડવા નહિ. આ શિલાલેખ કયાંથી આવ્યો હતો? જ્યારે ખૂબ હિંસા થતી હતી ત્યારે મહાજન રાજા પાસે જતું, ને રાજા મહાજનની વાત

સાંભળતાં. વેરાવળના મહાજને ફરિયાદ કરી કે મહારાજ ! આપણા ગામના તળાવમાં જે માછલા પકડાય છે તે માછલા નહિ પણ અમારા પ્રાણ પકડાય છે. આવી હિંસા અમે નહિ જોઇ શકીએ. તરત રાજાને લખી દેવું પડયું કે તળાવમાં જે માછલા પકડશે તેને કડક શીક્ષા કરવામાં આવશે. રાજા પાસે મહાજનનું આટલું માન હતું એ શા માટે? વખત આવ્યે મહાજન રાજાને મદદ કરતું હતું. જ્યારે દુષ્કાળ પડે, હોનારત થાય એવા કટોકટીના પ્રસંગોમાં મહાજન, વણિક વહેપારીઓ જેટલી મદદ કરી શકે છે તેટલી બીજા કોઇ કરી શકતા નથી.

આજે કેટલાય જૈનો સત્તાની ખુરશી ઉપર બેઠા છે. પણ જ્યાં એકાંત પાપ થતાં હોય, હિંસાનું તાંડવ નૃત્ય કરતું હોય છતાં એમના દિલમાં દયા નથી આવતી, એ ઝુંબેશ ઉપાડતા નથી, શા માટે? જો કંઇક બોલીશું તો આ સત્તાની ખુરસી જતી રહેને? સાચો જૈન જ્યાં એક કીડીના પણ પ્રાણ દુભાતા હોય ત્યાં ઉભો રહી શકે નહિ, તેના બદલે જ્યાં આટલી હિંસા થતી હોય ઢગલાબંધ મચ્છી ઉત્પાદન કરાવી તેના વેગન ને વેગન ભરીને પરદેશ મોકલવાના હોય આવી સત્તાની ખુરશી ભોગવે છે પણ કર્મ ઉદય આવે ભુક્કા બોલી જશે.

બંધુઓ ! તમને પાપબંધનરૂપી સંસારથી કંટાળો આવ્યો છે? બંધનમાંથી મુકત થવાની ભાવના જાગી છે? આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા જાગી છે? જો અંદરમાં જિજ્ઞાસાનું બીજ વવાયું હશે તો વીતરાગ વાણીથી તમારૂં હૃદય ભીંજાઈ જશે. અંતરમાં જિજ્ઞાસાનું બીજ વવાયેલું હોય તો ઉપદેશ રૂપી જળ કામ કરે. જેના હૃદયમાં જિજ્ઞાસાનું બીજ નથી એવા આત્માને ગમે તેટલો ઉપદેશ આપવામાં આવે તો પણ એને રૂચતો નથી. જ્ઞાની કહે છે કે જો તું સંસાર જેલથી કંટાળ્યો હોય ને તને એમ લાગતું હોય કે આ સંસારજેલમાંથી હવે મારે છૂટવું છે અને જે દુનિયામાં જન્મ્યો છું તે દુનિયાથી ઉપર આવવું છે તો તું સાચો જિજ્ઞાસુ છે.

જેમ એક તળાવ હોય તેમાં દેડકા-માછલાં-કાચબા વિગેરે હોય. મોટી નદી કે દરિયો હોય તો તેમાં મગર પણ હોય ને કમળ પણ હોય. બધા તળાવમાં ઉત્પન્ન થયાં છે. બીજા જીવો તો પાણીમાં રહે છે ને તેમાં જીવે છે પણ કમળ પાણીમાં બેસી રહેતું નથી. બધાની સાથે રહેવા છતાં કમળ દિન-પ્રતિદિન પાણીમાંથી ઉપર આવવાનો પ્રયત્ન કરે છે અને પાણીથી ઉંચું આવીને પોતાનો વિકાસ કરે છે. કમળ ઉપર તો આવી જાય પણ એની દૃષ્ટિ સૂર્યના કિરણો તરફ હોય છે. જેવા તેના ઉપર સૂર્યના કિરણો પડે કે તરત કમળ ખીલી ઉઠે છે, તેમ આ સંસાર પણ એક તળાવ છે. તેમાં નારકી-તિર્યંચ-મનુષ્ય અને દેવ એમ ચાર પ્રકારના જીવો રહેલા છે. તેમાં તમારે કોના જેવું થવું છે? તળાવમાં રહેલા દેડકા અને માછલા જેવું બનવું છે કે કમળ જેવું

બનવું છે? (સભાઃ–કમળ જેવા બનવું છે). તમારે કમળ જેવા બનવું છે તો કમળની જેમ પુરૂષાર્થ કરવો પડશે.

જિજ્ઞાસુ આત્મા સંસારમાં જન્મેલા છે ને બીજા અનેક પ્રકારના જીવો પણ સંસારમાં છે. તેમની સાથે જન્મ્યો, મોટો થયો પણ સમજણના ઘરમાં આવતા કમળની જેમ સંસારમાંથી ઉંચો આવી જાય છે. જેમ સૂર્યના કિરણો પડતાં કમળ ખીલી ઉઠે છે તેમ વીતરાગ વાણીનું શ્રવણ કરતાં તમારૂં હૃદય ખીલી ઉઠવું જોઇએ. જમાલિકુમારે પ્રભુની વાણી સાંભળી અને તેનું હૃદયકમળ ખીલી ઉઠયું છે. એને સંસાર એ બંધન લાગ્યો છે. જેને બંધન લાગે તે છોડવા તૈયાર થઈ જાય. બોલો, તમારી આટલી તૈયારી છે? કયાં સુધી કાદવમાં ખૂંચ્યા રહેશો? જે આત્માઓ સંસાર છોડીને સંયમી બને છે તે કમળની જેમ ઉંચા આવે છે. તે આત્માઓ કમળ જેવા છે. જે જીવે દ્રવ્યસંસાર છોડયો તેની સાથે ભાવસંસાર છૂટવો જોઇએ. વેશપરિવર્તનની સાથે વિચારનું પરિવર્તન થવું જોઇએ.

જે આત્માઓએ સમજણપૂર્વક સંસાર છોડયો છે એ તો આત્મસ્વરૂપમાં રમણતા કરે છે. એનું લક્ષ બીજે કયાંય હોતું નથી. દેહમાં વસવા છતાં દેહાધ્યાસ છૂટી જાય છે. જે સિદ્ધ બનવાનું લક્ષ કરીને નીકળ્યા છે તે વહેલા કે મોડા એના સાધ્યની સિદ્ધિ કરી શકશે. તમે શું કરો છે? સંપૂર્ણ સાધુપણું ન લઈ શકો તો બાર વ્રતરૂપી ગૃહસ્થ ધર્મ અપનાવો. બારે બાર વ્રત ન લઇ શકો તો બારમાંથી કોઈ પણ એક વ્રત અંગીકાર કરો. દરરોજ એક સામાયિક કરવી એવી પ્રતિજ્ઞા કરો તો નવમું વ્રત અંગીકાર કર્યું કહેવાય. એક પૌષધ કરો કે એક દશમું વ્રત કરો તો તમે ૧૧ મું કે દશમું વ્રત અંગીકાર કર્યું કહેવાય. રાત્રી ભોજનમાં મહાન પાપ છે. માટે રાત્રી ભોજનનો ત્યાગ કરો. બાર વ્રતમાંથી કોઈ પણ વ્રત આદરો. સત્ય–અહિંસા અચૌર્ય બ્રહ્મચર્ય–અપરિગ્રહ પણ આદરો.

મહાભારતમાં કૌરવો ને પાંડવોના યુદ્ધનો એક પ્રસંગ છે. કૌરવો અને પાંડવો કુરૂક્ષેત્રમાં સામાસામી યુદ્ધ કરી રહ્યા હતા. તેમાં દ્રોણાચાર્ય કૌરવોના પક્ષમાં હતા. દ્રોણાચાર્ય યુદ્ધ કરવા આવ્યા. એ દ્રોણાચાર્ય ખૂબ બળવાન હોવાથી કોઇથી હારે તેવા ન હતા. અર્જુન અને દ્રોણાચાર્ય બંને પ્રચંડ યોધ્ધાઓ સામાસામી ઝઝુમી રહ્યા છે. દ્રોણાચાર્ય કોઇ રીતે પાછા પડતા નથી એટલે પાંડવો ખૂબ મુંઝાયા. ત્યારે કૃષ્ણ પાંડવોને કહે છે તમારા માથે ધર્મસંકટ છે. પણ દ્રોણ કોઈ સંયોગોમાં પાછા હઠે તેમ નથી. છતાં તેમને પાછા હઠાવવાનો એક ઉપાય છે. તે એ કે હે ધર્મરાજા! તમે અહીં યુધ્ધના મેદાનમાં ઉભા રહીને એટલું બોલો કે અશ્વત્થામા મૃતઃ તો દ્રોણાચાર્ય પાછા પડી જાય કારણ કે અશ્વત્થામા એ દ્રોણાચાર્યનો પુત્ર છે. એ પુત્ર એમને ખૂબ વહાલો

છે. એ પુત્ર ઉપરના તીવ્ર અનુરાગને કારણે તેઓ જો એમ સમજે કે અશ્વત્થામા મૃત્યુ પામ્યો છે તો તેમના હાથમાંથી હથિયાર નીચે પડી જાય, કારણ કે તેમને ધર્મરાજા યુધિષ્ઠિર પ્રત્યે દૃઢ વિશ્વાસ છે કે ધર્મરાજા કદી અસત્ય બોલે નહિ. દ્રોણ દુશ્મનના પક્ષમાં હોવા છતાં પણ તેમને ધર્મરાજાના સત્ય પ્રત્યે વિશ્વાસ છે. આજે પિતા-પુત્ર પ્રત્યે પણ આટલો વિશ્વાસ છે? ધર્મરાજા કૃષ્ણ વાસુદેવને કહે છે જે થવું હોયતે થાય પણ હું જિંદગીમાં કદી અસત્ય બોલ્યો નથી તો અત્યારે આવા પ્રસંગે પણ મારાથી અસત્ય કેમ બોલાય? જુઓ, રાજ્ય જવાનો કટોકટીનો પ્રસંગ છે. છતાં ધર્મરાજાની જીભ અસત્ય બોલતાં અચકાય છે. જ્યારે આજના માનવીને અસત્ય બોલવું રમત થઇ ગયું છે. જ્યાં સ્વાર્થ સધાવાનો નથી એવી વાતોમાં પણ માનવી અસત્ય બોલવા તૈયાર થઈ જાય છે જાણે સત્ય ન બોલવું એવું તેમણે વ્રત ન લીધું હોય! ધર્મરાજાને અશ્વત્થામા મૃતઃ એટલું બોલતાં લાખ્ખો વિચાર આવે છે. અંતે કૃષ્ણ તેમને કહે છે કે યુધિષ્ઠિર! જો તમે આટલું અસત્ય નહિ બોલો તો તમારા કુળનો વિચ્છેદ થઇ જશે. તેજ વખતે એક અશ્વત્થામા નામનો હાથી યુધ્ધમાં મૃત્યુ પામે છે એટલે ધર્મરાજા એટલું બોલ્યા કે અશ્વત્થામા નરોવા કુજ્જરોવા।

આટલું બોલ્યા તે પણ થોથવાતી જીભે અને બળતે હૈયે બોલ્યા. સત્યના પ્રભાવે તેમનો રથ જમીનથી ચાર આંગળ અદ્ધર રહેતો હતો તે ધબ દઇને નીચે પડી ગયો. આ ઉપરથી તમારે એટલું સમજવાનું છે કે ધર્મરાજા થોડું પણ અસત્ય બોલ્યા તો તેમનો રથ જમીન ઉપર પડી ગયો, તો જે ઇરાદાપૂર્વક અસત્ય બોલે છે તેની શી દશા થશે? યુધિષ્ઠિર બોલ્યા કે અશ્વત્થામા મૃત : નરો વા કુજ્જરો વા।

આ સાંભળી ધર્મરાજાના વચનને સત્ય માનનારા દ્રોણાચાર્યના હાજા ગગડી ગયા. ને હાથમાંથી હથિયાર હેઠા પડ્યા. પાંડવોની જીત થઇ, પણ ધર્મરાજાનું સત્ય ઝાંખુ પડી ગયું તમે પણ જીવનમાં બીજું કંઈ ન કરો તો ખેર, પણ બાર વ્રતમાંથી એકાદ વ્રત અંગીકાર કરો અને અણીશુદ્ધ તેનું પાલન કરવું એવો નિયમ અવશ્ય લેજો ને જેટલું સાંભળો છો તેમાંથી થોડું પણ જીવનમાં અપનાવો તો તમારું કલ્યાણ થશે.

જમાલિકુમારે પ્રભુની વાણી સાંભળીને જીવનમાં ઉતારી છે. તે દીક્ષા લેવા તૈયાર થયા છે. પણ તેમની માતા સંયમમાં કેવા કેવા ઉપસર્ગો આવશે તે વિષે સમજાવશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :- જ્યાં નંદકે ધનદેવને મારવાની ના પાડી ત્યારે ધનશ્રી ઉદાસ થઈને બેઠી તેની દાસી પૂછે છે હે સ્વામીની! તમે આટલા બધા ઉદાસ શા માટે છો! એ એની વિશ્વાસુ દાસી હતી મનની બધી વાત કરી એટલે દાસી કહે છે તમે શા માટે ગભરાઓ ખૂબ છો? હું તમને એક ઉપાય બતાવું. તે પ્રમાણે કરશો તો તમારૂ કાર્ય સફળ થઈ જશે.

ધનદેવને મારી નાંખવા માટે કાર્મણ પ્રયોગ

"પરિવ્રાજિકા નાગદત્તાસે એક ઔષધી લાઈ,
જિસકે ખાને સે વ્યાધિકા કોઇ નહી અંત કહા હી
શનૈ શનૈ તન રહતા ગલતા, મરતા કષ્ટ ઉઠાઈ હો....શ્રોતા..."

નાગદત્તા નામની દાસીએ તેને એક કાર્મણ પ્રયોગની ઔષધિ બતાવીને કહ્યું- આ ઔષધિ ખવડાવી દેવાથી માણસ તરત મરી જતો નથી પણ ધીમે ધીમે તેનુ શરીર ગળી જાય છે ને પછી મરણ પામે છે. ત્યારે ધનશ્રી કહે એ ઔષધિ બહુ સરસ. એ મને તું લાવી આપ. એટલે દાસીએ તેને ઔષધિ લાવી આપી. આ તરફ ધનદેવે વહાણ તૈયાર કરાવી તેમાં માલ ભરાવી બધાને તૈયાર કર્યા. વહાણમાં બેસવાના સમયે એણે પહેલાં પંચપરમેષ્ટિનું ધ્યાન કર્યું હજારો યાચકોને દાન દીધું અને તામ્રલિપ્તીથી આનંદપૂર્વક પ્રયાણ કર્યું.

સમુદ્રમાં ધનદેવના વહાણ આગળ વધવા લાગ્યા ને ધનશ્રી અને નંદકનો પ્રેમ પણ વધવા લાગ્યો. નંદકને ધનશ્રી પ્રત્યે પ્રેમ છે પણ તેથી ધનદેવને મારી નાંખવાનું બિલકુલ મન નથી. પણ દુષ્ટ ધનશ્રીએ એક દિવસ કાર્મણ પ્રયોગ કરવાની ઔષધિ ભોજનમાં ભેળવીને ખવડાવી દીધી. થોડા દિવસમાં તેની અસર થઈ ને ધનદેવ રોગમાં પટકાયો અને બાવાની રૂચી ઉડી ગઇ. પેટ મોટું થઇ ગયું. હાથ પગ સુકાઈ ગયા. મોઢું સુઝી ગયું. જાંઘો પાતળી થઇ ગઇ. તરસ બૂબ લાગવા માંડી. પાણી પીવે પણ એ પેટમાં ટકતું નથી. ધનદેવ એકદમ પથારીવશ થઈ ગયો. ઉઠવાની પણ તેનામાં તાકાત ન રહી. ત્યારે ધનદેવ વિચાર કરે છે આ અશાતા વેદનીય મને અહીં સમુદ્રમાં ઉદય આવ્યું છે. અરેઅર! પાપકર્મના ઉદય માટે કોઈ અકાળ નથી. કરેલા કર્મ તો ભોગવવા પડે છે. મારે શું કરવું? મારો પરિવાર મારી બિમારીથી દુઃખી થઇ રહ્યો છે. બિચારી ધનશ્રી પણ મૂંઝાય છે ને નંદકનો ચહેરો પણ કરમાઇ ગયો છે. મારાથી આ બધાનું દુઃખ જોવાતું નથી તો હું આ સમુદ્રમાં પડીને મારા જીવનનો અંત લાવી દઉં? ત્યાં બીજી ક્ષણે વિચાર આવ્યો કે હું ઘરથી નીકળ્યો ત્યારે મારી માતાએ મને કહ્યું હતું કે વિપત્તિ સમયે કાયર ન બનવું. માટે આ રોગથી કંટાળીને કાયર પુરૂષોની જેમ દરિયામાં પડીને આત્મહત્યા કરવી તે યોગ્ય નથી. મારૂં આયુષ્ય હશે ત્યાં સુધી જીવીશ. પણ આ વહેપારનું બધું કામ નંદકને સોંપી દઉં એમ વિચાર કરીને ધનશ્રી તથા નંદકને પોતાની પાસે બોલાવીને કહે છે:—

મેરી કરો ન કોઇ ચિન્તા, સ્વકૃત કર્મવિપાક,
વહી બનેગા જો બનના હૈ, ફેર ફિકર હકનાક,
ભાઇ નંદક નિજ ધંધે પર, રખો અપની ધાક હો...શ્રોતા....

હે ધનશ્રી અને હે નંદક! મારા પૂર્વકર્મના યોગથી મને અસહ્ય બિમારી

આવી છે. હવે હું બચી શકુ તેમ લાગતું નથી. પણ તમે મારી કોઇ જાતની ચિંતા કરશો નહિ. રાજા, રંક કે શ્રીમંત દરેકને કર્મ ઉદયમાં આવે છે. કર્મ કોઈને છોડતાં નથી. જે બનવાનું છે તે બનવાનું છે. તો નાહક ખોટો શોક શા માટે કરવો? આપણે જ્યાં જવા નીકળ્યા છે તે બંદર પણ હવે નજીક આવી ગયું છે, તો ત્યાં જઇને આ બધી મિલકત અને ધંધો બધું તારે સંભાળવાનું છે. હવે મારાથી કાંઇ બની શકે તેમ નથી. મને તારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે માટે બધું હું તને સોપું છું. નંદક કહે છે ધનદેવ શા માટે આટલા બધા નિરાશ થાવ છો? આપણે આ શહેરમાં જઇને ઉપચાર કરીશું. ત્યારે કહે છે એ બરાબર છે. ત્યાં જઇને ઉપચાર કરીશું તેનાથી મારો રોગ મટી જશે તો સારી વાત છે. નહિતર તું મારો ખૂબ વિશ્વાસુ છે. મારા પિતાનો તારા ઉપર મહાન ઉપકાર છે તેને નહિ ભૂલનાર અને મારા પ્રત્યે ભ્રાતૃસ્નેહથી જોનાર એવા તને હું કહું છું કે જો મારૂં કંઇ બની જાય તો તારે આ મારી પત્ની ધનશ્રીને મારા કુટુંબીજનોને ક્ષેમ કુશળ સોંપવી અને ધનશ્રીને પણ કહ્યું :-

હે સુંદરી! તારે નંદક ઉપર વિશ્વાસ રાખી પોતાના સ્વજન જેવો ગણવો. એનું વચન ખંડિત ન કરવું. આ પ્રમાણે બધી ભલામણ કરી એટલે નંદક ખૂબ રડવા લાગ્યો ને ધનશ્રી પણ કૃત્રિમ રડવા લાગી. ત્યારે ધનદેવ બંનેને ખૂબ આશ્વાસન આપતાં કહે છે તમે બંને ધીરજ રાખો. ચિંતા કરાવનાર એવા મારા પ્રત્યેના સ્નેહને ભૂલી જાઓ. એમ ખૂબ સમજાવીને છાના રાખ્યા ને એમના વહાણ આગળ ચાલ્યા.

"મહાકટાહ નામના દ્વીપે પહોંચ્યા"

વહાણ ચાલતાં ચાલતાં મહાકટાહ નામના દ્વીપે પહોંચ્યા. ત્યાં જઇને નંદક ભેટણું લઈને રાજાની પાસે ગયો. રાજાએ તેમનું બહુમાન કરી ઉતરવા માટે સ્થાન આપ્યું. વહાણમાંથી માલ ઉતાર્યો પછી ધનદેવ માટે મોટામાં મોટા ડૉકટરો અને વૈદોને બોલાવ્યા. ને દવા ઉપચાર શરૂ કર્યા. પણ કાર્મણ પ્રયોગ કર્યો હોવાથી તેનો રોગ મટતો નથી. નંદકે વહેપાર શરૂ કર્યો. ધન તો ખુબ કમાયા. નંદક ધનદેવની ખૂબ સેવા કરે છે. તેના શરીરનું ધ્યાન ખૂબ રાખે છે પણ ધનદેવનો રોગ મટતો નથી. દિવસે દિવસે પીડા વધતી જાય છે. ધનદેવને સારું નહિ થવાથી નંદકે વિચાર કર્યો કે હવે અહીં રહેવામાં સાર નથી. સ્વદેશ ગયા વિના રોગ નહિ જાય. હવે બધો વહેપાર સંકેલીને વહાણમાં બેસી સ્વદેશ જવા રવાના થશે. ત્યાં પણ દુષ્ટ ધનશ્રી તેની દુષ્ટ ભાવનાનું પ્રદર્શન કરશે ને ધનદેવ કેવા કષ્ટમાં મુકાશે ને શું બનશે તેનો ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૭૪

ભાદરવા વદ ૧૩ ને સોમવાર **તા. ૨૪-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

"ભગવાન મહાવીર વિષયો રૂપી વિષ ઉતારનાર ગારૂડી છે"

અનંતકરૂણાનિધી શાસ્ત્રકાર ભગવંત કહે છે કે હે આત્મા! જડ પુદ્ગલોના મોહમાં પડી અનંતકાળથી રખડી રહ્યો છે. તારા અંતરમાં ચેતનનો રણકાર થયો નથી. જ્યારે વીતરાગ વાણી સાંભળી તારા અંતરમાં રણકાર થશે કે હું કોણ છું? મારામાં કેટલી તાકાતછે? તો સંસારના બંધનો તોડી આત્મસાધના સાધી શકશો. જેમ ખેડુત ખેડેલી જમીનમાં બીજ વાવે છે તે બીજ જમીનમાં ઢંકાયેલું હોય છે. પછી તેના ઉપર વરસાદ પડે છે, ત્યારે બીજ વિચાર કરે છે કે મારે જમીનમાં દટાયેલું રહેવું નથી તો તેના ઉપર વરસાદ પડતાં અંકુર ફૂટીને બહાર નીકળે છે. ઘઉં-બાજરી-મગ-મઠ વિગેરે એકેન્દ્રિયના જીવો પણ અંકૂર ફૂટી માટીનું પડ તોડી બહાર નીકળે છે. એને ધૂળમાં ઢંકાયેલું રહેવું ગમતું નથી. તે રીતે મહાન પુરૂષો જણાવે છે કે આ ચૈતન્યમાં પણ જ્યાં સુધી જડમાંથી બહાર નીકળવાની ઝંખના ન જાગે ત્યાં સુધી બહારના ગમે તેટલા પ્રયત્ન હોય તો પણ જડમાંથી બહાર આવી શકતો નથી. એ ગમે તેવી ક્રિયાઓ કરે કે લોકોમાં પોતે ધર્મિષ્ઠ હોવાની છાપ પાડે કે એવો આભાસ ઉત્પન્ન કરે પરંતુ જે રીતે થવો જોઈએ તે રીતે આત્મા મુકત થઈ શકતો નથી. કારણ કે જડમાંથી મુકત થવાનો જે અભિલાષ જાગવો જોઇએ તે હજુ જાગ્યો નથી.

દિલમાં એવો ભાવ થવો જોઇએ કે હું ચૈતન્ય છું. મને બાંધનાર કોણ? તે છતાં હું બંધાયેલો છું. અજ્ઞાન દશાથી ઉત્પન્ન થયેલું બંધન મારે માટે બરાબરમાં બરાબ વસ્તુ છે. એટલે મારે મારા આત્માને વહેલામાં વહેલી તકે મુકત કરવો જોઇએ એવી તીવ્ર અભિલાષા આત્મામાં જાગે નહિ ત્યાં સુધી બધી ક્રિયાઓ કરવા છતાં પણ આત્માને મુકત બનાવવા માટેનું ઉત્તમ નિમિત્ત બની શકતી નથી. જે ક્રિયા દ્વારા આત્માને જડમાંથી મુકત બનાવાય છે તે ક્રિયા શ્રેષ્ઠ છે. આ રીતે સમજીને જે ક્રિયા કરે છે તેના જીવનમાં પરિવર્તન આવતું જાય છે ને તેના જીવનમાંથી રાગદ્વેષ તો પાતળા પડે છે. કોઇ પણ વસ્તુ જેમ જેમ ઘસાતી જાય તેમ તેમ પાતળી પડતી જાય છે. તે રીતે આટલી ધર્મક્રિયાઓ કરવા છતાં હજુ મારા રાગ-દ્વેષ પાતળા પડયા છે કે નહિ તે જોવાનું છે. આટલા સાધુ સંતો પાસે જવા છતાં અને આટલો ઉપદેશ શ્રવણ કરવા છતાં આપણા રાગદ્વેષ જો પાતળા ન થાય તો મનમાં અવશ્ય વિચાર થવો જોઇએ કે હજુ મારી દશા કેવી બેહાલ છે! ક્યાં મારો આત્મા અનંત સુખનો સ્વામી અને ક્યાં હું જડની ભીખ માંગી રહ્યો છું. આવો વિચાર જીવને થશે તો ઉત્કર્ષની સાથે સાધના કરી શકશે એવી ભાવના નહિ હોય તો ન તો આપણા આત્માનો ઉત્કર્ષ

થશે, ન તો ધર્મની આરાધના થશે. જે લોકો પોતાનો ઉત્કર્ષ કરતા જાય છે તે લોકો દુનિયામાં ધર્મની સ્થાપના કરવા સમર્થ બને છે. પોતાનો ઉત્કર્ષ કર્યા વિના કોઇ પણ માણસ દુનિયાનો ઉધ્ધાર કરી શકવાનો નથી. આ માટે જ્ઞાની પુરૂષોએ ફરમાવ્યું કે આપણામાં એક જાતનો અભિલાષ જાગવો જોઇએ કે મારે મુકત બનવું છે ને બંધનોમાંથી છૂટીને બહાર આવવું છે.

જમાલિકુમારે એક વખત ભગવાનની વાણી સાંભળી અને તેને પણ વિચાર આવ્યો કે બસ, મારે પણ પ્રભુની જેમ સંસારના બંધન તોડી આત્મિક સુખ પ્રાપ્ત કરવું છે. મારે હવે આ સંસારનું બંધન ન જોઇએ. મારે મારા આત્માને ઉંચે લઇ જવો છે. તેથી કહે છે હે માતા! મને દીક્ષાની આજ્ઞા આપ. હવે મને ક્ષણવાર સંસારમાં ગમતું નથી. ત્યારે તેની માતાએ પત્નીના વૈભવના ઘણું પ્રલોભનો આપ્યા છતાં જમાલિકુમાર દૃઢ રહ્યા ને કહ્યું કે માતા! આ સંસારની લક્ષ્મી તો નાશવંત છે. હું એનાથી પણ ઉ-તમ દેવલોકની શાશ્વતી ઋધ્ધિ અનંતીવાર ભોગવી આવ્યો છું. હવે મનેએનો મોહ નથી. જમાલિકુમારની માતા મિથ્યાત્વી ન હતી. તે જૈન શાસનની અનુરાગી હતી. પ્રભુના વચન ઉપર શ્રધ્ધા કરનારી હતી, વિવેકી હતી, એ તો પોતાના દીકરાની પરીક્ષા કરતી હતી. તેણે આગળ વધીને કહ્યું-

"માતા કહે છે કે દીકરા વીતરાગમાર્ગ ઘણો ઉત્તમ છે અને તેટલો કઠણ છે"

एवं खलु जाया । निग्गंथे पावयणे सच्चे अणुत्तरे केवले जहा आवस्सए
जाव सव्वं दुक्खाण अंतं करेति अहीव एगंत चिट्ठीए ।

હે પુત્ર! નિગ્રંથ પ્રવચન તને જે રૂચ્યું છે, ગમ્યું છે ને હૈયામાં ઉતરી ગયું છે તે સત્ય છે, ઉતમ છે. નિગ્રંથ પ્રવચન ટંકશાળી સત્ય છે. જેમ રાણીગરો ચાંદીનો રૂપિયો ગમે ત્યાં લઇ જાવ તો પણ તે રણકાર કરે છે. સાચા રૂપિયાનો રણકાર જુદો હોય છે, તેમ નિગ્રંથ પ્રવચન એ જેવી તેવી વસ્તુ નથી. ટંકશાળી સત્ય છે, સર્વશ્રેષ્ઠ છે. સર્વજ્ઞ ભગવંતનું કહેલું છે, પરિપૂર્ણ છે, ન્યાયમાર્ગને અનુસરનારૂં છે, વિશુધ્ધ છે, પાપના શલ્યોને છેદી નાંખનારૂં છે, અનંત સુખ અને સિધ્ધિનો માર્ગ છે, સર્વ કર્મથી મુકિત પામવાનો ઉપાય છે, ભવસાગર તરવા માટેનું જહાજ છે, અનંત શાંતિ પામવાનું સચોટ સાધન છે, સર્વ દુઃખોનો અંત કરનારૂં છે. આવું નિગ્રંથપણું હે દીકરા! શું તું એમ સમજે [illegible] લું

[illegible] કે હે માર [illegible] કે, અણવસ્તાવાળે [illegible] જો વાત તું [illegible] સર્વ દુઃખોથી [illegible] આત્મિયાર્થી [illegible]

[illegible] ! જુઓ જમાલિકુમારની માતાએ કેવો જવાબ આપ્યો! એને સંસાર-માર્ગ કેવો કઠીન છે તેનું વર્ણન કરે છે પણ જમાલિકુમારે સાધના સાધવી. આત્મા હતા છતાં આત્મસાધના આગળ તેને તચ્છ લાગ્યા કે ભગવાન મહાવીરનું શાસન જિય

લાગ્યું છે. આ જગાએ તમે હો ને તમારી માતા તમને આવા શબ્દો કહેતી હોત તો શું કરત? આવા દૃઢ વૈરાગી રહી શકો? તમે તો ઢીલા પડી જાવ. ઠીક, આ સુખો મળ્યા છે તો ભોગવી લઈએ પછી નિરાંતે દીક્ષા લઈશું, પણ તમને ખબર છે કે મારૂં આયુષ્ય આટલા વર્ષનું છે. ઘણાં એમ કહે છે કે મહાવીર પ્રભુએ ગર્ભમાંથી નિર્ણય કર્યો હતો કે મારા માતા-પિતાની હયાતિ હોય ત્યાં સુધી મારે દીક્ષા લેવી નહિ. માતા-પિતાને દુઃખ થાય તેવું મારે કરવું નહિ, તો પછી અમારે અમારા માતા-પિતાને દુઃખ થાય તેવું શા માટે કરવું? તો હું તમને પૂછું છું કે મહાવીર પ્રભુ માતાના ગર્ભમાં આવ્યા ત્યારે ત્રણ જ્ઞાન સાથે લઈને આવ્યા હતા તો તમે કેટલા જ્ઞાન સાથે લઈને આવ્યા છો? એ તો જાણતા હતા કે મારૂં આયુષ્ય આટલું છે પણ તમને ખબર છે કે તમારૂં આયુષ્ય કેટલું છે? જરા સમજો. ભગવાને તો આપણને અમૂલ્ય બોધપાઠ આપ્યો છે.

ચોવીસ તીર્થંકરો થઈ ગયા. એ બધાની અપેક્ષાએ મહાવીર પ્રભુ આપણા પરમ ઉપકારી છે. જેમના શાસનની પ્રાપ્તિના પ્રભાવે આપણને આત્મકલ્યાણની સાધનાનો અનુપમ યોગ મળ્યો છે. આજે આ ભરતક્ષેત્રમાં તીર્થંકર પ્રભુનો વિરહ કાળ છે. કેવળી ભગવાન તથા મનપર્યવજ્ઞાની પણ આજે નથી. જંબુસ્વામી મોક્ષે ગયા પછી દશ બોલ વિચ્છેદ ગયા છે. કાળદોષના પ્રભાવે આજે આ ભરતક્ષેત્રમાંથી સીધી મોક્ષપ્રાપ્તિ થતી નથી. અવસર્પિણી કાળ અને તેનો પાંચમો આરો એટલે દિવસે દિવસે નિર્મળ બુદ્ધિ બળનો, આત્મકલ્યાણની પવિત્ર ભાવનાનો, આયુષ્ય વિગેરેનો ક્રમે ક્રમે ઘટાડો થતો જાય છે અને તેમાં પણ છેલ્લા ૨૦-૨૫ વર્ષમાં તો જાણે એકદમ પરિવર્તન થઈ ગયું છે. આજથી પચાસ વર્ષ અગાઉ આપણા સમાજમાં કે દેશમાં જે ધર્મભાવના દેખાતી હતી તે આજે અંતરના રંગથી રંગાયેલી ધર્મભાવના જોવા મળતી નથી. નાના મોટાની મર્યાદા, વિનય-વિવેકાદિ ધર્મની પ્રાથમિક ભૂમિકાઓનું જે સુંદર દર્શન થતું હતું તેમાં આજે ખૂબ ઓટ આવી ગઇ છે. શ્રદ્ધા, સંયમ અને સદાચારનો ત્રિવેણીસંગમ આપણા ભારત દેશમાં પ્રત્યક્ષ અનુભવમાં આવતો. જેના પ્રતાપે શાંતિ અને સુખની અનુકૂળતા ઘણું કરીને જોવા મળતી. તેના સ્થાને આજે અશ્રદ્ધા-અસંયમ અને દુરાચારનું જોર વધુ ફેલાતા સમગ્ર દેશમાં દુઃખનું વાતાવરણ વ્યાપક બની ગયું છે અને છપ્પનીયા જેવા દુષ્કાળમાં જે મોંઘવારી ન હતી તેથી પણ વધુ મોંઘવારી આજે વધી ગઇ છે. આવા વિષમકાળમાં પણ આપણા કોઇ પ્રબળ પુણ્યયોગે થોડી ઘણી પણ- આત્મકલ્યાણની સાધના થાય છે એ પ્રભાવ શ્રમણ ભગવાન મહાવીરના શાસનનો છે. જૈન શાસન મળ્યાની સાર્થકતા ક્યારે? આત્મપ્રદેશોમાં ભાવથી એ પવિત્ર શાસનનો પરિણમન થાય, અનંત-કાળની વિભાવ-દશા ઘટે ને સ્વભાવદશા પ્રગટે તો જૈન શાસન મળ્યું તેની સફળતા છે.

સ્વભાવ એ આત્મા માટે અમૃત છે ને વિભાવ આત્મા માટે વિષ છે. અનેક પ્રકારના ભયંકર રોગોથી ઘેરાએલા કોઇ દર્દીને ધન્વંતરી જેવા સારામાં સારા વૈદ્યનો અથવા સર્જન ડૉકટરનો યોગ મળ્યો અને વૈદ્ય અથવા ડૉકટરે દર્દીના દર્દની ચિકિત્સા કરીને સુંદરમાં સુંદર ઔષધ આપ્યું. દર્દીએ ઔષધનો ઉપયોગ પણ કર્યો. પરંતુ ઔષધ શરીરની ધાતુઓમાં પરિણમે તે પહેલાં વમન કર્યું અથવા ઔષધ ગળેથી નીચે ન ઉતાર્યું. તો ગમે તેવો સારો વૈદ્ય અને સારી દવા હોય તો પણ શું લાભ થાય? દવા કોઠામાં જાય, શરીરમાં તેનું પરિણમન થાય તો ધીમે ધીમે રોગનો ઘટાડો અવશ્ય થાય. તે રીતે પુણ્યોદયે જૈન શાસન તો મળી ગયું. દેવો અને ઇન્દ્રો પણ આયુષ્ય પૂર્ણ થતાં મનુષ્યભવ અને જૈન કુળમાં જન્મવાની અભિલાષા રાખે છે તેવા જૈન કુળમાં તમારો જન્મ થયો. સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓમાં પણ જોડાયા. પણ શુદ્ધ ભાવથી અંતરમાં જૈનશાસનનું પરિણમન ન થાય, રાગ-દ્વેષ ઘટે નહિ ત્યાં સુધી સમ્યગદર્શન વિગેરે સ્વભાવદશા પ્રગટે નહિ અને જ્યાં સુધી એ સ્વભાવદશા પ્રગટે નહિ ત્યાં સુધી આત્માને શુદ્ધ આનંદનો અનુભવ થાય નહિ. વર્તમાનમાં ધર્મના બધા સાધનો મળ્યા હોવા છતાં જીવ વિભાવદશાથી ઘેરાયેલો રહે છે. વિભાવદશાની પ્રબળતાને કારણે આપણે સંસારમાં ભમી રહ્યા છીએ. સમ્યગદર્શન, સમ્યગજ્ઞાન અને સમ્યગ ચારિત્ર એ આત્માની સ્વભાવદશા છે. ને એ આત્માના ભાવ પ્રાણ છે. ક્ષમા, સંતોષ, સરળતા, નમ્રતા એ સ્વભાવદશા છે, જ્યારે મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતી એ બધી વિભાવદશા છે. કામ-ક્રોધ-માન-માયા-લોભ અને સંસારની લાલસાઓ એ બધા વિભાવના પરિણામો છે. આટલા માટે જ્ઞાની કહે છે કે સ્વભાવ પરિણામ એ આત્મા માટે અમૃત છે અને વિભાવ પરિણામ એ આત્મા માટે ભયંકર કાતીલ વિષનું કામ કરનાર છે. સ્વભાવ અને વિભાવની ટૂંકી વ્યાખ્યા જાણ્યા પછી આત્માને પૂછો કે તારામાં સ્વભાવનું જોર છે કે વિભાવનું જોર છે? વિષ ભક્ષણનું પરિણામ શું આવે? તેનો જરા વિચાર કરો. સ્વભાવ એટલે શું અને વિભાવ એટલે શું? તેનો પણ અહીં બેઠેલામાંથી ઘણાને ખ્યાલ નહિ હોય. કોઈકને ખ્યાલ હશે. જ્યાં સુધી રોગનો રોગ તરીકે ખ્યાલ ન આવે ત્યાં સુધી રોગનું નિવારણ કરવાની કલ્પના પણ કયાંથી આવે? વિષને વિષ તરીકે ઓળખવામાં ન આવે ત્યાં સુધી એ વિષના સેવનથી દૂર રહેવાની કયાંથી ખબર પડે? શરીરને અનર્થ શાથી થાય? વ્યાપારમાં નુકસાન કેમ થાય છે? તેનું શું કારણ છે તેનો તમને બરાબર ખ્યાલ છે, તમારી બાહ્ય મિલ્કતમાં જરા ઘટાડો ન થાય પણ દિન-પ્રતિદિન તેમાં કેમ વધારો થાય તે માટે તમારી સંપૂર્ણ તકેદારી છે. પરંતુ આત્માની અનંત શકિત અને સંપત્તિઓને લૂંટનાર કોણ છે? તેનો જરા પણ વિચાર આવતો નથી. વિષયપાન કરવાથી કોઈ બેભાન બની જાય તેમ જીવ પણ વિભાવરૂપી વિષપાનથી બેભાન બની ગયો છે.

મિથ્યાત્વરૂપી ઝેરનું નિવારણ કરવામાં ભગવાન મહાવીર ગારૂડિ-મંત્રવાદી સમાન છે. સંસારના વ્યવહારમાં ગમે તેટલું ડહાપણ હોય, પારકાની પંચાતમાં ગમે તેટલી કુશળતા હોય, પણ આત્માના વિકાસ માટે, આત્માના કલ્યાણ માટે અને આત્માની અનંત શક્તિઓને પ્રગટ કરવાનો વિચાર ન આવે, આત્મસ્વરૂપની પિછાણ ન થાય ત્યાં સુધી દરેક જીવો બેભાન દશામાં પડેલા છે. બાહ્ય વિષપાન વડે કે સર્પ આદિ ઝેરી જંતુઓના ડંશથી કોઇ મનુષ્ય મૂર્છિત થઇ જાય પણ હજુ મૃત્યુ પામ્યો નથી, તાળવામાં પ્રાણ બેઠા હોય ને ભાગ્યયોગે તે સમયે કોઈ વિષ ઉતારનાર ગારૂડિ મંત્રવાદી મળી જાય અને એ ગારૂડિ મંત્રવાદી પોતાની શક્તિ વડે ઝેર ચઢવાથી બેભાન બનેલા મનુષ્યના શરીરમાં વ્યાપેલું વિષ ઉતારી નાંખે તેમજ મરી ગયેલા જેવી સ્થિતિમાંથી સજીવન કરે તે સમયે તે વ્યક્તિને તેમજ તેના કુટુંબીજનોને કેટલો આનંદ થાય? એ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીર આપણા ભાવવિષનું નિવારણ કરવા માટે ગારૂડિ મંત્રવાદી સમાન છે. વિભાવદશા તેમજ વાસનાના પ્રબળ જોરથી જીવની મૂર્છિત જેવી અવસ્થા છે. બાહ્ય વિષ વડે બેભાન બનેલી વ્યક્તિને જેમ તાળવે પ્રાણ બેઠેલા હોય છે તે પ્રમાણે ભાવથી આપણે બેભાન જેવા છતાં અક્ષરના અનંતમા ભાગ જેટલી ચેતના સહુ જીવોની ખુલ્લી છે. જો એટલી ચેતના ખુલ્લી ન રહે તો જીવ અજીવ બની જાય. પણ ત્રણ કાળમાં એવું બનતું નથી. જીવ તે સદ્ભાને માટે જીવ રહે છે. કર્મના આવરણની ન્યુનાધિકતાને કારણે તેની ચેતનામાં ઓછા વધતાપણું થયા કરે છે. પણ ચૈતન્યગુણનો સર્વથા નાશ થતો નથી. નિગોદમાં પણ જ્ઞાનનો-ચેતનાનો અનંતમો અંશ ભાગ ખુલ્લો છે તો આપણે સંજ્ઞીપંચેન્દ્રિય અને તેમાં પણ મનુષ્યપણું પામ્યા છીએ એટલે અંતર્ગત ચેતનાનો અંશ બેઠો છે. એ ચેતના સાથે મિથ્યાત્વરૂપી વિષનું મિશ્રણ થયું હોવાથી જીવ મૂર્છિત જેવી સ્થિતિમાં આવી ગયો છે. કરવા લાયક ન કરીએ ને ન કરવા લાયક કરીએ વાસ્તવિક દૃષ્ટિએ પોતાનું હોવા છતાં પરાયું માની લઇએ ને પરાયું હોય તેને પોતાનું માની લઇએ. એ બેભાન દશા નહિ તો બીજું શું? બેભાન માણસ ગમે તેમ બકે, ગમે તેમ કરે તેનો તેને પોતાનો ખ્યાલ નથી હોતો. તેમ આત્માનું કેવળ અહિત થાય તેવું ગમે તેમ બોલીએ, ગમે તેવી પ્રવૃત્તિઓ કરીએ તેનું આપણને ભાન નથી. આવી બેભાન અવસ્થામાંથી આપણને નવજીવન અર્પણ કરનાર ગારૂડિ મંત્રવાદી શ્રમણ ભગવાન મહાવીર અને તેમનું શાસન છે. આજે જે કંઈ જીવ-અજીવના સ્વરૂપને સમજ્યા છીએ, પુણ્ય, પાપ, આશ્રવ, અને સંવરની વ્યાખ્યાનો ખ્યાલ આવ્યો છે. નિર્જરા અને બંધનું સ્વરૂપ સમજાયું છે. પાપ-આશ્રવ ને બંધ એ ત્યાગ કરવા લાયક છે. સંવર-નિર્જરાની અપેક્ષાએ પુણ્ય ઉપાદેય છે. આ બધી બાબતો જો કંઈક હૃદયમાં ઉતરી હોય તો એ બધો પ્રભાવ શાસનપતિ પ્રભુ મહાવીરનો છે.

જમાલિકુમારની માતા એમ કહે છે હે દીકરા! સંયમ પાળવો તે કંઈ સહેલો નથી. તારી કોમળ કાયા સંયમના વિષમ દુઃખો કેમ વેઠી શકશે? ત્યાં કેટલી સાવધાની રાખવી પડશે? જેમ સર્પ દરમાં પ્રવેશ કરે છે ત્યારે કેટલી સાવધાની રાખે છે? કારણ કે સર્પનું શરીર સુંવાળું રેશમ જેવું હોય છે. ને દર ખરબચડું ને કાંટા-કાંકરાવાળું હોય છે. તે દરમાં પ્રવેશ કરતી વખતે સર્પ જો સાવધાની ન રાખે તો એના શરીરે ઉઝરડા ભરાય. કાંટા-કાંકરા વાગે અને લોહી નીકળે છે તેમ જો તું પણ સંયમ લઇને સાવધાની નહિ રાખે તો તારા આત્માનું અહિત થશે. માટે ખૂબ વિચાર કરજે. જુઓ, જમાલિકુમારની માતા તેની કેવી કસોટી કરે છે. અહીં તો માતા એના પુત્રની કસોટી કરે છે. આગળના સમયમાં શ્રાવકો સાધુની પરીક્ષા કરતા હતા, કારણ કે શ્રાવક સાધુના અમ્માપિયા છે. વખત આવે સાધુની ભૂલ થાય તો શ્રાવકો સમજાવીને ઠેકાણે લાવતા હતા ને ભૂલમાં પોતાનું ભાન ભૂલેલા સંતો પણ પોતાની ભૂલને ભૂલ સમજી છોડી દેતા હતા ને હૃદયના પશ્ચાતાપ પૂર્વક પોતાની ભૂલનો એકરાર કરતા હતા. ગમે તેવા વિદ્વાન સાધુ કેમ ન હોય! પણ પોતાની ભૂલનું જગત સમક્ષ પ્રદર્શન કરતા હતા.

આપણે રત્નાકર પચ્ચીસી ગાઇએ છીએ. તેની રચના કેમ થઈ છે? એક રત્નાકરસૂરિ મહારાજે આખી રત્નાકર પચ્ચીસીમાં પોતાની ભૂલનો પશ્ચતાપ કર્યો છે. રત્નાકરસુરિ મહારાજે પચ્ચીસી કેમ રચી છે તે સાંભળો.

આત્માનો પશ્ચાતાપ:- રત્નાકરસુરિ મહારાજ ખૂબ જ્ઞાની અને પ્રખર વિદ્વાન હતા. એમનો ત્યાગ ને તપ ઉચ્ચ કોટીનો હતો. તેમની વાણીમાં અપૂર્વ ઓજસ હતું. તેઓ જ્યારે પાટે બેસીને વ્યાખ્યાન વાંચતા ત્યારે તેમની ઉપર સાક્ષાત સરસ્વતી દેવી બિરાજમાન થતી ન હોય તેવો જનસમુદાય ઉપર પ્રભાવ પડતો હતો. એમની વાણીમાં એવી તાકાત હતી કે પથ્થર પણ પીગળીને પાણી બની જતા. ગુજરાતના રાયખંડ વડલી ગામમાં તે પધાર્યા હતા. તેમની વાણીનો પ્રવાહ એવો વહેતો હતો કે લોકોના અંતરને સ્પર્શી જતો. કંઇક માણસો વૈરાગ્ય પામી ગયા ને કંઈક વ્રતધારી શ્રાવકો બની ગયા.

સુધન નામનો એક શ્રાવક ધંધુકાનો રહીશ હતો. રૂનો વહેપાર કરવા માટે સીઝનમાં બે મહિના રાયખંડ વડલીમાં આવીને રહેતો ને ત્યાં ધમધોકાર વહેપાર કરતો. એક દિવસ એ પણ રત્નાકરસૂરિ મહારાજનું પ્રવચન સાંભળવા આવ્યો. સાંભળીને એને લાગ્યું કે સંસારમાં છે શું? સંસારના ખારા સાગર તરફ વહી જતા જીવનપ્રવાહને પલટાવી દીધો. રાત-દિવસ બજારમાં રખડનારો સુધન કલાક બે કલાક પણ બજારમાં દેખાતો ન હતો. દુનિયાના વહેવાર તરફ એને તિરસ્કાર છૂટયો હતો ને ધર્મનો વહેવાર એને એથી અધિક વ્હાલો લાગ્યો હતો. સુધનના હૈયાનાં સીતાર ઉપર ધર્મનું સૂરીલું સંગીત વહેતું મૂકનાર બીજું કોઇ ન હતું, પણ એ તરણ અધ્યાત્મયોગી રત્નાકરસૂરિ

આચાર્ય હતા. એમણી વાણી સાંભળી સુધનના જીવનનું પરિવર્તન થઇ ગયું હતું. સુધનને મન ગુરૂ કહો કે ભગવાન કહો તો આચાર્ય રત્નસૂરિ મહારાજ હતા ને આચાર્યને મન સુધન ભક્ત કહો કે શિષ્ય કહો એટલો તેના ઉપર વિશ્વાસ હતો. આખો દિવસ સુધન ઉપાશ્રયમાં રહી ગુરૂ પાસેથી જ્ઞાન-ધ્યાનનો લાભ લેતો ને ધર્મકરણીમાં સમય વીતાવતો.

એક દિવસ સુધન કોઇ કામ પ્રસંગે બહાર ગયેલો. તે બહારથી ઉપાશ્રયમાં આવ્યો તે વખતે મહારાજ એમના રજોહરણનું પડિલેહણ કરી રહ્યા હતા. રજોહરણની વચમાં એક નાનકડી પોટલી રાખેલી. સુધનનું આવવું ને આચાર્ય શ્રીનું એ પોટલીનું પડિલેહણ કરવું. સુધનની નજર પોટલી ઉપર પડી ગઇ. જોયું તો અંદર કિંમતી રત્નો હતા. રત્નાકરસૂરિ ક્રોડાધિપતિના દીકરા હતા. સંસાર ત્યાગી સંયમી બન્યા પણ પોતે એક કિંમતી હીરાની વીંટી પહેરતા હતા તેમાં મોહ રહી ગયેલો એટલે વીંટીમાંથી હીરા કઢાવી કપડે બાંધી રજોહરણમાં રાખતા. પોતાના શિષ્યોને રજોહરણનું પડિલેહણ કરવા આપતા નહિ. પોતાની જાતે કરી લેતા. શિષ્યો વસ્ત્ર-પાત્રનું પડિલેહણ કરવા જતા ત્યારે ગુરૂ રજોહરણની સાથે પેલી પોટલીનું પડિલેહણ કરી લેતા.

કામિનીના ત્યાગીને કોઇ કામિની સાથે ક્રીડા કરતા જોઇ જેમ સજ્જનની આંખો મીંચાઇ જાય તેમ આચાર્ય પાસે રત્નો જોઇ સુધનની આંખો પણ મીંચાઇ ગઇ. એના મનમાં અનેક તર્ક-વિતર્ક થયાં. અહો ! કંચન-કામિનીના ત્યાગી પુરૂષને કંચન કથીર સમાન ન લાગે તો કંચનના ત્યાગી શેના ! મારા ગુરૂદેવ આવા સમર્થ વિદ્વાન હોવા છતાં શું એ નહિ જાણતા હોય કે પરિગ્રહ એ પાપનું મૂળ છે. હજારો શ્રોતાજનોને પરિગ્રહ પરિમાણનું વ્રત આપનારા ગુરૂદેવ શું રત્નોને પરિગ્રહ નહિ માનતા હોય ? એ કેમ માની શકાય ? જો એમ નથી તો ગુરૂ પાસે આ કાચના ટુકડા જેવા રત્નો ક્યાંથી ? સંસારનો મોહ છૂટયો પણ આ રત્નોનો મોહ નહિ છૂટયો હોય. સુધનના મનમાં આવા વિચારો ચાલી રહ્યા હતા. ત્યાં રત્નાકરસૂરિએ રત્નોની પોટલી બાંધી રજોહરણમાં મૂકી દીધી.

સુધનના દિલમાં ખૂબ દુઃખ થયું, કારણ કે રત્નાકરસૂરિ ઉપર તેને અંતરનો પ્રેમ હતો, એમના માટે કોઇ એક પણ શબ્દ આડોઅવળો બોલે તો એને મૂંગો કરી નાંખે. અતૂટ વિશ્વાસ અને અચલ શ્રદ્ધાપૂર્વક તેણે પોતાનું જીવન રત્નાકરસૂરિના ચરણમાં સમર્પિત કર્યું હતું. બીજા કોઈએ ભૂલેચૂકે સુધનને કહ્યું હોત કે રત્નાકરસૂરિ રત્ન રાખે છે તો સુધન બીલકુલ માનત નહિ, એટલું નહિ પણ સુધન એને મારવા દોડત પણ આજે તો એ પોતે પ્રત્યક્ષ નિહાળી રહ્યો હતો, ગુરૂદેવ પ્રત્યે ઉભો કરેલો શ્રદ્ધાનો પહાડ આજે તૂટી રહ્યો હતો.

સુધન અત્યારે સામાયિક કરવા આવ્યો હતો એટલે સામાયિક તો કર્યું પણ

તેના અંતરમાં એ વિચારો ચાલતા હતા કે મારે મારા ગુરૂદેવને કેવી રીતે સમજાવવા? એ ગુરૂદેવનો મારા ઉપર મહાન ઉપકાર છે. એ મને મળ્યા ન હોત તો મારો ઉદ્ધાર ક્યાંથી થાત? ધર્મના અમૂલ્ય તત્ત્વો મને કોણ સમજાવત? મારાથી ગુરૂને કહેવાય નહિ. તેમના અવર્ણવાદ બોલાય નહિ. પણ આ એમના સંયમરત્ન ઉપર પરિગ્રહના મોહનો પડદો પડયો છે તેને કોઇ પણ રીતે દૂર તો કરવો જોઇએ, તો જ હું તેમના ઉપકારનો બદલો વાળી શકું. પણ એ ગુરૂને સમજાવવા કેવી રીતે? એનો ઉપાય શોધતો હતો પણ કોઈ રીતે ઉપાય જડતો ન હતો. આ કોઇ સામાન્ય વ્યક્તિને સમજાવવાની ન હતી. આ તો જબ્બર શક્તિધારી સમર્થ પુરૂષને સમજાવવાના હતા. સમર્થ પુરૂષને સમજાવવા માટે ઉપાયે પણ સમર્થ જોઈએ ને? જો જેવો તેવો ઉપાય હોય તો અર્થને બદલે અનર્થ થઈ જાય.

ગુરૂની આમી જોઇ ગયો હતો પણ એણે ગુરૂ ઉપરથી બહુ માનભાવ ઓછો કર્યો ન હતો. દરરોજ ગુરૂ પાસે આવે, વંદણા કરીને શાતા પૂછે, સામાયિક આદિ બધું કરતો કારણ કે એ સમજતો હતો કે મારે જે કાર્ય કરવું છે તે પ્રેમથી થશે. દ્વેષથી કે તિરસ્કારથી નહિ બને. પ્રેમ પ્રેમ પ્રગટાવશે ને તિરસ્કાર તિરસ્કાર પ્રગટાવશે. એટલે રત્નાકરસૂરિને એમ ન લાગે કે સુધન મારા સંયમ પ્રત્યે શંકાશીલ છે. દિવસો ઉપર દિવસો પસાર થતા હતા પણ એને યોગ્ય ઉપાય જડતો ન હતો. પોતે એમ કહેવા જાય કે આપ આપની પાસે રત્નો રાખો છો? તો એ ગુરૂનો અવિનય લાગતો હતો અગર શિષ્યોને કહું તો શિષ્યોમાં ગુરૂની અપભાંજના થાય માટે કોઈ જાણે નહિ ને મારા ગુરૂ રત્નોનો મોહ છોડી દે એવો ઉપાય શોધવો. જો કોઇ શાસ્ત્રનો એવો શ્લોક મળી જાય કે જેમાં પરિગ્રહની ઝાટકણી હોય એવો શ્લોક લઇને એનો અર્થ એમની પાસે કરાવવા જાઉં ને એ શબ્દો એમના અંતરને સ્પર્શી જાય ને પરિગ્રહ પ્રત્યે ઘૃણા જાગે ને પરિગ્રહને ફગાવી દે તો કામ થઇ જાય. પણ એવો શ્લોક ક્યાંથી મળે કે જેનાથી આ આચાર્યશ્રીની આંખ ખુલી જાય. હજાર શ્લોકો કંઠસ્થ કરી જનાર અને તેનો અર્થ લોકોને સમજાવનાર આચાર્યશ્રીને એક શ્લોકમા સમજાવી દેવા એ કામ સહેલ નથી. છતાં સુધનને શ્રદ્ધા હતી કે મને જરૂર સફળતા મળશે. એ શ્રદ્ધાથી ગ્રંથોના પાના ઉથલાવી રહ્યો હતો. જે શ્લોકને શોધવા સુધન ઘણા દિવસથી મથી રહ્યો હતો તે એક દિવસ શાસ્ત્રવાંચનના મહાસાગરમાંથી મળી ગયો. ચાર લીટીનો શ્લોક હતો પણ એમાં ચાર હજાર લીટીના ભાવભર્યા હતા. એક ઉપદેશ ગ્રંથનો એ શ્લોક હતો. "ઉપદેશમાળા" એ ગ્રંથનું નામ હતું. સુધને નક્કી કર્યું કે આ શ્લોક લઇને ગુરૂદેવ પાસે જઇને તેનો અર્થ પૂછવો. હવે સુધન ઉપાશ્રયે આવ્યો ત્યારે ગુરૂ એકલા બેઠા હતાં ને પોતાના રત્નો ગણતા હતા, જ્યારે શિષ્યો પોતાની જગ્યાએ

પડિલેહણ કરતા હતાં. ગુરૂએ સુધનને પૂછયું કેમ સુધન! અત્યારે તમારે આવવાનું બન્યું? ને તમારા હાથમાં આ ગ્રંથ શેનો છે? ત્યારે સુધને કહ્યું- ગુરૂદેવ! ઉપદેશમાળાનો આ શ્લોક છે તેનો અર્થ મને બરાબર બેસતો નથી તે આપની પાસે બેસાડવા આવ્યો છું. એમ કહી રત્નાકરસૂરિના હાથમાં શ્લોક આપ્યો. શ્લોક જોતાં આચાર્ય બોલી ઉઠયા આ શ્લોક તો તદ્દન સહેલો છે.

दोससय मूल जालं पुव्व रिमि विवज्जिचं जइवंनं ।
अत्थं वहसि अणत्थं कीस अगत्यं तवं चरसि ।।

સુધન! તારા જેવા શ્રાવકને આવા સરળ શ્લોકનો અર્થ ન બેઠો એ તો આશ્ચર્ય કહેવાય. આ શ્લોક પરિગ્રહ રાખનાર સાધુને ઉદ્દેશીને છે. આનો અર્થ આ પ્રમાણે છે. ધન એ એક બે નહિ પણ સેંકડો દોષોનું મૂળ અને સેંકડો દોષોને ખેંચી લાવનારી જાળ છે અને તેથી પૂર્વના ઋષિમુનિઓએ તેનો ત્યાગ કર્યો છે. એ અનર્થકારી ધનને હે મુનિ! જો તું પાસે રાખતો હોય તો પછી ફોગટ શા માટે તપ કરે છે? બસ, આ શ્લોકનો આ સાદો ને સીધો અર્થ છે. બોલ તને અર્થ બેઠો? ત્યારે સુધન કહે છે ગુરૂદેવ! આપે અર્થ કર્યો તે બરાબર હશે પણ મારા મગજમાં બેસતો નથી. ત્યારે રત્નાકરસૂરિએ કહ્યું તો કાલે બરાબર જોઈને કહીશ. હજારો ભક્તોના કઠીનમાં કઠીન પ્રશ્નોનું સેકંડમાં સમાધાન કરનાર ગુરૂ પોતાના અંગત ભક્તના મનનું સમાધાન ન કરી શકે તો થઈ રહ્યું ને?

સુધનને સમજાવવામાં છ મહિના વીત્યા પણ તે ના સમજ્યો, તો પણ ગુરૂને ક્રોધ આવતો નથી. છેવટે એમની ઉંઘ ઉડી ગઈ હતી ને ભૂખ ભાગી ગઇ હતી. રાત્રે ઝબકીને જાગી જતાં. છ છ મહિનાથી સુધનને એક સામાન્ય શ્લોકનો અર્થ બેસાડી શકતા નથી એમને પોતાની વિદ્વતા ઉપર તિરસ્કાર છૂટયો. ધિક્કાર છે મારી વિદ્વતાને! એક સામાન્ય પ્રશ્નનું સમાધાન ન કરી શકે એવી વિદ્વતા શા કામની? આખું નગર નિદ્રાધીન બની ગયું હતું. શિષ્યો પણ સ્વાધ્યાય કરીને સૂઇ ગયા હતા. એ રાયખંડવડલીના ધર્મસ્થાનકમાં એક રત્નાકર વિજયસુરિ જાગતા હતા. આજે નિદ્રા આવતી નથી. ઘણીવાર તેઓ જાગીને શ્લોકના અર્થના ચિંતનમાં બેસી જતા. આજે સાતમા મહિનાની મધરાત હતી. આંખમાં આંસુ આવી ગયા કે આમ કેમ? વારંવાર એમના મગજમાં એક પ્રશ્ન ઉઠતો કે હજુ હું કેમ સમજાવી શકતો નથી? તેમ વિચાર કરે છે ત્યાં પેલી પોટલી યાદ આવી અને તરત તેમને સમજાયું કે અહાહા....હું શું કરી રહ્યો છું? સવાર પડતાં સુધન આવ્યો તે સમયે રત્નાકરસુરિએ પેલી પોટલી છોડી. એક પછી એક રત્નો પથ્થર લઈને વાટીને ચૂરેચૂરો કરી ફેંકી દીધા. આ જોઈ સુધન તો સમજી ગયો કે પોતાની ભાવના પૂર્ણ થઇ,

મહેનત બધી સફળ બની. શ્લોકનો અર્થ બેસાડવાના બહાને તેને જે કામ કરવું હતું તે થઇ ગયું છે છતાં આશ્ચર્ય બતાવતા પૂછયું ગુરૂદેવ! આ શું કરો છો? આ તો કિમતી રત્નો છે? એને આમ વાટીને ધૂળ ભેગા કરાય? રત્નાકરસૂરિએ જવાબ આપ્યો કે આજ દિન સુધી તારા શ્લોકનો અર્થ બેસાડી શકયો ન હતો તેનું કારણ આ રત્નો હતા. લાવ હવે તારો શ્લોક. હા, ગુરૂદેવ! તેમ હતું. મને હવે તેનો અર્થ બેસી ગયો છે. ધન સેંકડો અનર્થોનું મૂળ છે. સુધન! તું મારો શિષ્ય નહિ પણ મારી શિથિલતાને દૂર કરનારો મારો સાચો ગુરૂ છે.

એ દિવસથી રત્નાકરસૂરિએ પોતાના જીવનમાં રહેલી તમામ શિથિલતાને બંધેરી નાંખી. એમના મનમાં પશ્ચાતાપ થયો. અહો! આજ દિન સુધી હું સાધુ ન હતો. માત્ર મેં બધો દેખાવ કર્યો હતો. મારૂં શું થશે?

" ઠગવા વિભુ આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા "

બહારથી સાધુનો વેશ પહેરી અંદરમાં ઢંબ રાખીને લોકોને ઠગ્યો છું. જ્ઞાન-દર્શન ચારિત્રરૂપી રત્નો ગુમાવીને મારી અજ્ઞાનતાના કારણે મેં તો કાચના ટુકડા ગ્રહણ કર્યા. એ રીતે રત્નાકરસુરિ મહારાજે હૈયાની તમામ વેદના સ્તુતિ રૂપે ઠાલવી નાંખી. એમણે પોતાના પાપનો પશ્ચાતાપ કરતાં રત્નાકર પચ્ચીસીના પચ્ચીસ શ્લોકો બનાવ્યા. તેમાં તેમના અંતરનો પશ્ચાતાપ ભરેલો છે ને એમાંથી જગતને રત્નાકર પચ્ચીસીની ભેટ મળી. મહાન પુરૂષોની અંતરવેદના પણ જગતને આશીર્વાદ રૂપ બની ગઈ. ઇતિહાસ કહે છે કે વિ. સં. ૧૩૮૪માં પૂજ્યપાદ શ્રી રત્નાકરસૂરિજી કાળધર્મ પામ્યા. એ ગયા પણ એમની અમરકૃતિ રત્નાકર પચ્ચીસી આજે જૈનોના મોઢે ગવાઇ રહી છે.

જમાલિકુમારની માતા પુત્રને ખૂબ સમજાવે છે કે દીકરા! તું સંયમના કષ્ટો કેવી રીતે સહન કરી શકીશ? જમાલિકુમાર કહે છે વૈરાગી આત્માને કંઇ કઠીન દેખાતું નથી. મારે તો સંયમ લેવો છે. જેમ જેમ માતાએ કસોટી કરી તેમ તેમ જમાલિ મજબૂત બનતો ગયો. હજુ આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર:- ધનદેવે પોતાના વહેપારનું બધું કાર્ય નંદકને સોંપ્યું. કડાહદ્વીપમાં આવીને ધનદેવની આજ્ઞાથી નંદકે સારો વહેપાર કર્યો ને ખૂબ દ્રવ્ય કમાયો. નંદકે ધનદેવના રોગની ચિકિત્સા માટે ખૂબ મહેનત કરી પણ એનો રોગ મટયો નહિ. ઘણાં ઘણાં ઉપચારો કરવા છતાં ધનદેવને સારૂં ન થયું એટલે નંદકને થયું કે ધન ગમે તેટલું મળે પણ મારા શેઠની તબિયત સારી થતી નથી તો એવું ધન કમાવાનું શું પ્રયોજન છે? હવે જલ્દી દેશભેગા થઈ જઇએ તો શાંતિ થાય. એમ વિચાર કરીને નંદકે પોતાનો વિચાર ધનદેવ તથા ધનશ્રીને જણાવ્યો ને બધાની સંમત્તિથી નંદકે બધો માલ વેચી નાંખ્યો ને પોતાને જોઇતી બધી સામગ્રી સાથે લઈને વહાણમાં બેસી

સ્વદેશ જવા રવાના થયા.

ધનશ્રીએ ધનદેવને સમુદ્રમાં ફેંકયો:- વહાણ સ્વદેશ તરફ ચાલી રહ્યા છે. ધનશ્રી મનમાં વિચારે છે કે હવે તો પોતાને દેશ જઇ રહ્યા છીએ, એટલે ઘેર પહોંચ્યા પછી આને મારવાનું કામ ઘણું કઠીન બની જશે. મેં એને કાર્મણ પ્રયોગની ઔષધિ બવરાવી તેથી શરીર તો જીર્ણ થઇ ગયું છે પણ હજુ મરતો નથી. એ જીવશે ત્યાં સુધી મારા હૃદયમાં શલ્યની જેમ ખૂંચ્યા કરશે. માટે હવે જલ્દી એને કોઇ પણ રીતે મારી નાંખવો. સમયની રાહ જોઇ રહી છે ત્યાં એક દિવસ મધ્ય રાત્રે ધનદેવ શૌચ જવા માટે ઉઠયો ને ધનશ્રીને કહી દેહચિંતા માટે વહાણના પાટીયા ઉપર ગયો. ધનશ્રીએ જોયું કે આ લાગ સારો છે. અત્યારે બધા ભરઉંઘમાં છે. જો સમય ચૂકીશ તો ફરીને આવું કામ નહિ બને.

મધ્ય નિશા દિયા હાલ નીર મેં કર દિલકો ફૌલાદ
દૌડો બચાવો ચીખ પડી ફિર કુછ ઘંટો કે બાદ,
હાય ગજબ લૂંટ ગઇ કોઇ તો સુનો મેરી ફરીયાદ હો....શ્રોતા-

ધનદેવનું શરીર ખૂબ અશકત થઇ ગયું હતું. એ દેહચિંતા માટે વહાણના પાટીયા ઉપર બેઠો હતો ત્યાં પાછળથી જઇને ક્રૂર હૃદયની ધનશ્રીએ ધક્કો મારી સમુદ્રમાં ફેંકી દીધો. પછી એને તો ખૂબ આનંદ થયો કે હાશ! શલ્ય ગયું. હવે હું નંદક સાથે સુખ ભોગવીશ, એમ વિચાર કરતી. વહાણ આગળ વધ્યા. કલાક થયા પછી મોટા સ્વરે રડવાનું શરૂ કર્યું. કોઇ દોડો....દોડો ગજબ થઈ ગયો એમ બોલતી રડતી જાય ને છાતી અને માથુ કૂટે છે. માથાના વળ તોડે છે ને જાણે તેને સાચેસાચું દુઃખ થયું હોય તે રીતે સ્વામીનાથ....સ્વામીનાથ! બોલી મૂર્છાગત થઇ જમીન પર ઢળી પડી. ધનશ્રીનું આકંદ સાંભળી નંદક આદિ બધા માણસો દોડી આવ્યા. સૌના મનમાં એમ થયું કે શેઠ ખૂબ બિમાર છે માટે એમનું કંઇ બની ગયું હશે. બધા માણસો ભેગા થઇ ગયા. ધનદેવને પથારીમાં ન જોયો એટલે ગદ્ગદ સ્વરે નંદકે પૂછયું. શેઠાણી શું થયું? શેઠ પથારીમાં કેમ નથી? કારણ કે જો મરણ પામ્યો હોય તો એનું શબ તો પથારીમાં હોવું જોઈએ ને? એટલે ધનશ્રી રડતી રડતી કહે છે શું વાત કરૂં? ધનદેવ શૌચ જવા માટે અહીં બેઠા હતા ને અચાનક સમુદ્રમાં ગબડી પડયા. હું ઘણી દોડીને ગઇ પણ ત્યાં તો એ પડી ગયા ને મેં બૂમાબૂમ કરી અને તમે બધા દોડી આવ્યા.

આ સમાચાર સાંભળીને નંદકના દિલમાં ભયંકર આઘાત લાગ્યો અને એ ધનદેવની પાછળ સમુદ્રમાં ઝંપલાવવા તૈયાર થયો. સૌએ એને પકડી રાખ્યો. ખૂબ હિંમત આપીને કહ્યું- શેઠ તો ગયા ને તમે પણ આમ કરશો તો અમારું શું થશે? માટે તમે આવું ન કરો. ધનશ્રી કહે છે હે નોકરો! તમે શું બેસી રહ્યા છો? આખો

સમુદ્ર ડહોળી નાંખો પણ મારા પતિનો પત્તો મેળવો. ત્યાં વહાણ ઉભા રખાવી બીજી નૌકાઓ દ્વારા ખૂબ તપાસ કરી પણ ધનદેવનો પત્તો ન લાગ્યો. નંદકને ખૂબ દુઃખ થયું હતું પણ હવે બીજો કોઈ ઉપાય ન રહ્યો. ધનશ્રી પણ કૃત્રિમ રૂદન કરતી હતી. કર્મના વિપાક કેવા ભયંકર છે! પોતે સમુદ્રમાં ફેંકીને જાણે કંઈ જાણતી નથી તે રીતે વર્તન કરવા લાગી. ઘણી વખત એવું બને છે કે ચોર ચોરી કરીને પાછો ચોરી કોણે કરી? એમ શાહુકારી બતાવે છે તેમ ધનશ્રીની પણ એવી સ્થિતિ છે. ધનદેવનો પત્તો ન પડવાથી સવાર પડતાં વહાણને લંગર ચઢાવી દુઃખિત દિલે નંદક પોતાના સાર્થને લઈને સ્વદેશ જવા રવાના થયો. તેના વહાણ દેશ તરફ પ્રયાણ કરી રહ્યા છે. હવે ધનદેવ સમુદ્રમાં પડયા પછી તેનું શું થયું તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં ૭૫

ભાદરવા વદ ૧૪ ને મંગળવાર **તા. ૨૫-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

ત્રિભુવનના નાથ, વિશ્વવંદનીય, સર્વજ્ઞ ભગવંતે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યા પછી જગતના જીવોને ઉપદેશ આપ્યો.

विशुध्धि क्षेत्रस्वामि विषयेभ्या ऽवधिमन : पर्याययो :।

તત્વાર્થ સૂત્રમાં આચાર્ય ઉમાસ્વાતિજી કહે છે કે અવધિજ્ઞાન અને મનઃપર્યાય જ્ઞાન બંને અપૂર્ણ જ્ઞાન છે. છતાં બંનેના વિશુદ્ધિ ક્ષેત્ર, સ્વામી અને વિષય આટલી બાબતોમાં તફાવત છે. અવધિજ્ઞાની કરતાં મનઃપર્યાયજ્ઞાની ખૂબ વિશુદ્ધ સ્પષ્ટ જાણે છે. અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન વિકલ પ્રત્યક્ષ છે ને કેવળજ્ઞાન સકલ પ્રત્યક્ષ જ્ઞાન છે. ને મતિ-શ્રુત એ બે જ્ઞાન પરોક્ષ જ્ઞાન છે. અવધિજ્ઞાન બે પ્રકારનું છે.

ओहिनाण पच्चक्खंदुविह पन्नत्तं तंजहा भवपच्चइयंच खाओवसमियं च।

જે અવધિજ્ઞાન જન્મતાંની સાથે પ્રગટ થાય તે ભવપ્રત્યય અવધિજ્ઞાન છે. તે અવધિજ્ઞાન નારકીને અને દેવોને હોય છે ને જે અવધિજ્ઞાન જન્મસિદ્ધ નથી પણ જન્મ લીધા પછી વ્રત-નિયમાદિ અનુષ્ઠાનો કરવાથી પ્રગટે છે તે ગુણપ્રત્યય અથવા ક્ષયોપશમજન્ય કહેવાય છે.

મનઃપર્યાયજ્ઞાન પણ બે પ્રકારનું છે. "उज्जुमइ य विपुलमइ य" ઋજુમતિ અને વિપુલમતિ. ઋજુમતિ વસ્તુના સ્વરૂપને સામાન્ય રીતે અસ્પષ્ટ જાણે છે અને વિપુલમતિ વિશેષ રૂપે સ્પષ્ટ જાણી શકે છે. ઋજુમતિ આવેલું પાછું જાય છે ને વિપુલમતિ આવેલું પાછું જતું નથી. અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનમાં ઉપર કહેવા

પ્રમાણે વિશુદ્ધિમાં તફાવત છે. અવધિજ્ઞાનનું ક્ષેત્ર અંગુલના અસંખ્યાતમા ભાગથી તે આખા લોક સુધી છે જ્યારે મનઃપર્યાયજ્ઞાનનું ક્ષેત્ર અઢી દ્વીપ સુધી છે. અવધિજ્ઞાનનો સ્વામી ચારેય ગતિમાં હોય છે જ્યારે મનઃપર્યાયજ્ઞાનનો સ્વામી ફક્ત એક મનુષ્યગતિમાં હોય છે. મનુષ્યોમાં પણ સંયતિને થાય છે. સંયતિમાં અપ્રમત સંયતિને થાય છે. તીર્થંકર ભગવંતો દીક્ષા લઇને કરેમિભંતેનો પાઠ ભણે એટલે સંયતિ બની જાય છે કે તરત એમને મનઃપર્યાયજ્ઞાન ઉત્પન્ન થઇ જાય છે. અવધિજ્ઞાનનો વિષય કેટલાક પર્યાયો સાથે સંપૂર્ણરૂપી દ્રવ્યોને જાણવાનો છે, અને મનઃપર્યાયજ્ઞાનનો વિષય અવધિજ્ઞાનથી અનંતમો ભાગ અને તે પણ મનોદ્રવ્યને જાણવાનો છે. એટલે એક સાથે જીવને ચાર જ્ઞાન હોય ત્યારે મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યાય એ ચાર જ્ઞાન હોય છે. પણ જ્યારે એક જ્ઞાન હોય છે ત્યારે ફક્ત કેવળજ્ઞાન હોય છે. "सर्वद्रव्य पर्यायेषु केवलस्य।" કેવળજ્ઞાન એ એક જ હોવાનું કારણ શું? અવધિજ્ઞાન અને મઃપર્યાયજ્ઞાન તો કોઇ રૂપી પદાર્થોને તો કોઇ મનોદ્રવ્યને જાણી શકે છે. બંનેનું ક્ષેત્ર પણ ઓછું વધતું છે. તેમાં સંપૂર્ણ વિકાસ નથી હોતો એટલે એક પણ વસ્તુના સમગ્ર ભાવોને જાણવામાં અસમર્થ હોય છે. જે જ્ઞાન કોઇ એક વસ્તુના સંપૂર્ણ ભાવોને જાણી શકે તે બધી વસ્તુઓના સંપૂર્ણ ભાવોને જાણી શકે છે. એ જ્ઞાન પૂર્ણજ્ઞાન કહેવાય છે. એ જ્ઞાન ચેતનાશક્તિના સંપૂર્ણ વિકાસ વખતે પ્રગટ થાય છે એટલે તેને કેવળજ્ઞાન કહેવામાં આવે છે.

જમાલિકુમાર મોહને જીતવા તત્પર બન્યા છે. તેમની માતા કહે છે હે દીકરા! આત્મકલ્યાણ કરવા માટે, આત્મિકસુખ પ્રાપ્ત કરવા માટે સંયમ એ શ્રેષ્ઠ છે તેની ના નથી. પણ તને સાંભળીને જેટલું સહેલું લાગ્યું તેટલું ચારિત્ર સહેલું નથી. ત્યાં તો તારે ભયંકર કષ્ટો સહન કરવા પડશે તે તું જાણે છે? બંધુઓ! માતા દીકરાના વૈરાગ્યની કસોટી કરવા કેટલી દલીલો કરે છે. જેમ મૃગાપુત્રને તેમની માતાએ કહ્યું હતું ને-

अहो वेगन्त दिट्ठीए, चरित्ते पुत्त दुक्करे।
जवा लोहमया चेव, चावेयव्वा सुदुक्करं।।"

ઉત્ત, સૂ. અ. ૧૯, ગાથા ૩૮

જેમ કાંટા-કાંકરાવાળા માર્ગમાં સર્પ એકાંત દૃષ્ટિથી ચાલે છે. જો આડીઅવળી દૃષ્ટિ કરે તો તેને વાગી જાય. સર્પનું શરીર મખમલ જેવું મુલાયમ હોય છે એ તો તમો જાણો છો. પણ કોઇ દિવસ તેનો સ્પર્શ કર્યો છે? "ના". સુંવાળો સ્પર્શ તો તમને ખૂબ ગમે છે. તો સર્પનું શરીર સુંવાળું હોવા છતાં તેને તમે અડકતા નથી. કારણ કે સ્પર્શ કરવા જઇએ તો સર્પ કરડે એ તો તમે બરાબર જાણો છો. તેમ આ મોહનીયકર્મ સુંવાળા અને મનગમતા સુખો આપે છે તે જીવને ખુબ ગમે છે. પણ સમજી લેજો એ કરડ્યા વિના નહિ રહે. સર્પ કરડશે તો તેના વિષ મંત્ર-પ્રયોગથી ઉતારી

શકાશે પણ મોહરૂપી સર્પના ઝેર ઉતારવા મુશ્કેલ છે. અહીં જમાલિકુમારની માતા કહે છે કે અહી વેગન્ત દિટ્ઠાए હે પુત્ર! તારે સંયમમાર્ગમાં સર્પની જેમ એકાંત દૃષ્ટિથી ચાલવું પડશે. જેમ સર્પ કાંટા-કાંકરાથી સાવધાન રહે છે તેમ સંયમમાર્ગમાં સાવધાન ન રહે તો અનેક પ્રકારના અતિચાર-દોષો લાગવાનો સંભવ રહે છે.

સાધુ ઈર્યાસમિતિપૂર્વક આડુ-અવળું જોયા વિના એકાંત દૃષ્ટિથી ચાલે છે. પોતાનાથી માર્ગમાં કે સ્થાનકમાં જતા આવતા કે હાલતા-ચાલતા કીડી-મંકોડા આદિ જીવ-જંતુઓ તથા સચેત બીજ, લીલોતરી-સચેત માટી-લીલ પુગ-સચેત પાણી આ રીતે એકેન્દ્રિયથી માંડીને પચેન્દ્રિય સુધીના જીવોની કિલામના ન થાય, પગ નીચે કચરાઇ ન જાય, એને દુઃખ ન થાય, ત્રાસ ન થાય તેને માટે ખૂબ સાવધાન રહે. જ્ઞાન-દર્શન-ચારિત્રનું પાલન કરવા માટે ઇર્યાસમિતિ છે. પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિ એ અષ્ટપ્રવચન માતાના અંકમાં આળોટનાર સાધુ સમજે છે કે જેવો મારો આત્મા છે તેવો દરેક જીવોનો આત્મા છે. માટે મારાથી કોઈ પણ જીવની વિરાધના ન થાય. જેમ મને કોઈ કચરી નાંખે ને દુઃખ થાય છે તેવું એ જીવોને પણ દુઃખ થાય છે.

મારા મનથી કોઈનું બરાબ ઈચ્છવું નહિ. વચનથી પણ કોઇનું મન દુભવવું નહિ અને મારી કાયાથી કોઈને પણ દુઃખ, ત્રાસ કે કિલામના ઉપજાવવી નહિ. એમ મન–વચન–કાયાથી ત્રણ ભાંગે પૃથ્વી–અપ–તેઉ–વ ઉ–વનસ્પતિ એ પાંચ સ્થાવર અને બેઇન્દ્રિય, તેઇન્દ્રિ ચૌરેન્દ્રિ ને પચેન્દ્રિય એ ચાર ત્રસ એમ નવ પ્રકારના જીવોને નવ કોટીએ હણવા નહિ, હણાવવા નહિ, ને હણનારને અનુમોદના આપવી નહિ. એવી રીતે ૮૧ ભાંગા થયા. એકાશી ભાંગે પ્રતિજ્ઞા લેનાર સાધુ ઈર્યાસમિતિપૂર્વક ચાલે. રસ્તામાં ચાલતાં કોઇની સાથે વાત ન કરે. રાત્રે પૂંજયા વિના પગલું ન ભરે. માટે ખાતા–પીતા–બોલતાં–ચાલતાં–બેસતાં અને સૂતા ભગવાને ખૂબ ઉપયોગ રાખવાનું કહ્યું છે. ઉપયોગ છે ત્યાં ધર્મ છે. ઉપયોગ વિનાની ક્રિયા કરવાથી કર્મબંધન થાય છે. માટે અહીં સર્પની જેમ સાધુને એકાંત દૃષ્ટિથી ચાલવાનું કહ્યું છે. આગળ શું કહે છે– "खुरो इव एगंत धारा ए:" અસ્ત્રાની ધાર ઉપર ચાલવા જવું છે. "जवा लोहमया चेव चावेयव्वा सुदुक्करं।" સંયમ એ મીણના દાંતે લોખંડના ચણા ચાવવા જેમ અત્યંત દુષ્કર છે તેમ સંયમનું પાલન કરવું પણ અત્યંત દુષ્કર છે. જે મનુષ્ય મીણના દાંતથી લોઢાના ચણા ચાવી શકે છે તે મનુષ્ય આવું દુષ્કર ચારિત્ર પાળી શકે છે. પણ હે દીકરા! તું તો સુકોમળ છે. તેં કદી તડકા-છાયા જોયા નથી, કદી તેં ભૂખ વેઠી નથી, ખુલ્લા પગે ચાલ્યો નથી તો તારે માટે ભરયુવાનીમાં સંયમનું પાલન કરવું મહા કઠીન છે. સાચા સંયમીને કોઇ ગમે તે રીતે કહે કે સંયમ આવો દુષ્કર છે તો તે જરા પણ ડગે નહિ. જેમ સો ટચના સોનાને કોઈ ગમે તેટલું તપાવે, હીરાને

સરાણે ચઢાવે, પણ સુવર્ણ જેમ જેમ તપે તેમ તેનું તેજ વધે છે. હીરો જેમ જેમ ઘસાય તેમ તેનું લાઈટ બહાર આવે છે, માટીનો ગોળો જેમ અગ્નિમાં તપે છે તેમ તે મજબૂત બને છે તેમ સાચા વૈરાગીની જેમ જેમ કસોટી થાય છે તેમ તેમ તે મજબૂત થાય છે પણ ઢીલો પડતો નથી.

સાધુની જેમ જેમ કસોટી થાય છે તેમ તેમ તેનો આનંદ વધે છે. ચામડી ઉતરાઇ, ખોપરીમાં અંગારા મૂકાયા, શરીરે વાઘળી વીંટાઇ ગઇ ને ચીચોડામાં પીલાઈ ગયા. એમના જીવન તો ઘણી વાર સાંભળ્યા. એ મહાન પુરૂષો સહેજ પણ ડગ્યા છે? આવેલા કર્મો ભોગવતા મુખ ઉપર કેટલી પ્રસન્નતા હતી. સાધુને બિમારી આવે તો પણ આનંદ હોય. આજે રોગ સહન કરવાની તાકાત નથી માટે અમારે દવા લેવી પડે છે. બાકી જો સહન કરવાની તાકાત હોય તો બધા કર્મો ખપી જાય ને કર્મના દેણાં ચૂકવાઈ જાય પણ એવો સમભાવ કેળવવો મહાન મુશ્કેલ છે. સંયમમાર્ગમાં સહનશક્તિ કેળવવી જોઈએ. જો સહનશક્તિ ન હોય તો પળેપળે દુઃખ પામે છે. માટે કહે છે ભીણુનાં દાંતે લોખંડના ચણા ચાવવા જેવું ચારિત્ર દુષ્કર છે. વાલુયા કવલ ઇવ નિસ્સારએ જેમ વેળુ રેતીના કોળિયા નિસ્સાર એટલે સ્વાદરહિત છે તેમ હે પુત્ર! સંયમમાર્ગ વેળુના કોળિયા જેવો સ્વાદરહિત છે.

જેનો આત્મા જાગ્યો છે, દરેક પદાર્થો પ્રત્યેથી આસક્તિભાવ ઉઠી ગયો છે તેને મન આ તમને સરસ લાગતો સંસાર નીરસ લાગે છે. તે જગતના એકેક પદાર્થોમાં અસારતાનું દર્શન કરે છે. એને કંઇ મુશ્કેલ લાગતું નથી. જમાલિકુમાર તો માતાનું વકતવ્ય સાંભળ્યા કરે છે. હજુ આગળ કહે છે. गंगा वा महानदी पडिसोय गमणयाए महासमुद्दो वा भूयाहिं दुत्तरो :

ગંગા-સિંધુ જેવી મહાન નદી તરીને સામે કિનારે જવું મહામુશ્કેલ છે. વળી એ ભુજાથી મોટો સમુદ્ર તરવો મુશ્કેલ છે. તેમ સંયમમાર્ગમાં વિચરવું મુશ્કેલ છે, તેમ છતાં દેવની સહાયથી ગંગા જેવી મહાનદીના સામે કિનારે જઇ શકાય ને સમુદ્ર પણ ઉલ્લંઘી શકાય. પણ સંયમમાર્ગમાં ક્રોધ--માન--માયાદિ કષાયોનો ઉપશમ, ક્ષય ન થાય ત્યાં સુધી અનિષ્ટ સંયોગોમાં આર્તધ્યાન, ક્રોધાદિ કષાયો ઉત્પન્ન થાય છે ને ઇષ્ટ સંયોગોની પ્રાપ્તિમાં હર્ષ થાય છે તે સમયે કર્મ બંધાય છે. આ રીતે સંસારની પરંપરા ચાલે છે ને જીવ સંસારસમુદ્રના મોજા અને વમળમાં ડુબે છે પણ સમુદ્રનો પાર પામી શકતો નથી.

દ્રવ્યસમુદ્ર તરવા માટે પણ કેટલું બળ જોઇએ છે! જ્યારે પદ્મોતેર રાજા દ્રૌપદીને અમરકંકામાં ઉઠાવી ગયા ત્યારે દ્રૌપદીને લેવા પાંચ પાંડવો ને છઠ્ઠા કૃષ્ણજી ગયા. ત્યારે નૌકામાં કૃષ્ણજીએ પહેલા પાંડવોને મોકલી દીધા. પાછળથી કૃષ્ણના બળની

પરીક્ષા કરવા નૌકા નદીમાં ડૂબાડી દીધી. ખૂબ રાહ જોયા પછી નૌકા ન આવવાથી કૃષ્ણ વાસુદેવ જાતે ગંગા નદી તરવા લાગ્યા. બે બે ભુજાથી તરતાં તરતાં મધ્યભાગે આવ્યા ત્યારે થાકી ગયા. વાસુદેવનું બળ હતું. આવો બળવાન પુરૂષ થાકી ગયો ત્યારે દેવીએ એમને નદીની મધ્યમાં બંગલો બનાવી વિસામો કરાવ્યો. ને કૃષ્ણ વાસુદેવ ગંગા નદી તરી ગયા. ટૂંકમાં મારો કહેવાનો આશય એ છે કે મોટી નદી અને સમુદ્રને તરવો સહેલ છે પણ સંસારસમુદ્રને તરવો મહામુશ્કેલ છે.

સંસારસમુદ્રને તરવા માટે જમાલિકુમાર દુષ્કર એવો સંયમ સ્વીકારવા તૈયાર થયા છે. તે રીતે દરેક જીવોને એક વખત તો સંયમ અંગીકાર કરવો પડશે. એક વખત અંતરમાં અભિલાષા જાગવી જોઇએ. ગઇ કાલે પણ કહ્યું હતું કે ધરતીમાં દટાયેલા બીજને અભિલાષા જાગી કે મારે બહાર નીકળવું છે તો બહાર નીકળે છૂટકો કરે છે તેમ અહીં બેઠેલામાંથી કોઈને ભાવના જાગે કે મારે સંસારના બંધન હવે ના જોઇએ. સંસારનાં સ્વાંગ ઘણાં સજ્યા, હવે ત્યાગના અલંકારોથી આત્માને સજાવવો છે. તો તમે જરૂર સંયમ સ્વીકારી શકો, પણ હજુ તેની ઝંખના જાગતી નથી.

એક વખત એક શિષ્યને ઝંખના થઇ. તેણે એના ગુરૂને પ્રશ્ન કર્યો કે હે ગુરૂદેવ! किं भूषणाद् भूषणं अस्ति? લોકો શરીરને સુંદર બનાવવા દાગીના પહેરે છે તો મારે પણ એક દાગીનો પહેરવો છે. તો આપ મને એવો સરસ અને સુંદર દાગીનો બતાવો કે જે દાગીનો પહેરું તો હું શોભી ઉઠું. પણ એ દાગીનો એવો હોવો જોઇએ કે જેને ચોર ચોરી શકે નહિ, અગ્નિમાં બળે નહિ ને ભાગીદાર તેમાં ભાગ પડાવી શકે નહિ. એ દાગીનો પહેર્યા પછી કદી ઉતારવો પડે નહિ એવો દાગીનો કયાંથી લાવવો? એ દાગીનો પહેરવો ખૂબ કઠીન છે. પણ ગુરૂએ જાણ્યું કે મારા શિષ્યના અંતરમાં ઉત્કૃષ્ટ ઝંખના જાગી છે. જેને ઝંખના જાગે તેનો બેડો પાર થયા વિના રહેતો નથી. સમ્યક્ત્વ એટલે આત્માની ઝંખના. હું કોણ છું? મારૂં સ્વરૂપ શું છે? આવી જેને ઝંખના જાગે તેનો બેડો પાર થવાનો. સમ્યગ્દૃષ્ટિ જીવને સાત-આઠ ભવનો બહુ વધારે થઇ પડે છે.

ગુરૂએ શિષ્યને કહ્યું-તું કહે છે તેવો દાગીનો તો છે. એ દાગીનો ભરત ચક્રવર્તિએ પહેર્યો હતો. મહાસતી સીતાએ, સતી મદનરેખાએ પહેર્યો હતો. એ દાગીનો કયો હશે? શું બાજુબંધ હીરાનો હાર, ઘડિયાળ, વીંટી કે ચેઈન? શું હશે? શિષ્યે પૂછયું ત્યારે ગુરૂએ કહ્યું ના. એવો એક પણ દાગીનો ન હતો. શિષ્યે પૂછયું ત્યારે કેવો અલંકાર આત્માને શોભાવે તેવો છે? ત્યારે ગુરૂએ કહ્યું એ દાગીનો શીયળનો છે. જે શીયળનો દાગીનો પહેરે છે તેને દેવો અને મહાન પુરૂષો પણ જુએ છે. આ શીયળ રૂપી દાગીનો પહેરીને આપણા ભારતમાં ઘણાં સ્ત્રી-પુરૂષો પોતાના દેહ અને આત્માને

શોભાવી ગયા છે. એટલે જ્ઞાનીઓ આપણને કહે છે સૌ કરતાં સારામાં સારૂં અને કિંમતી ભૂષણ કે અલંકાર હોય તો તે શિયળ છે. તમે શીયળનો દાગીનો પહેરો, બ્રહ્મચર્યનો દાગીના પહેરો. બ્રહ્મ એટલે આત્મા અને ચર્ય એટલે વિચરવું. આત્મામાં વિચરવું તેનું નામ બ્રહ્મચર્ય, તમે આત્મામાં વિચરો, બહાર નહિ.

બંધુઓ ! આજ સુધી આપણે બહારમાં ખૂબ ફર્યા છીએ. હવે આત્મામાં આવીને જે બ્રહ્મચર્યનું પાલન કરે છે તેની વાસનાઓ ઓછી થતી જાય છે માટે સારામાં સારો દાગીનો શીયળનો છે. તમે જે દાગીના પહેરો છો તે તો અમુક સમયે પહેરાય અને અમુક સમયે ન પહેરાય. લગ્નમાં પહેરીને જવાય ને કોઇની સાદડીમાં જવું હોય તો ઉતારવા પડે. તે સિવાય બાલપણ અને યુવાનીમાં પહેરે તો શોભી ઉઠે ને વૃદ્ધાવસ્થામાં પહેરે તો શોભે નહિ. છતાં જો પહેરે તો દુનિયા એને એમ કહેશે કે જોયું ઘરડા થયા પણ હજુ એના મોજશોખ કયાં ઓછા થાય છે? લોકોમાં હાંસીને પાત્ર બનશે. જ્યારે શીયલનો દાગીનો તો માણસ બાળપણમાં યુવાનીમાં અને પાછલી અવસ્થામાં જ્યારે ઇચ્છા થાય ત્યારે પહેરી શકે છે. જ્યારે પહેરે ત્યારે તે શોભી ઉઠે છે ને એને પહેર્યા પછી કદી ઉતારવો પડે નહિ.

ભરત ચક્રવર્તિ એક વખત અરિસાભુવનમાં આવ્યા. અરિસાભૂવન એટલે શું ? ત્યાગી પણ રાગી બની જાય તેવું એ સ્થાન હતું. ભરત-ચક્રવર્તિ રૂપવાન હતાં. પોતે શણગાર સજીને અરિસાભુવનમાં પોતાનુ મુખ જોવા માટે આવ્યા હતા. તે વખતે તેમની આંગળીમાંથી એક વીંટી સરકીને નીચે પડી જાય છે. ત્યારે તેમના મનમાં વિચાર થયો કે વીંટી વિના મારી આંગળી શોભતી નથી, બૂઠી દેખાય છે. તો હું વીંટીથી શોભું છું કે વીંટી મારાથી શોભે છે? કોણ કોનાથી શોભે છે ? આજે માણસો એમ માને છે કે સારા વસ્ત્રો અને દાગીનાથી અમે શોભીએ છીએ પણ ભાઈ ! જો તમે દાગીના અને કપડાથી શોભો છો તો મડદાને પણ પહેરાવોને! આ બધી સજાવટ અને શણગાર કયાં સુધી છે! અંદર ચૈતન્ય ચમકે છે ત્યાં સુધી હોં. પછી તો શરીર ઉપર પહેરેલું હશે તે પણ ઉતારી લેશે. માટે બહારની શોભા નકામી છે.

આંગળીએથી વીંટી નીકળીને નીચે પડી ગઇ ત્યારે પહેલાં તો ભરત-ચક્રવર્તિને એમ લાગ્યું કે વીંટી વિના મારી આંગળી બુઠી લાગે છે. વીંટીથી મારી આંગળી શોભતી હતી. પણ બીજી ક્ષણે તેને વિચાર આવ્યો કે મારા પિતા ઋષભદેવ ભગવાન અને મારા નાના ભાઇઓ બધા સંસાર છોડી સંયમી બની ગયા છે, તેમાં પણ મારા પિતા ઋષભદેવ પ્રભુ તો શાસનપતિ છે. તેમણે એક પણ અલંકાર પહેર્યા નથી. જેની પાસે વૈભવ નથી છતાં પણ એ કેવા શોભે છે? કે તેઓ ત્રણ ભુવનના નાથ બની ગયા છે. દેવો તેમને માટે સમોસરણ રચે છે. માથે ત્રણ ત્રણ છત્રો ધરે છે, ચામર વીંઝે છે ને ઇન્દ્રોના ઇન્દ્રો તેમના ચરણમાં

નમે છે. અહો ! એ કેવા અને જડ વીંટીથી શોભનારો હું કેવો ! વગર વીંટીએ શોભનારા મારા મહાન પિતાનો હું આવો પુત્ર ! પછી તો એમના અંતરના ઉડાણમાંથી મંથન ચાલ્યું. અહો ! મારો આત્મા તો દેહ વિનાપણ રહી શકે છે. ચિંતનની પાંખે આરૂઢ થયા. એ ભાવનામાં ચઢયા અને એવા એકાકાર બની ગયા કે અરિસાભુવનમાં રાગ કરવાને બદલે ત્યાગ કરી કેવળ જ્ઞાન પામી ગયા. આશ્રવના સ્થાનમાં સંવર કર્યા.

ભરત ચક્રવર્તિના દાખલા ઉપરથી આપણે પણ એ વાત સમજવાની છે કે જ્યાં સુધી બહારની શોભામાં રચ્યાપચ્યા રહીશું ત્યાં સુધી આત્માની શોભા કદી વધવાની નથી આજે અંતરની વાતો અને આત્માના આભૂષણોને ભૂલી ગયા છીએ. ને જે કંઈ વાતો થાય છે તે બહારની વાત થાય છે. અંદર પડેલા ચૈતન્યને બહાર કેમ લાવવું, એ શક્તિને કેમ ખીલાવવી, આત્માનો વિચાર કેમ કરવો એ અંગેની વાત કે વિચાર નથી થતો ને થાય છે તો લોકોને ગમતી નથી. આજની દુનિયાને બહારની વાતો અને બહારનો ભપકો ગમે છે પણ અંતરનું નૂર પ્રગટાવવું નથી. માત્ર બહારના દેખાવ કરવા છે, પણ જ્ઞાની તો કહે છે કે પહેલાં આત્માનું હીર પ્રગટે પછી બહારનો દેખાવ શોભે. વીંટીમાં એ નંગ શોભે છે તો વીંટી એ નંગને માટે અલંકાર છે. વીંટી નંગને શોભવનારી છે. એમાં ના નહિ, પણ નંગમાં જો પ્રકાશ ન હોય તો ક્યાંથી શોભે ? નંગ જો પાણી વગરનું હોય તો એને ગમે તેવી સોનાની કે પ્લેટીનમની વીંટીમાં મૂકો તો પણ તેની શોભા દેખાતી નથી. કારણ કે નંગમાં તેજ નથી.

આટલા માટે મહાન પુરૂષો કહે છે કે બહારની બધી વસ્તુઓ હોય પણ તમારૂં અંતરનું તેજ નહિ હોય તો એની કંઈ શોભા નથી. અંદરના તેજને તમે જાણતા નથી, જોયું નથી એટલે બહારના શાનદાર ભપકામાં મોહી ગયા છે. જ્ઞાની કહે છે તારી જે બહારની પૂર્ણતા છે, બહાર જે દેખાય છે મોટરગાડી -પ્રતિષ્ઠા- પૈસો-જમીનજાગીર આ બધું તને પૂર્ણ બનાવતું હોય તેમ તમને લાગે છે ને એનાથી તમે માનો છો કે અમે પૂર્ણ બની ગયા. પણ તમારી એ પૂર્ણતા પૂર્ણતા નથી પણ અપૂર્ણતા છે. કારણ કે કાં તમારે એને છોડવી પડશે અગર એ તમને છોડીને ચાલી જશે. બેમાંથી એક તો અવશ્ય બનશે, તો તમારે જેને છોડવી પડે અગર જે તમને છોડે તે સાચી પૂર્ણતા કહેવાય ખરી ? પૂર્ણતા તો એને કહેવાય કે જે તમને છોડે નહિ ને તમે એને છોડો નહિ. બહારની પૂર્ણતા માંગી લાવેલા દાગીના જેવી છે.

આત્મામાં જે પૂર્ણતા પ્રગટે છે તે અનંત જ્ઞાનમય, અનંત દર્શનમય, અનંત શાંતિમય ને અનંત સુખમય હોય છે. બહારનો કોઈ પણ પદાર્થ એ પૂર્ણતાને લૂંટી શકતો નથી. તમારા અંતરમાંથી પૂર્ણતા પ્રગટેલી હશે તો કોઈ માણસ તમારી સામે આવીને તમારી ગમે તેટલી પ્રશંસા કરશે તો જરા પણ ગર્વ નહિ આવે, ને કોઇ નિંદા

કરશે તો દુઃખ નહિ થાય. એ તો એક વિચાર કરશે કે એ મારી સ્તુતિ કરે કે મારી નિંદા કરે એમાં મારૂં શું ? હું તો મારાથી પૂર્ણ છું. કોઇ મારી સ્તુતિ કરશે તો મારી પૂર્ણતામાં વધારો નહિ થાય ને નિંદા કરશે તેથી મારી પૂર્ણતા ઘટી જવાની નથી. હું તો જે છું તે છું. મારૂં તત્વ એનાથી અલગ છે. એ બહારના છે ને હું એ બહારની ચીજોથી પર છું. આ રીતે સુખમાં આનંદ નહિ ને દુઃખમાં શોક નહિ, આવી દશા આપણે સહુએ પ્રાપ્ત કરવાની છે. આવી દશા પ્રાપ્ત થાય તો બેડો પાર થઈ જાય.

જમાલિકુમાર આત્મિક ઋદ્ધિથી પૂર્ણ બની ગયા છે. જલ્દી દીક્ષા લઈને પ્રભુના ચરણમાં જીવનનૈયા ઝૂકાવવી છે પણ માતા સંયમમાર્ગ કેવો કઠીન છે તેનું વર્ણન કરે છે. હજુ પણ કહેશે કે સંયમમાર્ગ કેવો દુષ્કર છે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર:-ધનદેવને ધનશ્રીએ સમુદ્રમાં ફેંકી દીધા પછી તેનું શું બન્યું તે જોઇએ.

બચી ગયેલા ધનદેવનું ચિંતન

ધનદેવ જેવો સમુદ્રમાં પડયો કે તરત તેના મુખમાંથી નમો અરિહંતાણં શબ્દ નીકળી ગયો. નવકારમંત્રનો અજબ મહિમા છે. દુનિયામાં ગમે તેટલા મંત્રો હોય પણ નવકારમંત્ર જેવો શ્રેષ્ઠ કોઈ મંત્ર નથી. નવકારને ગણનારો નરકમાં જતો નથી. ધનદેવ દરિયામાં પડયો તે વખતે નમો અરિહંતાણં શબ્દ બોલ્યો, ને તેના આયુષ્યના બળથી એક ભાંગેલા વહાણનું પાટીયું તેના હાથમાં આવી ગયું. તેના ઉપર ધનદેવ બેસી ગયો. જુઓ, પુણ્યોદય શું કામ કરે છે! લાકડાનું પાટીયું હલકું હોય છે. પોતે તરે છે ને બીજાને તારે છે. ધનદેવ વહાણની જેમ તેના ઉપર બેસી ગયો. બેઠો બેઠો નવકારમંત્ર ગણે છે. આમ કરતાં સાત દિવસ સુધી ધનદેવ ભૂખ્યો ને તરસ્યો પાટીયા ઉપર બેસી રહ્યો. ભાગ્ય લઇ જાય ત્યાં જવાનું છે. અત્યારે ક્યાં જવું તે એના હાથની વાત નથી. સાત દિવસે પાટીયું તરતું તરતું એક કિનારે આવ્યું પણ અહીં શું ચમત્કાર થયો કે ધનદેવ સાત દિવસ ને સાત રાત્રી સમુદ્રના ખારા પાણીમાં રહ્યો એટલે એના શરીરમાં જે વ્યાધિ થઇ હતી તે તદ્દન નાબૂદ થઈ ગઈ. ઘણી વખત ઝેર ઝેરને મારે છે. (અહીંયા પૂ. મહાસતીજીએ ઝેર ઝેરને કેવી રીતે મારે છે તે ઉપર ગુરૂ-શિષ્યનું દૃષ્ટાંત કહ્યું હતું.)

ધનદેવના શરીરને ખારાશની જરૂર હતી. ખારા પાણીમાં રહેવાથી તેનો રોગ મટી ગયો ને બધી પીડા શાંત થઈ ગઇ ને કંચનવર્ણી એની કાયા બની ગઇ. જાણે નવો જન્મ ન લીધો હોય ! એમ ધનદેવને લાગતું હતું. કિનારે આવીને પાટીયું છોડીને એક વૃક્ષની નીચે જઇને બેઠો, ને મનમાં વિચાર કરવા લાગ્યો કે આ સ્ત્રીએ પિતાના અને સસરાના બંને કુળને કલંકિત કર્યા. મેં તેને કેટલા પ્રેમથી બોલાવી, ચલાવી અને એ ખુશ રહે તે રીતે બધું કર્યું છતાં તેણે મારા પ્રત્યે કેટલો વૈરભાવ રાખ્યો ? એને આવું કાર્ય શા માટે કરવું પડયું હશે ? ખરેખર આવી સ્ત્રીઓ દોષોનું ઘર, આપત્તિઓનું રહેઠાણ,

નરકની નીસરણી, ને કુશળનગરમાં પ્રવેશ કરવા માટે અર્ગલા સમાન છે. ધનશ્રીએ મને દરિયામાં ધકકો મારતા કંઇજ વિચાર ન કર્યો? ક્ષણવાર મનમાં આવું ચિંતન કર્યું, પણ બીજી ક્ષણે મનને આર્તધ્યાનમાંથી પાછું વાળીને કહે છે કે હે જીવ! એનો શું વાંક છે? તારા કર્મનો ઉદય છે. તેં એની સાથે પૂર્વે એવા વૈર બાંધ્યા હશે એટલે આ ભવમાં તેણે બદલો લીધો છે. હવે ગઈ ગુજરી ભૂલી જા ને તારે જે કાર્ય કરવાનું છે તેમાં પ્રવૃત થા. આ પ્રમાણે વિચાર કરીને ધનદેવ વૃક્ષ નીચેથી ઉભો થયો. હવે તેને પોતાને દેશ જવું છે પણ પાસે રાતી પાઇ નથી. વસ્ત્ર પણ ફાટી ગયા છે, એટલે થોડું ઘણું ધન તો કમાવું પડશે ને? એમ વિચારી ધનદેવ આગળ ચાલ્યો. ત્યાં દૂરથી દરિયામાં–

ચીપક રહા શબ કિસી નારકા, ઉસ પટિએ કે સાથ,
સાડી અંચલમેંથી ગ્રંથી, લીની ખોલ નિજ હાથ,
રત્નહારથા ઉસે ચલાલે, સુમિરણ કર જગનાથ હો ... શ્રોતા–

સ્ત્રીનું મડદું તણાતું આવે છે. આ જોઇ ધનદેવે વિચાર કર્યો કે જો માણસ જીવતું હોય તો તેને બચાવીને હું આગળ વધું. એમ વિચાર કરી પોતે ત્યાં ઉભો રહ્યો. મડદું કિનારા ઉપર આવ્યું. તેણે જોયું તો મરણ પામેલી એક સ્ત્રી હતી. તે સ્ત્રી કોણ હતી? શ્રાવસ્તીના રાજાની પુત્રી સિંહલદ્વીપ જતી હતી. પણ દરિયામાં તેનું વહાણ અધવચ્ચ તૂટી જવાથી કુંવરીનો પત્તો નથી પણ આ તેના પીયરની દાસી હતી ને કુંવરીનાં બધા દાગીના સાચવતી હતી. એટલે કુંવરીનો ત્રૈલોક્યસરા નામનો કિંમતી રત્નોનો હાર દાસી પાસે હતો. તે તેણે એક કપડે બાંધીને તેની પાસે રાખેલો. પોતાની સાડીના છેડે રત્નહારનું કપડું બાંધી દીધેલું. જેથી હાર પણ તેની સાડીના છેડે તણાતો તણાતો આવ્યો. એ કપડે બાંધેલો હતો પણ એટલા ભાગમાં ખૂબ પ્રકાશ થતો હતો. ધનદેવે વિચાર કર્યો કે આ બાઇ તો મરી ગઇ છે. એને આ હારની જરૂર નથી. તો હું આ હાર લઇ જાઉં ને તેમાંથી વહેપાર કરીને જે ધન મળશે તેનો સત્કાર્યોમાં ઉપયોગ કરીશ એમ વિચાર કરી હાર હાથમાં લીધો ને સ્વદેશ જવાની ઇચ્છાથી હાર લઇને આગળ વધ્યો.

ઉપકારનો બદલો:– ધનદેવ થોડે દુર ગયો ત્યાં એક પંચમહાવ્રતધારી સંતને એક વૃક્ષની નીચે બેઠેલા જોયા. મુનિને ખૂબ આનંદ થયો કે અહો! આવા કષ્ટમાં પણ મને સંતના દર્શન થયા. હું કેવો ભાગ્યશાળી છું! મુનિના દર્શન કર્યા. મુનિની દૃષ્ટિ તેના ઉપર પડી. મુનિ ધનદેવને ઓળખી ગયા ને તેને પૂછયું અહો! હે ભદ્ર! તમે અહીં ક્યાંથી? ને તમારી આ દશા કેમ? ધનદેવે મુનિને ઓળખ્યા નથી એટલે વિચાર કરે છે જાણે મારા કોઇ પૂર્વના પરિચિત ન હોય તે રીતે મને કેમ પૂછતા હશે! ધનદેવે ધનશ્રીનું દુશ્ચરિત્ર બીજા પાસે પ્રગટ ન કરવું એમ વિચારીને

કહ્યું. ગુરૂદેવ! ધમુદ્રમાં મારૂં વહાણ તૂટી જવાથી મારી આ દશા થઈ છે. ધનદેવ! તમે મને ઓળખ્યો નથી પણ તમે મારા મહાન ઉપકારી છો. તમે તામ્રલિપ્તીનગરમાં સોળ દીનારનું દેણું ચૂકવી મને જુગારીઓના પાશમાંથી બચાવીને સંસારનું સ્વરૂપ સમજાવ્યું હતું. તે જુગારી હું મહેશ્વરદત્ત છું. તમારો સંગ થવાથી મને આ દીક્ષા લેવાની ભાવના જાગી અને મેં મારા આત્મકલ્યાણ માટે દીક્ષા લીધી.

ધનદેવે મુનિને બરાબર ઓળખી લીધા એટલે વિનયપૂર્વક તે બોલ્યો. મહાનુભાવ! તમે આવું ઉત્તમ ચારિત્ર લઈને તમારા જીવનનો ઉદ્ધાર કર્યો. તમે ખૂબ ઉત્તમ કામ કર્યું ને હું આ સંસારમાં પડી રહ્યો છું તેથી મને દુઃખ આવ્યું છે એટલે મુનિએ કહ્યું–ધનદેવ! આ સંસાર જ એવો વિચિત્ર છે.

સંસારમાં કોઇ વસ્તુ સ્થિર નથી. દરેક પ્રાણીને સુખ અને દુઃખ આવ્યા કરે છે. જેનો ઉદય છે તેનો અસ્ત અવશ્ય છે માટે તમે ચિંતા કરશો નહિ. જેમ ક્ષીણતા પામેલો ચંદ્ર પુનમે પૂર્ણ થાય છે તેમ તમે પણ પાછા સારી સ્થિતિમાં આવી જશો. જેમ અગ્નિ વિના અગુરૂ ચંદનના સુગંધનું માહાત્મ્ય જણાતું નથી તેમ તમારા જેવા પવિત્ર પુરૂષનું માહાત્મ્ય આપત્તિ વિના જણાતું નથી. તમે મારા મહાન ઉપકારી છો. મારે તમને સંપૂર્ણ સહાય કરવી જોઇએ. પણ અત્યારે હું સંસારના સર્વ સબંધ છોડીને સાધુ બની ગયો છું માટે મારાથી તમારા પર કંઇ ઉપકાર થઇ શકે તેમ નથી. પણ મારી પાસે એક ગારૂડ મંત્ર છે. મેં ખુબ સાધના કરીને સિદ્ધ કરેલો છે તે હું તમને આપું છું. તે તમે ગ્રહણ કરો. તમને કોઈ વખત કામ આવશે. મુનિનું વચન સાંભળી ધનદેવને ખૂબ આનંદ થયો. ને સંતુષ્ટ થઈને બોલ્યો. મુનિરાજ! હવે મને એ વાત સમજાઈ ગઇ છે કે પુણ્યના ઉદય વિના સુખ કે સંપત્તિ મળતી નથી. જો મેં પૂર્વે પુણ્ય કર્યા હશે તો મારા ભાગ્યોદય જાગશે. નહિતર હું આ સ્થિતિમાં રહી મારા પાપકર્મનો ક્ષય કરૂં છું. મારે એ ગારૂડમંત્રની જરૂર નથી. એવા અપરિચિત મંત્રને સિદ્ધ કરવાની મારે જરૂર નથી. પણ મુનિએ એને કહ્યું ગમે તેમ થાય. આ મંત્ર સાથે રાખો તો જરૂર આપને સહાયક બનશે. મુનિએ અતિ આગ્રહ કર્યો એટલે ધનદેવે ગારૂડમંત્ર લીધો. ધનદેવને ધન્યવાદ આપ્યા ને પોતે વિહાર કરી ગયા અને ધનદેવ પણ પેલો રત્નાવલી હાર અને ગારૂડમંત્ર લઇ સ્વદેશ તરફ જવા માટે આગળ ચાલ્યો. રત્નાવલી હાર તો સારા માટે મળ્યો છે. પણ તે હાર તેની કેવી દશા કરાવશે ને કેવા દુઃખ પડશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૭૬

ભાદરવા વદ અમાસ ને બુધવાર **તા. ૨૬-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

ત્રિલોકીનાથ ભગવાને જગતના જીવોને આત્મકલ્યાણનો માર્ગ બતાવતાં પડકાર કરીને કહ્યું કે હે જીવાત્માઓ! જાગો, જાગો ને જાગો. ક્યાં સુધી મોહનિદ્રામાં પડયા રહેશો? મોક્ષના શાશ્વતા સુખની મોજ માણવી હોય તો સંસારનો મોહ છોડો. સંસારનો મોહ રાખવો ને મુક્તિના સુખ જોઈએ એ બે વાત કદી ન બને. મોક્ષના સુખ જોઇતા હોય તો સંસાર છોડો. સંસારને છોડયા વિના ત્રણ કાળમાં સાચું સુખ મળવાનું નથી. ત્યાગનો માર્ગ કાંટાળો લાગે છે ને સંસારનો માર્ગ સુંવાળો રેશમ લાગે છે પણ એક વખત તમને આ માર્ગ રૂચી જશે પછી કાંટાળો નહિ લાગે.

વર્તમાન કાળમાં જે સુખ દેખાય છે તે પૂર્વભવની કમાણી છે. ભગવાન કહે છે વર્તમાનકાળની અનુકૂળતા એ ભૂતકાળની ખેડ છે. ભૂતકાળમાં ખેતર સારૂં ખેડયું છે, સારૂં બીજ વાવ્યું છે તો આ ભવમાં સારો પાક ઉતરી રહ્યો છે અને વર્તમાન કાળની શુભ પ્રવૃત્તિ એ ભવિષ્યકાળની કમાણી છે. પૂર્વે પુણ્ય કર્યા છે તો આવું ઉત્તમ જિનશાસન મળ્યું છે. પુણ્ય વિના કાંઇ મળતું નથી. પુન્નાઇ હોય તો ધર્મ ગમે ને વૈરાગ્ય આવે.

જમાલિકુમારની પૂરી પુન્નાઈ છે. સંસારનું સુખ પણ છે ને એ સુખો છોડીને દીક્ષા લેવાની ભાવના જાગી છે. પુણ્યમાં કમીના હોય તો આવું રૂડું શાસન ન મળે. ઉત્તરાધ્યયન સૂત્રના બારમાં અધ્યયનમાં હરિકેશી મુનિનો અધિકાર આવે છે.

હરિકેશી મુનિ એક ચંડાળના પુત્ર હતા. બાળપણમાં તેમનો સ્વભાવ મહાક્રોધી હતો. એક તો શરીરની કુરૂપતા, તેની બેડોળતા, રંગ પણ શ્યામ અને ઉપરથી સ્વભાવમાં ક્રોધ અને કટુતા આ બધા કારણોએ હરિકેશીને અંદરથી અને બહારથી અત્યંત અસુંદર બનાવી દીધો હતો. તે એટલે સુધી કે તેના માતા પિતાને પણ અપ્રિય લાગતો હતો.

વાત વાતમાં ક્રોધ કરવો તેમજ બીજા અનેક પ્રકારના ખરાબ વ્યવહાર કરવાની તેની ટેવથી પરેશાન અને તંગ થઇને હરિકેશીને માતા પિતાએ તેને ઘરથી બહાર કાઢી મૂક્યો. હરિકેશીને માતાપિતાએ ઘરની બહાર કાઢી મુકયો તેથી આશ્રય મેળવવાને માટે કોઈ સ્થાનની શોધ માટે આખા શહેરમાં ફર્યો. પરંતુ પોતાના ક્રોધી સ્વભાવને કારણે કયાંય આશ્રય ન મળ્યો. જ્યાં જાય ત્યાં બધા સ્થાનમાંથી તેને ગાળો અને માર ખાઇને ત્યાંથી ભાગવું પડે. આખરે તેણે તે નગર છોડીને બીજા કોઇ નગરમાં જવાનો નિશ્ચય કર્યો.

શહેરથી થોડે દૂર ગયા પછી હરિકેશીએ જોયું કે કેટલાક માણસો લાઠીઓ અને પથ્થર આદિ લઈને એક સાપને મારવા માટે દોડી રહ્યા છે. લોકો એમ સમજતા

હતા કે સાપ ઝેરીલો હશે પરંતુ જ્યારે સર્પની નજીક પહોંચ્યા તો એક માણસે તેને જોઇને કહ્યું કે ભાઈઓ ! આ સર્પને મારશો નહિ. આ સાપ ઝેરીલો નથી. તેને બે મુખ છે તેથી તે ઝેરીલો નથી. જેને બે મુખ હોય તે ઝેરીલો ન હોય તો વ્યર્થ એના પ્રાણ લેવાથી શું લાભ થવાનો છે ?

આ દૃશ્ય જોઇને હરિકેશી મુનિએ વિચાર્યું કે જે ઝેરીલા હોય છે તે માર ખાય છે ને જે ઝેરીલા નથી હોતા તે માર નથી ખાતા. તેમ મારા હૃદયમાં પણ ક્રોધનું ઝેર ભર્યું છે ને ગુસ્સાની આગ સળગી રહી છે એટલા માટે મને કોઈ પ્રેમથી ચાહતું નથી. તે એટલા સુધી કે મારા જન્મદાતા માતા-પિતાએ પણ મને ઘરની બહાર કાઢી મૂકયો. જેના કારણથી મને ક્યાંય સ્થાન ન મળ્યું, તે ક્રોધનો હું નાશ કરૂં. હરિકેશીના હૃદયમાં પશ્ચાતાપના ઝરણા વહેવા લાગ્યા અને તે પશ્ચાતાપના શુદ્ધ અને શીતળ પાણીથી હરિકેશીના હૃદયમાં સળગેલી ક્રોધાગ્નિ શાંત થઈ ગઇ. તેમના ભાવની શુદ્ધતા થતા સમતાના ઉચ્ચ શિખર પર ચઢતાં ત્યાં તેમને જાતિ-સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થઇ ગયું અને પ્રવજ્યા લઇને આત્મકલ્યાણકના પંથે પ્રયાણ કર્યું. શરૂઆતમાં તો લોકો તેમણે આ ઢોંગ કર્યો છે, બનાવટ કરી છે એમ માન્યું ને વિવિધ પ્રકારના દુઃખ આપવા લાગ્યા. પરંતુ હવે જેમનું ક્રોધણીજ બળી ચૂકયું હતું તે હવે ફરીને અસ્તિત્વમાં કેવી રીતે આવે ? અર્થાત્ બળેલું બીજ ફરીને કેવી રીતે ઉગી શકે ? હરિકેશી મુનિએ સમભાવથી બધું સહન કર્યું.

હરિકેશિ મુનિ કર્મની જંજીરો તોડવા દીક્ષા લઇ પંચમહાવ્રતધારી સંત બની ગયા. અવિરતીનો ત્યાગ કરી વિરતિભાવમાં આવી ગયા. જ્યારે આત્મા જાગે છે ત્યારે કેવો વેગ ઉપડે છે ! અંતમાં હરિકેશી મુનિએ કર્મોને ખપાવી સર્વોચ્ચપદને પ્રાપ્ત કર્યું. આપણે જમાલિકુમારનો અધિકાર ચાલે છે.એ પણ અવિરતિનો ત્યાગ કરવા તૈયાર. થયા છે. તેમને વિચાર થાય છે કે હું પણ અવિરતિનો ત્યાગ કરૂં વિરતિભાવમાં આવું.

બંધુઓ ! સમજો. અવિરતી એટલે શું ? પાપના કારણોમાં મન-વચન-કાયાથી કરવા, કરાવવા કે અનુમોદન રૂપે પ્રવૃત્તિ નહિ કરવી તેનું નામ છે વિરતી અને મન-વચન ને કાયાથી પાપ કરવું–કરાવવું ને કરતાને અનુમોદના કરવી તેનું નામ છે અવિરતી. હિંસાદિ ક્રિયામાં જો તમે પ્રવર્તતા હો તો તે અવિરતી છે ને એનો ત્યાગ તે વિરતી છે. તમને જડનો યોગ બરાબર ખટકશે ત્યારે તમે વિરતીધર બની શકશો. અવિરતી જ્યારે જશે ને વિરતી આવશે ત્યારે મિથ્યાત્વની ગ્રંથી તૂટશે ને તેની સાથે કષાયોમાં પણ મંદતા આવી જશે. જ્યારે કષાયોની અમુક પ્રમાણમાં મંદતા થાય છે ત્યારે આત્મામાં સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટે છે. નૈસર્ગરીતિએ અથવા અધિગમના યોગે આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે છે. સમ્યગ્દર્શનના યોગે આત્મામાં એવી લાયકાત

પ્રગટે છે કે તમારા માનેલા ઉત્તમમાં ઉત્તમ સુખો, અરે! દેવ તમારા ઉપર પ્રસન્ન થાય અને તમને મહાન સુખો આપે તો પણ ભૌતિક સુખો તમને પ્રિય નહિ લાગે. કેમ સમજાય છે ને? જો આત્મામાં સમ્યગ્દર્શનનો અંકુરો પુટયો હશે તો જરૂર તમને આ વાત ગળે ઉતરશે અને મોક્ષના મહાન સુખો ગમશે. આ તમારા માનેલા પૌદ્ગલિક સુખો નાશવંત છે. આ પૌદ્ગલિક સુખોનો રસ આત્માને કર્મના બંધન સાથે મજબૂત રીતે બાંધનાર છે. જો અહીં લક્ષ ચૂકી જશો તો આ ભૌતિક સુખો દુઃખની જડરૂપ બની જશે. માટે આ ભોગ છોડવામાં સાચો આનંદ છે. આટલા કાળ સુધી જીવનું રખડવાપણું હોય તો તેનું એક કારણ છે આપણામાં જ્ઞાનનો અભાવ છે. આચારાંગ સૂત્રમાં ભગવાને કહ્યું છે કે ઇહ મેગેસિં નો સન્ના ભવઇ : આ સંસારમાં કંઇક જીવો એવા છે કે હું કોણ છું ને ક્યાંથી આવ્યો છું? હું સંજ્ઞી છું કે અસંજ્ઞી છું તેનું પણ જ્ઞાન નથી. તમે નાણાં મેળવવાનું જ્ઞાન મેળવ્યું, ભૌતિક ભોગોનું જ્ઞાન મેળવ્યું પણ તેમાં તમારૂં કલ્યાણ નથી. જ્ઞાની કહે છે પહેલા બંધનને જાણ અને પછી તોડ.

કર્મો કેવા છે? કર્મો દુષ્ટ મનુષ્ય જેવા છે. જેમ કાજળ ગમે તેટલી વાર ધોવો છતાં તે સફેદ થતું નથી તેમ દુષ્ટ મનુષ્યને લાખો વાર શીખામણ આપો પણ તે પોતાની દુષ્ટતાને છોડતો નથી. તે રીતે આત્માને હેરાન-પરેશાન કરનાર કોઇ પરમ શત્રુ હોય તો તે કર્મ છે. કર્મ મહાન શત્રુ છે અને આત્માનું મહાન અહિત કરનાર છે. આત્મા અનંત દુઃખોથી ભરેલા સંસારમાં અનાદિકાળથી રખડયો છે અને આજે પણ રખડી રહ્યો છે તેનું કારણ કર્મ છે. જો કર્મ ન હોય તો નરકાદિ ચાર ગતિઓ ન રહે. સ્થૂલ કે સૂક્ષ્મ શરીર પણ ન હોત અને જન્મ-મરણની પરંપરા ન હોત. જો સુખ અને શાંતિ ઇચ્છતા હોઈએ તો કર્મને દૂર કરવાની જરૂર છે.

કર્મોને કેવી રીતે દૂર કરવા?

જે કર્મો અનાદિથી હેરાન કરે છે તેને કેવી રીતે દૂર કરવા? એ તમે જાણો છો? એ કોઇ જાનવર નથી કે જેને મારીને દૂર કરીએ. એ કોઈ દુષ્ટ માણસ નથી કે તેને હાથ પકડીને બહાર કાઢીએ, એ કોઇ ધૂળ કે કચરો નથી કે ખંખેરી નાંખીએ કે એ આંખે જોઇ શકતા નથી કે જેને આપણે પકડી શકીએ. તો તેને કાઢવા શી રીતે? ગમે તેવાં તે અદૃશ્ય છે છતાં આપણે તેને કાઢવાને શક્તિમાન છીએ. તે સમજાવવા એક અદ્રશ્ય ચોરનો ન્યાય આપું.

એક ચોર પાસે એવું અદ્ભુત અંજન હતું કે તેનો પ્રયોગ કરવાથી તે અદૃશ્ય થઈ જતો અને તે અદૃશ્ય અંજનના પ્રભાવથી તેણે ગામમાં ઘણી મોટી ભયંકર ચોરીઓ કરી હતી. એને પકડવા રાજાના માણસોએ અને રાજાએ ખૂબ મહેનત કરેલી પણ તે પકડાયેલો નહિ. પણ એક દિવસ તે રાજમહેલ પાસેથી પસાર થાય છે તે સમયે મહેલમાં

શ્રેણીક મહારાજા જમવા બેઠેલા હતા. ને તેમના ભાણામાં અનેક પ્રકારની વાનગીઓ પીરસાણી હતી. આ સમયે મહેલની પાસેથી જનાર અદૃશ્ય ચોર વિચારવા લાગ્યો. આવું સુંદર જમવાનું મૂકી ઘેર શા માટે જવું જોઈએ? એમ વિચારી રાજાની જમવાની થાળીમાંથી અદૃશ્ય રીતે બધી વસ્તુઓ ખાઇ ગયો તેનો સ્વાદ તેની દાઢમાં રહી ગયો. હવે તો રોજ રાજા જમવા બેસે ત્યારે પેલો ચોર અદૃશ્ય રીતે મહેલમાં આવવા લાગ્યો અને રાજાના ભાણામાં પીરસાયેલ ભોજન અદૃશ્ય રીતે ખાઈ જવા લાગ્યો. ભાણામાંથી પા ભાગનું ભોજન પણ રાજાના પેટમાં જતું ન હતું એટલે રાજાનું શરીર દિનપ્રતિદિન સૂકાવા લાગ્યું. રાજા વિચાર કરે છે કે રસોઇઓ મને આટલું પીરસે છે ને બધું જાય છે ક્યાં? હું હાથમાં લેવા જાઉં છું ને ક્યાં ઉપડી જાય છે ને હું કેટલી વાર માંગુ? રાજાનું શરીર ખૂબ સૂકાઇ જવાથી વિનયવાન પુત્ર કહો કે પ્રધાન કહો એવો અભયકુમાર પૂછે છે પિતાજી! શું આપને કંઇ ચિંતાનું કારણ ઉપસ્થિત થયું છે કે કોઇ ગુપ્ત રોગ લાગુ પડયો છે? કે ખાવાનું નથી ભાવતું? છે શું? આપ ખુલ્લા દિલે મને જલ્દી જણાવો. હું આપના શરીર સામું જોઈ શકતો નથી.

બંધુઓ! વિનયવાન પુત્રને પિતા પ્રત્યે કેટલી લાગણી હોય છે અને પિતા પ્રત્યે કેટલો ભકિતભાવ છે! તમે અભયકુમારની બુદ્ધિ માંગો છો પણ એ અભયકુમારના જીવનમાં કેવા ગુણ હતા! એવા ગુણો તમારા જીવનમાં પ્રગટાવો પછી એની બુદ્ધિ માંગો. શ્રેણિક રાજા કહે છે અભય! મને વાત કરતાં શરમ આવે છે. અભયકુમાર કહે છે પિતાજી! શરીરની બાબતમાં શરમ રાખવી યોગ્ય નથી. આપ સુખેથી મને કહો. ત્યારે રાજા કહે છે અભય! મને કોઇ ગુપ્ત રોગ લાગુ પડયો નથી કે મને કોઇ ચિંતાનું કારણ નથી. પણ મને જે ભોજન પીરસાય છે તેમાંથી હું થોડું ખાઉં છું ત્યાં ભોજન ખલાસ થઇ જાય છે. આમ કેમ બને છે તે મને સમજાતું નથી. મને આ વાત કરતાં શરમ આવે છે! પ્રધાનમંત્રી એવા અભયકુમારે કહ્યું પિતાજી આપ ચિંતા ન કરો. હવે હું તેનો ઉપાય જરૂર શોધીશ. રાજાએ કહેલી સર્વ હકીકત ઉપર ઉંડો વિચાર કરતાં અભયકુમાર એવા નિર્ણય પર આવ્યો કે અહીં કોઇ પુરૂષ અંજન આદિના પ્રયોગથી અદૃશ્યપણે આવતો હોવો જોઈએ. અને તે રાજાના ભાણામાં પીરસાયેલું ભોજન ખાઇ જાય છે માટે હવે તેને પકડી પાડવો. અદૃશ્ય પુરૂષને પકડવાનું કામ સહેલું નથી પણ અભયકુમાર ચાર બુદ્ધિનો ધણી હતો. એટલે તેણે અદૃશ્ય પુરૂષને પકડવાની યોજના ઘડી.

રાજાના ભોજન ખંડમાં પ્રવેશ કરવાનો જે માર્ગ હતો ત્યાં સૂક્ષ્મ રજ પથરાવી દીધી ને નોકરોને હુકમ કર્યો કે પોતે સંકેત કરે ત્યારે ભોજનખંડના બધા બારણા બંધ કરાવી દેવા. પછી તે પોતે ભોજનખંડમાં એક જગ્યાએ સંતાઇ ગયો અને હવે

શું બને છે તે જોવા લાગ્યો. રાજા રોજના નિયમ મુજબ ભોજનખંડમાં આવ્યા અને પોતાના આસને બેઠા. જમવા માટે પીરસાયેલો થાળ રાજાની પાસે મૂકવામાં આવ્યો. ત્યારે રસલુબ્ધ ચોર ત્યાં આવી ગયો. ચોર વિચાર કરવા લાગ્યો. મને પકડવા માટે ભલેને ગમે તેટલી રજ પાથરે, પગલા પડે પણ ધૂળમાં પડેલા પગલાને શું કરશે? હું તો દેખાવાનો નથી એમ મગરૂરી ધરાવતો ચોર જમવા બેઠો. મહાન બુદ્ધિશાળી અભયકુમારે પગલાં જોતાંની સાથે સંકેત કર્યો અને ભોજનખંડના બધા બારણાં જોતજોતામાં બંધ થઇ ગયા ને તરત સંકેત અનુસાર જે ઘડાની અંદર લીલા લાકડા, છાણા અને વનસ્પતિ નાંખી તેમાં અંગારા નાંખીને તેના ઉપર ઢાંકણા ઢાંકી દીધા હતા તે ઢાંકણા બસેડી નાંખતાની સાથે આખા રૂમમાં ખૂબ ધુમાડો પ્રસરી ગયો. સૌની આંખો બળવા લાગી. પણ ચોર વિચારે છે બધાને આંખો બળે, ગમે તેટલો ધુમાડો કરે છતાં હું કયાં પકડાવાનો છું? આ મગરૂરીમાં તેને ભાન ન રહ્યું કે જે ધુણી દ્વારા તેની આંખો બળે છે તે આંખમાંથી પાણી ટપકવા લાગ્યું અને તે દ્વારા તેનું અંજન ધોવાઈ ગયું.

બંધુઓ! જે તાકાત દ્વારા પોતે અદૃશ્ય થયો હતો તે વસ્તુ ચાલી ગઇ તેથી તે દૃશ્ય થયો. સહુના જોવામાં આવ્યો અને રાજસેવકોએ તેને પકડી લીધો ને રાજાએ તેને ભયંકર શિક્ષા કરી. કહેવાનો આશય એ છે કે અદૃશ્ય વસ્તુઓ જોઇ શકાતી નથી પણ તેને યુક્તિથી પકડી શકાય છે. તે રીતે કર્મને દૂર કરવા માટે તેને પકડવાની જરૂર નથી. પણ આપણે એવો પુરૂષાર્થ કરવો જોઇએ કે આત્માથી કર્મો છૂટા પડી જાય.

જમાલિકુમાર દીક્ષા લેવા તૈયાર થયા છે. માતા કહે છે.

"तिक्खं कमियव्वं गरुयं लांबेयव्वं असिधारगवत चरियव्वं।"

હે દીકરા! તીક્ષ્ણ ખડ્ગપ્રિના ઉપર ચાલ્યા જેવું, મોટી શીલા ઉંચકવા જેવુ અને તલવારની ધાર ઉપર ચાલવાની જેમ સંયમમાં પાંચ મહાવ્રતોનું પાલન કરવાનું છે. સંયમવ્રત એ મોટો મેરૂ પર્વત ઉંચકવા જેવું છે એટલું નહિ પણ દીક્ષા લઇને ઘરઘરમાં ગૌચરી જઇશ ત્યારે પણ તારે કેટલો ઉપયોગ રાખવો પડશે. ત્યાં તને કેવા આહાર પાણી કલ્પશે ને કેવા નહિ કલ્પે તે વાત કરે છે.

"नो खलु कप्पर जाया! समणाणं निग्गंथाणं अहाकम्मिइवा इद्देसिएइवा, मिस्स जाइए इ वा, अज्झोयरएइवा, पूइए इ वा, कीतेइ वा, पामिच्चे इ वा, अच्छेज्जे इ वा, अणि सट्ठेइवा, अभिहडेइवा कंतारभत्ते इ वा, दुब्भिक्ख भत्तइवा, गिलाणभत्ते इवा, बदलियाभत्तेइवा, पाहुणग भत्तेइवा, सेज्जायर पिंडइवा, रायपिंडे मूलाभोयणेइवा, कंद भोयणेइवा, फलभोयणेइवा, बीयभोयणेइवा, हरियभोयणेइवा भुत्तए वा, पायएवा।।"

હે દીકરા ! શ્રમણ નિગ્રંથોને (૧) આધાકર્મીક, (૨) ઔદ્દેશિક, (૩) મિશ્રજાત (૪) અધ્યવપૂરક, (૫) પૂતિકૃત (૬) (૭) પામિત્ય ક્રીત (૮) અચ્છિદ્ય (૯) અનિઃ સૃષ્ટ (૧૦) અભ્યાકૃત (૧૧) ક્રાંતારભકત (૧૨) દુર્ભિક્ષભકત (૧૩) ગ્લાનભકત (૧૪) બાર્દલિકાભકત (૧૫) પ્રાધૂર્ણભકત (૧૬) શય્યાંતરપિંડ (૧૭) રાજપિંડ (૧૮) મૂળનું ભોજન, કંદનું ભોજન, ફળનું ભોજન બીજનું ભોજન, લીલી વનસ્પતિનું ભોજન, ખાવું કે પીવું કલ્પતું નથી.

સાધુને ઉદ્દેશીને તેમના નિમિત્તે બનાવેલો આહાર કલ્પતો નથી. સાધુના નિમિત્તનું મિશ્રણ કરેલો એટલે પોતાના માટે ને સાધુ માટે બનાવેલો કલ્પે નહિ. સાધુના નિમિત્તે ખરીદીને લાવેલો આહાર, સામે લઈ ગયેલો આહાર ન કલ્પે. કોઇ પણ પ્રકારના સદોષ આહાર સાધુને કલ્પે નહિ. દશવૈકાલીક સૂત્રમાં કહ્યું છે કે–

दुल्लहाउ मुहादाइ, मुहाजीवि दुल्लहा ।
मुहादाइ मुहाजीवि, दोवि गच्छन्ति सुग्गइं ।।

દશ. સૂ. અ. ૫ ઉ. ૧ ગાથા ૧૦૦

સુપાત્ર દાન લેનારા અને સુપાત્ર દાન દેનારા બંને દુર્લભ છે. લેનાર ને દેનાર બંને સુપાત્ર હોય ને આહાર નિર્દોષ હોય તો લેનાર અને દેનાર બંને સદ્ગતિમાં જાય છે. પણ અસૂઝતા અને આધાકર્મી આહાર લેવાથી ને દેવાથી બંનેનું લૂંટાઇ જાય છે. માટે તમે સાધુ-સાધ્વીને નિર્દોષ ગૌચરી વહોરાવજો. તો તમારૂં ને સાધુનું બંનેનું કલ્યાણ થશે.

જમાલિકુમારની માતા કહે છે હે દીકરા ! ઉપર કહ્યા પ્રમાણે તારે નિર્દોષ આહારની ગવેષણા કરવી પડશે. જુઓ તો ખરા, જમાલિકુમારની માતા પણ કેટલી જાણકાર હતી ! આજના શ્રાવકોને સાધુને શું કલ્પે ને શું ન કલ્પે તેની ખબર કંઇકને નથી. દશવૈકાલીક સૂત્રનું વાંચન કરો તો તમને ખબર પડશે કે સાધુને કેવો આહાર કલ્પે.

હવે જ જમાલિકુમારની માતા આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

ધનદેવ શ્રાવસ્તીનગરીમાં

દિનાંતર સાવથી નગરી, પહુંચ ગયા ધનદેવ,
ગત રાત્રીમેં રાજ્ય ખજાના, લૂટ ગયા અત એવ,
કરી ઘોષણા પુરમેં પકડો, તર-કર કો તત્એવ હો....શ્રોતા

ચરિત્રઃ ધનદેવ ચાલતો ચાલતો થોડા દિવસમાં શ્રાવસ્તીનગરીની બહાર આવી પહોંચ્યો. બંધુઓ ! જો જો કર્મ કેવા ખેલ કરે છે. ધનદેવ દરિયામાંથી બચ્યો. એનો ભયંકર રોગ પણ પુણ્યના ઉદયથી ચાલ્યો ગયો. પણ અહીં શું થાય છે ? ધનદેવ સવારે પહોંચ્યો તે રાત્રે વિચારધવલનો ભંડાર ચોરોએ લૂંટયો હતો. એટલે રાજાએ ઓર્ડર કર્યો હતો કે જે કોઇ પરદેશી માણસ આવે તે અગર જેના ઉપર શક પડે તેવા જે માણસો મળે તેને અહીં પકડી લાવો.

" ધનદેવ પકડાયો "

ઇનકો ભી ઇસ આશંકા મેં, પકડ લિયા હૈં આય,
મંત્રીશ્વર કે આગે ઉસકો, ખડા કિયા હૈ લાય
કહાં ગયે થે વાસી કહેં કે, કહાં રહે હો જાય હો...શ્રોતા...

રાજાના અનુચરો કોઇ પણ પરદેશી માણસ આવે તેને પકડતા હતા. તે રીતે ધનદેવને પણ પકડયો ને પૂછયું કે ભાઇ! તું કોણ છે ને કયાંથી આવ્યો છે? ત્યારે તેણે કહ્યું–ભાઇ! હું સુશર્મનગરનો રહેવાસી છું. ધન કમાવા માટે નીકળ્યો હતો પણ દરિયામાં વહાણ તૂટી જવાથી મારી આ દશા થઈ છે તેથી હવે સુશર્મનગર જઈ રહ્યો છું. તમે મને શા માટે પકડો છો? મને જવા દો. ત્યારે અનુચરો કહે છે ભાઇ! ગઈ કાલે રાતના અમારા મહારાજા વિચારધવલના ભંડારમાં ચોરી થઇ છે. એટલે મહારાજાનો ઓર્ડર છે કે જે કોઇ પરદેશી માણસ કે ચોર–ડાકુ હોય તેને પકડી લાવો. માટે અમે તને પકડેલો છે. તને મંત્રીને ઘેર લઇ જઇશું. ત્યારે ધનદેવે કહ્યું ભાઇ! હું તો આ કંઇ જાણતો નથી. અત્યારે ચાલ્યો આવું છું ને હું ચોરી કરતો નથી. પછી મને શા માટે ત્યાં લઇ જાવ છો? મને જવા દો. ત્યારે રાજાના માણસો કહે છે અમે તો ચિઠ્ઠીના ચાકર છીએ. માટે તારે ત્યાં આવવું પડશે. ધનદેવની ઇચ્છા ન હતી છતાં જવું પડયું. અનુચરો પકડીને તેને મંત્રીને ઘેર લઇ ગયા ને મંત્રી પાસે લઇ જઇને ઉભો રાખ્યો.

કહો કોઇ રકમ પાસ તુમ્હારે, ધનદેવ કહે નામ,
સચ્ચ કહો તબ તબ કહે કયા હૈં જો રકમું બાત છિપાય,
અચ્છા તબ તો તુમ જાઓ, આનંદસે છુટ્ટી પાય હો...શ્રોતા...

મંત્રી ધનદેવને કહે છે ભાઈ તમે કોણ છો? ને કયાંથી આવ્યા છો? ધનદેવે પહેલાંની જેમ જવાબ આપી દીધો. એટલે પ્રધાન કહે છે તમારી પાસે કંઇ રકમ છે? જે કંઈ હોય તે સત્ય બોલી જાવ. ત્યારે ધનદેવ કહે છે હું તો કમાવા ગયો હતો. મારી પાસે ધન ઘણું હતું પણ અધવચ્ચ વહાણ તૂટી જવાથી સારા પરિવારથી છૂટો પડી ગયો છું ને ધન–માલ બધું દરિયામાં હોમાઇ ગયું છે એટલે મારી પાસે અત્યારે કંઇ નથી. મારે શા માટે આપની પાસે છુપાવવું જોઇએ? જો આપને વહેમ હોય તો મારા ખિસ્સા તપાસી લો. એટલે પ્રધાનના મનમાં થયું કે માણસ નિર્દોષ છે. એના મુખ ઉપર પણ એ ચોર જેવો લાગતો નથી. એટલે કહે છે કે ભાઇ તમે નિર્દોષ છો, તમે તમારા રસ્તે ખુશીથી ચાલ્યા જાવ. એટલે ધનદેવ ત્યાંથી આનંદપૂર્વક પાછો ફર્યો ને પ્રધાનના કંપાઉન્ડની બહાર નીકળ્યો.

ઇતને એક બન્દર આ વસ્તર ફાડ દિયા ચૂપચાપ
ભૂમિ પર માલા રત્નોકી, પડ ગઇ આપોઆપ
કહે મંત્રીશ્વર દેખા, પ્રગટ હો ગયા પાપ....હો...શ્રોતા...

ધનદેવ જતો હતો ત્યાં પ્રધાનના આંગણામાં એક વાંદરાએ છલાંગ મારીને ધનદેવને પકડયો ને વસ્ત્ર ચીરી નાંખ્યું. એટલે સપ્તર્ષિનક્ષત્રમાળા જેવો તે પ્રદેશને પ્રકાશિત કરતો "ત્રૈલોક્યસરા" રત્નાવલી હાર ઉપરના વસ્ત્રમાંથી નીચે સરી પડયો. આ મંત્રીએ જોયું. એની પાસે રત્નાવલી હાર જોતાં પ્રધાન ચમકયો. અહો! હમણાં તો કહેતો હતો કે મારી પાસે કંઇ નથી ને એની પાસે આ હાર કયાંથી? એનું પાપ પ્રગટ થઈ ગયું ને આ હાર તો રાજકુંવરીનો છે. રાજકુંવરીનો પણ પત્તો નથી, તો આ માણસ કુંવરીને મારીને અગર લૂંટીને આ હાર લાવ્યો હોવો જોઇએ. નહિતર એની પાસે હાર કયાંથી આવે? ધનદેવ પાસેથી કુંવરીનો ત્રૈલોક્યસરા રત્નાવલી હાર મળવાથી તેના ઉપર શંકા થઇ ને એને પકડી લીધો.

ધનદેવને તો હાર મડદા પાસેથી મળ્યો હતો. એનું કોઇ ધણી નથી અને મડદાને એની જરૂર નથી એમ માનીને લીધો હતો. હાર કોનો છે તે જાણતો નથી અને પોતાની પાસે હાર સિવાય બીજું કંઇ જ ન હતું. હાર આપી દઉં તો પછી મારે શું કરવું એ વિચારથી ધનદેવ ધનના થોડા લોભ ખાતર અસત્ય બોલ્યો. હવે પ્રધાન તેને રાજા પાસે લઇ જશે ને રાજા પૂછશે ત્યારે શું કહેશે ને ધનદેવ કેવી મુશ્કેલીમાં મૂકાઇ જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૭૭

ભાદરવા સુદ ૧ ને ગુરૂવાર તા. ૨૭-૯-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

શાસનપતિ ત્રિલોકીનાથ ભગવંતે જગતના જીવો ઉપર કરૂણા કરી શાસ્ત્રવાણીનુ નિરૂપણ કર્યું. દરેક જીવોને બે આંખ હોય છે. પણ શાસ્ત્ર એ ત્રીજું લોચન છે. એ લોચન દ્વારા જીવ પોતાના સ્વરૂપમાં ઠરી જાય છે. અનંતકાળથી જીવ અનંત સંસારમાં રઝળે છે. એ અનંતનો અનંત કરી અનંત સુખની લહેરમાં બિરાજમાન એવા અનંત સિધ્ધોની શ્રેણીમાં જવું હોય તો તે હૃદયને પવિત્ર અને સરળ બનાવવું પડશે. જેનું હૃદય સરળ હોય છે તેના હૃદયમાં ધર્મના બીજ ઉગી નીકળે છે. સોહી ઉજ્જુય ભૂયસ્સે કાળી માટીની જમીનમાં થોડો વરસાદ પડે છે ને બેદુત બીજ વાવે તો પણ ઉગી નીકળે છે પણ આરસની જમીનમાં ઉગતું નથી. માટે હૃદયમાંથી કષાયના કાંકરા કાઢી શુદ્ધ બનાવવાની જરૂર છે. કષાય એ મુક્તિમાં જતાં આત્માને રોકનાર છે,

कोहो य माणो य अणिग्गहिया माया य लोहो य पवड्ढमाणा।
चत्तारिएए कसिणा कसाया, सिचन्ति भूलाइं पुण भवस्स ।।

દશ. સૂ. અ. ૮, ગાથા

ક્રોધ-માનનો નિગ્રહ કરવામાં ન આવે અને માયા ને લોભને વૃદ્ધિ પામવા દઇએ તો ભગવાન કહે છે એ ચાર કાળી કષાયો સંસાર વૃક્ષના મૂળીયાને સિંચન આપે છે એટલે મજબૂત કરે છે.

જીવ મોક્ષપ્રાપ્તિ માટે તપ-જપ આદિ અનેક રીતે ધર્મકરણી કરે છે પણ કષાયો ઉપર વિજય મેળવવા તરફ ધ્યાન અપાતું નથી. કષાયની મુક્તિ એ આત્માની મુક્તિ છે. એ મૂળ મુદ્દો દરેક મોક્ષાર્થી મુમુક્ષ જીવના હૃદયમાં કોતરાઇ જવો જોઇએ. આપણે મોક્ષ મેળવવા ગમે તેટલા પ્રયત્નો કરીએ પણ જ્યાં સુધી કષાય ઉપર વિજય ન મેળવીએ ત્યાં સુધી બીજા બધા પ્રયત્નો નિષ્ફળ જવાના. બ્રેઇનમાં કેન્સર થયું હોય ને ઉપર મલમ ચોપડયા કરે તો કેન્સર જેવો મહા ભયંકર રોગ મટે નહિ. તેમ કર્મ રૂપી કેન્સરનો ભયંકર રોગ ઉપર ઉપરથી બાહ્ય ક્રિયાઓ કરવાથી મટી ન જાય. બાહ્ય ઉપચારની સાથે ઉપશમભાવરૂપી રસાયણનું સેવન કરવામાં આવે તો કર્મબંધરૂપી મહા ભયંકર વ્યાધિ મટે છે. માટે ક્રોધ-માન-માયા ને લોભ એ ચારે ય કષાયો ઉપર વિજય મેળવવાનું લક્ષ હોવું જોઇએ.

જમાલિકુમારની માતા કહે છે કે દીકરા! શય્યાન્તરનો આહાર અને રાજાને માટે બનાવેલો આહાર તે રાજપિંડ તથા મૂળા-કંદ-ફૂલ-સચેત બીજ અને લીલી વનસ્પતિ પણ લેવાશે નહિ. વળી કાકડી, મૂળા, બોગરી આદિ કાચી વનસ્પતિ પણ તારાથી લેવાશે નહિ. આવી રીતે ખૂબ સાવધાનીપૂર્વક નિર્દોષ આહારની ગવેષણા કરવી પડશે. તપ કરવો પડશે. રસેન્દ્રિય ઉપર કાબૂ ખૂબ રાખવો પડશે, આ બધું તારાથી કેમ બનશે? માતા સંયમની કેટલી કઠીનાઇ બતાવે છે! જમાલિકુમાર જરા પણ ડરતો નથી. જીવનભર માટે આખો સંસાર ત્યાગ કરવા તૈયાર થયો છે. તમારી પાસે કોઇ સંયમમાં આવી રીતે રહેવું પડશે એમ કહે તો તમે પીગળી જાવ. અરે.... દીક્ષાની વાત તો બાજુમાં રહી પણ એક કાંદા-બટાટાની બાધા લેવાની કહીએ તો પણ કેટલા બહાના બતાવે છે. મહાસતીજી! શું કરીએ? અમારે ઠેર ઠેર ફરવાનું. કંઇક બહાના કાઢશે અને કદાચ લેશે તો શું બોલશો? મારે ગામમાં-પરગામમાં છૂટ. સાજે-માંદે છૂટ. વાહ.... વાહ. બાધા તો બહુ સારી. તમને સાજે-માંદે, ગામ ને પરગામ બધે છૂટ જોઇએ છે તો બાધા કયાં! લાકડાભેગા થશો ત્યાં! હસાહસ.

બંધુઓ! તમને અત્યારે અમારી વાત સમજાતી નથી પણ યાદ રાખજો કે રસની તીવ્ર આસક્તિ રાખશો તો અનંતકાયમાં ઉત્પન્ન થવું પડશે. એક શરીરમાં અનંતા

જીવોની ભાગીદારી થશે. જ્ઞાની ભગવંતો કહે છે કે જે આત્માઓથી જેમાં તીવ્ર આસક્તિ હોય છે તે ઘણું કરીને તેમાં ઉત્પન્ન થાય છે. આ વાતનો આપણે વિશેષ પ્રકારે વિચાર કરીએ તો તમને સમજાશે કે દેવ જેવા દેવો પણ આસક્તિ રાખે છે તો કયાં ઉત્પન્ન થાય છે? ભવનપતિ-વાણવ્યંતર, જ્યોતિષી, સૌધર્મ અને ઇશાન દેવલોકના દેવો પણ દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને બાદર પૃથ્વીકાય, બાદર અપકાય, બાદર વનસ્પતિકાય, ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્ય એ પાંચ દંડકમાં ઉત્પન્ન થાય છે. દેવલોક જેવા ઉચ્ચ સ્થાને પહોંચ્યા પછી પણ પૃથ્વી-પાણી અને વનસ્પતિ જેવા એકેન્દ્રિયના ભવમાં એ આત્માઓ ઉત્પન્ન થાય તેનું કારણ શું? તમને એનો વિચાર થાય છે? જો વિચાર કરો તો જરૂર શંકા થાય પણ કદી વિચાર થતો નથી તો શંકા કયાંથી થાય? ઉપર કહેલા દેવો પૃથ્વી-પાણી અને વનસ્પતિમાં ઉત્પન્ન થવાનું કારણ એ છે કે એમાં જ મિથ્યાદૃષ્ટિ દેવો છે અને મિથ્યાત્વના ઉદયનું જોર જેને વધુ છે તે દેવોને પોતાના રહેવાના ભવનો, નગરો તેમ જ વિમાનોમાં ખૂબ આસક્તિ હોય છે. એના ભવનો અને વિમાનોમાં ઉત્તમ રત્નો જડેલા હોય છે. તે જોઈને હરખાય છે કે આ મારા વિમાનો ઝગમગે છે. દેવોને રહેવાના વિમાનો અને ભવનો રત્નોથી જડેલા હોય છે. રત્નો એ પૃથ્વીકાયની જાતિ છે અને તેના ઉપર આસક્તિ હોવાથી દેવો પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય છે. દેવ લોકની વાવો ખૂબ રમણીય હોય છે. ને તેમાં રહેલા પાણી શીતળ અને સ્વચ્છ હોય છે. તે વાવડીઓમાં દેવાંગનાઓ સાથે ક્રીડા કરતી વખતે ખૂબ આનંદ આવવાથી તીવ્ર આસક્તિના પરિણામે અપકાયનું આયુષ્ય બાંધી દેવો અપકાયમાં ઉત્પન્ન થાય છે. કેવું સરસ પાણી છે. વાવમાં કેવા સુંદર કમળો છે? ને સ્નાન-ક્રીડા કરતા કેવો આનંદ આવે છે! આવા પ્રકારની આસક્તિના કારણે પાણીમાં પટકાય છે. દેવો આનંદ કરવા માટે બગીચાઓમાં ફરવા જાય છે. ત્યારે એ બગીચામાં રહેલા રમણીય વૃક્ષો પુષ્પ-ફળ આદિને જોઈને તેને ખૂબ આનંદ આવે છે, બગીચો વનસ્પતિકાય છે તેથી તેના પ્રત્યેની અત્યંત આસક્તિના પરિણામે દેવો વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય છે.

હવે તમને અહીં એમ પણ શંકા થવી જોઈએ કે દેવો પૃથ્વી, પાણી અને વનસ્પતિ કાયમાં ઉત્પન્ન થાય છે તો તેઉકાય અને વાઉકાયમાં કેમ જતા નથી? બોલો કેમ ન જાય? તમે જાણો છો? દેવોને પરસેવો થતો નથી એટલે એને પવનની ઇચ્છા થતી નથી. તેથી તેના પ્રત્યે મમતા પણ થતી નથી. દેવલોકમાં બાદર અગ્નિનો અભાવ છે, તેમજ દેવોને ત્યાં બધા શુભ પુદ્ગલો પડેલા છે. એટલે તેઓને જ્યારે આહારની ઇચ્છા થાય ત્યારે રોમશયથી શુભ પુદ્ગલોનો આહાર કરી લે છે, એટલે તેને અગ્નિકાયનુ કંઇ પ્રયોજન તેમજ મમતાનું કારણ નથી એટલે તેઉકાય અને વાયુકાયમાં દેવો ઉત્પન્ન થતા નથી. આ રીતે વિમાનો, વાવડીઓ અને વાટિકાઓ ઉપરના તીવ્ર અનુરાગને કારણે

દેવો ભવનપતિ વાણવ્યંતર–જ્યોતિષી અને પહેલા બીજા દેવલોકના દેવો પૃથ્વી–પાણી અને વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે તે રીતે મનુષ્ય પણ રસનેન્દ્રિયની તીવ્ર આસક્તિ અને અનંતકાય બટાટા વિગેરે ખાવાની લોલુપતાને કારણે અનંત કાયમાં ચાલ્યો જાય છે.

બંધુઓ ! આટલા માટે અમે તમને કહીએ છીએ કે જો તમારે અનંતકાયમાં ન જવું હોય તો અનંતકાયનો ત્યાગ કરો. ઘણાં કંદમૂળની બાધા લે છે પણ બિમારીમાં ઔષધ નિમિત્તે વાપરવાની છૂટ રાખે છે, એ બરાબર નથી કારણ કે અશાતાના ઉદય વિના બિમારી આવતી નથી. અશાતાના બંધ વિના અશાતાનો ઉદય થતો નથી. અશાતાના બંધનું કારણ હિંસા છે તો માંદગીમાં કંદમૂળનું ભક્ષણ કરવું, અભક્ષ્યની છૂટ રાખવી ને હિંસાની પ્રવૃત્તિ વધારવી તો તેનાથી માંદગી વધે કે ઘટે? કપડું મેલું હોય ને તેને ગટરના ગંદા પાણીથી ધોવાથી કપડું સ્વચ્છ થવાને બદલે વધારે મેલું થાય. ગંધાતું થાય છે તેમ આપણો આત્મા પણ કર્મના ભારથી ઢળવો બનવાને બદલે મલીન બને છે. માટે સમજીને કંદમૂળ તેમજ અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરો. જૈનકુળમાં જન્મેલાઓને બાળપણથી જો આવા સંસ્કારોનું સિંચન મળે તો કેટલું પાપ થતું અટકી જાય.

જમાલિકુમારને માતાએ કહ્યું કે બેટા ! સંયમમાં ઈન્દ્રિયોનું દમન કરવું પડશે. ત્યારે જમાલિકુમારે કહ્યું–માતા ! સંયમમાં ઇન્દ્રિયોનું દમન કરીશ તો કર્મની નિર્જરા થશે. હે માતા સાંભળ, આ સંસાર કેવો છે?

આજે મીઠો આ સંસાર કાલે દુઃખ પારાવાર, એને પ્યાર શું કરું ? (૨)
જેનો આજે છે સંગાથ, કાલે છોડી દેશે સાથ, એને પ્યાર શું કરું ?

આ સંસારમાં આજે સુખનો સાગર ઉછાળા મારે છે ને કાલે દુઃખના ડુંગર ખડકાઇ જશે. આજે સગાં-સ્નેહીઓ સૌ ખમ્મા ખમ્મા કરે છે ને જ્યારે પાસે કંઇ નહિ રહે ત્યારે કોઈ સામું પણ નહિ જુવે, આવા સંસારમાં કોણ કોનું છે ? કોના ઉપર પ્રેમ કે રાગ કરવા જેવો છે ? મને જે પ્રભુનો માર્ગ રુચ્યો છે તે બરાબર છે. માટે હું તો દીક્ષા લઇશ. જમાલિકુમાર પોતાનો નિર્ણય ફેરવતા નથી. માતાએ ગૌચરી કેવી રીતે કરવી પડશે તે વાત સમજાવી હજુ સંયમમાં કેવા કેવા પરિષહ સહન કરવા પડશે તેનું વર્ણન કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર:– " ધનદેવ વધસ્થાને ,,

ધનદેવને પ્રધાને પહેલાં તો નિર્દોષ છોડી મૂક્યો. પણ એના પાપ કર્મનો ઉદય હતો એટલો પાછો ફર્યો તેવા વાંદરાએ તેના કપડાં ફાડી નાખ્યા. એટલે રત્નાવલી હાર તેમાંથી સરી પડયો. એટલે પ્રધાનને વહેમ પડયો કે આ હાર રાજપુત્રીનો છે. અને રાજકુંવરીનો પણ પત્તો નથી. નક્કી આણે મારી નાંખી હશે. ને હાર લૂંટી લાગ્યો લાગે છે. નહિતર આની પાસે આવો હાર કયાંથી આવે ? પ્રધાને ધનદેવને પૂછયું, તું

આ હાર કયાંથી લાવ્યો છે? ત્યારે ધનદેવ કહે છેઃ

એક વખત વહાણમાં બેસી હું મહાકટાક દ્વીપે ગયો હતો. ત્યાં મેં આ હાર ખરીદેલો છે. પાછા ફરતાં દરિયામાં મારું વહાણ ભાંગી ગયું એટલે મારા કર્મયોગે મારી પાસે ફકત આ હાર રહ્યો છે. ફરીને મંત્રીએ પૂછયું કે તો આ હાર કયારે ખરીદ કર્યો? ત્યારે ધનદેવ કહ્યું કે એક વર્ષ પહેલાં ખરીદેલો છે. ત્યારે મંત્રીએ વિચાર કર્યો કે કુંવરી પાસે બે મહિના પહેલાં આ હાર હતો. કુંવરીને ગયા હજુ બે મહિના પણ નથી થયા અને આ એમ કહે છે કે મેં બાર મહિના પહેલા ખરીદેલો છે એ વાત યોગ્ય નથી. પહેલાં તો એણે કહ્યું હતું કે મારી પાસે કંઈ નથી ને આ હાર તેની પાસેથી નીકળ્યો. વળી એ કહે છે કે બાર મહિના પહેલાં ખરીદ્યો છે ત્યાં પણ ખોટું બોલે છે. કારણ કે બે મહિના પહેલા તો કુંવરી પાસે હાર હતો. માટે આ માણસ ઠગારો ને જૂઠું બોલનારો લાગે છે. આનો વિશ્વાસ કરવા જેવો નથી. માટે હવે રાજાને આ વાતની જાણ કરું. એટલે રાજાને મંત્રીએ બધી વાત કરી. આ સાંભળી રાજાને ખૂબ દુઃખ થયું. રાજાએ હાર જોયો. ભંડારીને બતાવ્યો. ફરેકે હાર ઓળખી લીધો કે કુંવરીનો હાર છે નકકી. આણે મારી કુંવરીને મારી નાંખી હશે. રાજાને ખૂબ ક્રોધ આવ્યો. પણ રાજા ન્યાયી હતા એટલે તેમણે ફરીને પૂછયું. ભાઇ! આ હાર મારી કુંવરીનો છે માટે તું સત્ય હકીકત હોય તે કહે, ત્યારે પણ ધનદેવે પહેલાની માફક જવાબ આપ્યો એટલે રાજાને તેના ઉપર ખૂબ ક્રોધ આવ્યો ને તેનો વધ કરવાની આજ્ઞા કરી. પછી તેના શરીર ઉપર મેશ ચોપડી દીધી. માથે ઘાસના તણખલા નાંખ્યા. આ બધું જોઇને ધનદેવ વિચાર કરે છે અહો! કર્મની કેવી બલીહારી છે! કર્મ કોઇને છોડનાર નથી. બસ, હવે તો સમભાવે સહન થાય તેટલું સહન કરવું છે. પણ મનમાં એક દુઃખ થાય છે કે એક વખત મારા માતા-પિતાને ભેગો થયો હોત તો સારું થાત. પત્ની તો દુષ્ટ નીકળી. મને દરિયામાં ધકકો માર્યો પણ મારા માતા-પિતા વિયોગે ઝુરતા હશે. પણ શું થાય? મારો એમની સાથે વિયોગ લખાયો હશે. હવે ધનદેવને ગધેડા પર બેસાડયો ને ફૂટેલું ઢોલ વગાડવા લાગ્યા ને આખા ગામમાં ફેરવીને વધ કરવા માટે લઇ જાય છે.

વહ માલા લટકાઇ વાંસ પર અનુચર આગે ચાલે,
બોલ રહા જો ચોરી કરેગા, ઉસકી મૌત અકાલે,
હુએ ધકકે જગહ જગહ પર લોક દેખને વાલે હો.....શ્રોતા તુમ

હારને વાંસ ઉપર લટકાવીને અનુચરો આગળ ચાલતા હતા ને જાહેર કરતા હતા કે આ પાપી દુષ્ટ કુંવરીના ત્રલોકયસારિકા નામના રત્નાવલીકારને લૂંટીને કુંવરીને

મારનારો છે. જે માણસો આવો ગુન્હો કરશે તેમને આ માણસની જેમ વધ કરવામાં આવશે ને અકાળ મૃત્યુ થશે. આ રીતે જાહેરાત કરતા હતા. નગરમાં લોકોના ટોળે ટોળા જોવા ઉમટયા હતા. કોઈ ધનદેવને ધિક્કારવા લાગ્યા. તો કોઇ સજ્જન પુરુષો બોલવા લાગ્યા કે એની મુખાકૃતિ ઉપરથી આ માણસ કુંવરીને મારીને હાર લૂંટી લે તેવો દેખાતો નથી, પણ નક્કી આમાં કંઇક ભેદ લાગે છે. ધનદેવ તો નવકાર મંત્રનું સ્મરણ કરતો હતો. હવે શું બન્યું કે એ રત્નાવલી હારના મણીઓ લાલ રંગના હતા તેને વાંસ ઉપર લટકાવ્યો હતો. બાજ પક્ષીએ જાણ્યું કે આ માંસનો લોચો છે એમ માની રત્નાવલી હારને વાંસ ઉપરથી ચાંચમાં લઇને ઝડપભેર ઉડીને પોતાના માળામાં લઇ ગયું. એને પકડવા માણસો ખૂબ દોડયા પણ પક્ષીને કાંઇ થોડા પકડી શકે? સૌ પાછા ફર્યા. રાજાના અનુચરોને તેના ઉપર ખૂબ ક્રોધ આવ્યો. નક્કી આ માણસ પાકો જાદુગર લાગે છે. એણે કંઇક જાદુ કર્યું માટે આમ બન્યું છે. હવે તો એને જલ્દી મારી નાંખો એમ વિચારી સ્મશાનમાં લઇ ગયા.

ચંડાળની સજ્જનતા :– રાજપુરુષોએ ચંડાળને આજ્ઞા કરી કે તું એને સ્મશાનમાં લઇ જઈને તેનો જલ્દી વધ કરી નાંખ. ધનદેવને ચંડાળને સોંપી અનુચરો રાજા પાસે ગયા. ચંડાળ એને લઇને સ્મશાનમાં આવ્યો. વધ કરવાની જગ્યાએ તેને ઊભો રાખ્યો. પણ ધનદેવના મુખ ઉપર જરા પણ ગ્લાની કે દુઃખ નથી. મુખ પ્રસન્ન છે. નવકારમંત્રનું સ્મરણ કરે છે. આવી પવિત્ર મુખમુદ્રા જોઇને ચંડાળ શું કહે છે.

ભાઇ! તમારી મુખાકૃતિ ઉપરથી એમ લાગે છે કે તમે આવું અકાર્ય કરો તેવા નથી. તમે કોઇ ઉત્તમ કુળના માણસ છો. તમારુ મુખ જોઇને મને મારવાની ઈચ્છા થતી નથી. પણ પરાધીન છું. રાજાની આજ્ઞા છે માટે મારે આમ કરવું પડે છે. હું જાતિએ ચંડાળ છું પણ કર્મે ચંડાળ નથી. પણ રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરું તો રાજા મને બેહાલ કરી નાંખે. પણ તમારો વધ કરવાની આજ્ઞા કરી ત્યારે મેં રાજા પાસે વચન માંગ્યું હતું કે આ માણસને એક મુહૂર્ત પ્રભુનું સ્મરણ કરવાની ઇચ્છા હશે તો તેમ કરવા દઇને પછી તેનો વધ કરીશ. એટલે રાજાએ મને હા પાડી છે. માટે! તું તારા ઇષ્ટ દેવનું સ્મરણ કરી લે.

ધનદેવે ચંડાળનું વચન સાંભળીને વિચાર કર્યો કે આ ચંડાળ છે પણ એનું હૃદય પવિત્ર છે એમ વિચાર કરી ધનદેવે કહ્યું ભાઇ! હું મારા ઇષ્ટદેવનું સ્મરણ કરી રહ્યો છું. મારા જેવા પુણ્યહીનનો તું જલ્દી રાજાની આજ્ઞા પ્રમાણે વધ કરી નાંખ. ત્યારે ચંડાળની આંખમાં આંસુ આવી ગયા. ખડ્ગ ઉપાડયું પણ ધનદેવ ઉપર ઘા કરી શકયો નહિ. તેના હાથમાંથી તલવાર નીચે પડી ગઇ. ને પોતે ધરતી ઉપર પડી ગયો ત્યારે ધનદેવે કહ્યું ભાઇ! તું શા માટે ડરે છે? રાજાની આજ્ઞાનું પાલન કર. ત્યારે

ચંડાળે ગદ્ગદ્ સ્વરે કહ્યું ભદ્ર ! તારા જેવા પવિત્ર પુરુષ ઉપર મારો ઘા ચાલતો નથી. મેં ઘણાનાં વધ કર્યા છે પણ આવું કદી બન્યું નથી. આ પ્રમાણે ચંડાળ અને ધનદેવ વચ્ચે વાત ચાલતી હતી તે વખતે ત્યાંથી લોકોનું ટોળું પસાર થઇ રહ્યું હતું. ધનદેવ અને ચંડાળ તે તરફ જવા લાગ્યા. તો ટોળામાંથી પડહ-ઉદ્ઘોષણા થાય છે કે આપણા મહારાજાના પાટવીકુંવર સુમંગલ બગીચામાં ફરવા ગયેલાને ત્યાંથી સર્પ કરડયો છે. સર્પના ઝેરથી અચેતન થઇને પડયો છે. મંત્ર તથા ઔષધિઓના ઘણાં પ્રયોગ થઈ ચૂક્યા પણ કોઈ ઉપાય કામ લાગતો નથી. હવે જે કોઇ સર્પના ઝેરને ઉતારી રાજકુમારને જીવાડશે તેને રાજા ઇચ્છિત વસ્તુ આપશે. આ સાંભળી ધનદેવ ચંડાળને કહે છે.

ભાઇ ! મારે મરવાનું છે તે વાત નક્કી છે. પણ જો તું રજા આપે તો મરતા પહેલા મારે પરોપકાર કરવાની ભાવના છે. હું રાજાના કુંવરનું ઝેર ઉતારીને તેને બચાવું. પછી તું મને ખુશીથી મારી નાંખજે. ધનદેવની વાત સાંભળી ચંડાળને આનંદ થયો. અહો ! કેવો પર ઉપકારી પુરુષ છે ! પોતાને તો મરવું છે પણ બીજાને જીવાડવાની કેવી પવિત્ર ભાવના છે ! ચંડાળ કહે છે ભાઈ ! રાજાના કુંવરને તું બચાવીશ તો પછી તું બચી ગયો સમજ. પછી તારો વધ નહિ થાય. ખુશીથી તું એ કાર્ય કર. ધનદેવે પડહ ઝીલ્યો એટલે રાજપુરુષો એને રાજા પાસે લઈ ગયા. હવે રાજા શું કહેશે ને ધનદેવ રાજપુત્રનું ઝેર કેવી રીતે ઉતારશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૭૮

આસો સુદ ૨ ને શુક્રવાર **તા. ૨૮-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંતકરૂણાના સાગર, શાસનસમ્રાટ, તીર્થંકર ભગવંતો જગતના જીવોના ઉદ્ધાર માટે ઉપદેશ આપતાં કહે છે હે આત્માઓ ! જો તમારે આત્માનું સુખ મેળવવું હોય, આત્માના અનંત આનંદનો અનુભવ કરવો હોય તો દુઃખમાં આનંદ, સુખમાં વિરકતભાવ અને પાપ કરતી વખતે ધ્રુજારી થવી જોઇએ. આ ત્રણ વસ્તુ જેના જીવનમાં આવી જાય તેને ભૌતિક સંપત્તિ તુચ્છ લાગે. આ જીવ અનંત ભવોમાં ભટકયો છે. ત્યાં આના કરતાં કેટલી બધી ઋદ્ધિ અને પ્રસિદ્ધિ મેળવીને છોડી છે. પણ એ વસ્તુ આજે આપણી પાસે મોજુદ નથી. કારણ કે પુદ્ગલદ્રવ્ય વિનાશી છે. પૌદ્ગલિક સુખો કયારે પણ જીવને શાશ્વત સુખ કે આનંદ આપનાર નથી. અત્યાર સુધીમાં કોઈની પાસે પૌદ્ગલિક સુખ એકસરખું ટકયું નથી, ટકશે નહિ ને ટકવાનું પણ નથી. ત્યારે આત્માના કેવળ જ્ઞાનના દર્પણમાં ભૂત વર્તમાન અને ભવિષ્યકાળના અનંત ક્ષણ વિનાશી

પર્યાયો જાણવાનું સામર્થ્ય રહેલું છે. આત્માનું સાચું સ્વરૂપ અને અનંત ગુણની પ્રાપ્તિ કેવળ જ્ઞાનમાં રહેલી છે. તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટે ઉત્તમમાં ઉત્તમ જો કોઇ સાધન હોય તો તે સંયમ માર્ગ છે.

આત્માના સામર્થ્યને મેળવવા માટે સંસારનું સાચું સ્વરૂપ જીવને સમજાઈ જવું જોઈએ. સંસારના સ્વરૂપને ઓળખાવનાર ભગવંતો તેમજ એમના બતાવેલા માર્ગને અનુસરનાર ધર્મગુરૂઓ અને કેવળી-પ્રરૂપેલો ધર્મ પણ સમજાઇ જવો જોઈએ. આ દેવ-ગુરૂ અને ધર્મનું સ્વરૂપ જીવને યથાર્થ રીતે સમજાઇ જાય તો મોહમાં ફસાય નહિ અને કદાચ ફસાઈ જાય તો તેને એમ લાગે કે હું આ કેદમાં ફસાઈ ગયો છું. સંસારમાં રહેવા છતાં તેને મઝા કે આનંદ ન હોય.

જમાલિકુમારને સંસારનું યથાર્થ સ્વરૂપ સમજાઈ ગયું છે. દેવ-ગુરૂ અને ધર્મ પ્રત્યે રાગ થયો છે. એટલે હવે તેમની માતા ગમે તેટલું સમજાવે, ને સંસારના લાખો પ્રલોભનો આપે તો પણ તેમાં લોભાય તેમ નથી. એની માતાએ કહ્યું કે દીકરા ! તારે સંયમમાં સૂઝતા આહાર-પાણીની ગવેષણા કરવી પડશે. ગોંતાલીશ તથા છન્નુ દોષ ટાળીને આહાર મળશે તો લેવાશે. ગમે તેટલી ભૂખ લાગી હશે તો પણ દોષિત આહાર ગ્રહણ કરાશે નહિ. હજુ આગળ શું કહે છે :-

"तुमं सि च णं जाया सुह समुचिए, नालं सीयं नालं उण्हं नालं खुहा, नालं पिवासा, नालं चोरा, नालं बाला, नालं दंसा, नालं मसगा, नालं वाइय-पित्तिय, संभिम, संन्निवाइए, विविह रोगायंके, परिसहोवसगे उदिन्ने अहियासेतए तं नो खलु जाया ! अम्हे उ इच्छामो तुब्भं खणमपि विप्पओगो तं अच्छाहि ताव जाया ! जाव अम्हे जीवामो तओ पच्छा अम्हेहिं जाव पव्वइहिसि ।

હે માશા લાડીલા દીકરા ! તું તો સુખમાં ઉછરેલો અને સુખને યોગ્ય છે. તું સંયમના કષ્ટ નહિ વેઠી શકે. સંયમ લેવો એ મેરૂ પર્વતનો ભાર ઉપાડવા જેવું છે. તું સુકોમળ છે, તું ઉનાળાની ધગધગતી ગરમી અને શિયાળાની કડકડતી ઠંડી સહન કરવાને સમર્થ નથી. અહીં તો ઠંડી લાગે ત્યારે ગરમ કપડા અને પૂરતું પાથરવા અને ઓઢવાનું મળે છે. ગરમીમાં મુલાયમ વસ્ત્રો મળે છે એ ત્યાં નહિ મળે. ભૂખ અને તરસ સહન કરવાની તારી શક્તિ છે ? સચેત પાણીને સ્પર્શ પણ નહિ કરાય. અચેત પાણી મળશે તો પીવાશે. ડાંસ-મચ્છર કરડશે. વાત-પિત્ત અને કફના પ્રકોપથી ઉભા થતાં વિવિધ રોગો-વ્યાધિ સહન કરવાનું તારૂં શું ગજું ? મુનિને આ બધું સહન કરવું પડે ને તું તો અતિ સુકોમળ છે. માટે અમારી ઇચ્છા છે કે તું ઘરમાં રહે. ક્ષણવાર અમે તારો વિયોગ સહન કરવા ઇચ્છતા નથી. જ્યાં સુધી અમે જીવીએ છીએ ત્યાં સુધી તું અમારી સાથે રહે. અમારા કાળધર્મ પામ્યા પછી તું શ્રમણ ભગવાન મહાવીર પાસે

ચારિત્ર અંગીકાર કરજો. જમાલિકુમારનો વૈરાગ્ય દૃઢ છે એટલે માતાના બોલની એને જરા પણ અસર થઈ નહિ અને હવે માતાને શું કહે છે.

"तए णं से जमालि खत्तिय कुमारे अम्मापियरो एवं वयासी तहा विणं तं अम्मयाओ जं णं तुब्भे मम एवं वदह, एवं खलु जाया निग्गंथे पावयणे सच्चे अणुत्तरे केवले तं चेव जाव पव्वइहिसि एवं खलु अम्मवाओ ! निग्गंथे पावयणे कीवाणं कायराणं का पुरिसाणं इह लोगं पडिबध्धाणं, परलोग परंमुहाण विसय तिसियाणं दुरणुचरे पागयजणस्स धीरस्स निच्छियस्स ववसियस्स नो खलु एत्थकंचिवि दुक्करं करणयाए तं इच्छामिणं अम्मयाओ ! तुब्भेहि अब्भणुनाए समाणे समणस्स भगवओ महावीरस्स जाव पव्वइत्तए।"

હે માત-પિતા ! તમે મને નિગ્રંથ પ્રવચનની કઠીનાઇ કહી એ તો શક્તિહીન કાયર હલકા પુરૂષો માટે કઠીન છે. જે માત્ર આલોકની સુખ સગવડતામાં પરવશ છે. પરલોકથી પરાઙ્મુખ છે, વિષયના પિપાસુ છે એવા અણઘડ માણસો માટે એવો ચારિત્રમાર્ગ કઠીન છે. પણ જે ધીર-વીર અને હિંમતવાન છે, નિશ્ચિત કરેલા વ્યવસાયને પકડી રાખનારા છે તેમને આવો કઠીન હોવા છતાં ચારિત્રમાર્ગ એક કર્તવ્ય તરીકે મનમાં જચ્યા પછી પાળવો જરાપણ દુષ્કર નથી. માટે હે માતા-પિતા ! હું તમારી આજ્ઞા મેળવીને ચારિત્ર લેવા ઇચ્છું છું.

હે માતા ! તું કહે છે કે ચારિત્રમાં કષ્ટ ઘણું પડશે પણ જો ચારિત્ર ન લઉં અને:રમણીઓના મોહમાં ફસાયેલો રહું તો સંસારના સુખ તો ક્ષણિક છે. ક્ષણિક સુખ ભોગવતાં નરકાદિ દુર્ગતિઓના કેવા દુઃખો ભોગવવા પડશે ! અગાઉ પણ મારા આત્માએ એવા દુઃખો ભોગવ્યા હશે ને હજુ પણ ત્યાગ માર્ગ નહિ સ્વીકારૂં તો દુર્ગતિમાં કેવા દુઃખો વેઠવા પડશે તેનો તમને ખ્યાલ છે ? નરકમાં ઘોર દુઃખો વેઠયા છે તેની આગળ ચારિત્રના દુઃખો તો કંઇ વિસાતમાં નથી, અને તું કહે છે કે તું દીક્ષા લઇશ અને પછી વેદનીય કર્મનો ઉદય થશે, તું માંદો થઇશ ત્યારે તારી સેવા માટે ઘરના જેવી સગવડતા અને અનુકૂળતા ત્યાં નહિ મળે. ઠંડી-ગરમી ભૂખ-તરસ-ડાંસ મચ્છર વિગેરે ઘોર પરિસહો સહેવા પડશે. ઉપસર્ગો સહેવા પડશે. રોગ અને વ્યાધિ પણ ઘરના જેવી અનુકૂળતા વિના મહાકષ્ટથી સહેવી પડશે તો હે માતા ! સંસારમાં પણ ક્યાં રોગ નથી આવતા ? બધી સુખ સગવડતા આપણા જેવા ભાગ્યવાનને મળે છે. બાકી તો સંસારમાં અસંખ્ય જીવો રોગનો ભોગ બની ગયા હોય છે. પણ કોઇ તેના સામું જોનાર નથી. ભૂખ્યા તરસ્યાં ફૂટપાથ ઉપર સૂઈ જાય છે પણ કોઇ એક રોટીનું બટકું આપતા નથી. તેમને પહેરવા કપડા નથી. તેઓ ઠંડીથી થરથર

ધ્રુજે છે. કોઈ શ્રીમંતને ઘેર જાય તો કોઇ દયાળુ આપે છે ને કોઇ આક્રોશ વચનો વડે તેનો તિરસ્કાર કરે છે એ કેવી કરૂણાજનક પરિસ્થિતિ છે! છતાં એ લોકો મનુષ્ય જન્મ પામીને ચારિત્રને દુઃખમય માને છે ને પાપમાં પડયા રહે છે. પૂર્વે કરીને આવ્યા નથી ને આ ભવમાં કરતા નથી. ચારિત્ર વિના માનવજન્મ એળે ગુમાવ્યો. એના વિના પરિણામે દુઃખો ભોગવી રહ્યા છે. આવા દુઃખો ભોગવવા છતાં કર્મની નિર્જરા નથી. તો પછી ચારિત્રના કષ્ટથી શા માટે ગભરાઇને ચારિત્રથી દૂર રહેવું?

વળી હે માતા! તું એમ કહે છે કે ચારિત્રના ઘોર પરિસહ અને ઉપસર્ગો સહન કરવાનું તારૂં ગજું નથી પણ જેને અનંતકાળના અનંત દુઃખો નજર સામે તરવરી રહ્યા છે તો એનાથી બચવા માટે એક માત્ર ચારિત્ર એ કષ્ટમય નહિ પણ સુખમય લાગે છે. જ્યારે અશુભકર્મનો ઉદય થાય ત્યારે આવી ઘોર પીડા સહન કરવાની શક્તિ હોય તો પછી ચારિત્રના સામાન્ય કષ્ટો આનંદથી સહન ન કરી શકાય? તું અહીં મારી દયા ખાય છે પણ ભવાંતરમાં કદાચ હું દુર્ગતિમાં ચાલ્યો જઇશ તો ત્યાં તું મારી દયા ખાવા આવશે?

વળી હે માતા! તેં કહ્યું કે ચારિત્ર ખાંડાની ધાર છે ને એ ભુજાથી સમુદ્ર તરવા જેવું કઠીન છે, પણ જે ચારિત્રમાં સર્વ જીવોને અભયદાન આપવાનું છે, અઢારે પાપસ્થાનકોને દેશવટો આપવાનો છે એટલે ત્યાં પાપ થવાનો તો સંભવ નથી. ત્યાં તો સુંદર આત્મમસ્તી અને શ્રુતજ્ઞાનની રમણુતા છે. આત્મકલ્યાણની પવિત્ર ક્રિયાઓ કરવાની છે. મન પરમાત્માની સાથે જોડવાનું છે અને સંયમની પ્રત્યેક પ્રવૃત્તિમાં પ્રભુના વચન પ્રમાણભૂત કરવાના છે. એટલે કે પ્રભુના વચન અનુસાર સંયમમાં પ્રવૃત્તિ કરવાની છે. એવા ભવ્યાતિભવ્ય ચારિત્રજીવનમાં કંઇ કષ્ટ પડવાનું કારણ છે નહિ. વહેપારીને રત્નાકર દ્વીપમાં જઇને એકલા રત્નો મળવાના છે તો ત્યાં જવાનું કષ્ટ એને લાગે કયાંથી? તેમ ચારિત્રમાર્ગની સાધનામાં જે અનુપમ લાભ પ્રાપ્ત થાય છે તેની જેને તમન્ના હોય તેને ત્યાગના કષ્ટો કાંઇ વિસાતમાં નથી લાગતા. માટે પૂજ્ય માતા-પિતાજી! હવે તમે મને રજા આપી દો તો હું શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે ચારિત્ર અંગીકાર કરૂં.

દેવાનુપ્રિયો! જેને સંસાર વિષ જેવો લાગ્યો છે તેના જવાબો કેવા સચોટ છે! જમાલિકુમારના જવાબ સાંભળી માતા-પિતા સ્થિર થઈ ગયા. તમારામાંથી કોઇ વૈરાગ્ય પામે ને જમાલિકુમારની માતાની જેમ સંયમનાં કષ્ટો રજુઆત કરતાં કહે કે ત્યાં તમને રોગ આવશે તો ચાકરી કોણ કરશે? અહીં આવાનું નહિ ભાવે તો જે ભાવે તે કરી આપશે. પણ ત્યાં શું? તો વિચાર કરતા થઈ જાવ ને દીક્ષાનો વિચાર માંડી વાળો. પણ એટલો તો જરૂર વિચાર કરજો કે સાધુ હોય કે સંસારી હોય ગમે તે હોય પણ કર્મ કોઈને છોડતા નથી. સંયમમાં સમભાવથી સહન કરશો તો કર્મની વધુ નિર્જરા થશે.

સાધુપણામાં અને સંસારીમાં ફેર છે. તમે રાત્રે ઉપચાર કરી શકો ને સાધુ બિમાર થાય તો રાત્રે ઇંજેકશન-દવા કાંઇ પણ ન લઇ શકે. બહાર લગાવી ન શકે. વધુ શું કહું. ઔષધ-દવા પાઢીયારી કરીને લાવે ને સાંજ પડે ગૃહસ્થને પાછી આપી દે. પણ પાસે રખાય નહિં.

આ શાસ્ત્રો લખવાની શરૂઆત કયાંથી થઇ તે જાણો છો? પહેલા સિદ્ધાંતો તો લખાતા ન હતા. જેટલું જ્ઞાન હોય તેટલું કંઠસ્થ રાખતા. એક સાધુ બીજાને પાઠ મોઢે સમજાવતા અને બીજાને યાદ રહી જતું. પણ પાટી કે કાગળમાં લખતા નહિ. કેવા એ આત્માઓ હશે? આ રીતે જ્ઞાન એક બીજા પાસે પરંપરાગત આવતું હતું. તેમાં એક વખત કોઇ સાધુનો પગ મચકોડાઇ ગયો. તેમને ઘસીને ચોપડવા માટે ગૃહસ્થના ઘેરથી હળદરનો ગાંઠીયો લઇ આવેલા. ઘસ્યા પછી વધેલો ગાંઠીયો ભૂલી ન જવાય એ માટે કાનમાં ભરાવી રાખ્યો હતો. પણ આપી આપવો ભૂલી ગયા. સાંજ પડે કાને હાથ જતાં યાદ આવ્યું કે આપી આપવું ભૂલી ગયા. માટે આપણી સ્મરણશકિત ઓછી થઇ. તો કાલે જ્ઞાન પણ ભૂલી જઇશું માટે લખવાની શરૂઆત કરો ત્યારે સિદ્ધાંતો તાડપત્ર ઉપર લખાયા ને આજે છપાવવાની શરૂઆત થઈ.

એક વખત એક ગુરૂ એમના શિષ્યોને વિનયનો પાઠ શીખવાડી રહ્યા હતા. વિનયનું સ્વરૂપ સમજાવતા હતા. તે વખતે કોઇ એક પંડિત બ્રાહ્મણ ત્યાંથી નીકળ્યો ને ત્યાં આવીને બેઠો. બધું સાંભળ્યા પછી પૂછે છે શું આપે વિનયની વાતો કરી તેવો હાલ વિનય છે? પછી ગુરૂ-શિષ્યનો પ્રત્યક્ષ વિનય બતાવે છે. આથી બ્રાહ્મણ ખુશ થઇ જાય છે ને હજાર શ્લોકનું એક પુસ્તક ૨૪ કલાક માટે આપે છે. પછી બંને ગુરૂ શિષ્ય ૫૦૦-૫૦૦ શ્લોક દિવસના કંઠસ્થ કરે છે. ને રાતના સામાસામી કરી કંઠસ્થ કરે છે. સવાર પડતાં હજાર શ્લોક કંઠસ્થ થઇ ગયા બ્રાહ્મણ પુસ્તક લેવા આવ્યો ત્યારે પૂછયું કે આપને શ્લોક તૈયાર થઈ ગયા? ત્યારે ગુરૂ કહે છે હા. આપને જ્યાંથી પૂછવું હોય ત્યાંથી પુછો. બ્રાહ્મણે પરીક્ષા કરી. જ્યાંથી પૂછે ત્યાંથી કડકડાટ શ્લોક બોલી જાય છે. બ્રાહ્મણ વિચાર કરતો થઇ ગયો. અહો! મેં આ પુસ્તક ઘણી વાર વાંચ્યું. મોઢેથી શ્લોક ગગડાવી ગયો પણ કંઠસ્થ થઇ ન શકયા. આ ગુરૂચેલાએ એક દિવસમાં કેવી રીતે કંઠસ્થ કર્યા?

બંધુઓ! વિનયપૂર્વક શુદ્ધ ચારિત્રનો પ્રભાવ છે. અંતરની રૂચી જાગે તો માનવ ધારે તે કરી શકે છે. પણ શ્રદ્ધા હોવા જોઇએ. શ્રદ્ધાપૂર્વક નવકારમંત્રનું સ્મરણ કરે તો પણ મોટી આફતોમાંથી બચી જાય છે.

એક ગામમાં એક દૃઢધર્મી શ્રાવક રહેતો હતો. એક વખત કોઈ કામ પ્રસંગે તેને બહારગામ જવાનું બન્યું. એ સમયમાં બસો ને ટ્રેઇનો ન હતી. એને પગવાળા પંથ

કાપવાનો હતો. ચાલતા ચાલતા સંધ્યાકાળનો સમય થઇ ગયો. આ શ્રાવકને નિયમ હતો કે મારે સંધ્યાકાળે નવકારવાળી ગણવી. સમય થઇ ગયો હતો. નિર્જન વન હતું. અંધારી રાત ને ભયવાળી જગ્યા હતી. છતાં શેઠ નિયમ પ્રમાણે જંગલમાં નવકારવાળી ગણવા બેઠા. વાઘ-સિંહની ગર્જના સંભળાય છે, છતાં ખૂબ સ્થિર મન કરી નવકારીવાળી નહિ હોવાથી ૧૦૮ કાંકરા લઇને ખૂબ શુદ્ધ ભાવે નવકારમંત્ર ગણ્યા. ચારે બાજુ ભય છે. રાત વધતી જાય છે તેવો વિચાર નહિ કરતાં બસ નવકારમંત્રમાં સ્થિર બની ગયા અને પછી પૂરા થયે વિચાર કર્યો કે જેનાથી નવકારમંત્ર ગણ્યા તે કાંકરા મહાન ગણાય. તે સમજી કાંકરા લઇ લીધા અને ભયથી મુકત બની ઘેર પહોંચી ગયા. હવે ઘરે ગયા પછી જે થેલીમાં કાંકરા છે તે થેલી ખીલીએ ભરાવી છે. તે ઓરડામાં અંધારૂં હોવાથી કાંકરાનો પ્રકાશ પડયો તેથી શેઠાણી કહે છે તમે આવા કિંમતી રત્નો કયાંથી લાવ્યા? શેઠે કહ્યું કે હું તો એકે ય રત્ન લાવ્યો નથી. હું તો કાંકરા લાવ્યો છું. શેઠાણી કહે તમે બોટું બોલો છો. જુઓ તો ખરા? કેવા કિંમતી રત્નો છે? શેઠ સમજી ગયા કે શ્રદ્ધાપૂર્વક નવકારમંત્ર ગણવાથી પેલા કાંકરાના રત્નો બની ગયા હશે! શેઠે પણ ઓરડામાં જઇને જોયું તો અંધારા ઓરડામાં રત્નો ઝગમગે છે. ૧૦૮ કાંકરાના ૧૦૮ રત્નો હતા. એકેક રત્નોની કિંમત આંકી અંકાય તેમ ન હતી. શેઠનું કાયમનું દારિદ્ર ટળી ગયું. આ પ્રભાવ શ્રદ્ધાપુર્વક અડગ બની શેઠે પ્રતિજ્ઞાનું પાલન કર્યું તેનો હતો. આ રીતે દરેક જીવો શ્રધ્ધાપૂર્વક એકાગ્રચિત્તે નવકારમંત્રનું સ્મરણ કરે તો બેડા પાર થઇ જાય.

જમાલિકુમારને દેવ–ગુરૂ અને ધર્મની યથાર્થ શ્રધ્ધા થઇ છે એટલે માત-પિતાના પ્રશ્નના જવાબ આપી રહ્યા છે. હવે વધુ ભાવ અવસરે કહેવાશે.

"ધનદેવે રાજકુમારનું વિષ ઉતાર્યું"

ચરિત્ર: રાજકુમારને સર્પદંશ થયો છે તેની ફાંડી પીટાતી હતી તે ધનદેવે સાંભળીને ચંડાળ પાસે માંગણી કરી કે મારી પાસે ગારૂડિ મંત્ર છે. તમે હા પાડો તો મરતાં પહેલાં કુંવરને બચાવું. ચંડાળે હા પાડી એટલે તેને રાજા પાસે લઇ જવામાં આવ્યો. રાજાને તેના ઉપર ખૂબ ક્રોધ હતો પણ અત્યારે કુંવરને સાજો કરવો છે એટલે કંઇ ન કહ્યું ભાઇ! તમે મારા પુત્રને સાજો કરી શકશો? ત્યારે ધનદેવ કહે છે દેવ–ગુરૂ અને ધર્મની કૃપાથી સૌ સારાવાના થશે. તમે ચિંતા ન કરો.

પાઠ સિદ્ધ ગારૂડ મંત્રકો, જપી પાત્ર લે નીર,
કુછ જલ ઉસકો પાન કરાયા, છાંટા શેષ શરીર
તીન બાર પ્રયોગ કિયા, ઉઠ બેઠા કુંવર આખીર હો... શ્રોતા તુમ...

ધનદેવ એક પાત્રમાં પાણી લઇને મુખ પૂર્વદિશા સન્મુખ રાખી ગારૂડમંત્રના એકવીસ વખત મનમાં જાપ કર્યા. ત્યાર બાદ થોડું પાણી કુંવરને પીવડાવી દીધું ને

થોડું પાણી કુંવરના શરીર ઉપર છાંટી દીધું. એટલે થોડી વારમાં કુંવરને ઉલ્ટી વાટે ઝેર બહાર નીકળવા લાગ્યું. આ રીતે ત્રણ વાર પ્રયોગ કરવાથી કુંવરના શરીરમાં વ્યાપેલું સર્પનું ઝેર તદ્દન બહાર નીકળી ગયું અને કુંવર સુખનિદ્રામાંથી જાગ્યો હોય તેમ ભાનમાં આવીને બેઠો થયો. ઘણાં ઉપચારો કરવા છતાં કોઈ કુંવરનું ઝેર ઉતારી શકયું ન હતું. રાજાએ કુંવરની આશા છોડી દીધી હતી. એટલે તેમને તો નિરાશામાં આશા બંધાઇ હતી. ખૂબ આનંદ આનંદ થઇ ગયો.

જેટલા માણસો ત્યાં ભેગા થયા હતા તે સર્વેને અને રાજાને ખૂબ આનંદ થયો. ને રાજાએ તેની મુકતકંઠે પ્રશંસા કરી. શું આ પુરૂષનું તેજ છે? શું એની શ્રદ્ધા છે? બંધુઓ! જુઓ, આ સંસાર કેવો સ્વાર્થમય છે! થોડી વાર પહેલા તેનો વધ કરવાનો જેણે હુકમ કર્યો હતો તે રાજા પોતાનો પુત્ર બચી જવાથી તેના વખાણ કરતા થાકતા નથી. ભાઇ! તું તો મહાન પવિત્ર છે. તેં મારા પુત્રને આજે જીવતદાન આપ્યું છે. તારો ઉપકાર જેટલો માનું તેટલો ઓછો છે. મુખેથી ગુણગાયાને મનમાં વિચાર કર્યો કે આ પુરૂષની આંખમાંથી અમી ઝરે છે ને બોલે છે તો જાણે મુખમંથી ફૂલ ઝરે છે, તો શું આવો પવિત્ર પુરૂષ મારી કુંવરીને મારનાર હોય? ને આ રત્નાવલી હાર લૂંટીને લાવે ખરો? કદી આવું અનુચિત કાર્ય કરે તેવો નથી. માટે એને મોટું ઇનામ આપવું જોઇએ. એમ વિચાર કરતાં કહે છે ભાઇ! હું તારા ઉપર પ્રસન્ન થયો છું. માગ.... માંગ તારે જે જોઇએ તે આપું.

આ તરફ રાજાની રાણી અંતઃપુરમાં ખૂબ ઉલ્લાસ થઇને બેઠી હતી. કારણ કે બે મહિનાથી કુંવરીનો પતો નથી અને કુંવરને સર્પ કરડયો છે. એક દીકરો અને એક દીકરી છે. દીકરી કયાં હશે ને દીકરાનું શું થશે? એ ચિંતામાં લમણે હાથ દઈને રાણી બેઠા હતા. ત્યાં દાસીએ આવીને ખબર આપ્યા એટલે રાણી પણ દોડતા ત્યાં આવ્યા ને ધનદેવને ધન્યવાદ આપી તેની ખૂબ પ્રશંસા કરીને ધનદેવને વચન માંગવા કહે છે પણ ધનદેવ ના પાડે છે.

બહુમૂલ્ય માલા મોતીકી, મહિપત દી પહનાય,
ધનદેવ બોલા નરનાયક, મુઝે ન ઇસકી ચહાય,
તો મૈં અપના વાકય નિભાઉં, હો ઇચ્છા દર્શાય હો...શ્રોતા...

ધનદેવે ના પાડી છતાં પણ મહારાજાએ ખૂબ પ્રેમથી નવલાખ રૂપિયાની મોતીની માળા ધનદેવના ગળામાં પહેરાવી. ધનદેવ કહે છે રાજન। મારે એની જરૂર નથી. મારે ઘેર ધનનો તૂટો નથી. મારે કાંઇ નથી જોઇતું. છતાં રાજા માનતા નથી ત્યારે કહે છે રાજન! તમારો ખૂબ આગ્રહ છે તો મારે નથી જોઇતી પણ મારો વધ કરવા જે ચંડાળને સ્મશાનમાં મોકલ્યો હતો તેને આપી દો. એ પૂર્વ કર્મના ઉદયથી ચંડાળ

જાતિમાં જન્મ્યો છે પણ એના કર્મ ચંડાળના નથી. વળી એણે મને અર્ધો કલાક પ્રભુ સ્મરણ કરવાનો સમય આપ્યો તો હું જીવતો રહ્યો હતો ને જો તરત મારી નાંખ્યો હોત તો આપના સુમંગલકુમારને હું ન બચાવી શકત. માટે તેનો મોટો ઉપકાર છે. ત્યારે રાજા કહે છે તારી જાતે તું એને લાખ સોનામહોરો આપ. તે સિવાય તારી ઈચ્છા હોય તે તું ચંડાળને આપ.

ચંડાળને બોલાવીને પૂછયું–ભાઈ ! તારી શી ઇચ્છા છે ? તારી જે ઇચ્છા હોય તે માંગ. ત્યારે ચંડાળ કહે છે સાહેબ ! મારે કંઇ ન જોઈએ. બસ, આપની પાસે એટલું માંગું છું કે મને આ ચંડાળની નોકરીમાંથી મુક્ત કરો. જેથી આવા નિર્દોષ અને પવિત્ર પુરૂષો મારવાનું પાપ તો અટકી જાય ને પાપ અટકે તો મારો આલોક અને પરલોક સુધરી જાય.

આ ચંડાળ જેવો ચંડાળ પણ ધનની ઇચ્છા કરતો નથી. બસ, એણે એ માંગ્યું કે મને ચંડાળની નોકરીમાંથી છૂટો કરો. આ જોઇને રાજા ખૂબ પ્રસન્ન થયા. ધનદેવ નથી લેતો અને ચંડાળને લાખ સોનામહોરો આપે છે તે પણ લેવાની ના પાડે છે. આને રાજા આપે છે તો લેવું નથી ને તમને મળે તો છોડવું નથી. કેમ બરાબર છે ને ? (હસાહસ). ખૂબ આગ્રહ કરીને ચંડાળને લાખ સુવર્ણમુદ્રાઓ આપીને તેનુ જિંદગીનું દરિદ્ર મટાડી દીધું.

ધનદેવના અંતરમાં પણ એક વાતનો આનંદ થયો કે આ ચંડાળ જો સુધરી જશે તો એની પરંપરામાં પાપ થતું અટકી જશે. તમે ગમે તેટલું દાન કરો પણ આવા પાપી જીવને જો ધર્મ પમાડી હિંસા થતી અટકાવો તો મહાન લાભનું કારણ બને છે. ચંડાળ સુધરી ગયો તેથી ધનદેવને ખૂબ આનંદ થયો.

મહારાજા પણ મનમાં વિચાર કરે છે કે આ પુરૂષરત્નનો વિનાશ ન થયો એ ખૂબ લાભદાયી બન્યું. જો એનો વિનાશ થઈ ગયો હોત તો મોટો અનર્થ થઇ જાત. ધનદેવને જમાડયા બાદ રાજા પૂછે છે કે હે પવિત્ર પુરૂષ ! તું કયાંનો છે ? તારૂ શું નામ છે ? ને તને આ રત્નાવલી હાર કેવી રીતે મળ્યો ? ત્યારે ધનદેવ લજ્જાથી નીચું મુખ રાખીને કહે છે હે રાજન ! હું ઉત્તમ કુળમાં જન્મ્યો છું. પણ મેં ભયંકર અકાર્ય કર્યું છે. પારકી રત્નાવલી ગ્રહણ ન કરવી જોઇએ છતાં મેં ગ્રહણ કરી છે. મારા જેવો પાપી કોણ ? લક્ષ્મીને રહેવાનું સ્થાન કમળ છે. પણ શું કમળમાં કીડા ઉત્પન્ન થતાં નથી ? તેમ હું જાતિનો વણિક છું પણ મારા વર્તન વણિકનાં નથી. હું સુશર્મનગરનો રહેવાસી છું. ધનદેવ મારૂં નામ છે. ત્યારે રાજા કહે છે તેં રત્નાવલી હાર કેવી રીતે મેળવ્યો તેનો ખુલાસો કર. બરાબર આ સમયે પ્રતિહારીએ આવીને સમાચાર આપ્યા કે આપની કુંવરીનું વહાણ દરિયામાં ભાંગી જવાથી પરિવારથી છૂટી

પડેલી કુંવરી એક પાટીયું હાથમાં આવી જવાથી બચી ગઇ છે ને તેના ભાગ્યથી ગામની બહાર મેઘવનમાં આવીને રોકાઇ છે.

આ સમાચાર સાંભળીને રાજા-રાણી આદિ સમસ્ત પરિવારને ખૂબ આનંદ થયો. રાજા વિચાર કરે છે આ પુરૂષ પુણ્યવાન છે. એ હતો તો મારા કુંવરને મૃત્યુના મુખમાંથી બચાવ્યો અને જે કુંવરીનો બબ્બે મહિનાથી પત્તો ન હતો. કુંવરીને મારી નાંખનારો આ પુરૂષ માન્યો હતો તેના બદલે કુંવરી જીવતી આવી છે એવા સમાચાર મળ્યા. હવે મહારાજા સહિત રાજકુટુંબ મેઘવનમાં જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૭૯

આસો સુદ ૩ ને શનિવાર **તા. ૨૯-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

શાસ્ત્રકાર ભગવંત જગતના જીવોના ઉદ્ધારને માટે ઉદ્‌ઘોષણા કરે છે કે કે ભવ્ય જીવો! આ સંસાર દુઃખનો ભરેલો છે. સુખ જોઇતું હોય તો જીવનમાં ધર્મની જરૂરિયાત છે.

આજે ઘણાં તર્કવાદીઓ ધર્મને નહિ માનનાર કહે છે કે અમને ધર્મ પ્રત્યક્ષ બતાવો તો અમે માનીએ કે ધર્મ છે. તો હું પૂછું છું કે તમે વૃક્ષને જુઓ છો, તેના ફળ અને પાંદડાને દેખો છો એટલે માની લો છો ને કે વૃક્ષના મૂળીયા જમીનમાં દટાયેલા છે, ત્યાં એમ કહો છો કે અમને મૂળીયા કાઢીને બતાવો. ત્યાં વૃક્ષને જોઇને અનુમાનથી માનો છો કે અંદર મૂળીયા સાબૂત છે તો વૃક્ષ ઉભું છે તેમ વર્તમાનમાં તમે જે સુખ સાહ્યબી પ્રત્યક્ષ પામ્યા છો તે પણ ધર્મને આભારી છે. ધર્મ ભલે પ્રત્યક્ષ દેખાતો નથી પણ તેનાં ફળ તો પ્રત્યક્ષ દેખાય છે. તમારી વર્તમાનકાળમાં જે પુન્નાઇ છે ને તમે ભોગવી રહ્યા છો તે પૂર્વે આરાધેલા ધર્મનું શુભ ફળ છે. પુણ્ય છે ત્યાંસુધી આ સંસાર તમને સુખમય લાગશે. પુણ્ય ખલાસ થશે પછી કેવો લાગશે?

માનવીના શરીર ઉપર ચામડી મઢેલી છે એટલે સુંદર દેખાય છે. પણ એ ચામડી ન હોય તો કેવું બિહામણું લાગે? તેમ આ સંસાર ઉપર પણ પુણ્યની ચાદર અને માયાના પ્રપંચ ન હોય તો આ સંસાર એનાથી પણ વધુ બિહામણો લાગે તેવો છે. કોઇ ડૉક્ટર ઓપરેશન કરે છે ત્યારે જે શરીરના ભાગમાં બગાડ થયો હોય તે ભાગને ચીરી નાંખે છે. તે વખતે અંદર રહેલા માંસના લોચાને જોઇને કેવી સૂગ ચઢે છે! અગર કોઇ માણસ કે પશુનો એકસીડન્ટ થઇ ગયો હોય છે ત્યારે તેના શરીરમાંથી માંસના લોચા બહાર નીકળી જાય છે તે જોઇને કેવી કંપારી છૂટે છે! અરિસામાં પોતાનો

દેહ જોઈને રાજી થનારાઓને એ ખ્યાલ નથી કે આ શરીર ઉપર ચામડીનું પડ ન હોય તો કેવું દેખાય? તે રીતે સંસારમાં પણ પુણ્યનો ઓછાડ બીછાવેલો છે ત્યાંસુધી તમને સુંવાળો ને સારો લાગશે. માટે જીવનમા ધર્મની ખાસ જરૂર છે.

લીંબડીમાં એક ભાઇ સ્કૂલના હેડમાસ્તર હતા. તે ધર્મ–કર્મને ન માનતા પુદ્ગલની વાત તો હવામાં ઉડાવી દેતા. કોઇ એને કહે કે શુભ અને અશુભ પુદ્ગલો પણ આત્મા ઉપર અસર કરે છે. દરેક જગ્યાએ પુદ્ગલોની અસર પડે છે. ત્યારે તે કહી દેતા કે હું પુદ્ગલને કંઇ માનતો નથી. એક વખત એક જૈન મુનિને કોઈએ કહ્યુ કે તમે આ હેડ માસ્તરને સમજાવો. ત્યારે મહારાજે કહ્યું એને અહીં લઇ આવો. તેમને ઉપાશ્રયે લાવવામાં આવ્યા. મહારાજની સાથે ઘણી ચર્ચા કરી પણ માન્યા નહિ. એ ઉપાશ્રયમાં એક સ્વાધ્યાયનો રૂમ હતો. એ રૂમમાં સ્વાધ્યાય. ધ્યાન સિવાય સંતો બીજી પ્રવૃત્તિ કરતા નહિ. મનમાં રહેજ પણ કષાયનો કણીયો પ્રવેશેલો હોય તો સંતો એ રૂમમાં પગ મૂકતા ન હતા. એકાંત સ્વાધ્યાય-વાંચન અને ધ્યાનના પુદ્ગલો એ રૂમમાં વિખરાયેલા હતાં એટલે ત્યાં જે કોઇ જાય તેને આત્માના વિચારો આવતા હતા એવું પવિત્ર વાતાવરણ હતું. મહારાજ કહે છે ભાઈ! બીજું કંઇ ન માનો તો કાંઈ નહિ પણ આ રૂમમાં જઈને એક કલાક બેસો. તમારા મનમાં ગમે તેવા અશુભ વિચારોનું આંદોલન હશે તો પણ ત્યાં એવા શુભ પુદ્ગલો પડેલાં છે કે તમે એવા વિચાર કરી શકશો નહિ. એ ભાઇને એ રૂમમાં બેસાડયા તો એના મનમાં અશુભ વિચારોની ધારા ચાલી રહી હતી તે શુભ બની ગઇ. જ્ઞાન–ધ્યાનના વિચારો આવવા લાગ્યા. કલાક પછી બહાર આવ્યો ત્યારે મહારાજે પૂછયું કેમ શું થયું? માસ્તરે કહ્યું આપની વાત સાચી છે. પુદ્ગલો પણ અસર કરે છે. એ નાસ્તિક આસ્તિક બની ગયો.

જૈન શાસનમાં પુદ્ગલ પરિણામની અસર ખૂબ માની છે અને તે સત્ય છે. આપણાં રહેઠાણની આજુબાજુમાં લીંબડાના ઝાડ હોય તો વાતાવરણ સારૂં રહે છે ને આંબલીના ઝાડ હોય તો વાતાવરણ જોઇએ તેવું સારૂં રહેતું નથી. તે રીતે સજ્જનના સંગથી આપણા વિચારો સારા રહે છે અને દુર્જનના સંગથી આપણા વિચારો બગડી જાય છે. ડોકટરો પણ ચેપી રોગવાળા દર્દીને અડ્યા પછી હાથ ધોઇ નાંખે છે. કેમકે ખરાબ પુદ્ગલો અસર ન કરે. ધર્મસ્થાનકમાં મહાન પુરૂષોના પવિત્ર વાતાવરણની સુરભિ હોય છે. ત્યાં વિચારોની શુદ્ધિ રહે છે. આજે ઘણાં લોકો કહે છે કે મનમાં પરમેશ્વર છે પછી ઉપાશ્રયે જવાની શી જરૂર છે? મન ચંગા તો કથરોટમાં ગંગા. પણ ધર્મસ્થાનકમાં મહાન પુરૂષોના શુભ પુદ્ગલોની અસર ઘણી સુંદર થાય છે. જે રૂમમાં પ્રચંડ ક્રોધી રહેતો હોય ત્યાં ક્રોધના વિચારો આવે છે. પાણીપતના મેદાનમાં હાથમાં તલવાર લેવાના વિચારો આવે છે. શું પુદ્ગલોની અસર નથી થતી? પરદેશમાં એક

નાસ્તિક માણસ આ વાત નહોતો માનતો તેને મનાવવા માટે તે એક ઋષિ પાસે ગયો. ઋષિએ કહ્યું કે આ રૂમમાં જે જશે તેને તરત આ રૂમના વાતાવરણના પુદ્ગલની અસર થશે. પેલો નાસ્તિક માણસ ભયંકરમાં ભયંકર ખૂની અને જેલમાં જઇ આવ્યો હતો. એ ખૂની તો લાલ આંખો કરી ભવાં ચઢાવી બોલવા મંડયો કે હું એક એકના ટુકડા કરી નાંખું, એમ બોલી હાથમાં તલવાર લઇને માણસને મારવા દોડયો. પરંતુ પગમાં બેડી હતી એટલે શું કરે? પછી તેને પહેલાં બાર વર્ષ સુધી ઋષિએ પરમેશ્વરના જાપ કરેલા તે રૂમમાં લાવ્યા. આ રૂમમાં દાખલ થયો કે તરત પેલો ખૂની બોલવા મંડયો **"ગોડસેવમી... ગોડસેવમી"**.... એટલે કે પ્રભુ મને બચાવો! એમ પવિત્ર વિચારના શબ્દો બોલવા મંડયો. આ ઉપરથી નક્કી થાય છે કે પવિત્ર જગ્યામાં રહેવાથી પવિત્ર વાતાવરણના પુદ્ગલો આવી અસર કરે છે. જેમ અન્ન તેવો ઓડકાર તેમ જેવી જગ્યા અને વાતાવરણ તેવા વિચારો માણસ અને પ્રાણી ઉપર પણ અસર કરે છે.

જેને આત્માની લગની લાગી છે તેવા જમાલિકુમારે પ્રભુની એકવાર દેશના સાંભળીને સંયમ લેવાની ભાવના જાગી. એને સમજાઈ ગયું કે આ સંસારમાં કહેજ પણ સુખ નથી. કદાચ સંસારમાં ભૌતિક સુખો આનંદ આપે છે તો તેની પાછળ લાંબો સમય દુઃખ ઉભું થાય છે, માટે આવું સુખ મારે નથી જોઇતું. એક વખતના સત્સંગથી જમાલિકુમારને આવા ભાવ આવ્યા. માનવ સત્સંગ કરે, શાસ્ત્રનું વાંચન કરે, તો એના જીવનનું પરિવર્તન થયા વિના નહિ રહે અને જેના જીવનનું પરિવર્તન થશે તેના ભવનું પરિભ્રમણ અટકશે ને પરિભ્રમણ અટકશે તો જરૂર મોક્ષ મળશે. જમાલિકુમારના જીવનમાં કેવું પરિવર્તન આવી ગયું છે! જે વૈભવોમાં, પત્નીઓમાં અને મહેલાતોમાં એક વખત આનંદ માનતો હતો તેના ઉપરથી દૃષ્ટિ બદલાઈ ગઈ. દૃષ્ટિ બદલાઈ તો જીવનની દિશા પણ બદલાઈ ગઈ, વિષયોના વિષ ઉતરી ગયા, સિદ્ધાંતવાણીનુ શ્રવણ કરતાં એક દિવસ જીવ વીતરાગ બની જાય છે.

જમાલિકુમારે પ્રભુની વાણી સાંભળીને દૃષ્ટિ બદલાવી નાંખી. ને એમના માતાજી પાસે દીક્ષાની આજ્ઞા માંગી ત્યારે માતાએ તેની સામે સંયમમાર્ગની કઠીનાઇનું વર્ણન કર્યું, ને કહ્યું બેટા સંયમ લેવો એ માથા સાટે માલ ખરીદવાનો છે. સંયમ એ દુર્જેય સંગ્રામ છે. ક્ષત્રિયનો બચ્ચો રણે ચઢેલો પાછો ન પડે તેમ તારાથી સંયમ લીધા પછી પાછા પડાશે નહિ. વિજય હાથી કાદવમાં ખૂંચી ગયો હતો. ઘણાં ઉપાયો કરવા છતાં બહાર નીકળી શકયો નહિ, પણ જ્યાં યુદ્ધની ભેરીઓ વાગી, દુશ્મન ચઢી આવ્યું હોય તેવો દેખાવ કર્યો ત્યારે વિજય હાથીના મનમાં થયું કે મારા રાજા જ્યારે યુદ્ધમાં જાય છે ત્યારે મારા ઉપર બેસીને વિજય મેળવે છે ને આ વખતે હું કાદવમાં ખૂંચી ગયો

છું એ કેમ ચાલે? એવું ઝનૂન ચઢયું કે બધું બળ એકત્રિત કરીને છલાંગ મારીને બહાર નીકળી ગયો, કેવું શૂરાતન આવ્યું! એ રીતે સંયમમાર્ગમાં પણ કર્મશત્રુઓની સાથે ઝૂઝવા ખૂબ શૂરાતન કેળવવું પડશે. બાવીસ પરિસહ સમભાવથી સહન કરવા પડશે. ઉપસર્ગો આવશે ત્યારે જરાય આકુળ-વ્યાકુળ નહિ થવાય. આ બધું માતાએ કહ્યું.

હવે જમાલિકુમાર કહે છે હે માતા! તું સંયમને વિષે જે જે કઠીનાઇઓનું વર્ણન કરી રહી છું તે બધું કાયરને માટે છે. શુરવીરને માટે કોઇ કાર્ય કઠીન નથી. એવા દુઃખો નરક અને તિર્યંચ ગતિમાં અનંતીવાર સહન કર્યા. હવે તો સ્વર્ગના સુખની પણ મને ઇચ્છા નથી, બસ, હવે તો જલ્દી અહીંથી મોક્ષમાં જવું છે. હવે તો તું મને ગમે તેવા પ્રલોભનો આપે તો પણ હું લલચાઉં તેમ નથી, સાધુના ચરણોમાં રાજાઓ રાજ્ય સમર્પિત કરે છે તો પણ લલચાતા નથી કારણ કે આત્મિક સુખ આગળ ભૌતિક સુખ તુચ્છ છે. જેણે એક વખત છોડયું તેમાં પછી કોણ લલચાય?

એક વખતના પ્રસંગમાં હેમચંદ્રાચાર્ય ગૌચરી માટે નીકળ્યા. ઉનાળાનો ધોમધખતો તડકો છે. લોચ કરેલું ખુલ્લુ માથું છે. પગે ડામ દેવાય તેવી ગરમી છે, છતાં આચાર્યશ્રી તો નિર્દોષ આહારની ગવેષણા કરવા ઘરઘરમાં ફરે છે. તેમના મુખ ઉપર જરાય ગ્લાનિ નથી આવતી. સાધુની ગૌચરી કેવી હોય તે તો તમે જાણો છો ને?

जहा दुम्मस्स पुप्फेसु, भमरो आवियइ रसं ।
न य पुप्फं किलामेइ सो य पीणेइ अप्पयं ।।

દશ. સૂ. અ. ૧, ગાથા ૨

હેમચંદ્રાચાર્ય ગુરૂ પણ ભ્રમરની જેમ ઘરઘરમાંથી નિર્દોષ આહારની ગવેષણા કરે છે. ખુલ્લા પગ અને ખુલ્લું માથું છે. આ સમયે ગુર્જરદેશના માલિક માલવદેશ ગુજરાતના તાબામાં હતું. આખું અજમેર જેની આજ્ઞામાં હતું. જેને ત્યાં હાથી ઘોડાનો પાર ન હતો. લાવ-લશ્કરનો સુમાર ન હતો. ખૂબ જબરો લડવૈયો હતો, જેણે યુદ્ધમાં ભલભલા બળવાન રાજાઓને પણ હરાવ્યા હતા. ન્યાય-નીતિથી રાજ્ય કરનારા હતા, પોતાના રાજ્યમાં હિંસા બંધ કરી હતી. આવા મહારાજા કુમારપાળે હાથી ઉપર બેઠા બેઠા જોયું કે મારા ગુરૂજી ઘરઘરમાં ભિક્ષા માગે? ખુલ્લા પગે ને ખુલ્લા માથે ગુર્જરદેશનો પતિ જેનો શિષ્ય છે એના ગુરૂ આમ શા માટે ફરે? ગુર્જરદેશના રાજાએ વિચાર કર્યો કે ભોજનનો આખો ભંડાર ગુરૂ સામે ખડો કરી દઉં! કિંમતી અને મૂલાયમ વસ્ત્રોના મોટા પટારા તેમની સામે મૂકી દઉં! ગુર્જરદેશના માલિકના ગુરૂ બટકું રોટી માટે ઘરઘરમાં ભીખ માંગે? એ તો મને લંછન છે.

ગુરૂ તો ધર્મલાભ આપતાં આગળ વધી રહ્યા છે. ખુલ્લા માથેથી પરસેવાના રેલા ઉતરે છે. પગમાં ફોલ્લા પડયા છે પણ પ્રસન્નતાથી ચાલ્યા જાય છે ને ગુર્જરપતિનું

કાળજું બળી જાય છે. રાજા પોતાના મહેલે પાછા ફર્યા. બપોરે રાજસભામાં ગુરૂ ધર્મચર્ચા કરવા પધારતાં હતા. રાજા વિચાર કરે છે આજે ગુરૂ પધારે એટલે વાત! માંગે તો રાજ્ય દઈ દઉં. પણ ભિક્ષાની ઝોળી તો છોડાવી દઉં. ગુજરાતના નાથના ગુરૂ ઘરઘરમાં બટકુ રોટી માટે ઝોળી લઈને ફરે તે કેમ સહેવાય! રાજસભાનો સમય થયો. મોટા મોટા પંડિતો આવી ગયા ને પોતપોતાના આસને બેસી ગયા. મહારાજા પણ વહેલા આવી ગયા. જાણે રાજા વિક્રમના નવરત્નનો દરબાર ન હોય ! એવું દૃશ્ય લાગતું હતું. રાજગુરૂ હેમચંદ્રાચાર્ય પધાર્યા એટલે રાજા કુમારપાળ તથા પંડિતો તેમજ સર્વ સભાજનોએ ગુરૂને વંદન કર્યા ને બોલ્યા :

"ગુરૂ દીપક ગુરૂ દેવતા, ગુરૂ વિના ઘોર અંધાર,
જે ગુરૂવાણી વેગળા, તે રહવડીયા સંસાર."

ગુરૂની સ્તુતિ કરીને સૌ બેઠા. દરરોજ કરતાં આજે ગુરૂનો દેખાવ જુદો હતો. રોજ તો કંઈક ઠીક કપડા પહેરતા, પણ આજે તો જાડી અને બરછટ ખાદીના કપડા પહેર્યા હતા કે જેનાથી શરીર છોલાઈ જાય ને વજનમાં પણ ભારે હતા. આ જોઈ રાજા તો અડધા અડધા થઈ ગયા. તરત કાગળ મંગાવ્યો ને કલમ લઈને લખ્યું કે, **"આખું રાજ્ય ગુરૂદેવના ચરણમાં અર્પણ કરૂં છું ને ગુજરાતનો બ્રહ્મનો પણ આપને અર્પણ."** ચિઠ્ઠી લખી ગુરૂજીની ઝોળીમાં નાંખી. ગુરૂજીએ ચિઠ્ઠી કાઢીને વાંચી ને હસ્યા, ને બોલ્યા : હે રાજન! સર્પની કાંચળીની જેમ રાજ્યના ત્યાગની તારી ભાવનાને ધન્યવાદ છે. પણ સાધુનો બ્રહ્મનો ઘરઘરમાં ભરેલો છે. કારણકે સાધુ કોઈ એકના ગુરૂ નથી. લોકના ગુરૂ છે. રાજા કહે છે તો ગુરૂદેવ! આપ ઘર ઘરમાં ભિક્ષા લેવા જવાનું બંધ કરી દો. મારા રસોડામાં દરરોજ એક ટંકે હજારો માણસો જમે છે તેમાં તમે કંઈ ભારે પડશો નહિ. ત્યારે ગુરૂ કહે છે : રાજન! એમ તો પાડોશી એટલો મોટો શ્રીમંત છે ને મને કાલાવાલા કરે છે. એના ઘેરથી ભિક્ષા લઉં તો મને પૂરતી મળી જાય તેમ છે, પણ જૈન મુનિઓને એવી ગૌચરી લેવી કલ્પતી નથી. જૈન મુનિ કેવા હોય— સાંભળ.

ના સંગ્રહ એને કપડાનો, ના બીજા દિવસનું ખાણું,
ના પૈસા એની ઝોળીમાં, ના એના નામે નાણું
ઓછામાં ઓછા સાધનમાં પણ સંતોષ ધરી રહેનારા... આ છે...

સાધુને કોઈ ગમે તેટલા કપડા વહોરાવે પણ એ તો જરૂરિયાતથી અધિક એક કપડું રાખે નહિ. સાધુને રાતી પાઈ પણ ખપતી નથી. કોઈને ત્યાં સાધુના નામનું ખાતું પણ ચાલતું નથી અને જેના નામના ખાતા ચાલતા હોય તે સાચો જૈન મુનિ નથી. બને તેટલી ઓછી સામગ્રીથી પોતાનો જીવનનિર્વાહ કરે છે. મુક્તિ મંઝીલે ચઢવા માટે જેટલા હળવા બનીશું તેટલું વધારે સારૂં છે વળી.

ના છત્ર ધરે કદી તડકામાં, ના ફરે કદી વાહનમાં,
મારગ હો ચાહે કાંટાળો, પહેરે ના કાંઇ પગમાં
હાથેથી સઘળા વાળ ચૂંટી, માથે મુંડન કરનારા– આ છે અણગાર અમારા–

ગમે તેટલી સખત ગરમી હોય તો પણ જૈન મુનિઓ માથે છત્ર રાખે નહિ. કોઈ જાતના વાહનમાં બેસે નહિ. માર્ગમાં ગમે તેટલાં કાંટા-કાંકરા આવે, પગે ફોલ્લા ઉઠે તો પણ પગમાં કંઇ પહેરે નહિ. વાળ ચૂંટીને માથાના વાળનો લોચ કરે. પણ શસ્ત્રનો ઉપયોગ ન કરે. આવા છકાયના રક્ષણહાર જૈન મુનિઓ હોય છે.

જમાલિકુમાર કહે છે હે માતા : સંયમના કષ્ટોથી ડરે તે કાયર છે. કાયરનું અહીં કામ નથી. હું શૂર-વીર અને ધીર બનીને સંયમના પંથે વિચરીશ. મને જલ્દી આજ્ઞા આપો. જમાલિકુમારની માતાએ જાણ્યું કે હવે મારો દીકરો કોઈ રીતે રોકાય તેમ નથી. મારે હવે રજા આપવી પડશે. હવે તેના માતા પિતા શું વિચારશે તે ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :– **" રાજપુત્રી જીવતી મળી "**

રાજા-રાણી બેઠા છે ત્યાં દાસી દોડતી આવે છે ને કહે છે કે આપની રાજકુમારી વિનયવતી સમુદ્રમાં પ્રચંડ પવન થવાથી વહાણ તૂટી ગયું ને પરિવારથી છૂટી પડી ગઇ. તે બેહાલ દશામાં મેઘવન નામના ઉદ્યાનમાં આવી છે. વહાણ તૂટી ગયું પણ આપ જેવા વડીલોની કૃપાથી એક પાટીયુ તેના હાથમાં આવી ગયું. તેના પ્રતાપે તે જીવતી રહી ને અહીં સુધી પહોંચી છે. મને કુંવરીબાએ ખબર આપવા મોકલી છે.

આતુરતાસે ગયા પિતાજી, કુંવરી બેઠી જિસસ્થાન,
ઉસકી લખ દુર્દશા મંગાયા, તુરત વસ્ત્ર પકવાન–હો-શ્રોતા

પુત્રી આવ્યાના સમાચાર સાંભળી મહારાજા એકદમ ઉભા થઇ ગયા. રાજરાણી, ધનદેવ આદિ મોટા પરિવાર સાથે રાજા મેઘવનમાં ગયા ને પોતાની પુત્રીને જોઈ તેના કપડા પણ ફાટી ગયા છે. ઘણાં દિવસની ભૂખી છે, કુંવરીની દુર્દશા જોઈ તરત રાજાએ સારા વસ્ત્રો મંગાવ્યા ને પકવાનના થાળ મંગાવ્યા. કુંવરીને સારા વસ્ત્રો પહેરાવ્યા. ખવડાવ્યું. પછી આખી શ્રાવસ્તીનગરી શણગારી વાજતે ગાજતે કુંવરીને મહેલે લઇ આવ્યા. રાજા-રાણીને અત્યંત આનંદ થયો ને તેમના અંતરમાં ધનદેવ પ્રત્યે ખૂબ શ્રધ્ધા થઈ કે આ પુરૂષ પુણ્યવાન છે. એના પુનિત પગલાં થવાથી બબ્બે મહિનાથી ગુમ થયેલી કુંવરી મળી. રાજપુત્રને પણ તેણે બચાવ્યો. આપણે એક કુંવર અને કુંવરી છે. આપણી સૂકાવા બેઠેલી વાડીને એણે લીલી બનાવી.

બપોરના ભોજન–પાણી પતી ગયા પછી મહારાજા–મહારાણી, ધનદેવ બધા ભેગા થઇને બેઠા. પછી રાજાએ પૂછ્યું હે દીકરી ! પેલો રત્નાવલી હાર તારી પાસે હતો

તે ક્યાં ગયો ? ત્યારે કુંવરીએ કહ્યું – પિતાજી ! અમે સિંહલદ્વીપ જઇ રહ્યા હતા ત્યાં વચમાં ભયંકર પવન અને વાવાઝોડા થયા. દરિયો તોફાને ચડવાથી અમારૂં વહાણ તૂટી ગયું. વહાણ તુટતાની સાથે અમારા હાથમાં એક પાટીયું આવી ગયું. એ પાટીયાના સહારે તરતાં તરતાં કોઇ એક જગ્યાએ કિનારો દેખાયો. તે કિનારા ઉપર એક આંબાનું ઝાડ હતું. પાટીયા ઉપર હું અને મારી ચુતલતિકા નામની દાસી બન્ને જણ બેઠા હતા. અમે વિચાર કર્યો કે આપણે આંબાની ડાળ પકડીને લટકી જઇએ. મેં પાટીયા ઉપર આવ્યા પછી રત્નાવલી હાર ચૂતલતિકા દાસીને આપ્યો હતો. તેણે સાડીના છેડે બાંધ્યો હતો. આંબાની ડાળ મેં બરાબર પકડી લીધી અને દાસી બરાબર ન પકડી શકી એટલે તે પાછી પડી ગઇ. તેનું શું થયું તે મને ખબર નથી. પણ હાર તેની સાડીના છેડે બાંધ્યો હતો. મેં પણ જીવનની આશા છોડી દીધી હતી પણ દૈવયોગે રખડતી-રઝળતી અહીં આવી છું. કુંવરની વાત સાંભળ્યા પછીધનદેવને પૂછે છે તમે રત્નાવલી હાર કેવી રીતે મેળવ્યો તે કહો.

ધનદેવ કહે છે મહારાજા ! આપની કુંવરીની જેમ મારૂં વહાણ પણ દરિયામાં ભાંગી ગયું. મારા પરિવારનું શું થયું તે હું જાણતો નથી. પણ મારા હાથમાં એક પાટીયું આવી જવાથી તરતો તરતો એક કિનારે આવ્યો. ત્યાં મેં એક સ્ત્રીનું મડદુ તણાતું આવતું જોયું. તેની સાડીના છેડે આ હાર બાંધેલો હતો. મેં જાણ્યું આનો કોઈ ધણી નથી એમ જાણી હું નિરાધાર બની ગયો હતો એટલે લીધો. પણ ખરેખર ભગવાને કહ્યું છે કે અદત્તાદાન લેવું નહિ ને મેં વગર દીધે ગ્રહણ કર્યું તેનું ફળ મને મળી ગયું છે. રાજા કહે છે ભાઇ એમાં તમે ચોરી કરી ન કહેવાય. રાજાને આ વાત ગળે ઉતરી ગઈ. રાજા પૂછે છે તમે પહેલાં કેમ આ રીતે ન કહ્યું ? ત્યારે ધનદેવ કહે છે જો પહેલાં આ રીતે કહ્યું હોત તો આપના ગળે ન ઉતરત.

રાજાએ વાત કબૂલ કરી. ધનદેવને કહે છે ભાઇ ! તમે ખૂબ પવિત્ર પુરૂષ છો તમારા જેવા પવિત્ર પરોપકારી પુરૂષની મારે જરૂર છે, તો તમે અહીં મારા રાજ્યમાં રહી જાઓ. ધનદેવ કહે છે મારે તો સુશર્મનગર જવું છે, મારા વિના મારા માતા-પિતા ઝૂરતા હશે. ત્યારે રાજા કહે છે આપના પ્રતાપથી મારો પુત્ર જીવી ગયો. ચંડાળ પણ સુધરી ગયો ને મારી કુંવરી પણ મળી ગઈ. આટલું કરવા છતાં એક પાઇ પણ લીધી નથી તો આપ કંઇક માંગો. પણ ધનદેવ લેવાની ના પાડે છે. છતાં મહારાજા ખૂબ આગ્રહ કરીને તેને એક ચીજ આપશે. તેના કારણે ધનદેવ ફરીને પાછો કેવી મુશ્કેલીમાં મૂકાઈ જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૮૦

આસો સુદ ૪ ને રવિવાર **તા. ૩૦-૯-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

શાસ્ત્રકાર ભગવંત જગતના જીવોને સમજાવે છે કે હે આત્માઓ! તમે બધા સુખના અભિલાષી છો. રાત-દિવસ સુખને ઝંખો છો અને તે સુખ મેળવવા માટે દોડા દોડી કરી રહ્યા છો. પણ સાચું સુખ કયું છે તે સુખ કેવી રીતે મળે છે તે સમજ્યા વિના સાચા સુખની પ્રાપ્તિ થતી નથી. જેને તમે સુખ માની રહ્યા છો તે સુખ નહિ પણ સુખાભાસ છે. આત્માના સુખો આગળ તે સુખો કંઇ વિસાતમાં નથી.

શાસ્ત્રકાર ભગવંતો આત્માના સુખ અને ભૌતિક સુખની તુલના કરતાં જણાવે છે કે ચૌદ રાજલોકમાં રહેલા દરેક આત્માનું ભોગજન્ય- પૌદ્ગલિક સુખ એકઠું કરવામાં આવે અને બીજી બાજુ જે આત્મિકસુખની લહેજત માણે છે તેવા સિધ્ધ ભગવંતોનું સુખ મૂકવામાં આવે તો ચૌદ રાજલોકના સમગ્ર જીવોનું સુખ અનંતમે ભાગે પણ નહીં આવે. એ સુખની લહેજત તો અનુભવવાથી માણી શકાય છે. કોઇ કહે તેનું વર્ણન કરી બતાવો. તો આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે "अपयस्स पयं नत्थि!" તે સુખની ઉપમા અપાય તેવા કોઇ શબ્દો નથી. સામે તેના સમાન બીજી કોઇ વસ્તુ વિદ્યમાન હોય તેની ઉપમા અપાય. તમે છાશ ખાવ છો ત્યારે છાશ જો મીઠી હોય તો કહો છો કે છાશ દૂધ જેવી મીઠી છે. પણ જેની સામે બીજી કોઇ વસ્તુ ન હોય ત્યાં કોની ઉપમા અપાય? શૂન્યનો શૂન્ય સાથે ભાગાકાર કરશો તો શું આવશે? શૂન્ય આવશે, તેમ તમે પણ સુખ નથી તેને સુખ માનીને દોડી રહ્યા છો. એ તમારા સુખો શૂન્ય જેવા છે. ભૌતિક સુખોની આત્મિક સુખ સાથે કલ્પના કરી શકાતી નથી.

આ સંસારનું સુખ કાલ્પનિક, ભ્રમપૂર્ણ અને તુચ્છ છે છતાં એમ માની બેઠા છો કે એ સાચું સુખ છે. જેમ નાના બાળકો પોતાનો અંગુઠો ચૂસતા હોય છે તો તેને છોડાવવા પ્રયત્ન કરો છો પણ તે છોડતા નથી, કારણ કે તેમાં દૂધનો સ્વાદ આવે છે એવો તેને ભ્રમ હોય છે. પણ ખરેખર સમજે તો પોતાની લાળ મળતી હોય છે. આ રીતે સાચું સુખ કોને કહેવાય અને આત્માના સુખ આગળ ભૌતિક સુખ શૂન્ય જેવું છે તે વાતની ઘડ તમને જ્યારે બેસશે ત્યારે આત્માનું સુખ પ્રાપ્ત કરી શકશો. સંસારનો એક પણ પદાર્થ ધન-વૈભવ-સત્તા-પુત્ર-પત્ની વિગેરે સુખનું સાધન નથી. એ પદાર્થો જેમ જેમ મળતા જાય છે તેમ તેમ સુખ વધવાને બદલે દુઃખ વધતું જાય છે. જો તેમાં સુખ હોત તો મહાન પુરૂષો છોડીને શા માટે જાત? આ વાત ખૂબ વિચારવા જેવી છે. જો તમે સ્થિર અને શ્રદ્ધાવાન બનશો તો બીજાને પણ આ માર્ગમાં સ્થિર બનાવી શકશો પણ બાપ ન સમજતો હોય તો બેટાને ક્યાંથી સમજાવી શકે કે દીકરા!

સંસારની પેઢી કરતાં ભગવાન મહાવીરની પેઢીમાં કમાણી વધુ છે. જો તું આ પેઢીમાં ભાગીદારી કરીશ તો કર્મના ભુક્કા ઉડ્યા વિના નહિ રહે.

મોક્ષના સુખ તો બધાને જોઈએ છે પણ મોક્ષના સુખો મેળવવા માટે એક વાર ચારિત્રમાર્ગમાં રૂચી જગાડવી પડશે. ચરમ તીર્થંકર મહાવીર પ્રભુ નિયમા-મોક્ષે જવાના હતા છતાં એમને ચારિત્ર અંગીકાર કરવું પડયું છે. માતા-પિતાના સ્વર્ગવાસ પછી ભગવાન મહાવીર સ્વામી દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે તેમના વડીલ બંધુ નંદીવર્ધનના હાથપગ ઢીલા થઇ ગયા. વર્ધમાનકુમારની દીક્ષાની વાત સાંભળી તેમને એવો આઘાત લાગ્યો કે અહો! હું મા-બાપ વિનાનો થઇ ગયો અને હવે હું ભાઇ વિનાનો થઈ જઇશ! શું મારો ભાઈ મને છોડીને દીક્ષા લેશે? ભાઇના સંતોષ ખાતર વર્ધમાનકુમાર બે વર્ષ સંસારમાં રોકાઇ ગયા. પણ સાધુની જેમ તેઓ સંસારમાં રહ્યા હતા. બે વર્ષ તો પલકારામાં વહી ગયા. છેલ્લા વર્ષે તો રોજ એક ક્રોડ સોનૈયાનું દાન દેતા કારતક વદ દશમના દિવસે દીક્ષા લીધી.

રાજા નંદીવર્ધન કરૂણ સ્વરે વિલાપ કરતાં કરતાં બોલે છે બો મારા લાડીલા વીરા! આમ મને એકલો અટૂલો મૂકીને કયાં જઇશ? ઘોર જંગલમાં વાઘ-સિંહ-સર્પ મળશે. ત્યાં તારૂં કોણ? ઉનાળાના સખત તડકા, શિયાળાની સખત ઠંડી તું કેમ સહન કરીશ? કયારે પણ ખુલ્લા પગે નહિ ચાલેલો મારો ભાઇ ખુલ્લા પગે કેમ ચાલી શકશે? જેની સામે કોઈ ઉંચા સાદે બોલે તો તેને હું બોલતો બંધ કરી દઉં. તેના બદલે મારા ભાઇને કોઇ કટુ વચનો કહેશે, અપમાન કરશે એ બધું કેમ સહન કરશે? લાખો ભિક્ષુકોને ભિક્ષા દેનારો ભિક્ષા માટે ઘરઘરમાં ઘૂમશે. વીરા! તારા વિના હું કોની સાથે વાત કરીશ? આમ રાજા નંદીવર્ધન ભાઇના ભાવિની ચિંતા કરતાં કરતાં બેભાન બની જાય છે. વળી શુદ્ધિમાં આવે છે. નગરજનો સમજાવીને નંદીવર્ધનને મહેલમાં લઈ જાય છે. પણ એમને વર્ધમાનકુમાર વિના રાજમહેલ સૂનકાર દેખાવા લાગ્યા. રાગનું બંધન એ ભયંકર બંધન છે. નંદીવર્ધનને ભાઈ પ્રત્યેનો રાગ રડાવે છે.

જમાલિકુમારને માનવજિંદગીની કિંમત સમજાઇ ગઇ છે એટલે એ સંયમ લેવા તૈયાર થયા છે. એમના માતાજીએ ખૂબ દલીલો કરી અને જમાલિકુમારે પણ તેના સચોટ જવાબ દીધા. છેલ્લે કહ્યું કે હે માતા! તમે મને સંયમમાં આવા કષ્ટો વેઠવા પડશે એમ કહો છો તો સંસારમાં કયાં ઓછા દુઃખ છે! સંસારનું એકેક કાર્ય પાપકર્મ બાંધવાનું સ્થાન છે. સંસારમાં એવું એકેય કાર્ય નથી કે જે પ્રશંસનીય હોય અને સંયમનું એક પણ કાર્ય એવું નથી કે જેમાં પાપકર્મ બંધાય. સાધુ ગૌચરી જાય તો પણ કર્મની નિર્જરા સ્વાધ્યાય-ધ્યાન-વાંચન મનન અને તપ કરે તો પણ કર્મની નિર્જરા કરે છે. હવે સૂત્રકાર કહે છે-

"तए णं तं जमालिं खत्तिय कुमारं अम्मापियरो जाहे नो संचाएंति विसयाणुलोमाहि य विसयपडिकुलेहिं य बहूहिं आघवणाहिं य पन्नवणाहि य आघवित्तए वा जाव विन्नवित्तए वा ताहे अकामाइं चेव जमालिस्स खत्तियकुमारस्स निक्खमणं अणुमन्नित्था।"

જ્યારે જમાલિક્ષત્રિયકુમારને તેના માતા-પિતાએ વિષયને અનુકૂળ તથા વિષયને પ્રતિકૂળ એવી ઘણી ઉક્તિઓ, પ્રજ્ઞપ્તિઓ સંજ્ઞપ્તિઓ અને વિનંતીઓથી કહેવાને, સમજાવવા પ્રયત્ન કર્યા પણ છેવટે પુત્રને સમજાવવા સમર્થ ન થયા ત્યારે અનિચ્છાએ માતાપિતાએ પુત્રને દીક્ષાની અનુમતિ આપી.

જ્યારે સંતાન સંયમ લેવા તૈયાર થાય છે ત્યારે તેના માતા-પિતા અને કુટુંબીજનો તેની કસોટી કરવામાં બાકી મૂકતાં નથી. પણ દૃઢ વૈરાગી ગમે તેવી કસોટી આવે તો પણ પીગળતો નથી ને પ્રલોભનમાં લલચાતો નથી. છેવટે તો વૈરાગીની જીત થાય છે. માતા-પિતાને અંતે રજા આપવી પડે છે. અહીં જમાલિકુમારની જીત થઇ અને માતા-પિતાને આજ્ઞા આપવી પડી. હે પુત્ર! તારી ઇચ્છા દીક્ષા લેવાની છે. તું કોઈ રીતે રોકાય તેમ નથી તો અમે તારો દીક્ષા મહોત્સવ ઉજવીશું.

જમાલિકુમારને માતાની આજ્ઞા મળી ગઇ. જેને જે માર્ગે જવું હોય તે તેની ઇચ્છા પૂર્ણ થાય એટલે અપૂર્વ આનંદ આવે છે. જમાલિકુમારને આનંદનો પાર નથી. હવે માતા-પિતા શું કહે છે:-

"तए णं तस्स जमालिस्स खत्तियकुमारस्स पिया कोडुंबिय पुरिस सद्दावेई सद्दावित्ता एवं वयासी खिप्पामेव भो देवाणुप्पिया खत्तियकुंडग्गाम नयरं सब्भिंतर बाहिरियं आसिय संमज्जि ओवलित्तं जहा उववाइए जाव पच्चविणंति।"

ત્યારપછી જમાલિકુમારના પિતાએ પોતાના કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને કહ્યું હે દેવાનુપ્રિયો! શીઘ્રમેવ ક્ષત્રિયકુંડનગરની બહાર અને અંદર પાણીથી છંટકાવ કરાવો ને વાળીને સાફ કરાવો અને લીપાવો. આ પ્રમાણે કરીને મને મારી આજ્ઞા પાછી સોંપો. જેમ ઉવવાઇ સૂત્રમાં કહ્યું છે તેમ બધું વર્ણન શાસ્ત્રકાર કહે છે એમ અહીં સમજી લેવું.

હવે અહીં કૌટુંબિક પુરૂષોએ આ રીતે આજ્ઞા કરી છે, તે પ્રમાણે કરીને રાજાની આજ્ઞા પાછી સોંપશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર:-ધનદેવને વિચારધવલ રાજાએ ખૂબ આગ્રહ કરીને એક મૂલ્યવાન આભૂષણ ભેટ આપ્યું ને કેટલાક માણસોને તેની સાથે મોકલ્યા. જેથી ફરીને સુશર્મનગર પહોંચતા કોઇ જાતની તકલીફ ઉભી ન થાય. રાજાની આજ્ઞા લઈ રાજપુરૂષો સાથે ધનદેવ જવા તૈયાર થયો.

"સુશર્મનગર તરફ પ્રયાણ":- રાજાની રજા લઇ ધનદેવ સુશર્મનગર તરફ

પ્રયાણ કરી રહ્યો હતો. પ્રયાણ કરતો કરતો કેટલાક દિવસે ગિરીથલ નામના નગરમાં પહોંચ્યો. બંધુઓ હજુ ધનદેવના કેવા ગાઢ કર્મોનો ઉદય છે, જ્યાં જાય છે ત્યાં કેવી મુશ્કેલીઓ ઉભી થાય છે, પોતે નિર્દોષ હોવા છતાં કેવી રીતે પકડાઇ જાય છે! હવે અહીં શું બન્યું.

આ ગીરીથલનગરમાં ચોરોનો ઉપદ્રવ ખૂબ વધી ગયો હતો. તે નગરમાં ચંડસેન રાજાનો સર્વસાર નામનો ભંડાર ચોરાઇ ગયો હતો. નગરલોકો તથા ચોકીયાતો ચોરોની તપાસ કરી રહ્યા હતા. ભવનમાર્ગોની અવરજવર બંધ કરી દીધી હતી, આવનારાઓની જડતી લેવાતી હતી. ધનદેવ અને રાજાના માણસો જેવા ત્યાં પહોંચ્યા કે તરત રાજાના માણસોએ તેમને પકડયા. ધનદેવે કહ્યું ભાઇ! અમે તો બહારથી ચાલ્યા આવીએ છીએ. તમારો કોઈ જાતનો ગુન્હો કર્યો નથી ને અમને શા માટે પકડયા? ત્યારે રાજપુરૂષોએ કહ્યું ભાઇ! તમે નિર્દોષ હશો તો ગભરાવાની કંઇ જરૂર નથી. અમારા મહારાજાનો ભંડાર ચોરાયો છે એટલે અમે આ રીતે જે આવે છે તેની તપાસ કરીએ છીએ ને નિર્દોષ હોય તો છોડી દઇએ છીએ માટે તમે મૂંઝાશો નહિ એમ કહીને ધનદેવને તથા રાજપુરૂષોને મહાજન પાસે લઈ ગયા.

મહાજને પૂછયું કે તમે ક્યાંથી આવો છો? ત્યારે કહે છે અમે શ્રાવસ્તી-નગરીથી આવીએ છીએ. ક્યાં જવાના છો? ત્યારે કહે છે સુશર્મનગર જઈએ છીએ ત્યારે રાજ્યાધિકારીઓએ કહ્યું તમારી પાસે કંઇ દ્રવ્ય કે દાગીના છે? ત્યારે ધનદેવે નિર્દોષભાવે કહ્યું હા, છે. તો અમને બતાવો. એટલે શ્રાવસ્તીના મહારાજાએ આપેલો અલંકાર બતાવ્યો. ભંડારીઓએ તરત ઓળખી નાંખ્યુ ને કહ્યું કે આ આપણા રાજાનું છે. પણ ઘણાં વખત પહેલાં ચોરાયેલું છે. ઘણાં વર્ષો પહેલા આપણા રાજાનો ભંડાર ચોરાયો હતો તેમાં આ આભૂષણ ચોરાયું હતું. રાજાના માણસો કહે છે તમારી પાસે રાજાનું આ આભૂષણ છે માટે અમને તમારા ઉપર વહેમ આવે છે.

રાજાના માણસો કહે છે તમે લોકો આવો મોટો પરિવાર લઇને ફરો છો ને આવી મોટી ચોરીઓ કરે છો! રાજાનો ભંડાર લૂંટવામાં તમારો અંદરખાને હાથ લાગે છે. તે સમયે ધનદેવ કહે છે અમે ચોરી કરી નથી. તમે ગમે તેમ કહો. મને આ આભુષણ શ્રાવસ્તીનગરીના વિચારધવલ મહારાજાએ ભેટ આપ્યું છે. અધિકારીઓ એને રાજા પાસે લઇ ગયા. રાજાએ પૂછયું–તેમને પણ ધનદેવે એ પ્રમાણે કહ્યું પણ રાજા માન્યો નહિ. જ્યારે માણસના કર્મનો ઉદય થાય છે ત્યારે સાચી વાત પણ ખોટી જાય છે. રાજાએ ધનદેવ તેમજ તેની સાથે રહેતા માણસોની વાત જરા પણ ન માની અને તેમની પાસે જે કંઇ ધનમાલ હતો તેના ઉપર સીલ કરી દઇને તેમને પકડીને કેદખાનામાં પૂરી દેવામાં આવ્યા.

"પરિવ્રાજકે બતાવેલ ધન" : ત્યાર પછી એક પરિવ્રાજક તે નગરમાં ચોરી કરવાથી પકડાઇ ગયેા. તેની પાસે ખૂબ દ્રવ્ય હતું. રાજપુરૂષેા પૂછે છે કે તમે વેશ તેા પરિવ્રાજકનેા પહેર્યો છે ને ચોરી શા માટે કરેા છેા ? તેણે કહ્યું-મેં તેા લેાકેાને ઠગવા ઉપરથી સાધુનેા વેશ પહેર્યો છે. પણ વર્ષોથી આવી ચોરીઓ કરૂં છું. આથી તેના ઉપર ખૂબ ક્રોધે ભરાઈને તેને ફાંસીની સજા કરવામાં આવી. ત્યારે પરિવ્રાજકે વિચાર કર્યો કે હવે તેા મને મારી નાંખશે, તેા રાજાનેા ભંડાર ચોરીને જમીનમાં બધું દાટયું છે તે અહીં રહી જશે માટે તેમને બતાવી દઉં. પરિવ્રાજક કહે છે મરતાં પહેલાં તમને ખજાનેા બતાવી દઉં. એમ કહી જ્યાં ધન દાટયું હતું ત્યાં લઇ ગયેા અને રાજાનું તથા પ્રજાનું જે ધન ચોર્યું હતું તે બધું ધન કાઢીને બતાવ્યું તપાસ કરી તેા રાજાનું બધું ધન તેમાંથી મળી આવ્યું, પણ એક અલંકાર નથી ત્યારે પરિવ્રાજકે કહ્યું એ તેા મેં શ્રાવસ્તીના મહારાજાને આપ્યેા છે. રાજપુરૂષેા કહે છે શા માટે ?

સુનો સચિવ ધન મિલા ન જો મૈં ને હી ઉસે ચુરાયા,
ગન્ધર્વદત્ત મમ મિત્ર એકદા, રાજ ગુન્હામેં આયા,
સાવત્થી નૃપકેા વહ ધન દે, મૈંને ઉસે છૂડાયા હેા...શ્રોતા....

જુઓ ! તમે જેટલું ધન જોયું તે બધી ચોરીઓ મેં કરેલી છે. એક વખત મારેા જીગરજાન મિત્ર ગંધર્વદત્ત રાજાના ગુન્હામાં આવ્યેા હતેા એટલે રાજાએ તેને પકડયેા તેથી મેં એ અલંકાર તેને છોડાવવા માટે રાજાને આપી દીધેા હતેા ને મારા મિત્રને છોડાવ્યેા છે. બધી વાત મળતી આવી એટલે રાજપુરૂષેા કહે છે પેલા માણસેા નિર્દોષ પકડાઇ ગયા છે માટે એને છોડી દેા. એટલે તે બધાને ત્યાંથી છૂટા કરવામાં આવ્યા. હવે ધનદેવ રાજાના માણસેાને કહે છે મારા નિમિત્તે તમારે પણ કેદમાં પૂરાવું પડયું. હવે હું સુશર્મનગર પહેાંચી જઇશ. તમે તમારે શ્રાવસ્તીનગરી ચાલ્યા જાવ. રાજપુરૂષેાએ ખૂબ ના પાડી ને કહ્યું રાજાની આજ્ઞા છે માટે તમને સુશર્મનગર પહેાંચાડીને અમે જઇશું પણ ધનદેવે ખૂબ સમજાવીને પાછા મેાકલ્યા અને ધનદેવે સુશર્મનગર તરફ પ્રયાણ કર્યું.

ત્રૈલેાક્યસારા રત્નાવલીનેા પત્તેા : ધનદેવ રાજપુરૂષેાને પાછા મેાકલી આગળ ચાલ્યેા જતેા હતેા. વચમાં પદ્મમાવતી નામની અટવી આવી. ત્યાં એક સાર્થવાહ તેના પરિવાર સાથે પડાવ નાંખીને રહ્યો હતેા. ધનદેવ ત્યાં આવી પહેાંચ્યેા. તે વખતે હાથીઓનું એક મેાટું ટેાળું આવી પહેાંચ્યું. એટલે મુસાફરેા જુદી જુદી દિશામાં ભાગી ગયા. અને એક યુવાન હાથીએ ધનદેવને સૂંઢમાં પકડીને ઉંચે ઉછાળ્યેા એટલે ધનદેવ નજીક રહેલા વડલાની ડાળને વળગી પડયેા. હાથી તેા ધનદેવને ઉછાળીને ચાલ્યેા ગયેા. ધનદેવ ધીમેધીમે વડલાની ટેાચ ઉપર ચઢી ગયેા.

ત્યાં પક્ષીઓના માળા હતા. એક માળામાં બાજ પક્ષીએ મૂકેલો ત્રૈલોક્યસારા રત્નાવલી હાર તેણે જોયો. તેણે તે હાર લીધો ને વિચાર કર્યો કે ગમે તેમ કરીને શ્રાવસ્તીનગરીના રાજાને પહોંચાડી દઉં. એટલે ધનદેવ પાછો શ્રાવસ્તીનગરી તરફ ચાલ્યો. આ તરફ ધનદેવે જે રાજપુરૂષોને પાછા મોકલ્યા હતા તે ત્યાં પહોંચી ગયા ને બનેલો સર્વ વૃતાંત કહી સંભળાવ્યો. ત્યારે રાજા કહે છે તમે એવા ઉત્તમ પુરૂષ રત્નને અધવચ મૂકીને શા માટે આવ્યા ? એના કિસ્મતમાં દુઃખ લખાયેલું લાગે છે એટલા માટે તો મેં તમને મોકલ્યા હતા. એણે ભલે ના પાડી. પણ તમે શા માટે પાછા આવ્યા. જાવ. જ્યાં સુધી એ પવિત્ર પુરૂષને સાથે લઇને ન આવો ત્યાં સુધી શ્રાવસ્તીનગરીમાં તમારે પ્રવેશ કરવો નહિ એમ કહી તેમને નગરમાંથી બહાર કાઢી મુક્યા. તેઓ ધનદેવને શોધવા લાગ્યા. ધનદેવ પણ આ નગર તરફ આવી રહ્યો હતો. શોધતાં શોધતાં તે પ્રિયમેલક નામના ગામમાંથી મળી ગયો. રાજપુરૂષોએ પોતાનો બધો વૃતાંત ધનદેવને કહી સંભળાવ્યો ને ધનદેવે તેનો વૃતાંત રાજપુરૂષોને કહી સંભળાવ્યો. બધા થોડા દિવસમાં શ્રાવસ્તીનગરીમાં પહોંચ્યા ને રાજાને મળ્યા. ધનદેવને જોઇને રાજાને બ આનંદ થયો. તેણે સર્વ હકીકત રાજાને કહીને રત્નાવલી હાર બતાવ્યો. રાજા ખૂબ આશ્ચર્ય પામતાં બોલ્યા–અહો ! કર્મની કેવી વિચિત્રતા છે! જે બન્યું તે બરૂં પણ હે ઉત્તમ પુરૂષ હવે આ હાર હું તમને અર્પણ કરું છું. ધનદેવે ના કહી છતાં રાજાએ તેને હાર આપી દીધો. થોડા દિવસ રહીને તેણે જવાની આજ્ઞા માંગી.

" માતા–પિતાનું મિલનઃ– " ધનદેવને જવાની તીવ્ર ઇચ્છા હતી એટલે રાજાએ આજ્ઞા આપી અને તેને અનેક પ્રકારની વહેપારની સામગ્રીઓ, ઝવેરાત, ધન બધું વહાણમાં ભરી આપ્યું ને કહ્યું ધનદેવ ! આ રાજ્ય તમારૂં છે. આપને જ્યારે જરૂર પડે ત્યારે પાછા આવજો. ધનદેવ સારા શુકને વહાણમાં બેસી રવાના થયો ને થોડા દિવસમાં તે સુશર્મનગરમાં આવી પહોંચ્યો. પુત્ર આવ્યાના સમાચાર સાંભળી ધનદેવના માતા–પિતાને, અને તેના કુટુંબીજનોને ખૂબ આનંદ થયો. ખૂબ ઠાઠમાઠથી તેના માતા–પિતાએ તેને નગરમાં પ્રવેશ કરાવ્યો. ઘેર આવી ધનદેવે તેના માતા–પિતાના ચરણમાં પડીને વંદન કર્યા. માતાપિતા કહે છે બેટા ! તું આવ્યો ને ધનશ્રી તથા નંદક કેમ નથી આવ્યા ? ત્યારે કહે છે એ તો મારાથી પહેલા આવ્યા છે. શું અહીં નથી આવ્યા ? ત્યારે માતાપિતા કહે છે એ અહીં તો નથી આવ્યા પણ તેમના કાંઇ સમાચાર પણ નથી આવ્યા. ત્યારે ધનદેવે સર્વ હકીકત માતાપિતાને કહી. માતા–પિતા કહે છે એવી સ્ત્રીની આપણે જરૂર નથી. બેટા ! તું કહે તેવી કન્યાને ફરીને પરણાવીશું ત્યારે ધનદેવ કહે છે હે માતા–પિતા ! આ સંસાર માત્ર સ્વાર્થનો ભરેલો છે. કોઇના પ્રત્યે માયાપણું કરવા જેવું નથી. મારે ફરીને લગ્ન કરવું નથી. એમ

વાત કરે છે ત્યાં શું બને છે:–

ગામમાં વાત ફેલાઇ કે નગરની બહાર સિધ્ધાર્થ નામના ઉદ્યાનમાં એક મહાજ્ઞાની યશોધર નામના આચાર્ય પધાર્યા છે. ધનદેવ તરત ત્યાં આવ્યો. મુનિને વંદન કરી તેમનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામ્યો ને ઘેર આવીને માતા–પિતા પાસે દીક્ષાની આજ્ઞા માંગી. માતા–પિતા કહે છે દીકરા! આટલી બધી સંપત્તિ કોણ ભોગવશે? તું એક વાર લગ્ન કરી લે. એક પુત્ર થાય પછી દીક્ષા લેજે. ખૂબ સમજાવ્યો પણ ધનદેવે ચોખ્ખી ના પાડી દીધી. છેવટે માતાપિતાએ તેને આજ્ઞા આપી અને તેને પણ દીક્ષાના ભાવ જાગ્યા. પણ પહેલાં પોતાના પુત્રની પાસે ખૂબ દાન અપાવ્યું ને પુત્રને આશીર્વાદ આપ્યા કે હે દીકરા! તું સંયમ લઇને ગુરૂની આજ્ઞા પાળી શીઘ્ર ભવસાગર તરી જા એ અમારા અંતરની ઇચ્છા છે.

ડોરા ડાલ મુહપત્તિ મુખ બાંધી, પ્રાણી રક્ષા કાજ,
લેય પાતરે રજોહરણ વસ્તર, સંયમ કા સાજ,
માતા–પિતા સુત શુભ મુહૂર્તમેં તીનોં બને મહારાજ હો....શ્રોતા.

મોઢે મુહપત્તિ બાંધી, હાથમાં રજોહરણ લઇ, સંયમનો વેશ પહેરી ત્રણે ભવ્યાત્માઓએ યશોધર મુનિ પાસે દીક્ષા લીધી. ધનદેવમુનિ સંયમમાં ખૂબ મસ્ત રહે છે. ગુરૂનો વિનય ખૂબ કરે છે. એમ કરતાં અગિયાર અંગનું જ્ઞાન મેળવી ધનદેવમુનિ ગીતાર્થ બની ગયા. તપ પણ ખબ કરે છે ને બહુ ગુણવાન મુનિ બન્યા. ગુરૂને વિનયપૂર્વક વંદન કરીને કહે છે ગુરૂદેવ! આપની છત્રછાયામાં રહેવાથી મને કષ્ટ પડતું નથી. આપને મારામાં યોગ્યતા લાગે તો મને એકલા વિહાર કરવાની આજ્ઞા આપો તો મારા પાપકર્મો બળે. ગુરૂએ ધનદેવ મુનિની યોગ્યતા જોઇ એકલા વિચરવાની આજ્ઞા આપી એટલે વિચરતાં વિચરતાં કૌશાંબીનગરીમાં પધાર્યા.

ધનદેવને સમુદ્રમાં ફેંકયા પછી ધનશ્રી અને નંદક કૌશાંબીનગરીમાં અહો જમાવીને રહેતા હતા. ત્યાં વેપાર કરતા હતા ને ખૂબ આનંદથી રહેતા હતા. નંદકે તેનું નામ બદલીને સમુદ્રદત્ત રાખ્યું હતું. ધનદેવ મુનિ ગૌચરીનો સમય થતાં ગામમાં ગૌચરી માટે નીકળ્યા છે. ગામમાં ગૌચરી કરતાં કરતાં ધનશ્રીના ઘરમાં આવ્યા. ગૌચરીનો સમય વીતી ગયો હતો એટલે ધનશ્રીએ કહ્યું–મહારાજ! અહીં તો ભોજનપાણી પતી ગયા છે. આપ બીજા ઘરમાં જાવ. બાઇનું બિલકુલ મન ન હતું એટલે એ તરત પાછા ફર્યા. પાછા ફરતાં ધનશ્રી એમના સામું ધારીધારીને જોઈ રહી. તેને લાગ્યું કે નક્કી આ ધનદેવ છે એટલે એના પ્રત્યે દ્વેષ જાગ્યો, અહો! આ પાપીને મેં ઔષધી ખવડાવી. તેથી શરીર તો જીર્ણ થઇ ગયું હતું એવી સ્થિતિમાં મેં દરિયામાં ફેંકી દીધો તો પણ હજુ જીવે છે ને સાધુ બનીને બેસી ગયો છે! હવે તો કોઇ પણ ઉપાય કરીને તેને મારૂ. સાધુપણામાં છે એટલે તેમને કેવી રીતે મારવા તે વિચાર કરવા લાગી. તરત તેણે

ધનદેવને મારી નાંખવાની ઔષધિનો પ્રયોગ બતાવ્યો હતો તે દાસીને બોલાવીને કહ્યું–

હે દાસી! આ સાધુ ગૌચરી વહોરીને જાય ત્યારે તું ગુપ્ત રીતે તેની પાછળ જા અને એ કયાં રહે છે તેની પૂરી તપાસ કરીને તું મને સમાચાર આપ. હવે દાસી તપાસ કરવા જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૮૧

આસો સુદ ૫ ને સોમવાર તા. ૧-૧૦-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓને બહેનો!

આત્મસ્વરૂપની પિછાણ વિના જીવાત્મા અનંતકાળથી ભવસમુદ્રમાં ગોથા ખાઇ રહ્યો છે. આત્મા જો સ્વભાવના ઘરમાં આવી જાય તો આ સંસારરૂપી સમુદ્ર તરી જતાં વાર નહિ લાગે. આત્માની કિંમત તેના સ્વભાવમાં છે. આત્મા જો તેના સ્વભાવને છોડી વિભાવમાં પડી જાય તો તેની કંઇ કિંમત નથી. જેમ સાકરમાં ગળપણ છે તો તેની કિંમત છે. જો સાકરમાંથી ગળપણ ચાલ્યું જાય તો તેની કિંમત નથી. સાકરના કોથળા ને કોથળા ઘરમાં ભરેલા હોય પણ જો તેમાં તેનો ગુણ ગળપણ ન હોય તો તેને કોઇ માટીની જેમ ઘરમાં રાખવા તૈયાર ન થાય તેવી રીતે આત્મા પોતાના સ્વભાવમાં ન હોય તો તેની કંઇ કિંમત રહેતી નથી. આત્માનો સ્વભાવ આત્માથી જુદો પડતો નથી. ગમે તેટલો કાળ વીત્યો ને ગમે તેટલો કાળ વીતશે તો પણ આત્માનો સ્વભાવ આત્મામાં છે.

આપણો આત્મા મહાન શક્તિશાળી છે. અનંતજ્ઞાન, અનંતદર્શનશક્તિ તેનામાં રહેલી છે. કારણ કે જ્ઞાન અને દર્શન એ આત્માના અસાધારણ ગુણો છે. જ્યાં જ્યાં આત્મા છે ત્યાં ત્યાં જ્ઞાન-દર્શન રહેલા છે. ને જ્યાં જ્યાં જ્ઞાન-દર્શન છે ત્યાં ત્યાં આત્મા છે. નિગોદમાં પણ અક્ષરનો અનંતમો ભાગ ખુલ્લો છે. નંદીસૂત્રમાં કહ્યું છે કેઃ–

"सव्व जीवाणं पि यणं अक्खरस्स अणंत भागो निच्चुघाडिओ। जइ पुण सोऽवि आवरिज्जा तेणं जीवो अजीवत्तं पाविज्जा–सुट्ठुवि मेह समुद्दए होइ पभा चंदसूराणं।"

અક્ષરનો અનંતમો ભાગ પણ જો ખુલ્લો ન રહે તો જીવ અજીવપણું પામી જાય. જેમ આકાશમાં ગમે તેટલા વાદળા છવાઇ, સૂર્યને ઢાંકી દે તોપણ રાત્રી જેવો અંધકાર છવાતો નથી. તેમ આત્મા ઉપર ગમે તેટલા આવરણ આવે તોપણ અક્ષરના અનંતમાં ભાગનું જ્ઞાન ઢંકાતુ નથી. જ્ઞાન-દર્શનગુણો આત્મા સિવાય બીજી કોઈ વસ્તુમાં રહેતા નથી. કારણ કે આત્મા ચેતન છે અને તે સિવાયની તમામ વસ્તુઓ જડ છે, છતાં જડના સંયોગે અનંતશક્તિનો અધિપતિ એવો આત્મા ભાન ભૂલી ગયો છે ને તેના કારણે નરક-નિગોદ આદિ ચોરાશી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરી રહ્યો છે.

આત્મસ્વરૂપ પ્રગટ કરવાની આ અમૂલ્ય તક છે માટે પ્રમાદ છોડી સજાગ બનો. સમ્યગ્દર્શન સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ આત્માનો સ્વભાવ છે અને એ મોક્ષનો માર્ગ છે. તત્વાર્થ સૂત્રમાં ઉમાસ્વાતિજીએ કહ્યું છે કે "सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः।" આ સૂત્ર દ્વારા આપણને સમજાવે છે કે સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન અને સાચા આચરણ વિના ત્રણ કાળમાં આત્માનો ઉધ્ધાર થવાનો નથી. જે જે આત્માઓ મોક્ષે ગયા તે આ ત્રણ સાધનનો પ્રભાવ છે. તેઓ આ ત્રણની આરાધના કરીને મોક્ષે ગયા છે. આ ત્રણ ગુણો આત્મામાં સત્તારૂપે છે પણ અપ્રગટરૂપે છે. આ ગુણોને દબાવનાર ઘાતી કર્મો છે. તેનું જોર ઘટશે તો સ્વાભાવિક ગુણો પ્રગટ થશે ને આત્મા પરમપદ મોક્ષને પ્રાપ્ત કરશે.

સર્વજ્ઞ પ્રભુની વાણી સાંભળી તે પ્રમાણે જો જીવ પુરૂષાર્થ કરે તો જરૂર એ ગુણો પ્રગટ થાય તેમાં જરા પણ શંકા કરવા જેવી નથી. જ્ઞાન એટલે જાણવું ને દર્શન એટલે જોવું. આજે આપણે આંખો દ્વારા દૂર દૂરના પદાર્થોને જોઇએ છીએ તો તે કોણ દેખે છે? આંખ? "ના". આંખ તો જડ છે પણ આંખ દ્વારા જોવા વાળો જુદો છે. આત્મા શરીરમાંથી નીકળી ગયા પછી આંખ જોઇ શકતી નથી. કારણ કે જોવાવાળો આત્મા છે. એ તો અંદરથી ચાલ્યો ગયો. આંખ સ્વયં જોતી નથી. પણ આંખ એ જોવાનું સાધન છે. જેમ કોઇની આંખે ચશ્મા આવ્યા હોય ત્યારે તે આંખે ચશ્મા ચઢાવે છે. તે વખતે ચશ્મા જુવે છે કે આંખ? અહીં ચશ્મા જોતાં નથી પણ આંખ જુએ છે પણ આંખની કમજોરીના કારણે ચશ્માની જરૂર પડે છે. એટલે આંખદ્વારા જોવાનું સાધન જેમ ચશ્મા છે તેમ જોવાવાળો આત્મા છે. સર્વદ્રવ્ય-સર્વક્ષેત્ર, સર્વકાળ ને સર્વભાવ-સર્વ પર્યાયોને જોવાની અને જાણવાની જબ્બર તાકાત આત્મા ધરાવે છે. આંખની જેમ કાન-નાક આદિ શબ્દ અને ગંધને જાણવાના સાધનો છે.

મડદાના મુખમાં સાકર મૂકશો તો તે સાકરનો સ્વાદ માણી શકવાનું નથી. કારણ કે એ જીભ દ્વારા સાકરના સ્વાદનો અનુભવ કરાવનારો આત્મા છે ને તે આ શરીરમાંથી ચાલ્યો ગયો. આ ઉપરથી તમે સમજી શકો છો કે જાણવું અને જોવું એ આત્માના મુખ્ય ગુણ છે. એનો સ્વભાવ છે. આત્મા સિવાયના તમામ પદાર્થો જડ છે. છ દ્રવ્યમાં ચેતનદ્રવ્ય જો કોઇ હોય તો તે આત્મા છે. અત્યારે આપણો આત્મા ઘાતીકર્મોના ભાર નીચે દબાઈ ગયેલો છે એટલે આપણે જાણવા અને જોવા માટે પાંચ ઇન્દ્રિઓની જરૂર પડે છે. જ્યારે ઘાતીકર્મોનો નાશ થશે ત્યારે આપણો આત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી બની જશે. પછી જાણવા અને જોવા માટે ઇન્દ્રિઓની જરૂર નહિ પડે.

જ્યારે આત્મા વિભાવમાં હોય છે ત્યારે તેને ભમણા થાય છે. પણ આત્મા પોતાના સ્વભાવમાં હોય ત્યારે જરા પણ ભમણા થતી નથી. આત્મા તો સ્વરૂપે શુદ્ધ અને

પૂર્ણ છે. જેવી રીતે પાણી ચોખ્ખું અને નિર્મળ હોય છે પણ જ્યારે એમાં કચરો પડયો હોય ત્યારે તે શુદ્ધ પાણી પણ અશુદ્ધ ને ડહોળું દેખાય છે. એ અશુદ્ધતા અને ડહોળાપણું પાણીમાં કચરાના સંયોગથી આવેલું છે. પણ પાણી તો શુદ્ધ છે. કચરો નીચે બેસી જતાં પાણી નિર્મળ દેખાય છે. તેમ આપણો આત્મા પણ સ્વરૂપે શુદ્ધ છે, નિર્મળ છે પણ વર્તમાનમાં કર્મરૂપી કચરાથી અશુદ્ધ બનેલો છે. એ કર્મની કાલિમાના કારણે અજ્ઞાનમાં આથડી રહ્યો છે. એ અજ્ઞાનતાને કારણે સત્ય વસ્તુનું ભાન થતું નથી. સત્ય વસ્તુનું ભાન કરાવી સત્યપંથે વાળનાર જો કોઇ હોય તો તે સદ્‌ગુરૂ છે. તમે એવા ગુરૂ શોધો કે આત્મસ્વરૂપની પિછાણ કરાવી મોક્ષમાં પહોંચાડી દે.

જેના મહેલો રત્નોથી જડેલા હતા તેવા જમાલિકુમાર સંસારને ભંગાર સમજી છોડવા માટે તૈયાર થયા. આજે તો કોઇનું સુંદર આધુનિક ઢબનું મકાન જોઇને બીજાને મોહ થાય છે કે આનું શું મકાન છે? તમે ગમે તેટલા સુંદર બંગલા બંધાવશો તો પણ કંઇ મકાનના થાંભલામાં રત્નો નહિ જડાવો કે ભોંયતળિયામાં રત્નો નહિ જડાવો. ત્યારે એ જમાનામાં આવા રાજમહેલો રત્નજડિત હતા.

એક રાજાને ખાવા-પીવાનો, ફરવા-ફરવાનો ને પહેરવા-ઓઢવાનો ખૂબ શોખ હતો. ખાવા-પીવામાં દરરોજ નવી નવી વાનગીઓ બનાવડાવે. એ બધાં કરતાં સારાસારા કપડા પહેરવાનો એને ખૂબ શોખ હતો. રોજ નવાનવા કપડાં પહેરતો. એક દિવસ એને વિચાર થયો કે હું દરરોજ નવા નવા કપડા પહેરું છું. પણ હું મરી જઈશ ત્યારે મને આ લોકો કેવા કપડા પહેરાવશે? લાવ, હું મારી જાતે મરી જાઉં ત્યારે મારા દેહને પહેરાવવાના મારા કપડા તૈયાર કરાવી રાખું. ભારે કપડું લાવી તેના ઉપર હીરા-મોતી અને પન્ના ટંકાવીને મરણ પછી પહેરાવવાનો પોશાક તૈયાર કરાવ્યો. આજે ઘણાં શ્રીમંતોને ઘેર બહેનોના ચણિયાને કોઇ ચાંદીની તો કોઈ સોનાની ઘૂઘરી ટંકાવે છે, ને સાડીની કિનારી ઉપર પણ સોનાની ઘૂઘરીઓ ટંકાવે છે ત્યારે આ તો મોટા રાજા હતા. એમણે હીરા-માણેક મોતી અને પન્ના જડાવી પાંચથી છ લાખ રૂપિયાનો પોષાક તૈયાર કરાવ્યો. એને કપડા પહેરવાનો ખૂબ શોખ હતો. એટલે રોજ દિવસ ઉગે ને પેલા પોશાક સામું જુવે ને હરખાય. કેવો સરસ પોશાક છે! રોજ જોતાં જોતાં એને પહેરાવાનું મન થઇ ગયું લાવને પહેરી લઉં. એટલે તેમણે કપડા પહેરી લીધા. અહો! કેવા સરસ દેખાય છે! કપડા ઉતારીને તેણે પોતાના મંત્રીને તથા પુત્રને બોલાવીને કહ્યું- જુઓ, હું મરી જાઉ પછી મારા મૃતકલેવરને આ કપડા પહેરાવજો. મંત્રી તથા પુત્ર કહે- ભલે એમ કરીશું. આમ કરતા દિવસો પસાર થાય છે. બે વર્ષ થઇ ગયા ત્યાં વળી પાછો રાજાને વિચાર આવ્યો કે આ લોકો મારા મરી ગયા પછી આ કપડા પહેરાવશે કે નહિ? લાવને એક વાર પહેરી લઉં. બીજી વાર કિંમતી કપડા પહેર્યા ને પુત્રને કહ્યું જોજે હોં.... મારા મરણ

પછી આ કપડા પહેરાવજો. ભૂલતા નહિ. પુત્ર કહે છે ભલે પિતાજી.

રાજા વિચાર કરે છે કે આ બધા મારા મોઢે હા.... હા.... તો કરે છે. પણ પછી મને એ પહેરાવશે કે નહિ? લાવને પરીક્ષા કરી જોઉં. રાજાને તાળવે પ્રાણ ચઢાવવાનો પ્રયોગ આવડતો હતો. એટલે એણે તાળવે પ્રાણ ચઢાવી દીધા. શરીર તો લાકડા જેવું થઇ ગયું. રાજા હાલતા-ચાલતા નથી, બોલતા નથી. આ જોઇને કુંવર, પ્રધાન, રાણીઓ બધા દોડી આવ્યા, રાજ્યમાં રોકકળ મચી ગઇ, વૈદ્યો અને ડૉકટરોને બોલાવ્યા. ખૂબ ઇલાજો કર્યા. બધા નિષ્ફળ ગયા. બધાએ કહ્યું કે રાજા મરણ પામ્યા છે એટલે રાજાને માટે પાલખી તૈયાર કરાવી. રાજાએ પ્રધાન તથા કુંવરને કહ્યું હતું કે હું મરી જાઉં ત્યારે મારા મૃતકલેવરને આ કપડા પહેરાવજો, પણ પ્રધાન અને રાજકુમાર વિચાર કરે છે કે રાજા કહી ગયા તે બરાબર છે. આપણે વચન આપ્યું છે પણ પાંચ-છ લાખ રૂપિયાની કિંમતના કપડા મડદાને પહેરાવવાથી શું? એ તો બળી જવાના છે ને હવે રાજા ક્યાં જોવા આવવાના છે? આ કપડા નથી પહેરાવવા, બીજા પહેરાવી દો, એટલે રાજાને બીજા કપડા પહેરાવી દીધા, પાલખીમાં બેસાડી દેવા જાય છે ત્યાં રાજાએ ધીમે ધીમે શ્વાસોચ્છ્વાસ નીચે ઉતારવા માંડયા એટલે હાથ-પગ હાલવા લાગ્યા તેથી બધાને થયું જુઓ તો ખરા! જીવ પાછો આવ્યો લાગે છે. ધીમે ધીમે કરતા રાજાએ આંખ ખોલી એટલે સૌને આનંદ થયો કે અહો! આપણા રાજા સજીવન થયા, પ્રધાન-પુત્ર તેમજ પ્રજાને ખૂબ આનંદ થયો, પણ રાજાના મુખ ઉપર જરા પણ આનંદ નથી.

રાજાને પ્રધાન તેમજ રાજકુમાર પૂછે છે હે મહારાજા! આપ પુનઃજીવન પામ્યા એટલે દરેકના મુખ ઉપર આનંદ છે ને આપના મુખ ઉપર આનંદ કેમ નથી ત્યારે રાજા કહે છે.

"મારૂં કરીને માનેલ જે, મારૂં જરીયે ના થયું,
એથી જ મારૂં આ હૃદય, સંસારથી ઉઠી ગયું"

મને આનંદ કેવી રીતે થાય? મેં અગાઉથી તમારી પાસે વચન માંગ્યું હતું ને કે હું મરી જાઉં ત્યારે મને પેલા કિંમતી કપડા પહેરાવજો. તો તમે મને મરી ગયેલો માન્યો, તો તે કપડા કેમ ન પહેરાવ્યા? હું મરી ગયો ન હતો પણ તમારી પરીક્ષા કરવા માટે મેં આ કાર્ય કર્યું હતું. પ્રધાન કહે છે સાહેબ! અમને એમ થયું કે આવો કિંમતી પોશાક અંતે બળીને રાખ થઇ જવાનો છે ને! હશે તો કોઇકવાર કુમાર પહેરશે, અમને માફ કરો. ત્યારે રાજા કહે છે તમે મારાથી જરાય ડરશો નહિ. એમાં તમારો દોષ નથી. પણ હું અત્યાર સુધી માનતો હતો કે પ્રધાન, પુત્ર, રાણી મારી અને રાજ્ય મારૂં એ મારાપણાનો મોહ ઉઠી ગયો ને આજે મારી આંખ ખુલી ગઇ કે મેં જેને મારૂં કરીને માન્યું હતું તે મારૂં નથી. આ અસાર સંસાર ઉપરથી મારૂં

મન ઉઠી ગયું છે અને આ સંસાર કેદખાના જેવો લાગે છે. પુત્ર–રાણીઓ બધા રાજાને ખૂબ સમજાવે છે પણ રાજા કહે છે હવે મારે આ સંસારમાં રહેવું નથી.

દેવાનુપ્રિયો! જુઓ, આ રાજાને એક વખત કેટલો મોહ હતો! કેટલો શોખ હતો! પણ એક નાનકડી ચિનગારી લાગતાં એનું જીવન પલટાઈ ગયું, સંસાર ઉપરથી વિરક્તભાવ આવી ગયો. તમે કહો છો ને કે આ સુખભર્યો સંસાર કેમ છૂટે? પણ જ્યારે અંતરમાં વૈરાગ્ય આવે છે ત્યારે એ સહેજે છૂટી જાય છે.

જમાલિકુમારને સંસાર અસાર લાગ્યો છે. મારાપણાનો ભાવ ભૂલાઇ ગયો છે. એટલે માતાએ ગમે તેટલું સમજાવ્યા છતાં જરાય મન ડગ્યું નહિ. ભગવાન કહે છે ચોંટવાપણું કયાં છે? માટી કોરી હોય તો કોઇને ચોંટતી નથી. પણ એ માટીમાં પાણી નાંખી પલાળવામાં આવે તો હાથે ચોંટે છે. ચીકાશ છે તો તેના ઉપર રજોટી ચોંટે છે. તેમ રાગ-દ્વેષ અને મોહની ચીકાશ છે ત્યાં ચોંટવાપણું છે. જમાલિકુમારે રાગ–દ્વેષને પાતળા પાડયા હતા. માતા-પિતાની પરીક્ષામાં પાસ થઈ ગયા ને માતા-પિતાએ તેમને દીક્ષાની અનુમતિ આપી. ને પતિના વૈરાગ્યભર્યા વચનો સાંભળીને તેની આઠ પત્નીઓએ પણ દીક્ષાની આજ્ઞા આપી. પછી તરત તેમણે કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા ને આજ્ઞા કરી કે હે દેવાનુપ્રિયો! તમે ક્ષત્રિયકુંડનગરને બહારથી ને અંદરથી સાફસૂફ કરાવીને સુગંધી જળનો છંટકાવ કરાવો. નગર શણગારો ને આખા નગરમાં જાહેરાત કરો કે આપણા મહારાજાના પુત્ર ક્ષત્રિય જમાલિકુમાર ભગવાન મહાવીર સ્વામી પાસે દીક્ષા લેવાના છે. આ પ્રમાણે કરીને તમે મારી આજ્ઞા મને પાછી સોંપો.

રાજ્યના ભંડારીઓને પણ આજ્ઞા કરી કે તમે રાજ્ય ભંડારમાંથી જરૂરવેરાત આદિ પુષ્કળ દ્રવ્ય કાઢો. અમારા લાડકવાયા દીકરાના કોડ પૂરા કરવા છે. ક્ષત્રિયકુંડ નગરમાં જમાલિકુમારની દીક્ષા માટે તૈયારીઓ શરૂ થઈ ગઇ છે. કૌટુંબિક પુરૂષોએ મહારાજાના કહેવા પ્રમાણે નગર સાફસુફ કરીને સુગંધી જળનો છંટકાવ કરીને રાજાની આજ્ઞા પાછી સોંપી. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

"મુનિની હત્યા કરવા ધનશ્રીએ કાવત્રુ રચ્યું"

ચરિત્ર:–ધનશ્રીએ મુનિ ગૌચરી કરીને કયાં જાય છે તે જોવા માટે દાસીને મોકલી હતી. તે ગુપ્ત રીતે મુનિની પાછળ ગઈ. મુનિને તે દિવસે પારણું હતું. પણ બરાબર આહાર મળ્યો ન હતો. જે થોડો ઘણો આહાર મળ્યો તે લઇને નગરદેવતા નામના બીજા ઉદ્યાનમાં ગયા. તે સમયે દિવસની છેલ્લી પોરસીનો સમય થઈ ગયો. એટલે મુનિરાજ એક વિશાળ ઘટાદાર વૃક્ષ નીચે કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા રહ્યા. એટલે થોડો સમય દૂર ઉભી રહીને દાસીએ જોયું ને જાણ્યું કે હવે સૂર્યાસ્ત થવા આવ્યો છે એટલે મુનિરાજ અહીંથી બીજે સ્થાને જશે નહિ. તેથી દાસીએ આવીને ધનશ્રીને

મુનિના સમાચાર આપ્યા. એટલે ધનશ્રીએ શું કર્યું તે સાંભળો.

ધનશ્રીએ સુવર્ણના થાળમાં પૂજનની બધી સામગ્રી એકઠી કરીને નંદકને કહ્યું કે તમે બિમાર હતા ત્યારે ભગવતી નગર દેવીની મેં માનતા માની હતી કે કૃષ્ણ પક્ષની અષ્ટમીએ ઉપવાસ કરી મંદિરમાં આવી તારી પૂજા કરી રાતવાસો ત્યાં રહેવું. પણ હું પ્રમાદથી એ વાત ભૂલી ગઇ અને અષ્ટમી વીતી ગઇ. એટલે ભગવતી દેવીએ મને સ્વપ્નું આપ્યું તેથી દેવીના મંદિરે જવાની રજા માંગુ છું. નંદક સ્વભાવનો ભદ્રિક હતો. તેને આ દુષ્ટ સ્ત્રી શા માટે જાય છે, વળી ગામમાં ધનદેવ મુનિ આવ્યા છે તે વિષયમાં ખબર ન હતી એટલે તેણે ધનશ્રીને જવાની આજ્ઞા આપી. તેથી બે સેવકને અને પહેલાં મોકલેલી દાસીને લઇને ધનશ્રી ઉદ્યાનમાં પહોંચી. મુનિ જે વૃક્ષ નીચે ધ્યાનાવસ્થામાં ઉભા છે તેની બાજુમાં દેવીનું મંદિર હતું એટલે ધનશ્રીએ તપસ્વી મુનિને જોયાં.

ધનશ્રીએ દેવીના મંદિરમાં જઇને પૂજા કરી. પછી જમ્યા ને વિનોદ કરીને સૂઇ ગયા. પણ ધનશ્રીને ઉંઘ આવતી નથી. કારણ કે તેનું કાર્ય સિદ્ધ ન થાય ત્યાંસુધી તેને જંપ વળતો નથી.

ધનશ્રીએ કરેલ મારણાંતિક ઉપસર્ગ :- મધ્યરાત્રે ધનશ્રી ઉઠીને મુનિ પાસે ગઈ. મુનિને બાળવા માટે આજુબાજુમાં લાકડા શોધવા લાગી. આ દિવસે ત્યાં એક ગાડાવાળો સારી જાતિના કાષ્ઠોથી ભરેલું ગાડું લઇને તે જગ્યાએ આવ્યો હતો. ત્યાં તેના ગાડાની ધરી તૂટી ગઇ. તે સમયે લગભગ સૂર્યાસ્તનો સમય થઇ ગયેલો હતો. એટલે તેણે વિચાર કર્યો કે હવે આ લાકડા કોઇ નહિં લઇ જાય. સવારે આવીને લઇ જઇશ. એમ વિચાર કરીને ગાડાવાળો પોતાના બંને બળદો લઇને પોતાના ઘેર ગયો. આ લાકડાથી ભરેલું ગાડું ધનશ્રીએ જોયું. એટલે ધનશ્રીના મનમાં થયું કે આ સરસ લાકડા છે. આ ગાડું ભરીને લાકડા મારા કાર્યની સિદ્ધિ માટે કોઇ મૂકી ગયું લાગે છે. આનાથી એ સાધુડાને બાળી મૂકીશ એમ વિચાર કરી ગાડામાંથી લાકડા લાવીને ધનદેવ મુનિની ચારે તરફ ગોઠવી દીધા. મુનિ તો વચમા ઢંકાઇ ગયા. પણ મુનિ તો એટલા ધ્યાનમગ્ન હતા કે બહાર શું થઇ રહ્યું છે તેની ખબર ન પડી. દુષ્ટ ધનશ્રીએ તો આગ પ્રગટાવી અને લાકડા ભડભડ બળવા લાગ્યા ત્યારે મુનિ ધ્યાનમાંથી મુકત બન્યા.

"ધનમુનિની ભાવઅનુકંપા અને શુભ ભાવના" :- પોતાની આસપાસ આગની જવાળાઓ પ્રગટેલી જોઇને મુનિના હૃદયમાં કરૂણતાપ્રધાન ધ્યાનયોગ પ્રવર્તવા લાગ્યો. નિર્મળ સ્વભાવવાળા, કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા, અનુકંપા ચિત્તવાળા, અગ્નિની જવાળામાં બળતા મુનિ વિચાર કરે છે જે મહાન પુરૂષો મહાન કષ્ટો વેઠીને, ઉપસર્ગો અને પરિષહો સહન કરીને, અદ્‌ભુત સમભાવ રાખીને મોક્ષમાં ગયા છે તેમને ધન્યવાદ છે. હે આત્મા ! જોજે તું ભાન ભૂલતો. આજે તારી કસોટીનો દિવસ છે. મુનિ આત્મા કહે છે હે ચેતન !

મેરા કુછભી નહિ જલતા હૈ, જલે તે મેરા નાય
મેરે કારણ કયેાં કેાઇ પ્રાણી વ્યર્થ નરકમેં જાય.
મેરા કિસી સંગ વૈરભાવ નહીં, ફિરભી લેઉં ખમાય હેા.... શ્રોતા

આ અગ્નિમાં મારૂં કંઈ બળતું નથી ને જે બળે છે તે મારૂં નથી. હે પ્રભુ! મારે આ જગતમાં કોઈની સાથે વૈરભાવ નથી. છતાં પણ જાણે અજાણે મારા નિમિત્તે કોઈને પણ દુઃખ થયું હોય તો વારંવાર ખમાવું છું. વારંવાર બધા જીવોને ખમાવ્યા. પણ તેમના હૃદયમાં એક વાતનું દુઃખ થાય છે કે આ કોઇ મોહાધીન જીવ મને બાળવાના નિમિત્તે પાપ બાંધી રહ્યો છે. મારા નિમિત્તે એ દુર્ગતિમાં જશે? અરેરે.... હું બળી જાઉં છું, મને દઝાય છે, કોઈ બચાવે તો સારૂં એવા ભાવ ન આવ્યા. પણ પોતાને બાળનાર પ્રત્યે પણ કેવી કરૂણા આવી! આ રીતે બળતાં બળતાં પણ કરૂણાવંતમુનિ બાળનારની દયા કરે છે. આવી શુભ ભાવનાવાળા મુનિરાજને પાપિણી એવી ધનશ્રીએ બાળી મૂક્યા છે. છેવટે "નમો અરિહંતાણં" કહેતાં મુનિના પ્રાણદેવ ચાલ્યા ગયા. સમાધિપૂર્વક કાળ કરીને મુનિરાજ સાતમા મહાશુક્ર નામના દેવલોકમાં પંદર સાગરોપમની સ્થિતિવાળા મહર્ધિક દેવ બન્યા.

આગ લગાકર સેા ગઇ આકર, જહાં થે દાસીદાસ,
અબલા નામ ધરાકર દુષ્ટા, કિતના કિયા દુઃસાહસ હેા.... શ્રોતા

ધનશ્રી મુનિની આગળપાછળ અગ્નિ પ્રગટાવીને તરત મંદિરમાં ચાલી ગઇ. તેણે મંદિરમાં પ્રવેશ કર્યો તે વખતે તેની દાસી જાગી ગઇ ને પૂછયું સ્વામીની! તમે અત્યારે કયાં ગયા હતા? ત્યારે ધનશ્રીએ જવાબ આપ્યો કે હું તો મધ્યરાત્રિની સંધ્યાએ દેવીના મંદિરની પ્રદક્ષિણા કરવા ગઇ હતી. બીજે કયાંય નથી ગઇ. એટલામાં દાસીએ પ્રકાશ જોયેા. આ ભડકો શેનેા હશે? એમ બોલીને પાછી સૂઇ ગઇ. પ્રભાત થયું. નોકરોને કંઈક ભેટણું આપીને ધનશ્રી પોતાના ઘર તરફ ચાલી. જતાં માર્ગમાં વૃક્ષ નીચે બળી ગયેલા મુનિને દાસીએ જોયા, નોકરોએ જોયા ત્યારે દાસી તથા નોકરો બોલી ઉઠયા. અહેા! આપણે કાલે ગયા ત્યારે એક મુનિ ધ્યાનમાં ઉભા હતા. એ મુનિને રાત્રિમાં કોઈએ બાળી મૂક્યા લાગે છે. મુનિ પોતે બળી ગયા હતા પણ તેમનો રજોહરણ, પાત્ર બધા ઉપકરણો ત્યાં પડયા હતા. આવું અકાર્ય કોણે કર્યું હશે? એમ નોકરોએ દાસીને પૂછયું ત્યારે ધનશ્રી બોલી આપણને તેની શી ખબર પડે? હું કંઇ જાણતી નથી. પણ દાસીના મનમાં થયું કે આ મુનિ કયાં જાય છે તે જોવા માટે શેઠાણીએ મને મોકલી હતી. વળી અડધી રાત્રે તે બહાર ગઇ હતી. ને મેં તે સમયે આ જગ્યાએ પ્રકાશ જોયેા હતેા તેથી આ વાતનું રહસ્ય સમજી શકાતું નથી. પણ મને એટલી ખાત્રી થાય છે કે આ બાઇએ જ મુનિને બાળ્યા છે. એણે તેા પાપ કર્યું ને

મને પણ ભેગી પાપમાં જોડી છે. દાસી ખૂબ પશ્ચાતાપ કરવા લાગી. આમ કરતાં બધા ઘેર પહોંચ્યા.

"મુનિની હત્યા કરનારની શોધ" : સવાર પડતાં પેલા લાકડાનો ગાડાવાળો ત્યાં આવી પહોંચ્યો ને પોતાના લાકડા શોધવા લાગ્યો. એટલામાં ત્યાં મુનિના ઉપકરણો જોયા. મુનિ તો બળીને ખાખ થઇ ગયા છે. એટલે તેમના હાડકા દેખાય છે ને રાખનો ઢગલો પડયો છે. નકકી મારા લાકડાથી આ મુનિને કોઇ પાપીએ બાળ્યા લાગે છે. હું કેવો અભાગી કે મારા લાકડાનો મુનિને બાળવામાં ઉપયોગ થયો! હું મરીને દુર્ગતિમાં જઈશ. આ નગરમાં આવા પવિત્ર મુનિને કોણે બાળ્યા? લાવ, હું જઇને જાણ કરૂં. એટલે તરત તે રાજા પાસે ગયો ને બનેલી હકીકત જણાવી. આ સાંભળી મહારાજા કોપાયમાન થઇને બોલ્યા મારી નગરીમાં કોણ દુષ્ટ છે કે આવા પવિત્ર મુનિને બાળી નાંખ્યા. રાજાએ કોટવાલને હુકમ કર્યો કે મુનિની હત્યા કરનારને પકડી લાવો.

કોટવાલે દેવીના મંદિરે જઇને પૂજારીને પૂછયું કે આજે રાત્રે અહીં કોઈ આવ્યું હતું? ત્યારે પૂજારી કહે છે બીજું તો કોઈ નહોતું આવ્યું પણ સમુદ્રદત્તની પત્ની ધનશ્રી તેના નોકરો અને દાસીને લઇને રાત્રે પૂજા કરવા આવેલી ને અહીં રાત રહી હતી. ત્યારે પૂજારીને પૂછયું કે રાત્રે શા માટે અહીં રહી હતી? પૂજારી કહે છે એ મને ખબર નથી. કોટવાલે વિચાર કર્યો કે આજે અષ્ટમી, નવમી કે ચતુર્દશી નથી તો પછી અહીં રહેવાનું કારણ શું? નકકી એ સ્ત્રીએ મુનિને બાળ્યા હશે. લાવ સમુદ્રદત્તને ઘેર જાઉં. ત્યાંથી બધી હકીકત જાણી શકાશે. એટલે ત્યાં જાય છે તો ધનશ્રીની દાસી બારણામાં ઉભી હતી તેને કોટવાલે પૂછયું કે સાર્થવાહની પત્ની ઘરમાં છે કે નહિ? કોટવાલને જોઇને દાસી ગભરાઈ ગઇ. ને ગભરાતાં ગભરાતાં પૂછયું કે તેનું શું કામ છે? ત્યારે કોટવાલ કહે છે તમે ગઇ રાત્રે પવિત્ર સંત મુનિરાજની હત્યા કરી છે ને પાછી શાહ થાય છે? ત્યારે દાસી કહે છે ભાઇ! મને માફ કરો. મેં મુનિને બાળ્યા નથી. પણ ગઇ કાલે બપોરે મુનિ અત્રે ગૌચરી માટે આવ્યા હતા ને તેઓ ગૌચરી લીધા વિના પાછા ફર્યા ત્યારે મારા શેઠાણીએ મને કહ્યું કે આ મુનિ કયાં જાય છે ને કયાં રહે છે તેની તું તપાસ કરી આવ ને મને કહે. એટલે હું તપાસ કરી આવી, અને શેઠાણીને કહ્યું–પણ શેઠાણી આવું પાપકાર્ય કરશે તેની મને ખબર ન હતી. પછી સાંજે અમે દેવીની પૂજા કરવા ગયા ને રાત્રે ત્યાં રહ્યા. રાત્રે બાર વાગે શેઠાણી બહાર ગયા હતા પણ તેમણે શું કર્યું તેની મને ખબર નથી. કોટવાલ કહે છે તું નિર્ભય રહે, એ દુષ્ટ ધનશ્રી કયાં છે? એનો ચહેરો જોઉં એટલે મને ખબર પડી જશે કે એણે આ પાપ કર્યું છે કે નહિ!

ધનશ્રી અંદરના રૂમમાં બેઠી હતી. આ સમયે નંદક તો બહાર ગયો હતો. એને પોતાની સ્ત્રીએ આવું દુષ્કાર્ય કર્યું છે તેની તેને ખબર પણ નથી. હવે કોટવાલ ધનશ્રીને પકડશે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૮૨

આસો સુદ ૬ ને મંગળવાર તા. ૨-૧૦-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતકરૂણાનિધી કહે છે હે ભવ્ય જીવો! રાગ અને દ્વેષ એ કર્મના બીજ છે. બીજ સજીવન હશે ત્યાંસુધી એને વરસાદ આદિ અનુકૂળ સાધનો મળતાં પાક થાય છે. તેમ રાગ અને દ્વેષનું બીજ સજીવન હશે ત્યાંસુધી સંસારરૂપી વૃક્ષ ફૂલ્યું-ફાલ્યું રહેશે. રાગ બે પ્રકારનો છે. એક પ્રશસ્ત રાગ અને બીજો અપ્રશસ્ત રાગ. દેવ-ગુરૂ અને ધર્મનો રાગ એ પ્રશસ્ત રાગ છે. સંસારના દરેક પદાર્થો પ્રત્યેનો રાગ એ અપ્રશસ્ત રાગ છે. પ્રશસ્ત રાગ એ મનુષ્યને ધર્મની રૂચી કરાવનાર છે.

આત્માને જ્યારે ધર્મ પ્રત્યે શ્રધ્ધા થાય છે ને સમકિત પામે છે ત્યારે તેને સંસાર અસાર લાગે છે. એટલે સંસારના પદાર્થો પ્રત્યે જે પ્રેમભાવ અને રસ હતો તે ઘટવા માંડે છે અને દેવ-ગુરૂ અને ધર્મ પ્રત્યે પ્રેમ વધવા માંડે છે. એટલે આત્માને સાચો ખ્યાલ આવે છે કે અત્યાર સુધી હું ભૂલ્યો, સંસારમાં રૂલ્યો ને ચોર્યાશીના ચક્કરમાં ઝૂલ્યો, તેનું કારણ સંસાર સાર લાગતો હતો. હવે સમજી લો કે દેવ-ગુરૂ અને ધર્મ એ સાર છે ને સંસારરૂપ સમુદ્રમાંથી તારનાર છે. ને એનાથી મારો ઉદ્ધાર છે એમ હવે મને સમજાયું. આજ સુધી સંસારસાગરમાં ડૂબાડનાર એવા સાધનોનો તું રાગી બન્યો હતો. જેના રાગથી તું અનંતકાળ સંસારમાં રખડયો, નરક ને નિગોદમાં રૂલ્યો ને ત્યાં પારાવાર દુઃખો તેં રડીરડીને ભોગવ્યા. એક ભકત પ્રભુને પોકાર કરીને કહે છે નાથ! મેં નરકમાં કેવા કેવા દુઃખો વેઠયા છે!

લબકારા કરતી કાળી વેદનાઓ સહેતા સહેતા
વર્ષોના વર્ષો સ્વામી મેં વીતાવ્યા ત્રાસમાં
એ....ઘરે મલકતું જ્યાં પૂરું થયું આઉખું ત્યાં
થયો રે જન્મ મારો જાનવરના લોકમાં...દુઃહા

નરકમાં જીવ ગયો ત્યાં અનંતીભૂખ, અનંતી-તરસ, ગરમી-ઠંડી બધું પરાધીનપણે કેટલું વેઠયું છે? એ નરકમાં પરમાધામીઓએ તાડનમાડન કર્યા તે વખતે કારમી ચીસો મુખમાંથી નીકળી જતી હતી. ત્યાં કોઇ દુઃખમાં ભાગ પડાવવા નથી આવ્યું.

આવો ત્રાસ વેઠતાં વેઠતાં વર્ષોના વર્ષો ચાલ્યા ગયા ને ત્યાં આયુષ્ય પૂર્ણ થયું એટલે મારો જન્મ જનાવરમાં થયો, ત્યાં પણ પરાધીનપણે આ જીવે કેટલા દુઃખો વેઠયા છે? હું તિર્યંચમાં ગયો ત્યાં મારા ગજા ઉપરાંત મારા માલિકે ગાડામાં માલ ભરાવ્યો. એ ભાર ખેંચતા પરસેવાથી રેબઝેબ થઇ જતો. શ્વાસ ધમણ જેમ થઈ જતો. એ બોલે ખેંચીને ચાલી ન શકાય ને સ્હેજ ઉભા રહી જવાય તો ઉપરથી લાકડીના માર પડે. આરડીના ગોદા મારે. આ બધું પરાધીનપણે કેટલું સહન કર્યું છે! તિર્યંચમાં ન જવું હોય તો ખોટા તોલા અને ખોટા માપ રાખવા આ બધું છોડી દેજો. જીવની સાથે કંઇ આવવાનું નથી. ચતુર્ગતિ સંસારમાં ભટકીને દુઃખ ભોગવવાનું છે.

હવે તમને સમજાઇ જવું જોઇએ કે સંસારમાં રહીને સુખની આશા રાખવી તે ધૂમાડાને બાચકા ભરવા જેવું છે. ધૂમાડામાં ગમે તેટલા બાચકા ભરે તો હાથમાં કંઇ આવે ખરૂં? તેમ સંસારમાં સુખ મેળવવા માટે ગમે તેટલા બાચકા ભરો પણ સુખ મળે છે ખરૂં? સુખ મળ્યું નહિ ને આટલા જન્મો નિરર્થક ગયા. આવા વિચારો અંતરમાં આવે તો રાગ-દ્વેષ-મોહાદિ કષાયો મંદ પડે છે. પરિણામે આત્માને પોતાના સ્વરૂપની પિછાણ થાય છે. પરભાવમાંથી પાછો હઠી નિજભાવમાં રમણતા કરે છે. હું કોણ છું? મારૂં સ્વરૂપ શું છે? કોણ મારૂં ને કોણ પરાયું? એનું એને ભાન થાય છે અને ભૂતકાળમાં કરેલી ભૂલોનો પશ્ચાતાપ થાય છે આજ સુધી દેવ-ગુરૂ અને ધર્મની આરાધનામાં આળસ પ્રમાદ કર્યો. પરસુખ અને પરઆનંદમાં મારા અનંત જન્મો એળે ગયા. માટે હે ચેતન! હવે તું પરવસ્તુનો રાગ છોડી દે. કારણ કે તે વસ્તુઓ તારી નથી ને તારા આત્મા માટે ઉપયોગી નથી, તને હિતકારી નથી પણ અંતે એ તને દગો આપનારી છે. એ બધી વસ્તુઓ તને એકાંત હાનિકર્તા છે, માટે આ બધી પૌદ્ગલિક વસ્તુઓના રાગનો ત્યાગ કરો અને તારા આત્મારૂપી બાગને ગુણરૂપી પુષ્પોથી શણગારી દેવ-ગુરૂ અને ધર્મની ઉપાસના કર અને તેમાં તલ્લીન બન. આ જગતમાં જો કોઇ તારૂં હિત કરનાર હોય તો તે વીતરાગ પરમાત્મા, ત્યાગી સદ્ગુરૂઓ અને વીતરાગ કથિત ધર્મ છે. એટલે વાસ્તવમાં તારૂં કોણ? એટલું ડાયરીમાં નોંધી રાખો. દેવ-ગુરૂ અને ધર્મ સિવાય આ જગતમાં તારૂં કોઇ નથી.

આજ સુધી સાચી સમજણના અભાવે આત્માએ અવળો પુરૂષાર્થ કર્યો. જવું હતું મદ્રાસ તરફ ને ચાલવા માંડયું અમદાવાદ તરફ, તો એ વ્યકિત કયારે પણ મદ્રાસ પહોંચી શકશે? તેવી રીતે આત્મા સિવાયની અન્ય વસ્તુઓને પોતાની માની ક્ષણેક્ષણે તેનું રટણ કર્યું છે. એની પાછળ ભવોભવમાં પ્રાણ પાથર્યા છતાં એ પોતાની ન થઈ તે ન થઇ. કારણ કે એ પોતાની હતી નહિ. પણ જીવ ભ્રમમાં પડયો હતો. મારૂં ઘર, મારો પુત્ર, મારી પત્ની, મારી માતા, મારા બાપ. આ રીતે મારાપણાનું મમત્વ કરી

અનંતકાળ વીતાવ્યો. ભગવાન કહે છે હવે તારી ભૂલને સુધાર અને જીવનની દિશા બદલી નાંખ. દિશા બદલાય તો દશા બદલાય. મને તારનાર જો કોઇ હોય તો દેવ-ગુરૂ અને ધર્મ છે ને એ મારા સાચા સગા છે. આ પ્રમાણે રટણ કરો અને તેના ચરણે તન-મન અને ધન સર્વસ્વ અર્પણ કરો ને એ મારા આધાર, એ મારા માલિક છે એ પ્રમાણે દૃઢ નિશ્ચય કરી લો જેથી તમારું સમ્યક્‌ત્વ દૃઢ થશે, નિર્મળ થશે ને વિકાસ થશે અને અંતરમાં અનેરો પ્રકાશ થશે. અનાદિકાળથી પરિભ્રમણ કરતા આ આત્માને આજ સુધી સુગુરૂ-સુદેવ અને સુધર્મની પ્રાપ્તિ થઈ ન હતી. આ મનુષ્યજન્મ પામીને દેવોને પણ દુર્લભ વસ્તુઓ તમને મળી છે તો સમજો કે હું કેવો ભાગ્યવાન છું! મોક્ષે જવાની માનવભૂમિમાં મારો જન્મ થયો. જેમ માતાથી વિખૂટા પડેલા બાળકને તેની માતા મળે તો કેટલો આનંદ થાય છે! તેમ વર્ષોથી જે ભૂમિને ઝંખતો હતો તે પવિત્ર ભૂમિ ઉપર આવવાનું મને ભાગ્ય મળ્યું. જેમ કોઇના ઘરમાંથી રત્નોનો ચરૂ અચાનક નીકળે તો તેને કેટલો આનંદ થાય છે! મોક્ષે જવા માટે આ અપૂર્વ રત્નોના ચરૂ સમાન દેવ-ગુરૂ અને ધર્મ મળ્યા પછી આનંદ કેમ ન થાય? પેલા ચરૂ તો ક્ષણિક છે. આ જીવન પૂરતા છે. ત્યારે ધર્મરૂપી મહાન ચરૂ તો જન્મોજન્મ જીવની સાથે રહેનારો, સાથે ચાલનાર અને અંતે ભવસાગરને પાર કરાવનાર છે. આત્મકમાણી કરવાનો જે શુભ અવસર મળ્યો છે, સુંદર તક મળી છે તે ફરી ફરીને નહિ મળે. માટે પ્રમાદનો ત્યાગ કરી ધર્મમાં બળ અને વીર્ય ફોરવો તો જરૂર આત્માનો વિજય થશે.

આવો ઉત્તમ યોગ અને સાધનસામગ્રી પ્રાપ્ત કરીને જર-જમીન અને જોરૂનો મોહ ત્યજી, પરમાત્માને ભજી, શીયળનો શણગાર સજી આત્માને નિર્મળ બનાવો. ધર્મની આરાધના કરવામાં જરા પણ પ્રમાદ ન કરશો અને ધર્મની વિરાધનાથી દૂર રહેજો. સમકિતદૃષ્ટિ આત્મા વિરાધનાને ઝેર સમજી એનાથી સદા દૂર ભાગે. મારી ઉત્તમ આરાધના રૂપી અમૃતમાં જો વિરાધના રૂપી વિષનું ટીપું પડી જશે તો મારું અમૃત વિષમાં પરિણમશે. એવો કોણ મૂર્ખ હોય કે વર્ષોથી ધર્મની આરાધના કરી મૂડી ભેગી કરી અને વિરાધનામાં પડીને મૂડીને મૂળમાંથી સાફ કરી નાંખે! અંતે પસ્તાવાનો વખત આવે. માટે સમજીને સમયને ઓળખી સાવધાન બનો. આચારાંગ સૂત્રમાં ભગવાન કહે છે કે खणं जाणाहि पंडिए। જે માણસ સમયને ઓળખે તેનું નામ પંડિત. અર્થ અને કામની સાધના તો ભવોભવ કરી પણ તેનાથી કંઇ વળ્યું નહિ ને માનવજીવનને પામીને હારી ગયા. જ્ઞાની કહે છે કે અર્થ એ તો અનર્થનું મૂળ છે. એક ઉદાહરણ દ્વારા આપને સમજાવું.

એક વખત ચાર મિત્રો મુસાફરી કરવા નીકળ્યા. ફરતા ફરતા એક જંગલમાં આવ્યા. રાત પડી ગઇ તેથી ત્યાં રોકાવાનું નક્કી કર્યું કે ચારે જણાએ વારાફરતી જાગવું, કારણ કે અટવી છે. કોઈ લૂંટી ન જાય માટે. જુઓ એક સામાન્ય

અટવીને પાર કરવા માટે પણ કેટલી સાવધાની રાખવી પડે છે. તો જેને ચતુર્ગતિ રૂપ સંસાર અટવી પાર કરવી હોય તેને કેટલી સાવધાની રાખવી જોઈએ! રાત્રીના પ્રથમ પહોરે એક મિત્ર ખુલ્લી તલવારે પહેરો ભરે છે ને બીજા ત્રણ મિત્રો ઉંઘી ગયા છે. થોડીવાર પછી ઉંચેથી અવાજ આવ્યો **પતામિ** પડું! ત્યારે પહેરો ભરનાર મુસાફરે ઉંચે જોયું તો એક સુવર્ણ પુરૂષ તેના જોવામાં આવ્યો. સુવર્ણ પુરૂષ કહે છે હું પડું? અ.જે તો પાણુ જોઇને ભલભલાનું મન શીળું બની જાય છે. આ મુસાફરનું મન પીળું જોઇને શીળું બન્યું ને તેણે કહ્યું 'પડ'. સોનાનો પુરૂષ પડવા માંગતો હોય તો કોણ ના પાડે? ત્યારે સામેથી આવ્યો–પડુ તો ખરો પણ "અનર્થ વહુલાનિ સન્તિ।" અનર્થ બહુ છે બોલ પડુ? આ સાંભળી મુસાફર વિચાર કરવા લાગ્યો કે જેની પાછળ અનર્થ હોય તેવો સુવર્ણપુરૂષ શા કામનો? આમ વિચાર કરી મુસાફરે ના પાડી. આમ કરતાં રાત્રીનો બીજો પહોર આવ્યો ત્યારે પણ તેમ જ બન્યું. ત્રીજા પહોરે પણ તેમ બન્યુ પણ બધાએ ના પાડી. છેવટે ચોથાનો વારો આવ્યો ને અવાજ આવ્યો "પતામિ" પડુ? ઉંચે જોયું તો સોનાનો પુરૂષ હતો. તરત ચોથા મિત્રે કહ્યું 'પડ'. વિલંબ ન કર. પણ સામો અવાજ આવ્યો કે અનર્થ બહુલાનિ સન્તિ। પડુ તો ખરો પણ પાછળ અનર્થ બહુ છે. ત્યારે ચોથા મિત્રે વિચાર કર્યો કે લક્ષ્મી કંઈ અનર્થ વિના થોડી મળે છે. લક્ષ્મીના લોભે અનર્થ જાણવા છતાં હા પાડી. ભલે અનર્થ આવે પણ તું તારે પડ. તરત સુવર્ણપુરૂષ ધબ કરતો નીચે પડયો. જોરદાર અવાજ આવ્યો. તેથી સૂતેલા ત્રણે મિત્રો જાગી ઉઠયા અને બધાએ સુવર્ણપુરૂષ જોયો અને સૌ તેને લેવા તૈયાર થયા. ત્યારે ચોથો મિત્ર કહે છે ખબરદાર! એને અડયા છો તો! મારા કહેવાથી એ સુવર્ણપુરૂષ પડયો છે. આમાં તમારો જરા પણ હક નથી માટે આપ દૂર રહો. બધા કહે કે અમારો સૌનો હક્ક છે. છેવટે લડાઇ થઇ, તલવારો ઉડી ને ચારે જણા મૃત્યુ પામ્યા. સુવર્ણપુરૂષ ત્યાં ને ત્યાં પડી રહ્યો. કોઇના હાથમાં ન આવ્યો. આ રીતે ભગવાન કહે છે ધન એ અનર્થનું મૂળ છે. એના ખાતર જીંદગી ફના કરી નાંખવી એ સમજુ મનુષ્યોનું કર્તવ્ય નથી માટે સમયને અને હાથમાં આવેલી અમૂલ્ય તકને ઓળખો.

જેના અંતરમાં આત્મકલ્યાણની કેડીએ જવાની પ્યાસ જાગી છે તેવા જમાલિકુમારને દીક્ષાની આજ્ઞા મળી ગઇ. એના અંતરમાં અપૂર્વ આનંદ થયો. બસ, હવે જલ્દી દીક્ષા લઉં ને કર્મની ભેખડોને તોડી નાંખું. બંધુઓ! તમે જમાલિકુમારની જેમ દીક્ષા ન લઇ શકો તો ખેર, પણ જેમ બને તેમ વધુ ધર્મ આરાધના કરું, બ્રહ્મચર્યનું પાલન કરું, સદાચારી બનું, આરંભ બને તેટલા ઓછા કરું અને જે દીક્ષા લે છે તેને ધન્ય છે. મને પણ આવો ધન્ય અવસર જલ્દી પ્રાપ્ત થાય એવી ભાવના ભાવો, આટલું કરશો તો પણ કયારેક દીક્ષા લેવાની ભાવના જાગશે.

જમાલિકુમારના માતા-પિતાએ કૌટુંબિક પુરૂષોને આજ્ઞા કરી હતી કે ક્ષત્રિયકુંડ નગરને અંદરથી ને બહારથી સાફ કરાવો. સુગંધી જળનો છંટકાવ કરાવો ને ખૂણે ખૂણેથી કચરા સાફ કરો. એ પ્રમાણે કરીને કૌટુંબિક પુરૂષોએ આજ્ઞા પાછી આપી. ત્યાર પછી ફરીને પણ કૌટુંબિક પુરૂષોને તેમણે આજ્ઞા કરી કે:-

खिप्पामेव भो देवाणुप्पिया-जमालिस्स खत्तियकुमारस्स महत्थं महग्घं, महरिहं विपुल निक्खमणा भिसेयं उवट्ठावेह ।

હે દેવાનુપ્રિયો! જમાલિકુમારનો મહા અર્થવાળો, મહામૂલ્ય અને મહાપૂજ્ય મોટો દીક્ષાનો અભિષેક જલ્દી તૈયાર કરો. માતા-પિતાના મનમાં એવા ભાવ જાગ્યા છે કે મારો લાડીલો એકનો એક હૈયાના હાર જેવો દીકરો દીક્ષા લે છે, તો અમે એનો દીક્ષા મહોત્સવ ખૂબ દ્રવ્ય ખર્ચીને સારી રીતે ઉજવીએ. એટલે કૌટુંબિક પુરૂષોને દીક્ષા મહોત્સવ માટે જે જે તૈયારી કરવી જોઇએ તે જલ્દી કરવાની આજ્ઞા આપી. તેથી કૌટુંબિક પુરૂષોએ દીક્ષાના અભિષેકની સંપૂર્ણ તૈયારી કર્યા બાદ રાજાને તેમની આજ્ઞા પાછી સોંપી. હવે તેના માતા-પિતા શું કરે છે.

"तए णं तं जमालि खत्तियकुमारं अम्मापियरो सीहासण वरंसि पुरत्थाभिमुहं निसीयावेंति, निसियावेत्ता अट्ठसएणं सोवण्णियाणं कलसाणं एवं जहा रायप्पसेणइज्जेजाव अट्ठसएणं भोमेज्जाणं कलसाणं सव्विड्ढिए जाव महया हवेण महया महया निक्खमणाभिसेगेणं अभिसिचन्ति ।"

ત્યાર પછી તે ક્ષત્રિય જમાલિકુમારને તેમના માતા-પિતાએ સુવર્ણના રત્નજડિત ઉત્તમ સિંહાસન ઉપર પૂર્વ દિશા તરફ મુખ રાખીને બેસાડયા. બેસાડીને ૧૦૮ સુવર્ણના, ૧૦૮ રૂપાના, ૧૦૮ મણિના, ૧૦૮ સોનામણિના, ૧૦૮ રૂપામણિના, ૧૦૮ સોનારૂપા મણિના, ૧૦૮ માટીના કળશો સુગંધિત પાણી વડે ભરીને સ્નાન કરાવ્યું. ને મોટી ઋદ્ધિ વડે, મોટા મોટા શબ્દો વડે, મોટા મોટા નિષ્ક્રમણાભિષેકથી તેનો અભિષેક કરે છે.

જમાલિકુમારને તેના માતા-પિતાએ ખૂબ ઉત્સાહપૂર્વક સ્નાન કરાવ્યું ને તેનો અભિષેક કર્યો. ત્યાર પછી તેના માતા-પિતા હાથ જોડી તેને જય-વિજય શબ્દોથી વધાવે છે કે હે દીકરા! તું સંસાર છોડી સંયમી બને છે. કર્મશત્રુઓ ઉપર વિજય મેળવવા જાય છે. તો તારો એ આધ્યાત્મિક સંગ્રામમાં જય હો.... વિજય હો, એમ જય-વિજય શબ્દોથી વધાવ્યા પછી શું કહે છે-

एवं वयासी भणं जाया ! किं देमो ? किं पयच्छामो किणावाते अट्ठो? तए णं से जमालि खत्तियकुमारे अम्यापियरो एवं वयासी इच्छामिणं अम्मयाओ। कुत्तियावणाओ रयहरणं च पडिग्गहंच आणेह सयसहस्सेण कासवगं सद्दावेह ।"

હે પુત્ર! અમે તને શું દઇએ? શું આપીએ? બોલ, હવે તારી શી ઇચ્છા છે? તારે જે જોઇએ તે આપીએ ને તું કહે તેમ કરીએ. ત્યારે ક્ષત્રિય જમાલિકુમાર માતા-પિતાને કહે છે હે માતા-પિતા! શીઘ્ર આપણા ખજાનામાંથી ત્રણ લાખ સોનૈયા લઈને તેમાંથી બે લાખ સોનૈયા વડે કુત્રિકાપણથી એક રજોહરણ અને એક પાત્ર લાવો ને એક લાખ સોનૈયા આપીને એક હજામને બોલાવો. એ પ્રમાણે જમાલિકુમારે તેના માતા-પિતાને કહ્યું, હવે માતા-પિતા શું કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

ધનશ્રી પકડાઇ:

ચરિત્ર: ધનદેવ અને ધનશ્રી બંને એક રાશીના નામ પણ બંનેના કામ જુદા છે. એક જીવ ભવોભવમાં કેટલી ક્ષમા રાખે છે જ્યારે બીજો કેવા પાપ કરે છે! ગુણસેનનો જીવ દરેક ભવમાં જળ બને છે તો અગ્નિશર્માનો જીવ જ્વાળા બને છે. ધનશ્રીએ પૂર્વના નિયાણાને કારણે ધનદેવને મુનિપણામાં બાળી નાંખીને પોતે આનંદ માનવા લાગી. પણ એને કયાં ખબર છે કે મારૂં પાપ પ્રગટ થયા વિના નહિ રહે.

કોટવાલ કહે છે ધનશ્રી કયાં છે. મને બતાવો. તેથી અંદરના રૂમમાં ધનશ્રી બેઠી હતી ત્યાં આવે છે. કોટવાલના મુખ ઉપર ક્રોધ દેખાય છે. આને જોતા ધનશ્રી ધ્રુજવા લાગી. જે માણસે પાપ કર્યું હોય છે તેનું હૃદય ધ્રુજે છે પણ જેણે પાપ કર્યું નથી હોતું તેને ધ્રુજારી થતી નથી. કોટવાલ સમજી ગયો કે નકકી આ સ્ત્રીએ મુનિને બાળ્યા હશે એ એના ચહેરા ઉપરથી દેખાઇ આવે છે, એટલે કોટવાલ તાડુકીને કહે છે-

હે ધનશ્રી! મહારાજાએ મને મુનિની ઘાત કરનારની શોધમાં મોકલ્યો છે. તપાસ કરતાં ખબર પડી કે તમે રાત્રે દેવીના મંદિરમા સૂતા હતા માટે મને તમારા ઉપર શંકા છે. મુનિની હત્યા કરવામાં તમારો હાથ લાગે છે. તો ચાલો ઉઠો, રાજાની પાસે. આ સાંભળીને ધનશ્રી ગભરાઇ ગઇ. ભયથી થરથર ધ્રુજવા લાગી ને ધરતી ઉપર પડી ગઇ. કોટવાલ સમજી ગયો કે આને મુનિની હત્યા કરી છે. એને ખૂબ ધમકાવી. કેટલા માણસો ત્યાં એકઠા થઇ ગયા.

આ તરફ નંદક (સમુદ્રદત્ત) બજારમાંથી ઘેર આવતો હતો ત્યાં વચમાં લોકો પાસેથી જાણવા મળ્યું કે એની પત્ની ધનશ્રીએ મુનિની હત્યા કરી છે ને કોટવાલ એને પકડવા આવ્યો છે એટલે નંદકના મનમાં નક્કી થયું કે આ પાપણી સ્ત્રીએ આવું અકાર્ય કર્યું હશે. એને તો પકડશે. પણ જો હું ઘેર જઇશ તો મને પણ પકડી જશે એના કરતાં કયાંક ભાગી જાઉં. નંદક તો ત્યાંથી બીજે રસ્તે કયાંક ચાલ્યો ગયો.

ધનશ્રીને પકડીને મહારાજા પાસે લઇ ગયા ને કોટવાલે સર્વ વૃ-તાંત રાજાને કહ્યો. ધનશ્રીને જોઇને રાજાએ વિચાર કર્યો કે આવી મુખાકૃતિવાળી કોમળ સ્ત્રી આવું કઠોર-નિર્દય કાર્ય કરે? છતાં એના ઉપર શંકા છે તેથી રાજાએ એને પૂછયું

બહેન ! તું રાત્રે દેવીના મંદિરે કેમ ગઇ હતી ? રાજાનો પ્રશ્ન સાંભળતા ધ્રુજી ઉઠી ને બીકની મારી બોલી શકી નહી. એટલે રાજાની શંકા દૃઢ થઇ. રાજાએ પૂછયું તું કયાંથી આવી છું ? અને કોની પુત્રી છું ? ત્યારે તેણે કહ્યું આ નગરમાં વસતા સમુદ્રદત્ત સાર્થવાહની ધનશ્રી નામની પત્ની છું ને સુશર્મનગરના પૂર્ણભદ્ર શેઠની પુત્રી છું.

ધનશ્રીના કહેવાથી રાજાએ સમુદ્રદત્તની ખૂબ શોધ કરાવી પણ એનો પત્તો લાગ્યો નહિ. આ રાજા ખૂબ વિવેકી ને ન્યાયી હતો. એટલે તેણે વિચાર કર્યો કે ભયની મારી કદાચ મારી પાસે સત્ય નહિ બોલે. પણ એના સ્વજન પાસે બોલશે એમ વિચારી તેના કુળની પરંપરા અને ઓળખાણ જાણવા માટે રાજાએ પૂર્ણભદ્ર પાસે આ હકીકત જણાવતો એક પત્ર લખીને લેખવાહકને મોકલ્યો. ત્યાં સુધી ધનશ્રીને નજરકેદમાં રાખી. લેખવાહક સુશર્મનગર જઇ તેના પિતા પૂર્ણભદ્રને મળી બધી હકીકત જાણીને એક પત્ર લખાવીને પાછો કૌશાંબીનગરી આવ્યો ને રાજાને બધી વાત કહીને પત્ર આપ્યો. તેમાં લખ્યું હતું કે-

ધનશ્રી મારી પુત્રી છે અને મેં તેને ધનદેવ સાર્થવાહક સાથે પરણાવી હતી. પણ તેને તેણે દગો દઇને સમુદ્રમાં ફેંકી દીધો ને તે કોઈ પુરૂષને લઇને ક્યાંય ચાલી ગઇ છે. મારા જમાઇરાજ તો ખૂબ સારા લાયકાતવાળા માણસ હતા. મારી પુત્રીએ આટલું કર્યુ છતાં તેમણે કદી એને વગોવી નથી. એક મહાન યશોધરવિજય આચાર્ય પાસે તેમણે તથા તેમના માતા-પિતાએ દીક્ષા લીધી છે. એ મુનિરાજ વિચરતા વિચરતા ત્યાં પધાર્યા હશે ને પાપણી જોઇ ગઇ હશે એટલે અંતે મુનિ બનેલા ધનસાર્થવાહનો જીવ લઇને જંપી. એણે મારૂં કુળ લજવ્યું છે. એણે તો મોઢું કાળું કર્યું પણ ભેગા અમારા મોઢા કાળા કરાવ્યા. લોકોકિત છે કે સંતાનો સારા હોય તો સારૂ, નહિતર વાંઝીયા રહેવું સારૂં. તે વાત બરોબર સત્ય છે.

આ પત્ર વાંચીને રાજાને ખાત્રી થઇ કે નક્કી આ મુનિની ઘાત કરનારી આ દુષ્ટ ધનશ્રી છે. સ્ત્રીજાતિ અબળા કહેવાય છતાં સબળા બની આવું ક્રૂર કાર્ય કર્યું ? કેવું અવિચારી અને અઘટિત કાર્ય કર્યું ? એના ગુન્હા પ્રમાણે તો એને ફાંસીએ ચઢાવવી જોઈએ. પણ જે મુનિને તેણે બાળ્યા એ તો કેવા પવિત્ર હતા ! એમણે તો એના ઉપર જરા પણ રોષ નથી કર્યો, તો એમના નિમિત્તે એ સ્ત્રીનો મારે વધ શા માટે કરવો જોઈએ ? સ્ત્રીનો વધ કરાય નહિ એમ વિચારી રાજાએ શું કર્યું :-

એના માથે મુંડન કરાવી માથે ચુનો ને મોઢે મેશ લગાવી ગધેડા ઉપર બેસાડી આખા ગામમાં ફેરવી ને કહ્યું કે તને આજથી દેશનિકાલ કરવામાં આવે છે એમ કહી તેને પોતાના રાજ્યની હદબહાર મોકલી દીધી.

ધનશ્રી જંગલમાં ભૂખી-તરસી ભટકવા લાગી. એક દિવસે સાંજે ભૂખી તરસી અને

દુઃખથી આકુળ-વ્યાકુળ થયેલી એક મંદિરના ઓટલે સૂતી હતી ત્યાં સર્પે તેને ડંખ દીધો. અંતિમ સમયે ખૂબ દુઃખ ભોગવી આર્તધ્યાન રૌદ્ર ધ્યાન કરતી મરીને ત્રીજી વાલુકાપ્રભા નામની નરકે સાત સાગરોપમની સ્થિતિવાળો નારક થઈને ધનદેવ મુનિ સાતમા મહાશુક્ર નામના દેવલોકમાં પંદર સાગરોપમની સ્થિતિવાળા મહર્ધિક દેવ થયા. એક આત્મા સુખનો સ્વામી બન્યો છે જ્યારે બીજો નરકની મહાવેદના ભોગવવા ચાલ્યો ગયો. આ તેમનો ચોથો ભવપૂર્ણ થયો. હવે પાંચમા ભવમાં કયાં ઉત્પન્ન થશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૮૩

અષાડ સુદ ૭ ને બુધવાર તા. ૩-૧૦-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓને બહેનો!

આ જીવે સ્વરૂપને ઓળખ્યા વિના અનંતકાળથી પરિભ્રમણ કર્યું છે. આત્માએ અજ્ઞાનતાથી ઉભું કરેલું દુઃખ આત્માના જ્ઞાનથી દૂર કરી શકાય છે. શરીર એ બાહ્ય વસ્તુ છે ને આત્મા એ અંતરંગ વસ્તુ છે. શરીર વિનાશી છે તો આત્મા અવિનાશી છે. આત્માએ શરીરને ધારણ કરેલું છે. આયુષ્ય પૂરું થયે આ શરીર છૂટી જાય છે. પણ આત્મા તો અમર છે. આત્માએ ભેદવિજ્ઞાનથી અજ્ઞાનને દૂર કરવાની જરૂર છે. અજ્ઞાન દૂર થાય તો બાહ્ય પદાર્થો ઉપરથી મમતા ઓછી થાય. દરેકે પોતાના આત્માને સમજાવવાની જરૂર છે. હે આત્મન્! ચલાયમાન એવા જડ પુદ્ગલોની એંઠનો ભોગવટો તને કેમ ગમે છે?

મોતીના ચણુ ચણનારો તું હંસા માન સરોવરનો વાસી,
ગંદા રે જળના ખાબોચીયાનો, શાને બન્યો તું રહેવાસી
કરે શાને આ જીવનથી પ્યાર, કે તારો પંથ નિરાળો છે
તું સોચ જરા એકવાર કે તારો પંથ નિરાળો છે...

હે ચેતન! તું મોતીનો ચારો ચરનારો રાજહંસ છે. આ ભોગવિષયના ગંદા ખાબોચીયામાં તને કેમ ગમે છે? હંસને ખાબોચીયા ન ગમે. રાજહંસ જેમ માન સરોવરમાં મસ્ત રહે છે તેમ તારે પણ આત્મજ્ઞાનમાં મસ્ત રહેવું જોઇએ. કુકડો, ઉકરડા ઉથામે છે તેમ આત્મા જ્યારે વિભાવદશામાં હોય છે ત્યારે પુદ્ગલના ઉકરડા ઉથામતો હોય છે. કેટલા પુરૂષાર્થે આ માનવભવ મળ્યો છે તેનો તમને વિચાર થશે ત્યારે તમારા વિચારોમાં પરિવર્તન આવશે. પાપ કરતાં ડર લાગશે. સમ્યક્દૃષ્ટિ આત્મા કર્મોદયથી સંસારમાં રહ્યો હોય પણ અંતરના પ્રેમથી નહિ. અંતરના પ્રેમથી તો તે પરમાત્માને

ઝંખતો હોય છે. સમકિતી અંતરથી માત્ર મોક્ષના સુખને ઝંખે છે. દેવના ગમે તેવા સુખ હોય તો પણ તેને દુઃખરૂપ માને છે. આવા શુભ અધ્યવસાયના પરિણામે સમકિતી ઘણી નિર્જરા કરે છે. જેનું લક્ષ પરમાત્મા તરફ વળ્યું તેનો બેડો પાર થાય છે. મોક્ષ માર્ગમાં ચિત્તના અધ્યવસાયની ઘણી મોટી કિંમત અંકાયેલી છે, તેમાં જો શુભ પરિણામ પૂર્વકનો પુરૂષાર્થ ઉપડે તો એક જન્મમાં અનેક જન્મોના કર્મો ખપી જાય છે. આ જીવે અવળો પુરૂષાર્થ તો ઘણો કર્યો છે, પણ જો સવળો પુરૂષાર્થ કરે તો અલ્પ સમયમાં કામ કાઢી જાય.

અનાદિકાળથી જીવની રૂચી પુદ્‌ગલની બેઠમાં છે. તેને સ્વભાવ તરફની રૂચી થઇ નથી. જ્ઞાનીની દૃષ્ટિમાં જગત કેવું હોય છે?

સકલ જગત તે બેંઠવત્ અથવા સ્વપ્ન સમાન,
તે કહી એ જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન

જ્ઞાનીની દૃષ્ટિમાં આખું જગત બેંઠવત્ અથવા સ્વપ્નસમાન ભાસે છે અને તે સાચી જ્ઞાન દશા છે. જ્યાં સુધી આવી ભાવના ન જાગે ત્યાં સુધીનું જ્ઞાન બધું વાચાજ્ઞાન છે. આ જગતના બધા પદાર્થો જીવે અનંતીવાર ભોગવ્યા છે ને એ પદાર્થો બીજાએ પણ અનંતીવાર ભોગવ્યા છે.

બંધુઓ! જ્ઞાનીની દૃષ્ટિમાં અને અજ્ઞાનીની દૃષ્ટિમાં આટલો ફરક છે. જ્ઞાની સંસારમાં રહેવા છતાં તેની દૃષ્ટિ પરપદાર્થો તરફ ન જાય. દેહને પણ પોતાનાથી પર માને. આગળના એકેક શ્રાવકો દૃઢ હતા! એ શ્રાવકો સાધુ જેવા હતા. શાસ્ત્રમાં એની વાતો વાંચીએ તો આપણું કાળજું કંપી જાય કામદેવ શ્રાવકને પૌષધવ્રતમાં દેવે કેવા ઉપસર્ગો આપ્યા છે. હાથીના રૂપ લઇને સૂંઢમાં કામદેવને લઇને ઉંચે ઉછાળ્યો. દેવે કહ્યું કે તું એક વખત એમ કહી દે કે હું જે ધર્મ માનું છું તે ધર્મ ખોટો છે. ત્યારે કહે છે મારૂં ગમે તે થાય પણ હું શ્રદ્ધાથી નહિ ડગું. મારણાંતિક ઉપસર્ગો આપ્યા છતાં શ્રાવક ચલાયમાન ન થયો. કેવી દૃઢ શ્રદ્ધા! સંસારમાં રહેવા છતાં આટલી મજબૂત શ્રદ્ધા અને પાપભીરૂ કેટલા? જુઓ, જ્ઞાની શ્રાવક અને અજ્ઞાની શ્રાવક બંનેની દૃષ્ટિમાં કયાં ફરક પડે છે! દાખલા તરીકે જ્ઞાની શ્રાવક અને અજ્ઞાની શ્રાવક બંને શાકમારકીટમાં શાક લેવા ગયા. અજ્ઞાની શ્રાવકે તાજા અને કુણા ભીંડા-ટીંડોળા ને પરવર લીધા. એવો હરખાયો કે આજે મઝાના ભરેલા ભીંડાનું શાક બનાવશું ને ટેસથી ખાઇશું. ત્યારે પેલા જ્ઞાનીશ્રાવકને ભીંડાને તોળવા ત્રાજવામાં નાંખે ત્યારે તેની આંખમાં આંસુ આવે. અહો પ્રભુ! હું પણ ભીંડા આદિ શાકમાં કેટલીક વાર ઉત્પન્ન થયો ને હજુ પણ મશાલા ભરીને શાકને સ્વાદથી ખાઉં છું તો ફરીને ત્યાં ઉત્પન્ન થવું પડશે. પ્રભુ! હું કયારે આરંભ-સમારંભનો સર્વથા ત્યાગ કરીશ? કયારે અનાહારક દશા પ્રાપ્ત કરીશ કે જેથી

આવો આરંભ કરવો ન પડે. ખાતા-પીતા-સૂતા-ઉઠતાં-બેસતાં ઉપયોગ રાખે ને પાપ ન થાય તેની ખૂબ સાવધાની રાખે. એવો શ્રાવક ચાહે ઉપાશ્રયમાં ઑફિસમાં કે વહેપારમાં જોડાયેલો હોય પણ એનું ચિત્ત વિતરાગમાં હોય. આત્માની લગની હોય. હે પ્રભુ ! તું કર્મથી મુકત બન્યો. હું તારા જેવો કયારે બનીશ ? જ્ઞાની સંસારમાં રહેવા છતાં સંસારથી પર હોય ને અજ્ઞાની સંસારરસીક હોય પાપભીરૂને ન છૂટકે પાપનું કાર્ય કરવું પડે તો એની છાતીમાં જાણે તીર વાગે એટલું દુઃખ થાય પણ અજ્ઞાનીને કંઇ ન થાય.

જેના અંતરમાં ત્યાગ-વૈરાગ્યના ઝરણા વહી રહ્યા છે એવા જમાલિકુમારના અંતરમાં અપૂર્વ આનંદની છોળો ઉછળી રહી છે. હવે તો જલ્દી પ્રભુ પાસે દીક્ષા લઉં. પણ હજુ માતા-પિતાને પુત્રનો મોહ છે એટલે એમને એમ થાય છે કે હું દીક્ષા મહોત્સવ ઉજવું. વૈરાગીને સંસારના વિષયો વિષ જેવા લાગે છે. આવી ઉત્તમ ભાવના જાગવાનું કારણ શું? સંતસમાગમ. એક વખત પ્રભુની વાણી સાંભળીને જાગી ઉઠયા. એણે તો પ્રભુની વાણી સાંભળી હતી ને જાગી ઉઠયો. જેના અંતરમાં મોક્ષની લગની લાગી છે એવા જમાલિકુમારને જીવનરથના સારથી એવા ભગવાન મહાવીર મળી ગયા છે. એના દીક્ષા મહોત્સવની વિધિ ચાલી રહી છે. તેમના માતા-પિતાએ પૂર્વ દિશા તરફ મુખ રખાવીને તેને સિંહાસન ઉપર બેસાડયો ને ૧૦૮ ઘડા ભરીને શીતળ અને સુગંધિત પાણીથી સ્નાન કરાવ્યું ને પછી સારા વસ્ત્રો પહેરાવી બીજા સિંહાસન ઉપર બેસાડીને માતા-પિતા હાથ જોડીને કહે છે બેટા! તારી શું ઇચ્છા છે? તારી જે ઇચ્છા હોય તે તું જલ્દી કહે. તારી ઇચ્છા પૂર્ણ કરીએ. આ તો ત્યાગનો માર્ગ છે. સંસારના રંગરાગની બિલકુલ વાત નહિ. એટલે જમાલિકુમાર શું કહે છે, હે માતા-પિતા! મારે તો સંસાર છોડવો છે એટલે મને બીજી કોઈ ઇચ્છા નથી, પણ મારા માટે એક લાખ રૂપિયાના પાતરા લાવો, લાખ રૂપિયાનો રજોહરણ લાવો ને મારા વાળ વડા કરવા નાઇને બોલાવો. તેને પણ એક લાખ રૂપિયા આપજો.

બંધુઓ! રજોહરણ અને પાતરા લાખ લાખ રૂપિયાની કિંમતના હોય છે? ના. પણ એનું કારણ એ છે કે પાતરા અને રજોહરણ વેચનારને જ્યારે લાખ રૂપિયા મળે છે ત્યારે શું વિચાર કરે છે કે અહો! જો આ રજોહરણ અને પાતરા વેચવાનો ધંધો કરીએ છીએ તો આપણી જિંદગીનું દારિદ્ર ટળી જાય છે. તો આપણે આવા પાતરા લઈને ગોચરી કરીએ, હાથમાં રજોહરણ લઇએ તો ભવોભવનું દરિદ્ર જાય. આપણને કયારે આવો અવસર પ્રાપ્ત થાય. વાળ વડા કરનારો નાઇ પણ એવી શુભ ભાવના ભાવે છે કે હું આના વાળ વડા કરૂં છું. તેમાં મને લાખ રૂપિયા મળે છે તો મને આવો અવસર કયારે મળે કે હું દીક્ષા લઉં.

"खिप्पामेव भो देवाणुप्पिया ! सिरिधराओ तिन्निसयसहस्साई गहाय दोन्नि सयसहस्सेणं कुत्तिया वण्णाओ रयहरणं च पडिग्गहं च आणेह, सयसहस्सेणं कासवगं सद्दावेह ।"

જમાલિકુમારના માતા-પિતા કૌટુંબિક પુરૂષોને બોલાવીને આજ્ઞા કરે છે કે હે દેવાનુપ્રિયો ! તમે જલ્દી જાવ અને આપણા ભંડારમાંથી ત્રણ લાખ સોનૈયો લઇ બે લાખ સોનૈયોના કુત્રિકાપણથી (કુત્રિકાપણ એટલે શુ ?) કુ એટલે પૃથ્વી ત્રિક ત્રણ અને આપણ એટલે હાટ. સ્વર્ગ-મૃત્યુ અને પાતાળ એ ત્રણલોકમાં રહેલી વસ્તુને મેળવવાના સ્થાનને કુત્રિકાપણ કહે છે.) એક રજોહરણ અને પાતરા લાવો ને એક લાખ સોનૈયા આપીને એક નાઇને (હજામને) બોલાવી લાવો. આ પ્રમાણે આજ્ઞા કરી એટલે કૌટુંબિક પુરૂષો પાતરા ને રજોહરણ લેવા અને નાઇને બોલાવવા ગયા છે તે બધું લઈને આવશે ને પછી શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

પાંચમો ભવ

ચરિત્ર :- ધનદેવ અને ધનશ્રીનો પતિ અને પત્ની તરીકેના સબંધથી બંધાયેલો ચોથો ભવ પૂર્ણ થયો. કર્મના ખેલ કેવા છે ! તમે જોયું ને કે ધનદેવને ધનશ્રીએ કેવી રીતે મારી નાંખ્યો અને ધનદેવ મુનિપણામાં સમાધિપૂર્વક કાળ કરી સાતમા દેવલોકે ગયા હતા અને ધનશ્રી ખૂબ કલેશપૂર્વક મરણ પામીને ત્રીજી નરકે ગઇ હતી. દરેક ભવમાં ખૂબ નિકટની સગાઈમાં આવીને ઉત્પન્ન થાય છે. હવે આ પાંચમા ભવમાં ક્યાં ઉત્પન્ન થાય છે તે જોઈએ.

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં રમણીય કાકંદી નામની નગરી હતી. એ નગરીને ફરતા કમળો અને જળચર જીવોથી શોભતી મોટી ખાઇ હતી, ને તેને ફરતો ખૂબ મજબૂત શત્રુઓને ઓળંગવો મુશ્કેલ કિલ્લો હતો. એ નગરમાં ધર્મ--અધર્મને જાણનાર એકબીજા પ્રત્યે ભાઇ જેવો પ્રેમ રાખનાર. ખૂબ સંતોષી અને સુખી લોકો વસતા હતા. શરદઋતુના મેઘ જેવા ઉજ્જવળ મકાનો શોભી રહ્યા હતાં. તે નગરમાં ખૂબ પરાક્રમી અને તેજસ્વી સૂરતેજ નામના મહારાજા રાજ્ય કરે છે. અસ્તાચળના શિખરમાં જેમ સૂર્ય તેજ તેમ યુદ્ધના દિવસોમાં વિશાળ વંશવાળા અને મહાસૈન્યવાળા તે રાજાને વિષે બીજા રાજાઓના મુગટ-મસ્તક નમતા હતા, એવા તે પ્રતાપી રાજા હતા. તેને અંતઃપુરમાં રતિના જેવી સર્વાંગસુંદર લીલાવંતી નામની પતિવ્રતા રાણી હતી. તે રાજાને આ રાણીની સાથે વિષયસુખનો અનુભવ કરતાં કેટલોક કાળ પસાર થયો. આ તરફ મહાશુક્ર દેવલોકવાસી દેવ ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી લીલાવંતી રાણીની કુક્ષીમાં ઉત્પન્ન થયો. તે રાત્રે પ્રભાત થતાં પહેલાં રાણીએ સકળ લોકોના મનને આનંદ કરાવનાર સોળે કળાએ પરિપૂર્ણ એવા ચંદ્રમાને પોતાના મુખમાંથી ઉદરમાં પ્રવેશ કરતો જોયો. આ સ્વપ્ન જોયા પછી રાણી

તરત જાગૃત થયા ને પોતાના પતિની પાસે આવીને સ્વપ્નની વાત કરી કે સ્વામીનાથ! આજે મેં સ્વપ્નામાં ચંદ્ર જોયેા. આ સાંભળી હર્ષથી રોમાંચિત થયેલા રાજાએ કહ્યું કે મહારાણી! સકલ સામંત રાજાઓમાં ચંદ્ર સરખેા ને દરેકને આનંદકારી ચંદ્રમા જેવેા શીતળ ને તેજસ્વી એવેા પુત્ર તમારી કુખે જન્મશે. આ પ્રમાણે સ્વપ્નનું ફળ સાંભળી મહારાણીને ખૂબ આનંદ થયેા. રાણી ધર્મારાધના ખૂબ કરતી હતી. સમય જતાં સવાનવ માસ પૂર્ણ થતાં રાણીએ શુભયેાગમાં એક પુત્રને જન્મ આપ્યેા. તે સમયે નિર્ઋતી નામની દાસીની પુત્રીએ રાજાને પુત્ર–જન્મની વધામણી આપી એટલે રાજાએ તે દાસીને પુષ્કળ દ્રવ્ય આપ્યું, ને સાત દિવસ સુધી આખા ગામમાં પુત્રનેા જન્મેાત્સવ ઉજવાવ્યેા. અને મહિનેા થયા પછી એ પુત્રનું જયકુમાર એવું નામ પાડયું. ધીમે ધીમે જયસેનકુમાર મેાટેા થાય છે.

આ તરફ ધનશ્રી ત્રીજી નરકનું આયુષ્ય પૂર્ણ કરી બીજા કેટલાય હલકા ભવમાં ભમતી મહાન દુઃખેા અનુભવતી અકામ નિર્જરા કરીને આ સૂરતેજ રાજાની રાણીનાં ગર્ભમાં પુત્રપણે ઉત્પન્ન થયેા. સમય જતાં રાણીએ બીજા પુત્રને જન્મ આપ્યેા. જન્મ થયા પછી તેનું વિજયસેન નામ પાડયું. જયસેન બધી કળાઓમાં કુશળ થયેા છે. પણ પૂર્વભવના સંસ્કારેાને કારણે તે ધર્મનેા અનુરાગી બન્યેા. તેને પેાતાના નાના ભાઇ વિજયસેન પ્રત્યે ખૂબ પ્રેમ હતેા.

જયસેન કુમારને જેટલેા નાના ભાઈ પ્રત્યે પ્રેમ હતેા, વહાલેા હતેા તેટલેા વિજયસેનકુમારને મેાટા ભાઇ પ્રત્યે દ્વેષ અને અળખામણેા હતેા. મેાટેા ભાઇ જયસેન પહેલેથી દયાળુ હતેા. કેાઇ પણ દુઃખીને જોઈને તેનું દિલ દયાથી દ્રવી ઉઠતું ને કેાઈ પણ કાર્ય કરતા પહેલાં દીર્ઘદૃષ્ટિથી વિચાર કરતેા કે આનું શું પરિણામ આવશે! સરળ હતેા અને દાતાર હતેા ત્યારે વિજયસેન એટલેા નિર્દય-કપટી ને ટૂંકી દૃષ્ટિવાળેા હતેા. ને વિજયસેન પ્રત્યે બિલકુલ પ્રેમ રાખતેા નહિ. ધર્મની વાત તેા તેને સાંભળવી પણ ગમતી ન હતી. આ રીતે બંને ભાઇઓનેા સ્વભાવ ખૂબ વિપરીત હતેા. હવે આ બંને ભાઈઓ મેાટા થાય છે. આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવ શે.

☆

વ્યાખ્યાન નં. ૮૪

આસેા સુદ ૮ ને ગુરૂવાર તા. ૪–૧૦–૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનેા!

અનંતજ્ઞાની ભગવંતે જગતના જીવેાના ઉદ્ધારને માટે સિદ્ધાંત રૂપ વાણીનું નિરૂપણ કર્યું. ત્રણે કાળે સિદ્ધ થયેલી વાણી તેનું નામ સિદ્ધાંત. ભગવાનની વાણી

કલ્પવૃક્ષ સમાન ઇચ્છિત સુખ આપનારી છે. કલ્પવૃક્ષની નીચે જઈને કોઇ બેસે ને મનમાં જેની ચિંતવના કરે તે ચીજ તેમની પાસે હાજર થઇ જાય છે. કલ્પવૃક્ષ દશ પ્રકારના મનોવાંછિત ફળ આપે છે. પણ કોઇ એની નીચે જઇને એમ ચિંતવના કરે કે મારે મોક્ષમાં જવું છે તો એ બની શકતું નથી. કલ્પવૃક્ષમાં બધું સુખ આપવાની તાકાત છે. પણ મોક્ષના સુખ આપવાની તાકાત નથી. ત્યારે ભગવાનની વાણીમાં મોક્ષના સુખો અપાવવાની તાકાત છે. એ ભગવાનની આપણા ઉપર કેટલી કરૂણાદૃષ્ટિ છે!

तव नियम नाणरुक्खं, आरुढो केवली अभियनाणी ।
तो मुयइ नाण वुट्ठिं, भविय जण वि बोहणट्ठाए ।।
तं बुध्धिमएण पडेण गणहरा गिण्हिउं निरवसेसं ।
तित्थयर भासियाइं गंथंति तओ पवयणट्ठा ।।

તપ, નિયમ અને જ્ઞાનરૂપ વૃક્ષ ઉપર આરૂઢ અનંતજ્ઞાનવાળા કેવળી ભગવંતો ભવ્યજનોને બોધ કરવા માટે તે વૃક્ષથી જ્ઞાનરૂપ પુષ્પની વૃષ્ટિ કરે છે. તે જ્ઞાનરૂપ પુષ્પને ગણધરો બુદ્ધિપટમાં ગ્રહણ કરીને તીર્થંકર ભગવંતોએ કહેલા વચનો પ્રવચન માટે ગુંથે છે.

વૃક્ષ બે પ્રકારના છે. દ્રવ્યવૃક્ષ અને ભાવવૃક્ષ. જેમ કોઇ મનુષ્ય કલ્પવૃક્ષ ઉપર ચઢીને તેના સુવાસિત પુષ્પો એકઠા કરીને નીચે રહેલા કલ્પવૃક્ષ ઉપર ચઢવાને અસમર્થ મનુષ્યને અનુકંપાથી આપે છે. અને તે મનુષ્ય તે પુષ્પો જમીન પર પડી ધૂળવાળા ન થાય તે માટે સ્વચ્છ મોટા વસ્ત્રમાં તેને લઇ લે છે અને તેનો યથાયોગ્ય રીતે ઉપભોગ કરે છે અને બીજાઓની પાસે પણ તેનો ઉપભોગ કરાવીને ઉપકાર કરી સુખ મેળવે છે. તેવી રીતે તપ-નિયમ અને જ્ઞાનરૂપ વૃક્ષ ઉપર આરૂઢ થયેલ અનંત જ્ઞાનવાળા કેવળી ભગવંત ભવ્યજનોને બોધ કરવા માટે જ્ઞાનરૂપ પુષ્પોની વૃષ્ટિ કરે છે. ગણધરો બુધ્ધિરૂપ પટમાં તેને ગ્રહણ કરે છે. પોતે ગ્રહણ કરીને બીજાને પણ ગુંથી આપીને પરોપકાર કરે છે. તેમાં તપ તે છ પ્રકારનો બાહ્યતપ ને છ પ્રકારનો આભ્યંતર તપ એમ બાર પ્રકારનો તપ છે. તેમાં ઇન્દ્રિય અને નોઇન્દ્રિયના સંયમરૂપ નિગ્રહ તે નિયમ, કાન આંખ આદિ પાંચ ઇન્દ્રિયનો નિગ્રહ તે ઇન્દ્રિય સંયમ અને કષાયાદિનો નિગ્રહ તે નોઇન્દ્રિય સંયમ. જ્ઞાન તે સંપૂર્ણ કેવળજ્ઞાન. એ પ્રકારના તપ-નિયમ અને કેવળજ્ઞાન રૂપી વૃક્ષ ઉપર આરૂઢ થયેલા સર્વજ્ઞ ભગવંત તે વૃક્ષ ઉપરથી ભવ્યજનોને બોધ આપવા માટે જ્ઞાનના કારણભૂત શબ્દરૂપ પુષ્પની વૃષ્ટિ કરે છે. તે પુષ્પવૃષ્ટિ પોતાની નિર્મળ બુદ્ધિરૂપ પટમાં ગૌતમાદિ ગણધરો સંપૂર્ણપણે ગ્રહણ કરીને પ્રવચન માટે વિવિધ પુષ્પમાળાની જેમ તે વચનોની સૂત્ર તરીકે રચના કરે છે.

ભગવાને કહ્યું છે કે ત્યાગમાં સુખ છે ને તમે માનો છો કે સંસારમાં સુખ છે.

જીવ સુખ-સુખ કરીને સુખની પાછળ ઝાંઝવાના નીરની માફક ફાંફા મારે છે. પણ જીવે સમજવાની જરૂર છે કે સુખ એટલે શું? અને દુઃખ એટલે શું? સુખ કોને કહેવાય ને દુઃખ કોને કહેવાય? જેમ કોઇ માણસ દુઃખી હતો તેને પાંચ લાખ રૂપિયા મળી જાય તો તેને ખૂબ આનંદ થાય છે ને સુખ માને છે. પુણ્યનો ઉદય વધતા ૧૦ લાખ થયા એટલે તો ખૂબ આનંદ થયો. પણ કર્મયોગે પાછો પલટો આવ્યો ને દશના પાંચ થયા ત્યાં શું થયું. જાણો છો ને? બોલો. પહેલા પાંચમાં આનંદ હતો ને હવે પાંચમાં દુઃખ થયું. અહીં જ્ઞાની કહે છે કે આ સુખ એ સાચું સુખ નથી પણ કાલ્પનિક સુખ છે.

કોઈ માણસે એક સુંદર બંગલો બંધાવ્યો ને તેમાં રહેવા ગયા. એક વર્ષ પણ ન થયું ને વહેપારમાં ખોટ ખાઈને બંગલો વેચવાનો વખત આવ્યો. બીજો વહેપારી તેમાં રહેવા આવ્યો. હવે એ બંગલા પાસેથી પેલો માણસ પસાર થાય ત્યારે તેને દુઃખ થાય ને? આંખમાંથી આંસુ આવી જાય છે. આ બંગલો મારો હતો. જ્યારે બંધાવ્યો ત્યારે આનંદ હતો ને વેચાઇ ગયો ત્યારે દુઃખ થયું. આનું કારણ તેના પ્રત્યેનો રાગ છે. બંગલો તો એનો એ જ છે ને? છતાં આમ શા માટે? તમે પાંચમે માળે બેઠા છો ને બાજો રડે છે તેવો અવાજ આવ્યો. તમે તરત ઉતર્યા પણ ખબર પડી કે તમારો નથી ત્યાં તમારો શ્વાસ નીચે બેસી ગયો. કેમ આમ! બોલો. મૈત્રી ભાવની વાતો કરીએ છીએ પણ જ્યાં સુધી આ મારૂં ને આ બીજાનું. આ દ્વિવાલ નહિ તૂટે ત્યાંસુધી મૈત્રીભાવ આવવાનો નથી. એક પદાર્થમાં ઘડીકમાં સુખ અને ઘડીકમાં દુઃખ થાય છે. માટે જ્ઞાની કહે છે આવું સુખ ને દુઃખ ન જોઇતું હોય તો તારી દૃષ્ટિ બદલી નાંખ. આજે જે સુખ કે દુઃખ મળ્યું છે તે બધું તમારૂં માંગેલું છે. કોઈ સુખ દુઃખ આપવામાં સમર્થ નથી.

તેં ઇચ્છેલો માનવ મેળો, ભેળો આજ થયેલો છે.
જેવી દૃષ્ટિ તેં પ્રગટાવી તેવો ખેલ બનેલો છે.
જુગ જુગ જુનો પ્રપંચ પડદો તારાથી પડેલો છે.
દૃષ્ટિનો પલટો કરી જાણે તો તું સાચ છૂટેલો છે.

આ કુટુંબપરિવાર, સુખ, દુઃખ, સંપત્તિ વગેરે જે કાંઇ મળ્યું છે તે તારા શુભાશુભ કર્મના યોગથી મળ્યું છે. એમાં જેટલું મમત્વ કર્યું તેટલું દુઃખ થયું છે. જેવી આપણી દૃષ્ટિ હોય છે તેવા ખેલ આપણને દેખાય છે. આત્મા ઉપર કર્મોનો જે પડદો પડેલો છે તે પોતાનાથી પડેલો છે. આત્મા જો ધારે તો એ પડદાને ખસેડી શકે છે. જ્યાં કર્મોનો પડદો ખસ્યો ત્યાં બધું દુઃખ પણ મટી જાય છે. આત્મા દરેક હાલતમાં આનંદ ને સુખનો અનુભવ કરી શકે છે, પણ એક વખત દૃષ્ટિ બદલવી પડશે. દૃષ્ટિ ન બદલાય તો દુઃખ ન ટળે.

શેઠનું સુખ:- સંસારમાં ગમે તેટલું સુખ હોય પણ એક દિવસ તો છોડવાનું

છે. આટલી વાત નકકી સમજી લેજો. તમારી દૃષ્ટિમાં ગમે તેટલુ સુખ હોય છતાં તેને જ્ઞાનીઓ સુખ કહેતા નથી. દાખલા તરીકે કોઇ એક શેઠ અબજોની સંપત્તિના આસામી છે. તેના એકેક બંગલા તો જાણે રાજમહેલ જેવા છે. પત્ની પણ સૌંદર્યવાન અને આજ્ઞાંકિત છે. પુત્રો વિનયવાન છે, શરીર નિરોગી છે, જબ્બર પુણ્યનો ઉદય છે. સંસારમાં મનમાન્યા સુખો ભોગવે છે. એમના સુખમાં કોઇ આડખીલી કરી શકતું નથી. સૌ તેની આજ્ઞા માને છે. આવું સુખ જેને ઘેર હોય તેને તમે શું કહેશો? આ તો ચોથા આરાનો જીવ છે. એના જેટલું કોઈને સુખ નથી, પણ રાજાના સુખની તોલે આવે? અહીં જ્ઞાનીઓ એકેક સુખનો ક્રમ બતાવે છે કે કોના કરતાં કોનું સુખ વધારે છે! અહીં શેઠની વાત કરી. હવે રાજાની વાત કરે છે.

રાજાનું સુખ:- એક દેશનો અધિપતિ મોટો રાજા છે. એના તાબામાં ઘણાં ગામ છે. એટલા રાજ્યમાં આનંદપૂર્વક રાજ્ય કરે છે. વધારે રાજ્ય મેળવવાની તૃષ્ણા નથી. અંતેઉરમાં અપ્સરા જેવી સ્વરૂપવાન રાણીઓ છે. રાજકુમારો પણ એવા સુશીલ ને આજ્ઞાંકિત છે. પ્રધાન પણ અનુકૂળ છે. શરીર નિરોગી છે. બીજા રાજ્ય તરફથી લડાઇનો ભય નથી. હાથી-ઘોડા-રથ અને સૈન્યનો પાર નથી. સેવકો ખડે પગે આજ્ઞાનું પાલન કરે છે, ને મહારાજાની ખમ્મા ખમ્મા કરે છે. આ રીતે તેના દિવસો પસાર થાય છે. બોલો! આ રાજા કેટલો સુખી છે? તમે એને સુખી કહેશો ને? એ તો સામાન્ય રાજા હતો. એનાથી અધિક ચક્રવર્તિનું સુખ હોય છે. ચક્રવર્તિનું સુખ કેટલું છે તે સાંભળો.

ચક્રવર્તિનુ સુખ:- દુનિયામાં સારામાં સારી ભોગસુખની સામગ્રી ચક્રવર્તિને હોય છે. રાજાની સેવામાં તો મનુષ્ય નોકર હોય છે પણ ચક્રવર્તિની સેવામાં સોળ હજાર દેવો હોય છે. બે ભુજાનું રક્ષણ કરનાર બે હજાર દેવો હોય છે ને ચૌદ રત્નનું રક્ષણ કરનારા ચૌદ હજાર દેવો હોય છે, આ રીતે ૧૬,૦૦૦ દેવો ચક્રવર્તિના સેવક હોય છે. તેઓ નવનિધાનના ધણી હોય છે. ચક્રવર્તિના શરીરમાં કોઇ જાતનો રોગ ઉત્પન્ન થતો નથી. ચક્રવર્તિનો કોઇ દુશ્મન હોતો નથી. સમગ્ર પ્રજાને ખૂબ પ્રિય હોય છે. તેમનું પુણ્ય કોઇ અલૌકિક હોય છે. તેમનું બળ પણ ઘણું હોય છે.

નદીના એક કિનારે ચક્રવર્તિ હાથમાં પાણીનો લોટો લઇને ઉભા હોય ને બીજા હાથમાં દોરડું હોય અને નદીના સામે કિનારે રહેલું મોટું સૈન્ય ૮૪ લાખ હાથી, ૮૪ લાખ ઘોડા, ૮૪ લાખ સંગ્રામરથ અને ૯૬ ક્રોડ પાયદળ. આ બધા ભેગા થઇને એ દોરડાને પકડી ચક્રવર્તિને નમાવવાનો, ખેંચવાનો પ્રયત્ન કરે તો પણ એ બધાની તાકાત નથી કે ચક્રવર્તિને એક તસુ પણ ખસેડી શકે, અને ચક્રવર્તિ એ દોરડાને એક હાથે રહેજે ખેંચે તો બધું સૈન્ય નદીમાં પડી જાય, એવા મહાન બળના ધણી હોય છે. ચક્રવર્તિને માટે રોજ બધી વસ્તુઓ તાજી બને, રોજ સવારે ધાન્ય વવાય ને સાંજે

તૈયાર થઈ જાય ને ચક્રવર્તિને માટે એની રસોઈ બનાવે ને તેમને જમાડે, બોલો! તમારૂં વિજ્ઞાન ગમે તેટલું આગળ વધ્યું હોય પણ એની આટલી તાકાત છે કે એક દિવસમાં અનાજ તૈયાર થઈ જાય. બત્રીસ હજાર મુગટ બંધી રાજાઓ તેમની આજ્ઞામાં હોય છે. ૩૨ હજાર દેશ, ૭૨૦૦૦ નગર, ને ૯૬ ક્રોડ ગામડાના અધિપતિ હોય છે, ૪૮ કોસ જમીનમાં એમના સૈન્યનો પડાવ હોય છે, આ બધા ઉપર ચક્રવર્તિની સર્વોપરી સત્તા હોય છે, ચક્રવર્તિને ૬૪૦૦૦ રાણીઓ હોય છે, ચક્રવર્તિ રૂપ પરિવર્તન કરીને ૬૪૦૦૦ રૂપ કરી શકે છે, સ્ત્રીરત્ન પાસે હોય છે, એ સ્ત્રીરત્નમાં પણ કેટલી તાકાત હોય છે કે એક રત્નને બળવાન પુરૂષ ઘણુના ઘા કરે તો પણ એ રત્નમાં તડ ન પાડી શકે તેવું રત્ન એ સ્ત્રીરત્ન ચપટી વડે ચોળીને ચૂરો કરી ચક્રવર્તિના કપાળમાં તિલક કરે, એ સ્ત્રીરત્ન ખૂબ સ્વરૂપવાન ને અત્યંત સુકોમળ હોય છે. આ રીતે ખાવા પીવાની અને ભોગવવાની ઉત્તમમાં ઉત્તમ સામગ્રીઓનો ભોગવટો ચક્રવર્તિઓ કરે છે. એમના સુખનું શું વર્ણન કરવું? છતાં ચક્રવર્તિના સુખથી અધિક વૈમાનિક દેવોનું સુખ હોય છે.

વૈમાનિક દેવનું સુખ:–ચક્રવર્તિ કરતાં પણ અનંતગણું સુખ વૈજ્ઞાનિક દેવને હોય છે. ચક્રવર્તિ ગમે તેવા સુખી હોય પણ એને માતાના ગર્ભમાં તો આવવું પડે છે કારણ કે એ મનુષ્ય છે. જ્યારે દેવોને માતાના ગર્ભમાં આવવું પડતું નથી. અત્યંત સુંદર દેવશય્યામાં ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થતાંજ દેવો બત્રીસ વર્ષના યુવાન હોય છે. એમનું શરીર અત્યંત તેજસ્વી હોય છે, એમના શરીરે પરસેવો થતો નથી, દુર્ગંધનું તો નામ નહિ, પણ એમના શ્વાસોચ્છવાસમાં કમળના પુષ્પ જેવી ખુશ્બો નીકળે છે, એમના શરીરમાં કોઈ જાતનો રોગ ઉત્પન્ન થતો નથી, ને આપણા શરીરમાં તો નવા નવા રોગ ઉત્પન્ન થાય છે. કેવો સુંદર વસ્ત્રાલંકારોથી સજ્જ હોય છે, જ્યારે જુઓ ત્યારે યુવાન ને યુવાન હોય છે, રહેવાના વિમાનો રત્નના હોય છે, ને એ વિમાનોમાં મોટા મોટા મહેલો હોય છે તેમાં દેવો વસે છે. તે રત્નો સૂર્ય કરતાં પણ અધિક તેજસ્વી હોય છે. ને પાંચેય વર્ણના રત્નો ખૂબ રમણીય હોય છે. તેનો સ્પર્શ પણ સુંવાળો હોય છે. ત્યાં રત્નોનો એટલો પ્રકાશ હોય છે કે અંધારૂં હોતું નથી. ત્રણે ઋતુ આનંદકારી હોય છે.

ખાવાની ઇચ્છા થાય ત્યારે સારામાં સારા સ્વાદિષ્ટ શુભ પુદ્ગલો તેમની સામે આવી જાય છે ને રૂપરૂપના અંબાર જેવી દેવાંગનાઓ સાથે ઇચ્છિત સુખો ભોગવે છે. એ સુખમાં પલ્યોપમ અને સાગરોપમનું આયુષ્ય પૂરૂં થઇ જાય છે તો પણ એને ખબર પડતી નથી. ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષી દેવો પણ આટલા સુખી હોય છે. તો વૈમાનિક દેવોનું સુખ તો તેમનાથી પણ અધિક હોય છે. તેમને કમાવાની કે ગુમાવાની

કંઇ ચિંતા નથી. એક નાટક જોતાં પણ અબ્બે હજાર વર્ષો વ્યતિત થઇ જાય તો પણ તેને ખબર પડતી નથી. મનુષ્ય જો એવું દેવતાઇ નાટક જુવે તો છ મહિના સુધી ઉભો ને ઉભો રહે તો પણ તેને ભૂખ–તરસ કે થાક લાગે નહિ. એવા અદ્‌ભુત દેવતાઇ નાટક હોય છે. આવું વૈમાનિક દેવોનું સુખ હોય છે.

ઇન્દ્રનું સુખ:– ઉપર કહ્યા પ્રમાણે દેવોનું સુખ હોય છે. તો દેવોના માલિક ઇન્દ્રને તો તેમનાથી પણ અધિક સુખ હોય છે. ઇન્દ્રો લાખો વિમાનોના સ્વામી હોય છે. ઇન્દ્રના આત્મરક્ષક દેવો લાખ્ખોની સંખ્યામાં હોય છે. હજારો તેના સામાનિક દેવો હોય છે ને અત્યંત મનોહર સ્વરૂપવાન ઇન્દ્રાણીઓ હોય છે. અસંખ્યાતા દેવો ઉપર એમનો હુકમ ચાલે છે. ઇન્દ્રની ઋદ્ધિ–સિદ્ધિ અને સમૃધ્ધિનો પાર હોતો નથી. સામાન્ય દેવો કરતાં ઇન્દ્રની તાકાત અધિક હોય છે. એનો વૈભવ ને એનુ સામર્થ્ય અનુપમ હોય છે તેઓ અત્યંત તેજસ્વી અને યશસ્વી હોય છે. તેમનું સર્વ સુખ અદ્‌ભુત અને અવર્ણનીય હોય છે. છતાં તેનાથી સર્વાર્થસિધ્ધ વિમાનના દેવોનું સુખ વિશેષ હોય છે.

સર્વાર્થસિધ્ધ વિમાનના દેવોનું સુખ:– ઇન્દ્રો કરતાં પણ સર્વાર્થસિધ્ધ વિમાનના દેવોના સુખ અત્યંત હોય છે. સંસારિક સુખમાં જોઇએ તો સર્વાર્થસિધ્ધ વિમાનના દેવોને સૌથી વધુ સુખ હોય છે. તેમનાથી વધારે સુખ કોઈ સંસારી આત્માઓને હોતું નથી. નીચેના કલ્પવાસી દેવોને ઈર્ષ્યા આદિના કારણે પણ દુઃખ હોય છે. તેવું દુઃખ સર્વાર્થસિધ્ધ વિમાનના દેવોને હોતું નથી. તેત્રીસ સાગરોપમના આયુષ્યકાળમાં તેમને કદી દુઃખ હોતું નથી. એ તો નવતત્વ અને છ દ્રવ્યના ચિંતનમાં મશગુલ રહે છે ને "अप्पवियारा अणंतसुही" તેઓ અલ્પ વિકારવાળા ને અનંત સુખી હોય છે. આવા સર્વાર્થસિધ્ધ વિમાનના દેવો કરતાં ભગવાને વધુ સુખી કોને કહ્યા છે–एगंतसुही मुणीवीतरागी

વીતરાગ પ્રભુની આજ્ઞાનું પાલન કરનારા પાંચ મહાવ્રતધારી મુનિ સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો કરતાં પણ અનંતગણા સુખી હોય છે. વીતરાગી સંતનું સુખ સર્વાર્થસિધ્ધ વિમાનના દેવોના સુખ કરતાં ચઢી જાય છે. ને આ બધાના સુખ કરતાં અનંતગણું સુખ મુક્તિમાં બિરાજતા સિધ્ધભગવંતોને હોય છે. ચારે પ્રકારના દેવોનું ત્રણેયકાળનું સમસ્ત સુખ ભેગું કરવામાં આવે ને તેને અનંતગણું કરવામાં આવે અને તેનો અનંતીવાર વર્ગ કરવામાં આવે આટલું ભેગું થયેલું સુખ પણ સિધ્ધ ભગવાનના સુખોની તુલના કરી શકતું નથી. જગતમાં એવું એક પણ સુખ નથી કે જેની સાથે સિદ્ધ ભગવાનના સુખની ઉપમા આપી સમજાવી શકાય.

દેવાનુપ્રિયો! તમે સાંભળ્યું કે સંસારના એકેક સુખો એકેકથી કેવા ચઢીયાતા છે! એ સુખોનું વર્ણન સાંભળીને તમને મોઢામાં પાણી આવી જશે કે આવું સુખ મને કયારે મળે? પણ એવી ભાવના જાગે છે કે સિદ્ધના સુખ કયારે મેળવું કે સાધુપણાનું

સુખ કયારે મેળવું? સિદ્ધ ભગવાનના સુખની પ્યાસ જાગશે ત્યારે તમે પ્રભુને એવી પ્રાર્થના કરશો કે–

મુક્તિપુરીના સ્વામી સાંભળો અરજ અમારી, દેખાડો નગરી તમારી અમને (૨)
ખૂબ ભમ્યા અમે આ જંગલમાં, આશ લઇને એક જ મનમાં,
મળશે કદી ના કદી મીઠો વિસામો (૨) છોડી દેશું ત્યારે સઘળો ઉધામો,
થાકયા અમે તો હવે આશ કૃણી ના અમારી, દેખાડો નગરી તમારી અમને (૨)

હે પ્રભુ! આ સંસારથી અમે હવે થાકયા છીએ. અમને તમારી નગરી બતાવો. મુક્તિનગરીમાં જવા માટે ત્યાગમાર્ગ અંગીકાર કરવો પડશે. ત્યાગ વિના ત્રણું કાળમાં સિદ્ધિ થવાની નથી.

જેને સિદ્ધના સુખોની પ્યાસ જાગી છે તેવા જમાલિકુમારને દીક્ષાની આજ્ઞા આપી.

तए णं ते कोडुंबियपुरिसा जमालिस्स खत्तियं कुमारस्स विउणाएवं वुत्ता समाणा हट्ठ-तुट्ठ करयला जाव पडिसुणेत्ता खिप्पामेव सिरिधराओ तिन्निसय सहस्साइं तहेव जाव कासवग सद्दावेन्ति। तए णं से कासवए जमालिस्स खत्तिय कुमारस्स पिउणा कोडुंबियपुरिसे सद्दाविए समाणे हट्ठ-तुट्ठे ण्हाए कय बलिकम्मे जाव सरीर जेणेव जमालिस्स खत्तिय-कुमारस्स पिया तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयल जमालिस्स खत्तियकुमारस्स पियरं जएणं विजएणं वध्धावेइ, जएणं विजएणं वध्धावित्ता एवं वयासीसदिसन्तु णं देवाणुप्पिया। जं मण करणिज्जं।।

જમાલિકુમારના પિતાએ કૌટુંબિક પુરૂષોને આજ્ઞા કરી હતી કે તમે રાજય ભંડારમાંથી ત્રણ લાખ સોનૈયા લઈને બે લાખ સોનૈયાના પાતરા અને રજોહરણ લઇ આવો ને એક લાખ સોનૈયા આપીને નાઈને બોલાવી લાવો. આવી આજ્ઞા થવાથી કૌટુંબિક પુરૂષોને ખૂબ આનંદ થયો કે અહો! અમને આ દીક્ષાના ઉપકરણો લાવવાનું સદ્‌ભાગ્ય મળ્યું. ભલે દીક્ષા ના લઇએ પણ દીક્ષા લે છે તેની સેવાનો લાભ તો લઈએ! હર્ષભેર પાતરા અને રજોહરણ લાવ્યા, ને પછી હજામને બોલાવવા ગયા. તેને લાખ સોનૈયા આપીને રાજાની આજ્ઞા કહી સંભળાવી. એને પણ ખૂબ હર્ષ થયો ને રાજા પાસે આવવા જલ્દી તૈયાર થયો. તેણે સ્નાન કર્યું, બલીકર્મ કર્યું ને પછી સારા વસ્ત્રાલંકારો પહેરી શરીરને શણગારીને જ્યાં જમાલિકુમારના માતા-પિતા છે ત્યાં આવ્યા, ને તેમને હાથ જોડીને મહારાજાનો જય હો-વિજય હો-એવા મંગલશબ્દોથી વધાવ્યા ને પછી તેણે કહ્યું-મહારાજા! આપની શી આજ્ઞા છે? ફરમાવો. મારે શું કરવાનું છે? આ પ્રમાણે કહીને ઉભો રહ્યો. હવે જમાલિના માતા-પિતા નાઈને શું વાત કહેશે તે વાત અવસરે

લઈશું. (પૂ. મહાસતીજીએ આયંબીલની ઓળીનું મહત્વ શ્રીપાળરાજા અને મયણાસુંદરીનો દાખલો આપી બૂબ સુંદર રીતે સમજાવ્યું હતું). વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૮૫

આસો સુદ ૯ ને શુક્રવાર **તા. ૫-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

પરમાત્માની પાસે આપણે એ પ્રાર્થના કરવાની છે કે હે પ્રભુ! મારૂં શુદ્ધ સ્વરૂપ હું પ્રગટ કરી શકું એવી મને શક્તિ આપો. હું આ ઉત્તમ માનવજન્મ પામીને નિજસ્વરૂપ પ્રગટ કરવાની અભિલાષા રાખું છું. આપ જેમ વીતરાગી બન્યા છો તેમ મારે પણ વીતરાગી બનવું છે. આવી ભાવનાથી જો પ્રાર્થના કરશો તો જરૂર એ પ્રાર્થના ફળીભૂત થશે. શુદ્ધ ભાવથી પ્રભુને કરેલી પ્રાર્થના જરૂર ફળ આપે છે. પણ પ્રાર્થના કરતા કોઇ જાતના ફળની આકાંક્ષા ન રાખવી જોઇએ. પ્રભુની પ્રાર્થના, ગુરૂની સેવા અને ધર્મની આરાધના કોઇ પણ જાતની અભિલાષા વગર કરે છે તે વધુ ફળ આપે છે અને લાલસાથી કરાય તો ઘણું ઓછું ફળ આપે છે. કહેવત છે ને કે **"વણમાંગ્યા મોતી મળે ને માંગી મળે ન ભીખ"** માટે કોઇ પણ ધર્મક્રિયા કરો તો તેના ફળની ઇચ્છા કદી રાખશો નહિ.

બંધુઓ! જ્યારે આપણને આત્મસ્વરૂપનું ભાન થશે ત્યારે તરત સમજાશે કે અત્યારે હું વિભાવદશામાં છું. પરભાવ અને પરસ્વભાવમાં છું. આ સ્વભાવ મારો નથી. આ સ્વભાવ કર્મજન્ય છે. આ મારો અસલ સ્વભાવ નથી. આ તો નકલી સ્વભાવ છે. મારૂં અસલ સ્વરૂપ જુદું છે. આ નકલી સ્વભાવને કારણે હું દુઃખી થઇ રહ્યો છું. હું તો સત્-ચિત્ ને આનંદ સ્વરૂપ છું. નિશ્ચયનયની અપેક્ષાએ આત્મા શુદ્ધ છે. આપણામાં ને પરમાત્મામાં જરા પણ અંતર નથી અને વ્યવહારનયની અપેક્ષાએ આત્મા અશુદ્ધ છે. કારણ કે અત્યારે કર્મથી લેપાયેલો છે. એના ઉપર કર્મનો પડદો આવી ગયો છે. એટલે એનું સ્વરૂપ અવરાઇ ગયું છે. જેમકે સૂર્ય સ્વંયપ્રકાશિત છે, પણ તેના આડા વાદળા આવી જાય તો તેનો પ્રકાશ અવરાઇ જાય છે. જોરદાર પવન વાય તો વાદળા વિખરાતા વાર ન લાગે. ને વાદળા વિખરાતા સૂર્યનો પ્રકાશ પૃથ્વી ઉપર ફેલાય છે, તેવી રીતે આત્મા ઉપર રહેલા વાદળાને જો અહિંસા-સંયમ ને તપ રૂપ પ્રયત્ન દ્વારા વિખેરવામાં આવે તો આત્માનો મૂળ સ્વભાવ પ્રગટ થાય. આત્માનો મૂળ સ્વભાવ શું? બહારના કોઇ પણ નિમિત્તથી કે આભ્યંતર નિમિત્તથી જે ભાવ વર્તે છે તે આત્માનો સ્વભાવ નથી. જેમ કે પાણી સ્વભાવે શીતળ હોય છે પણ જો એને

સગડી, સ્ટવ કે ચ્યાસ ઉપર મૂકવામાં આવે તો અગ્નિના સંયોગથી શીતળ જળ પણ ઉષ્ણ બની જાય છે. પાણીમાં જે ઉષ્ણતા આવી તે પોતાના ઘરની નથી. પણ અગ્નિના ઘરની છે. તેમ આત્મામાં જે વિકારો, વિષયો ને કષાયો, રાગ અને દ્વેષ જે કંઈ દેખાય છે તે આત્માનો સ્વભાવ નથી પણ કર્મજન્ય કષાયોથી ઉત્પન્ન થયેલો નકલી સ્વભાવ છે.

આત્માને ક્રોધનું નિમિત્ત મળતાં ક્રોધી, રાગનું નિમિત્ત મળતાં રાગી, દ્વેષનું નિમિત મળતાં દ્વેષી, ભોગના સાધનો મળતાં ભોગી બની જાય છે. આ બધો સ્વભાવનિમિત્તજન્ય છે. નિમિત્તજન્ય સ્વભાવ એ આપણો નથી. પણ વીતરાગ દશા સમભાવ એ આપણો સ્વભાવ છે. એ કોઇ નિમિત્તથી પેદા થયો નથી, માટે સમભાવ એ પોતાનો સ્વભાવ છે. ક્રોધનું નિમિત્ત મળતાં ક્રોધ ન આવે, રાગનું નિમિત્ત મળતાં રાગ ન થાય, ને દ્વેષનું નિમિત્ત મળતાં દ્વેષ ન થાય ત્યારે સમજી લેજો કે હું અત્યારે મારા સ્વભાવમાં છું. આવી દશા પ્રાપ્ત કરવી એ રહેલ વાત નથી છતાં પ્રયત્ન કરીએ તો જરૂર આપણે આપણા સ્વભાવને પ્રાપ્ત કરી શકીએ. અભ્યાસ કરવાથી માનવ બધું કરી શકે છે.

अभ्यासेन स्थिरं चित्तं, अभ्यासेना निल ।
अभ्यासेन परानन्दो, अभ्यासेनात्म दर्शनम् ।।

અભ્યાસથી ચિત્ત સ્થિર થાય છે. અભ્યાસથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે. જીવને મનગમતી વસ્તું મળી ગઈ તો તેના પ્રત્યે રાગ થાય છે ને અણગમતી વસ્તું ઉપર દ્વેષ થાય છે. આ રીતે નિમિત્ત મળતાં સ્વભાવ બદલાય છે. જ્ઞાની કહે છે કે જે સ્વભાવ વારંવાર બદલાય તે સ્વભાવ આપણો નથી. એળિયાને ગમે ત્યારે વાપરો તો કડવો લાગવાનો, મરચાને ગમે ત્યારે ખાવ તો તીખું લાગશે ને સાકરને ગમે ત્યારે ખાશો તો તે મીઠી લાગવાની, કારણ કે એ એનો મૂળ સ્વભાવ છે. પણ જો એ વસ્તુઓમાં કોઇ વસ્તુનું મિશ્રણ કરવામાં આવે તો તે કડવાશ-તીખાશ ને મીઠાશમાં ફરક પડશે. જેવી રીતે સોનામાં જ્યાં સુધી બીજી કોઇ ધાતુનું મિશ્રણ હશે ત્યાં સુધી તેને અગ્નિમાં તપાવી નવસાર આદિ પદાર્થો નાંખતા તેમાંથી ધુમાડો નીકળશે ને કાળાશ દેખાશે. એ ધુમાડો કે કાળાશ એ સોનાની નથી. સોનું તો સ્વરૂપે શુદ્ધ છે. પણ બીજી ધાતુનો તેમાં ભેગ થવાથી તેમાંથી ધુમાડો નીકળે છે ને કાળાશ લાગે છે. કારણ કે એ ધુમાડો ને કાળાશ સોનાની નથી. તેજાબ અને ખાર દ્વારા તપાવતાં તપાવતાં જ્યારે સોનું શુદ્ધ થઈ જશે ત્યારે તેનું પોતાનું શુધ્ધ સ્વરૂપ પ્રગટ થશે ને એનું સાચું તેજ ઝગમગી ઉઠશે. તેવી રીતે આપણો આત્મા કર્મના ભારથી હળવો બનશે ને શુધ્ધ થશે તેમ તેમ તેનો સાચો સ્વભાવ પ્રગટ થશે. એ સ્વભાવ એટલે વીતરાગ સ્વભાવ. આત્મા અત્યારે પોતાના સ્વભાવને ભૂલી ગયો છે છતાં એ બીજે ક્યાંય ગયો નથી પણ કર્મના આવરણથી તે ઢંકાઇ ગયો છે.

ભગવાન કહે છે સ્વભાવ પ્રગટ કરવા દરરોજ દશ મિનિટ–પા કલાક આત્મસ્વરૂપનું ચિંતન કરો. જેટલી બાહ્યદૃષ્ટિ છૂટશે તેટલી અંતર્દૃષ્ટિ ખુલી જશે. પછી તો આ જગત તમને શૂન્ય લાગશે. અંદરનો વૈભવ જોશો તો બાહ્યવૈભવ તમને તણખલાતુલ્ય લાગશે. જેમણે આત્માના વૈભવને પિછાણ્યો તે ન્યાલ થઇ ગયા ને બાહ્યવૈભવમાં રચ્યાપચ્યા રહ્યા તે કંગાલ બની ગયા.

બાર ચક્રવર્તિઓમાં દશ ચક્રવર્તિઓએ બાહ્ય વૈભવ છોડીને દીક્ષા લીધી તે ન્યાલ થઇ ગયા. અનંતસુખના સ્વામી બની ગયા ને બ્રહ્મદત્ત ચક્રવર્તિએ ભોગની આસક્તિ છેવટ સુધી ન છોડી તો નરકમાં ગયા, ને સુભૂમ ચક્રવર્તિને વિચાર થયો કે હું ચક્રવર્તિ થયો. છ ખંડ તો બધાય સાધે છે, એમાં કોઇ વિશેષતા નથી. પણ હું સાતમો ખંડ સાધુ તો મારી મહત્તા વધે. તે સાતમો ખંડ સાધવા ગયો તો દરિયામાં ડૂબી ગયો. સાતમો ખંડ સાધવા જતાં સાતમી નરકે ચાલ્યા ગયા. તેના ૧૬૦૦૦ રક્ષક દેવો પણ તેને બચાવી શકયા નહિ. ત્યાં સાતમી નરકની રૌ રૌ વેદના ભોગવે છે, કાળો કલ્પાંત કરે છે પણ કોઇ તેને બચાવી શકતું નથી. માટે વિચાર કરો કે હું કોણ છું, કયાંથી આવ્યો છું ને મરીને કયાં જઇશ? મારૂં મારૂં કરીને મમતા કરી રહ્યો છું પણ સાથે શું લઈ જવાનો છું?

જીવે પરની પંચાત ઘણી કરી છે. જ્ઞાની કહે છે પરની પંચાતમાં પાવરધો આત્માની આરાધના શી રીતે કરી શકે? ઇન્દ્રિઓનો નચાવ્યો નાચ્યો છે ને પુદ્‌ગલમાં રાચ્યો છે. ઇન્દ્રિઓની ખબર લીધી છે ને એને પૂછયું છે કે તારે શું આવું છે? એ કહે તે હાજર. એને ગમે તે પ્રમાણે કરવા તૈયાર છે પણ આત્માને કોઇ દિવસ પૂછયું છે કે હે ચેતનદેવ! તને શું ગમે છે? પુદ્‌ગલને પૂછો છો તેના કરતાં આત્માને પૂછો તો તમારો ઉદ્ધાર થશે. પુદ્‌ગલના આનંદ માનો છો પણ પુદ્‌ગલનો આનંદ અને સુખ તને કયારે હાથતાળી દઇને ચાલ્યું જશે તેની ખબર નથી. માટે આત્મા પરભાવમાં રમણતા કરતો હોય, ભૌતિક સુખની ભીખ માગતો હોય ત્યારે તેને કહો કે તું અનંત ગુણોનો સ્વામી છે. તને આ ભિખારીપણું ના શોભે. પણ આજે આત્માની દશા કેવી થઇ ગઈ છે તેનો વિચાર કરો. **અનંત લક્ષ્મીનો અધિપતિ આજે કેવો ભિખારીના હાલે ભટકે છે. રવિથી પણ અધિક રળિયામણો આજે ગોબરમાં ગોથા ખાય છે. થઇ ગઇ હંસની આ શી રે ગતિ!** આવી અનંત લક્ષ્મીનો સ્વામી કદી બહાર ભટકે? કદી આવો તમને વિચાર આવે છે કે મારી દશા કેવી બગડી ગઇ છે. દરેક દ્રવ્યનિમિત્તોને ભાવમાં લાવો.

વીતરાગ દશામાં જે સુખ છે તેની આગળ દુનિયાભરનું સુખ અનંતમા ભાગે પહોંચી શકે તેમ નથી. જેમ જેમ આત્મા સ્વરૂપમાં લીન બનતો જાય છે તેમ તેમ તેને

આત્મિક સુખનો અનુભવ થતો જાય. જેટલી સંસારની સ્મૃતિ તેટલી આત્માની વિસ્મૃતિ છે. આત્માનું સાચું સુખ એટલે સ્વાભાવિક આનંદ. તે દેખી શકાય એવી વસ્તુ નથી. એ તો અનુભવે ખબર પડે.

જમાલિકુમાર આત્મિક સુખ પ્રાપ્ત કરવા માટે સંયમના માર્ગે જઈ રહ્યા છે. જેને આત્મિક સુખનો અનુભવ થાય છે તેને પુદ્ગલના પથારામાં આનંદ ન હોય. જમાલિકુમારની દીક્ષા માટેની સંપૂર્ણ તૈયારી ચાલી રહી છે. જમાલિકુમારના વાળ વડા કરવા માટે હજામને બોલાવ્યો છે. હજામ શરીરને સ્વચ્છ બનાવી અંતરને પણ સ્વચ્છ બનાવી જમાલિકુમારના માતા-પિતા પાસે આવ્યો ને તેમને જય હો....વિજય હો, એવા શબ્દો વડે વધાવી બે હાથ જોડીને કહ્યું હે દેવાનુપ્રિય ! મારે શું કાર્ય કરવાનું છે તે આપ ફરમાવો.

"तए णं से जमालिस्स खत्तियकुमारस्स पिया तं कासवगं एवं वयासी तुमं देवाणुप्पिया ! जमालिस्स खत्तियकुमारस्स परेण जत्तेणं चउरंगुल वज्जे निक्खमण पाओग्गे अग्गकेसे कप्पेहि ।"

ત્યાર પછી તે જમાલિકુમારના પિતાએ નાઇને કહ્યું-હે દેવાનુપ્રિય ! મારા લાડીલા જમાલિકુમારના અત્યંત યત્નાપૂર્વક ચાર આંગળ મૂકીને અભિનિષ્ક્રમણને (દીક્ષાને) યોગ્ય આગળના વાળ કાપી નાંખ. જમાલિકુમારના પિતાએ આ પ્રમાણે હજામને કહ્યું એટલે તે ખૂબ આનંદ પામ્યો. અહો ! હું કેવો ભાગ્યશાળી છું ! અમારા મહારાજાના કુંવર દીક્ષાના પવિત્ર પંથે પ્રયાણ કરે છે તેમના વાળ વડા કરવાનું પવિત્ર કાર્ય મારા હાથે થશે. એને ખૂબ આનંદ થયો. એ ખુશ થયેલા નાઈએ કહ્યું હે સ્વામી ! હું આપની આજ્ઞા પ્રમાણે કરીશ એમ કહીને વિનયથી તેના વચનનો સ્વીકાર કર્યો. ત્યાર પછી તેણે સુગંધી પાણી વડે હાથ-પગને ધોયા. ધોઇને શુધ્ધ આઠ પડવાળું કપડું પોતે મોઢે બાંધ્યું. શા માટે બાંધ્યું ? એનું કારણ એ છે કે જે જમાલિકુમાર દીક્ષા લેવા માટે પવિત્ર બન્યા છે તે પોતાના મુખમાંથી જે શ્વાસોચ્છવાસ નીકળે છે તે એ પવિત્ર પુરૂષને લાગે નહિ ને કોઇ જીવની હિંસા ન થાય એટલા માટે એણે આઠ પડનું શુધ્ધ કપડું બાંધ્યું ને તદ્દન નવા શસ્ત્ર લઇને તેણે જમાલિકુમારના વાળ ઉતારવા માંડયા. જેમ જેમ તેના વાળ ઉતરવા લાગ્યા તેમ તેમ જમાલિકુમાર અત્યંત આનંદ અનુભવવા લાગ્યા. માથેથી વાળનો ભાર હળવો થતાં સાથે પાપનો ભાર પણ ઉતરવા લાગ્યો.

જમાલિકુમારની માતા હંસના જેવા શ્વેત વસ્ત્રમાં પોતાના વહાલસોયા પુત્રના વાળ ઝીલે છે. અત્યારે પણ જે દીક્ષા લે છે તેના વાળ દીક્ષાર્થીની માતા ઝીલે છે. જમાલિકુમારના વાળ ઝીલતાં ઝીલતાં જેમ મોતીનો હાર તૂટે ને મોતી પડવા માંડે તેમ માતાની આંખમાંથી અશ્રુની ધાર પડવા માંડી. બસ, દીકરા ! હવે તું અમને

મૂકીને ચાલ્યો જઇશ ! એની પત્નીઓ સામે ઉભી છે. તે દરેકની આંખમાં આંસુ છે. જમાલિકુમારના વાળ હંસ જેવા શ્વેત વસ્ત્રમાં પોતાના ખોળામાં ઝીલીને સુગંધીદાર પાણી વડે ધોઇ નાંખ્યા. ધોઈને ઉત્તમ-પ્રધાન, ગંધ-માલા વડે પૂજે છે. પૂજીને શુધ્ધ કિંમતી વસ્ત્ર વડે બાંધે છે, બાંધીને રત્નના કરંડીયામાં મૂકે છે. ત્યાર પછી તે જમાલિકુમારની માતા હાર, પાણીની ધારા, સિંદુવારના પુષ્પો અને તૂટી ગયેલી મોતીની માળા જેવા પુત્રના વિયોગથી દુઃસહ આંસુ સારતી આ પ્રમાણે બોલી કે આ કેશો અમારા માટે ઘણી તિથિઓ, પર્વણીઓ, ઉત્સવો, યજ્ઞો અને મહોત્સવોમાં જમાલિકુમારના વારંવાર દર્શન રૂપ થશે એમ ધારીને તેને સાચવીને મૂકે છે.

આ રીતે જમાલિકુમારના વાળ વડા કરવાની વિધિ પૂરી થઇ. હવે શું વિધિ કરશે તે વાત અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૮૬

આસો સુદ ૧૦ ને શનિવાર **તા. ૬-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો !

જમાલિકુમાર શાશ્વત સુખ પ્રાપ્ત કરવા માટે સંસાર છોડી સંયમી બને છે. એમને એક વાત સમજાઇ ગઇ કે જે સુખ ભોગવ્યા પછી તેની પાછળ દુઃખ ઉભેલું હોય તો તે સાચું સુખ નથી. પલ્યોપમ અને સાગરોપમના કાળ સુધી સુખ ભોગવ્યા પછી પણ જો દુઃખ ભોગવવાનો વખત આવે તો જ્ઞાની પુરૂષો તેને વાસ્તવિક સુખ માનતા નથી. આજે આત્મસ્વરૂપની પિછાણના અભાવે મનુષ્યો એક નજીવા મધુબિંદુની ઉપમાવાળા ક્ષણિક સુખમાં આસકત બની જાય છે અને પરિણામે તેને નરક અને નિગોદમાં ઘોર દુઃખો ભોગવવા પડે છે.

સંસારના કોઈ ઇન્દ્રિયજન્ય સુખો એવા નથી કે જે પરિણામે સુખરૂપ હોય. અતિન્દ્રિય એવું આત્મિક સુખ પરિણામે સુખરૂપ છે. વિષયજન્ય સુખ તો શરૂઆત પૂરતું મધુર છે ને પરિણામે અતિ દુઃખકર છે. તમે પરિણામનો વિચાર કરો તો વિષય-સુખમાં તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયા વિના રહેશે નહિ. પાંચેય ઇન્દ્રિઓના વિષયો જો કે સેવન કરવાના સમયે શરૂઆતમાં ક્ષણ પૂરતો તમારી માન્યતા પ્રમાણે આનંદ આપનારો છે. પણ પાછળથી કિંપાકવૃક્ષના ફળના ભક્ષણની જેમ અતિ દુઃખદાયક નીવડે છે. કિંપાક વૃક્ષના ફળ દેખાવમાં અતિ સુંદર હોય છે. ખાવામાં સ્વાદિષ્ટ હોય છે. સુગંધયુકત પણ હોય છે. પણ એને ખાધા પછી માત્ર બે ઘડીમાં ખાનારના પ્રાણ ઉડી જાય છે. તેમ ઇન્દ્રિયજન્ય વિષયો પણ શરૂઆતમાં અતિ સુંદર હોય છે. જગત આખું તેમાં

ગુંચાઈ રહેલું છે પણ તેના તે તે વિષયો કિંપાકના ફળની જેમ પરિણામે અતિ ક્રૂર હોય છે. માટે સજ્જનો તેનો દૂરથી ત્યાગ કરે છે. જે વિષયોથી ચિત્ત વિહ્વલ ને આકુળ-વ્યાકુળ બને તેમાં સુખ કેવી રીતે માની શકાય? બે ઘડીના સત્સંગથી, ઇષ્ટના સ્મરણથી ચિત્ત કેવું પ્રસન્ન બની જાય છે! ચિત્તની પ્રસન્નતા તે સાચું સુખ છે. આકુળતા-વ્યાકુળતામાં સાચું સુખ નથી.

જમાલિકુમાર એ સુખોને શેરડીના કૂચાની જેમ તુચ્છ ગણીને છોડી દેવા તૈયાર થયા છે. છેક સુધી વૈરાગ્યભાવમાં અડગ રહ્યા તો અંતે તેમની જીત થઇ. માતા-પિતાને આજ્ઞા આપવી પડી અને નાઈને બોલાવી જમાલિકુમારના વાળ વડા કરાવે છે. તે વખતે જમાલિકુમારના મુખ ઉપર સંસારના વિજયનો આનંદ છે. જેને જે માર્ગે જવું હોય તે માર્ગે જવાનું મળી જાય એટલે એના આનંદનો પાર નથી રહેતો. જમાલિકુમારનું મુખડું મલકાય છે. જ્યારે એની માતાએ નાઈએ ઉતારેલા વાળ રત્નજડિત શ્વેત વસ્ત્રમાં ઝીલ્યા, ને ઉપર કિંમતી દ્રવ્યો નાંખીને સુગંધિત કરેલા જળથી ધોઇ રત્નના કરંડીયામાં મૂકયા ત્યાં સુધી તો તેણે હિંમત રાખી પણ પછી તો મોતીની માળા તૂટી જાય તેમ તેની આંખમાંથી અશ્રુધાર થઇ, ને બોલી, બેટા! આ તારા વાળને અમે મોટા દિવસોમાં જોઇને તને યાદ કરીશું. આમ તો તું રોજ અમને યાદ આવશે પણ પર્વના દિવસોમાં વધુ યાદ આવશે. ત્યારે અમે તારા વાળને જોઇને આનંદ પામીશું. બધા રડે છે પણ જમાલિકુમારના મુખ ઉપર આનંદનો પાર નથી. જાણે મોટો વિજય મેળવ્યો ન હોય એવો એને આનંદ છે.

આજે વિજયાદશમીનો પવિત્ર દિવસ છે. જમાલિકુમારે માતાને બૂઝ સમજાવીને પોતાના ધ્યેયની સિદ્ધિ કરવાનો વિજય મેળવ્યો. આજે મનુષ્ય પોતાનો વિજય થાય ત્યાં આનંદ માને છે પણ એ વિજય શેનો છે? માનો કે કોર્ટમાં એક કેસ ચાલતો હોય તેમાં પોતાની જીત થાય તો માણસ માને છે કે મારો વિજય થયો. બે વ્યકિત વચ્ચે ઝઘડો થયો ને બીજાએ નમતું મૂકી દીધું તો સામી વ્યકિત માને છે કે મારો વિજય થયો. બે ભાઇના મળીયારા વહેંચાતા હોય તેમાં એક ભાઇ ઇચ્છે કે અમુક વસ્તુ તો મારા ભાગમાં આવવી જ જોઇએ. ગમે તેમ કરીને એ વસ્તુ પોતાને મળી જાય તો માને છે કે મારો વિજય થયો. કોઇ રાજા બીજા રાજા ઉપર જીત મેળવી લે તો માને છે કે મારો વિજય થયો, પણ ભગવાન કહે છે કર્મશત્રુઓ ઉપર વિજય મેળવે તો સાચો વિજય મેળવ્યો છે, જ્યાં સુધી કર્મો ઉપર વિજય નહિ મેળવો, ઇન્દ્રિયો અને કષાયો ઉપર વિજય નહિ મેળવો ત્યાં સુધી સાચો વિજય નથી મેળવ્યો.

આજે દશેરાનો દિવસ છે. આ દિવસને વિજયાદશમી પણ કહે છે. આમ તો દરેક તિથિ મહિનામાં બે વખત આવે છે, તેવી રીતે દશમ પણ મહિનામાં બે વખત

આવે છે. પણ આજની દશમની આગળ 'વિજય' શબ્દ મૂકવામાં આવ્યો છે. એટલે તેને વિજયાદશમી કહેવામાં આવે છે. બધી દશમ કરતાં આજની દશમના દિવસનું મહત્ત્વ વધારે છે. આ દશમ વર્ષમાં એક વખત આવે છે. આજના દિવસે રામચંદ્રજીએ લંકાના અધિપતિ રાવણ ઉપર વિજય મેળવ્યો હતો. એટલે તેને વિજયાદશમી કહેવામાં આવે છે. બધા દિવસો કરતાં પર્વના દિવસોનું વિશેષ મહત્વ હોય છે. જેમ પર્યુષણના દિવસોમાં જૈનોને આનંદ હોય છે, હોળીમાં ક્ષુદ્રોને આનંદ હોય છે, નાતાલમાં ક્રીશ્ચનોને આનંદ હોય છે, રમઝાન મહિનામાં મુસ્લીમોને આનંદ હોય છે તેમ દશેરાને દિવસે ક્ષત્રિઓને આનંદ હોય છે.

રામે રાવણ ઉપર વિજય મેળવ્યો હતો. રામ અને રાવણ બંને એક રાશીના નામ છે પણ બંનેના ગુણમાં ફેર છે. રાવણની પાસે ખૂબ સમૃદ્ધિ, મોટું વિશાળ સૈન્ય ને ખૂબ શક્તિ હતી. રામની પાસે રાવણ જેટલું સૈન્ય ન હતું પણ ધર્મ–ન્યાય–નીતિ અને સદાચારનું અગાધ બળ હતું. તેના પ્રભાવથી રામે જંગલમાં વસવા છતાં પણ મહાન સમૃદ્ધશાળી બળવાન રાવણ ઉપર ને રાવણની આસુરી પ્રકૃતિઓ ઉપર વિજય મેળવ્યો હતો. તો જ્ઞાની કહે છે હે જીવો! તમે પણ વિજયાદશમીના દિવસે વિજય પ્રાપ્ત કરો. બાહ્યવિજય તો જીવે ઘણી વખત મેળવ્યો છે પણ આભ્યંતર વિજય મેળવ્યો નથી. બાહ્યવિજય માટે પણ ધૈર્ય અને શક્તિની જરૂર પડે છે. તો આભ્યંતર વિજય માટે પણ આધ્યાત્મિક બળ અને શક્તિની જરૂર છે, તો આ મનુષ્યભવ પ્રાપ્ત કરીને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી, ધર્મ ઉપર શ્રદ્ધા કરી, મોહ અને મિથ્યાત્વરૂપી અંધકારને દૂર કરી કર્મરૂપી શત્રુઓને જીતવા તેનું નામ સાચો વિજય છે. આ વિજયા-દશમીના દિવસે રામે રાવણ ઉપર વિજય મેળવ્યો હતો તો આપણે કયા રાવણ ઉપર વિજય મેળવવો છે?

એક કવિએ કહ્યું છે કે:

"સંસાર સાગરકે અંદર કર્મરૂપ અબથબ પાની,
ભ્રમ રૂપ પડે ભ્રૅંવર ઇસીમેં ડુબ જાત જહાં જગ પ્રાણી,
તીન દંડ ત્રિકૂટ દ્વીપ હે લાલચ લંકા બંકે બણી,
મહામોહ રત્નશ્રવા નામક રાક્ષસ રાજા ઇસમેં ધણી,
કેલાસ કેકસી રાણી હૈ ઉસકી અકલદાર સમજો જહારી,
ધર્મ દશહરા કર લો ઉમંગે મિથ્યા મોહ રાવણ મારી."

બંધુઓ! જેમ સમુદ્રમાં ભરપૂર પાણી હોય છે ને તેમાં મોજા ઉછળે છે તેમ જ્ઞાની કહે છે કે આ સંસારમાં કર્મરૂપી પાણી ભરપૂર ભરેલું છે, દુનિયાના દરેક જીવો કર્મરૂપી જળમાં ડુબી રહ્યા છે. જેમ સમુદ્રમાં ભૅંવર ઉઠે છે તેમ આ સંસારરૂપી સમુદ્રમાં

ભ્રમ-શંકા રૂપી મોટા મોટા ભમર છે. મિથ્યા ભ્રમ જીવને સાચી શ્રધ્ધા થવા દેતો નથી. સ્વર્ગ હશે કે નહિ હોય, ધર્મ એ હુંબક છે, નરકમાં આવા ભયંકર દુઃખો રહેલા છે એમ બધા કહે છે તે સાચું હશે કે ખોટું? માણસો ફેગટ ડરે છે. આવા ભ્રમરૂપી ભૅવરો સંસારસમુદ્રમાં રહેલા છે. તેમાં જે દૃઢધર્મી આત્માઓ છે તે કસોટીના સમયે સ્થિર રહી શકે છે. જે આત્માઓને ધર્મની શ્રદ્ધા હોતી નથી તેઓ સંસારસમુદ્રમાં ડૂબી જાય છે.

જેમ સમુદ્રમાં દ્વીપ હોય છે તેમ અહીં પણ દંડત્રિકુટદ્વીપ છે તે કયો છે? મન-વચન અને કાયા એ ત્રણ દંડ છે. તત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે-કાય વાઙ્ મનઃ કર્મયોગઃ કોઇ જીવ મનથી કર્મ બાંધે છે, કોઇ વચનથી ને કોઇ કાયાથી બાંધે છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિએ મનથી કર્મ બાંધ્યા પણ ભાનમાં આવ્યા તો મનથી ને મનથી કર્મના ભૂક્કા ઉડાવી નાંખ્યા. તમે અહીં ધર્મસ્થાનકમાં બેઠા છો, સામાયિકમાં બેઠા છો, વ્યાખ્યાન સાંભળો છો પણ મનમાં જો અશુભ વિચારો ચાલતા હશે તો કર્મ બંધાય. કોઇ ખરાબ વચન બોલી જાય ને બીજાના મનમાં દુઃખ થાય તેથી પણ કર્મ બાંધે છે ને કોઇ કાયાથી હિંસાદિ પાપ કરીને કર્મ બાંધે છે એટલે અહીં આધ્યાત્મિક દૃષ્ટિથી મન-વચન-કાયારૂપ ત્રિદંડને ત્રિકૂટ કહેવામાં આવે છે.

લંકાનગરી કઇ છે? રાવણની લંકા સોનાની હતી. આધ્યાત્મિક ક્ષેત્રમાં લાલચરૂપી લંકા છે. હવે લંકાનો રાજા કોણ હતો? આમ તો લંકાનો રાજા રાવણ હતો. એના પિતા પણ લંકાના રાજા કહેવાય ને? તો રાવણના પિતાનું નામ શું હતું તે જાણો છો? રાવણનું નામ પ્રખ્યાત છે. એના પિતાનું નામ રત્નસવા હતું. આધ્યાત્મિક લાલચરૂપી લંકામાં રત્નસવા નામનો મહા મોહરૂપી રાક્ષસ રાજ્ય કરે છે. ને રાવણની માતાનું નામ કૈકસી હતું. તો અહીં કલેશરૂપી કૈકસી રાણી છે. જ્યાં મહામોહ રહે છે ત્યાં કલેશ પણ રહે છે. મોહ એટલે અજ્ઞાન. મોહને કારણે મનુષ્ય વસ્તુના યથાર્થ સ્વરૂપને સમજી શકતો નથી ને અજ્ઞાનના કારણે જ્યાં જુઓ ત્યાં રાગ, દ્વેષ, કલેશ અને કંકાસ હોય છે. ગમે તેટલું ધન હોય, સાહ્યબી હોય પણ એ ધનનો મોહ રાખવો તે જીવનું અજ્ઞાન છે. એના પ્રત્યે મોહ થયો તો ભાઇ-ભાઇ વચ્ચે કલેશ થયા છે. એટલા માટે જ્ઞાની કહે છે જ્યાં મોહ-અજ્ઞાન છે ત્યાં કલેશ છે. તેમ લાલચરૂપી લંકામાં મહા મોહ રાજાની સાથે કલેશરૂપી કૈકસી રાણી રહે છે. હવે એના દીકરા કેટલા છે? રત્નસવા રાક્ષસને કેટલા પુત્ર છે?

મિથ્યા મોહની ઉસકા ફૂર્જંદ દસ મિથ્યા દસ આનન હૈ!
વીસ આશ્રવકી ભુજા હૈ ઉસકે કપટ વિદ્યા કી આનન હૈ!
સમ્યક્ત્વ મોહની વિભીષણ દૂજા નંદન સો કુછ હૈ ન્યાયી
મિશ્ર મોહનીય કુંભકર્ણ એ, લચપિય બાત હૈ આધિકાઇ
મહા મોહ કે એ તિન નંદન, સમજો સુગુણા નરનારી!

રત્નસવાને ત્રણ પુત્રો હતા. તે રાવણ-વિભીષણ અને કુંભકર્ણ. અહીં એ પુત્રોને મિથ્યાત્વ મોહનીય, સમ્યક્‌ત્વ મોહનીય ને મિશ્ર મોહનીયની ઉપમા આપી છે. એ મહામોહનો સૌથી મોટો પુત્ર મિથ્યાત્વ મોહનીય રૂપ રાવણ છે. રાવણના દશ મુખ હતા ને? તેમ આ મિથ્યા મોહનીય રૂપી રાવણના પણ દશ મુખ છે તે કયા? જીવને અજીવ માનવો તે, અજીવને જીવ માનવો તે, ધર્મને અધર્મ માનવો તે, અધર્મને ધર્મ માનવો તે, સાધુને કુસાધુ માનવા તે, કુસાધુને સાધુ માનવા તે, આઠ કર્મથી મૂકાણા છે તેને નથી મૂકાયા તેમ માનવું અને આઠ કર્મોથી નથી મૂકાણાં તેમને મૂકાણા માનવા તે આદિ દશ પ્રકારના મિથ્યાત્વરૂપી જેના દશ મુખ છે તેવા મિથ્યાત્વ મોહનીયરૂપી દશ મુખવાળા રાવણ છે. હવે જેના દશ મુખ છે તેની ભુજાઓ પણ વીશ હોય છે. એ વીશ ભુજાઓ કઈ છે?

બંધુઓ! જ્યાં મિથ્યાત્વ હોય છે ત્યાં આશ્રવ પણ હોય છે. આશ્રવ એટલે જ્યાંથી પાપરૂપી પાણીનો પ્રવાહ આત્મારૂપી તળાવમાં આવે છે તેનું નામ આશ્રવ છે, એ, આશ્રવના વીસ ભેદ છે. એ વીશ ભેદરૂપી મિથ્યાત્વ મોહનીયરૂપ રાવણને વીશ ભુજાઓ છે. રાવણ ખૂબ માયાકપટ કરનારો હતો. એને કોઇ સાચું કહેવા જાય તો પણ સાચું માનતો ન હતો. જેમ મિથ્યાત્વ મોહનીય હોય ત્યાં સુધી જીવને વસ્તુના યથાર્થ સ્વરૂપનું ભાન થવા દેતું નથી તેમ આ મિથ્યાત્વ મોહના કારણે જીવ અનાદિકાળથી સંસારમાં રખડે છે. રાવણ સીતાને હરણ કરીને લાવ્યો ત્યારે એને વિભીષણે ખૂબ કહ્યું કે ભાઈ! તમે રામને સીતા પાછી સોંપી દો. તમે ગમે તેમ કરશો પણ સીતા મહાન સતી છે. એ ત્રણ કાળમાં શીયળ ખંડન નહિ કરે, પણ રાવણને સત્ય વાત સમજાઇ નહિ ને અંતે રામ-રાવણ વચ્ચે યુદ્ધ થયું. રાવણ સહિત આખી લંકા રાખમાં રોળાઇ ગઇ.

હવે બીજો પુત્ર વિભીષણ હતો. વિભીષણ સમ્યક્‌ત્વ મોહનીય જેવો હતો, જેમ સમ્યક્‌ત્વ મોહનીય માનવને સત્કાર્યો કરવાની, સાચા રાહ પર ચાલવાની પ્રેરણા આપે છે તેમ વિભીષણ ન્યાયમાર્ગે ચાલનારો હતો. જ્યારે જ્યારે રાવણ ભાન ભૂલી જતો, મહામોહમાં અટવાઇ જતો ત્યારે સાચેસાચું કહી દેતો. સીતાને રાવણ ઉપાડી લાવ્યો ત્યારે રાવણ મોટો ભઈ હોવા છતાં એણે સત્ય વાત કહી દીધી કે ભાઇ! પારકી સ્ત્રીને ઉઠાવીને પોતાના ઘરમાં લાવવી એ મહાન પાપ છે. આ તમને શોભતું નથી. હજુ પણ સીતા રામને સોંપી દેશો તો તેની સાથે ભાઇ જેવો પ્રેમ થશે. જો નહિ સમજો તો તમારો વિનાશ થશે. એમ નગ્ન સત્ય કહી દીધું. તેમ સમ્યક્‌ત્વ-મોહનીય પણ જીવને સાચા માર્ગે જવાની પ્રેરણા આપે છે પણ મોહને કારણે જીવને સાચી સમજ પડતી નથી.

હવે ત્રીજો ભાઇ કુંભકર્ણ. એ મિશ્ર મોહનીય જેવો છે. મિશ્ર મોહનીય એ ખોટાને પણ સાચું માને છે, ને સાચાને પણ સાચું માની લે છે, પણ એમાં સાચું શું

છે તે સમજી શકતો નથી. જે તરફ જાય તે તરફ ઢળી પડે છે. કુંભકર્ણ રાવણ પાસે જાય ત્યારે રાવણને સારૂં લગાડતો ને વિભીષણ પાસે જાય ત્યારે વિભીષણને સારૂં લગાડતો. વિભીષણ કહે કે મોટા ભાઈએ સીતાને પાછી આપી દેવી જોઈએ. તો કહે હા, સાચી વાત છે. ને રાવણ પાસે જાય ત્યારે કહેતો હતો કે ના સીતાને પાછી નહિ સોંપવી. આ રીતે બંનેને સારો રહેતો પણ સાચી વાત કહી શકતો નહિ. રાવણની પત્ની અને મંદોદરી કોણ હતાં તે કવિ કહે છે–

પરપંચ નામ મંદોદરી નામે મિથ્યામોહ રાવન રાની,
વિષય ઇન્દ્રજીત અહં મેઘવાહન, મિથ્યા રાવન કે સુખદાની,
કુમતિનામ ચંદ્રનખા બહન હૈ, કઠીન ક્રોધ ખરકે વ્યાહી
દૂષણ દૂષણતીન શલ્ય ત્રિશીરા, એ દોનુ હી ઉસકે ભાઇ
સંજ્જવલ તિક ચંદ્રનખા, શંબુકકછ એક આયો હુશિયારી

રાવણની પત્નીનું નામ મંદોદરી હતું. મિથ્યાત્વ મોહનીયની પત્નીમાં માયા અથવા પ્રપંચ હોય છે. રાવણને બે પુત્રો હતા. એકનું નામ ઇન્દ્રજીત અને બીજો મેઘવાહન. રાવણને ખૂબ અભિમાન હતું કે મારો મોટો દીકરો ઇન્દ્રજીત એવો પરાક્રમી છે કે મોટા ઇન્દ્રને પણ પળવારમાં જીતી લે અને મેઘવાહન તો મેઘ જેમ ગર્જના કરે છે તેમ શત્રુઓની સામે ગર્જના કરવામાં ખૂબ હોંશિયાર. મિથ્યાત્વ મોહનીય રૂપ રાવણના બે સંતાન છે. એક વિષય ને બીજો અહંકાર.

બંધુઓ ! આજે દુનિયામાં વિષયની ભૂખ વધતી જાય છે. જેને ખાવાના ઠેકાણા નથી હોતા તેઓ પણ વિષયવાસના છોડતા નથી. વિષયલંપટ મનુષ્યો કોઇની પરવા નથી કરતા. મિથ્યામોહનો પુત્ર વિષયવિકાર છે ને બીજો અહંકાર છે. જેને એમ લાગે છે કે હું દુનિયામાં કંઇક છું. મારા સમાન કોઇ નથી. આવો અહંભાવ આવે છે ત્યારે બીજા કોઈની પરવા કરતો નથી. ને પોતાની મોટી ગર્જના આગળ નાનાનો અવાજ સાંભળતો નથી. માટે વિષય અને અહંકાર એ બે મિથ્યાત્વ મોહના સંતાનો છે. હવે રાવણની બહેનનું નામ ચંદ્રનખા હતું. તેના સૂપડા જેવા મોટા મોટા નખ હોવાથી તેને શુપર્ણખા પણ કહે છે. એ શુપર્ણખાએ રાવણને કુબુદ્ધિ આપી હતી. એ કઇ રીતે આપી. રાવણને તેણે ભમાવ્યો હતો, એ તમે જાણો છો ?

શૂપર્ણખાને શંબુક નામનો પુત્ર હતો. એક વખત તેના મામા રાવણને ત્યાં ગયેલો, ત્યાં તેણે સૂર્યહંસ નામનું ખડ્ગ જોયું, તે જોઇને તેને એવુ ખડ્ગ પ્રાપ્ત કરવાની ખૂબ ઇચ્છા થઇ. એટલે તેણે ઘેર આવીને તેના માતા-પિતાને વાત કરી કે મારે આવું ખડ્ગ પ્રાપ્ત કરવું છે. શૂપર્ણખાએ તેમજ તેના પિતા ખરે કહ્યું બેટા ! તારા મામા તો પ્રતિવાસુદેવ છે. એમને એ ખડ્ગ સહેજે પ્રાપ્ત થયું છે. પણ તારે એને પ્રાપ્ત

કરવા માટે બાર વર્ષ સુધી સાધના કરવી પડશે. બાર વર્ષ સુધી એકાસણા કરીને ઉંધે મસ્તકે લટકવું પડશે. માટે આપણે એની શી જરૂર છે? પણ શંબૂક ન માન્યો ને સૂર્યહંસ ખડ્ગની પ્રાપ્તિ માટે સાધના કરવા જંગલમાં ચાલ્યો ગયો. ખૂબ ગીચ ઝાડીમાં જઇને ઉંધે મસ્તકે લટકીને સાધના શરૂ કરી દીધી. દરરોજ તેની માતા શૂપર્ણખા એને જમાડવા માટે જંગલમાં જતી હતી. શંબૂક જંગલમાં રહેતો હતો. આ રીતે શંબૂક સૂર્યહંસ ખડ્ગ પ્રાપ્ત કરવા માટે સાધના કરતો હતો.

જ્યારે માણસને કંઇ પણ કાર્ય કરવાની લગની લાગે છે તો તેમાં તેને થાક લાગતો નથી. સૂર્યહંસ ખડ્ગ પ્રાપ્ત કરવા માટે શંબૂક ઉંધે મસ્તકે કેવી સાધના કરે છે! તે પણ ૨૦ દિવસ કે મહિનો નહિ પણ બાર બાર વર્ષો સુધી એકધારી સાધના કરવાની. ત્યાં જરા પણ થાક કે કંટાળો આવે છે? તમને દુકાનમાં કૂલ ઘરાકી હોય તે વખતે ઉભા ઉભા કલાકો સુધી માલ બતાવ્યે જ જાવ, ત્યાં જરા પણ થાક કે કંટાળો આવે છે? પહેલાં તો બેઠા બેઠા રસોઈ કરવાની હતી. પણ આ જમાનામાં તો મોટા ભાગના ઉભા રસોડા થઇ ગયા. કલાક-દોઢ કલાક સુધી ઉભા ઉભા રસોઈ કરતાં બહેનોને થાક લાગે છે? "ના." ત્યાં જરાય થાક નથી લાગતો. કારણકે બહેનોને ઉભા રસોડાનો શોખ હોય છે. પણ અમે કહીએ કે બહેનો! તમે ઉભા ઉભા પ્રતિક્રમણ કરો. તો કહેશે "ના" મહાસતીજી એટલી બધી વાર ઉભા રહીએ તો પગ દુઃખી જાય. અહીં પગ દુઃખી જાય ને ત્યાં ઉભા ઉભા ૬૦ રોટલી કરતાં પણ પગ ના દુઃખે. આ શું બતાવે છે કે જીવને જ્યાં રસ છે ત્યાં થાક વાગતો નથી.

શંબૂકની બાર વર્ષની સાધના પૂરી થવા આવી હતી. આ તરફ દશરથ રાજાની આજ્ઞા થતાં રામ વનવાસ આવતાં તેમની સાથે લક્ષ્મણ ને સીતાજી પણ આવ્યા છે. એટલે રામ-લક્ષ્મણ અને સીતાજીની ત્રિપુટી જંગલમાં આવી હતી. વનમાં પર્ણકૂટી બાંધીને આનંદથી રહેતા હતા. શંબૂકની સાધનાનો છેલ્લો દિવસ હતો. તેની સાધનાથી સૂર્યહંસ ખડ્ગ આવીને પડયું હતું. તે ખૂબ ચકમકતું તેજસ્વી દેખાતું હતું. તે દિવસે કુદરતને કરવું કે લક્ષ્મણજી ફરતા ફરતા ત્યાં આવી પહોંચ્યા ને અચાનક તેમની દૃષ્ટિ પેલા ખડ્ગ ઉપર પડી. ત્યારે લક્ષ્મણજીને થયું કે આ શું ઝગમગ થાય છે? લાવને જોઉં, શું છે? એને લેવા માટે હાથ લંબાવ્યો. લક્ષ્મણ વાસુદેવ હતા એટલે હાથ લંબાવતાની સાથે ખડ્ગ તેના હાથમાં આવી ગયું, આ પણ ભાગ્યની વાત. છે ને કે જેને માટે શંબૂક બાર બાર વર્ષથી સાધના કરી રહ્યો હતો ને હાથમાં આવી ગયું લક્ષ્મણને. ખડ્ગ હાથમાં આવ્યું એટલે લક્ષ્મણના મનમાં વિચાર થયો કે આવું તેજસ્વી ખડ્ગ છે પણ કેવું ચાલે છે જોઉં તો ખરો! એટલે એમણે ખડગ હાથમાં લઇ પાસે રહેલી ઝાડી ઉપર ઝાટકો માર્યો. એ ગીચ ઝાડીમાં

અંદર કોણ છે તે ખબર પડે તેમ ન હતું. અંદર શૂંબૂક ઉંધે મસ્તકે સાધના કરી રહ્યો હતો. લક્ષ્મણે ખડ્ગ લઇને ઝાટકો માર્યો તેવું ઝાડ સાથે શૂંબૂકનું મસ્તક પણ કપાઈ ગયું. ખડ્ગ જ્યાં લોહીવાળું થયું ત્યાં લક્ષ્મણનું કાળજુ ચીરાઈ ગયું. જોયું તો ઉંચે પગ ટીંગાય છે ને માથું નીચે હતું એટલે લક્ષ્મણ સમજી ગયા કે નક્કી આ ખડ્ગ માટે કોઇ પુરૂષ આ રીતે સાધના કરી રહ્યો હશે ! ને સાધનાની પૂર્ણાહુતિ થવા આવી છે માટે આ ખડ્ગ તેના માટે અહીં આવીને પડયું છે ને મેં એના સાધનથી એના પ્રાણ લીધા ! ખૂબ પશ્ચાતાપ થયો. અરરર....મેં પાપીએ આ શું કર્યું ? હું અહીં ક્યાંથી આવ્યો ? લક્ષ્મણની આંખમાંથી ઢડઢડ આંસુ પડવા લાગ્યા ને તેમની પાસે જઇને તપાસ કરવા લાગ્યા કે આ કોણ છે ? એટલામાં શૂપર્ણખા શંબૂક માટે ભોજન લઇને જમાડવા માટે આવી પહોંચી ને પોતાના પુત્રને મરેલો જોઇ ખુબ કલ્પાંત કરતી બોલવા લાગી– મારા પુત્રને કોણે માર્યો ? ત્યારે લક્ષ્મણે કહ્યું–બહેન ! અજાણતાં તારા પુત્રનું મારા હાથે મૃત્યુ થયું છે, તુ મને માફ કર. મેં તારો મોટો અપરાધ કર્યો છે. મને માફ કર. લક્ષ્મણ જેમ જેમ નમ્રતાથી માફી માંગવા લાગ્યો તેમ તેમ શૂપર્ણખાનો ક્રોધ વધવા લાગ્યો. તરત પોતાને ઘેર આવીને પોતાના પતિ તથા દિયેરને કહેવા લાગી ધિક્કાર છે તમારા રાજ્યપદને તમારા રાજ્યમાં કેવું અંધેર ચાલે છે ! તમારા રાજ્યમાં મારા એકના એક નિર્દોષ પુત્રને લક્ષ્મણે મારી નાંખ્યો. એમ કહીને કરૂણ સ્વરે રૂદન કરવા લાગી. એટલો એનો પતિ તથા બન્ને દિયર, ખર-દૂષણને ત્રિશરા ત્રણે ભાઇઓ હથિયાર લઇને દોડતા આવ્યા. લક્ષ્મણ તો ફરવા માટે આવ્યા હતા. એમની પાસે તો કોઇ શસ્ત્ર ન હતું. અહીં શૂપર્ણખાનો પતિ ખરરૂપી ક્રોધ હતો. દૂષણ રૂપી અવગુણ ને ત્રિશરા રૂપી ત્રણ શલ્ય છે.

લક્ષ્મણની સાથે ત્રણે ભાઇઓ લડાઇ કરી. પણ લક્ષ્મણ તો વાસુદેવ હતા. ખૂબ બળવાન હતા એટલે ત્રણેયને પરાક્રમથી મારી નાંખ્યા. પુત્ર–પતિ ને બંને દિયર ત્રણેયની લાશો પડી છે. આ સમયે શૂપર્ણખા સૂનમૂન બેસી રહી હતી. ત્યાં સ્હેજ આંખ ખોલીને લક્ષ્મણના મુખ સામું જોયું. લક્ષ્મણનું રૂપ જોઇને મુગ્ધ બની ગઈ. અહો ! શું આનું રૂપ છે ! દેવ જેવું રૂપ જોઇને બોલી–હે લક્ષ્મણ ! હું તમારૂં રૂપ જોઇને મુગ્ધ બની ગઇ છું. મારો પતિ તો ચાલ્યો ગયો તો આપ મારો સ્વીકાર કરો. ત્યારે લક્ષ્મણ કહે છે તમે આ શું બોલો છો ? અત્યારે આવા દુઃખના સમયમાં લગ્નની વાત ! હું તો તમારા પુત્રને-પતિને અને દિયરોને મારનાર દુશ્મન છું. દુશ્મન પ્રત્યે તમને આવા ભાવ આવે છે.

બંધુઓ ! જુઓ, મોહનું નાટક કેવું છે ! આ સંસારમાં તમે મોહ કરીને બેઠા છો પણ વિચાર કરજો કોણ કોનું છે ? શૂપર્ણખા કેવી કામાંધ છે ! થોડી વાર પહેલાં

પુત્રને મારનાર લક્ષ્મણ પ્રત્યે કેટલો ક્રોધ કરતી હતી ને હવે તેના પ્રત્યે કેટલો પ્રેમ બતાવે છે. પોતાના પતિને પણ ભૂલી ગઇ. લક્ષ્મણ કહે છે બહેન! તમે તો મારી માતા સમાન છો – ભાભી સમાન છો. મારા મોટા ભાઇ અહીં રહે છે તેમને પરણવું હોય તો તેમની પાસે જઈને પ્રાર્થના કરો. પણ હું તો તમારી સાથે લગ્ન નહિ કરું. લક્ષ્મણે આવો જવાબ આપ્યો એટલે પોતાની ઇચ્છા પૂર્ણ નહિ થવાથી ક્રોધની આંગમાં બળવા લાગી. ને વિચારવા લાગી કે હવે આના વૈરનો બદલો લઉં ને એને બતાવી આપું એમ વિચાર કરી ક્રોધથી લાલપીળી થઇને પોતાના ભાઇ રાવણ પાસે આવી ને ત્યાં જઇને શું કર્યું?

મિથ્યા મોહ રાવણ કે પાસ, વો સુમતિ સીતા કી કરી બડાઇ,
સુના બહુત તબ લાલચવશ, વહાં ચલ આયા લંકા સાંઈ,
છલ વિદ્યાકા નાદ સુનાકર સુમતિ સીતા કિવી હૈ ચોરી,
રામ-લક્ષ્મણ જબ જાના ભેદ એ, સોચે અબલાની હૈ દોરી,
ઝુંઠ સાહસ ગતિ દૃષ્ટ હૈ ઉસકી સત લક્ષ્મણકી કારી રવ્વારી.

કુમતિરૂપ શૂર્પણખાએ રાવણ પાસે જઈને સુમતિ રૂપી સીતાના ખૂબ વખાણ કર્યા ને કહ્યું ભાઇ! તારા અંતેઉરમાં મારા ભાભી મંદોદરી ગમે તેટલા રૂપાળા ભલે હોય પણ રામચંદ્રજીની પત્ની સીતા જેવા નહિ એ હોય તો તારૂં અંતેઉર શોભી ઉઠે. રાવણ વિષયાસક્ત જીવ હતો, અભિમાની પણ ખૂબ હતો, એટલે એની બહેનને કહ્યું, જો સીતા એટલી બધી સૌંદર્યવાન છે તો હું હમણાં જાઉં છું ને સીતાને અહીં લઇ આવું છું. એવી સીતા વનવગડામાં ન શોભે. એ તો મારા અંતેઉરમાં શોભે. તરત રાવણ ઉપડયો. પણ રામ-લક્ષ્મણ હોય ત્યાં સુધી તો એનું કંઇ ચાલે નહિ. એટલે દૂરથી તેણે ચીસો પાડી હેરામ! બચાવો....બચાવો, એટલે દયાના અવતાર રામચંદ્રજી દોડયા, એ ઘણે દુર નીકળી ગયા ત્યારે ફરી બૂમો પાડી કે હે લક્ષ્મણ વીરા! બચાવો....બચાવો. આ સાંભળીને સીતાજી કહે છે વીરા! આ તમારા ભાઇની બૂમો સંભળાય છે. એ મુશ્કેલીમાં આવી પડયા લાગે છે. તમે જલ્દી જાવ. લક્ષ્મણ કહે છે ભાભી! આ મારા ભાઇની બૂમો નથી. આ તો કોઈ બનાવટી અવાજ લાગે છે. મને તો પહેલા પણ બનાવટી અવાજ લાગ્યો હતો. પણ સીતાજી કહે છે તમે જાવ ને જાવ. લક્ષ્મણ કહે છે ભાભી! મારા ભાઈ તમને સાચવવાનું કહીને ગયા છે. ત્યારે સીતાજી કહે છે હું જાણું છું કે તમે કેમ નથી જતા? ભાભીએ ન કહેવાના શબ્દો કહી દીધા. એટલે લક્ષ્મણજી રામની વહારે ગયા ને પાછળથી રાવણ જોગીનું રૂપ લઇને ભિક્ષા લેવા માટે આવ્યો. ને કપટ કરીને સીતાજીને ઉપાડી લંકા તરફ આવતો થયો.

આ તરફ રામ અને લક્ષ્મણ ઝુંપડીએ પાછા આવ્યા ત્યાં સીતાજીને ન જોયા એટલે રામ ખૂબ ઉદાસ થઇ ગયા. ચિંતા કરવા લાગ્યા. સીતાજી કયાં ગયા હશે?

લક્ષ્મણ કહે છે મોટા ભાઇ! આમ શોક કરવાથી કંઈ વળશે નહિ. ચાલો, આપણે તપાસ કરીએ. સીતાજીની શોધમાં બંને ભાઇઓ નીકળે છે પણ કયાંય સીતાજી મળતા નથી. છેવટે જતાં જતાં રસ્તામાં જટાયુ પક્ષી ઘાયલ થઇને પડયું હતું. તેણે કહ્યું હે રામ-લક્ષ્મણ! રાવણ સીતાજીને લંકામાં લઈ ગયો છે. સીતાજી ખૂબ કલ્પાંત કરતા હતા. મેં એમને છોડાવવા ખૂબ પ્રયત્નો કર્યા પણ રાવણ વિમાનમાં બેસાડીને લઈ ગયો છે.

રામ-લક્ષ્મણને ખબર પડી એટલે હનુમાનને તપાસ કરવા મોકલ્યા ને પૂરી ખાત્રી થઇ કે સીતાજી લંકામાં છે. એટલે રામ-લક્ષ્મણ લંકામાં આવ્યા ને રાવણને હરાવ્યો. ને સીતાજીને પાછા મેળવ્યા. ટૂંકમાં કહેવાનો આશય એ છે કે કુમતિ રૂપી શૂપર્ણખાએ મિથ્યા મોહનીય રૂપી રાવણને ઉશ્કેર્યો. એણે પોતાના કુટુંબનો પણ ઉચ્છેદ કર્યો. લડાઈમાં રાવણ મરાયો એટલે આખી લંકા રાખમાં રોળાઇ ગઈ. તેના પિયરના કુળનો પણ ઉચ્છેદ કર્યો. તેમ જો આપણા હૃદયમાં કુમતિનો વાસ થાય તો આપણો આ ભવ બગાડે ને પરભવ પણ બગાડે છે. સીતાજી સુમતિ જેવા હતા. રામ-લક્ષ્મણને સીતાજી પાછા મળતાં આનંદ આનંદ થઇ ગયો. સુમતિરૂપી સદ્ગુણી સીતા મળે તો સંસાર સ્વર્ગ બની જાય ને આ ભવ અને પરભવ સુધરી જાય. રામે રાવણના ઉપર વિજય મેળવ્યો તે દિવસે આજનો વિજ્યાદશમીનો દિવસ હતો. આપણે પણ કર્મ ઉપર વિજય મેળવીએ તો સાચી વિજ્યાદશમી ઉજવી કહેવાય. આપણે રાવણના માતા-પિતાઓ ભાઇઓ બધા કોણ હતા. તેમના દ્રવ્યનામને ભાવનામમાં ઉતાર્યા પણ રામચંદ્રજી ને લક્ષ્મણ કોણ, દશરથ કોણ? એ બધી વાત બાકી છે પણ સમય થઇ ગયો છે. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૮૭

આસો સુદ ૧૧ ને રવિવાર **તા. ૭-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

સિધ્ધાંત એટલે ત્રણે કાળે સિધ્ધ થએલી વાણી. તે જેના હૃદયમાં ઉતરે તેનો બેડો પાર થઈ જાય. વીતરાગ વાણી અંતરમાં ઉતારવા માટે કેટલી તૈયારી કરવી જોઇએ! ચિત્રકારને ચિત્ર દોરવું હોય તો પ્રથમ ભૂમિને શુધ્ધ કરે. જેટલી દિવાલ શુધ્ધ ને સરખી તેટલું ચિત્ર વધારે સારૂં દોરાય. બીજ વાવનાર ખેડૂત પણ સૌથી પ્રથમ જમીનને ખેડી ખેડીને પોચી બનાવે છે. જમીન પોચી હોય તો બી ઉગવામાં સહાયક બની શકશે. તેવી રીતે વીતરાગવાણીને ઝીલવા માટે આપણા હૃદયની ભૂમિકાને વિશુધ્ધ બનાવવી જોઇએ. હૃદયની ભૂમિકામાંથી કષાયોના અને મિથ્યાત્વના કાંકરા કાઢી નાખ્યા વિના સમ્યક્ત્વનું બીજ ઉગી શકતું નથી. સમ્યક્ત્વ માણસને ન્યાલ કરી દે છે. જેમ કોઇ ગરીબ માણસે

કદી રૂપિયાના દર્શન ન કર્યા હોય ને તેને રસ્તે ચાલ્યા જતાં પગમાં કંઇક અથડાય ને નજર કરતાં રત્નોનો ભરેલો ચરૂ દેખે તો તેને કેટલો આનંદ થાય ! કિંમતી રત્નોના ચરૂ મળે તો ગરીબ માણસ ન્યાલ થઇ જાય છે ને તેની જિંદગીનું દરિદ્ર ટળી જાય છે. છતાં એ ધન પાપનો ઉદય થતાં ચાલ્યું જાય તો તે માણસ પાછો નિર્ધન બની જાય છે પણ જેને સમ્યક્‌ત્વ રૂપી નિધાન મળી જાય છે તે કદી લૂંટાતું નથી. કદાચ સમ્યક્‌ત્વ વધી જાય તો પણ તેની લહેર જતી નથી. ને સમ્યક્‌ત્વનો સ્વામી મોડામાં મોડો અર્ધ પુદ્ગલ પરાવર્તને તો અવશ્ય મોક્ષમાં જાય છે. સમ્યક્‌ત્વ પ્રાપ્તિની ભૂમિકા મનુષ્યભવ છે, તો મનુષ્યભવ પામીને જેટલી હૃદયની વિશુધ્ધિ કરશો તેટલી સમ્યક્‌ત્વની બીજની વાવણી થશે.

સમ્યગ્‌દૃષ્ટિ આત્મા સંસારમાં રહે પણ એને સંસારનો રસ ન હોય. સંસારમાં રહેવા છતાં અનાસક્ત ભાવે રહે. સંસારની બધી જવાબદારી ઉઠાવે, સંસાર વ્યવહારની બધી ક્રિયાઓ કરે પણ ઉદાસીન ભાવથી કરે એટલે તેને ચીકણા કર્મો ન બંધાય. માની લો કે એક આરંભનું કાર્ય છે તેમાં સમકિતદૃષ્ટિ આત્માને અને સંસારરસિક આત્માને બંનેને જવા માટેનું આમંત્રણ આવે ને બંનેને ત્યાં જવું પડે છે પણ સમ્યગ્‌દૃષ્ટિ આત્માને પૂછવામાં આવે કે કાલે કયાં ગયા હતા ? તો કહેશે કે શું કરૂં મારૂં ત્યાં કંઇ કામ ન હતું. મારી ત્યાં જવાની જરા પણ ઇચ્છા ન હતી પણ ન છૂટકે જવું પડયું. જ્યારે પેલો સંસારરસીક જીવડો શું કહે કે મારે તો ત્યાં જવું જોઇએ. હું ત્યાં જાઉં તો તે પ્રસંગ શોભી ઉઠે. મારા વિના કંઇ કામ ન ચાલે એવો રસ રેડે કે ચીકણા કર્મો બાંધે છે.

સમકિતી આત્મા તો એક વિચાર કરે કે આ સંસારમાં મારે રહેવું પડયું છે ને રહ્યો છું પણ હવે કયારે મારો છૂટકારો થાય ? ચોરને પકડીને કેદમાં પૂરી દેવામાં આવ્યો હોય એ ચોર વિચાર કરે છે કે કયારે આ કેદની દિવાલ તોડીને છૂટી જાઉં. એને જેલ ગમતી નથી. એમાંથી છૂટવાનું મન થાય છે તે રીતે સમ્યગ્‌દૃષ્ટિની ભાવના એવી રહે કે કયારે આ સંસારની જેલમાંથી છૂટું ? એને મન સંસાર ભંગાર જેવો લાગે છે. ને મિથ્યા-દૃષ્ટિને સંસારના સુખ કંસાર જેવા મીઠા લાગે છે. તે સંસારના એકેક પદાર્થો ઉપર મમત્વ ભાવ કરે છે ને મમતામાં ફસાય છે.

બંધુઓ ! જેટલી પરિગ્રહ ઉપરની આસક્તિ તેટલી આત્માની અશક્તિ છે. રાગ છે તેટલો રોગ છે. ને મોહ છે તેટલી મુંઝવણ છે. આટલા માટે જ્ઞાની કહે છે કે खेत्तं वत्थु हिरण्णं च पसवो दास पोरुसं क्षेत्र એટલે ખુલ્લી જમીન હોય કે ઢાંકી જમીન હોય. સોનું-રૂપું-ઘરબાર રાચરચીલું આદિ અચેત પરિગ્રહ, ને દાસી-દાસ-ગાય-ભેંસ આદિ સચેત પરિગ્રહ ગમે તેટલો હોય પણ એના ઉપર મમતાભાવ ન રાખો. નિર્મોહી

ભાવથી રહો. જે નિર્મોહી ભાવથી રહે છે તે ગમે તેવા પ્રસંગમાં પણ સમતા રાખી શકે છે. કદાચ ઘરબાર-પૈસા બધું ચાલ્યું જાય છતાં તેને જરા પણ દુઃખ લાગતું નથી. આવી દશા આવી જાય તેના માટે મોક્ષ દૂર નથી.

એક ગામના રાજા ખૂબ તત્ત્વજ્ઞાની હતા. રાજ્યમાં રહેવા છતાં એને રાજ્યનો બિલકુલ મોહ ન હતો. એની પ્રજા તેમજ આજુબાજુના ગામના લોકો સૌ એને તત્ત્વજ્ઞાની રાજા કહેતા હતા. ને કોઇ નિર્મોહી રાજા કહેતા હતા. એક વખત એ રાજાનો કુમાર ગામબહાર શિકાર ખેલવા ગયો હતો. શિકાર ખેલતાં ખેલતાં ઘણે દૂર નીકળી ગયો ને રસ્તો ભૂલી જવાથી જંગલમાં ઘૂમવા લાગ્યો. ઉનાળાની સખ્ત ગરમીના દિવસો હોવાથી રાજકુમાર તરસથી આકુળ-વ્યાકુળ થઇ ગયો ને ચારે તરફ પાણી માટે ફાંફા મારવા લાગ્યો. ફરતાં ફરતાં એક સંતની કુટીર તેના જોવામાં આવી. કુમાર ત્યાં પહોંચી ગયો. પાણી પાણી કરતો હતો એટલે સંતે તેને પાણી પીવરાવ્યું. થોડી વાર કુમાર શાંતિથી બેઠો એટલે સંતે તેને પૂછયું– ભાઇ! તું કોણ છે? ત્યારે કુમારે પોતાનો પરિચય આપ્યો.

સંતે કહ્યું– ભાઇ! રાજ્યવૈભવ બધું પુણ્યના ખેલ છે માટે કોઈ વસ્તુ ઉપર મમત્વભાવ રાખશો નહિ. ત્યારે કુમાર કહે છે ગુરૂદેવ! અમે સંસારમાં રહીએ છીએ છતાં અમારૂં આખું રાજકુટુંબ નિર્મોહ છે. કોઈને કોઈના પ્રત્યે મોહ નથી. ત્યારે સંત કહે છે- ભાઇ! નિર્મોહી છીએ કહેવું સહેલું છે પણ નિર્મોહી બનીને રહેવું કઠીન છે. બીજી વ્યકિત હજુ અનાસકત ભાવથી રહી શકે છે પણ જે રાજા હોય તે નિર્મોહી રહી શકતો નથી. ત્યારે રાજકુમાર કહે છે જો આપને મારી વાત ઉપર વિશ્વાસ ન બેસતો હોય તો પરીક્ષા કરી લો. હું એક નહિ પણ મારા માતા-પિતા, દાસ-દાસી, નોકર-ચાકર બધા નિર્મોહી છીએ. રાજકુમારની વાત સાંભળી સંતને ખૂબ આશ્ચર્ય થયું ને પરીક્ષા કરવાનું મન થયુ.

સંત કુમારને કહે છે તો તમે અહીં મારી કુટીરમાં આનંદથી રહો ને હું તમારા માતા-પિતા આદિની પરીક્ષા કરવા જાઉં ને જોવું કે કેવા એ નિર્મોહી છે! રાજકુમાર કહે-ખુશીથી જાવ. રાજકુમાર સંતની કુટીરમાં રહ્યો ને સંત એની પરીક્ષા કરવા શહેરમાં ગયા. ફરતાં ફરતાં રાજમહેલ તરફ ગયા તો મહેલના દરવાજામાં એક દાસી ઉભી હતી. સંતે વિચાર કર્યો કે કુમાર કહેતો હતો કે અમારા દાસ-દાસી, નોકર-ચાકર બધા નિર્મોહી છે તો પહેલાં દાસીની પરીક્ષા કરૂં એમ વિચાર કરીને દાસીને કહે છે–

તું સુન ચેરી શ્યામકી બાત સુનાવો તોંહી
કુંવર વિનાસ્યો સિંહને આવન પરિઓ મોહિં

હે દાસી! તારા મહારાજાનો કુમાર જંગલમાં શિકાર કરવા આવ્યો હતો તેને

સિંહે મારી નાંખ્યો છે ને તેના સમાચાર આપવા હું આવ્યો છું. સંતના મનમાં એમ કે હું આ દાસીને આ રીતે કહીશ એટલે તે રડતી-કકળતી એના મહારાજાને ખબર આપવા જશે. પણ અહીં તો કાંઈ બન્યું નહિ. દાસીના મુખની રેખા પણ બદલાઈ નહિ. આંખમાં આંસુ પણ ન આવ્યા. ને શાંત ચિત્તથી સંતને કહે છે.

નામૈ ચેરી શ્યામકી, નહિં કોઇ મેરો શ્યામ
પ્રારબ્ધ વશ મેલ યહ સુનો ઋષિ અભિરામ

દાસી કહે છે મહારાજ! હું કોઈ રાજાની દાસી નથી. કોઇ મારા રાજા નથી. તો કુમાર કોનો? ને વાત શી? અહીં તો પ્રારબ્ધને વશ થઈને ભેગા થયા છે. દાસીની વાત સાંભળી સંતને ખુબ આશ્ચર્ય થયું. હવે તે આગળ ચાલી રાજાના મહેલમાં ગયા તો રાજકુમારની પત્ની મળી. એણે સંતને જોઇ પ્રણામ કર્યા ને તેમની સામે જોયું ત્યારે સંતે ગંભીરતાપૂર્વક તેમને કહ્યું–

તુ સુન ચતુર સુંદરી, અબલા યૌવન વાન
દેવી વાહન દલ મલ્યૌ તુમ્હારો શ્રી ભગવાન

હે દેવી સમાન સૌંદર્યવાન સ્ત્રી! દુર્ગાદેવીની જેના ઉપર સવારી છે એવા સિંહે તમારા પ્રાણપ્રિય પતિને મારી નાખ્યો છે. કહેતા પણ મારી જીભ ઉપડતી નથી. પણ શું કરું? ના છૂટકે કહેવું પડે છે. કુમારની પત્ની સંતની વાત સાંભળી ક્ષણવાર શાંત ઉભી રહી પછી તરત બોલી–

તપિયા પૂર્વજન્મકી, કયા જાનત હૈ લોક
મિલે કર્મવશ આન હમ, અબ વિધ કૌન વિયોગ

હે તપસ્વીરાજ! પૂર્વજન્મમાં મેં કોઇના વિયોગ પડાવ્યા હશે તો મને વિયોગ પડ્યો છે. કર્મની લીલા અલૌકિક છે. પૂર્વભવના સંયોગને વશ થઇને અમે આ ભવમાં પતિ–પત્ની બન્યા છીએ. અમારો સબંધ પૂરો થયો હશે એટલે આમ બન્યું છે. એમાં દુઃખ લગાડવાની કંઇ જરૂર છે? સંત વિચાર કરે છે અહો! સ્ત્રી પોતાના પતિના મૃત્યુના સમાચાર સાંભળી છાતી ને માથા કૂટે છે, છાતીફાટ રૂદન કરે છે. એનું રૂદન કઠોર હૃદયના માનવીને પણ પીગળાવી દે છે. ત્યારે આ પતિવ્રતા સ્ત્રીને તેની કંઇ અસર થતી નથી. કેવી નિર્મોહી છે! તેનો જવાબ પણ કેવો સમજણપૂર્વકનો છે. રાજકુમારની પત્નીના જવાબ ઉપર વિચાર કરતાં સંત આગળ ચાલ્યા ને રાજકુમારની માતા પાસે જઈ ગંભીરતાથી બોલ્યા–

રાની તુમકો વિપત્તિ અતિ, સુત ખાયો મૃગરાજ
હમને ભોજન ના કિયા ઇસી મૃતક કે કાજ

હે મહારાણી! આજે તમારા ઉપર મોટી આપત્તિ આવી પડી છે. ભયંકર

આઘાતનું કારણ બન્યું છે. એટલે મહારાણી કહે છે મહારાજ ! શું આપત્તિ આવી છે ને શેનો આઘાત છે ! ત્યારે મહારાજ કહે છે આપના લાડકવાયા કુંવરને સિંહ ફાડીને ખાઇ ગયો છે એટલે મેં ખાધું પણ નથી ને જલ્દી દોડતો આપને સમાચાર આપવા આવ્યો છું. રાણીનું રૂંવાડું પણ ફરકતું નથી. નહિતર બધા કરતાં માતાને જેટલો પુત્ર પ્રત્યે પ્રેમ હોય છે તેટલો બીજા કોઈને હોતો નથી. પુત્ર માતાને હૈયાના હાર જેવો ને આંખની કીકી જેવો વહાલો હોય છે. પોતે કેટલું કષ્ટ વેઠીને દીકરાને ઉછેરે છે. એવો યુવાન પુત્ર ચાલ્યો જતાં માતાને ભયંકર આઘાત લાગે છે. પણ આ માતા તો કોઈ જુદી છે. એણે સંતને કહ્યું –

એક વૃક્ષ ડાલેં ધની, પંછી બૈઠે આય ।
યહ પાટી પીરી ભઇ, ઉડ ઉડ ચહું દિશિ જાય ॥

હે મહારાજ ! આ સંસારમાં કોણ કોનું છે ? કોની માતા અને કોનો પુત્ર ! આ તો બધા પૂર્વના સંયોગને કારણે ભેગા થયા છીએ. સાંજ પડે પક્ષીઓ એક વૃક્ષની ડાળે આવીને ભેગા થાય છે ને સવાર પડતાં સૌ જુદી જુદી દિશામાં ઉડી જાય છે. તેમ આ સંસાર પણ પંખીના મેળા જેવો છે. એ ગયો ને સૌને એક દિવસ જવાનું છે એમાં આઘાત લગાડવાની શી જરૂર ?

બંધુઓ ! નિર્મોહી બનવાની વાતો કરવી સહેલી છે પણ મોહ ઉતારવો કઠીન છે. જ્યારે કોઇને આઘાતનું કારણ બને છે ત્યારે સૌ ઉપદેશ આપે છે કે ભાઇ ! કોણ કોનું છે ?

કોઇ આજ જશે કોઇ કાલ આ તો પંખીડાનો મેળો.

આ જગત પંખીના મેળા જેવું છે. આપણે બધાને એક દિવસ એ માર્ગે જવાનું છે. પણ વખત આવ્યે આવી સમતા રહેવી કઠીન છે.

એક વખત એક શેઠનો ઘાટી બહારથી રડતો રડતો આવ્યો, ત્યારે શેઠ પૂછે છે કેમ રડે છે ? ત્યારે ઘાટી કહે છે શેઠ મૂલગી ગેલી. ત્યારે શેઠ કહે છે મૂલગી-છોકરી મરી ગઇ તેમાં આટલું બધું રડવાનું શું ? શાંતિ રાખ. સંસાર એવો છે. એવી ડાહી ડાહી વાતો કરી ત્યારે ઘાટી કહે છે તુમચી ગેલી શેઠ ! મારી દીકરી મરી ગઇ નથી પણ તમારી દીકરી મરી ગઇ છે. હેં– મારી દીકરી મરી ગઇ ? ત્યાં શેઠ ધડાક કરતાં પૃથ્વી ઉપર પડી ગયા. રડવા લાગ્યા–ઝૂરવા લાગ્યા. ક્ષણ પહેલાં ડહાપણ ભરેલી વાતો કરનાર શેઠ પોતાની દીકરી મરી ગયાના ખબર પડતાં કેવા રડ્યા ને ઝૂરવા લાગ્યા. ટૂકમાં બીજાને ઉપદેશ આપવો સહેલ છે પણ સમય આવતાં પોતે સમભાવ રાખવો મુશ્કેલ છે.

અહીં તો રાજકુમારની માતાને પણ મૃત્યુના સમાચાર સાંભળી જરા પણ દુઃખ ન થયું. જ્યાં રાગ છે- મોહ છે ત્યાં દુઃખ છે. પેલા સંતને ખાત્રી થઇ ગઈ કે કુમાર જેવું કહેતો હતો તેવું છે. ખરેખર ! આ લોકોમાં કેટલું તત્વજ્ઞાન ભરેલું છે ! કુમારની

વાત જરા પણ ખોટી નથી. પણ હવે પરીક્ષા કરવામાં કુમારના પિતા બાકી હતા, એટલે સંતે રાજા પાસે આવીને ગંભીરતાપૂર્વક ઉદાસીન ચહેરે કહ્યું–

રાજા મુખતે રામ કહું, પલ પલ જાત ઘડી
સુત આયો મૃગરાજને મેરે પાસ ખડી

હે રાજન ! હવે તો ભગવાનનું નામ લો. ગયેલો અવસર પાછો આવતો નથી. દુનિયામાં સંયોગ અને વિયોગ આવ્યા કરે છે ત્યારે મહારાજા પૂછે છે ગુરૂદેવ ! આમ ગોળગોળ શું કહો છો. જે હોય તે ખુલ્લું કહો. ત્યારે સંત કહે શું વાત કરું ? બોલતાં બોલતાં આંખમાં આંસુ આવી ગયા ને ભાંગ્યાતુટ્યા શબ્દોમાં કહ્યું–મહારાજા ! આપનો એકનો એક દેવરૂપ જેવા વહાલા પુત્રને મારી નજર સમક્ષ સિંહ ખાઇ ગયો છે. આ સાંભળીને રાજાના મુખ ઉપર જરા પણ શોકની આછી રેખા પણ ન દેખાઇ. ઉપરથી સંતને મીઠી ટકોર કરતાં શું બોલ્યા ?

તપિયા તપ કયોં છોડિએ, ઇહાં પલક નહિ શોક
વાસાજગત સરાય કા, સભી મુસાફિર લોગ

હે મુનિરાજ ! આવી મામૂલી બાબતમાં તમે તમારી સાધના કરવાનું છોડીને શા માટે અહીં આવ્યા ? તમારી આંખમાં આંસુ આવી ગયા છે ને મારા પુત્રના મૃત્યુના સમાચાર સાંભળીને મને તો જરા પણ શોક થતો નથી અને શોક કરવાની જરૂર પણ શી ? કારણ કે આ સંસાર તો એક મુસાફરખાનું છે. ધર્મશાળામાં ઘણા માણસો આવે છે ને જાય છે. કોઇ બે કલાક, કોઇ એક દિવસ, કોઇ ત્રણ દિવસ, તો કોઇ પંદર દિવસ તો કોઇ મહિનો રહીને ચાલતા થાય છે. તેવી રીતે મારો પુત્ર પણ મુસાફરખાનાનો મુસાફર હતો. એનો સમય પૂરો થતાં ચાલ્યો ગયો છે. ને હું પણ એક દિવસ ચાલ્યો જઈશ. આ બધા દેહના સબંધો છે. આત્માનો કોઈ પુત્ર કે પિતા નથી. ઘણી વખતે હું એનો પિતા બન્યો હોઇશ ને એ મારો પુત્ર બન્યો હશે. તે સિવાય દુનિયાના સમસ્ત પ્રાણીઓ સાથે મારો શરીરસબંધ થયો હશે ને છૂટયો હશે. આ જન્મમાં એ મારો પુત્ર હતો. પૂર્વ જન્મમાં એવા ઘણાં પિતાના પુત્ર બન્યા હશે. ને એમને છોડ્યા હશે. તે રીતે મને છોડીને ચાલ્યો ગયો છે. એમાં શોક કરવાનું કંઇ કારણ નથી.

ગુરૂદેવ ! આપ આપના સ્થાને ચાલ્યા જાવ. ને આપની સાધનામાં મન જોડી દો. મારી જરા પણ ચિંતા ન કરશો. જન્મ ને મરણ, સંયોગ ને વિયોગ સંસારમાં ચાલ્યા કરે છે. એમાં આશ્ચર્ય પામવા જેવું કે શોક કરવા જેવું કંઇ નથી. રાજાની વાત સાંભળી સંત ઝાંખા પડી ગયા. અહો ! અમે ઘર છોડીને જંગલમાં જઇને વસ્યા પણ અંદરની આસક્તિ ગઈ નથી. મારી ઝુંપડીનું ઘાસ ગાયો ખાઇ જાય તો પણ ક્રોધ આવી જાય છે. ત્યાગી બનીને પણ આટલા નિર્મોહી રહેવું તે મહાન મુશ્કેલ છે. સંતને ખાત્રી થઈ

ગઇ કે કુમારની વાત સાચી છે. આ લોકો ખરેખરા નિર્મોહી છે.

ગઇકાલે વિજયાદશમીની વાત કરી હતી. આધ્યાત્મિક રીતે દશરથ કોણ ને રામ કોણ તે કહું છું.

શૂપર્ણખાનો પુત્ર શંબૂક સૂર્યહંસ ખડ્ગની સિદ્ધિ માટે વનમાં રહ્યો હતો. તે વખતે રામ-લક્ષ્મણ અને સીતા વનમાં આવેલા હતા. હવે અહીં વન કયું ને ખડ્ગ કયું? જ્ઞાનરૂપી સૂર્યહંસ ખડ્ગ છે ને ઉપશમરૂપી વનમાં તે આવીને રહ્યા હતા. તે સમયે દશરથ રાજાના પુત્ર રામ-લક્ષ્મણ વનમાં આવ્યા તો અહીં રામ કોણ ને લક્ષ્મણ કોણ ને દશરથ કોણ? દશવિધ યતિ ધર્મ અંત્તિ મુત્તિ આદિ દશયતિ ધર્મ રૂપી દશરથ છે. જ્યાં દશવિધયતિ ધર્મ હોય ત્યાં ધર્મ હોય છે. એટલે રામરૂપી ધર્મ છે, ને જ્યાં ધર્મ હોય ત્યાં સંવર હોય છે. કૌશલ્યા માતા એ સંવરભાવના રૂપ છે. સંવર એટલે પાપને રોકવાની ક્રિયા. તો એ ક્યાં રહે છે? જ્યાં ધર્મ હોય ત્યાં.

હવે દશરથ રાજાની બીજી રાણી સુમિત્રા લક્ષ્મણની માતા હતી. તો અહીંયા સુમિત્રા કોને કહીશું? સુમિત્રા એટલે સમ્યગ્દર્શન. સમ્યગદર્શન એટલે શ્રદ્ધા. જ્યાં શ્રદ્ધા હોય ત્યાં સત્ય અવશ્ય હોય છે. એટલે તેને સત્યરૂપ લક્ષ્મણ તેમનો પુત્ર હતો. જ્યાં સત્ય છે ત્યાં ધર્મ રહે છે ને જ્યાં ધર્મ રહે છે ત્યાં સત્ય રહે છે. એટલે ધર્મરૂપી રામ અને સત્યરૂપી લક્ષ્મણ જ્યાં જ્યાં જાય ત્યાં સાથે રહેતા. રામચંદ્રજીના લગ્ન સીતાજી સાથે થયા હતા. જ્યાં ધર્મ અને સત્ય હોય ત્યાં સુમતિ હોય છે. એટલે સુમતિરૂપી સીતાજી ધર્મ અને સત્યરૂપી રામ-લક્ષ્મણની સાથે વનમાં ગયા ને ત્યાં મિથ્યાત્વ મોહનીય રૂપી રાવણ સુમતિરૂપી સીતાજીને ઉઠાવી ગયો. રામ-લક્ષ્મણ સીતાજીને લેવા લંકામાં ગયા. રામ-રાવણ વચ્ચે ખૂબ ભયંકર યુદ્ધ થયું. તો એ યુદ્ધમાં બંનેના સૈન્ય તો હોય ને! તો અહી રાવણના પક્ષમાં ને રામના પક્ષમાં કયા આધ્યાત્મિક સૈનિકો હતા તે વિચારીએ.

રાવણનું સૈન્ય કયું હતું? ક્રોધ-માન-માયા-લોભ આદિ ચાર કષાયરૂપી રાક્ષસોની તેની સેના હતી. જ્યાં રાજાનું સૈન્ય હોય ત્યાં એની આગળ ધ્વજા રાખવામાં આવે છે તેમ રાવણના સૈન્યની આગળ કુધ્યાન-આર્તધ્યાન અને રૌદ્રધ્યાન રૂપી ધ્વજા રાખવામાં આવી હતી અપકીર્તિનું નગારૂ વાગતુ હતું. ચાર વિકથા (સ્ત્રીકથા ભક્તકથા-દેશકથા-રાજકથા) રૂપી હુહા બોલાતા હતા ને મિથ્યાત્વ મોહનીયરૂપી રાવણ કુશીલરૂપી રથમાં બળ બહાદુરીથી બેઠો હતો. સાત વ્યસનરૂપી શસ્ત્રો તેણે લીધા હતા, રાગ અને દ્વેષરૂપી તેના બળવાન યોધ્ધા હતા. આ બધું સૈન્ય લઇને રાવણ રામની સાથે યુદ્ધ કરવા તૈયાર થયા. હવે રામચંદ્રજી રાવણ સાથે કયું સૈન્ય લઇને આવ્યા હતા તે બતાવે છે. રામચંદ્રજીની સાથે જંબુવાહન, નીલ, નલ, સુમન ને હનુમાન એ પાંચ સાથીદારો હતા. સંતોષરૂપી સુગ્રીવ પણ તેમનો સાથી હતો. એ પાંચ જણાએ લંકામાં

જઈને સીતાજીની શોધ કરી રામને ખબર આપ્યા એટલે રામ તેમના સાથીદારો સહિત દાન-શીયળ-તપ અને ભાવનારૂપી સૈન્ય લઈને સુમતિરૂપી સીતાને છોડાવવા લંકામાં ગયા. રાવણને ખબર પડી કે સીતાજીને લેવા માટે રામ સૈન્ય લઈને આવ્યા છે એટલે ઉપર કહ્યા પ્રમાણે સૈન્ય તૈયાર કરીને રામની સામે લડવા આવ્યો. રાવણના સૈન્યની આગળ કુધ્યાન રૂપી ધ્વજા ફરકતી હતી અને રામની દાન-શીયળ-તપ અને ભાવરૂપી ચતુરંગી સેનાની આગળ નીતિ રૂપી ધ્વજા ફરકતી હતી હવે આગળ શું થાય છે. દાન-શિયળ-તપ-ભાવના રૂપી ચતુરંગી સેનાને લઈને નીતિની ધ્વજા ફરકાવતા સ્વાધ્યાય રૂપી નગારા વગાડતાં રામ યુદ્ધભૂમિમાં પહોંચી ગયા. પ્રથમ લક્ષ્મણજી લડવા માટે તૈયાર થયા. હવે લક્ષ્મણજીની પાસે કયો રથ હતો ને કયા શસ્ત્રો હતા ?

સત્યરૂપી લક્ષ્મણ ધૈર્યરૂપી ધનુષ્યને હાથમાં લઈને શીયળરૂપી રથમાં બેસી ગયા. બંને શસ્ત્ર સજીને યુદ્ધભૂમિમાં આવી ગયા. સત્યરૂપી લક્ષ્મણને જોઈને મિથ્યાત્વ મોહનીયરૂપ રાવણને ખૂબ ક્રોધ આવ્યો એટલે તેણે અજ્ઞાનરૂપી ચક્ર લક્ષ્મણ ઉપર છોડયું, પણ સત્યને અજ્ઞાન કયાંથી હણી શકે? અજ્ઞાન ચક્રનુ જોર ચાલ્યું નહિ. એ લક્ષ્મણની પ્રદક્ષિણા કરવા લાગ્યું. રાવણ એ ચક્રને પોતાના હાથમાં લેવા ગયો પણ એની પાસે ચક્ર પાછું આવ્યું નહિ, પણ લક્ષ્મણના હાથ ઉપર આવીને બેસી ગયું તો એ અજ્ઞાનચક્ર જ્ઞાન ચક્ર બની ગયું, ને લક્ષ્મણે રાવણ ઉપર છોડયું તો તે ચક્રથી રાવણનું મસ્તક છેદાઈ ગયું ને રાવણ મરી ગયો. એવો નિયમ છે કે પ્રતિ વાસુદેવ બધું ભેગું કરે ને એને મારીને વાસુદેવ ભોગવે. રાવણ પ્રતિ વાસુદેવ હતો ને લક્ષ્મણ વાસુદેવ હતા. તેથી રાવણને તેમણે માર્યો, ને રામ-લક્ષ્મણની જીત થઈ ને જય જય નાદના શબ્દો ગુંજી ઉઠયા.

ધર્મરૂપી રામ રાજા સીતાજીને લઈને અયોધ્યા નગરીમાં આવ્યા. પછી અયોધ્યા નગરી કઈ? ધર્મરૂપી રાજા મુક્તિરૂપી અયોધ્યા નગરીમાં રાજ્ય કરે છે. એ મુક્તિ નગરીમાં જે વસે છે તેના જન્મ-જરા અને મરણના ફેરા ટળી જાય છે ને આત્મા અનંત અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરે છે. બંધુઓ! શુદ્ધ ભાવથી ધર્મની આરાધના કરો જેથી મુક્તિરૂપી અયોધ્યામાં પહોંચી જવાય. આવી વિજયાદશમીનું ભાવપૂર્વક સ્મરણ કરી કલ્યાણ કરો. જમાલિકુમારના માતા-પિતાએ શું કર્યું?

"तए णं से जमालिस्स खत्तियकुमारस्स अम्मापियरो दोच्चं पि उत्तरावक्कमणं सीहासणं रयावेन्ति दोच्चं पिरया वित्ता जमालिस्स खत्तिय कुमारस्स सेया पीयए हिं कल सेहिं ण्हावेंति ।

વાળ વડા થઈ ગયા પછી જમાલિકુમારના માતા-પિતાએ ઉત્તર દિશા સન્મુખ બીજુ સિંહાસન મૂકાવ્યું ને ફરીને જમાલિમારને સોના-રૂપાના ૧૦૮ કળશ વડે સ્નાન

કરાવ્યું. સ્નાન કર્યા પછી એકદમ સુંવાળા અને સુગંધીદ્રાર કિંમતી લાલ વસ્ત્ર વડે જમાલિકુમારના અંગોને લૂછે છે. શરીર લૂછ્યા પછી "सरसेणं गोसीसं चंदणेणं गायाइं अणुलिपन्ति।" જમાલિકુમારના શરીર ઉપર એકદમ કિંમતી સુગંધીદ્રાર ગોશીર્ષ ચંદનનું વિલેપન કરે છે ને એમની માતા કહે છે હે દીકરા! આ ચંદન જેમ શીતળ છે તેમ તું તારા આત્માને શીતળ બનાવજે ને સંયમની સૌરભ મહેંકાવજે. ચંદનનું વિલેપન કર્યા પછી નાકના વાયરે ઉડી જાય તેવું હલકું, આંખને ગમી જાય તેવું સુંદર, વર્ણને સ્પર્શથી યુકત, ઘોડાની લાળ કરતાં પણ વધારે નરમ "धवलं कणग खचितं त कम्म महरिह हंस लक्खणं पड साडगं परिहिन्ति।" શ્વેત અને સોનાની કસબી કિનારીવાળું મહામૂલ્યવાન, હંસના ચિન્હવાળું એવું પટશાટક (રેશમી વસ્ત્ર) પહેરાવે છે ને કહે છે હે દીકરા! તું આ શ્વેત વસ્ત્ર પહેરીને તારા આત્માને શ્વેત બનાવજે. ચારિત્રમાં બિલકુલ દોષરૂપી ડાઘ લગાડીશ નહિ. રંગીન વસ્ત્રમાં ડાઘ પડે તો દેખાય નહિ પણ શ્વેત વસ્ત્રમાં ડાઘ પડે તો તરત દેખાઇ આવે છે, તેમ નિર્મળ ચારિત્રમાં દોષરૂપી ડાઘ ન પડે તેનું ખૂબ લક્ષ રાખજે.

હંસલક્ષણયુકત મહાન કિંમતી શ્વેતવસ્ત્ર પહેરાવ્યા પછી શું કરે છે, એકસેરા, ત્રણસેરા, પાંચસેરા, નવસેરા કિંમતી રત્નોના હાર જમાલિકુમારના કંઠમાં પહેરાવે છે ને કહે છે હે દીકરા! જેમ આ હારમાં રત્નો ચમકે છે તેમ તું તારા આત્માને જ્ઞાનદર્શન-ચારિત્રરૂપી રત્નોથી ચમકાવજે. આ રીતે જમાલિકુમારનેકંઠમાં હાર પહેરાવ્યા. હાથે બાજુબંધ પહેરાવ્યા, કાનમાં કુંડળ પહેરાવ્યા, મસ્તકે મુગટ પહેરાવ્યો હવે આગળ શું આવશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૮૮

આસો સુદ ૧૨ ને સોમવાર તા. ૮-૧૦-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

અનંત કરૂણાનિધી, સત્યના શોધક, મમતાના મારક ને વિષયોના વારક એવા ત્રિલોકીનાથની શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત.

જમાલિકુમારને બીજા સિંહાસન ઉપર બેસાડી સુગંધિત લાલ વસ્ત્ર વડે એમનું શરીર લૂછી ગોશીર્ષ ચંદનના વિલેપન કર્યા. શ્વેત રેશમી હંસલક્ષણયુકત વસ્ત્રો પહેરાવીને વેષ્ટિમ-વીંટેલી, પૂરિમ-પૂરેલી, ગ્રંથીમ-ગૂંથેલી ને સંઘાતિમ-એટલે પરસ્પર સંઘાત વડે તૈયાર થયેલી ચારે પ્રકારની માળાઓ વડે કલ્પવૃક્ષની જેમ જમાલિકુમારને વિભૂષિત કરવામાં આવ્યા. ત્યાર પછી તે જમાલિકુમારના પિતા કૌટુંબિક પુરૂષોને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહે છે-

હે દેવાનુપ્રિયો! તમે જલ્દી સેંકડો સ્થંભ (થાંભલાથી) યુકત લીલાપૂર્વક પૂતળીઓથી યુકત (રાયપ્રશ્નીય સૂત્રમાં વિમાનનું વર્ણન કર્યું છે તેવી) યાવત્ મણીરત્નની ઘંટડીઓના સમૂહથી યુકત એક હજાર માણસોથી ઉંચકી શકાય તેવી શીબીકા-પાલખી તૈયાર કરો. ને તૈયાર કરીને મારી આજ્ઞા મને પાછી આપો. એટલે તરત કૌટુંબિક પુરૂષોએ જમાલિકુમારને બેસવા માટે ઉત્તમ મોટા પ્રકારની મોટી શીબીકા તૈયાર કરીને મહારાજાને તેમની આજ્ઞા પાછી સોંપી.

ઉત્તમ પ્રકારના વસ્ત્રાભૂષણોથી અલંકૃત, સૂર્ય સમાન એમના તેજ ઝળકી ઉઠયા છે. વળી એમને માટે હજાર માણસો ઉંચકે તેવી ઉત્તમ પ્રકારની શીબીકા તૈયાર કરી છે. એના દીક્ષા મહોત્સવમાં શું બાકી હોય? દેવલોકમાં દેવો અને ઈન્દ્રો કુદરતી રીતે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોતા હોય ને તેમાં પણ આવો દીક્ષા મહોત્સવ જુએ ત્યારે તેનું કેવું હર્ષથી નાચી ઉઠે છે. અહો! આવો અવસર અમને ક્યારે આવે! ને આ અવિરતીની કેદમાંથી મુકત બનીએ. દેવો અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જુવે છે કોણ મહાન યોગી તપમાં રકત છે, કોણ ગુણગ્રાહી છે, કોણ વયાવચ્ચી છે, કોણ આત્માર્થી છે? કોણ સત્યવાદી છે? કોણ દાનવીર છે ને કોણ ભકિતવાન છે! આવા ત્યાગી, તપસ્વી, સત્યવાદી, સંયમી અને સેવાભાવી વિગેરે ગુણવાન આત્માઓને જોઈને ઈન્દ્રનું હૃદય હર્ષથી નાચી ઉઠે છે. સમ્યક્દૃષ્ટિ દેવો કોઇના દોષ જોતા નથી. ફકત ગુણવાન વ્યકિતઓના ગુણ જોઈને હરખાય છે ને પોતાની સભામાં, દેવોની સભા વચ્ચે તેઓ આવા ગુણવાન વ્યકિતઓની પ્રફુલ્લિત હૃદયથી પ્રશંસા કરતાં બોલી ઉઠે છે કે ધન્ય છે આવા ત્યાગી તપસ્વી પવિત્ર સંતોને! તેમને કોઈ પણ વ્યકિત તેમની સાધનાથી ડોલાવવા શકિતમાન નથી, કહ્યું છે કે :-

"त्यजन्त्युत्तम सत्त्वा हि प्राणानपि न सत्पथम्।"

જે ઉત્તમ આત્માઓ છે તે કસોટીના સમયમાં પણ ધર્મનું રક્ષણ કરવા માટે પોતાના પ્રાણનું બલિદાન આપવા તૈયાર થઇ જાય છે. પણ સત્યમાર્ગને છોડતા નથી. આ રીતે ઈન્દ્ર જ્યારે સદ્ગુણી વ્યકિતની પ્રશંસા કરે છે ત્યારે સભામાં બેઠેલા મિથ્યાદૃષ્ટિ દેવો ઇર્ષ્યાની અગ્નિથી પ્રજળી ઉઠે છે ને બોલે છે કે એ મૃત્યુલોકના માનવીઓ અન્નના કીડા અને અલ્પ આયુષ્યવાળા હોય છે. છતા એમની આટલી બધી પ્રશંસા ઇન્દ્ર મહારાજા શા માટે કરે છે? તેમને ઇન્દ્ર મહારાજાની વાત ઉપર વિશ્વાસ હોતો નથી. અહીં પણ જુઓ સંઘમાં કે સમાજમાં કોઇ એક પ્રશંસનીય કાર્ય કરવાનું હોય છે ત્યારે તેમાં બધા માણસોને એ વાત મંજુર હોતી નથી એવા ઇર્ષ્યાળુ માણસો હોય છે. તેઓને કોઈના ગુણ ગવાતા હોય તો સાંભળીને ઇર્ષ્યા આવે છે. આવા ઉચ્ચકુળમાં જન્મીને, વીતરાગનું શાસન પામીને પણ સદ્ગુણીના સદ્ગુણોની પ્રશંસા સાંભળીને જો

આનંદ ન થતો હોય તો તે મનુષ્ય શ્રેષ્ઠ નથી. પણ અધમ છે. એક શ્લોકમાં કહ્યું છે કે-

"न हि जन्यनि श्रेष्ठत्वं गुण उच्यते ।
केतकीवर पत्राणां लघुपत्रस्य गौरम् ।।

દેવાનુપ્રિયો ; આ શ્લોકમાં શું કહે છે? મનુષ્યજન્મમાં કે જૈનકુળમાં જન્મ પામવાથી કોઈ મહત્તા નથી પણ એ મનુષ્યજન્મમાં જૈનકુળ પ્રાપ્ત કરી કુળને અનુરૂપ ગુણો પ્રાપ્ત કરે છે તેનું મહત્વ છે. ઉચ્ચકુળમાં જન્મ પામવા છતાં જો જીવનમાં ગુણો ન હોય તો તેનું મહત્વ નથી. પણ ગુણોનું મહત્વ છે. નીચકુળમાં માનવ જન્મ્યો હોય પણ તેના જીવનમાં સદ્‌ગુણ હોય તો તે શ્રેષ્ઠ છે. જૈનશાસનમાં જાતિની કોઇ વિશેષતા નથી, પણ સદ્‌ગુણની વિશેષતા છે.

શ્લોકના છેલ્લા પદમાં કહ્યું છે કે કેવડાના પાદડામાં જે પાંદડા સૌથી ઉપર હોય છે તે સૌથી મોટા હોય છે. તેમાં સુગંધ ઓછી હોય છે. પણ ઉત્તરો-તર એક-બીજાથી અંદરના અંદર નાના પાંદડાંમાં સુગંધ વધારે હોય છે તો વિચાર કરો. અહીં મોટા પાંદડાંનું મહત્વ છે કે નાના પાંદડાંનું! કેવડામાં અંદર રહેલા નાના પાંદડામાં સુગંધ વધારે હોય છે માટે તેને મહત્વ આપ્યું છે. બગીચામાં અનેક પ્રકારના ફૂલો ખીલે છે તેમાં ગુલાબ-મોગરો આદિ ઉત્તમ પ્રકારના પુષ્પોની સુવાસ છાની રહેતી નથી. તેમ આ સંસારરૂપી ઉદ્યાનમાં પણ અનેક પ્રકારના પુષ્પરૂપી મનુષ્યો જન્મે છે તેમાં મહાન પુરુષોના જીવનમાં રહેલી સદ્‌ગુણ સુવાસ ચારે તરફ પ્રસરે છે તે છાની રહેતી નથી. ખુદ દેવલોકના ઇન્દ્ર અને સમ્યગ્‌દૃષ્ટિ દેવો પણ તેમની પ્રશંસા કરે છે. તે વખતે મિથ્યાદૃષ્ટિ દેવોને એ સહન નહિ થવાથી એ ગુણવાન વ્યક્તિઓની પરીક્ષા કરવા માટે મૃત્યુલોકમાં આવે છે. ને તે મહાન આત્માઓને તેમની ભક્તિ-શીયળ-સત્ય-સાધના અને દ્રાનવૃત્તિથી ચલાયમાન કરવા અનેક પ્રકારના પ્રયત્નો કરે છે. તેમને મારણાંતિક ઉપસર્ગો આપતાં પણ પાછા પડતા નથી, તેમનું નુકશાન કરતાં પાછા પડતા નથી. ગમે તેમ કરે છે પણ એ આત્માઓ એમના નિયમમાં દૃઢ રહે છે ને અંતે દેવોને તેના ચરણમાં નમવું પડે છે. આવા મહાન પુરૂષો આ જગતમાં મરીને પણ પોતાનું જીવન અમર બનાવી જાય છે.

દેવાનુપ્રિયો! દરેકની કસોટી થાય છે. પણ કસોટીના સમયમાં જે મનને દૃઢ બનાવે છે તેની કિંમત થાય છે. તમે ઘણી વખત સાંભળ્યું હશે કે દૃઢધર્મી અને પ્રિયધર્મી શ્રાવકોને તેમની શ્રદ્ધામાંથી ચ્યુત કરાવવા માટે દેવો આવ્યા છે ને તેમની પરીક્ષા કરી છે, છતાં શ્રાવક મનથી પણ ચલાયમાન થયા નથી.

જમાલિકુમારના દીક્ષા મહોત્સવ માટે તૈયારી ચાલે છે. કૌટુંબિક પુરૂષોએ રાજાની આજ્ઞા પ્રમાણે એક હજાર માણસો ઉંચકે તેવી ઉત્તમ અને સુંદર શિબિકા તૈયાર કરી દીધી ને રાજાની આજ્ઞા પાછી સોંપી, ત્યાર પછી તે જમાલિકુમાર વસ્ત્રાલંકાર, કેશાલંકાર,

માળાલંકાર અને આભરણાલંકાર એ ચારે પ્રકારના અલંકૃતોથી અલંકૃત થઇને સિંહાસન ઉપરથી ઉભા થઈને જ્યાં શિબિકા રાખવામાં આવી છે ત્યાં આવ્યા ને શિબિકાને પ્રદક્ષિણા દઇ શિબિકા ઉપર ચઢયા ને તેમાં સુંદર રત્નજડિત સિંહાસન મૂકાવ્યું છે તેના ઉપર પૂર્વ દિશા તરફ મુખ રાખીને જમાલિકુમાર બેઠા. હવે તેમની બાજુમાં કોણ કોણ બેસશે ને વરઘોડો ભગવાનની પાસે જશે તેના ભાવ અવસરે કહેવાશે.

" જયકુમારનો રાજ્યાભિષેક "

ચરિત્ર : હમણાં ઘણાં દિવસથી ચરિત્ર મૂકાઈ ગયું છે. કાકંદી નગરીમાં સૂરતેજ રાજાને અને લીલાવંતી રાણીને જયકુમાર અને વિજયકુમાર નામના બે પુત્ર છે. પૂર્વના વૈરને લઈને બંને જીવો ભાઈપણે ઉત્પન્ન થયા છે. જયકુમાર એ ગુણસેનનો જીવ છે ને વિજયકુમાર એ અગ્નિશર્માનો જીવ છે. જયકુમાર મોટો છે ને વિજયકુમાર નાનો ભાઇ છે. જયકુમારને પોતાના નાના ભાઇ પ્રત્યે ખૂબ પ્રેમ છે પણ પૂર્વના વૈરને કારણે વિજયકુમારને પોતાના મોટા ભાઇ પ્રત્યે પ્રેમ આવતો નથી. એની સાથે દ્વેષ બુદ્ધિથી વર્તે છે. છતાં જયકુમાર તો એમ વિચારે છે કે ગમે તેમ તોય મારો લાડકવાયો ભાઇ છે. એમ કરતાં બંને ભાઇઓ મોટા થાય છે. બંને ભણીગણીને શસ્ત્રવિદ્યામાં નિપૂણ થઇ ગયા.

બંને પુત્રો યુવાન થયા એટલે બંનેના સુંદર રાજકન્યાઓની સાથે ખૂબ ઉત્સવપૂર્વક સુરતેજ મહારાજાએ લગ્ન કર્યા. ત્યાર બાદ અલ્પ સમયમાં સુરતેજ મહારાજા આયુષ્ય પૂર્ણ થવાથી પરલોક સીધાવ્યા એટલે રાજાના પ્રધાનો, સામંતો વિગેરેએ જયકુમારનો રાજ્યાભિષેક કર્યો. જયકુમાર ખૂબ ગુણગંભીર અને રાજ્યને લાયક હતો. વળી રાજ્યમાં નિયમ હોય છે કે રાજ્યને યોગ્ય ગુણ હોય તો પાટવીપુત્ર રાજગાદીનો વારસ બને છે. જયકુમાર ગાદી ઉપર આવ્યો અને ખૂબ ન્યાય-નીતિપૂર્વક રાજ્ય કરવા લાગ્યો અને પ્રજા પ્રત્યે ખૂબ પ્રેમ રાખવા લાગ્યો, એટલે થોડા સમયમાં પ્રજાના દિલમાં જયકુમાર રાજા વસી ગયા. જયકુમાર રાજા બન્યો છે પણ હું રાજા છું એવો એના મનમાં જરાય ગર્વ નથી એટલે ચારે તરફ એની કીર્તિ ખૂબ ફેલાઈ ગઈ.

મોટા ભાઈ એવા જયકુમાર રાજાની કીર્તિ અને યશોગાન પ્રજાના મુખે ગવાવા લાગ્યા. શું મહારાજા છે! આટલી છોટી ઉમરમાં પણ કેવું સુંદર રાજ્ય ચલાવે છે! એમ ચારે બાજુ જયકુમાર રાજાના વખાણ થાય છે. આ સાંભળી વિજયકુમારના દિલમાં દ્વેષાનલ ઉત્પન્ન થયો. બસ, હવે ગમે તેમ કરીને મારા મોટા ભાઇને મારી નાંખું. આવા દુષ્ટ વિચારો ચિંતવે છે.

" સનત્કુમાર આચાર્યના દર્શન " :- એક વખત જય રાજા તેના સાથીદારોની સાથે બગીચામા હરવાફરવા માટે આવ્યા હતા. ત્યાં સૂર્યના જેવા તેજસ્વી મહાન સનત્કુમાર આચાર્યના દર્શન થયા ને આચાર્ય પાસેથી તત્ત્વજ્ઞાન સાંભળવાની ઇચ્છા

થઇ તેથી ગુરૂએ બોધ આપ્યો. તે વખતે જયરાજાએ ધર્મમાં શ્રદ્ધાવાન બની સનતકુમાર આચાર્યની પાસે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા ને ગુરૂને વંદન કરીને પોતાના મહેલમાં આવ્યા. આચાર્યનો પરિચય થયા પછી તેમનું મન રાજ્યમાં લાગતું નથી. ગુરૂનો ઉપદેશ તેના હૃદયમાં ઉતરી ગયો છે. રાજ્યમાં રહે છે, રાજ્યનો કારભાર કરે છે પણ કોઇ જાતની એને તૃષ્ણા નથી. ન્યાયથી રાજ્ય કરે છે એટલે દિન-પ્રતિદિન તેની કીર્તિ ચારે દિશામાં ફેલાઇ ગઈ. આ બધું નાના ભાઇથી સહન થતું નથી. મોટા ભાઈને મારી નાંખવાનો ઉપાય શોધે છે. અંગત માણસોને ઉભા કરી તેમને કહે છે કે આ જયસેન તો ધર્મનો ઢીંગલો થઇને ફરે છે, રાજ્યનું પૂરૂં ધ્યાન આપતો નથી. દયાળુ બનીને ફરે છે. કોઇ અપરાધીને સજા કરતો નથી. તો રાજ્ય કેવી રીતે ટકી રહેશે ? માટે ગમે તેમ કરીને એને પદભ્રષ્ટ કરીને હું એનું રાજ્ય પડાવી લઉં. તમે બધા મને સાથ આપજો. હું રાજા થઇશ તો તમને બધાને ન્યાલ કરી દઇશ. એ રીતે તેના સાથીદારોને કહ્યું. આ વાત તેની માતા લીલાવતીના જાણવામાં આવી.

"માતા જયકુમાર પાસે આવ્યા" જયકુમાર પ્રત્યે વિજયને દ્વેષ ઉત્પન્ન થયો છે ને તેને મારી નાંખવાનું ષડયંત્ર રચ્યું છે. આ વાત જાણી એની માતા લીલાવતી રાણી જયરાજાના મહેલે આવી. પોતાની માતાને આવતી જોઇ વિનયવંત જયરાજા ઉભા થઇને માતાની સામે ગયા ને કહ્યું માતા ! આપને શા માટે આવવું પડયું ? મને ત્યાં બોલાવવો હતો ને ! ત્યારે કહે છે બેટા ! એક ખાસ કામે આવી છું. જય કહે છે, જે કામ હોય તે ખુશીથી કહો, ત્યારે માતા કહે છે હે પુત્ર ! તું ગુણવાન છે, ગંભીર છે ને નીતિપૂર્વક રાજ્ય કરે છે એટલે પ્રજાને તારા તરફથી ખૂબ સંતોષ છે. પણ તારા નાના ભાઇને તારા પ્રત્યે ખૂબ દ્વેષ છે. તું રાજા બન્યો તે એને જરા પણ ગમ્યું નથી. એ તને દૂર કરીને રાજા બનવા ઇચ્છે છે. જો એને રાજ્ય નહિ મળે તો કોણ જાણે શું કરશે તે કહી શકાતું નથી. માટે આ વાતની જાણ કરવા તારી પાસે આવી છું. ત્યારે જયકુમાર કહે છે હે માતાજી ! તમે શું બોલી રહ્યા છો ? વિજયકુમાર તો મારો નાનો ભાઇ છે. ખુબ લાડકોડથી ઉછર્યો છે એટલે એ બધું અણસમજણમાં તોફાન કરે છે. હજુ થોડો મોટો થશે એટલે શાંત બની જશે. મારો ભાઇ મારા ઉપર કદી આવી દ્વેષબુદ્ધિ કરે નહિ, માતા ! તમે એની ચિંતા ન કરો.

માતા કહે છે બેટા ! તું ભોળો અને ભદ્રિક છે, તારૂં હૃદય પવિત્ર છે એટલે તું તારા ભાઈને પવિત્ર માને છે પણ તું ભૂલ ખાય છે. તારો ભાઇ તારા ઉપર ખૂબ દ્વેષ રાખે છે. કોઇ પણ રીતે તને મારીને રાજ્યનો સ્વતંત્ર માલિક બનવા ઇચ્છે છે, માટે તું એનાથી સાવધાન રહેજે. ત્યારે જયરાજા કહે છે માતા, જો વિજયકુમાર ખુશીથી રાજ્યનો સ્વીકાર કરતો હોય તો મારી તો રાજ્ય કરવાની બિલકુલ ઇચ્છા નથી. મને

જોઇતું મળી જશે. હું આત્મસાધના કરવા માટે દીક્ષા લઈ લઉં. જયકુમારના વચન સાંભળી માતા આશ્ચર્ય પામી ગઈ. પુત્રની ઉદારતા ને રાજ્ય પ્રત્યેની અનાસક્તિ જોઇને સંતોષ પામીને પુત્રની પ્રશંસા કરતી કહે છે બેટા! ક્ષત્રિયો જે રાજ્યને માટે મોટા મોટા યુધ્ધો ખેલે છે. જે રાજ્ય સત્તાની પાછળ પાગલ બને છે, એવા રાજ્યને તું છોડી દેવા તૈયાર થયો છો! ખરેખર, તું મહાન છે. પણ બેટા! મારી એક વિનંતી છે કે તું રાજ્ય ચન્દ્રાવ ને વિજયને યુવરાજપદે સ્થાપન કર. તો મને સંતોષ થશે ને એને પણ આનંદ થશે ને પ્રેમથી બધું કાર્ય થશે.

જયકુમારે કહ્યું માતા! સાચું કહો તો હવે મને રાજ્ય કરવાની બિલકુલ ઇચ્છા નથી. મારા નાના ભાઇને ખુશીથી રાજ્ય આપવાની મારી ભાવના છે. આમ તો સનત્કુમાર આચાર્યના મને દર્શન થયા ને તેમની વાણી સાંભળી ત્યારથી મારૂં મન સંસાર ઉપરથી ઉઠી ગયું છે. મારે જલ્દી આ ભાવસાગરને તારનારી નૌકા સમાન દીક્ષા લેવી છે. માટે મારા ભાઇનો જલ્દી રાજ્યાભિષેક કરવાની તૈયારી કરાવો. પુત્રનો દૃઢ નિશ્ચય જાણી લીલાવંતી રાણીને પણ સંયમની ભાવના જાગી ને પોતે પોતાના મહેલે આવીને નાના પુત્ર વિજયને જયકુમારના દીક્ષા લેવાના ભાવ છે ને તને રાજ્યાભિષેક કરવાનો છે. આ વાત જણાવી તેથી વિજયને ખૂબ આનંદ થયો. પણ ભાઇ પ્રત્યેનો દ્વેષભાવ નષ્ટ થયો નહિ.

સુમતિ પ્રધાન જય રાજાના મહેલે આવ્યા:- સુમતિ નામના પ્રધાનને ખબર પડી કે જય રાજા રાજ્ય છોડીને દીક્ષા લેવા ઇચ્છે છે ને વિજયને રાજ્યાભિષેક કરવાના છે. આ સાંભળી તરત પ્રધાન જયરાજાના મહેલે આવ્યા ને નમ્રતાપૂર્વક વિનંતી કરી કે હે મહારાજા! આપ સંયમી બનવા ઇચ્છો ને વિજયકુમારને રાજ્ય આપો છો તે બરાબર નથી. કારણ કે રાજ્ય કરવામાં જેટલી આપની યોગ્યતા છે તેટલી વિજયકુમારમાં નથી. આપનામાં જે ગુણો છે તે તેનાથી ઘણું દૂર છે. માટે તમે હમણાં દીક્ષા લેવાની વાત છોડી દો. તમે દીક્ષા લેશો તો પ્રજા દુઃખીદુઃખી થઇ જશે. મારી આટલી વિનંતી સ્વીકારો. હું વિનંતી કરવા માટે આવ્યો છું. મને આશા છે કે આપ મારી વિનંતી ધ્યાનમાં લેશો.

જયરાજાનો જવાબ:- મંત્રીના વચન સાંભળીને જયરાજા કહે છે હે મંત્રીશ્વર! સનત્કુમાર મુનિનો ઉપદેશ સાંભળીને મને વૈરાગ્યભાવના જાગી છે. આ સંસારની અસારતા મને સમજાઈ ગઇ છે. રાજ્ય, વૈભવ સ્ત્રી-પુત્ર બધું અશાશ્વત છે. તેના ઉપર મોહ રાખવો તે જીવનું અજ્ઞાન છે. મંત્રીશ્વર! તમે પણ એમની વાણી સાંભળી હોત તો તમને પણ મારી જેમ વૈરાગ્યભાવના જાગત, ને મંત્રીશ્વર પદવીનો ત્યાગ કરવા તત્પર બનત. ત્યારે પ્રધાન કહે છે હે મહારાજા! તમને મુનિએ એવો શું ઉપદેશ સંભળાવ્યો કે જેથી એક વખત વાણી સાંભળતા વૈરાગ્ય આવી ગયો. કૃપા કરીને મને

સંભળાવો. એટલે રાજા કહે છે પ્રધાનજી! એમણે મને જે કંઇ ઉપદેશ આપ્યો તેને યથાર્થ રીતે કહેવાની મારામાં તાકાત નથી પણ સામાન્ય રીતે કહી સંભળાવું. એમ કહી સનત્‌કુમાર આચાર્યે જે સંસારની અસારતા સમજાવી હતી તે યથાશક્તિ પ્રધાનને કહી સંભળાવી. એટલે પ્રધાનને પણ વૈરાગ્ય આવી ગયો ને જયરાજા, લીલાવતી માતા અને સુમતિ પ્રધાન ત્રણે વૈરાગ્ય પામ્યા. સારૂં મુહૂર્ત જોઇ વિજયકુમારનો રાજ્યાભિષેક કર્યો. વિજયકુમાર ખુશ થયો. હાશ....હવે સ્વતંત્રતાપૂર્વક રાજ્ય કરીશ. ટાઢે પાણીએ ખસ ગઇ. હવે મને કોઇ રોકનાર પણ રહ્યું નહિ. મારી મરજી મુજબ બધું થશે.

વિજયકુમાર રાજા બન્યો. હવે જયરાજા, લીલાવતી રાણી અને સુમતિ પ્રધાન ત્રણેય આત્માઓ સંયમપંથે પ્રયાણ કરશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૮૯

આસો સુદ ૧૩ ને મંગળવાર **તા. ૯-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

આયંબીલની ઓળીની આરાધના કરવાના પવિત્ર દિવસો ચાલી રહ્યા છે. આયંબીલ રસેન્દ્રિયને જીતવાનો તપ છે. તપ દ્વારા કર્મની ભેખડો તૂટે છે. પૌદ્‌ગલિક ઇચ્છાઓ ઉપર વિજય મેળવવો એના જેવો બીજો કોઇ તપ નથી. જ્ઞાનપૂર્વકનો જો તપ હોય તો ઇચ્છાઓનો નિરોધ ઘણી સહેલાઇથી થઇ જાય છે. પુદ્‌ગલભાવનાના આકર્ષણને કારણે અંતરમાં અવનવી ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે, ને જીવ પોતાના શુદ્ધ સ્વરૂપનું ભાન ભૂલી જાય છે.

પુદ્‌ગલભાવની પ્રીતિ થાય છે ત્યારે આત્માને સારી વસ્તુ પ્રત્યે રાગ અને ખરાબ વસ્તુ પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થાય છે અને એ રાગ ને દ્વેષની મૂંઝવણમાં પોતાના આત્માને તદ્દન ભૂલી જાય છે, પણ એક વખત શાસ્ત્રસિદ્ધાંત ઉપરની શ્રદ્ધાનો દિપક અંતરમાં પ્રગટે તો અજ્ઞાનનો અંધકાર ટળી જાય, પુદ્‌ગલભાવ પ્રત્યેની રૂચી ઉઠી જાય ને ઇચ્છાઓ પણ ટળી જાય.

જ્ઞાનદ્વારા આત્માને સમજાય છે કે "इच्छा उ आगाससमा अणंतया" ઇચ્છા આકાશ જેટલી અનંત છે. આજ સુધીમાં કોઇની ઇચ્છા પૂરી થઈ નથી ને થવાની પણ નથી. ચક્રવર્તિઓ મહાન પુણ્યના ઉદયવાળા હોય છે છતાં તેમની બધી ઇચ્છાઓ પૂર્ણ થઈ નથી ભરત ચક્રવર્તિની બાહુબલી ઉપર વિજય મેળવવાની પ્રબળ ઇચ્છા હતી છતાં વિજય મેળવી શકયા નહિ તો પછી સામાન્ય મનુષ્યોની વાત કયાં કરવી? માટે જ્ઞાનીઓ કહે છે ઇચ્છા એ દુઃખનું મૂળ છે એમ સમજીને પૌદ્‌ગલિક ઇચ્છાઓનો નિરોધ કરવો.

તે સુખનો અમોઘ ઉપાય છે. પુદ્ગલનો સ્વભાવ સડણ-પડણ અને વિધ્વંસણનો છે. પુદ્ગલો કાયમ માટે એકસરખી સ્થિતિમાં રહેનારા નથી, જુઓને, આ શરીરમાં પણ કેટલું પરિવર્તન આવે છે! આજે સાજું હોય ને કાલે માંદું થઈ જાય છે. ડાયાબીટીશ, બ્લડપ્રેશર, ટી. બી, કેન્સર જેવા દર્દો માણસને ચાલતાં લાગુ પડી જાય છે. કેટલાય માણસો આવા અસહ્ય દર્દોથી પીડાય છે, માટે આ પુદ્ગલનો કોઇ ભરોસો નથી. બળવાનમાં બળવાન કહેવાતા માનવીઓ પણ પુદ્ગલથી એવા પરવશ બની જાય છે કે ઉઠવા બેસવાની તાકાત રહેતી નથી. આ પુદ્ગલ ક્યારે દગો દેશે એ આપણે જાણી શકતા નથી. દશવૈકાલીક સૂત્રમાં ભગવાન કહે છે કે:-

पुग्गलाणं परिणामं तेंसिनच्चा जहा तहा ।
विणीअ तण्हो विहरे, सीयभूएण अप्पणा ।

દશ. સૂ. અ. ૮, ગાથા ૬૦

પુદ્ગલના પરિણામો જે જે રીતે બદલાય છે તે તે રીતે જાણીને તૃષ્ણાથી રહિત થયેલા મુનિ પરમ શીતળીભૂત બનીને પોતાના આત્માના સ્વભાવમાં વિચરે. શુભ પુદ્ગલો પરિણામના વશે અશુભ બને છે ને અશુભ શુભમાં પલટાઇ જાય છે. પર્યાયાર્થિકનયની અપેક્ષાએ પુદ્ગલનું સ્વરૂપ પલટાયા કરે છે. જેવી રીતે આજે કોઈ માણસનું રૂપ અદ્ભુત હોય છે ને તે માણસ થોડા સમય પછી વિરૂપ બની જાય છે. સ્વપ્નમાં પ્રાપ્ત થયેલા પદાર્થનો કોઈ ભરોસો નથી. તેમ પુદ્ગલનો પણ એક ક્ષણનો ભરોસો નથી. વીજળીના ચમકારાની જેમ અને પાણીમાં રહેલા પતાસાની જેમ પુદ્ગલો ક્ષણવારમાં વિખરાઇ જાય છે. કંચનવર્ણી કાયા જોત જોતામાં માટીમાં મળી જાય છે તો પછી પુદ્ગલનો શો ભરોસો ?

બંધુઓ ! જેના પ્રતાપે સુખ ભોગવી રહ્યા છો તે પુણ્ય અને દુઃખ દેનાર પાપ પણ પુદ્ગલમય છે. ક્યારે પુણ્ય પરવારી જશે એ જ્ઞાની સિવાય કોણ જાણી શકે છે? ભલભલા અબજોપતિ અને ક્રોડપતિઓ પુણ્ય પરવારી જતાં બેહાલ બની જાય છે એ તો નજરે દેખાય છે ને? પુદ્ગલનું આવું સ્વરૂપ હોવા છતાં જીવ તેમાં રચ્યોપચ્યો રહે છે. નિજ-સ્વરૂપને ભૂલીને જીવ અનાદિકાળથી પુદ્ગલભાવમાં રમણતા કરી રહ્યો છે. તેને કારણે જ્યાં ગયો ત્યાં વિડંબના પામ્યો છે. દારૂડિયો માણસ જેમ ભાન ભૂલીને જ્યાં ત્યાં આળોટે છે તેમ જીવ પણ મોહ-મદિરાના ઉન્માદને કારણે નિજ ભાન ભૂલીને પરભવમાં આળોટી રહ્યો છે ને પુદ્ગલ પ્રત્યે ઉલ્લાસભાવ લાવી વિષયોના રંગમાં રંગાઇ ગયો છે. જેમ ભૂંડને વિષ્ટા ગમે છે તેમ જીવને પુદ્ગલની એંઠ બહુ ગમે છે.

એક પરમાણુથી લઇને સ્કંધ સુધીના જે કોઈ રૂપી પુદ્ગલો છે તે સર્વને આપણા જીવ મન-વચન-કાયા-આહાર-ઉચ્છ્વાસ અને નિઃશ્વાર્થ રૂપે અનંતીવાર ભોગવ્યા છે.

છતાં હજુ પણ જીવને તૃપ્તિ થતી નથી ને હજુ પણ અજ્ઞાનને કારણે પુદ્ગલની એંઠની પાછળ મગ્ન રહે છે. જીવનેં જેવી મગ્નતા પરદ્રવ્ય અને પરભાવમાં છે તેવી મગ્નતા જો આત્માના સ્વભાવમાં થઈ જાય તો એક ભવમાં બેડો પાર થઈ જાય અને સ્વરૂપની પ્રાપ્તિ થઇ જાય. જેને નિરંતર એમ થયા કરે કે હું કયારે નિજ–સ્વરૂપમાં રમણુતા કરીશ ! એ રીતે પોતાના સ્વરૂપનો જેને વિરહ સાલે છે તે હળુકર્મી આત્મા છે. જીવ સ્વરૂપને સમજ્યા વિના અને સ્વરૂપની રમણુતા વિના અનંતકાળથી દુઃખ પામી રહ્યો છે. ને હજુ પણ સદ્ગુરૂનો સમાગમ કરવા છતાં નહિ સમજે તો એ દુઃખની પરંપરા તેના માટે ઉભેલી છે.

આત્મજ્ઞાનમાં મગ્ન બનેલો આત્મા પૌદ્ગલિક સુખને ઇન્દ્રજાળ સમાન માને છે. ઐન્દ્રજાલિક ગમે તેવી જાળ બિછાવે તો પણ જ્ઞાની આત્મા તેમાં ફસાય નહિ. તેમ બહારથી આકર્ષક લાગતા ગમે તેટલા સુંદર પુદ્ગલોમાં જ્ઞાની આત્મા મૂંઝાતો નથી. કારણ કે એ સમજે છે કે સંસારમાં દરેક પૌદ્ગલિક પદાર્થો અમુક અપેક્ષાએ વિનાશી છે જ્યારે એક આત્મા અવિનાશી છે એવી જેને દૃઢ શ્રદ્ધા છે તે વહેલા કે મોડા અવિનાશી એવા આત્માના સ્વરૂપને પામી શકે છે. પુદ્ગલો જડ હોવા છતાં ચતુર્ગતિરૂપ સંસારમાં ચેતનને વિવિધ પ્રકારે નાચ નચાવી રહ્યો છે. આત્મા અનંતશકિતનો અધિપતિ હોવા છતાં પુદ્ગલ પ્રત્યેના તીવ્ર રાગના કારણે એ તદ્ન કાયર બની ગયો છે. શરીરમાં સહેજ રોગનો ઉપદ્રવ થાય એટલે અનંતશકિતનો ધણી આત્મા જાણે દયાને પાત્ર બની જાય છે અને તેનું લક્ષ એ રોગની વેદનામાં પરોવાઈ જાય છે ને અશાતાના ઉદયમાં હિંમત હારી થાય છે. પુદ્ગલભાવની આધીનતાને કારણે જીવ પોતાનું ભાન ભૂલી જાય છે, સ્વરૂપમાં સાવધાન બને તો ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ આત્મામનની સમાધિને ટકાવી રાખે છે.

આઠ કર્મો પણ પૌદ્ગલિક છે અને તે કર્મોએ જીવની ખરાબી કરવામાં બાકી રાખી નથી એમ સમજીને જો પોતે પોતાના સ્વરૂપમાં સાવધાન બને તો તેના જેવું બીજું કોઇ ઉત્તમ કાર્ય નથી. જડ પદાર્થોમાં જીવ લોભાયો છે પણ તેમાં જીવને સુખ કે શાંતિ આપવાની તાકાત નથી. સુખ કે આનંદ આપવાનો જડનો સ્વભાવ નથી. પણ એ તો જીવનો પોતાનો સ્વભાવ છે. સુખ કે આનંદની પ્રાપ્તિ પોતાના સ્વભાવમાંથી થવાની છે.

જેને પુદ્ગલ પ્રત્યેથી રાગ ઉતરી ગયો છે તેવા જમાલિકુમાર કિંમતી વસ્ત્રાલંકારથી વિભૂષીત થઈને સુંદર શિબિકામાં બેઠા છે. એના સુખ ઉપર આનંદની સીમા નથી. ત્યારે માતાના દિલમાં દુઃખનો પાર નથી. જ્યારે માણસ કસોટીમાંથી પસાર થઇ જાય છે ને પોતાના વ્રતનું અણીશુદ્ધ પાલન કરે છે ત્યારે એના અંતરમાં અનેરો આનંદ

થાય છે. જમાલિકુમારની માતાએ એ પહેલાં કસોટી કરી. કસોટી કુંદનની થાય છે, કથીરની નથી થતી. દરેક વૈરાગીની થોડીઘણી કસોટી તો થાય છે. શ્રાવકોની પણ કસોટી થાય છે. (અર્હન્નક શ્રાવકની કસોટીનો ન્યાય આપી સુંદર રીતે સમજાવ્યું હતું ને ટકોર કરતાં કહ્યું કે આવા સમયે પણ શ્રાવકો કેટલા દૃઢ રહ્યા !)

જ્યાં સુધી આવી શ્રદ્ધા ન રહે ત્યાં સુધી તમે દ્રવ્યથી શ્રાવક છો. જેમ રણમેદાનમાં ઉતરેલો ક્ષત્રિય તેની પાસે ઢાલ અને તલવાર રાખે છે તેમ સાધુ પાસે અને શ્રાવક પાસે પણ શ્રધ્ધાની તલવાર અને ક્ષમાની ઢાલ હોવી જોઈએ. મારણાંતિક ઉપસર્ગમાં પણ દૃઢ રહેવું જોઇએ.

જમાલિકુમાર પૂર્વદિશા તરફ મુખ રાખીને શિબિકામાં સિંહાસન રહેલું છે તેના ઉપર બેઠા. ત્યાર પછી જમાલિકુમારની માતા સ્નાન કરી બલિકર્મ કરીને શરીરને અલંકૃત કરી હંસ લક્ષણવાળા (શ્વેત પટશાટકને ગ્રહણ કરીને) હંસ લક્ષણયુકત એવી શ્વેત સાડી પહેરીને શિબિકાને પ્રદક્ષિણા કરીને તેના ઉપર ચઢે છે, ને ચઢીને ક્ષત્રિય જમાલિકુમારના જમણા પડખે ઉત્તમ ભદ્રાસન ઉપર બેઠી. ત્યારપછી તે જમાલિકુમારની ધાવમાતા સ્નાન કરી યાવત્ શરીરને શણગારીને રજોહરણ અને પાત્રા લઈને તે શિબિકાને પ્રદક્ષિણા કરીને તેના ઉપર ચઢીને જમાલિકુમારના ડાબા પડખે ઉત્તમ ભદ્રાસન ઉપર બેઠી. તેની જમણી બાજુ તેની માતા બેઠા ને ડાબી બાજુ ધાવમાતા પાતરાં અને રજોહરણ લઇને બેઠી. જમાલિકુમારની પાછળ એક સૌંદર્યવાન સ્ત્રી જુઇ અને મોગરાના ફૂલ જેવું શ્વેત ઉત્તમ છત્ર ધરીને ઉભી છે. જમાલિકુમારના બંને પડખે મનોહર રૂપવાળી બે સ્ત્રીઓ, મણી-રત્ન અને સોનાના બનાવેલા ઉજ્જવળ અને સુંદર દાંડાથી શોભતા શંખ–અંક–મોગરાનું ફૂલ, ચંદ્ર અને અમૃતના ફીણ જેવા શ્વેત ચામરો હાથમાં લઈ વીંઝતી ઉભી છે. વળી જમાલિકુમારની ઉત્તર–પૂર્વ દિશામાં એક ઉત્તમ સ્ત્રી પવિત્ર સુગંધીદાર પાણીથી ભરેલો સોનાનો ઉત્તમ કળશ લઇને ઉભી રહી છે. તેની દક્ષિણ દિશાએ એક સુંદર સ્ત્રી સોનાની દાંડીવાળો વીંઝણો લઈને ઉભી છે. આ બધું તૈયાર થયા પછી જમાલિકુમારના પિતા તેમના કૌટુંબિક પુરૂષોને બોલાવે છે ને કહે છે હે દેવાનુપ્રિયો! તમે એકસરખી ઉંમરના, એકસરખી ચામડી અને રૂપવાળા, એકસરખા વસ્ત્રાલંકારો સજેલા એક હજાર પુરૂષોને બોલાવો.

જમાલિકુમારની શિબિકા તૈયાર થઇ ને પછી સરખી ઉંમરના ને સરખા વસ્ત્રાભૂષણો પહેરેલાં એક હજાર પુરૂષોને બોલાવવાની આજ્ઞા આપી છે. એ હજાર પુરૂષો આવીને શિબિકા ઉંચકશે ને પ્રભુના સમોસરણમાં કેવી રીતે જશે તેના ભાવ અવસરે કહેવાશે.

જયકુમારની દીક્ષા

ચરિત્રઃ– જયરાજા, લીલાવંતી રાણી અને પ્રધાન ત્રણેય પવિત્ર આત્માઓએ સંસાર

છોડીને સંયમ લીધો. તે વખતે નગરજનોની આંખમાં આંસુ આવી ગયા. ધન્ય છે એ જયરાજાને કે પોતાના ભાઇને રાજ્ય આપી ભરયુવાનીમાં એમણે સંયમ લીધો. જયમુનિ અને સુમતિ પ્રધાન સનત્‌કુમાર આચાર્યની પાસે રહ્યા અને લીલાવંતી સાધ્વીજીને સાધ્વીના પરિવારમાં સોંપ્યા. એ ત્રણે આત્માઓ પાંચ સમિતિ–ત્રણ ગુપ્તિ એ અષ્ટપ્રવચન માતાનું પાલન કરતાં દશવિધ યતિ ધર્મમાં રકત રહેતાં ઉચ્ચ કોટિનો સંયમ પાળે છે. જયમુનિ ગુરૂનો ખૂબ વિનય કરે છે ને જ્ઞાન ભણવામાં ખૂબ અપ્રમતપણે રહે છે ને વડીલોની વૈયાવચ્ચ પણ ખૂબ કરે છે.

મુનિ વિહાર કરી ગ્રામાનુગ્રામ વિચરવા લાગ્યા. પણ એમની પ્રજા એમને જરા પણ ભૂલી નહિ. દિન–પ્રતિદિન એમના યશોગાન ગાવા લાગી. ધન્ય છે એવા તપસ્વી સંતને! પોતે મહાન હતાં તેમાં પણ સંયમ લઈને વધુ મહાન બની ગયા છે. કેવો એમનો ત્યાગ અને શું એમનું જ્ઞાન-ધ્યાન ને તપ છે! સંસારનું રાજ્ય છોડી આત્માનું રાજ્ય મેળવવા કેટલો પુરૂષાર્થ કરે છે. આ રીતે લોકો એમનાં ખૂબ ગુણ ગાય છે. આ વિજય રાજાને બિલકુલ સહન થતું નથી.

બંધુઓ! જ્યાં કમળ હોય છે ત્યાં ભમર આકર્ષાય છે. મધ છે ત્યાં માખીઓ આવે છે. તેમ મુનિના ગુણથી આકર્ષાઇને મનુષ્યો તેમના ગુણગ્રામ કરે છે. તેમના દર્શન કરવા પણ ટોળેટોળા જાય છે. પણ જેમ સૂર્યનો પ્રકાશ ઘુવડને ગમતો નથી તેમ વિજયરાજા જયરાજાની પ્રશંસા સાંભળી દ્વેષાગ્નિથી બળી જાય છે. અહો! મને રાજ્ય મળ્યું પણ પ્રજા જયરાજાને ભૂલતી નથી હું રાજ્ય કરું ને ગુણ એના ગવાય! બસ, હવે તો હું એને મારી નંખાવું તો સારું થાય. કારણ કે પ્રજા એને ખૂબ ચાહે છે. માટે કદાચ દીક્ષા છોડીને આવે ને મારું રાજ્ય લઇ લે તેના કરતાં હું એને મારી નંખાવું તો ભયમુકત બની જાઉં.

નીચ વિજયરાજાએ બે માણસોને ખાનગીમાં બોલાવીને કહ્યું કે તમે અહીંથી જાવ અને જયમુનિ જ્યાં વિચરતા હોય તેમની તપાસ કરીને તેમને મારી નાંખજો. તો તમને તમારે જોઇશે તેટલું ધન આપીશ. રાજાની આજ્ઞા થવાથી બે ચાંડાળ જવા તૈયાર થયા. તપાસ કરીને શોધતાં શોધતાં જ્યાં જયમુનિ બિરાજે છે ત્યાં આવ્યા. ઉદ્યાનમાં જયમુનિ ધ્યાનાવસ્થામાં ઉભેલા છે. આ જોઇ ચંડાળ મનમાં વિચાર કરવા લાગ્યા કે આપણા રાજા હતા. વળી આવા મહાન ત્યાગી છે. કેવા ધ્યાનમાં મસ્ત છે! એમને આપણાથી કેમ મરાય? આપણે મુનિહત્યાનું પાપ કરવું નથી. રાજાને ખોટું કહીશું કે અમે મારી નાંખ્યા. પછી જે થવું હોય તે થશે. એમ વિચાર કરી રાજા પાસે આવીને તેમણે કહ્યું કે અમે મુનિને મારી નાંખ્યા છે એટલે વિજયરાજા ખુશ થયા ને તેમને સારૂં ઈનામ આપ્યું. બસ, હવે હું નિર્ભયપણે રાજ્ય કરીશ.

જયમુનિનું કાકંદી નગરીમાં આગમન :- જયમુનિ તથા લીલાવંતી સાધ્વીજી એક વખત સેગા થયા ત્યારે તેમને વિચાર થયેા કે આપણે બધા સંસારમાંથી બહાર નીકળ્યા પણ વિજય એકલેા ડૂબી જશે, તેા આપણે તેને પ્રતિબેાધ આપીને તારીએ. આવેા વિચાર કર્યો.

ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં જયમુનિ અને લીલાવંતી સાધ્વીજી કાકંદી નગરીમાં પધાર્યા. મુનિના આગમનના સમાચાર સાંભળી આખા ગામની પ્રજાને ખૂબ આનંદ થયેા. ને રાજાને પણ ખબર આપ્યા કે નગર બહાર ઉદ્યાનમાં આપણા મહારાજા જયમુનિ પધાર્યા છે, એટલે વિજયરાજાએ પણ ઉપરથી કૃત્રિમ હર્ષ બતાવ્યેા. પણ મનમાં બેદ થયેા કે મેં તેા મુનિને મરાવી નંખાવ્યા હતા ને પાછા ક્યાંથી આવ્યા ? ચંડાળેાને પૂછતાં ખબર પડી કે તેમણે માર્યા નથી. તે વખતે બેાટું બેાલ્યા હતા.

વિજયરાજા મુનિના દર્શને આવ્યા. ખૂબ ભાવપૂર્વક લળીલળીને વંદન કરવા લાગ્યા ને બેાલ્યા કે ધન્ય છે મુનિરાજ આપને ! આપ સંસારથી તરી ગયા ને ડૂબેલેા રહી ગયેા. મને આવેા અવસર ક્યારે આવશે? મુનિના મનમાં પણ થયું કે હવે તેની મતિ સુધરી લાગે છે. આખા નગરની પ્રજા મુનિના દર્શન કરવા માટે ઉમટી છે. મુનિએ રાજા અને પ્રજાની સમક્ષ ઉપદેશ આપ્યેા. કંઈક જીવેા વૈરાગ્ય પામી ગયા. વિજય રાજા પણ પેાતાને સંસાર અસાર લાગ્યેા હેાય તે રીતે ઉપરથી ભાવ બતાવવા લાગ્યા. પ્રજાજનેા પ્રવચન સાંભળીને ચાલ્યા ગયા. પણ રાજા થેાડીવાર બેઠા. મુનિ સાથે પ્રેમથી ધર્મચર્ચા કરીને કહ્યું–મારે ત્યાં લાભ આપજો. ઉપરથી મીઠાશ બતાવી પણ અંદરમાં ઝેર ભર્યું છે. હવે મુનિને કેવી રીતે મારવા તેનેા વિચાર કરવા લાગ્યા. હવે મુનિની હત્યા કેવી રીતે કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૯૦

આસેા સુદ ૧૪ ને બુધવાર **તા. ૧૦–૧૦–૭૩**

સુજ્ઞ બંધુએ, સુશીલ માતાઓ અને બહેનેા !

જમાલિકુમાર પેાતાના સ્વરૂપમાં સ્થિર થયા છે. જે આત્માએા સ્વરૂપમાં સ્થિર બને છે તે જલ્દી ભવસાગર તરી જાય છે. પણ અનાદિકાળથી અવળે માર્ગે પ્રવૃત્તિ કરવાને કારણે હજુ જીવેાને સ્વરૂપની પિછાણ થતી નથી. છ દ્રવ્યમાં એક આત્મદ્રવ્ય એવું છે કે તે પેાતાનેા સ્વભાવ છેાડીને વિભાવમાં રમણતા કરે છે. બાકીના પાંચ દ્રવ્યેા પેાતપેાતાના સ્વભાવમાં રહે છે.

પુદ્ગલદ્રવ્યનેા સ્વભાવ સડણ–પડણ ને વિધ્વંસણ છે. ગમે તેવા સમ્રાટ ચક્રવર્તિ કે ધનવાન કે ગરીબ હશે તેા પણ શરીર તેા એક દિવસ છેાડવાનું છે.

ઔદ્યારિક શરીરનો સ્વભાવ સડી અને પડી જવાનો છે. શરીર પાંચ છે.

औदारिक वैक्रिय आहारक तैजस कार्मणानि शरीराणि । ઔદ્યારિક, વૈક્રય, આહારક, તૈજસ અને કાર્મણ. તેમાં નારકી અને દેવોને વૈક્રય, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીરો છે ને મનુષ્ય તથા તિર્યંચને ઔદ્યારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણ તેમજ પાંચ શરીર હોય છે. જીવ જ્યારે અહીંથી શરીર છોડીને જાય છે ત્યારે એને જ્યાં જે ગતિમાં જવાનું છે ત્યાં ન પહોંચે ત્યાં સુધી વાટે વહેતાં ફક્ત તૈજસ અને કાર્મણ એ બે શરીર હોય છે અને આહારક શરીર ચૌદ પૂર્વધર ઋદ્ધિવંત, અપ્રમત મુનિને જ્યારે કોઇ શંકાનું સમાધાન કરવું હોય ત્યારે શરીરમાંથી વિશુદ્ધ પુદ્ગલો કાઢીને મૂઢા હાથનું એક શરીર બનાવે છે. ને તે શરીર મહાવિદેહ ક્ષેત્રમાં સર્વજ્ઞ ભગવંત પાસે જઇને શંકાનું સમાધાન કરીને તરત પાછું ફરે છે અને એ આવવા જવાની ક્રિયા લાગી તેનું તરત તે મુનિ પ્રાયશ્ચિત કરી લે છે. પ્રાયશ્ચિત ન કરે તો વિરાધક થવાય. આ તો શરીરની ક્રિયા છે છતાં પણ આવા ચૌદ પૂર્વધર સાધુને આલોચના કરવી પડે છે. જેના હૃદયમાં કષાયનો દાવાનળ ભભૂકયો હોય અને તે તેની આલોચના ન કરે તો એ કેવો વિરાધક થાય છે! જેમ પેટ્રોલની ટાંકી ફાટે છે ત્યારે આગ ફાટી નીકળે છે ને કેટલું બધું નુકશાન થાય છે! કેટલા માણસો તેમાં ભરખાઇ જાય છે, ત્યારે કષાયની આગ તો એનાથી પણ ભયંકર છે અને જીવને ભવોભવમાં ભમાવે છે. એ આત્મિક ધન જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપને બાળીને સાફ કરી નાંખે છે.

જ્ઞાની કહે છે "क्षमा वीरस्य भूषणम्" ક્ષમા એ વીરનું ભુષણ છે. કોઈ કટુ શબ્દ કહી જશે કે કષ્ટ આપશે તો તેમાં આપણું નુકશાન થવાનું નથી. જેટલી ક્ષમા રાખીશું તેટલા કર્મો ખપશે. મનમાં કષાયનો કણીયો આવે ત્યારે તરત ગજસુકુમાર, ખંધક મુનિ, મેતારજ મુનિ આદિના જીવનપ્રસંગો તમારી નજર સમક્ષ ખડા કરી દો તો તરત કષાયાગ્નિ બૂઝાઇ જશે. કષાયોને નાબૂદ કરવા મનને ખૂબ કેળવવું પડશે. તમારા જીવનને પવિત્ર બનાંવવું હોય તો પહેલાં વિષય-કષાયોથી વિરકત બનવા માટે મનને કેળવવું પડશે. વિષયો અને કષાયો જીવનમાંથી ચાલ્યા જશે પછી જોજો જીવનમાં કેટલો આનંદ આવે છે! કોઇ આપણને કડવા શબ્દ કહી જાય તો આપણે કડવા વચન સહન કરીને તેને મીઠા શબ્દો કહેવા.

ભગવાન કહે છે હે સાધક! વેશ બદલવાથી તારો ઉદ્ધાર નહિ થાય પણ વિચાર બદલવાથી કલ્યાણ થશે. જમાલિકુમાર રત્નજડિત ઘંટડીઓવાળી અને અનેક સ્થંભોવાળી એ સ્થંભમાં પૂતળીઓ લીલા કરતી હોય તેવા દેખાવવાળી ભવ્ય શિબિકામાં બેઠા છે. તેમના સિંહાસનની જમણી બાજુમાં ભદ્રાસન ઉપર તેમના માતાજી બેઠા છે,

ડાબી બાજુમાં બીજા ભદ્રાસન ઉપર ધાવમાતા રજોહરણ અને પાતરા લઇને બેઠી છે. ત્યાગના પંથે જતા ત્યાગીની પાસે બીજી સંસારના મોહની વસ્તુ સાથે લેવાની ન હોય તેની બંને બાજુ ચામરો વીંઝાય છે. માથે છત્ર ધર્યું છે ને સૌભાગ્યવંતી સ્ત્રીઓ માથે કળશ લઇને ઉભી છે. ત્યાર પછી જમાલિકુમારના પિતાએ કૌટુંબિક પુરૂષોને આજ્ઞા કરી કે તમે એકસરખી ઉંમરના, એકસરખા દેખાવવાળા, ને એકસરખા ઉંચા-નીચા ને એકસરખા વસ્ત્રાભૂષણો પહેરેલા એક હજાર પુરૂષોને બોલાવો, એટલે તરત કૌટુંબિક પુરૂષોએ રાજાની આજ્ઞા પ્રમાણે એક હજાર શ્રેષ્ઠ પુરૂષોને બોલાવ્યા. રાજાની આજ્ઞા થવાથી એક હજાર પુરૂષો આનંદભેર એકસરખા સ્વાંગ સજીને રાજાની પાસે હાજર થયા ને રાજાને કહ્યું-મહારાજા સાહેબ! બોલો શી આજ્ઞા છે?

દેવાનુપ્રિયો! આ હજાર પુરૂષો ઉત્તમ કુળના હતા. મહારાજાએ તેમને કહ્યું કે હે દેવાનુપ્રિયો તમે શુદ્ધ બનીને આ જમાલિકુમારની શિબિકાને ઉપાડો, એટલે એ હજાર પુરૂષો બહારથી સ્નાન કરી બલિકર્મ આદિ કરીને શુદ્ધ બનીને આવ્યા હતા ને અંતરથી પણ શુદ્ધ બન્યા. એમના દિલમાં એવો આનંદ થયો કે આજે આપણે કેવા ભાગ્યવાન બની ગયા કે સંયમીની શિબિકા ઉપાડવાનું આપણને મળ્યું. સંયમની કેટલી મહત્તા છે! જ્યારે થાવર્ચાકુમારે દીક્ષા લીધી ત્યારે ત્રિખંડ અધિપતિ કૃષ્ણ વાસુદેવે તેમની શિબિકાનો પહેલો દાંડો ઉપાડ્યો હતો. પોતે સંયમ લઇ શકતા ન હતા પણ સંયમ પ્રત્યેનું તેમના દિલમાં બહુમાન ખૂબ હતું. આ પુરૂષોએ પણ બાહ્ય અને આભ્યંતર બન્ને પ્રકારે શુદ્ધિ કરીને ક્ષત્રિય જમાલિકુમારની શિબિકા ઉપાડી. હવે તે શિબિકાની આગળ સ્વસ્તિક-શ્રીવત્સ દર્પણ આદિ અષ્ટમંગલ ચાલ્યા, પછી ૧૦૮ પૂર્ણ કળશ ચાલ્યા, ત્યાર પછી આકાશને સ્પર્શ કરતી ધ્વજાઓ વિગેરે ઔપપાતિક સૂત્રમાં કહ્યા પ્રમાણે ચાલ્યા, ને તેની પછી જમાલિકુમારની શિબિકા ચાલે છે, ને જમાલિકુમારનો જય હો, વિજય હો, એવા ધ્વનિથી આકાશ ગુંજી રહ્યું છે, મંગલ વાજિંત્રો વાગે છે ને ત્યાગના મંગળ ગીતો ગવાય છે. જમાલિકુમારની શિબિકાની બંને બાજુ શ્રેષ્ઠ હાથીઓ અને રથ ચાલે છે. જમાલિકુમારના પિતા પણ સ્નાનાદિ ક્રિયા કરી ઉત્તમ વસ્ત્રાભૂષણો પહેરી શ્રેષ્ઠ હાથી ઉપર બેસી ચતુરંગી સેનાના સમૂહ સાથે જમાલિકુમારની પાછળ ચાલે છે. તેની પાછળ હાથી-ઘોડા-રથ અને મોટું પાયદળ ચાલે છે. આ રીતે ખૂબ ઠાઠમાઠથી જમાલિકુમારનો વરઘોડો ક્ષત્રિયકુંડનગરના મધ્ય ભાગમાંથી પસાર થઇને જ્યાં ભગવાન મહાવીર સ્વામી એમના શિષ્ય પરિવાર સહિત બિરાજે છે ત્યાં જવા માટે નીકળે છે.

જેને સંસાર દાવાનળ લાગ્યો તેને છોડતાં શી વાર! જેની પાસે કંઈ નથી તેને કોઈ ત્યાગી કહેતું નથી. પણ છતી ઋદ્ધિને સ્વેચ્છાએ ત્યાગે છે તે સાચો ત્યાગી છે. દશવૈકાલીક સૂત્રમાં ભગવાને સાચો સાધુ કોને કહ્યો છે!

जे य कंते पिए भोए, लध्धे विपिट्ठि कुव्वइ ।
साहीणे चयइ भोए, सेहु चाइत्ति वुच्चइ ।।

દશ. સૂ. અ. ૨, ગાથા ૩

જેને સુંદર-પ્રિય-કાન્ત અને મનોહર કામભોગો મળ્યા છે તેને સ્વચ્છાએ ત્યાગે છે તે સાચો સાધુ છે. જમાલિકુમારની પાસે કેટલી સુખની સામગ્રી હતી! એના માતા-પિતાએ એને સમજાવવામાં કમીના રાખી ન હતી. છતાં જેને લાગ્યું કે આ સંસાર ઉપાધિનો ઉકરડો છે, ત્રિતાપનો ભઠ્ઠો છે ને સગાસબંધીઓ બધા મતલબની માખીઓ જેવા છે. એમાં ક્યાં શાશ્વત સુખ મળવાનું છે ? શાશ્વત સુખ તો સંયમમાં છે એવી જેની દીર્ઘદૃષ્ટિ ખુલી ગઈ છે તે આત્મા શાશ્વત સુખને પામી શકે છે. માટે સ્વેચ્છાપૂર્વક વસ્તુનો ત્યાગ કરો.

અમૃતસરના લાલા સંતરામજીના જીવનનો એક પ્રસંગ છે. બ્રિટીશ સમ્રાટ રાજા સાતમા એડવર્ડ તરફથી તેમને નગરશેઠનું પદ મળ્યું હતું. તેમનો રેશમનો વ્યાપાર હતો. ચીન અને તાસ્કંદથી રેશમ મંગાવી વ્યાપારીઓને વેચી આડતનું કામ કરતા હતા. તેઓ દયાળુ અને ધર્માત્મા હતા. સૌને તેમના પ્રત્યે બહુમાન હતું. તેમની દુકાનમાં રેશમ સાફ કરતા ને જે રેશમનો કચરો નીકળતો તેનો એક જગ્યાએ ઢગલો કરાવતા. એક વૃદ્ધ માણસ પૈસા ચૂકવી રોજ ઢગલા ભરી જતો. તે ગરીબ હતો. એ રેશમનો કચરો બીજે વેચીને પૈસા લાલા સંતરામને ચૂકવે. રોજ આમ કરતો. એક સજ્જને આ વૃધ્ધની લાલાજીને ભલામણ કરતાં કહ્યું. આ વૃદ્ધની એકની એક દીકરીના લગ્ન લીધા છે. પણ તેની પાસે પૈસો નથી. ગરીબ છે છતાં ખાનદાન છે. કોઇની સામે હાથ લાંબો કરતા નથી. હક્ક વિનાનું લેતા નથી. આથી લાલાસંતે એક દિવસ કહ્યું કે આજે કચરો નથી નીકળ્યો પણ ઉંદરોએ એક ગાંસડી કાપી છે તે લઇ જાવ. વૃધ્ધે કહ્યું સાહેબ! હું તો બે ચાર રૂપિયાનો સોદો કરનાર ગરીબ માણસ છું. આટલી મૂલ્યવાન ગાંસડી ખરીદવાની મારામાં તાકાત નથી. લાલાજીએ કહ્યું, પણ તમે ગાંસડી તો જુઓ. કિંમતનું થઇ રહેશે. વૃધ્ધે ગોડાઉનમાં જઇ ગાંસડી જોઇને કહ્યું, શેઠ! ગાંસડી તો ઉંદરોએ કાપી નાંખી છે, છતાં સો રૂપિયા કિંમત ગણાય. લાલાજી બોલ્યા. પાંચસો રૂપિયાની ગાંસડીના ફક્ત સો રૂપિયા ? વૃધ્ધે કહ્યું વધુ કિંમત તો ન આવે. લાલાજીએ કહ્યું તમે મજુર બોલાવીને ગાંસડી ઉપાડી જાઓ. ધીમે ધીમે વેચીને સો રૂપિયા હપ્તે હપ્તે ભરી દેજો. એટલે પેલો વૃદ્ધ ગરીબ માણસ ગાંસડી પોતાને ઘેર લઇ ગયો. ખોલીને જોયું તો ઉપર ઉપરનો માલ ઉંદરોએ કાપી ખાધો હતો. બાકી અંદર બધો માલ સારો હતો. ગાંસડી ઉપડાવી પેલો વૃદ્ધ માણસ લાલાજીની દુકાને લાવ્યો અને કહ્યું શેઠજી! ગાંસડી અંદરથી તો આખી છે. તમને એની પૂરી કિંમત ઉપજશે. લાલાજી કહે તમે સો રૂપિયા તો મને આપી દીધા છે. હવે

હું એને પાછા ન લઉં. વૃદ્ધ કહે આખી ગાંસડી હું કચરાના ભાવમાં કેમ ખરીદી શકું?

લાલાજી કહે છે ભાઇ! તમને નુકશાન થયું હોત ને સારા રૂપિયા ન ઉપજ્યા હોત તો હું કઇ રીતે સો રૂપિયા છોડત! માટે તમારા નસીબે ગાંસડી સારી નીકળી. માટે તમે લઇ જાવ. વૃદ્ધને દીકરીના લગ્નનો ખર્ચ નીકળી ગયો. સ્વમાનપૂર્વક સહાય કરવા માટે લાલાજીએ પોતે આખી ગાંસડી ફાતર વડે ઉપર ઉપરથી કાપી નાંખી હતી. ધન્ય છે તેઓને! જે સહાયતા લેનારની આંખો નીચી થવા દેતા નથી અને પોતાના મનમાં પણ સહાય કર્યાનો અહંકાર આવવા દેતા નથી.

બંધુઓ! કોઇ પણ જાતના સ્વાર્થ વિના પારકાનું કાર્ય કરવામાં તત્પર થવું તે પરોપકાર છે. પરોપકાર પરાયણ માનવીનું દર્શન પણ માનવને પવિત્ર બનાવે છે. પોતાની શક્તિ પ્રમાણે જેટલો બને તેટલો પરોપકાર કરવો તે માનવજીવનનું કર્તવ્ય છે. જે ઉપકારીના ઉપકારને ભૂલી જાય છે તેઓ અધમ છે ને જે મનુષ્યો ઉપકારી પ્રત્યે અપકાર કરનારા છે તે અધમાધમ છે. પોતાના ઉપર ઉપકાર કરનાર પ્રત્યે જેઓ ઉપકાર કરે છે તે ઉત્તમ છે ને જે અપકારી પ્રત્યે પણ ઉપકાર કરનારા છે તે નિઃસ્વાર્થ પરોપકારી છે તે ઉત્તમોત્તમ છે. નરસિંહ મહેતાએ એક ભજનમાં વૈષ્ણવજનની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે:-

વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે...

ઉપકાર કરવો તે શ્રેષ્ઠ છે, પણ એ ઉપકાર કરનારમાં કયારેક ઉપકાર કર્યાનો અહંભાવ આવી જાય છે. આપણાથી બની શકે તેટલી મન-વચન-કાયાથી બીજાને મદદ કરવી. આપણને લાભ મળ્યો એમ માનીને મનમાં જરા પણ અભિમાન આવવા દેવો ના જોઈએ.

परोपकार : सतत विधेय : स्व शक्तिनो ह्युतम नीतिरेषा ।
न स्वोपकारा च्च स, भिद्यतेतत् त्वकुर्वते तैतद् द्वितयंकृतं स्यात ।।

પોતાની શક્તિ અનુસાર હમેશાં પરોપકાર કરવો જોઇએ. કારણ કે ઉત્તમ પુરૂષોની નીતિ છે. પરોપકાર એ પોતાના ઉપકારથી જુદો નથી. માટે પરોપકાર કરવાથી સ્વઉપકાર અને પર-ઉપકાર બંને કરાય છે માટે પરોપકારની ભાવના કેળવો. વધુ અવસરે.

"જયમુનિની હત્યા"

ચરિત્ર :- દેવાનુપ્રિયો! જયકુમાર અને વિજયકુમાર બંને એક માતાના ઉદરમાં આળોટેલા બંને સગા ભાઈ હતા. છતાં બંનેના જીવનમાં આસમાન જમીન જેટલું અંતર હતું. સાકર અને મીઠું, દૂધ અને ચૂનો બંનેના કલર એકસરખા છે, છતાં બંનેના ગુણમાં અંતર છે. એક આત્મા ગુણનો ભરેલો છે ને બીજો અવગુણનો ભરેલો છે.

જયકુમાર હમેશાં વિજયકુમારની સામે પ્રેમની દૃષ્ટિથી જોતો હતો. પણ પૂર્વના વૈરના કારણે વિજયકુમાર જયકુમારની સામે દ્વેષભરી દૃષ્ટિથી જોતો હતો, છતાં કરૂણાના સાગર મુનિ એને બોધ આપવા આવ્યા.

હે રાજન! આ મનુષ્યભવ મળવો દુર્લભ છે. તેમાં આયુષ્ય બૂબ અલ્પ છે. આયુષ્યનો ક્ષણનો પણ ભરોસો કરવા જેવો નથી, તો બને તેટલી ધર્મારાધના કરી લો, અને કોઇ જીવ સાથે વૈરભાવ રાખવો નહિ. કોઈ જીવના પ્રાણદુભાવવા નહિ. કારણ કે દરેક જીવો સુખના અભિલાષી છે. કોઇને દુઃખ ગમતું નથી. માટે તમારે પાપાચારનું સેવન કરવું નહિ, એનું નામ સત્તા પામ્યાનો સાર છે. વળી દરેક જીવોની સામે ઇર્ષ્યા અને ઝેરની દૃષ્ટિથી ન જોતાં પ્રેમની દૃષ્ટિથી જોવું. દરેક પ્રાણી ઉપર મૈત્રીભાવ રાખવો. આ રીતે જયમુનિ નિખાલસ હૃદયથી તેને ઉપદેશ આપે છે. ત્યારે એ ઉપરથી જી....હા, જી....હા કરે છે. પણ અંદરથી ઇર્ષ્યાની આગ વધતી જાય છે ને કહે છે, ગુરૂદેવ! આપે જ્યારથી દીક્ષા લીધી ત્યારથી મારૂં મન સંસાર ઉપરથી ઉઠી ગયું છે અને હું અનાસકત ભાવે ન્યાયનીતિ ને સદાચારપૂર્વક રાજ્યનું પાલન કરૂં છું, પણ આપની જેમ ત્યાગી બની શકતો નથી, એટલી મારામાં ખામી છે. ધન્ય છે આપને! મને પણ આવો અવસર ક્યારે પ્રાપ્ત થશે? એમ કહી મુનિના બૂબ ગુણગાન કર્યા ને વારંવાર વંદન કરતો પોતાના મહેલે આવ્યો, ને વિચારવા લાગ્યો. બસ, હવે તો જલ્દી એને મારી નાંખું.

સમયની રાહ જોતાં મધ્યરાત્રે વિજયસેન રાજા એના બે ગુપ્ત અનુચરોને લઈને જે ઉદ્યાનમાં જયમુનિ આદિ સંતો ઉતર્યા હતા ત્યાં આવ્યા ને તેના અનુચરોને કહ્યું. તમે દૂર ઉભા રહો. હું આવું છું એમ કહી હાથમાં તલવાર લઇને આવ્યા. બીજા સંતો કોઇ સ્વાધ્યાય કરી કોઇ ધ્યાન કરી નિદ્રાધીન બની ગયા હતા. એક જયમુનિ ધ્યાનમાં ઉભેલા હતા. આ નિર્દય વિજય રાજાએ તલવારના એક ઝાટકે મુનિનું મસ્તક ઉડાડી નાંખ્યું ને તરત એ ત્યાંથી ચાલ્યો ગયો. સમય થતાં સંતો સ્વાધ્યાય પ્રતિક્રમણ કરવા માટે જાગ્યા ત્યારે જયમુનિનું મસ્તક ધડથી જુદું થઈ ગયું છે. લોહીની ધાર વહે છે. આ કોણે કર્યું હશે? બૂબ દુઃખ થયું. તેમના ગુરૂ વિશિષ્ટ જ્ઞાની હતા. જ્ઞાનના બળથી જાણી લીધું કે આ કાર્ય એમના ભાઈ વિજયરાજાનું છે. પણ સંતો કોઇને કહે નહિ. આ શિષ્ય બૂબ વિનયવાન હતો એટલે ગુરૂના દિલમાં બૂબ દુઃખ થયું. ગુરૂનું દિલ તેમણે જીતી લીધું હતું તેથી ગુરૂને બૂબ આઘાત લાગ્યો. જય અણગારે તલવારના ઘા વખતે પણ બૂબ સમતા રાખી સમાધિભાવે કાળ કરીને નવમા આણુત નામના દેવલોકે અઢાર સાગરોપમની સ્થિતિવાળા શ્રીપ્રભ નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. આ તરફ ભ્રાતૃમુનિની હત્યા કરીને વિજય પોતાના મહેલમાં ગયો ને હરખાવા લાગ્યો કે અહો! મેં કેવું કાર્ય કર્યું! કે મેં મુનિને માર્યા એ

કોઇને ખબર ન પડી અને તલવારના એક ઝાટકે કેવું એનું શીશ ઉડાવી દીધું ! હવે શાંતિથી આનંદથી રાજ્ય કરીશ, આમ વિચાર કરે છે પણ ભગવાન કહે છે કે કર્મો કદી છૂપા રહેતા' નથી. મુનિની હત્યા કરીને આવ્યો તે રાત્રે એના શરીરમાં મોટા રાજરોગો ઉત્પન્ન થયા. પગથી માથા સુધી એને તીવ્ર વેદના થવા લાગી. ખૂબ ઉપચારો કર્યા પણ એનો રોગ મટતો નથી. મુનિને કોઈએ કહ્યું નથી કે વિજય રાજાએ જયમુનિનું ખૂન કર્યું છે એટલે એને આવા કર્મો ઉદયમાં આવ્યા છે. રાજાને પણ રોગની વેદના સહન નહિ થવાથી નાના બાળકની જેમ રડવા લાગ્યો. પણ શું થાય ! કરેલા કર્મો તો સૌ કોઈને ભોગવવા પડે છે તે રીતે વિજયરાજા ખૂબ દારૂણ વેદના ભોગવતો આર્તધ્યાન ધ્યાવતો આયુષ્ય પૂર્ણ કરીને ચોથી પંકપ્રભા નરકમાં દશ સાગરોપમની સ્થિતિએ મહાન દુઃખો ભોગવવા લાગ્યો. જયમુનિ નવમા દેવલોકમાં મહાન સુખો ભોગવવા લાગ્યા. હવે બંને આયુષ્ય પૂર્ણ કરીને સાતમા ભવમાં કયાં ઉત્પન્ન થશે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૯૧

આસો સુદ ૧૫ ને ગુરૂવાર **તા. ૧૧-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતજ્ઞાની ભગવંતે જગતના જીવોના ઉદ્ધાર માટે સિદ્ધાંત રૂપ વાણીનું નિરૂપણ કર્યું. આપણું પરમ સૌભાગ્ય છે કે આપણને સર્વજ્ઞ અને સર્વદર્શી મહાન પુરૂષોના મુખમાંથી ઝરેલી ગંગા સમાન પવિત્ર વાણી સાંભળવાનો સોનેરી અવસર પ્રાપ્ત થયો છે. દીર્ઘ તપશ્ચર્યા અને ઉગ્ર સાધનાના ફળરૂપે એ મહાન પુરૂષોએ જે પરમ તત્વનો સાક્ષાત્કાર કર્યો તેને વિશ્વકલ્યાણની પવિત્ર ભાવનાથી પ્રેરાઇને તેમણે સંસારના જીવોની સમક્ષ પ્રવચન રૂપે ઉપસ્થિત કર્યો. મહાન પુરૂષોના અનુભવના સાર સ્વરૂપે શાસ્ત્રો આપણને માર્ગદર્શક બન્યા છે. તે આપણને કલ્યાણનો માર્ગ બતાવી રહ્યા છે ને ચેતવણી આપે છે કે હે ભવ્ય જીવો ! તમારે સાવધાનીપૂર્વક આ માર્ગે જવું જોઇએ. ભગવાને બતાવેલા માર્ગે નહિ ચાલો તો કલ્યાણ થવું અસંભવિત છે. આ શાસ્ત્રો આપણને આત્મકલ્યાણના માર્ગમાં સાવધાન રહેવાની ચેતવણી આપે છે, તો આ વીતરાગ વાણી સાંભળીને જીવનમાં અપનાવો ને સાવધાન બનો. જો અત્યારે સાવધાન નહિ બનો તો પાછળથી પસ્તાવાનો પાર નહિ રહે. શાસ્ત્રકાર ભગવંતોએ આપણા ઉપર કેવો અસીમ ઉપકાર કર્યો છે. આપણે જીવનનો અંધકારભર્યો માર્ગ સહેલાઈથી પસાર કરી શકીએ એટલા માટે શાસ્ત્ર સિદ્ધાંતરૂપી દિપક તેમણે આપણા માર્ગમાં ધર્યો છે. એ પ્રકાશના

સહારે આપણે આપણા નિશ્ચિત સ્થાને પહોંચી શકીએ છીએ. જ્ઞાનીઓના બતાવેલા રાહે ચાલવાથી જીવનના માર્ગમાં આપણને કોઇ જાતની મુશ્કેલી આવતી નથી.

આ જીવે અનાદિકાળથી અર્થ અને કામની પાછળ જેટલી જહેમત ઉઠાવી છે તેના અંશ ભાગની ધર્મ અને મોક્ષ માટે ઉઠાવી નથી. અર્થને માટે "अहो य राओ य परितप्पमाणे कालाकाल समुट्ठाइ" રાત અને દિવસ કેટલી મહેનત કરે છે. પૈસા માટે પાપની પણ પરવા કરતો નથી. કાલ-અકાલની દરકાર કરતો નથી, પણ વિચાર કરો. તમારી સાથે શું આવવાનુ છે? આ શરીર અને વૈભવો બધા પ્રત્યે ભાડૂતી મકાન જેવા ભાવ રાખો. ભાડૂતી મકાનમાં રહેતા મકાન તદ્દન ખરાબ થઈ ગયું હોય ત્યારે દીકરો કહે કે બાપુજી! મકાનને રંગરોગાન કરાવીએ ત્યારે બાપ કહેશે બેટા! આ મકાન બે વર્ષ પછી ખાલી કરવાનું છે તો શા માટે આપણે એમાં ખોટો ખર્ચ કરવો જોઇએ! જુઓ, મકાનમાં વસવા છતાં તેના પ્રત્યે જરાપણ મમત્વ છે! જ્ઞાની કહે છે તમે આવી રીતે સંસારમાં રહો.

સંસાર એટલે શું? એક ગતિમાંથી બીજી ગતિમાં સંસરણ-સરકવું. વિષય કષાયના ઉછાળા, મારા અને તારાના તોફાન અને આત્માને આવરનારા પરિણામ. સંસારમાં એકેક જીવોને કેટલો મમત્વભાવ છે! આ મમત્વભાવ શાને માટે છે? એને વિષયોની ખણજ ઉપડી છે. એને પૂરી કરવા માટે આ બધી ધમાલ કરે છે. તમે જાણો છો ને કે જેને ખરજવું થાય છે તેની ચામડીમાં એક પ્રકારના જંતુઓ ઉત્પન્ન થાય છે તેના કારણે એને અંદર મીઠી ખણજ આવે છે. જેમ જેમ ખણે તેમ તેમ તેને ખૂબ સારૂં લાગે છે. પછી બળતરા થાય પણ તે વખતે તો ખણતાં એને ખૂબ મઝા આવે છે.

એક ગામમાં એક માણસને ખરજવું થયું હતું. ખણીખણીને તેના નખ ઘસાઇ ગયા હતા. એટલે ખરજવાને ખણવા માટે ઘાસની સળીઓ શોધવા નીકળ્યો. માર્ગમાં એક વૈદ્ય ખેતરમાંથી ઘાસની સળીઓની ઝુડી લઈને આવતો તેને સામો મળ્યો. પેલો ખરજવાનો દર્દી વૈદ્ય પાસે સળીઓ માંગે છે. ત્યારે વૈદ્ય પૂછે છે ભાઇ! તારે સળીઓની શી જરૂર છે? ત્યારે ખરજવાનો દર્દી કહે છે મને ખરજવું થયું છે એટલે ખૂબ ખણજ આવે છે. એટલે ખણવા માટે સળીઓ શોધવા નીકળ્યો છું, ત્યાં તમે મને સામા ભેટી ગયા. તમારી પાસે સળીઓ છે તે મને ખણવામાં કામ આવે તેવી છે માટે મને આપો. ત્યારે વૈદ્ય કહે છે સળી લઈને ખણવાથી તારૂં ખરજવું મટશે નહિ. પણ મારી પાસે એવી દવા છે, તું કહે તો તારૂં ખરજવું સાત દિવસમાં જડમૂળમાંથી મટાડી દઉં, જેથી તારે કાયમ માટે ખણવાનું મટી જાય. ત્યારે દર્દી કહે છે જો ખરજવું મટી જાય તો મારી ખણવાની મઝા મારી જાય માટે મારે તમારી દવા નથી જોઇતી. પણ ખણવા માટે થોડી સળીઓ આપો. પેલો વૈદ્ય આ મૂર્ખ દર્દીની વાત સાંભળી હસી પડયો ને ચાલતો થયો.

આવી રીતે વિષયાસક્ત જીવોને વિષયની મીઠી ચળ ઉપડે છે એટલે વિષયસેવન દ્વારા તે વખતે આનંદ ભોગવે છે. પણ કાયમ માટે વિષયોની ચળ મટાડવા માટે તીર્થંકર રૂપી વૈદ્યની બતાવેલી બ્રહ્મચર્યની દવા લેવા તૈયાર થતો નથી. ભોગાસક્તિ એ ખરજવાના દર્દી જેવી છે. ભોગ ભોગવવા એટલે ખરજવાને ખણીને ક્ષણિક સુખનો અનુભવ કરવો. ખરજવાને જેમ ખણે તેમ ચળ વધે ને ખરજવું પણ વધે છે. તેમ ભોગો જેમ જેમ વધુ ને વધુ ભોગવાય તેમ તેમ તેની ખણજ વધે છે. માટે ભોગનો ત્યાગ કરો. ભોગનો સર્વથા ત્યાગ કરી દેવાથી કાયમ માટે ભોગાસક્તિનું ખરજવું મટી જાય છે ને પરમ આનંદની પ્રાપ્તિ થાય છે. જો તમારે શાશ્વત સુખ અને આનંદ જોઈતો હોય તો વીતરાગના સંતરૂપી વૈદ્યોની વાત ધ્યાનમાં લેજો. પેલા ખરજવાના દર્દી જેવા ન બનશો.

દેવાનુપ્રિયો! ભૌતિક સુખની ઇચ્છાથી માનવને દુઃખ ઉભું થાય છે. જો ઇચ્છા ન હોય તો દુઃખ ઉભું ન થાય. જેમ કોઇ માણસને તેને ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિ થઇ જાય તો આનંદ થાય ને એ પદાર્થ ચાલ્યો જાય તો દુઃખ થાય છે. તો એ દુઃખ કયાંથી આવ્યું? શું કોઇએ મોકલ્યું છે? "ના." એમ નથી. એ દુઃખ જીવે પોતાની ઇચ્છાથી પ્રગટ કર્યું છે. આત્મા ભૌતિકસુખોની ભૂતાવળમાં ઘેલછા કરીને આનંદ માને છે. જેમ કોઇ ગરીબ બાઈ પારકા કામ કરીને માંડમાંડ પોતાનું ગુજરાન ચલાવતી હોય, પહેલાં એની સ્થિતિ સારી હોય તેથી દીકરીને લાખોપતિને ઘેર પરણાવી હોય એટલે દીકરી સુખી છે. એને રહેવા મોટો બંગલો છે. હીરાના દાગીનાથી ઝગમગતી છે. ઘેર મોટર છે, રામા-ર્સ્વોઇયો છે પણ એનો જમાઇ મગજનો ફાટેલો છે. સાસરીયા સાથે કોઈ જાતનો સબંધ, ઓળખાણ-પિછાણ રાખતો નથી છતાં બાઈ પુલાતી હોય કે મારી દીકરી ખૂબ સુખી છે, ધનવાન છે તેથી હું સુખી છું એમ માને પણ પોતાને તો પારકા કામ કરવાના હોય છે. તો શું એનું સાચું સુખ છે? 'ના'. એ સુખ કંઇ કામ આવવાનું છે? 'ના'. એ રીતે આત્મા પણ પુદ્ગલના-પારકાના સુખને પોતાનું સુખ માને તો શું એ ઘેલછા નથી? પોતે પોતાનું બગાડે છે અને જો આત્મા સમજણના ઘરમાં આવી જાય કે આ પૌદ્ગલિક સુખ એ મારૂં નથી પરાયું છે. તો પોતે પોતાના આત્માને જગાડે છે. આત્મા જાગે પછી તો એને પર ગમે નંહિ ને એ પરમાં રમે પણ નહિ.

જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિરૂપી આંખ વીંધાતી નથી ત્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. મિથ્યાત્વની આંખને વીંધવા માટે મનુષ્યભવ, સદ્ગુરૂનો યોગ ને શાસ્ત્રવાણી સાંભળવાનો યોગ મળ્યો છે. આ અમૂલ્ય સમયનો લાભ લે તો મિથ્યાત્વની આંખ વીંધાઇ જાય ને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય. પણ મોહનાં ચળકતા રંગમાં ભલકાય છે. પુદ્ગલની પાછળ પાગલ બન્યો છે ત્યાં સુધી કેવી રીતે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય! મોહની સામે જો કરડી આંખ કરે તો મોહ ભાગી જાય. પણ અજ્ઞાનના કારણે જીવ

મોહને આવકાર આપે છે. પણ મોહ ખૂંચે નહિ તો કાઢવાનું મન કયાંથી થાય ? રોગીને દૂધપાક અને શીરો ખૂબ ભાવે છે ને સાથે ઉના ઉના ભજિયા ખાવાનું મન થાય છે. પણ ડૉકટરની મનાઇ છે છતાં તે ખાય તો રોગ મટી જાય કે તે મરી જાય ! રોગ મટે નહિ પણ તે વહેલો મરે છે. આ બધો મોહ છે ને ? મોહના કારણે જીવ રખડયો છે, દુઃખ પામ્યો છે છતાં એમાં આનંદ આવે છે. પણ મોહ સામે કરડી આંખ થશે તો મોહ જરૂર ભાગી જશે. ગમે તેવો ગાઢ અંધકાર વ્યાપેલો હોય પણ જો સૂર્યના કિરણો પૃથ્વી ઉપર પ્રસરાય તો અંધકાર રહી શકતો નથી. તેમ જો સમ્યકત્વનો સૂર્ય જીવનમાં પ્રગટે તો મોહરૂપી અંધકાર ભાગી જાય.

જેનો મોહરૂપી અંધકાર નષ્ટ થયો છે તેવા જમાલિકુમાર શિબિકામાં બેઠા છે. મંગલ વાજિંત્રો વાગે છે. ત્યાગના પંથે જાય તેની શિબિકા ઉપાડવાનું ભાગ્ય તો પુણ્યવાનને મળે છે. ત્યાગ આગળ રાજાઓ અને મહારાજાઓ પણ નમી જાય છે. એ રાજાઓ સમજે છે અમે ગમે તેવા મોટા સત્તાધીશ હોઇએ પણ ત્યાગી આગળ અમે નાના છીએ એવું તેમને ત્યાગીનું મહત્ત્વ હતું.

જમાલિકુમારનો વરઘોડો ક્ષત્રિયકુંડ ગામ નગરની મધ્યભાગમાં ને મુખ્ય બજારોમાંથી પસાર થાય છે. રાજાઓ, તલવરો, શ્રેષ્ઠી, શ્રીમંતો, રાજકુમારો બધા એની પાછળ ચાલે છે. ક્ષત્રિયકુંડ નગરની મધ્યમાં થઇને બહુશાલ નામના ચૈત્યમાં જ્યાં ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન છે તે તરફ જવા લાગ્યો. રાજમાર્ગ ઉપર થઇને જમાલિકુમારની શિબિકા પસાર થાય છે ત્યારે માર્ગમાં ત્રણ માર્ગો પડતા હોય, ચાર માર્ગો પડતા હોય એવી જગ્યાએ માણસોના ટોળેટોળા જોવા ઉમટયા છે. જમાલિકુમારને જોઇને લોકો એમને અભિનંદન આપતા સ્તુતિ કરતાં આ પ્રમાણે બોલે છે હે નંદ ! આનંદદાયક ! તારો ધર્મ વડે જય થાઓ. હે નંદ ! તપ વડે તારો જય થાઓ. હે નંદ ! તારૂં કલ્યાણ થાઓ અને અભંગ, અખંડિત જ્ઞાન–દર્શન–ચારિત્રથી તારો જય જય થાઓ. આ પ્રમાણે મંગલ જયનાદના ધ્વનિથી ગજમાર્ગ ગુંજી રહ્યો હતો ને વાજતે ગાજતે જમાલિકુમાર પ્રભુની પાસે જઈ રહ્યા છે. શિબિકા જેમ જેમ આગળ જઈ રહી છે તેમ તેમ જમાલિકુમારનો ઉલ્લાસ વધતો જાય છે.

દેવાનુપ્રિયો ! તમને આવું સુંદર વર્ણન સાંભળીને દીક્ષા લેવાનું મન થાય છે ? આવું સાંભળીને વૈરાગ્યના રંગથી હૃદય રંગાઇ જવું જોઇએ. સંત સમાગમથી પાપી પાવન બની જાય છે. એનું જીવન પલટાઇ જાય છે. એક ગામમાં એક ધનાઢય શેઠ વસતાં હતાં. એમનું નામ હેલાક હતું. એમની પત્નીનું નામ હેલી હતું ને એમના પુત્રનું નામ ચાલાક હતું. તેની પત્નીનું નામ ધર્મવંતી હતું. તે પરણીને સાસરે આવી. સસરાની ખૂબ અનિતી જોઇ તેમજ ગામમાં છાપ પણ તેવી સાંભળી કે શેઠ ગ્રાહકને છેતરે છે તેથી તેનું નામ વંચક પાડયું. આથી પુત્રવધૂને ખૂબ દુઃખ થયું. છેવટે શેઠને

ધર્મના રસ્તે વાળ્યા અને સત્યથી વ્યાપાર કરવાથી શું લાભ થાય તે પૂરેપૂરું સમજાવ્યું ને કહ્યું આપ છ મહિના નીતિનો ધંધો કરો પછી જુઓ. છેવટે તે વાત શેઠના ગળે ઉતરી ને તે નાણાંથી સોનું ખરીદી સોનાની પાંચશેરી નામ લખી રસ્તામાં મૂકી પણ કોઇ લેતું નથી. છેવટે શેઠના ઘેર આપવા આવે છે. પછી નદીમાં નાંખે છે. શેઠના નામની મહોર જોઇને ગરીબ માછીમાર પાંચશેરી શેઠને આપી ગયો. નિતીનો પ્રત્યક્ષ પ્રભાવ જોઇને શેઠની શ્રદ્ધા દૃઢ બની અને શેઠને પુત્રવધૂ પ્રત્યે બહુમાન જાગ્યું ને હેલાક શેઠનો યશ ચારે બાજુ ગવાવા લાગ્યો ને શેઠનું ઉદાહરણ જોઈને ઘણાં લોકો નિતીના માર્ગે વળ્યા અને શેઠની લક્ષ્મીનો સદ્વ્યય થવા લાગ્યો.

છેવટે શેઠની એટલી બધી પ્રતિષ્ઠા વધી ગઇ કે પરદેશના પ્રવાસે જનારા વહેપારીઓ શેઠ પાસેથી ધન લઇને જતાં. તેમની દૃઢ માન્યતા હતી કે શેઠનું ધન નિતીનું છે માટે જવાનું નથી તેથી આપણો વ્યાપાર તથા પ્રવાસ નિર્વિઘ્ને સફળ થશે. શેઠનું નામ પણ મંગળ સ્વરૂપ બની ગયું. શેઠનું નામ હેલાક હતું એટલે પોતાની સાગરની સફર સફળ થાય એટલા માટે વહાણ ચલાવતી વખતે હેલાસા....હેલાસા બોલવા લાગ્યા, આ રીતે હેલાસા શેઠ જગતમાં પ્રસિદ્ધ થયા.

બંધુઓ! અનીતિનું ધન ઘાસના પૂળા જેવું છે. ઘાસના પૂળામાં દિવાસળી ચાંપતા અજવાળું થાય છે પણ થોડી ક્ષણો પછી ઘોર અંધકાર વ્યાપી જાય છે અને તેમાંથી રાખ પણ મળતી નથી, તેવી રીતે અનીતિના ધનથી થોડું અજવાળું લાગે પણ પછી એ મૂળથી મૂડીને સાફ કરી નાંખશે એ વાત હૃદયમાં કોતરી રાખજો. એક સંસ્કૃત શ્લોકમાં પણ કહ્યું છે કે :-

अन्यायोपार्जितं वित्तं, दश वर्षाणि तिष्ठति ।
प्राप्ते त्वकादशे वर्षे समूलं तद्विनश्यति ।।

અન્યાયથી ઉપાર્જન કરેલું ધન વધુમાં વધુ દશ વર્ષ સુધી રહે છે ને અગિયારમા વર્ષે મૂળ મૂડી લઇને ચાલ્યું જાય છે. માટે અનીતિનો ત્યાગ કરો.

જમાલિકુમાર સંસાર છોડીને સંયમ લે છે. હજારો જયનાદ સાથે જમાલિકુમાર આગળ વધી રહ્યા છે. હજુ પણ લોકો તેમને કેવા શબ્દોથી વધાવશે તે વાત અવસરે કહેવાશે.

ચરિત્ર :- અગ્નિશર્મા અને ગુણસેનનો ભવ પૂરો કરી બીજા ભવે પિતા અને પુત્ર બન્યા. ત્રીજા ભવે માતા અને પુત્ર બન્યા, ચોથા ભવે પતિ-પત્ની બન્યા ને પાંચમા ભવે સગા ભાઇ થયા. દરેક ભવમાં ગુણસેનનો આત્મા ગજબ ક્ષમા રાખે છે ને અગ્નિશર્માનો આત્મા જ્વાળાની જેમ, ક્રોધ અને રાગ-દ્વેષથી ભભૂકી ઉઠે છે. અંતરમાં માયા રાખીને એનો વધ કરે છે ને ગુણસેનનો આત્મા ક્ષમાપૂર્વક આવેલા ઉપસર્ગો સહન કરી કર્મોને ખપાવે છે. હવે બંને આત્માઓ ક્યાં આવે છે તે સાંભળો.

છઠ્ઠો ભવ:- માકંદી નગરીમાં કાલમેઘ નામના ન્યાયપ્રિય રાજા ખૂબ ન્યાય નીતિવાળા અને પ્રજાવત્સલ હતા. પોતાની પ્રજામાં કોઇ દુઃખી ન હોવું જોઇએ તે જોવા રાત્રે વેશપલ્ટો કરીને રાજા નીકળતાં ને તેમને ખબર પડે કે આ દુઃખી છે તો તેના દુઃખ દૂર કરતાં એટલે માકંદી નગરીમાં કોઇ દુઃખી ન હતું. એવા પ્રજાપાલક ને પવિત્ર રાજા હતા.

તે નગરમાં સર્વશ્રેષ્ઠીઓમાં અગ્રેસર બંધુદત્ત નામનો શેઠ રહેતો હતો. તે બંધુદત્ત શેઠને સમાનકુળ-વૈભવ ને સ્વભાવવાળી હારપ્રભા નામની પતિવ્રતા પત્ની હતી. બંને ખૂબ સુખી હતાં, ધન હતું તેમજ ધર્મપણ રગેરગમાં હતો. બંધુદત્ત શેઠને રાજા તરફથી નગરશેઠનું બિરૂદ મળેલું હતું ને ગામમાં તેમનું ખૂબ માન હતું, તેમનો સંસાર સ્વર્ગ જેવો હતો.

ધરણકુમારનો જન્મ:-એક દિવસ હારપ્રભા શેઠાણી સુખે પલંગમાં સૂતેલા હતાં. તે વખતે આનત દેવલોકમાંથી આવીને જયમુનિનો જીવ હારપ્રભાની કુક્ષીમાં ઉત્પન્ન થયો. હારપ્રભાએ રાત્રીના છેલ્લા પ્રહરમાં પદ્માસન લગાવીને બેઠેલી રત્નજડિત કંદોરો પહેરેલી અને કિંમતી વસ્ત્રો પહેરેલી જેની આસપાસ ભમરો ગુંજારવ કરી રહ્યા છે એવા ખીલેલા કમળને હાથમાં લીધું છે અને જેને ઉજ્જવળ હાથીઓ સોનાના કળશ વડે અભિષેક કરી રહ્યા છે એવી શ્રીદેવીને મુખથી ઉદરમાં પ્રવેશ કરતી સ્વપ્નામાં જોઈ. એટલે હારપ્રભા શેઠાણી જાગૃત થયાં ને પતિને સ્વપ્નની વાત કહી. ત્યારે બંધુદત્ત શેઠે કહ્યું-તમારી કુંખે લક્ષ્મીને નિવાસ કરવા રૂપ એવા પવિત્ર પુત્રનો જન્મ થશે. પતિની વાતનો સ્વીકાર કરી હારપ્રભા આનંદ પામી અને સુખે ગર્ભનું પાલન કરવા લાગી.

શુભ મુહૂર્તમાં હારપ્રભાની કુંખે એક પુત્રનો જન્મ થયો. એટલે પરિતોષા નામની દાસીએ બંધુદત્તને તરત મંગલ સમાચાર આપ્યા. તેથી બંધુદત્ત શેઠ ખૂબ આનંદ પામ્યા ને દાસીને ઇચ્છિત ભેટ આપી સંતુષ્ટ કરી. પુત્ર ખૂબ સૌંદર્યવાન દેવકુમાર જેવો છે. એનું મુખ જોઇને આખા કુટુંબમાં આનંદ આનંદ વર્તાઈ ગયો. શેઠને આનંદનો પાર નથી. પુત્રના જન્મ મહોત્સવમાં ખૂબ દાન કર્યું. ગરીબની ગરીબાઈ ટાળી દીધી. આ છોકરાનું નામ ધરણ પાડે છે. ધીમે ધીમે મોટો થતાં તેને કલાચાર્યને ત્યાં ભણવા મૂકયો. હવે આગળ શું બનશે તે ભાવ અવસરે કહેવાશે.

આજે પૂ. પાર્વતીબાઇ મહાસતીજીની (પૂ. શારદાબાઈ મહાસતીજીના ગુરૂણી) પવિત્ર પુણ્યતિથિ છે. પૂ. શારદાબાઇ મહાસતીજીએ પૂજ્ય પાર્વતીબાઇ મહાસતીજીના ત્યાગ, ક્ષમા અને ચારિત્રનું સુંદર વર્ણન કર્યું હતું. જે સાંભળતાં શ્રોતાજનોની આંખ ભીંજાઇ ગઇ હતી. છેવટમાં સૌને વ્રત પ્રત્યાખ્યાન આપ્યા હતા.

☆

વ્યાખ્યાન નં ૯૨

આસો વદ ૧ ને શુક્રવાર **તા. ૧૨-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંતજ્ઞાની કહે છે કે હે આત્માઓ ! રાગી મટી ત્યાગી બનો, ભોગી મટી જોગી બનો અને સ્વઘરમાં સ્થિર બનો. અનાદિકાળથી ભવમાં ભમ્યા. પરમાં રમ્યા ને સંસારમાં ખુંચ્યા છો. કેટલા ભવ કર્યા કેટલી ભૂમિની સ્પર્શના જીવે કરી છે.

"न सा जाइ न सा जोणी न तं कुलं न तं ठाणं।"

એક પણ જાતિ, એક પણ યોનિ, એક પણ કુળ કે એવું એક પણ સ્થાન નથી કે જેની સ્પર્શના જીવે ન કરી હોય. એવો એક પણ પદાર્થ નથી કે એને જીવે ભોગવ્યો ન હોય. એક પોતાના સ્વરૂપનો આનંદ જીવે માણ્યો નથી. સ્વાનુભૂતિ થઈ નથી ત્યાં સુધી બધું નકામું છે. જંગલી માણસે ગુરમાનો લાડુ કદી ખાધો નથી, તેનો સ્વાદ:ચાખ્યો નથી ત્યાં સુધી તેની સામે લાડુની પ્રશંસા કરવી વ્યર્થ છે. પણ એક વખત સ્વાદ ચાખી લે પછી એને સમજાય કે લાડવો કેવો મધુર છે. તેમ મહાન પુરૂષો તમારી સામે સચ્ચિદાનંદ સ્વરૂપ એવા આત્માના સુખની ગમે તેટલી સારી વાતો કરે પણ એનો સ્વાદ ચાખ્યા વિના બધું વ્યર્થ છે.

સંત તુકારામ થઈ ગયા એને તો તમે સૌ જાણો છો ને ? એક વખત તુકારામના મનમાં થયું કે જે સંતોએ મને મોહનિદ્રામાંથી જગાડયો, સુખનું સ્વરૂપ સમજાવી મારા ઉપર મહાન ઉપકાર કર્યો તેમને હું શું આપું ? સોનું-ચાંદી-હીરા-માણેક મોતી-પૈસા શું આપું ? 'ના'. એમણે તો એ બધું માટીના ઢેફાની જેમ સમજીને છોડી દીધું છે, ને તેમણે જેને છોડી દીધું છે તેને સ્વપ્નમાં પણ ઇચ્છતા નથી. તેમનામાં મોટામાં મોટી શકિત ત્યાગની છે. ત્યાગનો મહિમા અવર્ણનીય છે. ત્યાગ વિના ત્રણ કાળમાં મુકિત મળતી નથી. આજ સુધી ધનથી કે કુટુંબપરિવારથી કોઇ વ્યકિતએ અમૃત રૂપ મોક્ષ મેળવ્યો નથી. જે આત્માઓ મોક્ષમાં ગયા તે એકમાત્ર ત્યાગથી ગયા છે. એક સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે :-

द्वेपदे बन्धमोक्षाय निर्ममेति ममेति च ।
ममेति बध्यते जन्तु निर्ममेति विमुच्यते ।।

બંધ અને મોક્ષના બે કારણ છે. મમતા અને નિર્મમત્વ. મમતાથી જીવ બંધનમાં પડે છે ને મમતારહિત બનવાથી મુકત બને છે. આ શ્લોકનો અર્થ તમે સમજી ગયાને ? મનુષ્ય જ્યાં સુધી સાંસારિક પદાર્થો તથા સાંસારિક સબંધો પ્રત્યે મમતા એટલે આસકિત રાખે છે ત્યાં સુધી તે મુકત બની શકતો નથી. પણ જ્યારે આસકિત ઉઠાવી

લે છે ત્યારે તે મુકત બને છે. એટલા માટે મહાન પુરૂષો સંસારને છોડે છે ને બીજાને ત્યાગવાનો ઉપદેશ આપે છે. સંતોને મન ભૌતિક પદાર્થો ત્યાજ્ય છે તેમ ક્રોધ-માન-માયા અને લોભાદિ કષાયોને પણ ત્યાજ્ય સમજીને છોડી દે છે.

દયાનંદ સરસ્વતીના જીવનનો એક પ્રસંગ છે. કોઇ ઈર્ષ્યાળુ માણસે તેમને પાનમાં વિષ આપી દીધું. દુનિયામાં ત્યાગી પુરૂષોના પણ દુશ્મન હોય છે. મહાન પુરૂષોને ઝેરના લાડવા ખવડાવી દે તો પણ તે પચાવી લે છે, પણ કોઈને કહેતા નથી. દયાનંદ સરસ્વતી એ મહાન પુરૂષ હતા. તેમણે કોઈને વાત કરી નહિ, પણ ભકતોને ખબર પડી ગઇ એટલે ક્રોધ ક્રોધ વ્યાપી ગયો અને ઝેર આપનારને શોધી કાઢયો, ને ગામના મોટા અમલદારને સોંપ્યો. અમલદાર દયાનંદ સરસ્વતીનો ભકત હતો. તેણે ઝેર આપનાર વ્યકિતને સ્વામી દયાનંદ પાસે હાજર કરીને કહ્યું ગુરૂદેવ! આપને ઝેર આપનાર આ વ્યકિત છે. આપ કહો તે શિક્ષા તેને કરીએ. ત્યારે દયાના સાગર દયાનંદજી કહે છે કે હે ભકતો! એને છોડી દો. હું સંસારનાં પ્રાણીઓને કેદ કરાવવા નથી આવ્યો પણ મુકત કરાવવા આવ્યો છું.

બંધુઓ! મહાન પુરૂષોનું હૃદય કેટલું વિશાળ હોય છે! પોતાને ઝેર આપનાર ઉપર પણ કેવી કરૂણાદૃષ્ટિ! આજે આવા પુરૂષો કેટલા? આણે તો ઝેર આપ્યું હતું પણ આજે તો કોઇ સહેજ ઉંચા અવાજે બોલે તો પણ સહન નથી થતું. કોઈ એક વચન કહે તો સામા તેને દશ શબ્દ સંભળાવે છે. થોડી મિલ્કતને માટે ભાઈ ભાઇનું ખૂન કરવા તૈયાર થઇ જાય છે. આજે દુનિયામાં કોઇનું ખરાબ કરવું સહેલ છે, પણ સારૂં કરવું મુશ્કેલ છે. જો મહાન બનવું હોય તો જ્ઞાની કહે છે કે પથ્થર મારનાર પ્રત્યે ફૂલની વર્ષા કરો. દરિયા જેવા ગંભીર બનો.

એક રૂપક છે. એક કવિએ સમુદ્રને કહ્યું કે હે સાગરદેવ! તારી પાસે અગાધ પાણી છે પણ કોઇને પીવામાં કામ આવતું નથી. તારી પાસે અમૂલ્ય રત્નો છે પણ કોઇને આપતો નથી. ત્યારે દરિયો કહે છે ભાઇ! મારી પાસે રત્નો ઘણા છે પણ મરજીવા થઈને અંદર ડૂબકી લગાવે તો રત્નો મેળવે છે. મારું પાણી ભલે ખારૂં છે પણ વર્ષારૂપે હું પૃથ્વી ઉપર વરસું છું. દેવાનુપ્રિયો! જે મરજીવા બનીને સાગરમાં ડૂબકી લગાવે છે તે અમૂલ્ય રત્નો મેળવે છે. તેમ સિદ્ધાંતરૂપી ગહન સાગરમાં જે આત્માઓ ડૂબકી લગાવે છે તે જ્ઞાન-દર્શન અને ચારિત્ર રૂપી અમૂલ્ય રત્નો મેળવે છે અને સંસાર રૂપી ખારા સમુદ્રમાં પણ વીતરાગવાણી રૂપી વીરડામાંથી મીઠું પાણી મળે છે. લાખોની કિંમત આપતાં પણ ન મળે તેવો ધર્મ તમને મળ્યો છે એની કિંમત સમજો.

જમાલિકુમારની શિબિકા ક્ષત્રિયકુંડ નગરના મધ્યભાગમાંથી નીકળી છે. લોકો તો જમાલિકુમારને નીરખે છે ને બોલે છે, હે લાડકવાયા કુંવર! તમે આવી રિદ્ધિ-સિદ્ધિ

છોડીને સંયમી બનો છો તો તમે જ્ઞાન-દર્શન અને ચારિત્રમાં ખૂબ આગળ વધો ને તમારું કલ્યાણ થાવ. હે રાજકુમાર! જ્ઞાન-દર્શન અને ચારિત્ર વડે અજિત એવી ઇન્દ્રિઓને જીત અને જીતીને શ્રમણ ધર્મનું પાલન કર. હે દેવ! બધા વિઘ્નોને જીતીને મોક્ષમાં નિવાસ કર. ધૈર્યરૂપી કચ્છને મજબૂત બાંધીને તપ વડે રાગ-દ્વેષ રૂપી મલ્લોનો ઘાત કર અને ઉત્તમ શુકલધ્યાન વડે આઠ કર્મરૂપી શત્રુનું મર્દન કર. હે ધીર પુરૂષ! તું અપ્રમત થઇને ત્રણ લોકરૂપી રંગમંડપ મધ્યે આરાધના રૂપી પતાકાને ગ્રહણ કરીને નિર્મળ અને અનુત્તર એવા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી જિનેશ્વર ભગવંતે ઉપદેશેલ સરળ સિધ્ધિમાર્ગ વડે પરમપદરૂપ મોક્ષને પ્રાપ્ત કર.

"अकुडिलेण हंता परीसह चमूं अभिन्नविय्गामकंटको वसग्गाणं

धम्मे ते अविग्घमत्थु तिकट्टु अभिणंदंतिय अभित्थुणं तिय।"

પરિસહરૂપી સેનાને હણીને ઇન્દ્રિઓને પ્રતિકૂળ એવા ઉપસર્ગોનો પરાજય કર. અને તને ધર્મમાં અવિઘ્ન થાઓ. અર્થાત્ તમારો માર્ગ નિર્વિઘ્ન બનો. એ રીતે બોલતાં અભિનંદન આપવા લાગ્યા. સ્તુતિ કરવા લાગ્યા.

એક બુધ્ધથી દશ હજાર સુભટોને જીતવા સહેલ છે, પણ ઇન્દ્રિઓને જીતવી મુશ્કેલ છે. એટલે લોકો જમાલિકુમારને કહે છે તમે અજેય એવી ઇન્દ્રિઓને જીતીને વિજેતા બનો. ગમે તેટલા રાજ્યને જીતે પણ જ્યાંસુધી માનવ ઇન્દ્રિયોને જીતે નહિ ત્યાં સુધી તે સાચો વિજેતા નથી. રાગ અને દ્વેષરૂપી મહાન મલ્લ છે. હે રાજકુમાર! તમે જેને જીતી લેજો, કે જે તમને સંયમમાર્ગમાં હેરાન કરવા આવે નહિ. ધ્યાન ચાર છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાન. આર્તધ્યાનથી તિર્યંચ ગતિમાં જવાય છે. રૌદ્રધ્યાન કરવાથી નરકગતિમાં, ધર્મધ્યાનથી દેવગતિમાં ને શુકલધ્યાનથી મોક્ષમાં જવાય છે. ચાર ધ્યાનમાં શુકલધ્યાન શ્રેષ્ઠ છે. પાંચ જ્ઞાનમાં કેવળજ્ઞાન શ્રેષ્ઠ છે. તમે સંયમ લઇને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વસ્તુને પ્રાપ્ત કરી જલ્દી જલ્દી પરમપદ મોક્ષને પ્રાપ્ત કરજો. તમારો જય થાઓ, વિજય થાઓ. એ પ્રમાણે અભિનંદન આપે છે ને વધાવે છે. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર:- માકંદી નગરીમાં બંધુદત્ત શેઠને ત્યાં હારપ્રભા શેઠાણીની કુંખે એક પુત્રનો જન્મ થયો છે. તેનું નામ ધરણ પાડવામાં આવ્યું. ધરણને જોઇને તેના માતા-પિતાને આનંદનો પાર નથી. શુભ લક્ષણવાળો પુત્ર છે. તેને કલાચાર્યને ત્યાં ભણવા મોકલે છે. ત્યાં પણ ખૂબ હોંશિયારીથી ઓછી મહેનતે ઘણું જ્ઞાન મેળવતો. હવે બીજી તરફ શું બને છે:-

લક્ષ્મીનો જન્મ ને ધરણ સાથે લગ્ન:- વિજયરાજા જે જયમુનિની હત્યા કર્યા પછી ત્યાંથી મરીને નરકમાં ગયા હતા ત્યાં નરકની મહાન વેદના ભોગવી નરકનું

આયુષ્ય પૂર્ણ કરીને કેટલોક સમય સંસારમાં રખડી આગલા ભવમાં તેવા પ્રકારના શુભ અનુષ્ઠાનો કરીને કયાં ઉત્પન્ન થાય છે!

એ કાકંદી નગરીમાં બીજા કાર્તિક નામના શેઠ રહેતા હતા. તે કાર્તિક શેઠને જયા નામની પત્ની હતી. તેની કુક્ષીમાં વિજયકુમારનો જીવ પુત્રીપણે ઉપન્ન થયો. જન્મ્યા પછી તેનું નામ લક્ષ્મી પાડવામાં આવ્યું. ધીમે ધીમે લક્ષ્મી મોટી થઇ એટલે એના પિતા કાર્તિક શેઠે બંધુદત્ત શેઠને ત્યાં પોતાની દીકરીને ધરણુસેનની સાથે પરણાવવાનું કહેણ મોકલ્યું ને કુદરતી બંનેનો પૂર્વનો ઋણાનુબંધ ચાલ્યો આવે છે એટલે બંનેના મનમાં નકકી થયું. ભવિતવ્યતાના જોરે બંનેના ધામધુમથી ધરણુસેન અને લક્ષ્મીના લગ્ન થયા. પણ લક્ષ્મીને ધરણુસેન પ્રત્યે બિલકુલ પ્રેમ આવતો નથી. ધરણુ લક્ષ્મીને ખૂબ ચાહે છે, પ્રેમથી બોલાવે છે ને એને જે જોઇએ તે લાવી આપે છે, પણ લક્ષ્મીદેવીનું મન માનતું નથી. બંનેનો સંસાર ફાટી ગયેલા દુધ જેવો બની ગયો છે. ખૂબ પ્રેમથી લક્ષ્મીને ધરણુ બોલાવે ત્યારે લક્ષ્મી શું બોલતી? અરેરે....મારૂં કેવું કમભાગ્ય છે કે મને આવો પતિ મળ્યો છે. મારા માતા-પિતાને હું એકની એક દીકરી પણ કંઇ જોયા કર્યા વિના મને ઉંડાકૂવામાં ઉતારી છે. રોજ ઉઠીને આ પાપીનું મુખ જોવું પડે છે. આના કરતાં તો દુનિયામાં ઘણાંય વર સારા હતા. મેં પૂરા પાપ કર્યા હશે કે મને અહીં પરણાવી. આ રીતે રોજ કકળાટ કર્યા કરે છે. પણ ધરણુસેન એવો સમજુ ને ડાહ્યો છે કે એના માતાપિતાને ગંધ સરખી પણ આવવા દેતો નથી. ધરણુસેન એક જ વિચાર કરે છે કે મારા પૂર્વના કર્મનો ઉદય છે એમાં એનો બિચારીનો શું દોષ? આ રીતે કલેશ-કંકાસમય સંસાર સુખનો અનુભવનકરતાં ઘણાં વર્ષો વીતી ગયા.

ધરણુસેન અને દેવનંદી વચ્ચે સ્પર્ધા:- એક વખત વસંત ઋતુમાં ધરણુ ફરવા ગયો હતો ને પાછા વળતા ધરણુનો રથ ને દેવનંદનો રથ ભેગા થઇ ગયા. બંનેના રથ ઘણાં મોટા છે. ધરણુ નમ્રતાપૂર્વક કહે છે ભાઇ! તારો રથ થોડો પાછો વાળ, જેથી હું નીકળી શકું. પણ લક્ષ્મીના અભિમાને દેવનંદી ના માન્યો. ધરણુને મન કાંઇ નથી પણ રસ્તો નથી તેથી પાછો કેવી રીતે વાળે? છેવટે રસ્તો બંધ થવાથી અંદરના અંદર ને બહારના બહાર લોકોનું ટોળું ભેગું થયું. એટલે નગરજનો અકળાયા. આખા ગામમાં વાત ફેલાઇ ગઈ. છેવટે મહાજન ત્યાં આવી ગયું.

નગરના વૃદ્ધ પુરૂષોએ ત્યાં આવીને તે બંનેને કહ્યું કે તમે તમારી જાતે કેટલું કમાયા છો? કે બાપદાદાની કમાણી ઉપર આટલું અભિમાન કરો છો! તમારા બંનેમાંથી કોણે પોતાના બાહુબળથી ધન કમાઇને દાન કર્યું છે, કે ધર્મના કાર્યમાં વાપર્યું છે કે આટલી મગરૂરી ધરાવો છો? આવી ખોટી ચડસાચડસી કરવાથી શું લાભ છે? તમારા લીધે કેટલા લોકોને ઉભા રહેવું પડયું છે? માટે તમારો વાદ-વિવાદ છોડીને તમે બંને

તમારા રથને પાછા હઠાવી લેા. પણ બન્નેમાંથી એકેય પેાતાના રથ પાછા હઠાવતાં નથી. ત્યારે મહાજને કહ્યું કે જો તમારે રથ પાછા હઠાવવા ન હેાય તેા એમ કરેા. તમે બંને જણા પરદેશ કમાવા માટે જાવ ને એક વર્ષમાં તમારા બેમાંથી જે વધુ ધન કમાઈને આવે તે આજે તેરસનેા દિવસ છે ને આવતા વર્ષે આ તેરશના દિવસે રથ આગળ ચલાવે ને જે જે ઓછું ધન કમાઇ લાવે તેનેા રથ પાછેા હઠાવવેા. આ વાત બનેને પસંદ પડી અને માન્ય કરી. એટલે મહાજને બંને પાસેથી સહી કરાવી લીધી કે બેમાંથી જે વધુ ધન એક વર્ષમાં કમાઇને આવે તે આગળ જઈ શકે એવી સહી કરાવી દસ્તાવેજ મહાજનના ભંડારમાં રાખ્યેા ને બંનેના માતા-પિતાને ત્યાં બેાલાવીને કહ્યું કે તમારે આ બંનેને એક પાઇ પણ આપવી નહિ. અમે પાંચ પાંચ લાખની કિંમતનેા માલ વ્યાપાર કરવા માટે આપીએ છીએ. હવે બંને જણ ધન કમાવા માટે પરદેશ જવા તૈયાર થઇ ગયા. ધરણસેનની પત્નીને ખબર પડી કે મારેા પતિ પરદેશ કમાવા માટે જાય છે. હવે આ લક્ષ્મીદેવી કેવું નાટક ભજવશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૯૩

આસેા વદ ૨ ને શનિવાર તા. ૧૩-૧૦-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનેા!

અનંતજ્ઞાની કરૂણાસાગર ત્રિકાળજ્ઞાની પ્રભુના મુખમાંથી ઝરેલી શાશ્વતીવાણી તેનું નામ સિદ્ધાંત. જમાલિકુમારની શિબિકા પ્રભુના સમેાસરણની નજીક જતી જાય છે તેમ તેની ભાવનાનેા વેગ વધતેા જાય છે. જીવણ શેઠે દાન દીધું ન હતું પણ શુભ ભાવના ભાવી હતી. એ ભાવનાના બળે એ બારમા દેવલેાકે ગયા. પ્રસન્નચંદ્ર રાજર્ષિએ અશુભ ભાવનાના પરિણામે નરકમાં જવાના કર્મના દળીયા ભેગા કર્યા અને શુભ ભાવનાનેા વેગ ઉપડયેા તેા ત્યાં ને ત્યાં કેવળજ્ઞાન પામી ગયા. ભાવનાનું કેટલું મહત્વ છે!

ભાવ વધે તેા આનંદ કેાને થાય? દુકાનમાં માલ ભર્યેા હેાય તેને. ભાવ ગમે તેટલા વધે પણ દુકાનમાં માલ બિલકુલ ન હેાય તેા આનંદ શેનેા થાય? દુકાનમાં માલ ભર્યેા હશે તેા ગમે ત્યારે ભાવ ઉપજશે એમ માનીને મેાટા વહેપારીઓ દુકાનમાં લાખ રૂપિયાનેા માલ ભર્યેા હેાય તેા પણ નવેા માલ ખરીદીને ભરે છે ને ભાવ આવે ત્યારે હરખાય છે. પણ જેની દુકાનના ચારે ખૂણા સરખા હેાય તે શું કરે? ધાર્મિક ક્ષેત્રમાં દાન-શીયળ અને તપ એ માલ છે. આ ત્રણ પ્રકારનેા માલ જેની પાસે હેાય છે તેમાં કયારેક શુભ ભાવ આવી ગયેા તેા બેડેા પાર થઈ જાય છે. ઉત્કૃષ્ટ ભાવથી સુપાત્રે દાન દેતાં જીવ તીર્થંકર નામકર્મ બાંધે છે, ને અશુભ ભાવ આવે તેા નરકે જાય છે.

શંખરાજા અને જશોમતી રાણીને દ્રાક્ષ ધોયેલું પાણી વહોરાવતાં એવી ભાવનાનો ઉછાળો આવ્યો તો તીર્થંકર નામકર્મ બાંધ્યું. નાગેશ્રીએ ઉલ્લાસભેર સંતને શાક વહોરાવ્યું હતું, છતાં મરીને નરકે ગઇ. કારણ કે એના દાન દેવાના ભાવમાં મલીનતા હતી. સામાયિક કરો, પ્રતિક્રમણ કરો, તપ કરો, કોઇ પણ ધાર્મિક ક્રિયા કરો પણ તેમાં આધ્યાત્મિક ભાવ ન હોય તો બધી ક્રિયાઓ ખોખા જેવી છે.

એક વાત છે કે ભાવ એટલે એકલો ભાવ નહિ. પણ ક્રિયાસહિત ભાવ હોવો જોઈએ. ભાવ વિનાની ક્રિયા અને ક્રિયા વિનના ભાવ બાલી દુકાન જેવો છે. શુદ્ધ ભાવપૂર્વક ક્રિયા હોવી જોઇએ. એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

એક ગામમાં એક બ્રહ્મચારી પુરૂષ રહેતો હતો. એ મકાનના મેડા ઉપર ચઢવાની સીડીઓ અલગ અલગ હતી ને વચમાં ભીંતનું આંતરૂં હતું. એક બાજુ આ બ્રહ્મચારી પુરૂષ રહેતો હતો ને બીજી બાજુ એક વેશ્યા રહેતી હતી. વેશ્યાનું કામ તો તમે જાણો છો કે રોજ નવા નવા શણગાર સજવા અને નવા નવા પુરૂષોને રીઝવવા. એ એના કાર્યમાં મશગુલ રહેતી અને બ્રહ્મચારી બ્રહ્મચર્યનું પાલન કરતો. તેની પાસે જે કોઇ માણસ આવે તેને દાન-શીયળ-તપનું સ્વરૂપ સમજાવી ધર્મના માર્ગે વાળતો. એના ઉપદેશથી કંઇક જીવો સંસારની અસારતા સમજીને વૈરાગ્ય પામી જતા અને વેશ્યા જે કોઇ એની પાસે આવે તેને ચારિત્રથી પડવાઈ કરીને ભોગમાં રકત બનાવતી. આ રીતે બંનેના જીવનમાં આસમાન – જમીન જેટલું અંતર હતું, છતાં આ વેશ્યા એના કાર્યમાંથી નિવૃત્ત થતી ત્યારે વિચાર કરતી કે હું કેવી અધમ છું, નીચ છું, પાપી છું કે મારી પાસે જે પુરૂષો આવે છે તેમને હું પતનના પંથે પ્રયાણ કરાવુ છું. ધન્ય છે આ બ્રહ્મચારી પુરૂષને કે જે સંસારના દરેક રંગ-રાગ છોડીને આત્મસાધનામાં રકત રહે છે ને તેમની પાસે જે મનુષ્યો આવે છે તેમને ધર્મનો મર્મ સમજાવી ઉન્નતિનો માર્ગ બતાવે છે. એ એના આત્માનું કલ્યાણ કરી જશે ને હું તો ભવમાં ભટકીશ. એ પવિત્ર પુરૂષના દર્શન કરૂં તો પણ હું પાવન થઇ જાઉં. વેશ્યાના મનમાં હમેંશા આવી ભાવના રહ્યા કરતી. પાપ કરતી હતી પણ એના દિલમાં પાપનો ખટકારો થતો હતો.

બીજી તરફ પેલો બ્રહ્મચારી બ્રહ્મચર્યનું પાલન કરતો, તપ કરતો, જનતાને ધર્મ સમજાવતો. અનેક પ્રકારની ધર્મક્રિયાઓ કરતો હતો છતાં વેશ્યાના જીવનને સુખમય માનતો હતો. બધા લોકોને ધર્મનો ઉપદેશ આપે, એની પાસેથી બધા ચાલ્યા જાય ને કોઇ ન રહે ત્યારે ભીંતમાં એક તીરાડ હતી તેમાંથી રોજ છાનોમાનો વેશ્યાના રૂપ-રંગ અને સ્વાંગ જોયા કરતો. કેવી સુંદર દેખાય છે! શું દેવી જેવું સૌંદર્ય છે! એનું જીવન સફળ છે. એને જોઇને મનમાં એવો ભાવ લાવતો. એક દિવસ સમય જોઇને

બ્રહ્મચારીએ વેશ્યાને તેમની પાસે બોલાવી. આ સાંભળી વેશ્યાને ખૂબ આનંદ થયો. અહો ! બ્રહ્મચારી પવિત્ર પુરૂષ મારા જેવી અધમ સ્ત્રીને બોલાવે છે ! મને આજે એ સંત જેવા પવિત્ર પુરૂષના દર્શન થશે. એમની સાથે વાત કરવાનો અવસર મળશે. આજે મારૂં જીવન પવિત્ર બની જશે. વેશ્યા ઉમંગભેર બ્રહ્મચારી પાસે આવી. એના દિલમાં સંત પ્રત્યે પવિત્ર ભાવ હતા. જ્યારે બ્રહ્મચારી એના રૂપ-રંગ જોઈને એની આંખોને તૃપ્ત કરવા ઈચ્છતો હતો. વેશ્યા આવીને બ્રહ્મચારીના ચરણમાં નમી ગઇ ને તેમના ખૂબ ગુણગ્રામ કર્યા. ધન્ય છે આપને ! આપ ઉન્નતિના માર્ગે જઇ રહ્યા છો. હું પતનના માર્ગે જઈ રહી છું છતાં આપના દર્શન કરી હું પાવન બની ગઈ.

બ્રહ્મચારી હોવા છતાં તેના અંતરમાં વિકાર ભર્યો હતો પણ ઉપરથી તેણે ગણિકાને ઉપદેશ આપ્યો કે હે ગણિકા ! તું શરીરનો વ્યાપાર કરી રહી છે. નિર્વિકારી પુરૂષોને પણ વિકારી બનાવે છે ને જીવનનો આનંદ માણે છે પણ વિચાર કર. તું કેટલા કર્મો બાંધે છે. તારી પાસે આવનાર પુરૂષોને તારે કહી દેવું જોઈએ કે હું તો જાતની વેશ્યા એટલે પૈસાની ભૂખી. જ્યાં સુધી પૈસા મળશે ત્યાં સુધી તમારી સાથે સબંધ રાખીશ ને પૈસા ખલાસ થઈ જશે ત્યારે લાત મારીને કાઢી મૂકીશ. આ રીતે પૈસા આપીને ભોગ ભોગવવા, જાતને ખુવાર કરવી ને પાપ બાંધવા એના કરતાં એટલા પૈસા સત્કાર્યમાં વાપરો તો તમને લાભ થશે. મારી પાસે આવવા કરતાં ધર્મારાધના કરો એનાથી કલ્યાણ થશે ને મારો સંગ કરતાં પાપ બંધાશે. આ રીતે બહ સુંદર ઉપદેશ આપ્યો.

બ્રહ્મચારીનો ઉપદેશ સાંભળી વેશ્યાને ખૂબ આનંદ થયો. એની રગેરગમાં બ્રહ્મચારીનો ઉપદેશ તાણાવાણાની જેમ વણાઇ ગયો. ને કહેવાતી વેશ્યા વૈરાગી બની ગઈ. એણે એનું જીવન પલ્ટાવી નાંખ્યું. હવે એની પાસે જે પુરૂષો આવતા એમને સમજાવવા લાગી કે ભાઇ ! તમે અહીં શા માટે આવો છો ? હું તો વેશ્યા છું, સ્વાર્થની સગી છું. શાસ્ત્રમાં કહ્યું છે કે પોતાની પત્ની સિવાય બીજી સ્ત્રીઓને સેવવી એ મહાન પાપ છે. પરસ્ત્રીગમન કરવાથી મનુષ્ય નરકમાં જાય છે ને એનું જીવન પાપકર્મના લેપથી મલીન બને છે. આ રીતે ઉપદેશ આપતી અને શુદ્ધ ભાવથી આપેલા ઉપદેશની અસર પુરૂષો ઉપર સારી થતી ને ભોગી બનીને આવનાર યોગી બની જતાં. કંઈકના જીવન એણે સુધાર્યા. શુદ્ધ ભાવનાને કારણે છેવટે વેશ્યા મરીને દેવલોકમાં ગઈ અને પેલો બ્રહ્મચારી ઉપરથી ધર્મક્રિયાઓ કરતો હતો લોકોને સુંદર ઉપદેશ આપતો હતો પણ એની ભાવનામાં વિકાર ભર્યો હતો એટલે મરીને નરકે ગયો.

બંધુઓ ! ભાવનાનું કેટલું મહત્વ છે ! બ્રહ્મચારીની ક્રિયા હતી તેવી ભાવના હોત તો બેડો પાર થઇ જાત. ઉપરથી બ્રહ્મચારીનો સ્વાંગ સજ્યો પણ મન મલીન રાખ્યું તો નરકે ગયો ને વેશ્યા તો છડેચોક વેશ્યા હતી છતાં એની ભાવના પવિત્ર હતી.

એ ભાવનાના બળે એક વખત બ્રહ્મચારીનું દર્શન કરી પાપમય જીવનને પવિત્ર બનાવી દીધું ને સ્વર્ગમાં ગઇ. ભાવનામાં જબ્બર તાકાત છે. તમે જાણો છો ને કે માતા પોતાના પુત્રને દૂધપાન કરાવે છે તેમાં જે તાકાત છે તે બાટલીના દૂધમાં નથી. બાટલીના દૂધમાં ને માતાના દૂધમાં ઘણું અંતર છે. કારણ કે માતા દૂધપાન કરાવે છે તે વખતે માતાના હૃદયમાં બાળક પ્રત્યે અસીમ વાત્સલ્ય હોય છે, પ્રેમ હોય છે. ને પુત્ર પ્રત્યે માતાની સદ્ભા શુભ ભાવના હોય છે એટલે એ દૂધ બાળકને માટે અમૃત સમાન બની જાય છે.

હવે બીજું ઉદાહરણ લઇએ. ખેડૂત વર્ષાકાળમાં ખેતરમાં અનાજ વાવે છે ને ઉપરથી વરસાદ પડે છે. એને જેટલો જોઇએ તેટલો વરસાદ વરસી જાય તો એક મહિના સુધી ફરીને એને પાણીની જરૂર પડતી નથી. કારણ કે વરસાદના પાણીમાં એટલું સત્વ હોય છે. પણ વરસાદ ન આવે તો કૂવાનું કે તળાવનું પાણી પંપ દ્વારા જમીનને આપવામાં આવે છે. પણ એ પાણીનું સત્ત્વ સાત–આઠ દિવસ રહે છે. વરસાદનું પાણી છે. કૂવા અને તળાવનું પણ પાણી છે છતાં પાણી પાણીમાં મોટું અંતર છે. બહારના પાણીમાં ને વરસાદના પાણીમાં માતાના દૂધ અને બાટલીના દૂધ જેટલું અંતર છે. એવી રીતે ભાવનાપૂર્વકની દાન-શીયળ-તપની આરાધના કરવામાં અને ભાવનારહિત ક્રિયા કરવામાં મોટું અંતર છે. આપણે ત્યાં સામાયિક-પ્રતિક્રમણ છે. વૈષ્ણવોમાં સંધ્યાવંદન-આરતી છે. મુસ્લીમમાં નમાજ છે ને ક્રિશ્ચનમાં પ્રાર્થના કરે છે. આ ક્રિયાઓ કરતી વખતે દરેકનું મન ઇશ્વરમાં હોય છે. સૌ પ્રભુને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ! અમારું જીવન પવિત્ર બનો. અમને સાચો માર્ગ બતાવો. ભાવના દરેકની સમાન છે. ફરક ભાષામાં છે– ભાવમાં નથી.

મુસ્લીમ નમાજ પઢતી વખતે પ્રભુને શું પ્રાર્થના કરે છે હે ખુદા! હું ગુન્હેગાર છું. મારો ગુન્હો માફ કરો. સંધ્યા કરવાવાળા એવી ભાવના ભાવે છે કે હે ભગવાન! દિવસભરના વ્યવહારમાં મારાથી જે કાંઇ હિંસા થઇ હોય, મારા દ્વારા કોઈના દિલમાં દુઃખ થયું હોય તો મને ક્ષમા કરો. ત્યારે આપણે પ્રતિક્રમણ કરતી વખતે આખા દિવસભરમાં જે જે પાપો થયા હોય તેને યાદ કરીને હૃદયપૂર્વક આલોચના કરતાં પ્રભુની સાક્ષીએ તેના મિચ્છામિ દુક્કડં દઇએ છીએ. એ પણ અપરાધોની ક્ષમા માંગીએ છીએ. કોઇ પ્રાર્થના કરે છે, કોઇ ભક્તિ કરે છે, કોઇ સંધ્યા કરે છે, કોઇ પૂજા કરે છે, કોઈ નમાજ પઢે છે ને કોઈ પ્રતિક્રમણ કરે છે. પણ એ દરેકનો આશય તો પાપથી મુકત બનવાનો છે. અંતઃકરણપૂર્વક ધર્મક્રિયાઓ કરનાર પાપથી છૂટે છે. સાચા ભાવથી ધર્મક્રિયા કરનાર વ્યકિતચાહે મુસ્લીમ હોય કે હિંદુ હોય, જૈન હોય કે વૈષ્ણવ હોય એ બહારથી દેખાવ નથી કરતો.

મહંમદ સૈયદ નામનો એક ફકીર થઇ ગયો. એણે સંપૂર્ણ પરિગ્રહનો ત્યાગ

કર્યો હતો. ખુદાની બંદગીમાં પોતાનો સમય વ્યતીત કરતો હતો. એ સદા એક ભજન ગાયા કરતો હતો કે સાચા સંતનો હું શિષ્ય છું, હું યહૂદી છું, હું મુસ્લીમ છું, ને હિન્દુ પણ છું. કારણ કે મંદિરમાં ને મસ્જિદમાં લોકો કેવળ પરમાત્માની ઉપાસના કરે છે. મહંમદ સૈયદની આવી ભાવનાને કારણે ઘણાં માણસો એના મિત્ર બની ગયા હતા. ને ઘણાં એના શત્રુ પણ બની ગયા હતા. દારાશિકોહ નામનો એક માણસ એમનો પરમભક્ત હતો ને ઔરંગઝેબ એમનો કટ્ટો દુશ્મન હતો. ઔરંગઝેબ દારાશિકોહનો પણ શત્રુ હતો. કારણ કે મુસ્લીમ હોવા છતાં હિંદુ ધર્મની ઉપાસના શા માટે કરે છે? એ વાતની ઔરંગઝેબને મહંમદ સૈયદ ઉપર ઈર્ષ્યા હતી. એક વખતે ઔરંગઝેબે એના માણસોને આજ્ઞા કરી કે મહંમદ સૈયદને પકડીને લઈ આવો. પકડીને એમને ઔરંગઝેબ પાસે હાજર કર્યો. ઔરંગઝેબે કહ્યું કે તમે હિંદુ ધર્મ છોડી દો ત્યારે મહંમદે કહ્યું - બાદશાહ! તમે શા માટે હિંદુ ધર્મ પ્રત્યે આટલી ઈર્ષ્યા કરો છો? દરેકનો ધર્મ સમાન છે. હિંદુ ધર્મ એક વખત તમારે પણ સ્વીકારવો પડશે. એટલે ઔરંગઝેબે ક્રોધાયમાન થઈને કહ્યું કે તમે મુસ્લીમ ધર્મના ફકીર હોવા છતાં ધર્મના દ્રોહી છો. માણસોને કહ્યું કે એમને ફાંસીએ ચઢાવી દો. એમને શૂળીની શિક્ષા કરવાનું ફરમાન થયું.

મહંમદ સૈયદ શૂળીની શિક્ષાની વાત જાણી આનંદમાં આવી ગયા. શૂળી ઉપર ચઢતાં ચઢતાં શું બોલ્યા-અહો! આજનો દિવસ મારે માટે પરમ સૌભાગ્યનો છે, ખૂબ આનંદનો છે. જે શરીર મને ખુદાને મળવામાં આજ સુધી આડખીલારૂપ હતું તે આ શૂળીની શિક્ષામાં છૂટી જશે. તે હસતાં હસતાં કહેવા લાગ્યા કે શૂળી! તું આજે મારો જીગરજાન મિત્ર બની છે. આજે તો તું શૂળીના રૂપમાં આવેલ છે. પણ બીજા કોઈ રૂપમાં કેમ ન આવે! હું તને ઓળખ્યા વિના નહિ રહું.

બંધુઓ! સાચા ભક્તોનું હૃદય ખૂબ વિશાળ હોય છે. પોતાને ગમે તેવા કષ્ટ કેમ ન પડે પણ એ ભગવાન અને ભગવાનની પ્રાર્થનામાં કોઈ અંતર માનતા નથી. કોઈ પણ નામથી ભગવાનનું રટણ કરે છે પણ એના ભાવ તો એક જ હોય છે.

રામ કહો રહેમાન કહો કોઉ કાન્હ કહો મહાદેવ રી,
પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવરી.
નિજપદ રમે રામ સો કહિએ, રહિમ કરે રહિમાન રી,
હર્ષે કરમ કાન્હ સો કહિએ, મહાદેવ નિર્માણરી.
પરસેરૂપ પારસ સો કહીએ, બ્રહ્મ ચિન્હે સો બ્રહ્મ રી,
ઇહ વિધ સાધો આપ આનંદઘન, ચેતનમય નિષ્કર્મરી!

આનંદઘનજી કહે છે આત્મ સ્વરૂપમાં રમણતા કરે તે રામ છે. પ્રાણીઓ ઉપર દયા રાખે તે રહિમ છે. કર્મોને કાપવાનો પુરુષાર્થ કરે તે કૃષ્ણ છે. સંસારથી મુક્ત બનીને:

નિર્વાણ-મોક્ષને પ્રાપ્ત કરે તે મહાદેવ છે. આત્મસ્વરૂપની સ્પર્શના કરે તે પારસનાથ છે. આત્માની પિછાણ કરે તે બ્રહ્મા છે. દરેકના નામ જુદા જુદા છે. આત્મસ્વરૂપથી તો દરેક આત્માઓ સમાન છે.

આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવા માટે તમે કોઇ પણ ક્રિયા, ચિંતન-મનન-શ્રવણ-સ્વાધ્યાય-તપ-સામાયિક ગમે તે કરો પણ તે અંતઃકરણપૂર્વક હૃદયની શુધ્ધ ભાવનાથી કરો. પુણીયા શ્રાવકની એક સામાયિકનું કેટલું મૂલ્ય હતું! એ હૃદયની વિશુદ્ધિથી ભાવપૂર્વકની સામાયિક હતી. તમે એવી ભાવનાથી કરો પણ એવું કરો કે થોડામાં વધુ લાભ મળે ને કર્મની નિર્જરા થાય.

શબરી જાતની ભીલડી હતી. તે એક નાનકડી ઝુંપડીમાં રહેતી હતી. પણ રામચંદ્રજીની ભક્તિ કરવામાં એની કેટલી ઉત્કૃષ્ટ ભાવના હતી. રામચંદ્રજી સીતાજીની શોધ કરવા નીકળ્યા. વનમાં સીતાને શોધતાં શોધતાં એક દિવસ શબરીની ઝુંપડીએ આવ્યા. રામચંદ્રજીને જોઈને એને એટલો આનંદ થયો કે મારા પ્રભુની કેવી રીતે ભક્તિ કરું! આજે મારી ઝુંપડીએ સોનાનો સૂર્ય ઉગ્યો. પ્રભુની ભક્તિ કરવા માટે બાવરી બની ગઇ. ને રામચંદ્રજીનો સત્કાર કરવા લાગી. પ્રભુનો સત્કાર કરવા માટે એની પાસે શું હતું એ જાણો છો? બોરની એક ટોપલી હતી. બોર ભરેલી ટોપલી લાવીને રામચંદ્રજી પાસે મૂકી અને તેમની પાસે બેસીને એકેક બોર ચાખીને રામચંદ્રજીને આપવા લાગી. હર્ષમાં એને ભાન રહ્યું કે ભગવાનને એંઠા બોર ખવડાવી રહી છું. એના એંઠા બોર ભગવાને પ્રેમથી આરોગ્યા. એની ભાવના કેટલી ઉત્કૃષ્ટ હતી! એની પવિત્ર ભાવનાના પરિણામે એના કર્મો નષ્ટ થયા. ઉત્કૃષ્ટ ભાવે ભગવાનને એંઠા બોર ખવડાવ્યા તેના ફળ રૂપે એના ભવરોગો નાશ પામ્યા. એમ રામાયણમાં કહ્યું છે.

જમાલિકુમારના હૃદયમાં શુદ્ધ ભાવનાનો વેગ ઉપડયો છે કે જલ્દી મારા પ્રભુને ભેટું. જેવો એના દિલમાં વેગ છે એવો એમની શિબિકાનો પણ વેગ છે. લોકો એમનું સન્માન–સત્કાર કરતાં કહે છે હે કુમાર! સંયમમાર્ગમાં તમારો જય થાઓ, વિજય થાઓ. અપ્રમત બની કર્મશત્રુઓને હણી કેવળ લક્ષ્મીને વરો. સંસાર–અટવીને પાર કરો. પ્રજાજનોના અભિનંદન સ્વીકારતાં તેમની શિબિકા આગળ વધે છે. હજારો મનુષ્યોથી જોવાતો (જેવી રીતે ઉવવાઇ સૂત્રમાં કોણીકનું વર્ણન કર્યું છે તેવી રીતે) જમાલિકુમાર માહણકુંડ નગરના બહુશાલ નામના ચૈત્યમાં ગયા.

હજારો મનુષ્યો તેને નીરખી નીરખીને જોવા લાગ્યા કે આપણા રાજકુમારનું જીવન પલટાઈ જશે. હવે એમના વેશનું પરિવર્તન થઈ જશે. અત્યારે આવા સુંદર વસ્ત્રાલંકારો પહેર્યા છે. ઘડી પછી બધું ઉતારી નાંખશે. કેવો એમનો વૈરાગ્ય છે! એનો વૈરાગ્ય જોઇને ૫૦૦ પુરૂષો વૈરાગ્ય પામી ગયા. બધા ભગવાનની પાસે જઈ રહ્યા છે. તેઓ બહુશાલ નામના ચૈત્યમાં પહોંચશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર:– ધરણુસેન પરદેશ જવા તૈયાર થયો ત્યારે લક્ષ્મીએ વિચાર કર્યો કે તે પરદેશ જઇને સુખ ભોગવશે તો હું બદલો કેવી રીતે લઈશ અને તે આવે ત્યાં સુધી કદાચ હું જીવતી ન રહું તો હું એનો નાશ કેવી રીતે કરીશ? તેમ વિચારી ધરણુને કહે છે સ્વામીનાથ! તમે પરદેશ જાઓ છો તો મને સાથે લઇ જાવ. મને તમારા વિના જરા પણ ગમશે નહિ. મને તમારી સાથે લઈ જાવ એમ કહી ખૂબ રડવા લાગી એટલે ધરણુના માતા-પિતા કહે છે બેટા! તારી પત્ની સતી છે. એ તારા વિના રહી શકશે નહિ માટે તું એને સાથે લઇ જા. ધરણુ ખૂબ ગંભીર હતો એટલે કંઇ બોલ્યો નહિ.

પાંચ પાંચ લાખ મુદ્રા લે, કઇ વ્યાપારી લાર,
સાર્થવાહ બન શુભ મુહૂર્તમેં, ચલે કરન વ્યાપાર,
એક ચલા ઉત્તર દિશી, દૂજા પૂર્વ ગુજર હો... શ્રોતા તુમ

ધરણુસેન અને દેવાનંદી બંને શ્રેષ્ઠી પુત્રો પાંચ-પાંચ લાખ સોનામહોરો લઇને પરદેશ જવા માટે ઘણાં વ્યાપારીઓ સાથે શુભ મુહૂર્તે વહાણમાં બેસીને ચાલી નીકળ્યા. ધરણુસેન એના પિતાની આજ્ઞા લઇને ઉત્તર દિશામાં ગયો ને દેવાનંદી એના પિતાની આજ્ઞા લઈને પૂર્વ દિશામાં ગયો. આ રીતે બંને જણાએ માકંદી નગરીમાંથી પ્રયાણ કર્યું. ધરણુસેન તેના સાર્થની સાથે એક ગામથી બીજે ગામ પડાવ કરતો ચાલ્યો જાય છે ત્યાં માર્ગમાં શું બને છે?

ઔષધિવલય પ્રાપ્તિ: ધરણે કોઈ વનની લીલી ઝાડીમાં અત્યંત સૌમ્ય-રૂપવાળા એક વિદ્યાધરકુમારને જોયો. તેને જોઇને પૂછ્યું હે કુમાર! આકાશમાં ઉડવાને માટે આતુર થયેલા પણ પાંખ ન આવેલી હોય તેવા ગરૂડના બચ્ચાની જેમ શા માટે તું ઉંચો-નીચો થાય છે? ને અત્યંત ગમગીન કેમ છે? ધરણુના મધુર શબ્દો સાંભળી વિદ્યાધરને થયું કે પવિત્ર પુરૂષ છે. શું એની ચતુરાઇ છે! એમ ચિંતવીને વિદ્યાધરે કહ્યું ભાઇ, સાંભળ. હું વૈતાઢય પર્વત ઉપર આવેલા અમરાપુરનગરનો રહેવાસી છું. હેમકુંડલ નામનો વિદ્યાધર છું. મારી વિદ્યાનું પરાવર્તન કરવામાં પ્રમાદી બની મારા કાર્યમાં તત્પર બની ત્યાં રહેતો હતો. એટલામાં મારા પિતાજીનો પરમમિત્ર વિદ્યુન્માલી નામનો વિદ્યાધર ત્યાં આવ્યો. તેને જોઈને મારા પિતાએ પૂછ્યું કે કેમ ઉદાસ છે ને હાલ કેમ આવવાનું બન્યું?

ઉજ્જયીની નગરીમાં શ્રીપ્રભ નામના રાજા છે. તેમને રતિ જેવી અત્યંત સૌંદર્યવાન જયશ્રી નામની પુત્રી છે. તેના પિતાની પાસે કોંકણના રાજપુત્ર શિશુપાલ માટે માંગણી કરવા છતાં ન આપી અને પરોપકાર કરવામાં તત્પર વત્સદેશના રાજપુત્ર વિજયકુમારને તે આપી. એટલે શિશુપાલ ક્રોધાયમાન થયો. જયશ્રીના લગ્નના મહોત્સવની ખૂબ ધામધુમ થઇ ને સમય થતાં વિજયકુમાર મોટી જાન લઈને પરણવા માટે આવ્યો.

આ તરફ જયશ્રી કામદેવના દર્શન કરવા બહાર ગઇ હતી ત્યાં શિશુપાળ હરણ કરીને આકાશમાર્ગે ઉડ્યો. ને ત્યાં ખૂબ કોલાહલ થયો. વિજયને આ વાતની ખબર પડી એટલે તેની પાછળ પડ્યો ને શિશુપાલને પકડ્યો. બંને વચ્ચે ખૂબ યુદ્ધ થયું. મારામારી થવાથી બંનેને ખૂબ પ્રહાર પડ્યા હતા. પણ ખૂબ કષ્ટ વેઠીને વિજયકુમારે શીશુપાળ પાસેથી જયશ્રીને પાછી મેળવી પણ ખૂબ માર વાગ્યો હોવાથી એ જીવશે કે કેમ તેની શંકા છે. તેથી એ જયશ્રીએ પ્રતિજ્ઞા કરી છે કે એ વિજયકુમાર ભોજન નહિ કરે ત્યાં સુધી હું પણ અન્નજળ લઇશ નહિ. આ રીતે એ રાજકુમારી ખૂબ દુઃખમય અવસ્થા પામી છે તેથી હું ચિંતાતુર છું.

ત્યારે મારા પિતાજીએ કહ્યું–ભાઇ! આ સંસાર આવો વિચિત્ર છે માટે તું ખેદ ન કર. ત્યાર પછી મેં વિચાર્યું કે હું ગઇ કાલે હિમવન પર્વત ઉપર ગયો હતો ત્યારે ગુફામાં ઉગેલી મહાન ઔષધિને દેખી ગાંધર્વરતિ નામના મારા મિત્ર ગાંધર્વકુમારે મને કહ્યું કે હે હેમકુંડલ! લોકોનું કહેવું સત્ય છે કે મણિ અને ઔષધિઓનો પ્રભાવ અચિંત્ય હોય છે. કારણ કે આ ઔષધિ એવા પ્રભાવવાળી છે કે જેના હાડકા ચીરાઇ ગયેલા હોય અથવા જેને તલવાર આદિ હથિયારનો પ્રહાર લાગ્યો હોય તો પણ આના પ્રક્ષાલન જળથી રૂઝ આવી વેદનાથી મુક્ત બને છે. મેં તે ઔષધિ નજરે જોયેલી છે માટે હું હિમવાન પર્વત ઉપર જઇને લઈ આવું ને વિજયને આપું. ત્યાર પછી ગગનગામી વિદ્યાનું સ્મરણ કરીને હિમવાન પર્વત ઉપર ગયો. ઔષધિ લઇ હિમવાન પર્વત ઉપરથી નીચે ઉતર્યો. જો જલ્દી નહિ પહોંચું તો વિજયનું મૃત્યુ થઇ જશે એવા ભાવથી એકદમ વેગથી હું પાછો ફર્યો ને આ ઝાડીમાં આવી પહોંચ્યો. ખૂબ વેગથી પાછો ફર્યો એટલે થાકી ગયો ને સહેજ આરામ લેવા માટે અહીં ઉતર્યો ને શૌચ કરી કુરબક વૃક્ષ પાસે એક મુહૂર્ત બેઠો અને હવે ઉજ્જયીની તરફ ઉડવા માટે આકાશગામિની વિદ્યા યાદ કરી, પણ હું નવી વિદ્યા શિખ્યો હોવાથી પદ ભૂલી ગયો. ત્રણ પદ આવડે છે પણ ચોથું પદ કોઇ રીતે યાદ આવતું નથી. એટલે ઉંચો નીચો થાઉં છું. ત્યારે ધરણે કહ્યું– એનો શું ઉપાય? હેમકુંડળે કહ્યું- એનો કોઇ ઉપાય નથી અને હું અહીં રોકાઇ ગયો છું. વિજયકુમારનું શું થશે? એની ચિંતાથી મારૂં હૃદય પીડાય છે. મારી બુદ્ધિ પણ નાશ પામી છે. ત્યારે ધરણે કહ્યું– એ વિદ્યામાં એવું કંઇ છે ખરૂં કે તે બીજાની સામે ન બોલી શકાય. હેમકુંડળે કહ્યું– બીજાની સમક્ષ બોલવામાં કંઈ વાંધો નથી. ત્યારે ધરણે કહ્યું- જો એમ હોય તો તું મારી સામે બોલ. જો મને યાદ આવશે તો તારૂં ચોથું પદ પૂર્ણ કરી આપીશ. એટલે હેમકુંડળે વિદ્યાનું સ્મરણ કર્યું. તેથી પદાનુસારિણી લબ્ધિવાળા ધરણે તેને ચોથું પદ મેળવી લીધું ને હેમકુંડળને કહ્યું. તેથી તેણે કહ્યું હે મહાન પુરૂષ! તેં મને આ પદ શીખવાડીને પેલા રાજકુમારને જીવતદાન આપ્યું છે, તો તું કહે હું તારૂં શું કાર્ય કરૂં? ત્યારે ધરણે કહ્યું- ભાઈ! તારે જે કરવાનું

છે તે તું કર અને જલ્દી જા. રાજકુમારને ઔષધિ આપી તેને જીવતદાન આપ. હેમકુંડળ કહે- અહો! તું કેવો પરોપકારી પુરૂષ છે! તને કોઇ જાતની સ્પૃહા નથી એમ કહીને પોતે લાવેલા ઔષધિવલયમાંથી એક ટુકડો આપ્યો ને કહ્યું કે તમે મારા ઉપર મહાન ઉપકાર કર્યો. છે, તો આ ઔષધિવલયનો ટુકડો તમે ગ્રહણ કરો. ધરણે ખૂબ ના પાડી ત્યારે હેમકુંડળે કહ્યું - તમે આનાથી પરોપકાર કરી શકશો . ઘણાંને સહાયભૂત બનશો. માટે આનો સ્વીકાર કરો. વિદ્યાધરના અત્યંત આગ્રહથી ધરણે તેનો સ્વીકાર કર્યો ને પોતાના સાર્થમાં આવ્યો. ને વિદ્યાધર પણ પેલા રાજકુમારને બચાવવા ચાલ્યો ગયો. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૯૪

આસો વદ ૩ ને રવિવાર **તા. ૧૪-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

અનંતજ્ઞાની શું બોલ્યા છે

इइ इत्तरियम्मि आउए, जीवियए बहु पच्चवायए ।
विहुणा हि रयं पुरे कडं, समयं गोयम मा पमायए ।।

ઉત્ત. સૂ. અ. ૧૦, ગાથા ૩

ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના જ્ઞાતા એવા ગૌતમ સ્વામીને ભગવાન કહે છે કે હે ગૌતમ! મનુષ્યનું આયુષ્ય અલ્પ છે ને તેમાં અનેક વિઘ્નો આવે છે. એટલા માટે પ્રમાદ છોડીને વિલંબ કર્યા વિના પૂર્વે કરેલા કર્મોરૂપી રજને આત્માથી અલગ કરવા-ખપાવવા માટે પુરૂષાર્થ કરો, ને આત્માને શ્રેયના પંથે વાળો, કારણ કે કયારે આ જીવનલીલા સમાપ્ત થઇ જશે તેની ખબર નથી. એટલા માટે માનવજીવનની દુર્લભતાને સમજીને એની ક્ષણભંગુરતાનો ખ્યાલ કરી એકેક ક્ષણનો સદુપયોગ કરવો જોઇએ ને વિચાર કરવો જોઇએ કે મહાન પુણ્યના ઉદયે મને આ મનુષ્યજન્મ મળ્યો છે તો એને કેવી રીતે સાર્થક બનાવું.

તમે વહેપાર કરો છો. રોજ સવારે દુકાન ખોલીને બેસો છો. દરેકની દુકાનમાં જુદા જુદા પ્રકારનો માલ હોય છે. પણ તમારા વહેપારમાં એકાંત નફો થશે એવું નકકી છે? 'ના'. કયારેક ભાગ્યનો સિતારો ચમકે ત્યારે નફો થાય ને કયારેક પાપનો ઉદય થતાં ખોટ જાય છે. એટલે વહેપારીઓનું મન સદા ઉદ્વિગ્ન રહ્યા કરે છે. ગઇ કાલે બજારમાં શીવસેનાના માણસોએ વહેપારીઓની દુકાન ઉપર ધરોડો પાડયો ને મોંઘા ભાવનો માલ અલ્પ કિંમતે વેચી નાંખ્યો. ને વ્યાપારીઓને રડતા કરી દીધા. આનું કારણ એ છે કે

તમારો વ્યાપાર શાશ્વત નથી. નાશવંત છે અને મનુષ્યને અનેક પ્રકારની મુશ્કેલીમાં નાંખનાર છે. આ બધી ઉપાધિ તમારી દુકાન ઉપર છે. અમારી દુકાન ઉપર કોઇ જાતનો ઢરોડો નહિ પડે. શીવસેના ઘૂસી જાય નહિ ને અમારો માલ લૂંટાય નહિ. જ્ઞાની કહે છે.

"अहो महा कष्ट मनर्थमूलं तदर्जने च प्रतिपालने च ।
प्राप्तेऽपि दुःखं प्रगतेऽपि दुःखं, धिग् धिग् धनंकष्ट निकेतन तत् ।"

આ ધન મહા કષ્ટદાયી છે. અનેક અનર્થોનું મૂળ છે. એને પ્રાપ્ત કરવામાં અને એને સાચવવામાં અનેક કષ્ટો સહન કરવા પડે છે. ધન આવે છે ત્યારે પણ મહાન દુઃખ આપે છે ને જાય છે ત્યારે પણ મહાન દુઃખ આવે છે એવા દુઃખના ભંડાર સમાન ધનને વારંવાર ધિક્કાર છે.

આત્મિક સુખના ઇચ્છુક મહાન પુરૂષો એવા ધનનો વ્યાપાર કરતા નથી. એ નાશવંત માલ કદી ખરીદ કરતા નથી. એવો માલ એમની દુકાનમાં ભરે છે, કે જે સદા સાથે ને સાથે રહે. તમને એમ થશે કે એવો તે કયો માલ હશે! કે જે સદા સાથે ને સાથે રહે. પણ તમારી દુકાનમાં એવો માલ છે નહિ. એવો અમૂલ્ય માલ વીતરાગની દુકાનમાં મળે છે. **"त्रिशला नंदकी दुकान खुली है तुम माल खरीदो"**

ત્રિશલાનંદન ભગવાન મહાવીર સ્વામીની દુકાન ખુલ્લી છે. આ દુકાનમાં ખોટનો વ્યાપાર નથી. અહીંનો માલ નકલી ને નાશવંત નથી. આ દુકાનમાં તો નફો ને નફો છે. તમારી દુકાન માલથી ભરચક ભરી હોય પણ માલ વેચાઇ જાય અગર લૂંટાઇ જાય તો દુકાન ખાલી થઈ જાય. પણ મહાવીર પ્રભુની દુકાનમાં વ્રત નિયમ રૂપી એવો માલ છે કે એ દેખાતો નથી, છતાં ગમે તેટલા નિયમ લો તો પણ કદી ખાલી થતો નથી. એ દુકાનમાં ગમે તેટલા ઘરાકોની ભીડ જામે તો પણ માલ ખૂટતો નથી ને તેને કોઇ લૂંટી શકતું પણ નથી. ભલે, અમારો માલ દેખાતો નથી છતાં આલોકમાં તો સુખ આપે છે. એટલું નહિ, પરલોકમાં પણ સુખ આપે છે. એ માલ સાથે ને સાથે રહે છે. તમારી દુકાનના માલ માટે કેટલા દગા કે પ્રપંચ કરવા પડે છે. અઢાર પાપસ્થાનકનું સેવન કરવું પડે છે. અઢાર પાપમાં પાંચમું પાપ પરિગ્રહ છે. એ તો મહાન અનર્થ અને દુઃખનું મૂળ છે. છતાં અશાશ્વત છે. એવો માલ મેળવવા કરતા આત્માનો શાશ્વત માલ ખરીદી લો કે જેથી નફા-તોટાનો પ્રસંગ ન આવે.

દેવાનુપ્રિયો! સો આંકમાં નવનો આંક અમર છે. અમારો માલ નવના આંકની જેમ અમર છે. નવના નવ રહે છે ઘટતો નથી ને તમારો માલ આઠના આંક જેવો છે. એ અમર નથી. એમાં ઘટાડો થાય છે. જુઓ, પહેલા અમારા નવના આંકની વાત કરીએ. નવને એકે ગુણીએ તો નવએકા નવ એટલે નવના નવ રહ્યા. નવેદુ અઢાર થયા એટલે આઠ ને એક નવ થયા, નવેત્રી સત્તાવીસ, બે ને સાત નવ થયા, નવે ચોક છત્રીસ. ત્રણને છ નવ થયા, નવપંચા પિસ્તાલીશ-ચારને પાંચ નવ થયા, નવે છક

ચોપન-પાંચને ચાર નવ, નવસત્તા ત્રેસઠ-છને ત્રણ નવ, નવ અઠાં બોંતેર-સાતને બે નવ, નવેનવે એકાસી-આઠને એક નવ, નવેદ્દાન નેવું. અહીં પણ નવ તો છે. જુઓ નવનો આંક અમર છે ને? અહીં ઘટાડો થયો કે કંઇ નુકશાન થયું? આત્માને પરમાત્મા બનાવવાનો માલ નવના આંક જેવો છે. કારણ કે ત્રિશલાનંદનની દુકાનનો માલ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ છે, અને કષાયોનો સંપૂર્ણ અભાવ છે. એટલે અહીં નુકશાનની વાત ક્યાંથી હોય? એકલો નફો છે એ નફો સદા વધતો જાય છે.

હવે તમારો આંક કેવો છે તે સાંભળો. અહીં તો એકલી ખોટનો વ્યાપાર છે. કદાચ ભાગ્યોદયે એકદમ નફો થઇ જાય તો પણ પાછળથી ખોટ આવે છે ને હતા ત્યાંના ત્યાં આવી જાય છે. તમારો આંક આઠનો છે. આઠએકા આઠ એટલે આઠના આઠ, આઠદુ સોળ-એકને છ સાત, આઠત્રી ચોવીસ-બેને ચાર છ, આઠચોક બત્રીસ-ત્રણને બે પાંચ, આઠપંચા ચાલીસ એટલે ચાર તો રહ્યા. જુઓ, તમે જે માટે રાત-દિવસ પ્રયત્નશીલ રહો છો, જેને માટે રાત-દિવસ મહેનત કરો છો ને અબ દુઃખ વેઠીને ધનની વૃદ્ધિ કરો છો, જેને માટે ધર્મને પણ ભૂલી જાવ છો, સંતસમાગમ પણ કરતા નથી, ધર્મધ્યાન કરવાનો તો ટાઈમ નથી. આટલું કરીને ધનની વૃદ્ધિ કરી છતાં કયારે આઠના આંકની જેમ ઘટી જાય છે. જેમ કે આઠના પાંચ સુધી એકેક આંક ઘટતાં છેવટે ચાર રહ્યા. ધન-વૈભવ-સંપત્તિ અને ઐશ્વર્ય તથા આયુષ્ય બધું પાણીના પરપોટા જેવું છે. સંધ્યાના રંગ જેવા છે. તેનો કદી વિશ્વાસ કરવા જેવો નથી. એને માટે કેટલો પરિશ્રમ કરો છો?

ધનપ્રાપ્તિ માટે માણસ થાય તેટલા પ્રયત્નો આદરે છે. ગજા ઉપરાંત શ્રમ કરે છે. ભૂખ-તરસ વેઠીને ધન મેળવે છે. ધનને માટે પોતાની પ્રિય પત્ની, બાળકો અને મા-બાપ છોડીને પરદેશ જાય છે. નોકરી કરીને પણ પૈસા મેળવે છે. એને મેળવ્યા પછી ચોર ચોરી ન જાય તે માટે કેટલી સાવધાની રાખો છો! માનો કે એક વખત મળેલી લક્ષ્મી વ્યાપારમાં ખોટ જતાં ઘટી જાય અને વળી પાછો પુણ્યોદય થતાં વધી જાય છે. અહીં આઠના આંકની વાત ચાલે છે ને? આઠછગ અડતાળીસ-ચારને આઠ બાર, એટલે તમારી સંપત્તિ દોઢી થઇ, ત્યાં ખુશ ખુશ થઈ ગયા. લોટરી લાગે ને લાખનું ઇનામ મળે ને જેમ આનંદ થાય તેમ તમારું હૃદય હર્ષથી નાચી ઉઠે છે. પણ શું એ સ્થિતિ કાયમ રહે છે? પુણ્યોદય ખલાસ થતાં લક્ષ્મી ચાલી જાય છે. આજનો લખપતિ કાલે રાખપતિ બની જાય છે. આજનો કરોડપતિ કાલે રોડપતિ બની જાય છે. એટલે એ આનંદ ચાલ્યો જાય છે. હવે આગળ જુઓ. આઠસત્તા છપ્પન-પાંચને છ અગિયાર થયા એટલે ઘટ થઈને! આઠ ગુણ્યા આઠ ચોસઠ-છને ચાર દશ થયા. આગળ જતાં એક ઘટી ગયો. બારમાંથી અગિયાર અને અગિયારમાંથી દશ રહ્યા. હવે

આગળ જુઓ. આઠનવા બહોંતેર સાત ને બે નવ બારમાંથી નવ રહ્યા. જેમ કપુરની ગોટી પડી પડી ઉડી જાય છે તેમ પુણ્ય હોય છે ત્યાં સુધી લક્ષ્મી તમારી પાસે રહે છે ને પુણ્ય ખલાસ થતાં ચાલી જાય છે. હવે છેલ્લે શું રહ્યું ? આઠેદાન બેંશી. છેલ્લે આઠના આઠ રહ્યા. પહેલાં આઠ હતાં. વચમાં વધ-ઘટ થઈ ને અંતે આઠના આઠ રહ્યા. તેમ જ્ઞાની કહે છે તમે ગમે તેટલી સંપત્તિ મેળવો પણ અંતે તો ઠેરના ઠેર આવી જશો. માટે ધનનો લોભ ન કરો. લોભ કરો તો ધર્મનો કરો.

આત્મિક સુખ નવના આંક જેવું છે. સદ્ધા એકસરખું રહે છે ને સંસારનું સુખ આઠના આંક જેવું છે. તેમાં વધ-ઘટ થયા કરે છે. જેમાં વધ-ઘટ થાય, જેનાથી ક્ષણમાં હર્ષ ને ક્ષણમાં શોક થાય તેવું ધન શા કામનું ? માટે દરેક મનુષ્યે સમભાવમાં રહીને નિર્વિકારી બનીને સુકૃત્યરૂપી ધન કમાઈ લેવું જોઇએ. એક કવિએ કહ્યું છે કે–

" જબ સુકૃત ધનકો કમાઉંગા, મૈં વહી દિન ધન્ય માનુંગા "

હું મારા જીવનમાં એ દિવસને ધન્ય માનીશ કે જે દિવસે સુકૃત્ય સત્ય અને સદ્ધાચાર રૂપી ધનથી મારી તિજોરીને ભરી દઇશ. સંસારનું ધન ગમે તેટલું કમાઈને ભેગું કરીશ પણ એ શાશ્વત રહેવાનું નથી ને આત્માને સંસારથી મુક્ત બનાવવામાં સહાયક પણ બનવાનું નથી. પણ જો સુકૃત્ય–સત્ય અને સદ્ધાચાર રૂપી ધન કમાઇ લેશો તો સદ્ધા તમારી સાથે રહેશે ને કર્મના બંધનમાંથી આત્માને મુક્ત બનાવવામાં સહાયક બનશે.

બંધુઓ ! માનવજીવનની સફળતા આ નાશવંત ધન કમાવામાં નથી. આજે કોઇ ધનની પ્રાપ્તિમાં માનવજીવનની સફળતા માને છે, કોઇ માન–પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિમાં સફળતા માને છે. તો કોઇ ભોગવિલાસમાં માનવજીવનની સફળતા માને છે. પણ આ બધું એક ભવપૂરતું છે. જ્ઞાનીજનો આ શરીરથી માંડીને સંસારના કોઇ પદાર્થોને મહત્વ આપતા નથી કારણ કે તેઓ સમજે છે કે આ બધું સુખ અને આનંદ નાશવંત છે, દેહ ક્ષણભંગુર છે. શરીર છૂટી જતાં સર્વ સુખોની સમાપ્તિ થઇ જાય છે ને એ સુખો ભોગવવાની પાછળ આ જીવને વારંવાર જન્મ–મરણની સજા ભોગવવી પડે છે. એનાથી મુક્ત થવાનો પ્રયત્ન કરે છે એવા મહાન પુરૂષોએ સંસારના સુખોને નાશવંત સમજીને અનંત આત્મિક અવ્યાબાધ સુખની ખોજ કરી. કારણ કે એ સુખ આવ્યા પછી કદી જતું નથી. આવા ભાવ કેળવે છે એટલે એને સંસાર ઉપર કોઇ જાતની મમતા રહેતી નથી. સંસારમાં રહેવા છતાં અનાસક્ત ભાવથી રહે છે.

એક મહાત્મા સંસારથી ખૂબ વિરક્ત હતા. સદ્ધા આનંદમગ્ન રહેતા હતા. એક દિવસ તેમની પાસે એક માણસે આવીને કહ્યું– હે મહાત્મા ! આપ મહાન શક્તિના ધણી છો, પરમ સુખી છો તો કૃપા કરીને મને કોઇ એવો મંત્ર બતાવો કે હું સુખી

બની જાઉં. ત્યારે મહાત્માએ કહ્યું– ભાઈ ! જો આ નદીના કિનારે એક પારસમણી પથ્થર પડયો છે તે તું લઈ જા અને એ પથ્થરની સાથે જેટલા લોખંડનો સ્પર્શ કરાવીશ તેટલું લોખંડ સોનું બની જશે. પછી તને સંસારનું જેટલું સુખ જોઇશે તેટલું મળી જશે. આ સાંભળીને પેલો માણસ ખૂબ આનંદ પામ્યો, ને દોડતો નદી કિનારે ગયો. તમને કોઇ આવા મહાત્માઓ ભેટી જાય ને પારસનો પથ્થર લાવવાનું કહે તો શું કરશો ? એ દોડતો ગયો પણ તમે તો છલાંગ મારીને જાવ. (હસાહસ). પેલો માણસ દોડતો જઇને પથરો ઉઠાવી લાવ્યો ને મહાત્માજીને બતાવીને કહ્યું– ગુરૂદેવ ! આપે લાવવાનું કહ્યું હતું તે આ પારસ પથ્થર છે ને ? ત્યારે મહાત્મા કહે છે હા, એ પારસ પથ્થર છે. તું લઇ જા ને તારી ઇચ્છા હોય તો તેટલા લોઢાનું સોનું બનાવી લેજે. જેટલું ભોગવાય તેટલું સુખ ભોગવજે. મારે એની જરૂર નથી. પેલો માણસ ખૂબ આનંદ પામતો મહાત્માને પગે લાગીને ત્યાંથી રવાના થઈ ગયો. થોડે દૂર પહોંચ્યો હશે ત્યાં એના મનમાં વિચાર આવ્યો કે મહાત્માજીએ મને આ પારસ પથ્થર કેટલા પ્રેમથી બતાવ્યો ને મને કહ્યું કે તું એનાથી સોનું બનાવીને સુખ પ્રાપ્ત કરજે. જો આ પથ્થરથી સુખ મળતું હોત તો તેમણે આ પથ્થર કેમ ના રાખ્યો ? એમણે આનો ઉપયોગ પણ કર્યો નથી. જો એનાથી સાચું સુખ મળતું હોત તો એ એનાથી ધારે તેટલું સોનું બનાવી શકત ને સુખ મેળવી શકત. પણ એ તો આ પથ્થરને અડતા પણ નથી. એટલે મને તો લાગે છે કે મહાત્માજી પાસે જે સુખ છે તે સોનામાં નથી. મારે આ પથ્થર ન જોઇએ.

પેલા માણસને આવો વિચાર આવ્યો એટલે પાછો ફર્યો. મહાત્માજીની પાસે આવતાં આવતાં એ વિચાર કરે છે કે અહો ! સોનું કેટલું અનર્થકારી છે ! પાસે સોનું આવશે તો લોભ વધશે, મોજશોખ વધશે, ભોગ વધશે, લોકો અને સગાસ્નેહીઓ તરાપ મારશે ને આ ધન માટે કોઇ વખત મોત પણ કરાવશે માટે મારે આ પારસ જોઇતો નથી. આમ વિચાર કરતો મહાત્માની પાસે પહોંચી ગયો. બંધુઓ ! તમને આવો વિચાર આવે ખરો ? તમે આપવા જાવ ખરા ? (હસાહસ). (અરે ! પારસમણીનો જાપ જપતા હોઇએ ત્યાં કયાં પાછો આપવા જઇએ !) પેલો તો મહાત્માજીની પાસે ગયો. પેલા માણસને પાછો આવેલો જોઈને મહાત્મા બોલ્યા કે ભાઇ ! તમે મારી પાસે સુખપ્રાપ્તિનો મંત્ર લેવા આવ્યા હતા તો મેં તમને સુખપ્રાપ્તિ માટે અનુપમ વસ્તુ બતાવી દીધી તો શું તમને એનાથી સંતોષ ન થયો ?

ત્યારે પેલો માણસ કહે છે ગુરૂદેવ ! એમ નથી. પણ હું આ પથ્થર લઇને જતો હતો ત્યાં રસ્તામાં મને એવો વિચાર આવ્યો કે જો આ પથરાથી સોનું બનાવીને સુખ પ્રાપ્ત થાય છે તો આપ એનો ઉપયોગ કરીને સુખી કેમ ન બન્યા ?

આપ તો એને અડતા પણ નથી છતાં મહાન સુખી છો તો પછી હું એનાથી કેવી રીતે સુખી બનું ? માટે મારે એવું સુખ નથી જોઈતું મારે તો આપની પાસે જેવું સુખ છે તેવું સુખ જોઇએ છે. ત્યારે સંત હસીને બોલ્યા–ભાઈ ! તારી વાત સાચી છે. જો માણસ બરાબર સમજે તો જે સુખ ત્યાગમાં છે તે ધન–સોનુ–ચાંદી–ઝવેરાતમાં નથી. જો તને સાચા સુખની અભિલાષા હોય તો સંસારના સુખનો ત્યાગ કર. માનવભવની સફળતા ત્યાગ–વૈરાગ્યમાં છે. કારણ કે એનાથી આત્મા કર્મબંધનથી મુકત થાય છે ને કાયમને માટે સુખ પ્રાપ્ત કરે છે. ભૌતિકસુખનો મંત્ર લેવા આવનાર વ્યકિતએ મહાત્મા પાસેથી સાચું સુખ પ્રાપ્ત કર્યું.

જેને મળ્યું છે તેણે સમજીને છોડી દીધું ને જેને નથી મળ્યું તે મેળવવાની ઝંખના કરે છે. જમાલિકુમારને સંસારના સુખ વિષના કટોરા જેવા લાગ્યા. સંસારનો માલ એને ગમ્યો નહિ. એમને તો ત્રિશલાનંદ કુમારની દુકાનનો માલ ગમી ગયો. એ માલ ખરીદવા માટે તે મહેલ મહેલાતો છોડીને ચાલી નીકળ્યા છે. તમને કઈ બજારનો માલ ગમે છે ? બજારમાં થેલી અને પૈસા લઇને જાય તો કંઇક ને કંઈક ખરીદી લાવે. એક દિવસ સાડી ખરીદે તો બીજે દિવસે દાગીના ખરીદે તો ત્રીજે દિવસે કરીયાણું ને શાક ખરીદવા જાય. મારી બહેનો ભૂલેશ્વરમાં ભૂલી પડે તો ખાલી હાથે પાછી ન ફરે, પણ અમારા આધ્યાત્મિક ભૂલેશ્વરમાં ભૂલા પડતા નથી. કદાચ આવે તો અંતરની થેલીમાં કંઇ માલ ખરીદ કરતા નથી. અમારી પાસે ઘણો માલ છે તે કદી ખૂટશે નહિ. અહિંસા–સત્ય–અચૌર્ય–બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો માલ વીતરાગની દુકાનમાં ઠાંસી ઠાંસીને ભર્યો છે. એમાંથી મન ફાવે તે ખરીદી લો. આ પંચશીલ જૈનદર્શન જ માને છે એવું નથી. આ પંચશીલ તો દરેક ધર્મવાળા સ્વીકારે છે, પણ જૈનદર્શનમાં ને અન્ય દર્શનમાં ફેર એટલો છે કે તમે જે વસ્તુનો ઉપયોગ કરતા નથી તો એના પ્રત્યાખ્યાન કરી દો, એને વોસરાવી દો તો એની તમને ક્રિયા આવતી બંધ થઈ જાય, ને ભવિષ્યકાળ સુધરી જાય. માટે તમે જેને ભોગવતા નથી એના સમજીને પ્રત્યાખ્યાન કરો. આ પરિગ્રહના લોચા ઉપર જે મમતાનો માળો બાંધ્યો છે તે કેટલો અનર્થ કરાવે છે. પરિગ્રહથી ભાઇ–ભાઇના પ્રેમ તૂટી જાય છે. પરિગ્રહથી માણસની બુદ્ધિ પણ મલિન બને છે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક માતાના બે લાડીલા પુત્રો હતા. બંને ભાઇના પ્રેમ ખૂબ હતા, પણ ગરીબ ખૂબ હતા છેવટે કમાવા બહારગામ જાય છે ને રસ્તામાં નાના ભાઈને એક હીરા માણેક અને નાણાંથી ભરેલો ચરૂ જડે છે, તેમાં લખ્યું છે કે **"સદે તેનું સોનું ને જરે તેનું ઝવેરાત"**, બંને ભાઇની ભાવના ખૂબ પવિત્ર છે તેથી ગુપ્ત ન રાખતાં મોટા ભાઈને આપ્યું. મોટા ભાઇ કોઇ હિસાબે લેતા નથી ને નાનાને આપે છે, પણ

નાના ભાઇનો ખૂબ આગ્રહ થવાથી એક માણેક લે છે ને કહે છે તારા ભાભીને આપજે. પછી ઘેર જાય છે ત્યાં નાનાની બુદ્ધિ બદલાય છે ને તે કાંઇ આપતો નથી. મોટો ભાઇ કમાવા ગયો હતો તે કમાઇને ઘેર આવે છે ને વાતચીત થતાં પત્નીને કહે છે મારા ભાઇએ તને માણેક આપ્યું છે? પત્ની ના પાડે છે, ને તેમાં ઘણો અનર્થ થાય છે. છેવટે નાનાએ ખૂબ લડાઇ કરાવી વૈર કરાવ્યા. છેવટે સત્યનો જય થાય છે. નાના ભાઇની આંખ ઉઘડે છે ને વિચારે છે કે હું પીળી માટીનો ગુલામ બની ગયો. ધનના મદમાં આવીને માતા સમાન મારા પૂજ્ય ભાભીને જૂઠા ઠરાવ્યા. દેવ જેવા મારા ભાઈની પાસે હું જૂઠું બોલ્યો. ચિઠ્ઠીમાં લખ્યું હતું કે **"સદ્દે તેનું સોનું ને જરે તેનું ઝવેરાત"** મને તો સોનું સદ્દયું નહિ ને ઝવેરાત પચ્યું નહિ. જે લક્ષ્મીએ અમારા બંને ભાઇઓનો પ્રેમ તોડાવ્યો તે લક્ષ્મી હવે મારે ન જોઈએ. એમ કહી તેણે બધી લક્ષ્મી દાનમાં વાપરી નાંખી. આથી આખા ગામમાં બંને ભાઇઓની ખૂબ પ્રશંસા થવા લાગી.

દેવાનુપ્રિયો! બે ભાઇઓનો પ્રેમ તોડાવનાર કોણ? (સભા: પીળી માટી,) તો હવે તમને પીળી માટી છોડવાનું મન થશે ને? જો હૈયેથી બોલતા હો તો અનર્થની ખાણ જેવી લક્ષ્મીનો મોહ છોડી દો. જેને ધન અનર્થની ખાણ જેવું લાગ્યું તે છોડીને જાય છે.

આપણે જેનો અધિકાર ચાલે છે તે જમાલિકુમાર શિબિકામાં બેસીને જાય છે. તેમનો વરઘોડો પ્રભુના સમોસરણની નજીકમાં પહોંચી ગયો. પ્રભુનું સમોસરણ તથા છત્રો જોઇને જમાલિકુમાર શિબિકામાંથી નીચે ઉતર્યા. ત્યાર પછી જમાલિકુમારના માતા-પિતા તેને આગળ કરીને જ્યાં ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન હતા ત્યાં લઈ ગયા. અહીં જમાલિકુમારના માતા-પિતાએ તેના દીકરાને આગળ શા માટે કર્યો? તે સમજાયું? માતા-પિતા મોટા છે પણ હવે દીકરો ત્યાગના પંથે જાય છે માટે એ મોટો છે એટલે તેને આગળ કર્યો. જમાલિકુમારે પ્રભુને જોયા. એની આંખડી ઠરી ગઇ.

द्रष्टवा भवन्तमनिमेष विलोकनीयं,
नान्यत्र तोषमुपयाति जनस्य चक्षु : ।
पीत्वा पय : शशिकर द्युति दुग्ध सिन्धोः,
क्षारं जलं जलनिधेरशितुं क इच्छेत् ?

ભક્તામર સ્તોત્ર ૧૧

હે પ્રભુ! તમને મેળોન્મેળ દૃષ્ટિથી એક વાર જોયા પછી હવે મારી આંખડી ક્યાંય ઠરતી નથી. એક વાર ચન્દ્રની કાન્તિ જેવું નિર્મળ અને શીતળ જેવું મીઠું મધુરું ક્ષીર સમુદ્રનું પાણી પી લીધું પછી લવણસમુદ્રના ખારા પાણીને કોણ ઇચ્છે? સાત માળની હવેલીમાં વસ્યા પછી ઝુંપડીમાં રહેવું કોને ગમે? એ રીતે હે પ્રભુ! તને જોયા પછી હવે મને આ સંસાર ખારો ઝેર લાગ્યો છે. સૂર્યના કિરણો પડતાં સૂર્યમુખી કમળો

ખીલી ઉઠે છે ને ચંદ્રનો ઉદય થતાં કુમુદ ખીલી ઉઠે છે તેમ પ્રભુનું મુખડું જોઇને જમાલિકુમારનું હૃદયરૂપી કમળ ખીલી ઉઠયું છે. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૯૫

આસો વદ ૪ ને સોમવાર **તા. ૧૫-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના કલ્યાણ માટે આત્મકલ્યાણનો માર્ગ બતાવતાં કહ્યું કે હે ભવ્ય જીવો! આત્મસ્વરૂપને પામવાનો પુરૂષાર્થ કરો. જે આત્માઓએ પરમ પુરૂષાર્થ કરીને ઘાતીકર્મના ભૂક્કા ઉડાડી દીધા છે તેઓ પોતે તરે છે ને બીજાને તારે છે. આપણે નમોત્થુણંનો પાઠ બોલતાં ભગવાનની સ્તુતિ કરીએ છીએ. તેમાં શું કહીએ છીએ? હે પ્રભુ, તું કેવો છે? તિન્નાણં....તારયાણં. તું સંસારસાગરથી તર્યો છે ને બીજાને તારે છે. ભગવાન પોતે એકલા મુક્તિનું સુખ ઇચ્છતા નથી પણ તેમની પાસે જે આવે છે તેમને પણ મુક્તિના મીઠા સુખ સમજાવે છે. ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે, પછી એમનો આત્મા શુદ્ધ બની જાય છે તેથી સકળ સંસારનું સ્વરૂપ જાણે છે ને દેખે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં ચાર ઘાતીકર્મોને તોડવાની જરૂર છે. ચાર ઘાતીકર્મમાં સર્વથી પ્રથમ મોહનીય કર્મનો ક્ષય કરવાની જરૂર છે. મોહનીય કર્મનો ક્ષય થયા પછી જીવ નવા કર્મ બાંધતો નથી. કારણ કે મોહનીય કર્મ સાતેય કર્મનો શિરોમણી છે. સાતેય કર્મો ભેગા કરવામાં આવે ને એમનામાં જેટલી શકિત છે તેનાથી અધિક મોહનીય કર્મની છે. મોહને વશ થયેલા જીવને હિતાહિતનો વિવેક હોતો નથી. તેના કારણે જીવ અનંતકર્મોનું બંધન કરે છે ને અનાદિ અનંત સંસારચક્રમાં ભમ્યા કરે છે. જ્ઞાની કહે છે:-

જીવા તો હૈ રૂલાવે હો, એકાદશ ગુણસ્થાનસે પહેલામેં લાવે હો...જીવા...

મોહનીય કર્મ જીવને છેક અગિયારમા ગુણસ્થાનકેથી પહેલા ગુણસ્થાનકે પટકાવી દે છે. કેટલી જબ્બર એની તાકાત છે! જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણ મોહનીય કર્મના સાથીદાર છે. એ બધા મળીને મન-વચન અને કાયા એ ત્રણ યોગોને મલીન બનાવે છે. મોહનીય કર્મ રાગદ્વેષની જડ મજબૂત કરે છે. જે મનુષ્ય મોહને વશ થાય છે તે બીજાની ચઢતી જોઇ શકતો નથી. બીજાની ચઢતી જોઇને તેના ઉપર ઇર્ષ્યા કરે છે. એ મારાથી આગળ કેમ વધી જાય! એવી ઇર્ષ્યા થાય છે. મોહના કારણે પોતાના કુટુંબ-પરિવાર પ્રત્યે રાગ રાખે છે ને બીજા ઉપર દ્વેષ કરે છે. કુટુંબ પ્રત્યેના રાગને કારણે તેમને માટે અનેક પ્રકારના કર્મો કરે છે ને પોતાના આત્માને

કર્મના મેલથી મલીન અને ભારે બનાવે છે. ગમે તેટલા વ્રત-નિયમ-સામાયિક તપ આદિ અનુષ્ઠાનો કરો પણ જ્યાં સુધી મોહ નથી મર્યો ત્યાં સુધી કેવળજ્ઞાન થવાનું નથી. માટે એક મોહનીય કર્મને જીતી લેવાય તો તેના સાથીદારો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય ને અંતરાય એ ત્રણ તો આપોઆપ જીતી શકાય છે.

આપણે જેનો અધિકાર ચાલે છે તે જમાલિકુમારે એક વખત પ્રભુની વાણી સાંભળીને સંસારનો મોહ ઉતારી નાંખ્યો. પ્રભુના સમોસરણમાં આવ્યા. તેના માતા-પિતા જમાલિકુમારને આગળ કરીને પ્રભુને વંદન કરે છે. જે આત્માઓ મોહનો ત્યાગ કરે છે તેની મહત્તા વધી જાય છે. એક તરફ રાજા, મહારાજા અને શ્રીમંતો હોય ને બીજી તરફ જેની પાસે રાતી પાઇ પણ ન હોય એવા સંતો હોય તો બંનેમાં વિશેષતા કોની? ત્યાગીની. જમાલિકુમાર સંસારનો ત્યાગ કરી સંયમી બને છે એટલે તેને તેના માતા-પિતા આગળ કરીને પ્રભુને તિક્ખુત્તોનો પાઠ ભણી ત્રણ વખત વંદન નમસ્કાર કરી શું કહે છે:-

હે ભગવાન! જમાલિકુમાર અમારો એકનો એક લાડીલો પુત્ર છે. અમને ખૂબ વહાલો છે, ખૂબ પ્રિય છે જેનું નામશ્રવણ પણ દુર્લભ છે તો તેના દર્શન દુર્લભ હોય તેમાં શું નવાઇ? એ દીકરો અમારાથી સહેજ પણ દૂર જાય ને થોડીવાર અમે તેને ન જોયો હોય તો પણ દુઃખ થાય છે. એનો વિયોગ અમે સહન કરી શકતા નથી, એવો લાડકવાયો દીકરો આપની પાસે આવવા ઇચ્છે છે. જેમ કોઇ સહસ્ત્ર પાંખડીવાળું કમળ કાદવમાં ઉત્પન્ન થાય છે ને પાણીમાં વધે છે તો પણ તે કાદવની રજથી કે પાણીના બિંદુથી લેપાતું નથી તે રીતે આ અમારો જમાલિકુમાર પણ કામરૂપી કાદવમાંથી ઉત્પન્ન થયો છે ને ભોગરૂપી જળથી વૃદ્ધિ પામ્યો છે તો પણ તે કામરૂપી રજથી ને ભોગરૂપી જળથી લેપાતો નથી તેમજ મિત્રજનો, જ્ઞાતિજનો, પોતાના સ્વજનો અને સબંધીજનોથી પણ લેપાતો નથી. તેવો અમારો દીકરો હે પ્રભુ! આપને સોંપવા માટે આવ્યા છીએ.

જમાલિકુમારની માતા કહે છે હે દેવાનુપ્રિય! એવા હે પ્રભુ! મારો એકનો એક પુત્ર છે, મને ખૂબ પ્રિય છે. આ તો ભગવાનને દેવાનુપ્રિય શબ્દથી સંબોધે છે પણ એ લોકો પોતાના સેવકોને પણ દેવાનુપ્રિય શબ્દથી સંબોધન કરતા હતા. દેવાનુપ્રિય એટલે દેવોને પ્રિય, શબ્દનું કોઇ મહત્ત્વ નથી પણ તેની પાછળ રહેલી મધુરતાનું મહત્ત્વ છે. જેની વાણીમાં મીઠાશ હોય છે તે સૌને પ્રિય લાગે છે. માણસની જીભમાં મીઠાશ હોય તો તેનું કામ સહેલાઇથી થાય છે, પણ જેની જીભમાં કડવાશ હોય છે તે વ્યક્તિ કોઇને ગમતી નથી. તેનું કામ પણ જલ્દી કોઇ કરતું નથી. જેની આંખમાંથી અમી ઝરતું હોય, જેની આકૃતિ સૌમ્ય હોય ને વાણીમાં મધુરતા હોય તેની સામે ક્રૂરમાં ક્રૂર વ્યક્તિ પણ નમ્ર બની જાય છે. તેનું હૃદય પીગળી જાય છે. બુદ્ધિમાન પુરૂષો કોઇને દુઃખ થાય કે કોઇને અપમાન લાગે તેવી કડવી કે કઠોર ભાષા બોલતા નથી. તેઓ શું વિચારે છે?

प्रियवाक्य पदानेन, सर्वे तुष्यन्ति जन्तवः ।
तस्मात्तदेवं वक्तव्यं, वचनका दरिद्रता ।।

મધુર વચન બોલવાથી દરેક જીવોને સંતોષ થાય છે, માટે એવા મધુર પ્રિયકારી વચન શા માટે ન બોલવા ? પ્રિયકારી ભાષા બોલવામાં આપણું શું નુકશાન થવાનું છે. મીઠું બોલવાથી ક્યાં દરિદ્રતા આવવાની છે ! મધુર વચન બોલવાથી ઘણાં લાભ થાય છે. મનુષ્યો તો શું પશુપક્ષીઓ પણ મધુર ભાષા બોલવાથી વશ થઇ જાય છે. બગડેલી બાજી સુધરી જાય છે. ભયંકર કલેશનો દાવાનળ શાંત થઇ જાઇ છે. ક્રોધરૂપી અગ્નિ ઉપર મધુર વાણી અને સ્નેહભરી દૃષ્ટિ શીતળ જળનું કામ કરે છે. દાખલા તરીકે ચંડકૌશિક નાગને બચાવવા ભગવાનના મીઠા એક વચને કેવી અસર કરી! તે નાગ ફીટી દેવ બની ગયો.

જેના જીવનમાં પવિત્રતા, પરોપકારતા અને મધુર ભાષા હોય છે ત મહાન પુરૂષો કહેવાય છે. એમની પાસે આવનાર એમના જેવા પવિત્ર બની જાય છે. એક ખૂબ ત્યાગી અને તપસ્વી સંત હતા. એક માણસે તેમની પાસે આવીને કહ્યું– હે ગુરૂદેવ ! મને મુક્તિનો સીધો અને સરળ માર્ગ બતાવો. ત્યારે કહ્યું તમે કબ્રસ્તાનમાં જાવ. ત્યાં ઘણી કબરો છે તેને ખૂબ ગાળો દો. ગાળો દઈને થાકો ત્યારે પાછા અહીં આવજો. સંતનું કથન સાંભળીને એ વ્યક્તિને ખૂબ આશ્ચર્ય થયું કે સંત થઈને મને ગાળો દેવાનું કહે છે! પણ કંઇ બોલ્યો નહિ. કબ્રસ્તાનમાં જઈને કબરોને ખૂબ ગાળો દીધી. થાકયો એટલે પાછો આવ્યો. બીજે દિવસે તે માણસ સંત પાસે આવ્યો એટલે પૂછયું કે કેમ ભાઇ ! તમે ગઇ કાલે કબ્રસ્તાનમાં જઈને કબરોને ખૂબ ગાળો દીધી? ત્યારે કહે છે હા, મેં આપની આજ્ઞાનું પાલન કર્યું. ત્યારે સંતે પૂછયું કે કબરોએ તમારી ગાળોના જવાબમાં તમને કંઈ કહ્યું કે નહિ? ત્યારે કહે છે ગુરૂદેવ! આટલી ગાળોનો વરસાદ વરસાવવા છતાં મને કોઈએ કંઈ જવાબ આપ્યો નહિ.

ત્યારે સંત હસીને બોલ્યા, ભાઇ! તને કબરોએ મુક્તિનો માર્ગ બતાવી દીધો છે, કે તું સંસારમાં માન-અપમાનથી અલિપ્ત રહે. કોઇ તને ગાળો દે, કટુ વચન કહે કે તારું અપમાન કરે તો પણ તું એને કડવું વેણ કહીશ નહિ. એ મુક્તિનો સાચો માર્ગ છે. કટુ વચન સાંભળનારના હૃદયમાં જાણે તીર વાગ્યું ન હોય તેટલી વેદના થાય છે. કટુ વચનનો ઘા લાંબા કાળ સુધી માનવીના હૃદયમાં સાલે છે માટે ખૂબ વિચારીને બોલો. દ્રૌપદીનું એક વચન **"અંધાના જાયા અંધા હોય ને!"** આટલા શબ્દે મહાભારત રચી દીધું. માટે બોલતી વખતે ખૂબ વિચાર કરો કે હું શું બોલી રહ્યો છું? એનું પરિણામ શું આવશે? આ જીભ આપણને મીઠું અને મધુરું બોલવા માટે મળી છે. કોઇને દુઃખકારી વચન બોલવા માટે મળી નથી.

જૈનદર્શનમાં ત્રણ યોગ માનવામાં આવ્યા છે. મનયોગ-વચનયોગ ને કાયયોગ. આ ત્રણ યોગમાં વચનયોગનું સ્થાન મધ્યમાં છે. વચનયોગ એ મનના ભાવોને પણ સમજાવે છે ને કાયાથી પણ કામ કરાવી લે છે. એ બંને બાજુ ઢળે છે. એટલે એના ઉપર અંકુશ રાખવો ખૂબ જરૂરી છે તેથી મન અને કાયા એ બંનેને ચોકીદાર રાખ્યા છે ને વચનને મધ્યમાં રાખ્યું છે. એક કટુ વચન બોલવાથી કોઇની સાથે વર્ષોનો સંબંધ હોય તે તૂટી જતાં વાર લાગતી નથી. એક દોહામાં કહ્યું છે–

"દૂધ ફટા ઘી કહાં ગયા, મન ફટા ગઇ પ્રીત,
મોતી ફટા કિંમત ગઇ, તીનોં કી એક હી રીત."

દૂધમાં ઘી રહેલું છે પણ એ દૂધ ફાટી જાય તો ઘી નષ્ટ થઈ જાય છે. કોઈ વ્યક્તિની સાથે વર્ષોથી ગાઢ પ્રેમ છે તે કઠોર વચન બોલવાથી મનદુઃખ થાય છે. ને મનદુઃખ થવાથી પ્રેમ તૂટી જાય છે. એવી રીતે મોતી ફાટી જવાથી તેની કોઈ કિંમત ઉપજતી નથી, આટલા માટે જ્ઞાની કહે છે કે કટુ વચનથી દૂર રહો. આ એક તમારી વાત નથી. શ્રાવક હોય કે સાધુ હોય, દરેકે વાણી ઉપયોગપૂર્વક બોલવી જોઇએ. પાંચ મહાવ્રતમાં બીજું મહાવ્રત છે તે કહે છે સત્ય બોલો. પાંચ સમિતિમાં બીજી સમિતિ કહે છે કઠોર કર્કશ-સાવદ્ય-ક્રોધકારી-માનકારી આદિ ભાષાઓ ન બોલો. ભાષાના દોષ ટાળવા માટે બીજી ભાષા સમિતિ છે. તે સિવાય ત્રણ ગુપ્તિઓમાં બીજી ગુપ્તિ વચનગુપ્તિ છે. ભગવાન કહે છે હે સાધક! તું વચનગુપ્તિ સાચવીને બોલ. અમારે બોલવા માટે ત્રણ ત્રણ જગ્યાએ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તો વચન કેટલું વિચારીને બોલવું જોઈએ! ટૂંકમાં કહેવાનો આશય એ છે કે થોડું બોલો પણ સત્યં બ્રૂયાત્ પ્રિયં બ્રૂયાત્ ન બ્રૂયાત્ સત્યમપ્રિયમ્।" સત્ય બોલો, પ્રિય બોલો પણ અપ્રિય સત્ય ન બોલો.

આપણે અહીં એ વાત હતી કે જમાલિકુમારની માતા પ્રભુને પોતાનો પુત્ર સુપ્રત કરતાં કેટલી પ્રિયકારી ને કોમળ ભાષા બોલે છે. એણે કહ્યું કે હે પ્રભુ! મારો પુત્ર કમળની જેમ સંસારમાં લેપાતો નથી. અમે તેની ખૂબ પરીક્ષા કરી પણ હવે એ વૈરાગીને સમજાવવાની અમારામાં તાકાત નથી. એને તો આપના ચરણકમળમાં રહેવાની લગની લાગી છે.

" एसणं देवाणुप्पिया ! संसार भय उव्विग्गे, भीए जम्म जरा मरणेणं
इच्छइ देवाणुप्पियाणं अंतिए मुंडे भवित्ता अगाराओ अणगारियं
पव्वइत्तए, तं एस णं देवाणुप्पियाणं अम्हे सीस भिक्खं दलयामो,
पडिच्छं तुणं देवाणुप्पिया ! सीस भिक्खं।"

હે ભગવંત! આ જમાલિકુમાર સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છે. જન્મ-મરણથી ભયભીત બન્યો છે અને દેવાનુપ્રિય! એવા આપની પાસે (આગારવાસમાંથી

અણુગારવાસમાં આવવા) દીક્ષિત થવા ઇચ્છે છે. તો હે દેવાનુપ્રિય ! અમે આપને શિષ્યની ભિક્ષા આપીએ છીએ. આપ આ શિષ્યરૂપી ભિક્ષાનો સ્વીકાર કરો. હે પ્રભુ ! આ દીકરો ! મને આંખની કીકી કરતાં અધિક વહાલો છે. મારા હૈયાનો હાર કહું કે કાળજડાની કોર કહું એવો મારો દીકરો આપને સોપું છું. આપ તેને પ્રેમથી સ્વીકારો. પ્રભુ આપ એની ખૂબ સંભાળ રાખજો. એ ભૂખ્યો તરસ્યો થશે, કદી ખુલ્લા પગે ચાલ્યો નથી તો આપ એની સંભાળ રાખજો. છેવટે માતાએ કહ્યું કે હે પ્રભુ ! આપને શિષ્યની ભિક્ષા આપીએ છીએ. આપ તેનો સ્વીકાર કરો ત્યારે ભગવાને કહ્યું- અહાસુયં દેવાણુપ્પિયા ! મા પડિબંધ કરેહ ! હે દેવાનુપ્રિય ! તમને જેમ સુખ ઉપજે એમ કરો. સારા કાર્યમાં વિલંબ ન કરો. આમ જ્યાં ભગવાને કહ્યું ત્યાં જમાલિકુમારને એવો હર્ષ થયો કે જેની સીમા નહિ. એનું કારણ એ છે કે પ્રભુએ મારો સ્વીકાર કર્યો.

બંધુઓ ! શિષ્ય સંયમ લઈને ગુરૂનો ઉદ્ધાર કરતા નથી. પણ ગુરૂ શિષ્યમાં યોગ્યતા જુએ તો એનો સ્વીકાર કરે છે ને ગુરૂ જ્યારે શિષ્યનો સ્વીકાર કરે ત્યારે એને આનંદ થાય. જમાલિકુમારનો વૈરાગ્ય ગમે તેટલો ઉત્કૃષ્ટ હોય પણ ભગવાને જો એમનો સ્વીકાર કર્યો ન હોત તો દીક્ષા કયાંથી લઇ શકત ? ભગવાને કહ્યું કે તમને સુખ ઉપજે તેમ કરો. સારા કાર્યમાં વિલંબ ન કરો. એટલે તરત જમાલિકુમારે ભગવાનને વંદન કર્યા ને પૂર્વ-ઉત્તર દિશાની વચ્ચે રહેલા ઈશાન ખૂણામાં ગયા. જમાલિકુમારે ઇશાન ખૂણામાં જઈને પોતાની જાતે એક પછી એક અલંકારો, ઘરેણાંઓ ને માળાઓ ઉતારવા લાગ્યા. ત્યારે તેમની માતા હંસ સમાન શ્વેત વસ્ત્રમાં એ દાગીના ઝીલે છે. દીકરો આભરણો ઉતારે છે ને માતાનું કાળજું કપાઈ જાય છે. એની આંખમાંથી ઝડઝડ આંસુડા પડે છે. જેમ મોતીનો હાર તુટે ને મોતી વિખરાય તેમ તેની આંખમાંથી અશ્રુ પડે છે. હવે આંખમાં આંસુ સારતી માતા જમાલિકુમારને શું શિખામણ આપશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :-ધરણને હેમકુંડલ વિદ્યાધરે ઘા રૂઝાવવાની ઔષધિ આપી તે લઈને પોતાના સાર્થમાં આવ્યો ને ત્યાંથી આગળ પ્રયાણ કર્યું. આ તો પરોપકારી પુરૂષ છે. જ્યાં જાય ત્યાં પરોપકાર કરતો જાય છે. તેનો સાર્થ આગળ ચાલ્યો જાય છે. ઘણાં દિવસો પસાર થયાં. આગળ શું બનાવ બને છે.

ત્રણ જીવોને ધરણસેને બચાવ્યા:-એક વખત પર્વત ઉપરથી વહેતી નદીના કાંઠે ધરણના સાર્થે પડાવ નાંખ્યો હતો. ત્યાં એક મેઘ જેવા કાળા ને હાથમાં ધનુષ્યબાણ ધારણ કરેલા એક શબર યુવાનને કરૂણ સ્વરે રૂદન કરતો જોયો એટલે એને બોલાવીને ધરણે પૂછયું ભાઈ ! તું કેમ રડે છે ? ત્યારે તેણે ધરણને કહ્યું.

હે આર્ય ! કાલસેન નામના અમારા પલ્લીપતિ છે. અમારી ચોરપલ્લીમાં એક

ભયંકર બળવાન કેશરીસિંહ કયાંકથી આવી ચઢયો. એટલે બધા પલ્લીવાસીઓ અને તેમની પત્નીઓ સિંહના ભયથી આમતેમ ભાગવા લાગ્યા. એટલે બધાને ભયમુકત કરવા અમારા પલ્લીપતિ હાથમાં ધનુષ્યબાણ લઈને એકલા જ પલ્લીમાંથી નીકળ્યા ને વડના ઝાડ નીચે આવીને ચારે તરફ દૃષ્ટિ કરી, પણ સિંહને જોયો નહિ. સિંહ વડની બખોલમાં ભરાઈ ગયો હતો. તે પલ્લીપતિને જોઇને તરત બહાર આવ્યો ને પાછળના ભાગમાંથી કેશરીસિંહે પલ્લીપતિને પકડયા. પલ્લીપતિએ પણ પાછા વળીને કટારીથી કેશરીસિંહને મારી નાંખ્યો ને કેશરીસિંહે મરતાં મરતાં પણ તેના મસ્તકનો ભાગ તોડી નાંખ્યો. એટલે તેને ખૂબ વેદના થવા લાગી. તેથી એને એમ થયું કે હવે હું જીવવાનો નથી. એમ માનીને અગ્નિપ્રવેશ કરી બળી મરવાનો વિચાર કરે છે.

એના મસ્તક પાછળની ચામડી ઉતરી ગઇ છે. માંસના લોચેલોચા બહાર નીકળી ગયા છે. તેમાંથી લોહીના રેલા ચાલે છે અને હવે તો બોલવા-ચાલવાના હોંશકોશ રહ્યા નથી. મૂર્છાવશ થઇને પડયો છે. અમારા પલ્લીપતિની આ સ્થિતિ થઇ છે. આ વાતની તેની પત્નીને ખબર પડી એટલે એ પણ ત્યાં આવી. એ ગર્ભવતી છે. તેના પતિની આ સ્થિતિ જોઈ કાળો કલ્પાંત કરે છે. એણે તો એમ માની લીધું છે કે એનો પતિ મરી ગયો છે. એટલે હું પણ એની પાછળ બળીને સતી થઇ જાઉં એવી હઠ લઇને તેની પાસે બેઠી છે. ખૂબ સમજાવી પણ કોઈ રીતે સમજતી નથી. એટલે એના પિતાને બોલાવવા મોકલ્યા છે, પણ તે હજુ આવ્યા નથી ને તેનું રૂદન અને અમારા પલ્લીપતિની સ્થિતિ અમે જોઈ શકતા નથી, તે કારણથી અમે રૂદન કરીએ છીએ. ભીલપુત્રોએ આ પ્રમાણે કહ્યું એટલે ધરણે કહ્યું-ભાઇ! એ તમારા પલ્લીપતિ કયાં છે? મને જલ્દી ત્યાં લઇ જાવ. તમે રડવાનું છોડી દો. મારી પાસે એક ઔષધિ છે તેનાથી કદાચ જીવાડી શકીશ. આ સાંભળી ભીલોને આનંદનો પાર ન રહ્યો, ને ધરણને ત્યાં લઇ આવ્યા. ધરણે મૂર્છિત થયેલા કાલસેનને તથા રૂદન કરતી તેની ગર્ભવતી સ્ત્રીને જોયા. એની પત્નીને કહે છે બહેન! તમારા પતિને જરૂર સારૂં થઇ જશે. તમે તેની ચિંતા કરો નહિ. એમ કહી તેને શાંત કરી.

ધરણે પાણી મંગાવી તેના ઘા ધોઇ નાંખ્યા. ત્યાર બાદ થોડા પાણીમાં વિદ્યાધરે આપેલું ઔષધિવલય નાંખ્યું ને તે પાણી મસ્તક પાછળના ઘા ઉપર છાંટયું. ઔષધિના પ્રભાવથી ઘા તરત પૂરાઇ ગયો. બીજી વાર છાંટયું તો એકદમ રૂંઝ આવી ગઇ, ને ત્રીજી વાર છાંટયું ત્યાં કાલસેન જેવો હતો તેના કરતા અધિક સ્વરૂપવાન બની ગયો, ને એકદમ ઉભો થયો. આ જોઇ તેની પત્ની તેમજ બધા ભીલો ખૂબ રાજી થયા. કાલસેન ધરણના ચરણમાં પડીને કહેવા લાગ્યો- હે મહાન પુરૂષ! તમે અહીં આવીને અમારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. તમે ત્રણ ત્રણ જીવને અભયદાન આપ્યું છે. આપના

ઉપકારનો બદલો હું વાળી શકું તેમ નથી. છતાં આપ મારે યોગ્ય સેવાનું કામ ફરમાવો. ત્યારે ધરણસેન કહે છે ભાઇ! મેં તમારા ઉપર કંઈ ઉપકાર કર્યો નથી. મેં તો મારી ફરજ બજાવી છે. ત્યારે પલ્લીપતિ કહે છે ના, કંઈક તો કામ બતાવો. તમે કહેશો તેમ કરીશ. ખૂબ કહ્યું ત્યારે ધરણ કહે છે ભાઇ! મારી પાસે કામ કરનારાનો તૂટો નથી. છતાં તું ખૂબ કહે છે તો હું કહું તેમ કર.

ભાઈ! તને તારો જીવ વહાલો છે. મેં તને બચાવ્યો તો તને કેટલો આનંદ થયો! તેમ દરેક જીવોને જીવવું ગમે છે. મરવું કોઈને ગમતું નથી અને હિંસા કરવામાં મહાન પાપ છે. હિંસા કરવાથી જીવ નરકમાં જાય છે. માટે તમારે જીવોનું રક્ષણ કરવું. તમારે આજથી કોઇ જીવની હિંસા કરવી નહિ, ચોરી કરવી નહિ, એવી મારી ઇચ્છા છે. તમે જો મારો સાચો ઉપકાર માનતા હો તો મારે કોઇ જીવની હિંસા કરવી નહિ એવી પ્રતિજ્ઞા કરો. ત્યારે પલ્લીપતિએ કહ્યું કે તમે અમને ત્રણ જીવોને બચાવ્યા તો મારે જીવનપર્યંત શિકાર કરવો નહિ એવી આપની સમક્ષ પ્રતિજ્ઞા લઉં છું. પલ્લીપતિએ પ્રતિજ્ઞા કરી. ધરણે ત્રણ ત્રણ જીવોને જીવતદાન આપ્યું ને તેના પ્રભાવથી ભીલે જીવન પર્યંત હિંસા કરવાનું બંધ કર્યું. કેવો મહાન લાભ મેળવ્યો!

બંધુઓ! ધરણ નીકળ્યો છે ધન કમાવા, પણ સાથે સાથે પરોપકારના કામ કરતો જાય છે, ને આત્મિક ધન પણ કમાતો જાય છે. પહેલાં વિદ્યાધરને વિદ્યાનું ચોથું પદ યાદ કરી આપ્યું તો રાજકુમાર બચી ગયો. અહીં પલ્લીપતિ, તેની પત્ની અને તેના ગર્ભમાં રહેલા બાળકને બચાવ્યા. કારણ કે એ ન ગયો હોત તો પલ્લીપતિ મરી જાત ને તેની પાછળ તેની સ્ત્રી પણ સતી થઈ જાત તો બે જીવોની ઘાત થઇ જાત. એટલે એ ત્રણ જીવો બચી ગયા, ને પલ્લીપતિએ જીવનપર્યંત હિંસા ન કરવી તેવી પ્રતિજ્ઞા લીધી, એટલે કેટલા જીવોને અભયદાન મળ્યું. પલ્લીમાં વસતા ભીલોએ તેનો ખૂબ સત્કાર કર્યો. ત્યાંથી નીકળીને ધરણ પોતાના સાર્થમાં આવ્યો. હવે ત્યાંથી ક્યાં જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૯૬

આસો વદ ૫ ને મંગળવાર **તા. ૧૬-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત ઉપકારી કરૂણાના સાગર વીર ભગવંતે જગતના જીવોના કલ્યાણને માટે આગમમય વાણી પ્રકાશી. ભગવંતે ઠાણાંગ સૂત્રના ચોથે ઠાણે કહ્યું છે કે જીવ ચાર કારણોથી મનુષ્યપદ પ્રાપ્ત કરે છે. પગઇભદ્દયાએ, પગઇવિણીયયાએ, સાણુક્કોસયાએ, અમચ્છરિયાએ। મનુષ્ય ભવપ્રાપ્ત કરવાના ચાર કારણોમાં પહેલું કારણ છે પ્રકૃતિની

ભદ્રતા. મનુષ્યની પ્રકૃતિ ભદ્ર હોવી જોઈએ. ભદ્રમનુષ્યનું હૃદય સરળ અને કપટ વિનાનું હોય છે જેવું. હૃદય હોય છે તેવું આચરણ બની જાય છે. આજના માનવીના જીવનનો બહારનો દેખાવ જુદો ને અંદરનો દેખાવ જુદો. એટલે એનું જીવન દોષિત બની ગયું છે અને બીજા ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો છે ને બધા મનુષ્યો એકબીજા પ્રત્યે શંકાશીલ બની ગયા છે. નાના નાના ગામડામાં આજે પણ ઘણાં માણસો સરળ પ્રકૃતિના હોય છે. એમને ત્યાં ઝઘડો પડયો હોય તો ગામપંચાયતથી સમાધાન કરી લે છે પણ કોર્ટે ચઢતા નથી. એમનામાં સદાચારનો ગુણ હોય છે ને એકબીજા પ્રત્યે સહાનુભૂતિ ખૂબ હોય છે.

ભદ્રપ્રકૃતિના માણસો હમેંશા પારકાની ભલાઇ તથા સ્વ-કલ્યાણમાં પ્રયત્નશીલ રહે છે. હૃદયની ભદ્રતા, સરળતા આત્માને શાંતિમય અવસ્થાએ પહોંચાડી દે છે. એક વખત સ્વામી વિવેકાનંદ ટ્રેઇનમાં મુસાફરી કરી રહ્યા હતા. જે ડબ્બામાં તેઓ બેઠા હતા તે ડબ્બામાં બે ત્રણ અંગ્રેજ મુસાફરો બેઠા હતા. સ્વામી વિવેકાનંદ પોતાની સ્વાભાવિક શાંતિથી બેઠા હતા. તે કોઇની સાથે કંઇ બોલ્યા નહિ. અંગ્રેજોએ હિંદુસ્તાની ભગવા કપડા પહેરેલા માણસને ચુપચાપ શાંતિથી બેઠેલો જોઇને તેમની મશ્કરી કરવા માંડી ને બહુ અપમાનજનક શબ્દો કહ્યા ને ગાળો પણ દીધી. થોડી વાર પછી એક સ્ટેશન આવ્યું ત્યાં સ્વામી વિવેકાનંદે સ્ટેશન માસ્તરને બોલાવ્યા ને શુદ્ધ અંગ્રેજીમાં તેમને કહ્યું કૃપા કરીને મને થોડું પાણી મંગાવી આપો.

અંગ્રેજો એમની સામે જોઈ રહ્યા હતા. તેમને શુદ્ધ અને સ્પષ્ટ અંગ્રેજી બોલતા સાંભળીને અંગ્રેજો શરમીંદા થઇ ગયા ને બોલ્યા તમે અંગ્રેજી જાણો છો તો અમારી વાતો સાંભળી આપને અમારા ઉપર બહુ ક્રોધ આવ્યો હશે! પણ આપ તો કંઈ બોલ્યા નહિ. ત્યારે સ્વામી વિવેકાનંદે મોઢું મલકાવીને કહ્યું કે આપના જેવા ભદ્ર પ્રકૃતિના મનુષ્ય સાથે મારે ઘણીવાર સંપર્ક થાય છે. ખોટો ક્રોધ કરીને મારી શક્તિનો વ્યય શા માટે કરૂં? કેવો સુંદર જવાબ આપ્યો! અપમાન અને હાંસીનો જવાબ પ્રેમથી આપ્યો. આ સાંભળીને અંગ્રેજો તો એવા ભોંઠા પડી ગયા કે આપણે કયાં આની મશ્કરી કરી?

આવું બીજું પણ એક ઉદાહરણ છે. મલિક દિનાર એક મહાન તપસ્વી, અત્યંત સરળ અને પવિત્ર હૃદયના સંત હતા. એક વખત તેઓ કયાંક જઇ રહ્યા હતા. માર્ગમાં એક સ્ત્રી તેમને મળી. તેણે કહ્યું કે હે કપટી! કયાં જઇ રહ્યો છે? ત્યારે દિનારે પોતાના મુખ પર જરા પણ ક્રોધ લાવ્યા વિના ખૂબ આદર અને વિનયપૂર્વક તે સ્ત્રીને કહ્યું બહેન! તેં મને સારી રીતે ઓળખ્યો. આટલા વખતમાં મારૂં નામ લઈને બોલાવનારી તું એક મને મળી છે. બંધુઓ! આ ભદ્રપ્રકૃતિનું લક્ષણ છે. સરળ પ્રકૃતિના મનુષ્યની કોઇ નિંદા કરે, હાંસી કરે, અપમાન કરે તો પણ તેનું સન્માન કરે છે. એને પ્રેમથી બોલાવે છે. એક સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે-

विप्रिय मप्याकर्ण्य बूते प्रियमेव सर्वदा सुजन ।
क्षारं पिबति पयोधेर्वर्षत्यम्भोघरो मधुरम् ।।

જેવી રીતે વાદળ સમુદ્રનું ખારૂં પાણી પીને પણ સદા મીઠું પાણી વરસાવે છે તેવી રીતે સજ્જન અને સરળ પ્રકૃતિના મનુષ્યો જો કોઇ કટુ વચન કહે તો પણ એ કટુ વચન સાંભળીને સદા મધુર વચન બોલે છે.

જે મનુષ્ય પ્રકૃતિથી ભદ્રિક હોય છે તે કરૂણા–પરોપકાર, સત્ય, નીતિ, સદાચાર આદિ ઉત્તમ ગુણો તેના જીવનમાં અપનાવીને શાંતિથી પોતાનું જીવન વ્યતીત કરે છે અને તે ફરીને મનુષ્યજન્મનું આયુષ્ય બાંધી શકે છે.

હવે મનુષ્યગતિનું આયુષ્ય બાંધવાનું બીજું કારણ પ્રકૃતિની વિનીતતા. એટલે પ્રકૃતિથી વિનયગુણ સંપન્ન હોવું તે. આપણે ત્યાં વિનયને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. જેના જીવનમાં એક વિનયનો ગુણ હોય છે તેના જીવનમાં બીજા ઘણાં ગુણો હોય છે. એક વિનયની પાછળ બીજા ઘણાં ગુણો આવે છે. બીજા બધા ગુણો હોય પણ જો વિનય ન હોય તો એ ગુણોની શોભા નથી. વિનય વિનાનું જ્ઞાન–વિદ્વતા બધું નકામું છે. સંસારમાં પણ કોઇ વ્યકિત ગમે તેટલી ધનવાન હોય પણ જો એનામાં અભિમાન ભર્યું હોય, વિનય ન હોય તો એની શ્રીમંતાઇ મીઠા વિનાના શાક જેવી ફીકી છે. જ્ઞાનની સાથે, શ્રીમંતાઇની સાથે જો વિનયનો ગુણ હોય તો સોનામાં જેમ હીરા જડવાથી સોનાની શોભા વધે છે તેમ જ્ઞાનની સાથે વિનય આવવાથી એની શોભા વધે છે.

ન્યૂટન નામનો એક પ્રભાવશાળી વૈજ્ઞાનિક હતો. એણે ફકત બાવીસ વર્ષની ઉંમરમાં બીજગણિતના દ્વિપદ સિદ્ધાંતનું જ્ઞાન ખૂબ સારી રીતે મેળવ્યું હતું. ત્યારપછી સૂર્યના કિરણોમાં સાત રંગ કેમ હોય છે? સમુદ્રમાં ભરતી ને ઓટ કેમ આવે છે? ચંદ્ર ક્ષીણ કેવી રીતે થાય છે ને પૂર્ણ કેવી રીતે થાય છે તેનું સારૂં જ્ઞાન મેળવ્યું હતું. તેનું ચિંતન અને વિદ્વતા ઉપર આજે પણ યુરોપને ગર્વ છે. એ મહાન વૈજ્ઞાનિકની પાસે એક સ્ત્રી આવીને અંતઃકરણપૂર્વક તેમના જ્ઞાન અને વિદ્વતાની પ્રશંસા કરવા લાગી. સ્ત્રીએ કરેલી પ્રશંસા સાંભળીને ન્યૂટને કહ્યું, બહેન! તું આ શું કહી રહી છે? હું તો નાના બાળક જેવો છું. સમુદ્ર કિનારે બેઠો બેઠો કાંકરા વીણી રહ્યો છું, જ્ઞાનરૂપી મહાસાગરમાં મેં હજુ ડૂબકી લગાવી નથી, ન્યૂટનની નમ્રતા જોઇને તે સ્ત્રી આશ્ચર્ય–ચકિત થઇને તેના ચરણમાં નમી પડી. આવી રીતે જે મનુષ્ય પ્રકૃતિથી વિનયવાન હોય છે તે ધીમે ધીમે મહાન ગુણનો ભંડાર બની એક દિવસ મહાન પુરૂષ બની જાય છે, બાળકમાં નાનપણથી વિનયનો ગુણ હોય તો એ મોટો થતાં એ ખૂબ સંસ્કારી બને છે. ગુરૂઓની પાસે જઇ સમ્યક્જ્ઞાન પ્રાપ્ત કરી આત્માની ઉન્નતિના પંથે પ્રયાણ કરે છે, આવો વિનયવાન જીવ મનુષ્યગતિ પામે છે.

મનુષ્યજીવન પ્રાપ્ત કરવાનું ત્રીજું કારણ છે સાનુક્રોશ–તેનો અર્થ છે હૃદયમાં આક્રોશ ન હોવો તે. મનુષ્યના જીવનમાં જો માનવતા નામની કોઇ વસ્તુ હોય તો તે દયા છે. જેના દિલમાં દયાના ઝરણા વહે છે તેના દિલમાં કદી આક્રોશ આવતો નથી, પણ સંસારમાં દરેક પ્રાણીઓ સાથે સ્નેહ ને સદ્ભાવ રહે છે જે મનુષ્યનું હૃદય આક્રોશથી ભરેલું રહે છે તે પશુથી પણ હીન છે, કારણ કે મમત્વની ભાવના તો પશુઓમાં પણ હોય છે. એ પણ મનુષ્યોની જેમ પોતાના બચ્ચાને કોટે વળગાડીને જાય છે. બાળકને જેમ તેની માતા રાખે છે તે રીતે એ એના બચ્ચાને રાખે છે. ટૂંકમાં જે મનુષ્યો દરેક જીવોને પોતાના આત્માસમાન સમજે છે તેના હૃદયમાં કોઇના ઉપર આક્રોશભાવ રહેતો નથી. જેના દિલમાં દયાદેવીનો વાસ છે તે મોક્ષપ્રાપ્તિનું લક્ષણ છે. મહાન–પુરૂષોએ બીજાનું રક્ષણ કરવા માટે પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે.

મેઘરથ રાય મેઘકુમાર ધર્મરૂચી, નિજપ્રાણ ત્યાગ પર જતન કરત હૈ

મેઘરથ રાજાએ એક પારેવાની રક્ષા કરવા માટે પોતાના શરીરનું માંસ કાપી ત્રાજવામાં મૂકી દીધું હતું. જંગલમાં ભયંકર દાવાનળ લાગ્યો ત્યારે મેઘકુમારના જીવે હાથીના ભવમાં એક સસલાની દયા ખાતર ત્રણ દિવસ સુધી પગ ઉંચો રાખ્યો હતો ને એની વેદના થતાં પોતાના પ્રાણ ત્યાગી દીધા હતા. ધર્મરૂચી અણગારે કીડીઓની દયા ખાતર કડવા તુંબડાનું ઝેરી શાક આરોગ્યું હતું. આ રીતે પોતાના પ્રાણ ત્યાગીને પરોપકાર કરવાવાળા મહાન પુરૂષો જન્મ–મરણના દુઃખોનો અંત લાવી મોક્ષનગરીમાં નિવાસ કરે છે.

બંધુઓ ! જેના હૃદયમાં સદા આક્રોશની ભઠ્ઠી સળગેલી રહે છે તેની બુદ્ધિ શકિત–બળ આદિ બધા ગુણો તેમાં બળીને ખાખ થઇ જાય છે. પણ જો મનુષ્ય આક્રોશ ઉપર વિજય મેળવી લે છે તો તેની બુદ્ધિ ખીલે છે ને આત્મબળ વધે છે. છેવટે મોક્ષે જવાની શકિત પ્રાપ્ત કરે છે. આવો મનુષ્ય ફરીને માનવભવ પ્રાપ્ત કરે છે. હવે મનુષ્યભવની પ્રાપ્તિનું ચોથું લક્ષણ છે અમચ્છરીયાએ. મત્સર–અભિમાન રહિત બનવું. આજે દુનિયામાં માણસની પાસે સત્તા આવે, ધન આવે તો તેને અહંકાર આવે છે. કે હું કંઇક છું, હું મોટો માણસ છું, મારા જેવા સત્તાધીશ અને ધનવાન કોણ છે? પણ જ્ઞાની કહે છે સત્તા-સંપત્તિ ને ઐશ્વર્યથી કોઇ માનવી મહાન બની શકતો નથી. હા, તમે તો સત્તાધીશ અને ધનવાનને મોટો માનો પણ આધ્યાત્મિક દૃષ્ટિએ મોટો નથી. જેની પાસે લક્ષ્મી નથી પણ એ ખૂબ ગુણવાન છે. શાસ્ત્રનો જાણકાર છે, બુદ્ધિશાળી છે, ધર્મિષ્ઠ છે તેને મોટો નથી કહેતા. તો હું તમને પૂછું છું કે તમે શ્રીમંતને મોટો કઇ રીતે કહો છો? શું એનો પૈસો અને એની સત્તા એને નરકમાં જતા અટકાવશે? રોગથી મુકત કરાવશે? "ના". તો પછી મોટો શેનો?

જે વ્યક્તિ સદા ધર્મધ્યાન કરે છે, સંતોની સેવા કરે છે, ક્રોધ કષાયોને જીતે છે, સત્સંગ કરે છે, શાસ્ત્રોનું વાંચન કરે છે ને પોતાના આત્માને મુક્તિમાર્ગે જવા માટે પવિત્ર જીવન જીવવાની પ્રેરણા આપે છે તે મનુષ્ય મોટો છે. તમે સંતોની પાસે આવો, તેમની પાસે આવીને શક્તિ અનુસાર ધર્મધ્યાન કરો, જ્ઞાન મેળવો, તપ કરો. એ કંઈ ન કરી શકો તો એક પ્રત્યાખ્યાન લો અને તેનું જો યથાર્થ રીતે દૃઢતાપૂર્વક પાલન કરો તો મહાન લાભ મેળવી શકશો. દૃઢતાપૂર્વક પ્રત્યાખ્યાનનું પાલન કરવા ઉપર કાનડ કઠીયારાનું દૃષ્ટાંત આપું.

કાનડ નામનો એક કઠીયારો હતો. ખૂબ ગરીબ હતો. દરરોજ તે જંગલમાં લાકડા કાપવા માટે જતો. જંગલમાંથી લાકડાનો ભારો કાપીને ગામમાં વેચતો. તેમાંથી આઠ આના મળતા. ખાઈ-પીને આનંદ કરતો. એક વખત જંગલમાં લાકડા કાપવા ગયો હતો તે વખતે એક સંત જંગલમાં ભૂલા પડેલા. આ કાનડ કઠીયારાને મળ્યા. એને ગામનો માર્ગ પૂછ્યો એટલે કાનડ સંતને માર્ગ બતાવવા સાથે ગયો. એમને જ્યાં પહોંચવું હતું ત્યાં પહોંચાડીને પાછો ફરે છે, ત્યારે સંત કહે છે ભાઇ! મેં તને દ્રવ્ય માર્ગ બતાવ્યો તો હું તને સંસાર અટવીમાંથી પસાર થવાનો ભાવમાર્ગ બતાવું. થોડી વાર ઉપદેશ આપ્યા બાદ સંતે તેને કહ્યું. તારે એક નિયમનું પાલન કરવું. ત્યારે કઠીયારો કહે છે મહારાજ! શું નિયમ આપશો? તો સંત કહે છે તું બીજું કાંઇ સમજે નહિ પણ તારે પૂનમને દિવસે બ્રહ્મચર્યનું પાલન કરવું. કાનડે પ્રેમથી પ્રતિજ્ઞાનો સ્વીકાર કર્યો. મહારાજને વંદન કરી કઠીયારો પાછો લાકડા કાપવા ચાલ્યો ગયો અને લીધેલા નિયમનું પાલન કરવા લાગ્યો. એના મનમાં થયું કે આવો નિયમ સારો કે ન કોઇ ખર્ચ થાય, ન કોઇ મુશ્કેલી પડે કે કોઈ જાતની મહેનત નહિ. મહિને એક દિવસ બ્રહ્મચર્યનું પાલન કરવાનું. આ તો બહુ સારો નિયમ. આ રીતે પ્રેમથી પ્રતિજ્ઞાનું પાલન કરતો.

એક વખત જંગલમાંથી લાકડાનો ભારો કાપીને ગામમાં ફરતો ફરતો એ ગામમાં રહેતા એક ધનવાન શેઠને ત્યાં ગયો. શેઠ ઓટલે બેસીને દાતણ કરતા હતા. તેમની નજર પડીને ઓળખી ગયા કે આ લાકડા ચંદનના છે. આ કાનડ કઠીયારો બિચારો લાકડા કાપી લાવતો હતો પણ લાકડાને ઓળખતો ન હતો. એમણે કહ્યું ભાઈ! આ લાકડાનો ભારો મને આપી દે ને બોલ, તારે કેટલા પૈસા લેવા છે? તો કઠીયારાને રોજના આઠ આના મળતા હતા પણ આ શેઠ દયાળુ લાગે છે એમ માનીને કહ્યું એક રૂપિયો આપો. ત્યારે શેઠ કહે છે ભાઇ! તારા લાકડા રૂપિયાની કિંમતના નથી. મહાન કિંમતી છે. બંધુઓ! જુઓ, આ શેઠની કેવી નીતિ ને પ્રમાણિકતા છે! કઠીયારો તો જાણતો નથી કે મારા લાકડા ચંદનના છે. એણે રૂપિયો આપીને લઇ લીધા હોત તો

વાંધો ન હતો, પણ એની નીતિ એટલી ચોખ્ખી છે કે કોઇ દિવસ અનીતિનો માલ લેતા નથી, પણ આ જગ્યાએ તમને એક રૂપિયામાં જો ચંદનના લાકડાનો ભારો મળે તો લઇ લો કે પેલા શેઠની જેમ કઠીયારાને કહો કે આ તો મૂલ્યવાન લાકડા છે. (હસાહસ). તમે તો રૂપિયો આપીને લાકડા લઇ લો, પણ યાદ રાખજો અનીતિનું ધન તમને સુખે રહેવા નહિ દે.

પેલા શેઠે કઠીયારાને ૫૦૦ તોલા સોનું આપ્યું. આ જોઇ કાનડ કઠીયારો ખુશ ખુશ થઇ ગયો. આટલા વખતથી લાકડાના ભારા વેચું છું પણ એક રૂપિયો કદી મળ્યો નથી ને આજે આટલું બધું સોનું મળ્યું! સોનાની પોટલી બાંધી કાનડ શેઠના ઘેરથી રવાના થયો. ચાલતો ચાલતો એક વેશ્યાના મકાન પાસે આવ્યો. વેશ્યા બારીએ ઉભી હતી. તેને જોઇને સ્થિર થઇ ગયો, ને વેશ્યાના ઘરમાં ગયો. આ તો બિચારો ગરીબ કઠીયારો હતો. એનો દેખાવ પણ સારો ન હતો. આ સમયે વેશ્યાના ઘરમાં બીજા માણસો બેઠા હતા. એ કઠીયારાને જોઇને હસવા લાગ્યા. એની મજાક ઉડાવવા લાગ્યા પણ આ કઠીયારાએ કોઇના સામું જોયું નહિ. એણે તો જઇને વેશ્યાના હાથમાં સોનાની પોટલી આપી દીધી. આ જોઇને વેશ્યાને ખુબ આનંદ થયો, ને એ કઠીયારાની ખુબ આગતા સ્વાગતા કરવા લાગી અને તેને કહ્યું તમે નાહી લો. આ જુના કપડાં ઉતારીને નવા કપડા પહેરી લો. વેશ્યાના કહેવાથી કઠીયારો નાહી ધોઇને બીજે માળે જઇને બેઠો. આકાશ સામી દૃષ્ટિ કરી તો પૂનમનો ખીલેલો ચંદ્ર જોયો. એટલે તેને તરત યાદ આવ્યું કે મેં તો પૂનમને દિવસે બ્રહ્મચર્યનું પાલન કરવાની સંત પાસે પ્રતિજ્ઞા લીધી છે. મહારાજે તેને ખુબ બુદ્ધિપૂર્વક પ્રતિજ્ઞા આપી હતી કારણ કે આ શ્રાવક ન હતો કે એને પાંચમ અગિયારસનું ધ્યાન રહે. એટલે એને મહારાજે એમ કહેલું કે આકાશમાં આખો ચંદ્રમાં ઉગે તે દિવસે તારે બ્રહ્મચર્યનું પાલન કરવું. એટલે ચંદ્રમાં જોઇને તેને પ્રતિજ્ઞા યાદ આવી એટલે એના મનમાં વિચાર થયો કે આજે હું વેશ્યાની સાથે કોઇ જાતનો વ્યવહાર કરી શકીશ નહિ. તેથી મારે કોઇ પણ રીતે અહીંથી ચાલ્યા જવું જોઇએ. એમ વિચાર કરીને નીચે ઉતર્યો ને વેશ્યાને કહ્યું કે મારે જંગલ જવા જવુ છું. એટલે બહાર જાઉં છું એમ કહીને ચાલતો થઇ ગયો.

એને સોનાની પોટલી યાદ આવી પણ જો વેશ્યાને કહીશ તો મને જવા દેશે નહિ. સોનું જાય તો ભલે જાય પણ મારી પ્રતિજ્ઞા તૂટવી ન જોઇએ એક દિવસ બ્રહ્મચર્ય પાળવા માટે ૫૦૦ તોલા સોનાની એણે પરવા ન કરી. સોના કરતાં પ્રતિજ્ઞાનું એને વધુ મહત્વ લાગ્યું અને હોવું પણ જોઇએ. સંસ્કૃતમાં કહ્યું છે કે "प्राणान्ते ऽ पि न भंक्तव्यं गुरु साक्ष्येकृतं व्रतम्।" ગુરૂની પાસે જે વ્રત લીધું હોય તેનું પ્રાણ જાય તો પણ દૃઢતાપૂર્વક પાલન કરવું જોઇએ. પ્રાણ જાય પણ વ્રત નહિ જવું

જોઇએ. પચ્ચખાણ લેવા એ માથા સાટે માલ લેવા બરાબર છે માટે એનું બરાબર પાલન કરવું જોઈએ.

કાનડ તો ગયો તે ગયો. કલાક બે કલાક થયા. વેશ્યા તેની રાહ જોવા લાગી પણ કાનડ પાછો આવ્યો નહિ. એણે સોનાની પોટલી સાચવીને મૂકી દીધી. ને બીજે દિવસે સવારમાં રાજા પાસે મોકલી દીધી ને કહેવડાવી દીધું કે આ પોટલી જેની હોય તેને પહોંચાડી દેજો. દેવાનુપ્રિયો! તમને તો એમ થયું હશે કે કાનડ ભલે ચાલ્યો ગયો પણ વેશ્યાએ સોનું રાજાના દરબારમાં કેમ મોકલી દીધું? આજે ભલભલા માણસનું મન પીળું જોઈને શીળું થઇ જાય છે ને વેશ્યાઓ તો ખાસ કરીને પૈસાની પૂજારણ હોય છે. પણ આ વેશ્યા હતી છતાં જેવો કાનડને નિયમ હતો તેવો વેશ્યાને પણ નિયમ હતો કે મને રોજ એક પુરૂષ ખપે ને એની પાસેથી ૫૦૦ રૂા. લેવા. એક પુરૂષ આવી ગયા પછી બીજો પુરૂષ લાખ રૂપિયા આપે તો પણ એને ખપે નહિ. આવી દૃઢ નિયમવાળી હતી એટલે કાનડનું સોનું તેને ક્યાંથી ખપે?

વેશ્યાએ મોકલાવેલી સોનાની પોટલી રાજાને મળી એટલે ગામમાં રાજાએ ઢાંડી પીટાવી કે રાજ દરબારમાં એક સોનાની પોટલી આવી છે, જેની હોય તે આવીને લઈ જાય. ઢાંડી સાંભળી કઠીયારો ત્યાં આવ્યો ને તેની પોટલી માંગી. એનો દેખાવ જોઇને રાજાએ કહ્યું કે તું આ સોનાનો માલિક હોય તેમ તારી મુખાકૃતિ દેખાતી નથી. કદાચ તારી પોટલી હોય તો તું સાચું બોલી જા કે તું ક્યાંથી લાવ્યો છે? ત્યારે કઠિયારો કહે છે સાહેબ! હું કાંઇ ચોરી કરીને નથી લાવ્યો. આ ગામના ફલાણા શેઠને ત્યાં લાકડાની ભારી વેચવા ગયો હતો તે શેઠે મને આ સોનું આપ્યું છે. તરત રાજાએ શેઠને બોલાવ્યા ને પૂછયું કે તમે આટલું બધું સોનું આ કઠિયારાને કેમ આપ્યું? ત્યારે શેઠે કહ્યું કે એ ચંદનના લાકડા લાવ્યો હતો તેથી મેં તેની કિંમત કરીને આપ્યું છે. કારણ કે મારે એવો નિયમ છે કે અનીતિ કરીને કોઈ ચીજ લેવી નહિ. ત્યાર પછી રાજાએ વેશ્યાને બોલાવીને પૂછયું કે જેણે તને આ સોનાની પોટલી આપી હતી તે આ પુરૂષ છે? ત્યારે વેશ્યાએ કહ્યું હા, આ તેજ પુરૂષ છે. ફરીને રાજાએ પૂછયું કે આ પોટલી વેશ્યાને આપીને તું ક્યાં ચાલ્યો ગયો હતો? ત્યારે કાનડે કહ્યું હું તેને ઘેર ગયો હતો પણ મારે એવો નિયમ છે કે દર પુનમના દિવસે બ્રહ્મચર્ય પાળવું એ યાદ આવતાં જંગલ-જવાનું બહાનું કાઢીને હું ચાલ્યો ગયો. ત્યારે વેશ્યાએ કહ્યું- મેં એની ખૂબ રાહ જોઇ પણ તે ન આવ્યો ને મારે પણ એવો નિયમ છે કે મારે રોજ એક પુરૂષ ખપે ને તે પણ ૫૦૦ રૂા. એની પાસેથી લેવાના. આ તો મેં સાચવવા માટે પોટલી રાખી હતી. એ જાય ત્યારે પાછી આપવાની હતી. બધાની વાત સાંભળીને પૂરી ખાત્રી કરીને રાજાએ કાનડકઠીયારાને સોનાની પોટલી પાછી આપી દીધી. ને તેમની ખૂબ પ્રશંસા કરી કે

તમને ધન્ય છે ને હું પણ ભાગ્યવાન છું કે મારા ગામમાં આવા નીતિવાન અને દૃઢપ્રતિજ્ઞ માણસો વસે છે.

ઘણાં સમય પછી ગામમાં કેવળી ભગવંત પધાર્યા. ત્યારે લોકોએ તેમને પૂછ્યું કે ભગવાન! અમારા ગામમાં આવા નીતિવાન આત્માઓ વસે છે. જેમાં શેઠે કઠીયારા પાસેથી ચંદનના લાકડા અનિતીથી ન લીધા. વેશ્યાએ પણ રહેજે મળેલું સોનું લીધું નહિ ને કાનડકઠીયારાએ પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા માટે સોનાનો મોહ છોડી દીધો ને રાજાએ બરાબર ન્યાય કર્યો. તો આપ કહો કે આ બધામાં શ્રેષ્ઠ કોણ? ત્યારે ભગવંતે કહ્યું કે આ બધામાં કાનડકઠીયારો સર્વશ્રેષ્ઠ ધન્યવાદને પાત્ર છે. બંધુઓ! ખુદ કેવળી ભગવંતે પણ શેઠની પ્રશંસા ન કરી. રાજાની કે વેશ્યાની કોઇની પ્રશંસા ન કરી. ફક્ત કાનડ કઠીયારાની પ્રશંસા કરી તેનું કારણ તમે સમજ્યા? એણે સંતની પાસે લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કર્યું હતું. શેઠ-વેશ્યા અને રાજા એ ત્રણ નીતિવાન હતા, જ્યારે કઠીયારાએ આટલી ગરીબાઇમાં પણ પ્રતિજ્ઞાનું પાલન કર્યું ને ધનનો મોહ છોડી દીધો. એટલે તેની પ્રશંસા કરી.

આ પ્રશંસા થવાનું મૂળ કારણ શું છે? સંતોની સેવા. જો કાનડકઠીયારો સંતને માર્ગ બતાવવા ગયો ન હોત તો આવું વ્રત અંગીકાર ન કરત. કેવળી ભગવાન એની પ્રશંસા ન કરત ને આપણે પણ એને યાદ ન કરત. એ કઠીયારાના મનમાં પણ એમ થયું કે મેં સંતને માર્ગ બતાવ્યો, એમની પાસે પ્રતિજ્ઞા લીધી તો થોડા દિવસમાં આટલો બધો લાભ મળ્યો. તો એમના જેવો બની જાઉં તો કેટલો લાભ મળે! આ તો દ્રવ્યસુવર્ણ મળ્યું પણ એમના જેવો બની જાઉં તો મારો આત્મા સોના જેવો તેજસ્વી બની જાય. લાકડા કાપનારો કાનડકઠીયારો આત્મા ઉપર રહેલા કર્મોને કાપનારો બની ગયો. સત્સંગનો કેટલો અજબ મહિમા છે!

જમાલિકુમારનો વૈરાગ્ય પણ ઉચ્ચ કોટીનો છે. એની સાથે ૫૦૦ તો પુરૂષો દીક્ષા લેવા નીકળ્યા. પ્રભુના સમોસરણમાં આવી પ્રભુના દર્શન કરીને તેઓ વેશ પરિવર્તન કરવા માટે ગયા. જમાલિકુમાર સ્વયં એક પછી એક અલંકાર ઉતારી રહ્યા છે ને માતા તેના ખોળામાં હંસલક્ષણયુકત શ્રેષ્ઠ વસ્ત્રમાં ઝીલી રહી છે. એ ઝીલતાં ઝીલતાં આંખોમાંથી અશ્રુની ધારા વહી રહી છે. બસ, હવે મારો દીકરો ચાલ્યો. હવે મારે એને દીકરા કહીને કદી બોલાવવાનો નહિ. એ પણ હવે મને માતા કહેશે નહિ. આજથી અમારો સબંધ છૂટી જાય છે. રડતાં રડતાં પણ માતા શું કહે છે–હે દીકરા!

"जाइ सद्धाइ निक्खन्तो, परियाय ठाणमुत्तमं।
तमेव अणुपालेज्जा, गुणे आयरिय संमए॥"

દશ. સૂ. અ. ૮, ગાથા ૬૧

તું જે શ્રદ્ધાથી નીકળે છે તે શ્રદ્ધાપૂર્વક સંયમનું પાલન કરજે. તું જેવી ઉત્કૃષ્ટ ભાવનાથી દીક્ષા ગ્રહણ કરે છે એવી ઉત્કૃષ્ટ ભાવનાથી સંયમનું પાલન કરજે અને એવો પુરૂષાર્થ કરજે કે જેથી આ જન્મમાં હું તારા વિયોગથી દુઃખી થઇ રહી છું તેવી રીતે ફરીને બીજી માતાને દુઃખી ન થવું પડે. ટૂંકમાં માતાએ પુત્રને કેવી ગંભીર શિખામણ આપી કે હે દીકરા ! તું સંયમ લઈને એવી ઉગ્ર સાધના કર કે જેથી કરીને તારે માતાના ગર્ભમાં આવવું પડે નહિ. ને તું જન્મ-મરણના દુઃખથી મુકત બની જાય. કારણ કે જેની કુંખે જન્મ લે છે તેને વિયોગનું દુઃખ સાલે છે. જન્મ છે ત્યાં મરણ છે. તો હવે જન્મ લેવો ન પડે તો પછી માતાને રડવાનો વખત કયાંથી આવે ? જન્મ નથી તો મરણ નથી. કંઇ નથી. માટે તું બીજી માતાને રોવડાવીશ નહિ. આટલું કહ્યા પછી શું કહે છે : "घडियव्वं जाया ! जइयव्वं जाया, परक्कमियव्वं जाया, अस्सिं च णं अट्ठेणो पमादे ।।" હે પુત્ર ! તું સંયમને વિષે પ્રયત્ન કરજે, ને પરાક્રમ કરજે. સંયમ લઇને જરા પણ પ્રમાદ કરીશ નહિ. ખૂબ જાગૃત રહેજે. પરની પંચાતમાં પડીશ નહિ. માન-પ્રશંસામાં તણાઇશ નહિ. બસ, જ્ઞાન-ધ્યાન અને ગુરૂની સેવામાં મસ્ત રહેજે. તારો સંયમ પંથ નિષ્કંટક બનો. તું જલ્દી જલ્દી નિર્વાણપદને પ્રાપ્ત કર. એવા શુભ આશિષ આપીને માતા ચાલી ગઈ. હવે જમાલિકુમાર વેશપરિવર્તન કરીને પ્રભુની પાસે પહોંચશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

"આયાસ સંનિવેશમાં ચંડાળને બચાવ્યો"

ચરિત્ર : ધરણસેને પલ્લીપતિ ભીલ, તેની પત્ની અને તેના ગર્ભમાં રહેલા જીવને અભયદાન આપી મહાન પુણ્ય ઉપાર્જન કર્યું મે ત્યાંથી પોતાના સાર્થમાં આવ્યો ગયો. બીજે દિવસે તેનો સાર્થ ત્યાંથી ઉપડયો. માર્ગમાં પડાવ નાંખતાં ઘણાં દિવસે આયાસ નામના સંનિવેશમાં આવીને તેમણે પડાવ નાંખ્યો છે. ત્યાં શું બનાવ બને છે ?

કેટલાક રાજપુરૂષો એક ફાટલા તૂટલા વસ્ત્ર પહેરેલા માણસને પકડીને ઢોલ નગારા વગાડતા વધસ્થાનક તરફ લઇ જાય છે. તેની આંખમાંથી દડદડ આંસુ પડે છે. મરવું કોઇને ગમતું નથી. કીડીથી માંડીને કુંજર સુધીના દરેક જીવોને જીવવું ગમે છે. જીવવાની આશાથી રાજપુરૂષોએ જેને પકડયો છે તે માણસ મોટી બૂમ પાડીને બોલ્યો. હે સાર્થવાહો ! તમે સાંભળો. હું મહાશર ગામનો નિવાસી મૌર્ય નામનો ચંડાળ છું ને કોઈ કામ પ્રસંગે કુશ-સ્થળ તરફ જઇ રહ્યો છું. સાચો ચોર છટકી ગયો છે ને મને નિરપરાધીને આ ઠગાએલા રાજપુરૂષોએ જોયો એટલે પકડયો છે તો હે સાર્થવાહ ! હું તમારા શરણે છું. તમે મને છોડાવો. મને મરવાનું દુઃખ નથી. પણ વગર ચોરી કર્યે મારા હાથે ચોરનું કલંક ચઢયું છે તેનું મને અત્યંત દુઃખ થાય છે, તો તમે મને છોડાવો. આ સાંભળી દયાળુ હૃદયના ધરણના મનમાં થયું કે નક્કી આ માણસ નિર્દોષ

લાગે છે. જો ગુન્હેગાર હોય તો આવું બોલી શકે નહિ. એટલે ધરણે રાજાના માણસોને કહ્યું–ભાઈઓ! તમે થોડીવાર ખમી જાવ. એને મારશો નહિ. એ માણસ નિર્દોષ લાગે છે. હું મહારાજાની પાસે જઈને આવું છું.

ધરણ તેને સાથે લઇને મહારાજા પાસે આવ્યો. સર્વ પ્રથમ તેણે રાજાને સવાલાખ રૂપિયાની કિંમતની મોટી માળા ભેટ આપીને ચોરને છોડાવવા વિનંતી કરી. રાજા કહે છે ગુન્હેગાર છે. ત્યારે ધરણે બધી વાત રાજાને સમજાવી એટલે રાજાના ગળે વાત ઉતરી ગઇ. તેથી રાજાએ ચંડાળને જીવતો છોડી દેવાની આજ્ઞા કરી તેથી તેને છૂટો કરવામાં આવ્યો. ચંડાળ છૂટયો એટલે ધરણના પગમાં પડયો ને કહ્યું– મહાનુભાવ! તમે મને છોડાવીને મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. હું તમારા જેટલા ગુણ ગાઉં તેટલા ઓછા છે. ત્યારે ધરણ કહે છે હે ભાઇ! મેં તો કંઇ કર્યું નથી. મારી ફરજ બજાવી છે. એમ કહીને એ ચંડાળ ખૂબ ભૂખ્યો હોવાથી તેને ખાવાનું અપાવી કહ્યું– હે ભદ્ર! તું તારા કામે ચાલ્યો જા. હવે તારી આવી દશા ન થાય કે જેમાં મારી જરૂર પડે. ચંડાળ ધરણના પગમાં પડી તેનો વારંવાર ઉપકાર માનતો ત્યાંથી ચાલ્યો ગયો. ધરણે ઘણાં દિવસ આયાસ સંનિવેશમાં રહી ખૂબ વ્યાપાર કર્યો પછી ત્યાંથી આગળ વધ્યો.

ત્યાંથી પ્રયાણ કર્યા પછી ધરણ ફરતો ફરતો કેટલાક દિવસે અચલપુરમાં આવ્યો. ત્યાંના રાજા પાસે જઈને સારી રકમ ભેટ આપી એટલે રાજાએ તેનું બહુમાન કરી કયાંથી આવ્યા છો? વિગેરે ક્ષેમકુશળ પૂછયા ને ત્યાં વ્યાપાર કરવાની રજા આપી. એટલે અચલપુરમાં વ્યાપાર શરૂ કર્યોને ખૂબ ધન કમાયો. થોડા વખતમાં એને આઠગણો નફો થયો. ધનની ગણત્રી કરતાં કરોડ સુધીનો આંક પહોંચી ગયો. ધરણ દાન ખૂબ કરે છે એટલે ગામમાં તેની કીર્તિ ખૂબ વધી ગઈ. હવે એને લાગ્યું કે મારે વધું કમાઇને શું કામ છે? હવે માકંદી નગરી જાઉં. એટલે તેણે વધારાનો માલ વેચી દીધો. જરૂરિયાત પૂરતો માલ માકંદીમાં લઇ જવા માટે વહાણમાં ભરાવી દીધો. હવે તે મોટા પરિવાર સાથે ખૂબ આનંદભેર સ્વદેશ જવા માટે નીકળ્યો. હજુ તેને માર્ગમાં કેવી મુશ્કેલીઓ નડશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૯૭

આસો વદ ૬ ને બુધવાર **તા. ૧૭-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

જગતવંદનીય પરમતારક જિનેશ્વર ભગવંતોએ તેમની પવિત્ર વાણીદ્વારા માનવને જીવન જીવવાની કળા બતાવી છે. જેના પૂરા સદ્‌ભાગ્ય હોય તેને વીતરાગવાણી સાંભળ-

વાનો શુભ અવસર મળે છે. જ્ઞાની કહે છે હે માનવ! તું બધાને ઓળખે છે પણ તને પોતાને ઓળખતો નથી. તમને એમ થશે કે શું અમે અમને ઓળખતા નથી? ખરેખર આજે ઘણા જીવો એવા છે કે જે પોતે પોતાને ઓળખતા નથી. જો તમને પ્રભુની વાણી ઉપર શ્રદ્ધા હોય, વિશ્વાસ હોય તો પોતાને ઓળખવાનો પુરૂષાર્થ કરો. અનંતકાળથી આત્માએ પોતાને ઓળખવાનો પુરૂષાર્થ કર્યો નથી એટલે અનંતકાળથી પોતાને ભૂલીને પરમાં પડયો છે. હવે સ્વતરફ વળો ને વિચાર કરો કે આ માનવજન્મ પામીને મારૂં શું કર્તવ્ય છે? જ્યારે સ્વતરફનું ભાન થશે ત્યારે તમારો અંતરાત્મા બોલી ઉઠશે કે ઉઠ, ઉભો થા, કર્તવ્યની કેડી તારી રાહ જુવે છે. કર્તવ્યનો સાદ તને કેમ સંભળાતો નથી? કર્તવ્યને ખાતર સારા જીવનને સમર્પણ કરી દે. જે કર્તવ્યને સમજતો નથી તેની આકૃતિ માનવીની છે, પ્રકૃતિ પશુની છે, ને કૃતિ રાક્ષસની છે. તમારે કર્તવ્યની કેડીએ કદમ ઉઠાવવા હોય, માનવતાના તેજ પ્રગટાવવા હોય તો સદાચારની સૌરભ માણી લો. એ તો તમે જાણો છો ને કે મહાન પુરૂષો મહાન કયારે બન્યા? શું એમની આકૃતિ આપણાથી જુદી હતી? એમને બે હાથને બદલે ચાર હાથ હતા? ના. એમાં તો કંઈ ફેરફાર નહોતો પણ આપણા વર્તનમાં ને એમના વર્તનમાં ફેર છે. એમણે જીવનમાં સંયમની સૌરભ ફેલાવી તેથી મહાન બન્યા. મહાવીર ભગવાન રાજમહેલમાં વસતા હતા ત્યારે તેમના અંતરમાં કર્તવ્યનો શંખનાદ ગાજી ઉઠયો હતો.

માયાના મહેલોમાં રહેતા વીરે જોયું જાગી,
આવ્યો છું અમર થવાને એકજ લગની લાગી
સંયમ તો સ્નેહથી લીધો, બન્યા એ મહાન વૈરાગી...માયાના

સમતાની સડક પર વીરે લોચન દીધા ઢાળી,
ઉપસર્ગોના પહાડ તૂટયા તોયે કાળી ચીસ ના પાડી
કીધા સંગ્રામ જીવનથી બન્યા એ વીર વીતરાગી....માયાના...

શું મારૂં જીવન ચાર દિવાલમાં સમાપ્ત થશે? મોજશોખ ને ભોગ-વિલાસ એ મારૂં જીવન છે? 'ના.' મારે મારા કર્તવ્યનું પાલન કરવું, કરાવવું, સાચા રાહે જવું ને બીજા જીવોને સાચા રાહે લઇ જવા એ મારૂં કર્તવ્ય છે. રાજમહેલનો ત્યાગ કરી સંયમ લીધો ને સંયમ લઇને મનમાં એક લગની લાગી કે હવે મારે જન્મ-મરણ કરવા નથી. મારે અમર બનવું છે. આત્માને અમર બનાવવા માટે કેટલા કષ્ટો સહન કર્યા! કર્મ ખપાવવા અનાર્ય દેશમાં ગયા. ત્યાં કેટલી ભૂખ-તરસ, માન-અપમાન સહન કર્યા. ભરવાડે કાનમાં ખીલા નાંખ્યા, સંગમે ઉપસર્ગો આપ્યા, ચંડકૌશીકે પગમાં ડંખ દીધો. આવા ભયંકર ઉપસર્ગોના તેમના માથે પહાડ તૂટી પડયા તો પણ એક ઉંકાર સરખો કર્યો નથી. ગજબ સમતા રાખી છે. તપ કરીને કાયાને હાડપિંજર જેવી બનાવી દીધી

ને આત્મસાધનામાં અડગ રહ્યા. ને જીવનસંગ્રામમાં કર્મરૂપી દુશ્મનો સાથે શૂરવીરતાથી યુદ્ધ કરી ઘાતીકર્મોને ઉડાડી કેવળજ્ઞાન પામ્યા ને અનેક ભવ્ય જીવોને આત્મકલ્યાણનો માર્ગ બતાવ્યો.

આપણે જેનો અધિકાર ચાલે છે એવા જમાલિકુમાર પ્રભુની વાણી સાંભળી આત્મકલ્યાણના કામી બન્યા. ભગવાનના ચરણે જીવનનાવ ઝૂકાવવા જેનો આત્મા ઝંખી રહ્યો હતો તેમની તે ભાવના આજે પરિપૂર્ણ બને છે. પ્રભુના દર્શન કરી વેશપરિવર્તન માટે ગયા. ત્યાં એમણે પહેલાં ઢાગીના ઉતાર્યા. માતાએ ઝીલ્યા અને દુઃખિત હૈયે દીકરાને શુભાશીષ આપીને કહ્યું – ફરીને મારા જેવી માતાઓને રોવડાવવી ન પડે એવો પુરૂષાર્થ કરી આત્માને અમર પદ પ્રાપ્ત કરાવી દે. સંયમ લઈને જરા પણ પ્રમાદ કરીશ નહિ. આ પ્રમાણે કરીને ભગવંતને વંદન નમસ્કાર કરીને તેના માતા–પિતા જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં ચાલ્યા ગયા. ત્યાર પછી શું બન્યું ?

" तए णं जमालि खत्तियकुमारे सयमेव पंचमुट्ठियं लोयं करेइ करेइत्ता जेणे व समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता एवं जहा उसहदत्तो तहेव पव्वइओ । "

જમાલિકુમારે વેશપરિવર્તન કરી પોતાની જાતે પંચમુષ્ટિ લોચ કર્યો. લોચ કરીને શ્રમણ ભગવાન મહાવીર પાસે આવ્યા અને જમાલિકુમારે ઋષભદત્ત બ્રાહ્મણની જેમ પાંચસો પુરૂષોની સાથે દીક્ષા લીધી.

આપણે ભગવતી સૂત્રના નવમા શતકના તેત્રીશમા ઉદ્દેશાનો અધિકાર ચાલે છે. આ જમાલિકુમારના અધિકારની પહેલાં ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણીનો અધિકાર આવે છે. આપણે એ અધિકારથી શરૂઆત કરી હોત તો આખો અધિકાર પૂરો ન થાત. માટે પાછળનો જમાલિકુમારનો અધિકાર લીધો છે. અહીંયા શાસ્ત્રકાર લખે છે કે જેવી રીતે ઋષભદત્ત બ્રાહ્મણે દીક્ષા લીધી હતી તેવી રીતે જમાલિકુમારે દીક્ષા લીધી. એ ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણીને કેવી રીતે વૈરાગ્ય આવ્યો હતો તે જાણો છો ?

ભગવાન મહાવીર સ્વામીનો આત્મા દશમા દેવલોકથી ચ્યવીને સર્વપ્રથમ દેવાનંદા બ્રાહ્મણીની કુંખે ઉત્પન્ન થયો હતો. સાડીબ્યાસી રાત ભગવાન એમના ગર્ભમાં રહ્યા હતા. તીર્થંકર ભગવંતનો આત્મા બ્રાહ્મણને ત્યાં જન્મે નહિ. એ ક્ષત્રિયને ત્યાં જન્મે. ઈન્દ્રે એક વખત અવધિજ્ઞાન મૂકીને જોયું તો પ્રભુને ઋષભદત્ત બ્રાહ્મણને ઘેર દેવાનંદાની કુક્ષીમાં ઉત્પન્ન થયેલા જોયા એટલે હરણગમેષી દેવને આજ્ઞા કરી કે તમે પ્રભુ મહાવીરનો આત્મા જે બ્રાહ્મણીની કુક્ષીમાં છે તેના ગર્ભનું સાહારણ કરીને ત્રિશલાદેવી ક્ષત્રિયાણીની કુંખે મૂકો ને ત્રિશલાદેવીની કુંખે જે પુત્રીપણે ગર્ભ છે તે દેવાનંદાની કુંખે મૂકો. એટલે હરણગમેષી દેવે એ પ્રમાણે કર્યું. પૂર્વભવમાં ત્રિશલાદેવી અને દેવાનંદા દેરાણી-જેઠાણી હતા. દેવાનંદાએ

ત્રિશલાના રત્નનો ડબ્બો ચોર્યો હતો એટલે આ ભવમાં રત્નના ડબ્બામાં મહાન તીર્થંકર પ્રભુ તેનાં ગર્ભમાં ઉત્પન્ન થયા પણ સાડીબ્યાસી રાત રહીને એ ગર્ભ ચોરાઇ ગયો. આ બનાવ બન્યા પછી ભગવાન ત્રિશલા માતાની કુંખે જન્મ્યા. ભગવાને દીક્ષા લીધી ને કેવળજ્ઞાન પામ્યા ત્યાં સુધી દેવાનંદાએ ભગવાનના દર્શન કર્યા ન હતા. એક વખત ભગવાન વિચરતા વિચરતા માહણકુંડ નગરમાં પધાર્યા ત્યારે ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણી પ્રભુના દર્શન કરવા ગયા. જ્યાં સમોસરણમાં પગ મૂકયા. ત્રિલોકીનાથને નિહાળ્યા ને દર્શન કર્યા એટલે દેવાનંદા માતાને અપૂર્વ આનંદ થયો. તે ઠરી ગઇ. અનિમેષ દૃષ્ટિથી પ્રભુ સામે જોઇ રહી ને એવો વાત્સલ્યભાવ ઉછળ્યો કે એના સ્તનમાંથી દૂધની ધાર છૂટી ને ભગવાનના મુખ ઉપર છંટાઇ. આ જોઈને ગૌતમાદિ ગણધરોને આશ્ચર્ય થયું ને બોલ્યા–પ્રભુ! સેંકડો માતાઓ આપના દર્શને આવી પણ આ માતાના મુખ ઉપર અલૌકિક આનંદ છે ને આ દૂધની ધારા આપના મુખ ઉપર છંટાઇ તેનું શું કારણ? ભગવાન કહે છે હે ગૌતમ! એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. એ મારી પૂર્વની માતા છે. ત્યારે બધા સંતો કહે છે આપના માતાજી તો ત્રિશલાદેવી છે. ત્યારે ભગવાન કહે છે સર્વ પ્રથમ હું દેવલોકમાંથી ચ્યવીને એના ગર્ભમાં ઉત્પન્ન થયો હતો. સાડીબ્યાસી રાત હું ત્યાં રહ્યો હતો. પ્રભુના મુખેથી આ શબ્દો સાંભળી દેવાનંદા માતા ખૂબ અફસોસ કરવા લાગી કે હું કેવી કમભાગી! મારી કુંખે આવેલા પ્રભુ ચાલ્યા ગયા. ત્યાં ભગવાને તેમને ઉપદેશ આપ્યો. પ્રભુની વાણી સાંભળીને ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા માતા વૈરાગ્ય પામી ગયા ને ત્યાં ને ત્યાં દીક્ષા લીધી. આ ઋષભદત્ત બ્રાહ્મણ ખૂબ વૈભવશાળી હતા. છતાં ઘરબારની વ્યવસ્થા કરવા પણ ન ગયા. કેવો ઉત્કૃષ્ટ વૈરાગ્ય હશે! ઋષભદત્તે જે રીતે દીક્ષા લીધી હતી તે રીતે જમાલિકુમારે ૫૦૦ પુરૂષોની સાથે દીક્ષા લીધી.

"णवरं पंचहि पुरिस सएहिं सद्धिं तहेव जाव सामाइयमाइयाइं एक्कारस अंगाइ अहिज्जइ, अहिज्जइत्ता बहूहिं चउत्थ छट्ठट्ठम जाव मासद्ध मासखमणेहिं विचितेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणे विहरइ।"

દીક્ષા લઇને જમાલિ અણગાર સામાયિક આદિ અગિયાર અંગોને ભણે છે. ભણીને ઘણાં ચઉત્થ ભકત, છઠ્ઠ, અઠમ, અર્ધ માસખમણ અને માસખમણ આદિ વિચિત્ર તપ કર્મ વડે આત્માને ભાવિત કરતા વિચરે છે. તપશ્ચર્યા કરીને શરીરને સુકકે ભૂકકે કરી નાંખ્યું ને સંયમમાં આત્મચિંતન, સ્વાધ્યાય–ધ્યાન આદિમાં રકત રહેવા લાગ્યા. આ રીતે જમાલિ અણગારને સંયમ લીધા ઘણો સમય વ્યતીત થયા પછી એક દિવસ જમાલિ અણગાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે આવ્યા ને પ્રભુને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું :–

"इच्छामिणं भंते तुब्भेहिं अब्भणुण्णाए समाणे पंचहि अणगार सएहिं सद्धिं बहिया जणवय विहारं विहरित्तए।"

હે ભગવંત! હે પૂજ્ય! આપની અનુમતિ–આજ્ઞા હોય તો હું (૫૦૦) પાંચસો શિષ્યોની સાથે બહાર જનપદમાં વિહાર કરવા ઇચ્છું છું.

બંધુઓ! જમાલિકુમારે દીક્ષા લીધી ત્યારે તેની સાથે ૫૦૦ પુરૂષોએ દીક્ષા લીધી હતી. તેમને જમાલિ અણગારના શિષ્ય તરીકે સ્થાપન કર્યા હતા એટલે અગિયાર અંગનું જ્ઞાન પ્રાપ્ત કરી સંયમમાં સ્થિર થયા બાદ જમાલિ અણગારના મનમાં થયું કે હવે આ ૫૦૦ શિષ્યોની સાથે અલગ વિચરું. લોકોને ધર્મ પમાડું ને ધર્મનો ફેલાવો કરું પણ ખરી રીતે જ્યાં ખુદ તીર્થંકર ભગવંતનું સાનિધ્ય હોય, તત્ત્વની છણાવટ થતી હોય, જ્ઞાનામૃતના પ્યાલા પીવા મળતા હોય તે છોડીને એકલા વિચરવાની ભાવના જાગી એ મોટું નુકશાન છે. જે અરિહંતના સાનિધ્યમાં રહે એનો બેડો પાર થઇ જાય. સદ્ગુરૂના સાનિધ્યમાં શિષ્યની ખૂબ જાગૃતિ રહે છે. જમાલિ અણગારને ભગવાનને છોડીને જવાનું મન થયું. આપણે પણ પ્રભુની વાણી સાંભળી હશે પણ અત્યારે આપણને જેટલી જાગૃતિ છે તેટલી તે સમયે નહિ હોય. એટલે ભવમાં ભટકતા રહી ગયા છીએ. જમાલિ અણગારે કહ્યું–પ્રભુ! આપની આજ્ઞા હોય તો હું ૫૦૦ શિષ્યોની સાથે બહાર જનપદમાં વિહાર કરૂં. ભગવાન તો સર્વજ્ઞ હતા. એમનું ભાવિ કેવું છે તે જાણતા હતા. એટલે મૌન રહ્યા. ન તો હા કહી, ન તો ના કહી. કારણ કે ભગવાન હા પાડે કે ના પાડે પણ એ તો જવાના હતા. એટલે ભગવાન મૌન રહ્યા. તમારો દીકરો તમને કહે હે બાપુજી! મારે પરદેશ ફરવા માટે જવું છે તો તમારી રાજીખુશીથી આજ્ઞા હશે તો ખુલ્લા દિલથી કહેશે કે દીકરા! ખુશીથી જા. પણ તમારી જવા દેવાની ઇચ્છા નથી પણ તમને એમ થાય કે દીકરાને ના પાડીશ તો ખોટું લાગશે એટલે કાં દીલો જવાબ આપો કાં મૌન રહો. આ સમયે વિનયવાન અને સમયસૂચક દીકરો હોય કે ગુરૂનો શિષ્ય કે શિષ્યા હોય તો સમજી જાય કે મારા પિતાજી અથવા ગુરૂ ગુરૂણીની રાજીખુશીથી સંમતિ નથી તેથી પોતે જાય નહિ. અહીં જમાલિ અણગારે આજ્ઞા માંગી પણ પ્રભુ મૌન રહ્યા. હવે ભગવાનના મૌનનો જમાલિ અણગાર કેવો અર્થ કરશે ને તે કેવી સ્થિતિમાં મૂકાઇ જશે તેના ભાવ અવસરે કહેવાશે.

"કાદંબરી વનમાં સાર્થનો પડાવ"

ચરિત્ર:– ધરણ ચાર મહિનામાં ક્રોડ રૂપિયા કમાયો તેથી તેના મનમાં થયું કે આપણે હવે ઘર ભણી જઇએ. તેથી ચારે બાજુ દ્વાન કરતાં સાર્થવાહ સાથે ઘર તરફ જવા નીકળ્યો. લક્ષ્મીના મનમાં થયું કે હવે ઘરે પહોંચ્યા પહેલાં આનો નાશ કેવી રીતે કરૂં? તેમ વિચાર કરી રહી છે. સાર્થવાહ સાથે ધરણ કાદંબરી વનમાં

આવે છે ને રાત પડી જવાથી ત્યાં રોકાય છે. ત્યાં ચોર લોકોએ સાર્થવાહના માણસોને ખૂબ માર્યા અને લૂંટી લીધા. પછી માણસોને તથા લૂંટેલા ધનને લઇને ચોરો તેમના નાયક પાસે આવે છે ને નાયકને બતાવે છે, તો નાયક કોણ હતો તે સાંભળો. જેને સિંહે માર્યો હતો ને ધરણે તેને બચાવ્યો હતો તે કાળસેન હતો. કાળસેને પકડેલા માણસોને જોયા. તેમાં ધરણનો અનુચર સંગમ નામનો એક માણસ હતો તેને કાળસેને ઓળખ્યો ને કહ્યુ–સંગમ! તું અહીં ક્યાંથી આવ્યો? અને મને જીવિતદાન આપનાર મારા મહાન ઉપકારી ધરણસેન ક્યાં ગયા? ત્યારે સંગમે કહ્યું આ તેનો જ સાર્થ છે. આ લૂંટારાઓ અમારા ઉપર આક્રમણ કરવાથી બધા છૂટા પડી ગયા છીએ. તેઓ ક્યાં ગયા તે મને ખબર નથી. આ સાંભળી કાળસેનને ખૂબ દુઃખ થયું ને તેના માણસોને કહ્યું–તમે મારા પરમ ઉપકારી ધરણ શેઠને શોધી લાવો. તેના માણસોએ ખૂબ તપાસ કરી પણ ધરણનો પત્તો લાગ્યો નહિ. ત્યારે તેણે પ્રતિજ્ઞા કરી કે પાંચ રાત્રી સુધીમાં જો એ ઉપકારી શેઠનો મને મેળાપ નહિ થાય તો હું અગ્નિમાં બળી મરીશ. ને તેની ગોત્રદેવી પાસે માનતા કરી કે જો મને ધરણનો મેળાપ થશે તો દશ પુરૂષોનું બલિદાન આપીશ. આવી પ્રતિજ્ઞા કરીને ફરી ધરણની શોધમાં નીકળ્યો. અજ્ઞાની લોકો કેવી પ્રતિજ્ઞા કરે છે!

ધરણ શિલિંધ્ર નિલય પર્વત ઉપર:– સાર્થ લૂંટાઇ જવાથી આખા સાર્થના માણસો જીવ બચાવવા માટે આમતેમ ભાગી ગયા. ધરણ અને લક્ષ્મી પણ એક તરફ ભાગ્યા. ચાલતા ચાલતા તેઓ શિલિંધ્ર નિલય પર્વત ઉપર આવી ચઢયા. અત્યારે ધરણ પાસે વિદ્યાધરે આપેલ ઔષધિવલય સિવાય બીજી કંઈ સંપત્તિ ન હતી. ક્યાં જવું તેની ખબર પડતી નથી. સાંજ પડવા આવી હતી. જે પર્વત ઉપર પહોંચ્યા એ પર્વત ખૂબ ભયાનક હતો. પણ પગપાળા ચાલવાથી ખૂબ થાકી ગયા હતા. અતિ શ્રમ પડવાને લીધે શરીર પરસેવાથી રેબઝેબ થઇ ગયું હતું. હવે ચાલવાની શકિત રહી ન હતી. એટલે પાંદડાની પથારી કરી બંને પર્વત ઉપર સૂઇ ગયા. લક્ષ્મીને જોઈને ધરણના મનમાં થયું કે મારે લીધે આને પણ કેટલા કષ્ટ સહન કરવા પડે છે. ત્યારે લક્ષ્મી એનાથી જુદો વિચાર કરે છે કે કયારે એ મરી જાય!

"ધરણની સજ્જનતા":– સવાર પડતાં ધરણે એક ઝાડ ઉપર ચઢીને પાણીની ખૂબ તપાસ કરી પણ ક્યાંય પાણી દેખાયું નહિ. કાંઇ વનફળ પણ જોવામાં ન આવ્યા. એટલે તેઓ આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં એક પહોર દિવસ બાકી રહ્યો ત્યારે ભૂખ અને તરસથી લક્ષ્મીને ચક્કર આવવા લાગ્યા. એક વડના ઝાડ નીચે એ ઢળી પડી બેભાન થઈ ગઇ. ધરણે તેને ખૂબ પંપાળી. રહેજ ભાન આવતા ભાંગ્યાતૂટયા શબ્દોમાં બોલી કે મને ખૂબ તરસ લાગી છે. ધરણ પાણીની તપાસ કરવા એક ઉંચા વૃક્ષ ઉપર ચઢયો ને ચારે તરફ દૃષ્ટિ કરી પણ ક્યાંય જળાશય દેખાયું નહિ. એટલે વૃક્ષ

ઉપરથી નીચે ઉતર્યો ને મનમાં વિચાર કરવા લાગ્યો કે પાણી વિના લક્ષ્મી જીવશે નહિ માટે શું કરવું? આમ વિચાર કરતો કરતો ચાલ્યો જાય છે. એટલામાં તુવરઠિયા નામની વનસ્પતિ જોઈને તેને યાદ આવ્યું કે આ વનસ્પતિનો રસ લોહીમાં ભેળવવામાં આવે તો લોહી સ્વચ્છ પાણી બની જાય. મારી પાસે ઘા રૂઝવવાની ઔષધિ છે તેનાથી ઘા રૂઝવી નાંખીશ એમ વિચાર કરી ધરણે પોતાના હાથની નસ કાપી પડિયામાં લોહી ઝીલીને તેમાં તુવરઠિયા વનસ્પતિનો રસ નાંખી સ્વચ્છ પાણી બનાવી લક્ષ્મી પાસે આવ્યો, ને કહ્યું, લે આ પાણી મળી ગયું તું પી લે અને તારી તૃષાને શાંત કર. લક્ષ્મીએ પાણી પીધું એટલે તેને ચેતના આવી. થોડી વાર આરામ લઈને તેઓ ઉત્તર દિશા તરફ ચાલ્યા ને મહાશર નામના ગામમાં આવ્યા. સૂર્યાસ્ત થઈ ગયો હતો એટલે ગામબહાર એક યક્ષના મંદિરમાં સૂઈ ગયા. પહોર રાત્રી ગઈ એટલે લક્ષ્મી કહે છે સ્વામીનાથ! મને ખૂબ તરસ લાગી છે તેથી ધરણ પાણી લેવા ગયો. પાણી લાવીને લક્ષ્મીને પીવડાવ્યું પછી સૂઈ ગયો.

કૃતઘ્ની લક્ષ્મી:- દેવાનુપ્રિયો! આ સંસાર કેટલો વિષમ છે! ધરણ લક્ષ્મીને માટે કેટલા વાના કરે છે. એને જીવાડવા ખાતર પોતાની નસ કાપીને લોહી કાઢયું. ઔષધિ વડે તેણે ઘા રૂઝાવી દીધો. થાકેલો હોવા છતાં રાત્રે પાણી લાવીને તેને પાયું, છતાં લક્ષ્મી તો સદા તેનું અશુભ ચિંતવે છે કે શું કરું કે ધરણ દુઃખી થાય! ધરણ નિદ્રાધીન થઈ ગયો છે પણ લક્ષ્મીને ઉંઘ આવતી નથી. તે જાગતી પડી હતી. ચારે તરફ અંધકાર હતો.

આ સમયે એક બિહામણી આકૃતિવાળો પુરૂષ માથે પોટલું લઈને ત્યાં આવ્યો. અંધકારને લઈને એ મંદિરના ખૂણામાં સંતાવા ધીમે ધીમે ચાલ્યો જતો હતો. તે લક્ષ્મીના પગ સાથે અથડાયો. લક્ષ્મી તો જાગતી હતી એટલે તે પુરૂષનો સ્પર્શ થતાં બેઠી થઈને પેલા માણસની પાછળ પાછળ ગઈ ને જ્યાં યક્ષની મૂર્તિ હતી ત્યાં આવ્યા. એ મૂર્તિ પાસે ધીમો દીપક બળતો હતો. તેના પ્રકાશમાં પેલા માણસે લક્ષ્મીને જોઈ. તેનું રૂપ જોઈને તેના ઉપર મોહિત થઈ ગયો ને પોતાના માથે રહેલી પોટલી નીચે મૂકીને પૂછયું હે સુંદરી! તું કોણ છે? ને આવી અંધારી રાત્રે અહીં મારી પાછળ શા માટે આવી છું. ત્યારે લક્ષ્મી કહે છે હું એક પ્રેમી પુરૂષને શોધનારી અને શુદ્ધ પ્રેમને સંપાદન કરનારી સ્ત્રી છું, પણ તમે કોણ છો તે મને કહો. ત્યારે તે પુરૂષે કહ્યું-હે સુંદરી! હું ચોર છું. મારૂં નામ ચંડરૂદ્ર છે, ને આ ગામમાં ચોરીના ધંધા કરૂં છું. અત્યારે હું રાજમહેલમાં ચોરી કરીને આવ્યો છું. આ વાતની ખબર પડી ગઈ છે એટલે રાજાના સિપાઈઓ મને પકડવા આવી રહ્યા છે તેથી હું અંધારામાં સંતાઇ જવા માટે મંદિરમાં આવ્યો છું. હમણાં રાજાના સિપાઇઓ આવી પહોંચશે. મને તેનો ભય છે. તો તું મને

કોઇ પણ રીતે બચાવ તો હું તને મારી સ્ત્રી બનાવીશ, પણ તું કોણ છે ને અહીં કેમ આવી છે? તે મને કહે, એટલે લક્ષ્મીએ તેનો સર્વ વૃતાંત ચોરને કહ્યો. પોતે અહીં કેવી રીતે આવી ને માર્ગમાં શું શું બન્યું, એને બચાવવા એના પતિએ કેટલા વાના કર્યા એ બધી વાત લક્ષ્મીએ કહી. આ સાંભળી ચોરને આશ્ચર્ય થયું ને લક્ષ્મીની દુષ્ટતા ઉપર તિરસ્કાર છૂટયો. પણ અત્યારે તેને રાજાના માણસોનો ભય છે એટલે બચવાની આશાથી તેના પ્રત્યે ખૂબ પ્રેમ બતાવ્યો ને પ્રસન્ન થઈને કહ્યું--મારા સદ્ભાગ્યે મને તારો મેળાપ થયો છે. તારા મળવાથી મને બહુ આનંદ થયો છે પણ રાજાના માણસો મને પકડવા મારી પાછળ દોડયા છે તેની મને ખૂબ ચિંતા છે. જો એ ચિંતામાંથી મુકત થાઉં તો મને શાંતિ વળે. ચંડરૂદ્રની વાત સાંભળી લક્ષ્મી કહે છે તમે એની ચિંતા ન કરો. હું કહું તેમ કરો એટલે તમે ને હું છૂટા થઇ જઇશું. તમે જે રાજદરબારમાંથી ચોરી કરીને ધનનું પોટલું લાવ્યા છો તે મારો પતિ સૂઇ ગયો છે તેના માથે મૂકી દો. તમે ને હું અહીંથી ચાલ્યા જઇએ. એટલે રાજાના માણસો તેની પાસે આ ચોરીનો માલ જોઇને તેને પકડશે ને તેને ભારે શિક્ષા કરશે જેથી મને પણ શાંતિ વળશે.

ધરણ મુશ્કેલીમાં :–દેવાનુપ્રિયો ! સંસારમાં કેવો સ્વાર્થ છે ! લક્ષ્મીની વાત સાંભળી થોડીવાર પહેલાં તો લક્ષ્મીના ઉપર તેને તિરસ્કાર છૂટયો હતો. પણ પોતાના બચાવ માટે એ લક્ષ્મીના કહેવાથી ધરણ ઉપર ચોરીનો આરોપ મૂકવા તૈયાર થયો. લક્ષ્મીનું કહેવું તેને યોગ્ય લાગ્યું. એટલે ચોરીના માલનું પોટલું ભરનિદ્રામાં સૂતેલા ધરણના ઓશિકા પાસે મૂકી દીધું ને પોતે લક્ષ્મીને લઇ ભાગી જવા તૈયાર થયો. એટલામાં રાજાના માણસો ત્યાં આવી પહોંચ્યા. એટલે ચંડરૂદ્રે લક્ષ્મીને કહ્યું આ તો બહુ ખોટું થયું. રાજાના માણસો મને ઓળખી જશે ને પકડી લેશે, કારણ કે હું અહીંનો પ્રખ્યાત ચોર છું. પણ મારી પાસે એક ગુટીકા છે. તે પાણી સાથે ઘસીને ચોપડવાથી કોઈ જોઇ શકતું નથી. એટલે લક્ષ્મીએ તેને પાણી લાવી આપ્યું ને પાણીમાં ગુટીકા ઘસી નેત્રમાં અંજન આંજી ચંડરૂદ્ર ને લક્ષ્મી બંને અદૃશ્ય થઇ ગયા. આ તરફ રાજાના માણસો ધરણના ઓશીકા પાસે પોટલું જોઇને તેની પાસે આવ્યા. પોટલું છોડીને જોયું તો રાજભંડારનો માલ હતો એટલે તરત તેને જગાડયો ને બાંધીને રાજા પાસે લઇ ગયા અને રાજાને કહ્યું--મહારાજા ! અમે ચોરને પકડી લાવ્યા છીએ. ત્યારે રાજાએ આજ્ઞા કરી કે તમે એને ચંડાળોને સોંપી દો ને કહો કે તરત એનો વધ કરી નાંખે. તરત સુભટોએ ચંડાળોને બોલાવીને કહ્યું કે આજે કોનો વારો છે ? ત્યારે કહે છે આજે મૌરિકનો વારો છે. એટલે ધરણનો વધ કરવા મૌરિક ચંડાળને સોંપીને તેઓ ચાલ્યા ગયા.

બધાને દેખતા મૌરિક ધરણને લઇને વધસ્થાન તરફ ગયો. પણ એ

તો ધરણુને તરત ઓળખી ગયો. થોડા વખત પહેલાં મને જીવતદાન અપાવનારની આ દશા ? એકાંત સ્થાનમાં લઇ જઇને મૌરિકે ધરણુને પકડાવાનું કારણ પૂછયું. ધરણે સત્ય હકીકત કહી એટલે મૌરિકે કહ્યું- મહાનુભાવ ! તમે મને ઓળખો છો ? હું મૌરિક ચંડાળ છું.થોડા સમય પહેલા રાજાના માણસો મને મારવા લઈ જતા હતા તે વખતે રાજાને મૂલ્યવાન મોતીની ભેટ આપીને મને છોડાવ્યો હતો. હું તમારો ઋણી છું. હું તમને મારી શકીશ નહિ. તમે અહીંથી ચાલ્યા જાઓ. ત્યારે ધરણ કહે છે ભાઇ ! તું રાજાની આજ્ઞા પ્રમાણે મારો વધ કરી નાખ. રાજા જાણશે તો તને મારી નાખશે. ત્યારે મૌરિક કહે છે મારૂં જે થવું હોય તે થાય પણ મારા પરમ ઉપકારીને હું નહિ મારૂં માટે તમે સત્વર અહીંથી ચાલ્યા જાવ. જો તમે નહિ જાઓ તો હું મારી જાતે મારા આત્માની ઘાત કરીશ. આ પ્રમાણે મૌરિકના કહેવાથી ધરણ તેનો ઉપકાર માનતો ત્યાંથી ચાલ્યો ગયો.

ધરણ પોતે આ સ્થિતિમાં મૂકાઇ ગયો છે છતાં મનમાં વિચાર કરવા લાગ્યો કે લક્ષ્મીનું શું થયું હશે ? કોઈ દુષ્ટ ઉપાડી ગયો હશે ? કોઇ જંગલી પશુનો ભોગ બની હશે કે કોઈ ચોર- લૂંટારાએ લૂંટી લીધી હશે ? આ પ્રમાણે-ચિંતા કરતો ધરણ નદીના કિનારા તરફ ચાલ્યો ગયો. હવે આ તરફ લક્ષ્મીનું શું બન્યું ? ધરણને પકડીને સિપાઇઓ લઇ ગયા એ જોઇને લક્ષ્મી ખુશ થઇ. હાશ ! હવે એને રાજા મરાવી નાંખશે એમ આનંદ પામી. ધરણને લઇ ગયા પછી ચંડરૂદ્ર લક્ષ્મીને લઇને નદી કિનારે ગયો. ત્યાં એના મનમાં વિચાર થયો કે જે દુષ્ટ સ્ત્રીએ એના આવા પવિત્ર પતિને પણ કેવો દગો કર્યો ને મારી સાથે આવી. આ સ્ત્રી ખરેખર દુષ્ટ છે. જેણે પોતાના પતિને આ રીતે સંકટમાં નાંખ્યો તો કોને ખબર કે મારી આવી દશા નહિ કરાવે ! તેમ વિચાર કરીને ચંડરૂદ્ર ચોરે લક્ષ્મી પાસે દાગીના આદિ જે કંઇ હતું તે લૂંટી લઇને તેને એકલી નદી કિનારે મૂકીને ભાગી ગયો. છતાં તે વિચારે છે કે મારા પતિનો નાશ થયો તે સારૂં થયું. હવે હું બીજા કોઇ પુરૂષને શોધી નાંખીશ, ને તેની સાથે પ્રેમથી રહીશ. એમ વિચાર કરતી નદી કિનારા ઉપર આમતેમ ફરવા લાગી. હવે ધરણસેન પણ આ નદી કિનારે ફરે છે. હવે બંને ભેગા થશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૯૮

આસો વદ ૮ ને ગુરૂવાર તા. ૧૮-૧૦-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

અનંતજ્ઞાની મહાન પુરૂષોએ શાસ્ત્રમાં મુખ્યત્વે રાગ અને પરિગ્રહનો ત્યાગ અને વૈરાગ્યભરી વાતોનું વર્ણન કર્યું છે. જમાલિકુમાર એક વખત વાણી સાંભળીને

વૈરાગ્ય પામી ગયા ને પાંચસો પુરૂષોની સાથે તેમણે દીક્ષા લીધી. એમને એક વાત સમજાઇ ગઈ કે સંસાર એ સમસ્ત દુઃખોનો ભંડાર છે. ધન-સગાસ્નેહીઓ-શરીર અને સત્તાનો મોહ સંસારમાં ફસાવનાર છે. સંસારની અસારતા સમજાય તેને સંસારની ભયંકર જકડામણમાંથી છૂટવાનું અવશ્ય મન થાય છે. સંસારના ભૌતિકસુખમાં અટવાયેલા અને મોહની વિટંબણામાં ફસાયેલા જીવોને વિષય-તૃષ્ણા સતાવે છે ને ધનનો લોભ મૂંઝવે છે. તૃષ્ણાના પૂરમાં તણાતો ને લોભના આડામાં ડૂબતો માનવી પોતાના સુખને માટે હિંસા કરે છે, અસત્ય બોલે છે, ચોરી કરે છે, ચારિત્ર ચૂકી જાય છે ને પરિગ્રહમાં આસકત બને છે. એના ઉપર એટલી મમતા કરે છે, કે બસ, આ બધું મારૂં છે. હવે એને કેમ વધારૂં ! એવી રીતે તૃષ્ણા કર્યે જાય છે. જેમ મળે તેમ તૃષ્ણા વધે છે. ઉત્તરાધ્યયન સૂત્રના આઠમા અધ્યયનમાં કહ્યું છે કે –

जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ ।
दो मास कयं कज्जं कोडीए विन निट्ठियं ।

ઉત્ત. સૂ. અ. ૮ ગાથા ૧૭

તૃષ્ણા માણસને પોતાનો દાસ બનાવી દે છે. એટલે જેમ જેમ લાભ મળતો જાય છે તેમ તેમ માનવીનો લોભ વધતો જાય છે. લાભથી લોભની વૃદ્ધિ થાય છે, અને બે માસા સોનાથી થવાનું કાર્ય કોડ સોનામહોરોથી પણ થતું નથી. કપિલકુમાર બે માસા સોનું લેવા માટે ગયા હતા. પણ વધતાં વધતાં એવા તૃષ્ણાના દાસ થઇ ગયા કે જાણે હું કેટલું બધું માંગી લઉં ! જે મનુષ્ય તૃષ્ણાનો દાસ બને છે તે પોતાના જીવનનું પતન કરે છે ને હૃદયમાં અસંતોષની અગ્નિ ભભૂકી ઉઠે છે. જેમાં અંતરનો આનંદ-સંતોષ-શાંતિ આદિ સમસ્ત સદ્ગુણો બળીને ખાખ થઇ જાય છે, પણ ભાન ભૂલેલા માનવીને ખબર નથી કે મને આટલું મળવા છતાં સંતોષ થતો નથી, તો આ બધું શું મારી સાથે આવશે ? આ ઉત્તમ માનવજન્મ પામીને મારું કર્તવ્ય શું છે ? ક્યારે પણ તૃષ્ણાનો ખાડો પૂરાવાનો નથી.

કપિલ નામનો બ્રાહ્મણ ખૂબ ગરીબ હતો. તેને ખબર પડી કે શ્રાવસ્તી નગરીના રાજા સવારમાં જે બ્રાહ્મણ પહેલો આશીર્વાદ આપવા જાય તેને બે માસા સોનું આપે છે. તેથી તે બે દિવસ વહેલો ગયો પણ તેની આગળ આશીર્વાદ આપનાર પહોંચી ગયા હતા, તેથી ત્રીજે દિવસે મધરાતે તે પહોંચી ગયો ને મહેલના દરવાજા શોધવા લાગ્યો. તેથી પહેરેગીરે ચોર માનીને પકડયો અને કેદમાં પૂરી દીધો. બીજે દિવસે સવારમાં રાજાની પાસે હાજર કર્યો. એની આકૃતિ જોઇને રાજાના મનમાં થયું કે આ ચોર જેવો દેખાતો નથી એટલે રાજાએ તેને પૂછયું – ભાઈ ! તું સાચું બોલી જા. રાજમહેલમાં ચોરી કરવા આવ્યો હતો ?

કપિલ કહે મહારાજા! હું ચોરી કરવા આવ્યો નથી. ત્યારે રાજાએ કહ્યું જો તું ચોરી કરવા નથી આવ્યો તો અડધી રાત્રે રાજમહેલ પાસે શા માટે આવ્યો હતો? ત્યારે કપિલે કહ્યું મહારાજા! હું એક ગરીબ બ્રાહ્મણ છું. આપ દરરોજ પ્રભાતમાં બે માસા સોનાનું દાન આપો છો તે લેવા માટે બે દિવસથી પ્રયત્ન કરું છું પણ મોડો પડું છું. આજે તો નિર્ણય કર્યો હતો કે મારાથી પહેલાં કોઇ બ્રાહ્મણ ન પહોંચી જાય તે ઉદ્દેશથી વહેલો ઉઠીને અહીં આવ્યો. સોનું મેળવવાની ધૂનમાં મને સમયનો ખ્યાલ ન રહ્યો અને એકદમ જલ્દી મહેલ તરફ આવ્યો, ને કયાંથી મહેલમાં પ્રવેશ કરાય તે હું જોતો હતો. ત્યાં આપના પહેરેગીરોએ મને ચોર માનીને પકડયો. કપિલે સત્ય વાત પ્રગટ કરી દીધી.

કપિલની વાત ઉપર રાજાને વિશ્વાસ બેઠો. તેની સત્ય વાત સાંભળીને રાજાએ કહ્યું- હે બ્રાહ્મણ! તું સત્યવાદી છે, શ્રેષ્ઠ છે. હું તારા ઉપર પ્રસન્ન થયો છું. બોલ, તારે શું જોઈએ છે? તું જે કહે તે આપું. તું કલાક વિચાર કરીને તારે જે જોઈએ તે માંગી લે. આ સાંભળી કપિલ ખુશ થયો ને બગીચામાં બેસીને વિચાર કરવા લાગ્યો કે બે માસા સોનું કેટલા દિવસ ચાલે? ઓછામાં ઓછું ૨૦૦ માસા સોનું માંગી લઉં તો આનંદથી રહી શકું. સુંદર મકાન બંધાવું, ખાઇ-પીને આનંદ કરું પણ બસો માસા તો મકાન બંધાવવામાં ખલાસ થઈ જશે. એના કરતાં બે હજાર માસા સોનું માંગી લઉં તો સારું મકાન બને, ઘેર મોટરગાડી વસાવું અને સારો એવો વ્યાપાર કરું તો લાખોની આવક થઈ જાય. વળી પાછો વિચાર આવ્યો કે પૈસા કમાવા ખૂબ મહેનત કરવી પડશે, તડકામાં દોડધામ કરવી પડશે એના કરતા એક ગામ માંગી લઉં તો એની આવકમાં બેઠો બેઠો નિરાંતે ખાઇશ; ત્યાં વિચાર થયો કે રાજા કદાચ મારા ઉપર કોપાયમાન થશે તો ગામ પાછું લઇ લેશે. એના કરતાં અડધું રાજ્ય માંગી લઉં....ના....ના અડધા રાજ્યથી શું થશે? અડધું રાજ્ય મને મળે તો પણ રાજા મારા ઉપર સત્તા ચલાવે.

બંધુઓ! તૃષ્ણા કેવી ભયંકર નાગણી જેવી છે. એક ઇચ્છા પૂરી ન થાય ત્યાં બીજી ઈચ્છા તૈયાર થઇ જાય છે. સમુદ્રના તરંગોની જેમ કપિલના હૃદયમાં તૃષ્ણાના મોજા ઉછળવા લાગ્યા કે અડધા રાજ્યનો સ્વામી તો બની જાઉં પણ કદાચ રાજા મારા ઉપર કોપાયમાન થઇ જાય તો મારા ઉપર આક્રમણ કરે. રાજાને યુદ્ધ કરતાં આવડે ને મને તો યુદ્ધ કરતાં આવડે નહિ. હું તો ઘડીકમાં હારી જાઉં ને હતો તેવો ગરીબ બની જાઉં તેના કરતાં તો આખું રાજ્ય માંગી લઉં ને રાજાને મારા જેવો બનાવી દઉં. આવો વિચાર કરીને કપિલ બગીચામાંથી ઉભો થઇ રાજા પાસે આવવા તૈયાર થયો.

માનવીના મનના તરંગો ક્યાં સુધી પહોંચી જાય છે! આ માંગી લઉં, તે માંગી લઉં. જે રાજાએ પ્રસન્ન થઇને તેની પાસે માંગવાનું કહ્યું ત્યારે એનું રાજ્ય ઝૂંટવી લેવા તૈયાર થયો. બે માસા સોનું મેળવવાની નાનકડી ઇચ્છામાંથી આખું રાજ્ય લેવાની

ઇચ્છા જન્મી. આખું રાજ્ય લેવાની ઇચ્છાથી રાજા પાસે જાય છે ત્યાં મનમાં વિચાર થયો કે ધિક્કાર છે મને ! હું કેવો દુષ્ટ છું ! જે ઉદાર રાજાએ મારા ઉપર કૃપા કરી મને ઇચ્છા પ્રમાણે ધન માગવાનું કહ્યું, એ મારી ગરીબાઇ ટાળવા ઇચ્છે છે ત્યારે હું એનું આખું રાજ્ય લઇને તેમને ભિખારી બનાવવા ઈચ્છું છું. ધિક્કાર છે આ તૃષ્ણારૂપી રાક્ષસીને ! જેણે મારો વિવેક નષ્ટ કરી દીધો. મેં માંગ્યું સોનું મળવાથી કે આખું રાજ્ય મળવાથી પણ મારો આત્મા તૃપ્ત થશે ? મારા આત્માને શું લાભ મળશે ? બે માસા સોનું લેવા આવ્યો તો ચોરની જેમ પકડાઇ ગયો તો આખું રાજ્ય માંગી લઉં તો ભવિષ્યમાં મારી કેવી દશા થાય ? ખરેખર ! હું મૂર્ખ છું. ધીમે ધીમે કરતો તૃષ્ણાના ઉંડા ખાડા તરફ દોટ લગાવી રહ્યો હતો. સારૂં થયું કે મને આવો વિચાર આવ્યો, નહિતર હું તૃષ્ણાના ઉંડા ખાડામાં પડી જાત. તો અનંતકાળ સુધી સંસારચક્રમાં ભમવું પડત અને આવી ગરીબાઇ વારંવાર વેઠવી પડત. આ ઉત્તમ માનવજન્મ પામીને મારે આત્મકલ્યાણ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ, તેના બદલે મેં આ શું કર્યું ?

આ રીતે પાપનો પશ્ચાતાપ કરતાં કરતાં ઉચ્ચ ભાવનાનો વેગ વધતાં આઠમે ગુણસ્થાનકે જઇને ક્ષપક શ્રેણી માંડી બારમે જઇને મોહનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી ગયા. હવે કપિલ બ્રાહ્મણ કપિલમુનિ બનીને રાજસભામાં પહોંચી ગયા. એને જોઇને રાજા આશ્ચર્ય પામીને બોલ્યા – અરે કપિલ ! મેં તને ઇચ્છા મુજબ દાન માંગવાનું કહ્યું ને તેં આ શું કર્યું ? આ કયો વેશ પહેરી લીધો ? બોલો, તમારે શું જોઇએ છે ? ત્યારે કપિલ મુનિએ કહ્યું મહારાજા ! મારે હવે કંઇ જોઈતું નથી. મારે જે જોઈતું હતું તે મને મળી ગયું છે. રાજાએ એને કંઇક માંગવા ખૂબ સમજાવ્યા ત્યારે કપિલ કેવળીએ રાજાને ઉપદેશ આપ્યો.

अधुवे असासयम्मि, संसारम्मिदुक्ख पउराए ।

ઉત્ત. સૂ. અ. ૮, ગાથા ૧

હે રાજન ! આ સંસાર, અધ્રુવ, અશાશ્વત અને દુઃખથી ભરપુર છે. આપણું જીવન ક્ષણિક અને અનિત્ય છે. આ રીતે રાજાને કેવળીએ ઉપદેશ આપ્યો. રાજા પણ ક્ષણભર વિચાર કરતા થઇ ગયા કે આ શું ? આવ્યો હતો દ્રવ્યસોનું લેવા ને ચાલ્યો ભાવસોનું લઇને. એનું મન કેટલું તૃષ્ણાવંત બની ગયું હતું એની રાજાને ખબર ન હતી. તૃષ્ણા ત્યાગી તો રાજા એના ચરણમાં નમી પડ્યા. કપિલ તૃષ્ણાને બદલે તૃપ્તિમાં આવી ગયા ને અખંડ આત્માનંદ પ્રાપ્ત કર્યો.

બંધુઓ ! તમે પણ તૃષ્ણાનો ત્યાગ કરી આત્માનંદને પ્રાપ્ત કરો. એ તૃષ્ણા તમે જેટલી વધારશો તેટલી વધશે. એનો અંત આવવાનો નથી. સંત કબીરે એક દોહામાં કહ્યું છે કે–

"મન મારા ગયા મરી, મર મર ગયા શરીર,
આશા તૃષ્ણા ના મરી, કહ ગયે દાસ કબીર.

મન મરી જાય છે, શરીર મરે છે પણ આશા અને તૃષ્ણા મરતી નથી. એ તૃષ્ણા જીવને ભવોભવમાં હેરાન કરે છે ને ભવાટવીમાં ભમણ કરાવે છે. બીજા ભવમાં તો ભમવું પડશે પણ અહીં પ્રત્યક્ષ કયાં નથી જોતા ! માણસને વધુ કમાવાની તૃષ્ણા જાગે છે તો એ દેશ છોડીને પરદેશ જાય છે.

બંધુઓ ! હું તમને પૂછું છું કે તમે અસ્થિર અને અનિત્ય ધનને માટે દેશવિદેશમાં ફરો છો. ધનની લાલચ અને લોભમાં ભૂખ તરસ આદિ અનેક કષ્ટો વેઠો છો. અન્યાય, અનીતિ, દગા-પ્રપંચ આદિ અનેક પ્રકારના પાપકર્મોનું આચરણ કરો છો પણ એમાંથી એક રાતી પાઇ પણ તમારી સાથે આવશે? તમે સાથે લઈ જઇ શકશો? તમારા બાપદાદા કોઇ સાથે લઇ ગયા છે? 'ના'. તો શા માટે દિન-પ્રતિદિન વધતી જતી તૃષ્ણાને પૂરી કરવામાં અમૂલ્ય જીવનને વેડફી નાંખો છો! શું તમે નથી જાણતા કે ગમે તેટલું ધન મળે તો પણ તૃષ્ણાની આગ કદી બૂઝાવાની નથી. આ જન્મ તો શું પણ અનંત જન્મો સુધી પ્રયત્ન કરતા રહેશો તો પણ તૃષ્ણાનો ખાડો કદી પૂરાવાનો નથી.

કપિલ બ્રાહ્મણને ઇચ્છા વધી ગઇ પણ તરત આત્મ સ્વરૂપનું ભાન થતાં ઇચ્છાઓ રોકી દીધી ને કેવળજ્ઞાન પામી ગયા. આવું તો વિરલ વ્યકિતઓ કરી શકે છે. માટે તૃષ્ણાની આગમાંથી બચવા ખૂબ પ્રયત્નશીલ રહો.

જમાલિકુમારે મોહ-માયા અને તૃષ્ણાનો ત્યાગ કરી સંયમ લીધો, ખૂબ જ્ઞાન મેળવ્યું ને ઇન્દ્રિઓનું દમન કરવા તપ કરવા લાગ્યા. ત્યાર પછી તેમને એમ થયું કે હું મારા ૫૦૦ શિષ્યો સહિત જુદો વિચરું. એટલે પ્રભુને વંદન કરીને કહે છે હે ભગવંત ! આપની આજ્ઞા હોય તો હું બહાર જનપદમાં વિહાર કરૂ.

"तए णं समणे भगवं महावीरे जमालि अणगारस्स एयमट्ठं णो आढाइ णो परिजाणाइ तुसिणीए चिट्ठइ।" ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે જમાલિ અણગારની આ વાતનો આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો પરંતુ મૌન રહ્યા. વિનયવંત શિષ્યને ગુરૂને છોડીને અલગ વિચરવાનું બિલકુલ મન ન થાય ગુરૂ આજ્ઞા કરે ને જવું પડે તે જુદી વાત છે. જમાલિ અણગારને મન થયું એ એની પડતીના નિશાન છે. ભગવાનની પાસે આજ્ઞા માંગી પણ ભગવાને તેની વાતનો આદર ન કર્યો. તેની વાત સારી ન જાણી તેથી મૌન રહ્યા. હવે જમાલિકુમાર શું કહેશે ને શું કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

"ધરણ અને લક્ષ્મીનું મિલન"

ચરિત્ર :- ધરણ મનમાં ચિંતા કરે છે કે મારી પત્નીનું શું થયું હશે ? જંગલી પશુઓનો શિકાર બની ગઇ હશે કે કોઇ ઉઠાવી ગયું હશે એ રીતે ચિંતા કરતો

એટલામાં ફરે છે ત્યાં લક્ષ્મી નદીના કિનારે ફરતી ફરતી ધરણ હતો ત્યાં આવી. એટલે ધરણની નજર એકાએક તેના ઉપર પડી. પવિત્ર હૃદયનો ધરણ પોતાની પત્નીને જોઇને ખુશ થયો ને પૂછ્યું–હે પ્રિયા! તું અહીં કયાંથી? એમ કહીને પ્રેમથી તેને ભેટી પડયો. દુષ્ટ હૃદયની લક્ષ્મી ધરણને જોઇને નાખુશ થઇ, પણ ઉપરથી પ્રેમ બતાવતી એકદમ રડવા લાગી. આવી સ્ત્રીઓને માયાકપટ કરતાં બહુ આવડે. જાણે ધરણ પ્રત્યે કેટલો પ્રેમ છે! એવું બતાવવા લાગી. ત્યારે ધરણ કહે છે પ્રિયા! તું શા માટે રડે છે? હું તારી ચિંતા કરતો હતો એટલામાં તું મને મળી ગઈ એટલે મને ખૂબ આનંદ થયો, પણ તું અહીં કેવી રીતે આવી તે મને કહે. ત્યારે કપટભરેલી લક્ષ્મી રડતી રડતી કહે છે.–

"નાથ લૂંટ લી ચૌરોને, મૈં બહુત કઠીન સે આઇ,
મેરી ભી તો દશા બની યહી, પરદુઃખ ઇતના નાહી
જિતના થા તેરે વિયોગકા, અબ મિલ ખુશિયાં છાઇ હૈ"....પોતા

સ્વામીનાથ! યક્ષના મંદિરમાં આપણે બંને સૂતા હતા. તે વખતે હું લઘુશંકા ટાળવા માટે બહાર ગઇ ત્યારે મને કોઇ ચોર ઉપાડી ગયો ને આ નદી કિનારે લાવીને મને લૂંટી લીધી ને અહીંથી થોડે દૂર મને મૂકીને ચાલ્યો ગયો હું આપને શોધતી શોધતી અહીં આવી ને મારા પુણ્યોદયે મને આપનો મેળાપ થઈ ગયો. ધરણે પણ પોતે ચોર તરીકે પકડાયો ને કેવી રીતે છૂટયો વિગેરે વાત કરીને કહ્યું. મને ભલે કષ્ટ પડયું પણ તારા વિયોગનું દુઃખ મારા માટે અસહ્ય હતું. તું મળી ગઇ એટલે મારૂં બધું દુઃખ ચાલ્યું ગયું. બંને પ્રેમથી મળ્યા ને આગળ ચાલ્યા.

બલિદાન માટે ધરણને પકડી લાવ્યા:– ધરણ અને લક્ષ્મી બંને નદીના કિનારે કિનારે આગળ ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં દંતપુર નામનું ગામ આવ્યું. તે નગરમાં સ્કંદકદેવ નામે ધરણના મામા રહેતા હતા. એટલે એ ગામ તેનું જાણીતું હતું. તેથી ધરણે વિચાર કર્યો કે આ નગરમાં જઇને મામાને ઘેર લક્ષ્મીને મુકી દઉં ને પછી હું એકલો ધન કમાવા જાઉં તો મને ચિંતા નહિ એમ વિચાર કરીને તે દંતપુર તરફ ચાલ્યો.

આ તરફ ભીલોના રાજા કાળસેને તેની કુળદેવીને દશ પુરૂષોનું બલિદાન આપવાની માનતા માની હતી. તેણે દેવીને બલિદાન આપવા યોગ્ય પુરૂષોની શોધમાં પોતાના સુભટોને મોકલ્યા હતા. તેઓ ધરણ અને લક્ષ્મી જતાં હતા તે રસ્તે આવ્યા અને તેમણે તે દંપતીને પકડી લીધા. તેઓ તેમને પકડી કાળસેનની પાસે લાવ્યા. ત્યાર પછી તે બંનેને તેની કુળદેવી (કાત્યાયની દેવીનું નામ છે) ના મંદિરે લઇ ગયા. તે વખતે કુરંગ નામનો એક ભીલ હાથમાં તલવાર લઇ દુર્ગિલ નામના એક માણસને લઈને ત્યાં આવ્યો. તેણે પોતાના સ્વામી કાળસેનને બોલાવી તેના હાથમાં તલવાર આપીને કહ્યું આ દુર્ગિલ નામનો લેખવાહી છે તેનું બલિદાન આપવાનું છે. એટલે કાળસેને

હાથમાં તલવાર પકડી તે પુરૂષને કહ્યું–તું તારા ઇષ્ટદેવનું સ્મરણ કરી લે અને તારી ઇચ્છા હોય તે કહી દે. હવે તું પાંચ મિનિટનો આ દુનિયાનો મહેમાન છું. ત્યારે દુર્ગિલ તો બિચારો થરથર ધ્રુજવા લાગ્યો. કંઈ બોલી શક્યો નહિ. તેની આંખમાંથી ઢડઢડ આંસુ પડવા લાગ્યા. આ જોઇ ધરણુને ખૂબ દયા આવી એટલે તે બોલી ઉઠ્યો. ભાઇ! આ બિચારાને શા માટે મારો છો? એના બદલે મને પહેલા મારી નાંખો. આ શબ્દ સાંભળી કાળસેને વિચાર કર્યો કે જે સાર્થવાહ પુત્રે મને બચાવ્યો હતો તેવો આ પુરૂષ લાગે છે. તરત ધ્યાનપૂર્વક ધરણના સામે જોયું એટલે તેણે ધરણુને ઓળખી લીધો. તેથી તેને ખૂબ આનંદ થયો ને ધરણુને પ્રણામ કરીને બોલ્યો હે ઉપકારી પુરૂષ! તમે મારા મહાન ઉપકારી છો. મરણના પંજામાંથી તમે મને બચાવ્યો હતો. તે ભીલોનો રાજા હું કાળસેન છું. મારા અપરાધની ક્ષમા માંગુ છું. મારા સેવકો તમને અજ્ઞાનથી પકડી લાવ્યા છે. તમારે માટે મેં દશ પુરૂષોનું કુળદેવીને બલિદાન આપવાની માનતા કરી છે તેમાં દેવીને બલિદાન આપવા મેં મારા માણસોને તેવા પુરૂષોની શોધમાં મોકલ્યા છે તેમાં આપ પકડાઇ ગયા.

"હિંસાથી ધર્મ ન થાય":– કાળસેન ધરણુને ભેટી પડ્યો ને પૂછ્યું તમે અહીં ક્યાંથી? એટલે ધરણે તેને બધી વાત કરી દીધી. ધરણે કહ્યું કાળસેન! તમે આ દેવીને આવા જીવતા પુરૂષોનું બલિદાન આપીને પૂજો છો તે તદ્દન અયોગ્ય છે. હિંસાથી કદી ધર્મ થતો નથી. કદાચ ગાયના શીંગડામાંથી દૂધ નીકળે, જળમાંથી અગ્નિ પ્રગટે, ઝેરમાંથી અમૃત થાય પણ હિંસા કરવાથી પુણ્ય ના થાય. ધરણનો ઉપદેશ સાંભળી કાળસેને હિંસાનો ત્યાગ કર્યો. ધરણની કાળસેને ખૂબ આગતાસ્વાગતા કરી. થોડા દિવસ ખૂબ આગ્રહ કરીને રોકયો.

કાળસેન ચોરોનો રાજા હોવા છતાં ઉપકારીનો ઉપકાર ભૂલતો નથી. એનાથી થાય તેટલી બહુમાનગતિ કરે છે, ને વારંવાર ધરણનો ઉપકાર માનતો તેના ચરણમાં પડે છે. જ્યારે લક્ષ્મીને બચાવવા ધરણે કેટલું કર્યું છે છતાં તેનો બદલો કેવો આપે છે. હવે ધરણ અહીંથી ક્યાં જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૯૯

આસો વદ ૯ ને શુક્રવાર **તા. ૧૯-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

અનંત કરૂણાનિધી શાસ્ત્રકાર ભગવંતે કર્મ ખપાવવા માટે તપના બાર પ્રકાર બતાવ્યા છે. તેમાં સ્વાધ્યાય પણ એક પ્રકારનો તપ કહ્યો છે. ઉત્તરાધ્યયન સૂત્રના

૨૯મા અધ્યયનમાં ભગવંતને પૂછયું- "सज्झाएणं भंते जीवे किं जणयइ ?" હે ભગવાન ! સ્વાધ્યાય કરવાથી જીવને શું લાભ થાય ? એ પ્રશ્નના ઉત્તરમાં ભગવંતે કહ્યું "सज्झाएणं नाणावरणिज्जं कम्मं खवेइ ।।" સ્વાધ્યાય કરવાથી જીવ જ્ઞાનાવરણીય આદિ કર્મોને ખપાવે છે. ભગવાને બાહ્ય અને આભ્યંતર બે પ્રકારના તપ કહ્યા છે. તપનું લક્ષ મનની સાધના છે, બાહ્ય તપ મનની બહિર્મુખ વૃત્તિઓને વાળે છે ને આભ્યંતર તપ મનની બહિર્મુખ વૃત્તિઓને અંતર તરફ વાળે છે. સ્વાધ્યાય એ અંતરંગ તપ છે. સ્વાધ્યાય કરવાથી કર્મો ખપે છે ને બીજો લાભ છે મનપ્રાપ્તિ. જ્યારે આપણે સ્વાધ્યાય કરીએ છીએ ત્યારે તે વિચારોમાં રમણતા કરીએ છીએ. મહાન પુરૂષોએ વર્ષો સુધી જે ચિંતન અને મનન કર્યું છે તે ભાથારૂપે આપણને આપ્યું છે. સ્વાધ્યાય એ જીવનનું નંદનવન છે તેમાં સુંદર વિચારોરૂપી સુગંધીદાર પુષ્પો મળે છે, આચારરૂપી મધુરા ફળો મળે છે. જેમ નંદનવનમાં માનવ ચારે તરફ દૃષ્ટિ ફેરવે છે ત્યારે મનોરમ્ય દૃશ્યો દેખાય છે તેવી રીતે સ્વાધ્યાય રૂપી નંદનવનમાં દૃષ્ટિ કરતાં મહાન પુરૂષોની જીવનગાથાના રંગીન ચિત્રો તો કોઇ જગ્યાએ તેમના વિચારોની સૌરભ પ્રસરાવે છે.

આપણા પરમ પિતા ભગવાન મહાવીર સ્વામી સ્વાધ્યાયના સમર્થક પુરૂષ હતા. તેમણે ભોજનનો ત્યાગ કર્યો પણ સ્વાધ્યાયનો ત્યાગ કર્યો નથી. એક-બે દિવસ નહિ પણ મહિનાઓ સુધી પ્રભુએ સંયમ લઇને ભોજનનો ત્યાગ કર્યો છે. પણ સ્વાધ્યાયને એક દિવસ છોડી નથી. સ્વાધ્યાયના પાંચ ભેદ છે. વાંચના-પૃચ્છના-પરિયટ્ટણા-અનુપેક્ષા અને ધર્મકથા. તેમાં સૂત્ર જેવું છે તેને તે પ્રમાણે વાંચવું અને તે પ્રમાણે જાણવું તેનું નામ વાંચના છે. વાંચના ગુરૂના મુખેથી લેવી જોઇએ. બીજો ભેદ પૃચ્છના. જે કાંઇ વાંચના ગુરૂમુખેથી લેવામાં આવી હોય તેના સંબંધમાં પૂછપરછ કરવી તેનું નામ પૃચ્છના છે. જે વાંચના કરી ત્યાર પછી શંકા દૂર કરવા માટે પૃચ્છના કરી તે ભૂલાઇ ન જાય તેને માટે પરિઅટન કરતા રહેવું તે સ્વાધ્યાયનો ત્રીજો ભેદ છે. હવે ચોથો ભેદ અનુપ્રેક્ષા. અનુપ્રેક્ષા એટલે તત્ત્વનો વિચાર કરવો અને અનુપ્રેક્ષા કર્યા બાદ ધર્મકથા કરવાની કહેવામાં આવેલ છે. ધર્મકથા એ સ્વાધ્યાયનો પાંચમો ભેદ છે.

સ્વાધ્યાય કરવાથી આત્મામાં શું લાભ થાય છે ને તેનો શું ઉદ્દેશ હોય છે તે વિચારીએ. જે પ્રમાણે ખેડૂત ખેતરમાં બીજ વાવે છે તે બીજને ફેંકી દેવા માટે નહિ પણ એક બીજમાંથી અનેક બીજ પ્રાપ્ત કરવા માટે વાવે છે. તે પ્રમાણે સ્વાધ્યાય કરનાર હૃદયરૂપી ક્ષેત્રમાં સ્વાધ્યાયરૂપી બીજનું આરોપણ કરે છે. જેમ જેમ સ્વાધ્યાય કરતો જાય તેમ તેમ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે માટે સ્વાધ્યાય અવશ્ય કરવી જોઇએ.

અરિસા ઉપરથી તમે મેલને સાફ કરો છો શા માટે? અરિસામાં મુખ સ્વચ્છ જોઈ શકાય માટે. જે અરિસામાં મુખ બરાબર જોઇ શકાય તે અરિસો સાફ છે એમ કહેવાય.

આ પ્રમાણે જે સ્વાધ્યાય દ્વારા જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય તે સાચી સ્વાધ્યાય છે. પહેલા ગુરૂકુળમાં જ્યારે વિદ્યાર્થીઓ ભણવા જતાં હતાં ત્યારે અભ્યાસ પૂરો કરીને શિષ્યો ઘેર જાય ત્યારે ગુરૂ તેમને કહેતા હતા કે હે શિષ્યો! સ્વાધ્યાય કરવામાં પ્રમાદ ન કરશો. સ્વાધ્યાય કરવાથી તમને સ્વ-પરનું ભાન થશે. વ્યાખ્યાન પણ શ્રવણ રૂપ સ્વાધ્યાય છે. સાંભળીને વાહવાહ કરવામાં રહી ન જતા. પણ કંઈક આચરણમાં લેતા જજો. તમારા ઘરમાં તમારા પૂર્વજોએ સંપત્તિ દાટી છે એની તમને ખબર હોય પણ જ્યારે એ સંપત્તિની જરૂર પડે ત્યારે તે સંપત્તિ તપાસ કરવા છતાં હાથ લાગતી ન હોય એટલામાં કોઇ સિધ્ધ યોગીપુરૂષ આવીને તમને સંપત્તિ બતાવી જાય તો તમને કેટલો આનંદ થાય? આ પ્રમાણે આપણા શરીરમાં અનંત ગુણવાળો આત્મા બિરાજે છે. એ આત્માનું કોઇ દર્શન કરાવી આપે તો શું તમને આનંદ નહિ થાય? સ્વાધ્યાય કરવાથી જ્ઞાનાવરણીય કર્મ નષ્ટ થાય છે ને આત્માનું દર્શન કરાય છે માટે સ્વાધ્યાય કરી જ્ઞાનાવરણીય કર્મ નષ્ટ કરી આત્માનું દર્શન કરો. જ્ઞાનીજનો કહે છે આત્મા અનંત ગુણવાળો અને અનંત શકિતવાળો છે. આત્માના આ ગુણો મનુષ્ય શરીર દ્વારા પ્રગટ કરી શકાય છે. તમે મનુષ્યદેહ દ્વારા આત્મિક ગુણો અને આત્મિક શકિત પ્રગટ કરવાનો પુરુષાર્થ કરો. કેવળ શરીરની આળપંપાળ કરવામાં ન રહી જાવ.

ઘણાં એવો પ્રશ્ન કરે છે કે વાચતાં ન આવડતું હોય તો સ્વાધ્યાય કેવી રીતે કરી શકીએ? તમને શાસ્ત્ર વાંચતા ન આવડે તો નવકારમંત્ર ગણતાં તો આવડે છે ને? તેનો શુદ્ધ ચિત્તે જાપ કરો તો તે પણ સ્વાધ્યાય છે. આપણે આગળ કહી ગયા કે સ્વાધ્યાય એ જીવનનું નંદનવન છે. જો સ્વાધ્યાયમાં નંદનવન જેવો આનંદ લેતા હશો તો બીજી વાતોમાં નહિ જાવ. માણસ જ્યારે ઘરકામથી થાકી જાય છે, કંટાળી જાય છે ત્યારે થાક અને કંટાળો દૂર કરવા બગીચામાં ફરવા જાય છે. તેવી રીતે સંસારની માયાજાળમાં મૂંઝાયા હશો ત્યારે સ્વાધ્યાય રૂપી બગીચામાં ફરવા જશો તો તમને ખૂબ આનંદ આવશે. આ સ્વાધ્યાય કરવાથી અંતરમાં સુંદર અને ઉચ્ચ ભાવો સ્ફુરે છે. સ્વાધ્યાય-મનન બધું માનવદેહથી થઈ શકે છે. આત્મસાધના સાધવા માનવદેહ મળ્યો છે. પણ તમને તેનો મોહ છે! આત્મકલ્યાણ કરવા માટે કાયાની માયા છોડવી પડશે.

"કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
નિગ્રંથનો પંથ, ભવ અંતનો ઉપાય છે."

જ્ઞાની કહે છે હે આત્મા! તું દેહ ઉપરથી મમત્વભાવ ઉઠાવી લે. કારણ કે આત્મા અને દેહ બંને ભિન્ન છે. જીવ અસત્યમાં ઉલો છે ત્યાંથી ખસવાની જરૂર છે. સંસારમાં ડગલે ને પગલે પાપ છે. માથે મરણની તલવાર ઝૂલી રહી છે એવી સ્થિતિમાં જીવ રહેલો છે. આ સંસારના દરેક પદાર્થો નાશવંત છે. તે મારા નથી એમ આત્માને

લાગે તો સત્ય સ્વરૂપની પિછાણ થાય અને જીવને ભાન થાય કે આ ચોરાશી લાખ જીવાયોનીમાં ભટકતા ભટકતા મહાન પુણ્યોદયે માનવભવ મળ્યો છે તો મોક્ષે જવાનું સાધન કરી લેવું જોઈએ. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એ ત્રણ રત્નો છે. એ ત્રણ રત્નો પ્રાપ્ત થવા દુર્લભ છે. બીજા રત્નો તો પૈસા આપીને ખરીદી શકાય છે. પણ આ રત્નો પૈસા આપવાથી મળતા નથી. તપ-સંયમ-સ્વાધ્યાય દ્વારા તે પ્રાપ્ત થાય છે. પણ જીવ અજ્ઞાનના કારણે પોતાના અંતરમાં પડેલા રત્નોને પારખતો નથી ને ભૌતિક રત્નો પ્રાપ્ત કરવા દોડે છે. આત્મિક-રત્નો પ્રાપ્ત કરી લે તો જરૂર મોક્ષ થયા વિના રહે નહિ. પણ આજનો માનવી એ રત્નોને પ્રાપ્ત કરવા જરા પણ મહેનત કરતો નથી. આધ્યાત્મિક ક્ષેત્રમાં જેટલા ઉંચે ચઢીએ ને જેટલો વિકાસ કરીએ તેટલો જ્ઞાનામૃતના પ્યાલાનો આનંદ માણી શકીએ.

એક કવિએ ત્રણ મંકોડાનું રૂપક બનાવ્યું છે ત્રણ મંકોડા ખાસ મિત્રો હતા. ત્રણેય સાથે ફરતા હતા. એક વખત એ ત્રણેયને ભૂખ લાગી. ભોજનની તપાસ કરતાં એક લીંબડાના ઝાડ નીચે આવ્યા. લીંબડા ઉપર ખૂબ લીંબોળીઓ થઇ હતી. આમ તો લીંબોળીઓ કડવી હોય છે પણ જ્યારે એ પાકી થઇ જાય ત્યારે મીઠી લાગે છે. એક મંકોડો જરા બળવાન અને મોટો હતો તે જલ્દી લીંબડાની ટોચે ચઢી ગયો. પાકી ગયેલી લીંબોળીઓનો રસ ચૂસવા લાગ્યો. તેને તો ખૂબ મઝા આવી ગઇ. એટલે નીચે ઉભેલા તેના બે મિત્રોને કહ્યું- તમે નીચે શું ઉભા રહ્યા છો ? જલ્દી ઉપર આવો. મને તો અમૃત જેવો મીઠો રસ પીવાની ખૂબ મઝા આવી છે. મારું પેટ ભરાઇ ગયું છે તમે જલ્દી ઉપર આવો.

પહેલા મંકોડાએ કહ્યું એટલે બીજો ઉપર ચઢયો પણ અડધે ચઢતા થાકી ગયો. એ લીંબોળી સુધી પહોંચી શકયો નહિ. એટલે લીંબડાના પાંદડા ખાવા લાગ્યો. લીંબડાના પાંદડા તો કડવા હોય એટલે એનું મોઢું કડવું કડવું થઈ ગયું. તેથી થૂં..થૂં કરવા લાગ્યો ને ઉપર રહેલા મિત્રને કહે છે તું તો ઉપર બેઠા અમારી મજાક ઉડાવે છે. અહીં કયાં મીઠો રસ છે. મારૂં તો મોઢું બગડી ગયું. અહીં અમૃત નથી પણ ઝેર છે. ત્યારે ઉપરવાળો મંકોડો કહે છે ત્યાં બેઠો બેઠો શું બોલ્યા કરે છે ? જરા ઉપર આવ. તને અમૃતરસ ચખાડું ને તું જો કે આ અમૃત છે કે ઝેર છે ?

હવે ત્રીજો મંકોડો જરા નાનો ને દુર્બળ હતો એટલે એ તો ઝાડની નીચે થડ આગળ એક પથ્થર પડયો હતો તેની ઉપર ફર્યા કરતો હતો. ઉપરથી પહેલા મંકોડાએ બૂમ પાડી એટલે તરત તેણે લીંબડાના થડની છાલ ઉપર મોઢું ફેરવવા માંડયું પણ છાલમાં કંઇ સ્વાદ આવે ? છાલ સાથે ડંખ મારી મારીને તેનું મોઢું કચરાઇ ગયું. ખૂબ દર્દ થવા લાગ્યું. દર્દનો માર્યો થોડીવાર બોલી શકયો પણ નહિ. પછી થોડીવારે

ફળ વળતાં ઉપર રહેલા બે મિત્રોને કહે છે તમે બંને બોટા છો. આ ઝાડમાં મીઠા રસ ક્યાં છે? આ તો પથ્થર છે. આમાં મીઠાશ નથી ને કડવાશ પણ નથી. જરા નીચે ઉતરીને જુઓ તો ખરા! મારી કેવી દશા થઇ છે?

બંધુઓ! હું તમને પૂછું છું કે આ ત્રણ મંકોડામાં કોણ સાચો છે ને કોણ બોટો છે? જે સૌથી ઉંચે જઇને બેઠો છે તે તેના સાથીઓને કહી રહ્યો છે કે અહીં તો અમૃત જેવો સ્વાદ છે. બીજો લીંબડાના અધવચ પાંદડા ઉપર બેઠો છે તે કહે છે અહીં તો એકલી કડવાશ છે ને ત્રીજો ઝાડના થડની છાલ ઉપર બેઠો છે તે કહે છે આ તો પથ્થર છે. નથી મીઠાશ કે નથી કડવાશ. મારૂં મોઢું ભાંગી ગયું છે. મને દર્દ ખૂબ થાય છે. તો ત્રણેયની વાત સાચી છે કે બોટી? જ્ઞાની કહે છે પોતપોતાના સ્થાન ઉપર રહેલા એવા ત્રણેયની વાત સત્ય છે. આ રૂપક આપણે આત્મા ઉપર ઉતારવાનું છે.

જે મનુષ્યો સંસારના કાદવમાં ખૂંચેલા છે, જેને સાચા–બોટાનું ભાન નથી, આત્મિક વિકાસ સાધ્યો નથી, ફકત ભોગમાં રકત રહે છે ને મોહ–માયા ને મમતાનો રસ ચૂસી રહ્યા છે તેને આ આધ્યાત્મિકતાના ઉંચા શિખર ઉપર પહોંચેલા સિદ્ધ ભગવંતોના અનંત સુખની વાત મજાક જેવી લાગે છે. પોતે નીચે બેઠો છે. ભોગના કાદવમાં ખૂંચી રહ્યો છે એટલે અજ્ઞાનથી સાચા સુખને બોટું સુખ કહે છે. આધ્યાત્મિક જીવનની ઉંચાઇ ઉપર પહોંચી ગયેલા મહાન પુરૂષો કરૂણાભાવથી પ્રેરિત થઇને અધવચ સંસારમાં રહેલા બીજા મંકોડા સમાન જીવોને પોકાર કરીને કહે છે તમે ઉપર આવો. આધ્યાત્મિક સાધનામાં મધુરતા છે. અપાર દિવ્ય અમૃતરસ છે. તમે સંસારમાં રહીને આધ્યાત્મિકતાનું અમૃત પીવા માંગો છો તો ક્યાંથી પી શકો? પુરૂષાર્થ કરો ને ઉપર આવો. અહીં અમૃતરસ ઝરી રહ્યો છે. એના સ્વાદનું વર્ણન આ જીભ દ્વારા થઇ શકે તેમ નથી ને આંખ દ્વારા જોઇ શકાય તેમ નથી. આના જેવો ઉત્તમ રસ દુનિયામાં બીજે ક્યાંય નથી.

આજે લોકો સાધના ખૂબ કરે છે, તપ જપ કરે છે, વ્રત નિયમ કરે છે પણ એમને આનંદ કેમ આવતો નથી? એ બોલે છે કે આટલા વખતથી ધર્મ કરવા છતાં જીવનમાં સુધારો કેમ થતો નથી? સુખ કેમ મળતું નથી? એનું કારણ એ છે કે આત્મિક ભાવપૂર્વક ક્રિયા થતી નથી. ઉપલક ક્રિયાઓ થાય છે. જ્યાંસુધી પોતાના સ્વરૂપનું ભાન નહિ થાય, આ બધું શા માટે કરૂં છું એવું લક્ષ્યબિંદુ નક્કી નહીં થાય ત્યાંસુધી આનંદ અને સુખ ઉપરછલ્લા મળશે. કિનારા ઉપર તો શંખલા ને છીપલા મળશે. સાગર રત્નાકર છે પણ એ કોના માટે? જે સમુદ્રના મધ્ય ભાગમાં જઇને ડૂબકી લગાવે છે તેને માટે. જે મરજીવો થઇને પડે તે મોતી મેળવે છે. ત્રીજા મંકોડાની જેમ જે મનુષ્ય જ્યાં છે ત્યાં ને ત્યાં નીચે બેસી રહેશે તો એને અમૃતરસ ક્યાંથી મળશે? એને ઉંચે ચઢવું જોઇએ, તો અમૃતરસ ચાખી શકે છે. તેવી રીતે સાધકે આગળ વધવું જોઇએ, ચિંતન

અને મનનરૂપી ઉંચાઇ ઉપર જે ચઢે છે તે આત્માનંદનો અમૃતરસ પી શકે છે. જ્યાં સુધી માનવ શરીર-મન અને ઇન્દ્રિઓની ક્ષુદ્ર વાસનાઓ નીચે દબાયેલો છે ત્યાં સુધી તે વચલા મંકોડા જેવો છે, ક્રોધ-માન-માયા-મોહ ને લોભમાં પડેલો છે તે નીચેના મંકોડા જેવો છે. આ બધા દુર્ગુણોને છોડીને ઉંચે ચઢી જાય છે તે ઉપરના મંકોડા જેવો છે.

બંધુઓ! તમને મંકોડો કોઇવાર કરડયો છે? એ મંકોડો પગે ચોંટી જાય છે ને ચટકો ભરે છે એટલે તમને તેની વેદના થાય છે. એને પગેથી ઉખેડવા પ્રયાસ કરો છો પણ પેલું લોહી ચૂસવાનો એને એવો સ્વાદ આવી જાય છે કે એ છૂટતો નથી. ખૂબ પરાણે ઉખેડવા જતાં એની કેડ ભાંગી જાય છે તેમ તમને સંતો સમજાવીને સંસાર છોડવાનું કહે છે. સમજી જશો તો સારૂં છે, પણ છેવટ સુધી ભોગ નહિ છોડો તો મંકોડા જેવી તમારી દશા થશે. કેડ ભાંગી જશે માટે એવી કેડ ભાંગીને પીડા ઉત્પન્ન કરવી ન હોય તો વહેલાસર ચેતી જજો.

જમાલિકુમારે ભગવાનને કહ્યું આપની આજ્ઞા હોય તો ૫૦૦ સંતોની સાથે અલગ વિચરૂં પણ ભગવાને તેની વાતનો સ્વીકાર ન કર્યો. મૌન રહ્યા ત્યારે બીજી વખત એ રીતે કહ્યું ત્યારે પણ પ્રભુ મૌન રહ્યા. છેવટે ત્રીજી વખત કહ્યું તો પણ ભગવાને તેની સામું જોયું નહિ ને આજ્ઞા આપી નહિ. પહેલાંની જેમ મૌન રહ્યા. ત્રણ ત્રણ વખત ભગવાન મૌન રહ્યા ત્યારે જમાલિ અણગારે સમજી જવું જોઇએ કે ભગવાનની આજ્ઞા નથી તો મારે શા માટે જવું જોઇએ! ભગવાન મૌન રહ્યા ત્યારે શું કર્યું? "तएणं से जमालि अणगारे समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता, नमंसित्ता समणस्स भगवओ महावीरस्स अंतियाओ बहुसालाओ चेइयाओ पडिणिक्खमइ २ त्ता पंचहिं अणगार सएहिं सद्धिं बहिया जणवयं विहारं विहरइ।"

એણે ભગવાનના મૌનનો અર્થ કરી લીધો કે ભગવાન મૌન રહ્યા છે પણ મને ના કહી નથી, એટલે ભગવાનને ત્રણ વખત પ્રદક્ષિણા કરી વંદન નમસ્કાર કરીને ભગવાનની પાસેથી બહુસાલ ચૈત્યમાંથી નીકળી પાંચસો શિષ્યોની સાથે વિહાર કરવા લાગ્યા. તેઓ વિચરતાં વિચરતાં શ્રાવસ્તી નગરીમાં પધાર્યા. એ શ્રાવસ્તી નગરી ખૂબ રમણીય હતી. તેના કોષ્ટક નામના ઉદ્યાનમાં ઉતર્યા. વધુ ભાવ અવસરે કહેવાશે.

ધરણ ભાકંદી નગરીમાં આવ્યો

ચરિત્ર:-ધરણે કાળસેન પાસેથી જવાની વિદાય માગી તે વખતે કાળસેન કહે છે હે મારા પરમ ઉપકારી મારી નાનકડી ભેટ સ્વીકારો એમ કરી હીરા-માણેક-મોતીના દાગીના આદિ અનેક ચીજો એની સામે મૂકી, પણ ધરણે લેવાની ના પાડી. તેણે કહ્યું મારી પાસે ઘણું ધન છે. મારે કંઇ જરૂર નથી. ખૂબ કહ્યું ત્યારે થોડું લીધું ને એની મિલ્કત લૂટી લીધી હતી તે બધી કાળસેને પાછી અપાવી. પછી તેના માણસોને લઇને

ધરણુસેન માકંદી નગરીમાં જવા તૈયાર થયો ને કાળસેને તેને જવાની રજા આપી. એટલે ધીમે ધીમે કરતાં ધરણે ચાલવાનું શરૂ કર્યું. વચમાં વહેપાર કરતો કરતો એક દિવસ માકંદી નગરમાં આવ્યો. નગરજનોને તેમજ તેના માત-પિતાને ખબર પડી એટલે ધરણનું ખૂબ સારી રીતે સ્વાગત કરી ગામમાં લાવ્યા. ધરણ મહાજનને કહે છે પહેલાં તમે મારી મિલ્કત ગણી લો. એની મિલ્કત ગણવામાં આવી તો સવા ક્રોડ ઉપર થઈ. થોડા સમયમાં પાંચ લાખ સોનામહોરોમાંથી સવાક્રોડની સંપત્તિ પ્રાપ્ત કરીને આવ્યો એટલે નગરજનોએ તેને ખૂબ ધન્યવાદ આપ્યા.

બીજી તરફ પંદર દિવસ પછી દેવાનંદી પણ ધન કમાઈને આવ્યો. નગરજનોએ તેનું પણ સ્વાગત કર્યું ને તેનો માલ-મિલ્કત બધું ગણતાં માલ સહિત માંડ અર્ધા ક્રોડની મિલ્કત થઇ એટલે નગરજનોએ કહ્યું-ભાઇ ! તું ધન કમાઇને ટાઇમસર આવી ગયો છે. પણ તારા કરતાં ધરણુસેન વહેલો આવ્યો ને સવાક્રોડ રૂપિયા ઉપર કમાણી કરીને આવ્યો છે. આ સાંભળી દેવાનંદીનું મુખ ઝાંખુ પડી ગયું. આમ કરતાં તેરસનો દિન આવ્યો. એટલે મહાજનના માણસો ધરણુસેન પાસે આવીને કહેવા લાગ્યા કે તમે દેવાનંદી કરતાં પહેલા આવ્યા છો ને ધન પણ તમે વધુ કમાયા છો માટે તમે રથ જોડીને આવો ને તમારો રથ આગળ કાઢો. ત્યારે ધરણ કહે છે એ બધી બાલપણની રમત હતી. હવે મારે રથ આગળ કાઢવો નથી. ફરીને તમે એ વાત યાદ કરશો નહિ. એમ કહી એ વાતનો આગહ છોડી દીધો. ધરણની ઉદ્ધારતા જોઇ નગરજનોએ તેની ખૂબ પ્રશંસા કરી.

" પુનઃ ધનપ્રાપ્તિ માટે પ્રયાણ :- ધરણે કમાઇને આવ્યા પછી પોતાના ગામમાં મોટા ભાગની લક્ષ્મીનો ધાર્મિક કાર્યોમાં, દાનમાં ને ગરીબોની સેવામાં સદુપયોગ કર્યો. ધરણ ધન ખૂબ કમાયો ને દાન પણ ખૂબ કર્યું. પણ એની પત્ની લક્ષ્મીની ખૂબ તપાસ કરાવી. ક્યાંય પત્તો ન પડ્યો એટલે એના માતા-પિતાને કહે છે આપ આજ્ઞા આપો તો ફરીને સમુદ્રની સફર કરીને ખૂબ ધન કમાઇ લાવું ને મારી પત્નીની પણ તપાસ કરું એના માતા-પિતાએ કહ્યું-ભાઇ ! ધન કમાવા જવાની તો જરૂર નથી. પણ તારી પત્ની નથી આવી માટે તને તપાસ માટે રજા આપીએ છીએ. એટલે ધરણે સમુદ્રમાર્ગે વહાણમાં જવાની તૈયારી કરાવી. તેની સાથે ઘણાં વહેપારીઓ જમવા તૈયાર થયા. શુભ દિવસે માકંદી નગરીથી પ્રયાણ કરી વૈજયંતી નગરીમાં આવ્યા. ત્યાં જઇ વહેપાર શરૂ કર્યો, પણ જોઇએ તેવો લાભ ન મળ્યો એટલે બીજા દ્વીપમાં જવાનો વિચાર કર્યો. અત્યારે ધરણને ધન કમાવા કરતાં લક્ષ્મીની ખૂબ ચિંતા થતી હતી. જ્યાં જાય ત્યાં પહેલાં એની તપાસ કરતો હતો, પણ ક્યાંય પત્તો લાગતો નથી. હવે વૈજયંતી નગરીથી તેમણે પ્રયાણ કર્યું.

તેઓ જ્યાં જાય ત્યાં લક્ષ્મીનો સદુપયોગ કરતા હતા. પણ કર્મની ગતિ વિચિત્ર

છે. એમના પાપકર્મનો ઉદય થવાથી એક વખત સમુદ્ર તોફાને ચઢયો ને બધાના વહાણ આમથી તેમ જુદા પડી ગયા ને ધરણનું વહાણ તુટી ગયું. બધા દરિયામાં ડૂબી ગયા પણ ધરણના હાથમાં એ ભાંગેલા વહાણનું પાટીયું આવી ગયું તેના સહારે તરતો તરતો સુવર્ણદ્વીપમાં આવ્યો.

સુવર્ણપ્રાપ્તિ :- ઘણા દિવસે ધરણસેન સમુદ્રમાં આમથી તેમ ભટકાતો આજે સુવર્ણદ્વીપમાં નિરાધાર અવસ્થામાં પહોંચ્યો હતો. એટલે ખૂબ ભૂખ્યો થયો હોવાથી વનફળ ખાધા. પાણી પીધું ને તાપણી કરીને તાપ્યો. પછી પાંદડાની પથારી કરી ભગવાનનું સ્મરણ કરી ત્યાં સૂઇ ગયો. સૂર્યોદય થતાં તે જાગૃત થયો. તે વખતે જે જગ્યાએ તેણે તાપણી કરી હતી તેટલી ભૂમિ સોનાની બની ગઈ હોય તેવું લાગ્યું. ધરણ ખૂબ બુદ્ધિશાળી હતો એટલે સમજી ગયો કે આ ધરતી સોનાની છે એની રેતી પણ સોનાની લાગે છે. એટલે તેણે તેનો પ્રયોગ કર્યો.

ધરણે ત્યાંની માટીને અગ્નિમાં તપાવીને ગાળીને તેમાંથી સોનાની ઇંટો બનાવી અને તે ઇંટોની સાઇડમાં દરેક ઇંટ પર પોતાનું નામ લખી દીધું. ને એકમાં બબ્બે ઇંટો જોડી એક સંપુટ તૈયાર કર્યું. એવા દસ હજાર સંપુટ તેણે તૈયાર કર્યા ને ધરણ પોતાનું વહાણ ભાંગી જવાથી અહીં રહ્યો છે એવી સૂચના કરવા માટે ભાંગેલા વહાણની નિશાનીરૂપ એક ઉંચા વૃક્ષ ઉપર ધ્વજા બાંધી. એટલે કોઈનું વહાણ અહીંથી પસાર થતું હોય તો આ નિશાન જોઇને એને લઈ જાય.

વ્યંતરદેવીનો ઉપદ્રવ :- ધરણસેન સુવર્ણદ્વીપમાં જઇ રહ્યો છે. કોઇ વહાણની સહાય મળે તો અહીંથી ચાલ્યો જાઉં એમ વિચાર કરે છે ત્યાં ચીનદેશથી સુવદન નામના વહેપારીના વહાણ દેવપુર જઇ રહ્યા છે. તેણે આ ભાંગેલા વહાણની નિશાનીરૂપ ધ્વજા જોઈ એટલે તેના વહાણ ત્યાં અટકાવીને તેના માણસોને ધરણ પાસે મોકલ્યા. તે માણસોએ આવીને કહ્યું કે અમારા શેઠ દેવપુરનગર તરફ જઇ રહ્યા છે. તેમણે તમને બોલાવવા અમને મોકલ્યા છે. ત્યારે ધરણે કહ્યું કે તમારા શેઠના વહાણમાં કેટલો માલ ભર્યો છે ? તેમણે કહ્યું થોડો માલ છે પણ તમારો માલ વહાણમાં રહી શકશે. આ સાંભળી ધરણે કહ્યું કે તમારા શેઠને મારી પાસે મોકલો. એટલે તે માણસોએ જઈને કહ્યું તેથી સુવદન સાર્થવાહ ધરણ પાસે આવ્યો. એટલે ધરણે કહ્યું તમારા વહાણમાં કેટલી કિંમતનો માલ ભર્યો છે ? તેમણે ઉત્તર આપ્યો કે એક હજાર સુવર્ણનો માલ ભર્યો છે. ત્યારે ધરણે કહ્યુ તમારો માલ સમુદ્રમાં ફેંકી દો અને તેમાં મારો બધો માલ ભરી દો. જો મારો માલ સહિસલામત મારે ગામ પહોંચશે તો હું તમને લાખ સુવર્ણ આપીશ. ત્યારે સુવદને કહ્યું ભલે, ખુશીથી તમારો માલ ભરો. તમારા માલ કરતા મારો માલ વિશેષ નથી. આમ કહી સુવદને પોતાનો માલ બહાર કાઢી ધરણનો માલ વહાણમાં

ભરાવી દીધો, પછી ધરણ તે વહાણમાં બેસીને ચાલ્યો.

બંધુઓ! કર્મની ગતિ કેવી વિચિત્ર છે! ધરણ કયાંથી કયાં આવી ગયો! તે વહાણમાં બેઠો છે પણ એને લક્ષ્મીની ચિંતા થાય છે કે એ અબળાનું શું થયું હશે! હજુ તેનો પત્તો પડતો નથી. આમ વિચાર કરતો લમણે હાથ દઈને બેઠો છે ત્યાં એકાએક એ વહાણમાં તેણે લક્ષ્મીને જોઈ. લક્ષ્મીએ ધરણને જોયો. ધરણ લક્ષ્મીને જોઈને ખુશ થયો કે અહા! હું જેની ચિંતા કરું છું, જેની શોધ કરું છું તે મને અહીં મળી ગઈ. પણ ધરણને જોઈને લક્ષ્મીને જરા પણ આનંદ ન આવ્યો. એના મનમાં થયું કે પેલા ભીલ લોકો એને બલિદાન દેવા લઈ ગયા હતા તો પણ કયાંથી છૂટ્યો! જ્યાં જઉં ત્યાં આ બલા આગળ ને આગળ આવે છે. ધરણ પ્રેમથી તેની પાસે ગયો ને પૂછયું–તું અહીં કયાંથી! એટલે ઉપરથી કૃત્રિમ પ્રેમ બતાવતી લક્ષ્મી બોલી સ્વામીનાથ! આપને ભીલ લોકો પકડીને લઈ ગયા ત્યારે હું તો મારું શીયળ સાચવવા કોઇ પણ રીતે નાસી છૂટી. ને ફરતી ફરતી સમુદ્રના કિનારે આવી. ત્યાં દૈવયોગે આ વહાણ મને મળ્યું. મેં આ સાર્થવાહને વિનંતી કરી એટલે તેમને મારા ઉપર દયા આવી અને મને વહાણમાં બેસાડી. ધરણ કહે છે પ્રિયા! હું તારી શોધમાં છું. એમ કહી પોતાનો વૃત્તાંત તેને જણાવ્યો ને પોતાની પત્નીને આશ્રય આપીને અહીં સુધી લાવવા બદલ ધરણે સુવદનનો આભાર માન્યો. હે મિત્ર! તમે મને સહાય આપી અને મારી પત્નીને બચાવી. તમારા વહાણમાં અમારું મિલન થયું એટલે તમે તો મારા મહાન ઉપકારી છો. હવે આ સુવદન લક્ષ્મીના રૂપ ઉપર મુગ્ધ બનેલો હતો. એણે પણ લક્ષ્મીની જેમ કૃત્રિમ પ્રેમ બતાવ્યો ને કહ્યું–ભાઇ! તમને તમારી પત્નીનો મારા વહાણમાં સંયોગ થયો જાણી મને પણ ખૂબ આનંદ થયો છે.

હવે સુવદનનું વહાણ સમુદ્રમાં વીશ ગાઉ દૂર ગયું ત્યાં એક સુંદર દેવી તેની પાસે આવીને પ્રગટ થઇ. તે દેવીનું નામ સુવર્ણાદેવી હતું. તે દેવી સુવર્ણદ્વીપની અધિષ્ઠાત્રી દેવી હતી. તેણે સુવદનને કહ્યું હે દુષ્ટ સાર્થવાહ! મારી આજ્ઞા વિના તું તારા વહાણમાં મારું દ્રવ્ય ભરી લાવ્યો છું માટે તું મારો અપરાધી છે માટે તું મને એક પુરૂષનું બલિદાન આપ અથવા લીધેલું દ્રવ્ય છોડી દે. નહિતર તારા વહાણનો નાશ કરીશ. આ પ્રમાણે કહી સુવર્ણાદેવીએ તેનું વહાણ પકડી રાખ્યું. આ વખતે પવિત્ર હૃદયના ધરણના મનમાં વિચાર થયો કે આ સાર્થવાહના વહાણમાં મેં મારો માલ ભર્યો છે. વળી એણે મારી સ્ત્રીને બચાવી છે ને એના વહાણમાં મને મારી પત્નીનો મેળાપ થયો છે તેથી સાર્થવાહ મારો પરમ ઉપકારી છે. માટે તેને બદલે મારું પોતાનું આ દેવીને બલિદાન થવું જોઈએ. એના ઉપકારનો બદલો વાળવો એ મારું કર્તવ્ય છે. આવો વિચાર કરીને ધરણે વ્યંતરદેવીને કહ્યું– દેવી! આ સાર્થવાહનો દોષ નથી.

આ વહાણમાં તેમણે મારૂં દ્રવ્ય મૂકેલું છે માટે હું અપરાધી છું, એ તો નિર્દોષ છે. માટે મને તમે બલિદાન તરીકે સ્વીકારો. ધરણના આવા વચન સાંભળી દેવી બોલી કે–તું આ સમુદ્રમાં પડતું મૂક. ત્યારે ધરણે સુવદન સાર્થવાહને કહ્યું કે આ મારી પત્નીને માકંદી નગરીમાં મારા માતા–પિતાને સોંપી દેજો. એમ કહી નવકારમંત્રનું સ્મરણ કરી ધરણે સમુદ્રમાં પડતું મૂકયું. એટલે પેલી વ્યંતર દેવીએ તેને ત્રિશૂળ વડે ઉપાડી સુવર્ણદ્વીપમાં મૂકયો. પછી તે વહાણ આગળ ચાલ્યું. ત્રિશૂળની અણી ધરણના શરીરમાં ભરાવાથી લોહી નીકળે છે, ખૂબ વેદના થાય છે. એવી બેહાલ સ્થિતિમાં ધરણ સુવર્ણદ્વીપમાં પડયો છે. આ તરફ ધરણ દરિયામાં પડવાથી લક્ષ્મી ખૂબ રાજી થઈ. બસ, હવે તો એ મરી જશે. સુવદન અને લક્ષ્મી એક થઇ ગયા હતા. તેમણે વિચાર કર્યો કે આ કોડોની સંપત્તિ આપણને મળી. હવે નિરાંતે આનંદ કરીશું. ધરણના પ્રાણ કંઠે આવી ગયા છે. વેદનાનો પાર નથી. લક્ષ્મીને આનંદનો પાર નથી. હવે ધરણનું અને લક્ષ્મીનું બંનેનું શું થશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૧૦૦

આસો વદ ૯ ને શનિવાર તા. ૨૦–૧૦–૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

સુજ્ઞ બંધુઓ! સંસાર એક વિરાટ સમુદ્ર છે. આ વિરાટ સમુદ્રમાં જીવ વિવિધ ગતિઓમાં ને વિવિધ યોનિઓમાં પરિભ્રમણ કરે છે. આ જીવને જન્મ લેવા માટે ચાર ગતિ, પાંચ જાતિ અને ચોરાશી લાખ જીવાયોની છે. આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ કે આ પૃથ્વી ઉપર અનેક પ્રકારના જીવો છે. અનેક જીવો આકાશમાં ઉડે છે, અનેક જીવો પૃથ્વી ઉપર ચાલે છે, અનેક જીવો પાણીમાં તરે છે, ને તેમાં પણ જુદી જુદી જાતિના હોય છે. ચોમાસામાં કીડી–મંકોડા–ડાંસ–મચ્છર પુદ્ગા–પતંગીયા આદિ અનેક પ્રકારના જીવોની ઉત્પતિ થાય છે. આ દરેક જીવો જન્મે છે ને મરે છે, ને ચતુર્ગતિમાં ભમે છે. આ તો પૃથ્વી ઉપરના જીવોની વાત થઇ. આપણી ઉપર દેવલોક છે ને નીચે નરક છે. અનંતતિર્યંચના જીવો પણ આ સંસારમાં વસે છે ને તેમનું જીવન વીતાવે છે. આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે આ સંસાર કેવો અનંત અને વિરાટ છે. આપણને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું નથી એટલે સંપૂર્ણ જગતને જાણી કે જોઇ શકીએ તેમ નથી. પણ કલ્પના તો અવશ્ય કરીએ છીએ.

આપણો આત્મા ચોર્યાશી લાખ જીવાયોનીમાં જન્મ લેતો લેતો માનવજન્મ પામ્યો છે. અનંત જન્મોની યાત્રા કરતાં કરતાં મહાન પુણ્યે માનવ જન્મરૂપી ધર્મક્ષેત્રમાં પડાવ નાંખ્યો છે. આ માનવભવ આપણને જેમ તેમ નથી મળ્યો. મહાન પુણ્યના ઉદયથી મળ્યો છે.

મહાપુણ્યે માનવદેહને પામી, થાજે સદા તું ભાઇ આતમરામી,
વીર પ્રભુની આજ્ઞામાં સુખ છે અપાર-દિપક પ્રગટે દિલમાં જિનવાણી
જયજયકાર....શાસ્ત્રોના

આવો ઉત્તમ જન્મ પામીને જ્ઞાની કહે છે હે જીવ ! તું ભોગવિલાસમાં ન પડતો.. આત્માનંદને પ્રાપ્ત કરી લે. આવો આત્માનંદ વીતરાગ પ્રભુની આજ્ઞામાં રહેવાથી પ્રાપ્ત થાય છે. અનંતભવની યાત્રા કરતાં કરતાં કષ્ટો વેઠીને માનવભવની પવિત્ર ભૂમિમાં આવ્યો છે. તો હે જીવ ! તારી યાત્રાને સફળ કરી લે. જેને આ માનવભવ મળ્યો છે તે મહાન પુણ્યશાળી છે એમાં જરા પણ શંકા કરવા જેવી નથી, કારણ કે માનવજીવન અમૂલ્ય છે. કોઇ માણસ લાખો કે કોડો રૂપિયા આપે અગર ચક્રવર્તિ છ ખંડનું રાજ્ય અને તેનું સર્વસ્વ આપી દે તો પણ એ માનવજીવનનું મૂલ્ય આપી શકતો નથી. માનવજીવનનો મહિમા અપાર છે. દેવ પણ માનવજીવનની સરખામણી કરી શકતો નથી. ભૌતિક દૃષ્ટિથી દેવ માનવ કરતાં આગળ વધી શકે છે. પણ આધ્યાત્મિક દૃષ્ટિથી આપણે વિચાર કરીએ કે વીતરાગવાણી ઉપર શ્રદ્ધા કરીએ તો સમજાશે કે આત્માનો છેલ્લામાં છેલ્લો વિકાસ માનવ કરી શકે છે. દેવો ભૌતિક સુખ ભોગવે છે પણ આત્મિક સુખમાં એ પાછળ છે. દેવો વધુમાં વધુ ચોથું ગુણસ્થાનક પ્રાપ્ત કરી શકે છે પણ આત્માની અનંત શક્તિનો ઉપયોગ કરવામાં સમર્થ માનવચૌદ ગુણસ્થાનકને પાર કરીને પરમાત્મપદની પ્રાપ્તિ કરી શકે છે. માટે કહ્યું છે કે–

" धर्मार्थ काम मोक्षाणाम् मूलामुक्त कलेवरम् । "

ધર્મનું, ધનનું, મોક્ષનું અને વિવિધ ઇચ્છાઓનું સાધન આ માનવશરીર છે. પણ એ બધામાંથી ધર્મ પામીને મોક્ષપ્રાપ્તિ કરવી એ માનવજન્મની વિશિષ્ટતા છે. પૂર્વના પુણ્યોદયે ધન-વૈભવ તમને સહેજે પ્રાપ્ત થયાં છે. એમાં સુખ માનીને બેસી રહેવાનું નથી. પણ મોક્ષપ્રાપ્તિ માટે પુરૂષાર્થ કરવાનો છે. જે મનુષ્ય માનવજન્મ પામીને ક્રોધ-માન--માયા--લોભ-રાગ-દ્વેષ અને વિષયોની આગને ઠારે છે તે જલ્દી મોક્ષપ્રાપ્તિ કરી શકે છે.

કષાય એક પ્રકારની અગ્નિ છે. ઉત્તરાધ્યયન સૂત્રના ત્રેવીશમાં અધ્યયનમાં કેશીસ્વામી અને ગૌતમસ્વામીનો સંવાદ ચાલ્યો છે. કેશીસ્વામી અને ગૌતમસ્વામી બંને જ્ઞાનમાં મહર્ધિક પુરૂષો હતા. કેશીસ્વામી ગૌતમસ્વામીને એક પછી એક પ્રશ્ન પૂછે છે ને ગૌતમસ્વામી તેનું સમાધાન કરતા જાય છે. પ્રશ્ન પૂછતાં પૂછતાં આગળ શું પ્રશ્ન પૂછે છે ?

संपज्जलियाघोरा, अग्गी चिट्ठइ गोयमा ।
जे डहन्ति सरीरत्थे, कहं विज्झाविया तुमे ।

ઉત્ત. સૂ. અ. ૨૩, ગાથા ૫.

હે ગૌતમ ! આ શરીરમાં ઘોર અગ્નિ પ્રજ્વલિત થઇ રહી છે તે આખી દુનિયાને જલાવી રહી છે તો આપે એ અગ્નિને શાંત કરી દીધી છે, તો એ કેવી રીતે શાંત કરી છે ? કેવો સુંદર પ્રશ્ન છે. આ અગ્નિ સમસ્ત સંસારને બાળી રહી છે, તો એનાથી આપ કેવી રીતે બચી શકો છો ? જવાબમાં ગૌતમસ્વામી કહે છેઃ-

" महा मेहप्प सूयाओ गिज्झवारि जलुत्तमं । "
सिंचामि सययं देहं, सित्तानो डहन्तिमे ।।

ઉત્ત. સૂ. અ. ૨૩, ગાથા ૫૧

હે પૂજ્ય ! આપની વાત સત્ય છે કે પ્રત્યેક શરીરમાં અગ્નિ જલી રહી છે. દાવાનળની જેમ તે સમસ્ત સંસારને બાળી રહી છે, પણ મેં એને શાંત કરી છે. દ્રવ્ય અગ્નિ ઉપર પાણી છાંટવાથી શાંત થઇ જાય છે એવી રીતે મહામેઘ રૂપ વરસતા જળથી હું એ અગ્નિને નિરંતર બુઝાવું છું, શાંત કરું છું, એટલે તે ઠરેલી અગ્નિ મારા શરીરને બાળતી નથી.

કેશીસ્વામી અને ગૌતમસ્વામીનો આ પ્રશ્ન બંનેના પાંચસો-પાંચસો શિષ્યો તેમજ દેવો અને મનુષ્યોની વચ્ચે ચર્ચાઇ રહ્યો હતો. કેશીસ્વામીએ પ્રશ્ન પૂછ્યો ને ગૌતમસ્વામીએ તેનું સમાધાન કર્યું. કેશીસ્વામીએ વિચાર કર્યો કે ગૌતમસ્વામીએ મારા પ્રશ્નનો જવાબ આપ્યો છે ને હું બરાબર સમજી ગયો છું. પણ આટલા બધા શ્રોતાજનો બેઠા છે તેમને સમજણ નહિ પડી હોય કે અહીં કઇ અગ્નિ છે ને કયું પાણી છે ? એ લોકોને સમજાવવા માટે ફરીને એનું સ્પષ્ટીકરણ કરવું જોઇએ. એમ વિચાર કરીને ફરીથી કેશી સ્વામી પૂછે છે-

अग्गी य इइ का वुत्ता, केसी गोयम मब्बवी ।
केसिमेव बुवंतंतु, गोयमो इण मब्बवी ।।

ઉત્ત. સૂ. અ. ૨૩, ગાથા ૫૨

હે ગૌતમ! જેનાથી સમસ્ત સંસાર જલી રહ્યો છે તે અગ્નિ કઇ છે? અને એ અગ્નિને બુઝાવનાર પાણી કયું છે? ત્યારે ગૌતમસ્વામી તેનો ઉત્તર આપતાં કહે છે-

कसाया अग्गिणो वुत्तो, सुयसील तवो जलं ।
सुयधाराभिहया सन्ता, भिन्ना हु न डहन्तिमे ।।

ઉત્ત. સૂ. અ. ૮૩,ગાથા ૫૩

હે પૂજ્ય! એ કષાય રૂપ અગ્નિ છે તથા શ્રુત-શીલ અને તપ રૂપી પાણી છે. શ્રુતરૂપ જળની ધારાથી બુઝાયેલ-શાંત થયેલ અગ્નિ મને બાળતો નથી.

બંધુઓ! દ્રવ્યઅગ્નિ જેટલું જીવનું અહિત કરતી નથી તેનાથી અધિક

ભાવઅગ્નિ નુકશાન કરે છે. ક્રોધ-માન-માયા અને લોભ રૂપી કષાયઅગ્નિ આત્માના સમસ્ત ગુણોને બાળીને ખાખ કરી નાંખે છે. એ ભયંકર આગને જો આપણે બુઝાવવી હોય તો અને આત્મિક ગુણોનું રક્ષણ કરવું હોય તો શ્રુતરૂપી જળની ધારા વડે તેનું સિંચન કરવું જોઇએ. આ તો કષાયરૂપી અગ્નિની વાત થઇ. અહીં પાણી કયું છે? મહામેઘનું. એ મહામેઘ કોણ છે? આપણા તીર્થંકર ભગવંતો મહાન મેઘ સમાન છે. એમના ઉપદેશ રૂપી જળ એ શ્રુતરૂપી જળની ધારા છે અને એ પાણી કષાયરૂપી અગ્નિને બુઝાવી દે છે.

કામ-ક્રોધ રૂપી વાદળ જ્યારે ચઢે છે ત્યારે અંગારા વરસવા લાગે છે. સાધુ પુરૂષો વીતરાગ વાણીનો વરસાદ વરસાવે છે ત્યારે એ અંગારા બુઝાઈ જાય છે. આ યુગમાં જો સાધુપુરૂષો ન હોય તો કષાયરૂપી આગ આખા જગતમાં ફેલાઈ જાય. કોઇ પ્રાણી એ અગ્નિથી બચી શકે નહિ. મનુષ્યે જો પોતાનું કલ્યાણ કરવું હોય તો ક્રોધ-માન-માયા લોભ-રાગ અને દ્વેષથી દૂર રહેવું જોઇએ. ઠાણાંગ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે રાગના બે સંતાન છે ને દ્વેષના બે સંતાન છે. તમને થશે કે એ કોણ? તો સાંભળો. જ્યાં દ્વેષ હોય છે ત્યાં ક્રોધ અને માન અવશ્ય પેદા થાય છે અને જ્યાં રાગ હોય છે ત્યાં માયા અને લોભનો જન્મ અવશ્ય થાય છે ને તેને કષાય કહેવામાં આવે છે. એ કષાયો અને વિષયો આત્માને મલીન બનાવે છે ને આત્માને પોતાના શુદ્ધ સ્વરૂપનું ભાન થવા દેતા નથી. આત્મકલ્યાણના ઈચ્છુક મહાન પુરૂષો કષાયોથી પર રહે છે. એમને સારા પદાર્થો પ્રત્યે રાગ નથી હોતો ને ખરાબ પદાર્થો પ્રત્યે દ્વેષ નથી હોતો.

એક વખત એક ગામમાં એક યોગી મહાત્મા પધાર્યા. ઘણાં માણસો તેમની પાસે આવવા લાગ્યા ગામના રાજાને ખબર પડી કે યોગી મહાત્મા પધાર્યા છે એટલે રાજા તેમના દર્શન કરવા આવ્યા. દર્શન કરીને મહાત્માને પ્રાર્થના કરી કે ગુરૂદેવ આપ એક દિવસ મારા રાજમહેલમાં પધારો. મારા ઉપર કૃપા કરો. આપની ચરણ રજ મારા મહેલમાં પડે તો મારો મહેલ પાવન બની જાય. તમે પણ કહો છો ને કે મહાસતીજી! ગૌચરી પધારી અમને પાવન કરજો. રાજાએ મહાત્માને એના રાજમહેલમાં એક દિવસ રહેવા આવવાની ભાવના ભાવી એટલે મહાત્માએ કહ્યું હે રાજન! હું તારા મહેલમાં રહેવા નહિ આવું. મને ત્યાં દુર્ગંધ આવે છે.

આ સાંભળી રાજા આશ્ચર્યચકિત થઇને બોલ્યા મહારાજ! તમે તો કેવી વાત કરો છો? મારા મહેલમાં તો ધૂપસળીઓ બળે છે, ને ગુલાબ મોગરાનું અત્તર રોજ છાંટવામાં આવે છે ને મારા મહેલની ચારે બાજુ ફરતો બગીચો છે તેમાં ગુલાબ મોગરો જુઇ, ચંપા અને કેવડાના છોડ છે. ચારે તરફ સુગંધ સુગંધ મહેંકે છે. કોઇ માણસ મારા મહેલમાં આવે તો એનું દિલ ખુશ થઇ જાય ને સ્વસ્થ બની જાય ને આપ કહો છો કે મને દુર્ગંધ આવે છે એ કેમ બને? ત્યારે મહાત્મા કહે છે મારે ચમારવાડે

બિમાર રોગી ચમારોની ખબર લેવા જવાનો સમય થઇ ગયો છે, હું ત્યાં જઉં છું તો તમે પણ મારી સાથે ચાલો તો તમારી શંકાનું સમાધાન થઈ જશે.

રાજા મહાત્માની સાથે ચાલ્યા. ચમારવાડો તો હજુ ઘણો દૂર હતો ત્યાંથી રાજાને દુર્ગંધ આવવા લાગી. એમ કરતાં ચમારવાડામાં આવ્યા, તો ત્યાં દરેક ચમારના ઘરમાં ચામડા ધોવાતા હતા. કોઇ જગ્યાએ ચામડા સૂકવવામાં આવ્યા હતા, તો કોઇ જગ્યાએ કપાયેલા ઢોરોના લોહીભર્યા તાજા ચામડા લાવેલા પડયા હતા. રાજાને તો એટલી બધી દુર્ગંધ આવી કે એનો જીવ ગભરાવા લાગ્યો. ઉછાળા આવવા લાગ્યા એટલે નાકે રૂમાલ ઢાંકી દીધો, ને સંતને કહ્યું મહારાજ! જલ્દી અહીંથી બહાર ચાલ્યા જઇએ. આ દુર્ગંધથી તો મારૂં માથું ફાટી જાય છે, મારો જીવ ગભરાય છે, ત્યારે સંતે હસીને કહ્યું-રાજન! તમને દુર્ગંધ શેની આવે છે? જુઓ તો ખરા અહીં કેટલા સ્ત્રી-પુરૂષો કામ કરી રહ્યા છે? કોઇને ગંધ નથી આવતી ને તમે તો અકળાઈ ગયા. ત્યારે રાજા કહે છે મહાત્માજી! એ તો રાત-દિવસ ચામડાનું કામ કરે છે, એમનું નાક એવું થઇ ગયું છે એટલે એમને દુર્ગંધનો અનુભવ સરખો પણ થયો નથી. પણ મને ચામડામાં રહેવાની આદત નથી એટલે દુર્ગંધ આવે ને?

રાજાની વાત સાંભળી મહાત્માજી બોલ્યા હે રાજન! તમારા રાજમહેલની આવી જ હાલત છે. રાત-દિવસ તમે વિષયભોગોમાં તલ્લીન રહો છો એટલે તમને તેમાં રહેવાથી દુર્ગંધનો અનુભવ થતો નથી, કારણ કે તમને આદત પડી ગઇ છે, જેમ તમને દુર્ગંધ લેવાનો અનુભવ નથી એટલે ચમારવાડામાં તમારો જીવ ગભરાઇ ગયો તેવી રીતે હું વિષય-ભોગોનો ત્યાગી છું. તેથી રાજમહેલમાં વિષયભોગોની દુર્ગંધથી મારો જીવ ગભરાઇ જાય છે એટલા માટે મેં તમારા મહેલમાં આવવાની ના પાડી છે. મહાત્માની વાત સાંભળી મહારાજા તેમને વંદન કરીને ચાલ્યા ગયા.

બંધુઓ! સારા પદાર્થો પ્રત્યે રાગ અને માઠા પદાર્થો પ્રત્યે દ્વેષ કરવો એ પણ કષાય છે, કષાયો કસાઇથી પણ બૂરા છે. લૂંટારા કરતાં પણ ભયંકર છે, અને જાજવલ્યમાન અગ્નિ છે, એ આત્મિક ગુણોને ખાઇ જાય છે.

જમાલિ અણગાર વિચરતા વિચરતા શ્રાવસ્તી નગરીના :કોષ્ટક નામના: ઉદ્યાનમાં પ્રાસુક પાટ-પાટલા આદિની ગવેષણા કરીને ત્યાં ઉતર્યા. તે તપ અને સ્વાધ્યાયમાં રક્ત રહે છે. શરીર તપશ્ચર્યાથી સૂકકેબૂકકે કરી નાંખ્યું છે. તપ અને સંયમમાં આત્માની રમણતા કરતા વિચરે છે. હજારો જીવોને ધર્મનો બોધ આપે છે. હવે રહેજ ઉત્સૂત્રની પ્રરૂપણા કરશે તે કેવી રીતે કરશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

"વિદ્યાધરે સહાય કરી"

ચરિત્ર: સુવર્ણા નામની વ્યંતરી દેવીએ ઘરણે સમુદ્રમાં પડતું મૂકયું એવો તીક્ષ્ણ

ત્રિશૂળ ઉપર ઝીલી લીધો. ને સુવર્ણદ્વીપમાં લાવીને મૂક્યો. ત્રિશૂની તીક્ષ્ણ અણીઓ તેના પેટમાં ભોકાય ગઇ હોવાથી અસહ્ય વેદના થતી હતી. એની જીભ બહાર નીકળી ગઇ હતી. એના પ્રાણ કંઠે આવી ગયા હતા. આવી બેહાલ સ્થિતિમાં ધરણ બેભાન થઇને પડયો હતો. એટલામાં તે હેમકુંડળ વિદ્યાધર સુવેગ નામના નગરથી રત્નદ્વીપમાં જતો હતો. વચમાં સુવર્ણદ્વીપ અને બેભાન માણસને જોતાં તરત તેણે ઔષધિનો ઉપયોગ કર્યો ને પછી જોયું તો ધરણ અહો! આ તો ધરણ છે. મારો ઉપકારી મિત્ર છે. ધરણ તને આ શું થયું? પછી શુદ્ધિમાં આવતાં તેણે હેમકુંડળને બધી વાત કરી. વિદ્યાધર કહે એ સુવર્ણદેવી દુષ્ટ છે. હું એને સારી રીતે ઓળખું છું એમ કહી દેવીના પાસમાંથી તેને છોડાવ્યો. તેને લઇને હેમકુંડળ આકાશમાર્ગે ઉડયો ત્યારે ધરણે પૂછયું. તમે ઔષધિ લઇને વિજયવિદ્યાધરને બચાવવા ગયા હતા તે જીવ્યો કે નહિ? વિદ્યાધરે કહ્યું તે જીવી ગયો છે. આ સાંભળી ધરણને ખૂબ આનંદ થયો.

બંધુઓ! ધર્મિષ્ઠ અને પરોપકારી પુરૂષો આવા દુઃખમાં પણ પારકાના દુઃખ મટાડવાની કેવી પવિત્ર ભાવના રાખે છે. બીજું ધરણે જેટલા જીવોને સહાય કરી હતી તે બધા એને દુઃખમાં સહાયક બન્યા છે. નિઃસ્વાર્થ ભાવે કરેલી સેવા અવશ્ય ફળીભૂત થાય છે. કદાચ આ ભવમાં તમને સહાય નહિ કરે તો પરભવમાં પણ અવશ્ય સહાય કરશે. પણ કોઇના ઉપર ઉપકાર કરતી વખતે તમે બદલાની ઈચ્છા ન રાખશો. અહીં ધરણને મરવાની અણી ઉપર હેમકુંડળ વિદ્યાધર મળી ગયો. અને તેને બચાવી લીધો.

ધરણે હેમકુંડળને પોતાની બધી વિતક કહી ત્યારે હેમકુંડળ વિદ્યાધરે કહ્યું-ભાઇ! તેં મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે તો તું મને કંઇક સેવાનું કાર્ય ફરમાવ. એટલે ધરણે કહયું-ભાઇ! મારે બીજું કંઇ કામ નથી. પણ મારી પત્ની જે વહાણમાં ગઇ છે તે વહાણ દેવપુર નગરમાં જવાનું છે, તો તું મને ત્યાં લઈ જા. જેથી મને મારી પત્નીનો ત્યાં મેળાપ થઇ જશે. હેમકુંડળ કહે રત્નદ્વીપમાં સુલોચન નામનો મારો મિત્ર છે તેને મળીને હું તમને દેવપુરીમાં લઈ જઇશ. ધરણ કહે ભલે-હેમકુંડળ અને ધરણ રત્નદ્વીપમાં વસતા સુલોચનને ઘેર ગયા. તે વખતે સુલોચન તેની પત્ની ગાંધર્વદત્તાની સાથે વીણા વગાડતો હતો. પોતાના મિત્ર હેમકુંડળને જોતાં સુલોચન હર્ષથી ઉભો થઇ ગયો. ને પ્રેમથી ભેટી પડયો. પછી આમ એકાએક આગમનનું કારણ પૂછયું ને સાથે આ કોણ છે? હેમકુંડળે કહ્યું-આ ધરણસેન મારો મિત્ર અને પરમ ઉપકારી છે. પોતાની આવી સ્થિતિ થઇ હતી ને ધરણે કેવો ઉપકાર કર્યો હતો તે બધી વાત સુલોચનને કહી એટલે સુલોચને ખુશ થઈને ધરણને કેટલાક અમૂલ્ય રત્નો ભેટ આપ્યા.

ધરણસેન દેવપુર નગરમાં:- હેમકુંડળ થોડા દિવસ રત્નદ્વીપમાં રોકાઈ પોતાની વિદ્યાના પ્રભાવથી ધરણને દેવપુર નગરની બહાર લઇ આવ્યો ને કહ્યું કે આ

દેવપુર નગર છે. આ નગરમાં જઇને તમે તમારી પત્નીને શોધી લેજો એમ કહી ધરણસેનની રજા લઇ હેમકુંડળ વિદ્યાધર ચાલ્યો ગયો. ધરણે ગામબહાર વિશ્રાંતિ લઇને દેવપુર નગરમાં પ્રવેશ કર્યો. ત્યાં ટોપ નામના એક શેઠ ધરણને સામા મળ્યા. તેની મુખાકૃતિ જોઈને તેમને લાગ્યું કે આ કોઇ પુણ્યવાન પુરૂષ લાગે છે પણ આ ગામનો અજાણ્યો હોય તેમ લાગે છે. એટલે ટોપ શેઠ તેને આદરપૂર્વક પોતાને ઘેર લઈ ગયા ને તેને સ્નાન-ભોજન આદિ કરાવીને તેનો વૃત્તાંત પૂછ્યો. એટલે ધરણે શેઠને પોતાની વીતક કહાણી કહી સંભળાવી ને ધરણે પેલા રત્નો શેઠને આપીને કહ્યું કે આ મારા રત્નો તમે સાચવજો. ટોપ શેઠે તે રત્નો લઈને તિજોરીમાં મૂક્યા.

આ તરફ ધરણ સમુદ્રમાં પડ્યા પછી લક્ષ્મી અને સુવદનના મનમાં થયું કે હાશ! સારૂં થયું કે તે દરિયામાં પડ્યો. તેમ આનંદ માનતાં સંસારના સુખો ભોગવતા દેવપુર નગરમાં તેમનું વહાણ આવી પહોંચ્યું. નગરમાં ખબર પડી કે ચીનનું વહાણ આવ્યું છે એટલે ધરણ બંદર ઉપર આવ્યો.

સરળહૃદયી ધરણ લક્ષ્મીને જોતાં ખુબ ખુશ થયો ને તેને ભેટી પડ્યો. પણ તેને ખબર નથી કે આ બંને દુષ્ટ છે. લક્ષ્મી કહે છે સ્વામીનાથ! મને આમ મૂકીને શા માટે ચાલ્યા જાવ છો? હજુ ક્યાં સુધી મને તલસાવશો. હું ઝૂરી-ઝૂરીને રાત-દિવસ વીતાવું છું. આજ મારા પ્રાણવલ્લભ મળતાં મને ખૂબ આનંદ થયો છે. એનું બોલવું-ચાલવું અને હાવભાવથી ધરણ તો પીગળી ગયો ને બોલ્યો- પ્રિયા! તું પણ મારા માટે કેટલું કષ્ટ વેઠે છે! સુવદન કહે છે આપ બચી ગયા તેથી મને ખૂબ આનંદ થયો. હવે આ આપનું સુવર્ણ લઇ લો. ત્યારે ધરણ કહે છે શેઠ! તમે મારી પત્નીને બચાવી છે, ને તમે મને તેનો મેળાપ કરાવ્યો છે એ મારે મન સુવર્ણથી અધિક છે. ધરણ કહે ચાલો, આપણે નગરમાં જઇએ. ત્યારે સુવદન પૂછે છે આપ ક્યાં ઉતર્યા છો? તો કહે હું ટોપ શેઠને ત્યાં ઉતર્યો છું. ત્યારે લક્ષ્મી અને સુવદન કહે છે આજે આપણે બંદર ઉપર રહી જઇએ. આવતી કાલે સવારે ત્યાં જઇશું. સરળહૃદયના ધરણે તે વાતનો સ્વીકાર કર્યો ને તે દિવસે રાત્રે ત્યાં રહેવાનું નક્કી કર્યું. હવે સુવદન અને લક્ષ્મીએ નિર્ણય કર્યો કે આજે રાત્રે ગમે તેમ કરીને ધરણને મારી નાંખવો. હવે તે શું કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૧૦૧

આસો વદ ૧૧ ને રવિવાર **તા. ૨૧-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

વિશ્વવંદનીય ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આધિ-વ્યાધિ

અને ઉપાધિ રૂપી સંતાપથી સંતપ્ત થયેલા વિશ્વના જીવોને શાન્તિ આપવા માટે કરૂણાથી પ્રેરિત થઇને દિવ્યદેશના રૂપી પવિત્ર સરિતા વહાવી છે. તે નિર્મળ સરિતામાં સ્નાન કરીને અનંત જીવોએ ત્રિવિધતાપથી મુકિત પ્રાપ્ત કરી છે અને ભવિષ્યમાં અનંત જીવો મુકિત મેળવશે ને ભૂતકાળમાં અનંત જીવો વીતરાગ વાણીનું પાન કરી આચરણમાં ઉતારી મોક્ષમાં ગયા છે.

આત્મસાધનાનું લક્ષ મોક્ષપ્રાપ્તિ છે. જમાલિ અણગારે મોક્ષના લક્ષે સંયમમાર્ગ અપનાવ્યો હતો. એમના પથદર્શક મહાવીર પ્રભુ હતા. સુંદર રીતે સંયમની આરાધના કરતા હતા. સંસારના બંધનથી મુકત થવા માટે ઉત્તરાધ્યયન સૂત્રના ૨૮ મા અધ્યયનમાં દશ પ્રકારની રૂચી બતાવી છે.

निसग्गुवएसरुई, आणारुई सुय बीयरुइमेव ।
अभिगम वित्थार रुई, किरिया संखेव धम्मरुई ।।

ઉત્ત. સૂ. અ. ૨૮, ગાથા ૧૬

નિસર્ગરૂચી, ઉપદેશરૂચી, આજ્ઞારૂચી, સૂત્રરૂચી, બીજરૂચી, અભિગમ રૂચી, વિસ્તાર-રૂચી, ક્રિયારૂચી, સંક્ષેપરૂચી અને ધર્મરૂચી. દશ પ્રકારની રૂચીમાં સાધક મસ્ત રહે તો સાધનાના પંથમાં સાધક આનંદ પ્રાપ્ત કરે છે. આ દશ પ્રકારની રૂચીમાં એક આજ્ઞારૂચી છે.

આપણે જમાલિકુમારની વાત ચાલે છે. જમાલિકુમારે ભગવાનની આજ્ઞા માની નહિ. એમનામાં બધી રૂચી હતી પણ એક આજ્ઞારૂચીની ખામી હતી. જો આજ્ઞારૂચી હોત તો ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને વિહાર કરત નહિ. વિનયવાન શિષ્ય ગુરૂ જે આજ્ઞા કરે તે તહેત્ પ્રમાણ કરે છે. આજ્ઞારૂચી કોને કહેવાય ?

रागो दोसो मोहो, अन्नाणं जस्स अवगयं होई ।
आणाए रोयन्तो, सो खलु आणारुइ नाम ।।

ઉત્ત. સૂ. અ. ૨૮, ગાથા ૨૦

જેના રાગ-દ્વેષ-મોહ અને અજ્ઞાન દૂર થઇ ગયા છે એવા મહાન પુરૂષોની આજ્ઞાની રૂચી એ આજ્ઞારૂચી છે. સદ્ગુરૂ દેવોની આજ્ઞાનું પાલન કરવું એ આજ્ઞારૂચી છે.

સૂત્રમાં ઘણી જગ્યાએ મહાવીરસ્વામીને ગૌતમસ્વામીએ પ્રશ્ન પૂછયા છે ને ભગવાને તેમના પ્રશ્નનું સમાધાન કર્યું છે. ગૌતમસ્વામી ભગવાનના પટ્ટશિષ્ય હતા. ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના જ્ઞાતા હતા. છતાં મનમાં અભિમાનનું નામ નહિ. ભગવાન આજ્ઞા કરે તો તહેત્ કરતા હતા. એમનો વિનય પણ એવો હતો. આપણે બોલીએ છીએ.

મહાવીરને ચરણે, ગૌતમને શરણે, સદા રહો પ્રભુ મહાવીરને ચરણે !

ભગવાનને ઘણાં શિષ્યો હતાં પણ આજે ગૌતમસ્વામીનું નામ કેમ ગવાય છે? બધા સંતો મોતીની માળા જેવા હતા. એકએકથી ચઢિયાતા હતા. ગૌતમસ્વામીમાં

વિનયનો ગુણ વિશિષ્ટ હતો. પ્રભુની આજ્ઞામાં એમની રમણતા હતી–રૂચી હતી.

તમને પણ કોઇ ને કોઈ પ્રકારની રૂચી તો છે જ ને? દિવાળીના દિવસો નજીક આવે છે. બધા મીઠાઇ લાવીને આનંદ માનશે. આ પણ એક પ્રકારની રૂચી છે ને? સંસારની અનેક રૂચી તમને જાગે પણ ત્યાગની રૂચી કદી થાય છે? સંસારમાં અનાદિકાળથી ભમું છું તો હવે સાધુ બની જાઉં. (હસાહસ). બદામનો હલવો ને પીસ્તાની બરફીનો સ્વાદ તમારી દાઢમાં રહી જાય છે તેમ શ્રુતવાણીનો સ્વાદ તમારી દાઢમાં રહી જવો જોઇએ. જેને શ્રુતવાણી રૂચે તે જરૂર વીતરાગ પ્રભુની આજ્ઞા શિરોમાન્ય કરે. વીતરાગની આજ્ઞા શિરોમાન્ય થાય એટલે સદ્‌ગુરૂની આજ્ઞા પણ શિરોમાન્ય થાય છે. કારણ કે સદ્‌ગુરૂઓ પણ વીતરાગકથિત વાણી આપણને સમજાવે છે. સદ્‌ગુરૂની આજ્ઞાનું પાલન કરનાર આત્મા મોક્ષપ્રાપ્તિ કરી શકે છે. વિનયવાન શિષ્યો ગુરૂની આજ્ઞાનું પાલન કરતાં ગુરૂ છદ્મસ્થ રહે ને શિષ્ય કેવળજ્ઞાન પામી જાય છે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક વખત ૫૦ સાધ્વીજીઓનો સમુદાય ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં એક ગામમાં આવ્યો, ને ધર્મસ્થાનકમાં ઉતર્યો શિયાળાનો સમય હતો. ઠંડી ઘણી પડતી હતી. એક રાત્રે શિષ્યાઓ સ્વાધ્યાય–ધ્યાન કરીને સૂઇ ગયા. રાત્રે ઠંડી ખૂબ પડી. ઠંડી સાથે સખત પવન નીકળ્યો. પવનના ઝપાટાથી બારણું ખુલી ગયું. મોટા ગુરૂણીને ઠંડી ખૂબ લાગવા માંડી એટલે તેમણે શિષ્યાઓને કહ્યું, કે મને ઠંડી ખૂબ લાગે છે. તમે બારણું બંધ કરી દો. એટલે સૌથી નાના સાધ્વીજીએ ઉઠીને બારણું બંધ કરી દીધું. થોડી વાર પછી ફરીને જોરથી પવન આવ્યો, ને બારણું ખુલી ગયું એટલે એકદમ ગુરૂણી જાગી ગયા. એમણે ફરીને કહ્યું વારંવાર બારણું ખુલી જાય છે તો તમે સાંકળ કેમ નથી લગાવતા? લઘુશિષ્યા ઉઠયા ને બારણું બંધ કર્યું, પણ નકુચો નાનો હતો તેથી શિષ્યાએ વિચાર કર્યો કે ફરીને બારણું ઉઘડી જશે તેથી ગુરૂણીની આજ્ઞાનું પાલન કરવા સાંકળ ચઢાવી નકુચામાં આંગળી ભરાવી આખી રાત ઉભા રહ્યા. ઘડીએ ઘડીએ પવન આવે એટલે સાંકળ ખેંચાય, એનો અંગુઠો દબાય એટલે સખત પીડા થવા લાગી, પણ એમના મનમાં જરા પણ વિચાર ન આવ્યો કે ઠીક છે ગુરૂણીને સૂતા સૂતા બોલવું છે. એ તો ખૂબ આનંદથી ઉભા ઉભા શું વિચારે છે–આજે મારા ધન્યભાગ્ય છે. મારા ગુરૂણીની આજ્ઞાનું પાલન કરવા સાથે સેવાનો મને લાભ મળ્યો. હું એક આ રીતે ઉભી રહીશ તો મારા પૂ. ગુરૂણી સહિત મારા બધા વડીલ સતીજીઓને કેટલી શાતા ઉપજશે? મારા કેવા ભાગ્ય! મારા ગુરૂણીને આટલી બધી શિષ્યાઓ છે તેમાં મારો નંબર કયાંથી લાગે? આ રીતે તેના દિલમાં ગુરૂણીની આજ્ઞાનું પાલન કરવાનો લાભ મળતાં ખૂબ હર્ષ થાય છે. તેમના દિલમાં આનંદની ઉર્મિઓ ઉછળતા એવા શુભ અધ્યવસાય ઉપર ચઢી ગયા કે પોતે કયાં ઉભા છે એનું ભાન ભૂલી ગયા. ભાવનાનો વેગ વધતાં વધતાં પ્રતિક્રમણનો

સમય થતાં પહેલાં ઘાતીકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી ગયા. ત્રણ લોકના પૂજનીક બન્યા.

બંધુઓ ! આ સૌથી નાના સાધ્વીજી સાધના કરતાં કરતાં એક ગુરૂણીની આજ્ઞામાં રૂચી કરતાં કેવળજ્ઞાન પામી ગયા. ગુરૂણી જેટલું જ્ઞાન એમણે પ્રાપ્ત કર્યું ન હતું. એમણે એવો ઉગ્ર તપ પણ કર્યો ન હતો. ફકત ગુરૂની આજ્ઞાનું પાલન જન્મ-મરણથી મુકિત અપાવવામાં સહાયક બની ગયું. ગુરૂણીને ખબર નથી કે મારી શિષ્યાને કેવળજ્ઞાન થયું છે. સમય થતાં ગુરૂણી વાંચણી કરવા બેઠા. શિષ્યાઓ બેઠા છે. વાંચણી કરતાં કરતાં પ્રશ્નોની છણાવટ કરે છે. તેમાં એક પ્રશ્ન લઘુશિષ્યાને પૂછયો. એનો તેમણે ખૂબ સુંદર જવાબ આપ્યો. કારણ કે જેનું અજ્ઞાન નષ્ટ થઇ ગયું ને કેવળજ્ઞાન પામી ગયા એના જવાબમાં શું ખામી હોય ? એમની ભાષા અને એમનો જવાબ સાંભળી ગુરૂણી સ્તબ્ધ થઈ ગયા. અહો ! આજે આની ભાષામાં ફેર છે. ફરીને બીજો પ્રશ્ન પૂછયો એનો પણ એવો સરસ જવાબ આપ્યો. ગુરૂણી વિચાર કરે છે આટલી નાની શિષ્યામાં આવા અઘરા પ્રશ્નનું સમાધાન કરવાનું સામર્થ્ય કયાંથી આવ્યું ?

ગુરૂણી પૂછે છે આપને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે ? શિષ્યા કહે આપનો પ્રતાપ ! ગુરૂણી સહિત બધા સાધ્વી નમી પડયા. ગુરૂણીની આજ્ઞાનું પાલન કરવાનો અવસર મહાન પુણ્યોદય હોય તો મળે છે. આવી રીતે સંસારમાં હો તો વડીલોની આજ્ઞાનું, નોકરે શેઠની આજ્ઞનું પાલન કરવું. રણસંગ્રામમાં સૈનિકો સેનાપતિની આજ્ઞાનું કેવી રીતે પાલન કરે છે ? એ જાણો છો ને ? સૈનિકો સજ્જ થઇને ઉભા હોય તે વખતે સેનાપતિ આજ્ઞા કરે કે આગેકૂચ કરો, તો સૈનિકો ઉભા રહી શકે નહિ. પછી ભલે નદી હોય, નાળા હોય, પહાડ હોય કે ખાડા હોય, ઠંડી હોય કે ઉપરથી વરસાદ વરસતો હોય, સામેથી શત્રુઓની ગોળીઓ આવતી હોય, શરીરમાં ગોળીઓ પેસી જાય, મરી જવાનો પ્રસંગ આવે તો પણ વફાદાર સૈનિકો સેનાપતિની આજ્ઞાનું કદી ઉલ્લંઘન કરતા નથી. શૂરવીરતાથી શત્રુઓનો સામનો કરે છે.

કદાચ કોઇ સૈનિક સેનાપતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો તેને સૂટ કરે છે. એટલી સેનાપતિની સત્તા છે. જ્યારે ગુરૂ તો આજ્ઞાના પાલનનો મહિમા સમજાવે. એનાથી કેવા લાભ થાય છે તે સમજાવે છે. પછી તો શિષ્યની ભાવના ઉપર આધાર રહે છે. જો એને આત્મકલ્યાણ કરવાની ભાવના હોય તો વીતરાગ વચન અનુસાર ગુરૂની આજ્ઞાનું પાલન કરે. એ ગુરૂની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો ગુરૂ એને સેનાપતિની જેમ શિક્ષા કરતા નથી પણ ગુરૂની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી એનો વિકાસ રૂંધાઈ જાય છે. આત્માની ઉન્નતિ કરી શકતો નથી અને સંસારના બંધનોમાંથી છૂટવાને બદલે જકડાવાની સજા પોતે ભોગવે છે.

જેમ એકડા વિનાના મીંડાની કિંમત નથી, પાણી વિનાના મોતીની કિંમત નથી, તેમ શિષ્યના જીવનમાં ગમે તેટલા ગુણ હોય પણ એક ગુરૂની આજ્ઞાનું પાલન કરવાનો ગુણ ન હોય તો બધા ગુણ એકડા વિનાના મીંડા જેવા છે. કદાચ ગુરૂ ક્રોધી પ્રકૃતિના હોય ને કદાચ શિષ્ય ઉપર ક્રોધ કરી નાંખે, બે કટુ શબ્દ કહી દે તે વખતે શિષ્ય જો સમતા રાખે, કટુ વચનને અમૃત સમાન માનીને પી જાય તો કલ્યાણ થઈ જાય. જમાલિઅણગારે ભગવાનની પાસે અલગ વિચારની આજ્ઞા માંગી ત્યારે પ્રભુ મૌન રહ્યા. છતાં એમણે વિહાર કર્યો ને શ્રાવસ્તી નગરીમાં કોષ્ટક નામના ઉદ્યાનમાં આવ્યા. આ તરફ ભગવાન મહાવીરસ્વામી ગ્રામાનુગ્રામ વિચરતાં વિચરતાં યાવત્ સુહં સુહેણ વિહરમાણે વા જેણેવ ચંપાનગરી જેણેવ પુણભદ્દે ઉજ્જાણે તેણેવ ઉવાગચ્છઇ । સુખપૂર્વક વિહાર કરતાં જ્યાં ચંપાનગરી છે અને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય છે ત્યાં આવે છે. આવીને નિર્દોષ પાટ-પાટલા આદિ યાચીને સંયમ અને તપથી આત્માને ભાવતા થકા વિચરે છે. જમાલિ અણગાર શ્રાવસ્તી નગરીમાં પધાર્યા છે અને ભગવાન ચંપાનગરીમાં પધાર્યા છે.

तए णं तस्स जमालिस्स अणगारस्स तेहिं अरसेहिय, विरसेहिय अंतेहिय, पंतेहिय, लूहेहिय, तुच्छेहिय, कालाइक्कंतेहिय, पमाणाइक्कंतेहि य सीएहिय पाणभोयणेहिय अण्णया कयाई सरीरंगंसि, विउल रोगांतके पाउब्भूए ।

હવે અન્ય કોઇ દિવસે તે જમાલિ અણગારને રસ વિનાનો, સ્વાદ વિનાનો લૂખો-સૂકો તુચ્છ આહાર, ભૂખ-તરસનો સમય વીતી ગયા પછી આહાર મળે ત્યારે વાપરતા, તો કોઇ વખત પ્રમાણથી અધિક કે ઓછો તેમજ ઠંડો-ઉનો જે મળે તે આહાર કરવાથી તેમના શરીરમાં મોટો વ્યાધિ ઉત્પન્ન થયો.

ભગવાન મહાવીરસ્વામી સર્વજ્ઞ હતા. તેઓ જાણતા હતા કે આ જમાલિ અણગારને અમુક સમય પછી ઘોર અશાતા વેદનીય કર્મનો ઉદય થવાનો છે તે સમયે ભાન ભૂલશે આટલા માટે આજ્ઞા આપી ન હતી. વિનયવંત શિષ્ય તો એ વિચાર કરે કે મારા ગુરૂ મારા માટે જે કંઇ કરે છે તે મારા હિતને માટે કરે છે. જમાલિ અણગારનું અહિત થવાનું હતું તેથી ભગવાનની આજ્ઞા વિના અલગ થતાં તેમને કંઇ વિચાર આવ્યો નહિ. વિવેકનો દિપક તેનાં અંતરમાંથી બુઝાઇ ગયો. હજારો જીવોને ઉપદેશ આપીને કલ્યાણનો માર્ગ બતાવ્યો પણ પોતે પોતાનું અહિત કર્યું. જમાલિ અણગારના શરીરમાં ભયંકર રોગ ઉત્પન્ન થયો છે. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

સુવદન તથા લક્ષ્મીનો પ્રપંચ

ચરિત્ર : સુવદન અને લક્ષ્મીના આગ્રહથી ધરણ ત્યાં રોકાઇ ગયો. જન્મ્યા બાદ

દૂધમાં કેફ નાંખીને દૂધ પીવા ધરણને આપ્યું. તેથી ધરણને બરાબર કેફ ચઢયો. અને બેભાન જેવો થઈ ગયો. પછી લક્ષ્મીએ તેના ગળામાં ફાંસો નાંખ્યો અને સુવદનને ખૂબ જોરથી ખેંચ્યો અને માન્યું કે હવે ધરણ મરી ગયો છે. એમ માની સમુદ્રના કિનારે રેતીમાં ફેંકી દીધો ને એ બંને વહાણમાં ચઢીને બેસી ગયા ને તેમનું વહાણ થોડે દૂર લઇ ગયા.

આ તરફ શીતળ પવનની લહેર આવવાથી મોડી રાત્રે ધરણનું ઘેન ઉતર્યું એટલે એણે જોયું કે પોતે સમુદ્રના કિનારે રેતીમાં પડયો છે. સુવદન કે લક્ષ્મી કોઇ એની પાસે નથી. એને ભાન થયું કે હું જેની શોધમાં નીકળ્યો છું તે લક્ષ્મી મારી નથી. નક્કી એ સુવદનના પ્રેમમાં પડી છે. અને મને મારી નાંખવા માટે તેણે આ કાવત્રુ કર્યું છે, પછી મને મૂકીને કયાંક ચાલ્યા ગયા.

આ તરફ ટોપાશાહ શેઠે ધરણની ખૂબ રાહ જોઇ પણ એ આવ્યો નહિ એટલે સવાર પડતાં તેમના માણસોને સમુદ્ર કિનારે તપાસ કરવા મોકલ્યા. માણસોએ ધરણને સમુદ્ર કિનારે રેતીમાં પડેલો જોયો. તેને ઘેર લાવ્યા. ટોપાશાહ કહે ભાઇ! તમે કયાં ગયા હતા? હું તમારી રાહ જોતો હતો કે ચીનનું વહાણ આવી ગયું છે, આપ આપની પત્નીને લઇને હમણાં આવશો, તો શું આપની પત્ની લક્ષ્મી નથી મળી? ત્યારે ધરણે કહ્યું–પત્ની મળી પણ એ શરીરથી જીવે છે પણ શીયળથી મરી ગઇ છે ત્યારે ટોપાશાહે પૂછયું–કેમ શું થયું? એટલે ધરણે બનેલી બધી હકીકત કહી સંભળાવી. આ સાંભળી ટોપાશાહ શેઠને ખૂબ ક્રોધ ચઢયો.

રાજ્યમાં ફરિયાદ:– ટોપાશાહ ખૂબ ન્યાયી અને પ્રમાણિક હતાં. રાજ્યમાં તેમનું ખૂબ માન હતું. તરત શેઠે રાજ્યમાં ફરીયાદ કરી. આ સાંભળી રાજાને પણ ખૂબ ક્રોધ ચઢયો અને તરત સિપાઇઓને બંદર ઉપર મોકલી સુવદન અને લક્ષ્મીને બોલાવ્યા. રાજાએ સુવદનને પૂછયું શેઠ! તમારી પાસે આ દ્રવ્ય છે તે કોનું છે? અને આ સૌંદર્યવાન યુવાન સ્ત્રી કોની છે? એ સત્ય કહી દે. સાચું બોલીશ તો જીવતો છોડીશ. નહિતર તને જાનથી મારી નાંખીશ. એણે માન્યું કે ધરણ મરી ગયો છે એટલે સુવદને કહ્યું હે રાજન! આ દ્રવ્ય અને સ્ત્રી બંને મારા છે. ધન તો મારા પૂર્વજોએ ખૂબ મહેનત કરીને ભેગું કર્યું છે. ને આ તો મારી પરણેતર સ્ત્રી છે. ત્યારે ટોપાશાહ શેઠ કહે છે દુષ્ટ તને જૂઠું બોલતાં શરમ નથી આવતી? આ ધન અને સ્ત્રી બંને ધરણસેન સાર્થવાહના છે. એટલે સુવદન કહે છે સાહેબ! આ શેઠ તદ્દન અસત્ય બોલે છે. ધરણ નામનો કોઈ માણસ નથી. મેં તો ધરણ નામ આજે સાંભળ્યું. આ સાંભળી રાજાએ કહ્યું ધરણને હાજર કરો. તરત ધરણને સભામાં લાવ્યા. ધરણને જોતાં સુવદન અને લક્ષ્મી તો ધ્રુજવા લાગ્યા. અહો! આ તો કોઇ રીતે મરતો નથી. હવે શું થાય? રાજાએ

લક્ષ્મીને પૂછયું હે સ્ત્રી ! તેં આ માણસને કોઇવાર જોયેા છે? ત્યારે લક્ષ્મી કહે છે હું એને ઓળખતી નથી. પછી રાજાએ ધરણને પૂછયું આ સ્ત્રી તારી લક્ષ્મી છે કે નહિ? ત્યારે ધરણે કહ્યું–એ પહેલાં મારી સ્ત્રી હતી પણ અત્યારે નથી. ફરીને રાજાએ પૂછયું તેં આ સુવદનને કયારે ય જોયેા છે? ત્યારે ધરણ કહે એ સુવદનને પૂછેા. સુવદનને પૂછયું ત્યારે તેણે કહ્યું કે હું એને ઓળખતેા નથી. ત્યારે રાજાએ પૂછયું–તારા વહાણમાં સેાનાની કેટલી ઇંટેા છે? તેની સુવદનને ખબર ન હતી પણ ધરણને ખબર હતી એટલે તેણે કહી દીધું કે દશ હજાર ઇંટેા છે. રાજાએ પૂછયું–એકેક ઇંટનું કેટલું વજન છે? ધરણે વજન કર્યું ન હતું અને સુવદનને ખબર ન હતી એટલે એમાં બંને મૌન રહ્યા. સુવદને ધરણને કહ્યું–હે પાપી! કોઇની સ્ત્રીને અને કોઇના ધનને મારૂં ધન એમ કહેતાં શરમ નથી આવતી? આ સાંભળી ધરણે રાજાને કહ્યું–સાહેબ આ જૂઠેા છે. બધું ધન મારૂં છે. આપને મારા ઉપર વિશ્વાસ આવતેા ન હેાય તેા વહાણમાં તપાસ કરાવેા. દરેક ઇંટ ઉપર મારા નામનેા સિક્કેા છે. તરત રાજાએ ઇંટ મંગાવીને ઇંટ ફેાડાવી જોયું તેા ધરણનું નામ જોયું. સાચેા પુરાવેા મળી જવાથી રાજા સુવદન ઉપર ગુસ્સે થયા અને બેાલ્યા.

હે સુભટેા! આ બંનેને પકડી લેા અને આ ધનનેા માલિક ધરણ છે તેને તે સેાંપી દેા અને આ સ્ત્રીને ગધેડા ઉપર બેસાડી હદપાર કરી દેા અને આ સુવદનને ફાંસીએ ચઢાવી દેા. બેાલેા ધરણ આ શિક્ષા બરાબર છે ને? ધરણ તેા ખૂબ પરેાપકારી ને દયાળુ હતેા. રાજાને કહે છે મને ધનની જરૂર નથી. વળી મારા નિમિત્તે પચેન્દ્રિયની હત્યા ન થવી જોઇએ. એને મારી નાંખશેા નહિ. મારા ઉપર કૃપા કરી એને જીવતદાન આપેા. ધરણની ઉદારતા જોઇ રાજાએ અને સમસ્ત સભાજનેાએ તેને ખૂબ ધન્યવાદ આપ્યા. રાજાએ સભા સમક્ષ બધું ધન ધરણને અર્પણ કર્યું, એટલે સુવદનને કહ્યું–ભાઈ! મેં જ્યારે તારા વહાણમાં મારી ઇંટેા ભરી ત્યારે તમને એક લાખ સુવર્ણદ્રવ્ય આપવાનું કહ્યું હતું માટે હું તમને આપું છું. સુવદન શું ઉંચું મેાઢું કરે! ત્યારે ધરણે શીખામણ આપીને આઠ લાખ સુવર્ણદ્રવ્ય આપી છૂટેા કર્યેા. ત્યાર બાદ ધરણ ટેાપા શેઠના ઘેર આવ્યેા ને જવાની રજા માંગી. શેઠ ખૂબ આગ્રહ કરે છે પણ ધરણને હવે જવું છે. તેણે શેઠને પરાણે પાંચ રત્નેામાંથી બે રત્નેા ભેટ આપ્યા ને શેઠનેા આભાર માની પેાતાનું દ્રવ્ય લઇને વહાણમાં બેસી માકંદી નગરી આવી પહેાંચ્યેા.

ધરણ ખૂબ ધન કમાઈને આવ્યેા. ગામમાં તેનેા ખૂબ સત્કાર થયેા. ખુદ રાજાએ પણ તેનું સન્માન કર્યું. માતા–પિતાને ખૂબ આનંદ થયેા પણ લક્ષ્મીને ન જોઇ એટલે પૂછયું–તું ધન તેા ખૂબ કમાઇને આવ્યેા પણ તું બીજીવાર લક્ષ્મીને શેાધવા માટે ગયેા હતેા તે લક્ષ્મી કેમ દેખાતી નથી? ત્યારે ધરણે કહ્યું–આ–આપુજી! આટલી બધી લક્ષ્મી તેા લાવ્યેા છું. હવે કઈ લક્ષ્મી જોઇએ છે? ત્યારે માતા–પિતા કહે છે બેટા! એ લક્ષ્મી

ગમે તેટલી હોય પણ ઘરની શોભા સ્ત્રીથી છે. સ્ત્રી વિના ગમે તેટલી લક્ષ્મી હોય પણ ઘર શોભતું નથી. ત્યારે ધરણે માતા-પિતાને લક્ષ્મી માટે તેણે કેટલું કષ્ટ વેઠયું ને લક્ષ્મીએ કેવો દગો કર્યો તે બધી વાત કહી સંભળાવી. ત્યારે તેના માતા-પિતાને લક્ષ્મી પ્રત્યે તિરસ્કાર છૂટયો. માતા-પિતા કહે બેટા! તું હજુ યુવાન છે. આપણી પાસે લક્ષ્મી ઘણી છે. ફરીને તારા લગ્ન કરીએ. પણ ધરણે ચોખ્ખી ના પાડી કે મારે લગ્ન કરવા નથી. ધરણસેને ગરીબોને ખૂબ દાન આપવા માંડયું. આખા ગામમાં તેની કીર્તિ ફેલાઇ છે. ચારે તરફ તેના ગુણ ગવાય છે. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૧૦૨

"ધનતેરસ"

આસો વદ ૧૩ ને મંગળવાર **તા. ૨૩-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

અનંતજ્ઞાની ભગવંતે જગતના જીવોના ઉદ્ધાર માટે આગમ વાણી પ્રકાશી. આગમમાં ભગવાન ફરમાવે છે કે હે ભવ્ય જીવો! અનંતકાળથી જીવને સંસારમાં રખડાવનાર હોય તો તે મોહ છે. મોહ આત્માનો અતિ બળવાન મહા શત્રુ છે. એ મોહરાજાએ એવી પ્રતિજ્ઞા કરી છે કે મારે દરેક જીવોને સંસારસમુદ્રમાં ભમણ કરાવવું. કોઇ જીવ સંસારસમુદ્રને પાર કરીને મુકિત કિનારે પહોંચી જાય એટલા માટે એણે ઠેકાણે ઠેકાણે ઠાણાં નાંખ્યા છે. આત્માને ઉન્નતિના શિખરે ચઢાવનાર ચૌદ ગુણસ્થાનક રહેલા છે. મોહરાજાએ પહેલા ગુણઠાણાથી માંડીને અગિયારમા ગુણસ્થાનક સુધી એના ચોકીદારો બેસાડી દીધા છે. બારમા ગુણસ્થાનકે ચોકીપહેરો ઉઠી જાય છે. અગિયારમા ગુણસ્થાનકે પહોંચેલા જીવને પણ મોહરાજાના ચોકીદારો પહેલે ગુણસ્થાને પટકાવી દે છે ને અનંતકાળ ભવસાગરમાં રઝળાવે છે. એ મોહરાજાને એક મૂંઝવણ થાય છે કે રખે કોઇ જીવ મોક્ષે પહોંચી ન જાય. મોહરાજાને એની પ્રજામાંથી એક પણ માણસ ઓછું થઇ જાય તે ગમતું નથી. મોહરાજાને એનું રાજ્ય અખંડ રાખવું છે. પણ જગતમાં જે મહાન પુરૂષો થઈ ગયા તેઓ મોહરાજા ઉપર વિજય મેળવીને મોક્ષમાં ગયા છે. અત્યારે પણ મહા વિદેહમાંથી જઇ રહ્યા છે ને ભવિષ્યકાળમાં જશે.

બંધુઓ! મોહરાજા જેવાં બળવાન કોઈ નથી, છતાં જો ઉગ્ર પુરૂષાર્થ કરે તો મોહને જીતીને મોક્ષમાં જઇ શકે. મોહ ગમે તેટલો બળવાન હોય પણ આત્માની અનંત-શકિત આગળ મોહની તાકાત કંઇ વિસાતમાં નથી પણ એકવાર જીવને પોતાની શકિતનું ભાન થવું જોઇએ. જીવે વિચારવું જોઇએ કે મારા કર્મો જો બળવાન છે તો

તેને તોડનારો હું ક્યાં બળવાન નથી! આ રીતે જીવ જો સાવધાન બને તો કર્મશત્રુઓ હાંફીને ભાગી જાય. એટલી પ્રચંડશક્તિ આત્મામાં રહેલી છે. અંતરમાં જ્ઞાનની જ્યોત પ્રગટે પછી સંસારમાં કોઈ પદાર્થનો મોહ રહે નહિ. પ્રકાશ અંધકારને હઠાવે છે તેમ જ્ઞાન મોહને હઠાવે છે. જ્ઞાનના બળથી પદાર્થોની અસારતા સમજાય પછી મોહ ક્યાંથી રહે? કોઈ પણ ચીજ જીવને મોહ કે રાગ-દ્વેષ કરાવતી નથી પણ તે વસ્તુ પ્રત્યેની આસક્તિના કારણે જીવ કર્મબંધન કરે છે.

આપણા જૈનદર્શનના નિયમ પ્રમાણે જીવ કર્મ કેવી રીતે બાંધે છે? તત્ત્વાર્થ સૂત્રમાં ઉમાસ્વાતિજીએ કહ્યું છે કે કાયવાઙ્ મનઃ કર્મયોગઃ। યોગ ત્રણ છે. મનયોગ, વચનયોગ અને કાયયોગ. એ ત્રણ યોગોમાંથી કોઈ પણ યોગનો કષાયોની સાથે સબંધ થવાથી કર્મબંધ થાય છે. કષાય ચાર છે. ક્રોધ-માન-માયા અને લોભ. એ ચારમાંથી કોઈ પણ એક કે એકથી અધિક કષાયની સાથે મન, વચન અને કાયાનો યોગ જોડાય ત્યારે કર્મબંધન થાય છે. એકલી કષાય કે એકલા યોગથી કર્મ બંધાતા નથી. જો કષાય ન આવે તો ત્રણ યોગ હોવા છતાં કર્મ બંધાતા નથી.

ચોરાશીલક્ષ જીવાયોનીના જીવોમાં એકેન્દ્રિયોને એક કાયયોગ હોય છે. વિકલેન્દ્રિઓને અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિઓને વચનયોગ અને કાયયોગ એ બે યોગ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિઓને મનયોગ-વચનયોગ ને કાયયોગ એ ત્રણે યોગ હોય છે. એ ત્રણ યોગવાળા જીવોમાં તીર્થંકર ભગવંતો અને સામાન્ય કેવળી ભગવંતોને ત્રણે યોગ હોવા છતાં કર્મ બંધાતા નથી. તેરમું સયોગી કેવળી ગુણસ્થાનક છે ને ચૌદમું અયોગી કેવળી ગુણસ્થાનક છે. તેરમે ગુણસ્થાનકે સયોગી દશા છે પણ કર્મબંધન નથી. કારણ કે યોગ છે પણ કષાય નથી. જો તેમને કષાય હોત અગર મોહનીય કર્મને જીત્યું ન હોત તો કેવળજ્ઞાન પ્રાપ્ત ક્યાંથી થાત? આઠ કર્મોમાં શિરોમણી મોહનીયકર્મ આદિ ચાર ઘાતીકર્મોને જીતી લેવાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ છે. એટલે એમને કર્મબંધન થતું અટકી ગયું.

ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯ મા અધ્યયનમાં કહ્યું છે કે તીર્થંકર ભગવંતોને પણ ક્રિયા લાગે છે. તે કેવી રીતે?

जाव सजोगी भवइ ताव ईरियावहियंकम्मं निबन्धइ, सुहफरिसं.
दुसमयठिइयं । तं पढम समए बध्धं, बिइय समए वेइयं, तइय समए
निजिण्णं । तं बध्धं पुठ्ठं उदीरियं वेइयं निजिण्णं सेयाले य अकम्मया भवइ ।

જ્યાં સુધી સયોગી હોય છે ત્યાં સુધી તેમને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે. જે સુખરૂપ હોવાથી બે સમયની સ્થિતિવાળી હોય છે. તે પહેલા સમયે બાંધે છે. બીજા સમયમાં વેદે છે ને ત્રીજા સમયમાં ક્ષય થઇ જાય છે. આવી રીતે બદ્ધસ્પર્શ-ઉદય અને

વેદિત થઇને ક્ષય થયા પછી નિષ્કર્મી થઈ જાય છે. સમય કેટલો બારીક છે! એક આંખ બોલો અને મીંચો એટલામાં અસંખ્યાત સમય વ્યતીત થઇ જાય છે. એવા એક સમયમાં કર્મ બંધાય છે. બીજા સમયમાં વેદે છે ને ત્રીજા સમયમાં નિર્જરી જાય છે.

દેવાનુપ્રિયો! કર્મના કટુવિપાક જીવને ભોગવવા પડે છે. સૂયગડાયંગ સૂત્રના પાંચમાં અધ્યયનમાં નરકનું વર્ણન આવે છે. પરમાધામીઓ નારકોને કેવા દુઃખો આપે છે તે વાંચતાં આપણું કાળજું કંપી જાય છે. નારકોના શરીરને છેદી નાંખે છે. અહીં તો કોઇ પણ માણસે સરકારનો અગર બીજા કોઈનો ગુન્હો કર્યો છે તો એના હાથ-પગ કાપી નાંખે અગર ફાંસીએ ચઢાવી દે તો એકવાર વેદના ભોગવવી પડે છે. જ્યારે નરકમાં તો નારકીના અંગોપાંગ વારંવાર છેદી નાંખવામાં આવે છે. તેની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની. જેની જેટલી સ્થિતિ હોય તેટલો સમય ભયંકર દુઃખ ભોગવવું પડે છે. આટલા માટે જ્ઞાની ભગવંતો કહે છે હે જીવો! તમે કર્મબંધન કરતી વખતે ખૂબ ખ્યાલ રાખો. મહાન પુરૂષો પોતે કર્મબંધનથી મુકત થયા અને આપણને મુકત થવાનો માર્ગ બતાવી ગયા.

ભગવાન મહાવીરસ્વામી નિર્વાણ પામવાના હતા ત્યારે બે દિવસ અગાઉ નવમલ્લી અને નવલચ્છી અઢાર દેશના રાજાઓ એમનું બધું લશ્કર લઇને પ્રભુની પાસે આવ્યા. તે દિવસે આસો વદ તેરસનો દિવસ હતો. તે દિવસે સાંજના સમયે રાજાઓ પાવાપુરીમાં પ્રવેશ કરતા હતા તે સમયે ગાયોના ઘણ જંગલમાં ચરીને ગામમાં જતા હતા, તે ઘણાં માણસોને જોઇને ડરીને દોડાદોડ કરવા લાગ્યા તેથી આજના દિવસનું નામ ધણતેરસ રાખવામાં આવ્યું છે. આજના દિવસનું નામ ધણતેરસ છે પણ તમને ધન ખૂબ વહાલું છે એટલે ધણતેરસ ઉપરથી આજના દિવસને ધનતેરસ કહે છે. ધનતેરસના દિવસે ધન ધોવાનું નથી પણ આત્માને ધોવાનો છે. ધન કેવું છે તેના ઉપર કવિએ એક રૂપક બનાવ્યું છે.

એક વખત ઇન્દ્ર લક્ષ્મીજીને કહે છે હે લક્ષ્મીજી! તમારા માટે એક ફરિયાદ આવી છે. એ ફરિયાદ એકબે જણાની નથી પણ ઘણાં માણસો આ ફરિયાદ કરે છે ત્યારે લક્ષ્મીદેવી કહે છે ઇન્દ્ર મહારાજા! મારા વિષે કોઇ ફરિયાદ કરી શકે એવું જીવન મારૂં નથી કે મારા ચારિત્રમાં કોઇ જાતનું કલંક નથી કે મારા જીવનમાં કોઇ જાતનો દોષ નથી કે મારે માટે કોઇ ફરિયાદ કરી શકે? હું એ વાત સાચી માનતી નથી. તદ્દન ખોટી વાત છે છતાં કોઇ ફરિયાદ કરતું હોય તો અદાલતમાં કેસ રજુ કરો ત્યારે ઇન્દ્ર કહે છે કે નગરના-રાષ્ટ્રના અને દેશના દરેક માણસો એકી અવાજે બોલે છે કે લક્ષ્મીમાં ચંચળતા ઘણી છે, એનામાં સ્થિરતાનો ગુણ નથી. બંધુઓ! તમે પણ આવું જ કહો છો ને? લક્ષ્મી અસ્થિર છે, ચંચળ છે પણ તમે એને સ્થિર કરવા માટે કેટલા પ્રયત્નો કરો

છો ? લક્ષ્મીને સાચવવા ગોદરેજની તિજોરી લાવ્યા. એને ત્રણ ત્રણ તો ચાવીઓ લગાડવાની હોય, ખાનામાં ખાનુ ને એની ચાવી જુદી, એથી અધિક શું કહું ? અંદર ઇલેકટ્રીક કરંટ રાખ્યો કે કોઇ બોલવા જાય તો એને ચોંટી જાય, એટલું નહિ પણ એને સાચવવા બંગલાના દરવાજે ભરી બંદુકે પહેરેગીરો ખડા રાખ્યા, તો પણ તે સ્થિર રહેતી નથી. આ માટે ખૂબ ફરિયાદો આવી છે. તારામાં જરા પણ સ્થિરતાનો ગુણ નથી, તું અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં એમ બકલાયા કરે છે. આ સાંભળી લક્ષ્મીદેવી બોલ્યા–હે ઇન્દ્ર ! બોલનાર અનુભવથી બોલતો નથી. એનું બોલવું અનુભવશૂન્ય છે. હું એક ઘરમાં રહેવા તૈયાર છું પણ મને કાયમ માટે એના ઘરમાં સ્થિર કરવાની માણસને કળા આવડવી જોઇએ. હું દુનિયાની બધી શરતો પૂરી કરૂં છું પણ મારી ત્રણ શરતો કોઇ પૂરી કરતું નથી, તો હું એના ઘરમાં કેવી રીતે રહી શકું ? ત્યારે ઇન્દ્ર કહે છે તારી એવી કઇ શરતો છે ? કે એ શરતો પૂરી કરનારને ઘેર તું કાયમ માટે સ્થિર રહી શકે ? ત્યારે લક્ષ્મીજી એક શ્લોકમાં ત્રણ શરતો કહે છે.

"गुरवो यत्र पूज्यन्ते, वित्तंयत्र नयार्जितम् ।
द्युतं च फलहो नैव, वसामि तत्र निश्चला ।।"

લક્ષ્મીની પહેલી શરત એ છે કે જે ઘરમાં વડીલોની આજ્ઞાનું પાલન થતું હોય, વડીલોનું સન્માન થતું હોય. બીજી શરત છે જેણે ન્યાય-નીતિથી ધન મેળવ્યું હોય, અને ત્રીજી શરત એ છે કે જે મનુષ્ય કદી જુગાર રમતો ન હોય, કોઇની સાથે કદી કલેશ કરતો ન હોય, આત્મધર્મમાં રમતો હોય તેને ઘેર હું સ્થિર થઇને રહું છું. જે મનુષ્યે મને કાયમ માટે એના ઘરમાં રાખવી હોય તેણે મારી આ ત્રણ શરતોનું બરાબર પાલન કરવું પડશે. સમજાયું ? જેના ઘરમાં ધર્મ-સંપ-ન્યાય-નીતિ હોય તેના ઘરમાં ધન સહેજે આવશે. છતાં એક દિવસ છોડીને જવાનું છે. તો તમે આજે ધનતેરસના દિવસે એવી આરાધના કરો કે ધર્મરૂપી શાશ્વત લક્ષ્મી પ્રાપ્ત થાય કદી એને છોડવાનો વખત આવે નહિ. આ શરીર છૂટી જાય તો પણ એ લક્ષ્મી સાથે આવે.

જમાલિ અણગારનું શરીર તપશ્ચર્યા કરવાથી ખૂબ જીર્ણ બની ગયું છે. હવે ચાલવાની શકિત પણ નથી. એમના શરીરમાં રોગ ઉત્પન્ન થયો છે તેથી એમના શિષ્યોને કહે છે મારા માટે સંથારો બિછાવો. હવે શિષ્યો તેમની પથારી કરશે. તે વખતે જમાલિ અણગારના મનમાં કેવા ભાવ આવશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ધરણની દીક્ષા

ચરિત્ર :- ધરણ માકંદી નગરીમાં આવ્યો. ચારે તરફ તેની કીર્તિ ફેલાઈ છે. લોકો બે મોઢે તેના વખાણ કરે છે. માતા-પિતાએ તેને ફરીને લગ્ન કરવા માટે કહ્યું-પણ હવે સંસાર ઉપરથી તેનું મન ઉઠી ગયું છે.

એકદા ધરણ બગીચામાં ફરવા ગયો હતો. ત્યાં એક અર્હદ્દત્ત નામના મહામુનિને ઘણાં શિષ્યોપરિવારથી બેઠેલાં જોયાં. એટલે તરત ધરણસેને ત્યાં જઇને મુનિને વંદન કર્યા ને મુનિ પાસે બેઠો. મુનિને એનું મુખ જોઈને લાગ્યું કે આ કોઇ હળુકર્મી જીવ છે. મુનિએ ત્યાં એને ધર્મનો બોધ આપ્યો. અર્હદ્દત્ત આચાર્યની વાણી ધરણને ખૂબ મીઠી લાગી ને એના અંતરમાં ઉતરી ગઇ. તેનું અંતર વૈરાગ્યરંગે રંગાઈ ગયું. ઘેર આવી માતા-પિતા પાસે સંયમની આજ્ઞા લઇ યાચકોને છૂટા હાથે દાન આપી મહાન કષ્ટથી ઉપાર્જન કરેલી લક્ષ્મીને તૃણવત્ સમજીને પલકારામાં છોડી દીધી અને અર્હદ્દત્ત આચાર્ય પાસે દીક્ષા લીધી ને તપ-ત્યાગ, જ્ઞાન-ધ્યાનમાં ખૂબ આગળ વધ્યા ને આત્મભાવમાં સ્થિર થયા. ઘણા વખત પછી ગુરૂની પાસે એકલા વિચરવાની આજ્ઞા માંગી. ધરણ મુનિની યોગ્યતા જોઇને ગુરૂએ તેને આજ્ઞા આપી. વિહારમાં ઘોર ઉપસર્ગો અને પરિષહો સહન કરતાં ગ્રામાનુગ્રામ વિચરતાં એક વખત ધરણ મુનિ તામ્રલિપ્તી નગરીમાં આવ્યા. ને ઉદ્યાનમાં એક વૃક્ષ નીચે કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા રહ્યા છે.

આ તરફ દેવપુર નગરમાંથી સુવદન અને લક્ષ્મીને દેશનિકાલ કર્યા પછી બંને ફરતા ફરતા તામ્રલિપ્તી નગરીમાં આવીને ઘર કરીને વસ્યા હતા.

વેરિણી લક્ષ્મી ભાર્યા :-પૂર્વકર્મના ઉદયે લક્ષ્મી ઉદ્યાનમાં ફરવા આવી અને કાઉસગ્ગ ધ્યાનમાં મુનિને જોયા. એમને જોતાં એના હૃદયમાં દ્વેષાનલ પ્રગટયો. અરેરે.... એમને મારવા માટે આટલા ઉપાય કર્યા છતાં જીવતા રહ્યા. હવે એ મરી જાય તેવા ઉપાય કરૂં. એમ વિચાર કરી પોતાના શરીર પર પહેરેલા આભૂષણો ઉતાર્યા ને મુનિના પગ આગળ મૂકયા. પોતાના કપડા પોતે ચીરી નાંખ્યા ને શરીરે ઉઝરડા કરીને જોરજોરથી બૂમો પાડવા લાગી કે બચાવો....બચાવો. આ પાપી દુષ્ટે મારા દાગીના લૂંટી લીધા છે. એની બૂમો સાંભળી ઘણાં માણસો ત્યાં એકઠા થઇ ગયા. રાજાના પહેરેગીરો પણ આવ્યા ને તેને પૂછયું.-તું કેમ પોકાર કરે છે? ત્યારે લક્ષ્મીએ સાધુ સામે હાથ ધરીને કહ્યું-આ ઢોંગીએ મારા દાગીના લૂંટી લીધા છે ને તમને આવતાં દેખી ધ્યાનનો ઢોંગ કરીને કાઉસગ્ગમાં ઉભો છે.

પહેરેગીરોએ કહ્યું-તું સાચું બોલ, તું કોણ છે ને આ સ્ત્રીના દાગીના લઇને શા માટે આમ ઉભો રહ્યો છે? પણ મુનિએ જવાબ આપ્યો નહિ. ત્રણ-ચાર વાર પૂછયું પણ મુનિ કંઈ બોલ્યા નહિ તેથી મુનિ ઉપર રોષે ભરાયા ને બાંધીને રાજા પાસે લઈ ગયા. રાજાએ ખૂબ પૂછયું પણ કંઇ જવાબ ન આપ્યો એટલે રાજાએ હુકમ કર્યો કે એને આટલું પૂછવા છતાં હા કે ના કંઈ જવાબ આપતા નથી માટે એમને ફાંસીએ લટકાવી દો. તરત મુનિને આખા ગામમાં ફેરવ્યા ને રાજાએ ઘોષણા કરાવી કે સાધુના વેશમાં ધૂતારાએ એક સ્ત્રીના દાગીના લૂટયા છે એટલે એને ફાંસીએ ચઢાવવામાં આવે છે.

જૈન મુનિ છે. ગામમાં જૈનો ઘણાં હતા તેઓ રાજાને કહેવા લાગ્યા કે અમારા જૈન સાધુ પરસ્ત્રી સામું જુવે નહિ ને ઠાગીના લૂંટે નહિ. મુનિ ખૂબ પવિત્ર છે. ગમે તે કારણ બન્યું છે. આમાં કંઇક ભેદ છે. રાજાએ કોઇની વાત સાંભળી નહિ. હજારો લોકોની વચમાં મુનિને ફાંસીના માંચડે લટકાવ્યા. ત્યાં ફાંસી ધરતીમાં ઉતરી ગઇ ને સિંહાસન બની ગયું.

સુમનવૃષ્ટિ હુઇ નભસે, સુર ગણ બોલે જયજયકાર,
માફી માંગી મહિપ આય કે, પકડ મુનિ ચરણાર હો...શ્રોતા તુમ

આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ થઇ. દેવવાણી થઇ કે આ ધરણમુનિ નિર્દોષ છે. તમે શું કરો છો? આ સાંભળીને મહારાજા દોડતા આવ્યા ને મુનિને વંદન કરી પોતાના અપરાધની વારંવાર ક્ષમા માંગવા લાગ્યા તો પણ મુનિ તો મૌન ઉભા છે. આકાશવાણી સાંભળી લક્ષ્મી ધ્રુજવા લાગી. આ દુષ્ટ તો કોઇ રીતે મરતો નથી. એને દેવોએ નિર્દોષ જાહેર કર્યો. હવે તો મને રાજા પકડશે ને મને ફાંસીએ ચઢાવી દેશે એટલે ભયથી ગામ છોડીને ભાગી ગઇ. આ તરફ દેવવાણી થયા પછી તરત રાજાએ લક્ષ્મીની તપાસ કરાવી. પણ કયાંય પત્તો પડયો નહિ. પણ પોલીસોને ખબર પડી કે આ સુવદનની પત્ની છે એટલે સુવદનને રાજા પાસે પકડી લાવ્યા. સુવદનને પૂછયું. તમારી પત્ની ક્યાં ગઈ? તેણે આ મુનિને શા માટે આમ કર્યું? સુવદન કહે છે મને આ વાતની કંઇ ખબર નથી, પણ એ ઘરમાં નથી. સુવદને રાજાને સત્ય વાત કહી દીધી ને કહ્યું. આ મુનિ સંસારમાં હતા ત્યારે પણ એ સ્ત્રીએ એમને માથે કરવામાં બાકી રાખી નથી, ને હું એ પાપણીના પ્રેમમાં પડેલો છું, પણ હવે મને એના પ્રત્યે પ્રેમ રહ્યો નથી. આપ મને છોડી દેશો તો હું દીક્ષા લઈ લઈશ. એની વાત સાંભળી રાજાએ તેને છોડી મૂકયો ને સુવદને દીક્ષા લીધી. મુનિનો તથા જૈન ધર્મનો જયજયકાર થયો.

દુષ્ટ લક્ષ્મીની દુર્દશા :– લક્ષ્મી તામ્રલિપ્તી નગરીથી ભાગી અને ચોરોએ તેને લૂંટી. ફરતી ફરતી જંગલમાં આવી. તે સમયે કુશસ્થલ સન્નિવેશના રાજાની રાણીના શરીરમાંથી લોહી ઉડી ગયું હતું. એટલે કોઇ જ્યોતિષીએ રાજાને કહ્યું કે આપણા ગામ-બહાર કોઇ રાક્ષસી આવી છે તે રાત્રે રાણીનું લોહી ચૂસી જાય છે માટે એને પકડવા ગામ બહાર શાંતિ જાપ કરાવો. રાત્રે ગામબહાર શાંતિ જાપ થઇ રહ્યા છે. ત્યારે લક્ષ્મીને થયું કે કોઇ વહેપારીનો સાર્થ આવ્યો લાગે છે. માટે હું ત્યાં જાઉં. એમ વિચાર કરીને ત્યાં આવી તો રાજાના માણસો ખુલ્લી તલવારે ત્યાં ફરતા હતા. લક્ષ્મીને જોઇને કહેવા લાગ્યા કે આજ રાક્ષસી છે. તરત એને પકડીને બાંધી લીધી ને રાજાને સમાચાર મોકલાવ્યા. રાજા એની પાસે આવ્યા ને ખૂબ માર માર્યો. લક્ષ્મી ખૂબ કરગરવા લાગી કે હું રાક્ષસી નથી. દુઃખીયારી સ્ત્રી છું. મને જીવતી છોડી દો. પણ એની વાત કોણ સાંભળે? એને

જુદી જુદી રીતે ખૂબ કદર્થના કરી. છેવટે અશુચી પદાર્થોથી તેનું શરીર ખરડીને ગામ બહાર કાઢી મૂકી. ત્યાં એક ભૂખી વાઘણે તેને ફાડી ખાધી ને મરણ પામીને સત્તર સાગરોપમની સ્થિતિવાળી પાંચમી ધૂમપ્રભા નામની નરકમાં ઉત્પન્ન થઇ અને ધરણમુનિ શુદ્ધ સંયમનું પાલન કરતાં છેલ્લે પાદોપગમન સંથારો કરીને પંડિતમરણે કાળધર્મ પામી અગિયારમા આરણ નામના દેવલોકમાં ચંદ્રકાન્ત નામના વિમાનમાં એકવીશ સાગરોપમની સ્થિતિવાળા વૈમાનિક દેવપણે ઉત્પન્ન થયા. હવે આ બંને જીવો આયુષ્ય પૂર્ણ કરીને ત્યાંથી ચ્યવીને કયાં ઉત્પન્ન થશે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૧૦૩

"કાળીચૌદશ"

આસો વદ ૧૪ ને બુધવાર **તા. ૨૪-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવંત વીતરાગ પ્રભુએ ભવ્ય જીવોના કલ્યાણને અર્થે આગમમય વાણીની પ્રરૂપણા કરી. આપણે જમાલિ અણગારનો અધિકાર ચાલે છે. જેને સંસારના સુખો તુચ્છ લાગે છે તે ત્યાગે છે. ચક્રવર્તિનો કેટલો વૈભવ હોય છે! છતાં દશ ચક્રવર્તિઓએ એવી રિદ્ધિ-સિદ્ધિ છોડીને દીક્ષા લીધી હતી. તમે જે સુખો મેળવવા ફાંફા મારો છો, ભૂખ-તરસ વેઠો છે તે સુખો પુણ્યવાન જીવોને સામેથી મળતા હતાં. ચક્રવર્તિને નવનીધિ અને ચૌદ રત્નોની પ્રાપ્તિ થાય છે. એ નવનીધિ કયાં રહે છે એ તમે જાણો છો? એ નવનીધિ એક પેટીમાં હોય છે. એ પેટી બાર યોજન લાંબી, નવ યોજન પહોળી અને આઠ યોજન ઉંચી હોય છે. એને આઠ પૈડા હોય છે. જ્યાં સમુદ્રની સાથે ગંગા નદી મળે છે ત્યાં એ પેટી રહે છે. જ્યારે ચક્રવર્તિ અઠ્ઠમ તપ કરી તેનું આરાધન કરે છે ત્યારે તે મહા નવનીધિની પેટી ત્યાંથી નીકળી ચક્રવર્તિના ચરણમાં આવીને ઉભી રહે છે. તેમાંથી દ્રવ્યમય વસ્તુઓ તો પ્રત્યક્ષ નીકળે છે અને કર્મરૂપ (કાર્ય કરવા રૂપ) વસ્તુઓને બતાવતી વિધિઓના પુસ્તકો નીકળે છે. જેને વાંચીને ઇષ્ટ અર્થની સિદ્ધિ કરી શકાય છે. આ ચૌદ રત્ન અને નવનીધિનું રક્ષણ કરવા એક હજાર દેવો નિયુક્ત કર્યા હોય છે. તે દેવો આ બધું કાર્ય કરે છે. તે સિવાય તેના આત્મરક્ષક દેવો તો જુદા હોય છે. જ્યારે ચક્રવર્તિ આ બધું છોડીને દીક્ષા લે છે ત્યારે એ બધા સાધનો પોતપોતાના સ્થાને ચાલ્યા જાય છે. જે આવા સુખોને છોડે છે તે ચક્રવર્તિઓ મહાન સુખને પામે છે. કદાચ મોક્ષમાં ન જાય તો દેવલોકમાં જાય છે અને ત્યાંથી અલ્પ-ભવ કરીને મોક્ષે જાય છે અને જે ચક્રવર્તિઓ છેક સુધી આ સુખોને છોડતા નથી તે નરકમાં જાય છે.

બંધુઓ ! તમારે લક્ષ્મી મેળવવા કંઇક કાળા-ધોળા અને માયા-કપટ કરવા પડે છે. તમે ગમે તેટલા શ્રીમાન હો તો પણ તમારી સેવામાં દેવો કંઈ હાજર રહે ? તમને બમ્મા બમ્મા કરનારા બે-ત્રણ નોકરો હોય ને તે પણ તમે એને સાચવો ત્યાં સુધી સારા. જો એને કંઇ વાંધો પડયો તો શેઠનું ખૂન કરી નાખે છે. કેમ તમારા મુંબઈમાં તો આવા કિસ્સા ઘણાં બને છે. ચક્રવર્તિને આવું બને નહિ. છતાં વૈરાગ્ય પામી ગયા અને જે વૈરાગ્ય ન પામ્યા તેમને દેવો કે એમની રાણીઓ દુર્ગતિમાં જતા અટકાવી શકયા નહિ.

આજે કાળીચૌદશનો પવિત્ર દિન છે. ધનતેરસ-કાળીચૌદસ-દિવાળી બેસતું વર્ષ અને ભાઇ-બીજ એ પાંચ દિવસો પવિત્ર માનવામાં આવ્યા છે. દિવાળીના દિવસે મહાવીર સ્વામી મોક્ષે પધાર્યા છે. તે દિવસે અઢાર દેશના રાજાઓ પૌષધ કરીને બેસી ગયા હતાં. તમને એમ થતું હશે કે ભગવાન દિવાળીના દિવસે મોક્ષે જવાના છે એવી રાજાઓને કયાંથી ખબર પડી ? તો ગોશાલકે જ્યારે ભગવાન ઉપર તેજુલેશ્યા છોડીને કહ્યું કે તું મારા તપ તેજથી પરાભવ પામીને પિત્ત-જ્વરના રોગથી પીડાઇને છ મહિનામાં મરણ પામીશ. ત્યારે કરૂણાસાગર ભગવાને કહ્યું કે હું તો સોળ વર્ષ સુધી આ પૃથ્વી ઉપર ગંધહસ્તિની જેમ વિચરવાનો છું. પણ તું આજથી સાતમા દિવસે તારી તેજુલેશ્યાથી પરાભવ પામી પિત્ત-જ્વરની પીડા ભોગવીને મરણ પામીશ. આ સાંભળીને અંતિમ સમયે ગોશાલકને કેવો પશ્ચાતાપ થયો છે ! પોતાની ભૂલનો પશ્ચાતાપ કરવાથી વર્તમાનકાળ સુધરી જાય છે. જેનો વર્તમાનકાળ સુધરે છે તેનો ભવિષ્યકાળ પણ સુધરે છે ને ભૂતકાળમાં કરેલી ભૂલનું પ્રાયશ્ચિત થાય છે.

ભગવાને ગોશાલકને કહ્યું કે હું સોળ વર્ષ ગંધહસ્તિની જેમ વિચરવાનો છું ત્યારે રાજાઓએ એ વાત ધ્યાનમાં રાખી હતી તેથી નવમલ્લી અને નવલચ્છી એ અઢાર દેશના રાજાઓ પ્રભુની પાસે આવ્યા. એ અઢાર દેશના રાજાઓની મંડળી હતી કે જ્યારે ધર્મનું કોઈ મહાન કાર્ય કરવાનું હોય. ધર્મ ઉપર આફત આવે એવું લાગે ત્યારે બધા રાજાઓ ભેગા થઇને તેનું નિરાકરણ કરતા. ભગવાન મોક્ષે પધારવાના છે એ વાતની એકબીજાએ બધાને ખબર આપી દીધેલી એટલે ધનતેરસને દિવસે સાંજના પ્રભુની પાસે હાજર થઇ ગયા ને ભગવાનની પાસે પૌષધ લગાવીને બેસી ગયા. રાજાઓ આશ્રવના દ્વાર બંધ કરીને સંવરના ઘરમાં આવી ગયા. તમારે બધાએ પણ ચૌદશ પાખીના છઠ્ઠ કરવા જોઇએ. અન્ય લોકોને માટે ભલે આ પર્વ લૌકિક હોય પણ જૈનો માટે લોકોત્તર પર્વ છે. માટે બને તેટલો આરંભ સમારંભનો ત્યાગ કરવો.

ધન્ય છે પાવાપુરીની પવિત્ર ભૂમિના હસ્તિપાળ રાજાને કે છેલ્લું ચાતુર્માસ પ્રભુને પાવાપુરીમાં કરાવ્યું. ભગવાન ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા પાવાપુરીમાં

પધાર્યા હતા ત્યારે હસ્તિપાળ રાજાએ પોતાના કુટુંબપરિવાર સહિત પ્રભુના ચરણમાં પડીને વિનંતી કરી હતી કે–

થેં અબકો ચોમાસો સ્વામીજી અઠે કરોજી,
થેં પાવાપુરીસે પગ આધો મતિ ધરોજી,
અઠે કરો અઠે કરો અઠે કરોજી, થેં ચરમ ચોમાસો સ્વામીજી અઠે કરોજી,
હાસ્તપાળ રાજા વિનવે કરજોડ, પુરો પ્રભુજી મારા મનના કોડ,
શીશ નમાવી ઉભા જોડી હાથ, કરૂણાસાગર કરજો કૃપાનાથ....થેં અબકો...

હે પ્રભુ! આપ છેલ્લું ચોમાસું પાવાપુરીમાં કરો. આપ પાવાપુરીથી દૂર ન જશો. જેમ એક નાનું બાળક માતા આગળ કરગરે તેમ હસ્તિપાળ રાજા, તેમની રાણીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ પ્રભુને વિનંતી કરે છે હે પ્રભુ! મારી શાળા નિર્દોષ અને સૂઝતી છે. આપ કૃપા કરીને ચાતુર્માસ અહીં બિરાજો. આગળના શ્રાવકો અને રાજાઓ કેવા હતા કે પોતાના અમુક સ્થાનો નિર્દોષ રાખતા. એ સમજતા હતા કે કોઈક વખત આપણા ભાગ્ય હોય તો આપણને સંતના પગલા કરાવવાનો મહાન લાભ મળે. આજે માણસ મોટા મોટા મકાનો બંધાવે છે, પણ એક નાનકડી પૌષધશાળા ઘરમાં રાખે છે? બધા રૂમ બાંધ્યા પણ આત્મચિંતન કરવાનો એક રૂમ અલગ રાખ્યો હોય તો સંસારના કાર્યમાંથી અકળાયા–મૂંઝાયા હો તો ત્યાં જઇને આત્મચિંતન કરો તો બધો ઉકળાટ શાંત થઇ જાય.

ભગવાને હસ્તિપાળ રાજાની વિનંતી સ્વીકારી છેલ્લું ચાતુર્માસ પાવાપુરીમાં કર્યું. જેના મહાભાગ્ય હોય તેને આવો લાભ મળે છે. અઢાર દેશના રાજાઓ અને ઓગણીસમા હસ્તિપાળ રાજા છઠ્ઠ પૌષધ કરીને બેસી ગયા હતા. પ્રભુનો પરિવાર પણ સાથે છે. દરેકના મનમાં એક ભાવના હતી કે બસ, હવે આપણા ભગવાન મોક્ષમાં જશે પછી અમૃતના ઘૂંટડા કોણ પીવડાવશે? માટે જેટલો લાભ લેવાય તેટલો લઇ લઇએ. અઢાર દેશના રાજાઓ પૌષધ લઇને બેસી ગયા તો શું એમને તમારી જેમ દિવાળીનું કામ નહિ હોય? (હસાહસ). એમને ઘણું કામ હતું છતાં છોડીને લાભ લેવા આવ્યા હતા અને તમને તો દિવાળીના દિવસે ગામમાં સંતો બિરાજતા હોય તો ઉપાશ્રયે આવવાનો ટાઇમ નથી. અઢાર દેશના રાજાઓ અને હસ્તિપાળ રાજાને છઠ્ઠ હતો. ભગવાન મહાવીર સ્વામીએ દીક્ષા લીધી ત્યારે છઠ્ઠના પચ્ચખાણ હતા. કેવળજ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે પણ છઠ્ઠ હતો અને નિર્વાણ સમયે પણ છઠ્ઠ હતો.

આપણે સૌ કોઇએ છઠ્ઠ કરવો જોઇએ. તેમજ આવતી કાલે પાખી છે માટે પૌષધ વિગેરે ખૂબ ધર્મકરણી કરશો. અઢાર દેશના રાજાઓ છઠ્ઠ લગાવીને બેઠા છે, ને એકીટશે પ્રભુના સામું જોઇ એકચિત્તે દેશના સાંભળે છે. એમને પ્રભુની પાસેથી ઉઠવાનું

મન થતું નથી, ને તમને બોલાવવાનું છોડવાનું મન થતું નથી. એ કેવો ભવ્ય દેખાવ હશે! એમણે સાચી દિવાળી ઉજવી છે. આ તો પ્રભુ હતા. એ સિવાય બીજા કંઈક જીવો આવી દિવાળી ઉજવે છે. એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

એક કરોડપતિ શેઠ હતા. તે ખૂબ ઉદાર દિલના હતા. ત્રણ માણસનું કુટુંબ હતું. દીકરો પાંચ વર્ષનો થયો ત્યારે ગામના નગરશેઠની દીકરી સાથે તેનું સગપણ કર્યું. દીકરો લગભગ પંદર વર્ષનો થયો ને બાપનો ઉદય થતાં પૈસો એકાએક જવા માંડયો. ચારે બાજુથી ખોટ આવવા લાગી. ઘરબાર બધું વેચાઇ ગયું. ઉભા રહેવાની પણ જગ્યા ન રહી. શેઠાણી આઘાતમાં ગુજરી ગયા. છેવટના પરિણામે શું કરવું તે મુંઝવણ આવી. આ સમયે લજ્જાના માર્યા ઝુંપડામાં પડયા રહે છે ને પરોઢીયે અનાજ પીઠામાં જઈ ધુળમાંથી દાણા ચાળીને લાવે છે. શેઠને વિચાર થયો કે મારા વેવાઇ ઘણા ધનવાન છે માટે ત્યાં જઉં તેમ સમજીને જમાઇને મોકલ્યા તો સસરાએ ધક્કો મારીને કાઢી મૂકયા. તું મારો જમાઇ કેવો ? બસ, નાણાં ગયા ને સગપણ ગયું. જોયોને સંસાર ! મારા બંધુઓ ! સંસાર કોનો છે ? સગાઇ કયાં છે ! ખૂબ વિચાર કરી મુગ્ધ બનજો. બાકી જ્યારે તમને સમજાશે ત્યારે આ સંસાર જરૂર તમને જેલ જેવો લાગશે.

હવે બાપ-દીકરો આ સ્થિતિમાં ખૂબ મુંઝાય છે. કોઇ નોકરી પણ રાખતું નથી. કર્મ ના કરે તેટલું ઓછું છે. બીજી બાજુ શેઠની દીકરી મોટી થઇ છે. તે વિચાર કરે છે કે મારી બહેનને બધે જવાની છૂટ અને મને કેમ નહિ? એક દિવસ મક્કમ થઈ સવારના વહેલી બહાર નીકળી ગઈ. ત્યાં આ બાપ-દીકરો રેતીના પોટલા બાંધે છે. ત્યારે છોકરી કહે છે કે આપ શા માટે આવું કરો છો? છેવટે શેઠ તેમના દુઃખની વાત કરે છે. આ સાંભળી છોકરી કહે છે બાપુજી! અમારા ઘેર ઘણું ધન છે. આપ ચાલો. ત્યારે શેઠ રડી પડે છે ને કહે છે દીકરી તું ચાલી જા. અમારા ભાગ્ય ફૂટી ગયા છે. નહિતર તું અમારા ઘરની લક્ષ્મી છે. હેં તમે શું કહો છો? હું તમારા ઘરની લક્ષ્મી છું તે કેવી રીતે? આપ મને કહો. ત્યારે શેઠ વાત કરે છે ને છેવટે છોકરી કહે છે મારે પતિ એક હોય-બે નહિ. માટે મારી બહેનના ત્રણ દિવસ બાદ લગ્ન છે તે વખતે તમે ત્યાં હાજર થજો ને હું તમારી સાથે આવીશ. છોકરીની વાત સાંભળી બાપ-દીકરો ખૂબ ના પાડે છે. પણ છોકરી ઘણી હઠ કરે છે તેથી હા પાડે છે. ને છેવટે બાપ-દીકરો તે દિવસે ત્યાં જાય છે. બધાની વચમાં દીકરી સાદા કપડામાં પિતાને કહે છે કે મારા માટે તમે જે જમાઇ શોધ્યો હતો તેની સાથે આપની સમક્ષમાં હાથ ઝાલી મારું જીવન તેને અર્પણ કરું છું. આમ કહેતાંની સાથે હાથ ઝાલવારૂપ હસ્તમેળાપ કરીને ચાલી ગઇ. બધા મોટી દીકરીના લગ્નમાં પડયા હતા અને આ બનાવ બનતા સૌ કોઇ ચોધારા આંસુ પાડવા લાગ્યા. મોટી દીકરીના લગ્ન પત્યા પછી બધા છોકરીની ઝુંપડીએ આવી ખૂબ કરગરવા

લાગ્યા. ત્યારે છોકરી કહે છે બાપુજી! આપે આ લોકોની સાથે ખૂબ અન્યાય કર્યો છે. તેમણે મને સગાઈના સમુરતામાં લાખ રૂપિયાના દાગીના આપ્યા તે પચાવી પાડયા ને ઉપરથી લાત મારીને કાઢી મૂકયા. આપે મારા માટે પ્રથમ જે જમાઈ શોધ્યો છે તે મારો પતિ છે, માટે હવે આપ ઘેર જાવ. પિતાએ ઘણું ધન આપવા માંડયું પણ દીકરીએ ન લીધું. છેવટે રડતી આંખે મા-બાપ પાછા વળ્યા.

આ તરફ એના પતિ તથા સસરાને કહે છે બાપુજી! હવે આ રેતીમાંથી કણ વીણીને આવાનું છોડી દો. એવી રીતે કરવાથી કેવી રીતે ઉંચા આવીશું! તમે એક નાની હાટડી માંડો. હું તમને ચોકલેટ, સીંગ-ચણા બધું લાવી આપું. તે નાના છોકરાની સ્કુલ આગળ લઈને વેચવા બેસો અને પતિને કહે છે તમે જંગલમાંથી લાકડા કાપીને ગામમાં વેચવા જાવ. તો કંઇક ઉંચા આવીએ. સસરાને ચોકલેટ-સીંગ-ચણા લઈને વેચવા મોકલે છે ને એનો પતિ લાકડા કાપવા જાય છે. ત્યારે એના મનમાં થયું કે મારો પતિ લાકડા કાપવા જાય ને હું બેસી રહું? મારે પણ જવું જોઈએ. પેટને ભાડુ આપવા માટે ગમે તે કામ કરીએ તેમાં નાનપ શી? કોઈની પાસે હાથ લંબાવતાં નાનપ આવવી જોઇએ, એમ વિચાર કરીને એના પતિ સાથે લાકડા કાપવા ગઇ. એક ઝાડ કાપીને બંનેએ લાકડાના ભારા બાંધ્યા. માથે મૂકી બજારમાં થઈને વેચવા જાય છે. આ છોકરીના માથે લાકડાનો ભારો જોઇ નગરજનોની આંખમાં આંસુ આવી ગયા. અહો! કરોડપતિની દીકરીની આ દશા? કોઈ શેઠનું વાંકુ બોલે છે તો કોઇ છોકરીનું બરાબ બોલે છે. ત્યારે છોકરી વિચાર કરે છે દુનિયા કેવી દોરંગી છે! જગતનું સાંભળીએ તો દુનિયામાં રહેવાય નહિ. લાકડાનો ભારો લઈને ફરતાં ફરતાં એક દયાળુ શેઠના મકાન પાસે આવ્યા. શેઠે જોયું કે આ લાકડા કિંમતી છે. તરત એમને બોલાવીને કહ્યું-ભાઇ! આ લાકડા મારા ઘેર નાંખી દો. આ બાવળના કે લીંબડાના લાકડા નથી પણ ચંદનના લાકડા છે એમ કહી બે ભારાના વીસ હજાર રૂપિયા આપી દીધા. લઈને બંને ઘેર આવ્યા. હવે છોકરી સસરાને કહે છે બાપુજી! આપણી કોઇ જમીન છે કે નહિ? ત્યારે સસરા કહે છે બેટા! આપણી સાત માળની હવેલી બળી ગઇ. એ જમીન ખાલી પડી છે. ત્યારે વહુ કહે છે ત્યાં ઝુંપડી બનાવીને રહીએ. એમ વિચાર કરી ત્યાં ઝુંપડી બાંધીને આનંદથી રહેવા લાગ્યા.

દેવાનુપ્રિયો! જુઓ, હવે આ શેઠના પુણ્યનો ઉદય કેવી રીતે થયો? પહેલાં કંઇ ન હતું. હવે રહેવા ઝુંપડી થઇ. પાસે વીસ હજાર રૂપિયા આવી ગયા. તેથી વહુ કહે છે બાપુજી! હવે તમે ચોકલેટ વેચવા ન જશો. ભગવાનનું નામ લો. હવે તો બાપ-દીકરો તો વહુને ઘરની દેવી જેમ માને છે. વહુ જે કહે તે સાચું. એ કહે તેમ કરે છે. સમય જતાં ધનતેરસનો દિવસ આવ્યો. એટલે પુત્રવધૂ કહે છે બાપુજી! આ

જીવે ઘણું ખાધું છે. જુના કર્મોને તોડવા માટે તપ કરવાની જરૂર છે. દિવાળી એટલે આત્માને ઉજ્જવળ કરવાનું પવિત્ર પર્વ. દ્રવ્ય-દિવાળી જીવે ઘણીવાર ઉજવી. આ વખતે આપણે ભાવદિવાળી ઉજવીએ. આપણે ત્રણેય ઝુંપડીમાં અઠ્ઠમ કરીને બેસી જઈએ. ને ત્રણેય દિવસ એકચિત્તે નવકારમંત્રનું સ્મરણ કરવાનું છે. તમારૂં ચિત્ત રહેજ પણ બહાર ન જવું જોઈએ. આ બાપ-દીકરાએ જિંદગીમાં એકાસણું પણ કર્યું નથી. હવે અઠ્ઠમ કેવી રીતે કરવો? સસરા કહે છે બેટા! મારાથી અઠ્ઠમ નહિ થાય. હું ત્રણેય દિવસ એકાસણા કરીશ. પણ વહુ કહે છે ના. અઠ્ઠમ કરવાનો છે.

ત્રણે જણા અઠ્ઠમ તપની આરાધના કરવા ઝુંપડીનું દ્વાર બંધ કરીને અંદર બેસી ગયા. ધનતેરસ અને કાળી ચૌદશનો દિવસ પૂરો થયો. દિવાળીના દિવસે પ્રભાતમાં તેની ઝુંપડીમાં ઝળહળાટ થયો. પ્રકાશ પ્રકાશ પથરાઈ ગયો. એટલે પેલા બાપ-દીકરાની આંખ ખુલી ગઇ કે આ ઝગકારો શેનો થાય છે? પણ વહુ તો નવકારમંત્રમાં લીન બની ગઇ છે. હવે વહુ આંખ ખોલે નહિ ત્યાં સુધી એમનાથી આંખ કેવી રીતે ખોલાય? દિવાળીનો દિવસ પૂરો થયો. બીજે દિવસે સવારમાં વહુ ધ્યાનમાંથી મુક્ત થઇ. એટલે પેલા બંને જણા ઉભા થઇ ગયા. ત્યાં એકદમ દેવી પ્રગટ થઇને વહુને કહે છે બેટા! માંગ માંગ. હું તારા ઉપર પ્રસન્ન થઇ છું. ત્યારે વહુ પૂછે છે તમે કોણ છો? ને મારા ઘરમાં શા માટે આવ્યા છો? ત્યારે દેવી કહે છે બેટા! હું તારી સાસુ છું. મરીને દેવી થઇ છું. આજે તમે અઠ્ઠમ તપ કરીને બેઠા છો. તેં આ ઘરમાં આવીને આ બાપ-દીકરાને ધર્મ પમાડયો છે તેથી હું તારા ઉપર પ્રસન્ન થઇ છું. તારી જે ઇચ્છા હોય તે માંગ. ત્યારે કહે છે માતાજી! મારે કંઇ ન જોઇએ. મારા ઘરમાં સંપ-સત્ય-સદાચાર અને શીયળ સદા રહેવું જોઈએ. બીજું મારે કંઈ ન જોઇએ.

દેવી કહે છે બેટા! તું આ ઘરમાં આવી છે એટલે હવે લીલાલહેર થશે. તું મારી પાસે કંઇ ન માંગે તો કંઇ નહિ. પણ તું જે જગ્યા ઉપર ધ્યાન કરીને બેઠી હતી તે જગ્યાએ ખાડો ખોદજે. ત્યાં દશ ક્રોડના કિંમતી રત્નો દાટેલા છે. તારા ઘરમાં સદા સત્ય-સદાચાર-સંપ ને શીયળનો વાસ થશે એમ કહીને દેવી અદૃશ્ય થઈ ગઇ. દેવીના ગયા પછી ઝુંપડીમાં ખોદયું તો કિંમતી રત્નોનો ચરૂ નીકળ્યો. હવે શું ખોટ રહે? એક રત્ન વેચીને શેઠે પોતાની હવેલી છોડાવી દીધી. વહેપાર ધંધા શરૂ કરી દીધા. મુનિમો શેઠની પેઢી પચાવીને બેસી ગયા હતા તે પણ શેઠને કહેવા આવ્યા કે આપની પેઢી સંભાળી લો. પહેલા હતી તેના કરતાં શેઠની સ્થિતિ વધુ સારી થઇ ગઇ. ધમધોકાર વહેપાર કરવા લાગ્યા. છોકરીના માતા-પિતાએ શેઠની પાસે આવીને માફી માંગી ને દીકરીને ખૂબ પ્રેમથી પોતાને ઘેર તેડાવી. દીકરીએ માતા-પિતાને સારી શિખામણ આપી કે બાપુજી! કાયમ કોઇની સ્થિતિ સરખી રહેતી નથી. આ તો તમારા વેવાઇ હતા. આ

જગ્યાએ બીજા કોઇ આવે તો કદી આવું ન કરવું. પિતાએ દીકરીની વાત માન્ય કરી. ને બંને કુટુંબમાં આનંદ આનંદ વર્તાઇ ગયો.

દેવાનુપ્રિયો ! આનું નામ સાચી દિવાળી ઉજવી કહેવાય. આવતી કાલે મહાવીર પ્રભુના નિર્વાણનો દિન છે. બને તેટલી સારી સંખ્યામાં પૌષધ, ઉપવાસ કરજો. એ ન બને તો રાત્રી ભોજનનો ત્યાગ કરવો, નાટક સિનેમાનો ત્યાગ કરવો. બ્રહ્મચર્યનું પાલન કરવું એટલું અવશ્ય કરજો. સમય થઇ ગયો છે. વધુ ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૧૦૪

દિવાળી

આસો વદ અમાસ ને ગુરૂવાર **તા. ૨૫-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ ! શાસનપતિ ત્રિલોકીનાથ વિશ્વવિજેતા, જગતના જીવોને અમૃતરસનું પાન કરાવનાર પ્રભુ મહાવીર સ્વામીનો આજે નિર્વાણ દિવસ છે. વિશ્વપ્રેમની જ્યોત જગાડનાર તેઓ એક મહાન અધ્યાત્મ-યોગી હતા. તેમણે જીવન જીવવાનો મહાન આદર્શ જગત સમક્ષ રજુ કર્યો. ચોથા આરાના ૭૫ વર્ષ અને સાડાઆઠ મહિના બાકી રહ્યા ત્યારે પ્રભુનો જન્મ થયો. ત્રીસ વર્ષની ભરયુવાનીમા સંસારના તમામ સુખને ઠોકરે મારી સંયમના કઠોર માર્ગે કઠીન સાધના સાધવા તૈયાર થયા. કંઠમાં પહેરેલા હાર, હાથના બાજુબંધ, મસ્તકનો મુગટ, કેડનો કંદોરો, વીંટી આદિ તમામ આભૂષણો ઉતાર્યા અને પછી માથાની ડાબી બાજુનો ડાબા હાથથી અને જમણી બાજુનો જમણા હાથથી બે બાજુનો અને એક વચ્ચેનો એમ પંચમુષ્ટિ લોચ સ્વયં કર્યો. તિર્થંકરો હન્મ પાસે પોતાનું માથું નમાવે નહીં. પાંચ મુષ્ટીમાં આખો લોચ કર્યો. તે કેવા બળવાન અને પરાક્રમી હશે ! પ્રભુના લોચના વાળ ઢીંચણભર થઇ વજ્રહીરાના થાળમાં ઇન્દ્ર મહારાજે ઝીલ્યા પછી અનંત સિધ્ધોને નમસ્કાર કરી ભગવાન સ્વયં કરેમિભંતેનો પાઠ ભણ્યા અને મનમાં અભિગ્રહ કર્યો કે આજથી હું મારી કાયાને વોસિરાવી દઉં છું. અર્થાત્ જીવનભર દેવ, મનુષ્ય તથા તિર્યંચના કોઇ પણ પ્રકારના ઉપસર્ગો આવશે અથવા કોઇ પણ પરિષહ પડશે તો પણ હું મારા માર્ગમાંથી જરા પણ ચલિત નહિ થાઉં. ભગવાને સાડાબાર વર્ષ અને એક પખવાડીયા સુધી અઘોર સાધના કરી. આહારને બદલે પ્રહારો ને પાણીના બદલે માર મળ્યા. કટુ શબ્દોના વરસાદ વરસ્યા, તેમજ તેમની સાધનાથી ડગાવવા કેટલાએ તેમને પ્રલોભનો આપ્યા પણ સાધનાનાં એ અડગ યોગી કોઇથી ડગ્યા નહિ, કોઇમાં લલચાયા નહિ. પણ આત્મયોગની એવી પ્રખર ધુણી ધખાવી કે જેમાં સર્વ વાસનાઓ બળીને ભસ્મીભૂત થઈ ગઈ.

પ્રભુએ એકત્રા સંયમ લીધો ને જંગલમાં વસીને આત્માનું મંગલ કર્યું. આવા પ્રભુના આજે આપણે ગુણ ગાઈએ છીએ. જેઓ સમય ઓળખીને કામ કાઢી લે છે તે સંસાર અટવીનો પાર પામી જાય છે. તમે સમજો તો મનુષ્ય જીવનની એકેક પળ કેટલી કિંમતી છે! સમય એ માનવજીવનનું અમૂલ્ય ધન છે. સમય એ જીવનનો અમૂલ્ય ખજાનો છે. જે મનુષ્ય એક ક્ષણની કિંમત નથી સમજતો તે હજારો ક્ષણોને નકામી ગુમાવી દે છે. સમય કોઇની રાહ જોતો નથી. અઢાર દેશના રાજાઓને સમયની કેટલી કિંમત હતી! તેઓ બધા આવાપીવાનું છોડી પ્રભુની પાસે છઠ્ઠ પૌષધ કરીને બેસી ગયા હતા. નિવૃત્તિ માટે તપ કર્યો હતો. તમને જેટલો સંસારનો રસ છે તેનાથી અનંતગણો રસ તેમને ભગવાનની વાણી સાંભળવાનો હતો. કારણ કે હવે ફરીને પ્રભુની વાણી સાંભળવા મળવાની ન હતી. માટે જેટલો લાભ લેવાય તેટલો લઇ લઇએ. જે મનુષ્ય સમયને ઓળખે છે તેનું જીવન ધન્ય બની જાય છે. સાધન તો બધાને પ્રાપ્ત થયું છે, પણ તેનો ઉપયોગ કરતાં આવડવો જોઈએ. એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

એક રાજકુમાર અને બે વણિક પુત્રો આ ત્રણે જણા એક સ્કુલમાં સાથે ભણતા. ત્રણ જણ વચ્ચે ખૂબ મિત્રાચારી હતી. મોટાના સૌ મિત્ર બને. ગરીબના ઓછા બને. રાજકુમાર અને વણિક પુત્રો પણ શ્રીમંતના પુત્રો હતા. ત્રણે ગાઢ મિત્રો હતા. ત્રણે જણા ભણી રહ્યા પછી બે વણિક પુત્રોએ વિચાર કર્યો કે રાજાના પુત્રની દોસ્તી વધુ કરવામાં માલ નહિ. માટે આપણે તેની દોસ્તી ઓછી કરી નાંખવી સારી. એટલે આ બે જણાએ રાજકુંવર પાસે જવા આવવાનું ઓછું કર્યું. ત્યારે રાજકુમારને વિચાર થયો કે મિત્રો દૂર કેમ રહે છે? ભણતા હતા ત્યારે એમને મારા પ્રત્યે કેટલો પ્રેમ હતો! અને આમ કેમ બન્યું?

એક દિવસ રાજકુમારે બંને મિત્રોને ખૂબ આગ્રહ કરીને બોલાવ્યા. ત્રણે જણા બગીચામાં ફરવા માટે ગયા. એક બાંકડા ઉપર બેઠા છે તે વખતે રાજકુમાર પૂછે છે! તમે મારાથી દૂર ને દૂર કેમ રહો છો? શું આપણે ભણતા હતા ત્યાં સુધી જ મિત્રો હતા? હવે આપણે મિત્ર નથી? ત્યારે વણિક પુત્રો કહે છે કુમાર! આપનો મૈત્રીભાવ ખૂબ પ્રશંસનીય છે પણ આપ રાજકુમાર છો ને અમે વણિક પુત્રો છીએ. આપ ગાદીએ બેસશો ને અમારે તો ધંધો કરવાનો છે. આપ અમને કંઇ ઓછા રાજા બનાવવાના છો? તેથી સાહેબ અમે ઓછા આવીએ છીએ. આપની તોલે અમે ક્યાં આવવાના છીએ! અરે મિત્રો! હું તમને પણ રાજા બનાવીશ. આથી વણિક પુત્રો ખુશ થયા ને કહે ભલે. સમય જતા રાજકુમાર રાજા બન્યો. વણિક પુત્રો મોટા વહેપારી બની ગયા. પણ બન્યું એવું કે બે વહેપારીમાંથી એકની ભાગ્યદશા પલટાતા દુકાનમાં મોટી ખોટ આવી. વહેપાર પડી ભાંગ્યો ને ગરીબ બની ગયો. દેણું વધી ગયું. લેણીયાત ખૂબ હેરાન કરે છે ત્યારે તે રાજકુમાર પાસે આવી નમ્ર વિનંતી કરે છે કે આપે અમને વચન આપ્યું

હતું કે હું એક વખત તમને રાજા બનાવીશ. કુંવરે થોડી વાર વિચાર કરીને કહ્યું-કે જાવ એક પ્રહર રાજ્ય ભોગવો. તેમ કહી કુંવર મહેલમાં ગયો. ત્યારે વણિકપુત્ર સિંહાસને બેસી ગયો. મંત્રીઓએ કહ્યું કે રાજ્યાભિષેકની વિધિ કરવા દો. રાજાને યોગ્ય વસ્ત્રાભૂષણો પહેરો પછી સિંહાસને બેસશો તો સિંહાસન શોભી ઉઠશે.

વણિક પુત્ર કહે છે મારે એક પ્રહર રાજ્ય કરવું તેમાં વસ્ત્રાભૂષણ અને રાજ્યાભિષેકની શી જરૂર છે ? બસ હું તો રાજસિંહાસને બેઠો એટલે રાજા બની ચૂકયો. એણે તો સેવકોને હુકમ કરવા માંડયો કે આટલા રૂપિયા, આટલું ઝવેરાત મારા ઘેર મોકલી દો. લેણદારોને કહેવડાવી દીધું કે જેનું જેટલું લેણું હોય તેટલું અત્યારે લઇ જાવ. કારણ કે હું અત્યારે રાજા બન્યો છું. એણે લેણદારોનું લેણું ચૂકવી દીધું. ગરીબ અને ભિખારીઓ આવ્યા. તેમને ધન આપી સંતુષ્ટ કર્યા. નોકરો અને કર્મચારીઓનો પગાર બમણો કરી દીધો અને ગામમાં જાહેરાત કરાવી કે ગરીબ હોય તે આવો. ગામમાંથી ઘણાં માણસો આવ્યા. દેવાય તેટલું દાન દઇ દીધું અને એક પ્રહર પૂરો થતાં પહેલાં તો એ સિંહાસનેથી નીચે ઉતરી ગયો અને સેવકોને કહ્યું કે હું મારે ઘેર જાઉં છું. આમ કહી ગરીબોના આશીર્વાદ લેતો હર્ષનાદ સાથે પોતાને ઘેર ચાલ્યો ગયો ને ખૂબ બાદશાહીથી રહેવા લાગ્યો. તેણે એક પ્રહરમાં રાજાનો ખજાનો ખાલી કરી નાંખ્યો ને ક્રોડોની સંપત્તિ પોતાને ઘેર લાવ્યો.

આ વાતને ઘણો સમય વિત્યા બાદ બીજા વણિક મિત્રને પણ વહેપારમાં ખોટ આવી ને તે પણ પોતાના મિત્રની જેમ રાજા પાસે ગયો અને પોતાને આપેલા વચનની યાદ આપી. પોતે આપેલા વચન પ્રમાણે રાજાએ તેને પણ એક પ્રહર રાજા બનાવવાનો હુકમ કર્યો. આ વણિક વિચારવા લાગ્યો કે રાજા બનવું તો ઠાઠમાઠથી બનવું અને રાજશાહી પોશાક પહેરીને સિંહાસને બેસું તો એમ લાગે કે હું રાજા બન્યો છું. એટલે તેણે પહેલાં હજામને બોલાવ્યો. મર્દન કરાવ્યું. આ બધું કરીને સ્નાન કર્યું પછી રાજ-પોશાક તથા આભૂષણો મંગાવ્યા. સેવકોએ સુંદર વસ્ત્રો અને આભૂષણોનો એની સામે ઢગલો કરી દીધો. આ જોઇને વણિક તો મૂંઝવણમાં પડી ગયો કે કયો પોશાક પહેરું ને કયો પોશાક ન પહેરું ? આ સારો છે ને બીજો એનાથી પણ વધુ સારો છે અને ત્રીજો તો એનાથી પણ વધુ ચઢીયાતો છે. આમ પોશાકની પસંદગીમાં એનો ઘણો સમય વીતી ગયો. છેવટે એક મનગમતો પોશાક પહેરીને સિંહાસને બેઠો. ત્યાં પ્રધાને ઘંટડી વગાડીને જાહેર કર્યું કે આપનો એક પ્રહર પૂરો થઇ ગયો છે માટે તમે રાજપોશાક ઉતારી નાંખો.

પેલો રાજા બનેલો વણિક બોલ્યો-અરે ભાઇ ! હું તો હજાણાં સિંહાસને બેઠો છું. મેં તો હજુ કંઇ પણ હુકમ છોડયો નથી અને મને શેના ઉતારી મૂકો છો ? ત્યારે

પ્રધાને કહ્યું એ બધો વિચાર તમારે પહેલેથી કરવો હતો ને! તમે શણગાર સજવા ને ભપકા કરવા રહ્યા ત્યારે તમારો મિત્ર ઘડી ઓળખીને ન્યાલ થઇ ગયો. શરણે આવેલાને ન્યાલ કર્યા ત્યારે તમે તો જે માંગવા આવ્યા તેને તમે માર માર્યો. હવે ઉતરી જાવ. તેને સિંહાસનેથી ઉતારી મૂકયો. જ્યારે ઘેર જાય છે ત્યારે લોકોએ તેને ખૂબ માર માર્યો. ચારે બાજુથી લેણિયાતો ઘેરી વળ્યા અને કહ્યું બોલો, રાજયના ખજાનામાંથી શું લાવ્યા છો? અમારી રકમ ચુકતે કરો. તમે એક પ્રહર માટે રાજા બનીને શું કર્યું? વણીક પુત્ર ખૂબ પસ્તાવો કરતો લેણીયાતોના હાથમાંથી માંડમાંડ છૂટીને ઘર ભેગો થયો.

દેવાનુપ્રિયો! આ દૃષ્ટાંત દ્વારા એ સાર ગ્રહણ કરવાનો છે કે સમય કેટલો કિમતી છે! બંને મિત્રોને એક પહોરનું રાજ્ય મળ્યું પણ પહેલા મિત્રે શણગાર અને સ્નાનમાં સમય નહિ ગુમાવતાં સમયને ઓળખી તેનો સદુપયોગ કર્યો અને બીજાએ સ્નાન કરવામાં ને શણગાર સજવામાં સમય ગુમાવ્યો. પરિણામે નિર્ધન અને દેવાદાર રહ્યો. મનમાં ઘણો પસ્તાવો થયો પણ સમય વીત્યા પછી પસ્તાવો કરવો બેકાર છે. તમે પણ આ મનુષ્યભવના મોંઘેરા અવસરને ખાવા-પીવામાં, સારા વસ્ત્રો પહેરી ફક્કડ થઇને ફરવામાં ગુમાવી દેશો તો કર્મના કરજથી મુકત નહિ બનો અને આત્માની શાશ્વત લક્ષ્મી પણ નહિ મેળવી શકો. પરિણામે દુર્ગતિમાં જઇ કર્મ ભોગવવા રૂપ જુત્તાનો માર ખાવો પડશે. માટે સમજીને ભગવાને બતાવેલા રાહે ચાલો.

અઢાર દેશના રાજાઓ કહે છે હે પ્રભુ! શું તારૂં તેજ છે! તારૂં મુખ જોતાં પણ અમારા હૃદયનો ઉકળાટ શાંત થાય છે. હવે આવો તેજસ્વી દીપક બુઝાઇ જશે! ભગવાને બે દિવસનો સંથારો કર્યો હતો. સોળ પ્રહર સુધી ઉત્તરાધ્યયન સૂત્ર અને વિપાક સૂત્રની સતત દેશના આપી. ઇન્દ્ર આવીને ભગવાનના ચરણમાં પડયો અને કરગરીને કહેવા લાગ્યો હે જગત ઉદ્ધારક! આપ પૃથ્વી ઉપર હશો તો અમારા જેવા જીવોનો ઉદ્ધાર કરશો. અનેક જીવો બોધ પામશે, આપના વિના આવી અમૃતવાણી કોણ સુણાવશે? આપ થોડો સમય રોકાઇ જાવ. ત્યારે પ્રભુ કહે છે **"ન ભૂતો ન ભવિષ્યતિ."** હે ઇન્દ્ર! એ કદી બન્યું નથી ને બનશે પણ નહિ.

પ્રભુ તો બધાની વચમાંથી આસો વદ અમાસની પાછલી રાત્રે મોક્ષમા બિરાજ્યા. જેમ પિતા પુત્રને અંતિમ સમયે છેલ્લી શિખામણ આપે છે તેમ પ્રભુએ ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીશ અધ્યયનમાં છત્રીશ શિક્ષાઓ આપી છે. તેમાંથી આપણે આજના દિવસે એક શિખામણ તો અંગીકાર કરવી જોઇએ. ભગવાનના કુલ ૪૨ ચાતુર્માસ છે, તે ચોમાસા કયાં કયાં કર્યા છે?

ભગવાને પહેલું ચાતુર્માસ અસ્થિ ગામમાં, બીજું વાણિજ્ય ગામમાં, દશ ચંપાપુરીમાં, ત્રણ વિશાલા નગરીમાં, ચૌદ રાજગૃહીમાં, બે ભદ્રિકા નગરીમાં, એક

આલંભીકા નગરીમાં, એક સાવત્થી નગરીમાં, એક અનાર્ય દેશમાં અને છેલ્લું ચોમાસું પાવાપુરીમાં કરી મોક્ષે પધાર્યા. ભગવાને એકલા દીક્ષા લીધી ને મોક્ષમાં એકલા ગયા પછી ગૌતમ સ્વામીના હૃદયમાં વિરહાનલની જ્વાળા પ્રગટી. અહો હે પ્રભુ ! હું હવે ભગવંત, ભગવંત કહીને કોને પ્રશ્નો પૂછીશ ? ને તારા વિના ગોયમા ! ગોયમા ! એ વહાલભર્યા શબ્દોથી મને કોણ બોલાવશે ? હું ન્હોતો જાણતો કે તમે મને આમ છોડીને ચાલ્યા જશો !

મુજને મેલ્યો રે ટળવળતો તિહાં રે, નહિ કોઇ આંસુ લુછણહાર,
ગૌતમ કહીને કોણ બોલાવશે રે, કોણ કરશે મોરી સાર...
આધાર હતો રે એક વીર તાહરો રે....

ગૌતમ સ્વામી વિલાપ કરવા લાગ્યા. અંતે ભગવાનના વાકય યાદ આવ્યા. "મોહ છે ત્યાં સુધી મોક્ષ નહિ મળે." રાગનું કવચ ભેદાયું અને ક્ષપકશ્રેણી પર આરૂઢ થતા બારમે મોહનો ક્ષય કરી તેરમે પહોંચી ગયા ને કેવળજ્ઞાન ને કેવળદર્શન પામ્યા. અમાસની પાછલી રાતે ભગવાન આઠ કર્મોનો ક્ષય કરીને મોક્ષમાં ગયા ને ગૌતમસ્વામી ચાર ઘાતીકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા. આ સમયે ઈન્દ્રો-ઈન્દ્રાણીઓ અને રાજાઓએ ભેગા મળીને ભગવાનનો નિર્વાણ મહોત્સવ અને ગૌતમસ્વામીનો કેવળજ્ઞાન મહોત્સવ ઉજવ્યો. તે વખતે કેવો ભવ્ય દેખાવ હશે ! તમે બધા દિવાળીમાં કોડિયાના દીવા પ્રગટાવો છો. ગૌતમસ્વામીએ કેવળજ્ઞાનનો દીપક પ્રગટાવ્યો છે આપણે પણ આપણા અંતરમાં જ્ઞાનનો દિપક પ્રગટાવવો છે. કોડીયાના દિપક પ્રગટાવવામાં કેટલા જીવોની હિંસા થાય છે! આજે દિવાળીનો પવિત્ર સંદેશ છે કે બહારની રોશની કરવા કરતાં તમારા અંતરમાં જ્ઞાનની રોશની ઝગમગાવો.

જ્ઞાનને દિપક કહેવામાં આવ્યો છે. તમે પ્રગટાવો છો તે પણ દિપક છે. સારા સંસ્કારી દીકરાને પણ કુળદીપક કહેવામાં આવે છે. જે દીકરો બાપની તથા કુટુંબની ખ્યાતિ વધારે છે તેને તમે કુળદીપક કહો છો ને ? ત્યારે હું તમને પૂછું છું કે સૂર્ય મહાન કે દિપક મહાન ? તીર્થંકર ભગવાનના જીવનને દિપકની ઉપમા આપવામાં આવી છે. કારણ કે સૂર્ય સમસ્ત જગતમાં પ્રકાશ ફેલાવે છે. પણ ઘરના અંધારા ઓરડામાં એનો પ્રકાશ પહોંચી શકતો નથી. ત્યાં દિપકની જરૂર છે. એ અપેક્ષાએ સૂર્ય કરતાં દિપક મહાન છે. આપણી આંખમાં જોવાની શકિત છે, છતાં અંધારામાં આપણી આંખ જોઈ શકતી નથી. પોતાના હાથે મૂકેલી વસ્તુ પણ અંધારામાં જડતી નથી. એ માટે દિપકનો આશ્રય લેવો પડે છે. ગમે તેટલો સુંદર બંગલો હોય પણ જો એમાં દિપક પ્રગટાવ્યો ન હોય તો તે બંગલો ભૂતિયામહેલ જેવો લાગશે. પણ જો તેમાં નાનકડો દિપક પ્રગટાવ્યો હશે તો પ્રકાશ પથરાશે. આ દિપકને જોઇને વિચાર કરીએ તો આપણને પણ તેમાંથી ઘણો બોધ મળે છે. દિપક પ્રગટે ને અંધકાર દૂર ભાગે છે તેમ આપણાં આત્મામાં રહેલા અજ્ઞાનનાં અંધકારને દૂર કરીને જ્ઞાનનો દિપક પ્રગટાવી જીવનમાં પ્રકાશ

પાથરવાની જરૂર છે. પણ એક વાત ખ્યાલમાં રાખજો કે પુરૂષાર્થ પ્રકાશ વિના મળતો નથી. એક ટયુબ લાઇટ કરવા માટે બટન દબાવવું પડે છે, તો આપણે સ્વીચ દબાવવા, રૂપ પુરૂષાર્થ કરવો પડશે. આપણા પરમપિતાએ કેટલો પુરૂષાર્થ કર્યો ત્યારે કેવળજ્ઞાનનો દિપક પ્રગટયો હતો. આપણો તેમનાથી અંશ ભાગનો પણ પુરૂષાર્થ છે! કેવળજ્ઞાન જોઇએ છે પણ પુરૂષાર્થ કરવો નથી, તો પ્રકાશ કયાંથી મળે?

રાજાઓએ સંપૂર્ણ તપ-ત્યાગથી દિવાળી ઉજવી તો આપણે પણ તપ ત્યાગ કરી સંસારના રંગભોગનો ત્યાગ તો અવશ્ય કરવો જોઇએ અને દિપક પ્રગટાવતાં વિચાર કરજો કે એમાં કેટલા ઉડતા જીવો પડે છે! તે જીવોની હિંસા થઇ જાય છે. આપણે અહિંસાને પરમોધર્મ માનનારા છીએ. આવા દિપક પ્રગટાવાય નહિ. પણ જ્ઞાનના દિપક પ્રગટાવો. આજની રાત્રીએ પ્રભુ નિર્વાણ પામ્યા છે તો આપણે શું કરવું જોઈએ?

જેણી રાતે વીર પામ્યા મુકિત, કેવળ પામ્યા ગૌતમસ્વામી,
જ્યારો જાપ જપો નવકારવાળી, વીર મુગતે સિધાવ્યા દિન દિવાળી.

પ્રભુ નિર્વાણ પામ્યા ને ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા. આજની રાત્રે બ્રહ્મચર્ય પાળવું, ચૌવિહાર કરવો ને પહેલી રાત્રે, મધ્યરાત્રે ને પાછલી રાત્રે થઇને કુલ ૬૦ માળા ગણવાની હોય છે. એટલે આપણી રાત્રિ ધર્મધ્યાનથી પસાર થાય છે.

વિક્રમ રાજાના જીવનનો એક પ્રસંગ પણ આજના દિવાળીના દિવસ સાથે સંકળાયેલો છે. વિક્રમ રાજાના સમયમાં ગરીબ પ્રજા શાહુકારોના ત્રાસ નીચે દબાયેલી હતી. ચકવૃદ્ધિ વ્યાજના કારણે ખેડૂતોની જમીન પણ તેમણે લઇ લીધી હતી. ખેડૂતો ખૂબ મૂંઝાતા હતા. મહારાજા વિક્રમે દિવાળીના દિવસે બધાનું દેવું ચૂકવી દીધું અને પ્રજાને ઋણમુક્ત કરી વહેપારીઓના જુના ચોપડા લઇ લીધા ત્યારે દિવાળીનો દિવસ હતો. બીજે દિવસે નવું વર્ષ શરૂ થયું. ત્યારથી નવા વર્ષે ચોપડા લખવાનો રિવાજ શરૂ થઈ ગયો. આજે તો સાપ ગયા અને લીસોટા રહ્યા. દેવું તો પૂરૂં કોઇ ચુકવતું નથી, પણ નવા ચોપડા લખે છે. તમારે નવા ચોપડા લખી શારદાપૂજન કરવું હોય તો બીજું કંઇ ન કરી શકો તો ખેર! એકાદ ગરીબનું કરજ માફ કરશો તો તમારૂં નવું વર્ષ સફળ બનશે.

મહાવીર પ્રભુ અને ગૌતમસ્વામીના પગલે ચાલી જીવનમાં પવિત્રતા-પ્રમાણિકતા અહિંસા-તપ-ત્યાગને અપનાવશો તો પ્રભુ મહાવીરનો નિર્વાણ દિન ઉજવ્યો સાર્થક ગણાશે. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૧૦૫

કારતક સુદ ૧ ને શુક્રવાર **તા. ૨૬-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

ભગવાન મહાવીર સ્વામીનો દિવ્યસંદેશ છે કે હે ભવ્ય જીવો! આવો અમૂલ્ય

મનુષ્યભવ ફરીફરીને તમને મળવાનો નથી માટે મોહ-માયા અને મમતાના કચરા સાફ કરી પ્રમાદની પથારી છોડી આત્મમાર્ગનો પુરૂષાર્થ કરો, કારણ કે મનુષ્યનું આયુષ્ય અલ્પ છે. અલ્પ જિંદગીમાં ઘણું કામ કરવાનું છે. પ્રભુએ અંતિમ ચાતુર્માસ પાવાપુરીમાં કર્યું અને અંતિમ સમયે સોળ પ્રહર સુધી અખંડ દેશના આપી. ભવ્ય જીવોએ એ વાણીના ઘૂંટડા ઘરાઇ ઘરાઈને પીધા. પણ ભગવાનની વાણી એવી છે કે પીનારા કદી તૃપ્ત ન થાય. પ્રભુની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્ર અને વિપાક સૂત્ર છે. ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીશ અધ્યયનમાં પહેલું અધ્યયન વિનયનું છે. બીજું પરિષહનું છે. "ચતુરંગીય" નામનું ત્રીજું અધ્યયન. ચાર અંગો મળવા દુર્લભ છે, છતાં પુણ્યવાન મનુષ્યને ચારેય અંગોની પ્રાપ્તિ થઇ જાય પણ ધર્મનું આચરણ કરવામાં મનુષ્યે જરા પણ પ્રમાદ ન કરવો જોઇએ તેથી 'અસંખય' નામના ચોથા અધ્યયનમાં પ્રમાદનો ત્યાગ કરવા માટે પ્રભુએ ખૂબ સુંદર વર્ણન કર્યું છે. તેની સૌથી પ્રથમ ગાથામાં કેવા સુંદર ભાવ ભરેલા છે!

असंखयं जाविय मा पमायए, जरोवणीयस्स हु नत्थि ताणं ।
एवं वियाणाहि जणे पमत्ते, किण्णु विहिंसा अजया गहिन्ति ।।

આ જીવન અસંસ્કૃત છે એટલે ચિરસ્થાયી નથી પણ ક્ષણભંગુર છે. માટે હે આત્માઓ! તમે પ્રમાદ ન કરો. કારણ કે તૂટેલું આયુષ્ય કોઇ સાંધી શકતું નથી. તીર્થંકર, ચક્રવર્તિ-ઇન્દ્ર-બળદેવ કે વાસુદેવ કોઇ આયુષ્યને સાંધી શકયા નથી તો આપણે કેવી રીતે સાંધી શકવાના છીએ? દુનિયાની ઘણી વસ્તુ તૂટતા સાંધી શકાય છે પણ આયુષ્ય તૂટતા સાંધી શકાતું નથી. ગઈ કાલે કહું હતું કે ઇન્દ્રો ભગવાનને વિનંતી કરવા આવ્યા કે આપ બે ઘડી રોકાઈ જાવ તો પણ ભગવાને કહી દીધું કે એ કદી બન્યું નથી ને બનશે પણ નહિ. માટે જ્યાં સુધી આયુષ્યનો દિપક જલે છે ત્યાં સુધી પ્રમાદ છોડીને ધર્મારાધના કરી લો.

આજે માનવ થોડું ઘણું ધર્મધ્યાન કરે છે ત્યાં એના મનમાં એમ થઈ જાય છે કે મેં ઘણું કર્યું. પણ મહાન પુરૂષો જે કરી ગયા તેની અપેક્ષાએ તો હજુ આપણે કંઈ નથી કર્યું. મહાન પુરૂષો આખો માર્ગ પસાર કરી ગયા, જ્યારે આપણે તો હજુ ચાલવાની શરૂઆત પણ નથી કરી. તેમણે આત્મા ઉપર રહેલા કર્મોના લેપ ઉખાડીને ઝળહળતા કેવળજ્ઞાનરૂપી સૂર્યને પ્રગટ કર્યો. જ્યારે આપણા જીવનમાં હજુ અરૂણોદય પણ પ્રગટયો નથી. તેઓ આત્માની પૂર્ણતાને પામી ગયા, જ્યારે આપણે તો હજુ અપૂર્ણ છીએ. આપણું મન હજુ ક્ષણિક સુખો મેળવવા માટે તલસી રહ્યું છે, જ્યારે મહાન પુરૂષો શાશ્વત સુખના ભોકતા બની ચૂકયા છે. તેઓ પર્વતની ટોચે પહોંચી ગયા છે, જ્યારે આપણે હજુ તળેટી સુધી પણ પહોંચ્યા નથી. આપણો આત્મા હજુ જન્મ-મરણના ચકકરમાં ઘૂમી રહ્યો છે, જ્યારે

એ મહાન પુરૂષો અજરામર સ્થાને પહોંચી ગયા છે. દેવાનુપ્રિયો ! આ રીતે મહાન પુરૂષોના આત્મામાં અને આપણા આત્મામાં ઘણું અંતર છે, છતાં પુરૂષાર્થ દ્વારા એ અંતરને દૂર કરવા માટે મનુષ્ય સમર્થ છે. પ્રભુ નિર્વાણ પહોંચી જવાથી આજે આપણને અરિહંતનો વિયોગ પડયો છે. આજે આપણને શંકા થાય તો તેનું સમાધાન કરનાર અરિહંત હવે વિદ્યમાન નથી. દુનિયામાં બધાના વિયોગથી અરિહંતનો વિયોગ મોટો છે. દિવાળીનો દિવસ આપણા માટે વિયોગનો છે. ખાઇ-પી સારા કપડા પહેરી ફાડ઼ખાનાં ફોડી જલસા ઉડાવવા માટે આ દિવાળી નથી. આપણા પરમ પિતાના શહે ચાલી આત્મસ્વરૂપની પિછાણ કરવા માટેનું આ પર્વ છે.

આજે બે પ્રસંગની ઉજવણી છે. ભગવાન મહાવીર સ્વામીનો નિર્વાણ મહોત્સવ અને ગૌતમ સ્વામીનો કેવળજ્ઞાન મહોત્સવ. આ બે મહોત્સવ ઉજવવા સ્વર્ગમાંથી દેવો આવ્યા હતા. તીર્થંકરના શરીરની અંતિમ ક્રિયા દેવો કરે છે. આ વખતે કેવું અદ્‌ભુત દ્રશ્ય હશે ! બેસતા વર્ષના દિવસે પ્રભાતના પહોરમાં લોકો દર્શન કરવા શા માટે આવે છે ? આ બે પ્રસંગો જ્યારે ઉજવાયા ત્યારે પાવાપુરીમાં માનવમહેરામણ ઉમટયો હતો. તે સમયથી સવારમાં બેસતા વર્ષના દિવસે દર્શન કરવા જવાની શરૂઆત થઇ છે. પર્વના પાંચેય દિન પનોતા છે. એકેક દિવસનો ખૂબ મહિમા છે. બેસતા વર્ષે ગુરૂદર્શને જવાનું અને બીજના દિવસે ભાઇ બહેનના ઘેર જાય છે તેનું કારણ શું ? મહાવીર પ્રભુ નિર્વાણ પામ્યા એટલે તેમના બહેનને તથા ભાઇ નંદીવર્ધનને ખૂબ આઘાત લાગ્યો હતો. બહેન ભાઇને ઘેર આવે છે પણ ભાઇ બહેનના ઘેર ઓછા જાય છે છતાં ભાઇબીજના દિવસે ભાઇ બહેનના ઘેર જાય છે તેનું કારણ એ છે કે નંદીવર્ધન પોતાની બહેનને આશ્વાસન આપવા ગયા હતા ત્યારથી ભાઈબીજનો દિવસ ભાઇબીજ તરીકે ઓળખાયો, ને ભાઇ બહેનના ઘેર જમવા જવાની શરૂઆત થઇ.

ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. એ ગૌતમસ્વામી પહેલાં કોણ હતા ? એ તમારી જેમ જન્મથી જૈન ન હતા. ગૌતમસ્વામી ઇન્દ્રભૂતિ નામના બ્રાહ્મણ હતા. ચાર વેદના પ્રકાંડજ્ઞાતા અને પ્રખર વિદ્વાન હતા. એમના શિષ્યો ૫૦૦ હતા. તેમના મનમાં એવું અભિમાન હતું કે દુનિયામાં મારા જેટલું જ્ઞાન કોઈ પાસે નથી. તેમને પોતાના જ્ઞાન અને પંડિતાઈ માટે ઘણું અભિમાન હતું. ત્રણેલોકમાં મારા સમાન કોઇ પંડિત નથી એમ તે માનતા. તેમની વાણીની મધુરતા અને પ્રતિભાશાળી વ્યકિતત્વની ચારે બાજુ તેમની પ્રતિષ્ઠા ખૂબ જામી હતી.

આ સમયે અપાપા (પાવાપુરી) નગરીમાં સોમલ નામના બ્રાહ્મણે એક મોટો યજ્ઞમંડપ તૈયાર કરાવ્યો અને તે યજ્ઞમાં મોટા મોટા બ્રાહ્મણોને આમંત્રણ આપ્યું. આ આમંત્રણથી યજ્ઞમાં ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ તેમજ બીજા આઠ બ્રાહ્મણો પણ

પોતાના ચાર હજાર ને ચારસો શિષ્યો સાથે આવ્યા હતા. પાવાપુરી નગરી વેદમંત્રોના સ્વરોથી ગુંજી ઉઠી હતી. આ સમયમાં સર્વજ્ઞ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પણ વિચરતા વિચરતા અપાપા નગરીના મહાસેન નામના ઉદ્યાનમાં પધાર્યા. પ્રભુની વાણી સાંભળવા દેવો-માનવો અને તિર્યંચો પણ આવે ને શાંતિથી વૈરભાવ ભૂલીને પ્રભુની વાણી સાંભળે. આ હતો પ્રભુની વાણીનો પ્રભાવ. પ્રભુ પધાર્યા જાણીને દેવોએ સુંદર સમોસરણની રચના કરી. બરાબર મધ્યમાં અશોકવૃક્ષની નીચે પ્રભુ સિંહાસને બિરાજ્યા હતા. ભગવાન પધાર્યાની વાત સાંભળતા મોટો જનસમુદાય તેમજ દેવદેવીઓ પ્રભુના દર્શને તેમજ તેમની અમૂલ્ય દેશના સાંભળવા ઉમટયા.

એવામાં આકાશમાર્ગે આવતા દેવોના વિમાન પર બ્રાહ્મણોની નજર પડી. વિમાનોને જોતાં ખુશી ખુશી થઈ ગયા. તેમને થયું કે આપણા યજ્ઞને જોવા અને યજ્ઞનો આનંદ લેવા માટે દેવો પોતપોતાનાં વિમાનોમાં આવી રહ્યા છે. આપણા યજ્ઞનો કેવો પ્રભાવ છે કે દેવો પણ આવી રહ્યા છે! પણ આશ્ચર્ય થયું. યજ્ઞભૂમિને છોડીને મહાસેન ઉદ્યાન તરફ જવા લાગ્યા. પૂછપરછ કરતાં ખબર પડી કે ગામબહાર મહાસેન ઉદ્યાનમાં સર્વજ્ઞ પ્રભુ મહાવીર પધાર્યા છે.

આ સાંભળી ઇન્દ્રભૂતિનો પારો ચઢી ગયો. અરે એ કોણ છે કે જે પોતાને સર્વજ્ઞ અને સર્વદર્શી માની રહ્યો છે અને મારા મંત્રના પ્રભાવથી આવેલા દેવોને પોતાના તરફ ખેંચી રહ્યો છે! એને ખબર નહિ હોય કે આ દુનિયામાં ઇન્દ્રભૂતિ સિવાય બીજો કોઇ સર્વજ્ઞ કે સર્વદર્શી છે નહિ ને થવાનો પણ નથી. આ શબ્દો કોણ બોલાવે છે? અંદરનો અહંભાવ. ઇન્દ્રભૂતિને વિચાર થયો કે હું તેની પાસે જાઉં. જો એ મારા પ્રશ્નનું સમાધાન કરશે તો હું એનો શિષ્ય બની જઇશ ને સમાધાન નહિ કરે તો હું એને મારો શિષ્ય બનાવી દઇશ. આમ વિચાર કરી પાંચસો શિષ્યોના સમુદાયને સાથે લઇ પ્રભુ પાસે જવા રવાના થયા. દૂરથી સમોસરણની રચના જોતાં અને પ્રભુને નીરખતાં તેમનું અડધું અભિમાન કયાંય ઓસરી ગયું. અરે, આ હું શું જોઉં છું? આ તો ચંદ્રથી નિર્મળ, સૂર્યથી તેજસ્વી અને સાગરથી શ્રેષ્ઠ ગંભીર છે. દેવો જેમની સેવા કરે છે ને જગત જેના ચરણોમાં ઝુકે છે. આમ વિચાર કરતાં પ્રભુના સમોસરણમાં આવ્યા ત્યાં તો પ્રેમમૂર્તિ પ્રભુ મહાવીરે તેમને મીઠી મધુરી વાણીથી આવકાર્યા – હે ગૌતમગોત્રી ઇન્દ્રભૂતિ! ત્યાં મનમાં થયું. અરે આ મારૂં નામ પણ જાણે છે? પણ અંદર અહં હતો તેથી થયું મારું નામ ત્રણેલોકમાં પ્રસિદ્ધ છે. મારા નામને કોણ નથી જાણતું? આમાં કંઇ વિશેષતા નથી. ત્યાં બીજી ક્ષણે પ્રભુ બોલ્યા. હે ઇન્દ્રભૂતિ! તારા મનમાં સંશય છે કે જીવ અને શરીર એક છે કે નહિ? પણ સાંભળ, શરીર અનિત્ય છે ને જીવ નિત્ય છે. આ રીતે તેમની શંકાઓનું સુંદર રીતે સમાધાન કર્યું. સાંભળતા સાંભળતાં તેમનો

અહંભાવ ઓગળી ગયો ને ત્યાં ને ત્યાં પ્રભુને અર્પણ થઈ ગયા. પ્રભુચરણમાં ચિત્ત એવું ચોંટી ગયું કે–

હરદમ તમારા હું ગુણ ગાઉં, કીર્તન કરૂં ને પાવન થાઉં
ભક્તિ કેરા રંગે સ્વામી હું રંગાઉ... હરદમ તમારા
શ્વાસ જ્યાં લઉં ત્યાં સ્વામી તમે હૃદયમાં આવો છો,
બૂરી બૂરી વાસનાઓ ત્યાંથી દૂર કરાવો છો.
અર્પણ તમોને હું થઇ જાઉં .... કીર્તન કરું ને પાવન થાઉ....

ગૌતમે પોતાના ૫૦૦ શિષ્યો સહિત પ્રભુ પાસે દીક્ષા લઇ લીધી ને પ્રભુના પ્રથમ ગણધર બન્યા. ઇન્દ્રભૂતિને પાછા આવતાં વાર લાગી એટલે વાયુભૂતિ આદિ દશેય બ્રાહ્મણો પોતાના શિષ્યમંડળ સહિત પ્રભુ પાસે આવ્યા. પ્રભુએ દરેકના સંશયોનું નિવારણ કર્યું તેથી તેઓ પણ દીક્ષા લઇને મહાવીરના શિષ્યો બની ગયા. શિષ્યોએ એવો વિચાર ન કર્યો કે એમના પ્રશ્નોનું સમાધાન કર્યું એટલે એ દીક્ષા લે એમાં આપણે શું? બસ, ગુરૂનો માર્ગ એ આપણો માર્ગ છે. સંસાર વહેવારમાં પણ તમારે કેટલા અર્પણ થઈ જવું પડે છે! માનો કે કોઇ રોગ લાગુ પડયો ને તેનું નિદાન કરાવવા ડૉકટર પાસે ગયા. ડૉકટર કહે કે તમે ટેબલ ઉપર સૂઇ જાવ. આમ શ્વાસ લો. આમ પડખું ફેરો તો તરત કબૂલ કરો છો. ડૉકટર કહે કે ઓપરેશન કરવાનું છે પણ કંઇ બને તો અમે જવાબદાર નહિ એ પ્રમાણે કરો છો ને? ડૉકટર કહે અમુક ચીજ જિંદગીભર નહિ ખવાય તો તરત તે પણ કબૂલ કરો છો. બોલો ડૉકટરને કેટલા અર્પણ થઈ જાવ છો! એક દ્રવ્યરોગ માટે ડૉકટરને આટલા બધા અર્પણ થઇ જવું પડે છે તો જેઓ આપણા જન્મ-મરણરૂપી ભાવરોગ મટાડવાનો નિઃસ્વાર્થ ભાવે માર્ગ બતાવી રહ્યા છે એવા વીતરાગ પ્રભુને આપણે કેવા અર્પણ થઈ જવું પડે!

ગૌતમસ્વામી પોતાના ૫૦૦ શિષ્યો સહિત જનોઈ ઉતારીને પ્રભુના શિષ્ય બની ગયા અને એવા અર્પણ થઇ ગયા કે બસ, પ્રભુની આજ્ઞા એ મારો પ્રાણ છે. પ્રભુની આજ્ઞાપાલન આગળ બીજું બધું એમને મન તુચ્છ હતું. ગૌતમસ્વામીના જીવનનો એક પ્રસંગ છે. આ વાત કથા-ગ્રંથમાં છે.

એક વખત ભગવાન મહાવીર સ્વામીએ પોતાના પટ્ટશિષ્ય એવા ગણધર ગૌતમસ્વામીને ૫૦૦ તાપસોને પ્રતિબોધ કરવા મોકલ્યા. આ તાપસો માત્ર સૂકા પાંદડા ખાઇને લાંબી તપશ્ચર્યા કરે છે તેથી તેમનું શરીર દુર્બળ થઈ ગયું છે. આવી તપશ્ચર્યા કરવા છતાં તેમને આત્મ સ્વરૂપની પિછાણ થઇ ન હતી. ગૌતમસ્વામી એ તાપસોની નજીક ગયા. એમને જોઇને તાપસો આશ્ચર્ય પામ્યા અને અંદરોઅંદર એકબીજાને પૂછવા લાગ્યા કે આ તેજસ્વી પુરૂષ કોણ છે? બધા તાપસો ગૌતમસ્વામીની ચારે બાજુ ઘેરાઇ વળ્યા ને પૂછયું–આપ

કોણ છો? શું તમે કોઈ લબ્ધિધારી પુરૂષ છો? તાપસોનું શરીર સૂકાઇ ગયેલું જોઈને ગૌતમસ્વામી બોલ્યા "અહો કષ્ટં અહો કષ્ટં તત્ત્વ ન જાયતે તમે લોકો બાહ્ય કષ્ટ ઘણું સહન કરો છો. ઉગ્ર તપશ્ચર્યા કરીને શરીર સૂકવી નાંખ્યું પણ હજુ સુધી તત્ત્વનો બોધ તમે પામ્યા નથી એટલે કષાયો અને વાસનાઓનો નાશ થયો નથી. આપે હજુ સુધી આત્મસ્વરૂપને જાણ્યું નથી ને તત્ત્વને સમજ્યા નથી તેથી તમારી સાધનામાં તેજ આવ્યું નથી. એટલે તમે સર્વ પ્રથમ તત્ત્વનું જ્ઞાન મેળવો અને ત્યાર પછી તપસાધના કરો અગર બીજી કોઇ પણ આધ્યાત્મિક સાધના કરો તો તમારી સાધનામાં તેજ આપશે.

ગૌતમસ્વામીની વાત સાંભળી તાપસોના મનમાં તત્ત્વ જાણવાની જિજ્ઞાસા થઇ એટલે તેમણે નમ્રતાપૂર્વક ગૌતમસ્વામીને કહ્યું–હે મહાનુભાવ! તત્ત્વ શું છે? આત્મસ્વરૂપ શું છે? અને સાધના શું છે? અમે કંઇ સમજતા નથી તો આપ કૃપા કરીને અમને એનું સ્વરૂપ સમજાવો. ગૌતમસ્વામી ચાર જ્ઞાન અને ચૌદપૂર્વના જ્ઞાતા હતા. એમનુ જ્ઞાન એટલું વિશાળ ને વ્યાપક હતું. એમને કેવળી નહિ પણ કેવળી જેવા કહ્યા છે. ચૌદ પૂર્વધરને શ્રુતકેવળી કહેવાય છે. એ તત્ત્વનું સ્વરૂપ સમજાવવામાં સમર્થ હતા. પણ જ્ઞાનનું અભિમાન ન હતું. પણ એમના રૂંવાડે રૂંવાડે વિનય અને વિવેક ભર્યો હતો. એટલે તેઓએ તાપસોને કહ્યું કે જો તમારે તત્ત્વ સમજવું હોય તો મારા પરમતારક પૂજ્ય ગુરૂદેવ ભગવાન મહાવીર સ્વામી પાસે ચાલો. તે સર્વજ્ઞ અને સર્વદર્શી છે તેથી તેઓ તમને તત્ત્વનું યથાર્થ સ્વરૂપ સમજાવશે.

તાપસોને તત્ત્વ સમજવાની પૂરી જિજ્ઞાસા જાગી હતી એટલે તેઓ ગૌતમ સ્વામી સાથે ભગવાન મહાવીર પાસે જવા તૈયાર થયા. સમોસરણમાં જઇને પ્રભુને વંદન કેવી રીતે કરવા? ને કયા સ્થાન ઉપર બેસવું એ બધું ગૌતમસ્વામીએ તેમને પહેલાં સમજાવી દીધું હતું. માર્ગમાં ચાલતા ચાલતા તાપસોના મનમાં એ વિચાર આવ્યો કે આ પુરૂષ સ્વયં આટલા તેજસ્વી છે તો એમના ગુરૂ કેવા તેજસ્વી હશે! અને આવા મહાન જ્ઞાની અને તેજસ્વી હોવા છતાં તેમના મનમાં અહંભાવનું તો નામ નિશાન નથી. એમનું જ્ઞાન, તપ અને સાધના મહાન છે. અહંકારનો ત્યાગ કરવો ને આત્માને કષાયોથી મુકત બનાવવો એ સાચી સાધના છે. આ રીતે ચિંતન કરતાં કરતાં સમોસરણની નજીક પહોંચતા પહોંચતા એમની ભાવનાનો વેગ એટલો બધો વધી ગયો કે તે અનંતજ્ઞાની પ્રભુ મહાવીરને જોતાં અંતરમાં જ્ઞાનની એક એવી અલૌકિક જ્યોત પ્રગટી કે સમોસરણમાં પ્રવેશ કરતાંની સાથે કેવળજ્ઞાન પામી ગયા ને સીધા જઈને કેવળીની પર્ષદામાં બેસી ગયા. ત્યારે ગૌતમસ્વામીના મનમાં એમ થયું કે આટલું આટલું સમજાવવા છતાં આ લોકો આટલી મોટી ભૂલ કરી બેઠા? ત્યાં તરત ભગવાને કહ્યું હે ગૌતમ! એમણે ભૂલ નથી કરી. એ એમના યોગ્ય સ્થાને બેઠા છે એમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે.

ભગવાનના મુખેથી આ વાત સાંભળી ગૌતમસ્વામીને જરા આંચકો આવ્યો કે અહો પ્રભુ ! હું આટલા વખતથી તારા ચરણની ઉપાસના કરૂં છતાં મને કેવળજ્ઞાન ન થયું ને આ કંઈ નહિ સમજનારા તાપસો કેવળજ્ઞાન પામી ગયા ! ભગવાન કહે છે હે ગૌતમ ! તને મારો રાગ છે એટલે કેવળજ્ઞાન થતું નથી. મારે ને તારે આ એક ભવનો સબંધ નથી.

તારે ને મ્હારે ગોયમા રે, ઘણું કાલકી પ્રીતિ,
આગે હી આપાં ભેલા રહ્યા વળી લોક બડાઇની રીતજી,
મોહ કર્મને લીજે થે જીતજી, કેવળ આડી યાહી જ ભીંત જી,

ભગવાન સર્વજ્ઞ હતા. એ જાણતા હતાં કે ગૌતમને મારા ઉપર અસીમ સ્નેહ છે. એ જ્યાં સુધી દૂર નહિ થાય ત્યાં સુધી કેવળજ્ઞાન પામવાનો નથી. એટલે કેવા પ્રેમ ભર્યા મીઠાશ શબ્દોથી કહે છે હે વત્સ ગૌતમ ! તારો ને મારો સ્નેહ ઘણાં લાંબા કાળથી ચાલ્યો આવે છે. એ પણ કરેક વખતે હું મોટો અને તું નાનો બનીને પૂર્વભવોમાં આપણે સાથે રહ્યા છીએ. પણ હવે એ રાગ અને મોહ છોડવો પડશે કારણ કે કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં મારા પ્રત્યેનો રાગ દિવાલરૂપ છે. તું મારો અત્યંત વિનયવાન અને પટ્ટશિષ્ય છે. તને મારા પ્રત્યે અત્યંત રાગ છે તેને છોડી કેવળ જ્ઞાનની પ્રાપ્તિ કર. ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું એ મારાથી બની શકે તેમ નથી. છેવટે ભગવાન નિર્વાણ પામ્યા એટલે ગૌતમસ્વામીનો રાગ છૂટી ગયો. એ રાગની દિવાલ તૂટી જતાં કેવળજ્ઞાનનો દિપક પ્રગટાવ્યો. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૧૦૬

કારતક સુદ ૩ ને રવીવાર તા. ૨૮-૧૦-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

જમાલિ અણગાર ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરી વિહાર કરી શ્રાવસ્તી નગરીમાં પધાર્યા છે. ભગવંત ફરમાવે છે કે હે જીવો ! આ સંસારમાં સુખ નથી. છતાં જીવ અનાદિકાળથી પોતાના સ્વરૂપને ભૂલી પરમાં રમણતા કરી રહ્યો છે. જેમ મૃગલા ઝાંઝવાના જળને જોઇને પાણીની ભ્રમણાથી ત્યાં દોડે છે પણ તેની તૃષા છીપતી નથી તેમ અજ્ઞાની જીવો જ્યાં સુખ નથી ત્યાં સુખ માનીને તેમાં મુગ્ધ બની સુખ મેળવવા માટે દોડાદોડ કરે છે. કોઇ ધનમાં, કોઇ આબરૂમાં, કોઇ પુત્રપરિવારમાં અને કોઈ સત્તામાં સુખ માને છે પણ તે સુખ નશ્વર છે ને આત્માના સુખો શાશ્વત છે.

આત્મા અને શરીર બંને જુદા છે. રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા અને લોભ આ

બધા વિકારી ભાવો છે. એ આત્માને અનંતકાળથી ભવભ્રમણ કરાવે છે. જેમ વસ્ત્ર અને શરીરને કંઇ લાગતું વળગતું નથી. શરીરને ૧૦૪ ડીગ્રી તાવ આવ્યો હોય તેથી કપડા ગરમ થઇ જતા નથી. શરીર ઠંડુ પડી જાય તો તેથી કપડા ઠંડા થઇ જતા નથી. જે કંઈ બિમારી આવે છે તે શરીરને આવે છે. આત્માને આવતી નથી. જેમ વસ્ત્ર અને શરીર એકબીજાથી ભિન્ન છે તેમ શરીર અને આત્મા ભિન્ન છે માટે ચૈતન્યની પિછાણ કરતાં શીખો. જડના મોહમાં અત્યંત આસકત ન બનો. શરીર કર્મના બંધનો તોડવામાં સહાયક બને છે તે અપેક્ષાએ શરીરનું રક્ષણ કરો. પણ મોહના પોષણ માટે નહિ.

દેવાનુપ્રિયો ! સુખ અને દુઃખમાં સમભાવ રાખી માનવદેહ દ્વારા આત્મસાધના કરી લો. આત્મસાધનામાં માનવદેહ એ ઉત્તમ સાધન છે. જ્ઞાની કહે છે હે આત્મા ! માનવદેહના સાધન દ્વારા તેં સાધના કરી નથી તેના કારણે અનંતકાળથી ચતુર્ગતિ સંસારમાં રખડયો છે. મનુષ્યની પાસે એક તન અને બીજું મન છે. તન એટલે શરીર. શરીર તો સ્થૂલ છે તેથી આપણે બધા તેને પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. પણ મન સૂક્ષ્મ હોવાથી જોઇ શકાતું નથી. દરેક માનવનું શરીર એકસરખું હોતું નથી. કોઇનું શરીર જાડું હોય તો કોઇનું પાતળું હોય, કોઇ રોગી, કોઈ નિરોગી, કોઇ ગોરા, કોઇ કાળા કોઇ ઉંચા તો કોઇ નીચા, કોઇ સ્વરૂપવાન તો કોઈ બેડોળ હોય છે. આવા શરીરની માનવ કેટલી સંભાળ રાખે છે. ખવડાવે પીવડાવે ને સારા વસ્ત્રાભૂષણો પહેરાવીને શણગારે છે. એથી અધિક શરીરને જો બિમારી આવે તો મોટા મોટા ડાકટરોને બોલાવી તેની ચિકિત્સા કરાવીને દવા લે છે. વધુ સમય દેહની સારસંભાળમાં પસાર થઇ જાય છે. છતાં પણ શરીર સાજું રહેશે કે નહિ તે શંકા છે. કારણ કે આ શરીર રોગોનું ઘર છે. છતાં માનવ શરીરને સ્વસ્થ રાખવાનો જેટલો પ્રયત્ન કરે છે તેટલો મનને રાખવાનો નથી કરતો. તનને ગમે તેટલું સ્વસ્થ રાખશો પણ જ્યાં સુધી મનને સ્વસ્થ નહિ રાખો ત્યાં સુધી કર્મબંધન અટકશે નહિ. તન કરતાં પણ મન દ્વારા જીવ વધુ કર્મ બાંધે છે.

ઉપરના દેખાવથી તન ભલે મોટું હોય પણ આમ જોઈએ તો મન મોટું છે. અંદરથી મન પ્રેરણા આપે કે આ જોઈએ ને તે જોઈએ. એટલે મનની માંગ પૂરી કરવા માટે તન આમતેમ ચારે તરફ દોડાદોડ કરે છે. આપણા જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે શરીરના એકેક રૂંવાડા ઉપર પોણા બબ્બે રોગો રહેલા છે. છતાં શરીરના રોગની ગણત્રી છે પણ મનના રોગોની ગણત્રી નથી. ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ આદિ મનમાં અસંખ્ય રોગો રહેલા છે. છતાં મનુષ્યને જેટલી તનના રોગની ચિંતા છે એટલી મનના રોગની નથી. એક વાત છે કે શરીરનો રોગ ઘણી વખત ભોજનની અનિયમિતતાથી ઉત્પન્ન થાય છે ને મનનો રોગ વિકારો અને વિકલ્પોથી ઉત્પન્ન થાય છે. તનનો રોગ

આ ભવમાં નુકશાન કરે છે પણ મનનો રોગ તો ભવોભવમાં નુકશાન કરે છે, માટે મન ઉપર કંટ્રોલ રાખવાની જરૂર છે. તમે જેટલું મનનું કહ્યું કરશો તેટલા ભોગો વધશે.

જ્ઞાની કહે છે ભોગાગ્નિને બૂઝાવવાનું સાધન ભોગ નથી પણ ત્યાગ છે. ભોગ અને ત્યાગ બંનેના રાહ જુદા છે. જેમ જલ છે ત્યાં અગ્નિ નથી ને જ્યાં અગ્નિ છે ત્યાં જલ નથી તે રીતે જ્યાં ભોગ હોય ત્યાં ત્યાગ ટકી શકતો નથી ને જ્યાં ત્યાગ હોય છે ત્યાં ભોગ ટકી શકતો નથી. ત્યાગ વિના ત્રણ કાળમાં સાચી તૃપ્તિ મળવાની નથી. સંસારમાં ગમે તેટલા સુખ ભોગવો, મનની ઇચ્છાઓ પૂર્ણ કરો પણ કદી તૃપ્તિ થવાની નથી. માટે ત્યાગમાર્ગ અપનાવીને અનુભવ કરી જુઓ. કેવી તૃપ્તિ આવે છે! પછી કોઇ વસ્તુની ઇચ્છા નહિ થાય, ને જ્યાં ઇચ્છાઓનો નાશ થયો ત્યાં સંસારનો પણ નાશ થયો.

તમે સંપૂર્ણ સંસાર ત્યાગી શકો તો આનંદની વાત છે. શાસનમાં સંતોની ખૂબ જરૂર છે. જેટલા સંતો વધારે તેટલો ધર્મનો ફેલાવો વધુ થશે, ને કર્મના બંધનો તોડી જલ્દી મોક્ષપદની પ્રાપ્તિ થશે. જો સંસાર છોડીને સંયમ ન લઇ શકો તો મૈત્રીભાવના, પ્રમોદભાવના, કરૂણાભાવના ને માધ્યસ્થ ભાવના. આ ચારમાંથી એકાદ ભાવના અપનાવો. માર્ગાનુસારીના ગુણ કેળવી આદર્શ ગૃહસ્થ બનો. "આત્મવત્ સર્વભૂતેષુ" ની પવિત્ર ભાવના ભાવો ને સાચા માનવ બનો.

શેરસિંહ નામનો એક યુવાન પહેરેગીર કેવો સાચો માનવ હતો તે આ દૃષ્ટાંતથી સમજી શકશો. યદુરાવ નામનો ધારા નગરીનો રાજા હતો, અને આ શેરસિંહ એના કેદખાનાનો મુખ્ય પહેરેગીર હતો. એક વખત એ રાજાને ભયંકર રોગ લાગુ પડયો. ખૂબ ઉપચારો કર્યા. દવા-દોરા ધાગા જે કહો તે બધું કરી ચૂકયા પણ એમનો રોગ મટયો નહિ એક વ્યકિતએ કહ્યું મહારાજા! આપ ૯૦૯ દંપતિઓને ઘાણીમાં પીલી એના લોહીથી સ્નાન કરો તો તમારો રોગ જડમૂળથી નાબૂદ થઇ જાય. રાજાને થયું ત્યારે એમ કરી જોઉં. રાજા સત્તાધીશ હોય છે એટલે એમણે જેને લગ્ન થયા એક મહિનો, બે મહિના, અથવા ચારથી આઠ મહિના થયા હોય તેવા નવદંપતિઓને પકડી લાવવાનો ઓર્ડર કર્યો.

દેવાનુપ્રિયો! આપણે જોઇએ છીએ કે કંઈક પરોપકારી પુરૂષો બીજાના પ્રાણ બચાવવા ખાતર પોતાના જીવનનું બલિદાન આપવા તૈયાર થાય છે, ત્યારે આ રાજા પોતાના પ્રાણ બચાવવા કેટલા જીવોના પ્રાણ લેવા તૈયાર થયા છે. આ કેવો અધમ નીચ કોટીનો મનુષ્ય હશે! એણે એક મહિનામાં ૯૦૯ દંપતિઓની જોડીઓને પકડાવીને કારાગૃહમાં પૂરાવી દીધી. તેમને ઘાણીમાં પીલવા માટે એક દિવસ નક્કી કર્યો. પીલવા માટે એક સ્થાન નક્કી કર્યું ને તે જગ્યાએ ઘાણો પણ નંખાઈ ગયો. આ બધું નક્કી થયું ત્યારે પેલા કારાગૃહના પહેરેગીર શેરસિંહના મનમાં વિચાર થયો કે અહો! એક રાજાના બચાવ ખાતર આટલા બધા નિર્દોષ જીવોની હિંસા? આટલા જીવોની હિંસા

કરશે એથી એનો રોગ મટી જશે? રાજા આ બધું ખોટું કરી રહ્યા છે, પણ મારૂં એમાં કંઈ ચાલે તેમ નથી, પણ એક ઉપાય છે. આ કારાગૃહની ચાવી મારી પાસે છે. કદાચ બહુ થશે તો રાજા મને ફાંસીએ ચઢાવશે, પણ આ ૧૮૧૮ જીવોના પ્રાણ બચી જશે ને? ભલે, મારૂં જે થવું હોય તે થાય પણ આ કારમી હિંસા મારાથી નહિ જોવાય.

જે દિવસે આ નવદંપતિઓને ઘાણીમાં પીલવાના હતા તેની આગલી રાત્રે આ શેરસિંહે કારાગૃહનું તાળું ખોલ્યું. જ્યાં તાળું ખખડયું ત્યાં અંદર રહેલા યુગલો એવા ફફડવા લાગ્યા કે નક્કી અત્યારે આપણને ઘાણીમાં પીલવા લઇ જશે. બધા થરથર ધ્રુજવા લાગ્યા. શેરસિંહ કહે છે તમે ડરશો નહિ, ધ્રુજશો નહિ. હું તમને બચાવવા આવ્યો છું. તમે બધા છાનામાના અલગ અલગ જગ્યાએ ભાગી જાવ. રાજાના માણસોની નજરે આવો તે રીતે અહીં આવશો નહિ. જેમ પિંજરામાંથી પક્ષી છૂટે તેમ આ દંપતિ (યુગલો) પોતાના પ્રાણ બચાવવા માટે ધારાનગરી છોડીને ભાગી છૂટયા. બીજા દિવસે ઘાણીમાં પીલવાનો સમય થયો એટલે એ દંપતિઓને ઘાણી પાસે હાજર કરવાની રાજાએ આજ્ઞા કરી. સૈનિકો કારાગૃહ પાસે ગયા તો દરવાજા ખુલ્લા પડયા છે. અંદર કોઈ માણસ ન હતું. તરત રાજાએ શેરસિંહને બોલાવ્યો ને પૂછયું કે આ બધા માણસો કયાં ગયા? શેરસિંહ કહે છે મહારાજા! મેં એમને છોડી મૂકયા. રાજા કહે છે શા માટે?

દેવાનુપ્રિયો! જો જો, આ શેરસિંહ કેવો જવાબ આપે છે? રાજાની પાસે જવાબ દેવો એ સહેલ વાત નથી પણ પોતાના પ્રાણની પરવા કરી નથી તેને શું ચિંતા? દુનિયામાં મોટામાં મોટો ભય મરણનો છે. એણે એક નિશ્ચય કર્યો હતો કે રાજા મને મોટામાં મોટી શિક્ષા કરશે તો મરણની કરશે. બહુ થશે તો મને ઘાણીમાં પીલશે. એથી અધિક શું કરશે? મારા પ્રાણના બલિદાને પણ આટલા જીવોને તો અભયદાન અપાશેને? એ વાતનો દિલમાં આનંદ હતો. આ જૈન ન હતો. તમે ઝીણામાં ઝીણા જીવોની દયા પાળનારા જૈન છો પણ શરીરમાં રોગ ઉત્પન્ન થયો ને ડોકટરે કહ્યું કે તમારે કોડલીવર ઓઇલ કે બીજી અમુક અભક્ષ દવા લેવી પડશે તો તમે લેવા તૈયાર થઇ જાવ છો. આ જૈનોને એના ઘૂંટડા ઘટક ઘટક કેમ ઉતરે? શરીરને શોભાવવા ખોર રેશમની સાડીઓ પહેરે છે. કેટલી ઘોર હિંસા છે! એ ખોર રેશમની સીલ્કની સાડીઓ પહેરતાં વિચાર કરો કે કેટલા રેશમના કીડાની હિંસા થઇ છે! એનાથી તમારો દેહ શોભશે નહિ પણ અપવિત્ર બનશે. હિંસક દવાઓ વાપરવાથી રોગ મટશે નહિ પણ ઉલ્ટો રોગ વધશે.

અહીં શેરસિંહ રાજાને કહે છે મહારાજા! મેં એ નવદંપતિઓને છોડી મૂકયા છે. હવે આપ મને જે શીક્ષા કરવી હોય તે કરી શકો છો. પણ હું તમને એક વાત પૂછું છું કે તમે આટલા રોગથી ઘેરાઇ ગયા છો છતાં તમને મરવું ગમે છે? તમે

જીવવા માટે આ બધું કરો છોને? પણ યાદ રાખજો કે એ જીવોના લોહીથી સ્નાન કરીને તમારો રોગ શાંત થવાનો નથી. ઉલ્ટો રોગ વધી જશે. એવી કાળી બળતરા થશે કે આઇસની લાદી ઉપર સૂઈ જશો તો પણ બળતરા મટશે નહિ. જડબાતોડ જવાબ આપી દીધો. આ સાંભળીને રાજાને ખૂબ ક્રોધ ચઢયો ને એના માણસોને હુકમ કર્યો કે આને ઘાણીમાં પીલી નાંખો ને એનું લોહી લાવો. એનાથી હું સ્નાન કરું. શેરસિંહ કહે ખુશીથી મારા લોહીથી સ્નાન કરો. પણ તમારો રોગ નહિ મટે. બીજા જીવોને હણવાથી તમને શાંતિ નહિ મળે કે તમારું આયુષ્ય પણ નહિ વધે તે યાદ રાખજો. જે દિવસે જવાનું છે તે જવાનું છે તેમાં મીનમેખ ફેરફાર નહિ થાય. લાખો પ્રયત્નો કરો પણ મરણ તમને છોડવાનું નથી.

એક વખત એક રાજાને કોઇ પુરૂષે કહ્યું કે સર્પદંશથી તારું મૃત્યુ થશે એટલે રાજા બૂબ ભયભીત બની ગયો. કારણ કે દરેક જીવોને જીવવું ગમે છે. મરવું કોઇને ગમતું નથી. રાજાએ વિચાર કર્યો કે હું એક એવો મહેલ બનાવું કે તેમાં સર્પ આવી શકે નહિ એટલે એક એવો તબેલા જેવો નવો મહેલ બંધાવ્યો ને તેમાં સર્પ આવી શકે તેવું એક પણ છિદ્ર રાખ્યું નહિ ને રાજા નિર્ભય બનીને તેમાં રહેવા લાગ્યો કે હવે મને સર્પ કરડશે નહિ. એક દિવસ એવો પ્રસંગ બન્યો કે રાજાના બગીચાનો માળી સુંદર, તાજા અને સુગંધથી મહેંકતા ફૂલો કરંડિયામાં લઇને મહેલમાં આવ્યો. ફૂલોનો એક ગુચ્છો રાજાએ હાથમાં લીધો ને સુંઘવા ગયા ત્યાં ફૂલના ગુચ્છામાં રહેલા નાનકડા સર્પે એને ડંખ દીધો ને ત્યાં ને ત્યાં રાજા મરણ પામ્યા. ટૂંકમાં રાજાએ સર્પનો ભય ટાળવા માટે નવો મહેલ બનાવ્યો છતાં સર્પ કેવી રીતે આવ્યો? માણસને ખબર નથી કે મને જે વસ્તુ પ્રત્યે રાગ છે તેમાં મારું મૃત્યુ રહેલું છે.

આ યદુરાવ નામના રાજાને પણ જીવનના મોહમાં ભાન ન રહ્યું કે હું આ શું કરી રહ્યો છું? શેરસિંહને ઘાણીમાં પીલવાનો હુકમ કર્યો. શેરસિંહ તો હસતા મુખડે ઘાણીમાં બેસી ગયો. જ્યાં ઘાણી ફેરવવા જાય પણ ઘાણી ફરતી નથી. ત્યાં દોડતો એક માણસ કહેવા આવ્યો. મહારાજા! જલ્દી ચાલો. રાણીસાહેબ બેભાન થઇ ગયા છે. ત્યાં રાજાને ભાન થયું કે હજુ મેં આને ઘાણીમાં પીલ્યો પણ નથી છતાં એના કેવા ખરાબ પડઘા પડે છે! મેં ૯૦૯ દંપતિઓની જોડીને ઘાણીમાં પીલી નાંખી હોત તો શું થાત? શેરસિંહ! તેં એમને છોડી દીધા તે ઘણું સારૂં કર્યું. હવે મને મારી ભૂલનું ભાન થયું. શેરસિંહે રાણી સાહેબને પાણી છાંટયું ને તરત તેઓ ભાનમાં આવ્યા ત્યાં રાજાએ પ્રતિજ્ઞા કરી કે મારે કોઈ જીવની હિંસા કરવી નહિ. રાજાએ પ્રતિજ્ઞા કરી ત્યારે એનો રોગ પણ આપોઆપ મટી ગયો. આ શેરસિંહ એક પહેરેગીર હતો છતાં એનામાં કેટલી માનવતા હતી. કેટલી પરોપકારની ભાવના હતી! એની દ્રઢતાના બળે રાજા જેવા રાજા

પણ સુધરી ગયા. તમે પણ આ રીતે દૃઢનિશ્ચયી સાચા શ્રાવક બનો. આ માનવજન્મ પામીને પાપાચારનું સેવન કરશો તો કેવા ચીકણા કર્મો બંધાશે ! કર્મને કોઇની શરમ નથી. ત્યાં પૈસા, હોદ્દા કે લાગવગ કામ નહિ આવે.

ઉગ્ર તપશ્ચર્યા કરવાથી જમાલિ અણગારનું શરીર ખૂબ જીર્ણ થઇ ગયું હતું. બેસવાની તાકાત ન હતી. શરીરમાં ખૂબ તીવ્ર અસહ્ય વિપુલ, સખત કર્કશ, દુઃખરૂપ, પિત્તજ્વરનો રોગ ઉત્પન્ન થયો. શરીરમાં તેની ખૂબ બળતરા ને વેદના થવા લાગી એટલે પોતાના શિષ્યોને કહ્યું કે હે દેવાનુપ્રિયો! "मम सेज्जा संथारगं संथरह।" તમે મારે સૂવા માટે સંસ્તારક (શય્યા) પાથરો ત્યાર પછી તે શ્રમણનિગ્રંથો જમાલિ અણગારની વાતનો વિનયપૂર્વક સ્વીકાર કરે છે. સ્વીકારીને જમાલિ અણગારને સૂવા માટે શય્યા પાથરે છે.

"तए णं से जमालि अणगारे बलियतरं वेदणाए अभिभूए समाणे दोच्चं पि समणे निग्गंथे सद्दावेइ सद्दावित्ता दोच्चं पि एवं वयासी मम णं देवाणुप्पिया ! सेज्जा संथारए णं किं कडे कज्जइ ?"

જ્યારે તે જમાલિ અણગાર અત્યંત વેદનાથી વ્યાકુળ થયા ત્યારે ફરીથી શ્રમણનિગ્રંથોને બોલાવ્યા અને બોલાવીને ફરીથી તેમણે આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિયો! મારા માટે સંસ્તારક (પથારી) કર્યો કે કરાય છે? ત્યાર પછી શ્રમણનિગ્રંથોએ જમાલિ અણગારને એમ કહ્યું કે દેવાનુપ્રિયને માટે સંસ્તારક કર્યો નથી પણ કરાય છે. આ બાબતમાં જમાલિ અણગારના મનમાં હવે કેવા સંકલ્પ થશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

"સાતમો ભવ" :- "સેન અને વિષેણુ"

ચરિત્ર:- ગયા ભવમાં અગ્નિશર્મા અને ગુણસેન પતિ-પત્ની તરીકે હતા. આ ભવમાં બંને કાકા-કાકાના દીકરા ભાઈ તરીકે જન્મશે. સાતમા ભવમાં ક્યાં ઉત્પન્ન થયા?

ચંપાપુરીનગરીમાં અમરસેન નામના રાજા રાજ્ય કરતા હતા ને તેમને જયસુંદરી નામની રાણી હતી. તે રાજાને હરિષેણુ નામનો નાનો ભાઈ હતો અને તેની હરિપ્રભા નામની પત્ની હતી. અમરસેન મોટો હતો એટલે તે રાજા બન્યો અને નાના ભાઈને યુવરાજની પદવી આપી હતી. બંને ભાઇ વચ્ચે ક્ષીર-નીર જેવા પ્રેમ હતા. સમય જતાં બંનેની રાણીઓ ગર્ભવંતી બની. જયસુંદરીને ગર્ભ રહ્યો ત્યારથી તેના મનમાં ખૂબ પવિત્ર ભાવનાઓ થતી હતી. સમય જતાં બંનેને પુત્રો જન્મ્યા. તેમાં જયસુંદરીના પુત્રનું નામ સેન અને હરિપ્રભાના પુત્રનું નામ વિષેણુ રાખવામાં આવ્યું. અમરસેન અને હરિષેણુ બંને ભાઇઓ વચ્ચે દૂધ-સાકર જેવો પ્રેમ હતો. એકબીજાના પુત્રને પોતાના પુત્ર જેવા સમજે છે. આ રીતે બંને ભાઇઓ સંસારમાં સ્વર્ગ જેવા સુખો ભોગવતા હતા.

અમરસેન રાજાનો વૈરાગ્ય અને દીક્ષા :– એક વખત ચંપાપુરીનગરીના ઉદ્યાનમાં સોમા નામના સાધ્વીજીને કેવળજ્ઞાન થયું એટલે આકાશમાં દેવદુંદુભી વાગી. આકાશમાંથી પંચવર્ણના અચેત પુષ્પોની વૃષ્ટિ થઇ. રાજા દર્શન કરવા ગયા ત્યાં વૈરાગ્ય પામી ગયા તેથી તેણે હરિષેણને રાજ્ય આપ્યું અને પુત્ર સેનને સંભાળવાની ભલામણ કરી પોતે દીક્ષા લીધી.

હરિષેણ રાજા બન્યા :– હરિષેણ રાજા થયો. સારી રીતે રાજ્ય કરે છે. તેને મન સેન અને વિષેણ બંને પુત્રો સરખા હતા. પણ વિષેણ હંમેશાં સેન ઉપર દ્વેષ કરતો હતો. તે એમ માનતો હતો કે મારા પિતા અત્યારે રાજા છે, પણ પછી જ્યાં સુધી સેન હશે ત્યાં સુધી મને રાજ્ય નહિ મળે માટે ગમે તે પ્રકારે એનું કાસળ કાઢવા મથતો, પણ રાજ્યનો વૃદ્ધ મંત્રી સેનકુમારની ખૂબ કાળજી રાખતો હતો. દરેક વખતે ખરે સમયે તેનો બચાવ કરતો. સેન અને વિષેણ જેમ જેમ મોટા થતાં ગયા તેમ તેમ સેનના જીવનમાં ગુણો વૃદ્ધિ પામવા લાગ્યા અને વિષેણના જીવનમાં દુર્ગુણો વૃદ્ધિ પામવા લાગ્યા.

આ અરસામાં રાજ્યના ઉદ્યાનમાં અચાનક અકાળે વૃક્ષો ઉપર ફળફૂલ આવવા લાગ્યા. આ જોઇને રાજ્યના વૃદ્ધ મંત્રીએ આમ્રફળ નામના એક જ્યોતિષીને પૂછ્યું કે આ રાજ્યના ઉદ્યાનમાં આજે અચાનક વૃક્ષો કેમ ફળ્યા છે? અને ઋતુ વિના આટલો બધો ફેરફાર કેમ થયો છે? ત્યારે જ્યોતિષીએ કહ્યું હે પ્રધાનજી! આ ફેરફાર એમ સૂચવે છે કે થોડા સમયમાં ચંપાપુરીમાં રાજ્યક્રાંતિ થશે. રાજા બદલાશે ને શત્રુરાજાનું વર્ચસ્વ જામશે પણ તે વધુ વખત ટકશે નહિ. ત્યારે પ્રધાનજી પૂછે છે એની ખાત્રી શી? આમ પૂછે છે ત્યાં એક માણસે આવીને કહ્યું, પ્રધાનજી! આપને રાજા દરબારમાં બોલાવે છે. આપ જલ્દી ચાલો, પ્રધાને પૂછ્યું કે હે જોષીરાજ! કહો મને રાજા કેમ જલ્દી બોલાવે છે?

જોષી કહે રાજપુરાના રાજા શંખની પુત્રી શાંતિમતીનું કહેણ આવ્યું છે. તેમાં શંખરાજાએ કહેવડાવ્યું છે કે તમારા સેન અને વિષેણ એ પુત્રોમાંથી તમને જેને માટે ઠીક લાગે તેની સાથે મારી પુત્રીની સગાઇ કરીને આ મોકલાવેલું શ્રીફળ રાખી મને રૂડા સમાચાર આપો. આવા સમાચાર આવ્યા છે એટલા માટે રાજા તમને બોલાવે છે. તો પ્રધાનજી! તમને પણ કહી દઉં છું કે જે પુત્ર આ કન્યા સાથે પરણશે તે મહા ભાગ્યશાળી બનશે ને રાજ્યનો ઉધ્ધાર કરનાર પણ તે બનશે. પ્રધાન તરત દરબારમાં આવ્યા. ત્યાં રાજાએ તેમનો આદર કર્યો અને શંખરાજાએ જે કહેવડાવ્યું છે તે વાત કરી. સેન અને વિષેણ બંનેમાંથી જે યોગ્ય લાગે તેની સાથે સગાઇ કરો તો મેં સેનકુમાર માટે આ શ્રીફળ સ્વીકારવાનું નક્કી કર્યું છે, પણ આપનો શું વિચાર છે તે જણાવો.

પ્રધાનની ભાવના સેન સાથે પરણાવવાની હતી એટલે આનંદપૂર્વક બોલ્યો મહારાજા! આપે જે નક્કી કર્યું છે તે બરાબર છે. મને પણ એ યોગ્ય લાગે છે. રાજાએ તરત શંખરાજાના સેવકો પાસેથી શ્રીફળ લીધું અને સેનકુમાર સાથે સગપણ કર્યાનો પત્ર લખીને મોકલાવ્યો. થોડા સમય પછી ખૂબ ધામધૂમથી સેનકુમાર સાથે શાંતિમતીના લગ્ન થયા. લગ્નમાં તેના માતા-પિતાએ ખૂબ સારો કરિયાવર કર્યો. આખી ચંપાપુરીનગરીમાં સૌના દિલમાં ખૂબ આનંદ આનંદ વર્તાઈ ગયો પણ વિષેણકુમારના દિલમાં ઈર્ષ્યાનો અગ્નિ સળગી ઉઠ્યો. એના મનમાં એમ થયું કે મારા પિતા રાજા છે. આ સેનનો બાપ તો સાધુ થઇ ગયો છે. અમે બંને ઉંમરમાં સરખા છીએ છતાં મારા પિતાજીએ મારા લગ્ન ન કર્યા. એમ વિષેણના મનમાં આ રીતે દ્વેષાનલ જલી રહ્યો છે. આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૧૦૭

કારતક સુદ ૪ ને સોમવાર તા. ૨૯-૧૦-૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

જ્ઞાની કહે છે હે ભવ્ય જીવો! તમારી એકેક ક્ષણ અમૂલ્ય જાય છે. માનવદેહ આત્મસાધના કરવા માટેનું અમૂલ્ય સાધન છે, તો સાધન જ્યાં સુધી સુરક્ષિત છે ત્યાં સુધી સાધના કરી લો.

परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवन्ति ते।
से सव्वबलेय हायइ, समयं गोयम मा पमायए।।

ઉત્ત, સૂ. અ. ૧૦, ગાથા ૨૬

હે ગૌતમ! તારૂં શરીર બધી રીતે જીર્ણ થઇ ગયું છે. વાળ સફેદ થઇ ગયા છે ને શરીરનું બળ ક્ષીણ થતું જાય છે માટે સમય માત્રનો પ્રમાદ ન કર.

ભગવાને આ ગૌતમસ્વામીને એકને નથી કહ્યું પણ આપણને બધાને કહ્યું છે. વૃદ્ધાવસ્થામાં માનવી ધારેલું કાર્ય કરી શકતો નથી, કારણ કે આ યુવાનીમાં માનવીના શરીરમાં જોમ હોય છે, ને વૃદ્ધાવસ્થામાં એ જોમ ક્ષીણ થતું જાય છે. માટે જ્ઞાની કહે છે બધી ઇન્દ્રિઓ બરાબર મજબૂત છે ત્યાં સુધી ધર્મારાધના કરી લો. ભગવાને આગમમાં આપણને કેવી સુંદર વાતો સમજાવી છે. આત્મા ઉપર રહેલા ડાઘને જોવા માટે આગમ એ અરિસો છે. શરીર ઉપરના કે કપડા ઉપરના ડાઘ સાબુથી જશે પણ આત્મા ઉપર ડાઘ પડ્યા હશે તો તેને કાઢવા બહુ મુશ્કેલ છે. આત્મા ઉપર ડાઘ ન પડવા દેવો હોય તો સત્સંગ કરો ને શાસ્ત્રવાણી સાંભળો.

જમાલિ અણગારે પ્રભુનો સંગ છોડયો તો હવે કેવી રીતે શ્રદ્ધાથી ચલિત થવાનો સમય આવ્યો છે! એનું ચરિત્ર કેટલું ચોખ્ખું હતું ને તપ કેવો ઉગ્ર હતો! ૫૦૦ શિષ્યોના એ ગુરૂ હતા. સૌથી વડેરા સંત જો ભૂલ કરે તો પાછળ કેટલાની શ્રદ્ધા ફરે છે! તમને કોઇ ગહન વાત ન સમજાય તો બહુશ્રુત જ્ઞાની ગુરૂને પૂછો. એથી પણ જો તમારી શંકા ન ટળે તો એમ કહો કે "तत्त्वं तु केवली गम्यं" મનમાં એવી શ્રદ્ધા રાખો કે કેવળી ભગવંતે જે કહ્યું છે તે સત્ય છે. મને નથી સમજાતું એમાં મારા જ્ઞાનાવરણીય કર્મનો દોષ છે. પ્રભુનું જ્ઞાન અનંતુ છે, પણ કદી એવું ન બોલશો કે અત્યારે શું બનવાનું છે તે ભગવાન ક્યાં જાણતા હતા! આ શબ્દથી તમે અનંત કેવળી ભગવંતોની અશાતના કરી રહ્યા છો માટે શ્રદ્ધાથી સાંભળી ગ્રહણ કરો.

એક બાપા વૃદ્ધ હતા. વૃદ્ધાવસ્થાને કારણે બહેરા હતા. કોઇ માણસ ખૂબ જોરથી બોલે તો માંડ સાંભળી શકે. આ વૃદ્ધ બાપા દરરોજ વ્યાખ્યાનમાં આવતા ને એક નજરે મુનિ સામે જોતા. આ વૃદ્ધ બાપા કાને સાંભળતા નથી એટલે એક દિવસ મહારાજે ઇશારો કરીને પોતાની પાસે બોલાવીને ખૂબ જોરથી તેમના કાનમાં કહ્યું તમે રોજ નિયમિત વ્યાખ્યાનમાં આવીને બેસો છો તો તમે સાંભળી શકો છો? ત્યારે તેમણે કહ્યું, ગુરૂદેવ! હું એક પણ શબ્દ સાંભળી શકતો નથી. ગુરૂદેવ! ભલે હું સાંભળી શકતો ન હોઉં પણ મને તેનાથી ત્રણ લાભ થયા છે. એક તો આ ધર્મસ્થાનકમાં હંમેશા શાસ્ત્રનું વાંચન થતું હોય, અને જીનવાણીના સૂર ગુંજતા હોય એટલે અહીંનું વાતાવરણ પવિત્ર હોય છે, અહીંના પવિત્ર પુદ્ગલો મારા શરીરને સ્પર્શે છે, એટલે બીજા સ્થાન કરતાં આ સ્થાનમાં આવીને બેસવાથી મને ખૂબ શાંતિ મળે છે. આ પહેલો લાભ છે.

બીજો લાભ એ છે કે હું રોજ ઉપાશ્રયે આવું તો મારા સંતાનો પણ ઉપાશ્રયે આવતા રહે. ઘરનો મોટો માણસ જે પ્રમાણે કરે છે તે પ્રમાણે ઘરના નાના મોટા બધા કરે છે. આ રીતે મારા આવવાથી મારા પુત્ર-પુત્રીઓ બધા દરરોજ ઉપાશ્રયમાં આવીને વ્યાખ્યાન-વાણી સાંભળે છે. જો હું ઉપાશ્રયે ન આવું તો એ બધા પણ ઉપાશ્રયમાં આવે નહિ. મારા દરરોજ આવવાથી એ લોકોના હૃદયમાં પણ વીતરાગ વાણી પ્રત્યે શ્રદ્ધા ને રૂચી થાય છે ને દરરોજ વીતરાગ વાણી સાંભળીને તેમાંથી કંઇક ને કંઈક બોધ ગ્રહણ કરે છે એટલે મારા પરિવારનું વાતાવરણ પણ શાંતિમય રહે છે.

હવે ત્રીજો લાભ એ છે કે હું ભગવાનની વાણી સ્વયં સાંભળી શકતો નથી. પણ પવિત્ર વાણીના પુદ્ગલો મારા અંગને સ્પર્શે છે તેથી મારૂં શરીર પવિત્ર બની જાય છે. જેવી રીતે કોઇ માણસને સર્પ કરડયો હોય, એના ઝેરથી માણસ બેભાન થઇને પડયો હોય છે. એ સર્પના વિષ ઉતારવા માટે ગારૂડીને બોલાવવામાં આવે છે. એ ગારૂડી મંત્ર બોલે છે, પેલો માણસ એ મંત્રને સમજતો નથી. છતાં એના શરીરમાં

વ્યાપેલું વિષ મંત્રદ્વારા ઉતરી જાય છે. એવી રીતે ભલે હું સાંભળી શકતો નથી, પણ પ્રભુની વાણી પ્રત્યે મને અનન્ય શ્રદ્ધા છે, વિશ્વાસ છે તેથી મારા આત્મા ઉપર ચઢેલું મોહનું વિષ જરૂર ઉતરે છે. બોલો ગુરૂદેવ! ન સાંભળવા છતાં મારૂં અહીં આવવાનું કેટલું લાભદાયક છે! મહારાજ વૃદ્ધ બાપાની વાત સાંભળી ખૂબ આનંદ પામ્યા ને મનમાં એ વૃદ્ધની ખૂબ પ્રશંસા કરી.

દેવાનુપ્રિયો! આ દૃષ્ટાંત દ્વારા આપણે એ સમજવાનું છે કે માણસ વૃદ્ધ થાય છે ને સાથે ઇન્દ્રિઓનું બળ પણ ક્ષીણ થાય છે, છતાં જ્ઞાનવાન વ્યક્તિઓ પોતાની ક્ષીણ ઇન્દ્રિઓનો પણ કેવો સદુપયોગ કરે છે. જ્ઞાની કહે છે કે આયુષ્ય પાણીના પૂરની જેમ વહી રહ્યું છે. ઇન્દ્રિઓ ક્ષીણ થઇ રહી છે માણસ જન્મે છે ત્યારથી મૃત્યુ તો એનો ચોકીપહેરો ભરે છે કે કયારે આયુષ્ય પૂર્ણ થાય ને આને ઉઠાવી લઉં.

આપણા શરીરથી માંડીને કોઇપણ વસ્તુ ચિરસ્થાયી નથી. દરેક વસ્તુ નાશવંત છે. આજે સુંદર દેખાતી સાત માળની હવેલી અમુક સમયે ખંડેર બની જાય છે. આજનો ધનવાન આવતી કાલે રંક બની જાય છે. આજનો નિરોગી કાલે રોગી બની જાય છે. આ રીતે સંસારમાં કોઇ પણ વસ્તુ સ્થાયી રહેનારી નથી. આપણું શરીર પણ કયાં સ્થિર રહેવાનું છે! માટે એના રાગ છોડવા જેવા છે. ભગવાને તો કહ્યું છે કે સમય માત્રનો પ્રમાદ ન કરો. નશ્વરદેહની સેવામાં કેટલો સમય વ્યતીત થાય છે. જેટલી દેહની સારસંભાળ રાખો છો તેના કરતાં અધિક આત્માની રાખો. શરીરને ગમે તેટલું સ્વચ્છ રાખશો તો પણ મલિન બની જવાનું છે માટે આત્માને સ્વચ્છ રાખો. જેટલો આત્મા સ્વચ્છ બનશે તેટલી સ્વરૂપમાં રમણુતા થશે. શ્રદ્ધા દૃઢ બનશે. આત્મા મલીન બન્યો તો બલાસ. કયાં જઇને પટકાશે તે જ્ઞાની સિવાય આપણે કહી શકતા નથી.

જમાલિ અણુગારનું શરીર વિપુલ રોગથી ઘેરાઇ ગયું છે. ભયંકર પિત્તજ્વર શરીરમાં વ્યાપી જવાથી ખૂબ બળતરા થાય છે એટલે તેણે પોતાના શિષ્યોને સંથારો બીછાવવાની આજ્ઞા કરી. વિનયવંત શિષ્યો તરત પથારી કરવા ઉભા થઇ ગયા. શિષ્યો પથારી કરે છે ત્યારે જમાલિ અણુગાર ફરીને પૂછે છે હે શિષ્યો! મારા માટે સંસ્તારક (શય્યા) કર્યો છે કે કરાય છે? ત્યારે શિષ્યોએ કહ્યું કે કર્યો નથી પણ કરાય છે. ત્યાર પછી જમાલિ અણુગારને આવા પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન થયો કે શ્રમણ ભગવાન મહાવીર એ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે.

एवं खलु चलमाणे चलिए, उदीरिज्जमाणे उदीरिए जाव
निज्जरिज्जमाणे विज्जिण्णे तं णं मिच्छा।"

ચાલવા માંડયું ત્યારથી ચાલ્યું કહેવાય, ઉદીરાતું હોય તે ઉદીરાયું કહેવાય, યાવત્ નિર્જરાતું હોય તે નિર્જરાયું કહેવાય તે મિથ્યા છે. કારણ કે આ પ્રત્યક્ષ દેખાય છે

કે શય્યા-સંસ્તારક (સંથારો) કરાતો હોય ત્યાં સુધી તે કરાયો નથી. પથરાતો હોય ત્યાં સુધી તે પથરાયો નથી. આ કારણથી આ શય્યા પથરાતી હોય ત્યાં સુધી તે પથરાઇ ન કહેવાય. તે રીતે ચાલતું હોય ત્યાં સુધી તે ચલિત નથી પણ અચલિત છે. યાવત્ નિર્જરાતું હોય ત્યાં સુધી તે નિર્જરિત નથી પણ અનિર્જરિત છે. આ પ્રમાણે એના મનમાં વિચાર થયો.

દેવાનુપ્રિયો ! આ વાત ખૂબ વિચારવા જેવી છે. જેમ તમે સામાન લઈને ઘરથી અમદાવાદ જવા માટે નીકળ્યા. હજુ સ્ટેશને પહોંચ્યા નથી ત્યાં કોઇ માણસ પૂછે કે શેઠ કયાં ગયા ? તો ઘરના કહેશે કે અમદાવાદ ગયા. હજુ તો અમદાવાદની ટ્રેઇનમાં બેઠા પણ નથી છતાં કહેવાય કે અમદાવાદ ગયા. આ અપેક્ષાથી કરવા માંડયું ત્યારથી કર્યું કહેવાય. આ શિષ્યો સંથારો બિછાવે છે એટલે કહે છે કે સંથારો પથરાય છે તેથી જમાલિ અણગારના મનમાં વિચાર થયો કે ભગવાન કહે છે તે વાત મિથ્યા છે. કેવળીના વચન ઉથલાવવા તૈયાર થાય છે તેનો સંસાર વધે છે. કેવળીના વચન ત્રણ કાળમાં મિથ્યા ન થાય. જમાલિ અણગારની શ્રદ્ધા ફરી છે. હવે શું વિચારશે તે વાત અવસરે કહેવાશે.

"વિષેણુની દુષ્ટતા"

ચરિત્ર :-સેનકુમાર અને શાંતિમતિ સાથે હરવા ફરવા જાય, આનંદ-સુખ ભોગવે, આ જોઇને વિષેણુકુમારને ઇર્ષ્યાના અગ્નિથી કાળી બળતરા થતી. આમ કરતાં વસંતઋતુનો સમય આવ્યો. એક દિવસ સાંજના સમયે સેનકુમાર અને શાંતિમતિ હાથી ઉપર બેસીને ઉદ્યાનમાં ફરવા ગયા. આ સમયે વિષેણુકુમારે ચાર માણસોને તૈયાર કર્યા ને કહ્યું સેનકુમાર ફરવા ગયો છે ત્યાં તમે જાવ ને એ જેવો હાથી ઉપરથી ઉતરે તેવો તમે ચારે જણા ચાર ઘાથી પૂરો કરી દેજો, તો હું તમને મોટું ઇનામ આપીશ.

વિષેણુની આજ્ઞા પ્રમાણે ચાર જણા આવ્યા તો ખરા પણ સેનકુમાર સાથે ઘણાં માણસો હતાં એટલે તે હાથી ઉપરથી ઉતરી બગીચામાં ફરીને આરામગૃહમાં ગયા. એ ખૂન કરવા આવનારાનો કોઈ રીતે લાગ ફાવ્યો નહિ એટલે વીલે મોઢે પાછા ફર્યા. બીજે દિવસે સેનકુમાર બપોરના સમયે પોતાના મહેલના આંગણામાં બેઠા બેઠા શાંતિમતિ સાથે વિનોદ કરી રહ્યા હતા ત્યાં શું બન્યું.

આમતેમ ફરતા ફરતા ચાર સંન્યાસી બાવા તેના મહેલના આંગણામાં આવેલા જોઇ તરત વિનયવાન સેનકુમાર ઉભો થયો ને તેમના ચરણમાં પડયો. ચરણ રજ માથે ચઢાવીને બોલ્યો. ગુરૂદેવ! આ સેવકને ઘેર આપને કેમ પધારવાનું બન્યું ? આપને જે ચીજનો બ્રષ હોય અગર મારા લાયક કામ હોય તો વિના સંકોચે ફરમાવો. ત્યારે તે સંન્યાસીએ કપટથી કહ્યું કે અમે તો ત્યાગી પુરૂષો છીએ. અમારા ગુરૂની આજ્ઞાથી આપની સાથે એકાંતમાં વાત કરવા આવ્યા છીએ. કુમાર કહે તો આવો અમારા રૂમમાં. તો કહે

કે ના, પાછળના બગીચામાં ચાલો. તેથી કુમાર સંન્યાસી સાથે બગીચામાં ગયો, ત્યારે એ ચારે સંન્યાસીઓ ચારે તરફથી તેને ઘેરી વળ્યા ને પાછળથી એક સંન્યાસીએ તલવાર વડે સેનકુમારની જાંઘ ઉપર તલવારનો ઘા કર્યો. તલવાર જોઈને સેનકુમાર સાવધાન બન્યો ને એકેક હાથમાં બબ્બે સંન્યાસીને પકડી લીધા ને તેમના હથિયાર લઇ ચારેયને જમીન ઉપર પટકાવી નાંખ્યા.

સેનકુમાર અને સંન્યાસીઓ વચ્ચે ઝપાઝપી થઇ. સેનકુમ રે તેમને ભોંય ઉપર ફેંકી દીધા. આ બધું બગીચાના માળીએ જોયું ને તરત અંગરક્ષકોને ખબર આપ્યા એટલે બધા ત્યાં દોડી આવ્યા. અંગરક્ષકો ચારેય સંન્યાસીઓને પકડીને ખૂબ માર મારવા લાગ્યા. આ વખતે દયાળુ સેનકુમારે કહ્યું એ બિચારાને શા માટે મારો છો ? એ ગમે તેવા વિશ્વાસઘાતી છે તો પણ સંન્યાસીનો વેશ પહેરેલા છે માટે તેને જનથી મારો નહિ. વળી તેઓ સત્ય અને તપથી ભરેલા છે. એ મરેલાને મારવા તે આપણા માટે ઉચિત ન ગણાય એટલે તેમને મારવાનું બંધ કરીને અંગરક્ષકોએ પકડી-બાંધીને કેદ કર્યા અને સવાર પડતાં રાજા પાસે હાજર કર્યા.

સેનકુમારની સજ્જનતા :- સેનકુમારની જાંઘ ઉપર તલવારનો ઘા કર્યો છે એ વાત જાણી હરિષેણ રાજાને ખૂબ ક્રોધ આવ્યો ને પૂછ્યું કે તમે સંન્યાસીના વેશમાં કુમારને મારવા શા માટે આવ્યા ? ઘણું પૂછવા છતાં જવાબ ન આપ્યો તેથી ચાબૂકથી ખૂબ માર માર્યો. ચાબૂક વાગવાથી જાણ્યું કે હવે મરી જઇશું એટલે સત્ય બોલી ગયા કે સાહેબ! અમને વિષેણકુમારે આ પ્રમાણે કરવાનું કહ્યું હતું એટલે પૈસાની લાલચથી આ કામ કર્યું છે. આ શબ્દો સાંભળતાં રાજાના દિલમાં ખૂબ દુઃખ થયું ને વિષેણ ઉપર ખૂબ ક્રોધે ભરાયા ને તેના માણસોને આજ્ઞા કરી કે વિષેણકુમારને મારા રાજ્યની બહાર લઇ જઈને ચંડાળ પાસે તેનો વધ કરાવી નાંખો. આવો નાલાયક ને ક્રૂર દીકરો મારા રાજ્યમાં ન જોઇએ. એ જો રાજ્યમાં રહેશે તો મારા કુળને કલંકિત બનાવશે.

રાજાની આ કઠોર આજ્ઞા સાંભળી સેનકુમારના દિલમાં વિષેણ પ્રત્યે ખૂબ દયાની લાગણી ઉત્પન્ન થઇ ને તરત ઉભો થઈને કાકાના ચરણમાં નમન કરીને બોલ્યો- કાકા! વિષેણ હજુ નાનો છે. બાળકબુદ્ધિમાં આવું કામ કરી બેઠો છે માટે એને આવી કઠોર શિક્ષા ન કરો. સંન્યાસીના વેશમાં જે પાપ કરવા આવ્યા છે તે તેના કર્મો ભોગવશે. તેમને મારી નાંખવા નથી. સેનકુમારની વાત સાંભળી રાજાએ વિષેણ તથા ચાર સંન્યાસીઓને જીવતા છોડી દીધા. સેનકુમારના દિલમાં મારનાર પ્રત્યે પણ કેવી દયા છે! એની દયા અને સજ્જનતા જોઇને સભાજનો આશ્ચર્યચકિત બની ગયા. ને સૌએ તેની સજ્જનતાના ખૂબ વખાણ કર્યા. હવે સેનકુમારને મારવા વિષેણ કેવા કાવત્રા કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં ૧૦૮

જ્ઞાનપંચમી

કારતક સુદ ૫ ને મંગળવાર **તા. ૩૦-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ! ભગવાને કહ્યું છે કે "પઢમં નાણં તઓ દયા।" પહેલાં જ્ઞાન મેળવો પછી દયા પાળો. જ્ઞાનના અભાવમાં કોની દયા પાળવી તે જીવ સમજી શકતો નથી. આજે જ્ઞાનપંચમીનો પવિત્ર દિવસ છે. આજે બને તેટલી વધુ જ્ઞાનની આરાધના કરવાની છે. ઘણાં એમ કહે છે કે એકલી ક્રિયા કરવાથી કલ્યાણ થાય છે ને ઘણાં એમ કહે છે કે એકલું જ્ઞાન પ્રાપ્ત કરવાથી કલ્યાણ થાય છે. ત્યારે જૈનદર્શન કહે છે કે એકલું જ્ઞાન કે એકલી ક્રિયાથી મોક્ષ મળતો નથી. જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ। જ્ઞાન અને ક્રિયા બંને હોય તો મોક્ષ મળે છે. જ્ઞાન એ ચક્ષુ છે ને ક્રિયા એ પગ છે. માટે જ્ઞાન અને ક્રિયા બંનેની જીવનમાં જરૂર છે.

જ્ઞાનાવરણીય કર્મ આંખના પાટા સમાન છે. જ્ઞાનાવરણીય કર્મ કેવી રીતે બંધાય છે? જ્ઞાનીનું ભૂંડું બોલવાથી, જ્ઞાનીની અશાતના કરવાથી, જ્ઞાની સાથે ખોટા ઝઘડા, વિવાદ ને કલેશ કરવાથી, જ્ઞાની ઉપર દ્વેષ કરવાથી, જ્ઞાનીનો ઉપકાર ઓળવવાથી, કોઇ જ્ઞાન ભણતું હોય તેમાં અંતરાય પાડવાથી. આ છ પ્રકારે જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે. આંખના અંધાપા કરતા અજ્ઞાનનો અંધાપો જીવને માટે મહાન દુઃખદાયી છે. આંખનો અંધાપો આ ભવમાં દુઃખદાયી છે. પણ અજ્ઞાનનો અંધાપો જીવને ભવવનમાં ભમાવનાર છે.

જમાલિ અણગારે ૧૧ અંગનું જ્ઞાન મેળવ્યું હતું. એમનું જ્ઞાન સમજણપૂર્વકનું હતું. જ્ઞાન સાથે ક્રિયા પણ હતી. શ્રદ્ધા મજબૂત હતી. ચારિત્ર અને તપ પણ હતું. છતાં સહેજ નિમિત્ત મળતાં એની શ્રદ્ધા ફરી. એણે એના શિષ્યોને કહ્યું કે હે દેવાનુપ્રિયો! આપણે અત્યાર સુધી ભગવાનના વચન ઉપર શ્રદ્ધા કરતા હતા કે કરવા માંડયું ત્યારથી કર્યું કહેવાય. આદિ જે બોલ ભગવાને કહ્યા છે તે પ્રમાણે માનતા હતા. પણ જુઓ અહીં પ્રત્યક્ષ દેખાય છે ને કે આ પથારી કરવા માંડી ત્યારથી થઇ કહેવાય નહિ પણ એ પૂરી પથરાઇ જાય ત્યારે પથરાઇ કહેવાય. માટે ભગવાન મહાવીરનો સિદ્ધાંત "કડેમાણે કડે" એ વાત મિથ્યા છે.

જમાલિ અણગાર ભગવાનના વચનને મિથ્યા કહે છે, ત્યાં સમજવું કે તેની શ્રદ્ધા ફરી. તેને અભિમાન આવ્યો ત્યાં ભાન ભૂલ્યો. બંધુઓ! કેવળજ્ઞાનીના જ્ઞાન આગળ ગણધરનું જ્ઞાન કેટલું તે માટે ન્યાય આપ્યો છે. ભરેલા સમુદ્રમાંથી ચકલીની ચાંચમાં જેટલું પાણી સમાય તેટલું કેવળીની પાસે ગૌતમનું જ્ઞાન છે. એટલે કેવળજ્ઞાન સમુદ્ર જેટલું અગાધ અને અનંત છે અને ગૌતમનું જ્ઞાન સિંધુમાં બિંદુ જેટલું છે. ચાર જ્ઞાન

અને ચૌદ પૂર્વનું જ્ઞાન સિંધુમાં બિંદુ જેટલું છે, તો એમની અપેક્ષાએ આપણું જ્ઞાન કેટલું? એ મહાન પુરૂષોના જ્ઞાન પ્રમાણે આચાર હતો. આજે તો જ્ઞાન ઘણું હોય પણ જ્ઞાન પ્રમાણે આચરણ હોતું નથી. કહેવાનું જુદું ને કરવાનું જુદું હોય છે. જીવનમાં જેમ જેમ જ્ઞાન વધે તેમ તેમ ગુણ વધવા જોઇએ. જે જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જીવને એવી લગની લાગી કે મારા આત્માનું જલ્દી કલ્યાણ કેમ થાય ને આઠ કર્મોને ખપાવી જલ્દી મોક્ષ પ્રાપ્ત કરૂં, એવી જાગૃતિ આવે તેનું નામ સાચું જ્ઞાન છે અને જે જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અહંભાવ આવે કે હું કંઇક છું, મારા જેવો દુનિયામાં કોઇ જ્ઞાની નથી અને પોતાના જ્ઞાનદ્વારા બીજાને હલકા પાડવાની ને ઉતારી પાડવાની વાત હોય તેને જ્ઞાની કહે છે કે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે.

જ્ઞાન એ કોઇ બહારથી આવતું નથી. જેમ સાકરમાં મીઠાશનો ગુણ રહેલો છે એ બહારથી આવતો નથી, તેમ જ્ઞાન એ આત્માનો ગુણ છે. સદ્‌ગુરૂઓ જ્ઞાનાવરણીય કર્મ હટાવવાનો ઉપાય આપણને બતાવે છે. કર્મના બંધન કાપી, અંધકારને ટાળી, જીવનમાં જ્ઞાનની રોશની ફેલાવનાર ગુરૂ એ સાચા ગુરૂ છે. જો તમારે ભવસાગર તરવાનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો સદ્‌ગુરૂનો સમાગમ કરો. દીપક જલતો હશે તો તેમાંથી બીજો દીપક પ્રગટાવી શકાશે. પણ દીપક બુઝાઈ ગયો હશે તો તેનાથી કંઇ થઇ શકતું નથી, તેમ જ્ઞાની ગુરૂ જ્ઞાનદીપક પ્રગટાવી શકે છે.

આજે દુનિયામાં જ્ઞાન ખૂબ વધ્યું છે, ને ગુરૂઓ પણ ખૂબ વધ્યા છે. સ્કુલોમાં ને કોલેજોમાં જ્ઞાન આપનારને પણ તમે ગુરૂ માનો છો. પણ એ ગુરૂઓ વિવિધ વિષયોનું જ્ઞાન આપે છે અને એ જ્ઞાનથી વિશ્વ વિદ્યાલયોની મોટી મોટી ડીગ્રીઓ પ્રાપ્ત થાય છે, સારી નોકરી મળે છે, ઉંચો હોદ્દો મળે છે પણ એ જ્ઞાનથી માનવ સાચો માનવ બની શકતો નથી, આત્મવિકાસ સાધી શકતો નથી, આત્મશક્તિઓ જાગૃત થઇ શકતી નથી, આવી અનેક વિદ્યાઓનો જાણકાર અને વિવિધ ભાષાઓનો જાણકાર એ સાચો જ્ઞાની કહેવાતો નથી, કારણ કે શબ્દજ્ઞાન કે ભાષાઓના જ્ઞાનથી આત્માનું કલ્યાણ થતું નથી ઇતિહાસ-ભૂગોળ, ખગોળ, ન્યાયશાસ્ત્ર તથા અલંકારિક ભાષા બોલવાથી કે લખવાથી કોઇ લાભ થતો નથી. હા, વિષયની જાણકારી જરૂર થાય છે, પણ જ્ઞાનનું ફળ વિરતી છે, સદાચાર છે. તેની પ્રાપ્તિ ન થાય તો તે જ્ઞાન સાચું જ્ઞાન નથી. અત્યાર સુધી આ સંસારમાં જેટલા મહાન પુરૂષો થઇ ગયા તેમણે સદ્‌જ્ઞાન અને સચ્ચારિત્રથી કર્મોની નિર્જરા કરી મોક્ષ પ્રાપ્તિ કરી છે. એક સંસ્કૃત કહેવત છે "सर्व पदा हस्तिपदे निमग्ना : । "હાથીના પગમાં બધા પગ સમાઇ જાય છે તેવી રીતે સદાચારમાં બધી પવિત્રતાઓ અને બધા ગુણોનો સમાવેશ થઇ જાય છે.

દેવાનુપ્રિયો! આજના જ્ઞાનદાતાઓ, જ્ઞાનાર્થી-વિદ્યાર્થીને વિદ્વાન બનાવી દે છે.

તેને શિક્ષક–બેરીસ્ટર, વકીલ–મેજીસ્ટ્રેટ, ઇજનેર આદિ પદવીઓ પ્રાપ્ત કરાવે છે, પણ તેને સદાચારી બનાવી શકતા નથી. એ પુસ્તકનું પોપટીયું જ્ઞાન આપે છે પણ આચરણ કરવાનું જ્ઞાન આપતા નથી. એનું કારણ એ છે કે પોતે સ્વયં તેનું આચરણ કરતા નથી તો બીજાને આચરણ કેવી રીતે કરાવી શકે ? આજે જે જ્ઞાન અપાય છે તે જ્ઞાન નથી પણ એક પ્રકારની શિક્ષા છે. એ જ્ઞાન ભૌતિક સુખ પ્રાપ્ત કરવામાં સહાયક બને છે. એ જ્ઞાનદાતા શિક્ષકોનું ચારિત્ર એવું શુદ્ધ હોવું જોઈએ કે જે મૂંગા શિક્ષકનું કામ કરે. શિક્ષક કંઈ બોલે નહિ પણ એમને જોઈને વિદ્યાર્થી જાગૃત બની જાય. જે જ્ઞાન નિર્બળોને સતાવવાની, ધનનો ગુલામ બનાવવાની ને ભોગવિલાસમાં ડૂબવાની પ્રેરણા આપે તે સાચી શિક્ષા પણ નથી તો એને જ્ઞાન તો કયાંથી કહી શકાય ? તમને થશે કે સ્કૂલો અને કોલેજોમાં અપાતા ઉંચા જ્ઞાનને પણ જ્ઞાન ન કહેવાય તો જ્ઞાન કોને કહેવું? ટૂંકમાં સાચું જ્ઞાન એ છે કે જે જ્ઞાનથી મુક્તિ પ્રાપ્ત થાય. સાચી વિદ્યા તો તે છે કે "साविद्या या विमुक्तये।" જે વિદ્યાથી મુક્તિ મળે છે ને જન્મમરણના દુઃખોથી જીવનો છૂટકારો થાય છે. સાચું જ્ઞાન વસ્તુના સ્વરૂપની પિછાણ કરાવી શકે છે. સમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત થવાથી એનામાં વિવેક જાગૃત થાય છે ને વિવેક આવવાથી તે આત્મા વિષયોથી વિરકત બને છે. કદાચ ગાઢ કર્મોને કારણે એ ત્યાગ ન કરી શકે તો પણ તેમાં આસકત બનતો નથી. જેમ કોઇ માણસને જેલમાં પૂર્યો હોય તો તે જેલમાં રહે છે, કામ કરે છે, ખાય છે, પીવે છે છતાં એના મનમાં એવી ભાવના રહ્યા કરે છે કે કયારે આ જેલમાંથી મુકત બનું. આવી રીતે સમ્યક્દૃષ્ટિ આત્મા પૂર્વકર્મના ઉદયથી સંસારનો ત્યાગ ન કરી શકે પણ તેના મનમાં નિરંતર એવી ભાવના રહે છે કે કયારે સંસારથી છૂટું.

જ્ઞાની પુરૂષો આત્માના અજર-અમર અવિનાશી સ્વરૂપનું સદા ચિંતન કરે છે. ચિંતનમાં લીન બનીને સદા એ વિચાર કરે છે કે કઇ કઈ દિશાઓમાંથી આવેલા અનંત પરમાણુઓના સમુહથી મારૂં શરીર બન્યું છે. ક્ષણે ક્ષણે શરીરની પર્યાયો પલટાઇ રહી છે. વળી આ મારૂં શરીર પુદ્ગલ સ્વરૂપ છે અને આત્મા ચેતના સ્વરૂપ છે, શરીર રૂપી છે ને આત્મા અરૂપી છે. શરીર નશ્વર છે ને આત્મા શાશ્વત છે. હું આત્મા છું, શરીર નથી. શરીર નાશ થાય છે પણ મારા આત્માનો કદી નાશ થતો નથી. અનંત ગુણવાન, અનંત શકિતવાન ને અનંત જ્ઞાનવાન એવો મારો આત્મા ત્રણે કાળમાં શાશ્વત રહેનારો છે. દેહના નાશથી આત્માનો કદી નાશ થતો નથી. વળી જ્ઞાની એમ સમજે છે કે આ શરીર મારૂં નથી તો માતા-પિતા, પત્ની, પુત્ર-પુત્રીઓ, બંગલા, ધન બધું મારૂં કયાંથી ? જો મારૂં હોત તો એ સદા મારી સાથે રહેત. આ રીતે જડ ચેતનની વહેંચણી કરે છે. ભોગ-વિષયોને અનર્થની ખાણ જેવા સમજે છે ને સંસારમાં રહેવા છતાં સંસારથી અલિપ્ત ભાવે રહે છે.

બંધુઓ ! આવા ભાવ જગાડે તેનું નામ જ્ઞાન. આવું જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય છે ? જ્ઞાન વિનયથી પ્રાપ્ત થાય છે. આજે જ્ઞાન વર્ધ્યું છે પણ વિનયને દેશનિકાલ કર્યો છે. તમારે કોઇ પણ પ્રકારનું જ્ઞાન મેળવવું હશે તો વિનય પહેલો જોઈશે. કદાચ જ્ઞાનાવરણીય કર્મોનો સારો ક્ષયોપશમ થયો હોય તો વિનય વિના જ્ઞાન મળી જાય તો પણ તે લાંબો સમય ટકતું નથી. તે પ્રાપ્ત કર્યા પછી થોડા સમયમાં ભૂલી જવાય છે. તમે ગુરૂ પાસે કે વડીલ પાસે જ્ઞાન લેવા જાવ તો પહેલાં તો વિનય કરવો જોઇએ.

જમાલિ અણગારે જ્ઞાન પ્રાપ્ત કર્યું પણ જે રીતે ટકવું જોઇએ તે રીતે ટકાવી શકયા નહિ. મનમાં અહંભાવ આવી ગયો કે હું કંઇક છું. ભગવાન મહાવીર સ્વામી એ પ્રમાણે કહે છે કે કરવા માંડયું ત્યારથી કર્યું કહેવાય. ઉદીરવા માંડયું ત્યારથી ઉદીર્યું ને નિર્જરવા માંડયું ત્યારથી નિર્જર્યું કહેવાય. એ વચનની અત્યાર સુધી હું શ્રદ્ધા-પ્રતીત કરતો હતો. મને એ વાત રૂચતી હતી. પણ જો એ વાત સાચી હોત તો આ પથારી થઇ ગઇ હોત. માટે હે મારા શિષ્યો ! ભગવાન મહાવીરનું વચન મિથ્યા છે. હું એના ઉપર શ્રદ્ધા-પ્રતીત કરતો નથી. એમની વાત સાચી માનવા જેવી નથી. જમાલિ અણગારની વાત સાંભળી કંઇક શિષ્યો એમની વાત ઉપર શ્રદ્ધા કરવા લાગ્યા. પ્રતીત કરવા લાગ્યા ને કંઇક શિષ્યોના હૃદય હચમચી ઉઠયા. અહો ! આપણા ગુરૂની મતિ ફરી ગઈ કે શું ? સંસારસાગરમાંથી તારનાર જીવનનૈયાના સુકાની, સર્વજ્ઞ પ્રભુના વચન ઉથલાવવા તૈયાર થયા છે ? શિષ્યોએ ગુરૂને સમજાવ્યા કે સર્વજ્ઞ પ્રભુના વચન ત્રણ કાળમાં ખોટા હોય નહિ. પણ અભિમાનરૂપી હાથી ઉપર બેઠેલા જમાલિ અણગાર માન્યા નહિ.

દેવાનુપ્રિયો ! જે શિષ્ય ગુરૂના વચન ઉથલાવે છે તે અવિનીત શિષ્ય છે. શિષ્ય ગમે તેટલો જ્ઞાની હોય પણ ગુરૂ આગળ તો નાનો બાળ છે. જે શિષ્ય ગુરૂની આજ્ઞામાં રહે છે, ગુરૂ ગમે તેવા કઠોર શબ્દ કહે તો પણ સમતાભાવે સહન કરે ને સદા પ્રસન્ન રહે તે સાચો જ્ઞાની છે. એ મુક્તિને યોગ્ય છે.

એક સંતના આશ્રમમાં તેમના ઘણાં વિદ્યાર્થી શિષ્યો વિદ્યાભ્યાસ માટે રહેતા હતા. ઘણા શિષ્યો વિદ્યાભ્યાસ કરી ગુરૂની પરીક્ષામાં પાસ થઇને પોતાને ઘેર ચાલ્યા ગયા. પણ એક શિષ્ય બાર વર્ષ સુધી ગુરૂના આશ્રમમાં રહ્યો, પણ ગુરૂની પરીક્ષામાં પાસ ન થયો તેથી ગુરૂના દિલમાં ખૂબ દુઃખ થયું ને શિષ્યને કહ્યું કે તું આટલા વર્ષોથી મારી પાસે રહ્યો, પણ હતો તેવો ને તેવો રહ્યો. તેં ન તો શાસ્ત્રજ્ઞાન મેળવ્યું કે ન તો કંઇ કંઠસ્થ કર્યું. તું કયાં સુધી આવો રહીશ ? મને તારી ખબ ચિંતા થાય છે. ત્યારે શિષ્ય ખૂબ નમ્રતાપૂર્વક બોલ્યો-ગુરૂદેવ ! મારો અપરાધ ક્ષમા કરો. હું આપની પાસે આટલા વર્ષો રહીને કંઇ જ્ઞાન પ્રાપ્ત કરી શકયો નથી તેનું મને દિલમાં ખૂબ દુઃખ છે. પણ વૃદ્ધાવસ્થામાં સેવા કરવા માટે કોઇ ને કોઇ તો જોઇશે. તો હું આપનો

એક સેવક છું. એમ સમજીને મને આપની સેવા કરવા માટે આપની પાસે રાખો. મારા ઉપર એટલી કૃપા કરો. શિષ્યનો વિનય જોઇને ગુરૂનું હૃદય પીગળી ગયું ને પોતે બોલતાં મૌન થઈ ગયા.

આમ કરતાં ઘણું દિવસ ચાલ્યા ગયા. આ શિષ્ય ખૂબ પ્રેમથી ગુરૂની સેવા કરવા લાગ્યો. એક દિવસ ગુરૂજી સ્નાન કરતા હતાં ત્યારે શિષ્ય ગુરૂનો વાંસો ચોળી ચોળીને ધોતો હતો. ધોતાં ધોતાં શિષ્યના મુખમાંથી અચાનક એવા શબ્દ નીકળી ગયા કે મંદિર તો ઘણું સુંદર છે પણ એમાં ભગવાન દેખાતા નથી. ગુરૂએ આ શબ્દ સાંભળ્યા. એમના મનમાં થયું કે આ શિષ્ય મારા ઉપર આવા શબ્દો બોલે છે એટલે ક્રોધાયમાન થઈને બોલ્યા. દુષ્ટ! તું મારા આશ્રમમાં રહીને મારું જ અપમાન કરે છે? બસ, હવે તું મારા આશ્રમમાં ન જોઇએ. ચાલ્યો જા અહીંથી એમ કહીને તેને આશ્રમની બહાર કાઢી મૂક્યો. તો પણ શિષ્યના મુખ ઉપર રહેજ પણ દુઃખની રેખા ન દેખાઈ. પહેલાંની જેમ પ્રસન્નવદને આશ્રમની બહાર નીકળી ગયો ને આશ્રમની બહાર બાજુમાં એક ઝુંપડી બાંધીને રહેવા લાગ્યો. પણ દિવસમાં એક વખત ગમે ત્યારે ગુરૂના દર્શન કરી જતો.

એક દિવસ રોજના નિયમ પ્રમાણે ગુરૂના દર્શન કરવા માટે આવ્યો. ત્યારે ગુરૂ તો કોઈ ગ્રંથના વાંચનમાં લીન હતા. આ સમયે એક માખી બંધ કાચના દ્વાર ઉપર રહેલા કાચના બહારનું દૃશ્ય જોઈને કાચ સાથે વારંવાર તેનું માથું ફૂટતી પોતે પોતાની જાતે દુઃખી થઇ રહી હતી. ક્ષણવાર શિષ્ય ગુરૂની પાછળ ઉભો રહીને બોલ્યો. ઉભા રહો ને પાછળ જુઓ. ગુરૂ પોતાની પાછળ ઉભેલા શિષ્યના વચન સાંભળી આશ્ચર્ય ચકિત થઇ ગયા ને શિષ્યના શબ્દ ઉપર વિચાર કરવા લાગ્યા કે આ શિષ્ય આમ શા માટે બોલ્યો હશે? ક્ષણવાર મૌન રહીને પછી શિષ્યને પૂછ્યું તું શા માટે બોલ્યો?

શિષ્ય કહે છે ગુરૂદેવ! આ માખી કાચમાંથી બહાર જવા માટે હેરાન થઈ રહી છે ને પોતાની જાતે પોતાનું માથું કાચ સાથે ફૂટીને દુઃખી થઈ રહી છે. પણ એ નથી જાણતી કે અહીં મારે જવાનો માર્ગ નથી. હું જ્યાંથી આવી છું ત્યાં મારે પાછા જવું જોઈએ. શિષ્યની વાત સાંભળીને ગુરૂજી બોલ્યા. વત્સ! હું અત્યાર સુધી ભ્રમમાં હતો કે તું આટલા વર્ષો સુધી અહીં રહીને કંઈ શીખ્યો નહિ. પણ હવે મને સમજાય છે કે તું જે કંઇ શીખ્યો છે ને તેં જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેવું જ્ઞાન અત્યાર સુધીમાં મારો એક પણ શિષ્ય પ્રાપ્ત કરી શકયો નથી. તેં આજે મને પણ સાચો માર્ગ બતાવ્યો છે.

દેવાનુપ્રિયો! તમને સમજાય છે કે આ શિષ્યની વાતમાં શું રહસ્ય રહેલું છે? એ શિષ્ય એ બતાવવા માંગતો હતો કે ગમે તેટલું જ્ઞાન પ્રાપ્ત કરો, ગમે તેટલી સ્વાધ્યાય કરો પણ જ્યાં સુધી બાહ્ય પદાર્થો ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લઇ આત્મા તરફ દૃષ્ટિ નહિ કરો, સ્વરૂપમાં રમણતા નહિ કરો ત્યાં સુધી કર્મોમાંથી મુક્તિ

મળવાની નથી. જેવી રીતે પોતાને ઘેર પહોંચવા માટે સીધા રસ્તે ન જઇએ ને અવળો રસ્તો પકડી લઇએ તો ઘરથી દૂર દૂર જતા રહેવાય છે. તેવી રીતે આત્માને શુદ્ધ અને પવિત્ર બનાવવા માટે ફકત બાહ્ય ક્રિયાઓ કરવાથી લાભ નહિ થાય. આત્માને ઉંચે લઇ જવા માટે આત્માનો માર્ગ ગ્રહણ કરવો જોઇએ. તમે સામાયિક-પ્રતિક્રમણ તપશ્ચર્યા આદિ ધર્મક્રિયાઓ કરો છો ને વૈષ્ણવો મંદિર અને તીર્થસ્થાનોમાં જાય છે. આ બધું આત્મકલ્યાણ કરવા માટે કરો છો ને ? પણ જ્યાં સુધી અંતરમાં ભરેલા વિષય-કષાયોને સાફ નહિ કરો, વાસનાઓના કચરાને સાફ નહિ કરો, પોતાના દોષને જોઈને દૂર નહિ કરતાં બીજાના અવગુણ જોશો અને બીજાની નિંદા કરશો ત્યાં સુધી આત્મકલ્યાણ થવું અસંભવિત છે.

જમાલિ અણગારે પ્રભુ મહાવીરના વચન ઉથલાવી નાંખ્યા. હવે એને ભગવાનના વચન ખોટા લાગ્યા અને શિષ્યોને પણ કહી દીધું કે ભગવાનના વચન મિથ્યા છે. એટલે કેટલાક શિષ્યોને એમના વચન રૂચ્યા, તેના ઉપર શ્રદ્ધા થઈ તે બધા તેના આશ્રયે રહી તેની સાથે વિચરવા લાગ્યા ને જેમને આ વાત ન રૂચી તેઓ હવે ત્યાંથી નીકળી કયાં જશે તેના ભાવ અવસરે કહેવાશે.

"હરિષેણ રાજાએ ઉત્સવ કરાવ્યો."

ચરિત્ર:– સેનકુમારના શરીરે લાગેલા ઘા રીઝાઈ ગયા. તેના કાકા હરિષેણને ખૂબ આનંદ થયો. સેનકુમાર મૃત્યુના મુખમાંથી બચી ગયો. તેની ખુશાલીમાં આખા નગરમાં ધામધૂમપૂર્વક ઉત્સવ કરાવ્યો. તેમાં પોતાના મોટા અધિકારીઓને, મોટા શ્રીમંતોને બધાને આમંત્રણ આપ્યું. પણ પોતાના પુત્ર વિષેણકુમારને આમંત્રણ આપ્યું નહિ ત્યારે સેનકુમાર કહે છે કાકા ! વિષેણકુમારને આમંત્રણ આપો. હરિષેણ રાજા કહે છે બેટા ! એનું નામ ન લઈશ. રાજાને ખૂબ સમજાવીને સેનકુમાર વિષેણના મહેલે આવ્યો ને તેને ઉત્સવમાં આવવા માટે ખૂબ આગ્રહ કર્યો. પહેલાં તો ના પાડી પણ સેનકુમારે ખૂબ કહ્યું એટલે નીચું મોઢું રાખીને તેની સાથે દરબારમાં આવ્યો ને નમ્રતાપૂર્વક પિતાને વંદન કર્યા પણ પિતાએ તેના સામું પણ જોયું નહિ.

સેનકુમારના આરોગ્યનો ઉત્સવ પૂરો થયા પછી વિષેણકુમાર તેના મહેલમાં આવ્યો. સેનકુમારને માટે ઉત્સવ થાય, તેની વાહવાહ બોલાય, બુદ્ધ મારા પિતા તેના ગુણ ગાય. આ બધું જોઇને સેનકુમાર ઉપર ખૂબ ઇર્ષ્યાના અંગારા વરસાવવા લાગ્યો. હવે ઘણો સમય ગયા પછી કૌમુદી ઉત્સવ ઉજવાઇ રહ્યો છે ત્યાં બચાવો બચાવોની બૂમ સંભળાતાં લોકો ભય પામી નાસી રહ્યા છે. બન્યું છે શું ? કે રાજાનો હાથી ગાંડો બન્યો છે. તે વૃક્ષો ઉખેડી નાંખે છે. માણસને કચરી નાંખે છે. રાજા હરિષેણ ગભરાઇ ગયા. સૈનિકો પકડવા દોડયા પણ પકડાતો નથી, પણ સેનકુમાર જ્યાં હાથી સામે ગયો ત્યાં

હાથી સ્થિર થઇ ગયેા. લેાકેા આશ્ચર્ય પામી ગયા. સેનકુમારને ધન્યવાદ આપતાં તેનેા જય જયકાર બેાલાવવા લાગ્યા. તેના ઉપર અભિનંદનની વૃષ્ટિ થવા લાગી. સેનકુમાર હાથી ઉપર બેઠેા. વિજયલક્ષ્મીને વરેલા અને રાજા તથા પ્રજાજનેાના ધન્યવાદને પાત્ર બનેલા સેનકુમારને જોઇ વિષેણકુમાર ફરીને ઈર્ષ્યાની આગમાં બળવા લાગ્યેા.

વિષેણકુમારનેા પુનઃ દ્વેષ :- સેનકુમારની યશકીર્તિ સહન નહિ થવાથી વિષેણકુમારે નિશ્ચય કર્યો કે જે થવાનું હેાય તે થાય પણ આ વખતે તેા હું જાતે સેનકુમારનું મસ્તક ઉડાવી દઉં. આ રીતે વિષેણ મનમાં દુષ્ટ વિચારેા કરવા લાગ્યેા. આ તરફ રાજા, સેનકુમાર અને પ્રજાજનેા દરબારમાં આવ્યા.

બીજે દિવસે સેનકુમાર તેની પત્ની શાંતિમતી સાથે શહેરની બહાર આવેલા ઉદ્યાનમાં ફરવા માટે ગયા. આ સમયે સાથે બે સેવકેાને લઇ ગયા છે અને આરામથી ઉદ્યાનમાં બેઠા હતા. ત્યાં શું બન્યું તે સમજાવું.

એક સેવક દરવાજે ઉભેા હતેા ને બીજો સેનકુમારથી થેાડે દૂર ઉભેા હતેા. આ સમયે ક્રૂર હૃદયનેા વિષેણકુમાર હાથમાં ખુલ્લી તલવાર લઇને દેાડતેા ત્યાં આવ્યેા. દ્વારપાળે તેને અટકાવવા ખૂબ પ્રયત્ન કર્યો પણ તેને ભેાંય પછાડીને વિષેણ ઉપવનમાં દાખલ થયેા. એને ખુલ્લી તલવાર લઇને આવતેા જોઇ શાંતિમતિ થરથર ધ્રુજવા લાગી. સેનકુમારને કહે છે સ્વામીનાથ! તમારા ભાઇ આવે છે. એટલામાં તેા વિષેણ નજીક આવીને સેનકુમાર ઉપર તલવારનેા ઘા કરવા જાય ત્યાં સેનકુમારે વિષેણે કરેલા તલવારના ઘાને ચૂકવી દીધેા ને તેના હાથમાંથી તલવાર ઝૂંટવી લીધી ત્યારે છરી લઇને તેને મારવા તૈયાર થયેા. બળવાન સેનકુમારે તેનેા હાથ મરડીને છરી લઇ લીધી. તેનેા હાથ મરડાઇ જવાથી વિષેણ ધરતી ઉપર પડી ગયેા. એને ખૂબ પીડા થવા લાગી.

પેાતાને મારવા આવ્યેા હતેા છતાં દયાળુ સેનકુમાર તેને પાણી છાંટી પથારીમાં સૂવાડીને કેાઇ જાતનેા અવાજ કર્યા વિના ઉદ્યાનમાંથી બહાર નીકળ્યેા. એની પત્ની કહે છે સ્વામીનાથ! આ વાતની કાકાને જાણ કરીએ ત્યારે સેનકુમાર કહે છે આપણે એવું કંઈ કરવું નથી. આ વિષેણ અલ્પ બુદ્ધિવાળેા છે. રાજ્યના લેાભને ખાતર એને કેાઇએ ભંભેર્યો હશે માટે તેણે આ કામ કર્યું છે. બાકી એ આવું ક્રૂર કાર્ય કરે તેવેા નથી. આ વાત જો કાકા જાણશે તેા તેને મારી નાંખશે અગર દેશનિકાલ કરશે તેા તેના બૂરા હાલ થશે. માટે આપણે તેનું રક્ષણ કરવું જોઈએ. આપણા નિમિત્તે એને દુઃખ થાય છે માટે આ વાત આપણે કેાઈને કહ્યા વગર આ રાજ્ય છેાડીને ચાલ્યા જઇએ.

સેનકુમાર નગર છેાડીને ચાલ્યા ગયા :- સેનકુમારની વાતમાં શાંતિમતિ સંમત થઇ એટલે સેવકેાને કહ્યું- આજે મારું માથું ખૂબ દુઃખે છે એટલે આ બગીચામાં આરામગૃહમાં અમારે રાત રહેવું છે માટે તમે નગરમાં જાવ, એમ કહીને તેમને વિદાય

કર્યા. પછી સેનકુમારે શાંતિમતિને કહ્યું– હે પ્રિયા ! મારે ઘણે દૂર જવું છે. વનવગડામાં ખૂબ કષ્ટ પડશે. તું સુકોમળ છે. તેં એવા કષ્ટ કદી વેઠયા નથી. તે સિવાય તું સ્ત્રીજાતિ અને આવી સૌંદર્યવાન મારી સાથે રહે એટલે ખૂબ બંધનરૂપ લાગે ને મારે કોઇ વાર કષ્ટમાં મૂકાઈ જવું પડે માટે તું અહીં રહે. હું એકલો ચાલ્યો જાઉં. ત્યારે શાંતિમતિ કહે છે સ્વામીનાથ ! આપને મૂકીને હું કયાંય રહેવાની નથી. સુખમાં તમારી સાથે રહું છું ને દુઃખમાં રાજમહેલમાં બેસી રહું ? સતી સ્ત્રી પતિની સાથે શોભે. જેમ છાયા શરીરથી જુદી પડતી નથી તેમ હું કદી આપનાથી જુદી પડવાની નથી. સુખ કે દુઃખ ગમે તે આવે પણ હું આપની સાથે આવીશ.

શાંતિમતિની દૃઢતા જોઇ સેનકુમારે તેને સાથે લીધી. સાથે કોઇ પણ ચીજ લીધા વિના પહેરેલ કપડે રાત્રિના સમયે કોઇ ન જાણે તે રીતે સેનકુમાર અને શાંતિમતિ નગર છોડીને વિદેશ તરફ ચાલી નીકળ્યા. હવે સવાર પડતાં હરિષેણ રાજા આ વાત જાણશે ત્યારે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૧૦૯

કારતક સુદ ૬ ને બુધવાર **તા. ૩૧-૧૦-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

જ્ઞાની ભગવંત કહે છે હે આત્મા ! આત્મસાધના કરવાની તારી એકેક પળ સોનેરી જાય છે, તો જાગૃત થઈને સાધના કરી લો. અરિહંત ભગવંતો થઇ ગયા. તેમણે પૂર્વભવોમાં કેવી જબ્બર સાધના કરી હશે ! એમને તમારા કરતાં વધુ સુખ સંપત્તિ મળી હતી, પણ એમને સંપત્તિ કરતાં વીતરાગ શાસન પ્યારું લાગ્યું હતું અને અંતરમાં એવું આંદોલન ઉપાડયું હતું કે હે પ્રભુ ! મારે આ મનુષ્યભવ પામીને બીજુ કંઈ નથી જોઇતું. બસ, મને એવી શક્તિ આપ કે દુનિયાના દરેક જીવોને ધર્મ પમાડી શાસનરસિક બનાવું અને દરેક જીવો કેમ આત્મકલ્યાણ કરીને જલ્દી મોક્ષમાં જાય ! પોતાનું કલ્યાણ કરવાની સાથે બીજા જીવોનું કલ્યાણ કરાવવાની કેવી પવિત્ર ભાવના હશે ! એ કેવું આંદોલન ઉપડયું હશે ! એ તો શાસનરસિક બન્યા પણ તમે એને બદલે ઘરરસિક બનો તોય ઘણું સારૂં છે. જો તમને આટલો ધર્મ રૂચે છે તો તમને એવી ભાવના થવી જોઈએ કે મારા કુટુંબમાં નાનાથી માંડી મોટા સુધીનો એક પણ જીવ ધર્મ પામ્યા વિનાનો ન રહેવો જોઇએ. અહીં બેઠેલા બધા બોલજો કે તમને દરેકને ધર્મ પમાડવાની ભાવના થાય છે કે દીક્ષા માટે પેઢી બરાબર ધમધોકાર ચલાવું, તિજોરી તરબોળ કરૂં, મોટો બંગલો બંધાવું એવી ભાવના થાય છે ! (હસાહસ).

દેવાનુપ્રિયો ! જેટલું ધન વધારે હશે તેટલા ભોજશોખ ને વિશ્વાસ વધશે.

પરિણામે કર્મ બંધાશે. પણ ધર્મની દૃઢ શ્રદ્ધા હશે તો જીવની દુર્ગતિ નહિ થાય. આવું સમજનારા બહુ ઓછા છે. પૈસા પ્રત્યેની આસક્તિ જીવને ક્ષણમાં હર્ષ ને ક્ષણમાં શોક કરાવે છે. આને સાચું સુખ કહેવાય ? "ના". હવે તમને એમ લગે છે કે આ સુખ છોડવા જેવું છે. જો આવો ભાવ આવે તો તમને સાધુપણું સ્વીકારવાનું મન થાય ને કદાચ સાધુપણું ન સ્વીકારી શકો તો પણ તમારા કુટુંબમાં રત્ન જેવા સંતાનો પાકે અને એ સાધુપણું સ્વીકારી જૈનશાસનની જ્યોત ઝળકાવે અને કદાચ એ સાધુપણું ન સ્વીકારી શકે તો સાચો શ્રાવક બની જૈન ધર્મની પ્રભાવના અવશ્ય કરે.

અનંત ઉપકારી જિનેશ્વર ભગવંતોએ આખું જગત દુઃખી શાથી છે ? તેનું નિરીક્ષણ કરીને ફરમાવ્યું છે કે જીવમાત્ર સુખનો પ્રેમી અને દુઃખનો દ્વેષી છે. પણ મોહમાં અંધ બનેલો હોવાથી વસ્તુના ગુણ અને દોષને યથાર્થપણે જાણી શકતો નથી એના કારણે દુઃખનો નાશ કરવાના અને સુખની પ્રાપ્તિના હેતુથી જે જે પ્રવૃત્તિ કરે છે તે તે પ્રવૃત્તિના પરિણામે એ સુખ પામવાને બદલે દુઃખ પામે છે. તમે જો અંતરના ઉંડાણથી વિચાર કરશો તો સમજશે કે અનંતજ્ઞાની પરમાત્માનું કથન સો ટચના સોના જેવું સત્ય છે. કારણ કે દુઃખ આપણને ગમતું નથી તો પણ દુઃખ આવ્યા વિના રહેતું નથી. છતાં પણ દુઃખ કયાંથી આવે છે તેનો આપણને કે બીજા કોઈને વિચાર આવતો નથી. એ રીતે આપણે સુખને ચાહીએ છીએ છતાં ધાર્યું સુખ મળતું નથી. તો પણ આપણને સુખ કેમ મળતું નથી અને સુખ કેવી રીતે મળે એનો પણ ઉંડાણમાં ઉતરીને વિવેકપૂર્વક વિચાર કરતા નથી. તમને કદી એવો વિચાર આવે છે કે અમે જે કલ્પિત પૌદ્ગલિક સુખ માટે તરફડીયા મારીએ છીએ તે સુખ માટે ધન મેળવતાં અનેક પાપ થયા વિના રહેતા નથી. એ પાપના ફળ સ્વરૂપે આપણને દુઃખ આવે એમાં શી નવાઇ ? સાચું બોલો એવો વિચાર આવે છે ! 'ના'.

અરિહંતની ઉપાસના કરનારા અને અરિહંતના પ્રતિનિધિ એવા સંતોને સેવનારા શ્રાવકોની આ દશા હોય ? એ જડના ભિખારી હોય ? ચામડાનો પુજારી હોય ! શરીર પ્રત્યે કેટલી મમતા છે ? સહેજ તાવ આવ્યો ને ખોરાક ન લેવાયો. મનમાં થશે કે હું કેવો સુકાઈ ગયો ! કેટલી બધી શરીરની ચિંતા કરો છો ? આટલી ચિંતા આત્માની કરો છો ? રાત-દિવસ દેહના દાસ બનીને રક્ષણ કરો છો પણ વિચાર કરો કે આ દેહમંદિરમાંથી ચેતનદેવ ચાલ્યા ગયા પછી એની કેટલી કિંમત છે ! મકાનની મામજતમાં માલિકને સાવ ભૂલી ગયા છો. સગા-સ્નેહી બધાની ખબર લેવાનો ટાઈમ મળે છે. પરની પંચાતમાં તું પાવરધો બન્યો છે. પરની પંચાતમાં રાતની રાત જાય તો પણ ઉંઘ આવે નહિ. પણ આત્મચિંતન કરતાં ઉંઘ આવે છે. મહાન પુરૂષો કહે છે પરની પંચાત કરતા હે જીવ ! તને શું લાભ થશે ? બધાની ખબર લેવા કરતાં કોઇક દિવસ

તારા ચેતનદેવને તો પૂછ કે હે ચેતનદેવ ! તને શું ગમે છે ? તારા માટે હું શું કરું ? રોજ સવારે ઇન્દ્રિઓને પૂછવાનું કે તને શું ગમે છે ? જીભ કહે કે મારે આ ખાવું છે તો તૈયાર. આંખ કહે કે મારે ફલાણું પીકચર જોવું છે તો આ ઇન્દ્રિઓનો ગુલામ તૈયાર. પણ આત્માને માટે કંઇ કરવા તૈયાર નથી. બસ. પુદ્‌ગલની સરખાઇ કરવામાં રચ્યોપચ્યો રહ્યો છે પણ જ્ઞાની કહે છે પુદ્‌ગલની સરખાઈ કરવા જતાં તારી ભરખાઇ ન થઇ જાય તેનું ધ્યાન રાખજે.

વીતરાગી સંતો ગામેગામ ફરીને એકેક જીવોને આત્માર્થી બનવાનો ઉપદેશ આપે છે અને આખા જગતને પોતાનું બનાવે છે. શા માટે ? એમને આત્મકલ્યાણની સાધના કરવી છે માટે. પોતે સ્વીકારેલા સંયમમાર્ગની સાધનાના હેતુથી એ ગામેગામ વિચરે છે અને જે કોઇ એમના પરિચયમાં આવે તેને સંયમનો રંગ લગાડવાની મહેનત કરે. તમે આ જન્મમાં સાધુ ન બની શકો પણ સાધુપણું પામવાની મહેનત તો જરૂર કરો અને એ માટે સુખ પ્રત્યેના રાગ ઉપર અને દુઃખ પ્રત્યેના દ્વેષ ઉપર કાબૂ મેળવો તો તમે તમારા જીવનને ઉન્નતિના પંથે લઇ જઈ શકશો ને તમારું જીવન સત્કાર્યોની સુવાસથી મહેંકી ઉઠશે અને મરણનો ભય નહિ રહે.

કેવી સુંદર વાત જ્ઞાની આપણને સમજાવે છે ! આપણે એ વીતરાગ પ્રભુના શાસનમાં જન્મ્યાં છીએ, તો એ વીતરાગ ભગવંતોએ કર્યું તેવું આપણે નથી કરી શકતા.પણ એમણે કહ્યું એમ કરવાનો ઉત્સાહ તો એમના જીવનમાંથી મેળવી શકીએ ને ? ભગવાનને જ્યારે જ્યારે આપણે યાદ કરીએ ત્યારે ત્યારે આપણને એમ થાય છે કે ને કે હે ભગવાન ! તારા જેવું સુખ કોઈને નથી, તારા જેવો વિરાગી કોઈ નથી, તારા જેવો ત્યાગી દુનિયામાં કોઇ નથી. છતાં આપના સેવક એવા અમે મામુલી સુખમાં લુબ્ધ બની ગયા છીએ અને એ સુખ વધારવા કેટલાની ખુશામત કરી રહ્યા છીએ ! જેની પાસે સ્વાર્થ હોય તેનું મન અને માન કેટલું સાચવીએ છીએ ! કેમ આ વાત બરાબર છે ને ? ધન મેળવવા કેટલાનું મન અને માન સાચવો છો ! બધાનું મન સાચવ્યા કરતા એક વીતરાગનું મન સાચવો તો તમારો બેડો પાર થઇ જશે.

એક ન્યાય આપું. દલાલ ગમે તેટલો શ્રીમંત હોય, એની પાસેથી જેને માલ જોઈતો હોય તે એની સાથે ગમે તેટલું મીઠું વર્તન રાખતો હોય પણ એ દલાલ જ્યારે એના શેઠ પાસે જાય ત્યારે કેવી રીતે જાય ? શેઠ પોતાના સામુ જુવે એની રાહ જોયા કરે. શેઠ એના સામું જુવે ત્યાં કેવો નમ્ર બની જાય ! શેઠ આનંદમાં છે કે નહિ એની પહેલાં તપાસ કરી લે અને વાત કરતાં શેઠ જરા પણ નારાજ ન થઈ જાય તેની પૂરતી કાળજી રાખે, એટલું નહિ પણ શેઠને રાજી કરવા માટે જે કંઇ કરવા જેવું લાગે તે હોંશથી કરે. માલ વેચવા માટે કેવા કેવા માણસો સાથે કેવી રીતથી વર્તે ? શા માટે ?

ધન મેળવવાની ગરજ છે. આજે તો બજારની પરિસ્થિતિ એવી છે કે સંતોષી શ્રાવકને આવા બજારમાં જવાનું મન થાય નહિ. જરૂરિયાત પૂરતું ધન મેળવવાનો મનમાં ભાવ હોય. મનમાં એ પણ નક્કી હોય કે આવા અનીતિવાન શેઠીયાઓની ખુશામત કરીને મારે શેઠ બનવું નથી. એને ખરેખરી ગરજ કોની હોય? અરિહંત પ્રભુની. અરિહંતની આજ્ઞામાં વર્તતા સાધુઓની, સ્વધર્મી ભાઇઓની. એ સંતોષી શ્રાવક વખત આવે એમ બોલતા હોય કે મારા સાચા શેઠ અરિહંત પ્રભુ છે. એ તારકદેવના સાધુઓ છે ને મારા સ્વધર્મી બંધુઓ છે. આ ત્રણમાં જ મારૂં દિલ ઠરે છે. તમને આવા ભાવ કદી આવે છે? "ના". શા માટે? ધનના લોભી છો માટે ને? તમને કદી આવો વિચાર થાય છે? આ ધનની લાલસા અને મોહ છોડું તો કેટલી ગુલામીમાંથી છૂટું ને કેટલા પાપમાંથી બચી જાઉં! આત્માનું સુખ મેળવવું હોય તો તત્ત્વજ્ઞ બનો. જેટલી તાત્વિક દૃષ્ટિ કેળવશો તેટલી સાત્વિકતા તમારા જીવનમાં આવશે. રત્નત્રય તત્ત્વ વિના ત્રણ કાળમાં તરી શકવાના નથી.

એક શેઠ ખૂબ શ્રીમંત હતા. એમની પાસે કરોડોની સંપત્તિ હતી. સંપત્તિ હતી તેવા શેઠ ઉદ્ધાર અને પરોપકારી પણ ખૂબ હતા. કોઇ પણ ગરીબ એમના દ્વારેથી ખાલી હાથે જતા ન હતા. જેટલું ધન હતું તેનાથી પણ અધિક તેમને ધર્મ પ્રત્યે શ્રદ્ધા હતી. ધર્મના કાર્યોમાં ખૂબ રસ લેતા હતા. એટલે શેઠના સદ્ગુણની સુવાસ ચારે તરફ ફેલાયેલી હતી. એક વખત એક સંત વિચરતા વિચરતા એમના ગામમાં પધાર્યા. ત્યારે આ શેઠ તેમજ બીજા ઘણાં માણસો તેમના દર્શન માટે આવ્યા. બીજા લોકો સંતને કહેવા લાગ્યા મહારાજ! આ શેઠ ખૂબ પવિત્ર, ધર્મિષ્ઠ અને દાનવીર છે. અમારી નગરીનું નાક છે. આ રીતે મહારાજ પાસે બીજા શ્રાવકોએ શેઠની ખૂબ પ્રશંસા કરી. પણ શેઠ તત્ત્વજ્ઞ હતા. પોતાની પ્રશંસાથી એ ફુલાય તેવા ન હતા.

શેઠે કહ્યું ગુરૂદેવ! આ લોકો જેટલા મારા વખાણ કરે છે તેટલો હું પવિત્ર ને માલદાર નથી. ત્યારે સંતે સહજભાવે પૂછયું– શેઠ! આમ શા માટે બોલો છો? તમારી પાસે કોડોની સંપત્તિ છે ને ચાર ચાર પુત્રો છે. નગરમાં તમારૂં આટલું માન છે. લોકો તમારા બે મોઢે વખાણ કરે છે. તો હવે તમારી પુન્નાઇમાં ને વૈભવમાં કયાં કચાશ છે કે તમે આમ બોલો છો? ત્યારે શેઠે હસીને કહ્યું – ગુરૂદેવ! બાહ્યદૃષ્ટિથી તો લોકો મને જેવો કહે છે તેવો હું કોડપતિ અવશ્ય છું પણ આંતરિકદૃષ્ટિથી કહું તો હું ફકત વીસ હજારનો માલિક છું. કારણ કે બાકીની મારી પાસે ગમે તેટલી મિલ્કત હોય તે બધી અહીં છોડીને જવાનું છે. ફકત શુભ કાર્યોમાં વાપરેલા વીસ હજાર રૂપિયા છે તે મારી સાથે આવનાર છે.

બીજું વ્યવહારદૃષ્ટિથી મારે ચાર પુત્રો છે પણ એ મને સ્મશાન સુધી

પહોંચાડનારા છે માટે એ નકલી છે. આ સાંભળી બધા લોકો વિચારમાં પડયા કે આ શેઠ શું બોલી રહ્યા છે? શું પુત્ર કંઈ નકલી હોય ખરા? એક માણસે પૂછયું કે શેઠ! તમારા અસલી પુત્રો કયા છે? ત્યારે શેઠે કહ્યું મને છેક સુધી સાથ આપનાર મારા બે અસલી પુત્રો છે. એક ધર્મ અને બીજો પાપ. ધર્મ મારી રક્ષા કરનાર મારો સુપુત્ર છે. અને પાપ એ દુઃખ દેનારો કુપુત્ર છે. એ બંને કર્માનુસાર મારી સાથે રહેનારા છે. એટલે હું કહું છું કે એ પેલા ચાર પુત્રો સંસારના સ્વાર્થના સગા છે એટલે તે નકલી છે અને આ બંને સાથે રહેનારા છે એટલે તે અસલી છે.

બંધુઓ! શેઠનું કેવું તત્ત્વજ્ઞાન હતું! આટલું ધન હોવા છતાં કેટલી તાત્વિક દૃષ્ટિ છે! શેઠની વાત સાંભળી દરેકને ભાન થયું કે આ સંસારમાં સાચું ધન અને સાચા પુત્રો કયા છે! મહારાજને પણ શેઠનું તત્ત્વજ્ઞાન જોઈને ખૂબ આનંદ થયો.

બંધુઓ! તમે સંસાર ત્યાગી શકો એવી કક્ષાએ હજુ ભલે પહોંચ્યા ન હો, પણ સંસારમાં રહેવા છતાં શેઠની જેમ વિરકત ભાવથી રહેતા શીખો. જ્યાં ચીકાશ છે ત્યાં પીલાવાપણું છે. આ જીભ પણ તમને બોધ આપે છે કે હે માનવ! હું બધા સ્વાદ લઉં છું છતાં લૂખી ને લૂખી રહું છું તેમ તમે પણ સંસારમાં જીભની જેમ રૂક્ષવૃત્તિથી રહો તો કર્મ ન બંધાય. આ તો તમારા અનુભવની વાત છે ને? તમે ચીકાશવાળું કાંઇ જમો તો હાથ-થાળી-હોઠ બધું ચીકણું થાય છે તેને સાબુથી સાફ કરો છો પણ જીભને કદી સાબુ લઈને સાફ કરવી પડી છે? (હસાહસ). આ જીભ બે શિખામણ આપે છે. એક તો રૂક્ષવૃત્તિ ધારણ કરવાની અને બીજી નમ્ર કોમળ બનવાની. જીભ કેટલી કોમળ છે! જેમ વાળો તેમ વળે છે જ્યારે દાંત કઠણ છે તે પાછળથી આવે છે ને વહેલા જાય છે. ટૂંકમાં જીવનમાં રૂક્ષવૃત્તિ હોય છે તે આ સંસારસમુદ્રને તરી શકે છે.

જમાલિ અણગાર ભગવાનથી અલગ વિચર્યા ને એની શ્રદ્ધા ફરી. ભગવાનનો સિદ્ધાંત ઉથલાવ્યો, ઉત્સૂત્રની પ્રરૂપણા કરી, તેમના કેટલાક શિષ્યોને એમની વાત રૂચી તેઓ તેમની સાથે રહ્યા ને કેટલાકને એ વાત ન રૂચી એટલે તેઓ વિહાર કરતાં કરતાં પ્રભુ મહાવીર સ્વામી પાસે પહોંચી ગયા ને પ્રભુને વંદન નમસ્કાર કરી તેમની પાસે રહ્યા. ભગવાન તો સર્વજ્ઞ હતા. તેઓ સમય સમયની વાત જાણતા હતાં એટલે પૂછવાની જરૂર ન હતી કે તમે અહીં શા માટે આવ્યા. જમાલિની શ્રદ્ધા બદલાઇ છે તેથી આવ્યા છે એ એમણે જ્ઞાનદ્વારા જાણી લીધું.

હવે જમાલિ અણગાર રોગમુક્ત થયા, શરીર સારૂં થયું એટલે શ્રાવસ્તી નગરીના કોષ્ટક નામના ઉદ્યાનમાંથી વિહાર કરી અનુક્રમે ગ્રામાનુગ્રામ વિચરતાં વિચરતાં જ્યાં ચંપા નામની નગરી છે ને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્યમાં ભગવાન મહાવીર બિરાજે છે

ત્યાં આવ્યા. હવે જુઓ, અભિમાન શું કરાવે છે? ભગવાન મહાવીર સ્વામીથી અત્યંત પાસે નહિ ને અત્યંત દૂર નહિ તે રીતે ઉભા રહ્યા. જે સમયે તે ભગવાનની પાસે હતા તે વખતે કેટલો વિનય હતો! પ્રભુને દૂરથી આવતાં દેખે તો ઉભા થઇ જતા ને પ્રભુને લળીલળીને પગે લાગતા. ગુરૂને બહારથી આવતા દેખી તરત ઉભા થઇ જાય, ગુરૂ બોલાવે કે તરત તેમની પાસે હાજર થઈ જાય તે વિનયવંત શિષ્યનું લક્ષણ છે અને અવિનીત શિષ્ય ગુરૂને આવતા દેખે તો પણ ઉભો ન થાય, વિનયવંત શિષ્યો પ્રત્યે ગુરૂની કૃપાદૃષ્ટિ રહે છે ને એ ગુરૂની કૃપાદૃષ્ટિથી શિષ્ય તરી જાય છે.

અહીં જમાલિ અણગારે પ્રભુને વંદન પણ ન કર્યા અને બહુ દૂર નહિ ને બહુ નજીક નહિ એ રીતે ઉભા રહીને શ્રમણ ભગવાન મહાવીરને કહે છે જેમ દેવાનુપ્રિયના (આપના) ઘણાં શિષ્યો શ્રમણ નિગ્રંથો છદ્મસ્થ છે અને છદ્મસ્થ વિહારથી વિચરી રહ્યા છે પણ હું એ બધાની જેમ છદ્મસ્થ નથી ને છદ્મસ્થ વિહારથી વિચરતો નથી. હું તો ઉત્પન્ન થએલા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી યુકત અરિહંત જિન કેવળી (કેવળજ્ઞાની) છું અને કેવળી વિહારથી વિચરણ કરનારો છું. જમાલિ અણગારની વાત સાંભળી ભગવાન કંઇ બોલ્યા નહિ પણ તેમના પટ્ટશિષ્ય ગૌતમસ્વામી જમાલિ અણગારને કહે છે કે જમાલિ! ખરેખર! એ પ્રમાણે કેવળીનું કેવળજ્ઞાન અને કેવળદર્શન પર્વતમાં, સ્તંભમાં કે સ્તૂપમાં આવૃત થતું નથી એટલે કે જ્ઞાનમાં પર્વતાદિ પણ આડખીલી રૂપ બની શકતા નથી અને તેમના દ્વારા તે બંનેનું નિવારણ પણ કરી શકાતું નથી, એટલે કે કેવળ જ્ઞાનીને આડી ભીંત હોય કે પર્વત હોય છતાં પૂછવામાં આવે કે એની પાછળ શું થઈ રહ્યું છે તો તરત કેવળી ભગવંત એનો જવાબ આપે છે. એટલે કેવળજ્ઞાન કોઈ બીજથી અવરાતું-ઢંકાતું નથી. તો હે જમાલિ! જો તું ઉત્પન્ન થએલા જ્ઞાનદર્શનને ધારણ કરનાર અરિહંત-જિન અને કેવળી થઈને કેવળી વિહારથી વિચરે છે તો આ બે પ્રશ્નોનો ઉત્તર આપ.

सासए लोए जमाली असासए लोए जमाली ? सासए जीवे जमाली असासए जीवे जमाली ?

હે જમાલિ! આ લોક શાશ્વત છે કે અશાશ્વત છે? આ જીવ શાશ્વત છે કે અશાશ્વત છે? આ બે પ્રશ્નોના જવાબ આપ. સાધુને માટે આ પ્રશ્ન તદ્દન સરળ છે. સામાન્ય દીક્ષાપર્યાયવાળો બાલસાધુ પણ આનો જવાબ સરળતાથી આપી શકે છે પણ આ અગિયાર અંગોના જાણકાર, ૫૦૦ શિષ્યોના ગુરૂ અને કેવળીનો બિલ્લો ધરાવનાર આ જમાલિ અણગાર આ બે પ્રશ્નોના જવાબ આપી શકશે કે નહિ અને ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચંપાવાસમાં વાસ કર્યો

ચરિત્ર:- વિષેણુની દુર્બુદ્ધિને કારણે બંને પવિત્ર આત્માઓ તેના હિત માટે

ચંપાનગરી છોડીને ઉદ્યાનમાંથી મધ્ય રાત્રે એકલા ચાલી નીકળ્યા. ચાલતાં ચાલતાં એક અઘોર વનમાં આવી પહોંચ્યા. બંને જણા સુકોમળ છે. શાંતિમતિ કદી આટલું પગપાળા ચાલી નથી ને સેનકુમાર પણ ચાલ્યો નથી. શાંતિમતિ ખૂબ થાકી ગઈ. એને ખૂબ તરસ લાગી એટલે એક વૃક્ષ નીચે બંને જણા વિશ્રાન્તિ લેવા માટે બેઠા. સેનકુમાર નજીકમાંથી પાણી લઈ આવ્યો ને બંને જણાએ પોતાની તૃષા શાંત કરી.

સાનુદેવ સાર્થવાહનું મિલન:– આ બંને વ્યક્તિ વૃક્ષ નીચે પ્રેમથી બેઠા હતા તે વખતે એક સાર્થવાહ મુસાફરી કરતો કરતો એક ગામથી બીજે ગામ વહેપાર કરવા માટે જતો હતો. ત્યાં આ નવદંપતિને જોઈને પ્રૌઢ વયનો મુખ્ય પુરૂષ ત્યાં આવ્યો ને સેનકુમારને પ્રણામ કરીને બોલ્યો હે રાજકુમાર! આપ આવા જંગલમાં બંને એકલા કેમ છો? આ સાંભળી બંનેના મનમાં થયું કે હું રાજકુમાર છું. તેની આને કયાંથી ખબર? જેમ પરિચીત હોય તેમ વાત કરે છે, તો એ કોણ હશે? એટલે આશ્ચર્યથી સેનકુમારે પૂછયું – મહાનુભાવ! હું રાજકુમાર છું તે આપને કયાંથી ખબર પડી? ને આપ કોણ છો? કયાંથી આવ્યા છો? તે જણાવો.

કુમારના મધુર વચન સાંભળી સાર્થવાહ કહે છે આપની મુખાકૃતિ ઉપરથી જણાઇ આવે છે કે આપ રાજકુમાર છો ને આ અમારી રાજકુમારી છે. વળી હું રાજપુર નગરનો સાનુદેવ નામનો સાર્થવાહ છું અને અત્યારે મોટો સાર્થ લઈને વહેપાર કરવા માટે તામ્રલિપ્તી નગરી જઈ રહ્યો છું. અહીંથી થોડે દૂર અમારા સાર્થનો પડાવ છે. પણ તમને દૂરથી મેં જોયા એટલે અહીં મળવા માટે આવ્યો છું. આપના અને અમારી રાજપુત્રીના દર્શન થવાથી આજે હું કૃતાર્થ થયો છું. પણ આપને અહીં પરિવાર વિના એકલા જોઇને મને આશ્ચર્ય થાય છે. તો આપને વાંધો ન હોય તો મને કહો. સાર્થવાહ સાનુદેવની વાત સાંભળી સેનકુમારે કહ્યું–હું આવી સ્થિતિમાં અહીં કેમ આવ્યો છું તેમાં મોટું કારણ છે. તે વાત હું અવસરે આપને જણાવીશ પણ અત્યારે મારે તમારી સાથે તામ્રલિપ્તી નગરીમાં આવવું છે. ત્યારે સાર્થવાહે કહ્યું - ખૂબ આનંદની વાત છે. ખુશીથી આપ મારી સાથે ચાલો ને મારા સાર્થને અલંકૃત કરો ને અત્યારે મારા ઉતારે આવી ભોજન–પાણી ગ્રહણ કરો.

સેનકુમાર કહે છે સાનુદેવ! મારા કાકાએ મારી શોધ માટે ઘોડેસ્વારો અને માણસોને દોડાવ્યા હશે! કારણ કે કાકાને મારા પ્રત્યે ખૂબ પ્રેમ છે એટલે મારી શોધમાં માણસો આવવા જોઇએ. માટે તેઓ મારી તપાસ કરીને પાછા ફરે પછી હું આગળ વધીશ. ત્યાંસુધી અમે અહીં બેઠા છીએ. તમારા સાર્થનો કાફલો જોઇને કદાચ તમારી પાસે આવીને પૂછશે કે અમારા રાજકુમારને જોયા છે? તો તમે ના પાડી દેજો. અમે અહીં છીએ તે તેમને કહેશો નહિ. સેનકુમારની વાત સાંભળી સાર્થવાહ પોતાના કાફલામાં

ગયો અને સેનકુમાર ને શાંતિમતિ ત્યાં બેસી રહ્યા. થોડીવાર પછી હરિષેણ રાજાએ મોકલેલા ઘોડેસ્વારો દોડતા જ્યાં સાનુદેવ સાર્થવાહના માણસો છે ત્યાં આવ્યા ને પૂછયું કે રાજકુમારને તેની પત્ની સહિત અહીં જોયા છે ? માણસોએ જવાબ આપ્યો કે અમે જોયા નથી ને જાણતા નથી તેથી તપાસ કરી ઘોડેસ્વારો ચાલ્યા ગયા પછી સાનુદેવે ખબર આપી કે હવે તમે આવો. પછી બંનેને જમાડયા ને પછી બધાએ ચાલવા માંડયું.

દંતરકિતકા અટવીમાં પ્રવેશઃ– ચાલતા ચાલતા દંતરકિતકા નામની એક મોટી અટવીમાં આવી પહોંચ્યા. તે અટવીમાં રહેનારા આદિવાસી લોકો બધા લૂંટારા હતા. સાર્થને આવેલો જોઈને એ ભીલો ચારે તરફથી એકદમ આવીને આ સાર્થ ઉપર તૂટી પડયા ને ધન–માલ બધું લૂંટવા માંડયું. ત્યારે શૂરવીર સેનકુમાર હાથમાં તલવાર લઈને એ ભીલોની સાથે યુદ્ધ કરવા લાગ્યો. સેનકુમારનું શૂરાતન જોઈ ભીલ લોકો ભયભીત બનીને ભાગી ગયા. સેનકુમારરૂપી બાજપક્ષીથી ભીલરૂપી પક્ષીઓ જીવ લઇને પલાયન થઈ ગયા એટલે પલ્લીપતિ સેનકુમાર સામે આવ્યો પણ બળવાન સેનકુમારે પલ્લીપતિને પણ પૃથ્વી ઉપર પછાડી બેભાન કરી નાંખ્યો. પલ્લીપતિને ભાન આવ્યા પછી સમજાયું કે આ કોઇ મહાન બળવાન પુરૂષ છે તેથી તેના ચરણમાં પડી ગયો ને માફી માંગીને લૂંટેલું ધન બધું પાછું આપ્યું. ત્યાર પછી સેનકુમારે ચમત્કારી ત્રિશૂળનો સ્પર્શ કરાવી ઘાયલ થયેલા ભીલોને સાજા કર્યા.

આ ચમત્કાર જોઇને પલ્લીપતિ કહે છે આપ તો કોઇ દેવપુરૂષ છો. તમે અમારા ઘેર પગલાં કરો. અમને કંઇ ધર્મની વાત સમજાવો તો અમારો ઉદ્ધાર થાય. આ રીતે ખૂબ આગ્રહ કરી પલ્લીપતિ સેનકુમારને અને સાનુદેવને ખૂબ આગ્રહ કરી પોતાની પલ્લીમાં લઇ ગયો. જેવા તેઓ પલ્લી તરફ જવા પગ ઉપાડે છે ત્યાં સાનુદેવના એક માણસે દોડતા આવીને ખબર આપ્યા કે આપણાં બહેન શાંતિમતિ રાજકુમારી કયાંય દેખાતા નથી. બધા માણસો છે પણ એ દેખાતા નથી. ત્યારે પલ્લીપતિએ પૂંછયું શાંતિમતિ કોણ છે ? ત્યારે સાનુદેવે કહ્યું– આ રાજકુમારના પત્ની અને શંખરાજાની પુત્રી છે.

વાત એમ બની હતી કે જ્યારે સેનકુમાર ભીલો સાથે યુદ્ધ કરતો હતો ત્યારે તેણે શાંતિમતિ સાનુદેવને સોંપી હતી. પણ સાનુદેવ યુદ્ધની ઉપાધિમાં પડયો એટલે તેની સંભાળ લઇ શકયો નહિ. સાનુદેવે પૂછયું કે એ રાજપુત્રી કયાં ગયા તે તું જાણે છે? ત્યારે તેણે કહ્યું– હા, જ્યારે આ ભીલો આપણા ઉપર તૂટી પડયા ને રાજકુમાર લડવા ગયા ત્યારે તેઓ બેબાકળા બનીને સ્વામીનાથ સ્વામીનાથ ! કરતાં જઇ રહ્યા હતા. હું તેમની પાછળ દોડયો પણ વચ્ચમાં માર્ગ ઉપર લાકડીનો ઘા પડવાથી હું મૂર્છિત બની ગયો. સાર્થના માણસોના મુખેથી આ વાત સાંભળતાં સેનકુમાર અને સાનુદેવ બેભાન થઈને ધરતી ઉપર ઢળી પડયા. એટલે પલ્લીપતિએ તેમને પાણી છાંટી સ્વસ્થ કર્યા ને

આશ્વાસન આપતાં કહ્યું– તમે ચિંતા ન કરો. હું મારી આ ભીલસેનાને મોકલી ચારે તરફ રાજકુમારીની તપાસ કરાવું છું અને થોડા વખતમાં હું તમને તેમનો મેળાપ કરાવી આપીશ ત્યાં સુધી શાંતિથી રહો. આ રીતે કહી પલ્લીપતિએ ચારે તરફ પોતાની સેનાના માણસોને શાંતિમતિની તપાસ કરવા મોકલી દીધા. હવે શાંતિમતિ અહીંથી ક્યાં ગઇ છે ને તેનું શું થયું હશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૧૧૦

કારતક સુદ ૭ ને ગુરૂવાર **તા. ૧-૧૧-૭૩**

ભગવંત કહે છે હે ચેતન! તું જેટલો પુદ્ગલનો રાગી બનીશ તેટલું તારૂં પતન છે, ને આત્માનો રાગી બનીશ તેટલી તારી ઉન્નતિ છે. જેટલી પુદ્ગલની સ્મૃતિ તેટલી આત્માની વિસ્મૃતિ અને આત્માની જેટલી સ્મૃતિ તેટલી પુદ્ગલની વિસ્મૃતિ છે. મહાન પુણ્યના ઉદયે આવો ઉત્તમ માનવભવ મળ્યો છે. માનવભવ મોક્ષની ટિકિટ મેળવવાનું કેન્દ્ર છે. માનવભવમાંથી દેવતા, નારકી અને તિર્યંચની ટિકિટ મળે છે, ને મોક્ષની ટિકિટ પણ અહીંથી મળે છે. તમારે ફર્સ્ટ કલાસ એરકંડીશન ગાડીમાં બેસવું છે ને?

મોક્ષરૂપી ફર્સ્ટ કલાસ એરકંડીશનનો ચાર્જ શું છે એ જાણો છો? ક્ષમા, દયા, નિર્લોભતા, અપ્રમત્ત ભાવ આદિ મોક્ષનો ચાર્જ છે. ચાર જ્ઞાન અને ચૌદપૂર્વધર એવા ગૌતમ ગણધરને પણ ભગવાને કહ્યું હે ગૌતમ! "समयं गोयम मापमायए।" સમય માત્રનો પ્રમાદ ન કર. હવે આવા જ્ઞાની પ્રખર પુરૂષને જ્યારે સમયનો પ્રમાદ કરવાની ના પાડી તો આપણને પ્રમાદ કરવાનો અધિકાર ખરો? એમને ચાર જ્ઞાન હતા ને આપણા મતિ-શ્રુત જ્ઞાનના પણ ઠેકાણા નથી છતાં કેવા આરામથી બેઠા છીએ. રસ્તામાં નિરાંતે વિસામો કોણ લઈ શકે? જ્યાં જવું છે તે સ્થાનનો લાંબો માર્ગ ખૂટી ગયો છે ને પાછળ કોઇ જાતનો ભય નથી તે માર્ગમાં સુખેથી વિસામો લઇ શકે? તેવી રીતે આ સંસારમાં પણ કોણ નિરાંતે બેસી શકે? જે આત્માઓએ મોક્ષે જવાની પૂરી તૈયારી કરી લીધી છે. ક્ષાયક સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી છે, શુકલધ્યાન ધ્યાવે છે, ને ઘાતીકર્મો ઉપર ઘા કરવા માટે તનતોડ પુરૂષાર્થ કરી રહ્યા છે એવા પુરૂષો જે મોક્ષની સન્મુખ થયા છે તેઓ નિરાંતે વિસામો ખાય તો વાંધો નહિ, પણ આપણે નિરાંતે બેસાય નહિ. જો અત્યારે નિરાંતે બેસી રહીશું તો કયારે આત્માની આરાધના કરીશું? હમણાં નહિ પછી કરીશું એમ તમે જે માની રહ્યા છો તે તમારી માન્યતા ભૂલભરેલી છે. જો તમે કંઈક સમજ્યા હો તો ભૂલને નાબૂદ કરો.

દેવાનુપ્રિયો! જમાલિ અણગાર પહેલાં કેવો વૈરાગી હતો! પ્રભુના વચન ઉપર

તેને કેવી અનન્ય શ્રદ્ધા હતી પણ અત્યારે એકવચનમાં શ્રદ્ધા ફરતાં કેવા અભિમાની બની ગયા! એ સંસારત્યાગી હતા, મહેલમાં જઈને બેઠા ન હતા પણ પ્રભુના વચનનો એટલો વિરોધ કર્યો, પ્રભુએ કહ્યું કે કરાતું કાર્ય કર્યું કહેવાય, ને એમણે કહ્યું કે પૂરું કરાયા પછી કર્યું કહેવાય. ભગવાનના બધા વચન ઉપરથી તેની શ્રદ્ધા ફરી ન હતી. એના ચારિત્ર અને તપમાં વાંધો ન હતો, પણ આ એકવચન ખોટું છે એમ કહ્યું તો તેને શ્રદ્ધાળુ કહેવાય? 'ના'. એકવચન ઉપર અશ્રદ્ધા કરી તો આખી દ્વાદશાંગીનો અશ્રદ્ધાળુ કહેવાય. કોઇ સ્ત્રી વર્ષો સુધી સતી રહે ને એક વખત સતીત્વનો ભંગ કરે તો સતી કહેવાય? જેમ શીયળ સહેજ ખંડિત થયું તો આખું ખંડિત કહેવાય તેમ આ સમકિત અને શ્રદ્ધા પણ એવા ગુણ છે. જમાલિના જીવનમાં ગમે તેટલા તપ અને ત્યાગ હોય પણ શ્રદ્ધા વિના બધું નકામું છે.

માણસ સંસારમાં ગમે તેટલો બુદ્ધિમાન હોય, પોતાની ઈચ્છા પ્રમાણે વર્તતો હોય પણ સંયમ લીધા પછી એણે વિચાર કરવો જોઇએ કે હવે હું ગુરૂને અર્પણ થઈ ગયો. સંયમ લીધો એટલે ગુરૂનું જ્ઞાન તે મારું જ્ઞાન અને ગુરૂની ઇચ્છા તે મારી ઇચ્છા. આ રીતે ગુરૂના શરણે આવેલો આત્મા સંસારથી તરી જાય છે. આવા આત્માને કોઇ ચિંતા નથી, ભય નથી, સંસારમાં રખડવાનું નથી અને જો એ આગળ વધી જાય તો ગુરૂ કદાચ છદ્મસ્થ રહી જાય ને શિષ્ય કેવળજ્ઞાન પામી જાય. ચંદનબાળા છત્રીસ હજાર સાધ્વીજીઓના વડેરા હતા, તો તેમનામાં કેટલી યોગ્યતા ને કેટલા ગુણ હશે! એમનો આત્મા કેટલો ઉંચો હશે! મૃગાવતીજી એમના શિષ્યા હતા છતાં પહેલાં કેવળજ્ઞાન પામી ગયા. એ શેના આધારે? ગુરૂણી પ્રત્યેનો સમર્પણભાવ. બસ, ગુરૂણીની આજ્ઞા એ મારો ધર્મ છે. ગુરૂણીએ એટલું જ કહ્યું સમોસરણમાંથી તમે મોડા આવ્યા તે તમારા જેવા કુલીન સાધ્વીને માટે યોગ્ય નથી. આટલા શબ્દોમાં એમની પોતાની ભૂલનો એવો પશ્ચાતાપ ઉપડ્યો કે ત્યાં ને ત્યાં કેવળજ્ઞાન પામી ગયા. અંધારે અજવાળા થયા. જ્યાં સુધી આપણને આવો ભાવ નહિ આવે ત્યાં સુધી આ ભયંકર અંધકાર ભરેલા ભવમાંથી નીકળવાનો માર્ગ નહિ મળે. ગુરૂનું સાનિધ્ય છોડી જે પોતાની સ્વેચ્છાપૂર્વક આરાધના કરવા નીકળે છે તે અંધકારમાં આથડે છે. પોતાની જાતે પોતાનું પતન કરે છે.

અત્યાર સુધી ઇચ્છા મુજબ વર્તન કર્યું છતાં કલ્યાણની કેડી ન મળી. તો હવે સમજો, ગુરૂને અર્પણ થવામાં એક મહાન લાભ છે. અત્યાર સુધી આત્માને ધર્મારાધના કરવાના ઘણાં સંયોગો મળ્યાં છતાં હજુ ચતુર્ગતિમાં શા માટે ભમે છે? એની પાછળ ઘણાં કારણ છે. આત્મા મિથ્યાત્વમાં સડતો હતો, અભિમાની હતો, વિષયાંધ હતો, લોભી-લક્ષ્મીનો લાલચુ અને તૃષ્ણાવંત હતો. પણ એ બધા દોષોને ઓળંગી જાય

એવો એક દોષ છે કે એ જ્યાં સુધી ટળે નહિ ત્યાં સુધી કલ્યાણ ન થાય. ભલે મોહ-મમતા ને લોભ છોડી દીધા હોય, વિષયો પ્રત્યે વિરાગ કેળવ્યો હોય પણ એક દોષ એવો છે કે જે આત્માને ઉંચો આવવા ન દે. એ દોષ છે આપમતિનો. એ દોષ એવો મજબૂત છે કે તેને કાઢવો મુશ્કેલ છે. માટે જ્ઞાની પુરૂષો ઉપદેશ આપતાં કહે છે કે આપમતિ મૂકીને ગુરૂમતિ બનો, પણ આપમતિ મૂકાઈ જવી ને ગુરૂમતિ પકડાઈ જવી તે ઘણું મુશ્કેલ કામ છે. આત્માએ અત્યાર સુધીમાં ઘણીવાર સંયમ પાળ્યો, તપ કર્યા, પરિષહો સહ્યા. આ બધું કર્યું પણ આપમતિ ન છોડી તેના કારણે જીવની કંગાલ દશા ને ભવભ્રમણ છે. જો ગુરૂમતિ બન્યા હોત તો ઘણાં ઉંચા આવી ગયા હોત. ગુરૂની આજ્ઞા પ્રમાણે જીવન જીવવામાં આવે તો ભવ સુધરી જાય અને ફરીને અવતાર લે તો મનુષ્યભવ એવો ઉત્તમ મળે કે જ્યાં જીવ જન્મથી વૈરાગી હોય. માનવતાનો ઉચ્ચ અભ્યુદય થયો હોય ને ગુણરૂપી રત્નોના પ્રકાશથી જીવન જ્યોતિમય બની જાય. પછી તો પાપ કરવું, અસત્ય બોલવું કંઇ જીવને રૂચે નહિ. સંસાર દાવાનળ લાગે ને ગુરૂના ચરણમાં ચિત્ત સદા રમ્યા કરે. પણ આજે જીવની દશા કેમ પલટાઈ છે ! આપમતિનો દોષ ટળ્યો નથી.

જમાલિ અણગારના જીવનમાં કેટલા ગુણ હતા ! પણ એક આપમતિનો દોષ આવી ગયો તો કેટલું પતન થઈ ગયું ! ભગવાન પાસે જઈને કહ્યું કે આપના બધા શિષ્યો તો છદ્મસ્થ છે ને હું તો સર્વજ્ઞ છું ત્યારે ગૌતમસ્વામીએ તેમને કહ્યુ કે કેવળજ્ઞાનતો વિશુદ્ધ જ્ઞાન છે. તેને પર્વત કે સ્થંભનું આવરણ આડું આવતું નથી તો હે જમાલિ ! તમે સર્વજ્ઞ છો તો મારા બે પ્રશ્નોનો જવાબ આપો. લોક શાશ્વત છે કે અશાશ્વત છે ? જીવ શાશ્વત છે કે અશાશ્વત ! આગમમાં ભગવાને કેવી સુંદર વાત કરી છે. એના એકેકે શબ્દો કેવા કિંમતી છે ! પેલા શેઠે ચોપડામાં લખ્યું હતું ને કે "પાનું ફરે ને સોનું ઝરે" બાપ તો મરી ગયો પછી છોકરો ચોપડાના પાના ઉથલાવતા વિચાર કરવા લાગ્યો કે મારા પિતાએ તો લખ્યું છે કે "પાનું ફરે ને સોનું ઝરે" તો હું પાના ફેરવું છું પણ ક્યાંય સોનું ઝરતું નથી. છોકરો બુદ્ધિવાન હોત તો સમજી જાત કે મારા બાપે આ કઇ રીતે લખ્યું છે ? એ રીતે આપણા પરમ પિતા પ્રભુ મહાવીરે આગમના પાને પાને અમૂલ્ય રત્નો ટાંકયા છે "આગમના પાના ફરે ને હીરા ઝરે." એ કયા હીરા ? તમારા ઝગમગતા હીરા નહિ હોં. સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્રના હીરા. આગમનું વાંચન કરે, મંથન કરે તો એ હીરા મળે ને ? પણ તમારે તો આગમના પાના ફેરવવા નથી તો હીરા ક્યાંથી મળે ?

ગૌતમસ્વામીએ જમાલિ અણગારને બે પ્રશ્નો પૂછ્યા ત્યારે તે શંકિત થયો, કાંક્ષિત થયો ને કલુષિત પરિણામવાળો થયો ને ગૌતમસ્વામીના પ્રશ્નનો ઉત્તર આપવા સમર્થ ન

થયો ત્યારે તેણે મૌન ધારણ કર્યું. ત્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ જમાલી અણગારને આ પ્રમાણે કહ્યું કે હે જમાલિ ! મારા ઘણાં શ્રમણનિગ્રંથ શિષ્યો છદ્મસ્થ છે. તેઓ મારી જેમ આ પ્રશ્નનો ઉત્તર આપવા સમર્થ છે પણ તેઓ તું જેમ કહે છે હું સર્વજ્ઞ છું, જિન છું, અરિહંત છું એવી ભાષા તેઓ કદાપિ બોલતા નથી ને તું સર્વજ્ઞ થઈને આવા પ્રશ્નનો ઉત્તર આપી શકતો નથી ? તો હે જમાલિ ! સાંભળ. લોક શાશ્વત છે, કારણ કે લોક કદાપિ ન હતો તેમ નથી, કદાપિ લોક નથી એમ નથી અને કદાપિ લોક નહિ હોય તેમ પણ નથી. પરંતુ લોક ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે અને ભવિષ્યકાળમાં હશે. લોક ધ્રુવનિયત, શાશ્વત, અક્ષત, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. વળી હે જમાલિ ! લોક અશાશ્વત પણ છે કારણ કે તેમાં અવસર્પિણી કાળ આવીને ત્યાર બાદ ઉત્સર્પિણી કાળ આવે છે અને ઉત્સર્પિણી કાળ આવીને પછી અવસર્પિણી કાળ આવે છે. આ પ્રકારના કાળના પલટાઓની અપેક્ષાએ આ લોક અશાશ્વત પણ છે.

જૈન દર્શનમાં કેવો સુંદર સ્યાદ્વાદ છે કે કોઇ પણ વાત એકાંતે કરી નથી. દરેક વાત અપેક્ષાથી કરી છે. લોકને એક અપેક્ષાએ શાશ્વત કહ્યો છે ને બીજી અપેક્ષાએ અશાશ્વત પણ કહ્યો. જેમ અહીં કોઇ કાકા ને ભત્રીજો ઉભો હોય તો કહેવાય કે આ કાકા છે ને આ ભત્રીજો છે પણ એ ભત્રીજાનો ભત્રીજો આવે તો એની અપેક્ષાએ ભત્રીજો કાકા બની જાય છે એટલે એકાંતે કાકા એ કાકા નથી રહેતાં ને ભત્રીજો એ ભત્રીજો નથી રહેતો. દરેક વસ્તુને આ રીતે અપેક્ષાએ ઘટાવી છે.

બંધુઓ! આ સ્યાદ્વાદને જો માનવ બરાબર સમજે તો કદી એને અથડવાનું ન રહે. આ જૈનદર્શનના સ્યાદ્વાદને નથી સમજતા તે પરસ્પર અથડે છે. આજે તમારા મહાન ભાગ્ય છે કે વીતરાગ શાસનના વડલાની છાયા તમને મળી છે. આ વીતરાગ શાસનની છાયા મળ્યા પછી સંસારની માયા ન હોવી જોઇએ. સંસારના સુખ ભોગવો છો, આનંદ માનો છો ને સંસારની માયાજાળ બિછાવી બહારથી ગમે તેટલા ફક્કડ થઈને ફરતા હો પણ જ્યાં સુધી જૈનદર્શનને ન સમજો ત્યાં સુધી દેવાળું કાઢયું છે. સંસારના કીચડમાં ફસાઇ સંસારની દલાલી ઘણી કરી. હવે આત્માની દલાલી કરો. સંસારની દલાલી એ તો કાંકરાની દલાલી છે ને ધર્મની દલાલી એ રત્નોની દલાલી છે. તમને સંસાર ગમે તેવો સારો ને સુખમય લાગતો હોય પણ ત્યાગીને મન તો સંસાર એક પ્રકારની જેલ છે. તમને આ જેલમાં રહેવું કેમ ગમે છે! જેલમાં રહીને સત્તા ભોગવો છો પણ યાદ રાખજો સત્તા તમારું સત્યાનાશ વાળી દેશે.

કોઇ પણ માણસે સરકારનો ગુન્હો કર્યો એટલે કાયદેસર એને પકડીને જેલમાં પૂરવામાં આવ્યો. હવે એ જેલમાં પૂરાયેલો કેદી વિચાર કરે કે હું તો મારે ઘેર સારું સારું ખાતો હતો તો અહીં પણ મને એવું સારું સારું ખાવાનું મળવું જોઈએ. રહેવા

માટે સ્વચ્છ, સુંદર ને સ્પેશ્યલ રૂમ મળવી જોઇએ અને મારે સૂવા માટે ડન્લોપિલ્લોની ગાદી બિછાવેલો સુંદર પલંગ જોઈએ. બે-ત્રણ જાતના પેપર વાંચવા મળવા જોઇએ. રેડિયો સાંભળવા મળવો જોઇએ. અહીં મારું કોઇ કેદીએ અપમાન ન કરવું જોઇએ, જેલરે મારી પસંદગીનું કામ મને સોંપવું જોઈએ ને તે પણ મારી ઇચ્છા પ્રમાણે કામ કરવું હોય તેટલું કરું. મારી સાથે કોઇ કેદીએ ઝઘડો-બોલાચાલી કે અસભ્ય વર્તન ન કરવું જોઇએ અને અહીં સૌએ મારું કહ્યું કરવું જોઇએ ને હું કહું તે મુજબ બધું થવું જોઇએ.

સમય થતાં જેલી કહે મારા માટે ઇચ્છિત ભોજન કેમ નથી લાવ્યા? મારા માટે પલંગ કેમ નથી બિછાવ્યો? કોઈ મારા પગ દાબવા કેમ નથી આવતું? તે વખતે જેલર જેલીને ચોખ્ખું કહી દે કે એ બધું તારે ઘેર. આ તારું ઘર નથી, પણ જેલ છે. આવ્યો છું જેલમાં ને બધી સત્તા જોઇએ છે! તું તો સરકારનો અપરાધી છે. એટલે અમારો ગુલામ છે. ગુલામીમાં વળી અધિકાર શેનો! હમણાં તારી પાસે કાળી મજુરી કરાવીશું ને ખાવા માટે જાડો બાજરાનો રોટલો ને છાશ મળશે. બીજું કંઇ નહિ મળે સમજ્યો!

આ રીતે આપણો આત્મા પણ ભવનો કેદી છે. કર્મરૂપી સરકારના હજારો ભયંકર ગુન્હાઓ કરીને આવ્યો છે, એટલે કર્મ-સરકાર તેને ભવરૂપી કેદમાં પૂરીને દુઃખ-ત્રાસ-માર-અપમાન-તિરસ્કાર બધું આપે છે. અહીં ભવનો કેદી એવો આપણો આત્મા એવો અધિકાર અને સત્તા બજાવવા જાય છે કે મને અહીં આ ભવની કેદમાં આવું સરસ ખાવા-પીવાનું મળવું જોઈએ. રહેવા માટે આવી સગડતાવાળા બંગલો મળવો જોઈએ. આવા સુંદર કપડા ને દાગીના મને મળવા જોઇએ, મખમલ જેવી સુંવાળી પથારી અને પલંગ સૂવા માટે મળવા જોઇએ અને સૌએ મારું કહ્યું માનવું જોઇએ. મારું કોઈએ અપમાન ન કરવું જોઇએ ને બધાએ હું કહું તેમ કરવું જોઈએ ને મને બધી સ્વતંત્રતા મળવી જોઇએ.

આ ભવનો કેદી આવા અધિકાર બજાવવા જાય તો જ્ઞાનીની દૃષ્ટિમાં કેવો પામર ગણાય! જીવ જેવા કર્મો કરે છે તેવી સત્તા, અધિકાર, સુખ-સંપત્તિ ને માન-અપમાન મળે છે પણ સત્તાથી કાંઈ મળતું નથી. માટે બંધુઓ! તમારે ભવોભવના કેદી ન બનવું હોય ને જલ્દી કર્મની કેદમાંથી મુક્ત બનવું હોય તો સદ્‌ગુરૂનો સમાગમ કરી તેમની આજ્ઞાનું પાલન કરી ઉગ્ર સાધના કરી લો તો કર્મની કેદમાંથી મુક્ત બનશો.

અહીં જમાલિ અણગારને ભગવાન મહાવીર સ્વામીએ લોક શાશ્વત પણ છે ને અશાશ્વત પણ છે. તે બંને વાત સ્યાદ્‌વાદ શૈલીથી સમજાવી. જમાલિ અણગારને ભગવાન મહાવીર સ્વામી જેવા કેવા મહાન ગુરૂ મળ્યા, પણ તેણે ઓળખ્યા નહિ. ભગવાનના ગૌતમાદિ ગણધર અને સ્થવિર સંતોની વાત છોડી દો, પણ ઓછી દીક્ષા પર્યાયવાળા નવદીક્ષિત સંતો જેનો ઉત્તર આપી શકે એવા પ્રશ્નનો જવાબ પણ જમાલિ અણગાર ન

આપી શકયા. હવે જીવ શાશ્વત છે કે અશાશ્વત ? એ વાત હજુ ભગવાન મહાવીર સ્વામી જમાલિ અણુગારને સમજાવશે તેના ભાવ અવસરે કહેવાશે.

"શાંતિમતિની ખોજમાં"

ચરિત્ર :– સેનકુમારને ખબર પડી કે શાંતિમતિનો પત્તો નથી. તેને ખૂબ દુઃખ થયું. પલ્લીપતિએ શાંતિમતિની શોધ કરવા માટે ચારે તરફ તેના માણુસોને દોડાવ્યા પણ કયાંય તેનો પત્તો પડયો નહિ એટલે નિરાશ થઈને પાછા ફર્યા. આ તરફ શાંતિમતિ પોતાના પતિને ન જોવાથી પોતાના શીયળનું રક્ષણ કરવા માટે ત્યાંથી ભાગી ગઇ. ઘણે દૂર જઇ ગળે ફાંસો ખાઇ એક વૃક્ષ સાથે લટકી. આપઘાત કરવો મહાન પાપ છે. પણ શાંતિમતિ પોતાના શીયળનું રક્ષણ કરવા માટે ગળે ફાંસો ખાઇને લટકી પણ તેનું આયુષ્ય બળવાન હતું એટલે ફાંસો તૂટી ગયો ને તે ભૂમિ ઉપર પટકાઇ જવાથી બેભાન થઇને પડી છે.એટલામાં બે ઋષિઓ ફરતાં ફરતાં ત્યાં આવ્યા. આ યુવાન સ્ત્રીને આ રીતે પડેલી જોઇને પોતાના ગુરૂ પાસે જઇને બધી વાત કરી. એટલે તરત તેમના ગુરૂ ત્યાં આવ્યા અને કમંડળમાંથી તેના મુખ ઉપર પાણી છાંટયું. તેને સચેતન કરીને કહ્યું- દીકરી ! તું અહીં કેમ આવી છું ? ત્યારે શાંતિમતિએ તેની બધી વાત ઋષિને કહી એટલે ઋષિએ કહ્યું બેટા ! અહીં નજીકમાં અમારો આશ્રમ છે. ત્યાં તું ચાલ અને તારા પતિ ન મળે ત્યાં સુધી ખુશીથી ત્યાં રહેજે, એમ કહી શાંતિમતિને આશ્રમમાં લાવ્યા.

આ તરફ બધે તપાસ કરવા છતાં શાંતિમતિ મળતી નથી તેથી સેનકુમાર ખાતો-પીતો નથી. ભીલપતિ ખૂબ સમજાવે છે ને રાખે છે, ને સાર્થવાહને કહ્યું કે તમે જાવ. હું શાંતિમતિની શોધ કરીશ. સાનુદેવ ત્યાંથી નીકળી વિશ્વપુરમાં આવ્યો ને સવારમાં રાજા પાસે કિંમતી રત્નોનું ભેટણું લઇને દરબારમાં આવ્યો. આ સમયે સેનકુમાર અને પલ્લીપતિને સભામાં બાંધીને ઉભા રાખવામાં આવ્યા હતા. સેનકુમારને જોઇને સાનુદેવ મૂર્છા ખાઇને પડી ગયો. થોડીવારે મૂર્છા વળ્યા બાદ સમરકેતુ રાજાએ સાનુદેવને મૂર્છા આવવાનું કારણ પૂછયું એટલે તેણે કહ્યું , મહારાજા ! આ કુમાર ચોર કે લૂંટારો નથી પણ ચંપાનગરીના રાજાનો યુવરાજ સેનકુમાર છે તે મહાન પરાક્રમી અને પરોપકારી છે, એમ કહીને તેણે તેને મળ્યા. ત્યારથી લઇને છૂટા પડયા ત્યાં સુધીનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો એટલે સમરકેતુ રાજાએ બંનેને છૂટા કર્યા ને પલ્લીપતિ તથા સાર્થવાહને રજા આપી સેનકુમારને પોતાને ત્યાં રાખ્યો ને થોડા સમયમાં સેનકુમારનો પરમ મિત્ર બની ગયો.

સેનકુમારને અહીં કોઇ જાતનું દુઃખ ન હતું, પણ શાંતિમતિના વિયોગની વેદના તેના કાળજાને કોરી ખાતી હતી. સમરકેતુ રાજા પણ તેની તપાસ કરાવતા હતા.

"શાંતિમતિનું મિલન":– એક દિવસ સેનકુમાર ચિંતાતુર થઇને ઉદ્યાસ

વૃક્ષને બેઠો હતો. તે સમયે સોમસૂર નામના એક માણસે સેનકુમારને ખબર આપ્યા કે પ્રિયમેલક નામના તીર્થમાં આવેલા ઋષિ આશ્રમમાં શાંતિમતિ છે ત્યાં તમને મેળાપ થશે તેથી સેનકુમાર ત્યાં જવા તૈયાર થયો. બરાબર તે દિવસે શાંતિમતિ આશ્રમની બહાર પ્રિયમેલક નામના વૃક્ષ નીચે બેઠી હતી. તેનું ડાબુ અંગ ફરકવા લાગ્યું એટલે શાંતિમતિના મનમાં થયું કે જરૂર આજે મને મારા પતિનું મિલન થશે. એટલામાં સામે દૃષ્ટિ કરી તો સેનકુમારને આવતો જોયો. બંનેની દૃષ્ટિ એકમેક થતાં બંનેની આંખમાં એક સાથે સ્નેહના અશ્રુ ભરાઇ આવ્યા. શાંતિમતિ અને સેનકુમાર તપોવનમાં આશ્રમમાં આવ્યા ને તાપસોને પ્રણામ કર્યા. સહુને ખબર પડી કે શાંતિમતિનો પતિ છે એટલે મોટા કુલપતિએ શાંતિમતિને તેના પતિને સોંપી દીધી. સેનકુમારે તેમનો ખૂબ ઉપકાર માન્યો ને શાંતિમતિને લઈને રવાના થાય છે ત્યારે બધા ઋષિઓ તેને આશીર્વાદ આપે છે.

સેનકુમાર અને શાંતિમતિ તાપસોના આશીર્વાદ લઇ રવાના થયા. ઘણે દૂર જઈને એક વૃક્ષ નીચે બેઠા છે. ત્યાં એક દેવી આવી અને સેનકુમારને ચારિત્રથી ખંડિત કરવા ખૂબ પ્રયત્નો કરવા લાગી. પણ સેનકુમાર કોઇ રીતે ચલાયમાન ન થયા એટલે તેના ઉપર પ્રસન્ન થઇને એક તેજસ્વી મણિ આપ્યું ને કહ્યું–આ મણિથી સર્વ જાતિના વિષ અને રોગો નાશ પામે છે એટલે આ મણિનું નામ "આરોગ્યરત્ન" છે. દેવીનું વચન સાંભળી સેનકુમારે પ્રસન્ન થઇને મણિ ગ્રહણ કર્યું ને "ચિરંજીવ" રહો એવા આશીર્વાદ આપી દેવી તો અદૃશ્ય થઈ ગઇ. હવે સેનકુમાર અને શાંતિમતિ ત્યાંથી પાછા વિશ્વપુર નગરમાં જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૧૧૧

કારતક સુદ ૮ ને શુક્રવાર તા. ૨–૧૧–૭૩

સુજ્ઞ બંધુઓ! આત્માર્થી પુરૂષો કર્મના ઉદય સમયે ખૂબ જાગૃત ને મસ્ત રહે. કારણ કે એ સમજે છે કે મેં પૂર્વે બાંધ્યા છે એ કર્મરૂપી મહેમાન ઉદયમાં આવ્યા છે, તો હું તેનું સમતાભાવથી સ્વાગત કરીને તેમને વિદાય કરૂં તો પાછા આવે નહિ. આવી સમજણના કારણે એ મહાન પુરૂષો દુઃખના સમયે આકુળ–વ્યાકુળ ન થાય અને અનાકુળ ભાવથી રહે.

"ભલે હોય જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ-દુઃખ રહિત ન કોઇ
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોઇ"

નમિ રાજર્ષિ, ગજસુકુમાર, અનાથી મુનિ આદિ મહાન પુરૂષોને કર્મો ઉદયમાં આવ્યા પણ એ કર્મોદયનું નિમિત્ત પામીને કેવા જાગૃત બની ગયા! ને સમતાભાવથી

કર્મો ખપાવીને કામ કાઢી ગયા. ખુદ તીર્થંકર ભગવંતોને પણ કર્મે છોડયા નથી. કરમને શરમ નથી. કર્મના ઉદય સમયે દેહના ધર્મને ભૂલી આત્મભાવમાં ઝૂલો. વેદના થાય છે તે મારા દેહને પણ આત્માને નહિ. અજ્ઞાની જીવ કર્મોના ઉદય સમયે ઓય....ઓય કરે. આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરે કે અરેરે....મને આ કર્મ કયાંથી ઉદયમાં આવ્યા? ત્યારે જ્ઞાની શું વિચારે! હોય....હોય, એમાં નવું છે શું? મેં બાંધ્યા છે ને મારે ભોગવવાના છે. જ્યાંસુધી સમતાભાવે સહન નહિ કરું ને કર્મોને નહિ ખપાવું ત્યાં સુધી મારી મુકિત થવાની નથી. પછી શારીરિક રોગ હોય કે માનસિક રોગ હોય, પણ જ્યાં સમજણ અને સમતા છે ત્યાં કર્મો ખપે છે. આપણા જૈન શાસનમાં આવા ઉપસર્ગો સહન કરનારા કેટલાય મુનિઓ થઇ ગયા છે! જેની ચામડી ઉતારવામાં આવી તેવા ખંધકમુનિ, ઘાણીમાં પીલાયા તે ખંધક મુનિ, ગજસુકુમાર મુનિ, મેતારજ મુનિ એવા ઘણાં મહાન પુરૂષો થઇ ગયા છે. તેમાં ઝાંઝરીયા મુનિ પણ એવા સમભાવી થઇ ગયા. મુનિના જુદા જુદા ઘણાં નામ છે પણ આ મુનિનું નામ ઝાંઝરીયા મુનિ શાથી પડયું?

ઝાંઝરીયા મુનિ એ રાજકુમાર હતા. એમનું નામ મદનબ્રહ્મ હતું. એક વખત વસંતઋતુના સમયમાં એ મદન બ્રહ્મકુમાર તેની બત્રીસ પત્નીઓની સાથે ઉદ્યાનમાં જઇને વસંતોત્સવ ઉજવી રહ્યા હતા. વસંતનો આનંદ માણતાં એ રાજકુમારની દૃષ્ટિ દૂર એક વૃક્ષ નીચે બેઠેલા મુનિરાજ ઉપર પડી. તરત રાજકુમારે મુનિ પાસે જઇ નમ્રતાપૂર્વક વિનયથી વંદન કર્યા. સંતે તેમને ઉપદેશ આપ્યો ને સૌએ એ સંતની પવિત્ર વાણી સાંભળી. મુનિની પવિત્ર વાણી સાંભળી મદન બ્રહ્મકુમારને આ સંસાર ઉપરથી વૈરાગ્ય આવ્યો ને સંસાર ત્યાગી સંયમી બની ગયા. ગુરૂના સાનિધ્યમાં રહી ખુબ જ્ઞાન પ્રાપ્ત કર્યું. અને સંયમને યોગ્ય ગુણો પ્રાપ્ત કર્યા. ઘણાં સમય પછી પોતાના ગાઢ કર્મો ખપાવવા એકલા વિચરવાની ગુરૂ પાસે આજ્ઞા માંગી. ત્યારે શિષ્યની યોગ્યતા જોઈને ગુરૂએ તેમને આજ્ઞા આપી. એટલે પોતે એકલા વિચરવા લાગ્યા.

એક વખત એ યુવાન સાધુ પહેલા પહોરે સ્વાધ્યાય, બીજા પહોરે ધ્યાન કરી ત્રીજા પહોરે ગૌચરી જવા માટે નીકળ્યા. આ સમયે એક શેઠાણી એના બંગલાના ઝરૂખામાં ઉભી હતી. એનો પતિ બાર બાર વર્ષોથી પરદેશ ગયેલો હતો એટલે એના પતિના વિરહની વેદનાથી ઝૂરતી હતી. એ કામિનીની દૃષ્ટિ આ તેજસ્વી ને ભરયુવાન મુનિ ઉપર પડી. એક તો રાજકુમાર ને બીજું ચારિત્રના તેજ મુખ ઉપર ઝળહળે છે. એનું રૂપ જોઇ તરૂણ સુંદરી મુગ્ધ બની. દાસીને કહે છે મુનિને ઉપર બોલાવ. મુનિ શ્રાવકનું ઘર માનીને ગયા. શેઠાણીએ ગૌચરી વહોરાવી. પછી મુનિને ફસાવવા ચાળા કર્યા ત્યારે મુનિ એકદમ ચાલતા થયા તેથી બાઇએ પાછળથી પગ પકડીને ઝાંઝર પહેરાવી દીધું. તો પણ મુનિ તેના હાથમાંથી છટકીને ચાલ્યા ગયા. એટલે એ બાઇએ બૂમો મારી કે મને

બચાવો....બચાવો....સાધુ મારૂં ચારિત્ર લૂંટે છે. આથી લોકો ભેગા થયા ને મુનિને મારવા લાગ્યા. સામે દરબારનો બંગલો હતો. તેમણે બધું જોયું તેથી જનતાને કહ્યું કે શું કરો છો ? મુનિ પવિત્ર છે. બાઇ ખરાબ છે. મેં બધું નજરે જોયું છે તેથી સૌએ મુનિની માફી માંગી ને બાઇનો તિરસ્કાર કર્યો. પગમાં ઝાંઝર પહેરાવ્યું તેથી મુનિનું નામ ઝાંઝરીયા મુનિ પડી ગયું. હવે ઘણો સમય ગયા બાદ મુનિ તેમની બહેનના ગામમાં કંચનપુરમાં આવે છે ત્યારે બપોરના ગોચરી જાય છે. રાજા રાણી ચોપાટ રમે છે. રાણીએ મુનિને જોયા તેથી તેને થયું કે જાણે મારો ભાઈ ન હોય ? તેમ વિચારતા આંખમાં આંસુ આવતા રાજાના મનમાં થયું કે આ સાધુને પહેલાં રાણીનો પ્રેમ હશે ! તેમ માનીને તરત નીચે ઉતરી ચંડાળને આજ્ઞા કરી કે પેલા પાખંડી સાધુને પકડી એને બાડામાં ઉતારી એનો શિરચ્છેદ કરો ! તરત સેવકોએ મુનિને પકડ્યા ને એક વાટિકામાં લઈ જઇ એક ખાડો ખોદી મુનિને તેમાં ઉતાર્યા. મુનિ તો સમજી ગયા કે મને આજે મારણાંતિક ઉપસર્ગ આવ્યો છે.

મુનિ પોતાના ચેતનદેવને કહે છે હે ચેતન ! જોજે ચલાયમાન થતો ! તેં પંચ મહાવ્રત અંગીકાર કર્યા ત્યારે ખંતિ-મુત્તિ આદિ દશ યતિધર્મનો સ્વીકાર કર્યો છે. તેમાં આજે તારી કસોટીનો દિવસ છે. વિદ્યાર્થી એક વર્ષ અભ્યાસ કરે છે. તે પરીક્ષાના દિવસે સાચું પેપર લખે તો પાસ થાય છે. તેમ તેં દીક્ષા લીધી ત્યારથી લઈને જે અભ્યાસ કર્યો છે તેની આજે પરીક્ષા છે. જોજે પરીક્ષામાં ફેલ થતો ! આ રીતે આત્માને શિખામણ આપતાં મુનિ ધ્યાનમાં મસ્ત બની ગયા ને ચંડાળોએ એમનું મસ્તક ધડથી જુદું કરી નાંખ્યું. લોહીનું આખોચીયું ભરાયું તેમાં મુનિનો રજોહરણ લોહીથી ખરડાઇ ગયો છે. મુહપત્તિ પણ લોહીથી ખરડાયેલી પડી છે.

આ સમયે લોહી અને માંસ જોઈ સમડી ઉડતી ઉડતી ત્યાં આવી ને મુનિનો રજોહરણ માંસનો લોચો માની ચાંચમાં ઉપાડ્યો ને ઉડતી ઉડતી રાજમહેલની અગાશી ઉપરથી પસાર થતી હતી ત્યાં તેની ચાંચમાંથી રજોહરણ છટકી ગયો. રાણી અગાશીમાં બેઠા હતા તેની પાસે પડ્યો. રાણીએ રજોહરણ જોતાં વિચાર્યું કે મુનિની ઘાત થઇ છે. ત્યાં રાણી બેશુદ્ધ બની ગઈ ને ભાનમાં આવતાં તેને ખબર પડી કે મારા ભાઇની જ ઘાત થઇ છે. ખૂબ આઘાત સાથે તેણેઅનશન સ્વીકાર્યો. રાજા આવ્યા. રાણીનો આઘાત, અનશન અને મુનિ તેના ભાઇ હતાં. એ બધા સમાચાર જાણી રાજાનું હૈયું પાપના પશ્ચાતાપથી શેકાઇ જવા લાગ્યું.

પૂર્વભવના વૈર હોય ત્યારે માણસને કેવી દુર્મતિ સૂઝે છે. જો રાજાએ પહેલાં રાણીને પૂછયું હોત તો આવું બનત નહિ. રાજાને ખૂબ પશ્ચાતાપ થવા લાગ્યો કે આ મુનિ હત્યાના ઘોર પાપથી હું કેમ છૂટીશ ? એમાં પણ બીજા કોઇ નહિ ને મારા સાળા

એવા મુનિરાજની મારા હાથે હત્યા ! કેવો પાપી ! કેવો અધમ ? આ પાપ રાજાના હૈયામાં એટલું બધું ડંખ્યું કે આ પાપથી છૂટવા માટે મારે જે કરવું પડે તે કરી છૂટવાનો રાજાએ નિર્ણય કર્યો ને સીધો જ્યાં મુનિનો મૃતદેહ ખાડામાં પડયો છે, લોહીનું ખાબોચીયું ભરાયું છે ત્યાં પહોંચી ગયા. મુનિવરના મૃતદેહની પાસે જઇ રાજા પોતાનું માન મૂકી દઇ અત્યંત નમ્રભાવે મુનિરાજને ખમાવવા લાગ્યા ને પોતાના પાપને પશ્ચાતાપ કરતા ડુસ્કે ને ડુસ્કે રડવા લાગ્યા. અને અશ્રુરૂપી જળથી એ મુનિવરના ચરણ પખાળતા વારંવાર મુનિના ચરણમાં પડવા લાગ્યા. શુદ્ધભાવથી હૃદયનો પશ્ચાતાપ કરતાં દુષ્કૃત્યોની નિંદા કરતા ભવોભવના વૈરને ખમાવ્યા. આલોચના કરી. આ રીતે ભવોભવના વૈરને ખમાવવાના ભાવમાં રમતા રાજા ધ્યાનારૂઢ બન્યા અને એ ધ્યાનાવસ્થામાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. મુનિએ પણ અંતિમ સમયે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું ને પોતે કર્મોને ખપાવી મોક્ષમાં ગયા.

દેવાનુપ્રિયો ! આ દૃષ્ટાંત ઉપરથી આપણે એ વાત સમજવાની છે કે આવો ભયંકર ઉપસર્ગ આવવા છતાં મુનિએ કેવો સમભાવ રાખ્યો અને એ સમભાવના પ્રભાવે કેવળજ્ઞાન પામી ગયા અને રાજાએ ભૂલ કરી પણ સત્ય વસ્તુનું ભાન થતાં કેવો પશ્ચાતાપ ઉપડયો....તો કર્મોને તોડી નાંખ્યા. હૃદયપૂર્વકનો પશ્ચાતાપ ઉપડે તો પહાડ જેટલા કર્મોના ગંજને અણુ જેટલા બનાવી દે છે. આ માનવની તાકાત છે. આવા નિર્દોષ પંચ મહાવ્રતધારી સંતની ઘાત કરનારો જીવ દુર્ગતિમાં જાય તેના બદલે રાજાના આયુષ્યનો બંધ પડયો ન હતો એટલે કેવળજ્ઞાન પામીને મોક્ષમાં ગયા.

જમાલિ અણુગારના મનમાં અણુ જેટલી શંકા થઇ હતી. જો એનું નિરાકરણ પ્રભુ પાસે કર્યું હોત તો વાંધો ન આવત. પણ એ શંકા દૂર કરવાને બદલે અહંભાવ આવી ગયો ને પોતાની મનસુખી પ્રમાણે ઉત્સૂત્રની પ્રરૂપણા કરીને પોતે અરિહંતનો બિલ્લો ધરાવી ફરવા લાગ્યો. સર્વજ્ઞ પ્રભુની અશાતના કરવાથી ને તેમનું વચન ઉથલાવવાથી સામાન્ય પ્રશ્નનો જવાબ આપવા તે સમર્થ થયા નહિ. બે પ્રશ્નમાં એક પ્રશ્નનું સ્પષ્ટીકરણ ગઈ કાલે થઇ ગયું છે. હવે ભગવાન જમાલિ અણુગારને બીજા પ્રશ્નનો જવાબ આપતાં કહે છે કે હે જમાલિ ! જીવ દ્રવ્યની અપેક્ષા એ શાશ્વત છે. જીવદ્રવ્ય ત્રણે કાળમાં શાશ્વત રહે છે. તેનો કદી નાશ થતો નથી અને પર્યાયની અપેક્ષાએ જીવ અશાશ્વત પણ છે. કારણ કે જીવ એના કર્માનુસાર નારકીમાંથી તિર્યંચમાં જાય, તિર્યંચમાંથી મનુષ્ય અને મનુષ્યમાંથી દેવ બને છે. આ રીતે એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે. એટલે જે ગતિમાંથી દેહ છોડે છે તે દેહને આશ્રીને તેનો અંત થાય, માની લો કે કોઇનું મૃત્યુ થઇ જાય તો આપણે તેને કહીએ છીએ કે મરી ગયા. દેવલોક પામ્યા વિગેરે. આ રીતે જીવની પર્યાયો પલટાય છે તે અપેક્ષાએ અશાશ્વત છે. આ

પ્રમાણે ભગવાને જમાલિ અણગારને કહ્યું પણ જમાલિ અણગારે ભગવાનના વચન ઉપર શ્રદ્ધા પ્રતીત કે રૂચી કરી નહિ.

આ પ્રમાણે ભગવાનના વચનની શ્રદ્ધા-પ્રતીત અને રૂચી નહિ કરતા બીજી વખત પણ ભગવાન મહાવીરસ્વામી પાસેથી નીકળી ગયા. જમાલિ અણગાર ભૂલ્યા તો ખરા પણ ભૂલ્યાનું ભાન કરાવનાર તારણહાર, સર્વજ્ઞ પ્રભુ મળ્યા તો પણ પોતાની ભૂલ સુધારી નહિ. પોતાની ભૂલની માફી માંગી નહિ. જુઓ, એક અણુ જેટલી ભૂલે કેવું-કેટલું મોટું સ્વરૂપ પકડયું. હવે શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

"સેનકુમાર અને શાંતિમતિ વિશ્વપુરમાં"

ચરિત્ર :- સેનકુમારને દેવીએ પ્રસન્ન થઇને એક મણિ આપ્યો તે લઇને શાંતિમતિની સાથે વિશ્વપુર નગરમાં પાછો આવ્યો, ત્યાં બંને આનંદથી રહે છે. એ અરસામાં વિશ્વપુરના રાજા સમરકેતુ અચાનક કોઇ રોગથી ઘેરાઇ ગયા. એવી અસહ્ય પીડા થવા લાગી કે પથારીમાં આમથી તેમ આળોટવા લાગ્યા. રાજાના રોગની ચિકિત્સા માટે મોટા મોટા રાજવૈદ્યો અને મંત્રવાદીઓ વિગેરેને બોલાવ્યા. સૌએ પોતાની રીતે ખૂબ ઉપચાર કર્યા પણ રાજાનો રોગ મટયો નહિ. ત્યારે શાંતિમતિએ સેનકુમારને કહ્યું. સ્વામીનાથ! આપને દેવીએ આરોગ્યરત્ન નામનો મણિ આપ્યો છે તેનાથી રાજાનો રોગ મટે છે કે નહિ તેની અજમાશ કરી જુઓ. સેનકુમારે નવકારમંત્ર ગણી મણિને પાણીમાં નાંખીને એ પાણીથી રાજાને નવરાવ્યા એટલે રાજા સમરકેતુની બધી પીડા મટી ગઇ અને રોગ નાબૂદ થયો.

સમરકેતુ રાજાનો પ્રેમ :- સેનકુમારે મણિના પ્રભાવથી સમરકેતુ રાજાનો રોગ મટાડયો. ત્યાર પછી રાજાને મન સેનકુમાર તો જાણે પુત્ર જેવો પ્રિય થઇ પડયો. રાજાને મન જાણે એ પ્રાણદાતા હતો. એને પોતાનાથી ક્ષણવાર પણ અળગો કરતો ન હતા અને તેથી સેનકુમાર પાસે વચન માંગી લીધું હતું કે હે કુમાર! મને તું ખૂબ પ્રિય છે માટે હવે કાયમ અહીં રહેવાનું. સેનકુમાર વિષેણની ઇર્ષ્યાના કારણે કહે ભલે હું આપની પાસે રહીશ. રાજાને ખૂબ આનંદ થયો. સેનકુમાર અને શાંતિમતિ વિશ્વપુર નગરમાં રહે છે.

ચંપાનગરીના મંત્રીપુત્રનું મિલન :- એક વખત ચંપાનગરીના રાજાના પ્રધાનનો પુત્ર અમરગુરૂ વિશ્વપુરમાં આવ્યો ને સેનકુમારને મળ્યો. એટલે સેનકુમારે તેને પૂછયું-હે મંત્રીપુત્ર! મારા પૂજ્ય પિતા હરિષેણ રાજા અને ભાઇ વિષેણકુમાર કુશળ છે ને? પ્રજા સુખી છે ને? ત્યારે મંત્રીપુત્ર કહે છે હે કુમાર! તમે સુખી છો ને? પછી તમારે અમારા સુખ-દુઃખની શી ચિંતા? તમારા ગયા પછી હરિષેણ રાજાએ આપની ખૂબ તપાસ કરાવી પણ આપનો પત્તો નહિ પડવાથી વિષેણને રાજ્ય આપી દીક્ષા લીધી.

કાકાની દીક્ષા જાણી સેનકુમારને આનંદ થયો. રાજ્ય બરાબર ચાલે છે તો કહે કે વિષેણ રાજ્ય ઉપર આવી પ્રજાનો પ્રેમ જીતી શકયો નહિ અને મુકતપીઠ રાજા ચઢી આવ્યો ને રાજ્ય ગુમાવી વિષેણ જંગલમાં ચાલ્યો ગયો. આ સમાચારથી સેનકુમારનું લોહી ઉકળી ગયું કે અમે બબ્બે ભાઇ અને ચંપાનગરીનું રાજ્ય બીજો કરે ! શું પ્રજા નિરાધાર બની ગઇ. તરત સમરકેતુ રાજાને વાત કરી અને લશ્કર લઇને તૈયાર થયો.

દુશ્મન રાજાને આમંત્રણ :– સેનકુમાર ઘણું સૈન્ય લઇને ચંપાનગરીની બહાર આવી પડાવ નાંખી મુકતપીઠ રાજાને કહેવડાવ્યું કે હે રાજા ! ચંપાનગરી છોડીને ચાલ્યો જા. હું ચંપાનગરીના રાજાનો પુત્ર જીવતો બેઠો છું ત્યાં સુધી ચંપાનગરી તારા તાબામાં નહિ રહે. ત્યારે મુકતપીઠ રાજાએ કહેવડાવ્યું કે મેં મારા પરાક્રમથી ચંપાનગરી મેળવી છે અને તમારે જોઇએ તો પરાક્રમથી જીતીને મેળવી લો. એટલે સેનકુમારે યુદ્ધની તૈયારી કરી. યુદ્ધની ભેરી વાગી અને બંને વચ્ચે ખૂનખાર લડાઇ થઇ. છેવટે મુકતપીઠ રાજાને જાતે યુદ્ધમાં ઉતરવું પડયું. સેનકુમારે એક તલવારના ઘાએ તેને જમીન ઉપર પટકાવી નાંખ્યો. રાજા ભોંય પડતાની સાથે સૈન્ય ભાગ્યું ને મુકતપીઠ રાજા પકડાઇ ગયો.

સેનકુમારનો વિજય થયો. એટલે ચંપાનગરીની પ્રજા સેનકુમારને વાજતે ગાજતે નગરીમાં લાવી તેનું ખૂબ સન્માન કરી પ્રજાજનોએ આશીર્વાદનો વરસાદ વરસાવ્યો ને ઠેરઠેર સેનકુમારનો જયજયકાર બોલાવ્યો અને સેનકુમારને રાજ્યનું સુકાન સંભાળવા વિનંતી કરી. ત્યારે સેનકુમાર કહે છે વિષેણની તપાસ કરી તેને રાજ્ય આપો. તરત વિષેણની તપાસ કરાવીને સેનકુમારે રાજ્ય સંભાળવા તેને સમાચાર આપ્યા. ત્યારે તેણે ક્રોધાયમાન થઇને કહ્યું મારે સેનકુમારનું જીતેલું રાજ્ય નથી જોઇતું. મારા બાહુબળથી રાજ્ય મેળવીશ. આ રીતે વાત ચાલે છે ત્યાં ઉદ્યાનપાલકે સેનકુમારને ખબર આપ્યા કે આપણા એક વખતના મહારાજા– હરિષેણ મુનિ આચાર્ય ઉદ્યાનમાં પધાર્યા છે.

સેનકુમારની દીક્ષા : –આ સમાચાર સાંભળી રાજ્યની ઝંઝટ છોડીને સેનકુમાર આનંદ ને ઉલ્લાસભેર પોતાના પરિજનો અને પ્રજા સાથે મુનિરાજને વંદન કરવા આવ્યા. ખૂબ ભાવપૂર્વક મુનિરાજને વંદન કરી તેમની વાણી સાંભળીને સેનકુમારને વૈરાગ્ય આવ્યો. શાંતિમતિને એક પુત્ર થયો હતો તેનું નામ અમરસેન હતું. એ અમરસેનનો રાજ્યાભિષેક કરી હરિષેણ આચાર્ય પાસે સેનકુમારે અમરગુરૂ આદિ મંત્રીપુત્રની સાથે સંયમ અંગીકાર કર્યો. હવે સેનકુમાર સાધુ બની ગયા છે. હવે વિષેણના મનમાં કેવી દુષ્ટ ભાવના જાગશે ને શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે..

☆

વ્યાખ્યાન નં. ૧૧૨

કારતક સુદ ૯ ને શનિવાર તા. ૩-૧૧-૭૩

સુજ્ઞ બંધુઓ! જ્ઞાનીએ દશ પ્રકારની રૂચીમાં એક ક્રિયા રૂચી કહી છે. ક્રિયારૂચીનું સ્વરૂપ સમજાવતાં ભગવાન બોલ્યા છે.

" दंसण नाण चरित्ते, तव विणए सच्च समिइ गुत्तीसु । "

जो किरियाभाव रुई, सो खलु किरिया रुई नाम ।।

ઉત્ત. સૂ. અ. ૨૮, ગાથા ૨૫

દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, સત્ય, સમિતિ અને ગુપ્તિ આદિની સહાયતાથી જીવનને શુદ્ધ બનાવી ધર્મારાધના કરવાની ભાવના રાખવી તેનું નામ ક્રિયારૂચી કહેવાય છે.

ક્રિયા એટલે કર્મમાં રૂચી રાખવી. કર્મ બે પ્રકારના છે. એક સત્કર્મ અને બીજું દુષ્કર્મ. અહીંયા સત્કર્મ કરવાની વાત બતાવી છે. આપણા જીવનનું પ્રત્યેક કાર્ય સમ્યક્ જ્ઞાનપૂર્વક થાય તો મનુષ્યજીવન પવિત્ર બની શકે છે અને સમજણપૂર્વક ક્રિયા કરવાથી આત્મા મોક્ષ તરફ ગમન કરી શકે છે. પણ સમજણ વિના ગમે તેટલી ક્રિયા કરવામાં આવે તો તેનાથી પુણ્ય બંધાય છે પણ મોક્ષ મળતો નથી. જ્ઞાન ગમે તેટલું હોય પણ જ્ઞાન અનુસાર ક્રિયા ન થાય ત્યાં સુધી સંસાર કટ થતો નથી. જ્ઞાન એ માર્ગદર્શક છે ને ક્રિયાઓ માર્ગે ગમન કરવારૂપ છે. સાચા માર્ગનો જાણકાર સાચા માર્ગે જઈ શકે છે. પણ માર્ગ જાણતો નહિ હોય તો આડોઅવળો ભટકાશે પણ ધારેલા સ્થાને નહિ પહોંચી શકે.

જેમ કોઇ માણસ દોડતો દોડતો હાંફળો હાંફળો જઈ રહ્યો હતો ત્યારે એક ડાહ્યા પુરૂષે તેને પૂછયું ભાઈ! તું આટલી વ્યગ્રતાપૂર્વક કયાં જઈ રહ્યો છે? એવું શું કામ છે કે શ્વાસભેર દોડે છે? ત્યારે દોડતો માણસ ઉભો રહ્યો ને સૂર્ય તરફ દૃષ્ટિ કરી તો એને લાગ્યું કે હું અવળી દિશા તરફ દોટ લગાવી રહ્યો છું. ત્યારે પેલા માણસને કહે છે ભાઈ! તમે મને અહીં ઉભો રાખ્યો તે સારૂં થયું. તમારો ઉપકાર માનું છું. કારણ કે મારે જવું હતું પૂર્વ દિશા તરફ અને દોડી રહ્યો છું પશ્ચિમ દિશા તરફ. તમે રોકયો ન હોત તો હું દોડયે જ રાખત. દોડી દોડીને થાકી જાત તો પણ મારા ધારેલા સ્થાને પહોંચી શકત નહિ. તેમ જીવ અનાદિકાળથી ગતિ કરે છે પણ તેણે દિશા અવળી પકડી છે. વચમાં સદ્‌ગુરૂ રૂપી સજ્જનો તમને અટકાવે છે કે હે ભવ્ય જીવો! તમે ખોટી દોડાદોડ ન કરો. જો તમારે ઇચ્છિત સ્થળે પહોંચવું હોય તો જીવનની દિશા બદલો. વીતરાગના વચનને અનુસરો તો ઇચ્છિત સ્થાને પહોંચી શકશો. સંસાર કાપવા માટે જ્ઞાનપૂર્વક ક્રિયા કરો. જ્ઞાનસારમાં કહ્યું છે કેઃ-

" क्रिया विरहितं हुन्त, ज्ञान मात्र मनर्थकम् । "

વ્રતનિયમ-ત્યાગ, પ્રત્યાખ્યાન આદિ ક્રિયાઓ વિનાનું જ્ઞાન નિરર્થક છે. મનુષ્ય

જીવનમાં આચરણનું ખૂબ મહત્ત્વ છે. જેનું ચારિત્ર ઉચ્ચ કોટીનું છે તેવો માનવ મહા-માનવ બની શકે છે પણ જ્ઞાન ગમે તેટલું હોવા છતાં તે પ્રમાણે આચરણ ન હોય તો તેનું મૂલ્ય નથી. માટે જ્ઞાન અને ક્રિયા બંનેની જરૂર છે.

આજે મનુષ્ય આત્મિકજ્ઞાન પ્રાપ્ત કરવામાં ખૂબ પછાત છે. થોડું વાંચ્યું અગર જોઈ લીધું ને યાદ ન રહે તો માણસ નિરાશ બની જાય છે, પણ સંસારના કાર્યમાં નિરાશ બનતો નથી. વહેપારમાં એક વાર ખોટ જાય, બે વાર ખોટ જાય, તો પણ નિરાશ થતો નથી. આશામાં ને આશામાં વહેપાર કરે છે. આ રીતે દરેક કાર્યમાં આશાથી આગળ વધે છે પણ જ્ઞાનપ્રાપ્તિમાં થોડી ઉંમર થઈ ને સંસારના કર્તવ્યનો ભાર પોતાના માથે પડયો એટલે માને છે કે જ્ઞાન પ્રાપ્ત કરવાની ઉંમર વીતી ગઈ પણ આ મનુષ્યની ભૂલ છે. જ્ઞાન પ્રાપ્ત કરવામાં કાળ અને ઉંમરનો કોઇ પ્રતિબંધ નથી. અહીં તો જાગ્યા ત્યારથી સવાર સમજીને પુરૂષાર્થ કરો. તમને જેટલો સમય મળે તેટલામાં સાવધાન બનીને થોડું થોડું જ્ઞાન પણ પ્રાપ્ત કરતા રહો. જેમ ધનવાન બનવાને માટે એક એક કણનો સંગ્રહ કરો છો તેમ જ્ઞાની બનવા માટે પણ એકેક ક્ષણનો સદુપયોગ કરો.

આ પ્રમાણે જ્ઞાનીઓ વારંવાર શા માટે કહે છે? તેનું કારણ એ છે કે સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત કરવાથી મનુષ્ય મુકિત રૂપ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. આ સિદ્ધિ એક જન્મના પુરૂષાર્થથી નહિ પણ ભવોભવ સતત પુરૂષાર્થ કરતા રહેવાથી પ્રાપ્ત થાય છે. માટે માની લો કે તમે જ્ઞાન મેળવવા પુરૂષાર્થ કરો પણ જિંદગીભર પુરૂષાર્થ ચાલુ રાખવા છતાં પણ જો જ્ઞાન ન ચઢે તો પણ નિરાશ ન બનશો.

વાદિદેવસુરી નામના એક વિદ્વાન આચાર્ય થઈ ગયા. ખૂબ જ્ઞાની હતા. તેમની પાસે એક વૃદ્ધ માણસે દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી તે ઉંમરલાયક શિષ્યને વાદિદેવસુરિએ જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી. એટલે આ વૃદ્ધ સંતે ગુરૂની આજ્ઞા શિરોમાન્ય કરીને જ્ઞાનાભ્યાસ કરવાની શરૂઆત કરી અને પોતે એકાંતમાં બેસીને જ્ઞાન ભણવા લાગ્યા. આ રીતે તેમને ગોખતા જોઈને સ્થાનકની બાજુમાં રહેલો પાડોશી વિચાર કરવા લાગ્યો કે આવો વૃદ્ધ ડોસો શું ભણી શકવાનો છે? તે ગોખ ગોખ કરે છે એમ કહી તેની હાંસી કરવા લાગ્યો. એક દિવસ જ્યાં આ વૃદ્ધ સંત અભ્યાસ કરી રહ્યા હતા ત્યાં આવીને બાડો બોદીને એક સાંબેલું છોડની જેમ રોપી દીધું ને દરરોજ તેને પાણીથી સિંચન કરવા લાગ્યો. પેલા સંતને આ જોઇ ખૂબ આશ્ચર્ય થયું. એટલે એક દિવસ તેને પૂછયું–ભાઇ! આ પ્રમાણે દરરોજ સાંબેલાને સીંચન કરવાથી શું લાભ થવાનો છે? ત્યારે તે માણસે કહ્યું કે રોજ રોજ સિંચન કરવાથી આ સાંબેલું કોઈ વાર નવપલ્લવિત થશે ને તેને ફળફૂલ આવશે એ આશાથી તેને સિંચન કરૂં છું. ત્યારે સંત આશ્ચર્યચકિત થઇને બોલ્યા–ભાઇ! આ સૂકા લાકડાના સાંબેલાને તું વર્ષો સુધી પાણી પાય તેથી શું એ લીલું થવાનું છે? કદી નહિ.

ત્યારે પેલા માણસે કહ્યું–તમે આટલા ઘડપણમાં પણ જો જ્ઞાન પ્રાપ્ત કરી શકો છો તો આ સાંભેલામાં ફળફૂલ કેમ ન આવી શકે ? આ સાંભળીને જ્ઞાનપ્રાપ્તિના વિષયમાં શંકા થઇ અને નિરાશા પણ થઇ અને પોતાના ગુરૂની પાસે જઇને કહ્યું–ગુરૂદેવ ! હું ગમે તેટલો પ્રયત્ન કરૂં તો પણ આ ઘડપણમાં મને શું જ્ઞાન પ્રાપ્ત થઇ શકે ? એમ કહીને નિરાશા વ્યકત કરી અને પેલા માણસે કરેલી વાત કહી. ત્યારે ગુરૂજીએ દૃઢતાપૂર્વક કહ્યું આ તે કેવી વાત કરો છો ? એ સાંભેલું તો જડ છે અને તમે ચૈતન્ય છો. તમારી અને સાંભેલાની તુલના કેવી રીતે થઈ શકે ? અને તમે કહો છો કે વૃદ્ધાવસ્થામાં કેવી રીતે જ્ઞાનપ્રાપ્તિ થઇ શકે ! તો હું કહું છું કે તમારૂં શરીર વૃદ્ધ છે પણ તમારો આત્મા કંઇ વૃદ્ધ નથી થયો. આત્મામાં અનંતજ્ઞાન ભરેલું છે એટલે નિરાશ થવાની જરૂર નથી. અત્યારે તમે જેટલું જ્ઞાન પ્રાપ્ત કરશો તેટલું તમારા આત્માનો સાથી બનીને તમારી સાથે આવશે અને એ સદા તમારી સાથે રહેશે. ગુરૂની વાત સાંભળી એ વૃદ્ધ શિષ્યની આંખ ખુલી ગઈ અને તેમણે ત્યારથી નિરાશા, પ્રમાદ છોડીને જ્ઞાન ભણવામાં ચિત્ત જોડી દીધું. એવો પુરુષાર્થ કર્યો કે અમુક સમયમાં એ એક મહાન વિદ્વાન અને દાર્શનિક બની ગયા.

ટૂંકમાં કહેવાનો આશય એ છે કે માણસની ઉંમર ગમે તેટલી વધી જાય એથી કંઈ જ્ઞાનપ્રાપ્તિમાં બાધ આવતો નથી માટે જીવનના અંત સુધી જ્ઞાન પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો જોઇએ. કારણ કે જ્ઞાન એ જીવન છે. જ્ઞાન વિનાનું જીવન પશુ જેવું છે. પશુ જેવું જીવન જીવવાથી શું લાભ ? દર્શન-જ્ઞાન-ચારિત્ર, તપ અને સત્ય આ બધા ક્રિયારૂચીમાં સહાયક બને છે. સત્યનો નંબર પણ એમાં આવે છે. સત્યની પણ જીવનમાં ખાસ જરૂર છે. સત્ય વિનાનું જીવન એ જીવન નથી, કેમકે સત્યનો મહિમા અપાર છે. સત્ય એ માનવજીવનનું મહત્ત્વપૂર્ણ અંગ છે. પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં કહ્યું છે કે–

" जंलोगम्मि सारभूतं गंभीरतरं महासमुद्दाओ, थिरतरगं, मेरुपव्ववाओ सोमतरगं चंदमंडलाओ दित्ततरं सूरमंडलाओ, विमलतरं, सरयनहमलाओ सुरभितरंगन्धमादणाओ। "

સત્ય લોકમાં સારભૂત છે. તે સમુદ્રથી પણ અધિક ગંભીર છે. મેરૂ પર્વતથી પણ અધિક સ્થિર છે. ચંદ્રમંડળથી પણ અધિક સૌમ્ય અને સૂર્યમંડલથી પણ અધિક દેદિપ્યમાન છે. શરદ્‌કાળના આકાશથી પણ અધિક નિર્મળ છે અને ગંધમાદન પર્વતથી પણ અધિક સુગંધયુકત છે. આ રીતે સત્ય પણ ધર્મનું મહાન અંગ છે. જીવનમાં સત્યની ડગલે ને પગલે જરૂર પડે છે. પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિ એ આઠ પ્રવચનમાતા છે. એ અષ્ટ પ્રવચન માતાને ખોળે જે પોતાનું જીવન અર્પણ કરી દે છે તે સાધક આત્માનું કલ્યાણ કરી મોક્ષમાર્ગે પ્રયાણ કરે છે.

દેવાનુપ્રિયો ! તમે સંયમી બનવાનો પુરૂષાર્થ કરો. સંયમી ન બની શકો તો સાચા શ્રાવક બનો અને શ્રાવક ન બની શકો તો એટલો તો અવશ્ય નિર્ણય કરો કે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા વિના મરવું નથી તેનો અવશ્ય નિર્ણય કરો. કારણ કે અનાદિકાળથી જીવ મિથ્યાત્વથી મલીન બનેલો છે. આજે તમે કાળા નાણાંને ઉજળા બનાવવાનો પ્રયાસ કરો છો પણ આત્મા અનાદિકાળથી મિથ્યાત્વના રંગથી કાળો બની ગયો છે તેને ઉજળો બનાવવાનું કદી મન થાય છે ? સમ્યક્ત્વ આવે તો આપણું જીવન સફેદ બને. સમ્યક્ત્વ આવે એટલે આત્મામાં રહેલો મિથ્યાત્વ રૂપી ગાઢ અંધકાર દૂર થાય છે ને આત્માની રોનક બદલાઇ જાય છે.

જમાલિ અણગારને પહેલા પ્રભુના વચનમાં અતૂટ શ્રદ્ધા હતી. પણ હવે એના મન રૂપી ટાયરમાંથી શ્રદ્ધા રૂપી હવા નીકળી ગઇ તેથી પ્રભુના વચનની શ્રદ્ધા બદલાણી. બીજી વખત પણ ભગવાન પાસેથી નીકળી ગયા ને ખૂબ અશુભ અધ્યવસાયથી, વિપરીત અર્થ પ્રગટ કરવાથી, અભિનિવેશિક મિથ્યાત્વના ઉદયથી પોતાના આત્માને, બીજાના આત્માને અને ઉભયના આત્માને ભ્રાન્ત કરતાં અને મિથ્યા જ્ઞાનવાળા કરતાં ઘણાં વર્ષો સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કર્યું. ત્યાર બાદ જ્યારે તેનો અન્તકાળ નજીક આવ્યો ત્યારે તેણે અર્ધા માસનો સંથારો ધારણ કર્યો અને સંથારા દ્વારા તેણે પોતાનું શરીર કૃશ કરી નાંખ્યું. શરીરને કૃશ કરી નાંખીને તેણે અનશન દ્વારા ત્રીસ ભક્તોનું (ત્રીસ ટંકના ભોજનનું) છેદન કરી નાંખ્યું. ત્રીસ ભક્તોનો પરિત્યાગ કરવા છતાં પણ પોતાના પૂર્વ પાપસ્થાનોની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના કાળનો અવસર આવતાં કાળધર્મ પામીને લાંતક દેવલોકમાં તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્વિષિ દેવપણે ઉત્પન્ન થયા.

દેવાનુપ્રિયો ! જુઓ, એક વચનની શ્રદ્ધા ફરતાં જમાલિ કયાં પટકાઇ ગયા ! ભગવાનના વચનનું ઉત્થાપન તો કર્યું પણ છેલ્લે પાપની આલોચના ન કરી. જો આલોચના કરી હોત તો કિલ્વિષિમાં જાત નહિ. ગૌતમસ્વામીને ખબર પડી કે જમાલિ અણગારે કાળ કર્યો. હવે તે ભગવાનને પૂછશે ને ત્યાં શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :—સેનકુમારે પોતાના પુત્રને ગાદી ઉપર સ્થાપન કરી હરિષેણસૂરિ પાસે સંયમ અંગીકાર કર્યો. શાસ્ત્રનું જ્ઞાન ખૂબ મેળવ્યું અને કર્મની ભેખડો તોડવા માટે ઉગ્ર તપ કરી રહ્યા છે. આ રીતે ઘણો સમય પસાર થયા પછી સેનકુમારે ગુરૂની પાસે એકલા વિચરવાની આજ્ઞા માંગી. પોતાના શિષ્યના વિનયાદિ ગુણો અને યોગ્યતા જોઇને ગુરૂએ તેમને એકલા વિચરવાની આજ્ઞા આપી.

વિષેણની વિષમતા :—ગુરૂની આજ્ઞા લઇ સેનમુનિ ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા કોલાક નામના સંનિવેશમાં પધાર્યા ને ત્યાંના ઉદ્યાનમાં એક વૃક્ષ નીચે ધ્યાનમાં

બેઠાં હતા. આ તરફ સેનકુમારે તેને રાજ્ય આપવા માટે બોલાવ્યો પણ આવ્યો નહિ ને જંગલમાં આમતેમ રોઝની માફક રખડતો હતો ને કોઇ ગામમાં જાય તો કોઇની સાથે તેને બનતું નહિ. સૌ એનો તિરસ્કાર કરીને કાઢી મૂકતા. એવા દુષ્ટ સ્વભાવનો વિષેણ પણ ફરતો ફરતો આ સંનિવેશમાં આવ્યો ને મુનિને વૃક્ષ નીચે ધ્યાનમાં બેઠેલા જોયા. મુનિને જોતાં ઓળખી ગયા કે આ તો મારો પાકો શત્રુ સેનકુમાર છે. આણે જ્યાં ને ત્યાં મારૂં અહિત કર્યું છે.

એક તો મીઠું મીઠું બોલીને મારા પિતાનું મન એણે જીતી લીધું ને મારો પ્રેમ તોડાવ્યો. બીજું સૌંદર્યવાન અને કૂલ જેવી કોમળ શાંતિમતિની સાથે મારા લગ્ન થવા ન દીધા અને એ પરણી ગયો. ત્રીજી વાત, જ્યારે હાથી ગાંડો થયો ત્યારે હાથીને કોઇએ વશ ન કર્યો તે એણે વશ કર્યો ને મને હલકો પાડયો. એથી ન પત્યું તો તે રાજ્ય છોડીને ચાલ્યો ગયો અને લોકોમાં મારી એવી છાપ પાડી કે વિષેણની ઈર્ષ્યાના કારણે તે ચાલ્યો ગયો ને પ્રજામાં મને હલકો પાડી મારૂં અપમાન કરાવ્યું અને પાછું રાજ્ય જીતી દુનિયામાં સારો થવા માટે મને કહેવડાવ્યું કે તું રાજ્ય લેવા આવ. મારે એનું રાજ્ય જોઇતું નથી. વળી એના પુત્રને ગાદીએ બેસાડી દુનિયામાં પોતાને પૂજનીક મનાવવા હવે ત્યાગી થઇને નીકળી ગયો.

આવો દુષ્ટ આ સાધુ છે. બસ, આજે તો એને પૂરો કરી નાંખું એમ વિચારી એ ઉદ્યાનમાં અંધારી રાત્રે હાથમાં તીક્ષ્ણ ધારવાળી ચમકતી તલવાર લઇને છૂપાતો છૂપાતો મુનિ પાસે આવ્યો. મુનિ તો ધ્યાનમાં મગ્ન હતા. બહાર કોણ આવ્યા ને શું બન્યું ! એ બહારની દુનિયાની તેમને ખબર ન હતી. મધ્યરાત્રીનો સમય હતો એટલે ચારે તરફ શૂન્ય ને શાંત વાતાવરણ હતું. આ સમયે હૃદયમાં ભયંકર ક્રોધ લાવી હાથમાં તલવાર લઇને તે સેનમુનિ પાસે આવીને બોલ્યો કે હે દુરાચારી ! હવે તારો અંતકાળ નજીક આવ્યો છે. તારે જે કરવું હોય તે કરી લે અને જેના શરણની ઇચ્છા હોય તેનું શરણું લઇ લે. આ મારી તીક્ષ્ણ તલવાર તારા પ્રાણ લેશે ને તને ભોંયભેગો કરશે. ધ્યાનાવસ્થામાં રહેલા મુનિએ તેના શબ્દો સાંભળ્યા ન હતા અને કદાચ સાંભળ્યા હોય તો પણ મુનિ મરણથી ડરે નહિ.

દુષ્ટ વિષેણકુમારે તલવાર ઉગામી ત્યાં એ ઉદ્યાનની રક્ષિકા ક્ષેત્રદેવી પ્રગટ થઇને બોલી–હે દુષ્ટ ! હે પાપી ! તું આવા નિર્દોષ મુનિની ઘાત કરવા તૈયાર થયો છે, ધિક્કાર છે તને ! અહીંથી ચાલ્યો જા; નહિતર તારા દુષ્કર્મો તને હણશે. તારી દયા કરીને તને છોડી દઉં છું. ક્ષેત્રદેવીના વચન સાંભળી વિષેણ ક્ષણવાર તો સ્થંભી ગયો. પણ અંદર રહેલા ક્રોધના આવેશે તેને મુનિને મારવાની ફરીને પ્રેરણા આપી. એટલે પાછો તલવાર લઇને ધસી આવ્યો એટલે દેવીએ તેને જોરથી એક તમાચો માર્યો. વિષેણ

લોહીનું વમન કરતો ધરતી ઉપર પડી ગયો. એટલે દેવીએ તેને ઉંચકી ત્યાંથી દૂર ફેંકી દીધો ને દેવી અદૃશ્ય થઈ ગઈ. થોડીવારે ત્યાં ભીલોનું એક ટોળું આવ્યું ને તેને ઉપાડીને લઈ ગયા. તે ભીલોના હાથે ઘણી કદર્થના પામતો વિષેણ અટવીમાં અનાથ રીતે મરણ પામીને બાવીસ સાગરોપમની સ્થિતિએ છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થયો ને નરકની કારમી વેદના ભોગવવા લાગ્યો.

આ તરફ સેન મુનિએ યથાર્થ રીતે મુનિધર્મનું પાલન કરી અમૃત જેવા સમતારસનું પાન કરી સર્વ જીવોને ખમાવી આલોચના કરીને સંથારો કર્યો અને શુદ્ધ ધ્યાનમાં મગ્ન બની કાળને અવસરે કાળ કરી નશ્વર દેહનો ત્યાગ કરીને નવમી ગ્રેવેયકમાં ત્રીસ સાગરોપમના આયુષ્યવાળા મહર્ધિક દેવ બન્યા અને તે દેવલોકના મહાન સુખો ભોગવવા લાગ્યા. હવે ત્યાંથી ચ્યવીને આઠમા ભવમાં ક્યાં ઉત્પન્ન થશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૧૧૩

કારતક સુદ ૧૦ ને રવિવાર **તા. ૪-૧૧-૭૩**

સુજ્ઞ બંધુઓ! અનંતજ્ઞાની ભગવંત બોલ્યા છે કે તપ દ્વારા આત્મા ઉપર રહેલો કર્મનો કચરો સાફ કરી શકાય છે અને સંયમ દ્વારા નવા આવતા કર્મરૂપી કચરાને અટકાવી શકાય છે. ઘર અને દુકાન બધું તમને સ્વચ્છ ગમે છે ને? ઓફીસમાંથી ઘરે આવો ત્યારે ઘરમાં સાફસૂફ કરેલું ન હોય ને ચારે તરફ કચરો પડેલો હોય તો તમને ઘરમાં બેસવું ગમે? ત્યાં બેસવું તમને ગમતું નથી. ઘર-દુકાન કે ઓફીસમાં કચરો ભરાય તો તમે તેને વાળીને ફેંકી દો છો તેમ અનાદિકાળથી આત્મારૂપી ઘરમાં કર્મરૂપી કચરાના મોટા ઢગ જામી ગયા છે. તેને વાળીને બહાર ફેંકી દેવાનું મન થાય છે? કર્મરૂપી કચરાને કાઢવા સંયમ રૂપી સાવરણી જોઈશે. જેમ કચરાવાળા ઘરમાં તમને રહેવું ગમતું નથી તેમ કર્મરૂપી કચરાવાળા આત્માના ઘરમાં રહેવું કેમ ગમે? માટે સમ્યગ્જ્ઞાન રૂપી લાઇટ કરીને સંયમ રૂપી સાવરણી હાથમાં લઇને આશ્રવરૂપી બારણા બંધ કરીને આત્મઘર સાફ કરવા માંડશો તો સાફ થઇ જશે. પેલો બાહ્ય કચરો તો સાવરણી લઇને વાળશો તો સાફ થઇ જશે પણ આત્મા ઉપર કર્મનો કચરો લાગ્યો છે તે સામાન્ય મહેનતે સાફ નહિ થાય.

તમને કચરો ગમતો નથી, બંધન ગમતું નથી. આત્માનો સ્વભાવ મુક્તવિહારી છે. જેમ પક્ષીઓ જંગલમાં સ્વેચ્છાથી ઉડે છે. એનો સ્વભાવ મુક્તવિહારી છે. એમને પાંજરામાં ગમતું નથી. પોપટને પકડીને કોઇ સોનાના પિંજરમાં પૂરે, રોજ એને દ્રાક્ષની કળીઓ ખવડાવે ને સોનાના રત્નજડિત કટોરામાં કઢેલા દૂધ પીવડાવે તો પણ

એને મન પાંજરું બંધનરૂપ છે. એને એમ થાય છે કે ક્યારે લાગ મળે ને ક્યારે ઉડી જાઉં!

એક શેઠને ઘેર પોપટને પાંજરામાં પૂરેલો ને સંત એમના ઘેર ગૌચરી પધાર્યા. પોપટ સંતને જોઇને નાચી ઉઠયો ને સંતને પૂછયું– ગુરૂદેવ! બંધનસે મુક્તિ કૈસે મિલતી હૈ? સંત બે વખત ગૌચરી ગયા ત્યારે પૂછેલું પણ શિષ્ય ગુરૂને પૂછવું ભૂલી જતા. છેવટે ગુરૂને પૂછતાં ગુરૂ બેભાન થઇને પડી ગયા. ફરીને સંત શેઠને ત્યાં ગૌચરી ગયા ને પોપટે પૂછયું ત્યારે સંતે કહ્યું– તારા પ્રશ્નનો જવાબ પૂછતાં મારા ગુરૂ તો બેભાન બનીને લાકડાની જેમ પૃથ્વી ઉપર પડી ગયા. પોપટ કહે બસ....બસ....ગુરૂએ મને મૂંગી સમસ્યામાં બંધનથી મુક્ત થવાનો ઉપાય બતાવી દીધો અને પોપટ પણ સંતની જેમ નિશ્ચેતન બનીને પાંજરામાંથી મુક્ત બન્યો. (આ દૃષ્ટાંત પૂ. મહાસતીજીએ ખૂબ વિસ્તારપૂર્વક કહ્યું હતું).

દેવાનુપ્રિયો! આ તિર્યંચ પોપટને પાંજરૂ છોડવાનું મન થયું પણ તમને આ સંસારનું પાંજરું છોડવાનું મન થાય છે? સંત ગૌચરી ગયા ને પોપટે પૂછયું કે બંધનથી મુક્તિ કેવી રીતે મળે? પણ મારા આ ચતુર પોપટ કદી સંતોને પૂછે છે? એને નવકારમંત્ર આવડતા હતા અને તમારા આંગણામાં રમતા પુત્રરૂપી પોપટોને કંઇકને નવકારમંત્ર આવડતા નહિ હોય. જ્યાં સુધી જીવ મુક્તદશાને પામ્યો નથી ત્યાં સુધી એ ચતુર્ગતિ રૂપ પાંજરામાં બેઠેલો છે. જેવા કર્મ કરે તેવું પાંજરૂં તેના માટે તૈયાર છે. અહીં કોઇ પણ માણસ સરકારનો ગુન્હો કરે તો તેને સજા ભોગવવા જેલમાં જવું પડે છે. એ જેલમાં પણ કલાસ હોય છે. જેવો ગુન્હો તેવી જેલ ને તેવી સજા. થર્ડ કલાસના જેલીને કાળી મજુરી કરવી પડે છે. સેકંડ કલાસના જેલીને સામાન્ય કામ કરવું પડે છે ને ફર્સ્ટ કલાસના જેલીને તો નામની જેલ હોય છે. તેમ આપણા આત્માને એના કર્મ પ્રમાણે નરક તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ રૂપી જેલમાં જવું પડે છે. નિગોદમાં જીવને દુઃખ સહન કરવું પડે છે. પણ નિગોદના જીવો અસંજ્ઞી છે એટલે દુઃખ વેઠવા છતાં એને એનું ભાન નથી હોતું. જ્યારે નારકીઓ પચેન્દ્રિય છે. પહેલી નરકે સંજ્ઞી અને અસંજ્ઞી જીવો હોય છે. એને મારકૂટનો ભયંકર ત્રાસ વેઠવો પડે છે. એ સંજ્ઞી છે એટલે એને એનું ભાન છે છતાં સમકિતી જીવો ખૂબ સમતાભાવ રાખે છે.

સમ્યગ્દર્શનનો પ્રભાવ અજબ છે. શ્રેણીક રાજા પહેલી નરકે બેઠા છે, પરમાધામીઓનો માર સહન કરે છે ત્યારે શું વિચારે છે હે જીવ! તેં તો કંઇક જીવોના દેહ અને કાયા જુદા કર્યા છે જ્યારે અહીં તો તને ગમે તેટલો માર મારે છે, છતાં તારા જીવ અને કાયા જુદા તો નથી કરતા ને? આ રીતે દુઃખમાંથી સુખ શોધે છે. સુખમાં સૌ સુખ શોધે પણ દુઃખમાંથી સુખ શોધે તેનું નામ સાચો માનવ છે. લક્ષ્મી આવે કે જાય તેનો તેને હરખ કે શોક થતો નથી. કોઇ માણસ પાસે સવા રૂપિયાની મુડી હતી ને

પુણ્યોદય જાગતાં સવા રૂપિયામાંથી સવા ક્રોડ રૂપિયા કમાઇ ગયો ને પાછો પાપનો ઉદય થતાં સવા ક્રોડના સવા લાખ થઇ જાય તો અજ્ઞાનીને હાય હાય થાય છે. પણ સમકિતીને નથી થતી. એને તો સવા રૂપિયો રહે ત્યાંસુધી આનંદ હોય છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરો તો બંધનમાંથી મુકિત મળે.

જ્ઞાની કહે છે હે સાધક! તારે મુકિતમંઝીલે પહોંચવું છે તો સજાગ બન. જો સજાગ નહિ રહે તો પ્રમાદરૂપી લૂંટારા તાકીને બેઠા છે તેઓ તારા આત્મિક ગુણરૂપી ધનને લૂંટી લેશે, માટે જ્યાં સુધી મુકિતમંઝીલે ન પહોંચાય ત્યાં સુધી ખૂબ સાવધાની રાખો. જેટલા સાવધાન રહેશો તેટલું આત્મિક-ધન સુરક્ષિત રહેશે. અનંતકાળથી આપણો આત્મા જે ભવસાગરમાં ગોથા ખાઇ રહ્યો છે તેને પાર કરીને સામે કિનારે પહોંચવું છે તો તેને માટે તરવાનો પુરૂષાર્થ કરવો પડશે. સાચા સદ્‌ગુરૂઓ તરવાનો માર્ગ બતાવે છે.

એક શિષ્યે એના ગુરૂને કહ્યું-ગુરૂદેવ! મને સાધના કરતાં કરતાં આટલો સમય વીતી ગયો તો પણ હજુ મારી મુકિત કેમ નથી થતી? તો કૃપા કરીને મને મુકિતનો ઉપાય બતાવો. આ સમયે ગુરૂ મૌન રહ્યા કંઇ બોલ્યા નહિ. એક વખત ગુરૂ અને શિષ્ય બંને નદીએ સ્નાન કરવા માટે ગયા. બંને સ્નાન કરવા નદીમાં પડયા. શિષ્યે પાણીમાં ડૂબકી મારી એટલે ગુરૂએ એનું ગળું પકડીને પાણીમાં ખૂબ ઉંચો નીચો કર્યો. શિષ્ય ખૂબ મૂંઝાઇ ગયો એટલે ગુરૂએ તેને છોડી દીધો. બંને સ્નાન કરીને બહાર નીકળ્યા એટલે શિષ્યે પૂછયું- ગુરૂદેવ! આપ તો કરૂણાના સાગર છો! આજે આપે પાણીમાં મારૂં ગળું દબાવી મને કેમ ગૂંગળાવી નાખ્યો? ત્યારે ગુરૂ પૂછે છે કે શિષ્ય! તે વખતે તારા મનમાં કેવા ભાવ આવ્યા હતા? ત્યારે શિષ્ય કહે છે ગુરૂદેવ! મારા મનમાં એવા ભાવ આવી ગયા કે હવે મને જલ્દી છોડી દે તો સારૂં (આ સંન્યાસી ગુરૂ હતા).

ગુરૂ હસીને કહે છે હે શિષ્ય! તને પાણીમાં જેટલી મૂંઝવણ થઇ ને જેટલી પાણીમાંથી બહાર નીકળવાની આતુરતા જાગી એટલી ને એવી આતુરતા ને મૂંઝવણ ભવસાગરથી તરીને બહાર નીકળવાની થશે ત્યારે તને મુકિત મળશે. આ સાંભળી શિષ્યની આંખ ખુલી ગઇ ને ખૂબ શ્રદ્ધાપૂર્વક પ્રેમથી ગુરૂના ચરણમાં નમી પડયો ને બોલ્યો-ગુરૂદેવ! આપે મને મુકિત મેળવવાનો સુંદર ઉપાય બતાવ્યો.

સંત એ સ્ટીમર જેવા છે. સ્ટીમર લોખંડની બને છે. એ લોખંડનો ટુકડો પાણીમાં મૂકો તો ડૂબી જાય છે પણ સેંકડો ટનની સ્ટીમર પાણીમાં તરે છે તેનું શું કારણ? એ સ્ટીમરના ઘડવૈયાઓ ઘણના ઘા કરીને તેમજ બીજા સાધનો દ્વારા એ લોખંડમાં અવકાશ ઉભો કરે છે એટલે એ અવકાશને કારણે સ્ટીમર તરે છે. સમુદ્રમાં તરવા માટે જેમ ધાતુ ઘડતર માંગે છે તેમ જીવન ઘડતર માંગે છે. સંતો માનવજીવનનું ઘડતર કરે છે. સ્ટીમરનું ઘડતર થાય છે ત્યારે તેને ઘણના ઘા સહેવા પડે છે તેમ સત્સંગમાં

જઇને વીતરાગ વાણીના ચાબખા સહન કરી તેમજ કર્માનુસાર આવેલા સુખ અને દુઃખ સમતાભાવે સહન કરવા રૂપ ઘણુના ઘા સહન કરીને જે મનુષ્ય પોતાના જીવનમાં નિઃસ્વાર્થતા પ્રાપ્ત કરે છે તે મનુષ્ય સંસારસમુદ્રને તરી જાય છે. લોખંડની સ્ટીમર જેમ પોતે તરે છે ને બીજાને તારે છે. તેમ ઘડતર પામેલા સંતરૂપી સ્ટીમરો પોતે તરે છે ને બીજાને તારે છે. માનવ પોતાના જીવનનું ઘડતર કરે તો ક્ષુદ્રમાંથી મહાન બની જાય છે. માટે ખૂબ સાવધાની રાખી માનવજીવનની સોનેરી પળોને સફળ બનાવો. સહેજ પણ ભૂલ્યા તો ડૂબ્યા સમજી લેજો.

જમાલિ અણગારના જીવનનું ઘડતર કરનારા પ્રભુ હતા. કેવું સુંદર ચારિત્ર હતું ! ફક્ત એક બોલની અશ્રદ્ધા કરી તો પાટીયું નીચું ઉતરી ગયું. સમ્યક્ત્વ વમી ગયા. સમ્યક્ત્વની લહેજત ઓર છે. સમ્યગદૃષ્ટિ આત્મા પોતે સંયમ ન લઇ શકે પણ કોઇને લેતા જોઇને તેમનું હૈયું નાચી ઉઠે. શ્રેણીક રાજા કૃષ્ણવાસુદેવ અવિરતી સમ્યગદૃષ્ટિ હતા. જે જીવો સંયમ લેવા તત્પર બનતા તેમને કેટલો સહારો આપતા હતા ! બધા જીવો કેમ પ્રભુના શરણે જાય ને કેમ કલ્યાણ કરે એવી તેમની ભવ્ય ભાવના હતી.

सविजीव करूं शासनरसी ! આવી ભાવનાથી જીવ તીર્થંકર ભગવંત બને છે ને આખા દેશનું કલ્યાણ કરવાની ભાવનાથી આત્મા ગણધર ભગવંત બને છે. તીર્થંકર ભગવંત અવશ્ય રાજકુળમાં જન્મે છે અને તે જન્મથી મહાન વૈરાગી હોય છે. જ્યારે ગણધર ભગવંતનો આત્મા બ્રાહ્મણ કુળમાં જન્મે છે. સંસારના રંગરાગમાં રંગાવા છતાં કોઇ પણ નિમિત્ત પામીને જાગૃત બને છે અને સંસાર ત્યાગ કરી તીર્થંકર ભગવંતના શરણે આવી તે ભવમાં મોક્ષે જાય છે. કૃષ્ણવાસુદેવ અને શ્રેણીક રાજાની આવી ઉત્કૃષ્ટ ને પવિત્ર ભાવના હતી. એ બંને આત્માઓ આવતી ચોવીસીમાં તીર્થંકર ભગવંત બનવાના છે. આટલા માટે જ્ઞાની કહે છે કે મનુષ્યે જન્મ પામીને સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની ખાસ જરૂર છે અને સમ્યક્ત્વ આવ્યા પછી ચાલ્યું ન જાય તેની ખાસ તકેદારી રાખો. તમારી પાસેથી ક્રોડો રૂપિયા ચાલ્યા જાય, અરે ! રાજાનું રાજ્ય ચાલ્યું જાય તો તેથી નુકશાન નથી પણ આવેલું સમ્યક્ત્વ ચાલ્યું જશે તો મોટું નુકશાન થશે. એક વખત સમ્યક્ત્વ સ્પર્શી જાય તો પણ અર્ધ-પુદ્ગલ પરાવર્તન કાળે મોક્ષે જવાની મહોર વાગી જાય. અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ એ કંઇ નાનોસૂનો કાળ નથી. જમાલિ અણગાર સમકિત પામેલા હતા. પણ જ્યારે ભગવંતના વચન ઉથલાવ્યા ત્યારે સમકિત વમી ગયા. વિચાર કરો, નાનકડી ભૂલનું ફળ કેવું ભોગવવું પડે છે !

અર્ધમાસની સંલેખણા કરી જમાલિ અણગાર કાળધર્મ પામ્યા એ વાતની ગૌતમસ્વામીને ખબર પડી એટલે પ્રભુને વંદન કરી વિનયપૂર્વક પૂછે છે હે ભગવંત ! આપના શિષ્ય જમાલિ અણગાર કાળ કરીને કયાં ગયા ને કયાં ઉત્પન્ન થયા ! ત્યારે શ્રમણ ભગવંત

મહાવીર સ્વામીએ ઉત્તર આપ્યો કે હે ગૌતમ! મારો અંતેવાસી જમાલિ અણગાર નામનો કુશિષ્ય મારા વચન ઉપર શ્રદ્ધા નહિ કરતો યાવત્ રૂચી નહિ કરતો બીજી વખત પણ મારી પાસેથી ચાલ્યો ગયો અને અશુભ અધ્યવસાયથી પોતાને અને બીજાને મિથ્યાત્વમાં નાંખતો કાળને અવસરે કાળ કરીને કિલ્વિષિમાં કિલ્વિષિ દેવપણે ઉત્પન્ન થયો. ત્યાર પછી ગૌતમસ્વામી પૂછે છે હે ભગવંત! કિલ્વિષિના કેટલા ભેદ છે. ત્યારે ભગવાન કહે છે હે ગૌતમ! કિલ્વિષિના ત્રણ ભેદ છે. ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા, ત્રણ સાગરોપમની સ્થિતિવાળા અને તેર સાગરોપમની સ્થિતિવાળા.

ફરીને ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે હે ભગવંત! ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા, ત્રણ સાગરોપમની સ્થિતિવાળા, તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્વિષિ દેવો કયાં રહે છે? ત્યારે ભગવંત કહે છે હે ગૌતમ! જ્યોતિષીદેવની ઉપર અને સૌધર્મ ઇશાન દેવલોકની નીચે ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા કિલ્વિષિદેવ રહે છે અને સૌધર્મ ઇશાન દેવલોકની ઉપર અને સનત્કુમાર માહેન્દ્ર દેવલોકની નીચે ત્રણ સાગરોપમની સ્થિતિવાળા કિલ્વિષીદેવ રહે છે અને બ્રહ્મ દેવલોકની ઉપર અને લાંતક દેવલોકની નીચે તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્વિષિ દેવો રહે છે.

જમાલિ અણગાર ભગવાનના ભાણેજ હતા, જમાઇ હતા ને શિષ્ય પણ હતા, છતાં તેની શ્રદ્ધા બદલાતા ભગવાને કહી દીધું કે એ મારો કુશિષ્ય છે. હજુ ગૌતમસ્વામી ભગવાનને પૃચ્છા કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

આઠમો ભવ

ચરિત્રઃ સાતમો ભવ પૂરો કરીને ગુણસેન એટલે સેનકુમારનો આત્મા નવમી ગ્રેવયેકમાં ગયો હતો ને વિષેણનો આત્મા છઠ્ઠી નરકે ગયો હતો બંને પોતાના શુભાશુભ કર્મના ફળ ભોગવીને કયાં ઉત્પન્ન થાય છે તે સાંભળો.

અયોધ્યાનગરીમાં મૈત્રીબળ નામના ખૂબ ન્યાયી ને પ્રજાપાલક રાજા હતા. તેમને પદ્માવતી નામની રાણી બતી. ગુણસેનનો આત્મા નવમી ગ્રેવયેકનું આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવીને પદ્માવતી રાણીની કુક્ષીમાં પુત્રપણે ઉત્પન્ન થયો. સવાનવ માસે તેનો જન્મ થયો. રાજાને આ એક પુત્ર હતો એટલે ખૂબ ઉત્સાહપૂર્વક તેનો જન્મોત્સવ ઉજવ્યો. ધીમે ધીમે ગુણચંદ્ર પંદર વર્ષનો થયો ત્યારે એક વખત તેના સરખેસરખા મિત્રોની સાથે બગીચામાં ફરવા ગયો હતો. મિત્રોની સાથે આનંદથી બગીચામાં ફરે છે ને શોભા નિહાળતો ક્રીડા કરતો હતો. એ સમયે ત્યાં એક મોટો ગેબી અવાજ આવ્યો. આ અવાજ સાંભળી ગુણચંદ્રકુમાર સ્થિર થઇ ગયો. પણ તેની સાથે રહેલા મિત્રો તો મૂઠીઓ વાળીને ભાગી ગયા. બધા પશુઓ ડરે છે પણ કેશરીસિંહ કોઇથી ડરતો નથી. એને જોઇને માણસ ધ્રુજી ઉઠે છે. જીવતા સિંહની સામે જવા કોઇ તૈયાર

ન થાય અને મરેલા સિંહ પાસે કોઇ જવાનું કહે તો પણ કોઇ જવા તૈયાર નથી.

ગુણચંદ્ર સિંહનો બચ્ચો હતો. બધા મિત્રો નાસી ગયા પણ એ તો ત્યાં ને ત્યાં ઉભો રહ્યો. અવાજ થયા પછી થોડીવારે તે ઉદ્યાનમાં રહેલ એક મોટું ગંન્ધવર સુવર્ણ વૃક્ષ નીચે પડયું ને તેમાંથી એક મોટો પર્વત જેટલો માણસ નીકળી એ વૃક્ષને ઉપાડી ગુણચંદ્રની સામે ધસી આવ્યો. આ માણસ એ વૃક્ષ ઉંચકીને ગુણચંદ્રની સામે ધસી આવ્યો. આ માણસ એ વૃક્ષ ઉંચકીને ગુણચંદ્રની સામે ઘા કરે તે પહેલાં એક તેજસ્વી પુરૂષ ત્યાં પ્રગટ થયો ને આ રાક્ષસ જેવા માણસની સામે ધસ્યો ને તેને નસાડી મૂકયો. ક્ષણ વારમાં આ બનાવ એવો બની ગયો કે ગુણચંદ્ર એમાં કંઇ સમજી શકયો નહિ.

દેવાનુપ્રિયો! આ સુવર્ણવૃક્ષ ઉપાડીને ગુણચંદ્રની સામે ધસી આવનાર રાક્ષસ જેવો માણસ કોણ હતો? એ અગ્નિશર્માનો જીવ નરકનું આયુષ્ય પૂર્ણ કરીને બીજા કેટલાય ભવ કરીને રખડતો, અકામ નિર્જરા કરતો વાનમંતર વિદ્યાધર થયો હતો. આ વિદ્યાધર વિમાનમાં બેસીને અયોધ્યાના ઉદ્યાન ઉપર થઇને પસાર થતો હતો તે વખતે અચાનક તેની નજર બગીચામાં ફરતા ગુણચંદ્ર ઉપર પડી. ગુણચંદ્રને જોતાં જ પૂર્વના વૈરના કારણે તેના પ્રત્યે દ્વેષભાવ ઉત્પન્ન થયો. એટલે તેનું વૈર વાળવા એક સુવર્ણવૃક્ષ ઉખાડી ગુણચંદ્ર તરફ ધસી આવ્યો ને તે વખતે બગીચાના યક્ષે તેજસ્વી પુરૂષના રૂપમાં પ્રગટ થઇ પેલા વાનમંતર વિદ્યાધરને ભગાડી મૂકયો. જેનું પુણ્ય પ્રબળ હોય છે તેનું દેવ પણ કંઇ બરાબ કરી શકતો નથી.

એક વખત શંખપુર નગરથી ચિત્રમતિ અને ચિત્રભૂષણ નામના ચિત્રકારો ફરતાં ફરતાં અયોધ્યાનગરીમાં આવ્યા. તે અયોધ્યા નગરીની શોભા અને લોકોની સમૃદ્ધિ જોતાં જોતાં રાજમહેલ પાસે આવ્યા. એટલે દ્વારપાળે પૂછયું કે તમે કોણ છો? કયાંથી આવો છો? એટલે ચિત્રકારોએ કહ્યું અમે ગુણચંદ્ર કુમારને મળવા આવ્યા છીએ. દ્વારપાળે રજા આપી એટલે તે બંને ચિત્રકારો ગુણચંદ્રકુમાર પાસે ગયા ને બોલ્યા હે રાજકુમાર! અમે સાંભળ્યું છે કે આપ ચિત્રકળાના ખૂબ શોખીન છો ને આપ સુંદરમાં સુંદર ચિત્ર દોરી શકો છો અને સારા–બોટા ચિત્રની પરીક્ષા પણ કરી શકો છો. તો અમે આ એક સામાન્ય ચિત્ર ચિતર્યું છે. એમાં આપને કંઇ ખામી દેખાતી હોય તો બતાવો એમ કહીને એક છબી કુમારના હાથમાં આપી. આ ચિત્ર જોતાં ગુણચંદ્રકુમાર સ્થિર થઇ ગયો ને થોડી વારે સ્વસ્થ થઈને બોલ્યો– હે ચિત્રકારો! આ ચિત્રમાં મને કંઇ ખામી દેખાતી નથી. બબ સુંદર ચિત્ર છે પણ તમે મને કહો કે આ ચિત્ર કોનું છે?

ત્યારે ચિત્રકારોએ કહ્યું હે કુમાર! શંખપુરમાં શંખાયતન નામના રાજા છે ને કૌતિમતિ નામની રાણી છે. તેમને રત્નવતી નામની એકની એક અપ્સરા સમાન સૌંદર્યવાન

પુત્રી છે. તે રત્નવતીનું આ ચિત્ર છે. રત્નવતી યુવાન થઇ છે એટલે રાજાએ જુદા જુદા દેશના રાજકુમારોના ચિત્રો લેવા અમને મોકલ્યા છે. આપ ખૂબ ગુણવાન, પરાક્રમી ને ચતુર છો એવી આપની ખ્યાતિ સાંભળીને અમે અહીં આપની પાસે આવ્યા છીએ. અમે આપના વખાણ સાંભળ્યા હતા તેના કરતાં પણ આપ અમને અધિક ગુણવાન દેખાવ છો. આ વાત કર્યા પછી ગુણચંદ્રકુમારે પોતાના હાથે ચિતરેલા ચિત્રોમાંથી એક વિદ્યાધર યુગલનું ચિત્ર ચિત્રકારોને આપ્યું. ચિત્રકારોએ ચિત્ર જોઈને માથુ ધુણાવ્યું ને બોલ્યા કેવું સુંદર આ ચિત્ર છે ! શું આપની ચિત્રકળા છે ? આમ ચિત્રકારો તેના વખાણ કરતા હતા એટલામાં બે ગાયકો ત્યાં આવ્યા ને બોલ્યા કુમાર ! અમારા આ ગાયનમાં આપને કોઈ દોષ લાગે છે ? તે સાંભળીને કહો. એમ કહી ગાયકોએ ગીત ગાયું એટલે કુમારે તેના ગુણો અને દોષો બંને બતાવ્યા. આ જોઇને ચિત્રકારો બોલ્યા– કુમાર ! અમે તો માનતા હતા કે આપ એક ચિત્રકળામાં પ્રવીણ છો પણ આપ તો બધી કળામાં નિપુણ લાગો છો ! હવે ચિત્રકાર તો ગુણચંદ્રનું ચિત્ર ચીતરીને ચાલ્યા ગયા ને ગાયકો પણ ચાલ્યા ગયા પણ ગુણચંદ્રનું ચિત્ત રત્નવતીમાં પરોવાઈ ગયું છે એટલે તેણે જાતેજ રત્નવતીનું ચિત્ર દોર્યું. હવે તેની સાથે લગ્ન કરવા માટે તેનું મન વિહવળ બન્યું છે. ગુણચંદ્રકુમારના રત્નવતી સાથે કેવી રીતે લગ્ન થશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૧૧૪

કારતક સુદ ૧૧ ને સોમવાર **તા. ૫-૧૧-૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંતજ્ઞાની, સમતાના સાગર, કરૂણાસિંધુ ભગવંતે જગતના જીવોને આત્મ-કલ્યાણનો માર્ગ બતાવતાં અમૂલ્ય સંદેશ આપ્યો કે હે ભવ્ય જીવો ! કર્મરૂપી શત્રુઓને જીતવા માટે ક્ષમા અને સંયમ મોટામાં મોટા શસ્ત્રો છે. ક્ષમા અને સંયમના શસ્ત્રો વડે અનંત જીવો આ સંસારનો પાર પામી ગયા છે. જેના હાથમાં ક્ષમારૂપી તલવાર અને સંયમરૂપી ઢાલ હોય છે તેને જગતમાં કોઈ હરાવી શકતું નથી. પણ મોહ અને મિથ્યાત્વના અંધકારમાં અટવાયેલા જીવને સાચી દિશા સૂઝતી નથી. જેમ કોઇ માણસને સર્પનું ઝેર ચઢયું હોય તેને મીઠો લીંબડો ચવડાવીએ તો પણ ઝેરના પ્રભાવથી કડવો લીંબડો પણ તેને મીઠો લાગે છે. આ સંસારમાં વિષ બે પ્રકારના છે. એક દ્રવ્ય વિષ અને બીજું ભાવવિષ. સર્પ–વીંછી–અફીણ આદિનું ઝેર દ્રવ્યઝેર કહેવાય છે કારણ કે તે ઝેરનો પ્રત્યક્ષ પ્રભાવ પુદ્ગલ ઉપર પડે છે અને મનુષ્યમાં જે મિથ્યાત્વ અજ્ઞાન છે તે ભાવવિષ છે. દ્રવ્યવિષ દ્રવ્યપ્રાણોનો નાશ કરે છે ને ભાવવિષ ભાવપ્રાણનો નાશ કરે

છે. દ્રવ્યવિષના પ્રભાવથી જીવ એકવાર મૃત્યુનો શિકાર બને છે અને ભાવવિષના પ્રભાવથી જીવને અનેક વાર જન્મ-જન્માંતરમાં મૃત્યુનો શિકાર બનવું પડે છે.

સર્પનું ઝેર ચઢવાથી જીવ જેવી રીતે બેભાન બની જાય છે તેવી રીતે અજ્ઞાનપણાથી જીવ કૃત્ય-અકૃત્ય, સત્ય-અસત્ય, હિત-અહિત અને શુભ-અશુભના વિવેકથી રહિત બની જાય છે. આવો અવિવેક જીવને અંધારામાં લઈ જાય છે અને તે અંધકારના કારણે લાંબા કાળ સુધી તેને વિવેકનો પ્રકાશ મળતો નથી. મોહનીયકર્મની પ્રબળતમ પ્રકૃતિ મિથ્યાત્વ છે. તેનું સામર્થ્ય ઘણું છે. તેના પ્રભાવથી ચેતનરૂપી રાજા રંક બની ગયો છે. મિથ્યાત્વના ગાઢ કાળા વાદળોએ આત્માના સહજ પ્રકાશમય સ્વરૂપને ઢાંકી દીધું છે. જેનું ચિત્ત મિથ્યાત્વથી ગ્રસ્ત બની ગયું છે તે મનુષ્ય હોવા છતાં પણ પશુ જેવો બની જાય છે. નારકી-તિર્યંચ-મનુષ્ય અને દેવ એ ચારે ગતિના જીવોને મિથ્યાત્વ તેના પંજામાં ફસાવે છે. ચારેય ગતિમાં મિથ્યાત્વનો પ્રભાવ પડે છે. નવ ગ્રૈવયેક સુધીના દેવતાઓમાં મિથ્યાત્વનો પ્રભાવ પડે છે. નવ ગ્રૈવયેકમાં રહેવાવાળા મિથ્યાત્વી દેવોની અપેક્ષાએ છઠ્ઠી નરકમાં રહેવાવાળો સમ્યક્ત્વી નારકી ભાગ્યશાળી છે કારણ કે તે નરકમાંથી નીકળીને સમ્યક્ત્વના પ્રભાવથી જલ્દી ઉચ્ચ ગતિને પ્રાપ્ત કરે છે. પણ- નવગ્રૈવેયકમાં રહેવાવાળો દેવતા મિથ્યાત્વના પ્રભાવથી ઉચ્ચ ગતિ પ્રાપ્ત નહિ કરતા ચતુર્ગતિમાં ભટકે છે. સમ્યક્ત્વ પ્રાપ્ત થતાની સાથે જીવનું સંસારપરિભ્રમણ પરિમિત થઈ જાય છે. જ્યારે મિથ્યાત્વીના પરિભ્રમણની સીમા રહેતી નથી.

જમાલિ અણગાર ભગવાનના વચનો ઉથલાવી કિલ્વિષી દેવમાં ફેંકાઈ ગયા. કિલ્વિષિ એ મિથ્યાત્વી દેવો છે. દેવોમાં તેમનું સ્થાન નીચું છે. ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે હે ભગવંત ! કયા કર્મ કરનારો જીવ કિલ્વિષિ દેવપણે ઉત્પન્ન થાય છે ? ત્યારે ભગવાન કહે છે હે ગૌતમ ! આચાર્યનો પ્રત્યનીક, ઉપાધ્યાયનો પ્રત્યનીક, કુલ પ્રત્યનીક, ગણ પ્રત્યનીક, સંઘ પ્રત્યનીક, આચાર્ય ઉપાધ્યાયનો અપયશ ફેલાવનાર, નિંદા કરનાર, અપકીર્તિ કરનાર, અશુભ અધ્યવસાયથી અને આભિનિવેસિક મિથ્યાત્વથી પોતે મિથ્યાત્વમાં પડતો અને બીજાને મિથ્યાત્વમાં પાડતો, સ્વ. પરને મિથ્યા-ઉપદેશ કરનાર જે હોય છે તે ઘણો સમય ચારિત્રનું પાલન કરે પણ આલોચના પ્રતિક્રમણ કર્યા વિના કાળ કરીને કોઇ પણ કિલ્વિષિ દેવોમાં કિલ્વિષિ દેવપણે ઉત્પન્ન થાય છે તે આ પ્રમાણે ત્રણ પલ્ય, ત્રણ સાગરોપમ અને તેર સાગરોપમની સ્થિતિવાળામાં ઉત્પન્ન થાય છે.

જમાલિ અણગારના મહાવ્રતમાં કોઈ દોષ ન હતો. "कडेमाणे कडे" આટલું વચન ઉથલાવ્યું ને હજારો લોકોની શ્રદ્ધા બદલાવી મિથ્યાત્વમાં નાંખ્યા અને અંતિમ સમયે આલોચના ન કરી એટલે પ્રભુની આજ્ઞાના વિરાધક બનીને તેર સાગરોપમના કાળ જેવી મોટામાં મોટી સ્થિતિવાળા કિલ્વિષી દેવ થયા.

જમાલિ અણુગારની એક વખતની પત્ની અને મહાવીર પ્રભુની પુત્રી પ્રિયદર્શનાએ પણ દીક્ષા લીધી હતી અને એ પણ જમાલિના મતમાં ભળી ગઇ હતી. પણ એક વખત તે સાધ્વીજી શકડાલ શ્રાવકને ઘેર ગૌચરી ગયા, શકડાલ કુંભાર હતો. પહેલાં એ ગોશાલકનો શ્રાવક હતો પણ પછી સત્ય વાત સમજાતાં ખોટું છોડી દઈને પ્રભુનો દૃઢ શ્રાવક બની ગયો હતો. એને ઘેર સાધ્વીજી ગૌચરી વહોરતા હતા, પાછળથી દિવાસળી ચાંપીને તેમની પછેડીનો છેડો સળગાવ્યો. સાધ્વીજી કહે છે મારી પછેડી સળગી, ત્યારે શકડાલ શ્રાવક કહે છે હે સાધ્વીજી! તમારા મત પ્રમાણે પછેડી બળતી હોય ત્યારે બળી ન કહેવાય પણ પૂરી બળી જાય ત્યારે બળી કહેવાય. આટલું કહ્યું ત્યાં સાધ્વીજીની શાન ઠેકાણે આવી ગઈ.

દેવાનુપ્રિયો! તમે શ્રાવક છો. શ્રાવકને શાસ્ત્રમાં સાધુના અમ્માપિયા કહેવામાં આવે છે, સાચા અમ્માપિયા જેવા શ્રાવકો સાધુની ભૂલ થતી હોય તો ખૂણામાં બેસાડીને શિખામણ આપે ને સાધુને પોતાની ભૂલનું ભાન કરાવે. પતનના પંથે ગયેલાનું ઉત્થાન કરાવે.

પ્રિયદર્શના સાધ્વીજી જમાલિ અણુગાર પાસે આવ્યા ને કહ્યું કે જમાલિ અણુગાર! કરવા માંડયું ત્યારથી કર્યું એ ભગવાનના વચનામૃતો સાચા છે. જો મારી પછેડી બળી અને એને ઓલવી ન હોત તો આખી બળી જવાની હતી માટે બળવા માંડી ત્યારથી બળી કહેવાય. તો તમે ભગવાનના વચનને અંગીકાર કરો. પ્રભુની પાસે જાવ ને તમારો ખોટો મત છોડી દો. પણ અભિનિવેશિક મિથ્યાત્વમાં પડેલા જમાલિ અણુગારે પકડેલી ખોટી વાત છોડી નહિ. સાધ્વીજીની વાત ન માની ત્યારે સાધ્વીજી કહે છે હે જમાલિ અણુગાર! હું આજથી તમને છોડી દઉં છું ને ભગવાનના શરણે જાઉં છું. જમાલિ અણુગારે સાચી વાતનો સ્વીકાર ન કર્યો ત્યારે પ્રિયદર્શના આદિ સાધ્વીજીઓનો સમુદાય જમાલિનો મત છોડી ભગવાનના મતમાં ભળી ગયો.

બંધુઓ! સંતો તમને સંસાર છોડવાનું કહે, શ્રાવક બનવાનું કહે અગર કંદમૂળ-નાટક-સિનેમા વ્યસનાદિ ત્યાગ કરવાનું કહે તો એમાં એમનો બિલકુલ સ્વાર્થ નથી. એ તો કરૂણાદૃષ્ટિથી કહે. તેઓ જીવનનું ઘડતર કરી આત્મકલ્યાણનો માર્ગ બતાવે છે ને ભૂલનું ભાન કરાવે છે. મહાન પાપમાં પડેલો માનવી પણ જો સંત સમાગમ કરે તો કલ્યાણ કરી જાય છે.

એક નાગદત્ત નામના ધનાઢય શેઠ હતા, તે ખૂબ શ્રીમંત હતા. તેમણે એક ખૂબ સુંદર બંગલો બંધાવ્યો અને કારીગરોને કહે કે સાત પેઢી સુધી રંગ ન બદલાય તેવા સુંદર રંગ કરજો. કારીગર કહે જેવું નાણું નાખશો તેવું થશે. આ સમયે મુનિ ત્યાંથી નીકળે છે. શેઠ પગે લાગે છે ને મુનિ સ્હેજ મલકાય છે. પછી બપોરે શેઠ જમવા બેઠા છે ત્યાં શેઠાણી ખૂબ સારસંભાળ સાથે શેઠને જમાડે છે ને બાજો ભાણું

બગાડે છે. આ વખતે મુનિ ગૌચરી પધારે છે. આ દૃશ્ય જોતાં સ્હેજ હસે છે. શેઠને વિચાર થયો કે મુનિ કોઇ દિવસ હસે નહિ ને આમ બે વખત બન્યું માટે કંઇક છે. ઉપાશ્રયે જઈને પૂછી જોઇશ. જમીને શેઠ દુકાને ગાદી ઉપર બેઠા છે તે સમયે એક હુષ્ટપુષ્ટ બોકડો દોડતો આવીને શેઠની દુકાન ઉપર ચઢયો ને દુકાનમાં પેસી ગયો ને તેની પાછળ એક કસાઇ દોડતો આવ્યો ને બોલ્યો. શેઠ! આ બોકડો મારો છે મને પાછો આપી દો અને જો તમને એની દયા આવતી હોય તો એના પૈસા આપી દો. બોકડો તો બેં બેં કરતો દુકાનના ઓરડામાં પેસી ગયો. નોકરોએ એને બે ત્રણ લાકડીઓ જોરથી મારી પણ બોકડો નીકળતો નથી. છેવટે શેઠે પકડી કસાઈના હાથમાં આપ્યો. ત્યાં રસ્તામાં પેલા મુનિને જોયા. મુનિ સ્હેજ હસીને ચાલ્યા ગયા.

શેઠ ખૂબ વિચારમાં પડયા કે આ મહારાજ આજે મને ત્રણ ત્રણ વખત મળ્યા ને મને જોઇને હસ્યા. માટે ગમે તેમ હોય આમાં કંઈક કારણ છે. આજે રાત્રે ઉપાશ્રયે જાઉં ને મહારાજને પૂછું કે આપ શાથી હસ્યા? પેલા બોકડાને કસાઇ લઇ ગયો પણ છેક સુધી બોકડાની નજર શેઠ તરફ હતી. એ બેં બેં કરતો એની ભાષામાં કહેતો હતો કે હે દયાળુ શેઠ! મને આ કસાઇ પાસેથી છોડાવ. શેઠ સમજતા હતા પણ એના મનમાં એમ કે હું આજે બોકડાને છોડાવું તો કસાઇ રોજ આવે ને મારે રોજ કસાઈને પૈસા આપવા પડે. કસાઇ બોકડાને લઈ ગયો. મુનિ ગયા પણ શેઠના મગજમાંથી મુનિના હસવાની વાત જતી નથી.

છેવટે રાત પડી. શ્રાવકો પ્રતિક્રમણ કરીને ચાલ્યા ગયા હતા. કોઇ ગૃહસ્થ ઉપાશ્રયમાં ન હતો. એવા સમયે શેઠ ઉપાશ્રયે ગયા ને મહારાજને વંદન કરીને પૂછયું– ગુરૂદેવ! આપ આજે ત્રણ ત્રણ વખત મને જોઈને કેમ હસ્યા? ત્યારે મહારાજ કહે છે કંઇ નહિ. પણ શેઠે ખૂબ આગ્રહ કર્યો ત્યારે કહ્યું કે જુઓ શેઠ! અમે કોઇને વાત કરીએ નહિ પણ આપનો ખૂબ આગ્રહ છે તો સાંભળો.

તમે ચિત્રકારને ભલામણ કરતા હતા કે સાત પેઢી સુધી ઝાંખો ન પડે એવો રંગ પૂરજે. તે વખતે મને એટલા માટે હસવું આવ્યું કે આ શેઠ કેટલો સમય જીવશે તેની તેમને કયાં ખબર છે? ત્યારે શેઠ કહે છે ગુરૂદેવ! હું કેટલું જીવવાનો છું! ત્યારે મહારાજ કહે છે કોનું કેટલું આયુષ્ય છે તે અમે સાધુ લોકો કોઈને કહીએ નહિ કારણ કે મરણ કોઇને ગમતું નથી અને અમે એને મરવાની વાત કરીએ એટલે આર્તધ્યાન કરીને કર્મ બાંધે છે ત્યારે શેઠે કહ્યું–ગુરૂદેવ! હું આર્તધ્યાન નહિ કરું, શેઠ! તમે સાત દિવસના મહેમાન છો ને સાત પેઢી સુધી મહેલ ઝાંખો ન પડે તેની વાતો કરો છો! આ માટે હસવાનું પહેલું કારણ છે. ત્યારે શેઠે મન મજબૂત કરીને ફરીને પૂછયું હે ગુરૂદેવ! હું સુખે સમાધિએ મરીશ કે મરણ વખતે મને કંઈ રોગ આવશે? ત્યારે મહારાજ કહે છે

ચાર દિવસ સારા જશે ને ત્રણ દિવસ બાકી રહેશે ત્યારે તમારા કપાળમાં શૂળની ભયંકર કારમી વેદના ઉપડશે. ત્યારે શેઠ કહે છે ગુરૂદેવ! આપ હસ્યા તે સારૂં થયું. નહિતર મારા જેવા સંસારના કીડાને મરણની અમર કયાંથી પડત! આમ કહેતા શેઠની આંખમાં ઝળઝળિયા આવી ગયા. ત્યારે સંતે તેમને ઉપદેશ આપી શાંત કર્યા. હવે બીજી બે વખત કેમ હસ્યા તે વાત પૂછવાનું મન ન હતું છતાં પૂછયું.

ગુરૂદેવ! આપ ગૌચરી આવ્યા ત્યારે કેમ હસ્યા? મુનિ કહે છે શેઠ! તમે જે તમારા વહાલા પુત્રને બેાળામાં બેસાડી તેનું ચૂંથેલું ભોજન પ્રેમથી જમતા હતા. તે પુત્ર પૂર્વભવમાં તમારી સ્ત્રીનેા જાર હતેા. તમે તેને ખૂબ માર્યો હતેા તેથી ખૂબ પીડા પામીને મરીને તમારી પત્નીની કુખે જન્મ્યેા છે. એ છેાકરેા મેાટેા થશે એટલે આ તમારેા બંગલેા વેચી નાંખશે. સાતે વ્યસને પૂરેા થશે ને તમારી પત્નીને ઝેર દઈને મારી નાંખશે અને તમારી સાતેય પેઢીની આબરૂના કાંકરા કરશે. શેઠ! આ કારણથી મને બીજીવાર હસવું આવ્યું અને ત્રીજી વખત તમે જે બેાકડાને મારીને દુકાનમાંથી બહાર કાઢયેા તે તમારા પિતા હતા. જેણે તમને ઘરબાર ને કરેાડેાની સંપત્તિ સેાંપી હતી તેણે જિંદગીભર બેાટા તેાલા–બેાટા માપ રાખી ગરીબને છેતરીને અનીતિનું ધન ભેગું કર્યું તેથી મરીને બેાકડેા થયેા.

બેાકડાને લાવનાર કસાઇના તેણે પૂર્વભવમાં પૂરા પૈસા લીધા પણ માલ બેાછેા આપ્યેા એટલે તેનું દેવું રહ્યું તેથી કસાઇનું દેવું ચૂકવવા બેાકડેા બનીને કસાઈના હાથમાં સપડાયેા. કસાઇ તેને કાપીને તેનું માંસ વેચશે એટલે તેનું દેવું ચૂકવાઈ જશે. તે બેાકડાએ જતાં જતાં આ પેાતાની દુકાન જોઇ તેને જાતિસ્મરણ જ્ઞાન થયું અને તે તારે આશ્રયે જીવ બચાવવા આવ્યેા ને કસાઇએ પણ તને કહ્યું કે પૈસા આપેા તેા છેાડું પણ તમે પૈસાના લેાભથી તેને છેાડાવ્યેા નહિ. આ સાંભળી શેઠની આંખે અંધારા આવી ગયા. હેં શું એ મારા બાપ હતેા! દેાડતા કસાઇવાડે ગયા ને કહ્યું તું માંગે એટલા પૈસા આપું પણ મને બેાકડેા આપી દે. કસાઇએ કહ્યું શેઠ! હવે તેા એ બેાકડેા કપાઇ ગયેા. નાગદત્ત પાછેા ઉપાશ્રય આવ્યેા ને પુછયું ગુરૂદેવ! એ મારા પિતા મરીને કયાં ગયા? ત્યારે કહે છે તેં એને બચાવ્યેા નહિ તેથી એના મનમાં ખૂબ કષાય આવી ગઇ કે મેં કાળી મજુરી કરી કરેાડેાની મિલ્કત પુત્રને સેાંપી પણ એ દીકરાને આટલીય દયા ન આવી! એ કષાયયુકત પરિણામમાં ટળવળતેા ને તને તિરસ્કારતેા મરીને નરકે ગયેા.

શેઠ ખૂબ પશ્ચાતાપ કરતા બેાલ્યા. હું સાત દિવસ માટે દીક્ષા લઇ શકું? ત્યારે સંત કહે છે એક દિવસનું ચારિત્ર પણ અનુ-તર વિમાને પહેાંચાડે છે. તેા તમારી પાસે તેા સાત દિવસ છે. ત્યાં નાગદત્ત શેઠ સાધુ બની ગયા. ચાર દિવસ સારા ગયા. પાછલા ત્રણ દિવસમાં મસ્તકમાં શૂળની વેદના ખૂબ ઉપડી. ખૂબ સમતાભાવે શૂળની વેદના સહન કરી સાતમે દિવસે કાળ કરી સૌધર્મ દેવલેાકે ગયા.

બંધુઓ ! સંસાર કેવો અસાર છે ! સાંભળ્યું ને સંસારનું સ્વરૂપ કેવું છે ? સંતની શેડ ઉપર દૃષ્ટિ પડીને હરખા તો શેઠને પુછવા જવાનું મન થયું ને મુનિએ તેમને હસવાના કારણો સમજાવ્યા તો એનો અંતિમ સમય સુધરી ગયો. જો સંત પાસે ગયા ન હોત તો એમની કેવી ગતિ થાત ? માટે તમારા ઉપર સંતની નજરે ઠરે ને તમને કંઇ કહે તો તમે તેનો સ્વીકાર કરજો. સંતો આત્મકલ્યાણનો માર્ગ બતાવે છે. જે સંતોની શિખામણ માને છે તે તરી જાય છે.

જમાલિ અણગાર કિલ્વિષિમાં તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્વિષીદેવ બન્યા છે. હવે ગૌતમસ્વામી પ્રભુને પૂછશે કે જમાલિ અણગાર ત્યાંથી આયુષ્ય પુર્ણ કરીને કયાં જશે ને કેટલા ભવે મોક્ષે જશે ? અને ભગવાન એનો શું જવાબ આપશે તેના ભાવ અવસરે કહેવાશે

ચરિત્ર : ચિત્રકારો અયોધ્યાનગરીથી ગુણચંદ્રની છબી ચીતરીને શંખપુર પહોંચી ગયા. ને રત્નવતીને ગુણચંદ્રની છબી બતાવી. આ જોઇને રત્નવતી મુગ્ધ બની ગઇ. એટલે તેની સખીઓએ રાજમાતાને ખબર આપ્યા કે આપણા કુંવરીબાને ગુણચંદ્ર કુમારની છબી જોઇને તેના પ્રત્યે આકર્ષણ જાગ્યું છે. આ તરફ ચિત્રકારોએ પણ રાજાને કહ્યું કે ગુણચંદ્રકુમાર રત્નવતી માટે યોગ્ય છે અને તે પણ રત્નવતીને ઇચ્છે છે એટલે સારો દિવસ નકકી કરીને ગુણચંદ્ર અને રત્નવતીના ખૂબ ધામધૂમથી લગ્ન કર્યા

ખૂબ ઉત્સાહપૂર્વક લગ્ન કરીને ગુણચંદ્રકુમાર પાછા અયોધ્યામાં આવ્યા ને રત્નવતી સાથે સંસારના સુખ ભોગવે છે. તે સમયે વિગ્રહ નામનો મહાન બળવાન રાજા અચાનક અયોધ્યાનગરી ઉપર ચઢી આવ્યો તેથી રાજાએ યુદ્ધની તૈયારી કરાવી. ગુણચંદ્રકુમારને ખબર પડી કે પિતાજી યુદ્ધ કરવા જાય છે એટલે દોડતો આવ્યો ને પિતાજીના ચરણમાં પડીને કહ્યું–પિતાજી ! હવે હું તૈયાર થઇ ગયો છું. હવે આપ મને યુદ્ધ કરવા જવા દો. ત્યારે કહે છે બેટા ! તું કદી રણસંગ્રામમાં ગયો નથી ને આ રાજા તો ખૂબ બળવાન છે માટે મને જવા દે. પણ ગુણચંદ્ર કહે છે પિતાજી ! મારા ઉપર કૃપા કરો ને મને જવા દો.

વિગ્રહ ગીદહ આપ સિંહસમ, હુકમ ફરમાવેયેં,
આપ કૃપાસે વિજય કરું, જો આશીર્વાદ દિરાવે,
પિતુ આજ્ઞાસે યુદ્ધ કરના, સેના લે સ્વયં સિધાવે હો...શ્રોતા...

પિતાજી ! વિગ્રહ રાજા ભલે ગમે તેટલો બળવાન હોય પણ આપની આગળ શિયાળ જેવો છે. હું આપનો સંતાન છું મને આશીર્વાદ આપો. હું જરૂર તેને જીતીને આવીશ. ગુણચંદ્રકુમારે ખૂબ આગ્રહ કર્યો એટલે તેને યુદ્ધ કરવા માટે મોકલ્યો. ગુણચંદ્ર મોટું સૈન્ય લઇને યુદ્ધ કરવા ગયા.

વિગ્રહ અને ગુણચંદ્ર વચ્ચે ભયંકર યુદ્ધ થયું. તેમાં ગુણચંદ્રની જીત થઇ અને વિગ્રહ રાજા ગુણચંદ્રનો કેદી બન્યો. આ સમયે પેલો વાનમંતર વિદ્યાધર આકાશમાર્ગે જતો હતો ત્યાં ગુણચંદ્રકુમાર વિજય મેળવીને તંબુમાં ગયો અને રાતના બધા ઉંઘી ગયા ત્યારે વિગ્રહ રાજાના કેદના બંધનો કાપીને ગુણચંદ્રના તંબૂમાં મૂકયા. એને પાણી ચઢાવી બંને વચ્ચે ફરીને યુદ્ધ કરાવ્યું. હવે તો ગુણચંદ્ર અને વિગ્રહ રાજા બંને રાજાઓ લડયા. ગુણચંદ્રના બળ આગળ વિગ્રહ ટકી શકયો નહિ. અંતે ગુણચંદ્ર પાસે ક્ષમા માગી તેના ચરણમાં નમી ગયો. એટલે ગુણચંદ્રે તેને ક્ષમા આપી. પરસ્પર એકબીજા પ્રત્યેનું વૈર શમી ગયું. બંને મિત્ર બની ગયા. પણ પેલો વાનમંતર વિદ્યાધરના દ્વેષાગ્નિથી જલવા લાગ્યો. એને થયું કે આ તો મહા બળવાન છે. કોઇ રીતે હારતો નથી. પોતાની ઇચ્છા સફળ ન થવાથી બીજો ઉપાય કર્યો.

અયોધ્યાનગરીમાં જઇને એક સૈનિકનું રૂપ લઇને રડતો કકળતો પછાડો ખાતો રાજા પાસે આવીને ઢગલો થઈને પડી ગયો ને કહ્યું આપણા ગુણચંદ્રકુમાર સહિત આખું સૈન્ય લડાઈમાં હોમાઇ ગયું છે. હું એક જ જીવતો રહ્યો છું અને આ દુઃખદ સમાચાર દેવા આવ્યો છું. જોતજોતામાં આખી અયોધ્યાનગરીમાં ગુણચંદ્રકુમાર વિગ્રહ રાજાના હાથે મરાયો તેવી વાયકા (અફવા) ફેલાઇ ગઇ. આ સાંભળી રાજા–રાણી–રત્નવતી બધા બેભાન થઇને પૃથ્વી ઉપર ઢળી પડયા. નોકર–ચાકરો, દાસ–દાસીઓ બધા રોકકળ કરવા લાગ્યા અને બધાને શીતળ પાણી છાંટી સ્વસ્થ કર્યા. રત્નવતી સ્વસ્થ થયા પછી કરૂણ સ્વરે વિલાપ કરતી બોલવા લાગી નાથ! તમારા વિના મારે જીવીને શું કામ છે? તમારા વિના મારૂં જીવતર નકામું છે. હવે હું પણ તમારો માર્ગ સ્વીકારીશ. એમ કહી નગર બહાર ચિતા રચાવી સફેદ વસ્ત્રો પહેરી ચિતામાં પ્રવેશ કરવા જાય છે તે વખતે મૈત્રીબળ રાજા તેની પાસે આવીને કહે છે બેટા! ગુણચંદ્રકુમાર જતાં તને જે દુઃખ થયું છે તેના કરતાં અમને ઘણું દુઃખ થયું. છે. ઘડપણમાં અમે પુત્ર વિનાના થઇ ગયા છીએ, પણ આ રીતે ચિતામાં પડીને આત્મહત્યા કરવાથી આપણા ભવોભવ બગડે છે. તેના કરતાં તું ધર્મમાં તારૂં મન જોડી દે. સસરાની વાત સાંભળી રત્નવતી ચિતામાં પડીને બળી મરતી અટકી ગઇ. એ અરસામાં સુસંગતા નામના સાધ્વીજી શિષ્યા પરિવાર સાથે પધાર્યા. રાજાએ તેને સાધ્વીજીનો પરિચય કરાવ્યો. સાધ્વીજીના સમાગમથી રત્નવતી સાચી શ્રાવિકા બની ધર્મધ્યાનમાં રકત બની દિવસો વીતાવવા લાગી.

થોડા દિવસ બાદ ઉગતા પ્રભાતમાં ગુણચંદ્રકુમાર વિગ્રહ રાજાની સાથે અયોધ્યા નગરીની બહારના ઉદ્યાનમાં આવી પહોંચ્યો ને પિતાને ખબર આપી. મૈત્રીબળ રાજાને ખૂબ આશ્ચર્ય થયું કે મારો પુત્ર મરણ પામ્યો છે તે કયાંથી આવે? પણ તરત ત્યાં જઇને જોયું તો ગુણચંદ્રકુમાર અને વિગ્રહ રાજા આવ્યા છે. ખૂબ વાજતે ગાજતે નગરમાં

પ્રવેશ કરાવ્યો. શોકની જગ્યાએ આનંદની શરણાઇ વાગવા માંડી ને ખૂબ આનંદ વર્તાયો. થોડા સમય પછી ગુણચંદ્રની યોગ્યતા જોઇને તેને ગાદી સોંપી મૈત્રીબળ રાજાએ દીક્ષા લીધી. ગુણચંદ્ર રાજા બન્યો. સમય જતાં રત્નાવતીને એક પુત્ર થાય છે તેનું નામ દ્યુતિબલ પાડયું. ગુણચંદ્ર રાજા ખુબ ન્યાયપૂર્વક રાજય ચલાવે છે તેથી પ્રજાને ખુબ સંતોષ છે.

આ રીતે સમય જતાં ગુણચંદ્રરાજાએ એક વખત છએ ઋતુમાં થતું પરિવર્તન જોઇને વિચાર કર્યો કે આ દુનિયાની કોઇ પણ વસ્તુ સ્થિર નથી. આ ઉદ્યાનમાં વૃક્ષ–ફળ–ફૂલ ખીલે છે ને કરમાય છે તેમ માનવો પણ જન્મે છે ને મરે છે. ઋદ્ધિ–સિદ્ધિ–યૌવન–સત્તા બધું ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે. એ કોઇના કદી સ્થિર રહ્યા નથી ને રહેવાના પણ નથી. કુદરતની લીલા જોઈને ગુણચંદ્રને વૈરાગ્ય આવ્યો. એટલે રત્નવતીને પોતાની સંયમ લેવાની ઇચ્છા જણાવી. રત્નવતી પણ દીક્ષા લેવા તૈયાર થઈ એટલે પોતાના પુત્ર દ્યુતિબલને ગાદીએ બેસાડી રત્નવતીએ સુસંગતા સાધ્વી પાસે અને ગુણચંદ્રકુમારે વિજયધર્મ આચાર્ય પાસે દીક્ષા લીધી.

આ પવિત્ર આત્મા ત્યાગી બનીને સંયમના પંથે ચાલી નીકળ્યા. કર્મો ખપાવવા ઉગ્ર સાધના કરે છે. પણ હજુ પેલા વાનમંતર નામના વિદ્યાધરનું તેમના પ્રત્યેથી વૈર જતું નથી. હવે તે આ ગુણચંદ્ર મુનિને મારવા માટે શું કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૧૧૫

કારતક સુદ ૧૨ ને મંગળવાર તા. ૬–૧૧–૭૩

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંત કરૂણાનિધી શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના ઉદ્ધારને માટે સિદ્ધાંતની સરવાણી વહાવી. તેમાં જગતના જીવોને ફરમાન કર્યું છે કે હે ભવ્ય જીવો ! તમે જે જે કાર્ય કરો તે ખૂબ ઉપયોગપૂર્વક કરો. તેમાં ભૂલ નથી થતી ને ! એવો ખ્યાલ રાખો. કદાચ અજાણતાં ભૂલ થઈ હશે તો તેનું પ્રાયશ્ચિત થશે પણ જે માણસ ઇરાદાપૂર્વક જાણી જોઇને ભૂલ કરે છે તેની આલોચના નથી. કદાચ કોઇ માણસે જાણી જોઇને ભૂલ કરી પણ પછી ભૂલને ભૂલ તરીકે કબૂલ કરે છે અને ફરીને ભૂલ નથી કરતો તે આગળ વધી શકે છે પણ જે માણસ ભૂલ કરીને પણ ભૂલને ભૂલ તરીકે સ્વીકારતો નથી તેનો કદી ઉદ્ધાર થતો નથી.

જમાલિ અણગારને ભગવાન મહાવીર જેવા ગુરૂ મળ્યા. પહેલી વખત પ્રભુની આજ્ઞા વિના વિહાર કરી ગયા. બીજી વખત હું અરિહંત છું, સર્વજ્ઞ છું એમ બોલતાં

ભગવાનની પાસે આવ્યા, ત્યારે ગૌતમસ્વામીએ તેને બે પ્રશ્નો પૂછયા તેના જમાલિ અણગાર ઉત્તર આપી શકયા નહિ. ત્યારે ભગવાને તેને બંને પ્રશ્નોના ઉત્તર આપ્યા. તો પણ જેનામાં અહંકારની હવા ભરેલી છે તેવા જમાલિ અણગાર ન સમજ્યા. જેમ બોલમાં હવા ભરેલી હોય છે તો તે ખૂબ ઉછળે છે. જેટલી હવા વધુ તેટલો બોલ ઉંચેથી નીચે ઉછળે છે. પણ જો તેમાંથી હવા નીકળી જાય તો ઉછળતો નથી. તે રીતે જેનામાં અભિમાનની હવા ભરેલી હોય છે તેને કોઇ સાચું સમજાવવા જાય છે તો પણ વધુ ગમતું નથી. પણ બોલની જેમ વધુ ઉછળે છે. જીવને અહંકારના કારણે કેવળજ્ઞાન થતું અટકી જાય છે. જમાલિ અણગારે ભગવાનના વચન ઉથલાવ્યા તો એનો વિકાસ થતો અટકી ગયો. ભગવાન સર્વજ્ઞ હતા ને પોતે છદ્મસ્થ હતા, છતાં હું કહું છું તે સાચું છે. ભગવાન કહે છે તે ખોટું છે. એક વચનને માટે પણ પોતાના મતનું સ્થાપન કર્યું અને ભગવાનના મતનું ઉત્થાપન કર્યું તો પોતે કિલ્વિષિ જેવા હલકા દેવમાં ફેંકાઈ ગયા.

દેવાનુપ્રિયો ! વિચાર કરો. એક ભૂલ માનવીને કયાં પટકાવે છે ! તેમાં પણ આ તો સાધુની ભૂલ છે. એક શ્રાવક ભૂલ કરે ને એક સાધુ ભૂલ કરે. બંનેએ એકસરખી ભૂલ કરી છે. બંને ગુરૂ પાસે પ્રાયશ્ચિત લેવા જાય તો શ્રાવકને એક ઉપવાસનું પ્રાયશ્ચિત આવે ને સાધુને ૧૦૦ ઉપવાસનું પ્રાયશ્ચિત આવે. કારણ કે સાધુ જેટલા નફાના અધિકારી છે તેટલા નુકશાનના અધિકારી છે. જેમ બકાલાનો વહેપારી જો વહેપારમાં ભૂલ કરે ને તેને ખોટ આવે તો ૨૦૦-૫૦૦ કે હજાર રૂપિયાની ખોટ આવે ને કાપડીયો કે અનાજનો વહેપારી ભૂલ કરે તો વીસ કે પચ્ચીસ હજારની ખોટ આવે ને હીરાનો વહેપારી માલ ખરીદવામાં કે વેચવામાં છેતરાયો તો લાખો રૂપિયાની ખોટ આવે અને હોંશિયારીથી વહેપાર કરે તો ભલેને બાર મહિનામાં બાર પડીકા વેચે તો લાખો ને કરોડો રૂપિયાનો નફો મેળવે છે. ઝવેરી જેમ નફાનો અધિકારી છે તેમ ભાન ભૂલે તો નુકશાનનો પણ અધિકારી છે. તે રીતે શ્રાવક ભૂલ કરે તો બકાલાના વહેપારી જેવી ખોટ જાય. તમારો વહેપાર બકાલાના વહેપારી જેવો છે, પણ સાધુ ભૂલ કરે તો ઝવેરી કરતાં પણ વધુ નુકશાન થાય. સાથે એ પણ કહી દઉં કે એક સાધુ ઉપવાસ કરે તો ૧૦૦૦ ઉપવાસનો નફો મેળવે ને શ્રાવક એક ઉપવાસ કરે તો એક ઉપવાસનો લાભ મેળવે છે. ટૂંકમાં જો સાધુ ભૂલ કરે તો જેટલો નફાનો અધિકારી છે તેટલો નુકશાનનો અધિકારી છે.

ગૌતમસ્વામીએ ભગવાનને પૂછયું – પ્રભુ સાધુ મરીને કિલ્વિષિ કેમ થાય? ત્યારે ભગવાને કહ્યું – ગૌતમ! આચાર્ય, ઉપાધ્યાય, સંઘ કે સર્વજ્ઞ આદિની નિંદા કરે, અવર્ણવાદ બોલે તે કિલ્વિષિમાં ઉત્પન્ન થાય છે. જુઓ તો ખરા! ગૌતમસ્વામીએ કેવી સરસ વકીલાત કરી છે! આજે તો વકીલની સલાહ લેવા જાવ તો પણ ચાર્જ આપવો પડે. ડૉકટરની દવા તો લીધી નથી પણ એની સલાહ લો તો પણ ચાર્જ થઇ ચૂકયો.

માલનેા સેાદેા કરાય પણ આજે તેા બુદ્ધિનેા સેાદેા થઇ ગયેા છે. એક જમાનેા એવેા હતેા કે કેાઈ ગરીબ માણસ ડૉકટર કે વકીલની સલાહ લેવા જાય તેા મફત સલાહ આપતા. કદાચ કેસ લડવેા પડે તેા પણ તેનેા ચાર્જ લેતા નહિ. ડૉકટરેા પણ મફત દવા આપતા, પણ આજે તેા ડૉકટરેા–વકીલેા અને એન્જીનીયરેા બધાય બુદ્ધિનેા સેાદેા કરતા થઇ ગયા છે, પણ ગૌતમસ્વામી જેવા વકીલે આપણા માટે વગર ચાર્જે વકીલાત કરી છે. એ તેા ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના જાણકાર હતા. એ બધું જાણતા હતા પણ આપણા માટે વકીલાત કરી છે. એમણે ભગવાનને પ્રશ્નેા પૂછ્યા ન હેાત તેા આપણને આ બધું જાણવા કયાંથી મળત!

દેવાનુપ્રિયેા! ગૌતમસ્વામી કેવા જિજ્ઞાસુ હતા! તમે પણ એવા જિજ્ઞાસુ બનેા. કંઈ પણ સાંભળેા તેા તેના ઉપર મનન કરીને પ્રશ્ન પૂછેા ને તમને કેાઇ કંઇ પૂછે તેા હૈયાના ઉકેલથી તેનેા જવાબ આપી દેા. સિદ્ધરાજ નાનેા હતેા. તેના પિતા મરી ગયા હતા. માતા મીનળદેવી તેને ઉછેરી રહી હતી. સિદ્ધરાજ નવ વર્ષનેા થયેા. આ વાતની દિલ્હીના બાદશાહને ખબર પડી કે આ છેાકરાના પિતા મરી ગયા છે ને એની માતા મીનળદેવી દીકરાને ઉછેરે છે. તેથી તેણે મીનળદેવીને ખબર માેકલ્યા કે તમારા દીકરા સિદ્ધરાજકુમારની મારે પરીક્ષા કરવી છે! માટે મારા રાજ્યમાં તેને માેકલી આપેા. માતાના મનમાં થયું કે મારેા દીકરેા હજુ નવ વર્ષનેા છે. બાદશાહ તેા મહાન બુદ્ધિશાળી છે. મારા દીકરાને શું પ્રશ્નેા પૂછશે? નવ વર્ષના બાલુડાનું શું ગજું? એટલે માતાએ તેને ખૂબ શિખામણ આપીને કહ્યું બેટા! તને રાજા આમ પૂછે તેા આમ ઉત્તર આપજે. હજારેા પ્રશ્નેા સમજાવ્યા. માતા બધું કહી રહી ત્યારે છેલ્લે સિદ્ધરાજ કહે છે માતા! તેં મને આટલું બધું શીખવાડયું તેમાંથી રાજા કંઇ ન પૂછે તેા મારે શું જવાબ આપવેા? ત્યારે માતા કહે છે કે તારી બુદ્ધિથી જે આવડે તે જવાબ આપજે.

સિદ્ધરાજ માતાને નમન કરીને બાદશાહની સભામાં ગયેા ને બે હાથ જોડીને ઉભેા રહ્યેા તેવાજ રાજાએ તેના બે હાથ પકડી લીધા ને પૂછયું.–છેાકરા! મેં તારા બે હાથ પકડી લીધા. બેાલ, હવે તું શું કરીશ? ત્યારે સિદ્ધરાજ કહે છે બાપુ! હવે હું ન્યાલ થઇ ગયેા. ત્યારે બાદશાહ કહે છે કેવી રીતે? ત્યારે સિદ્ધરાજ કહે છે જુઓ, લગ્ન વખતે વર કન્યાનેા હાથ પકડે છે. કન્યા વરનેા હાથ પકડતી નથી. વરરાજાએ કન્યાનેા હાથ પકડયેા એટલે કન્યા પતિને પેાતાનું સર્વસ્વ માને છે ને કન્યાની બધી જવાબદારી એના પતિના માથે આવે છે. વર તેા કન્યાનેા એક હાથ પકડે છે પણ આપે તેા મારા બંને હાથ પકડી લીધા. હવે મારે કેાઇ ચિંતા કરવાની જરૂર નથી. હવે મારી પૂર્ણ જવાબદારી આપના માથે રહે છે. સિદ્ધરાજનેા જવાબ સાંભળી બાદશાહ ખૂશ થઇ ગયા ને કહ્યું જા બેટા તું જ્યાં સુધી રાજ્ય કરવાને યેાગ્ય ઉંમરનેા ન થાય ત્યાં સુધી તારી

સંપૂર્ણ જવાબદારી મારા માથે રહેશે. રાજ્યનો માલિક તું રહેશે ને રાજ્યનો તમામ વહીવટ હું સંભાળીશ. એની માતાએ કેટલા પ્રશ્નોના ઉત્તર સમજાવ્યા હતા. તેમાંનું કાંઇ પૂછ્યું ? છતાં છોકરાએ કેવો સરસ જવાબ આપી દીધો ! આનું નામ હૈયાનો ઉકેલ. જેમ સિદ્ધરાજે બાદશાહને જવાબ આપી દીધો તેમ તમે પણ એવા હોંશિયાર શ્રાવક બનો, જૈનદર્શનનું એવું સચોટ જ્ઞાન પ્રાપ્ત કરો કે કોઇ પાખંડી કે વાદી આવીને તમારી સામે ગમે તેવા પ્રશ્નો કરે કે વાદ કરે તો જડબાતોડ ઉત્તર આપી શકો. આવા નબળા કયાં સુધી રહેશો ? સિદ્ધરાજે એની બુદ્ધિથી બાદશાહને જવાબ આપી દીધો. જરાય મૂંઝાયો નહિ ત્યારે માતાની છાતી ગજગજ ફુલી, તે રીતે તમે શાસનમાં રત્ન જેવા બનો તો અમારી છાતી ગજગજ ફૂલશે. જુઓને આપણે ત્યાં પણ કાંઠાવાડી એવી રાજગૃહી નગરીમાં રત્ન સમાન **વીરાણી કુટુંબમાં મણિભાઇ શેઠ** વિગેરે જૈન શાસનમાં રત્નો છે. આવા સમૃદ્ધ કુટુંબમાં કેટલો ધર્મ વસ્યો છો વ્યાખ્યાન હોલમાં હું જોવું છું કે કંઇક જીવો મહાન સમૃદ્ધ હોવા છતાં ધન કરતાં તેમના જીવનમાં ધર્મ વહાલો છે, તેથી તેઓ તરી જવાના છે. તેમનો ઉદ્ધાર થવાનો છે. જેમ સિદ્ધરાજના રાજાએ બે હાથ પકડયા તો બોલ્યો કે હું કેવો ન્યાલ થઇ ગયો ! તેમ જે આત્મામાં ધર્મપ્રાણ છે તે .અવશ્ય આત્મસાધનામાં ન્યાલ બનશે. સિદ્ધરાજના બે હાથ પકડી લીધા એટલે બાદશાહના માથે તેની જવાબદારી આવી. આપણે પણ બે હાથ જોડીને પ્રભુને પ્રાર્થના કરીએ છીએ, વંદન કરીએ છીએ. જો સાચા દિલથી પ્રભુના ચરણે અર્પણ થઇ જઈએ તો આપણે ચિંતાથી મુકત બની જઇએ. એક ભકતે ભજનમાં ગાયું છે કે :–

તું તારે કે ના તારે, તારો સાથ ના છોડું,
જે જોડયા તુજને હાથ, બીજે હાથ ન જોડું,
ભરોસો છે કે મારો બેડો પાર થઇ જશે,
મને તું વહેલો મોડો સામે પાર લઇ જાશે,
તમામ ઝંઝાવાતો ઠંડા થઇને રહી જાશે,
જે મૂકયો તારામાં વિશ્વાસ તે ના તોડું ...

હે ભગવાન ! મને આટલો તારામાં વિશ્વાસ છે. તારી આજ્ઞામાં રહીશ તો મારો બેડો પાર છે. પણ તારી આજ્ઞાની બહાર ગયો તો મારા માટે ભવભ્રમણ ઉભું છે.

જમાલિ અણગાર સાચા ભાવથી પ્રભુના ચરણે અર્પણ થઇ ગયા હતા. પણ પાછળથી પ્રભુનું શરણું છોડી દીધું. એક ગાય-ભેંસ જેવું ઢોર પણ જો માલિકના ખીલે રહે છે તો માલિક એને પ્રેમથી ખાણ ખવડાવે છે ને પંપાળે છે. પણ જે ખીલો છોડીને જાય છે તે રખડતા થઈ જાય છે. તેની સંભાળ પણ કોઈ લેતું નથી. તેમ જે પ્રભુની આજ્ઞા રૂપ ખીલો છોડી દે છે તે આત્મા પણ ચતુર્ગતિ રૂપ સંસારમાં રઝળે છે.

જમાલિ અણગારે પ્રભુની આજ્ઞાનો ખીલો છોડી દીધો. તે કાળ કરીને કિલ્વિષી દેવમાં ઉત્પન્ન થયા છે. ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે હે પ્રભુ! જમાલિ અણગારે સંયમ લઇને લૂખા-સૂકા, નિરસ ને વિરસ આહાર કરીને શરીરને સુકકેભૂકકે કરી નાંખ્યું પણ આપના વચન ઉથલાવ્યા તો કાળ કરીને તેર સાગરની સ્થિતિવાળા કિલ્વિષી દેવ થયા. એના ગુન્હાની શિક્ષા મળી ગઇ. હવે ત્યાંથી ચ્યવીને ક્યાં જશે ને ક્યાં ઉત્પન્ન થશે? ત્યારે ભગવાન કહે છે હે ગૌતમ! દેવ-ગુરૂ-ધર્મ-સંઘ-આચાર્ય-ઉપાધ્યાયની નિંદા કરનારા જીવો કિલ્વિષીમાં ઉત્પન્ન થાય છે ને ત્યાંના ભવસ્થિતિ પૂરી કરીને તેમાંના કંઈક તિર્યંચ, મનુષ્ય અને દેવના ચાર-પાંચ ભવ કરીને સમસ્ત કર્મનો અંત કરી મોક્ષમાં જાય છે ને કંઇક જીવો ઘણો કાળ સંસારમાં પરિભ્રમણ કરીને મોક્ષમાં જાય છે તો અહીં તો ગૌતમસ્વામીએ એમ પૂછ્યું કે જમાલિ અણગાર ક્યાં ઉત્પન્ન થશે? હવે ભગવાન તેનો શું જવાબ આપશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર:- ગુણચંદ્ર રાજાએ વિજયધર્મસૂરિ આચાર્ય પાસે દીક્ષા લીધી ને ખૂબ ઉગ્ર સાધના કરવા લાગ્યા. એક વખત ગુણચંદ્ર રાજર્ષિ વિચરતા વિચરતા કોલ્લાક નામના સંનિવેશમાં પધાર્યા. ગુરૂની આજ્ઞા લઇને કોલ્લાક સંનિવેશમાં ધ્યાન ધરીને ઉભા છે તે વખતે પેલો વાનમંતર વિદ્યાધર વિમાનમાં બેસીને મલયગિરી પર્વત ઉપર જઇ રહ્યો હતો. તે વખતે ધ્યાનાવસ્થામાં ઉભેલા ગુણચંદ્ર મુનિને જોઇને એના અંતરમાં વૈરનો અગ્નિ પ્રગટ થયો. એના અંગેઅંગમાં ઝાળ ઉઠી અને ક્રોધથી થરથર ધ્રુજવા લાગ્યો ને તેણે શું કર્યું-

બસ, હવે તો એના દેહની ચટણી કરી નાંખું. આ રીતે ક્રોધથી ધમધમતા વિદ્યાધરે એક મોટી પથ્થરની શિલા લાવી મુનિ ઉપર ફેંકી પણ તે મુનિથી દૂર પડી. મુનિ ઉપર પડી નહિ. ત્યારે ફરીને બીજી-ત્રીજી શિલા ફેંકી પણ મુનિ ઉપર પડી નહિ. એ તો અડગપણે ધ્યાનમાં ઉભા રહ્યા. ત્યારે વિદ્યાધરે વિચાર કર્યો કે આનું પુણ્ય પ્રબળ છે. પછી એના ઉપર ઝાઝ ફેંકયુ તોય મર્યો નહિ. વિગ્રહ રાજા સાથે ફરીને યુદ્ધ કરાવ્યું તો પણ જીવતો રહ્યો અને લોખંડ જેવી મજબૂત પથ્થરની શિલાઓ ફેંકી તોય એના ઉપર પડી નહિ માટે હવે બીજો ઉપાય કરું.

એટલે ગામમાં જઇને કોઈ ધનાઢયને ઘેર ચોરી કરી અને એ દાગીના ચોરીને મુનિના પગ પાસે ખાડો કરીને દાટી દીધા. શેઠને ખબર પડી કે મારા ઘરમાં ચોરી થઈ છે. ચોરની તપાસ કરવા લાગ્યા. ત્યારે વિદ્યાધર મનુષ્યના રૂપમાં આવીને કોટવાલને કહે છે આ સાધુએ ચોરી કરી છે. કોટવાલ કહે કે જૈન મુનિ કદી ચોરી કરે નહિ ત્યારે કહે છે

મુનિ નહિ પાખંડી હૈ કહા કોટવાલ સે જાય,
વેશ વિરુદ્ધ ચોરી કર ધન રખ્ખા, નિજ પાસ છિપાય,
દેખા મૈંને નિજ નયનોસે, દેઉં ચલો બતાય હૈ....શ્રોતા...

આ સાધુ નથી પણ સાધુના વેશમાં ચોર છે. મેં એને શેઠના ઘરમાંથી ચોરી કરીને જતાં નજરે જોયેા છે. એણે બધું ધન પાસેની જમીનમાં દાટયું છે. જો તમને વિશ્વાસ ન આવતેા હેાય તેા ચાલેા બતાવું. ત્યાં જઇને કેાટવાલે જોયું તેા મુનિના પગ પાસે દાટેલું ધન અને આભૂષણેા નીકળ્યા. આ જોઇને બધાને વિશ્વાસ બેઠેા કે મુનિએ ચોરી કરી હશે. મુનિને પૂછયું પણ તેમણે કંઇ જવાબ ન આપ્યેા. એટલે કેાટવાલે મુનિને ચોર ઠરાવીને ખૂબ માર મારીને ત્રાસ આપ્યેા તેથી વાનમંતર વિદ્યાધર ખૂબ હરખાયેા. મેં એની કેવી દશા કરાવી ત્યાં એણે નરકનું આયુષ્ય બાંધ્યું.

પછી રાજાને ખબર આપી કે આવી રીતે એક મુનિએ ચોરી કરી છે એટલે રાજા તરત ત્યાં આવ્યા ને મુનિને જોઇને તેમણે ઓળખ્યા ને એ તેા બોલ્યા ! આ તેા ગુણચંદ્ર રાજા કે જેમણે રાજપાટ છોડીને દીક્ષા લીધી છે અને આ તેા મારા પરમ ઉપકારી છે. એ કદી ચોરી કરે નહિ. એના માણસેાને કહે છે તમે મુનિના ચરણમાં પડી ક્ષમા માંગેા. રાજા પણ મુનિના ચરણમાં પડી ગયા ને નગરમાં ઢંઢેરેા પીટાવ્યેા કે મહાત્મા ગુણચંદ્ર મુનિ પધાર્યા છે. એટલે નગરના લેાકેા દર્શને આવ્યા ને ઉપદેશ સાંભળ્યેા. કંઇક વ્રતધારી બન્યા ને કંઇક સંયમી બની ગયા અને કેાટવાલને રાજાએ પૂછયું કે આ મુનિને તમે ચોર કેવી રીતે માન્યા ને કેવી રીતે પકડયા. એટલે પેલેા વાનમંતર વિદ્યાધર મનુષ્યના રૂપમાં ત્યાં ફરતેા હતેા તેને પકડી લાવ્યા ને કહ્યું–એને પકડીને રાજાએ ખૂબ માર માર્યેા. મુનિ તેા એ પહેલાં વિહાર કરીને પેાતાના ગુરૂ પાસે પહેાંચી ગયા હતા. વાનમંતર વિદ્યાધરને ખૂબ માર પડવાથી સખ્ત પીડા ભેાગવી ક્રેાધાવેશમાં મરીને સાતમે નરકે તેત્રીશ સાગરેાપમની સ્થિતિએ દુઃખ ભેાગવવા લાગ્યેા અને ગુણચંદ્ર મુનિ સર્વ જીવેાને ખમાવી સંથારેા કરીને કાળધર્મ પામીને તેત્રીશ સાગરેાપમની સ્થિતિએ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા. ગુણચંદ્રનેા આત્મા પ્રબળ પુણ્યના ઉદયથી સંસારની ઉંચામાં ઉંચી સ્થિતિએ પહેાંચ્યેા અને વિદ્યાધર એટલે અગ્નિશર્માનેા આત્મા નીચામાં નીચી કક્ષાએ પહેાંચ્યેા. હવે નવમા ભવમાં કયાં કયાં ઉત્પન્ન થશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૧૧૬

કારતક સુદ ૧૩ ને બુધવાર **તા. ૭–૧૧–૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનેા !

અનંત કરૂણાનિધી, વિશ્વવત્સલ, ત્રિલેાકીનાથ ભગવાન મહાવીરસ્વામીના મુખ-કમળમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. અનાદિકાળથી ભવસાગરમાં ભમતા આત્માને વીતરાગ વાણી તારનારી છે. જીવને વીતરાગ વાણી ઉપર અનન્ય શ્રદ્ધા થવી

જોઇએ. વીતરાગ પ્રરૂપિત ધર્મ અને તેની વાણી ઉપર જેને દૃઢ શ્રદ્ધા થાય છે તેનું અજ્ઞાન દૂર થઇ જાય છે.

दुर-तरे खलु संसारे, त्वामेव शरणं मम ।
निःसहायस्य हे देव, तारकस्त्वं जिनेश्वर ।।

આકાશમાં રાત્રે ચંદ્રનો પ્રકાશ પથરાય છે, તારલાઓ ઝગમગે છે એ જોઇને અનેક જીવો આનંદ પામે છે, પણ જેને આંખ નથી એ બિચારો આ પ્રકાશનો આનંદ કયાંથી લૂંટી શકે? અંધ માણસ જેમ દયાને પાત્ર છે. તેમ અજ્ઞાની પણ અંધની જેમ દયાને પાત્ર છે. આગમનો પ્રકાશ એ પામી શકતો નથી. આત્માના અનાદિના અંધકારને દૂર કરવા માટે અને અંતરમાં જ્ઞાનના અજવાળા પાથરવા માટે વીતરાગવાણીને અંતરમાં ઉતારવાની જરૂર છે.

આ સંસાર અસાર છે. કોઈ કોઇને શરણભૂત નથી. અનેક મહાન પુરૂષો તમને કહેતા આવ્યા છે પણ એ વાત ગળે ઉતરતી નથી. એનું કારણ એ છે કે તમારી દૃષ્ટિ ઉપર અજ્ઞાનનું આવરણ આવી ગયું હોય પછી અશરણ પણ શરણરૂપ જ લાગે ને? કાળા કલરના ચશ્મા પહેર્યા હોય તો બધું કાળું દેખાય અને શ્વેત ચશ્મા પહેર્યા હોય તો બધુ શ્વેત અને નિર્મળ દેખાય. કેમ! આ વાત બરાબર છે ને? જેની દૃષ્ટિ સંસાર તરફ હોય તેને તેમાં આનંદ આવે ને? પણ યાદ રાખજો આ સંસારમાં કોઇની ઇચ્છા પૂરી થઇ નથી. તમે કેટલા આશાના મિનારા ચણ્યા હશે! અને એ આશાના મિનારા કેટલી વખત જમીનદોસ્ત થઈ ગયા હશે. ઘડીકમાં સુખ અને ઘડીકમાં દુઃખ. આ બધું જાણો છો, જુઓ છો છતાં જીવનમાં અજ્ઞાનતાએ અડ્ડો જમાવ્યો છે એટલે તમે શું માનો છો? પેટનું શરણ ધાન્ય છે. જીભનું શરણ સ્વાદુપીણું છે અને શરીરનું શરણ એમ્બેસેડર કે ફીયાટ કાર છે. જો તમારી કાર તમારા શરીરનું શરણ હોય તો તમે ગાડીમાં બેસીને બહાર ગયા અને સામેથી અચાનક ખટારો આવ્યો અને કાર સાથે ભટકાયો. એકસીડન્ટ થઇ ગયો અને ખૂબ ઇજા થઇ. હવે તમે જ કહો કે જેને તમે શરણ માન્યું તેનાથી મરણ થયું કે બીજું કંઈ! અહીં આત્માનું અજ્ઞાનપણું છે. જે અલ્પ સુખ ભોગવ્યા પછી એની પાછળ અનંતકાળનું દુઃખ ઉભું થતું હોય તો તે સાચું સુખ નથી. સાચું સુખ તો વીતરાગ પ્રભુએ બતાવેલા ત્યાગમાર્ગમાં છે. આટલા માટે જ્ઞાની કહે છે દેવોને પણ દુર્લભ એવો મનુષ્યજન્મ પામીને જ્યાં સુધી શરીરને વૃદ્ધાવસ્થાએ ઘેરો ઘાલ્યો નથી, કોઈ રોગનો ઉપદ્રવ થયો નથી, ઇન્દ્રિઓની શક્તિ ક્ષીણ થઇ નથી ત્યાં સુધી ધર્મનું આચરણ કરી લો.

દેવાનુપ્રિયો! લશ્કરના ઘેરા કરતાં પણ ઘડપણનો ઘેરો મહાન ભયંકર છે. રણમેદાનમાં ઉભેલા સૈનિકને ચારે બાજુથી તીર વાગતા હોય, તલવારોના ઘા ઝીલતા

હોય તે વખતે તેની કેવી પરિસ્થિતિ હોય છે? તેના કરતાં પણ ઘડપણના ઘા ઝીલવા મહાન વિષમ છે. પૂરા ઘડપણમાં ઘેરાઇ ગયા હોય, શરીરમાં ભયંકર વેદના થતી હોય તેવા સમયે કોઇ કહે કે ભાઇ! ધર્મ સાંભળો. તો શું સાંભળવું ગમશે? કોઇ હળુકર્મી આત્માને ગમે પણ તેવા આત્માઓ બહુ અલ્પ હોય છે. માટે જ્ઞાની પુરૂષો કહે છે કે ઘડપણ આવ્યું નથી ત્યાં સુધી સત્સંગ કરી લો. સત્સંગતિ મનુષ્યને મહાન બનાવે છે. સત્સંગથી મનુષ્યનું જીવન પલટાય છે. પાપીમાં પાપી આત્મા પુનિત બની જાય છે. એક વખતનો વાલીયો લૂંટારો નારદમુનિનો સંગ થતાં લૂંટારો ફીટીને રામાયણના રચયિતા વાલ્મિકી ઋષિ બની ગયા. અંગુલિમાલ જેવો પાપાત્મા બુદ્ધ ભગવાનનો ભેટો થતાં સુધરી ગયો. ચંડકૌશિક જેવો દૃષ્ટિવિષસર્પ પ્રભુ મહાવીરનો ભેટો થતાં દેવ બની ગયો. રોજના સાત સાત જીવોની ઘાત કરનારો અર્જુનમાળી સુદર્શન શેઠનો સંગ થતાં તેમની સાથે પ્રભુ મહાવીરની પાસે ગયો અને સંસાર ત્યાગી સંત બની છ મહિનામાં કર્મના ભુક્કા બોલાવી દીધા. માટે સત્સંગનું સ્થાન બહુ મહત્ત્વનું છે. સંતનો સમાગમ માનવને મહાન બનાવે છે તેના ઉપર એક દૃષ્ટાંત આપું:-

એક વખત એક ગરીબ માણસને ઘેર એક મહાત્મા આવીને ઉભા રહ્યા અને બોલ્યા-ભૈયા! ભિક્ષા દે. મહાત્મા આંગણામાં ઉભા છે. આ ઘર બૂબ ગરીબ છે. જેના ઘરમાં સૂવાનો એક ખાટલો છે. એ ખાટલાનો એક પાયો ભાંગી ગયેલો છે. સૂવા માટે એક ગોદડી છે. ગોદડી પણ સાત થીગડાવાળી છે. એક રોટલો ઘડીને મૂકવા માટે બીજું વાસણ પણ નથી. ઘરમાં હાંલ્લા કુસ્તી કરે છે. એવી વિષમ ગરીબાઈ છે કે જેની હદ નથી. આંગણે આવીને ઉભેલા મહાત્મા કહે છે કે ભૈયા! ભિક્ષા દે! પણ શું આપે? આ ગરીબ માણસ કહે છે, બાપુ! આજે આપે અમારૂં આંગણું પાવન કર્યું. આપે અમને કૃતાર્થ કર્યા. આજે અમારી ગરીબનીઃઝૂંપડીમાં સોનાનો સૂર્ય ઉગ્યો, પણ અમે કમભાગી છીએ. આપને ભિક્ષા આપવા માટે અમારી પાસે આ (૭૧) પા રોટલા સિવાય બીજું કંઈ નથી. અમે તદ્દન ગરીબ છીએ. આ પા રોટલો લઈને આપ અમને પાવન કરો; એમ કહી બૂબ ભાવનાપૂર્વક પા રોટલો મહાત્માના પાત્રમાં મૂકે છે.

આ ગરીબ માણસની ગરીબાઇ જોઈને મહાત્મા પૂછે છે ભાઈ તમે આટલા બધા ગરીબ છો? તમારા ઘરમાં બીજું કાંઇ નથી? ગરીબ માણસ કહે છે ના, બાપુ! ઘરમાં બીજું કાંઇ નથી. ચારે ખૂણા સરખા છે. ઘરના ખૂણામાં પડેલા પથ્થર ઉપર મહાત્માની દૃષ્ટિ પડતાં પૂછે છે આ સામે પડયો છે તે શેનો પથ્થર છે? ત્યારે કહે છે બાપુ! આ તો ચટણી વાટવાનો પથ્થર છે. અમે રોજ એનાથી ચટણી વાટી રોટલો ને ચટણી ખાઈએ છીએ. મહાત્મા કહે છે એ પથ્થર લઈને તું ગામમાં દરેક વહેપારીની દુકાને જજે. શાકભાજીવાળાની ગમે તેટલી દુકાનો હોય પણ

એક દુકાને જવું. કરીયાણાની બજારમાં એક કરીયાણાની દુકાને, એમ દરેક બજારમાં– સોની બજારમાં એક સોનીની, ઝવેરી બજારમાં એક ઝવેરીની દુકાને જઈને તું આ પથ્થરની કિંમત કરાવજે. બધે ફરીને છેલ્લો રાજાના દરબારમાં જજે. ગમે તેટલી કિંમત અંકાય પણ તું આ પથ્થર કોઇને આપતો નહિ. મને બોલાવજે.

મહાત્માના કહેવા પ્રમાણે આ ગરીબ માણસ પથ્થર લઇને બજારમાં ગયો. એના મનમાં વિચાર થાય છે કે મહાત્માએ કહ્યું એટલે જાઉં છું પણ ચટણી વાટવાના મામૂલી પથ્થરમાં એવું શું હશે? જે હશે તે હશે પણ મહાત્માએ કહ્યું છે માટે એમાં કંઇક મહત્વ તો જરૂર હશે. શ્રદ્ધાપૂર્વક પથ્થર લઈને તે બકાલાવાળાની દુકાને ગયો ને કહ્યું– ભાઈ! તારે આ પથ્થર લેવો છે? ત્યારે કહે છે હા, પથ્થર દેખાવે સારો છે એટલે ખરીદી લઉં પણ તને આઠ આના આપીશ. તો કહે છે 'ના'. મારે આઠ આનામાં વેચવો નથી. ત્યાંથી આગળ ચાલ્યો ને અનાજના વહેપારી પાસે ગયો તો કહે કે પાંચ રૂપિયા આપું. ચોકસી પાસે ગયો તો કહે કે પચ્ચીસ રૂપિયા આપું. ઝવેરી પાસે ગયો તો કહે કે લાખ રૂપિયા આપું. એમ દરેક વહેપારી પાસે ગયો. જેમ જેમ આગળ વધ્યો તેમ તેમ પથ્થરની કિંમત વધતી ગઇ. એક ચટણી વાટવાના પથ્થરની લાખ રૂપિયાની કિંમત અંકાણી. ગરીબ માણસના રૂંવાડે રૂંવાડે આનંદ વ્યાપી ગયો. તમારા જીવનમાં પણ આવું બની જાય તો તમને પણ આનંદ થાય ને? (સભા :– કેમ ન થાય) શેનો આનંદ થાય? સંસારનો કે આત્માનો? (હસાહસ).

જીવને અનાદિકાળથી જડનો સંગ છે. એ સંગનો રંગ લાગેલો છે એટલે એને એ જ ગમે ને? ચેતનનો સંગ કોઇ દિવસ કર્યો છે? સદ્‌ગુરૂનો સંગ કદી કર્યો છે? તમે તમારા દેહના દર્દ મટાડવા માટે તમારો ફેમીલી ડૉકટર રાખ્યો છે, ફેમીલી વકીલ રાખ્યો છે પણ આત્માના દર્દ મટાડવા માટે કોઇ ફેમીલી ગુરૂ રાખ્યા છે? દુર્ગતિમાં જવાના કામ કરતા હો તે વખતે તમારું કાંડુ પકડીને કહે કે તું શું કરે છે? તને આ ન શોભે. તમારા ડૉકટરો દેહના દર્દ મટાડશે. તમારા વકીલો તમારો કેસ તમારી ફેવરમાં લાવી આપશે. પણ દુર્ગતિના દ્વારે જતા અટકાવશે નહિ. સદ્‌ગુરૂ તો તમને દુર્ગતિમાં જતા અટકાવશે.

પેલો ગરીબ માણસ પથ્થર લઇને હરખાતો હરખાતો રાજાના દરબારમાં આવ્યો. રાજા કહે છે ભાઇ! મારે આ કોઇ વ્યવહાર નથી. આ પથ્થર કિંમતી છે એટલું કહી શકું પણ એની કિંમત કેટલી છે તે ઝવેરીઓને બોલાવીને અંકાવી આપું. બંધુઓ! એક ચટણી વાટવાનો પથ્થર જેની આ લોકોને પિછાણ નહતી પણ સંતની દૃષ્ટિ પડતાં તે સાચી વસ્તુની કેવી પિછાણ થાય છે! રાજાએ ગામના ઝવેરીઓને બોલાવ્યા ને એ પથ્થરની કિંમત અંકાવે છે. ઝવેરીઓ પથ્થરને જોઇને કહે

છે સાહેબ! તમારા આ વિશાળ મહેલ સહિત બધો ભંડાર આપી દો તો પણ આ પથ્થરનું મૂલ્ય ચૂકવી શકશો નહિ. એટલી આની કિંમત છે. રાજા કહે છે ભોલા ભાઈ! તારે આ પથ્થર વેચવો છે? મહાત્માએ વેચવાની ના પાડી છે એટલે કહે છે મારે આ વેચવો નથી. તમે કહો તો શું કરો? આખો રાજાનો ભંડાર મળી જતો હોય તો પછી ગુરૂને પૂછવાની રાહ જુઓ ખરા? તમે રાજગૃહી નગરી જેવા કાંદાવાડીના શ્રાવકો બહુ ચતુર છો. તરત સોદો કરી નાંખો. (હસાહસ). ગુરૂના વચન ઉપર શ્રદ્ધા રાખી પેલા ગરીબ માણસે પથ્થર વેચ્યો નહિ અને મહાત્મા પાસે આવીને બધી વાત કરી.

મહાત્મા કહે છે હવે તારા ઘરમાં લોઢાનો ચીપીયો, સાણસી, તાવેથો, ચમચા જે હોય તે બધું લઇ આવ. પેલો ગરીબ તેના ઘરમાં લોઢાની જે કંઇ ચીજો હતી તે બધી લઇ આવ્યો. એટલે મહાત્માએ તે ચીજોને પથ્થરનો સ્પર્શ કરાવ્યો એટલે લોઢાની ચીજો સોનાની બની ગઇ અને ગરીબ માણસને સંતે સત્ય વસ્તુનું ભાન કરાવતાં કહ્યું કે ભાઇ! આ ચટણી વાટવાનો પથ્થર નથી પણ પારસમણી છે. પારસમણી લોખંડને અડે તો તે સુવર્ણ બની જાય છે, પણ તમે એને પિછાણી શક્યા નથી.

દેવાનુપ્રિયો! જેને ઘેર પારસમણી હોય તેના ઘરમાં ગરીબાઇ રહી શકે? ન રહે. પણ ગરીબ માણસોના પાપકર્મનો ઉદય હોવાથી ઘરમાં પારસમણી હોવા છતાં દુઃખ ભોગવ્યું. અત્યાર સુધી કોઇ લોખંડની ચીજનો સ્પર્શ થવાનો પ્રસંગ આવ્યો નહિ. પારસમણી તો લોખંડને સુવર્ણ બનાવે છે પણ પોતાના જેવો પારસ બનાવતો નથી. પણ જે પારસની પિછાણ કરાવનાર સદ્‌ગુરૂ છે એ તો એમના સંગમાં આવનારને પોતાના સમાન બનાવે છે.

બંધુઓ! લક્ષ્મી પુણ્યથી મળે છે. લક્ષ્મી લક્ષ્મીમાં ફેર હોય છે. જે લક્ષ્મી પુણ્યાનુબંધી પુણ્યથી મળે છે તે લક્ષ્મી મળવાથી માણસને સારા વિચારો આવે છે. જ્ઞાની પુરૂષો કહે છે પુણ્યનો ઉદય એટલે સંપત્તિ નહિ પણ સુબુધ્ધિ અને પાપનો ઉદય એટલે ગરીબાઇ નહિ પણ દુર્બુધ્ધિ. આજના માણસો પુણ્યનો ઉદય જગતમાં મેળવેલી સંપત્તિ ઉપરથી માપી રહ્યા છે. કોની પાસે કેટલી સંપત્તિ છે! અને જેની પાસે વધારે સંપત્તિ હોય એને સંસારમાં પુણ્યશાળી ગણવામાં આવે છે અને જેની પાસે સદ્‌બુધ્ધિ હોય અને સંપત્તિ ન હોય તો લોકો એમ કહે છે કે ભણેલો છે, બુદ્ધિશાળી છે પણ કમભાગી છે. એનું તકદીર નથી એટલે એને પુણ્યશાળી ગણવામાં આવતો નથી. જેની પાસે સંપત્તિ હોય છે એ તમારી દૃષ્ટિએ ભાગ્યશાળી દેખાશે અને પૈસા વિનાનો માણસ બુદ્ધિમાન હોવા છતાં કમભાગી દેખાશે. પણ જો તમે સાચુ સમજો તો પૈસો પુણ્યથી મળે છે તે વાત સાચી છે પણ પૈસો પુણ્ય છે એમ નથી.

બંધુઓ! જ્યારે સંપત્તિની સાથે સુબુદ્ધિ આવે છે ત્યારે સાચી લક્ષ્મી બને છે

અને એ લક્ષ્મી જીવનને અજવાળે છે ને સત્ય વસ્તુનું ભાન થાય છે. એને લાગે કે હું કંઇક જીવન જીવી રહ્યો છું. એના શબ્દોમાં મધુરતા, જીવનમાં નમ્રતા, વિચારોમાં ધર્મ ને આચરણમાં સદાચાર હોય છે. આ બધીય વસ્તુઓ કોની પાછળ આવે છે! સંપત્તિની સાથે સુબુધ્ધિ આવે તો જ આવે.

એક વખતના પ્રસંગમાં પાંડવો અને કૌરવો કૃષ્ણની સહાય માંગે છે ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું– જુઓ, એક બાજુ મારું સૈન્ય અને વિભૂતિમત્તા છે અને એક બાજુ હું એકલો છું. એકલો આવું પણ લડીશ નહિ. આ બેમાં તમારે જેને પસંદ કરવા હોય તે કરી લો. કારણ કે મારે મન તો તમે બંને સરખા છો. ત્યારે કૌરવોએ વિચાર કર્યો કે અહો! કૃષ્ણનો વૈભવ કેટલો બધો છે? કૃષ્ણની સંપત્તિ અને સેના પણ કેટલી વિશાળ છે! આ બધું જો આપણને મળતું હોય તો એકલા કૃષ્ણની આપણે શી જરૂર છે? એમ વિચારી કૌરવોએ કહ્યું કે અમને તમારું સૈન્ય–સંપત્તિ–હાથી–ઘોડા બધું આપજો. કૃષ્ણ કહે કબૂલ છે. ત્યારે ધર્મરાજાએ કહ્યું અમારે આ કંઇ ન જોઇએ. અમારે તો એક તમે જ જોઇએ. જો તમે એક હશો તો શૂન્યમાંથી સર્જન થશે અને જો તમે નહિ હો તો આખું સર્જન શૂન્ય થઇ જશે.

આ માંગણીમાં જીવનનું દર્શન થાય છે. આ તો એક રૂપક છે. પણ આમાં કૃષ્ણ એટલે શું? સૈન્ય એટલે સંપત્તિ અને કૃષ્ણ એટલે સુબુધ્ધિ, જીવનના રથને દોરનારો સારથી જો સુબુધ્ધિ નહિ હોય તો સમજી લેજો કે જીવનરથ કયાંય અથડાઇને ભાંગી તૂટી જવાનો. કુરૂક્ષેત્રના યુધ્ધમાં અર્જુન જો સફળતા મેળવી શકયો હોય તો એની બાણવિદ્યાને લીધે નહિ, કે એના ગાંડીવના પરાક્રમને લીધે નહિ પણ એક કુશળ સારથીના પ્રતાપે. જેની પાસે સદ્‌બુદ્ધિ છે એને કોઇ મારી શકે નહિ. તમે જંગલમાં જાઓ કે કોઇ અજાણ્યા પ્રદેશમાં જાઓ. એકલા ભલે જાવ પણ જો તમારી સાથે સદ્‌બુદ્ધિ હશે તો તમને સફળતા મળ્યા વિના નહિ રહે. પણ જેની પાસે સદ્‌બુદ્ધિ નથી માત્ર સંપત્તિ છે તો એની સંપત્તિને લોકો લૂંટવી શકે છે. રાજાઓ એને દંડ દઇ શકે છે અને સરકાર એના ઉપર નિયંત્રણ મૂકી શકે છે. શા માટે? સંપત્તિ છે પણ સુબુદ્ધિ નથી.

જીવનસંગ્રામમાં જેના જીવનરથનો સારથી શ્રીકૃષ્ણરૂપ સુબુદ્ધિ છે. એ આત્મારૂપી અર્જુનને વિજય મળ્યા વિના રહે ખરો? આ સુબુધ્ધિ જેની પાસે હોય એ પુણ્યવાન છે, ભાગ્યવાન છે અને એ સુબુધ્ધિના પ્રતાપે સંસારની સઘળી સંપત્તિને પોતાની પાસે બોલાવી શકે છે અને સંપત્તિના સ્વામીઓને પણ પોતાના ચરણમાં ઝૂકાવી શકે છે ને જીવનમાં સદ્‌ગુણની સુવાસ મ્હેંકાવી જાય છે. આવા સદ્‌બુદ્ધિવાળા અનેક મહાન પુરૂષો આ ભારતભૂમિ ઉપર થઇ ગયા છે, કે જેને આજે પણ દુનિયા ભૂલતી નથી. પણ એની સાથે એને મૂલ્ય ચૂકવવું પડે છે.

એક વખત અકબર બાદશાહ અને બીરબલ પ્રધાન બંને રાજમહેલના ઝરૂખામાં બેઠા હતા. માણસોના ટોળેટોળા સારા વસ્ત્રાલંકારો પહેરીને ત્યાંથી પસાર થાય છે. દરેકના મુખ ઉપર આનંદ દેખાય છે. આ જોઈને અકબર બાદશાહ બીરબલને પૂછે છે બીરબલ! આટલા બધા માણસો આનંદભેર કયાં જઇ રહ્યા છે? ત્યારે બીરબલ કહે છે આપને ખબર નથી? બાદશાહ કહે છે 'ના'. બીરબલ કહે છે સાહેબ! આજથી વિક્રમ સંવત બદલાય છે. આજથી નવા વર્ષની શરૂઆત થાય છે. એટલે આ લોકો નવા વર્ષના આનંદમાં એકબીજાને અભિનંદન આપે છે.સારા વસ્ત્ર પહેરી એકબીજા હળીમળી મિષ્ટાન્ન જમી આનંદ માને છે. આ રીતે વિક્રમ સંવત ઉજવે છે. ત્યારે અકબર કહે છે શું મારી પ્રજા વિક્રમ સંવત ઉજવે છે! વિક્રમના નામની સંવત ચાલે છે ને હું આવો મોટો બાદશાહ ને મારા નામની કેમ ન ચાલે? ત્યારે બીરબલે કહ્યું–સાહેબ! તમારા નામની સંવત ચલાવવી એ કંઇ સહેલી વાત નથી. એક દાતણ કે શાકભાજી ખરીદવા હોય તો એના મૂલ્ય ચૂકવવા પડે છે. આ સંવત ચલાવનાર વિક્રમ રાજા કેવા હતા એ જાણો છો? એ રાજા પરદુઃખભંજન હતા. પારકાનું દુઃખ ટાળવા પોતાનું સર્વસ્વ દઈ દેવું પડે તો દઇ દેનારા હતા. સર્વસ્વ તો શું પણ દેહનું બલિદાન પણ આપી દેતા હતા. એ ગુણના સાગર હતા. એના સિંધુ જેવા ગુણમાંથી એક બિંદુ જેટલું ઉદાહરણ આપું. આપ સાંભળો.

એક વખત વિક્રમ રાજા ઘોડા ઉપર બેસીને ફરવા માટે જઇ રહ્યા હતા. જંગલમાં થઈને પસાર થાય છે. આ વખતે એક વૃદ્ધ ડોસો અને ડોસી બંને એક વૃક્ષ નીચે બેસી કાળો કલ્પાંત કરે છે ને ગળે ફાંસો આવાની તૈયારી કરી રહ્યા છે. આ દૃશ્ય પરદુઃખભંજન વિક્રમ રાજાએ જોયું કે અહો! આ માણસો કેટલા દુઃખી છે! એમને દયા આવી અને તરત પોતે ઘોડા ઉપરથી નીચે ઉતરીને તેની પાસે ગયા. એમ નહિ કે એને ઘૂમ પાડીને બોલાવું. પણ પોતે ચાલીને એમની પાસે ગયા ને મીઠા શબ્દોથી પૂછયું–બાપા! તમારે શું દુઃખ છે? શા માટે રૂદન કરો છો ને આપઘાત કરવાની તૈયારી કરો છો? ત્યારે પેલો ગરીબ વૃદ્ધ કહે છે ભાઇ! તમે તમારા માર્ગે ચાલ્યા જાવ. અમારા દુઃખની વાત તમને કહેવાથી શું વળવાનું છે? અમારૂં દુઃખ કોઇ દૂર કરી શકે તેમ નથી. ત્યારે વિક્રમ રાજા કહે છે ગમે તેમ થશે. હું દુઃખ દૂર કરીશ. હવે તમે મને વાત કરો.

રાજાની વાત સાંભળી ગરીબ માણસે આંખમાં આંસુ સારતાં કહ્યું હું છ મહિનાથી આર્થિક ભીડમાં આવી ગયો છું. ખૂબ દેવાદાર બની ગયો છું. મારૂં કુટુંબ વિશાળ છે. છેલ્લા ત્રણ દિવસથી તદ્દન ભૂખ્યા છીએ. એક મહિનાથી માત્ર એક રોટી માંડ ખાવા મળે છે. એવા ગાઢ કર્મનો ઉદય છે કે કોઇ અમને નોકરી પણ

રાખતું નથી. લેણીયાતો લોહી ચૂસી જાય છે, અને કુટુંબનું પોષણ કરવાની શકિત નથી એટલે દુઃખથી કંટાળી આપઘાત કરવા માટે આવ્યા છીએ. હવે અમારે માટે મરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. આ સાંભળી રાજાએ કહ્યું–ભાઇ! મારી પાસે ચાર અપૂર્વ વસ્તુઓ છે. એના ગુણ તમને હું સમજાવું છું. તેમાંથી તમને જે ગમે તે એક વસ્તુ માંગી લો: (૧) સૌથી પ્રથમ આ મારો ઘોડો છે એના ઉપર બેસીને તમારે દુનિયાભરમાં જ્યાં જવું હશે ત્યાં જઇ શકાશે. કોઇને રસ્તો પૂછવાની પણ જરૂર નહિ. ઘોડા ઉપર બેસીને જ્યાં જવું હોય તેનું ચિંતન કરવું એટલે ઇચ્છિત સ્થાને ઘોડો તમને લઇ જશે. (૨) બીજી એક પેટી છે, તેમાંથી તમે જેવા કપડાનું ચિંતન કરશો તેવા કપડા મળી રહેશે (૩) ત્રીજી આ એક મારી કોથળી છે તેમાંથી જેટલા રૂપિયા જોઇશે તેટલા મળી જશે અને (૪) ચોથા નંબરમાં આ એક બોકસ છે તેમાંથી જે જાતનું ભોજન જમવાની ઇચ્છા થશે તે મળી જશે. આ ચાર વસ્તુમાંથી તમારે જે જોઇએ તે માંગી લો.

રાજાની વાત સાંભળી ગરીબ વૃદ્ધ કહે છે આપ અહીં ઉભા રહો. હું હમણાં મારા કુટુંબીજનોને પૂછીને આવું છું. એમ કહીને બંને માણસો ઘેર ગયા અને એના દીકરા–દીકરીને વાત કરી. ત્યારે દીકરો કહે છે બાપા! ઘોડો માંગી લો. વગર પૈસે દુનિયાભરમાં મુસાફરી તો કરી શકાય? ત્યારે દીકરી કહે છે ભૂખ્યા મુસાફરી કેવી રીતે કરી શકાય? તેના કરતાં બોકસ માંગી લો. જોઇએ તેટલું ખાવાનું તો મળે! ત્યારે સ્ત્રી કહે છે પેટી માંગો તો સારાં સારાં કપડાં તો પહેરવા મળે? ત્યારે બાપ કહે છે બધા કરતા કોથળી માંગીએ તો પૈસામાંથી બધી ચીજો મળી રહે. પણ ઘરના બધાનો એકમત થયો નહિ. બધાને ખૂબ સમજાવ્યા પણ કોઇએ પોતાની વાત છોડી નહિ એટલે વૃદ્ધ કંટાળીને ઘણીવારે રાજા પાસે આવ્યો. રાજા કહે છે બોલો આપને શું જોઇએ? ત્યારે કહે છે ભાઈ! મારે કંઈ ન જોઇએ. ઘરના કોઈ કહે છે ઘોડો માંગો, કોઇ કહે છે પેટી, તો કોઈ કહે છે બોકસ માંગો. મારે કોથળી જોઇએ છે. જો ચારમાંથી એક ચીજ લઇને જાઉં તો મારા ઘરમાં ઝઘડા થાય. માટે મારે કંઇ નથી જોઇતું. અમે તો જે સ્થિતિમાં છીએ તે સ્થિતિમાં સારા છીએ. ત્યારે દયાળુ વિક્રમ રાજા કહે છે એક વસ્તુથી તારા ઘરમાં ઝઘડો થાય છે ને? તો લે; આ ચારેય ચીજ લઇ જા. એમ કહીને ચારે ય ચીજો વિક્રમ-રાજાએ પેલા ગરીબને આપી દીધી ને વિક્રમ રાજા પગે ચાલીને પોતાના મહેલે ગયા.

બીરબલ કહે છે સાહેબ! આપ વિક્રમ રાજાની માફક પારકાનું દુઃખ મટાડવા માટે આપનું સર્વસ્વ અર્પણ કરવા તૈયાર છો? તો આપના નામની સંવત ચાલે. ત્યારે અકબર કહે છે એ તો મોંઘુ પડી જાય. મારાથી એ બને નહિ. મારે મારા નામની સંવત ચલાવવી નથી. ટૂંકમાં તમે જીવન એવું જીવી જાવ કે તમારા

ગયા પછી પણ તમારા સદ્‌ગુણની સુવાસ મ્હેંકતી રહે. ભગવાન મહાવીર સ્વામીને મોક્ષમાં ગયા ૨૫૦૦ વર્ષો થઈ ગયા છતાં જગત એમને યાદ કરે છે. વિક્રમ રાજાને કેટલા વર્ષો થઈ ગયા છતાં હજુ તેમના નામની સંવત ચાલે છે. તમારા વડવાઓને ભૂલી જશો પણ આ મહાન પુરૂષોને ભૂલતા નથી. ચંદનને કોઇ કાપી નાંખે, ઘસે કે બાળી નાંખે તો પણ તે સુવાસ આપે છે. તે રીતે તમારૂં જીવન એવું જીવો કે જગતમાં સદ્‌ગુણની સુવાસ ફેલાય. આ દુનિયા છોડયા પછી પણ જગત તમને યાદ કરે. સંતનો સમાગમ થાય તો વીતરાગ પ્રરૂપિત ધર્મ ઉપર શ્રદ્ધા થાય ને શ્રદ્ધા થાય તો આવા સદ્‌ગુણો પ્રગટે ને જીવન પવિત્ર બને. વધુ ભાવ અવસરે કહેવાશે.

નવમો ભવ

ચરિત્ર :–ગુણચંદ્ર સર્વાર્થસિદ્ધ વિમાનની ભવસ્થિતિ પૂરી કરીને ત્યાંથી ચ્યવે છે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોનિયમા એકાવતારી હોય છે. ત્યાંથી ચ્યવીને મનુષ્ય થઇને મોક્ષમાં જાય છે. ને પહેલા ચાર અનુત્તર વિમાનના દેવો કોઈ ત્રણ કે પાંચ ભવ કરીને મોક્ષમાં જાય છે. ગુણચંદ્રનો આત્મા ચ્યવીને કયાં આવે છે!

માળવા દેશની પ્રસિદ્ધ ઉજ્જયિની નગરીમાં સિંહ જેવા પરાક્રમી પુરૂષસિંહ નામના રાજા રાજ્ય કરતા હતા. તેમને અત્યંત સ્વરૂપવાન પતિવ્રતા સુંદરી નામની રાણી હતી. રાજા ખૂબ સુંદર રીતે ન્યાય–નીતિપૂર્વક રાજ્ય કરતા હતા. એટલે એમના યશોગાનની વીણા ચારે તરફ ગુંજતી હતી. આજે કોઇપણ માણસ એમ કહે કે બીજાના ગુણ ગાવ છો ને મારા ગુણ કેમ નથી ગાતા? તો માણસમાં જેવા ગુણરૂપી પુષ્પો ખીલ્યા હોય તેવી તેની સુવાસ ચારે તરફ ફેલાય છે. પણ કોઇના કહેવાથી સુવાસ ફેલાતી નથી. આજે માનવ કીર્તિ ફેલાવવા કદાચ છાપામાં જાહેર ખબર આપે કે પોતાની જાહેરાત કરવા માણસ રોકે તો એ કયાં સુધી? છાપામાં એક દિવસ જાહેરાત આવીને રહી જવાની ને માણસોને પગાર આપશો ત્યાં સુધી જાહેરાત કરશે. પછી શું? પણ સદ્‌ગુણની સૌરભ તો એવી છે કે વિના જાહેરાતે ચારે બાજુ ફેલાય છે તેમ આ પુરૂષસિંહ રાજાની કીર્તિ ચારે તરફ ફેલાયેલી હતી.

સમરાદિત્યનો જન્મ :- આ પુરૂષસિંહરાજા સુંદરી રાણી સાથે દેવ જેવા સુખો ભોગવતા હતા. એક રાત્રીએ તેણે સ્વપ્નમાં સૂર્યને પોતાના મુખમાં થઈને ઉદરમાં પ્રવેશ કરતો જોયો અને સવાર પડતાં પોતાના પતિને સ્વપ્નની વાત કરી. એટલે પુરૂષસિંહ રાજાએ કહ્યું–દેવી! તમારી કુખે ઉત્તમ ને તેજસ્વી સૂર્ય સમાન પુત્રનો જન્મ થશે. એના જ્ઞાનના પ્રકાશથી અજ્ઞાનરૂપી અંધકાર ટળી જશે ને આપણા કુળમાં પણ તેના જન્મથી પ્રકાશ પથરાશે. આ સાંભળી રાણી ખૂબ આનંદિત થઈ ગર્ભનું પાલન કરવા લાગી. પૂરા સવાનવ માસે શુભ દિવસે એક પુત્રને જન્મ આપ્યો ને તેનું નામ સમરાદિત્ય પાડવામાં આવ્યું.

આપણે દરરોજ રાસની કડીમાં સમરાદિત્યનું નામ બોલીએ છીએ તે ભવ આવી ગયો. જ્યારથી જીવ સમ્યક્‌ત્વ પામે છે ત્યારથી તેના ભવની ગણત્રી થાય છે. તે રીતે ગુણસેનના ભવમાં સમકિત પામ્યો ત્યારથી તેના ભવની ગણત્રી થઇ છે. આ સમરાદિત્ય બાળપણથી ખૂબ ગંભીર હતો. તેણે ખૂબ અલ્પ સમયમાં વિદ્યાભ્યાસ કરી લીધો હતો. તેનું મન ધર્મમાં રહેતું. તેને હરવું, ફરવું કે રમવું તો ગમતું જ નહિ. બસ, જ્યારે જુઓ ત્યારે તે આત્મચિંતનમાં મસ્ત રહેતો હતો.

આમ કરતાં સમરાદિત્યકુમાર યુવાન થયા પણ હજુ તેના ચિત્તમાં મોહ જાગતો નથી. કદી કોઇ સ્ત્રીના સામું જોતો નહિ. કદાચ ભૂલથી જોવાઇ જાય તો તરત દૃષ્ટિ પાછી ખેંચી લેતો. આવો વૈરાગી કુમાર સ્ત્રીના સામું પણ ન જુવે તો સ્ત્રીને ઇચ્છે તો કયાંથી?

સમરાદિત્યકુમાર તો આવા મહાન સુખમાં જન્મ્યા છે. હવે અગ્નિશર્માનો આત્મા કયાં ઉત્પન્ન થયો છે તે જુઓ. અગ્નિશર્માનો જીવ સાતમી નરકેથી નીકળી એક તિર્યંચનો ભવ કરીને ઉજ્જયિની નગરીના પાદરમાં માતંગ લોકોનો વાસ હતો ત્યાં ગ્રંથિક નામે એક માતંગ વસતો હતો, ને તેને યક્ષદેવા નામની સ્ત્રી હતી. આ ગ્રંથિકને ત્યાં એક પુત્ર જન્મ્યો. તેનું નામ ગિરીસેન પાડવામાં આવ્યું. તે કદરૂપો હતો. શરીરનો વર્ણ કાળો અડદ જેવો હતો. મોઢે ચામઠા હતા, નાક ચીબું, આંખો ઝીણી ને વાળ વાંકડીયા હતા, ને તેનું શરીર બેડોળ હતું. એટલે લોકો તેને કુરૂપ કહીને બોલાવતા. સમરાદિત્યકુમારના આત્માએ ભવોભવમાં ખૂબ સમતા રાખીને કર્મોને ખપાવ્યા છે. હવે શેષકર્મ બાકી છે એટલે આ કુરૂપ ગિરીસેન સમરાદિત્યને શું કષ્ટ આપશે તે વાત આગળ આવશે.

સમરાદિત્યકુમાર ખૂબ અલિપ્ત ભાવથી રહે છે. આ જોઇ તેના પિતા પુરૂષસિંહરાજાને ચિંતા થવા લાગી કે મારે તો એકનો એક દીકરો છે. મેં એના ઉપર આશાના મિનારા બાંધ્યા છે. તે આમ વૈરાગી બનીને બેસી જાય તે કેમ ચાલે? એટલે તેને સંસારના રંગરાગમાં રંગવા માટે પિતાએ એની પાસે કામાંકુર–અશોક ને લલિતાંગ નામના ત્રણ મિત્રો મોકલ્યા. એ ત્રણ મિત્રો કામકળામાં કુશળ હતાં તેથી રાજાને ખાત્રી હતી કે મારો કુમાર સમરાદિત્ય ગમે તેટલો વૈરાગી ભલે રહ્યો પણ આ ત્રણ મિત્રનો સંગ કરશે એટલે સંસારના સંગમાં રંગાશે.

એક વખત સમરાદિત્ય સાથે ત્રણેય મિત્રો બેઠા હતા. તે વખતે કામાંકુર બોલ્યો– ભાઇઓ! ધર્મ– અર્થ– કામ અને મોક્ષ એ ચારેય પુરૂષાર્થ નકામા છે. ત્યારે અશોકે કહ્યું સાચી વાત છે. કામશાસ્ત્રનો અભ્યાસ હોય તો જિંદગીનો આનંદ માણી શકાય, સંતાનો થાય અને આનંદ આવે. ત્યારે એ વાતને પુષ્ટ કરતો લલિતાંગ બોલ્યો કામશાસ્ત્રની સાધના હોય તો ચિત સ્વસ્થ રહે તેથી સારૂં અર્થોપાર્જન થાય અને તે દ્વારા ધર્મકરણી પણ સારી થઇ શકે.

ત્રણેય મિત્રોની વાત પૂરી થયા પછી સમરાદિત્યકુમારે ગંભીરતાપૂર્વક કહ્યું–મિત્રો! તમે આ શું બોલી રહ્યા છો? વિષયો વિષ જેવા છે. કામી માણસમાં વિવેક હોતો નથી. તે સાચા પરમાર્થને જાણી શકતો નથી તેથી આ લોહીમાંસથી ભરેલા મુખને ચંદ્ર અને કમળની ઉપમા આપે છે. વળી કામશાસ્ત્રથી સ્ત્રીના સેવનથી સારી સંતતિ થાય છે એવો નિયમ નથી. કોઇ સતી સ્ત્રીઓના છોકરા દુરાચારી અને દુરાચારિણી સ્ત્રીઓના છોકરા સુશીલ થાય છે માટે કામશાસ્ત્ર એ શાસ્ત્ર નથી. શાસ્ત્ર તો એ કહેવાય કે જેના સેવનથી માણસનું પાપ નષ્ટ થાય અને મોક્ષ મળે. એવું જો કોઇ શાસ્ત્ર હોય તો તે ધર્મશાસ્ત્ર છે.

કુમારની વાત સાંભળી ત્રણેય મિત્રો ઓલતા બંધ થઇ ગયા ને તેમને પણ કુમારનો રંગ લાગ્યો. સંસારના રંગમાં રંગવા આવેલા કામી મિત્રો વૈરાગી બની ગયા. ત્યારે પુરૂષસિંહ રાજાના મનમાં થયું કે અહો! મેં જે ત્રણ મિત્રોને કુમારને સંસાર તરફ વાળવા મોકલ્યા હતા તે પણ એના સંગથી વૈરાગી બની ગયા. બંધુઓ! સમરાદિત્યકુમારના સંગથી આવા કામી પુરૂષો પણ વૈરાગ્ય પામી ગયા. અમે તમને ચાર ચાર મહિના એકધારી વીતરાગ વાણી સંભળાવી. પણ કાંદાવાડીનો એક પણ શ્રાવક વૈરાગી બન્યો નથી. (હસાહસ).

રાજા વિચાર કરે છે કે મારો કુમાર જો સંસારથી વિરકત અને ધર્મઘેલો રહેશે તો મારૂં રાજ્ય કેમ ચાલશે? આવા વિચારમાં રાજા ચિંતાતુર હતા તે વખતે મહાજનના બે આગેવાનોએ ત્યાં આવીને રાજાને વિનંતી કરી કે આપણા નગરની બહાર વસંતોત્સવ ઉજવવાનો છે તો આપ ત્યાં પધારો ને! ત્યારે રાજાએ કહ્યું કે હું નહિ આવું પણ આ સમરાદિત્યકુમાર આવશે. એમ કહી કુમારને કહ્યું હે પુત્ર! વસંતોત્સવ નિરખવા જાઓ અને પ્રજાની સાથે ભાગ લઇ વસંતોત્સવનો આનંદ માણો.

કુમારને કયાંય જવાનું મન થતું નથી પણ પિતાની આજ્ઞાનું પાલન કરવા ખાતર કુમાર રથમાં બેસી નગર બહાર ઉદ્યાનમાં આવ્યા ને ત્યાં આવીને જોયું તો કેટલાક સ્ત્રી–પુરૂષો નાચતા ને કૂદતા હતા. તો કોઇ મોટેથી ગીતો ગાતા હતા. આ બધું જોઇને લોકોના મુખ ઉપર આનંદ હતો પણ આ દૃશ્યથી કુમારને જરા પણ આનંદ ન થયો. તેને તો લાગ્યું કે આ લોકો કેવા અજ્ઞાન છે. એમને તો એમ જ લાગે છે કે આપણે મરવાનું નથી. આમ કરતાં રથ થોડો આગળ ચાલ્યો ત્યાં રકતપિત્તની પીડાથી ઘેરાયેલો ને બૂમો પાડતો એક માણસને કુમારે જોયો. તે રોગી રડતો હતો ને ધ્રુજતો હતો. એને જોઇને સમરાદિત્યે પૂછયું– આ માણસ શા માટે રડે છે? ત્યારે સેવકોએ કહ્યું– કુમાર! એના શરીરમાં રોગ ઉત્પન્ન થયો છે. તેની કારમી વેદના એ સહન કરી શકતો નથી માટે રડે છે.

ત્યારે કુમાર કહે છે મને તલવાર આપો. ખોટી રીતે મારી પ્રજાના માણસોને પીડનાર વ્યાધિને હું ઉડાવી દઉં. ત્યારે સેવકો હસીને કહે છે કુમાર! વ્યાધિ એ કોઈ માનવ નથી, કે તેને રોકી શકાય ને મારીને કાઢી મૂકાય. વ્યાધિ તો રાજા–રંક–ધનવાન સૌને પીડે છે. ત્યારે લોકો તરફ ફરીને કુમાર ગંભીરતાથી બોલ્યો હે પ્રજાજનો! જો તમે જાણો છો કે વ્યાધિ સૌને પીડે છે તો તમે શા માટે નાચો ને કૂદો છો? વ્યાધિથી બચાવનાર જો કોઇ હોય તો ધર્મ છે તે પણ તમે જાણતા હશો છતાં પણ ધર્મને કેમ આદરતા નથી? લોકો કહે છે કુમારની વાત સાચી છે એમ કહી માથું ધુણાવ્યું ને કુમારનો રથ આગળ ચાલ્યો. હવે આગળ કેવા દશ્યો જોશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

વ્યાખ્યાન નં. ૧૧૭

કારતક સુદ ૧૪ ને ગુરૂવાર **તા. ૮–૧૧–૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવંતે જગતના જીવોના ઉદ્ધારને માટે દ્વાદશાંગી સૂત્રની પ્રરૂપણા કરી. દ્વાદશાંગીમાં પંચમ અંગ ભગવતી સૂત્રનો અધિકાર ચાલે છે. ભગવતી સૂત્રમાં ગૌતમસ્વામીએ ભગવાનને કેવા સુંદર પ્રશ્નો પૂછ્યા છે ને ભગવાને તેના સુંદર જવાબ આપ્યા છે. આ સૂત્રને જો જીવ રૂચીપૂર્વક વાંચે, સાંભળે ને તેના ઉપર મનન કરે તો એના આત્માનો ઉઘાડ થયા વિના રહે નહિ, પણ આ જીવ અજ્ઞાનના કારણે પ્રમાદની પથારી કરી મોહનિદ્રામાં પડી ગયો છે એટલે એને સત્ય વસ્તુનું ભાન કયાંથી થાય? જ્ઞાની કહે છે હે માનવ! તારી જિંદગીનો અમૂલ્ય અવસર જાય છે. હવે પ્રમાદની પથારી છોડી મોહનિદ્રાને ઉડાડ. તમને થશે કે અમે કયાં ઉંઘીએ છીએ? અમે તો જાગીએ છીએ. જ્યાં સુધી આત્મસ્વરૂપની પિછાણ કરવાની જિજ્ઞાસા ન જાગે ત્યાં સુધી દ્રવ્યથી જાગ્યા છો પણ ભાવથી ઉંઘો છો. પ્રમાદ એટલે શું? પથારીમાં પડ્યા રહેવું તેનું નામ પ્રમાદ છે? 'ના'. જ્યાં સુધી જીવ વિભાવના વાદળોથી ઘેરાયેલો છે, સ્વભાવને છોડી વિભાવમાં રમે છે ત્યાં સુધી પ્રમાદ છે.

આચારાંગ સૂત્રમાં ભગવાન કહે છે સાચો પંડિત કોણ? "खणं जाणाहि पंडिए।" જે માનવ જીવનની ક્ષણને ઓળખે તે સાચો પંડિત છે. જ્ઞાની પુરૂષો એકેક ક્ષણનો સદુપયોગ કરે છે. મનુષ્યજીવનની ક્ષણ એ ઓછી કિંમતી નથી. માનવ ધારે તે રીતે તેનો ઉપયોગ કરી શકે છે. જેમ વરસાદ પડે છે ત્યારે અમુક પાણી ખેતરમાં જાય છે ને અમુક પાણી બહાર ચાલ્યું જાય છે તો જે પાણી ખેતરમાં ગયું તે અનાજ પકવવામાં ઉપયોગી બન્યું અને જે બહાર ગયું એનો કંઇ ઉપયોગ થતો નથી. તમારી પાસે ગમે તેટલા પૈસા હોય પણ જો એમાંથી ધર્મકાર્યમાં કે પરોપકારના કાર્યમાં નાણાં વપરાય

અને બીજા તમારા સંસારના સુખ માટે, ઇન્દ્રિઓના વિષયોને પોષવા માટે અને મોજશોખમાં જે નાણું વપરાય તે પણ વપરાય છે. પૈસા તો બંને રીતે વપરાયા, પણ એમાં જે સત્કાર્યમાં વાપર્યા એ સાચા છે. ખેડૂત ખેતરમાં થોડું બીજ વાવે છે પણ જ્યારે પાક થાય છે ત્યારે વાવ્યા કરતાં અનેક ગણું અનાજ પાકે છે. અનાજ વાવવા ગયો ત્યારે બીજ ખોબે લઇને ગયો હતો ને પાક થયો ત્યારે ગાડા ભરીને ઘેર લાવે છે. તે રીતે જો માનવ સમયનો સદુપયોગ કરશે તો થોડા સમયમાં મહાન કરણી કરી કર્મની ઝાઝી નિર્જરા કરી શકશે.

દેવાનુપ્રિયો! જ્ઞાની કહે છે તમે જે કંઈ કરો તે અનાસક્ત ભાવથી કરો. ધર્મક્રિયા કરો, તપ કરો, દાન કરો, પણ તેમાં કરણીના ફળની આશા ન રાખશો. હું કંઇક કરું છું એવો અહંકાર ન રાખો. જો ફળની આશા રાખશો તો જેટલું કર્યું છે તેટલું ફળ મળશે, પણ જો આકાંક્ષા ને અભિમાનરહિત કર્મનિર્જરાના લક્ષે સમજણપૂર્વક કરશો તો જેમ ખેડૂત થોડું બીજ ખેતરમાં છૂટું છૂટું વેરે છે ને મહાન લાભ મેળવે છે તે રીતે મહાન લાભ મળશે. તમને તો લાભ જ ગમે છે ને? જેમ વહેપારમાં નફાની આશા રાખો છો તેમ આત્મા માટે પણ સદા લાભના ઇચ્છુક બનો. ભગવાનના શ્રાવકો એકવીસ ગુણથી યુક્ત હોય. તેમાં પાપભીરૂ એક ગુણ છે. જેમ સર્પનો ભય લાગે છે તેમ પાપનો ભય રાખો. ક્ષણેક્ષણે પાપથી પાછા હઠો. સંસારના એકેક કાર્યો પાપથી ભરેલા છે તેમાં આજનો માનવી વિષયોને પોષવા માટે પાપ કરતાં પાછું વાળીને જોતો નથી.

ભગવાન કહે છે હે આત્મા! વિષયો વિષ જેવા છે. અરે! વિષયો તો વિષ કરતાં પણ ભયંકર ઝેરી છે. વિષ પી જવાથી મનુષ્યનો એક ભવ બગડે છે પણ જો મનુષ્ય જિંદગીના છેડા સુધી વિષયોનો ત્યાગ કરતો નથી તો બીજા ભવમાં પણ એ વિષયોમાં ઉત્પન્ન થાય છે. અહીંથી વિષયભોગની આસક્તિ લઇને ગયો છે તો જ્યાં જઇને ઉત્પન્ન થાય છે ત્યાં પણ એનું મન વિષયોમાં રમે છે. પાંચ ઇન્દ્રિઓ છે ને એના વિષયો છે પણ એ વિષયો પ્રત્યે જે વિકાર જાગે છે તેને નાબૂદ કરવાની જરૂર છે. વિષયો ખરાબ નથી પણ વિષયો પ્રત્યે જાગતો વિકાર ખરાબ છે. માણસ ભોજન જમે. એ જો પાચન થાય તો શરીરમાં લોહી થાય છે, પણ જો બરાબર પાચન ન થાય અને શરીરમાં જે જે રસ જોઇએ છે તે રસ રૂપે ન પરિણમે અને બીજા રસ થાય તો શરીરમાં વિકૃતિ વધે છે. મીઠો રસ વધે તો ડાયાબીટીશ થાય ને ખાટો રસ વધી જાય તો એસીડીટી થાય છે, માટે વિકારને જીતવાની જરૂર છે. આંખ દ્વારા જોવાની મનાઇ નથી પણ જે દૃશ્યો જોવાથી વિકાર થાય છે તે કર્મબંધનનું કારણ છે. માટે કહ્યું છે કે સાધનો કર્મોને તોડવા મળ્યા છે. વિકાર વાસનાને તોડો તો કલ્યાણ થશે.

નિર્વિકારી આત્માને કોઇ ગમે તેટલો મોહપાશમાં નાખવા ઇચ્છે તો પણ તે

મોહમાં ફસાતો નથી. અહીં સમરાદિત્યનું ચરિત્ર આલે છે તે સમરાદિત્યકુમાર આઠ આઠ ભવથી એકધારી સાધના કરતા આવ્યા છે. હવે તેમની વિષયવાસનાનું બીજ તદ્દન બળી ગયું છે એટલે કોઇ સ્ત્રીના સામું જોવું પણ તેને ગમતું નથી. એને વિષય-વિલાસમાં ફસાવવા એના પિતાએ ત્રણ ત્રણ મિત્રોને મોકલ્યા, તો તેમને વૈરાગી બનાવી દીધા. જે બીજમાં ઉગવાની શક્તિ નષ્ટ થઇ ગઇ હોય તેને ઉગાડવા કોઇ ગમે તેટલી મહેનત કરે તો પણ તો ઉગતું નથી. તે રીતે જે આત્મા નિર્વિકારી હોય તેનામાં વિકાર ઉત્પન્ન કરવા માટે કોઇ ગમે તેટલી મહેનત કરે તો પણ તેનામાં વિકાર ઉત્પન્ન થતો નથી. આટલા માટે જ્ઞાની કહે છે કે મન ઉપર સંયમ રાખો. મન ઉપર કાબૂ મેળવી સંયમી બનવાથી માનવ સાચો આનંદ અનુભવી શકે છે. સંયમ વિના આખી પૃથ્વીનું રાજ્ય મળી જાય તો પણ માનવીનું મન શાંત થતું નથી.

મિથિલા નગરીના જનક રાજાનું નામ તો તમે ઘણી વખત સાંભળ્યું હશે! એ મિથિલા નગરીમાં જનક રાજા રાજ્ય કરતા હતા. તે સમયમાં એક બ્રાહ્મણે રાજ્યનો મોટો ગુન્હો કર્યો એટલે બ્રાહ્મણને પકડીને દરબારમાં રાજા પાસે હાજર કર્યો. રાજાને એના પ્રત્યે ખૂબ ક્રોધ આવ્યો અને કહ્યું કે તારો ગુન્હો તો ઘણો મોટો છે એટલે તને ફાંસીની સજા કરવી જોઇએ. પણ હું તને મારીશ નહિ, પણ તારા ગુન્હાની તને એ શિક્ષા કરું છું કે તું મારા રાજ્યની હદ છોડીને ચાલ્યો જા. બ્રાહ્મણ કહે છે સાહેબ! હું ગુન્હેગાર છું એટલે આપના હુકમ પ્રમાણે હું ચાલ્યો જઇશ. પણ જતાં પહેલાં એક વાત આપને પૂછું છું કે આપના રાજ્યની હદ ક્યાં સુધી છે? બ્રાહ્મણની વાત સાંભળીને આત્મજ્ઞાની એવા જનક રાજાને વિચાર આવ્યો કે અહો! આ પૃથ્વી ઉપર અનેક મહાન સમ્રાટો રાજ્ય કરે છે તેમાં મારી મિથિલા નગરી કેટલી? આગળ ચિંતન કરતાં વિચાર થયો કે આ રાજ્ય મારૂં ક્યાંથી? મારા બાપદાદાઓ રાજ્ય ભોગવીને ગયા પણ સાથે કંઈ લઇ ગયા નથી તો શું આ રાજ્ય મારી સાથે આવશે? જો મારી સાથે ન આવે તો મારું શેનું? આ રાજ્યવૈભવ-રાણીઓ નોકર-ચાકર બધાને મારા માનું છું એ કોઈ મારા નથી. મારી સાથે ને સાથે રહેવાવાળું આ શરીર પણ મારું નથી. જેમ જેમ ઉંડા ઉતરતા ગયા તેમ તેમ તેમને લાગ્યું કે દુનિયાના દરેક પદાર્થો નાશવંત છે. એક આત્મા શાશ્વત છે. મારો અધિકાર મારા આત્મા ઉપર છે. બીજા કોઈ ઉપર નહિ.

આ પ્રમાણે વિચાર કરીને બ્રાહ્મણને કહ્યું– ભાઇ! મારા રાજ્યની સીમા ક્યાંય નથી. આ સંસારની કોઇ વસ્તુ ઉપર મારો અધિકાર નથી. તું આજથી મારો ગુરૂ બની ગયો. તેં મારી આંખ ખોલાવી. તારો ગુન્હો માફ કરું છું. તારે રાજ્યમાં જ્યાં રહેવું હોય ત્યાં આનંદથી રહે. ફરીને ભૂલ ના કરતો. બંધુઓ! જનક રાજા બ્રાહ્મણની એક ટકોરથી સાવધાન બની ગયા. અમે તો ચાર ચાર મહિનાથી ટકોરા માર્યા પણ આ અમારા

એકેય શ્રાવક જાગતા નથી. કોઇના દિલમાં આવો અનાસક્ત ભાવ જાગ્યો? આવા પ્રકારના મન ઉપરના સંયમથી જીવ મુક્તિપુરીની નજીક પહોંચે છે ને દેવોને પણ પોતાના ચરણમાં ઝૂકાવી શકે છે. જનક રાજા સંસારમાં હતા છતાં વિદેહી કહેવાયા. આગળના એકેક શ્રાવકો એવા દૃઢ હતા કે સાધુની ભૂલ થાય તો તેમને શ્રાવકનો દાખલો અપાતો હતો. આ જૈનદર્શનની ખૂબી તો જુઓ. અન્ય ધર્મોમાં સંસાર છોડી સાધુ બને, અને વર્ષો સુધી તપ કરે છતાં જે લાભ ન મેળવી શકે તે સાચો શ્રાવક મેળવી શકે છે. આપણી આરાધના જો સમજણપૂર્વક થાય તો મૂલ્યવાન છે. જેમ કોઇ માણસ ઢોરોને ખાવાનું ખાણ, કપાસીયા, ગવાર વિગેરેનો વહેપાર કરે છે, એનો માલ ભરવા કેટલી બધી જગ્યા રોકાય છે! એટલી મોટી વખાર હોવા છતાં એનો બધો માલ વેચી દેવામાં આવે તો પણ પાંચ-દશ હજાર રૂપિયા ઉપજે છે ને ઝવેરી એક નાનકડું પડીકું ખિસ્સામાં લઈને ફરે છે એના માલને માટે જગ્યા જ ન રોકવી પડે. એ બે-ત્રણ પડીકા વેચે તો લાખોની કમાણી કરે છે. તે રીતે આપણી ક્રિયાઓ મૂલ્યવાન છે. બોલો ઓછો કરવો છે ને થોડામાં ઘણો લાભ લેવો છે તો સમજણપૂર્વકની કરણી કરો. તપ ઓછો થાય તો ઓછો કરો પણ ક્ષમા વધુ રાખો. વર્ષો સુધી તપ કરો પણ સાથે ક્ષમા ન હોય તો તપનો તાપ થઇ જાય છે ને મોટો અનર્થ થઇ જાય છે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

દુર્વાસા ઋષિએ ઘણાં વર્ષો સુધી અઘોર તપની સાધના કરી ત્યારે તેમને એક લબ્ધિ પ્રાપ્ત થઈ. પોતે કોઈના તરફ દૃષ્ટિ કરે અને તેના પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થાય તો તે જ ક્ષણે સામાને બાળીને ભસ્મ કરી નાંખે તેવી શક્તિ પ્રગટ થઇ. ધ્યાન છોડી આંખ ખોલી સામે જોયું-સિદ્ધિ પ્રાપ્ત થવાનો ખ્યાલ આવ્યો. તે વખતે પોતે એક વૃક્ષ નીચે બેઠા હતા. તે વૃક્ષ ઉપરથી એક ચકલી ચરકી અને તેની ચરક દુર્વાસા ઋષિ ઉપર પડી. દુર્વાસાને ખૂબ ક્રોધ આવ્યો અને દ્વેષભરેલી દૃષ્ટિથી જોયું એટલે ચકલી તરફડતી નીચે પડી અને બળીને ભસ્મ થઇ ગઇ.

આ જોઇને દુર્વાસાને પોતાની વિદ્યાની સિદ્ધિનો ખૂબ આનંદ થયો ને સાથે અભિમાન પણ આવ્યું કે હવે આ દુનિયામાં મને કોઇ સતાવી શકે તેમ નથી. જો કોઈ મને સતાવશે તો હું તેને પલકારામાં બાળીને ભસ્મ કરી દઇશ. એક દિવસ બપોરના સમયે તેઓ ગામમાં ભિક્ષા લેવા માટે ગયા. ગરમી સખ્ત હતી. દુર્વાસા એક મકાન પાસે આવ્યા. મકાનનું બારણું બંધ હતું. બારણું બખડાવીને દુર્વાસા કહે-દ્વાર ખોલો. આપના આંગણે અતિથિ ભિક્ષાર્થે આવ્યા છે. કહે છે હમણાં ખોલું છું. હમણાં ઉભા રહો. સ્ત્રી પોતાના પતિને પ્રેમપૂર્વક શાંતિથી જમાડે છે ને પંખાથી હવા નાંખે છે. પતિ જમી રહ્યા પછી બારણું ખોલવા બહાર આવી. બારણું ખોલતાં વાર લાગી એટલે

દુર્વાસાને ક્રોધ આવ્યો. ક્રોધમાં આવીને જોરથી બોલ્યા– હે સ્ત્રી! તું કેટલી અવિવેકી છે! તારે આંગણે કોણ આવ્યું છે તેનું ભાન છે? સ્ત્રી કહે છે મહારાજ! મને માફ કરો. હું મારા પતિને જમાડી રહી હતી એટલે આવતા જરા વાર લાગી. ત્યારે દુર્વાસા અભિમાનથી કહે છે કે તારો પતિ મોટો છે કે હું મોટો છું! તારો પતિ ખાડમાં પડે. તું નહિ જાણતી હોય કે મારામાં કેટલી શક્તિ છે! સ્ત્રી શાંતિથી કહે છે મહારાજ! મને માફ કરો. આપના મુખમાં આવા શબ્દો શોભતા નથી. આપની શક્તિનો મને પૂરો ખ્યાલ છે. આ કંઈ ઝાડ ઉપરની ચકલી નથી કે તરફડીને મરી જશે. આ સાંભળી દુર્વાસાને ખૂબ આશ્ચર્ય થયું કે મેં જંગલમાં ચકલીને બાળી મૂકી તે આ સ્ત્રી કયાંથી જાણી ગઇ? તેમનો ક્રોધ વધી ગયો ને તેમણે તે સ્ત્રી ઉપર પોતાની સિદ્ધિનો પ્રયોગ કર્યો પણ તે સ્ત્રીને તેની કંઇ અસર થઇ નહિ અને ઉલ્ટી જેમ ગોશાલકની તેજુલેશ્યા તેના શરીરમાં દાખલ થઇ ગઇ હતી તેમ આ દુર્વાસાની સિદ્ધિ પણ તેના શરીરમાં પ્રવેશી અને તેમના શરીરમાં બળતરા થવા લાગી.

દુર્વાસા કહે છે અહો! આ તે સ્ત્રી છે કે દેવી! હે દેવી! આ શું? મારી સિધ્ધિની તારા ઉપર કંઇ અસર ન થઇ અને ઉલ્ટી મને દઝાડી રહી છે. સ્ત્રી કહે છે મુનિરાજ! બહાર ખૂબ ગરમી છે. આપ અંદર પધારો. આ બધો પ્રતાપ મારો નથી પણ અંદર બેઠેલા મારા પતિદેવનો છે. હું તો તેની અર્ધાંગના છું. દુર્વાસા કહે છે એવો શક્તિધારી તારો પતિ કોણ છે? ત્યારે સ્ત્રી કહે છે મારે કહેવું ન જોઈએ પણ આપ પૂછો છો એટલે કહું છું કે મારા પતિનું નામ તુલાધર છે. તે એક સામાન્ય વહેપારી છે પણ તેમને એવો નિયમ છે કે હું ત્રાજવાની દાંડી સમાન રાખીશ. કોઇને ઓછું નહિ આપું. વહેપારમાં અન્યાય નહિ કરું. આ રીતે વહેપાર કરતાં કરતાં તેમને જ્ઞાન થયું કે "માત્ર ત્રાજવાની દાંડી સમાન રાખવાથી દુનિયાને મારા તરફથી ન્યાય મળે છે, દુનિયા મારી આટલી બધી પ્રતિષ્ઠા કરે છે તો જો હું મારા મનની દાંડી સમાન રાખું તો મને અને દુનિયાને વિશેષ ન્યાય મળે." આ રીતે વિચારતાં અને આચરતાં તે સમભાવી થયા અને જ્ઞાની થયા. તેમણે તેમની જીંદગીમાં અપ્રમાણિકતા આચરી નથી. અસત્યનું સેવન કર્યું નથી. મેં કોઇ તપશ્ચર્યા પણ કરી નથી પણ હું મારા આવા પતિની સેવા કરી મારા જીવનને ધન્ય માનું છું અને તેમના પ્રતાપે હું કંઈક જાણી શકું છું.

બંધુઓ! જેનું ચારિત્ર શુદ્ધ છે, જેના વિચારો શુદ્ધ છે તે સામા મનુષ્યના મનના ભાવો જાણી શકે છે. જેના જીવનમાં સત્ય-નીતિ અને સદાચાર છે તે ઉત્તમ છે. સત્યને શાસ્ત્રમાં ભગવાનની ઉપમા આપવામાં આવી છે. મનુષ્ય સંપૂર્ણપણે બ્રહ્મચારી બનવાને સમર્થ ન હોય તો "સ્વદારા સંતોષીએ" આટલો પણ જેના જીવનમાં નિયમ

હોય છે તેના ચરણમાં દેવો નમે છે. મર્યાદિતપણે જો બ્રહ્મચર્યનું પાલન કરે તો પણ તેને માટે દેવની તાકાત નથી કે તેનું રૂંવાડું ફરકાવી શકે ! સુદર્શન શેઠને સર્વથા બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા ન હતી પણ "સ્વદારા સંતોષીએ" એ વ્રતના પ્રભાવે શુળી ફીટીને સિંહાસન થયું. સીતાજી રામ સિવાય બીજા કોઇ પુરૂષને ઇચ્છતા ન હતા. તેના શીયળના પ્રભાવે અગ્નિ શીતળ બની ગઈ. અંજના સતીના શીયળના પ્રભાવથી પવનજીનું મન પલટાઇ ગયું ને સામેથી તેની પાસે આવ્યા. ચારિત્રની એટલી બધી શકિત છે કે સામા મનુષ્યના દુષ્ટ વિચારોને ચારિત્રવાન આત્મા જાણી શકે છે. સ્ત્રીની વાત સાંભળી દૂર્વાસા ઋષિ ઠરી ગયા.

આટલા માટે જ્ઞાની કહે છે કે તપ કરો પણ જો કષાયને નહિ જીતો તો જન્મ-જરા અને મરણના ફેરા ટળવાના નથી. જીવને લાખો રૂપિયાની મુડી છોડવી સહેલ છે, કુટુંબ-પરિવાર છોડવા સહેલ છે પણ અભિમાન છોડવું મુશ્કેલ છે.

જમાલિ અણગારે કેટલી સિદ્ધિ છોડીને સાધુપણ લીધું હતું. તેમનો કેવો ઉત્કૃષ્ટ વૈરાગ્ય હતો કે જેના વૈરાગ્યના પ્રભાવથી ૫૦૦ પુરૂષો સંસાર છોડીને તેની સાથે સંયમી બન્યા. તેમની પત્નીએ પણ દીક્ષા લીધી હતી. તપ કેવો ઉગ્ર કર્યો હતો! લૂખા-સૂકા અને તુચ્છ આહાર કરીને શરીરને સુકકે ભૂકકે કરી નાંખ્યું હતું. પ્રભુના વચન ઉથલાવ્યા ન હોત તો તદ્ભવે મોક્ષમાં જાય તેવી તેમની સાધના હતી. પણ છેવટ સુધી પોતાનો મત છોડયો નહિ ને પ્રભુના વચનો ઉથલાવ્યા, તેની આલોચના કરી નહિ એટલે કાળ કરીને કિલ્વિષિ દેવમાં ઉત્પન્ન થયા. હવે ગૌતમ સ્વામી પૂછે છે કે :-

जमाली णं भंते ! देवे ताओ देवलोयाओ आउक्खएणं जाव कहिं उववज्जिहिइ ? गोयमा चत्तारि पंच तिरिक्ख जोणिय मणुस्स देव भवग्गहणाइ संसारं अणुपरियट्टित्ता तओ पच्छा सिज्झिहिइ जाव अंतं काहेइ, सेवं भंते सेवं भंते त्ति ।

હે ભગવાન! તેર સાગરોપમની આયુષ્ય સ્થિતિવાળા તે લાંતક દેવલોકમાંથી આયુનો ક્ષય કર્યા બાદ, ભવનો ક્ષય કર્યા બાદ, અને સ્થિતિનો ક્ષય થયા બાદ જમાલિ અણગાર ત્યાંથી નીકળીને કયાં જશે? ત્યારે ભગવાને કહ્યું- કિલ્વિષિમાં ઉત્પન્ન થનારા દેવોમાં કેટલાક અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે ને કંઈક દેવો દેવ-મનુષ્ય-તિર્યંચાદિ ચાર પાંચ ભવ કરીને મોક્ષમાં જાય છે. જમાલિ અણગાર તિર્યંચયોનિક, મનુષ્ય અને દેવના ચાર પાંચ ભવો કરી એટલો સંસાર ભમી ત્યાર પછી સિદ્ધ-બુધ્ધ થઇને મોક્ષમાં જશે.

ભગવાનના વચન સાંભળીને ગૌતમસ્વામી ભગવાનને વંદન કરીને વિનયપૂર્વક કહે છે.

सेवं भंते सेवं भंते गौतम कहे सही
वीरना वचनमां कांइ संदेह मणे नहि.

હે ભગવાન! આપ કહો છો તે સત્ય છે. પ્રમાણ છે, યથાર્થ છે, આપના વચનમાં

કાંઇ સંદેહ નથી. આ રીતે જમાલિ અણગાર અત્યારે કિલ્વિષિમાં છે, પછી મોક્ષમાં જશે. આપણે આ અધિકાર વાંચીને, સાંભળીને એ શીક્ષા ગ્રહણ કરવાની છે કે આપણે ગમે તેવા મહાન હોઇએ પણ સર્વજ્ઞ આગળ નાના બાળક છીએ. અભિમાન છોડી સરળ બનીશું તો આત્માનું કલ્યાણ થશે. જમાલિ અણગારનો અધિકાર પૂરો થયો. હવે થોડીવાર ચરિત્ર લઇએ.

ચરિત્ર : સમરાદિત્યકુમાર વનમાં વસંતોત્સવ જોવા માટે વનમાં ગયા છે ત્યાં તેમણે રોગીને જોયો ને કહ્યું કે રોગને લાકડીથી મારીને કાઢી મૂકો. સેવકોએ કહ્યું કે રોગ એ કોઇ માણસ નથી કે કાઢી મૂકાય ! પછી એનો રથ આગળ ચલાવ્યો. થોડે દૂર ગયા ત્યાં એક ડોસો-ડોસી લાકડી લઇને ધ્રુજતા ધ્રુજતા ચાલ્યા જતા હતા ને બોલતા હતાં કે અમને બચાવો....બચાવો. આંખે પૂરૂં દેખતાં ન હતાં. માથાના વાળ સફેદ થઈ ગયા હતા. હાથ-પગ-માથું બધું ધ્રુજતું હતું ને ચાલતાં ચાલતાં લથડીયા ખાતાં હતા. આ જોઇને કુમાર પૂછે છે–આ બે માણસો આમ કેમ ચાલે છે ? ત્યારે સેવકો કહે છે કુમાર ! આ બંનેને ઘડપણે ઘેર્યા છે. ત્યારે કુમાર કહે છે આને ઘડપણ કહેવાય ? શું આવું ઘડપણ આપણને આવશે ? ત્યારે સેવકોએ કહ્યું કે આપણે લાંબુ આયુષ્ય ભોગવીએ તો આપણને પણ ઘડપણ આવે. ત્યારે કુમાર કહે છે, તો આવી વૃદ્ધાવસ્થા આપણને ઘેરી ન લે અને આપણી દશા આવી ન થાય તે પહેલાં આવો ઉત્સવ ઉજવવાનો છોડીને ધર્મારાધના શા માટે ન કરી લઇએ !

ત્યાંથી રથ આગળ ચલાવ્યો. ત્યાં એક માણસની નનામી ચાર માણસોએ ઉંચકી હતી. એની પાછળ ઘણાં માણસો રડતા કકળતા જતા હતા. કોઇ કહે ઓ મારા દીકરા ! કોઇ કહે ઓ મારા કાકા ! કોઇ કહે કે મારા ભાઇ રે ! એમ રડતાં રડતાં કાળો કલ્પાંત કરતા હતા. ત્યારે કુમારે પૂછયું–આ લોકો શું લઇને જાય છે ? અને આ બધા કેમ રડે છે ત્યારે સેવકોએ કહ્યું કે આ માણસ મરણ પામ્યો છે ને તેને ઠાઠડીમાં બાંધીને લઈ જાય છે અને આ તેનો કુટુંબ પરિવાર તેની પાછળ રડે છે. ત્યારે કુમાર કહે છે તો મારે ને તમારે આમ મરવું પડશે ? ત્યારે સેવકો કહે છે કુમાર ! જે જન્મે છે તે અવશ્ય મરે છે. મરણ કોઈને છોડતું નથી. આયુષ્ય પૂર્ણ થયે સૌને જવું પડશે, એટલે કુમાર કહે છે તો હે સેવકો ! જ્યાં જરા-વ્યાધિ ને મરણ માનવીનો પીછો કરતા હોય ત્યાં તમને આવો ઉત્સવ ઉજવવો કેમ ગમે છે ? કુમારની આ વાત સૌને ગળે ઉતરી ગઈ અને સૌ કોઇ નાચવા કૂદવાનું છોડી દઈ નગરમાં આવ્યા. આ જોઇને રાજાને ખૂબ દુઃખ થયું કે મારો એકનો એક દીકરો આમ વૈરાગી રહેશે તો મારૂં રાજ્ય કોણ ચલાવશે ? એને સંસારમાં નાંખવા ગમે તેટલા પ્રયત્નો કરૂં છું પણ બધા નિષ્ફળ જાય છે. આ ચિંતામાં રાજા ઉદાસ બનીને બેઠા હતા.

આ સમયે બે માણસો રાજા પાસે આવીને નમન કરીને ઉભા રહ્યા ત્યારે રાજાએ પૂછયું કે તમે કોણ છો? ત્યારે કહે છે અમે બંને ખડ્ગસેન રાજાના સેવકો છીએ. અમારા રાજાને વિભ્રમવતી અને કામલતા નામની બે પુત્રીઓ છે, તે બંને પુત્રીઓ આપના કુમારને પરણવા ઇચ્છે છે. તે બંને સ્વયંવરા બનીને અમારી સાથે આવી છે. રાજાએ પણ આ બંને કુંવરીઓના ખૂબ વખાણ સાંભળ્યા હતા. તેને પરણવા માટે ઘણાં રાજકુમારો તૈયાર હતા છતાં તે મારા પુત્રને પરણવા ઇચ્છે છે આ સાંભળી રાજા ખુશ થયા ને તેમનો સત્કાર કર્યો ને કુમારને બોલાવીને કહ્યું–બેટા! આ બે રત્ન જેવી ગુણીયલ કન્યાઓ સામેથી આવી છે તેમની સાથે લગ્ન કરી તારૂં જીવન સફળ બનાવ. સમરાદિત્ય તો વૈરાગી હતો એટલે તે વિચારમાં પડયો કે આ લપ ક્યાંથી આવી! પણ જો ના પાડે છે તો માતા–પિતાને દુઃખ થાય છે. પુત્રને વિચારમાં પડેલો જોઇને પુરૂષદત્ત રાજા કહે છે બેટા! વિચાર ન કર. વડીલો જે કરે છે તે સંતાનોના હિતને માટે કરે છે. ત્યારે કુમાર કહે છે પિતાજી! મને લગ્ન કરવાની ઇચ્છા જ નથી પણ આપના સંતોષ ખાતર લગ્ન કરૂં છું પણ પછી બીજા દિવસે દીક્ષા લઇશ તો તમારે મને રોકવાનો નહિ.

પુત્રની વાત સાંભળી રાજાના મનમાં થયું કે જ્યાં પરણવાની ના પાડતો હતો તેના કરતાં અત્યારે તો પરણવાની હા પાડે છે તો પરણાવવા દો. પરણ્યા પછી તેના આવા ભાવ રહેશે કે કેમ? ભલભલા ત્યાગીઓ પણ સ્ત્રીના મોહમાં ફસાયા છે અને આ કન્યાઓ પણ એવી છે કે એને મોહમાં ફસાવી દેશે. પછી દીક્ષા લેવાની વાત નહિ કરે. તેથી રાજાએ કુમારની વાત કબૂલ રાખી ખૂબ ધામધૂમથી પુત્રને બંને કન્યાઓ સાથે પરણાવ્યો. પરણાવ્યા પછી રાજા રાણીને કહે છે હવે આપણી ચિંતા ટળી. આપણને અત્યાર સુધી એમ હતું કે સમરાદિત્ય પરણશે કે નહિ! પણ હવે સ્ત્રીના મોહમાં પડશે એટલે ધર્મ અને વૈરાગ્યની વાતો ભૂલી જશે.

પરણ્યાની પ્રથમ રાત:–સમરાદિત્યકુમાર પરણ્યાની પહેલી રાત્રે પલંગ ઉપર બેઠા છે. બંને પત્નીઓ તેની સામે હાથ જોડીને ઉભી હતી. મહેલ તો દેવભવન જેવો શણગારવામાં આવ્યો હતો. બંને કન્યાઓ ખૂબ સ્વરૂપવાન હતી અને તેમાં પણ હીરા–માણેક–પન્નાના દાગીના અને મૂલ્યવાન વસ્ત્રોથી આબેહૂબ દેવકન્યાઓ જેવી શોભતી હતી. ત્યાં ભલભલાઓનું મન ચલાયમાન થયા વિના ન રહે. આવા સમયે જેની રગેરગમાં સંયમની સીતાર ગુંજી રહી છે એવા સમરાદિત્યકુમારે બંને કન્યાઓને નીચે બેસવાની રજા આપીને કહ્યું–હે સુંદરીઓ! હું તમને કેવો વહાલો છું? ત્યારે બંને કન્યાઓ કહે છે સ્વામીનાથ! જેના ચરણે જીવન અર્પણ કર્યું, જેના હાથમાં હાથ સોંપ્યો એ તો અમારા પ્રાણથી પણ અધિક પ્યારા હોય! એમાં પૂછવાનું જ શું? કુમાર કહે છે તમને મારા પ્રત્યે સાચો પ્રેમ હોય તો જેમાં મારૂં અહિત થાય તેવો પ્રેમ ન હોવો જોઇએ.

મારી ઇચ્છા સંયમ લેવાની છે. આવા લગ્ન આપણે ઘણી વખત કર્યા. સંસારની વિષમ વાસનાએ આપણને અનંતો કાળ રખડાવ્યા છે તો હવે હું સંસારમાં રખડવા ઇચ્છતો નથી. મારૂં કલ્યાણ કરવા સાથે તમારૂં કલ્યાણ કરાવવા ઇચ્છું છું. આ સાંભળી બંને સ્ત્રીઓ જરા વિચારમાં પડી. થોડી દલીલો કરી પણ સમરાદિત્ય એની સાથે એવી સરસ વાત કરે કે બંનેને તેની વાત કબુલ કરવી પડે. છેવટે બંને કોડભરી કન્યાઓએ પરણ્યાની પ્રથમ રાત્રે સમરાદિત્યકુમાર પાસે જાવજીવ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરી અને નક્કી કર્યું કે આપણા પતિદેવનો જે માર્ગ તે આપણો માર્ગ.

આ વાતની સમરાદિત્યના માતાપિતાને ખબર પડી, તેઓ ખૂબ વલોપાત કરવા લાગ્યા કે આપણો એકનો એક કુંવર આવો દૃઢ વૈરાગી બનીને બેસી ગયો છે. આવી ચતુર કન્યાઓને પણ કેવી સમજાવી દીધી! હવે આપણું રાજ્ય કોણ સંભાળશે? ત્યાં એકદમ ઓરડામાં પ્રકાશ થયો ને ત્યાં એક દેવી પ્રગટ થઈને બોલી હે રાજા રાણી! તમે ખેદ ન કરો. તમારો પુત્ર મહાન પુણ્યવાન છે. આ ભવમાં મોક્ષે જનારો છે. એ સંયમ લઈને ત્રણ લોકનો સ્વામી બનશે! આ પુત્ર તમારું કુળ ઉજ્જવળ બનાવશે માટે એને જે માર્ગે જવું છે તે માર્ગે જવામાં તમે સહકાર આપો! ત્યારે રાજા રાણી પૂછે છે દેવી! આપ કોણ છો? ત્યારે દેવી કહે છે હું સુદર્શના નામની સમકિત દેવી છું. તમારા પુત્રોના ગુણોથી આકર્ષાઈને અહીં આવી છું એમ કહીને દેવી અદૃશ્ય થઇ ગઇ. તે વખતે સમરાદિત્ય ત્યાં આવીને માતા-પિતાના ચરણમાં પડયો. ત્યારે માતા પિતા એને આશીર્વાદ આપતા કહે છે બેટા તું મહાન ગુણીયલ અને વૈરાગી છે. દેવો પણ તારી પ્રશંસા કરે છે ને તારો માર્ગ સાચો છે. છતાં અમને તારા પ્રત્યે મોહ રહે છે. પણ માની લે કે અમે તને રજા આપીએ પણ આ કાલે પરણેલી કુમારીઓનું શું થશે? ત્યારે કુમારે કહ્યું એતો સમજી ગઇ છે. ત્યાં બંને કુંવરીઓ બોલી–હવે અમને સંસારનો મોહ નથી. પતિનો માર્ગ એ અમારો માર્ગ છે. ત્યારે એના માતા-પિતા કહે છે– બેટા! તારા જેવા યુવાનને સંસારનો મોહ ઉતરી ગયો તો શા માટે અમારે રાખવો! હવે માતા-પિતા દીક્ષાની આજ્ઞા આપશે ને શું બનશે તે અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૧૧૮

કારતક સુદ ૧૫ ને શુક્રવાર **તા. ૯–૧૧–૭૩**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો!

અનંતજ્ઞાની શાસ્ત્રકાર ભગવંતે જગતના સમસ્ત જીવોને આત્મોન્નતિ અને આત્મ-કલ્યાણનો સાચો રાહ બતાવ્યો અને જગતના જીવોને સ્યાદ્વાદ શૈલીથી ઉપદેશ આપ્યો

કે હે ભવ્ય જીવો! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એ મોક્ષપ્રાપ્તિ માટેના અમૂલ્ય સાધનો છે. જીવ અજ્ઞાનને કારણે નાશવંત સુખોની પાછળ દોડયા કરે છે અને તે નાશવંત સુખો પ્રત્યેનો રાગ જીવને ભવભ્રમણ કરાવે છે. વિષયોમાં આસકત રહેનાર જીવને આત્મસ્વરૂપની પ્રતીતિ ક્યાંથી થાય?

આત્મસ્વરૂપમાં રમણુતા કરવા માટે મહામૂલો માનવભવ મળ્યો છે પણ જ્યાં સુધી માનવભવ પ્રાપ્ત કરીને જીવન જીવવાની કળા હાથમાં નહિ આવે ત્યાં સુધી આત્મકલ્યાણ થવાનું નથી. માનવભવ એ ચારિત્ર-ઘડતરની શાળા છે. મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા માટેનું અમૂલ્ય સાધન છે. સાધન વિના સાધ્યની સિદ્ધિ થતી નથી. ડૉકટર ગમે તેટલો હોંશિયાર હોય પણ ઓપરેશન કરવાના હથિયારો નહિ હોય તો ઓપરેશન કેવી રીતે કરી શકશે? મનમોહક ચિત્રો ચીતરનાર હોંશિયાર કલાકાર હોય, દિવાલ પણ સપાટ અને સ્વચ્છ બનાવીને તૈયાર કરી છે પણ કલાકાર પાસે રંગ અને પીછી નહિ હોય તો તે ચિત્ર કેવી રીતે દોરી શકે? દરેક કાર્યની સિદ્ધિ માટે સાધનની જરૂર પડે છે. તેમ મોક્ષની પ્રાપ્તિ માટે પણ સાધનની જરૂર છે. મોક્ષમાર્ગે પ્રયાણ કરવા માટે માનવદેહ એ સાધનરૂપ છે. એ સાધનનો ઉપયોગ સાધ્યની સિદ્ધિમાં નહિ કરો તો જન્મ-મરણના ફેરા ટળવાના નથી.

દેવાનુપ્રિયો! જન્મ-જરા અને મરણરૂપી આગથી સંસાર બળી રહ્યો છે. તેમાંથી આત્મિકધન બચાવી લો. જ્ઞાની કહે છે કે જહા ગેહે પલિતમ્મિ માની લો કે કોઇ ઘરમાં આગ લાગે તો શું કરો? સૂઇ રહો કે જલ્દી ઉભા થઇ જાવ. અરે! આગ લાગે એટલે ઉંઘ પણ ઉડી જાય, અને વિચાર કરે કે ઘરમાંથી જેટલું બચાવી લેવાય તેટલું બચાવી લઉં. વસ્તુ બધી બચાવવી હોય પણ આગના ભડકે ભડકા સળગતા હોય ત્યાં બધું તો કેવી રીતે બચાવી શકાય? પણ તેમાંથી જેનું મૂલ્ય વધારે હોય ને વજન ઓછું હોય તેવી સાર વસ્તુ બચાવી લે અને અસારને છોડી દે. તેવી રીતે જ્ઞાની કહે છે કે આ મનુષ્યલોક જરા અને મરણરૂપ આગથી પ્રજ્વલિત થઇ રહ્યો છે. તમે જલ્દી મોહનિદ્રાનો ત્યાગ કરી જાગૃત બનો અને જન્મ-જરાની આગમાં જલતા સંસારમાંથી જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપરૂપી અમૂલ્ય આત્મિક માલ ગ્રહણ કરી લો. સંસારના સુખ, ભોગ વિષયાદિ તેમજ જડ પદાર્થો અસાર છે. તેના પ્રત્યેની આસકિત છોડી દો, જેથી વારંવાર જન્મ-મરણ કરવા ન પડે.

જન્મનું દુઃખ ઓછું નથી. જન્મનું દુઃખ તમને પ્રત્યક્ષ દેખાતું નથી, પણ મરણનું દુઃખ તો પ્રત્યક્ષ દેખાય છે ને? કોઇ માણસ ભયંકર રોગમાં ઘેરાઇ ગયો હોય, ખૂબ પીડાતો હોય, તો એને જોઈને તમે એમ કહો ને કે આ બિચારો છૂટે તો સારું. ભગવાન કહે છે કે કોઈનું મરણ ઇચ્છવું એ પાપ છે. બોલનાર એને મારી નાંખવાના

ભાવથી નથી બોલતો પણ એની અસહ્ય વેદના જોઇને સહેજે બોલી જાય છે કે આ છૂટે તો સારું, પણ એમ ન બોલો. કારણ કે જીવ વિના કારણે અનર્થદંડે દંડાઈ જાય છે. તમારાથી એનું દર્દ જોયું જતું ન હોય તો એમ વિચાર કરો કે પૂર્વકર્મના ઉદયથી એને આવો અસહ્ય રોગ આવ્યો છે તો હે ભગવાન! સમતાભાવે સહન કરી એના કર્મો ખપાવવાની એને શક્તિ મળો.

જૈન ધર્મના તત્વને સમજનારો જીવ આવી સમજણના કારણે અનર્થાદંડથી દંડાઇને કર્મ બાંધતો નથી. તત્ત્વની રૂચીવાળો જીવ તો આશ્રવના સ્થાનમાં પણ સંવર કરી જાય છે અને તત્ત્વરૂચી વિનાનો જીવ સંવરના સ્થાનમાં પણ આશ્રવ કરી પાપ બાંધે છે. માની લો કે કોઇ એક યૌવનવંતી અને હીરાના દાગીનાથી ઝગમગતી અને સૌંદર્યવાન સ્ત્રીનું કલેવર રસ્તામાં પડયું છે. તે વખતે કોઇ મુનિ ત્યાંથી પસાર થાય છે. તેમની દૃષ્ટિ એ કલેવર ઉપર પડી તો મુનિએ વિચાર કર્યો કે અહો! આવી નાની ઉંમરમાં મનુષ્યજન્મ હારી ગઇ! જો એ જીવતી હોત તો હું એને ધર્મનો ઉપદેશ આપી ધર્મ પમાડત. થોડી વારે ત્યાંથી એક વિષયલંપટ પુરૂષ પસાર થાય છે. તેને એ સ્ત્રીનું કલેવર જોઇને એવો વિચાર આવ્યો કે જો એ જીવતી હોત તો હું એને મારી સ્ત્રી બનાવત ને સંસારનો આનંદ માણુત. થોડી વારે એક શિયાળ નીકળે છે તેને વિચાર થયો કે ચાલો આપણે એના શરીરનું માંસ ખાશું ને ઉજાણી કરીને આનંદ માનીશું. એક જ વસ્તુ છે પણ દૃષ્ટિમાં કેટલી ભિન્નતા છે! બે જીવોએ કર્મ બાંધ્યા ત્યારે મુનિએ કેવી સરસ ભાવના ભવી! જેનો આત્મા જાગૃત હોય છે તે નાની વાતમાંથી પણ બોધ ગ્રહણ કરે છે.

એક વખત એક રજવાડામાં નટ લોકો નાટક કરવા માટે આવ્યા. રાજાની આજ્ઞાથી રાતના રાજદરબારના ચોકમાં નાટક કરવા લાગ્યા. આ નાટક જોવા ઘણાં નગરજનો આવ્યા છે. રાજા-રાણી, રાજકુમારી બધા બેઠા છે. નટ લોકોએ એવું સુંદર નાટક ભજવ્યું કે એ જોઇને લોકો સ્થિર થઇ ગયા. નાટક પૂરૂં થતાં લોકોને થયું કે આવો સુંદર ખેલ બતાવ્યો તો આપણે તેને કંઇક દેવું જોઇએ. એવો સરસ ખેલ હતો કે ન દેવું હોય તો પણ દેવાનું મન થઈ જાય. લોકો નટને દાન દેવા આતુર બન્યા. પણ જ્યાં સુધી રાજા ન આપે ત્યાં સુધી પ્રજા આપી શકે નહિ. રાજા તુષ્માન થઈને સારૂં દાન આપે તો પ્રજા પૈસાનો વરસાદ વરસાવે ને નટ ન્યાલ બની જાય. નટ રાજા પાસે આવી હાથ લાંબો કરીને દાન માંગે છે પણ રાજાની વૃત્તિ મલીન હતી. એને નાટક જોવું ગમતું હતું પણ દમડી દેવી ગમતી નથી. આજે એવા કંઇક જીવો પડયા છે કે કોઈનું લેવામાં ને ખાવામાં તૈયાર પણ દેવાનું આવે ત્યારે પેટમાં દુઃખે (હસાહસ). નટ રાજા પાસે ગયો અને દાન માંગ્યું ત્યારે રાજાકહે છે તેં નાટક તો બહુ સુંદર ભજવ્યું

પણ થોડીવાર મને ઉંઘ આવી ગઇ એટલે મારે જોવાનું અધૂરૂં રહી ગયું. માટે તું ફરીને નાટક ભજવ પછી દાન આપીશ.

નાટકથી જેની આજીવિકા ચાલે છે એવો નટ ખૂબ થાકી ગયો હતો. પરસેવાથી રેબઝેબ થઇ ગયો હતો છતાં પૈસાની આશાએ ફરીને નાટક કરવા લાગ્યો. ખૂબ સુંદર નૃત્ય કરવા લાગ્યો. નીચે એની પત્ની ઢોલ વગાડી રહી હતી તે પણ થાકી ગઇ હતી એટલે નટ નાચતા નાચતા બોલ્યો કે હે સ્ત્રી! "બહોત ગઈ મગર થોડી રહી." હવે ઘણી રાત વીતી ગઇ છે. માત્ર બે કલાકની રાત બાકી છે. શા માટે ગભરાય છે? હમણાં રાજા પ્રસન્ન થઇને આપણને મનમાન્યું દાન આપશે. નટ રાજા પાસેથી મોટી આશા રાખે છે પણ રાજાનું મન લોભમાં લલચાયું છે. દાન આપવા હાથ લાંબો કરતા નથી. રાજાનો કુંવર સભામાં બેઠો હતો. તેણે સાંભળ્યું કે આ નટ કહે છે કે "બહોત ગઇ મગર થોડી રહી." તેણે મનમાં વિચાર કર્યો કે આ નટ મને કહે છે કે હે કુમાર! તું શા માટે ચિંતા કરે છે! તારી આટલી ઉંમર વીતી ગઈ. હવે થોડી જિંદગી બાકી છે ત્યાં સુધીમાં ચેતી જા. નટે તો એની પત્નીને ધીરજ રાખવા માટે આ શબ્દો કહ્યા હતા પણ કુમાર બુધ્ધિશાળી હતો. તરત ઉભો થઈ ગયો ને પોતાના હાથે કિંમતી રત્નની મુદ્રિકા હતી તે નટની થાળીમાં ફેંકી. મુદ્રિકા સાથે એક છરી પણ ફેંકી. લોકો વિચારમાં પડ્યા કે રાજા પહેલા કુમારે દાન દીધું. ત્યાં કુંવરીએ પોતાનો નવલખો હાર ફેંકયો. પ્રજા તો જોઇ જ રહી. કુંવર અને કુંવરીએ દાન આપ્યું એટલે પ્રજાજનોએ આપવા માંડયું. નટ પણ મનમાં વિચાર કરવા લાગ્યો કે કુંવર અને કુંવરીએ દાન આપ્યું પણ રાજાએ ન આપ્યું. રાજા લોભી લાગે છે. બેર! એણે દાન ન આપ્યું પણ કુંવર, કુંવરી, અને પ્રજાએ મારી ભીડ ભાંગી નાંખી. પણ રાજાના મનમાં અળતરા થઇ કે મારા આપ્યા સિવાય કુંવર અને કુંવરીએ શા માટે આપ્યું?

રાજાએ કુંવરને પૂછયું. બેટા! મારા દાન આપતાં પહેલા તમે શા માટે આપ્યું? ત્યારે કુમાર કહે છે પિતાજી! સાચી વાત કહું તો આજે હું તમારૂં ખૂન કરવાનો હતો. તમે ૮૦ વર્ષના થયા અને હું આવો મોટો યુવાન થયો તો પણ તમે મને રાજય આપતા નથી ને મારા લગ્ન પણ હજુ કરતા નથી તેથી મારા મનમાં એવો ભાવ થયો કે આજે રાત્રે ગમે તેમ કરીને મારા પિતાનું ખૂન કરીશ. જુઓ, છરી પણ સાથે લઈને આવ્યો હતો. તમારૂં ખૂન કઇ રીતે કરવું તેના વિચારમાં હતો. ત્યાં ખબર પડી કે નટ નાટક કરવા આવ્યો છે એટલે નાટક જોવા આવ્યો. ત્યાં આ નટ બોલ્યો કે "બહોત ગઈ મગર થોડી રહી." ત્યારે મારા મનમાં થયું કે જાણે આ નટ મનેજ ન કહેતો હોય કે હે કુંવર! તારા પિતાની ઘણી ઉંમર વીતી ગઇ. ૮૦ વર્ષના થઇ ગયા છે. હવે થોડા સમયમાં મરી જશે તો તારે શા માટે પિતૃહત્યાનું પાપ કરવું પડે? માટે સબુર કર

અને મને પણ લાગ્યું કે મારી યુવાની ચાલી ગઇ. મારી ઉંમર પણ મોટી થઈ ગઇ છે. થોડી જિંદગીમાં મારે શા માટે પાપ કરવું જોઇએ? મારે હવે આ મુદ્રિકા નથી જોઇતી એટલે મેં દાનમાં આપી દીધી ને આપનું ખૂન કરવાનું માંડી વાળ્યું.

પછી રાજાએ કુંવરીને પૂછયું–બેટા ! તેં શા માટે નવલખો હાર દાનમાં આપી દીધો ? ત્યારે કુંવરી કહે છે પિતાજી ! હું ૪૫ વર્ષની થઇ પણ હજુ આપે મને પરણાવી નથી. એટલે આજે મેં નિર્ણય કર્યો હતો કે ગમે તે છોકરાને લઇને મારે ભાગી જવું. એ કારણથી આજે સારા દાગીના અને વસ્ત્રો પહેરીને આવી હતી પણ નાટક જોવા બેસી ગઇ પણ નટના શબ્દો સાંભળીને હું જાગૃત બની. એણે કહ્યું–"બહોત ગઇ મગર થોડી રહી". એટલે મને થયું કે મારી ૪૫ વર્ષની ઉંમર થઇ. હવે શા માટે મારા પિતાના કુળને લંછન લગાડવું જોઇએ ! એટલે ભાગી જવાનો વિચાર માંડી વાળ્યો ને નવલખો હાર દાનમાં આપી દીધો. કુંવર અને કુંવરીનો જવાબ સાંભળી રાજાને પણ પોતાની ભૂલનો ખૂબ પશ્ચાતાપ થયો કે અહો ! હું આવડો મોટો થઈને મારી ફરજ ચૂક્યો ત્યારે દીકરા અને દીકરીની કુબુદ્ધિ થઈ ને ! ધિક્કાર છે મને ! કુંવર સમજ્યો, કુંવરી સમજી પણ હું ન સમજ્યો. મારી પણ "બહોત ગઇ મગર થોડી રહી." શા માટે રાજ્યનો મોહ રાખવો જોઇએ ! હવે બને તેટલી આત્મસાધના કરી લઉં.

નટના સહજ શબ્દથી રાજા–રાજકુમાર અને રાજકુમારી બધા જાગૃત થઇ ગયા. બોલો, આશ્રવના સ્થાનમાં પણ સંવર થયો ને? ત્રણનું જીવન પવિત્ર બની ગયું. જ્ઞાની આત્માઓ કચરામાંથી પણ રત્ન શોધે છે.

"જ્ઞાની કરે એવી વાત સંસારને મારે લાત"

જ્ઞાની પુરૂષો ભેગા થઇને વાતો કરે પણ એની વાતોમાં વૈરાગ્ય ભર્યો હોય. સંસારના ગામગપાટા મારવાની વાતો ન હોય.

શ્રેણીક રાજાના ચેલ્લણા રાણી સાથે લગ્ન થયા. અભયકુમારે કપટ કરીને ચેલ્લણાને શ્રેણીક રાજા સાથે પરણાવી હતી. પરણ્યાને પહેલી રાતે ચેલ્લણા રાણી કહે છે સ્વામીનાથ! આજે આપણે શું કરીશું? ત્યારે શ્રેણીક રાજા કહે છે ચોપાટ રમીએ. ત્યારે ચેલ્લણાદેવી કહે છે ચાર ગતિની ચોપાટ તો ઘણી રમ્યા પણ હવે આત્માની ચોપાટ રમીએ. કંઇક ધર્મચર્ચા કરીએ. તમારી ચેલ્લણાએ આવું કહ્યું છે ખરૂં? (હસાહસ). ચેલ્લણા ચેડારાજાની પુત્રી હતી ને ચેડારાજાને પણ પ્રતિજ્ઞા હતી કે મારી દીકરી જૈનને પરણાવું. ચેલ્લણા રાણી કહે છે સ્વામીનાથ! ધર્મચર્ચા કરીએ. શ્રેણીક કહે ભલે. પરણ્યાની પ્રથમ રાત્રે ધર્મચર્ચા કરવા બેઠા ત્યારે ચેલ્લણા કહે છે સ્વામીનાથ! જિન શબ્દની વ્યાખ્યા કરો. ત્યારે શ્રેણીક કહે–છે ચેલ્લણા! હું આવો મોટો રાજા અને તું મને આવો સામાન્ય પ્રશ્ન પૂછે છે? જિન એટલે પ્રેસ. જિન એટલે ઘોડા ઉપર નાંખવાની ગાદી. ત્યાં ચેલ્લણાને

થઇ ગયું કે આતો જૈનધર્મી નથી. શ્રેણીક રાજા આ સમયે બૌધ્ધધર્મી હતા. ચેલ્લણાએ શ્રેણીક રાજાને જૈનધર્મી બનાવી દીધા. તમારા ઘરમાં આવી ચેલ્લણા હોય તો તાકાત નથી કે તમે બીજે જઇ શકો.

ટૂંકમાં જ્ઞાની આત્માઓ ભેગા થાય ત્યારે જ્ઞાનની વાતો કરે અને જ્ઞાનની વાતો કરનાર આત્મા ધર્મની વાતમાં વાયદા નહિ કરે કે આજે નહિ કાલે ધર્મધ્યાન કરીશ. વાયદો કરો તો સંસારના કાર્યમાં કરો પણ ધર્મના કાર્યમાં ન કરો. જે ધર્મકાર્યમાં વાયદો ન કરે તેને આત્મસુખનો ફાયદો થાય અને જેને આત્મસુખનો ફાયદો થાય તે વીતરાગના કાયદાને અનુસરે છે. તે આત્મા આત્મરંગે રંગાઈ જાય છે. જેને આત્માની પડી છે તેને પુદ્ગલની પંચાત નથી. જ્યાં પુદ્ગલ છે ત્યાં પચરંગી રંગ છે. આત્મા તો એકરંગી છે. શુકલલેશ્યાનો વર્ણ શ્વેત છે. શુકલ ધ્યાનનો વર્ણ શ્વેત છે ને આત્માને પણ કર્મના કાજલ ધોઇને આપણે શ્વેત બનાવવો છે. અમારી બહેનો કપડામાં મેચીંગ કરે છે. જેવા કલરની સાડી હોય તેવા કલરનો ચાંલ્લો, બંગડી-ઘડિયાળનો પટ્ટો–આ મેચીંગ કરવા પડે છે. પણ જુઓ જેણે પચરંગી રંગ છોડીને શ્વેત વસ્ત્ર ધારણ કર્યા છે તેને મેચીંગ કરવા જવું પડતું નથી. શ્વેત કલર ગમી જશે તો જરૂર આત્મા ઉજળો બનશે. જો આત્માને કર્મરૂપી કેદમાંથી મુકત કરાવવો હોય તો સંસારના પચરંગી રંગને છોડીને એકરંગી બનવું પડશે. જ્યાં સુધી પુદ્ગલ પ્રત્યેનો રાગ છે, કુટુંબ પરિવાર પ્રત્યેનો રાગ છે ત્યાં સુધી આત્મા બંધનમાંથી મુકત બની શકવાનો નથી.

એક વખત એક રાજાના રાજ્યમાં એક બળવાન મલ્લ આવ્યો ને તેણે રાજાની પાસે જઇને કહ્યું કે હું, એક બળવાન મલ્લ છું. આપના રાજ્યમાં આવો કોઇ મલ્લ છે કે મારી સાથે હરીફાઇમાં ઉતરી શકે. જો મને તમારા ગામનો કોઈ પણ માણસ કુસ્તીમાં હરાવે તો જીવનભર હું તેનો દાસ થઇને રહીશ. રાજાએ ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે જે આ મલ્લને જીતશે તેને રાજા મોટું ઈનામ આપશે ને હારશે તેને રાજા ફાંસી દેશે. આ શરત સાંભળી તેને હરાવવા કોઈ તૈયાર ના થયું. આ વાત કેદખાનામાં રહેલા કેદીઓના કાને ગઇ. તેમાં એક યુવાન અને પહેલવાન કેદીએ રાજાને કહેવડાવ્યું કે હું તેની સાથે કુસ્તી કરવા તૈયાર છું. એટલે રાજાએ તેના જેલરને આજ્ઞા કરી કે એ કેદીની બેડી તોડીને એને કેદમાંથી મુકત કરો ને મલ્લની સાથે કુસ્તી કરવા મોકલો. એટલે તરત જેલરે તેની પાસે જઇને વાત કરી અને બેડી તોડવા હથિયાર લેવા માટે જાય છે ત્યારે તેણે કહ્યું ભાઇ! મારા હાથ–પગની બેડી તોડવા માટે કોઇ હથિયારની જરૂર નથી. તરત એવું બળ કર્યું કે એક ઝાટકે તેની બેડીઓ તૂટી ગઇ. આ જોઇ જેલર સ્તબ્ધ બની ગયો કે શું આનું બળ છે! આ તો કોઇ મહાન બળવાન લાગે છે! તરત જેલરે એને પૂછયું-ભાઇ! તું આટલો બધો બળવાન છે તો શા માટે આ જેલખાનામાં કેદી બનીને પડી રહ્યો છે. તારી જાતે બેડી તોડીને કેમ ભાગી ગયો નહિ? ત્યારે કેદીએ

કહ્યું–ભાઇ! મેં ધાર્યું હોત તો કયારનો ય બેડી તોડીને નાસી ગયો હોત. હું તો ભાગી જઉં પણ પાછળ મારા કુટુંબપરિવારને રાજા હેરાન કરે એટલા માટે મારામાં શક્તિ હોવા છતાં બંધન તોડી શકયો નહિ. એ રીતે આપણો આત્મા ધારે તો સંસારના બંધનો તોડી શકે તેમ છે પણ કુટુંબપરિવારના મોહમાં એટલો બધો પડી ગયો છે ને પુદ્ગલના સંગે એવો ચઢી ગયો કે શક્તિવાન હોવા છતાં પણ કાયર બનીને બંધનમાં જકડાઈ ગયો છે. એને સંસારનું બંધન તોડવાનું મન થતું નથી.

આખું ચાતુર્માસ તમે વ્યાખ્યાન સાંભળ્યું. હવે થોડો વિચાર કરો કે હું વધુ ન કરી શકું તો ખેર! પણ થોડી સંસારની મમતા તો ઓછી કરું! પુદ્ગલ પ્રત્યેનો રાગ ઓછો કરું! પરિગ્રહ પ્રત્યેની આસક્તિ ઘટાડું, પારકી પંચાત ઓછી કરું, તો તમે સાચી રીતે વીતરાગ વાણી સાંભળી છે. ધોબીઘાટે ધોબી કપડા ધોવે છે તો પણ પથ્થરને ઘસારો પડે છે. કૂવા કાંઠે બહેનો પાણી સીંચે છે તો ઘરેડીમાં પણ આંકા પડે છે. આ જડ વસ્તુઓને જો આટલો ઘસારો પડે છે તો મારા વીતરાગ પ્રભુના શ્રાવકોના જીવનમાં મોહ–રાગ–દ્વેષ અને કષાયોને ઘસારો કેમ ન પડે! જો આત્માનું હિત ઇચ્છતા હો, જિંદગીની ફૂલવાડી ખીલેલી અને સુવાસથી મઘમઘતી બનાવી તમારો સંસાર સ્વર્ગ જેવો બનાવવા ચાહતા હો તો ક્રોધ-માન-માયા-લોભ આદિ ચાર કષાયોને ઘટાડો. કષાયનું પરિણામ કેવું ભયંકર આવે છે! આપણે સમરાદિત્યનું ચરિત્ર ચાલે છે. તેમાં અગ્નિશર્માના ભવમાં કષાયના કારણે કેવું નિયાણું કર્યું અને એના પરિણામે ભવોભવમાં ગુણસેનકુમારને જોઇને કેવો દ્વેષભાવ ઉત્પન્ન થાય છે એ તમે સાંભળો છો ને!

ચરિત્રઃ– સમરાદિત્યકુમારના દિલમાં વૈરાગ્યની જ્યોત જાગી ગઈ છે ને સંયમ લેવા તત્પર બન્યા છે. તેમની સાથે તેની પત્નીઓ પણ એ માર્ગે જવા તૈયાર થઈ છે. ત્યારે તેના માતા–પિતા કહે છે હે બેટા! તારા જેવા યુવાનને સંસારનો મોહ ઉતરી ગયો તો અમારે શા માટે રાખવો! હવે અમે તમને દીક્ષાની આજ્ઞા આપીએ છીએ એટલું નહિ પણ અમે બંને તારી સાથે દીક્ષા લઇશું.

પુરૂષસિંહ રાજાએ વિચાર કર્યો કે હવે ગાદીનો વારસદાર કોઇ રહેતો નથી. એટલા માટે પોતાના મુનિચંદ્ર નામના ભાણેજને ઉજ્જયીનીની ગાદીએ બેસાડયો અને સમરાદિત્યકુમાર, તેની બંને પત્નીઓ તેમજ પુરૂષસિંહ રાજા તથા રાણી એ પાંચેય આત્માઓએ પ્રભાસાચાર્ય પાસે દીક્ષા અંગીકાર કરી. આમ આખું કુટુંબ દીક્ષા લેતું હોય ત્યારે તેમનો દીક્ષા મહોત્સવ કેવો ઉજવાયો હશે! દેવાનુપ્રિયો! લગ્ન થાય ત્યારે તમે કહો છો ને કે પ્રભુતામાં પગલા માંડયા. પણ તમે પ્રભુતામાં પગલા નથી માંડયા. પણ પશુતામાં પગલા માંડો છો. (હસાહસ). સમરાદિત્યકુમારે પ્રભુતામાં પગલા માંડયા કહેવાય. તમે પરણીને તમારી પત્નીને આવો બોધ આપો. સંપૂર્ણ બ્રહ્મચારી ન બની શકો તો ધર્મના રંગે રંગી શકો ને? આટલું કરો તો પણ સારૂં છે.

આપણે આગળ વાત આવી ગઇ કે ગિરિસેન એક માતંગને ત્યાં જન્મ્યો છે. તે જન્મથી કુબડો હતો. એ અગ્નિશર્માનો જીવ હતો. આ સમરાદિત્યકુમારે બંને પત્નીઓને વૈરાગ્ય પમાડી દીક્ષા લીધી એટલે એના ઠેરઠેર ગુણ ગવાય છે. નાના બાળકથી લઇને વૃદ્ધ સુધીના બધા તેના ગુણ ગાય છે. આ ગિરિસેનથી સહન થતું નથી. બસ, આખું ગામ એના જ ગુણડા ગાય? એ તો ઢોંગી છે. એ રાજકુમાર છે એને મારવો શી રીતે? જો બીજો કોઇ હોત તો કયારનો ય મારી નાંખત. આ ગિરિસેન ઈર્ષ્યાની આગથી સળગી રહ્યો છે. સમરાદિત્યકુમાર તો તેને ઓળખતો ન હતો. પણ આ તેને જોઇને સળગી ઉઠે છે.

હવે સમરાદિત્યકુમાર મટી મુનિ બન્યા છે. તેઓ દીક્ષા લઇને ઉજ્જયિનીથી વિહાર કરી ગયા. તપ–ત્યાગ ને જ્ઞાન–ધ્યાનમાં મસ્ત બની ગુરૂની સાથે વિચરવા લાગ્યા. થોડા સમયમાં ખૂબ જ્ઞાન પ્રાપ્ત કર્યું અને તેમની યોગ્યતા જોઇને ગુરૂએ તેમને ઉપાધ્યાયનું પદ આપ્યું. ત્યાર પછી ઉપાધ્યાય એવા સમરાદિત્ય મુનિ ગામાનુગામ વિચરતાં વિચરતાં એક વખત પાછા ઉજ્જયિની નગરીમાં પધાર્યા. તેઓ નગરની બહાર એક જગ્યાએ કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર ઉભા હતા. સંધ્યાકાળના સમયે પેલો કદરૂપો ગિરીસેન ફરતો ફરતો ત્યાં આવ્યો, ને મુનિને જોઈને એનો ક્રોધ ભભૂકી ઉઠ્યો ને બોલ્યો આણે ઢોંગ કર્યો છે. આખા ગામને ગાંડુ કરનાર ધૂતારો આજે ઠીક લાગમાં આવી ગયો છે. આજે આને જીવતો ન છોડું. આમ વિચાર કરી થોડા ચીંથરા લઇ આવ્યો ને મુનિના શરીરે વીંટયા ને ઉપર તેલ છાંટયું. તેલથી ચીંથરા પૂરા પલળી ગયા એટલે તેને અગ્નિથી સળગાવી આનંદ પામેલો ગિરીસેન થોડે દૂર જઇને ઉભો રહ્યો.

મુનિનું શરીર બળવા લાગ્યું. આ સમયે સમરાદિત્ય મુનિ આત્માને કહેવા લાગ્યા જો જે હોં....રખે ભૂલ ખાતો. આજે તારી પરીક્ષાનો દિવસ છે. કોઇ ભવના કરેલા ચીકણા કર્મો તને ઉદયમાં આવ્યા છે. બાંધતી વખતે તે વિચાર નથી કર્યો તો ભોગવતી વખતે શા માટે નાસીપાસ થવું જોઇએ! શરીર અને હું બંને જુદા છીએ. દેહ બળે છે. હું નથી બળતો. આ રીતે વિચાર કરતાં તેમનો દેહાધ્યાસ છૂટી ગયો અને આ રીતે સમતારસનું પાન કરતાં સમરાદિત્ય મુનિ કર્મો ખપાવી કેવળજ્ઞાન પામ્યા.

જ્યાં મુનિને કેવળજ્ઞાન થયું ત્યાં ઇન્દ્રનું સિંહાસન કંપ્યું. આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઇ. દેવદુંદુભી વાગી અને દેવોએ જયજયકાર બોલાવ્યો. અને સમરાદિત્ય કેવળીનો કેવળજ્ઞાન મહોત્સવ ઉજવવા માટે આવ્યા. અગ્નિની જવાળાઓ શીતળ બની ગઇ અને મુનિ જાણે સોનાના કમળ ઉપર બેઠેલા સૌના જોવામાં આવ્યા. ઉજ્જયિનીના રાજા મુનિચંદ્ર પણ પરિવાર સહિત કેવળી ભગવાનના દર્શને આવ્યા. મુનિના શરીરને બળેલું જોઇને બોલ્યા. મારી નગરીમાં એવો કોણ દુષ્ટ

જીવ વસે છે કે જેણે આપને આવો ઘોર ઉપસર્ગ આપ્યો? આ વખતે જલંધર નામના દેવે ગિરીસેન સામે આંગળી ચીંધીને કહ્યું કે આ અધમે મુનિને ઘોર ઉપસર્ગ આપ્યો છે. મુનિના કોઇ અશુભ કર્મના ઉદયથી બિચારો નિમિત્ત બન્યો લાગે છે.

ઇન્દ્રે દેવો સાથે મળીને સમવસરિત્ય કેવળીનો કેવળજ્ઞાન મહોત્સવ ઉજવ્યો. ઇન્દ્રે ભગવાનની સ્તુતિ કરી, કિન્નરોએ ગીત ગાયું ને દેવીઓએ નૃત્ય કર્યું. આ બધો કેવળીનો મહિમા જોઇને ગિરીસેનના મનમાં પશ્ચાતાપ થયો કે ખરેખર! આ કોઈ પવિત્ર આત્મા છે. દેવો પણ એના ચરણમાં નમે છે. એના ગુણ ગાય છે. આવા મહાન પુરૂષને મેં કષ્ટ આપ્યું? મેં ગંભીર ભૂલ કરી.

દેવાનુપ્રિયો! હવે મુનિ સાથે અગ્નિશર્માનું વૈર પૂરું થયું એટલે તેને પોતાની ભૂલનો પશ્ચાતાપ થવા લાગ્યો. જે માણસ પોતાની ભૂલને ભૂલ સમજે છે તે કયારેક ઉંચો આવે છે. અહીં ગિરીસેનને પોતાની ભૂલનો પશ્ચાતાપ થવા લાગ્યો ને પશ્ચાતાપના પાવકમાં આત્માને પવિત્ર બનાવવા લાગ્યા. અહીં આપણે એ વાત સમજવાની છે કે ગુણસેન અને અગ્નિશર્માના ભવથી બંનેનું વૈર ચાલ્યું આવે છે. તેમાં એક આત્માએ ભવોભવમાં કેટલી સમતા રાખી છે. બે વ્યકિતઓને ઝઘડો ચાલતો હોય ત્યારે એમાંથી એક વ્યકિત નમતું મૂકે તો ઝઘડો પતી જાય છે, પણ બંને સરખા ઉતરે તો ઝઘડો પતતો નથી. તેમ અહીં પણ જો બંને સરખા ઉતર્યા હોત તો વૈરની પરંપરા વધી જાત, પણ ગુણસેનના જીવે ભવોભવમાં સમતા રાખી તો એના કર્મો ખપી ગયા ને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને એમના કેવળજ્ઞાનના મહોત્સવનું નિમિત્ત પામીને ગિરીસેનને પોતાની ભૂલનો પશ્ચાતાપ થવા લાગ્યો.

કેવળી ભગવાનના દર્શન કરવા ઉજ્જયિની નગરીની પ્રજા ઉમટી હતી. કેવળી ભગવંતે અમૃતમય વાણી વરસાવી. તેમનો ઉપદેશ સાંભળી કંઇક જીવો વૈરાગ્ય પામી ગયા ને કોઇ વ્રતધારી શ્રાવક બન્યા ને ઘણાંએ બીજા નિયમો લીધા.

આ પછી મુનિચંદ્ર રાજાએ કેવળી ભગવંતને પૂછયું કે આપની સાથે એવું કયું વૈર હતું કે જેથી આપને જીવતા સળગાવી મૂકવાની ગિરીસેનને કુબુદ્ધિ સૂઝી. ત્યારે કેવળી ભગવંતે કહ્યું–રાજન! આ ગિરીસેન અને મારા બંનેના નરક અને દેવના ભવો ગણીએ તો આ સત્તરમો ભવ છે અને મનુષ્યના ભવ ગણીએ તો નવ ભવથી અમારા બંને વચ્ચે આ વૈરની પરંપરા ચાલી આવે છે. આ એક જ ભવનું વૈર નથી. સૌથી પ્રથમ ભવમાં હું ગુણસેન રાજકુમાર હતો ત્યારે તે અગ્નિશર્મા તાપસ હતો. તે ભવમાં મારી સાથે વૈરનું બીજ વવાયું. તે ભવમાં એને એમ થયું કે ગુણસેન મારો શત્રુ છે. મને દર વખતે પારણાનું આમંત્રણ આપે છે ને પારણું કરાવતો નથી. આ નજીવા પ્રસંગમાં વૈરનું બીજ વવાયું અને ફાલતું ફૂલતું હજુ સુધી તેના હૃદયમાંથી ખસ્યું નથી.

બીજા ભવમાં હું સિંહરાજા બન્યો ને અગ્નિશર્માનો જીવ આનંદ નામે મારો પુત્ર બન્યો. ત્યાં પુત્ર બનીને મારી ઘાત કરી. ત્રીજા ભવમાં અગ્નિશર્માનો જીવ જાલિની અને મારો જીવ શિખીકુમાર બંને મા-દીકરા બન્યા. મેં દીક્ષા લીધી અને જાલિનીએ મને સાધુપણામાં વિષના મોદક વહોરાવી વૈર લીધું, પણ વૈર પૂરૂં શમ્યું નહિ એટલે ચોથા ભવમાં ધનકુમાર અને ધનશ્રી નામે અમે બે પતિ પત્ની થયા. ત્યાં અગ્નિશર્માનો જીવ જે ધનશ્રી તરીકે ઉત્પન્ન થયો હતો ત્યાં પણ સાધુપણામાં મને અગ્નિથી બાળ્યો. આ રીતે વૈરની વણઝાર વધતાં અમે પાંચમા ભવમાં જય અને વિજય નામના સગા ભાઇ બન્યા. હું જય નામે મોટો ભાઇ હતો અને વિજય નાનો ભાઇ હતો. મને જોતાં વિજયને દ્વેષ જાગ્યો ને ત્યાં સાધુપણામાં મને માર્યો. ત્યાર પછી છઠ્ઠા ભવમાં હું ધરણ અને અગ્નિશર્માનો જીવ લક્ષ્મી બન્યો. ત્યાં એણે મને મારવા ઘણાં પ્રયત્નો કર્યા અને છેવટે મારા ઉપર ચોરનું આળ ચઢાવી ચોર તરીકે જાહેર કરી ખૂબ કષ્ટ આપ્યું. ત્યાર પછી આઠમા ભવમાં હું ગુણચંદ્ર અને આ ગિરીસેન વાનમંતર નામનો વિદ્યાધર બન્યો. એણે વિદ્યાધરના ભવમાં વૈર વાળવા ઘણા પ્રયત્નો કર્યા પણ એનું કંઇ ન વળ્યું અને નવમા ભવમાં હું સમરાદિત્ય અને અગ્નિશર્માનો જીવ ગિરીસેન થયો છે એટલે મને જોતાં ગિરીસેનના અંતરમાં નવનવ ભવની વૈરપરંપરાની જ્વાળા પ્રગટી તેથી કાઉસગ્ગ ધ્યાનમાં રહેલ મને પ્રજ્વળ્યો.

ખરી રીતે કહું તો હે રાજન! એણે મને બાળ્યો નથી પણ મારા બાકી રહેલા કર્મોને બાળ્યા છે. એ મારો મહાન ઉપકારી છે. પ્રથમ ભવમાં મારા પ્રમાદના કારણે એની સાથે મારે વૈર બંધાયું તેનું પરિણામ મારે નવનવ ભવ સુધી સહન કરવું પડ્યું અને એણે હૃદયમાં રાખેલા ગાઢ વૈરને કારણે તેને મનુષ્યનો ભવ પૂરો કરી દરેક વખતે નરકમાં જવું પડ્યું ને નરકની અનંતી વેદના સહન કરવી પડી. હે રાજન! એક વખતના રહી ગયેલા સામાન્ય વૈરના પરિણામ કેવા ભયંકર નીવડે છે તે અમારા જીવનથી જાણવા મળે છે.

ફરીને મુનિચંદ્ર રાજાએ પૂછ્યું-ભગવંત! આનો ઉદ્ધાર થશે ખરો? ત્યારે ભગવંતે કહ્યું-આ ભવ પૂરો કરીને તે સાતમી નરકે જશે, પણ આ ભવમાં એને એમ થયું કે આ મહાન પુરૂષને મેં ઉપસર્ગ આપ્યો તે સારૂં કર્યું નહિ. એને પશ્ચાતાપ થયો છે. આ ભાવના એને ભવોભવમાં તારનારી થશે અને અસંખ્યાતા ભવ બાદ તે સંખ્યા નામનો વિપ્ર બનીને નિર્વાણપદ પામશે.

આ રીતે જગત ઉપર ઉપકાર કરતા સમરાદિત્ય કેવળી ભગવંત મોક્ષમાં ગયા અને ગિરીસેન પણ થોડા વખતમાં મૃત્યું પામી સાતમી નરકે ગયો. દેવાનુપ્રિયો! પ્રમાદના કારણે વવાયેલું વૈરનું બીજ જન્મોજન્મ કઇ રીતે દુઃખ આપે છે અને સમતાના અંકુર જીવનને કઇ રીતે પુનિત બનાવે છે એ સમરાદિત્ય કેવળીના ચરિત્ર ઉપરથી સારી રીતે સમજી શકાય છે. માટે કોઇની સાથે વૈર ન બંધાય તેનો ક્ષણેક્ષણે

જ્યાલ શખ્સો અને જેની જેની સાથે વૈર થયું હોય તેમને ખમાવી લેજો. જેથી વૈરની પરંપરા લાંબો સમય ટકી શકે નહિ. આ રીતે સમરાદિત્યનું ચરિત્ર પૂર્ણ થાય છે.

આજે કાર્તિક સુદ પૂર્ણિમાનો દિવસ છે એટલે ચાતુર્માસની પૂર્ણાહુતિનો દિવસ છે. સાથે અમારી ક્ષમાપનાનો દિન છે, તો ચાર ચાર મહિનાથી વીતરાગવાણીનો એકધારો ઉપદેશ આપતા કડક શબ્દો કહેવાઈ ગયા હોય ને કોઈ પણ શ્રોતાજનના દિલમાં દુઃખ થયું હોય અગર શ્રી સંઘના કોઇ પણ ભાઇ-બહેનોને અમારા દશ સતીજીઓમાંથી કોઇનાથી કંઇ કહેવાયું હોય તો હું દરેક વતી ક્ષમાપના કરૂં છું. (પૂ. મહાસતીજીએ જ્યારે અંતરથી ક્ષમાપના કરી ત્યારે દરેક ભાઇ-બહેનોની આંખમાંથી અશ્રુની ધારા વહેવા લાગી હતી)

"ક્ષમાપના વખતે મંત્રી રમણિકલાઇ કોઠારીનું વક્તવ્ય"

પરમ પૂજ્ય, પંચ મહાવ્રતધારી, વીતરાગના માર્ગે ચાલી વીતરાગ વાણીની વીણા બજાવનાર, જેની જીહ્વા ઉપર સાક્ષાત સરસ્વતીદેવી બિરાજમાન છે એવા સરસ્વતીના અવતાર સમાન, પ્રખર વ્યાખ્યાતા, મહાવિદુષી બા. બ્ર. પૂજ્ય શ્રી શારદાબાઇ મહાસતીજી તેમજ અન્ય સતીજીઓ ! તેમજ સંઘના ભાઇ-બહેનો !

આજે ચાતુર્માસની પૂર્ણાહુતિનો દિવસ છે. બીજું, ક્રાંતિવીર લોંકાશાહની જન્મ જયંતીનો દિન છે અને ત્રીજું, આપણે ત્યાં કલકત્તા સંઘના ભાઇઓ આવેલ છે એ ખૂબ આનંદનો વિષય છે.

આપણી વિનંતીને માન આપી પૂ. મહાસતીજી કાંદાવાડી ચાતુર્માસ પધાર્યા. તે સતીજીના સતના પ્રભાવે ચાતુર્માસમાં અનેરો આનંદ વર્તાયો છે. દાન-શીયળ-તપ અને ભાવનાની ભરતી આવી છે. આટલા વખતમાં કદી નહિ થએલ એવો દશ લાખ રૂપિયાનો ફાળો થયો છે. આઠ આઠ વર્ષની કુમળી બાલિકાઓએ અઠ્ઠાઇ ને છઠ્ઠાઈ કરી. દાતાઓએ દાનનો વરસાદ વરસાવ્યો, તપસ્વીઓએ તપશ્ચર્યા કરી અને ઘણાં ભાઈ-બહેનોએ આજીવન બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા કરી. આ બધો યશ પૂ. મહાસતીજીના ફાળે જાય છે. આ વખતનું ચાતુર્માસ અભૂતપૂર્વ છે. આ ચાતુર્માસ કાંદાવાડી સંઘના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે. સતીજીની વાણીમાં અમૃત ભર્યું છે. તેમનો ઉપદેશ શ્રોતાજનોના દિલમાં આરપાર ઉતરી જાય છે.

મુંબઇને ફરતો ખારો સમુદ્ર છે. પણ મોહમયી મુંબઇનગરીમાં વસનાર માનવીના દિલ મીઠા છે. પૂ. મહાસતીજીના મુંબઇ પધારવાથી માનવીના દિલમાં ધર્મભાવનાની જ્યોત પ્રગટી છે. શાસનની પ્રભાવના થઇ છે. ફરી ફરીને આપણને આવો લાભ મળે એવી પૂ. મહાસતીજીને અમારો સંઘ વિનંતી કરે છે તેમજ અમારા સકળ સંઘના ભાઇ-બહેનોથી કોઇ પણ રીતે અવિનય થયો હોય ને કોઇ પણ સતીજીને દુઃખ થયું હોય તો અમારા શ્રી સંઘવતી અંતઃકરણપૂર્વક ક્ષમા માંગી બેસી જાઉં છું.

કલકત્તાના સંઘે પણ પૂજ્ય મહાસતીજીને કલકત્તા પધારવા માટે ખૂબ આગ્રહ ભરી વિનંતી કરી હતી.

ચાતુર્માસ વ્યાખ્યાન સમાપ્ત

શારદા સૌરભમાં મહાબલ-મલયાની અધૂરી રહેલી કહાણી

અમદાવાદથી પ્રગટ થયેલા પૂ. બા. બ્ર. વિદુષી શારદાબાઈ મહાસતીજીના વ્યાખ્યાનો જે પુસ્તકનું નામ શારદાસૌરભ છે જેમાં શાવર્ચાપુત્રનો અધિકાર છે અને પાછળ મહાબલ ને મલયાસુંદરીનું ચરિત્ર છે. તેમાં ચરિત્ર અધૂરૂં રહ્યું છે તેથી જનતાની ખૂબ માંગ છે, તેથી અમે પૂ. મહાસતીજીને વિનંતી કરી કે અધૂરૂં રહેલું ચરિત્ર આ પુસ્તકમાં ટૂંકમાં આપશો. વહી ગયેલી વાર્તાના રસિક ભાઇ-બહેનો! તમારા મનમાં એમ છે કે મલયાસુંદરી કૂવામાં પડી તો તેને મહાબલકુમારનો ભેટો કયાં થશે? તેની અધિરાઈ આવી છે તો હવે સાંભળો.

મહાબલ મલયા ચરિત્ર

મલયાસુંદરીએ કંદર્પ રાજાના ત્રાસથી અને પોતાના શીયળના રક્ષણ માટે તેણે નિર્ણય કર્યો કે શીયળના રક્ષણ માટે દેહનું બલિદાન આપવું તે શ્રેષ્ઠ છે તેમ વિચારી કૂવાના કાંઠે પહોંચી ગઇ. નવકારમંત્રના સ્મરણ સાથે મહાબલનું સ્મરણ કરતાં કૂવામાં પડતું મૂકે છે. મહાબલ....મહાબલ શબ્દ મહાબલના કાને પડે છે. તરત મહાબલ દોડયો કે આ મલયાસુંદરીનો સૂર લાગે છે. તેણે પણ તરત કૂવામાં પડતું મૂકયું અને તપાસ કરતાં પહેલા પડેલો પુરૂષ ગાઢ મૂર્છામાં હતો. તે મંદમંદ સ્વરે સહેજ ભાન આવતાં એમ બોલ્યો કે મને મહાબલનો મેળાપ થજો. તેને વિચાર થયો કે અહો! આ મારું નામ કેમ બોલતો હશે? તેથી મહાબલ પૂછે છે કે સાહસિક પુરૂષ! તું કોણ છે અને શા માટે કૂવામાં પડયો છે? મલયાસુંદરી મહાબલનો અવાજ ઓળખી ગઇ ને બોલી તમે કોણ છો? ને મારી પાછળ શા માટે કૂવામાં પડયા છો? તે વાત મારે તમને પૂછવી છે. પણ તે પહેલાં તમારા થૂક વડે મારા કપાળનો ચાંદલો લૂછી નાંખો. આથી મહાબલ આ વાતનો મર્મ સમજી ગયો અને ચાંદલો લૂછતાં જ તે પુરૂષ મલયાસુંદરી સ્ત્રીના રૂપમાં પ્રગટ થઈ. આ બંનેનો એક વર્ષે અંધ કૂવામાં મેળાપ થતો જોઇ કૂવાની ભીંતની પોલાણમાં રહેલો સર્પ વિચારવા લાગ્યો કે અહો! એક એક માટે પ્રાણ આપી દે તેવા બંનેના પ્રેમ છે. બાર બાર મહિને ભેગા થયેલા હોવા છતાં ભયંકર અંધકારમાં એક બીજાનું મુખ જોઇ શકતા નથી. તો લાવ, હું એ બંનેને કંઈક સહાય કરૂં. મણિધર સર્પે પોતાનું મુખ બહાર કાઢયું. મણિના તેજથી કૂવામાં ઝાકઝમાળ અજવાળું થઇ ગયું. બંને હર્ષથી ભેટી પડયા અને નેત્રમાંથી હર્ષાશ્રુનો પ્રવાહ છૂટયો અને અરસપરસ એક બીજાની કહાણી પૂછી. મલયાસુંદરીની કહાણી સાંભળતાં મહાબલની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યા અને આપણો પુત્ર હાલ કયાં છે? વિગેરે વાત પૂછી. હવે જે રૂમમાં મલયાસુંદરીને પૂરી હતી ત્યાંથી ભાગીને તે કૂવામાં પડી તે પહેરેગીરને

ખબર નથી. જ્યારે પહેરેગીરો જાગ્યા અને મલયાસુંદરીને ન જોઈ ત્યાં ખળભળાટ પેદા થયો. તરત રાજા કંદર્પ અને તેનો પરિવાર પગલું પકડતો કૂવાના કાંઠે આવ્યો. કૂવામાં તો ઝાકઝમાળ અજવાળું છે તેથી દેવરૂપ જેવા બંને માણસોને બેઠેલા જોતાં વિચાર કરવા લાગ્યા કે અહો! જોડી કેવી શોભે છે! માયા કરીને રાજા બોલ્યા કે હું તમને કૂવામાંથી બહાર કાઢવા આવ્યો છું અને તમે બંને આ બે માંચીમાં બેસી જાવ. મલયાસુંદરીએ મહાબલને કહ્યું કે આ રાજા કામી છે. આપણે બહાર નીકળવું નથી પણ મહાબલે મલયાને સમજાવ્યું કે બહાર નીકળીને હું તેને પહોંચી વળીશ. હવે તું ગભરાઈશ નહિ. છેવટે બંનેએ એક માંચીમાં બેસવાનો નિર્ણય કર્યો. માંચી ખેંચતા મહાબલનું રૂપ જોઇ રાજા વિચારે છે કે અહો! આ અદ્‌ભુત રૂપ લાવણ્યવાળો તેનો યુવાન પતિ જીવતો હશે ત્યાં સુધી તે મને ચાહશે નહિ એટલે એકદમ માંચી ખેંચતા માણસોએ મલયાસુંદરીને ખેંચી લીધી અને માંચીની દોરી કાપી નાંખીને મહાબલને કૂવામાં નાંખી દીધો. પાછળ મલયા કૂવામાં ઝંપાપાત કરવા માટે દોડી પણ બધાએ તેને પકડી રાખીને તેને ગામમાં લઇ જઇ બધું પૂછવા માંડયું તો મલયાએ એક શબ્દનો પણ જવાબ આપ્યો નહિ.

કારાગૃહમાં સર્પદંશ :- છેવટે મલયાસુંદરીને રાજાએ કારાગૃહમાં પૂરી. પાણી વિના માછલી તરફડે તેમ મલયાસુંદરી કાળાપાણીએ રોતી તરફડી રહી છે. ત્યાં તેને ભયંકર સર્પ આવી ડંખ દે છે. મલયાસુંદરી કાળી ચીસ પાડે છે અને પછી નવકાર-મંત્રનું સ્મરણ કરવા લાગી જાય છે. તરત ચોકીયાતો દોડી આવે છે. રાજાને ખબર આપે છે. રાજાએ ઘણાં મંત્રવાદીઓને બોલાવ્યા ને અનેક ઉપચારો કર્યા પણ ઝેર ઉતર્યું નહિ ને મલયાસુંદરી ભાનમાં પણ ન આવી. રાજાએ ગામમાં ઉદ્‌ઘોષણા કરાવી કે જે કોઇ મલયાને સજીવન કરશે તેને મારો રણુરંગ નામનો હાથી, રાજકન્યા અને એક દેશ ઇનામ આપીશ. પડહ વાગ્યો પણ કોઈએ ઝીલ્યો નહિ. છેવટે એક પરદેશી પુરૂષે પડહ ઝીલ્યો અને તે રાજા પાસે આવ્યો. તેને જોતાં રાજાએ તેને ઓળખી કાઢયો. ઘણાં તર્ક-વિતર્ક થયા. પણ એક વિચાર કર્યો કે મારૂં કાર્ય પહેલાં કરી લઉં, તેથી કહ્યું કે હે પરદેશી પુરૂષ! તું પહેલાં મલયાસુંદરીને સજીવન કર. હું તને આટલું ઇનામ આપીશ. મહાબલ કહે કે મારે કંઈ જોઈતું નથી. ફકત મને મલયાસુંદરી આપજો. રાજા વિચાર કરે છે એને મેળવવા માટે તો મેં આટલાવાના કર્યા તે શું તને આપવાની છે? છતાં માયાજાળ મનમાં રાખીને તેને સજીવન કરવાનો આદેશ આપ્યો. મલયા પાસે જતાં મહાબલનું હૃદય ભરાઇ ગયું પણ હિંમત કરીને કહ્યું-મહારાજા! હવે તમે બધાને બહાર કાઢો. અંદર કોઇ મનુષ્ય ન જોઈએ. પાણી છંટાવી જગ્યા શુદ્ધ કરીને રૂમ બંધ કરી મહાબલે નવકારમંત્રનું સ્મરણ કરી પોતાની કમ્મરેથી મણિ કાઢી પાણીમાં ધોઇ આંખ પર તે પાણી છાંટયું ને શરીરે ચોપડયું. તરત થોડીવારમાં મલયાસુંદરી બેઠી થઈ ગઇ. મહાબલ

ને મલયા મળ્યા. મલયા બોલી નાથ! તમે શી રીતે કૂવામાંથી બહાર આવ્યા ? મહાબલે કહ્યું કે મણિના પ્રકાશથી કૂવામાં ગુપ્ત બારણું હતું તે ઉઘાડી હું બહાર નીકળ્યો અને પછી મેં દ્વાર બંધ કરી દીધું. બનેલી સર્વ હકીકત કહી અને પછી બારણું બોલીને કહ્યું– મહારાજા ! તમે મને મલયાસુંદરી આપી દો. રાજા આ ચમત્કાર જોઇ રહ્યો ને પૂછ્યું. તમારૂં નામ શું ? મારૂં નામ સિદ્ધપુરૂષ. હે સિદ્ધપુરૂષ ! આ મલયાએ કંઈ આપ્યું નથી માટે આપ તેને જમાડો. બંને જણા જમ્યા. મહાબલ કહે હવે મને મલયા આપી દો. આપનું બોલેલું વચન પાળો. જો તમારૂં બોલેલું વચન નહિ પાળો તો તમારા આખા કુળનો નાશ થશે. રાજા કહે– તમારે આની સાથે શું સબંધ છે? સિદ્ધપુરૂષ કહે કે આ મારી પત્ની છે. કર્મયોગે તે મારાથી વિખૂટી પડી હતી. રાજા કહે મારૂં એક કાર્ય કરી આપો. પછી હું તમને આપી દઇશ. બોલો શું છે ? મને માથાનો દુઃખાવો બહુ થાય છે તે માટે વૈદ્યે કહ્યું છે કે બત્રીસ લક્ષણો પુરૂષ ચિતામાં હોમાય અને તેની રાખ તમને માથે ચોપડવામાં આવે તો તમારૂં માથાનું દર્દ મટી જશે તો મારૂં આટલું કાર્ય કરો. આ શબ્દો સાંભળી મલયા ડુસ્કે ડુસ્કે રડવા લાગી. હિંમત હારી ગઇ. મહાબલે તેને બાનગી સમસ્યાથી સમજાવી દીધી ને છેવટે મહાબલ ચાલ્યો ગયો.

" બળતી ચિતામાં મહાબલ " :– તેણે સંધ્યાના સમયે ચિતા ગોઠવવાની તૈયારી કરાવવા માંડી અને આ વાતની ગામમાં જાણ થતાં આખા ગામમાં હાહાકાર થયો. મલયાસુંદરી પોતાના દેહને બોળંભા આપતી ઝૂરાપો કરી રહી છે. ભગવાન! તેં મને કયાં જીવાડી ? હવે મારા પતિનું શું થશે ? આખા ગામના લોકો પોકાર કરે છે કે દેવરૂપ જેવા પુરૂષ ! તું ચિતામાં પડવા ન જા. બધાની ના હોવા છતાં સ્મશાને જતાં ચારે તરફ નજર કરતાં મહાબલે કહ્યું કે આ જગ્યાએ ચિતા ગોઠવો અને તે રીતે ગોઠવાવી. પોતે ચિતામાં પ્રવેશ કરી ગયો. લોકોમાં હાહાકાર થઇ ગયો. ચિતાને ફરતા પોલીસો ગોઠવ્યા છે. મહાબલે જ્યાં અંદર પ્રવેશ કર્યો કે તરત અગ્નિ સળગાવવામાં આવ્યો. રાજા બહુ મનમાં હરખાવા લાગ્યા. હાશ....નિરાંત થઈ. પ્રજા રાજાને ગાળો દેવા લાગી. જ્યારે ચિતા સંપૂર્ણ બળી ગઇ ત્યારે સુભટો પાછા વળ્યા. આખી રાત લોકોએ કાળો કકળાટ કર્યો. આ રાજા દુષ્ટ છે. અરર....તેણે આ શું કર્યું ? એમ કરતાં સવાર પડી રાખનો મોટો પોટલો માથે લઇ સિદ્ધપુરૂષ બજારમાંથી નીકળ્યો. તેને જોઇ લોકો તો ગાંડા થઇ ગયા ને તેની પાછળ પાછળ દોડ્યા. રાજાને કહે છે બાપુ ! આપને જોઈએ તેટલી રાખ વાપરો ને મને મારી મલયા આપી દો. રાજા વિચાર કરવા લાગ્યા કે હાય....હાય ! આ કેવી રીતે પાછો આવ્યો ? હે સિદ્ધપુરૂષ ! તું બળી ગયો હતો ને જીવતો કયાંથી પાછો આવ્યો ? બાપુ ! મારા સત્બળથી દેવો મારા શરીરની રાખ પાસે આવ્યા.

રાખ ઉપર અમૃતનું સિંચન કર્યું તેથી હું જીવતો બેઠો થયો. રાજાને હાય લાગી કે નક્કી, આ કોઇ માયાવી માણસ છે. કંઇક લોકોએ મલયાસુંદરીને સમાચાર આપ્યા કે સિદ્ધપુરૂષ જીવતો આવી ગયો. મલયાને ખૂબ આનંદ થયો. મહાબલ-મલયા પ્રેમથી ભેટયા અને મલયાએ બધી હકીકત પૂછી. મહાબલે કહ્યું કે મેં અંધ કૂવા પાસે ચિતા ગોઠવાવી હતી. તે કૂવાના ભોંયરાને હું જાણતો હતો. તરત જ પથ્થર ખસેડીને હું ભોંયરામાં પેસી ગયો અને આખી રાત્રી ત્યાં રહ્યો ને સવારમાં આ રીતે અહીં આવ્યો. મહાબલે મલયાની માંગણી કરી ત્યારે જીવા પ્રધાને કહ્યું કે અમારા મહારાજાને પિત્તની પીડા બહુ છે તો છિન્નકંટક નામના પહાડ પર એક આંબાનું ઝાડ છે તેની કેરી લાવીને અમારા મહારાજાને ખવડાવવામાં આવે તો પિત્તનું દર્દ મટી જાય. પણ એ કેરી લાવવી ખૂબ કઠણ છે. કોઇ ત્યાં જઇ શકતું નથી. કારણ કે ત્યાં ચઢવું ઘણું મુશ્કેલ છે. છતાં પૂર્વદિશા તરફથી ચઢી શકાય છે. પણ ઉતરી શકાતું નથી. ત્યાંથી પડતું મૂકવું પડે છે. તો હે સાહસિક પુરૂષ! તમે આટલું કાર્ય કરી આપો. આ કાર્ય તો જીવના જોખમનું છે. અહીં તેના રક્ષણ માટે કંઇ હતું નહિ. છતાં હિંમતપૂર્વક સાહસથી બોલ્યો–ભલે, હું લાવી આપીશ. પણ તમે તમારૂં બોલેલું વચન નહિ પાળો તો બધાનો નાશ થઇ જશે તેમ કહીને તે ઉભો થયો.

"મહાબલ છિન્નકંટકના શિખર ઉપર" :– આ સમાચાર સાંભળી મલયા કાળાપાણીએ રડવા લાગી. ઝાલી કે ઝાંખી રહેતી નથી. મહાબલ મલયાના માથે હાથ મૂકીને કહે છે ગભરાઇશ નહિ, હું સત્ના બળે હમણાં પાછો આવીશ. મહાબલ પહાડ તરફ ચાલ્યો. સંખ્યાબંધ લોકો તેની પાછળ ચાલ્યા. લોકો બોલવા લાગ્યા અરેરે.... આવો અન્યાય! રાજા ઘોર પાપ કરે છે. સતીયા પુરૂષને કેટલું કષ્ટ આપે છે! પહાડ ઉપરથી પડશે તો હાડકાના ચુરેચુરા થઇ જશે. લોકોને દેખતાં મહાબલ પહાડ ઉપર ચઢી ગયો. કેરી લઇને પાછળથી બીજામાં ઝંપાપાત કર્યો. હાહાકાર મચી ગયો. રાજા રાજી થયા ને પ્રજા રોતી રોતી ઘેર ગઇ. સવાર પડતાં સિદ્ધપુરૂષ માથે કેરીનો કરંડીયો લઇને દરબારમાં આવ્યો. લાખો લોકોએ મહાબલને ઘેરી લીધો. મહાબલને જોઇને રાજાનું મોઢું કાળું થઇ ગયું. માયાવી પ્રધાન બોલ્યો–તમે ક્ષેમકુશળ છો ને? મહાબલ કહે મહારાજા! હવે તમે બધા આ કેરી ખાવ અને તમારો રોગ મટાડો, એમ કહી કરંડીયો બોલ્યો ને પાંચ કેરીઓ લઇને મલયા પાસે પહોંચી ગયો. મહાબલને મલયા પૂછે છે નાથ! તમે કેવી રીતે જીવતા આવ્યા? ત્યારે મહાબલ કહે છે મેં જ્યારે પહાડ ઉપરથી પડતું મૂકયું ત્યારે એક વ્યંતર દેવે મને ઝીલી લીધો ને કહ્યું કે હે રાજકુમાર! તું મારો અતિથિ છે. હું તારૂં સન્માન કરૂં છું. જ્યારે હું મનુષ્ય હતો ત્યારે તેં મને ખૂબ સહાય કરી છે માટે હું તારી મદદે આવ્યો છું. તું કહે તો કંદર્પ રાજાને પૂરેપૂરી શીક્ષા કરૂં. ત્યારે

મેં કહ્યું–કે તમારી સહાયથી રાજા મને જેટલા કામ સોંપે તેટલા પૂરા કરૂં છતાં જો તે ન સમજે તો તમે એને શિક્ષા કરજો. દેવે મને કરંડિયા સહિત ઉદ્યાનમાં મૂકી દીધો અને દેવે કહ્યું કે તું સભામાં કરંડિયો મૂકજે ને હું અદૃશ્યપણે કરંડિયામાં રહીને મને ઉચિત લાગશે તે પ્રમાણે હું કાર્ય કરીશ. દેવી! તેની આજ્ઞાથી હું અહીં આવ્યો છું. અને મને તેણે કહ્યું કે હવે તારા દુઃખના દિવસોનો નાશ થશે. હવે રાજસભામાં શું બન્યું? મહાબલના ગયા પછી કરંડિયામાંથી અવાજ આવ્યો કે રાજાને ખાઉં કે પ્રધાનને ખાઉં? વારંવાર આ શબ્દો થતાં રાજા ભયભીત બની ગયા કે નક્કી આ પૃથ્વી ઉપર વિચરનારો કોઈ સિદ્ધપુરૂષ છે. પ્રધાન એકદમ તાડૂકવા મંડયો. આ ધૂતારાએ શું કર્યું? રાજા કહે હે પ્રધાન! તું કંઇ બોલ નહિ. તું કરંડિયા પાસે જા નહિ. છતાં અભિમાન કરી જીવો પ્રધાન કરંડીયા પાસે ગયો. ત્યાં ફરીને અવાજ આવ્યો કે રાજા ખાઉં કે પ્રધાન ખાઉં? છતાં પ્રધાને કરંડીયામાં હાથ નાંખ્યો. જેવો હાથ નાંખ્યો તેવી અગ્નિ ફાટી નીકળી અને પ્રધાન બળીને ખાખ થઇ ગયો અને ભયંકર આગ ફાટી નીકળી. લોકોમાં ત્રાસ ત્રાસ થઇ ગયો. રાજા દોડતા મહાબલ પાસે જઇને કહેવા લાગ્યા કે અમને બચાવો બચાવો. મહાબલને દયા આવી કે નિર્દોષ માણસો મર્યા જશે તેથી પાણી છાંટયું. એટલે દેવે તરત અગ્નિ બૂઝાવી નાંખી. લોકો કહેવા લાગ્યા બાપુ! હવે તેની પત્નીને દઈ દો. નહિતર જીવતા નહિ રાખે પણ હજુ રાજાની બુદ્ધિ સુધરતી નથી. પ્રધાન તરીકે જીવા પ્રધાનના દીકરાને નીમ્યો. મહાબલ કહે હે રાજા! હવે તમારે જીવવું હોય તો મારી પત્નીને આપી દો. રાજા કહે છે તમે ખૂબ સાહસિક પુરૂષ છો માટે ત્રીજું એક કામ કરી આપો પછી તમને તમારી પત્ની આપી દઇશ.

"હું પીઠનો ભાગ જોઇ શકું":–હું મારી આંખ સન્મુખ તો બધું જોઇ શકું છું પણ મારી પીઠનો ભાગ જોઇ શકતો નથી તે મને બતાવો. આ શબ્દો સાંભળતા કુમાર એકદમ ક્રોધે ભરાયો ને બોલ્યો કે તારી પીઠ જોવાથી તને શું ફાયદો થવાનો છે? તેમ કહેતાની સાથે દાંત કચડીને રાજાની ગરદન એવી જોરથી પકડી કે ડોકને ઠેકાણે મુખ આવ્યું ને મુખને ઠેકાણે ગરદન આવી. લે હવે જોયા કર. આથી જીવામંત્રીનો દીકરો એકદમ ક્રોધમાં આવીને બોલ્યો તેં મારા બાપને મારી નાંખ્યો અને રાજા સાહેબની આ સ્થિતિ કરી? હમણાં તને બતાવી દઉં છું. આ સમાચાર વાયુવેગે આખા ગામમાં પ્રસરી ગયા. અંતેઉરમાં ખબર પડી કે રાજાની આ દશા થઇ છે. કુતૂહલ જોવા આખું ગામ ઉભટયું. લોકો બોલવા લાગ્યા લે પાપી! તારા પાપનું ફળ ભોગવ. રાણીઓ કરગરવા લાગી કે સિદ્ધપુરૂષ! તું દયા કર અને અમારા પતિની ભૂલને માફ કર તેથી મહાબલે રાજાની ડોક ઠેકાણે લાવી દીધી. રાણીઓએ રાજાને ખૂબ સમજાવ્યા કે તમે તેની કન્યા પાછી આપી દો. તમને ઘણી સ્વરૂપવાન કન્યાઓ મળશે પણ રાજા તેના

દુષ્ટ વિચારથી પાછા ફર્યા નહિ. એટલામાં અકસ્માત અશ્વશાળામાં આગ લાગી. આગની ભયંકર જ્વાળાઓમાં ઘોડા બળીને સાફ થવા લાગ્યા. આથી રાજાએ સિદ્ધપુરૂષને પ્રાર્થના કરી કે મારૂં આ ચોથું કાર્ય કરી આપ તો હું તને મલયા આપી દઈશ. આ અગ્નિમાંથી મારો અશ્વરત્ન બહાર લાવી આપ તો હું આજે ને આજે તારી ઇચ્છા પૂર્ણ કરીશ. આથી લોકો બોલ્યા કે હે નિર્દય રાજા! તું આ શું કરે છે? આગમાં મોકલીને કુંવરને તારે મારી નાંખવો છે? સિદ્ધપુરૂષે વ્યંતરદેવનું સ્મરણ કરીને લોકોના હાહાકારની વચ્ચે આગમાં પ્રવેશ કર્યો. તરત દેવે તેને મદદ કરી. તે ઘોડા ઉપર બેસી ગયો.

દિવ્ય વસ્ત્રાલંકારોથી તેનું શરીર સુશોભિત બની ગયું ને લોકોના આશ્ચર્ય વચ્ચે તે અગ્નિમાંથી બહાર આવ્યો ને બોલ્યો હે મહારાજા! પ્રધાન અને પ્રજાજનો! આ અગ્નિ ખૂબ પવિત્ર છે. મનવાંછિત ફળ આપનારી છે. તે સ્થળે જમીન ઉપર આળોટવાથી આ અશ્વ અને હું દિવ્યશકિત પામીને આવ્યા છીએ. રોગ-જરા ને મૃત્યુ હવે અમને આવશે નહિ. આ વખતે કોઇ પણ મનુષ્ય પોતાનું ઇચ્છિત કાર્ય મનમાં ધારીને પ્રવેશ કરશે તે આવું ફળ પામશે. આથી રાજા અને ઘણાં લોકો અગ્નિમાં પડવા તૈયાર થયા. સિદ્ધપુરૂષે પ્રજાજનોને રોકયા. સૌ પહેલાં રાજા અને પ્રધાનનો હક્ક છે-તમારો નથી.

"પાપીનો ક્ષય-અગ્નિપ્રવેશ-રાજ્યપ્રાપ્તિ":- હવે સિદ્ધપુરૂષના દિવ્ય સ્વરૂપને જોઇને રાજા અને પ્રધાન બંને જણાએ અગ્નિમાં પ્રવેશ કર્યો. અધીરા બનેલા લોકો કયારે એ બહાર આવે ને અમે જઇએ તેની રાહ જુવે છે. કલાક થયો તો પણ બહાર આવ્યા નહિ તેથી પ્રજા મહાબલને પૂછે છે-મહાબલ કહે છે હે પ્રજાજનો! કોઇને અગ્નિ જીવતા મૂકે ખરા? મને તો વ્યંતરદેવની સહાય હતી તેથી હું બચ્યો છું. લોકોમાં જય જયકાર થઇ ગયો. મહાબલને કષ્ટમાં જતાં જોતી ત્યારે પ્રજા રડતી હતી, પણ દુષ્ટ રાજાની દુષ્ટ ભાવના જોઈને પ્રજાજનોને રાજાનો સહેજ પણ આઘાત લાગ્યો નહિ. બધાએ પ્રેમથી મહાબલને રાજગાદી સોંપી રાજા બનાવ્યો. મહાબલે વ્યંતરદેવને નમસ્કાર કરીને કહ્યું કે આપ હવે આપના સ્થાને પધારો. મને જય રે જરૂર પડશે ત્યારે તમને યાદ કરીશ. આથી દેવ અદશ્ય થઇ ગયો. મહાબલ અને મલયાસુંદરીના મનોરથો ફળ્યા. મહાન દૃઢતાથી શ્રદ્ધાપૂર્વક પાલન કરેલું શીયળવૃક્ષ ફળીભૂત થયું ને મહારાણી પદ પ્રાપ્ત કર્યું.

હવે બલસાર્થવાહ પાસે પોતાનો પુત્ર છે. તેને માટે તે આ ગામમાં છે તેથી તપાસ કરવા માંડી અને બલસાર્થવાહને સંયુકત કુટુંબ સહિત પકડવામાં આવ્યો ને તેને જેલમાં પૂર્યો. આથી બલસાર્થવાહે રાજા વીરધવળને બાનગી સંદેશો કહેવડાવ્યો ને રાજા વીરધવળ બલસાર્થવાહના પક્ષમાં લશ્કર લઇને લડાઇ કરવા આવ્યા. વીરધવળ રાજાને સહાય કરવા માટે સુરપાળ રાજાએ પણ સહાય આપી. તો રાજા વીરધવળ અને સુરપાળ

રાજા બંનેને થયું કે કંદર્પરાજા આપણો વૈરી છે તો બલસાર્થવાહને આપણે છોડાવીશું ને આપણા વૈરીના વૈરનો બદલો લઇશું એમ વિચારીને લડાઈ કરવા માટે આવ્યા. પરિણામમાં ખૂબ લડાઇ ચાલી. સિદ્ધરાજ (મહાબલ) તરફના જેટલા બાણ આવે તેટલા વ્યંતરદેવ અધવચ્ચ ઉપાડી લેતો હતો. તેના સૈન્યમાં કોઇ મનુષ્યની જાનહાનિ થઇ નહિ જ્યારે સામા સૈન્યમાં ઘણા માણસ મરાયા. છેવટે મહાબલના મનમાં થયું કે વિના કારણે નિર્દોષ માણસો મરી જશે તેથી વ્યંતરદેવ પાસે એક બાણ માંગ્યું ને તેમાં લેખ લખીને બાણને રવાના કર્યું. તે બાણ ત્યાં પહોંચી ગયું ને લેખ તેમના ખોળામાં નાંખ્યો.

શ્રીમાન્ ! વીર પુરૂષોથી સુશોભિત પૂજ્ય પિતાશ્રી સુરપાળ નરેન્દ્રના ચરણારવિંદમાં તથા શ્રીમાન્ ચંદ્રાવતી નરેશ શ્વસુર શ્રી વીરધવળ રાજાના ચરણસરોજમાં આપશ્રીના સન્મુખ સૈન્યમાં સ્થિત મહાબલકુમાર આપ સર્વેને નમસ્કાર કરવા પૂર્વક વિજ્ઞપ્તિ કરે છે કે આપશ્રીના પવિત્ર પ્રસાદથી મને આ રાજ્યનો પૂર્ણ પરિગ્રહ પ્રાપ્ત થયો છે તેમજ પૂજ્ય પિતાશ્રીના પ્રમોદાર્થે મારા ભુજબળનો વિનોદ આપશ્રીના સમક્ષ મેં કર્યો છે. તેમાં પૂજ્યનો કરેલો પરાભવ કે અવજ્ઞા કે અવિનય તે કૃપાકટાક્ષથી ક્ષમા કરવા યોગ્ય છે. આ લેખ વાંચતાની સાથે સૌનાં હૈયાં હરખાઇ ગયા અને દોડતાં બાપ-દીકરો, સસરા-જમાઈ ભેટી પડયા. આનંદ આનંદ છવાઇ ગયો. ત્યાર પછી બલસાર્થવાહે શું શું કર્યું છે તે બધું જાણ્યું. તેને જેલમાંથી બહાર લાવ્યા ને રાજાએ ખૂબ ધમકાવ્યો કે બોલ કયાં છે મારો દીકરો ? બલસાર્થવાહ ધ્રુજવા લાગ્યો કે હવે મારૂં શું થશે ? જેને મેં મારા માન્યા હતા તે મારા વૈરી બની ગયા. છેવટે દીકરાને રાજ્યમાં લાવ્યા. મહાબલ અને મલયાના હૈયા હરખાયા. રાજાએ બલસાર્થવાહને પરિવાર સહિત ફાંસીએ ચઢાવવાનો હુકમ કર્યો. પણ મહાબલ ને મલયાએ તેને જીવતદાન આપ્યું. પરિવાર ભેગો થવાથી ખૂબ આનંદ વર્ત્યો. મહાબલ એવા સિદ્ધરાજનો જયજયકાર થયો. વાજતે ગાજતે પરિવાર સહિત મહાબલ પોતાની રાજધાનીમાં જશે અને ત્યાં ચંદ્રયશા કેવળી પધારશે. ત્યાં રાજા વીરધવળ અને સુરપાળ રાજા પૂછશે. મહાબલ ને મલયાસુંદરીને આટલા બધા કષ્ટ કેમ પડયા ? કેવળી તેમનો પૂર્વભવ કહેશે. આ સાંભળી રાજરાણીને વૈરાગ્ય આવશે. દીક્ષા લેશે ને મહાબલને રાજ્ય સોંપશે. મહાબલ અને મલયાસુંદરી તેમનો દીકરો મોટો થયે તેને રાજ્ય સોંપીને તે પણ દીક્ષા લઇને આત્માનું કલ્યાણ કરશે.

— : ॐ शान्ति शान्ति : —

ખંભાત સંપ્રદાયના સ્વ. પૂજ્ય ગચ્છાધિપતિ ૧૦૦૮ બા. બ્ર. પૂ. શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબના શિષ્યામંડળની નામાવલિ

	મહાસતીજીનું નામ	જન્મ સ્થળ અને દીક્ષા સ્થળ	દીક્ષા સંવત	માસ	તિથિ	વાર
૧	બા.બ્ર વિદુષી પૂ. શારદાબાઇ મહાસતીજી	સાણુંદ	૧૯૯૬	વૈશાખ	સુદ ૬	સોમવાર
૨	સુભદ્રાબાઇ મહાસતીજી	ખંભાત	૨૦૦૮	ચૈત્ર	સુદ ૧૦	શુક્રવાર
૩	ઇન્દુબાઇ મહાસતીજી	સુરત (દીક્ષા–સ્થળ નાર)	૨૦૧૧	અષાડ	સુદ ૫	ગુરૂવાર
૪	બા.બ્ર. વસુબાઇ મહાસતીજી	વીરમગામ	૨૦૧૩	માગશર	સુદ ૫	શુક્રવાર
૫	બા.બ્ર. કાંતાબાઇ મહાસતીજી	સાણુંદ	૨૦૧૩	માગશર	સુદ ૧૦	ગુરૂવાર
૬	સદ્ગુણાબાઇ મહાસતીજી	લખતર	૨૦૧૩	મહા	સુદ ૬	બુધવાર
૭	બા.બ્ર. ઇન્દિરાબાઇ મહાસતીજી	સુરત	૨૦૧૪	માગશર	સુદ ૬	બુધવાર
૮	શાન્તાબાઇ મહાસતીજી	મોડાસર (દીક્ષા–સ્થળ નાર)	૨૦૧૪	મહા	વદ ૭	સોમવાર
૯	કમળાબાઇ મહાસતીજી	ખંભાત	૨૦૧૪	વૈશાખ	સુદ ૬	શુક્રવાર
૧૦	સ્વ. તારાબાઇ મહાસતીજી	સાબરમતી	૨૦૧૪	અષાડ	સુદ ૨	ગુરૂવાર
૧૧	બા.બ્ર. ચંદનબાઇ મહાસતીજી	લખતર	૨૦૧૭	માગશર	સુદ ૬	ગુરૂવાર
૧૨	બા.બ્ર. રંજનબાઇ મહાસતીજી	સાબરમતી (દીક્ષા–સ્થળ ઢાઢર)	૨૦૨૧	મહા	સુદ ૧૩	રવિવાર
૧૩	બા.બ્ર. નિર્મળાબાઇ મહાસતીજી	ખંભાત (દીક્ષા–સ્થળ ઢાઢર)	૨૦૨૧	મહા	સુદ ૧૩	રવિવાર
૧૪	બા.બ્ર. શોભનાબાઇ મહાસતીજી	લીંબડી (દીક્ષા–સ્થળ મલાડ)	૨૦૨૨	વૈશાખ	સુદ ૧૧	રવિવાર
૧૫	મંદાકિનીબાઇ મહાસતીજી	માટુંગા-મુંબઇ	૨૦૨૩	મહા	સુદ ૮	શનિવાર
૧૬	બા.બ્ર. સંગીતાબાઇ મહાસતીજી	ખંભાત	૨૦૨૩	વૈશાખ	સુદ ૫	રવિવાર
૧૭	બા.બ્ર. હર્ષિદાબાઇ મહાસતીજી	ઘાટકોપર (દીક્ષા–સ્થળ ભાવનગર)	૨૦૨૬	વૈશાખ	વદ ૧૧	રવિવાર
૧૮	બા.બ્ર. સાધનાબાઇ મહાસતીજી	ખંભાત	૨૦૨૯	માગશર	સુદ ૨	ગુરૂવાર
૧૯	બા.બ્ર. ભાવનાબાઇ મહાસતીજી	માટુંગા-મુંબઇ	૨૦૨૯	વૈશાખ	સુદ ૫	સોમવાર

પૂ. બા. બ્ર. વિદુષી શારદાબાઈ મહાસતીજીના ચાતુર્માસની યાદી

સંવત	ગામ	સંવત	ગામ
૧૯૯૬	અમદાવાદ	૨૦૧૩	સુરત
૧૯૯૭	ખંભાત	૨૦૧૪	અમદાવાદ
૧૯૯૮	ખેડા	૨૦૧૫	વીરમગામ
૧૯૯૯	સાણંદ	૨૦૧૬	સાબરમતી
૨૦૦૦	ખંભાત	૨૦૧૭	ખંભાત
૨૦૦૧	સાણંદ	૨૦૧૮	કાંદાવાડી (મુંબઇ)
૨૦૦૨	અમદાવાદ	૨૦૧૯	માટુંગા (,,)
૨૦૦૩	સાણંદ	૨૦૨૦	દાદર (,,)
૨૦૦૪	અમદાવાદ	૨૦૨૧	વિલેપાર્લા (,,)
૨૦૦૫	સાણંદ	૨૦૨૨	ઘાટકોપર (,,)
૨૦૦૬	ખંભાત	૨૦૨૩	ખંભાત
૨૦૦૭	સુરત	૨૦૨૪	અમદાવાદ
૨૦૦૮	અમદાવાદ	૨૦૨૫	ભાવનગર
૨૦૦૯	જોરાવરનગર	૨૦૨૬	રાજકોટ
૨૦૧૦	લખતર	૨૦૨૭	ધ્રાંગધ્રા
૨૦૧૧	ખંભાત	૨૦૨૮	અમદાવાદ
૨૦૧૨	સાણંદ	૨૦૨૯	કાંદાવાડી (મુંબઇ)

પૂ. શારદાબાઇ મહાસતીજીના પ્રગટ થયેલા વ્યાખ્યાનના પુસ્તકો (૧) શારદા-સુધા ભાગ ૧ અને ૨ (૨) શારદા સંજીવની ભા. ૧-૨-૩, (૩) શારદામાધુરી ભા. ૧-૨-૩, (૪) શારદા પરિમલ ભા. ૧-૨ સંયુક્ત, (૫) શારદાસૌરભ ભા. ૧-૨-૩, (૫) શારદા સરિતા ભા. ૧-૨-૩ સંયુક્ત.

☆

શુદ્ધિપત્રક

નં.	પૃષ્ઠ	લીંટી	અશુદ્ધ	શુદ્ધ
૨	૮	૧૨	વિરાન	વિરાગ
૩	૧૫	૨૬	રીકરાનું	દીકરાનું
૩	૧૬	૨૯	શ્રાણીક	શ્રેણીક
૪	૧૯	૧૫	તઓ દયો	તઓ દયા
૯	૫૫	૨૬	પ્રદેશ	પરદેશ
૧૯	૧૨૬	૨૮	સાથી	સાચી
૧૯	૧૨૭	૧૫	વૌરાવી	વૈરાગી
૨૨	૧૪૯	૨૦	ખની	સુખની
૨૮	૨૦૩	૨	અનુબંધ	અનુભાગ બંધ
૩૦	૨૨૧	૧૪	મરી	મટી
૩૦	૨૨૨	૧૬	ણીએોના	રાણીએોના
૩૧	૨૨૮	૨૧	લહિ	નહિ
૩૨	૨૩૮	૩૦	ફરક	ફરજ
૩૩	૨૪૨	૧૭	આ શરીરિ	અશરીરિ
૪૧	૩૨૧	૮	મહાશકત	મહાશતક
૪૩	૩૪૧	૨૦	વ્યાખ્યામાં	વ્યાખ્યાનમાં
૪૪	૩૫૦	૧૦	આચાર્યા	આચર્યા
૪૭	૩૭૯	૧૨	ક્યેવાય	કહેવાય
૪૭	૩૭૯	૧૫	સાતુ	સાત
૪૮	૩૮૫	૬	ધરવે	ધરાવે
૪૮	૩૯૪	૨૧	આચદિ	આપદિ
૪૮	૩૯૫	૨૫	સમગ	સમગ્ર
૪૯	૪૦૭	૧૫	બેચન	બેચેન
૫૧	૪૩૧	૪	૦	સત્યનો પ્રભાવ
૫૧	૪૩૪	૧૦	આર્પનારી	આર્યનારી
૫૧	૪૩૬	૧૮	પજ	પણ
૫૨	૪૫૪	૩૦	ધ્રજવા	ધ્રુજવા
૫૩	૪૫૯	૨૧	મારું	તારું
૫૩	૪૬૧	૩	નર શેઠ	નગરશેઠ
૫૩	૪૬૨	૧૫	તસ્વીએો	તપસ્વીએો
૫૪	૪૬૬	૨૪	વાદળી	વાધરી
૫૪	૪૬૮	૨૩	ક્રેધની	ક્રોધની
૫૪	૪૭૦	૧૪	ભવસંજ્ઞા	ભયસંજ્ઞા
૫૪	૪૭૦	૧૭	આજ્ઞાની	અજ્ઞાની
૫૫	૪૭૮	૨૮	નરસિહ	નરસિહભાઈ
૫૫	૪૭૯	૨૮	નકેન	યેનકેન
૫૬	૪૮૩	૧૨	પરિગ્રહો	પરિસહો
૫૬	૪૮૯	૩	પ્રેમની	પ્રેમીની
૫૭	૪૮૯	૨૯	માનવદ્વેવ	માનવદેહ
૫૮	૫૦૪	૨૪	ધૈપધ	ધૌષધ
૫૮	૫૦૪	૩૦	અજ્ઞાથી	આજ્ઞાથી
૫૮	૫૦૬	૨૩	ભજનો	ખજનો
૫૮	૫૧૪	૧૪	પગ્થરને	પથ્થરને
૫૯	૫૨૦	૧૮	ચોરડામાં	ઓરડામાં
૬૦	૫૨૯	૪	કયમ	કાયમ
૬૦	૫૩૨	૧૧	મેક્ષમાં	મોક્ષમાં
૬૦	૫૩૩	૧૫	બદ	બાદ
૬૧	૫૩૪	૨૨	દ્વેકડા	દોકડા
૬૧	૫૩૪	૨૨	નું	તું
૬૧	૫૩૪	૨૫	ભૌકિ	ભૌતિક
૬૧	૫૩૭	૫	મણેણય	મરણેણય
૬૧	૫૪૦	૧૧	આડી	આડી
૬૧	૫૪૦	૨૬	મયાકપટ	માયાકપટ
૬૧	૫૪૧	૨૨	અંગીકર	અંગીકાર
૬૨	૫૪૭	૨૧	મરી	મટી
૬૨	૫૫૦	૧૬	પિનાજી	પિતાજી
૬૪	૫૬૪	૨	મગળ	મંગળ
૬૫	૫૭૯	૨૬	યોય	યોગ
૬૭	૬૦૭	૨૧	યેગી	યોગી
૬૮	૬૦૮	૭	રી	રીતે
૬૮	૬૧૧	૧૩	નહિ થશે	થશે
૬૮	૬૧૨	૧૯	ખખર	ખબર
૬૯	૬૧૫	૭	ખરબા	ખરાબ
૬૯	૬૧૭	૨૩	શત્રઓ	શત્રુઓ
૬૯	૬૧૮	૩	નાજ	નામ
૭૦	૬૨૩	૨	બોલવથી	બોલવાથી

નં.	પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૭૦	૬૨૫	૨૪	પડના	પડતા
૭૦	૬૨૫	૨૪	પ્રણના	પ્રભુની
૭૨	૬૪૩	૩	સંમય	સંયમ
૭૩	૬૫૦	૭	ઓ।	અને
૭૩	૬૫૧	૭	ઓ।	અને
૭૩	૬૫૧	૧૪	अश्वत्थामा	अश्वत्थामा
			नरो वा	मृतः नरो वा
			कंज्जरो वा	कुज्जरो वा
૭૪	૬૫૭	૩.	વિષયપાન	વિષપાન
૭૪	૬૬.	૧	જીવનવું	જીવનનું
૭૪	૬૬.	૭	પાટલી	પોટલી
૭૫	૬૭૪	૧	ધમુદ્રમાં	સમુદ્રમાં
૭૫	૬૭૪	૧૩	અગુરૂ	અગર
૭૭	૬૮૨	૨૬	ભૂયસ્સે	ભૂયસ્સ
૭૭	૬૮૩	૮	મુમુક્ષ	મુમુક્ષુ
૭૭	૬૮૫	૨૮	એટલો	એટલે
૭૮	૬૯૨	૧૧	આપવો	આવવો
૭૮	૬૯૨	૧૨	આપવું	આવવું
૭૯	૭૦૨	૧૧	કુંવરની	કુવરીની
૮૪	૭૩૩	૩.	ભવનયતિ	ભવનપતિ
૮૯	૭૬૫	૨૯	સુખ	મુખ

નં.	પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૯૦	૭૬૯	૨૩	પડથે	પડથે
૯૫	૮૦૨	૨૩	નતી	નથી
૯૬	૮.૮	૧૨	પોનાના	પોતાના
૯૯	૮૨૯	૭	મનપ્રાપ્તિ	જ્ઞાનપ્રાપ્તિ
૯૯	૮૩૪	૨૫	જમવા	જવા
૧૦૦	૮૪૧	૧૩	ચામકામાં	ચામડામાં
૧૦૦	૮૪૨	૧	ત્રિશૂની	ત્રિશૂળની
૧૦૭	૮૮૧	૨	ચરિત્ર	ચારિત્ર
૧૦૭	૮૮૨	૨૯	विज्जिणणे	निज्जिणणे
૧૦૮	૮૮૫	૨૦	ફર્યું	કર્યું
૧૦૮	૮૯૦	૧૬	રિઆઈ	રૂઆઈ
૧૧૧	૯૦૭	૧૮	મદન બ્રહ્મકુમાર	મદનબ્રહ્મકુમાર
૧૧૨	૯૧૩	૧૨	થોહું	થોડુ
૧૧૨	૯૧૪	૯	અનંનજ્ઞન	અનંતજ્ઞાન
૧૧૫	૯૩૪	૭	ત્યાંના	ત્યાંની
૧૧૫	૯૩૫	૮	સાતમે	સાતમી
૧૧૬	૯૩૭	૧૨	ભક્કા	ભૂક્કા
૧૧૬	૯૩૮	૨૭	વ્યવયાય	વ્યવસાય
૧૧૭	૯૪૯	૭	સમજ્જણપૂર્ક	સમજ્જણપૂર્વક
૧૧૭	૯૫૧	૧	દૂર્વાસા	દુર્વાસા

અગાઉથી નોંધાયેલ પુસ્તકોના ગ્રાહકોની યાદી

પુસ્તકોની સંખ્યા	નામ
૧૧૧	શ્રી નાગીલાલ શામજીભાઈ વીરાણી
૧૫૧	,, છગનલાલ શામજીભાઈ વીરાણી
૧૦૧	,, શ્રી વર્ધ. સ્થા. જૈન સંઘ, મુલુંડ
૧૦૦	,, રતનશી આણંદ
૧૦૦	,, શ્રી વર્ધ. સ્થા. જૈન સંઘ, પારલા
૭૫	,, ભવાનજી મેઘજી
૫૧	,, સુભદ્રાબેન રસિકલાલ ઝવેરી
૫૧	,, બાળચંદભાઈ સાકરચંદ
૫૧	,, સુભદ્રાબેન દલપતભાઈ ઝવેરી
૫૦	,, કાનજી વેલજી (ભચાઉ)
૪૦	,, રમણીકલાલ કસ્તુરચંદ કોઠારી
૪૦	,, નગીનદાસ કલ્યાણજી શાહ
૪૦	,, ગીરજાશંકર ખીમચંદ શેઠ
૪૦	,, પ્રેમજી હીરજી ગાલા
૪૦	,, કેશવલાલ દુર્લભજી વીરાણી
૪૦	,, રતિલાલ હીમજી ગાંધી
૪૦	,, રવીચંદ સુખલાલ શાહ
૩૫	,, પ્રવીણભાઈ ડાહ્યાભાઈ દોશી
૩૦	,, કોકીલાબેન પ્રભુદાસ જામનગર
૨૫	,, રમણીકલાલ નાગરદાસ
૨૫	,, અમીચંદ ઓધવભાઈ
૨૫	,, લાભુબેન ખુશાલભાઈ
૨૫	,, જયસુખલાલ રામજીભાઈ વેકરીવાલા
૨૫	,, શ્રી વર્ધ. સ્થા. જૈન સંઘ, કોટ
૨૫	,, ધેલાભાઈ ભીમશી છાડવા
૨૫	,, મેઘજી હબુભાઈ શાહ
૨૫	,, છગનલાલ નાનજી ભાયાણી
૨૫	,, આણંદજી નાનચંદ લાખાણી
૨૫	,, મફતલાલ નારણદાસ દોશી, ઘાટકોપર
૨૫	,, જમનાદાસ પ્રભુદાસ પારેખ
૨૫	,, પ્રેમકુંવર શામળજી પારેખ
૨૧	,, રવીચંદ ડાહ્યાભાઈ દોશી
૨૧	,, ચીમનલાલ છોટાલાલ ખંભાતવાળા
૨૦	,, વસનજી શામજી
૨૦	,, કેશવજી હેમરાજ
૨૦	,, પ્રેમજી ભીમશી

પુસ્તકની સંખ્યા	નામ
૨૦	શ્રી વાડીલાલ અમરસી
૨૦	,, કાકુભાઈ વીજપાર, માટુંગા
૧૫	,, હિમતલાલ પ્રેમચંદ શાહ
૧૧	,, વર્ધમાન પ્રભુદાસ
૧૧	,, ચાંપસી નરસીભાઈ
૧૧	,, જેસીંગભાઈ ત્રીકમજી દડીયા
૧૧	,, કમળાબેન હરખચંદ, માટુંગા
૧૧	,, ગુલાબચંદ હીરાચંદ
૧૧	,, કોરશી હીરજી
૧૧	,, વસંતબેન રતિલાલ
૧૧	,, ગીરધરલાલ ત્રીકમજી દડીયા, સાયન
૧૧	,, શાંતિલાલ જાદવજી, માટુંગા
૧૧	,, જયાબેન વૃજલાલ વાડીલાલ
૧૧	,, શાંતાબેન રાંપકલાલ
૧૧	,, ધનજીભાઈ ત્રીભોવનદાસ
૧૧	,, બાળચંદ ખુશાલદાસ ખંભાતવાલા
૧૧	,, વિમળાબેન ગુણવંતલાલ શાહ
૧૧	,, નાગરદાસ માણેકચંદ શાહ
૧૧	,, કુસુમબેન નેમચંદ શાહ
૧૧	,, ધોધારી સ્થા. જૈન સંઘ
૧૧	,, છોટાલાલ મોતીચંદ ખંભાતવાળા
૧૧	,, પરસોત્તમદાસ ડુંગરસી દોશી
૧૧	,, રમણલાલ નાગરદાસ, કલોલ
૧૧	,, શાંતિલાલ ત્રંબકલાલ
૧૦	,, છોટાલાલ દેવશીભાઈ
૧૦	,, પ્રતાપભાઈ ભુરાલાલ ગાંધી ચાંદીવાલા
૧૦	,, ભાઈલાલ ગુનીલાલ વોરા
૧૦	,, મગનલાલભાઈ કામદાર
૧૦	,, જેચંદ જમનાદાસ
૧૦	,, નાગજી જસરાજ
૧૦	,, નંદલાલ તારાચંદ વોરા
૧૦	,, કુંવરજી હંસરાજ
૧૦	,, અમુલખ મોહનલાલ
૧૦	,, મગનલાલ હાકેમચંદ
૧૦	,, ખેરાજભાઈ હીરજીભાઈ
૧૦	,, વૃજલાલ સંઘરાજ

પુસ્તકોની સંખ્યા	નામ
૧૦	શ્રી ચુનીલાલ ચત્રભુજ
૧૦	,, નાનચંદ ચકુભાઈ
૧૦	,, રતિલાલ માણેકચંદ મહેતા
૧૦	,, ગીરધરલાલ અમુલખ
૧૦	,, સુખલાલ દેવચંદ વખારીયા
૧૦	,, તારાબેન હરજીવનદાસ ગાંધી
૧૦	,, રતનસી આણંદ
૧૦	,, સવિતાબેન હિમતલાલ શેઠ
૧૧	,, મણીલાલ વીરજી વોરા
૧૦	,, વાડીલાલ જેઠાલાલ શાહ
૧૦	,, દલીચંદ અમૃતલાલ દેસાઈ
૧૦	,, જેઠાલાલ નેમચંદ ખંભાતવાળા
૧૦	,, મનસુખલાલ લાલજી
૧૦	,, કુસુમબેન કાંતિલાલ
૧૦	,, ભીખાલાલ વૃજલાલ દોશી
૧૦	,, વીરજી પ્રેમજી
૦૧	,, ધનલક્ષ્મીબેન દીલીપરાય
૧૦	,, ગુલાબબેન રજનીકાંત
૧૦	,, મગનલાલ મોનીચંદ મહેતા
૧૦	,, ભવાનજી લખમશી ગાલા
૧૦	,, સાકરલાલ જીવરાજ મહેતા
૧૦	,, વાડીલાલ પીતાંબર સંઘવી
૧૦	,, જડાવબેન રવિચંદ પટેલ
૧૦	શ્રી દરીયાપુરી સ્થા. જૈન સંઘ, વડોદરા
૧૦	,, હેંદ્રાબાદ સ્થા. જૈન સંઘ
૭	,, શારદાબેન દલપતલાલ મહેતા
૬	શ્રી નગીનદાસ ન્યાલચંદ દોશી
૬	,, નટવરલાલ અમૃતલાલ મહેતા
૫	,, દલીચંદ એન. શેઠ
૫	,, લક્ષ્મીચંદ ચત્રભુજ
૫	,, ઠાકોરભાઈ અંબાલાલ ખંભાતવાળા
૫	,, કમળાબેન
૫	,, લક્ષ્મીચંદ ચત્રભુજ
૫	,, રવીચંદ અંબાવીદાસ
૫	,, છોટાલાલ પ્રભુદાસ
૫	,, પ્રભુદાસ છોટાલાલ ભાયાણી
૫	,, જીવરાજ અરજણ
૫	,, બચુલાલ વીરચંદ સુરતવાલા
૫	,, પ્રાણલાલ હરખચંદ ખોખાણી
૫	,, શાંતિલાલ મગનલાલ
૫	,, પોપટલાલ મોહનલાલ

પુસ્તકોની સંખ્યા	નામ
૫	શ્રી લલિતાબેન સુમનલાલ શેઠ
૫	,, વિજયાબેન કેશવલાલ
૫	,, પ્રેમચંદ હરજીવન શાહ
૫	,, પાનાચંદ પોપટલાલ ગોસલીયા
૫	,, લીલાધર વીઠલદાસ માવાણી
૫	,, શિવલાલ પોપટલાલ ગોસલીયા
૫	,, મેઘજી ખીમજી
૫	,, ઈંદુબેન પન્નાલાલ ખંભાતવાળા
૫	,, મણીલાલ ઠાકરસી
૫	,, પ્રેમચંદ ખોડીદાસ
૫	,, ધનકુંવરબેન ચંપકલાલ
૫	,, કાલીદાસ જીવાભાઈ
૫	,, છબીલદાસ જાદવજી
૧૦	,, નાનચંદ ચકુભાઈ
૧૦	,, રતિલાલ માણેકચંદ મહેતા
૫	,, શાંતિલાલ ઠાકરસી
૫	,, ટોકરસી મોનજી
૫	,, હરીલાલ મોહનલાલ વોરા
૫	,, પ્રેમચંદ ઉજમશીભાઈ
૫	શ્રી નાગરદાસ મોહનલાલ
૫	,, પાનાચંદ ત્રંબકલાલ
૫	,, ન્યાલચંદ કુબેરદાસ કોઠારી
૫	,, જયંતિલાલ સંઘરાજ બાવીસી
૫	,, સુરેશચંદ્ર કાંતિલાલ
૫	,, કેશવજી રવજી
૫	,, ધનજી લાલજી બીદડા
૫	,, રતનસી પરબત
૫	,, હીરાલાલ રૂપચંદ મહેતા
૫	,, નેમાંદ ડાહ્યાભાઈ વસા
૫	,, અખેરાજ પુનશી
૫	,, જયંતિલાલ તારાચંદ, ઘાટકોપર
૫	,, શાંતિલાલ દામોદરદાસ દેસાઈ
૫	,, અરવિંદ ધરમસી લુખી
૫	શ્રી ચતુરદાસ દેવજીભાઈ સંઘવી
૫	,, રસિલાબેન રામજીભાઈ ગાંધી
૫	,, વિનોદરાય નાનાલાલ ગાંધી
૫	,, પદમશી ટોકરસી
૫	,, શાંતિલલ મણીલાલ અજમેરા
૫	,, કરસન ઉગાભાઈ
૫	,, પ્રવીણચંદ્ર મોહનલાલ કોઠારી
૫	,, મુળજી જેસીંગ છેડા

પુસ્તકોની સંખ્યા	નામ	
૫	શ્રી કાંતિલાલ એસ. વસાણી	
૫	,, નાનજીભાઈ લક્ષ્મીચંદ	
૫	,, ભાઈચંદ ધરમશી બદાણી	
૫	,, ગંગાબેન ખુશાલચંદ	
૫	,, જીવરાજ દેવરાજ શાહ .	
૫	,, ગુલાબબેન દડિયા	
૫	,, રવજી ગોણશી	
૫	,, ઈન્દુબેન ચંદુલાલ	
૫	,, કેશવલાલ શિવલાલ દોશી	
૫	,, મનસુખલાલ વિક્રમશી દોશી	
૫	,, અનુપચંદ વિઠલજી સંઘવી	
૫	,, તારાબેન વસા	
૫	,, લાભુબેન દોશી	
૫	,, શાંતિલાલ સુંદરજી	
૫	,, ઈંદુબેન ગંદુલાલ પોપટાણી	
૫	,, મનુભાઈ નેણશી પારેખ	
૫	,, વનિતાબેન રજનીકાંત ઝવેરી	
૫	શ્રી ચુનીલાલ નીમચંદ મહેતા	
૫	,, હરકોરબેન	
૫	,, મધુબેન	
૫	,, બાપુલાલ સુંદરલાલ ખંભાતવાલા	
૫	,, ન્યાલચંદ લહેરચંદ સંઘવી	
૫	,, રતનસી લધાભાઈ ગાલા	
૫	,, વૃજલાલ હરજીવનદાસ શાહ	
૫	,, જટાશંકર લવજી પીપલીયા	
૫	,, તલકચંદ પાનાચંદ	
૫	,, વેલજી શોભાણ	
૫	,, ભવાનજી રદ્દીવાલા	
૫	,, જીવરાજ વીરજી	
૫	,, શાંતાબેન મોહનલાલ, સાંતાક્રુઝ	
૫	,, વૃજલાલ મગનલાલ તલસાણીયા	
૫	,, જગજીવનદાસ છગનલાલ શાહ	
૫	,, વાડીલાલ ફુલચંદ પટેલ ખંભાત	
૫	,, વૃજલાલ વનમાળીદાસ ગોટલીયા	
૫	,, પ્રવીણચંદ પોપટલાલ માવાણી	
૫	,, ધીરજલાલ તલકચંદ શાહ	
૫	,, મગનલાલ ધનજી દેઢીયા	
૫	,, જેવંતલાલજી	
૫	,, ગાંગજી ખીમજી	
૫	,, તારાચંદ દીપચંદ અવલાણી	
૫	,, જયંતિલાલ પ્રભુદાસ	

પુસ્તકોની સંખ્યા	નામ	
૫	શ્રી ભુરાલાલ નાગરદાસ ખંધાર	
૫	,, ત્રંબકલાલ જગજીવન ગોપાણી	
૫	,, રામજી શામજી વીરાણી ટ્રસ્ટ	
૫	,, રાયચંદ મોહનલાલ	અંધેરી
૧૩૭	પાંચથી ઓછી લખાવેલ પુસ્તકો,	
૧૧	શ્રી ચીમનલાલ હીરાચંદ શાહ	સાણંદ
૧૧	,, વાડીલાલ છગનલાલ શાહ	,,
૧૪	સાણંદની છૂટક ચોપડીઓ	,,
૫૧	શ્રી જીવણલાલ પદમશી સુરેંદ્રનગર ધ્રાંગધ્રાવાલા	
૨૦	શ્રી મફતલાલ ચુનીલાલ ઝવેરી	ખંભાત
૧૧	,, હરીલાલ અનુપચંદ સાડીવાલા	,,
૧૧	,, જેઠાલાલ સુખલાલ	,,
૧૧	,, રસિકલાલ કે. રાજકોટવાલા	,,
૫	,, શીવલાલ છોટાલાલ શાહ	,,
૫	,, ભોગીલાલ ચીમનલાલ	,,
૫	,, નેમચંદ સરૂપચંદ	,,
૬૨	ખંભાતની છૂટક કોપીઓ	,,
૧૧૧	શ્રી હરખચંદ માડણ	મુંબઈ–કોટ
૫૦	,, જમનાદાસ ખુશાલ હા. લાલદાસ શેઠ	,, ,,
૧૦	,, ગાલા પેપર માર્ટ	,, ,,
૧૦	,, વીઠલદાસ પીતાંબર	,, ,,
૧૫	,, શાંતિલાલ વર્ધમાન બેનાણી	અમદાવાદ
૫	,, જાદવજી મોહનલાલ શાહ	,,
૫	,, પોચાલાલ પીતાંબર	,,
૨૦	શ્રી શ્વે. સ્થા. જૈનસંઘ	નંદરબાર
૫	,, રતિલાલ વાડીલાલ શાહ	અમદાવાદ
૫	,, મણીલાલ લોઢા	
૫	,, અમરચંદ શોભાગચંદ	
૧૫	,, હિમતલાલ પ્રેમચંદ	
૫	ખેડા સંઘ	ખેડા
૫	શ્રી નગીનદાસ જીવણદાસ દોશી	અમદાવાદ
૫	શ્રી મોહનલાલ અમરચંદ શાહ	નવસારી
૫	શ્રી હીરાલાલ પુનમચંદ	સુરત
૫	શ્રી વિનયચંદ્ર વાડીલાલ સંઘવી	મદ્રાસ
૫	શ્રી હરકીસનભાઈ બેનાની	
૫	શ્રી કાન્તીલાલ જેચંદ સંઘવી	વીરમગામ
૫	શ્રી જયસુખલાલ છગનલાલ પતીરા	રાજકોટ
૩,૪૨૨	કુલ	

ખંભાત સંપ્રદાયના સ્વ. આચાર્ય ગચ્છાધિપતિ બા. બ્ર. પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબની ૨૫ મી પુણ્યતિથિએ કાંદાવાડી ધર્મસ્થાનકમાં આપેલી ભાવભીની શ્રદ્ધાંજલિ

(રાગ : મૈત્રીભાવનું પવિત્ર ઝરણું)

જૈન જ્યોતિર્ધર રત્નગુરૂજી, જીવન ધન્ય બનાવી ગયા,
સત્ય, અહિંસા, પ્રેમ ધર્મનો, દીપ તમે પ્રગટાવી ગયા,
પુણ્યવંતી એ પાવનકારી, ગલિયાણા ગામે જન્મ ધર્યો,
ચૌદ વર્ષની કુમાર વયમાં, દીક્ષાનો નિર્ધાર કર્યો,
ક્ષત્રિય કુળમાં જન્મ ધરીને, ક્ષાત્રતેજ ચમકાવી ગયા....જૈન જ્યોતિર્ધર....૧.

જયાબહેનની કુંખે જન્મ્યા, જેતાભાઇ તાત હતા,
છગનગુરૂની સુણી દેશના, સંયમ રાહે મુનિ બનતા,
ત્રણ ભુવનમાં તિલક સમા, નામ સુભગ ચમકાવી ગયા....જૈન જ્યોતિર્ધર....૨.

રાજનગરની છત્રછાયામાં, નમો આયરિયાણં થયા,
અર્ધ શતાબ્દી દીક્ષા પાળી, અંતિમ ચોમાસું ખંભાત રહ્યા,
ગુજરાત દેશમાં વીર પ્રભુની, ધર્મ ધ્વજા ફરકાવી ગયા....જૈન જ્યોતિર્ધર....૩.

વિનય, નમ્રતા, ક્ષમા, સરળતા, ગુણગુણના ભંડાર હતા,
દિવ્ય તેજસ્વી, મહાન વિભૂતિ, રત્નગુરૂજી આપ હતા,
ધન્ય ધન્ય છે રત્નગુરૂજી આપને, ગુરૂજીનું નામ ગુંજાવી ગયા....જૈન જ્યોતિર્ધર....૪.

નશ્વર કાયા નશ્વર માયા, નશ્વર છે જગની છાયા,
ભાદરવા સુદી અગિયારસના, અમને છોડી ચાલ્યા ગયા,
હસતા હસતા ચાલ્યા ગયા ને સૌને તમે રડાવી ગયા....જૈન જ્યોતિર્ધર....૫.

તૂટી અણધારી આયુષ્યની દોરી, આંખે અશ્રુધાર વહેતી,
નાવિક વિહૂણી નૈયા અથડાતી, રત્નચંદ્ર ગુરૂ ગાદીપતિ,
ખંભાતનું રત્ન લૂંટાઇ જતાં અરમાન અધૂરા રહી ગયા....જૈન જ્યોતિર્ધર....૬.

દિવ્ય શક્તિ સદા આપો મુજને, અપનાવું તુજ આદર્શો,
ચરણે પડી કર જોડીને યાચું, પ્રેમ ભરી આશિષો,
સતી "શારદા" કરે છે આજે ગુરૂજીને વંદન વાર હજાર....જૈન જ્યોતિર્ધર....૭.